
કચ્છ તારી અસ્મિતા

કચ્છમિત્ર

JANMABHOOMI GROUP

વિશેષ પ્રકાશન ૧૯૯૬
પુનઃ પ્રકાશન ૧૯૯૭





કિંમત રૂ. ૧૫૦/-




કચ્છ તારી અસ્મિતા

કચ્છમિત્ર

JANMABHOOMI GROUP

વિશેષ પ્રકાશન ૧૯૯૬
પુનઃ પ્રકાશન ૧૯૯૭







કિંમત રૂ. ૧૫૦/-



1996-05-17 -Kutch Tari Asmita (702)





કચ્છના લોકજીવનમાં રબારીઓનો ભાતીગળ પહેરવેશ, આગવી પરંપરાઓ અને રહેણીકરણી દેશી-વિદેશી પર્યટકોને સતત આકર્ષિત કરતાં રહે છે. મુંદ્રા તાલુકામાં ટુંડા વાંઢ નામે ઓળખાતી રબારી વસાહતના ભૂંગા, એ ભૂંગાઓની અંદરનું લીંપણકામ-માટીકામ અને ભરત ગૂંથણનો ખજાનો ઉપરાંત જૂના રીતરિવાજોની પ્રેક્ષણીયતા લાજવાબ છે.

તસવીર : વિવેક દેસાઈ

મુંજી માતૃભૂમિ કે નમન

આય વલો અસાંજો વતન- મુંજી માતૃભૂમિ કે નમન
કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તનમન ...મુંજી

પિંઢ ગેંજો જિત બંધાણું તિંય મરકાણું મન
ધાવણ ડિનેં ઉન માવડી જિત પામ્યાસીં નર-તન ...મુંજી

કૈક જુગેંજ્યું ગાલિયું જલ નારાણસરજા ચવન
પ્રજાપતિ જે પુતરેં કયોં જિત પરમેશ્વર પરસન ...મુંજી

દેવઋષિજી વીણા જા સાંખી એં વ્યોમ પવન
જોગીડેં જે જોગ બરેં જિત ડુંગર પણ ડોલન ...મુંજી

બાલ જોગણી સરસ્વતી પણ જમાયેં જિત આસન
આચારજ શંકર વલ્લભ કયોં પચ્છમ ધરા પાવન ...મુંજી

ઈશ્વર જેડ઼ા દાસ ઈશ્વર જા મેંકણ જેડ઼ા મહંત
જગડુસા ખેંગાર પીતાંબર માડી જા માજન ...મુંજી

સાયર શૂરા સતીયું સંત સાધુ ફકીર અરહંત
કરી કમાણ્યું મનખા ડે જ્યું તારી પિંઢ તરન ...મુંજી

રતન ખણી જિત પર ડે જા ને મેરામણ ઉછરન
મલ્લ જેડા માલમ મછુવેંસેં સાગર પાર પુજન ...મુંજી

વડયું વિલાતું વિઝી માડુઆ કચ્છડ઼ે કે ઉકંઢન
પેર ડીંધડે પચ્છમ ધરા તેં અખડયું નીર વસન ...મુંજી

ઢોલક તેં નિત થાપ લગે ને તંબૂર વા'ઝ પડ઼ન,
સુરતા જેંજી લગી સાંઇ સેં કાફયું મિઠયું કુછન ...મુંજી


સિંધોડો સોંણાઇ સુજે રત મુડ઼સેં જા ઉછરન
જંગ જમેં જિત જોરાતા તિત જાડ઼ેજા જૂઝન ...મુંજી

તેજ વત્યું જલ જ્યું લિખમ્યું જગ માલણ જીંય ઝૂલન
જિત કપુરી હોથલ જેડ઼યું પધમણ્યું પ્રકટન ...મુંજી

હેમારે વટ પુગો 'નિરંજન' ધીણોધર સંભરન
અસીં બાલુડ઼ા બુલ બુલ ઇનજા માડી અસાંજો ચમન ...મુંજી




- કવિ નિરંજન




તસવીર : ઉર્મિશ સચદે

....હારડો....હારડો....હારડો....હારડો....હારડો





ડો....હારડો....હારડો....હારડો....હારડો....હારડો....હારડો....હારડો....હા



કચ્છમિત્ર ● અસ્મિતા પુનઃ પ્રકાશન ● પાના ૩૪૬ + ૧૨ ● કિંમત રૂા. ૧૫૦/-

તંત્રી :
કીર્તિ જયંત ખત્રી

સંપાદન સહયોગી :
ઉમિયાશંકર અજાણી
પ્રો. જીતેન્દ્ર ના. અંતાણી

કલા નિર્દેશક :
હરસુખ સોદાગર

સજાવટ :
જયેશ પટેલ ■ ધીરજ પટેલ
અસગરઅલી વ્હોરા

મુખપૃષ્ઠ તસવીરો :
■ રબારી બાળા : હીરાલાલ બલવા
■ સુરખાબ : ટી. એસ. લાલ
■ કચ્છી કુંભારણ : મણિલાલ ગાલા

મુદ્રક-પ્રકાશક :
સુરેશ ગલાલચંદ શાહ

વિજ્ઞાપન આયોજક :
લાલ રાંભિયા

મુદ્રણસ્થાન :
પ્રિન્ટમેન, મુંબઇ
૮, અધ્યારૂ ઇન્ડ. એસ્ટેટ, મુંબઇ-૪૦૦ ૦૧૩

પ્રકાશન સ્થળ : 'કચ્છમિત્ર ભવન', ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૫૨૦૯૦, ૫૨૦૯૧. ફેક્સ : ૫૦૨૭૧

સંપાદકીય

કચ્છ અને કચ્છીયતના વિશિષ્ટ પહેલુઓને પેશ કરતા 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથનું એક વર્ષના ટૂંકા ગાળામાં જ પુનઃ પ્રકાશન કરવાનો અવસર એ કચ્છી પ્રજાએ આ ગ્રંથને અતિ ઉમળકાભેર આપેલા આવકારની સાક્ષી પૂરે છે. ગ્રંથનું નિર્માણ થઇ રહ્યું હતું ત્યારે કલ્પના પણ ન્હોતી કે આટલું જલ્દી પુનઃ મુદ્રણ કરવાની ફરજ પડશે. પણ, ૧૭-૫-૯૬ના રોજ મુંબઇની ધરતી પર તેનું વિમોચન થયું ત્યારથી ગ્રંથનું વેચાણ ચપોચપ થવા લાગ્યું હતું, કચ્છ અને મુંબઇ જ નહિ બૃહદ કચ્છમાંથી પણ તેની માંગ ઊઠી હતી અને સાચું પૂછો તો છ મહિનામાં જ મોટા ભાગની નકલો ખલાસ થઇ ગઇ હતી. કોઇ પણ પ્રકાશન માટે આ એક ગૌરવની ઘટના છે તેથી પુનઃ પ્રકાશન વખતે અમે આનંદની લાગણી અનુભવીએ એ સ્વાભાવિક છે.

બે-એક મહિના પહેલાં પુનઃ પ્રકાશનની અમે જાહેરાત કરી તેને પગલે કેટલાક વાચકોએ સૂચન કર્યું હતું કે આ ગ્રંથમાં નવા પ્રકરણો ઉમેરો. ખાસ તો જ્ઞાતિઓને લગતા લેખ વધુ માહિતી સાથે આપો અને એને 'બીજી આવૃત્તિ' તરીકે જ પ્રસિદ્ધ કરો. પરંતુ, એમ કરવા જતાં મોટા ભાગના લેખ અપડેટ કરવા પડે. કહોને કે ગ્રંથ નિર્માણ જ નવેસરથી કરવું પડે અને એ પ્રક્રિયા ભારે ખર્ચાળ બને. સાચું કે ગુજરાતના રાજકારણમાં એક વર્ષની અંદર ધરખમ પલટો આવ્યો છે જેમાં સુરેશચંદ્ર મહેતાએ મુખ્યમંત્રીપદ ગુમાવ્યું છે. નવી સરકારમાં કચ્છી પ્રતિનિધિ બાબુભાઇ મેઘજી શાહ નાણાપ્રધાન બન્યા છે. આ અને એની આસપાસ સર્જાયેલી થોડી રાજકીય ઘટનાઓને બાદ કરતાં એક વર્ષમાં કચ્છની અન્ય પરિસ્થિતિમાં કોઇ મોટો ફેર પડ્યો નથી. આવા સંજોગોમાં અમે 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથનું પુનઃ પ્રકાશન કોઇ પણ જાતના ફેરફાર વિના જ કરી રહ્યા છીએ. હા, તેમાં થોડો ઉમેરો જરૂર કર્યો છે. આ ગ્રંથના વિમોચન સમયે મુખ્ય મહાનુભાવોએ કરેલા પ્રવચનો, જુદા જુદા અખબારો, સામયિકો અને લેખકોએ ગ્રંથના કરેલા વિવેચનો ટૂંકાવીને અહીં પેશ કર્યા છે. ઉપરાંત કચ્છની અસ્મિતાના જ અંગભૂત અખબાર 'કચ્છમિત્ર'ની સાફલ્યગાથા પણ રજૂ કરી છે.

પ્રથમ પ્રકાશન વખતે કાચું પૂંઠું તેમજ પાકું પૂંઠું એમ બે પ્રકારના બાઇન્ડીંગ સાથે ગ્રંથ તૈયાર થયો હતો અને તેની કિંમત અનુક્રમે ૭૫/- રૂા. તેમજ ૧૦૦/- રૂા. હતી. એ સમયે મોટા ભાગના વાચકોએ પાકા પૂંઠાંની તરફેણ કરી હતી. તેથી આ વખતે માત્ર પાકા પૂંઠાંનો જ ગ્રંથ પ્રગટ કર્યો છે અને તેની કિંમત ૧૫૦ રૂપિયા રાખી છે. પુનઃ પ્રકાશન વખતે જૂની જાહેરખબરો વધારાનો કોઇ ચાર્જ લીધા વિના પ્રસિદ્ધ કરી હોવાથી આર્થિક પાસાંને પહોંચી વળવા કિંમત વધારવા સિવાય બીજો કોઇ વિકલ્પ નહોતો.

આજના અવસરે કચ્છી પ્રજાનો આભાર માનીએ છીએ કે એણે અસ્મિતા ગ્રંથને સુંદર પ્રતિસાદ આપ્યો. સાથે સાથે પુનઃ પ્રકાશનને પણ એટલો જ આવકાર આપે એવી અપેક્ષા છે.



૧૭મી મે ૧૯૯૬ના રોજ મુંબઈમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતા 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથનું વિમોચન કરી રહ્યા છે. તેમની બાજુમાં આ વિશેષ પ્રકાશનના પ્રણેતા અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન-મેનેજિંગ ટ્રસ્ટી પ્રવીણચંદ્ર ગાંધી છે. જમણેથી તંત્રી કીર્તિભાઈ ખત્રી, કચ્છી ટ્રસ્ટી દામજીભાઈ એંકરવાલા, એ સમયના નાયબ પ્રધાન અને હાલના નાણાપ્રધાન બાબુભાઈ શાહ, ટ્રસ્ટી સી. યુ. શાહ, તત્ત્વચિંતક હરિભાઈ કોઠારી, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી ધીરુભાઈ મહેતા અને મેનેજર સુરેશભાઈ શાહ.

અખબારો-વિવેચકો શું કહે છે ?

ગુજરાતી ભાષાના વિદ્વાનો અને સમીક્ષકોએ જેને કચ્છના એન્સાયકલોપિડિયા

પુનઃ પ્રકાશનના અવસરે...

તરીકે બિરદાવ્યો છે એ 'કચ્છમિત્ર'નો વિશેષાંક 'કચ્છ તારી અસ્મિતા' એક કરતાં વધુ કારણોસર ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

કચ્છ એ ગુજરાત રાજ્યનો એક જિલ્લો હોવા છતાં તેની ભૌગોલિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ખાસિયતોને કારણે અલગ તરી આવે છે. તેની આગવી ઓળખ અગર તો અસ્મિતા ઊડીને આંખે વળગે છે. આ કારણથી બહારના લોકો માટે કચ્છ કાયમ આકર્ષણનો વિષય રહે છે.

પરંતુ આવા અભ્યાસીઓને કચ્છ વિશેની સામગ્રી શોધવી હોય તો એક કરતાં વધુ પુસ્તકો જોઇ જવાની જરૂર પડતી. હવે 'કચ્છ તારી અસ્મિતા'ના પ્રકાશનથી આ ઉણપ દૂર થઇ ગઇ છે. કચ્છને લગતું ભાગ્યે જ કોઇ પાસું અહીં વણસ્પર્શ્યું રહ્યું છે.

આ દ્રષ્ટિથી પ્રસ્તુત પ્રકાશન ઐતિહાસિક છે જ, પરંતુ બીજી રીતે જોઇએ તો કોઇ એક વર્તમાનપત્રે પોતાના વિસ્તારને લગતો આવો તલસ્પર્શી અભ્યાસગ્રંથ બહાર પાડયો હોય એવું જાણવામાં આવ્યું નથી. તંત્રી, સંપાદકો અને મદદનીશોની આખી ટીમે મહિનાઓ સુધી પરસેવો પાડયો છે, દોડાદોડી કરી છે

મુંબઇની ધરતી પર વિમોચનનો યાદગાર પ્રસંગ

'કચ્છમિત્ર'ના વિશેષ પ્રકાશન 'કચ્છ તારી અસ્મિતા'નું ૧૭-૫-૧૯૯૬ના દિવસે મુંબઇમાં વિમોચન થયું ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી સુરેશભાઇ મહેતાએ તેને કચ્છના એનસાયકલોપિડિયા તરીકે બિરદાવતાં કહ્યું હતું કે કચ્છ વિશે મારા મનમાં ઊઠેલા પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર આ ગ્રંથમાંથી મને મળ્યો છે. આ ઐતિહાસિક કક્ષાનું પ્રકાશન છે એટલે એને સાચવવાનું કોઇ કચ્છી ચૂકશે નહીં. કચ્છના ભાવિ વિકાસની ખેવના સેવનાર હરકોઇ માટે તે વિકાસનું પગથિયું બની રહેશે.

મુંબઇના હકડેઠઠ ભરાયેલા યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમમાં સંબોધન કરતાં સુરેશભાઇએ જણાવ્યું હતું કે વિકાસ માટે બે બાબતની જરૂર પડે છે, એક જાણકારી અને બીજું અભિગમ. કચ્છ માટે કંઇક કરવા માગતી વ્યકિતના મનમાં તમન્ના ગમે એટલી હોય, જો તેને પૂરી માહિતી ન હોય તો તે કંઇ કરી શકે નહીં. આ બાબતો માટે કેવળ જાણકારી જ નહીં, દિશાસૂચન પણ 'કચ્છ તારી અસ્મિતા'માંથી સાંપડે છે.

માનવીના માનવી સાથેના આત્મીયતાભર્યા સંબંધોમાં સુરેશભાઇ માને છે એની પ્રતીતિ તો તેમણે ઓડિટોરિયમમાં ઉપસ્થિત તમામ જનોને સ્વજનના સંબોધનથી સંબોધ્યા ત્યારે જ થઇ ગઇ. કચ્છના વિકાસની ચિંતા કરવાની અને એ માટેના કેટલાક માર્ગો સૂચવવાની સાથે સાથે સુરેશભાઇએ 'કચ્છ તારી અસ્મિતા'ના ઓવારણા લીધા ત્યારે ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠયું હતું.

જાણીતા તત્ત્વચિંતક હરિભાઇ કોઠારીએ આ પ્રસંગે આશીર્વચન આપતાં 'કચ્છ તારી અસ્મિતા'ને વધાવીને કહ્યું હતું કે દુનિયાભરમાં એક પણ કચ્છી ઘર એવું ન હોવું જોઇએ જેમાં આ પુસ્તક ન હોય. જેને ભગવાને ક્ષમતા આપી છે તેમણે સો, બસો, પાંચસો અંકો ખરીદીને વહેંચવા જોઇએ. દરિયાદિલનો કચ્છી કયારેય પાછો પડતો નથી. તેથી આ અંકની લાખ- બે લાખ, પાંચ લાખ કોપી નહીં જાય ત્યાં સુધી મને સંતોષ નહીં થાય.

તેમણે કહ્યું કે આ ગ્રંથ બહુ મોટો અને ઐતિહાસિક પ્રયોગ છે, ટીમ સ્પિરીટ છે, કેટલી બધી મહેનત છે આની પછવાડે. વરસ- દોઢ વરસ સુધી કેટલા માણસો ગાંડા અને પાગલ થયા છે ત્યારે આ થયું છે. તપશ્ચર્યા વગર કંઇ થતું નથી, વાતો કરવી બહુ સહેલી છે પણ કેટલી રાતોના ઉજાગરા થયા હશે. આમાં કલાકારો, સાહિત્યકારો, સંશોધકો, જાત જાતના કસબીઓ ભેગા થાય, બધા ભેગા મળીને કામ કરે એ જ ગૌરવ છે.

વ્યકિતગત રીતે ભારતમાં ઘણા માણસો મહાન છે, પણ સાથે કામ કર્યા વગર આવા ગ્રંથો બહાર પડતા નથી. કોઇ પણ પ્રોજેકટ હાથ ધરવાનો હોય ત્યારે સમન્વયથી ચાલવાની ક્ષમતા બધામાં હોવી જોઇએ. કચ્છમિત્રનો આ 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથ એક માર્ગદર્શક છે.

> **'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથ તો સરહદી જિલ્લાનો એનસાયકલોપિડિયા છે.**
> **■ તત્કાલીન મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતા**
>
> **દુનિયાભરમાં એક પણ કચ્છી ઘર એવું ન હોવું જોઇએ જેમાં આ પુસ્તક ન હોય.**
> **■ જાણીતા તત્ત્વચિંતક હરિભાઇ કોઠારી**

કચ્છી માણસ પાસે અપાર શકિત છે પણ વિસ્મૃત થઇ ગઇ છે. ત્યારે 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથ એ સ્મૃતિ જગાડવાનું કામ કરે છે. બધા જ વિષયો, વાતો, વિચારો અને પ્રયોગને અહીં ગ્રંથસ્થ કરવાનો મહાન પ્રયાસ એક આખી ટીમે કર્યો છે ત્યારે એની તપશ્ચર્યાને નમસ્કાર કરું છું. આપણે બધા આ સાહિત્યની પૂજા કરીએ, કચ્છની અસ્મિતાને ઓળખીએ.

ગુજરાતના તત્કાલીન અછત, શ્રમ અને પાણી પુરવઠા વિભાગના નાયબમંત્રી બાબુભાઇ મેઘજી શાહે 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે કચ્છ વિશેની કોઇ માહિતી એવી નથી કે જે આમાં હોય નહીં. આ વિશેષ પ્રકાશન કચ્છની અસ્મિતાને તાદ્રશ્ય કરે છે. હિંમત, સાહસ અને શાંતિ એ કચ્છીઓની ખાસિયત છે.

અને રાતના ઉજાગરા કર્યા છે. ત્યારે આ પરિણામ લાવી શકાયું છે.

સદ્ભાગ્યે આ પરિશ્રમની, આ અથાક જહેમતની નોંધ ગુજરાતના તેમજ ગુજરાત બહારના પણ વર્તમાનપત્રો અને સામયિકોએ હર્ષભેર અને ભરપૂર પ્રશંસાથી લીધી છે. ગુજરાતના સમર્થ અને આખાબોલા સર્જક ચંદ્રકાંત બક્ષીએ ખુલ્લાદિલે આની નોંધ લીધી છે. શ્રી બક્ષી કોઇનીયે ખોટી પ્રશંસા નહીં કરવા માટે જાણીતા છે. ગમે તેવા ચમરબંધીની પટકી પાડતાં અચકાય નહીં અને સાચું લાગે એ જ લખે એવી તેમની છાપ છે.

'અભિયાન'માં શ્રી બક્ષીએ 'કચ્છ તારી અસ્મિતા'ને આવકારતાં લખ્યું છે : કચ્છ વિશે આટલો બધો પરિશ્રમ લઇને એક જ ગ્રંથમાં આટલી બધી વિપુલ માહિતી ગ્રંથસ્થ કરવી એ ઝનૂન અને પ્રેમ વિના શકય નથી. ચુનંદા અને અધિકૃત લેખકો પાસે એમના વિષયો પર લેખો લખાવવા ચયન કરવું અને પ્રકાશન કરવું, આ કાર્ય માટે 'કચ્છમિત્ર'ની કાબેલિયતને દાદ આપવી જોઇએ... આ ગ્રંથ એક રેફરન્સ કે સૂત્રસંધાન પુસ્તક તરીકે વિશ્વના દરેક શિક્ષિત કચ્છી પરિવારે વસાવવા જેવો છે.

જેમ મહાભારત માટે કહેવાય છે કે દુનિયામાં જે કંઇ છે તે મહાભારતમાં છે, તેમ અતિશયોકિતનો દોષ વહોરી લઇને કહી શકાય કે કચ્છમાં કે કચ્છ વિશે જે કંઇ છે તે 'કચ્છ તારી અસ્મિતા'માં છે. તેથી જ 'ટાઇમ્સ ઓફ ઇંડિયા'એ તેની રવિવારની આવૃત્તિમાં આ ગ્રંથ વિશે લખ્યું છે :

આવું સમગ્ર કે તલસ્પર્શી કાર્ય ભાગ્યે જ અગાઉ જોવા મળ્યું છે. કચ્છ વિશે કંઇ પણ જાણવા માગતા હોય તેમના માટે આ ગ્રંથ વસાવવો અનિવાર્ય છે. ઉપરાંત અન્ય લોકો માટે પણ આ ગ્રંથ સીમાવર્તી જિલ્લાનાં તમામ પાસાં ખુલ્લાં મૂકી શકે એમ છે.

જાણીતા સર્જક યશવંત મહેતાએ 'ગુજરાત ટુડે'માં લખ્યું છે : કચ્છે આગવી ઓળખ વિકસાવી છે. આગવી ઓળખ, આગવું ગૌરવ કચ્છને અન્ય પ્રદેશોથી અલગ પાડે છે. આ જ અસ્મિતા છે. અગાઉ ટુકડે ટુકડે કચ્છ વિશે ઘણા પુસ્તકો બહાર પડયાં છે. પણ 'અસ્મિતા' એ નવીનતમ ગ્રંથ હોવાથી અગાઉના તમામ ગ્રંથો અને સંશોધનોનો એને લાભ મળ્યો છે. અગાઉની ભૂલો સુધારવાને અવકાશ મળ્યો છે. તેથી તે કચ્છ વિશે વધુમાં વધુ વિશ્વસનીય માહિતીનો સ્રોત બન્યો છે. વર્તમાન બજારભાવે અંકની કિંમત રૂા. ૪૦૦થી ૫૦૦ જરૂર થાય, પણ મામૂલી કિંમતે આ ગ્રંથ ઉપલબ્ધ કરાવાયો છે. કચ્છમાં જરાકે ય રસ ધરાવનારે આ ગ્રંથ વસાવવો જ જોઇએ.

'ધ વીક' સાપ્તાહિકના 'ન્યુઝ ટાઇમ- વીક એન્ડ'માં જાણીતા ગુજરાતી પત્રકાર નચિકેતા દેસાઇએ લખ્યું છે : 'કચ્છ તારી અસ્મિતા' નામનો આ ગ્રંથ વાસ્તવમાં કચ્છના ગેઝેટિયર કરતાં પણ કંઇક વધુ છે.

'જન્મભૂમિ'માં કિશોર પારેખે ભલામણ કરી છે કે માત્ર કચ્છીઓ જ નહીં અથવા તો માત્ર કચ્છનો પરિચય મેળવવા આતુર એવા લોકો જ નહીં, પણ તમામ જ્ઞાનપિપાસુ ગુજરાતીઓએ પણ આ ગ્રંથ વસાવવો જોઇએ. ગુજરાતી વિશ્વકોશમાં આ કચ્છ સર્વસ્વ ગ્રંથનો સમાવેશ કરવો જોઇએ. કચ્છ વિશેની સામગ્રીનું જે સમગ્રતાથી પુસ્તકમાં સંકલન થયું છે તે જોતાં કચ્છી વાચકો તો આ ગ્રંથ વસાવશે જ, પરંતુ જ્ઞાનપિપાસુ દરેક ગુજરાતીએ પણ આ ગ્રંથ વસાવવા લાયક છે. કોઇ એક પ્રદેશ વિશે આંતરબાહ્ય સંપૂર્ણ તસવીર ઉપજે, માનવજીવનનાં દરેક પાસાંને યોગ્ય ન્યાય મળે, ઓળખની ગવાહી છતાં આત્મશ્લાઘા ન હોય, ભવ્ય ભૂતકાળનું સ્મરણ અને વર્તમાન સમસ્યાઓના હલ શોધવાનો પુરુષાર્થ કરતું આ કપરું કાર્ય અહીં પાર પાડી શકાયું છે. પુસ્તકની કલાત્મક રજૂઆતમાં બાવન રંગીન તસવીરોનો મોટો ફાળો છે.

જેરામ સ. રાઠોડે 'ફૂલછાબ'માં નોંધ્યું છે : કચ્છનો ઇતિહાસ, ભૌગોલિક માહિતી, લોકસંસ્કૃતિ, અણમોલ રત્નો, લોકકથાઓ વગેરે કચ્છને આવરી લેતાં તમામ પાસાંઓ પર વિસ્તૃત માહિતી આપતો આ ગ્રંથ કચ્છની તવારીખમાં એક આગવું પ્રકાશન છે. કચ્છ અંગેની માહિતી કોઇ એક જ પુસ્તકમાંથી મેળવવી હોય તો ફાંફાં મારવાં પડે એવી સ્થિતિ હતી. તેના નિવારણ માટે આ સુંદર પ્રયાસ છે, જે સંપૂર્ણ સફળતાને વર્યો છે. સુઘડ છાપકામ છે, તસવીરી ઝલક શોભા વધારે છે. કચ્છ વિશેની સર્વાંગી માહિતી આપતો આ ગ્રંથ ગાગરમાં સાગર જેવો છે. જે કચ્છ વિશે જાણવા માગતા જિજ્ઞાસુઓ, પ્રવાસીઓ અને ખાસ તો પ્રત્યેક કચ્છી માડુ માટે ખૂબ જ ઉપયોગી અને વસાવવા લાયક છે.

કરાચીથી પ્રગટ થતા 'ડોન' ગુજરાતી દૈનિકે 'કચ્છ તારી અસ્મિતા'ને એન્સાયકલોપિડિયા સાથે સરખાવીને નોંધે છે : આ ખાસ અંક કચ્છના ભવ્ય ભૂતકાળ, તેની સંસ્કૃતિ, તેના સાહિત્ય, તેના ઇતિહાસમાં અમરત્વ પ્રાપ્ત કરી ગયેલા ભડવીરો, તેનો વર્તમાન, રા'ના સમયના કચ્છના પ્રજાજીવન પર સારીમાઠી અસરો નાખી ગયેલા પ્રસંગો, તેની આબોહવા, પશુપાલન, ખેતીવાડી અને કચ્છમાં વસતી જુદી જુદી કોમો વિશે ખૂબ જ માહિતીપૂર્ણ લેખો આપવામાં આવ્યા છે.

ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન અને ભાષાશાસ્ત્રી કેશવરામ કા. શાસ્ત્રી 'પથિક' માસિકમાં નોંધ લે છે : કચ્છની સંસ્કૃતિ, સભ્યતા તેમ ઇતિહાસ, પુરાતત્ત્વ, વાણિજ્ય, ઉદ્યોગો તથા લલિતકળા, સાહિત્ય, લોકસાહિત્ય, કલા, વિવિધ આંતરિક પ્રદેશ વિશેષના લેખો ઊડીને આંખે વળગે છે. ઉત્તમ કોટિ, આંટી દે તેવી સામગ્રી, તો અનેક લેખોમાં આવતા એકરંગી ચિત્રોને ધ્યાનઅંદાજ કરાએ કે ન કરીએ, કિંતુ પૃ. ૧૭૫થી ૨૨૬ સુધીના બાવન જેટલાં વિવિધરંગી ચિત્રોએ તો આડો આંક વાળી દીધો છે. કચ્છની સર્વાંગીણ માહિતીથી સમૃદ્ધ લેખો તેમજ આ બાવન વિવિધરંગી ચિત્રો, તે તે ચિત્રોના ટૂંકા પરિચય સાથે આપવામાં આવેલ છે તે દ્વારા કચ્છમિત્રે સમગ્ર કચ્છને ખડું કરી દીધું છે. કચ્છ વિશેનો આવો વિશેષાંક અમારા જીવન (વર્ષ ૯૧) દરમ્યાન કદી જોવામાં આવ્યો નથી.

'પ્રત્યક્ષ' સામયિકમાં સુધા પંડયા લખે છે : અસ્મિતાની જાળવણી કેવી ઝીણવટથી અને કેવી સુંદર રીતે કરી શકાય એની પ્રતીતિ આ પુસ્તક કરાવે છે. એક નાનકડા પ્રદેશ વિશે આટલો તલસ્પર્શી અભ્યાસ અનેક અભ્યાસીઓ દ્વારા રજૂ કરાવી શકાય અને સાડા ત્રણસો જેટલાં પૃષ્ઠોમાં કચ્છના કણકણની અને એના ઇતિહાસની ક્ષણક્ષણની માહિતી આપી શકાય એ સૂઝભર્યા શ્રમમાંથી સૌએ પ્રેરણા લેવા જેવી છે. કચ્છનો આ સુઆયોજિત સંપાદનવાળો દસ્તાવેજ અનેકરંગી ચિત્રોથી વધુ મૂલ્યવાન બન્યો છે. દસ્તાવેજી ઉપયોગિતા અને દ્રષ્ટિપૂર્ણ સુઘડ સુંદરતા અહીં સમન્વય પામ્યા છે. એક ઝડપી ઊડતી નજર નાખનાર પણ પ્રસન્ન થશે, એટલું જ નહીં, અંદરની પ્રભાવક સામગ્રી તરફ વળવા પ્રેરાશે એવું એનું આયોજન છે.

'મુંબઇ સમાચાર'માં ભાલચંદ્ર ત્રિવેદી લખે છે : આરંભથી છેલ્લા પાના સુધી સુંદર સજાવટ અને નાના પ્રકારના લેખોથી અંક દીપી ઊઠયો છે. કચ્છની ઓળખ આપતા લેખો સારા એવા અભ્યાસ પછી તૈયાર થયા છે. વિષયને શકય એટલો વધુ ન્યાય આપવા જે તે વિષયના જાણકાર અને યથાયોગ્ય લેખકને જવાબદારી સોંપાઇ છે. કચ્છના ઇતિહાસને, પ્રજાની લાક્ષણિકતા, ખૂબીઓ, ખામીઓથી માંડીને કચ્છની જળ સમસ્યા, કચ્છ વ્યવહાર, વિશ્વભરમાં પથરાયેલ કચ્છી માડુઓ, ઉદ્યોગો વગેરે સમાવાઇ છે. પચાસેક પાનામાં તસવીરી ઝલક છે. સુંદર મુદ્રણ, ઉત્કૃષ્ટ તસવીરોથી અંક દીપી ઊઠયો છે.

'ફાયનાન્સિયલ એકસપ્રેસ' કચ્છ તારી અસ્મિતાની સમીક્ષા કરતાં નોંધે છે : કચ્છની આગવી અસ્મિતા, લોકસંસ્કૃતિ, ઇતિહાસ, સામાજિક પરિસ્થિતિ જેવી ભાતીગળ બાબતોને એક વણાટમાં વણીને કચ્છમિત્રે સ્તુત્ય પ્રયાસ કર્યો છે. સંદર્ભગ્રંથ પણ લોકભોગ્ય બની શકે તેનું આ જ્વલંત ઉદાહરણ છે. સશકત સંપાદન, સક્ષમ લેખકવૃંદ, અદ્ભુત તસવીરો, સચોટ ઠઠ્ઠાચિત્રોના કારણે આ અંક સંદર્ભગ્રંથ, માહિતીગ્રંથ ઉપરાંત રોચક વાચન સામગ્રીના સુભગ મિશ્રણ સમાન બની શકયો છે.

'જનસત્તા' અને 'સમકાલીન'માં દેવહૂમાએ લખ્યું છે : કચ્છમિત્રનું આ વિશેષ પ્રકાશન કચ્છની અસ્મિતાનો અધિકૃત સંદર્ભગ્રંથ બની શકયું છે. અધિકૃત લેખકોથી વિશ્વસનીયતા જળવાઇ છે. તસવીરી ઝલક ઉત્તમ છે. તમામ લેખો ભરપૂર માહિતીસભર, અભ્યાસ, પુરુષાર્થ દાખવે છે. કચ્છની અસ્મિતા અંગે સરસ, હાથવગા સંદર્ભગ્રંથ તરીકે પ્રમાણભૂત ગણાનાર આ વિશેષ પ્રકાશન જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ, ઇતિહાસ સામગ્રીવાંચ્છુઓ અને કચ્છના સાંસ્કૃતિક પરિચયને જાણવા આતુર દરેકને માટે ઉપયોગી છે. ઉત્કૃષ્ટ છાપકામ અને ભાષાશુદ્ધિ ઊડીને આંખે

વળગે છે.

'ભુજ ટાઇમ્સ'માં તંત્રી વિનોદ ગાલા લખે છે : કચ્છમિત્ર દ્વારા આ પ્રતિભાશાળી વાચન સમૃદ્ધ ગૌરવશાળી સર્જન પ્રત્યેક કચ્છીએ વસાવવા જેવું છે. 'કચ્છમિત્ર'ના સર્જકોએ ૩૫૦ પાનાના માહિતીસભર ગ્રંથમાં કચ્છના તમામ પાસાંનું વ્યાપક સર્વેક્ષણ કરી 'કચ્છ દર્શન'નો તાદ્રશ અનુભવ કરાવ્યો છે. પ્રત્યેક કચ્છીએ કચ્છના સાંસ્કૃતિક વારસાના ગૌરવસમા આ પુસ્તકને અચૂક વાંચવું જોઇએ.

'ગાંધીનગર સમાચાર'માં મધુભાઇ પ્રા. ભટ્ટે નોંધ્યું છે : કચ્છમિત્રનો વિશેષાંક 'કચ્છ તારી અસ્મિતા' એ વિશેષાંક જ નથી, દરેકે દરેક કચ્છી કુટુંબ માટે કચ્છીયતનું પ્રતીક છે. પીએચ. ડી. કે એમ. ફિલ. કરવાવાળા વિદ્યાર્થીઓને અને કચ્છ વિશેનું સર્વ પ્રકારનું જ્ઞાન મેળવવા ઇચ્છતા અભ્યાસી જિજ્ઞાસુઓ માટે તો આ વિશેષાંક એક ઉત્તમ સંદર્ભ ગ્રંથની ગરજ સારે છે. જેમ કોઇ પણ કચ્છીના ઘરના દીવાનખાનામાં કચ્છી કળા કારીગરીના નમૂના હોય છે, તેમ હવેથી દરેક કચ્છીની નાની શી ઘરની લાયબ્રેરીમાં 'કચ્છ તારી અસ્મિતા' અંક હોવો જ જોઇએ.

'પૂર્વ ગુર્જરી' કચ્છ તારી અસ્મિતાની સમીક્ષા કરતાં કહે છે : 'જન્મભૂમિ-પ્રવાસી' દૈનિક સમૂહના એક અંશ સમા, કચ્છથી પ્રગટ થતાં 'કચ્છમિત્ર'એ માત્ર રૂા. ૭૫માં આ અનોખા પ્રદેશને જીવંત કર્યો છે. જેમાં પ્રત્યેક પાના પર દેખાય છે તંત્રી કીર્તિ જયંત ખત્રી અને તેના સંપાદક મંડળના સહયોગીઓની મહેનતની બારીકી. શબ્દોનું ઇતિહાસ તાંતણે ભરતકામ કરવામાં આવ્યું છે, અસ્સલ કચ્છી ભરત જેવું બારીક. આ ગ્રંથને અસ્મિતાગ્રંથ બનાવવામાં જે મહેનત લીધી છે એને માટે, એની કદર માટે એટલું જ કહી શકાય કે કોઇ પણ કચ્છી માડુ વતનથી ભલે દૂર હોય પણ આ પુસ્તક એકવાર પોતાના દિલ પાસે રાખશે તો એણે વતનને સીનાથી લગાડયું હશે એવી અનુભૂતિ, ધબકાર અચૂક થશે.

'સમભાવ' દૈનિક કચ્છ તારી અસ્મિતાની સમીક્ષા કરતાં લખે છે : તંત્રી શ્રી ખત્રી તથા તેમના સહયોગીઓએ કચ્છની અસ્મિતાનાં સર્વ પાસાંનો પરિચય આપવામાં ભારે પુરુષાર્થ કર્યો છે અને તેમના ઓરતા સફળ થયા છે. સ્વચ્છ- સુઘડ મુદ્રણનો ખ્યાલ રાખી કચ્છના અતીત ગૌરવ, વર્તમાન સમસ્યા, સમસ્યાને માથે ઉઠાવીને ભૂમિ અને તેના સંતાનોએ સાધેલો વિકાસ, હજીય તે ભૂમિના વણઉકલ્યા રહેલા પ્રશ્નો અને સમગ્ર ખલકમાં ખેલતા કચ્છ સંતાનો અને છતાંયે તેમની માતૃભૂમિનો ચીવટભર્યો, માહિતીસભર ચિતાર આપતો આ અંક કચ્છ પૂરતો તો એક એન્સાયકલોપિડિયા બની જાય છે.

'રંગતરંગ' સામયિક નોંધે છે : કચ્છ તારી અસ્મિતા એ જાણે કચ્છ વિશેની સઘળી આવશ્યક માહિતી આપતો લઘુ વિશ્વકોશ ન હોય ! અધિકારી વિદ્વાનોના લેખો આ અંકમાં મેળવી શકાયા છે તે આવકાર્ય છે. જાહેરખબરો ખૂબ ઔચિત્યપૂર્વક ગોઠવી છે એ સૌએ ધડો લેવા જેવી બાબત છે. તંત્રી શ્રી કીર્તિ ખત્રીના 'અસ્મિતાના ઓરતા' અનેક વ્યકિતઓ અને સંસ્થાઓના સહકારથી સાકાર થયા છે. કચ્છ વિશેની મોટાભાગની જાણવા જેવી બધી હકીકતો અહીં એક સાથે સુલભ કરી આપનાર આયોજકો પ્રત્યે સૌ અભ્યાસીઓ અને સામાન્ય સંસ્કારી નાગરિક ઓશિંગણભાવ અનુભવશે.

'વાગડ પથિક' માસિકમાં અરવિંદ પોપટલાલ ગડાએ કચ્છ તારી અસ્મિતાને આવકારતાં લખ્યું છે : કચ્છની અસ્મિતાને પ્રગટ કરતું આ પુસ્તક દરેકે દરેક કચ્છીએ અભ્યાસ કરવા જેવું છે. આ પુસ્તકમાં કચ્છની આંકડાકીય માહિતી છે જ, પણ ઇતિહાસ, ભૂગોળ, ભાષા, સાહિત્ય, હુન્નર ઉદ્યોગ, કલાકારીગરી, સંસ્કૃતિ, સમસ્યાઓ, વિકાસગાથાઓ, શકયતાઓ આ બધાના સંદર્ભે કચ્છની મૂલવણી કરતા અભ્યાસુ લેખોનો સમાવેશ થયો છે. બેનમૂન તસવીરી ઝલક આ અંકમાં અપાઇ છે. તેમ બૃહદ કચ્છમાં વસતા કચ્છીઓની વિગતવાર માહિતી પણ છે. આમ આ પુસ્તક એક એન્સાયકલોપિડિયા- માહિતીગ્રંથની ગરજ સારે તેવું છે.

અભ્યાસુ વાચકો- લેખકોની સ્નેહવર્ષા

('કચ્છ તારી અસ્મિતા' પર વાચકોએ પત્રો દ્વારા જે સ્નેહની વર્ષા કરેલી તેમાંથી કેટલાક ચૂંટેલા પત્રો અહીં પ્રસ્તુત કર્યા છે.)

જાણીતા લેખક દિલીપ રાણપુરાએ લખ્યું છે કે 'કચ્છ તારી અસ્મિતા' એક દસ્તાવેજી મૂલ્ય તો ધરાવે જ છે, પણ સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક માહિતીથીયે ભરપૂર છે. મારા માટે તો તે ઉપયોગી છે જ, પણ મારી પેઢી માટે તે વારસો બની રહેશે.

જાણીતા સંશોધક અને સર્જક જોરાવરસિંહ જાદવ જણાવે છે કે આ વિશેષ પ્રકાશન મારા માટે તો જાણે ગોળનાં ગાડાં જેવો થયો. મારા જેવા સંસ્કૃતિપ્રેમીને સંસ્કૃતિરૂપી ખજાનો મળ્યો. ગ્રંથ સર્વ પ્રકારે ઉત્તમ થયો છે. એમાં સંપાદનકલાની દ્રષ્ટિ, સૂઝ અને શ્રમના સુપેરે દર્શન થાય છે. વિવિધ વિષયના અભ્યાસીઓ પાસે તમે આંગળી પકડીને લખાવ્યું છે. ઉત્તમ લેખો મળ્યા છે તે જેટલા સમૃદ્ધ છે એટલી જ સમૃદ્ધ તસવીરો છે. આ બન્ને મળીને કચ્છની સંસ્કૃતિનું સાચું દર્શન કરાવી જાય છે. આ ગ્રંથનું મૂલ્ય મારે મન ઘણું ઊંચું છે, એટલા માટે કે એ કચ્છી સંસ્કૃતિના દસ્તાવેજ સમો, સર્વસંગ્રહ બની રહ્યો છે. આ માટે ખોબલે ખોબલે અભિનંદન આપતાં આનંદની લાગણી થાય છે.

ઇકોલોજી કમિશનના અધ્યક્ષ હસમુખ શાહ પત્રમાં લખે છે કે 'કચ્છ તારી અસ્મિતા'એ તેના વિચારપૂર્વકના આયોજન, અભ્યાસપૂર્ણ લેખો, કચ્છની જ્ઞાતિગંગાની વિગતો, આકર્ષક લેઆઉટ અને સુઘડ છપાઇના કારણે સાનંદાશ્ચર્ય કરાવ્યું. કોઇ એક જિલ્લા વિશે આવો સુંદર ગ્રંથ ભાગ્યે જ જોવા મળે છે. તે એક સંદર્ભગ્રંથ બની રહેશે. અભિનંદન.

જાણીતા લોક કલાકાર બાબુભાઇ રાણપુરાના મંતવ્ય મુજબ કચ્છની રજેરજ માહિતીથી ભરપૂર 'કચ્છ તારી અસ્મિતા'નો ગ્રંથ આવતીકાલના સમયને સોનેરી સૂરતા આપવામાં મહામાર્ગી થશે. આજનો અને આવતીકાલનો સમાજ આનો ભરપૂર લાભ લેશે.

ગુજરાતના કાયદા વિભાગના સચિવ પ્રભાકર જે. ધોળકિયા લખે છે : 'કચ્છ તારી અસ્મિતા' ગ્રંથ ઘણો દળદાર અને સુંદર છે. કચ્છ વિશેની સંપૂર્ણ માહિતી તેમાંથી મળે છે. કચ્છના વિવિધ પાસાંનું દર્શન એમાં થાય છે.

લેફ. કર્નલ (નિવૃત્ત) જીલુભા જાડેજા લખે છે કે બાવન જેટલી સુંદર તસવીરો, ભારતમાં વિવિધ સ્થળે અને વિદેશમાં વસતા કચ્છીઓ, મુંબઇના વિકાસમાં કચ્છીઓનો ફાળો, દરેક જ્ઞાતિ-જાતિઓનો ઇતિહાસ તથા વિવિધ લેખકોના અભ્યાસનીય લેખોના કારણે 'કચ્છ તારી અસ્મિતા' અંક દ્વારા કચ્છના ભવ્ય ભૂતકાળના તો દર્શન થાય જ છે, સાથે સાથે ઉજ્જવળ ભાવિનો ખ્યાલ પણ આવે છે. કચ્છની જળસંકટની સમસ્યા અને તેના નિવારણના ઉપાયો ખૂબ જ ઉપયોગી છે. કચ્છના વિકાસ માટે આહ્વાન છે. આ માટે કચ્છીઓએ ઇઝરાયેલનો દાખલો નજર સામે રાખવો પડશે. કચ્છમાં પાણીનો પ્રશ્ન વિકટ છે. તેને રાજ્ય સરકાર અગ્રતા નહીં આપે તો કચ્છનો વિકાસ નહીં થાય.

પત્રકાર નિર્મલ વાસવાણીના મંતવ્ય મુજબ એમાં કોઇ જ શંકા નથી કે કચ્છના ઇતિહાસમાં કચ્છમિત્રનો આ અસ્મિતા અંક એક સીમાચિહ્ન બની રહેશે.

પત્રકાર નારણદાસ ઠક્કર પોતાના પત્રમાં લખે છે કે કચ્છ અસ્મિતાનો દળદાર અંક મૂલ્યવાન છે. ખૂબ જહેમત, સુંદર આયોજન, વિશિષ્ટ દ્રષ્ટિ અને અભ્યાસવૃત્તિનો સુંદર સુમેળ, સમન્વય થયો છે. અલભ્ય માહિતી, સુંદર સુશોભન, સજાવટ સાથેનો આ અંક કચ્છમિત્ર માટે યશકલગી-શિરમોર જેવો છે.

જાણીતા કવિ કલ્યાણજી સાવલા 'ઊર્મિલ' લખે છે કે વટ, વચન અને વહેવારની વસુંધરાના વારસદારો આપણે સૌ કચ્છી માડુ કચ્છની અસ્મિતાના આરાધકો છીએ. 'કચ્છમિત્ર' કચ્છની સંસ્કૃતિનું સંગમતીર્થ બની ગયું છે. 'કચ્છ તારી અસ્મિતા' રજેરજની માહિતીનો અધિકૃત ગ્રંથ છે. કચ્છ અને કચ્છ બહારના કચ્છીઓ વચ્ચે તે સેતુરૂપ છે. અભિનંદન.

હૈદરાબાદથી લાહિરી શાહે પોતાના પત્રમાં લખ્યું છે કે 'કચ્છ તારી અસ્મિતા' અંક ખૂબ જ સુંદર છે. કચ્છને લગતી તમામ માહિતી સમાવી લેતો આ વિશેષાંક કાયમી સાચવી રાખવા જેવો મૂલ્યવાન છે. □

કચ્છ, સૌરાષ્ટ્ર કે પછી કોઈપણ પ્રદેશની અસ્મિતાને શબ્દોની ટૂંકી વ્યાખ્યામાં કેદ કરવી મુશ્કેલ છે. જે તે પ્રદેશની ભૌગોલિક વિશિષ્ટતાઓ અને આબોહવાની ભિન્નતાના પ્રભાવ હેઠળ એનાં લોકજીવનની અલગ તરાહ ઘડાય છે અને સમય જતાં એમાંથી લોકસંસ્કૃતિ જન્મે છે. આ એક લાંબી પ્રક્રિયા છે. એના અસંખ્ય પાસાં અને પેટા પાસાં છે. આ બધાં પાસાં (જેમ રંગીન કાચના ટુકડા કેલિડોસ્કોપમાં નાખતાં જ એક સુંદર સુવાંગ ભાત સર્જાય છે તેમ) ભેગા મળીને સંબંધિત પ્રદેશની એક આગવી પિછાણ ઊભી કરે છે. આ પિછાણ એ જ એનું અલગ વ્યક્તિત્વ કે પ્રદેશપણું છે. એ જ એની અસલિયત છે અને એ જ તો છે એની અસ્મિતા.

કચ્છની પણ આવી એક આગવી પિછાણ-એક આગવી અસ્મિતા છે. કુદરતના બેરહમ જુલમો સામે સતત ઝઝૂમતો રહેલો આ મુલકનો માનવી પોતાની અસ્મિતાને કેડે બાંધીને પ્રદેશના સીમાડા તો ક્યારનોયે કૂદી ચૂક્યો છે. વેપાર-ધંધા અને રોજી રોટીની ખોજમાં એક ગામથી બીજે ગામ, પછી બીજા પ્રદેશમાં, ત્યાંથી અન્ય રાજ્યમાં અને છેવટે પરદેશની ધરતી પર ડગ ભરતાં કચ્છીમાડુ અચકાયો નથી. સાબરકાંઠા હોય કે મહેસાણા, મુંબઈ હોય કે કલકત્તા, મહારાષ્ટ્ર હોય કે તામિલનાડુ કે પછી મસ્કત, દુબઈ, કેન્યા, ઝાંઝીબાર, લંડન કે અમેરિકા સુધી કચ્છી પહોંચ્યા છે. એક અછડતા અંદાજ મુજબ હાલ કચ્છની વસતી (૧૨ લાખ) છે તેનાથી સવા કે દોઢગણા કચ્છી તો કચ્છ બહાર સ્થાયી થયા છે અને ત્યાં જઈનેય પોતાની અસલિયત જાળવી રાખી છે. તેથી જ કચ્છીયત કે કચ્છની અસ્મિતા અન્ય પ્રદેશો કરતાં વિશેષ બળવાન છે.

ખરું પૂછો તો કચ્છીમાડુની આવી હિજરતનો જોટો બીજે ક્યાંયે જોવા મળે તેમ નથી. ૧૮૧૯ના ધરતીકંપને પગલે સિંધુ નદીનું વહેણ કચ્છમાં આવતું બંધ થતાં જ ભુજ, લખપત અને અબડાસાના જનજીવન પર તેની ઘેરી અસર પડી. વેપાર-ધંધા પડી ભાંગ્યા અને આ પણ જાણે અધૂરું હોય તેમ તે પછીના અરસામાં પ્લેગ જેવા મહારોગ અને દુકાળોએ કચ્છીઓને વતનને રામ રામ કરવાની ફરજ પાડી. એમ તો વેપાર-ધંધા માટે સદીઓ પહેલાં કચ્છીમાડુ દરિયો ખેડીને આફ્રિકા અને અખાતના દેશોમાં પહોંચી ચૂક્યો હતો. પણ એ એની સાહસવૃત્તિ હતી જ્યારે રોજી રોટીની ખોજમાં હિજરત એ એની મજબૂરી હતી. ઈતિહાસ પર નજર કરતાં જણાય છે કે ૧૮૫૦ થી ૧૮૮૫ અને એ પછી બીજા વિશ્વયુદ્ધની ભયંકર મંદીની આસપાસના એટલે કે ૧૯૪૦થી ૧૯૫૦ સુધીના સમયમાં કચ્છીમાડુએ મોટાપાયે વતનમાંથી ઊચાળા ભર્યા છે એટલું જ નહીં એ જ્યાં પણ સ્થિર થયો છે ત્યાંના લોકો અને સમાજજીવન સાથે ઓતપ્રોત થઈને પ્રગતિનાં ઉચ્ચ શિખર સર કરતો રહ્યો છે. મુંબઈ એનું ઉત્તમ ઉદાહરણ છે. અનાજ કરિયાણાથી માંડીને રેડીમેડ ગારમેન્ટ સુધીના કેટલાયે ધંધામાં કચ્છીમાડુ ઈજારાશાહી સ્થાપી ચૂક્યો છે અને હવે ઉદ્યોગો તેમજ તબીબી સેવા જેવા ક્ષેત્રોમાં પણ નામ કાઢવા માંડયો છે. એ માત્ર વેપાર-ધંધો કરીને બેસી નથી રહ્યો. મુંબઈને શહેરમાંથી મહાનગર બનાવવામાં પણ કચ્છીમાડુએ અગ્રભાગ ભજવ્યો છે. એના આર્થિક-સામાજિક જીવનનો એ મોભી-શિલ્પી છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કચ્છીઓએ માતબર દાન આપ્યાં છે એની સાક્ષી પૂરતી ઈમારતો આજે મહાનગરમાં ઊભી છે. બીજા અર્થમાં કહીએ તો કર્મભૂમિનું ઋણ અદા કરવામાં કચ્છીમાડુએ ક્યારેય પાછા વળીને જોયું નથી. તો જન્મભૂમિનેય એ ક્યારેય વિસર્યો નથી. દુકાળ હોય કે અતિવૃષ્ટિ કે પછી મેલેરિયાનો ઉપદ્રવ જ્યારે પણ વતનનો સાદ પડયો છે ત્યારે દાન અને સહાયની પુનિત ગંગા એણે સતત વહેતી રાખી છે. કર્મભૂમિનું ઋણ અદા કરવાની સાથેસાથે વતન પ્રત્યેનો લગાવ જેટલો કચ્છી પ્રજામાં છે એટલો બીજી પ્રજામાં ભાગ્યે જ જોવા મળે છે. જેમ એની હિજરતનો ઈતિહાસ અજોડ છે તેમ એનો વતનપ્રેમ બેનમૂન છે.

ઘણીવાર એમ થાય છે કે આ ધરતીમાં એવું શું છે જેણે કચ્છીમાડુનું વ્યક્તિત્વ બીજા કરતાં વિશેષ બનાવ્યું છે. વિચારતાં એમ લાગે છે કે કચ્છીમાડુનાં તમામ ગુણદોષ, એની ભાતીગળ હસ્તકલા અને સંસ્કૃતિ રણ અને દરિયાની જ દેન છે. ઊંધા કાચબા આકારનો આપણો પ્રદેશ એક તરફ અફાટ રણ અને બીજી તરફ વિશાળ દરિયાની વચ્ચે પથરાયેલો છે. એક તરફ સાગરકાંઠો અને બીજી તરફ રણકાંધીએ પોતપોતાની રીતે લોકજીવનની તરાહ ઉપસાવી છે. દરિયાએ કચ્છીમાડુને વિશાળ દિલ-દિલેરી અને સાહસવૃત્તિ બક્ષ્યાં છે તો રણે એને ક્રૂર વાસ્તવિકતાઓ અને વિષમતાઓ સામે લડીને અસ્તિત્વ ટકાવી રાખવાનું શીખવ્યું છે.

નિષ્ણાતોના મતે કચ્છ તો કેટકેટલી સંસ્કૃતિઓની અવરજવરનો સેતુ છે. કેટલાયે લોક બહારથી આવ્યા, રહ્યા, પાછા ગયા. પણ જેમને આ ધરતીની મમતા બંધાઈ તે કાયમને માટે રહી ગયા. રણ અને દરિયાના કારણે આવા કચ્છીમાડુને અભાવની જિંદગી અને સાહસવૃત્તિ મળ્યાં. અભાવની જિંદગીના કારણે એ બીજાનાં દુ:ખ દર્દ સમજતો થયો અને વિશાળ દિલના કારણે ઉદાર બનીને બીજાનાં સુખ-દુ:ખમાં ભાગીદાર બન્યો. ખેર, પણ મૂળ વાત પર પાછા ફરીએ તો કચ્છમાં વસતા માનવીને કચ્છી બનાવવામાં રણ અને દરિયો જ નિમિત્ત બન્યા છે.

અને કચ્છનું રણ તો કુદરતનો બેમિસાલ કરિશ્મા છે. આ રણ રેતીના ઢગલાઓનું નહીં પણ ઉજ્જડ ખારોપાટ છે. અરબી સમુદ્રના પાણીએ કોરીક્રીક મારફત રણમાં પ્રવેશીને એને બીજાં રણોથી ભિન્ન પ્રકારનું બનાવી દીધું છે. અહીં દિવસે આગ ઓકતા સૂર્યના પ્રખર તાપ નીચે ધરતી તરફડતી હોય છે ત્યારે ક્ષિતિજે મૃગજળ (ઝાંઝવાના જળ)ની અજીબ સૃષ્ટિ ખડી થઈ જાય છે. તો સૂર્યાસ્ત થતાંની સાથે જ ઘનઘોર અંધકાર ધરતી પર આળોટવા માંડે છે. જેમ રાત આગળ વધે તેમ તારાની ચમક વધતી જાય છે અને એના પ્રકાશમાં ધરતી પરની વ્યકિત કે પશુની હલચલ જોઈ શકાય છે. અંધકારનાં પણ જુદાં જુદાં રૂપ અહીં જોવા મળે છે. ઘેરો અંધકાર, આછો અંધકાર.... અરે કાળા અને આસમાની રંગનું મેચિંગ જોતાં તો એમ લાગે કે કચ્છની વિખ્યાત અજરખ પ્રિન્ટની પરંપરાગત ભાતમાં બે ઘેરા રંગોનું મેચિંગ એમાંથી જ અવતર્યું છે. કહેવાનો સાર એ કે હસ્તકલાની અનોખી ભાત એ પણ રણની જ દેન છે. એક વધુ દાખલો લઈએ. બન્ની જેવા ઘાસિયા મેદાન (જો કે હવે તો ગાંડા બાવળે એનું નખ્ખોદ વાળી નાંખ્યું છે) પર રહેતા લોકોના જીવન સાથે રણની એકલતા ઓતપ્રોત થઈ ગઈ છે અને લોકોએ પણ રણની સાથે જીવતાં શીખી લીધું છે. કુદરતે એમને હર્યાભર્યા રંગોથી વંચિત રાખ્યા છે. તેથી જ કુદરતના રંગો અંગેની એમની કલ્પના હકીકતથી યે વધુ સુંદર હોય છે એમ એમની ભરતકલા પરથી સાબિત થાય છે. કુદરતના જે રંગ ત્યાંની ઔરતે જોયાં નથી તેને પામવાની મથામણ રૂપે સ્ફૂરેલી કલ્પના આંગળીના ટેરવાંના માધ્યમથી કપડાં પર ઊતરી આવે છે. તેથી જ તો કચ્છનાં ભરતકામની ભાત અનોખી છે.

દરિયાએ 'કચ્છીમાડુ'ને વિશાળ દિલ-દિલેરી અને સાહસવૃત્તિ બક્ષ્યાં છે તો રણે એને ક્રૂર વાસ્તવિકતાઓ અને વિષમતાઓ સામે લડીને અસ્તિત્વ ટકાવી રાખવાનું શીખવ્યું છે

આ તો થઈ કચ્છની અસ્મિતા જેમાંથી ઉપસી આવી છે એવા એક પાસાંની વાત. એના જનજીવનની તરાહ અને લોકસંસ્કૃતિને અનેરો ઓપ આપતા બીજાં અસંખ્ય પાસાં છે. તેથી જ તો એ બધાંને આવરી લેતું એક વિશેષ પ્રકાશન બહાર પાડવાનું સૂચન 'ફૂલછાબ'ના તંત્રી શ્રી હરસુખભાઈ સંઘાણીએ કર્યું ત્યારે મનમાં થોડી મૂંઝવણ હતી. મૂળ તો, અમારા મેનેજીંગ ટ્રસ્ટી અને મુરબ્બી શ્રી પ્રવીણચંદ્રભાઈ ગાંધીની ખાસ ઈચ્છા હતી કે 'કચ્છમિત્ર'નું નવું ભવન બંધાયું છે, નવું રંગીન ઓફસેટ મશિન ઉપરાંત અદ્યતન સામગ્રી વસાવાઈ છે એ ઘટનાને કચ્છી પ્રજા હંમેશ યાદ રાખે એવું કાંઈક કરવું જોઈએ અને તેને પગલે જ કચ્છની અસ્મિતા પેશ કરતા પ્રકાશનનો વિચાર સ્ફૂર્યો હતો. કચ્છી ટ્રસ્ટી શ્રી દામજીભાઈ લાલજી એન્કરવાલાએ પણ એમાં પોતાનો સૂર પૂરાવ્યો હતો. પણ મૂંઝવણ એના સ્વરૂપ અને સામગ્રી અંગે હતી. કોઈ ચિત્ર મગજમાં સ્પષ્ટ થતું નહોતું. તંત્રી વિભાગના સાથીઓ સાથે ચર્ચા કરી. કચ્છ અંગેનું છેલ્લું ગેઝેટીયર છેક ૧૯૭૧માં એટલે કે પચ્ચીસ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયું હતું અને તે પણ અંગ્રેજીમાં હતું. પંદરેક વર્ષથી એ ગેઝેટીયર પણ આઉટ ઓફ પ્રિન્ટ હોવાથી બજારમાં પ્રાપ્ય નથી. પરિણામે કચ્છ અંગેની પ્રાથમિક માહિતી પણ કોઈ એક જ પુસ્તકમાંથી મેળવવી હોય તો આજે ફાંફા મારવા પડે છે. તેથી એવું નક્કી કર્યું કે આ પરિસ્થિતિ નિવારવા માટેનો પ્રયાસ એ રીતે કરવો કે જેથી કચ્છની અસ્મિતાની પહેચાનની સાથે સાથે શકય એટલી તમામ જરૂરી બાબતોની પ્રાથમિક માહિતી મળી રહે એટલું જ નહીં સતત દુકાળનો સામનો કરતા કચ્છની સળગતી સમસ્યાનું નિરૂપણ અને એના ઉકેલ ભણી અંગૂલિનિર્દેશ પણ જોવા મળે. એજ રીતે પશુપાલન કે આજકાલ કચ્છમાં એક મોટા વ્યવસાય તરીકે વિકસી ચૂકેલા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની ઝલક પેશ કરવાની સાથે સાથે તેના પ્રશ્નોનોયે થોડેઘણે અંશે ઉલ્લેખ કરવો. વિષયોની નોંધ કરવા માંડી તો કચ્છમાં રાજાશાહીથી કરીને લોકશાહી સુધીના ઈતિહાસની ટૂંકી તવારીખ, ધરતીકંપ સહિતના ભૌગોલિક ફેરફારોની માહિતી, નવેનવ તાલુકાની ઝલક, (જરૂરી આંકડા સાથે), હસ્તકલા અને લોકકલા, સાહિત્યં પ્રવાહો, બંદરો અને વહાણવટું, લોકસંસ્કૃતિ, ખેતી, અર્થતંત્ર અને ઉદ્યોગો, વન્ય સૃષ્ટિ અને જોવાલાયક સ્થળો, પાકિસ્તાન સાથેના યુદ્ધની ઝાંખી અને સરહદી સમસ્યા, કચ્છના અણમોલ રત્નો (વિભૂતિઓ), સેવાભાવી સંસ્થાઓ વિગેરેની પ્રવૃત્તિઓનેય આવરી લેવી હોય તો સૂચિત પ્રકાશન ૩૦૦ પાનાનાં આંકને પાર કરી જાય. ઊંચી જાતનો કાગળ અને

અસ્મિતાનાં ઓરતા

□ કીર્તિ ખત્રી

આર્ટ પેપર પર રંગીન છાપકામ જેવી ગુણવત્તાની દ્રષ્ટિએ વિચારતાં ઉત્પાદન ખર્ચ ગુણોત્તરમાં વધી જાય. એમ કરવા જતાં પ્રકાશનની એક પ્રતની કિંમત ૧૫૦ થી ૨૦૦ રૂપિયા જેટલી થઈ જાય જે સામાન્ય કચ્છીજનને પરવડે નહીં. તેથી જાહેરખબરો લેવાનું વિચાર્યું. પણ એમ કરવા જતાં માહિતીનાં પાનાં પર કાપ આવે તો મૂળ ઉદ્દેશ જ માર્યો જાય. કચ્છમિત્રની આગેકૂચના હમસફર શ્રી સુરેશભાઈ શાહ (મેનેજર), જન્મભૂમિ જૂથના આસિસ્ટન્ટ જનરલ મેનેજર (જાહેર ખબર) શ્રી નટુભાઈ પટેલ અને મુંબઈના લોકગાયક શ્રી લાલ રાંભિયાએ ચર્ચા કરીને આ પ્રશ્ન ઉકેલ્યો અને એ મુજબ કમર્શિયલ પદ્ધતિએ જાહેર ખબરો પ્રસિદ્ધ કરવાને બદલે સૌજન્ય રૂપે નાની પટ્ટીની લેવાનું નક્કી કર્યું.

આયોજનના આ ઢાંચામાં રહીને સાતેક મહિના પહેલાં અસ્મિતાના પ્રકાશનની તૈયારીઓ શરૂ કરી. પણ 'કચ્છમિત્ર ભવન'નું બાંધકામ મોડું પડતાં કચ્છ માટે અધિકૃત સંદર્ભગ્રંથની ગરજ સારે એવું પ્રકાશન પણ મોડું પડયું. આમ છતાં, કહેતાં આનંદ થાય છે કે વધુ સમય મળતાં માહિતી અને લેખન સામગ્રીની ગુણવત્તા પર અમે વધુ ભાર મૂકી શકયા છીએ અને પાનાની સંખ્યા ધાર્યા કરતાં ઘણી વધી ગઈ છે.

લેખન સામગ્રીની વાત કરીએ તો જે તે વિષયના નિષ્ણાતને મુખ્ય વિષયોના લેખ લખવાની કામગીરી સોંપી છે. વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રના પ્રોફેસર ડૉ. પી. પી. પટેલે કચ્છની જળ સમસ્યા અંગેના લેખમાં નર્મદાના નીરની પુનઃ ફાળવણીનો કેસ અસરકારક રીતે રજૂ કર્યો છે. તો તાજેતરના વર્ષોમાં પીએચ.ડી. થયેલા ડૉ. દિનેશ જોશીએ કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિની સુંદર છણાવટ કરી છે જ્યારે હસ્ત અને હુન્નર કલાના વિસ્તૃત ક્ષેત્રમાં શ્રી હરેશ ધોળકિયાએ પદ્ધતિસર ડોકિયું કરાવ્યું છે. કચ્છના ઈતિહાસની તવારિખ શ્રી વિદ્યાકાંત પટ્ટણીએ દાદ માંગે તેવી શૈલીમાં પેશ કરી છે. આ તો માત્ર દાખલા છે. બાકી સર્વશ્રી રામસિંહજી રાઠોડ, ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવનાબેન મહેતા, દેવરાજ ચૌહાણ, ભરત ઠાકર, સંજય ઠાકર, ડૉ. ધીરેન્દ્ર મહેતા, શિવાજી બારોટ, દિલીપ વૈદ્ય, હિંમતસિંહજી, મહેશ ગઢવી વિગેરે જાણીતા લેખકોએ પુરાતત્ત્વથી અર્થશાસ્ત્ર સુધીના વિષયોને યોગ્ય ન્યાય આપતા લેખ લખ્યા છે.

પણ આ પ્રકાશનમાં વિશેષ ધ્યાન ખેંચે એવી બે બાબતો છે અને તે છે કચ્છની જુદી જુદી જ્ઞાતિઓ અંગેની માહિતી તેમજ બૃહદ કચ્છના કચ્છીઓની વાત. ઐતિહાસિક હિજરતને પગલે કચ્છીઓ જ્યાં ગયા ત્યાંની ધરતી અને લોકોને પોતીકા ગણીને રહ્યા અને રોટલો રળ્યા પછી બે પૈસે થતાં સમાજ કલ્યાણ અને વિકાસ માટેય નાણાં ખર્ચતા થયા. તેથી તેમની જમાવટ થતી ગઈ અને સમૂહ વધતો ગયો. પરિણામે આજે તો દેશના જુદા જુદા રાજ્યોનાં મહાનગરો અને શહેરોમાં પાટીદાર, જૈન, ભાનુશાલી, લોહાણા, ગુર્જર ક્ષત્રિય જેવી કેટલીયે કચ્છી જ્ઞાતિઓની વાડીઓ, લગ્નહોલ વિગેરે અસ્તિત્વમાં આવી ચૂકયાં છે. મહાનગર મુંબઈ તો બીજું કચ્છ છે. લાખો કચ્છી એના જનજીવનનું મુખ્ય અંગ બની ગયા છે. પણ આ પ્રકાશન સંદર્ભે લેખ સામગ્રી જુદા જુદા કેન્દ્રોમાંથી મંગાવવી શરૂ કરી તો જાણવા મળ્યું કે બૃહદ કચ્છના કચ્છીઓ વિષે આપણે પૂરતું જાણતા જ નથી. સાબરકાંઠા જિલ્લામાં એક લાખ ૩૫ હજાર કચ્છીઓ સ્થાયી થયા હશે એની એ જિલ્લા સિવાયના કચ્છીઓને ભાગ્યે જ ખબર હશે. આ આંકડો ૧૯૯૧ની વસતી ગણતરી પરથી કાઢવામાં આવ્યો હોવાથી અધિકૃત છે. પણ મુંબઈના કચ્છીઓનો કુલ અધિકૃત આંક મળી શકે તેમ નથી અને જુદી જુદી વ્યકિતઓના અંદાજોમાં મોટો ફેર છે. એ મુજબ આઠથી બાર લાખ કચ્છી મુંબઈગરા બની ચૂકયા છે. ગુજરાતમાં સાબરકાંઠા ઉપરાંત ગાંધીનગરમાં ૪૭૦૦, અમદાવાદ જિલ્લામાં ૧૫૦૦૦, મહેસાણા અને બનાસકાંઠામાં પાંચ-પાંચ હજાર, દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ૨૦૦૦૦, સૌરાષ્ટ્રમાં એક લાખ, વડોદરામાં ૧૫ થી ૨૦ હજાર, ચારૂત્તરમાં ૩૫ હજાર જેટલી કચ્છીઓની વસતીનો અંદાજ છે. આ બધા વિસ્તારો ઉપરાંત મુંબઈ સિવાયના મહારાષ્ટ્રના અને અન્ય રાજ્યોમાં જ્યાં પણ કચ્છીઓ સમૂહ તરીકે રહ્યા છે તેમની માહિતી આ પ્રકાશનમાં આપવાનો અમે પ્રયાસ કર્યો છે. એ જ રીતે પરદેશોમાં આફ્રિકા, લંડન, ઓમાન, પાકિસ્તાન, અમેરિકા જેવા રાષ્ટ્રોના કચ્છીઓની માહિતી પણ પેશ કરી છે. શકય છે કે વિશ્વભરના કચ્છીઓની પ્રાથમિક માહિતીનું એક જ ગ્રંથમાં આ રીતે સંકલન પ્રથમવાર થયું છે. 'બીજું કચ્છ મુંબઈ'નો રસપ્રદ લેખ શ્રી મૂળરાજભાઈ રૂપારેલે લખ્યો છે. સવાસો વર્ષના આ ઈતિહાસનું એમણે સતર પાનામાં ખૂબીથી સંકલન કર્યું છે. છતાં, આ માહિતી



ગાગરમાં સાગર જેવી છે. તેથી કોઈ મોટી વ્યકિત, સંસ્થા કે સિદ્ધિઓની માહિતી રહી ગઈ હોય એ સ્વાભાવિક છે. આવું જ જ્ઞાતિઓની બાબતમાં છે. મુખ્ય મુખ્ય જ્ઞાતિઓનું કચ્છમાં આગમન કયારે થયું અને કચ્છમાં આવ્યા પછી તેમણે સાધેલી પ્રગતિની ટૂંકી માહિતી આપવાનો પ્રયાસ જુદા જુદા લેખોમાં થયો છે. પણ, જગાની મર્યાદાના કારણે જ્ઞાતિઓનો સમગ્ર ઈતિહાસ અને પ્રવૃત્તિ પ્રસિદ્ધ કરી શકાય તેમ ન હોવાથી કાપકૂપ કરવી પડી છે અને તસવીરો લેવાનુંય માંડી વાળવું પડયું છે. જો કે આ તબક્કે એ જાહેરાતનો પુનરોચ્ચાર કરીએ છીએ કે કચ્છની જ્ઞાતિઓ અંગેની એક કટાર 'કચ્છમિત્ર'ની પૂર્તિમાં ઠાકરબંધુઓની કલમે શરૂ કરાશે અને તેમાં વિસ્તૃત માહિતી સમાવી લેવાશે.

આ આગવું પ્રકાશન શકય બની શકયું છે તેમાં પરિવારના સભ્યની જેમ સાથ-સહકાર આપનારનો હૃદયપૂર્વક આભાર ન માનીએ તો નગુણા કહેવાઈએ. સરહદી અને પછાત છતાં સંસ્કૃતિની દ્રષ્ટિએ વિશિષ્ટ એવા આપણાં મુલકની જુદીજુદી લાક્ષણિકતાઓ અને તેના લોકજીવનના ભાતીગળ પાસાઓ અંગેના લેખ માંગ્યા એ રીતે લખી આપનાર લેખકો કે જેમના નામનો અગાઉ ઉલ્લેખ કરી ચૂકયા છીએ અને જેમનો ઉલ્લેખ નથી કર્યો એ સૌનો, કાર્ટૂનિસ્ટ શ્રી રૂપમ અને શ્રી દેવ ગઢવી; લોક સંસ્કૃતિ અંગેના લેખમાં સુંદર ચિત્રો દોરી આપનાર બંધુઓ નવીન-બિપીન સોની અને લેખો માટે જરૂરી બ્લેક એન્ડ વ્હાઈટ તેમજ રંગીન તસવીરો પૂરી પાડનાર તસવીરકારો સર્વશ્રી એલ. એમ. પોમલ, ભરત માલી, નારાણભાઈ ચાડ, એ. એ. વઝીર, દિનેશ છત્રાલા, ચમન કંસારા, હીરાલાલ બલવા, વીરેન્દ્ર આચાર્ય, પપ્પુ સોનેજી, ઉપરાંત કચ્છ સંસ્કૃતિ દર્શનના સ્થાપક શ્રી રામસિંહજી રાઠોડ, કચ્છ આર્થિક વિકાસ મંડળના મોભી શ્રી કે. વી. ઠક્કર અને એમના સાથીઓ શ્રી મણિલાલ ગાલા અને શ્રી પરેશ મહેતાનો ખુબખુબ આભાર માનીએ છીએ.

આ તબક્કે સંપાદન અને સજાવટનોયે ખાસ ઉલ્લેખ જરૂરી છે. પ્રકાશનને માહિતીના પ્રકાર અને લેખોના વિષયની પસંદગીથી માંડી જ્ઞાતિ સહિતના કેટલાક લેખો મઠારવા સુધીની કાર્યવાહીમાં સમયની પરવાહ કર્યા વિના મહત્ત્વનો ભાગ ભજવનાર શ્રી ઉમિયાશંકર અજાણી અને આંકડાના નિષ્ણાંત પ્રો. જીતેન્દ્ર અંતાણી, મુખપૃષ્ઠ તેમજ અંકના પાનાઓની સજાવટની કામગીરી સંભાળનાર જાણીતા ચિત્રકાર શ્રી હરસુખ સોદાગર ઉપરાંત ખાસ તો સમગ્ર અંકના છાપકામ અંગે સલાહ સૂચન અને માર્ગદર્શન આપનાર અમારા આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી ધીરુભાઈ દેસાઈ (બ્રાન્ચીસ) અને અંગત રસ લઈ છાપકામની કામગીરી પાર પાડનાર શ્રી બિપીન તન્નાનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

વિશિષ્ટ પ્રકાશનના આર્થિક પાસાને સમતોલ કરવામાં મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગપતિઓ, પેઢીઓ અને અન્ય શ્રીમંતોએ જાહેરખબરોનું સ્વરૂપ 'કમર્શિયલ' પ્રકારને બદલે 'સૌજન્ય' જેવું પ્રતિકરૂપ હોવા છતાં જે ઉમળકાભેર સહયોગ આપ્યો છે તે સૌના તેમજ એમની અને અમારી વચ્ચે સેતુરૂપ બનેલા એડ-મીડિયાના સૂત્રધાર શ્રી લાલ રાંભિયાના અમે ઋણી છીએ. ઉપરાંત સરકારી-અર્ધ સરકારી નિગમ બોર્ડ અને અન્ય પેઢીઓની સૌજન્ય વિજ્ઞાપનમાં નોંધપાત્ર સહયોગ આપનાર મહેશભાઈ ગઢવીનાં પણ અમે આભારી છીએ.

અને છેલ્લે, સમગ્ર પ્રકાશનને મૂર્ત સ્વરૂપ આપવામાં એક ટીમ તરીકે કામ કરનાર 'કચ્છમિત્ર'ના તમામ વિભાગના કર્મચારીઓ અને જન્મભૂમિ જૂથના સૂરત, વડોદરા, અમદાવાદ બ્યૂરો... સૌનો અમે આભાર માનીએ છીએ. □

"કેરઅયો ?" અસાંકે પૂછેતાં તેંકે કચ્છી અંઈયો ઈય ચોંતા
હાંલે અસીં કચ્છી અંઈયો ઈય ચોંતા ચોંતા - કેર અયો ?
(રા.રા. શિવજી દેવસિંહ - મઢડા, ગુજરાતી - ૯-૧૦-૧૯૨૭)

કચ્છ ! સમયના અશબ્દ સમંદરના અગાધ અનંત અદ્રશ્ય જળભંડારમાં કોણ જાણે કયારથી, કેટલાય યુગોથી, તરતો, ડૂબતો, ફરી પ્રગટતો એક અનન્ય પ્રદેશ ! વિશ્વભરમાં વિહરતા, વિકસતા, લાખ લાખ કચ્છીઓની અંતરતમ ચેતનામાં હૈયાંનો ધબકાર અને પ્રેમના પારાવારના પ્રતીક જેવી માતૃભૂમિનું રૂપ તે કચ્છ ! કાળનો અસ્ખલિત પ્રવાહ તો અનંતની યાત્રાએ નીકળેલા કોઈ અણથાકયા પ્રવાસી જેવો અવિરત વહેતો જ રહે છે ! પ્રજાઓ અને તેના પૂર્વજો, વંશો, વ્યકિતઓ, વ્યકિતવિશેષો, જાતિઓ અને જનસમૂહોના જીવનના અસ્તિત્વની ઝલકને ઝીલતો એ જ્યારે વર્તમાનના સમયખંડમાં પ્રવેશે છે ત્યારે એના વિગત પટપ્રદેશ પર અવશિષ્ટ રહેલાં અને દેખાતાં અસંખ્ય પદચિહ્નો કાળના પ્રવાહમાં વિલુપ્ત એવી આપણી વિકાસ પ્રક્રિયાની વાત કરે છે. આજની ઘડી તે રળિયામણી ગણીને આપણે વર્તમાનને ભલે પૂજીએ પણ અતીતના ગર્ભમાં બંધાયેલી આપણી સભ્યતા, સંસ્કારિતા અને અસ્મિતાનાં અવનવાં રૂપોને ઘડીભર થંભીને નિહાળી લઈએ તો, કચ્છનું અતીતદર્શન એક મનોહારી દ્રશ્યાવલીની સૃષ્ટિ બનીને વિલસી ઊઠે છે ! અતીતની આરસીમાં, વર્તમાનના ખોળે બેસીને અજ્ઞાત ભવિષ્ય અનંતકાળના પોતાનાં જ અવનવાં રૂપોને નિરખે છે અને દિશાઓ ભરીને પડછંદાય છે એક હાસ...! કાલપુરૂષનું ઈતિ-હાસ ! પણ એય માત્ર એક પદચિહ્ન છે; એ ઈતિ નથી. વિશાળ અને વિસ્તીર્ણ ભારતમાં અનેકાનેક પ્રજાઓ છે, પ્રદેશો છે, પ્રાંતો છે. સંસ્કારિતાઓ અને સભ્યતાઓ છે પણ એ બધામાં અનૂઠી, એ સૌમાં નિરાળી એક ખુમારીનો ખોળો બનીને ધરતીનો એક અજબ પટ ઊભો છે અને તે આપણો કચ્છ ! એની અજબ ગજબની સમયયાત્રાના નિતનવા ઉન્મેષો દાખવતાં, એની વૈવિધ્યભરી જીવનયાત્રાના અનેકાનેક તબક્કાઓની ઘટનાઓના અનુબંધોને મૂલવતાં વર્તમાનને આંગણે ઊભીને આપણે ચાલો નિહાળીએ અતીતની સફરના શકય તેટલાં અને તેવાં સ્મૃતિ ચિત્રો અને સાંભળીએ એની કૂચ અને એના કદમોના આપણા જીવનના અતલમાં જાગતા પડઘાઓને !

અનોખા મુલકની જીવનયાત્રાનો આરંભ કયારે થયો હતો ?

કયારથી પ્રારંભાય છે આ અનોખા મુલકની જીવનયાત્રા ? આ પ્રશ્નનો જવાબ આપવાનું કપરૂં છે, અઘરૂં છે અને અટપટું છે. કારણ કે ઈતિહાસના વિગત સમયખંડની સફરની સ્મૃતિઓ જ્યાં લગી પ્રાપ્ત છે ત્યાં લગી, આદિ માનવીની વિકાસ કથાના આધારે પાછા પગે ચાલ્યા જઈએ તોય એનો આદિ એનો પ્રારંભનો સ્પષ્ટ અને ચોક્કસ સમય નિશ્ચિત કરવાનું આ ઘડીએ મને શકય નથી લાગતું. છતાં, કચ્છની તવારીખના, પ્રાગઐતિહાસિક અને પ્રાચીનોપૂર્વ પ્રાચીન જીવનવિકાસ અને સંસ્કૃતિવિકાસના ક્રમનું સંશોધન કરવા તો વેદો, ઉપનિષદો અને પુરાણોમાં સચવાયેલા નિર્દેશો અને સંદર્ભોને મૂલવવાના ઘનિષ્ઠ પ્રયત્નો કરવા સિવાય આ પ્રશ્નનો સહજ ઉકેલ અને ઉત્તર પ્રાપ્ત કરવો કઠીન છે. આ દિશામાં સંશોધનો અવશ્ય થયાં છે, થાય છે અને ભવિષ્યની પેઢીઓય કરતી જ રહેશે એમાં શંકા નથી.

બ્રિટીશ યુગના નૃવંશશાસ્ત્રીઓ, પુરાતત્ત્વવિદો, તવારીખનવેશો, વહીવટી અધિકારીઓ અને વહીવંચાઓએ બ્રિટીશ-હિન્દના ગેઝેટીયરોમાં, મુંબઈના બોમ્બે ગેઝેટીયરમાં અને તેની સાથોસાથ ભારતનાં પુરાતત્ત્વના અવશેષો અને સાહિત્યના ભંડારોમાં, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, સિંધ અને રાજસ્થાન સમેતના પ્રદેશોના શાસકો અને શૂરવીરોની તવારીખી વંશાવલિઓ અને બિરદાવલિઓની સંઘરેલી લાખ લાખ ગાથાઓમાંય કચ્છના સંદર્ભો અને ઉલ્લેખો ધરબાયેલા પડયા છે.

ઈતિહાસ સંશોધનની આ પ્રક્રિયા જટિલ છે, અટપટી છે અને અનંત લાગે તેવી સદાય નવાને નવા ઉન્મેશોને પ્રગટાવતી રહે તેવી છે અને એ પ્રક્રિયાનો અભ્યાસ અપાર ધૈર્ય, અખૂટ તિતિક્ષા, કઠીન તપસ્યા, સાથે સ્વસ્થ બુદ્ધિ, તીવ્ર તર્કશકિત અને ન્યાયોચિત તટસ્થતા ધરાવતાં ચિત્તની આવશ્યકતાની પૂર્વશરત પર આધારિત છે. આ પ્રક્રિયામાં પૂનાની ડેક્કન રિસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદની બી. જે. ઈન્સ્ટીટયુટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ, પ્રોફેસર એચ. ડી. સાંકળીઆ, મહામહોપાધ્યાય શ્રી કે. કા. શાસ્ત્રી, સ્વ. અમૃત પંડયા જેવા લબ્ધપ્રતિષ્ઠ સંશોધકો અને સ્વ. દુલેરાય કારાણી, શ્રી રામસિંહજી રાઠોડ, દીનબંધુ સ્મિથ, સ્વ. લાલજીભાઈ મૂળજી જોશી, જમનાદાસ



હડપ્પન સંસ્કૃતિનું નગર જ્યાંથી મળી આવ્યું છે તે રણમાંના ખડીર બેટના ધોળાવીરા નજીકના ટીંબાનું દ્રશ્ય

જેઠાભાઈ નયગાંધી, અ. ક. ત્રિવેદી, વિલિયમ રશબ્રુક, કંચનપ્રસાદભાઈ છાયા, ઊમિયાશંકર અજાણી, સ્વ. નારાયણજી વિશનજી ઠક્કુર અને વર્તમાન ઈતિહાસના પ્રસંગોને શબ્દબદ્ધ કરનાર એકમાત્ર રાજકીય અગ્રણી શ્રી કુન્દનલાલ ધોળકિયા સહિત અન્ય અનેક નામી-અનામી અભ્યાસીઓએ મૂલ્યવાન પ્રદાન કર્યાં છે. કચ્છના ચારણી સાહિત્યમાંથીય સ્વ. લખધીરજી ખડિયા, સ્વ. હમીરજી ખડિયા સ્વ. શંભુદ્દાનભાઈ ગઢવી, પીંગળશીભાઈ ગઢવી, અતીતના અભ્યાસી એકલવ્ય શ્રી માનસંગજી બારડ અને સંખ્યાબંધ અન્ય લેખકો અને સંશોધકોએ પણ કચ્છના ઈતિહાસનાં પાનાંઓમાં સંઘરાયેલાં અતીતને મૂલવવાનો પુરૂષાર્થ ખેડયો છે. દરિયાપારના કચ્છીઓની રોમાંચક કહાણીઓ અને સાહસકથાઓને ગુજરાતી સાહિત્યમાં ચિરઃસ્થાયી સ્થાન અપાવનાર સ્વ. ગુણવંતરાય આચાર્યના પ્રદાનનેય વિસારવું અશકય છે. અહિં સાગર કથાઓમાં કચ્છને ચિરસ્મરણિય રીતે શબ્દબદ્ધ કરવા માટે સમર્થ પ્રયાસો કરનારા કચ્છના સાહિત્યકારો સ્વ. ડૉ. જયંત ખત્રી, સ્વ. મનુભાઈ પાંધી, સ્વ. વનુભાઈ પાંધી અને સ્વ. ચંદ્રશંકર બૂચ સુકાનીના પ્રદાનનેય નોંધવું ઘટે.

આ તમામ અભ્યાસની પ્રક્રિયાનો નિષ્કર્ષ વિદ્વાનો અને પંડિતોના અભ્યાસ ગ્રંથોમાં જેવો આલેખાયેલો હોય તેવો પણ એટલો તો અચુક નીકળે છે કે, કચ્છની ધરતીનાં ધાવણમાં, એના આજે કોરાં ધાકડ લાગતાં ખેતરોમાં, પાકતાં અન્નમાં, એની ધૂળધોઈ ધરામાં કો'ક એવી અજબ માયાનો કેફ ભર્યો છે કે કચ્છીઓના તનમનમાં, બુદ્ધિમાં, દ્રષ્ટિમાં અને સપનોમાંય કચ્છનું નામ કળાયેલ મોરના કેકારવ જેવું ગુંજે છે.

કચ્છી માડુએ હજ્જારો વર્ષ પહેલાં સીમાડા પાર કર્યા હતા

કચ્છનો સપૂત આજે નહિ, હજારો હજારો વર્ષોથી કચ્છના સીમાડાઓની પાર, કયાંય, સિંધમાં, અફઘાનિસ્તાનમાં, બ્રિટનમાં, આફ્રિકામાં અને મહાસાગરોના પટ પર તરતા અનેકાનેક દેશોમાં જતો રહ્યો છે, જઈને આવતો રહ્યો છે અને છતાં એના માનસપટ પરથી કચ્છનું ચિત્ર કદીયે ધૂંધળું થતું નથી. હિમાલય કરતાંય વધુ જૈફ પુરાતત્ત્વીય દ્રષ્ટિએ ગણાતાં કચ્છના સંત કવિ નિરંજન હિમાચ્છાદિત શિખરોની નગાધિરાજની ભવ્યતાને વંદી રહે છે પણ એની ચેતનાની અંતરતમ ગહરાઈઓમાંથી એનો આત્મા તો પુકારી ઊઠે છે :

''હેમારે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન''

અને ચીડનાં,, ચિનારનાં, દેવદારનાં ઉત્તુંગ દેવવૃક્ષોની ઘટાઓની સામે, કચ્છની

કચ્છની તવારીખ

□ વિદ્યાકાંત પટ્ટણી

જલના એક એક બુંદને ચાતકની તરસથી તલસતી સૂક્કીભઠ્ઠ ધરતી પર ઊડતી કવિ નિરંજનના મનની કોયલ કૂકી ઊઠે છે અને ગાય છે :

''અસીં બાલુડા બુલબુલ ઈનજા, માડી અસાંજો ચમન... મુંજી માતૃભૂમિ કે નમન !''


ઇતિહાસની શોધદ્રષ્ટિનું મારૂં લક્ષ્ય એ છે કે કચ્છની આ અજબ ગજબની અસ્મિતાની મેખ કચ્છના અતીતમાં ધરબાયેલી કઇ વિશિષ્ટતામાં જડે તેમ છે ? કોણે કચ્છનાં ધાવણમાં એવી ચિરંજીવ સ્નેહ અને સંજીદગીનાં સત્ત્વ સિંચ્યા છે ? કોણ છે આ ધરતીના પાયામાં પુરાયેલા મહાકાળનો પ્રાણનો એ અંશ જે કચ્છમાં કચ્છની અસલિયતને અણિશુદ્ધ જીવતી રાખી રહ્યો છે ? અનેક પ્રશ્નો ઊઠે છે મનમાં અને એના જવાબો શોધવાની સફરે નીકળીએ છીએ ત્યારે, ભારતીય ઉપખંડના ખૂણે બે બાજુએ રણની અને બે બાજુએ આજે ઘૂઘવતા સાગર જેના ચરણ પખાળે છે એ કચ્છના ઇતિહાસના તાણાવાણાના રંગરૂપની વિશિષ્ટતા છતાં, એણે ભારતવર્ષના ઇતિહાસના, વિશ્વના ઇતિહાસના પલટાતા રંગોની છાયાઓ ઝીલી છે અને સંઘરી છે.

મહાભારતમાં કચ્છની ઓળખનો શબ્દ 'આભીર'

મહાન સિકંદરના એક સેનાપતિએ એક નોંધમાં કચ્છને આબીરિયા કહ્યો છે તો મહાભારતમાં કચ્છની ઓળખ માટેનો શબ્દ પ્રયોજાયો છે : આભીર ! વિશ્વપ્રસિદ્ધ સંસ્કૃત અમરકોશની પોતે લખેલી 'સંજીવની' નામની ટીકામાં ભારતના મહાન વિવેચક મલ્લીનાથે કચ્છનો ઉલ્લેખ 'કાચબાના આકારના પ્રાચીનતમ પ્રદેશ' તરીકે કર્યો છે.

આ પ્રદેશને આભીર કહીએ, કચ્છ કહીએ કે આબીરિયા કહીએ પણ એ છતાં એની પ્રાકૃતિક પરિસ્થિતિની દ્રષ્ટિએ, ધરતીના પટ પરનાં ૨૨°.૪૪'-૧૧'' થી ૨૪°-૪૧'-૨૫'' દક્ષિણ અક્ષાંશ પર લંબાયેલા અને ૬૮°-૦૯'-૪૪'' થી ૭૧°-૫૪'-૪૭'' પર્યંત પૂર્વ-પશ્ચિમ રેખાંશ પર પથરાયેલો કર્કવૃત્તીય પ્રદેશ છે. એની ઉત્તરે સિંધ, પૂર્વાત્તરે રાજસ્થાન,પૂર્વમાં બનાસકાંઠા અને મહેસાણા અને દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લો પડયા છે- તો દક્ષિણે કચ્છના અખાતને સામે કાંઠે કચ્છના જ ઇતિહાસની એક શાખાએ વિકસાવેલો હાલાર અને શ્રીકૃષ્ણની સાગરનિમજ્જિત અને વર્તમાન દ્વારિકા અને ઓખા મંડલ આવેલાં છે. દેશવિદેશની તવારીખોમાં મેગેસ્થીનીસ, હ્યુ-એન-સાંગ અને આલ્બેરૂની જેવા પ્રવાસી સંશોધકોએ પોતની સંસ્મરણ નોંધોમાં પણ કચ્છના અસ્તિત્વને નોંધ્યું છે.

કચ્છ હંમેશાં જ પાંખી વસતીનો પ્રદેશ હોય એવી અસર એના ઇતિહાસમાં એ અંગેના ઉલ્લેખોથી ઊભી થાય છે. વિખ્યાત હોથલ-પદ્મણીને કચ્છમાં આવવાનો અનુરોધ કરતાં જામ ઓઢાના મુખમાં લોકકવિએ મૂકેલાં શબ્દો છે ''હલો હોથલ, પાં ઉત કચ્છ વિનું જિત માડુ સવા લખ.'' એ સમયગાળો છે નવમા સૈકાનો. એ પછી વસતી ગણતરીની પદ્ધતિ અમલમાં આવ્યા પછી એટલે ઇ. સ. ૧૮૭૨ પછીના આંકડાઓને અધિકૃત ગણવામાં આવે છે. એ છતાં ઇ. સ. ૧૯૨૧માં માઉન્ટ સ્ટૂઅર્ટ એલ્ફીન્સ્ટને કચ્છની વસતી ૫૦૦૮૦૦ની નોંધે છે જેને ૧૯૨૩માં કર્નલ ટૉડની નોંધમાંનો ૫ લાખનો આંકડો સમર્થન આપે છે. ઇ. સ. ૧૮૫૨માં આ જનસંખ્યાનો આંક નીચે ઉતરીને ૪૦૯૫૨૨નો બને છે જે ઇ. સ. ૧૮૭૨માં ૪૮૭૩૦૫ પર પહોંચે છે. ૧૯મી સદીના અંતભાગમાં અને વીસમી સદીના પ્રારંભે ૧૯૦૧માં પણ આ સંખ્યા ૪૮૮૦૨૨ પર ઊભી છે. તે પછીનાં વર્ષોમાં છેક ૧૯૫૦ પર્યંત વસતીની સંખ્યામાં ૫ થી ૭ ટકાનો સામાન્ય સુધારો થતો રહે છે જે ૧૯૪૭ પછી વધીને ૨૨.૭૦ ટકાના દર તરીકે ૧૯૫૧ની વસતી ગણતરીમાં વિસ્ફોટની જેમ નોંધાયો છે.



કચ્છનું અદભૂત રણ

૧૯૫૧ થી ૧૯૬૧ના દશ વર્ષીય ગાળામાં વસતીનો વધારો સામાન્ય દરે આગળ વધે છે છતાં એ દર ૨૨.૫૦ ટકા જેટલો છે !

સૌથી નોંધનીય બાબત એ રહી છે કે ૧૯૪૭ પછી એટલે ૧૯૫૧થી ૧૯૬૧ વચ્ચે એકમાત્ર લખપત તાલુકામાં જનસંખ્યામાં ૫૭.૧ ટકા જેટલો ભારે વધારો નોંધાયો છે અને એ વખતે લખપત તાલુકામાં કોઇ જ વિકાસકામો થયાં નહોતાં, લિગ્નાઇટની ખાણો ખુલ્લી થઇ નહોતી !

મુસ્લિમ વસ્તીનું કચ્છમાં નોંધનીય પ્રમાણ

કચ્છની જનસાંખ્યયીકી તરાહમાં મુસ્લિમ વસતીનું પ્રમાણ પણ હંમેશાં જ નોંધનીય રીતે ઊંચું રહ્યું છે. ઇ. સ. ૧૮૨૧મા એલ્ફીન્સ્ટને કચ્છની મુસ્લિમ વસતીનો આંક ૧૭૦૦૦૦નો મૂકયો હતો જે ૧૮૫૨ના આંકડાઓ પ્રમાણે ઘટીને ૧૦૯૧૦૨ થયો હતો. આ સંખ્યા વધીને ૧૨૧૨૯૦ પર પહોંચી હતી. કચ્છમાં લગભગ ચોથા ભાગે રહેતી મુસ્લિમ જનસંખ્યાનેય આખરે કચ્છના ઇતિહાસમાં આવેલા પલટાઓ અને સંબંધોને આધારે મૂલવવી જોઇએ, કચ્છના સિંધ સાથેના ગુજરાતના સુલતાનો સાથેના, અફઘાનો અને ખીલજીઓ, આરબો અને મુઘલો સાથેના સમયસમય પરના સંબંધો અને સંગ્રામો, કચ્છની જહાજી વ્યાપારની પરંપરાઓ અને આરબી તેમજ આફ્રિકી દેશો સાથેના વ્યાપારી અને વ્યવહારી આદાનપ્રદાન- આ બધી પ્રક્રિયાઓએ કચ્છના આ સાગર સરહદી પ્રાંતમાં એક વિશિષ્ટ કોમી સંવાદિતા અને ગજબના ભાઇચારાથીભરી લોકપરંપરાનું નિર્માણ કર્યું છે.

કચ્છની પ્રાચીનતાના માનચિહ્નો

કચ્છના ઇતિહાસના શાસકકુળને છેક મહાભારતકાળથીય આગળ જોડવામાં

આવે છે. એ નિર્દેશ છે કે કચ્છને એ પૌરાણિક કાળમાંય પ્રાદેશિક પ્રતિષ્ઠા પ્રાપ્ત હતી. કચ્છના પશ્ચિમકાંઠે અરબી સમુદ્રની જલવીચિઓ જેમનાં પાદપંકજને પ્રક્ષાલે છે એ ભગવાન શિવ કોટેશ્વરની સ્થાપનાની પૌરાણિક આખ્યાયિકાઓ તો કચ્છને શ્રીકૃષ્ણના સમયથીય આગળ લંકેશ્વર રાવણની તપશ્ચર્યા સાથે સાંકળે છે. એથીય પ્રાચીન સમયખંડમાં નારાયણ સરોવરના પ્રદેશને દશ પ્રચેતાઓની તપશ્ચર્યા અને પરિણામ સ્વરૂપ ગંગાવતરણના અતિ અતિ સુદૂરના વાદળછાયા સમયમાં અસ્તિત્વનું સમર્થન આપતી પૌરાણિક કથાઓ સંશોધન અને અનુભૂતિનો એક સ્રોત સમૂહ બની રહે તેમ છે. કચ્છની પ્રાચીનતાના આ માનચિહ્નો છે જેને આદરથી અને શ્રદ્ધાથી નિહાળવાં તેમજ મૂલવવાં જરૂરી છે. કચ્છનો ઇતિહાસ અને ઇતિહાસનાં પાત્રો એના સમયખંડો અને ઘટનાઓની સાથોસાથ બ્રિટનમાં, ફ્રાન્સમાં અને દરિયાપારના મુલકોમાં બનેલી ઘટનાઓની યોગાનુયોગના તાણાવાણાની ચાદરની ભાત તો વળી સાવ નિરાળી અને ભારે નવલી છે. કચ્છની રા' રાયધણની ક્રાંતિના સમયખંડ સાથે ફ્રાન્સની રાજ્યક્રાંતિના સમયને, ૧૬મા લૂઇના ભાગ્યને રા' રાયધણના ભાગ્ય સાથે, નેપોલીયનના ઉદય અને અસ્તને જમાદાર ફત્તેહમહમદના ઉદય અને અસ્ત સાથે અભ્યાસ કરીને નિહાળીએ તો અજબગજબની સમાનતાના તાણાવાણા વણાયેલા ભાસે છે. જગડૂશા દાતાર તો ભામાશાની ઉદારતાનેય વટાવી જાય એવી વિભૂતિરૂપ ઊભરે છે. કૌરવોથી ત્રાસેલા પાંડવોનેય કચ્છમાં વાગડનું ગેડી અજ્ઞાતવાસનું શરણ આપે છે તો ઔરંગઝેબના ખૌફથી ભાગેલા શહેનશાહ શાહજહાંના પાટવીપુત્ર દારાનેય ભુજની દારાવાડીમાં કચ્છ પનાહ આપે છે. ઇતિહાસ એય નોંધે છે કે અમદાવાદના સુલતાન મુઝફ્ફરશાહે પણ કચ્છના ખોળામાં સંરક્ષણની માગણી કરી હતી. આ તો ઇતિહાસની અવનવી તેજછાયાઓની સંતાકૂકડીના માત્ર થોડા ઇશારા જ છે. આજે નવી ટેકનોલોજીના નામે નગારાં વગાડતા નરસિંહરાવ અને મનમોહનસિંહને આંગળા કરડાવે તેવી તત્સમયની આધુનિક ટેકનોલોજીને કચ્છમાં રામસિંહ માલમ મારફત લાવનાર લખપતજીના વ્યકિતત્વનેય હજી સંપૂર્ણતયા

૧૬મા લૂઇના ભાગ્યને
રા' રાયધણના ભાગ્ય સાથે
તેમજ નેપોલિયનના
ઉદય-અસ્તને ફત્તેહમામદની
ચડતી પડતી સાથે અભ્યાસ
કરતાં અજબ સામ્યતા દેખાય છે

મૂલવવાનું ઇતિહાસનેય બાકી છે. કચ્છ ત્યારે યુરોપને ત્યાં ગિરવી નહોતું રહ્યું ! એવા કચ્છને, કામણગારા મુલકને સમયે હુલાવ્યો છે, ઝુલાવ્યો છે, સલામો ભરી છે ને થપાટો ય મારી છે ! એ લાડ, દુલાર, હેત-પ્રીત અને રિસામણા મનામણાની કહાણી છે કચ્છનો આભીરનો, આબીરિયાનો અવનવો અને અજબનો ઇતિહાસ ! ચાલો, ત્યારે પ્રસ્થાન કરીએ અતીતના પડછાયાઓની સંગાથે આપણી તવારીખની તેજછાયાઓના નવનવાં રૂપના નિખારને નિહારવા !

જાડેજા વંશની ઉત્પતિ

કચ્છના એક પીઢ શિક્ષણ અને ઇતિહાસકાર સ્વ. માવજી કાનજી મહેતાએ કચ્છના શાળાપયોગી ઇતિહાસનો પ્રારંભ કરતાં લખ્યું કે યદુની છપ્પનમી પેઢીએ શ્રી કૃષ્ણ થયા અને જાડેજા વંશના આદ્યપુરૂષ તરીકે શ્રી કૃષ્ણના પુત્ર સામ્બ હતા. માવજીભાઇનો આ મત ઘણા સમય લગી ચાલ્યો પણ એમની એ વાતને શરતચૂક તરીકે વર્ણવતાં કચ્છના લોકસાહિત્યકાર, કવિ અને અન્વેષક સ્વ. દુલેરાય કારાણીના કથન અનુસાર કચ્છના રાજવીવંશ જાડેજાઓની ઉત્પતિ શામ અથવા સામ્બના વંશમાંથી નહીં શ્રી કૃષ્ણના અન્ય પુત્ર અનિરૂદ્ધના પુત્ર વજ્રનાભના વંશમાંથી થઇ છે. અનિરૂદ્ધનાં લગ્ન બાણાસુરની પુત્રી ઓખા સાથે થયાં હતાં. એ વિખ્યાત પ્રેમકહાણીને કવિ પ્રેમાનંદે તેમનાં આખ્યાન ઓખાહરણમાં સુપેરે અને સરસ રીતે ગાઇ છે એટલો ઉલ્લેખ કરીને એમ કહીએ કે શ્રી કૃષ્ણના પૌત્ર અને અનિરૂદ્ધ અને ઓખાના પુત્ર વજ્રનાભના વંશજ તરીકે કચ્છના જાડેજાઓની વંશાવળીને જોડવા અંગેની સમગ્ર વિચારણા માટેનો સંદર્ભ અભ્યાસનિષ્ઠ રીતે શ્રી દુલેરાયભાઇને શ્રીમદ ભાગવત હરિવંશ અને મહાભારત ઇત્યાદિ પ્રાચીન ગ્રંથોમાંથી શાસ્ત્રીય પુરાવાઓ સહિત રતાડિયાના શ્રી બાલુભાભાઇ અમરસિંહજીએ પૂરો પાડયાનો તેમણે ઉલ્લેખ કર્યો છે.

કચ્છની રાજકીય વ્યવસ્થાને ઇતિહાસરૂપે વર્ણવતી વખતે કચ્છનાં ગાદીપતિઓના પૂર્વજ પુરૂષોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. એ સાહજિક પણ છે એટલા માટે કે, ઇતિહાસનવેશોએ સર્વત્ર સત્તાના કેન્દ્રને જ જે તે સમયના માપદંડ માટે મહત્ત્વ આપ્યું છે એટલે તવારીખના પ્રમુખપાત્રોમાં માત્ર રાજાઓ, રાજકુમારો અને તેમનાં જીવન સાથે વણાયેલી વ્યકિતઓએ પુરાણકાળથી આજલગી મહત્ત્વ ભોગવ્યું છે અને એટલે જ કદાચ રાજા કાલસ્ય કારણમની ઉકિત ચલણમાં આવી છે ! રાજા વાસ્તવમાં પોતાની નીતિઓ, પોતાના કૃત્યો અને પોતાના પ્રભાવથી તત્સમયનાં લોકજીવનને પ્રભાવિત કરે છે અને પાકૃત પ્રજા માટે શાસક અથવા શાસકોની યોગ્યાયોગ્યતા પરિણામકારી પરિસ્થિતિઓ નિર્માણ કરતું પરિબળ બની રહે છે !

આ છતાં, કચ્છની રાજકીય ઇતિહાસની યાત્રા ભલે જાડેજા વંશના પૂર્વજોથી રીતસરની આરંભાતી હોય તો પણ, કચ્છના ઇતિહાસના વિકાસક્રમને માનવજાતિના વિકાસક્રમનાં પ્રતિબિંબરૂપે જોવામાં કોઇ ભૂલ થવાનો સંભવ નથી.

કચ્છની આજની સૂક્કીભક્ઠ નદીઓના પટમાં મળી આવતા આદિમાનવનાં પાષાણમાંથી કંડારેલાં હથિયારોની વિપુલતા અને વિસ્તૃતતાનો વિચાર કરતાં એ માનવું યોગ્ય જ રહેશે કે કચ્છમાં માનવના સાંસ્કૃતિક વિકાસની યાત્રાઓ તેના તમામ તબક્કાઓમાંથી નિશ્ચિત રીતે પસાર થઇ છે.

એય વિશિષ્ટ હકીકત આશ્ચર્યજનક લાગે છે કે, ઇશુ ખ્રિસ્તના જન્મ પહેલાં આદિમાનવની પ્રાગઐતિહાસિક અસ્તિત્વની કડીઓ અને સાબિતીઓ જેટલી કચ્છમાં ઉપલબ્ધ છે તેટલી ગુજરાતના મૂળ પ્રદેશમાં દક્ષિણ, ઉત્તર કે મધ્ય કયાંયે પ્રાપ્ત થતી નથી ! એટલે સંસ્કૃતિને પારણે ઝૂલીને આજે આખરે જાણે લૂલા બનેલા કચ્છના ઇતિહાસના શિખરો તો ભૂતકાળમાં સરી ગયા લાગે છે અને આજે એક વિશિષ્ટ તવારીખી અસ્તિત્વ ધરાવતો કચ્છ જાણે કાળની કેદમાં પડેલા એક ગૂમનામ કેદી જેવી પરોપજીવી જિંદગીનો અનુભવ કરી રહ્યો છે !

આદિ માનવના હથિયારના પુરાવા ઠેકઠેકાણે મળે છે

ઇતિહાસકારોને અને અભ્યાસીઓને આશ્ચર્ય તો એ વાતનું પણ છે કે ભૂસ્તરીય અને ભૂભૌતિક દ્રષ્ટિએ જેને હિમાલય કરતાંય વધુ જૈફ માનવામાં આવે છે અને સમુદ્રાચ્છાદિત ભૂખંડના ટેકટોનિક પ્રકારનાં કંપનોને લીધે જેનો જન્મ થયેલો છે એ કચ્છમાં ભૂસ્તરશાસ્ત્રીય પરિભાષામાં જેને મિડલ પ્લેસ્ટોસીન સમય કહેવાય છે તેવા કાળમાં પણ કચ્છમાં આદિમાનવનું અસ્તિત્વ પોતાને પ્રગટ કરતી સાબિતીઓ આપી શકે છે અને આ આદિમાનવ ભુજની આસપાસ માધાપર, કુકમા અને નખત્રાણા તાલુકાના નદીકાંઠાઓના વિસ્તારમાં જ કેન્દ્રિત રહ્યો કે સંપૂર્ણ કચ્છમાં વિસ્તર્યો એય એક અલગ અભ્યાસપાત્ર વિષય બને છે કેમ કે એનાં સ્થાનિક પત્થરો અને ખડકોમાંથી તેણે કંડારેલાં હથિયારો આ વિસ્તારો ઉપરાંત લગભગ કચ્છભરમાંથી ઉપલબ્ધ થઇ રહ્યાં છે.

કચ્છનો ભૂસ્તરીય વિકાસક્રમનો ઇતિહાસ તો કરોડો વર્ષ જૂનો છે પણ પત્થર યુગનાં આ નાનકડાં હથિયારો સાથેના માનવીની વિસ્તરણ પ્રવૃત્તિઓ હજુ હમણાં લગી એટલે ઇશુના જન્મ પહેલાંના ત્રીસેક હજાર વર્ષના સમયખંડમાં પણ ચાલુ હતી એમ નૃવંશશાસ્ત્રીઓ માને છે.

આ છતાં એનાં અસ્તિત્વના વિકાસક્રમની શૃંખલાનું એકસૂત્ર વર્ણન કરવાનું શકય નથી. પણ ત્રુટક ત્રુટક પુરાવાઓ અને અમદાવાદ પાસેના લાંગલજ પાસે મળેલા કચ્છના આદિમ વસવાટી માનવીના ઓજારો જેવા જ ઓજારોના પુરાવા પરથી એમ માનવા કારણ છે કે આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં કચ્છનો આદિમાનવ પોતાના ઓજારો હાથે ઘડતાં, તે વડે ઘાસ કાપતાં, પ્રાથમિક કક્ષાની ખેતી કરતાં અને ખોરાક એકત્ર કરવા જેટલો બુદ્ધિ વિકાસ ધરાવવા જેટલો વિકાસ કરી શકયો હતો. રાજકીય અને ભૌગોલિક વિકાસક્રમની પ્રારંભિક કડીઓ આદિમ માનવીની પ્રગતિ કૂચનાં સોપાનોમાંય વિખરાયેલી હોય છે.

હડપ્પન સંસ્કૃતિનો અનોખો વિકાસ

એ સમયાવધિમાં માનવીની વિકાસકૂચની ગતિમાં તીવ્રતા અને વેગ આવ્યાં હોય તેમ ઇશુના જન્મ પહેલાં લગભગ ૨૬૦૦ વર્ષ પૂર્વે સિંધુ સરિતાના તટપ્રદેશમાં પાંગરેલી હડપ્પન નગર સંસ્કૃતિનો કચ્છનેય સ્પર્શ થયો હતો. આ સંસ્કૃતિની ધારા છેક

કાશ્મીરથી પ્રારંભાઇને સિંધુના પ્રવાહની સમાંતરે આવેલા પ્રદેશોને પુષ્ટ કરતી છેક ગુજરાતનાં લોથલની ચોપાસ અને સંપૂર્ણ સિંધમાં વિસ્તરી હશે. આ સંસ્કૃતિના સૂચક અવશેષો જેવાં મોહેં-જો-ડેરો અને લોથલની સમકક્ષ બેસી શકે તેવાં પુરાતત્ત્વીય સ્થળો કચ્છમાં છેક ખડીરમાં ધોળાવીરા છે અને નખત્રાણા તાલુકામાં દેશલપુર ગુંતલી, કોટડા અને ટોડીઆ છે, અંજાર તાલુકામાં મોગરકોટડા પીરવાળા ખેતર તેમજ રાપર પંથકના કેરાસી, લાખાપર, પાબુમઠ અને સુરકોટડામાં પ્રાપ્ય પુરાતત્ત્વીય અવશેષો છે. સંસ્કૃતિની આ ધારાનો કચ્છે માત્ર સ્પર્શ અનુભવ્યો કે તેની સાથે તેની પોતાની કોઇ વિશિષ્ટ જીવનશૈલી ધરાવતી સંસ્કૃતિ વિકસી હતી એ વિશે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. કદાચ એનો અર્થ એમ થઇ શકે કે હડપ્પન સંસ્કૃતિના સત્તાવાહકોએ એ કાળમાં કચ્છને પોતાના કબજામાં લીધો હોય. અલબત્ત, શ્રી રામસિંહજી રાઠોડ કચ્છના સંસ્કૃતિદર્શનમાં એવો મત વ્યકત કરે છે કે, વેદકાળના કચ્છપો અને પટાલાના પાણીઓનું શાસન હડપ્પન સંસ્કૃતિના આગમન પહેલાં વિસ્તર્યું હતું. આ વિચારના તર્કને સ્વીકારવામાં મુશ્કેલી ન હોવી જોઇએ છતાં શુદ્ધ પુરાતત્ત્વીય સંશોધનો પાસે શ્રી રાઠોડના વિચારને સમર્થન આપવા માટે હજુ લગી કોઇ જ આધારો પ્રાપ્ત નથી એટલે આપણે કલ્પીએ કે હડપ્પન સંસ્કૃતિના માપદંડો અને માનદંડો જેવી વ્યવસ્થિત લોકજીવનની વિકાસયાત્રા કચ્છમાંય થઇ હશે અને અત્યારે જાણીતા અને ભવિષ્યમાં સંશોધિત સ્થળોએ ચાકડા પર ચડાવેલાં માટીનાં વાસણો, ખેતીના ઓજારો અને સુનિયોજિત નગરરચનાના પ્રતીક જેવા વ્યવસ્થિત માર્ગો, ઈંટ પથ્થરના પાકાં મકાનો, પાણીના નિકાલની વ્યવસ્થા અને દેશલપુર, કોટડા અને સુરકોટડા પરથી જણાય છે તેમ નગરની ચોપાસ કોટ પણ એ કાળે કચ્છમાં અસ્તિત્વમાં હતાં. હા, અન્યત્ર જ્યાં ઈંટના પાયાઓ મળે છે ત્યાં કચ્છમાં પથ્થરના પાયાવાળાં મકાનો બનતાં હતાં એટલો તફાવત વર્તાય છે.

ભૂકંપ અને જંગલની આગનો પ્રાકૃતિક મેળ

હડપ્પન સંસ્કૃતિ કચ્છમાં વિકસી અને વિસ્તરી તેના પૂરતાં પ્રમાણો ઉપલબ્ધ છે અને આ સીમાચિહ્નનો સમય ઈશુના જન્મ પહેલાં ૨૦૦૦ સુધીનો ગણાય છે. પણ તો પછી આ વિકાસક્રમની પ્રગતિકૂચ અટકી શા માટે ગઇ, આ સંસ્કૃતિનો લોપ શા માટે થયો અને એ સમયની સુનિયોજિત સંસ્કૃતિ સમયના ખંડિયેરોમાં કેમ પરિવર્તિત થઇ એ વળી વિશેષ સંશોધનનો વિષય છે. એ વિધ્વંશ એટલો વિસ્તૃત અને ગંભીર હતો કે એ પછી કચ્છમાં ઇન્ડોગ્રીક અને શકોનાં શાસન સ્થપાયાં તે પહેલાં કચ્છમાં થોડીક માત્ર આદિવાસી જંગલીઓની છૂટીછવાઇ વસતી હોવાનું બોમ્બે ગેઝેટીયરમાં સર જે. એમ. કેમ્પબેલ નોંધે છે. સર કેમ્પબેલના સંશોધન સૂચવે છે તેમ એ પછીના સમયમાં કચ્છના વન પ્રદેશમાં વિશાળ પાયા પર આગ લાગી અને એ દવના પ્રતાપે કચ્છનાં જંગલો નાશ પામ્યાં અને ઘાસનાં વિશાળ મેદાનો અસ્તિત્વમાં આવ્યાં ! કચ્છમાં ઉપલબ્ધ લિગ્નાઇટ અને ગુનેરીના સબબિટુમિનસ કોલસાના થરો સૂચવે છે તેમ પ્રગાઢ જંગલોમાં વૃક્ષોનો સઘન વિકાસ થયો હશે અને પછી અચાનક એ તમામ વૃક્ષસૃષ્ટિ પર સમુદ્રના પાણી અને માટી ફરી વળ્યાં હશે ! બન્નીના અને ખડીરના ઘાસિયા વિસ્તારો પણ આજ પ્રકારના ભૂકંપના અને જંગલદવના પ્રાકૃતિક પ્રકોપના પરિણામે નિર્મિત થયા હોય એમ માનવામાં બહુ ભૂલ થવાનો સંભવ નથી. બન્નીની વાત થાય છે તો એનો સમાવેશ ભૂસ્તરશાસ્ત્રીઓ 'રણ એલિવેશન' વિભાગમાં કરે છે. સામાન્યપણે જંગલો વિનાનો, ખડકાળ અને ઉજ્જડ લાગતા વિસ્તાર એશિયામાં શ્રેષ્ઠ ગણાય એવી પ્રતના ઘાસ ઉગાડતો પ્રદેશ, ચોમાસામાં જ વહેતી નદીઓ અને ખેતી ધરાવતા તટપ્રદેશ અને કયાં નાની ખીણોવાળા કચ્છના મેદાની વિસ્તાર પછીનો પ્રદેશ. મૂળ કચ્છની ડુંગરમાળ, પૂર્વમાં વાગડની ડુંગરમાળ અને ઉત્તરમાં રણ એલિવેશનથી વિભાજિત થાય છે. કચ્છની પશ્ચિમ તરફ વિસ્તરતી ડુંગરમાળમાં ધીણોધર દરિયાની સપાટીથી ૩૮૭ મીટરની ઊંચાઇ ધરાવતો પહાડ છે અને અત્યારે સુષુપ્ત જવાલામુખી છે. ઝુરા અને વરારના ડુંગરો ૨૭૪ મીટરની ઊંચાઇ ધરાવે છે. પૂર્વના વાગડના ડુંગરાળ વિસ્તારમાં ખાસ નોંધપાત્ર ઊંચાઇ નથી પણ રણ એલિવેશનના ઉચ્ચતમ શિખર જેવો કાળો પચ્છમાઇ ડુંગર સમુદ્રની સપાટીથી ૪૫૮ મીટર ઊંચો ઊભો છે. આ પચ્છમાઇની દક્ષિણ પશ્ચિમે કચ્છના સાગરકાંઠાની સમાંતરે ૧૦૪.૬૦ કિલોમીટર જેટલો લંબાયેલો એક વિશિષ્ટ પ્રદેશ છે બન્ની. નદીઓનાં ઊભરાતાં પૂરોએ ઠાલવેલા કાંપ અને રેતીથી નિર્માયેલ આ વિસ્તારનું સર્જન કચ્છની ઉત્તરવાહિની નદીઓએ અને ભૂકંપોએ સાથે મળીને કર્યું હોય એ સંભવિત છે.

કચ્છનું અજોડ અદભૂત રણ

કચ્છના આ વિશિષ્ટ પ્રદેશની સાથે જોડાયેલું છે કચ્છનું વિખ્યાત રણ ! અને આ રણ પણ કેવું ? થરપારકરના રણ જેવું ? સહરાના રણ જેવું ? રાજસ્થાનના રણ જેવું ? જવાબ છે ના ! આ અંગ્રેજી Desertનું પર્યાયવાચક રણ નથી. આ કચ્છનું વિશિષ્ટ માત્ર રણ જ છે ! ન તો પગ ખૂંચી જાય એવા રેતીના અકળ ઢગ છે અહીં, ન તો કાદવ છે, કોરા કાંપનો માત્ર ! લેફ્ટેનન્ટ બર્નસે પોતાના સંસ્મરણોમાં આ વિસ્તાર માટે શબ્દો વાપર્યા છે : ''પૃથ્વીના પટ પર જેની જોડ ન મળે એવો અજોડ અને અનન્ય ભૂવિસ્તાર !'' સંસ્કૃત અરણ્યનો અપભ્રંશ થઇને બનેલા રણ શબ્દથી ઓળખાતા આ વિસ્તારની ભૂરચનામાં જાડાં મીઠાના પડની સાથે મળેલી રેશમી રેતી અને માટીની એવી સંરચના છે કે અહીં ઘાસનું તણખલુંય ઊગતું નથી અને કોઇ જીવન જાગતું નથી. એ પૃથ્વીના પટની સમતલ નથી છતાં એ સમુદ્રની સપાટીથી ઉપર છે અને એ રીતે એ એક પ્રકારનો મેઝીનીન ફલોર જેવો પ્રદેશ છે. ધરતી અને સાગરની સપાટીઓથી એટલી અજબ રીતે ઊંચે નીચે છે રણનો આ પ્રદેશ. કે એનેરોઇડ બેરોમીટર જેવાં ઉપકરણ કોઇ ફેરફારો નોંધી શકતાં નથી. વિસ્તીર્ણ અને સપાટ આ રણમાં પશ્ચિમમાં, ઉત્તરી ભાગમાં, દક્ષિણમાં ખડીર અને પચ્છમાઇ વચ્ચે અને દક્ષિણ પૂર્વમાં આડેસર પાસે નીચાણવાળા ખાડા જેવા ચારેક ભાગો છે અને હવામાંથી ભેજ શોષીને પોતાની સપાટીને ભીની રાખે છે.

ઇ. સ. ૧૮૨૬ અને ૧૮૭૪માં બન્યું હતું તેમ કોરી નદીમાં ભારે અપવાદરૂપ પૂર આવે તો આખું વરસ આ રણ પાણીથી ભર્યું રહે છે. અન્યથા માર્ચથી દક્ષિણના પવનો કચ્છના અખાતનાં સમુદ્રી જલથી અને જૂનમાં વરસાદથી રણનો પશ્ચિમ વિસ્તાર પાણીથી ભરાઇ જાય છે. નવેમ્બર આવે છે અને આ પાણી સૂકાઇ જાય છે અને ડિસેમ્બરમાં આખો પ્રદેશ મીઠાંની હીરાકણીઓથી ચમકી ઊઠે એવો સૂક્કોભઠ્ઠ બની જાય છે.

સમુદ્રની સપાટીથી ઊંચું રણ
મેઝનીન ફલોર જેવું ભાસે છે
અને મીઠુ, રેતી-માટીની
સંરચના એવી છે કે કે ઘાસનું
તણખલુંયે ઉગતું નથી
પણ બન્નીની જેવા
વિસ્તારની વાત કંઇ ઓર છે

બન્નીનો વિસ્તાર ૨૦૭૨ ચો. કિલોમીટર છે. જેમાંથી ૭૭૭ ચો. કિલોમીટર ઉચ્ચ પ્રકારનો ઘાસિયા વિસ્તાર હતો જેમાં ગાંડા બાવળના વેગીલા આક્રમણે કપાત આવી છે અને પરિણામે આ વિશિષ્ટ બન્ની ઘાસનો વિસ્તાર હવે અત્યંત ઓછો રહ્યો છે એમ સ્થાનિકોનું કહેવું છે. ૪૬ જેટલી ઝીલ- એટલે ગ્રામ્ય વસતી વિસ્તારો ધરાવતો આ પશુધનથી ઊભરાતો પ્રદેશ કચ્છની વિશિષ્ટતા છે. માલધારીઓથી વસેલો આ વિસ્તાર પાકિસ્તાનની સીમા સાથે સંલગ્ન છે. એની વિશિષ્ટ રચનાના પ્રતાપે ભારે વરસાદ અને પૂરો આવે ત્યારે પશ્ચિમના થોડાક ભાગને બાદ કરતાં બન્ની પણ રણની જેમ જ જળબંબાકાર બની જાય છે.

મહાભારતના દ્યૂત પર્વમાં કચ્છનો ઉલ્લેખ ?

કચ્છમાં સિંધુ સંસ્કૃતિના વિલય પછીનો સમયખંડ બહુ સુસ્પષ્ટ થતો નથી. અભ્યાસીઓ એ સમયમાં કચ્છમાં માલધારી પશુપાલક જાતિઓના વિચરણ પૂરતો જ ઉલ્લેખ કરીને રાજકીય રીતે એના વિકાસની કોઇ વિશિષ્ટ કડીઓ પર પ્રકાશ પાડતા નથી.

આ છતાં મહાભારતના દ્યૂત પર્વમાં આભીર લોકોનો ઉલ્લેખ કરાયો છે જ્યારે સંસ્કૃત વ્યાકરણવેત્તા પાણિનીની 'અષ્ટાધ્યાયી'માં એસ. એમ. કાત્રે તેનો સમુદ્રતટ કિનારા કે માર્ગ તરીકે ઉલ્લેખ કરાયો હોવાનું અનુમાને છે. ડૉ. શોભના ગોખલેના મતાનુસાર દ્યૂત પર્વમાં ઉલ્લેખાયેલા આભીર પ્રદેશનું એલચીના આકારના 'સમુદ્રનિષ્કૃત' દ્વિપ તરીકેનું વર્ણન કચ્છ પ્રદેશનું જ સૂચન કરે છે. રામસિંહજી ગ્રીક સાહિત્યમાં આબીરિયા અને આભીર બન્નેને કચ્છના ઉલ્લેખ તરીકે જ દર્શાવે છે. પણ આ બધા સૂચિતાર્થો છે, તર્કો છે અને કચ્છનો જ ઉલ્લેખ કરે છે એવી માન્યતાઓ

ધરાવતા વિદ્વાનોના અભિપ્રાયો છે. સ્વ. ગોકુલદાસ બાંભડાઇના અભ્યાસમાં કચ્છને અનૂપ દેશ ભોજકટ અને મુગલ દસ્તાવેજો તેનો ઉલ્લેખ સલીમાનગર તરીકે કરે છે એવુંય નોંધાયું છે. હા, એકમાત્ર સ્પષ્ટ અને આધારયુકત વિધાન મળે છે તે છેક ઇ. સ. ૧૫૦ના કાળમાં ક્ષત્રપ રૂદ્રદામને જૂનાગઢમાં કરાવેલા શિલાલેખમાં જ્યાં તેણે પોતે જીતેલાં રાજ્યોની નામાવલીમાં આનર્ત, સિંધુસૌવીર અને મારૂ સાથે કચ્છ નામના એક રાજ્ય અને દેશનો સમાવેશ કર્યો હોવાનું નોંધ્યું છે. ઐતિહાસિક આધારો સાથેના આ ઉલ્લેખને બાદ કરતાં શ્રી અતિસુખશંકર કમલાશંકર ત્રિવેદી, જમનાદાસ જેઠાભાઇ નયગાંધી જેવા વિદ્વાનો તેમનાં પુસ્તકોમાં રામ અને રાવણના સમયખંડના પ્રસંગો અને ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરના વિહારો સાથે કચ્છના એ સમયખંડોને સાંકળે છે અને એ માટે પુરાણો અને જૈન ધર્મકથાઓના સંદર્ભો પણ ટાંકે છે. છતાં આ વિચારધારાઓને ઐતિહાસિક પુરાવાઓનું અનુમોદન હજુ લગી પ્રાપ્ત નથી.

હા, અંધૌના અને રૂદ્રદામનના સમયના ખાવડા ખાતેના શિલાલેખોને આધારે એમ અવશ્ય સ્વીકારી શકાય કે ઇશુની બીજી સદીના સમયખંડમાં બૌદ્ધ અને જૈન ધર્મ અને જીવન પ્રણાલી કચ્છમાં અવશ્ય વિસ્તરી હતી. એ દરમ્યાન ઇ. સ. ૭૮ થી ઇ. સ. ૪૦૦ લગીના સમયખંડમાં શકોનું શાસન કચ્છમાં અને ત્યાંથી છેક માળવા પર્યંત વિસ્તર્યું હતું.

આ માન્યતા માટે રાજન તરીકે ઉલ્લેખાયેલા રૂદ્રદામન, પુત્રી સિંહમિત્રા, પત્ની યશોદત્તા અને ભાઇ રૂષભદેવના એક જ દિવસે એક જ સાથે થયેલા મૃત્યુ સૂચવતા અંધૌ ખાતે ઊભા કરાયેલા ચાર અલગ અલગ પાળિયાઓમાં દર્શાવાયેલાં આ નામોને આધાર ગણવામાં આવે છે. જ્યાં યશોદત્તાનું ગોત્ર શ્રેણિક દર્શાવાયું છે અને તેને 'શ્રમણેરી' તરીકે ઉલ્લેખવામાં આવી છે. જૈન બૌદ્ધ પરંપરાના આ નામો અને પદનો ઉલ્લેખ કચ્છમાં એ કાળે વ્યાપ્ત જૈન અને બૌદ્ધ જીવનરીતિઓની ગવાહી આપે છે અને એ જીવનરીતિઓમાંથી દેશના અન્ય ભાગોની જેમ બૌદ્ધ ધર્મશૈલી લુપ્ત થઇ અને જૈન

> **ઇશુની ૭મી-૮મી સદીની કાંસ્ય પ્રતિમા કચ્છમાં બૌદ્ધ ધર્મની પ્રચલિતાનો પુરાવો છે પરંતુ દેશના અન્ય ભાગોની જેમ કચ્છમાં પણ એ ધર્મશૈલી લુપ્ત થઇ અને જૈન શૈલી જીવંત રહી**

વિચાર અને જીવનશૈલી જીવંત રહી અને વિકસતી રહી જે આજેય કચ્છમાં આંશિક રીતે પ્રવર્તમાન છે. છતાં ઇશુની સાતમી આઠમી સદીની ગણાતી ભગવાન તથાગતની ઊભી કાંસાની કચ્છ મ્યુઝિયમમાંની પ્રતિમાના આધારે એ કાળે કચ્છમાં બૌદ્ધ ધર્મની પ્રચલિતતા સ્વીકાર્ય બને છે.

ગુપ્ત રાજ્ય શાસનના પુરાવા નથી

ક્ષત્રપ રૂદ્રદામને પ્રસ્થાપેલાં શક રાજ્યની આણ કચ્છમાં ઘણા લાંબાકાળ સુધી પ્રવર્તી રહી. શકોનાં શાસનને આભીરોએ ઉથલાવ્યું એમ ડૉ. શોભના ગોખલે લખપત તાલુકાનાં દોલતપુર ખાતેથી મળેલા એક પાષાણ લેખમાં આભીર ઇશ્વરદેવના ઉલ્લેખને આધારે નોંધે છે.

આ છતાં ભારતના અન્ય પ્રદેશોની પ્રગાઢ અસરો છેક મગધથી કચ્છ લગી વિસ્તરી હોય એમ આભીરોનાં શાસનની સમાપ્તિ પછી ગુપ્ત વંશના સમ્રાટોની સત્તા નીચે આ પ્રદેશ પણ આવ્યો હોવાનું અનુમાન કચ્છમાં પ્રવર્તમાન થયેલા કુમારગુપ્ત અને સ્કંદગુપ્તના સિક્કાઓની શોધ પૂરૂં પાડે છે. આ છોડીને ગુપ્ત સામ્રાજ્યના અંગભૂત પ્રદેશ તરીકે કચ્છની વાસ્તવિક સ્થિતિ વિશે વધુ વિસ્તૃત માહિતી ઉપલબ્ધ બનતી નથી. અનુમાન એમ થઇ શકે કે સૌરાષ્ટ્રમાં ગોપ્ત તરીકે ગુપ્ત સમ્રાટોનો પ્રતિનિધિ પાટલીપુત્ર વતી શાસન કરતો હોય અને એ ગિરિનગર જૂનાગઢમાં વિષ્ણુ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતો હોય તો, એની આણ કચ્છ પ્રદેશ પર પણ વિસ્તરી હોય એ વાત અશકય ન ગણાય. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પ્રદેશમાંના ગુપ્ત રાજ્ય શાસનના ઉપલબ્ધ પુરાવાઓને આધારે, કચ્છમાં ગુપ્ત રાજ્ય શાસન હોવા અંગેની માન્યતા ડૉ. જી. ડી. પટેલ ધરાવે છે. આ છતાં યોગ્ય રીતે જ તેઓ નોંધે છે કે કચ્છમાં ગુપ્ત મહારાજ્યનાં શાસનનો અત્યાર સુધીનો આધાર માત્ર સાંયોગિક પુરાવાઓ પરથી કરાતું તર્કબદ્ધ અનુમાન માત્ર છે જે અંગે વધુ ચોક્કસ પુરાવાઓ મળવાના હજુ બાકી છે.

તો, આગળ ચાલીએ અને ગુપ્તોના શાસનકાળ પછીના રાજ્યખંડનો વિચાર કરીએ તો લાગે છે કે કચ્છમાં વલ્લભીઓનું રાજ્ય વિસ્તર્યું. આ મૈત્રકોના શાસનને સૂચવનારા કચ્છના છેક ૧૯૪૮ પર્યંતના રાજ્ય વહીવટનાં બે પાત્રો છે. તેમાંનો એક છે 'ધ્રુ', બીજો છે 'અસ્વાર' ધ્રુ શબ્દ ધ્રૂવનો અપભ્રંશ છે અને અસ્વાર અશ્વારોહીનો. આ બન્ને વહીવટી પદો મૈત્રકોની કચ્છ પરની અસરનું સૂચન કરે છે અને વલ્લભીના મૈત્રક રાજા શિલાદિત્યનું રાજ્ય છેક પશ્ચિમમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનથી લઇને કચ્છ પર્યંત વિસ્તર્યું હતું એમ ઇમ્પિરીઅલ હિસ્ટરી ઓફ ઇન્ડિયામાં શ્રી કે. પી. જયસ્વાલ નોંધે છે.

પાશ્ચાત્ય વ્યાસંગ અને પદ્ધતિના નિષ્ણાત અભ્યાસીઓના નિષ્કર્ષ જેવા ક્ષત્રપો, ગુપ્તો અને મૈત્રકોના શાસનની કડીઓને જોડીને જે ચિત્ર નિખરે છે તેની સાથોસાથ કચ્છની લોકજીવનની કથાઓમાં વણાયેલા વિશિષ્ટ પાત્રોના સમયખંડને સાંકળીએ તો વચ્ચે જે અસ્પષ્ટ ચિત્ર અભ્યાસીઓને મૂંઝવે છે તેની ત્રુટક ત્રુટક ઝાંખી કરવાનું કદાચ શકય બની શકે તેમ છે.

અનિરૂદ્ધ-ઉષાનો વંશ કચ્છમાં ?

અગાઉ, ઉલ્લેખાયેલા યદુવંશ અને મહાભારત કાળના સંદર્ભો સાથે જોડાયેલી આખ્યાયિકાઓ અનુસાર કચ્છના જાડેજાઓના રાજવંશનો ઉદગમ શ્રી કૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભ સાથે સંકળાયો છે અને એનાં માધ્યમથી કચ્છના આ જાડેજાઓને માતૃપક્ષે બાણાસુર સાથે તેની પુત્રી ઉષાના શ્રી કૃષ્ણના પુત્ર પ્રદ્યુમનના કુમાર અનિરૂદ્ધના પ્રણય પરિણયને પ્રતાપે સાંકળી શકાય છે અને એ રીતે કચ્છનો માતામહી પક્ષે સંબંધ એ કાળે છેક ઉત્તરાખંડમાં હિમાલયની ગિરિમાળામાં કેદારનાથની નિકટ ઊખી મઠ પાસેનાં બાણાસુરના પાટનગર શોણિતપુર સાથે જોડાય છે.

એ પછી શકોના શાસન સમયની આસપાસ ભૂપત ભટ્ટીના વંશજોની વાત લોકકથાઓમાં વણાય છે અને તેજ તલવારો, તીરકામઠાં અને છેક કાબૂલના બાદશાહ સાથેની લડાઇઓની કહાણીઓ આજી પુનરાજી, ભદુઆ અને ભાદ્રામની આસપાસ વિખરાયેલી પડી છે. લોકજીવનની તરાહ દર્શાવતી આ કથાઓમાં ધીંગાણાના કારણ મુખ્યત્વે 'આથો' રહી છે. આથોનો અર્થ ગાયોનાં ધણ થાય છે અને એ રીતે કચ્છમાં પશુપાલક માલધારીઓનાં અસ્તિત્વ અંગે અગાઉ કરાયેલા નિર્દેશોને આડકતરી પુષ્ટિ મળે છે.

આ કથાઓ ગઢકાછા અને સલભાણ, કંજરકાછા અને સ્યાણકોટ નામનાં સ્થળોનો ઉલ્લેખ કરે છે. આ સ્થળો કદાચ કચ્છ અને સિંધના સીમા પ્રદેશમાં હશે અને અહીંના ભટ્ટીઓ સાથે ખુરાસ્તાનનો સિંધના ઉમરકોટનો અને રાજસ્થાનના ઝાલોરનો સંબંધ લોકસાહિત્યકાર શ્રી દુલેરાય કારાણી ઉલ્લેખે છે અને તેનો વિસ્તાર છેક રાજસ્થાનની રણકાંધી પર જેસલમેરની સ્થાપના સાથે જોડે છે. આ સમય તેઓ ઇશુની અગિયારમી-બારમી સદીનો કહે છે.

લોકજીભે રમતા તેજસ્વી તારલા

ક્ષત્રપો અને મૈત્રકોના શાસનકાળ સાથે આટાપાટા રમતી કચ્છની લોકકથાઓના આ જામમોડ, આ જામ મનાઇ, આ ફૂલ, આ લાખો ધુરારો કચ્છના સ્થાનિક ઇતિહાસની ઝલક દર્શાવતાં લોકજીવનની તેજસ્વી તસવીરો જેવાં કચ્છની લોકકથાઓનાં માનીતાં પાત્રો છે. કદાચ મૈત્રકોના શાસનકાળ દરમ્યાન કચ્છના આ સ્થાનિક વીર પુરૂષોનો ઇતિહાસ લોકજીભે જીવંત રહીને લોકકથાઓમાં વણાયેલો છે.

અહીં સ્થાનિક લોકકથાઓની સાથોસાથ એજ સમયખંડમાં આરબોએ સિંધ, મારવાડ, ઉજ્જૈન સહિત પશ્ચિમ ભારત પર સવારીઓ કરી હોવાનું સર કેમ્પબેલ જણાવે છે. એની પુષ્ટિ કરતાં ઇ. સ. ૭૩૮-૩૯ના નવસારીમાં પ્રાપ્ત એક તામ્રલેખ પ્રમાણે રાજા પુલકેશીએ સિંધુ દેશ, કચ્છ, સૌરાષ્ટ્ર, ચાવોત્કટ, મૌર્યા અને ગુજરાતમાંથી 'તાજિકો' એટલે આરબોને હાંકી કાઢવાનો ઐતિહાસિક આધાર કર્ણાટક અને ગુજરાતના ચાલુકય વંશના રાજાઓના ઇતિહાસમાં ઉપલબ્ધ છે.

અહીં બે વાત અગત્યની છે. એક કચ્છનું અલગ રાજ્ય તરીકેનું સ્વીકૃત અસ્તિત્વ અને બીજી આંતરરાષ્ટ્રીય અને ભારતીય તવારીખની તેજ છાયાઓ સાથેની તેની

ઘનિષ્ઠ પ્રસંગકડીઓ, પાશ્ચાત્યોના આગમન પહેલાં આરબો સાથેના વ્યાપારી, રાજકીય, દરિયાઇ સંબંધોના નિર્દેશો.

આ સમયખંડમાં આરબો કચ્છ આવ્યા હોય તો પણ તેમનું શાસન સંપૂર્ણ પ્રદેશ પર સ્થપાયું હોવાનો કોઇ જ નિર્દેશ મળતો નથી. આરબ તવારીખનવેશો ઇબ્ન ખુરદાદ ઇ. સ. ૯૧૨ અને અલ બિલાદરી ઇ. સ. ૮૪૦માં પોતાની નોંધોમાં કબૂલે છે કે, આરબો કચ્છના સમુદ્રકાંઠા વિસ્તારમાં જ પ્રસર્યા હતા. પુલકેશીએ કચ્છમાંથી આરબોને હાંકી કાઢ્યા તે સમયખંડમાં એટલે ઇ. સ. ૭૧૪ની આસપાસ કચ્છમાં ચારણોનો વસવાટ શરૂ થવાનું રાજસ્થાનના ઇતિહાસના સંદર્ભમાં કર્નલ ટૉડ નોંધે છે. તો સાતમા સૈકાના અંત પછી કચ્છમાં સમુદ્રતટ પર આગંતુક લોકોમાં જેમ આરબ વિદેશીઓ છે તેમ ભારતીય ચારણો પણ છે અને સિંધ તરફથી આવેલા કાઠીઓ પણ છે. કાઠીઓએ પાવરગઢનું મુખ્ય મથક સ્થાપીને મધ્ય કચ્છ અને દક્ષિણ કચ્છમાં વર્ચસ્વ વિસ્તાર્યું એવા બર્ગેસના મતને શ્રી આત્મારામભાઇ દ્વિવેદી 'કચ્છ દેશનો ઇતિહાસ' નામના તેમના પુસ્તકમાં સમર્થન આપે છે. તેઓના કહેવા પ્રમાણે ઇશુ પૂર્વેના ૧૨૦૦ વર્ષ પહેલાં કુંતીપુત્ર કર્ણની 'કાઠી' એટલે લાકડીમાંથી પેદા થયેલા લોકો તરીકે કાઠીઓનો ઉદ્‌ગમ જણાવ્યો છે.

આમ એ સમયખંડમાં કચ્છનું ચિત્ર કંઇક એવું નિપજે છે કે જેમાં મધ્ય અને દક્ષિણમાં કાઠીઓની, કિનારાના વિસ્તારોમાં આરબોની અને વાગડ સહિત પૂર્વ કચ્છમાં ચાવડા વંશની રાજસત્તાની આણ વર્તાતી હતી. કચ્છમાં મુસ્લિમોની લગભગ ચોથા ભાગની વસતીનું અસ્તિત્વ આરબો તેમજ સિંધના, અમદાવાદના અને દિલ્હીના મુસ્લિમ આક્રમણકારોની કચ્છ પરની ચડાઇઓના અનુસંધાને મૂલવવાનું સરળ ગણાય એવી રીતે કચ્છની જનસંખ્યામાં મુસ્લિમોનું વીસથી પચીસ ટકાનું પ્રમાણ અગાઉ જણાવ્યા મુજબ સતત નોંધાતું રહ્યું છે એ ઉલ્લેખનીય છે.

ગુજરાત-કચ્છના ઘનિષ્ઠ સંબંધનો ગાળો

ચાવડાઓનું સંસ્કૃત નામ ચાવાત્કટ હતું. આ ચાવડાઓની વિશેષતા એ હતી કે તેઓ સારા સાગરખેડૂઓ હતા. પ્રબન્ધ ચિંતામણીમાં આ ચાવડાઓમાંના એક ભુવડે ભુજથી ૧૨ કિલોમીટર દૂર નદીના કાંઠે ભૂવડેશ્વરનું મંદિર ઇ. સ. ૭૨૫થી ૭૩૪ દરમ્યાન બંધાવ્યાની નોંધ છે. આ સમયખંડ કચ્છના ઇતિહાસને ગુજરાતના ઇતિહાસની ઘટનાઓ સાથે ઘનિષ્ટ રીતે સાંકળે છે. જયશિખરી અને ભુવડ વચ્ચેનો યુદ્ધનો સમય, જયશિખરીનું નિધન અને વનરાજ ચાવડાથી પ્રારંભાતો સોલંકી યુગના ઉદયથી ઉજાગર થતો ગુજરાતના ઇતિહાસના ઝગમગતા સુવર્ણકાળનો સમય. મૂળરાજ સોલંકીએ ચાવડાઓને હરાવ્યા તેની સાથોસાથ પાટગઢના વિક્રમ ચાવડાના જમાઇ અને સમા લાખીઆરના પ્રતાપી પુત્ર લાખા ધુરારાનું ચરિત્ર કચ્છનાં માનસપટ પર અંકિત થઇ જાય છે. લાખા ધુરારા માટે લોકકથાકારો કહે છે કે એના અતુલ બળ અને તેજનો પ્રતાપ એવો હતો કે સિંધનો એ ધણી રોજ સવારે ફરવા નીકળતો અને ગામને પાદરે ઊભેલા વડની વડવાઇઓને પકડીને પોતાની બે સાથળોની વચ્ચે પોતાના અશ્વને પકડીને અદ્ધર ઊંચકીને ઝૂલતો. સિંધના આ પ્રતાપી વીરને કચ્છના ઇતિહાસમાં સ્થાન મળ્યું છે એ સૂચવે છે કે નગરસમાને સિંધના શાસન સાથે કચ્છના લોકજીવનનું આદાનપ્રદાન એક સહજસાધ્ય જીવનક્રમ અને ઘટનાક્રમ હતો. આ લાખા ધુરારાના વંશમાં એક અન્ય પ્રતાપી અને રંગીન રાજવી જન્મ્યો એ લાખો ફુલાણી. લાખા ફુલાણીના પિતા જામ ફુલે કચ્છમાં વિધિસર પ્રવેશ કરીને બન્ની પ્રદેશમાં અણગોરગઢ વસાવ્યું, બોલાડીગઢ બંધાવ્યો અને ઝીકડી ગામ વસાવ્યું. એ સમયે વાગડ પર ગુજરાતમાં વાઘેલાના વાઘેલા વંશનું શાસન હતું.

મૂળરાજ સોલંકી સાથેના સંગ્રામમાં લાખો ફુલાણી કામ આવ્યો એનું મૃત્યુ રામસિંહજી રાઠોડના કહેવા મુજબ કપિલકોટમાં થયું પણ હેમચંદ્રાચાર્ય તેમના 'દ્વયાશ્રય કાવ્ય'માં લાખા ફુલાણીને સૌરાષ્ટ્રના રાજવી ગ્રહરિપુની વહારે ચડેલા સાથી તરીકે, સોલંકીઓની સાથેના યુદ્ધમાં જાંબુમાલી નદીના કિનારે યુદ્ધમાં પડેલો બતાવે છે. પણ એ બાબતને બાજુએ મૂકીએ તો ઐતિહાસિક વિકાસક્રમની દ્રષ્ટિએ ઇ. સ. ૯૫૦ પછી લગભગ સાડા ત્રણસો વર્ષ પર્યંત કચ્છ ચાલુક્યોના ગુજરાતના મહારાજ્યમાં એક મંડલ બનીને શાસિત રહ્યું એ હકીકતને બાણાવળી ભીમદેવ, સિદ્ધરાજ જયસિંહ જેવા સોલંકી રાજવીઓ અને અર્જુનદેવ તેમજ સારંગદેવ જેવા વાઘેલા શાસકોના આલેખો ભારપૂર્વક અને સત્તાવાર રીતે સિદ્ધ કરે છે એટલે લગભગ ઇ. સ. ૧૨૫૭ લગી કચ્છ ચાલુક્ય સામ્રાજ્યનો અંતર્ગત ભાગ બની રહ્યું હતું. આ સમયખંડમાં કચ્છમાં જૈન શાસનની સાથોસાથ શૈવ, સૂર્ય અને વિષ્ણુની આરાધના કરતા અન્ય હિન્દુ સંપ્રદાયોને રાજ્યાશ્રય મળ્યો હતો. એમ માની શકાય કે વિખ્યાત જૈન તીર્થધામ ભદ્રેશ્વર, કોટાય, કેરા, પુંઅરાગઢ અને કંથકોટ તેમજ વરણુંના મંદિરો ચાલુક્ય શાસન દરમ્યાન બંધાયાં. કુમારપાળના સમયમાં ભદ્રેશ્વરમાં શિવ મંદિર બંધાયું તેનો એ સ્થળે ઉલ્લેખ બતાવે છે કે એ રાજવીની ધાર્મિક માન્યતામાં ઉદાર દ્રષ્ટિ હતી અને સંપ્રદાયભેદ હોવા છતાં તમામ સંપ્રદાયો તરફ એ કાળે પણ સહિષ્ણુતા લોકજીવનમાં વણાયેલી હતી. આ સમયમાં જાહેર ઉપયોગ માટેના તળાવો અને કૂવાઓ રાજ્યાશ્રયથી અને નાગરિકોની સખાવતથી બંધાયા એની ગવાહી રવેચી માતાના મંદિર પાસેનો કૂવો અર્જુનદેવના શાસનકાળમાં કોઇ રવિસિંહે ૧૬૦૦ દ્રમ્મના ખર્ચે બનાવ્યો એવો દસ્તાવેજ પૂરી પાડે છે. એ સમયમાં ભદ્રેશ્વર એક બંદર હતું અને તેરમી સદીમાં અહીં ધીકતો બંદરી વ્યાપાર ધમધમતો હતો. ભદ્રેશ્વરનો નિર્દેશ 'વેલાફૂલ' બંદર તરીકે જ સ્પષ્ટ રીતે કરાયો છે.

ચાલુક્ય મહારાજ્યમાં કચ્છનો સમાવેશ

કચ્છમાં ચાલુક્ય શાસનની સ્થાપના બાણાવળી ભીમદેવે પોતે જ કરી એમ 'સ્વભુજ્યમાનઃ કચ્છ મંડલઃ' એવા તેના વિશેના ઉલ્લેખથી પ્રતીત થાય છે. દેખિતી રીતે જ ચાલુક્ય શાસન દરમ્યાન તેમની શાસન પ્રણાલી કચ્છ મંડલ માટે પણ પ્રચલિત બની હશે. સારસ્વત મંડલની જેમ કચ્છ મંડલ હતું. મંડલ નીચે પથક અને વિષયો હતા જેને તાલુકા કહીએ છીએ. કચ્છમાં અત્યારેય લોકબોલીમાં વાગડ પંથક, આહીર પંથક, બન્ની પંથક, પ્રાંથળ વિભાગ જેવા શબ્દો પ્રચલિત છે એટલા પૂરતી આ વ્યવસ્થાના અસ્તિત્વની અસર લોકબોલીમાં વરતાય છે. અન્યથા આ વિભાગો અને વહીવટી અધિકારીઓ વિશે એ સમયખંડના કચ્છના સંદર્ભમાં માહિતીનો અભાવ છે.

જામ ફુલે સિંધથી કચ્છમાં પ્રવેશી અણગોર ગઢ, બોલાડી ગઢ અને એ પછી ઝીકડી ગામ વસાવ્યું ત્યારે વાગડ પર ગુજરાતના વાઘેલા વંશનું શાસન પ્રવર્તમાન હતું

ચાલુક્ય મહારાજ્યના અંત પછી છેક ઇ. સ. ૧૩૦૪ લગી એટલે કચ્છમાં વાઘેલાના શાસનનો અંત આવ્યો અને સુલતાન અલાઉદ્દીન ખીલજી વતી ગુજરાતમાં શાહી સુબા ખીઝરખાને સત્તા અખત્યાર કરી ત્યાં સુધી કચ્છમાં પણ વાઘેલાઓએ અમલ ચલાવ્યો. એ સમયખંડ દરમ્યાન આગળ જોયું તેમ ગુજરાતની રાજકીય વ્યવસ્થા નીચે સ્થાનિકના જાગીરદારો અને શાસકોની રાજખટપટો, યુદ્ધો, સાહસો અને સ્નેહ સંબંધોની સાંકળો તો પરસ્પરમાં ગૂંથાતી જ રહી છે.

સાંપ્રત ઇતિહાસના બીજ ૧૨મી સદીમાં

૧૪મી સદીમાં કચ્છમાં આખર સમા રાજપૂતોએ ગુજરાતથી સ્વતંત્ર રાજ્યને સ્થિર કરવામાં સફળતા મેળવી હોય એમ લાગે છે. લોકકથાના આધારે કહીએ તો ક્ષત્રપોના શાસનકાળની લગોલગના સમયમાં એટલે ઇ. સ. ૮૨૦માં સિંધમાંથી આવેલા જામ લાખા ધુરારાના વંશજ મોડ અને મનાઇએ કચ્છમાં પોતાની અલગ રાજસત્તા સ્થાપી એ પછીના બસો વર્ષમાં જામ લાખા ફુલાણી અને પુમા રા' જેવા શૂરવીરોએ સમાઓની કચ્છની શાસન ધુરાને પોતાની આગવી પરાક્રમી રીતથી શોભાવી પણ કચ્છના સાંપ્રત ઇતિહાસનાં બીજ તો ઇ. સ. ૧૧૪૭માં નખાયાં, જ્યારે સિંધથી સમા વંશના એક અન્ય મૂળપુરૂષ જામ લાખા જાડેજાએ અબડાસા, લખપત, બન્ની સહિતના પશ્ચિમ અને ઉત્તર કચ્છમાં પોતાનાં થાણાં નાખ્યાં અને સમા રાજવંશમાં સત્તા માટેની આંતરિક ખેંચતાણ પણ શરૂ થઇ.

ઇ. સ. ૧૧૪૭માં સમા રાજપૂતોએ સિંધથી આવીને કચ્છમાં પોતાના જ પિત્રાઇઓ સાથે સત્તા માટેનો સંઘર્ષ શરૂ કર્યો ત્યારથી લઇને ૧૯૪૮ લગીનો કાળખંડ કચ્છના ઇતિહાસનો ઘણે અંશે સિલસિલાબંધ હકીકતો અને ઘટનાઓનો સાક્ષી રહ્યો છે. કચ્છના ભાગ્ય જોડે ૧૧૪૭ અને ૧૯૪૭ આ બન્ને આઠસો વર્ષની સમયાવધિના સીમાચિહ્નોનો સૂચક સાંકેતિક ફાળો છે. ૧૧૪૭માં જામ લાખો જાડેજો કચ્છમાં જાડેજા



'કચ્છનો મેગ્નાકાર્ટા' ગણાયેલ મહારાવશ્રી લખપતજીનો ભુજની બજારમાંનો તામ્રપત્ર પ્રજાના જાનમાલના રક્ષણની જાહેરમાં ખાતરી આપતો અમૂલ્ય દસ્તાવેજ છે.

વંશની સત્તાનો પ્રારંભ કરે છે અને ૧૯૪૭માં જામ લાખા જાડેજાના વંશના જ રાજવી મહારાવશ્રી વિજયરાજજી જાડેજા વંશની સત્તાના વિસર્જન માટેની બંધાતી ભૂમિકાના સાક્ષી બને છે. સિંધથી શરૂ થતી કચ્છના રાજવંશની સફર સિંધમાં જ પૂરી થવાની શકયતા ઘડીભર મહારાવશ્રી વિજયરાજજીના વિચારોમાં આવેલી કહેવાતી વાદળ છાયામાં વરતાય છે. પણ કચ્છમાં એમ બન્યું નથી અને બનતું નથી.

એ વાતને અત્યારે બાજુએ રાખીને આપણે ફરી જાડેજા રાજવંશની સ્થાપનાના કાળમાં જઇએ. નગરસમૈથી જામ જાડાનો કુંવર લાખો કચ્છમાં આવીને પોતાના ભાઇ લાખિયારના નામ પરથી લાખિયાર વીઅરાની સ્થાપના કરીને પોતાની સત્તાનો ધ્વજ રોપે છે. ક્ષત્રિયોમાં દીકરીને દૂધ પીતી કરવાના રિવાજનું મૂળ જ્યાં હોય ત્યાં, પણ કચ્છમાં જામ લાખા જાડેજાના ભાઇ લાખિયારની સાત કન્યાઓ કુલાભિમાનને કારણે વિવાહ કરી ન શકવાને લીધે મળેલાં મહેણાંને સહન કરવાને બદલે મોતને મીઠું કરીને ભડભડતા અગ્નિની ચિતાએ ચઢીને આત્મવિલોપન કરે છે એ ઘટનામાં મગરૂર ક્ષત્રિયોના માનસમાં કન્યાનો જન્મ અસ્વીકાર્ય બનવાની ભૂમિકાનો નિર્દેશ મળે છે.

મહત્ત્વની કડી-જામ લાખાનું આગમન

કચ્છમાં જામ લાખાના આગમનને સાંપ્રત સમય સાથેના ઇતિહાસથી અતીતને જોડનારા એક મહત્ત્વના પ્રસંગ તરીકે ઉલ્લેખી શકાય. નગરસમૈના ટીલાત જામ જાડાએ પોતે નિઃસંતાન હોઇને પોતાના ભાઇ વેરાના એક પુત્ર લાખાને દત્તક લીધો. સિંધી અને કચ્છી ભાષામાં છઠ્ઠી વિભકિતના પ્રત્યય તરીકેનો શબ્દ લગાડતાં જામ 'જાડે જો' એટલે જામ જાડાનો પુત્ર તરીકે જામ લાખો, ત્યારથી જામ લાખો જાડેજો પુત્તર તરીકે ઉલ્લેખાયો અને તેના વંશજ પછીથી જાડાના એટલે જાડેજા વંશજો તરીકે વિખ્યાત થયા. કચ્છમાં ૧૯૪૮માં પ્રજાશાસન સ્થપાયું ત્યાં લગી આ રીતે કચ્છમાં જાડાના વંશજ જાડેજાઓએ રાજસત્તા ભોગવી અને કચ્છનાં લોકજીવનનાં વિવિધ પાસાંઓ પર એમની ગતિવિધિઓ અને શાસનશૈલીઓએ પ્રભાવ પાડયો એ તવારીખી સત્ય છે.

જામ લાખાના પંદર વર્ષના શાસન પછી કચ્છનો જામ બન્યો રતો રાયધણ. કચ્છના લાખિયાર વિઅરાના આ સમા શાસકની સાથે કચ્છનું નામ ભારતના ક્ષત્રિય રાજવીઓના શિરમોર સમા દિલ્હીપતિ પૃથ્વીરાજ ચૌહાણના પરાક્રમો સાથે મિત્ર રાજ્ય તરીકે સંકળાય છે. શાહબુદીન ઘોરી સાથેના યુદ્ધમાં પૃથ્વીરાજની સખાતે રા' રાયધણ પોતાના સૈન્ય સાથે મુસલમાની લશ્કર સામે યુદ્ધમાં ગયો હતો એ વાતને કચ્છની લોકકથાઓ તો સમર્થે છે પણ પૃથ્વીરાજ રાસામાં પણ તેનો 'જામ જાદવ' તરીકે ઉલ્લેખ એના પરાક્રમોને બિરદાવે છે. આ છતાં જાડેજા રાજવંશની સત્તા આ સમયમાં પૂરા કચ્છ પર વ્યાપેલી જણાતી નથી. આ સદીનો સમયખંડ એ રીતે વિશિષ્ટ ગણી શકાય તેમ છે કે આ સમયાવધિમાં વાઘેલાઓની સત્તા માત્ર કચ્છ પરથી જ નહીં પણ પૂરા ગુજરાત પરથી આથમી.

આ સમયના રાજ પરિવર્તનની પ્રક્રિયામાં શાસકોની વૈયકિતક કામુકતા અને અનૈતિકતાએ અને અન્યાયગ્રસ્ત વ્યકિત વિશેષોની પ્રતિરોધ- વૈરભાવનાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પૃથ્વીરાજ ચૌહાણ અને સંયુકતાના સ્નેહ સંબંધની ઇર્ષાએ જયચંદ્ર રાઠોડના માધ્યમથી ભારતમાં મુસ્લિમ શાસનનું સ્થાપન કર્યું તેમ ગુજરાતના અંતિમ વાઘેલા રાજા કરણની પોતાના નાગર દીવાન માધવની પત્ની પરની કુદ્રષ્ટિનો અંજામ એજ દીવાન માધવના દોરાયા અલાઉદ્દીન ખીલજીને હાથે થયો. જેને પરિણામે ગુજરાતમાં મુસ્લિમ સુલતાનોની સત્તાનું શિલારોપણ થયું એજ ચૌદમા સૈકાના સમયખંડમાં ઉમરકોટના સિંધના સુમરા સત્તાધીશ પદના અભિષેક અંગેની તકરારમાં પોતાના ભાઇ જામ ઘોઘાથી નારાજ થયેલા તેના જ ભાઇ જામ ચનેસરનો દોરાયો એજ દિલ્હીનો સુલતાન અલાઉદ્દીન ખીલજી સુંદર સુમરી યુવતીઓની લાલચે ઉમરકોટની લડાઇમાં જામ ઘોઘાને મારી સિંધ સર કરીને કચ્છ આવ્યો અને ૧૪૦ જેટલી અનામ શરણાગત સિંધી સુમરી કન્યાઓના શીલરક્ષણ માટે શહાદત વહોરતા અબડાસાના અબડા અડભંગના નામે વિખ્યાત કચ્છના એક લોકનાયકના પરાક્રમ સામે પરાજિત થઇને પાછો વળ્યો. પણ આ પ્રસંગોમાં ચિત્તોડની મહારાણી પદ્મિનીની જેમ જ આ એકસોચાલીસ સુમરીઓએ જીવતે અગ્નિસ્નાન કરી કામાંધ સુલતાનનો ઊજળો પ્રતિકાર કર્યો ત્યારે દેવળદેવી પોતે તો અલાઉદ્દીન ખીલજીના જનાનામાં સામેલ થઇ એટલું જ નહીં એની પુત્રી પણ ખીલજી સેનાપતિ ખીજરખાનની બેગમ બની એમ ઇતિહાસ નોંધે છે.

સિંધ-કચ્છની ભૌગોલિક-સાંસ્કૃતિક કડી

આ સમયખંડમાં કચ્છ અને સિંધના ઇતિહાસ અને જનજીવનની સરવાણીઓ એકમેકમાં વારંવાર વિલીન થતી અને અલગ થતી દેખાય છે. પણ એક વાત તો નિઃશંક બની રહે છે કે કચ્છના ઇતિહાસમાં સિંધી સમાઓ, કાઠીઓ અને સુમરાઓએ, દિલ્હીના અને ગુજરાતના સુલતાનોએ અને સિંધ પરની ચડાઇઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. કચ્છની લોકબોલી ગણાતી કચ્છી ભાષાય એ દ્રષ્ટિએ જોતાં સિંધીની જ ભાષા ભગિની છે એમ માનીએ તો એ તર્કદ્રષ્ટિએ અસંગત ન ગણાય. સિંધ અને કચ્છ રાજકીય દ્રષ્ટિએ ભલે અલગ ગણાતા હોય, પણ પ્રદેશોની દ્રષ્ટિએ,હવામાનની દ્રષ્ટિએ, ભૌગોલિક દ્રષ્ટિએ અને પાંગરેલાં લોકજીવનની શાખા પ્રશાખાઓ અને સંસ્કૃતિની દ્રષ્ટિએ પરસ્પરથી જોડાયેલાં છે અને પ્રાકૃતિક રચનાએ સર્જેલી એકતા રાજકીય વિભાજનોને લીધે આપસી લડાઇઓને પરિણામે અને કચ્છની વર્તમાન દુર્દશાને કારણે ભંગ થઇ છે તેમ સત્તરમા સૈકાના ભૂકંપોના પ્રતાપેય વિછિન્ન થઇ છે.

કોરી નદીની શાખા મારફત કચ્છની ધરતીને હેતને હિલોળે હિંચોળતી લોકમાતા સિંધુનાં વહેણને જો ઇ. સ. ૧૭૬૫ના અરસામાં કચ્છ પરની પોતાની વિફળ ચડાઇ અને ઝારાના યુદ્ધમાં ઐતિહાસિક શરમજનક હારનું વેર લેવા સિંધી સરદાર ગુલામશાહ કલોરાએ જો એ નદી પર બંધ બાંધીને રોકયું ન હોત તો કચ્છના રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસક્રમમાં અકલ્પ્ય તફાવત ઇતિહાસમાં નોંધાયો હોત. કલોરાની ચડાઇમાં પણ એજ પ્રક્રિયાનું વૈરની ભૂતાવળનું પૂંજા શેઠના માધ્યમથી પુનરાવર્તન થયું છે. રાવ ગોડજીનું દીવાનપદ મેળવવાની નિષ્ફળતાથી ધૂંધવાયેલા

પૂંજા શેઠનો દોરવ્યો ગુલામશાહ કલોરો નરાના મીંઢળબંધા ઠાકોર કાંયાજી જેવા હજારો કચ્છીઓના લોહીથી ઝારાની ધરતીને શોણિતમાં લથબથ કર્યા છતાં કચ્છના રાજવી ગોડજીની બહેનનો હાથ મેળવવામાં તો માત્ર અસફળ રહ્યો એટલું જ નહીં, પણ વેરપિપાસાના વમળમાં કચ્છના ભાગ્યની ધારાને રણમાં રોળી નાખતા પાત્ર જેવા પૂંજા શેઠનેય રાવ ગોડજીએ ઝેરનો કટોરો પીવા મજબૂર કરીને એની નૈતિક અને રાજકીય ભૂલની સજા આપી.

કચ્છ અને સિંધનો સંબંધ આમ હજારો વર્ષોથી ચાલ્યો આવે છે અને એ સંબંધને ક્ષત્રપો, શકો, ગુર્જરો, વલ્લભીઓ, કાઠીઓ, ચાલુકયો અને વાઘેલાઓ તેમજ અંગ્રેજો સુદ્ધાં અટકાવી શકયા નથી. કચ્છના જ્ઞાત અને શબ્દબદ્ધ ઇતિહાસની અધિકૃત અને વૈજ્ઞાનિક ધારામાં અને લોકકથાઓ અને કિવદંતિઓની લોકજીવનની સમાંતર વહેતી ધારામાં સુદ્ધાં કચ્છ અને સિંધના તત્કાલિન વીરપુરૂષો, લોકકથાનાયકો અને તેમના દ્વારા બન્ને પ્રદેશોની તવારીખો અભિભૂત બની છે.

કચ્છની તવારીખનું એક પ્રકરણ-કારી કચ્છી

કચ્છમાં સમાઓ હિન્દુ ક્ષત્રિયો તરીકે આવ્યા, સુમરાઓ પણ એજ રૂપે આવ્યા. કચ્છના ઇતિહાસ સાથે જોડાયેલા સમાઓનો મૂળ પ્રદેશ સિંધનો કારી કચ્છી. એ કારી કચ્છીના સરદારોની સત્તા, સમૃદ્ધિ અને મહત્તા હતી તેની આથો. આખરે તો ગાયોના ધણની વિશાળ સંખ્યામાં અર્થકારણ પર નિર્ભર સમાજ વ્યવસ્થાના એ સમયમાં, લોકવાર્તાકાર કે ઇતિહાસકાર જે વર્ણન કરે તે, પણ વાસ્તવિક રીતે રાજા એ માત્ર મોભી હતો. એક સરદાર જે રક્ષણ અને વિસ્તરણ બન્નેમાં મોવડી તરીકે પોતાના લોકોને, પરિવારોને દોરવતો. જે અર્થમાં મધ્યકાળમાં રાજા શબ્દથી રીતસરના સાર્વભૌમ શાસકની ચિત્રરેખા ઊભી થાય છે એ અર્થમાં આ સમયખંડોમાં સાર્વભૌમ રાજાઓનું અસ્તિત્વ કલ્પવું મુશ્કેલ લાગે છે. સતત આથો વાળી લાવવી, સતત ધીંગાણા કરવાં, સતત વિસ્તારો કબજે કરવા અને સતત પ્રદેશો ખોવા એ પ્રક્રિયા એટલી પ્રવાહિતાથી આ સમયખંડમાં ચાલતી આવી છે કે, એને પરિણામે સાર્વભૌમ સત્તા તરીકેની રાજવીની વ્યાખ્યામાં એ કાળના મોટાભાગના નાયકો હોવા અંગે બહુ નિશ્ચિત મત આપવો શકય લાગતો નથી. વેદકાળમાં આર્યોની જીવનરીતિમાં પણ ગૌધનને જ આર્થિક અને શાસકીય સત્તાનો માપદંડ માન્યો છે અને એ માપદંડ ઓછેવત્તે અંશે ૧૧મી ૧૨મી સદી લગી અમલમાં રહ્યો હોય એમ માનવામાં ભૂલ થવાનો સંભવ નથી. અલબત્ત, આ અવલોકન કચ્છ જેવા પ્રદેશનો સ્થાનિક રાજકીય જીવન પૂરતું જ કરાય છે. આ છતાં ક્ષત્રપોની, શકોની, હૂણોની, ચાલુકયોની અને વાઘેલાઓની રાજસત્તાના વ્યાપ નીચેનાં શાસનને આ મર્યાદામાં બાંધી શકવાનું શકય નથી. એ વિકસિત અને વિશાળ અર્થ, શાસન અને સૈન્ય સમેતની તેમની આગવી રાજ્ય વ્યવસ્થા ધરાવતા સાર્વભૌમ શાસકો હતા.

કચ્છ અને સિંધની પ્રાકૃતિક એકતાની વાત કરીએ ત્યારે સિંધુના અવરોધિત જલ પ્રવાહને કારણે થયેલી કચ્છની દુર્દશાની સાથે એ અવરોધના રાજકીય અને આર્થિક પરિણામો અંગેની શકયતાઓનો અગાઉ નિર્દેશ કર્યો છે પણ એ ઘટનાક્રમનું મૂળ માત્ર ગુલામશાહ કલોરાના દ્વેષયુકત પ્રયાસમાં શોધવાને બદલે અન્વેષકોએ સિંધુના જલપ્રવાહના અવરોધનાં કારણો અંગે વધુ વિશ્વસનીય Theory રજૂ કરીને શોધવાનો પ્રયાસ કર્યો છે.

સિંધુનો પ્રવાહ ભૂકંપે અટકાવ્યો ?

આપણે જાણીએ છીએ તેમ કચ્છનો જન્મ સાગરની કૂખમાંથી ટેકટોનિક પ્રકારના ભૂકંપનોથી થયો હોવાનું વૈજ્ઞાનિકોનું વિધાન છે અને એ પ્રક્રિયા આ સમગ્ર પ્રદેશમાં તેની ચોપાસ સતત અને અવિરત ચાલી રહી હોવાને કારણે શિલાઓ અંદરને અંદર ખસતી અને સ્થાનભ્રષ્ટ થતી હોઇને ભૂતલમાં થતાં હલનચલનોને પ્રતાપે બદલાતાં આંતરિક દબાણો જ્યારે સમતુલા મેળવવા મથે છે ત્યારે ભૂકંપો થાય છે અને ભૂકંપોને પરિણામે ભૌગોલિક અને ભૂભૌતિક સંરચનાઓમાં બદલાવ આવે છે.

ઐતિહાસિક પરિવર્તનો અને સામાજિક પરિવર્તનોની પશ્ચાદભૂમિકા ઘડીભર આપણે દ્રષ્ય પરિસ્થિતિઓમાં શોધવા મથીએ તો પણ વાસ્તવિકતામાં પ્રાકૃતિક પરિવર્તનો જ સમાજને તમામ સ્તરે બદલાવવાની સૂક્ષ્મ ભૂમિકા રચે છે અને એ રચનામાં ભૂભૌતિક સંરચંનાઓનું પોતાનું આગવું સ્થાન છે.

મધ્ય જુરાસિકથી પ્રારંભીને ટર્ટિયરી યુગના અંતિમ તબક્કા સુધી લંબાતી કચ્છની ધરતીની આંતર્વ્યવસ્થા તૂટતી, બનતી, ઊથલતી મધ્ય ક્રેયશિયસ, સુપ્રાટ્રેપિયન, મધ્ય કિરથાર અને અંતે માયોસીન અને પ્લાયોસીન સંરચનાઓના સર્જનમાં વિરામે છે અને પરિણામે કચ્છ દેશના જીયોલોજીકલ નકશામાં આગવું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વૈજ્ઞાનિકો કચ્છના મોટા રણ અને સિંધના નગરપારકર વિસ્તાર નીચેના સમાન પ્રકારની શિલાઓનો ક્રિસ્ટલાઇન સ્વરૂપ પર ભાર મૂકીને ખંડીય છાજલીની હિલચાલોની સાથે આંતરિક ભૂભૌતિક પરિસ્થિતિની વિગતે ચર્ચા કરે છે પણ એ અહીં અપ્રસ્તુત છે. પ્રસ્તુત એટલું છે કે કચ્છની ધરતી અને સિંધની ધરતી વચ્ચેના આંતરિક ભૂભૌતિક સંબંધોમાં કચ્છના ભૂપૃષ્ઠના વિચ્છેદો, આ વિસ્તારની ભૂખંડીય છાજલીની હિલચાલો અને ભૂકંપોએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે અને કચ્છની સામ્પ્રત ભૂગોળ, આબોહવા, ખનિજસમૃદ્ધિ અને સાર્વત્રિક પરિસ્થિતિઓ એની દેન છે.

એ રીતે જોઇએ તો સિંધુની જ ઉપશાખા સમી પૂરણ કે કોરી નદીને એક વિચારણા મુજબ સિંધના પૂર્વઢાળમાં વહેતી અને તેને લુપ્ત પ્રવાહ થયેલી સરસ્વતિ નદીની સાથે સમ્મિલિત થતી બતાવે છે. સરસ્વતિ એ વેદકાળની એટલે આજથી ત્રીસેક હજાર વર્ષના સમયખંડમાં એક વિશાલ સરિતા હતી અને પંજાબની ખાસ કરીને સતલજના જલપ્રવાહને સ્વીકારીને સાગરમાં વિલિન થવા પૂર્વે એમાં સિંધુના જલભંડાર પણ ઠલવાતા. જલપ્રવાહના અને સરિતાઓના વિશિષ્ટ અભ્યાસીઓ સરસ્વતિને ૧૬૬૦માં વિલૂપ્ત થયેલી ગણે છે અને તર્ક કરે છે કે કોરીના જલભંડારમાં સમ્મિલિત થતાં સરસ્વતિનાં જલરાશિ ઘટી જતાં કોરી નદીમાં સિંધુના છલકાયેલાં પાણી જ વહેવા લાગ્યા અને કાળે કરીને ઘટતાં જતાં એ પાણી કચ્છ તરફ આવતાં બંધ થયા. આ અરસામાં એટલે ૧૬૬૮માં સિંધુ નદીના મુખપ્રદેશના વિસ્તારમાં થયેલા ભૂકંપથી એ ભાગમાં આવેલો સમાવની નામે ઓળખાતો આખો પ્રદેશ ગરક થઇ ગયો હતો, અને કચ્છના સીમાવર્તી વિસ્તારો પણ આ ભૂકંપની અસરથી મુકત નહોતા. એટલે ગુલામશાહ કલોરાના નામે ચડેલી અલ્લાબંધની રચનાની વધુ બુદ્ધિગમ્ય સમજ આ પ્રાકૃતિક પરિવર્તનોના ઇતિહાસમાં સાંપડી શકે તેમ છે અને એ બંધને અપાયેલું અલ્લાબંધનું નામ જ એ વિચારણાને અનુમોદન આપે છે એવો મત કેટલાક અભ્યાસીઓ ધરાવે છે. ભૂકંપોની વાત કરીએ તો ઇ.સ. ૧૮૧૯ના જૂન માસમાં પણ લખપત વિસ્તારમાં જગતના મોટા ધરતીકંપોની પંકિતમાં મૂકાય એવો ધરતીકંપ થયો હોવાની નોંધ છે અને એના આંચકાઓ બબ્બે દિવસ લગી ચાલુ રહ્યા હતા. સિંધોડીનો દુર્ગ તૂટી પડયો અને એની ચોપાસ ચાલીસેક કિલોમીટરના વિસ્તારમાં સમુદ્ર ધસી આવ્યો. બે દિવસ

૧૮૧૯ અને એ પછીના વર્ષોમાં કચ્છમાં ભૂકંપના આંચકાઓની પરંપરા સર્જાઇ, સિંધડી દુર્ગ તૂટયો, બન્ની-પચ્છમમાં દરિયાના પાણી ઘૂસ્યાં.... ચોમેર ઊલટસુલટ થઇ ગઇ

પછી રાત્રે ફરીથી ૫૦ સેકંડ પછી નવો આંચકો આવ્યો અને તે પછીના છ અઠવાડિયાં લગી ભૂકંપના આંચકાઓની પરંપરા ચાલુ રહી. તે સમયની નોંધો પ્રમાણે કચ્છભરમાં હજારો ઘરો ધરાશાયી થયાં, બન્ની પચ્છમમાં સમુદ્રના જળ ભરાયાં, અને કોરી નદીએ રણના પશ્ચિમ ભાગને પાણીથી ભરી દીધો, તેની સાથે જ કોટેશ્વર પાસેનો સિંધુસાગર વિસ્તાર પણ પાણીથી છલકી ઊઠયો અને તે સમુદ્રથી હંમેશ માટે જુદો પડી ગયો . આ સમયથી લઇને છેક ઇ.સ. ૧૮૨૬ પર્યંત મોરાના બંધ અને અલ્લાહબંધ ગણાતા રેતાળ ઉચ્ચપ્રદેશ વચ્ચે તમામ વ્યવહાર તૂટી પડયો. કચ્છ ઇ.સ. ૧૮૪૪માં, ૧૮૪૫માં લખપત તરફ ઇ.સ. ૧૮૯૧માં ખાવડા વિસ્તારમાં પચ્છમાઇ કાળાડુંગર પ્રદેશમાં ધરતીકંપો થયા હોવાનું અભ્યાસીઓ નોંધે છે. ધરતીકંપોએ કચ્છનાં અર્થકારણ અને જનજીવન પર પાડેલી અસરોનો થોડોક નિર્દેશ કરીએ તો લખપત વિસ્તારના ચોખાના મબલખ પાક લેવાતા બંધ થવાને કારણે એ વેરાન થયા, તો માંડવી પાસેના રાયણ ગામેથી સમુદ્ર ખસી જતાં ત્યાંનું બંદર અને એ પાસનું નગર અદ્રશ્ય થઇ ગયા. એ જ રીતે વેલાકુલ તરીકે ઓળખાતા ભદ્રેશ્વર પાસેનું વિખ્યાત ભદ્રાવતી નગર પણ ભૂકંપના પ્રતાપે જ ભૂતલમાં વિલિન થઇ ગયું. એની સાથોસાથ ગેડી પાસેના વાગડ વિભાગના નષ્ટનગર અવશેષો, ભુજ તાલુકાના મેઘપર પાસેની બારમી સદીની મનાતી ગુફાઓ અને ખંડિયરો ભૂકંપોએ પ્રભાવિત કરેલાં અને પરિવર્તિત કરેલાં લોકજીવનનો નિર્દેશ કરે છે. ભૂકંપોની વાત કરીએં ત્યારે છેક ૧૯૫૬માં થયેલા અંજાર વિભાગના ભૂકંપની નોંધ લઇએ તો અત્યારલગીના વિનાશક અને વિધ્વંશક ભૂકંપોની હારમાળામાં એ આજ સુધીનો છેલ્લો કંપ હતો. આ ભૂકંપમાં અંજાર, ભચાઉ, દૂધઇ, રતનાલ વચ્ચેના અને તેની ચોપાસના બેક હજાર ચોરસ કિલોમીટરના પ્રદેશમાં પળવારમાં હજારો ઘરોને ધરાશાયી કરી દીધાં.

આમ કચ્છના ભૌગોલિક સંબંધોથી સંકળાયેલા સિંધે કચ્છના રાજકીય જીવનને કઇ રીતે પ્રભાવિત કર્યું છે એ તો આપણે મૂળ સિંધના અને જાડેજા વંશના રાજ અમલની પરિસ્થાપનાના ઉપલક્ષ્યમાં નિહાળી ચૂકયા છીએ. એ પછી વાસ્તવિકતામાં રાજવંશના મહત્ત્વના પાત્રોનો સ્પર્શ કરીને કચ્છના સામંતશાહી યુગના ઇતિહાસને આટોપીને લોકશાહી વહીવટમાં પ્રવેશ પામેલા કચ્છ પર એક દ્રષ્ટિપાત કરીને આપણા વિશિષ્ટ પ્રભાવી પુરૂષોની ઝલક મેળવીએ અને એ રીતે કચ્છની તવારીખનાં તાજાં ચરણોને ઉલ્લેખી લઇએ તે યોગ્ય ઠરશે.

રાજવંશના વિશિષ્ટ વ્યકિતત્વોની ઝલક

રાયધણજી પહેલા પછી ઇ.સ. ૧૨૧૫ થી ૧૨૫૫ સુધી જામ ઓઢાનો અમલ આવ્યો. આ કાળ આંતરિક ખટપટોનો અને જાડેજાઓ વચ્ચેની આંતરિક લડાઇઓનો આ સમયખંડ ઇ.સ. ૧૨૫૯ના કાળા અને વ્યાપક દુકાળના દારૂણ ખપ્પરમાં કચ્છના તડપાટનો હતો. સાથોસાથ કચ્છના ઇતિહાસમાં અને પ્રજામાં જે પુણ્યલોક મહાપુરૂષો જન્મ્યા તેના શિરમોર જેવા શેઠ જગડુશાની જગવિખ્યાત દાતારી અને દિલેરીનાં દર્શનનો અવસર આપતો સમયખંડ પણ આ જ હતો. આ અકાલની વ્યાપકતા એ વાતથી છતી થાય છે કે ભદ્રેશ્વરના આ ભામાશા જેવા જગડુશા દાતારે આ દારૂણ દુષ્કાળમાં તરફડતી કચ્છની પ્રજાને તો ઉગારી જ, પણ એણે પોતાના સંઘરેલા અન્નભંડારોમાંથી મબલખ અનાજ ભરીને વહાણોમાં સૉરાષ્ટ્ર સહિત દેશના અન્ય



જગડુશા દાતાર

દુષ્કાળગ્રસ્ત ભાગોમાં મોકલીને માનવસેવાના મહાત્મ્ય અને કચ્છના દિલેર દાનવીરોના ગૌરવથી ઇતિહાસમાં અમરપદ પ્રાપ્ત કર્યું, એ સમયમાં પણ એકલા ભદ્રેશ્વરની આસપાસ પચાસ જેટલાં મંદિરો સહિત કચ્છભરમાં સંખ્યાબંધ જળાશયો બંધાવી, કૂવાઓ ખોદાવીને ગ્રામજનોને અને મંદિરોનાં નિર્માણ કરીને કારીગરોને રોજી આપી જગડુશાએ જૈન ધર્મની ઉજ્જવલ ભાવનાઓને ચરિતાર્થ કરી બતાવી અને કચ્છના મહાજનોની માનવતા માટે સમર્પિત થવાની સદાય જાગૃત ભાવનાના આદ્યપુરૂષ તરીકે લોકહૈયાંમાં ચિરંજીવ બનીને જામ ઓઢાના સમયને ઇતિહાસમાં સદાય ઉલ્લેખનીય બનાવ્યો.

જામ ઓઢાના સમય પછી એના ભાઇઓ અને પુત્રોમાં વારસા માટેના આપસી ખટરાગના પરિણામે જાડેજાઓનું વિભાજન થયું. અબડાએ પોતાનો આગવો પ્રદેશ કબજે કર્યો જેને અબડાસા કહેવાય છે એ સમયગાળામાં કચ્છ પર અમદાવાદ અને દિલ્હીના મુસ્લિમ શાસકોની સવારીઓ આવી અને કચ્છ પર ગુજરાતના શાહી શાસનના લીલા નેજા પણ ફરકયા.

વ્યવસ્થિત શાસનનો પાયો ખેંગારજીએ નાખ્યો

પણ વધુ વ્યવસ્થિત રીતે કચ્છના વર્તમાન શાસન યુગનો રીતસરનો પ્રારંભ કર્યો ખેંગારજી ૧લાએ. જામ હમીરજીના આ પુત્ર અને તેના ભાઇઓ તેમના કાકા જામ રાવળની કિન્નાખોરીથી પોતાની જાતને રક્ષવા અમદાવાદના સુલતાનની સેવામાં ગયા અને સુલતાન પર તરાપ મારતા સિંહનો તેમને જૈન ગોરજી માણેક મેરજીએ આપેલી સાંગથી વધ કરીને સુલતાનની કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત કરી. સુલતાન અહમદશાહે ખેંગારજીને રાવનો ખિતાબ આપ્યો અને મોરબીનો અખત્યાર આપ્યો. મોરબીને પોતાનું મથક બનાવીને ખેંગારજીએ જામ રાવળને કચ્છમાંથી મારી હઠાવ્યા અને તેને પીછેહઠ કરીને છેક નવાનગર હાલારમાં જવા ફરજ પાડી અને ઇ.સ. ૧૫૪૮માં સંપૂર્ણ કચ્છ પર પોતાની આણ વર્તાવી અને તેઓ કચ્છના પ્રથમ રાવ રાજા બન્યા.



રાવશ્રી ખેંગારજી પહેલા

એ નોંધપાત્ર છે કે મોરબી અને નવાનગર સાથેના કચ્છના કૌટુંબિક સંબંધો છતાં પ્રદેશો અંગેના વિવાદો છેક ગઇકાલ સુધી ચાલુ રહ્યા અને આઝાદી પછીયે કંડલાનાં મહાબંદરની સામે જામસાહેબ અને સૌરાષ્ટ્રના તેમના સાથીઓએ સિક્કાનો દાવો સતત આગળ કર્યો એટલું જ નહિ આજેય વાડીનારને કંડલાથી અલગ કરવાની ઝુંબેશમાં ઇતિહાસના એ આનુવંશિકી વેરની ભૂતાવળ ધૂણતી હશે?

રાવ શ્રી ખેંગારજીની વાત થાય ત્યારે કચ્છના આમમાનવીની રાજભકિત અને વફાદારીની દાસ્તાન ભૂલવી શકય નથી. છછરબુટા અને ભીયાકકલ જેવા અદના માનવીઓનાં સ્વાર્પણ અને પોતાના પુત્રો સહિતના બલિદાનની કથા રાજસ્થાનના ઇતિહાસની પન્નાદાઇના સ્વાર્પણ અને પુત્ર બલિદાનની કહાણી કરતાં યત્કિંચિત પણ ઊતરતી ભાસતી નથી.

કચ્છની પ્રજાકીય શકિત અને તાસીરના પ્રતીક જેવા આ પાત્રોના પડછાયાઓ સમય સાથે અવિરત લંબાતા રહ્યા છે. એની વિગતમાં જઇએ એ પહેલાં નોંધીએ કે રાવશ્રી ખેંગારજી ઇ.સ. ૧૫૮૫માં ૯૦ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા ત્યાર પછી કચ્છ પર ગુજરાતના તત્કાલિન મુસ્લિમ શાસન તરફથી તેમને ૫૦૦૦ ઘોડેશ્વારોની કચ્છી ફોજની સેવા આપવાનું ફરજીયાત બનાવી દેવાયું. કચ્છનો રાજા એટલા પૂરતોય ગુજરાતનો ખંડિયો બની ગયો. એ પછીના સમયે શહેનશાહ અકબર અને શહેનશાહ જહાંગીર સાથે ખેંગારજીના વારસ બનેલા રા'ભારમલે બબ્બે વખત મુગલ શહેનશાહથી સ્વતંત્ર થવાની કોશિશ જેવા જંગ ખેડયા, પણ આખરે એ ન બની શકયું અને કચ્છે મુગલ સલ્તનતની સાર્વભૌમતાનો સ્વીકાર કરવો પડયો એમ આઇન-એ-અકબરી અને મિરાત-એ-અહમદીની નોંધો સૂચવે છે. બાદશાહ જહાંગીર ઇ.સ. ૧૬૧૭માં અમદાવાદની મુલાકાતે આવ્યો ત્યારે રા'ભારમલે તેમને એકસો અશ્વો અને એકસો



ભારમલજી -પહેલા (૧૫૮૬ થી ૧૬૩૨)

સને ૧૬૧૭માં દિલ્હીનો બાદશાહ જહાંગીર અમદાવાદની મુલાકાતે આવ્યો. અહિં એણે શાહી દરબાર ભર્યો. એમાં મોટા મોટા રાજવીઓ સાથે કચ્છના રાઓ ભારમલજીને એ દબદબામાં નોતર્યા. માન અકરામ થયા. વયોવૃદ્ધ રા'ભારાથી જહાંગીર શાહ અતિ પ્રભાવિત બન્યો. બાદશાહે એમને એક ચુનંદો હાથી, એક હાથણી, રત્નજડિત કટાર અને તલવાર તથા વીંટીઓ ભેટ આપી.

પછી જહાંગીરે પોતાના ચિત્રકાર ગોવર્ધન પાસે રા'ભારાનું છબી ચિત્ર બનાવરાવ્યું. આ તસવીર હાલ બર્લિનની સ્ટેટ લાયબ્રેરીમાં છે. (અહિં આપેલી અર્ધ છબી એ પૂરા કદની ઊભેલી તસવીર પરથી ઉતારેલી છે). આ છબી પર લખાણ છે કે ''આ રા'ભારા ગુજરાતના મુખ્ય રાજાઓ પૈકી ઘણો બળૂકો છે અને આ ભૂમિના કોઇપણ રાજકર્તા પાસે એ હજૂર થયો નથી.''

[illegible] નજરાણું પેશ કર્યું. રા'ભારમલથી પ્રસન્ન થયેલા જહાંગીરે તેમને હીરાજડીત મુઠવાળી તલવાર અને રત્નજડીત ચાર વીંટીઓ સાથે બે હાથીઓ ભેટમાં આપ્યા અને તેમની ખંડણી માફ કરી. કચ્છના રાજવીએ જહાંગીરની આ નવાજેશના જવાબમાં હાજીઓને મક્કા જવા માટેની સવલતો આપવાનું સ્વીકાર્યું. કચ્છને પોતાના સ્વતંત્ર ચલણ માટેના સિક્કા, કોરી અને પાંચીયા, આધીયા, પાયલા, ઢબુ, ઢિંગલા, દોકડા અને તાંબિયા છાપવાની પરવાનગી પણ બાદશાહ જહાંગીરે આપીને કચ્છ સાથેના મુગલ સમ્રાટના સદ્‌ભાવભર્યા સંબંધો મજબૂત કર્યા.

સર્વધર્મ સમભાવના દર્શન

રા'ભારમલજી પછી રા'ભોજરાજજી, રાવશ્રી ખેંગારજી બીજા, રાવશ્રી તમાચીજી, રાવશ્રી રાયધણજી ૧લા, રાવશ્રી પ્રાગમલજી પહેલા અને રાવશ્રી ગોડજી પહેલા કચ્છની ગાદી પર શાસકો તરીકે આવ્યા એ સમયખંડ સોએક વર્ષ રાજકીય દ્રષ્ટિએ કશી વિશિષ્ટ હલચલોથી મુકત રહ્યો હોય એમ લાગે છે. હા, એ દરમ્યાન ઇ.સ. ૧૬૫૪ થી ૬૨ દરમ્યાનના રાવશ્રી તમાચીજીના રાજ્યકાળમાં જહાંગીરના મૃત્યુ પછી તેમનો જયેષ્ઠ પુત્ર અને ઔરંગઝેબનો મોટો ભાઇ દારા ભાગીને કચ્છમાં આવ્યો અને આશ્રય લીધો. તેની સાથોસાથ કચ્છના કિનારે બુખારાના એક સંત શાહમુરાદનું આગમન પણ આ જ સમયમાં મુન્દ્રા ખાતે થયું. કચ્છમાં તેઓ એક પીર તરીકે વિખ્યાત છે અને કચ્છના શાસકોએ તેમને સન્માનિત કરીને તેમની સર્વધર્મ સમાનતાની નીતિની પુષ્ટિ કરી છે. આ સમયખંડમાં દેશમાં બ્રિટિશ શાસને વ્યાપારી સંબંધોના રૂપે પાયો નાખ્યો.

રાવશ્રી રાયધણજી પહેલાના સમયમાં અમદાવાદના સુબાએ મુઆઝીમ બેગ નામના સરદારને મોકલીને જહાંગીરે માફ કરેલી ખંડણી ફરી ઉઘરાવવા દબાણ કર્યું ત્યારે આ પીર શાહમુરાદંની મધ્યસ્થીથી એને સમજાવીને પાછો વાળવામાં આવ્યો. એ બીના રાજકીય રીતે નોંધપાત્ર છે. કચ્છના રાજવીઓ પરની મુસ્લિમોની વગ વધીને રા'રાયધણ બીજાના સમયમાં કેટલી સ્ફોટક કક્ષાએ પહોંચી ગઇ એ જોઇએ તે પૂર્વે એ સ્વીકારવું અનિવાર્ય છે કે કચ્છના રાજકીય ઇતિહાસમાં મુગલ સમ્રાટોથી લઇને મુસલમાન પીરો, સુલતાનો, ફકીરો, ઓલીયાઓ અને સેનાપતિઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને કચ્છની કોમી એકતાની ઉજ્જવલ પ્રણાલિકાઓનો, થોડાક અપવાદોને બાદ કરતાં, શાનદાર પાયો નાખ્યો છે. આમ પણ કચ્છમાં સમાઓની વિવિધ શાખા પ્રશાખાઓનું વિસ્તરણ અને ઘટન-વિઘટન સતત ચાલુ રહ્યું છે અને લાખીયાર વીઅરાના ધણીથી અલગ પોતાનો ચોકો જમાવવાની સતત કોશિશો કરાતી રહી છે છતાં રાવશ્રી પ્રાગમલજી ૧લાના સમયમાં એટલે ઇ.સ. ૧૬૬૭ થી ૧૭૧૫ દરમ્યાન તેમણે કચ્છની રાજગાદી કબજે કરવા માટે પોતાના ઘણા ભાયાતોને અને જમીનદારોને જાગીરો ભેટ આપી અને પરિણામે કચ્છમાં કેન્દ્રવર્તી શાસનકર્તા સામે જાગીરદારોના નવા વર્ગનો પડકાર ઊભો થયો. આ જાગીરદારોના દાવાઓ અને અધિકારોનો પ્રશ્ન બ્રિટીશરોની મધ્યસ્થીથી કંઇક અંશે ઉકેલાયો પછી પણ, ભારતસંઘમાં વિલિન થયેલા કચ્છને અને પછીથી ગુજરાતની રાજ્ય સરકારોને પણ તેમાં આર્થિક અને કાનૂની પાસાંઓના ઉકેલ શોધવામાં ભારે જહેમત અને નાણાકીય જવાબદારીઓ ઊઠાવવી પડી છે.



રાવશ્રી દેશળજી પહેલા

પ્રાગમલજી પહેલાના સમયમાં મોરબીના કાંયાજીના કારસ્તાનોને પરાસ્ત કરીને નવાનગરના પિત્રાઇ જામ સાથે મિત્રતાના સંબંધો બંધાયા અને કચ્છના જાડેજાઓના રાજ્યકુટુંબોમાં વડપણનો સ્વીકાર કરાતાં નવાનગર રાજ્યે કચ્છને હાલારમાં બાળંભાનો કિલ્લો આપ્યો અને કચ્છના શાસક પ્રાગમલજી ૧લા ત્યારથી મહારાવશ્રી બન્યા અને સ્વીકારાયા.



રાવશ્રી લખપતજી

ભાયાતોની આંતરિક ખટપટ રાજ્યનું બળ!


ગોડજીના રાજ્ય અમલમાં તેમણે પિતાએ કરેલી ભૂલોને સુલટાવવાના પ્રયાસોને પરિણામે મુન્દ્રા, અંજાર ચોવીસી અને કંઠીનો કબજો જાગીરદાર હાલોજી પાસેથી કબજે કર્યો અને તેમને અબડાસામાં કોઠારા, નાગરેચા અને કોટડીના ગામો વસાવવા અને એ પ્રદેશમાં ખેતી આબાદ કરવામાં સહાય આપી. કચ્છની પ્રજાની કૃષિક્ષેત્રે આ સમયમાં ઉન્નતિ થઇ. આ છતાં કચ્છના રાજવીની અધિકૃત આવક અતિશય ઓછી હતી. એ આવક પણ મીયાણીપટના થોડાંક ગામો, તૂણાના બંદરની નામમાત્રની ઉપજ અને વાગડમાં રાપરની રાવળી જમીનમાંથી જ થતી હતી. એકંદરે આગળ જણાવ્યું તેમ કચ્છનો રાજવી, દેશ અને દુનિયાના રાજાઓની સરખામણીમાં અત્યંત સામાન્ય સ્થિતિમાં સમાન પરિસ્થિતિના ભાયાતોનો અગ્રણીમાત્ર હતો. એની પાસે કયારેય વ્યવસ્થિત લશ્કર નહોતું. કારણ કે ભાયાતો, પસાયતાઓ અને વસવાયાઓની નિર્ભેળ વફાદારી અને પરિવારના મોભી વડીલ તરીકેની પદવી અને મોભા તરફની વફાદારી અને સન્માનની ભાવના જ એનું બળ હતું. કોઇ ભાયાતમાં ભુજની મધ્યસ્થ ગાદીની વગ અને તાકાતનો વિકલ્પ બનવાની સામાન્યપણે શકિતયે નહોતી એટલે પરસ્પરની સામે ઘુરકતા અને એકમેકની જાગીરોનાં હિતો અને વાંધાઓની ગુંચવણો અને મુંઝવણોના જાળાંમાં રમતા આ ભાયાતો માટે કચ્છનો રાજવી અનિવાર્ય મોભી હતો. રાવશ્રી દેશળજી અને તેના દિવાન દેવકરણે કચ્છમાંનાં મધ્યસ્થ શાસનને વ્યવસ્થા અને ભાયાતો સાથેનાં પારસ્પારિક સહકારનાં બળે કેશરખાન અને શેરબુલંદખાન જેવા મુસ્લિમ આક્રમકો તેમજ નગરપારકર મારફત સિંધની પેશકદમીના પ્રયાસો સામે સાચવ્યું. દેશળજી પહેલાને 'દેશરા પરમેશરા' તરીકે પ્રજાએ પરમેશ્વર સદ્રૃશ પ્રેમ અને ભકિત આપ્યાં. એ પછી કચ્છના રાજવીઓમાં લખપતજીનું શાસન વિશિષ્ટ રહ્યું છે એમણે શાસન હસ્તગત કરવા ભાયાતો અને જાગીરદારોનો ઉપયોગ કરી તેમનું બળ વધાર્યું એ વાતને બાજુએ રાખતાં લખપતજીનો રાજ્ય અમલમાં વિદેશ વ્યાપાર, ઉદ્યોગો અને જહાજી પ્રવૃત્તિઓ વિકસ્યાં. કલા સાહિત્ય અને સંગીત નૃત્યમાં ગુલતાન લખપતજી પર આક્ષેપ છે કે એમણે દેશળજીએ આપેલાં અઢળક ખજાનાને પોતાની વિલાસી વૃતિઓ પાછળ ખાલી કરી નાખ્યો.

એમના પરનો આક્ષેપ એમની અંગત જીવનશૈલી વિલાસી રીતભાત પૂરતો સ્વીકાર્ય ગણીએ તો પણ લખપતજીએ રામસિંહ માલમને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવાને પ્રોત્સાહિત કર્યો.

ટેકનોલોજી યુગ અને રામસિંહ માલમ

કચ્છમાં માંડવી પાસે કાચનું કારખાનું, ઘડિયાળો બનાવવાનું કારખાનું, ફેરસ લોખંડ ગાળવા માટેની ફાઉન્ડ્રી અને તોપોનું કારખાનું રામસિંહ માલમે શરૂ કર્યાં તેની સાથો સાથ સોનાં-ચાંદી પર મીનાકારીની ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા માટે ભુજમાં તેમણે ટેકનોલોજી ઇન્સ્ટીટયુટ હુન્નરશાળા સ્થાપી એની સાથોસાથ દેશમાં એટલે ભારતમાં પણ ભાગ્યે જ હોય એવી

રામસિંહજી માલમ



વ્રજભાષાની પાઠશાળા સ્થાપીને કાવ્ય અને કવિઓને ભાષા અને પિંગળનાં શાસ્ત્રીય જ્ઞાન માટેની અનોખી વ્યવસ્થા કરી.

અલબત્ત, લખપતજી આ દ્રષ્ટિએ એમના સમકાલીનો એમના પૂર્વજો અને એમના અનુજો કરતાં વિશિષ્ટ હતા અને વિજ્ઞાન અને ટેકનોલોજી, રસશાસ્ત્ર અને સૌંદર્યની એમની આરાધનાની જોડ કચ્છના ઇતિહાસમાં અન્યત્ર પ્રાપ્ત નથી. પિતા પ્રત્યેની ક્રૂરતાને બાદ કરીએ તો લખપતજીને ઇતિહાસકારોએ જે રીતે મૂલવ્યા છે તેમાં એમને યોગ્ય ન્યાય નથી મળ્યો. અહીં મને માળવાના કવિઓથી ઘેરાયલા રસનિધિ રાજવી ભોજ અને માલવપતિ મુંજની રસિકતાનો સમન્વય સાધતાં શહેનશાહ જહાંગીર અને શાહજહાંની જીવનશૈલીની અસરો નીચે આલમગીર ઔરંગઝેબની રીતભાતોની મિશ્ર ઝલક ધરાવતા એક બહુમુખી પ્રતિભા પ્રાપ્ત રસિક રાજવીની છબી દેખાય છે. કચ્છમાં ઉદ્યોગ અને કલાક્ષેત્રે આયના મહેલના આ સર્જકે આપેલાં ઐતિહાસિક યોગદાનની સમયખંડની મર્યાદાઓની દ્રષ્ટિએ તો આજ પર્યન્ત હજુય કચ્છને એવાં શાસનની પ્રાપ્તિ પછીથી થઇ નથી એમ માનવાનું સાહસ કરું તો એ બદલ બહુ દોષિત નહિ ઠરૂં.

હવે પછીના આ સમયખંડમાંનાં યુદ્ધો અને આક્રમણોના પ્રસંગોને સ્પર્શ્યા વિના આપણે વર્તમાનની લગોલગ ઝડપથી સરકતા મહારાવશ્રી પ્રાગમલજી, સર ખેંગારજી અને અંતિમ રાજવીઓ મહારાવશ્રી વિજયરાજજી અને મદનસિંહજી પર્યંતના જાડેજા વંશના શાસકોના સમયખંડની વિશિષ્ટતાઓ અવલોકીએ તે પહેલાં કચ્છના ઇતિહાસની એક વિશિષ્ટ ઘટના જેવા મહારાવશ્રી રાયધણજી બીજાના શાસનકાળને એક નજર નિહાળી લઇએ.

રાયધણનો દુઃસ્વપ્ન સમો કાળ

રા' રાયધણ નામના એ રાજવીનો શાસનકાળ ઇ. સ. ૧૭૭૮થી ઇ. સ. ૧૭૮૬નો રહ્યો. રાયધણ રાણીવાસના લાડ પ્યાર દુલાર અને ખુશામતખોર પાસવાનોએ પોષેલા અહંકાર અને સ્વચ્છંદતાએ સંસ્કારેલો અને જીવનમાં સંબંધિત ક્ષેત્રોમાં માત્ર બેજવાબદારીનાં એક જ તત્ત્વનું દર્શન કરાવતો માનવી છે. એના પિતા મહારાવશ્રી ગોડજીના સ્વભાવ અને જીવનની સીધી અસરો ઝીલીને ઉછરેલા

રા' રાયધણનાં હિંસાચાર-ધર્માન્ધતાને રોકવાની પહેલ અંજારના મેઘજી શેઠે કરી હતી

રાયધણજીને ગોડજીએ ભારતભરની શાન જેવા કચ્છના અનોખા જહાજી ઉદ્યોગની અને સિંધને પણ નિકાસ કરી શકતાં સમૃદ્ધ કૃષિ અર્થતંત્રની આપેલી ભેટ એની ઉછૃંખલતાએ ભૂલાવી દીધી. એને પિતાની ભયગ્રંથીઓ, હબસીદળો પરનો વિશ્વાસ, પ્રધાનો અને આમજનો તરફ ઊંડો ધિક્કાર અને ગજા બહારના ગજરાજો અને અશ્વોના બિનજરૂરી ભભકાનો વારસો મળ્યો અને પરિણામે જીવને તેને દુર્ભાગ્ય સિવાય કશું જ આપ્યું નહિ. કેટલાક કટ્ટરપંથીઓએ એને ઇસ્લામના નામે હિંસાખોરી, વિધ્વંશ અને ખૂન ખરાબાને રવાડે ચડાવ્યો અને એની અતિશયતાએ ભારતભરમાં અજોડ એવી રાજ્યક્રાંતિનું એક પર્વ કચ્છના ઇતિહાસમાં અંકિત કર્યું.

કચ્છમાં ક્રાંતિ અને બારભાયા શાસન

એ વિખ્યાત ક્રાંતિના પ્રસંગોની હકીકતોની કહાણીઓમાં ન ઊતરતાં કચ્છની એ ક્રાંતિને કચ્છની આમજનતા અને કચ્છના મોભીઓ મહાજનો અને ભાયાતોની ખરાખરીના ખેલને સમયે મતભેદો મિટાવીને સંકટનો સામનો કરવાની એકતા સાધવાની સ્વભાવગત શક્તિનાં એક નિદર્શન તરીકે નિહાળીએ. એ પહેલાં પણ ગુલામશાહ કલોરા સામે ઝારાનાં યુદ્ધમાં, ઇ. સ. ૧૭૬૨માં કચ્છે આવી જ અભૂતપૂર્વ એકતા દર્શાવીને વિદેશીઓનો અપૂર્વ જાનફેસાની સાથે સામનો કરી બતાવ્યો હતો. પણ અહીં તો સંકટ આંતરિક સંહારનું હતું અને તેય કચ્છના રાજવીનાં સિંહાસન પરથી કચ્છની સંસ્કૃતિ, ધર્મ, પરંપરા અને અસ્તિત્વ સામેના ભયજનક પડકારનું હતું. એ કપરા નિર્ણયની ક્ષણોમાં અંતે ઇ. સ. ૧૭૮૬માં સૈન્યે અને તેય કચ્છનાં પોતાનાં સૈન્યે રાજવીને હિરાસતમાં લીધો, રા'રાયધણની સ્વચ્છંદ ધર્માંધતા અને હિંસાચારને રોકવાની પહેલ કરવાનો યશ અંજારના મેઘજી શેઠને ફાળે જાય છે. જમાદાર ડોસલવેણ અને જમાદાર ફતેહમહમ્મદ જેવા સૈન્ય નાયકોએ દર્શાવેલી અણિશુદ્ધ પ્રામાણિકતા અને ધર્મનિરપેક્ષ નિષ્ઠાનો ફાળો આ રાજ્યક્રાંતિને રક્તરંજિત થતાં અટકાવવામાં અને કચ્છમાં ધર્મપ્રેરિત શાસન સ્થાપવાનું રોકવામાં ઘણો મોટો હતો. અહીં એજ સમયાવધિમાં ફ્રાન્સમાં થયેલી રાજ્યક્રાંતિની ઘટનાઓને મૂલવવા જેવી છે. વિશ્વના ઇતિહાસે જે કેટલીક રાજ્યક્રાંતિઓને સમયનાં ચક્ર પર અમીટ ચિરંતન અસરો પાડવા માટે સમર્થ અને ચિરંજીવ ગણી છે એવી



સુંદરજી સોદાગર

રાજ્યક્રાંતિઓમાંથી એક ફ્રાન્સે જોઇ અને ફ્રાન્સના રાજા અને રાણીનાં મોતના પાયા પર લોકશાહી, ભ્રાતૃત્વ અને સ્વતંત્રતાના ધ્વજો રોપાતા જોયા. એથી સદંતર નિરાળા કચ્છનાં રાજપરિવર્તનમાં સામ્પ્રત સમાજમાં ધર્મનિરપેક્ષતા, અહિંસા અને લોકશાહીની પરંપરાઓ તરીકે પ્રતિષ્ઠિત છે એવાં મૂલ્યોને વ્યવહારમાં અપનાવતી કચ્છની પ્રજા અને તેના સિપેહ સાલાર સમા જમાદાર ફતેહમહંમદ નોતિયાર અને અન્ય સાથીઓને આપણે જોઇએ છીએ, સમયનો એ એવો સંધિકાળ હતો. જ્યારે ઘડીભર મેઘજી શેઠના મનમાંય બરાબર ઇ.સ. ૧૮૪૫માં બારભાયાના અન્ય સાથીઓને પતાવી નાખવાનો વિચાર રમ્યો હતો અને તેણે અંજારને રાવની આણથી મુક્ત એવા અલગ શાસન વિસ્તાર તરીકે જ ભુજથી ભાગીને ફરી સંભાળ્યો હતો. બારભાયા શાસન એક પ્રકારનું સત્તામંડલ હતું. જેમાં ૩ સભ્યો ભાયાતોના, ૩ મહાજનના, ૩ મુસ્લિમોના, ૧ મિયાણાનો, ૧ ગરાસદારનો અને ૧ સૈન્યનો એમ ૧૩ સભ્યો હતા. બારભાયાનું આ સ્વરૂપ કચ્છમાં તે સમયનાં અગત્યનાં પરિબળોની ગવાહી આપે છે અને તેની રચનાનો આંકડો મતોના રાજકારણ અંગેની સભાનતા સિદ્ધ કરે છે.

ધર્મનિરપેક્ષ સિપેહસાલાર ફત્તેહમહમદ

આ સમયખંડનો કચ્છની ક્રાંતિનો, કચ્છની અસ્મિતાનો અને કચ્છની અસલિયતનો મૂઠી ઊંચેરો પ્રતિનિધિ છે જમાદાર ફત્તેહમહમદ ! આશ્ચર્યજનક રીતે એક નિરક્ષર નોતિયાર મુસ્લિમ આ ભરવાડે જે અદ્દભૂત રાજદ્વારી કૌશલ્ય, વિદેશ સંબંધો માટેની દ્રષ્ટિ લશ્કરી વ્યૂહરચના અને વ્યવસ્થાશક્તિના અસંખ્ય પ્રસંગોથી આ સમયખંડ પર પોતાનાં વ્યક્તિત્વની અમીટ મહોર મારી છે તેને અનન્ય કહીને બિરદાવવા મન લલચાય છે ! કચ્છના યદુવંશી રાજવટના વાવટાને ચાંદતારા સમેતના સંપૂર્ણ લીલાનેજા નીચે વીટી લેવામાં જમાદાર ફતેહમહમદને એ ધારતે તો થોડો વધુ સંઘર્ષ, વધુ લોહિયાળ સંગ્રામ ખેલવા સિવાય મુશ્કેલી આવવાનો એ પરિસ્થિતિમાં સંભવ દેખાતો નથી' આ છતાં આ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ સિપેહ સાલારે જે રીતે કચ્છના રાજવંશનાં નિહિત ગૌરવને અકબંધ રાખ્યું, જે રીતે માયસોરના વાઘ ટીપુ સુલતાન સાથે મિત્રાચારી છતાં એના પૂર્વજ હૈદરઅલીનું અનુકરણ કરવાનું ટાળ્યું અને જે રીતે કચ્છના જાડેજા રાજવીઓના સૈકા જૂના પ્રતિસ્પર્ધીઓ જામનગર અને મોરબીનાં ગર્વ અને સત્તાનાં કચ્છના પ્રતિનિધિએ ખંડન કર્યા, એમાં એક અજબ આધુનિક અભિજાત્ય રાજકીય અને સાંસ્કારિક પ્રતિભાનાં દર્શન થાય છે. આ કાળમાં અન્ય એક વ્યક્તિવિશેષનો ઉલ્લેખ કરવા યોગ્ય છે અને તે સુંદરજી સોદાગર. ભારતભરના રાજા રજવાડાં, નવાબો, બાદશાહો અને શ્રેષ્ઠીઓનો વિશ્વાસુ સુંદરજી કચ્છનાં ગુંદીઆળી ગામનો વતની હતો. જાતવાન ઘોડાઓના પારખુ તરીકે, તેના વ્યાપારી તરીકે, નવાબો અને બ્રિટિશરો વચ્ચેના તેમજ ગાયકવાડના કૌટુંબિક ઝઘડાઓ, નવાનગર, પોરબંદર, મોરબીના રાજવીઓ વચ્ચેના સરહદોના મતભેદો આ બધામાં સંધિવિગ્રાહક અને સમાધાન માટેનાં પરિબળ તરીકે સ્વીકારાયેલો કચ્છી માનવી ભારતભરમાં એક વિખ્યાત વ્યક્તિ હતો. એ સમયમાંય એણે ધીંગાણાંય ખેલ્યાં ને ખેલાવ્યાં, લાખોનાં છૂટે હાથે દાન દીધાં, પેશ્વાઓ અને ગાયકવાડોનાં, બ્રિટિશનાં અને નવાબોનાં સૈન્યોને અશ્વો અને રસદો, રોકડાં, નાણાં અને સાધન સરંજામ વ્યાપારી રાહે પહોંચાડયાં અને ઉત્તરાખંડમાં બદ્રિવિશાલ અને કેદારનાથની યાત્રાઓ માટે સંઘ પણ

કહ્યા ! આમ, કચ્છનાં ઇતિહાસનાં જે આંખ આંજી દે તેવાં મહાનરત્નો જેવા જમાદાર ફતેહ-મહમદ, સુંદરજી સોદાગર, જગડુશા દાતાર અજબ-ગજબની માનવતા સેવા અને શકિતના સાધક મેકણદાદા, કચ્છની ઔદ્યોગિક પ્રવૃત્તિનો પિતામહ રામસિંહ માલમ અને એવા અનેક માનવોએ એ સમયખંડનાં દોઢેક સદીને પોતાનાં તેજથી ભરી દીધી છે !



સહજાનંદ સ્વામી

સ્વામીનારાયણ સંપ્રદાયનો ઉદય

સ્વામીનારાયણ સંપ્રદાયનો આરંભ પણ સહજાનંદસ્વામીનાં આ અરસામાં કચ્છમાં આગમનથી થાય છે. કચ્છનો સર્વેસર્વા સિપાહસાલાર જમાદાર ફત્તેહમહમદ પણ અશ્વ પરથી ઉતરીને જેમનો ચરણ સ્પર્શ કરીને ધન્ય થાય એવા આ મહાપુરૂષના પ્રતાપે કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આરંભાઇને આ વૈષ્ણવ વિચારધારાનો આધ્યાત્મિક પ્રકાશ હવે વિશ્વભરમાં પ્રસરી ચૂકયો છે અને એ સંપ્રદાયે કચ્છના કણબીઓ અને અન્યોનું સામાજિક, આર્થિક અને આધ્યત્મિક સહિત સર્વ સ્તરે આમૂલ પરિવર્તન કરીને તેમને શ્રમ, સાહસ અને શ્રીનાં સદ્ભાગી સંતાનો તરીકે એક વિશિષ્ટ જીવનદ્રષ્ટિ બક્ષી છે !

કચ્છમાં યુરોપની ઘટનાઓના પડઘા ?

કચ્છની રાજયક્રાંતિ અને ફ્રાન્સની રાજ્યક્રાંતિ વચ્ચે અણદેખ્યો પ્રસંગ સામ્યનો, દ્રષ્ટિસામ્યનો સેતુ હોય એમ ઘડીભર લાગે છે. કચ્છે જેમ ભારતના ઇતિહાસની તેજછાયાઓને તેના શાસન પલ્ટાઓને, ગુજરાત અને સિંધની રાજસત્તાઓના બદલતા પ્રવાહોને પોતાનાં સુદીર્ઘ તવારીખી સમયખંડની આરસીમાં ઝીલ્યા, તેમ સ્વાતંત્ર્ય માટેની ઝંખના, તાનાશાહી સામેની ઉગ્ર લોકલાગણી, ધર્માન્ધતા અને કટ્ટરવાદ તરફની નફરતનાં પ્રદર્શનોના જે ઉન્મેષો કચ્છના ઇતિહાસમાં નોંધાયા છે એમાં યુરોપની સંસ્કૃતિ અને વિચારની યુરોપના ઇતિહાસના અને આર્થિક ઉપક્રમોની છાયાઓ ઝીલમીલતી મને લાગે છે ! આ શકય કદાચ એટલે બન્યું કે કચ્છના ૩૫૨ કિલોમીટરના સાગરકાંઠેથી વિદેશ સાથેનો જહાજી વ્યવહાર પણ સદીઓથી વિકસ્યો. છેક મોગલ બાદશાહ જહાંગીરના કાળમાં જ્યારે ઇંન્ગ્લેન્ડના રાજાના એલચી સર ટોમસ રોએ દિલ્હીમાં શાંહી તખ્ત સમક્ષ ભારત સાથે વૈશ્વિક વ્યાપારીકરણની દાદી જેવી સૂરતમાં કોઠી નાખવાની દરખાસ્ત કરી અને જહાંગીરે તે સ્વીકારી તે કાળે એટલે ઇ. સ. ૧૬૧૭માં રાવશ્રી ભારમલજીના સમયમાં પણ કચ્છનું મુગલ સમ્રાટે એક દરિયાઇ સત્તા તરીકેનું મહત્ત્વ સ્વીકાર્યું હતું અને પછીથી વિકસતું ગયેલું કચ્છનું સાગરી વ્યાપારનું ક્ષેત્ર કચ્છના માલમો, નાખુદાઓ, ખારવાઓ, ખલાસીઓ, ભાટીઆ અને લુહાણા વ્યાપારીઓ સાહસિકો અને શૂરવીરો માટે ભારતની દરિયાઇ સરહદોના અનેકાનેક આફ્રિકન, એશિયાઇ અને યોરપીય દેશોનાં બંદરોના દરવાજા સતત અને અવિરત ખોલતું રહ્યું. કચ્છના અને કચ્છીઓના વિદેશ સંબંધો અને વિદેશ વ્યાપારનો વિષય સ્વતંત્ર સંશોધન અને અભ્યાસને પાત્ર છે. પણ એને પરિણામે કચ્છના ઇતિહાસે યુરોપીય વિચારો અને પ્રસંગોની પરોક્ષ અસરોને આત્મસાત કરી હોય તો એ અશકય નથી.

રા રાયધણ, ભાઇજી બાવા, ફરી રા'રાયધણ ભારમલજી બીજા, દેશળજી બીજા, પ્રાગમલજી ત્રીજા, ખેંગારજી ત્રીજા, વિજયરાજજી અને મદનસિંહજીમાં કચ્છનો જાડેજા વંશનો શાસનકાળ ૧૯૪૮માં સમાપ્ત થાય છે.

કચ્છમાં અંગ્રેજ સત્તાનો પગદંડો

ઇ. સ. ૧૮૧૩માં રા 'રાયધણ અને જમાદાર ફત્તેહમહમદ બન્ને માત્ર પચીસ દિવસના તફાવતે ફાની દુનિયાંને તજી ગયા અને અનુગામી રાવશ્રી ભારમલજીનાં સાતેક વર્ષનાં શાસનમાં કચ્છે પોતાની સત્તા પર યુનિયન જેકનાં બ્રિટિશ હિન્દની સત્તાને હામી થતી જોઇ. કેપ્ટન મેકમર્ડોએ કચ્છના શાસન પર બ્રિટિશરોની આગવી રીત મુજબની ધાક જમાવી. કચ્છના ભાયાતી જાગીરદારો અને કચ્છના રાજવી બન્ને પાસે પોતાનાં એટલે અંગ્રેજોનાં સાર્વભૌમત્વનો સ્વીકાર કરાવ્યો. આ સમયમાનું એક બળવાન વ્યકિતત્વ હતું દિવાન લક્ષ્મીદાસ કામદારનું. એની મુત્સદીગીરીને અંજલિ આપીને આપણે દેશળજીના રાજ્યઅમલથી વર્તમાન ઇતિહાસના પાયા પડતા જોઇ શકીએ. ઇ. સ. ૧૮૧૯ની સંધિ દ્વારા કંપની સરકારે કચ્છના રાજવીની સ્વતંત્રતાને મર્યાદિત કરી, રાવશ્રી ભારમલજીને પદચ્યુત કર્યા, દેશળજીને ગાદીએ બેસાડયા, કચ્છમાં બ્રિટિશ સૈન્ય મૂકયું, કચ્છનાં બંદરો બ્રિટિશ ઉપયોગ માટે ખુલ્લાં કરાવ્યાં, ક્ષત્રિયોમાં નવજાત શિશુ કન્યાઓને દૂધ પીતી કરવાના જામલાખાથી પ્રારંભાયેલા રિવાજને બંધ કરાવ્યો. જાડેજા ભાયાતો અને જાગીરદારોને ઘણા અંશે અલગ શાસન અધિકાર આપ્યો અને તેમની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિનો કચ્છને પણ સુપેરે પરિચય કરાવ્યો. ભારમલજીને ગાદીત્યાગ કરાવ્યા પછી બાલરાજા દેશળજીનાં નામથી રાજ વહીવટ ચલાવવા નીમાયલી રીજન્સી કાઉન્સીલનું પ્રમુખપદ બ્રિટીશ રેસીડન્ટે સંભાળ્યું. કચ્છમાં ગૌહત્યા અને મોરની હત્યા પર પ્રતિબંધ મૂકાયો.

કચ્છના વ્યાપારની, સમુદ્ર વ્યવહારની, ઉદ્યોગોની અને ખેતીના વિકાસની ગતિ બ્રિટિશરોની દખલને પરિણામે અવરોધાઇ અને પછીના સમયમાં કચ્છના રાજ વહીવટમાં પદ્ધતિ અને બંધારણ જરૂર આવ્યાં, દેશળજીએ માત્ર ૧૮ વર્ષની વયે જ અધિકાર સ્વીકારીને ન્યાયની આગવી પરંપરા વિકસાવી. આફ્રિકા સાથેના વિશેષતઃ ઝાંઝીબાર સાથેનો વ્યાપાર વિકસ્યો. પણ કચ્છની મધ્યસ્થ રાજસત્તા તરીકે મહારાવના અધિકારો પર મર્યાદા મૂકાઇ અને ધીમે ધીમે લખપતજી અને ગોડજીના સમયથી શરૂ થયેલી કચ્છનાં ઔદ્યોગિકરણની હવા બંધ થઇને કચ્છની નીતિઓ બ્રિટીશ ગમા-અણગમાને નજર સમક્ષ રાખીને ઘડાતી થઇ.

કચ્છને આધુનિકતાનો સ્પર્શ

દેશળજી પછી પ્રાગમલજી બીજાએ અખત્યાર સંભાળ્યો ત્યારપછી કચ્છમાં રાજય તરફથી શિક્ષણની પ્રથા શરૂ થઇ. કચ્છના દિવાની અને ફોજદારી કાયદાઓ બનાવાયા

> **કેપ્ટન મેકમર્ડોએ કચ્છના શાસન પર બ્રિટીશરોની આગવી રીત મુજબ ધાક જમાવી**

અને એ રીતે ઇ. સ. ૧૮૬૦ પછીનો એમનો શાસનકાળ ઇ. સ. ૧૮૭૫માં સમાપ્ત થયો ત્યાં લગીમાં કચ્છને આધુનિકતાનો સ્પર્શ એમણે બિન કચ્છી દિવાન તરીકે દિવાનબહાદુર કૃષ્ણાજી તુલકર, પોલીસ કમિશ્નર તરીકે નીમાયેલા પાંડુરંગ શિવરામ અને ન્યાયાધીશ તરીકે કચ્છમાં પ્રથમ અખત્યાર સંભાળનાર શ્રી વિનાયકરાવ ભાગવતને મૂકીને કરાવ્યો. અત્યાર લગી કચ્છના દિવાનો મુખ્યત્વે કચ્છીઓ જ થતા એ પ્રણાલિકા બંધ પડી અને બ્રિટિશ સલાહ મુજબ કચ્છનું રાજયશાસન ચલાવવાનું શરૂ થયું. આ છતાં કચ્છના મહારાવનાં સ્થાન અને પ્રતિષ્ઠા, તેના અધિકારો માટે તેમણે ભૂતકાળની સંધિઓએ ભાયાતોને આપેલા વિશેષાધિકારો સામે છેક બ્રિટિશ કેબિનેટ સમક્ષ લડીને પોતાના સ્વતંત્ર મિજાજનો પરચો આપ્યો. પ્રાગમલજીનો સમય એટલે કચ્છને આધુનિકતાના રંગની છાયાઓમાં હાઇસ્કૂલ મારફત, પુસ્તકાલયો મારફત પ્રાગમહેલ જેવા ગોથિક અને ઇટાલિયન તરાહના મહેલ, બંદરી પોલીસ વ્યવસ્થાના પ્રારંભ મારફત. ખનિજ અંગેના ખાસ ખાતાની અને જંગલ સંરક્ષણ માટેના ખાસ અધિકારીઓની નિમણૂકો મારફત રંગવાનો નિષ્ઠાવંત પ્રયાસ કર્યો. કચ્છમાં સૌથી પહેલી ભુજ મ્યુનિસિપાલિટીની સ્થાપના પણ એમના જ સમયમાં થઇ. યુદ્ધમાં સહાય માટે કચ્છની સરહદ પાર જવાનો કચ્છના રાજવીઓને સુદૂર અતિતમાં આપણે જતાં જોવાનો વારંવારનો અનુભવ જરૂર હતો પણ આધુનિક રાજકારણના પ્રારંભ જેવી યાત્રાનો પ્રાગમલજીએ બ્રિટીશ યુવરાજનાં સ્વાગત માટે ઇ. સ. ૧૮૭૬માં મુંબઇની મુલાકાતે જઇને કરી.

ખેંગારજી ત્રીજા અને સ્વાતંત્ર્યના સ્પંદનો

પ્રાગમલજી પછી કચ્છમાં સુદીર્ઘ સમયખંડ માટેનું શાસન કર્યું સર ખેંગારજીએ.

એમના સમયમાં એટલે ઇ. સ. ૧૮૭૬થી પ્રારંભાયેલા એક વિશાળ સમયખંડમાં ભારતમાં રાજકીય સ્વતંત્રતા માટેની પ્રજાકીય ઝંખનાનાં પ્રતિબિંબ કચ્છે પણ ઝીલ્યાં. કચ્છ પ્રજામંડળ, કચ્છી પ્રજાકીય પરિષદ જેવાં પ્રજાકીય આંદોલનોએ તેમના જ સમયમાં આકાર લીધો અને પ્રારંભમાં કચ્છ બહાર મુંબઇના રાજકીય રીતે ધમધમતાં વાતાવરણમાં યોજાયેલાં છેલ્લા ૧૯૨૬માં સ્વ. શૂરજી વલ્લભદાસનાં પ્રમુખપદ નીચેનાં અધિવેશન પછી. ૧૯૨૭માં માંડવી ખાતે શ્રી લક્ષ્મીદાસ રવજી તેરશી. ૧૯૩૦માં અંજાર ખાતે જનાબ યાકુબ હુસેન, ૧૯૩૪માં શ્રી મૂળરાજ કરસનદાસ, ૧૯૩૭માં શ્રી બિહારીલાલ નારાણજી અંતાણી, મુંદ્રા ખાતે બિરાદર યુસુફ મેહરઅલી, ભુજ અને કોડાય ખાતે શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાનાં પ્રમુખપદે અનુક્રમે ૧૯૪૫ અને ૧૯૪૮માં અધિવેશનો યોજાયાં, ૧૯૩૮માં કચ્છમાં નવજવાન કાર્યકર સંઘ નામથી એક લડાયક મિજાજના રાજકીય સંગઠનનોય જન્મ નોંધાયો.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપેલી પરંપરા પ્રમાણે પરિષદનાં અધિવેશનમાં પ્રજા જીવન અંગે રાજ્ય સમક્ષ વિવિધ માગણીઓ રજૂ કરતા ઠરાવો કરવામાં આવતા.

એ દિવસોમાં જવાહરલાલના નેતૃત્વ નીચે દેશી રાજ્યોમાં સ્વાતંત્ર્યને આનુસાંગિક વિચારધારાના વિસ્તાર અને પ્રસાર માટે સ્ટેટસ પીપલ્સ કોન્ફરન્સ તરફથી કરાતી પ્રવૃત્તિઓનાં અનુસંધાન જેવી આ પ્રજાકીય જાગૃતિ માટેની પ્રવૃત્તિ હતી.

યુસુફ મહેરઅલીનું યશસ્વી નેતૃત્વ

આમ છતાં આ પ્રજાકીય ચેતનાની જાગૃતિ માટેના પ્રયાસોમાં ધારદાર નેતૃત્વ પૂરૂં પાડવાનો યશ તો બિ. યુસુફ મહેરઅલીને જ જાય છે. સમાજવાદી વિચારસરણીને વરેલા આજન્મ અપરિણીત અને અભ્યાસુ વ્યક્તિત્વ ધરાવતા યુસુફ મહેરઅલીએ કચ્છના ગામેગામ જવાબદાર રાજતંત્ર માટેની પ્રજાની માગણીને ગાજતી કરી એટલું જ નહિ પણ સર ખેંગારજીની સરકારની સામે સીધા પગલાં અને સત્યાગ્રહનો પડકાર પણ ફેંકયો. ૧૯૩૮નો એ સમય કચ્છની લોકજાગૃતિના ઇતિહાસનો અજબગજબના ઉત્સાહનો સમય હતો. એ સમયની હવા અને જુસ્સાનો કેફ કચ્છના જે જુવાનોએ

> **કચ્છ ભારત સંઘમાં જોડાયો ત્યારે સરદાર વલ્લભભાઇએ સૂચક રીતે કહેલું કે બસ્સો વર્ષ પહેલાંનો સમાજ જોવો હોય તો કચ્છમાં છે જેને આધુનિકતાની હવા લાગી નથી**

માણ્યો, એ રંગ કદીયે ફિક્કો પડયો નથી એવું હું સ્વાનુભવે પણ કહી શકું ! ગાંધીજીએ સત્યાગ્રહ ન કરવાનો આદેશ આપતાં લોકંજાગૃતિના ઉત્સાહના પારાવારમાં આવેલી ભરતીને પરાણે સમેટવી પડી છતાં, કચ્છનાં મહારાવશ્રી ખેંગારજીના શાસને અન્ય દેશી રજવાડાંઓમાં આ પ્રકારની પ્રજાકીય ચળવળોને અપાતા સત્તાના હુંકારના પ્રતીક સમા પ્રત્યુત્તરની સરખામણીએ કચ્છના રાજવીઓની પ્રણાલિકાઓને અનુરૂપ ઘણો હળવો પ્રતિસાદ આપ્યો એમ મારી માન્યતા છે !

લોકજાગૃતિ માટેની લડતમાં આપખુદ અને અવિવેકી રાજસત્તાનો પ્રતિસાદ કેવો હોય એ જોવા માટે આંજ અરસામાં રાજકોટ ખાતે ખુદ મહાત્મા ગાંધીજી પર રાજકોટના શાસક સ્વ. ધર્મેન્દ્રસિંહજી અને દિવાન વીરાવાળાએ વરસાવેલા જુલ્મની કહાણીઓ અભ્યાસીઓએ જોઇ જવા જેવી છે.

રાજકુટુંબ અને કચ્છની પ્રજા વચ્ચેનો સંબંધ સ્વ. કાન્તિપ્રસાદ અંતાણી, સ્વ. બિહારીલાલ નારાણજીના શબ્દોમાં 'છોરૂ માવતર'નો રહ્યો છે. એ નોંધપાત્ર ગણાવું જોઇએ.

પર્યાવરણ માટે અપૂર્વ જાગૃતિ

પરિષદના અધિવેશનમાં પણ કચ્છના મહારાવશ્રી તરફની વફાદારીનો ઠરાવ કરવાની પ્રારંભમાં પ્રથા હતી. કચ્છના આ સુદીર્ઘ શાસનકાળ ધરાવતા રાજવી સર ખેંગારજીએ ઇ. સ. ૧૮૭૬થી પ્રારંભીને છેક ૧૯૪૨ પર્યન્ત કચ્છમાં એકચક્રી શાસન કર્યું તે દરમ્યાન કચ્છના જાગીરદારોના અધિકારો પ્રમાણે ૧૩૯ જેટલા આ ભાયાતોને ચાર વર્ગમાં સત્તાની ઓછીવત્તી ફાળવણીનાં ધોરણે માન્યતા આપવામાં આવી. સંપૂર્ણ કચ્છમાં વૃક્ષોનું છેદન બંધ કરીને ઘાસ સુદ્ધાં કાપવાની મનાઇ ધરાવતા રક્ષિત જંગલ વિસ્તારોને રખાલ તરીકે વિકસાવાયા.


યુસુફ મહેરઅલી

પર્યાવરણની દ્રષ્ટિએ સર ખેંગારજીનું આ પગલું સામે દેખી શકાય ને માત્ર આજને આજ જેને લૂંટીને ખિસ્સાં ભરી શકાય તેવી કહેવાતી પ્રગતિ અને વિકાસની પ્રક્રિયાના ચાહકોને અણગમતું હોવા છતાં, એ સમયે સ્વ. રસિકલાલ જોશી અને ગોપાલજી શિણાઇ અને પ્રાણલાલ શાહ જેવા યુવાનોએ તે સમયે રખાલ સત્યાગ્રહના નામે રાજ્ય સામે જંગ છેડયા છતાં, આજે એ સમયની સુદૂર વર્તમાનની નજરે એને જોતાં મને લાગે છે કે અત્યંત ધીમે પગલે પ્રસિદ્ધિની પરવા વગર કચ્છને અવિકસિત રાખવા માટેના સમજૂતીપૂર્વકના પ્રયાસો કરવાનો આરોપ સહન કરીને પણ સર ખેંગારજીએ કચ્છમાં પાશ્ચાત્ય, સંસ્કૃતિ અને Quickgains તાત્કાલિક નફા અને ફાયદાની આજની ચાર્વાક જેવી ફિલસૂફીથી મુક્ત પોતાની આગવી રફતારથી જ શાસન ચલાવીને રાજ્ય કરવાનું મુનાસીબ માનવામાં એમણે અન્યોની નજરે કરી હશે, પણ મારી દ્રષ્ટિએ ભૂલ નથી કરી ! મારૂં આ વિધાન બેશક ચર્ચાસ્પદ છે અને કદાચ એ મારા જીવન અંગેના વિચારોથી પૂર્વગ્રહિત પણ હશે.

આ છતાં કચ્છનાં વિશિષ્ટ ભૌગોલિક સ્થાન પશ્ચિમની અસરો અને બ્રિટીશ આર્થિક વ્યૂહરચનાઓ અંગેની સભાનતાએ મહારાવશ્રી ખેંગારજીને કચ્છની સમય સાથેની વિકાસ યાત્રાની ગતિને મર્યાદિત રાખવા પ્રેર્યા હોય તો એનું આશ્ચર્ય નથી.

કચ્છ ભારત સંઘમાં જોડાયો ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે કચ્છને અનુલક્ષીને કહ્યું હતું કે બસો વર્ષ પહેલાંનો સમાજ જોવો હોય તો એ અહીં છે કચ્છમાં. જેને આધુનિક દુનિયાની કોઇ હવા લાગી નથી.

સર ખેંગારજી : વર્તમાન વ્યવસ્થા સાથે અછડતી સરખામણી

સરદાર સાચા હતા. ગાંધીજીએ ઇ. સ. ૧૯૨૫માં કચ્છના પ્રવાસ પછી નવજીવનમાં લખ્યું કે મોટર જઇ શકે તેવા રસ્તા કચ્છમાં થોડા જ છે. રેલ તો તેથી પણ થોડી. બાકી બધા ગામડાઓ જ અને તે પણ વિકટ ! આ પરિસ્થિતિ માટે કચ્છની તે વખતની તિજોરીનો ય વિચાર કરવો જોઇએ. આજે વિકાસ કામોને નામે પ્રત્યેક વરસે રાજ્ય સરકારો, કોર્પોરેશનો, પંચાયતો અને નગરપાલિકાઓ જે નવા ને નવા કરવેરા ઝીકે રાખે છે અને ''રાજ દરબારોના ખૂની ભભકા'' તરીકે વગોવાયેલા દેશી રજવાડાઓનેય શરમાવે અને તેમને કયાંય પાછળ મૂકી દે તેવા ઐશ આરામ અને ભભકભર્યા દબદબા ભોગવે છે ત્યારે, સમયની સાથે રહેવા માટેની કહેવાતી પ્રગતિનાં Symbol, ચિહનો જેવા રસ્તાઓ. બત્તીઓ અને ઝળહળાટ માટેની લોકોને કેવીક કપરી કિંમત ચૂકવી પડે છે તેની સરખામણી કરીએ તો વિચારવાની ભૂમિકા મળી રહેશે.

એટલે સીમિત સાધનો, નામ માત્રના કરવેરા, ૧૩૯ જેટલા અર્ધસ્વતંત્ર ગેરંટી હોલ્ડર જાગીરદારોમાં વિભાજિત પ્રદેશના આ શાસકે આ છતાં ખેતીને પ્રોત્સાહન આપવાનાં પગલાં ભર્યાં, કંડલા તૂણાથી ભુજ લગી રેલવ બાંધી. કંડલા બંદરનું સ્થળ પસંદ કરવા જાતે ઘોડા અને ઊંટ પર ફરીને કામ કરી કંડલા બંદર આજનાં સ્થળે બાંધ્યું અને કંડલાના બંદર વિસ્તારને મીઠું પાણી વીડી ગામથી મળે તેવું આયોજન ગોઠવ્યું. આ આયોજન આજેય કાર્યરત છે. મહારાવશ્રી ખેંગારજીએ ૧૯૩૦માં આ ગોઠવ્યું

ત્યારપછી આજે લગભગ ૬૫ વર્ષનો સમય વીતી ગયો છે અને આજ લગી કરોડો નહિ અબજો રૂપિયા કચ્છની પ્રજાએ કરવેરા પેટે ભરીને જે મેળવ્યું છે તેનો તુલનાત્મક અભ્યાસ કરીએ.

માત્ર પહેલી પંચવર્ષીય યોજનામાં ૧૯૫૬ સુધીમાં પ્રજાકીય શાસનનાં પહેલાં આઠ વર્ષમાં કચ્છની વિકાસકૂચ પાછળ મંજૂર કરાયેલા રૂા. ૩,૨૪,૭૮૦૦૦માંથી રૂા. ૨,૮૬,૭૦૦૦૦ ખંર્ચાયા ! અને તે પછીના આંકડાઓનો જુમલો અબજોને આંબી જાય છે અને પ્રાપ્તિમાં છે છાશવારે તૂટી જતા બંધો, વરસાદે વરસાદે તૂટી જતા પુલીયાઓ, નવાને નવા બંધાયેલા સરકાર હસ્તકના બાંધકામોનાં ગળતાં ધાબાં, ખવાઇ જતી દિવાલો અને તડતડતાં પ્લાસ્ટર, માટી પર લીપણ જેવા નામના પણ સદાય ખખડધજ માર્ગો. પાંચ પાંચ લાખ વર્ષ લગી કચ્છના ભૂતળમાં પ્રકૃતિએ ભૂગર્ભ જળસરિતાઓએ, ૧૯૫૦ પર્યંત કચ્છના લગભગ વ્યવસ્થિત વર્ષાચક્રએ આપેલી વર્ષાએ ભરેલા જળ ભંડારોને ૫૦ વર્ષમાં ઉલેચીને સરજેલી સતત અર્ધ દુષ્કાળ કે દુષ્કાળની દાહક અને સદાય રાજ્ય સામે હાથ જોડીને ઊભા રહેવા જેવી હાલત !

ઇતિહાસનું તટસ્થ મૂલ્યાંકન જરૂરી

જે પ્રાપ્ત થયું છે, જે રચાયું છે, જેને પ્રગતિ અને વિકાસનાં સીમાચિહનો તરીકે ઓળખીએ છીએ તેની કિંમત આંકીને એના લાભાલાભોનો વિચાર કરીનેય ઇતિહાસને જોવાનો સમય હવે પ્રાપ્ત છે એવું મારૂં નાચીઝ મંતવ્ય છે ! એનો અર્થ બિલકુલ એ નથી કે મહારાવશ્રી ખેંગારજીનું શાસન આદર્શ હતું એમની ગતિ યોગ્ય હતી અને એમનો અભિગમ હમેશાં જ ભૂલ વિનાનો હતો.



મહારાવશ્રી વિજયરાજજી

આ છતાં એમના સમયકાળમાં એમના સમયની આર્થિક અને શાસકીય મર્યાદામાં જે કંઇ થયું છે એનું તટસ્થ અને પૂર્વગ્રહરહિત મૂલ્યાંકન કરવું અનિવાર્ય છે, ઇતિહાસના અભ્યાસ માટે અને સંબદ્ધ શાસકોને ન્યાય આપવા માટે.

કચ્છનાં તેમના શાસનની એક સિદ્ધિ પર્યાવરણનું પદ્ધતિસરનું જતન હતી અને પરિણામે ૧૯૦૧ થી ૧૯૫૦ લગીનાં પચાસ વર્ષોમાં સંપૂર્ણ અનાવૃષ્ટિનું વર્ષ એક પણ નહતું ! ૧૦૦ મિલિમિટર સુધીના વરસાદનાં વર્ષ ચાર, ૧૦૦ થી ૨૦૦નાં વર્ષ સાત, ૨૦૦ થી ૩૦૦નાં વર્ષ ૧૧, ૩૦૦ થી ૪૦૦ એમના વર્ષ ૧૩, ૪૦૦ થી ૫૦૦ મિલિમિટરની વર્ષાના વર્ષ ૯, ૫૦૦ થી ૬૦૦નાં બે, ૬૦૦ થી ૭૦૦નાં બે અને ૮૦૧ થી ૯૦૦ મિલિમિટર વરસાદનાં વર્ષો ૨ હતાં. આ પરિસ્થિતિની કલ્પનાં સરદારને પણ નહોતી અને ગાંધીનેય નહોતી ! વિકાસની પ્રક્રિયાની ગતિનાં આનુસાંગિક પરિણામ-માંથી નિપજતી તરસ અને પાણીના ખૂટતા જળભંડારોનું નવીની-કરણ કરવા માટે કૂવાઓના રિચાર્જીંગ માટેના સ્તુત્ય પણ પાયામાંથી હાંફળા ફાંફળા પ્રયાસો અને સતત પડતા દુષ્કાળોની વર્તમાન પુષ્ઠભૂમિમાં ધીમી ગતિએ ધબકતાં જીવન અને ત્વરિત ગતિએ ધસીને આત્મઘાત કરવા વચ્ચે જો પસંદગી કરવાની હોય તો એ પસંદગી જીવનની જ થાય, વિકાસના નામે કે આપઘાત તરફ અનિયંત્રિત ગતિની તો નહિ જ.

આજે ભારત સરકાર ગાંધીજીની વિચારસરણીની ધીમી ગતિની સમયકૂચને ભૂલીને જે ત્વરિત ગતિએ દેશની સંસ્કૃતિ આર્થિક સદ્ધરતા અને સામાજિક વ્યવસ્થામાં ભૂકંપ સર્જી રહી છે એનુંય મૂલ્યાંકન કરવા માટે ગાંધીજીનાં ગ્રામ સ્વરાજ્યની કલ્પનાના ભારતનું વિકાસ માટેનું આયોજન અને સર ખેંગારજીની ધીમી અને રૂઢિચુસ્ત વિચારસરણી અનુરૂપ શાસનશૈલી આપણને પર્યાપ્ત ભૂમિકા પૂરી પાડી શકે તેમ છે. આજે નહિ આગામી સદીમાં અભ્યાસીઓ કહેશે કે ૧૯૮૫ પછી ભારતે ભૂલ કરી હતી.

લોકશાહીની સ્થાપના પછીનો ઘટનાક્રમ



મહારાવશ્રી મદનસિંહજી

સર ખેંગારજીના અવસાન થયા પછી કચ્છાધિપતિ બનેલા મહારાવશ્રી વિજય-રાજજી અને મદનસિંહજીના ટૂંકા શાસનકાળમાં જાડેજા રાજવંશનું શાસન સમાપ્ત થયું. કચ્છને ભારતમાં સંઘરાજ્યમાં ૧૯૪૮માં વિલીન કરાયું. એ પછી એને ક રાજ્યનો દરજ્જો અપાયો અને ચીફ કમિશ્નરનું શાસન થયું. પ્રજાકીય પ્રતિનિધિઓ તરીકે સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજી, સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, સ્વ. પ્રેમજી ભવાનજી, સ્વ. કૃષ્ણદાસ પંજુવાણી, સ્વ. કાન્તિપ્રસાદ અંતાણી, સ્વ. ખીમજી માંડણ ભુજપુરિયા અને સ્વ. રણછોડભાઇ નાથાભાઇ તેમના સલાહકારો નિયુક્ત થયા. ૧૯૫૨માં કચ્છમાં ચીફ કમિશ્નરના એડવાઇઝર તરીકે શ્રી પ્રેમજીભાઇ ભવાનજી અને શ્રી જમિયતરાય વૈદ્ય નીમાયા જેમણે ૧૯૫૬ લગી સત્તા ભોગવી.

૧૯૫૨માં કચ્છે લોકસભામાં સ્વ. ભવાનજી અરજણ ખીમજીને પશ્ચિમ કચ્છમાંથી અને સ્વ. ગુલાબશંકર ધોળકિયાને પૂર્વ કચ્છમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટીને

પર્યાવરણનું પદ્ધતિસરનું જતન એ રા' ખેંગારજીના શાસનની સિદ્ધિ હતી તે મુદ્દો આજના સંદર્ભે વિચારવા જેવો છે

મોકલ્યા ત્યારે મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના એક મંત્રી તરીકે એની વ્યવસ્થામાં સહભાગી થવાનું માન મનેય પ્રાપ્ત થયું હતું. સ્વ. કે. ટી. શાહ અને સ્વ. પ્રેમજી રાઘવજીએ ત્યારે કોંગ્રેસના વિરોધ પક્ષે રહીને પ્રથમ સામાન્ય ચૂંટણીમાં પણ લડત આપીને લોકશાહીની ઉજ્જવલ પરંપરાનો કચ્છમાં પાયો નાખ્યો હતો. ૧૯૫૬માં કચ્છને મહાદ્વિભાષી મુંબઇ રાજ્યમાં વિસર્જિત કરવામાં આવ્યું અને ૧૯૬૦ની ૧લી મેએ મહાગુજરાતનાં સ્વપ્નની ફલશ્રુતિસમા ગુજરાત રાજ્યના એક ભાગ તરીકે કચ્છનો વધુ એક અવતાર થયો.

ત્યારથી આજલગીનો ઇતિહાસ આપણી સામે છે

કચ્છના અંતિમ શાસક મ. શ્રી મદનસિંહજી જવાહરલાલ નહેરૂના નેતૃત્વ નીચે પાંગરતી વિદેશ નીતિના એક સારથી જેવા ભારતના નોર્વે ખાતેના એલચી બનીને કચ્છના રાજવી કુટુંબને દેશની લોકશાહી વ્યવસ્થામાં પ્રતીક રીતે સમ્મિલિત કરી રહ્યા. રાજકુટુંબના અન્ય સભ્ય અને તેમના બંધુ મ. કુ. શ્રી હિંમતસિંહજી સ્વતંત્ર પક્ષના ઉપક્રમે ૧૯૬૨માં લોકસભામાં કચ્છના પ્રતિનિધિ તરીકે ગયા. ૧૯૭૧માં કચ્છના રાજકુટુંબના તે સમયના પાટવી શ્રી પૃથ્વીરાજજી તે હાલના પ્રાગમલજી બીજા લોકસભા માટે ઇંદિરા કોંગ્રેસના ઉમેદવાર અને ગુજરાતમાં ઇન્દિરા કોંગ્રેસના સ્થાપકોમાંના એક અગ્રણી અને કચ્છની અસ્મિતાના ધ્વજધારી ડૉ. મહિપતરાય મહેતા સામે લડયા અને હાર્યા.

કચ્છમાં લોકસભામાં આજ સુધી જનારા અગ્રણીઓમાં સ્વ. ભવાનજી અરજણ ખીમજી, સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, મ. કુ. શ્રી હિંમતસિંહજી, ટી. એમ. શેઠ, ડૉ. મહિપતરાય મહેતા, શ્રી અનંતભાઇ દવે, શ્રી બાબુલાલ મેઘજી શાહ,


ઉષાબેન ઠક્કર અને શ્રી હરિલાલ નાનજી પટેલનાં નામો આવે છે ! મ. હિંમતસિંહજી સ્વતંત્ર પક્ષ તરફથી અને શ્રી અનંત દવે જનતા મોરચાના જનસંઘના ઘટક તરફથી લડયા અને જીત્યા, શ્રી બાબુભાઇ ભાજપના ઉપક્રમે જીત્યા, અન્ય સૌ કોંગ્રેસના પ્રતિનિધિઓ રહ્યા.

પક્ષ પરિવર્તન : બૌદ્ધિક મનોમંથનનું પ્રતીક ?

કચ્છે જેમ વિશ્વના અને વિશેષતઃ યુરોપના ઈતિહાસ પ્રવાહોને પરોક્ષપણે અને ક્યારેક પ્રત્યક્ષ પણ ઝીલ્યા છે તેમ દેશની રાજકીય વિચારવલોણાંની ઘમઘમાટીનેય હંમેશાં જ આત્મસાત કરી છે. છેક જવાહરલાલજીના સમયમાં ચક્રવર્તી રાજગોપાલાચારીએ કોંગ્રેસની આર્થિક નીતિઓ સામે ખુલ્લી અને મુકત બજારની અર્થનીતિના મુદ્દે જુદા પડીને સ્વતંત્ર પક્ષ સ્થાપ્યો. આ પક્ષને કચ્છમાં જે પ્રતિભાવ મળ્યો એ અપ્રતિમ છે એટલા માટે કે કચ્છે ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીમાં વિધાનસભાની તમામ બેઠકો અને લોકસભા તેમજ રાજ્યસભામાં સ્વતંત્ર પક્ષના ઉમેદવારોને ચૂંટી મોકલ્યા ! આ પ્રતિભાવની સાથે એક નોંધનીય ઘટના તરીકે આજન્મ ગાંધીવાદી, આજન્મ કોંગ્રેસી એવા સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાએ કોંગ્રેસથી છેડો ફાડી સ્વતંત્ર પક્ષમાં જઈને ધારાસભાની ચૂંટણી લડયાને વિજયી બન્યા. એ કચ્છના ઈતિહાસમાં નોંધાયેલો સર્વપ્રથમ પક્ષ પરિવર્તનનો બનાવ જે દેશમાં થતાં વૈચારિક અને બૌદ્ધિક મનોમંથનનું એક પ્રતિબિંબ હતું !

રાજકીય અવમૂલનની પ્રક્રિયાનો આરંભ

કચ્છના રાજકીય ઈતિહાસની ગતિ અને એની વિધિની વક્રતાય ઘડીભર વિચિત્ર લાગે છે ! કચ્છમાં એક કહેવત છે ! 'કડેં મન માકુડી ને કડેં કેસર સીં' ક્યારેક કીડી અને ક્યારેક વળી કેસરી વનરાજની જેમ કચ્છનું ભાગ્ય પણ પલટાતું લાગે ! એક વખતનું અર્ધસ્વતંત્ર રાજ્ય, ભારતસંઘમાં કેન્દ્રશાષિત રાજ્ય બને, પ્રેમજી ભવાનજી ઠક્કર અને જમીયતરાય ગુલાબશંકર વૈદ્ય મુખ્ય અને નાયબ મુખ્યમંત્રી જેવી સત્તા ભોગવે



પ્રેમજીભાઈ ઠક્કર

ડૉ. મહિપત મહેતા



અને ચીફ કમિશ્નરના સલાહકારોનો મોભો પ્રાપ્ત કરે અને ૧૯૫૬માં કચ્છ મુંબઈનાં મહાદ્વિભાષી રાજ્યમાં વિલીન થઈને એ મહારાજ્યનો એક સામાન્ય જિલ્લો જ બની જાય અને સ્વ. પ્રેમજી ભવાનજી એ રાજ્યમાં નાયબ પ્રધાનના સ્તરે ઊતરી જાય ! ૧૯૬૦માં ગુજરાત રાજ્ય રચાય ત્યારે પણ એકલા પ્રેમજીભાઈને લેવાય પણ તેય ફરીને નાયબ પ્રધાન તરીકે જ લેવાય ! એ કચ્છનાં સમજપૂર્વકનાં રાજકીય અવમૂલનનો પ્રારંભ હતો. ૧૯૬૦થી કચ્છમાંથી કોંગ્રેસ શાસનમાં આજ પર્યંત ૧૯૬૭માં શ્રી પ્રેમજીભાઈને બાદ કરતાં એકમાત્ર નવીનભાઈ શાસ્ત્રી ૧૯૮૫માં કેબિનેટ પ્રધાન બન્યા ! કોંગ્રેસ પક્ષનાં રાજ્ય પરનાં અબાધિત શાસનમાં કચ્છનો એકડો ધીરે ધીરે નાનો થતો ગયો તે એટલે સુધી કે રાજ્ય સરકારમાં તે દરમ્યાનના બધા જ પ્રધાનો શ્રી રામજી રાઘવજી ઠક્કર અને ખીમજીભાઈ જેસંગ અને છેક હમણાં બાબુભાઈ મેઘજી શાહને નાયબ કક્ષાથી જ સંતોષ માનવો પડયો છે ! કચ્છનાં વિલિનીકરણ પછી એનું શાસનમાં રાજકીય મહત્ત્વ રહ્યું નહિ !

કચ્છના અવમૂલન સામે એકલવીરનો જંગ

કચ્છનાં આ અવમૂલન સામે એક પ્રબળ અને અણથાકયો અવાજ સ્વ. ડો. મહિપતરાય મૂળશંકર મહેતાએ સાંસદ તરીકે ઊઠાવ્યો અને આજીવન એકલવીર બનીને બંધારણની ૩૭૧ (૨) ની કલમ નીચે કચ્છને સ્વાયત્ત વિકાસ બોર્ડ આપવા માટે કેંન્દ્ર અને પોતાનાજ કોંગ્રેસ પક્ષની રાજ્ય સરકારો સાથે સંઘર્ષ કર્યો. ૧૯૭૬માં મુંબઈ ખાતે તેમણે વિશ્વ કચ્છી પરિષદના માધ્યમથી વિશ્વભરમાંથી કચ્છીઓને એક વિશાળ પ્રજાકીય મંચ પર એકઠા કરવાનું ભવ્ય સ્વપ્ન જોયું પણ મહારાષ્ટ્રના ગવર્નર શ્રી અલીયાવર જંગનાં અવસાને એ સ્વપ્ન સાકાર થવાની પળેજ એને વિલાવું પડયું ! આ છતાં કચ્છને સ્વ. ઈંદિરા ગાંધીની સરકારે વિકાસ બોર્ડ આપવાની જાહેરાત કરી પણ પછીથી આવેલી સ્વ. મોરારજી દેસાઈના વડપણ નીચેની કેન્દ્ર સરકારે જનતા મોરચાની બાબુભાઈ જશભાઈના નેતૃત્વ નીચેની રાજ્ય સરકારની માગણીથી એ અંગેનો રાષ્ટ્રપતિનો આદેશ પાછો ખેંચી લીધો ! ડો. મહેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખપદે (કાર્યકારી) નિયુકત થનારા એકમાત્ર રાજપુરૂષ હતા પણ કચ્છની જ આંતરિક ખેંચતાણોને પ્રતાપે તેમને એ પદ છોડવાનો અને પછીથી કોંગ્રેસ છોડીને ગુજરાતમાં રાષ્ટ્રીય કોંગ્રેસ નામે એક પ્રાદેશિક પક્ષ બનાવવાનો ૧૯૮૨માં

> **'૮૫ની ચૂંટણીમાં છમાંથી પાંચ બેઠક કોંગ્રેસે જીતી છતાં એની સરકારમાં સાડાચાર વર્ષ સુધી કચ્છ પ્રતિનિધિત્વ વિહોણું રહ્યું એ ઘટના રાજકીય અવમૂલ્યનની ગવાહી આપે છે**

પ્રસંગ આવ્યો ! આ છતાં આ કચ્છના વરિષ્ઠ મોવડીનો કચ્છનો અવમૂલન સામેનો આક્રોશ તેમના અંતિમ દિનો પર્યંત સતત જલતો જ રહ્યો !

૧૯૭૫માં અપવાદ : અધ્યક્ષપદે કુન્દનભાઈ

હા ! એક અપવાદ ૧૯૭૫માં થયો જ્યારે ગુજરાતમાં સર્વપ્રથમ બિનકોંગ્રેસી શાસન જોયું અને કચ્છને અચાનક વિધાનસભાના અધ્યક્ષપદ જેવું મહત્તમ પદ મળ્યું અને શ્રી કુન્દનલાલ જશવંતલાલ ધોળકીયા ગુજરાત વિધાનસભાના સર્વપ્રથમ કચ્છી સ્પીકર બન્યા ! તે પણ બિનકોંગ્રેસી સરકારને કારણે ! બદલામાં કોંગ્રેસની એકસો દિવસ માટે આવેલી સરકારમાં શ્રી હરિલાલ નાનજી પટેલને માત્ર રાજ્યકક્ષાના પ્રધાન બનાવાયા ! આ વાતનો અનુબંધ કરીએ તો એય સ્વીકારવું પડે કે કચ્છને ભાગે તો માત્ર રાજકીય ભૂકંપ જ મહત્ત્વનું સ્થાન ફાળવી શકે ! લોકશાહી કહેવાતાં રાજકારણમાં આંકડાનું જ શાસન પ્રવર્તે છે એટલે કચ્છને મળે તો માત્ર વ્યકિતગત મહત્ત્વ મળી શકે જેમ નવીનભાઈ શાસ્ત્રીને મળ્યું તેમ ! મારા મતે નવીન શાસ્ત્રી પર હાથણીએ કળશ ઢોળ્યો તેનું કારણ તેમનું અમદાવાદનું વાસ્તવ્ય અને કોંગ્રેસ સર્વોચ્ચની સદાય સન્મુખ ઉપસ્થિત રહી શકવાની ક્ષમતા જ હતું ! અન્યથા અભ્યાસની દ્રષ્ટિએ રામજી રાઘવજી ઠક્કર પણ ધારાશાસ્ત્રી હતા અને સ્થાનિકના અભ્યાસી હતા છતાં ડેપ્યુટીથી વધુ હૈસીયત ગણાઈ નહિ ! એટલે કચ્છને ભાગે જ્યારે કશીક ઉપલબ્ધિ આવે છે ત્યારે હંમેશાં જ બિનકોંગ્રેસી શાસન હોય છે. એ કેવો યોગાનુયોગ ! ૧૯૮૫માંય શ્રી શાસ્ત્રી માત્ર ત્રણેક માસ જ કેબિનેટ પ્રધાન રહ્યા. શ્રી માધવસિંહભાઈએ રાજીનામું આપ્યું અને શ્રી અમરસિંહ ચૌધરીની નવી કોંગ્રેસી સરકારમાં એટલે લગભગ સાડાચાર વર્ષ લગી ગુજરાત સરકારમાં કચ્છને કોઈ જ કક્ષાએ પ્રધાન બનવા યોગ્ય નથી ગણાયું ! એટલું જ નહિ ચોરાસી જેટલાં નિગમોમાં એકના પણ ચેરમેન કે ડિરેકટરો થવાપાત્ર પણ કચ્છના કોંગ્રેસી નેતાઓને ગણવામાં ન આવ્યા !

એ ઉલ્લેખનીય અને આઘાતજનક છે કે ૧૯૮૫ થી ૧૯૮૯ લગી કચ્છની છમાંથી પાંચ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયેલા હતા ! કચ્છના ધારાસભ્યો અને રાજકીય અગ્રણીઓની આવી શરમજનક અવગણના માટે એથી વધારે નઠોર સમયખંડ કોંગ્રેસ શાસનના ગુજરાતના ઈતિહાસમાં પણ હજુ નોંધાયો નથી એ વાત દુઃખદ છે પણ ઈતિહાસના અભ્યાસી તરીકે ઉલ્લેખનીય બને છે ! શ્રી શાસ્ત્રીને પણ ફરીથી બે મહિના માટે માધવસિંહભાઈએ ૧૯૮૯ના અંતમાં અને ૧૯૯૨માં ચીમનભાઈએ કેબિનેટ પ્રધાન બનાવ્યા.

અને ૧૯૯૫માં ચમત્કાર : સુરેશભાઇ મુખ્યમંત્રી

૧૯૯૦માં જનતાદળ- ભાજપનું સંયુકત શાસન આવ્યું સ્વ. ચીમનભાઇ પટેલનાં મુખ્યપ્રધાનપદે શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા ગુજરાતના ઉદ્યોગપ્રધાન બન્યા. કચ્છને કોંગ્રેસી શાસનોમાં નિગમોના ડિરેકટરપદને યોગ્ય પણ માંડ ગણવામાં આવે ત્યારે આ યુતિ સરકારમાં શ્રી નરેન્દ્રસિંહ જાડેજાને રાજ્યનાં ઊન અને ઘેટાં નિગમના સર્વપ્રથમ કચ્છી ચેરમેન બનાવાયા અને પછીથી ડૉ. નીમાબેન ભાવેશ આચાર્યને રાજ્યનાં મહિલા આર્થિક વિકાસ નિગમનાં અધ્યક્ષ બનાવાયાં અને તે બન્ને વિપક્ષી મુખ્યપ્રધાનોનાં શાસનમાં. એ સ્થિતિ પર કળશ તો વળી ત્યારે મૂકાય છે જ્યારે અચાનક સંવત ૨૦૫૧ના અંતભાગમાં ગુજરાતના શાષક પક્ષ ભારતીય જનતાપક્ષમાં એક ભયાનક ધરતીકંપ થાય છે. જે શ્રી કેશુભાઇ પટેલનાં સ્થાને ભાજપના કચ્છના એક જયેષ્ઠ ધારાસભ્ય, રાજપુરૂષ, એવા શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતાને શિરે રાજ્યના મુખ્યમંત્રીપદનો મુકુટ પહેરાવે છે. શ્રી સુરેશચંદ્ર મહેતા એ રીતે ગુજરાતના નાથ બને છે અને કચ્છના રાજકીય ઇતિહાસની રેખા અચાનક નેવું અંશના ખૂણે ઉપર ચડીને ઉચ્ચતમ બિંદુ પર સ્થિર થાય છે ! કચ્છની તવારિખની એ વિરલ અને ઐતિહાસિક ઘટના છે અને કચ્છે તેનાં એવાં ઔચિત્યને અભૂતપૂર્વ ઉમળકા અને આનંદથી ગૌરવભેર અભિવાદિત કર્યું છે.

મહાનુભાવ રાજકીય પ્રતિનિધિઓ


કચ્છના ઇતિહાસને સમયનાં આ ઉચ્ચત્તમ શિખર પર બેઠેલા સુરખાબ તરીકે નિરખતા રહીએ. દરમ્યાન ૧૯૫૬થી આજ પર્યંત કચ્છના જે વ્યકિતવિશેષોને રાજ્ય વિધાનસભામાં ચૂંટાવાની તક મળી છે તેનીય નામાવલિ એક નજરે નિહાળી લઇએ સ્વ. પ્રેમજીભાઇ ભવાનજી ઠક્કર, સ્વ. શ્રીમતી ત્રિલોચનાબેન ઉષાકાન્ત ધોળકિયા, સ્વ. ઝુમખલાલ મહેતા, શ્રી જમિયતરાય ગુલાબશંકર વૈદ્ય, શ્રી કુન્દનલાલ જશવંતલાલ ધોળકિયા, સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, સ્વ. જાદવજી રાઘવજી મોરબિયા, સ્વ. પ્રેમચંદ મોરબિયા, સ્વ. નૌશીર દસ્તૂર, શ્રી વીરજી ભીમજી દાફડા, સ્વ. ડૉ. મહિપતરાય મહેતા, શ્રી મૂળજી પુરૂષોત્તમ ઠક્કર, શ્રી ભૂપેન્દ્રસિંહજી જાડેજા, શ્રી માધવસિંહજી મોકાજી જાડેજા, શ્રી ખીમજી નાગજી પટેલ, શ્રી કનુભા માધુભા જાડેજા, શ્રીમતી નિર્મલાબેન ગજવાણી, શ્રી હરિલાલ નાનજી પટેલ, શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા, શ્રી મહેશભાઇ હરજીવન ઠક્કર, શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહ, પ્રોફેસર નેમજી કેનિયા, શ્રી જયકુમાર સંઘવી, શ્રી ખરાશંકર વિઠલદાસ જોશી, શ્રી મોહનલાલ નેમચંદ શાહ, શ્રી કુમુદિનીબેન પંચોલી, શ્રી નવીનભાઇ શાસ્ત્રી, શ્રી બાબુલાલ મેઘજી શાહ, શ્રી ખીમજીભાઇ જેસંગ, શ્રી મેઘજીભાઇ મોથારીયા, સ્વ. હરિરામભાઇ કોઠારી, શ્રી વાલજીભાઇ દનીચા, શ્રી પરબતભાઇ સોધમ, શ્રી તારાચંદભાઇ છેડા, શ્રી મોહનલાલ નેમચંદ શાહ, શ્રી પુષ્પદાનભાઇ ગઢવી, શ્રી મુકેશભાઇ ઝવેરી અને શ્રીમતી નીમાબેન આચાર્ય !

ભાજપ સરકારના મુખ્યપ્રધાન કચ્છી સપૂત બને એ કચ્છની તવારીખની વિરલ અને ઐતિહાસિક ઘટના છે અને તેને પગલે અપેક્ષાપૂર્તિની નવી આશા જન્મે એ સ્વાભાવિક છે

સ્વ. પ્રેમજી ભવાનજી, શ્રી વીરજી ભીમજી દાફડા, શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી હરિલાલ નાનજી પટેલ, શ્રી મેઘજીભાઇ મોથારીયા, નવીનભાઇ શાસ્ત્રી, કુંદનલાલ ધોળકિયા, પરબતભાઇ સોધમ અને શ્રી ખીમજીભાઇ જેસંગ એક કરતાં વધુ વખત ગુજરાત વિધાનસભામાં ચૂંટાયા. કોંગ્રેસ, સ્વતંત્ર પક્ષ, જનતા મોરચા અને ભાજપ વતી આ મહાનુભાવોએ કચ્છની પ્રજાનું ગુજરાતમાં પ્રતિનિધિત્વ કર્યું છે અને એ રીતે ભારતના રાજકારણના પ્રવાહોને સતત ઝીલી બતાવ્યા છે ! આ લોકપ્રતિનિધિઓ પૈકી શ્રી કુંદનલાલ ધોળકિયાએ 'સમયના સથવારે' ગુજરાતમાં સાંપ્રત સમયના ઇતિહાસને શબ્દબદ્ધ કર્યો છે. જ્યારે શ્રી મહેશભાઇ ઠક્કરે પોતાની કારકિર્દી દરમ્યાનની વિકાસ ગાથાને શબ્દોમાં કંડારી પોતાની બૌદ્ધિક યોગ્યતા પ્રતિષ્ઠિત કરી છે !

બંધારણ સભા અને કચ્છ

ભારતની બંધારણ સભામાં કચ્છનું પ્રતિનિધિત્વ સ્વ. ભવાનજીભાઇ અરજણ ખીમજીએ કર્યું. આ છતાં કચ્છના એક વિખ્યાત સપૂત અને અર્થશાસ્ત્રીના પ્રોફેસર કે.ટી. શાહને મુંબઇએ પોતાના પ્રતિનિધિ તરીકે બંધારણ સભામાં મૂકયા જે નોંધનીય ગણાવું જોઇએ. પ્રોફેસર કે.ટી. શાહે સ્વાતંત્ર્ય પૂર્વે કોંગ્રેસે રચેલાં જવહારલાલનાં વડપણ નીચેના આયોજન પંચમાં તેમણે સભ્ય અને સચિવ તરીકે માતબર વૈચારિક



કુન્દનલાલ ધોળકિયા



સુરેશચંદ્ર મહેતા


હિંમતસભર ફાળો આપ્યો છે. જેનીય નોંધ લેવી યોગ્ય છે. માંડવીની ભોમકાના સ્વ. કે.ટી. શાહ અને પ્રખર ક્રાંતિકારી સ્વ. શ્યામજી કૃષ્ણવર્મા જેવાં રત્નોએ દેશમાં અને વિદેશમાં કચ્છની બૌદ્ધિક આભાનાં અજવાળાં પાથર્યા છે. બંધારણ સભાનું કામચલાઉ પાર્લામેન્ટમાં પરિવર્તન થયા પછી સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા લોકસભામાં ચીફ કમિશ્નર દ્વારા ચૂંટી મોકલાયા. કેન્દ્રમાં રાજસભાની પુરોગામી કાઉન્સીલ ઓફ સ્ટેટમાં સ્વ. પ્રેમજી ભવાનજી ઠક્કર નીમાયા. ૧૯૫૨ની પ્રથમ ચૂંટણી સમયે કચ્છને લોકસભામાં બે બેઠક હતી. એ બે બેઠકો પછીથી ઘટીને એક થઇ જે આજ પર્યંત ચાલુ છે. કચ્છનું રાજસભામાં પ્રતિનિધિત્વ કરવાનો યશ સ્વ. લવજી લખમશી ઠક્કર, સ્વ. ડૉ. મહીપતરાય મૂળશંકર મહેતા અને શ્રી કિશોરભાઇ મહેતાને કોંગ્રેસ પક્ષે આપ્યો. જ્યારે સ્વતંત્ર પક્ષે સ્વ. ડૉ. બિહારીલાલ નારાણજી અંતાણીને અને ભારતીય જનતા પક્ષે શ્રી અનંતભાઇ દવેને આપ્યો છે.

કચ્છમાં પંચાયતી રાજ્યની સ્થાપના પહેલાં જિલ્લા લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી હીરજીભાઇ કોટક હતા. કચ્છ જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ સ્વ. કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી બન્યા. તે પછી સ્વ. મૂળશંકરભાઇ કુંવરજી ગોર, શ્રી જેઠમલભાઇ વિશનજી મઢૈયાર, શ્રી શિવદાસભાઇ ગોવિંદ પટેલ, શ્રી વેલજીભાઇ બીજલ હુંબલે અધિકાર ભોગવ્યો. આજે શ્રી ગોપાલભાઇ ધુવા જિલ્લા પંચાયતના વર્તમાન અધ્યક્ષપદે છે.

કચ્છે ૧૯૬૫માં પાકિસ્તાની આક્રમણ સહ્યું, ૧૯૭૧માં પણ એની સરહદો પર વાદળ ઘેરાયા, છાડબેટ પરના પાકિસ્તાની દાવાને પરિણામે આંતરરાષ્ટ્રીય હેગ અદાલતમાં કચ્છનો થોડોક વિસ્તાર પાકિસ્તાનને અપાયો ! આમ, આદિમ માનવીના અસ્તિત્વ સાથે પ્રારંભાયેલો આ અદ્દભૂત ધરા કચ્છના ભાતીગળ ઇતિહાસની ભાગ્યલક્ષ્મી સમયના અસંખ્ય આરોહ અવરોહ અને કંપનો અનુભવતા આજે તેના રાજકીય જીવનના એક ઉચ્ચતમ શિખર પર ઊભીને એકવીસમી સદીનાં સુવર્ણ પ્રભાતની અભિસારિકાની જેમ પ્રતીક્ષા કરતી ઊભી છે ! □

■ ડૅસ્ટીની / ૧૮૯, સંસ્કારનગર, પડદાભિટ્ટ હનુમાન મંદિર પાસે, ભુજ-કચ્છ

તસવીર સૌજન્ય : રામસિંહજી કા. રાઠોડ, ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન, ભુજ



ભારતની આથમણી સીમાએ આવેલો, એક બાજુ સમુદ્ર અને બીજી બાજુ રણથી વીંટળાયેલ 'કચ્છ પ્રદેશ'ને પોતાની સુવાંગ, વિશિષ્ટ અને ભાતીગળ સંસ્કૃતિ, પરંપરા, રીત-રિવાજો, ભાષા, સાહિત્ય, સંગીત અને કળા છે.

પુરાતન કાળથી ઇતિહાસ સાથે તેનો સંબંધ-અનુબંધ છે. શિલાલેખો, પુરાતત્ત્વીય અવશેષો, પાળીયા, વસાહતો, શિલ્પ સ્થાપત્યથી મંડિત મંદિરો, મહાલયો તેની સાક્ષી પૂરે છે. મહાભારત, શ્રીમદ્ ભાગવત, વાયુપુરાણ, પાણિનીનું અષ્ટાધ્યાયી, જૈન મહાગ્રંથ ભગવતીસૂત્ર આદિમાં 'કચ્છ'નો ઉલ્લેખ મળે છે.

અનેક ઉથલપાથલનો સાક્ષી

કચ્છનો ઇતિહાસ અનેક ઉથલપાથલનો સાક્ષી છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મત પ્રમાણે હજારો વર્ષો પૂર્વે કચ્છની ધરતી સમુદ્ર તળમાં હતી, પણ પૃથ્વીની ભીતર થતી ઉથલપાથલથી ધરતીનો આ ખંડ બહાર ઉપસી આવ્યો. 'કચ્છ' શબ્દનો અર્થ સંસ્કૃતમાં કાચબો થાય છે. અગાઉ જ્યારે કચ્છના રણમાં દરિયાની ખાડી હતી ત્યારે કચ્છ બેટ હતો, તેથી તેમ તેનો આકાર કંઇક કાચબાને મળતો લાગવાથી આ અલંકારીક નામ પડ્યું લાગે છે. કચ્છ અનુપદેશ તરીકે પણ ઓળખાય છે. એક ગ્રીક પ્રવાસીએ કચ્છનું નામ (ઇ. સ. પૂર્વે) આભિર હોવાનું નોંધ્યું છે.

સ્થાન : કચ્છ કર્કવૃત ઉપર ૨૨ અંશ ૪૪'-૧૧'' ઉત્તર અક્ષાંશથી ૨૪ અંશ ૪૧'-૨૫'' ઉત્તર અક્ષાંશ અને ૬૮ અંશ ૦૯'-૪૬'' અને ૭૧ અંશ ૫૪'-૪૭'' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. તેની ઉત્તરે અને ઉત્તર-પશ્ચિમે સિંધ (પાકિસ્તાન) આવેલ છે. ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા તથા મહેસાણા, દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને દક્ષિણે કચ્છનો અખાત છે અને રાજકોટ જિલ્લો તથા દક્ષિણ-પશ્ચિમે અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલ છે.

વિસ્તાર અને વસતી : કચ્છનો વિસ્તાર ૪૫૬૯૨ ચો. કિ. મી. (આશરે) છે તેમાં ૨૩૩૧૦ ચો. કિ. મી. રણ વિસ્તાર છે. કચ્છ એ ગુજરાત રાજ્યનો ૨૩.૨૭ ટકા વિસ્તાર છે. ૧૯૯૧ની ગણતરી પ્રમાણે વસતી ૧૨,૬૨,૫૦૭ છે, જે ગુજરાત રાજ્યની કુલ વસતીના માત્ર ૩.૦૩% જ છે.

કચ્છ જિલ્લામાં ૯૪૯ ગામોમાંથી ૮૮૪ વસવાટી ગામડાં છે; ૧૦ શહેરો છે. ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જિલ્લામાં ૫૦ હજારથી વધુ પણ એક લાખથી ઓછી વસતીવાળું એક શહેર- અંજાર છે. જ્યારે એક લાખથી વધુ વસતીવાળાં બે શહેર- ભુજ અને ગાંધીધામ છે.

આ જિલ્લામાં ૪ શહેરો ભુજ, અંજાર, માંડવી, ગાંધીધામમાં મ્યુનિસિપાલીટી છે. ૯ તાલુકા પંચાયતો છે, ૨ બરો મ્યુનિસિપાલીટી, ૧ નગર પંચાયત છે અને ૫૯૯ ગ્રામ પંચાયતો છે. જિલ્લાની ૧૯૯૧ની વસતી ગણતરી પ્રમાણે સાક્ષરતાનો દર ૪૩.૭૮ ટકા હતો. પુરૂષો અને સ્ત્રીઓની સાક્ષરતા અનુક્રમે ૫૨.૮૮ ટકા અને ૩૪.૪૩ ટકા હતી.

કચ્છની ભૂમિ અનેક યુગપુરૂષો અને મહામાનવોના ચરણોથી પાવન થઇ છે. ખુદ ભગવાન શ્રી રામ કચ્છમાંથી પસાર થયાની કિંવદંતી છે. સિકંદર, વૈષ્ણવ સંપ્રદાયના મહાન આચાર્ય વલ્લભાચાર્યજી, સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી, જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્ય, ગુરૂ નાનકદેવ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી, પંડિત નેહરૂ, આચાર્ય વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ, પરદેશી પ્રવાસીઓ મેગેસ્થનિશ, ટોલેમી, હ્યુ-એન-સંગ વ.ની પ્રવાસ નોંધો તેમના કચ્છના પ્રવાસના આધારે તૈયાર થઇ છે.

રાજાશાહીના જમાનામાં ૧૩ પરગણા હતા

કચ્છમાં રાજાશાહી સમયમાં વિભાગો બાંધવામાં આવ્યા હતા, જેને પરગણા નામથી સંબોધવામાં આવતા. તાલુકા બંધાયા પછી હજી પણ એ નામ ભૂલાઇ ગયા નથી. એ વિભાગોના નામ અને વિસ્તાર આ મુજબ છે : (૧) કંડ : કચ્છના પશ્ચિમ પ્રદેશના થોડા પ્રદેશનું નામ છે. નારાયણ સરોવર-કોટેશ્વર અને આજુબાજુનો પ્રદેશ એ નામે ઓળખાય છે. (૨) **ધંગ :** ઝારો ડુંગર, અમૈયા, ખટિયા તથા તેની આજુબાજુના થોડા ગામો આ પરગણામાં આવતાં (૩) **ગએડો (અથવા ગરડો)** : આ પરગણામાં લખપત, પાનધ્રો અને આજુબાજુના પ્રદેશનો સમાવેશ થતો હતો. (૪) **અબડાસા :** જામ અબડાએ એ પ્રદેશ કેટલોક સમય પોતાને કબજે કર્યો હતો. તેના નામ પરથી આ પ્રદેશ આવેલો છે. આ નામ હાલના તાલુકામાં પણ કાયમ રહ્યું છે. જખૌ, નલિયા, કોઠારા, સુથરી, વિંઝાણ અને સાંધાણ એ આ પ્રદેશના મુખ્ય ગામો છે. (૫) **કંઠી :** વાગડના શિકારપરથી જખૌ સુધીના દરિયા કિનારાના પ્રદેશના ગામો કંઠી ગણાય છે. માંડવીથી જખૌ આથમણી કંઠી અને માંડવીથી પૂર્વમાં શિકારપુર સુધી ઉગમણી કંઠી કહેવાય છે. કોઇ કોઇ લેખક જખૌથી ભદ્રેશ્વર સુધી ઉગમણી તરફના ભાગને કંઠી દર્શાવે છે. કોઇક માંડવીથી ભદ્રેશ્વર સુધી ઉગમણી કંઠી કહે છે. (૬) **પાવર** : આ પ્રદેશ જૂના કાળમાં કાઠી રાજાઓને તાબે હતો. કચ્છના ઉત્તર ભાગમાં રણ કિનારાના પ્રદેશના ગામોને પાવર પરગણું કહે છે. (૭) **મીઆણી :** પાવરથી પૂર્વનો પ્રદેશ જેમાં મીઆણી જાતિની વસતી મોટા પ્રમાણમાં છે. તેઓની જાતિ પરથી આ નામ પડયું છે. (૮) **માક (અથવા માકપટ)** : કચ્છના ઉત્તર-પશ્ચિમ પ્રદેશના કેટલાક ગામડાનો

મહાભારત, શ્રીમદ્ ભાગવત્, વાયુ પુરાણ, અષ્ટાધ્યાયી, ભગવતી સૂત્ર આદિ ગ્રંથોમાં 'કચ્છ'નો ઉલ્લેખ જોવા મળે છે

વિભાગ, નખત્રાણા, વિરાણી વ. એ પટમાં આવેલ છે. (૯) **અંજાર ચોવીસી :** અંજાર અને તેની આજુબાજુના ગામો. (૧૦) **ભૂવડ ચોવીસી :** ભૂવડ અને તેની આજુબાજુના ગામો. (૧૧) **હાલા ચોવીસી:** ભદ્રેશ્વર અને તેની આસપાસના ગામો. (૧૨) **વાગડ** : ભચાઉ તાલુકો, રાપર તાલુકો અને અંજાર તાલુકાનો થોડો વિભાગ જે જૂના વખતમાં વાઘેલા રાજપૂતોનો હતો તે પરથી નામ પડયું છે. અને (૧૩) **બન્ની :** રણની વચ્ચે કેટલીક જમીન ઊંચાણ થઇ આવી છે, તે ભાગનું નામ હજી પણ કાયમ રહ્યું છે.

સ્વ. ગોકુલદાસ બાંભડાઇએ તેમના પુસ્તક 'કચ્છ બૃહદ ભૂગોળમાં' નોંધ્યું છે તેમ, ''પરગણા બધા મળી ૧૬ હતાં, એમ જૂના વખતની લોકવાયકા-પરંપરા ચાલી આવી છે, પણ કચ્છનો જે ઇતિહાસ શ્રી આત્મારામ કેશવજીએ લખ્યો છે તેઓએ પરગણા દર્શાવેલ છે તે સંખ્યા એટલી થતી નથી. તેમાં એકાદ-બે નામોમાં પણ ફેર છે. મોડાસો અત્યારે અબડાસાના પેટાળમાં ગણાય છે; જ્યાં મોડ જાતિની વસતી છે તેની ગણતરી પરગણામાં હોય. રણના બેટ ત્રણ-પચ્છમ, ખડીર, પ્રાંથળ (આ ત્રણે કચ્છ રાજ્યના તાબામાં છે. ચોથું ચોરાડ કચ્છને તાબે નથી) એ બેટોની એક એક કે ત્રણે મળી એક પરગણામાં ગણતરી હોય તો પણ બનવાજોગ છે.''

બ્રિટીશરાજમાં તાલુકા રચાયા

રાઓશ્રી ભારમલજી બીજાને બ્રિટીશ સરકારે પદભ્રષ્ટ કરી તેઓના કુંવર દેશળજીને ગાદી પર બેસાડયા અને બ્રિટીશ સરકારનું વર્ચસ્વ વધ્યું તે વખતે એ સરકારે હિન્દના ખાલસા પ્રદેશના ધોરણે કેટલીક પદ્ધતિઓથી, દેશી રાજ્યોને ફરજ પાડી, રચના કરાવી. આમાં પરગણાને બદલે તાલુકા બાંધવાની રચના તેઓના ભૂમિ નિષ્ણાતોને યોગ્ય લાગી. નીચેના તાલુકા તે વખતે બંધાયા છે, જે અદ્યાપિ પર્યન્ત સંબોધાય છે, વ્યવહારમાં છે.

ઇ. સ. ૧૯૪૮માં કચ્છ ભારત સંઘમાં જોડાયું ત્યારે ૧૧ તાલુકા હતા જે પૈકી નવ વહીવટદાર હસ્તક તથા ખાવડા અને ખડીર થાણાદાર અને અવલ કારકુનના હસ્તક હતા. ત્યાર બાદ તેને નીચે મુજબ ત્રણ ડિવિઝનમાં વહેંચી તાલુકાની રચના કરાઇ છે. (કચ્છ ગેઝેટીયર ૧૯૭૧).

(૧) સેન્ટ્રલ ડિવિઝનમાં ભુજ, માંડવી, મુન્દ્રા અને ખાવડા મહાલ (૨) ઇસ્ટર્ન ડિવિઝનમાં અંજાર, ભચાઉ, રાપર અને ખડીર મહાલ (૩) વેસ્ટર્ન ડિવિઝનમાં

કચ્છ અને એના નવ તાલુકાની ઝલક

□ પ્રા. જિતેન્દ્ર એન. અંતાણી

નખત્રાણા, અબડાસા અને લખપત.

ડિવિઝનના મુખ્ય મથકો અનુક્રમે ભુજ, અંજાર અને નખત્રાણામાં આવેલ છે. ખાવડા અને ખડીર મહાલને પાછળથી ભુજ અને ભચાઉ તાલુકા સાથે જોડી દેવાયેલ છે. ભચાઉ તાલુકાનું આધોઇ ગામ મોરબી રાજ્યમાં હતું જે ૧૯૫૦-૫૧થી કચ્છ જિલ્લામાં જોડી દેવાયું છે. રાપર તાલુકાનો બેટ ચોરાડ, કાળક્રમે સાંતલપુર તાલુકામાં જોડાઇ ગયો છે. અગાઉ આ તાલુકો કચ્છમાં હતો હવે તે બનાસકાંઠા જિલ્લામાં છે.

૧૯૭૧માં કચ્છની તાલુકાદીઠ સરેરાશ વસતી ૭૭૩૮૨ની હતી ત્યારે રાજ્યની સરેરાશ વસતી ૧,૧૧,૫૩૧ની હતી.

તાલુકાની વિશિષ્ટતાઓ :

કચ્છના નવે. તાલુકા અલગ અલગ વિશિષ્ટતા ધરાવે છે. (૧) કેવળ રણ વિસ્તારવાળા તાલુકા : ભુજ, રાપર અને નખત્રાણા છે. (૨) કેવળ સમુદ્ર વિસ્તારવાળા તાલુકા માંડવી, મુન્દ્રા, અંજાર અને અબડાસા છે. (૩) રણ અને સમુદ્ર બન્ને જ્યાં છે તેવા તાલુકા લખપત અને ભચાઉ છે. જ્યારે (૪) આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા તાલુકા ભુજ, અબડાસા, રાપર, લખપત અને ભચાઉ છે. (૫) જેમ જિલ્લાનું નામ કચ્છ છે પણ 'કચ્છ' નામનું કોઇ ગામ કે શહેર નથી તેમ 'અબડાસા' તાલુકામાં અબડાસા નામે કોઇ ગામ નથી. (૬) અગાઉ લખપત તાલુકાનું મુખ્ય મથક લખપત હતું હવે દયાપર છે. (૭) કચ્છના નવ પૈકી સાત તાલુકાના નામ અને વડા મથકનું નામ એક જ છે. જ્યારે અબડાસા અને લખપત એ વડામથકના નામે ઓળખાતા નથી. અબડાસાનું વડું મથક નલિયા અને લખપતનું વડું મથક હવે દયાપર છે.

શૈક્ષણિક વિકાસનું ચિત્ર : કચ્છમાં ૧૨૯૯ પ્રાથમિક શાળાઓનું માળખું હવે છેક છેવાડાના ગામ સુધી પણ પહોંચ્યું છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓની સંખ્યા ૧૧૨ છે. જ્યારે કોલેજો ૮ અને પોલિટેકનિક બે છે. ટેકનિકલ હાઇસ્કૂલોની સંખ્યા ચાર છે

ભુજ, અંજાર, માંડવી તથા ગાંધીધામમાં નગરપાલિકા છે. રાપર અને ભચાઉમાં બરો મ્યુનિસિપાલીટી છે. લખપત, નલિયા અને મુન્દ્રામાં ગ્રામ પંચાયત છે. જ્યારે નખત્રાણામાં નગર પંચાયત છે. મુન્દ્રામાં અગાઉ નગરપાલિકા હતી ત્યારબાદ નગર પંચાયત હતી પણ હવે તે તાલુકા મથક હોવા છતાં ત્યાં ગ્રામ પંચાયત છે.

પાંચ હજારથી વધુ વસતીવાળાં સૌથી વધુ ગામો રાપર તાલુકામાં છે. એક લાખથી વધુ વસતીવાળાં બે શહેર (ભુજ અને ગાંધીધામ) અનુક્રમે ભુજ અને અંજાર તાલુકામાં છે. જિલ્લામાં ૧૦ હજારથી એક લાખની વસતી ધરાવતાં માત્ર આઠ શહેરો છે જે અનુક્રમે ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા, રાપર, ભચાઉ અને અંજાર તાલુકામાં આવેલ છે. બિલકુલ નિર્જન ગામ ન હોય તેવો એક માત્ર રાપર તાલુકો છે. શૂન્ય વસતીવાળાં સૌથી વધુ ગામ લખપત તાલુકામાં છે.

વસતી ગણતરીમાંથી ઉપસ્થિત થતી રસપ્રદ વિગતો :

કચ્છના નવ પૈકી લખપત અને નખત્રાણા તાલુકામાં (અર્બન) શહેરી વિસ્તાર નથી. સૌથી વધુ રૂરલ ગ્રામીણ વસતી ભુજ તાલુકામાં છે. સૌથી વધુ શહેરી (અર્બન) વસતી અંજાર તાલુકામાં છે. મુન્દ્રા તાલુકામાં પુરૂષો કરતાં સ્ત્રીઓની વસતી વધુ છે. માંડવી, અબડાસા, નખત્રાણા તાલુકામાં પણ એજ સ્થિતિ છે.

૧૯૯૧ની વસતી ગણતરી પ્રમાણે ૬૯.૨૮ ટકા વસતી ગ્રામ્ય વિસ્તારમાં તથા ૩૦.૭૨ ટકા વસતી શહેરી વિસ્તારમાં વસે છે. શહેરી વિસ્તારની વસતીની જિલ્લાની

કચ્છના નવે તાલુકાનું વસતીની નજરે વિભાજન (ગામડાં-શહેરો) (૧૯૯૧)

તાલુકો	કુલ ગામ શહેર	શૂન્ય વસતીવાળા ગામ	૫૦૦ થી નીચે	૫૦૧ થી ૨૦૦૦	૨૦૦૧ થી ૫૦૦૦	૫૦૦૧ થી ૧૦૦૦૦	૧૦૦૦૧ થી એક લાખ	એક લાખ થી ઉપર
ભુજ	૧૫૯	૧૩	૬૪	૫૭	૨૦	૦૨	૦૧	૦૧
મુન્દ્રા	૬૧	૦૨	૧૮	૩૫	૦૩	--	૦૧	--
માંડવી	૯૨	૦૨	૨૯	૪૨	૧૬	૦૨	૦૧	--
અબડાસા	૧૬૬	૧૪	૧૦૬	૩૯	૦૬	૦૧	--	--
નખત્રાણા	૧૩૨	૧૦	૭૩	૬૯	૦૯	૦૨	૦૧	--
લખપત	૧૦૦	૧૬	૮૫	૧૮	૦૩	--	--	--
રાપર	૯૮	શૂન્ય	૨૭	૪૩	૨૨	૦૩	૦૧	--
ભચાઉ	૭૨	૦૨	૧૭	૩૮	૧૧	૦૪	૦૧	--
અંજાર	૭૮	૦૬	૧૫	૪૦	૧૨	૦૧	૦૨	૦૧

કુલ વસતીમાં ટકાવારી ૧૯૬૧માં ૧૯.૩૯, ૧૯૭૧માં ૨૫.૨૪ અને ૧૯૮૧માં ૨૬.૧૩ હતી. આમ કચ્છમાં શહેરીકરણ વધી રહ્યું છે.

૧૯૯૧ની વસતી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતીમાંથી ૧૧.૮૯ ટકા વસતી અનુસૂચિત જાતિની છે તથા ૬.૯૪ ટકા વસતી અનુસૂચિત જનજાતિની છે. અનુસૂચિત જાતિની વસતી જિલ્લાના મુખ્યત્વે અંજાર તાલુકામાં વસેલી છે જે ૨૫.૪૭ ટકા થવા જાય છે. જ્યારે અનુસૂચિત જનજાતિની વસતી જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકામાં મુખ્યત્વે વસેલી છે. જે અનુક્રમે ૨૯ ટકા અને ૧૮.૧૫ ટકા જેટલી થવા જાય છે.

બેંકીંગ સુવિધા : કચ્છના નવ તાલુકાઓની બેંકીંગ સુવિધાને સંબંધ છે ત્યાં સુધી તેની વાણિજ્ય બેંકોની કુલ સંખ્યા ૧૫૫ જેટલી છે જ્યારે સહકારી બેંકોની સંખ્યા ૧૮ છે. ભુજ તાલુકામાં વાણિજ્ય બેંકો ૫૦ અને સહકારી બેંકો ૬ છે, અંજાર તા.માં ૨૫ અને ૩, માંડવી તા.માં ૧૯ અને ૧, મુન્દ્રા તા.માં ૧૨ અને ૨, નખત્રાણા તા.માં ૧૩ અને ૧, રાપર તાલુકામાં ૭ અને ૨, ભચાઉ તાલુકામાં ૧૨ અને ૧, અબડાસા તા.માં ૧૦ અને ૨ જ્યારે લખપત તા.માં વાણિજ્ય બેંકો સાત છે પણ સહકારી બેંક એકેય નથી.

કચ્છના નવ તાલુકામાં કુલ નવ કોલેજો આવેલી છે. ઉપરાંત ભુજની પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે. બી. ઠક્કર કોમર્સ કોલેજમાં ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રો આવેલા છે. કોલેજોની માહિતી નીચે મુજબ છે.

ભુજમાં (૧) આર. આર. લાલન આર્ટસ-સાયન્સ કોલેજ, ૧૯૫૩થી શરૂ થઇ છે. (૨) શેઠ ડી. એલ. લો કોલેજ ૧૯૬૯થી શરૂ થઇ છે. (૩) જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ, ૧૯૭૦થી શરૂ કરાઇ છે અને (૪) સરકારી એન્જિનીયરીંગ કોલેજ ૧૯૯૪થી શરૂ કરાઇ છે અને પોલીટેકનિક ૧૯૮૮થી શરૂ થઇ છે.

અંજાર તાલુકાના આદિપુરમાં (૧) તોલાણી આર્ટસ-સાયન્સ કોલેજ ૧૯૬૨થી શરૂ કરાઇ છે. (૨) તોલાણી કોમર્સ કોલેજ ૧૯૭૩થી શરૂ કરાઇ છે અને (૩) ફાર્મસી કોલેજ ૧૯૯૨થી શરૂ કરાઇ છે તથા (૪) પોલિટેકનિક ૧૯૬૧થી શરૂ થઇ છે.

માંડવીમાં એકમાત્ર શેઠ શૂ. વ. આર્ટસ-કોમર્સ કોલેજ ૧૯૬૬થી ચાલે છે.

૧૯૯૧ની વસતી ગણતરી પ્રમાણે નવે તાલુકાની વિગત

ક્રમ	તાલુકો	વિસ્તાર ચો. કિ.	કુલ વસતી	પુરૂષ	સ્ત્રી
(૧)	ભુજ (રૂરલ)	૪૪૫૪.૫૦	૧૫૬૨૦૬	૭૮૮૬૭	૭૭૩૩૯
(૨)	ભુજ (અર્બન)	૪૫.૨૯	૧૨૧૦૦૯	૬૪૨૩૧	૫૬૭૭૮
(૩)	ભુજ (કુલ)	૪૪૯૯.૭૯	૨૭૭૨૧૫	૧૪૩૦૯૮	૧૩૪૧૧૭
(૪)	મુન્દ્રા (રૂરલ)	૮૬૭.૪૦	૫૭૦૦૦	૨૮૧૧૪	૨૮૮૮૬
(૫)	મુન્દ્રા (અર્બન)	૨૦.૭૫	૧૧૬૫૨	૫૯૨૭	૫૭૨૫
(૬)	મુન્દ્રા (કુલ)	૮૮૮.૧૫	૬૮૬૫૨	૩૪૦૪૧	૩૪૬૧૧
(૭)	માંડવી (રૂરલ)	૧૩૯૧.૩૦	૧૦૯૩૯૮	૫૪૦૭૫	૫૫૩૨૩
(૮)	માંડવી (અર્બન)	૧૪.૮૯	૩૬૬૩૬	૧૮૨૫૬	૧૮૩૮૦
(૯)	માંડવી (કુલ)	૧૪૦૬.૧૯	૧૪૬૦૩૪	૭૨૩૩૧	૭૩૭૦૩
(૧૦)	અબડાસા (રૂરલ)	૨૩૨૪.૩૦	૭૮૨૯૭	૩૯૦૭૪	૩૯૨૨૩
(૧૧)	અબડાસા (અર્બન)	૭૩.૯૬	૮૧૦૫	૪૦૭૫	૪૦૩૦
(૧૨)	અબડાસા (કુલ)	૨૩૯૮.૨૬	૮૬૪૦૭	૪૩૧૪૯	૪૩૨૫૩
(૧૩)	લખપત (કુલ)	૧૯૪૫.૦૦	૩૬૭૫૯	૧૮૮૦૭	૧૭૯૫૨
(૧૪)	નખત્રાણા (કુલ)	૧૯૮૪.૭૦	૧૧૬૯૪૪	૫૭૬૨૪	૫૯૩૨૦
(૧૫)	રાપર (રૂરલ)	૨૯૭૧.૮૦	૧૩૪૦૫૧	૬૯૫૯૮	૬૪૪૫૩
(૧૬)	રાપર (અર્બન)	૫૧.૮૩	૧૬૪૬૬	૮૩૬૨	૮૧૦૪
(૧૭)	રાપર (કુલ)	૩૦૨૩.૬૩	૧૫૦૫૧૭	૭૭૯૬૦	૭૨૫૫૭
(૧૮)	ભચાઉ (રૂરલ)	૧૮૯૨.૮૦	૯૬૩૫૧	૪૮૪૬૭	૪૭૮૮૪
(૧૯)	ભચાઉ (અર્બન)	૯૨.૪૪	૧૮૪૦૮	૯૬૮૩	૮૭૨૫
(૨૦)	ભચાઉ (કુલ)	૧૯૮૫.૨૪	૧૧૪૭૪૯	૫૮૧૫૦	૫૬૬૦૯
(૨૧)	અંજાર (રૂરલ)	૧૨૯૭.૭૦	૮૯૬૪૪	૪૫૬૫૩	૪૩૯૯૧
(૨૨)	અંજાર (અર્બન)	૫૦.૩૬	૧૭૫૫૮૧	૯૨૦૧૦	૮૩૫૭૧
(૨૩)	અંજાર (કુલ)	૧૩૪૮.૦૬	૨૬૫૭૭૫	૧૩૭૬૬૩	૧૨૭૫૬૭
(૨૪)	કચ્છ (રૂરલ)	૪૫૩૦૨.૪૮	૮૭૪૬૫૦	૪૪૦૨૭૯	૪૩૪૩૭૧
(૨૫)	કચ્છ (અર્બન)	૩૪૯.૫૨	૩૮૭૮૫૭	૨૦૨૫૪૪	૧૮૫૩૧૩
(૨૬)	કચ્છ (કુલ)	૪૫૬૫૨.૦૦	૧૨૬૨૫૦૭	૬૪૨૮૨૩	૬૧૯૬૮૪

મુન્દ્રામાં એસ. ડી. શેઠીયા એજ્યુકેશન કોલેજ ૧૯૭૦થી ચાલુ છે.

પૂર્વ કચ્છ (રાપર-ભચાઉ) તથા પશ્ચિમ કચ્છ (નખત્રાણા, અબડાસા, લખપત) કોલેજની સુવિધાથી વંચિત છે.



પ્રજા આધિપત્યનો મશાલચી ભુજ તાલુકો

કચ્છ જિલ્લાનો ભુજ તાલુકો અને ભુજ શહેર વિશેષ મહત્ત્વ ધરાવે છે. સદીઓથી કચ્છનું મુખ્ય મથક અને પાટનગર આ તાલુકામાં છે. તે કચ્છની લંબાઈ-પહોળાઈમાં લગભગ વચ્ચે જ છે. સ્વ. કાંતિપ્રસાદભાઈ અંતાણીએ નોંધ્યું છે તે મુજબ ''ભુજ શહેર સંવત ૧૬૦૫ (ઈ. સ. ૧૫૪૯)માં સ્થપાયું છે ત્યારે કચ્છનો વિસ્તાર પૂર્વે વારાહી, દક્ષિણે કચ્છીગઢ, મચ્છુ કાંઠો, ઉત્તરે નગરપારકર અને વીરાવાવ હતો. આ હકીકતના આધારે પણ ભુજ લગભગ મધ્યમાં રહે છે.''

સ્થાન-સરહદ : ભુજ ૨૩ અંશ ૧૫ અંશ ઉ. અક્ષાંશ અને ૬૯ અંશ ૪૦ અંશ પૂ. રેખાંશ પર આવેલ છે. ઉત્તરે મોટું રણ અને પછી પાકિસ્તાન છે, પશ્ચિમે નખત્રાણા તાલુકો, દક્ષિણે માંડવી તથા મુન્દ્રા તાલુકો અને પૂર્વે અંજાર તાલુકો છે.

શિક્ષણ : રાવશ્રી લખપતજીના સમયમાં ભારત ખંડમાં પ્રથમ એવી કાવ્યકળા શીખવાની પાઠશાળા, વ્રજભાષા પાઠશાળા ભુજમાં શરૂ થઈ. આ શાળા ઈ. સ. ૧૭૪૯માં શરૂ થઈ હોવાનું કહેવાય છે. કચ્છમાં સૌ પ્રથમ પ્રાથમિક શાળા ભુજમાં, ઈ. સ. ૧૮૫૦માં શરૂ થઈ. અત્યારે ભુજ તાલુકામાં કુલ ૨૦૮ પ્રાથમિક શાળા છે. જેમાં ૩૭૯૨૭ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. જિલ્લાની સૌ પ્રથમ હાઈસ્કૂલ ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભુજમાં ઈ. સ. ૧૮૭૦માં શરૂ કરાઈ છે. અત્યારે ભુજ શહેર તથા તાલુકામાં ૨૫ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા છે. જિલ્લાની સૌ પ્રથમ કોલેજ ૧૯૫૩માં શરૂ થઈ, જિલ્લાની સૌ પ્રથમ લો કોલેજ ૧૯૬૯માં તથા સૌ પ્રથમ એન્જિનીયરીંગ કોલેજ ૧૯૯૪માં શરૂ થઈ. આ ઉપરાંત બે સેન્ટ્રલ સ્કૂલ તથા એક સરકારી પોલિટેકનિક છે. ભુજમાં એક હિન્દી માધ્યમની હાઈસ્કૂલ પણ શરૂ કરાઈ છે.

મુખ્ય શહેર-ગામો : જિલ્લાનું મુખ્ય મથક ભુજની વસતી ૧૦૨૧૭૬ની છે. પાંચ હજારથી વધુ વસતી ધરાવતા ગામોમાં માધાપર, સુખપર, માનકૂવા અને કેરાનો સમાવેશ થાય છે.

ઈ. સ. ૧૮૭૮ (સંવત ૧૯૩૪)ના ઠરાવથી ભુજ તાલુકાની રચના થઈ છે. જેમાં પચ્છમ, બન્ની, પાવર, મીયાણી, માક અને કંઠી પરગણાના ગામોનો સમાવેશ થાય છે.

લોકો : શહેરમાં પંચરંગી પ્રજા છે પણ મુખ્ય લોકોમાં કણબી, આયર, મીયાણા, ખોજા, જત, રબારી, ચારણ, લોહાણા, વાણિયા, બ્રાહ્મણ, સમા વ. મુખ્ય છે.

ભૂપૃષ્ઠ : નદીઓ : રણમાં સમાતી ઉત્તરવાહિનીઓમાં ખારી, પાટ, મીઠવો, કાયલા, જરણવાળી, કાસમતિ છે જ્યારે દક્ષિણવાહિનીમાં ચકારવાળી અને નાગમતિ છે.

ડુંગરો : કાળો ડુંગર, ગોરો ડુંગર, ભુજીયો, કરગરીયો, હબાય, લકીની ધાર મુખ્ય છે.

ડુંગરી કિલ્લાઓ : (૧) ભુજીયો (૨) અણગોરગઢ (કોટાય) (૩) બોલાડીગઢ (૪) કલ્યાણપર (૫) આલમપન્નાહ, ભુજ.

ભૂમિ અને કૃષિ પેદાશ : તાલુકાનો મોટાભાગનો વિસ્તાર ડુંગરાળ છે. બન્ની વિસ્તાર સપાટ પ્રદેશ છે. જમીન સાધારણ છે પણ કણબી પટેલો પરિશ્રમ કરી વાડીઓ બનાવી પીત ખેતી કરે છે. ફળો-શાકભાજી પુષ્કળ થાય છે. વચ્ચેનો વિસ્તાર ભૂતળમાં પાણીવાળો પણ છે. અનાજમાં બાજરો, મઠ, મગ, જુવાર, ગોવાર, ઘઉં, જવ, તલ, કપાસ વ. થાય છે.

તાલુકાના મહત્ત્વના મથકો : પાટનગરી ભુજ : ભુજની સ્થાપના તા. ૬-૧૨-૧૫૪૯ માગસર સુદ ૫ સંવત ૧૬૦૫ના થઈ છે. ભુજમાં આયના મહેલ, કચ્છ મ્યુઝિયમ, શરદબાગ પેલેસ, પ્રાગમહેલ, લખપતજીની છતેડી, ફત્તેહમહમદનો હજીરો, ભુજીયો ડુંગર વ. પર્યટન મથકો છે. **ભુજોડી :** ભુજથી થોડા અંતરે આવેલ ભુજોડી હસ્તવણાટનું મહત્ત્વનું મથક છે. **બન્ની :** બન્ની વિશાળ ઘાસીયો પ્રદેશ છે.. અહીં ચાલીસેક નાના નાના ગામો છે, ત્યાં વિખ્યાત હસ્તકળા જોવા મળે છે. જત-મુસ્લિમ લોકોનું ભરતકામ સુવિખ્યાત છે. હરિજનોનું ચર્મકામ તેમજ વાઢાઓનું લાકડાકામ પણ વિખ્યાત છે. બન્ની પૂર્વમાં બાનીયારી ગામ ભચાઉ તાલુકામાં છે. **ધ્રંગ :** ગામ મેકણદાદાના સ્થાનકથી પ્રસિદ્ધ છે. **સુરખાબનગર :** ખાવડાથી કાળા ડુંગર તથા સુરખાબનગર જઈ શકાય છે. કાળા ડુંગર ઉપર દત્તાત્રયના બેસણાં છે. કાળો ડુંગર એ ટ્રેકીંગ અને પર્યટન માટે સરસ સ્થળ છે. **કચ્છનું રણ** પણ આગવું સૌંદર્ય ધરાવે છે. રૂદ્રમાતા ડેમ અને ટપકેશ્વરી પણ જોવાલાયક છે તો **હાજીપીર** એ કચ્છની હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક છે. આ ઉપરાંત કોટાય, કેરા કોટ, પુંઅરેશ્વર વ. શિલ્પ સ્થાપત્યની નજરે મહત્ત્વના મથકો છે. કોટડા અને અંધૌ પાસેથી પુરાતત્ત્વની નજરે પ્રાચીન વસાહતો મળી છે. વાંઢાય તથા ભુજ-બળદિયાના **સ્વામીનારાયણ મંદિર** દર્શનીય છે. ભૂકંપ બાદ ઝુરણ જવાહરનગર તરીકે તથા મોખાણા ઈન્દિરા નગર તરીકે નવજન્મ પામ્યાં છે.



'અજેપાળ'નો અંજાર તાલુકો

કેટલાક વિદ્વાનો માને છે કે, મૂળ કચ્છ પ્રદેશની ભૌગોલિક શરૂઆત અંજાર તાલુકાથી થાય છે. ઈ. સ. ૧૮૪૨ સુધી કચ્છ ભુજના મહારાવની હકુમત વાગડમાં નહિવત હતી. આથી કચ્છના અસલ વિસ્તારનું નાકું અંજાર તાલુકો છે.

સ્થાન-સરહદ : અંજાર ૨૩-૦૭ અંશ ઉ. અક્ષાંશ અને ૭૦-૦૧ અંશ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તાલુકાની ઉત્તરે બન્ની, દક્ષિણે કચ્છનો અખાત, પૂર્વે ભચાઉ તાલુકો અને પશ્ચિમે ભુજ તાલુકો છે. ઈ. સ. ૧૮૭૮માં તાલુકાની રચના થઈ છે.

શિક્ષણ : અંજારમાં પ્રથમ પ્રાથમિક શાળા ઇ. સ. ૧૮૬૫માં શરૂ થઇ. અત્યારે તાલુકામાં ૧૦૫ પ્રાથમિક શાળા છે જેમાં ૨૪૬૭૧ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યાં છે. અંજારની શેઠ ડી. વી. હાઇસ્કૂલની સ્થાપના ઇ. સ. ૧૯૩૭માં થઇ છે. અત્યારે તાલુકામાં ૨૦ હાઇસ્કૂલ છે. ઘાણેટીમાં ૧૫-૮-૯૫થી હાઇસ્કૂલ શરૂ કરાઇ છે. જિલ્લાની આઠ પૈકી બે કોલેજ આદિપુરમાં આવેલી છે. બે પૈકી એક પોલિટેકનિક આદિપુરમાં આવેલી છે. જિલ્લાની એકમાત્ર ફાર્મસી કોલેજ અને હોમ સાયન્સ કોલેજ આદિપુરમાં છે. ગાંધીધામમાં બે સેન્ટ્રલ સ્કૂલ છે.

મુખ્ય શહેર-ગામો : અંજાર ઐતિહાસિક રીતે મહત્ત્વનું શહેર છે. રાવ ખેંગારજી પહેલાએ કચ્છમાં શહેરોમાં સૌ પ્રથમ સંવત ૧૬૦૨ના માગસર વદ ૮, રવિવારે સ્વહસ્તે અંજારનું તોરણ બાંધ્યું હતું. કચ્છના શહેરોમાંનો આલમપન્નાહનો ગઢ (અંજારનો) સૌ પ્રથમ સંવત ૧૭૭૫માં મહારાવશ્રી દેશળજી પ્રથમે બંધાવ્યો છે. અંજાર શહેરની વસતી (૧૯૯૧) ૫૧૨૦૯ની છે. જિલ્લાનો સૌથી વધુ શહેરી વસતી ધરાવતો અંજાર તાલુકો છે. ગાંધીધામની વસતી ૧૦૪૫૮૫, કંડલાની ૧૯૭૮૭ છે. પાંચ હજારથી વધુ વસતીવાળા ગામોમાં ખેડોઇ છે. મીઠીરોહરની વસતી ૪૯૬૦ની છે.

લોકો : તાલુકામાં કડિયા, ક્ષત્રિય, લોહાણા, આયર, સોરઠીયા, મુસ્લિમો તથા સિંધીઓની વસતી મુખ્ય છે.

વિશેષ મહત્ત્વ : અંજારમાં ભારતનું પશ્ચિમ કિનારાનું મહત્ત્વનું કંડલા બંદર આવેલ છે. આ બંદરની પાયાવિધિ પંડિત નેહરૂએ ૧૯૫૨માં કરી હતી. આ બંદરને મીટરગેજ-બ્રોડગેજ ટ્રેન, હાઇવે તથા હવાઇ સેવાથી દેશની સાથે જોડવામાં આવેલ છે. દેશ આઝાદ થતાં સિંધમાંથી હિજરત કરી આવેલા સિંધી ભાઇઓને વસાવવા ગાંધીધામ-આદિપુર, નવા નગરો વસાવાયાં છે. ૧૯૫૬માં ભૂકંપને કારણે અંજારમાં તારાજી થતાં નયા અંજારની રચના થઇ તથા ધમડકા 'વિવેકાનંદ નગર' તરીકે નવું સર્જાયું. અંજાર તાલુકો રાજકીય રીતે સદાય જાગૃત રહ્યો છે.

ભૂપૃષ્ઠ : મોટા ડુંગરો નથી પણ ટપર પાસે લતાડાની ધાર, ખેડોઇ પાસે સિણાઇની ધાર, સાપેડા પાસે ચડાખડો છે. મુખ્ય ડુંગર ધોળો અને ખાત્રોડ છે. **નદીઓ :** તાલુકામાં કોઇ મોટી કે બારમાસી નદી નથી. સારણ, સાકરા, સતાપરવાળી, સાંગ, તુણાવાળી, બોચી નદી છે. મોટાભાગની નદીઓ કચ્છના અખાતમાં પડે છે. એક નદી રણમાં પડે છે.

ભૂમિ-કૃષિ પેદાશ : અંજાર તાલુકાની જમીન ડુંગરાળ અને સપાટ છે. મેદાનો ગોરાળુ અને ફળદ્રુપ છે. તાલુકામાં મુખ્યત્વે મગ, મઠ, જુવાર વ. પાકે છે. અહીંના શાકભાજી વખણાય છે. પુષ્કળ વાડીઓ છે.

મહત્ત્વના મથકો : અંજાર શહેર આ તાલુકાનું મહત્ત્વનું મથક છે. દરિયાપારથી ખલીફાના આક્રમણને ખાળવા માટે ચૌહાણ અજેપાળે અજમેરથી આવી હાલના અંજાર શહેરમાં પોતાનું થાણું જમાવ્યું અને હિન્દની દરિયાપારની ચોકી ગોઠવી. સંવત ૭૪૧માં તેઓ દેવ થયા. અંજારમાં તે પીર તરીકે પૂજાય છે. અંજારમાં જેસલ તોરલનું પ્રસિદ્ધ સ્થાનક છે. તોરલના સંપર્કથી જેસલ બહારવટીયો જેસલપીર બન્યો હતો. સુડી-ચપ્પુ, કચ્છી અજરખ બાંધણી વ. ઉદ્યોગો છે.

રાવ રાયધણજી બીજાના સમયે ધર્મવંટોળને કારણે અંધાધૂંધી પેદા થઇ. અંજારથી મેઘજી શેઠે આવી સંવત ૧૮૮૪માં મહારાવને કેદ કર્યા અને બારભાયાની સ્થાપના કરી. જમાદાર ફત્તેહમહમદે પૂર્વમાં વેપાર વૃદ્ધિ માટે તુણા શરૂ કર્યું. સંવત ૧૮૭૦ (ઇ. સ. ૧૮૧૪)માં કર્નલ મેકમર્ડો કચ્છ આવ્યા. તે અંજારમાં છૂપા વેશે, 'ભૂરિયા બાવા' તરીકે રહ્યા. ૨૫-૧૨-૧૮૧૫ના અંજાર અંગ્રેજોના કબજે આવ્યું. તા. ૨૫-૧૨-૧૮૨૨ની સંધિથી અંજાર ચોવીસી અંગ્રેજો પાસેથી પરત થતાં રાજ્ય હકુમત નીચે આવી.

કચ્છમાં કોંગ્રેસની સ્થાપના ૧૯૨૧-૨૨માં અંજારમાં થઇ. ઇ. સ. ૧૮૮૪ પહેલાં વવાણીયા અને ઝીંગુડા સૌરાષ્ટ્ર તરફના બે બંદરો પણ અંજાર તાલુકાના હતા. પાછળથી તે મોરબી રાજ્યને મળ્યાં.

કંડલા-ગાંધીધામ, કચ્છમાં આઝાદી બાદ નવસર્જીત આ વિસ્તાર છે. અહીં કંડલા મહાબંદર, કંડલા ફ્રી ટ્રેડ ઝોન તથા ઇફકોને કારણે ધંધા રોજગારનો સારો વિકાસ થયો છે. અહીં પંચરંગી પ્રજા વસે છે.

અન્ય ઐતિહાસિક સ્થળો : ભૂવડ : અંજાર તાલુકાનું ગામ 'ભૂવડ' પીયુ ચાવડાએ વસાવેલ હોવાનું મનાય છે. અહીં ભૂવડેશ્વર મહાદેવનું મંદિર પ્રસિદ્ધ છે. શીણાયનું તળાવ લાખા ફુલાણીના સમયનું છે. ભીમાસરના ચકાસર તળાવ પાસે હોથલ-પદમણીના લગ્ન થયેલાં. લાખાપર પાસે રામદેવપીર મારવાડથી નારાયણ સરોવર જતાં આવેલ તેનું સ્થાનક છે. જોગણીનાળ પાસે જોગણીનું સ્થાનક છે.



મહેરઅલીનો મુન્દ્રા તાલુકો

જવાબદાર રાજ્યતંત્રની કચ્છની લડતના પ્રણેતા અને જાણીતા સમાજવાદી નેતા જેઓ પાછળથી મુંબઇનાં મેયર પણ થયેલા તે મહેરઅલીનું જન્મ સ્થળ મુન્દ્રા તાલુકામાં ભદ્રેશ્વર છે.

સ્થાન-સરહદ : મુન્દ્રા કચ્છના દક્ષિણે દરિયા કિનારે આવેલ છે. દક્ષિણ-પૂર્વે કચ્છનો અખાત છે, પૂર્વે અંજાર તાલુકો છે, પશ્ચિમે માંડવી તાલુકો અને ઉત્તરે ભુજ તાલુકો છે. તાલુકાની રચના સંવત ૧૮૭૮ (ઇ. સ. ૧૯૨૨)માં થઇ છે. મુન્દ્રા ૨૨-૫૫ અંશ ઉ. અક્ષાંશ અને ૬૯.૪૬ અંશ રેખાંશ પર આવેલ છે. રેલવે સેવાથી જે તાલુકા વંચિત છે તે પૈકી એક મુન્દ્રા તાલુકો છે. તાલુકાની આબોહવા ખુશનુમા છે. દરિયા કિનારાના વિસ્તારમાં હવા-પાણી સારા હોવાથી મુન્દ્રાને કચ્છનું પેરિસ ગણવામાં આવે છે. આ વિસ્તાર અગાઉ 'કંઠી' કે 'કાંઠી' પરગણા તરીકે ઓળખાતો. અહીં કંઠી પરગણા તથા હાલા ચોવીસીના ગામો તાલુકામાં ભળ્યાં છે.

શિક્ષણ : મુન્દ્રામાં સૌ પ્રથમ પ્રાથમિક શાળા ઇ. સ. ૧૮૬૫માં શરૂ થઇ. મહાત્મા ગાંધીજીએ ઇ. સ. ૧૯૨૫માં તેમના કચ્છના પ્રવાસ બાદ નોંધ્યું છે કે, ''મુન્દ્રામાં અંત્યજ શાળા છે, પણ તે એક સખી મુસલમાન શેઠ ઇબ્રાહીમ પ્રધાન પોતાના ખર્ચે ચલાવે છે.'' તાલુકામાં અત્યારે ૯૫ પ્રાથમિક શાળા છે જેમાં ૧૧૬૦૩ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. કચ્છના યુવરાજ શ્રી વિજયરાજજીના શુભલગ્નની ખુશાલીમાં મુન્દ્રામાં તા. ૬-૨-૧૯૦૮ (વસંત પંચમી)ના સભા ભરી હાઇસ્કૂલ શરૂ કરવા નિર્ણય લેવાયો હતો. શેઠ શ્રી રણશીભાઇ દેવરાજના હસ્તે શાળા શરૂ કરવામાં આવી. ઇ. સ. ૧૯૩૮થી સહશિક્ષણ શરૂ થયું. ઇ. સ. ૧૯૬૮માં કચ્છના સાંસદ શ્રી તુલસીદાસ મૂળજી શેઠે મુન્દ્રામાં 'સારસ્વતમ્' શરૂ કરી ગામડામાં હાઇસ્કૂલ શરૂ કરવાનો મહાયજ્ઞ પ્રારંભ્યો. અત્યારે તાલુકામાં નવ હાઇસ્કૂલ છે. જિલ્લાની એકમાત્ર એજ્યુકેશન કોલેજ છે. એક અધ્યાપન મંદિર તથા એક પ્રિ-પ્રાયમરી ટ્રેનીંગ કોલેજ છે.

મુખ્ય શહેર-ગામો : મુન્દ્રા એ તાલુકાનું મુખ્ય મથક છે. મુન્દ્રાની સ્થાપના સંવત ૧૬૯૬માં થઇ હોવાનું જાણી શકાય છે. મુન્દ્રાની વસતી ૧૧૬૫૨ છે. પાંચ હજારથી વધુ વસતીવાળું અન્ય એકે ગામ નથી. મોટી ભુજપુરની વસતી ૪૧૨૪ છે. ભદ્રેશ્વરની વસતી ૩૪૭૫ની છે. મુન્દ્રામાં શાહ મુરાદની દરગાહ તથા શ્રી મોહનરાયજીના મંદિર જાણીતા શ્રદ્ધા પ્રતીક છે. મુન્દ્રાના શેઠીયાઓ તથા કચ્છના મહારાવશ્રીની વગથી જ આફ્રિકામાં ગુલામોનો વેપાર અંગ્રેજો બંધ કરાવી શક્યા હતા. મુન્દ્રા શહેર પહેલાં અગાઉ ડુમરો ગામ હતું. રાવશ્રી ભોજરાજજીએ આ વિસ્તારમાં પોતાની હકુમત વિસ્તારવાના વિચારથી અહીં બંદરલાયક સુવિધા જોઇ સંવત ૧૬૯૬માં શ્રી મોહનરાયજીનું મંદિર બંધાવી આજના શહેરનું સ્વરૂપ શરૂ કર્યું જણાય છે. શાહ મુરાદ પણ આવતાં બંદરનો વિકાસ થયો, ભાટિયા, ખોજા વ. વિદેશ જઇ પુષ્કળ કમાયા.

લોકો : જૈન, ભાટિયા, લોહાણા, ચારણ, રાજપૂતો, મુસલમાનો, બ્રાહ્મણ વ.ની વસતી તાલુકામાં છે. આફ્રિકા જઇ ધંધા જમાવનારામાં મુન્દ્રાના ભાટિયા તથા ખોજા ખાસ હતા.

ભૂપૃષ્ઠ : ડુંગરો : આ તાલુકો દરિયા કિનારે હોવાથી કોઇ ડુંગર નથી. ઉત્તરે ધોળા ડુંગરની ધારનો ઢોળ છે. **નદીઓ :** ભુજ તાલુકામાંથી આવતી સાકરા, ફોટ, નાગમતિ નદીઓ અખાતમાં ભળે છે. ડુંગરી કિલ્લા નથી. સોનારાવાળી ટપ્પરનો જૂનો ગામ ગઢ છે. પત્રીમાં દરબારગઢ છે. ભદ્રેશ્વરમાં તૂટેલ ગામ ગઢના અવશેષો છે.

ભૂમિ-કૃષિ પેદાશ : આ વિસ્તારની જમીન કાળી અને ગોરાળુ છે. પાણી સારા છે. પીત વાડીઓ પણ છે. ઉત્પન્નમાં કપાસ, બાજરો, જાર, ઘઉં, મગ, મઠ, નાગલી, જુવાર, ચણા, શેરડી વ. મુખ્ય છે. આંબા, કેળાં, ચીકુ, બીજોરા, મોસંબી વ. પણ ઉત્પન્ન થાય છે. નાની નાળીયેર તથા ખારેક માટે ધ્રબ મશહૂર છે.

મહત્ત્વના મથકો : તાલુકામાં પ્રાચીન ગામ **ભદ્રેશ્વર** છે. પ્રાચીન નગરી ભદ્રાવતીના અવશેષો પર બંધાયેલું મનાતું ભદ્રેશ્વર જૈન યાત્રાળુઓ માટે અત્યંત મહત્ત્વનું તીર્થ મનાય છે. અહીં આવેલા વસઇના દેરાં જૈનો માટે આસ્થાસ્થાન તો છે જ, પણ તેના સ્થાપત્ય અને નકશીકામ માટે પણ જાણીતા છે. જુદા-જુદા તીર્થંકરોના બાવન દેરાંઓ આવેલા છે. શાહ સોદાગર જગડુશાના નામ સાથે આ મંદિરોનું નિર્માણ સંકળાયેલું છે. વસઇના જૈન મંદિરોથી થોડે દૂર અનેક પ્રાચીન અવશેષો જોવા મળે છે. તેમાં મુખ્યત્વે **સોળસ્તંભી મસ્જિદ**, ખીમલી મસ્જિદ, બાશાવલીની દરગાહ તેમજ એક

હરિજને બનાવેલી સાત મજલાવાળી વાવ જોવાલાયક છે. દક્ષિણે ચોખંડા મહાદેવની ઐતિહાસિક જગ્યા છે. **રતાડીયા ગણેશવાળાઃ** રાવ દેશળજી પહેલાના નાના ભાઈએ સંવત ૧૭૭૪માં કબજે કરી ગઢ વસાવ્યો છે. લુણીથી ગણેશમૂર્તિ લાવી સ્થાપના કરી છે. **છસરા :** ગામનો ઈતિહાસ તપાસતાં કિંવદંતિ પ્રમાણે બારમા તેરમા સૈકામાં મુસલમાનો હતા, ૧૪-૧૫ના સૈકામાં કાઠીઓ હતા તે વખતે લાખણસિંહ નામના યુવાનના બંસરીવાદન પર કોઈ કન્યા મોહિત થઈ એ કારણે ધીંગાણું થયું, તેમાં લાખણસિંહ સહિત છ લડયા, સાતમો બનેવી પણ લડયો છે. એ ભાઈઓના લોહીની છ સર ભેગી થઈ તેના છ પાળીયા ત્યાં છે. સાતમો, પાળીયો પણ ત્યાં છે. એ બનાવના કારણે 'છસરા' ગામનું નામ પડયું છે. **ધ્રબ :** ખારેક માટે પ્રસિદ્ધ છે. લુણી ગામ પાસે ગણેશ છે તે હરિજનોના ઈષ્ટદેવ છે. હિન્દુ-મુસ્લિમ ઐક્યના પ્રતીક **શાહ મુરાદપીરનો** ભવ્ય મકબરો મુન્દ્રામાં આવેલો છે. મૂળે બુખારાના અમીર શાહજાદા પણ ત્યાંની પરિસ્થિતિમાંથી દેશને ઉગારવા તેઓ હજ કરવા નીકળી પડયા અને આખરે અંતરની વૈરાગ્ય અને આધ્યાત્મિક ભાવનાથી પ્રેરાઈ લગભગ સવાત્રણસો વર્ષ પહેલાં મુન્દ્રા આવ્યા અને ત્યાં રહી માનવ સેવાના કાર્યો કરવા લાગ્યા. તેમનો મકબરો રાવશ્રી રાયધણજી પહેલાએ બંધાવેલ છે. બાંધકામ તથા શિલ્પ પર મુઘલ કલાની અસર છે.

ઈ. સ. ૧૯૩૯ની કચ્છ પ્રજાકીય પરિષદના પ્રમુખસ્થાનેથી સ્વ. મહેરઅલીએ જવાબદાર રાજ્યતંત્ર માટે એલાન આપ્યું હતું. અત્યારે અદાણી ગ્રુપ દ્વારા મુન્દ્રાને વિકાસના નકશા પર ફરી મૂકવા પ્રયત્ન થઈ રહ્યો છે.



પૂર્વનો પહેરેદાર રાપર તાલુકો

ભારત અને ગુજરાતથી કચ્છનું જોડાણ પૂર્વથી થાય છે, ત્યાં રાપર તાલુકો છે. કચ્છના રણમાં મોટા બેટોમાં ખાવડા, ખડીર તેમજ અસલ પ્રાંથળ અને ચોરાડ હતા. પ્રાંથળ રાપર તાલુકામાં જોડાઈ ગયું છે. કાળક્રમે ચોરાડ-સાંતલપુર તાલુકો જે મૂળ કચ્છમાં હતો તે હાલે બનાસકાંઠા જિલ્લામાં છે. સોળમી સદીમાં ખેંગારજી પહેલાના ભાઈ સાહેબજીની હકુમત ચોરાડમાં હતી. સાંતલપુર ગામ મોડના સમયે તેના ભાઈ સાંતજીને નામે વસાવ્યું છે તેવી દંતકથા છે. ઈ.સ. ૧૯૪૮ સુધી સાહેબજીના ઉત્તરાધિકારીઓ, એટલે કે આડેસર અને સણવા જાગીરદારોની માલિકીના ચોરાડના ગામો હતા. હાલના સાંતલપુર તાલુકાના ગામો, સાંતલપુર, વઉવા, રણમલપર, માણસપુર, કલ્યાણપુરા વ.એ કચ્છની ઉપરોક્ત જાગીરના હતા. હજારો વર્ષ પહેલાં વાગડ અને કચ્છ બન્ને જુદા બેટો હોય અને પાછળથી જોડાયા હોય તેવું લાગે છે.

સ્થાન સરહદ :- તાલુકાના મુખ્યમથક રાપરના અક્ષાંશ ૨૩.૨૫ અંશ ઉ. અને રેખાંશ ૭૦.૩૮ અંશ પૂર્વ છે. તાલુકાની પૂર્વે રણ, તે પછી ચોરાડ એટલે બનાસકાંઠા જિલ્લો છે. દક્ષિણે રણ પછી સૌરાષ્ટ્ર છે. પશ્ચિમે ભચાઉ તાલુકો છે. ઉત્તરે રણ પછી પાકિસ્તાન આવેલ છે.

શિક્ષણ :- ઈ.સ. ૧૮૬૩માં રાપરમાં પ્રાથમિક શાળા શરૂ થઈ, સને ૧૮૭૮ દરમિયાન ફત્તેહગઢ, રવ, સણવા, આડેસર વ.માં શાળા શરૂ થઈ. અત્યારે રાપર તાલુકામાં ૨૦૨ પ્રાથમિક શાળા છે, જેમાં ૨૫૭૨૭ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૪૮ પહેલાં તાલુકામાં એકપણ હાઈસ્કૂલ ન હતી. પ્રથમ સરકારી હાઈસ્કૂલ, ૧૯૫૪માં રાપરમાં શરૂ થઈ. બોર્ડર એરિયા પ્લાન હેઠળ સરકારી હાઈસ્કૂલો-ગાગોદર, પલાંસવા, ભીમાસર (ભુટકીયા), ફત્તેહગઢ, મોટી રવ, ચિત્રોડ, બેલા અને દૂધઈમાં શરૂ કરાઈ છે, અત્યારે તાલુકામાં ૧૨ હાઈસ્કૂલ છે. વાગડમાં એકપણ કોલેજ નથી.


મુખ્ય શહેર-ગામો :- રાપર તાલુકાનું મુખ્યમથક છે, જેની વસતી ૧૬૪૬૬ છે. પાંચ હજારથી વધુ વસતીવાળા અન્ય ગામોમાં ભીમાસર (ભુટકીયા), પલાંસવા, કીડિયાનગરનો સમાવેશ થાય છે. આડેસરની વસતી ૪૩૪૮ છે, ફત્તેહગઢની વસતી ૪૪૮૧ છે. રવ (મોટી)ની વસતી ૪૩૪૪ની છે.

લોકો :- અહીં જૈન, લોહાણા, રજપૂત, કણબી, કોળી તથા મુસ્લિમોની વસતી છે. તેમનો વ્યવસાય ખેતી તથા પશુપાલનનો છે. તેમનો વ્યવહાર મુખ્યત્વે ઉત્તર ગુજરાત સાથે વધુ છે.

ભૂપૃષ્ઠ :- ડુંગરો : ઉત્તરે પ્રાંથળ વિભાગમાં લકી, ગોરો, બીલનો અને મોઆણીયો છે. મધ્યમાં વિથ્રોઈયો (વિઘરોઈ) તથા રામવાવ તથા ચિત્રોડની ધાર છે. **નદીઓ :** આ તાલુકામાં કોઈ મોટી નદી નથી. મુખ્ય નદીઓમાં રાપરવાળી, કીડિયાનગરવાળી, સુવઈવાળી તથા માલણ છે. આ નદીઓ રણને મળે છે. **ડુંગરી કિલ્લા :** કાનમેર, ચિત્રોડ, રાપર, ફત્તેહગઢ, બાદરગઢ, ઉમૈયા. આ જગ્યાએ ડુંગરી કિલ્લા આવેલા છે.

ભૂમિ-કૃષિ પેદાશ :- આ તાલુકાની જમીન ફળદ્રુપ છે, ઉત્તરની ડુંગરાળ જમીનને બાદ કરતાં સપાટ જમીન કાળી માટીની કાંપવાળી છે કેટલાક ભાગમાં ગોરાડુ છે. મુખ્ય પાકોમાં કપાસ, બાજરો, મગ, મઠ, જુવાર, એરંડિયા, ઘઉં, વ. ઉગાડવામાં આવે છે.

મહત્ત્વના મથકો :- રાપર : એ તાલુકાનું મુખ્યમથક છે. રાપરનું મૂળ નામ સાપર હતું ત્યાં ચિંતામણિનું જૈન મંદિર છે. રાપર તાલુકામાં મૂળ કાઠી અને વાઘેલાના સ્થાનો છે. **ધોળાવીરા-સૂર-કોટડા** પાસે મોહન-જો-દડો જેવા અવશેષો મળી આવ્યા છે. રાપર તાલુકાના સણવા ગામ પાસે સૂર-કોટડા પણ પ્રાચીન વસાહતનો ચિતાર આપે છે. ધોળાવીરા અને સૂર-કોટડા બન્ને કચ્છના પૂર્વ છેડે આવેલા છે. સૂર-કોટડામાં માટી કામના નમૂનાઓ, રમકડાં, વાસણો, મણકા, તાંબાની બંગડીઓ, હથિયારો વ. પ્રાપ્ત થયા છે. ગેડી : (ધૃતપટી-ધૃતપદી) રાપર તાલુકાનું ગેડી અત્યંત પ્રાચીન સ્થળ છે. કચ્છમાં એને વિરાટનગરી તરીકે ઓળખવામાં આવે છે. કહેવાય છે કે પાંડવોએ અહીં અજ્ઞાતવાસ સેવ્યો હતો. ગેડીમાં જાતજાતના અનેક પાળીયાઓ છે. **ચિત્રોડ** પાસે મંદિરમાં સંવત ૧૫૫૯નો શિલાલેખ છે. **ગાગોદર** ગામનું તોરણ વીરભદ્ર ગોદડજીએ સંવત ૧૮૮૨માં બાંધ્યું છે. **બેલા** ગામે ગંગા કુંડ પાસે સંવત ૧૩૮૭નો મંદિર બંધાવ્યાનો શિલાલેખ છે. **લીલપર** સંવત ૧૮૭૯માં વસ્યું છે. ગ્રામ સ્વરાજ્ય સંઘ સર્વોદય યોજના અને કાપાર્ટના સહયોગથી ગ્રામ નિર્માણના કાર્યો કરે છે. **વ્રજવાણી** ગામમાં આગળ પ્રાંથળીયા આયરો વસતા હતા. આ ગામમાં એક ઢોલી પાછળ ૧૨૦ આહીરાણીઓ સતી થવાની ઘટના બની હતી. તેના એક પાળીયા ઉપર ૧૫૮૦ની સાલ વંચાય છે. **રવ** પાસે સંવત ૧૮૭૮માં સામબાઈ માતાએ બંધાવેલ રવેચી માતાજીનું મંદિર છે. **આડેસર**.- આદિશ્વર મહાદેવનું મંદિર છે. **ફત્તેહગઢ** - જમાદાર ફત્તેહમહંમદે સ્થાપ્યું છે. અહીં કિલ્લો પણ છે. **વરણું :** આડેસરથી ૧૬ કિ.મી. દૂર છે. અહીં કેપ્ટન મેકમર્ડોની કબર છે. અણહીલવાડના રાજા મૂળરાજે વરણું વસાવ્યું હોવાનું કહેવાય છે. અહીં વરણુંદાદાનું સ્થાનક છે.



ક્રાન્તિવીર શ્યામજીનો માંડવી તાલુકો

કચ્છના માંડવી તાલુકાએ કચ્છને અનેક નરપુંગવો આપ્યા છે. ઈતિહાસમાં અમર નામના મેળવી ગયેલ અનેક નામો માંડવીની ધરાના ધાવણ ધાવી ચૂકયા છે. ક્રાન્તિવીર શ્યામજી કૃષ્ણવર્મા, પ્રા. કે. ટી. શાહ, ગોકલદાસ બાંભડાઈ, જયંત ખત્રી વ. દેશ-દુનિયામાં ગાજતાં નામો છે.

સ્થાન-સરહદ : માંડવી ૨૨-૫૦ અંશ અક્ષાંશ અને ૬૯-૨૦ અંશ રેખાંશ પર આવેલ છે. દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે કચ્છનો અખાત અને અબડાસા તાલુકો, ઉત્તરે નખત્રાણા તથા ભુજ તાલુકો અને પૂર્વે મુન્દ્રા તાલુકો આવેલો છે. સને ૧૮૭૮માં આ તાલુકાની રચના થઈ છે. તેમાં મોડાસા પરગણા, કાંઠી, માકપટના ગામોનો સમાવેશ થાય છે.

શિક્ષણ : સને ૧૮૬૫માં માંડવીમાં શેઠ મથરાદાસ લવજી કન્યાશાળા અને ઈ. સ. ૧૮૬૬માં ખલીફાન એ. વી. સ્કૂલ શરૂ થયાં છે. માંડવી તાલુકામાં અત્યારે ૧૫૨ પ્રાથમિક શાળા છે. જેમાં ૨૪૦૪૫ બાળકો જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યાં છે. માંડવી શહેરમાં શેઠ જી. ટી. હાઈસ્કૂલ ઈ. સ. ૧૮૯૦માં શરૂ થઈ છે. રામકૃષ્ણ હાઈસ્કૂલ ઈ. સ. ૧૯૪૪માં શરૂ કરાઈ હતી. તાલુકામાં અત્યારે ૧૮ હાઈસ્કૂલ છે. સારસ્વતમ્ દ્વારા સારા પ્રયત્નો શરૂ થયા છે. શેઠ શૂરજી વલ્લભદાસની સ્મૃતિમાં કોલેજ પણ શરૂ કરાઈ છે. અંધ-બહેરાની શાળા માંડવીમાં છે. મેરાઉમાં આર્ય રક્ષિત જૈન તત્ત્વજ્ઞાન શાળા છે.

મુખ્ય શહેર-ગામો : માંડવી તાલુકાનું મુખ્ય મથક છે. તેની વસતી ૩૬૬૩૬ જેટલી છે. પાંચ હજારથી વધુ વસતી ધરાવતાં ગામોમાં ગઢશીશા, બિદડાનો સમાવેશ થાય છે. મસ્કા, ગુંદીયાળી, કોડાય વ. મોટી વસતીવાળાં ગામો છે.

લોકો : માંડવી તાલુકામાં જૈન, ભાટિયા, લોહાણા, કણબી, ખારવા, રાજપૂત તથા મુસ્લિમોની મુખ્ય વસતી છે.

ભૂપૃષ્ઠ : ડુંગરો : દરિયાકાંઠાનો પ્રદેશ હોતાં ડુંગરો નથી. માત્ર ચિત્રાણાની ઉત્તરે ધાર છે. **નદીઓ :** ખારી નદી, પુનડી પાસેથી ફરાદી પાસેથી થઈ ટુંડા આગળ અખાતને મળે છે. રૂકમાવતી નદી ઘ્રબવામાંથી નીકળી કોજાચોરા પાસેથી માંડવીની નાળમાં પડે છે. ખરોડ નદી નનામામાંથી નીકળી આસાર માતા આગળ મળે છે. વીંગડી નદી તથા સાઇ નદી પણ છે.

ભૂમિ-કૃષિ પેદાશ : જમીન રસાળ છે. બાજરો, મગ, જુવાર, મગફળી, શેરડી વ. મુખ્ય પાક છે.

મહત્ત્વના મથકો : માંડવી સંવત ૧૬૩૬ના મહાવીદ ૧૧, સને ૧૮૫૧માં ભાટિયા શેઠ ટોપણ સાથે રહી રાવ ખેંગારજી પહેલાએ વસાવ્યું છે. રાવ ખેંગારજીએ સુંદરવરનું મંદિર સંવત ૧૬૩૧માં બંધાવ્યું છે. રાણેશ્વરનું મંદિર સંવત ૧૬૩૧ના અરસામાં બંધાયું છે. લક્ષ્મીનારાયણનું મંદિર સંવત ૧૬૬૪માં ટોપણ શેઠનું બંધાવેલ છે. કાજીવાળી મસ્જિદ તથા જુમા મસ્જિદ ઉપરાંત દીવાદાંડી, હુડીયો કોઠો એ જાણીતા સ્થળો છે. માંડવી કચ્છ રાજ્યનું મહત્ત્વનું વેપારી મથક હતું. તેનો દરિયાઇ વહેવાર મુંબઇ, કરાચી, મલબાર, આફ્રિકા, એડન, લંકા, બર્મા વ.થી ધમધોકાર ચાલતો.

સને ૧૮૭૫માં દરિયામાં બ્રેકવોટર ધક્કો બંધાયેલ છે અને એજ અરસામાં નદી ઉપર પુલ બંધાયો છે. માંડવીનો રેતાળ દરિયા કિનારો કુદરતની જીવંત કવિતા છે. ત્યાંનો શાંત, છીછરો અને વિશાળ સાગરકાંઠો પ્રવાસીઓનું અનેરૂં આકર્ષણ છે. માંડવીથી થોડે દૂર આવેલ કાશી વિશ્વનાથનો દરિયા કિનારો સમુદ્રસ્નાન માટે ઉત્તમ જગ્યા છે. માંડવીથી આઠ કિલોમીટર દૂર વિજયવિલાસ પેલેસ પાસેના કાઠડા ગામ નજીકનો દરિયા કિનારો પણ હરવા ફરવા તથા સ્નાન માટે ખૂબ જ સુંદર છે. બાજુમાં જ 'આસાર' અથવા આશાપુરા માતાજીનું મંદિર છે.

માંડવીનો આલમપન્નાહ ગઢ ૨૬ ફીટ ઊંચો, ૩-૪ ફીટ પહોળો અને ૨૭૪૦ વાર એટલે ૮૨૨૦ ફીટ એટલે કે આશરે દોઢ માઇલ લાંબો છે. ગાંધીજીએ ઇ. સ. ૧૯૨૫માં માંડવીની મુલાકાત લીધી હતી. વાસ્કો-ડી-ગામાને હિન્દની દરિયાવાટ દોરવનાર કાનજી માલમ કચ્છી હતા. નેસસનનું પ્રખ્યાત વહાણ-ટ્રેફાલગર માંડવીના નથુ લંગાએ બાંધ્યું હતું. માંડવીના વહાણ બાંધકામ ઉદ્યોગને ફરી જીવંત કરવા પ્રયત્નો શરૂ થયા છે.

રાયણ : ગધેસીંગનું મુખ્ય રાજધાનીનું શહેર હતું. ઇ. સ. પૂર્વે ૫૭૦ના ગધૈયા સિક્કા મળી આવ્યા છે. **ગુંદીયાળી** ગામ શેઠ સુંદરજી સોદાગરના કારણે જાણીતું છે. એક ચારણ કન્યા 'ગુંદલ' સતી થયેલ તેના નામ ઉપરથી ગુંદીયાળી નામ પડયું છે. અહીં રાવલપીરનું યાત્રાધામ છે. **મસ્કા** ગામમાં ટી. બી. સેનેટોરિયમ છે. **બિદડા** ગામ ખાદી પ્રવૃત્તિ માટે જાણીતું સ્થળ છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા ચાલતું આરોગ્યધામ, એ કચ્છમાં ચમત્કાર છે. વતનપ્રેમી કચ્છીઓએ દાનગંગા વહાવી ઊભું કર્યું છે. આરોગ્ય સંકુલ સુંદર સજ્જ છે. આરોગ્ય શિબિરો, નિદાન શિબિરો વર્ષભર ચાલતા રહે છે. મુંબઇ, મદ્રાસ તથા પરદેશથી નિષ્ણાત ડોકટરો આવે છે અને ચિકિત્સા કરે છે. રહેવા-જમવાની સંપૂર્ણ સુવિધા ધરાવતું આ આરોગ્યધામ એક આશીર્વાદ છે. માંડવીમાં પવનચક્કી દ્વારા વીજળી મેળવવાનું વિન્ડ **ફાર્મ** શરૂ થયું છે. એશિયાનું આ મોટામાં મોટું વિન્ડ ફાર્મ છે. તલવાણામાં **રૂકનશા પીર**ની દરગાહ છે. કોડાય પ્રગતિશીલ ગામ છે. રાજડામાં મહાદેવનું મંદિર છે. ગોધરામાં ૧૯૨૫માં કચ્છની મુલાકાત સમયે ગાંધીજી રોકાયા હતા. અહીં ચત્રભુજરાયજી તથા સુખાનંદ મહાદેવના મંદિર છે. **મોડકુબો :** આ ગામમાં જામ અબડાના પૌત્ર મોડ ભાદરકાંઠે ધીંગાણામાં મરાયા ત્યાંથી તેમના શબને અહીં લાવી દફનાવેલ છે અને એક સુતારે કુબો ચણાવ્યો છે અને મોડપીર તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. **ગઢશીશા** ગામનો રસપ્રદ ઇતિહાસ છે. ત્રણેક સદી પહેલાં રાવશ્રી રાયધણજી પહેલાના સમયે અરાજકતાના કારણે માકપટના હાલે માંડવી તાલુકાના ગામો- ધોડાલક, વીરપર, વરજડી,- લૂંટારાના ત્રાસથી બચવા સંયુકત રક્ષણાર્થે સ્વતંત્ર ગામ સ્થાપવાનો વિચાર કર્યો. ચારણો પાસેથી જમીન મેળવી 'નવું ગામ' વસાવ્યું. ગામને ગઢ માટે દીવાલ બાંધી તેથી ગામનું નામ ગઢ પડયું. વડોદરા રાજ્યના કડીના હનુમંતરાવ બ્રિટીશ સરકારનો સામનો કરી હાર્યાને ગઢશીશામાં આશરો મેળવ્યો. તેમની રાણી સતી થયાં તેની છતરડીઓ પણ મોજુદ છે. બિલેશ્વર મહાદેવનું મંદિર છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ગામે અગ્રભાગ લીધો છે. સને ૧૯૩૯થી ખાદી ગ્રામોદ્યોગનું કામ શ્રી માવજી વેદે ઉપાડયું છે.

કચ્છી ગઢ : હાલે સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં દ્વારકા તાલુકામાં ઓખા મંડળમાં છે. સને ૧૯૪૮ સુધી છેવટ સુધી કચ્છ રાજ્યના માંડવી તાલુકાનું તે ગામ હતું. કચ્છી ગઢને આલમપન્નાહ ગઢ છે. તે સંવત ૧૭૯૭માં રાવશ્રી દેશળજીએ બંધાવ્યો હતો. માંડવી તાલુકામાં ખનિજ પુષ્કળ છે. બંદરના વિકાસની ક્ષિતિજો ખુલ્લી છે. ફરી આ તાલુકો કચ્છને નેતૃત્વ પૂરૂં પાડે તેવી શકયતાઓ ઊભી થતી જોઇ શકાય છે.



કચ્છનું પ્રવેશદ્વાર ભચાઉ તાલુકો

કચ્છના પૂર્વ વિભાગને વાગડ કહે છે જેમાં રાપર અને ભચાઉ આવેલાં છે, ભચાઉ તાલુકાનું આધોઇ ગામ પ્રથમ મોરબી તાલુકામાં હતું. ૧૯૫૦-૫૧ પછી તે કચ્છમાં ભળેલું છે. ભચાઉ એ કચ્છનું પ્રવેશદ્વાર છે. રેલવે કે નેશનલ હાઇવે દ્વારા કચ્છ પ્રવેશ સામખિયાળી-ભચાઉથી થાય.

સ્થાન - સરહદ :- ભચાઉના અક્ષાંશ ૨૩.૧૮ અંશ ઉ. અને રેખાંશ ૭૦.૨૦ અંશ પૂર્વ છે. તાલુકાની પૂર્વે રાપર તાલુકો છે, ઉત્તરે રણ વિસ્તાર અને પાકિસ્તાન છે, વચ્ચે ખડીરબેટ છે, પશ્ચિમે અંજાર તાલુકો છે, દક્ષિણે કચ્છનો અખાત છે. કચ્છનો આ વિસ્તાર ઓછામાં ઓછી પહોળાઇનો છે. ચીરઇ પાસે તળજમીન માત્ર ૧૫ માઇલ (૨૪ કિ.મી.)ની પહોળાઇની છે.

શિક્ષણ :- ઇ.સ. ૧૮૬૩માં પ્રથમ શાળા ભચાઉમાં શરૂ થઇ. અત્યારે તાલુકામાં ૧૨૨ પ્રાથમિકશાળા છે. જેમાં ૧૮૪૦૧ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે.

૧૯૪૮ પહેલાં એકપણ હાઇસ્કૂલ ન હતી. પ્રથમ સરકારી હાઇસ્કૂલ ભચાઉમાં ૧૯૫૩માં શરૂ થઇ. જો કે વલ્લભપુર-કટારીયામાં વ. જૈ. બોર્ડીંગ અને વિદ્યાલય ૧૯૪૨થી ચાલે છે. અત્યારે તાલુકામાં બોર્ડર એરિયા પ્લાન હેઠળ મનફરા, વોંધ અને આધોઇમાં હાઇસ્કૂલ શરૂ કરાઇ છે. અત્યારે તાલુકામાં કુલ્લ નવ હાઇસ્કૂલ છે, તાલુકામાં એકપણ કોલેજ નથી.

મુખ્ય શહેર-ગામો :- ભચાઉ તાલુકાનું મુખ્યમથક ભચાઉ છે, જેની વસતી ૧૮૪૦૮ની છે. તાલુકામાં પાંચ હજારથી વધુ વસતી ધરાવતા ગામોમાં ચોબારી, આધોઇ, વોંધ, લાકડીયાનો સમાવેશ થાય છે. અન્ય મોટા ગામોમાં ચીરઇ-મોટી (૩૩૯૧), સામખિયાળી (૪૦૩૩), શિકારપર (૩૪૯૨)નો સમાવેશ થાય છે.

લોકો :- તાલુકામાં મુખ્ય વસતી આયર, કણબી, જૈન તથા રજપૂતોની છે તેમનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન તથા નાના-મોટા ગૃહઉદ્યોગો છે.

ભૂપૃષ્ઠ :- ડુંગરો : ચિત્રાધાર, કંથકોટ ધાર, ઓચો. **નદીઓ :** સારણ, ખારી, ચાગ, ખારો વાંગો અથવા ગુપ્તગંગા, લાકડીયાવાળી, સારણ નદી, ધમડકા અને દૂધઇ વચ્ચે આવેલી છે. તે જૂના વાગડ અને કચ્છની હદની સૂચક છે. **ડુંગરી કિલ્લા :** (૧) કંથકોટ (૨) આધોઇનો કિલ્લો અને કોઠો (૩) ભચાઉની ગઢડી.

ભૂમિ-કૃષિ પેદાશ :- આ તાલુકાની જમીન કાળી માટીની બનેલ હોઇ ખૂબ જ ફળદ્રુપ છે. અહીં વરસાદ કે સિંચાઇથી ખેતી કરવામાં આવે છે. મુખ્ય પાકોમાં બાજરો, કપાસ, ઘઉં, જીરૂ, ઇસબગુલ વ. મુખ્ય છે. ગામોની વાડીમાં ફળો પણ સારા થાય છે.

મહત્ત્વના મથકો :- કંથકોટ : તે પ્રાચીન ગામ છે ડુંગર ઉપર છે (૪૬૨ ફીટ) ઇ.સ. ૮૪૩ના અરસામાં સમા સાડ અને તેના પિતા મોડના સમયે કિલ્લો બંધાવેલ છે. આ કિલ્લામાં ઇ.સ. ૯૫૦ના સમય દરમિયાન મૂળરાજ છૂપાયો હતો. ૧૧૪૩માં ભીમદેવ છૂપાયો હતો. અબુલ ફઝલે 'આઇને અકબરી'માં આ કિલ્લાની ખાસ નોંધ લીધી છે. ઇ.સ. ૧૮૧૬માં કર્નલ ઇસ્ટે લડાઇમાં આ કિલ્લો તોડયો હતો. કિલ્લા ઉપર બે કૂવા છે. ઇ.સ. ૧૮૨૩ (સંવત ૧૩૪૦)ના ઉલ્લેખવાળો સ્તંભ જૈન દેરાસરોના ખંડેરોમાં છે. ત્યાં પ્રાચીન સૂર્યમંદિર છે. કંથડપીરની જગ્યા છે. **લાકડીયા :** આ ગામ સંવત ૧૫૭૮માં ઓસવાળોએ વસાવ્યું છે. મૂળ નામ લાકડીયાપીર પરથી છે. **કટારીયા :** અહીં ૬૦૦ વર્ષ જૂનું જૈન મંદિર છે. વિ.સં. ૧૭૩૯માં કુંવર રવાજીના વખતમાં ભાટિયા વસ્તુપાળે તે ચણાવ્યાનો દરવાજા પરના પથ્થરમાં ઉલ્લેખ છે. તળાવની પાળે સંવત ૧૮૬૪ અને ૧૭૬૪ની કબરો છે. અહીં મોરબી રાજ્યના પ્રથમ પુરૂષ કાંયાજીએ પ્રથમ હકુમત સ્થાપિત કરી હતી. **મનફરા :** આ ગામ કંથડપીરનું છે. **ખડીર :** તે રણ વચ્ચે આવેલો બેટ છે. અહીં ૫૦૦૦ વર્ષ જૂની દેશભરમાં મોટી વસાહતના

અદ્ભૂત અવશેષો પ્રાપ્ત થયા છે. હડપ્પન સંસ્કૃતિની દેશભરમાં આ સૌથી મોટી વસાહત છે. લગભગ એક ચોરસ કિ.મી.માં પથરાયેલું આ પ્રાચીન અને વિશાળ નગર એટલું સુવ્યવસ્થિત હતું કે આજના ટાઉન પ્લાનીંગને એકબાજુ રાખે. ધોળાવીરાથી આ સ્થળ ૩ કિ.મી. દૂર છે. **સીકરા :** અહીં કાગેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાં દસમી સદીમાં ઘરણ વાઘેલો ગેડીથી દર્શને આવ્યાનો ઉલ્લેખ છે. **જંગી :** બંદર છે. મૂળ મોરબી રાજ્યનું હતું. અહીં મેકણદાદાનો અખાડો છે. **આધોઈ :** મૂળ મોરબી રાજ્યનું પછી સૌરાષ્ટ્રમાં ભળ્યું છેવટે કચ્છમાં વિલિન થયું છે. **પાંકડસર :** અહીં મહાત્મા ગરીબદાસજીની ૪૦૦ વર્ષ જૂની સમાધિ છે. **ચોબારી :** ૧૭૮૩માં સિંધના અબ્દુલનબી ખાને બળવો કરી જોધપુરના મહારાજાની મદદ માગી, જોધપુરના મહારાજા રાધનપુરથી કચ્છમાં આવ્યા, કચ્છના મહારાઓશ્રીને પણ પોતાના પક્ષે લેવા અહીં સિંધના મીર અને જોધપુરના લશ્કર વચ્ચે યુદ્ધ થયું, જોધપુરના લશ્કરની હાર થઈ. અહીં ૫૬ રાજપૂતના પાળીયા છે. **શિકારપુર :** અહીં પઠાપીર, ગેબનશાપીર તથા આશાબાની કબર છે. સૂરજબારી પુલ તથા રેલવેનો લાભ મળતાં આ તાલુકો જિલ્લાનો સમૃદ્ધ તાલુકો બન્યો છે.



કચ્છનો બારડોલી નખત્રાણા તાલુકો

નખત્રાણા તાલુકો અસલ માકપટ જ્યાં ઝાકળ પડયા કરે તેવો સંભવ છે કે અસલ ઝાડીવાળો પ્રદેશ - તેવો વિસ્તાર છે. પશ્ચિમ કચ્છમાં આવેલ આ તાલુકો કચ્છના બારડોલી તરીકે ઓળખાય છે.

સ્થાન - સરહદ :- નખત્રાણા ૨૩.૨૦ અંશ ઉ. અક્ષાંશ અને ૬૯.૧૫ અંશ પૂર્વ રેખાંશ પર આવેલ છે. પૂર્વે ભુજ તાલુકો, દક્ષિણે માંડવી અને અબડાસા તાલુકો, પશ્ચિમે લખપત તાલુકો અને ઉત્તરે બન્ની અને કચ્છનું મોટું રણ છે. સો વર્ષ પહેલાં આ તાલુકો અબડાસા તાલુકા સાથે સંકળાયેલો હતો.

શિક્ષણ :- નખત્રાણા તાલુકામાં સૌ પ્રથમ પ્રાથમિક શાળા ઈ.સ. ૧૮૭૫માં રોહામાં શરૂ થઈ હતી. અત્યારે તાલુકામાં ૧૫૦ સ્કૂલ છે જેમાં ૨૧૨૧૪ વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણ મેળવી રહ્યા છે. તાલુકામાં સૌ પ્રથમ સરકારી હાઈસ્કૂલ ઈ.સ. ૧૯૫૪માં શરૂ થઈ છે. અત્યારે તાલુકામાં નવ હાઈસ્કૂલ છે. પશ્ચિમ કચ્છમાં એકપણ કોલેજ નથી.

મુખ્ય શહેર - ગામો :- નખત્રાણા આ તાલુકાનું મુખ્યમથક છે, જેની વસતી ૧૦૩૧૪ જેટલી છે. પાંચ હજારથી વધુ વસતીવાળા ગામોમાં નિરોણા, કોટડા-જડોદરનો સમાવેશ થાય છે. અન્ય મુખ્ય ગામોમાં રવાપર (૩૫૨૪), ખોંભડી-મોટી (૪૪૦૩), વિરાણી-મોટી (૪૦૭૨), વિથોણ (૪૫૬૧)નો સમાવેશ થાય છે.

લોકો :- જનસંખ્યામાં ખાસ પાટીદાર કણબીઓ છે. ખેતી ખાસ વ્યવસાય છે. ખેડૂતોમાં જાગૃતિ છે, સત્તાપલ્ટા પછી રાજ્યના ખેતી પરના રાજ્ય ભાગ-બટાઈ ધોરણ બદલી રોકડ-વિઘોટી નક્કી થયાના સમયે આ તાલુકાના ખેડૂતોએ સારી લડત આપી હતી. કચ્છ બહાર મોટી સંખ્યામાં સારી કમાઈ મેળવતા આ તાલુકાના છે : પાટીદાર ઉપરાંત બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, રાજપૂત, ભાવસાર, મુસ્લિમ અને હરિજનોની વસતી છે.

ભૂપૃષ્ઠ :- ડુંગરો : તાલુકાને દક્ષિણે ડુંગરની ધારો આવેલ છે. તેમાંના જુદે જુદે સ્થળે જુદા જુદા નામે ઓળખાય છે. જેમ કે (૧) ખાટલો (૨) હાથડીઓ (૩) વેહાર ઉપરાંત (૧) નનામો ૧૪૨૪ ફૂટની ઊંચાઈ ધરાવતો ડુંગર છે. (૨) ધીણોધર (૧૨૬૮ ફૂટ ઊંચો), (૩) ધ્રબવો (૧૧૩૩ ફૂટ ઊંચો), (૪) રોઝલો (૧૦૬૨), (૫) કોરીકુબ (૯૨૪) અને (૬) ચિત્રાણો (૬૨૨), (૭) હાથડીઓ (૬૯૬) અને (૮) વેહાર (૧૦૧૨), (૯) રોહો (૮૭૧) અને (૧૦) વિથોણીયો છે. **નદીઓ :** ભૂખી-વિથોણીયામાંથી નીકળી ધીણોધર પાસે થઈ રણમાં પડે છે. એ ભીમસર પાસે ભાડાઈ અને વંગ પાસે ઝલાઈ નામે ઓળખાય છે. (૨) નિરોણાવાળી - મોરગર પાસેથી નીકળી નિરોણા પાસે થઈ રણમાં પડે છે. (૩) નેત્રાવાળી-નેત્રાના ડુંગરમાંથી નીકળી ગજણસર પાસે થઈ રણમાં પડે છે.

ભૂમિ-કૃષિ પેદાશ :- જમીન ડુંગરાળ, વચ્ચે આટાર-રેતાળ -ધ્રાગો છે. ભૂ-તળમાં મીઠાં પાણી છે. અહીં બાજરો, જુવાર, છાસટીયો, ઘઉં, કપાસ વ. પાકે છે.

મહત્ત્વના મથકો :- નખત્રાણા તાલુકાના દેશલપર પાસે હડપ્પન સંસ્કૃતિના અને કદાચ તેનાથી પણ પ્રાચીન સમયના અવશેષો મળ્યા છે. વસાહત, કિલ્લાના અવશેષો અને પથ્થરના હથિયારો દેશલપર પાસેની ઘરૂડ નદી પાસેથી મળ્યા છે. ગુંતલી પાસે દરિયાકાંઠાના નિશાન-વહાણવટાના પણ પરખાય છે. **ધીણોધર :** અહીં દાદા ધોરમનાથની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિ છે. તેમના સમયથી પ્રગટાવેલ દીપક અને અખંડ ધૂણી હજી પણ જલતાં રાખવામાં આવ્યા છે. ધીણોધરની ટોચ ઉપરથી નજર ફેરવતાં અફાટ રણ, નાના-મોટા પર્વતો, ગામડા, ખેતરો, વાંકાચૂંકા નદી-નાળાં દેખાય છે. ધીણોધરની તળેટીમાં થાન છે. તેમાં પીર, જોગીઓ, કાનફટા સાધુઓની વસાહત છે. થાન નાથ સંપ્રદાય સાથે સંકળાયેલ છે. કચ્છના કવિ નિરંજને આ પર્વતને બિરદાવતાં કહેલું : ''હેમાળે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન.'' **પુંઅરાનો ગઢ :** સને ૯૭૮ થી ૯૮૫ દરમિયાનના સમયના પુરાતત્ત્વના અવશેષો છે. **જખબૌંતેરા :** અહીં ટેકરી પર ઘોડા પરની બૌંતેર યક્ષની મૂર્તિઓ છે. મૂર્તિઓ પથ્થરની બનેલી છે. **મોરગઢ :** અહીં પત ચાવડાની રાજધાની હતી. **લાખીયાર-વીરા :** સંવત ૧૨૦૩માં કચ્છના મૂળ સમા વંશના જાડેજા વંશનું રાજ્ય અહીંથી શરૂ થયું. **કરોલપીર :** કાસમશાની દરગાહ છે. **આમારા :** અહીં ગઝનીના અમીર કારા કાસમની દરગાહ છે. ઉપરાંત શિવ મંદિર છે. **ખોંભડી :** અહીં ભટ્ટી કુટુંબમાં દાદા મેકણનો જન્મ થયો હતો. **રોહા :** રોહા જાગીરનું મુખ્યમથક હતું. અહીં સિંધમાંથી આવેલી સુમરીઓએ બલિદાન દેતાં સુમરી-રોહાના નામે પ્રસિદ્ધ છે. અહીં કિલ્લો છે. રોહા એ કવિ કલાપીનું સાસરૂં છે.



'વીર અબડા અડભંગ'નો અબડાસા તાલુકો

અબડાસા તાલુકો કચ્છના પશ્ચિમ દરિયાકાંઠે છે. ભારતની પશ્ચિમ દરિયાઈ સરહદ છે. મધ્યપૂર્વ એશિયા વિસ્તાર - અરબી સમુદ્રથી સંકળાયેલ આ વિસ્તાર છે. એક કિંવદંતી પ્રમાણે એલેકઝાંડર (સિકંદર) ભારતથી પરત વળતાં સિંધુ નદી પાર કરી ઘોડેથી કોરીક્રીક પાસેથી સાંધણ ગામ, તત્સમયે બંદરથી વહાણમાં બેસી રવાના થયો હતો. દિલ્હીનો બાદશાહ અલાઉદ્દીન સિંધની સુમરીઓને મેળવવા આ વિસ્તારમાં પહોંચ્યો હતો. સુમરીઓને બેન ગણી અબડાએ રક્ષણ આપ્યું, લડાઈ થઈ તેમાં શહીદ થયા. રામપર ગામમાં તેમના સ્મારક છે. જે વીર અબડાના નામ પાછળ આ તાલુકાનું નામ અબડાસા પડયું છે, તેના મોટાભાઈ મોડ પાછળ ધર્મ-ધ્યાનમાં પડતાં 'પીર' થયા. તેના નામે 'મોડાસા' વિસ્તાર આ અબડાસાને લગોલગ પૂર્વમાં છે.

સ્થાન - સરહદ :- અબડાસા તાલુકાના અક્ષાંશ-રેખાંશ નલિયા ૨૩.૧૬ અંશ ઉ. અક્ષાંશ, ૬૮.૪૯ અંશ પૂર્વ રેખાંશ છે. આ તાલુકાની ઉત્તરે નખત્રાણા તાલુકો અને લખપત તાલુકો, પૂર્વે માંડવી તાલુકો, દક્ષિણે અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

શિક્ષણ :- તાલુકાની પ્રથમ પ્રાથમિક શાળા કોઠારામાં સને ૧૮૬૩માં શરૂ થઈ. અત્યારે તાલુકામાં ૧૬૫ પ્રાથમિક શાળા છે જેમાં ૧૫૮૦૦ વિદ્યાર્થી ભણે છે. સૌ પ્રથમ તાલુકાની હાઈસ્કૂલ કોઠારામાં ૧૯૪૭માં (જી. ટી. મેમોરિયલ હાઈસ્કૂલ) શરૂ થઈ. ૧૯૫૮માં ડુમરામાં સૌ પ્રથમ સરકારી હાઈસ્કૂલ શરૂ થઈ. બોર્ડર એરિયા પ્લાન હેઠળ નરેડી, જખૌ અને હાજાપરમાં હાઈસ્કૂલ શરૂ થઈ છે. અત્યારે જિલ્લામાં ૧૦ હાઈસ્કૂલ છે. જિલ્લાની એકમાત્ર જવાહર નવોદય વિદ્યાલય આ તાલુકામાં છે. નલિયામાં એક સેન્ટ્રલ સ્કૂલ પણ છે. અહીં એકપણ કોલેજ નથી.

મુખ્ય શહેર - ગામો : અબડાસા તાલુકાનું મુખ્યમથક નલિયા છે, જેની વસતી ૮૧૬૫ની છે. પાંચ હજારથી વધુ વસતીવાળું અન્ય એકપણ ગામ નથી. અન્ય મુખ્ય ગામોમાં જખૌ (૩૩૬૯), તેરા (૨૩૯૪), ભાનાડા (૩૨૧૫), કોઠારા (૪૧૯૨), મોથાળા (૩૧૪૮) મુખ્ય છે.

લોકો :- આ તાલુકામાં ભાનુશાલી, જૈન, લોહાણા, બ્રાહ્મણ, મુસ્લિમની વસતી મુખ્ય છે. મુખ્ય વ્યવસાય ખેતી અને ગોપાલન છે. આ તાલુકાનો પરદેશ સાથે વહેવાર સૈકાઓથી છે.


ભૂપૃષ્ઠ :- ડુંગરો : પૂર્વમાં વિઝાણથી પૂર્વે ચિત્રાણાની ધાર, ઉત્તરે બાલાચોડ અને વમોટીવાળી, જે અલગ અલગ સ્થળે ખટલો, ખાત્રોડો અને છપરો નામે ઓળખાય છે, આવેલા છે. **નદીઓ :** સાંઈ ચિત્રાણામાંથી નીકળી માંડવી તાલુકામાં દાખલ થાય છે. (૨) કનકાવતી રોમુલા ડુંગરમાંથી નીકળી નુંધાતડ-વિઝાણ પાસે થઈ સાંધાણ

આગળ થઇ અરબી સમુદ્રને મળે છે. (૩) નાયરો અથવા પીયોણી બાલાચોડની ધારમાંથી કંઢાય પાસેથી નીકળી ભવાનીપર, રવા, કોઠારા.થઇ રાપર પાસે અરબી સમુદ્રમાં મળે છે, (૪) રાણીઆરો, કાળાતળાવ પાસેથી નીકળી નલિયા પાસે થઇ જખૌની ખાડીમાં પડે છે, તેમાં મઢવાળો, ભાદરાવાળો, બાંડીયાવાળો અને લાખાણીયાવાળો એમ ચાર છેલા ભળે છે, (૫) રાખડીવાળી લખપત તાલુકાના સારણ પાસેથી નીકળી વાયોર, નાગોર, ચરોપડી પાસેથી જખૌની નાળમાં પડે છે.

બેટડા : જખૌની ખાડી આજુબાજુના નાના-મોટા પંદરેક બેટડા છે. તે કંડલા દરિયાની નાળ પાસે છે. તેમાં મુખ્ય (૧) આધોડક (૨) લૂણ કે ધ્રગડ (૩) પીર શેખરાન (૪) પીર હાજી ઇબ્રાહીમનો ટાપુ (૫) લાલાવાવ એ બહાર છે અને અંદર (૧) ખેરલો (૨) ભીર (૩) ચખડી (૪) સપથરો (૫) બગથરો વ. છે. **નાળો :** નાની ક્રીકો (૧) ગોડીઆઇ (૨) ટંગેરાણી (૩) નરાની અને (૪) ખડણીને નામે ઓળખાય છે. **બંદરો :** જખૌ, અકરી, સાંધાણ અગાઉ હતા. હવે માત્ર જખૌ બંદર છે.

ભૂમિ-કૃષિ પેદાશ :- જમીન સૂકી છે પણ કાંઠાની રસાળ છે. ચણા રાપર તાલુકામાં માખેલ તથા અબડાસામાં નલિયા, જખૌ, છાડુરા, વડસર અને રામપરમાં થાય છે. ઉપરાંત બાજરો, મગ, જુવાર, મઠ, જવ, તલ, ઘઉં વ. થાય છે.

મહત્ત્વના મથકો :- તાલુકાના મુખ્યમથક નલિયામાં સંવત ૧૮૯૭ના મહાવદ-૫ના પ્રતિષ્ઠા થયેલ જૈન મંદિર છે. નલિયા જૈનોની મોટી પંચતીર્થી પૈકી એક છે. આ તાલુકાના અન્ય કોઠારા, જખૌ, તેરા અને સુથરીમાં જૈન જિનાલય આવેલ છે કોઠારામાં શાંતિનાથ પ્રભુનું સુંદર કલાત્મક જિનાલય, અરબી સમુદ્રને કાંઠે જખૌમાં મહાવીર સ્વામીજીનું ભવ્ય જિનાલય છે. કોઠારાના ભવ્ય જૈન મંદિરના નિર્માતા શેઠ શ્રી કેશવજી નાયક, વેલજી માલુ અને શિવજી નેણશી છે તેમણે સંવત ૧૯૧૪-૧૫થી સંવત ૧૯૧૮ના મહાસુદ ૧૩ના મૂળ નાયકની સ્થાપના કરી. સુથરીની પાર્શ્વનાથની પ્રતિમા પ્રભાવક છે. સંવત ૧૮૯૬માં વૈશાખ સુદ-૮ના આ પ્રતિમા ત્યાં પ્રતિષ્ઠિત થઇ છે. **સુથરી**માં ૧૯૬૫ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા તેમના પત્ની સાથે શહીદ થયા છે. **તેરા**માં જૈન જિનાલય છે. **પીંગળેશ્વર :** દરિયાકાંઠે જખૌ-રાપર વચ્ચે પુરાણું સ્થળ છે, તે વિહારધામ તરીકે વિકસી શકે તેમ છે. **સાંધાણ :** અહીં મજબૂત કિલ્લો છે, જૈન મંદિર છે. **જખૌ :** બંદર છે. યક્ષ લોકો આ બંદરેથી આવ્યા હોવાનું કહેવાય છે. જખૌનું દેરાસર સંવત ૧૯૦૫માં શેઠ જીવરાજ રતનશીનું બંધાવેલ છે. **નલિયા**માં શ્રી જંગલેશ્વર મહાદેવનું મંદિર ૩૦૦ વર્ષ જૂનું છે. નલિયાથી ૧૪ કિ.મી. દૂર બારા ગામે મહારાવ ખેંગારજી પ્રથમના પિતાની છતેડી છે. નલિયાથી આઠ કિ.મી. દૂર **અબડા-અડભંગ**નું સ્મારક રામપર પાસે છે. **કોઠારા**થી એક કિ.મી. દૂર **પટ્ટાપીર**નું સ્થાનક છે. **ગોલાય**માં મોડની કબર છે. **વિઝાણ :** અહીં શંખેશ્વરનું મંદિર સંવત ૧૬૩૧માં બંધાયું છે.



લખપત તાલુકો ફરી 'લાખોની પત' ભણી

અખૂટ ખનિજ સંપત્તિથી ભરપૂર આ જિલ્લો સિંધુ નદીના પાણીને કારણે એક જમાનામાં લાખોની પત (આવક) આપતો વિસ્તાર હતો. અત્યારે તે નિઃસાસા નાખતો વિસ્તાર છે, પણ હવે ફરી તેના વિકાસના દ્વાર ખુલ્લે, ફરી ભાગ્યદેવી રીઝે અને ફરી તે લાખોની પત આપતો લખપત તાલુકો બની રહે તેવી શકયતાઓ ક્ષિતિજે વર્તાય છે.

સ્થાન-સરહદ :- ભારતના પશ્ચિમ છેડે ગુજરાત તેને પશ્ચિમ છેડે કચ્છ જિલ્લો અને કચ્છના પણ પશ્ચિમ છેડે લખપત તાલુકો આવેલો છે. આ તાલુકાની પશ્ચિમે અરબી સમુદ્ર, પૂર્વે નખત્રાણા તાલુકો અને ઉત્તરે રણ આવેલ છે. રણ પાર પાકિસ્તાનનો સિંધ પ્રાંત છે. દક્ષિણે અબડાસા તાલુકો છે. લખપત ૨૩.૪૯ અંશ ઉ. અક્ષાંશ અને ૬૮.૪૭ અંશ પૂર્વ રેખાંશ પર આવેલ છે.

શિક્ષણ :- આ તાલુકામાં શિક્ષણની શરૂઆત સન ૧૮૭૦ના અરસામાં થઇ છે. અત્યારે આ તાલુકામાં ૭૭ પ્રાથમિક શાળા છે જેમાં ૫૧૫૮ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૪૭ પહેલાં એકપણ હાઇસ્કૂલ ન હતી. સૌ પ્રથમ હાઇસ્કૂલ ૧૯૬૯માં સારસ્વતમ્ તરફથી દયાપરમાં શરૂ કરાઇ છે. તાલુકામાં પાનધ્રોમાં પણ સરકારી હાઇસ્કૂલ છે. બોર્ડર એરિયા પ્લાન હેઠળ ઘડુલીમાં હાઇસ્કૂલ શરૂ કરાઇ છે. આ તાલુકામાં એકપણ કોલેજ નથી. પાનધ્રોમાં આઇ.ટી.આઇ. શરૂ કરવાની જાહેરાત કરાઇ છે.

મુખ્ય શહેર-ગામો :- લખપત તાલુકાનું મુખ્યમથક અગાઉ લખપત હતું પરંતુ તે લગભગ નિર્જન થતાં હવે તે દયાપરમાં છે. લખપતની વસતી માત્ર ૩૩૫ જેટલી છે. દયાપરની વસતી ૨૯૫૫ની છે. અન્ય મુખ્ય ગામોમાં પાનધ્રો (૪૯૨૫), ઘડુલી (૨૨૪૭) મુખ્ય છે. પુરાણપ્રસિદ્ધ યાત્રાધામ નારાયણ સરોવર તથા માતાનામઢની વસતી અનુક્રમે ૭૧૯ અને ૧૪૧૭ની છે.

લોકો :- આ તાલુકામાં મુખ્યત્વે જાડેજા, લોહાણા, મુસ્લિમની વસતી છે.

ભૂપૃષ્ઠ :- ડુંગર : માતાનામઢથી ગોધાતડ વચ્ચે ડુંગરની ધાર આવેલી છે. જે તાલુકાની મધ્યમાંથી ચાલી જાય છે, તે ધનુષ આકારે છે. ઇતિહાસ પ્રસિદ્ધ ઝારા ડુંગરની ધાર ઉત્તરે રણની કાંધી પર છે. **નદીઓ :** (૧) ફલીવાળી જખૌની ખાડીમાં મળે છે (૨) કાળી કોરીક્રીકમાં જાય છે. આ ઉપરાંત ગોધાતડવાળી અને ફુલરાવાળી એમ બે નાની નદીઓ છે. **બંદરો :** જૂના સમયમાં લખપતની પશ્ચિમે કોરીક્રીકમાં વસ્તા બંદર હતું. ત્યાંથી સિંધ સાથે વ્યવહાર થતો. સિંધ સાથેનો વ્યવહાર કરાચી બંદર થતાં ઘટતો ગયો, અને લખપતનું મહત્ત્વ ઘટયું. આ ઉપરાંત કોટેશ્વર પણ બંદર છે.

ભૂમિ-કૃષિ પેદાશ :- જમીન ફળદ્રુપ છે. જો કે સિંચાઇની વ્યવસ્થા થાય તો તલની સારી ઉપજ લઇ શકાય તેમ છે.


મહત્ત્વના મથકો :- દંતકથા છે કે રાવણ શિવલિંગ લઇને ભારત બહાર જતાં કોટેશ્વરમાં તે મૂકતો ગયો એનું કોટિ સ્વરૂપ તે **કોટેશ્વર** આ તાલુકાનું પુરાણ પ્રસિદ્ધ યાત્રાધામ છે. ખુદ ભગવાન શ્રીરામ-લક્ષ્મણ જ્યાંથી પસાર થયા તે રામવાડો-રામારણ્ય, લખપત તાલુકામાં એ નામે જ મોજુદ છે. મહાન વિજેતા **સિકંદર** ભારત છોડતાં અહીંથી પસાર થયો હતો. સિંધુ નદીના પાણી આવતાં તેને કારણે આ તાલુકો રિદ્ધિ-સિદ્ધિવાળો હતો. આ તાલુકાની જાહોજલાલી સંવત ૧૮૧૯ (ઇ.સ. ૧૭૬૩) સુધી રહી. તે સમયે સિંધનો ગુલામશાહ કલોરો ચડી આવ્યો, તેના સામે ઇતિહાસ પ્રસિદ્ધ ઝા**રાનો સંગ્રામ** થયો. તેમાં તેની જીત થઇ, તે ઠેઠ અબડાસાના સાંધાણ સુધી પહોંચ્યો હતો. પાછા વળતાં અલી બંદર પાસે બંધ બાંધી સિંધુના પાણી કચ્છમાં આવતાં રોકેલ તેવી દંતકથા છે. **નારાયણ સરોવર :** આ જગ્યાએ સંવત ૧૭૯૨માં રાવશ્રી દેશળજીના વાઘેલા રાણી રાજબાએ બેટ-દ્વારકાની યાત્રા કર્યા પછી તેની પ્રતિકૃતિરૂપે લક્ષ્મીનારાયણ તથા ત્રિકમરાયના મંદિર બંધાવેલ છે. અહીં વલ્લભાચાર્યની બેઠક છે. **કનોજપીર :** આ દરગાહ કોટેશ્વરથી પશ્ચિમે ૧૯ માઇલ શિરગંઢામાં કોરીનાળની પશ્ચિમે આવેલી છે. **મડ :** દેવ વણજારાએ હજારો વર્ષ પહેલાં અહીં માતાની સ્થાપના કરી. ઇ.સ. ૧૮૧૯માં ધરતીકંપમાં નુકસાન થતાં લક્ષ્મીદાસ કામદાર તથા સુંદરજી શેઠે જિર્ણોદ્ધાર કરાવ્યો છે. આ આશાપુરા જાડેજા વંશના કુળદેવી છે. સંવત ૧૯૧૨માં દેશળજી બીજાએ હિંગળાજનું મંદિર બનાવ્યું છે. ચાચરાકુંડ પણ છે. **મુધાન**માં ભીડભંજન મહાદેવનું મંદિર સંવત ૧૮૯૫માં મહાજને બંધાવેલ છે. **લાખાપર**માં રામદેવપીરનું સ્થાનક છે. **લખપત**માં શીખોનું ગુરૂદ્વારા છે. ઉદાસ સંપ્રદાયનું મંદિર પણ છે. ગોસમહંમદનો કુબો છે. નાની છેર પાસે દરિયાકિનારે **લાલ છતા**નું સ્થાનક છે. કનોજકોટ પાસે ખંડેરો છે. **ગુનાય** પાસે ગુજરસિંહનું ખંડેર છે. **ગોલાય ગઢ-મણિયારા** ગઢ હોથલને રહેવા માટે બનાવ્યા હતા અને કોટેશ્વરની દરિયાઇ પટ્ટીમાં **સાંવલાપીર**નું સ્થાનક આવેલ છે જ્યાં દરવર્ષે મેળો ભરાય છે.

૨૧મી સદીમાં લખપત

પાનધ્રો લિગ્નાઇટ આધારિત વિદ્યુત મથક થતાં તેમજ જી.એમ.ડી.સી. દ્વારા મોટાપાયે લિગ્નાઇટનું ખોદકામ થતાં આ વિસ્તાર ગાજતો થયો છે. દરરોજ સેંકડો ટ્રકો અહીંથી લિગ્નાઇટ બહાર લઇ જાય છે. સરકારે સાંઘી સિમેન્ટને મંજૂરી આપતાં અહીં દેશનો સૌથી મોટો સિમેન્ટ પ્લાન્ટ થશે. કરોડોનું મૂડીરોકાણ અહીં આવી રહ્યું છે. ભૂગર્ભમાં બેકાર પડેલી વિપુલ ખનિજ સંપત્તિ કચ્છની કાયાપલટ કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે. □

■ ૭૭, તિરૂપતિ નિલયમ, સ્વામીનારાયણ સોસાયટી, જાદવજીનગર, કોલેજ રોડ, ભુજ-૩૭૦૦૦૧

સંદર્ભસૂચિ : (૧) કચ્છ ગેઝેટીયર, ૧૯૭૧ (૨) કચ્છ પરિચય પ્રકાશન, પુસ્તિકા ૧ થી ૧૨, લેખક : કાન્તિપ્રસાદભાઇ અંતાણી, સંપાદન : શ્રી હરેશ ધોળકિયા, પ્રકાશક : કચ્છ ગ્રામ ઉત્કર્ષ ટ્રસ્ટ, ભુજ. (૩) કચ્છ બૃહદ ભૂગોળ, લેખક : ગોકુળદાસ બાંભડાઇ, માંડવી. (૪) કચ્છ પ્રવાસ, સંપાદક : રમેશ સંઘવી, પ્રકાશક : વિચારશીલ પ્રકાશન, ભુજ. (૫) કચ્છ જિલ્લાની સામાજિક અને આર્થિક સમીક્ષા, વર્ષ ૧૯૯૧-૯૨, પ્રકાશક : જિલ્લા પંચાયત, કચ્છ, આંકડા શાખા, ભુજ.



જળ સંસાધનની દ્રષ્ટિએ કચ્છ એક કમનસીબ પ્રદેશ છે. ખનિજ અને દરીયાઇ જેવી અન્ય કુદરતી સંપત્તિની વિપુલતા હોવા છતાં પાણીની અછતને કારણે તે ઉપયોગમાં લઇ શકાતી નથી તેથી પ્રદેશના કૃષિ, પશુપાલન, ઉદ્યોગ, વન, સાગરકાંઠો, પર્યાવરણ વગેરે અલ્પવિકસિત રહ્યા છે. આમ કચ્છના આર્થિક અને સામાજિક વિકાસ સામે જળસંપત્તિની અછત મુખ્ય અવરોધક છે. રોજીરોટી અને ઘાસચારા માટે લોકો તથા પશુઓની કાયમી ધોરણની હિજરત વગેરેને લઇ કચ્છનું સામાન્ય જનજીવન ઘણી કઠીનાઇ વેઠે છે. રાજ્યનો આશરે ૨૩ ટકા જેટલો વિસ્તાર ધરાવતો આ પ્રદેશ પાણીની જરૂરી વ્યવસ્થા ન થઇ શકવાને કારણે પછાત રહ્યો છે. આ સંદર્ભમાં પાણીની સમસ્યાનું સ્વરૂપ અને તેના કારણો વૈજ્ઞાનિક રીતે તપાસી તેના નિવારણ માટેની સાચી દિશાઓ નક્કી કરવી જરૂરી બને છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કચ્છની જળસંપત્તિ અને વિકાસના વિવિધ પાસાંઓ તપાસીને તેના કાયમી ધોરણે ઉકેલ માટેના વિકલ્પો વિષે પ્રસ્તુત લેખમાં પ્રયાસ કર્યા છે. એકંદરે એમ જણાય છે કે કુદરતી કેટલીક પ્રતિકૂળતાઓ હોવા છતાં જળ સંસાધનોનો ટેકનિકલ અને પરિસરની રીતે સર્વગ્રાહી વિકાસ અભિગમ કેળવીએ અને રાજ્ય સરકારના આયોજનને સામાજિક ન્યાયના ધોરણે તપાસીને તેમાં જરૂરી ફેરફાર કરીએ તો કચ્છની જળ સમસ્યા ઉકેલવી અશકય નથી. અલ્પ જળસંપત્તિના મહત્તમ વિકાસની સાથે સાથે અન્ય કુદરતી સંપત્તિઓનો સંતુલિત વિકાસ થાય તેનાથી જિલ્લાની અને રાજ્યની સમૃદ્ધિમાં વધારો કરી શકાય એવી ઘણી શકયતાઓ છે.


કચ્છ જિલ્લો ગુજરાતનો એક વિશિષ્ટ પ્રદેશ છે અને કેટલીક લાક્ષણિકતાઓના કારણે તે અન્ય પ્રદેશો કરતાં અલગ તરી આવે છે. આકૃતિ-૧ ગુજરાતમાં કચ્છનું સ્થાન અને તેની ભૌગોલિક વિશિષ્ટતાઓ દર્શાવી છે.

જળ સંપત્તિની કુદરતી ઉપલબ્ધિ

કોઇપણ પ્રદેશની જળ સંપત્તિની ઉપલબ્ધિ મુખ્યત્વે ત્રણ કુદરતી પરિબળો આબોહવા, ભૂપૃષ્ઠ અને ભૂસ્તર પર આધાર રાખે છે. તદઉપરાંત તેના યોગ્ય આયોજન જેવા માનવીય પરિબળ વડે ઉપલબ્ધિની માત્રા વધારી શકાય છે. આ ચાર પરિબળોમાંથી કોઇ એક પ્રતિકૂળ હોય તો જળ સમસ્યાઓ ઉદ્દભવી શકે છે.

દક્ષિણ ગુજરાતમાં ડાંગ-ધરમપુરના ડુંગરાળ પ્રદેશમાં ૨૦૦૦ મી.મી. જેટલો પુષ્કળ વરસાદ હોવા છતાં ભૂપૃષ્ઠ અને ભૂસ્તરની પ્રતિકૂળતાઓને લીધે ભૂગર્ભ જળ સંગ્રહ થઇ શકતું નથી અને લગભગ બધો જ વરસાદ ચોમાસા દરમિયાન જ તળેટીમાં વહી જાય છે અને ત્યાં પૂર રેલાવે છે. પરિણામે ઉનાળાના ચાર-છ મહિનાં ત્યાં કાયમી ધોરણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. પીવાનું પાણી પણ ટેન્કરો દ્વારા લાવવું પડે છે. ઉત્તર ગુજરાતના કાંપવાળા વિસ્તારોમાં સરેરાશ વરસાદ ૫૦૦ મી.મી. છે. જે કચ્છ કરતાં કંઇ ખાસ વધારે નથી. પરંતુ ભૂગર્ભ જળ સંગ્રહ માટે ઉત્તમ પ્રકારની ભૂસ્તર રચના છે અને ઉપરવાસના આબુ-આરાસુરાનાં વધુ વરસાદવાળા પહાડી પ્રદેશમાંથી વહી આવતી નદીઓના જળરાશિના રીચાર્જ માટે અનુકૂળ ભૂપૃષ્ઠ છે. આમ ઓછા વરસાદે પણ આ પ્રદેશ ભૂગર્ભ જળ સંપત્તિ માટે ખૂબ જ સક્ષમ છે. જો કે વધુ પડતા ઉલેચ-ઉપાડને કારણે અહીં અંર્તજળના તળ ઘણા ઊંડા ઉતરી ગયા છે તે માનવસર્જિત સમસ્યા છે.

આમ જળ ઉપલબ્ધિના કુદરતી પરિબળો જેમના તેમ આપણને સ્વીકારવાં જ પડે છે. પરંતુ પરિબળોની પૂરતી સમજણ કેળવીને તેનું યોગ્ય સંવર્ધન કરીને તથા



આકૃતિ-૨ : જળસંપત્તિના કુદરતી પરિબળો અને વ્યવસ્થાપન

વૈજ્ઞાનિક રીતે આયોજન થાય તો જળ ઉપલબ્ધીને વધારી શકાય. યોગ્ય અને ન્યાયી વહેંચણી અને વપરાશમાં સંયમ દ્વારા તેનો લાંબાગાળાનો વિકાસ પણ સાધી શકાય છે. કુદરતી પરિબળો દ્વારા જળ પ્રાપ્તિ અને યોગ્ય આયોજન દ્વારા તેની વૃદ્ધિની સમજણ આકૃતિ-૨માં દર્શાવી છે.

આબોહવા અને વરસાદ


ઉપરના સંદર્ભમાં તપાસતાં જણાય છે કે કચ્છમાં મુખ્યત્વે સૂકું હવામાન અને ઓછો વરસાદ જળસંપત્તિની અલ્પ ઉપલબ્ધિ માટે મુખ્ય પરિબળ છે. આબોહવા અને

કોઠો-૧ : કચ્છના વરસાદની વિશિષ્ટતા (૧૯૦૧-૧૯૮૯)
(આધાર કેસીબી રાજુ ૯૫)

સ્થળ	વાર્ષિક સરાસરી મી.મી.	મહત્તમ વધઘટ મી.મી.	ટકા	વાર્ષિક મહત્તમ મી.મી.	(વર્ષ)	દૈનિક તીવ્રતા મી.મી.	તારીખ
૧. ભુજ	૩૪૨	૨૨૩	(૬૬)	૧૩૧૧	(૧૯૫૯)	૪૬૮	(૧૫-૭-૫૯)
૨. અંજાર	૩૪૪	૧૯૩	(૫૬)	૯૮૨	(૧૯૭૯)	૩૨૬	(૨૩-૭-૮૧)
૩. રાપર	૩૬૫	૨૨૩	(૬૧)	૧૧૪૦	(૧૯૭૫)	૧૯૮	(૨-૯-૮૪)
૪. ભચાઉ	૩૮૩	૨૫૩	(૬૬)	૯૮૯	(૧૯૭૯)	--	
૫. મુન્દ્રા	૪૪૦	૨૪૮	(૫૬)	૯૫૮	(૧૯૫૯)	--	
૬. કંડલા	૪૩૩	૨૨૭	(૫૨)	૮૯૩	(૧૯૬૭)	--	
૭. નલિયા	૪૫૨	૩૬૫	(૮૧)	૧૩૭૩	(૧૯૫૯)	૨૬૩	(૧૨-૭-૮૧)
૮. માંડવી	૪૦૨	૨૮૪	(૭૧)	૯૪૯	(૧૯૬૭)	૨૭૬	(૧૨-૭-૮૧)
૯. લખપત	૩૩૮	૨૬૭	(૭૯)	૯૫૭	(૧૯૫૯)	--	
૧૦. નખત્રાણા	૩૮૨	૨૩૫	(૬૨)	૮૬૫	(૧૯૭૯)	--	
૧૧. ખાવડા	૩૪૬	૨૪૬	(૭૧)	૯૮૮	(૧૯૬૧)	--	
૧૨. માંડવી	૪૩૩	૨૬૯	(૬૨)	૧૬૭૧	(૧૮૮૪)	--	
૧૩. ખડીર	૩૮૧	૨૧૧	(૫૬)	૮૫૩	(૧૯૫૯)	--	
કચ્છ	૩૮૮	૩૬૫	(૮૧)	૧૬૭૧	(૧૮૮૪)	૪૬૮	(૧૫-૭-૫૯)

કચ્છની જળ સમસ્યા : સ્વરૂપ, કારણ અને નિવારણ

□ ડૉ. પી. પી. પટેલ



આકૃતિ-૩ : કચ્છની આબોહવા અને વરસાદ


વરસાદની કેટલીક ખાસિયતો આકૃતિ-૩માં દર્શાવી છે. જિલ્લાના વરસાદની વિશિષ્ટતા કોઠો-૧માં આપી છે. કચ્છમાં ઋતુનો બધો વરસાદ ફક્ત ૧૦ થી ૧૫ દિવસમાં જ થઇ જાય છે. કુલ વરસાદનું ૬૦ ટકા જેટલું પાણી ભારે ઝાપટા કે વાવાઝોડા દ્વારા ગણતરીના કલાકોમાં જ વરસી જાય છે. ત્યારે વરસાદની તીવ્રતા ૪૦ થી ૫૦ મી.મી./પ્રતિકલાક હોય છે. આવો વરસાદ ભૂગર્ભજળ રીચાર્જ માટે યોગ્ય નથી તેમજ તે વિશાળ પાયે જમીનનું ધોવાણ પણ કરે છે. કચ્છમાં વાર્ષિક સરેરાશ વરસાદ ૩૫૦ મી. મી. જેટલો ઓછો હોવા છતાં તેની સરાસરી આંકમાં ૬૦ ટકા જેટલી વધઘટ જોવા મળે છે. એનો અર્થ એવો થયો કે ૧૦ વર્ષમાં ૩ વર્ષ ૧૨૦ મી. મી.થી પણ ઓછો વરસાદ પડે એટલે દુષ્કાળના, બીજા ૩ વર્ષ અર્ધ દુષ્કાળના, ૩ વર્ષ સામાન્ય અને એક વર્ષ અતિવૃષ્ટિનું હોય. જમીન પર સંગ્રહાયેલ પાણી આબોહવાની વિષમતાને કારણે મોટા પ્રમાણમાં બાષ્પીભવનથી વેડફાય છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં બાષ્પીભવનનો વાર્ષિક આંક ૨.૩ મીટર છે જ્યારે દક્ષિણ ગુજરાતમાં તે ૧.૯ મીટર છે.

ભૂપૃષ્ઠ : કચ્છનો કુલ વિસ્તાર ૪૫૬૫૨ ચો. કિ. મી. છે. જે ગુજરાતના કુલ વિસ્તારના આશરે ૨૩% જેટલો થાય છે. ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ કચ્છ મુખ્ય બે વિભાગોમાં વહેંચાયેલ છે. રણનો વિસ્તાર ૨૬૨૫૨ ચો. કિ. મી. છે. કચ્છના દક્ષિણે દરિયો, ઉત્તરે રણ, મધ્યમાં ડુંગરોની હારમાળા અને ફરતે ફળદ્રુપ મેદાનો પથરાયેલા છે. ઉત્તરે રણમાં પચ્છમ ખડીર અને બેલાના પર્વત -ટાપુઓ એક હારમાં ઊભેલા છે. મધ્યમાં પૂર્વ પશ્ચિમ -ગિરિમાળામાંથી ઉદ્દભવતી નદીઓ ઉત્તરે રણમાં લય પામે છે અને દક્ષિણે સમુદ્રને મળે છે. કચ્છનું ભૂપૃષ્ઠ આકૃતિ-૪માં દર્શાવ્યું છે.

કચ્છનું ભૂપૃષ્ઠ પણ જળ ઉપલબ્ધિની દ્રષ્ટિએ અગત્યનો ભાગ ભજવે છે. કચ્છની ભૌગોલિક રચના એવી છે કે બહારના અન્ય કોઇ સ્રાવક્ષેત્રનું પાણી કચ્છને મળતું નથી. જેમ કે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં બાજુના પૂર્વ પ્રદેશના વિસ્તારનું પાણી તેમાંથી વહી આવતી મહી, નર્મદા, તાપી, દમણગંગા જેવી મોટી નદીઓ દ્વારા તે પ્રદેશને મળે છે જ્યારે કચ્છને જે કંઇ થોડો વરસાદ પોતાના જ આકાશમાંથી મળે છે તે પણ ચોમેર ઢળાવને કારણે વ્યર્થ વહી જાય છે. આ પ્રતિકૂળતા હોવા છતાં શક્ય તેટલો પ્રવાહ સમુદ્ર કે રણમાં વિલીન થાય તે પહેલાં ખાળી શકવા માટે કચ્છનું ભૂપૃષ્ઠ સાનુકૂળતા ધરાવે છે.

ભૂસ્તર પાણી રીચાર્જ માટે અનુકૂળ

ભૂસ્તર જળસ્ત્રોતની દ્રષ્ટિએ કચ્છ ત્રણ વિભાગમાં વહેંચી શકાય (આકૃતિ-૫)કાંપના સ્તરો (૩૫%), છિદ્રાળુ જળકૃત ખડકો (૫૦%) અને અછિદ્રાળુ અગ્નિકૃત ખડકો (૧૫%)માં વિસ્તરે છે.



આકૃતિ-૪ : કચ્છનું ભૂપૃષ્ઠ

કચ્છમાં વરસાદના ૧૫ થી ૨૦% જેટલું પાણી ભૂગર્ભમાં રીચાર્જ સ્વરૂપે ઉતરે છે. આ માટે ભૂસ્તર પર પથરાયેલ મૃદાવરણ પણ સાનુકૂળ છે. આ આંક રાજ્ય માટે ૧૦ થી ૧૫% ગણાય છે. ભૂસ્તર અને ભૂપૃષ્ઠની અનુકૂળ રચના માટે આપણે કુદરતનો ઉપકાર માનવો પડે. જો અહીંની ભૂસ્તર રચના દક્ષિણ ગુજરાતના પહાડો કે સૌરાષ્ટ્રના ઉચ્ચપ્રદેશ જેવા અછિદ્રાળુ અગ્નિકૃત ખડકોની બનેલ હોત તો આ આંક ત્રણ ટકા જેટલો નીચો હોત અને ભૂગર્ભજળની કટોકટરીભરી પરિસ્થિતિમાં કચ્છનો તળપ્રદેશ પણ તેના રણપ્રદેશ જેવો જ થઇ જાત. ભૂસ્તર સ્રોત રચના મોટા પ્રમાણમાં ભૂગર્ભજળ સંગ્રહની સક્ષમતા ધરાવે છે.

જળસ્રોત : સામાન્ય રીતે જે તે વિસ્તારના જળસ્રોત બે વિભાગમાં વહેંચાયેલા હોય છે. ભૂપૃષ્ઠ પરનું વરસાદનું જળ નદી, સરોવર, બંધ, તળાવો વગેરે સ્વરૂપે મળે છે. બીજું સ્રોત તે ભૂગર્ભજળ. મૃદાવરણ નીચે કાંપના સ્તરો કે ખડકોના છિદ્રોમાં સંગ્રહાયેલું રહે છે. આ બંને જળ એકમેક સાથે સંકળાયેલ હોય છે. વરસાદની ઋતુ


પછીના નદી પ્રવાહનું જળ તે ઉપરવાસનું ભૂગર્ભજળ ઝરણાં સ્વરૂપે ભૂસપાટ પર વહે છે. તેજ પ્રવાહ વળી નદીના હેઠવાસના રેતાળ પ્રદેશોમાં અંતર્જળ સ્વરૂપે વળી પાછું ભૂગર્ભમાં લોપ થાય છે. આમ વિવિધ સ્વરૂપે મળતા સ્રોત એકંદરે સતત ચાલતા જળચક્રના જુદા જુદા પ્રકારો જ છે. કચ્છ જેવા અછતોના પ્રદેશ માટે સઘળાં સ્રોતના વિકાસ, ઉપયોગ, નિકાલ વગેરેના યોગ્ય વ્યવસ્થાપન માટે સ્થાનિક અને ક્ષેત્રિય

કોઠો : ૨ ગુજરાતના ભુપૃષ્ઠ જળની ક્ષેત્રીય જળસંપત્તિ અને વિકાસ આયોજન (આધાર : ન.જ.સ.વિ. ૧૯૮૯)

(૧) સંપતિ (૨) વિકાસ	એકમ	કુલ	ક્ષેત્ર			
			દક્ષિણ ગુજરાત	ઉત્તર ગુજરાત	સૌરાષ્ટ્ર	કચ્છ
જિલ્લાઓ	સંખ્યા	૧૯	૭	૫	૬	૧
વિસ્તાર	હજાર ચો.કી.મી.	૧૯૬	૫૮	૩૮	૫૪	૪૬
	ટકા	(૧૦૦)	(૨૪)	(૨૦)	(૩૩)	(૨૩)
(૧) જળસંપતિ						
કુલ ઉપલબ્ધી	કરોડ મી^{3}	૩૨૪૩	૧૭૫૧	૧૯૪૦	૪૫૫	૨૪૩
	(ટકા)	(૧૦૦)	(૫૪)	(૨૫)	(૧૪)	(૭)
વિકાસ યોગ્ય	કરોડ મી^{3}	૧૭૮૦	૧૩૯૦	૨૦૦	૧૫૦	૪૦
	(ટકા)	(૧૦૦)	(૭૮)	(૧૨)	(૮)	(૨)
ઉપલબ્ધી/વિકાસ	પ્રમાણ	૦.૭૭	૦.૭૭	૦.૨૫	૦.૩૩	૦.૧૬
(૨) વિકાસ						
પુર્ણ યોજનાઓ	સંખ્યા	૧૪૩	૩૩	૧૫	૭૭	૧૮
સૂચિત યોજનાઓ	સંખ્યા	૨૯૩	૧૨૬	૩૦	૧૧૭	૨૦
કુલ	સંખ્યા	૪૩૬	૧૫૯	૪૫	૧૯૪	૩૮

કોઠો-૩ : કચ્છની મધ્યમ સિંચાઇ યોજનાઓ (આધાર : ન. જ. સં. વિ. ૧૯૮૯)

અનુ.	યોજના	તાલુકો	નદી	સ્ત્રાવ વિસ્તાર ચો.કિ.	જળાશય વિસ્તાર હેકટર	જળાશય સંગ્રહ લાખ^3	સિંચાઇ ક્ષમતા હેકટર	બાંધકામ	
								વર્ષ	ખર્ચ રૂા. લાખ
૧	રૂદ્રમાતા	ભુજ	ખારી	૫૭૨	૧૦૯૬	૬૪૭	૪૦૪૮	૫૯-૭૦	૮૭
૨	ટપ્પર	અંજાર	સાકરા	૩૨૫	૧૮૦૫	૪૮૮	પા.પુ.	૬૯-૭૫	૧૩૫
૩	નરા	લખપત	નરા	૨૩૩	૧૪૩૮	૪૧૦	૨૪૬૧	૭૨-૮૧	૧૬૯
૪	મીઠી	અબડાસા	મીઠી	૪૬૯	૯૫૦	૧૭૪	૨૩૬૪	૮૦-૮૭	૨૯૯
૫	ભૂખી	નખત્રાણા	ભૂખી	૧૬૦	૨૯૦	૧૫૬	૧૯૪૮	૭૮-૮૭	૨૨૬
૬	ગોધાતડ	લખપત	મીઠ્ઠીયારી	૧૮૮	૬૦૬	૧૪૭	૧૩૨૮	૭૬-૮૩	૧૦૧
૭	કનકાવતી	અબડાસા	કનકાવતી	૨૦૮	૪૮૦	૧૪૬	૫૫૮૭	૫૨-૫૬	૧૮
૮	સુવઇ	રાપર	સુવઇ	૧૬૧	૬૫૦	૧૪૩	૩૧૯૨	૫૯-૬૬	૩૦
૯	કાયલા	ભુજ	કાયલા	૧૭૮	૨૭૦	૧૪૦	૩૨૩૮	૫૨-૫૫	૨૭
૧૦	સુડધ્રો	લખપત	કાળી	૧૪૮	૪૯૫	૧૨૩	૩૦૧૬	૫૩-૫૬	૧૨
૧૧	ગજોડ	ભુજ	નાગમતી	૧૬૭	૩૮૬	૧૦૭	૪૨૨૮	૫૧-૫૫	૧૨
૧૨	મથલ	નખત્રાણા	ઢાઢોડ	૧૧૪	૪૫૦	૧૦૭	૪૨૨૮	૭૯-૮૭	૨૩૪
૧૩	જંગડીયા	અબડાસા	ખારી	૧૪૮	૪૪૦	૯૦	૧૪૯૧	૭૮-૮૭	૧૬૮
૧૪	કાસવતી	ભુજ	કાસવતી	૬૭	૨૧૩	૮૯	૮૦૯	૭૩-૭૬	૭૫
૧૫	ફતેહગઢ	રાપર	માલણ	૧૦૪	૮૫૨	૭૫	૯૧૯	૭૯-૮૭	૧૩૦
૧૬	ગજણસર	નખત્રાણા	પાંજોરા	૧૬૬	૨૫૫	૭૩	–	૬૦	૧૨
૧૭	બેરાચીયા	અબડાસા	નાઇરા	૧૬૦	૨૮૦	૬૯	૫૯૭	૮૦-૮૭	૮૨
૧૮	કારાઘોઘા	મુન્દ્રા	ફોટ	૧૭૧	૨૦૪	૫૦	૫૩૬	૮૧-૮૭	૧૪૦
૧૯	નિરોણા	નખત્રાણા	ભુરૂડ	૩૮૮	૪૪૧	૩૨	૩૦૩૬	૫૯-૭૦	૬૨
૨૦	ડોણ	માંડવી	ખરોડ	૧૪૦	૧૨૦	૨૩	૪૯૦	૮૦-૮૭	૧૧૧
	કુલ	૮	૨૦	૪૨૬૭	૧૧૭૨૧	૩૨૮૯	૪૧૧૨૨	–—	૨૧૩૦



આકૃતિ-૫ : કચ્છનો ભૂગર્ભ જળસ્ત્રોત નકશો

ધોરણે ભૂવાત અને જળચક્રના પારસ્પારિક સંબંધની વિશિષ્ટતાઓ બરાબર સમજીને આયોજન થાય તે જરૂરી છે.

ભૂપૃષ્ઠ જળ સંપત્તિ : ભૂપૃષ્ઠના જળસ્રોત સ્રાવક્ષેત્રોની સંખ્યા, વિસ્તાર અને વરસાદ ઉપર અવલંબે છે. રાજ્યના સિંચાઇ વિભાગની ગણતરી મુજબ ગુજરાતમાં કુલ ૧૮૫ સ્રાવક્ષેત્રો દ્વારા ૨૯૬૦ કરોડ ઘનમીટર પાણી ઉપલબ્ધ થાય છે. કચ્છમાં કુલ ૯૭ જેટલા સ્રાવક્ષેત્રો હોવા છતાં તેમની ભૂવાત મર્યાદાઓને કારણે તે દ્વારા જળ ઉપલબ્ધિ માત્ર ૧૧૧ કરોડ ઘનમીટર થાય છે. ટૂંકમાં રાજ્યના કુલ સ્રાવ વિસ્તારના ૨૩ ટકા જેટલો ભાગ ધરાવતા કચ્છ પ્રદેશનો વર્ષાજળ ઉપલબ્ધિમાં ફાળો માત્ર ૩.૭૫ ટકા જેટલો નહિવત છે. ભૂગર્ભજળ સંપત્તિ પણ ભૂપૃષ્ઠ પરની આ જળરાશિ ઉપર અવલંબિત રહે છે. કુદરતનો આ પક્ષપાત કચ્છને અનેકવિધ પીડાકારક પુરવાર થયો છે. નર્મદા યોજના દ્વારા રાજ્યને મળનાર વધારાના ૧૧૧૦ કરોડ ઘનમીટર રાશિમાંથી કચ્છને ૨૫ કરોડ ઘનમીટરની ફાળવણી થઇ છે. આમ કચ્છને આંતરિક અને બાહ્યસ્રોત દ્વારા કુલ ૧૩૬ કરોડ ઘનમીટર જળરાશિ પ્રાપ્ત થાય છે. જે સમગ્ર રાજ્યની સરખામણીએ માત્ર ૩.૦ ટકા છે. કચ્છની ખાસ પ્રકારની ભૌગોલિક આબોહવાની દ્રષ્ટિએ આ જળસ્રોત ઘણાં જ ઓછા ગણાય. કચ્છમાં અન્ય કુદરતી સંપદાઓ જેવી કે ખનિજ, જમીન, પશુ, દરિયો, ઉર્જા વગેરે સવિશેષ પ્રમાણમાં હોવા છતાં ભૂપૃષ્ઠના પ્રાપ્ય જળરાશિની અપૂર્તતાને કારણે અણવિકસિત રહે છે. તેનાથી આ પ્રદેશને વિશેષ રીતે અને રાજ્યને સામાન્ય રીતે સહન કરવાનું થાય છે. રાજ્યનાં સઘળા જળસ્રોત વિવિધ પ્રદેશોની સહિયારી સંપત્તિ ગણાય છે. કુદરતી સંસાધનોની પ્રાદેશિક મર્યાદા-વિપુલતા ધ્યાનમાં લઇ યોગ્ય વહેચણીનું આયોજન ગોઠવાય તો રાજ્ય સ્તરે વિકાસ સંતુલન જાળવવાનું સહેલું બને. જેમ કે કચ્છની ખનિજ અને દરિયાઇ સંપદા દ્વારા રાજ્યની સંપત્તિ વધે છે તેમ રાજ્યની જળસંપદા દ્વારા કચ્છની સ્થાનિક સંપત્તિ વધે તેવું આયોજન ઇચ્છનીય ગણાય.

કોઠો-૪ : ગુજરાતની સરખામણીમાં કચ્છની જળાશય યોજનાઓ

યોજનાની વિગત	(એકમ)	ગુજરાત રાજ્ય	કચ્છ જિલ્લો	ગુજરાતની સરખામણીમાં કચ્છ (ટકા)
કુલ યોજનાઓ	(સંખ્યા)	૧૯૯	૨૦	૧૦
સ્ત્રાવ વિસ્તાર	(લાખ ચો. કિ.)	૩.૩	૦.૦૪	૧.૩
ડૂબ વિસ્તાર	(હજાર ચો. કિ.)	૨.૭	૦.૧૨	૪.૩
ડૂબ : સ્ત્રાવ	(પ્રમાણ)	૧ : ૧૨૫	૧ : ૩૬	--
જળસંગ્રહ	(કરોડ ઘ. મી.)	૧૭૦૮	૩૩	૧.૮
સિંચાઇ	(લાખ હેકટર)	૧૮	૦.૪	૨.૨
નર્મદા જળ	(કરોડ ઘ. મી.)	૧૧૧૦	૨૫	૨.૨
નર્મદા સિંચાઇ	(લાખ હેકટર)	૧૮	૦.૪૫	૨.૫

ભૂપૃષ્ઠ જળ વિકાસ : રાજ્યમાં ક્ષેત્રિય ધોરણે ભૂપૃષ્ઠ જળસંપત્તિ અને વિકાસ કોઠા-૨માં આપ્યા છે.

ગુજરાતમાં કુલ ૪૩૬ મધ્યમ અને મોટી જળાશય યોજનાઓ છે. મોટા કદની યોજના માટે કચ્છની ભૌગોલિક રચના યોગ્ય નથી. અહીં ૨૦ મધ્યમકદની યોજનાઓ બની છે અને હવે આવી નવી યોજના માટે અવકાશ રહ્યો નથી.

જિલ્લાની મધ્યમ જળાશય યોજનાઓ આકૃતિ-૬માં બતાવી છે. યોજનાવાર સ્રાવ વિસ્તાર, ડૂબ વિસ્તાર, જળસંગ્રહ, સિંચાઇ ક્ષમતા, બાંધકામ વર્ષ અને ખર્ચના આંકડાઓ કોઠા-૩માં વિગતવાર આપ્યા છે. ગુજરાતની સરખામણીમાં કચ્છની જળાશય યોજનાઓ કોઠા-૪માં બતાવી છે.

કચ્છના ૫૫% રણ વિસ્તારના વરસાદને કોઇ જળાશયમાં સંગ્રહ કરવાનું મુશ્કેલ હોઇ તે વ્યર્થ જાય છે. બાકીના વિસ્તારમાંથી ઉંચાઇવાળા સ્રાવક્ષેત્રોના વરસાદને જ જળાશયોમાં સંગ્રહી શકીએ છીએ. આમાંથી ૪૨૬૭ ચો. કિ. (૨૨%) સ્રાવક્ષેત્રનું પાણી જિલ્લાના કુલ ૨૦ મધ્યમકદની જળાશય યોજનાઓમાં સંગ્રહ કરવામાં આવે છે. આ પાણીનો કુલ જથ્થો ૩૨૮૯ લાખ ઘનમીટર થાય છે. અને ૪૧૧૨૨ હેકટરને સિંચાઇ હેઠળ આવરે છે જે કચ્છના કુલ ખેત વિસ્તારના ૩% જેટલી જાય છે. કચ્છની વિશિષ્ટ ખેત-આબોહવાને કારણે પિયત વિસ્તર સ્રાવક્ષેત્રના પ્રમાણમાં ૧૦% જેટલો નીચા આંક ઉપર રહે છે અને તે પણ માંડ ૫૦ સે. મી. પાણી ફાળવી શકાય છે તે પણ મુખ્યત્વે ખરીફ સિંચાઇમાં વપરાય છે. ૧૯૬૦થી ૧૯૯૧ દરમિયાન આ યોજનાઓ પાછળ કુલ ૨૧ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયેલ છે.


જિલ્લાના વિકાસ યોગ્ય કુલ સ્રાવક્ષેત્રનો ૨૨% જેટલો વિસ્તાર મધ્યમકદની જળાશય યોજનાઓને પોષે છે. બાકીના ૭૮% વિસ્તાર નાની યોજનાઓ માટે યોગ્ય રહે છે તેમાં પૂરી થયેલી અને વિચારણામાં હોય તેવી કુલ ૨૩૮ યોજનાઓ છે. જેમાં ૨૦૧ લઘુ સિંચાઇ યોજનાઓ, ૬ ચેકડેમ અને ૩૧ અનુશ્રવણ તળાવો છે. બધાનું મળી ૨૦ કરોડનું મૂડીરોકાણ થાય છે અને ૩૭૪૦૦ હેકટર જમીનને સિંચાઇ મળી શકે. પંચાયત હસ્તકની આવી યોજનાઓ ખાસ લાભદાયી પુરવાર થઇ નથી. સ્થાનિક ભૂવાત પરિસ્થિતિ મુજબ આયોજિત અને લોકોની ભાગીદારી-જવાબદારીની યોજનાઓ થાય તો આ ૭૮ % સ્રાવ વિસ્તારના પૃષ્ઠજળનો ઘણો સારો વિકાસ સાધી શકાય.

ભૂગર્ભજળ સંપત્તિ : સ્થાયી-અસ્થાયી સ્રોત : કચ્છના ભૂગર્ભજળ સ્રોત વૈવિધ્ય ધરાવે છે તેનો નકશો આકૃતિ-૫માં દર્શાવ્યો છે. આ સ્તરસ્રોત મુખ્યત્વે ત્રણ ભાગમાં (કોઠો-૫) વહેંચી શકાય.

કોઠો-૫ : કચ્છનાં ભૂગર્ભજળ સ્રોત

ભૂસ્તર જળસ્ત્રોત	વિસ્તાર (ચો. કિ. મી.)	(%)	ઊંડાઇ (મીટર)	(આવરો) (ઘન મી/કલાક)	દ્રાવ્યક્ષારો (મીગ્રા/લી)
કાંપના સ્તરો	૬૮૨૦	૩૫	૧૦-૫૦	૩-૩૦	૫૦૦-૩૦૦૦
જળકૃત ખડકો	૯૮૪૦	૫૦	૫૦-૨૫૦	૩૦-૧૨૦	૫૦૦-૨૦૦૦
અગ્નિકૃત ખડકો	૨૮૧૭	૧૫	૨૦-૧૫૦	૩-૨૦	૫૦૦-૧૦૦૦

આકૃતિ-૬ : કચ્છની મધ્યમ સિંચાઇ યોજનાઓ



કોઠો-૬ : ગુજરાતની ક્ષેત્રીય ભૂર્ગભજળ સંપત્તિ અને વિકાસ
(આધાર : જ. સં. નિ. ૧૯૯૨)

(૧) સંપત્તિ (૨) વિકાસ	એકમ	કુલ	ક્ષેત્ર			
			દક્ષિણ ગુજરાત	ઉત્તર ગુજરાત	સૌરાષ્ટ્ર	કચ્છ
જિલ્લા	સંખ્યા	૧૯	૭	૫	૬	૧
વિસ્તાર	હજાર કિ.મી²	૧૯૬	૫૮	૩૮	૫૪	૪૬
	ટકા	(૧૦૦)	(૨૪)	(૨૦)	(૩૩)	(૨૩)
(૧) સંપત્તિ						
કુલ ઉપલબ્ધી	કરોડ મી³	૧૪૪૫	૫૪૨	૩૪૬	૫૦૫	૫૨
	(ટકા)	(૧૦૦)	(૩૭)	(૨૪)	(૩૫)	(૪)
વિકાસ યોગ્ય	કરોડ મી³	૧૨૨૮	૪૬૦	૨૯૫	૪૨૯	૪૪
	ટકા	(૧૦૦)	(૩૭)	(૨૪)	(૩૫)	(૪)
(૨) વિકાસ : અ :	**ઉપાડ**					
ઉપાડ	કરોડ મી³	૭૧૨	૧૭૮	૨૯૬	૨૧૮	૨૮
	ટકા	(૫૮)	(૩૯)	(૧૦૧)	(૫૧)	(૭૫)
(૩) વિકાસ બ :	**સિંચાઇ**					
શકયતા	લાખ હેકટર	૨૯.૩૮	૧૦.૬૫	૭.૦૦	૧૦.૮૫	૦.૮૮
	(ટકા)	(૧૦૦)	(૩૭)	(૨૪)	(૩૫)	(૪)
સિદ્ધી	લાખ હેકટર	૧૬.૬૭	૩.૬૯	૬.૮૫	૫.૬૦	૦.૫૫
	ટકા	(૧૦૦)	(૨૨)	(૪૧)	(૩૪)	(૩)
સિલક	લાખ હેકટર	૧૨.૭૧	૬.૯૬	૦.૧૫	૫.૨૫	૦.૩૩
	ટકા	(૪૩)	(૬૬)	(૨)	(૪૮)	(૪૦)

કાંપના સ્તરો અને અગ્નિકૃત ખડકોમાં અસ્થાયી પ્રકાર ઝરણસ્ત્રોત મળે છે જેની ઓછી ઊંડાઇ અને ઓછો આવરો હોય છે જેમાં દર વર્ષે વરસાદથી પુનર્સિંચન (રીચાર્જ) થાય છે. જ્યારે જળકૃત ખડકોમાં ઝરણસ્રોત ઉપરના અસ્થાયી સ્રોતથી નીચે ઉંડાણમાં સ્થાયી સ્રોત મળે છે. અસ્થાયી સ્રોતમાંથી સાદા કૂવા અને બોરથી પાણી મળે છે જ્યારે સ્થાયી સ્રોતમાંથી ટયુબવેલ દ્વારા પાણી મેળવાય છે.

ગુજરાત જળસંપત્તિ નિગમની ૧૯૯૧ની મોજણી મુજબ ગુજરાતની ક્ષેત્રીય ધોરણે ભૂગર્ભજળસંપત્તિ અને વિકાસના આંકડા કોઠા-૬માં આપ્યા છે. ગુજરાતની સમગ્ર ભૂગર્ભ જળસંપત્તિમાં કચ્છને ફાળે ફકત ૪% આવે છે. કચ્છની તાલુકાવાર

કોઠો-૭ : કચ્છમાં ભૂગર્ભજળ રીચાર્જ અને ઉપાડ (વર્ષાંક સરાસરી) (આધાર જ. સ. નિ.)

તાલુકો	વિસ્તાર ચો. કિ. મી.	રીચાર્જ લાખ ઘ. મી.	ઉપાડ ટકા	પરિસ્થિતિ વર્ગીકરણ	સિંચાઇ હેકટર
૧. ભુજ	૪૫૨૮	૧૬૭૩	૩૪	--	૧૦૧૬૭
૨. મુન્દ્રા	૮૮૮	૩૮૪	૭૨	લાલ	૫૯૮૯
૩. માંડવી	૧૪૨૫	૫૧૪	૮૭	લાલ	૯૭૦૦
૪. અબડાસા	૨૪૦૦	૧૬૬	૬૭	લાલ	૨૪૨૪
૫. લખપત	૧૯૪૨	૨૧૭	૧૧	--	૪૯૫
૬. નખત્રાણા	૧૯૮૪	૪૭૮	૮૧	લાલ	૭૩૪૩
૭. રાપર	૨૯૯૮	૪૯૭	૮૦	લાલ	૮૬૬૫
૮. ભચાઉ	૧૯૯૯	૨૬૧	૧૨૮	લાલ	૬૧૭૦
૯. અંજાર	૧૩૧૨	૨૦૬	૧૧૩	લાલ	૧૭૭૮
કચ્છ	૧૯૪૭૬	૪૩૯૬	૭૫	લાલ	૫૨.૭૩૭
ગુજરાત	૧૯૫૯૮૪	૧૨૨૭૭૭	૫૮	સફેદ	૧૬૯૪૭૬૪


ભૂગર્ભજળ રીચાર્જ, ઉપાડ અને સિંચાઇ વિકાસના આંકડા કોઠા-૭માં આપ્યા છે.

ભૂગર્ભ જળશાસ્ત્રનો નિયમ એવો છે કે વાર્ષિક સંચયમાંથી ૮૫% જથ્થો ઉપાડ માટે મળી શકે બાકીનો ૧૫% જથ્થો સ્તરો પોતાનામાં સંગ્રહી રાખે છે. આવક કરતાં વધારે ઉપાડ થાય તો અગાઉના વર્ષોનો અનામત સંગ્રહિત જથ્થો વપરાય અને ભૂગર્ભજળના તળ કાયમી ધોરણે નીચે ઉતરે. ઊંડાણમાં પાણીની ગુણવત્તા સામાન્ય રીતે ઉતરતી કક્ષાની હોય છે. ઝરણોની નિયત ઉંડાઇ કરતાં નીચે કોઇ સ્રોત હોતો નથી અને જે તે વિસ્તાર નપાણીયા બને છે. રીચાર્જના ૬૫% સુધી ઉપાડ મર્યાદામાં ગણાય તેને સલામત એટલે કે 'સફેદ' વિસ્તાર કહેવાય. ઉપાડ ૬૫%ની મર્યાદા વટાવે ત્યારે તેને 'લાલ' વિસ્તાર એમ વર્ગીકરણ થાય. આ રીતે જોતાં કચ્છના ૯ તાલુકાઓમાંથી ૭ 'લાલ' વર્ગના છે અને તેમાંથી ૨ નપાણીયા બન્યા છે. આ સ્થિતિ ઘણી ગંભીર ગણાય.

કચ્છમાં ભૂગર્ભજળ સંગ્રહના સ્રોત બે પ્રકારનાં છે. અસ્થાયી અને સ્થાયી. અસ્થાયી સ્રોત સામાન્ય રીતે જમીન સપાટીથી ૨૦ થી ૭૦ મી. સુધીની ઉંડાઇએ મળે છે જ્યારે સ્થાયી સ્રોત ૫૦ થી ૨૦૦ મી. સુધી ઉંડાઇએ મળે છે.

ભૂગર્ભજળનો નિરંકુશ ઉપયોગ

કચ્છની પેયજળ, પિયતજળ અને ઔદ્યોગિક જરૂરિયાત મહદઅંશે ભૂગર્ભજળ દ્વારા સંતોષાય છે. કચ્છમાં સિંચાઇ માટે ૩૦ હજાર જેટલા ખુલ્લા કૂવા અને બોર કૂવાઓ છે જે ૨૦ મી. થી ૭૦ મી. ઉંડાઇ સુધીના અસ્થાયી સ્રોતમાંથી પાણી ઉલેચે છે. આ સ્રોતનો આવરો જે તે વર્ષના વરસાદી નવસિંચન ઉપર અવલંબે છે. તદઉપરાંત



આકૃતિ-૭ : કચ્છમાં ભૂગર્ભ જળસપાટીની ઊંડાઇ (૧૯૮૦ થી ૧૯૯૦)

૩૦૦ જેટલા પાતાળકૂવા છે જે સ્થાયી સ્રોતમાંથી ૭૦ થી ૨૦૦ મી. ઉંડેથી પાણી ઉલેચે છે સ્થાયી સ્રોતનો સંગ્રહ અગાઉના વર્ષોના વરસાદની રીચાર્જ જમા થાપણ સ્વરૂપે હોય છે. પેયજળ અને ઉદ્યોગો માટે પણ બીજા ૩૦૦ જેટલા પાતાળકૂવાઓમાંથી પાણી ઉલેચવામાં આવે છે. જે જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા લાંબી લાંબી પાઇપલાઇનો દ્વારા સમગ્ર કચ્છમાં પહોંચાડવામાં આવે છે.

જિલ્લાની વાવેતર હેઠળની કુલ જમીનના ૧૧ ટકાને સિંચાઇ સગવડ છે. પીયતની સગવડવાળી જમીનને કચ્છમાં 'વાડી' કહેવાય છે. ૧૯૭૦ પછી અહીં વાડીઓની સંખ્યા ખૂબ વધી છે. ભુજ, અંજાર, ભચાઉ, નખત્રાણા, માંડવી, મુન્દ્રા અને રાપર તાલુકાઓમાં આવી વાડીઓ મોટી સંખ્યામાં છે. પરદેશમાં અથવા દેશના મુંબઇ જેવા મોટાં શહેરોમાં સ્થાયી થયેલાં ઘણા કચ્છી કુટુંબો પોતાના વતનના ગામમાં આવી વાડીઓ બનાવડાવે છે અને તેમના સ્થાનિક સંબંધીઓ આ વાડીઓ સંભાળે છે. આવી વાડીઓથી સિંચાઇ વધી છે પરંતુ ભૂગર્ભજળના તળ અને ગુણવત્તાને અસર પહોંચી છે.

સિંચાઇમાં ઘણું બધું પાણી વપરાય છે. કચ્છની રેતાળ જમીનના પાકને દર ત્રીજે કે સાતમે દિવસે પાણીની જરૂર પડે છે જેમ કે ગુજરાતના અન્ય વિસ્તારોમાં મગફળી ૬ થી ૮ પાણીમાં પાકે ત્યારે કચ્છમાં તેને ૧૫ થી ૨૫ પાણીની જરૂર પડે છે. ખરીફ પાકને જૂનથી સપ્ટેમ્બર દરમિયાન કુલ ૩૦૦ મી.મી. પાણીની જરૂરિયાત રહે છે. જે દર પંદર દિવસને અંતરે ૪૦ મી.મી. મુજબ સંતોષવી પડે છે. આવી જરૂરિયાત

કોઠો-૮ : ભૂગર્ભજળ સપાટીનો સરાસરી ઉતાર

વર્ષ	વરસાદ મી.મી.	રીચાર્જ લાખ મી^{3}	ઉપાડ લાખ મી^{3}	જળ સપાટી ઉતાર મી.
૧૯૮૪	૩૩૫	૮૦૩	૨૮૨	--
૧૯૮૫	૨૨૨	૫૦૯	૨૮૯	૧.૩
૧૯૮૬	૧૬૪	૪૨૨	૨૯૬	૨.૫
૧૯૮૭	૪૦	૯૬	૧૮૪	૫.૭

કચ્છના વરસાદથી ભાગ્યે જ પોષાય છે. આ ખોટ પુરવા કુવા-બોર-પાતાળકૂવા દ્વારા ભૂગર્ભજળનો મોટા પાયે ઉપાડ થાય છે. આમ ભૂગર્ભજળના તળ કાયમી ધોરણે ઉંડા ઉતરતા જાય છે.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ પછી કચ્છમાં વિકાસ પ્રક્રિયાનો વેગ ઘણો વધ્યો છે તેમાં સૈનિક વસાહતો, મુકત વેપાર ઝોન, લિગ્નાઇટ માઇનીંગ, થર્મલ વિદ્યુત મથકો, ઔદ્યોગિકરણ, શહેરીકરણ વગેરેને લઇ પાણીની માંગ અનેક ઘણી વધી છે.


જળસંપત્તિ નિગમના અંદાજ મુજબ કચ્છમાં સરેરાશ વાર્ષિક ૪૩૯૬ લાખ ઘનમીટર પાણી ભૂગર્ભમાં રીચાર્જ થાય છે તેનો ૭૫% જેટલો ઉપાડ થાય છે. જુદા જુદા તાલુકાઓમાં આ ઉપાડનું પ્રમાણ જુદું જુદું છે. જે કોઠા-૭માં દર્શાવેલ છે. સૌથી વધુ ઉપાડ ભચાઉ તાલુકામાં ૧૨૮% થાય છે.

વાસ્તવમાં કચ્છમાં મોટાભાગે પુનર્સિંચન કરતાં ઉપાડનું પ્રમાણ વધુ જોવા મળે છે. હાલમાં ભૂગર્ભજળ સપાટી સરેરાશ ૩૦ મી. ઉંડી ઉતરી છે અને તે સતત વધુને વધુ ઉંડી ઉતરતી જાય છે. ૧૯૮૫ અને ૮૬ના વર્ષોમાં જ્યારે પુનઃભરણનું પ્રમાણ ઉપાડ કરતાં વધુ ગણવામાં આવ્યું તે વર્ષોમાં પણ ભૂગર્ભજળ સપાટી સતત નીચે જ ઉતરી.

સપાટી ઊંડી થાય છે : ગંભીર સમસ્યા

ભૂગર્ભની જળસપાટી સતત નીચે ઉતરે છે તે ૧૯૮૦-૯૦ દરમિયાન ભૂગર્ભજળ સપાટી દર્શાવતો નકશો આકૃતિ-૭માં દર્શાવેલ છે. ૧૦ વર્ષમાં જળ સપાટી જ્યાં ૧૦ મી.થી ૨૦ મી. જેટલી કાયમી ધોરણે નીચે ઉતરી છે તેવો વિસ્તાર ૮૦૦૦ ચો. કિ. મી. એટલે તળ કચ્છના ૪૦% જેટલો થાય છે. જિલ્લા માટે આ બાબત ગંભીર ગણાય. ૧૯૬૦માં ખુલ્લા કૂવાઓની ઊંડાઇ ૧૦ મી. થી ૩૦ મી.ની હતી અને તેમાં જળસપાટી ૨મી.થી ૨૦મી. ઉંડાઇએ રહેતી હતી. અત્યારે ખુલ્લા કૂવાઓનો ઓછામાં ઓછી ઊંડાઇ ૩૦મી.ની છે અને તેના તળિયે કરવામાં આવતા બોરની ઉંડાઇ બીજા ૧૦૦મી. જેટલી નીચે છે. તેમાં જળ સપાટી ૨૦મી. થી ૬૦ મી. જેટલી નીચે રહે છે. જળ સંપત્તિ નિગમની મોજણી મુજબ ૧૯૮૪ થી ૧૯૮૭ દરમિયાન જળસપાટીનો ઉતાર કોઠો-૮માં દર્શાવ્યો છે.

આકૃતિ-૮ : કચ્છના ભૂગર્ભ જળની પેટા ગુણવત્તા



મોટાભાગનો ભૂગર્ભજળ જથ્થો રેતીના બનેલા જળકૃત પ્રકારના ખડકોમાંથી મળે છે કચ્છમાં તેમને 'ભુજ-સ્રોત' તરીકે ઓળખાય છે. તે મધ્યકચ્છમાં આશરે ૩૦૦૦ ચો. કિ. માં વિસ્તરે છે. જેમાંથી વિવિધ ઉપયોગ માટે વાર્ષિક ૬૦૦૦ લાખ ઘનમીટર ઉપાડ થાય છે. સરાસરી ૩૫૦ મી. મી. વરસાદ મુજબ વાર્ષિક ૧૦,૦૦૦ લાખ ઘનમીટર કુલ પાણી મળે. તેમાંથી વધુમાં વધુ ૨૦૦૦ લાખ ઘનમીટર રીચાર્જ થાય. એમ ૪૦૦૦ લાખ ઘનમીટર વધારાનો ઉપાડ ભુજ -સ્રોતની અનામત થાપણમાંથી મળે છે હવે વધુ લાંબો સમય ચાલે નહિ. ભુજ-સ્રોત ભૂગર્ભજળની મોટી ખાણ સમાન છે. જેની અનામત ગણતરીના વર્ષોમાં ઉલેચાઇ જશે તે સમય કચ્છ માટે ભારે કટોકટીનો સાબિત થશે. ભુજ-સ્રોત અને તેનાં જેવાં બીજા અન્ય સ્રોતને નવ સિંચનથી પુનઃભરણની પ્રક્રિયા યુદ્ધના ધોરણે અમલમાં મૂકવાથી તે હળવી કરી શકાશે.

ભૂગર્ભજળ ગુણવત્તા :-

ભૂગર્ભજળની ઉપલબ્ધિમાં તેની ગુણવત્તાનું વિશેષ મહત્ત્વ છે. તેનાથી જમીનની ફળદ્રુપતા, પાકની ઉપજ, જાહેર આરોગ્ય, ઔદ્યોગિક ઉત્પાદન અને પર્યાવરણ પર સીધી અસર પહોંચે છે. ભૂગર્ભજળની ગુણવત્તાનો આધાર સ્રોત રચના અને અન્ય પરિબળો પર રહે છે. ભૂસ્તરના ક્રીટેશીયસ પ્રકારના મોટી ઉંમરના સ્તર સ્રોત (ભુજસ્રોત) ઉંચી ગુણવત્તા ધરાવતા પાણીનો સંગ્રહ કરે છે. જ્યારે તેનાથી પ્રમાણમાં ઓછી ઉંમરના એવા જ્યુરાસીક અને ટર્શરી પ્રકારના સ્તરસ્રોત ઉતરતી ગુણવત્તાવાળા પાણીનો સંગ્રહ કરે છે. સ્તર બંધારણની ખારાશ જે તે સમયની ભૂસ્તરીય ક્ષેપન પ્રક્રિયાની સ્થિતિ સૂચવે છે. નીચાણવાળા અને તટવર્તીય મેદાનોના વિસ્તારમાં ભૂગર્ભજળ સપાટી છીછરી હોય છે અને બાષ્પીભવનની પ્રક્રિયાથી જમીનના ક્ષારો પાણી સાથે ભળીને તેની ગુણવત્તાને અસર કરે છે. જમીનમાં ઉંડાણે જતાં વધતાં જતા ભૂગર્ભ તાપમાને ખનિજો વધુ માત્રામાં ઓગળવાથી અંતર્જળ ખારાં બને છે. કાંઠા વિસ્તારના સ્રોત પણ વધુ ઉપાડને લીધે દરિયાઇ ક્ષાર પ્રવેશથી ગુણવત્તા બગડે છે.

રણ અને બન્ની પોતાની મૂળભૂત ખારાશને કારણે કચ્છનો ૬૦ % વિસ્તાર તો ભૂગર્ભજળ રીચાર્જ માટે ઉપયોગી થતો નથી. ગુજરાત જળસંપત્તિ નિગમની મોજણી મુજબ તળકચ્છની ૫૫% જમીન ભૂગર્ભજળ રીચાર્જ માટે ખારાશના કારણે અયોગ્ય ગણી છે. આવી ખારાશવાળી જમીનમાં રીચાર્જ થતું પાણી પેય-પિયતના ઉપયોગ માટે લઇ શકાતું નથી. તાલુકાવાર રીચાર્જ યોગ્ય-અયોગ્ય વિસ્તાર કોઠો-૯માં બતાવ્યા છે. કેન્દ્રીય ભૂગર્ભજળ આયોગ, ૧૯૮૮ના સર્વેના આધારે ભૂગર્ભજળ ગુણવત્તા દર્શાવતો નકશો આકૃતિ-૮માં આપ્યો છે. સામાન્ય રીતે ૧૦૦૦ મીલીગ્રામ/લીટર દ્રાવ્યક્ષારો વાળું પાણી પીવા માટે યોગ્ય ગણાય છે. જેની અવેજીમાં ૨૦૦૦ મીલીગ્રામ/લીટરની છૂટ અપાય છે. આવા છૂટની ઉતરતી કક્ષાની ગુણવત્તાવાળા ભૂગર્ભજળનો વિસ્તાર ૧૩૫૦૦ ચો. કિ. મી. (૭૫%) જેટલો છે. સતત ઉતરતી જતી ગુણવત્તા પણ જિલ્લા માટે ગંભીર બાબત ગણાય.

દ્રાવ્યક્ષારો ઉપરાંત ફલોરાઇડ અને નાઇટ્રેટ પ્રકારનાં ઝેરી રસાયણો પણ કેટલાક વિસ્તારોનાં ભૂગર્ભ જળમાં વધુ માત્રામાં જોવા મળે છે અને તેનો વ્યાપ વર્ષો વર્ષ વધતો જાય છે. તે પણ જાહેર આરોગ્ય માટે ખતરારૂપ છે.

ભૂગર્ભજળ પુનર્સિંચન અને સંગ્રહ માટે જમીન અને સ્તરસ્રોતની ખારાશની દ્રષ્ટિએ ગુજરાત જળસંપત્તિ નિગમની મોજણી (૧૯૯૧) મુજબ તાલુકાવાર વિસ્તાર દર્શાવતો નકશો આકૃતિ-૯માં બતાવ્યો છે. જે મુજબ જિલ્લો કુલ વિસ્તારના ૬૧%

કોઠો-૯ : તાલુકાવાર રીચાર્જ અયોગ્ય ખારી જમીન
(આંકડા ટકામાં- ગુ. જ. નિ.)

તાલુકો	ખારી જમીન ચો. કિ. મી.માં	કુલ વિસ્તારના ટકા
૧. ભુજ	૬૭૭	૧૫
૨. મુન્દ્રા	૨૮૪	૩૨
૩. માંડવી	૪૭૦	૩૩
૪. અબડાસા	૨૧૬૦	૯૦
૫. લખપત	૧૬૫૧	૮૫
૬. નખત્રાણા	૯૯૨	૫૦
૭. રાપર	૨૦૦૯	૬૭
૮. ભચાઉ	૧૪૯૯	૭૫
૯. અંજાર	૬૯૫	૫૩
કચ્છ	૧૦૪૩૭	૫૫


રીચાર્જ માટે સક્ષમ નથી. આમ આ વિસ્તારના વરસાદનું પાણી ભૂગર્ભજળ ગુણવત્તાની દ્રષ્ટિએ બહુ ઉપયોગી નિવડે નહિ. આવા વિસ્તારોમાં વરસાદીજળને સંગ્રહ કરવાના અન્ય ઉપાયો વિચારવા પડે.

સમસ્યા નિવારણના ઉપાયો

કચ્છની જળસમસ્યાનું સ્વરૂપ ગુજરાતની સરખામણીએ વિશિષ્ટ પ્રકારનું હોઇ તે નિવારવાના ઉપાયો પણ જરા જુદી રીતે વિચારવા પડે. પ્રાદેશિક ભૂ-વાત પરિસ્થિતિ ધ્યાનમાં લઇ પ્રાદેશિક અને રાજ્ય ધોરણે એકમેકને પરસ્પર પૂરક બને તેવી નીતિ વિષયક બાબત માટે કેટલાંક દિશાદર્શક માપદંડો નીચે મુજબ સૂચવી શકાય.

૧. કચ્છને જળસંપત્તિની દ્રષ્ટિએ એક સ્વતંત્ર અને અનોખો પ્રદેશ ગણીને તેને માટે રાજ્યની જળસંસાધન વિકાસ નીતિમાં વિશિષ્ટ સ્થાન આપવું.

૨. સ્થાનિક સ્રોતની વિકાસ વ્યવસ્થા ક્ષેત્રિય ધોરણે અલગ વિચારવી જેથી કુદરતી જે કંઇ ઉપલબ્ધિ છે તેનો મહત્તમ વિકાસ થાય. કચ્છની પ્રતિકૂળ આબોહવા



આકૃતિ-૯ : કચ્છની જમીનની ભૂગર્ભજળ રિચાર્જ યોગ્યતા

સામે અનુકૂળ ભૂસ્રોત સ્થિતિને ધ્યાનમાં લઇ મહત્તમ રીચાર્જ અને પૃષ્ઠ સંગ્રહનો સંકલિત અભિગમ જરૂરી છે.

૩. પાણી સિવાયની અન્ય કુદરતી સંપત્તિઓ કચ્છમાં સારા પ્રમાણમાં છે જેનો વિકાસનો સીધો ફાયદો રાજ્યને થાય છે. પાણીની અપૂરતી સગવડને સીધી અસર સ્થાનિક પરિસ્થિતિને થાય છે. આ વિસંવાદિતા નિવારવા બાહ્ય સ્રોતના પૂરક પાણીની જરૂરી ઉપલબ્ધિ જરૂરી બને છે.

૪. ભૂપૃષ્ઠ અને ભૂગર્ભજળને અલગ અલગ બાબતો ન ગણતાં બંનેને એકબીજાનાં પૂરક ગણીને સર્વગ્રાહી સર્વેક્ષણ કરી તે અનુરૂપ ટેકનિક્લ આયોજન બનાવવું. આમાં ભૂગર્ભજળ સંપત્તિને પ્રાધાન્ય આપવું.

૫. જળસંપત્તિ વિકાસ-વપરાશને લગતાં રાજ્યનાં વિભાગો જેમ કે સિંચાઇ, ભૂગર્ભજળ પાણી પુરવઠો, પોતપોતાની સ્વતંત્ર કામગીરી કરે છે. જળ વપરાશની અગ્રતાક્રમ પ્રમાણે કાર્યવાહી થાય તે માટે આવા વિભાગોને સંકલિત અને નિયંત્રણ કરે એવી કોઇ ક્ષેત્રિય ઓથોરિટી હોય તે જરૂરી છે.

૬. અધ્યતન ટેકનોલોજી દ્વારા હવે આંતર સ્રાવક્ષેત્રે પાણીનું વહન શકય બન્યું છે. તે સંજોગોમાં રાજ્યની સઘળી જળસંપત્તિને પ્રાદેશિક સમાન વહેંચણીના સિદ્ધાંતને સ્વીકારી જૂની ફાળવણીઓમાં સુધારો કરવો. જે આર્થિક અને સામાજિક રીતે ન્યાયી હોય અને રાજ્યના સમગ્ર હિતમાં હોય.

ઉપર મુજબના મુદ્દાઓ ધ્યાનમાં લઇ આંતરિક અને બાહ્ય સ્રોત વિકાસ વિશે કેટલાંક સૂચનો અહીં આપ્યાં છે.

આંતરિક સ્રોત વિકાસ


કચ્છમાં સરાસરી વરસાદના ધોરણે આંતરિક સ્રોત દ્વારા ૩૨૦૦ કરોડ ઘનમીટર પૃષ્ઠજળ સંગ્રહ અને ૪૪૦૦ કરોડ ઘનમીટર ભૂગર્ભ રીચાર્જ દ્વારા એમ કુલ ૭૬૦૦

કરોડ ઘનમીટર ક્ષમતા છે. તેમાં વરસાદની અનિયમિતતાથી ઘટાડો થાય. આ ક્ષમતા ઘણી જ ઓછી છે. રણ-દરિયામાં વહી જતા પાણીને રોકવાનું, જમીન પરના સંગ્રહોને બદલે ભૂગર્ભ સંગ્રહોને પ્રાધાન્ય, કુદરતી રીચાર્જને મહત્ત્વ અને ક્ષારીકરણની પ્રક્રિયાનો અટકાવ એવા સંકલિત પ્રયાસોથી આંતરિક સ્રોત ક્ષમતાનો મહત્તમ સંચય શક્ય બને. આંતરિક સ્રોત સંવર્ધન ઉપાયો દર્શાવતો નકશો આકૃતિ-૧૦માં આપ્યો છે.

(૧) જળાશયોનું સંકલન ભૂગર્ભ રીચાર્જ

મધ્યમ કદના ૨૦ સિંચાઇ જળાશયોમાં ૩૧૮૫ લાખ ઘનમીટર વર્ષાજળ સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે. આ જળાશયમાંથી વધુમાં વધુ ૪૩ ટકા પાણી ઉપયોગમાં લઇ શકાય છે અને તે પણ મર્યાદિત અને નિયત પિયત વિસ્તારોને મળે છે. આ પિયત વિસ્તારો મોટાભાગે જળકૃત ખડકોવાળા વિસ્તારમાં છે. અહીં ભૂગર્ભજળ સ્રોત સારાં છે. આવા વિસ્તારોને આમ ભૂપૃષ્ઠના અને ભૂગર્ભના એમ બંને સ્ત્રોતનો ફાયદો થાય છે. આ પરિસ્થિતિમાં સિંચાઇ જળાશય યોજનાઓમાં નવી દ્રષ્ટિએ વિચારીએ અને સ્થાનિક પરિસ્થિતિનો વિશેષ ઉપયોગ કરીએ તો લાભક્ષેત્રનો વ્યાપ વધારે વિસ્તારી શકાય.

જળાશયોના પાણીને સિંચાઇ માટે પિયતક્ષેત્રોમાં નહેરવાટે સીધું વહેવડાવવાને બદલે તેને ભૂગર્ભમાં રીચાર્જ કરવા માટે ઉપયોગમાં લેવું. તે માટે પૂરતી ભૂસ્તર જળસ્રોત અનુકૂળતા છે તેનો ફાયદો લેવો. જળાશય અને નહેરવહન દ્વારા થતાં ૫૭% પાણીનો વ્યય બચાવી ઉપયોગમાં લેવાય. આ રીતે સહિયારું આયોજન કરવાથી સીધી રીતે બેઘણો ફાયદો થઇ શકે. આવા ટેકનિકલ કામ માટે રાજ્ય સરકારના



આકૃતિ-૧૦ : કચ્છમાં આંતરિક જળવહન-વિકાસ (સૂચિત)

સિંચાઇ વિભાગ અને જળસંપત્તિ નિગમના અનુભવોનો સમન્વય કરીને પરિણામો મેળવી શકાય. લગભગ ૮૦ હજાર હેક્ટર વિસ્તારને આ રીતે સિંચાઇની હેઠળ આવરી શકાય.

સ્રાવક્ષેત્ર વિકાસ

કચ્છમાં કુલ ૯૭ નદીસ્રાવ વિસ્તારો છે. તે ઉપરના ૨૦ બંધ જળાશયોને બાદ કરતાં અન્ય નાની યોજનાઓ, અનુશ્રવણ તળાવો અને ચેકડેમો મળીને કુલ ૨૩૮ યોજનાઓ છે. તે દ્વારા ૩૭,૫૦૦ હેક્ટરને સિંચાઇ થાય તેવું આયોજન ૨૧ કરોડના મૂડીરોકાણ દ્વારા છે. આ યોજનાઓ દ્વારા નોંધપાત્ર પરીણામો મેળવી શકાયા નથી. આ સ્રાવક્ષેત્રોના વિકાસ માટે પણ નવી દ્રષ્ટિથી વિચારી શકાય. સ્થાનિક ધોરણે અનુરૂપ ટેકનિકલ આયોજન કરીએતો અનેકગણા વિસ્તારોને પિયતજળ અને પેયજળની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકાય. ૯૭ સ્રાવક્ષેત્રો હજારોની સંખ્યામાં લઘુસ્રાવક્ષેત્રોમાં વહેંચી શકાય અને દરેકનું અલગ વિકાસ આયોજન કરી શકાય. માંડવી સ્થિત વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેઇનીંગ નામની સ્વાયત સંસ્થાએ આવો સ્થાનિક ક્ષેત્રસ્રોત વિકાસ બહુ સરસ રીતે કરી બતાવ્યો છે. તે દ્વારા વર્ષાજળ મહત્તમ માત્રામાં ભૂગર્ભ સિંચન કર્યું છે. જળ સપાટી ઉંચે આવી છે અને ગુણવત્તા સુધારી છે. જિલ્લાનું ઉપયોગી સ્રાવક્ષેત્ર ૧૫૦૦૦ ચો. કિ. મી. ગણીએ તો ૩૫૦ મી. મી. સરેરાશ વરસાદથી ૫૨૫ કરોડ ઘનમીટર જળરાશિ પ્રાપ્ત થાય. રાજ્યના સિંચાઇ વિભાગે આમાંથી ૧૧૧ કરોડ ઘનમીટર જમીન પર પ્રાપ્ત થતી જળસંપત્તિ માની છે અને તેને જળાશયોમાં વિકસાવવા યોગ્ય ૫૭ કરોડ ઘનમીટર ગણી છે આ અંદાજો નવી દ્રષ્ટિથી ફેરવિચારણા માંગે છે. લઘુસ્રાવક્ષેત્ર વિકાસ અને સંકલિત ભૂગર્ભજળ રીચાર્જ દ્વારા વધુ માત્રામાં વર્ષાજળને વહી જતું ઉડી જતું અને ક્ષારીકરણ થઇ જતું અટકાવીને ઓછામાં ઓછું અત્યાર કરતાં બે ઘણો સંચય સરળતાથી અંકે કરી શકાય તેવી ક્ષમતા કચ્છના ભૂસ્તર -સ્રોત ધરાવે છે. કચ્છનાં સઘળાં જળાશયો કેનાલ સંકલન દ્વારા એકમેકને જોડીને પાણીની દૂરવહન અને રીચાર્જ સારી રીતે કરવાની શકયતા છે.

(૨) ખારી જમીનમાં સંગ્રહ

૫૫% ખારી જમીનમાં વર્ષાજળ ખારા થઇ જાય છે તેને મોટે પાયે બચાવી શકવાનું આયોજન અઘરું નથી. આ વિસ્તારોમાં ભૂગર્ભજળ મર્યાદિત માત્રામાં સંઘરી શકાય. પરંતુ જમીનતળ પર સંગ્રાહક તળાવો બનાવી મીઠાં વર્ષાજળને સાચવી શકાય. આવાં તળાવોનાં તળ અભેદ્ય માટી કે પ્લાસ્ટીક જેવાં અન્ય અસ્તરો પાથરીને જમીનની ખારાશથી પાણીને રક્ષણ આપી શકાય. ભાલના કાંઠા વિસ્તારની ખારી જમીનમાં આવાં અસ્તરવાળાં તળાવો દ્વારા અમદાવાદની ઉત્થાન નામની સ્વાયત સંસ્થાએ ઘણાં ગામોમાં તળાવ સંગ્રહ કરીને પેયજળ પ્રશ્ન હલ કર્યા છે. તળાવનાં ખાસ પ્રકારના ડિઝાઇન કરવાથી બાષ્પીભવન સામે પણ કેટલુંક રક્ષણ મળી શકે છે.

ખારી જમીન ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં આવેલી છે. અહીં સ્થાનિક વરસાદ ઉપરાંત ઉપરવાસનો મીઠી જમીનના વરસાદના વહેણનું પાણી પણ ભળે છે અને ખારું બને છે. બંને પાણીની ગણતરી કરીને સંખ્યાબંધ તળાવો બનાવી શકાય. તેવી ઘણી સંભાવના છે. ખારી જમીનનો વિસ્તાર ૧૦,૦૦૦ ચો. કિ. મી. ગણીએ અને વર્ષાજળના ૪૦% જળ જમીન પર પ્રાપ્તિ ગણીએ તો પણ અસ્તરવાળાં તળાવોમાં ભરવા યોગ્ય ૧૪૦૦૦ કરોડ ઘનમીટર જળરાશિ વાર્ષિક મળે. તેના ૪૦ ટકા જેટલું પાણી પણ આવાં તળાવોમાં સંગ્રહ કરવાનું આયોજન થાય તો ૫૬૦૦ કરોડ ઘનમીટર મીઠાંજળ ખારી જમીનમાં અંકે થઇ શકે.

(૩) ભૂગર્ભજળ સંગ્રહ

આશરે ૮૦૦૦ ચો. કિ. મી. વિસ્તારમાં ૧૫ મી. જેટલી જળ સપાટી નીચે ઉતરવાથી ૧૨૦ ઘ. કિ. મી. ભૂગર્ભજળ સ્રોત સૂકાઇ ગયાં અને અત્યારે ખાલી પડેલ છે. સ્રોતનાં ૧૦% પ્રાપ્ય ભૂગર્ભજળ ગણીએ તો ૧૨૦૦ કરોડ ઘનમીટર પાણી સ્રોતની જમા પુરાંતમાંથી ખાણકામ કરીને ઉલેચી લેવાયું છે. એ દ્રષ્ટિએ આટલું વિશાળ ભૂગર્ભ જળાશય ખાલી પડેલું છે. તે પુનઃ ભરણ કરવા માટે શકય તે સૌ જરૂરી આયોજન કરીને દેવું સરભર કરવું જરૂરી છે.

(૪) વપરાશ નિયંત્રણ

કચ્છમાં અતર્ગત જળની વહેંચણી કુદરતી રીતે અસમતોલ છે. મધ્યભાગના ભુજસ્રોતમાં પુષ્કળ મીઠાંજળ સંગ્રહાયેલ છે તેનો વિવેકયુકત ઉપયોગ થતો નથી. સિંચાઇ અને અન્ય ઉપયોગોમાં કિંમતી પાણીનો ઘણો વ્યય થાય છે. ઉદ્યોગો નજીવી કિંમતે ઘણો ભાગ વાપરે છે. ખેત પદ્ધતિમાં પણ નિયંત્રણના અનેક ઉપાયો છે. આમ પ્રાદેશિક ધોરણે આંતરિક વિતરણ વપરાશ વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે. હાલની ચાલુ ખેતીની પદ્ધતિમાં ફેરફાર કરીને સજીવ ખેતીની પદ્ધતિ અપનાવવાથી ઘણા પાણીનો બચાવ કરી શકાય અને એકંદરે ઉત્પાદન વધારી શકાય.

(૫) ક્ષારપ્રવેશ નિયંત્રણ અને નિઃક્ષારીકરણ

દસ વર્ષ પૂર્વેની મોજણી પ્રમાણે કાંઠા વિસ્તારમાં ૩૭૦૦ ચો. કિ. મી. વિસ્તારમાં ક્ષાર પ્રવેશ થવાથી ખેતી લાયક ૧૨૦૦૦ હેક્ટર જમીનમાંથી ૮૦૦૦ હેક્ટર જમીન અસર પામી. તે માટે રાજ્ય સરકારે રૂા. ૧૮૬ કરોડના ખર્ચનું ક્ષાર નિયંત્રણ આયોજન કર્યું. તે પછીના દસ વર્ષમાં જે ફેરફારો થયા તે ધ્યાનમાં લઇ નવી મોજણી અને નવું આયોજન કરી રીચાર્જ અને પૃષ્ઠસંગ્રહ જેવા નવા અભિગમો દ્વારા સંકલિત અમલીકરણ કરીને આ ક્ષાર વિસ્તાર બચાવી લેવાનો ઘણો અવકાશ છે. ઔદ્યોગિક વપરાશ માટે ખારાં ભૂગર્ભજળ અથવા દરિયાના પાણીને નિઃક્ષારીકરણની પ્રક્રિયા દ્વારા ઉપયોગમાં લેવા યોગ્ય બનાવી શકાય.

(૬) રણ-બન્નીમાં સર્વેક્ષણ

રણ અને બન્નીના વિસ્તારોની સ્તરરચના છેલ્લા ૧૫ લાખ વર્ષ દરમિયાન વિશિષ્ટ પ્રકારની ભૂસ્તરીય પ્રક્રિયા દ્વારા થઇ છે. તેમાં મીઠાં અને ખારાં અંતર્જળના ઝરણાં બન્યાં છે. સિંધુ, લુણી, બનાસ, વગેરે નદીઓના પ્રક્ષેપનથી આ સ્તરો બંધાયા છે. ઉત્તર ગુજરાતમાં ૩૫૦ મીટરની ઉંડાઇ સુધીના ભૂગર્ભજળ ભંડારો આવી જ પ્રક્રિયાથી બનેલા. આ રીતે રણ બન્નીના વિસ્તારોમાં મીઠાજળના ઝરણ-સ્રોતની

શકયતા નકારી શકાય નહિ. તે માટે અદ્યતન ભૂભૌતિક સર્વેક્ષણ કરી શકયતાની પૂરી તપાસ થાય તે જરૂરી છે.

બાહ્ય સ્રોત


કચ્છનાં આંતરિક સ્રોત વિકાસની ઘણી શકયતા છતાં તેની કુદરતી, ટેકનિકલ અને નાણાંકીય મર્યાદાઓ રહેવાની. તેની પૂરતી જરૂરીયાત સંતોષવા માટે બાહ્યસ્રોત અનિવાર્ય છે. અન્ય કુદરતી સંપત્તિના વિકાસોની પુષ્કળ સંભાવનાઓ છે તેને સાકાર કરવા માટે બાહ્ય સ્રોત સિવાય અન્ય વિકલ્પ નથી. બાહ્ય જળ માટે મુખ્યત્વે બે સ્રોત ગણાવી શકાય (૧) નર્મદા અને (૨) કલ્પસર-કચ્છ સરોવર સંકલન. બાહ્ય જળ પ્રાપ્તિનું આયોજન આકૃતિ-૧૧ના નકશામાં દર્શાવ્યું છે.

નર્મદા નીરની ફાળવણીમાં વિસંવાદિતા

રાજ્યને નર્મદા યોજનામાંથી કુલ ૧૦૧૬ કરોડ ઘનમીટર જળરાશિમાંથી કચ્છને ૨૫ કરોડ ઘનમીટર એટલે કે ૨.૪ ટકા જ ફાળો મળશે. આ સંદર્ભમાં રાજ્યની કુદરતી જળસંપત્તિની પ્રાપ્તિ અને તેના ક્ષેત્રિય વિકાસ માટે થયેલ આયોજનને તપાસવું જરૂરી છે. રાજ્યનો ૨૩% જેટલો ક્ષેત્ર વિસ્તાર ધરાવતા આ પ્રદેશને કુદરતની રીતે અને રાજ્યના આયોજનની રીતે એમ બંને પ્રકારે સહન કરવાનું થાય છે. જે કોઠા ૧૦માં બતાવેલા આંકડાઓ પરથી સ્પષ્ટ જોઈ શકાય છે. ટેકનિકલ અને આર્થિક દ્રષ્ટિએ બંને રીતે સમગ્ર રાજ્યમાં પાણીની વહેંચણી નહેર અને પંપ દ્વારા શકય છે તે નર્મદા યોજનાના આયોજનમાં જ સિદ્ધ થયું છે. આ રીતે પ્રાદેશિક અસમાનતાઓ દૂર કરવાનું હવે સહેલુ બન્યું છે. જે તે પ્રદેશના વિસ્તારને ધોરણે સમાન વહેચણી માટે વિચારીએ તો ફાળવણીમાં કેવો ફેરફાર કરવો પડે છે તે પણ કોઠા-૧૦માં દર્શાવ્યું છે. રણ વિસ્તારને અહીં પાણી ફાળવણી કચ્છમાં ઉમેરીને ગુજરાતનો ૨૩ ટકા વિસ્તાર ગણ્યો છે. રણને પોતાને મીઠા પાણી માટે ફાળવણી યોગ્ય ગણવાની બાબતે અન્ય મત હોઈ શકે. પરંતુ રણની ઉપસ્થિતિને કારણે રણની બાજુના વિસ્તારે વિશેષ રીતે સહન કરવાનું થાય છે. આમ રણની અસર સામે રક્ષણ મેળવવા અને રણકરણની પ્રક્રિયાને નિયંત્રણમાં રાખવા માટે પણ રણની ફરતેના વિસ્તારને વધુ પુરવઠો મળે તે પર્યાવરણની દ્રષ્ટિએ પણ જરૂરી છે. આમ રણ સાથે કચ્છના કુલ વિસ્તારને ગણતરીમાં લઈને ફાળવણી ગણી છે.

આ રીતે જોતાં ફાળવણીમાં વિસંવાદીતા દેખાય છે. જેમાં કચ્છને સમતોલ ફાળવણી મુજબ ૬૪૩ કરોડ ઘનમીટર પાણી સામે આયોજિત ફાળવણી ૬૫ કરોડ ઘનમીટર છે, જે ખોટ ૯૦ ટકા જેટલી મોટી છે. આ ખોટ પુરવા માટે નર્મદામાંથી મળનાર ૨૫ કરોડ ઘનમીટર સામે ૨૭૪ કરોડ ઘનમીટર મળવાપાત્ર બને. વિસ્તારના માપદંડની સાથે સાથે વસ્તી, ખેતી, ઉદ્યોગ, વગેરે માપદંડો પણ વિચારી શકાય અને ફાળવણીની ફેરતપાસ કરી શકાય. નર્મદા યોજનાના આયોજનમાં નહેર-પંપ વ્યવસ્થાના કેટલાક સુધારા કરવાથી ક્ષેત્રિય અસમાનતા દૂર કરવાની વ્યવસ્થા અભિપ્રેત થાય છે. આવી ફેર ફાળવણી કરવી મુશ્કેલ પડે પરંતુ તે દિશામાં શકય તેટલી સિદ્ધિ મેળવવા પ્રયાસ થાય તો પણ પ્રાદેશિક સમતુલા સાધવામાં અનુકૂળતા થાય.

આકૃતિ-૧૧ : કચ્છમાં બાહ્યજળ પ્રાપ્તિની શકયતા



કોઠો-૧૦ : ગુજરાતમાં જળસંપત્તિની કુદરતી ઉપલબ્ધી અને ક્ષેત્રિય ફાળવણી (આધાર : ન. જ. સં. વિ. ૧૯૮૯)

ઉપલબ્ધી ફાળવણી	એકમ	દક્ષિણ ગુજરાત	ઉત્તર ગુજરાત	સૌરાષ્ટ્ર	કચ્છ	કુલ
જિલ્લા વિસ્તાર રાજ્ય પ્રમાણ	સંખ્યા ચો. કિ. મી. (ટકા)	૭ ૫૭૫૫૭ (૨૪)	૫ ૩૮૪૭૮ (૨૦)	૬ ૬૪૩૩૭ (૩૩)	૧ ૪૫૬૫૨ (૨૩)	૧૯ ૧૯૫૯૮૪ (૧૦૦)
આંતરિક ઉપલબ્ધી રાજ્ય પ્રમાણ	કરોડ મી.^{3} (ટકા)	૧૭૫૧ (૫૪)	૭૯૪ (૨૫)	૪૫૫ (૧૪)	૨૪૩ (૭)	૩૨૪૩ (૧૦૦)
આંતરિક ફાળવણી ઉપલબ્ધિનું પ્રમાણ રાજ્ય પ્રમાણ	કરોડ મી.^{3} (ટકા) ટકા	૧૩૯૦ (૭૯) (૭૮)	૨૦૦ (૨૫) (૧૨)	૧૫૦ (૩૩) (૮)	૪૦ (૧૬) (૨)	૧૭૮૦ (૫૫) (૧૦૦)
નર્મદા ફાળવણી	કરોડ મી.^{3} ટકા	૩૩૮ (૩૩.૨)	૪૮૩ (૪૭.૫)	૧૭૧ (૧૬.૮)	૨૫ (૨.૫)	૧૦૧૭ (૧૦૦)
આયોજિત ફાળ-વણી આંતરિક + નર્મદા રાજ્ય પ્રમાણ	કરોડ મી.^{3} ટકા	૧૭૨૮ (૬૧.૭)	૬૮૩ (૨૪.૫)	૩૨૧ (૧૧.૫)	૬૫ (૨.૩)	૨૭૯૭ (૧૦૦)
સમતોલ ફાળવણી વિસ્તાર પ્રમાણ	કરોડ મી.^{3} (ટકા)	૬૭૧ (૨૪)	૫૬૦ (૨૦)	૯૨૩ (૩૩)	૬૪૩ (૨૩)	૨૭૯૭ (૧૦૦)
ફાળવણી તફાવત (આયોજિત-સમતોલ) વધઘટ-પ્રમાણ	કરોડ મી.^{3} ટકા	૧૦૫૭ (૧૫૮)	૧૨૩ (૨૨)	(-) ૬૦૨ (૬૫)	(-) ૫૭૮ (-૯૦)	– –
ફાળવણીમાં સુધારો રાજ્યની આંતરિક + નર્મદા (બાહ્ય) કુલ રાજ્ય પ્રમાણ	કરોડ મી.^{3} ,, ,, ટકા	૬૭૧ + - ૬૭૧ (૨૪)	૨૪૪ + ૩૧૬ ૫૫૯ (૨૦)	૪૯૬ + ૪૨૭ ૯૨૩ (૩૩)	૩૬૯ + ૨૭૪ ૬૪૩ (૨૩)	૧૭૮૦ +૧૦૧૭ ૨૭૯૭ (૧૦૦)

કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને નર્મદાના જળની તાતી જરૂરીયાત છે. તે સંજોગોમાં જે તે પ્રદેશને મળવાપાત્ર પાણી તે નર્મદા નિગમ દ્વારા તેના પ્રવેશદ્વારો આગળ આપે. બાકીની આંતરિક ઉપયોગ-વહેંચણીની વ્યવસ્થા પ્રાદેશિક સંસ્થા પોતાના સાધનોથી સાથોસાથ વિકસાવે. આમ જવાબદારીની પણ વહેંચણી થાય તો આ પ્રદેશોની જરૂરીયાત પ્રમાણમાં ઓછા સમયમાં સંતોષાય.

કલ્પસર-કચ્છ સરોવર સંકલન

ખંભાતના અખાતમાં બંધ બનાવી મીઠા પાણીનું સરોવર બનાવવાની આ યોજના રાજ્યની સક્રિય વિચારણામાં છે. તેનાથી અન્ય ફાયદાઓ સાથે સૌરાષ્ટ્રને પેયજળ અને પિયતજળ મળે તેવું આયોજન છે. પ્રસ્તુત યોજનામાં થોડા સુધારા કરવાથી આવા ફાયદા કચ્છ, ઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્રને પણ પહોંચાડી શકાય. જેમ ખંભાતના અખાતને મીઠા જળના સરોવરમાં ફેરવી શકાય બરાબર તેવી જ રીતે નાના રણને પણ મીઠા જળનું કચ્છ-સરોવર વધુ સહેલાઈથી બનાવી શકાય. કચ્છના અખાતમાં ટાઈડલ પાવર સ્ટેશન બનાવવાનું કેન્દ્ર સરકારનું આયોજન છે જ. કચ્છના રણના છેડે આવેલ ખારાઘોડાને નળસરોવર દ્વારા કલ્પસર સુધી એક નહેર બનાવીને જોડવાનું વધુ સહેલું છે. લગભગ ૮૦ કિ. મીટરની લંબાઈવાળી આ નહેરને ફકત ૫-૧૦ મીટર ઉંડાઈએ બંને સરોવર જોડી શકાય. ઉત્તર ગુજરાતની બનાસ, સરસ્વતી અને રૂપેણ નદીઓના પાણી અત્યારે પણ રણમાં જાય છે. સાબરમતીના વધારાના પ્રવાહને રૂપેણ તરફ વાળવાનું પણ સહેલું છે. ઉત્તર સૌરાષ્ટ્રની મચ્છુ, બ્રાહ્મણી, કંકાવટી, ફુલકા, ચંદ્રાવતી, ઉમઈ વગેરે નદીઓ પણ નાના રણે મળે છે. થોડાક

વર્ષોમાં રણની ખારાશ દૂર થઇ મીઠાપાણીના સંગ્રહ યોગ્ય બનતાં કલ્પસર જેવું જ કચ્છ સરોવર બને અને બંનેના પાણી એકબીજાને પુરક થાય. પંપ કરવા માટે અનેક નજીકના સ્થળ મળી રહે. આમ કલ્પસર અને કચ્છ સરોવરના સંયુકત આયોજનથી વધુ સારા લાભ જરૂરીયાતવાળા વિસ્તારોને સહેલાઇથી પહોંચાડી શકાય એવી શકયતા છે. બંને સરોવરને જોડતી લીંક કેનાલનો જળ વ્યવહાર માટે પણ ઉપયોગ થાય. નવા વિકસતા દહેજ અને કંડલા બંદરોનું જોડાણ પણ નહેર દ્વારા વધુ સરળ બંને.

ઉપસંહાર

કચ્છ ભૂજળસ્રોતની દ્રષ્ટિએ એક સ્વતંત્ર પ્રદેશ છે. જળ સ્રોત પ્રાપ્તિના પરિબળો વિશિષ્ટ પ્રકારના છે. વરસાદની પ્રતિકૂળતાને કુદરતે ભૂસ્તરસ્રોતની અનુકૂળ રચના આપીને સરભર કરવાની કરામત પણ કરી છે. આ સમજીને પ્રદેશ માટે આગવી આંતરિક જળસ્રોત વિકાસની સંકલિત યોજનાઓ વિચારવામાં આવે તો હાલની જે સંપત્તિ છે તેને ઘણી બધી વધારવાની શકયતા છે. પ્રદેશમાં આંતરિક સ્રોત વહેંચણી અને ક્ષમતાની વિષમતાઓ પણ ઘણી છે તે પણ સારી ટેકનિકલ વ્યવસ્થા વડે સુધારવી શકય છે. રાજ્ય સરકારે કચ્છની વિશિષ્ટ પરિસ્થિતિ મુજબ સ્રોત સંચય, વિકાસ માટે આગવો અભિગમ અપનાવવાની જરૂર છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ આ માટે ઘણી અનુકૂળતા ધરાવે છે. હાલની પરિસ્થિતિ ઘણી ચિંતાજનક છે. **યુદ્ધના** ધોરણે સર્વગ્રાહી વ્યવસ્થાના આયોજન અને અમલીકરણની જરૂર છે. **કચ્છની અન્ય** કુદરતી સંપત્તિઓનો રાજ્ય હિતમાં ઉપયોગ માટે પણ તે જરૂરી છે. પ્રદેશની **આંતરિક** જળસંપત્તિમાં બાહ્ય સંપત્તિની પુરવણી સિવાય સર્વાંગી વિકાસ શકય નથી. **તે માટે** નર્મદામાંથી થયેલ ફાળવણીની ફેરવિચારણા જરૂરી જણાય છે. તે સત્વરે **થાય એ પણ** તેટલું જ જરૂરી છે. કલ્પસર યોજનાને વિસ્તારી નાના રણમાં કચ્છ સરોવર **બનાવી** તેને સંકલિત કરવાનું ટેકનિકલ રીતે વધુ સરળ છે અને તેથી જરૂરીયાતમંદ **વિસ્તારોને** વહેલી સવલત પહોંચાડવાનું શકય છે. રાજ્યના તજજ્ઞો આવું આયોજન-**અમલ** કરવા સક્ષમ છે. સૂચવેલી વ્યવસ્થા માટે રાજકીય ઇચ્છાશકિત અને **લોકશક્તિની** ભાગીદારી અને સ્વાયત સંસ્થાઓની સેવાભાવનાનો સમન્વય થાય તો **કચ્છ સાથે** સાથે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની જળસમસ્યાને પણ હલ કરવાનું અઘરું **નથી. જો** આ નહિ થાય તો નજીકના ભવિષ્યમાં ગુજરાત, સાબરમતીની ધરીએ બે **ભાગમાં** વહેંચાઇ જશે એક તરફ જળ વિપુલતાથી ડૂબતો પ્રદેશ હશે અને બીજી તરફ જળ **વિના** રણમાં પરિણમતો સૂકો પ્રદેશ હશે. પરિસ્થિતિને સુધારવા ગુજરાતમાં સૌએ **પોતાને** ભાગે આવતી જવાબદારી અદા કરવાનો આ સમય છે મોડા પડવાથી બગડેલી **સ્થિતિ** સુધારવાનું અશકય બનશે. ☐

■ ભૂસ્તર વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા

કચ્છ : વિસ્તાર, વસતિ-સાક્ષરતા પર એક નજર

કચ્છ ૩૧-૫-૪૮ સુધી દેશી રાજ્ય, ૧-૬-૪૮થી ૩૧-૧૦-૧૯૫૬ સુધી 'ક' વર્ગનું રાજ્ય, ૧-૧૧-૫૬ થી ૩૦-૪-૧૯૬૦ દ્વિભાષી મુંબઇ રાજ્યનો જિલ્લો અને ૧-૫-૬૦ થી ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લા પૈકી એક જિલ્લો.

કચ્છનો વિસ્તાર : ૪૫૬૧૨ ચો. કિ.મી. છે જે ગુજરાત રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩.૨૭ ટકા છે. **૧૯૯૧ પ્રમાણે વસ્તી :** ૧૨,૬૨,૫૦૭.

કચ્છમાં વસતિવૃદ્ધિના વલણો

	વર્ષ	કુલ વસતી
ઇ.સ.	૧૭૪૪	૧૦,૦૦,૦૦૦
,,	૧૭૭૯	૦૭,૦૦,૦૦૦
,,	૧૮૨૧	૦૫,૦૦,૦૦૦
,,	૧૮૨૨	૦૫,૦૦,૦૦૦
,,	૧૮૨૩	૦૩,૫૦,૦૦૦
,,	૧૮૫૧	૦૪,૮૪,૮૭૨
,,	૧૮૭૧	૦૪,૮૭,૩૦૬
,,	૧૮૮૧	૦૫,૧૨,૦૮૪
,,	૧૮૯૧	૦૫,૫૮,૪૧૫
,,	૧૯૦૧	૦૪,૮૮,૦૨૨
,,	૧૯૧૧	૦૫,૧૩,૪૨૯
,,	૧૯૨૧	૦૪,૮૫,૫૪૭
,,	૧૯૩૧	૦૫,૧૪,૩૦૭
,,	૧૯૪૧	૦૪,૯૮,૧૮૧
,,	૧૯૫૧	૦૫,૬૭,૬૦૬
,,	૧૯૬૧	૦૬,૯૬,૪૪૦
,,	૧૯૭૧	૦૮,૪૯,૭૬૭
,,	૧૯૮૧	૧૦,૫૦,૧૬૧
,,	૧૯૯૧	૧૨,૬૨,૫૦૭

તાલુકાવાર વસતિ

તાલુકાનું નામ	૧૯૫૧	૧૯૮૧	૧૯૯૧
ભુજ	૮૭૧૩૦	૨,૧૬,૩૧૮	૨,૭૭,૨૧૫
અંજાર	૭૩૭૪૬	૧,૯૧,૩૮૮	૨,૬૫,૨૨૫
માંડવી	૯૭૦૨૪	૧,૩૦,૧૪૬	૧,૪૬,૦૩૪
મુન્દ્રા	૫૨૭૪૦	૬૩,૨૨૪	૬૮,૬૫૨
નખત્રાણા	૫૫૧૮૩	૧,૦૫,૯૦૦	૧,૧૬,૯૪૪
અબડાસા	૫૪૧૮૨	૭૮,૯૮૨	૮૬,૪૦૨
લખપત	૧૨૧૫૨	૨૮,૯૦૨	૩૬,૭૫૯
રાપર	૭૦૫૫૪	૧,૩૫,૦૪૯	૧,૫૦,૫૧૭
ભચાઉ	૪૫૬૯૯	૧,૦૦,૨૫૨	૧,૧૪,૭૫૯

આઝાદી બાદ સૌ પ્રથમવાર ૧૯૫૧માં કચ્છમાં વસતિ ગણતરી કરાઇ હતી. પરંતુ ૧૯૦૧ થી કચ્છની વસતિના શ્રદ્ધેય આંકડા ઉપલબ્ધ છે. કચ્છમાં સૌ પ્રથમ દેશળજી બાવાના વખતમાં સંવત ૧૯૦૯માં વસતી ગણતરી કરવામાં આવી હતી. ત્યારે કચ્છમાં ૮૯૬ ગામ અને ૪,૦૯,૧૪૮ની વસતિ હતી. પછી સંવત ૧૯૨૮માં વસતિ ગણતરી કરવામાં આવી ત્યારે ૧૦૨૬ ગામ અને ૪,૮૭,૩૦૬ની વસતિ હતી.

સ્ત્રી-પુરૂષનું પ્રમાણ

વર્ષ	કુલ વસતિ	પુરૂષ	સ્ત્રી
૧૯૫૧	૫,૬૭,૬૦૬	૨,૭૨,૯૭૭	૨,૯૪,૬૨૯
૧૯૬૧	૬,૯૬,૪૪૦	૩,૪૧,૨૨૪	૩,૫૫,૨૧૬
૧૯૭૧	૮,૪૯,૭૬૭	૪,૨૨,૨૫૭	૪,૨૭,૫૧૨
૧૯૮૧	૧૦,૫૦,૧૬૧	૫,૨૫,૪૩૧	૫,૨૪,૭૩૭
૧૯૯૧	૧૨,૬૨,૫૦૭	૬,૪૨,૮૨૩	૬,૧૯,૬૮૪

સ્ત્રી-પુરૂષ પ્રમાણ (Sex Ratio)

વર્ષ	કચ્છ	ગુજરાત	ભારત
૧૯૫૧	૧૦૭૯	૯૯૨	૯૪૬
૧૯૬૧	૧૦૪૧	૯૪૦	૯૪૧
૧૯૭૧	૧૦૧૨	૯૩૪	૯૩૨
૧૯૮૧	૯૯૯	૯૪૨	૯૩૫
૧૯૯૧	૯૭૩	૯૩૬	૯૨૯

આઝાદીની પ્રથમ પા સદી સુધી કચ્છમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ હતું. પુરૂષો વતન છોડી દેશાવર કમાવા જતા. ૧૯૮૧ બાદ કચ્છમાં ફેરફાર નોંધાય છે.

શહેરોની વસતિ

નામ	૧૮૮૧	૧૯૮૧	૧૯૯૧
ભુજ	૨૨૩૦૮	૬૯૬૯૩	૧,૦૨,૧૭૫
અંજાર	૧૨૫૮૪	૩૩૬૨૩	૫૧,૨૦૯
માંડવી	૩૫૯૮૦	૩૨૧૧૪	૩૬,૬૩૬
મુન્દ્રા	૮૯૦૦	૧૦૧૪૯	૧૧,૬૫૨
ગાંધીધામ	—	૬૧૪૧૫	૧,૦૪,૫૮૫

ગાંધીધામની સ્થાપના આઝાદી બાદ થઇ છે.

વસતિ ગીચતા (Density)

વર્ષ	કચ્છ	ગુજરાત	ભારત
૧૯૨૧	૨૯	---	—
૧૯૩૧	૩૧	---	—
૧૯૪૧	૩૦	---	—
૧૯૫૧	૨૬	૮૩	૧૧૭
૧૯૬૧	૧૬	૧૧૨	૧૪૨
૧૯૭૧	૧૯	૧૩૬	૧૭૮
૧૯૮૧	૨૩	૧૭૩	૨૨૧
૧૯૯૧	૨૭	૨૧૦	૨૬૭

સાક્ષરતાનું પ્રમાણ (ટકાવારી)

વર્ષ	ભારત	ગુજરાત	કચ્છ
૧૯૫૧	૧૬.૦૬	---	૧૭.૧
૧૯૬૧	૨૪	---	૧૩.૧૨
૧૯૭૧	૨૯.૦૪	૩૫.૭૯	૨૯.૪૪
૧૯૮૧	૩૬.૦૨	૪૩.૭૫	૩૫.૪૨
૧૯૯૧	૫૨	૬૧	૪૪

સાક્ષરતાની નજરે ગુજરાત રાજ્યમાં કચ્છનો ૧૬મો ક્રમ

સ્ત્રી-પુરૂષ સાક્ષરતાદર (ટકાવારી-કચ્છ)

વર્ષ	કુલ	પુરૂષ	સ્ત્રી
૧૮૭૨	૫.૯૫	૧૦.૮૧	૦.૬૫
૧૯૮૧	૩૫.૪૨	૪૪.૦૭	૨૬.૦૨
૧૯૯૧	૪૪.૦૦	૬૧.૬૧	૩૮.૧૯

તાલુકાવાર સાક્ષરતાદર (ટકાવારી)

તાલુકો	પુરૂષ	સ્ત્રી
ભુજ	૬૯.૩૨	૪૮.૩૫
અંજાર	૭૦.૧૯	૪૬.૮૫
રાપર	૪૬.૪૩	૧૮.૫૮
માંડવી	૭૧.૪૧	૪૮.૩૩
નખત્રાણા	૬૭.૫૨	૪૬.૨૪
ભચાઉ	૫૫.૦૫	૨૭.૭૦
અબડાસા	૬૧.૦૨	૩૯.૦૮
મુન્દ્રા	૬૭.૪૫	૪૩.૪૪
લખપત	૪૬.૧૨	૨૫.૧૫

સાક્ષરતાનો સૌથી ઊંચો દર માંડવી તાલુકામાં છે. જ્યારે સૌથી નીચો પુરૂષોમાં લખપત તથા કન્યા કેળવણીમાં સૌથી ઉતરતા ક્રમે રાપર તાલુકો આવે છે.

■ સંદર્ભ : કચ્છની વસતિ : ગઇકાલ, આજ અને આવતી કાલ. લેખક : પ્રા. જિતેન્દ્ર અંતાણી, કચ્છ શકિત, વર્ષ ૧૪, ૧૦-૭-૧૯૯૪

કચ્છડો આંકડાના આયનામાં

□ સંકલન : કુ. ઋચા જિતેન્દ્ર અંતાણી

ક્રમ વિગત	એકમ	પ્રમાણ
૧) વહીવટી માળખું (૧૯૯૧)		
તાલુકા	સંખ્યા	૦૯
વસતીવાળા ગામો	,,	૮૮૪
શહેરો	,,	૧૦
મ્યુનિસિપાલિટી	,,	૦૪
બરો મ્યુનિસિપાલિટી	,,	૦૨
તાલુકા પંચાયત	,,	૦૯
નગર પંચાયત	,,	૦૧
ગ્રામ પંચાયત	,,	૫૯૯

૨) હવામાન : જિલ્લાના મુખ્ય મથકમાં વરસાદનું પ્રમાણ ૩૪૦ મી.મી., ગરમી વધીને ૪૫° સેલ્સીયસ થાય છે, તો શિયાળામાં પારો ૧° સેલ્સીયસની નજીક પહોંચે છે.

૩) વિસ્તાર અને વસતી (૧૯૮૧)

જિલ્લાનો કુલ વિસ્તાર	ચો.કિ.મી.	૪૫૬૫૨
જિલ્લાની કુલ વસતી	હજારમાં	૧૨૬૩
જિલ્લાની ગ્રામીણ વસતી	,,	૮૭૫
જિલ્લાની શહેરી વસતી	,,	૩૮૮
અનુસૂચિત જાતિની વસતી	,,	૧૫૦
અનુસૂચિત જનજાતિની વસતી	,,	૮૮
ગ્રામીણ વસતી કુલ વસતીના	ટકા	૬૯.૨૮
શહેરી ,, ,,	,,	૩૦.૭૨
અનુસૂચિત જાતિ ,,	,,	૧૧.૮૮
અનુસૂચિત જનજાતિ ,,	,,	૦૬.૯૭

સ્ત્રી-પુરુષ પ્રમાણ પ્રત્યેક એક હજાર પુરુષે ૯૭૩ સ્ત્રી

વસતી ગીચતા દર કિ.મી. ૨૭ વ્યકિત

કુલ મુખ્ય કામ કરનારા (આંકડા હજારમાં)

	ગ્રામ્ય	શહેરી	કુલ
(અ) ખેડૂત	૧૦૫	૦૪	૧૦૯
(બ) ખેતમજૂરો	૧૦૦	૦૬	૧૦૬
(ક) ગૃહઉદ્યોગો (નિર્માણમાં વ.માં રોકાયેલ)	૨૯	૭૬	૧૦૫
(ડ) અન્ય	૧૭	૨૯	૪૬
કુલ્લ	૨૫૧	૧૧૫	૩૬૬
સીમાંત કામ કરનારા	૪૪	૦૨	૪૬
કુલ કામ કરનારા	૨૯૫	૧૧૭	૪૧૨
કુલ કામ નહીં કરનારા	૫૩૫	૨૬૯	૮૦૪

૪) સાક્ષરતા આંકડા હજારમાં

કુલ સાક્ષર લોકો	ટકા	૫.૪૭
કુલ સાક્ષરતા દર	ટકા	૪૩.૭૮
પુરૂષોમાં સાક્ષરતા દર	ટકા	૫૨.૮૮
મહિલાઓમાં સાક્ષરતા દર	ટકા	૩૪.૪૩

૫) કૃષિ-વન (૧૯૮૬-૮૭)


જિલ્લામાં જંગલ નીચે આવેલી જમીન	ટકા	૬.૭૦
વાવેતર હેઠળ કુલ વિસ્તાર	સો હેક્ટર	૧૯૫૭૬
ચોખ્ખો વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૫૮૨૪
કુલ સિંચાઇ હેઠળનો વિસ્તાર	,, ,,	૭૫૬
ચોખ્ખો સિંચાઇ હેઠળનો વિસ્તાર	,, ,,	૫૨૨
કપાસના વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૩૫૫
ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૧૦૬
જુવારના વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૧૧૬૧
બાજરીના વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૧૨૪૭
કુલ અનાજ વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૨૫૧૪
કુલ કઠોળ વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૧૧૧૩
મગફળીના વાવેતર હેઠળનો વિસ્તાર	,, ,,	૬૫૭

૬) કૃષિ સેન્સલ (૧૯૮૫-૮૬)

એક હેકટરથી ઓછી જમીન ધરાવનારા	આંકડા હજારમાં	૧૦
નાના ખેડૂતો (૧ થી ૨ હેકટર)	,,	૨૩
સેમી મિડિયમ હોલ્ડર્સ (૨ થી ૪ હેકટર)	,,	૩૯
મધ્યમ કક્ષાના ખેડૂતો (૪ થી ૧૦ હેકટર)	,,	૪૮
મોટા ખેડૂતો (૧૦ થી વધુ હેકટર)	,,	૧૮
કુલ	,,	૨૮૦
એવરેજ સાઇઝ ઓફ હોલ્ડીંગ	હેકટર	૫.૩૧

(૭) પશુધન (૧૯૮૮) આંકડા હજારમાં

ગાય	,,	૨૮૮
ભેંસ	,,	૦૯૭
ઘેટાં-બકરાં	,,	૬૬૨
ઊંટ	,,	૧૭



૮) ઉદ્યોગો (૧૯૯૨) સંખ્યા આંકડાઓમાં

વર્કીંગ ફેકટરી	૨૬૫
સરેરાશ દરરોજ કેટલા કામદાર કામ કરે છે ?	૧૧૩

૯) આર્થિક મોજણી (૧૯૯૦) : જિલ્લાના ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રામાં કુલ છ ઔદ્યોગિક વસાહત છે.

૧૦) બેન્કીંગ : જિલ્લામાં વ્યાપારી બેન્કોની સંખ્યા ૧૫૫ છે. જ્યારે સહકારી બેન્કો ૧૮ છે.

૧૧) નગરપાલિકા સિવાયના રસ્તાની લંબાઇ : (૩૧-૩-૯૨)

સરકારી	કિ.મી.	
પાકા	,,	૧૬૨૦
કાચા	,,	૨૦૨
જિલ્લા પંચાયત		
પાકા		૨૫૨૧
કાચા		૭૩૪

૧૨) શિક્ષણ

પ્રાથમિક શાળા	સંખ્યા	૧૨૯૯
માધ્યમિ શાળા	,,	૧૧૨
કોલેજો	,,	૯
પોલિટેકનિક	,,	૨
ટેકનિકલ હાઇસ્કૂલ	,,	૪

૧૩) રોજગાર અને માનવશકિત : ૩૧-૧૨-૯૧ના રોજ રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ બેકારોની સંખ્યા ૬૪૪૫ છે.

૧૪) ઊર્જા : ૩૧-૩-૯૧ વીજળીકરણ થયેલ ગામડાંની સંખ્યા ૮૮૪ છે.

૧૫) વાહનવ્યવહાર : ૧૯૯૨માં એસ.ટી.ની સુવિધા ધરાવતા ગામોની સંખ્યા ૮૮૭ હતી.

૧૬) પશુપાલન અને ડેરી ઉદ્યોગ : ૯૨

વેટરનરી પોલિકલીનીક	સંખ્યા	૦૧
પશુ દવાખાના	,,	૨૦
પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો	,,	૨૯
કૃત્રિમ ગર્ભદાન કેન્દ્રો	,,	૧૭
દૂધ ઉત્પાદક મંડળી	,,	૩૩૬
દૂધ ઉત્પાદક મંડળીના સભાસદ	,,	૧૭૪૫૧

૧૭) બંદરો :

મહાબંદર	સંખ્યા	૦૧
મધ્યમકક્ષાના બંદર	,,	૦૧
નાના બંદર	,,	૦૩
આયાત લાખ ટન	,,	૬૩.૫૪
નિકાસ લાખ ટન	,,	૨૯.૮૧

૧૮) મત્સ્યોઉદ્યોગ :

માછીમારી પ્રવૃત્તિ કરતી વ્યકિતની	સંખ્યા	૪૧૧૩
માછીમાર સહકારી મંડળીઓ	,,	૧૭
યંત્રથી ચાલતી બોટ	,,	૩૨૧
યંત્ર વગર ચાલતી બોટ	,,	૫૧૭
માછલીઓનું કુલ ઉત્પાદન	ટન	૬૫૫૯૮

૧૯) સિંચાઇ :

મધ્યમકદની સિંચાઇ યોજના	સંખ્યા	૧૯
સિંચાઇ ક્ષમતા	હેકટર	૨૦૭૨૫
નાની સિંચાઇ યોજના	સંખ્યા	૧૬૨
સિંચાઇ ક્ષમતા	હેકટર	૩૩૦૨૨

□

■ ૭૭, તિરુપતિ નિલયમ, સ્વામિનારાયણ સોસાયટી, જાદવજીનગર, ભુજ

ઋણ સ્વીકાર : રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર, પશ્ચિમ ક્ષેત્ર, ભુજ અને જિલ્લા પંચાયત, કચ્છ, આંકડા શાખા, ભુજ.



ખેરી બેરી ને બાવરી, બ્યા કંઢા ને કખ્ખ
હલ્લો હોથલ કચ્છડે, જિત માડુ સવા લખ

એવા ઉદગાર, હોથલને કચ્છની લોકસંસ્કૃતિની ગરિમા દર્શાવતા ઓઢા જામના મુખમાં, લોકસાહિત્યકારે મૂક્યા છે. તો....

'કારા ડુંગર કચ્છજા, મથે ધોરા ધણ ચરેં;
સિજ ઊલધે સામા અચેં, ત ડિસધેં ડુખ ટરેં.''

જેવી લોકોક્તિઓ કચ્છના ડુંગરાઓ, વનસ્પતિઓ તથા પશુધન દ્વારા કચ્છની સંસ્કૃતિશ્રીની સમૃદ્ધિ પણ દર્શાવી આપે છે.

કચ્છની લોકસંસ્કૃતિમાં સાગર, રણ, કૃષિ અને પશુપાલન એમ વિવિધ સંસ્કૃતિઓનો સમન્વય થયેલો છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મત મુજબ હિમાલયથી પહેલાં કચ્છની ઉત્પતિ થયેલી છે. આ પ્રદેશ સમુદ્રમાંથી ત્રણથી ચાર વખત બહાર આવ્યાના પુરાવા સાંપડયા છે. એવા પ્રદેશની લોકસંસ્કૃતિનો અભ્યાસ અનેક રીતે રસપ્રદ બની રહે છે. પરંતુ આ પ્રદેશની સમૃદ્ધિ જાણવા માટેના સાધનો ઘણાં ઓછાં હતાં તેથી આ પ્રદેશની લોકસંસ્કૃતિ ઘણાં વર્ષો સુધી જગતથી અજાણ જ રહી. પ્રાગૈતિહાસિક કાળના પુરાવારૂપ ભૂખી નદીમાંથી મળી આવતા અવશેષો કે ધોળાવીરાની હડપ્પીય સંસ્કૃતિથી માંડીને કાળક્રમે સંસ્કૃતિના અંધકાર યુગમાંથી પસાર થઇ, પુરાણો તથા જૈન આગમોમાં દર્શાવ્યા મુજબ, 'આભીરો'ના વસવાટરૂપ આ ભૂમિના ઉલ્લેખો જોવા મળે છે. વિવિધ પર્યાવરણ દ્વારા કચ્છની લોકસંસ્કૃતિનું કાઠું ઘડાયું છે; તો સાથે, કચ્છની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ, વિશાળ ભૂપૃષ્ઠ અને સાગર સંસ્કૃતિએ લોકસમુદાય પર એટલી જ પ્રગાઢ અસર પાડી છે. 'કચ્છી માડુ 'નો પહેરવેશ જુદો, ભાષા જુદી, પાઘડીનો પેચ પણ વિશિષ્ટ રીતનો. આમ કચ્છની સંસ્કૃતિ આગવી અને વિશિષ્ટ છે. આવી અનોખી અને અનન્ય એવી લોકસાહિત્ય સાથે સંકળાયેલ આ લોકસંસ્કૃતિમાં કચ્છનું લોકજીવન તથા કચ્છની લોકકળાઓ સમાયેલ છે. જે દૈનિક જીવનના કાર્યો સાથે અબાધિત રૂપે પ્રગટ થતી રહે છે.

સંસ્કૃતિ પરથી વિસ્તારોના નામ

કચ્છની સંસ્કૃતિ દુનિયાથી અલગ તરી આવતી સંસ્કૃતિ છે, તેવી જ રીતે કચ્છના પૂર્વથી પશ્ચિમ છેડા સુધીના કેટલાક વિસ્તારોની પણ પોતાની ખાસ સાંસ્કૃતિક પિછાણ છે. પૂર્વમાં વાગડ, ખડીર જેવા વિસ્તારોનું આખું અલગ સાંસ્કૃતિક મંડળ જોવા મળે છે. વચ્ચે ઉત્તર ભાગમાં બન્ની, પશ્ચિમે અબડાસા અને લખપત; તેમની સાંસ્કૃતિક ભૂમિકાને લીધે નોખાં તરી આવે છે. કચ્છના ઇતિહાસમાં અબડા જામનું સ્થાન અદ્વિતીય છે. અલાઉદ્દીન ખીલજી સામે પોતાને શરણે આવેલી સુમરીઓનું રક્ષણ કરવા મેદાને પડયો અને તેણે સ્વબલિદાન આપ્યું. તેના પરથી તે વિસ્તારનું નામ 'અબડાસો' પડયું. લખપત એક વખત ધમધોકાર ચાલતું બંદર હતું. રાજ્યને તે એક લાખ કોરીની પેદાશ કરાવી આપતું; તેથી તેનું નામ 'લખપત.' લખપતથી ભુજ જતાં વચ્ચે નખત્રાણા તાલુકાનો અમુક વિસ્તાર 'માકપટ' તરીકે ઓળખાય છે, કારણ કે ત્યાં 'માક' એટલે કે 'ઝાકળ' પુષ્કળ પડે છે. જ્યારે અબડાસા તાલુકાના છેવાડે અને લખપત તાલુકાના શરૂઆતના કેટલાક વિસ્તારને 'ગરડો' કહેવામાં આવે છે. આવાં બીજાં પણ ઉદાહરણો છે.

અનોખી સંસ્કૃતિની ભાત પાડતા પહેરવેશ- આભૂષણો

લોકસંસ્કૃતિમાં પહેરવેશનું અનેરું મહત્ત્વ છે. કોઇ જુવાનિયાના ફેંટાનું વાંકેરું ફૂમતું જોઇને યુવતી મોહી પડયાના અનેક દાખલાઓ લોકસાહિત્યમાં છે. અસલ તળપદો કચ્છી પહેરવેશ, કચ્છની સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે.

કચ્છી પહેરવેશમાં સિંધ, રાજસ્થાન જેવા પ્રદેશોની અસર જોવા મળે છે. કચ્છની ગ્રામ્ય પ્રજા કડાં બોરવાળી ઇજાર અથવા ચેણી પહેરે છે. ઇજાર પર કાળી, પીળી કે રાતી પટ્ટીવાળો પાતળો ખેસ અથવા 'આડિયું' પહેરે છે. ઇજાર પર કેડિયું અથવા 'આભો' (પહેરણ) પહેરે છે તથા ખભા પર અજરખ રાખે છે.

અગાઉના જૂના જમાનામાં માથે કચ્છી 'પાઘ' પહેરાતી. 'પાઘ' એટલે વિશિષ્ટ ઢબે પહેરેલો આંટીવાળો વિશાળ ફેંટો. કાળી બોચ દાઢી વચ્ચેથી સેંથો પાડી, દાઢીને બે ભાગમાં વહેંચેલો, મૂછોનો વટ ચડાવેલો અને માથે વિશાળ ફેંટાથી શોભતો કચ્છી યુવાન આજે તો ભાગ્યે જ જોવા મળે છે ! જ્યારે ટોપીનો જમાનો આવ્યો ત્યારે અસલ કચ્છી સંસ્કૃતિને તે ગમ્યું નહીં. હજી પણ ગામડામાં પાઘ પહેરેલ કોઇ બુઝુર્ગ, ટોપીવાળાને 'વિન વિન ટૂપી' કહીને ઉતારી પાડે છે.

બારોટ, મેઘવાળ તથા અન્ય કચ્છીભાષી કોમે કાળા, છાપેલા કે લાલ રંગના રૂમાલને પણ શિરોવેશ તરીકે અપનાવ્યા છે.

મુસ્લિમોમાં પહેરાતો ખોંભો, ઇજાર વિ. સિંધની સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે. કચ્છના લગ્ન સંસ્કાર જેવી વિધિમાં તો હિન્દુ-મુસ્લિમ જાતિઓમાં ખોંભાની અતિ મહત્તા રહેલી છે. વરપક્ષ તરફથી ચૂંદડીની સાથે 'ખોંભો' પણ મોકલવામાં આવે છે. એક ગીતમાં વરને સાદ કરી કહેવાય છે :

'ઘોડે તે ચડીને અચ, હિન ખોંભેજો તું મૂલ કર.'

કચ્છની લોકજાતિઓને મન ખોંભો બહુ મૂલ્યવાન છે. તેથીસ્તો ચૂંદડી પર ખોંભો ઓઢાડતાં ગીત ગાય છે :

'ખોંભો રે ખોંભો, ઘાટે રંગવારો,
ખોંભો રે ખેડે, હલ્યો રે-
ખોંભે જો મૂલ રે મોંઘેરો... ઘાટે રંગવારો.'


વાગડ તરફના રજપૂતો, રબારીઓ વિ. 'પોત' પહેરે છે.
પોત એટલે ધોતિયા



"કચ્છની લોકસંસ્કૃતિ"

□ ડૉ. દિનેશ એમ. જોશી

જેવું જાડું વસ્ત્ર. બે પટ્ટા જોડીને એકની પાછળ ત્રિકોણાકારે કાછડી વાળે અને આગળના વસ્ત્રની પાટલી ન વાળતાં ભેટમાં ખોસી દે. મિલનું ઝીણું ધોતિયું તો કચ્છની કોઈ લોકજાતિએ અપનાવેલ નથી. પગમાં ચાંચવાળા ઊંચી એડીના ભરત ભરેલ જોડાથી આ પોત શોભી ઊઠે છે. હીર તથા ભરત ભરેલ જાડા વસ્ત્રથી ઢાંકેલું માથું અને કાનમાં વિશિષ્ટ ઘરેણાંથી શોભતી રબારી જાતિ કચ્છી સંસ્કૃતિની આગવી



પોત ઉપસાવે છે. રબારી સ્ત્રીઓ ગરમ 'લોમડી' પહેરે છે.

ચારણ સ્ત્રીઓના વસ્ત્રોમાં પણ વિશિષ્ટતા દેખાય છે. તેઓનો 'ઘિબડો' (સિલાઈ વિનાનું કાળું અધોવસ્ત્ર)- ઘાઘરો- પણ ચારણ નારીઓના સૌંદર્યમાં વધારો કરે છે. ચારણ સ્ત્રીઓને કચ્છીમાં 'માતામા' અથવા 'ફૂઈ' કહે છે.

કચ્છની જત, રબારી, આહીર, ચારણ વિ. કોમની સ્ત્રીઓના ઘરેણાં પણ કચ્છની સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે. આહીર કોમનાં બાળકો તથા સ્ત્રીઓના ગળામાં પહેરવાના એક વિશિષ્ટ આભૂષણને તેઓ 'હાયડી' કહે છે, તો જત કોમની સ્ત્રીઓનું ગળાનું માનીતું ઘરેણું 'હંસીપોંચી' છે. માલધારી સ્ત્રીઓનું ગળાનું માનીતું આભૂષણ 'વાડલો' કે 'મકોડા ચક્કર' છે. 'હૂલડો' નામનું ઘરેણું લગભગ તમામ જાતિની સ્ત્રીઓ ગળામાં પહેરે છે. મુસ્લિમ સ્ત્રીઓ પગમાં જે નકશીદાર કડલાંઓ પહેરે છે તેને કચ્છીમાં 'ઘઉંલા' કહે છે. રબારી સ્ત્રીઓમાં અતિ લોકપ્રિય કંકણ કે જેને તેઓ 'ભોરીંડા'ના નામે ઓળખે છે, તે તેના નકશીકામ માટે પ્રખ્યાત છે. રબારી સ્ત્રીઓના કાનનું એક વિશિષ્ટ આભૂષણ છે તેનું નામ છે 'અકોટા.' અકોટા અતિશય પહોળા અને ભારે હોય છે. તેના ભારથી જેમ કાનની બૂટી લાંબી થતી જાય તેમ નારીનું સૌંદર્ય વધતું જાય છે ! એ જ રીતે રબારી સ્ત્રીઓના કાનનું અન્ય એક આભૂષણ જેને તેઓ 'નાગલા' કહે છે એ પણ તેમના સૌંદર્યમાં વધારો કરે છે. રબારી પુરૂષો પણ કાન વીંધાવી, કાનમાં 'કડકું' પહેરે છે. કડલી સહિત શણગારાયેલી સાંઢણી પર સવાર થઈ રબારીઓના ઢાલ અને સાંગધારી વરરાજા પોતાના મૂળગત પહેરવેશમાં હજુ પણ કચ્છમાં પરણવા નીકળે છે. હીરના દોરથી ગંઠીને બનાવેલી 'સિયળ' રબારી સ્ત્રીઓ ગળામાં પહેરે છે; તો માલધારીઓ, રજપૂતો, મુસલમાનો એક જ દોરની સેરમાં બટન ટાંકીને ખમીસમાં પહેરે છે, તેને 'આભે જો ભૂટાન' કહે છે.

કચ્છનાં કેટલાંય દેવી-દેવતાઓને સાંસ્કૃતિક પરંપરા અને સાંસ્કૃતિક ઉત્સવ સાથે વણી લેવામાં આવ્યાં છે. રાવળ પીર, કનોજ પીર, શાહ મુરાદ પીર, લાકડિયા પીર, રૂકનશા પીર, અજેપીર, હાજીપીર જેવા પીરો ધાર્મિક વિરલતાનાં અદ્વિતીય ઉદાહરણો છે. કચ્છ દશનામી ગુંસાઈઓ, નાથો, સિદ્ધો, નાગાબાવાઓનાં અખાડાનું પ્રિયસ્થાન રહ્યું છે. ધીણોધર ડુંગર પર ધોરમનાથે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. એની લોકવાર્તા કચ્છના લોકસાહિત્યમાં ખ્યાત છે. કચ્છની ઉત્તરે આવેલા કાળા ડુંગર પર ગુરૂદત્તની પાદુકાઓ છે. 'પટ્ટાપીર' તરીકે જાણીતા રાજા ગોપીચંદની સમાધિ ભેદી ગામે છે. શાકત સંપ્રદાયની અનેક દેવીઓની પૂજા કચ્છમાં થાય છે. ગુંદલમા, જોગણી માતા, આશાપુરા માતા, રવેચી માતા, વિંધ્યેશ્વરી માતા (વિંઝાણ), આયુ માતા (ડોણ) જેવી અનેક દેવીઓનાં સ્થાનકો કચ્છમાં છે. પુંઅરાના ત્રાસમાંથી મુકિત અપાવનારા વિદેશી અશ્વારોહી યોદ્ધાઓને પણ અહીં લોકદેવતા માનવામાં આવ્યા છે. આ યોદ્ધાઓને અહીં 'જખ્ખ' તરીકે ઓળખવામાં આવે છે. તેમના સ્થાનકને થડો કહે છે. સંઘાર કોમ તેમની ઉપાસક છે. જેના નામ પરથી ભુજિયો ડુંગર અને ભુજ નગર વસ્યું એ ભુજંગ નાગ અને ભેરુઆ ગારુડીની દંતકથા તથા પરીક્ષિત રાજા અને તક્ષક નાગની કથા વચ્ચે ઘણું સામ્ય જોવા મળે છે. આમ, કચ્છમાં સ્થળે સ્થળે જેસલ-તોરલ જેવા સંતો, સિંધથી આવેલ મામૈદેવ જેવા ભવિષ્યવેતાનાં સ્થાનકો, કિવંદતિઓ અને ભૂતકાળની સંસ્કૃતિનાં પ્રતીકો જોવા મળે છે. એ સિવાય સંત મેકણ જેવા સંતોનું પણ કચ્છની સંસ્કૃતિમાં ઉચ્ચ સ્થાન જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિએ ચાર પુરૂષાર્થો પૈકી 'ધર્મ'ને પ્રથમ સ્થાન આપેલું છે. કચ્છની લોકસંસ્કૃતિમાં પણ 'ધર્મ'ની સાથે 'ધાર્મિક મેળા' પણ ગૂંથાયેલા છે. કચ્છના મોટા ધાર્મિક મેળાઓ પૈકી નવરાત્રિમાં માતાના મઢમાં કચ્છની કુળદેવી મા આશાપુરાનો મહાન મેળો કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિના નમૂનારૂપ છે. શહેરી સંસ્કૃતિથી દૂર ગ્રામ્ય વિસ્તારમાં ભરાતા આ મેળામાં કચ્છની અનેક લોકજાતિઓ પગપાળા માતાજીના દર્શને આવીને કૃતાર્થ થાય છે. હવે તો શહેરી વિસ્તારના તથા કચ્છ બહારથી પણ પગપાળા યાત્રિકો આવે છે. પણ આ ધાર્મિક મેળાનું ખરું આકર્ષણ છે લોકજાતિઓના ગીતો દ્વારા વ્યકત થતી ભાવનાઓનું :

'આશાપુરા માત મારી આશ પૂરજો,
આશા પૂરજો માત મારી દરશન દેજો.'

તો, કચ્છનાં કોઈ ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલું ગઢવીઓનું વૃંદ તાનમાં આવી

માતાજીનું બીજું ગીત ગાઇ ઊઠે છે :

'માથે મુગટાળી, કાને વાળી, મા મછરાળી મતવાલી,
તું ઝાકઝમાલી, ડાકડમાલી, ચૂનડિયાળી ચૂડાણી,
તું હી ત્રિશૂળાળી, વીસ ભૂજાળી, દીનદયાળી, જગજાણી,
આશાપુર રાણી ! કચ્છ ધણિયાણી, બાલકુમારી બ્રહ્માણી
જિય બાલકુમારી બ્રહ્માણી...'

ગ્રામ્ય વિસ્તારોમાં અનેક દેવી-દેવતાઓના મેળા ભરાય છે. એ પૈકી બાયઠ પાસે સોદેપીરનો મેળો ભરાય છે. ત્યારે લોકો એકઠા થઇ ગીતો ગાઇ ઉત્સવ ઉજવે છે. ઘરે શેર માટીની ખોટ હોય તો સોદેપીરની માનતા માનવાથી પુત્રપ્રાપ્તિ થાય છે એવી લોકવાયકા છે :

'સચે મન સોદેપીર કે સંભાર, દાદો દુઃખભંજન દાતાર,
સભુ-સાંજી શરણ આંજે, ઇનીજી વેલી ચડજા વાર.
શેર મટી લા સ્વાલી ભની, આં વટે અચેં નર ને નાર,
ત્રેસો સઠ પીર દનાં બેલડા, ઉનીજા પીંગે લુડેતાં બાર.

કચ્છના મોટા ધાર્મિક મેળા પૈકી યક્ષ (જખ્ખ)નો મેળો કચ્છની ભાતીગળ સંસ્કૃતિનું પ્રમુખ કેન્દ્ર બની રહે છે. કચ્છના ખૂણે ખૂણામાંથી લોકજાતિઓ પરંપરાગત વેશ પરિધાન કરીને આ મેળામાં મહાલવા ઊમટી પડે છે. પુંઅરાના ત્રાસમાંથી લોકોને બચાવનાર યક્ષોને સંઘાર જ્ઞાતિના લોકો પૂજતા આવ્યા છે. ભાદરવા માસમાં ભરાતા આ ધાર્મિક મેળામાં દર રાત્રિએ ગીતોની રમઝટ જામે છે. (અલબત્ત, હાલે આ મેળાને આધુનિકતા પણ સ્પર્શી ગઇ છે તેથી પરંપરા-ગતતા તથા આધુનિકતાનો સમન્વય જોવા મળે છે.) આ ગીતોમાં એક ગીત અતિ લોકપ્રિય છે. પુંઅરાની પત્નીને સંતાન પ્રાપ્તિ ન હોવાથી યક્ષો પાસે રાજાથી છૂપી રીતે આશીર્વાદ લેવા ગઇ ત્યારથી માંડીને રાજાને એ વાતની પડેલી ખબર, યક્ષો પર ગુસ્સે થતાં કરેલી શિક્ષા, યક્ષોને મળેલી મદદ અને રાજાનો ઘાત, આટલી વાત આ ગીતમાં વણી લેવામાં આવે છે :



'રાણી રથકે જોડેઓ, આવઇ રિખીએં વટ્ટ,
વીયા વધાઈયું મું ડેઓ, ત માણેક ડીયાં મટ્ટ.
અસીં ન એડ઼ા ઓલિયા, જે ડીયું બેકે બાર,
ઉ નીયા ઉતે થિયે, સાહેબ જે ઘરબાર...

...અને અંતે...

કાનેં પાએ ફૂકરા, લાખાડી ચડેઓ,
બૌંતેર જખ્ખ ભેરા થેઆ, પિંઢમેં ઘાટ ઘડયો.''

કોમી એક્તાના પ્રતીકરૂપ રણની કાંધીએ વસેલા હાજીપીરના ધાર્મિક મેળામાં પણ કચ્છ અને કચ્છ બહારના લોકો ઉત્સાહભેર ભાગ લે છે પણ ધાર્મિક લોકગીતોની રમઝટ તો રાત્રિએ જ જામે છે.

''આંજી ધરગા તે નિત વસેં નૂર, હાજીપીર વલી ઓલિયા રે...
ઓતારા ડીંઘાસીં ઓરડા રે, ભરીયાં વલીકે સલામ... હાજીપીર...''

હાજીપીરના પરચાઓની સાક્ષી પૂરતા ગીતોની રમઝટ જામે છે. હાજીપીરની કૃપાને લીધે આંધળાને દ્રષ્ટિ, સંતાન વિહોણાને સંતાન પ્રાપ્તિ થાય છે એવો ભાવ લોકગીતોમાં વ્યક્ત થયેલો હોય છે :

'એ કચ્છડ઼ે મેં આયા હાજીપીર,
અંઇ વસીલા થિયો
અંધડે કે અખિયું ડિયો
વાંઝિયે કે વિયા ડિયો
એ રિણમેં ત આયા હાજીપીર...'

ભારતીય પરંપરા મુજબ મેળાઓ હંમેશાં ચોમાસા દરમ્યાન આવે છે. ચોમાસું સારું ગયું હોય એટલે ધાર્મિક મેળાઓની પરંપરા ચાલુ થાય છે. કચ્છના મોટા મેળાઓમાં ઉપરોક્ત લોકમેળાઓ ગણાવ્યા ઉપરાંત શ્રાવણ સુદ પાંચમ (નાગપંચમી)ના દિને ભરાતો ભુજિયાનો મેળો, જન્માષ્ટમીના ગામે ગામ ભરાતા લોકમેળાઓ, તલવાણામાં ભરાતો રુકનશાપીરનો મેળો, મહાશિવરાત્રિએ ધ્રંગમાં દાદા મેકણના સ્થાનકે ભરાતો મેળો, વોંધ પાસે રામદેવપીરનો મેળો પણ જાુદી જાુદી લોકજાતિઓ માટે ખૂબ જ આકર્ષણરૂપ બની રહે છે. લોકમેળામાં જેની ગણના કરી શકાય અને જ્યાં કચ્છની આગવી સંસ્કૃતિના દર્શન થાય એવા મેળાઓમાં રવેચીનો મેળો તથા રબારીઓનો ભેડ માતાનો મેળો આગવી ભાત પાડનારા છે.

તલવાણામાં ભરાતા મેળામાં બખ્ખનું આકર્ષણ ગ્રામ્ય વિસ્તારોને ચેતનવંતું બનાવી દે છે, જે કચ્છની લોકસંસ્કૃતિનું વીરત્ત્વસૂચક ચિહ્ન છે. ધ્રંગના મેળામાં ઊંટદોડ હરીફાઇ (Camel Safari) જોવા માટે તો વિદેશીઓ ખાસ આવે છે. જે ઊંટને હરીફાઇમાં ઉતારવાનો હોય તેની ખાસ માવજત કરવામાં આવે છે. છ-છ માસ સુધી ખવડાવી, પીવડાવી તાજો-માજો કરવામાં આવે છે. દોડવાની ખાસ કેળવણી આપવામાં આવે છે. હરીફાઇના દિને તેને શણગારવામાં આવે છે. એની પીઠ પર ઝૂલ નાખી, એના ચાર છેડા બાંધી દેવામાં આવે છે. સમગ્ર શરીર પર ખાસ પ્રકારના ચાંદીનાં આભૂષણયુક્ત સાજ પહેરાવવામાં આવે છે. પગે ઘૂઘરા બાંધવામાં આવે છે. રુમઝુમ અવાજ કરતાં ઊંટો દોડે છે ત્યારે બંને બાજાુએ ઊભેલા માણસો ચિચિયારીઓ પાડીને ઊંટોને પોરસ ચઢાવે છે; અને ખરે જ, ઊંટોને પોરસ ચઢી જાય છે. ગન્તવ્ય સ્થાને પહોંચી ગયા છતાં પણ કેટલાંક ઊંટો તેના મહાવતને ગણકાર્યા સિવાય દોડતાં જ રહે છે, જે એમના છ માસના કઠોર પરિશ્રમનું ફળ હોય છે.

માંડવીનો વિખ્યાત રવાડીનો મેળો

માંડવીમાં જન્માષ્ટમીના બીજા દિને (નોમ) અને શ્રાવણ વદ દશમના રોજ ખાસ રથયાત્રા નીકળે છે, જેને 'રવાડી' કહે છે. ભગવાને જન્મ લીધા બાદ બીજે દિવસે સ્નાન કરવા નીકળે છે એવો ભાવ એમાં સૂચવાય છે. રવાડીના અંતે મોટો રથ હોય છે જેમાં અંદર બાલકૃષ્ણની મૂર્તિ બિરાજમાન હોય છે અને બહાર 'ગુડપંખી' (ગરુડ) હોય છે. વર્ષો અગાઉ માત્ર નોમના જ રવાડી નીકળતી તેમાં રથમાં મોટા શેઠિયા-ઓનાં બાળકો બેસતાં. તે વખતે એક ખારવાના બાળકે અંદર બેસવાની હઠ લેતાં એને અટકાવવામાં આવ્યો. પરિણામે ખારવાઓની નાત વિફરી અને એ ખારવા બાળકના પૈસાદાર પિતાએ ખારવાઓ માટે ખાસ અલગ રવાડી તૈયાર કરાવી, જે દશમના રોજ નીકળે છે. તેને ખારવાની રવાડી કહે છે. સમગ્ર કચ્છનું ધ્યાન ખારવાની રવાડીમાં રહેતી મુખ્ય રમતો પ્રત્યે રહેલું હોવાથી, એ દિને કચ્છભરમાંથી માણસો રવાડીમાં મહાલવા આવે છે. તે દિવસે માંડવીના રસ્તાઓ માનવ કીડીયારાથી ઊભરાઇ જાય છે. હૈયે હૈયું દળાય એટલી ગિર્દીમાં એક મિનિટના રસ્તાને પસાર કરતાં એક કલાકનો સમય લાગે છે. રવાડીનો રથ ખાસ્સો પહોળો હોય છે જ્યારે માંડવીના રસ્તા સાંકડા છે તેથી રસ્તામાં 'રવાડી' કોઇ સ્થળે અટકી જાય તો બાળકો ગગનભેદી ઘોષમાં ગાય છે :



'રવાડી અટકી, માલમ મૂઠો, રામજી રોય તો, ચાલી કપાયતી,
જીયેરા ડેશર, કલંગી વારો, કલંગી મેં કેસર, જીયે રા ડેશર.'

અગાઉની બંને રવાડીઓમાં કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન થતાં. અંગકસરતનાં

વિવિધ ખેલો, અખાડાઓ રવાડીમાં રહેતા. રંગબેરંગી વેશભૂષાયુકત યુવાનો દાંડિયારાસ લેતા, તલવારના દાવપેચ, ભાલા અને તીરોની નિશાનબાજી, લાઠીના દાવ વિ. જોવા માણસો ઉમટી પડતા, ઢોલીઓ ઢોલ વગાડતા. સંપૂર્ણ રવાડીનાં દર્શન કરતી વખતે પાંચથી છ કલાકનો સમય લાગતો.

કચ્છના પશ્ચિમ ભાગમાં- નખત્રાણા તાલુકામાં- વસતા અને ભારતભરમાં લાકડાની મિલોના વ્યવસાયમાં પરોવાયેલા પાટીદારો માટે પણ સાતમ-આઠમના તહેવારો એટલે જાણે મહાઉત્સવ ! ધંધાર્થે બહાર વસતા અસંખ્ય પાટીદાર કુટુંબો તે વખતે પોતાના વતનમાં ઊતરી પડે છે અને સાતમ આઠમના ઉત્સવોમાં ઉમંગભેર જોડાય છે. તે વખતે સમાજમાં પ્રગતિનાં અનેક કામો થાય છે, સંબંધો જોડાય છે. સ્થાનિક પાટીદાર પરિવારો પણ વરસાદ સારો થયો હોતાં સાતમ-આઠમના મેળામાં મહાલે છે. ભગવાનના મંદિરના ચોકમાં ઢોલ પર દાંડી પીટાય છે, સ્ત્રીઓના પગને જાદુઇ સ્પર્શ થાય છે અને લંઘીઓનાં ગળાં હલક્ભર્યા સૂરે ગાજી ઊઠે છે :

'ગોકુળિયાં લગ્ન'

'મટુકી રમાં મા, જારગોળી રમાં, આંઉં ઢોલ મથે રમાં...(૨)'

ને એ જન્માષ્ટમીના સપરમા દિ'એ ઢેબરીયા રબારીઓ મચ્છોયા આહિર જ્ઞાતિ દ્વારા યોજાતા ગોકુળીયા લગ્ન પણ કચ્છની ભાતીગળ સંસ્કૃતિનુ એક વિશિષ્ટ અંગ બની રહે છે.

લગ્ન વ્યવસ્થા એ સમાજની મુખ્ય આધારશિલા છે. મનુષ્ય જીવનના ચાર પુરૂષાર્થો: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ- એ લગ્નજીવન દ્વારા જ સાધી શકાય છે. પતિ-પત્નીના યુવાન હૈયાના મૂક- પ્રેમાલાપ અને જાનૈયાઓના ઉત્સાહ લગ્ન જેવા પ્રસંગે જ છલકાય છે.

અક્ષયતૃતીયા જેવા દિવસો લગ્નોત્સવ માટે વગર પૂછ્યે નક્કી કરેલા દિવસો છે. આ દિવસે સમગ્ર કચ્છડો જાણે વિવાહ મહોત્સવના હેલે ચઢે છે. પરંતુ મચ્છોયા આહિર કે ઢેબરિયા રબારી જેવી કોમોમાં ગોકુળિયાં લગ્નનું પણ મહત્ત્વ કમ નથી. એમનું તળપદું લોકજીવન જન્માષ્ટમીનો ઉત્સવ તથા ગોકુળિયાં લગ્ન જેવા દ્વિગુણિત અમૂલા પ્રસંગે ઓર ખીલી ઊઠે છે. આ વખતે ગવાતા લગ્નગીતો એ પ્રેમથી ઊભરાતા હૈયાઓનું ધર્મ પ્રત્યે તથા કૃષ્ણ પ્રત્યેની લાગણીનું અને તેથીય સવિશેષ આહિર તથા રબારીના તળપદા લોકજીવનનું પ્રતિબિંબ પૂરું પાડે છે.



ગોકુળિયાં લગ્નની વિશેષતા એ છે કે લગ્નો મધ્યાહનના સમયે બપોરના ૧૧-૦૦ થી ૧૨-૦૦ની વચ્ચે જ- ગોઠવાતા હોય છે. લગ્નમાં શાસ્ત્રીય વિધિ કરતાં લોકાચારોનું સવિશેષ મહત્ત્વ જોવા મળે છે; જે એમના સમાજનો જાણકાર બ્રાહ્મણ જ કરાવી શકે. ઘણી વખત સમાજની યોગ્ય લોકવિધિ જાણતો બ્રાહ્મણ ન મળે તો એમના સમાજના બુઝર્ગો પણ ચોરીફેરા ફેરવી આપતા જોવા મળે છે ! ગોકુળિયાં લગ્નને મહાલવા માટે આ લોકજાતિઓ એટલી ઉત્સુક હોય છે કે જો બ્રાહ્મણ લગ્ન માટે શાસ્ત્રીય ઢબે અન્ય તિથિ આપે તો પણ તેઓ બ્રાહ્મણની તિથિને સ્વીકારતા નથી. આહિર જાતિમાં આ અંગે એક રમૂજી દંતકથા પ્રચલિત છે. એક ડોશીએ લગ્નનું મુર્હૂત જોશીને પૂછાવતાં એણે આપેલી અલગ-અલગ તિથિઓ, માસો વિ. ડોશીને પસંદ ન આવતાં અંતે ડોશીએ જ ગોકુળિયાં લગ્ન સૂચવતાં આહિરોમાં 'જે કરે ડોશી, તે ન કરે જોશી' એવી કહેવત પ્રચલિત થઇ. જ્યારે પ્રાંથળિયા આહિરોમાં ગોકુળિયા લગ્ન સિવાય વૈશાખ વદ તેરસ પણ અતિ પ્રચલિત છે. લગ્ન વધાવવા માટે આહિરજાતિની સ્ત્રીઓ પોતાની તળપદી ભાષામાં આ મુજબનું ગીત ગાય છે.

'હું તા હોના હરૂખો હૂરજ ઊગિયો રે,
મેં તા થાળ ભર્યો શગ મોતીએ રે
હું તા વડાગ વધાવવાને જાસ... હું તા...'

લગ્નવિધિની શરૂઆત ગણેશના સ્થાપનથી થાય છે અને આહિરોની વનિતાવૃંદના હોંશીલા કંઠથી ફળિયું ગાજી ઊઠે છે.

'ગણેશ દેવતા કંઇ બેઠેલા પાટ, કંઇ બેઠેલા પાટ,
નારિયલ કેરી શગ ચડે ને શગ ઊતરે...'

એક તરફ ગણેશ સ્થાપન થતું હોય, બીજી તરફ લાડાના રૂપને ઓજસવંતુ બનાવવા પીઠી ચોળવામાં આવતી હોય છે. આ સમયે ભાભીઓની મસ્તીનો કેફ લાડાને ય લાગે છે. અને આહિરોનું ખમીરવંતુ ખોરડું સૂરીલા ગીતોની સ્વરગંગામાં ભીંજાતું રહે છે.

'પીઠી પીઠી કરસ્યે ભોજાઈયુંના વીરડા,
હાથ-પગ ધૂએ બેનલ ભાઈ,
આખો વાંહો ધૂએ વારૂન્દ હો વીરડા,
વાઘેયા પે'રાવે મામુ હરખી લો
દાદોજી જુએ, માતા હરેખે નાં માય હો વીરડા...'

પીઠી ચોળ્યા બાદ લગ્ન માટે સાજ સજેલા લાડાના દોર-દમામ પણ કંઇ કમ નથી હોતા. હીર ભરતનું ગૂંથણ તો જાણે એના સમગ્ર શરીર પર ઢાંકેલું હોય છે. પરંતુ તલવારની મ્યાન પર પણ હીર-ભરતના હાથી ફરતા હોય છે. ઘોડા પરનું સાજ ચાંદીના આભૂષણોયુકત હોય છે તો સાથે ચાલતાં માફાળાં ગાડાંનાં શણગાર પણ શબ્દચિત્રમાં મઢી લેવા લાયક હોય છે. બળદનાં શિંગડા ઘી-તેલથી ચમકાવેલાં હોય, ગળામાં રૂમઝુમ ઝાલર વાગતી હોય, બળદની પીઠે ઓઢાડેલાં હીર ભરેલાં કપડાના છેડા પણ ઘૂઘરીવાળા હોય છે. ગોકુળિયા લગ્નના આ માહોલમાં આહિરાણીઓને ઓર ચાનક ચઢે છે અને તેઓ ગાઈ ઊઠે છે :



'ચટકે હાલે રે પાની ઊજળી રે
મજલે હાલે સબિલાની જાન,
ક્યિો રે લાડા ભાઈનો દાદોજી
લીયો ને માતાજીના નામ... ચટકે.'

આ ગોકુળિયા લગ્નોનું રંગબેરંગી વાતાવરણ માત્ર ખોરડા પૂરતું મર્યાદિત ન રહેતાં સમગ્ર ગામ પણ તેમાં ભીંજાય છે.

બપોરના બારેક વાગ્યા સુધીમાં લગ્ન ઉકલી જતાં જમણવાર બાદ આહિરો જન્માષ્ટમીની ઉજવણીમાં પરોવાય છે.

આહીર પટ્ટીના ગામોમાં જન્માષ્ટમી પ્રસંગે રમાતો દાંડિયારાસ ખાસ ધ્યાનાકર્ષક હોય છે. સાથે કૃષ્ણવિષયક ગીતો તો ખરા જ :

'મોહન આંજી મોરલી મિઠી કેડ઼ । કામણ કયાં
કેડ઼ । કામણ કયાં ભલા ભલા ભાન ભૂલી વ્યા...'

અલબત્ત, આહીર પટ્ટીના ગામોમાં કચ્છી લોકગીતોની તુલનાએ ગુજરાતી ગીતો વધારે પ્રચલિત છે.

કચ્છની સાગર સંસ્કૃતિ પણ ઉત્સવો ઉજવવામાં પાછળ નથી રહી જતી, સાગર પ્રધાન ખારવાઓ ચૈત્ર તથા અષાઢ માસમાં દરિયા કિનારે ભરાતા મેળાઓમાં મહાલે છે. દરિયાના મેળાઓમાં કચ્છી ભડાલાઓનું સ્ત્રી વૃંદ ખાસ કરીને આ ગીત લલકારે છે :

'કુંજ વિઠી આય ઘરિયા જે બેટમેં, નેં ચુણેજો હિતે નાંય પાર,
કુંજલડિયું હાણે હલધાંસી પાંજે ડેસ... કુંજ વિઠી આય...'

દરિયા કિનારે ભરાતા મેળાઓમાં કોઈની વ્હાલસોઈ દીકરી દરિયાને પેલે પાર પરણેલી હોય ત્યારે દરિયાનો મેળો આવતાં તેનું મન ઉદાસ થઈ જાય છે. દરિયાને સામે પાર પણ પોતાના ગામમાં આવો જ ઉત્સવ ચાલી રહ્યો હશે એમ વિચારી એ ઉદ્વિગ્ન મને કોઈ વહાણવટીને પોતાનો ભાઈ બનાવી આ ગીત દ્વારા વેદનાને વાચા આપે છે :

'મુંજા ઘરિયાવારા વીર, વાણ વેલ હંકારીજ,
વહાણ વેલ હંકારીજ, મુંજી માડીકે મિલણ ડીજ...'

દરિયાઈ 'નારોજ'એ વહાણવટીઓનો મોટો ઉત્સવ છે. તે દિવસે દરિયા કિનારે ઉત્સવ હોય છે. વહાણવટી ખારવાઓ શ્રમગીત ગાતા 'દરિયો બેલી છે, ખારવાનું કામ છે' એમ હાકોટા-પડકારા કરતા કૂવાથંભ છોડતા હોય છે કે સઢ ઉકેલતા હોય છે. પવનની ગતિએ વહાણો દરિયામાં સરકી જતાં હોય છે. ખારવણો પોતાના પતિને વિદાય આપતી હોય છે, સાથે શ્રીફળ વધેરી દરિયાના ખોળે પોતાના પતિદેવ સોંપી એની રક્ષા કાજે દરિયાને વિનવતી હોય છે. સમગ્ર દરિયા કિનારો વહાણો, રંગબેરંગી સઢો, ધજા-પતાકાઓ, તથા ખારવાઓના ઘોંઘાટથી ભરાઈ ગયો હોય છે. એમાં હળવે-હળવે નીચે મુજબનાં ગીતો ઉપડતાં હોય છે અને બુલંદ અવાજે ગતિ પામી કિનારો તથા સમુદ્રને ભરી દેતાં હોય છે.

'ભા મુંજા હઈસો રે હઈસો, ભેરુ મુંજા હઈસો રે હઈસો...
...હેલી બેલી તાણજો રે તાણજો અલ્લા બેલી વામજો રે વામજો...'

તો બાજુમાં ઊભેલા અન્ય વહાણના નાખવાઓ રાંઢવું છોડતાં બીજું ગીત ઉપાડી લે છે. પહાડી અવાજવાળો કોઈ માલમ પાનું ચઢાવતાં શબ્દો બોલે છે, જ્યારે અન્ય સાથીઓ એના પડકારને ઝીલે છે. આવા ગીતોમાં ભાવાર્થ કરતાં શબ્દોની મેલોડી કર્ણપ્રિય હોય છે.

કચ્છની માલધારી સંસ્કૃતિ મેળાઓનો લાભ લઈ શકતી નથી. વરસાદની અવકૃપાને લીધે દર ત્રીજે વર્ષે સ્થળાંતર માટે માનસિક રીતે તૈયાર રહેવું જ પડતું હોય એવી રણકંઠારે વસતી આવી લોકજાતિઓ મેળામાં ક્યાંથી મહાલે? છતાં પણ બન્નીવાસીના ઘરે મહેમાનો આવે એ જ જાણે એમનો મેળો ! અતિથિ દેવો ભવની ભારતીય પ્રણાલિકાને રણની સંસ્કૃતિ યથાતથ વળગી રહી છે. રાત તો બસ બન્નીની જ ! મહેમાનોના આતિથ્ય સત્કાર અર્થે જોડિયા પાવા (અલગોઝા), ચંગવાદન કે નળવાદન થતું હોય, ભૂંગાની બહાર ખાટલા પર કલાત્મક ધડકીઓ બિછાવેલી હોય અને મહેમાનો સંગીત શ્રવણ કરતાં હોય, માથે માઝમ રાતની સાથે બન્નીની ગોદમાં આવેલ ગોઠમાં 'દાવત' ગોઠવાયેલી હોય :



'કચ્છી જો તાં મેમાણ આયો, ધોડી ધોડી ચોખા રંધીયાં,
ચોખેં જા કેડા કરાં ધોખાં, મુંજી વાલી ભેણ; કચ્છી જો તાં મેમાણ આયો..
ધોડી ધોડી ઢોલિયા ઢારીયાં, ઢોલિયે જા કેડા કરાં ધોખા... મુંજી વાલી...
ધોડી ધોડી લપઈ રંધીયાં, લપઈ જા કેડા કરાં ધોખા... મુંજી વાલી...

બિરયાનીની 'દાવત' બહુ જ સારી રીતે પૂર્ણ થાય છે. મહેમાનોની વિદાય બાદ બન્નીવાસી કચ્છી માડુ પત્ની પર ખુશ થાય છે. વરસાદની રીતે સૂકા રણ પ્રદેશના આ મુલકના માણસોનાં હૃદય તો વિશાળ અને ભર્યાં-ભાદર્યાં છે. દિલના અમીર પતિદેવ સારી મિજબાની બદલ પત્નીની ઘરેણાં માટેની ઈચ્છા પરિપૂર્ણ કરે છે :

'કચ્છજા માડુ અમીર,
વઠી અંઈયા વાટ તે અલ્લા (૨)
પાણી રે પીવાઈ રે અલ્લા... કચ્છજા માડુ. ..
કડલો ઘડાયોને મુઠીયો ઘડાયો,
વઠી અંઈયા વાટ તે અલ્લા... કચ્છજા માડુ. ..

કચ્છની લોકજાતિઓના લોકાચારો અને લોકવિધિઓ

સાગર અને રણથી જોડાયેલા અને વર્ષો સુધી દુનિયાથી અલિપ્ત રહી એક બેટ સમાન રહેલા આ અલબેલડા કચ્છડાની લોકજાતિઓ પરંપરાગત રીતે ઉત્સવો ઉજવી પોતાનો આનંદ વ્યકત કરે છે એ જ રીતે પોતાના દૈનિક વ્યવહારો દ્વારા પ્રગટ થતા લોકાચારો અને લોકવિધિઓ દ્વારા પણ સંશોધકોનું ધ્યાન આકર્ષિત કરે છે.

પરંપરાથી ઊતરી આવેલા લોકાચારોએ કચ્છી પ્રજાનું કાઠું ઘડયું છે. જુદી જુદી લોકજાતિઓ હોવા છતાં કેટલાક સમાન લોકાચારો કચ્છની લોકસંસ્કૃતિના દ્યોતક બની રહે છે. હીરોવર્શિપ (વીરપૂજા)ની ભાવના કચ્છની વિવિધ લોકજાતિઓમાં જોવા મળે છે. જામ અબડાની શરણાગત વત્સલતાના ઉદાહરણ લગભગ દરેક લોકજાતિઓ ગૌરવપૂર્વક આપે છે.

કચ્છની લગભગ તમામ હિન્દુ લોકજાતિઓ બ્રાહ્મણ, ચારણ, મીર, ભાટ વગેરેને પવિત્ર માને છે. લોકજાતિઓની તમામ વિધિઓમાં- જન્મથી માંડીને મૃત્યુ સુધી- બ્રાહ્મણને ખૂબ જ મહત્ત્વ આપે છે. બ્રાહ્મણની આંતરડી કકળે એને અપશુકન માને છે. કૃષિપાલક જાતિઓ બ્રાહ્મણને શુકન પૂછીને જ તે જે દિશા દર્શાવે ત્યાં પહેલો ચાસ ખેડે છે. ભાટ-ચારણો પણ લોકવંદ્ય રહ્યા છે. જામ રાવળ કચ્છ છોડતી વખતે સમગ્ર કચ્છ ચારણોને દાનમાં આપતો ગયેલો. ક્ષત્રિયોના દરબારમાં ચારણોનું સ્થાન મહત્ત્વનું રહેતું. ચારણની પત્નીને 'માતામા' કહેવામાં આવતી, જે પરંપરા આજપર્યંત ચાલુ છે. કચ્છની તમામ લોકજાતિઓ ચારણ સ્ત્રીને 'માતામા' કે 'ફૂઈ'ના નામે ઓળખે છે. રબારી, આહીર, સોરઠીયાઓ; એમના ખાસ નક્કી કરેલા મીરોને પ્રસંગોપાત વસ્તુઓ આપે છે.



કચ્છની લગભગ તમામ લોકજાતિઓમાં જે તે જાતિનું બંધારણ નક્કી થયેલું હોય છે. એનો કોઈ ભંગ કરે તો જ્ઞાતિના આગેવાનો તેને સખત શિક્ષા કરે છે. અમુક લોકજાતિઓમાં તો એક જ જ્ઞાતિ હોવા છતાં અમુક કુળોને ઊંચા તથા અમુક કુળોને હલકાં ગણવામાં આવે છે. તેમની વચ્ચે રોટી-બેટીનો પણ વ્યવહાર હોતો નથી. જો કે, હવે સુધારાવાદી વાયરાઓ બાદ જ્ઞાતિપ્રથા ઢીલી પડતી જાય છે; છતાં પણ કચ્છની ઘણી ખરી લોકજાતિઓ અસ્પૃશ્યતાને મહત્ત્વ આપે છે.

ગરાસ બાબતમાં અન્યાય થતાં બહાદૂર કચ્છીઓ બહારવટે ઊતરી જતા તો પણ નેક અને ટેકને કદી વિસરતા નહીં. વિચારભેદ કે અન્યાયને ખાતર બહારવટું લેતા કચ્છીઓ ગામ ભાંગતા તો પણ નિર્દોષ ગરીબોને રંજાડતા નહીં. સ્ત્રીઓને 'નિયાણી' ગણી કશુંક લૂંટયું હોય તો પણ તેમાંથી કશુંક આપતા. બાળકો, અશકતો, વૃદ્ધો અને ગરીબોના તેઓ બેલી ગણાતા. કચ્છનો બહારવટિયો ખાનજી એનું જ્વલંત ઉદાહરણ છે.

ટૂંકમાં- વટ, વચન, વેર, વીરતા તથા નેક અને ટેકને ખાતર જાનફેસાની કરવામાં કચ્છની લોકજાતિઓ ગૌરવ અનુભવે છે.

ભૂમિપૂજન એટલે સંસ્કૃતિનું ખાસ શાસ્ત્રોકત અંગ

કચ્છમાં કોઈ નવું ગામ વસાવતી વખતે ક્ષત્રિય કુળો ભૂમિપૂજન કરતાં. ભૂમિપૂજન એ ભારતીય સંસ્કૃતિનું ખાસ શાસ્ત્રોકત અંગ છે. પરંતુ ધીમે ધીમે તેમાં જે તે પ્રદેશના લોકાચારોનો પ્રભાવ જોવા મળે છે. પરંપરાથી ચાલી આવતી વિધિ મુજબ નવું ગામ વસાવતી વખતે સૌ પ્રથમ ગામના નાકાની કલ્પના કરીને ખીલો ખોડવામાં આવે છે. (ભુજ નગરની સ્થાપના વિધિ વખતની દંતકથા છે કે ખીલો જમીનમાં ખોડતાં તે લોહીવાળો થઈને બહાર આવતાં તે શેષનાગની ફેણમાં લાગ્યો હોવાનું માનીને મહારાઓશ્રીએ ભુજિયાના ડુંગર પર ભુજંગની દેરી બંધાવી) ખીલો ખોડયા બાદ ગામને ફરતે ધારાવાડી કરવામાં આવે છે. એક માણસ પાણીનો હાંડો લઈ, પાણીની ધાર કરતો આગળ ચાલે છે. બીજો માણસ પાછળ ઘીનો દીવો તથા બીજા હાથમાં

દૂધનો લોટો લઇ, દૂધની ધાર કરતો ચાલે છે. આ રીતે બંને જણ આખા ગામની ફરતે આંટો મારી મૂળસ્થાને પરત આવે છે. એ દરમ્યાન ગામની શિલાવિધિ થાય છે. પીળા પથ્થરમાંથી કોતરીને બનાવેલી 'કૂર્મશિલા' પર વિવિધ આકૃતિઓ કોતરીને ભોંમાં ભંડારવામાં આવે છે. 'કૂર્મશિલા'માં કાચબો મધ્યસ્થાને હોય છે, અને આસપાસ શંખ, જલલહર, માછલી, સાપ, દેડકો, કુંભ, ગ્રાસ અને મગર હોય છે. ઉપર ચારે બાજુ રક્ષક્ની આકૃતિઓ હોય છે, જેમાં ત્રિશૂળ, વજ્ર, શક્તિ, તલવાર, દંડ, નાગપાશ, ધજા અને ગદાની આકૃતિઓ કોતરેલી હોય છે. અગાઉ કચ્છના વિવિધ ગામોના શિલાપૂજનમાં આ પ્રકારની શિલાઓ વપરાતી.

કચ્છમાં નવું મકાન બાંધતી વખતે તેનો પાયો ખોદી, પાયાની પૂજા થાય છે. જેમાં દંપતિના હસ્તે પાયામાં સોપારી, હળદર, ચાંદીની મત્સ્ય અને નાગ સાથે પંચામૃત દ્વારા પાયાનું પૂજન થાય છે. ત્યાર બાદ તેના પર ચણતર થાય છે. નવું ખેતર ખરીદતી વખતે બ્રાહ્મણને પૂછીને સોદાવિધિ થાય છે. ખેતર, ખરીદ્યા બાદ ગાયની પૂજા કરી, બળદનાં શિંગડાં રંગી બ્રાહ્મણ કહે ત્યાં ચાસ પાડી ખેતીનો શુકનવંતો પ્રારંભ કરે છે.

કચ્છની લોકસંસ્કૃતિમાં વડ, પીપળો, તુલસી, શમી (ખીજડા) વિ.નું પૂજન થાય છે. કચ્છની તમામ લોકજાતિઓમાં તુલસી કયારો તો આંગણામાં હોય જ છે. ઉપરાંત દ્રવિડ સંસ્કૃતિ અન્વયે પ્રાણી પૂજાનું મહત્ત્વ પણ કચ્છી લોકસંસ્કૃતિમાં ઝીલાયું છે. આર્ય સંસ્કૃતિની ગૌપૂજા તથા દ્રવિડીયન સંસ્કૃતિની નાગ પૂજાનો સુભગ સમન્વય કચ્છની લોકસંસ્કૃતિમાં જોવા મળે છે. નાગપંચમીના દિને રાજવી કુટુંબ ભુજિયા ડુંગર પર ભુજંગની પૂજા કરે છે. દંતકથા મુજબ અગાઉ ભુજંગ દૂધ પીવા આવતા. કચ્છની સંઘાર જેવી લોકજાતિઓ યક્ષપૂજા સાથે યક્ષોના વાહન ઘોડાઓની પણ પૂજા કરે છે.



લોકમાન્યતાઓ, લોકવિશ્વાસ તથા વહેમો

કચ્છના લગભગ તમામ ગામોની ભાગોળે પાળિયાઓ જોવા મળે છે, જે કચ્છીઓના નેક, ટેક અને વીરત્વના સૂચક છે. નેક, ટેક અને શૌર્ય ખાતર કચ્છીઓ જાન આપી દેતાં પણ અચકાતા નથી. કચ્છની અમુક જ્ઞાતિઓ તો વટને ખાતર વેર બાંધીને પેઢી દર પેઢી બદલો વાળતી રહે છે. કોઇનું પણ ખૂન થયું હોય તો એનાં સગાં સામી વ્યકિતનું ખૂન કરવા માટે પ્રતિજ્ઞા લે છે. ઘણી વખત તો જ્યાં સુધી બદલો ન લે ત્યાં સુધી એ ગામનું પાણી પણ હરામ કરે છે. સ્ત્રી દાક્ષિણ્યને કચ્છીઓ ગૌરવપ્રદ માને છે અને તેથી જ તો છેડતી જેવા કિસ્સાઓ બહુ ઓછા બને છે અને ભૂલેચૂકે જો એવો બનાવ બને તો છોકરીના કુટુંબીઓ ઉપરાંત ગામના લોકો પણ 'પાંજે ગામજી ધીયારુ આય' કહીને સામી વ્યકિતને અતિશય સખત શિક્ષા કરે છે. હજુ પણ કેટલાય કિસ્સાઓનો અદાલતને બદલે ગામના ચોરે જ નિકાલ થાય છે. વડીલોની આમન્યા જળવાય છે અને કેટલાક કિસ્સા તો તેમની શેહમાં જ દબાઇ જાય છે. કામ ધંધાર્થે કોઇ વ્યકિત પોતાનું ગામ છોડી અન્ય ગામ વસાવે અને એ જ ગામમાં પોતાના જૂના ગામની છોકરી પરણીને આવે તો પણ એ 'પાંજે ગામજી ધીયારુ આય' એ લોકોકિત અન્વયે એની સાથે દરેક ટાણા પ્રસંગે પોતાની દીકરી જેવો જ વ્યવહાર રાખે છે.

પરંતુ કચ્છની કેટલીક લોકજાતિઓ હજુ ભણતરને મહત્ત્વ આપતી નથી. આહીર, કોળી, ભરવાડ, રબારી, મુસ્લિમોમાં જત, મુતવા જેવી જાતિઓ માટે તો પશુપાલન જ સર્વસ્વ છે. 'ભણતર' કરતાં પશુઓની સંખ્યા તથા તેઓની સાચવણીની આવડત પરથી એના 'ગણતર'ની મહત્તા વધુ અંકાય છે. કચ્છની કોઇપણ લોકજાતિ ખુલ્લું માથું રાખતી નથી. માથે ઉઘાડી વ્યકિતને તેઓ 'અપશુકનિયાળ' ગણે છે.

કચ્છના લોકજીવનમાં અષાઢી બીજનું બહુ જ મહત્ત્વ છે. કૃષિ જીવન, વિષયક માન્યતાઓ પણ અતિ પ્રચલિત છે. 'અષાઢી બીજ, વડર કાં વીજ...' કૃષિકારોની પણ આવી જ કેટલીક માન્યતાઓ છે. કણબી સ્ત્રીઓ સમગ્ર વર્ષ સાથિયા પૂરે છે કે જેને પરિણામે હથિયા નક્ષત્રમાં વરસાદ પડે અને વર્ષ સારું જાય. તેથી જ કહેવાયું છે કે, 'વસ વસ તું હથિયા, કુણબણ પૂરે સાથિયા.'

કચ્છની લોકસંસ્કૃતિના પાયામાં ધર્મ રહેલો હોવાને પરિણામે ઉત્સવ દરમ્યાન કચ્છની લોકજાતિઓ અપવાસ-એકટાણાં કરે છે. અગિયારસ નિમિત્તે પણ કચ્છની લોકજાતિઓ અપવાસ-એકટાણાં કરે છે. સાગર ખૂંદવા જતા નાખવાઓની પત્નીઓ પતિ પાછા ન ફરે ત્યાં સુધી જુદાં જુદાં દેવ-દેવીઓ કે પીરોની માનતાઓ રાખે છે. કચ્છની લોકજાતિઓ વાર-તહેવારે કે પિતૃઓની પુણ્યતિથિ નિમિત્તે ગામના ગોંદરે ગાયોને ખડ નાખે છે. નારી આદરની લાગણી લોકસમૂહમાં વણાયેલી હોવાને લીધે શુભ પ્રસંગે કુમારીકા, નિયાણી, ગોરણી વિ.ને જમાડવામાં પુણ્ય સમજે છે. ધાર્મિક કાર્યો વખતે શુભ કાર્યના શુકન જોવામાં આવે છે.

તમામ લોકજાતિઓ ભૂતપ્રેતમાં માને છે

કચ્છમાં જાગરિયા કોમ, ભૂતપ્રેત કાઢવાની વિધિ કરે છે. તદઉપરાંત મુસલમાનોમાં મુજાવરો ભૂત-પ્રેત કાઢવાની વિધિ કરતા હોય છે. જેને ભૂત વળગ્યું હોય તેને ભૂવા પાસે લઇ જવામાં આવે છે. અન્ય જાગરિયાઓ ડાકલાં વગાડીને ભૂવાને ધૂણાવે છે. તે વખતે વળગાડ જે વસ્તુઓ માગે તે સગા-વહાલાંઓ લાવીને ઉતારમાં મૂકે છે. સાથે ચોખા, મગ, લીંબુની ફાડ, હળદરના ગાંગડા વિ. કોરી માટીના ઘડામાં મૂકી, માથે કાળું કોરું કપડું નાડાછડીથી બાંધી વળગાડ માથેથી ઉતારી સ્મશાને મૂકવા જાય છે. સાથે અન્ય વ્યકિત દીવો લઇને જાય છે. દીવો હોલવાઇ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. કોઇ નાનકડું બાળક ચમકીને માંદું પડે તો તેના માથેથી 'ગડુલો' ઉતારીને ગામને ભાગોળે મૂકી આવે છે. ટૂંકમાં, કચ્છની તમામ લોકજાતિઓ ભૂતપ્રેતમાં માને છે. તેમની માન્યતા મુજબ સુવાવડી સ્ત્રીને પિતૃની નડતરની શક્યતા વધી જાય છે. તેથી તે બહાર નીકળી શક્તી નથી. જન્મથી 'બાલમુવારા' ન ઉતાર્યા હોય તેના પર કાળી છાયાની અસર થાય છે, તેને ભૂત વળગે છે. બાલમુવારા ઉતાર્યા ન હોય એના પર વીજળી જરૂર પડે છે એવી માન્યતા પ્રચલિત છે. ભૂતપ્રેત, ખવીસ, ચૂડેલ, ડાકણ જેવા અનેક પ્રકારો કલ્પીને તેઓની આકૃતિઓ પણ લોકજાતિઓ નક્કી કરે છે. ભૂત અને પ્રેત ધારે તેવો આકાર ધારણ કરી શકે છે. ભૂતપ્રેતનું શરીર તદ્દન ઠૂંઠું હોય છે. ચૂડેલે માથા પર સગડી ધારણ કરેલી હોય છે. જ્યારે ડાકણના પગ ઊંધા હોય છે. ખવીસને માથું જ હોતું નથી એવી અનેકવિધ માન્યતાઓ કચ્છની લોકજાતિઓ ધરાવે છે.

રોગ, દુઃખ અને મુશ્કેલી જેવા પ્રસંગોએ કચ્છની લોકજાતિઓ દેવી-દેવતાઓનો આશરો લે છે. સંતાનના વાળ અમુક એકી વર્ષો સુધી વધારી પોતાના કુળદેવી-દેવતાના સ્થાનકે જઇને ઉતારે છે. શીતળા નીકળ્યા હોય તો દવા-દારૂ ન કરાવતાં શીતળા માતાને પગે લગાવે છે, જેને 'શીતળા નમાવ્યા' કહેવાય છે. ઓરી નીકળે તો બળિયાદેવને પગે લગાડવામાં આવે છે. સાપ કે વીંછી કરડે તો એ ઉતારનારા ગારુડી પાસે જવાનું વધારે પસંદ કરે છે.



કચ્છીઓ પોતાની તળપદી બોલીમાં કેટલાક શબ્દોને વર્જ્ય ગણી જેના પર્યાયરૂપ અન્ય શબ્દોનો ઉપયોગ કરે છે. દા. ત. 'દાઢી કરવી' માટે 'વત્તો કેણું', 'કપાળ' માટે 'ડબાર', 'અલગ' માટે 'ધાર', 'અડીખમ બની ઊભવું' માટે 'ધુરાય ઊભણું' વિ. જેવા શબ્દપ્રયોગો કરે છે. આવા પ્રયોગોને લીધે ભાવાર્થમાં Positive meaning આવ્યાનું કચ્છીઓ માને છે.

લોકસ્થાપત્ય કળાની દ્રષ્ટિએ બેનમૂન

કચ્છ પ્રદેશના લોકસ્થાપત્યમાં કળાની દ્રષ્ટિએ બેનમૂન ગણાવી શકાય અને ભૂતકાળની સમૃદ્ધિનાં દર્શન કરાવે એવા અનેક ઉત્કૃષ્ટ નમૂનાઓ જોવા મળે છે. જે પૈકી ધાર્મિક, ગઢ કિલ્લાઓ તથા દેવી-દેવતાના સ્થાનકો વિ.ને ગણાવી શકાય.

પ્રથમ ધાર્મિક નમૂનાઓની વાત કરીએ તો લખપતમાં આવેલ પીર ઘોષ મહમ્મદનો કૂબો તથા લખપતિ પીરની દરગાહ અમદાવાદના સીદી સૈયદની મસ્જિદની કોતરકામવાળી બારીના નમૂના સાથે સ્પર્ધા કરે તેવા બારીક કોતરકામવાળી છે. પીર ઘોષ મહમ્મદના કૂબાના પ્રવેશદ્વારે બંને બાજુના પથ્થરના તોરણિયા અતિ પ્રેક્ષણિય

છે. નખત્રાણા તાલુકામાં આવેલ 'વડી મેડી'ના નામે જાણીતું સ્થાપત્ય તથા પુંઅરેશ્વરનું મંદિર બંને શિલ્પ સ્થાપત્યના સુંદર નમૂના છે. આ ઉપરાંત કચ્છમાં આવેલ કાઠીઓએ સૂર્ય મંદિર બાંધ્યું છે. કોટાયમાં આવેલું, કર્કવૃત્ત પર બંધાયેલું આ 'કોટયાર્ક' મંદિર નામશેષ થવાની તૈયારીમાં છે. કેરામાં આવેલું શિવમંદિર પણ તેના બારીક નકશીકામ, સુરેખ અંગભંગિઓ, મુદ્રાઓ અને તેમાં ઊભરાતા લાવણ્ય, આભૂષણોથી અલગ તરી આવે છે. કંથકોટના દૂર્ગમાં આવેલા મંદિરમાં હાથજડેલી સૂર્યની પ્રતિમા આવેલી છે. જે અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે. સ્થાપત્યના વિશિષ્ટ નમૂના જૈન પંચતીર્થી તરીકે ઓળખાતા, અબડાસાના કોઠારા, સાંધાણ, સુથરી વિ. ગામોના દહેરાસરોમાં પણ જોવા મળે છે.

કચ્છના ઘરોના કાષ્ઠકામની કોતરણી પણ એટલી જ ચીવટભરી જોવા મળે છે. લાકડાના એક લાંબા ટુકડામાંથી જાત જાતની ડિઝાઈનો કોતરવામાં આવે છે. કચ્છીમાં 'ઉંબરા'ને 'ચાંઠ' કહે છે. આ 'ચાંઠ' પણ કોતરણી કામથી ભરપૂર હોય છે.

ગઢ-કિલ્લાઓ પણ સ્થાપત્યના નમૂના સમા છે

લખપત ગામનો સંરક્ષક તરીકે કામ આપતો કિલ્લો સ્થાપત્યનો વિશિષ્ટ નમૂનો છે. આજેપણ એક મોટું ગાડું કે જીપ જઈ શકે એટલા વિશાળ મથાળાની દીવાલ ધરાવતો આ કિલ્લો પશ્ચિમ કચ્છના આ પ્રથમ ગામના સંત્રી તરીકેનું વિશિષ્ટ કાર્ય કરે છે,

ભુજનો ભુજિયા ડુંગર પરનો કિલ્લો પણ વ્યૂહાત્મક સંરક્ષણની દ્રષ્ટિએ બાંધવામાં આવ્યો છે. કચ્છના શહેરો ઉપરાંત કેટલાક ગામડાઓ ફરતે પણ કિલ્લાઓ બાંધવામાં આવ્યા છે. કિલ્લાના દરેક દિશાના મુખ્ય માર્ગોને જોડતા ચારથી પાંચ દ્વારો રહેતાં જેને 'મુખ્ય દ્વાર' કહેવામાં આવતું. મોડી રાતના કિલ્લાઓના દરવાજા બંધ થઈ જતા ત્યારે અનિવાર્ય સંજોગો અનુસાર જવા-આવવા માટે એક નાનકડી બારી રાખવામાં આવતી જેને 'ગડક બારી' કહેવામાં આવતી. ભુજમાં પાંચ નાકા અને છઠ્ઠીબારી પ્રખ્યાત છે.



કિલ્લામાં પ્રવેશદ્વારની બંને બાજુએ મોટા ગોંખલા રહેતા, જેમાં ગામના રક્ષણાર્થે કુળદેવીઓની સ્થાપના થતી. સિંદૂર વડે તેમની પૂજા થતી. કિલ્લાના ગોળ દરવાજામાં નકશીદાર કોતરણીવાળું કાષ્ઠકામ જોવા મળતું. ગઢની અંદર સંરક્ષણાર્થે નાનકડી ઓરડીઓ, એમાં કલાત્મક કાંગરા, તેની બાજુમાં ગઢમાં છિદ્રો પાડી ત્રાંસા બાકોરાંમાં તોપોની નાળચો ગોઠવવામાં આવતી. હવે આ તમામ વસ્તુઓ નામશેષ થવાની અણી ઉપર છે.

દેવી-દેવતાનાં સ્થાનકો સાદાં છે

કચ્છમાં દેવી-દેવતાના સ્થાનકો સાદાં છે. સ્થાનકો સાથે જોડાયેલાં વાવ-કૂવાના સ્થાનકો પણ કચ્છમાં જોવા મળે છે. માતાના મઢમાં આવેલ ચાચરા કુંડનું સ્થાપત્ય કોઈ પગથિયાવાળી વિશાળ વાવના સ્થાપત્ય સરીખું છે. ઉપરાંત ભુજના પ્રસિદ્ધ રામકુંડનાં પગથિયાંની રચના પણ નયનરમ્ય છે.

કચ્છ સિવાય જવલ્લે જ જોવા મળતા જખ્ખના સ્થાનકો, સ્થાપત્યના નમૂનારૂપ છે. જખ્ખના સ્થાનકને 'થડો' કહેવામાં આવે છે. સામાન્યતઃ થડો ઊંચા ટેકરા પર હોય છે. ટેકરો ન હોય તો ઊંચી અગાસી બનાવી તેના પર જખ્ખની સ્થાપના થાય છે. જેમાં એકીસાથે હારબંધ ઘોડેસવાર જખ્ખની પથ્થરની મૂર્તિઓ હોય છે. કચ્છમાં જખણિયા, જખૌ, યક્ષ વિ. સ્થળોએ જખ્ખના થડા આવેલા છે.

કચ્છના દરેક ગામની બહાર જે તે ગામની કુળદેવીની દેરીઓ આવેલી હોય છે, જે ગામની રક્ષા કાજે હોય છે. ગામના પશ્ચિમ દ્વારે હનુમાનની દેરીઓ આવેલી હોય છે. એ સિવાય ગામ બહાર વાછરા ડાડાનાં સ્થાનક પણ જોવા મળે છે. ગામમાં પ્રવેશતાં નાગની દેરી આવે છે. પથ્થર પર નાગની આકૃતિ કોરી સિંદૂર વડે તેનું પૂજન થતું હોય છે.

પીરની દરગાહોમાં હાજીપીરની દરગાહ પ્રખ્યાત છે. રાવળપીરનું સ્થાનક પણ જખ્ખના થડાને મળતું આવે છે. અંજારમાં જેસલ તોરલની પ્રખ્યાત સમાધિ આવેલી છે. લોકવાયકા મુજબ વર્ષ દરમ્યાન જેસલની સમાધિ જવભાર અને તોરલની સમાધિ તલભાર ખસે છે.


તદ્ઉપરાંત, જૂના જમાનામાં રાજવીઓ મૃત્યુ પામતા ત્યારે તેમના અગ્નિસંસ્કાર બાદ તેના પર ભવ્ય સ્થાપત્ય રચાતું, જેને અહીંની લોકભાષામાં 'છતરડી' કહે છે. અબડાસા તાલુકાના બારા મુકામે જામ હમીરજીની છતરડી તથા ભુજના હમીરસર તળાવમાં રાજવીઓના અંતિમ સ્મારકરૂપ કલાત્મક છતરડીઓ જોવાલાયક છે.

ગ્રામ પ્રદેશની વસાહતો અને ગૃહરચના-વ્યવસ્થા

કચ્છના ગ્રામ્ય પ્રદેશની વસાહત અને ગૃહ રચના જોવાલાયક હોય છે. કચ્છની વિશાળતા અન્વયે એના ત્રણ પ્રભાગ પાડી શકાય.

(૧) રણકંઠારના માલધારીઓની વસાહતો (ઝીલ), (૨) મધ્યભાગમાં આવેલ કૃષિકારોની વસાહતો અને (૩) સાગરકાંઠે આવેલ સાગરખેડૂઓની વસાહતો (ધંગા).

કચ્છના ઉત્તરભાગે મુખ્યત્વે પશુપાલક માલધારીઓ જ્યાં પાણીની સગવડ હોય ત્યાં તેઓ ઠરીઠામ થઈને રહેવાની કોશિષ કરે છે. જળવાળું સ્થળ એટલે 'ઝીલ' એવો શબ્દ પ્રયોગ થાય છે. એને 'વાંઢ' પણ કહે છે. બન્નીવાસીઓ કાચી માટીના બનાવેલા ગોળ ઝુંપડાને વાંસનો ટેકો આપી ઊભા કરે છે. આ ઝુંપડાઓ લીંપીગૂંપીને એવા સુંદર બનાવેલા હોય છે કે તેમાં ઉનાળામાં ગરમી ઓછી, શિયાળામાં ઠંડી ઓછી તથા ચોમાસમાં વરસાદથી રક્ષણ મળે છે. ભૂંગાના ઉપરના ભાગે બન્નીવાસીઓ સૂકા ઘાસનું છાપરું બાંધે છે, જેને મજબૂત દોરી વડે ગૂંથીને સિમેન્ટની છત જેવું અડીખમ બનાવે છે. ભૂંગાને તેઓ 'પખો' પણ કહે છે. ભૂંગાની ચારે તરફ આશરે પંદરેક ફૂટની જગ્યા રાખી કાંટાળી વાડ કરવામાં આવે છે. અંદર પશુધન સૂરક્ષિત રીતે બાંધે છે. વાડની અંદર દાખલ થવા માટે બાવળનાં સૂકાં થડ કાપી, ચોકડી આકારે ગોઠવી નાનકડું 'Gate' બનાવવામાં આવે છે. જેને તેઓ 'ધંગડિયો' કહે છે.



કચ્છના મધ્યભાગની કૃષિકારોની વસાહતો પણ જોવા જેવી હોય છે. ખાસ કરીને લેઉઆ તથા કડવા પાટીદારોની વસતી ધરાવતાં સમૃદ્ધ ગામોની વસાહતો જોવાલાયક હોય છે. નાનકડા ગામની રચના કોઈ આદર્શ વિશાળ નગરરચનાને મળતી આવતી હોય છે. ગામના એક છેડે ઊભા રહેતાં બીજો છેડો સ્પષ્ટ દેખાતો હોય છે. ગામના મુખ્ય રસ્તાની બંને બાજુએ શેરીઓ આવેલી હોય છે. શેરીની બંને બાજુએ ડેલીઓ આવેલી હોય છે. ડેલીમાં દાખલ થતાં બંને બાજુએ વિશાળ ઓટલા આવેલા હોય છે, જ્યાં કુટુંબના બુઝુર્ગ પુરુષો બેસીને બાળકોને રમાડતાં હોય છે. ડેલી પર દેશી નળિયા હોય છે. ફળીમાં દાખલ થતાં તુલસી કયારો આવેલો હોય છે. એ પસાર થતાં સૌ પ્રથમ વિશાળ ઓટલો આવે છે, જેના પર છાપરું બાંધેલું હોય છે. ઓટલાની બાજુમાં ગમાણ હોય છે. ઓટલા પરથી પસાર થઈ ઘરમાં દાખલ થવાય છે. જેને 'ઓસરી' કહે છે. ઓસરીના ડાબા કે જમણા ખૂણે અંદર દાખલ થઈ શકાય છે એવું રસોડું હોય છે. રસોડાનો ભાગ બહારના ઓટલા પર નીકળેલો હોય છે. જ્યારે ઓસરીની અંદરની બાજુમાં બે ઓરડા આવેલા હોય છે, જેને અહીંની સ્થાનિક બોલીમાં 'કરઈ' કહે છે.

બન્નીની વસાહતો તથા કૃષિકારોની વસાહતોમાં વાસણો રાખવાની પદ્ધતિમાં સામ્ય જોવા મળે છે. કૃષિકારોની 'કરઈ'માં કે બન્નીના ભૂંગાના અંદરના ભાગમાં અનાજ ભરવા માટે ગાર-માટીથી લીંપેલી-ગૂંપેલી કલાત્મક કોઠી હોય છે. 'મજૂસ' નામ ધરાવતું મોટું કબાટ પણ હોય છે, તેની પાસે માટીની નાના બારણાવાળી ટાંકા

બારી હોય છે જેના પર હીર-ભરત વિ. ચોટેલા હોય છે. ઓરડીમાં કે રસોડામાં માટીની બનાવેલી ગોળ કાણાંવાળી કલાત્મક અભેરાઈઓ હોય છે, જેમાં પિત્તળના ચકચકિત વાસણો હારબંધ ગોઠવાયેલા હોય છે. રસોડામાં હૂક્માં શીકાં ટીંગાવેલા હોય છે. ભૂંગા કે ઓસરીના એક ખૂણે માટીનો ગોળો હોય છે જેમાં ઈન્દ્રને પણ દુર્લભ એવું ગોરસ હોય છે. ઘરની સ્ત્રીઓ સવારના વહેલી ઊઠીને લાકડાના 'જંગણીયા' વડે છાસ વલોવે છે. માલધારીઓ કે કૃષિકારો મોટાભાગે થાળીમાં ખાવાને બદલે લાકડાના પાટલા પર પછેડી પર રોટલા કે રોટલી મૂકીને ખાવાનું સવિશેષ પસંદ કરે છે. સાંજના વાળુમાં ચૂલા પર માટીની હાંડલી મૂકીને ખીચડી રાંધે છે. કૃષિકારોના ઘરમાં રંગત ઢોલિયો, તેમજ જમતી વખતે ગોઠણ રાખવા ઢીંચણીઓ જોવા મળે છે. માલધારીઓના ઘરોમાં આ વસ્તુ નથી હોતી.

કચ્છના સાગરકંઠારે મુખ્યત્વે ખારવા, ભડાલાઓ ઉપરાંત મચ્છીમાર મુસ્લિમ વાઘેરો વસે છે. તેમનાં ઘરો અર્ધકાચાં પાકાં જેવા હોય છે. દરિયાથી થોડે દૂર રેતાળ ઢૂવા પર તેમની વસાહતો જોવા મળે છે. એમની વસાહતને 'ઘંગો' કહે છે. ઘરની બહાર સામસામા બે થડ ખોડી, તેના પર માછલી માટેની જાળ સૂકાતી હોય છે. ઘરની આસપાસ ટોપલા પડયા હોય છે, જેમાં સૂકવેલી માછલીઓ હોય છે. થોડેક દૂર ચોપાસ કાંટાળી વાડ બાંધી વચ્ચે માછલીઓ સૂકાવવા મૂકી હોય છે. તેઓ મરઘાં, બિલાડાં, કૂતરાઓ પણ પાળે છે. વહાણવટી ખારવા-ભડાલાના મકાનો માંડવીના સલાયા, મુન્દ્રા તથા જખૌમાં આવેલાં છે.

લોકશિલ્પ ડગલે ને પગલે જોવા મળે છે

કચ્છની લોકસંસ્કૃતિમાં લોકશિલ્પના નમૂનાઓ ડગલે ને પગલે જોવા મળે છે. શિલાલેખો, પાળિયાઓ, ખાંભીઓ વિ. અનેક વર્ષોનો ઈતિહાસ આલેખી જાય છે. કોઈ વફાદાર પ્રાણી કે જેણે સૂરધન પાછળ જાન આપ્યો હોય એવા પ્રાણીની યાદમાં ઊભા થતા સ્મૃતિપથ્થરને 'ઠેસ' કહે છે. તો વીર પુરૂષની જ્યાં આકૃતિ અપાઈ હોય એ સ્થળે ઊભા થતા સ્મારકને 'ખાંભી' કહે છે. ઠેસ અને ખાંભી પર કોઈપણ જાતનું લખાણ હોતું નથી.

ગામની ભાગોળે આકૃતિ અને લખાણ કોતરેલા સ્મૃતિ પથ્થરને 'પાળિયો' કહેવાય છે. પાળિયા વીર સ્ત્રી-પુરૂષોની ગાથા કહેતા હોય છે. આ પાળિયાઓ ત્રણથી છ ફૂટ ઊંચા હોય છે. એના ઉપરના ભાગે સૂર્ય તથા ચંદ્ર કોતરેલા હોય છે. કાળક્રમે લોકસમાજને એના પરચા મળ્યાનું માનવામાં આવતાં ધીમે ધીમે એના પર 'દેરી' બાંધવામાં આવે છે. પાળિયાઓમાં માનવ આકૃતિ સાથે અન્ય આકૃતિઓ પણ જોવા મળે છે. ઘોડેસવાર વીરબંકાઓ પાળિયાઓમાં જોવા મળે છે. કેટલાક પાળિયાઓમાં મોર, પોપટ, કમળ, ફૂલ જેવી આકૃતિઓ જોવા મળે છે. સતીઓના પાળિયા વીર નરોના પાળિયા કરતાં ભિન્ન હોય છે. આ પાળિયાઓમાં ખભાથી પંજા સુધીનો સમગ્ર હાથ જોવા મળે છે. ઘણી વખત પાળિયાને સિંદૂરથી રંગવામાં આવે છે.



છૂંદણામાં પણ લોકસંસ્કૃતિનું દર્શન

કચ્છમાં બન્નીની સ્ત્રીઓ, હરિજન, આહીર, રબારી, ભાનુશાળી વિ. જાતિઓની સ્ત્રીઓ છૂંદણાં છૂંદાવે છે. હાથ, હથેળીનો પાછલો ભાગ, બે ભ્રમરોની વચ્ચેનો ભાગ, ગળું, છાતી, પગ વિ. ત્રાજવાં ત્રોફાવવાના ખાસ અંગો છે.

છૂંદણાંની અનેક ભાતો હોય છે, જેમાં કેટલાંક પ્રતીકોનો સમાવેશ થાય છે. તો કેટલીક માનવ આકૃતિઓનો સમાવેશ થાય છે. તેમાં ઘોડિલો, મોરલો, માખ જેવા પશુપંખીઓ ઉપરાંત ઢોલકિયા, બેરડી, ઘોડિયું, લાડુળો, કૂવો, સોગઠી, બીજ, સાથિયો, શ્રીરામ, સાંકળું વિ. પ્રતીકો તેમજ બાવળિયો, કેવડો, ફૂલ, પાંદડી જેવાં ફૂલઝાડ ઉપરાંત હાથે પૂતળી અને પગમાં શોકયની આકૃતિઓ લોકકલ્પનાથી મઢીને આલેખે છે. આ છૂંદણાંનાં શોભન પ્રતીકોમાં પણ કચ્છની વિશિષ્ટ લોકસંસ્કૃતિનું દર્શન થાય છે.

વિશિષ્ટ સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડતાં લોકવાદ્યો

લોકગીતોને ભાવ મુજબ પુષ્ટિ આપતાં લોકવાદ્યો પૈકી કેટલાક હિન્દુસ્તાની લોકવાદ્યો ઉપરાંત કચ્છી લોકવાદ્યો પણ આગવી સંસ્કૃતિના દ્યોતક બની રહે છે; જે પૈકી કેટલાક્નું વિહંગાવલોકન કરીએ :

ઢોલ : લોકસાહિત્યમાં ઢોલ અદકેરું સ્થાન ધરાવે છે. ઢોલના પ્રભાવ હેઠળ આવી ગયેલી વ્રજવાણીની આહીરાણીઓને સમય-સ્થળનું લવ-લેશ ભાન રહ્યું નહોતું. યુદ્ધથી માંડીને લગ્ન પ્રસંગે અનેકવિધ ઉપયોગમાં આવતા ઢોલને કચ્છી લંઘાઓ ભાવ પ્રમાણે તાન પલટો આપી શકતા હોય છે. ઢોલનો નાદ દ્વારા વિવિધ ભાવો ઉપજાવી શકાય છે તેના નીચે મુજબના પ્રકાર પડે છે.

(૧) બુંગિયો : બધાને એકઠા કરવા આ પ્રકારનો ઢોલ વગાડવામાં આવે છે. તેના ધ્વનિ આ પ્રમાણે છે : 'ધીંધા ગગડ ધીંધા ધીતા, ધીંધા ગગડ ધીંધા ધીતા.'

(૨) સિંધુડો : કટક ભેગાં થાય અને સામસામે થાય ત્યારે મીર આ મુજબ ઢોલ પર દાંડી પીટે છે : 'ધીંધા ગડ ધીધાક, ધીધાક તીતા, ધીંધા ગડ ધીધાક, ધીધાક તીતા.'

(૩) ભેરવ : ધિંગાણું બરાબરનું જામ્યું હોય અને સામસામે ઘબાઘબી બોલે ત્યારે આ રાગનો ઢોલ પીટાય છે : 'ધીન ધીન ગગડ ધીતા, ધીન ધીન ગગડ ધીતા.'

મીર એવા જોરથી ઢોલ વગાડતો હોય કે કાયરને પણ પાણી ચઢી જાય. યુદ્ધના સમયે મીર પણ તાનમાં આવી જતાં ઢોલ પર દાંડી પીટતાં તેનું આખું શરીર ભાવ મુજબ વળાંકો લેતું હોય છે. ખરેખર, કચ્છી ઢોલીને જોવો એ પણ એક મોટો લહાવો છે.



ભક્તિવાદ્યો: ભજનોની સાથે ભક્તિવાદ્યોની મિલાવટ અજબનો ભાવ પ્રગટ કરે છે. કચ્છીમાં ગવાતાં ભજનોની સાથે નીચે મુજબનાં ભક્તિવાદ્યો વાગતાં હોય છે.

(૧) રામસાગર : એકતારો કે તંબૂરાને કચ્છીમાં 'રામસાગર' કહે છે. જેસલ તોરલના ભજનોની સાથે તંબૂરાની સંગત ભાવકને વૈરાગ્યમાં ડૂબાડી દે છે.

(૨) ઝાઝ-પખાજ : કચ્છના સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં ભજનની સાથે ઝાઝ-પખાજનો સવિશેષ ઉપયોગ થાય છે. મંદિરોમાં હરિભકતો ગોળ સમૂહમાં ઊભા રહી ભજનો ગાય છે અને ભાવ પ્રમાણે રાસ લે છે.

(૩) કૂંજીઓ (મંજીરા) : ભજનમાં કૂંજીઓ વગાડનાર ભજનના ભાવ પ્રમાણે તાનમાં આવી કૂંજીઓ વગાડતો હોય ત્યારે એના હાવભાવ જોવા જેવા હોય છે.

(૪) ડાકલાં : કોઈને ભૂત વળગે ત્યારે ડાકલાં વગાડનારને બોલાવવામાં આવે છે. કચ્છમાં 'જાગરીઆ' જ્ઞાતિના લોકો ડાકલાં વગાડે છે. ડાકલાંના સૂર આ મુજબના છે, 'તારા ઘરમાં કોણ મોટું... હુંહું... હુંહું... હુંહું...' જ્યારે માતાજીનું ડાકલું હિંચમાં વાગે છે.

માલધારીઓના લોકવાદ્યો

(૧) મોરચંગ : માલધારીઓ જ્યારે કાફીઓ ગાય છે ત્યારે તેમને સાથ દેવા 'મોરચંગ' વાગે છે. આ વાદ્ય લોખંડની બે સળીનું બનેલું હોય છે. જેમાં વચ્ચે વચ્ચે લોખંડની પાતળી જીભી હોય છે. વાદ્ય વગાડનાર મોઢામાં વાદ્યને પકડીને હાથ વડે જીભીને હલાવે ત્યારે 'તુમ્ તું, તુમ્ તું' એવો ધ્વનિ નીકળે છે.

(૨) નળવાદન : દૂધીને સૂકવીને, એના પોલાણમાં છિદ્રો પાડી વગાડવામાં આવતા આ વાદ્યોને 'નળવાદન' કહે છે, જે કાફી સાથે સંગતમાં વપરાય છે.

(૩) અલગોઝા : 'અલગોઝા' એટલે જોડિયા પાવા વાદન.

(અનુ. પા. ૯૦)



કાળના અવિરત ચાલતા ચક્રમાં માનવ સંસ્કૃતિઓ જન્મે છે, પુખ્ત બને છે અને વિલીન થાય છે. દરેક નવી જન્મેલી સંસ્કૃતિને તેના ભૂતકાળમાં ખૂબ જ રસ હોય છે અને પોતે તેના પિતૃઓથી કેટલો આગળ વધ્યો છે, કેટલો સુધર્યો છે તે જાણવાનો રસ મનુષ્ય માત્રમાં હોય છે.

ધોળાવીરામાં ચાલી રહેલ ખોદકામ કંઇક આજ જીજ્ઞાસાવૃત્તિનું પરિણામ છે. શ્રી બીસ્ટ અને તેમના સેંકડો સાથીદારોની રાતદિવસની મહેનત પછી આજથી પાંચ હજાર વર્ષ જુનું મહાનગર ટુકડે ટુકડે જમીનમાંથી બહાર આવી રહ્યું છે. કામ કરતી દરેક વ્યક્તિના ચહેરા પર કચ્છના રણના તડકા અને ધૂળની નિશાનીઓ છતાં કંઇક નવું શોધ્યાનો આનંદ છે. ત્યાં તો એક તીણી સિસોટી વાગે છે, બધાનું ધ્યાન એ દિશામાં કેન્દ્રીત થાય છે. બધા ત્યાં દોડી જાય છે. આ શું હશે ? શેણે આટલી બધી ઉત્કંઠા અને ઉત્તેજના સર્જ્યા હશે ?

એ છે આજથી પાંચ હજાર વર્ષ પહેલાંના હડપ્પા કાલીન માનવ પગલાંના નિશાન, સમયના વહેણ સામે મકાનો, કિલ્લા, હથિયારો ટકે પણ ક્ષણભંગુર માનવીનું ક્ષણભંગુર પગલું કેમ ટકી ગયું એ એક વૈજ્ઞાનિક પ્રશ્ન છે. શ્રી બીસ્ટ એ પગલાંની બાજુમાં પોતાનો પગ મૂકી પગલું પાડે છે અને તેમના મુખમાંથી ગીતાનો આ શ્લોક સરી પડે છે !

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपा : ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम ॥

હું કદી ન હતો કે તું ન હતો અથવા તો આ રાજાઓ ન હતા એવું ન હતું અને એ પછી પણ આપણે બધા નહિ હોઇએ એમ પણ નથી. (શ્રીમદ્ ભગવદ્ ગીતા ૨:૧૨)


આવો આજે આપણે સૌ કચ્છના હડપ્પીય અવશેષોનું વિહંગાવલોકન કરી એ જ રોમાંચ અનુભવીએ કે જે આ વૈજ્ઞાનિકોએ અનુભવ્યો હશે.


જગતની સૌથી પ્રાચીન સંસ્કૃતિ

સિંધુ નદીના કાંઠે જન્મેલી જગતની સૌથી પ્રાચીન સંસ્કૃતિને સિંધુ સંસ્કૃતિ કહેવામાં આવે છે. જો કે આ શબ્દ કાળસૂચક લેખાવો જોઇએ નહિ કે સ્થળસૂચક; કારણ કે સિંધુ કાંઠેથી કરીને છેક હડપ્પા (પંજાબ) સુધી, ખંભાતમાં લોથલ, કચ્છમાં ધોળાવીરા કે નાની રાયણ, મહારાષ્ટ્રમાં ડાઇમાબાદ સુધી વિસ્તરેલી માનવીઓની આ એકાત્મકતા એટલી તો નોંધપાત્ર છે કે આ કાળની તમામ વસાહતોને આપણે સિંધુકાલીન અથવા હડપ્પીય એવું સમયસૂચક નામ આપીએ છીએ. ગુફા છોડી, સમૂહમાં વસવાટ કરી, ખેતી કરતી થયેલ માનવ જાતિનો આ મધ્યાહન સમય હતો અને સંસ્કૃતિની આ ઉષા હતી.



ધોળાવીરાના ઉત્ખનન દરમ્યાન મળી આવેલા જુદાજુદા સીલની તસવીર.





મકાનની દિવાલોનું દ્રશ્ય - ધોળાવીરા

કચ્છનું ભૌગોલિક સામીપ્ય આ સમયના વ્યાપક માનવ વસવાટનું એક મુખ્ય કારણ ગણી શકાય. તદ્ઉપરાંત ખેતીની વિપુલ તકો, માટી કામ (કુંભાર કામ)ની સગવડ અને આવડત મોટા પ્રમાણમાં મળતા અર્ધકિંમતી પથ્થરો અને તેના ઘરેણાં બનાવવાની આવડત તેમજ દરિયાઇ માર્ગે વિદેશો સાથે વેપાર કરવાની ક્ષમતાએ પણ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. કચ્છ કદાચ સિંધુ પ્રદેશ અને શેષ ભારત વચ્ચેનું તેમજ વિદેશ તેમજ બાકીના ભારત વચ્ચેનું Transit Point હશે.

કચ્છમાંથી મળી આવેલા અવશેષોમાં ધોળાવીરા એકમાત્ર શહેરી વસાહત હોય એમ લાગે છે. નવીનાળ, નેત્રા, પાબુમઠ, દેશલપર (ગુંતલી), નાની રાયણ અને શિકારપુર ખાતેની વસાહતો ગ્રામ્ય વસાહતો હોવાનું જણાયું છે. જો કે આ બાબતે તે સ્થળો પર ધોળાવીરાના સ્તરનું ઉત્ખનન થયું નથી. પુરાતત્વવિદોના મતાનુસાર ધોળાવીરાની વસતી દશ હજાર આસપાસ હશે.

કચ્છ તે સમયમાં એક ટાપુ હતો. હાલમાં જ્યાં કચ્છનું રણ છે ત્યાં સમુદ્ર હતો. કાળક્રમે આ સમુદ્ર દટાઇને કચ્છનું રણ બન્યું છે. ડેક્કન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આ બાબત પુરવાર કરી છે. આ હિસાબે ધોળાવીરા એક બંદર હોય અને કોરીનાળમાંથી ત્યાં સુધી જહાજી માર્ગ હોય તેમ માનવામાં આવે છે. તે ઉપરાંત રણની કાંધીએ બેઉ તરફ નાના મોટા ટાપુઓ પર સિંધુકાલીન અવશેષો હોવાનું ઉપગ્રહ દર્શાવે છે. આમ આ બધી વસતી પણ એકબીજા સાથે અને ધોળાવીરા સાથે નૌકા સંપર્કથી જોડાયેલી હોવી જોઇએ.

ધોળાવીરા કચ્છના ખડીર ભાગમાં આવેલું એક ગામ છે. આ ટાપુ ચારે તરફ રણથી ઘેરાયેલો છે. ઘણા વર્ષો પહેલાં રાહત કામ પર દેખરેખ રાખનાર શ્રી શંભુદાનભાઇ ગઢવીને એક હડપ્પન મુદ્રા મળી આવી અને તત્પશ્ચાત ૧૯૭૦-૭૨ના ગાળામાં શ્રી જગતપતિ જોશીએ પ્રારંભિક ઉત્ખનન કર્યું. મુખ્ય કાર્ય ૧૯૯૦થી ૯૩ના ગાળામાં શ્રી બીસ્ટ અને તેમના સાથીદારોએ કર્યું. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુ નગર પ્રકાશમાં આવ્યું. તમામ દ્રષ્ટિએ જોતાં કંઇકને કંઇક વિશિષ્ટતાઓવાળું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

આ શહેરની ખાસ ધ્યાન ખેંચે તેવી તેની કિલ્લેબંદી છે. મુખ્ય મહેલ કે જેને સિટાડેલ કહેવામાં આવે છે તે ખૂબ જ મજબૂત કિલ્લાથી રક્ષવામાં આવ્યો છે. બીજો

ધોળાવીરા ઃ સિંધુ (હડપ્પીય) સંસ્કૃતિની વિશિષ્ટ વસાહત

□ ડૉ. પુલિન વસા

કિલ્લો આ મહેલ તેમજ ઉપલા નગરની સુરક્ષા માટે બાંધવામાં આવ્યો છે. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે પણ કચ્છનું આ શહેર (આજની જેમ જ) દુશ્મનોથી કેટલું સાવચેત હશે તે આ ઉપરથી અંદાજવું રહ્યું. ધ્યાન ખેંચતી બીજી બાબત સુશોભિત સ્થંભો છે. એમ માનવામાં આવતું હતું કે સિંધુકાલીન લોકો કલાના ઉપાસકો ન હતા, જેને કારણે વર્ષો સુધી તેમની નગર રચના એક સરખી, બિનકલાત્મક અને શુષ્ક હતી. પણ એવી માન્યતાને ધોળાવીરાએ જબરી શિકસ્ત આપી છે. ધોળાવીરાના મહેલના ચારે દરવાજા કોતરણીવાળા પથ્થરોના બનેલા છે અને આ પ્રકારનું સ્થાપત્ય બીજે કયાંય પણ જોવા મળ્યું નથી.

એટલું જ રસપ્રદ છે ધોળાવીરામાંથી (અહીંથી) મળી આવેલું એક વિશાળ બોર્ડ, જેના પર સિંધુ લિપિમાં અક્ષરો લખવામાં આવ્યા છે. આ બોર્ડ પર લુગદી જેવા પદાર્થ વડે ચોડીને મણકાઓથી લખાયેલા ૧૦ અક્ષરો કે સંજ્ઞાઓ છે. હજુ સુધી આપણે સિંધુ લિપિ ઉકેલી શકયા નથી. જ્યારે પણ આ લિપિ ઉકેલાશે ત્યારે આ બોર્ડ પરની સંજ્ઞાઓનો ઉકેલ ખૂબ જ રસપ્રદ નીવડશે એ ચોક્કસ છે.

પાણીની એ સમયે પણ ખેંચ હતી

તત્કાલીન સમયમાં પણ કચ્છમાં પાણીની તંગી હોવી જોઇએ કારણ કે પાણી બચાવવાના, વરસાદી પાણી ભેગું કરવાના અને દૂરની નદી તેમજ ઝરણામાંથી પાણી લઇ આવવાનો વ્યાપક પ્રયત્ન અહીં જોવા મળે છે. મહેલમાં પાણીનું એક મોટું ટાંકું છે જેમાં વિશાળ ગરનાળા દ્વારા નદીનું પાણી લાવવાની વ્યવસ્થા છે અને આ ગરનાળા ભૂગર્ભમાં હોવાથી કિલ્લો બંધ હોવા છતાં પણ પાણીનો આ પ્રવાહ ચાલુ રહે છે. વરસાદી પાણી ભેગું થઇ તળાવમાં ભરાય તેવી રચના પણ છે. શોખીન વસતી માટે નહાવાનો એક મોટો હોજ છે. મહેલની બાજુમાં રતમગમતનું વિશાળ મેદાન છે. એ મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યક્તિઓ અને બીજી તરફ નગરજનો બેસીને રમતગમત કે અન્ય કાર્યક્રમો જોઇ શકે. મહેલથી થોડે દૂર ઉપલું નગર છે જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બેથી પાંચ ઓરડાવાળા મોટા મકાનો પથ્થરોના બનાવેલા છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલું પાણી આજની જેમ ફ઼ોઇ રસ્તા પર ઢોળતું નહોતું. અહીં સુંદર ગટર વ્યવસ્થા જોવા મળે છે. દરેક ઘરમાંથી નીકળતું પાણી ઘરની બહાર રહેલી ભોંખાળ જેવા માટલામાં અને ત્યાંથી ગટરમાં લઇ જવાતું. ઘરેણાં બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણા પાડવાની દુકાનોની હાર પણ અહીં જોવા મળી છે.


આ ઉપલા નગરથી દૂર એક ગરીબ વસતી હોવાનું જણાય છે જેને પુરાતત્વવિદો નીચલું નગર કહે છે. અહીં કાચા-પાકા નાના મકાનો દેખાય છે. શ્રમિક વર્ગ માટે પણ મેલા પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે.

અહીંથી હડપ્પીય મુદ્રાઓ, વજનીયા (કાટલાં), હથિયારો, મણકા, સોનાના આભુષણો મળ્યા છે. એકાદ માતૃકા પણ મળી છે. મંદિર કે તેને લાગુ પડે તેવું કશું જ ન મળવું એ સિંધુકાલીન લોકો અદ્વૈત અથવા પરમ બ્રહ્મના ઉપાસક હોવાનું માનવા પ્રેરે છે.

છીપની એક ગોળાકાર રીંગ મળી છે. જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઊભા કાપા કરવામાં આવ્યા છે અને વિદ્વાનો આને પંચાગની બાર રાશિઓના પ્રતીક અથવા નેવીગેશન કંપાસ (હોકાયંત્ર) હોવાનું તારણ કાઢે છે.

સુમેરિયન ઇતિહાસ અને ધોળાવીરા

સુમેરિયન ઇતિહાસમાં સિંધુ કાંઠે મહાબંદર હોવાનો ઉલ્લેખ છે તે ધોળાવીરા હોઇ શકે છે. છેલ્લે થયેલું સંશોધન અહીંની કબરો બાબતનું છે સામાન્ય રીતે એ સમયે ઉત્તર દક્ષિણે કબરો થતી પરંતુ અહીં તે ઉપરાંત પૂર્વ પશ્ચિમ અને ઇશાન નૈઋત્ય કબરો મળી છે જે અહીંની મિશ્ર વસતીનું ઘોતક છે. વળી કબરોમાંથી હાડકાં કે માનવ અવશેષો ન મળવા અને કબરમાં વાસણો મળવા અગ્નિસંસ્કાર કરી, રાખ દાટવાની પ્રથા હોવાનું સૂચવે છે.



વરસાદી જળ તળાવમાં લઈ આવવાનું વિશાળ, ભૂગર્ભમાં બાંધેલું પાકું નાળું - ધોળાવીરા

આપણે અગાઉ જોઇ ગયા તે મુજબ તમામ સિંધુકાલીન વસાહતો વચ્ચે એક પ્રકારનું સામ્ય જોવા મળ્યું છે તેમ છતાં પણ ધોળાવીરા સમકાલીન વસાહતો કરતાં અમુક અંશે જાુદું તરી આવે છે.

(૧) સ્થાપત્યની કલાત્મકતા અહીંનું આગવું લક્ષણ છે. (૨) આ શહેર નદી કાંઠે આવેલું નથી અને તેથી જ કદાચ ખેતી તેનો મુખ્ય વ્યવસાય નહિ હોય. (૩) જમીનની અંદરથી (UNDER GROUND) પાણી લઇ આવવાના ગરનાળા પણ અહીં જ જોવા મળ્યાં છે. (૪) સંરક્ષણની આટલી મજબૂત વ્યવસ્થા મોહેં-જો-ડેરો કે હડપ્પામાં પણ જોવા મળતી નથી. (૫) લોથલમાં મૃતદેહોને દાટવાની, એકથી વધુ મૃતદેહો ભેગા દફનાવવાની પ્રથા જોવા મળે છે તો અહીં અગ્નિદાહ આપ્યા પછી વધેલા અવશેષોને દફનાવવામાં આવ્યા છે. (૬) તો વળી લોથલમાંથી મોટા પ્રમાણમાં

સિંધુલિપિવાળી મુદ્રાઓ (SEALS) મળેલ છે જ્યારે અહીંથી જૂજ મુદ્રાઓ મળી છે. સિંધુલિપિમાં લખેલ મોટું બોર્ડ પણ ધોળાવીરા સિવાય ક્યાંય જોવા મળતું નથી. (૭) બંદર હોવા છતાં પણ લોથલ જેવી વહાણો નાંગરી શકે તેવી કોઇ ગોદી જોવા મળી નથી જો કે હજુ ઉત્ખનન બાકી હોવાથી આ અંગે કોઇ ચોક્કસ અભિપ્રાય બાંધવો યોગ્ય ન ગણાય.

પૂર્વ હડપ્પા કાળથી ઉત્તર હડપ્પા કાળ સુધી વિસ્તરેલી આ વસાહતના અંત વિશે હજુ સુધી કોઇ પ્રકાશ પાડવામાં આવ્યો નથી.

કચ્છની બીજી નાની-મોટી વસાહતો

હવે આપણે એક ઉડતી નજર કચ્છની બીજી નાની-મોટી વસાહતો પર નાખીએ.

દેશલપર (ગુંતલી) : પાકિસ્તાનના કોટદીજીમાંથી આવેલ પૂર્વ હડપ્પીઓએ આ વસાહત વસાવી હતી. અહીંથી મુદ્રાઓ, મુદ્રાંકો, વજનીયા, આભુષણો વગેરે મળ્યા છે. અહીં પણ પ્રથમ કાચી ઈંટનો અને પછી પથ્થરથી મજબૂત કરવામાં આવેલો કિલ્લો ધ્યાનમાં આવ્યો છે. હાલે આ સ્થળ હાજીપીર જતા રસ્તામાં આવે છે.

પાબુમઠ : રાપર તાલુકાના સુવઇ ગામની નજીક છે. પ્રારંભિક કાળમાં કાચા લાકડાના અને પાછળથી પથ્થરના બનાવેલા રહેઠાણો અહીંથી મળ્યા છે. એકશિંગી પ્રાણી મુદ્રા મળી છે, જેમાં હડપ્પન લિપિમાં લખાણ છે. અકીકના મણકા, શંખની બંગડીઓ, તાંબા તથા કાંસાની બંગડીઓ તેમજ ઉત્કૃષ્ટ પ્રકારના વાસણો મળ્યા છે. અહીં પણ દક્ષિણ સિંધમાંથી સ્થળાંતરિત થયેલા લોકો વસ્યા હોય એમ માનવામાં આવે છે.


નેત્રા : અહીંના ટેકરા પરથી સિંધુકાલીન બે સુંદર મુદ્રાઓ તેમજ થોડા વાસણો મળી આવ્યા છે પણ અહીં કશું સંશોધન થયેલ નથી.

નાની રાયણ : માંડવી તાલુકામાં માંડવીથી ૪-૫ કિ. મી. દૂર વસેલું એક ગામ છે જ્યાંથી મને (લેખકને) પૂર્વ હડપ્પાકાળથી કરી આજ દિવસ સુધીના વિવિધ માનવ વસવાટના પુરાવાઓ મળ્યા છે. પકવેલી માટીનો સિંધુકાલીન વૃષભ, પક્ષીનું માથું, પકવેલી માટીના મણકા, શંખના ઘરેણાં, મુદ્રા, અર્ધકિંમતી પથ્થરના મણકા અને વાસણો મળ્યા છે. ૮' પહોળી અને ૫' ઊંચી પકવેલી માટીની અનાજ ભરવાની કોઠી સિંધુકાલીન માટી કામનો ઉત્તમ નમૂનો છે.

શિકારપુર : કચ્છના ઉત્તર- પૂર્વ કિનારે આવેલો ટીંબો સામખીયાળીથી ૧૯ કિ. મી. દૂર હાઇવે પર આવેલો છે. અકીક, કાર્નેલિયમ, સ્ટીએરાઇટ પેસ્ટમાંથી બનેલા અસંખ્ય મણકા તેમાં કાણું પાડવા માટેની શારડીઓ, માછલી પકડવાનો હૂક, સુંદર ચિતરામણ કરેલા વાસણો, રમકડાં ગાડી, વૃષભ અહીંથી મળ્યા છે સૌથી રસપ્રદ ઉપલબ્ધી સ્વસ્તિકના ચિહનવાળું લોકેટ છે. અહીં પણ વ્યવસ્થિત ઉત્ખનન કરવામાં આવ્યું નથી.

આમ જોઇએ તો કચ્છમાં હયાત સિંધુકાલીન અવશેષોમાંથી ફક્ત એક ધોળાવીરાનું યોગ્ય ઉત્ખનન થયું છે. પણ તે પૂર્ણ કક્ષાએ પહોંચ્યું નથી. શિકારપુર, પાબુમઠ તેમજ દેશલપર (ગુંતલી)માં પ્રારંભિક કક્ષાના અભ્યાસ પછી કશું જ વિશેષ સંશોધન થયું નથી. જ્યારે નવીનાળ, નાની રાયણ તેમજ કચ્છના રણમાં આવેલા ટાપુ પરના હડપ્પા કાલીન વસવાટો તરફ કોઇએ નજર સુદ્ધાં નાખી નથી !

ધોળાવીરામાં ઉત્ખનન કાર્ય શરૂ થાય ત્યારે તંબુઓ સાથેની એક મોટી વસાહત જેવું દ્રશ્ય સર્જાઇ જાય છે. કામ આગળ ધપતું જાય અને જે કોઇ વસ્તુઓ મળતી આવે તેને વર્ગીકરણ મુજબ મૂકવા માટે આ રીતનું વિશાળ યાર્ડ ટીંબા નજીક જ જોવા મળે છે.





પકવેલી માટીનો વૃષભ - નાની રાયણ

ધોળાવીરામાં ત્રણ વર્ષના સમયગાળાના પ્રારંભિક ઉત્ખનન બાદ ઓચિંતું કામ બંધ કરી દેવામાં આવ્યું છે. અમુક નમૂનાઓ દિલ્હીના ખાતાકીય ભંડકીયામાં સડી રહ્યા છે તો બાકીના નમૂનાઓ રણના ભયંકર તડકા, પવન અને વરસાદથી ખવાઇ અને ધોવાઇ રહ્યા છે.

કચ્છની ધરતીએ જે અસ્મિતા જતનથી જાળવી છે તેને આપણે ખેદાનમેદાન કરી રહ્યા છીએ. જેને માટે આવતી પેઢી આપણને કદીયે માફ કરશે નહિ.

લોકસંસ્કારમાં, લોકમાનસમાં, બન્નીના ઘર પરની ડીઝાઇનોમાં સ્વસ્તિક, માતૃપૂજા, વૃક્ષપૂજા, ગૌપૂજા, શિવપૂજા તરીકે ધરબાયેલી પડેલી આ પાંચ હજાર વર્ષ પુરાણી સંસ્કૃતિ હજુ પણ જીવંત છે પરંતુ આ મૂર્ત અવશેષોને જાળવવા એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે. દુનિયાના તમામ દેશોએ પોતાની અસ્મિતા જાળવી રાખવાના પ્રયત્નો કર્યા છે.

જેટલો જીવંત ધર્મને રાખવાની જરૂર છે તેટલી જ જરૂર સંસ્કૃતિને જીવંત રાખવાની છે કારણ કે સંસ્કૃતિ એ સંસ્કાર છે અને સંસ્કાર છે તો આપણે છીએ.

આપણે શું શું કરી શકીએ ?

(૧) ધોળાવીરાનું અધૂરૂં રહેલ ઉત્ખનન સત્વરે સંપૂર્ણ થવું જોઇએ કારણ કે પુરાતત્વનું કોઇ પણ સ્થળ એક વાર ખોલાય તે પછી તે નાશ પામે છે, અવશેષો એના અસલ સ્વરૂપમાં સચવાતા નથી એટલે આવું કંઇ બને તે પહેલાં ઉત્ખનન અને સંપૂર્ણ સંશોધન સત્વરે હાથ ધરવાની જરૂર છે જેના માટે કચ્છના દિલેર દાતાઓએ સરકારને મદદ કરવી જોઇએ. તમામ રાજકીય અને સામાજિક નેતાઓએ આ કામ સરકાર સત્વરે પૂરૂં કરે તે માટે સક્રિય પ્રયત્નો કરવા જોઇએ. દ્વારકાના ઉત્ખનનમાં આવી મદદ થઇ છે.

(૨) ધોળાવીરામાંથી નીકળેલ તમામ અવશેષોને જ્યાં છે ત્યાં તે જ રીતે સંઘરી શકાય તેવું સંગ્રહાલય (Museum) બનાવવું જોઇએ અને દિલ્હી લઇ જવાયેલા અવશેષોને પણ આ સંગ્રહાલયમાં મૂકવા જોઇએ. ઇજીપ્તના પિરામીડોની જાળવણી આ રીતે જ થઇ છે.

(૩) આમ કરવાથી પ્રવાસન ઉદ્યોગ પણ વિકસશે અને કચ્છ આંતરરાષ્ટ્રીય પ્રવાસન કેન્દ્ર બની શકશે. એટલું જ નહિ પણ બહુમૂલ્ય વારસો જળવાઇ રહેશે તેમજ દેશ- વિદેશના પ્રવાસીઓ દ્વારા આ સંસ્કૃતિની માહિતીનો બહોળો પ્રસાર થશે.

(૪) કચ્છના વિદ્યાર્થીઓ માટે પુરાતત્વ તેમજ સિંધુ સંસ્કૃતિ વિશેનો અભ્યાસક્રમ ઉમેરી તેમને રસ લેતા કરવા જોઇએ તેમજ સ્નાતક, અનુસ્નાતકસ્તરે આનો સંશોધનાત્મક અભ્યાસ કરવાની તકો પૂરી પાડવી જોઇએ.


(૫) કચ્છમાંના જાણીતા હડપ્પન સંસ્થાનોનો પુનઃ અભ્યાસ કરાવો જોઇએ. તદઉપરાંત નવા સંસ્થાનોની શોધખોળ થવી જોઇએ. આમ કરવાથી આજના સંદર્ભમાં સિંધુ સંસ્કૃતિનો વ્યાપ, ભૌગોલિક વિસ્તાર અને તેની વચ્ચેની કડીઓ શોધી શકાય.

(૬) સુવ્યવસ્થિત નગર રચના, સ્વચ્છતાનો આગ્રહ, મણકા ઉદ્યોગ, ઘરેણા ઉદ્યોગ, માટી કામ ઉદ્યોગ તેમજ વહાણવટું જેના થકી સિંધુ સંસ્થાનો સમૃદ્ધ હતા તેના પરથી આપણે સૌએ દાખલો લેવો જોઇએ અને આજના સંદર્ભમાં આવા ઉદ્યોગોને પુનર્જીવિત કરવાની શકયતાઓ તપાસવી જોઇએ.

તો અને તો જ આપણી આ પ્રાચીન, સમૃદ્ધ અસ્મિતા જળવાશે અને ઝળહળશે. □

■ સુધરાઇ લાયબ્રેરી સામે, માંડવી કચ્છ, ૩૭૦૪૬૫

પુરાતત્ત્વની પ્રયોગશાળા-કચ્છ



□ દિલીપ કે. વૈદ્ય

કચ્છમાં પુરાતત્વ સામગ્રી વિશે લખવું એ ભગીરથ કાર્ય ગણાય. પછાત ગણાતા અને અટૂલા આ વિસ્તારમાંથી અશ્મિભૂત અવશેષો, પથ્થરયુગના ઓજારોથી માંડી અર્વાચીનયુગના અનેક નમૂનાઓ પ્રાપ્ય છે અને એટલે જ કચ્છને પુરાતત્વની પ્રયોગશાળા કહેવાઇ છે- આપણે ફકત આચમનરૂપે આ સામગ્રી વિશે જોઇએ.

સૌ પ્રથમ કચ્છમાંથી સ્થળે સ્થળે અશ્મિભૂત અવશેષો, જળચર જીવો અને વનસ્પતિના ૬૦ લાખ વર્ષ જૂના મળે છે. કુકમાના લેર ડેમ વિસ્તારમાંથી કોચલાંવાળા મહાકાય ગોકળગાય જેવા જીવોના ગોળાકાર અશ્મિ




સૂર્ય મસ્તક : દોલતપરમાંથી મળેલ કચ્છનું સૌથી જૂનું શિલ્પ (ત્રીજી સદી)

અવશેષો મળે છે, જેને સ્થાનિક લોકો ઢલેબી પથ્થર કહે છે. તે મૃદુકાય જીવનું કોચલું છે- જેમાં જીવ મરી ગયા બાદ માટી ભરાઇ કોચલાના ફરમામાંથી માટી સખત થઇ જતાં તે જીવના આકારનો જ પથ્થર બની જાય છે. વનસ્પતિના અશ્મિભૂત અવશેષોમાં પણ જે તે વૃક્ષના સજીવ કોષોને સ્થાને માટી પથ્થર ભરાઇ સખત બની જાય છે અને આકાર તે વૃક્ષ જેવો જ રહે છે. ધાણેટી પાસેથી પ્રાપ્ત એક ઝાડના અવશેષનું પૃથક્કરણ કરતાં તે દેવદારનું વૃક્ષ હોવાનું જણાય છે. સ્પષ્ટ છે કે ૬૦ લાખ વર્ષો પહેલાં અત્યારનો સૂકો કચ્છ દેવદારના વૃક્ષોથી છવાયેલો હશે. આ પરથી તેટલા સમય પહેલાંના હવામાનનો ખ્યાલ પણ મળી શકે છે. કોટડા-ચાંદ્રાણી પાસેથી ડેક્કન કોલેજના પ્રાધ્યાપક ડૉ. બદામે મગરમચ્છના અશ્મિભૂત અવશેષ શોધી કાઢી તે વિસ્તારમાં પણ પાણી હોવાનું દર્શાવેલ છે. આ ઉપરાંત સમુદ્રના નાના જીવ-જંતુઓના કોચલાના અશ્મિભૂત અવશેષો સમગ્ર કચ્છમાં ટેકરીઓ ઉપરથી પણ મળે છે. જે કચ્છ દરિયા નીચે હતું તેવું દર્શાવી જાય છે. આ સમયમાં માનવ વસતીના કોઇ અવશેષો નથી મળ્યા.

દોઢલાખ વર્ષ પૂર્વે માનવજાતનું પગેરૂં

કચ્છમાં માનવજાતનું પગેરૂં દોઢલાખ વર્ષ પહેલાંના પથ્થરયુગના ઓજારોથી મળે છે. ધાતુઓની શોધ થઇ ન હતી ત્યારે પશુને ચારવા માટે તથા કાપકૂપ માટે માનવ પથ્થરની ધાર કાઢી તેને કુહાડી અથવા ચપ્પુ જેમ વાપરતો. પથ્થરયુગમાં ત્રણ વિભાગો છે : પ્રથમ, મધ્યમ અને અંતિમ. આમાં દોઢલાખ વર્ષ પહેલાંનો પ્રથમ, એક લાખ વર્ષ પહેલાંનો મધ્યમ અને છેલ્લે આવતો અંતિમ દશ હજાર વર્ષ પહેલાંનો છે. આ સમયગાળાઓ દરમિયાન ઓજારો બહુ મોટા, મધ્યમ અને નાના કદના થતા ગયા છે. આજ પણ છેક ભુજ પાસે પણ આ તમામ યુગના ઓજારો મળે છે. અંગીઆ પાસેથી પ્રાપ્ત થતાં પ્રથમ પથ્થરયુગના ઓજારો પ્રખ્યાત પુરાવિદ સ્વ. હસમુખભાઇ સાંકળીઆએ શોધ્યા છે અને તેમના મતે ભારતમાં માનવનું આગમન આફ્રિકા ખંડમાંથી કચ્છ દ્વારા થયું છે ! અંજારની સાંગ નદીના કિનારેથી અંતિમ પથ્થરયુગના અનેક ઓજારો મળે છે. આ યુગના અંત પછી ધાતુઓની શોધ થઇ પશુનો શિકાર કરવો તે પાણી પીવા આવે ત્યારે કરવો સરળ પડે તેમ હોઇ, પથ્થરયુગની વસાહતો નદી કાંઠે જ જોવા મળે છે.

કાંસ્ય પ્રતિમા : જમાદાર ફત્તેહમહમદના ખોરડામાંથી મળેલી ૭મી સદીની ભગવાન બુદ્ધની કાંસ્ય પ્રતિમા.



ત્યારબાદ સિંધુ સંસ્કૃતિના અવશેષો મળે છે. ધોળાવીરા એક સંપૂર્ણ વિકસીત સિંધુ સંસ્કૃતિનું સ્થળ હતું તે ઉપરાંત પણ અન્ય જગ્યાઓએ આ સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થાય છે. આ સંસ્કૃતિના ઇ.પૂ. ૧૫મી સદીમાં નાશ થયા પછી મહત્ત્વનો અંધૌમાંથી ઇ.સ. ૮૯ની સાલનો ક્ષત્રપ શીલાલેખ છે.



શિલાલેખ : શક-સંવતસરના સ્થાપક વિશે પ્રકાશ પાડતો અંધૌ ગામેથી મળેલ ઇ. સ. ૮૯નો ક્ષત્રપ શિલાલેખ

હકીકતમાં કચ્છમાં જેટલા ક્ષત્રપ શીલાલેખો પ્રાપ્ત થયા છે તેટલા ગુજરાતમાં અન્યત્ર મળેલ નથી. ઇ.સ. ૮૯નો લેખ વિશિષ્ટ રીતે મહત્ત્વનો છે તેમાં શક સંવત ૧૧ (ઇ.સ. ૮૯)નું વર્ષ શક સંવત્સરનું તદ્દન શરૂઆતનું છે આથી આ લેખમાં જેનું નામ આવે છે તે રાજા ચષ્ટને આ સંવત્સર પ્રવર્તમાન કરાવ્યો હોવાનું સાબિત થાય છે. આ શક સંવત્સર આજે ભારતની મુખ્ય કાળ ગણના છે- પણ તેના શોધકની બાબતે ભારે મતભેદ છે જે આ શીલાલેખ દૂર કરે છે. તેવો જ મહત્ત્વનો લેખ દોલતપરથી પ્રાપ્ત શક સંવત ૨૭૮ (વર્ષ ૩૬૨)નો એકમાત્ર આભીર વંશનો છે. આ વંશનો લેખ અન્યત્ર મળેલ નથી. આ ઉપરાંત ખાવડા, વાંઢ, કનીયાબે જેવાં સ્થળોએથી પણ લેખ મળેલા છે. જેની વિશિષ્ટતા તેમાં આવતાં તમામ નામો બૌદ્ધ છે જે કચ્છમાં બૌદ્ધ વસતી સૂચવી જાય છે તથા આ સમય એટલે કે ૧લી થી ૪થી સદી સુધી કચ્છ ક્ષત્રપ રાજ્યના અમલમાં હતું તે દર્શાવે છે.

શીલાલેખો બાદ સિક્કાઓ પણ ઠેક ઠેકાણેથી મળે છે જેમાં ક્ષત્રપ વંશના રૂદ્રદામન રૂદ્રસેનના અને ગુપ્તવંશના



તામ્રપત્ર : ભદ્રેશ્વરમાંથી પ્રાપ્ત રાજા ભીમદેવનું કચ્છ મંડળનું 'જભગના' ગામ દાનમાં આપ્યાનું ૧૨મી સદીનું તામ્રપત્ર.

મહારાજાધીરાજ પરમ ભાગવત્ કુમારગુપ્તનો સમાવેશ થાય છે આ પછીના ૮મી ૯મી સદીના ગાળાના સિંધ અમીરના સિક્કાઓ કંજરકોટમાંથી પ્રાપ્ત થયા છે. પરંતુ માંડવી તાલુકાનાં ડોણ ગામેથી મળેલ પકવેલ માટીના સિક્કા પાડવાનો ફરમો-ડાઇ અત્યંત મહત્ત્વનો છે, આવો અવશેષ અન્યત્ર મળેલ નથી આ ડાઈમાં વૃક્ષ ડાળીઓ અને સાત ફળો જેવું દેખાય છે. હકીકતમાં ઝાડનું થડ તે તો ધાતુના દ્રાવણને ડાળીઓ દ્વારા ફળ જેમ બાઝેલા ગોળાકારોમાં લઈ જવાની નીક છે. અને આ ગોળાકારમાં દ્રાવણ જાય તે સિક્કાના આકારો છે અને તેમાં ઝીણા અક્ષરો છે. દ્રાવણ ઠરી જાય પછી આની ડાઇના બે અડધીયાં તોડી વચ્ચેથી સિક્કાઓનું ઝાડ કાઢી સિક્કાઓ કાઢી લેવામાં આવતા દર વખતે સાત સિક્કાઓ મળતા પણ ડાઇ ભાંગી જતી એટલે આખી ડાઇ મળી એ પણ સદ્‌ભાગ્ય છે. આ સિક્કાઓના અક્ષરો અરબીમાં છે અને તે સિન્ધના અમીરોના સિક્કાઓ છે તેવું દર્શાવે છે. આઠમી સદીમાં કચ્છ સિંધની હકૂમત તળે હોય તેવું પણ આથી જોઇ શકાય છે.

સિક્કાઓ પછી અગત્યના પુરાવશેષોમાં મંદિરો, મસ્જિદો અને ગુફાઓ છે સાંસ્કૃતિક દ્રષ્ટિએ કચ્છ ભારતનો જ ભાગ છે. પ્રાચીનકાળમાં ધર્મ રાષ્ટ્રીયતાનું ચિહ્ન હતું ત્યારે ભારતમાં ફાલેલા હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મ તથા પાછળથી આવેલા ઈસ્લામ ધર્મનાં આરાધના સ્થાનકો કચ્છમાં પણ જોવા મળે છે.

શિલ્પ સ્થાપત્યના સુવર્ણયુગ સમો ગાળો

ગુજરાતની જેમ કચ્છમાં પણ સોલંકી કાળ એટલે કે ઈસુની ૯ થી ૧૩મી સદી સુધીનો ગાળો શિલ્પ સ્થાપત્યના સુવર્ણયુગ સમાન છે. કાળની ઝાપટ અને ક્યારેક વિધર્મી આક્રમણે તેમાંના ઘણાં ધ્વસ્ત છે આમછતાં આ શિલ્પ સ્થાપત્યમાં કંડારાયેલ કળામાં આજપણ વિતેલ જમાનાની સશક્ત સાંસ્કૃતિક પરંપરા જોઈ શકાય છે.

કચ્છમાં આ કાળે કેરા, કંથકોટ, કોટાય અને પુંઅરાના સુંદર મંદિરો નિર્માણ થયા છે. કંથકોટનું જૈન દેરાસર અને મેવાસા પાસેના આઈનાં ડેરા અને ભદ્રેશ્વરમાં કેરા મંદિરની નાની પ્રતિકૃતિ પણ આજ ગાળામાં રચાયાં છે.

અન્યત્ર બને છે તેમ અહીં પણ આ મંદિરો સાથે અવનવી દંતકથાઓ જોડાઇ ગઇ છે, હકીકતમાં આ મંદિરો સાથે દંતકથાઓનો કોઇ સંબંધ નથી, દાખલા તરીકે દંતકથા મુજબ રા લાખાએ બંધાવેલ કેરા મંદિર જોયા પછી તેના ભત્રીજાએ પુંઅરેશ્વર મંદિર બાંધ્યું છે. જ્યારે ખરી રીતે પુંઅરાના મંદિરની રચના જોતાં તે કેરા મંદિરથી પહેલાં બંધાવ્યું છે.

આ મંદિરોનાં શિલ્પો પૈકી કેરાનું હલ્લીશક નૃત્ય દર્શાવતું વર્તુળ તેમાંના પાત્રોની અંગભંગી અને પ્રમાણભાન ઉત્કૃષ્ટ છે. આ શિલ્પ ૧૮૧૯ના ધરતીકંપમાં પડી જવાથી તે ગઢમાં ભોંખાળની નીક સાથે જડી દેવાયું હતું પુંઅરાનાં શિલ્પમાં સંગીત નૃત્ય મંડળી ઉલ્લેખ પાત્ર છે. અહીં સંગીતનાં મૂળ વાદ્યો તંતુ વાદ્ય, ફુંકથી વગાડાતું સુષિર વાદ્ય, ઘનવાદ્ય અને ચર્મવાદ્ય તરીકે વિણા, વાંસળી, મંજીરા અને ઢોલક રજૂ થયાં છે. જેમ રંગોમાં લાલ પીળો અને વાદળી એમ મૂળ રંગો છે તેમ સંગીતનાં તમામ વાદ્યોનું મૂળ આ ચાર વાદ્યોમાં જ છે. કોટાયનાં શિલ્પમાં કુમારગુપ્તના સિક્કામાં જે વાદ્ય આવે છે તેવું જ વિણા જેવું વાદ્ય જોવા મળે છે. અહીંના કંડાર કામમાં કાલ્પનિક પ્રાણી વ્યાલ અને કીચક પણ દર્શનીય છે કીચકનાં પેટ પર આંખ બતાવી છે અહીનાં સિલીંગ પરનાં વર્તુળોમાં રાસ મંડળ અને કમળની કંડાર નયનરમ્ય છે જ્યારે કંથકોટનાં મંદિરની સૂર્યમૂર્તિ વિશિષ્ટ છે કેમકે સૂર્ય સાત ઘોડાના રથમાં દર્શાવાય તેને બદલે અહીં ઉભા દર્શાવાયા છે અને સાત ઘોડાને સ્થાને સાત કિરણો છે જ્યારે કંથકોટના જૈન મંદિરના સ્તંભો પર અનેક જગ્યાએ સંસ્કૃત અભિલેખો જોવા મળે છે.

ભદ્રેશ્વરના જૈન મંદિરનો નિર્માણ સમય નક્કી થઇ શકતો નથી કેમકે અહીં અનેકવાર જીર્ણોદ્ધાર થયો છે. આમ છતાં તેનાં પ્રવેશદ્વાર પરની કમાનો અને પરીઓ યુરોપીયન ઢબના છે કેમકે તે તત્કાલીન બ્રિટીશ અધિકારી કેપ્ટન મેકમર્ડોએ કરાવ્યા છે આ મંદિરનાં વેલ વેલીઓનાં શિલ્પોમાં જોઈતું લાલિત્ય નથી. આ મંદિરમાં ૧૩મી સદીના શીલાલેખ જોવા મળે છે અહીંથી ભોળા ભીમદેવનું ૧૨મી સદીનું તામ્રપત્ર પણ મળેલ છે જેમાં રાજા ભીમદેવે કચ્છ મંડળનું ''જભગના'' ગામ દાનમાં દીધાનું લખેલ છે આ ગામ અત્યારે કયાં છે તે નક્કી થઇ શકતું નથી.

પંચતીર્થીના દહેરાસરો અને મુસ્લિમ આરાધના સ્થળો

કચ્છમાં આ ઉપરાંત પંચતીર્થીનાં કોઠારા, સુથરી, જખૌ, તેરા અને નલિયા ગામોમાં સુંદર દહેરાસરો આવેલા છે તે પૈકી કોઠારાનું દહેરાસર તેની વિશાળતા અને ઊંચાઇ માટે જાણીતું છે. જ્યારે ભુજ વાણીયાવાડ ડેલાનું દહેરાસર ૪૦૦ વર્ષ જૂનું છે.

મુસ્લિમ આરાધના સ્થળોમાં ભદ્રેશ્વરની ખીમલી મસ્જિદ તથા લાલશા બાઝની દરગાહ ૧૨-૧૩મી સદીનાં છે અને તેમાંના કૂફીલિપિના શીલાલેખો એવું દર્શાવે છે. આ સમયગાળામાં ગુજરાતમાં અનંગપાળનું રાજ્ય હતું ત્યારે મુસ્લિમો શાંત પ્રજાજનો તરીકે રહેતા હતા. આ શીલાલેખો દ્વારશાખ પર અને કબર લેખો તરીકે છે અને પ્રથમ નજરે તે કોતરકામ જ લાગે અહીં અરધી દટાયેલ જગડુશાહની મસ્જિદના નામે ઓળખાતી ઈમારત પણ નોંધપાત્ર છે. આ ઉપરાંત પીપર અને ગોલાય ગામના કુબાઓ પણ પ્રાચીન મુસ્લિમ સ્થાપત્ય કલાના નમૂનાઓ છે કેરામાં ગુલામઅલી શાહની દરગાહ અને મુન્દ્રામાં શાહમુરાદપીરની દરગાહો પણ જોવાલાયક છે.

ધ્રંગ, આમારા અને મોટા ભાડીઆ ગામોએ હિન્દુ-મુસ્લિમના આરાધના સ્થળો એક જ સ્થળે આવેલાં છે- જે બે ધર્મો વચ્ચેનો એખલાસ સૂચવે છે. ભુજની મહમ્મદ પન્નાહ મસ્જિદ પ્રમાણમાં આધુનિક છે પણ તે ઘણા સ્થંભ અને શિખરોવાળી હોઇ, પશ્ચિમ આફ્રિકામાં આવેલ મસ્જિદોને મળે છે.

ગુફાઓ પૈકી કટેશ્વરની ગુફા અત્યંત મહત્ત્વની છે. અહીં ગુફાની સિલીંગ પર પશુ-પંખી ચિત્રણા કોરીને કરી છે એટલે આ ખડક ચિત્રો કહેવાય. આ ગુફાનો સ્થંભ બૌદ્ધ સ્થાપત્યનો નમૂનો છે. તેના અલંકરણ પૈકી કોતરાયેલ માછલી સિન્ધુ લિપિમાં આવતી માછલી જેવી જ છે. આ ગુફાઓની દિવાલો પર ઘડિયાળના લોલક જેવી અનેક આકૃતિઓ છે. હકીકતમાં તે કોઇ લિપિ છે. પણ તે વાંચી શકાઇ નથી. આ ગુફામાં અંદર જમણીબાજુ મંદિરનો ઉંબર પણ જોવા મળે છે, જ્યારે ગુફા બહાર



મેકમર્ડો : કચ્છના પ્રથમ પોલિટીકલ એજન્ટ કેપ્ટન જેમ્સ મેકમર્ડોનું 'ઈનસાફ' અંકિત રાજ્ય ચિહ્ન.

બ્રાહ્મી લિપિના અક્ષરો છે.

કચ્છમાં બૌધ ધર્મનો પુરાવો આપતી ગુફાઓ

પરંતુ આ ગુફાની સૌથી મહત્ત્વની બાબત ત્યાંથી મળતી બૌદ્ધ મુદ્રાઓ છે- કાચી માટીની આ ગોળાકાર મુદ્રાઓ પર ભગવાન બુદ્ધ, ભૂમિસ્પર્શ મુદ્રામાં બેઠેલા છે અને નીચે પારોષ્ટિ ભાષામાં લખાણ છે.

આ મુદ્રામાં ભૂમિસ્પર્શ કરતા બુદ્ધ દર્શાવાયા છે તે માર વિજયનું કથાનક રજૂ કરે છે. આ કથાનક પ્રમાણે ભગવાન બુદ્ધની તપસ્યાભંગ માટે મારા નામનો રાક્ષસ લશ્કર સાથે આવે છે- તેમાં સૌથી આગળ પાંચ પ્રકારની સ્ત્રીઓ છે. પુષ્ટ શરીરની બાલા તેના માર્દવથી, તરૂણી ચંચળતાથી, માતંગી તેના મદથી, માતૃકા સંતાન ભૂખથી અને નગ્નિકા તેના નવા કૌમાર્યથી તપસ્વિને ચડાવવા આવે છે, પરંતુ ભગવાન મારાનો હેતુ પારખી ભૂમિ સ્પર્શ કરે છે. તેથી ધરતીકંપ થાય છે અને મારા નાસી જાય છે, તેવા અજંતાની ગુફાના ચિત્ર પરથી અહીં માર વિજય ભૂમિ સ્પર્શ દ્વારા દર્શાવાયેલ છે. ૨૫૦૦ની સંખ્યામાં મળતી આવી મુદ્રાઓ બિહારમાં નાલંદા સિવાય અન્યત્ર ફકત કચ્છમાંથી જ મોટી સંખ્યામાં મળી છે.

ભુજ તાલુકાના નાડાપા ગામ પાસે ભૂરીગઢ નામે

ઓળખાતી ગુફામાં ૨જી-૩જી સદીની બ્રાહ્મીલિપિના પંદર અક્ષરો છે, જેમાં લખ્યું છે કે સચજીતી પુત્રસ સત્યદેવ જીવસ્થાનમ્ એટલે કે સચજીત પુત્ર સત્યદેવનું આ રહેવાનું સ્થળ છે. મુંબઈની હેતલ ઈન્સ્ટીટયુટના ઈતિહાસ વિભાગના વડા સુશ્રી મીનાબહેનના મતે આ લેખમાં ઉલ્લેખિત સત્યદેવ ગાદી પરથી ઊઠાડી મૂકાયેલ ક્ષત્રપ રાજા છે, જેણે પાછળથી અહીં નિવાસ કર્યો હતો.

કચ્છમાં બૌદ્ધ ધર્મ હતો તેની સાબિતી જમાદાર ફતેહમહમ્મદના ખોરડામાંથી મળેલ ભગવાનની કાંસાની મૂર્તિ છે. આ કાંસ્ય મૂર્તિ નીચે બ્રાહ્મીલિપિમાં અત્યંત મહત્ત્વનો લેખ છે, જે મુજબ તે નાગસિંઘ નામના સાધુએ પોતાની ગુરૂ કીર્તિદિવીની સ્મૃતિમાં તે કરાવેલ છે. હિન્દુ ધર્મ સ્ત્રીઓને વેદ વાંચનની મનાઈ ફરમાવતો ત્યારે બૌદ્ધ ધર્મ તેઓને ગુરૂપદે રહેવાની છૂટ આપતો તેવું આ લેખ પરથી જણાઈ આવે છે. બૌદ્ધ ધર્મની પ્રારંભિક સફળતા પાછળ તેની આવી ઉદાર નીતિ પણ કારણભૂત હતી. ૭મી સદીની આ સૌથી પ્રાચીન કાંસ્ય પ્રતિમા છે.

જુદા જુદા ધર્મોના કબ્રસ્તાનો

કબરસ્તાનો પણ પુરાતત્ત્વના અભ્યસીઓ માટે ઉપયોગી છે. અંધૌના શીલાલેખો બહુ જાણીતા છે પરંતુ આધુનિક યુગના માંડવીના પારસી કબરસ્તાન, ભુજનું યહૂદી અને અંગ્રેજ કબરસ્તાન તથા આલ્લાવાળા મુકામમાંથી ઘણી માહિતી પ્રાપ્ત થાય છે.

માંડવીના સલાયા વિસ્તારમાં પારસી કબરસ્તાનમાં હિન્દના દાદા દાદાભાઈ નવરોજજીના સુપુત્ર ડૉ. અરદેશરની કબર આવેલી છે. તે પરના લેખ, અંગ્રેજી અને ગુજરાતીમાં ડૉ. અરદેશર ૩૦-૫-૧૮૫૯ના જન્મ અને ૭-૧૧-૧૮૯૩ એટલે કે તેંત્રીસ વર્ષની વયે મૃત્યુ પામ્યાનું નોંધેલ છે. ભારતના આવડી મોટીકક્ષાના નેતાના સુપુત્રનું સંભારણું આમ અજ્ઞાત સ્થળે જળવાયેલું છે.

ભુજનું યહૂદી કબરસ્તાન આજે તો નાશ પામ્યું છે અને ત્યાં ઝુંપડપટ્ટી ઊભી થઈ ગઈ છે. પરંતુ ૨૫ વર્ષ પહેલાં અહીં તેર કબરો હતી. જે પર હિબ્રુ, અંગ્રેજી અને મરાઠીમાં મૃત્યુ લેખો હતા. હિબ્રુ ધર્મ ભાષા, અંગ્રેજી વહીવટની ભાષા અને મરાઠી માતૃભાષા હોવાથી તેમનો ઉપયોગ થયો છે. ગુજરાતમાં હોવા છતાં કબરલેખમાં તે ભાષા નથી તે નવાઈ જેવું છે.

ભુજમાં જ આલ્લાવાળા મુકામમાં જંગી કબરસ્તાન છે. જ્યાંથી સવા ત્રણસો વર્ષ પહેલાંની પરસીઅન અને ગુજરાતી એમ દ્વિભાષી મૃત્યુલેખ ધરાવતી કબર મળી છે.

કેરામાં ગુલામઅલી શાહની દરગાહ પાસે આવેલ ગંજાવર કબરસ્તાન અત્યંત વિશિષ્ટ છે. અહીં એક કબરલેખમાં ખોજા ઈસ્માઈલભાઈ શિવધામ સધાવ્યા એમ લખ્યું છે. સંવત ૧૮૫૮નો આ લેખ કચ્છમાં ધાર્મિક સહિષ્ણુતાનું સર્વોચ્ચ પ્રમાણ આપે છે. આ ઈસ્માઈલભાઈ શિવભકત હતા. આજ પણ તેમનાં પગલાંની દેરી કેરામાં છે તથા જે મંદિરે તેઓ જતા તે મંદિર પણ છે.

આ કબરસ્તાનમાંના લેખો સામાન્ય લેખો નથી પણ શાયરીઓમાં જીવનનું ક્ષણભંગૂરપણું અને ઈશ્વરની સર્વોપરિતા વર્ણવવામાં આવી છે. આવી શાયરીઓના લેખક ચમન કવિ આધુનિક સલમાન રશદી જેવા હતા. તેમની શાયરીઓ રૂઢીચૂસ્તોને ધર્મવિરોધી લાગતાં, તેમનો જબ્બર વિરોધ થતાં તેઓને કચ્છ છોડવું પડયું હતું. તેમની ગઝલોને ખ્યાતનામ સાહિત્યકાર કૃષ્ણલાલ ઝવેરીએ બિરદાવેલ છે. ગામના જ કવિને કબરલેખો દ્વારા અમરત્વ પ્રાપ્ત થયું છે.



દરબારગઢ અને ટાવર-ભુજ, તસવીર : એલ. એમ. પોમલ

કોઠારા પાસે ભેઘી ગામમાં 'ગોપીચંદની સમાધિ' આવેલ છે. સમગ્ર કચ્છમાં ઈંટોની આ એકમાત્ર ઈમારત છે. તેની પાછળના ભાગે આવેલ એક કબર ભારે અલંકરણો અને પશુ-પક્ષીઓની ભાતવાળી છે. ઈસ્લામ આવી ચિત્રણાનો વિરોધી હોઈ, દેખાવમાં કબર જેવી આ કબર કોઈ મુસ્લિમની નથી લાગતી.

ભુજમાં જ અંગ્રેજ કબરસ્તાન છે, ત્યાંની કબરો છેક ૧૮૨૦થી માંડીને છે. તેની બાજુમાં જ અંગ્રેજી ઢબનું પ્રોટેસ્ટંટ ચર્ચ છે. જે ૧૮૫૭માં બંધાયું અને ૧૮૭૧માં તેનું ઉદ્ઘાટન થયું હતું. આ ચર્ચની સામે ભુજીયાના ઊંચાણ પર એક દીપ સ્થંભ છે. ગોળાકાર આ સ્થંભમાં દીવા મૂકવાની ગોખલીઓ છે. ૧૮૫૭ના બળવામાં જીત પછી યુરોપીઅને એ દીપ સ્થંભ પર રોશની કરી હતી તેવું કહેવાય છે. માંડવીના દરિયાકિનારે કાશી વિશ્વનાથ બાજુના અંગ્રેજ કબરસ્તાનમાં પણ કબરો આટલી જ જૂની છે. પણ મૃત્યુનું કારણ નદીમાં તણાઈ જવાનું છે ! એક કબરમાં મૃતકની ઉંમર ફકત ૨૦ વર્ષની છે. પોતાના દેશથી આટલે દૂર મરતી વખતે આ યુવાનની મનોવેદના કલ્પવાની જ રહી. ઘણાખરા મૃત્યુલેખો મરવાનું કારણ મેલેરિયા કે કોલેરા દર્શાવે છે. આડેસર પાસેના વરણું ગામે કેપ્ટન મેકમર્ડોની ૧૮૧૭ની કબર પર મૃત્યુનું કારણ કોલેરા જ દર્શાવ્યું છે. આથી ૧૮મી સદીમાં મેલેરિયા અને કોલેરા બહુ જ વ્યાપ્ત હશે તેવું જણાઈ આવે છે. કેપ્ટન મેકમાર્ડોની કબરખાટલા ઘાટે છે, કેમ કે ખાટલામાં સૂવાની મનાઈ છતાં વરણું પીરની જગ્યામાં તે ખાટલામાં સૂતો અને તેથી જ મૃત્યુ પામ્યો તેવું મનાય છે. આ વરણું ગામના મહાદેવના મંદિરમાં, બધાની નજર પહોંચે તે રીતે કામક્રીડાનું શિલ્પ કંડારાયેલ છે. કામક્રીડા માનવ જીવનનો ક્રમ હોવાથી તેના પ્રદર્શનમાં કોઈ છોછ ન હતો અને કળા પાછળ અશ્લિલતા દેખાતી પણ નહીં.

ભુજની છતરડી-ગામેગામના પાળિયા

મૃત્યુ સ્મારકોમાં ભુજની છતરડીઓ પણ છે. રાવ લખપજીની છતરડી ખાસ ધ્યાનપાત્ર છે. તેના મંડોવરમાં દેવદેવીઓની મૂર્તિઓ કંડારેલી છે અને પહેરેલ કપડે કામક્રીડામાં વ્યસ્ત યુગ્મો દર્શાવાયેલ છે જે આ સમયે એટલે કે ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં જાતિયતાના પ્રદર્શન અંગેની માન્યતા રજૂ કરે છે. અહીં પ્રાગમલજીની છતરડી પણ કલાત્મક છે. જ્યારે રાવશ્રી ખેંગારજીની છતરડીને જાણીજોઈને નુકસાન પહોંચાડેલ છે તે જોઈને દુઃખી થવાય છે.

ત્યારબાદ પુરાતત્ત્વમાં પાળિયાઓ આવે. કચ્છના ગામેગામ પાળિયાઓ વીતેલ જમાનાની યાદ આપતા ઊભા છે. કુનરીઆ, લોડાયના મહાકાય પાળિયા, શિકારપર, ગેડી, ધાણેટી કે રાપરના અલંકૃત પાળિયા અભ્યાસની સારી સામગ્રી છે.

આ પૈકી છસરા ગામનો 'ગાલઈબાઈ રતનબાઈ'નો પાળિયો સ્ત્રી ઘોડેશ્વાર દર્શાવે છે. ધાણેટીના પાળિયામાં ગ્રામજનોના જાનમાલની રક્ષા મહદઅંશે પછાત ગણાતી કોમ કરતી તેવું દર્શાવે છે, કેમ કે તમામ મૃતાત્માઓ કુંભાર કોમના જ છે. ઘમડકા ગામે ઘણા પાળિયા સ્ત્રીઓને હાથમાં કટાર સાથે દર્શાવે છે- આ ગામે ''દિલ્હીના બાદશાહ''ના સેનાપતિ અઝીઝ કોકાના સૈન્યે યુદ્ધ ખેલેલું- એટલે દુશ્મન સૈન્યથી વિધવા સ્ત્રીઓએ આત્મસમર્પણ કર્યાના આ પાળિયા છે. પાળિયાઓમાં વર્ષ, મૃતકનું નામ, મરવાનું કારણ અને કયારેક રાજાઓના નામ પણ આપેલ હોય છે. આથી ઐતિહાસિક દ્રષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ હોય છે. તે પર આપેલાં સૂર્ય-ચંદ્રના નિશાન પાળિયાનું મહત્ત્વ સૂર્ય-ચંદ્ર આકાશમાં રહે ત્યાં સુધી રહેશે તેવું સૂચન કરે છે.

સામાન્ય રીતે પાળિયા તરીકે ભૂલથી ઓળખાતા પથ્થર પરના લેખો પણ કચ્છમાંથી મળે છે આ પૈકી લાખોંદ ગામનો ગાય-સુવરનો લેખ રાજાએ આપેલ જમીન પર હિન્દુ અતિક્રમણ કરે તો ગૌમાંસ ભક્ષણ કર્યા જેવું અને મુસ્લિમ કરે તો તેને સુવરનું માંસ ભક્ષણ કર્યા જેવું ગણાશે. તેવું સૂચન કરે છે. આ બંને ધર્મોમાં આ પ્રાણીઓનું ભક્ષણ નિષિદ્ધ છે, તેથી તે જમીન સુરક્ષિત રહેશે. પોલીસ જેવા તંત્રની ગેરહાજરીમાં ધાર્મિક માન્યતાઓ મારફત સાર્વજનિક મિલકતનું રક્ષણ કરવામાં આવતું તે જ રીતે ગોચર ભૂમિને અલગ તારવવા ત્યાં



ભલા ઊગા ભાણ' એ ભાવના સાથે અર્ધ્ય આપવાનું સ્થળ, કંથકોટનું સૂર્ય મંદિર તસવીર : એલ. એમ. પોમલ

પથ્થર પર સવત્સ ગાય દર્શાવવામાં આવતી.

કાષ્ટકળાના ભવ્ય નમૂના

ત્યારબાદ કાષ્ટકળાના અદ્દભૂત નમૂનાઓ પણ જોવા મળે છે. ભુજના ગઢના નાકાઓના મહાકાય બારણાઓ આજ પણ જોઇ શકાય છે. આયના મહેલની બારીઓ પરની લાકડાની જાળીઓ રાણીઓ પ્રાંગણમાં થતા સમારંભો જોઇ શકે. પણ તેમને કોઇ જોઇ ન શકે. રાજ્યનો સ્ત્રી વર્ગ પતિ કે પુત્ર સિવાય કોઇ પુરૂષને મળી ન શકે અને પુરૂષ તેને જોઇ પણ ન શકે તેવો રિવાજ હતો. ફતેહમહમ્મદના ખોરડાં નામે ઓળખાતી ઈમારતના અંદરના ભાગે સુંદર કાષ્ટકળા જોવા મળે છે. પરંતુ સૌથી અદ્દભૂત તો મુન્દ્રાના નવલખા બંગલામાં પૂજાના ઓરડાના દ્વાર પરની કોતરણી છે. અનેક જાતની ફૂલવેલ અને પાનની ઝીણી કોતરણી નયનરમ્ય છે, તો હાથીદાંતના જડાઉ કામનો ઉત્કૃષ્ટ નમૂનો આયના મહેલમાં છે. આ દ્વારની માગણી લંડનના ઈન્ડિયન મ્યુઝિયમે પણ કરી હતી. આ દ્વાર સુતાર માધે કોરી ૪૦૦માં ૧૮મી સદીમાં કર્યું હતું.

કચ્છના ઘરોમાં ધાર્મિક ચિત્રો આલેખવાની પરંપરા હતી. બ્રિટીશ અમલ પછી બ્રિટીશ સૈનિકો, તોપગાડી અને રેલગાડી પણ ચિતરવામાં આવતી. આ પૈકી કેપ્ટન મેકમર્ડોનો બંગલો, અંજારમાં રામાયણ અને મહાભારતના ચિત્રો, નાનાલાલ વકીલના મુન્દ્રા ગામના ઘરમાં પણ ચિત્રો જોવા મળે છે. આવા ચિત્રો હાજાપર, સિનુગ્રા જેવા મિસ્ત્રી ગામોમાં પણ છે. આ ચિત્રો દ્વારા કુટુંબમાં સંસ્કાર સિંચન કરવાનો ઉમદા હેતુ હતો. તેરાના દરબારગઢમાં તો રામાયણના ચિત્રો, રાજા ઊઠે કે તેની નજર તેના પર પડે તેવી રીતે બનાવવામાં આવ્યા છે. આ ચિત્રોની સુંદર પ્રતિકૃતિઓ, ભુજમાં કચ્છના સંસ્કૃતિ દર્શનમાં મૂકવામાં આવી છે.

ગામ ગઢ અને દરબારગઢ

કચ્છમાં ઘણાં ગામોમાં જૂના ગઢ, ગામ ગઢ કે દરબારગઢ આવેલા છે. ઉપરાંત રોહા, ભચાઉ અને ભુજીયાના પર્વતીય ગઢો પણ આવેલા છે. આ તમામ ગઢો તોતિંગ હોવા ઉપરાંત કલાત્મક પણ છે. કોઠારાના ગઢના તોરણીયા નાકા પરનું છજા પરનું કામ, ભચાઉની ગઢીનું પ્રવેશદ્વાર નોંધપાત્ર સ્થાપત્ય ધરાવે છે. કંથકોટ અને બોલાડી ગઢો પ્રાચીન છે અને છેક ધોળાવીરામાં પણ હડપ્પન ગઢના અવશેષો છે. કચ્છીઓએ દ્વારકા પાસેના કચ્છી ગઢમાં દરિયાઇ કિલ્લો પણ બાંધેલો છે. ભુજીયા કિલ્લામાં નાગ દહેરીથી દક્ષિણની ગઢની રાંગ પર ગાડાઓ ચાલી શકે તેવી પહોળી છે. તે જ રીતે લખપતનો ગામગઢ તેની પહોળાઇ માટે નોંધપાત્ર છે. જ્યારે માંડવીનું નવું નાકું તેની કમાનો અને નાગદેવની આકૃતિ માટે પ્રસિદ્ધ છે.

રાજાઓના મહેલમાં જૂનો આયના મહેલ પછી નવો બંધાયેલો પ્રાગમહેલ તેના ભવ્ય ટાવર અને વિશાળ દરબાર હોલ અને સમગ્રપણે લંડનમાંના શાહી બાંધકામોનો ખ્યાલ આપે છે. અહીંનું ઘડિયાળ ઘણા સમયથી બંધ છે. તેની રચના લંડનના સુપ્રસિદ્ધ બિગબેન ટાવર જેવી જ છે. મુખ્ય રાજા ઉપરાંત ભાયાતોના મહેલો પણ છે. પત્રીના રાજ મહેલની ઊંચાઇ ઉપરાંત કોતરકામથી આકર્ષક બન્યો છે જ્યારે રોહાનો રાજમહેલ ભુજના પ્રાગમહેલની પ્રતિકૃતિ જેવો બનાવવાનો પ્રયત્ન થયો હોય તેવો લાગે છે. આ મહાલયોમાં ઉનાળામાં ઠંડક રહે તેવી ખાસ વ્યવસ્થા હતી. દા.ત. ભુજના આયના મહેલમાં મધ્યખંડમાં ફૂવારાઓવાળો કુંડ હતો. દિવાલોની જાડાઇથી પણ ગરમીથી રક્ષણ મળતું.

આધુનિક કહી શકાય તેવા વિજય વિલાસ અને રણજીત વિલાસ રાજસ્થાનના મહેલ જેવા બનાવાયા છે. સાર્વજનિક બાંધકામોમાં માંડવીનો રૂકમાવતી પૂલ અને કસ્ટમ હાઉસ પણ તોતિંગ છતાં કલાત્મક બાંધકામોના નમૂનાઓ છે. ભુજની જેલ, ટંકશાળ અને હાથીસ્થાન પણ નોંધપાત્ર સ્થાપત્યો છે.

છેલ્લે કચ્છના સિક્કાઓમાં 'જયહિન્દ' સિક્કાઓ ભારતની આઝાદી અને કચ્છનો સંબંધ દર્શાવે છે.

પુરાતત્ત્વીય ઈમારતોની હાલત દયનીય છે. ભુજની છતરડીના સ્થંભોના અગ્રભાગના જૂના ફોટામાં, જોવા મળતાં શિલ્પો આજ જોવા મળતાં નથી.

કેરામાં પ્રાચીન શિવાલયના શિલ્પો ત્યાંના ગઢમાં જડી દેવામાં આવ્યા છે. ખાળની ગટર પાસે જડી દીધેલ શિલ્પ ''હલ્લીરા નૃત્ય'' મ્યુઝિયમમાં ખસેડવામાં આવ્યું તે જોવાથી આવા સુંદર શિલ્પનો આ ઉપયોગ ખિન્ન બનાવે છે.

કંથકોટ, કોટાય અને પુંઅરાના પ્રાચીન મંદિરોના શિલ્પોની હાલત પણ તેવી જ છે. આસપાસ પડેલાં આવા શિલ્પો ઓછા થતા જાય છે.


ગેડી દરબારગઢના એક મકાન નીચે ૧૩મી સદીનું મંદિર જોવા મળેલ. જે પાછળથી પૂરી દેવામાં આવ્યું છે.

ભદ્રેશ્વરમાં કૂફીલિપિના મૃત્યુલેખો રસ્તામાં પગતળે કચડાય છે પરંતુ ધાર્મિક માન્યતાઓને લઈને તે ખસેડી શકાતા નથી તેવું જ ચોખંડા મહાદેવના ઓટલામાં જડાયેલ ૧૩મી સદીના લેખનું છે.

આમ આવી દયનીય હાલતનાં અનેકાનેક ઉદાહરણો છે. પુરાતત્ત્વની વિપુલતા જોતાં, તે જ વધુ સંભાળ લઈ શકે તથા જાળવણી કરવા માટે ગ્રામ પંચાયતો આગળ આવે તો દૂરસૂદૂર ફેલાયેલી પ્રાચીન ઈમારતો અને અન્ય પુરાતત્ત્વીય સામગ્રીનું રક્ષણ થઈ શકે. □

■ ૨૪, આનંદ કોલોની, ભુજ, ૩૭૦૦૦૧


□ તસવીર સૌજન્ય : ભુજ મ્યુઝિયમ
□ જે.પી. ગોસ્વામી



શિલ્પ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો લખપતમાં -ગોસ મામદનો કુબો.
તસવીર : સી. કે. પટેલ

કચ્છના કામણગારા પર્યટનધામો

□ ભરત 'કુમાર' પ્રા. ઠાકર



કચ્છના છેક દક્ષિણ છેવાડે અરબી સમુદ્રના કિનારા પર આવેલું પુરાણ પ્રસિદ્ધ કોટેશ્વર મંદિર.

એક બાજુ અફાટ ખારાપાટના રણ અને બીજી તરફ અરબી સમુદ્રના પાણીથી વીંટળાયેલો વિશિષ્ટ પ્રદેશ એટલે કચ્છ ! ખડતલ લોકોનાં હેતભર્યા હૈયાથી તે હરિયાળો છે. રેતાળ મુલકનાં હેતાળ માનવીનું પ્રેમાળ આતિથ્ય માણવા જેવું છે.

કચ્છમાં ઐતિહાસિક અને પૌરાણિક સ્થળોનો તોટો નથી. ગામેગામ આપણાં સાંસ્કૃતિક વારસાને તાદશ્ય કરતા સ્થાનકો, પાળિયા, કિલ્લા, ઈમારતો, ઈતિહાસનાં મૂક સાક્ષી બનીને ઊભા છે. પ્રકૃતિએ પણ અહિ છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે. આ સૌંદર્ય કયાંક કુમાશભર્યું અને મુલાયમ છે, તો કયાંક રુદ્ર અને રુક્ષ પણ છે. કોઈ પર્વતીય પ્રદેશમાં લીલીછમ વનરાજીથી સભર વિહારધામ હોય એવા અનેક સ્થળો કચ્છમાં છૂટાછવાયા પડયા છે.

તે સાથે શિલ્પ-સ્થાપત્યથી પણ કચ્છનો ખૂણેખૂણો ઝગમગે છે. 'સ્થાપત્ય એ થીજી ગયેલું કાવ્ય છે' એમ કોઈ સૌંદર્યવેત્તાએ કહેલી વાત કચ્છનાં કેરાકોટ, કંથકોટ, કોટાય વગેરે જેવાં સ્થળો જોતાં તેવી અનુભૂતિ થાય છે. કચ્છનાં અનેક સ્થાનોનાં શિલ્પો અને સ્થાપત્યો તો હવે વિશ્વખ્યાત થવા લાગ્યા છે. તેઓ સંશોધન અને આકર્ષણનાં કેન્દ્રો બન્યાં છે.

ભ્રમણભૂમિ કચ્છનાં આવા કેટલાક મહત્ત્વના અને જાણીતા પ્રવાસધામો, વિહારધામો, તીર્થધામોનો અત્રે સંક્ષિપ્તમાં સંકલિત પરિચય કરાવ્યો છે.

નારાયણ સરોવર - કોટેશ્વર

લખપત તાલુકામાં આવેલું પુરાણ પ્રસિદ્ધ 'નારાયણ સરોવર' ભારતનું મહા તીર્થસ્થાન ગણાય છે, જ્યાં હિન્દનાં પાંચ પરમ પવિત્ર પૌરાણિક સરોવરો પૈકીનું 'નારાયણ સરોવર' તથા તેના તીરે વિષ્ણુના આદિનારાયણ સ્વરૂપનું પ્રાચીન સ્થાન આવેલ છે. ભાગવત, બ્રહ્મવૈવર્ત, મત્સ્યાદિ પુરાણોમાં આ પ્રસિદ્ધ તીર્થના મહાત્મ્યનો ઉલ્લેખ જોવા મળે છે.

કચ્છના રાવ શ્રી દેશળજી-પહેલાના મહારાણી મહાકુંવરબાએ સંવત ૧૭૯૦માં અહિ દ્વારકાનાં મંદિરો જેવા ત્રિવિક્રમરાય આદિ દેવોનાં મંદિરો અને ફરતો કોટ બંધાવેલા છે. ત્રિવિક્રમરાયજીના મુખ્ય મંદિર સહિત સાત મંદિરોનું આ યાત્રાધામ છે. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની ભારતમાંની ૮૪ બેઠકો પૈકીની એક સુપ્રસિદ્ધ બેઠક અહિ આવેલી છે.

કારતક સુદ અગિયારસ (દેવદિવાળી)ના દિવસે તુલસીના ઠાકોરજી સાથેના વિવાહ પ્રસંગે તથા દર કાર્તિકી પૂર્ણિમાએ યોજાતા મોટા મેળા દરમ્યાન આ પ્રસંગો નિહાળવા, દર્શન કરવા, પવિત્ર સ્નાન કરવા અને પિતૃઓને પિંડદાન કરવા દર વર્ષે સેંકડો યાત્રિકો તીર્થરાજ નારાયણ સરોવરમાં ઉમટે છે. આ સ્થળ દયાપરથી ૪૭ અને ભુજથી ૧૫૦ કિ.મી. દૂર આવેલું છે.

નારાયણ સરોવરની યાત્રા સાથે ભાવિકો અહિથી ત્રણેક કિલોમીટરના અંતરે આવેલા 'કોટેશ્વર મહાદેવ મંદિર'ના દર્શન પણ અચૂક કરે છે. દંતકથા પ્રમાણે ગાયને બચાવવા હાથમાં ઉપાડેલું લિંગ રાવણે જમીન પર મૂકતાં ત્યાં એક કરોડ (કોટિ) લિંગ ફૂટી નીકળ્યા અને અસલ લિંગ શોધવું મુશ્કેલ બનતાં રાવણે એ સ્થળે જ શિવમંદિરની સ્થાપના કરેલી, જે 'કોટિલિંગેશ્વર' પરથી 'કોટેશ્વર' તરીકે ઓળખાયું.

વસહી તીર્થ ભદ્રેશ્વર : જૈનોનું જાણીતું યાત્રાધામ

મુન્દ્રા અને અંજાર શહેરોની વચ્ચે કચ્છી સ્થાપત્ય અને નકશીકામથી સભર દિવ્ય, મનોહર અને પરમ પ્રભાવક 'ભદ્રેશ્વર વસહીતીર્થ' તરીકે ઓળખાતું જૈનોનું ગુજરાતભરમાં જાણીતું યાત્રાધામ આવેલું છે. પ્રાચીનતાની દ્રષ્ટિએ ભારતમાં સમેતશિખરજી અને શેત્રુંજ્ય જેવા શાશ્વત મહાતીર્થો પછી વસહી તીર્થનો ક્રમ આવે છે. આ તીર્થ મુન્દ્રાથી ૩૦ અને ભુજથી ૭૫ કિ.મી.ના અંતરે આવેલું છે.

૧૨૦૦ ચોરસ ફૂટના મેદાનમાં ૩૮ ફૂટ ઊંચા, ૧૫૦ ફૂટ લાંબા અને ૮૦ ફૂટ પહોળા આ સુરમ્ય જિનાલયની રચના પણ ઘણી ભવ્ય અને ખૂબીભરી છે. સમતળ જમીનથી દેરાસરનો ગંભારો ઘણો ઊંચો હોવા છતાં લગભગ ૧૦૦ ફૂટ દૂરથી પણ મુખ્ય મૂર્તિના દર્શન થઈ શકે છે. તીર્થસ્થાનમાં બાવન તીર્થંકરોનાં દહેરાં અને ૨૧૮ સ્તંભો છે.

દેલવાડાનાં જિનમંદિરો જેવી બાંધણી ધરાવતા આ પ્રાચીન તીર્થધામે ભારતભરમાંથી દર વર્ષે એક લાખ ઉપરાંત જૈન અને જૈનેતર ભાવિકો દર્શનાર્થે આવે છે. પ્રતિ વર્ષ અત્રે ફાગણ સુદ ત્રીજ, ચોથ અને પાંચમના દિવસોએ તીર્થની વર્ષગાંઠ પ્રસંગે યાત્રા અને મેળો યોજાય છે.


આજુબાજુમાં આવેલ પ્રાચીન ભદ્રાવતીનગરીનાં ભગ્નાવશેષો અને તીર્થથી ત્રણેક કિલોમીટર અંતરે દરિયા કિનારે રમણીય વાતાવરણમાં આવેલું 'ચોખંડા (નાળેશ્વર) મહાદેવનું મંદિર' પણ જોવાલાયક છે.

૭૨ જિનાલય-વાંકી તીર્થ-જૈન પંચતીર્થી

માંડવી તાલુકાના તલવાણા ગામ પાસે કોડાય ચાર રસ્તાના ખૂણે 'ગુણનગર'ના ૮૦ એકરના વિશાળ સંકુલમાં અચલગચ્છાધિપતિ સદગત ગુણસાગર સૂરીશ્વરજીની પ્રેરણાથી 'આદિશ્વર બૌંતેર જિનાલય મહાતીર્થ'નું નિર્માણ ચાલી રહ્યું છે. મૂળનાયક આદિનાથ પરમાત્માની ૭૩ ઈંચની પ્રતિમા ધરાવતું મુખ્ય જિનાલય અને તેની ફરતે અષ્ટકોણાકારે ૭૨ જિનપ્રતિમાઓનાં દેરાસરો બંધાશે. હિન્દુસ્તાનનાં જૈન તીર્થોમાં અપૂર્વ ભાત પાડતું આ તીર્થસ્થાન ભાવિકો માટે પ્રેરણાસમું બની રહેશે. ૧૯૮૯માં કાળધર્મ પામેલા આ તીર્થધામના સ્વપ્નદ્રષ્ટા ગુણસાગરજીનું ભવ્ય 'ગુરૂમંદિર' પણ અત્રે બનાવાઈ રહ્યું છે. તે માંડવીથી ૯ અને ભુજથી ૪૮ કિલોમીટરે આવેલું છે.

વસહી તીર્થ અને બૌંતેર જિનાલય પછી કચ્છનું ત્રીજું જૈન મહાતીર્થ મુન્દ્રા તાલુકાના વાંકી ગામે વિકાસ પામી રહ્યું છે, જ્યાં વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજીની પ્રેરણાથી તૈયાર થયેલા ભવ્ય જિનાલયનું ૧૯૮૯માં ઉદ્દઘાટન થયું હતું. ૧૨ ફૂટ ઊંચા પડથાર ઉપર ૨૫૧ ફૂટ લંબાઇ, ૧૬૫ ફૂટ પહોળાઇ અને ૮૫ ફૂટ ઊંચાઇના આ નૂતન જિનમંદિરમાં મૂળનાયક તરીકે ૫૧ ઈંચની વર્ધમાન સ્વામીની મૂર્તિ બિરાજે છે. મુન્દ્રાથી ૨૧ અને ભુજથી ૪૨ કિલોમીટરના અંતરે આવેલું છે.

આ સિવાય અબડાસા તાલુકામાં કોઠારા, જખૌ, તેરા, નલિયા, સુથરી અને સાંધાણમાં આવેલા ભવ્ય, દિવ્ય અને સુરમ્ય જૈનચૈત્યોનો સમૂહ 'કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી' તરીકે વિખ્યાત છે. તે તમામ છ જિનાલયોનાં નામ અને સ્થાપનાનો સમયક્રમ આ પ્રમાણે છે : સુથરી (ધૃતકલ્લોલ પાર્શ્વનાથ, સંવત ૧૮૯૬), નલિયા (ચન્દ્રપ્રભ, ૧૮૯૭), જખૌ (મહાવીર સ્વામી, ૧૯૦૫) સાંધાણ (શાંતિનાથ, ૧૯૧૦), તેરા (જીરાવલ્લા પાર્શ્વનાથ, ૧૯૧૫) અને કોઠારા (શાંતિનાથ, ૧૯૧૮).



કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી તરીકે પ્રખ્યાત બનેલ અબડાસાના જીનાલયો પૈકી ચિત્રમાં દેખાય છે એ સુથરીનું સુંદર દેરાસર.

દર વર્ષે દેશદેશાવરથી હજારો જૈન યાત્રિકો અને સંઘો પંચતીર્થીની યાત્રાએ આવે છે. દર્શન કરી પાવન થાય છે અને દેરાસરોની ભવ્યતા, રમણીયતા, દિવ્યતા તથા નકશીદાર શિલ્પકલા જોઇ મંત્રમુગ્ધ બને છે. અંતર : નલિયા-ભુજથી અનુક્રમે કોઠારા ૧૯/૮૩, તેરા ૧૩/૮૭, જખૌ ૧૬/૧૦૦, સાંધાણ ૩૭/૧૦૦, સુથરી ૩૨/૧૧૦ અને નલિયા ૧૦૩ કિલોમીટર.

ધોરમનાથ મંદિર અને થાન જાગીર : ધીણોધર

નખત્રાણા તાલુકાના નાની અરલ ગામની પાસે ૪૦ કિલોમીટરનો ઘેરાવો, ૧૨૬૭ ફૂટની ઊંચાઇ અને ૯૦૦ પગથિયા ધરાવતા ધીણોધર ડુંગરની ટોચે કચ્છના સિદ્ધયોગી દાદા ધોરમનાથજીના પગલાની દેરી અને ધૂણો આવેલ છે, જ્યારે ડુંગરની નીચે તળેટી, જે 'થાન' તરીકે ઓળખાય છે તેમાં દાદાનું પ્રાચીન મંદિર, અખંડ જ્યોત, ધૂણો, ધોરમ-સ્તંભ વગેરે આવેલા છે.

હિમાલય જેમ યોગી-મહાત્માઓની ભૂમિ છે તેમ કચ્છનો ધીણોધર પણ તપોભૂમિ તરીકે પ્રખ્યાત છે. સૈકાઓ પૂર્વે પેશાવર કે પંજાબથી વિહાર કરતા કચ્છ આવેલા નિરંજન નિરાકાર નાથયોગી દાદા ધોરમનાથજીએ પ્રથમ આ ડુંગર ઉપર ઉગ્ર તપ કર્યું હતું અને પછીથી તળેટીમાં ધૂણો પ્રગટાવ્યો હતો. કચ્છના કવિ નિરંજનજી જ્યારે હિમાલયની યાત્રાએ ગયેલા ત્યારે 'હેમાળે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન' ગાઇને હિમાલયમાં પણ તેમને ધીણોધરના દર્શન થયા હતા.

એક સમય કચ્છની આ સૌથી મોટી ધર્માદા જાગીર આશરે આઠ સદી જૂની છે. ધોરમનાથજીનું એક મંદિર નાની રાયણ (તા. માંડવી)માં પણ આવેલું છે. રમણીય અને પવિત્ર વાતાવરણ વચ્ચે આવેલા ઐતિહાસિક ધીણોધરના તીર્થધામે ફાગણ સુદ ચોથ અને પાંચમના ધોરમનાથનો પ્રખ્યાત મેળો યોજાય છે. અંતર : નખત્રાણા ૨૨ અને ભુજ ૬૪ કિલોમીટર.

દત્તાત્રય મંદિર : કાળો ડુંગર

કચ્છની ઉત્તર સરહદે ખાવડા પાસેના ધ્રોબાણા ગામ નજીક ૧,૪૬૦ ફૂટ ઊંચા અને ૯૫૬ હેકટર વિસ્તારમાં પથરાઇને પડેલા કચ્છના સૌથી ઊંચા અને પ્રખ્યાત કાળા ડુંગર ઉપર 'પચ્છમાઇ પીર'ના હુલામણા નામે ઓળખાતા ગુરુણામ્ ગુરુ દત્તાત્રેયજીનું પ્રસિદ્ધ યાત્રાધામ આવેલું છે. સમગ્ર પચ્છમ વિસ્તારનાં લોકોની શ્રદ્ધા અને આસ્થાનું તે પરમ સ્થાન છે.

ભાદરવા સુદ અગિયારસના યોજાતા વાર્ષિક મેળા પ્રસંગે કચ્છ અને બહારથી મોટી સંખ્યામાં લોકો 'પચ્છમાઇ પીરનો મેળો' મહાલવા ઉમટી પડે છે. કાળા ડુંગર પર જ્યારે ભાવિકો ગુરુ દત્તાત્રેયને પેડી ધરે છે અને પૂજારી ઝાલર વગાડી લોંગ..... લોંગ..... સાદ કરી શિયાળને પ્રસાદી આરોગવા બોલાવે છે ત્યારે શિયાળોનો સમૂહ પ્રસાદી લેવા કાળા ડુંગર પર મંદિર સુધી આવે છે. અંતર : ખાવડા ૧૮ અને ભુજ ૯૦ કિલોમીટર.

આશાપુરા મંદિર : માતાના મઢ

પશ્ચિમ કચ્છમાં પવિત્ર અને પ્રાચીન યાત્રાધામ માતાના મઢમાં કચ્છ દેશની કુળદેવી ગણાતા આઇ આશાપુરા માતાજીનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે, જે લગભગ બારસો વર્ષ જૂનું મનાય છે. કચ્છમાં જાડેજા રાજવંશના પ્રથમ રાજવી ખેંગારજી-પહેલા મા આશાપુરાની કૃપાથી રાજા બન્યા હતા. એટલે એમના રાજ્યાભિષેકથી માંડી આજ લગી કચ્છનું રાજકુળ માતાને પૂજતું રહ્યું છે અને આશ્વિન નવરાત્રિમાં રાજકુટુંબ તરફથી આશાપુરા માતાજીને ચામર ઢોળવામાં આવે છે.

ભૂકંપથી મંદિરને નુકશાન થયેલું ત્યારે સુંદરજી સોદાગર અને લક્ષ્મીદાસ કામદારે ૧૮૨૪માં આ માતૃમંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. આશાપુર્ણ દેવીજીનું વર્તમાન મંદિર ૫૮ ફૂટ લાંબું, ૩૨ ફૂટ પહોળું અને ૫૨ ફૂટ ઊંચું છે. નજીકમાં ચાચરાભવાની મંદિર, હિંગલાજ મંદિર અને પ્રખ્યાત 'ચાચરાકુંડ' પણ આવેલા છે, જ્યાં પવિત્ર સ્નાન કરવાનું અને નવજાત શિશુનાં બાળમોવાળા ઊતારવાનું મહાત્મ્ય રહેલું છે.

દર વર્ષે હોમાદિક પૂર્ણાહુતિના દર્શન માટે આસો સુદ આઠમ (હવનાષ્ટમી)ના યોજાતા મોટા મેળામાં દૂર દૂરથી હજારો ભાવિકો દર્શનનો લાભ લેવા એકઠા થાય છે. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ સંઘ પદયાત્રા યોજીને પણ માતાજીના દર્શને આવે છે. અંતર : દયાપર ૧૪ અને ભુજ ૧૦૦ કિલોમીટર.

જેસલ-તોરલની સમાધિ : અંજાર

અંજાર શહેરના પાદરે ગુજરાતભરમાં વિખ્યાત 'જેસલ-તોરલની સમાધિ' આવેલી છે. નિષ્ઠુર બહારવટિયા જેસલને ઉપદેશ પ્રબોધી તેના અંતરના કમાડ ખોલી આધ્યાત્મિક માર્ગે વાળનાર સતી તોરલનો ઇતિહાસ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રચલિત લોકકથાઓ અને લોકકાવ્યોમાં અમર બની ગયો છે. તોરલના સતીત્વ અને ભકિત થકી તલવાર ત્યજી તંબુરાને શરણે આવનાર જેસલ જાડેજો 'જેસલપીર' તરીકે પૂજાયો.

સ્મૃતિ-સ્થાનમાં જેસલ-તોરલની સમાધિઓ ઉપરાંત જેસલ-તોરલ, રૂપાદે-માલદે અને રામદેવપીરની આકર્ષક પ્રતિમાઓ પણ પ્રતિષ્ઠિત છે. એક લોકોકિત પ્રમાણે પ્રતિ વર્ષ જેસલની સમાધિ જવભાર અને તોરલની સમાધિ તલભાર એકબીજાની નજીક ખસતી જાય છે.

કચ્છ અને બહારથી દર વર્ષે હજારો યાત્રિકો ભકિતભાવથી ભીંજવતી આ સમાધિના દર્શને આવે છે. ચૈત્ર સુદ ચૌદસ અને પૂનમના આ સ્થાને મોટો મેળો ભરાય છે. અંતર : ભુજ ૪૦ કિલોમીટર.

મેકણદાદાની સમાધિ : ધ્રંગ

કચ્છના સંત મેકણદાદા લક્ષ્મણજીના અવતાર મનાય છે. પ્રેમનું એમણે એવું તો વિભાજન કર્યું કે લાલિયા (ગધેડા) અને મોતિયા (કૂતરા) જેવા પશુઓને પણ કચ્છના રણમાં ભૂખ્યા-તરસ્યા ભટકતા માનવીઓને ખોરાક અને પાણી પૂરું પાડવાની મહાન સેવાઓની દીક્ષા આપેલી.

મેકણદાદાએ વાગડમાં ભચાઉ તાલુકાના જંગી અને ભુજ તાલુકાના લોડાય ગામે બાર-બાર વર્ષ તપ કરી ભુજ તાલુકામાં આવેલા ધ્રંગને પોતાની કર્મભૂમિ બનાવી હતી



અંજારની વિખ્યાત જેસલ-તોરલની સમાધિ

અને ત્યાં જ એમણે પોતાનાં અગિયાર સાથીઓ જોડે સમાધિ લીધેલી. ત્યારે એજ સમયે સિંધ, કાઠિયાવાડ, કચ્છમાં દાદાનાં બીજા ત્રીસ જેટલા શિષ્યો પણ જે તે સ્થળોએ જીવંત સમાધિસ્થ થયા હતા. તેમનાં મૂંગા સાથીદારો લાલિયો-મોતિયો પણ તેમની સમાધિની બાજુમાં પોઢયા છે.

ધ્રંગમાં સ્થાપેલ અખાડામાં જે સ્થળે દાદાએ સમાધિ લીધી તે પર અત્યારે ઊંચા શિખરથી શોભતું ભવ્ય સમાધિ-મંદિર ઊભું થયું છે. આજે પણ ધ્રંગના સમાધિ-સ્થાનમાં તેમની અને તેમનાં શિષ્યોની બાર લોર બતાવવામાં આવે છે, જે 'દાદાની બારઇ' તરીકે ઓળખાય છે. ઉપરના ધૂણા-ખંડમાં દાદાની અસલ 'ગોમુખી કાવડ' અને ઝંડો સાચવી રાખવામાં આવ્યા છે.

સમાધિ-સ્થાન પરિસરમાં શિવમંદિર, દાદાના નાના ભાઇ પતોજી ઉર્ફે પતંગશાહ પીરની દરગાહ, દાદાએ બંધાવેલી ખીરસરી વાવ વગેરે પણ જોવા મળે છે. દર મહાશિવરાત્રી (મહા વદ તેરસ)ના દિને ધ્રંગ ખાતે પરંપરાગત લોકમેળો યોજાય છે. અંતર : અંજાર ૪૫ અને ભુજ ૩૨ કિલોમીટર.

ભુજની કલાત્મક છતરડીઓ અને કચ્છ મ્યૂઝિયમ

ભુજના મહાદેવ નાકા બહાર છતરડીવાળા તળાવમાં કચ્છનાં રાજકુટુંબોની 'છતરડીઓ' આવેલી છે. 'છતરડી'એ કચ્છનાં જુદા જુદા રાજવીઓનાં ઘુમ્મટ જેવા આકાર નીચે બંધાવેલા સ્મારકો છે. તેમાં રાવ શ્રી લખપતજીની 'છેલછતેડી' તરીકે ઓળખાતી છત્રી કળા કારીગરીના ઉત્તમ નમૂનારૂપ છે, જેમાં શિલ્પોનો ભંડાર કોતરેલો પડયો છે.

કચ્છની રાજાશાહીનાં સ્મરણાવશેષો જેવી આ ઐતિહાસિક છત્રીઓમાં નમણી, નાજુક અને નઝાકતભરી કચ્છની અદ્દભૂત શિલ્પકલા કંડારાયેલી છે. છત્રીનાં સ્તંભોની રચના, ઘાટ, કોતરણી, ઘુમ્મટ અને વપરાયેલ વિશાળ શીલાઓ મુગ્ધ કરે છે. આ છતેડીઓએ વિશ્વનાં કળાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે અને દેશ-વિદેશથી લોકો તેના કળાવૈભવને માણવા આવે છે.

કચ્છ વિષે જાણવા ઇચ્છુક પ્રવાસીઓ માટે એક ભોમિયાની ગરજ સારતું કુતુહલપ્રેરક સ્થળ એટલે ભુજનું 'કચ્છ મ્યૂઝિયમ'. ગુજરાતના સૌથી જૂના સંગ્રહાલયનું ગૌરવ ધરાવતા કચ્છ સંગ્રહસ્થાનની સ્થાપના ખેંગારજી-ત્રીજાના શાસનમાં ૧૮૭૭માં કલાશાળાના એક ભાગ રૂપે થઇ હતી, જ્યારે હાલના સંગ્રહસ્થાનની ઇમારતનો પાયો ૧૮૮૪માં મુંબઇના રાજ્યપાલ સર જેમ્સ ફર્ગ્યુસનના હસ્તે નખાયો હતો. રૂપિયા ૩૨,૦૦૦ના ખર્ચે તૈયાર થયેલું ઇટાલિયન શૈલીનું આ સંગ્રહસ્થાન ત્યારે 'ફર્ગ્યુસન મ્યૂઝિયમ' તરીકે ઓળખાતું.

કચ્છના ઇતિહાસ અને પુરાવશેષો સાથે સંબંધ ધરાવતું તથા આઠ વિભાગોમાં વહેંચાયેલું આ સંગ્રહાલય બહુહેતુક અને પ્રાદેશિક સ્વરૂપનું છે. તેથી જ કચ્છની કલા, ઇતિહાસ, સંસ્કૃતિ, લોકજીવન, ઉદ્યોગો, હસ્તકૌશલ, પુરાવશેષો વગેરેને એક નજરે જોઇ લેવા માટેનું આ એક આદર્શ સ્થળ છે. તેમાં કચ્છનું શિલ્પ-સ્થાપત્ય, કલા-કારીગરી, સોના-ચાંદી, મીનાકામનાં વાસણો, સિક્કા, ચિત્ર અને કાષ્ટકલા.. વગેરેનાં શ્રેષ્ઠ નમૂના પ્રદર્શિત કરાયા છે.

ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ

કચ્છની લોકસંસ્કૃતિના મર્મી શ્રી રામસિહજીભાઇ રાઠોડ દ્વારા ૧૯૮૦માં આરંભિત 'ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ' આ પ્રદેશની સમૃદ્ધ લોકકલા કારીગરી અને લોક સાહિત્યનું કલાત્મક દર્શન કરાવતું એક વિશિષ્ટ સંગ્રહાલય છે.

કચ્છના સંસ્કાર-દર્પણ સમું આ ભાતીગળ સંગ્રહાલય ૧૯૯૨થી જાહેર પ્રદશનાર્થે ખૂલ્લું મૂકાયું છે. કપડા પર આલેખાયેલા ભરતચિત્રો, પ્રાચીન લેખન-સામગ્રીના નમૂના, કલાત્મક પૂજન-સામગ્રીઓ, સંગીતનાં કાષ્ટસાધનો, વિવિધ ધાતુનાં ભાતીગળ ઠામવાસણો, આભૂષણો, સિક્કાઓ, કમાંગરી ચિત્રો, વિવિધ વસ્ત્રાલંકારો, કચ્છનું પ્રાચીન સાહિત્ય વગેરે થકી આ સમગ્ર લોકકલા સંકુલ 'કચ્છીયત'થી મઘમઘે છે.

શાહી સંગ્રહસ્થાન : આયના મહેલ, પ્રાગમહેલ-શરદબાગ

ભુજના દરબારગઢમાં જૂના રાજમહેલના પહેલે માળે આવેલો અને રા'લખપતજીએ બંધાવેલો કચ્છનો પ્રખ્યાત 'આયના મહેલ' જાન્યુઆરી, ૧૯૭૭થી જાહેર દર્શનાર્થે ખુલ્લો મૂકાયો છે. કચ્છની કલાકારીગરીના ઉત્તમ નમૂનારૂપ આ મહેલ સન ૧૭૫૨ થી ૧૭૬૧ દરમ્યાન એ સમયે વીસથી પચીસ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલો છે : નામ પ્રમાણે તે વાસ્તવમાં 'અરીસાઓનો મહેલ' છે.

મનોહર ફૂવારા, કાચનાં ઝૂમ્મરો, આયનાઓથી આચ્છાદિત દીવાલો, હાથીદાંતના નકશીકામથી જડેલા દરવાજા, પરસાળની દીવાલો પર ભારતીય -યુરોપીય ચિત્રો,



ભુજના છતરડીવાળા તળાવમાં આવેલી શિલ્પસભર રાવશ્રી લખપતજીની વિખ્યાત છતરડી યોગ્ય જાળવણીના અભાવે ઝડપથી નામશેષ થઈ રહી છે.

અનેક પુરાણી વસ્તુઓ... વગેરે રાજાશાહી જમાનાનું તાદ્રશ્ય દર્શન કરાવે છે. કચ્છના કલાધર રામસંગ માલમે અહિં વિવિધ પ્રકારે કાચ અને લાદીઓની ફરસબંધી, કલાકારીગરીની ચીજો, ઘડિયાળો તથા આયાતીત હુન્નરી વસ્તુઓથી આ મહેલને અલંકૃત કર્યો છે.

આયના મહેલ કચ્છના રાજવંશનો ઇતિહાસ તથા તત્કાલીન ગૌરવવંતા કલા-કૌશલ્યનો ખ્યાલ આપતું શાહી સંગ્રહાલય બન્યું છે. ફૂવારામોલ (શીતમોલ), આયનામોલ (બહારમોલ), હીરામોલ (શયનખંડ) વગેરે તેનાં વિભાગો છે. દરબારખંડમાં સુવર્ણ પાયે ઢાળેલો રા'લખપતજીનો ઢોલિયો અને તે પર હીરાજડિત તલવાર પડેલા છે. ૧૯૭૯માં અહિં 'મદનસિંહજી મ્યૂઝિયમ', ૧૯૮૨માં 'કલા અટારી', ૧૯૮૯માં 'પિકચર ગેલેરી' અને ૧૯૯૦માં 'પ્રવાસી માહિતી કેન્દ્ર' પણ શરૂ કરાયું છે.

આયના મહેલની બહાર નીકળતાં કચ્છનો ઐતિહાસિક પ્રાગમહેલ અને તેનો પ્રસિદ્ધ ટાવર જોવા મળે છે. ઇટાલિયન ગોથિક શૈલીનો આલીશાન મહેલ મહારાવ પ્રાગમલજી-બીજાએ ૧૮૬૫ થી ૧૮૭૯ દરમ્યાન રૂા. ૩૧ લાખના ખર્ચે છેક ઇટાલીથી ઇજનેરો અને કારીગરો બોલાવીને ભારે શોખથી બંધાવ્યો હતો તેનો ઝાકઝમાળભર્યો 'દરબાર હોલ' રજવાડી ચીજવસ્તુઓથી અલંકૃત છે. મહેલ ઉપરના

૪૫મીટર ઊંચા 'બુલંદ ક્લોક ટાવર'ના વર્તુળાકાર પગથિયા ચડી ટોચ પરથી ભુજ શહેરનું વિહંગદર્શન પણ કરવા જેવું છે.


તો, ખેંગારબાગ પાછળ આવેલા 'શરદબાગ પેલેસ'ની મુલાકાત પણ લેવા જેવી છે. પ્રાગમલજી-બીજાના સમયમાં ૧૮૬૦માં બનાવાયેલો અને કચ્છનાં રાજવીઓનું ગ્રિષ્મ નિવાસસ્થાન બનેલા આ સંકુલને રાવ શ્રી મદનસિંહજીએ વ્યવસ્થિત સ્વરૂપ આપી પેલેસ જેવું ભવન બંધાવ્યું હતું. કચ્છના આ અંતિમ રાજવીએ પોતાનો અંતિમ સમય પણ અહિ જ વીતાવ્યો હતો. ભુજના ગુલદસ્તા જેવા આ શાહી સંગ્રહસ્થાનમાં મુખ્યત્વે મદનસિંહજી બાવાની સ્મૃતિ જાળવતી અનેક કિંમતી ચીજવસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે.

માંડવીનો વિજય વિલાસ પેલેસ અને વિન્ડફાર્મ

માંડવીથી થોડે દૂર કાઠડા ગામ પાસે દરિયા કિનારે ભવ્ય અને આલીશાન 'વિજય વિલાસ પેલેસ' આવેલો છે. કચ્છના રાજવી શ્રી વિજયરાજજીએ ૧૯૨૮માં આ રાજમહેલ બંધાવ્યો હતો, જેને બંધાતા દસ વર્ષ અને ખર્ચ તે સમયે વીસ લાખ રૂપિયા લાગ્યા હતા !

સાતસો એકરની આ રોયલ એસ્ટેટમાં મોગલ અને હિન્દુ સ્થાપત્ય કલાની ઝાંખી કરાવતા સોહામણા રાજમહેલ ઉપરાંત રૂપેરી રેતીના 'ઢુઆ' ઉપર 'ડયૂન હાઉસ'ની ઈમારત, વિજયરાજજીની સ્મારક છતેડી, તમાચીપીરની દરગાહ વગેરે આવેલ છે. મહેલ આસપાસ હજારોની સંખ્યામાં વિવિધ વૃક્ષોનાં ઝૂંડથી ઘેરાયેલું આ રળિયામણું સ્થળ જોવા જેવું છે. અંતર : કાઠડા ૩, માંડવી ૮ અને ભુજ ૬૦ કિલોમીટર.

સાગર કિનારે વાતા પવનનો કુદરતી લાભ લઈને તેમાંથી વૈકલ્પિક વીજળી ઉત્પન્ન કરવાનાં બે વિન્ડફાર્મ કચ્છમાં માંડવી અને તુણા ખાતે આવેલા છે. માંડવીના




માંડવીના રેતાળ દરિયા કિનારા પર ગુજરાતનું પ્રથમ વિન્ડફાર્મ

આહલાદક દરિયાકાંઠે જાન્યુઆરી, ૧૯૮૬માં રૂપિયા ૧૮૫ લાખના ખર્ચે સ્થપાયેલ વિન્ડફાર્મ ૧.૬ મેગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે અને પ્રતિ વર્ષ તે ગુજરાત વિદ્યુત બોર્ડને રૂા. ૨૭ લાખની કિંમતની ગ્રિડ ક્વોલિટી વીજળી પૂરી પાડે છે.

વિન્ડફાર્મમાં ૩૦ મીટરના અંતરે આવેલી અલગ અલગ ક્ષમતાની કુલ ૨૨ પવનચક્કીઓ ૧.૬૦ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલી છે. દસ ટન વજનની પવનચક્કીની સરેરાશ ઊંચાઈ ૨૦ મીટર જેટલી છે અને તેનાં ફાઈબર ગ્લાસનાં પાંખિયા ૭॥ મીટર લાંબા છે. પ્રારંભિક તબક્કે ગુજરાત વિદ્યુત બોર્ડ, ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ અને વેસ્ટર્ન ઈન્ડિયા ઈરેકટર્સ લિમિટેડ દ્વારા સંયુકતપણે સ્થપાયેલ માંડવીનું વિન્ડફાર્મ ૧૯૯૩માં ભારત-ડેન્માર્કની એનઈપીસી-માઈકોન કંપનીને સોંપાયું છે. માંડવીના દરિયા કિનારાની મોજ ઉપરાંત 'હુડિયો કોઠો' (દીવાદાંડી) પણ જોવાલાયક છે. અંતર : માંડવી ૨ અને ભુજ ૫૪ કિલોમીટર.

ત્રિવેણી તીર્થધામ : વાંઢાય

ભુજ તાલુકાના દેશલપર નજીક આવેલું 'વાંઢાય' કચ્છનું એક મહત્ત્વનું સાંસ્કૃતિક તીર્થધામ બની રહ્યું છે. અહિં ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્કાર સિંચનનાં ચાર કેન્દ્રો



વાગડમાં કંથકોટના ડુંગર પર બંધાયેલો કિલ્લો એના ભવ્ય ભૂતકાળની યાદ તાજી કરાવે છે. આ કિલ્લામાં સૂર્યમંદિર પણ જોવા જેવું છે.

આવેલા હોવાથી દર વર્ષે હજારો યાત્રિકો આ તીર્થસ્થાનની મુલાકાતે આવે છે.

વાંઢાયમાં કડવા પાટીદાર સમાજના કુળદેવી 'ઉમિયા માતાજીનું મંદિર' અને અદ્યતન અતિથિગૃહો આવેલા છે. કચ્છના સંત ઇશ્વરરામજીની સ્મૃતિમાં બંધાયેલ 'ઇશ્વરરામજી આશ્રમ' ઇશ્વરસાગરના તીરે આવેલ છે. આ પરંપરામાં કચ્છનાં મહાન સંતો ઓધવરામજી અને વાલદાસજી મહારાજ થઇ ગયા.

ઉપરાંત, તાજેતરમાં અત્રે વાલદાસજી મહારાજની પ્રેરણાથી ભવ્ય 'રામમંદિર'નું પણ નવનિર્માણ થયું છે. પાંડુરંગ શાસ્ત્રી પ્રેરિત કૃષિ અને ગ્રામોદ્યોગ સહિત તાલીમ આપતા 'ઇશ્વરભાવના વિદ્યાલય' અને છાત્રાલય પણ આવેલ છે. અંતર : દેશલપર ૨ અને ભુજ ૨૬ કિલોમીટર.

વાગડમાં કંથકોટનાં પુરાવશેષો

ધીણોધર પર ધોરમનાથ અને પચ્છમાઇ પર દત્તાત્રેયની જેમ વાગડમાં કંથકોટના ડુંગર પર દાદા કંથડનાથ બિરાજે છે. વાગડનું ગેડી વાઘેલાઓની રાજધાની હતી તેમ કંથકોટ કાઠીઓ અને સમાઓની રાજધાની બની હતી. કંથડયોગીઓનું પણ કંથકોટ મુખ્ય સ્થળ રહ્યું હતું.

સાતમી સદીમાં કંથકોટની ટેકરી પર કાઠીઓએ બંધાવેલા અને જર્જરિત થઇ ગયેલા કિલ્લાને સમા વંશનાં શાસકો જામ મોડ અને જામ સાડે ફરીથી બાંધીને દાદા કંથડનાથના નામ પરથી 'કંથકોટ' નામ આપેલું અને ગામ પણ એજ નામે ઓળખાયું. ૪૫૦ ફૂટ ઊંચા કંથકોટના ઐતિહાસિક કિલ્લાની તો આજે માત્ર ભાગર બચેલી જોવા મળે છે. આ કિલ્લાના બુરજમાં દેદા રાજપૂત શાસકોએ 'દાદા કંથડનાથજીનું મંદિર' બંધાવેલું છે.

કંથકોટમાં આવેલું શિલ્પમંડિત (પરંતુ અત્યારે ખંડિત) 'સૂર્યમંદિર' કાઠીઓના સમયનું હોવાનું મનાય છે. તેમાં બે હાથ જોડેલી નમસ્કારની મુદ્રાવાળી સૂર્યદેવની પાંચ ફૂટ ઊંચી વિશિષ્ટ મૂર્તિ જોવા મળે છે.

અહિં એક 'જૈન મંદિર'નું ખંડિયેર પણ છે. રાજસ્થાનથી કંથકોટમાં વસેલા ઓસવાળ લોકોએ ૧૨૮૦માં બંધાવેલું મનાતું આ જિનમંદિર મહાવીર સ્વામીનું હોવાનું અત્રેથી પ્રાપ્ત એક શિલાલેખ પરથી જણાય છે. અંતર : ભચાઉ ૨૫ અને ભુજ ૯૬ કિલોમીટર.

કેરા અને કોટાયનાં શિવાલયો –રૂદ્રાણી મંદિર અને ડેમ

ભુજ તાલુકાના કેરા ગામ પાસે કપિલકોટમાં અને કોટાય ગામ પાસે હબાય ડુંગર ઉપર અણગોરગઢની ગોદમાં પ્રાચીન કલાત્મક શિવમંદિરો આવેલા છે. એક હજાર વર્ષ પહેલાં રા'લાખા ફુલાણીએ બંધાવેલા મનાતા આ શિલ્પસમૃદ્ધ શિવાલયોની દીવાલો પર એક મૂર્તિનાં શિલ્પ અને સૌદર્યના દર્શન કરતા કલારસિક આંખો ધરપ પામતી નથી.

કેરા, કોટાય, કંથકોટ, પુંઅરેશ્વર અને ભુવડનાં પ્રાચીન મંદિરોનાં ભગ્નાવશેષો કચ્છનાં પુરાવશેષોની શિલ્પ પ્રતિભામાં મોખરે છે. આ મંદિરોમાંથી પ્રાપ્ત કેટલીક

શિલ્પકૃતિઓ કચ્છ સંગ્રહાલય અને શરદબાગમાં રાખવામાં આવી છે. પ્રમાણશુદ્ધ અને સુરેખ શિલ્પકામ તથા કલાત્મક કોતરણીઓ ધરાવતા કેરા-કોટાયનાં ભગ્નાવશિષ્ટ શિવમંદિરો ભારતીય શિલ્પસમૃદ્ધિનું અણમોલ અંગ છે અને ભારતની પ્રાચીન શિલ્પકલાનું તે ઉત્કૃષ્ટ સર્જન છે. અંતર : ભુજથી કેરા ૨૨ અને કોટાય ૪૫ કિલોમીટર.

તો ભુજ-ખાવડા રોડ ઉપર ખારી નદીના કિનારે રૂદ્રાણી માતાજીનું પવિત્ર યાત્રાધામ આવેલું છે. રવેચીવાળા સામબાઇ માતાની પ્રેરણાથી રાવ શ્રી દેશળજી-બીજાએ સંવત ૧૮૯૫માં રૂદ્રમાતાનું શિખરબંધ અને ગઢબંધું નવું મંદિર બંધાવ્યું હતું. તેમના વખતમાં રૂદ્રમાતા જાગીરની સ્થાપના થઇ હતી. અગાઉ રૂદ્રાણી માતા ઉપર પ્રતિ વર્ષ શ્રાવણ સુદ આઠમે સરપટ નાકાથી રાજસવારી નીકળતી.

મુખ્ય મંદિરમાં રૂદ્રાણી, આશાપુરા, રવેચી અને મહામાયા એમ ચાર શકિત સ્વરૂપોની સ્થાપના છે. રૂદ્રમાતા ઉપરાંત લક્ષ્મીનારાયણ, રૂદ્રેશ્વર મહાદેવ, રાંદલમાતા, જલારામ બાપાનાં મંદિરો, મોબુશાપીરની દરગાહ વગેરે પણ આવેલ છે. આ ધાર્મિક સંસ્થાનની સામાજિક, શૈક્ષણિક અને જીવદયાની પ્રવૃત્તિઓ પણ નેત્રદીપક છે.

રૂદ્રમાતાની ખ્યાતિ દેવીમંદિરના કારણે છે તે ઉપરાંત મંદિર પાસે જ કચ્છનો સૌથી મોટો મધ્યમ કક્ષાનો જળસિંચાઇ બંધ 'રૂદ્રમાતા ડેમ' પણ આવેલ છે. આ ડેમ જ્યારે પાણીથી છલકાતો હોય અને તેમાંય ચાંદની રાત હોય ત્યારે તો આ સ્થળની શોભા ખૂબ જ મનોહર બની રહે છે. સહેલાણીઓ માટે તે પર્યટનનું આકર્ષક સ્થળ છે. અંતર : ભુજ ૧૬ કિલોમીટર.

રવેચી મંદિર : મોટી રવ

પશ્ચિમ કચ્છમાં આશાપુરા, ઉત્તર કચ્છમાં રૂદ્રાણી અને દક્ષિણ કચ્છમાં જોગણીનાળ તેમ પૂર્વ કચ્છમાં રાપર તાલુકાના મોટી રવ ગામ નજીક આવેલું રવેચી માતાનું પ્રાચીન મંદિર પણ એટલું જ વિખ્યાત છે.

આ રવેચીનું પવિત્ર મંદિર સંવત ૧૮૭૮માં સામબાઇ માતાએ ૨૪,૦૦૦ કોરીના ખર્ચે બંધાવ્યું હતું. ૫૪ ફૂટ ઊંચું, ૧૪ ફૂટ લાંબું અને ૧૩ ફૂટ પહોળું મા રવેચીનું અસલ મંદિર પાંડવોએ બંધાવેલ હતું. મંદિરમાં રવેચી, મોમાઇ, ખોડિયાર, આશાપુરા અને અંબાજી એમ પંચશકિતઓ અને રામદેવપીરની પણ સ્થાપના છે. અહિ વાઘેલા રાજા અર્જુનદેવનો મોટો શિલાલેખ પણ જોવા મળે છે.

ચારે બાજુ લીલાંછમ વૃક્ષોની હારમાળાથી ઘેરાયેલા અને રમણીય તળાવની પાળે બિરાજેલા રવેચીના દર્શનાર્થે પ્રવાસીઓનો પ્રવાહ હંમેશા વહેતો હોય છે. ભાદરવા સુદ આઠમના રવેચી માતાનો પ્રખ્યાત મેળો યોજાય છે. અંતર : મોટી રવ ૩, રાપર ૧૫ અને ભુજ ૧૭૦ કિલોમીટર.

મોટાયક્ષ અને નાના યક્ષનાં સ્થાનકો

યક્ષોનો ઇતિહાસ પદ્ધરગઢ અને તેના રાજવી પુંઅરા સાથે સંકળાયેલો છે તથા પુંઅરાના ત્રાસથી લોકોને છોડાવવા આવેલા યક્ષોની કથા સાથે 'મોટા યક્ષ' જોડાયેલા છે. આશરે એક હજાર વર્ષ પહેલાં આ ભૂમિનાં માનવીઓના દુ:ખનાં ભાગીદાર બન્યા એવા આ મહામાનવોના આ સ્મારકને 'બૌતેંર યક્ષોના થડા' (મોટા જખ) તરીકે ઓળખવામાં આવે છે. ભુજ-નખત્રાણા રોડ પર કક્કડભિટ્ટની ટેકરી પર ઘોડેસવાર બૌંતેર ઘોળા યક્ષોની મૂર્તિઓ સ્થાપવામાં આવી છે.

માધાપર પાસે નાના યક્ષનું સુંદર સ્થાનક આવેલું છે, જે મહારાવ દેશળજી-પ્રથમની પ્રેરણાથી બંધાયેલું મનાય છે. મહારાવશ્રીને ભુજની બજારમાં જે દિશા તરફથી ૭૨ યક્ષોના દર્શન થયેલા ત્યાં જખોનું સ્થાનક બંધાવવા, દર વર્ષે આ દિવસની યાદમાં મેળો ભરવા તથા ભુજથી સવારી લઇ જઇ જખદેવોના દર્શન કરવાનો આદેશ આપેલો. એ સ્થાન તે માધાપર પાસે આવેલ આજનું નાના યક્ષનું સ્થાનક.

દર વર્ષે ભાદરવા માસના બીજા સોમવારે નાના યક્ષ (માધાપર) અને ત્રીજા સોમવારે મોટા યક્ષ (કક્કડભિટ્ટ)નાં વિખ્યાત મેળાઓ યોજાય છે. ત્યારે મોટી સંખ્યામાં લોકો 'જખદાદા'ના દર્શને ઉમટી પડે છે. અંતર : ભુજથી કક્કડભિટ્ટ ૩૬ અને માધાપર ૫ કિલોમીટર.

હાજીપીરવલીની દરગાહ : સોદ્રાણા

કચ્છમાં કોમી એકતાના પ્રતીક હાજીપીરવલીનું રણની કાંધી પર આવેલું દરગાહ-સ્થાન આજે અનેક શ્રદ્ધાળુઓનું યાત્રા સ્થળ બન્યું છે. કેટલાક લૂંટારાઓએ હાજીપીર નજીકના નરા ગામે લૂંટ ચલાવેલી ત્યારે એક વૃદ્ધાની ગાયો પણ લઇ જતાં તેને બચાવવા હાજીપીર જંગે ચઢયા અને શહીદીને વર્યા હતા એવી લોકકથા છે.

ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં સોદ્રાણા ગામે તળાવ પર પીરશ્રીની દરગાહનું પવિત્ર સ્થાન આવેલું છે. તેમનો ઉરસ શરીફ (યાત્રામેળો) દર વર્ષે મુસ્લિમ શાબાન માસ અને હિન્દુ ચૈત્ર માસના પ્રથમ સોમવારે ઉજવાય છે. જિલ્લાના આ સૌથી મોટા લોકમેળામાં આશરે એકાદ લાખની સંખ્યામાં ધર્મના ભેદભાવ વગર દૂરદૂરથી શ્રદ્ધાળુઓ પીરશ્રીની મઝારની સલામે આવે છે.


એમ મનાય છે કે બાજુમાં આવેલ 'કરોલપીરની દરગાહ'ની મુલાકાત વિના હાજીપીરની યાત્રા અધૂરી રહે છે. અહિ ૩૫ ફૂટ લાંબી મઝાર છે. બાજુમાં 'પીર ભાકરશાહનું ભોંયરું પણ આવેલ છે. અંતર : નખત્રાણા ૫૦ અને ભુજ ૧૦૦ કિલોમીટર.

કચ્છનાં અભયારણ્યો

અમદાવાદ પાસેના 'નળ સરોવર'ની જેમ કચ્છમાં 'સુરખાબ નગર' પક્ષીતીર્થ બન્યું છે. નાજુક અને સોહામણા સુરખાબ (ફ્લેમિંગો) પક્ષીઓ ચોમાસા દરમ્યાન કચ્છના મહેમાન બની બચ્ચાના પ્રજનન અને ઉછેર માટે મોટા પાયે મેલાણ કરે છે અને પૂરો શિયાળો કચ્છની રણભૂમિમાં વીતાવે છે. ભારતભરમાં કચ્છનું મોટું રણ સુરખાબની એકમાત્ર પ્રજનનભૂમિ છે અને ફલેમિંગો જેવા યાયાવર પક્ષીઓનું તે કુદરતી અભયારણ્ય બન્યું છે. ભુજથી સવાસો કિલોમીટર દૂર કચ્છના મોટા રણના દસેક કિલોમીટર જેટલા વિસ્તારમાં આ 'સુરખાબ નગર' વિસ્તરેલું છે.

લાંબા પગ, લાંબી સુરેખ ડોક, સુંદર પાંખ અને રકતધવલ દેહપ્રભા ધરાવતા આ પક્ષીઓ ઊગતા કે આથમતા સૂર્યપ્રકાશમાં ડોક આગળ ને પગ પાછળ લંબાવીને લાલિત્યપૂર્ણ ઉડાન ભરતા હોય ત્યારે એ દ્રશ્ય પ્રાકૃતિક સૌંદર્યસભર અને અવિસ્મરણીય બની રહે છે, કચ્છમાં સુરખાબોનો 'શિયાળુ-મેળો' જોવા દેશ-વિદેશથી પર્યટકો રણ-પ્રવાસે આવે છે.

કચ્છના નાના રણમાં જંગલી ગધેડા (ઘુડખરો), અબડાસા તાલુકામાં ઘોરાડ



માંડવીમાં રૂકમાવતી નદીના તટે આવેલો ડો. સૈયદના નુરમોહંમદ નુરૂદ્દીન સાહેબના રોઝા મુબારક અને વ્હોરાના હજીરા તરીકે વિખ્યાત બનેલો 'મઝારે-નૂરાની'.

પક્ષીઓ, લખપત તાલુકામાં ચિંકારા હરણો તથા નખત્રાણા તાલુકામાં છારી-ફૂલાયઢંઢ પાસે પક્ષીઓનું અભયારણ્ય (રક્ષિત વિસ્તાર) પણ વિકસ્યું છે.

મઝારે-નૂરાની : માંડવી

માંડવીમાં રૂકમાવતી નદીની ગોદમાં હરિયાળા વાતાવરણ વચ્ચે દાઉદી વોહરા સમાજના ૩૭મા ધર્મગુરૂ સૈયદના નૂરમોહંમદ નૂરુદ્દીનસાહેબનો વિખ્યાત હજીરો આવેલો છે. ૧૭૦૯માં દુષ્કાળ સમયે વરસાદની દુઆ માંગતા તેઓ નમાઝી હાલતમાં અહિં ખુદાને પ્યારા થયા હતા. 'મઝારે-નૂરાની'ના નામથી વિશેષ પ્રસિદ્ધ થયેલા આ સ્થળના 'નૂરાની મહેલ' પરિસરમાં આજે પણ તેમના કલાત્મક શ્વેત વફાત હજીરા જોવા મળે છે. અહિં બાવાશ્રીના બરકતી પોશાક પણ રાખવામાં આવ્યા છે.

'વોરાના હજીરા' તરીકે ઓળખાતા માંડવીના આ ધર્મસંકુલે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા હાંસલ કરી છે. નૂરુદ્દીનસાહેબની ઝિયારત વાસ્તે દેશ-પરદેશથી બારે માસ મોટી સંખ્યામાં વોહરા બિરાદરો આ પવિત્ર ધામની મુલાકાતે આવે છે. સંકુલમાં આધુનિક અતિથિગૃહો અને ભોજનાલયની સુવિધા પણ છે. દર વર્ષે મીસરી રજબ માસની ૧ થી ૭ તારીખો દરમ્યાન સપ્તાહભર ઉર્સ મુબારકની શાનદાર ઉજવણી થાય

છે. તેમાં ૪થી રજબનો દિવસ મુખ્ય મેળાનો દિવસ ગણાય છે. અંતર : તળ શહેરથી દોઢ કિલોમીટર.

મહંમદ પન્નાહ મસ્જિદ : ભુજ

ભુજમાં હમીરસર તળાવ સામે મહાદેવ નાકા અંદર આલમપન્નાહ ગઢની રાંગો ઉપરથી ડોકિયાં કાઢતા ઊંચા મિનારાવાળી અને નમૂનેદાર બાંધણીવાળી કચ્છની ઐતિહાસિક 'મહંમદ પન્નાહ મસ્જિદ' આવેલી છે. બગદાદથી આવેલા દૂરંદેશી દરવેશ પીર મહંમદ પન્નાહસાહેબે રાવ ગોડજી-બીજા (૧૭૬૧-૭૯)ના શાસનમાં કળા-સ્થાપત્યના નમૂનામાં ભારતભરમાં બેમિસાલ એવી આ મસ્જિદ બંધાવી હતી.

તેના નિર્માણમાં ઈરાકી, ઇઝરાયેલી અને સ્પેનિશ ઢબની ઝલક વર્તાય છે. તેની કમાનો સમરકંદ બુખારાની, મિનારા બગદાદની, જ્યારે દીવાલોની પહોળાઇ અને તીરદાર આંતરિક દ્વારો જેરુસલેમની યાદ અપાવે છે ! આ આલીશાન અને ભવ્ય મસ્જિદ ૨૪ મીટર લાંબી-પહોળી અને ૧૫ મીટર ઊંચી છે.

રમઝાન ઈદ અને બકરી ઈદનાં પ્રસંગોએ ઈદગાહની નમાઝ અહિં પઢવામાં આવે છે. બહારના ભાગમાં મહંમદ પન્નાહની પવિત્ર મઝાર અને રાવ રાયધણજીનો મકબરો આવેલ છે, જેના પર પછીના રાવ ભારમલજીએ રોઝા બંધાવેલા છે. આ ઉપરાંત ભુજમાં ભીડ વિસ્તારમાં આવેલ સાંકળવાળા પીરની દરગાહ તથા સેજવાલા માતમમાં આવેલ લાલશા બુરહાનશાહ પીર અને સીદી બાવાગોરની દરગાહો પણ દર્શનીય છે.

ગુલામઅલીની દરગાહ : કેરા

ભુજ તાલુકાના કેરા ગામ સ્થિત ગુલામઅલીશાહ પીરની દરગાહ કચ્છમાં ઈસ્નાઅશરી ખોજા સમાજનું પવિત્ર આસ્થાન છે. મૂળે સિંધના આ મહાન પીર



ભુજમાં હમીરસર તળાવની સામે મહાદેવના નાકાની અંદર આવેલી મહંમદ પન્નાહ મસ્જિદ

૧૭૯૩માં કચ્છમાં પધાર્યા હતા. ત્યારે કેરા ગામ પાસેની નાની ટેકરી પર કાયમી વાસ કર્યો અને અહિં તેમણે 'પંચતન પાક'નો પવિત્ર કૂબો ચણાવ્યો હતો.

કરાચીમાં અવસાન પામેલ પીરશ્રીની દફનવિધિ કેરા ખાતે કરવામાં આવેલી. તેમનાં મુરીદ ખોજાઓએ અત્રે તેમની યાદગીરીમાં સુંદર શ્વેત મકબરો ચણાવ્યો છે, જે આજે પણ ગામના નૈઋત્ય પાદરે ભુજ-મુન્દ્રા ધોરીમાર્ગ પરથી દૂરથી જ દ્રશ્યમાન થાય છે. બાજુમાં આવેલ ખોજાઓના વિશાળ કબ્રસ્તાનની વચ્ચે કેરામાં થઇ ગયેલા 'ઈસ્માઈલ ભગત' નામના ખોજા શિવભકતની આરસની કબર ધ્યાન ખેંચે છે.

પીરશ્રી ગુલામઅલીની વિખ્યાત દરગાહની નિશ્રામાં દર વર્ષે ચૈત્ર માસની મધ્યમાં ભરાતો ત્રિદિવસીય મેળો કચ્છની ધાર્મિક-સામાજિક એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. પીરશ્રીની 'સંદર મુબારક'નો કાર્યક્રમ ચૈત્રી પૂનમના યોજાય છે. અંતર : ભુજથી ૨૦ કિલોમીટર.

મૌલાઅલીની દરગાહ : નિંગાળ

જેમ ભુજ તાલુકાના કેરા ગામે ઈસ્નાઅશરી ખોજા સમાજના પવિત્રધામ સમાન ગુલામઅલીશાહ પીરની દરગાહ આવેલી છે. તેમ અંજાર તાલુકાના નિંગાળ ગામના નૈઋત્ય પાદરે અને લાખા ફૂલાણીના સમયના મનાતા નિંગાળસર તળાવ પાસે પ્રાકૃતિક સૌંદર્યથી સભર એવા આ રમણીય સ્થાને શિયા ઈમામી ઈસ્માઈલી ખોજા સમાજના પવિત્ર ધાર્મિક સ્થાન તરીકે સુવિખ્યાત હઝરત મૌલાઅલીની ભવ્ય દરગાહ આવેલી છે.

લગભગ દોઢેક હજાર વર્ષ પહેલાં થઇ ગયેલા હઝરત મૌલાઅલી અરબસ્તાનથી કચ્છમાં ધર્મોપદેશ કરતાં નિંગાળ ગામે આવેલા. તેમણે જે જગ્યાએ નમાઝ અદા કરી હતી તે સ્થાને તેમનાં પગલાંને પાકો આકાર આપીને મઢી લેવામાં આવ્યા છે અને તેના ઉપર દરગાહરૂપે આજે સરસ મજાનું ખુદાઇ સ્મારક ઊભું કરવામાં આવ્યું છે.

અગાઉ, આ સ્થાને ફાગણી પૂનમે મોટો મેળો ભરાતો. વર્તમાને ફાગણ (માર્ચ)ની આખર કે ચૈત્ર (એપ્રિલ)ના આરંભે ત્રણ દિવસની વાર્ષિક મિજલસ અને સામાજિક સંમેલન યોજવામાં આવે છે. અંતર : અંજાર ૧૬ અને ભુજ ૩૦ કિલોમીટર.

મુરાદપીરની દરગાહ : મુન્દ્રા

મુન્દ્રામાં આવેલી શાહ મુરાદની દરગાહ તેની બેનમૂન શિલ્પકલા માટે વિખ્યાત છે. બુખારા (તુર્કી)ના આ અમીર શાહજાદા સિંધ થઇને ફરતાં ફરતાં સવા ત્રણસો વર્ષો પૂર્વે રાવ તમાચીજી (૧૬૫૫-૬૬)ના રાજ્ય અમલ દરમ્યાન ૧૬૬૪માં મુન્દ્રા બંદરે ઊતરેલા અહિં તેમણે ખુદાની બંદગી સાથે માનવ સેવાની જ્યોત જગાવી હતી.

મુન્દ્રાનો રોનકદાર મકબરો રાવ રાયધણજી-પહેલાએ શાહ બુખારીની યાદમાં ૧૬૮૦ના અરસામાં બંધાવેલ હોવાનું અનુમાન છે. અંદર મુખ્ય ખંડમાં કલાત્મક ઝુમ્મરો, આદમકદનાં અરીસા, દરગાહ શરીફના બહારનાં 'રૂપેરી દ્વારો' (૧૯૪૬) અને અંદરનાં 'સોનેરી દ્વારો (૧૯૫૭) મુલાકાતીઓનું ખાસ ધ્યાન ખેંચે છે.

તો, દરગાહ અંદર સ્તંભોનું કોતરણીવાળું કાષ્ટકામ, મકબરા ઉપર અને પાછળના ભાગ સૌંદર્યયુકત અને નઝાકતભર્યા નકશીકામથી સમૃદ્ધ જાળીઓ, કમાનો અને સ્તંભોનું કમનીય શિલ્પકામ ચિત્તાકર્ષક છે : હિન્દુ-મુસ્લિમ ભાવિકો પોતાની મુરાદો ફળતાં મસ્તક નમાવવા અહિં આવે છે, તો દેશ-વિદેશોમાંથી પણ જિજ્ઞાસુ પર્યટકો અને પુરાતત્ત્વ રસજ્ઞો દરગાહની અદ્દભૂત શિલ્પકલા નિહાળવા પધારે છે.

શાહ બુખારીનો મેળો દર વર્ષે ઈસ્લામી તારીખ પ્રમાણે રબીઉલ અવ્વલની ૧૧, ૧૨, ૧૩ના રોજ (સપ્ટેમ્બર કે ઓકટોબર માસમાં) યોજાય છે. તેમાં મુખ્ય મેળો ૧૩ રબીઉલ (ઈદે મિલાદ પછીના દિવસે) હોય છે. અંતર : ભુજથી ૫૨ કિલોમીટર.

સાંવલાપીરની દરગાહ : કોરીનાળ

લખપત તાલુકામાં ઉત્તરે 'શિરગંઢા'થી પશ્ચિમે 'સિરક્રીક' સુધીની વાંકાચૂંકા વળાંક લેતી છીછરી દરિયાઇ ખાડીનો વિસ્તાર 'કોરીનાળ' તરીકે ઓળખાય છે. તેની પશ્ચિમે 'સાંવલાપીરની જગ્યા' આવેલી છે.

પહેલાના વખતમાં ઝૂંપડામાં રહેલી દરગાહને સંવત ૧૮૩૦માં જત સાંવલાએ ચૂના-પથ્થરની બંધાવી હતી. પાંચ ગુંબજોવાળી આ દરગાહ ૨૦ ફૂટ લાંબી અને ૨૮ ફૂટ ઊંચી છે. અહિં કનોજપીર, જત સાંવલા અને તેના દીકરાની કબરો છે. અગાઉ હિન્દુ મુજાવર હતા, હવે સાંવલા જત છે. તે માટે પીપર ગામનો ૧/૩ ભાગ સાંવલાનો ગરાસ ગણાતો હતો. આ સ્થાનના ઉત્તર છેડે 'ઢંઢ' વિસ્તાર છે. જ્યાં મીઠું પાણી નીકળે છે.

જત કોમની ત્રણ મુખ્ય પેટા જાતિઓના એક ફકીરાણી જત તેમના મુર્શીદ સાંવલા ફકીર પરથી 'ફકીરાણી' કહેવાયા. મૂળે 'ભડજાંગ ફકીરાણી' જ્ઞાતિના સાંવલાપીરનાં વંશજો 'સાવલાણી' તરીકે ઓળખાયા છે, જેઓ તેમની ઊંચેરી કાયા, વિશિષ્ટ દેહયષ્ટિ અને ચહેરાના કારણે અન્ય સઘળા જતોમાં નોખા તરી આવે છે. અંતર : કોટેશ્વરથી ૩૦ કિલોમીટર.

કચ્છની હરિજન પંચતીર્થી

કચ્છમાં મહેશ્વરી મેઘવાળ સમાજની પંચતીર્થી જેવા પાંચ પવિત્ર સ્થાનકોની પણ માહિતી મેળવીએ, જેનો મામૈદેવની આગમવાણીમાં ઉલ્લેખ થયો છે.

૧. લુણંગધામ (લુણી) : મુન્દ્રા તાલુકામાં સાડાઉ અને વડાલા ગામોની વચ્ચે નદી કાંઠે વસેલા લુણી ગામની પશ્ચિમે પ્રથમ પૂજનીય દેવ શ્રી ગણેશજીનું મનોહારી મંદિર આવેલું છે. માતંગદેવના પુત્ર લુણંગદેવ થોડો સમય આ ગામે રહેલા અને અહિં ગણેશજીની સ્થાપના કરેલી. તેના પરથી આ ગામ પણ 'લુણી-ગણેશ' તરીકે ઓળખાયું છે.

મંદિર પરિસરમાં ધાર્મિક પ્રસંગ ચિત્રો તથા મહેશપંથી ધર્મગુરૂઓનાં સિંધ સ્થિત સ્વધામ ગામો ખાતે આવેલાં સ્થાનકોનાં ચિત્રો આકર્ષક છે. અહિંના ગણેશ મંદિરનો



મહેશ સંપ્રદાયના બે ધુરંધરો માતંગદેવ અને મામૈદેવે જ્યાં તપ કર્યું હતું તે લાખોંદ નજીકનો ચંદુઓ ડુંગર.

જીર્ણોદ્ધાર ભદ્રેશ્વરવાળા ખ્યાતનામ દૂદા મેઘવાળે કર્યો હતો. તાજેતરમાં શાહ લાલજી વેલજી એન્કરવાલા (કુન્દ્રોડી) તરફથી કલાત્મક પ્રવેશદ્વાર બંધાવી અપાયું છે. ચૈત્ર સુદ ચોથના આ સ્થાને મેળો યોજાય છે. અંતર : મુન્દ્રા ૧૦ અને ભુજ ૬૦ કિલોમીટર.

૨. મતિયાપીર (ગુડથર) : અબડાસા તાલુકાના વડસરની બાજુમાં ગુડથર (સુખપર) ગામે મામૈદેવના જયેષ્ઠ પુત્ર અને મહેશ સંપ્રદાયના પાંચમા ધર્મગુરૂ મતિયાદેવનું શ્રદ્ધેય સ્થાન આવેલું છે. તેઓ ગુડથરમાં સ્વર્ગવાસી થયેલા. અહિં તેમનું મંદિર બાંધવામાં આવ્યું છે.

મતિયાદેવની આ કર્મભૂમિ ગુડથર આજે મહેશપંથના અનુયાયીઓ માટે પ્રખ્યાત યાત્રાધામ બની ગઇ છે. દર વર્ષે મતિયાપીરની જન્મ જયંતીના વાર્ષિકોત્સવ પ્રસંગે ચૈત્ર વદ ત્રીજ અને ચોથના બે દિવસ મોટો મેળો ભરાય છે. તે પ્રસંગે દેશ-દેશાવરથી મહેશ્વરી ભાવિકો અહીં પહોંચી આવે છે. મહેશ સંપ્રદાયમાં મતિયાદેવની પદયાત્રાનું પણ ઘણું મહત્ત્વ છે. અંતર : નલિયા ૧૦ અને ભુજ ૧૧૩ કિલોમીટર.

૩. મામૈદેવ (બગથડા) : કહેવાય છે કે મહેશ પંથના સ્થાપક માતંગદેવે સ્થાપેલા ચાર ધામો પૈકી અંજારની પવિત્ર ભૂમિ પર પગલાં કરી તપસ્યા કરી હતી. પાછળથી પોતાના પ્રદાદાનાં પવિત્ર પગલાના સ્થાનને મામૈદેવે તપ કરી પ્રકાશિત કર્યું તથા પોતાના તપનિષ્ઠ શરીરનાં શકિતસંચિત નખ અને કેશ ઊતારી આ પાવન ભૂમિમાં ભંડારી દીધા, જેના પર એક સ્મારક રચવામાં આવ્યું છે. આ સ્થાન પ્રથમ 'પગથડા' અને પાછળથી 'બગથડા' તરીકે જાણીતું થયું છે.

૧૯૪૭ના વિભાજન બાદ પાકિસ્તાનમાં આવેલ મહેશ્વરીઓના પારંપરિક યાત્રાધામ 'શેણી'ની યાત્રા બંધ થતાં કચ્છમાં અંજારના બગથડા ધામ પર 'વડી જાતર' કરવાની શરૂઆત થઇ. પ્રતિ વર્ષ ચૈત્ર વદ ચૌદસના અહિં મોટો મેળો ભરાય છે, બીજા દિવસે ચૈત્રી અમાસના મહેશ્વરી આમજનતા ભેટું ચડાવે છે અને અઢાર દિવસ બાદ વૈશાખ વદ ચોથ (મામૈદેવની પુણ્યતિથિ)ના બગથડા પર સંઘયાત્રા નીકળે છે. અંતર : ભુજ ૪૦ કિલોમીટર.

૪. ચન્દુઆ (લાખોંદ) : ભુજ તાલુકાના લાખોંદ ગામથી ત્રણ કિલોમીટરના અંતરે આવેલ 'જંધરિયા ડુંગર' તરીકે જાણીતા ચન્દુઆ ડુંગર ઉપર માતંગદેવ અને પછી મામૈદેવે તપ કર્યું હતું. મામૈદેવે આ સ્થાને ગણેશદેવની સ્થાપના કરી માતંગીવેદને સિંધી ભાષામાં અને દેશી લિપિમાં ઊતાર્યો હતો.

૬૦૬ પગથિયા અને અંદાજે અઢી કિલોમીટરની ઊંચાઇ ધરાવતા ચન્દુઆ ડુંગર પર જે સ્થળે માતંગદેવ ધૂણી ધખાવી બેઠા હતા. ત્યાં 'મામૈદેવ સ્થાન' બનાવાયું છે. જેમાં માતંગદેવના પગલા અને અન્ય દેવ-દેવીઓની મૂર્તિઓ બિરાજિત છે. આ સ્થાને વૈશાખ સુદ ચૌદસના મેળો યોજાય છે. અંતર : ભુજ ૧૯ કિલોમીટર.

૫. ત્રૈંજાર (રાયધણપર) : કચ્છમાં મહેશ્વરી પંથનો પ્રચાર કરતા માતંગદેવ અહિં પાટ નદીના કાંઠે આવ્યા હતા. આ સ્થળે તેમણે જાર-પીલુડીના વૃક્ષમાંથી એક દાતણ તોડી તેના એક છેડાને ત્રણ ભાગોમાં ચીરી નાખ્યું અને બીજા છેડાને જમીનમાં વાવી દીધેલો. તે ત્રણ શાખાવાળા ઊગેલા જારનું નામ 'ત્રઈજાર' પાડવામાં આવ્યું અને આ સ્થળ પણ 'ત્રઈજાર' તરીકે ઓળખાયું.

ત્રૈંજારમાં માતંગદેવે વિવિધ દેવોની સ્થાપના કરી પવિત્રધામ તરીકે સ્થાપ્યું. અહિં માતંગદેવે નિબોધ આપેલો. ભુજ-લોડાય માર્ગ પર ભુજ તાલુકાના રાયધણપર ગામના પાદરે ડુંગરાળ વિસ્તારમાં પરંતુ નદીના રમણીય વાતાવરણમાં તે આવેલું છે. દર વર્ષે આ સ્થાને પણ 'વાર્ષિક ત્રૈંજાર યાત્રા'નું આયોજન થાય છે અને ભાદરવા સુદ ચૌદસના મેળો યોજાય છે. અંતર : ભુજ ૧૦ કિલોમીટર.

અન્ય ઉલ્લેખનીય સ્થાનો

સ્થળ-સંકોચના કારણે બધા સ્થળોનું વિવરણ આપવું શકય ન હોવાથી બાકીનાં અન્ય સ્થળોનો અત્રે નામોલ્લેખ કરીએ છીએ...


● શિલ્પ-સ્થાપત્ય અને પુરાતત્ત્વની દ્રષ્ટિએ.... પુંઅરેશ્વર અને વડી મેડીનાં અવશેષો (મંજલ), 'રામકુંડ' (ભુજ), લક્ષ્મીનારાયણ મંદિરે રહેલી 'દશાવતારની મૂર્તિ' (ગેડી), ધોળાવીરા સાઇટ (ખડીર), બૌદ્ધગુફાઓનાં અવશેષો (સિયોત)...

● કચ્છની ભાતીગળ લોકકલા અને લોકસાંસ્કૃતિક દર્શન કરાવતા વિશિષ્ટ 'બન્ની પ્રદેશ' અને 'ટુંડા વાંઢ'...

● ભુજનાં દર્શનીય સ્થાનોમાં... જમાદાર ફતેહમહંમદનો હજીરો, મહંમદ પનાહ મસ્જિદ, સ્વામીનારાયણ મંદિરો, જિનદત્ત દાદાવાડી સંકુલ, શિવપારસ ધામ, સુરલભિટ્ટ, ટપકેશ્વરી, ભુજિયો ડુંગર અને કિલ્લો (જે માત્ર શ્રાવણ સુદ પાંચમની 'નાગપંચમી'ના મેળાના દિવસે જ જોવા મળે છે)....

● કંડલા-આદિપુર-ગાંધીધામ સંકુલમાં.... કંડલા પોર્ટ, ફ્રી ટ્રેડ ઝોન, ઈફકોનું ખાતરનું કારખાનું, ગાંધી સમાધિ, નિર્વાસિતેશ્વર નટમંદિર, ઝુલેલાલ મંદિર, લીલાશાહ આશ્રમ, કપિલમુનિ આશ્રમ આદિ....

● કેટલાક જાણીતા શિવમંદિરોમાં.... સન મહાદેવ (કોટડા-રોહા), જયોતેશ્વર (ડોણ), નીલકંઠ (પીયોણી), પિંગલેશ્વર (રાપર-ગઢવાળી), બિલેશ્વર (ગઢશીશા, નાન્દ્રા, બેલા), કટેશ્વર (સિયોત)...



કચ્છના વિખ્યાત ધીણોધર ડુંગર અને એની તળેટીએ આવેલ થાન જાગીરની નયનરમ્ય તસવીર.

●ખોજા સમાજની હઝરત મૌલાઅલીની દરગાહ (નિંગાળ) અને ગુલામઅલીશાહ પીરની દરગાહ (કેરા) તથા દાઉદી વોહરા કોમનો હજીરો 'મઝારે-નૂરાની' (માંડવી)...

● વાગડ વિસ્તારમાં કેપ્ટન મેકમર્ડોની કબર અને વરણેશ્વર મહાદેવનું મંદિર (વરણું), ત્રિકમસાહેબ મંદિર (ચિત્રોડ), રવિભાણ દરિયાસ્થાન (રાપર), માનવધર્મ પ્રસાર આશ્રમ (રાપર), મહાવીર સ્વામી જિનાલય (કટારિયા), એકલમાતા (એકલવાંઢ), મોમાયમાતા (મોમાયમોરા)...

● કચ્છમાં દક્ષિણ ભારતીય સમુદાયનાં ધર્મસ્થાનોમાં... બાલાજી મંદિર (કંડલા) અને અયપ્પા મંદિર (ગાંધીધામ)...

● કેટલાક શકિત મંદિરોમાં.... જોગણીનાળ (સંઘડ), અંબેધામ (ગઢશીશા), ટેકરી માતાજી (રાજડા), વાઘેશ્વરી માતા (હબાય), જોગમૈયા (નેત્રા)...

● અન્ય સ્થાનોમાં.... પ્રાચીન રામમંદિર (રામવાડા), શાહ મુરાદપીરની દરગાહ (મુન્દ્રા), ઘોષ મહંમદનો કૂબો અને ઐતિહાસિક ગઢ (લખપત), રાવળપીર અને ધ્રબુડી (ગુંદીયાળી), જૈન આશ્રમ (માંડવી), રામપર-વેકરા અને કોડકીનાં ગંગાજી સ્થાનો, પઢ્ઢાપીરની સમાધિ (ભેદી). □

■ વૃન્દાવન નગર, અંજાર

■ તસવીર : એલ. એમ. પોમલ, દિનેશ છત્રાલા, યોગેન ખત્રી, ફકીરમામદ ચાકી તથા અન્ય



અનોખા અને અદકેરાં કચ્છી માડુનો સર્વાંગી પરિચય કેમ આપવો, તેના તન-મન અને વતનની તલસ્પર્શી તપાસ કેમ કરવી, સરહદી પ્રાંતની સૌમ્ય પ્રજાનું શબ્દચિત્ર કેમ દોરવું, સાગરખેડુ સાહસિક કોમ, સર્વક્ષેત્રે પહેલ કરનાર પુરૂષાર્થી કચ્છી કુળને કેમ ઉજાગર કરવું? આ મીઠી મૂંઝવણ છેલ્લા છએક વર્ષથી થયા કરતી હતી. કામણગારા કચ્છ પ્રદેશના કસાયેલા અને કલાપ્રેમી ધીંગા માડુનો ધબકાર ઝીલવા કચ્છી લોકના વર્તન-પરિવર્તનનો નજારો જોયો, તેની તાસિર અને તસવીર ઝીલવા પઠન-મનન કર્યું, તેની અસલિયતની ઓળખ ને અસ્તિત્ત્વના એંધાણ સારૂં માનસિક વ્યાયામ કર્યો ત્યારે થયું કે ભલો ભટારો કચ્છડો એ તો અસ્મિતાનું અભયારણ્ય છે ! કચ્છી માડુના વ્યકિતત્વ અને કર્તવ્યને અહીં પેશ કરવા યથાશકિત પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. અમને આશા છે કે, એમાં કચ્છીયતની કુણકારનો ધ્વનિ સંભળાશે.

અસ્મિતાની આરત

'અસ્મિતા' શબ્દને ગૂંજતો કરનાર અને ગુજરાતની અસ્મિતાની પુનઃસ્થાપના માટે ઝઝૂમનાર ખ્યાતનામ સાહિત્યકાર કનૈયાલાલ માણેકલાલ મુનશી 'અસ્મિતા' શબ્દ વિશે કહે છે, 'આ અસ્મિતા શબ્દ ૧૯૧૩-૧૪માં હું 'યોગસૂત્ર'માંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો ત્યારથી હું તેના પર વિચાર કરૂં છું, અને તેને પોષે એવી સામગ્રી એકઠી કરૂં છું... અસ્મિતા જે મનોદશા સૂચવે છે, તેના બે અંગ છે; 'હું છું' અને 'હું હું જ રહેવા માંગું છું' એમાં એક વ્યકિતત્વની સુરેખ કલ્પના અને એ વ્યકિતત્વને હસ્તીમાં રાખવાનો સંકલ્પ બન્ને રહ્યાં છે.'

કચ્છની અસ્મિતાના સંદર્ભમાં આ શબ્દોને મૂલવવા યથાર્થ જ બની રહે એમ છે. ક. મા. મુનશીની શૈલીમાં કહીએ તો, કચ્છ એક છે, મહાન છે, વંદનીય છે, એ ભાવના ઉપજાવવાની સામગ્રીઓ ભરપૂર માત્રામાં પ્રયોજવાનો સમય આવી ગયો છે. કચ્છ એક અવિભાજ્ય, અભેદ્ય અને અજરામર-જીવંત વ્યકિતરૂપે કલ્પનામાં ને ભાવનામાં સર્જવા કચ્છની તળપદી સંસ્કૃતિ ઝંખે છે. કચ્છની આ અસ્મિતા એ માત્ર ભૂતકાલીન દસ્તાવેજ નથી. પુરાતન સમાજ-સંસ્કૃતિઓના વારસાને આત્મસાત કરનારી કચ્છી પ્રજા અર્વાચીન સંસ્કારિતાના અર્કને ઘૂંટીને સમન્વય અને સર્વધર્મ-સમભાવથી વધુ સહિષ્ણુ અને શાણી ગણાય છે. આથી જ કચ્છ માટે અસ્મિતા કેવળ હસ્તી નથી, જીવંત અસ્તિત્વની સ્થિતિ છે. હૃદય સાથે સંબંધ ધરાવતી અસ્મિતા માટે આપણને ગાવું પડશે-

જય જય કચ્છ ધરતી, અભય રણ ભરણી;
સંત શૂરોની કર્મ ભૂમિજી, કર્મવીરોની કર્મભૂમિ.

કચ્છ એ તો વિશિષ્ટતા, વિવિધતા અને વિરાટતાથી હર્યોભર્યો આવગો પ્રદેશ છે અને એ પ્રદેશની હેસિયતથી જીવવા માંગે છે, તે પોતાનું એક અલગ અસ્તિત્વ, વિરલ વ્યકિતત્વ ધરાવતો અનેરો મુલક છે. કચ્છને જાણવું કે સમજવું એ માત્ર આંકડાકીય અભ્યાસ, નકશા-દર્શન કે માહિતીના સ્રોતોના આધારે થઇ શકે એવી યંત્રણા નથી, એ ફકત સહાનુભૂતિ ને સહાય વડે જીતવાની ભોમકા નથી; એ તો છે એના રજકણોમાં રગદોળાઇ, લોહીથી-હૃદયના ધબકારથી અનુભવાતી ધીંગી ધરા! કચ્છ એ નપાણિયો સીમાવર્તી જિલ્લો છે એમ કહેતા લોકોને અફાટ રણનાં ભવ્ય સૌંદર્યની સુદીર્ઘતાનો અનુભવ નથી, કાળા ડુંગરની ઉત્તુંગતાનો તેની પાસે માપ નથી, વંકા કચ્છીઓના જીવનમાં વણાઇ ગયેલા ઊંડા કલાવૈભવને પારખવાની તેની પાસે દ્રષ્ટિ નથી... આ એ કોડિલો કચ્છ દેશ છે, જ્યાંની કુલીનતામાં અસ્મિતા-કચ્છીયત ઓગળી ગઇ છે, એકાકાર થઇ ગઇ છે!

હડપ્પીય હડ્ડીની હુભ

કચ્છીઓની હડપ્પીય હડ્ડીમાં ધોળાવીરા ધરબાયેલું છે. ઇ. સ. પૂર્વે કંઇ કેટલાયે ગ્રીક, રોમન અને મુસ્લિમ મુસાફરો વહાણ લઇને હિન્દ આવતા. તેમાંના કેટલાક કેટલાક કચ્છમાં પણ આવી ગયેલા, તેઓએ કચ્છના મનુષ્યો માટે આ શબ્દ વાપર્યા હતા- ''કદમાં કદાવર, ઘાટીલા, સ્વરૂપવાન અને સાહસિક છે.'' પ્રાચીન સમયના વિદ્વાન પાણિનીએ કચ્છ જનપદના લોકોને 'કચ્છક' તરીકે ઓળખાવી તેમની વિશેષતાનાં વખાણ કર્યાં છે. કચ્છીઓની પાઘડી, વાણી, એમનું હાસ્ય અને એમના બળદની વિશેષતાઓય નોંધવામાં આવી છે. આ વિશેષતાઓ તે કાચ્છકં હસિતમ્ (હાસ્ય શૈલી) કાચ્છકં જલ્પિતમ્ (બોલવાની શૈલી) અને કાચ્છિકા ચુડા. કાચ્છિકા ચુડા એટલે કચ્છનાં લોકોની માથે ચોટલી (કે પાઘડી ?) રાખવાની શૈલી. કચ્છી પુરૂષો આગળ મુંડો અને પાછળના અડધા ભાગમાં વાળ સાથે મોટી ચોટલી રાખતા હતા. એમાં કચ્છી લોહાણા પુરૂષોનો વિશેષ સમાવેશ થાય છે.

તુલસીદાસ મૂળજી (ટી. એમ.) શેઠ નોંધે છે, 'કચ્છની આદિ વસતી કોણ હતી તે જાણી શકાયું નથી, પણ મુખ્યત્વે પશુ ઉછેર ઉપર નભતી અને સ્થળે સ્થળે ફરતી કોમો હશે, જે પૈકી કચ્છમાં હાલ રહેતી કોમો પૈકી કોઇ હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. કાળના વહન સાથે કચ્છની સીમા ઉપરના ચારે પ્રદેશોમાંથી સતત લોકપ્રવાહ આવતો રહ્યો અને તે કચ્છમાં કાયમી રીતે સ્થિર થયો.'


આ કચ્છી કોમોની હુભ, હલક ને હૈયાઉકલત લાજવાબ છે. આવા કાબા કચ્છીઓના પુરાતન વતન માટે લાલજી નાનજી કવિ ભાવિ ભાખે છે-

જેસીં સૂરજ ચંદ, મેરામણ મોતી પચેં
હયાત તોજો હંધ, હિન પૃથ્વી જે પાટ તેં.

(જ્યાં સુધી સૂરજ અને ચંદ્રનું અસ્તિત્વ છે અને મહેરામણમાં મોતી પાકે છે ત્યાં સુધી તારૂં સ્થાન પૃથ્વીના પટ ઉપર અવિચળ છે.)

હું કચ્છી ભારતવાસી

મહેરામણના મોતી જેવા માડુ પકવતી કચ્છ ધરા પર અનેકાનેક જાતિઓ આવી



વસી અને કચ્છીયતના રંગે રંગાઇ ગઇ. આમ છતાં ખુલ્લા માનસવાળી પ્રજા હોવાથી તે કચ્છી સ્વરૂપ જાળવીને પણ ભારતીય હોવાનો ગર્વ લે છે. કદાચ, તેથી જ કચ્છની લોકસંસ્કૃતિના કર્મી-ધર્મી, કચ્છી માનવતીર્થ રામસિંહજી કાનજી રાઠોડ લખે છે, 'કચ્છની જૂનવાણીમાં તેમના ઘણા અવશેષો શોધ્યા જડી આવે છે અને જળવાયેલા મળી રહે છે. યાદવો, મૌર્યો, યવનો, શકો, ક્ષત્રપો, ગુપ્તો, હૈહયો, હૂણો, મૈત્રકો, ગુર્જરો, ચાલુક્યો વગેરે અને પછીથી કાઠી, સુમરા, સમા અને જાડેજાઓ વગેરે જાતિઓની અસર કચ્છની પ્રાદેશિક પ્રથાઓને તળપદી લાક્ષણિકતાનું સ્વરૂપ આપે છે. આ અસલી સંસ્કૃતિનું આખરી સ્વરૂપ જે ભારતીય છે એ અભિન્ન અને અવિભાજ્ય છે. એવી તેના એકીકરણની છાપવાળી આવી પુરાતન સંસ્કૃતિનું એક જ પોષણ પામી ઉછરતી કચ્છ-ગુજરાતની પ્રજા ગુજરાતી તરીકે અસ્મિતા અનુભવે છે.'

આપણે ભારતીય હોવાનું ગૌરવ છે, ગુજરાતીતા અપનાવીએ છીએ, આપણે

કચ્છી માડુ અને કચ્છીયત

□ સંજય પી. ઠાકર

પ્રાંતીયતા ત્યાગીએ છીએ એનો મતલબ એ હરગીઝ નથી કે કચ્છીતા ન જાળવવી. કચ્છત્વ, કચ્છીપણું જાળવવાનાં મનભર ગર્વ સાથે આપણે ભારતવાસી હોવાનો સહર્ષ સ્વીકાર પણ કરીએ છીએ. આજ છે કચ્છની અસ્મિતા ! ઉમાશંકર જોશીએ ગાયું કે, 'હું ગુર્જર ભારતવાસી' તેમ આપણે ગગન ગજાવીશું કે, 'હું કચ્છી ભારતવાસી.'

આજ ભાવના પ્રસિદ્ધ કવિ અને 'જન્મભૂમિ-પ્રવાસી'ના સ્વ. તંત્રી હરીન્દ્ર દવે વ્યક્ત કરે છે, તેઓ લખે છે, 'કચ્છનો માણસ મહેનતકશ છે, મરમી છે, માણસ ભૂખ્યો છે ને પ્રેમાળ છે. એટલે જ કચ્છનો માણસ ક્યાંય અછતો રહેતો નથી. કચ્છનો માણસ વતનપરસ્તીની ગાથા ગાતો હોય છે પણ એની વતન પરસ્તીને રાષ્ટ્રીયતા અને વિશાળ માનવતાવાદનું પરિમાણ પ્રાપ્ત થયું છે. એટલે જ એ ધરતી પર સ્વમાન અને ખુમારીનો મહિમા છે. એ ધરતી પરનું સાહિત્ય, પ્રેમ અને શૌર્ય રસથી અંકિત છે. એ ધરતીનો ઇતિહાસ વાચાળ નથી; પણ ઘટનાથી પુરવાર થનારો છે. એ ધરતીમાં પાણીદાર રત્નો જેવાં માણસો પાક્યાં છે, એટલે જ કદાચ જે પાણીનો અભાવ બીજા કોઈપણ પ્રદેશને અકળાવી ગયો હોત એ દુષ્કાળના ત્રણ ત્રણ વરસ પણ કચ્છના ખમીરને તોડી શક્યાં નથી.'

વિરલ વિરાટ વ્યકિતત્વ

કચ્છીઓના વિશિષ્ટ વ્યકિતત્વ વિશે બહુખ્યાત લોકસાહિત્યકાર દુલેરાય લાખાભાઇ કારાણી વાત છેડતાં કહે છે, 'કચ્છી માડુ' એટલે જ એક વિશિષ્ટ વ્યકિત. એનો પહેરવેશ, એની પાઘડીનો પેચ, એની કમ્મર પરની ભેટ, અલ્પાક્ષરી છતાં અધિક અર્થ ધરાવતી ચોટદાર કચ્છી ભાષા, એનો પોતાનો અલગ કચ્છી સિક્કો, આ તમામ તત્ત્વોથી એક સવિશેષ વ્યકિતત્વ એને પ્રાપ્ત થતું હતું.'

અંતરિયાળ પ્રદેશનો આદમી સૌમ્ય તેમજ સંવેદનશીલ છે. એના વ્યકિતત્વમાં સુરખાબી સૌંદર્ય નીતરે છે, એના ચહેરા પર મહેરામણની મસ્તી મલકાય છે. દુષ્કાળની વિકરાળતા એની આંખમાં ડોકાય, લલાટ પર ખારોપાટ છવાઇ ગયેલો જણાય, હોઠ પર મૃગજળ છલકાય, હૃદયભૂમિ પર બન્નીનું લીલુંછમ ઘાસિયું મેદાન લહેરાતું દેખાય, હસ્તરેખા પર અદષ્ટ અલ્લાબંધી અવગણનાની આહ સંભળાય, કરાંગુલીઓમાં કમનીય કલા-કસબનો કરિશ્મા સરજાય, દિલમાં દરિયો ડોકાય, પગમાં ઘૂડખરની ઝડપ વરતાય, ને પેટમાં ભૂરા આમદની ભૂખ લબકાય ! નીડરતા અને નિખાલસતા કચ્છી માડુનો નાભિશ્વાસ છે. એની ત્વચા નીચે છે ખારી અને ભૂખી નદીના વહેણ, ભુજીયાની ભવ્ય ભભક, માતાના મઢની માવડી, ઝુરાનો ઝુરાપો અને જખૌની મત્સ્યજાળ. એના પડછાયામાં છછીની છાયા-છાંટ છે, એની રગેરગમાં મીઠું અને લાઈમસ્ટોન, બોકસાઇટ અને લિગ્નાઇટ ઠાંસી ઠાંસીને ભર્યાં પડયાં છે.

પણ... આ બધું હોય તો જ માણસ કચ્છી કહેવાય ? ફકત કચ્છની ધરતી પર જન્મેલી, કચ્છ વતની વ્યકિતમાં જ કચ્છીત્વ સમાયેલું છે એવું ઘણા માને છે પણ કદાચ, એ ભૂલ છે. એલેક્ઝાંડર બર્ન્સ, જેમ્સ બર્જીસ, ટી. પોસ્ટાન્સ, દલપતરામ પ્રાણજીવન ખખ્ખર, પ્રો. વિલિયમ રશબ્રૂક, જેમ્સ મેકમર્ડો, કેશવરામ કા. શાસ્ત્રી, ડૉ. રાજારામ, મહેન્દ્ર જોશી 'સમીર' અને બીજા ઘણાંબધા બિનકચ્છી વ્યકિતવિશેષો કે જેમણે કચ્છના સંસ્કારવારસા, કચ્છની સભ્યતાનું જતન કર્યું છે. કચ્છની સંસ્કારિતાને ઉજાળી છે, કચ્છને છાતી ફાડીને પ્રેમ કર્યો છે, આવા બિન-કચ્છીઓને 'સવાઇ કચ્છી' નહીં તો કચ્છી જ ગણવા જોઈએ. કચ્છ બહારના કચ્છપ્રેમીઓ વિશે મહેશ ઠક્કર કહે છે, 'કચ્છના વિકાસમાં રસ લેનાર દરેક વ્યકિત કચ્છી જ છે !' જેમણે કચ્છને પોતાની કર્મભૂમિ બનાવી છે અને કચ્છની સંસ્કૃતિમાં એકરસ થઇ ગયા છે તેઓએ પણ કચ્છીત્વને છતું કર્યું છે.

પ....ણ,

વર્તમાન સમયમાં ગતિશીલ વિકાસ માટે પ્રચંડ પ્રયાસો કરનાર નવો 'વીર કચ્છવાળો' કે 'મિ. કચ્છ' માટે કચ્છની શોધની ભૂખ ક્યારે ભાંગશે ?

કચ્છીયત જી કુણકાર

આવા બધા ખાલીપાના ઝુરાપાને રાજીપામાં પલટાવતા કચ્છીઓને આવડે છે તેથી જ મધુસૂદન પ્રાણશંકર ભટ્ટ 'કચ્છ, કચ્છ અને કચ્છ' કહેતા કહી જાય છે કે, 'બધી બાબતોની અલ્પતામાંથી કચ્છીઓમાં ઉદારતા જન્મી છે; ''નથી-નથી''ના ઉદ્દઘોષ વચ્ચે કચ્છીઓમાં ''અસ્મિતા'' પ્રગટી છે.'



હા, અહીં જ કચ્છીયતની કુણકાર સંભળાય છે. કચ્છી માડુ રણને ઝરણ બનાવે, રેતીમાં ખેતી કરે, અધૂરપને મધૂરપમાં પલટે, રજને પણ રજત બનાવે, તે કર્મનો મર્મ બરાબર સમજે છે તેથી તો તેને ચૂંથવામાં નહીં, ગૂંથવામાં રસ છે. એને દૂષણનું નહીં, આભૂષણનું આકર્ષણ છે. રેતાળ મુલકના હેતાળ માનવી પ્રસ્વેદને જ પરમવેદ સમજે છે. દરિયાઇ દમામવાળો કચ્છી માણસ ક્ષારને પાર કરવા ઇચ્છે છે.

આ પીઢ પરંપરાવાળી પારદર્શક ને પ્રશાંત પ્રજા છે. કચ્છની લોકસંસ્કૃતિના અભ્યાસી લેખક-દ્વય ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા કચ્છની અસ્મિતાને અર્પણ કરેલા પોતાના પુસ્તક 'કચ્છ : કલા અને સંસ્કૃતિ'ના પ્રથમ પ્રકરણ 'માનવ મહાર્ણવ'માં કચ્છીઓની પરંપરા વિશે વર્ણવે છે કે, 'કોણ જાણે કેટકેટલી પ્રજાઓ પોતાની પરંપરાને લઇને અહીં આવી અને બધું જ ભૂલીને માત્ર 'કચ્છી' બની અહીં રહી ગઇ. ધર્મ, મત-મતાંતર, જીવન પદ્ધતિ કોઇનું કશું ચાલતું નથી, કોઇનો વશ ચાલી શકતો નથી. જે કચ્છમાં વસ્યું, કચ્છે તે સૌને આત્મસાત કરી લીધા. આ માનવ મહાર્ણવમાં સૌનું વ્યકિતત્વ બદલાઇ નવું રૂપ ધારણ કરી લે છે અને બની જાય છે કચ્છી પ્રજા.'

કચ્છના ખુમારીવાળા ખ્યાતનામ નરપુંગવોએ પોતાના ભાતીગળ ભૂમિખંડને સન્માન બક્ષ્યું છે, કચ્છની અસ્મિતાના વિધાયકો એ કચ્છી માડુ છે... અહીં જગડુશાની દાનવીરતા, ભિંયા કક્કલ-છછર બુટા-ગુંતરીની રાજ્ય ભકિત અને બલિદાન, રામસિંહ માલમની કલા સમૃદ્ધિ, પં. શ્યામજી કૃષ્ણ વર્માની રાષ્ટ્રભાવના, કવિશ્રી નિરંજનજીનું અમર-ઓજસ્વી સર્જન, લાખો ફૂલાણીની વીરતા, યુસુફ મહેરઅલીની યૌવનશકિત,

જખ દેવતાનું આત્મબલિદાન, સંત મેકરણની પરોપકારી સાધના, જમાદાર ફત્તેહ મહમદની ફત્તેહમંદી, કાના માલમની દરિયાવટ, હાજી મહમ્મદ અલારખિયા શિવજીની સાહિત્ય શહીદી, જયકૃષ્ણ ઈંદ્રજી ઠાકરનું વનસ્પતિ જ્ઞાન... આવા તો કંઇ કેટલાય કચ્છી સપૂતો અનોખી અસ્મિતાને અજવાળે છે, તેની આગવી ઓળખનો પિંડ બાંધે છે. અમીટ અસ્મિતાના પવિત્ર પ્રતીકો સમા કચ્છભરમાં પથરાયેલા કિલ્લા, સમાધિ, સતી-શૂરાના પાળિયા, કલા સંગ્રહાલય સમા ભૂંગા, ઝારાના ઝાડ, પ્રાગ-ઐતિહાસિક પુરાવશેષો, શિલ્પ-સ્થાપત્ય અતીતની અટારીએ ઊભા રાખી કચ્છ-દર્શન કરાવે છે.

સાહસ અને સામર્થ્ય ધરાવતી કચ્છ ભૂમિમાં અનેક સંતો, ફકીરો, દાનવીરો, લોકનાયકો, ઉદ્યોગપતિઓ, સર્જકો પાકયા છે જેમણે કચ્છીપણાને પ્રગટ કર્યું છે. આ કચ્છીપણા વિશે જાણીતા લેખક-પત્રકાર અશોક હર્ષ કહે છે કે, 'કચ્છનો હરેક વતની સૌથી અધિક ગર્વ અને ગૌરવ અનુભવતો હોય તો તેના કચ્છીપણા પર. મામૈથી માંડીને જગડુશા સુધીના મહાપુરૂષો અને હાજીપીરથી માંડીને શાહ મુરાદ બુખારી સુધીના શહીદોને કચ્છીઓનું મસ્તક નમતું હોય તો તે તેમના કચ્છીપણા માટે અને આ 'કચ્છીપણું' એવું છે કે તેને કોઇ ચોક્કસ વ્યાખ્યામાં બાંધી ન શકાય.'

મુણ્સ ને મોબતિલો માડુ

કચ્છી માડુ મહેરામણ, મરુભૂમિ અને મંઢા મીંના મુલકનો માણસ છે અને તેથી જ તે મસ્તમિજાજી અને મુણ્સ છે, મીઠો અને મોબતિલો છે, કહો કે મહેનતુ અને માયાળુ માનવી છે ! તેથી જ તો લેખક મૂળરાજ રૂપારેલને લખવાની ઇચ્છા થઇ કે, 'તંતીલો ને ખંતીલો, મજૂરની જેમ મહેનત કરનાર અને મનમોજી મસ્ત મહાજન કચ્છી માડુ રખત રખામાં બહુ માનનારો છે. એકવાર પરિચયમાં આવ્યા એટલે એને તમારા થઇ જતાં આવડે છે.'

કચ્છીઓના આવકાર અને આતિથ્ય ભાવનાની તો દેશ-વિદેશના લોકો ભરપેટ પ્રશંસા કરે છે. આગતા સ્વાગતામાં કચ્છીઓને કોઇ ન પહોંચે, આપણા સાક્ષર ગુલાબદાસ બ્રોકર તેથી તો હૈયાના હેતથી સ્ફૂટ કરે છે કે, 'મેં કચ્છ પ્રદેશની તથા એના માણસોની મીઠાશ માણી છે, એમ કહેતાં હું ગર્વભર્યો આનંદ અનુભવું છું અને કચ્છીઓની સાહસવૃત્તિ અને બહાદુરી તો જગજાહેર છે જ.' અહીંના માણસે પ્રાકૃતિક અને પ્રશાસકીય અનેક પીડા સહી છે, ઘણાં આક્રમણો સહયાં છે, યુદ્ધો લડયાં છે આ બધા પ્રસંગે તેની મર્દાનગી મહોરી ઊઠી છે. 'મોરના ઈંડા ચિતરવા ન પડે' તેમ મુણસાઈના માણીગર કચ્છી માડુનું ઝાઝું વૃતાંત આપવાની જરૂર રહેતી નથી.

અહીંનો એક-એક માણસ સવા લાખનો છે એ વાત વતનપ્રેમી વીર ઓઢો



સમજાવે છે. ઓઢો હોથલ પરીને કહે છે-

ખેરી, બેરીને બાવરી, ફૂલ કંઢા ને કખ્ખ
હોથલ હલો કચ્છ ડ઼ે જિત માડુ સવા લખ.

કચ્છ દેશના લાખેણા માનવીઓ જ્યાં વસવાટ કરે છે ત્યાં હોથલને હાલવાનું ઓઢો આમંત્રણ આપે છે.

કોઈ પ્રોડકટ કે સિનેસ્ટારને માર્કેટમાં જમાવવા-અજમાવવા 'લોન્ચ' કરવો પડે છે એમ કચ્છી માડુને કોઇ ક્ષેત્રમાં લોન્ચ કરવો પડતો નથી તે ખુદ પોતાની ખુમારી, કાબેલિયત અને ખાનદાની ખમીરને લીધે ઉભરી-ઉપસી આવે છે. તે ખરેખર ખંત અને ખુમારીનો ખેપિયો છે. ભારતના દરિયાઇ સાહિત્યના સુકાની ચંદ્રશંકર બુચ 'સુકાની' કચ્છીઓની ખુમારીને બિરદાવતાં લખે છે, 'કચ્છી નાખવાઓનો રૂહ-એ-આબ ('રૂઆબ' 'રોફ'- ખરેખર તો અન્તર સ્વરૂપના તેજ) છે તે હિન્દુ શું કે મુસલમાન શું- દરેકના લોહીમાં ભળેલ રાજપૂતી ખમીરને આભારી છે. એક તો રાણી જાયાનાં જોમ અને એમાં દરિયાવટથી ખુમારી- પછી મૂએલી કલમ પણ નાચી ઊઠે તો 'સુકાની' તો એવાં જોમ અને એવી ખુમારીનો મિસ્કીન છે.'

કચ્છપ્રેમી લેખક- અધિકારી નરેન્દ્ર મ. જોશી પોતાનો વિચાર આ શબ્દોમાં રજૂ કરે છે, 'સાહસિક, ખમીરવંતી અને વતનપ્રેમી કચ્છી પ્રજાને 'કચ્છી માડુ' કહીને સંબોધવામાં આવે છે. કચ્છી માડુનો પહેરવેશ જુદી જાતનો, તેની ભાષા જુદી ભાતની અને તેની પાઘડીનો પેચ પણ જુદી રીતનો. તેની વિશિષ્ટતાઓનો પાર નથી. તેનું શૌર્ય, ત્યાગ, ટેક અને આત્મબલિદાનની કથાઓ પણ અનોખી છે તેના ભવ્ય ભૂતકાળનું ગૌરવ અજોડ છે.'

શ્રમ, સાહસ અને વિશ્વાસનો સંગમ

કચ્છીઓએ શ્રમ, શ્રદ્ધા અને સાહસનાં સાથિયા પૂર્યાં છે. તેથી તો કચ્છની રાજમુદ્રા (રાજ્યના પ્રતીક)માં લખાયું- COURAGE AND CONFIDENCE (સાહસ અને વિશ્વાસ). મહાત્મા ગાંધીજી કચ્છી પ્રજાને સાહસિક ગણાવતાં કહે છે, 'કચ્છી ભાઈઓની સાથે મારો પ્રસંગ બહુ જૂનો છે. તેમનું સાહસ ભારતવર્ષ આખું જાણે છે, તેમની ઉદારતાથી પણ કોઇ અજાણ્યું નથી.' સને ૧૯૨૫ની કચ્છયાત્રા વખતે રાષ્ટ્રપિતાએ ઉચ્ચારેલા આ શબ્દોને વલ્લભભાઇ પટેલ સમર્થન આપે છે. ૧૯૪૮ની પહેલી જૂને સરદાર પટેલે કચ્છની પ્રજાજોગ જે સ્વાતંત્ર્ય સંદેશ પાઠવેલો તેમાં લખ્યું હતું, 'કચ્છની પ્રજામાં તાકાત, ધૈર્ય, સંપત્તિ ને સાહસિકતા ઘણી છે. વેપાર ઉદ્યાગમાં કચ્છીઓએ હિન્દભરમાં જે ફત્તેહ મેળવી છે તે તેમના આ ગુણોની પૂરતી સાબિતી છે.' આ જ વાત, આજથી ૬૮ વર્ષ પહેલાં કવિ યાસીને આ રીતે કહી હતી-

અસીં કચ્છી હિકયાર અસાંજા, હંમથજા હથિયાર
જેં જે સૂરાતન સાહસ જા જગમેં ઐં ઝણકાર

ગુજરાતના કલાગુરૂ રવિશંકર મહાશંકર રાવળના કહેવા મુજબ, 'ફેશનપ્રિય નાજુક ગુજરાતને તો એ મજબૂત કચ્છી માડુઓ અરસિક અને જાડા વ્યવહારના લાગ્યા હશે, પણ એ જાડાપણાની પાછળ નિખાલસપણું અને છૂટી ઉદારતાનો ભંડાર ભરેલો છે એ વાત હવે જગજાહેર થઇ છે. કચ્છી બજારોમાંથી સાધુ, સંત, જતીઓ, બ્રાહ્મણોના ટોળે ટોળાં નીભે જાય છે. કચ્છીઓની દાનવૃત્તિ પ્રબળ છે; કારણ કે, તેમની સાહસિક બુદ્ધિથી તેઓમાં પૈસા મેળવવાની શકિત પણ અથાગ છે.' ૧૯૨૪માં કહેલા ર. મ. રાવળના ઉકત શબ્દોને ૧૯૯૪માં ડૉ. માધુરી છેડા આગળ ધપાવી કહે છે, 'કચ્છનો પ્રાચીનકાળ કચ્છી વ્યકિતના સાહસ-બહાદુરી અને અથાક પરિશ્રમનો ઉજળો ઇતિહાસ આલેખે છે. જ્યારે કચ્છનો વર્તમાનકાળ કચ્છી વ્યકિતની વ્યવસાયિક કુનેહ અને આધુનિક જીવનાકૃતિના સ્વીકારનો કાળ છે.'

કચ્છીઓમાં આંધળુકિયાં, અવિચારીપણું પ્રવેશ્યું નથી તે સાચા અને સારા સાહસનો સોદાગર છે. આ બાબતને પત્રકાર-લેખક સુધીર માંકડ આ રીતે જુએ છે, તેઓ જણાવે છે કે, 'કચ્છીઓમાં ટીમેરિટી (Temerity) યાને ખોટું સાહસ કરવાની વૃત્તિ ઓછી છે. વગર વિચારે તેઓ આંધળુકિયા નથી કરતા અને એક સાથે એક રાતમાં કરોડપતિ થઇ જવાની એમની વૃત્તિ નથી તેઓ પેલી સસલા અને કાચબા વચ્ચેની રેસમાંના કાચબા છે.'

આપણા પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે પોતાની કચ્છ મુલાકાત પછી કહેલું કે, 'કચ્છમાં મેં જે જે જોયું છે તેની મારા દિલ પર ઊંડી છાપ પડી છે. શ્રમ અને સાહસ માટે વિખ્યાત એવી કચ્છની પ્રજાના પુરૂષાર્થ અને પરિશ્રમથી તેમજ વિકાસ યોજનાઓના સફળ અમલથી કચ્છની સર્વદિશીય સમૃદ્ધિનો યુગ શરૂ થઇ રહ્યો છે.'

વિશ્વવિહારી પ્રજા

વિશ્વભરમાં ફેલાયેલા લાખો કચ્છીઓ ખરે જ વિશ્વવિહારી પ્રજા તરીકે સ્થાન-માન પામ્યાં છે. દુનિયાના લગભગ ૭૦ જેટલા દેશોમાં પથરાયેલા બાર લાખ જેટલા કચ્છી માડુઓએ પોતાના સંસ્કૃતિ અને સભ્યતાના વારસાને સાચવી રાખ્યો છે. કચ્છની વસતીનો મોટોભાગ ગરીબી, બેકારીથી કંટાળ્યો, વિષમ આબોહવાની પરિસ્થિતિના કારણે અછત-દુકાળના સમય દરમ્યાન લોકો થાકયા તેથી વ્યવસાય અર્થે કચ્છ બહાર નીકળતા ગયા. પોતાના સાહસના સંગાથે સર્વક્ષેત્રે સામ્રાજય સ્થાપ્યું. એની કેફિયત રજૂ કરતાં રઘુનાથ બ્રહ્મભટ્ટ લખે છે-

જેના સાહસિક સંતાન જેનું વિશ્વે અનુપમ માન કલા ને શૌર્ય તણાં અભિમાન
સાગરખેડૂ વિશ્વ- પ્રવાસી બુદ્ધિપ્રભા વિશાલ, કચ્છની સુંદર ભૂમિ રસાલ.

આવા વિશ્વ નાગરિક વિશે કટારલેખક મૂલચંદ વર્મા યથોચિત નિરૂપણ કરે છે, તેઓ લખે છે 'આજે આપણે જેમને સાચા અર્થમાં વિશ્વના નાગરિક ગણાવી શકીએ તો તે કચ્છી માડુ છે. કચ્છી માડુ એટલે સાહસ અને કુનેહનું પ્રતીક. સિન્ધુ નદીની પ્રાચીન સંસ્કૃતિના સમયથી કચ્છના લોકો વ્યાપાર-વાણિજ્ય અને વીરતા માટે વિશ્વના બંદરો ખૂંદતા આવ્યા છે. આજેય કન્યાકુમારીના એકાદ ખૂણે કચ્છની દુકાન મળી આવશે તો આફ્રિકાનાં ગાઢ જંગલમાં આવેલા એકાદ વિજન એવા નાનકડા ગામમાં અને કેનેડા જેવા સમૃદ્ધ દેશનાં મોટા નગરમાં કચ્છી માડુ અને કચ્છી દુકાન મળી જ આવે છે. સ્થાનિક ભાષા સડસડાટ બોલતા હશે, પરંતુ એમાં કચ્છી ભાષાનો લ્હેકો સહજ હોય છે.' અને...,

જ્યાં જ્યાં એક કચ્છી વસે છે ત્યાં ત્યાં એક કચ્છ રચાઇ જવાની તવારીખી કાવ્યકંડિકા દુલેરાય કારાણી રચે છે !

કચ્છડો ખેલે ખલકમેં જીં મહાસાગર મેં મચ્છ,
જિત હિકડો કચ્છી વસે ઉત ડીયાંડીં કચ્છ.

આ સંદર્ભમાં હરીન્દ્ર દવેના શબ્દો મમળાવવા જેવા છે તેઓ કહે છે, 'મહાસાગરમાંના માછલાંની માફક જગતભરમાં ફરી વળેલા કચ્છીઓએ કચ્છની ભૂગોળનો સંદર્ભ બદલી નાખ્યો છે. ભારતના પશ્ચિમ ભાગમાં એક મોટા દ્વિપકલ્પ સૌરાષ્ટ્રની ઉપર આવેલો નાનો દ્વિપકલ્પ એ જ કચ્છ નથી : કચ્છ આખાયે ભારતમાં વિસ્તર્યું છે. ભારત પાર દશે દિશાઓમાં કચ્છ કયાંક્ને કયાંક જોવા મળે છે. કોઇ ખંડ એવો નથી જ્યાં કચ્છનો વતની જઇને વસ્યો ન હોય !'

વળી, કચ્છીઓમાં સૂઝ, શાણપણ એવાં છે કે, તે જ્યાં વસે ત્યાં પોતાનું વર્તુળ જમાવી શકે છે. આમ તે 'મોં કઢો માડુ' બની રહ્યો છે. વરિષ્ઠ વિશ્વવિહારી પ્રજા-કચ્છી, એટલે તો 'વિશ્વ કચ્છી પરિષદ' રચે છે ને !

માદરે વતનની મમતા

હરેક કચ્છીને કચ્છની કસક છે. હરેક કચ્છીના કાળજામાં કચ્છ કોતરાયેલું છે તેથી તો વિશ્વવિહારી બનવા છતાં કચ્છ પ્રત્યે તેનો લગાવ છે, માદરે વતન પ્રત્યેની મમતા છે. કચ્છના રાષ્ટ્રકવિ મહાત્મા નિરંજન (મૂરારી લાલજી વ્યાસ) કચ્છના લોકપ્રિય રાષ્ટ્રગીત 'વતન જી હુબ'માં વતનપ્રેમ વર્ણવે છે-

મુંજી માતૃભૂમિ કે નમન, અય વલો અસાંજો વતન
કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તનમન

વલા વતન 'કચ્છ માટે કચ્છીઓ શું કરે ? એનો જવાબ રામસિંહજી રાઠોડ આ રીતે આપે છે; કચ્છનો ખડતલ ને ખુમારીવાળો માણસ કામ કરી કચ્છમાં જ્યારે આફત ઉતરે ત્યારે પોતાનાંને અને વતનને તેમાંથી પાર કરે. દુકાળ આવે, ધરતીકંપ થાય કે સરહદ ઉપર ધાડાં ઉતરે એને કચ્છનો માનવી ખમતી નજરેથી ખમી લે.'


વતનથી દૂર સુદૂર રહેતો પ્રત્યેક કચ્છી, પોતાના ગામની ગલીઓને, શહેરની સડકોને, ડુંગરાની ધારને પુલકિત હૈયે સદાય યાદ કરતો રહે છે. એનું મન ગામના ગોંદરે પહોંચી જાય છે ત્યારે 'ગામાઇ' સાથે કચ્છડાની વાત કરી મન હળવું કરે છે. તેની બેમિસાલ વતનપરસ્તી વિશે ગુજરાત વિધાનસભાના માજી અધ્યક્ષ કુંદનલાલ જશવંતલાલ ધોળકિયા લખે છે, 'કચ્છની પ્રજામાં કચ્છ કે બહાર માનવને હૂંફ આપવાની વૃત્તિ તો ચિરસ્મરણીય છે. કચ્છને જરી એટલી આપત્તિ પડી પછી તે દુષ્કાળ, ધરતીકંપ કે અતિવૃષ્ટિ હોય તો માદરે વતનને ઉદાર હાથે સહાય કરનાર કચ્છી હૃદય ભારે સ્નેહાળ છે. વળી જ્યારે તે મદદ કરે છે ત્યારે અહં નથી પણ નમ્રતા છે. પ્રદેશને કે માનવને હૂંફ અને હુબ આપનાર કચ્છી વિશ્વમાં જ્યાં છે ત્યાં તે ઘણા પ્રસંગે માનવતાની મૂડી છે.'

કચ્છ સાથેના કચ્છીઓના ઉષ્માભર્યાં સંબંધ વિશે આપણા પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂએ ઉચ્ચારેલાં શબ્દો આ રહ્યાં- 'કચ્છની પ્રજા સાહસિક છે. કચ્છના લોકો ગમે ત્યાં વસતા હોય તો પણ તેઓ કચ્છ સાથે તેમના ગાઢ સંબંધો જાળવી રાખે છે.'

દાનવીર કચ્છીઓની ઉદારતાથી કચ્છમાં જુદા જુદા સ્થળોએ હોસ્પિટલો, પાંજરાપોળો, શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ, પરબો, વાંચનાલયો વિ. ચાલી રહ્યાં છે. કચ્છીઓનાં વતનપ્રેમ થકી લોકોપયોગી સેવાઓનો વ્યાપ વિસ્તર્યો છે. વહાલા વતન પ્રત્યેની ઉત્કૃષ્ટ લાગણી અને દાનપ્રિયતા જગપ્રસિદ્ધ અને અજોડ છે. કચ્છથી દૂર નીકળી ગયા પછી પણ પોતાના વતન માટે કંઇક કરી છૂટવા, તેના વિકાસ અને પ્રગતિ માટે પરિણામલક્ષી પ્રયત્નો કરવા દરેક કચ્છી કમર કસે છે. આવા કચ્છી માડુ માટે આજથી બરાબર સાત દાયકા પહેલાં કચ્છી વિદ્વાન રા. મણિલાલ વલભજી કોઠારીએ કહેલા આ શબ્દો આજે પણ તરોતાઝા લાગે છે- 'કચ્છી ભાઇઓ ભોળા ભકિતવાળા અને નિરાંડબરી છે અને વેપારમાં સાહસિક અને ભારે પુરૂષાર્થવાળા છે. અને તેને લઇને હિન્દમાં વેપારમાં કુદરતી રીતે અત્યારે મુખ્યત્વે અગ્રસ્થાન ભોગવે છે. સાહસ અને પુરૂષાર્થની સાથે એમનું દિલ પણ ઉદાર છે. અત્યાર સુધીમાં કચ્છની બહાર વસતા કચ્છી ભાઇઓએ દેશહિતના કાર્યમાં પુષ્કળ દાન આપેલ છે અને તે કાર્યને આગળ વધારેલ છે.'

દેશ-દુનિયામાં વસતા અને જુદા જુદા ક્ષેત્રોમાં નામના મેળવનાર કચ્છીઓ પોતાના પ્યારા વતન કચ્છનું નામ પડતાં જ હર્ષાવેશમાં આવી જાય છે એટલું જ નહિ, વાર તહેવાર, વ્યવહારિક, ધાર્મિક અને અન્ય પ્રસંગોએ કચ્છની અચુક મુલાકાત લે છે અને કચ્છ માટે યથાયોગ્ય તન, મન અને ધનથી ફાળો આપે છે. તેથી જ લોકસંસ્કૃતિના આલેખક પુષ્કર ચંદરવાકર પોકારી ઊઠે છે, 'જ્યાંના લોકો જગતભરમાં જાણીતા છે એવા 'કાછો, મીઠી માડી અસાંજી, જેમેં અમીઉ ભરઇયું ક્રોડ, મીઠી માડી હંજે મેં હું હુલ્યાસીં જેં જેં, જેંજી નતાં જોડ !' હે કચ્છ, લોકસંસ્કૃતિ અને લોકજીવનમાં તને ટપી જાય એવી કઇ ધરતી- એવો પ્રશ્ન થાય છે. લોકવાર્તા, લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકજીવન અને લોકસંસ્કારને ટપી જાય એવો બીજો કયો પ્રદેશ આજે ગુજરાતમાં છે, તે કોઇ બતાવશો ?' માનવમાં રસલક્ષી અને સૌંદર્યલક્ષી નજર હોય તો એટલું જ મોંમાંથી નીકળી જાય : કચ્છડો બારે માસ !

કચ્છ એ બેમિસાલ બળૂકા બચ્ચાંઓનો બાગ છે. અહીંના બળકટ-બહાદુર બાલુડાંની



બહાર વિશે કવિ નિરંજન ઉચ્ચારે છે-

ઈસર જેડા દાસ ઈશ્વર જા, મેંકણ જેડા મહંત
જગડુસા, ખેંગાર, પીતાંબર, માડી જા માજન
અસીં બાલુડા બુલબુલ ઈન જા, માડી અસાંજો ચમન.

આ બેજોડ બાલુડાં વિશે સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ અને વડોદરા મ્યુઝિયમના કયુરેટર પુષ્પકાંત વિષ્ણુશંકર ધોળકિયા કહે છે, 'કચ્છની કઠોર ધરતીએ ખડતલ માનવી નિપજાવ્યો. એ માનવીએ પોતાના જીવન ઝંઝાવાતમાંથી પ્રાણવાન બોલી રચી, શૌર્ય અને દાક્ષિણ્ય, પરોણાગત અને સહકારની કોઇ નવી જ ભાવના ખીલી ઊઠી. ચોપાસ કાળમીંઢ પથ્થર હતા છતાં કચ્છના કલાકારોએ એમાંથી અવનવા શિલ્પોનું સર્જન કર્યું. કચ્છ સમુદ્રથી ઘેરાયેલો પ્રદેશ હતો, તેનો સદ્‌ઉપયોગ કરી સાગરખેડૂ એ બન્યો અને ખલાસીઓએ સાત સમુદ્રોમાં નામ કાઢયું. કચ્છના વેપારીઓએ આફ્રિકાના પૂર્વ કિનારાથી એશિયાના પૂર્વ છેડા સુધી પોતાની શાખ જમાવી, જે કારણે આફ્રિકાની ચલણી નોટો પર દાયકાઓ સુધી ગુજરાતી લિપિને સ્થાન મળ્યું.'

રા'બાવા અને રૈયતની રખાવટ

માલિક મુલ્ક કચ્છના મહારાવશ્રી રૈયતના રખેવાળ, જનોદ્યાનના મુત્સદ્દી અને


મહેરબાન માળી હતા. કચ્છમાં પ્રજા-રાજા વચ્ચે છોરૂ-માવતરના સંબંધ રહ્યા છે. કચ્છી આગેવાન કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી લખે છે, 'સ્વરાજ્ય સુધી રાજા-પ્રજા વચ્ચેની જૂનવાણી સમજણ ટકી રહી એટલે કચ્છી જનતાનો Conquered પ્રજા તરીકે નહીં પણ મૂળમાલિકી પ્રજાની કાયમ રાખી રાજ્યતંત્ર અને રખેવાળી રાવે જે સ્વીકારેલ તે, કચ્છની જનતાની ખુમારી ટકી રહી છે.'

અમુક અપવાદને બાદ કરતાં કચ્છની રાજાશાહી પ્રજાના ધાર્મિક વિશ્વાસોની કદર કરતી રહી છે. તેમ ઐક્ય ભાવના-ધાર્મિક સમભાવને નોખો નિખાર આપ્યો છે. રા'બાવા અને રૈયત વચ્ચે હેત-મીઠાશ પ્રવર્તતા રહ્યા હતા. કચ્છના અંતિમ મહારાવ મદનસિંહજીએ સરદાર પટેલની સલાહ સ્વીકારી, રાજ્યની પ્રજાના સાચા હિત સારૂં ને હિંદી સંઘમાં જોડયું. પોતાની રાજગાદીનો સ્વમાનભેર ત્યાગ કર્યો.

આવા ગુણગ્રાહી, પરાક્રમી અને ઔદાર્ય ભાવનાવાળા રા'બાવા માટે સને ૧૮૭૯માં મેહેતા ચતુર્ભુજ શિવજી 'રાઓ ગુણોદ્યાન' ગ્રંથ રચી નાખે છે અને મહારાઓ ખેંગારજી પહેલા માટે ભાવુકતાથી સ્તોત્ર લખે છે-

અસિત ગિરિ સમંસ્યાત કજ્જલં સિંધુ પાત્રે
સુરતુવર શાખા લેખની પત્ર મુર્વી :
લિખતી યદી ગૃહિત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં નયાતી.

(હે ઈશ્વર, કાળા પર્વતો જેટલું આંજણ સમુદ્રરૂપી ખડીઆમાં નાંખીને મોટાં કલ્પવૃક્ષની ડાળોની લેખણ કરીને સર્વકાળ શારદા પોતે પૃથ્વીરૂપી કાગળ ઉપર લખવા



માંડે તો પણ તમારા ગુણોનો પાર પામે નહીં.)

કચ્છના ભલા રાજવીને કચ્છી માડુ અર્ધ્ય આપતાં કહે છે, ''દેશરા પરમેશ્વરા !''અહમદશાહ પાદશાહે મહારાઓ લખપતજીને 'મિરઝા'નો કિતાબ, તથા માહી મરાતિબ આપ્યાં, અંગ્રેજ સરકારે મહારાઓ પ્રાગમલજી પહેલાને ''ગ્રેન્ડ કમાન્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઈન્ડિયા'' (જી. સી. એસ.આઇ.)નો ઈલકાબ આપ્યો હતો. ઈતિહાસના એક ક્રાંતિકારી ઉજ્જવળ પાનાં તરીકે ''બાર ભયાનું રાજ્ય'' ભાગ્યે જ બીજે જોવા મળશે-આ છે વીર અને ધીર પ્રજાની સહિયારી સલુકાઈ ! તેથી જ દેશળજી બીજાના સમયે કચ્છી સિક્કા પર 'કેસરે હિંદ' અને મદનસિંહજીની વારીમાં 'જયહિન્દ' અંકિત થવા લાગેલું. અહીંની મજબૂત મહાજન પરંપરાની શાખ ઈતિહાસ પૂરે છે. રાજના નિર્ણયો અને કાર્યોમાં મહાજનના અવાજને સ્થાન અપાતું અને મહાજન સર્વદા પ્રજાકલ્યાણ માટે પ્રયત્નશીલ રહેતું. પ્રજાવત્સલ મહારાઓ અને પરાક્રમી પ્રજાની આવી જોડ બીજે કયાં જોવા મળશે ? 'જીએરા'નો જયઘોષ કરતો જનસમાજ પોતે પણ જાંબાઝ છે.

ઐક્યનો આરાધક

ઈ.સ. પૂર્વેથી અહીં કંઇ કેટલીય કોમો આવી, કંડલા મહાબંદરના થયેલા ઉત્તરોત્તર વિકાસને લીધે કચ્છમાં કિસમકિસમની જાત અને સંસ્કારના સર્વદિશીય લોકોનો મેળો મળ્યો છે. એટલે અદ્યતન એવી આ સંસ્કારછાપથી કચ્છનાં એકતાનાં અમી હવે અનોખી અદાથી ઝરમરે છે. ખરે જ, કચ્છી માડુ ઐક્યનો ઓલિયો છે. અગ્રણી એવા ઈસ્માઇલ બાયડ લખે છે, 'કચ્છની હિંદુ પ્રજાની ખાસ વિશિષ્ટતા ''ઉદારતા'' છે. મુસ્લિમો તરફ હંમેશા, મોટા ભાગની પ્રજાનું વલણ ઉદાર રહ્યું છે. કચ્છના મુસ્લિમ સમાજના સમજદાર આગેવાનો, હિંદુ પ્રજાના આ વલણ લાગણીને આદરની નજરથી હરહંમેશા જોતા આવ્યા છે અને જુએ છે. ફક્ત ખામી એટલી છે કે આ લાગણી-વલણની જાહેરમાં કદર કરી નથી કે બિરદાવેલ નથી. સારાં અને વિશિષ્ટ તત્ત્વોની હંમેશા જાહેરમાં કદર થવી જોઇએ.'

ભાઈચારાથી ભલીભાંતી લાગતી પ્રજા સંકટ સમયે બંધુત્વ અને એકત્વના અનેરા દર્શન કરાવે છે. કાં. ચં. અંતાણી કહે છે, 'કચ્છને જ્યારે બહારથી સુલતાની આફત કે આક્રમણ આવે ત્યારે પોતા વચ્ચેના કોઇ ભેદ હોય તો તે ભૂલી દરેક પોતાના કર્તવ્ય માટે ખડો થાય છે અને કચ્છની આ આગવી એકલી અટુલી પણ પોતાની અસ્મિતા ટકાવી છે. 'અસીં કચ્છી અઈઉં ઈ ચોંતા' અને કચ્છી તરીકે રોંતા (રહીએ છીએ)એ ગૌરવ જ્યાં કચ્છી હોય તેણે ટકાવ્યું છે.'

કચ્છીઓની વૈચારિક, ધાર્મિક અને વ્યવહારિક એકતાનો મહિમા ગાઇ ડો. ગોવર્ધન શર્મા અને ડો. ભાવના મહેતા લખે છે, ''કચ્છની પ્રજા આપ્રવાસી પ્રજા છે. કાઠી, આહીર, રબારી, જત તથા અન્ય પશુપાલક જાતિઓ અહીં આવી રહી છે. ઉત્તરથી સમા, સોઢા તથા અન્ય સિંધી કબીલાઓ આવ્યા. પૂર્વેથી વાઘેલા અને મારવાડ તથા ગુજરાતથી વાણિયા, બ્રાહ્મણ આવ્યા. ભાટિયા તથા લોહાણા મુલ્તાન તથા સિંધથી આવ્યા અને વિભિન્ન કારીગર વર્ગ કાઠિયાવાડ તથા સિંધથી આવ્યા. ચારણ મારવાડથી આવ્યા. આ રીતે આપણે જોયું કે કચ્છ જાણે એક માનવ-રસશાળા છે, જેમાં વિભિન્ન જાતિઓ અને ધર્મોના લોકો આવી, કચ્છી પ્રાદેશિક સંસ્કૃતિમાં ભળી એકરૂપ થઇ ગયા છે. આ ગહન માનવ મહાસાગરમાં આવી મળેલી છે આ બધી નદીઓ, જેમનું એક જ રૂપ છે, તે છે કચ્છી રૂપ. બધાની એક જ અસ્મિતા છે, કચ્છી. તેનું જીવંત ઉદાહરણ જોવું હોય તો મુંબઇમાં જુઓ, વિદેશમાં જુઓ, જ્યાં જ્યાં કચ્છી વસ્યા છે ત્યાં ત્યાં આ એકતાનાં દર્શન થાય છે... અને કચ્છ તો પ્રશાંત માનવ મહાસાગર છે; સમરસ; શાંત, નિશ્ચલ !'

પ્રકૃતિપ્રેમી પ્રજા

દૂધને દેવતા અને છોડને રણછોડ માનતી કચ્છી પ્રજા પ્રકૃતિની પૂજારી છે. હા, આ પ્રજા પર્યાવરણની પુરસ્કર્તા છે. કચ્છી પ્રકૃતિપ્રેમી રહ્યો છે તેથી જ તેણે આધુનિક અભયારણ્ય જેવી 'રખાલ'ની યોજના બનાવી હતી. પશુ-પંખી અને વનશ્રી તેના જીવન અને કવનમાં ઉતર્યા છે. અહીં લોકો, વન્યજીવોને સંત મેકરણના લાલિયા-મોતિયા જેવા ગણે છે. કચ્છના કબીર સંત મેકરણદાદા કહે છે-

પિપ્પર મેં પણ પ્રાણ, નાંય બાવર મેં બેઓ;
નિમમેં ઉ નારાણ, ત પોય કંઢે મેં કેઓ ?

પીપળમાં જે ચૈતન્ય (પ્રાણ) છે, એજ ચૈતન્ય બાવળમાં છે. લીમડામાં નારાયણનો વાસ છે તો પછી ખીજડામાં વળી બીજું ક્યાંથી હોઈ શકે ?

અહીંનો માણસ રામારણ્ય તીર્થ (રામવાડા) રચે છે, સુરખાબ અને ઘૂડખરને પોંખે છે, જનાવરના પાળિયા ઊભા કરે છે, અરે..જનાવરને પીરની પદવી પણ આપીને કહે છે-કુત્તાપીર ! અહીંના ગામના નામો પર પણ પશુ-પંખી અને વનસ્પતિનો ઊંડો પ્રભાવ છે જે કચ્છીના પર્યાવરણ પ્રેમને પ્રગટાવે છે અને આજની તારીખે તે 'ડેઝર્ટ ઇકોલોજી સેલ'માં ભાગીદાર બને છે ! સહેલગાહે નીકળેલા લાખા ફૂલાણીએ કચ્છની કુદરતના હરિયાળા સૌંદર્યને જોઇ વાહ, વાહ ! કરી એટલું જ નહિ, તે દિનને (અષાઢી બીજને) કચ્છી નવા વર્ષ તરીકે ઉજવવાની પ્રથા શરૂ કરી. આ છે પ્રકૃતિ પ્રેમ !

જાજરમાન-જોશીલો જનપદ

વરસાદ એ અહીં અપવાદ છે -માનો કે ભગવાનનો પ્રસાદ છે (પ્રસાદ તો ચપટીભર જ હોય ને !) આ ચપટીક પ્રસાદથી જ સંતોષી કચ્છી મન મનાવી લે છે, કારમા દુકાળના વખતમાં પણ તેનાં જોમ-જુસ્સાને જફા પહોંચતી નથી કારણ કે આ જાજરમાન-જોશીલો જનપદ છે ! આવું જ યહૂદીઓનું છે. ટચૂકડા દેશ ઈઝરાયલનું ક્ષેત્રફળ (૨૮,૨૯૦ ચો. કિ. મી.) કચ્છ જિલ્લા જેટલું જ છે તે બે પ્રદેશ વચ્ચેની ભૌગોલિક સામ્યતા છે તો ઈઝરાયલ અને કચ્છની ખેતીલાયક જમીન, રણભૂમિ, પાણી પ્રશ્ન અને સરહદી સમસ્યામાં પણ અજબ સામ્યતા છે. ઈઝરાયલની કર્માશ્રિત

પ્રજા, કે જે ચમત્કારોમાં માનતી નથી પણ ચમત્કારો કરી બતાવે છે તેથી જ લાગે છે કે યહૂદીઓનું આ બળૂકું ખમીર કચ્છીઓએ અપનાવવા જોયું છે, કે જેથી વલા વતનને નંદનવન બનાવી શકાય. ''કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિ જયંત ખત્રી કહે છે કે, 'કચ્છીઓ પોતાના વતનપ્રેમમાં યહૂદી ખમીર ઉમેરે તો કેવું સારૂં !' કચ્છીઓએ પોતાના વ્યકિતત્ત્વને યહૂદી પાસ આપવો જ પડશે.

આ બાબત વધુ સ્પષ્ટ કરતાં સુધીર માંકડ જણાવે છે કે, 'કચ્છીઓને ઘણી બધી રીતે યહૂદીઓની સાથે સરખાવી શકાય. ભલે કચ્છીઓ પાસે એમની ભૂમિ હોય પણ કચ્છી પોતાની ધરતી હોવા છતાં ધરતીથી વિખૂટી પડેલી પ્રજા છે અને કચ્છીઓની દુનિયામાં ૨૫થી ૩૦ લાખની વસતીમાંથી કચ્છમાં કુલ વસતી દસ જ લાખની છે એ હકીકત મારા વિધાનની સાક્ષી પૂરે છે.'

મુંબઇના એક વખતના ગવર્નર લોર્ડ રેએ તેમના એક ભાષણમાં કહ્યું હતું કે, ''સ્કોટલેન્ડની પેઠે તમારી (કચ્છી) રૈયત વ્યાપારમાં, દરિયાઇ કામમાં અને કળા કૌશલ્યમાં આગળ વધેલી છે. મુંબઇ ઇલાકામાં હું જ્યાં જ્યાં માતબર વેપારીઓને જોઉં છું ત્યાં ત્યાં કચ્છીઓ અવશ્ય માલૂમ પડવાના. જેમ સ્કોટલેન્ડના લોકો સ્કોટલેન્ડને પહેલું ગણે છે તેમ કચ્છીઓ કચ્છને પહેલું ગણે છે અને પોતાની સ્વદેશ ભૂમિને વીસરી જતા નથી.'

ભાતીગળ ભોમકાનો ભડવીર

ભાતીગળ ભોમકાનો ભલો ભડવીર એવો કચ્છી રાજ્યના સૌથી મોટા જિલ્લાનો વતની છે તેમ તમામ જાત-પ્રાંતમાં કચ્છીમાડુ મૂઠી ઊંચેરો સાબિત થઇ ચૂકયો છે ! કચ્છના ભલા-ભોળાં ભક્તો વિશે પ્રસિદ્ધ રામાયણી મોરારીદાસ હરિયાણી કહે છે, 'કચ્છી લોકોના, હરિભકિતમાં તાલ મિલાવવાના તોલે કોઇ આવે તેમ નથી.' આ કારણે જ આપણે બોલી શકીએ છીએ કે-

વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીય વચ્છ,
વંકા કુંવર ત થીએ, જ પાણી પીએં કચ્છ. (દુલેરાય કારાણી).

આવા નરબંકા વિશે મહાકવિ ન્હાનાલાલ કહે છે, 'સાગરના તરંગો અને રણના વંટોળોની મધ્યે ઊછરેલાં પાણીદાર વછેરા-વછેરીઓ જેવાં કચ્છનાં રૂઆબદાર નરનાર ભાવ ઝળુંબતાં વૃક્ષપ્રેમીઓ સમાં વિલસે છે.'

અહીંની દંતકથાઓ અને સંતકથાઓનું ભાથું ભાવભર્યું અને ભભકદાર છે. આ પ્રજાની જાનફેસાની અને બહાદુરી ભંવ્ય છે. તેથી જ અડધી સદી પહેલાં જીુગતરામ દવે ટૂંકી ટાંચમાં લખે છે,

'કચ્છની પ્રજા સાહસિક છે, બહાદૂર છે, તેની પાસે વીરતાનો ઇતિહાસ છે.'

આ બળૂકી પ્રજાની હિંમત, દ્રઢ નિશ્ચય વિશે પં. નહેરૂ ૧૯૫૭ના એકપત્રમાં લખે છે કે, 'તાજેતરમાં થયેલા ધરતીકંપના પ્રસંગે મેં કચ્છની મુલાકાત લીધી હતી અને કચ્છના પ્રજાજનોએ, તેઓ ગમે ત્યાં હોય તો પણ, એ પડકારનો બહાદુરીથી અને અસરકારક રીતે સામનો કર્યો હતો, એ જોઇને મને સંતોષ થયો હતો. મને ખાતરી છે કે નવી વ્યવસ્થામાં પણ તેઓ હિંમતથી અને દ્રઢ નિશ્ચયથી બધા પડકારોનો સામનો કરવાનું ચાલુ રાખશે અને ફકત કચ્છના જ ઉત્કર્ષ માટે નહિ, પરંતુ નવા અને વિશાળ મુંબઇ રાજ્યના ઉત્કર્ષ માટે પરિશ્રમ ઊઠાવશે.'

કચ્છીઓના કોડિલા કચ્છી કુળને કાળનો કાટ ચડયો નથી, તેથી તો ગણગણીએ છીએ-

કોટને કાંગરે ખેલ ખડ.ગના
ખાય હજીએ ખોંખારો,
વીર સપૂતને સતીયું કેરા
પાળિયા દીએ હોંકારો
આ કચ્છડો કામણગારો ! (મહેન્દ્ર જોશી 'સમીર')

કચ્છીઓના કરિશ્માતી કુળના ગોત્ર -ખાનદાન -રાશિ કે રક્ત જૂથની કોઇ પહેચાન માંગે તો તેને કોટેશ્વરથી કંથકોટ, ધ્રબથી ધોળાવીરાનું ભ્રમણ કરાવી તેને સાદર કહેવું જોઇએ કે, અહીંનું ગોત્ર ગરડો છે, ખાનદાન ખડીર (જેવું) છે, બ્લડગ્રુપ બન્ની છે, વર્ણ વાગડ છે અને કરણ કંઠી છે ! સિંધુમાં બિંદુ સમજાય છે પણ બિંદુમાં સિંધુ સમાય એ જોવો હોય તો કચ્છી માડુના સંસ્કારને સમજવા પડે !

'કચ્છને એક બાજુથી રણની રેતી કોરી ખાય છે બીજી બાજુ ખારો સમંદર માથાં પછાડે છે. રાક્ષસો ડાચાં ફાડીને બેઠા હોય એવા ઉઘાડા ડુંગરા ડરામણા લાગે છે. ધરતીની ફળદ્રુપતાને કોક્ની આભડછેટ લાગી છે. વરસાદ રીસાઇને બેસે છે. પીવાના પાણીના સાંસા રહે છે. આટઆટલી ભયંકરતા વચ્ચે પણ માનવ નૃવંશનું કચ્છી કુળનું ઝુમખું કાયમ અલબેલું, નમણું, નાચતું, ગાતું, હસતું અને ખીલતું જ લાગે એ કયા સંસ્કાર બળ ઉપર ઊભું હશે ?' -આમ કહી લોકકલાકાર મનુ ગઢવી કચ્છી કુળને પ્રશંસે છે.

કચ્છી કુળનો માણસ નખશીખ નેક નાગરિક છે. કચ્છીઓના લોકાચાર અને કુલાચારમાં સદાચારનો જીકાર છે. તેથી તો કુંદનલાલ ધોળકિયાને કહેવાનું મન થાય છે કે, 'કચ્છમાં એક વિશિષ્ટ તત્ત્વ માનવવર્તન અંગેનું છે અને બીજા કેટલાક જિલ્લાની સરખામણીમાં કચ્છમાં કાયદાના રાજ્ય (રૂલ ઓફ લો) પ્રત્યે આદર છે. કેટલાક જિલ્લામાં બેફામ વર્તન, નિયમોની ઉલ્લંઘનવૃત્તિ, સત્તા સામે વાતવાતમાં સંઘર્ષ, વધુ ગુનાખોરી છે ત્યારે કચ્છનો સામાન્ય માનવ કાયદાનું રાજ્ય ઇચ્છે છે ને તે રીતે વર્તે છે.'

કચ્છી નમ્ર, નિખાલસ અને નેકદિલ ખરો પણ તે વેરી સામે પડે તો-

વિંગા તન તે વાર, વિંગા કંઢા ખેર જા,
વિંગા કચ્છ જા બાર, મુડી ન માગ ડીએં કુડું (લાલજી નાનજી વકીલ)

(શરીર પરના વાળ વાંકા છે, ખેરના કાંટા વાંકા છે, કચ્છના બાલકો વાંકા છે, જેઓ હટીને (દુશ્મનને) કદી માર્ગ આપતા નથી.)

અસ્મિતાનો ઉદ્દઘોષ

હટીને માર્ગ ન આપનારા કચ્છીઓની સહિષ્ણુતા અંગેની સંકલ્પના વિશે, લાચારી અંગેની લક્ષ્મણરેખા વિશે, કશેક કચાશની કમજોરી વિશે પ્રશ્નો જાગે, કચ્છીઓના અવધાન અને એમની અપેક્ષા અનુસંધાને સંશય જાગે ત્યારે શીખ આપવાનું કેંટલાક વ્યકિતવિશેષો મુનાસિબ માને એ જરૂરી છે. કેટલાક સલાહ-સૂચન અંગે સહચિંતન કરવું જરૂરી છે.

દુલેરાય કારાણીને 'સવાઇ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરે તા. ૧૭ નવે. '૭૩ના પત્ર લખેલો, એમાં કાકાસાહેબ જણાવે છે, 'હમણાં જ કચ્છ જઇ આવ્યો છું. એ પ્રદેશ પ્રત્યે મારૂં આકર્ષણ જૂનું છે. એ પ્રદેશનાં ભાગ્યમાં જેટલું છે તે ઓળખીને એ પ્રદેશને ચઢાવવાને ત્યાંના લોકોએ હજી પરાકાષ્ટા કરી નથી. કચ્છી લોકો પુરૂષાર્થી ખરા. પણ સામાન્ય આદર્શથી સંતોષ માનનારા અને એવા સામાન્ય આદર્શની અંદર જ પોતાનો પુરૂષાર્થ વાપરી જોનારા. આ એક કમજોરી અને બીજી કમજોરી તે સ્હેજે ધ્યાનમાં નહીં આવે. માટે અહીં સ્પષ્ટ કરવા માંગું છું.

એક બાજુ સમુદ્ર, અને બીજી બાજુ રેતીનું રણ -આ બે વચ્ચે આવેલા આ પ્રદેશનું



એલ. એમ. પોમલ

વ્યકિતત્વ સંપૂર્ણપણે ઓળખી, એનું સામાજિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ઓળખવા જેટલી જે આધ્યાત્મિક વ્યાપકતા જોઇએ છે તે હજી કેળવાઇ નથી. પરિણામે આખો પ્રદેશ વ્યાપક વ્યકિતત્વ વગર રહ્યો છે. આને હું આધ્યાત્મિક પ્રાણનો અભાવ ગણું છું.'

એ પ્રાણ કેળવવાનો વખત કયારનો આવી પહોંચ્યો છે, અસ્મિતાનો ઉદ્દઘોષ કરવાની ઉમેદ છે કારણ કે ધીરજનું કરજ વધી રહ્યું છે, ગુજરાતી પ્રજાની લાક્ષણિકતા વર્ણવતા ગુર્જર સપૂત, ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી રણછોડજી દેસાઇ જે વાત કરે છે એ વાત કચ્છીઓને પણ એટલી જ લાગુ પડે છે, તેઓ કહે છે, 'ગુજરાતની પ્રજા નરમ અને શાંતિપ્રિય ભલે ગણાતી હોય, પણ જુલમો અને અન્યાયોની સામે લડી લેવાને હંમેશાં મોખરે રહી છે. શાણા અને શિસ્તબદ્ધ ગુજરાતીઓના ધૈર્યનો અંત આવે ત્યારપછી તેમને જીતી શકાતા નથી.'

આ લાક્ષણિકતા, સહનશકિત અને ધૈર્ય વિશે છે. તેમ ક્યાંક માનવગત નબળાઇ પણ છતી થાય છે. એક પ્રજા દશે દિશાઓમાં, સર્વક્ષેત્રે પારંગત થઇ શકે નહીં પણ

વર્તમાન વહેણમાં પોતાનું પ્રતિબિંબ ઝીલી તેમાંની કસર પૂરવા કમર કસી શકે. એક અવલોકન કુંદનલાલ ધોળકિયા કરે છે અને લખે છે, 'કચ્છના પ્રજાજનનાં અવાજ, મુખમુદ્રા, આવિર્ભાવમાં પ્રતિભા જરૂરી છે... શરીર રચનામાં રમ્ય ચક્ષુ, અણીદાર નાક, સ્પષ્ટ છતાં મધુર અવાજ અને પરિપકવતાનો રણકો કચ્છે વધુ કેળવવાં જરૂરી છે. રવિશંકર મહારાજ કે સ્વ. ઢેબરભાઇ હજુ કચ્છમાં પાકયા નથી. ધારાસભા કે પાર્લમિન્ટેરિયનની નામના ભારતમાં ખૂણે ખૂણે પ્રસિદ્ધ હોય તેવી વ્યકિતઓ કચ્છમાં પાકવી બાકી છે. ભારતમાં વેપારક્ષેત્રે કચ્છીઓની નામના છે પણ કચ્છની ''રાજકીય લોબી'' બળવત્તર નથી.. કચ્છમાં સન્માનવૃત્તિનો અતિરેક છે. યોગ્ય વ્યકિતનું સન્માન થાય પણ ગમે તેવી નાની વાતમાં સન્માન કરવાથી સન્માન કરનારની પ્રતિભા ઝંખવવાય છે..'

કચ્છના પ્રશ્નોના ઉકેલ માટે પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કરેલો ઈશારો કાફી છે, તેઓ કહે છે, 'કચ્છના લોકો હિંમતવાન અને ખડતલ છે. તેઓ પોતાના પ્રદેશનાં સર્વાંગી વિકાસ માટે જહેમત ઊઠાવી રહ્યા છે. ભૂતકાળમાં આવી પડેલા પ્રશ્નોના નિર્ણય પોતે જ લીધા છે અને મને ખાત્રી છે કે, ભવિષ્યમાં પણ જ્યારે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે એજ પ્રમાણે નિર્ણય લેશે.'

કચ્છના બે ભાગલા કરવાના, કચ્છના લોકનાદને દાબવાના, કચ્છને સિંધી ભાષી જિલ્લો જાહેર કરવાની માંગ કરવાના કે ટુરિઝમ કોર્પોરેશનના નકશામાંથી કચ્છનો છેદ ઉડાડી દેવાના પ્રયાસ થાય ત્યારે તેની અસ્મિતા પર કુઠારાઘાત પડે છે. આવે વખતે સ્વાતંત્ર્ય સેનાની અને ભેખધારી પત્રકાર ફૂલશંકર રેવાશંકર પટ્ટણીની વાત સાચી લાગે છે, તેઓ લખે છે, 'પ્રાચીનકાળથી કચ્છ એક અલગ અસ્તિત્વ ધરાવતો પ્રદેશ છે. ગુજરાતનો ભાગ ગણવામાં આવતો હોવા છતાં કચ્છ કદીય



હિનેશ છત્રાલા

ગુજરાતનો ભાગ કે હકુમત નીચે હતું નહીં. સ્વતંત્રતા બાદ કચ્છનું અલગ અસ્તિત્વ, અસ્મિતા ભૂંસાઇ ગઇ અને હાલ ગુજરાત રાજ્યની હકુમતમાં છે.' કદાચ સહિષ્ણુતા અને સહનશીલતા એ કચ્છીઓના શ્વાસમાં ભળી ગયેલો ગુણ છે નહીંતર પાકિસ્તાનની 'જીયે સિંધ'ની ચળવળ કચ્છ માટે પ્રેરક પ્રતીક બની ન રહેત ! 'જીયે કચ્છ'નો પ્રચંડ પોકાર ન ઊઠત ?! કચ્છની હળહળતી અવગણના થાય ત્યારે 'સમકાલીન'ના તંત્રી હરિ દેસાઈના શબ્દો યાદ કરવા ઘટે. તેઓ નોંધે છે, 'કચ્છની બહાર ધરાને ધ્રજાવી શકે, હજારો લાખોને વ્યવસાય આપી શકે, રાજ કરી શકે એવા કચ્છી માડુઓ કચ્છની ભોમકાને બિચારી બાપડી ક્યાં સુધી સાંખી લેશે. કચ્છી પછી, એ હિન્દુ હોય કે મુસલમાન, કોઈપણ વેરાન ક્ષેત્રને પણ હરિયાળો બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે, ડોલરિયા દેશ કચ્છની અસ્મિતા સંગ્રહાલયમાં સચવાય એવો 'નમૂનો' નથી, કચ્છની અસ્મિતા પરચૂરણ (સિક્કા)ની જેમ સહેલાઈથી વાપરી શકાય એવો સસ્તો શબ્દ નથી, એમ કરવાથી તો અસ્મિતા પોતાનો તેજીલો અર્થ ખોઇ બેસે છે, એ તો છે-

ખમાં મુજે કચ્છ કે, ભિલે કચ્છડો !
ભિલે કચ્છડો... ભિલે કચ્છડો !
ભલેં જી ભલાઈ કે, ન ભૂલે કચ્છડો !
મહોબત કે મથો ડે, ન ડૂલે કચ્છડો ! (દુલેરાય કારાણી)

૧૯૨૫માં મુંબઇ ખાતે ગુલાબશંકર સોમજી ધોળકિયાએ લખેલા નીચેના શબ્દો ૧૯૯૫ના વર્ષે ફરીથી લખવા માટે કેટલા સાર્થક છે... 'હૃદયનાં આંતરપટોમાં રહેલી પ્રેમની જ્યોતિ કચ્છી પ્રજામાં પ્રગટે, દુઃખી, દરિદ્રી કચ્છ દેશમાં વિધવિધ સંકટોથી પીડાતી કચડાતી કચ્છી પ્રજાના ઉદ્ધાર ખાતર કોઇ કચ્છી પ્રેમવીરો બાહર પડે, એવી ઈશ્વર પ્રત્યે નમ્ર યાચના છે.'

કચ્છ પ્રત્યે દુર્લક્ષ સેવવું પોસાય તેમ નથી, આ સંદર્ભે કાંતિપ્રસાદ અંતાણી કહે છે, 'કચ્છના ચોતરફ કુદરતી દરિયાની અને રણની રખેવાળી કચ્છી પ્રજાની આ ખુમારી અને માતૃભૂમિ પ્રત્યે શિરફિરોશીની તમન્નાએ ભારતના આ સરહદી વિસ્તારને સરહદી વિસ્તારના લોકોનું ઝનૂન, જીંદાદિલી, પરેશાની સહન કરવાની અડગતા અને 'મથોં ઊંચો કરી રોંતા' માથું ઊચું રાખી રહેવાની ખુમારી જળવાઇ છે. એ તાસીર જાળવવાની ભારત સરકારની, ભારતની પ્રજાની, કચ્છના માત્ર હિત માટે જ નહીં, પણ ભારતના સમગ્ર હિત માટે જ જરૂરી છે તે હકીકત દુર્લક્ષને પાત્ર નથી તે હકીકત પણ નવનિર્માણમાં ખાસ સ્થાન માગે છે.'

સ્વાતંત્ર્યના નવપ્રભાત વખતે તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ તત્ત્વચિંતક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન કચ્છ આવેલા. કચ્છની મુલાકાત લીધા બાદ વિદાય સંદેશમાં વિકાસની વાત માંડી હતી તે આ રહી- 'કચ્છમાં લોકો જો શ્રદ્ધા અને ખંતથી કામ કરવા લાગે તો કચ્છની ઉન્નતિની અનેક શકયતાઓ પડેલી છે. સામાન્ય રીતે કચ્છની પ્રજાની કક્ષા ઉચ્ચ પ્રકારની છે અને તે હજુ ઊંચે લઇ જઇ શકાય તેમ છે. આખો, કચ્છ પ્રદેશ કંડલા બંદરના વિકાસથી સીધી રીતે લાભ મેળવશે અને તેથી, કચ્છના વિકાસમાં, કચ્છી જનતામાં કુદરતી રીતે જે સંસ્કારિતાના ગુણો પડયા છે તે દ્રઢીભૂત થશે.'

પ્રજાની કક્ષાની ઊડાન અને સંસ્કારિતાને દ્રઢ કરવાના ઉકત વિચારો ક્યારે ફળીભૂત થાય ? કચ્છ સાથેનો સંપર્ક દરેક કચ્છી જીવંત રાખે, કચ્છ અને બૃહદ કચ્છના કચ્છીઓ રોજિંદા વ્યવહારમાં કચ્છી ભાષાના ઉપયોગને વધુને વધુ આવકારે, વૈજ્ઞાનિક અભિગમ અપનાવી આયોજનબદ્ધ વિકાસ યોજનાઓ સાકાર કરે તો અસ્મિતા કંઇક ઓર જ ખીલી ઊઠે. આમ થાય તો, અસ્મિતાનો ઉદઘોષ કરી કચ્છી માડુના નૂરને ઝળકાવી શકાય.

અસ્મિતાના ઉદઘોષ માટે કચ્છીઓએ બોદા સ્વરમાં બુલંદ પડકાર ઊભો કરવો પડશે તો જ અવગણનાને અતિક્રમી શકીશું. અસ્મિતાના ઉત્ખન્ન કાર્ય આરંભવાની સાથે મહાકચ્છના સર્જન માટે ક્રુદ્ધ બની યુદ્ધ છેડવું પડશે. નબળી નેતાગીરીનું નિરિચ્છાપણું અને કુદરતના કારમા પ્રહારને દૂર કરવા પ્રત્યેક કચ્છી પાળિયાઓમાં પ્રાણ પૂરી સરૂરિયલ સંવેદના અનુભવે એ અનિવાર્ય છે. ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાયું છે કે-

સિંધુડો સોંણાઇ સુજે, રત મુડસેંજા ઉછરન
જંગ જમેં જિત જોરાતા, તિત જાડેજા જુંઝન (કવિ નિરંજનજી)

સિંધુડો ગર્જી ઊઠે અને કચ્છીઓના ઊના ઊના લોહીથી કેસરિયાળ જુવાળ ફેલાય તો કચ્છીયતની પુનઃ સ્થાપના કરી શકાય. આમ જનતાનો આતશ પ્રગટે અને કચ્છીઓની ભાષા બરછી જેવી ધારદાર બને તો અન્યાય અવહેલનાને આંતરી શકાય. અસ્મિતાની ઊંડી આરત ઝુઝાર ઝારાનો મિજાજ જન્માવે તો હક્ક-પૂર્તિની લડાઇ જીતી શકાય. પ્રશાસનના પ્રલાપમાં હિજરતી પ્રજાની હિજરાયેલી લાગણીની નોંધ લેવાતી નથી એ મહેણું ભાંગવા સરહદી પ્રજાએ લાચારી-લાસરાઇ 'ડિપોર્ટ' કરવી પડશે. આશરે પા કરોડ જેટલા કચ્છીઓમાંથી થોડાંકે એથેન્સના સાહસવીર - દોડવીર હાઈડિપિડડીસની જેમ મેરેથોનમાં ઝુકાવવું પડશે.

'કચ્છી ખોવાયો છે'ની આશંકા કરનારને, ઉચ્ચ તાપમાનવાળા મુલકના માડુઓના લોહીની ગરમીનો કદાચ અંદાજ નથી. ગરોળીની કપાયેલી પૂંછડીની માફક રાજ્યની વિખૂટા પડી ગયેલા કચ્છના તરફડાટને, કચ્છીઓ પોતાના રિયલ સેલ્ફને એકસપ્રેસ કરીને, તેનું શમન કરશે. અમને તો શ્રદ્ધા છે કે ઝારાના ઝાડને જોબનિયું આવશે ને કચ્છનું દાહક દાસપણું દૂર થશે.

હબીબ મહમદ હાસમ ખોજા ઉર્ફે શાયર ચમને છ દાયકા પહેલાં લખેલી ઉર્દૂ ગઝલની પંકિતમાં કચ્છીયતનો જોશીલો જિકર છે, એમાં આપણે સૂર પૂરાવીએ...

યે દુઆ મેરી હય યા રબ ! કચ્છ મેરા આબાદ હો;
બાગબાં હી હોં યહાં, કોઇ નહીં સૈયાદ હો-યે દુઆ.
ખારકા નામો નિશાં કુછ ભી ન હો ઈસ બાગમેં;
ગુલ ખિલે હોં જાબજા, ઔર જીનતે શમ્શાદ હો-યે દુઆ.

અસ્મિતાર્થે આચમન

○ જે લોકો અન્યાય સામે થવાનું જાણતા નથી, તે પ્રજા દયાપાત્ર છે. જે પ્રજા સૂત્રો સ્વીકારે છે, પણ ક્રિયામાં ધર્મશૂન્ય રહે છે, તે દયાપાત્ર છે. -ખલિલ જિબ્રાન

○ એક રાજ્યની યોગ્યતા ઘણું કરી, તે રાજ્યના લોકોની યોગ્યતામાં રહી છે.- જે. એસ. મિલ. □

■ ઓસવાળ ફળિયું, મુન્દ્રા

1996-05-17 -Kutch Tari Asmita (702)

કચ્છની અજોડ કોમી એકતા

□ ઇસ્માઇલ ઉ. બાયડ

કચ્છમાં સૈકાઓથી હિન્દુ-મુસ્લિમો ભાઇચારાથી સાથે રહેતા આવ્યા છે. કચ્છમાં કયારે પણ કોમી દંગલ થયેલ નથી. હા, સાધારણ છમકલાંઓ થતાં અને થાય છે પણ તેથી આમ જનતાને કોઇ નુકસાની કે પરેશાની ભોગવવી પડી નથી. કચ્છમાં એવા કેટલાક સ્થળો છે જ્યાં મંદિર-મસ્જિદ બાજુ બાજુમાં આવેલ છે. પીરની દરગાહો અને સાધુઓ-સંતોની સમાધિઓ બાજુ બાજુમાં આવેલી છે. કચ્છની કોમી એકતાની અજોડ પરંપરાના કારણે જ તો અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ કચ્છમાં લાગૂ પાડી શકે તેમ નહોતી. ભાગલા પહેલાં કચ્છની વસતી લગભગ પાંચ લાખની હતી. ભાગલા થતાં સારા પ્રમાણમાં મુસ્લિમો કચ્છમાંથી પાકિસ્તાન ચાલ્યા ગયા. તેનું ફકત એક જ કારણ હતું અને તે આર્થિક. ભાગલા વખતે કે તે બાદ કચ્છમાં મુસ્લિમોની કયારે પણ કનડગત કરવામાં આવેલ નથી.

મહારાવના રાજ્ય અમલને વહીવટને ગમે તેટલા વખોડવામાં આવે પણ એની એક ખાસ વિશિષ્ટતા એ હતી કે, રાજ્ય અમલ દરમ્યાન હિન્દુ-મુસ્લિમ પ્રજા શાંતિથી સુલેહ-સંપથી અને ભાઇચારાથી રહેતી હતી. કચ્છના રાજવીઓ અને હિન્દુ પ્રજાએ મુસ્લિમોને હંમેશાં રક્ષણ આપ્યું છે અને તેના બદલામાં મુસ્લિમો પણ રાજ્ય તથા પ્રજા તરફ હંમેશાં વફાદારી અને ઇમાનદારીપૂર્વક વર્ત્યા છે. ઇતિહાસની ખાસ નોંધવાલાયક વાત તો એ છે કે કચ્છમાં એક પણ મુસ્લિમે રાજ્ય કે પ્રજાને દગો આપેલ નથી.

કચ્છની હિન્દુ પ્રજાની ખાસ વિશિષ્ટતા ''ઉદારતા'' છે. મુસ્લિમો તરફ હંમેશાં મોટાભાગની પ્રજાનું વલણ ઉદાર રહ્યું છે. કચ્છના મુસ્લિમ સમાજના સમજદાર આગેવાનો, હિન્દુ પ્રજાના આ વલણ-લાગણીને આદરની નજરથી હરહંમેશ જોતા આવ્યા છે અને જુએ છે. ફકત ખામી એટલી છે કે આ લાગણી-વલણની જાહેરમાં કદર કરી નથી કે બિરદાવેલ નથી. સારા અને વિશિષ્ટ તત્ત્વોની હંમેશાં જાહેરમાં કદર થવી જોઇએ.

એકતાના બીજ અબડાના સમયે રોપાયા

કચ્છમાં કોમી એકતાના બીજ અબડા જામના સમય દરમ્યાન રોપાયા. દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીએ સિંધ ઉપર ચડાઇ કરી ત્યાંના મુસ્લિમ રાજ્યકર્તા સુમરાઓને મારીને સિંધ કબજે કર્યું ત્યારે આ સિંધના રાજ્યકર્તા કુટુંબની દીકરીઓ-બહેનો-પત્નીઓ વગેરે ૧૨૦ સુમરીઓ કચ્છમાં આવેલ અને તેને કચ્છના શૂરવીર હિન્દુ રાજવી અડભંગ અબડાએ આશરો આપેલ અને આ નિરાધાર મુસ્લિમ સુમરીઓના રક્ષણાર્થે બાદશાહ અલાઉદ્દીન ખીલજીના લશ્કર સામે સામી છાતીએ લડીને શહીદી વહોરેલી. આ એક હિન્દુ રાજવીની મુસ્લિમ સુમરીઓના રક્ષણાર્થે વહોરેલી શહીદી હતી. એક ભવ્ય કુરબાની હતી. ઇતિહાસને પાને તે હંમેશાં સોનેરી અક્ષરે લખાયેલી રહેશે. તેવી જ રીતે કચ્છના મશહૂર ઓલીયા હાજીપીરે ગાયોના રક્ષણાર્થે શહીદી વહોરેલી. હાજીપીરનું મૂળ નામ અલી અકબર હતું. દિલ્હીના બાદશાહના લશ્કરમાં ઊંચો હોદ્દો ધરાવતા હતા. હજ કરી આવ્યા બાદ મૂલતાન રહેલા અને ત્યાં ફકીરીનો રંગ લાગ્યો.

હાજીપીર ગાય ખાતર શહીદ થયા

પ્રથમ તેઓ ફકીરી લિબાશમાં હઝરત ઇમામ હુશેનની દરગાહ ઉપર ગયેલા અને કરબલાની પવિત્ર ભૂમિ કે જેના ઉપર હઝરત ઇમામ હુશેન અને તેના ૭૨ સાથીદારોએ શહાદત વહોરેલી તે પવિત્ર જમીન ઉપર પગે ચાલીને નહીં પણ છાતી વડે ઘસડાઇને હઝરત ઇમામ હુશેનની શહાદતને આગવી રીતે અંજલિ આપેલ. આ અંગેની તમામ સિલસિલાબંધ વિગતો મૂલતાનની લાયબ્રેરીમાં હાલે પણ મોજુદ છે. ત્યાર બાદ તેઓ પંજાબ થઇને સિંધ આવ્યા અને સિંધમાંથી કચ્છમાં રણની કાંધીએ લુણા ગામની પાસે આવીને વસવાટ કરેલો. માનવ સેવા કરતા અને અલ્લાહની ઇબાદત કરતા. બાજુના ગામમાં બહારવટીયાઓએ ધાડ પાડીને ગાયનું ધણ લઇ ગયા. આ ધણમાં એક હિન્દુ વિધવાની ગાય હતી. તે રોતી રોતી બાબા પાસે આવી. ઘડીનો વિલંબ કર્યા વિના હાજીપીર બાબાએ હાથમાં તલવાર પકડી ઘોડા ઉપર બેસીને બહારવટીયાઓનો પીછો પકડયો અને હાલે જ્યાં શીરવા ગામ આવેલ છે ત્યાં બહારવટીયા સામે એકલે હાથે



સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદસ્વામી કચ્છ આવ્યા ત્યારે જમાદાર ફત્તેહમામદે તેમનું સ્વાગત કર્યું હતું તેની ઝાંખી કરાવતું તૈલચિત્ર ભુજના સ્વામીનારાયણ મંદિરમાં છે.

યુદ્ધ કરેલું. વાયકા એવી છે કે, તે લડાઇમાં હાજીપીર બાબાનું શિર પડેલું પણ ધડ પડેલું નહીં. આથી બહારવટીયાઓ ગાયોનું ધણ મૂકીને નાસી છૂટેલા. હાજીપીર બાબા સાહેબનું ધડ ગાયના ધણને પાછું ગામમાં લાવેલ અને તે બાદ લુણા ગામ પાસે તે ધડ પડતાં ત્યાં તેઓને દફનાવવામાં આવ્યા હતા. હાજીપીર બાબાની- આ મુસ્લિમ સંતની, ગાયોના રક્ષણાર્થે આપેલી ભવ્ય કુરબાની હતી. હાજીપીરની દરગાહ ઉપર સેંકડો હિન્દુ-મુસ્લિમ યાત્રાળુઓ આવે છે. ઉર્ષ વખતે લગભગ એક લાખ હિન્દુ-મુસ્લિમ યાત્રાળુઓ આવે છે. હાજીપીરની દરગાહ એ હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક છે.

ભીયાં કકલની અજોડ કુરબાની

કચ્છના રાજવી પહેલા ખેંગારજી અને તેના ભાઇ સાહેબજીની જાન બચાવવા જતાં ભીયાં કકલે પોતાના છ દીકરાની આપેલ કુરબાની પણ એક અજોડ કુરબાની છે. આ ભીંયો કકલ મુસલમાન હતો. તેવી જ રીતે રાવશ્રી ખેંગારજી પહેલા તથા તેના ભાઇ સાહેબજીની જાન બચાવવા તેના હજુરી છછરબુટાએ જે વફાદારી બતાવીને અમદાવાદ સુધી પહોંચતા કરેલા એ હકીકત પણ ઇતિહાસ પ્રસિદ્ધ સુવિદિત છે. આ છછરબુટો પણ મુસલમાન હતો.

રાવશ્રી ભોજરાજજીના સમય દરમ્યાન અમદાવાદના સુબા પઠાણ મોઇઝ બેગે કચ્છ જીતી લેવા માટે ચડાઇ કરી ત્યારે મુંદ્રાના શાહ મુરાદે તેને સમજાવી પાછો વાળેલો. એવું પણ કહેવાય છે કે, ''શાહ મુરાદે'' આ સુબાને ચમત્કાર બતાવેલ. ગમે તે હોય પણ કચ્છના આ મહાન સંત-શાહ મુરાદે, કચ્છને એક ભયંકર લડાઇમાંથી બચાવી લીધેલ. શાહ મુરાદની સેવાથી કચ્છના રાવ પ્રભાવિત થઇ ગયેલા અને તેની કદર રૂપે મુંદ્રા તાલુકાનું ગેલડા ગામ શાહ મુરાદને આપ્યું હતું.

આ શાહ મુરાદ એક મુસ્લિમ સંત ફકીર હતા અને તેની દરગાહ મુંદ્રામાં આવેલ છે. આજે પણ હજારો હિન્દુઓ-મુસ્લિમો આ દરગાહની સલામે આવે છે. ખાસ કરીને મુંબઇમાં વસતા મુંદ્રા તાલુકાના જૈનો આ દરગાહ ઉપર વધારે શ્રદ્ધા ધરાવે છે.

રાવ શ્રી દેશળજી પહેલાના સમયમાં અમદાવાદના સુબા શેર બુલંદખાને જ્યારે કચ્છ ઉપર ચડાઇ કરી, ત્યારે કચ્છી પ્રજા અને કચ્છી લશ્કરે તેનો બરાબર સામનો કરેલો. યુવરાજ લખપતજીના નેતૃત્વ નીચેની એક લશ્કરી ટુકડીએ આ યુદ્ધમાં બહુ જ શૌર્ય બતાવેલ અને સુબાને પાછળ હટવાની ફરજ પાડેલ. યુવરાજ લખપતજીની આ શૌર્યવાન ટુકડીમાં ભુજ તાલુકાના પદ્ધર, નાંગીયારી, સિનુગ્રા, વાડા, નાગલપર,

મિંગાળ, ચુબડક, ગંઢેર, શિકારપુર વિગેરે ગામના મુસ્લિમ મીંયાણાઓ હતા. પદ્ધર પાસે શેર બુલંદખાનની છાવણી ઉપર ઓચિંતો છાપો મારી પુરવઠાની લાઇન કાપી નાખી ને લશ્કરી છાવણીને લૂંટી છિન્ન ભિન્ન કરી નાંખેલ. અત્રે એક ખાસ વાત નોંધવા જેવી એ છે કે યુવરાજ લખપતજીની લશ્કરી ટુકડીમાં નાગા બાવાઓએ પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

મેકણ દાદાની સમાધિ-પતંગશા પીરની દરગાહ

ભુજ તાલુકાના ગામ ધ્રંગમાં મહાત્મા મેકણદાદાની સમાધિ આવેલ છે. તેની સામેની બાજુમાં 'પતંગશા' પીરની દરગાહ આવેલી છે. મહાત્મા મેકણદાદા અને પતંગશા બંને સગા ભાઇઓ થતા હતા. તેઓ કચ્છ નખત્રાણા તાલુકાના 'ખોંભડી' ગામના જાડેજા ઠાકોરના પુત્રો હતા. એકનું નામ હતું મોકાજી અને બીજાનું નામ પતાજી. એકને અલખનો રંગ લાગ્યો તેઓ કાપડીબાવા મેકણદાદા તરીકે ઓળખાયા અને જીવનભર તેઓએ લોકોની સેવા કરી. તેઓને કચ્છના 'કબીર' તરીકે ઓળખવામાં આવે છે. બીજાનું નામ પતાજી હતું તેઓને ફકીરીનો રંગ લાગ્યો. તેઓ સિંધ ગયા -સિંધના સૂફીસંત શાહ અબ્દુલ લતીફ ભીટાઇના સાંનિધ્યમાં થોડો વખત રહેલા અને પાછળથી તેઓ કચ્છ આવેલા અને પોતાના ભાઇ મેકણદાદાના સાંનિધ્યમાં રહેલા. બન્ને ભાઇઓના મકબરા -સમાધિ કોમી એકતાની છડી પોકારતા બાજુ બાજુમાં ઊભેલા છે. કચ્છમાં એવા અનેક સ્થળો છે જ્યાં મંદિર-મસ્જિદ બાજુમાં ઊભા હોય છે. દરગાહ અને સમાધિ પણ બાજુ બાજુમાં હોય છે. આ કચ્છની અભૂતપૂર્વ કોમી એકતા છે. આજે પણ કચ્છના અબડાસા તાલુકામાં તાજીયાનું સરઘસ ઉપડે તે પહેલા બ્રાહ્મણ આવીને ઇમામ હુસેનની યાદમાં ''ઓસાણી'' સ્તુતિ ગાઇને પોતાનો લાગો લઇ જાય છે. ત્યારબાદ સરઘસ ઉપડે. તેવી જ રીતે જનોઇ વખતે જે વેદોચ્ચાર -સ્તુતિ ગાવી પડે છે. તે ગામના લંઘાને કંઠસ્થ હોય છે. એક વાત નોંધવા લાયક એ છે કે કચ્છના લગભગ દરેક ગામમાં હજામ, ગાયોના ગોવાળ, લંઘો અને ધાઇ એ મુસ્લિમો છે, તેઓ ગામમાં એટલા બધા ઓતપ્રોત થઇ ગયા હોય છે કે ગામના લોકો તેઓને પોતાના આત્મજન ગણે છે. (લંઘો - ઢોલ શરણાઇ વગાડનાર કલાકાર.)



માંડવી તાલુકાના તલવાણા ગામ નજીક રૂકનશાપીરની દરગાહ પર દર વર્ષે ભરાતા મેળામાં હિન્દુ-મુસ્લિમ બધા ઉત્સાહથી ભાગ લે છે. આ મેળાનો બખ-મલાખડો અને ગાડાં દોડ જેવી ગ્રામ્ય સ્પર્ધાઓ જોવા જેવી હોય છે.

કચ્છના ઉપર સિંધના સુલતાન ગુલામ શાહ કલોરાએ ચડાઇ કરેલ ત્યારે કચ્છના લશ્કરે તેનો બહાદુરીપૂર્વક સામનો ઝારાના મેદાનમાં કર્યો ત્યારે કચ્છના લશ્કરની સંખ્યા ૬૦ હજારની હતી, તેમાં ૩૦ હજાર જેટલા મુસ્લિમો હતા. કચ્છી લશ્કરના સેનાપતિ હતા વિંઝાણાના ઠાકોર વીર લાખાજી. કચ્છના લશ્કરની બીજી હરોળના સેનાપતિ ડોસલવેણ પણ મુસલમાન હતા. આ ઝારાના યુદ્ધમાં લગભગ એક લાખ માણસો એક જ દિવસમાં કપાઇ ગયેલા. દુનિયાની જે ૧૮ ભયંકર લડાઇઓ કહેવાય છે તે પૈકી ઝારાની લડાઇ એક હતી. આ ભયંકર યુદ્ધમાં કચ્છના બચાવ માટે હિન્દુ મુસ્લિમોએ ખભેખભા મિલાવીને સાથે લડેલા અને શહીદી વહોરેલી.

ઝારાનો જંગ કચ્છના હિંદુ-મુસ્લિમોની એકતાનું અજોડ ઉદાહરણ બની ગયો

કચ્છનો ક્રોમવેલ ફત્તેહમામદ

કચ્છનો ક્રોમવેલ જમાદાર ફત્તેહમામદ એ કચ્છમાં હિન્દુ મુસ્લિમ એકતાનું પ્રતીક હતો. તેને કચ્છના લશ્કરમાં લઇ આવનાર ડોસલવેણ હતા. તેઓ કચ્છ લશ્કરના સેનાપતિ હતા. લશ્કર તેમના સંપૂર્ણ કાબૂમાં હતું. મુસ્લિમ હોવા છતાં ઇસ્લામ ધર્મ અંગીકાર કરનાર રાવ શ્રી રાયધણજીને કેદ કરી, કચ્છમાં અરાજકતા ફેલાતી અટકાવી હતી. જમાદાર ફત્તેહમામદ હંમેશાં હિન્દુ મુસ્લિમ પ્રજાને સમાન નજરે જોતા. હિન્દુ સંતોનો હરહંમેશ આદર કરતા. હિન્દુ ધર્મના સંપ્રદાયના વડા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જ્યારે કચ્છ પધારેલા ત્યારે જમાદાર ફત્તેહમામદે તેઓના આદર સત્કાર કરેલ.

આ એક ઐતિહાસિક બનાવ છે. આ સંપ્રદાયની મહાન કોમ-કચ્છની પટેલ કોમે તેની યાદગીરીમાં જમાદારનું એક તૈલચિત્ર સ્વામીનારાયણના મંદિરમાં મૂકેલ છે. કચ્છના સંત મેકણદાદા પણ કચ્છનાં કોમી એકતાના પ્રતીક છે. સંત મેકણદાદાએ માનવ સેવા ઉપર વધારેમાં વધારે ભાર મૂકેલ છે. જે આપણે આગળ લખેલ વાત પરથી સમજાય છે.

કચ્છનાં રાજવીઓનો મૂલ્યવાન ફાળો

કચ્છી કોમી એકતાં માટે કચ્છનાં રાજવીઓએ મૂલ્યવાન ફાળો આપેલ છે. તેઓ જરાપણ ભેદભાવ રાખતા નહીં. કચ્છનાં રાજમહેલમાં કચ્છનાં મહારાવનાં હજુરીયાઓ અને અંગરક્ષકો મોટે ભાગે મુસ્લિમો રહેતાં. ઉપરાંત દરબારી કચેરીઓ જેવી કે ટ્રેઝરીઓ, ટંકશાળ, જેલ વિગેરે અગત્યની કચેરીઓ ઉપર ચોકી પહેરા માટે આરબોની અને મુસ્લિમોની ટુકડીઓ રહેતી. એ બધાં મુસ્લિમો હતાં. પોલીસ ખાતામાં પણ અડધા કરતાં વધારે મુસ્લિમો હતા. એક વખત એવું જોગાનુજોગ બનેલું કે કચ્છનાં બારે ફોજદારોની જગ્યા ઉપર મુસ્લિમો હતાં. મોટે ભાગે ફોજદારોને કચ્છનાં મહારાવ અંગત રીતે ઓળખતાં અને તેઓ બધાં મહારાવનાં વિશ્વાસુ અને વફાદાર હતા.

સંવત ૧૯૭૪માં અંજાર શહેરમાં પ્લેગનો રોગ ફાટી નીકળેલ ત્યારે આખું શહેર ખાલી કરીને ગઢને તાળા મારીને શહેરવાસીઓ જંગલ અને સીમમાં જતાં રહેલ, તે વખતે અંજારમાં ઇભરામ તુગા નામે ફોજદાર હતાં. મહારાવનાં ખાસ માનીતા અને વફાદાર હતાં. તેમની કોઠાસૂઝ ગજબની હતી. તેમણે અંજાર તાલુકાનાં તમામ નામીચા ચોરોને પોતાની કચેરીમાં બોલાવ્યા અને લાગણીભર્યા સ્વરે કહ્યું કે 'અત્યારે કુદરત આપણા સૌ ઉપર રૂઠી છે. આપણે બધાં ઇન્સાન છીએ. ખુદાના બંદા છીએ. આપણે સૌએ ખભે ખભા મિલાવીને કુદરતી આફતોનો-મુસીબતોનો સામનો કરવાનો છે. એટલે આવા સંજોગોમાં હું આખા શહેરની ચોકી કરવાની જવાબદારી તમારા ઉપર તમોને સોંપું છું.' અને આ નામચીન લોકોએ પોતાની ફરજનું બરોબર રીતે પાલન કરેલું હતું.

આ ઉપરાંત રાજકુટુંબને સંબંધ છે ત્યાં સુધી કોમી એકતાને દીપાવે તેવાં અનેક ઉદાહરણો આપણી પાસે મોજુદ છે પણ કહેવાનો સાર એ છે કે કચ્છમાં કોમી એકતાનાં મૂળ છેક ઊંડા જઇ શકયા છે તેમાં રાજવીઓની નીતિએ મહત્ત્વનો ફાળો આપેલ છે.

કચ્છની આવી અજોડ કોમી એકતાની પરંપરા આજેય આપણે ઠેરઠેર જળવાઇ રહેલી જોઇએ છીએ. ભુજ કે અન્ય શહેરોની ગરબીઓમાં આપણે જોઇએ છીએ કે તે ભાઇચારાથી ઉજવાય છે. નોબત વગાડનારા કયાંક મુસ્લિમ લંઘા હોય છે તો કયાંક વળી ડેકોરેશન તેમના હાથે થાય છે. લગભગ દરેક ગામમાં પીરની એક દરગાહ અને એક મંદિર તો હોય જ છે. પીરનો ઉર્ષ હિન્દુ -મુસ્લિમ ભાઇઓ સાથે મળીને ઉજવે છે. તેનું સંચાલન મોટાભાગે હિન્દુ ભાઇઓના હાથમાં હોય છે. ગામ પાંખી પાળે અને દિવસે મલાખડા જેવા તેમજ રાત્રે સંતવાણી જેવા કાર્યક્રમો યોજાય છે. કવ્વાલી અને કચ્છી કાફીનોયે કાર્યક્રમ હોય તો ભજન પણ ખરા જ.

આપણા વડીલોએ આ મહામૂલો વારસો-સંસ્કૃતિ અને કોમી એકતા આપણને બક્ષેલ છે તે વેડફાઇ ન જાય તેની જાળવણી કરીએ તો પણ પૂરતું છે.

કચ્છમાં કોમી એકતા માટે અનેક કુરબાનીઓ અપાયેલ છે. તે કુરબાનીઓ વ્યર્થ ન જાય તેમજ તેનો સિલસિલો પ્રણાલિકા જળવાઇ રહે તે જોવાની કચ્છી પ્રજાની પવિત્ર ફરજ છે. □

■ દેવળિયા નાકા, અંજાર-કચ્છ

કચ્છના અણમોલ રત્નો

□ ડૉ. ગોવર્ધન શર્મા □ ડૉ.ભાવનાબેન મહેતા

'બહુરત્ના વસુંધરા'ની પંકિતની યાદ દેવડાવે છે કચ્છની પાવન ઉર્વર ભૂમિ... કેટકેટલાં અમૂલ્ય માનવરત્નો પાકયાં છે અહીં ! શીર્ષ સ્થાન પર વિરાજમાન, કીર્તિનાં શિખર સર કરતાં, આલોકિત રત્નો અને મૌન, સમર્પિત પાયાના પથ્થર સમી પ્રાતઃસ્મરણીય વિભૂતિઓ ! અત્રે એ વંદનીય વ્યકિતઓની ઝલક પ્રસ્તુત છે...

કચ્છની ધરતીની યાદ આવતાં જ જ્યાં દેખાય છે કાળા-ભૂખરા પર્વતોની હારમાળા, સમુદ્રના લહેરાતાં પાણી અને સૂકાઇ ગયેલા સમુદ્રના પાણીના જામેલા થરોની રણભૂમિ. પણ ત્યાં સાથે સાથે નજર સમક્ષ ખડા થાય છે ધિણોધર પર ધૂણી ધખાવી બેઠેલા નાથ પરંપરાના ધોરમનાથ તથા જેમના નામ પર જનમનમાં આસ્થા જાગી ઊઠે છે તે ખારવાઓના દેવતા દરિયાપીર તથા પશુધનની રક્ષાકાજે પ્રાણ સમર્પિત કરનાર હાજીપીર... વેરાન રણપ્રદેશમાં પોતાના પ્રિય સાથી લાલીયો તથા મોતીયો સાથે તરસ્યાને પાણી અને ભૂખ્યાને રોટલો ખવડાવી જીવતદાન પ્રદાન કરતા સેવા વ્રતધારી સંત મેકણદાદા.

લાખો ફૂલાણી

કચ્છનાં અણમોલ રત્નોની યાદ આવે છે ત્યારે સૌથી પ્રથમ હરોળમાં આવે છે કચ્છનો એક શકિતશાળી શાસક - લાખો ફૂલાણી. જેના નામ અને પરાક્રમથી સતલજથી અરબી સમુદ્ર સુધીનો પ્રદેશ ધ્રુજતો હતો, તેના વ્યકિતત્વનો પરિચય આપીએ તો કહેવાય કે દાન દેવામાં કર્ણ જેવો ઉદાર, મિત્રોમાં કૃષ્ણ જેવો, યુદ્ધમાં યમ જેવો ભયંકર, તાકાતમાં ભીમ જેવો- છતાં પૂર્ણ સંવેદનશીલ, વૈભવ અને ઐશ્વર્યના ઉપભોગમાં ઇન્દ્ર જેવો, સત્યનિષ્ઠામાં હરિશ્ચંદ્ર જેવો માની, -ટૂંકમાં સૌંદર્ય, શકિત, રૂપ, ગુણનો સમન્વય એટલે લાખો !

તે ઉત્તમ શાસક હતો, સૌંદર્યપ્રેમી રાજા હતો, પ્રકૃતિપ્રેમી હતો. સુરખાબ પર તે એટલો મુગ્ધ હતો કે તેને રાજ્યમાં અવધ્ય જાહેર કર્યા હતા. આ કાવ્ય-પંકિતઓ જ તેની વિકસિત સૌંદર્ય ચેતનાની સાક્ષી પૂરે છે.

'ભલ ઘોડાં, ગુણિયલ ત્રિયાં, વઠે કચ્છ વણા,
ઈની ત્રીં થોકાં અઘાયો, વેનેં હિંયા.'

મેકણદાદા અને અન્ય સંત કવિઓ


આપણા દેશમાં પ્રાચીનકાળથી સંતો અને ભકતોના હૃદયમાંથી જે ભાવધારા સ્વતઃ પ્રગટ થઇ તે મૂર્તરૂપ ધારણ કરી બની છે અમર કવિતા. કબીર, સૂરદાસ, તુલસીદાસ, નરસિંહ મહેતા અને મીરાંબાઇના જીવન અને કવન એ વાતની સાક્ષી પૂરે છે. કચ્છમાં પણ આવા સંત કવિઓ થયા છે.

ઉપરોકત સંતોની પરંપરાના જ સંત મેકણ પણ કચ્છના જાણીતા ભકત અને કવિ હતા. કબીરની સાથે તેમને સરખાવવામાં આવે છે. સામાજિક સંવાદિતા માટે સદૈવ પ્રયત્નશીલ આ માનવતાવાદી સંત હતા, નાની-નાની સાખીઓમાં તેમણે જીવનનો મર્મ કહી દીધો છે, જેવી કે-

''જિયો તાં ઝેર મ થિયો, સક્કર થિયો મુંજા સેણ;
મરી વેંધા મેકણ ચેં, રોંધા ભલેં જા વેણ.''

અથવા-

''કોરિયું કોરિયું કુરો કરેઓ, કોરિયેં મેં અય કુડ;
મરી વેંધા માડુઆ, મોં મેં પોંધી ધૂડ !''



કચ્છી વીરનારી જેઠીબાઈની સ્મૃતિમાં દીવ ખાતે તૈયાર કરવામાં આવેલું બસ સ્ટેશન.

કચ્છમાં સર્વધર્મ સમભાવ કાયમ રહ્યો છે તેના મૂળમાં મેકણ જેવાની સાધના રહી છે. તે કહેતા-

''હિન્દુ જપે રામ રામ, મુસલમાન ચેં અલા,
મુંજે નાથ મેકણ ચેં, બય ઘર ભલા''

અથવા-

''પિપ્પરમેં પણ પાણ, નાંય બાવરમેં બેઓ,
નિમમેં ઊ નારાણ, પોય કંઢેમેં કેઓ ?''

વસ્તુતઃ સંત મેંકણ એક ક્રાંતિકારી દૈદીપ્યમાન નક્ષત્ર સમા હતા.

અન્ય સંતોમાં કચ્છ રાપરમાં રામ-કબીરીયા પંથના મૂળ પ્રવર્તક ભાણ સાહેબ તથા તેમના શિષ્ય રવિસાહેબ દ્વારા સ્થાપિત 'રવિભાણ સંપ્રદાય' અને એ પરંપરાના ચમકતા તારલા સમાન રવિ સાહેબ (સ્વયં), મોરાર સાહેબ તથા હમલા-મંજલના સંત દેવા સાહેબ, તેમના શિષ્ય ગરીબદાસ તથા વાંઢાયના ઈશ્વરરામના સંત અને કવિ તરીકેના પ્રદાન ચિરંજીવી છે. અખિલ ભારતીય સંત કવિઓમાં તે બધાનું આગવું સ્થાન અને માન છે.

આ જ પરંપરામાં છતાં અલગ તરી આવતાં, સંત કવયિત્રી રતનબાઇ કચ્છનું એક સંત નારી રત્ન ગણી શકાય. ભડલીના ખોજા જ્ઞાતિનાં હોવા છતાં કૃષ્ણભકિતથી તે રંગાયાં હતા. ભકિત અને વૈરાગ્યથી ભરપૂર તેમના ભજનો આજે પણ ભાવક હૃદયને ડોલાવે છે. ''તનને જોબન બાઈ, ચાર દિ'નો ચટકો, પતંગિયો રંગ ઊડી જશે''- આવાં અનેક ભજનો માણવા જેવાં છે.

આ ઉપરાંત, જેસલ-તોરલ, નાથ સંપ્રદાયના સંતો, યોગીની આનંદ લહરી, પીર શાહ મુરાદ જેવા ભકત સંતો-કવિઓ પણ થયા છે.

શ્યામજી, મહેરઅલી - જેઠીબાઈ

'શૂરવીર તણા શૌર્ય'ની જે મશાલ ઝારાના પ્રખ્યાત યુદ્ધમાં વીર શહીદો નરા ગામના ઠાકર ભીમજી અને વીસોજીએ પોતાના અતુલ પરાક્રમ દાખવી પ્રગટાવી,

તેને વતન પ્રેમની મહત્તા અને વીરોનો ધર્મ સમજાવતી તેમની માતા આઇ નોતીયારે પ્રદીપ્ત કરી અને પોતાના રણબાંકુરા પુત્રો ભીમજી અને વીસોજીનું નામ વીર શહીદોની પંકિતમાં જોડી દીધું, સાથે સાથે આદર્શ માતાના સમર્પણનું પ્રમાણ પણ આપણી સમક્ષ આલોકિત થયું.

વતન માટે જીવન સંમર્પિત કરનાર મહાન વિભૂતિઓમાં ''શ્યામજી કૃષ્ણવર્મા''નું નામ મોખરે રહેશે. આઝાદીના સંગ્રામની ક્રાંતિના અગ્રદૂત શ્યામજી કૃષ્ણવર્મા વિદેશમાં શસ્ત્રક્રાંતિ પ્રવૃત્તિનું પ્રથમ મથક સ્થાપનાર, પ્રથમ સામયિક 'ઇન્ડિયન સોશ્યોલોજીસ્ટ' ઇ.સ. ૧૯૦૫માં શરૂ કરનાર, કર્મ અને સમર્પણ માટે સદૈવ સ્મરણીય રહેશે. રશિયાના મહાન લેખક મેકિસમ ગોર્કીએ તો તેમને હિન્દના મેઝીની કહ્યા હતા. શરદચંદ્ર બોઝે પણ અંજલિ આપતાં કહેલ કે ''ગાંધીજીએ જે 'અસહકાર'ની ચળવળ શરૂ કરી તેના ૧૩-૧૪ વર્ષ આગળ કૃષ્ણવર્માએ તેની હિમાયત કરેલી.''

સમાજવાદી સમાજ રચનાના હિમાયતી, 'કચ્છ પ્રજાકીય પરિષદ'ના છઠ્ઠા અધિવેશનના પ્રમુખપદે જવાબદાર રાજતંત્રની માગણીને બુલંદ કરનાર, સક્ષમ શક્તિના સ્રોત, યુવાનોના ઉત્સાહ અને આક્રોશને દિશાદર્શન કરાવનાર યુસુફ મહેરઅલી એ જ પરંપરાના ચમકતા સિતારા હતા. દેશની સ્વતંત્રતા કાજે, ગાંધીજીના એક બોલે કૂદી પડનાર તે હતા.

વતનને ગૌરવ અપાવનાર કચ્છી નારી શકિતના જવલંત ઉદાહરણરૂપ છે માંડવીના જેઠીબાઇ. કચ્છ માંડવીથી પોર્ટુગીઝ શાસનતળેના દીવ બંદર પર જઇ ત્યાં રંગાટ અને વણાટનું કારખાનું ઊભું કરી જેઠીબાઇએ કચ્છ તેમજ દીવના અનેક કારીગરોને રોજી-રોટી કમાવા માટેનું વ્યવસ્થિત કામ શરૂ કર્યું. તે સમયે દીવ પર ખ્રિસ્તી પાદરીઓ ઘણી સત્તા ભોગવતા હતા, લોભ, લાલચ, દંડ, ભય વગેરે દ્વારા ભોળી જનતાનું ધર્મપરિવર્તન કરાવવા તત્પર રહેતા. આ વટાળ પ્રવૃત્તિનો અન્યાયી અમલ સહન ન થતાં જેઠીબાઇ સ્વયં પોર્ટુગલ પહોંચી ગયા, ત્યાંની રાણીને ભારતીય વણાટ અને રંગોથી શોભતી એક ઓઢણી ભેટ ધરી, રાણી ખુશ થઇ ઓઢણી જોવા લાગ્યા અને તેની નજરે ઓઢણી પર કલાત્મક રીતે છાપેલી પ્રજાની કરુણ કથા પડી ! રાણી જેઠીબાઇની કળામય કૃતિ, સૂઝ અને સાહસથી એટલી પ્રભાવિત થઇ કે તેણે જેઠીબાઇને બિરદાવતું હુકમનામું બહાર પાડી દીવમાં વટાળ પ્રવૃત્તિ બંધ કરાવી, 'પાન-દ-જેઠીનું સન્માન મેળવનાર જેઠીબાઇ સાહસનું મૂર્તરૂપ છે !

આ ઉપરાંત, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં મહાત્મા ગાંધીની વાણીથી પ્રેરાઇને પણ ઘણા કચ્છીઓએ રાષ્ટ્રીયક્ષેત્રે તથા સ્થાનિકક્ષેત્રે આઝાદી માટે લડત ચલાવી ગૌરવ પ્રાપ્ત કર્યું છે, તેમાં હીરજી કામાણી, કાંતિપ્રસાદ અંતાણી, ગુલાબશંકર ધોળકિયા, લક્ષ્મીદાસ તેરશી, ડૉ. પુનશી મહેશ્વરી વગેરે જાણીતા છે.

સ્વાતંત્ર્ય બાદ પાકિસ્તાને વારંવાર ભારત પર હુમલા કર્યા. ૧૯૭૧માં યુદ્ધ દરમ્યાન ભુજના હવાઇમથક પર સતત હવાઇ હુમલા થયા ત્યારે માધાપરની પાટીદાર બહેનોએ હુમલાના ભય વચ્ચે પણ, હવાઇ પટ્ટીનું સતત સમારકામ કર્યું. તેમાં મૂળી બહેન અને અન્ય બહેનોએ ચિનગારી બની કચ્છને ધન્ય બનાવ્યું છે.

મેઘજી શેઠ - જમાદાર ફત્તેમામદ

કચ્છમાં રાજવીઓના અમલ દરમ્યાન રાવ રાયધણનું શાસન વિવાદાસ્પદ રહ્યું. તેમનો મુસ્લિમ ધર્મ પ્રત્યેનો લગાવ કચ્છની પ્રજા માટે ચિંતાજનક રહ્યો હતો. ત્યારે તેના જુલ્મો સામે ટક્કર લેનારા બે કચ્છીઓને યાદ કરવા જ રહ્યા.

તેમાં પ્રથમ છે અંજારના શેઠ મેઘજી. રાયધણનો જુલ્મ વધતો ગયો, ધાર્મિક ઝનૂન વધતું ગયું, ત્યારે કોઇ તેના સામે થવાની હિંમત કરતું ન હતું ત્યારે રાણીના કહેણથી ક્રાંતિવીર મેઘજી અંજારથી ભુજ આવ્યા અને રાયધણને ભીષણ સંગ્રામ પછી કેદ કર્યો અને પ્રજાને ભયમુકત કરી. તેને બિરદાવતાં એક કવિએ કહ્યું કે, ''મેઘજી ન હોતે તો મલેચ્છ રાજ્ય કરતે'' તેણે તેના નાનાભાઇ ભાઇજીબાવાને ગાદીએ બેસાડયા અને કચ્છમાં 'બાર ભાયા'ની સ્થાપના કરી. પરસ્પરના અવિશ્વાસે તે વ્યવસ્થા નિષ્ફળ ગઇ, અને તેનો ભોગ મેઘજી શેઠ બન્યા. તેમની હત્યા થઇ. પણ તેમની મહત્તા એ હતી કે, વ્રજલાલ છાયા લખે છે તેમ, ''જ્યારે કચ્છના તમામ થાણદારો, સરદારો, અને જાડેજા ભાયાતો ધર્મની વહારે ધાવા અશકિત દર્શાવી રહ્યા હતા ત્યારે મેઘજી શેઠે જીવના જોખમે ધર્મની રક્ષા કરવાનું બીડું ઝડપેલ.''

આવો જ બીજો નરવીર છે જમાદાર ફત્તેહમામદ. તેણે પણ પ્રજાના સુખ શાંતિ માટે રાયધણને કેદ કર્યો. પછી એકલે હાથે કચ્છમાં સલામતી અને કાયદો સ્થાપ્યા. તેણે ધાર્યું હોત તો કચ્છનો રાજા બની શકયો હોત, પણ પોતે ગાદીનો રક્ષક જ બની રહ્યો. તેમણે કચ્છને સમૃદ્ધિ આપી તથા અંગ્રેજોને કચ્છમાં આવતાં અટકાવ્યા, દૂરંદેશીપૂર્વક તેણે ટીપુ સુલ્તાન સાથે સંબંધો પણ બાંધ્યા હતા, કચ્છને સર્વોપરી બનાવવા તેણે અથાક પ્રયત્નો કર્યા. તેની ધાક વિષે કહેવાતું કે-

'ફતિયા તારી ફોજરો, ભયડંકો ભારી;
સૂતી થડકે રાતમાં, નગર રી નારી.'

વીર યોધ્ધો, દિલનો દરિયાવ, સર્વધર્મ પ્રેમી ફતેહમામદ કચ્છનું રત્ન જ છે.

જગડુશા, સુંદરજી જેવા દાનવીરો

જ્યારે કચ્છનો સાંસ્કૃતિક ઇતિહાસ લખાશે ત્યારે જેમના નામ સુવર્ણ અક્ષરે લખાશે, એવા મહાપુરૂષોમાં 'જગડુશા'નું નામ પ્રથમ હરોળમાં આવે છે. ઉદાર, પરદુ:ખભંજક, ધર્મ અને જાતિના ભેદભાવથી પર એવા જગડુશાએ કચ્છમાં અને ગુજરાત સહિત સમગ્ર દેશમાં સ્મરણીય સેવા કરી છે. સન ૧૨૫૯માં પડેલા ભયંકર દુકાળ સમયે પોતાના અન્નભંડારો ખોલી નાખી હજારોની પ્રાણોની રક્ષા કરી, એટલું જ નહીં, પણ જ્યારે જ્યારે દુકાળ પડયો ત્યારે ત્યારે... વિ.સ. ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫માં આ મહામાનવે અન્નદાનની અપૂર્વ સેવા કરી છે. તેમની ઉદારતાને બિરદાવતાં લોકો આજે પણ જગડુશા દાતારને અનેક કિંવદંતિઓના આશ્રય લોકકથાઓના આધાર અને કાવ્યકૃતિઓના નાયકરૂપે પ્રસ્થાપિત કરે છે, એક જ પંકિત તેની ઉદારતાને પ્રગટ કરે છે-

''આઠ હજાર વિશલને, બાર હજાર હમીર;
એકંવીસ સુલતાનને, દીધા જગડુ વીર''

એવું જ બીજું ઝળહળતું નામ છે. સુંદરજી સોદાગરનું. તેની ચતુરાઇ, કાર્યદક્ષતા, સમાજ સુધારક તરીકેની સાહસિકતા અનોખી જ હતી. કચ્છમાં જ્યારે જ્યારે દુકાળ પડયો ત્યારે આ દાનવીરે તન, મન અને ધનથી પ્રજાની સેવા કરી. અનેક સ્થળોએ અન્નક્ષેત્રો શરૂ કર્યા જેમાં કચ્છ માંડવી, ગુંદિઆળી અને પોરબંદર મુખ્ય હતાં. સુંદરજી કચ્છનો ટોડરમલ હતો.

આઝાદીની ચળવળમાં મુંબઇમાં વસતા કચ્છી મેમણ ઉમર સુબહાનીનું નામ પણ નોંધવા યોગ્ય છે, તેમણે મહાત્મા ગાંધીને કોરો ચેક આપી ગમે તેટલી રકમ ભરવાનો આગ્રહ કર્યો હતો. ગાંધીજીએ ચેકમાં એક લાખનો આંકડો ભરી આ લાખેણા કચ્છી માડુનું સન્માન વધાર્યું હતું.

કચ્છમાં અન્ય દાનવીરોમાં જેમનાં નામ ઉલ્લેખનીય છે તેવા શેઠ ગોકુળદાસ તેજપાલ, ખીમજી રામદાસ, ડોસાભાઇ લાલચંદ, વી. કે. નાથા વગેરે મહાનુભવોએ અનેકવિધ ક્ષેત્રોને પોતાની ઉદારતા દ્વારા જીવંત કર્યાં છે.

વનસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી

વનસ્પતિશાસ્ત્રનું વિપુલ જ્ઞાન ધરાવતા અગાધ અનુભવના સ્વામી એવા જયકૃષ્ણ ઇન્દ્રજી સંવત ૧૯૦૪માં કચ્છના એક ખૂણે આવેલા લખપત ગઢના એક સામાન્ય કોટવાળને ઘેર જન્મ્યા અને પોતાની કર્મઠતા, સંશોધનવૃત્તિ, સરળતાને કારણે વનસ્પતિ સૃષ્ટિનું વિપુલ અને ગહન જ્ઞાન પ્રાપ્ત કરી દેશ-વિદેશમાં પ્રતિષ્ઠા પામ્યા. 'મેટેરિયા મેડિકા' નામના વિશ્વ વિખ્યાત ગ્રંથને તૈયાર કરવામાં સહાયક બની તેમણે પોતાના અગાધ જ્ઞાનનો પરિચય આપ્યો છે. કચ્છને દુષ્કાળ નિવારણાર્થે જમીન ધોવાણને બચાવવા માટે, સમુદ્રની ખારી જમીનને ફળદ્રુપ બનાવવામાં, રણને ફેલાતું અટકાવવામાં, વન સંપદાની રક્ષા કરવા, વૃક્ષારોપણની મહત્તા સમજાવવા તે સદૈવ સક્રિય રહ્યા. 'કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા' તથા 'વનસ્પતિ શાસ્ત્ર' નામના ઉત્તમ ગ્રંથ પ્રદાન કરનાર જયકૃષ્ણ ઇંદ્રજી આ ક્ષેત્રના એક જ્યોતિર્ધર છે. મહાત્મા ગાંધીએ તેમની ખૂબ પ્રસંશા કરી છે.

હુન્નરકળાનો પ્રણેતા રામસિંહ માલમ

કલા અને કલાત્મક હુન્નરોમાં કચ્છનાં નામને યશસ્વી બનાવનાર છે અઢારમી સદીનો વાઘેર રામસિંહ. ઓખામંડળનો આ વાઘેર નાખવો ભાગ્ય ચક્રમાં અટવાતો, પડતો, આખડતો, હોલેન્ડની ભૂમિ પર પહોંચી ગયો. પોતાના સાહસ, મહેનત તથા કળાપ્રેમને કારણે હોલેન્ડમાં રહી વિવિધ હુન્નરો અને કળાકારીગરીમાં નિપુણતા મેળવી બાર વર્ષ પછી કચ્છ આવી પહોંચ્યો. કચ્છમાં મહારાવ લખપતનો આશ્રય પામી સર્વપ્રથમ વહાણવટાનો ઉદ્યોગ શરૂ કર્યો. માંડવી, મુંદ્રા તથા જખૌ બંદરો પર વહાણવટાનો વિવિધ સરંજામ બનાવવા 'જહાજવાડા'ની સ્થાપના કરી. રામસિંહની મહેનત, ખંત અને કલાત્મક સૂઝને કારણે વહાણ બનાવવાનો ઉદ્યોગ એટલો સફળ થયો કે દેશ-વિદેશમાં કચ્છી બનાવટના વહાણ મશહુર બની ગયાં. વહાણવટાના



દાદા મેકણ અને તેમના બે સેવાપરાયણ સાથી લાલિયો-મોતિયો.

કૌશલ અને નિપુણતાને કારણે રામસિંહ 'ધ નેવીગેટર'ના નામે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ વિખ્યાત થઇ ગયો. સમુદ્રના લહેરાતા પાણી પર તરતાં અદ્દભૂત કુશળતા અને કારીગરીથી બનેલાં કચ્છનાં જગ વિખ્યાત વહાણોનો કસબી રામસિંહ માલમ અતુલ યશનો સ્વામી બન્યો છે. સમુદ્રની દુનિયામાં કચ્છ એ નામને જવલંત રાખે છે. એ પરંપરાના અનેક નામી-અનામી ખારવા કસબીઓ અને આપણી સદીનાં નારી-રત્ન, અદ્યતન સિંધિયા નેવીગેશનનાં ડિરેકટર સુમતિ મોરારજી.

મહારાવ લખપતજીની પ્રવર કલ્પનાને મૂર્તિમંત કરતો રામસિંહ અનેકવિધ કલાત્મક હુન્નરોમાં નિપુણ હતો. તેણે ભુજમાં સોના-ચાંદીની કારીગરી, મીનાકામની કલાત્મક રચના, હાથીદાંતનું અનુપમ નકશીકામ શરૂ કરાવ્યું. એ માટે રામસિંહે કચ્છના કારીગરોને પ્રશિક્ષણ પણ આપ્યું. રામસિંહે લતા-પાંદડીઓની વિશિષ્ટ સંરચના ગોઠવી, એ મૌલિક અને કલાત્મક સંરચના 'કચ્છી ઘરાના' તરીકે પ્રખ્યાત છે. હાથીદાંત અને કાષ્ટકલામાં કંડારાતી આ હસ્તકલા કૌશલ 'કચ્છી વર્ક'ને નામે ઓળખાય છે. તેના સાથે મઢેલી છે રામસિંહની સ્મૃતિ...

ઇ. સ. ૧૭૦૮માં કચ્છમાં હાથીદાંતની નકશીવાળી કલાનું સુંદર કામ કરનાર માધો સુથાર પણ એક ઉત્તમ કલાકાર હતો. તેણે આયના મહેલમાં મઢેલા હાથીદાંતનાં અનુપમ કોતરણીવાળાં કમાડ આજે પણ તેની યાદ અપાવે છે. એ પરંપરાનાં એક નારી રત્ન અમીનાબાઇ આ યુગનાં નામાંકિત કલાકાર છે. તેમનાં કાષ્ટ કલાના કૌશલ માટે તેમને ૧૯૮૬માં રાષ્ટ્રીય પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે.

અદ્વિતીય કાવ્યશાળાના સ્થાપક લખપતજી

કચ્છે અનેક ક્ષેત્રોમાં પહેલ કરી છે. એ પહેલ કરનાર વિભૂતિઓમાં છે દેશભરમાં અદ્વિતીય વ્રજશાળા પાઠશાળાના સ્થાપક મહારાવ લખપતજી. મેઘધનુષી પ્રતિભા ધરાવનાર આ રાજવી ઉદાર, કાવ્યમર્મજ્ઞ, ગુણવાન, કલા-કૌશલને સમજનાર હતા, તેમની સૌંદર્ય-ચેતના પ્રબુદ્ધ હતી. તેઓ કાવ્ય રસિક હતા. શિલ્પ, સંગીત, નૃત્ય અને વાસ્તુકળાના જ્ઞાતા અને પોષક હતા. ગુણો પર રીઝનાર અને ગુણીજનોની કદર કરનાર, બહુમુખી પ્રતિભા સંપન્ન આ રાજવીની અનેક અમૂલ્ય દેનોમાં વ્રજભાષાની પાઠશાળાનું નામ સર્વપ્રથમ લઇ શકાય. સન ૧૭૪૯માં ભુજમાં મહારાવે આ અદ્વિતીય કાવ્યશાળાની સ્થાપના કરી. કવિઓ સર્જવા દુનિયાભરમાં આવી આ પ્રથમ પાઠશાળા હશે ! કવિ નાનાલાલે તેને 'કચ્છના મહારાવનો કીર્તિમુગુટ' કહી બિરદાવી છે ! આ કાવ્યશાળા, તેની સાહિત્ય સૃષ્ટિનાં રત્નો, અને તેમના રચેલા ગ્રંથોએ કચ્છભરમાં સાહિત્ય -સંસ્કારની અપૂર્વ ચેતના પ્રગટાવી. જેની જ્યોત આજે પણ જવલંત છે અને જેના આલોકમાં કચ્છમાં અનેક નામી અનામી સાહિત્યકારોનું સર્જન થયું છે. અંતિમ સાહિત્યકાર શંભુદાનજી હતા.

અન્ય સાહિત્યકારો

ખરેખર, આ પ્રદેશની માટીમાંથી એવા સાહિત્ય સર્જકો પાકયા છે. જેમનું નામ લેતાં ધન્ય થઇ જવાય છે. ૧૮૮૪માં મુન્દ્રામાં ન્યાયાધીશ તરીકે કાર્ય કરતાં શિવરાજ ધનેશ્વરે તુલસીકૃત 'રામચરિત માનસ'નો ગુજરાતી અનુવાદ કર્યો અને આવાં મહાકાવ્યને ગુજરાતની પ્રજા સમક્ષ ધરી એક અદ્દભૂત કાર્ય કર્યું.

લોક સાહિત્યના ક્ષેત્રે સ્વનામ ધન્ય દુલેરાય કારાણી એક એવી વિભૂતિ હતા જેમણે કચ્છી ભાષામાં કચ્છનાં લોકજીવનને વાણી આપી. તેમનું વિપુલ સાહિત્ય ગુજરાતી, હિન્દી અને કચ્છીમાં છે. સ્વરચિત લોકવાર્તાઓ, હાસ્યકથાઓ અને કચ્છીમાં રચાયેલા વિભિન્ન કાવ્યો લલકારતા કારાણીનો પહાડી સાદ આજે પણ લોકહ્રદયના ધબકારમાં ચિરંજીવી છે. 'કચ્છ કલાધર', કચ્છના કવિઓ અને સંતો' તેમનાં ખૂબ જાણીતાં ગ્રંથો છે. છેલ્લે તેમણે અંતિમ મહારાવ મદનસિંહજીનું ચરિત્ર પણ લખેલ. તેને યોગ્ય રીતે 'કચ્છના મેઘાણી' કહ્યા છે.

આજના યુગના સાહિત્યકાશમાં ચમકતાં નક્ષત્રોમાં જયંત ખત્રીનું નામ એક સુખ્યાત વાર્તાકાર તરીકે લઇ શકાય. તેઓ લેખક તો હતા જ, સાથે ચિત્રકાર પણ હતા. તેમને હૈયે શ્રમજીવી વર્ગના જીવનનાં સુખ-દુઃખ પડેલાં હતાં. શ્રમજીવી વર્ગમાં પણ ખારવાઓમાં જીવનની વિષમતા અને સંઘર્ષ, ગરીબી અને રોજીંદી હાડમારીઓને નિકટથી જોઇ હતી, અનુભવી હતી. તેમની વાર્તાઓમાં એ વર્ગના વાસ્તવિક જીવનની માર્મિક અભિવ્યકિત જોવા મળે છે. 'ફોરાં', 'વહેતાં ઝરણાં', અને 'ખરા બપોરે' વાર્તા સંગ્રહોમાં પ્રયોગાત્મક વલણ, સામાજિક પ્રતિબદ્ધતા, પ્રતીકો અને કલ્પનોનો કલાત્મક વિનિયોગ જોવા મળે છે.

કચ્છની પ્રાચીન સંસ્કૃતિ અને લોકજીવનનું તાદ્રશ્ય વર્ણન કરી તેની સચિત્ર ઝાંખી આપનાર રામસિંહ રાઠોડ તેમના 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' ગ્રંથ દ્વારા કચ્છની અસ્મિતાને ઉજાગર કરે છે. ૧૯૬૦માં ગુજરાત સાહિત્ય અકાદમીનો તથા ૧૯૬૧માં દિલ્હી સાહિત્ય અકાદમીનો અને રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર શ્રી રામસિંહ રાઠોડ પોતાના આગવા પ્રદાન માટે ધન્યવાદને પાત્ર છે.

સંપાદક હાજી મહમ્મદ અલ્લારખિયા શિવજી

૧૯મી સદીના પ્રારંભમાં ગુજરાતી પત્ર-પત્રિકાનું સાહિત્ય જ્યારે પા-પા પગલી માંડતું હતું ત્યારે ૧૯૧૬માં સચિત્ર પત્રિકા 'વીસમી સદી'ના પ્રકાશન દ્વારા નવા યુગના ઉદ્દઘાટક, ગુજરાતમાં અક્ષર-દીપિકા પ્રગટાવનાર, એ કાર્યમાં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર, સાહિત્ય -સંન્યાસી, કર્મયોગી હાજી મહમ્મદ અલ્લારખિયા શિવજી પત્રકારત્વના ક્ષેત્રે માસિક પત્રિકા શરૂ કરવામાં પહેલ કરનાર નવી દિશાઓના ઉદ્દઘાટક એક કચ્છી સપૂત હતા, ૧૮૯૨માં મુંબઈથી દયારામ દેપારાએ 'કચ્છ સમાચાર' શરૂ કરેલું અને ઇ. સ. ૧૮૯૮માં જીવરામ અજરામર ગોરે 'સરસ્વતી શૃંગાર' પત્રિકા શરૂ કરી. પત્રકારત્વના ક્ષેત્રે શ્રીગણેશ કરનારનું માન પ્રાપ્ત કર્યું જ છે. આઝાદી પૂર્વે ગુલામીની બેડીઓ તોડવા, આપખુદ શાસકોના જુલ્મોને ઉઘાડા પાડનાર કચ્છના નિર્ભિક પત્રકારોમાં છગનલાલ મહેતા, પ્રાણલાલ શાહ, ફુલશંકર પટ્ટણી વગેરેએ જનજાગૃતિનું અભિયાન ચલાવ્યું. આજે પણ એમના પ્રદાન સ્મરણીય રહ્યાં છે.

અર્થશાસ્ત્ર સહિતના અન્ય ક્ષેત્રે

આ ક્ષેત્રો ઉપરાંત અર્થશાસ્ત્ર, અર્થકારણના ક્ષેત્રમાં શ્રી કે. ટી. શાહ, શ્રી જે. જે. અંજારિયા કે જીતેન્દ્ર ધોળકિયાએ પણ મહત્ત્વનાં પ્રદાન આપ્યાં છે. કે. ટી. શાહે તો રાષ્ટ્રપતિ સામે ઊભવાની હિંમત કરેલી. સુભાષ બોઝ સાથે શ્રી ભીમાણીએ કાર્ય કર્યુ છે. સાહિત્યમાં વિનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા, સરોજ પાઠક વગેરેએ ઉત્તમ કૃતિઓ આપી છે. સંગીતમાં કલ્યાણજી-આણંદજી છે. ચિત્રકળા ક્ષેત્રે એલ. સી. સોની તો ફોટોગ્રાફી ક્ષેત્રે ટી. એસ. લાલ, એલ. એમ. પોમલ કે વસંત સંઘવી જેવા રાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકયા છે.

આજે પણ વિવિધ ક્ષેત્રે યુવા કે પ્રૌઢ કચ્છી ભાઇ-બહેનો પોતાનો ફાળો નોંધાવી, સિદ્ધિ મેળવી કચ્છનું નામ રોશન કરી રહ્યાં છે.

માટે, કચ્છની ભૂમિને તેના પ્રતાપને બિરદાવતાં દુલેરાય કારાણી કહે છે-


''કૈંક કવિઓ તણા ભવ્ય ઉર ભવાની,
જ્યાં વહી સતત સાહિત્ય-સરણી,
સંત સૂતા ભલા ભકત જે ભોમમાં,
શૂરવીર તણા શૌર્યથી સોહતી પ્રેમ પીયુષનાં પાન કરતી,
ભારતી માતાને ખોળલે ખેલતી ધન્ય હો ધન્ય-
કચ્છ ધરણી....'' □

■ ૧૩૪૮/૧, સેકટર ૭/ડી, ગાંધીનગર-૩૮૩૦૦૭.



કચ્છી બોલીનો એક અડબંગ શબ્દ વારંવાર આપણા કાને અથડાય છે. ''ખોંચરો''. એનો અર્થ અવળચંડો, ઊંધુંચત્તું કરનારો, વાંધાવચકા કાઢનારો-એવો કંઈક થતો લાગે છે. બીજો શબ્દ છે. ''ઊંઘખોફિયો'' એનો ભાવાર્થ પણ ઊંધી ખોપડીનો. ગામ કરે એનાથી વિપરિત કરનારો-જેવો જ છે.

કચ્છની અસ્મિતાની આજે આપણે વાત માંડી છે. ''કચ્છમિત્ર''ના આ વિશેષાંકમાં કચ્છની અસ્મિતાના અનેકવિધ પાસાંના બહુવિધ ગુણગાન-સાચી અને સારી રીતે-ગવાયાં હશે એમાં શંકા નથી. પણ કચ્છની ભૌગોલિક, સાંસ્કૃતિક, રાજકીય વગેરે ગતિવિધિઓ પર નજર કરતાં ઘણા એવા વિચિત્ર કિસ્સા અને લક્ષણો



જોવા મળે છે કે કચ્છ પ્રદેશની તાસિરમાં ખોંચરાઈ અને ઊંઘખોફિયાપણાનું વલણ પોતાની ચાડી ખાય છે, જેની નોંધ લીધા વિના આપણી અસ્મિતાની વાત અધૂરી લાગશે.

કચ્છ એક કાચબો. અમને ભૂગોળમાં શીખવવામાં આવતું કે નકશામાં કચ્છનો આકાર ઊંધા કાચબા જેવો છે. ત્યારે પહેલીવાર ખ્યાલ આવ્યો હતો કે કચ્છ મૂળભૂત રીતે ઊંધું છે. કાચબા અને સસલાની રેસમાં ધાર્યા કરતાં પરિણામ ઊંધું આવ્યું હતું એ વાર્તા જાણીતી છે. છેલ્લે ભાજપની વિખવાદ કથામાં પણ કેશુભાઈ, શંકરસિંહ અને કાશીરામની તાણખેંચમાં સુરેશભાઈ મહેતા મુખ્યપ્રધાન બન્યા એનાથી આ વાર્તાનો આપણને તાળો મળ્યો. સૌરાષ્ટ્રના સસલા, ઉત્તર ગુજરાતના ઊંટ અને દક્ષિણ ગુજરાતના ઘોડાની સત્તાદોડમાં આપણો કાચબો વિનમાં આવ્યો એ ઊંધી વાત જો કે આપણા લાભમાં છે.

ભારત વર્ષમાં અસંખ્ય ઋષિ મુનિઓ અને સંન્યાસીઓએ કઠોર યોગસાધના અને તપશ્ચર્યા કરી પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે, કચ્છમાં આવા મહાન તપસ્વી યોગી ધોરમનાથજી થઈ ગયા. તપસ્યા અર્થે બે-ચાર ડુંગરાઓ ધમરોળી છેવટે ધીણોધર પર એમણે બેઠક જમાવી. અથવા કહો કે શીર્ષાસન જમાવ્યું. માથા નીચે લોઢાની સોપારી રાખી એમણે અતિ કઠીન તપ આદર્યું અને બાર, ચૌદ કે અઢાર જે કંઈ હોય-એટલા વર્ષની સાધના પછી અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત કરી. ધોરમનાથજીએ પહેલું સત્ય એ જાણ્યું હશે કે કચ્છમાં રહીને સત્યને પામવું હોય તો ઊંધે માથે જોવું પડે છે, એનો આ ઐતિહાસિક પુરાવો છે.

ઈતિહાસને આગળ ધપાવનારા રાજવીઓ સિંહાસન પર આરૂઢ થતા ત્યારે જ્ઞાની રાજ ઋષિઓ અને વિદ્વાન બ્રાહ્મણો-પંડિતો પાસે રાજ્યાભિષેક કરાવતા. કચ્છમાં જાડેજા રાજવીઓએ અમુક કારણસર એ જમાનામાં સમાજમાં નિમ્ન વર્ણ ગણાતા મેઘવાળ જ્ઞાતિના કુટુંબોને રાજતિલક કરવાનો વિશેષાધિકાર આપ્યો. દુનિયાથી વિપરિત પ્રણાલિનો આવો દાખલો બીજે ક્યાં જોવા મળશે ? કચ્છની રાજાપ્રેમી રૈયત પોતાના અન્નદાતા રાજવીઓને ''રા'બાવા''નું સંબોધન કરતી. રાજાને બાવો કહેવો એ વાત જ સીધી રીતે જોઈએ તો ઊંધી નથી લાગતી ?

કચ્છમાં પછાત વર્ગમાં ઘણા સંતો-મહાપુરૂષો પાકયા છે. રણપ્રદેશમાં ભૂલા પડી ગયેલાઓ તેમજ જિંદગીમાં ભટકી ગયેલાઓની દેખભાળ કરતા મેકણદાદા ક્ષત્રિય વંશના હતા .....પણ રણમાં ભૂલા પડી ગએલા લોકોની નાતજાત કે ઉચ્ચનીચ જોયા વિના દેખભાળ કરનારા મેંકણદાદા જેવા માનવતાવાદી ઓલિયા કચ્છમાં પેદા થયા છે. જેઓ લાલિયા ગધેડા અને મોતીઆ કૂતરા જેવા પશુઓને પણ પ્યાર કરતા હતા... અને વિશ્વવિખ્યાત નોસ્ત્રાદોમ જેવી અગમવાણી કરનાર મામઈ જેવા ભવિષ્યવેત્તાને પણ એ જમાનામાં અસ્પૃશ્યતાનો સામનો કરવો પડયો હતો. આજ કચ્છે દલિતોના મસિહા અને રાષ્ટ્રને આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા ગાંધીજી જેવા મહાત્મા ગાંધીનો પણ હરિજનોની હિમાયત બદલ માંડવીમાં બહિષ્કાર કર્યો હતો, ઊંધી ખોપડીનો આ પણ એક નમૂનેદાર કિસ્સો છે.

કચ્છમાં ખેતા ખાંટ જેવા માથાફરેલ સમાજ સુધારક પણ થયા છે. ધર્મજડતા, સામાજિક દંભ, માનસિક હીનતા અને વેવલાઈ પર એમણે મીઠામાં ઝબકોળી કાવ્યોના કોરડા વીંઝયા હતા 'માર જોડો મુનજો' એમ કહીને.

ઊંટ વિષે એવી કહેવત છે કે એ કઈ કરવટ પર ઝૂકશે



એ કહેવાય નહિ. કચ્છની લોકતાસિરનું પણ કંઈક ઊંટ જેવું લાગે છે. ખેતા ખાંટ જેવા તીખા માણસને પેદા કરનાર કચ્છે જગતને પોતાની તીખી વાણીથી ઢંઢોળનાર મહાન મેધાવી તત્ત્વજ્ઞ ઓશો રજનીશજીનો-વિજય વિલાસના સાગર તટે આશ્રમ સ્થાપવા નિર્ણય કર્યો ત્યારેભેગા થઈ વિરોધ કર્યો અને ટંગડી આડી મૂકી. આજે બૌદ્ધિકો જેના નામનું વાતેવાતે રટણ કરે છે એ મહાવિભૂતિના વિરોધની ઘટના કચ્છી પ્રજાનો ઊંધખોફ નથી બતાડતી ?


કચ્છે પેદા કરેલા સંખ્યાબંધ પ્રતિભાવંત મહાપુરૂષોમાંશ્રી ખુશાલ તલકશી શાહનું નામ પણ રોશન



કચ્છ : અસ્મિતામાં અવળચંડાઇ

□ દેવ ગઢવી

છે. દેશ-વિદેશમાં અગ્રણી અર્થશાસ્ત્રી અને વિદ્વાન તરીકે એમની ખ્યાતિ હતી, આવા મહાન સપૂતે જ્યારે પોતાની માતૃભૂમિની સેવા કરવા રાજકારણમાં ઝૂકાવ્યું અને કચ્છમાંથી લોકસભાની પ્રથમ ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે કચ્છના મતદારોએ ઊંધું મતદાન કરી એમને ચૂંટણીમાં ધરાર પરાજિત કર્યા. સુક્ષ્મદર્શનથી જોનારા કેટલાક નિષ્ણાતોએ એવું તારણ કાઢયું છે કે કચ્છ બહુધા નકારાત્મક મતદાન જ કરે છે. કેન્દ્ર કે રાજ્યમાં સત્તા પક્ષથી વિરૂદ્ધ પાર્ટીને જ એ વોટ આપે છે. જો કે પ્રથમ ચૂંટણીમાં કચ્છે સત્તાપક્ષ કોંગ્રેસને જીતાડયો પણ એક ઉમદા અને પ્રખર વ્યકિતને હરાવી અને એ રીતે ઊંધું મતદાન કર્યું. આ અવળચંડી આદતના જોરે જ કચ્છે કે. ટી. શાહને જાકારો દીધો હશે ને ?



કચ્છની બળૂકી ''બાબાણી બોલી'' કચ્છી છે. કેટલાક નિષ્ફળ પ્રયાસો પછી પણ કચ્છી બોલીને લિપિબદ્ધ કરવામાં કોઇ સફળ થયું નથી... છતાં કચ્છમાં કાવ્યકલામાં પીંગળ, ડીંગળ શાસ્ત્ર-લય-માત્રા, છંદ વગેરે શીખવવા માટે ગુજરાતની પ્રથમ એકમાત્ર પાઠશાળા ભુજમાં સ્થપાઇ હતી. પોતાની બોલીને લિપિનું ઠેકાણું નથી ત્યાં ભાષાના વિકાસ અને નિપૂણતા માટેની આવી પંડિતાઇ દેખાડવાનો છંદ કચ્છને જ લાગી શકે !


એમ કહેવાય છે કે કચ્છનો પ્રેમ ગાંડો અને ઠેકાણા વગરનો છે કચ્છીમાડુ હમેશાં પોતાના વતન માટે ઝૂરતો હોય છે. એ માડુ આલ્પ્સ પર્વત પર હોય, ફયુજીયામા પર હોય, કિલીમાંજારો પર હોય કે હિમાલય પર હોય- હમેશા ધીણોધરને યાદ કરતો રહે છે. કવિ નિરંજને ગાયું છેકે ''હેમાળે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન...'' પણ કચ્છની ધરતીમાતા ઘણા બાળકોને નિષ્ઠુર બની ઠુકરાવતી રહે છે. ''આય વલો અસાં જો વતન, મુંજી માતૃભૂમિ કે નમન..'' જેવી રચનાના રચનાકાર અને કચ્છના લોકહૃદયમાં ''રાષ્ટ્ર'' કવિ જેવાં માન-મરતબો મેળવનાર કવિ નિરંજનના પુત્રી અને એનો પરિવાર ભાગલા વખતે માતૃભૂમિની છાયામાં રહેવા કરાંચીથી કચ્છમાં આવ્યો ત્યારે બૂરી હાલત થઇ ગઇ. કચ્છમાં રહેવું મુશ્કેલ થઇ ગયું ત્યારે એ કુટુંબ પાછું પાકિસ્તાન ચાલ્યું ગયું અને આપણા ''મોસ્ટ ફેવર્ડ એનીમી'' જેવા એ દેશે એમને પોતાના બનાવી, બાઇજ્જત- માનપાન પ્યારથી પનાહ આપી.

કચ્છના મોટા ભાગના કલાકારો કચ્છ બહાર જ ફાલ્યા ફૂલ્યા છે. કચ્છમાં જ રહેનાર ઘણા પ્રતિભા સંપન્ન કલાકારો ઉપેક્ષિત બની ભૂખે મર્યા છે. માંડવીના અનેરા તબલાવાદક પીનુ ઉસ્તાદને બે ટંક પૂરું કરવાનું પણ દોહ્યલું બન્યું હતું અને દોલત સીસોદિયા જેવા તેજસ્વી કલાકારનું તેજ પણ કચ્છમાં ઓલવાઇ ગયું હતું એનાથી ઉલટું રામસિંહ માલમથી માંડી શ્રી નારાયણ સ્વામી અને અમૃત ઘાયલ જેવી બહારની હસ્તીઓને કચ્છની ધરતીએ ઓળઘોળ થઇ પોતાનાં સંતાનો જેવો સ્નેહ આપ્યો છે. કચ્છી કહેવત 'મા કરે ઘી લાય ને ઘી કરે ઢીંગલે લાય..' કરતાં અહીં ઊંધો અને ઠેકાણા વગરનો પ્રેમ વ્યવહાર દેખાય છે ને ?

કલાજગતમાં કચ્છની આડોડાઇનું ઉદાહરણ છે ચિત્રકલામાં. ચિત્રકલા ક્ષેત્રે ગુજરાતમાં બહુ ઓછા કચ્છી કલાકારોના નામ આંખે ચડયાં છે પણ ગુજરાતી પત્રકારત્વમાં કચ્છે સંખ્યાબંધ વ્યંગ ચિત્રકારોનો ફાલ પેદા કર્યો છે. બલ્કે છેલ્લા ચાલીસ વર્ષમાં ગુજરાતી અખબારો-સામાયિકોમાં કચ્છી કાર્ટૂનિસ્ટો ગાંડા બાવળની જેમ ઊગી નીકળ્યા છે એમ કાર્ટૂનિસ્ટની ભાષામાં કહી શકાય. કચ્છની વાયડી માનસિકતા આનું એક કારણ ન હોઇ શકે ?

વસતીની બાબતમાં પણ એક ઉલટી ગંગા વહે છે.





પૂર્વકાળથી કચ્છ પોતાના ભાંડૂઓને પ્રદેશ બહાર રવાના કરતું આવ્યું છે. ભારતના બધા જ રાજ્યો ઉપરાંત વિદેશમાં આફ્રિકા, અખાતના દેશો, યુરોપ, અમેરિકા, અગ્નિ એશિયા... અવકાશયાત્રીઓ હજી ચંદ્ર પર ઊંડે સુધી શોધ કરવા નથી ગયા એટલે ત્યાં કચ્છી માડુ નથી એવું છાતી ઠોકીને કોઇ કહી શકતું નથી. આમ લગભગ આખા બ્રહ્માંડમાં કચ્છીઓ પહોંચી ગયા છે. પણ કચ્છડો પોતાનાને તગેડી બહારના લોકોને બોલાવી પ્રેમથી સંઘરે છે અને કાળાંતરે કાયમી વતની બનાવી દે છે. આમાં પાકિસ્તાનના હિજરતી સિંધીભાઇઓ, સરકારી કર્ચચારીઓ, લશ્કરી જવાનો વગેરે દાખલારૂપ છે.

આપણા ઘુડખર સામૂહિક ઠેકડા મારતા ધ્રાંગધ્રા-હળવદના પાદરમાં ચરવા પહોંચી જાય છે. ત્યારે રશિયા અને મધ્ય એશિયાના સુરખાબો કચ્છની ભૂમિમાં આવી કુટુંબ કબીલા સાથે ધામાં નાખી લીલાલહેર કરે છે.

દેશ-વિદેશમાં ખાવાના શોખીનો આજે પંજાબી, મદ્રાસી, બંગાળી અને વિદેશની પિઝા, બર્ગર વગેરે વાનગીઓ ખાતા રહ્યા છે ત્યારે કચ્છ ''જુમેંજી માંજો



તકિયો ધાર'' કહેવત અનુસાર પોતાની વિશિષ્ટ આવગી ફાસ્ટ ફૂડ વાનગી ''દાબેલી''નો આવિષ્કાર કરી વર્ષોથી ઝાપટે છે. એટલું જ નહિ આખા ઈન્ડિયાના લોકોને લારી પાસે ઊભા કરી બચકાં ભરતા આ ''કચ્છી બર્ગર'' કહેવાતી ''દાબેલી'' ચાવતા કરી દીધા છે, એ પણ એની તાસિરની બલિહારી છે.

કચ્છની અસ્મિતા એના વસ્ત્રો પરના છાપકામ અને ભરતકામ જેવી ભાતીગળ અને બેનમૂન છે અને એ બેનમૂન એટલા માટે છે કે એની વિવિધતામાં સૌંદર્ય, સચ્ચાઇ અને સફાઇને સાંધતા ખોંચરાઇ અને ખૂણસના ટાંકા ભર્યા છે ! □



એક પાસાદાર-પાણીદાર હીરા સમી કચ્છની અસ્મિતાનું એક મહત્વપૂર્ણ ચમકતું પાસું એટલે તેનું વહાણવટું. કચ્છના લોકોની સાહસિકતા અને વેપાર વણઝની કુનેહના સુભગ સંયોગના કારણે વિકસેલા દરિયાઇ વેપાર વ્યવહારે કચ્છને ભૂતકાળમાં ગૌરવ અને આર્થિક સદ્ધરતા બક્ષી હતી. વિશ્વના વહાણવટાના નકશામાં કચ્છનું ગૌરવભર્યું સ્થાન રહ્યું છે. લાંબો દરિયા કિનારો, સાહસિક મનોવૃત્તિ, ભૂમિ પર ભૌગોલિક વિષમતાઓના કારણે રોજગારીની અલ્પ તકો, જળમાર્ગના વિકલ્પનો અભાવ, વગેરે પરિબળો સાગર ખેડાણ માટે કારણભૂત રહ્યાં છે. સાહસિક સાગરખેડૂ કોમોએ સાત સાગર ખેડવાની ક્ષમતા પરંપરાગત રીતે હાંસલ કરી, કચ્છના કારીગરોએ તેમની જરૂરત અનુસાર વહાણો બાંધવાનો વિશિષ્ટ હુન્નર વિકસાવ્યો અને કુનેહબાજ -સાહસિક વેપારીઓએ દૂરસુદૂરના જાણ્યા-અજાણ્યા પ્રદેશો સુધી એ વહાણોમાં જઇ વેપાર વણજનો વિકાસ કર્યો. આજના વિકસિત રાષ્ટ્રો માટે જેના નામો પણ અજ્ઞાત હતા એવા દેશો સાથે ત્યારે કચ્છના વહાણવટીઓ અને વેપારીઓના સંપર્કો હતા. આ વેપારી સંબંધો એટલા બધા વિકસ્યા હતા કે દૂરના દેશોમાં કચ્છીઓની વસાહતો સુદ્ધાં ઊભી થઇ હતી.

કચ્છી વહાણો મીઠું, અફીણ, જાડું કાપડ, ઢાલ જૂતા વગેરે દેશના અને વિદેશના બંદરોએ લઇ જતાં અને ત્યાંથી ખજૂર, હાથીદાંત, ઘઉં, ચોખા, સૂકોમેવો, નારીયેળ, રેશમ, મસાલા, ઘી વગેરે લાવતા. ખારવા અને ભડાલા કોમના વહાણવટીઓ સાત સાગરની ખેપ કરતા અને ભાટિયા, લોહાણા તથા ખોજા વેપારીઓના માલ સામાનનું વહન કરતા, વેપારીઓના સંપર્કો ભારતના મલબાર કિનારાના બંદરોથી માંડી છેક રાતા સમુદ્ર, ઇરાની અખાત, મધ્યપૂર્વના બંદરો અને પૂર્વ તથા આફ્રિકાના દેશો સાથે હતા. દૂર પૂર્વના સૂવર્ણ ભૂમિ-બલિ, કલિમન્થન (બોર્નિયો), શૂલવેષી (સેલબીસ) મુવાંગ્વાઇ (સિયામ) કમ્બોજ (કંબોડીયા), ચંપા (ઇન્ડોનેશિયા) સાથે ઘનિષ્ઠ વેપારી સંબંધો વહાણવટાના કારણે બંધાયા હતા. આફ્રિકાના કિનારાના બંદરો પર શિકોતરથી માંડી દારે સલામ, માલાગાસી (માડાગાસ્કર), મોરિશ્યશ, શિશિલી, માલદીવ, સિંહલ (લંકા) સુધીની ખેપ કચ્છના ખલાસીઓ ખેડતા હતા.


કોટેશ્વર, માંડવી, મુન્દરા જેવા બંદરોએ વિશ્વની સમૃદ્ધિ ભારતના ચરણે ધરી. બંદરી નગરોમાં શાહ સોદાગરોની હવેલીઓ ઊભી થઇ. આ પરંપરા અતિ પ્રાચીન હોવાના પુરાવા સાંપડે છે. ઇ. સ. ૧૫૦ થી ૧૮૦ વચ્ચે ગેલેઝી અને ટોસેમીએ લખેલા વર્ણનોમાં કચ્છના અખાતનો ઉલ્લેખ આવે છે જેને તેમણે કાંથી કે કાંઠીનો અખાત કહ્યો છે. હજી પણ કચ્છમાં કંઠારને કંઠી તરીકે ઓળખવામાં આવે છે. સન ૬૪૨માં ચીની મુસાફર યુ- એન- ત્સાંગે પણ પોતાના પ્રવાસ વર્ણનમાં કચ્છના વહાણવટા અને સમુદ્રી વ્યાપારનું વિગતે વર્ણન કર્યું છે.

કચ્છનાં વહાણો અને સૈકાઓ જૂની ડિઝાઇન

કચ્છમાં વહાણ બાંધવાની કળા સૈકાઓ જૂની છે. વિવિધ પ્રકારના વહાણો બનાવવામાં કચ્છના 'વાઢા'ઓએ પોતાની કુશળતા સિદ્ધ કરી છે. કચ્છી બનાવટનાં વહાણોની આરબ અને આફ્રિકન દેશોમાં કાયમ માંગ રહી છે. એ દેશોમાં સારૂં, વહાણ બનાવવાને લાયક સાગ જેવું લાકડું ઉપલબ્ધ નથી એટલે મોટા જથ્થામાં લાકડું લઇ જવાના બદલે ભારતીય બનાવટનાં તૈયાર વહાણો લઇ જવાનું ત્યાંના નાવિકો પસંદ કરતા, તેમાં પણ કચ્છના વહાણો તેમની જરૂરિયાતને અનુકૂળ જણાતાં તેની માંગ વિશેષ રહેતી. કચ્છના સાહસિક નાવિકો પોતાના ખર્ચે આવાં વહાણો બનાવી, વિદેશ લઇ જઇ વેચી નાખતા.

વહાણો વચ્ચે અને વહાણ તથા કિનારા વચ્ચે સંપર્ક માટે 'જાલીબોટ'નો ઉપયોગ કરવામાં આવે છે.





માંડવી-મુંબઇ-કરાચી વચ્ચે સ્ટીમર વ્યવહાર ચાલુ હતો ત્યારે મછવાઓની આવી ભીડ જોવા મળતી

આફ્રિકાની સ્વાહિલી ભાષામાં વહાણને 'ઢઉ' કહે છે, અંગ્રેજોએ તેનો ઉચ્ચાર 'ધાવ' કર્યો. અંગ્રેજોના પુસ્તકોના આધારે અભ્યાસ કરનારાઓએ 'ધાવ', 'ધાઉ' વાપરવા માંડતાં તે શબ્દ પ્રચલિત બન્યો. એચ. એ. જ્યુવેલ નામના અભ્યાસીએ સતત દસ વર્ષના સંશોધન પછી લખેલા પુસ્તક 'ધાવઝ ઑફ મોમ્બાસા'માં એનો ઉલ્લેખ કર્યો છે. હવે તો સુર અને ઓમાનમાં કચ્છના કોટિયાં પ્રકારના વહાણની ડિઝાઇનના આધારે વહાણો બનાવવામાં આવે છે. આમ છતાં મજબૂતી, ચોક્કસાઇ અને ઘડતરમાં કચ્છ અને સૌરાષ્ટ્રનાં વહાણો ચડિયાતાં હોવાનું એ લેખકે સ્વીકાર્યું છે.

કોટિયો કચ્છનું વિશિષ્ટ વહાણ છે. એના મોરા પર ગરૂડનું મુખ મૂકવામાં આવે છે. વહાણ તરફ વળતા ગરૂડ મુખ, તેની ડોક આસપાસ સાંકળની કોતરણી કોટિયાની પ્રથમ નજરે ઓળખ આપી દે છે. કોટિયાને ત્રણ કૂવાસ્તંભ કે ખૂવા હોય છે. મુખ્ય ખૂવો મોરા તરફ જરા ઢળતો હોય છે. કલમી ખૂવો સીધો હોય છે. આખા વહાણ પર સથો હોય છે અને વચ્ચે ત્રણેક ફાલકા હોય છે. પાછળના ભાગે સથા પર છતરડી હોય છે. સુકાની માટે સવાઇ સથો રખાય છે. આ સથા અને મુખ્ય સથા વચ્ચે છ ફૂટ ઊંચો ઓરડો બને છે તેનો દેખાવ આકર્ષક હોય છે એટલું જ નહિ મજબૂત બાંધણી, તોફાની ઝંઝાવાત સહન કરવાની તેની શકિત, સામા પવને ઝડપથી ગતિ કરવાની અને તોફાની સાગરમાં પણ સમતુલા જાળવવાની ક્ષમતાના કારણે કોટિયો અસામાન્ય વહાણ ગણાય છે, સ્વ. કે. બી. વૈદ્ય જેવા તજજ્ઞ લખે છે કે જરૂર પડયે વિશ્વના સાતે સાગર ઘૂમી વળવાની ક્ષમતા કોટિયામાં રહેલી છે.

અગાઉ માત્ર પવન પર આધાર રાખતા કોટિયા બનતા ત્યારે તેની વહન ક્ષમતા ૫૦ થી ૧૦૦ ટનની રહેતી. યંત્રોનું આગમન થતાં સઢની મહત્તા ઘટી તેમ વહાણની બાંધણીમાં પણ પરિવર્તન આવ્યું. મશીનથી ચલાવવા માટે કોટિયા કરતાં બ્રીગ પ્રકારના વહાણ વિશેષ પસંદ કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કોટિયામાં પણ મશીનો બેસાડવામાં આવતા. તે સમયે ૧૫૦ થી ૨૦૦ ટનના કોટિયા બંધાયા હતા.

કોટિયા જેમ ગંજો પણ વિખ્યાત

કચ્છના વહાણોમાં ગંજો પણ નોંધપાત્ર પ્રકાર છે. તેને કોટિયાનો જ એક પ્રકારે

કચ્છનું વહાણવટું અને બંદરો

□ મહિમ પાંધી

કહી શકાય. ગંજાવર કોટિયો એટલે ગંજો. સન ૧૭૬૦ આસપાસ કચ્છના રાવ ગોડજીની સૂચનાથી એક શાહી ગંજો બનાવવામાં આવેલો. ત્રણ ખૂવાવાળો આ ગંજો-કોટિયો કચ્છના નાવિકો અને માલમો છેક ઈંગ્લેન્ડ લઈ ગયા હોવાના ઉલ્લેખ છે. અન્ય પ્રકારોમાં નાવડી વહાણ, ધંગી કે દંગી, ભતેલ કે બતેલ, મછવા, બ્રીગ બતેલો, પડાવ, જાલી બોટ, હોડી અને તરનો સમાવેશ થાય છે. વિવિધ ક્ષમતાવાળા આ નાના-મોટા વહાણો વિવિધ ઉપયોગીતા ધરાવે છે.

પરંપરાગત રીતે વહાણ બનાવનારા મિસ્ત્રીઓ સુથારોની કુશળતા અચંબામાં નાખી દે તેવી હતી. કોઇપણ પ્રકારના નકશાઓ કે રેખાંકનો વિના નિર્ધારિત ક્ષમતાવાળા વહાણો તેઓ બનાવી શકતા.

માંડવી અને મુન્દ્રા જેવા બંદરી નગરો માટે જહાજ બાંધકામ એક મહત્ત્વનો ઉદ્યોગ બની રહ્યો હતો. ધીમે ધીમે યાંત્રિકીકરણે પગદંડો જમાવ્યો એટલે દેશી વહાણોની માંગ ઘટવા માંડી પણ કુશળ મિસ્ત્રીઓ -વાઢાઓએ યાંત્રિક સુવિધા સામે સુસંગત ડિઝાઇન વિકસાવતાં વહાણ બાંધવાની કામગીરી ચાલુ રહી શકી.


આઝાદી પછીના સમયમાં નાના અને મધ્યમ કક્ષાના બંદરો મૃતપ્રાય બનતા ગયા તેની અસર વહાણ બાંધકામ ઉદ્યોગ કે હુન્નર પર પણ થઈ. સમય જતાં સમુદ્રી વ્યવહાર વધવા માંડયો. મહાબંદરોનો વિકાસ થતાં મોટાભાગની આયાત નિકાસ સ્ટીમરો વડે થવા લાગી. પરિણામે મહાબંદરો પર ટ્રાફિકનો ભરાવો થવા લાગ્યો. આવા સમયે નાના જથ્થામાં હોય તેવા કે ઝડપથી નાશ પામે તેવા માલની નિકાસ-આયાત સમયસર થાય તે માટે દેશી વહાણો પર પસંદગી ઉતારવાનું શરૂ થયું. બેન્ટોનાઇટ કે મીઠાની નિકાસ કરવાની હોય અને બર્થ ન મળતાં વિલંબ થાય તે કદાચ ચાલે પણ આંબા કે કાંદા માટે એવો વિલંબ ખોટમાં જ પરિણમે એટલે મશીનવાળા વહાણોની માંગ વધવા માંડી અને માંડવીમાં પુનઃ વાઢાઓના હથોડાઓના ધ્વનિ ગાજવા લાગ્યા. માંડવીમાં ૫૦૦થી ૭૦૦ ટનની ક્ષમતાવાળા વહાણો પણ બને છે.

સદ્દભાગ્યે હાલની સરકારે ખાસ કરીને મુખ્યપ્રધાન શ્રી સુરેશભાઇ મહેતાએ નાનાં બંદરોને પુનઃ ચેતનવંતા કરવા પ્રયાસો આદર્યા છે. જહાજ બનાવવાના ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માંડવીમાં જહાજવાડો સ્થાપવા પણ નક્કી કરાયું છે. દેશી કે કચ્છી વહાણોની વિદેશમાં મોટી માંગ છે તે જોતાં નિકાસલક્ષી ઉદ્યોગ તરીકે તેને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. જેમ કે ફ્રી ટ્રેડ ઝોનની માફક કાચો માલ એટલે કે લાકડું ડયુટી વિના આયાત કરવા દેવાય અને વહાણ બનાવી તેની સીધી નિકાસ કરી દેવાય તો કરોડોનું વિદેશી હૂંડિયામણ મળી શકે તેમ છે.

જહાજવાડા માટેનું આયોજન

અગાઉ એક સાથે સંખ્યાબંધ વહાણો માંડવી અને મુંદરામાં બનતા હતા. ત્યારે તે માટેના જાણકાર મિસ્ત્રીઓ અને કારીગરો પૂરતી સંખ્યામાં મળી રહેતા. હવે પરંપરાગત તેમજ અદ્યતન જાણકારી ધરાવતા કારીગરોની સંખ્યા એટલી બધી નથી કે એક સાથે અનેક વહાણો બનાવવાના પડકારને પહોંચી વળાય. એટલે જહાજવાડો બને અને જહાજના નિકાસની રૂપરેખા ઘડાય તે સાથે ટેકનિકલ તાલીમ આપતી સંસ્થામાં વહાણ બાંધકામ અંગેના અભ્યાસક્રમ દાખલ કરવામાં આવે તો લાંબાગાળાનું આયોજન થયું ગણાય.

હાલનું ચિત્ર જોઈએ તો માંડવીમાં જે સુવિધાઓ ઉપલબ્ધ છે તેમાં પણ ૨૫૦થી ૭૫૦ ટનના વહાણો બની રહ્યા છે. એક સાથે દસથી બાર વહાણનું કામ સમાંતરે ચાલતું હોય છે. વહાણ બાંધકામનો ઉદ્યોગ સ્થાનિકે રોજી પણ સર્જે છે. એક વહાણ વીસેક જેટલા કુશળ- અર્ધકુશળ અને બિનકુશળ કારીગરો-કામદારોને રોજી આપે છે.



કમાનની મદદથી અક્ષાંશ-રેખાંશ અને સમય જાણવાની પદ્ધતિ સમજાવતું પ્રાચીન રેખાંકન (ડૉ. મનુભાઈ પાંધીના સંગ્રહમાંથી)

સ્થાનિક ઉપરાંત જરૂરત પ્રમાણે બહારના મજૂરોને પણ કામે લગાડાય છે, છેક આંધ્રથી આવેલા મજૂરો અત્યારે માંડવીમાં રોજી મેળવી રહ્યા છે.

વહાણ બનાવવામાં તેના મશિનને બાદ કરતાં ટન દીઠ અંદાજે રૂા. ૧૫૦૦૦નો ખર્ચ થતો હોય છે. એટલે કે સો ટનનું નાનું વહાણ મશીન વિના પંદર લાખ રૂપિયાનું થાય છે.

કુશળ માલમો અને એમની વિદ્યા

અફાટ સાગરમાં તણખલા જેવા વહાણને પવન તથા દરિયાઇ પ્રવાહો સાથે સુસંગત રહી નિર્ધારિત દિશામાં લઈ જવાનું મુશ્કેલ કાર્ય કચ્છના માલમો કુશળતાથી કરતા હતા -કરે છે. આજના જેવા વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ ન હતાં ત્યારે પરંપરાગત જ્ઞાન અને હૈયાઉકલતથી સાત સાગરની સફર તેઓ ખેડતા હતા. બે હજાર વર્ષ પહેલાં સુર્પારક બંદરે નૌપ્રચાર વિદ્યાનું નિવ્યામક સુત્ત સૌ માલમોએ ફરજીયાત શીખવું પડતું. પાછળથી એ શિક્ષણ પ્રથાનો લોપ થયો પણ તેનો વારસો એક યા બીજા સ્વરૂપે



નવા બની રહેલા વહાણનો અંદરનો ભાગ

સચવાઇ રહ્યો. કચ્છના માલમોએ સમયની માંગ અનુસાર નવા નવા પ્રદેશોનું ખેડાણ કર્યું તેથી તેમના જ્ઞાનમાં વધારો થતો ગયો. બહુધા અક્ષરજ્ઞાન વિનાના માલમો મૂળ તો નાની પાયરીએ વહાણ પર જોડાય અને માલમી શીખતા જઇ ઉપર ચઢતા જઇ સંપૂર્ણ ક્ષમતા હાંસલ થયે નાખૂદા બનતા.

માલમો તારાઓની અજબ પરખ ધરાવતા અને તેના નિરીક્ષણ પરથી દિશા સ્થાન અને સમયની ચોક્કસ ધારણા કરી શકતા હતા. અલબત્ત તારાઓ અને નક્ષત્રોને તેઓ તેના શાસ્ત્રીય નામોથી નહિ પણ પોતાની પરંપરાગત બોલીમાંના નામોથી ઓળખતા. અક્ષાંસ અને રેખાંશને 'અરજ' અને 'તુલ'ના નામે ઓળખતા -ઓળખે છે. ક્ષિતિજને 'સીમ' તરીકે અને વિષુવવૃત્તને 'ખત' તરીકે ઓળખે છે. ડીગ્રીને એટલે કે ૬૦ માઇલ અથવા ૧૧૧ કિલોમીટરને 'દરજ્જો' કહે છે. (આ સાથે અક્ષાંસ રેખાંશ જાણવાનો પ્રાચીન કોઠો દર્શાવ્યો છે.) દરજ્જાના પાંચ ભાગ થાય છે તે દરેક 'જામ' તરીકે ઓળખાય છે. કોઇપણ જાતના યાંત્રિક સાધનો વિના માલમો મોઢે કરેલા કોષ્ટકોની મદદથી નૌકાનું સંચાલન કરી નિર્ધારીત લક્ષ્ય પર સહી સલામત પહોંચાડતા હતા.

કચ્છની વહાણવટી કોમોમાં ખારવા, ભડાલા અને વાઘેર તેમની સાહસિકતા અને દરિયો ખેડવાની કુનેહ માટે જાણીતી છે. અક્ષાંસ મેળવવાનું આધુનિક સાધન સેક્સ્ટન્ટ વલંદાઓ સાથે ભારતમાં આવ્યું તે પહેલાંથી આ ખલાસીઓ કવાડ્રન્ટની મદદથી આફ્રિકાના બંદરો જેવા દૂરના સ્થળોએ સરળતાથી પહોંચતા હતા. કવાડ્રન્ટ વર્તુળાકારના ચોથાભાગ જેવો વળાંકવાળો લાકડાનો ટુકડો હોય છે. તેની મદદથી ધ્રુવતારો અને દરિયાની સપાટીના ખૂણાનું માપ લઇ દરિયામાં વહાણનું સ્થાન નક્કી કરવાની આગવી પદ્ધતિ તેમણે વિકસાવી હતી. આ ઉપરાંત અનુભવી માલમોની નોંધપોથીમાંની વિગતો, કયારેક જોડકણાની શૈલીમાં લખેલા માનચિહ્નોની મદદથી પણ સફર ખેડવામાં આવતી હતી.

કચ્છનાં બંદરોનો વિશ્વમાં ડંકો

જિલ્લાના ૩૫૨ કિલોમીટરના દરિયાકાંઠા પર પાંચ બંદરો આવેલાં છે. જેમાં મહાબંદર કંડલા, મધ્યમ કક્ષાનું બંદર માંડવી અને નાનાં બંદરો કોટેશ્વર, જખૌ અને મુંદ્રાનો સમાવેશ થાય છે. કચ્છનો કાંઠો સામાન્ય રીતે સપાટ છે અને તેમાં ઘણા સ્થળે ક્રીક આવેલી છે. આમાંની મોટી ખાડીઓ સાગરના જોરદાર પ્રવાહોના કારણે બની છે તો નાની ખાડીઓ નદીઓના પ્રવાહના કારણે સર્જાઇ છે. કેટલીક ખાડીઓ કાયમ જલસભર રહે છે જ્યારે કેટલીક માત્ર ભરતીના સમયે જ ભરાય છે, ભારતના દરિયાકાંઠે કુદરતી ખાડીઓનું પ્રમાણ ઓછું છે ત્યારે કચ્છમાં કોરી, બોચા અને ગોડીયા જેવી મહત્ત્વની ખાડીઓ આવેલી છે, તોફાની મોસમમાં વહાણોને માટે ખાડીઓ સુરક્ષિત આશ્રયસ્થાન બની રહે છે.

કચ્છના દરિયાકાંઠાને બે ભાગમાં વહેંચી શકાય. લખપતથી માંડવી સુધીનો અરબી સમુદ્રનો કિનારો અને માંડવીથી શિકારપુર સુધીનો કચ્છના અખાતનો કિનારો, આ કાંઠા પર આવેલાં બંદરો પર સૈકાઓથી વહાણવટાનો વિકાસ થયો હતો અને માંડવી, મુંદ્રા, જખૌ, લખપત તથા કોટેશ્વર જેવા પ્રાચીન બંદરો વિદેશો સાથે ધીકતો વ્યાપાર ધરાવતા હતા. રશબ્રુક વિલિયમ્સે પોતાના પુસ્તક 'ધ બ્લેક હીલ્સ ઓફ કચ્છ'માં લખ્યું છે કે વસતીના પ્રમાણમાં આટલી સુવિકસિત બંદરી સવલતો વિશ્વના અન્ય કોઇ હિસ્સામાં ભાગ્યે જ જોવા મળશે.

વેપાર વણજ અને વહાણવટાની ધમધમતી પરંપરાને પહેલો ફટકો બ્રિટિશ શાસન દરમ્યાન કચ્છના રાજવીઓ દ્વારા ઇન્ડિયન કસ્ટમ્સ યુનિયનથી અળગા રહેવાના નિર્ણયના લીધે વાગ્યો. બીજી તરફ કાળક્રમે બંદરોની નાળ પૂરાતી ગઇ અને બંદરની ક્ષમતા ઘટતી ગઇ. એક વખતના ધીકતાં-ગાજતાં બંદરો ભૂતકાળની ભવ્યતાની ઝાંખી પડી ગયેલી, રંગ ઊડી ગયેલી તસવીરો જેવાં બની ગયાં. કોટેશ્વર અને લખપત લગભગ નષ્ટપ્રાય બની ગયાં. માંડવી-મુંદ્રા જીવતાં રહ્યાં પણ તેની અસલ ચેતના જાણે જતી રહી.

આઝાદી પછીના પલટાયેલા સંજોગોમાં પણ નાનાં અને મધ્યમ બંદરોની ઉપેક્ષા ચાલુ રહી અને બંદરો ભાંગતાં ગયાં. સદનસીબે છેલ્લા દાયકામાં પુનઃ પરિસ્થિતિએ પલટો લીધો છે. મહાબંદરો સંભાળી ન શકે તેટલો ટ્રાફિક સર્જાતાં આયાતકારો-નિકાસકારોને આવા મધ્યમ-નાનાં બંદરો ભણી વળવાની ફરજ પડી છે. કચ્છના બંદરોની આજની સ્થિતિ પર દ્રષ્ટિપાત કરીએ તે પહેલાં મહાબંદર કંડલાની ઝાંખી કરીએ.

મહાબંદર કંડલા

૧૯૪૭માં ભારતના ભાગલા થયા અને પશ્ચિમ કાંઠાનું મહત્ત્વનું બંદર કરાચી પાકિસ્તાનના ફાળે જતાં વાયવ્ય ભારતના પ્રદેશ માટે વૈકલ્પિક મહાબંદરની જરૂરત જણાઇ. આથી શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા હેઠળ એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ વિવિધ સ્થળોનો અભ્યાસ કર્યા પછી કંડલા પર પસંદગીનો કળશ ઢોળ્યો.

કંડલાની ખાડીની પ્રાથમિક સર્વે શાહી નૌકાદળે ઇ. સ. ૧૮૫૧માં કરી હતી. ત્યારબાદ ૧૯૨૨માં તેની પુનઃ સર્વે કરાઇ હતી. તે વખતે થયેલી ભલામણોના આધારે કચ્છના મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાએ ૧૯૩૦માં કંડલાને વિકસાવવા નિર્ણય લીધો. ૧૯૩૧માં ત્યાં ૩૦૦ ફૂટનો ધક્કો બાંધવામાં આવ્યો. ખેંગારજીની ઇચ્છા કંડલાને ડીસા સાથે મીટરગેજ રેલવે વડે જોડવાની હતી પણ કચ્છ ભારત સાથે કસ્ટમ યુનિયનમાં જોડાયેલું ન હોવાથી એ દરખાસ્તનો અસ્વીકાર કરાયો હતો. ઉલ્ટું બનાસકાંઠામાં જકાતનાકાં ઊભાં કરી કંડલાના વિકાસ આડે અવરોધ સર્જવા પ્રયાસ કરાયા હતા.

નવા કંડલાનું બારું : જૂના નાના બંદરથી નીચાણમાં કંડલાની નાળના મુખથી ૧૫ નોટિકલ માઇલ દૂર નવું બંદર બાંધવામાં આવ્યું છે. આ નાળમાં વમળ વિનાના પ્રવાહો હોવાથી દરિયાઇ વહેવાર માટે ચોમાસામાં પણ સલામત છે. કીચડ અને ચેરિયાથી છવાયેલો કઠણ કાંઠો મજબૂત છે બંદરના છક્કા નજીક કાયમ ૨૮ ફૂટ પાણી રહે છે. આ સ્થળે બંદર થતાં તેના પીઠ પ્રદેશનાં વેપારી મથકોથી બીજા બંદરો કરતાં ૨૦૦ માઇલ એટલે કે ૩૦૦ કિ. મી. જેટલું અંતર ઘટયું છે પરિણામે નૂરમાં મોટી બચત થાય છે. ઉત્તર ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, કાશ્મીર અને જમ્મુ, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ મધ્ય ભારતનો દસ લાખ ચો. કિ. મી.નો બાર-તેર કરોડની વસતીવાળો પ્રદેશ આ બંદરનો પીઠ પ્રદેશ છે.

નવા બંદરનું બાંધકામ ૧૯૪૮માં શરૂ થયું હતું ૧૯૫૩માં જેટી બનાવવાનો પ્રારંભ થયો હતો અને ૧૯૫૫માં પં. જવાહરલાલ નહેરૂના હાથે આ મહાબંદર વિધિવત ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું.

કંડલા બંદરે પેટ્રોલિયમ પેદાશો, ફોસ્ફરિક એસિડ, ખાદ્યતેલ, અનાજ, ખાતર, મ્યુરીએટ ઓફ પોટાશ, રોક ફોસ્ફેટ, ગંધક, ઝિંક સલ્ફેટ, તાંબું, પોટેશિયમ કલોરેટ, સિમેન્ટ, ન્યુઝ પ્રિન્ટ, કોક વગેરેની આયાત થાય છે. ખાંડ, ચોખા, આલ્કોહોલ, મોલાસીસ, મીઠું, ગુવારગમ, હાડકાનો ભૂકો, બેન્ટોનાઇટ બોકસાઇટ, રૂ વિગેરેની નિકાસ થાય છે.

ગયા વર્ષે વધારે વરસાદ, પ્લેગની સમસ્યા અને બર્થીંગ અંગેના વિવાદ વચ્ચે પણ કંડલા બંદરે લક્ષ્યાંકો પૂરાં કર્યાં હતાં. '૯૪-૯૫ના વર્ષ દરમ્યાન ગ્રોસ આવક ૧૫૮.૪૪ કરોડની થઇ હતી એટલે કે અગાઉના વર્ષ કરતાં ૧૩.૨ ટકા વધી હતી. નેટ સરપ્લસમાં પણ ૧૪.૦૫ ટકાનો વધારો થયો હતો. સરકારે પોર્ટ પર કરાતા રોકાણ માટે ૧૨ ટકા વળતરનું ધોરણ સ્વીકાર્યું છે. તેની સામે કંડલા બંદરે '૯૪-૯૫ દરમ્યાન ૧૮.૯૯ ટકા રિટર્ન મેળવ્યું હતું.

હજી આ બંદરની ક્ષમતા વધારવા માટે આયોજન થઇ રહ્યું છે. આઠમી કારગો બર્થ, ચોથી ઓઇલ જેટી, ૬૬ કે. વી.નું વિદ્યુત મથક, ૪ ઇલેકટ્રીક વાર્ફ ક્રેનોની ખરીદી જેવા પ્રોજેકટોને લીલી ઝંડી અપાઇ ગઇ છે. ઓછી બર્થ હોવા છતાં કંડલાનો વિકાસ દર ઘણો ઊંચો રહ્યો છે. મુંબઇ પોર્ટની પ્રગતિનો દર ૪.૬૨ ટકા છે. તેની સામે કંડલાનો વિકાસ દર ૧૦ ટકા છે. માત્ર ચાર દાયકા જેટલા ટૂંકા ગાળામાં કંડલા દેશના ૧૧ મહાબંદરોમાં પરિવહનનો વિક્રમ સર્જી શકયું છે. નોંધપાત્ર બાબત એ છે કે માલ ચડાવવા ઉતારવાનો ટનદીઠ ખર્ચ કંડલામાં માત્ર રૂ. ૩૫.૯૬ આવે છે જ્યારે કલકત્તામાં રૂ. ૨૨૧.૬૧, નાવા-સેવામાં રૂ. ૨૯૭-૧૦ અને પારાદીપમાં રૂ.

૧૪૭.૩૫ છે.

પ્રાચીનકાળમાં રાયપુર કે રાયણના નામે ઓળખાતું આ બંદર દરિયાઇ જકાતનું થાણું બનવાથી માંડવી તરીકે ઓળખાયું. જૈન પ્રબંધોમાં તેનો ઉલ્લેખ રિયાણપત્તન તરીકે મળે છે. માંડવીથી ચારેક કિલોમીટરના અંતરે આવેલાં આજનાં રાયણ પાસે તે સમયે દરિયો ઘૂઘવતો હોવાની શકયતા છે.

આજના માંડવી બંદરની સ્થાપના ઇ. સ. ૧૫૮૦ આસપાસ સિંધના નગરઠઠ્ઠામાં રહેતા ભાટીયા ટોપણ શેઠની સલાહ અનુસાર રાવ ખેંગારજી પહેલાએ કરી. માંડવીના વિકાસ માટે કચ્છના રાજાઓએ વેપારી કોમોને ત્યાં આવીને વસવા પ્રોત્સાહિત કરી. આથી ભાટી રાજપુતમાંથી ઊતરી આવેલા ભાટિયા, મારવાડના શ્રીમાણી વણિક, થરપારકરના ઓસવાળ, પંજાબ-સિંધથી લોહાણા અને ખત્રીઓ વગેરેનો સમાવેશ થાય છે. ભાટિયા, લોહાણા, ખોજા, મેમણો, વોરાઓ વગેરેએ વહાણો મારફતે દેશ વિદેશ સાથે વેપાર ખેડયો એટલું જ નહિ વિદેશોમાં પેઢીઓ સ્થાપી માંડવીને વેપાર વાણિજ્ય ક્ષેત્રે ગૌરવવંતું સ્થાન અપાવ્યું.

મિલ્બર્ન નામના લેખકે પોતાના પુસ્તકમાં માંડવીનો કચ્છના સૌથી મોટા બંદર તરીકે ઉલ્લેખ કર્યો છે. માંડવી બંદરે ૪૦૦ જેટલાં વહાણો કાર્યરત હતાં. ૧૮૭૦માં સ્ટીમર યાતાયાતનો પ્રારંભ થતાં વહાણોની સંખ્યામાં ઘટાડો થવા માંડયો અને ૨૩૫ વહાણો રહ્યાં. આઝાદી પછી આયાત-નિકાસ પર નિયંત્રણો આવ્યાં તેની અસર પણ વહાણવટા પર પડી. બીજીતરફ ભૂમિ માર્ગે ભારતથી વિખૂટા રહેલા આ પ્રદેશને રેલવે અને ધોરીમાર્ગની માળખાકીય સુવિધા મળતાં માલનું આવાગમન જમીન માર્ગે વધુ થવા માંડયું. ૧૯૬૫ સુધી મુંબઇ-માંડવી-કરાચી વચ્ચે કાર્ગો કમ પેસેન્જર સ્ટીમર સેવા ચાલતી હતી ત્યાં સુધી બંદર ચેતનવંતું રહ્યું હતું. ત્યારપછી તો મછવાઓ પણ નિષ્ક્રિય બની ગયા. એક તબક્કે વહાણોની સંખ્યા ઘટીને ૧૫ પર પહોંચી હતી.



આમ વિપરિત સંજોગોએ માંડવીના વહાણવટાને ભારે પછડાટ આપી. પણ સાગર ખેડૂઓ હિંમત હારે તેવા ન હતા. સમય સાથે તાલ મેળવી તેમણે મશિનવાળા વહાણો બનાવી મિડલ ઇસ્ટની ખેપ ખેડવા માંડી. સઢથી ચાલતા વહાણો કરતાં ત્રણ ગણી ઝડપે આ યાંત્રિક વહાણો સફર કરે છે. વહાણની ક્ષમતા પણ વધી શકી છે. બંદર પર ૧૫૦ થી ૨૦૦ જેટલી ફિશીંગ બોટ પણ ચાલે છે સામાન્ય રીતે વર્ષે દસેક જેટલા વહાણની માંડવી બંદરે મરામત થાય છે અથવા નવા બને છે.

લાંબા મંદીના ગાળા બાદ પુનઃ સંયોગો પલટાયા છે અને માત્ર મહાબંદરોથી કામ નહિ ચાલે એ સમજાતાં નાના અને મધ્યમ કક્ષાના બંદરો ભણી ટ્રાફિક વાળવામાં આવી રહ્યો છે. ૧૯૫૨-૫૩માં માંડવી બંદરેથી ૫૨,૬૧૫ ટન માલની આયાત-નિકાસ થઇ હતી. ત્યારપછી તેમાં ઘટાડો થતો ગયો અને ૧૯૭૦-૭૧માં માત્ર ૨૬,૩૨૬ ટન પર પહોંચી. કંડલા બંદરે ટ્રાફિક વધતો જતો હોવાથી સ્ટીમરોને લાંબો સમય પડી રહેવું પડે છે એટલે ખાતર, ખનિજ વગેરે માલ સામાન માટે પુનઃ માંડવી અને મુંદરા ભણી નજર દોડાવાઇ અને ધીમે ધીમે ત્યાં ટ્રાફિક વધવા માંડયો છે. સપ્ટેમ્બર ૧૯૯૫થી હમણાં સુધીમાં સાઠેક હજાર ટન જેટલો માલ માંડવીથી નિકાસ થયો છે તેમાં બેન્ટોનાઇટ, ચોખા અને નમકનો સમાવેશ થાય છે. દેશી વહાણો આજે મોટા પાયે માલની હેરફેર કરતા થયા છે. માંડવી બંદરે ૧૫૦થી ૫૦૦ ટનની ક્ષમતાવાળા ૯૦ જેટલા વહાણો સક્રિય છે.

માંડવીનો વેપાર તો આજે પડી ભાંગ્યો છે પણ વહાણવટાની પરંપરા ચાલુ રહી છે. અત્યારે સરેરાશ એક લાખ ટન જેટલા માલનું હેન્ડલિંગ થાય છે પણ થોડું વિશેષ ધ્યાન આ બંદર પ્રત્યે આપવામાં આવે તો એથી બમણી કામગીરી સરળતાથી થઇ શકે તેમ છે. આ સંદર્ભમાં એવું સૂચન પણ કરવામાં આવ્યું છે કે ફુરજા અને સ્ટીમર નાંગરવાના સ્થળની વચ્ચે તરતું પ્લેટફોર્મ ઊભું કરવામાં આવે જેથી ઓટ વખતે સ્ટીમર પરથી માલ ઉતારવા કે ચડાવવાની કામગીરી અટકી જાય છે તે સતત ચાલુ રહી શકે.

મુન્દ્રા : હરણફાળને ઊંબરે

માંડવી બંદર જૂથ હેઠળનું મુન્દ્રા બંદર ભુજથી ૪૬ કિ. મી. દૂર બોચા ખાડી પર અને મુન્દ્રા શહેરથી દસ કિ. મી.ના અંતરે આવેલું છે. અહીં બારેમાસ વહાણો આવે છે. ૧૯૫૩-૫૪થી ૬૬-૬૭ દરમ્યાન મુન્દ્રાની કુલ આયાત ૩૮,૫૯૭ ટન અને નિકાસ ૬,૨૩,૦૧૩ ટન હતી. ૧૯૯૦-૯૧માં આયાત ૧૦,૩૨૭ ટન અને નિકાસ ૧૦૬૯૧ ટન જેટલી હતી. પરદેશ ખાતેની નિકાસ એ વર્ષે ૧૮,૪૫૬ ટન હતી.

૧૯૯૪-૯૫માં ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકના ૪૦ બંદરો પૈકી મુંદ્રાએ ૧.૦૪ લાખ મેટ્રીક ટનના ટ્રાફિક સાથે પ્રથમસ્થાન મેળવ્યું. જો વિપરીત સંજોગો અને તદન અપૂરતી સુવિધાઓ વચ્ચે પણ આટલી યાતાયાત થઇ શકતી હોય તો માળખાકીય સુવિધાઓ વધારીને શું ન થઇ શકે ! ૧૯૯૦-૯૧ના વર્ષમાં ૧૦,૩૨૭ મેટ્રીક ટન આયાત અને ૧૦,૬૯૧ મે. ટન નિકાસ આ બંદરેથી થઇ હતી. તેની સામે ૧૯૯૪-૯૫માં ૩૮૩૮ મે. ટન આયાત અને, ૧,૦૪,૦૦૦ મે. ટન નિકાસ થઇ. કુલ્લ ૩ સ્ટીમર અને ૪૩૨ વહાણ મારફતે આ હેરફેર કરાઇ. નિકાસ થયેલી ચીજોમાં મુખ્યત્વે ડુંગળી, ખોળ, બેન્ટોનાઇટ, મીઠું, મસાલા, બિલ્ડીંગ મટીરીયલનો સમાવેશ થયો.

બંદર પર રસ્તા, વીજળી, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ છે. વધતા ટ્રાફિકની નજરે માળખાકીય સુવિધાઓ વધારવી પણ જરૂરી છે. નવા વરાયેલા મુખ્યપ્રધાન શ્રી સુરેશભાઇ મહેતાએ આ બંદરના વિકાસ માટે ૨૫૦ કરોડની જાહેરાત કરી છે. એટલે મુંદ્રાનો વિકાસ તો નિશ્ચિત છે. અલબત્ત આ રકમ વડે શી કામગીરી હાથ ધરાશે અને કેવી સુવિધાઓ ઊભી કરાશે તેની વિગતો જાહેર થવી બાકી છે.

ભુજથી ૧૦૦ કિ. મી. દૂર ગોડિયા ખાડી પર ૨૩°-૧૫' ઉ. અ. અને ૬૮°-૩૬' પુ. રે. પર જખૌ બંદર આવેલું છે. અહીં લંગરગાહ પાસે નવ મીટર પાણી રહે છે. એક વખતનું ધમધમતું બંદર આજે ટ્રાફિકની દ્રષ્ટિએ લગભગ નિષ્ક્રિય બન્યું છે. ૮૨-૮૩માં ૫૦૧૨ ટન માલની હેરફેર અહીં નોંધાઇ હતી. ૯૦-૯૧માં ૭૦૦ ટન મીઠું અહીંથી નિકાસ થયું હતું. અત્યારે તે મત્સ્યબંદર તરીકે કાર્યરત છે. દર વર્ષે માછીમારીની મોસમમાં ગુજરાતભરના માછીમારો પોતાની નૌકાઓ સાથે અહીં ઉમટે છે. અહીંના સમુદ્રમાં વિશ્વની શ્રેષ્ઠ માછલીઓ, ઝીંગા અને લોબસ્ટર મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી સ્થાનિક માછીમારીએ વિદેશી ઘૂસણખોરોની અસમાન સ્પર્ધાનો સામનો કરવો પડે છે. ખાસ કરીને માછીમારોના વેશમાં આવતા પાકિસ્તાની ઘૂસણખોરો અને રેન્જરોના ત્રાસથી તેમને બચાવવા કોસ્ટગાર્ડનું મથક અહીં સ્થપાય તે જરૂરી છે. આઠમી પંચવર્ષીય યોજનામાં જખૌના વિકાસ માટે જોગવાઇઓ કરાઇ છે ખરી પણ કરોડોનું વિદેશી હૂંડિયામણ કમાવી આપતા આ મત્સ્યબંદરે રસ્તા, લાઇટ, પાણી જેવી પાયાની સુવિધાઓની ઊણપ છે. ટ્રોલરોને નાંગરવા ધક્કા, માછલીઓની જાળવણી માટે પૂરતાં શીતગૃહ વગેરેની સગવડ મળે તો વિકાસને વેગ મળે તેમ છે. ગયા વર્ષે નાણાં અને બંદર ખાતાના પ્રધાન મનોહરસિંહ જાડેજાએ જાહેર કર્યું હતું કે જખૌબંદરને ફિશીંગહાર્બર તરીકે વિકસાવવા સો ટકા કેન્દ્રીય સહાય તરીકે રૂા. ૧૧.૪૨ કરોડ મંજૂર કર્યાં છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા વિકાસની કામગીરી હાથ ધરી માછીમારી માટેની સુવિધા વધારવામાં અઅવશે એવું તેમણે જણાવ્યું હતું. આ દિશામાં નક્કર કામગીરી સમયબદ્ધ કાર્યક્રમ દ્વારા થાય તે જરૂરી છે.

૨૩°-૫૦' ઉત્તર અ. અને ૬૮°-૩૬' પુ. રે. પર કોરીક્રીક ઉપર આવેલું આ મોસમે બંદર ભુજથી ૧૫૦ કિ. મી.નું અંતર ધરાવે છે. ૧૫મી મેથી ૧૫ સપ્ટે. એટલે કે ચોમાસાં દરમ્યાન અહીં કામકાજ સદંતર બંધ રહે છે. સામાન્ય મોસમ દરમ્યાન પણ માત્ર ભરતીના સમયે જ માલ ચડાવવા- ઉતારવાની કામગીરી થઇ શકે છે. પશ્ચિમ કચ્છમાં પુષ્કળ ખનિજો આવેલાં છે અને ખનિજ આધારિત મહાકાય ઉદ્યોગોનું આગમન થઇ રહ્યું છે એટલે લિગ્નાઇટ, સિમેન્ટ વગેરેના વહન માટે આ બંદરને સુસજ્જ કરવામાં આવે તે જરૂરી છે. આ માટે ૧૦૦૦ ટનની ક્ષમતાવાળાં જહાજો ઓટના સમયે પણ આવી શકે તેવી સુવિધા ઊભી કરવા તેમજ માલ રાખવાની સુવિધા વધારવા અને એપ્રોચ રોડ બનાવવાની ભલામણો કરવામાં આવી છે.

બંદરોનું ખાનગીકરણ

નાના અને મધ્યમકદના બંદરો લાંબો સમય ઉપેક્ષિત રહ્યા પછી, હવે તેની મહત્તા સમજાતાં પુનઃ તેના પ્રત્યે ધ્યાન અપાઇ રહ્યું છે. દેશમાં અર્થતંત્રને ચેતનવંતું બનાવવાના પ્રયાસરૂપે ઉદારીકરણની નીતિ અપનાવાઇ છે તેના અંતર્ગત વિવિધ ક્ષેત્રે ખાનગીકરણને પ્રોત્સાહન અપાઇ રહ્યું છે. નાના અને મોટા બંદરોએ સુવિધાઓનું પણ ખાનગીકરણ કરાઇ રહ્યું છે. નાના-મધ્યમ કક્ષાનાં બંદરોના વિકાસ આડે મોટી આડખીલી નાણાંકીય સાધનોના અભાવની રહી છે. જો ખાનગી રાહે પણ બંદરો પુનઃ ધમધમતાં થાય તો એક તરફ સ્થાનિક લોકોને રોજીરોટીની વિશેષ તકો પ્રાપ્ત થાય અને બીજી તરફ રાષ્ટ્રને પણ કિફાયત ટ્રાન્સપોર્ટેશન દ્વારા મોટો ફાયદો થાય. ખાનગીકરણમાં માત્ર એટલું ધ્યાન રાખવું પડશે ક દૂઝણી ગાય જેવા બંદરો પર સુવિધાઓ વધતી રહે અને ખાનગી સાહસિકો પણ નાનાં બંદરોની ઉપેક્ષા કરે તેવું ન બને. કચ્છમાં આવી રહેલા મહાકાય ઉદ્યોગો પોતાના પ્રકલ્પથી સૌથી નજીકના યોગ્ય સ્થળે ખાનગી જેટીઓ સહિતની સુવિધા ઊભી કરવા ભણી આગળ વધી રહ્યા છે તે નોંધવું રહ્યું. સાંઘી સિમેન્ટ દ્વારા લખપતમાં ગુનાઉ નજીક તો અદાણી જૂથ દ્વારા મુંદ્રા- નવીનાળ પાસે આવી સુવિધા સર્જવાનું આયોજન છે. કચ્છનો સાગર કાંઠો અને કચ્છનું વહાણવટું પુનઃ સારા દિવસો જોશે એવાં ચિહનો દેખાઇ રહ્યાં છે. □

■ 'મનુ સ્મૃતિ' ૭૯-બી, ભાનુશાલીનગર, ભુજ



એક પરિચય

કચ્છ, આમ તો, ભારતનો જ એક પ્રાદેશિક વિભાગ છે, એક રાજ્યનો જિલ્લો છે, પણ અન્ય પ્રાદેશિક વિસ્તારોને જોતાં, અને કચ્છ સાથે તેમની તુલના કરતાં, કચ્છની કેટલીક ખાસીયતો તે બધાથી અલગ પડી જાય છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ, ભૂસ્તરશાસ્ત્રીય વિશિષ્ટતાઓ, ઇતિહાસ- વગેરે ધ્યાન ખેંચે તેવાં છે. આટલી વિશિષ્ટતાઓ છતાં, સામાન્ય રીતે, તે ભારતીય ભૂખંડનો એક અજ્ઞાત જેવો પ્રદેશ રહ્યો છે. એલ્સન કહે છે તેમ, "Truly a land that time forgot' ! બધા જ ક્ષેત્રોમાં જાણે તે અજ્ઞાત રહ્યો છે.

આ કચ્છમાં જે અનેક વિશિષ્ટતાઓ છે, તેમાંની એક વિશિષ્ટતા તે તેના 'હુન્નરો' છે. કચ્છમાં જાણે હુન્નરોની પેઢી દર પેઢીથી એક ઉત્તમ પરંપરા જળવાઇ રહી છે. અલગ પ્રદેશ રહ્યો હોવાને કારણે બાહ્ય પ્રભાવો તેના પર ઓછા પડયા છે. તેથી આ પરંપરા મહદઅંશે શુદ્ધ રહી છે.

દૈનિક જીવન સાથે વણાયેલા હુન્નરો

વળી, આ 'હુન્નરો' કોઇ 'ખાસ' વ્યવસાય તરીકે નથી રહ્યા તે બધા દૈનિક જીવન સાથે વણાયેલા રહ્યા છે. સ્ત્રીઓ દૈનિક કાર્યો કરે છે ત્યારે જ રંગીન ભરતકામવાળી સાડીઓ- વસ્ત્રો તૈયાર કરી પહેરે છે. ઘણાં ઘરોમાંની ભીંતો માટીકામની મદદથી જ સુંદર રીતે તૈયાર થાય છે. ઘરનાં વાસણો પણ સરસ આકાર કે ભાતવાળાં હોય છે. આમ, પળેપળના જીવન સાથે આ હુન્નરકળાઓ, શ્વાસોચ્છવાસની જેમ, સહજ રીતે જોડાઇ ગઇ છે.

અને વિરોધભાસ તો જુવો ! કચ્છ મહદઅંશે સૂકો પ્રદેશ છે. અહીં રણ છે, સૂકાં



બાંધણી કલાનો કસબ

મેદાનો છે, ખડકાળ ટેકરીઓ અને ડુંગરા છે. આ બધું તેના પર્યાવરણને ભૂખરું અને રંગહીન બનાવે છે. ત્યારે- આ બધા વચ્ચે- ગ્રામ્ય વિસ્તારમાં લોકો રંગીન વસ્ત્રો પહેરી, કળાત્મક વસ્તુઓ વાપરી કે સુશોભિત ઘરોમાં વસી આ સૂકાપણાને પડકારે છે અને તેને વિવિધ રંગોથી છલકાવી દે છે.

આ 'હુન્નર' માટે 'હસ્તકળા' શબ્દ વપરાય છે ત્યારે એ જાણી લેવું જોઇએ કે 'હુન્નર' અને 'કળા' વચ્ચે કંઇ ફર્ક ખરો ? હા, તફાવત છે-

(૧) હુન્નરથી બનાવેલી વસ્તુનો દૈનિક જીવનમાં ઉપયોગ છે. (૨) હુન્નર પરંપરા ગ્રામ્ય સંદર્ભમાં જ મહત્ત્વ ધરાવે છે. અને તેના સંદર્ભમાં જ તૈયાર થાય છે. (૩) મોટા ભાગની હુન્નરની વસ્તુઓ પોતે જ ઉપયોગી છે. દા. ત. પાણીનું વાસણ, તેને ગમે તેવો આકાર અપાય કે ગમે તે રીતે સુશોભિત કરાય, પણ તેનો મૂળહેતુ પાણીને ઝીલવાનો, સાચવવાનો તથા ઢોળાતું અટકાવવાનો છે. (૪) કેટલાક હુન્નરો બજારની દ્રષ્ટિએ ઓછા ઉપયોગીતાવાદી છે, છતાં તેમનું તેની રીતે મહત્ત્વ તો છે જ. દા. ત. ભીંત પરનું લીંપણકામ, તેનો હેતુ પેઢી દર પેઢી જાતિની પરંપરા જાળવવાનો છે, અને (૫) આ હુન્નરોનું સુશોભન ધાર્મિક માન્યતાઓને પ્રગટ કરે છે. આમ જોઇએ તો, ભારતીય પરંપરામાં હુન્નરની વસ્તુઓ અને દૈનિક જીવનને સાથે જ મહત્ત્વ છે. બન્નેને જુદાં ન પાડી શકાય.

તેવો જ વિચાર ધંધાદારી કારીગર તથા સામાન્ય કારીગર વિષે કરી શકાય, ધંધાદારી કારીગરોમાં ચર્મકામ, લાકડાકામ, રોગાન, બાંધણી, બ્લોક પ્રિન્ટીંગ, વણાટકામ, ઊનકામ, ભરતકામ, માટીકામ, ચાંદીકામ,- વગેરે હુન્નરોનો સમાવેશ થાય છે. તો સામાન્ય કારીગરો માત્ર પોતાની જ્ઞાતિના જ હેતુ માટે હુન્નરોનો ઉપયોગ કરે છે. તેમાં ભરતકામ, આભલાં, કટાવકામ, લીંપણકામ, ભીંત પરનાં ચિત્રો- વગેરેનો સમાવેશ થાય છે.

પરંપરાગત હુન્નરો જોખમમાં મૂકાયા છે

ધંધાદારી કારીગરો ગ્રાહકની જરૂરત પર આધારિત છે. આ જરૂરતો ગ્રામ્ય કે પ્રાદેશિક સંસ્કૃતિમાં જ નિશ્ચિત માન્યતાઓ અને મૂલ્યોથી બંધાયેલ છે. પરંપરાગત રીતે મોટાભાગના કારીગરો નિશ્ચિત માપદંડ તથા પુનરાવર્તનની રીતે પોતાના હુન્નરને અનુસરે છે. જો કે, હવે કારીગરો આ કુટુંબ- જ્ઞાતિની પરંપરામાં રહીને પણ પોતાની આગવી વિશિષ્ટતા તથા ગુણવતા ઊભી કરવા પ્રયત્ન કરી રહ્યા છે. અલબત્ત, મોટાભાગની કારીગરો સ્ત્રીઓ હોવાથી આ પ્રક્રિયા ધીમી છે.

કમનસીબે, હવે, દિવસો જાય છે તેમ, આ પરંપરાગત હુન્નરો જોખમમાં મૂકાયા છે. સ્વાતંત્ર્ય પછી અનેક પરિબળોના પ્રભાવથી તેમાં પરિવર્તન શરૂ થઇ ગયું છે. કારીગરો પર તેનો પ્રભાવ પડવા લાગ્યો છે. આધુનિકતાના પ્રભાવથી તથા જૂના આધારો દૂર થવાથી કારીગરો જાણે પોતાનાં મૂળથી દૂર થવાની લાગણી અનુભવે છે. હવે તેમને રાજ્ય પર વધુ આશ્રય રાખવો પડે છે. અને, મજાની વાત એ છે કે, આ

રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા કચ્છી-કસબીઓ

ક્રમ	નામ	કળા	વર્ષ
૧.	શ્રી પુંજા રામજી વણકર, ભુજોડી (તા. ભુજ)	ઉની ધાબળા	૧૯૭૩
૨.	શ્રી દાઉદ અબ્દુલ્લા ખત્રી, ડગારા (તા. ભુજ)	બાંધણીકામ	૧૯૭૩
૩.	શ્રી વિશ્રામ વાલજી વણકર, ભુજોડી (તા. ભુજ)	ઉની ધાબડા	૧૯૭૪
૪.	શ્રીમતી હાજરાબાઇ ઉસમાન ખત્રી, ભુજ	બાંધણીકામ	૧૯૭૬
૫.	શ્રીમતી શકીનાબાઇ અલીમામદ ખત્રી, ભુજ	બાંધણીકામ	૧૯૭૬
૬.	શ્રી મહમ્મદ સિદિક ખત્રી, ધમડકા (તા. અંજાર)	અજરખ પ્રિન્ટીંગ	૧૯૮૧
૭.	શ્રી ઇસ્માઇલ સિદિક બુઝર્ગ, જાંબુડી (તા. ભુજ)	માટીકામ	૧૯૮૨
૮.	શ્રીમતી આઇસાબાઇ ઇસ્માઇલ બુઝર્ગ, જાંબુડી (તા. ભુજ)	કુંભારકામ	૧૯૮૨
૯.	શ્રી દાઉદ જુસબ ખત્રી, મુન્દ્રા	બાંધણીકામ	૧૯૮૨
૧૦.	શ્રી ભસર ભૂરા ખોયાલા, હોડકો (તા. ભુજ)	ચર્મોદ્યોગ	૧૯૮૩
૧૧.	શ્રી અમીનાબાઇ ઇસ્માઇલ ખત્રી, ભુજ	બાંધણીકામ	૧૯૮૫
૧૨.	શ્રી ઝકરિયા ઉમર ખત્રી, દુર્ગાપુર (તા. માંડવી)	બાંધણીકામ	૧૯૮૭
૧૩.	શ્રી મામદ અલીમામદ ખત્રી, બારા (તા. અબડાસા)	બાંધણીકામ	૧૯૮૮
૧૪.	શ્રી દયાબેન રતિલાલ ભાનાણી, સુમરાસર-શેખ (તા. ભુજ)	સૂફ ભરતકામ	૧૯૯૦
૧૫.	શ્રી સિદિક જુસબ ખત્રી, બારા (તા. અબડાસા)	બાંધણીકામ	૧૯૯૦
૧૬.	શ્રી હસન ઉમર કુંભાર, શ્રીમતી અમીનાબેન હસન કુંભાર, લોડાઇ (તા. ભુજ)	રંગીન માટીકામ	૧૯૯૧
૧૭.	શ્રી અબ્દુલશકુર ઓસમાણ ખત્રી, ભુજ	બાંધણીકામ	૧૯૯૧
૧૮.	શ્રી ફત્તેહખતુમ અલીમ મુતવા, ફુલાય-છારી (તા. નખત્રાણા)	મુતવા ભરતકામ	૧૯૯૨
૧૯.	શ્રી ખત્રી હસન અબુબકર, ભુજ	બાંધણીકામ	૧૯૯૨
૨૦.	શ્રી ગાભુભાઇ જખુભાઇ વણકર, ભુજોડી (તા. ભુજ)	ઉની ધાબળાકામ	૧૯૯૨
૨૧.	શ્રીમતી ફાતમાબાઇ એ. ખત્રી, ભડલી (તા. નખત્રાણા)	બાંધણીકામ	૧૯૯૩
૨૨.	શ્રી તેજા પેથા મારવાડા, ગોરેવાલી (તા. ભુજ)	ચર્મકામ	૧૯૯૩
૨૩.	શ્રી ખત્રી ઇકબાલ હુસેન, ભુજ	અજરખ પ્રિન્ટ	૧૯૯૩
૨૪.	શ્રી વણકર હરજી અતુભાઇ, ભુજોડી (તા. ભુજ)	ઉની ધાબળાકામ	૧૯૯૩
૨૫.	શ્રી પરબત કાનજી વણકર, સરલી (તા. ભુજ)	ઉની સાલ	૧૯૯૪
૨૬.	શ્રી ડાયાભાઇ આલા વણકર ભુજોડી (તા. ભુજ)	ઉની સાલ	૧૯૯૪
૨૭.	શ્રી ઉમર હુસેન ખત્રી, ભુજ	અજરખ પ્રિન્ટ	૧૯૯૪

આમ એવોર્ડ વિજેતાઓનો સરવાળો કરીને તારણ કાઢીએ તો ● બાંધણી કળામાં : ૧૧, ● ઉની ધાબળામાં : ૦૬, ● માટીકામમાં : ૦૩, ● અરજખ કામમાં: ૦૩, ● ભરતકામમાં : ૦૨ અને ચર્મકામમાં ૦૨ કસબીઓ મળીને કુલ ૨૭ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા છે.

આ પૈકી એવોર્ડ મેળવનાર સ્ત્રીઓની સંખ્યા આઠ જ્યારે પુરૂષોની સંખ્યા ઓગણીસ છે.

કચ્છની જગવિખ્યાત હસ્ત-હુન્નર કલા

□ હરેશ ધોળકિયા

રાજ્ય જ આ પરિસ્થિતિ માટે જવાબદાર છે.

કચ્છ તો દુકાળોનો જ પ્રદેશ છે. વારંવાર અછત ઊભી થાય છે. પણ ૧૯૭૩ના સતત દુકાળો પછી ગ્રામ્ય પ્રજા સહાય માટે વધુને વધુ સરકાર તથા વિકાસ એજન્સીઓ તરફ વળી છે. સાથે સમગ્ર દેશ વિવિધ પરિવર્તનોમાંથી પસાર થઇ રહ્યો છે, ત્યારે આ પરિવર્તનો ગ્રામ્ય સ્તરને પણ સ્પર્શવા લાગ્યાં છે. તેથી સદીઓ જૂની વ્યવસ્થા હચમચવા લાગી છે. અને બદલાવા લાગી છે. ત્યારે પ્રશ્ન થાય કે કચ્છના આ હુન્નર ઉદ્યોગની પરંપરા આ બદલાતા સમય તથા આધુનિકીકરણ સામે ટક્કર ઝીલી શકશે ?

આ પૂર્વભૂમિકાને આધારે આપણે હુન્નરઉદ્યોગોનું વિહંગાવલોકન કરવાનો પ્રયત્ન કરશું. પ્રથમ જે વિશિષ્ટ હુન્નરઉદ્યોગો છે તેના વિષે ટૂંકમાં માહિતી મેળવવા પ્રયત્ન કરશું. પછી તેનાં આર્થિક પાસાંને તપાસશું. અંતે સમગ્ર વિવરણ કરવાનો પ્રયાસ કરશું.

સૌથી વધુ રાષ્ટ્રીય એવોર્ડ બાંધણીકળામાં મળ્યા છે

જે હુન્નરને અત્યાર સુધી ૧૧ રાષ્ટ્રીય એવોર્ડ તથા ૩ મેરિટ સર્ટિફિકેટ મળી ચૂકયાં છે તે 'બાંધણીકામ'ને પ્રથમ જાણીએ.

'બાંધણી' માનવમનના વૈવિધ્યનું પ્રતીક છે. તેના વિવિધ રંગો જીવનની રંગગૂંથણી તથા જીવનનો ઉત્સાહ પ્રગટ કરે છે. તે સ્ત્રીત્વ, પ્રેમની પરાકાષ્ટા અને લગ્ન જીવનના આનંદનું પ્રતીક પણ ગણી શકાય. હિન્દુ સ્ત્રી માટે તો કન્યામાંથી પત્ની થવાની ક્ષણનું અતિ શુકનવંતું વસ્ત્ર છે. શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાય કહે છે તેમ તે, 'લગ્ન જીવનના આરંભના દિવસોના માદક સ્નેહનું પ્રતીક છે.' ઉપરાંત, બાળકના જન્મ સમયે દેવ દેવીનો આભાર વ્યકત કરવા અર્પણ થતાં વસ્ત્ર તરીકે ઉપયોગમાં લેવાય છે. સૌભાગ્યવતી સ્ત્રી મૃત્યુ પામે ત્યારે તેના દેહ પર બાંધણીને અખંડ સૌભાગ્ય સૂચક વસ્ત્ર તરીકે ઓઢાડાય છે. આમ, બાંધણી સ્ત્રી જીવનમાં જન્મથી મૃત્યુ સુધી વણાઇ ગઇ છે.

બાંધણી ઉદ્યોગ મુખ્યત્વે પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં વિકસ્યો છે. કચ્છમાં આ ઉદ્યોગ કયારે પ્રવેશ્યો તેની નક્કર માહિતી મળતી નથી. તે મુખ્યત્વે 'ખત્રી' કોમના હાથમાં છે. તે પ્રથમથી જ રાજ્ય તથા વેપારી- મહાજન આશ્રિત રહ્યો છે. તેનો વિકાસ પણ ખૂબ થયો છે. સ્વાતંત્ર્ય બાદ તેનો વિકાસ કરવાનો પ્રથમ પ્રયાસ ડૉ. મનુભાઇ પાંધીએ કર્યો હતો. તેની પદ્ધતિસરની તાલીમ માટે પણ પ્રયત્નો કર્યા હતા. પ્રોત્સાહનના અભાવે તે યોજના ત્યારે આગળ વધી ન હતી.

આ ઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, ધમડકા, ભડલી, તેરા, નલિયા, વાયોર, વિંઝાણ, બારા તથા ધૂફી છે. તે ગૃહ ઉદ્યોગ હોવાથી ઘેર-ઘેર પથરાયેલો છે. હિંદુ-મુસ્લિમ બન્ને કોમ તેમાં સંકળાયેલી છે. મુખ્યત્વે સ્ત્રીઓ આ કાર્ય કરે છે.

બાંધણીકામ ખૂબ ઝીણવટભર્યું- જહેમત માંગે તેવું છે


તેનાં સાધનો સાદા છે. બાંધણીનું કામ ખૂબ ઝીણવટભર્યું અને મહેનત માગી લે તેવું છે. પણ અનુભવી હાથ જે ઝડપથી તે બાંધે છે તે દ્રશ્ય આશ્ચર્ય પમાડે તેવું છે. આ 'બાંધ'ને 'ભીંડી' કહે છે. આવી ચાર 'ભીંડી'ને એક 'કડી' કહે છે. (એક હજાર કડીએ બાંધણીના ભાવ નક્કી થાય છે.)

ત્યાર પછી બાકીનાં વસ્ત્રને હળદર યા રાસાયણિક રંગથી પીળું રંગાય છે. પીળા રંગ વચ્ચે કયાંક લીલારંગથી 'લીલાકણ' પણ કરે છે. તેનાથી વસ્ત્રનું સૌંદર્ય વધે છે. નવી ડિઝાઇન તૈયાર કરવા નવી 'ભીંડી' તૈયાર કરે છે. તેને બીજા રંગમાં રંગે છે. આ રીતે વિવિધ રંગોમાં તે રંગાતું જાય છે અને વસ્ત્ર પર વિવિધ રંગોની હારમાળા સર્જાય છે. આ બાંધ કરવા નખ અથવા 'નખલી'નો ઉપયોગ થાય છે.

રંગાટ પછી તેને સૂકવવામાં આવે છે. પછી વસ્ત્રને તાણી તેના બંધ છોડવામાં આવે છે. હવે તેને જોતાં જાણે ફૂલનો બગીચો આંખ સમક્ષ ખડો થાય છે.

ડિઝાઇનોનાં વિશિષ્ટ નામો છે. મુખ્ય રેખાઓને 'સરકમ' કહે છે. વચ્ચેની ડિઝાઇનોને 'ભરતી' કહે છે. બોર્ડરની ડિઝાઇનોને 'કુંગરા' અથવા 'કાંગરા' કહે છે. હિંદુઓ માટે તૈયાર થતી બાંધણીને 'ઘરચોળો કહે છે, જેમાં ચોકબંધ,બાવનભાત, પાનેતર વગેરે વિભાગો હોય છે. મુસ્લિમ ખત્રીઓ લગ્ન સમયે પાનેતરની જગ્યાએ જે બાંધણીનો ઉપયોગ કરે છે તેને 'ચાંદરોખણી ખોંભી' કહે છે. તે પહોળી હોય છે. મેમણ, ખોજા અને સોનારાની બાંધણીને 'શિકારભાત ખોંભી' કહે છે.

દરેકના રંગો પણ વિશિષ્ટ હોય છે. પાનેતર લાલ બોર્ડર તથા સફેદ તર ધરાવે છે. 'ચાંદરોખણી ખોંભી'માં કાળી બોર્ડર અને સફેદ તર હોય છે. મેમણોનો રંગ લાલ હોય છે. તો ખોજા અને સોનારા કાળો રંગ પસંદ કરે છે. હિંદુઓમાં 'વીરબૂટ' બાંધણી લીલી અને 'ઘરચોળા' લાલ હોય છે. જૈનોમાં 'રાસમંડળ' ડિઝાઇનમાં વિવિધ રંગોમાં પૂતળી, વાઘ, હાથી વગેરેની ડિઝાઇનો હોય છે. આગળ 'સાલબૂટી' ડિઝાઇનનો વધુ ઉપયોગ થતો, તેમાં ભૌમિતિક ડિઝાઇન ઉપરાંત હાથી કિનાર, મોર કિનાર, ચકલી કિનાર વગેરે ડિઝાઇનો થતી. આજે નવા પ્રયોગો પણ થાય છે. હરિજનો મરૂન રંગનો ઉપયોગ કરે છે. રબારીઓ ગરમ પહેરવેશમાં પણ બાંધણીની ડિઝાઇનોનો



બાંધણી : આંગળીના ટેરવે કસબ એટલે કપડા માથે કંડારેલી કળા : નાયલોન પર બાંધણી

ઉપયોગ કરે છે- જે હવે ફેશનમાં ગણાય છે. ખત્રીઓ દરેક જ્ઞાતિના આ રંગો જાણે છે. તેથી તેઓ જ્ઞાતિના નામ પરથી કયા રંગની બાંધણી જોશે તે કહી શકે છે.

બાંધણીકાર્ય મુખ્યત્વે સુતરાઉ, જ્યોર્જેટ, ગરમ, રેશમી કાપડ પર કરવામાં આવે છે. જેમ વસ્ત્ર ઝીણું તેમ સૂક્ષ્મ કાર્યદક્ષતા માગી લે છે. તેનો બાંધ જેટલો ઝીણો તેટલી કિંમત વધુ આવે છે. કુશળ વ્યકિત રોજની સરેરાશ હજાર 'ભીંડી' બનાવી શકે છે.

નાયલોન પર બાંધણી કામ કરવું એ ઘણું જ કપરૂં છે પરંતુ મૂળ માંડવી કચ્છના અને હાલે મુંબઇ રહેતા શ્રીમતી ત્રિવેણીબેન સોદાગર છેલ્લા ૨૭ વર્ષથી નાયલોન પર બાંધણી કામ કરે છે. જે કચ્છના બાંધણી કામમાં આ કસબ કરનાર તે પહેલા છે.

અત્યાર સુધી જે હસ્તકળાના એવોર્ડો તથા મેરીટ સર્ટિફિકટ જાહેર થયાં છે તેમાંથી બાંધણીના કારીગરોને સૌથી વધુ મળ્યાં છે. તેના વિકાસ માટે 'હસ્તકળા નિગમ', હેન્ડીકાફ્ટ બોર્ડ, કેલીકો રૂરલ કોર્પોરિશન, સૃજન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ જેવી સંસ્થાઓ કામ કરે છે. ખાનગી રાહે પણ તેનું ઘણું વેચાણ થાય છે.

ભરતકામ માટે બન્ની વિખ્યાત છે

ભરતકામ માટે બન્ની પ્રસિદ્ધ છે. તેથી તેને 'બન્નીનું ભરતકામ' કે 'કચ્છી ભરતકામ' કહે છે. આ કાર્ય મુખ્યત્વે હરિજન સ્ત્રીઓ કરે છે. મુસ્લિમ સ્ત્રીઓ પણ તેમાં માહેર છે. છોકરી સાત- આઠ વર્ષની થાય ત્યારથી તેને મા આ કાર્યમાં જોડે છે.

તેના મુખ્યત્વે સાત પ્રકાર છે. પાકો ભરત, કાચો ભરત, નીરણ ભરત, ખારેક કાંબરી, ચોપડ, મુફુઓ અને ટાંકા ભરત (પેચવર્ક). આ કાર્ય એટલું સુંદર છે કે જોનારને તો તે તરત પ્રભાવિત કરે છે. ભરતકામની ડિઝાઇનોની સીધી અસર લાકડાકામ તથા માટીકામ પર પડી છે. હરિજન પુરૂષોએ પણ પોતાની હસ્તકળામાં તેને સ્વીકારી છે.

ભરતકામમાં લાલ રંગનો મહત્તમ ઉપયોગ કરે છે. સ્ત્રી- કારીગરને સ્પષ્ટ ખ્યાલ છે કે આ રંગ એવો છે કે જે અન્ય રંગો સાથે સહેલાઇથી ભળી જાય છે. એલીસન લૂરી પોતાનાં પુસ્તક "The Language of Colours'માં લખે છે કે- 'શારીરિક રીતે આ રંગનું દર્શન બ્લડપ્રેશર, શ્વાસોચ્છવાસ કે હૃદયના ધબકારામાં વધારો કરે છે.' હરિજન સ્ત્રીઓ જબરી માનસશાસ્ત્રી છે. તેમને આ રંગની ઉત્તેજકતાનો ખ્યાલ છે, તેથી તેનો વધુમાં વધુ ઉપયોગ કરે છે.

ભરતકામમાં ધ્યાન ખેંચતું હોય તો તે છે તેની કલાત્મક કલ્પનાશકિતનું વ્યાપકપણું, નિશ્ચિત પરંપરાની લક્ષ્મણરેખામાં રહીને પણ કળાકાર પોતાની કલ્પનાશકિતને છૂટોદોર આપે છે. તેમાંથી તેની આંતરિક સૂઝ તથા ધંધાકીય આવડત પ્રગટ થાય છે. કાપડના છેડા પર ઝીણી રેખાઓ દોરે છે. તેને કારણે જોનારનું ધ્યાન મધ્યની જે મુખ્ય ડિઝાઇન છે તેના પર કેન્દ્રિત થાય છે. વિવિધ ડિઝાઇનોને શણગારવા નાનાં આભલાં પણ તેઓ તેમાં મૂકે છે. ડિઝાઇનોમાં વિવિધ આકૃતિઓ રચવામાં આવે છે. છોકરી જેમ જેમ મોટી થતી જાય તેમ તેમ તેના માનસની અભિવ્યકિત આ આકૃતિઓ બને છે. શ્રી વિજયાબહેન કોટક લખે છે તેમ, 'જેમ શિલાલેખો બધાને વાંચવા સુલભ નથી હોતા, કેમ કે તે બન્યા- લખાયા તે અરસામાં જે જાણકારી હતી તે આજે રહી નથી- તેવું જ આ આકૃતિઓનું છે.'

વિવિધ કોમોને આધારે પણ ભરતકામ ઓળખાય છે. જેમ કે, મુતવા ભરતકામ, સુફ ભરતકામ, આહીર ભરતકામ, મોચી (આરી) ભરતકામ, રબારી ભરતકામ,



ધડકી : ધડકી એ માત્ર કપડાના ગાભા નથી. ઘરનાં આપણાં સ્નેહી-સ્વજનના પહેરેલા કપડાની સ્મૃતિ છે : અને એટલે છાતી માથે રાખીને આદર અપાય છે.

જત ભરતકામ, કણબી ભરતકામ વગેરે, 'સૂફ' ભરતકામ સોઢા હરિજનની સ્ત્રીઓ મુખ્યત્વે કરે છે.

ભરતકામનાં મુખ્યકેન્દ્રો ભિરંડિયારા, લુડિયા, હોડકો, ગોરેવાલી, ડુમારા, આડીયાંગ, પ્રાગસર, રાપર, દેવડી, નખત્રાણા, સુમરાસર, ધોળાવીરા વગેરે છે.

આમ તો આ કામ ગ્રામ્યપ્રજાના દૈનિક જીવનને સ્પર્શે છે, પણ હવે તેમણે ફેશનવાળા તથા કળારસિકોનું ધ્યાન ખેંચ્યું છે. તેથી હવે તે બજારમાં આવવા લાગ્યું છે અને એક વ્યવસાય તરીકે વિકસવા લાગ્યું છે.

અત્યાર સુધી ભરતકામના બે કારીગરોને રાષ્ટ્રીય એવોર્ડ તથા ત્રણ કારીગરોને મેરીટ સર્ટિફિકેટ મળ્યાં છે.

ધડકી કળા : નાનકડી ઘટનાને કલાનું સ્વરૂપ

'ધડકી' એટલે 'ગોદડું. આમ તો ગોદડામાં વળી શું કળા હોય ? તે તો ઉપયોગીતાની દ્રષ્ટિએ બનતી એક ચીજ છે. પણ તે જ તેની ખૂબી છે. નાનકડી ઘટનાને કળાના સ્વરૂપમાં ફેરવી નાખવામાં આવી છે. મુખ્યત્વે તે ગૃહ જીવનમાં ઉપયોગી થવા, સામાજિક રિવાજો તથા મૂલ્યો જાળવવા તથા પ્રેમની અભિવ્યકિત માટે સર્જાઇ છે. તેનો મુખ્ય ઉપયોગ તો પાથરીને સૂવા કે ઠંડીથી રક્ષણ મેળવવા ઓઢવા માટે છે, પણ તેમાં જ તે મર્યાદિત ન રહેતાં તે સામાજિક મૂલ્યની દ્રષ્ટિએ પણ વિકસેલ છે.

ગામડામાં દિકરીનાં લગ્નપ્રસંગે દિકરીને આ ધડકી દહેજ સ્વરૂપે આપવામાં આવે છે. ગ્રામ્યકક્ષાએ માતાપિતા પાસે નાણાની અછત હોવાથી બીજું તો કંઇ આપી શકતાં નથી, પણ નિશ્ચિત સંખ્યામાં ધડકીઓ આપે છે. કન્યા માટે ધડકી ઘણી અગત્યની છે, કારણ કે તે તેના સમાજમાં પરિણિત સ્ત્રી તરીકે નિશ્ચિત માન- મોભો મેળવી આપવામાં મોટો ફાળો આપે છે... ધડકીની ડિઝાઇન, સાધનો, સજાવટકાર્ય- વગેરે તેના કર્તાની ઉંમર, જ્ઞાતિ, આર્થિક સ્થિતિને પ્રગટ કરે છે. વળી, સાસરામાં પણ કન્યાએ તૈયાર કરેલ ધડકીની સંખ્યા તથા સુશોભન પરથી તેની હોશીયારીનું માપ કઢાય છે. બન્ને જેમ વધુ તેમ કન્યા 'તૈયાર છે' એવું મનાય છે.

ધડકી કેવળ ગૃહઉદ્યોગ નથી. તે ફુરસદના સમયમાં પ્રાપ્ત કાપડથી તૈયાર કરવામાં આવતી શોખ અને ઉપયોગીતાની મિશ્રિત અર્થવાળી ચીજ છે. આ કાર્ય બહેનો કરે છે. ઘરની ચાર દિવાલો વચ્ચે જીવનનો મોટો ભાગ પસાર કરી જીવન વ્યતીત કરતી સ્ત્રીઓ માટે તેના ભાવોની અભિવ્યકિતનું તે માધ્યમ છે.

ધડકી આમ તો સમગ્ર કચ્છમાં તૈયાર થાય છે, પણ મુખ્યત્વે 'બન્ની'માં થાય છે. ત્યાં ઘાસિયા, આકાશી અને કયારેક પાણીના રંગો સિવાય અન્ય રંગોનો અભાવ છે; ત્યારે આ ધડકીઓ રંગબેરંગી સાથિયા બની જીવનને રંગીન અને જીવંત બનાવે છે. આમ તો બન્નીના 'વાંઢ'માં સર્વત્ર તે થાય છે, પણ ત્રણ કેન્દ્રો જાણીતા છે. ધોરડો (શ્રી ગુલબેગ), હોડકા (શ્રી ભસર ભૂરા) અને સાડાઇ (શ્રી અબ્દુલકરીમ હાલેપુત્ર), તે સિવાય ગોરેવાલી, સુમરાસર, રાપર, ભુજોડી વગેરે વિસ્તારોમાં પણ તૈયાર થાય છે. આમાં મુખ્યત્વે હરિજનો, મુસ્લિમ માલધારીઓ તથા રબારીઓ કામ કરે છે.

સામાન્ય રીતે ધડકી નવાં ખરીદેલાં મોંઘા વસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવતી નથી. ઘરનાં જૂનાં વસ્ત્રોમાંથી જ તૈયાર થાય છે. જૂના વસ્ત્રોના ટુકડાઓને વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે અને તેને કલાત્મક રીતે ટાંકાથી સીવવામાં આવે છે. આ ટુકડાઓને તે રંગમાં જ રહેવા દે છે યા તો ફરી પણ રંગે છે. બે મોટા ટુકડા પાથરવામાં આવે છે તેમના પર નાના ટુકડાઓને આખા અથવા તેમાંથી જુદી જુદી ડિઝાઇનો તૈયાર કરી ગોઠવવામાં આવે છે. પછી તેને ઝીણા યા મોટા ટાંકા (ટેભા) મારવામાં આવે છે. રબારીઓ બે ટુકડાઓ ગોઠવી, તેના પર નાના ટુકડાઓ વ્યવસ્થિત ગોઠવી તેને ઉલ્ટાવી નાખે છે અને પછી ટાંકા મારે છે. બન્નીમાં ટુકડાને જે રંગથી રંગે છે તે રંગો પણ બહેનો જાતે તૈયાર કરે છે.

ધડકીની રચનામાં દરેક કોમની વિશિષ્ટતાઓ ડોકાય છે

ધડીકીની રચનામાં દરેક કોમની સાંસ્કૃતિક વિશિષ્ટતાઓ પણ વ્યકત થાય છે. હરિજનો તેમાં કપાસનો ઉપયોગ કરે છે; અન્ય કોમો નથી કરતી, મુસ્લિમો માત્ર ભૌમિતિક આકૃતિઓનો જ ઉપયોગ કરે છે. તેમાં પણ પઠાણ તથા મુતવા કોમની ધડકીઓ પર ચતુષ્કોણ આકૃતિઓ પર વધુ ભાર મૂકવામાં આવે છે. હાલેપુત્રોની ધડકીઓ પર પગથિયાં જેવી ચડતી-ઉતરતી લાઇનો હોય છે. ડિઝાઇનોમાં તેઓ વધુમાં વધુ ફૂલોની વેલો બનાવે છે. હરિજનો પણ મુખ્યત્વે ભૌમિતિક આકૃતિઓ બનાવે છે. કયારેક અન્ય ચિત્રો પણ ઉમેરે છે. રબારીઓ તેમાં પુષ્કળ વૈવિધ્યવાળી આકૃતિઓ કાપીને સીવે છે અથવા તેમાં ભરતકામ કરે છે. તેમાં સૂર્ય, મોર, તુલસીનો છોડ, જીવનવૃક્ષ, સૂડો, ઢેલ, પોપટ વગેરે પક્ષીઓ કે દેવતાઓની આકૃતિઓ (કૃષ્ણની મુખ્ય) પણ મૂકે છે. આ બધાને છેડે સીધી લીટીઓ વગેરેથી સુશોભિત કરી તૈયાર કરેલ ધડકી મનોહર લાગે છે. મુતવા કોમની ધડકીમાં ટેભા ઝીણા અને નજીક હોય છે. તેને કારણે તેની કિંમત વધી જાય છે. કયારેક તો આ ઝીણવટભર્યા કામને કારણે હજાર રૂપિયા સુધી પહોંચે છે. લુણાની જેવી કોમના ધડકીના ટેભા મોટા હોય છે. ધડકી પાછળની બાજુ સામાન્ય રીતે ડિઝાઇન વિનાની સપાટ હોય છે. તેનો રંગ કાળો અથવા લીલો હોય છે. નવું કાપડ વાપર્યું હોય તો સફેદ પણ હોય છે.

આ કાર્ય સ્ત્રી એકલી કરે છે કે અન્ય સાથે તે તેના જ્ઞાતિ કે ગામ પર આધાર રાખે છે. તે એકલી કામ કરે તો નાના-મોટા ચતુષ્કોણની ડિઝાઇનો બનાવે છે. સાથે મળીને કામ કરે તો ડિઝાઇન સમાંતર હારોહારવાળી તૈયાર થાય છે. કારણ એ કે ચતુષ્કોણ કાર્ય ઝીણવટભર્યું હોવાથી સમૂહમાં અશક્ય છે, જ્યારે સમાંતર રેખાઓમાં ખાસ વિશિષ્ટ કુશળતાની જરૂર ન હોવાથી સમૂહમાં કરી શકાય છે. બન્ને કિસ્સામાં દોરાના રંગ લાલ અને કાળા વિકલ્પે રહે છે. પઠાણ ધડકીમાં અપવાદ છે કે તેમાં એક બાજુ આછા લીલા રંગની પ્રિન્ટેડ ફેબ્રીકસ હોય છે અને બીજી બાજુ પીળી ફેબ્રીકસ. મુસ્લિમ અને હરિજન સ્ત્રીઓ ઘણીવાર ભરતકામ અને કાપેલાં વસ્ત્રોના પેચવર્કનો સમન્વય કરે છે. હિંગોરા અને મુતવા સ્ત્રીઓ પણ ધડકી શણગારવા ભરતકામનો કવચિત ઉપયોગ કરે છે. આકૃતિઓ વચ્ચે આભલાં મૂકી તેનું સૌંદર્ય વધારે છે. તેને કારણે તેનું વજન વધે છે; કિંમત પણ ! હવે ભસર ભુરા જેવા ધડકીમાં ચામડાના ટુકડાનો પણ પ્રયોગ કરે છે.

પેચવર્ક, કબીરા વર્ક અને સેવામૂટી

ધડકી તૈયાર કરવામાં ત્રણ પદ્ધતિઓ છે (૧) કાપડના વિવિધ ટુકડા કરી, વિવિધ

ડિઝાઇનો તૈયાર કરી તેને સીવવું- ''પેચવર્ક'' (૨) સીવણ દ્વારા ચતુષ્કોણની ડિઝાઇનો તૈયાર કરાય- ''કબીરા વર્ક'' (૩) ટુકડાઓને સાદી રીતે જ ગોઠવીને સીવાય- 'સેવામૂટી.' તેમાં આકૃતિઓ ઉપરાંત વિવિધ ડિઝાઇનો કરાય છે.

આ કળાની થોડા વર્ષોથી સ્વીકૃતિ થવા લાગી છે. શ્રી ચંદાબેન શ્રોફ, ડૉ. જ્યોતિન્દ્ર જૈન, શ્રી પ્રભાબહેન, શ્રી અંજલિબહેન, શ્રી કિન્નરીબહેન લાખીયા, શ્રી સુરેન્દ્ર શેઠ વગેરે કળા તથા કારીગરોના ઉત્કર્ષમાં ઊંડો રસ લે છે. ધોરડોમાં ગુલબેગ તથા તેની પુત્રી વિદેશીઓને શીખવે છે.

ધડકીના કલાકારોમાં ધ્રોબાણાના શ્રીમતી રામબાઇ આયરને ઇનામ મળેલ છે તથા ભસર ભુરાને સર્ટિફિકેટ મળેલ છે. લુણીના જેની, સાડઇના મીઠાંબાઇ તથા રબારીઓમાં સીતાબાઇ તથા પાલીબાઇ જાણીતાં છે.

તેના વેચાણમાં હસ્તકળા વિકાસ નિગમ ભાગ ભજવે છે. મોટા શહેરોમાં પ્રદર્શનોમાં તે રજૂ કરે છે અને વેચાય છે. એક અભિપ્રાય એવો છે કે, નાનાં કેન્દ્રો વધારીને તેનો વિકાસ વધારી શકાય છે.

અજરખ કામ પણ તબક્કામાં વહેંચાયેલું છે

ખાસ પ્રકારે રંગેલી તથા છાપેલી ચાદરને 'અજરખ' કહે છે. તેના જેવી છપાઇના કાપડને 'અજરખ પ્રિન્ટ' કહે છે.

કચ્છમાં આ હસ્તકળા ધમડકા તથા ખાવડાની વિશિષ્ટતા છે.

મૂળે તે બારમી સદીમાં જેસલમેર (રાજસ્થાન)માંથી ઉત્પન્ન થઇ મનાય છે. અત્યારે તે રાજસ્થાનમાં બારમેર તથા કચ્છમાં ધમડકા તથા ખાવડામાં તૈયાર કરવામાં આવે છે. આ બધામાં કચ્છના અજરખ પ્રિન્ટની ગુણવત્તા ખૂબ ઊંચી ગણાય છે. આ કાર્ય મુખ્યત્વે મુસ્લિમ ખત્રીઓ કરે છે. હવે જો કે, હરિજનો પણ કરે છે.

આગળ છપાઇકામમાં તાજા તથા હાથે બનાવેલા રંગો વપરાતા. હવે તો રાસાયણિક રંગોનો ઉપયોગ થાય છે.

કુદરતી રંગાટ પ્રક્રિયામાં પ્રથમ કાપડને સોડિયમ કાર્બોનેટ, દિવેલ તેલ તથા તાજા થાણના પ્રવાહી મિશ્રણમાં બોળીને 'ડિ-સ્ટારર્ડ' કરાય છે. પછી વહેતા પાણીમાં તેને પૂરી રીતે ધોવાય છે. હવે તેને હરડેના મિશ્રણમાં બોળવામાં આવે છે. તેનું 'ટેનીન' તત્ત્વ 'એલીઝેરાઇન' રંગને ચૂસે છે અને 'આઇસેનાસેટેટ' રંગ સાથે પ્રતિક્રિયા કરે છે. બન્ને મળીને કાળાશ આવે છે. હવે કાપડ છપાઇકામ માટે તૈયાર થયું ગણાય છે.

બીજા તબક્કામાં તેને ટેબલ પર મૂકી લાકડાના બ્લોક વડે ન ભૂંસાય તેવા મિશ્રણથી તેના પર છાપકામ કરાય છે. ઇચ્છીત ડિઝાઇન છાપે છે. સમગ્ર કાપડમાં તે બ્લોકથી જ ડિઝાઇનનું પુનરાવર્તન કરે છે. જ્યાં જ્યાં સફેદ રંગ રાખવા માગે છે અને અન્ય રંગનો સ્પર્શ થવા દેવા નથી ઇચ્છતા, ત્યાં મીણનાં ટીપાં મૂકે છે તથા ગુંદ, લીંબુ અને પાણીનું મિશ્રણ મૂકે છે. જ્યાં તીવ્ર કાળો રાખે છે ત્યાં 'કટ' મૂકે છે- જે ગુંદર અને આયર્ન એસીટેટથી બનાવે છે. જે સ્થળે લાલની જરૂર લાગે છે ત્યાં ફટકડી ઉમેરે છે. ફટકડીથી રંગેલ વિસ્તાર પર છાણની ભૂકી છાંટે છે છાણને બે દિ' સૂર્યમાં સૂકવે છે. બન્ને બાજુ ડિઝાઇનો કરવી હોય (લીપુટા પ્રિન્ટીંગ), તો બ્લોકનો બીજો સેટ વપરાય છે.

ત્રીજા તબક્કામાં ગળીમાં રંગાટકામ છે. તે ફીણવાળી ગળીને રાખેલ ઠંડા કુંડામાં કરાય છે. જે ભાગ ઢંકાયો નથી તે બ્લૂ રંગને પોતામાં સમાવે છે. આ તેનો પશ્ચાદભૂ (Background) રંગ બને છે. તે ભીનું હોય ત્યારે જ કપડાંને વહેતા પાણીમાં ધોવાય છે- પાકા રંગને ખલેલ પહોંચાડયા વિના પછી કપડાને 'એલીઝેરાઇન' તથા 'પડાવા' ફૂલોના મિશ્રણમાં મૂકાય છે અને બે કલાક અગ્નિ પર ઉકાળે છે. તેથી ફટકડીવાળો ભાગ લાલ થાય છે અને કાળો પાકે છે. પછી કપડાને વારંવાર ધોઇ સૂકવી નાખે છે. આ પ્રક્રિયામાં વિવિધતાઓ પણ છે. વધુ ઝાંય આપવા વધારાની ખાસ પ્રક્રિયાઓ પણ કરવામાં આવે છે. રંગ પ્રસરે નહીં માટે તથા ચૂસાયેલ રંગો સૂકાઇ જાય માટે છાણની ભૂકીનો છંટકાવ થાય છે.

અજરખની ખૂબી તેની વાતાનુકુલિનતા છે

આ છપાઇકામમાં મુખ્યત્વે પરંપરાગત ભૌમિતિક ડિઝાઇનો બ્લૂ, ગાઢ લાલ તથા કાળા રંગોમાં કરાય છે. તેની પાછળ પણ હેતુ છે. બ્લૂ રંગનો હેતુ 'વાતાનુકુલિનતા' (Air-conditioning) મનાય છે, જે રણની એક તાતી આવશ્યકતા છે. બ્લૂ રંગ સાથે જોડાયેલ સામાજિક પ્રતિબંધને કારણે હરિજનો સિવાયના હિન્દુઓ તે નથી પહેરતા. તેથી, પરંપરાગત રીતે, મુસ્લિમો, મેઘવાળો તથા આયરો તે દૈનિક પૈષાક તરીકે પહેરે છે.

વરદરાજન માને છે કે, પરંપરાગત અજરખની ભાતને 'સૂફી' પ્રતીકો સાથે સંબંધ છે. અલબત્ત, કારીગરો તે વિષે જાણે છે કે કેમ તે શંકાસ્પદ છે. બિલગ્રામી માને છે કે આ આકૃતિઓ ઇસ્લામના ફેલાવા પહેલાંની છે... હવે તેમાં અન્ય પરંપરાઓની ડિઝાઇનોનો પણ ઉપયોગ થાય છે.

અત્યારે તો આકૃતિઓ અને ડિઝાઇનોમાં વૈવિધ્ય વધતું જાય છે. તે પરંપરાને સમૃદ્ધ બનાવે છે. આ આકૃતિઓનાં જે નામ છે તે પ્રતીકો સંબંધી છે. દા. ત. દાબુલ (ઘરેણા પેટી), બદામ વગેરે. આ અને બીજી આકૃતિઓ તથા બોર્ડર સાથે જોડી એક સમગ્ર ડિઝાઇન ઊભી થાય છે.

મહમદ સિદિક ખત્રીએ તથા ખત્રી ઇકબાલ હુસેને રાષ્ટ્રીય એવોર્ડ મેળવેલ છે તથા ખત્રી ઇસ્માઇલ મહમદે મેરીટ સર્ટિફિકેટ મેળવેલ છે.

ઘણા વર્ષો સુધી આ અજરખ પ્રિન્ટ કોઇ વેપારની વસ્તુ ન હતી. સ્થાનિક માંગની વસ્તુ હતી. ગ્રાહકની માંગ પ્રમાણે જ તૈયાર થતી. હવે તેનું બજાર વધતું જાય છે.

રોગાન છપાઇ કળા માત્ર નિરોણામાં જોવા મળે છે

આ હસ્તઉદ્યોગ પણ જૂના સમયનો છે. હવે આ કળા માત્ર 'નિરોણા' ગામમાં જ જોવા મળે છે. તેથી તેને 'નિરોણા છપાઇ' પણ કહે છે.

આ હસ્તઉદ્યોગ મુખ્યત્વે 'ખત્રી' કોમના હાથમાં છે. તે પરંપરાગત વ્યવસાય છે. અત્યારે નિરોણામાં અબ્દુલગફુર ખત્રી તથા આરબ હાંસા ખત્રી તેના જાણીતા કારીગરો ગણાય છે. તેમનું કુટુંબ છેલ્લી સાત પેઢીથી આ કામ સંભાળે છે.

રોગાનકામમાં મુખ્યત્વે ભૌમિતિક ડિઝાઇનોનો ઉપયોગ થાય છે. વડિલો પાસેથી ડિઝાઇનો શીખાય છે અને યાદ રાખી ઉપયોગમાં લેવાય છે. વર્તમાન કારીગર અબ્દુલગફુરે તેમાં ઉમેરો કર્યો છે, તે પરંપરાગત આકૃતિઓમાં સંકુલતા લાવી તેને



રોગાણ કામ.

વિસ્તૃત કરે છે. ભૌમિતિક આકૃતિઓમાં તેણે હવે પ્રાણીઓ, માનવ આકૃતિઓ, એરોપ્લેન જેવી આધુનિક આકૃતિઓ દાખલ કરી છે. અબ્દુલે એક કાપડનો ટુકડો એવો તૈયાર કર્યો છે જેમાં ગામડાનું કુદરતી દ્રશ્ય છે. તેમાં મોર, ગાય, વૃક્ષો, ઘરો વગેરે ઋતુગત દર્શાવ્યા છે. તેનું આ કાર્ય પરંપરાગત કાર્યથી સાવ જ અલગ પડી જાય છે. તેને પૂછતાં તેણે તો ઉત્સાહથી જણાવ્યું કે તે તો હજી પણ નવા નવા વિચારો અને કલ્પનાઓ આ કળામાં ઉમેરવાની ઇચ્છા ધરાવે છે.

પ્રક્રિયા : દિવેલ તેલને તે ચીકણો મલમ બને ત્યાં સુધી, લગભગ છ કલાક સુધી, ઉકાળવામાં આવે છે. પછી તેમાં રંગો ભેળવવામાં આવે છે. આ રંગો પહેલાં માટીમાંથી બનાવવામાં આવતા, હવે તો કૃત્રિમ રંગોનો ઉપયોગ થાય છે.

o પછી પાતળા ધાતુના સળીયા પર આ મિશ્રણ મૂકવામાં આવે છે. આ મિશ્રણ ખૂબ જ સ્થિતિસ્થાપક- તરલ હોય છે. તેને દોરી જેમ તાણવામાં આવે છે અને કપડાં પર ડિઝાઇનરૂપે મૂકવામાં આવે છે. જ્યાં મૂકે છે ત્યાં તે ચોંટી જાય છે.

o આ છપાઇકામનું કાર્ય હંમેશાં હાથથી જ કરાય છે. કપડાં પર તે સાચી રીતે તથા ચોકસાઇપૂર્વક થાય તે માટે ખૂબ ધીરજ, સમય તથા કુશળતાની જરૂર રહે છે.

o આ ડિઝાઇનો અર્ધા કે પા કપડાં પર કરાય છે. પછી તેને વાળવામાં આવે છે, જેથી બાકીનાં કપડાં પર તેની છાપ ઊઠી આવે છે.

રોગાનનું સ્થાનિક બજાર ખૂબ મર્યાદિત છે

અબ્દુલગફુરે પોતાની કુશળતાને કારણે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. ૧૯૮૯માં વડાપ્રધાને તેની કળા જોઇ ત્યારે તેને સાચવવા ખાસ ભલામણ કરી હતી.

રોગાનનું સ્થાનિક બજાર ખૂબ મર્યાદિત છે. એટલે હવે તે નવાં બજારો મેળવવા

તથા અનુકૂળ થવા પ્રયત્ન કરે છે. વળી, પરંપરાગત માલ સાથે ટેબલ કલોથ, કુશન કવર, વોલપીસ વગેરે પણ બનાવી વેચે છે.

અબ્દુલગફુરને સરકાર તરફથી વિવિધ પ્રદર્શનોમાં આવવા તથા ભાગ લેવાનું આમંત્રણ મળે છે. ત્યાં તે ભારતીય તથા વિદેશી ગ્રાહકોને આ વસ્તુઓ વેચે છે. વળી, 'ગુર્જરી' પણ તેનો માલ ખરીદે છે. કચ્છમાં પ્રવાસે આવતા દેશી-વિદેશી યાત્રાળુઓ પણ રોગાનકામની વસ્તુઓ ખરીદવા ખાસ તેને ત્યાં આવે છે.

ત્યારે વિચાર આવે કે તેનું ભાવિ શું ? અબ્દુલ માને છે કે, જે રીતે તેનું મૂલ્ય થવું જોઇએ તે હજુ નથી થતું. સ્થાનિક લોકોને તો તેમાં રસ જ નથી. તેથી અહીં અત્યારે પણ બજાર નથી અને ભવિષ્યમાં પણ થવાનો સંભવ નથી.


આ કળા નાશ ન પામે માટે અબ્દુલ મરણીયા પ્રયાસો કરે છે. તે નવી પેઢીના યુવાનોને તેમાં તાલીમ આપી તેને જીવતી રાખવા પ્રયાસ કરે છે. વળી, ગ્રાહકોને આકર્ષવા નવી નવી ડિઝાઇનોનો સ્વીકાર કરી તેને તૈયાર કરે છે. છતાં તે અંદરથી હતાશ છે કે આ કળા કેટલો સમય ટકશે તે કહી શકાતું નથી. તેનો વ્યકિતગત તથા કળાનો પ્રચાર થાય છે. પણ તેને પરિણામે જે આર્થિક પ્રતિભાવ આવવો જોઇએ તે નથી મળતો. તેથી નવા લોકો તેમાં જોડાવા તૈયાર નથી થતા.

હાથવણાટ કામ : વણકરોની વસતી ૫૦ હજાર

એક અંદાજ પ્રમાણે કચ્છમાં વણકરોની વસતી પચાસેક હજાર જેટલી હોવાનો અંદાજ છે. પણ આગળ જેટલી હાથશાળો હવે નથી રહી. વણકરો હાથવણાટકામ છોડી અન્ય વ્યવસાયોમાં જોડાતા જાય છે. તેના કારણોમાં જરૂરી સાધનોનો અભાવ, ઉત્પાદનના વેચાણની સમસ્યા તથા શોષણ છે. હવે જો કે કેટલાંક વર્ષોથી કારીગરો સંગઠિત થયા છે અને 'કચ્છ હાથવણાટ સંઘ' સ્થપાયો છે, જે સરસ કાર્ય કરે છે.

વણાટકામમાં મુખ્યત્વે હરિજનો જ કામ કરે છે. તેઓ કુશળ કારીગરો છે. શ્રી વિજયાબહેન કોટક તેમના પુસ્તકમાં લખે છે તેમ ''કોઇ પણ નમૂનો વણી આપે તેવા અને પોતાનો નમૂનો કોઇ વણી તો આપે તેવો દાવો કરનારા ય તેમનામાં છે.''

વણાટકામમાં ખાસ કરીને ભાતીગળ શેતરંજી, ઊની શાલ, ગાલીચા, ધાબળા, સૂતી ચાદર, દરવાજાના પડદા, પંજાબી ડ્રેસનું કાપડ, આસનીયાં, ફાઇલ ફોલ્ડરના



હાથ વણાટ કામ

પીસ, બ્લાઉઝ મોર્ડઝ, બગલથેલા વગેરે તૈયાર થાય છે.

તેના મુખ્ય સ્થળોમાં ભુજોડી, કુકમા, વરનોરા, મોટા બંદરા, સરલી, જામથડા વગેરે છે. તેમાં ભુજોડી જાણીતું બન્યું છે.

હેન્ડીક્રાફટ માર્કેટીંગ અને સર્વિસ એકસ્ટેન્શન સેન્ટર, ભુજની પ્રગટ કરેલ માહિતી પ્રમાણે મુખ્યત્વે ૩૮ વણકરો અને ૧૪ સહકારી મંડળીઓ છે. આ મંડળીઓ ભુજોડી, કુકમા, મોટા વરનોરા, જામથડા, ભુજપુર, નિંગાળ, ભદ્યોળ, ભુજ, ભીમાસર, નખત્રાણામાં છે.

ભુજોડીના વણકરોએ તો રાષ્ટ્રીય નામના મેળવી છે. ચાર કારીગરોને રાષ્ટ્રીય એવોર્ડ તથા ત્રણને મેરિટ પ્રમાણપત્રો મળેલ છે.

'ઊની નામદા' હસ્તઉદ્યોગ ડચકાં ખાય છે

જે કળાનો વિકાસ ઓછો થયો છે, જેના કારીગરો ઓછા છે, તેવી એક કળા 'ઊની નામદા' છે.

અગાઉ ઘોડેસવારી માટે બેઠક પર ઊની નામદા વપરાતા. હવે તેનો યુગ આથમી ગયો હોવાથી તેની જરૂરિયાત ઘટી છે. હવે આ હસ્તોદ્યોગ ડચકાં ખાય છે.

ઊની નામદા દેશમાં કાશ્મીર તથા કચ્છમાં બનાવવામાં આવે છે. બે વચ્ચે તફાવત એ છે કે કાશ્મીરી ઊની નામદામાં પાછળથી ભાત દોરવામાં આવે છે, જ્યારે કચ્છી નામદામાં પહેલેથી જ ડિઝાઇન પાડી મનપસંદ રંગની ભાત ઊન પર દોરવામાં આવે છે.

પ્રક્રિયા : દેશી ઘેટાંના ઊનને એક જથ્થામાં સંગ્રહ કરી એક એક તંતુ અલગ કરવામાં આવે છે. અલગ કરેલા તંતુઓને ફરી એકત્ર કરી રસ્સીના સ્વરૂપમાં મૂકાય છે. તેને પાણીમાં ભીંજવવામાં આવે છે. તેથી તે મજબૂત થાય છે. પછી લીસ્સા કાપડ પર ભાત પાડવામાં આવે છે. ભાત પર મનપસંદ કલરની ઊની ડિઝાઇનમાં પરોવી દેવામાં આવે છે. ભીંત પર સફેદ ઊનનું એક ઝાડ બનાવવામાં આવે છે. તેના પર હાથથી સમતોલ દબાણ આપવામાં આવે છે. સારી રીતે દબાણ આપ્યા બાદ ધીમેથી લીસ્સાં કપડાંને લઇ લેવામાં આવે છે. જેમાં દબાણ કરેલી ડિઝાઇન ઊન સાથે કપડાં પર આવી જાય છે.

આ નમૂનાને સાબુના પાણીમાં થોડા સમય માટે રાખવામાં આવે છે. સૂકાયા બાદ ઊની-નામદાનો જોઇતો નમૂનો તૈયાર થઇ જાય છે.

આગળ તેનો ઉપયોગ ઘોડાના જીન માટે થતો- હવે ટી-કોસ્ટર, કાર્પેટ, પગલૂછણીયા વગેરે બને છે. સારું કામ હોય તો ચો. ફૂટના રૂા. ૩૦ મજૂરી મળે છે. કારીગર દૈનિક રૂા. ૬૦ થી ૭૦નું કામ મેળવી શકે તેમ છે. કામમાં નિયમિતતા જળવાય તો માસિક રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ની આવક થઇ શકે.

આ હસ્તોદ્યોગમાં કારીગર તરીકે મુંદ્રાના યુસુફભાઇ મન્સુરી જાણીતા છે. ૧૯૯૦માં અમદાવાદમાં તેમણે 'લોકશિલ્પ મેળા'માં વિવિધ નમૂના રજૂ કરી પ્રથમ સ્થાન મેળવેલ. અત્યાર સુધી ૩૫ થી ૪૦ સ્થળોએ તેમણે ભાગ લીધો છે.

આ કળાનું મુખ્ય મથક મુંદ્રા છે. અન્યમાં ગાગોદર, ટોડીયા છે. કચ્છમાં આ કામની વિકાસની સારી તકો છે. કચ્છમાં ઊન ઘણું થાય છે. ઘેટાં-ઉછેર-ઊન વપરાશ વિકાસ નિગમે આ કામ ઉપાડેલ પણ.

ઊનને 'ઊંથો' લાગે છે. હવે જો કે એક રસાયણ શોધાયું છે. તેને પાણીમાં મેળવી છંટકાવ અપાય છે અથવા પાણીમાં ઝબોળાય છે. તેથી હવે ઊનની બધી વસ્તુઓ પર 'મોથ પ્રૂફીંગ' થઇ શકે છે.

વિદેશોમાં વિખ્યાત કચ્છનું બાટીક વર્ક

કચ્છના આ હસ્તઉદ્યોગ 'બાટીકે' તો દેશભરમાં નામના મેળવી છે.

પડદા, ઓછાડ, તકિયાના કવર, સાડી, લૂંગી, ટેબલ કલોથ વગેરે વસ્ત્રો પર બાટીક છપાઇ થાય છે.

પ્રક્રિયા :- બાટીક છપાઇ માટે ગ્રે અથવા કેમ્બ્રિજ (સુતરાઉ કાપડ) તથા સ્ટેપલ કાપડનો ઉપયોગ થાય છે. જે વસ્ત્ર બનાવવું હોય તે આકારનું કાપડ લેવાય છે. તેને રાત્રે સાબુમાં પલાળી રખાય છે, સવારે ધોવાય છે, સૂકાયા પછી તેના ખાસ ટેબલ પર ગોઠવવામાં આવે છે. આ ટેબલની સપાટી પર ભીની રેતી મૂકી હોય છે, તેના પર કાપડ રહે છે, ત્યારે બાજુમાં પ્રાઇમસ પર વાસણમાં ગરમ મીણનું પ્રવાહી હોય છે, કારીગર ડિઝાઇનવાળા બ્લોકને તેમાં બોળી કાપડ પર પ્રિન્ટ કરે છે.

મેરિટ પ્રમાણપત્ર મેળવનારા કચ્છી કારીગરો

ક્રમ	નામ	કળા	વર્ષ
૧.	શ્રી હંશરાજ જેઠાભાઇ, ભુજ	ભરતકામ	૧૯૬૭
૨.	શ્રી ઇબ્રાહીમ હારૂન પીંજારા, ટોડીયા (તા. નખત્રાણા)	નામદાવર્ક	૧૯૭૦
૩.	શ્રી આરબ રહીમ ખત્રી, ભડલી (તા..નખત્રાણા)	ઊની બાંધણીકામ	૧૯૭૨
૪.	શ્રીમતી દમયંતી મોરારજી ગજ્જર, ભુજ	ભરતકામ	૧૯૭૩
૫.	શ્રીમતી અદતબાઇ અબ્દ હકીમ, ધોરડો (તા. ભુજ)	ભરતકામ	૧૯૭૪
૬.	શ્રી ઇસ્માઇલ હાજી મન્સુરી, ગાગોદર (તા. રાપર)	નામદાવર્ક	૧૯૭૬-૭૭
૭.	શ્રીમતી હુરબાઇ હારૂન ખત્રી, ભુજ	બાંધણીકામ	૧૯૭૮
૮.	શ્રી ઝકરીયા ઉમર ખત્રી, તેરા (તા. અબડાસા)	બાંધણીકામ	૧૯૮૨
૯.	શ્રી પરબત ખેતા વણકર, ભુજોડી (તા. ભુજ)	ઊની વણાટકામ	૧૯૮૨
૧૦.	શ્રી અબ્દુલ ગફુર ખત્રી, નિરોણા (તા. નખત્રાણા)	રોગાન કાર્ય	૧૯૮૮
૧૧.	શ્રી વીરાજી ખેતા વણકર, ભુજોડી (તા. ભુજ)	ઊની વણાટકામ	૧૯૮૯-૯૦
૧૨.	શ્રી પ્રેમજી વાલજી વણકર, ભુજોડી (તા. ભુજ)	ઊની શાલ	૧૯૯૧
૧૩.	શ્રી ખત્રી ઇસ્માઇલ મહમદ, ધમડકા (તા. અંજાર)	અરજખ પ્રિન્ટ	૧૯૯૨
૧૪.	શ્રી તેજા પેથા હરિજન. ગોરેવાલી (તા. ભુજ)	ચર્મકામ	૧૯૯૨
૧૫.	શ્રી ખત્રી અબ્દુલ રઝાક, ધમડકા (તા. અંજાર)	હેન્ડબ્લોક પ્રિન્ટરી	૧૯૯૩
૧૬.	શ્રી બેચરલાલ ખીમજી, કુકમા (તા. ભુજ)	ધાબળા-બે બાજુ ડિઝાઇન	૧૯૯૩

આમ સૌથી વધુ સર્ટિફિકેટ ઊની વણાટકામમાં ચાર જણને મળ્યા છે. જ્યારે ● બાંધણીકામમાં : ૦૩, ● ભરતકામમાં : ૦૩, ● નામદાવર્કમાં : ૨, ● રોગાનવર્કમાં : ૦૧, અરજખમાં : ૦૧, ચર્મકામમાં : ૦૧ અને હેન્ડ બ્લોકમાં એક કસબીને પ્રમાણપત્ર મળ્યું છે. પ્રમાણપત્ર મેળવનાર પુરૂષોની સંખ્યા ૧૩ જ્યારે સ્ત્રીની સંખ્યા ૩ છે.

ત્યારપછી જોઈતા રંગમાં તે કાપડ બોળે છે. જ્યાં મીણ હોય છે ત્યાં રંગ લાગતો નથી અને કાપડ ત્યાં સફેદ રહી જાય છે. બાકીનું કાપડ તે રંગમાં રંગાઇ જાય છે. ત્યારપછી ગરમ પાણીમાં મિશ્રિત રસાયણમાં તેને ઉકાળે છે. ત્યારે કાપડમાંનું મીણ ઓગળી જાય છે, પછી સામાન્ય પાણીથી તેને ધોઇ નાખે છે, સૂકવે છે, હવે તે તૈયાર બની જાય છે.

જો એક કરતાં વધારે રંગ કરવા હોય તો તે જગ્યાએ બે વાર બ્લોકને બોળી પ્રિન્ટ કરે છે, બાકીની પ્રક્રિયા સરખી જ રહે છે. તેમાં ઉકાળવાની પ્રક્રિયા છેલ્લે થાય છે.

આ કાર્યના મુખ્ય સ્થળો મુન્દ્રા, ભુજપુર અને અંજાર છે. અત્યારે તેમાં ૧૦૦ થી ૧૨૫ કારીગરો રોકાયેલા છે. આજે બજારમાં તેનું મહત્ત્વ ખૂબ છે, તે વિદેશોમાં નિકાસ પણ થાય છે.

તેના જાણીતા કારીગરોમાં શ્રી મહમદ હાજી ઈશા તથા અંજારના શ્રી ઓસમાણ ઈસ્માઈલ ખત્રી છે.

મશરુ કળા : માંગની સાથે કારીગરો પણ ઘટવા માંડયા છે

'મશરુ' અથવા 'ઈલાયચા' વણાટકામ તરીકે દેશ-વિદેશમાં પ્રશંસા પામેલી આ કળા એક સમયે આગળ પડતી હતી.

મશરુનું વણાટકામ કળા, કૌશલ્ય અને કરામતની દ્રષ્ટિએ સારો એવો સમય, અભ્યાસ, દ્રષ્ટિ તથા અનુભવ માગી લે છે, 'ખત્રી'ઓનો આ પરંપરાગત વારસો છે. ૨૦૦ થી ૨૫૦ વર્ષ પહેલાં જામનગરથી તે આવી હોય એવો અંદાજ છે. આજે માંડવી, ડોણ તથા ગોધરા તેના કેન્દ્રો રહ્યા છે.

આ વણાટકામ સિલ્ક તથા સુતરાઉ પર થાય છે. તેમાં આઠ પડ, ૧૧ પડ, ૨૨ પડ એ રીતે વણાટકામ થાય છે.

આગળ તે પહેરવેશ તરીકે પહેરાતું, હવે તે ઉપયોગ બંધ થયો છે. હવે માત્ર લગ્ન-મૃત્યુ સમયે પરંપરાગત ઉપયોગ કરાય છે.

આયર, રબારી, સિંધી, જતનો તે પહેરવેશ હતો. હવે તેની માંગ ઘટતી જાય છે, તેથી કારીગરો પણ ઘટતા જાય છે. ૧૯૯૦માં ૧૦૦ કારીગર હતા. હવે તે સંખ્યા ખૂબ ઘટી છે, તેમાં વળતર પણ ઘટતું જાય છે. બનાવવું પણ મોંઘું પડે છે. આમ સમગ્ર રીતે આ હસ્તોદ્યોગ મૃત થતો જાય છે. કચ્છ સિવાય પાટણમાં તે છે.

જરદોસી કળા

સોનેરી અને રૂપેરી તાર દ્વારા કાપડ પર કે ચામડા પર જે ભરતકામ કરાય તેને 'જરદોસીકળા' કહેવાય છે. જરદોસ, એટલે કે મોચી લોકો, તે કાર્ય કરતા માટે તેને આ નામ અપાયું છે.

જે કાપડ પર આ ભરતકામ થાય છે તેમાં મુખ્યત્વે ચાઈનીસ સાટીન તથા ફ્રેન્ચ વેલવેટ છે. આ ઉપરાંત, કયારેક ગરમ કાપડ પર (બનાત) પણ આ કામ કરતા.

આ કાર્ય કરવા શરૂમાં કાગળ પર ડિઝાઈન તૈયાર થાય, પછી તેને જોઈને સીધું જ વેલવેટ કે સાટીન પર કામ કરાય.

આ કામમાં 'ઝરી' એટલે કે સોના-ચાંદીના તાર વપરાય છે. તેના માપને ત્રણ રતી કે બે રતી કહેવાય છે, આ સમગ્ર કાર્યને 'ગંગા-જમની વર્ક' કહેતા.

જરી માલમાં બાદલા, ટીકી, કાંગરી, સલમો, સાદી મોતી વગેરેને અંગરખાના પાછળના ભાગે 'પાનઘાટ'માં લગાડવામાં આવતા, તેને 'મરોડીનું કામ' કહેવાતું.

જરદોસી કળામાં મુખ્યત્ત્વે મુકુટ, તોરણ, બ્લાઉઝ, ઝૂલ, ગૌમુખી, સપાટ, બૂટ, દુપટ્ટા, પિઝવાઈ, જરીની વેલ, જરીના ફૂલ, ટેબલ કલોથ વગેરે વસ્તુઓ તૈયાર થતી. ઉપરાંત, ફોટોગ્રાફ આજુબાજુ પણ આ આરીકામ કરતા. અંગ્રેજ સ્ત્રીઓ 'બટવા' બનાવડાવતી. મોજડી પર વેલવેટનું કામ કરતા. પછી તેને ચામડા પર લગાવતા.

રાજાશાહીના સમય દરમ્યાન વડોદરા રાજ્યમાં 'તુલસી-વિવાહ' સમયે જે વરઘોડો નીકળતો તેમાં આ કળાનું પ્રદર્શન થતું. તેમાં મોરચલ, ગાદીના આસન, સિંહાસન, પંખા, ગાલિચા, ટોપીઓ, હાથીની ઝૂલ, ઘોડા-બળદના શરીર પરના શણગાર વગેરે થતાં. આ સાથે સાચા મોતી તેમજ જરીકામમાંથી ટોપી, બંડી, અંગરખો, દેવમંદિરના મુકુટ બનતા.

આ વસ્ત્રોને સાચવવા તેને મખમલમાં લપેટવામાં આવતી, તેથી તેની ચમક કાયમી રહેતી. ''વાતરી'' નામે જીવાત વેલવેટને કાતરી ન નાખે તે માટે સાપની કાંચળી તથા કાળી જીરી પોટલીમાં બાંધી મૂકાતી.

આ કાર્ય સ્ત્રી-પુરૂષો બન્ને કરતાં. અલબત્ત, પુરૂષો મુખ્યત્વે કરતા, પ્રથમ છૂટક રીતે 'જરદોસી કામ' કરે, પછી તેનું પેચવર્ક દરજી પાસે કરાવતા.

કચ્છમાં આ કામ મુખ્યત્વે 'મોચી' લોકો કરતા. મોચીઓ મૂળે રજપૂતો. સિંધ અને સૌરાષ્ટ્રમાંથી કચ્છમાં આવ્યા, તેમાં મુખ્યત્વે ડાભી, જાણસારી ઝાલા, વાજા, ચૌહાણ, પરમાર, ચૂડાસમા અટકો છે. ભુજમાં આવેલ શરાફ બજાર વિસ્તારમાં હવેલી ફળિયો, અંજારિયા ફળિયો, પીપળા ફળિયો વગેરે વિસ્તારો તેમના રહ્યા છે.

શરૂમાં તેઓ રાજાના હથિયારોનું સુશોભન કરતા 'કમાનગરો' કહેવાતા. તેઓ ઢાલ, તલવાર, બખ્તર વગેરે પર સુશોભન કરતા, રાજાશાહી અસ્ત થયા પછી વ્યવસાય બદલાવી મોચી બન્યા. ત્યાં સુધી આયના મહેલમાં કામ કરતા.


જે કુટુંબોએ આ કામ કર્યું છે તેમાં સમય જતાં એક જ કુટુંબ બચ્યું. તેના વડીલ છોટાલાલ કરશન જરદોસને ૧૮૮૩માં વડોદરા મહારાવે ત્યાંના રાજકુટુંબના લગ્નપ્રસંગે બોલાવેલા, પછી ત્યાં જ વસી ગયા. ચાર પેઢી સુધી વસવાટ કર્યો. છોટાલાલભાઈએ વિવિધ પ્રદર્શનોમાં ભાગ લઈ પોતાની કળાનું નિદર્શન કરેલું, અને ચંદ્રકો, પ્રમાણપત્રો વગેરે મેળવેલ. એક પ્રસંગે ગાયકવાડના સો હાથી માટે ૭૮ ઈંચના પનાવાળા વેલવેટના ૪૦ વારના તાકા પર કામ કર્યું. એવા સો તાકા પર (હાથી દીઠ એક) આ જરદોસ કામ કરી રાજાની ખૂબ પ્રશંસા મેળવેલ.

છોટાલાલના પુત્ર પુરૂષોત્તમે પણ આ કાર્ય ચાલુ રાખ્યું. રાજાશાહીના અંત પછી તેઓ કચ્છ પાછા આવ્યા, તેમને કેન્દ્ર સરકાર તરફથી પેન્સન મળતું.

તેમના પછીની પેઢીએ આ કામ ચાલુ નથી રાખ્યું. તેથી હવે આ કળા મૃત બની ગઈ છે. માત્ર જૂના નમુના જોવા મળે છે. આ કળાનું હવે ઐતિહાસિક મૂલ્ય સિવાય કશું નથી.

ચામડા પર ભરતકામ : એક અનેરી હસ્તકલા

ભરતકામનો એક ફોટો છે 'ચર્મકળા' અથવા 'ચામડા પર ભરતકામ' હરિજનોને માલધારીઓ સાથે વસવાથી મૃત પશુઓના ચામડાં સાથે પનારો પડયો. તેના નિકાલ



ચામડા પર ભરત કામ : ચર્મ કલા એ કસોટી કરતી કલા છે : કારીગર નિઝાર દેવજી.

સાથે ચામડું કમાવવું, તેના વાળ કાઢવા, વગેરેમાં નિષ્ણાત બન્યા. તે કાર્ય કરતાં તેમનો કલાકાર જીવ સળવળી ઊઠયો અને આ ચામડાંને પણ ભરતકામથી શણગારવાનો વિચાર જન્મ્યો.

પ્રક્રિયા :- ભરતકામ શરૂ થાય તે પહેલાં વિવિધ પ્રક્રિયા થાય છે. ગાય, ભેંસ, બકરી કે ઘેટાંના ચામડાં મેળવી પ્રથમ તેના પરના વાળ દૂર કરવા તેને પાણી, લેટેક્સ અને ચૂનાથી ભરેલ કોઠીમાં રાખવામાં આવે છે. કયારેક ચામડાંને લાલાશ આપવા તેમાં લીમડાની છાલ ઉમેરવામાં આવે છે. વાળ દૂર થયા પછી બેગ જેમ તેના ખૂણા પર ટાંકા મારવામાં આવે છે. પછી તેને ત્રણ-ચાર દિવસ સુધી લીમડાના રસથી ભરવામાં આવે છે, જેથી તેના ટાંકા ગંઠાઈને મજબૂત થાય છે. હવે ચામડું વસ્તુ બનાવવા યોગ્ય બને છે.

ત્યારપછી પ્લાસ્ટીકના દોરા તથા આરથી વિવિધ રંગોથી સુસજ્જ માછલી, મોર, ફૂલ, ડુંગરી, ચોપાડ, બૂટી વગેરે ડિઝાઈનો ચામડા પર ભરવામાં આવે છે. કાપડનો ઉપયોગ પણ કરવામાં આવે છે. રેશ્મી દોરાની મદદથી 'ટોરણી'ની ડિઝાઈન પણ બનાવાય છે.

ચામડામાંથી મુખ્યત્વે પગરખાં, પંખા, પાઉચ, મોજડી, અરિસા પર કોતરકામ, કુરાન કવર, માથાની પીન, ગળાનો દુપટ્ટો, કમરપટ્ટા, કીચનવેર વગેરે તૈયાર કરાય છે.

આ કાર્ય મુખ્યત્વે નિરોણા, હોડકા, ગોરેવાલી, ડુમાડો, ભીરંડીયારા, મીસરીયાડા, લૂણી, ધ્રોબાણા, રતડીયા, ધોરાવર, ખાવડા, ઝૂરા, સુમરાસર, બિબ્બર, દિનારા, કુરન, રતનાલ, ભુજ, સત્તાપર, ગળપાદર વગેરે સ્થળોએ થાય છે.

આ કામમાં જાણીતા કારીગરો ભસર ભૂરા (હોડકા) તથા નીઝાર પૂંજા વીરા તથા તેના પુત્ર દેવજીભાઈ (નિરોણા) છે. ભસર ભૂરાને 'લેધર એમ્બ્રોઈડરી' માટે ૧૯૮૩માં

'રાષ્ટ્રપતિનો એવોર્ડ' મળ્યો છે.

આ કાર્ય મુખ્યત્વે હરિજનો, મોચીઓ કરે છે. તેમાં સ્ત્રીઓ પણ મદદ કરે છે. ચામડા પર ગોઠવવાની ભરતકામની કળા મોટેભાગે તેઓ કરે છે.

આ કાર્યમાં લગભગ ૩૦૦ જેટલા કારીગરો રોકાયા છે. દર વર્ષે લગભગ છ લાખની વસ્તુઓ બનાવે છે. વસ્તુની કિંમત રૂા. ૩૦ થી ૧૫૦ની હોય છે. વિદેશીઓ આ કળા જોઈને મુગ્ધ થાય છે.

નિઝાર પૂંજા ODCH દ્વારા તાલીમ વર્ગ ચલાવે છે દસ કારીગરોને તેણે પગભર કર્યા છે. બન્ને કલાકારો વિવિધ સ્થળોએ યોજાતા પ્રદર્શનોમાં ભાગ લે છે, નિઝારને દિલ્હીના 'રાષ્ટ્રીય હસ્તકળા મેળા'માં ભાગ લેવાની તીવ્ર ઈચ્છા છે.

આ કાર્યમાં થોડી મુશ્કેલીઓ છે. ચામડાને કમાવવાની પ્રક્રિયા લાંબી છે. તેમાંથી ફેલાતી દુર્ગંધ તંદુરસ્તી માટે જોખમરૂપ છે. જે સગવડો મળવી જોઇએ તેનો અભાવ છે. પાણીની અછત મોટોભાગ ભજવે છે. જો પૂરતું પાણી મળે તો મદ્રાસની લેધર રીસર્ચ ઈન્સ્ટીટયૂટ તથા રાજકોટની સંસ્થાએ તૈયાર કરેલ ટેકનીકોનો ઉપયોગ કરી શકાય તેમ છે.

વળી, કારીગરોનું કહેવું છે કે કાચો માલ મોંઘો થવાથી વસ્તુ મોંઘી બને છે, માલ પણ જથ્થામાં ન બનતો હોવાથી મોંઘો પડે છે. સરકાર વેચાણ કિંમતમાં વધારો કરી આપે તો થાય ! વળી કેટલાક કારીગરોને વધુ પડતું મહત્વ અપાય છે તેવી પણ ફરિયાદ છે. વારંવાર તેમને જ બહાર મોકલાય છે. અન્ય કારીગરોને પણ તક આપવી જોઇએ.

રંગીન સંઘાડા કામ વાઢાઓની પરંપરાગત કળા

આ હસ્તકળા મુખ્યત્વે નિરોણા તથા ભિરંડીયારામાં જોવા મળે છે. તે ''વાઢા'' પરિવારોની પરંપરાગત કળા છે.

તેમાં લાકડાના ઢોલીયાના પાયા, ઢીંચણિયાં, વેલણ, પાટલા, સાંઘામાંચી, ઢાંકણાવાળા ડાબલા, તવેથા, વગેરે ઘરવખરીની કલાત્મક વસ્તુઓ તૈયાર કરાય છે.

જે સંઘાડે તેઓ આ વસ્તુ બનાવે છે તે સાધન તેમનું પોતાના હાથે જ બનાવેલ હોય છે. ઘાટ આપવાનાં સાધન પણ જાતે જ બનાવે છે. તેમાં પૂરવાના રંગો પણ જાતે



રંગીન સંઘાડા : વાઢા પરિવારોની પરંપરાગત કામણગારી કળા એટલે લાકડા પરનું મનમોહક રંગકામ. વાઢા ભચાયા ખમીસા, વાઢા માલાભાઈ ખમીસા-સંઘાડા કામ કરતા કલાકાર.

બનાવે છે. રંગના ટુકડાની ખપાટો બનાવે છે. ખાંડ -ગોળની ચાસણી કરી પછી જે પ્રક્રિયા વડે 'ગુબીત' બને છે, તેવી જ પ્રક્રિયા વડે તેઓ રંગની ખપાટો બનાવે છે. આ માટે પ્રથમ તેઓ રંગની તૈયાર ભૂકી વોરાની દુકાનેથી લાવે છે. તેમાં રાખનું મેળવણ કરે છે, તે ઘટ્ટ બને ત્યારે તેને ખૂબ કૂટે છે. તે જામવા આવે, ચમક પકડે, લીસું થાય પછી તેની પટ્ટીઓ પાડી તેના ટુકડા કરે છે.

જોવાની મજા તો જ્યારે તે લાકડાની તૈયાર વસ્તુ પર રંગકામ કરે છે ત્યારે છે. વસ્તુ ફરતી હોય ત્યારે જ તે સૂક્ષ્મતાપૂર્વક, સફાઇ પૂર્વક, ખૂબ ચોકસાઈથી -છતાં સહજ રીતે- રંગની પટ્ટીથી તેને ઓછો યા વધુ દાબ આપે છે; અથવા ઉપર-નીચે હાથફેરવી એક બાજુ રંગ, પાસે ખાલી જગ્યા -એમ વૈકલ્પિક રીતે ભાત તૈયાર કરે છે. લીલો, પીળો, કાળો, લાલ, રૂપેરી, પોપટી- વગેરે રંગોનો અદ્દભૂત રંગમેળ સાધી તે તૈયાર વસ્તુને રંગીન કરે છે. જોનારાને તો એવો જ આભાસ થાય છે કે જાણે લાકડાં પર બાંધણીકામ છે ! તે પ્રક્રિયા જોતા હોઇએ ત્યારે જ પ્રસંશા તથા આદરનો ભાવ પ્રગટ થઈ જ જાય છે.

કારીગરો આ વસ્તુ તૈયાર કરવા લીલાં લાકડાંનો ઉપયોગ કરે છે. બાવળનું લાકડું સૂકાય છે ત્યારે તેમાં ફાટ (તીરાડ) પડી જાય છે. તેથી બગડી જાય છે, માટે લીલાંનો ઉપયોગ કરે છે.

આ કારીગરોએ બનાવેલી વસ્તુઓ માત્ર શોભા વધારનારી છે તેવું જ નથી; તે ઉપયોગી પણ છે. છતાં કારીગરોની સ્થિતિ તો નબળી જ રહી છે. આ 'વાઢા' લોકો તદ્દન ભટકતી જાતિની જેમ રહે છે. તેમની રહેણી-કરણી ગ્રામીણ કક્ષાની, લગભગ આદિવાસી જેવી છે. સરકારે તેમને ઘર બાંધી આપ્યાં છે, પણ તેમને તો ખુલ્લાં જંગલોમાં જ, વૃક્ષ નીચે જ, રહેવું વધારે ફાવે છે. મસ્ત ફકિર હોવાથી બજારને અનુકૂળ નથી બની શકતા. તેથી આર્થિક સ્થિતિ સુધરતી નથી.

કળા અદ્દભૂત છે છતાં તેનું ભાવિ ધુંધળું જણાય છે

તેમની કળા અદ્દભૂત છે, તેથી તેનું 'ડોકયુમેન્ટેશન' થાય તે ખૂબ જરૂરી છે. પરંપરાનું રક્ષણ કરવાની પણ આવશ્યકતા છે. આ બધું રોજગારી વિકસે તો જ કરી શકાય.

ODCHને મતે આ કળાના માત્ર બે કારીગરો જ નોંધાયેલ છે. વાઢા ભચૈયા ખમીસા અને તેનો ભાઇ વાઢા માલા ખમીસા. બન્ને નિરોણામાં જ વસે છે. સાત પેઢીથી આ કામ સંભાળે છે. તેના પુત્રોને આ ધંધામાં રસ નથી, પણ પૌત્ર રસ લેતો દેખાય છે, તેઓ ઘરે રહીને જ બધો માલ -માલનાં સાધનો -રંગ વગેરે તૈયાર કરે છે. હવે જો કે કૃત્રિમ રંગનો ઉપયોગ કરવાની શરૂઆત કરી છે.

તેમને પણ તકલીફ વેચાણની છે. આમ તો તેમની વસ્તુઓનું બજાર સ્થાનિક જ છે, પણ ઔદ્યોગિકરણના પ્રભાવે હવે ગામડાંઓમાં પણ ધાતુ તથા પ્લાસ્ટિકની વસ્તુઓનું આક્રમણ વધતું જાય છે જેની અસર તેમની વસ્તુઓના વેચાણ પર પડે છે. તેથી હવે તો સ્થાનિક બજારમાં પણ તેની ખપત ઘટવા લાગી છે. તેથી આર્થિક સ્થિતિ વધુ નબળી બનતી જાય છે. આજે જે વસ્તુઓનું વધારે વેચાણ થાય છે તેમાં 'વેલણ-દાંડિયા' છે, પણ હવે તો તે પણ ભુજની બજારમાં મશિન-લેથથી બનવા લાગ્યા છે, તેથી તે સસ્તા પડે છે અને વધુ વેંચાય છે.

એટલે, હવે વેચાણ મુખ્યત્વે સરકારી કે વ્યકિતગત પ્રદર્શનો તથા નિદર્શનોમાં જ થાય છે. 'ગુર્જરી' પણ શકય તેટલી મદદ કરે છે. કયારેક પ્રવાસીઓ ખરીદે છે. શહેરી ધનિકોનો વર્ગ શોખ ખાતર આ વસ્તુઓ ખરીદે છે. પણ આ બધાની મુશ્કેલી એ છે કે આ વેચાણ કંઇ કાયમી નથી. તેમાં સાતત્ય નથી. તેથી આવક પણ નિશ્ચિત અને નિયમિત નથી. વળી, કારીગરો પોતે બેફિકર છે, તેથી વધારે પ્રયત્ન કરતા નથી તથા બહાર જવા પણ આતુર હોતા નથી. આ બધા પરિબળોને કારણે તેમની આર્થિક સ્થિતિ સુધરતી નથી.

હમણાં હમણાં સરકારી તથા 'ગુર્જરી'ના માર્ગદર્શનને કારણે ભચૈયાએ નવી

હસ્તકલા-હાથશાળના એક લાખ કારીગર

આમ તો ભારત સરકારના 'વસ્ત્રખાતા'ની પ્રાદેશિક કચેરી (ઓફિસ ઓફ ધ ડેવલપમેન્ટ કમિશ્નર, હેન્ડીક્રાફ્ટ્સ, માર્કેટીંગ એન્ડ સર્વિસ એકસ્ટેન્શન સેન્ટર, ભુજ) દ્વારા ૧૯૯૨માં થયેલ છેલ્લી મોજણી અનુસાર હસ્તોદ્યોગમાં જે ''કાર્યક્ષમ ઉત્પાદકો'' છે તેની સંખ્યા આ પ્રમાણે હતી : વણકરો ૩૮, અજરખ પ્રિન્ટ ૨૯, ભરતકામ ૨૪, બાંધણી ૧૮, ચર્મકામ ૧૧, માટીકામ ૯, પેચવર્ક ૮, ચપ્પુકામ ૭, ચાંદીકામ ૫, ખરકીકામ ૪, લાકડાં પર કોતરકામ ૪, બાટીક ૩, ઊની બાંધણી ૩, મશરૂકામ ૨, રોગાન ૨, બીડવર્ક ૨, સંઘાડાકામ ૨, નામદાવર્ક ૨, ઢીંગલીઓ ૧, શંખના રકમકડાં ૧, તાડના પાંદડાના રમકડાં ૧.

પરંતુ આ સાથે સરકારી કચેરીઓના વડા, બિનસરકારી એજન્સીઓ તથા બજારમાંના ખાનગી વેપારીઓ સાથે ચર્ચા કરી તેમાં એક અગત્યની બાબત નોંધવા જેવી એ લાગી છે કે હવે રોજગારી સર્જવામાં હસ્તોદ્યોગોનો ફાળો વધતો જાય છે. આ બધાનો એવો અંદાજ છે કે અત્યારે કચ્છમાં કુશળ અને બિનકુશળ મળીને એક લાખ કારીગરો હસ્તકળા-હાથશાળાના ઉદ્યોગોમાંથી પૂરા સમયની અથવા અર્ધા સમયની રોજગારી મેળવે છે. એક અભિપ્રાય તો એવો પણ આવ્યો કે હજી કારીગરોને પ્રોત્સાહન તથા બજાર વિશેનું યોગ્ય માર્ગદર્શન મળે તથા તેમના માટે 'માર્કેટ-ચેનલ' બરાબર ગોઠવી આપવામાં આવે તો હજી સંખ્યા પણ વધે તથા આવક પણ વધે તેવી શકયતા છે. આવું કરવામાં 'સૃજન' જેવી સંસ્થાનો ફાળો અગત્યનો છે, પણ તેના સાધનોની મર્યાદા છે. સાથે અન્ય સંસ્થાઓ તથા સરકારી કચેરીઓ તેમાં ભળે, તેમના જેવી જ વ્યવસ્થા ગોઠવે તો આ કાર્ય ઉત્તમ રીતે થાય. તે સાથે કારીગરો જાતે સહકારી મંડળીઓ સ્થાપીને આ કાર્યમાં રસ લે તો વધુ સારી રીતે કામ થઈ શકે તેમ છે.

આમ, આ અંદાજને માન્ય કરીએ તો કચ્છની આઠમા ભાગની વસતી માત્ર હસ્તકળા પર નિર્ભર છે. કચ્છમાં રોજગારી પ્રદાન કરવામાં ખેતી પ્રથમ તથા પશુપાલન બીજે નંબરે છે. અત્યાર સુધી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ત્રીજે નંબરે આવતો હતો તેમ મનાય છે, પણ આ આંકડા પ્રમાણે તો હસ્તકળા ત્રીજો નંબર લઈ શકે તેમ છે. ઉપરાંત, ખેતી કચ્છમાં તો ઋતુગત છે, પૂરા સમયનો વ્યવસાય નથી. આ ખાલી સમયમાં હસ્તકળા તરફ ઘણી કોમો વળે છે. આમ તો હસ્તકળાનું પણ તેવું જ છે. એટલે, પરસ્પર અવલંબિત છે. હસ્તકળાની બજાર વ્યવસ્થા જો વ્યવસ્થિત રીતે ગોઠવાય તો કચ્છની ગ્રામ્યપ્રજા માટે તે રોજગારીનું ખૂબ અગત્યનું માધ્યમ બની શકે તેમ છે.

નવી વસ્તુઓ બનાવવી શરૂ કરી છે- લાકડાના બટન જેવી- જે 'ગુર્જરી' જ ખરીદી લે છે. આ બધા છતાં તેનું ભાવિ ઉજ્જવળ દેખાતું નથી. ખમીસાભાઇઓ કળાને કારણે પ્રસિદ્ધ થયા હોવા છતાં તેમની આર્થિક સ્થિતિમાં કશો ફર્ક પડતો નથી. પરિણામે જીવન નિર્વાહ માટે બીજા નાના- આડધંધાનો આશ્રય લેવો પડે છે.

માટીકામ : કળાના ઈતિહાસનો દસ્તાવેજ

મનુષ્ય દ્વારા જે કળાઓ વિકસી છે તેમાં 'મૃણ્મૂર્તિ' અથવા 'માટીકામ' પ્રથમ વિકસી છે. જે પ્રાચીન સભ્યતાઓ વિકસી છે. તેના વિકાસનો અંદાજ ખોદકામથી પ્રાપ્ત થયેલ માટીના વાસણો દ્વારા કરવામાં આવે છે. આનંદકુમાર સ્વામીએ માટીકળાને 'ધાર્મિક સંસ્કૃતિ' તથા 'કળાના ઈતિહાસનો દસ્તાવેજ' કહેલ છે.

કચ્છમાં પણ અન્ય કળાઓ સાથે માટીકામનો વિકાસ થયો છે. રાજાશાહીમાં રાજાના ખાસ કુંભારો રહેતા, બન્ને વચ્ચે આત્મીય સંબંધો પણ હતા, છતાં તે સમય દરમ્યાન આ કળાને કોઇ વિશિષ્ટ પ્રોત્સાહન મળ્યાનો કોઇ દાખલો નોંધાયેલો નથી. પ્રોત્સાહન કાર્ય તો સ્વાતંત્ર્ય બાદ જ થયું છે.

આમ જોઇએ તો માટીકામ આર્થિક રીતે ઉપયોગીતા પર આધારિત છે. સમાજમાં તેની ચીજવસ્તુઓ દૈનિક ઉપયોગ માટે અથવા તો સામાજિક પ્રસંગોએ તેના વિનિમયને કારણે બનાવાય છે. તેમાં કળાનો સમન્વય થવાથી તે મનોરમ્ય બને છે. ઘોડીયાથી સ્મશાન સુધી માટીની વસ્તુઓનો ઉપયોગ થાય છે. જન્મ સમયે 'હાટડી', લગ્ન સમયે 'ચોરી'માંના ઘડા, માટીના ગણેશ અને મૃત્યુ સમયે અગ્નિ રાખવા માટીની હાંડલી- સર્વત્ર માટીકામની બોલબાલા છે. નવરાત્રીમાં ગરબા, દીવાળીમાં દીવડા- માટીકામ ! આમ, જન્મથી મૃત્યુ, ઉત્સવો તથા દૈનિક જીવનમાં માટીના વાસણો તથા વસ્તુઓનું મહત્વ રહ્યું છે.

કચ્છમાં આ બધી વસ્તુઓ વિપુલ બને છે. કેટલાક સ્થળો તો તેના આધારે પ્રખ્યાત છે. જેમ કે ભુજ માટીના રમકડાં માટે, અંજાર તાવડી માટે, તુણા માટલા માટે વગેરે.

પ્રક્રિયા : ગામના છેડે કે નદીમાંની ચીકણી માટીને ખોદી ઘરના ખૂણામાં ઠાલવવામાં આવે છે. તેના ગાંગડાઓને ખાંડી ઝીણો ભૂકો કરવામાં આવે છે. તેને ચાળી લોટ જેવો ઝીણો બારીક ભૂકો કરાય છે. તેમાં અન્ય માટી તથા પાણી ભેળવી પીંડો તૈયાર કરાય છે.

આ ભીના પીંડાને 'ચાકડા' પર મૂકી, બે હાથ વડે તેને સંકોરીને તેમાંથી વિવિધ વસ્તુઓ તૈયાર કરાય છે. પૂરો આકાર સર્જાયા પછી દોરીથી તેને જુદો પાડી બાજુમાં મૂકી દે છે. તેને સૂકાવાય છે. વસ્તુ અર્ધી સૂકાવાય ત્યારે 'ટીપવા'માં આવે છે. હવે તેનો સ્પષ્ટ આકાર બને છે, ત્યાર પછી તેને ગરમ કપડાંથી ઘસી લીસું બનાવવામાં આવે છે. જેથી ચમક આવે. હવે તેને પૂર્ણ પાકું- મજબૂત કરવા 'નીંભાડા'માં નાખવામાં આવે છે. વસ્તુ પર ગધેડા- ગાય કે ભેંસનું ખાતર નાખી આગ લગાવવામાં આવે છે. આઠથી ચોવીસ કલાક તેમાં તે તપે છે. હવે તે બરાબર મજબૂત બને છે. અહીં પ્રથમ તબક્કો પૂરો થાય છે.

બીજા તબક્કામાં વિવિધ રંગોથી તેના પર વિવિધ ડીઝાઇનો દોરવામાં આવે છે. ડીઝાઇનોમાં પુષ્કળ વૈવિધ્ય હોય છે. આડી- ઊભી લીટી, આડી દાંતી, બાંધણી, માંકોડી, કાનરી, બીજારો, વીંછી, દંતી, તોરણ, ડબલ તોરણ વગેરે નામે તે ઓળખાય છે. ડીઝાઇનો દોરતી બહેનોની એકાગ્રતા નીરખવા જેવી હોય છે. આ કાર્ય પૂરૂં થયા પછી તે દુકાને કે પ્રદર્શનમાં કે એમ્પોરીયમમાં વેચાવા ઉપડી જાય છે.

બુઢાચાચાએ વિદેશોમાં કળા પ્રદર્શન કર્યું હતું

આ કળામાં કેટલાક કારીગરો ખૂબ જ જાણીતા થયા છે. ચકાર-જાંબુડીના ઈસ્માઇલ સિદિક તથા તેના પત્ની આઇશાંબાઇ. બન્નેને ૧૯૮૨માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'સિદ્ધહસ્ત શિલ્પીઓનો રાષ્ટ્રીય એવોર્ડ' મળ્યો છે. તેઓ વિદેશ પણ જઇ આવ્યા છે.

બીજા એવા કલાકાર છે (હવે સ્વર્ગસ્થ) ઉમરમીંયા- બુઢાચાચા. તેમણે પણ અમેરિકા તથા રશિયામાં પોતાની કળાનો કસબ દેખાડી બધાને મુગ્ધ કરી દીધા હતા. તેમને પણ પ્રમાણપત્રો મળ્યા હતા.

આ ઉપરાંત, અંજારના મલુભાઇ રામજી (તાવડીઓ), ભુજના ઇબ્રાહીમ ભચુ તથા ઓસમાણ ભચુ વગેરે જાણીતા કસબીઓ છે.

અત્યારે આ કાર્ય કરનારા ઘટતા જાય છે ઓછા વળતરનું કામ કરવા કરતાં નોકરી કે અન્ય કામને તેઓ વધુ પસંદ કરે છે, સલામતીની દ્રષ્ટિએ ! આ કામ કરનારા મુખ્યત્વે ભુજ, ભારાપર, ધાણેટી, ડગાળા, ધમડકા, જાંબુડી, લીલપર, માધાપર, મુન્દ્રા, નાની ચીરઇ, અંજાર, તુણા, લોડાઇ, ગુંદીયાળી, લુણી, ભદ્રેશ્વર વગેરેમાં છે. નાના મોટા કારીગરો મળીને ૧૨૦૦ જેટલા કારીગરો છે. તેઓ વાર્ષિક ૨૨થી ૨૫ હજારનું કામ કરે છે.

કાચો માલ મોંઘો છે, બજાર વ્યવસ્થા ગોઠવાયેલ નથી, પૂરતા પ્રોત્સાહનનો અભાવ છે, નોકરશાહીની તકલીફો- વગેરેને કારણે કારીગરો ક્યારેક હતાશા અનુભવે છે. હસ્તકળા વિકાસ નિગમ રસ લે છે, પણ અપૂરતો ! વાસ્તવમાં તો પ્રજા આ કળાને પ્રોત્સાહન આપે તો જ કલાકારો ટકવાના !

ભીંત પર લીંપણકામ : ઘર શણગારની કળા

અત્યાર સુધી આપણે એવા હસ્તોદ્યોગો જોયા જેમાં કશીક વસ્તુ જાતમહેનતથી તૈયાર કરવાની હોય- હાથ વડે યા નાના-મોટાં સાધનની મદદથી,- પછી તે બજારમાં મૂકવામાં આવે, તે વેચાય અને તેના પૈસા મળે ! એટલે કે, આ હસ્તકળા એક વસ્તુગત હુન્નર હોય- વેચી શકાય તેવો !

પણ હવે જે હસ્તકળાનો વિચાર કરશું તે એક એવો હુન્નર છે જેનો ઉપયોગ, મુખ્યત્વે, ઘર શણગારવા થાય છે. તેને બજાર સાથે સંબંધ જ નથી. માટે તેની બજાર જ નથી.

આ હસ્તકળા છે 'લીંપણકામ' ગામડામાં નાનાં ઝુંપડાં જેવાં ઘરોમાં વસતા પશુપાલક લોકોનાં ઘરોની અંદરની દિવાલોના શણગાર માટે જે સુશોભન કરવામાં આવે છે, માટીનાં લીંપણની મદદથી, તેને લીંપણકામ કહે છે. શહેરી લોકો માટે તે એક ફેશનેબલ સુશોભન ગણાતું હશે, પણ ગ્રામ્ય લોકો માટે તે રોજિંદું અને સામાન્ય છે.

કચ્છમાં આ લીંપણકામના કુશળ કારીગરો તરીકે બન્નીના મુસ્લિમો તથા રબારીઓ ગણાય છે. આ કાર્ય મુખ્યત્વે બહેનો કરે છે, અત્યારે આ કુશળ કારીગરોમાં ભુજ તાલુકાનાં ભુજોડી ગામની બે રબારી બહેનો- હાંસુબાઇ અને ભચીબાઇ જાણીતી છે.



ભીંત પરનું લીંપણકામ : જીવનને રંગભર્યું, રસભર્યું બનાવવું હોય તો, નિર્જીવ ભીંતોને પ્રતીકો દ્વારા લીંપણથી સુશોભિત કરાય છે ત્યારે એ દીઠી ગમે છે તેમ જીવનમાં પણ એ પ્રતીકોના ગુણ ઉતારવાથી જીવન માણવા જેવું થાય એમાં શી નવાઈ ?

પ્રક્રિયા : એક રીતે જોતાં આ લીંપણકામની પ્રક્રિયા સરળ છે, એક ઘરેલુકામ જેવી, પણ તેની જે ખૂબી છે તે બે સમયે પ્રગટ થાય છે ! (૧) માટીનું મિશ્રણ તૈયાર કરવામાં અને (૨) ડિઝાઇનો તૈયાર કરવામાં. આ ક્ષણોએ કળાકારની પ્રતિભાનાં દર્શન આપણને થાય છે.

દિવાલ પર લીંપવા માટે જે મિશ્રણ તૈયાર કરવામાં આવે છે તે મુખ્યત્વે ઘોડો, ગાય કે ઊંટના છાણ તથા માટીમાંથી બનાવવામાં આવે છે. છાણનો હેતુ ભીંત પર મિશ્રણ ચોંટી જાય તે છે. ઘોડાનું છાણ મુખ્યત્વે ભુજમાંથી ખરીદે છે. માટી તો ગામમાંથી જ પ્રાપ્ય હોય છે.

આ મિશ્રણને તૈયાર કર્યા પછી આંગળીઓથી દબાણ આપી દિવાલ પર ચોંટાડવામાં આવે છે. દિવાલની સપાટી પર એકાદ સેન્ટીમીટર જેટલું પડ તૈયાર કરવામાં આવે છે.

કાર્ય શરૂ કરે તે પહેલાં તેઓ કોઇ આયોજન કરતાં નથી. દિવાલને બે ભાગમાં વહેંચી નાખે છે. ડિઝાઇનો મનમાં જ સ્ફૂરે છે, જે સીધી દિવાલ પર તૈયાર કરે છે. તેથી તેમની કોઇ પણ પેનલ એક સરખી હોતી નથી.

વિવિધ ભાતો પર જ્ઞાતિ અને ધર્મની અસર

લીંપણ પર તેઓ જે વિવિધ ભાતો તૈયાર કરે છે તેના પર જ્ઞાતિ તથા ધર્મની અસર રહે છે. મુસ્લિમો કેવળ ભૌમિતિક આકૃતિઓ જ બનાવે છે. તો રબારી સ્ત્રીઓ તે સાથે દેવતાઓ, પ્રાણી કે માનવ આકૃતિઓનાં પ્રતીકો પણ ઉમેરે છે. ડિઝાઇનોમાં વચ્ચે આભલાં મૂકે છે તેથી શોભા વધે છે. આ ડિઝાઇનો તથા દિવાલ સૂકાયા પછી તેને ધોળાય છે. આ સમગ્ર પ્રક્રિયાને તપાસવામાં આવે તો તેની ભાત (Pattern) ભરતકામને મળતી આવે છે.

પણ આ ભાતોને ઉપરછલ્લી રીતે ન જોતાં ઊંડાણથી તપાસવામાં આવે તો દરેક ભાતનું વિશિષ્ટ નામ અને તેની પાછળ આધ્યાત્મિક કે અન્ય પ્રતીકાત્મક મહત્ત્વ દેખાય છે. દા. ત. ઊંટ, પનિહારી કે મોર.

-રબારીઓ ઊંટના પશુપાલકો છે. તેઓ ઊંટને દૈવી વાહન ગણે છે. એટલે ઊંટ દૈવી પ્રતીક છે. સાથે તે માનવ- પશુ વચ્ચેના પ્રેમનું પણ પ્રતીક છે.

-કચ્છમાં વરસાદ ઓછો છે. તેથી દરરોજ પાણી ગામ બહારના કૂવામાંથી લાવવું પડે છે. આ કાર્ય દેખાય ગૌણ છે, પણ રોજિંદા જીવનમાં તેનું ખૂબ મહત્ત્વ છે. તે કાર્ય કરનાર આદરણીય વ્યકિત ગણાય છે. જે સ્ત્રી પાણી ભરવા જાય તેને 'પનિહારી' (પાણી લાવનાર) કહે છે, પાણી પૂરું પાડનાર ગણે છે. એટલે 'પનિહારી'નું ચિત્ર 'આ કાર્ય' પ્રત્યે આદર વ્યકત કરે છે.

-લોકજીવનમાં 'મોર' અગત્યનું પક્ષી ગણાય છે. મોર આમ તો સૌંદર્યનું પ્રતીક તો છે જ, પણ આ લીંપણકામમાં તેને સુખ, ફળદ્રુપતા અને ડહાપણનું પ્રતીક પણ ગણવામાં આવે છે.

આ ઉપરાંત, સાપ, વીંછી- જેવાં પ્રતીકોનો પણ ઉપયોગ કરાય છે. તે પર્યાવરણ સાથે સામાજિક તથા માનસિક ભૂમિકાનાં પણ પ્રતીકો છે. યોગનાં પણ !

દિવાલો પર લીંપણકામ ઉપરાંત અનાજની કોઠી, ગાદલાં રાખવાના કોઠલા, ગોખલા, વગેરે પર પણ લીંપણકામ કરવામાં આવે છે. તેના પર કૃષ્ણની લીલાનાં ચિત્રો પણ દોરવામાં આવે છે. ગોખલા વગેરે પરના લીંપણકામની વિશિષ્ટતા એ છે કે તેના પ્રભાવે ગોખલાની દિવાલનો અંદરનો ભાગ એટલો ઠંડો રહે છે કે ભરઉનાળામાં તે 'રેફ્રિજરેટર'નું કામ કરે છે. તેમાં મૂકેલ વસ્તુઓ બગડતી નથી અને સચવાય છે.

૧૯૫૪માં લીંપણકલા જગતમાં જાણીતી થઈ

૧૯૫૪ પહેલાં આ કળા ઘરમાં જ પૂરાયેલ હતી. બહારના જગતમાં જાણીતી ન હતી. ૧૯૫૪માં 'કલ્ચર ઓફ કચ્છ' નામે પ્રદર્શન યોજાયું તેમાં એક વસ્તુ રબારી બહેન પાલીમાએ દરવાજા પર કરેલ લીંપણકામ હતી. આ દરવાજાએ આકર્ષણ જમાવ્યું અને તે ઠેઠ ન્યુયોર્ક સુધી પહોંચેલો. ત્યારથી આ કળા પ્રકાશમાં આવી.

આગળ કહ્યું તેમ આ કળા ઘરેલું છે, બજાર માટે નથી. તેથી સીધી રીતે કમાણી નથી કરી આપતી, પણ પ્રસિદ્ધિ મેળવ્યા પછી હવે તે એક સુશોભન (Interior Decoration) તરીકે સ્વીકારાઈ છે. ફ્લેટ, ઘર, હોટેલ- વગેરેની ભીંતો પર આ કળા હવે સ્થાન પામી છે. મોટાં શહેરોમાં તે 'ફેશન'નો એક ભાગ બની છે.

હાંસુબાઈએ તો આ કાર્યને પરિણામે રાષ્ટ્રીય પારીતોષિક મેળવેલ છે.

સ્થાનિકે તો વણકરોના ઘરોમાં તે બનાવે છે. તેના બદલામાં વિનિમય સ્વરૂપે કપડું મેળવે છે. પ્રદર્શનોમાં આ કળાનું નિદર્શન કરાય છે. પણ તેનું વેચાણ તો શકય નથી બનતું, નિદર્શન માટે કમીશન મેળવે છે. હા, હોટેલો વગેરે માટે સરકારી એજન્સીઓ દ્વારા કામ મેળવે છે. પણ તેની માત્રા ઘણી નથી. તેથી તે મુખ્ય વ્યવસાય નથી બની શકતો.

એટલે, ફેશનને કારણે તે પરંપરાગત વ્યવસાય તરીકે અવશ્ય જાળવી શકાશે એવું દેખાય છે. વળી, આ કળા સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓ હજી રૂઢિચૂસ્ત છે તેથી પરંપરા જાળવવાનો પ્રયત્ન કરે છે. તેથી વધુ પડતી આધુનિક કે પ્રસારાત્મક નહીં બને.

તાળાં ઉદ્યોગ ધીમે ધીમે ઘસાતો જાય છે

આ હસ્તકળા પણ જૂની છે. ભૂતકાળમાં ભુજ, અંજાર, રેહા (ચકાર), ઝુરા તથા સુથરી તેનાં અગત્યનાં મથકો હતાં. અત્યારે પણ તાળાં બને છે. તેના મુખ્ય ઉત્પાદકોમાં ભુજમાં ઓસમાણ દાદા ખત્રી, અલીભાઈ તથા વિસનજી ગજ્જર મુખ્ય છે. ઝુરામાં કાસમભાઈ લોહાર, સુથરીમાં હિરાલાલ, ઈશ્વરલાલ તથા ગોવિંદજી લુહાર કામ કરે છે. સુથરીમાં એક લોહાર કુટુંબ દેશી તાળાં બનાવે છે.

તાળાં મુખ્યત્વે પીત્તળનાં હોય છે. તેના ભંગારમાંથી ગોળ, અર્ધગોળ, પાન આકારનાં તથા સામાન્ય આકારનાં તાળાં બનાવાય છે. કયારેક કોઈ વિશિષ્ટ પ્રસંગે ખાસ આકારનાં પણ તાળાં બનાવે છે.

તાળાં બનાવવાની રીત આ છે. પીત્તળના ભંગારને બીબામાં ઢાળી, ઉપરનાં બે પડ, પડ પરનું કવર, લીવર, ચાવી, ચાવીનાં કાણાનું ઢાંકણ તૈયાર કરે છે. પછી તેને કાનસથી ઘસી, યોગ્ય આકાર આપી, તેની સપાટીને લીસી બનાવે છે. પછી બધા ભાગોને ચૂંકથી જોડે છે. ચાવીને 'લીવર' મુજબ વિવિધ ખાંચા કાનસની મદદથી આપે છે. ચાવી તથા તાળાંને અંગ્રેજી આંકડા પણ આપે છે.

તેની ખાસીયતો પણ જાણવા જેવી છે. તાળાંની અંદર લીવરની ગોઠવણ એવી રીતે કરવામાં આવે છે કે ચાવી માટે રાખવામાં આવેલ કાણાં પરનું નાનું ઢાંકણ વિવિધ રીતે આગળ-પાછળ ખસેડયા પછી જ ચાવી અંદર નાખી ફેરવવામાં આવે તો જ તાળું ખુલે. આવી ગોઠવણ દરેક તાળામાં અલગ રીતે કરવામાં આવે છે. નાના તાળામાં લીવર ઓછાં હોય છે. તાળા ઉપરાંત લોખંડનાં ઈન્ટરલોક પણ બનાવે છે. જે બારી-બારણાં, કબાટ, તિજોરી વગેરેમાં લગાવી શકાય છે.


આ ઉદ્યોગ હવે ઘસાતો જાય છે. હવે જે ટેકનોલોજીનો વિકાસ થાય છે તેની સામે 'ગૃહઉદ્યોગ'નાં તાળાં મોંઘાં પડે છે. તેને ધનવાનો શોખ ખાતર ખરીદે છે. તેમાં મશિનરીનો ઉપયોગ ઓછો થતો હોવાથી ઉત્પાદન ઓછું થાય છે. તેથી મોંઘાં પડે છે. તેથી હવે તેના કારીગરો, અપવાદ બાદ કરતાં, અન્ય કાર્યો સાથે કરી જીવનનિર્વાહ ચલાવે છે.

લાકડાં પર કોતરકામ

હરિજનોની આંગળીઓની જે વિવિધ કમાલ જોવા મળે છે તેમાં લાકડા પરનું કોતરકામ પણ ગણી શકાય. ટીકવૂડ તથા બાવળના લાકડાં પર તેઓ કોતરકામ કરે છે. તેના પર ભૌમિતિક તથા ફળની ડિઝાઈનો તેઓ કરે છે, જે ખૂબ ઝીણવટભર્યું હોય છે.

તેઓ પલંગ, હિંચકો, ઘોડિયું, પુસ્તકોના ઘોડા, વેલણ, પંખાની દાંડી વગેરે પર કોતરકામ કરે છે. તેમાં સુંદર રંગો પૂરતાં આ કળાકૃતિઓ ઝળહળી ઊઠે છે.

આ કાર્યમાં ૨૫ જેટલા કારીગરો કામ કરે છે. વાર્ષિક સાઠ હજાર જેટલો માલ તૈયાર કરે છે. તેનાં મુખ્ય સ્થળો ડુમાડો તથા લુડીયા છે. તેમને સરકારી એજન્સીઓ તથા 'સૃજન' જેવી સંસ્થાઓ મદદ કરે છે.



લાકડા પરનું કોતરકામ

સમસ્યાઓથી ઘેરાયેલો સૂડી-ચપ્પુનો ગૃહઉદ્યોગ

એક સમયે જે ગૃહઉદ્યોગની બોલબાલા હતી અને કચ્છમાં આવતા પ્રવાસીઓ જેને લઈ જવા ગૌરવ અનુભવતા, તે ઉદ્યોગ હતો સૂડી-ચપ્પુનો ઉદ્યોગ. આજે આ ગૃહઉદ્યોગ ડામાડોળ થઈ ગયો છે. આગળનું ગૌરવ ગુમાવી બેઠો છે.

પ્રક્રિયા : આ ગૃહઉદ્યોગ વિષે કહેવાય છે કે તેની વસ્તુઓ 'કાર્બન સ્ટીલ'માંથી બનાવાય છે, પણ વાસ્તવમાં, તે વસ્તુઓ પીત્તળના ભંગારમાંથી જ બનાવાય છે. પ્રથમ તો આ ભંગારને ભઠ્ઠીમાં ('મુસ') ગાળી નાખવામાં આવે છે. ત્યાર પછી વિવિધ બીબામાં તેને નાખી જે વસ્તુ બનાવવી હોય તેનો આકાર અપાય છે. પછી તેના વિવિધ ભાગોને ચૂંકથી જોડે છે. વસ્તુ તૈયાર થઈ જાય પછી તેને પાલીશ કરે છે અને ધાર આપે છે. તેને રંગની ઝાંય આપવા ભઠ્ઠીમાં નાખે ત્યારે રાખનો રંગ પીત્તળ પર ચડે છે. જ્યાં ફરી સફેદ રાખવું હોય ત્યાં ફરી પાલીશ કરી ધાર આપે છે.

આ વ્યવસાયમાં મુખ્યત્વે તો સૂડી, ચપ્પુ તથા છરી બનાવે છે. પણ સાથે તલવાર, ભાલા, કુહાડી જેવાં સાધનો પણ તૈયાર કરે છે.

વસ્તુને આકર્ષક બનાવવા તેને વિવિધ આકારો આપે છે. દા. ત. ચપ્પુના માછલી, પીસ્તોલ, પેન, બૂટ, સીસા, ચાવી વગેરે આકારો બનાવે છે, તો સૂડીને ઘૂઘરીવાળી, મોર ડિઝાઈન, સ્પ્રીંગવાળી, મોનો-વગેરે બનાવે છે. સૂડીમાં તો ત્રાંબું, પીત્તળ તથા ચાંદીનો પણ ઉપયોગ કરે છે. ચપ્પુમાં ગાય-ભેંસનાં શિંગણાનો ઉપયોગ કરે છે.

આ વસ્તુઓ બનાવવા માટે સાંધાડો (Grinder) મોટર, એમ્બ્રીવીલ, સરણ,


મુસ, બીબાં, કપડામી બફ (પાલીશ કરવા), પટ્ટા, બ્રશ વગેરે સાધનો હોય છે. તો ટીપવાનાં સાધનો એરણ, હથોડા, સીરાઇ, ધમણ- વગેરે પણ ઉપયોગમાં લેવાય છે.

એક વસ્તુ એક જ કારીગર નથી બનાવતો. ૫ થી ૬નું જૂથ આખી વસ્તુને જુદી જુદી પ્રક્રિયામાં વહેંચી બનાવે છે. પરિણામે કામ ઝડપથી થાય છે. તેથી રોજના સરાસરી છ ડઝન જેટલા ચપ્પુ (વગેરે) બને છે.

એક સમય હતો જ્યારે આ ગૃહઉદ્યોગમાં એ. સુમાર જુણસનું નામ પ્રખ્યાત હતું. A. S. J. તથા માછલીનું નિશાન- એટલે સૂડી- ચપ્પુ શ્રેષ્ઠ હોવાની ખાતરી ! આજે હવે એ સ્થિતિ નથી રહી. તેના વંશજો અલગ થઇ જવાથી પોતપોતાની રીતે તે વ્યવસાય ચલાવે છે.

આ વ્યવસાય માટે રેહા (ચકાર), અંજાર તથા ભુજ જાણીતાં છે.

આ ધંધો સાવ તો નબળો નથી પડયો. આજે કારીગર રોજના ૧૫૦ રૂા. જેટલા કમાઇ શકે તેમ છે. પણ તેમાં કેટલીક તકલીફો છે. વર્ષા તથા લગ્નની ઋતુ પછીના બે માસનો સમય ધંધો ઢીલો પડી જાય છે. એટલે, હકીકતમાં વર્ષમાં સાત માસ જ આ ધંધો ચાલે છે અને તેમાં જે કમાણી થાય તે બાર માસ ચલાવવી પડે છે. વળી, કારીગરને બધા સાધનો ખરીદવા માટે જે નાણું જોઇએ તે કયારેક પોતા પાસે ન હોવાથી વેપારી પાસેથી લે છે. તેથી તે સતત દેવામાં રહે છે. કારીગરો તેથી મોટે ભાગે આર્થિક રીતે ઊંચા નથી આવતા. કારીગરો પોતે વેચાણમાં નથી (સુમાર જુણસ અને થારીયા સિવાય) તેથી જે વળતર મળે છે તે વેપારી લઇ જાય છે અને વેપારી તેમનું શોષણ કરે છે. પરિણામે કારીગરોમાં હતાશા છે. સરકાર તરફથી પ્રોત્સાહન ઓછું છે. જે સંસ્થાઓ મદદ કરે છે તે વધુ કમિશન માગે છે જે કારીગરને નથી પોષાતું. આ બધા કારણોને લઇ, ધંધો વિકસી શકે તેમ હોવા છતાં તેનો યોગ્ય વિકાસ થતો નથી. વળી, બારે માસ કામ ન હોવાથી અન્ય કામ કરવું પડે છે. નવી પેઢીને તેમાં રસ નથી પડતો. મોંઘવારી પણ હેરાન કરે છે.



જીવનમાં રણકાર જરૂરી છે : ખરક કામ

આ બધા છતાં વર્ષે કરોડ રૂા. જેટલો વેપાર આમાં થાય છે.

ખરકી (ઘંટડી) કામ

પશુપાલકો તેમના પશુઓની ડોક પર નાની મોટી ઘંટડી બાંધે છે. તેને 'ખરકી' કહે છે. તેનો સુરીલો ધ્વનિ મોહક હોય છે.

પ્રક્રિયા : ડામરના પીપના પતરાં કે અન્ય જાડાઇવાળા પતરાંને ટીપી, સમાતંર કરી તેને ગોળાકાર બનાવાય છે. તેની ઉપરનો ભાગ બંધ રહી શકે તે રીતે ઉપર ટોપી આકારે બીજું પતરૂં તૈયાર કરાય છે. આ ટોપી પર કડું રાખવામાં આવે છે. લોખંડ પર તાંબા-પીત્તળનું પાણી ચડાવાય છે, તૈયાર કરેલ ખરકીમાં પાણી તથા ટંકણખારમાં પલાળેલ ભૂકાને અંદર તેમજ બહારની બાજુએ લગાડવામાં આવે છે. આ ભૂકો ભઠ્ઠીમાં ઉખડી ન જાય માટે ખરકી પર ચારેકોર એક ખાસ પ્રકારની ચીકાશવાળી માટી પાણીમાં પલાળીને લગાડવામાં આવે છે. ત્યારે ખરકીનું મોઢું પણ માટી વડે બંધ કરવામાં આવે છે.

ભઠ્ઠી પણ ખાસ પ્રકારે તૈયાર કરે છે. તેમાં ઝીણી કોલસીથી ખરકીને પકાવે છે. કોલસીની તીવ્ર ગરમીને કારણે તાંબા-પીત્તળનો ભૂકો પ્રવાહીરૂપે ફેરવાઇ આખી ખરકી પર ચોંટી જાય છે. પછી ખરકીને કાઢી, માટી દૂર કરી, ખરકીમાં 'લાર' બેસાડવામાં આવે છે- ડંકા માટે ! તેમાં ખાસ કરીને ખીજડો કે સીસમના વજનદાર લાકડાંનો ઉપયોગ કરાય છે.

પ્રકાર : (૧) નાની પ્રકારની ખરકીને 'મટરી' કહે છે, જે ગાડરીયા, લવારીયાના ગળામાં બંધાય છે. (૨) મધ્યમ પ્રકારની ખરકીને 'છડક' કહે છે, જે ઘેટાં- બકરાંના ગળામાં બંધાય છે. (૩) મોટા પ્રકારની ખરકીને 'ઢંભરો' કહે છે, જે ગાય- ભેંશના ગળામાં બંધાય છે.

આ દરેક ખરકીમાં સંગીતના સૂરો અલગ અલગ હોય છે. તેને આધારે પશુની ઓળખાણ થાય છે. તેના પણ નામ છે. ઘેટાં- બકરાંના સૂરને 'સરૈ' કહે છે. ગાયના સૂરને 'રચોથોડ' કહે છે, ઊંટના સૂરને 'હડક' કહે છે. આ રણકારો જુદા પડે છે તેનું કારણ, તેનો આધાર, કિનારી પર બનાવેલ ગોળ ધાર પર છે. એટલે ચરવા જતી-આવતી વખતે પશુ કયાંય આડુંઅવળું થાય ત્યારે ઘંટડીના અવાજથી તે કયાં છે તે ખબર પડી જાય, તેથી શોધવામાં સરળ પડે તથા કયું પશુ છે તેનો પણ ખ્યાલ આવી જાય, તેને તેના માલિકને પહોંચાડી શકાય. આમ, પશુપાલકો વગડામાં બેઠે બેઠે તેના પર ધ્યાન રાખી શકે છે. એવો અભિપ્રાય છે કે રાત- દિવસ જો ગળે બાંધી રખાય તો તેની વિપરીત અસર પણ પડે છે. તેથી રાતે છોડી પણ નાખે છે.

આમ, ઉપયોગની વસ્તુ છે. પણ હવે તેમાં કારીગરી ઉમેરાઇ છે. હવે તેના પર નકશીકામ પણ કરાય છે.

હવે તેનો ઉપયોગ હોટેલો તથા ઘરોમાં પણ ફેશન તરીકે કરાય છે. આવી ખરકીમાં ઉપર-નીચે ૫-૭ નાની નાની ઝુમ્મર સ્વરૂપે ખરકીઓ હોય છે. તેમાં જુદો જુદો ધ્વનિ રાખે છે. થોડી હવાની લહેરખી આવે તો બધી ખરકીઓ કંપિત થઇ ઊઠે છે અને હવામાં તેનો સરગમ જેવો સૂર તરવા લાગે છે. વાતાવરણમાં માધુર્ય પ્રસરે છે. તેનું આકર્ષણ વધતું જાય છે.

ઝુરા તથા નિરોણા તેના મુખ્ય મથકો છે. નિગમ દ્વારા તેનું વેચાણ તો થાય જ છે, પણ વ્યક્તિગત રીતે પણ તેનો ઉપાડ ખૂબ થાય છે. વિદેશોમાં પણ તેનું આકર્ષણ વધતું જાય છે.

'તેના જાણીતા કારીગર હુસેન સિદિક લુહાર (નિરોણા) છે.

કચ્છનો કામણગારો કસબ : ચાંદીકામ

બહાર રહેતા કચ્છી લોકો વતનમાં આવે ત્યારે વળતે ચાંદીના ઘરેણાં અવશ્ય લઇ જાય, કારણમાં જણાવે કે કચ્છની ચાંદી કાળી પડતી નથી. જે ટેકનિકથી કચ્છના કારીગરો ચાંદીના ઘરેણાં બનાવે છે તે અન્યત્ર નથી થતું.

કચ્છમાં બનતા ઘરેણાંઓના આકાર, વજન અને કારીગરી પ્રમાણે પંચોતેરથી સતાણું ટચના દાગીનાઓમાં ચાંદીની મેળવણી જસતની કરવામાં આવે છે. આવા ઘરેણાંને 'જસ્તી' કહેવાય છે. દા. ત. દસ ગ્રામની ચાંદી પંચોતેર ટચની થઇ, એટલે જેટલા ટચના દાગીના બનાવવા હોય તેમાં મેળવણી જસતની કરવામાં આવે છે. બહાર બનતા ઘરેણાંઓમાં મેળવણી ત્રાંબાની કરાય છે, જે તે ખારૂં પાણી, પરસેવો, સાબુ વગેરેનો સ્પર્શ થાય તો કાળા પડી જાય છે.

અઢારમી સદીમાં રાવ લખપતજીએ રામસિંહ માલમની મદદથી ચાંદીકામ-મીનાકામની હુન્નરશાળા ઊભી કરી. તેથી તેનો વિકાસ થયો. ઘરેણાં ઉપરાંત નકશીવાળી તલવારની મ્યાન, છરી, કલાત્મક ડબરા, અત્તરદાની, કાંટા-ચમચા, થાળી-વાટકા, વાઇન ગ્લાસ, ફોટો ફ્રેમ, ફલાવર પોટ, ટી સેટ વગેરે પણ બનાવે છે.

જૂના ઘરેણાંમાં પોચી, કડલા, વીંટી, બુધા, ઝરમર, ચેનવાળા હાર, કંદોરા, પાટલા, બંગડી, પીન, પગની માછલી, ઝાંઝર, નથડી વગેરે બનતા. આજે હાંસડી, દોરીયા, ચોટલા, ઝૂડા, સાડીબેલ્ટ, પાટલાપીન, બાજુબંધ, પૂજાનો સામાન, મૂર્તિઓ બનાવે છે.

આહીર, રબારી, ભરવાડ, કડવા પાટીદાર, લેવા પાટીદાર, હરિજન, જત, સોઢા, સિંધી વગેરે જાતિઓમાં પરંપરાગત ચાંદી કળાના ઘરેણાં પહેરાય છે. તેમણે હજી સુધી તેના આકાર, વજન વગેરેને યથાવત જાળવી રાખ્યા છે. હવે તો ફેશન તરીકે અન્ય લોકો પણ તેનો ઉપયોગ કરે છે.

આનું બજાર વિશાળ છે, તેનું મુખ્ય કેન્દ્ર ભુજ છે. અહીં પુષ્કળ કારીગરોને બારે માસ સરળતાથી રોજી મળે છે. તેને સરકારની સહાયની આવશ્યકતા નથી.

અન્ય : આ સિવાય બીડવર્ક, શંખના રમકડાં, તાડના પાંદડાંના રમકડાં, ઢીંગલીઓ, ડિચ્ચાર્જ પ્રિન્ટીંગ વગેરે નાના ગૃહઉદ્યોગો પણ કચ્છમાં છે.

વિકાસ માટેની સંસ્થાઓ

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સરકારને તૂટતા જતા ગૃહઉદ્યોગોને પુનર્જીવિત કરવા નક્કર પગલાં લેવાની આવશ્યકતા જણાઇ. તેથી કેન્દ્ર તથા રાજ્ય સરકારોના સ્તરે ઘણી યોજનાઓ શરૂ થઇ છે. તેનો હેતુ 'દેશના કારીગરોને આર્થિક તથા સામાજિક લાભો પહોંચાડવા તથા તેમની કળાને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રોત્સાહન આપવું' છે. તેમને 'કુટિર ઉદ્યોગો'માં સમાવાયા છે. તેમનો રોજગારીના માધ્યમ તરીકે સ્વીકાર થયો છે, સાથે નિકાસ દ્વારા વિદેશી ચલણ મેળવવાના માધ્યમ તરીકે પણ સ્વીકૃત થયેલ છે.

પ્રથમ બે યોજના દરમ્યાન સરકારને તેના વિકાસ માટે સલાહ આપવા ૧૯૫૨માં 'ઓલ ઈન્ડિયા હેન્ડીક્રાફટ બોર્ડ'ની સ્થાપના કરાઇ. તેને આધારે ત્રીજી યોજનામાં હસ્તોદ્યોગોના વિકાસ માટે પગલાં લેવાના સૂચનો થયા તથા તેની સમસ્યાઓ પર ધ્યાન અપાયું. સમાંતરે રાજ્યોમાં 'સ્ટેટ ક્રાફટ ડેવલપમેન્ટ એજન્સી' શરૂ થઇ.

કચ્છમાં ૧૯૫૪માં 'ખાદી કમિશન' આયોજિત એક પ્રદર્શનથી હસ્તકળાઓ પ્રગટ થઇ. ૧૯૭૬માં ભુજમાં 'હેન્ડીક્રાફટ માર્કેટીંગ એન્ડ સર્વિસ એકસચેન્જ સેન્ટર' (H.M.S.E.C.) શરૂ કરાયું છે. તેના કાર્યોમાં એપ્રેન્ટીસ ટ્રેનીંગ યોજના, કાચા માલ માટે સહાય, ડીઝાઇન તથા ટેકનીકલ સહાય, ઘસાતી કળાના પુનર્જીવનના પગલાં, કારીગરોને બજાર સાથે સંપર્ક કરાવવો, ઉત્પાદિત માલ માટે પ્રોત્સાહન, બેન્ક લોન માટે માર્ગદર્શન, સહકારી સંસ્થા સ્થાપવા માટે સહાય અને માર્ગદર્શન, ઓછા જાણીતા ગૃહઉદ્યોગોને દેશના વિવિધ ભાગોમાં યોજાતાં પ્રદર્શનોમાં પહોંચાડી તેમને પ્રસિદ્ધિ આપવી, બજાર પૃથ્થકકરણ કાર્યક્રમો યોજી કારીગરોને માહિતી આપવી, સેમિનારો યોજવા વગેરે છે. આ સંસ્થાએ હુન્નર ઉદ્યોગોની સમસ્યાઓની મોજણી કરી છે જેના પરિણામે 'કાર્યક્ષમ કારીગરો'ની યાદી ૧૯૯૨માં પ્રગટ થઇ છે. તે દર વર્ષે રાષ્ટ્રીય એવોર્ડ માટે કારીગરોના નામ પસંદ કરી મોકલાવે છે. જેને તે મળે છે તેને રાષ્ટ્રપતિના હાથે ૧૦,૦૦૦ રૂા., તામ્રપત્ર તથા અંગવસ્ત્રમ્ મળે છે. તે રીતે મેરિટ સર્ટીફીકેટ માટે પણ પસંદ કરે છે. અત્યાર સુધી કચ્છના ૨૪ કારીગરોને રાષ્ટ્રીય એવોર્ડ તથા ૧૬ મેરિટ સર્ટીફીકેટ મળ્યા છે. સમગ્ર દેશમાં સૌથી વધુ આ ઇનામ કચ્છે મેળવ્યા છે.

સંસ્થા કાચો માલ મેળવવા કારીગરોને બેન્ક પાસેથી લોન મેળવવા માર્ગદર્શન આપે છે. આમ તો તે વિષય રાજ્યનો છે, તેથી તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કાર્ય કરાવે છે.

કારીગરો જે સાધન વાપરે છે તેમાં સુધારા વધારા થાય માટે તે દિલ્હી, કલકત્તા, ભોપાળ વગેરે કેન્દ્રોમાં 'ડીઝાઇન સેન્ટર'ને આમંત્રણ આપે છે. કારીગરોને ત્યાં મોકલાવે છે. તેઓ આ સેન્ટરે તૈયાર કરેલ સાધનો જોઇ તેને અપનાવી શકે છે.

વળી, તે 'એપ્રેન્ટીસ તાલીમ યોજના' પણ ચલાવે છે, જેમાં જે કારીગરને એવોર્ડ મળ્યો છે તેને પસંદ કરી રૂા. ૧૫૦૦થી રોકે છે. તેના પાસે તે કળા શીખવાની ઇચ્છાવાળા 'તાલીમ'ને મોકલે છે જે તે મહિને રૂા. ૨૫૦ આપે છે. આ દ્વારા કળા



માટી કામ : સાર્થકતા ઘાટ અને ગુણ બેયની

જીવતી રહે તથા નવી રોજગારી ઊભી થાય તેવા પ્રયાસો કરે છે.

આમ, આ કચેરી મુખ્યત્વે વિકાસ કરવામાં મદદ કરતી એજન્સી છે.

આ કચેરી સમગ્ર વિસ્તારમાં એક જ છે, તેથી તેનું મહત્ત્વ ખૂબ છે. પરંતુ તે પણ તકલીફો ભોગવે છે. માત્ર પાંચના સ્ટાફથી સમગ્ર રાજ્યનું કામ કરવું લગભગ અશકય છે. પરિણામે ઘણા અગત્યના કાર્યો નથી થઇ શકતા. આને કારણે ઓફિસ પાસે અદ્યતન માહિતી નથી. કારીગરોની છેલ્લી મોજણી ૧૯૯૨માં કરાવી છે. ત્યાર પછીની માહિતી નથી મળતી. વળી, નાણાંના અભાવે જે કામ થાય છે તે 'ડોકયુમેન્ટેડ' નથી. તૈયાર અને અદ્યતન માહિતી તેઓ આપી શકતા નથી.

ગુજરાત રાજ્ય હસ્તકળા વિકાસ નિગમ

ગુજરાત સરકારે 'ઉદ્યોગ તથા નાણાં ખાતાં' નીચે ૧૯૭૮-૭૯માં ભુજમાં આ નિગમની કચેરી શરૂ કરી છે. તેનો હેતુ મુખ્યત્વે નાના કારીગરોને વેચાણમાં મદદ કરવી અને નવા રંગો તથા ડીઝાઇનો વિષેની માહિતી પૂરી પાડવી તે છે. તે કારીગરો પાસેથી માલ ખરીદી બહાર વેચે છે અને કારીગરને સારૂં વળતર આપે છે. તે પોતે તો ખરીદી કેન્દ્ર છે. વેચાણ તે 'ગુર્જરી' દ્વારા અમદાવાદ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, લખનૌ, બેંગ્લોર, હૈદરાબાદ તથા મુંબઇના કેન્દ્રો દ્વારા કરાવે છે. ૧૯૮૦-૮૧માં તેણે છ લાખ ૮૮ હજારનું વેચાણ કર્યું છે. ૧૯૯૩-૯૪માં એક કરોડ, ઓગણપચાસ લાખ અને ત્યાસી હજારનું વેચાણ કરેલ છે.

નિગમ 'એડીશનલ એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્લાન' (A.E.G.P.) ૧૯૯૨થી ચલાવે છે. તેમાં કારીગરોને કામ મળે તે હેતુ છે. ૧૯૯૫-૯૬નું લક્ષ્યાંક આ છે.

૦ સ્ટેપ- ૧ યોજના - ૩૦ લાખનું કામ, ૬૦૦ કારીગરોને રોજગારી.
૦ સ્ટેપ- ૨ યોજના - - ૪૦ લાખનું કામ, ૮૦૦ કારીગરોને રોજગારી.
૦ A.E.G.P. યોજના - ૨૦ લાખનું કામ, ૪૦૦ કારીગરોને રોજગારી.
૦ સામાન્ય યોજના - ૧૦ લાખનું કામ, ૫૫૦ કારીગરોને રોજગારી.

આમ, સમગ્ર વર્ષ દરમ્યાન ૧ કરોડનું કામ કરાવી કુલ ૨૩૫૦ કારીગરોને રોજગારી આપવાનું ધ્યેય છે.


આ નિગમ દ્વારા જિલ્લાના નવ તાલુકાના ૧૮૯ ગામોમાં ૪૫૦૦થી વધુ પરિવારોને રોજગારી મળે છે. તેમાં રાપરના ૭ ગામ, ભચાઉનું ૧, અંજારના ૧૪, મુન્દ્રાના ૮, માંડવીના ૬, ભુજના ૯૩, નખત્રાણાના ૩૩, અબડાસાના ૧૧ તથા લખપતના ૧૬ ગામોનો સમાવેશ થાય છે.

આ કચેરીને પણ સરકારી મર્યાદાઓ છે તે નડે છે. અત્યારે તેના કોઇ વડા નથી. 'ઇન્ચાર્જ'થી ચલાવે છે. માત્ર ત્રણનો સ્ટાફ ભારે વિશાળ કામની જવાબદારી ઊઠાવે છે. અહીં પણ અદ્યતન માહિતી નોંધાયેલી નથી તેથી પૂરી માહિતી મેળવવામાં તકલીફ પડે છે. સરકાર જો પૂરી સગવડ આપે તો આ નિગમ સારૂં કામ કરી શકે તેવી શકયતાઓ છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

ભુજમાં તેની કચેરી છે. તે સબસીડાઇઝડ લોન, સહકારી મંડળી સ્થાપવી વગેરેમાં માર્ગદર્શન આપે છે. લોનમાં S.T., S.C.ને ૧૦,૦૦૦ પર ૫૦ ટકા તથા અન્યોને ૩૩ ટકા સબસીડી આપે છે. ૧૦,૦૦૦થી વધુ પર સબસીડીના ટકા ઘટે છે. વધુમાં વધુ ૬૦,૦૦૦ મળે છે. સહકારી સંસ્થાને વધારે સબસીડી મળે છે. તેથી તે સ્થાપવા જિ. ઉ. કેન્દ્ર ગ્રામ્ય કારીગરોને તે માટે પ્રોત્સાહન તથા માર્ગદર્શન આપે છે. કારીગરોને સાધનો માટે ખર્ચના ૭૫ ટકા આપે છે.

ઉપરાંત તે 'ક્રાફટ ટ્રેનીંગ' કાર્ય ચલાવે છે. નાના કારીગરો માટે તે 'ઓલ ઇન્ડિયા હેન્ડીક્રાફટ વીક'માં પ્રદર્શનમાં ભાગ લે છે. તે માટે ઇનામો આપે છે. ૫ ટકા રીબેટ



હસ્તકળાના ઝવેરી : શ્રી વઝીર

કચ્છની હસ્તકળાના વિકાસ માટે વિવિધ સંસ્થાઓ તો કાર્ય કરી જ રહી છે. છતાં, વ્યાપારીકરણના પ્રભાવથી, અસલ હસ્તકળા તો ધીમે ધીમે લુપ્ત થતી જ જાય છે ત્યારે આ મૂળ કળાને-કળાના નમૂનાઓને સાચવી લેવા એ અગત્યનું કાર્ય બનતું જાય છે. આમ તો આ કાર્ય સંગ્રહાલયોનું હોય, પણ, કચ્છના સદ્દભાગ્યે, વ્યકિતગતસ્તરે પણ આ વિરલ કાર્ય થઇ રહ્યું છે. કચ્છના અને કચ્છ બહારના પણ- હસ્તકળાના ઉત્તમ નમૂના જોવા હોય તો એક જ વ્યકિત તરફ નિશ્ચિત રીતે નજર કરી શકાય છે, તે છે શ્રી એ. એ. વઝીર.

વિવિધ હસ્તકળાઓની વિવિધ ભાતને વ્યકત કરતા ઓછામાં ઓછા ૩૦૦૦ નમૂના ધરાવતા શ્રી વઝીર હસ્તકળાઓના અભ્યાસ માટે ઝંખતા સમગ્ર વિશ્વના સંશોધકો તથા કળાકારો માટે એક રણદ્વીપ સમાન રહ્યા છે. ૮૦ થી ૧૦૦ વર્ષ જૂના આ પરંપરાગત કળા ધરાવતા નમૂનાઓ તે આપણા સામે મૂકે છે ત્યારે સ્તબ્ધ થઇ જવાય છે. કચ્છની હસ્તકળાના આ નમૂનાઓ સાથે સમગ્ર ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાનની હસ્તકળાઓના શ્રેષ્ઠ નમૂનાઓનો સંગ્રહ પણ તે ધરાવે છે, તેથી તુલનાત્મક અભ્યાસ માટેની ઉત્તમ તક સંશોધકોને મળી રહે છે.

ડુમરામાં જન્મેલા શ્રી વઝીર બાળપણમાં પાયલોટ થવાની ઇચ્છા ધરાવતા હતા. થયા વાણિજયના સ્નાતક અને પછી ચિત્ર તરફ વળ્યા. સંયોગવસાત તે હસ્તકળાઓ તરફ રુચિ ધરાવતા થયા. પછી તો મુંબઇમાં નિષ્ણાતો આગળ ઊંડો અભ્યાસ કર્યો. છેલ્લા ૨૫ વર્ષથી આ વિષયમાં તે ઊંડાણથી સંશોધન કરી રહ્યા છે અને પરદેશથી જે વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરે છે તેમને માર્ગદર્શન આપી રહ્યા છે. અમદાવાદની, 'નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડિઝાઇન', કચ્છની 'સૃજન' અને ઇંગ્લેન્ડની એમ્બ્રોઇડર્સ ગીલ્ડ તથા યુનિવર્સિટી ઓફ કેલીફોર્નિયા, તથા એન્વાયરમેન્ટ ડિઝાઇન વગેરે સંસ્થાઓ પણ તેમની 'પુરાતન કળાના સલાહકાર' તરીકે સેવા લઇ રહ્યા છે. સને ૧૯૯૧માં ઇંગ્લેન્ડ અને ફ્રાંસમાં એમ્બ્રોઇડર્સ ગીલ્ડ અને અન્ય હસ્તકળા સંસ્થાઓમાં સ્લાઇડ કમ લેકચર્સ માટે બે મહિના રહ્યા હતા. તે સાથે મુંબઇ-અમદાવાદ-ભુજ તેમના આ પરંપરાગત ઉત્તમ નમૂનાઓનાં પ્રદર્શનો પણ યોજાયાં છે અને તે બહોળો આવકાર પામ્યાં છે.

આજે જ્યારે આ કળાઓ ઘસાતી જાય છે ત્યારે એક કૃપણ જેમ પોતાની મિલકતને જીવથી પણ વધારે સાચવે, તેમ વઝીર પણ આ અમૂલ્ય મિલકતને જાળવી રહ્યા છે અને તેના ચાહકો સામે તેને પ્રદર્શિત કરી રહ્યા છે.

આપે છે. દેશના અન્ય ભાગોમાં ભરાતાં પ્રદર્શનોમાં જવા કારીગરોને મદદ કરે છે. અત્યાર સુધી તેના દ્વારા બારથી પંદર હજાર કારીગરોને રોજગારી મેળવવામાં મદદ થઇ છે.

તેને પણ સરકારી 'તકલીફો' છે. કયારેક કારીગરોને પણ તકલીફો પડે છે.

ગુર્જરી : આ સંસ્થા સરકારીસ્તરે ગૃહઉદ્યોગોના વેચાણનું કામ સંભાળતી મુખ્ય સંસ્થા છે. તેનું મથક ગાંધીનગર છે. તેનું પોતાનું મોટું એમ્પોરીયમ છે. છ સ્થળોએ તે વેચાણ કેન્દ્રો ધરાવે છે. વિદેશીઓમાં તે ખૂબ લોકપ્રિય છે.

તે કારીગરોનું વચેટીયા લોકોથી શોષણ થતું અટકાવે છે. તે પોતે કારીગરોને સીધા ઓર્ડર આપે છે. વળતર પણ વધુ આપે છે. તે સાથે કારીગરોને માલ બનાવવામાં માર્ગદર્શન પણ આપે છે.

રાજ્ય પ્રવાસન ખાતું : તે મુખ્યત્વે પ્રવાસીઓને ગૃહઉદ્યોગો વિષે માહિતી આપે છે. થોડા સમયથી 'કચ્છ ફેસ્ટીવલ' શરૂ કર્યો છે, પણ સ્થાનિક લોકોનો સહકાર ન લેતું હોવાથી તે નિષ્ફળ જાય છે.

બિનસરકારી સંસ્થાઓ : 'દસ્તકાર' : મહિલાઓ દ્વારા આ સંસ્થા ચાલે છે. પરંપરાગત હસ્તોદ્યોગોને જાળવવા તથા કારીગરોની સ્થિતિ સુધારવા પ્રયાસ કરે છે. તે કારીગરોને બજારની સગવડ પૂરી પાડે છે. સલાહ- માર્ગદર્શન પણ આપે છે. તેનું 'ક્રાફટ કોમ્પ્લેકસ' દિલ્હીમાં છે. કચ્છમાં પાંચ ગામોમાં રબારી બહેનો સાથે, સુમરાસરમાં હરિજનો સાથે તથા મોટી છેરમાં સોઢા રજપૂત બહેનો સાથે કામ કરે છે. તેના પ્રયાસથી ભરતકામ કરતી બહેનો મહિને ૩૦૦થી ૩૫૦ રૂા. કમાય છે.

વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુટ : આ સંસ્થા મુખ્યત્વે તો ખેતી પર કામ કરે છે, પણ કચ્છના સૂકા વિસ્તારોમાં પૂરક રોજી માટે 'રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ' ચલાવે છે. તેમાં બાંધણી, ક્રોસટીચ, મોતી, ઇલેકટ્રીક, ભરતકામ વગેરેમાં તાલીમ આપે છે. આ દ્વારા બેરોજગાર લોકોને રોજી પૂરી પાડવામાં મદદરૂપ થાય છે. તે ઉત્તમ કામ કરે છે.

સૃજન :- કચ્છમાં જે સંસ્થાઓ ગૃહઉદ્યોગોના વિકાસ માટે કામ કરે છે તેમાં આ ઉત્તમ સંસ્થા છે. તે કારીગરોને તાલીમ આપે છે, નવી ડિઝાઇનોમાં પણ માર્ગદર્શન આપે છે. તેને કાચો માલ પૂરો પાડે છે. માલ વેચવા બજારની સગવડ પણ તે આપે છે. ભુજોડીમાં તેનું 'હસ્ત શિલ્પ કેન્દ્ર' ખૂબ જ આકર્ષણ ઊભું કરે છે.

અન્ય :- આ સિવાય 'સેવા' સંસ્થા પણ હમણાં આ ક્ષેત્રમાં પ્રવેશી છે. સાથે કચ્છ મહિલા વિકાસ સંગઠન, આયના મહેલ ટ્રસ્ટ, કચ્છ મ્યુઝિયમ, ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ કેન્દ્ર, શ્રેયસ ફાઉન્ડેશન (અમદાવાદ), લીલપરનું ભીમાણી ખાદી કેન્દ્ર વગેરે સંસ્થાઓ પણ હસ્તોદ્યોગોને સહાય કરવામાં સીધી યા આડકતરી રીતે સહાયભૂત થાય છે.

કચ્છના હસ્ત ઉદ્યોગનું ભાવિ શું ?

હસ્ત ઉદ્યોગોનું ભાવિ શું ? આ પ્રશ્ન અંતે થાય. આનો બે રીતે વિચાર કરી શકાય (૧) પરંપરાગત કળાનું ભાવિ (૨) હસ્તોદ્યોગોનું ભાવિ.

સામાન્ય રીતે કારીગરો પરંપરાગત મૂલ્યોને ખૂબ મહત્ત્વ આપે છે. તેમના મતે તે પોતાની સંસ્કૃતિની જ એક અભિવ્યકિત છે. તેનાથી તેને બાહ્ય રીતે રોજી મળે છે, તો આંતરિક રીતે આનંદ મળે છે. તેનાથી તે દૂર રહે તો તેઓ જીવનમાં શૂન્યતા અનુભવે છે. કારીગરોને પોતાના કામ માટે ગૌરવ છે. તેને તે 'ઇશ્વરદત' ભેટ માને છે.

પણ પરંપરા પણ ગતિહીન નથી, તેમાં પણ વિકાસ થતો રહે છે. દેશમાં અન્યત્ર અંગ્રેજોનો પ્રભાવ વધુ રહ્યો, તેથી ત્યાં પરંપરામાં ઝડપી પરિવર્તન આવ્યું. પણ કચ્છમાં હવે તેનો પ્રભાવ વધે છે. હવે ટેકનોલોજી, વીજળી વગેરે સગવડોનો લાભ લેવાય છે. બજાર પ્રત્યે સભાનતા વધી છે. તેની આવક પણ વધે છે. તેથી ઘરમાં આધુનિક સગવડો પણ પ્રવેશેલ છે, તેની અસર તેની જીવવાની રીત પર પડે છે.

આની અવળી અસરો પણ દેખાય છે. 'સહજીવન' બદલે 'હરીફાઇ' મહત્ત્વની બનતી જાય છે. હરીફાઇમાં ભાગ લેવાની 'મહત્ત્વાકાંક્ષા'ને પરિણામે માલની ગુણવત્તાને ખૂબ ધક્કો વાગે છે. પૈસા પ્રેરકબળ બનવાથી ગુણવત્તાને મહત્ત્વ ઓછું અપાય છે. ઇનામ પ્રાપ્ત કારીગરો ગુણવત્તા જાળવવા પ્રયાસ કરે છે, પણ તેઓ આ પરિબળને કબૂલે છે. તેમની એક દલીલ એ પણ છે કે ગુણવત્તા પર તેમનો કાબુ નથી, કારણ કે તેઓ દબાણોથી બંધાયેલા છે. તેઓ કેવો માલ બનાવવો તે નક્કી કરે છે. વળી, પશ્ચિમી પદ્ધતિ 'સ્ટાન્ડર્ડ' પર ભાર મૂકે છે. ગૃહઉદ્યોગમાં તો કદી પણ એક વસ્તુ બીજી જેવી નથી હોતી. પણ આ માંગને કારણે ગુણવત્તા પર અસર પડી છે.

નાણા મળે છે પણ કળાના નામે કુરૂપતા વધે છે

સરકાર તથા સંસ્થાઓ હવે તેમાં પ્રવેશ્યા છે. તેનાથી કારીગરોને સલામતી તથા પ્રોત્સાહન અવશ્ય મળ્યા છે, પણ આ બધા 'બજાર'ને અનુકૂળ ડિઝાઇનો વિષે દબાણ કરે છે, તેથી સ્થાનિક 'દેખાતી' ડિઝાઇનો વાસ્તવમાં પશ્ચિમની નકલ છે. કળાને નામે કુરૂપતા વધે છે. ડિઝાઇનરોને સ્થાનિક પરંપરાનો ખ્યાલ નથી. પ્રતીકો સમજતા નથી. તેથી તેમની ડિઝાઇનો ઉપરછલ્લી બને છે.


કારીગરો પણ ઝડપી તથા નિશ્ચિત આવક મેળવવા માટે આ બધા દબાણોને વશ થાય છે, જેનો ભોગ હસ્તકળા બને છે. તેનું ધોરણ નીચું ઊતર્યું છે, કારીગરો પણ પરાવલંબી-સરકાર પ્રત્યે- બનતા જાય છે. પરિણામે તેમની ગરિમા તૂટતી જાય છે. બજારીકરણનો ભોગ બનવાથી તેમની વૃત્તિ પર પણ અવળી અસરો પડે છે.

બીજો પ્રશ્ન એ કે હસ્તકળાનું ભાવિ શું ?

સરકાર-સંસ્થાઓ તથા વેપારીઓનું અવલોકન કરતાં દેખાય છે કે વસ્ત્ર સાથે સંકળાયેલ હસ્તોદ્યોગોનું ભાવિ ઉજ્જવળ છે. (હા, મશરુ જાય છે.) બાકીની હસ્તકળાઓને ઔદ્યોગિકરણનો તીવ્ર સામનો કરવો પડે છે. પ્રદર્શનો, પૈસાદારોના શોખો વગેરે પર આધાર રાખવો પડે છે. છતાં, એકંદરે વેચાણ વધતું દેખાય છે- બધા ગૃહઉદ્યોગોમાં.

પણ, આગળ જોયું તેમ, ગુણવત્તાનો પ્રશ્ન મોટો બનતો જાય છે. આ વૃત્તિ જોતાં એક અગ્રણી હસ્તોદ્યોગ નિષ્ણાતનું માનવું છે કે હસ્તોદ્યોગનું ભાવિ ડામાડોળ છે. હલકી ગુણવત્તાવાળો માલ આપી ઝડપથી વધુ કમાવાની વૃત્તિ ભવિષ્યમાં તેમના જ પગ પર કુહાડો મારશે.

વળી, કારીગરો પોતાની વિદ્યા બીજાને શીખવવા જલ્દી તૈયાર નથી થતા. પુત્રો શીખે તો ઠીક છે, પણ પુત્રીને પણ શીખવવાની તૈયારી નથી કારણ કે 'જમાઇ' સ્પર્ધક બને તો ? તો પછી 'પારકા'ને તો કેમ જ શીખવાય ? પરિણામે મોટાભાગની કળાઓ વિલિન થવાની તૈયારીમાં છે. સર્વત્ર બે-ત્રણ-ચાર નિષ્ણાતો રહ્યા છે.



પેચવર્ક

સ્પર્ધાને પગલે ઇર્ષાભાવ અને વિખવાદો પેદા થાય છે

સ્પર્ધામાં આગળ રહેવા, પ્રદર્શનોમાં જવા-આંતરિક વિખવાદો પણ થાય છે. પરિણામે કારીગરોમાં સહકારની ભાવના ઘટે છે; સ્પર્ધા તથા ઇર્ષાભાવ યા હતાશા વધે છે.

સાથે જે કારીગરોને પ્રોત્સાહન મળે છે તે ઝડપથી આગળ વધે છે. તેવા પૈસાદાર પણ બને છે-બન્યા છે. પણ મોટાભાગનાને પ્રોત્સાહન મળતું નથી. તેથી તેમાં પણ વર્ગભેદ વધતો જાય છે.

કારીગરોની નવી પેઢીને તેમાં રસ નથી. તેથી પણ હવે છેલ્લી પેઢી તેમાં રહી છે.

નોકરશાહીનું વલણ કળાને ઉત્તેજવાનું નથી, તેમાં પણ ભ્રષ્ટાચાર પ્રવર્તવાથી કારીગરોને સહન કરવું પડે છે. વળી, વિવિધ કચેરીઓ-એજન્સીઓ વચ્ચે સંવાદ પણ નથી તેથી કારીગરોને સહન કરવું પડે છે. તેથી તે વેપારી પાસે જાય છે, જે તેનું શોષણ કરે છે.

ગ્રાહકોની જે નવી પેઢી આવી છે તેનામાં પશ્ચિમનો મોહ વધતો જાય છે. તેને પરંપરાગત મૂલ્યોમાં રસ નથી, 'ભાવ'માં રસ નથી, તેને કારીગરમાં રસ હોય તો તે 'જીવદયા' પૂરતો છે. વેપારીઓ પણ આ 'ભાવનાત્મક ખ્યાલ'ને આધારે ગ્રાહકો પાસેથી વધુ પૈસા લે છે, એવું કહીને કે તો કારીગર 'સારી રીતે' જીવી શકે ! હા, તેઓ જે કિંમત લે છે અને કારીગરને જે વળતર આપે છે તેની તુલના કરાય તો 'સારી આવક' વિશે શંકા ઊઠે !

આ બધાને પરિણામે કારીગરની વિશિષ્ટતા (Identity) તૂટે છે. વસ્તુની ગુણવત્તા તૂટે છે, બજારનું દબાણ તેને પજવે છે. પરંપરાથી તે દૂર થતો જાય છે. તેનું 'જીવનધોરણ'



ભરતકામ

અવશ્ય સુધરતું જાય છે, પણ આંતરિક રીતે હતાશા (Sense of loss)નો અનુભવ કરે છે.

હસ્તકળાના યોગ્ય વિકાસ માટે શું કરી શકાય ?

પ્રથમ તો એ સમજી લેવું જોઇએ કે ''વિકાસ સાંસ્કૃતિક શૂન્યતામાં ન થઇ શકે'' આ માટે

o શિક્ષણમાં હસ્તોદ્યોગના સાંસ્કૃતિક મૂલ્યોને સમજાવવા જોઇએ.
o સ્થાનિક કુશળતા તથા જ્ઞાનને પુન : ચેતનવંતુ કરવું જોઇએ.
o સબસીડી આપતી વખતે 'સંખ્યા' કરતાં 'ગુણવત્તા'ને પ્રાધાન્ય આપવું.
o ઉત્પાદન પ્રક્રિયા પર કારીગરોનું જ નિયંત્રણ માન્ય રાખવું.
o 'નિષ્ણાતો'એ કારીગરો પર પોતાના અભિપ્રાયો થોપવા બદલ કારીગરો પાસેથી શીખવાની વૃત્તિ કેળવવી જોઇએ, તેમણે પોતાના પૂર્વગ્રહો છોડવા જોઇએ.
o સેમીનાર વગેરે દ્વારા પરસ્પર માહિતીનું વિતરણ થવું જોઇએ.
o સ્થાનિક કળાનાં મ્યુઝિયમો ઊભા કરવા જોઇએ.
o વિવિધ હસ્તકળાઓની સંપૂર્ણ મોજણી અને સંશોધન તથા ડોકયુમેન્ટેશન કરવું જોઇએ. તેને આધારે લાંબાગાળાનું આયોજન કરાય.
o વ્યાજબી ભાવે કાચો માલ મેળવી આપવાની વ્યવસ્થા.
o ખાનગી વેપારીઓમાં શોષણથી બચવા સહકારી મંડળીઓ રચવા પ્રોત્સાહન આપવું જોઇએ.
o કારીગરોમાં અક્ષરજ્ઞાન, બજારની જાણકારી, આધુનિકીકરણ વગેરે વિષે જાગૃતિ લાવવી જોઇએ.
o ગુણવત્તા જાળવણીની જરૂરિયાત વિષેની સભાનતા દ્રઢ કરાવવી જોઇએ.
o હસ્તકળાના વિકાસ માટે કારીગરો, દ્રષ્ટિસંપન્ન નિષ્ણાતો, વહીવટકર્તાઓનું પ્રતિનિધિત્ત્વ ધરાવતી સંસ્થા સ્થાપવી જોઇએ.

આમ, એકબાજુ કારીગરને 'જાગૃત' કરવાની જરૂર છે, તો બીજી બાજુ વહીવટ તથા પ્રજાને 'સભાન' બનાવવાની જરૂર છે. તેમનામાં 'કદર' વધશે તો આપોઆપ કળા જીવતી રહેવાની.

માટે, એક વિચારક કહે છે તેમ ''જો આ પ્રત્યે અત્યારે યોગ્ય પગલાં નહી લેવામાં આવે તો, આવતી પેઢી, જ્યારે તેને ખબર પડશે કે તેમની ઉત્તમ હસ્તકળાઓ કેવળ તેમના પૂર્વજોની બેદરકારી, ઉદાસીનતા કે સમાજના અભાવે નાશ પામી છે, તો તેમને તેઓ પૂર્વજોના શિક્ષણ-સમજ વિષે ખાસ ઊંચો અભિપ્રાય નહી થાય... અને તેઓ તેને માફ પણ નહી કરે.'' □

■ ન્યુ મિન્ટ રોડ, ભુજ

સંદર્ભ સૂચિ : o Crafts and Development in Kutch-A future? by Lloyd Gee o Dowries form Kutch by Vicky Elson o હસ્તતકળા લે. વિજયાલક્ષ્મી કોટક o કચ્છ વ્યાપાર ડિરેકટરી-૧૯૭૬ અને કચ્છ ઔદ્યોગિક ડિરેકટરી o Report-સૃજન, ભુજોડી o Report-વિવેકાનંદ રિ. એન્ડ ટ્રે. ઇ. માંડવી o કચ્છની કામણગારી હસ્તકળા-પ્રતાપરાય સોરઠીયા ('કચ્છશકિત-દશાબ્દી અંક'-૧૯૯૦) o કચ્છની હસ્તકળા કારીગરી-હેમરાજ શાહ ('કચ્છશકિત'-દશાબ્દી વિકાસ યાત્રા વિશેષાંક ૧૯૮૦-૯૦) અને o 'કચ્છમિત્ર'ના દિવાળી અંકો.

❒ **આભાર :** - વિજયાલક્ષ્મી કોટક, હસ્તકળા નિગમ, કમિશનરની કચેરીના વડા, - શ્રી સોનીભાઇ, DIC - નરેશ અંતાણી, કચ્છ મ્યુઝિયમ, - ઉમેશ જડીયા, કચ્છ મ્યુઝિયમ, - નિરંજન શાહ, - કિશોર મામતોરા, માંડવી, વિવિધ હસ્તકળાના કારીગરો, હેમાન્શુભાઇ અને ઉમેદભાઇ સૃજન, સુરેન્દ્ર શેઠ, તંત્રી કચ્છમિત્ર અને - ઉમિયાશંકર અજાણી

કચ્છની લોકસંસ્કૃતિ

(પા. ૪૫ નું સંધાન)

કચ્છની ચિત્રકલા-કમાંગરી

કચ્છમાં ચિત્રકારને 'કમાંગર' તથા ચિત્રકળાને 'કમાંગરી' કહે છે. કમાંગરીની પ્રક્રિયામાં પહેલાં ચૂનો અને ચિરોડી મેળવી તેના લીંપણથી ભીંતને ચકચકિત કરવામાં આવતી ત્યાર બાદ તેના પર ખજૂરીનાં કૂણાં પાનની પીંછીઓ વડે ઝીણી ડિઝાઇનો આલેખી તેમાં ભભકાદાર રંગો પૂરાતા. માનવ આકૃતિઓ, પશુપક્ષીઓ, ફૂલવેલીઓ, લડતા મલ્લો, પનિહારી જેવા વર્ણ્યવિષયો રહેતા. ભારાપરના સુજાબાના ગઢમાં, નાની રાયણમાં ધોરમનાથના ભંડારામાં, ભુજના આયનામોલમાં, અંજારમાં મેકમર્ડોના બંગલામાં 'કમાંગરી' કળાના દર્શન થાય છે.

અનેક લોકકળાઓથી કચ્છની લોકસંસ્કૃતિ સમૃદ્ધ બનેલી છે. રોજબરોજના વપરાશના આ સાધનોને શુષ્ક રીતે વાપરવાને બદલે એમાં કમનીય કળાનાં દર્શન કરાવતી તથા જીવન-નવરાશની પળોનો સદુપયોગ કરીને ચોક્કસાઇ ભરેલી હથોટીનું દર્શન કરાવતી આ તમામ લોકકળાઓ કચ્છની કળા પ્રણાલિનો એક સજીવ સંસ્કારવારસો બની રહે છે. □

■ ૨૨, નિકુંજ, મારૂતિનગર, માંડવી (કચ્છ)

સંદર્ભ સૂચિ :–

(૧) ''આપણી લોકસંસ્કૃતિ''- શ્રી જયમલ્લ પરમાર (૨) ''કચ્છ બૃહદ ભૂગોળ''- શ્રી ગોકુલદાસ ખીમજી બાંભડાઇ (૩) ''કચ્છનું લોકસાહિત્ય''- શ્રી દુલેરાય કારાણી (૪) ''કચ્છનું સંસ્કૃતિ દર્શન''- શ્રી રામસિંહજી રાઠોડ (૫) ''કચ્છ દર્શન''- શ્રી શંભુદાનજી ગઢવી (૬) ''કારા ડુંગર કચ્છજા''- શ્રી એલ. એફ. રશબ્રુક વિલિયમ્સના અંગ્રેજી પુસ્તકનું ભાષાંતર (૭) ''ભાતીગર ભોમકા કચ્છ''- શ્રી નરેન્દ્ર મ. જોશી (૮) ''મિરઝા મહારાઓ રાયધણજી બીજાના સમયનું કચ્છ''- શ્રી ઇશ્વરલાલ ગિ. ઓઝાનો પી એચ. ડી.ની ઉપાધિ માટેનો ગ્રંથ. (૯) ''મા આશાપુરા''- શ્રી ધનસુખ અજાણી (૧૦) ''રાજસ્થાનનો ઇતિહાસ''- ગ્રંથ-૧, કર્નલ જેમ્સ ટોડ- અનુ. સ્વ. રત્નસિંહ દીપસિંહ પરમાર (૧૧) ''હસ્તકલા- કચ્છનો વારસાગત વૈભવ''- લે. વિજયાલક્ષ્મી કોટક. (૧૨) ''ગુજરાત''- પ્રકા. માહિતી ખાતાના વિવિધ અંકો. (૧૩) ''કચ્છમિત્ર'' દૈનિક તથા સાપ્તાહિક પૂર્તિના અલગ અલગ અંકો

કચ્છની જાણીતી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ

□ નિરુપમ છાયા

રણ, સમુદ્ર અને પહાડોની વૈવિધ્યસભર ભૂગોળ ધરાવતો આપણો આ જિલ્લો અનેક સમસ્યાઓ ધરાવે છે. સતત ભીતિમાં રાખતી દુષ્કાળની ઘટના લગભગ સામાન્ય છે. આ પરિસ્થિતિમાં જીવન ગાળતા, ઝૂઝતા લોકોની વેદનાને સમજી, તેમનામાં વિશ્વાસ જાગે, પરિસ્થિતિના પડકારો ઝીલવાની ક્ષમતા જળવાઈ રહે એ માટે ઘણી સંસ્થાઓએ સેવા-યજ્ઞ આદર્યો છે. અહીં આવી કેટલીક સંસ્થાઓનો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે. સેવાનાં ક્ષેત્રો અનેક છે- પણ કચ્છમાં ચાલતી સંસ્થાઓનું આપણે મુખ્યત્વે આ પ્રમાણે વિભાગીકરણ કરી શકીએ. આરોગ્ય, પર્યાવરણ-કુદરતી સ્ત્રોત વિકાસ જાળવણી અને સામાજિક.

કચ્છની વિશિષ્ટ પરિસ્થિતિને કારણે આરોગ્ય સંબંધી ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. આ સમસ્યાઓ સામે લડવા સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવી છે. મુંબઈ તેમજ વિદેશ વસેલા કચ્છીઓની આર્થિક સહાયથી આ સંસ્થાઓ સુંદર સેવા આપે છે.

પરંતુ, સેવા સંબંધે થોડી અસમતુલા પણ નજરે ચઢે છે. જેમ કે માંડવી તાલુકામાં ચારેક જેટલી આધુનિક સગવડો ધરાવતી હોસ્પિટલ છે; એજ રીતે વાગડ વિસ્તારમાં પણ બે સંસ્થાઓ છે જ્યારે ભુજ સહિતના તાલુકામાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સંચાલિત એ પ્રકારની આરોગ્ય સુવિધા નથી. વળી, જે સંસ્થાઓ સરકારને સોંપવામાં આવે છે ત્યાં વ્યવસ્થા અને સેવાઓ કથળતી પણ જણાય છે. આટલી આધુનિક સગવડો ધરાવતી સંસ્થાઓમાં પણ હજી સ્કેનીંગ, કેન્સર ડિટેક્શન વિગેરેની સગવડો ઉપલબ્ધ નથી. પણ આપણે આશા રાખીએ કે ભવિષ્યમાં આ જરૂરિયાત પણ પૂર્ણ થશે.

આરોગ્ય ક્ષેત્રે અનોખી સંસ્થા બિદડા સર્વોદય ટ્રસ્ટ

૧૯૭૫ની સાલમાં બિદડા સર્વોદય ટ્રસ્ટે નેત્ર અને દંતયજ્ઞો યોજી, આરોગ્ય સેવાઓની પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. પણ નાનાં ઝરણાંને વિરાટ નદી બનવાનું સ્વપ્ન જાગે તેમ, આ ટ્રસ્ટને વિશાળપાયે આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાનો વિચાર આવ્યો, અને રાયણના શ્રી ધનજી વિજપારે માંડવી-મુન્દ્રા માર્ગ પર ૧૦ એકર જેટલી વાડી- પબાણ ખરીદી આપી. જાન્યુઆરી ૧૯૮૧માં 'આરોગ્યધામ'નું ખાત-મુહૂર્ત થયું અને માત્ર ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં કુલ્લ જમીનના અડધા ભાગમાં ૪૭,૦૦૦ ચોરસફૂટ જેટલું મુખ્ય ભવન, હોસ્પિટલ અને મેડિકલ સેન્ટર સેનેટોરીયમ, સ્ટાફ કવાર્ટર્સ, ભોજનાલય, ડોકટર્સ કવાર્ટર્સ અને અન્ય જરૂરી સુવિધાઓ ધરાવતું બાંધકામ પૂર્ણ થયું. ફેબ્રુઆરી, ૧૯૮૪માં આરોગ્યધામ જનતાની સેવામાં અર્પિત થયું. આરોગ્યધામમાં પ્રાપ્ત સુવિધાઓ આ પ્રમાણે છે. (૧) લક્ષ્મીજ્યોત ચક્ષુ હોસ્પિટલ, (૨) ચશ્મા વિભાગ, (૩) પ્રેમસ્મૃતિ મેડિકલ સેન્ટર, (૪) દાંત વિભાગ, (૫) સામાન્ય સારવાર વિભાગ, (૬) હામિઓપેથી, (૭) પેથોલોજીકલ લેબોરેટરી, (૮) સ્ત્રીરોગ વિભાગ, (૯) મેડિકલ રીલીફ ફન્ડ હેઠળ ટી. બી.ના દર્દીઓની સારવાર, (૧૦) એકસ-રે વિભાગ ઉપરાંત એમ્બ્યુલન્સ મોબાઈલ યુનિટ છે. જેનો લાભ આસપાસનાં ગામડાઓને મળે છે.

'આરોગ્યધામ'માં નિયમિત સેવાઓ ઉપરાંત દર વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમ્યાન નેત્ર-દંત યજ્ઞ ઉપરાંત વિવિધ રોગ-નિદાન શિબિરોનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવે છે. રોગ નિદાન અને સારવાર શિબિરોના આયોજનની વિશિષ્ટતા એ છે કે પ્રથમ તો કચ્છનાં વિવિધ કેન્દ્રો પર પૂર્વ ચકાસણી થાય છે, ત્યાર બાદ શિબિરમાં તેની સારવાર માટે વ્યવસ્થા થાય છે. વધુમાં, આવશ્યકતા હોય, તો સંસ્થા દ્વારા સંપૂર્ણ ખર્ચ આપીને દર્દીને મુંબઇ સારવાર માટે પણ મોકલવામાં આવે છે. આટલી ઉદાત્ત સેવા કચ્છમાં ઘરઆંગણે મળે છે ! શિબિર દરમ્યાન, મુંબઈથી અને



કચ્છ વિકાસ ટ્રસ્ટ એક ખ્રિસ્તી મિશનરી સંસ્થા છે પણ એની હોસ્પિટલ તેમજ અંધજનોના કલ્યાણની પ્રવૃત્તિ દાદ માંગી લે તેવી છે

અન્યત્રથી આવેલા સેવાભાવી કાર્યકરો ખડેપગે સસ્મિતવદને થાક-કંટાળા વિના દર્દીની સેવામાં રત રહે છે. આની પાછળ- મનુષ્ય પરત્વેના બંધુભાવ અને 'કંઈક કરી છૂટવાની' ભાવના જ મુખ્ય છે. આર્થિક સહયોગ માટે પણ દાતાઓ પાછળ રહેતા નથી. ૧૯૯૪માં યોજાયેલ રોગ નિદાન શિબિરોને મુખ્યત્વે અમેરિકા, યુ. કે., કેનેડા, કેનિયામાં વસતા કચ્છી પરિવારોએ ૧૧ લાખ જેટલી સહાય આપી. ઉપરાંત ફોલો-અપ અને મુંબઇ મોકલાતા દર્દીઓ માટે રૂા. ૧૮ લાખ સાથે કુલ્લે ૨૯ લાખ રૂપિયા જેટલી માતબર રકમ આ સેવાયજ્ઞમાં અર્પણ કરી હતી.

૧૯૯૫ એટલે કે ચાલુ વર્ષ સુધી આ સંસ્થાના ઉપક્રમે યોજાયેલા જુદા જુદા રોગ નિદાન શિબિરોની સંખ્યા પર નજર કરીએ છીએ તો આંખ ફાટી જાય છે. હાડકાંના રોગના ૧૯, પોલીઓના પણ ૧૯, એન્ડોક્રીનોલોજી ૪, અસ્થમા ૪, એલરી ૪, ગેસ્ટ્રોએન્થોલોજી ૯, યુરોલોજી ૭, કેન્સર ૧૧, નેત્ર-દંત ૨૧, રયુમેટિક હાર્ટ ડીસીઝ ૫, કાર્ડીઆક ૨૫, ચામડીના ૧૧, પ્લાસ્ટીક સર્જરી ૧૨, ગાયનોકોલોજી ૭, મેલેરિયા ૨, ન્યુરોલોજી ૪ અને બાળરોગ ૪. બે દાયકા દરમ્યાન એટલે કે ૨૦ વર્ષમાં તપાસાયેલા દર્દીઓની કુલ સંખ્યાનો આંક ૫,૧૧,૨૮૪ જેટલો જબ્બર છે. એકલા ગયા વર્ષે એટલે કે ૧૯૯૪ દરમ્યાન ૬૪,૮૭૭ દર્દીઓ તપાસાયા હતા. જે પૈકી વિવિધ રોગોના કુલ ૬૬૧ દર્દીઓ પર ઓપરેશન થયાં હતાં. આમાંથી ૬૬૧ એકલા આંખના હતા. ૧૯૯૪-૯૫ના નિદાન શિબિરોમાં ૧૪,૩૫૮ દર્દીઓ તપાસાયા હતા જેમાંથી ૧૭૩ દર્દીને મુંબઇ સારવાર માટે મોકલાયા હતા.

વાગડ વેલ્ફેર સોસાયટી સંચાલિત સાર્વજનિક હોસ્પિટલ

કચ્છ જિલ્લાનો પૂર્વ વિભાગ વાગડ બહુ જ વ્યાપકપણે પથરાયેલો છે. એક સમયે અહીં આરોગ્ય સેવાઓનું પ્રમાણ નહીંવત હતું. એટલે, આરોગ્ય સેવાઓ પૂરી પાડવા ૧૬-૯-૧૯૭૨નાં રોજ વાગડ વેલ્ફેર કલબે પ્રારંભ કર્યો. પ્રારંભમાં તો બહુલતા ધરાવતાં આંખના દર્દોની સારવાર માટે આંખની હોસ્પિટલ ઊભી કરવા અંગે વિચારણા



રાપર અને તાલુકાના છેવાડાના ગામોમાં જાહેર આરોગ્ય સેવા અપૂરતી છે ત્યારે આવી સુશ્રુષા ટ્રસ્ટની આ હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે રાહતરૂપ છે

થઇ. આ સંસ્થાના સ્થાપકોમાંના એક શ્રી ખીમજી ધનજી શાહ અને કુટુંબીજનોએ ભચાઉ ખાતેનું તેમનું વિશાળ મકાન તેમજ આંખની હોસ્પિટલ માટે જરૂરી સાધનો પણ આપ્યાં. પુરૂષાર્થી હોય તેનાં કદમ સ્થિર શાનાં રહે ! આરોગ્ય સંબંધે જેમ જેમ આવશ્યકતાઓ જણાતી ગઇ, તેમ તેમ સેવા-સુવિધા આપવા સંસ્થા પ્રયત્નશીલ રહી અને ફળસ્વરૂપ, ક્રમે ક્રમે, ૩૧-૧૦-'૭૪ના રોજ દાંત અને પેથોલોજી વિભાગ, ૧૪-૯-૧૯૭૫ના રોજ એકસ-રે વિભાગ અને ૩૦-૧૦-૭૭ના રોજ પ્રસૂતિ વિભાગોનો પ્રારંભ થયો. આ માટે બીજું એક મકાન પણ મળ્યું. પણ જેમ જેમ, વિકાસ થતો ગયો તેમ તેમ એક વિશાળ સંકુલ તૈયાર કરવાની કલ્પના પણ દ્રઢ થતી ગઇ. ફરી પ્રયત્નો-પુરૂષાર્થ આરંભાયો. રાજ્ય સરકાર અને તંત્રના સહકારથી ભચાઉ નજીક આરોગ્ય-સંકુલ ઊભું કરવા ૯ા એકર જેટલી જમીન ફી ફાળવવામાં આવી. ૩૦-૧૦-૧૯૭૭નાં રોજ સંકુલની પાયાવિધિ થઇ અનેક પ્રતિકુળતાઓ વચ્ચે પણ સર્વ સગવડો સાથે લગભગ ૫૦ લાખના ખર્ચે કુલ્લ જમીનના ત્રીજા ભાગમાં ૩૮,૫૦૦ ચો. ફૂ. જેટલું બાંધકામ થયું- જેમાં ૨૩,૦૦૦ ચો. ફૂ.નાં મુખ્ય ભવન ઉપરાંત સેનેટોરીયમ, નિવાસ, ડોકટર બંગલોઝ, કવાર્ટર્સ અને અન્ય સવલતો ઊભી કરવામાં આવી. વેરાન જમીનમાં સેવા અને સમર્પણના સિંચને લીલપ પ્રસરાવી. વસંતપંચમીના શુભ દિને, ૩-૨-૧૯૮૭ના રોજ સંકુલનું ઉદ્દઘાટન થયું.

હાલે આ હોસ્પિટલમાં આંખ, મેડિસીન, જનરલ સર્જરી, સ્ત્રી રોગ, દાંત વિભાગ, એનેસ્થેસીઆ, પેથોલોજી, એક્સ-રે વિગેરે માટે સુવિધાઓ ઉપલબ્ધ છે. તે ઉપરાંત ઓર્થોપેડીક તેમજ બાળરોગ નિષ્ણાત ડોકટરની સપ્તાહમાં એક વખત સેવાઓ મળે છે. મુંબઇથી યુરોલોજીસ્ટ તથા ઇ. એન્ડ ટી. નિષ્ણાત પણ તપાસ-સારવાર ઓપરેશન માટે આવે છે. સંપૂર્ણપણે વાતાનુકૂલિત આંખ અને જનરલ એમ બે વિભાગ માટે અલગ ઓપરેશન થિયેટર છે. અહીં બધી સારવાર રાહત દરે મળે છે. જરૂરિયાતવાળા, આર્થિક નબળા દર્દીને 'ફ્રી' પણ અપાય છે. સંસ્થા પાસેની એમ્બ્યુલન્સ વાન ૨૪ કલાક તૈયાર રહે છે અને ભચાઉ તાલુકામાંથી કયાંયથી પણ માગણી આવે તો સેવા આપે છે- રાહત દરે. ઇન્ડોર વિભાગમાં લગભગ ૮૦ બેડની વ્યવસ્થા છે. આઉટડોર વિભાગમાં લગભગ ૧૨૫થી ૧૫૦ દર્દીઓ લાભ લે છે. બધા વિભાગો મળી, વરસ દરમ્યાન, ૬૦૦ થી ૭૦૦ ઓપરેશન્સ થાય છે. દર્દીઓના અનુભવ ખૂબ જ સુખદ છે. સખત દાઝી ગયેલા એક દર્દીએ કહ્યું કે, મુંબઇમાં જેને માટે ખૂબ ખર્ચ કરવો પડે એ સ્કીન ક્રાફટીંગ અહીં આશ્ચર્યજનક ઓછા ખર્ચે થાય છે.

આ સંસ્થા દ્વારા નેત્ર-દંત યજ્ઞ ૧૧, જનરલ સર્જરી ૭ અને શારીરિક ચિકિત્સા શિબિર ૧૬ જેટલાં યોજાયાં છે. ૧૯૯૫ના જાન્યુઆરી મહિનામાં યોજાયેલ શિબિરમાં ૩૬૩૦ દર્દીઓ તપાસાયાં હતાં જેમાંથી ૨૬૯ આંખના ઓપરેશન થયાં હતાં.

સુશ્રુષા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય કેન્દ્ર

''દુ:ખી કે દર્દી, કોઇ ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઉઘાડી રાખજો બારી.''

૧૧૬ જેટલાં ગામો ધરાવતા રાપર તાલુકામાં એક બારી નહીં પણ સેવાનાં દ્વાર સમાન એટલે 'સુશ્રુષા ચેરિટેબલ ટ્રસ્ટ.' વ્યાપક વિસ્તાર ધરાવતા આ તાલુકાને આરોગ્યની સગવડો પૂરી પાડવા ૨૪-૧૧-'૮૫ના રોજ ટ્રસ્ટની રચના થઇ અને આર્થિક સહાય મળતાં જ ૧૦-૨-૮૬ના રોજ એક પ્લોટ પર ભૂમિપૂજન થયું. બાંધકામ લગભગ દોઢ વર્ષના ટૂંકા ગાળામાં પૂરું થતાં ૨૫-૧૧-'૮૭ના રોજ તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. ટ્રસ્ટ દ્વારા આરોગ્ય ઉપરાંત વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ, જેમાં ફી વિગેરે ઉપરાંત દુષ્કાળ દરમ્યાન પશુઓના નિભાવ માટે ઢોરવાડા પણ ચલાવવામાં આવ્યા.

આરોગ્ય સંકુલમાં હાલે આઉટડોર, પ્રસૂતિ, લેબોરેટરી, મેડિકલ, એક્સ-રે, બાળ-રસી વિભાગ અને ટી. બી. સારવાર વિભાગ પણ ચલાવવામાં આવે છે. ઇન્ડોર વિભાગમાં ૩૦ પથારીની સગવડ છે. ઓપરેશનની સગવડ છે પ્રમાણમાં ઓછાં થાય છે. આઉટડોર વિભાગમાં દરરોજ લગભગ ૧૨૫ જેટલા દર્દીઓને તપાસવામાં આવે છે- પણ વિષમ પરિસ્થિતિમાં લગભગ ૨૫૦-૩૦૦ જેટલા દર્દીઓ પણ સારવાર મેળવે છે.

ટી. બી.નાં દર્દ સામે લડવા માટે જાણે સંસ્થાએ નિર્ધાર કર્યો હોય તેમ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. લગભગ ૧૩૫ જેટલા ટી. બી.ના દર્દીઓ હાલે સારવાર હેઠળ છે. માળીયા-મિયાણા, મોરબી, મહેસાણા, ભચાઉ વિ. સ્થળોએથી પણ દર્દીઓ આવે છે. દર્દીની એક ફાઇલ તૈયાર થાય છે તેમાં તેના રિપોર્ટ, સારવારની વિગત વિ. હોય છે અને દર માસે તેની નિયત તારીખે બોલાવવા પોસ્ટકાર્ડ પણ મોકલાય છે. દરેક દર્દીની નિશ્ચિત તારીખની એક સૂચિ પણ તૈયાર કરેલી હોય છે. સરેરાશ ૬-૭ દર્દી માસિક-સાજા પણ થાય છે. સંસ્થા એમ્બ્યુલન્સ વાનની પણ રાહત દરે સેવા પૂરી પાડે છે. વિવિધ રોગોના નિષ્ણાત ડોકટરો પણ અહીં મુલાકાત લઇ સારવાર આપે છે. આ હોસ્પિટલે મેલેરિયાના ઉપદ્રવ સમયે આપેલી સેવાઓ તેનું સુવર્ણપૃષ્ઠ છે. આરોગ્ય સંકુલમાં જ્યાં જગ્યા હતી, ત્યાં દર્દીઓને દાખલ કરી, ઇન્ડોર સારવાર પૂરી પડાઇ. આ હોસ્પિટલ ન હોત તો મૃત્યુ આંક ઊંચો રહ્યો હોત. સમયનું કોઇ બંધન રાખ્યા વિના અહીં કર્મચારીઓ સતત સેવા-રત રહે છે- અને આ નાનકડાં આરોગ્ય સંકુલ મારફતે વિશાળ વિસ્તારની આરોગ્ય સમસ્યાઓ સામે બાથ ભીડવા હરહંમેશ તૈયાર હોય છે.

દર્દી સંખ્યા			જરૂરતમંદ દર્દી માટે થયેલ ખર્ચ	
વર્ષ	ઓ. પી. ડી.	ઇન્ડોર	વર્ષ	રકમ(રૂપિયામાં)
૧૯૮૭-'૮૮	૩૦૦૯	૪૪		
૮૮-'૮૯	૨૩૨૯૮	૯૬૯	૮૮-'૮૯	૩૦૪૫
૮૯-'૯૦	૩૮૬૮૬	૨૯૮૧	૮૯-'૯૦	૧૩૨૨૬
૯૦-'૯૧	૩૩૩૩૮	૨૩૨૫	૯૦-'૯૧	૨૬૯૩૭
૯૧-'૯૨	૩૩૬૯૩	૧૭૨૧	૯૧-'૯૨	૫૯૩૩૩
૯૨-'૯૩	૪૦૩૯૭	૩૩૨૩	૯૨-'૯૩	૬૬૦૯૨
૯૩-'૯૪	૪૦૧૧૦	૨૯૮૩	૯૩-'૯૪	૮૪૪૮૪
૯૪-'૯૫	૪૮૧૮૬	૫૨૯૬	૯૪-'૯૫	૧૪૫૬૦૮

આ ઉપરાંત ટી. બી. સારવાર પાછળ ૧૯૮૯-'૯૦માં રૂા. ૧,૧૮,૦૦૦ અને ૯૪-૯૫માં રૂા. ૨,૯૮,૦૧૨નો ખર્ચ થયો છે.

ક્ષય નિવારણ સંઘ સંચાલિત મસ્કા ટી. બી. કિલનીક

રાજરોગ ગણાતા ક્ષય રોગને નાથવા, આજથી ૪૪ વર્ષ પહેલાં માંડવી ખાતે ક્ષય રોગ નિવારણ સંઘની સ્થાપના થઇ. માત્ર પાંચ પથારીની સુવિધાથી પ્રારંભાયેલ ટી. બી. કિલનીકમાં હાલે ૭૫ પથારીની સુવિધા છે. અહીં દાખલ થતા દર્દીને તમામ સગવડો ફ્રી મળે છે. આઉટડોર વિભાગમાં દરરોજ ૫૦ થી ૭૫ દર્દીને તપાસી, ગંભીર સ્થિતિના દર્દીને તપાસાય છે અને બાકીના દર્દીઓને ગૃહ સારવાર કેન્દ્ર દ્વારા સારવાર અપાય છે. એકસ-રે, લેબોરેટરી વિગેરે પાયાની જરૂરિયાત ઉપરાંત મનોરંજન રૂમ, ગેસ્ટ હાઉસ, એમ્બ્યુલન્સ વાન વિગેરેની પણ સગવડ છે. આ રોગને મૂળમાંથી ડામવા, બાળકોને રસી મૂકવા, ભાટિયા હોસ્પિટલમાં રસી કેન્દ્ર પણ ચાલે છે.

સંસ્થા દ્વારા ક્ષય ઉપરાંત આંખની સારવાર માટે ચક્ષુ વિભાગ ચલાવવામાં આવે છે. અદ્યતન સાધનો પણ વસાવેલ છે. ૧૯૮૯ અને ૧૯૯૧માં નેત્રયજ્ઞો પણ યોજવામાં આવેલા.

'શોર્ટ કોર્સ કીમોથેરાપી' તરીકે ઓળખાતી ટી. બી.ની આધુનિક સારવારથી જેના ગળફામાં (બલગમ) ટી. બી.નાં જંતુ આવતાં હોય તેને ફાયદો થાય છે. આ સારવાર અહીં પણ ઉપલબ્ધ છે અને એ માટે ડોકટરને તાલીમ માટે ખાસ બેંગ્લોર પણ મોકલવામાં આવેલા. ૧૯૮૮ થી ૧૯૯૪ સુધીના વર્ષ દરમ્યાન ઉપલબ્ધ આંકડા

અનુસાર, દર વર્ષે ૫ થી ૬ હજાર દર્દીઓની તપાસ થઇ છે.

પરિસરની આવશ્યક જાળવણી થાય, તો સંકુલ ઓર દીપી ઉઠે તેમ છે અને એ માટે જો કે, સંસ્થા પ્રયત્નશીલ પણ છે. વિવેકાનંદ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના સહકારથી વૃક્ષ ઉછેરનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. આ માટે ઓમાન મેમોરીયલ ટ્રસ્ટ તથા ગ્લોબ ઇન્સ્યુરન્સ સર્વિસ તરફથી સહયોગ પણ મળેલ છે. વિગતો આ મુજબ છે.

વર્ષ	કુલ ટી. બી. કેસ	કેસ સુધારા પર	ડૉ.ની સલાહ વિરૂદ્ધ છોડી ગયા	મૃત્યુ
૧૯૮૮-'૮૯	૭૦૨	૩૯૬	૭૪	૨૬
૧૯૮૯-'૯૦	૬૮૧	૪૨૮	૯૩	૨૫
૧૯૯૦-'૯૧	૬૩૩	૩૭૬	૧૦૨	૧૬
૧૯૯૧-'૯૨	૬૫૬	૪૦૨	૧૧૮	૨૪
૧૯૯૨-'૯૩	૫૭૨	૨૪૨	૧૪૬	૩૩
૧૯૯૩-'૯૪	૪૮૮	૩૧૪	૧૨૮	૩૭

ગોકુલ હોસ્પિટલ, માંડવી

જ્યારે માંડવી વિસ્તારમાં આરોગ્ય માટે ઓછી સગવડો હતી તે સમયે ૧૯૮૨ની સાલમાં ''ગોકુલદાસ ખીમજી ચેરિટેબલ ટ્રસ્ટે'' ગોકુલ હોસ્પિટલ દ્વારા એ સેવાઓ આપવા બીડું ઝડપ્યું. ઓપરેશન, હૃદય તપાસ માટે આધુનિક ઉપકરણો, હવા ઉજાશપૂર્ણ ખંડોવાળું ભવન વિગેરે સગવડો ધરાવતી આ હોસ્પિટલમાં ૬૫ પથારીઓની સગવડ છે અને એક્સ-રે, લેબોરેટરી વિ. સહિતની સેવાઓ નજીવા દરે પૂરી પાડવામાં આવે છે. દરરોજ લગભગ ૪૦ થી ૫૦ દર્દીઓ આઉટડોર સારવારનો લાભ મેળવે છે. કેન્સરના દર્દીને રાજકોટ-મુંબઇ મોકલી, જરૂર જણાય તો આર્થિક સગવડો પણ પૂરી પડાય છે. મુંબઇની નાણાવટી, જશલોક તેમજ બોમ્બે હોસ્પિટલ સાથે સંપર્કમાં હોવાથી, આર્થિક નબળા દર્દીઓને સારવાર માટે ખર્ચ સાથે ત્યાં પણ મોકલાય છે. સ્થાપનાથી અત્યાર સુધી લગભગ બે લાખ દર્દીઓએ ઓ. પી. ડી.નો તથા એક લાખ દર્દીઓએ ઇન્ડોર વિભાગનો લાભ લીધો છે.

પ્રચલિત એલોપથી સારવાર પદ્ધતિ ઉપરાંત, કચ્છમાં વૈકલ્પિક ચિકિત્સા કેન્દ્રો પણ વિવિધ સેવા સંસ્થાઓ ચલાવે છે.

વોરા લક્ષ્મીચંદ માણેકચંદ કુદરતી ઉપચાર પદ્ધતિ

નિસર્ગદત્ત સંપત્તિ- જળ, માટી, સૂર્યતાપ, ફળાહાર, રસાહાર તેમજ ઉપવાસ દ્વારા શરીરને નિરામય બનાવવાની પદ્ધતિ એટલે કુદરતી ઉપચાર પદ્ધતિ. એક ટ્રસ્ટ દ્વારા મુંદ્રા ખાતે શરૂ કરાયેલ આ કેન્દ્ર અત્યારે રમ્ય, પ્રકૃતિસભર, ખુલ્લાં અને વૃક્ષાચ્છાદિત વાતાવરણ ધરાવતા ૧૮ એકર જેટલા વિસ્તારમાં કાર્યરત છે. ૨૫ પથારીની સુવિધા ધરાવતાં આ કેન્દ્રમાં તન અને મનની પ્રસન્નતા દ્વારા રોગ દૂર કરવા માટે ધ્યાન, યોગાસનનો પણ સમાવેશ થાય છે. દર્દીને જરૂરિયાત મુજબનું સુદ્ધ સાત્ત્વિક ભોજન પણ આપવામાં આવે છે. 'બેક ટુ નેચર'ના વર્ડઝવર્થના શબ્દોને જાણે અહીં સાકાર કરાયા છે.

જય ભગવાન એક્યુપ્રેસર કેન્દ્ર

હથેળી કે પગનાં તળિયાં તથા આંગળાં અને પગની ઘૂંટીઓમાં આવેલાં દાબબિંદુઓને દબાણ આપી, રોગ દૂર કરવાની કે વિવિધ જગ્યાએ દબાણ આપતાં જ્યાં દુઃખે એ દાબબિંદુને આધારે રોગનું નિદાન કરવાની પદ્ધતિ- 'એક્યુપ્રેસર' તરીકે પ્રખ્યાત છે. દાબને કારણે નસોમાં જામી ગયેલા લોહીના સ્ફટીકકણો દૂર થતાં જ રૂધિરાભિસરણ અને અન્ય તંત્રો વ્યવસ્થિત થાય છે. -અને રોગમુક્ત થવાય છે. બિનખર્ચાળ, સરળ, નિર્દોષ એવી આ પદ્ધતિથી પેટ, કમ્મરના રોગો ડાયાબીટીસ, હરસ, મસા ઉપરાંત એલર્જી પણ દૂર કરી શકાય છે. આદિપુરમાં આ પદ્ધતિ દ્વારા સારવારનું કેન્દ્ર 'જય ભગવાન એક્યુપ્રેસર કેન્દ્ર'ના નામે ચાલે છે. ૧૯૮૬ના જુલાઇ માસમાં સ્વ. ચીમનભાઇ દવેની પ્રેરણાથી સ્થપાયેલ આ કેન્દ્રમાં ૧૧ સાધના કેન્દ્રો છે જ્યાં નિઃશુલ્ક સેવાઓ આહાર-નિવાસ-ઉપચારની પૂરી પડાય છે. જળ, મેગ્નેટ, શિવામ્બુ, ધ્યાન, પ્રાર્થના, રસાહાર, માટી, વિ. પદ્ધતિઓ દ્વારા દર્દી પ્રસન્નતા પ્રાપ્ત કરે, સ્વસ્થ થાય છે. જાન્યુ. ૧૯૯૨થી જૂન, ૧૯૯૩ સુધી અહીં લગભગ ૧૮૦૦ દર્દીઓએ વિવિધ રોગોમાં સારવાર મેળવી છે.

એક્યુપ્રેસર કેન્દ્ર, ભુજ

ભુજમાં પણ એક્યુપ્રેસર સારવાર માટે ૨૮-૩-૧૯૯૨થી લાલ ટેકરી ખાતે આવેલાં બ્લડ બેન્કનાં મકાનમાં કેન્દ્રનો પ્રારંભ થયો અને ૩ વર્ષના ગાળામાં વધીને ત્રણ કેન્દ્રો થયાં છે. ૨૦ ભાઇઓ અને ૧૫ બહેનો મળી, ૩૫ ચિકિત્સકો સારવાર આપે છે. સારવાર માટે કોઇ શુલ્ક લેવાતું નથી; હાલે મુખ્ય કેન્દ્ર સંતોષી માતાજીના મંદિર સામે આવેલ 'કચ્છ કલ્યાણ સંઘ' ટ્રસ્ટના ભવનના મુખ્ય ખંડમાં એ ટ્રસ્ટના સહયોગથી ચાલે છે. તે ઉપરાંત વાણિયાવાડમાં જૈન મેડિકલ ટ્રસ્ટના સહયોગથી સ્વ. ડૉ. બક્ષીનાં દવાખાના ઉપર તેમજ ત્રીજું કેન્દ્ર ગાયત્રી મંદિરના હોલમાં ચાલે છે. છેલ્લા છ માસ દરમ્યાન લગભગ ૫૫૦ દર્દીઓએ લાભ લીધો છે. સારવાર માટે આવતા દર્દીનો કેસ રેકોર્ડ તૈયાર થાય છે અને રોગની વિગત જાણ્યા બાદ દાબ કેન્દ્રો નક્કી કરી, તેની વિગત પણ કેસ-પેપરમાં લખાય છે. દરેક સીટીંગ વખતે પ્રગતિની નોંધ પણ તેમાં કરવામાં આવે છે. જરૂર જણાય ત્યાં વરાળ શેક પણ અપાય છે. દર્દી જાતે કરી શકે તે માટે માલીસનાં તેલની રીત, પદ્ધતિ વિ. પણ દર્શાવાય છે. દર્દીને થતા ફાયદાની નોંધ પણ કેસ-પેપરમાં કરવામાં આવે છે.

ચક્ષુરોગ નિદાન, સારવાર, સંશોધનનું કેન્દ્ર :
તોલાણી આઇ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર આદિપુર

આદિપુર અને ગાંધીધામ વિસ્તારમાં સેવા અને શિક્ષણ માટે ચિંતિત 'કાકા'નાં હુલામણાં નામે વિખ્યાત શ્રી પ્રભુદાસ તોલાણીએ ૧૯૬૬માં કચ્છ આવી ઉદાર સખાવતો દ્વારા શિક્ષણ સંસ્થાઓ શરૂ કરી. પોતે દ્રષ્ટિથી વંચિત થયા અને જે વેદનાનો અનુભવ થયો એવી જ વેદના અન્ય કોઇને ન અનુભવવી પડે- યોગ્ય સારવાર મળી રહે એવા 'પરદુઃખ' ભાવથી તોલાણી આઇ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરની સ્થાપના માટે અગ્રેસર થયા. કચ્છમાં વિશેષ પ્રમાણમાં વ્યાપ્ત આંખના રોગોની આધુનિક સારવાર મળી રહે, એટલું જ નહીં, સારવાર માટેની આર્થિક સગવડના અભાવે પણ કોઇ વંચિત ન રહે એ માટે પણ આ કેન્દ્ર સતત કાર્યરત છે.

ચક્ષુ-તપાસ તેમજ તમામ પ્રકારની શસ્ત્રક્રિયાઓ- ત્રાંસી આંખ, કીકી બદલવાનું, નેત્રમણી- આરોપણ અહીં કરવામાં આવે છે. આ માટે આધુનિક ઉપકરણો પણ છે. જેમાં નેત્રમણીના માપ માટે કોમ્પ્યુટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રેટીનાની



માંડવીમાં આમ તો ગોકુલ હોસ્પિટલ વિખ્યાત છે પણ થોડા વર્ષ પહેલાં તેના પરા સમા સલાયાના મુસ્લિમ દાનવીરની પ્રેરણાથી આ હાજી હસન હોસ્પિટલ અસ્તિત્વમાં આવી છે અને લોકપ્રિય પણ બની છે

તકલીફ માટે પણ નિષ્ણાત સર્જન સમયાંતરે મુલાકાત લે છે. સંસ્થાએ વિદેશ સ્થિત દાતા શ્રી લચ્છુ ભાટીઆના સહયોગથી તેર લાખની કિંમતનું જૂજ સ્થળોએ ઉપલબ્ધ 'યાગ લેસર મશિન' પણ વસાવ્યું છે. જે નેત્રમણીનાં આરોપણ બાદ આંખમાં થતી છારીને દૂર કરવા ઉપયોગી છે. અગાઉ આ માટે અમદાવાદ સુધી જવું પડતું.

૨૦ પથારીઓની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં જનરલ વોર્ડ, સેમી સ્પેશીઅલ, સ્પેશીઅલ અને ડીલક્ષ રૂમ છે. દરરોજ લગભગ ૪૦-૫૦ દર્દીઓની તપાસણી થાય છે અને વિવિધ પ્રકારની દર માસે સરેરાશ ૫૦ શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. આ બધાં જ માટે બહુ નજીવા દરો રાખવામાં આવ્યા છે.

આધુનિક સારવાર સાથે સેવાનો સુભગ સમન્વય સાધી, આ સંસ્થા લોકશિક્ષણ પર પણ ભાર મૂકે છે. આ સંદર્ભમાં ચક્ષુબેન્કની સ્થાપના સંસ્થાનું મહત્ત્વનું ડગલું છે. દેશમાં ૨૦ લાખ લોકો કોર્નીઆ એટલે કે આંખની આગળના પારદર્શક પડદાના રોગથી પીડાય છે અને તેમાં દર વર્ષે ૨૦,૦૦૦ દર્દીઓ ઉમેરાતા રહે છે. આમાં યત્કિંચિત સહયોગ આપવા તોલાણી હોસ્પિટલ સક્રિય બની છે. ચક્ષુ-દાન માટે ટહેલ પણ નાંખવામાં આવી છે અને તેના યોગ્ય ઉપયોગ માટે હોસ્પિટલમાં વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સંસ્થાએ હોસ્પિટલ બહાર પણ પોતાની સેવાઓ વિસ્તારી છે અને આંખ- રોગનાં નિદાન, સારવાર, સંભાળ માટેનાં શિક્ષણ માટે શિબિરો પણ યોજયા છે. ઓપરેશન જો જરૂરી હોય તો દર્દીને હોસ્પિટલમાં લાવવામાં આવે છે. આ હોસ્પિટલના હાલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. સુનિલ મસંદની અપેક્ષા છે કે વિવિધ ગ્રામ વિસ્તારોમાં (૬૦ કિ. મીની. મર્યાદામાં) કાર્યરત સામાજિક સંસ્થાઓ સર્વ રીતે સહયોગ આપે અને મર્યાદિત સંખ્યામાં ગુણાત્મક નિદાન- સારવાર કાર્ય માટે શિબિરો યોજવા સંસ્થા માટે શકય બને. અદ્યતન સારવાર ઉપલબ્ધ કરાવવા સંસ્થા કટિબદ્ધ છે અને ભવિષ્યમાં 'પડદા- ડીટેચમેન્ટ'ની સારવાર આપી શકાય એવી વ્યવસ્થા ગોઠવવા પણ વિચારણા ચાલે છે.

'દ્રષ્ટિ સંભાળ'નું દ્રષ્ટિપૂર્વક કાર્ય કરતી આ સંસ્થા સેવાની અનોખી દ્રષ્ટિ પૂરી પાડે છે.

આરોગ્ય સેવા એક મંત્ર : ડિવાઈન લાઈફ સંચાલિત એચ. જે. ચેરીટેબલ હોસ્પિટલ

સેવા, પ્રેમ, સમર્પણ, પવિત્રતા, ધ્યાન અને સાક્ષાત્કાર- આ છ અંગોને અપનાવી જીવનને વિશુદ્ધ બનાવવા શિવાનંદજી મહારાજે 'ડિવાઈન લાઈફ સોસાયટી'ની સ્થાપના દ્વારા પુરૂષાર્થ આદર્યો. ભારતભરમાં તેનાં કેન્દ્રોમાંનું એક, ૧૯૭૫માં આદિપુરમાં શરૂ થયું. આ કેન્દ્રે વિવિધલક્ષી સેવા કેન્દ્રની સ્થાપના માટે નિર્ણય કર્યો અને આ માટે ૨૮-૯-૧૯૭૫નાં રોજ પૂ. ચિદાનંદજીના હસ્તે શિલારોપણ થયું. ૧૮-૮-૧૯૭૬નાં રોજ તેમણે જ, તેનું ઉદ્દઘાટન કર્યું- આ ભવનમાં સત્સંગ ખંડ, પુસ્તકાલય અને આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે. આરોગ્ય કેન્દ્ર કે જેને 'હેમનદાસ જેઠમલ ચેરીટેબલ હોસ્પિટલ' નામ અપાયું છે- તે છેલ્લા ૧૯ વર્ષથી આદિપુર અને આસપાસના વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે- જે આશીર્વાદ સમાન પૂરવાર થયેલ છે. જનરલ વોર્ડ, સેમી સ્પેશીયલ, સ્પેશીયલ અને ડીલક્ષ વિ. ખંડોમાં કુલ્લે ૩૦ પથારીઓની સગવડ છે. આ ઉપરાંત સુસજ્જ હોસ્પિટલ માટે જરૂરી તમામ સુવિધાઓ જેવી કે ઓપરેશન થિએટર, પ્રસૂતિ વિભાગ, ચક્ષુ વિભાગ, હાડકાં

> **કચ્છના પ્રતિકુળ હવામાને લોકો માટે આરોગ્યની સમસ્યાઓ સર્જતાં વધુ સેવાભાવી સંસ્થાઓ પણ આ ક્ષેત્રે જ કામ કરતી થઈ છે**

વિભાગ, લેબોરેટરી, કાર્ડીઓગ્રાફ, એકસ-રે અને ૨૪ કલાક નિરંતર એમ્બ્યુલન્સ સેવાનો સમાવેશ થાય છે. લેપ્રોસ્કોપીક, યુરોલોજીકલ એન્ડોસ્કોપીક સર્જરી, ઇ. એન. ટી. માઈક્રોસર્જરી વિગેરે સગવડો પણ અપાઇ છે.

લગભગ સરેરાશ ૭૦ થી ૮૦ દર્દીઓ લાભ લે છે અને માસમાં સરેરાશ ૨૦-૨૫ ઓપરેશન્સ થાય છે. ઓપરેશન માટે નિષ્ણાંત સર્જન સમયાંતરે હોસ્પિટલમાં આવે છે. રાહતદરે પ્રાપ્ત તમામ સુવિધાઓથી આ હોસ્પિટલે પોતાની સુવાસ પ્રસરાવી છે. ૧૯૮૬નાં વર્ષે પૂરાં થતાં દસ વર્ષમાં ૨,૨૦,૪૦૬ દર્દીઓએ ઓ.પી.ડી. વિભાગમાં તેમજ ૯૨૮૦ દર્દીઓએ ઇન્ડોર વિભાગમાં સારવાર મેળવી. આ જ ગાળામાં ૨૭૭૧ ઓપરેશન્સ કરાયા.

દર વર્ષે ફેબ્રુઆરી, માર્ચમાં વિવિધ નિદાન અને સારવાર શિબિરો યોજી, દેશના નામાંકીત વિવિધ ડૉકટરોની સેવાઓનો લાભ પણ દર્દીઓને ઉપલબ્ધ કરાવ્યો. ૧૯૯૩ની સાલમાં ફ્રી કેન્સર અને સર્જીકલ કેમ્પ યોજી ૨૦૫ દર્દીઓને સારવાર આપી.

આ સંસ્થાના સ્થાપક અને વિકાસમાં જેમનો સિંહફાળો હતો તેવા ડૉ. શોભરાજ રોચાણીનું દેહાવસાન- ૧૯૯૪માં થયા બાદ, આ આઘાત સહન કરીને આરોગ્ય કેન્દ્ર પૂર્વવત સેવાકાર્યને આગળ વધારી રહ્યું છે.

૧૯૯૩નાં વર્ષ દરમ્યાનની વિગતો જોઇએ તો કુલ્લ દર્દીઓ : ઓ.પી.ડી. ૩૩૬૭૫, આ પૈકી નવા કેઇસ ૧૧૨૨૫ અને ઇન્ડોર ૧૭૧૦ કુલ ઓપરેશન ૪૬૪ થયાં જ્યારે પ્રસૂતિ ૨૩૭ જેમાં ૧૮૮ નોર્મલ.

ધુણઇ ગ્રામ વિકાસ મંડળ સંચાલિત આરોગ્યધામ

ભુજ અને માંડવીની મધ્યમાં આવેલું ધુણઇ ગામ આમ તો માત્ર ૭૦૦ની વસ્તી ધરાવે છે પણ અહીંનું નાનકડું આરોગ્યધામ આસપાસના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે.

૧૯૮૧માં નાનકડી ડિસ્પેન્સરી અને મેટરનીટી હોમથી અહીંનાં મડળે આરોગ્ય સેવાઓનો પ્રારંભ કર્યો. ત્યાર બાદ મીઠુબાઇ પુંજા પરિવારે આપેલ ૩ એકર જમીન પર મકાન બાંધવા માતુશ્રી ભચીબાઇ ખીમજી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી દાન મળતાં ૧૦ બેડની સુવિધા તેમજ ડોકટર તથા અન્ય કર્મચારી નિવાસ સાથેનાં સુસજ્જ મકાનમાં આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ થયો. ત્યાર બાદ એક એક ડગલું મૂકાતું ગયું- ૧-૭-૯૦નાં રોજ એમ્બ્યુલન્સ સેવા તેમજ ૨૯-૧૧-૧૯૯૧નાં રોજ પેથોલોજી લેબોરેટરીનો પણ પ્રારંભ થયો. એમ્બ્યુલન્સ સેવાઓ ૨૪ કલાક રાહતદરે આસપાસના ગ્રામ વિસ્તારો સુધી- લોકોને ઉપલબ્ધ છે. જ્યારે પેથોલોજી લેબોરેટરીમાં સામાન્ય તપાસણીની સગવડો મળે છે.

બિદડા સર્વોદય ટ્રસ્ટના સહયોગમાં નિદાન- સારવાર શિબિરો પણ આ આરોગ્ય કેન્દ્રે યોજ્યા છે. આ ઉપરાંત જનરલ કેમ્પ તેમજ ડીસેમ્બર, ૧૯૯૨માં મેલેરીઆનો કેમ્પ પણ કરેલો. વાંઢાય, રામપર વેકરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા જેવા સામૂહિક કાર્યક્રમોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડેલી. આ ઉપરાંત, અનસૂયા આશ્રમ, ચિત્રકૂટના સહયોગથી 'પરમાનંદ બૂટી'ના વિશેષ પ્રયોગ થકી, દમ-નિવારણ માટે પણ કેમ્પ યોજેલો.

ભલે નાનકડું સૂર્યનો અંશ ધરાવતું, પ્રકાશવંત કોડીયાં જેવું આ આરોગ્ય કેન્દ્ર, ગ્રામ વિસ્તારના લોકો માટે સ્વાસ્થ્યના ઉજાસ સમાન છે.

આધુનિક સારવારનું એક વધુ કેન્દ્ર : હાજી હસન હોસ્પિટલ

માંડવી વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓમાં હાજી હસન મેડિકલ ટ્રસ્ટે હોસ્પિટલની સ્થાપના દ્વારા ઉમેરો કર્યો છે. હાજીઆણી ખતીજાબાઇ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ અહીં એક વર્ષથી કાર્યરત છે. સાગર તટે વિશાળ જગ્યામાં સુસજ્જ મકાન અને સારવારની ઉચ્ચ ક્ષમતાપૂર્ણ સગવડોયુકત આ હોસ્પિટલે એક વર્ષમાં લોકચાહના મેળવી છે- કોઇપણ નાતજાતના ભેદભાવ વિના અહીં સારવાર ઉપલબ્ધ છે એ વિશેષ નોંધનીય છે. મેજર અને માઇમોર- તમામ પ્રકારનાં ઓપરેશન માટે અદ્યતન ઉપકરણો સાથેનું ઓપરેશન થિંએટર, રૂટિન અને સ્પેશીફીક તપાસણી માટે એક્ષ-રે યુનિટ તથા પેથોલોજી લેબોરેટરી, પ્રસૂતિગૃહ, ૬૦ પથારી સાથે જનરલ વોર્ડ, સ્પેશીઅલ, ડીલક્ષ રૂમોનો ઇન્ડોર વિભાગ અહીં કાર્યરત છે.

સામાન્ય રીતે જોવા મળે છે તેમ અહીં પણ ઓપરેશન તથા સારવાર તેમજ અન્ય સુવિધાઓ માટે નજીવા દરો છે. ગરીબ લોકોને રાહતદરે સારવાર અપાય છે. છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલાક ગંભીર કેસોમાં પણ આ હોસ્પિટલે ઉચ્ચ ક્ષમતા બતાવી છે. સામાન્ય ગાંઠની જ સારવાર મેળવેલા અને મુંબઇ તથા સીંગાપોર સુધી જઇ આવેલા એક દર્દીનું કેન્સરનું નિદાન અહીં જ થયું; ત્રણ વર્ષની બાળકીના બંધ આંતરડાંની ગંભીર સ્થિતિમાં ઓપરેશન કરી, ૧૧૦ જેટલા લાંબા કૃમિ કાઢવામાં આવેલાં વળી બ્લડ કોટીંગના એક કિસ્સામાં મગજનું નાજુક જોખમભર્યું ઓપરેશન કરી, દર્દીને સ્વસ્થ કરાયેલો. આ જ રીતે પ્રસૂતિના કિસ્સામાં પણ ધીરજ ધરી, નોર્મલ ડીલીવરી માટે આગ્રહ રખાય છે. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. એચ. એન. હિંગોરાએ આપેલી માહિતી પ્રમાણે 'ઇન્ફેકશન' જોવા મળેલ નથી એ નોંધપાત્ર બાબત છે.

સંસ્થાની ભાવિ યોજનાઓમાં સોનોગ્રાફી યુનિટ, વોર્ડમાં લઇ જઇ શકાય તેવું હરતું ફરતું એક્ષ-રે યુનિટ, કોમ્પ્યુટરાઇઝડ ઇ. સી. જી., કાર્ડીઆક મોનીટર, વિગેરે જેવાં અદ્યતન ઉપકરણો ઉપરાંત, બર્ન્સ યુનિટ, ટી. બી. કલીનીક માસમાં એક વખત ચક્ષુ નિદાન શિબિર વિ. સેવાઓ વિસ્તારવાનો સમાવેશ થાય છે. ઉચ્ચકક્ષાના વિવિધ નિષ્ણાતોની સેવાઓ મેળવવા આયોજન પણ વિચારાઇ રહ્યું છે.

સેવાકાર્ય : એક વર્ષનો આલેખ

ઓ.પી.ડી. દર્દીઓ : ૨૧૧૦૧, આ પૈકી ઇન્ડોર ૧૨૨૯ અને ઓપરેશન્સ ૨૩૦, પ્રસૂતિ ૧૩૪ જેમાં ફકત બે સીઝેરીઅન.

દર્દીઓને પ્રસન્નતા અને શાંતિ અર્પતું ભવન, હરીયાળીથી લહેરાતો બગીચો અને સેવા-પરાયણ કર્મચારીગણ, ડૉકટરોથી આ હોસ્પિટલની સેવાઓનો લાભ સર્વ લોકો લે એવી અપેક્ષા સહજ રહે જ.આમ, ''સર્વે સન્તુ નિરામયા:''ની ભાવના સાથે કચ્છમાં ચાલતી આરોગ્ય સેવાઓનો આ આછો પરિચય માત્ર છે. હજી પણ અન્ય કેટલીક સંસ્થાઓ પણ આ કાર્યમાં રત હશે જ. પણ આ વિરાટ કાર્યના વ્યાપને ટૂંકી જગ્યામાં સમાવવું અશકય બને- પણ સર્વના સહિયારા પુરૂષાર્થથી આ સેવાનાં મધુર ફળ મળશે જ એવી શ્રદ્ધા જરૂર જન્મે.

આરોગ્યની જેમ જ કચ્છ માટે પ્રાણસમાન ક્ષેત્ર પર્યાવરણ, કૃષિ અને જળ અંગેનું

છે. એ આનંદની વાત છે કે છેલ્લા થોડાં વરસોમાં કચ્છમાં આ ક્ષેત્રે કાર્ય વિસ્તર્યું છે- એનો પરિચય મેળવીએ.

વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટીટયુટ માંડવી : અગ્રીમ સંસ્થા

પોતાની જાતમાં જેને શ્રદ્ધા નથી ''એ નાસ્તિક છે'' એવા મંત્ર સમી ઉદઘોષણાથી નૂતન દિશા ચીંધનાર સ્વામી વિવેકાનંદના આદર્શોથી પ્રેરિત થઇ, ઉદ્યોગક્ષેત્રે અગ્રણી કચ્છી શ્રોફ-પરિવાર તરફથી આ સંસ્થાની સ્થાપના થઇ અને અત્યારે પોતાનાં કાર્યક્ષેત્રમાં સંસ્થાએ અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જરૂરિયાતને આધારે નહીં પણ કુદરતે આપેલ સાધનો સાથે મનુષ્યની અંતર્ગત શકિતઓનો સુમેળ સાધી, વિકાસનાં કેન્દ્રમાં માણસને રાખી, તેનામાં શ્રદ્ધાનું જાગરણ કરી વિકાસની કેડી રચી શકાય એવા પાયાના ખ્યાલ સાથે ઇ. સ. ૧૯૭૧માં સંસ્થાની સ્થાપના થઇ. માંડવીથી લગભગ બે કિ. મી.ના અંતરે ૨૫ એકર જેટલી વિશાળ ભૂમિમાં વિવિધ પ્રકલ્પોનું નિદર્શન અને પ્રયોગોનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પ્રથમ સંશોધન, ત્યાર બાદ કોઇ એક જગ્યાએ પ્રકલ્પનું સફળતાપૂર્વક વ્યાવહારીકરણ અને ત્યાર બાદ એનો વિસ્તાર એ આ સંસ્થાની કાર્યપદ્ધતિ છે. સંસ્થાના વિવિધ પ્રકલ્પો નીચે મુજબ છે.

● **પાણી સંગ્રહ યોજના :** કચ્છમાં વારંવાર પડતા દુષ્કાળો સામે લડવા, પાણીનાં ઊંડાં જતાં તળ અને દરિયાના પાણીથી ખારી થતી જમીનની સમસ્યાનો સામનો કરવા વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર, ખેત તલાવડી, કૂવા રીચાર્જ વિગેરે કાર્યો હાથ ધર્યા છે. સરકારે સરહદી વિકાસ કાર્યક્રમ હેઠળ, રૂા. ૭૯ લાખ આ સંસ્થાને આ કાર્ય માટે ફાળવ્યા છે.

● **કૃષિ :** સંશોધન, નિદર્શન અને ખેડૂતો સુધી તેનાં વિસ્તરણની પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા હાથ ધરાઇ છે. સૂરજમુખી, ચણા, સોયાબીન જેવા પાકો પર સંશોધન કરી, કચ્છમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને આધારે આ પાકો વિશેષ ફાયદાકારક છે એવું સિદ્ધ કરી, તેનો પ્રચાર કરવા ઉપરાંત ફળાઉ વૃક્ષો વાવવા પ્રેરણા આપી કચ્છની ખેતીનાં વ્યાપારીકરણને અટકાવી, પાણી બચાવવાનો પ્રયત્ન પણ કર્યો છે. આ ઉપરાંત સજીવ ખેતી- પરંપરાગત છાણ અને ગૌમુત્રનો ઉપયોગ વિ. દ્વારા પ્રદૂષણથી બચાવવા પણ પ્રયોગો કરી, સફળતા મેળવી છે. ઇટાલીયન મધમાખીના ઉછેર દ્વારા દર માસે લગભગ રૂા. ૨૦૦૦/- જેટલું આર્થિક ઉપાર્જન થઇ શકે છે એવું પ્રયોગો દ્વારા દર્શાવી, તેની વૈજ્ઞાનિક પદ્ધતિ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપી પ્રેરિત કર્યા છે. સંસ્થાએ પોતે આવી ૧૯ પેટી પોતાના નિદર્શન ફાર્મમાં ગોઠવી છે.

આ ઉપરાંત પશુપાલન, પશુ સુધારણા દ્વારા ગુણવત્તાવાળું દૂધ મેળવવાનાં કાર્યને પણ વિસ્તાર્યું છે. આધુનિક ડેરીના પ્લાન્ટ દ્વારા 'અમૃત' દૂધનું ઉત્પાદન કરી, રોજગારનું નવું ક્ષેત્ર પણ ચીંધ્યું છે. આ ડેરી ટૂંક સમયમાં તેની દૈનિક ૫ હજાર લીટરની ક્ષમતા સુધી પહોંચી જશે એવું પણ જણાવાયું છે.

કચ્છના 'ગાંડા બાવળ'ને ડાહ્યો બનાવી, તેમાંથી પૌષ્ટિક ખાણ પણ બનાવી, ખેડૂતોને આપવામાં આવે છે. પ્રોટીન અને સ્ટાર્ચનું ઊંચું પ્રમાણ તેને પૌષ્ટિકતા આપે છે અને તેનાથી દૂધ પણ વધારે મેળવી શકાય છે. ૪૦ કિલો બાવળ ફળી, ૧૫ કિલો ચોખાની ફૂસકી, ૫ કિલો સીંગ ફોતરી આ બધું મિશ્ર કરી, આ ખાણ બનાવાય છે.

● **ઊર્જા સ્ત્રોત, સ્મૃતિવન અને રાહત કાર્યો :** આ પ્રકલ્પ અંતર્ગત, ગોબર ગેસ, નિર્ધૂમ ચૂલા, સુગમ શૌચાલય વિગેરે પ્રવૃત્તિઓ હાથ ધરી, તેને લોકોમાં પ્રચલિત કરાઇ છે. ગામની જાહેર સંસ્થાઓ દ્વારા ફળાઉ ઝાડના વાવેતર- ઉછેરથી તેનાં 'મધુર ફળ' ગામને મળે તેવી 'સ્મૃતિ-વન' યોજના પણ તૈયાર કરી છે. આવાસ બાંધકામ, વિવિધ જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ અને રાહત કામગીરી પણ સમયે સમયે હાથ ધરવામાં આવે છે.

● **રોજગારલક્ષી કાર્યક્રમ :** આ કાર્યક્રમ દ્વારા જે વસ્તુનું બજાર મળી રહે અને એ રીતે રોજગારી પ્રાપ્ત થાય તેવાં ઉત્પાદનો માટે વૈજ્ઞાનિક તાલીમ આપી, વિશ્વ બજાર સુધી પણ વિવિધ કલાઓને પહોંચાડી છે.

સંસ્થાએ આ જ ક્ષેત્રની પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીયસ્તરની સંસ્થાઓ સાથે સંકલન સાધી, વિવિધ લાભ પણ મેળવી આપ્યા છે. સંસ્થા માટે ગૌરવ સમાન ઘટના તો એ છે કે, આર્થિક સહયોગ મેળવી શકાય એ હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા સંસ્થાને મળતાં દાનને ૩૫ એ. સી. કલમ હેઠળ ૧૦૦% કરમુકિત પણ આપવામાં આવી છે.


સંસ્થાએ પોતાના સંશોધનોને અન્ય સંસ્થાઓ સુધી પણ પહોંચાડયાં છે એટલું જ નહીં, કચ્છની વિવિધ સેવાભાવી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી, વિકાસમાં સમતોલ- ડગલાં માંડવા પણ પ્રયત્ન કર્યો છે.

આંકડા કહે છે- સંસ્થાની પ્રવૃત્તિ વિષે....

પ્રવૃત્તિ	કુલ્લ કાર્ય	પ્રવૃત્તિ	કુલ્લ કાર્ય
વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર	૧૪૦	નિર્ધૂમ ચુલા	૧૭૦૭૬
ખેત તલાવડી	૨૪	સુગમ શૌચાલય	૧૮૨૬
વ્યકિતગત કૂવા રીચાર્જ	૧૨૮	તાલીમ વર્ગો	૫૫
ટપક સિંચાઇ પદ્ધતિ	૪૦૫ (એકર)	કેટલ ફીડ પ્રોજેકટ	૨૫૦૫૯ (માનવ દિન)
જમીન અને પાણી ચકાસણી	૨૧૨૨૪ (સેમ્પલ)	બાગાયતી પ્લાન્ટેશન	૬૮૭ (એકર)
ગોબર ગેસ પ્લાન્ટ	૧૦૯		

જનવિકાસ પર્યાવરણ કોષ

૧૯૯૦ની સાલમાં ''સ્વિસ ડેવલપમેન્ટ કો-ઓપરેશન'' દ્વારા પર્યાવરણીય ક્ષેત્રે સ્ત્રી સંગઠનો દ્વારા મહિલાઓમાં પણ જાગૃતિ લાવવા કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ સમક્ષ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો અને એ વિભાગે એને વિવિધ રાજ્યો સુધી પહોંચાડયો અને ગુજરાત સરકારના મહિલા અને બાળ-કલ્યાણ વિભાગે કચ્છ મહિલા વિકાસ સંગઠનનો સંપર્ક સાધ્યો અને એમ આ સંસ્થા અસ્તિત્વમાં આવી. તે પહેલાં અમદાવાદ ખાતેની જનવિકાસ સંસ્થા સાથે સ્વિસ ડેવલપમેન્ટ કો-ઓપરેશને અનુબંધ કરી, 'જનવિકાસ પર્યાવરણ કોષ'ની સ્થાપના કરી. જમીન અને જળ સંબંધે મહિલાઓ સમજે, પોતાનો પણ એક અવાજ ઊભો કરી, નિર્ણય લેવામાં ભાગીદાર બને એ માટે એ સંસ્થા કે. એમ. વી. એસ. સાથે સંકલનમાં રહી કાર્ય કરે છે. જન વિકાસ ઇકોલોજી સેલે, ૧૯૯૧માં સંસ્થાનું માળખું, જરૂરી સાધનો મેળવી ગામડાંઓનું સર્વેક્ષણ કરી, એને આધારે શૈક્ષણિક સામગ્રી તૈયાર કરી. સંસ્થાના કાર્યકરો સંપર્ક દ્વારા



ભુજ નજીક આવેલું રૂદ્રાણી જાગીર સંકુલ સેવા અને સમાજોપયોગી પ્રવૃત્તિઓના સંકુલમાં પલટાઇ ગયું છે. જીવદયા, આરોગ્ય, શિક્ષણ અને ધર્મસ્થાન બધું એક જ સ્થળે છે.

ગ્રામ્ય મહિલાઓનો વિશ્વાસ સંપાદન કરી, પર્યાવરણ વિષે તેમની જ ભાષામાં, તેમની આસપાસના સંદર્ભોનો ઉપયોગ કરી, સમજ આપે છે- વળી, પર્યાવરણ, જળ, જમીન સંબંધે તાલીમ પણ અપાય છે અને તે માટે ચિત્રો, આકૃતિઓ વિગેરેની મદદ પણ લેવાય છે. તાલીમમાં તાંત્રિક, શૈક્ષણિક,વ્યવસ્થાપન વિગેરે વિષયો સમાવિષ્ટ હોય છે. આને પરિણામે મહિલાઓ-લોકો જાગૃત થાય છે. સમિતિઓ રચાય છે અને કાર્ય માટે એ લોકો જ આગળ આવે છે અને યોજનાઓ પાર પાડે છે. આ પ્રકારે પચ્છમ કચ્છ અને ઉત્તર નખત્રાણાનાં ગામડાંઓને આ કાર્યમાં સાંકળી કીચન ગાર્ડન, સુલભ શૌચાલય, બાગાયત વિકાસ, પીવાનું પાણી, ગોબર ગેસ, કૃષિ ઋણ, વોટર શેડઝ વિગેરે કાર્યક્રમોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. વળી, અવારનવાર કાર્યનું વૈજ્ઞાનિક ઢબે મૂલ્યાંકન પણ થાય છે. ૧૯૯૧-'૯૫ દરમ્યાનનાં કાર્યનું મૂલ્યાંકન દર્શાવે છે કે આધુનિક પદ્ધતિથી કેટલું નુકસાન થયું છે એ લોકો સમજી શકયા છે અને કૃષિ, જળ, પર્યાવરણ માટે કચ્છના સંદર્ભમાં શું આવશ્યક છે તે વિચારી, તેનું અનુસરણ કરવા પ્રયત્નશીલ છે.

સંસ્થા નહીં, આંદોલન : 'કોટિ વૃક્ષ અભિયાન'

મુંબઇના કેટલાક મિત્રોએ કચ્છની પર્યાવરણીય અને વરસાદની અછતનાં મૂળમાં

રહેલી સમસ્યાઓનો ઉકેલ 'વૃક્ષ-વાવેતર અને સંવર્ધન'માં જોયો અને 'કોટિ વૃક્ષ અભિયાન'નો આરંભ થયો. મુંબઇ રેલવે સ્ટેશન પર એક સ્ટોલ રાખી, પડીકાંમાં બીજ વિતરણનું કાર્ય મોટાપાયે આરંભ્યું. કચ્છમાં આવી, લોકો વૃક્ષ વાવે અને ઉછેરની વ્યવસ્થા કરે એ અપેક્ષિત હતું. એનાં મીઠાં ફળ પણ મળ્યાં છે. આંદોલન સાથે જોડાયેલા શ્રી એલ. ડી. શાહે આ ઉપરાંત, પોતાના કૂવામાં વરસાદનું પાણી ઉતારી સારું પરિણામ મળ્યું એટલે બિદડા ગામમાં અનેક કૂવા રીચાર્જ કરાવ્યા. ઉપરાંત 'અભિયાન'થી પ્રેરાઇને ડુમરા ગામનાં યુવક મિત્ર મંડળે એક લાખ વૃક્ષ ઉછેરનો સંકલ્પ કર્યો અને ત્યાં વૃક્ષ-પ્રેમ એટલો વિકસ્યો છે કે સ્વજનની જેમ વૃક્ષની સંભાળ લેવાય છે. કોટિ વૃક્ષ અભિયાન દ્વારા, સજીવ ખેતી, ફળાઉ વૃક્ષોનું વાવેતર, ડેમ-રીચાર્જીંગ વિગેરે કાર્યો અંગે પણ પ્રેરણા અપાઇ છે. સજીવ ખેતીના પ્રચાર માટે નિષ્ણાતોના માર્ગદર્શનમાં સંમેલન પણ યોજાયું. આ અભિયાન કચ્છ થકી કચ્છ માટે સતત વિસ્તરી, કચ્છનું નૂતન કલેવર ઘડવા સંકલ્પબદ્ધ છે.

નર્મદા જળ માટે કાર્યરત : જળસંકટ નિવારણ સમિતિ

''કચ્છની પાણીની સમસ્યાઓનો ઉકેલ એકમાત્ર નર્મદા યોજનાનું પાણી મેળવવાનો છે'' એવી દ્રઢ માન્યતા પણ ધરાવાય છે અને એથી નર્મદાના જળ ફાળવણીની અવારનવાર થતી રહેતી જાહેરાતોમાં અન્યાય જણાયો ત્યારે કેટલાક હિતચિંતકો એકત્ર થયા અને જળસંકટ નિવારણ સમિતિ અસ્તિત્વમાં આવી. તેમણે ગુજરાત સરકાર સમક્ષ આ પ્રશ્ને પ્રતિનિધિત્વ પણ કર્યું. ૧૯૬૫માં ખોસલા પંચે કચ્છને સાડાસાત લાખ એકર ફીટ પાણીની ભલામણ કરેલી પણ ૧૯૭૮માં ટ્રિબ્યુનલના ચુકાદાએ ચિત્ર પલટાવ્યું અને કચ્છની કુલ્લ ખેતીલાયક જમીનની ૧.૬૦ ટકાને-એટલે કે દરિયાકાંઠાના ૭૩ ગામોને જ પાણી આપવાનું જાહેર કર્યું. કચ્છ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ મોટો હોવા છતાં અન્ય નાનો વિસ્તાર ધરાવતા જિલ્લાની સાથે પાણીની ફાળવણીમાં અન્યાય જ થયો. આ માટે ૧૬મી જૂન, ૧૯૯૩ના રોજ વિશાળ રેલી ભુજ ખાતે યોજાઇ જેમાં વિવિધ પક્ષો, ક્ષેત્રોના આગેવાનો, લોકોએ

ભૂગર્ભ જળ પાતાળે જઈ રહ્યાં છે
ત્યારે જળ સંરક્ષણના કામો
ઉપરાંત નર્મદાનાં વધુ પાણી
મેળવવાયે મથામણ કરવાની છે

ઉપસ્થિત રહી, ટેકો આપ્યો. રેલીમાં મુખ્ય માગણીઓ મૂકવામાં આવી કે- કચ્છને વિશિષ્ટ પરિસ્થિતિ નજરે ૧૩.૯૫ લાખ એકર જમીનને પાણીની ફાળવણી, પીવાનાં પાણી માટે ૨ મીટરની અલગ પાઇપલાઇન, વરસાદના પાણીને રોકવા વિવિધ ઉપાયો અને સિંધુ નદીનાં પાણીની અવેજીમાં રાજસ્થાન કેનાલ દ્વારા કચ્છને પાણી પૂરું પાડવાની કેન્દ્રની યોજનાનો અમલ થાય. સમિતિ દ્વારા હાલે પણ પત્ર વ્યવહાર-પ્રતિનિધિત્વ ચાલુ જ છે અને ન્યાય મેળવવા પ્રયત્નશીલ છે પણ આ ઉપરાંત પણ કૂવા રીચાર્જીંગ, વૃક્ષનાં બીનું વિતરણ, સજીવ ખેતી સેમિનારમાં સહયોગ વિગેરે કાર્યો દ્વારા, જળસંકટની સમસ્યા ઉકેલવા યોગદાન આપી રહી છે.

સ્વાધ્યાય પરિવાર...

ભકિતના જાગરણ દ્વારા મનુષ્યના આત્મદીપને ઝળહળતો રાખવા પ્રયત્નશીલ સ્વાધ્યાય પરિવારે પણ આ ક્ષેત્રમાં વિશેષ યોગદાન આપ્યું છે. વૃક્ષોના પૂજારી બની, કૃષિ-ભકિત દ્વારા, વિશાળ જમીનમાં 'યોગેશ્વર કૃષિ'નો સામૂહિક- સમાજ સેવાર્થે અને નિઃસ્વાર્થતાથી અભિનવ પ્રયોગ કરી, અનુપમ યોગદાન આપ્યું છે. આ ઉપરાંત ઘેર ઘેર વૃક્ષ-ઉછેરનો મંત્ર ગૂંજતો કર્યો અને હવે કૂવા રીચાર્જીંગની પ્રવૃત્તિ દ્વારા ભૂગર્ભ જળસ્ત્રોત સમૃદ્ધ કરવા પણ સંઘોષ કર્યો છે. આ ઉપરાંત તાજેતરમાં જ ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓના સંમેલનમાં આ પ્રવૃત્તિને વેગ આપવા સમજ આપી છે. આમ, સ્વાધ્યાય પરિવારે પર્યાવરણ, કૃષિ, જળ સંદર્ભે ભકિતનો નૂતન અર્થ પ્રસ્થાપિત કર્યો છે.

સામાજિક સેવા સંસ્થા : ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર

૧૯૭૮માં સ્થપાયેલ આ સંસ્થા રાપર જેવા દૂરના વિસ્તારમાં ગ્રામીણ વિસ્તારમાં વ્યાપક લોકશિક્ષણને ધ્યાનમાં રાખી અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. જેમાં લોકો ઉપરાંત સરકારી, અર્ધ સરકારી અને વિવિધ ટ્રસ્ટો-દાતાઓનો સહયોગ મળે છે. પ્રારંભમાં ઉબડખાબડ જમીનને વૃક્ષારોપણથી રળિયામણી કરી અને છાત્રાલયનો પ્રારંભ કર્યો. ૧૧ ઓગસ્ટના રોજ મચ્છુ ડેમ તૂટયો તે સમયે પણ અહીં પણ અતિવૃષ્ટિ થઈ અને સંસ્થા કસોટીની એરણે ચઢી. પણ વિવિધ સહયોગથી ૫૬ ગામના નિરાધાર થયેલા ૩૯૩ કુટુંબોને ૭,૩૨,૬૦૦ની સહાયથી પાકાં મકાનો પ્રાપ્ત કરાવ્યાં. પછી તો સામાજિક કાર્યોની સરવાણી આરંભાઇ. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા ગ્રામોદ્યોગો દ્વારા, ગામડાને બેઠું કરવાના હેતુસર આ સંસ્થા મારફતે, સુથારી, લુહારી, ચમારકામ, ઇલેકટ્રોનિક, માટીકામ, તેલઘાણી વિ. ગ્રામોદ્યોગો માટે સહાય અપાઇ. સંસ્થાએ ૧૯૯૧માં સરકાર દ્વારા પુનઃ જીવિત થયેલી સર્વોદય યોજનાને અપનાવી શિક્ષણ, પુસ્તકાલય ઉપરાંત કૃષિ ક્ષેત્રે ખેત તલાવડી, આડબંધ બાંધવા, ફળઝાડનાં વાવેતર, ખેડૂતોને ખાણદાણ ઉપરાંત, ઢોરવાડો, નિરણ કેન્દ્ર, સંવર્ધન માટે સાંઢ આપવા વિગેરે કાર્યો માટે ૧૯૯૧થી ૧૯૯૫ દરમ્યાન રૂા. ૨૫ લાખ જેટલી સહાય આપી. આરોગ્ય અને સફાઇ માટે સંસ્થાએ સુલભ શૌચાલય, સ્નાનઘર વિ.ની સમજ ગામડાંમાં વિસ્તારી અને ગત વર્ષ દરમ્યાન ૨૧ ગામના ૬૧ લોકોને સ્નાનઘર માટે તથા ૯ ગામના ૪૧ લોકોને શૌચાલય માટે સહાય આપી.

વાગડની રેતાળ જમીન અને ગરમ હવામાન, સખત વાતા પવનોથી ખુલ્લા ધોરીઆમાં થતા પાણીના વ્યયને અટકાવવા કરેલ કાર્ય નોંધપાત્ર છે. આમાં નવી દિલ્હીની કાપાર્ટ તથા સર્વોદય યોજના બંને દ્વારા સહાય મળી અને પાણી પહોંચાડવા ખેડૂતોને પાઇપલાઇન નાખવા મદદ કરી.

પ્રવૃત્તિઓ આંકડામાં...

યોજના	વર્ષ	લાભાર્થી સંખ્યા	રકમ	અન્ય
ગ્રામોદ્યોગ સહાય	૧૯૯૪	૪૪ કારીગર	૩,૨૧,૭૦૦	---
--એજ--	૧૯૯૫	૨૬ કારીગર	૧,૪૧,૯૫૦	---
અંબર કંતાઇ કેન્દ્ર	ચાલુ વર્ષ-	૨૩ બહેનો	---	બાદરગઢ ગામે જ ચાલે છે
સિમેન્ટ પાઇપ યોજના	૧૯૯૨થી ૯૫	૨૦૫ વ્યકિતઓ	૮,૦૫,૬૦૦	૮૦૫ થેલી સિમેન્ટ ૮૦૫૬૦ ફૂટ સિમેન્ટ પાઇપ

(કાપાર્ટ સહાય રૂા. ૪,૮૩,૩૬૦/- અન્ય લાભાર્થી દ્વારા રોકડ તથા શ્રમ)

સ્વાતંત્ર્યનાં મીઠા ફળ ગ્રામ વિસ્તારો સુધી પહોંચાડવાના નિષ્ઠાવાન પ્રયાસ સંસ્થા કરી રહી છે.

સર્વ સેવા સંઘ

મુંદ્રામાં ૧૯૮૨માં સ્થપાયેલ સંસ્થા તેર વર્ષથી દુઃખી પીડિતો, નિરાધાર આર્થિક નબળા લોકોના આંસુ લૂછવા કાર્યશીલ છે. સંસ્થાની હાલની પ્રવૃત્તિઓમાં બહેનોને આર્થિક પગભર કરવા સીવણશાળા તથા સંચા વિતરણ,, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સહકારથી શ્રમજીવીઓને વ્યવસાય-સાધન મદદ, દર શનિવારે આયુર્વેદિક કેમ્પ વિગેરેનો સમાવેશ થાય છે. સંસ્થા પાસે એમ્બ્યુલન્સ પણ છે જેના દ્વારા ગુજરાત અને ગુજરાત બહાર દર્દીઓને લઇ જવા નિયત દરે સેવા અપાય છે. જરૂર હોય તો સેવા ફ્રી પણ અપાય છે. મૃત્યુ જેવા દુઃખદ પ્રસંગે કોઇ તકલીફ ન પડે એ માટે શબવાહિની વસાવવાની તૈયારીમાં પણ છે. દુષ્કાળના વરસ દરમ્યાન કેટલ કેમ્પો ચલાવી, ઢોરોને બચાવવાના કાર્યમાં તથા મેલેરિયાના તાવે ભરડો લીધો ત્યારે આરોગ્ય-શિબિરો ચલાવી સ્વાસ્થ્ય કાર્યમાં યોગદાન આપ્યું. સંસ્થા ભુજ ખાતે બિલેશ્વર મંદિર પાસે આવેલ 'એન્કરવાલા ભવન'માં પોતાના કાર્યાલયથી સેવા પ્રવૃત્તિઓ ચલાવે છે. તાજેતરમાં જ મેડિકલ સહાય, લેબોરેટરી, એકસ-રે, સીવણશાળા વિગેરેની પ્રવૃત્તિઓ માટે સંસ્થાનાં સ્થાપના કેન્દ્ર મુંદ્રા ખાતે સંકુલ રચવા ભૂમિપૂજન પણ થયું છે. સંચા વિતરણ : ૭૨, વ્યવસાય-સાધન વિતરણ : ૨૫૪, શ્રમજીવીઓને (આ સંખ્યા વધતી જ રહે છે)

દિનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટ-ભુજ

લગભગ વીસેક વર્ષોથી વિવિધ સેવા કાર્યો દ્વારા આ ટ્રસ્ટે સમાજમાં સ્થાન મેળવ્યું છે. ૧૭-૨-૧૯૭૪થી અસ્તિત્વમાં આવેલ આ ટ્રસ્ટ દ્વારા થયેલાં અને થતાં સેવાકાર્યોની

યાદી ઘણી લાંબી છે. જરૂરતમંદોને અનાજ, કપડાં, ભોજન, દર્દીઓને દવા, ફળ વિતરણ તો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, પુસ્તક-નોટ સહાય પણ અપાય છે. પશુઓને રોટલા વિ. અપાય તો માછલીને પણ ખોરાક મળે. અરે, કીડીઓ પણ કણ પામવામાંથી બાકાત ન રહે. ટ્રસ્ટના કાર્ડધારકોને મહિનામાં એક વખત જરૂરી અનાજ અને ખાદ્ય સામગ્રી અપાય છે. જોધપુરની સંસ્થા સાથે સંપર્કમાં આવી, આ સંસ્થા દ્વારા કૃત્રિમ હાથ-પગ નંખાવી આપવાની વ્યવસ્થા પણ ગોઠવાયેલ છે. ટીપે ટીપે સરોવર ભરાય તે રીતે સંસ્થા આર્થિક ભંડોળ ઊભું કરે છે. વિવિધ વ્યવસાય અને ક્ષેત્રના લોકોનો નિયમિત સંપર્ક કરી શકિત અનુસાર રકમ મેળવાય છે. આ ઉપરાંત અન્ય દાતાઓ પણ સહાયભૂત થાય છે.

અંધ-અપંગ મંડળ-માંડવી

અંધ અને અપંગોની સમસ્યાઓ સમજી, તેમને સહાયભૂત થવા, તેમનામાં વિશ્વાસ પેદા કરવા આ સંસ્થા કાર્ય કરે છે. મેડિકલ કેમ્પ દ્વારા તબીબી તપાસ ઉપરાંત ટ્રાયસીકલ વિતરણ અને વિકલાંગોને વિવિધ સહાય અપાઇ છે. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોના તજજ્ઞોને બોલાવી, અપંગોને મળતી સગવડો-યોજનાઓ અંગેનો સેમિનાર પણ યોજ્યો હતો. સંસ્થાએ ત્રણ તબક્કામાં ભાવિ કાર્યક્રમો વિચાર્યા છે. અંધ-અપંગોને સામાન્ય, નાનાં કાર્યોમાં મદદ, નાના ઉદ્યોગો માટે તાલીમ-શાળા, તથા હોસ્ટેલ જેમાં રહી, અંધ-અપંગો વ્યવસાય ચલાવી, રોજગાર મેળવે.

અત્યાર સુધી અપાયેલ સહાય પર નજર કરીએ તો ટ્રાયસીકલ : ૬૪, કેલીપર્સ વિતરણ ૧૭ વ્યકિતઓને જ્યારે કૃત્રિમ અવયવ ૪ વ્યકિતઓને.

મૂક બધિર વિદ્યાલય : માંડવી

૩૧ માર્ચ, ૧૯૫૯થી કાર્યરત આ સંસ્થા માંડવી ખાતે આવેલી છે. જેમાં કચ્છ અને કચ્છ બહારના દૂર દૂરના વિસ્તારોમાંથી મોજણી કરી, બાળકોને સંસ્થામાં લાવી, માનસિક વિકાસ થાય તેવું વિશેષ વાતાવરણ પૂરું પાડી શિક્ષણ આપવાનું કાર્ય ચાલે છે. છથી અઢાર વર્ષના ૩૨ બાળકોની સુવિધા ધરાવતી આ સંસ્થામાં હાલે ૩૦ બાળકો શિક્ષણ મેળવી રહ્યાં છે. શાળામાં તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા સાદા અને સ્પંદનસ્પર્શ દ્વારા જ્ઞાનતંતુઓની તાલીમ, હીયરીંગ એઇડ, ફ્રી હેડીંગ દ્વારા સ્વર અને લેબલીંગ વચ્ચેનો તફાવત પારખવા કાનની તાલીમ, અવાજ અને દ્રષ્ટિ દ્વારા ઓષ્ઠ વાચન ઇત્યાદિની વૈજ્ઞાનિક તાલીમ અપાય છે. સંસ્થા પાસે આ માટેનાં આધુનિક ઉપકરણો છે- ઉપરાંતમાં પુસ્તકાલય, મનોરંજન રૂમ, બાળકો માટે મેદાનમાં સાધનો પણ છે. આ બધી જ સગવડ વિના મૂલ્યે અપાય છે. સરકારશ્રી અને દાતાઓની સહાયથી સંસ્થા પોતાનું કાર્ય સુંદર રીતે ચલાવે છે. છાત્રાલયનું નવું મકાન પણ બંધાયેલ છે. મૂક અને બધિરોની અભિવ્યકિત ક્ષમતા ખીલવતી આ સંસ્થા પોતાની રીતે વિશિષ્ટ બની રહી છે.

મેઘજી સોજપાલ જૈન આશ્રમ

જૈન સમાજનાં અપંગ વયોવૃદ્ધ અને નિરાધાર ભાઇ-બહેનો માટે ઉત્તરાવસ્થા શાંતિમય, ધર્મમય બને એ માટે આ આશ્રમ ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. લગભગ ૪૭ વર્ષ પહેલાં આ આશ્રમ સ્થપાયો- જેની પ્રેરણા મુનિ શુભવિજયજીએ આપી. તેમણે પોતાના વિહાર દરમ્યાન અશકત અને નિરાધાર ભાઇ-બહેનોની હાલત જોઇને તેમની તકલીફો દૂર કરવા આ આશ્રમ સ્થાપવા વિચાર્યું. તેમના આ વિચારથી પ્રેરાઇ, મેઘજીભાઇ સોજપાલે આ કાર્યને ઉપાડી લીધું- અને વિચારને મૂર્ત સ્વરૂપ આપવા મહેનત આરંભી. આ માટે માંડવી-ભુજ જવાની સડક પર નાગજી અમરશીની વાડી મળી-મકાન પણ મળ્યું અને આશ્રમનો આરંભ થયો. આ આશ્રમમાં ભકિતભાવને પ્રેરિત કરતું જૈન દહેરાસર, ધાર્મિક હોલ વિગેરે વિશેષ ધ્યાન ખેંચે છે. આ આશ્રમમાં અશકત સાધુ-સાધ્વીજીની પણ વિશેષ સંભાળ લેવાય છે. ૪૦ એકર જેટલા વિસ્તારમાં પથરાયેલ આ આશ્રમમાં અતિથિગૃહ, ભોજનશાળા, તબીબી સારવાર ખંડ, તાત્કાલિક સારવાર ખંડ, ટી. વી. રૂમ વિગેરે છે અને સ્વસ્થ, પરાધીન, મંદબુદ્ધિ અને માનસિક નબળા લોકો માટે નિવાસની તેમજ સંભાળની અલગ વ્યવસ્થા પણ છે. સામાન્ય તબીબી સારવાર તેમજ માનસિક રોગીઓની સારવાર માટે ડોકટરો મુલાકાત લે છે. હાલે લગભગ ૧૭૦ થી ૧૮૦ વૃદ્ધો અહીંના સુંદર, સ્વચ્છ અને સેવાભર્યાં વાતાવરણમાં પાછલી જિંદગી સંતોષથી વ્યતીત કરી રહ્યા છે.

નવચેતન અંધજન મંડળ, ભચાઉ.

અંધજનો માટે વિવિધ કાર્યો કરતી આ સંસ્થા ૧૯૭૬માં સ્થપાઇ અને અંધજનોનાં કલ્યાણ માટે વિવિધ કાર્યો ઉપાડયાં. અંધજનોને રેલવે પાસ, એસ. ટી. કન્સેશન, વૃદ્ધ પેન્શન, વિધવા પેન્શન અને લોન વિગેરે અપાવવા મદદ કરે છે. અત્યાર સુધીમાં ૫૦ અંધજનોને લોન તેમજ ૫૦ જેટલાં બાળકોને સ્કૂલમાં પ્રવેશ અપાવ્યો છે.

આ મંડળની અન્ય પ્રવૃત્તિઓમાં આઇ બેન્ક થકી ચક્ષુઓનું દાન મેળવવું, બ્રેલ પુસ્તકાલય- અંધજનો માટેનાં મૂક ગુરૂ સમાન પુસ્તકો દ્વારા શિક્ષણનું કાર્ય થાય છે. જેમાં ૩૦૦૦ બ્રેલ પુસ્તકો છે અને ૧૫૦ પ્રજ્ઞાચક્ષુઓ લાભ લે છે.

પ્રજ્ઞાચક્ષુ ગૃહ ઉદ્યોગ એકમમાં અંધ અપંગોને રોજગાર મેળવી આપવાની વ્યવસ્થા છે. અહીં ફાઇલ, નોટબૂક, ચોક, અગરબત્તી, મીઠાઇ બોક્ષ, બાસ્કેટ, પગલૂછણીયાં, બૂક બાઇન્ડીંગ તેમજ હાથશાળના લઘુ ઉદ્યોગો ચલાવી ૩૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓને રોજી મેળવી અપાય છે. તેની સાથે જ છેલ્લા નવ વરસથી પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધાશ્રમ ચાલે છે જેમાં ૫૨ ભાઇઓ અને ૧૨ બહેનો મળી, કુલ્લે ૬૪ વૃદ્ધો ભકિતમય પ્રેમમય વાતાવરણમાં પોતાની સમસ્યાઓને હળવી બનાવી રહ્યા છે. તેમની તમામ જવાબદારી સંસ્થા જ વહન કરે છે. સરકારશ્રી અને દાતાઓના સહયોગથી આ સંસ્થા અંધજનો/અપંગોને સહાયભૂત થવા દરેક રીતે પ્રયત્નશીલ છે. તાજેતરમાં જ સંસ્થાએ અંધ/અપંગ બહેનો માટે શિક્ષણની વ્યવસ્થા કચ્છમાં જ મળી રહે એ માટે બીડું ઝડપ્યું છે અને ભુજ નજીકનાં માધાપર ખાતે ભૂમિ મેળવી, તે પર સંકુલ રચવા હામ ભીડી છે.

મિશનરી સંસ્થા : કચ્છ વિકાસ ટ્રસ્ટ

દક્ષિણ ભારતમાંથી કેટલાંક ખ્રિસ્તી ભાઇ બહેનો સેવાભાવના અને પુરૂષાર્થની મૂડી લઇ કચ્છની ભૂમિમાં આવ્યાં અને કચ્છને કર્મભૂમિ બનાવી. ભુજમાં નાના પાયે અંધજનોનાં કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ શરૂ કરી અને આગળ વધતાં વધતાં ૨૭-૧૧-૮૦ના રોજ વ્યવસ્થિતપણે ટ્રસ્ટની રચના દ્વારા, વિધિવત્ સ્વરૂપ મેળવ્યું. ભુજથી લગભગ ૧૦ કિ. મી. દૂર રાયધણપર ગામની નજીક લગભગ ૨૫૦ એકર જમીનમાં આ સંસ્થાએ પ્રવૃત્તિનાં મૂળ નાંખ્યાં. સ્વચ્છ, વ્યવસ્થિત, વૃક્ષોથી હર્યાભર્યા પરિસરનું વાતાવરણ આશ્રમની અનુભૂતિ કરાવે છે. સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓમાં અંધ અને

> **અંધજનો, અપંગો અને**
> **મૂકબધિરોના કલ્યાણ માટે**
> **સંસ્થાઓ કાર્યરત છે તો વૃદ્ધો માટે**
> **આશ્રયસ્થાન સમું સ્થળ પણ છે જ**

અપંગ ભાઇ-બહેનોને શિક્ષણ તથા રોજગાર વડે સ્વાવલંબી બનાવવા પ્રકલ્પો હાથ ધરાયા છે.

સંસ્થા દ્વારા તાલીમબદ્ધ ફિલ્ડ વર્કર્સ, અંધ અને અપંગોને તેમની દૈનિક ક્રિયાઓથી માંડી વિવિધ કાર્યોમાં મદદરૂપ થાય છે- તેમને રોજગાર તાલીમ માટે પણ મદદ કરે છે. અત્યાર સુધીમાં ૫૦૦ આવાં ભાઇ-બહેનોને તાલીમબદ્ધ કરાયાં છે- જેના થકી તેઓ સામાન્ય મનુષ્યની જેમ ગૌરવભેર જીવન જીવી શકે છે.

શૈક્ષણિક પ્રવૃત્તિ હેઠળ, ૧૪૭ બાળકોની નિવાસ માટેની સંપૂર્ણ સુવિધા સાથેનું છાત્રાલય ચાલે છે જેમાં ૧૨ આવાસોમાં- દરેક ૧૦-૧૨ બાળકો દીઠ એક ગૃહમાતા બાળકો સાથે સતત રહી, તેમની માર્ગદર્શક બને છે. વળી શાળામાં સામાન્ય- સ્વસ્થ બાળકોની સાથે જ તેમને શિક્ષણ આપી, તેમનામાં આત્મવિશ્વાસ જગાડવામાં આવે છે. આરોગ્યના ક્ષેત્રમાં આ સંસ્થા અંધજનો માટે હોસ્પિટલ ચલાવે છે જ્યાં ઓપરેશન પણ થાય છે. એક મેડિકલ ઓફિસર અને તાલીમબદ્ધ સહાયકો એક જીપમાં દરરોજ કચ્છના ગ્રામ વિસ્તારોમાં જઇ, આંખોના દર્દીઓની તપાસ કરે છે. આ ઉપરાંત ભુજમાં પણ એક ઓ. પી. ડી. સારવાર કેન્દ્ર ચાલે છે. આ ટ્રસ્ટ વ્યાપકપણે ગ્રામ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. જેમાં પશુપાલન, ઓલાદ સુધારણા માટે વીર્યદાન/કૃત્રિમ ગર્ભાધાન, વૃક્ષારોપણ, બાયોગેસ, કૃષિ તાલીમ, સાક્ષરતા અભિયાન વિગેરેનો સમાવેશ થાય છે. ખ્રિસ્તી ધર્મભાવનાથી પ્રેરાયેલા આ નિષ્ઠાવાન, પ્રભુ પરાયણ કાર્યકરો ભારતીય સંસ્કૃતિના ઉજ્જવળ સંસ્કારો અક્ષુણ્ણ રહે તેવા ભાવ સાથે સેવાકાર્યો વિસ્તારે એ અપેક્ષા સહજ રહે.

માતાલક્ષ્મી રોટરી ઇન્સ્ટીટયુટ, આદિપુર

મનુષ્યને જગતના રસનો અનુભવ ઇન્દ્રિયોના માધ્યમથી થાય છે. પણ આ

ઇન્દ્રિયો કાર્યશીલ ન હોય અને/અથવા કોઇ કારણસર ક્ષમતા ગુમાવી દે તો મનુષ્યનો વિકાસ રૂંધાઇ જાય પણ આવી પરિસ્થિતિમાં વિજ્ઞાન અને નૂતન અભિગમો, સંશોધનો મદદરૂપ થાય છે, એટલું જ નહિ, ઇન્દ્રિયોની કાર્યક્ષમતા ખીલવી શકે છે પણ આ માટે જરૂરી છે પુરૂષાર્થ; સહૃદયતા આનું એક ઉદાહરણ એટલે આદિપુરની માતાલક્ષ્મી રોટરી ઇન્સ્ટીટયુટ જે જન્મથી જ શ્રવણશકિત નથી ધરાવતા, બધિર છે એવાં બાળકોના વિકાસ માટે કાર્ય કરે છે. આવાં બાળકોને મૂક-બધિર કહેવાય છે, પણ સંસ્થા એવું પ્રતિપાદિત કરે છે કે શ્રવણશકિતની ખામીને લીધે, કોઇ ધ્વનિ ઝીલાતો ન હોય એટલે, અભિવ્યકિતની ક્ષમતા પણ દબાઇ જાય છે. પણ, જો નાનપણથીજ આવાં બાળકોને વ્યવસ્થિત તાલીમ આપવામાં આવે તો તેઓ બોલી શકે છે અભિવ્યકિત કરી શકે છે એટલે, તેમને ફકત બધિર જ કહેવાં જોઇએ 'મૂક' નહીં.

મુંબઇનું માતાલક્ષ્મી ટ્રસ્ટ ચક્ષુનિદાન શિબિરોનું આયોજન કરતું, તે દરમ્યાન જણાયું કે ચક્ષુરોગો કરતાં બહેરાશનું પ્રમાણ વધારે છે આથી, તેમણે રોટરી સંસ્થા સાથે જોડાઇને એનાં નિવારણ માટે તેમજ નાનપણથી જ આવી તકલીફવાળાં બાળકોને કેળવવા તેમની વાચાશકિત ખીલવવા આ ઇન્સ્ટીટયુટનો પ્રારંભ કર્યો. એમને મુંબઇની ''અલીયાવર જંગ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ હીયરીંગ હેન્ડીકેપ્ડ'' દ્વારા પણ સહયોગ અને માગદર્શન મળતાં રહ્યાં છે. ૧૯૮૫માં ૧૧ બાળકોની સંખ્યા સાથે એક નાનકડાં મકાનમાં સંસ્થાનો આરંભ થયા બાદ વિકાસનાં ડગલાં પણ મંડાતાં ગયાં. ૧૩૦૦૦ ચો. ફૂ.ના વિસ્તારમાં ૨૫ લાખ રૂપિયાના ખર્ચે એક સુસજ્જ ભવન તૈયાર થયું. ૬ વર્ગખંડો અને અન્ય વિવિધ સગવડો ધરાવતા કુલ્લ ૧૨ ખંડો છે. સંપૂર્ણ સાઉન્ડપ્રુફ સ્પીચરૂમ-જેમાં ઓષ્ઠ હલનચલન દ્વારા બાળકને વાચા ખીલવવા તાલીમ અપાય છે. આજ પ્રકારે ઓડીઓ મેટ્રીરૂમ, હીઅરીંગ એઇડ રીપેરીંગ રૂમ, ઓડીઓગ્રામ, ઓડીઓમીટર, હીઅરીંગ ટેસ્ટીંગ રૂમ, હીઅરીંગ એઇડ મારફતે ઝીલાતો ધ્વનિ સુસ્પષ્ટ રીતે કાનમાં ઝીલાય એ માટે ઇયર મોલ્ડ લેબોરેટરી વિગેરે અદ્યતન સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે. સંસ્થામાં ૩ થી ૮ વર્ષનાં બાળકોને દાખલ કરવામાં આવે છે. કારણ કે બાળક જેટલું નાની ઉંમરથી આવે તેટલી તેની ક્ષમતા ખીલવાની તકો વધારે

કચ્છમાં દર વર્ષે જુદી જુદી સંસ્થાઓ દ્વારા આરોગ્ય કેમ્પો ચોગરદમ યોજાય છે અને હજ્જારો લોકો તેનો લાભ લે છે તેવું બીજે ભાગ્યે જ કયાંયે જોવા મળશે

રહે છે. બાળકનો ઓડીઓગ્રામ કાઢી, તેની શ્રવણક્ષમતા નકકી કરી, તેને આધારે જ અનુરૂપ વર્ગમાં દાખલ કરાય છે અને ધીરે ધીરે તેની શ્રવણ ક્ષમતા ખીલવવામાં આવે છે. વર્ગખંડમાં વિશેષ રીતે વર્તુળાકાર ગોઠવેલા બેન્ચીઝમાં માઇક્રોફોન સીસ્ટમ ગોઠવી છે અને આમ, ગ્રુપ હીઅરીંગ પદ્ધતિથી શીખવવામાં આવે છે. અભ્યાસક્રમના વિષયો ઉપરાંત, લીપ રીડીંગ અને ઓડીટરી જેવા વિષયો પણ હોય છે. શિક્ષણ માટે ચિત્રો, સાધનો, પ્રત્યક્ષ વિવિધ સ્થળોની મુલાકાત, કાર્યપદ્ધતિનું દર્શન, અભિનય વિ. માધ્યમો ઉપયોગમાં લેવાય છે. શ્રવણક્ષમતાને આધારે બાળકનો વર્ગ નિશ્ચિત થતો હોવાથી, એક વર્ગમાં વિવિધ વયનાં વિવિધ વર્ગનાં બાળકો હોય છે, એટલે, શિક્ષકની પણ કસોટી થાય છે એથીજ એક વર્ગમાં ૧૦ થી વધારે બાળકો ન લેવાં એ મર્યાદા નિશ્ચિત કરાઇ છે. બાળકોને સવારે દૂધ, નાસ્તો વિ. નિઃશુલ્ક અપાય છે. આ ઉપરાંત ગણવેશ પુસ્તકો વિ. માટે પણ મદદ કરવામાં આવે છે.

સંસ્થાનું કાર્ય બાળકોને જ શિક્ષણ આપીને પૂરું થતું નથી. જનસમાજમાં પણ બધિરો પ્રત્યે સમાદર કેળવાય, 'તેઓ જુદા છે' એ ભાવના નાબૂદ થાય એ માટે લોકશિક્ષણનું કાર્ય પણ અપનાવ્યું છે. રોટરીના અને આ સંસ્થાના પાયાના પથ્થર સમા શ્રી કૃષ્ણકુમાર જોશી, સંસ્થાનાં મંત્રી સાવિત્રીબહેન ચંદનાની તેમજ શિક્ષણક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતાં અને બી.એડ. (ડેફની) વિશેષ આધુનિક તાલીમ પામેલાં ભારતીબહેનના સંયુકત પ્રયાસોથી ઊંડાં મૌનની લાખંડી દિવાલ ભેદીને એક પ્રસ્ફુટ ધ્વનિ લોકોને જાગૃત કરી રહ્યો છે.

સેવા કાર્યોથી મઘમઘતું યાત્રાધામ : રૂદ્રમાતા

ભુજથી ૧૪ કિ.મી. દૂર આવેલ રૂદ્રમાતા મંદિર અને ડેમ પવિત્ર યાત્રાધામ તથા પર્યટનનું સ્થળ ગણાતું આવ્યું છે પણ છેલ્લાં લગભગ ૧૫ વર્ષોથી આ સ્થાન સામાજિક સેવા કેન્દ્ર તરીકે વિકસ્યું છે. વૃક્ષાચ્છાદિત, રળિયામણું, શાંત આ સંકુલ અતિથિભવન, ભોજનશાળા, સભાખંડ, વિગેરે સુવિધાઓ સાથે અનેકવિધ સેવાપ્રવૃત્તિઓથી ધ્યાન આકર્ષિત કરે છે. ૧૯૭૯ની સાલમાં અહીંનાં મહંત પૂ. ખીમગિરિજીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે, પોતાની હયાતિમાં જ અટલ અખાડાનાજ શ્રી ધર્મેન્દ્રગિરિજીને કારોબાર સોંપ્યો. યુવાન, ઉત્સાહી, દર્શનાચાર્ય એવા આ મહંતે સેવાક્ષેત્ર તરીકે આ ધર્મક્ષત્રનો વિકાસ કરી, 'સેવા એ જ ધર્મ'એ મંત્રને આવિષ્કૃત કર્યો.

ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતાં વિદ્યાલય અને સંસ્કાર દ્વારા વ્યકિતત્વ-વિકાસની તક પૂરી પાડતાં છાત્રાલય ઉપરાંત રૂદ્રમાતા ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત એક આરોગ્ય કેન્દ્ર પણ ચાલે છે. જેનો આસપાસનાં ગામોના દર્દીઓને નિઃશુલ્ક લાભ અપાય છે. માનવસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ અહીં ચાલે છે. દુષ્કાળ સમયે આસપાસનાં ૪૦-૫૦ ગામોમાં જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ધાબળા, સુખડી, કપડાનું વિતરણ, મફત છાશ કેન્દ્રો પણ ચલાવાયેલાં. દિવાળીબહેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટનો પણ સહયોગ સાંપડેલો. ૨૪ કલાક સેવા આપતી એમ્બ્યુલન્સ પણ આસપાસના લોકોને આશીષરૂપ છે.

મૂક-પશુઓની સેવા માટે પશુ દવાખાનું પણ ચાલે છે તેમને સારવાર દરમ્યાન અવાડો, ઘાસચારો, દવાઓ વિ.ની સગવડ પણ છે. આ કાર્ય માટે એનીમલ વેલ્ફેર બોર્ડ મદ્રાસ જેવી રાષ્ટ્રીય સંસ્થાનો પણ સહયોગ સાંપડયો છે. અહીં પ્રાણી કલ્યાણ મંડળ રાજકોટ તથા જિલ્લા પંચાયતની મદદથી પશુ-શિબિર તથા પશુ મેળાઓનું પણ વર્ષમાં ચાર-પાંચ વખત આયોજન થાય છે. તંદુરસ્ત પશુ હરીફાઇ કાર્યક્રમો પણ યોજાય છે. પાંજરાપોળ અને ગૌશાળા પ્રવૃત્તિ પણ ચાલે છે. ઉત્પાદનલક્ષી આશરે ૨૦૦ ગાયો અને પાંજરાપોળમાં ૬૦૦ પશુઓનો નિભાવ થાય છે. કૃષિક્ષેત્રે પણ આ સંસ્થાનું યોગદાન રહ્યું છે. ૩૦૦૦ ફળાઉ ઝાડો ધરાવતા પ્રાયોગિક ફાર્મને તૈયાર કરવામાં લોકભારતી સણોસરા અને શારદાગ્રામનું માર્ગદર્શન મળ્યું છે, વિવિધ પ્રયોગો પણ હાથ ધરાય છે અને આસપાસના ગામોના ખેડૂતોને પણ માર્ગદર્શન આપવામાં આવે છે. કેરીની વિવિધ જાતોના પ્રયોગો પણ થયા છે 'દશેરી-કેરી'ની જાત પણ વિકસાવાઇ છે.

મહંતશ્રી ધર્મેન્દ્રગિરિજીની કાર્યશીલતાએ તેમને વિવિધ સંસ્થાઓમાં સ્થાન અપાવ્યું છે. જેમાં પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના સૌરાષ્ટ્ર વિભાગમાં પ્રતિનિધિ, ગુજરાત ગૌશાળા સંઘ, કચ્છ પાંજરાપોળ ફેડરેશન વિ.નો સમાવેશ થાય છે. વિવિધ સંસ્થાઓ સાથે તેમનું આદાનપ્રદાન ચાલતું જ રહે છે. તેઓ માને છે કે પાંજરાપોળોને જ્યારે સરકારી સહાય અને દાતાઓનો ટેકો સાંપડે છે ત્યારે ઢોરો પાછાં સોંપતી વખતે કોઇ જ ખર્ચ માલિક પાસેથી ન લેવું જોઇએ. વળી, સંસ્થાએ કયારેય પણ ધનને બાંધી ન રાખવું જોઇએ. 'કેપીટલ-રીઝર્વ' ન કરતાં, ધનને સેવા-કાર્યોમાં વહેવડાવતા રહેવું જોઇએ. મહંતપદ આહાર-પ્રમાદ કે કોરી ભકિત માટે નહીં પણ સમાજના દીનદુઃખી અને સંપન્ન લોકો વચ્ચે સેતુરૂપ બનવા માટે છે.

રૂદ્રમાતા ધામ સાચા અર્થમાં પુરુષાર્થી શકિતનું કેન્દ્ર બની રહ્યું છે.

રામકૃષ્ણ યુવક મંડળ ભુજ : અધ્યાત્મ સેવાનો સમન્વય

પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવ અને સ્વામી વિવેકાનંદના ઉપદેશ વિચારો અને કાર્ય સંદેશને આદર્શ ગણી છેલ્લા ૨૫ વરસથી આ સંસ્થા યુવાનોમાં આધ્યામિક્તા સાથે સેવાની ભાવના જન્મે અને સમાજમાં તે પ્રસરે તે માટે કાર્યરત છે. રામકૃષ્ણ મિશન રાજકોટનાં માર્ગદર્શનથી કાર્યરત આ સંસ્થાએ દુષ્કાળ અને અતિવૃષ્ટિના સમયે રાહતકાર્યોમાં મદદ કરી છે. સંસ્થાની નિયમિત પ્રવૃત્તિઓ પ્રાર્થના, પૂજ્ય-જન્મતિથિઓની ઉજવણી, રામકૃષ્ણ મિશનના સ્વામીજીઓનાં અને અન્ય ચિંતકોનાં વકતવ્યો (જેમાં હાલ છેલ્લા ૧ વર્ષ વેદાંત પર ચાલતી ચિંતન ધારાનો સમાવેશ થાય છે) વિ. ઉલ્લેખનીય છે. યુવા સપ્તાહ તેમજ અન્ય પ્રસંગોએ નિબંધ-વકતૃત્વ તેમજ અન્ય વ્યકિતત્વનો વિકાસ સાધતી સ્પર્ધાઓ, યુવા સંમેલનો વિ. પણ યોજાય છે. સેવાકીય પ્રવૃત્તિઓમાં છેલ્લાં કેટલાય વર્ષથી નિયમિતપણે અનાજ-કાપડ વિતરણ તેમજ જનરલ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને દવા વિ.ની સહાય પણ અપાય છે. સાહિત્ય પ્રચાર-પ્રસાર-વેચાણ માટે મેળા તેમજ કથા જેવા પ્રસંગોએ સ્ટોલ રાખવામાં આવે છે. સંસ્થાને પોતાનું એક નાનકડું પુસ્તકાલય હતું- તેના આધારે જિલ્લા ગ્રંથાલય દ્વારા બ્રાંચ ગ્રંથાલયની મંજૂરી મળતાં ગ્રાન્ટ મળે છે અને પુસ્તકાલય વાચનાલય ચાલે છે. સંસ્થાએ કાર્યનિષ્ઠા થકી કચ્છ અને ભુજની સંસ્થાઓમાં માનભર્યું સ્થાન મેળવ્યું છે.


સમાજોત્થાનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શ્રી જનાર્દનભાઇ રાસ્તે અને મુંબઇના

(અનુ. પા.૧૦૦)

જીવદયા નામે પાંજરાપોળ

□ પ્રાણલાલ એચ. ઠાકર

બૃહદ કચ્છવાસીઓ પોતાના માદરે વતન કચ્છ માટે ભારે મમત્વની લાગણી ધરાવે છે. કચ્છનાં ગામડાઓમાં આજે પણ અનેકવિધ સાર્વજનિક સમાજોપયોગી પ્રવૃત્તિઓ સાથે મોટાભાગની 'પાંજરાપોળો' પછવાડે પણ સ્થાનિક અને બૃહદ કચ્છનાં સમસ્ત જૈનોનું ઉમદા યોગદાન રહેલું છે.



'પ્રાણીઓ' સાથે 'પ્રવાસી'ઓને પણ રહેવાની સગવડ કરી આપતી 'મુંદ્રા પાંજરાપોળ' આજે અશક્ત અને ત્યકત જાનવરોની સેવામાં સવા શતાબ્દી વટાવી ચૂકી છે.

અર્થ અને ઉત્પત્તિ


પાંજરાપોળ શબ્દ મૂળે 'પાંગળાપોળ'નું અપભ્રંશ સ્વરૂપ છે. તેમાં 'પાંગળા' શબ્દ જ સ્વયમ્ સ્પષ્ટ છે. પાંગળા એટલે કે અશકત કે ત્યકત જાનવરોનું આશ્રયસ્થાન એટલે પાંગળાપોળ. સમગ્રતયા અર્થમાં જોઇએ તો ખેડૂત કે પશુપાલક જેનો નિભાવ કરી ન શકે, જેમાંથી તેને વળતર ન મળે એવા જાનવરો સાચવવાની ઓચિંતી જવાબદારી ઉપાડી લે તે 'પાંજરાપોળ' કે 'પાંગળાપોળ'.

આપણો દેશ અનાદિકાળથી જ ખેતીપ્રધાન મુલક રહ્યો છે. અને કૃષિ આધારિત સમાજનો મુખ્ય આધાર પશુધન જ હોય છે. ભારતની આર્ય સંસ્કૃતિમાં પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી, જીવદયા અને કરૂણાધર્મની ભાવનાનું સિંચન પ્રબળ રીતે થયેલું છે.

અગાઉ બિમાર કે વૃદ્ધ ઢોરોની દિવસભર સારસંભાળ રાખવા માટે ગામમાંના એક ખાસ પરિવારને આ કાર્ય સોંપવામાં આવતું અને ગામનાં ખેડૂતો મળીને તેમના જીવન- નિર્વાહ માટે વ્યવસ્થા કરતા. સમય જતાં સમાજનાં પૈસાપાત્ર વર્ગોએ જીવદયા ક્ષેત્રે પોતાના ધનનો સદુપયોગ કર્યો. દાતાઓનાં દાનથી ઢોરવાડાઓ અને ઢોરોની વિશેષ સગવડના રૂપમાં ખાસ પાકા મકાનો પણ ઊભા કરવામાં આવ્યા, જે જતે દહાડે 'પરાંજરાપોળ' તરીકે ઓળખાય.

વષો પૂર્વે આવી સંસ્થાઓ નિરાધાર પશુઓના પાલનાર્થે સ્થપાતી હતી. આજે કતલખાને જતા અબોલ જીવોને બચાવી તેને સાચવવા માટે પણ પાંજરાપોળોની હસ્તી બહુ જરૂરી છે. આજે પાંજરાપોળો ખોડા ઢોરોનું આશ્રયસ્થાન બનવા ઉપરાંત ગૌશાળા પ્રવૃત્તિ અને પશુ સંવર્ધનનું કેન્દ્ર પણ બની રહી છે. દુષ્કાળની પરિસ્થિતિમાં તો પાંજરાપોળોની ઉપયોગીતા ઓર વધી જાય છે.

અખિલ ભારત કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી ઈન્દિરા ગાંધી તારીખ ૭મી નવેમ્બર, ૧૯૫૯ના રોજ માંડવીની મુલાકાતે આવેલ ત્યારે માંડવી પાંજરાપોળે યોજેલ પશુ પ્રદર્શન પણ તેમણે નિહાળ્યું હતું તે વેળાની અવિસ્મરણીય તસ્વીર.



આર્થિક વિટંબણાઓ વચ્ચે પણ અસ્તિત્વ ટકાવી રહેલી પાંજરાપોળો ઉપર બીજી તરફ પશુઓનું ભારણ પણ વધતું જ જાય છે. કેમ કે કચ્છ જેવા સૂકા પ્રદેશોમાં મોટાભાગે અછતની પરિસ્થિતિ રહેતી હોવાથી ઘણાં માલધારીઓ, ખેડૂતો કે પશુપાલકો પોતાનાં પશુઓ પાળી શકવા અસમર્થ બનતાં પાંજરાપોળે મોકલી દેતા હોય છે.

સહાય અને સ્વાવલંબન

આવી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા પશુદીઠ સબસીડી અને કચ્છનાં ૧૩૦ ઘાસ ડેપો દ્વારા રાહત દરે ઘાસ વિતરણ તેમજ કેન્દ્ર સરકારની 'કાપાર્ટ'ના ટૂંકા નામે ઓળખાતી 'કાઉન્સિલ ફોર એડવાન્સમેન્ટ ઓફ પીપલ્સ એકશન એન્ડ રૂરલ ટેકનોલોજી' દ્વારા પણ પાંજરાપોળોની વિવિધ યોજનાઓ માટે નાણાંકીય સહાય મળતી રહે છે.

ઉપરાંત પાંજરાપોળો પોતે પણ આવકનાં સાધનો ઊભા કરે, ઘાસ બેન્ક જેવી યોજનાઓ હાથ ધરે, વિવિધ સરકારી યોજનાઓનો લાભ લે તો પશુરક્ષા અને પશુ વિકાસ પ્રવૃત્તિ સાથે સ્વાવલંબન પણ મેળવી શકાય.

કચ્છમાં પાંજરાપોળ પ્રવૃત્તિના અડીખમ અગ્રણી તરીકે સદગત શ્રી ઝુમખલાલભાઇ લક્ષ્મીચંદ મહેતા (માંડવી)નું નામ સદૈવ સ્મરણીય રહેશે. તેમના નેતૃત્વ હેઠળ કચ્છની

પશુપાલક સંસ્થાઓને સાંકળતું 'અખિલ કચ્છ પાંજરાપોળ અને ગૌશાળા ફેડરેશન' નામક સંગઠન રચાયું છે. અછતના સમયમાં કચ્છના પાંજરાપોળ ફેડરેશને પશુરક્ષાના કાર્યક્ષેત્રે ચાવીરૂપ ભાગ ભજવ્યો છે. ઉપરાંત 'કાપાર્ટ' પાસેથી આર્થિક મદદ મેળવવામાં પણ સફળતા મેળવી છે.

કચ્છની કેટલીક પાંજરાપોળોનું વિહંગદર્શન

ક્રમ	ગામ	સ્થાપના	પશુઓ
	અબડાસા તાલુકા		
૧.	જખૌ	૧૯૮૩	૩૫૫
૨.	તેરા	-	૧૫૦
૩.	નલિયા	૧૮૪૯	-
	અંજાર તાલુકા		
૪.	અંજાર	૧૭૫૬	-
૫.	ગાંધીધામ	૧૯૮૬	૩૯૪
	નખત્રાણા તાલુકો		
૬.	નખત્રાણા	૧૯૮૬	૬૦૦
	ભચાઉ તાલુકો		
૭.	આધોઇ	૧૯૫૩	૯૭૭
૮.	ભચાઉ	૧૯૫૪	-
૯.	મનફરા	૧૯૩૭	૭૦૦
૧૦.	લાકડિયા	-	૧૨૫૦
	ભુજ તાલુકો		
૧૧.	ભુજ	-	૧૦૫૭
૧૨.	માધાપર	૧૯૨૬	૩૦૦
	માંડવી તાલુકો		
૧૩.	દુર્ગાપુર	૧૯૦૦	૧૦૦
૧૪.	બિદડા	૧૮૭૪	૨૫૩૫
૧૫.	માંડવી	-	૨૨૬૮
	મુન્દ્રા તાલુકો		
૧૬.	ગુંદાલા	૧૯૪૦	૪૬૪
૧૭.	છસરા	૧૯૯૪	-
૧૮.	ભુજપુર	૧૮૭૪	૧૧૧૩
૧૯.	મુન્દ્રા	૧૮૬૧	૧૦૩૨
૨૦	રતાડિયા	૧૯૬૭	૬૫૫
૨૧.	લુણી	૧૯૮૬	૬૦૦
૨૨.	વડાલા	૧૯૮૫	૯૫૫
	રાપર તાલુકો		
૨૩.	આડેસર	૧૯૮૪	૪૦૦
૨૪.	નીલપર	૧૯૮૬	૨૦
૨૫.	મોમાયમોરા	૧૯૮૦	૭૦
૨૬.	રવેચી	૧૯૭૪	૧૪૧૦
૨૭.	રાપર	૧૯૭૨	૨૧૫૦
૨૮.	લીલપુર	૧૯૮૧	૨૧
૨૯.	વરણું	૧૯૭૯	૪૪૫
	લખપત તાલુકો		
૩૦.	નારાયણસરોવર	૧૯૮૬	૬૬૧

કચ્છની સર્વે પાંજરાપોળોમાં ફક્ત મુન્દ્રા અને રાપરની પાંજરાપોળો 'પ્રાણીઓ' સાથે 'પ્રવાસીઓ'ને પણ સાચવવાની સુવિધા (ગેસ્ટ હાઉસ) ધરાવે છે ! કચ્છમાં ફક્ત નારાયણસરોવર અને લુણી એ બે પાંજરાપોળો પોતાનું 'પશુ-પક્ષી સારવાર દવાખાનું' પણ ધરાવે છે.

ગુજરાતની પાંજરાપોળોમાંથી એક- તૃતિયાંશ (ત્રીજા) ભાગની પાંજરાપોળો કચ્છમાં આવેલી છે ! આજે કચ્છમાં ૪૦, ગુજરાતમાં ૧૫૦ અને દેશભરમાં કુલ મળીને અંદાજે ૩,૦૦૦ પાંજરાપોળો આવેલી છે. કચ્છમાં ૨૧ જેટલી ધર્માદા જાગીરોમાં પણ ગૌશાળાઓનું સંચાલન થાય છે.

કચ્છની ૪૦ જેટલી પાંજરાપોળો અને ગૌશાળાઓમાં લગભગ ૩૫,૦૦૦ જેટલા ઢોર અને ૭૫ જેટલા ઢોરવાડાઓમાં પણ લગભગ એટલી જ સંખ્યામાં ઢોર આશ્રય પામે છે. કચ્છમાં 'સૌથી જૂની પાંજરાપોળ' તરીકેનું ગૌરવ 'અંજાર પાંજરાપોળ' (સ્થાપના ૧૭૫૬) ધરાવે છે; જ્યારે 'સૌથી નવી પાંજરાપોળ' મુન્દ્રા તાલુકાની 'છસરા પાંજરાપોળ' (૧૯૯૪) છે.

૧૯૮૭ના વિષમકાળમાં 'રાપર પાંજરાપોળ'માં ઢોરોની સંખ્યા કચ્છમાં અદ્યાપિ સૌથી વધુ સાડાનવ હજારની વિક્રમી સંખ્યાએ પહોંચી ગઇ હતી ! વર્તમાને કચ્છમાં સૌથી વધુ જાનવરો (૨,૫૩૫) 'બિદડા પાંજરાપોળ' ધરાવે છે. કચ્છમાં બે હજારથી વધુ ઢોરો ધરાવતી ફક્ત ત્રણ પાંજરાપોળોમાં બિદડા પછી માંડવી (૨,૨૬૮) અને રાપર (૨,૧૫૦)ની પાંજરાપોળો આવે છે.

પાંજરાપોળોની વિશેષ વાતો

ભારતના વડાપ્રધાને કોઇ પાંજરાપોળની મુલાકાત લીધી હોય તેવી કચ્છમાં સંભવતઃ એકમાત્ર 'માંડવી પાંજરાપોળ' છે, જ્યાં પંડિત નેહરૂ ૧૯૫૨માં પધાર્યા હતા. (જ્યારે અખિલ ભારત કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રીમતી ઇન્દિરા ગાંધી ૧૯૫૯માં માંડવી અને મુન્દ્રા પાંજરાપોળોની મુલાકાતે આવી ગયા છે.)

રાષ્ટ્રીય સ્તરની 'કાપાર્ટ' સંસ્થા તરફથી ૧૯૮૭માં મદદ મેળવનાર 'માંડવી પાંજરાપોળ' કચ્છમાં પ્રથમ હતી. તો, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી ૧૯૯૪માં રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર મેળવનાર 'બિદડા પાંજરાપોળ' આવી એકમાત્ર સંસ્થા છે.

કચ્છની સર્વે પાંજરાપોળોમાં ફક્ત મુન્દ્રા અને રાપરની પાંજરાપોળો 'પ્રાણીઓ' સાથે 'પ્રવાસીઓ'ને પણ સાચવવાની સુવિધા (ગેસ્ટ હાઉસ) ધરાવે છે ! કચ્છમાં ફક્ત નારાયણ સરોવર અને લુણી એ બે પાંજરાપોળો પોતાનું 'પશુ-પક્ષી સારવાર દવાખાનું' પણ ધરાવે છે. □

■ ઓસવાળ ફળિયા, મુન્દ્રા

કચ્છની જાણીતી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા

(પાના ૯૮નું સંધાન)

કોમલ છેડા દ્વારા કચ્છના વ્યાપક પ્રવાસને અંતે રાષ્ટ્રીય ભાવનાના વિકાસ સાથે
આ સરહદી જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓની આવશ્યકતા જણાતાં કચ્છ કલ્યાણ સંઘ
ટ્રસ્ટનો ઉદય થયો. આપત્તિના સમયે કપડા-અનાજ વિતરણ ઉપરાંત દુષ્કાળમાં છાશ
કેન્દ્રો ચલાવવા ઉપરાંત આ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિ પર આધારિત
શિક્ષણ આપતાં બાલમંદિર તેમજ પ્રાથમિક શાળાઓ ચલાવવાનો નિર્ણય થયો- તે
અનુસાર હાલે ભુજમાં ધોરણ ૫ સુધીની શાળા ચાલે છે. ઉપરાંત અન્ય સ્થળોએ
માર્ગદર્શન પણ આપ્યું છે. એ જ પ્રમાણે મુંબઇમાં કચ્છીઓની જાગૃતિ અને સાંસ્કૃતિક
એકતા માટે કાર્યરત કચ્છ યુવક સંઘ દ્વારા ભુજમાં પણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે અને
ભુજમાં વિવિધ ઉપેક્ષિત વિસ્તારોમાં બાલ સંસ્કાર કેન્દ્રો દ્વારા સંસ્કાર સિંચન અને એ
વિસ્તારના વિકાસ માટેની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત વૃક્ષારોપણ
માટે પણ આ સંસ્થા યોજના ઘડે છે.

સેવા સંસ્થાઓ : એક વિશાળ ફલક

જ્યારે કચ્છની સેવા સંસ્થાઓ વિષે નોંધ તૈયાર કરવા બેસીએ ત્યારે ઘણું બધું સામે આવે- કશુંક રહી ગયાની ભીતિ પણ અનુભવાય અને લખ્યા છતાં મર્યાદાને કારણે કેટલુંક છોડી દેવાયાનો અસંતોષ પણ રહે. તેમ છતાં કચ્છમાં બહુ જ વ્યાપકપણે અને સતત કાર્યશીલ સંસ્થાઓનો પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે. તે ઉપરાંત પણ આ બધાં ક્ષેત્રોમાં અનેક સંસ્થાઓ કાર્યરત હશે જ. વિવિધ ધાર્મિક સંસ્થાનો દ્વારા થતાં સેવાકાર્યો, જ્ઞાતિ મંડળો દ્વારા ચાલતી સેવાઓ, મહાજનો તેમજ મુંબઇ સ્થિત વિવિધ સંસ્થાઓ દ્વારા કચ્છનાં ગામોમાં થતાં સેવા કાર્યો, યુવક મંડળોની સેવાકીય પ્રવૃત્તિઓ, રકતદાન ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ- કેટલી વિસ્તૃત યાદી બને ! અહીં એ બધાંનાં કાર્યોની નોંધ લેવાનું શકય નથી બન્યું પણ તેથી, એમના સેવાકાર્યોનું મૂલ્ય જરા પણ ઓછું આંકી શકાય એમ નથી- આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે રોટરી, લાયન્સ, જાયન્ટસ, રેડક્રોસ સોસાયટી વિગેરેનું યોગદાન પણ વિશેષ રહ્યું છે. આટલાં વિશાળ ફલકને પ્રસ્તુત કરવું એટલું જ અઘરું છે- પણ જ્યારે કચ્છની સેવાકીય સંસ્થાઓનો ઇતિહાસ લખાશે ત્યારે એમાં એમનું સ્થાન ગૌરવવંતું હશે એમાં શંકાને કોઇ સ્થાન નથી.

અંતે...

વિનોબાજીએ યજ્ઞની વ્યાખ્યા આપતાં કહ્યું છે : યજ્ઞ એટલે ઘસાવું. તન-મન-ધનનું સમર્પણ કરી, અનેક લોકો કચ્છમાં સમાજ પ્રત્યેનાં ઋણથી સેવારત છે. આ કાર્યોને જોઇ, તેમની ભાવનાને મૂલવવી એ મનુષ્યથી તો શકય ન જ બને. બસ, ફક્ત યાદ આવે ગીતની આ પંકિતઓ :

સેવા હૈ યજ્ઞકુંડ, સમિધા સમ હમ જલેં
ધ્યેય મહાસાગરમેં સરિત રુપ હમ મિલેં... □

■ અગ્નિહોત્રી, મહાદેવ નાકા પાસે, ભુજ-૩૭૦૦૦૧

કચ્છમાં શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓ

□ બાલમુકુંદ વ્યાસ

કચ્છના શૈક્ષણિક વિકાસની કેડી પર નજર કરતાં જણાશે કે, અહીં શિક્ષણના વિકાસના ત્રણ તબક્કાઓ છે. પ્રથમ તબક્કો શિક્ષણના આરંભનો છે. જેમાં ઇ. સ. ૧૮૫૦ સુધી ગામડાઓમાં ચાલતી ગામઠી શાળાઓનો છે. બીજો તબક્કો પ્રાથમિક શિક્ષણથી કોલેજ સુધીના શિક્ષણના વિકાસનો છે. જ્યારે ત્રીજો તબક્કો એ વિકાસ સાથે શિક્ષણમાં સમયને અનુરૂપ વૈવિધ્યતાનો છે. સમયની કેડી પર પા-પા પગલી કરતું કચ્છનું શિક્ષણ આજે એકવીસમી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગને પોતાનામાં આત્મસાત્‌ કરી રહ્યું છે. પ્રારંભિક કાળમાં શિક્ષણની ટકાવારી ઘણી નીચી રહી છે. ખાસ કરી સ્ત્રી શિક્ષણ તરફ ઉદાસીનતા જોવા મળી છે.

૧૮૫૦માં પ્રથમ ગુજરાતી શાળા શરૂ થયેલી

આમ તો, કચ્છના મહારાવશ્રી લખપતજીના સમયમાં (૧૭૫૨-૧૭૬૧)માં



માંડવીની જી. ટી. હાઈસ્કૂલની જૂની ઈમારત

ભારત ખંડમાં પ્રથમ એવી કાવ્યશાળા ''વ્રજભાષા પાઠશાળા'' ઇ. સ. ૧૭૪૯માં શરૂ થઇ, એ અરસામાં રામસિંહ માલમે ભુજમાં જ હુન્નરશાળા શરૂ કરી અને મહારાવશ્રી પ્રાગમલજીના સમયમાં સમગ્ર કચ્છમાં એકસરખી શિક્ષણ નીતિનો પાયો નંખાયાનું ઇતિહાસ નોંધે છે. શિક્ષણના આરંભની આ ગૌરવગાથા ઉલ્લેખનીય છે. મહારાવશ્રી દેશળજી બીજાના સમયમાં ઇ. સ. ૧૮૫૦માં સૌ પ્રથમ ભુજમાં પ્રથમ ગુજરાતી શાળા શરૂ થયાનું જણાય છે. આ સમયમાં જ ઇ. સ. ૧૮૫૭માં પ્રથમ એંગ્લોવર્નાકયુલર અંગ્રેજી શાળા શરૂ થઇ ! અને નોંધનીય બાબત છે કે તે પછી સને ૧૮૭૫માં રોહા જાગીરના રોહા ગામે અંગ્રેજી શાળા શરૂ થઇ. સને ૧૮૭૫ એટલે આજથી એકસો અને વીસ વર્ષ પહેલાં, મુંબઇના શેઠ તુલસીદાસ સુરજીએ અંગ્રેજી શાળા બંધાવીને ગ્રામજનોને અર્પણ કરી એ શિક્ષણક્ષેત્રે ભવ્ય ઘટના હતી. કચ્છની પ્રજાને દુનિયાના પ્રવાહ સાથે ભેળવવાનો આ પ્રયાસ નાનો સૂનો નહતો. આજે પ્રાથમિક શિક્ષણનો અજવાસ કચ્છમાં બસો માણસની વસ્તી ધરાવનાર લગભગ બધાં ગામડાંઓમાં પહોંચ્યો છે. વળી, નવી શિક્ષણનીતિના અમલને કારણે વર્ગ ખંડો અને અન્ય સુવિધાઓમાં આધુનિક ટેકનોલોજીના દ્રશ્ય-શ્રાવ્ય સાધનો અને નૂતન-શિક્ષણ-પદ્ધતિઓના અમલને કારણે કચ્છમાં પ્રાથમિક શિક્ષણ વિસ્તરી અને વિકાસગામી બન્યું છે.

કચ્છમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ પછી બીજા પગથિયે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ આવે છે. વિકાસની પગદંડી પર નજર કરતાં જણાય છે કે, રાજાશાહીના જમાનામાં અને સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ માધ્યમિક શિક્ષણ પણ સમયની સાથે તાલમેલ કરતું આગળ વધ્યું છે. પ્રથમ માંડવીમાં અને તે પછી ભુજમાં સ્થળાંતર પામેલી ભુજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ કચ્છની પ્રથમ હાઈસ્કૂલ છે. પ્રારંભિક તબક્કે અહીં મિશ્ર-શિક્ષણ અપાતું હતું, છોકરા-છોકરીઓ સાથે ભણતાં પણ પછી સ્વ. ડોસાભાઇ લાલચંદ તથા કરમચંદ લાલચંદના દાનથી ભુજમાં જ ઇ. સ. ૧૯૪૯માં પ્રથમ ગર્લ્સ હાઇસ્કૂલ ''ઈંદ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ''ના શ્રીગણેશ થયાં. તે પછી સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ઝડપી પ્રગતિ થઇ. કચ્છના તાલુકાઓના મુખ્ય મથકોમાં સરકારી અને દાતાઓના દાનથી માધ્યમિક શિક્ષણ વિસ્તરતું અને વિકસિત થતું ગયું. કચ્છના ગામડાઓમાં ધો. ૭ સુધીના શિક્ષણની સવલતો હતી પણ માધ્યમિક શિક્ષણની જ્યોત હજાું ગામડાઓના અજ્ઞાનતાના અંધારાં સુધી પહોંચી શકી ન હતી. સ્વતંત્રતાના સૂર્યોદય સાથે કચ્છમાં દૂર દૂરના ઓછી વસ્તીવાળા ગામોમાં જ્યાં માધ્યમિક શિક્ષણની જ્યોત પહોંચી ન હતી ત્યાં ૧૯૬૯ની સાલમાં કચ્છના માજી ક્લેકટર અને લોકસભાના સભ્ય શ્રી તુલસીદાસ શેઠના માર્ગદર્શન હેઠળ તેમની પ્રેરણાથી ૧૯૬૮માં ''સારસ્વતમ્'' સંસ્થાની સ્થાપના થઇ. આ સંસ્થાએ કચ્છના નાના ગામડાઓમાં પણ માધ્યમિક શિક્ષણ માટે માધ્યમિક શાળા શરૂ કરી, સમગ્ર ગુજરાત અને કચ્છમાં શિક્ષણક્ષેત્રે ઉમદા સેવા બજાવી છે. આજે ગામડાઓમાં આ સંસ્થા દ્વારા વીસથી પણ વધારે માધ્યમિક શાળાઓ ચાલે છે. ગામડામાં વસ્તી કન્યાઓને ઘર-આંગણે સવલત મળતાં કન્યા કેળવણી માટે પણ ''સારસ્વતમ્''નો ફાળો પણ અમૂલ્ય છે. ગામડામાં આ સંસ્થાઓનું અસ્તિત્વ હોવા છતાં દર વર્ષે એસ.એસ.સી.ના પરિણામોની ટકાવારી ઊંચી રાખે છે ઉપરાંત શિક્ષણેત્તર પ્રવૃતિઓમાં આ સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. આ કામ કચ્છમાં ''સારસ્વતમ્'' સંસ્થાએ કર્યું અને દૂર-સુદૂર ગામડાંઓમાં પણ એસ. એસ. સી. સુધીના શિક્ષણની ઉલ્લેખનીય શરૂઆત થઇ ! આજે કચ્છમાં ૧૩૫ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે. જેનું વર્ગીકરણ કરતાં જણાય છે કે ૧૦ ગર્લ્સ હાઇસ્કૂલો, ૫-અંગ્રેજી માધ્યમની, ૭ હિન્દી માધ્યમની, ૧ સિંધી માધ્યમની અને બાકીની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ છે. કચ્છનો વિસ્તાર અને દિવસે-દિવસે વધતી જતી શિક્ષણ-ભૂખને કારણે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સંખ્યા ઓછી પડે છે. તેમાં પણ અમુક તાલુકાઓના વિસ્તારમાં ૫૦ કે ૧૦૦ કિ. મી.ના વિસ્તારમાં ક્યાંય પણ હાઇસ્કૂલના અભ્યાસની સવલત નથી તે જાણીને કોઇપણ શિક્ષણપ્રેમીને રંજ થાય તે સ્વાભાવિક છે. સરહદી વિસ્તાર વિકાસ તળે સરકાર દ્વારા અને શિક્ષણપ્રેમી ટ્રસ્ટો દ્વારા આ ઉણપ દૂર કરવા પ્રયત્નો પણ થઇ રહ્યા છે તે નોંધવું જ રહ્યું ! કચ્છમાં સરહદી વિસ્તાર વિકાસ યોજના હેઠળ ગુજરાત સરકાર દ્વારા શિક્ષણક્ષેત્રે ઉલ્લેખનીય કાર્ય થયું છે. આ યોજના હેઠળ કચ્છની સરહદોના સાવ છેવાડે આવેલાં પછાત-ગામોમાં ૩૨ માધ્યમિક શાળાઓ શરૂ થઇ, ઉપરાંત રાપર, ભચાઉ, ભુજ, અબડાસા, લખપત તાલુકા મથકોએ વિદ્યાર્થીઓ



રાજાશાહીના જમાનામાં બંધાયેલી ભુજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ

માધ્યમિકકક્ષાનો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચત્તર ધોરણોનો અભ્યાસ કરી શકે તે માટે વિશાળ છાત્રાલયો બંધાયા છે. સો વિદ્યાર્થીઓ અને સો વિદ્યાર્થિનીઓને મફત નિવાસની સવલતો આજે પણ ઉપલબ્ધ છે. ઉપરાંત તાલુકા મથકોએ લોહાણા, પાટીદાર, જૈન, મુસ્લિમ તેમજ પછાત જાતિઓ માટેના અલાયદાં છાત્રાલયો પણ આવેલાં છે.

શિક્ષણનું ત્રીજું પગથિયું એ કોલેજ શિક્ષણનું છે. કચ્છમાં રાજાશાહીના સમયમાં એકપણ કોલેજ ન હતી. ઇ. સ. ૧૯૫૩માં ભુજમાં સૌ પ્રથમ ''રામજી રવજી લાલન કોલેજ'' શરૂ થઇ.

અત્યારે કચ્છમાં આર્ટસ, સાયન્સ, કોમર્સ, લો અને શિક્ષણના મોટા ભાગના અભ્યાસક્રમો માટે કોલેજોની સવલતો છે. તકનીકી-અભ્યાસક્રમો માટે પોલિટેકનિક, આઇ. ટી. આઇ., કોમ્પ્યુટર-વર્ગોની પણ સગવડ છે. શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોને તૈયાર કરવા માટે ભુજ અને મુંદ્રામાં પી. ટી. સી. અને પ્રિ. પી. ટી. સી. કોલેજ ઉપરાંત બી.એડ. -એમ. એડ.ની ઉપાધિઓ માટે પણ કોલેજો છે. પ્રતિવર્ષ જાહેર પરીક્ષાઓના પરિણામોમાં કચ્છના વિદ્યાર્થી ભાઇ-બેનોનું શૈક્ષણિક ખમીર અને હોશિયારી ઝળકે છે. રમત-ગમત, સાહિત્ય, સાંસ્કૃતિક કલા અને ઇત્તરક્ષેત્રે પણ કચ્છના વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા અને પ્રવીણતાના દર્શન કરાવે છે.

અંધજનો-બહેરા મૂંગાઓ માટેની વિશિષ્ટ શાળાઓ

ભુજમાં તેમજ રાયધણપરમાં અંધશાળાઓ, આદિપુર અને માંડવીમાં બહેરા મૂંગાની શાળાઓ ઉપરાંત સંગીત અને નૃત્યોની તાલીમ માટે પણ તાલીમ શાળાઓ એ કચ્છના શિક્ષણના કળાયલ મોરના પીછાં સમાન ભાતીગળ અને ભવ્ય છે. દુમરામાંની નવોદય શાળા એ નવી શિક્ષણનીતિનું કચ્છમાં સીમાચિહ્ન છે.

સ્વતંત્રતા બાદ કચ્છના શિક્ષણક્ષેત્રે વિકાસ સાથે વિવિધતા પણ આવી છે. રાજાશાહીના સમયમાં શિક્ષણના પડેલાં પાયા પર એક વિવિધતાસભર વિરાટ ઇમારત રચવામાં ઘડવૈયા તરીકે કચ્છના જગડુશા સમાન દાનવીરો અને તેમણે શિક્ષણના વિકાસ માટે સ્થાપેલાં ટ્રસ્ટોના નામોલ્લેખ વિના આ શિક્ષણયાત્રા અધૂરી ગણાશે. સ્વ. ગોકળદાસ પરિવાર, ડોસાભાઇ લાલચંદ, આર. ડી. ટ્રસ્ટ, વોરા એન્ડ કું.ના ભાગીદારો, રામજી રવજી લાલન, જૈન મેડિકલ ટ્રસ્ટ, સ્વામીનારાયણ ટ્રસ્ટ કચ્છ એજ્યુકેશન ટ્રસ્ટ, શ્રી અજરામર ટ્રસ્ટ, ગ્રામ વિકાસ મંડળ-નખત્રાણા, જ્ઞાન વિસ્તાર સંઘ મુંબઇ, પ્રો. હરિયાણી, પ્રભુદાસ તોલાણી, જ્ઞાન સરિતા ટ્રસ્ટ, જી. ટી. ટ્રસ્ટ, શેઠ ખીમજી રામદાસ ટ્રસ્ટ, મોડર્ન એજ્યુકેશન, નૂતન કેળવણી મંડળ, પ્રજ્ઞાલક્ષી ટ્રસ્ટ, ગઢશીશા વિકાસ સમિતિ, ડુંગરશી નાગજી ટ્રસ્ટ, લેઉવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ, ગોકલદાસ ખીમજી ટ્રસ્ટ જેવા અનેક ટ્રસ્ટોના દાન પ્રવાહથી કચ્છના શિક્ષણની ફૂલવાડી મહોરી અને મહેંકી છે. છેલ્લે, કચ્છના શિક્ષણક્ષેત્રે ગુજરાત રાજ્યમાં ગૌરવપૂર્ણ સિદ્ધિઓ લાવનાર શિક્ષણ સંસ્થાઓના નામ અને કામનો ઉલ્લેખ પણ કરી લઇએ !

કચ્છની કોઠારા હાઇસ્કૂલ છેલ્લા ઘણા વર્ષોથી એસ. એસ. સી. બોર્ડમાં સો ટકા પરિણામ લાવે છે. નલિયાની સારસ્વતમ્ સંચાલિત કન્યા હાઇસ્કૂલ, ભુજની માતૃછાયા અને ઇંદ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ, માંડવીની ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય, નખત્રાણાની કન્યા હાઇસ્કૂલ, ગાંધીધામની આદર્શ કન્યા વિદ્યાલય એમ. પી. પટેલ કન્યા વિદ્યાલય અને કચ્છની ગ્રામ્ય વિસ્તારની શિક્ષણ સંસ્થાઓમાં પણ જાહેર પરીક્ષાઓના પરિણામોનો આંક ગૌરવવંતો રહ્યો છે. મુંદ્રાની બી.એડ. કોલેજ, છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં પરિણામની દ્રષ્ટિએ પ્રથમસ્થાન મેળવે છે. દર વર્ષે રાજ્ય



કન્યા કેળવણીની ઉચ્ચ ભાવનાથી જૈન દાનવીરની સહાયથી બનેલી ભુજની ઈંદ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ

અને રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકના પારિતોષિકો પણ શિક્ષકોનું શિક્ષણક્ષેત્રે પ્રદાન સૂચવી જાય છે.

શિક્ષણક્ષેત્રે હજુયે ઘણું ખૂટે છે

કચ્છના દૂર-દૂર સુધી પથરાયેલા ગામડાઓમાં હવે શિક્ષણની ઝંખના જાગી છે. ત્યારે સમય સાથે કદમ તાલ મેળવવા શિક્ષણ ક્ષેત્રે હજુ ઘણું-ઘણું ખૂટે પણ છે. કચ્છમાં વિપુલ ખનિજ સમ્પત્તિ છે તેથી એક જીઓલોજી માઇનીંગ કોલેજ, વિશાળ દરિયાકાંઠાને લક્ષમાં લેતાં ''ઓસનોગ્રાફી-ઇન્સ્ટીટયુટ,'' ભરતકામ, બાંધણી, અજરખ, બાટિક માટેનાં વિકાસ માટે એકથી વધારે ''હેન્ડીક્રાફ્ટ ઇન્સ્ટીટયુટ'', કચ્છના રણ વિસ્તારના અભ્યાસ માટે ''એરિડઝોન રિસર્ચ સેન્ટર'' અને કચ્છની વિપુલ વનસ્પતિ અને જંગલની પેદાશ માટેના પ્રોત્સાહન અને ઉપયોગ માટે એકાદ આયુર્વેદિક કોલેજ શરૂ કરવા માટે સહિયારા પ્રયાસો જરૂરી છે તેમ નથી લાગતું ?

શિક્ષણ તો વિશાળ સાગર છે. આપણે તો આચમન પણ મુશ્કેલીથી કરી શકીશું. વિકાસ ઝંખતી પ્રજાએ દરેક ક્ષેત્રે પરિવર્તનના મૂળ પરિબળ તરીકે શિક્ષણનો જ હાથ ઝાલ્યો છે અને આગળ વધી છે.

''હૈ અંધેરા બહોત મગર-દીપક જલાના કબ મના હૈ ?''

અજ્ઞાનતાના અંધકારને ઉલેચવા શ્રદ્ધા અને શ્રમનો એક નાનકડો દીવો આપણે પણ પ્રગટાવીએ તો ? □

■ ૧૫૯, સરકારી કવાટર્સ, ઓપનએર થિએટર સામેના સરકારી મકાન, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧

શિક્ષણ ક્ષેત્રે કચ્છના વિખ્યાત દાનવીરોએ કયારેય પાછા વળીને જોયું નથી પછી એ કન્યા કેળવણી માટે હોય, છોકરાઓનાં શિક્ષણ માટે હોય કે ટેકનિકલ અભ્યાસ માટે

કચ્છની વેપારી સંસ્થાઓ

□ અરવિંદ હિરજી ઠક્કર

છેક રાજાશાહીના વખતથી કચ્છની વેપારી આલમ માત્ર વેપાર રોજગાર સાથે નહીં પરંતુ આમજનતાના એક જવાબદાર ભાગ તરીકે પોતાનું આગવું અસ્તિત્વ જાળવીને કચ્છની પ્રજાના જીવન ધબકાર ઝીલતી રહી છે.

સુખના અને સરેરાશ સારા દિવસોમાં વેપારી આલમની સંસ્થાનું મહત્ત્વ હોવા છતાં નગણ્ય રહે એ સ્વાભાવિક છે પણ આ દુનિયાનો એક સનાતન નિયમ છે કે સુખની વ્હેંચણી કરો તો સુખ વધે અને દુઃખની વ્હેંચણી કરો તો દુઃખ ઓછું થાય.

એક જમાનામાં માંડવી મોખરે હતું


કચ્છનું પાટનગર ભુજ છે પણ કુદરતી રીતે વ્યાપાર રોજગાર તો બંદર ઉપર નિર્ભર રહેતો હતો. આજના યુગ જેવી રેલવેની અથવા તો ટ્રક-ટ્રાન્સપોર્ટની સુવિધાઓ જ્યારે કચ્છમાં હતી નહીં ત્યારે કચ્છના બંદરો વ્યાપાર રોજગારના મહત્ત્વના કેન્દ્રો હતા. જેમાં માંડવી મોખરાનું સ્થાન ધરાવતું વેપારી મથક હતું.

કોઈપણ સરકારી તંત્ર સાથે અર્થઘટનના ફરક વાસ્તે, જકાત અથવા તો દાણ શબ્દ જે વાપરો તે અંગે વ્યાપારી આલમ તથા વહીવટી તંત્ર વચ્ચેની કડીરુપે મહત્ત્વની ભૂમિકા વેપારી આલમે પોતાના મહાજન મારફતે ભજવી હંમેશાં સુખદ નિવેડા આણ્યા છે તે સુવિદિત છે. કપરા દિવસોમાં જ્યારે રાજ્ય પોતાના મર્યાદિત સાધનો મારફતે પ્રજાના જીવન જરૂરતની ચીજ વસ્તુઓ મંગાવવા અથવા વિતરણ કરવામાં તકલીફ અનુભવે તેથી પહેલાં આવા વેપારી મહાજનો સ્વૈચ્છિક રીતે આગળ આવીને ખભેખભો મેળવી રૈયતની તકલીફો કેમ ઓછી થાય તે વાસ્તે ચિંતા સેવતા હતા અને દુનિયાના કોઈપણ ખૂણેથી માલ મંગાવી વિતરણ વ્યવસ્થા ગોઠવી આમપ્રજાની તથા વહીવટીતંત્રની મુશ્કેલીઓ દૂર કરી આપવા સતત જાગૃત અને પ્રયત્નશીલ રહેતા હતા.

વેપારી મહાજન એટલે એસોસિએશન કહો કે સમિતિ કહો કે અન્ય કોઈપણ પ્રચલિત નામે ઓળખો પણ પોતાના સામૂહિક હિતોની રખેવાળી માટે વેપારીઓનું સંગઠન એટલે જાગૃતિનો આદર્શ નમૂનો, કોઈ પણ અંગત સ્વાર્થભાવના સિવાય બહુજન હિતાય કામગીરી એટલે વેપારી આલમ અને તેનું સંગઠન.

છેક ૧૯૪૭માં ભારત આઝાદ થયું અને આપણો કચ્છ જિલ્લો જે દેશી રજવાડું હતું તે ભારત રાષ્ટ્રનો એક ભાગ થયેલ ત્યારથી વિવિધ તબક્કા- 'સી' સ્ટેટ, પછી મુંબઈ સહિત દ્વિભાષી રાજ્યનો એક ભાગ અને ત્યાર બાદ મુંબઈ રાજ્યના ભાગલા થતાં ગુજરાત રાજ્યના એક ભાગ કરીકે કચ્છ જિલ્લો એક શિસ્તબદ્ધ સૈનિક તરીકે રાષ્ટ્રના પ્રવાહોમાં જોડાયેલો રહ્યો છે.

માંડવી, મુન્દ્રા, તુણા, કચ્છના પૂર્વ તરફના ધીકતા બંદરો હતા જ્યારે જખૌ તથા લખપત પશ્ચિમ તરફના ધીક્તા વેપારી કેન્દ્રો રહેલ. કચ્છ મુખ્યત્વે બંદરી વ્યાપાર સાથે દેશ વિદેશો સાથે જોડાયેલું રહેતું. માંડવી પર ૮૪ બંદરના વાવટા ફરકતા એ યુગ હતો. કાળક્રમે કચ્છ ભારતનો એક ભાગ બની જતાં મુકત વ્યાપાર ઉપર નિયંત્રણો આવ્યા અને ભારતની નીતિરીતિના ભાગ તરીકેના કાયદાઓ આવ્યા. કરાચી બંદર આઝાદી પહેલાં ભારતમાં હતું જે પાકિસ્તાનમાં જતાં પશ્ચિમ, ઉત્તર તથા પૂર્વ ભારત માટે મહાબંદરનો શૂન્યાવકાશ સર્જાયો અને વિકલ્પે કંડલા બંદર નકશા પર આવ્યું અને અર્ધી સદી જેટલા નજદીક આપણે આઝાદીના જે ફળ ચાખી રહ્યા છીએ તેમાં કંડલાનું પણ મહત્ત્વનું યોગદાન રહેલ છે.



ભુજમાં વેપારીઓએ સ્થાપેલી અને લોકપ્રિય બનેલી ભુજ કોમર્શિયલ કો'ઓપરેટીવ બેન્ક.

ભુજમાં ૪૦ વ્યાપારી સંગઠનો છે

વેપારી આલમ જ્યાં જ્યાં વેપારનો વિકાસ થાય છે ત્યાં ત્યાં સ્થિર થતી જાય છે. કચ્છના વહીવટી વડા મથક તરીકે ભુજનું કાયમી સ્થાન કુદરતી અનુકૂળતા મુજબનું તથા ભૌગોલિક રીતે કેન્દ્રવર્તી મોભાનું સ્થળ એટલે ભુજ શહેર છે. અહીં જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલી વેપારી આલમના નાના મોટા એવા ૪૦થી વધુ સંગઠનો છે અને કેન્દ્રવર્તી સંસ્થા તરીકે ભુજ ચેમ્બરનું યોગદાન જાહેર હિતના પ્રશ્નો સાથે મહત્ત્વનું રહે છે. ધંધાના એક ભાગરૂપે અનાજ રસકસના વેપારીઓનું સંગઠન રાજાશાહીમાં પણ હતું જેની નવેસર રચના સને ૧૯૬૨ના માસ જુલાઈની શરૂઆતમાં શ્રી ભુજ ગ્રેઈન એન્ડ સીડ્ઝ હોલસેલ મરચન્ટસ એસોસિએશનના નામે થઈ. કાર્યરત સંસ્થાનું ખૂબ વજન પડે છે. રાજ્ય કક્ષાએ સંલગ્ન રહેવાની જરૂરત હોય ત્યાં આ સંસ્થા સતત અને જાગૃત સંપર્કમાં રહીને આમપ્રજાના સવાલો હલ કરવા વાસ્તે સતત કાળજી રાખે છે તે નોંધપાત્ર છે.

વેપારીઓની સમિતિ અથવા તો સંસ્થા જે કહો તે પણ આવા જે તે વખતના મહાજનો રજવાડાના સમયમાં રાજવી પાસે પણ માનભર્યું સ્થાન ધરાવતા હતા અને આજના આ લોકશાહી યુગમાં પણ આમપ્રજા તથા સરકાર વચ્ચેની મહત્ત્વની કડી તરીકે માનભર્યું સ્થાન ધરાવે જ છે તે નોંધપાત્ર છે.

કચ્છના મોટાભાગના તાલુકા મથકો ઉપરાંત વેપાર રોજગાર ક્ષેત્રમાં અને ધીંગી ખેતી ધરાવતા નહીં ગામડું, નહીં શહેર જેવા વિકસીત ગામોમાં પણ વેપારી સંગઠનો અસ્તિત્વ ધરાવે છે અને જિલ્લાના વડા મથક ભુજની સંસ્થાઓ સાથે સુપેરે સંપર્ક જાળવી રાખે છે. કારણ કે કચ્છનો નકશો એટલે ગુજરાત રાજ્યની આશરે ૨૩%થી વધારે જમીન જેમાં અન્ય જિલ્લાઓ કરતાં કચ્છના કોઈ તાલુકાનું ભૌગોલિક ક્ષેત્રફળ વધુ છે તેવા પુરાવાની જરૂરત નથી રહેતી. આ વિષમતા સામે જાગૃતિ મહત્ત્વની રહે છે જે કચ્છની વેપારી આલમમાં મોજુદ છે.

આઝાદીથી ત્રણ દાયકા પૂર્વે મંડળ સ્થપાયું હતું

વેપારી આલમની લાંબી નજર તો એ વાત પરથી જાણી શકાય કે આઝાદીથી આશરે ૩૦થી વધુ વર્ષ પહેલાં જ વેપારી સંગઠનની આવશ્યકતા જણાતાં માંડવીમાં વેપારી મંડળની સ્થાપના થઇ હતી. ભુજમાં પણ વેપારીઓ રાજ્યના તંત્ર સાથે સંકળાયેલા રહ્યા હતા અને દેશી રાજ્યમાં તથા હવે આઝાદ રાષ્ટ્રમાં વેપારીઓ પોતાની જવાબદારી અને ફરજ સારી રીતે નિભાવી રહ્યા છે તે નોંધપાત્ર અને જમા પાસું છે.

લોકશાહીના એક ભાગ તરીકે વેપારી આલમમાં પણ વખતો વખત જૂના અને નવા વિચારો પોતાનો ભાગ ભજવે છે ત્યારે વ્યવહાર કુશળતા દાખવી આમજનતાના હિતનો અગ્રીમ વિચાર નજર સામે રાખીને વેપારી આલમ સદા મધ્યમ માર્ગ અપનાવી લ્યે છે અને ઘર્ષણ પણ ટાળી શકાય છે.

વેપારી સંગઠનની મુખ્ય બાબત તો રાજકારણથી પર રહીને માત્ર વ્યાપાર રોજગારના હિતને પ્રાધાન્ય આપવાની છે અને ખાંડાની ધાર પર ચાલવાના આવા પ્રસંગે વેપારી આલમ તથા વેપારી સંગઠનો વિશાળ દિલ રાખીને ક્યારેક કશું જતું કરવું પડે તો તેમ કરીને પણ વેપારી વર્ગ સમગ્રતયા વેપારી હિત સચવાઇ રહે તે માટે આતુર હોય છે.

વેપારી સંગઠનો ગાંધીધામ તરફ પણ સારા એવા વિકસ્યા છે. તે શહેરની આગવી સ્થિતિ નજરે તથા કંડલા મહાબંદર હોતાં ત્યાંની જરૂરતો અને છલાંગ મોટા છે અને નકશે કદમ પર રાષ્ટ્ર સાથે ચાલવા સર્વેના પ્રયત્નો છે તેમાં વેપારીઓ પોતાનું યોગદાન આપતા રહ્યા છે, આપતા રહેશે.

ભુજની બે સંસ્થાઓની નોંધનીય કામગીરી

આમ જોવા જઇએ તો પશ્ચિમ કચ્છના મુખ્ય મથકો ભુજ અને માંડવી છે. ભુજમાં મુખ્યત્વે બે સંસ્થાઓ વિશેષ ધ્યાન ખેંચે તેવી રહેવા પામી છે. ધી ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ અને બીજી શ્રી ભુજ ગ્રેઇન એન્ડ સીડ્ઝ હોલસેલ મરચન્ટસ એસોસિએશને.

આમાંની ધી ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના સને ૧૯૪૬માં થઇ. સંસ્થાને લવાજમ સિવાય અન્ય કાંઇ આવક નથી. વિવિધ વેપાર કરતા ભાઇઓ તેમાં જોડાયેલ છે અને હંમેશ ચોક્કસ સભ્યસંખ્યાના અભાવે, આ સંસ્થાના મોભાને અનુરૂપ સતત જાગૃતિનો અવારનવાર અભાવ હતો તો પણ આ સંસ્થા હંમેશ લોકશાહીના પગલે, નિયમો મુજબ ચાલુ રહી છે. હવે બ્રોડગેજ રેલવે, વિમાની સેવા જેવા લોકોપયોગી કાર્યોમાં અવાજ ઊઠાવે છે તથા સતત જાગૃતિ દાખવે છે. હાલ છેલ્લા ચાર વર્ષથી આ સંસ્થા વધુ સક્રિય રહી છે. છેલ્લે ગાંધીધામ-ભુજ બ્રોડગેજ રેલવે વિસ્તરણ માટે દિલ્હી મુકામે અસરકારક રજૂઆત માટે અગ્રભાગ ભજવેલ, સાંસદ શ્રી દિનેશભાઇ ત્રિવેદીને કચ્છના પ્રશ્ને પ્રોત્સાહિત કરી યોગ્ય કામ લઇ રહેવા માટે યશની અધિકારી પણ છે.

ભુજની બીજી સંસ્થા શ્રી ભુજ ગ્રેઇન એન્ડ સીડ્ઝ હોલસેલ મરચન્ટસ એસોસિએશન જેની સ્થાપના તા. ૧-૭-૧૯૬૨ના થઇ છે, તે સંસ્થા કચ્છના પ્રશ્ને હંમેશ અસરકારક રજૂઆત કરે છે. આ સંસ્થા પાસે પોતાનું ભંડોળ, માસિક આવક તેમજ સંસ્થાને લાયક કામ કરી શકે તેવી આગવી ઓફિસ વ્યવસ્થા છે. જેથી આ સંસ્થા વધુ અસરકારક રહી છે.

આ સંસ્થા મોટેભાગે આવશ્યક ચીજવસ્તુનો વેપાર કરતા વેપારી ભાઇઓથી (ભીડ બજાર) સંકળાયેલ છે. આવશ્યક ચીજવસ્તુ ધારા તેમજ તોલમાપ, ભેળસેળ વિ.ના કાયદાના માર્ગદર્શન દ્વારા વેપારી ભાઇઓને મદદરૂપ થવા ઉપરાંત ભુજ શહેરને શ્રી ભુજ કોમર્શીયલ કો. ઓ. બેંક લી.ની ભેટ આપેલ છે.

પોતાના ભંડોળમાંથી તે ૩ ધર્માદા કાંટા નિભાવે છે તથા પક્ષી ચણ માટે ભીડ બજારના ઐતિહાસિક ચબૂતરાનો પક્ષી ચણનો વહીવટ સંભાળે છે અને શ્રી ભુજ પાંજરાપોળને પોતાના વાર્ષિક આવકની ચોક્કસ ટકાવારી પણ દાનમાં આપે છે.

આ સંસ્થા પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ છે. કચ્છના જાહેર જીવનને અસરકર્તા ઘણા કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જેમ કે દુષ્કાળમાં વાજબી ભાવે અનાજ, પશુઓ માટે ઘાસચારો પૂરા પાડે છે. કચ્છમાં કે રાજ્યમાં આવી પડેલ આફત સમયે યોગ્ય ફાળો રાહતમાં આપેલ છે જેની નોંધ ઘણી લાંબી છે.

આ સંસ્થાના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી જિલ્લાસ્તરે (૧) રેલવે સલાહકાર સમિતિ (૨) જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ (૩) શહેર ટ્રાફિક સમિતિ તથા (૪) કાયમી સમાધાન પંચ વગેરેમાં પ્રતિનિધિત્વ કરે છે અને લોકોપયોગી સૂચનો પણ કરે છે.

આ સંસ્થાના નેજા હેઠળ શ્રી કુલદીપ શર્મા (કચ્છના ભૂતપૂર્વ જિલ્લા પોલીસ



ગાંધીધામમાં વેપારીઓ જેનું સંચાલન કરે છે તે ધી ગાંધીધામ મર્કન્ટાઇલ કો. ઓ. બેન્ક લિ.ની ઓફિસ.

અધિકારી)નું ચાંદીની તલવાર ભેટ આપી ભુજ મધ્યે જાહેર સન્માન કરવામાં આવેલ, જે પ્રસંગ સંસ્થા માટે તો ખરો જ, કચ્છ માટે પણ ચિરસ્મરણીય રહેશે. જરૂર પડી ત્યાં સરકારશ્રીના યોગ્ય પગલાંને આવકાર્યા છે અને અડચણરૂપ પગલાંને નીડરતાથી વખોડયા પણ છે.

મજૂરો સામેની લડત હોય કે ઓકટ્રોય વધારા સામેની, બેંકના દરો વધારા સામેની લડત હોય કે ટેલિફોન ખાતા સામેની લડત, પણ જ્યાં અને જ્યારે પણ જરૂર જણાઇ ત્યારે નિર્ભય અને નીડરતાથી સામનો કરેલ છે. આવી લડતમાં તેમને પ્રજાનો ટેકો પણ મળી રહેલ છે. આ સંસ્થાએ કચ્છના રાજકારણમાં ક્યારેય હસ્તક્ષેપ કરેલ નથી, તટસ્થતાભર્યું તેનું વર્તન વખાણવા યોગ્ય છે.

ભુજમાં બીજી પણ ઘણી સંસ્થાઓ છે. જેવી કે ક્લોથ, સોનાચાંદી, કટલેરી વગેરે જેવી ૪૨ સંસ્થાઓ છે, જે હંમેશ સંસ્થાના કાર્યક્રમમાં જોડાય છે અને પોતાના ધંધાને અનુરૂપ કાર્ય કરતી રહે છે.

કચ્છ ચેમ્બર ઓફ કોમર્સની રચના વખતે જે ઉત્સાહ વર્તાતો હતો અને આશાઓ જાગી હતી તે આજ દિન સુધી ફળીભૂત થઇ નથી.

માંડવી વેપારી બેંક સ્થાપશે

માંડવી મુકામે પણ ધી માંડવી મરચન્ટસ એસોસિએશન તથા માંડવી ચેમ્બર ઓફ કોમર્સ જેવી સંસ્થાઓ છે. ભુજ શહેરની જેમ માંડવી મરચન્ટસ એસોસિએશન વધુ અસરકારક રહેલ છે.

દરિયાઇ રસ્તે કચ્છનું પ્રવેશ દ્વાર માંડવી એક સમયે રોજગાર અને ધંધાનું વિકસતું પ્રથમ કક્ષાનું શહેર હતું ત્યારે ૧૯૧૭માં પોતાના કાંઠામાં વહાણવટામાં મુશ્કેલી જણાતાં આ સંસ્થાની રચના થઇ. જેના પ્રથમ પ્રમુખ ગુસાંઇ જ્ઞાનગિરિજી નિર્મલગિરિજી બન્યા. આ સંસ્થા શરૂઆતમાં તેના બંદરો અંગેના પ્રશ્નોની રજૂઆત કરતી, સમય જતાં જીવદયા અને ગરીબોને સહાયરૂપ થયેલ છે. વખત જતાં બંદરી વ્યવહારો ઘટતા ગયા તેમ આ સંસ્થા માંડવીના લાઇટ પાણી રસ્તા, ફોન, ટ્રાન્સપોર્ટ વગેરે માટે રજૂઆત કરતી રહે છે અને ભુજના પાટનગરની સંસ્થાના કાર્યો જેવા કે બ્રોડગેજ વિસ્તરણ, શ્રી કુલદીપ શર્મા સન્માન કાર્યક્રમ વગેરેમાં સંપૂર્ણ સહકાર સહયોગ આપેલ છે.

આ સંસ્થાના ભાઇઓ ટૂંક સમયમાં ધી માંડવી મર્કન્ટાઇલ કો. ઓ. બેંકની ભેટ માંડવીની વેપારી આલમ અને આમપ્રજાને આપશે, જે તેમનું મોટું પ્રદાન બની રહેશે. આ સંસ્થા માંડવીના કે કચ્છના રાજકારણથી હંમેશાં પર રહેલ છે તથા એક તટસ્થ સંસ્થા તરીકે છાપ ઊભી કરેલ છે.

માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના મે-૧૯૯૩માં થઇ છે. જેને હજુ લાંબો ગાળો થયેલ નથી પરંતુ વિકસતા જતા અર્થતંત્રમાં માંડવીને ઉદ્યોગોમાં વિશેષ સ્થાન મળે તેમ રાજકીય રીતે લાગે છે ત્યારે આ સંસ્થાએ ઝડપથી આગળ આવવું પડશે તેમ લાગે છે. તેમનું ટીમવર્ક જોતાં આગળ વધશે તેમ લાગે છે. આ સંસ્થા જેટલી રાજકારણથી પર રહેશે, તેટલી વૃદ્ધિ સમૃદ્ધિ પામશે તેમ જણાય છે.

(અનુ. પા.૧૩૬)

કચ્છમાં ખાદી પ્રવૃત્તિ

□ કમલેશ ઠક્કર □ મનસુખ ઠક્કર

જીવનનું સાફલ્ય માત્ર પૈસા એકઠા કરવામાં નથી પણ સમાજોત્થાન થાય તેવું કાર્ય કરવામાં છે એમ માનવા-મનાવવાવાળા આ સમાજમાં ઘણા છે પરંતુ એ આદર્શને વાસ્તવિક જીવનમાં ઉતારનારની યાદી બનાવવામાં આવે તો એ યાદી થાય માત્ર આંગળીને વેઢે ગણાય એટલી જ !

તા. ૨૫-૪-૧૯૦૭ના કચ્છ-માંડવીમાં જન્મેલા માવજી ધરમશી વેદ ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારનારા કચ્છની થોડીક પુણ્યશાળી વ્યક્તિઓમાંનાં એક હતા. ગાંધીજીની વિચારધારાથી પૂરેપૂરા રંગાયેલા આ માવજીભાઇ એક નિષ્ઠાવાન કાર્યકર હતા. ગાંધીજીના આદેશોને માથે ચડાવી જીવનભર એ માર્ગે ચાલનારા એ કચ્છમાં તે વખતે એકમાત્ર ગાંધીવાદી હતા.

વિધાતાએ એના લેખમાં આ માનવીના લલાટે રાષ્ટ્રની સેવા કરવાનું લખ્યું હતું તેથી મેટ્રીકમાં બ-બે વખત નાપાસ થતાં શાળા છોડી. ૧૮ વર્ષની ઉંમરે તેઓ મુંબઇની રાષ્ટ્રીય શાળાના બાલમંદિરના શિક્ષક તરીકે દાખલ થયા. અહીં એમના જીવનનું પણ ઘડતર થયું. રાષ્ટ્રની સ્વતંત્રતા અર્થે મંડાયેલા યજ્ઞમાં એમણે ઝંપલાવ્યું. એના કારણે ૧૯૩૧માં એમને એક વર્ષની જેલ પડી. નાસિક્ની જેલમાં આકરી યાતનાઓ વેઠી પણ જીવનમાં જે આદર્શને એમણે કંડાર્યો હતો એ દમન પછી પણ ભૂંસાયો નહીં. ૧૯૩૪માં ગાંધીજીએ તેમના કાર્યકરોને ગામડે જઇ લોકકલ્યાણની પ્રવૃત્તિ અને જનચેતના માટે કાર્ય કરવાની હાકલ કરી. તે પ્રમાણે તે પ્રથમ સૂરતના કરાડી ગામે ગયા અને ત્યાંથી પછી કચ્છના માંડવીમાં આવ્યા.

ગાંધી સેવા સંઘ તરફથી માસિક રૂા. પંદરની આજીવિકા મળતી. એ વેતન મૂડીમાંથી પણ અન્યને ઉપયોગી થઇને પોતાના જીવનનો નિર્વાહ કરનારા માવજીભાઇ જીવ્યા તો માત્ર ૩૯ વર્ષ જ, પણ એમનું એ ટૂંકું જીવન સેવા-જગતના કોઇપણ જીવ માટે આદર્શની કેડી સમાન હતું.

૧૯૩૯માં ચરખા મઢીની સ્થાપના થઇ

કચ્છમાં પણ પ્રજા જાગૃતિના ઇતિહાસના પાના લખાતા થઇ ગયા હતા. જવાબદાર રાજ્યતંત્ર મેળવવવા માટેની લડતના મંડાણ થઇ ચૂકયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં પ્રજા જાગૃતિ માટે પરિષદના કાર્યકર્તાઓના મુકામ-કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. તેમાં માવજીભાઇ અને નારાણજી નેણશીને ગઢશીશા ગામે જવાનું નક્કી થયું. ત્યાં જઇ આ બન્નેએ પોતાની પ્રવૃત્તિ શરૂ કરી, પરંતુ ત્રણ માસમાં જ આ રાજકીય લડત પાછી ખેંચાઇ જતાં ગઢશીશાનું કેન્દ્ર બંધ થયું. માવજીભાઇના મનમાં એક આદર્શ ગામની કલ્પના હતી તેથી તેઓ હવે ત્યાં જ રોકાઇ ગયા અને ગઢશીશાને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું. પુરૂષોત્તમ દામજી ચોથાણીએ ૧૨ એકર જમીન ભેટ આપતાં તા. ૯-૫-૧૯૩૯ના તેમાં ચરખા મઢીની સ્થાપના સાથે રાષ્ટ્રીય શાળા, બાલમંદિર, ગ્રામ પુસ્તકાલય, ગૌશાળા, સાબુ, કાગળ, તેલઘાણી વગેરેનું કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું.



માંડવી ભીમાણી ખાદી મંડળના નેજા હેઠળ ચાલતી ગઢશીશા ચરખા મઢી

આજ અરસામાં કચ્છના મહારાવના ટ્યુટર અને કચ્છના કેળવણી ખાતાના અધિકારી શ્રી જે. એચ. સ્મિથે ભુજમાં પી. પી. આર. એફ. એટલે પુઅર પીપલ્સ રિલીફ ફંડના નામે ઓળખાતી સંસ્થા દ્વારા ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. પરંતુ એ પ્રવૃત્તિ પાગરે તે પહેલાં જ પૂરી થઇ. કચ્છમાં ઇ. સ. ૧૯૪૦ એટલે સંવત ૧૯૯૬નો છનુઓ દુકાળ પડતાં ગઢશીશામાંની માવજીભાઇની ખાદી ઉત્પાદનની પ્રવૃત્તિ લોકોની રોજીરોટી માટે ઉપકારક થઇ પડી તેથી ચરખા મઢીના પાયા પાકા થયા.

આશ્ચર્ય થાય- પણ માત્ર રૂા. ૭૫/-ની મૂડી સાથે ભાંગ્યા તૂટયા એક રેંટિયા સાથે શરૂ થયેલી ગઢશીશાની ચરખા મઢીની પ્રવૃત્તિ આજે વિશાળ વટવૃક્ષ થઇ કચ્છમાં ૩૭૨૫ જેટલા કારીગરોને વાર્ષિક રૂા. ૮૩,૪૪,૮૭૧/- જેટલી રોજી રળી આપતી સમગ્ર કચ્છમાં વિસ્તરી એનાં મૂળમાં છે માવજીભાઇ વેદ.

બિદડાના વેલજી ઠાકરશી, મંજલના ખટાઉ વાલજી, ભુજના સાકરચંદ પાનાચંદ, અંજારના કાંતિપ્રસાદ અંતાણી, કુકમાના પ્રેમજીભાઇ તથા શ્રી પ્રભુલાલભાઇ ઘોળકિયા વગેરેના સહયોગે ખાદીની પ્રવૃત્તિ પાંગરતી થઇ, તો બીજી બાજુ મણિભાઇ સંઘવી, દયારામ કેવરિયા, જયસિંહભાઇ ભુજવાલા અને વાલજી રામજી ચોથાણી જેવા

કાર્યદર્પણ કોઠો-૨ : ઉત્પાદન રૂપિયામાં

ક્રમ	ખાદી સંસ્થાનું નામ	ઉત્પાદન વર્ષ	ખાદી ઉત્પાદન	ચૂકવેલી રોજગારી	ખાદી વેચાણ છૂટક	ખાદી વેચાણ જથ્થાબંધ	ગ્રામોદ્યોગ ઉત્પાદન	ગ્રામોદ્યોગ વેચાણ
૧.	ખાદીબાગ, ભુજ.	૧૯૩૯-૪૦	૭૯૦/-	૬૦૦/-	૪૧૦/-	—	—	--
		૧૯૯૪-૯૫	૩૩,૩૧,૭૩૧/-	૧૭,૧૭,૬૫૫/-	૬૫,૩૧,૩૮૩/-	૨૫,૫૩,૮૭૧/-	૮૦,૬૭,૭૭૮/-	૫૪,૫૬,૩૯૪/-
૨.	ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ,	૧૯૬૯-૭૦	૭૮,૦૨૯/-	૭૫,૧૦૦/-	૨૪,૦૮૪/-	૫૩,૮૬૭/-	૧,૩૩,૨૧૭/-	—
	માંડવી.	૧૯૯૩-૯૪	૨૯,૮૬,૬૧૪/-	૧૮,૬૩,૦૧૬/	૨૧,૬૯,૩૪૫/-	૨૯,૮૬,૭૬૭/-	૧૭,૬૦,૦૩૦/-	૧૮,૫૬,૯૦૦/-
૩.	શ્રી પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ	૧૯૮૫-૮૭	૮,૯૬,૫૪૯/-	૩,૧૪,૨૮૪/-	૩,૧૬,૮૮૫/-	૭,૪૦,૨૬૪/-	૨,૩૨,૬૬૮/-	—
	સંઘ, ખાદીગ્રામ કોઠારા, તા.	૧૯૯૩-૯૪	૨૯,૧૩,૧૪૪/-	૧,૮૫,૦૦૦/-	૪૮,૨૬,૫૨૨/-	૨૮,૬૭,૦૧૨/-	૨૦,૨૩,૧૧૫/-	૧૯,૮૯,૦૦૬/-
	અબડાસા.							
૪.	શ્રી ભીમાણી ખાદી મંડળ, લીલપુર, કચ્છે ૧૯૯૩-૯૪ના વર્ષાંતે ખાદીનું વેચાણ રૂા. ૫૧,૬૩,૦૦૦/- પર પહોંચાડયું છે.							

તપસ્વી સાધકો, માવજીભાઇના આદર્શ સ્વપ્નાના સર્જનરૂપે તૈયાર થયા.

ગઢશીશાની 'ચરખા મઢી'માં ઉત્પન્ન થતી ખાદી માંડવીમાં નારાણજી ખીમજીની પેઢી પર વેચાણ માટે મૂકાતી. નારાણજીભાઇ પર માવજીભાઇ વેદની નિ:સ્વાર્થ સેવાની એટલી બધી ઊંડી અસર પડેલી કે ખાદીના વેચાણને એ પોતાના વેપારથી પણ અગ્રતાક્રમ આપતા. એમ કહેવાય છે કે, એકી સાથે કોઇ બે ગ્રાહક આવી ચડે ને એક ગ્રાહક દશ ગુણી અનાજ ખરીદવા આવ્યો હોય અને બીજો માત્ર એક મીટર જેટલી ખાદી ખરીદવા આવ્યો હોય તો, પહેલું કામ એ ખાદી આપવાનું કરતા. જીવનભર અકિંચન- માત્ર મામુલી રકમમાં પોતાના જીવનનું નિર્વાહ કરી, મરણ મૂડીમાં અનંતકાળ સુધી લોકહૈયે કુણી સ્મૃતિ મૂકી જનાર માવજીભાઇ કચ્છમાં ખાદી પ્રવૃત્તિના પ્રણેતા તરીકે આજે પણ ગરીબ પ્રજાને હૈયે જીવંત છે.


૧૯૫૪થી વિસ્તરણનો આરંભ


કચ્છમાં ગઢશીશા ચરખા મઢીએ એની ખાદી પ્રવૃત્તિને કચ્છના દૂર-દૂર સુધીના વિસ્તાર સુધી પ્રસારી. પછી ૧૯૫૪થી તો વિવિધ સ્થળે ખાદી કેન્દ્રો અને ખાદી ભંડારો ખુલવા લાગ્યા. કચ્છમાં વિકસેલી આ પ્રવૃત્તિને પાંગરેલી જોઇને એ પુણ્યશાળી દિવંગત આત્મા જેણે માત્ર ૩૯ વર્ષમાં જ પોતાની જીવનલીલા સંકેલી લીધી- એ કેટલો પોરસાતો હશે? એને પોરસાતો જોઇને, કચ્છની આ ગરીબ પ્રજા માટે કાર્ય કરી છૂટનાર સાચા ગાંધીવાદીને માથું નમ્યા વગર કેમ રહે? કચ્છની અસ્મિતા આવા પુણ્યશાળી આત્માઓના સંકલ્પબળે પાંગરી હતી જેના મીઠાં ફળ આજે પણ મળ્યા કરે છે. આજે તો કચ્છના ગામડાઓમાં પાંગરેલી આ પ્રવૃત્તિ, ગાંધીજીના દેશી કે સ્વદેશી અર્થશાસ્ત્રમાં માનનારા માટે પ્રેરણારૂપ છે. કચ્છમાં ખાદી પ્રવૃત્તિનો વ્યાપ તા. ૨૧-૧૦-૧૯૫૪ના ડૉ. માધવદાસભાઇના સાથ સહકારથી ભુજ ખાદી ભંડાર ખુલ્યો ત્યારથી વિસ્તરવા લાગ્યો. પછી તો ૧૯૫૭માં માંડવી, આદિપુર, નખત્રાણા કેન્દ્રો શરૂ થયા. ૧૯૫૯માં ભુજમાં મધ્યસ્થ ખાદી વસ્ત્રાગારની શરૂઆત થઇ અને મુખ્ય કાર્યાલય ખોલાતાં આ પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. એ દરમ્યાન તો કોઠારા અને તે પછી વિંઝાણમાં પણ કેન્દ્રો ખુલ્યા. ૧૯૬૨માં સ્વ. શ્રી પ્રેમજીભાઇ ઠક્કરના હસ્તે ભુજમાં ખાદી મંદિર ખુલ્યું. ૧૯૬૪-૬૬માં ભુજ, નલિયા, ગઢશીશા, મોથાળા, સણોસરા, સાંયરા, જખૌ વગેરે સ્થળોએ અંબર કંતાઇ કેન્દ્રો શરૂ થયા. વિવિધ સંઘો નીચે આજે નીચે પ્રમાણે કેન્દ્રો કામ કરતા થયા છે.

૧. શ્રી કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ભુજ. (૧) ભુજ (૨) અંજાર (૩) ગાંધીધામ (૪) ભચાઉ (૫) કેરા (૬) માધાપર.

૨. શ્રી પશ્ચિમ કચ્છ ગ્રામોદ્યોગ સંઘ, કોઠારા (૧) ભુજ (૨) કોઠારા (૩) ગઢશીશા (૪) નખત્રાણા (૫) નલિયા (૬) વાંકુ (૭) પાનધ્રો અને હવે (૮) ભુજપર કેન્દ્ર પણ આ સંસ્થા તળે આવેલ છે.

ગઢશીશા ખાતે આયોજિત ચરખા હરીફાઇ.





ચરખા હરીફાઇના વિજેતા : કેસરબેન બ્રહ્માચક્ષુ -ગઢશીશા. (તસવીર : સ્વ. વિજય મચ્છર).

૧૯૯૪-૯૫ : ખાદી અને ગ્રામોદ્યોગ	કાર્યદર્પણ કોઠો-૧
૧. સંસ્થાઓની સંખ્યા	૬
૨. ખાદી ભંડારોની સંખ્યા	૨૬
૩. કારીગરોની સંખ્યા	૩,૭૨૫
૪. રોજગારી ચૂકવાઇ	રૂા. ૮૩,૪૪,૮૭૧/-
૫. ખાદી તથા આભલા ભરત પ્રોસેસીંગ...	રૂા.૧,૧૩,૫૬,૦૭૦/-
૬. ગ્રામોદ્યોગ ઉત્પાદન	રૂા. ૧૨,૬૪,૦૦૦/-
૭. છૂટક ખાદી વેચાણ	રૂા. ૧,૬૦,૦૦૦/-
૮. ગ્રામોદ્યોગ વેચાણ	રૂા. ૧,૪૦,૦૦૦/-

૩. શ્રી ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ, માંડવી.

તા. ૩૦-૧-૧૯૪૮ના ગાંધીજીના અવસાન બાદ માંડવીમાં યોજાયેલ શોકસભામાં માંડવીના ભાટિયા કરસનદાસ લક્ષ્મીદાસ ભીમાણીએ રૂપિયા એક લાખનું દાન ખાદી પ્રવૃત્તિ માટે આપવાની જાહેરાત કરી કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ તથા પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘના જેટલું જ મહત્ત્વનું પ્રદાન આજે આ ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ, માંડવીનું રહ્યું છે. એની શરૂઆતની પ્રવૃત્તિ ગઢશીશા, સદનવાડી અને ચકાર આશ્રમમાં ચાલતી હતી. આજે એનાં કેન્દ્રો (૧) માંડવી (૨) બિદડા અને (૩) મુન્દ્રામાં ચાલે છે. અગાઉ આ સંસ્થા નીચે ભુજપર કેન્દ્ર પણ હતું જે હવે કોઠારા કેન્દ્ર તળે ગયેલ છે.

૪. શ્રી ભીમાણી ખાદી મંડળ સર્વોદય આશ્રમ, લીલપુર (રાપર). (૧) લીલપુર.

૫. શ્રી ગાંધીધામ ખાદી ગ્રામોદ્યોગ પ્રતિષ્ઠાન-ગાંધીધામ. (૧) ગાંધીધામ (૨) આદિપુર.

સને ૧૯૩૯થી કચ્છમાં ખાદી ઉદ્યોગના મંડાણ થયા આજે ૧૯૯૫માં હરણફાળ ભરતું આ ઉદ્યોગ ગાંધીજીના સ્વપ્નાને સાકાર કરતું જોઇ શકાય છે. મહેનત કરીને જીવન જીવવામાં શ્રદ્ધા રાખતા કારીગરો આજે ખાદી સંસ્થા દ્વારા ચાલતા ઉદ્યોગોથી પગભર થયા છે. એનો ખ્યાલ આ સાથેના કાર્યદર્પણના કોઠા પરથી સહેજે આવી શકે છે. કોઇપણ જાતની તમા રાખ્યા વગર કેવળ લોકોના ઉત્કર્ષ માટે કાર્ય કરતાં જાતને ઘસાવી ગયેલા માવજીભાઇ વેદને કચ્છ ક્યારે પણ ભૂલી શકે નહીં- એ પ્રેરણા રૂપ તો છે જ, વંદનને પાત્ર પણ.

સંદર્ભ :-

(૧) ખાદી મૈયા : અને અન્ય લેખો : સંપાદક : રમેશ મ. સંઘવી.
(૨) રચનાત્મક કાર્યકરો કચ્છ : સંપાદન : રમેશભાઇ સંઘવી □

■ ભચાઉ (કચ્છ)

કચ્છમાં મહિલા પ્રવૃત્તિ




દર્શના ધોળકિયા

કચ્છને વિષય તરીકે લઇને કોઇ વાતની માંડણી કરતાં પહેલાં કેટલાંક નિવારી ન શકાયા હોય એવા પરિબળોની ચર્ચા કરવી આવશ્યક જણાય છે. કચ્છ, ગુજરાતનો પ્રદેશ વિશેષ છે. આ વિશેષતા સરહદી વિસ્તાર હોવાને કારણે તો ખરી જ. પણ કચ્છના સાડા ચારસો વર્ષના ઇતિહાસનું અવલોકન કરતાં કચ્છને એક જુદા સંદર્ભે 'વિશિષ્ટ પ્રદેશ' કહેવાનું મન થાય છે. દેશમાં આ વર્ષો દરમ્યાન અનેક ઉથલપાથલ થઇ પરંતુ કચ્છ ભારતીય સંદર્ભમાં પ્રાસંગિક રીતે સીધી યા આડકતરી રીતે કયાંય જોડાયો નથી. કયારેક, કોઇક વૈયકિતક પ્રતિભાઓ ઝળકી ઊઠી છે ખરી પણ એનો વ્યાપક રીતે જે પ્રભાવ પડવો જોઇએ એ પડી શકયો નથી.

ઇ. સ. ૧૯૧૫થી ૧૯૪૭ દરમ્યાન આખાય દેશમાં ગાંધીજી જેવા યુગપુરૂષનું સામ્રાજ્ય છવાયેલું રહ્યું. ગુજરાતમાં પણ ગાંધી પ્રભાવે કરીને ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ જેવા આંદોલનો પ્રસર્યા. આ આંદોલનોને ગુજરાતમાં ટેકો મળવાનું એક કારણ ગુજરાતની રચનાત્મક નેતાગીરી પણ હતું. કચ્છમાં ગાંધીજી સાથે સીધેસીધા જોડાયેલા નેતૃત્વના અભાવે કચ્છમાં સીધો ગાંધીપ્રભાવ ઝીલાયો નહીં. વાહન વ્યવહારની અગવડ જેવા કેટલાક વ્યાવહારીક કારણો પણ આમાં ગણાવી શકાય. આવા નાના મોટા કારણોસર કચ્છની પ્રજા દેશની સામૂહિક વિકાસયાત્રા સાથે તાલ મેળવી શકી નહીં એટલું તો સખેદ રીતે કહેવું જ રહ્યું.

રાષ્ટ્રીય ફલક પર ઝળકેલી પ્રતિભાઓ

સમગ્ર કચ્છ પ્રદેશના આવા માહોલની વચ્ચે કચ્છની મહિલા પ્રવૃત્તિ વિશે વાત કરવી કેટલી દુષ્કર છે એ સહેજે સમજાય તેવું છે. આ વિષયને યોગ્ય ન્યાય આપવા માટે પ્રથમ તો 'કચ્છ' અને 'પ્રવૃત્તિ' એ બે શબ્દોને સ્પષ્ટ કરવા જરૂરી બને. એટલું ખરૂં કે મૂળે કચ્છની કહેવાય તેવી કેટલીક મહિલાઓએ રાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું અને કચ્છનું નામ રોશન કર્યું છે. ઉદાહરણ તરીકે શ્રીમતી સુમતિ મોરારજી જેમણે 'ફર્સ્ટ લેડી ઓફ ઇન્ડિયન શીપીંગ'નું બિરૂદ મેળવ્યું ને સિંધીયા સ્ટીમ નેવીગેશનના ડાયરેકટર ઇન્ચાર્જ બન્યા ને અન્ય ક્ષેત્રોમાં પણ ભારતીયસ્તરે નામના મેળવી, શ્રીમતી ગુલબર્ધન જેમણે ઇન્ડિયન પિપલ્સ થિયેટર સાથે જોડાઇને નૃત્યના ક્ષેત્રમાં અદભૂત નામના મેળવી, શ્રીમતી વિજયાબેન શેઠે પ્રથમ આઇ. પી. એસ. મહિલાનું બિરૂદ પ્રાપ્ત કર્યું, શ્રી ચન્દ્રા



આદિપુરના વર્કીંગ વીમેન્સ હોસ્ટેલના ખંડમાં સાધુ વાસવાણીના તૈલચિત્ર સાથે સંસ્થાના મોભી નિર્મલાબેન ગજવાણી

બુદ્ધભટ્ટીએ પ્રથમ મહિલા પાયલોટ બનવાનું માન મેળવ્યું, શ્રીમતી સરોજ પાઠકે સાહિત્યના ક્ષેત્રમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી... આ યાદી હજુ લંબાવી શકાય, પણ અહીં એટલું જ કહેવાનું છે કે આ મહિલાઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓ વ્યક્તિગત છે. જેને દેખિતી રીતે 'પ્રવૃત્તિ' શબ્દ સાથે સીધો સંબંધ નથી. આ મહિલાઓનું મહત્ત્વ અને પ્રદાન કચ્છની વૈયક્તિક પ્રતિભાઓના સંદર્ભે ગણાવું જોઇએ. અને એ અર્થમાં એમની વાત જુદા સંદર્ભે જુદી જગાએ કરવી પડે.

અહીં જે વાત કરવાની છે તે 'પ્રવૃત્તિ'ને લગતી છે. 'પ્રવૃત્તિ' શબ્દનો પારિભાષિક અર્થ છે રચનાત્મક પ્રવૃત્તિ અર્થાત આ શબ્દનો સીધો અર્થ સેવાના અભિગમ સાથે જોડાયેલો છે. સેવાના ખ્યાલથી કચ્છમાં જે પ્રવૃત્તિઓ થઇ છે તેને જ લક્ષમાં લેતાં કહેવાનું થાય કે આ પ્રકારની પ્રવૃત્તિઓ વ્યક્તિગત કરતાં સંગઠનોએ વધારે કરી છે. એમાં પણ પાછો વ્યક્તિઓ ને સંસ્થાઓનો ફાળો છે. જેમાંની કેટલીક સંસ્થાઓ જાહેર જીવન સાથે સંકળાયેલી છે ને વ્યાવસાયિક ધોરણને પણ અપનાવીને ચાલે છે. જે સંસ્થાઓ જાહેર જીવન સાથે જોડાયેલી છે એને ક્રમની દ્રષ્ટિએ બીજો ક્રમ આપવાનો રહે. સેવાના ખ્યાલથી જેમણે કામ કર્યું છે એવી સંસ્થાઓ ક્રમની દ્રષ્ટિએ પ્રથમ મૂકવાની આવે.

સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓમાં પણ રોટરી, ઇન્નરવ્હીલ, રોટરેકટ, લાયન્સ, જાયન્ટ્સ, જેસીસ જેવી સંસ્થાઓ ઉપરાંત 'ભારતીય સંસ્કૃતિ સેવા મંડળ' જેવી જૂની અને સર્વ સેવા સંઘ જેવી તાજેતરમાં શરૂ થયેલી સંસ્થાઓ પણ પોતપોતાની રીતે સક્રિય છે જ; વિભિન્ન જ્ઞાતિઓની પણ અલગ અલગ સંસ્થાઓ પ્રવૃત્તિઓ કરે છે પણ અહીં એ દરેક સંસ્થાનો ઉલ્લેખ કરવો એ રીતે શકય નથી કે આમાંની કેટલીક સંસ્થાઓની પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત છે તેમજ કચ્છ સાથે સીધી રીતે સંકળાયેલી નથી. અહીં તો માત્ર 'કચ્છ', 'પ્રવૃત્તિ' અને 'મહિલા પ્રવૃત્તિ'ને એના ચોક્કસ સંદર્ભમાં સ્પષ્ટ કરીને વાત કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ સંદર્ભને લક્ષમાં લેતાં એક બીજી સ્પષ્ટતા પણ કરવી જોઇએ. કચ્છમાં સંસ્થાકીય દ્રષ્ટિએ જે મહિલાઓએ પ્રેરણાદાયી કાર્ય કર્યું છે તે બધી જ મહિલાઓ જન્મથી કચ્છી નથી, લગ્ન કરીને કચ્છમાં સ્થિર થયેલી એ મહિલાઓને રૂઢિની દ્રષ્ટિએ પણ કચ્છની જ ગણવી જોઇએ. પુત્રવધૂ બનીને આવેલી આ મહિલાઓ કાયદાની દ્રષ્ટિએ કચ્છી જ કહેવાય ને તેમણે પણ કચ્છને પોતાનું ગણીને કામ કર્યું છે.

બીજી બાજુ કેટલાક એવા વિશેષ મહિલા વ્યક્તિત્વો પણ હાલ કચ્છમાં છે જેમણે પોતાની રીતે આગવું કહેવાય તેવું કાર્ય કર્યું છે. પણ તેમનું વ્યક્તિત્વ હજુ પણ 'કચ્છી' બની શકયું નથી એવું પણ બન્યું છે. કચ્છના લોકોના રીત-રિવાજ, પહેરવેશ, ભાષા આદિમાં આ મહિલાઓ રસ લે છે ખરી પણ આમાં એ ઓગળી શકતી નથી. અલબત્ત, આમ થવાનું એક કારાણ એક પ્રકારની અસલામતીની ભાવના પણ હોઇ શકે. આવી ભાવનાને કારણે જ તો કચ્છીઓ પણ ગુજરાત બહાર આગંતુક બનીને જીવતા જોવા મળે જ છે એ વાત સ્વીકારવાની જ રહી.

વિશેષ નોંધનીય સંસ્થા : શ્રી ભુજ મહિલા મંડળ

આટલી સ્પષ્ટતા પછી કચ્છની મહિલા પ્રવૃત્તિને જોતાં કેટલીક સંસ્થાઓની પ્રવૃત્તિ વિશેષતઃ નોંધવાની આવે છે. જેમાં રચનાત્મક અભિગમથી કામ થયું હોય તેવી પ્રથમ સંસ્થા 'શ્રી ભુજ મહિલા મંડળ' ઉલ્લેખનીય છે. આ સંસ્થાની સ્થાપના મૂળે જૂના કચ્છ રાજ્યના વખતમાં, ઇ. સ. ૧૯૩૬માં થયેલી. આ સંસ્થાનું રજીસ્ટ્રેશન ઇ. સ. ૧૯૫૪માં થયેલું પણ એની પ્રવૃત્તિ



શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેંદ્રનું ભુજના એરેડ્રોમ રોડ પર આવેલું મકાન.

તો ગાંધીયુગના સમયગાળા દરમ્યાન જ શરૂ થઇ ગયેલી. આ સંસ્થાના પ્રથમ પ્રમુખ તરીકે કચ્છના દીવાન શ્રી સૂર્યશંકર મહેતાના પત્ની શ્રીમતી શરદકાંતાબેન હતા. પ્રારંભે પાટવાડી નાકા પાસે આવેલ શ્રી નાનીબા સંસ્કૃત પાઠશાળામાં શરૂ થયેલી આ સંસ્થા એ પછી સુલેખાનામાં અને '૫૪થી છઠ્ઠીબારીમાં શરૂ થઇ, જે આજે પણ આ જ જગાએ કાર્યરત છે. શ્રીમતી શરદકાંતાબેન પછી એ વખતના ચીફ કમિશ્નર શ્રી ઘાટગે સાહેબના ધર્મપત્ની તારાબેન ઘાટગે અને મંત્રી તરીકે કચ્છના ચીફ મેડિકલ ઓફિસરના પત્ની શ્રીમતી કમળાબેન તાસ્કર હતા. સહમંત્રી તરીકે ડૉ. તિલોત્તમાબેન દેસાઇએ સેવા બજાવેલી.

આ મંડળને ઊભું કરવામાં ને સ્થિર બનાવવામાં શ્રીમતી અનસૂયાબેન દેસાઇનો અમૂલ્ય ફાળો રહ્યો. તેઓ ૧૯૫૬માં ઉપપ્રમુખ ને '૫૭માં પ્રમુખ બન્યા. આજે પણ પ્રમુખના હોદ્દા પર રહીને તેઓ સેવા બજાવે છે. મંડળની સેવાકીય પ્રવૃત્તિઓમાં હસ્તોદ્યોગ, સીવણ-ભરતના વર્ગો, બાલમંદિર, પ્રૌઢ શિક્ષણ, સંગીત વર્ગો, કુટુંબ સલાહ કેન્દ્ર, નાની બચત કેન્દ્ર વગેરે ૧૯૩૬થી માંડીને આજપર્યંત કાર્ય કરે છે. આરંભે હસ્તકલાના પ્રદર્શનો યોજાતા જેમાં માલના વેચાણની આવક બહેનો મંડળને જ આપી દેતી, '૫૫માં મંડળ નાની બચતનું એજન્ટ બન્યું જે કાર્ય પ્રમુખશ્રીએ જ બજાવ્યું ને કમિશનની રકમ મંડળને જ અર્પણ થતી.

ઇ. સ. ૧૯૫૬માં સમાજ કલ્યાણ બોર્ડ તરફથી આ સંસ્થાને ગ્રાન્ટ મળતાં સીવણ તથા ભરત-ગૂંથણના પદ્ધતિસરના વર્ગો શરૂ કરવામાં આવ્યા. એ સાલમાં જ મંડળને સમસ્ત ગુજરાત સામાજિક સંસ્થા મધ્યસ્થ મંડળની માન્યતા મળી. આવી માન્યતા કચ્છમાં માત્ર આ જ મંડળ ધરાવે છે. ૧૯૬૮માં ટેકનિકલ નિયામકની ટેકનિકલ વર્ગોને માન્યતા મળતાં ટી. સી. ડબલ્યુ. સી. જી. તથા ટી. સી. અને ભરત-ગૂંથણના તેમજ ફેન્સી વર્કના વર્ગો શરૂ થયા. દર વર્ષે ૬૬ બહેનો આ વર્ગોની પરીક્ષામાં બેસે છે.

આ પ્રકારની પ્રવૃત્તિઓની સાથોસાથ શ્રી ભુજ મહિલા મંડળે બહેનોના સાંસારિક પ્રશ્નો હલ કરવા માટે 'શ્રી વિકાસગૃહ કચ્છ' નામની એક અલગ સંસ્થા ઊભી કરી. આ સંસ્થા દ્વારા સામાજિક અને આર્થિક કારણોસર મુશ્કેલીમાં મૂકાયેલા બાળકો, નિરાધાર મહિલાઓ વગેરેને કાયમી રહેઠાણની વ્યવસ્થા કરી આપવી, તેમને કાનૂની સહાય પૂરી પાડવી, ઉદ્યોગ કેન્દ્ર ચલાવી તેમને આર્થિક રીતે પગભર કરવા, અસ્થિર મગજની અને નિરાધાર મહિલાઓને મદદરૂપ બનવું- વગેરે ઉદ્દેશોને વિકાસગૃહે

નાનાં-મોટાં મંડળ રચી સ્પર્ધા યોજવાને બદલે કચ્છમાં આજે સ્ત્રીઓનું ગૌરવ વધારે એવી તાલીમ જરૂરી છે

સુંદર રીતે અમલમાં મૂકીને દરેક કોમોની બહેનોને સધિયારો આપ્યો.

શ્રી કચ્છ વિકાસગૃહના શરૂઆતના પ્રમુખ ડૉ. તિલોત્તમા દેસાઇ હતા. ત્યાર બાદ ૧૯૬૦માં શ્રીમતી અનસૂયા દેસાઇ પ્રમુખ બન્યા. આર્થિક મુશ્કેલીઓને કારણે ૧૯૭૪માં વિકાસગૃહ બંધ કરવામાં આવ્યું. પણ એની કામગીરી સંતોષપ્રદ રહી.

૧૯૫૪માં શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રની રચના

શ્રી કચ્છ મહિલા મંડળ પછી ક્રમની દ્રષ્ટિએ બીજું નામ 'શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર'નું છે. આ સંસ્થા પણ સેવાના ખ્યાલથી ૧૦-૧૦-૧૯૫૪થી શરૂ થઇ, જેના આદ્યસ્થાપક સ્વ. શ્રી બદ્રીનાથ. શુકલ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસ પછી ઇ. સ. ૧૯૬૩થી તેમના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રજ્યોતિબેન શુકલે આ સંસ્થાના ગૃહમાતા તરીકેની જવાબદારી સંભાળીને સંસ્થાને પોતાનું જીવન સમર્પી દીધું. આ સંસ્થા હાલ બે વિભાગમાં કાર્ય કરે છે. ટ્રસ્ટી મંડળ ને સરકારી સહાય દ્વારા. ટ્રસ્ટી મંડળ સંસ્થાની દરેક પ્રકારની મિલકત સંભાળે છે. સંસ્થામાં આશ્રય લેતી નિરાધાર બહેનો, કમીટેડ બાળકો, રિમાન્ડ પરના બાળકો અને નાના બાળકો માટેની વ્યવસ્થા અહીં સુઘડ રીતે સંભાળવામાં આવે છે. અનેક બાળકો અને મહિલાઓને આ સંસ્થા દ્વારા નવું જીવન મળ્યું છે. આ જ સંસ્થામાં મોટા થયેલા રતનબેન નામની મહિલા સાથે લગ્નગ્રંથિથી જોડાનાર શ્રી કિશોરભાઇ મહેશ્વરી હાલ ટ્રસ્ટના સંચાલક છે. સંસ્થામાં ઉછરીને યુવતી બનેલી બહેનો આજે પણ સ્વ. ચંદ્રજ્યોતિબેનને આદર્શ ગણીને ગૃહમાતા તરીકેની જવાબદારી સંભાળવાની તૈયારી બતાવે છે.

સંસ્થાના પ્રમુખ તરીકે શ્રીમતી કુમુદિનીબેન પંચોલી હાલ સેવા બજાવે છે. મંત્રી તરીકે શ્રીમતી કંકુબેન ઠક્કર ને ગવર્મેન્ટ સુપ્રિટેન્ડેન્ટ તરીકે શ્રીમતી ભાવનાબેન જોગ અંગત રસ લઇને બાળકો તેમજ મહિલાઓના વિકાસમાં ધ્યાન આપે છે. આ હોદ્દેદાર બહેનો સંસ્થામાં ઉછરતી બાળકીઓને સ્વગૌરવ શીખવે છે. ઘરમાં ઉછરતી યુવતીઓ કરતાં આ સંસ્થાની યુવતીઓ સાંસ્કૃતિક દ્રષ્ટિએ ચઢિયાતી છે એવો દાવો કરતાં ભાવનાબેન જોગની વાતમાં સંસ્થાની બહેનોને જોતા જરૂરથી વજૂદ લાગે છે. 'શ્રી ભુજ મહિલા મંડળ' ને 'કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર' શુદ્ધ રીતે સેવાકીય સંસ્થાઓ છે. મહિલા પ્રવૃત્તિ તરીકે આ બે સંસ્થાઓને મુખ્ય ને પાયાની ગણવી જોઇએ.

શ્રી કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ મંડળ

આ ઉપરાંત, કચ્છમાં બે સંસ્થાઓ જાહેર જીવનને લગતાં ઉપયોગી કાર્યો કરે છે આથી એમનો સાદર ઉલ્લેખ કરવો જરૂરી છે. આ બે સંસ્થામાંની પહેલી છે 'શ્રી કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ મંડળ, આદિપુર' જે ૨-૩-૬૪ના રોજ રજીસ્ટર્ડ થયેલી છે. આ સંસ્થાને ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડનો આર્થિક ટેકો સાંપડેલ છે. આ સંસ્થા અંજાર તાલુકાના ખેડોઇ, સિનોગ્રા, તુણા, શિણાય ને નિંગાળ નામની પાંચ ગામમાં મંડળ તરફથી બાલમંદિર, ઘોડીયાઘર, પ્રૌઢ શિક્ષણ જેવી પ્રવૃત્તિ ચલાવે છે. આ સંસ્થા ગાંધીધામ મધ્યે વર્કીંગ વીમેન હોસ્ટેલનું સંચાલન પણ કરે છે જેમાં હાલ ૨૮ વર્કીંગ વીમેન રહે છે. પોતાની આવકના દસ ટકા જેટલી મામુલી રકમ આ બહેનોને આપવાની રહે છે. અહીં ઘોડીયાઘર, નર્સરી વગેરે પ્રવૃત્તિઓ પણ ચાલે છે. આ સંસ્થાને ઊભી કરવામાં શ્રીમતી નિર્મલા ગજવાણીનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

ઇ. સ. ૧૯૬૨માં શ્રીમતી નિર્મલા ગજવાણીના પ્રયત્નોથી 'ખુશાલ મહિલા ગૃહઉદ્યોગ' નામે એક સંસ્થા સ્થપાઇ. આદિપુર સ્થિત આ સંસ્થામાં કૃષ્ણા ભંભાણી વાઇસ પ્રેસિડેન્ટ છે. રૂકિમણી મનસુખાણી, પૂનમ કેવલરામાણી, ચંદ્રિકા દાસવાણી વગેરે બહેનો અન્ય હોદ્દાઓ સંભાળે છે. શ્રી સાધુ વાસવાણીના નામથી આ સંસ્થામાં ગરીબો માટેની પ્રવૃત્તિ ચાલે છે. સીવણ વર્ગોનું

સંચાલન પણ કરવામાં આવે છે.

શ્રી કચ્છ મહિલા વિકાસ સંગઠન

ઇ. સ. ૧૯૮૯થી શરૂ થયેલી એક ત્રીજી સંસ્થાનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઇએ. આ સંસ્થાનું નામ છે 'શ્રી કચ્છ મહિલા વિકાસ સંગઠન'. આ સંસ્થાને સ્વૈચ્છિક સંસ્થા કરતાં સંગઠન કહેવી વધુ ઉપયુક્ત છે એમ આ સંસ્થાના સેક્રેટરી શ્રી સુષ્મા આયંગરનું કહેવું છે. સુષ્માબહેને અમદાવાદની 'સેવા' ને 'જનવિકાસ' જેવી મહાસંસ્થાઓને આદર્શ તરીકે રાખીને 'મહિલા વિકાસ સંગઠન'નું માળખું રચ્યું છે. આ સંસ્થા સરકારની મદદ નાના પાયા પર લઇને બહેનો દ્વારા વધુ સંગઠિત થવાનું ઇચ્છીને આગળ વધી છે.

મહિલા વિકાસ સંગઠનમાં કચ્છના નવ તાલુકાની નવ બહેનો ટ્રસ્ટી તરીકે માળખામાં સ્થાન ધરાવે છે. આ સંસ્થાને હસ્તકલા નિગમ, ગ્રામ વિકાસ એજન્સીનો ટેકો છે. તેના પ્રેસિડેન્ટ તરીકે કમિશ્નર વીમેન એન્ડ ચાઇલ્ડનો હોદ્દો ધરાવતી સરકારી વ્યક્તિ રહે છે.

સંસ્થાના રચનાવિધાનમાં નવ સભ્યો રહે છે. સંસ્થા કચ્છ મહિલા સંગઠન, તાલુકા સંગઠન અને એના સાથે જોડાયેલા મહિલા મંડળો- એવા ત્રણ સ્તર પર ઊભી કરવામાં આવી છે. તાલુકા સંગઠનોમાં અત્યારે પાંચ તાલુકાઓ કાર્યરત છે. જેમાં પચ્છમ, નખત્રાણા, લખપત, અબડાસા ને મુન્દ્રાનો સમાવેશ થાય છે.

આ સંસ્થાને ઊભી કરવામાં શ્રી સુષ્માબહેનનો અનન્ય ફાળો રહ્યો છે. બરોડામાં એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત કરીને અમેરિકામાં એમફિલ કક્ષાનું શિક્ષણ પામીને આવેલા સુષ્માબેન આયંગરે કચ્છને ખાસ પસંદ કરીને બહેનોની એક અલગ ઓળખ ઊભી કરવાની કામગીરી ઉપાડી. તેમના મતે કચ્છના મુખ્ય છ પ્રકારના પ્રશ્નો છે. (૧) જમીન અને પાણીનું સંરક્ષણ, (૨) હસ્તકલા ને ભરતની કારીગર બહેનોનું શોષણ, (૩) બહેનોનું આરોગ્ય, (૪) બહેનો પરના અત્યાચાર, (૫) શિક્ષણ અને (૬) બચત. આ ઉપરાંત, દુષ્કાળ ને પર્યાવરણના પ્રશ્નો તો વ્યાપકપણે છે જ. આ પ્રશ્નોને સુષ્માબહેને હાથમાં લઇને એનું નિરાકરણ કરવાના યત્નો કર્યા છે. એમની સાથે ટાટા ઇન્સ્ટીટયુટથી આવેલા શ્રી મીરાંબહેન ગોરડીયા, અલકાબહેન જાની, મીનાબહેન રાસ્તે, લતાબહેન સચદે વગેરે બહેનો પર્યાવરણ, હેન્ડીક્રાફ્ટ વગેરે વિભાગો સંભાળે છે. આ સંસ્થા ફોરેન ફંડની કોઇ સહાય લેતી નથી એ એની ખાસ વિશેષતા ગણાવી જોઇએ. હાલ સાક્ષરતાને લગતું કાર્ય આ બહેનોએ હાથમાં લીધું છે. નવસાક્ષર બહેનો દ્વારા 'ઉજાસ' નામનું પત્ર પણ કાઢવામાં આવે છે.

આમ, કચ્છમાં જે સંસ્થાકીય મહિલા પ્રવૃત્તિઓ થઇ રહી છે એ મહદઅંશે સંતોષ પ્રેરે તેવી છે. અહીં ઉલ્લેખ કર્યો એ સિવાયની પણ નાની મોટી સંસ્થાઓ કાર્યરત છે. પણ આગળ જે સ્પષ્ટતા કરેલી છે એ મુજબની સેવાકીય પ્રવૃત્તિઓને લક્ષમાં લઇને કામ કરતી સંસ્થાઓ વિશે વાત કરવાનો અહીં મુખ્ય હેતુ રહ્યો છે.

વ્યક્તિગત સિદ્ધિઓ મેળવનાર નારીઓ

કચ્છમાં મહિલા પ્રવૃત્તિની વાત કરતાં કેટલાક ઉલ્લેખનીય ગણાય તેવા મહિલા વ્યક્તિત્વો છે. જેમણે વ્યક્તિગત રીતે સિદ્ધિઓ મેળવેલ છે. શૈક્ષણિક સ્તરને ઊંચો લાવવામાં જેમનું મહત્ત્વનું પ્રદાન છે એવા કેટલાક વ્યક્તિત્વોમાં શ્રી નાનાભાઇ ભટ્ટ જેવી પુનિત વ્યક્તિ પાસે તાલીમ પામેલા શ્રી મનુબહેન મકવાણા; '૪૯માં ભુજ આવીને શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલને ઊભી કરવામાં મહત્ત્વનું કાર્ય કરનાર કુ. સાવિત્રીબહેન વિશ્વનાથ ભટ્ટ, શ્રી ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્યા શ્રી ઇન્દુબહેન જોશી, મુન્દ્રાની શાળાના આચાર્યા શ્રી જયાબહેન શાહની ખાસ નોંધ લેવી ઘટે.



દેશના પ્રથમ મહિલા પાયલટનું બહુમાન મેળવી ગયેલા ચંદ્રા બુદ્ધભટ્ટી (જમણીબાજુ)

આ વ્યક્તિત્ત્વો પાસેથી સીધી યા આડકતરી તાલીમ લઇને પછીની પેઢીમાં જેમણે પોતપોતાની શાળાનું નામ રાષ્ટ્રીયસ્તરે પહોંચાડયું તેવા વ્યક્તિત્વોમાં માંડવી શાળાના આચાર્યા કુ. પ્રભાબહેન વસા તેમજ માતૃછાયા કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રી નલિનીબહેન શાહનું સ્મરણ કરવું ઘટે. આ યાદીમાં શ્રી વસંતબહેન સાયલ, શ્રીમતી મંજુલાબહેન ઉપાધ્યાય જેવા વ્યક્તિત્વો પણ ઉમેરાય છે.

કેટલાક મહિલા વ્યક્તિત્વોએ વિષમ સામાજિક-આર્થિક સ્થિતિની વચ્ચે રહીને પોતાનું ને સમાજનું ગૌરવ વધાર્યું છે જેમાં શ્રી જોહરાબાનુ ઢોલીયા જેમણે લોકસાહિત્ય સંદર્ભે પી. એચ. ડી.ની ઉપાધિ મેળવી. અમીનાબહેન ખત્રીએ પચ્ચીસ વર્ષની ઉંમરે બાંધણી કામમાં રાષ્ટ્રીયખ્યાતિ પ્રાપ્ત કરી જેની સહર્ષ નોંધ લેવી ઘટે.

કચ્છના ઇતિહાસને જોતાં કેટલાક આદરણીય વ્યક્તિત્વો પણ જોવા મળે છે. જેમનું વિશેષ સંદર્ભે મૂલ્ય છે. કચ્છી કવયિત્રી રતનબાઇએ આજથી ૨૫૦ વર્ષ પહેલાં ઉત્તમ કાવ્યરચનાઓ આપી, યોગિની આનંદલહેરીએ આધ્યાત્મિક ક્ષેત્રે સ્વવ્યક્તિત્વ વિકસાવીને સ્ત્રીની નીડરતાનો પરિચય કરાવ્યો તો ખત્રીયાણી જેઠીબાઇએ આજથી ૩૦૦ વર્ષ પહેલાં પોર્ટુગીઝ સરકાર સામે ટક્કર ઝીલીને કચ્છનું નામ રોશન કર્યું. આ યાદી પણ એક જુદો મુદ્દો લઇને લંબાવી શકાય એવી સમૃદ્ધ છે.

વિરલ નેતૃત્વનો અભાવ દેખાય છે

કચ્છની સમગ્ર મહિલા પ્રવૃત્તિને તપાસતા એના જમાપક્ષે એટલું જરૂરથી નોંધી શકાય કે કચ્છના મહિલા જગતમાં જે પરિવર્તન આવ્યું છે એ જરૂરથી વિકાસોન્મુખ છે. મહિલાઓનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાયો છે. એમની રૂચિ વિસ્તરી છે ને પ્રગતિનો માપદંડ વ્યાપક બન્યો છે. પણ સાથોસાથ તટસ્થ રીતે એક બીજું અવલોકન પણ નોંધવા જેવું જણાય છે. કચ્છમાં મહિલા નેતૃત્વમાં એક પ્રકારની સંકીર્ણતા નજરે પડે છે. આને કારણે કચ્છ દુર્ગા ભાગવત, સરોજીની નાયડુ જેવા વ્યક્તિત્વો આપી શકયું નથી. ગુજરાત કે ભારતમાં જે પ્રકારની મહિલા પ્રવૃત્તિઓ થાય છે એનો કચ્છમાં આજે પણ અભાવ છે. કચ્છની મહિલાઓ માટે આ ઘટના સંકોચજનક તો અવશ્ય ગણાવી જોઇએ.

કોઇ પણ ક્ષેત્રમાં આગળ આવતી કે આવેલી બહેનોને માન- સન્માન મળે એ અત્યંત આવશ્યક ને પ્રસંશનીય ગણાય. પણ આ પ્રકારનું સન્માન વ્યક્તિની ચેતનાને સંકોરવાને બદલે તેને સ્વકેન્દ્રી બનાવી મૂકે એવું એક જોખમ એમાં ઊભું થતું હોય છે. પરિણામે આગળ આવેલા મહિલા વ્યક્તિત્વો કામ કરવાને બદલે સ્વને વિકસાવવામાં સરકી પડે તેવું બનતું હોય છે. આમ થવું આખરે તો સમાજ માટે જ નુકસાનકારક નીવડતું હોય છે. મહિલાઓ ને સંસ્થાઓ આ જોખમમાંથી બહાર આવીને વિચારે તો કચ્છમાં મહિલા પ્રવૃત્તિ સાચા અર્થમાં વિકસી શકે. કેટલાક મહિલા વ્યક્તિત્વો આ પ્રકારે કાર્ય કરવામાં પ્રવૃત્ત છે એની પણ નોંધ લેવી ઘટે. આ પ્રકારનો પ્રયત્ન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તો કચ્છ પણ ઇલાબહેન ભટ્ટ જેવું વ્યક્તિત્વ ગુજરાત, ભારતને અર્પી શકે.

સાંપ્રત સમય સંદર્ભે મહિલાઓની સમસ્યાઓ ઉત્તરોત્તર વધતી જાય છે ત્યારે નાની- મોટી હરીફાઇઓ કે મંડળો ઊભા કરવાની પ્રવૃત્તિઓને બદલે બદલાતા પ્રવાહમાં સ્ત્રીઓનું ગૌરવ વધારવાની તાલીમ મળે એવો પ્રયત્ન કચ્છની મહિલાઓએ જહેમતપૂર્વક કરવો જ રહ્યો. આ અપેક્ષા એક પડકાર પણ છે. આજની મહિલા એ પડકારને પડકારી શકે એવું ઇચ્છવું આ સંદર્ભે ઉચિત જણાય છે. □

■ ન્યુ મિન્ટ રોડ, ભુજ-કચ્છ, પીન. ૩૭૦ ૦૦૧

સિંધીઓ અને કચ્છ

□ નિર્મલ વાસવાણી

૧૯૪૭ના ઓગસ્ટમાં દેશના ભાગલાના પગલે સિંધીઓએ જ્યારે સિંધમાંથી હિજરત કરી ત્યારે કચ્છે તેમને આ પહેલીવાર આશ્રય નહોતો આપ્યો. બરાબર ૮૦૦ વર્ષ અગાઉ, ૧૧૪૭માં સિંધી હિજરતીઓનું પ્રથમ મોટું મોજું લાખો જાડેજાની આગેવાની હેઠળ કચ્છમાં આશ્રય મેળવવા આવ્યું હતું. એવા બીજા ઘણા સિંધીઓ છે- રાજકુમારો અને અકિંચનો- જેમણે કચ્છમાં અભયદાન માગ્યું હતું અને તેમને તે મળ્યું હતું.

લગભગ અચૂકપણે સિંધી સ્થળાંતરનું કારણ ધર્મનું રાજકારણ રહ્યું છે પણ તેથી સિંધીઓ તેમની બિનસાંપ્રદાયિક વિચારસરણીમાંથી ચલિત નથી થયા. લાખો જાડેજાની સાથે ઘણા મુસ્લિમો પણ સિંધમાંથી કચ્છમાં આવ્યા હતા અને જાડેજાઓએ કચ્છમાં તેમનું રાજ્ય મજબૂત બનાવીને સદીઓ દરમ્યાન કચ્છને એક ભૂ-રાજકીય અસ્મિતા આપી ત્યારે કચ્છ કોમી સંવાદિતાનું આશ્રયસ્થાન રહ્યું હતું. ૧૯૪૭માં સ્થળાંતરના બીજા મોટા મોજામાં કચ્છ આવેલા સિંધીઓએ કંડલા-ગાંધીધામ ખાતે એક અનોખી અને પચરંગી વસાહત સ્થાપી છે. માત્ર વિવિધ ધર્મોના લોકો જ નહિ, કાશ્મીરથી કન્યાકુમારી અને ખાવડાથી હાવડા સુધીના સમાજોના વિવિધ વર્ગો ગાંધીધામમાં સાથે રહીને પોતાનું ગુજરાન ચલાવે છે.


સિંધીઓનું કચ્છને સદીઓથી અનોખું પ્રદાન રહ્યું છે. પ્રથમ મોજાએ કચ્છને બાકીના વિશ્વથી અલગ એક વ્યવસ્થિત દેશ બનાવ્યો. બીજા મોજા સાથે કચ્છમાં આંતરરાષ્ટ્રીય પવન વાતો થયો અને કંડલા બંદર દ્વારા કચ્છ સમગ્ર દેશના અર્થતંત્રને ગણનાપાત્ર પ્રદાન કરતું થયું. જો કે, બીજા મોજામાં આવેલા સિંધીઓ આખા દેશમાં ફેલાઇ ગયા પણ તેમને તેમનાં મૂળ તો કચ્છમાં જ મળ્યાં અને તેઓ પૂરેપૂરા એકરસ બની ગયા. તેમની ઓળખ આજે કચ્છથી અલગ કરી શકાય તેમ નથી.

ભાઇ પ્રતાપ દિયાલદાસને જ્યારે કચ્છમાં આવકાર મળ્યો અને મહારાવ વિજયરાજજીએ તેમને જમીન આપી ત્યારે તેઓ સિંધીઓને શરણાર્થી નહીં પણ પુરૂષાર્થી કહેતા. પોતાની મહેનત અને સૂઝ દ્વારા તેમણે તેમની જાતને પુરૂષાર્થી પુરવાર કર્યા.

સિંધીઓએ કચ્છને વિકસાવ્યું એમ કહેવું એ એક અતિશયોક્તિ થશે. કચ્છનો વિકાસ ભારત તરીકે ઓળખાતી વધુ મોટી અસ્મિતા સાથેના જોડાણના કારણે થયો પણ સિંધીઓએ વિવિધ ક્ષેત્રે તેમનું નમ્ર પ્રદાન કર્યું છે. જ્યારે દક્ષિણ દરિયા કિનારા અંગેની સમિતિ કરાચી પાકિસ્તાનને જવાથી પડેલી ખોટ સરભર કરવા દેશના પશ્ચિમ દરિયાકાંઠે એક મહાબંદર વિકસાવવાની સંભાવનાઓ તપાસી રહી હતી ત્યારે ભાઇ પ્રતાપે પહેલાં બંદર બાંધનારાઓ અને બાદમાં તેના જાળવણી અને સંચાલન કરનારાઓને મૂળભૂત માળખાકીય સવલતો પૂરી પાડવા માટે એક આધુનિક વસાહત ઊભી કરવાની ઓફર કરી. સમય જતાં કંડલા બંદર અને ગાંધીધામ વસાહત વચ્ચે સહોદર સંબંધ સ્થપાયો જેનો બન્નેને અરસપરસ લાભ મળ્યો.

ગાંધીધામે ઘણી મુશ્કેલીઓ સહન કરી છે પણ ક્યારેય કંડલા બંદરને સહાયક સવલતો પૂરી પાડવાની તેની નેમમાંથી ડગ્યું નથી. દેશના દસ મહાબંદરોમાં કંડલા મુંબઇ પછીનું બીજા નંબરનું મહાબંદર છે. ગાંધીધામ પાસે આજે બેવડા ગેજનું રેલવે માળખું છે, જે તેને બાકીના દેશ સાથે જોડે છે. તેને આંતરિક અને રાષ્ટ્રીય માર્ગોનું સુંદર માળખું છે અને આ માર્ગ વ્યવસ્થાને કારણે ખૂબ જ વિકસિત માર્ગ પરિવહન વ્યવસાય પણ છે. હું માનું છું કે, ગાંધીધામે માર્ગ પરિવહન વ્યવસાયનો તેની દોઢ લાખની જ સીમિત વસતીના પ્રમાણમાં જેટલો વિકાસ કર્યો છે તેટલો ભાગ્યે જ અન્ય આવી કોઇ વસાહતે કર્યો હશે. વિવિધક્ષેત્રે અર્થતંત્રમાં તેનું પ્રદાન સહેલાઇથી ગણી શકાય એવું નથી.

ગાંધીધામ દેશનો પ્રથમ મુક્ત વેપાર વિસ્તાર ધરાવતો વિસ્તાર હોવાનો ગર્વ લઇ શકે છે. આ વિસ્તાર હવે તેની કરાયેલી કદરનો બદલો વાળી રહ્યો છે. આ વિસ્તાર ગાંધીધામના પચરંગીપણાને પણ બહેલાવી રહ્યો છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી ધરાવતા ઉદ્યોગો મુક્ત વેપાર વિસ્તારમાં પદાર્પણ કરી રહ્યા છે અને અત્યંત આધુનિક તંત્રવિજ્ઞાન, વ્યવસ્થાપન તેમજ પ્રથમ કક્ષાના સંદેશ વહેવાર માળખા દ્વારા ગાંધીધામના વિકાસમાં ફાળો આપી રહ્યા છે. આનાથી, નાણાકીય ટેકો પૂરો પાડવા માટે પર્યાપ્ત બેન્કીંગ માળખું પણ જરૂરી બન્યું છે.



નિર્વાસિતેશ્વર મહાદેવ, આદિપુર. તસવીર : રસિક મહિચા

ગાંધીધામ માત્ર થોડા દૂર અને બજારો કે તેના વિવિધ વિસ્તારોને સાંકળતા રસ્તાઓ જ નથી, એ એક સંપૂર્ણ સજીવ રચના છે.

ગાંધીધામની રચના થઇ ત્યારથી આ વસાહતને સાંસ્કૃતિક વિશ્વ વિદ્યાલયનું કેન્દ્ર બનાવવાનું ભાઇ પ્રતાપનું સ્વપ્ન હતું. તેઓ ઇચ્છતા હતા કે ગાંધીધામની આગામી પેઢીનો દ્રષ્ટિકોણ આંતરરાષ્ટ્રીય બને અને કુશળતામાં વિશ્વનો સામનો કરી શકે. આ માટે તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો પાયો મજબૂત બનાવ્યો એટલું જ નહિ, એક એવી સંસ્થાનો પાયો નાખ્યો જે બાદમાં ઉચ્ચ શિક્ષણનું તોલાણી સંકુલ બન્યું. કાકા પ્રભુદાસ તોલાણીએ એક એવું બીજું સિંધી નામ છે જે ઉચ્ચ શિક્ષણને ગાંધીધામમાં લઇ આવ્યા અને વધુને વધુ કોલેજો અને વિવિધ અભ્યાસક્રમોમાં તાલીમ લઇ રહેલા વધુને વધુ વિદ્યાર્થીઓ એ હકીકતનું વિપુલ પ્રમાણ પૂરું પાડે છે કે ગાંધીધામ શિક્ષણના માધ્યમ દ્વારા કચ્છના વિકાસમાં ફાળો આપી રહ્યું છે. છેલ્લામાં છેલ્લો શરૂ કરાયેલો અભ્યાસક્રમ વ્યાવસાયિક વ્યવસ્થાપન (બિઝનેસ મેનેજમેન્ટ)નો છે.

ભાઇ પ્રતાપનું સાંસ્કૃતિક વિશ્વ વિદ્યાલયનું સ્વપ્ન ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સિંધોલોજી દ્વારા કદાચ સાચું પડશે. અમદાવાદની ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજીના નમૂના પરથી બનાવાયેલી ઇન્સ્ટીટયુટ ઓફ સિંધોલોજી સિંધી સંસ્કૃતિના વિવિધ સ્વરૂપે જાળવણી અને પ્રોત્સાહનને વરેલી છે.

સિંધીઓનું એક સાંસ્કૃતિક પાસું તેમની સર્વદેશીતા છે. આના પરિણામે ગાંધીધામના તમામ કોમના છોકરા-છોકરીઓ દેશની સરહદ પાર જતા આવતા રહે છે અને આંતરરાષ્ટ્રીય નાગરિકો બની જાય છે. ગાંધીધામને ગર્વ છે કે એનાં સંતાનો આજે વિશ્વભરમાં પથરાયેલા છે અને આ, હું માનું છું કે, કચ્છમાં આશ્રય શોધનાર સિંધીઓના બીજા મોજાની ઉપલબ્ધિ છે. □



કચ્છની લોકકથાઓ

□ ઉમિયાશંકર અજાણી

માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં માનવી એના ઉગમકાળથી વાર્તારસિયો રહ્યો છે. બાળવયથી જ વાર્તા સાંભળવાની રસવૃત્તિને પોષતા દાદીમા અને દાદાજીની વાતો એનાં ચિત્તતંત્ર માથે છવાઇને જીવનભર યાદ રહી જાય છે. પ્રકૃતિથી માંડીને સંસ્કૃતિ સુધીની એ વાતોમાં પશુ- પંખીઓથી માંડીને પરીઓ સુદ્ધાંની વાતો આવે. લોકજીવનની પરંપરાને સાચવનારી આવી વારતાઓમાં લોકકથાના મૂળને નિહાળતા વાતડાહ્યા માણસો પુરાણથી પણ પુરાણા ગણાવીને ઠેઠ ઋગ્વેદ સુધી પહોંચાડે છે. પછી શતપથ બ્રાહ્મણ અને ઉપનિષદના ઉપવન વચ્ચેથી દોરીને ઠેઠ બૌદ્ધ અને જૈન ધર્મના લેખકોની કથાઓ સુધી દોરી લાવે છે.

પુરૂરવઃ ! પુનરસ્તં પરેહિ, દુરાપના વાત ઇવાહમસ્મિ, એ શબ્દો દ્વારા પુરૂરવાને પાછો ચાલ્યો જવાનો કહેનારી અને પોતાને વાયુ સમાન દુષ્પ્રાપ્ય માનનારી ઉર્વશીની ઋગ્વેદમાં આવતી કથામાં લોકકથાનાં મૂળ હોય કે ન હોય, તે પછીના ધર્મગ્રંથો અને પુરાણોમાં એના એંધાણ મળે કે ન મળે, પરંતુ માનવજીવનના મહિમાને ગાતી અને ઉદાત્ત ભાવના તરફ દોરી જતી એ કથાઓ પ્રકૃત્તિથી માંડીને સંસ્કૃતિના સર્જન સુધીની જૂની છે.

આપણી સંસ્કારમૂડી છે સમાજ જીવનની સરિતા છે

આપણા સાંસ્કૃતિક જીવનને ધબકતું રાખનાર લોક સાહિત્યમાંની લોકકથાઓ આપણી સંસ્કારમૂડી છે. લોક સાહિત્યમાંની એવી એ રસધાર સમાજ જીવનની સરિતા છે. અને એ સરિતાના નિર્મળા નીરમાં નીરખીને નજર નાખનારને અરીસામાં દેખાય એવું સમાજનું સાચે સાચું પ્રતિબિંબ દેખાય છે.

સંસ્કૃતના પંચતંત્રમાં મૂળે તો માત્ર ૮૪ વાર્તાઓ જ હતી. પરંતુ સમયના સથવારે એનું આંતર-બાહ્ય કલેવર પુષ્ટિ પામતું, સમૃદ્ધ થતું રહ્યું. પંચતંત્રની કથાઓ જગતમાં સૌથી વિશેષ પ્રસિદ્ધ કથાઓ છે- એમ રોઇડરનું કહેવું છે. અને જગતની સર્વશ્રેષ્ઠ કથાઓના સંગ્રહ તરીકે પણ એ પંચતંત્રને જ ગણે છે. ભારતમાંથી અનુવાદ પામતી અને અનુવાદમાંથી પણ અનુવાદ થતી થતી આ કથાઓ ફારસ, અરબ્ર અને સિરીઆ થઇ અને યુરોપમાં પહોંચી છે. પંચતંત્રની આ કથાઓ ડૉ. હર્ટેલના કહેવા મુજબ ઇ. સ. પૂર્વે ૨૦૦માં કાશ્મીરમાં રચાઇ હતી જેનો રચિયતા હતો- મંત્રદ્રષ્ટા તરીકે પ્રતિષ્ઠિત થયેલો વિષ્ણુ શર્મા. આથી પહેલાં પણ અગણિત લોકકથાઓ પ્રચાલિત હતી. પંચતંત્રના પણ ઓછામાં ઓછા ૨૫ જેટલા પાઠ ભારતમાં પ્રચલિત હતા. હર્ટેલે જે પાઠનો અનુવાદ કર્યો હતો તેની રચના તો ઇ. સ. ૧૧૯૯માં થઇ હતી.

ગુણાઢયની પ્રાકૃત 'બૃહત્કથા' કવિ સોમદેવ દ્વારા 'કથાસરિત સાગર'માં ઇસુની ૧૧મી સદીમાં રૂપાંતર પામી. નામ પ્રમાણે એ અનેક કથારૂપી સરિતાઓના સંગમ થકી સાગર સમા એ વિશાળ ગ્રંથમાં સચવાયેલી કથાઓ ભારતના સીમાડાઓ વટાવીને વિદેશની ધરતી પર પહોંચી છે. શ્રી એન. એમ. પેન્જરે તો આ કથાઓ ૧૦ ભાગમાં અંગ્રેજી ભાષામાં 'ધી ઓશન ઓફ સ્ટોરી'ના નામે પ્રસિદ્ધ કરી છે.

દંડીને દશકુમાર ચરિત્ર દ્વારા પ્રસિદ્ધિના શિખરે દોરી લાવનાર પણ આ બૃહત્કથા સાહિત્ય જ છે. દશકુમાર ચરિતમાં આપણી પુરાણી લોકકથાઓના 'મોટીફ્સ'- કથા ઘટકોનો ઉપયોગ થયો છે. આ 'મોટીફ્' એટલે Dominant idea- અર્થાત પ્રધાન વિચાર, મુખ્ય વિચાર, તેથી ય આગળ વધીને એને Dominant idea in artistic Composition એટલે કે કલાત્મક રચના પાછળનો મૂળ વિચાર કે પછી Central theam in a work of art તરીકે અર્થ કરવામાં આવે છે. હિંદી સાહિત્યમાં ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીએ એને 'કથાનકરૂઢિ' તરીકે અને ઝવેરચંદ મેઘાણીએ એને 'કરામત' એમ અર્થ કરેલ છે. પરંતુ વિવેચનના ગ્રંથોમાં આ મોટીફ્- કથા ઘટકના અર્થમાં પ્રયોજાયો છે. અને તેને જ 'મોટીફ્'નો યોગ્ય પર્યાય ગણવામાં આવ્યો છે.

લોકકથાઓમાં આ કથા ઘટકનું સ્થાન મહત્ત્વનું છે. એનામાં રહેલું ચમત્કારીપણું અને અસાધારણતા લોકોના માનસ પર જડાઇને તેનું આવર્તન કરવા પ્રેરે છે. હીરાબેન પાઠકે પણ આ કથા ઘટક માટે આવું જ કહેતાં કહ્યું છે કે, 'માનવભાવ અને માનવમન વ્યાપારને, જગતનાં કે સમાજનાં ચાલક બળો અને અ-સાધારણ પદાર્થો વગેરેને સંભરનારા રસકોષો સમાન છે.'

યુરોપની લોકકથાઓ પર ભારતીય કથાઓનો પ્રભાવ

ભારત અને બહારની લોકકથાઓમાં ઘટનાઓ અને કથાનકોની અદ્દભૂત સામ્યતા જોવામાં આવે છે, એ અકસ્માત નથી કે તે તે દેશોની મૌલિક કલ્પના પણ નથી. પરંતુ આગળ કહ્યું તેમ, ભારતીય લોકકથાઓ જગતના વિશાળ ફલક પર પહોંચી હતી એનું કારણ છે. ભારત બહારના વિદ્વાનોએ પણ એ તો સ્વીકાર્યું જ છે કે, યુરોપની લોકકથાઓ-એ ભારતની બૃહત્કથામાં સંગ્રહાયેલી લોકકથાઓથી પ્રભાવિત થયેલી છે.

વણજ- વેપાર માટે સાત સમંદરની ખેપૂં ખેડતા આપણા સાગર શૂરાઓએ દેશ-વિદેશને સીમાડે જ્યાં જ્યાં છાંભા કર્યા- વિશ્રામ લીધો ત્યાં ત્યાં લોક સંસ્કારને ઘડવામાં ખપ લાગે એવી લોકકથાઓ ત્યાં સંભળાવી, ત્યાંની સાંભળીય ખરી. જગતભરની લોકકથાઓમાં વર્તાતું સામ્ય એજ કારણે હશે ને ?

વિશાળ સાગરકાંઠો ધરાવતા કચ્છની પહેલેથી જ બે ભાષાઓ રહેલી છે. કચ્છની ભાષા કચ્છી પણ લોક વહેવારની ભાષા ગુજરાતી. એવા એ દ્વિભાષી કચ્છની લોકકથાઓમાં પ્રાદેશિક વિવિધતા વરતાય છે. 'થુડ હકડ.ો ને ડાળું હજાર, ડાળેં ડાળેં મેવા ધાર' એ ઉકિત પ્રમાણે લોકસાહિત્યના વિવિધ અંગ પૈકી આ લોકકથાઓનું ખેડાણ ગુજરાતના સંદર્ભમાં ભલે મોડું થયું હોય પણ માતબર થયું છે.

ગુજરાતમાં લોકકથાનું ખેડાણ ઇ. સ. ૧૮૪૬માં એલેકઝાંડર ફાર્બસની રાસમાળા નામના બે ભાગમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથોથી શરૂ થયું. તે પછી ફ. બ. પારસીના નામે પ્રસિદ્ધ માસ્ટર ફરામજી બમનજીએ ઇ. સ. ૧૮૭૨થી ૧૮૭૪ના સમયગાળા દરમ્યાન 'ધી ફોકલોર ઓફ ગુજરાત'ના ત્રણ ગ્રંથો 'ગુજરાત- કાઠિઆવાડ દેશની વાર્તા'ઓના બહાર પાડયા, સંશોધન તો તેમણે કચ્છની લોકકથાઓનું પણ કરેલ પણ ગમે તે કારણસર એ લોકકથાઓ પ્રસિદ્ધ કરવાની એમની યોજના સાકાર થઇ ન હતી.

ગુજરાત અને સૌરાષ્ટ્ર જેમ ભારતની સરખામણીએ મોડા જાગ્યા તેમ કચ્છ પણ ગુજરાત- સૌરાષ્ટ્રની દ્રષ્ટિએ ભલે મોડેથી પણ જાગ્યું ત્યારે શાનદાર શરૂઆતથી જાગ્યું. સને ૧૮૯૩માં આ ક્ષેત્રમાં જીવરામ અજરામર ગોરે એમની 'વાર્તા વિનોદ' સાથે પ્રવેશ કર્યો, એકાવન કથાઓમાં ઐતિહાસિક અને બોધવાચક વાતોના આ સુંદર સંગ્રહની 'માસિક મજાહ' નામના સામયિકે તે વખતે એના પુસ્તક ૮ના અંક ૧૧ના પાના ૫૯૪ ઉપર નોંધ લઇને એને અમૂલ્ય પ્રદાન ગણાવ્યું છે.

ઇ. સ. ૧૯૦૯થી શ્રી ઇચ્છારામ દેસાઇએ 'ગુજરાતી'ના દિવાળી અંક કાઢવાનું શરૂ કર્યું. 'ગુજરાતી'ના અંકોમાં જીવરામ અજરામર ગોરની લોકકથાઓ પ્રગટ થવા માંડી. ઇ. સ. ૧૯૧૦માં મારઇ અને ઉમર, ૧૯૧૧માં સૂણી અને મેહાર, ૧૯૧૩માં જામ પૂંઅરો, ૧૯૧૪માં નાગવાળો- નાગમતિ, ૧૯૧૫માં મારૂ-ઢોલા, ૧૯૧૬માં માનસિંહ અને કવિ હરનાથ જેવી ગણનાપાત્ર લોકકથાઓ આપી. કવિ જીવરામમાંથી પ્રેરણા લઇને કવિ ગૌરીશંકર જયશંકર વોરાએ સને ૧૯૨૪માં કચ્છ દેશની જૂની વાર્તાઓનું પુસ્તક પ્રગટ કર્યું. ૧૯૨૭માં જયરામભાઇ જેઠાભાઇ નયગાંધી 'કચ્છની રસધાર' લઇને આવ્યા. સને ૧૯૨૯માં જીવરામ અજરામર ગોરના પુત્ર રાજારામે 'કચ્છ દેશની જૂની વાર્તાઓ' પ્રસિદ્ધ કરાવી. એજ વર્ષમાં કોટડી મહાદેવપુરીના જોષી લાલજી મૂળજી (બાબીડો) એ પણ 'કચ્છની લોકકથાઓ' આપી. પત્રીના પ્રતાપસિંહજી જુણાજી જાડેજાએ પણ લોક સાહિત્યના ક્ષેત્રે કાંઇક પ્રદાન કર્યું છે. રસિકલાલ જોષીએ 'વતનની વાતો' આપી. પણ લગાતાર અડધી સદી સુધી જેણે કચ્છના સાહિત્યજગતને ઝળહળતું રાખ્યું એ દુલેરાય કારાણીનો આ ક્ષેત્રે પ્રવેશ ઇ. સ. ૧૯૨૮ની સાલે

'કચ્છના રસઝરણાં' સાથે થયો: એનાં અમી ઝરણાં આજે પણ કચ્છની ધરતી માથે વહેતા જોઇ શકાય છે. કચ્છના મેઘાણી તરીકે ઓળખાતા થયેલા કારાણીએ જ તો એમનાં 'કચ્છ કળાધર' દ્વારા કચ્છની અસ્મિતાને અસલ રણકારે જગાછતી કરી. એમનાં પછી આ પાવન કેડીને કંડારનારા છે તો ખરા, પણ... મામાનું ઘર કેટલે ? તો કે દીવો બળે એટલે... એમ આંગળીનાં વેઢે ગણાય તેટલા. આ અનુસંધાનને આગળ ધપાવતું પુસ્તક શ્રી રામસિંહજી રાઠોડનું 'કચ્છ એન્ડ રામરાંધ' (અંગ્રેજી) કચ્છની અસ્મિતાને ઉજાળનારૂં છે.

લોકકથાઓનો વિપુલ ખજાનો મોજુદ છે

કચ્છ પાસે લોકકથાઓનો વિપુલ ખજાનો છે. મોડ અને મનાઇના કચ્છમાં આગમન સાથે ગુંતરીના જાજરમાન પાત્રવાળી લોકકથા દેખા દે છે. પછી તો ઉમર-મારઇ, ભેરૂઓ- ગારૂડી, કોરૂ-પીંગળ, શેણી-વિજાણંદ, મુમલ-રાણો, સૂહીણી-મેઆર, કપૂરી-કારાયલ, ઓઢો-હોથલ, લાખો-ફુલાણી, પુંઅરો-રાજૈં, જેસલ-તોરલ, અબડો અડભંગ, વૃજવાણીનો ઢોલી, નાગવાળો- નાગમતિ, મોજદીન મહેતાબ, લા અને સા, તથા હાજી કાસમ તારી વીજળી જેવી અનેકવિધ લોકકથાઓમાં કચ્છના પ્રજાજીવન સાથે જડાયેલી ભાતીગળ લોકસંસ્કૃતિના દર્શન થાય છે. આ કથાઓમાં ખમીર અને ખુમારી, નેક અને ટેક, પ્રણ્યોર્મિ અને વિરહવેદનાની વાતો છે.

પુરૂરવા અને ઉર્વશીને ઋગ્વેદથી પુરાણો સુધી પહોંચતાં પલ્લવન થયું એનો પડઘો ઓઢો જામ અને હોથલમાં પડે છે. સૃષ્ટિ વિકાસની પ્રક્રિયાના કર્તવ્ય પક્ષનું પ્રતિક મનુ અને ઇડાની કથા છે તેમ એ પ્રક્રિયાના ભાવપક્ષનું સ્વરૂપ એટલે પુરૂરવા અને ઉર્વશી. એ બન્ને નર- નારીનાં પ્રતીકો છે. આ પ્રતિબિંબ- ઓઢો અને હોથલમાં ઝીલાયું છે.

લોકકથાઓને દેશના સીમાડાના કે સમયના બંધન નડતા નથી. સાધુ- સંતો, ફકીરો અને ઓલિયાઓ, ચારણો અને બ્રાહ્મણો પોતાના ભ્રમણ સાથે આવી કથાઓને પણ ભ્રમણ કરાવતા રહ્યા છે અનેં એટલે જ તો ઓઢો ને હોથલની કથા સૌરાષ્ટ્રની ભૂમિ પર કથાય ત્યારે સૌરાષ્ટ્રની જ લાગે. અને સૌરાષ્ટ્રના લાખો અને ગોરાંદેની કથા કચ્છ સુધી પહોંચે ત્યારે એ મુંદરા તાલુકાના છસરા ગામના પાદરમાં ખૂતેલા છ-પાળિયા અને એક એકલસરાની કથા બની જાય છે. લોકકથાઓમાં દેખાતી નીતિ-મત્તાનું ધોરણ ઊંચું રહ્યું છે પછી એ કચ્છના લા અને સાની હોય કે સૌરાષ્ટ્રના હાલામણ જેઠવાના, કચ્છના હબાય ડુંગર માથે ઊભેલા પાળિયાની કથા હોય.

આવું સામ્ય લોકકથાઓમાં સર્વત્ર જોવા મળે છે. આ સામ્યતાના અભ્યાસમાં મોટીફ્- કથાઘટકો મદદરૂપ થાય છે. પૂર્વકથિત કથાઓ જોતાં અગાઉની કથાઓમાં કથાયેલા ઘટકોનો ઉપયોગ જોવા મળે છે. કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત કામાવતીની વાર્તામાં ડૉ. પ્રવીણ અ. શાહે મોટીફ્સની વિસ્તૃત ચર્ચા કરી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન તથા મધ્યકાલીન ગુજરાતી ભાષાની ઘણી કૃતિઓમાં આ પરંપરા જોવામાં આવે છે. ઉર્દૂના પ્રાચીન સાહિત્યમાં ફસનાદે અજાયબ, સરોશે સુખન અને તિલિસ્મે હૈરત એ ત્રણે કિસ્સા કથાઓ મૌલિક ગણાય છે. બાકીની અલીફ- લૈલા, ઈખ્વાનુસ્સફા એ અરબીમાંથી અનુવાદ થયેલી છે. બાગો બહાર, આરાઇશે મહફિલ, મજહબે- ઇશ્ક, ગુલશનોબર વિગેરે કથાઓ ફારસી અનુવાદની છે. પણ અરબી અને ફારસીમાં પણ આ કથાઓ તો ભારતમાંથી અનુવાદ થઇને ગયેલી છે. લોકકથાઓમાં ઉપયોગ થતા કથાઘટકોમાં સમસ્યા, શુકન- અપશુકન, ચક્ષુરાગ, વિગેરે જોવા મળે છે. માનવીની બધી જ મનેચ્છાઓ સંતોષાતી નથી હોતી. તેથી તે માનવેત્તર યોનિમાંના પશુ-પંખીઓ પણ સુલખણા અને ગુણીયલ છે એવા મોર-પોપટ, ઢેલ, હાથી-ઘોડો, હરણ- માછલી વિગેરેની કલ્પના સૃષ્ટિ ખડી કરીને પોતાની મનની ઇચ્છાનો- જન્મ પામવાનો પડઘો પાડતા જોવાય છે. સમાન ગણી શકાય એવા જુદા જુદા ચાલીસેક ઘટકો તો સહેલાઇથી તરી આવે છે.

પ્રેમ પરીક્ષા, સંદેશ-વહન, ઉખાણા અને ગૂઢ પ્રશ્નો પૂછવા, તિરસ્કૃત પ્રેમિકા દ્વારા લાંછન, ભવિષ્યસૂચક સ્વપ્નું, અપ્સરાઓ, યક્ષ-યક્ષીઓ કે વ્યન્તરિઓથી વિવાહ, પૂનર્જન્મ, દેશવટો, ભૂતપ્રેતો દ્વારા સહાયતા, મરેલા પ્રાણીઓને જીવતદાન, યોનિ પરિવર્તન, દિવ્ય જન્મ, મંત્ર શકિત દ્વારા ચમત્કાર, ખેચરી વિદ્યાની સિદ્ધિ, શાપ અને વરદાન, રૂપ પરિવર્તન, કર્મફળ, પશુ-પક્ષીઓ દ્વારા સંદેશા મોકલવા, મંત્રેલું ફળ ખાવાથી ગર્ભ રહેવું, જંગલમાં ભૂલાં પડવું અને સંકટોનો સામનો, મંત્ર દ્વારા સ્થાન પરિવર્તન અપહરણ અને પ્રેમનું ઉત્પન્ન થવું. નિર્જન સ્થળે રૂપવતીથી મિલન, અદ્રશ્ય થવાની વિદ્યા, દિવ્ય વિદ્યાઓ, રાક્ષસો દ્વારા વિઘ્ન, અતિ માનવીય શકિત દ્વારા સહાયતા, સર્પદંશથી મૃત્યુ, રૂપદર્શન કે, સાંભળીને અનુરાગ થવું, મંત્ર યુદ્ધ, પુષ્પવૃષ્ટિ, આકાશવાણી, શુકન દ્વારા ભાવિ સંકેત, કામના, જલક્રીડા, મનોકામનાની સિદ્ધિ અર્થે ગૌરી પૂજન, બીહું ઝડપવું વિગેરે.

જીવરામ ગોરની ઉલ્લેખનીય લોકકથાઓ

આ સંદર્ભે કચ્છની લોકકથાઓનો અભ્યાસ કરતાં જીવરામ અજરામર ગોરની લોકકથાઓ ઉલ્લેખનીય છે. એમની કચ્છની રસધારમાં સંગ્રહાયેલી નાગવાળો અને નાગમતિની લોકકથા જોઇએ તો નાગવાળો અને નાગમતિની લોકકથા સૌરાષ્ટ્રની પ્રેમકથાઓમાં પણ સંગ્રહાયેલી છે અને હરિપ્રસાદ પી. વ્યાસ ઉપરાંત અન્ય લેખકોએ પણ તે લખેલી છે. પરંતુ આ બધામાં સૌથી વિશેષ ઉલ્લેખનીય કથા, જીવરામ અજરામર ગોરની છે.

નાગવાળો અને નાગમતિની લોકકથા એ એક પ્રેમકથા છે ઇસુની ૧૧મી સદીનો સમયગાળો. કચ્છ જિલ્લાના રાપર તાલુકાના કાનમેર ગામના કાનસૂવા ભેડા નામના કાઠી રાજાની પુત્રી નાગમતિ અને સૌરાષ્ટ્રના સચીઆણાના રાજા ધમ્મરવાળાના પુત્ર નાગવાળા વચ્ચેની આ એક પ્રણયકથા છે. દુષ્કાળને કારણે કાનસૂવો ભેડો પોતાના પશુધન સાથે સૌરાષ્ટ્રના સચીઆણા ગામે જાય છે. ત્યાં નાગવાળો અને નાગમતિનો મેળાપ થતાં એક-બીજાના પ્રેમમાં પડે છે. નાગવાળાને આણલદે નામે એક પંત્ની છે તેને આ પ્રણયની ખબર પડતાં, તે સરોવર પર કે જ્યાં પ્રેમીઓ મળવાના છે ત્યાં જઇ નાગમતિને મારે છે. નાગવાળો આણલદેને મારે છે. તે પછી કાનસૂવા ભેડાનો મેલાણ સચીઆણથી ઊઠી જાય છે. નાગમતિના વિરહને કારણે નાગવાળાની કાયા સૂકાતી જાય છે. તબિયતને બહાને તે નાગમતિની શોધમાં કચ્છ આવે છે. પણ કાનસૂવા ભેડાએ તો નાગમતિના લગ્ન ખેતીના કામમાં જે હોંશિયાર હોય તેની સાથે કરવાની પ્રતિજ્ઞા કરી છે. તેથી આ બન્ને ભાગી જવાનું નક્કી કરે છે. નક્કી કરેલા સમયથી નાગમતિ મોડી પહોંચે છે તેથી નાગવાળો પેટમાં કટાર ખાઇને મરણ પામે છે. નાગમતિએ એની સાથે બળી મરવા નક્કી કરી લીધું છે ત્યાં તો એક યોગી આવે છે. નાગવાળાને સજીવન કરે છે. બન્નેના લગ્ન થાય તે પછી સુખમાં જીવન વિતાવે છે.

આ કથામાં પરંપરાગત કથાઘટકોનો છૂટથી ઉપયોગ થયો છે. નાયિકાનું અંગવર્ણન જાણે આખે આખું સંસ્કૃત સાહિત્યમાંથી લીધું હોય એવું બાણની શૈલીનું દેખાઇ આવે છે, લગભગ ૬૦૦ જેટલા શબ્દોમાં નાગમતિના અંગવર્ણનમાં નાગમતિના રૂપ ગુણ નિખરતા જણાય છે. જેમ કે, ''તેનો પ્રલંબ કેશપાશ જોનારની દ્રષ્ટિને ખરેખર પાશરૂપ થતો હતો. શરદ પૂર્ણિમાના નિષ્કલંક ચંદ્રના જેવા ચહેરા ઉપર નીલકમળના જેવી બે તેજસ્વી આંખો તીક્ષણ અણીવાળા બાણોની પેઠે પ્રેમી શૂરવીરોના વૃક્ષ : સ્થળને ભેદીને તેની આરપાર નીકળી જતી હતી. અર્ધ ચંદ્રાકૃતિના જેવા વિશાળ અને ગૌરભાલમાં સુવર્ણનો રત્નજડિત ચાંદલો પૂર્વ દિશામાં ઊગતા આદ્રા નક્ષત્રની પેઠે ચમકતો હતો...'' તારા મૈત્રક દ્વારા થતો નાયક નાયિકાનો પરિચય, આણલદે દ્વારા નાગમતિને મારી નાખવાની યોજના, કાનસૂવા ભેડાનું મેલાણ ઊઠાવીને નીકળી જવું એ કથાપ્રવાહને આગળ ધપાવતા તત્ત્વોની વચ્ચે નાગમતિ નાગવાળાને એમના પૂર્વજન્મની કથા યાદ કરાવી આપે છે અને મહિના પછી મળવાનો નાગવાળો વાયદો કરે છે. દરમ્યાન, કાનસૂવા ભેડાએ મેલાણ ઊઠાવી લીધા. વિરહમાં કૃશ થયેલા નાગવાળાએ દેશાટને જવાની પિતાની રજા મેળવી નાગમતિની શોધમાં કચ્છ આવે છે. વાણિયાને ઘેર ઊતરે છે. વાણિઅણ મારફતે નાગમતિની માહિતી મેળવે છે. નાગમતિ તેની દાસી મારફતે તપાસ કરાવે છે. અને ખરેખર નાગવાળો જ છે એમ દાસી કહે છે તો નાગમતિ એને પોતાની ડોકમાંનો નવ સેરો મોતીસરો હાર ભેટમાં આપી દે છે. પિતાની આડખીલીરૂપ પ્રતિજ્ઞાથી પોતે એકબીજાને પરણી શકશે નહિ એવું જણાતાં બન્ને જણાં અહીંથી ભાગી જવાની યુક્તિ ઘડી કાઢે છે. પૂનમની રાતે ચોક્કસ સમયે શિવાલય પાસે ભેગા થવું એવું નક્કી થાય છે. નાગમતિ પ્રેમી પાસે જવા નીકળી છે પણ ગઢના દરવાજા બંધ. ગઢ કૂદીને જવું પડતાં મોડું થાય છે. નાગમતિ સમયસર ન આવતાં નાગવાળો પોતાના પેટમાં કટાર પરોવીને મોતને ભેટે છે. નાગમતિનું આવવું, હૃદય વલોવી નાખે એવો વિલાપ, પ્રેમી સાથે બળી મરવાનો નિશ્ચય, ત્યાં યોગીનું આવવું. નાગવાળાને જીવતદાન-જેવા તમામ કથાઘટકો પૂર્વકાલીન લોકકથાઓમાં કથાયેલા છે.

જીવરામ અજરામરે આ બધા કથાઘટકોનો સુરેખ ઉપયોગ કરી એમની કથાને સમૃદ્ધ બનાવી છે આપણાં પ્રાચીન સાહિત્યમાં તે પછી જાતક કથાઓમાં તે પછી કવિ આસાઇતની પ્રાચીન ગુજરાતીમાં આવતી હંસાઉલી અને એવી અનેક કથાઓ વિકાસ પામતી આવી છે તે પ્રાચીન પરંપરા અને પ્રણાલિકાને અનુસરતી તત્કાલીન સમાજનું દર્શન કરાવતી અને કથાના નામકરણ સુદ્ધાં પ્રાચીન કથાઓમાંના કથા ઘટકોને અનુસરતી, ભાવસભર સુખાંત પામતી આ કથા કચ્છનાં લોકસાહિત્યમાં લોકકથાઓના મોટીફ્સના અભ્યાસ માટે પણ ઘણી બધી ઉપયોગી માહિતી પૂરી પાડનારી લોકકથા છે. □

■ ૧૪, હંસા, રેવન્યુ કોલોની, ભુજ-કચ્છ, ૩૭૦૦૦૧

કચ્છ અંગેની અભ્યાસ સામગ્રી

□ મીનાક્ષી શાંતિલાલ મોતા



ભુજ ખાતે 'ભારતીય સંસ્કૃતિ દર્શન' ખરેખર તો કચ્છના સુયોગ દર્શન અને અભ્યાસ માટેનું એક મંદિર છે એમાં પ્રવેશો એટલે આપણાં આ ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા મુલકના તમામ પાસાંની અતથી ઈતી સુધીની માહિતી મળી રહે એટલો પુસ્તક અને હસ્તલિખિતોનો ભંડાર અહીં ભરેલો છે.

કચ્છની અસ્મિતાને ઉજાગર કરતી વિવિધ રચનાઓ વાંચ્યા પછી સ્વાભાવિક રીતે વધુ જાણવાની ઉત્કંઠા થાય ત્યારે પ્રશ્ન થાય કે અધ્યયન અને અભ્યાસ માટે ઉપયોગી નીવડે એવી સામગ્રી કચ્છમાં છે ખરી ?

પ્રશ્ન કરનાર જીજ્ઞાસુને અચરજ સાથે સંતોષ થાય એટલું બધું કચ્છમાં સચવાયેલું છે. જગતની અડધી સંસ્કૃતિને સાચવનારા કચ્છ વિશેના અભ્યાસીઓએ અનુશીલન કર્યું છે, તેના પરિપાકરૂપે અત્યાર લગી કચ્છ વિષયક મબલખ સાહિત્યનું સર્જન થયું છે. આ વિપુલ અને પ્રાણવાન સાહિત્ય અને સાહિત્યકારોના પરિચય વગર અસ્મિતા અધુરી લાગે અને પરિચય પામ્યા પછી કચ્છની ધરતી માટે માત્ર પ્રેમ નહિ, પક્ષપાત પણ થાય.

કચ્છી ભાષા, કચ્છનું લોક સાહિત્ય કચ્છની સંસ્કૃતિ, કચ્છની ખનિજ સંપત્તિ અને એવા જ્ઞાન-વિજ્ઞાનના ઘણા ઘણા અભ્યાસીઓએ પોત પોતાના રસના કચ્છ વિષયક સાહિત્યનો અંગત સંગ્રહ કરેલ છે. કચ્છના કંઠી વિસ્તારમાં તો શેઠ-શાહુકારોને ત્યાં પોતાના અંગત પુસ્તકાલયો હતા અને ગામમાં પણ ખાનગી કે જાહેર પુસ્તકાલયો હતા. કંઠી સિવાયના અન્ય વિસ્તારમાં પણ આવા પુસ્તકના શોખીનોએ પોત પોતાના પુસ્તકાલયો ઉભા કર્યાં હતા. કચ્છમાં અને કચ્છ બહારના આવા ખાનગી કે જાહેર પુસ્તકાલયોમાંથી કચ્છ વિષયક ઘણું ઘણું મળી રહે છે. અલબત્ત આના માટે મહેનત કરવી પડે.

'ગ્રંથમાળ' અને 'પ્રારંભિક ક્ષિતિજો'

કચ્છ વિશેની આવી અભ્યાસ સામગ્રી અંગે વિદ્વાનોએ પણ ગ્રંથો આપ્યા છે. ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવનાબહેન મહેતા સંપાદિત 'ગ્રંથમાળ' આ વિષય પરત્વે નોંધનીય છે. આ ગ્રંથમાં સમાવાયેલી સામગ્રી એકત્ર કરવાનું કામ ઘણું કપરૂં છે તો પણ તેમણે મહેનત કરીને 'ગ્રંથમાળ'નું સર્જન કર્યું છે. કચ્છ વિષયક માહિતી પૂરી પાડતા અને અભ્યાસમાં ખપ લાગે એવા ગ્રંથો વિશે જુદા જુદા ગ્રંથાલયોમાંથી માહિતી એકત્ર કરી અકારાદિ ક્રમમાં સૂચિ તૈયાર કરી છે. આ પુસ્તક અભ્યાસુઓ માટે માર્ગદર્શન આપનાર છે. કચ્છ વિશે અપ્રગટ હસ્તપ્રતો અંગેની વિગતો પણ આમાં સમાવાયેલ છે. આ ગ્રંથ કચ્છ વિશે અભ્યાસ કરવા ઈચ્છતા સૌ કોઈને માટે ઉપયોગી છે.

આવું જ બીજું એક મહત્ત્વનું ગણી શકાય એવું પુસ્તક છે - શ્રી મણિલાલ ગાલા સંપાદિત 'પ્રારંભિક ક્ષિતિજોઃ ૧૯મી સદી દરમ્યાન કચ્છ વિશે લખાયેલા કેટલાક ઉલ્લેખનીય અંગ્રેજી વૃતાંતોનું ગુજરાતી રૂપાંતર ટિપ્પણી રૂપે આપેલું છે તથા તે તે વિષયને લગતા પુસ્તકોની વર્ષવાર માહિતી આપેલ છે. પુસ્તકનું નામ, વિષય, લેખક, ઉપલબ્ધતાનું સ્થળ તથા પ્રકાશન વર્ષની વિગતો ચૂંટેલી સંદર્ભ સૂચિમાં દર્શાવેલી છે, જેથી કચ્છ વિશે તે પુસ્તકમાં દર્શાવ્યા વિષય પૂરતી સંદર્ભ સૂચિ મળી રહે છે. જે તે વિષય પરત્વે અભ્યાસ સામગ્રીની ઉપયોગી વિગતો તેમાંથી મળી રહે છે.

જો કે, આથી અગાઉ સ્વદેશના જૂના દિવાળી અંકોમાં શ્રી વૃજલાલ ભગવાનલાલ છાયાએ કચ્છ વિષયક અંગ્રેજી માહિતીનું ભાષાંતર રજૂ કરેલ છે. 'સ્વદેશ'ના જૂના અંકોમાંથી પણ અભ્યાસીઓને ઘણી માહિતી મળી રહે છે.

ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન

પરંતુ એક જ સ્થળે કચ્છ વિશેની પર્યાપ્ત અભ્યાસ સામગ્રી મળી રહે એવું પણ એક સ્થળ કચ્છમાં છેઃ અને તે છે ભુજમાં આવેલ ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન. કચ્છની સંસ્કૃતિ અને કલાના અભ્યાસી એવા શ્રી રામસિંહજી રાઠોડ તેના સંગ્રાહક છે. તેમના જણાવ્યા પ્રમાણે સને ૧૯૩૫ થી દહેરાદૂનની ઈમ્પિરીયલ ફોરેસ્ટ કોલેજમાં હતા ત્યારથી કચ્છના અભ્યાસ માટે ઉપયોગી થાય એવી જે કાંઈ સામગ્રી મળે તે તેમણે એકત્ર કરવા માંડેલ. ૧૯૩૮માં ગુજરાત પ્રકૃતિ મંડળની રચના થઈ ત્યારે તેનાં સ્થાપક સભ્ય બન્યા હતા. એટલે પ્રકૃતિ વિષયક અભ્યાસ સામગ્રી પણ એકત્ર કરવા માંડેલ. નોકરી દરમ્યાન ઘણે સ્થળે ફરવાનું થયું. અભ્યાસીઓના સંપર્ક થતાં તેમની પાસેથી. તેમના જાહેર કે ખાનગી પુસ્તકાલયોમાંથી કચ્છ વિષયક અભ્યાસ સામગ્રીની નોંધ કરી પછી તે તે વિષયને લગતા પુસ્તકો અહેવાલો, નકશાઓ, તામ્રપત્રો અને અન્ય સાધનો જે કાંઈ મળી શકયા તે મેળવીને કે ખરીદીને સંગ્રહ કરતા રહ્યા. ફેરીયાઓ પાસેથી પણ કયારેક કચ્છના અભ્યાસ માટે ખપ લાગે એવી સામગ્રી પણ ખરીદેલી છે. તેમની પાસેની અભ્યાસની આ સામગ્રીની વિગતો તેમણે 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'માં દર્શાવેલ છે. તથા તેમના બીજા એક ગ્રંથ 'કચ્છ એન્ડ રામ રાંધ' (અંગ્રેજી)માં ગ્રંથ સૂચિ (બિલ્લીઓગ્રાફી)માં દર્શાવેલ છે. આ બન્ને પુસ્તકોમાં નોંધવામાં આવેલી સામગ્રી ઉપરાંત ત્યાર પછી પ્રાપ્ત થયેલી માહિતી ભારતીય સંસ્કૃતિ દર્શન ફાઉન્ડેશન ભુજના પુસ્તકાલય વિભાગમાં રાખવામાં આવેલ છે. તેથી કચ્છ વિષયક અભ્યાસ કરવા ઈચ્છતા અભ્યાસીઓ અને સંશોધકો માટે તે ઉપયોગી થાય તેમ છે. પોતે વ્યકિતગત રીતે એકત્ર કરેલ આ તમામ સંગ્રહ હવે તેમણે ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન ભુજને અર્પણ કરેલ હોઈ આ અભ્યાસ સામગ્રીનો લાભ અભ્યાસીઓને મળે છે.

આ સંસ્થા પાસે રહેલ કચ્છ વિષયક અભ્યાસ સામગ્રીની વિસ્તૃત માહિતી તેમનાં ઉપર ઉલ્લેખ કર્યા બન્ને પુસ્તકોમાં અપાયેલી છે તેથી નામાવલિનું પુનરાવર્તન નહિ કરતાં વિષયવાર સચવાયેલી અભ્યાસ સામગ્રીમાં (૧) ભૂસ્તર (૨) ભૂતળના અશ્મિભૂત પ્રાણિજ અને વનસ્પતિજ અવશેષો (૩) ભૂકંપ (૪) ખનિજ (૫) કચ્છનું રણ, (૬) અખાત અને રણ (૭) દરિયા તથા બંદરો (૮) કંડલા બંદર, (૯) વ્યાપાર અને વ્યવહાર (૧૦) જળસિંચન (૧૧) નકશા, (૧૨) વનસ્પતિ (૧૩) પ્રાણીવિદ્યા - પશુ તથા પક્ષીઓ (૧૪) પુરાતત્વ, (૧૫) સિક્કાઓ (૧૬) નૃવંશ શાસ્ત્ર, (૧૭) ઈતિહાસ-ભૂગોળ, (૧૮) રાજકારણ (૧૯) કચ્છ-બ્યાન - ઉલ્લેખ, (૨૦) આંકડા, (૨૧) હિસાબ, (૨૨) ચરિત્ર, (૨૩) પ્રવાસ વર્ણન, (૨૪) પદ્ય તથા ગદ્ય સાહિત્ય ત્થા (૨૫) કળા અને કસબ - એટલા વિષયના પુસ્તકો, અહેવાલો, સામયિકો કે વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા લેખોની માહિતી ઉપલબ્ધ છે. આ સંગ્રહમાં ૧૯મી સદીથી માંડીને ૨૦મી સદી સુધીની માહિતી અદ્યતન બનાવવાના પ્રયાસો ચાલુ રહેલા છે.

ઉપર જણાવ્યા વિષયવાર સંસ્થામાં સચવાયેલા પુસ્તકો વિશે જોતાં જુનામાં જુનું કયું પુસ્તક કે અહેવાલ કે નોંધ તથા છેલ્લામાં છેલ્લું કયું પુસ્તક અહીં સચવાયેલ છે તેની વિગતો નીચે મુજબ છે.

સને ૧૮૧૮ના સમયના પુસ્તકો પણ છે

ભૂસ્તર વિભાગમાં સને ૧૮૩૫ના બર્ન્સના સર્વે રિપોર્ટથી માંડીને ૧૮૬૯,


૭૨ના એ. બી. વિન્ને અને રાજનાથના સને ૧૯૪૨ સુધીના પુસ્તકો છે. તે પછી ૧૯૫૧ની સાલે પ્રગટ થયેલ દેરાસરીનું ભૂસ્તર વિજ્ઞાન નામનું પુસ્તક છે. વિષયક પુસ્તકોમાં કેપ્ટન મેકમર્ડોના ૧૮૧૮નાં ''પેટ્રોલિયમ ઇન કચ્છ'' વિષયક લેખથી માંડીને સને ૧૯૯૦માં પ્રગટ થયેલ શ્રી એસ. બી. વોરાનું પુસ્તક 'કચ્છમાં ખનિજ સંપત્તિ' સુધીના પુસ્તકો, લેખો અને અહેવાલો છે. દરિયા અને બંદરોના વિષય પરત્વે લેફ. કર્નલ ફાઇફના સને ૧૮૬૧ના ઇસ્ટર્ન નરા વિશેના અહેવાલથી માંડીને છેલ્લે સને ૧૯૮૭માં પ્રગટ થયેલ ડી. શિવપ્રસાદ રાજગોરના ગુજરાતના બંદરો (કચ્છ સહિત)નું પુસ્તક ઉપલબ્ધ છે. તો વ્યાપાર અને વ્યવહાર વિષયક માહિતીમાં સને ૧૯૩૪માં પ્રગટ થયેલ ડુંગરશી ધરમશી સંપટના કચ્છનું વેપાર તંત્રથી કરીને 'કચ્છ રચના'નો સને ૧૯૭૬માં પ્રસિદ્ધ થયેલ કચ્છના ઉદ્યોગ-વેપારના વિશેષાંક સહિતની માહિતી પ્રાપ્ય છે. જળસિંચન પરત્વે સને ૧૮૫૭માં પ્રસિદ્ધ થયેલ રીપોર્ટ ઓન ઈસ્ટર્ન નરા એન્ડ પોસીબલીટી ઓફ ઇટ્સ રેસ્ટોરેશન એકમ્પેઇન્ડ બાય પ્લાન્ટ એન્ડ એસ્ટીમેટસ બહુ જ મહત્ત્વની દસ્તાવેજી ગ્રંથ અહીં છે, જેમાં ઇસ્ટ ઇંડિયા કંપનીએ કચ્છમાં સિંધુની કેનાલ લઇ આવવાની ખાત્રી આપેલ. ૧૯૩૦માં પ્રગટ થયેલ એસ. કે. ગુર્તુના ઇરીગેશન પ્રોબ્લેમ્સ ઓફ કચ્છ સ્ટેટે ઉપરાંત જુદા જુદા પુસ્તકો પછી છેલ્લે ૧૯૯૦માં પ્રગટ થયેલ વિજય પરાંજપેના 'સ્ટડીઝ ઇન ઇકોલોજી એન્ડ સબ સ્ટેનશીયલ ડેવલપમેન્ટ હાઇ ડેમ્સ ઓન ધ નર્મદા' પુસ્તક સુધીની માહિતી ઉપરાંત વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટે ૧૯૯૫માં પ્રગટ કરેલી 'વિવેક દ્રષ્ટિ' સુધીની સામગ્રી ઉપલબ્ધ છે. નકશા એ અભ્યાસ અને સંશોધન વિષયનું અગત્યનું અંગ છે. આવા નકશાઓમાં સને ૧૮૫૦ની સાલે થયેલ માપણી પ્રમાણેના નકશાથી માંડીને છેવટ 'કચ્છ એવોર્ડ' મુજબ ૧૯૩૮ની સાલ સુધીના કચ્છના નકશાઓ પ્રાપ્ય છે.

પ્રાણી વિદ્યા વિષયક પશુ-પક્ષી સૃષ્ટિ વિશે સને ૧૮૭૫ની સાલના અહેવાલથી માંડીને છેલ્લે સને ૧૯૯૨માં પ્રગટ થયેલ મીન પિયાસી ઉર્ફે દિનકરરાય વૈદ્ય કૃત 'ગુજરાતમાં જોવા મળતા પક્ષીઓ' સુધીના પુસ્તકો ઉપલબ્ધ છે. પુરાતત્ત્વના વિષયમાં સને ૧૮૩૭ના પોસ્ટન્સના અહેવાલથી કરીને સને ૧૯૯૦માં પ્રગટ થયેલ એન્સાઇકલો પીડીઆ ઓફ ઇન્ડિયન ટેમ્પલ - આર્કીટેકચર વોલ્યુમ-૨ના ભાગ ૨ તથા ૩ જે કચ્છના મંદિરોને લગતા છે તે માઇકલ અને મધુસુદન ઢાકીના પુસ્તકો સુધીમાં પુરાતત્ત્વીય અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે. સિક્કાશાસ્ત્રના વિષયમાં સને ૧૮૮૩ના ઓ. કોર્ડીંગ્ટનના કોઇન્સ ઓફ કચ્છ એન્ડ કાઠીયાવાડથી માંડીને સને ૧૯૮૫માં બહાર પડેલ 'કચ્છ એન્ડ ઇટસ કોઇન્સ એન્ડ હેરીટેજ'ના લેખક શ્રી વી. કે. ઠક્કરના પુસ્તક સુધીની સામગ્રી ઉપલબ્ધ છે. ઇતિહાસ વિષયક પુસ્તકોમાં સને ૧૮૧૫નો 'એ હિસ્ટોરીકલ સ્કેચ ઓફ ધ નેટીવ સ્ટેટ ઓફ ઇન્ડીયા'થી સને ૧૯૮૪ સુધીમાં પ્રગટ થયેલા. ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસને લગતા પુસ્તકો પ્રાપ્ય છે. સાહિત્યના વિષયમાં કચ્છી લેખકોના પુસ્તકો કે લેખોમાં સને ૧૯૯૪ના કુમારના ૮૦૦માં અંકમાં 'આઝાદ અરમાન સુકાની'ના લેખ સુધીની સાહિત્ય સામગ્રી ઉપલબ્ધ છે. કલા અને કસબ વિષયક પુસ્તકોમાં સને ૧૮૩૦ના કેપ્ટન રોબર્ટના સીનેરી કોસ્ટમ્સ એન્ડ આર્કીટેકચરથી કરીને ૧૯૯૪માં પ્રગટ થયેલ લોઇડ જીના ક્રાફટ અને આર્ટના પુસ્તક સુધીનું સાહિત્ય પ્રાપ્ય છે.

કચ્છ રામસિંહજીનું ઋણી રહેશે

કચ્છ વિષયક આ સાહિત્ય સામગ્રી સંપૂર્ણ નથી. એમ કહેતા શ્રી રાઠોડે જણાવેલ છે કે, 'તેઓ આને સંપૂર્ણ કરવા માટે કોશીશ કરે છે'. ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનમાં કચ્છના અભ્યાસ માટેની ૧૪૦૦ જેટલી કૃતિઓ અત્યારે ઉપલબ્ધ છે. જો કે ઉપર જણાવ્યા વિષયો પરત્વે તે સંપૂર્ણ રીતે અદ્યતન નથી તો પણ એક જ સ્થળે આટલી બધી માહિતી અભ્યાસી- સંશોધકોને મળે એ કચ્છના સંદર્ભમાં 'અસામાન્ય' ગણાય તેવું લાગે. પણ શ્રી રામસિંહજીભાઇએ એ હકીકતને વાસ્તવિક બનાવી છે તેથી કચ્છ વિશે અભ્યાસ કરનારાઓ તેમના ઋણી રહેશે.

ભૌગોલિક રીતે જ નહિ, ઐતિહાસિક રીતે કચ્છ તો ગુજરાત ઉપરાંત સિંધ પારકર અને રાજપૂતાના સાથે સંસ્કાર સંબંધે રહેલો છે. તેથી અહીં તહીંના સાહિત્યમાં 'કચ્છ' દેખાયા કરે છે અને તેથી 'કચ્છની અભ્યાસ સામગ્રી'માં આવી વિગતો પણ આ સંસ્થાએ સંગ્રહેલી છે. કચ્છી ભાષાના અને કચ્છી ભાષામાં લખાયેલા હસ્ત લિખિત પુસ્તકો પણ આ સંસ્થામાં ઉપલબ્ધ છે. સિંધ સંબંધી સિંધી સાહિત્યનો પણ એક વિભાગ રાખેલ છે તેમાં સિંધી ભાષાથી કરી સાંસ્કૃતિક વારસા સુધીના મહત્ત્વના ગ્રંથો સચવાયા છે. શાહ અબ્દુલ લતીફ ભટ્ટાઇની શરૂઆતના સમયની કેટલીક હસ્તલિખિત સાહિત્ય સામગ્રી પણ આ સંસ્થામાં સચવાઇ છે કેમકે શાહ લતીફના કાવ્ય સાહિત્યનું ઘડતર અને ચણતર કચ્છમાંથી નીપજ્યું હતું. એટલું જ નહિ, એક સૈકા પૂર્વે ભુજમાં ગુજરાતી ભાષામાં છપાયેલી 'શાહજો રસાલો'ની ગુજરાતી પ્રત પણ આ સંસ્થામાં છે. કચ્છ વિશે પૂરક માહિતી અને અભ્યાસ સામગ્રી પૂરી પાડતા ભૂતકાળમાં પ્રસિદ્ધ થયેલા અને વર્તમાન કાળે પણ ચાલુ રહેલા કેટલાક સામયિકો જેવા કે 'કચ્છી', 'સ્વદેશ', 'કચ્છ વર્તમાન', કચ્છ દરબારી ગેઝેટ અને કચ્છમિત્રના પહેલા અંકથી માંડીને અત્યાર સુધીના દીપોત્સવી તમામ અંકો પણ અહીં જોવા મળે છે. વળી, સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા વાર્ષિક અહેવાલો પણ અહીં જોવા મળે.



કચ્છના અભ્યાસી સંસ્કૃતિના ઉપાસક
રામસિંહજી કાનજી રાઠોડ

વાત 'વીસમી સદી' અને 'કુમાર'ની

કચ્છની અસ્મિતાની આ અખાણીમાં યાદ કરવા જેવી એક વાત છે, 'વીસમી સદી'ની. ગુજરાતની અસ્મિતાના મૂળ જેમાં રહેલા છે એ ગુજરાતના સચિત્ર પત્રકારિત્વનો પ્રારંભ કરનાર હાજી મહમદ અલારખ્યા શિવજી કચ્છના હતા. ગુજરાતની અસ્મિતાના પ્રથમ પુરસ્કર્તા શ્રી કનૈયાલાલ મુન્શી, નરસિંહરાવ ભોળાનાથ, કૃષ્ણલાલ ઝવેરી, બલવંતરાય ઠાકોર, કેશવ હર્ષદ ધ્રુવ, દેશળજી પરમાર, ગોકુળદાસ રાયચુરા, ચાંપશી ઉદેશી, ધુમકેતુ અને ચંદ્રશંકર બૂચ (સુકાની) જેવા ધુરંધર સાહિત્ય સ્વામીઓનું સાહિત્ય પાંગર્યું હતું. આ હાજીની 'વીસમી સદી'ના સહારે- ને મુન્શીની 'ગુજરાતની અસ્મિતા' એમાંથી બંધાણી હતી ! 'કુમાર' માસિકના ઉદગમના બીજ પણ એમાં-'કુમારે' તો કચ્છનો પક્ષપાત કરીને એની આંગળી ઝાલી- 'કચ્છના રણ' વિશે સૌ પ્રથમ વખત રામસિંહજી રાઠોડની અભ્યાસનીય લેખ એના ખાસ ૨૦૦માં અંકમાં પ્રગટ કર્યા પછી કચ્છના 'કીર્તિ મંદિરો' અને ઘણી બધી વિગતોને 'કુમાર'માં સ્થાન આપીને કચ્છની અસ્મિતાની એણે ઓળખ કરાવી. કચ્છ પ્રત્યેના પ્રેમના કારણે જ તો બચુભાઇના ૧૨૨ જેટલા તમામ કલા પ્રકાશનો આ સંસ્થાને મળ્યા છે- જે 'કલા'ના વિષયમાં અભ્યાસ કરનાર માટે અત્યંત મહત્ત્વના પ્રકારનો છે. કચ્છના કલા કસબ વિશેના ગ્રંથોનો અહીં કિંમતી સંગ્રહ સચવાયેલ છે. એમાં કચ્છ વિષયક દુનિયાની વિવિધ ભાષાઓ ઇટાલીયન, જર્મન, ફ્રેંચ, સ્વીસ અને અંગ્રેજી ભાષામાં તથા ભારતીય ભાષાઓમાં છપાયેલ કલા સાહિત્ય આ સંસ્થામાં ઉપલબ્ધ છે.

વિષયના ચોકઠામાં જેનો સમાવેશ ઉપર નથી કરાયો એવા કચ્છી લેખકોના અત્યંત આધારભૂત અને ઉપયોગી એવા કેટલાક પુસ્તકો પણ આ સંસ્થામાં છે. તેમાં 'પડો પંચાવન'થી અજબ ગણિત શીખવતી મૂળજી જેઠુની 'મનોરંજક ગણિત' એની રીતે અનોખું પ્રકાશન છે. કાનજી મયાશંકરનું 'ગ્રહણ'.

પંચાગ અને ગેઝેટીયરની શ્રેણી

શાસ્ત્રી હરજીવન ગંગાધરના કચ્છી અષાઢી પંચાગો, ઉન્નડજી જાડેજા કૃત 'ભડલી'થીય ચડીયાતી મેઘાડમ્બર, જીવરામ અજરામર ગોર કૃત 'પ્રેમ પંચોતરી' અને વિદુર નીતિ અને ઘોડાની પરખ કરવાની કલા બતાવતા સુંદરજી સોદાગરનો ગ્રંથ,ની સાથે સાથે અભ્યાસીઓને એના અભ્યાસમાં સહાયરૂપ થાય એવા ભગવત ગોમંડળનો સંપૂટ તથા જીવરામ અજરામર ગોર, કવિ શ્રી દુલેરાય કારાણી, પ્રાગજી ડોસા, અમૃત ઘાયલ, જયકૃષ્ણ ઇંદરજી, ગોકુલદાસ બાંભડાઇના બધા જ પુસ્તકો પણ અહીં જ જોવા મળે... કચ્છ વિશેની ઐતિહાસિક વિગતો આપનારા કચ્છના ગેઝેટીયરો સને ૧૮૯૬ અને ૧૯૭૧ના પણ આ સંસ્થા પાસે છે.

આમ સમગ્રતયા જોઇએ તો ભારતીય સંસ્કૃતિની સાથે સાથે કચ્છની એક આગવી સંસ્કૃતિનું સર્જન થતું રહ્યું અને એજ આજે એની અસ્મિતાનું કારણ બન્યું. કચ્છ વિશે આટલી માતબર અભ્યાસ સામગ્રી દેશ અને વિદેશના વિદ્વાનોએ લખી એજ આ પ્રદેશની આગવી અસ્મિતા સૂચવી જાય છે-ને એમાંથી આચમન પામવું હોય તો કચ્છના તેજીલા કવિ 'તેજ'ના શબ્દોમાં કહીએ તો-

સાંયર વિય સક્કરથી છણી પોજ તેજ,
જ કંકરથી છણેતાં તો આરે અચી વેનેં !' □

■ ૨૫, વિકાસદીપ, ભાનુશાલીનગર, ભુજ

કચ્છી- એક અતિપ્રાચીન ભાષા

◻ શિવાજી બારોટ

ભાષા અભિવ્યકિતનું માધ્યમ છે. સામાન્ય રીતે પૃથ્વી પરના પ્રત્યેક વિસ્તાર વિશેષને પોતાની- અભિવ્યકિતનું આગવું સાધન- ભાષા હોય છે. એ રીતે કચ્છ-વિસ્તાર વિશેષને પણ અભિવ્યકિતનું આગવું માધ્યમ છે. અલબત્ત, આ માધ્યમ- કચ્છી ભાષાનો ઉપયોગ સોએસો ટકા થતો નથી તેમ છતાં અનેક વિશિષ્ટ લક્ષણો ધરાવતી આપણી કચ્છી ભાષા વિષયક પ્રસ્તુત ચર્ચા અનેક રીતે ઉપકારક નીવડશે એમાં સંદેહ નથી.

અનેક ખંડોમાં વિભકત મહાગ્રંથ ''લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયા''ના લેખક-સંશોધક શ્રી ગ્રીયર્સનના મંતવ્ય મુજબ કચ્છ અને કચ્છી પર સિંધ અને સૌરાષ્ટ્રની ઘણી અસર છે. સિંધી સાથે કચ્છી દેખિતી રીતે જ ખૂબ મળતી આવે છે અને આ કારણે જ શ્રી ગ્રીયર્સન કચ્છીને 'સિંધીની ભગિની ભાષા' ગણાવે છે.

સિંધી ભાષાના સમર્થકો અને અભ્યાસીઓ કચ્છી ભાષાને સિંધીની પુત્રી પણ માને છે- મનાવવા પ્રયત્ન કરે છે. આ બાબતે સિંધી-કચ્છી ભાષા નિષ્ણાતો વચ્ચે વિવાદો પણ થતા રહે છે. સિંધી કચ્છીનો મામલો થોડો સંસ્કૃત-પ્રાકૃત વિવાદ જેવો છે. પ્રાકૃતના પંડિતો ''પ્રકૃતિ'' શબ્દના સહારે સંસ્કૃતથી પ્રાકૃતને પ્રાચીન ગણાવે છે. એવી જ રીતે કચ્છીને પણ સિંધીથી ભિન્ન-સ્વતંત્ર અને પ્રાચીન ગણાવતો એક વર્ગ છે. આમ છતાં સિંધી-કચ્છીનું સામ્ય ને સામીપ્ય કોઇપણ નકારી શકે તેમ નથી. સામાન્ય રીતે દરેક સિંધીભાષી કચ્છી સમજી શકે છે અને કચ્છીભાષી સિંધીને મોટાભાગે સમજી શકે છે એ આપણો અનુભવ છે.



આર્યોના આગમન પૂર્વે પણ કચ્છી ભાષા હતી

કચ્છી ભાષામાં સિંધી ઉપરાંત ગુજરાતી, પંજાબી, સંસ્કૃત અને અરબી-ફારસીના શબ્દો પણ સહજ રીતે સામેલ થઇ ગયા છે. અંદાજે દશ હજાર વર્ષ પહેલાં આર્યોએ આર્યાવર્ત ઊભું કર્યું ત્યારે તેઓ પોતાની ભાષા સંસ્કૃત-પ્રાકૃત વગેરે સાથે લાવ્યા હતા. આર્યોના આગમન પૂર્વે ભારતના અન્ય વિવિધ પ્રદેશોની જેમ કચ્છમાં પણ પોતાની ભાષા- ઉપભાષા પ્રવર્તમાન હતી જેના પુરાવા ભાષા પંડિતો આપી શકે તેમ છે. કચ્છી ભાષામાં દક્ષિણ ભારતની દ્રવિડી- ભાષાના તેમજ દેશ્ય-અવ્યુત્પન્ન-શબ્દો પ્રચુર પ્રમાણમાં ઉપલબ્ધ છે. આર્યોના ગૌરવ ગ્રંથોમાં વેદકાલીન અને પૌરાણિક સાહિત્યમાં અને પાણિનિના વ્યાકરણ-અષ્ટાધ્યાયીમાં કચ્છનો ઉલ્લેખ સાંપડે છે.

આંતરરાષ્ટ્રીય ભાષા નિષ્ણાતોનાં સર્વસ્વીકાર્ય ધોરણો અનુસાર કચ્છી ભાષાને ૯૪ હજાર- ચોરાણું હજાર વર્ષ જૂની ગણી શકાય...!!! આશ્ચર્ય અને ઉત્તેજના જગાડે તેવી વાત છે.

નપુંસક લિંગનો સર્વથા અભાવ

કચ્છી ભાષાને અતિપ્રાચીન માનવા પાછળ ઘણાં કારણો છે. પ્રાચીન ભાષા સામાન્ય રીતે નૈસર્ગિક- વણસંસ્કારેલી અને અસલિયતવાળી હોય છે. સંસ્કૃતમાં ત્રણ તબક્કા મનાય છે. વૈદિક વા વેદકાલિન સંસ્કૃત, વેદોત્તર (કલાસિકલ) સંસ્કૃત તેમજ વેદ પહેલાં- પ્રાગ્વૈદિક સંસ્કૃત. વેદોત્તર- અર્વાચીન સંસ્કૃત કરતાં વૈદિક સંસ્કૃત ખનિજ-વણઘસાયેલા- હીરા જેવી છે. પ્રાગ્વૈદિક તો એકદમ ખરડાયેલી ને ખરબચડી ગણાય છે. લિંગભેદની વ્યવસ્થા પણ શિથિલ હતી. જગતની અતિપ્રાચીન ભાષાઓમાં પણ પુંલિંગ- નપુંસક લિંગની વ્યવસ્થા જળવાતી નહીં. કચ્છીમાં તો નપુંસક લિંગનો સર્વથા અભાવ છે.

સંસ્કૃતના આદિ કવિ વાલ્મિકીએ અનુષ્ટુપને પ્રથમવાર પ્રયોજ્યો. ચાર ચરણવાળા અનુષ્ટુપ કરતાં ત્રિષ્ટુપ પ્રાચીન પ્રકાર છે જે વેદોત્તરમાં વર્તાતો નથી. કચ્છીમાં 'બેત' બહુધા ત્રણ ચરણવાળાં હોય છે. કચ્છીમાં ત્રિષ્ટુપ સાહિત્ય- જાપાનના ત્રિષ્ટુપ હાઇકુ કરતાં વધારે હલકવાળું-નૈસર્ગિક લાગે છે. દોહરો-સોરઠો ઉલટ-સુલટ સમાન બંધારણી છે પણ વયમાં સોરઠો જૂનો-મોટો છે. કચ્છી સાહિત્યમાં દોહરાની તુલનામાં સોરઠી વિશેષ સર્જાયો છે. આમ વ્યાકરણની જેમ સાહિત્યિક દ્રષ્ટિએ પણ કચ્છી અતિપ્રાચીન ગણાવી શકાય.

વિશ્વની સેમેટિક ભાષાનાં કુળગોત્ર લાખથી વિશેષ વર્ષ જૂના મનાય છે. કચ્છીમાં સેમેટિક ભાષાનાં ઘણા લક્ષણો વર્તાય છે. અનુદાત્ત સ્વરથી જ પ્રાચીન ભાષાઓ નિભાવી લેતી. ઉદાત્ત સ્વરિત તુલનામાં નવાં-સંસ્કારેલાં ઉચ્ચારણો ગણાયાં છે. કચ્છીની તાસીરમાં અનુદાત્ત ઘણી રીતે અનુકૂળ છે- દીર્ઘ કરતાં હ્રસ્વ સ્વરો પ્રાચીનતાનાં અવશિષ્ટ અંગો મનાય છે. ગુજરાતીમાં થૂંક- કચ્છીમાં થુક, પૂંઠ- પીઠને સ્થાને પુઠ, મૂઠ-મુઠ, ઊંટને સ્થાને ઉઠ, ભીંતને સ્થાને ભિત, લાઠીને બદલે લઠ, હાકલને બદલે હકલ આવાં લાઘવપૂર્ણ અનેક ઉદાહરણો કચ્છીની પ્રાચીનતા સિદ્ધ કરે છે.

રશિયાની ઇંટરનેશનલ લેંગ્વેજ લેબોરેટરી- સિમ્ફરાપોલનાં તારણો અનુસાર કચ્છી ભાષાનું ગોત્ર-કુળ-પૃથક્કરણ શીલ વલણવાળું હોવાથી જૂનું ગણાય. નિર્વિલગ્ન' એકમાત્ર ઉદાહરણ લઇએ જેનું અતિ પ્રાચીન રૂપ ''નિવગ્લો'' કચ્છીમાં રોજિંદો શબ્દ છે ! તોરલ, ખોડલ, આવડ, ગોગડ વગેરે શાકત શબ્દો સીધા દ્રવિડિયન-દક્ષિણ ભારતના પરિવારના છે... આજના સુધરેલા લોકપ્રિય આધુનિક નામો- હેતલ, રૂપલ, સોનલ વગેરે આ પ્રાચીનતાની જ નિષ્પત્તિ છે ! સંસ્કૃતમાં 'લ' પ્રત્યય પ્રાગ્વૈદિક સભ્યતા દ્વારા પ્રવેશ પામ્યો છે. અગાં-ઉગ્, સાંગાંય વગેરે પ્રિસેમેટિક પ્રયોગો છે. પ્રિસેમેટિક અને નોન સેમેટિક વલણો-લક્ષણો પણ કચ્છીમાં વરતાય છે જે તેની પ્રાચીનતાની પ્રતીતિ કરાવે છે. ગિલ્લીદંડાની પરિભાષા તેનો પુરાવો છે.

૯૪ હજાર કે લાખ વર્ષ પૂર્વે કચ્છની ભૂગોળ અને ભાષા કેવી હશે તે એક સંશોધનનો વિષય માની લઇએ તો પણ વિસ્મય અને વિવાદ જગાડે તેવા વિધાનમાં તથ્યાતથ્ય તપાસવું રસપ્રદ બનશે. બાર ગાઉએ બોલી બદલે એ ઉકિત અનુસાર કચ્છમાં ને કચ્છમાં અબડાસા, માંડવી, ભુજ અને અંજાર ઇત્યાદિ વિસ્તારોની કચ્છીમાં અમુક અંશે અવાંતર અને આગવું ભાષા-વલણ વર્તાય છે.

લિપિ વિનાની ઘણી ભાષાઓ છે

કચ્છીને ભાષાનો દરજ્જો મળે તેવા પ્રયાસો હાલ જોરશોરથી હાથ ધરાયા છે. કચ્છી આજ સુધી ભાષાને બદલે બોલી અથવા ઉપભાષા કેમ ગણાતી રહી એ એક ચર્ચાસ્પદ મુદ્દો રહ્યો છે. ભાષા માટે આવશ્યક અને અનિવાર્ય એવાં કયાં લક્ષણો ખૂટે છે કે જેના કારણે કચ્છીને ભાષા ગણવામાં બાધ આવે ? કચ્છીને પાંચ લાખથી વધારે કચ્છી ભાષકોનું સંખ્યાબળ છે- પર્યાપ્ત કહી શકાય તેટલું સમર્થન છે. કચ્છીનું વ્યાકરણ છે; સાહિત્ય છે; બધું છે, કેટલાક અભ્યાસીઓ લિપિનો મુદ્દો ઉપસ્થિત કરે છે. કચ્છી

ભાષાની લોકભોગ્ય- લોકમાન્ય લિપિ નથી એ હકીકત સાચી માનીએ તો પણ એ દલીલ તર્કસંગત કે તર્કસંમત નથી. ઘણી ભાષાઓ લિપિ વિનાની છે. સિંધી ભાષા દેવનાગરી અથવા અરેબિક લિપિમાં લખાય છે. એની બ્રાહ્મીને લગતી પુરાણી લિપિ તો નષ્ટપ્રાયઃ અને દુર્વાચ્ય- દુર્બોધ બની ગઇ છે. મરાઠી પણ સંસ્કૃતની પુત્રી તરીકે નાગરી લિપિમાં જ લખાય છે; મરાઠીને પોતાની લિપિ જ નથી ! અરે! આંતરરાષ્ટ્રીય ગણાતી પૂર્ણપણે તમામ સ્તરે ખેડાયેલી ભદ્ર સમાજની લોકપ્રિય અંગ્રેજી ભાષાને પણ પોતાની લિપિ નથી !! ફ્રેંચ, રશિયન, જર્મન ઇત્યાદિ ભાષાઓ જેમ રોમન લિપિમાં લખાય છે તેમ લેટિનની લાડલી પુત્રી અંગ્રેજી પણ રોમન લિપિમાં જ લખાય છે. આ રીતે લિપિના અભાવે કચ્છીને ભાષા ન ગણવા-ગણાવવામાં કેટલું ઔચિત્ય છે એ આપણને આજ નહીં તો આવતીકાલ અવશ્ય કહેશે. કચ્છીને આગવી લિપિ અપાવવા છૂટા-છવાયા પ્રયત્નો ભૂતકાળમાં થયા છે; પરંતુ સચ્ચાઇ એ છે કે એ લિપિ ક્લિષ્ટ અને કૃત્રિમ હોવાથી સામાન્યજન સુધી પહોંચી શકી નહીં- પ્રચલિત થઇ શકી નહીં. એ માત્ર લિપિના ઇતિહાસનું એકમાત્ર પાનું બની રહ્યું... એથી વિશેષ એનું મૂલ્ય અંકાય તેમ નથી.

કચ્છી ભાષાને ભારત, બૃહદ ભારત અને વિદેશી ભાષાઓ સાથે તાલુકાત-સંબંધ છે એ એક જબરી-વિરલ ઘટના ગણી શકાય. છેલ્લા લાખ વર્ષમાં ભૂકંપની જેમ ઘણા ભાષાકંપ પણ થઇ ચૂકયા હશે એમ આપણું ભાષા વિજ્ઞાન લાંબી પ્રયોગ-પરંપરા પછી તારણ તારવે છે.

સંસ્કૃત, લેટિન કે ગ્રીકની જેમ કચ્છી હજારો વર્ષ જૂની વાગ્ વ્યવસ્થા છે. આજનું અંતિમ સ્વરૂપ પામતાં પહેલાં અનેક પરિવર્તનો ખમવાં પડયાં હશે. ઇન્ટરનેશનલ ફાઇલોલોજિકલ ઇન્સ્ટીટયુટ ઓફ વી'લોડ્રોપ-હોલેન્ડમાં ભાષા-ગોત્ર (કુળ) અને વિશ્વની ભાષા-ઉપભાષાઓના સહસંબંધ શોધવા પૂરા સો વર્ષ ચાલે તેવો પ્રકલ્પ (પ્રોજેકટ) ઘડાયો છે !! ઇ. સ. ૨૦૮૦માં ઘણા આઘાત અને આશ્ચર્ય જગાડનારાં ભાષા સ્ફોટ-તારણો થવાનો સંભવ છે. સર્વસ્વીકૃત માપદંડોમાંથી એક તારણ એ આવ્યું છે કે લાઘવ-સંક્ષેપાત્મકતા-સૂત્રાત્મકતા ભાષાની પ્રાચીનતાનું એક લક્ષણ છે. સંસ્કૃત અને કચ્છી એ રીતે અત્યંત નિકટ અને પ્રાચીન ગણાય. સંસ્કૃતમાં સંક્ષિપ્ત એકાક્ષરી શબ્દો અનેક છે તો કચ્છીમાં પણ એકાક્ષરી શબ્દો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે. સંસ્કૃતમાં ક=પાણી, ખ=આકાશ, ગ=વાણી, ચ=અને, ન=નહીં, કુ=ખરાબ, સુ=સારું, વા=અથવા, હા અરે, દા=આપવું વગેરે અનેક એકાક્ષરી શબ્દો છે. કચ્છીમાં પણ કો ?=શા માટે ? પો=છાણ, ફો=તરંગ, ભા=ભાઇ, નોં=પુત્રવધૂ-નવ (૯), સોં=સોગંદ, મોં=મોઢું વગેરે અનેક એકાક્ષરી શબ્દો ઉપલબ્ધ છે અને એજ એની પ્રાચીનતાનો પુરાવો છે.

ભાષા વિજ્ઞાન મુજબ નિયમોના કૃત્રિમ બંધનો વિનાનાં સહજ ઉચ્ચારણો અને સંકેતો અભિવ્યકિતના ટાંચા સાધનો હતાં. લિપિ-લેખન, વ્યાકરણનાં વળગણ-વાઘાએ ઉત્તર કાલીન-કૃત્રિમ સાધનો છે. લિપિ વિનાની કચ્છી આ દ્રષ્ટિએ પણ અતિપ્રાચીન સિદ્ધ થાય છે.

વિદેશી ભાષાઓ સાથે પણ સંબંધ

ભારત, બૃહદ ભારત ઉપરાંત વિદેશની-દૂર દૂરની ભાષાઓ સાથે પણ તેનો સંબંધ કોઇ કાળે હશે એમ માનવા માટે પણ કેટલીક ભાષા સામગ્રી ઉપલબ્ધ છે. 'કયાં ?' શબ્દ માટે કચ્છી શબ્દ 'કિડાં' છે. સંસ્કૃતમાં કુત્ર અને રશિયામાં કચ્છીને બહુ જ મળતા ઉચ્ચારવાળો શબ્દ છે ''કુદા ?'' તેવી જ રીતે ત્યાં તત્ર માટે કચ્છીમાં ''તિડાં'' અને રશિયન શબ્દ છે 'તુદા'. સંસ્કૃતમાં પુત્ર માટે સિંધીમાં ''પુટ'' કે પુતર, પંજાબીમાં ''પુતર'' અને કચ્છીમાં પણ પુતર શબ્દ છે. ના, નહીં, નહિ, ને અંગ્રેજીમાં No-નો અને રશિયન ''નિયત' વચ્ચે સમીપવર્તી સહસંબંધ છે. કચ્છીમાં ''ભો'', ગુજરાતી-હા, સંસ્કૃત અધ્દા અંગ્રેજી Ye=યા, રશિયન ''દા'' કેટલા નિકટ છે !

બીજી ભાષાઓની તુલનામાં કચ્છી ભાષામાં સાહિત્ય ઓછું સર્જાયું છે. જે કંઇ સર્જાયું છે તે મોટાભાગે પદ્યમાં ઉપલબ્ધ છે. ઓછી ઘડાયેલી-ખેડાયેલી કચ્છીની તાસીર જ કંઇ એવા પ્રકારની છે જેમાં ગદ્ય કરતાં પદ્ય વધારે પ્રિય અને પ્રયોજ્ય લાગે છે. પદ્યની તુલનામાં કચ્છી ગદ્ય સાહિત્ય ઘણું ઓછું ઉપલબ્ધ છે. ગદ્યમાં લખવાના પ્રયાસો હવે થઇ રહ્યા છે એ આનંદ અને સંતોષની વાત છે. ગદ્યનો તો ઇતિહાસ દોઢ-બે દાયકાથી વધુ જૂનો નથી જણાતો. સિદ્ધહસ્ત સર્જકો-સાહિત્યકારો વર્ષો પૂર્વે માત્ર પદ્યમાં જ સર્જન કરતા. કવિ રાઘવ અને કવિ કારાણી જેવા શકવર્તી સર્જકોએ પણ ગદ્ય ક્ષેત્રે કચ્છી કલમ ચલાવી કે અજમાવી નથી એ હકીકત છે.

કચ્છી ભાષા બળૂકી અને ચોટદાર હોવા છતાં ઘણા કચ્છી પરિવારો આપસમાં ગુજરાતી બોલતા હોય છે એ આપણો એક દુઃખદ અનુભવ છે. બંને પક્ષે કચ્છી સમજાતી હોવા છતાં ગુજરાતીમાં વાતચીત કરવાનો ઘણાને મોહ હોય છે. ઘણા કચ્છી પરિવારોમાં જૂની પેઢી કચ્છી બોલે જ્યારે નવી ને અતિશિક્ષિત યુવા પેઢી કચ્છીમાં વાતચીત કરતાં નાનપ-લઘુતા કે સંકોચ અનુભવે ! આ કેટલું ચિંતાસ્પદ છે ! આવું જ વલણ આપણી ભાવિ પ્રજા-પેઢીમાં ચાલુ-વધતું રહેશે તો આપણી દૂધભાષા કચ્છી ઘસાઇને જીર્ણશીર્ણ બની જશે એવી ભીતિ રહે છે. ઘણાને એક એવો ખોટો ખ્યાલ હોય છે કે કચ્છી તો ગામડિયા, અર્ધ-અલ્પ શિક્ષિત લોકો માટેની સ્થાનિક બોલી છે. આ ખ્યાલ જેમ બને તેમ જલ્દી ભૂંસી નાખવો જરૂરી છે. શિક્ષિત અને સંસ્કારી ભદ્ર સમાજ જ્યારે કચ્છીને પ્રયોજતો થશે તો આ ગ્રંથિ છૂટી જશે. કચ્છની બધી કોમો મોટેભાગે કચ્છી સમજી શકે છે પણ બોલવામાં ખંચકાય છે. પટેલ, નાગર, ખારવા જેવી કોમો ઘરમાં ગુજરાતી જ બોલે છે. પશ્ચિમ કચ્છના લોકો કચ્છી બોલે છે જ્યારે પૂર્વ કચ્છ-વાગડ વિસ્તારના વતનીઓ મોટેભાગે ગુજરાતી બોલે છે. સમયના વહેણમાં અસલી કચ્છી પ્રયોગો પણ આપણા કચ્છી પ્રજાજનો ભૂલવા લાગ્યા છે. કચ્છીની અસલિયત ટકી રહે-જળવાઇ રહે તે માટે કચ્છી સાક્ષર વર્ગે જાગૃત-પ્રયત્નશીલ રહેવું જોઇએ.''

વિસ્તાર-કોમની ભાષાની ભિન્નતા

વિવિધ વિસ્તારો અને કોમોમાં બોલાતી કચ્છીમાં થોડું ઘણું અંતર જોવા મળે છે. મારું-તારું માટે વપરાતા કચ્છી શબ્દો તોજો-મૂંજો, અંજાર પંથકમાં તોયો-મોયોમાં ફેરવાતા સાંભળીએ છીએ. ઘણીવાર તો લઢણ કે લહેકા પરથી વ્યકિત કયા વિસ્તારની છે તે વર્તાઇ જાય છે. 'ટોપી'ના સ્થાને 'ટૂપી', 'ખોટી'ના સ્થાને ''ખૂટી'', ''ચોટી''ને બદલે ''ચૂટી'', ''મોતી''ને બદલે ''મૂતી'', ટૂંકમાં 'ઓ'ને ઠેકાણે 'ઊ'નો પ્રયોગ થાય છે. પાણિનિના મતે આવા વાગ્વિભેદને ''સંપ્રસારણ'' કહેવામાં આવે છે. સંપ્રસારણનાં નિયમ અનુસાર 'ઓ'નો ''ઉ-ઊ'' અને 'એ'નો ''ઇ-ઈ'' થાય છે. 'એ'નો 'ઇ' અબડાસા વિસ્તારમાં સહજ છે. ''ખેતી''ને બદલે ''ખીતી''નો ઉચ્ચાર કરવામાં આવે છે. એજ રીતે ''પેટી''ને ''પીટી'', ''બેલી''ને ''બીલી'' ઉચ્ચારે છે. અલબત્ત, આ વિશેષતા માત્ર ઉચ્ચાર પૂરતી જ છે. લેખનમાં તો એકવાકયતા વર્તાય છે.

ઉચ્ચારણ શૈલી પરથી કચ્છીભાષકની કોમ પણ ઘણીવાર જાણી શકાય છે. ''કહો'' માટે કચ્છીમાં આજ્ઞાર્થક પ્રયોગ ''ચો'' છે પરંતુ ભાનુશાલી કોમ મોટેભાગે ''ચો''ને બદલે ''ચોયો'', ''અચો'' (આવો)ને ''અચોયો'' જેવા પ્રયોગો કરે છે. મુંદ્રા, માંડવી, અબડાસા-કંઠી પટના ચારણો-ગઢવીઓ ''હિડાં'' ને ઠેકાણે ''હેડિયાં'' (અહીં), ''કિડાં''ને બદલે ''કેડિયાં'' (કયાં) જેવા પ્રયોગો કરતા હોય છે. ભાટિયા કોમની કચ્છીમાં નજાકત હોય છે- તેઓ ''કુરો'' (શું) ને સ્થાને ''કુઇ''નો પ્રયોગ કરે છે. દા. ત. ''તડેં પછે માડુ કરે સે કુઇ ?'' (ત્યારે પછી માણસ કરે પણ શું ?) અનુસ્વાર સાથે ક્રિયાપદનો પ્રયોગ એમની ખાસિયત છે. -અચેંતા ને સ્થાને અચન્તા (આવે છે), લિખન્તા (લખે છે) વગેરે પ્રયોગો તેમનામાં પ્રચલિત છે. એક જ શબ્દ માટે જુદી જુદી કોમો ખાસ શબ્દ પ્રયોગ કરતી હોય છે. જેમ કે ''પિતા'' માટે વિવિધ કોમો ''ડોસલ'', ''પે'', ''અધા'', ''બાપા'', ''ભાભા'' વગેરે શબ્દો પ્રયોજે છે.

વ્હોરા સિવાયના મુસ્લિમો કચ્છીભાષી

એક ખાસ નોંધપાત્ર હકીકત એ છે કે મુસ્લિમ સમાજ વ્હોરા લોકોને બાદ કરતાં સોએ સો ટકા કચ્છીભાષી છે. વાગડમાં પણ મુસ્લિમ સમાજે કચ્છીને ટકાવી રાખી છે એટલું જ નહિ કચ્છ બહાર પણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વસતો કચ્છી મુસ્લિમ સમાજ કચ્છી બોલે છે !

જૂનાગઢ, પોરબંદર, વેરાવળ, જામનગર, ઓખા-દ્વારકા, મોરબી વગેરે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં મુસ્લિમોની ગૃહભાષા આજે પણ કચ્છી સાંભળી બૃહદ કચ્છનો આનંદ અનુભવી શકાય છે. ત્યારે ખેદની વાત છે કે આપણે કચ્છમાં ને કચ્છમાં ઘરઆંગણે આપણી દૂધભાષાને વિસારી દઇએ છીએ ! લોહાણા, ભાટિયા, ખત્રી, જૈન, ભાનુશાળી, ચારણો, રાજગોરો, સારસ્વતો, પુષ્કર્ણા વગેરે સંપૂર્ણ કચ્છીભાષી કોમો પોતાના પરિવારમાંથી માતૃતુલ્ય કચ્છીને હાંકી-હડસેલી મૂકશે તો પછી કોનું અવલંબન લેશે ? ભાવિ પેઢી આપણને આપણા આ એક ઐતિહાસિક અપરાધને કદાપિ માફ નહીં કરે. આપણી સભ્યતા અને અસ્મિતા અસલિયત સાથે સચવાઇ રહે એ ખૂબ જરૂરી છે. ૧૯૯૦-૯૧માં પૂના મુકામે સિંધી-કચ્છી સેમિનારમાં દાદા વાસવાણીજીએ ટૂંકી પણ તેજીલી ટકોર કરેલી ''સભન સિખો-બુધો (શીખો-સાંભળો-બધું); મૂંહીજા મિઠા ભાવર ! મિઠી ભેનરું ! સિંધી-કચ્છી કે મ વિસાર્યો'' (મારાં વહાલાં ભાઇ-બહેનો- સિંધી-કચ્છી વિસારજો નહીં). અંગ્રેજીના આશિકો-અભ્યાસીઓને તેઓ ટપારી-ટકોરી રહ્યા હતા. કચ્છી ભાષાને પૂરતું ઉત્તેજન-પ્રોત્સાહન નહીં મળે તો

(અનુ. પા.૧૪૬)

કચ્છના સાહિત્ય પ્રવાહો

□ ધીરેન્દ્ર મહેતા

કચ્છનું સાહિત્ય એ સંજ્ઞાને પહેલાં સ્પષ્ટ કરી લેવી જોઇએ. એના ક્ષેત્રમાં કચ્છી ભાષામાં લખાયેલી કૃતિઓ તેમજ ગુજરાતી ભાષામાં લખાયેલી કૃતિઓ, બન્નેનો સમાવેશ થાય, છતાં એ બન્ને ધારાઓ એકમેકથી તદન ભિન્ન છે; તે એટલી હદે કે કચ્છના લેખકે પોતાની કૃતિમાં પ્રયોજેલી ગુજરાતી ભાષા કચ્છી ભાષાના સંસ્કારોથી તદન મુકત હોય છે. ગુજરાતી ભાષાની કોઇ કૃતિમાં પટ્ટણી, ચરોતરી, સૂરતી કે સૌરાષ્ટ્રી બોલીની છાંટ જોવા મળે તો એ તેની લાક્ષણિકતા ગણાય છે, પરંતુ કચ્છી પ્રયોગ અશુદ્ધિમાં ખપશે. આનું કારણ એ છે કે કચ્છી એ ગુજરાતની બોલી નથી પરંતુ એક જુદી જ ભાષા છે; છતાં એ પણ નોંધવું જોઇએ કે વ્યવહારની પરિસ્થિતિ જુદી છે. કચ્છમાં વ્યવહારમાં વપરાતી ગુજરાતી ભાષા પર કચ્છીનો ભારોભાર પ્રભાવ છે. આનું કારણ કદાચ એ હોઇ શકે કે અહીં એવો એક માનવસમુદાય છે, જે કચ્છી અને ગુજરાતી ભાષાનો એકસાથે પ્રયોગ કરે છે. આનું એક વિલક્ષણ પરિણામ એ જોવા મળે છે કે જેના વાણી વ્યવહારમાં વપરાતી ગુજરાતી પર કચ્છી ભાષાનો પ્રભાવ જોવા મળે છે તેવી વ્યકિત લિખિત વ્યવહારમાં એ પ્રભાવ ટાળી શકતી હોય છે.

માધ્યમની આવી ભિન્નતાને કારણે કચ્છના આ બેઉ ભાષાના સાહિત્યને અલગ અલગ જોવું જોઇશે. વ્યવહારમાં આ બેઉ ભાષા પ્રચલિત હોવાથી કચ્છના સાહિત્યકારોએ આ બેઉ ભાષામાં સર્જન કર્યું છે. કોઇ સાહિત્યકારની સર્જન પ્રવૃત્તિ સમાન્તરે બેઉ ભાષામાં ચાલતી હોય એમ પણ જોવા મળે છે. એમ શાથી થતું હશે એ પ્રશ્નની વિચારણા રસપ્રદ છે. સર્જનમાં પ્રવૃત્ત થતા માનવચિત્તની સંકુલતાનું, આસપાસના વાતાવરણમાંથી ઊઠતાં સંસ્કારોનું એ પરિણામ હશે ? ભાવની સાથે અનાયાસ વહી આવતો વાણીનો લય કે વિશિષ્ટ શબ્દપ્રયોગ કે વિશિષ્ટ ભાવજગતનો સંદર્ભ એમાં નિર્ણાયક ભાગ ભજવતો હશે ? આથી જ માધ્યમનો પ્રશ્ન યોગ્ય રીતે ઉકેલાયો હોતો નથી ત્યારે આવા કવિની કોઇક રચના કયારેક ભાષાન્તર જેવી લાગે છે- ખાસ કરીને ગુજરાતીમાં.

ગુજરાતી ભાષામાં લખાયેલા કચ્છના સાહિત્યની ચર્ચા જરા સાવધાની માગી લે છે. આ સાહિત્યને સમગ્ર ગુજરાતના સાહિત્યથી અલગ પાડીને શા માટે જોવું જોઇએ, એવો પ્રશ્ન થઇ શકે. આપણે ત્યાં સૌરાષ્ટ્ર અને કચ્છના સાહિત્યનો ખાસ કરીને એ રીતે વિચાર કરવામાં આવે છે. એ અખતે એવો પ્રશ્ન થાય કે ગુજરાતના અન્ય પ્રદેશોના સાહિત્ય કરતાં આ પ્રદેશનું સાહિત્ય કઇ રીતે જુદું પડે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ સાહિત્યનો સાંસ્કૃતિક સંદર્ભ આપી શકે. એ જ એને વિશિષ્ટ મુદ્રા અર્પે છે. આ સંદર્ભ કૃતિના વસ્તુજગત, એની આબોહવા, વિશિષ્ટ સ્વરૂપ, ભાષા અને અભિવ્યકિત સાથે એવી રીતે સંકળાયેલો હોય છે કે કૃતિમાં એ પ્રદેશ જીવંત રૂપે મૂર્ત થઈ ઊઠે છે. સમગ્ર કૃતિમાં એનો ધબકાર સાંભળી શકાય છે. અમુક પ્રદેશના સાહિત્યનો અલગ વિચાર કરવામાં આવે ત્યારે એ પ્રદેશમાં વસતા લેખકો દ્વારા રચાયેલો સમસ્ત સાહિત્યરાશિ નહિ પરંતુ આવો સંદર્ભ ધરાવતી કૃતિઓ જ લક્ષમાં લેવાય એમાં ઔચિત્ય છે.

કચ્છની વિશિષ્ટતાઓ સાહિત્યમાં કેટલી ઊતરી છે ?

આ દ્રષ્ટિએ કચ્છ અત્યંત વિશિષ્ટ કહી શકાય એવો પ્રદેશ છે. એની આ વિશિષ્ટતા ભૌગોલિક પરિસ્થિતિ, નૃવંશીય ઇતિહાસ, રહેણીકરણી અને રીતરિવાજની ભિન્નતાને આભારી છે. સરહદી વિસ્તાર, વિશાળ દુર્ગમ પરિસર, ખારો પાટ અને સમુદ્ર, પ્રમાણમાં પાંખી પણ વૈવિધ્યવંતી વસતી, વિભિન્ન કોમ, ધર્મ, ભાષાકીય વિલક્ષણતાઓ - આ બધાને લઇને આ ભૂમિ ખરેખર ભાતીગળ છે. વળી ઉત્તર-પૂર્વમાં રણ વિસ્તાર અને દક્ષિણ-પશ્ચિમમાં જળ વિસ્તારની વચ્ચે આવેલો હોવાથી આ પ્રદેશ યાતાયાતની કઠિનતાને કારણે વરસો સુધી એકલોઅટૂલો રહ્યો અને એ જ કારણે એ અસ્મિતાને અકબંધ રાખી શકયો. સાહિત્યમાં આ બધું કેટલું અને કેવું ઊતર્યું છે, એનું નિદર્શન કચ્છના સાહિત્યનો પરિચય કરાવતી વખતે થવું જોઇએ.

આવા રંગો કોઇપણ ભાષાના સાહિત્યને સમૃદ્ધ કરતા હોય છે. ખરેખર તો એવી ભિન્નભિન્ન રંગરેખાઓ વડે જ કોઇપણ ભાષાના સાહિત્યનું ચિત્ર પૂર્ણ બનતું હોય છે. આ ભૂમિકાએથી આપણે કચ્છના સાહિત્ય પ્રવાહનું અવલોકન કરીશું. કચ્છી-ગુજરાતી કવિતાને, એમના સર્જકને અનુલક્ષીને, એકસાથે જોઇશું; અને પછી ગદ્ય સાહિત્યને અવલોકવાનો આપણો ઉપક્રમ રહેશે.

કચ્છી એ નહિવત્ અક્ષરજ્ઞાન ધરાવતા મર્યાદિત ભાષાવિસ્તારની ભાષા છે. એને રાજકીય દરજ્જો ક્યારેય પ્રાપ્ત થયો નહોતો અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા સુધી અહીં મુદ્રણયંત્રની સુવિધા પણ ન હતી. લિપિને લગતી મૂંઝવણે પણ એની અભિવ્યકિત ક્ષમતાને રૂંધી છે.

> **લિપિની મૂંઝવણ છતાં કચ્છી સર્જકની સિસૃક્ષા એની માતૃભાષામાં સતત મુખર થતી રહેતી જોવા મળે છે**

લિપિ, શબ્દકોષ અને વ્યાકરણને લગતા જુદા જુદા સમયના છૂટાછવાયા કામ દ્વારા ભાષાકીય મૂંઝવણો દૂર કરવાના પ્રયત્નો થયા કર્યા છે; છતાં આજે પણ આને લગતા પ્રશ્નો ઉપરાંત સામાજિક, શૈક્ષણિક, રાજકીય દરજ્જાને લગતા પ્રશ્નોનો તેમજ વાચકવર્ગ અત્યંત મર્યાદિત હોવાની વિકટ પરિસ્થિતિનો સામનો કચ્છી સર્જકે કરવાનો રહ્યો છે. કચ્છમાં ગુજરાતી ભાષાનું વર્ચસ્ તો પહેલેથી જ હતું, એનું બળ ઉત્તરોત્તર વધતું રહ્યું છે. કચ્છ ગુજરાત રાજ્યનો એક ભાગ બની જઇ એમાં સમાઇ ગયા પછી આ બધા પ્રશ્નોના ઉકેલની દિશા ધૂંધળી બની જવા પામી છે.

આ બધા અવરોધોની વચ્ચે પણ કચ્છી સર્જકની સિસૃક્ષા એની માતૃભાષામાં મુખર થતી રહી છે એનું શું કારણ હશે ? સહજ વૃત્તિ, માતૃભાષા પ્રત્યેની મમતા, એને સમૃદ્ધ કરવાની અને એ રીતે એને મોભો અપાવવાની અદમ્ય ઝંખના, પ્રજાકીય અસ્મિતાની પ્રબળ ભાવના... અને આવાં આવાં પરિબળોથી પ્રેરાઇને જે કંઇ સર્જનપ્રવૃત્તિ થતી રહી છે તે ખરેખર આસ્વાદ્ય છે.

આ પ્રવૃત્તિ પ્રવાહનું, એને જુદા જુદા સમયે પ્રભાવિત કરનારા પરિબળોને અનુલક્ષીને, ઐતિહાસિક ક્રમમાં, પણ અમુક ખંડમાં અહીં અવલોકન કરવાનો સ્વસ્થ પ્રયત્ન છે - એ માટેના સાધનો ઘણાં ટાંચા હોવાના પૂરેપૂરા ભાન સાથે. આ ખંડોને, અલબત્ત, અમુક હદ સુધીની સગવડ લેખે જ લેવાના છે, કારણ કે કોઇપણ દેશકાળની કવિતા કંઇ હરહંમેશ પરિબળોને વશ વર્તતી હોતી નથી; એ તત્ત્વતઃ તો કવિની વ્યકિતનિષ્ઠ ચેતનામાંથી પ્રસવતી હોય છે, અને કચ્છી કવિતાની સ્થિતિ તો બીજી રીતે પણ વિલક્ષણ છે : જેમ એની કાવ્યબાની મધ્યકાલિન સંસ્કારોમાંથી હજુ આજે પણ તદન મુકત થઇ નથી તેમ એનું ભાવજગત પણ આ પરિસ્થિતિમાં અમુક ઈંગિતને

ગ્રહણ કરીને જ આ ભેદો પાડયા છે.

લોકસાહિત્ય વિપુલ અને વૈવિધ્યવંતુ છે

કચ્છીનું લોકસાહિત્ય વિપુલ અને વૈવિધ્યવંતુ છે. શ્રી જયમલ્લ પરમારના મત મુજબ કચ્છી સાહિત્ય ગુજરાતી લિપિમાં લખાવાની શરૂઆત કદાચ ૧૮૫૬થી થઇ હતી, ત્યાં સુધી શ્રુતિ, સ્મૃતિ અને કંઠમાં જ એ સાહિત્ય જળવાતું અને વિકસતું રહેલું. પરંતુ કચ્છી ભાષા માટે ગુજરાતી લિપિ પ્રચલિત થઇ એ પૂર્વે વરસોથી, શ્રી રામસિંહજી રાઠોડના મત મુજબ, બારસોથીય વધુ વરસથી કચ્છી લિપિ તો પ્રચારમાં હતી જ. સમયના આટલા દીર્ઘ પટ પર કચ્છી લિપિ પ્રચલિત હોય તો એમાં સાહિત્ય પણ લખાયેલું હોવું જ જોઇએ એ દેખિતી વાત છે; એટલે કચ્છી સાહિત્ય ઠીક ઠીક જૂનું અને એનું લોકસાહિત્ય તો ખાસ્સું પુરાણું હોવું જોઇએ. જે દુહા ઉપલબ્ધ છે તેમાં અભ્યાસીઓએ 'સિદ્ધહેમ'ના દુહાઓ સાથે સામ્ય જોયું છે. લાખા ફુલાણીના નામે જે દુહાઓ જાણીતા છે તે એણે રચ્યા ન હોય તો પણ એની નજીકના સમયમાં રચાયેલા હોવા જોઇએ. સદ્દગત દુલેરાય કારાણીએ તો કહ્યું છે : 'લાખા ફુલાણીથી પહેલાંના પણ સમા વંશના ઈતિહાસના પુષ્કળ દુહા છે.' લોકસમાજમાં વેરાયેલું આ લોકસાહિત્ય ભેગું કરવાનું કાર્ય જીવરામ અજરામર ગોરના હાથે આરંભાયું . એમણે 'કચ્છની જૂની વાર્તાઓ', 'કચ્છ-કાઠિયાવાડની ઐતિહાસિક વાતો'નું સંપાદન કર્યું અને લોકસાહિત્ય વિષયક લેખો પણ લખ્યા. આ ઉપરાંત 'કચ્છની લોકકથાઓ' (લાલજી નાનજી જોષી 'બાબીડો'), 'કચ્છ દેશની જૂની વાર્તાઓ' (ગૌરીશંકર જેશંકર વોરા), 'સિંધ-કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતની લોકકથાઓ' તથા 'કચ્છી બહારવટિયાઓની કથાઓ' (માસ્તર હમીરાણી), 'કચ્છી ભાષાની કવિતા' (કૃષ્ણદાસ), 'કચ્છી કવિતા તથા કચ્છી ભાષાની કહેવતો' (ગેલાભાઇ લખમશી) જેવા સંચયો પણ થયા છે. 'કચ્છી કહેવતો' (અનામી), 'કચ્છી સુકેણી' (નાનજીઆણી), 'વતનજો નૂર' (વ્રજલાલ ભગવાનલાલ માંકડ), 'કચ્છ કથાગુચ્છ' (ગોવિંદજી દેવજી જોષી) જેવા પુસ્તકો દ્વારા જુદા જુદા સમયે લોકસાહિત્યના ભિન્નભિન્ન પ્રકારના સંપાદનનું કામ થતું રહેલું છે.

લોકસાહિત્ય સંપાદનક્ષેત્રે દુલેરાય કારાણીનો ફાળો

આ ક્ષેત્રે દુલેરાય કારાણીએ ઘણું કાર્ય કરેલું છે. પ્રથમ પુસ્તક 'કચ્છના રસઝરણાં' પછી 'કચ્છનું લોકસાહિત્ય', 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય'ના સંપાદનો એમના હાથે થયેલાં છે. કારાણીની લોકસાહિત્ય પર આધારિત વીર અને અદ્દભૂત રસની કથાઓ 'કચ્છ કથામૃત' અને 'કચ્છની રસધાર'માં સંગ્રહિત છે. 'કચ્છની પ્રેમકથાઓ' અને 'કચ્છી બાલઅખાણી' પુસ્તકો પણ એમણે આપેલાં છે.

'કચ્છી કહેવતો', 'કચ્છની કહેવત કથાઓ', 'કચ્છની રમૂજી કહેવતો', 'કચ્છી પિરોલી'ના સંપાદનો કારાણીના હાથે થયેલાં છે. ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતાએ 'કચ્છી રૂઢિપ્રયોગ' કોષ આપ્યો છે તેમજ 'કચ્છી લોકસાહિત્ય : એક અધ્યયન'નું પ્રકાશન કરેલું છે.

કચ્છી કાવ્યનો પ્રારંભ : મેકણદાદા



'કચ્છનું સંસ્કૃતિ દર્શન' (રામસિંહજી રાઠોડ), 'ભાતીગર ભોમકા કચ્છ' (નરેન્દ્રકુમાર જોષી), 'કચ્છ દર્શન' (શંભુદાન ગઢવી) જેવા કચ્છનો સાંસ્કૃતિક ઇતિહાસ આલેખતા ગ્રંથોમાં પણ કચ્છના લોકસાહિત્યને લગતાં અલગ પ્રકરણ છે. આ વિષય પર પ્રકીર્ણ લેખો લખાતા રહ્યા છે. કચ્છના લોકસાહિત્યના વૈજ્ઞાનિક સંશોધન અને વ્યવસ્થિત સંપાદનનો લગભગ અભાવ હોવાને કારણે મેકણ, લાલજી નાનજી જોષી, રણમલ ગઢવી ઇત્યાદિની રચનાઓનો સમાવેશ પણ લોકસાહિત્યમાં થતો જોવા મળે છે ! આ પરિસ્થિતિમાં નિશ્ચિત કર્તૃત્વ ધરાવતી કૃતિઓને અહીં લોકસાહિત્ય તરીકે સ્વાભાવિક રીતે જ ઓળખાવી નથી; પરંતુ જેની યથાર્થ રીતે લોકસાહિત્યમાં ગણના કરવાની રહે છે તેમાં પણ ભાષા સ્વરૂપ, કાવ્ય સ્વરૂપ અને ભાવનું ઘણું વૈવિધ્ય જોવા મળે છે : કથાકાવ્ય કે પ્રસંગકાવ્ય, બાલકાવ્ય, જોડકણાં, દુહા, સોરઠા, સાખી, ગુજારતો, ભજન, ગીત, કાફી, બેત, કવિત, સંગર, પિરોલી, સલોકા જેવા વિવિધ સાહિત્ય પ્રકારો અને શૈલીઓ અહીં છે; પ્રેમ, શૌર્ય, સાહસ, સ્વદેશાભિમાન, વતનપ્રીતિ, ભકિત, જ્ઞાન, વૈરાગ્ય, નીતિ, લોકજીવન અને વ્યવહાર તથા પર્યાવરણ જેવા વિષયોનું અને શૃંગાર, કરુણ, વીર, હાસ્ય, શાંત વગેરે રસોનું નિરૂપણ એમાં થયેલું છે; ભાષા અને અભિવ્યકિતની અનેક છટાઓ એમાં દેખા દે છે : અલંકાર, કલ્પન અને પ્રતીકની યોજના, ભાષાની સરળતા અને સચોટતા, ભાષા અને ભાવનો ચમત્કાર, વર્ણનની ચિત્રાત્મકતા જેવા લક્ષણો એને સૌંદર્યમંડિત કરે છે. રામસિંહજી રાઠોડે 'રામરાંધ'નું સંપાદન કર્યું એ દિશામાં એવા અનેક પ્રદેશો પડેલા છે.



કચ્છના મેઘાણી દુલેરાય કારાણી

સંત પરંપરા સાથે જોડાયેલી કવિતાની પરંપરા

કચ્છી કવિતાની પરંપરા સંત પરંપરા સાથે જોડાયેલી છે. કચ્છના સંતો પાસેથી ભકિતભાવ, વૈરાગ્યવૃત્તિ, જ્ઞાનોપલબ્ધિ, અનુભવ, સદાચારબોધના સહજ ઉદ્દગારબોધ રૂપે અનેક રચનાઓ મળી છે.

આ સંતો દેશના જુદા જુદા પ્રદેશમાં ભ્રમણ કરતા રહેતા, તેવી જ રીતે દેશના અન્ય પ્રાંતોમાંથી તીર્થાટન અર્થે અહીં પણ નારાયણ સરોવર આદિ સ્થાનોએ સંતો-ભકતોની અવરજવર રહેતી. આ સંપર્કને પરિણામે કચ્છના કેટલાય સંતોને વ્રજભાષામાં પોતાના ભાવોને અભિવ્યકત કરવાનું પણ ફાવ્યું છે. એ રચનાઓને અહીં લક્ષમાં લીધી નથી પરંતુ કચ્છી કવિતા પર એના સંસ્કારો અનેક જગ્યાએ જોઇ શકાશે.

કચ્છી કવિતાનો રીતસરનો પ્રારંભ મેકણથી થયો છે

કચ્છી ભાષાના પ્રથમ કવિ કોણ, એ વિશે ઠીક ઠીક વિવાદ થયેલો છે. એ વિવાદને બાજુએ રાખીને કચ્છી કવિતાનો રીતસરનો પ્રારંભ મેકણથી થયો એમ કહેવામાં ઔચિત્ય છે. એમની પરમતત્ત્વનું રહસ્યોદ્દઘાટન કરતી સચોટ વાણી કવિતા વિશેની આપણી અપેક્ષા સંતોષે છે.

મૂળ નામ મેકોજી. જન્મ વિક્રમની ૧૮મી સદીની પહેલી પચીસીના અંતમાં નાની ખોંભડીમાં. અગિયાર-બાર વરસની વય સુધી વાછરડાં ચારવાનું કામ જ કર્યું. પણ વનવગડામાં વિલસી રહેલી પ્રકૃતિનો ઘનિષ્ઠ પરિચય આ નિમિત્તે એમને થયો. એણે એક યા બીજા રૂપે એમની કવિતામાં દેખા દીધો. મેકણની મનોભૂમિમાં ઊંડે ઊંડે ધરબાઇ રહેલાં વૈરાગ્યના બીને અંકુરિત કરવામાં પણ પ્રકૃતિના આ એકાંતિક સેવને અને ભ્રમણે ભાગ ભજવ્યો હશે.

મેકણ સતત ભ્રમણરત રહ્યા હતા પણ આ ભ્રમણ લોકસમાજથી દૂર લઇ જનારું ન હતું, 'જનસેવા કી સાથમેં' રામભજન એની દિશા હતી. એમની સાખીઓ, પદો અને ભજનોમાં વૈરાગ્યબોધ અને તત્ત્વબોધ સાથે વ્યવહારબોધ પણ જોવા મળે છે એનો આ સંદર્ભ છે. સહજતા અને સૂઝ મેકણની કવિતાને એક મોટું પરિમાણ અર્પે છે. વર્ણસગાઇ અને યમક, આંતરપ્રાસ અને અંત્યાનુપ્રાસ એમની અભિવ્યકિતને સુંદર બનાવે છે; તો સહજ સુલભ દ્રષ્ટાંતો, કહેવતો, રૂઢિપ્રયોગો, સચોટતા, માર્મિકતા, લક્ષણા, લાઘવ જેવાં તત્ત્વો મેકણની રચનાઓને લોકહૃદયમાં અને કંઠમાં સ્થાન અપાવે

છે. નીચેના દ્રષ્ટાંતોમાં આ બધા લક્ષણોના નિદર્શન છે :

ઉ ભૂંગા ઉ મેડિયું, ઉ ભીતેં રંગ પેઆ; મેકણ ચેતો માડુઆ, રંગીઘલ વેઆ.


ઢકી ઢકી ઢંકજે નિંભાડેજી ની, બાફ નીકરધી બાર ત ઠામ પચીંધો કીં ?

મૂંજે મનડેજી ગાલ આઉં કિડાં વિંઞી કરિયાં ?
કિડાં વિંઞી કરિયાં, તેંજા ધોંખા કેડા ધરિયાં ?... -મૂંજે.

ધોડાં તોય ન આપડાં ને સડ કરિયાં તીં દૂર,
વિંઞે માલમ વિછડયો સે તાં પાણી સંધે પૂર... -મૂંજે.

મિઠા કુઆ સે ખારા થી પ્યા, સક્કર જેડા સેણ,
ખારા સે તાં મિઠા થીંધા, સે પણ ડિઠા નેણ... -મૂંજે.

કુંજિયેં વોણા તાડા ડિન્નાં, સે ઉઘાડે કેર ?
'મેકો' ચેતો આમરી ત બેઆ ચેંતા બેર... -મૂંજે.



કચ્છનો અખો : કવિ રાઘવ

આ પરંપરામાં ભાણ સંપ્રદાયના કચ્છી ભાષામાં રચના કરનારા કેટલાક સંત કવિઓ આવે છે. એમાંના સુંદરદાસજી મેકણના અંતેવાસી હતા. એમનાં પદોમાં જ્ઞાન અને વૈરાગ્યની સચોટ અભિવ્યકિત છે. વર્ણસગાઇયુકત કલ્પનાતત્ત્વનેલઇનેતેમાં ભાવ મનોહરરૂપ ધારણ કરે છે અને પ્રતીક રચનાને લઇને વ્યંજક.

બિહારીદાસજીએ ભજન, રાસ, કુંડળિયા, કાફી પ્રકારની રચનાઓ કરેલી છે. કૃષ્ણભકિત એમાંની ઘણી રચનાઓનો વિષય છે. આ ભકિતભાવ પ્રેમલક્ષણા સ્વરૂપનો છે. અસ્પૃશ્યતા વિરોધ અને વૈરાગ્યબોધ કરતી રચનાઓ પણ એમણે આપેલી છે. બિહારીદાસજીના શિષ્ય પ્રજ્ઞાચક્ષુ ચારણ વિદ્વાન ક્ષેમસાગરજીના શિષ્ય ઇશ્વરરામજીના પદોમાં ઇશ્વરમિલનનો આનંદ કેવી વિનમ્રતામાં પરિણમે છે તેનું આ પદ દ્રષ્ટાંત છે-

જાનભ અજ આયા જેડયું, મૂંજા જાનભ અજ આયા.
મિઠા લગેં તા પરડેઇ પ્યારા, મેરમ મનભાયા. -જેડયું.
નેણ નિમાણાં રૂપ નેયારિયાં, છાક વડીય છાયા. -જેડયું.

ગરીબદાસજી ઉર્ફે વિજ્જા ભગતની માતૃભાષા તો ગુજરાતી હતી પરંતુ જે પ્રદેશમાં પોતે વસતા હતા તે પ્રદેશના લોકોને પોતાની વાત સમજાવવા માટે એમણે કચ્છીમાં પણ લખ્યું. આ રચનાઓની વ્યાપક ચાહનાનું કારણ એમાંની સરળ બોધાત્મકતામાં રહેલો સચ્ચાઇનો રણકો છે. ૧૭ ભાગ અને ૮૮૮ પૃષ્ઠમાં પ્રગટ થયેલી એમની 'શ્રી ભજનમાળા'ની અનેક આવૃત્તિ થયેલી છે. 'પ્રેમહુબારા' પણ એમના ભજનો અને પદોનો સંગ્રહ છે. વિજ્જા ભગતે દોહરા પણ લખ્યા છે.

રતના ભગત નામના આહીર કવિની રચનાઓમાં એક ભકતહૃદયની નમ્રતા જોવા મળે છે. હિંદુ-મુસ્લિમ ઐકયભાવ પણ ધ્યાન ખેંચે છે.

ભાણ સંપ્રદાયનું મુખ્યમથક ગુજરાતનું શેરખી, પરંતુ કચ્છનું રાપર પણ એનું એક ધામ. ત્રિકમ ભગત ત્યાંના. સમાજ તરફથી થતી રહેલી ઉપેક્ષાથી ઓછું આણ્યા વગર આ હરિજને પોતાનાં ભજનમાં ભકિતભાવને પ્રગટ થવા દીધો હતો.

હરિસાહેબની કાફીઓ અને ભજનોમાં પણ કૃષ્ણભકિતનો આનંદ સહજતયા ઊછળે છે. 'હરિસાહેબ ચેં હેત હરિસેં ઘિલમેં ધૂમ મચે.' એમના વૈરાગ્યબોધક પદો એની પ્રવાહિતાને લઇને અસરકારક નીવડે છે.

તિલકદાસજીની કાફીઓ, ભજનો અને બેતમાં અલંકાર કયારેક પ્રતીકનું રૂપ લઇને ઉકિતને ધ્વન્યાત્મક બનાવે છે. 'પ્રેમવિલાસ ભજનમાળા' એમનો પદસંગ્રહ છે. કૃષ્ણદાસજીએ કચ્છીમાં 'કૃષ્ણબાવની' લખેલી છે. તેમનાં કવિતોની પુસ્તિકા પણ પ્રગટ થયેલી છે. આ ઉપરાંત જયેષ્ટારામજી, સેવારામજી, શામદાસજી, પ્રિયદાસજી, રામસિંહજી, ઓધવદાસજી વગેરે આ પરંપરાના સંત કવિઓ છે. વેદ-વેદાન્ત અને કાવ્યશાસ્ત્ર તથા વ્યાકરણના અભ્યાસી પંડિત પીતાંબરની વૈરાગ્ય વાણીને પણ અહીં સંભારવી જોઇએ.

આ બધા સંતો અને ભકતોએ તત્ત્વબુદ્ધિથી કે ભકિતભાવથી પ્રેરાઇને સંસારની અસારતાના અનુભવો કરીને અને સદ્દગુરૂનો બોધ ગ્રહીને આ વાણી વહાવી છે. એ વાણી એમની ઊર્મિથી દોરવાતી હોય છે અને એના ઉન્મેષરૂપે અનાયસ કાવ્યત્વને પ્રગટાવતી હોય છે. અન્યથા પણ એમાંથી જે સચ્ચાઇનો રણકો ઊઠે છે અને કેટલીક ઉત્કટ ક્ષણોમાં એ સંત કવિઓનું જે વ્યકિતત્વ ઊપસે છે તે પ્રભાવિત કરે છે.

ગઢશીશા પાસેના વડવા ગામના પીર શ્રી હાલાજીની પણ શિષ્ય પરંપરા છે. એમાંના નારાણજી કલ્યાણજી રાઠોડની અને તેમના પુત્ર (હાલાજીના પુત્રી તાજુબાના શિષ્ય) ભીમજીની તથા હાલાજીના નાના ભાઇ બાવોજીની રચનાઓનું મરણોત્તર પ્રકાશન 'ભીમ ભજનમાળા' નામે થયેલું છે, કેમ કે તેમાં મોટી સંખ્યા ભક્ત કવિ શ્રી ભીમજીની રચનાઓની છે. એમાં હિન્દી, ગુજરાતી, કચ્છી એમ ત્રણે ભાષાની તેમજ એ ત્રણેથી મિશ્રિત એવી ભાષાની રચનાઓ છે. કચ્છી ભાષાની રચનાઓમાં ઉર્દૂ શબ્દપ્રયોગો જોવા મળે છે અને પ્રેમલક્ષણા ભક્તિ અને સૂફીવાદ, બન્નેની અસર વરતાય છે. ત્યાગ-વૈરાગ્ય, હિંદુ-મુસ્લિમ ધર્મ સમભાવનું નિરૂપણ પણ એમાં થયેલું છે. છપ્પનીયા દુકાળને લગતી રચનાઓ એમાં જુદી પડી જાય છે. કાફી, ભજન, બારીમાસી, સંગર, કથાકાવ્ય, દોહરો, પ્રભાતિયું, સાખી, સ્તુતિ, પદ જેવા પ્રકારો અને અવળવાણી, દ્રષ્ટાંત, રૂપક શૈલીનો ઉપયોગ ભીમજીએ કરેલો છે.

આ રીતે જે કાવ્યસાહિત્ય સુલભ થયેલું છે તે એવી એંધાણી આપે છે કે કચ્છી ભાષામાં સંત પરંપરાની હજી ઘણી કાવ્ય રચનાઓ ખૂણેખાંચરે ધરબાયેલી પડી હોવી જોઇએ.

વ્રજભાષા-પાઠશાળા આખા ભારતની એક સાંસ્કૃતિક ઘટના છે

સંત પરંપરા પછી કચ્છી કાવ્યસાહિત્યના વિકાસમાં બીજું મહત્ત્વનું પરિબળ કાવ્યરસિક મહારાવશ્રી લખપતજી છે. ઇ. સ. ૧૭૪૯માં એમણે સ્થાપેલી વ્રજભાષા-પાઠશાળા એ માત્ર કચ્છની જ નહિ પરંતુ સમગ્ર ભારતની એક સાંસ્કૃતિક ઘટના છે. 'કચ્છ રાજ્યનું સિંહાસન તો ભુજીયો છે, પણ તેનો કીર્તિમુકુટ તો ભુજની વ્રજભાષા-પાઠશાળા છે' એ શબ્દોમાં કવિશ્રી ન્હાનાલાલે તેનું ગૌરવ કરેલું છે. લગભગ ૩૫૦

કચ્છી ભાષામાં સંત પરંપરાની ઘણી કાવ્ય રચના પ્રકાશનની રાહ જોઇ રહી છે

જેટલા કવિઓ આ શાળામાં દીક્ષિત થયા હતા અને લગભગ એટલી જ સંખ્યામાં ગ્રંથો તૈયાર થયા હતા એમ નોંધાયેલું છે. કવીશ્વર દલપતરામ આ શાળામાં પિંગળપાઠ પઢયા હોવાનું પણ નોંધાયું છે.

હિંદી સાહિત્યમાં જે સમય ભક્તિકાળ અને રીતિકાળ તરીકે ઓળખાય છે તેની કવિતા સાથે આ પાઠશાળાની કાવ્ય પરંપરા સંબંધ ધરાવે છે. એમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, નીતિબોધ તેમજ શૃંગારરસનું નિરૂપણ થયેલું છે. એ હકીક્ત નોંધપાત્ર છે કે સમકાલીન પરિબળોથી પણ આ જાગૃત ચેતનાના કવિઓનું સંવેદનતંત્ર ઝંકૃત થયા વગર રહ્યું નથી. સ્વાતંત્ર્ય, સ્વદેશાભિમાન અને સ્વદેશીની ભાવનાને વ્યક્ત કરતી રચનાઓ પણ એમની પાસેથી મળેલી છે. આ કવિઓની ભાષા ઝડઝમકવાળી છે.

આ કવિઓએ છંદ, અલંકાર, રસ, શબ્દશક્તિ, નાયિકાભેદ વગેરેની ચર્ચા કરતા લક્ષણગ્રંથોની રચના પણ કરેલી છે.

આ કવિઓ બહુશ્રુત હતા. એમણે દર્શન, પુરાણ, નૃત્ય, વૈદક, યોગવિદ્યા, કામવિદ્યા, સામુદ્રિક વિદ્યા, અશ્વવિદ્યા, શસ્ત્રવિદ્યા, જ્યોતિષ, ગણિત ઇત્યાદી વિષયો પર શાસ્ત્રીય ગ્રંથો પણ લખ્યા છે. વિવિધ વિષયો પર સંસ્કૃતશૈલીની બાવનીઓ પણ મોટી સંખ્યામાં એમણે પ્રગટ કરેલી છે. ભાષા, છંદ, અલંકાર, વર્ણનશૈલી એમ અનેક રીતે આ પરંપરાની કવિતાનો પ્રભાવ વ્યાપકપણે કચ્છી કવિતા પર પડેલો છે.

મહારાઓશ્રી લખપતજીએ પોતે વ્રજભાષામાં 'લખપતિ શૃંગાર'ની રચના કરેલી છે. એમણે લખેલી કચ્છી કાફીઓમાં એ જ રીતિએ ગોપીઓની કૃષ્ણપ્રીતિનું નિરૂપણ થયેલું છે.

મહારાઓશ્રી ખેંગારજીએ ભુજમાં ઉર્દૂ- ફારસી ભાષાના શિક્ષણની શાળા સ્થાપી

હતી એની નોંધ પણ લેવી જોઇએ, કારણ કે તેણે પણ આ પરંપરાના કવિઓના ઘડતરમાં સારો ફાળો આપ્યો હતો.

આ તબક્કાની કવિતા વિશે દુલેરાય કારાણી લખે છે, 'કચ્છના ભક્ત કવિ મેકણદાદાએ કચ્છની જનતાની અને કચ્છી વાણીની અનેરી સેવા બજાવીને સંવત ૧૭૮૬ના આસો વદ ૧૪ના દિવસે ધ્રંગ મુકામે જીવંત સમાધિ ધારણ કરી, ત્યારબાદ કચ્છની વાણીની કાવ્યકલાએ પણ જાણે ફરી એકવાર અમુક સમયને માટે સમાધિ જ ધારણ કરી લીધી હતી. એ સમય પછી કચ્છમાં કચ્છી ભાષાને બિરદાવનાર થોડા કવિઓ જાગ્યા હતા. તેમાં જાડેજા કવિ વીસાજી, ઉન્નડજી, હમીરજી, દેવાજી, પ્રતાપસિંહ, કેશવ કવિ, સાજન ભગત વગેરે મુખ્ય હતા.

આનો અર્થ એ થયો કે કચ્છી કવિતાનો આરંભિક તબક્કો ઘણો નાનો છે. મેકણ કચ્છી ભાષાના આદિ કવિ કહેવાય છે. એમના સમયમાં જે સંત કવિતા મળી ત્યાં એ તબક્કો પૂરો થયો, એટલું જ નહિ, એક વિરામ પણ આવ્યો. આના પરથી એમ જણાય છે કે કચ્છી કવિતાનો વિકાસ એકધારો નથી. લખપતજી અને વ્રજભાષા-પાઠશાળાએ કચ્છી કવિતા પરત્વે એક પ્રભાવક પરિબળ તરીકે જ કામ કર્યું, પરંતુ એ સૂચક છે કે કારાણીએ એ પછીના તબક્કાનો નિર્દેશ કર્યો છે એના મોટા ભાગના કવિઓ જાડેજા વંશના છે.

આ કવિઓમાં કેશવ નોખા તરી આવે છે. જરૂર પડયે અન્નદાતા રાજવીઓને ટકોર કરવાનો વિશિષ્ટ કવિધર્મ પણ તેમણે બજાવ્યો છે. શીઘ્રકવિત્વ, હાજરજવાબીપણું અને વિનોદ વૃત્તિએ આમાં તેમને મદદ કરી છે. સમસ્યાનો પ્રકાર પણ તેમણે અજમાવ્યો છે. એમનું શબ્દચાતુર્ય ચિત્તાકર્ષક છે. રૂપકાત્મક વાણીમાં બોધ આપવાની કવિની શક્તિનો પરિચય કરાવતો એક નમૂનો આ રહ્યો.

પેલી ન કરીએં પેણજી ને ઓયણ વેંતો ઈં,
તાણ ઝલીંધી તરજી ન, જૂની થીંધી જીં,
સંધા સંધીને કિતરા, તું સંધા સાંજી સીં ?
ઈ કપડ થીંધો કીં, જેંજા કના કોઆ તા કતરી ?

ઈતિહાસખ્યાત ચરિત્ર જમાદાર ફતેહમહમ્મદ વિશે કવિએ 'ફતેહસાગર' નામનું દીર્ઘ સ્તુતિકાવ્ય લખ્યું હોવાનું નોંધાયું છે. વીરરસના નિરૂપણ અને ભાષા અને છંદ

કચ્છી કવિતાનો વિકાસ એકધારો નથી, લખપતજી અને વ્રજભાષા પાઠશાળાએ કચ્છી કવિતા પરત્વે પ્રભાવક પરિબળનું જ કામ કર્યું

પ્રભુત્વની દ્રષ્ટિએ એના દોહરાની કેટલીક પંક્તિઓ જોવા જેવી છે.

'ફતિયા ! તારી ફોજરો, ભય ડંકો ભારી,
સૂતી થડકે રાતમાં, નગરની નારી.
ઓખો તુંથી ઉધડકે, બરડો તુંથી બીએ,
ગઢ ધ્રુજે ધોરાજીરો, નોતિયાર નગર લીએ.
હાલા ઝાલા ને જેઠવા, તેં હઠાવ્યા હમીર,
વળ ઉતારી મૂછના, કીધા પાંસરા તીર.'

ગુજરાતીમાં સહજ રાજસ્થાની પ્રયોગો પણ અહીં ધ્યાન ખેંચશે

સાજન ભગત વિશે ધ્યાન ખેંચતી વાત એ છે કે ખોજા હોવા છતાં એ વેદાંતના અભ્યાસી હતા. એમણે કચ્છીમાં કવિતો અને કાફીઓની રચના કરેલી છે, વૈરાગ્યબોધ એનો વિષય છે. 'સાજન બાવની' એમનો સંગ્રહ છે. સુધારા વધારા અને ટીકા સહિત એ 'પ્રબોધરત્ન' નામે પ્રગટ કરવામાં આવ્યો છે.

જાડેજા દેવાજી 'અઠંગ સમાજ સુધારક' હતા. 'અનેક અનુભવોને અંતે ઢોંગ અને ધતિંગના જાળાને ઝૂડી નાખનાર' 'દેવાનુભવ દિવાકર' એમનો ગ્રંથ છે. સદ્‌ગત દુલેરાય કારાણીએ કહ્યું છે તેમ, 'જૂના જમાનાનો એક જાડેજો આટલી હદે આવા સુધારક અને ક્રાંતિકારી વિચારો ધરાવે એ નાનીસૂની વાત નથી !

સમાજને અંધશ્રદ્ધામાંથી બહાર કાઢવાનું કામ કવિ રાઘવે કર્યું



કચ્છના રાષ્ટ્રકવિ : નિરંજન

પરંતુ અનેક પ્રકારની ધાર્મિક અંધશ્રદ્ધામાં ખદબદતા સમાજને એમાંથી બહાર કાઢવાનું કામ અધિક આવેગથી કવિ રાઘવે કર્યું. 'ખેતો ખાંટ ચય તેંકે માર જોડો મુનજો', એ પ્રહાર પાખંડી સાધુઓને કળ વળવા દે એમ નથી. 'કલીજા કુસાધુ' નામની રચનામાં આવા પાખંડીનો પરિચય કરાવતા કહે છે.

'ગેરૂ-મિટી મખ્ખે, ગલે મારાજો મૂંચરો વિજી,
વાગડિયેં વોડેં જેડા, બોય અખીં ઢારે ડીં;
જપીં જાપ ગૌમુખીમેં સજો હથ ગૂંસલેને,
ચોરીંધા ન ચપ, વાર કને મથા વારે ડીં;
વૃત્તિ તદાકાર જાણે તપેસરી ત્રેતા તૂણા,
કારે પાણેં જેડો ધિલ ઘડીકમેં ગારે ડીં;
'રાઘવ' ચે એડી એડી કપટ-કલા કરેને,
કલીજા કુસાધુ બેંજા ડોસલા વેઆરે ડીં.'

વિલક્ષણ રૂઢિપ્રયોગ ઉપરાંત સ્વભાવોક્તિનું, અતિશયોક્તિનું દ્રષ્ટાંત પણ આમાં મળશે.

રાઘવના સંગ્રહો 'દાંભિક માનખંડન- ખેતા બાવની' અને સંતાસંત દર્પણ અથવા ખેતો ખાંટ અને અંધશ્રદ્ધાળુ ઉમાડીઓ, (મરણોત્તર) એવા વિશિષ્ટ શીર્ષક ધરાવે છે. ખેતો ખાંટ એ કવિના એક મિત્રનું નામ હતું. દંભી સાધુઓથી અકળાયેલા પોતાના એ સરલહૃદયી કાવ્યરસિક મિત્રના નામનો ઉપયોગ કવિએ પોતાના કવિતોમાં કરી લીધો છે. બનવાજોગ છે કે સમાજમાં આવા દંભી ધર્મગુરૂઓનું ઘણું વર્ચસ હોવાને કારણે પણ કદાચ કવિએ આ છદ્મનામ ધારણ કર્યું હોય.

આવા પાખંડી સાધુઓને કવિ બરાબર ઓળખે છે તેમ સાચા સંતની પણ તેમને પિછાણ છે. સંસાર સમુદ્ર પાર કરવામાં મદદરૂપ થતા આવા સંતને તેઓ જહાજની ઉપમા આપે છે. આવા સંત પોતે તો સંસારમાં નિર્લેપભાવે જ રહે છે એમ પણ કવિને અહીં સૂચવવું છે-

'હિન સંસારસમુદ્ર તા તારે કરીયે તીર,
જગજલધિમેં જહાજવત 'રાઘવ' સંતશરીર.'

બીજા પુસ્તકની રચનાઓમાં આ ખેતો ખાંટ પાત્રનું રૂપ લે છે. ખેતો ખાંટ વહેમોને ખુલ્લા પાડનારો છે અને ઉમાડીઓ વહેમી લોકોનો પ્રતિનિધિ. એ બે વચ્ચેનો વાર્તાલાપ આમાં યોજાયો છે. આ પ્રકારની યોજનાને લઇને નિરૂપણ રસપ્રદ બન્યું છે.

રાઘવની કવિતા વિશે દુલેરાય કારાણીનો અભિપ્રાય આવો છે :

'રાઘવ કવિના કાવ્યપ્રવાહને વિવિધ દિશામાં વહન કરવાની તક મળી હોત તો કચ્છી વાણીની કાવ્યકલાનો અનેક રીતે વિકાસ થઇ શકયો હોત. પરંતુ એમની કવિતાનું વહેણ સાધુસમાજના પાખંડ ખંડનમાં જ લગભગ સમાપ્ત થયું. કુસાધુઓને ચાબખા ફટકારવામાં અને એમની ઠેકડી ઉડાવવામાં કવિએ કમાલ કરી છે. ઘણી વાર પોતાની કવિતામાં ગ્રામ્ય શબ્દપ્રયોગોનો ઉપયોગ કરીને પણ કવિએ પોતાના પ્રહારોને વધુમાં વધુ જલદ બનાવી દીધા છે. એમના કવિતોનો છેડો તો ઘણી વાર વીંછીના કાંટા જેવો તીક્ષ્ણ અને આગ ઝરતો હોય છે.'

રાઘવના પુત્ર માધવે પણ કચ્છીમાં હાસ્યકટાક્ષની કવિતા કરેલી છે.

'પ્યારે રામ' જેવું મધુર કવિનામ ધારણ કરનાર જાડેજા પ્રતાપસિંહજી જુણાજીએ ભજનો અને પદો રચેલા છે. અમુક સમય લાઠીમાં એમનો નિવાસ હતો. કવિ કલાપી તરફથી એમની કાવ્યપ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું હતું. એમની રચનાઓ આ પ્રમાણે છે. (૧) અલખ ઝરૂખો, જુગલ ઝરૂખો, રામ ઝરૂખો, કમલ ઝરૂખો, પ્રભુપદાલય, (૨) વેદ ઝરૂખો, તત્ત્વ ઝરૂખો, મહેરામણ ઝરૂખો, સારંગ ઝરૂખો, દુર્ગા ઝરૂખો, (૩)

સંતસુભાષિત કુંડળીયા, વિવેક-બિંદુ, કવિત અને કુંડળીયા, ભીમભાસ્કર, હરશંભુ સ્મરણમાળા ઇત્યાદી.

ભક્તિભાવ, નીતિ અને વૈરાગ્યનો બોધ, અંધશ્રદ્ધાનું ખંડન અને ઇશ્વર પ્રત્યેની આંસ્થા આ કવિની કવિતાના વિષયો છે. એમાં હાસ્ય, કરૂણ, શૃંગાર અને શાંતરસની નિષ્પત્તિ થતી જોવા મળે છે.

કવિ નિરંજનનું મૂળ નામ મુરારી લાલજી વ્યાસ. જન્મભૂમિ પ્રત્યે ઉત્કટ પ્રેમ અને ઊંડો અધ્યાત્માનુભવ કવિ નિરંજનની વાણીમાં છલકાય છે. 'મુંજી માતૃભૂમિ કે નમન' અને 'ટીપેમેં મેરામણ' એ બે કચ્છી રચનાઓએ આ કવિને અમરતા અર્પી છે.

રતનબાઇનું નામ પણ કચ્છી કાવ્યસાહિત્યમાં ચિરંજીવ છે. ખોજા જ્ઞાતિના રતનબાઇની કૃષ્ણભક્તિની કવિતામાં આતુરતા, તન્મયતા, ઊંડું દર્દ સદ્ય સ્પર્શે છે. સરળ સહજ પદાવલિ, ભાવપ્રતીકો અને લાક્ષણિક કચ્છી પ્રયોગોનું માધુર્ય રતનબાઇના પદોને રમણીય બનાવે છે. એમની વૈરાગ્યબોધક વાણીમાં પણ હૃદયને હલાવી નાખવાની શક્તિ છે. એમના રહસ્યાનુભવમાં કલ્પનાની ભવ્યતા ભળતાં વૈચિત્ર્યથી અદ્દભૂત સૃષ્ટિનું સર્જન થાય છે. એમણે કચ્છી અને ગુજરાતીમાં કાફીઓ અને ભજનો લખેલા છે, ભજનની બાનીમાં કવચિત હિંદીની છાંટ પણ જોવા મળે છે.

'મારી કાયાના ઘડનારા ! કાચી રે કેમ ઘડી મોરી કાયા ?
કાયા માયાના બંદા ! કૂડા ભરોસા, કૂડા કૂડા ઠાઠ રચાયા- કાચી...
ઘટડેમેં ચંદા ને ઘટડેમેં સૂરજ, ઘટડામાં નવલખ તારા- કાચી...
ઘટડેમેં મેડિયું ને ઘટડેમેં બંગલા, ઘટડેમેં બાગ બનાયા- કાચી...
ઘટડેમેં એરણ, ઘટડેમેં લુહાર, ઘટડેમેં ઘાટ ઘડાયા- કાચી...
ગુરૂને પ્રતાપે બોલ્યા 'રતનબાઇ', પતંગિયા રંગ લગાયા- કાચી...

આધ્યાત્મિક રહસ્યાનુભવ અને શબ્દોના પુનરાવર્તનથી સધાતો લયને લઇને આ પંક્તિઓ આસ્વાદ્ય બની છે. રતનબાઇના મુરશીદ ભાકરશાએ પણ કાફીઓ લખેલી છે. બાવા રામસંગજીએ કચ્છી બેત રચ્યા છે.

લાલજી નાનજી જોષી પણ કચ્છી ભાષાના એક પ્રતિભાશાળી કવિ છે. કચ્છી ભાષા અને સાહિત્યના વિકાસના એમને ભારે કોડ હતા. એમનું સાહિત્ય વિપુલ અને વૈવિધ્યપૂર્ણ છે. 'પોઢણ ડુંગર- પાણ, ખેરી છત્ર કરે સુતા,' એવા શૂરવીરોને અર્પણ થયેલી ઝારાના યુદ્ધનું વર્ણન કરતી 'કચ્છજો કુરૂક્ષેત્ર' એ એમની મહત્ત્વની રચના છે. એવી જ રીતે માતૃભૂમિ કચ્છની વંદના કરતી એક સુંદર કૃતિ પણ એમણે આપેલી છે. એની ભાવવાહી ચિત્રાત્મકતા આકર્ષક છે. કવિની શબ્દસૂઝ અને વર્ણનશક્તિનો પરિચય પણ એમાંથી મળે છે. એમાં પ્રયુક્ત પદાવલિ એમ પણ સૂચવે છે કે કચ્છી કવિની કાવ્યભાષા સંસ્કૃત- ગુજરાતીના પૂર્ણ પ્રભાવ હેઠળ તૈયાર થતી આવતી હતી.

લાલજી જોષીના પુત્ર લક્ષ્મીનારાયણ અને પુત્રવધૂ રતનબાઇએ પણ કાવ્યસર્જન કરેલું છે. મોંઘીબાઇ કંતાનવાલાનો કચ્છી કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયેલો છે. એમના વતન પ્રશસ્તિના ગીતો આઝાદી- આંદોલન દરમ્યાન ગવાતા.

પાત્રો ચારણ એમની વિશિષ્ટ પ્રકારની અસંગત લાગતી મનોરંજક રચનાઓથી જાણીતા થયેલા છે. 'પાત્રે વારા દુહા', એવી લોકોક્તિ એમની આ પ્રકારની રચનાઓની લોકપ્રિયતા સૂચવે છે.

રણમલ ગઢવીનું નામ સ્પષ્ટ વકતૃત્ત્વમાં રાચતી વેધક તીખી વાણીથી યાદગાર બની ગયું છે. ગંગદાસ બારોટે ગુજરાતીમાં છંદોબંધ કાવ્યો લખેલા છે.

મોરારજી મથુરદાસ કામદાર મુંબઇની 'કચ્છી સાહિત્ય સભા'ના પ્રમુખ હતા. આ વિગત એટલા માટે નોંધપાત્ર છે કે કચ્છી સાહિત્યને લગતી સંસ્થાકીય પ્રવૃત્તિઓનું સૂચન એમાંથી મળે છે. 'તંબૂરાનો તાર' એમનો કાવ્યસંગ્રહ છે. એમાં કચ્છી તેમજ ગુજરાતી રચનાઓ છે. કચ્છ વિશેની એમની રચના એટલી લોકપ્રિય નીવડી કે એની ગણના લોકસાહિત્યમાં થઇ ગઇ છે. એમાં આ પ્રદેશનું મનોરમ શબ્દચિત્ર દોરાયું છે.

'કારા ડુંગર કચ્છજા, ધોરા ધણ ચરે,
સિજ ઉલથે સામાં મિલેં, ડિસધેં ડુખડાં ટરેં.
સર સરોવર સાંવરાં, છત્તર જેડી છાંઇ,
નર નિમરા નવાણમેં, નિત નિત ઉત્તે નાંઇ.
તરૂવર ટહુકે મોરલો, ડે હૂંકારા ઢેલ,
પદમણિયું પાણી ભરી, સોનરૂપેજી હેલ.'

ઠકકુર નારાયણ વિસનજી અને લક્ષ્મીશંકર વોરા 'આદર્શ' ગઝલોથી જાણીતા છે, તો ગૌરીશંકર વોરાની રચના 'બૃહત કાવ્યદોહન'માં સ્થાન પામી છે તે વિગત નોંધપાત્ર છે.

ઠાકર ઓધવજી મુરારજી કૃત 'પંચરાશિ બનજારા'માં કચ્છી ભાષાની તથા અન્ય રચનાઓ છે. સમયાનુક્રમને બાજુએ રાખીને કાવ્યપ્રવૃત્તિના હેતુની દ્રષ્ટિએ અહીં બીજા અનેક કવિઓ પણ ઉલ્લેખનીય બનશે.

સ્પષ્ટ છે કે આ કવિઓની કાવ્યપ્રવૃત્તિના ચાલક બળ જુદા જુદા છે, એમને કોઇ એક સંજ્ઞા હેઠળ મૂકી શકાશે નહીં. જ્ઞાનભક્તિ, વૈરાગ્ય અને સુધારા વિશે પોતપોતાની રીતે આ કવિઓને કહેવું છે, કહેવાની રીત, તો કયાંક મિજાજ જુદો પડતો હોય છે, તો કયાંક પરંપરાને અનુસરતો હોય છે. આ પરિસ્થિતિમાં આ તબક્કાને અમુક પ્રમાણમાં જ અલગ પાડી શકાશે.

દુલેરાય કારાણી અને તેમના સમકાલીનો

દુલેરાય કારાણીને કચ્છી ભાષાના પ્રતિનિધિ કવિ કહી શકાય. સમગ્ર કચ્છી કાવ્યસાહિત્યમાં સૌથી વિપુલ પ્રદાન દુલેરાય કારાણીનું છે. 'કારાણી કાવ્યકુંજ'ના પાંચ ભાગ જુદા જુદા ઉપશીર્ષકો સાથે પ્રગટ થયેલા છે. 'હરિજનબત્રીસી', 'કિસ્સાબાવની', 'કલ્યાણબાવની', 'કચ્છી મહાવીરબાવની' અને 'સોનલબાવની' નામે સળંગ કાવ્યગ્રંથો પણ એમણે આપેલા છે.

કારાણીનું કાવ્યસર્જન મુખ્યત્વે કચ્છી ભાષામાં છે. જો કે, એમના દરેક સંગ્રહમાં કેટલીક ગુજરાતી રચનાઓ પણ સંગ્રહીત છે. એમાં 'ઝારાનું મયદાને જંગ' જેવી રચનાને તો ગુજરાતીના આરૂઢ વિવેચક બલવંતરાય ઠાકોરનો પણ સત્કાર સાંપડયો છે.

દુલેરાય કારાણીની કાવ્યપ્રવૃતિનો સમયના દીર્ઘ પદ પરનો પથરાટ કચ્છી કવિતામાં પરિવર્તનનું એક સહજ નિમિત્ત બન્યું એમ કહી શકાય, કેમ કે આ જ કારણો એમાં વિષય, સ્વરૂપ અને શૈલીનું ઘણું વૈવિધ્ય, કેટલીક નાવીન્ય સાથે આવેલું છે; આમ છતાં એમાં બહુધા કચ્છી કવિતાની પ્રચલિત લઢણ પરખાઇ આવ્યા વગર રહેતી નથી.

વતનપરસ્તી એ કારાણીની કવિતાનો મુખ્ય સૂર છે. પ્રસંગવિશેષ કે ચરિત્રવિશેષનું નિરૂપણ કરતાં કાવ્યોમાં પણ હેતુ તો આ ભૂમિનો મહિમા કરવાનો જ છે. 'લાખો ફૂલાણી અને જસમા ઓડણ' જેવી કૃતિ પ્રસંગકાવ્યથી વિકસીને કથાકાવ્ય બને છે. આ

કારાણીથી શરૂ થયેલી પરંપરામાં તેમના જીવન અને સર્જનકાળ દરમિયાનજ પરિવર્તનનું ઇંગિત જોવા મળ્યું હતું

પ્રકારના બીજા કાવ્યો પણ છે. એમાં વીર, શૃંગાર, કરૂણ અને હાસ્યરસનું નિરૂપણ થયેલું છે.

સ્વભાવોક્તિનો પ્રયોગ આ કવિ સારો કરી જાણે છે. શબ્દચિત્રોમાં પણ તેમનું કવિત્વ ઝળકે છે. ભાષાની પ્રાસાદિકતા, છંદોની સફાઇ અને પ્રવાહિતા, શબ્દાલંકારોને લઇને નિરૂપણ રસપ્રદ બને છે. કટાવ અને કવિત જેવા છંદ તેમજ સંગર, બેત અને દોહરા જેવા પ્રકારોમાં એમનું કથન છટાદાર બને છે. ઉક્તિવૈચિત્ર્ય, એકાક્ષરી, અનેકાર્થી અને સાભિનય અભિવ્યક્તિથી એમાં રંજકતાનું તત્ત્વ પણ આવે છે. બોધાત્મક વચનોથી કે દુન્યવી પરિસ્થિતિ અને લોકવ્યવહારોનો ચિતાર આપતી વાણીથી પણ એ લોકાનુસંધાન સાધે છે.

યંત્રોદ્યોગનો પ્રભાવ, શહેરીકરણ, માનવવ્યવહારમાં યાંત્રિકતાનું નિરૂપણ પણ કારાણીની કવિતામાં થયેલું છે. 'મુંબઇજી મોહિની' એનું દ્રષ્ટાંત છે. એમાં દ્રષ્ટિબિંદુ કચ્છી માડૂનું છે અને સંવેદન પણ. 'ચાય અને છાય' જેવી બહુ લોકપ્રિય નીવડેલી હળવી રચનામાં પણ આનો સંકેત જોઇ શકાશે.

કચ્છી પ્રજાના અમુક વિશિષ્ટ પ્રશ્નને વાચા આપતી પ્રાસંગિક અને દેશવ્યાપી સમકાલીન પરિબળો સાથે સંબંધ ધરાવતી રચનાઓ પણ આ કવિ પાસેથી મળી છે.

પત્નીના અવસાન નિમિત્તે લખાયેલી 'સોનલબાવની'માં અંગત ઊર્મિ કરૂણ પ્રશસ્તિ- સ્વરૂપે વિકાસ પામી છે.

પ્રકૃતિ અને અધ્યાત્મનું વિષય લેખે નિરૂપણ કરતાં કાવ્યો ઠીક ઠીક સંખ્યામાં મળે છે.

'મિઠે મેરાણજા મોતીડા' વિવિધ વિષયના મુકતકોનો સંચય છે. માનવની ખુમારીને વ્યક્ત કરતું આ માર્મિક મુકતક જુઓં.

'કડેંક કોસા વાયરા, કડેં થધી હલકાર,
કારાણી હર હાલમેં ખિલી કરે ખીંકાર.'

દુલેરાય કારાણીથી શરૂ થયેલી પરંપરામાં, પછી, એમના જીવન અને સર્જનકાળ દરમ્યાન જ, પરિવર્તનનું ઈંગિત જોવા મળ્યું હતું. એમના સમકાલીન અને અનુકાલીન કવિઓની કવિતાનો પરિચય કરતાં આનો ખયાલ આવે છે.

પહેલી કચ્છી ગઝલ મકભૂલ કચ્છીએ લખી હતી

મકભૂલ કચ્છીનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કચ્છ કીર્તન' ઇ. સ. ૧૯૨૭માં બહાર પડયો હતો. 'જાહેલેંજી જડકૂટ અથવા અબોધની આરપંપાર' (૧૯૩૦) નામક દીર્ઘ કૃતિમાં કોમી ભેદભાવ વિરૂદ્ધ ઇસ્લામના આદર્શોની સમજણ આપવામાં આવી છે. 'કચ્છી કોયલ' (૧૯૩૨) ગઝલસંગ્રહ છે. 'સોનજ્યું સંગરૂં' (૧૯૫૮)માં પ્રાસંગિક અને પ્રાપ્ત સંદર્ભમાં લખાયેલી સંગર પ્રકારની રચનાઓ છે. કક્કલ- જામ રાવળની 'જકડી' અને બીજા કાવ્યોની પણ એક પુસ્તિકા છે. મકભૂલ યાદ રહેશે એમની ગઝલોથી. કચ્છીમાં પહેલવહેલી ગઝલ એમણે લખી એમ કહેવાય છે. તળપદ વાતાવરણની અભિવ્યક્તિથી એમના ગીતો પણ મધુર બન્યા છે.

મકભૂલની જેમ કરાચી સ્થિત બીજા કવિ છે માસ્તર હમીરાણી. કરમઅલી રહીમ નાનજીયાણી, અબ્દુલ્લા રૂંઝા, 'રમ્ઝ' અને 'અબ્દ' પણ આ પરંપરાના મુસ્લિમ કવિઓ છે. મકભૂલની જેમ 'અબ્દ'ની કવિતા પણ મુખ્યત્વે ગઝલસ્વરૂપની છે, અને મકભૂલની જેમ તેઓ ધાર્મિક અંધશ્રદ્ધા, પાખંડ અને સમસામયિક પ્રશ્નો પર પ્રહાર કરતા પણ જણાય છે- ભક્ત કડવાજીના નામથી એ હેતુથી એ દોહરા, સોરઠા અને ગીત પણ લખે છે. દેશપ્રેમ પણ એમની કવિતાનો એક મુખ્ય વિષય છે. એમની કવિતા ગુજરાતીમાં પણ મળતી હોવા છતાં એમની ઓળખ કચ્છી કવિ તરીકેની છે.

એથી ઊલટું, પ્રીતમલાલ કવિએ કચ્છીમાં કવિતા કરી હોવા છતાં એમનું સ્મરણ ગુજરાતી ભાષાના કવિ તરીકે પહેલા થાય. એમના સંગ્રહો 'નિશિગંધા' અને 'વૈજયંતિ' પણ ગુજરાતી રચનાઓને જ સાચવે છે. પ્રણય, પ્રકૃતિ અને પરંપરાગત મૂલ્યો એમની કવિતાના વિષયો છે અને એની અભિવ્યક્તિ શિષ્ટ અને પ્રાસાદિક છે.

ગૌતમ શર્માના ગુજરાતી કાવ્યોના બે સંગ્રહ બહાર પડેલા છે- 'આરોહ' અને

સમકાલીન કવિઓમાં કચ્છી કવિતાનું પ્રતિનિધિત્વ કવિ 'તેજ'ને સોંપી શકાય

'ઝંકાર' એ મુખ્યત્વે ગઝલ લખે છે, જેમાં ભાવનું ઊંડાણ કે અભિવ્યક્તિની ચોટ ધરાવતા શેર ઘણીવાર મળી આવે છે. એવું જ એમના કેટલાક ગીતોનું પણ છે. જયંત સચદે 'કસુંબી' પણ ગઝલ અને ગીતના કવિ છે, એમ તેમનો સંગ્રહ 'કસુંબો' કહે છે.

'કલાધર કૃષ્ણ' નામની સળંગ રચના અને 'કચ્છી કાવ્યકલાપ' તથા 'મોરજો મલાર' નામના સંગ્રહોના કવિ પ્રતાપરાય ત્રિવેદીની કચ્છી કવિતામાં સંસ્કૃત ભાષાના સંસ્કારો પ્રચુર માત્રામાં છે. વીરરસનું કથનાત્મક શૈલીએ નિરૂપણ કરીને એ પરંપરા સાથે અનુસંધાન જાળવે છે તો આહલાદક પ્રકૃતિવર્ણનથી પણ આકર્ષે છે. હાસ્યકવિતા અને બાળકાવ્યોથી પણ એ ધ્યાન ખેંચે છે.

એવા જ સંસ્કૃત ભાષાના પ્રચુર સંસ્કાર ઉપેન્દ્રરાય વોરાની ગુજરાતી કવિતા પર છે. એમણે સંવાદકાવ્યો પણ લખેલા છે.

આ તબક્કાના કેટલાક કવિઓને ગુજરાતી 'અર્વાચીન કવિતા'ના અભ્યાસી સુંદરમની 'અવલોકના'નો લાભ મળ્યો છે તે નોંધવું જોઇએ. એમાં 'પ્રેમપંચોતરી' (૧૮૮૬), 'કાવ્યકળાધર- કળા પહેલી' (૧૮૯૩), 'દાદાભાઇ સ્તોત્ર' (૧૮૯૪)ના કવિ જીવરામ અજરામર ગોર, 'કરમકાવ્ય' (૧૯૨૧)ના નાનજીયાણી, 'તંબૂરાનો તાર' (૧૯૩૭)ના કવિ મોરારજી કામદાર, ઉપેન્દ્રરાય વોરાનો સમાવેશ થાય છે.

સમકાલીન કવિતા

સમકાલીન કવિઓમાંથી કોઇ એકને કચ્છી કવિતાનું પ્રતિનિધિત્વ સોંપવું હોય તો કવિ 'તેજ'ને નિ:સંકોચ સોંપી શકાય. 'તેજજો અવાજ'ના પાંચ ભાગ, 'ધર્ધજી વાણી', 'કતિયું', 'ટીટોડી ટહુકા કરે', 'લીયાર' આદિ એમના સંચયો છે. એમાં પ્રસંગકાવ્ય, સંવાદકાવ્ય, કવિત, ગીત, ગઝલ, ભજન, દુહા, સંગર, ફટાણા, ટુચકા, પીરોલી, મુકતક, સુભાષિત, હાઇકુ, તસ્બી, તાન્કા, બાળકાવ્ય, ગદ્યકાવ્ય, અછાંદસ જેવા કાવ્યસ્વરૂપો, ભક્તિ, વૈરાગ્ય, માયા, નિયતિ, નિર્વેદ, રહસ્યાત્મક અનુભૂતિ, ધાર્મિક પાખંડ, મૃત્યુ, હિંસાવિરોધ, સાંપ્રદાયિકતા, શૌર્ય, વતનપ્રીતિ, સંસ્કૃતિપ્રેમ, મૂલ્ય મહિમા અને ફિલસૂફી, શિક્ષણ, વિજ્ઞાન, પ્રકૃતિ, પ્રેમ, અંગત શોક, કુટુંબજીવન અને વાત્સલ્ય, બદલાતા સમયની તાસીર, પછાત ગામની પીડા, શહેરી જીવનની વિરૂપતા, આમઆદમીનું સ્વપ્ન, પીડિતો પ્રત્યે સહાનુભૂતિ, મનુષ્યની પામરતા અને માનવગૌરવ, દુન્યવી મુંઝવણો અને વિષમ પરિસ્થિતિઓ, સ્ત્રીમાનસ, સમૂહમાનસ, અંધશ્રદ્ધા, સુધારો, કોમી એકતા જેવા વિષયો, હાસ્ય, કરૂણ, શૃંગાર, વીર એમ વિવિધ રસ, સૂત્ર, બોધ, રૂપક, દ્રષ્ટાંત, અર્થાન્તરન્યાસ, વિરોધાભાસ, વક્રોક્તિ, ચમત્કૃતિ, ચિત્રાંકન, તરંગ, ચાતુરી, કટાક્ષ, સમીકરણ એમ જુદી જુદી શૈલી જોવા મળે છે. આમાં વૈવિધ્ય તેમ વૈચિત્ર્ય, બન્ને રહેલા છે. એક પ્રકારની મનસ્વિતા, યાદચ્છિકતાનું તત્ત્વ પણ છે.

માધવ જોશી 'અશ્ક' અને ઓસમાન સાટી પણ શુદ્ધ કચ્છી કવિઓ છે. 'ફૂલડાં' અને 'લેર્યું' 'અશ્ક'ના સંગ્રહો છે. કચ્છ માટેની પ્રીતિ, અષાઢી બીજ જેવો તેનો ઉત્સવ, તેની સાંસ્કૃતિક વિશેષતા, તેની લોકકથામૂલક કે ઇતિહાસમૂલક ઘટના એમની કવિતામાં વર્ણવાય છે. પરંતુ આ પ્રદેશ સાથેના વિશિષ્ટ સંદર્ભમાં કોમી એખલાસનું નિરૂપણ વિશેષપણે ધ્યાન ખેંચે છે. 'અશ્ક'ની કવિતાનું પ્રમુખ લક્ષણ છે સાદગી.

સાટી પ્રણય, પીડા, જુદાઇ, બેવફાઇ, વૈફલ્યના નિરૂપણથી કચ્છી કવિતામાં એક નિરાળું ભાવજગત ખડું કરે છે, એમ એમના સંગ્રહ 'બ વાટું'ની કવિતા કહે છે. નકારાત્મક ભાવોનું નિરૂપણ થયું હોવા છતાં માનવીય ગૌરવ ક્ષત થયું નથી, દર્દની ગરિમા જળવાઇ છે. બીજું, આ મુસ્લિમ કવિનું સંવેદનક્ષેત્ર વિભાજિત નથી, એમની કવિતામાં ગીતા- રામાયણના સંદર્ભો પણ આવે છે, જેમ 'અશ્ક'ની કવિતામાં ઇસ્લામના આવે છે.

મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'નું લેખન કચ્છી- ગુજરાતીમાં સમાંતર ચાલે છે. તેમના કચ્છી કાવ્યોનો, તેમણે પોતે જ કરેલા સમશ્લોકી ગુજરાતી અનુવાદ સાથેનો સંગ્રહ 'ઓગન' પ્રગટ થયેલો છે. સમકાલીન ગુજરાતી કવિતાના સંપર્કનો ભરપૂર લાભ તેમની કચ્છી કવિતાને મળેલો છે અને તેણે કચ્છી કવિતાને અનોખી તાજગી બક્ષી છે. અનેક અપૂર્વ શબ્દપ્રયોગો કરીને એમણે કચ્છી કવિતાના શબ્દકોશને પણ સમૃદ્ધ કર્યો છે. આ બધાને પરિણામે એમ લાગ્યા વિના રહેતું નથી કે મદનકુમારની પહેલી ઓળખ કચ્છી કવિ તરીકેની છે.

જયંતી જોશી 'શબાબ', પબુ ગઢવી 'પુષ્પ', વ્રજગજકંધ પણ ગુજરાતી અને કચ્છી બન્ને ભાષામાં કવિતા લખતા હોવા છતાં એમને કચ્છી ભાષાના કવિ તરીકે સ્વીકારવાનું મન થાય એવું છે. 'શબ્દખંડીયેર' 'શબાબ'નો કચ્છી, ગુજરાતી, હિન્દી એવો ત્રિભાષી કાવ્યસંગ્રહ છે. એમની રચનાઓમાં રાજકીય, સામાજિક, સાંસારિક કટાક્ષ હોય છે. કયારેક ગીત પણ અજમાવી જોતા હોવા છતાં ગઝલ એમનો માનીતો પ્રકાર છે. એવું જ 'પુષ્પ'નું પણ છે. ગજકંધને કવિતાકલાની શકયતાઓની કંઇક વધુ પિછાણ હોય એમ એ મુખ્યત્વે ગઝલ લખતા હોવા છતાં છાંદસ, અછાંદસ અને વિવિધ પ્રકારો તેમજ લઢણો પ્રયોજે છે એ પરથી લાગે છે.

'કમર' કચ્છી અને દયારામ શિ. નાકર 'મંગલ' કચ્છીમાં લખે છે અને ગઝલ પરની હથોટી દેખાડે છે, તો પ્રાણગિરિ ગોસ્વામી ગેય રચનાઓમાં ફાવટ. કવિ સંમેલનમાં મંચ પર બેઠા હોય ત્યારે એ કવિતા રજૂ કરતા પહેલાં રાજેન્દ્ર શુકલની યાદ અપાવે, એ સિવાય કચ્છના વીતી ગયેલા સમયનો રવિ પેથાણી 'તિમિર'નો કાવ્યસંગ્રહ છે 'અપાકે'. તળપદા ભાવો અને તળપદી બાનીથી એમની રચનાઓ આસ્વાદ્ય બની છે. રમેશ કા. ભટ્ટ 'રશ્મિ'એ 'સીરાણ' અને જયંતી ગોર 'જખ્મી'એ 'ઉંઘાણ' નામના ગઝલસંગ્રહો આપ્યા છે.

'ઝંખના' એ કનુભાઇ ગોર 'દિવ્યસોલા'નો અને 'તમે ટહુકો ને અમે વાંસવન' મહેશ સોલંકી 'બેનામ'નો કાવ્યસંગ્રહ છે. સંગીત સાથેનો સંબંધ એમની રચનાઓમાં દેખાઇ આવે છે. ન દેખાય તો કનુભાઇ પોતાની સંગીતની જાણકારીથી એને પ્રગટ કરે છે. સ્વ. માણેકલાલ કંગનવાલાના ત્રણ સંગ્રહો છે. 'જય જવાન- જય કિસાન', 'અજંપાના આંસુ' અને 'ઝંખના' વૈવિધ્ય સાથે એમાં ભાવની સીધી સોંસરવી રજૂઆત હોય છે.

આ બધા કવિઓ 'શબાબ'ના સંચાલન હેઠળ કાવ્યવાચન માટે ભેગા થાય છે ત્યારે એમનો સાથે લાગો સમગ્રલક્ષી પરિચય મળી રહે છે. એમાં 'વંચિત' પણ હોય છે પરંતુ એ હોય છે શ્રોતાના આશ્વાસન માટે. એ લખે છે નૈસર્ગિક સૂઝથી પરંતુ ભાવકને જે આશા બંધાઇ હોય છે એ ટકાવી રાખે છે. ગઝલમાં વજન અને ગીતોમાં લયની સમતુલા એ બરોબર સાચવે છે. ઊર્મિ નિરૂપણમાં ઊંડાણ સાથે અવનવી છટાઓ પણ દાખવે છે.

વિશિષ્ટ પ્રાદેશિક પરિવેશનો કાવ્યમાં ઉપયોગ

વિશિષ્ટ પ્રાદેશિક પરિવેશનો ઉપયોગ ધીરેન્દ્ર મહેતાએ પોતાના કાવ્યોમાં કરેલો છે. એમના દરિયાઇ ગીતો, રણના કલ્પનો લઇને લખાયેલી ગઝલો અને કેટલાક અછાંદસ આના નિદર્શનો છે. એમણે ભુજ શહેરના વિલક્ષણ ચિત્રો ઉપસાવતી રચનાઓ પણ કરેલી છે. 'પવનના વેશમાં' નામના એમના કાવ્યસંગ્રહમાં આ રચનાઓ સુલભ છે. ઉપરાંત 'ભૂસકાની ઉજાણી' નામનો એમનો બાળકાવ્યસંગ્રહ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલો છે. એમાંની રચનાઓની કેસેટ પણ તૈયાર થયેલી છે.

એક સમયે ચંદ્રકાંત શિવશંકર, હિંમત જોશી, ચૈતન્ય વૈદ્ય અને જગદીશ ઓઝાએ ઘણી આશા જગવી હતી. હવે રમણીક સોમેશ્વર અનેક શક્યતાઓ ધરાવતા અત્યંત આશાસ્પદ કવિ છે. ગુજરાતમાં એ સમર્થ રીતે કચ્છનું પ્રતિનિધિત્વ કરે છે. એમનો કાવ્યસંગ્રહ 'તમે ઉકેલો ભેદ' ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત થઇ રહ્યો છે. ગીત અને ગઝલ એમની કવિતામાં સ્પર્ધા કરી રહ્યા હોય એમ લાગે ત્યારે એ અછાંદસમાં પણ પોતાની આવડત દેખાડે છે. છાંદસ વિશે પણ એમને સમજ છે. એમના ચહેરા પર જે મુંઝારો દેખાતો હોય છે એ એમની કવિતાના ચહેરા પર પણ જોવા મળશે, છતાં 'ઝાડ નદીમાં ન્હાય' જેવા ગીતમાં બને છે, તેમ માનવીય ભાવો અને પ્રાકૃતિક પ્રતિકોની એ હૃદ્ય ગૂંથણી પણ કરે છે.

મનીષા જોશી અછાંદસ અને ગદ્યકાવ્ય લખે છે. મનોગત સંકુલતાને વિવિધ સંકેતો અને પુરાકલ્પનોરૂપે રજૂ કરતી અને પાશ્ચાત્ય કવિતાનો પોતાનો અભ્યાસ કામે લગાડે છે. એમાં નારી મનની ઊર્મિઓના અકળ-અતાગ સ્તર પણ ઉકલે છે. મનીષાની કવિતા પણ કચ્છ પૂરતી સીમિત નથી. સુધા ઝવેરી અને મહેતા, સરલા દવે, સ્વ. સંગીતા રાવલ, રોહિણી કોટક, માલતી ઠક્કર, કૈલાસ અંતાણી,ભાવના ભટ્ટ આદિ કવયિત્રીઓની નોંધ પણ લેવી જોઇએ.

'પાંદડી' અને 'વૃક્ષ ટહુકે મૌનમાં' કચ્છના લગભગ બધા કવિઓની ગુજરાતી રચનાઓના પ્રતિનિધિ સંગ્રહો છે એટલી કવિઓની દીર્ઘ સૂચિ કરવાને બદલે એ નિર્દેશથી સંતોષ માનીએ. કચ્છની બહાર રહીને કચ્છીમાં લખતા અને બહારની દુનિયાનો અનુભવ તથા ભીતરની લાગણી વ્યક્ત કરતા કવિઓ છે ગુલાબ દેઢીયા (કાવ્યસંગ્રહ- અણોસાર), ડૉ. વિશનજી નાગડા (કાવ્યસંગ્રહ- સોજાંખો), મણીલાલ ગાલા (સંજીરેમેં ઘબલ પીરા), અમૃત ગંગર વતનની ભાષા અને નગરજીવનના અનુભવો- સંવેદનોનો કોઇ અજબ સંબંધ તેમની કવિતામાં જોઇ શકાય છે. એ સ્પર્શે છે તેમ કૌતુક પણ જગવે છે. વતનની સ્મૃતિની છાલક પણ વાગે છે, એનો ખટકો પણ કયારેક જાગે છે. મુંબઇમાં રહેતા અને ગુજરાતીમાં લખતા કવિઓ કિશોર શાહ (કાવ્યસંગ્રહ- એશટ્રેમાં આથમતો સૂરજ) અને 'મેઘબિંદુ (કાવ્યસંગ્રહ- દરિયો) કચ્છના હોવા છતાં એમની કવિતામાં આ સંદર્ભમાં જોવા નહિ મળે. એ નિર્દેશ ઘણો સૂચક છે અને આ અભ્યાસના આરંભે છેડેલા મુદ્દાને સ્પષ્ટ કરી આપે છે.

ગદ્ય સાહિત્યની પરંપરા મળતી નથી

કચ્છીમાં પદ્યની પરંપરા મળે છે એ રીતે ગદ્યના પરંપરા મળતી નથી. કચ્છી વરસો સુધી બોલાતી ભાષા રહી છે. એ સંજોગોમાં ગદ્યનું અવતરણ શક્ય ન હોય એ સ્વાભાવિક છે. માવજી સાવલાએ નોંધ્યું છે.

"As early as in 1834, a chaplain (Rev. James Gray) at Bhuj, translated the gospel of Mathews in Kutchi and the same was Published by Bible Society of Bombay.

ઉપરાંત લોકકથારૂપ 'ગદ્ય' સાંભળવા મળતુ ખરૂં, પરંતુ ગદ્યલેખનની શરૂઆત, પ્રતાપરાય ત્રિવેદીના મત મુજબ, સૌ પ્રથમ દુલેરાય કારાણી રચિત 'પા પા પગલી'માં, પુરૂષોત્તમભાઇ કૃત 'સેકર મુલકજી મોજ'માં અને લાલજી નાનજીના 'કચ્છજો કુરૂક્ષેત્ર ઝારો'માં પત્ર લેખનરૂપે થયેલી છે. શંભુદાનજી ગઢવીના મત મુજબ દુલેરાય કારાણી લિખિત 'જાડેજા ખેંગાર' (દ્વિઅંકી નાટક) કચ્છી ગદ્યનું પહેલું પુસ્તક છે. એમ કહી શકાય કે ગદ્યમાં સળંગ દીર્ઘ રચના 'જાડેજા ખેંગાર' છે અને એ રીતે ગદ્ય સૌ પ્રથમ નાટકમાં, એટલે કે વાચિક સ્વરૂપે મળે છે એ પણ સૂચક બાબત છે. એનું ગદ્ય પદ્યના પાસવાળું છે; સંવાદોમાં કવિત, ગીત, સંગર, બેત પણ યોજાયેલાં છે. કારાણીએ 'જગડૂ દાતાર', 'જામ અબડો' અને 'ઝારે જો જુદ્ધ' નામનાં બીજાં નાટકો પણ આપ્યાં છે. એ બધાં જૂની રંગભૂમિની પદ્ધતિએ લખાયેલાં છે. પ્રેક્ષકોને લક્ષમાં રાખીને લેખક વચ્ચે હાસ્યનું તત્ત્વ પણ લાવે છે છતાં એની તખ્તાલાયકી વિચારણીય છે.

એમ તો છેક ૧૮૮૯માં એટલે કે બરોબર એક શતાબ્દી પૂર્વે ત્રિકમજી હરિરામ રાસ્તેએ 'વિધવા દુ:ખદર્શક' નામનું નાટક લખેલું. આ જ પ્રશ્નને વિષય કરીને ખીમજી માંડણ ભુજપુરીઆએ પણ અર્ધશતાબ્દી પૂર્વે નાટક લખેલું છે. અર્ધશતાબ્દી પૂર્વે કચ્છમાં જૂની રંગભૂમિની પ્રવૃત્તિ અંગે કવિ અબ્દે હેવાલ આપેલો છે. લીલાધર માણેક ગડાએ પણ નાટકો અને એકાંકી-ઓમાં સામાજિક પ્રશ્નોનું નિરૂપણ કરીને ઉહાપોહ જગાવેલો છે. એમનું 'જખુડે કે જેકપોટ લગો,' નામનું એકાંકી મુંબઇમાં ભજવાયું ત્યારે 'રૂઢિચૂસ્ત દંભી કચ્છી મહાજનશાહીને ધરતીકંપના આંચકા લાગેલા' 'લખુડી લડે વઇ' અને 'ઓ કોંભાર' પણ એમનાં અંધશ્રદ્ધા સામે જેહાદ જગાવતા નાટકો છે. કવિ અબ્દે પણ નાટકો લખેલાં છે. મકબૂલ કચ્છી પાસેથી પણ 'કક્કલ કસોટી' નામનું નાટક મળેલું છે.



સાગર સાહિત્યનો 'સુકાની'

'પાંજે કુરો ?', 'કાન્તિજી જ્યોત' પણ રંગભૂમિ પર સફળ નીવડેલા' કચ્છી નાટકો છે.

'તેજ' તરફથી 'જગડૂ દાતાર' દ્વિઅંકી નાટક 'રઇરઇને ફીટાયા' જેવું પ્રહસન અને 'ઝેરજો કટોરો' જેવો સંવાદ મળેલો છે. પંડિત મૂળશંકર રત્નેશ્વરે પણ નાટકો તથા સંવાદસ્વરૂપની કૃતિઓ લખેલી છે.

ગદ્યના વિકાસમાં ચંદુભા જાડેજા સદા યાદ રહેશે

ગદ્યના કથનાત્મક સ્વરૂપને લક્ષમાં રાખીને પ્રભાશંકર ફડકે લખે છે : 'ગદ્યના વિકાસમાં એક નામ સદા યાદ રહેશે તે શ્રી ચંદુભા જાડેજાનું. કચ્છી ગદ્યનું નામ નિશાન નહોતું ત્યારથી તેમણે બાબાણી બોલીમાં હરિકથાઓ દ્વારા કચ્છીમાં એકલે હાથે ભટ્ટ પ્રેમાનંદની પરંપરા આરંભી હતી.'


હરિકથાનું ગદ્ય અને સર્જનાત્મક ગદ્યને એક ગણવાની ભૂલ કર્યા વિના એમ કહી શકાય કે કથાતત્ત્વને આ રીતે ગદ્યમાં અવતારવાની શરૂઆત થઇ હતી. ચંદુભાએ 'આંટીજો ઉકેલ' નામની ઇતિહાસકથા પણ લખેલી છે.

દુલેરાય કારાણીએ પણ પરંપરિત લઢણની વાર્તાઓ લખી છે, જેમાં મનોરંજન અને બોધના તત્ત્વનું મિશ્રણ હોય છે. 'કચ્છી બાલ આખાણી' નામે લોકસાહિત્યમાં પ્રચલિત એવી બાલવાર્તાઓનું પુસ્તક પણ એમણે પ્રગટ કર્યું છે. એમના સમકાલીન મકબૂલ અને હમીરાણીએ પણ વાર્તાઓ લખેલી છે.

'તેજ જો અવાજ'માં પદ્ય સાથે ગદ્ય પણ પીરસવામાં આવેલું છે, તેમાં પણ વાર્તા, પ્રસંગ, ટુચકા, એવા જુદા જુદા પ્રકારની લઘુકૃતિઓ છે. એમાં જ્યાં ગુજરાતી ભાષા પ્રયોજવામાં આવી છે ત્યાં પણ કચ્છી છાંટ ભરપૂર છે.

પરંતુ બે સ્વતંત્ર વાર્તાસંગ્રહો 'ધિલજ્યું ગાલિયું' અને 'વતનજ્યું ગાલિયું' નારાયણ જોષી 'કારાયલ' તથા 'ખારી ખારી ખન' ધનજી ભાનુશાલી દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે. 'કારાયલ'ની વાર્તાઓનું વસ્તુ સામાજિક બદીઓ અને સુધારાને લગતું હોય છે અને ભાષા કહેવતો-રૂઢિપ્રયોગો સાથેની બોલચાલની શબ્દસૂઝ ધરાવતી તાદૃશ પ્રકૃતિ વર્ણન પણ એમની વિશેષતા છે. એમાં એ ઉચિત અલંકારનો વિનિયોગ પણ કરે છે. એવી જ રીતે તેઓ ભાવ ચિત્રો પણ આલેખી શકે છે અને પરિવેશનો ચિતાર પણ આપી શકે છે. કોઇ કોઇ વાર્તામાં મનોગતનું નિરૂપણ પણ જોવા મળે છે.

'ખારી ખારી ખન'માં સમકાલીન પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડતી તેમજ કચ્છનું ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતી કૃતિઓ છે. લેખકનું વાસ્તવિક જગતનું અનુભવ ભાથું પણ એમાં કામ લાગ્યું છે. સ્વાભિમાન, માનવતા, ખાનદાની અને ખમીર જેવા ભાવો આ વાર્તાઓમાં ચોટદાર રીતે રજૂ થયા છે. ભાષાને જીવંત રીતે પ્રયોજવાની તજવીજ અહીં થયેલી છે. ભાષાકીય લઢણ ઉપર અનેક જગ્યાએ ગુજરાતીનો પ્રભાવ જોવા મળે છે. ટૂંકી વાર્તાના વિકસિત સ્વરૂપનાં નિદર્શનો આમાની અનેક કૃતિઓ પૂરાં પાડે છે, 'ઢોરવાડો' એમનો બીજો વાર્તાસંગ્રહ છે. રમેશ ભટ્ટ 'રશ્મિ'એ પણ 'લંભજો ટાંઢો' નામનો વાર્તાસંગ્રહ આપેલો છે. મૂલશંકર રત્નેશ્વરે પણ વાર્તાના સ્વરૂપને કચ્છીમાં સારી પેઠે ખેડ્યું છે. તેમની વાર્તાઓમાં ગ્રામીણ કચ્છીના જીવનનું પ્રતિબિંબ ઝિલાયું છે.



ગુજરાતી વાર્તાને વળાંક : ડૉ. ખત્રી

વસંતકુમાર સેવક, ડૉ. ગિરીશ વીછીવોરા, આનંદકુમાર આડેની વાર્તા લેખન પ્રવૃત્તિ ચાલે છે. ઓસમાન સાટી પણ ક્યારેક વાર્તા પર હાથ અજમાવે છે.

જટુભાઇ પનિયાએ 'ધાગ' તેમજ ગૌતમ જોશીએ 'ભેંકાર ભોમકા' લખીને નવલકથાના નમૂના પણ પૂરા પાડયા છે.

ચરિત્રનો પ્રકાર પણ કચ્છીમાં યત્કિંચિત ખેડાયો છે. 'વતનજ્યું ગાલિયું' એ વાર્તાસંગ્રહમાં અંતે તમાચી, હાજી મહમ્મદ, અલારખ્યા શિવજી, વીર કબાલી, જયકૃષ્ણ ઇન્દ્રજી, જેઠીબાઇનાં ચરિત્રો આપેલા છે.

ધનજી ભાનુશાલીએ રાવલપીરનું ચરિત્રલેખન કરેલું છે, તો ચંદુભા જાડેજાએ 'સિદ્ધ મહાત્મા જાલમસંગ બાપુ'નું, અબ્દુલલતીફ એ. ખત્રી 'જિગર' એ 'સોધરાણેજો શહેનશાહ હાજીપીર વલી' લખ્યું છે. આત્મચરિત્રમાં કચ્છના અંતિમ રાજવી મદનસિંહજી લિખિત 'વતનજો વાર્તાલાપ' અને માધવ જોશી લિખિત 'આપવીતૈ' પ્રાપ્ત થાય છે.

કચ્છી ભાષા અને સાહિત્યને લગતી ચર્ચા વિચારણા મહદઅંશે ગુજરાતીમાં થતી રહી છે પરંતુ એનો અર્થ એવો નથી કે કચ્છીનો પ્રદેશ તદ્દન વિવેચનશૂન્ય છે. પ્રભાશંકર ફડકે, માધવ જોશી, જયંતી જોશી, મદનકુમાર અંજારિયા આદિ અભ્યાસીઓ પ્રસંગોપાત, ખાસ કરીને પ્રસ્તાવનારૂપે, અવલોકનરૂપે કે ચર્ચારૂપે આ પ્રવૃત્તિ કરી રહ્યા છે અને કચ્છીમાં એની શકયતાનો ખ્યાલ આપી રહ્યા છે. 'આરીસો' મદનકુમારનો 'કચ્છી સાહિત્ય વિવેચન' ગ્રંથ છે.

ગુજરાતી ટૂંકી વાર્તાને ડૉ. ખત્રીએ વળાંક આપ્યો છે

ગુજરાતી ભાષામાં ગદ્યલેખન કરનારા કચ્છના લેખકોનું સૌથી નોંધપાત્ર પ્રદાન ટૂંકી વાર્તા અને નવલકથા ક્ષેત્રે છે. બકુલેશે 'કાદવનાં કંકું' અને 'કંકુડી' જેવી વાર્તાઓ લખીને ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ ડૉ. જયંત ખત્રીએ ગુજરાતી ટૂંકી વાર્તાને વળાંક આપ્યો, એટલું જ નહિ, તેની ગતિમાં તેઓ નવી ને નવી સ્ફૂર્તિ ઉમેરતા રહ્યા. આ જ કારણે આજના લેખકોને તેઓ પોતાના પૂર્વજ નહિ પરંતુ સમકાલીન લાગે છે. 'ફોરાં' 'વહેતાં ઝરણા' અને 'ખરા બપોર' નામના સંગ્રહોમાં એમની જીવનલક્ષી દ્રષ્ટિ અને કલાત્મક અભિગમ ધરાવતી વાર્તાઓ છે. એમાંની 'હું, ગંગી અને બધાં', 'ધાડ', 'માટીનો ઘડો', 'ખરા બપોર' જેવી વાર્તાઓમાં કચ્છ, એની ભૌગોલિક વિશિષ્ટતાઓ સાથે, જીવંત અનુભવાય છે. મારી દ્રષ્ટિએ ડૉ. ખત્રી આ વાર્તાઓને લઇને 'કચ્છના લેખક' છે.

ડૉ. મનુભાઇ પાંધીના વાર્તાસંગ્રહ 'ફીણોટા', વનુ પાંધીના સંગ્રહો 'છીપલાં' અને 'આવળબાવળ', ગૌતમ શર્માના સંગ્રહ 'રેતનાં ફૂલ', ઉમિયાશંકર અજાણીના સંગ્રહ 'ધરતીના વખ', પ્રીતમલાલ કવિના સંગ્રહ 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' વિનેશ અને રાજેશ અંતાણીના સંગ્રહ 'હોલારવ' અને 'પડાવ'માં ઉપરાંત આ લેખકોની અગ્રંથસ્થ વાર્તાઓ એવી કૃતિઓ છે જે આ લેખકોની આ પ્રદેશ સાથેની નિસ્બતની સૂચક છે. જટુભાઇ પનિયા અને નારાણ ખારવાની પાસેથી પણ એવી કૃતિઓ મળેલી છે. ધીરેન્દ્ર મહેતાએ આ પ્રકારની વાર્તાઓનો સંચય 'રણની આંખમાં દરિયો' સંપાદિત કરેલો છે. જો આપણે પ્રાદેશિક વ્યકિતત્ત્વ સંદર્ભનો આગ્રહ જતો કરીશું તો આ લેખકોની યાદી સુદીર્ઘ થશે. મૂળરાજ રૂપારેલે 'ખારી ભૌમકાઃ મીઠો ફાલ' અને 'ખારાં પાણી, મીઠી કૂંપળ' નામ બે સંપાદનો કરેલાં છે. હિંદી સામયિક 'સારિકા' એ કચ્છના લેખકોની વાર્તાઓના હિંદી અનુવાદોના બે વિશેષાંકો કરેલા એને પણ આ લેખકોની ગુણવત્તાનું સમર્થન કરતી બિના કહી શકાય.

આમાં અશોક હર્ષ, અનિલ કોઠારી, રસિકલાલ જોશી, પ્રાગજી ડોસા, જેવા એક કાળના સર્જનશીલ લેખકો છે, તો 'અનુરાગ' અને 'ધીમે પ્રિયઃ' જેવા સંગ્રહોમાં યાદગાર વાર્તાઓ આપનાર નાનાલાલ જોશીનું લેખન હવે સ્થગિત થઇ ગયું છે. હીરાલાલ ફોફલિયાનો સંગ્રહ 'રાતે વાત' પ્રગટ થયો છે, એ પછી એમની લેખનગતિ પણ મંદ પડી ગઇ છે. શંકર ન. ઠક્કર, એલ. ટી. મહેશ્વરી, એ. એફ. શેઠ, ભાનુ માંકડ, ઇન્દ્રવદન છાયા અને નૌતમ ગોર દ્વારા પણ કેટલીક એવી વાર્તાઓ મળી હતી જેણે અપેક્ષા ઊભી કરી હતી. રસિક મહેતાના વાર્તાસંગ્રહ 'ઋતુબહાર'ને ગુજરાત રાજ્યનું પહેલું ઇનામ મળેલું. મૂળરાજ રૂપારેલ તરફથી 'ચુપચાપ', 'આંસુનાં શિલ્પ' અને 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહો અને નારાયણ શનિશ્ચરા પાસેથી 'બેઅવાજ હોઠ' અને 'મનનાં સ્પંદન' સંગ્રહો મળ્યા પછી પણ એમનું વાર્તાલેખન જારી છે. ભગવાન ખત્રી, આનંદ ચંદે, બિપિન ધોળકિયા, નયન ભટ્ટ, જયંત સચદે, નિરંજન અંતાણી, નેમ મોતા, જગન્નાથ જોશી...લેખિકા તરીકે તરલા ભાટિયા, વિરાજ મહેતા (વાર્તાસંગ્રહ 'પરિતોષ') યશોદા પલણ, અને નલિની ગાલા, એ નામો પણ નોંધપાત્ર છે. જેમની જન્મભૂમિ કચ્છ રહી છે એવાં ગુજરાતી સાહિત્યક્ષેત્રે ઝળહળતાં નામો સુકાની, સરોજ પાઠક, હરીન્દ્ર દવે પણ આ ક્ષણે ચિત્રમાં ઝબકી જાય, પરંતુ અહીં જરા થોભવામાં ઔચિત્ય છે. મૂળરાજ રૂપારેલના આ શબ્દો સૂચક છે !

'દૂર દરિયાપારના દેશમાંથી કચ્છના રણમાં આવતાં સુરખાબ પક્ષી માળા બાંધી સુરખાબનગર ઊભું કરે છે, ઇંડા મૂકે છે, ઉછેરે છે, ને પછી પાછાં ચાલ્યાં જાય છે. કચ્છીઓ આ હંજ પંખીઓને પરદેશી કહે છે. વાસ્તવમાં જન્મે એ કચ્છી પક્ષીઓ કદાચ પરદેશમાં કચ્છનાં પંખી તરીકે ઓળખાતાં હશે. ...કચ્છી વાર્તાકારો, જેઓ મહાનગરમાં કચ્છી તરીકે ઓળખાય, પણ કચ્છ જાય તો ત્યાં એમનું કોઇ અનુસંધાન ન હોય.'

નવલકથા ક્ષેત્રે એક જમાનામાં ઠક્કુર નારાયણનો ડંકો વાગતો

નવલકથા ક્ષેત્રે એક કાળે ડંકો વગાડનાર ઠક્કુર નારાયણ વિસનજીએ સંખ્યાબંધ ઐતિહાસિક નવલકથાઓ લખેલી છે. એમાં 'કચ્છનો કાર્તિકેય', 'ઘોઘો અને ચનેસર' અને 'પુંઅરો અને રાજૈ' કચ્છના ઇતિહાસને લગતી છે. ઠાકરસી પુ. કંસારાએ ઐતિહાસિક કથાલેખન કરેલું છે. દુલેરાય કારાણીએ 'જામ ચનેસર, 'જામ રાવજી', 'જામ લક્ષરાજ', 'જામ અબડો અડભંગ' જેવી કથાઓ લખેલી છે.

ડૉ. ખત્રીએ 'ચમારચાલ' નામની એક અધૂરી રહેલી નવલકથા લખેલી છે, અને ડૉ. પાંધીએ 'દક્ષા' નામની, પરંતુ વનુ પાંધીએ વિશેષ ભાવે નવલકથા -લેખન કરેલું છે. 'સઢ અને સુકાન' જેવી દીર્ઘ સાગરકથા અને 'નેશનલ હાઇવે', 'ખીણ', 'ફાંસલો', 'સરહદ' નામની નવલકથાઓ ઉપરાંત 'લવનેસ્ટ' નામની એક હાસ્યકથા પણ આપેલી છે.



સમર્થ સર્જક : વનુ પાંધી

ગૌતમ શર્મા અને રસિક મહેતા, બન્નેનું નવલકથા સાહિત્ય વિપુલ છે. શર્માએ 'કોક જ સમણાં ફળે' અને 'અંતર જાગી આરઝુ' આદિ સામાજિક કથાઓ 'પચ્છમનો પાદશાહ' નામની કચ્છના ઇતિહાસને લગતી એક નવલકથા અને રામાયણ- મહાભારત શ્રેણીની કથાઓ આપેલી છે, પરંતુ એમનું મુખ્ય પ્રદાન રહસ્યકથા ક્ષેત્રે છે. એમની નવલકથાઓની નવી આવૃત્તિઓ નવા રૂપરંગ સાથે નવાં શીર્ષકો પણ ધારણ કરે છે. મહેતાએ અઢળક નવલકથાઓ લખેલી છે, એમાં કચ્છના ઇતિહાસને લગતી પણ છે. રસિકલાલ જોશીએ પણ 'રશ્મિ', 'અધિકારીજી' જેવી પ્રસિદ્ધિને વરેલી સામાજિક કથાઓની સાથે સાથે કચ્છ સાથે સંબંધિત 'અગનકિનારા' જેવી ઐતિહાસિક નવલકથાઓ પણ લખેલી છે, પરંતુ આ ક્ષેત્રે ગંભીરતાથી થયેલું કામ પ્રીતમલાલ કવિની કંથકોટ ગ્રંથાવલિની છ નવલકથાઓ છે. તેમાં એમણે અભ્યાસ દ્રષ્ટિથી ઐતિહાસિક તથ્યો અને સંભાવનાઓનો વિચાર કરીને ઐતિહાસિક નવલકથાનું સ્વરૂપ જાળવવાનો પ્રશસ્ય પ્રયાસ કરેલો છે. આ ઉપરાંત એમણે ડઝનેક સામાજિક નવલકથાઓ પણ લખેલી છે.

મૂળરાજ રૂપારેલ અને ઉમિયાશંકર અજાણીએ કચ્છની લોકકથાઓમાંથી વસ્તુ લઇને લખાયેલી કૃતિઓ આપી છે તેમજ સામાજિક કથાક્ષેત્રે પણ કલમ ચલાવેલી છે.

સુકાનીએ 'હકડીવારી આઇ' દરિયાઇ વાર્તા લખેલી તેમ 'ધૂડકિયો બાણ' અને 'દેવો ધાંધલ' દીર્ઘ સાગરકથા પણ આપેલી છે. અલ્પધન આ કથા પ્રકારમાં નારાણ

દામજી ખારવાએ 'અનામત' નામની કૃતિથી યથાશક્તિ ઉમેરો કર્યો છે.

જયંત સચદેએ 'પ્રણયયાત્રા' નામની એક નવલકથા લખી હતી. નિરંજન અંતાણીએ આ જ વિષય લઇને ડઝનેક નાની મોટી કૃતિઓ લખેલી છે. જદુભાઇ પનિયાએ પણ આ ક્ષેત્રે કલમ ચલાવી છે. 'આકૃતિ', 'પ્રીત, સ્મિત ને સપનું' અને 'ઢોળ્યાં અમૃત જાણી જાણી' એ. એફ. શેઠની નવલકથાઓ છે. બિપિન ધોળકિયા, રજનીકાન્ત સોની, યશોદા પલણે ધારાવાહીરૂપે નવલકથા લેખન કરેલું છે.

વિનેશ અંતાણીએ 'પ્રિયજન' નવલકથાથી ગુજરાતી સાહિત્યમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. એમનું નવલકથા લેખન એકધારું છે અને એમને મળતો આદર પણ. પરંતુ એમની નવલકથા 'કાફલો'નો પરિવેશ કાલ્પનિક હોવા છતાં કચ્છ સાથે એના લેખકનો નાતો સૂચવનારો છે એમ કહેવું અયથાર્થ નથી. એમાં એમણે પ્રતીકોની મદદથી મનુષ્યની નિયતિની કથા આલેખી છે. રાજેશ અંતાણીની 'સંબંધની રેતી'માં એમનું ભાવિ ચળકતું ભાસે છે, 'અલગ'માં એ અલગ પડતા જણાય છે.

ધીરેન્દ્ર મહેતાએ 'મીં અચેતો' જેવી એકાદ વાર્તામાં કચ્છની પરિસ્થિતિનો સંદર્ભ વણી લીધો છે. એમની નવલકથાઓમાં કચ્છનો સ્થળસંદર્ભ નામ લીધા વિના પણ ઓળખાય એવો છે, આમ છતાં, એમના વાર્તાસંગ્રહ 'સમ્મુખ' અને ગુજરાતી નવલકથા સાહિત્યમા સીમાં ચિહ્નરૂપે ગણાયેલી છે એ 'ચિહ્ન', 'દિશાન્તર', 'આપણે લોકો' કે 'કાવેરી' જેવી નવલકથાઓને આગળ કરીને કચ્છની ધરતીને કેટલું ગૌરવ અપાવી શકાશે : પ્રદેશવિશેષની સાથે લેખકની સીધી નિસ્બતનો પ્રશ્ન ટાળી શકાય એવો નથી.

કનુ મહેતા, હરેશ ધોળકિયા અને માવજી સાવલાએ હિંદી અને અંગ્રેજી કથાઓના ગુજરાતી અનુવાદો આપ્યા છે.

ઠક્કુર વિસનજી ચતુર્ભુજે 'અમરતલાલ ચરિત્ર' નામનો ચરિત્રાત્મક નિબંધ લખ્યાનું નોંધાયું છે. કવિ અબ્દ પાસેથી 'ભક્તિમતિ પ્રેમબાઇ' જેવા ચરિત્રાત્મક નિબંધો મળેલા છે. દુલેરાય કારાણી અને મોહનદાસ કાપડીએ મેકણદાદાનાં ચરિત્રો લખેલાં છે. કારાણીનું 'સંસ્મરણો' કલ્યાણચન્દ્ર મ. સા. ના પુસ્તક પણ આ પ્રકારનું કહેવાય. મધુસૂદન ભટ્ટ લિખિત 'માડુ સવા લખ'માં હૃદયંગમ રેખાચિત્રો છે. મૂળરાજ અંજારિયાએ લખેલા હળવા નિબંધો લોકપ્રિય નીવડયા છે. વર્તમાન સમયમાં હરેશ ધોળકિયાનું નિબંધ લેખન નિયમિત ચાલે છે. તેઓ હળવા અને ગંભીર, બન્ને પ્રકારના નિબંધો લખે છે. 'મૌનની અટારી' એમના વિચારપ્રધાન નિબંધોનો સંગ્રહ છે અને 'તઘલખનો પુનર્જન્મ' તથા 'દેખ કબીરા રોયા' હાસ્ય નિબંધોનો. પ્રીતમલાલ કવિ રચિત 'જીવનસુવાસ'માં ચિંતનાત્મક લેખો છે. માવજી સાવલાકૃત 'યાત્રિક'ની 'આંતરકથા'માં સળંગ નિબંધાત્મક નિરૂપણ છે. ડો. ભાવના મહેતાએ ડો. ગોવર્ધન શર્માના સહયોગમાં પ્રગટ કરેલ પુસ્તક 'કચ્છ : લોક અને સંસ્કૃતિ'માં કેટલાક સુંદર લલિત નિબંધો છે અને 'કચ્છના જ્યોતિર્ધરો'માં ચરિત્ર નિબંધો મનુભાઇ વૈદ્ય કૃત 'આપણા મામા' (અમૃતપ્રસાદ અંતાણી) અને જિતેન્દ્ર અંતાણી કૃત 'ભેખધારી પત્રકાર (ફૂલશંકર પટ્ટણી)' ચરિત્રાલેખનની પુસ્તિકાઓ છે. પ્રેમજીભાઇ ઠક્કર વિશે પણ સ્મૃતિગ્રંથ થયેલો છે. વિજયલક્ષ્મી કોટકના કચ્છની કલા સંસ્કૃતિને લગતા કેટલાક લેખો લલિત નિબંધની નજીક જાય છે. 'પોતપોતાનો વરસાદ'માં વિનેશ અંતાણીના નિબંધો અંગત નિબંધનાં કેટલાંક હૃદ્ય દ્રષ્ટાંતો પૂરાં પાડે છે અને રમણીક સોમેશ્વરનાં લઘુ લલિત નિબંધો એમનાં વિશે અપેક્ષા જગવે છે. 'શ્રૃતિ અને સ્મૃતિ' તથા 'સમયને સથવારે' દ્વારા ઇતિહાસના અભ્યાસી તરીકે પોતાનો પરિચય આપનાર કુંદનલાલ ધોળકિયાએ વિચારપ્રધાન નિબંધ લેખનથી પણ ધ્યાન ખેંચ્યું છે. રોહિણી પૃથ્વીરાજ સંપાદિત 'જો સુખ પાયો'માં પ્રેરક અનુભવો છે.



એક ધારું લેખન : વિનેશ અંતાણી

દુલેરાય કારાણીએ 'કચ્છના સંતો અને કવિઓ' નામે બે ભાગમાં તૈયાર કરેલો ગ્રંથ સંપાદન દ્રષ્ટિએ અમુક અંશે ચિંત્ય છતાં સંશોધનદ્રષ્ટિએ મૂલ્યવાન છે. પછીથી 'કચ્છના સંતો' અને 'કચ્છના ભક્તિમાન કવિઓ', 'જાડેજા દેવાજીની દેવવાણી' એવા આ પ્રકારના લઘુગ્રંથો પણ એમણે બહાર પાડયા છે. સદ્દગત દિનમણિરાય વોરાએ કચ્છના સાહિત્યકારો વિશે મહાનિબંધ લખેલો તે હજુ અપ્રગટ છે. ડો. ગોવર્ધન શર્મા અને ડો. ભાવના મહેતાએ 'ગ્રંથમાળ' : 'કચ્છ અભ્યાસ સંદર્ભ'ની રચના કરેલી છે. ધીરેન્દ્ર મહેતાનો શોધનિબંધ 'નંદશંકરથી ઉમાશંકર' પ્રગટ થયેલો છે. 'ડૉ. જયંત ખત્રી' એમનો વિવેચનગ્રંથ છે. પ્રથમ પુસ્તક એક નવા જ અભિગમથી લખાયેલું છે અને બીજું આપણા એક મહત્ત્વના સર્જકનું પ્રથમવાર સમગ્રતયા મૂલ્યાંકન કરે છે. આ લેખકના સાહિત્ય વિવેચનલેખો સતત પ્રગટ થતા રહે છે. ડો. દર્શના ધોળકિયાએ 'નરસિંહ ચરિત્રવિમર્શ'માં નવીન સ્થાપનાઓ કર્યા પછી 'નરસિંહ મહેતા'માં અધ્યયન આગળ વધાર્યું છે.



તેજીલો સર્જક : કવિ 'તેજ'

કેશવલાલ મહેતા, હીરાલાલ ધોળકિયા, પ્રીતમલાલ કવિ, પ્રભાશંકર ફડકે, ભરત છાયા, રમણીક સોમેશ્વર, હરેશ ધોળકિયા જેવા અભ્યાસીઓ અવારનવાર કચ્છી સાહિત્યને લગતા તેમજ અન્ય સાહિત્યવિષયક લેખો લખે છે.

નાટયક્ષેત્રે પ્રાગજી ડોસા તો વિખ્યાત નામ છે પરંતુ એ સિવાય બે-ત્રણ નામો જ મળે છે. ઇ. સ. ૧૯૦૭થી '૧૨ દરમિયાન લાલજી નાનજી કવિએ બોંતેર જેટલાં નાટક લખ્યાં હોવાનું નોંધાયું છે. એલ. જે. જોશીએ કચ્છના ઇતિહાસ અને લોકકથા પર આધારિત એકાંકીનો સંગ્રહ 'કચ્છડા, તારા સંત, ભક્ત એ ઢોલી' આપેલો છે. તેમાં એમની સર્ગશીલતા ધ્યાન ખેંચે છે તો એમના 'તું કોણ છે ? જે તું નથી.' સંગ્રહમાં તેમની પ્રયોગશીલતા.

વિનેશ અંતાણીએ પ્રયોગશીલ એકાંકીઓ લખીને સફળતાપૂર્વક ભજવ્યાં પણ છે. બિપિન ધોળકિયાએ 'પરિવર્તન' નામનું ત્રિઅંકી નાટક લખેલું છે, તેને પણ રંગભૂમિ પર સફળતા મળી હતી.

રજનીકાન્ત ઓઝાના રેડિયો નાટકોનો સંગ્રહ 'પ્રતિકૃતિ' બહાર પડેલો છે. રેડિયો નાટકને ક્ષેત્રે વિનેશ અંતાણી, રાજેશ અંતાણી, વિનોદ શુકલ, બિપિન ધોળકિયા, નિરંજન અંતાણી, પ્રબોધ માંકડ, વગેરેએ નોંધપાત્ર કાર્ય કરેલું છે. એમણે કચ્છી ભાષામાં અને કચ્છને લગતાં નાટકો તેમજ રૂપકો આપેલાં છે.

સાહિત્યપ્રવૃત્તિ-પોષક સંસ્થાઓ

સાહિત્યપ્રવૃત્તિને પોષક સંસ્થાઓની નોંધ પણ લેવી ઘટે. એનો વ્યવસ્થિત ઇતિહાસ આલેખાય તો તેની પરંપરાથી પરિચિત થવાય. જે કંઇ વિગતો ઉપલબ્ધ થઇ શકી છે તે પ્રમાણે છેક ઇ. સ. ૧૯૧૦માં નખત્રાણા ગામમાં 'સાર્વજનિક શ્રેયવર્ધક મંડળ' નામની સંસ્થા ચાલતી. તેણે કેટલીક પ્રકાશન પ્રવૃત્તિ પણ કરેલી.

અનેક નાની મોટી સંસ્થાઓએ આ પ્રદેશના સંસ્કાર વાતાવરણને ધબકતું રાખ્યું છે. : કલમ મંડળ, કચ્છ કલા કેન્દ્ર, મૈત્રી, મલય, આરાધના, સાન્નિધ્ય, તરુણ મિત્ર મંડળ, રંગ, ઉપવન, નવદીપ, ફોરમ, સાહિત્ય સંશોધન મંડળ, ગુલમહોર, સત્યમ મિત્ર મંડળ, કચ્છી ભાષા વિકાસ સભા, સાહિત્યસભા (નાની ખાખર), યુવા ઉત્કર્ષ સંઘ (અંજાર), નવોદિત લેખક સંઘ (ગાંધીધામ), તરંગ (આદિપુર), સંસ્મૃતિ (માંડવી), કલરવ (માંડવી), સાહિત્યસંકુલ (મુન્દ્રા), (જૂની) કચ્છી સાહિત્યસભા (પ્રમુખ : મોરારજી મથુરાદાસ કામદાર), (નવી) કચ્છી સાહિત્ય સભા (પ્રમુખ : જેઠમલ મડૈયાર), વગેરે.

મહત્ત્વની ત્રણેક પ્રવૃત્તિનો ઉલ્લેખ પણ જરૂરી છે : કુંદનલાલ ધોળકિયા દ્વારા તેમના ભાઇની સ્મૃતિમાં કચ્છના લેખકની શ્રેષ્ઠ કૃતિને દસ વરસ સુધી દર વરસે સુવર્ણચન્દ્રક એનાયત કરવામાં આવતો એવી જ રીતે મુંબઇમાં કચ્છી નૂતન વર્ષના પ્રારંભ દિન અષાઢી બીજે 'કચ્છ શક્તિ એવોર્ડ' અપાય છે અને ડૉ. જ્યોત્સના મહેતા દ્વારા ભુજમાં તેમના પિતાની સ્મૃતિમાં દર વરસે જુદાં જુદાં ક્ષેત્રના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનનું 'છગનલાલ ભવાનીશંકર મહેતા સ્મૃતિ -વ્યાખ્યાન' યોજવામાં આવતું.

આમ, ભારતના વિશાળ સંસ્કાર-સાગરમાં તેની સીમાને શોભાવતા આ એક નાના છતાં મોટા પ્રદેશની લઘુક છતાં ધ્યાનાકર્ષક અંજલિ છે. □

■ હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ

તસવીર : રામસિંહજી રાઠોડના અપ્રગટ ગ્રંથ 'ભાષા, સાહિત્ય અને કચ્છ' ના સૌજન્યથી

કચ્છની રંગમંચ વિકાસકથા

કચ્છની વિશિષ્ટ અને પરંપરાગત કલા સંસ્કૃતિ તેને ગુજરાતના અન્ય પ્રદેશથી અલગ પાડતી ભૂરચના ને કારણે તેનો સ્વયંપ્રાપ્ત એક પોતીકો રંગ જાળવી શકી છે. તેની એક અલગ પ્રાદેશિક બોલી, લોક્જીવનશૈલી, તેનું કંઠસ્થ લોકસાહિત્ય-દંતકથાઓ વગેરે તેની અલગ ભૌગોલિક રચનાથી પ્રભાવિત થઈ એક નીજીરૂપ પામી શકી હોય અને ટકાવી શકી હોય તેવું અભ્યાસે લાગ્યા વિના રહેતું નથી. પરંપરાગત લોક્નાટ્યકલાની વાત કરીએ તો 'હોથલ પરી અને ઓઢાનો વેશ, સોનલપરી-લાખાનો વેશ, ભોરીરાણી અને ફુલનાથ જોગીનો વેશ, ગારૂડી અને સગઇ સંઘાર-મૌવરનો વેશ, ફુલેલ ફાતમા અને અલૈયા કુંભારનો વેશ, ઢોલીથરનો ઢોરો-કલા અને કલાકાર પાછળ જૌહર કરતી વૃજવાણીની એકસો વીસ આહીરાણીઓની કથા જગતભરના લોકસાહિત્યમાં કદાચ ભાગ્યેજ બીજી કોઇ નોંધાઇ હશે-નો વેશ જેવી અનેક રચનાઓ કચ્છમાં પ્રાચીન સમયથી લોકરાંધ રૂપે રજૂ થતી રહી છે. કચ્છના ગામડાંઓમાં નવરાત્રિ દરમિયાન આવી રીતની 'રાંધ' કે વેશ ભજવવાનો ચાલ પરાપૂર્વથી ચાલ્યો આવે છે. ધાર્મિક ભાવે રજૂ થતી રામ રાંધમાં કચ્છનું આવગું લોક્નાટ્ય સ્વરૂપ પ્રતિબિંબિત થતું અનુભવાય છે. આ પ્રાચીન તળબદી લોકરાંધમાં કચ્છી લોક નાટય કલાનાં મૂળ રહેલાં હોવાથી વાત શ્રી રામસિંહજી રાઠોડ નોંધે છે.

૧૮૧૯માં ભવાઇના વેશોના રૂપે પગરણ

કચ્છમાં રંગ કલા પ્રવૃતિને રાજ્યાશ્રય મળ્યો અને તેની વ્યવસ્થિત જાહેર રજૂઆત સન અઢારસો પિસ્તાલીશની આસપાસ રા'દેશળજી (સન ૧૮૧૯-'૬૧)ના સમયમાં ભવાઇના વેશો દ્વારા થઇ. તેમણે રત્ના હમીરરો વેશ તૈયાર કરાવી ભજવાવ્યો.

કવિ કેશવ રા'દેશળના દરબારમાં માનભર્યું સ્થાન ધરાવતા. તેઓ કવિ તો હતાજ ઉપરાંત કચ્છીરાંધ-ભવાઇના વેશો પણ ભજવતા. તેમણે ભજવેલા 'જીંદા'નો વેશ લોકોમાં વાહવાહ મેળવી ગએલો.

ગુજરાતનું લોક્નાટ્ય સ્વરૂપ ભવાઇ આજથી સાડા છસો વર્ષ પુરાણું હોવાનું કહેવાય છે. પરંતુ કચ્છીલઢણની લોકબોલીમાં પ્રચલિત લોકરાંધ-કચ્છનું લોક્નાટ્ય સ્વરૂપ પ્રાચીનકાળથી કચ્છના ગામડાંઓમાં લોકપ્રિય હોવાનું મનાય છે.

ગુજરાતી રંગભૂમિનું પ્રથમ નાટક સન અઢારસો બાવનમાં મુંબઇમાં ભજવાયું ત્યારે કચ્છમાં પણ તળપદી ઢબે રંગમંચ શરૂ થઇ ચૂક્યો હતો. કહેવાનું તાત્પર્ય એટલુંજ કે, કચ્છ રંગકલા પ્રવૃતિક્ષેત્રે સમયના સંદર્ભમાં ગુજરાતી રંગ પ્રવૃતિની સાથે રહ્યું છે.

સન ૧૮૮૪માં ભુજમાં ઓલ્ફ્રેડ હાઇસ્કૂલના નવા મકાનનું બાંધકામ થયું તેના આર્કિટેક્ટ અને ઇન્જિનીયર હતા મિ. મેકલી લાંડ. તેમણે અભ્યાસના ખંડો ઉપરાંત ઉપરના માળે તખ્તા સાથે પ્રેક્ષકો સામે બેસી તખ્તા પર થતી રજૂઆત જોઇ શકે તેવા મોટાહોલની રચના પણ કરી. આ તખ્તો શું માત્ર ભાષણો આપવા ઊભું કરાએલું માત્ર પ્લેટફોર્મ હશે ? હાઇસ્કૂલના આ વિશાળ હોલની રચના એ શું માત્ર યોગાનું યોગ હશે ? કે પછી મિ. મેકલી લાંડ આ નાનકડા મંચની રચના કરી કચ્છની ઉચ્ચ કેળવણી લેતી ભાવિ પેઢીમાં નાટ્યકલાના સંસ્કારબીજ રોપવાની ભાવના રાખતા હશે? મિ. મેકલી લાંડ સ્કોટલેન્ડના વતની હતા અને યુરોપીયન વિશ્વ ત્યારે શેક્સપિયરથી પ્રભાવિત થઇ ચૂક્યું હતું !

૨૬ જાન્યુ. ૧૮૮૭માં મુંબઇના ગર્વનર લોર્ડ રે ભુજ આવ્યા ત્યારે હાઇસ્કૂલના હોલમાં લોર્ડ અને લેડી રેના માનમાં એક મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો, અને હાઇસ્કૂલના, એન્ગ્લોવર્નાક્યુલર સ્કૂલના તેમજ મહારાણી નાનીબા સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા હિન્દુસ્તાનીમાં, સંસ્કૃતમાં અને અંગ્રેજીમાં સંવાદો રજૂ થયા હતા, છબીલા મૈયારીનો વેશ કચ્છીમાં રજૂ થયો હતો.

પહેલાં ખુલ્લા ચોકમાં વેશ ભજવાતા, હવે ઊંચો તખ્તો આવ્યો હતો. પડદા લટકતા થયા હતા. રહસ્ય અને રોમાંચના પ્રદેશે ઉપડતા પડદાની કિનાર પકડી પ્રેક્ષકો કોઇ અજબગજબની દુનિયાનો અનુભવ કરતા થયા હતા.

કેમ્પ કલબ કે અધિકારીઓની સોસાયટીમાં પારસી ગુજરાતીભાષામાં, કચ્છી છાંટવાળી ગુજરાતીમાં પ્રસંગે પરબે નાટકો ભજવવાનો ચાલ પ્રચલિત થયો હતો. ધીરે ધીરે તેને વ્યવસ્થિત વ્યવસાયિક રૂપ મળવા લાગ્યું. વીસમી સદીના પ્રથમ દાયકામાં ઠા. ત્રિકમદાસ લાલજીએ શ્રી તેરા સ્વદેશ હિતવર્ધક નાટક સમાજની સ્થાપના કરી. તેમની સાથે બિટ્ટાના માસ્તર અને વકીલ તરીકે જાણીતા લાલજી નાનજી જોષી (જન્મ ૧૮૮૧ કરાચી) લેખક અને સંચાલક તરીકે જોડાયા. તેમણે કચ્છી વ્યવસાયિક રંગભૂમિ પર ૭૨ જેટલાં નાટકો લખી ભજવ્યાં. તેમણે લખેલાં નાટકોમાં 'નાગેન્દ્રરાજ, જમાદાર ફતેહમામદ, કચ્છ જો કુરુક્ષેત્ર ઝારો,' મુખ્ય હતાં. ચાલીસ કલાકારોનો કાફલો ધરાવતી આ કંપનીમાં રાજગોર અને હાસમ સીદી નામે બે મુખ્ય કલાકારો કામ કરતા. 'કનકમણિ, માધવીકંકણ, લીલાવતી વગેરે કંપનીનાં સફળ નાટકો હતાં. કંપની કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વડોદરા સુધી નાટકો ભજવવા જતી. કચ્છના રાજવી, જામનગરના રાજવી અને જૂનાગઢના બાબીનવાબ રસૂલખાનજીએ નાટ્ય કવિશ્રી લાલજી નાનજી જોષીની કદર કરી તેમને ઇનામોથી નવાજયા હતા અને દરબારી માન આપ્યું હતું. તેમનાં કેટલાંક નાટકો મુંબઇ ગુજરાતી નાટક મંડળી દ્વારા પણ મુંબઇમાં ભજવાયાં હતાં. આમછતાં, ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ લેખક એમની સર્જન શકિતથી અપરિચિત રહ્યો હશે નહિતો તેમનું નામ પણ જૂની રંગભૂમિના સફળ સર્જકો મોરબીના વાઘજીભાઇઓ, મુંબઇના મૂળશંકર મૂલાણી અને અમદાવાદના ડાહ્યાભાઇ ધોળશાજી જેટલું જ મહત્ત્વ પામત. તેમની કૃતિઓની હસ્તપ્રત મળી શકે તો તે મેળવી પ્રકાશન હાથ ધરાય તો તે એક મોટું કામ થાય ! તેઓ કચ્છની વ્યવસાયિક રંગભૂમિના આદ્યલેખક હતા અને એ રીતે તેમની યોગ્ય નોંધ લેવાવી જોઇએ.



ભારતીય વિદ્યાભવન, મુંબઇ ખાતે એમેચ્યોર્સ ડ્રામેટીક સોસાયટી ભુજ દ્વારા ભજવાયેલ 'સમાજશત્રુ' નાટકનું એક દ્રશ્ય. (૧૯૫૨-૫૩)

અન્ય નાટય સંસ્થાઓ પણ રચાવા લાગી.....

ભુજની નાગરવંડીમાં-હાલે જ્યાં સિનેમા હોલ છે ત્યાં ભાટીયા ગાભાભાઇની કચ્છી સુબોધ નાટક મંડળી 'બુદ્ધદેવ, માલવપતિ મુંજ, પૃથ્વીરાજ ચૌહાણ, બોલતો કાગળ, વીરપૂજન જેવાં ઐતિહાસિક અને સામાજિક વિષયવસ્તુવાળાં નાટકો કરતી.

શ્રી કચ્છ સત્ય ઉદય નાટક સમાજ ભુજના શ્રી ભવાનીશંકર કેશવજી દવે એ ઊભી કરી હતી તેઓ પોતે નાટયલેખક-કવિ-સંગીતકાર હતા ઉપરાંત મુખ્ય પાત્ર પણ તેઓ ભજવતા. તેઓ શ્રીમંત કુટુંબમાંથી આવતા હતા. વાસ્તવિક જીવનમાં ચડતી પડતી અનુભવી પરંતુ રંગભૂમિને સર્મપિત રહ્યા.

રાપર તાલુકાના ગાગોદર ગામના શેઠશ્રી ઈંદરજી ગાંગજી વોરાએ વાગડ વિસ્તારમાં નાટકમંડળી જમાવી સારી લોકચાહના મેળવી હતી. લોકસાહિત્યના સંશોધક ઈંદરજી ગાંગજી વોરા એક અચ્છા ગાયક પણ હતા. વાગડ વિસ્તારનાં લોકગીતો તેમને કંઠેથી સાંભળવા લોકગાંડું થતું. લોકકથા આધારિત તેમનાં નાટકો ગુજરાતનાં શહેરો સુધી પ્રચલિત થયાં હતાં.

કચ્છની જૂની રંગભૂમિ વિષે લખીએ ત્યારે આ ક્ષેત્રે જેમણે પ્રમુખ પ્રદાન કર્યું છે તેવા અન્ય લેખક-કવિઓ કલાકારોમાં માસ્તર અલ્લારખ્યા મેમણ (કામસેન ચંદ્રીકાના લેખક) જીવરામ અજરામર ગોર, માસ્તર જુસબ ખમીસા તુરિયા, મીસમોતીબાઇ,

પડદો ઉપાડ : ક્ષણ રહસ્ય રોમાંચની

□ વિનુ શુકલ

માસ્તર ઈબ્રાહીમ (સ્ટેજનો સિંહ) માસ્તર પચાણ, મુસાભાઇ મેમણ (ગુજરાતના કલાકારોને લાવેલા) દરજી છગનભાઇ, મા. મોહન રાજગોર, મુન્શી મહંમદ યાકુબ, સાલેમામદ અલ્લારખ્યા મેમણ, કવિ અબ્દુલા જુમા રૂંજા (માંડવી) મા. ધનજીભાઇ બ્રહ્મક્ષત્રિય (માંડવી), વીરજીભાઇ કારીયાને આદરપૂર્વક યાદ કરવા પડે.

દેશી રંગમંચ થિએટર એટલે તખ્તો, તખ્તાને સામે સમાંતર ઊંચાઇએ ખુરશીઓ, પાછળ પૂરનાખી ક્રમશઃ વધતી ઊંચાઇ પર ગોઠવેલા બાંકડા અને છેલ્લે તખ્તાનો ખૂણેખૂણો જોઇ શકાય તેટલી ઊંચાઇએ પટ-પીટક્લાસ-ટિકિટ પાયલો. એક ઘંટી, બીજી ઘંટી અને ત્રીજી ઘંટી સાથે ધમાકો થતાં ઊંચકાતો રહસ્ય અને રોમાંચનો રંગીન પડદો. પહેલી પ્રાર્થના ત્યારબાદ મૂળ નાટક, ગીતો આવે વન્સમોર ચાલે લાઇટના પ્રકાશમાં રાત્રે નવથી ઊગતી સવાર સુધીનું ભરપૂર મનોરંજન માત્ર પાયલામાં. નાટકકંપનીના બેસણાં ગામને પાદર કોઇ ધર્મશાળામાં અને થિએટર ઊભું થાય કોઇ વંડી-નાગરની વંડી, લોહાણાની વંડી, છત્રીબારી ઘાસવાળી વંડીમાં કે મોમાય માતાના ચોકમાં.

વીસમી સદીના પ્રથમ દશકાથી શરૂ થએલ નાટકોનો આ દૌરદમામ ત્રણ સાડા ત્રણ દાયકા સુધી ચાલતો રહ્યો. પછી ફિલ્મો આવી. પ્રથમ મૂંગી અને ત્યારબાદ બોલતી. લોક નવાં મનોરંજન તરફ વળ્યું. નાટક કંપનીઓ તૂટતી ચાલી. ફિલ્મોએ ધંધાદારી થિએટર આર્ટને ડૂબાવ્યું.

મનોરંજન માટે લોકોનું માધ્યમ બદલાયું, ફિલ્મના નવાં માધ્યમનું આકર્ષણ વધ્યું આમછતાં થિએટર ક્લા તરફનો લગાવ સમાજના સંસ્કારી વર્ગમાં જળવાઇ રહ્યો. નાટકનો ધંધો ખતમ થયો પરંતુ એક અવેતન નાટયક્લા થિએટરનો ઉદય થયો. અને અવેતન રંગમંચ એટલે તો સ્થળ-કાળની પણ પાર, વહેતાં જનજીવનમાં સતત ધબકતો રહેતો નાટયકલાનો સ્વયંભૂ આવિષ્કાર.

સને ૧૮૧૬માં લક્ષ્મીદાસ કામદારે મહારૂદ્ર યજ્ઞ કર્યો ત્યારે ધોળકિયા તુલજારામે બારોટનો વેશ પરિધાન કરી સ્વરચિત છંદો ગાયા.

વોરા ત્રિકમરાય, વોરા કાશીરામ, ચત્રભુજ વૈદ્ય,જદુરામ વૈશ્નવ, હરિલાલ ધોળકિયા વગેરેએ ધંધાદારી નાટકમંડળી સામે મફતમાં મનોરંજન પૂરું પાડતી નાટક મંડળી રચી. પોતેજ નાટકો લખતા અને ભજવતા. સ્ત્રીપાત્રો પુરૂષો લેતા, આમાંથી કેટલાક ધંધાદારી મંડળીમાં જોડાઇ ગયા હતા. ગુલાબરાય અંતાણી, મહેન્દ્ર અંજારીયા રોયલ નાટક સમાજમાં જોડાઇ સ્ત્રીપાત્રો લેતા.

૧૯૨૦માં ત્રણ દિવસના સોશ્યલ ગેધરીંગમાં ઓલફ્રેડ હાઈસ્કૂલમાં 'મરચન્ટ ઓફ વેનીશ'નો કોર્ટ ટ્રાયલ અંગ્રેજીમાં વિદ્યાર્થીઓએ ભજવ્યો !

ગોવિંદજી માધવજીની વંડીમાં બ્રહ્મપુરીમાં 'મૃચ્છકટીક'નું દ્રશ્ય સંસ્કૃતમાં ધનસુખભાઇ શુકલ અને રમણીકલાલ શુકલે ભજવ્યું. સંપૂર્ણનાટક 'મૃચ્છકટીક' સંસ્કાર મંડળે ઓલફ્રેડ હાઈસ્કૂલમાં ભજવ્યું !

હોળીના તહેવારોમાં ફેલાતા બિભત્સ વાતાવરણથી લોકોને વિમુખ કરવા કેટલાક સંસ્કારી લોકોએ વર્ષો વર્ષ વસંતોત્સવ ઉજવાય તેવું આયોજન કર્યું. જેમાં સ્થાનિક સ્પર્શવાળા પ્રસંગો પર રચાયેલી નાટિકાઓ-સ્વરચિત રજૂ થતી.

'સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ'ના નેજા હેઠળ 'ગોન વીથ ધ વિન્ડ' પરથી તૈયાર કરેલ અંગ્રેજી સ્ક્રિપ્ટ આમદઅલી ખોજા, ભાસ્કર પંડયા અને સુરેન્દ્ર અંતાણીએ ભજવી સ્ક્રિપ્ટના આલેખક હતા આમદઅલી ખોજા.

સોશ્યલ ગેધરીંગમાં 'કર્ણઅર્જુન' સંવાદ લાલજી રતનાનીયા અને હિરજી સોમૈયાએ ભજવ્યો.

ભુજમાં એમેચ્યોર્સ ડ્રામેટિક સોસાયટીની રચના

આમ, નાટયકલાના સંસ્કારને લોકો ડેલીમાં, શેરીમાં, પ્રસંગોચિત સ્કૂલ-કલબ કે જ્ઞાતિના મેળાવડામાં નિજી જીવનના વલણરૂપે પ્રદર્શિત કરતા રહ્યા-સ્વીકારતા રહ્યા. સ્થળકાળની પાર, વહેતાં જનજીવનમાં ધબકતો રહેલો નાટયકલાનો સ્વયંભૂ આવિષ્કાર તખ્તા પર થતો રહ્યો. પરંતુ આ બધી છૂટક ત્રૂટક રીતે થતી પ્રવૃત્તિ હતી. તેને યોગ્ય ઘાટ અને ગતિ આપવાની જરૂર હતી, એક નિયમન કરી શકે તેવી સંસ્થાની જરૂર હતી અને તે કામ સન ઓગણીશસો ઓગણચાલીશમાં ભુજમાં એમેચ્યોર્સ ડ્રામેટીક સોસાયટીની સ્થાપના દ્વારા થયું. આ સંસ્થાએ લગભગ અઢી દાયકા સુધી પ્રવૃત્ત રહી



ડૉ. જયંત ખત્રી લિખિત નાટક 'મંગલ પાંડે'નું એક દ્રશ્ય : વિદ્રોહના પ્રણેતાની ગુપ્ત સભા- કલાકારો : વિનુ શુકલ, ભાનુ માંકડ (સભામાંથી વિદાય લેતા). બેઠેલા : પ્રાણગિરિ ગોસ્વામી, અમૃતલાલ કંસારા, રમાબેન કટારીયા, રજનીકાંત કટારીયા, પ્રકાશ ધોળક્યિા, ઈબ્રાહીમ રાયમા અને રહેમતુલ્લા જમાદાર.

કચ્છની અવેતન રંગમંચ ક્લામાં મહત્ત્વનું પ્રદાન કર્યું. આ સંસ્થા દ્વારા નિર્માણ પામેલાં અને લોકચાહના મેળવેલ કેટલાંક નાટકોમાં યુગદર્શન અને ઈસુ, શાહજહાં, ભુલકણા ભટજી, દુનિયા શું કહેશે? સંધ્યાકાળ, પાંગળાં હૈયાં, હું ઊભો છું, આગગાડી, અખો, કોઈનો લાડકવાયો, સમાજ શત્રુ શન્નિવેશ રચના, પલટાતા રંગ, તાનારીરી, જોગમાયા, મંગળ મંદિર, અમર જ્યોત, છોરૂકછોરૂ, ઈશ્વરે ઘર બદલ્યું, બાલા જોગણી, સોનાનો સૂરજ, હમારાગાંવ, અનુષ્ઠાન, વહુની પસંદગી, ઠીકહૈ ઠીકહૈ, ગરીબની હાય, ગુંદરીયો મહેમાન વગેરે, સંસ્થાના સ્થાપક, સંચાલક અને કલાકારો હતા, શ્રી બદુભાઈ ધોળકિયા, માર્કન્ડરાય વોરા, ઋષિકાન્ત વોરા, જમિયતરાય અંતાણી, દિલીપરાય માંકડ, ગભરૂલાલ અંજારિયા, સુબોધ વૈદ્ય, પ્રબોધ વૈદ્ય, દિલસુખ રાણા, દિનમણીરાય વોરા, રમેશ માંકડ, ભાનુ માંકડ, પ્રાણકુંવર શાહ, નલિની શાહ, લીલાબેન પટેલ, પ્રેમદા શાહ, આશા જોષી, ડો. કોઠારે, ભાસ્કરભાઈ પંડયા વગેરે. અવેતન રંગમંચ પર સ્ત્રીપાત્રો ભજવવા માટે બહેનો તૈયાર થતી નહિ તેથી પુરૂષ સ્ત્રીપાત્ર ભજવતા. 'શાહજહાં'માં રાધાકાન્ત વોરાએ જહાંઆરાનુ પાત્ર ભજવેલ. ભુજના અવેતન મંચ પર પ્રેમદાબેન શાહ 'અખા'માં પ્રથમવાર સ્ત્રીપાત્રમાં પ્રસ્તુત થયાં, અને એ રીતે રંગમંચના પ્રથમ સ્ત્રી કલાકારનું સ્થાન પામ્યાં.

શ્રી કુલીનચંદ્ર દેસાઈએ લખેલું નાટક સમાજશત્રુ મુંબઇના ભારતીય વિદ્યાભવનના રંગમંચ પર ભજવાયું.

૧૯૫૩માં શરૂ થએલ કચ્છ ક્લાકેન્દ્રની ત્રણ ત્રણ દાયકાની નાટયકલા પ્રવૃતિ વિષે વિસ્તારપૂર્વક 'રંગછૂંદણા' આ લેખમાં લખાયું છે, જેથી તેનું પુનરાવર્તન ન કરતાં એટલુંજ નોંધીએ કે આજના રંગમંચ અને નેપથ્ય કલા કસબના વિકાસમાં આ સંસ્થાનો પાયાનો ફાળો છે. કચ્છના આજના તખ્તાને આધુનિક ઓપ આપવાનું કામ કચ્છકલા કેન્દ્રના કલાકારો, દિગ્દર્શકો અને ટેકનિશિઅનોએ કર્યું' કચ્છકલા કેન્દ્રની નાટય પ્રવૃતિથી અવેતન રંગમંચને કચ્છમાં અપૂર્વ વેગ મળ્યો. નાટકો સતત ભજવાતાં રહ્યાં, અનેક અવનવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી રહી.

ગંભીર વિષય વસ્તુવાળા નાટકો ભજવતી કચ્છી રંગભૂમિ પર ૧૯૬૩માં કચ્છકલા કેન્દ્રે 'પત્તાની જોડ' ભજવ્યું. જેને અદ્દભૂત સફળતા મળી અને ત્યારબાદ પ્રહસનોજ ભજવાતાં રહ્યાં. અવેતન રંગમંચને હળવા પ્રહસનોના પ્રવાહમાં ખેંચીજનાર કલાકારોમાં રમણિક ઉપાધ્યાય, ગોવિંદ સોમૈયા, પિયુષ શુકલ અને ચંદ્રકિશોર માંકડના અભિનયનું પ્રદાન વિશેષ રહ્યું. પિયુષ શુકલની સંસ્થાઓ લોકનાટય સંઘ અને પ્રોગ્રેસીવ ગ્રુપે તો સિત્તેરના દાયકાથી આજપર્યંત પ્રહસન નાટકના અનેક મહોત્સવો-કચ્છમાં અને નાગપુર-જબલપુર (મ.પ્ર.) જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં સફળતાપૂર્વક યોજયા.

ભુજના અવેતન રંગમંચ પર ૧૯૭૦-૭૧માં અન્ય એક સંસ્થા 'સાનિધ્ય' આવી આ સંસ્થાના સ્થાપકો અને કલાકારો હતા નલીન ઉપાધ્યાય, જયંત મકવાણા, જગદીશ ભટ્ટ, ભાસ્કર બૂચ, કનુ જોશી, રાયસિંહ રાઠોડ, કલ્યાણસિંહ રાઠોડ, રાજેન્દ્ર

દવે. આ સંસ્થાએ કલંક, નાગપાશ, આગંતુક, ઘર-કબર-સાગર, ઈશ્વરની અમાનત, આધે-અધૂરે, જેવાં પ્રયોગશીલ નાટકો ભજવ્યાં. દિગ્દર્શક રહ્યા નયન રાણા અને વિનેશ અંતાણી આ સંસ્થા આજે પણ નાટ્યપ્રવૃતિ ચાલુ રાખી શકી છે અને કચ્છ તેમજ કચ્છ બહાર નાટકો ભજવે છે.

પચાસ-સાઠના દાયકામાં અવેતન રંગમંચ પર આવવા સ્ત્રીકલાકારો મહાપ્રયત્ને એકાદ તૈયાર થતી, પરંતુ નાટ્યપ્રવૃતિ જેમ વેગ પકડતી ગઇ તેમ સ્ત્રી કલાકારો પણ મળવા લાગી. હિમ્મતભેર અભિનયકલામાં પ્રવૃત થનાર અવેતન કલાકાર બહેનોમાં શ્રીમતી પુષ્પાબેન સાવલા, કુ. પ્રાણકુંવર શાહ, પ્રતિભા મોદે, હેમલતા ભટ્ટ, દેવયાની શુકલ, બીના માડીવાલા, લીના રાયસોની, શ્રીમતી કોકીલા ઉપાધ્યાય, શ્રીમતી પુષ્પા અંતાણી, જ્યોત્સના શાહ, ગીતા વૈશ્નવ, ભારતી વૈશ્નવ, રીટા, વંદના મહેતા, દીપ્તિ પટ્ટણી, હર્ષા ભટ્ટ, ભાવના ભટ્ટ અને હંસા સોની મુખ્ય રહ્યાં.

૧૯૭૪માં શ્રી સોહરાબ મોદીએ ભુજમાં 'ઘરતીનો છેડો ઘર' ભજવ્યું જેમાં તેણે ભુજના અવેતન કલાકારોને પણ તક આપી. એક તાલીમ શિબિર ગોઠવી અભિનય કલાના પાઠો આપ્યા.

સમય બદલાયો, વિચાર અભિવ્યક્તિની શૈલી બદલાઇ, સીતેર એંસીના દાયકામાં એબ્સર્ડ થિએટર આવ્યું, કચ્છકલાકેન્દ્રે શ્રી એલ. જે. જોશીનું 'ઘર' ભજવ્યું. પછી આવ્યાં લીલા વાંસનો ટહૂકો અને હિમ્મતલાલ હિમ્મતલાલ લે. દિ. વિનેશ અંતાણી એક નવો દોર શરૂ થયો થિએટર ઓફ એબ્સર્ડનો, પ્રતિકાત્મક શૈલી અને પ્રયોગશીલ મંચનો. 'રજનીગંધા', અંધેરીનગરી, સારીરાત, પ્રપંચ કચ્છી અવેતન રંગભૂમિના સીમાસ્તંભ બની ગયાં. એક ટીમ બની ગઇ. નિર્માણ ઝવેરી સોનેજી સંભાળતા રહ્યા. અભિનય શૈલેન્દ્ર ચોકસી, પુષ્પા અંતાણી, આસુતોષ મહેતા, નિશા પંડયા, હંસા સોની કરતા રહ્યા. આજે પણ આ ટીમ કશુંક નવું કચ્છના રંગમંચને આપી સતત ગાજતો-ગુંજતો રાખી રહી છે.

આઝાદી બાદ કચ્છમાં આધુનિક ઢબે બંધાયેલા નગરો ગાંધીધામ-આદિપુર અસ્તિત્વમાં આવ્યાં. ભાગલાને કારણે સિન્ધ-પાકિસ્તાનથી આવી વસેલ સિન્ધી ભાષી લોકો તથા આ નગરો અને કંડલા પોર્ટના વિકાસ સાથે જોડાએલ વ્યવસાય-નોકરી નિમિત્તે મહારાષ્ટ્ર, બંગાળ, રાજસ્થાન અને અલબત્ત ગુજરાત જેવા ભારતના વિવિધ પ્રદેશોમાંથી આવી લોકોએ વસવાટ કર્યો. કચ્છથી અલગ તરી આવે પરંતુ પૂર્ણપણે ભારતીય એવી એક વિવિધભાષી કલાસંસ્કૃતિનો કચ્છને પરિચય થયો. લગભગ ૧૯૫૦ પછી અહિં પણ અલગ અલગ ભાષા-સંસ્કૃતિની પ્રાદેશિક છાંટવાળા નાટય પ્રયોગો થવા લાગ્યા.

મહારાષ્ટ્ર મંડળ-ગાંધીધામ ૧૯૫૦થી ગણપતિ મહોત્સવના ભાગરૂપે નાટય પ્રવૃતિ કરતું રહ્યું છે. આ મંડળે ભજવેલ 'કુલવધૂ' ૧૯૫૩માં ભજવાયું ત્યારબાદ, 'વાહિની', બીન ગજાસ ખીડકી, તુજ આહે તુજ પાશી, દીવાજળુંદે સારી રાત, પ્રેમા તુઝા રંગ કસા, પાણીગ્રહણ, કાકા કિ શાયા, નિર્માલ્ય વાહિલે ચરણી, ચાંદણે શોખીન જા, મુરૂ યિ મૌશી જેવાં અનેક નાટકો આ મંડળે રજૂ કર્યા.

આવી રીતે બંગાળી પ્રાદેશિક મહોત્સવ દૂર્ગાપૂજાના ભાગરૂપે બંગાળી એસોસિએશને બંગાળીભાષામાં ઢોલી, કંચનમૂલ્ય, બાબા બાદલ, ભૂટર મુખે રામનામ જેવાં અનેક નાટકો આપ્યાં.

૧૯૯૨માં નરેન્દ્ર પાંડેએ હિન્દી નાટક 'દુનિયા કી સબગાયેં એકહો' બાંગલા રંગમંચ શૈલીમાં રજૂ કરેલ.

દાદા દુ:ખાયલ દ્વારા સ્થાપિત સંસ્થા સિંધુ કલા સદને રજૂ કરેલ ત્રિઅંકી નાટકો, જડે મા ન હૂંધોસે, ડેસનાણેંજા રંગ, હી પ્યાસો મન મૂંઝીજો નાટકોએ એકથી વિશેષ પ્રયોગો કર્યા.

'નાટય કંવર' સંસ્થા દ્વારા પ્રસ્તુત, અસી પંખીડા ઇશ્કજા, પહેંજો દુશ્મન, ગુડાગુડી નાટકોએ અનેક પ્રયોગો અમદાવાદ, રાજકોટ, વડોદરા, પુના, મુંબઇ જેવાં શહેરોમાં પણ કર્યા.

આ સિવાય અન્ય સિન્ધી ભાષી રચનાઓ સિંધુ કલા મંદિર ૧૯૬૦થી નાટયક્ષેત્રે સક્રિય થઇ પ્રસ્તુત કરવામાં આવી જેમાં રામબેલાણી લિખિત-દિગ્દર્શિત સિંધી ત્રિઅંકી મોહન મીરચંદાણી માયરનવાળો' મુખ્ય છે. સિન્ધુ સાહિત્ય સભા દ્વારા પણ સવેરા, નઇપ્રભાત, જેવાં એકાંકી પ્રસ્તુત થયા. ત્રિઅંકી 'યાદકંધા' પણ રજૂ થયું.

'રંગમ' સંસ્થાએ ૧૯૭૬ થી ૧૯૭૯ દરમિયાન 'એવમ ઇન્દ્રજિત' બાદલ સરકારનું હિન્દીમાં રજૂ કર્યું. આ પ્રયોગશીલ નાટકની રજૂઆત કરનાર કલાકારો હતા સતીષ દવે (દિગ્દર્શકો). સી. કે. રાવલ, એમ. એલ. વ્યાસ, નિરૂપમ છાયા, કુ. હરપ્રીત સોઢી. આ સંસ્થા દ્વારા અન્ય ભજવાએલ નાટકોમાં પ્રજ્ઞાનલ, અનંતઆકાશ મુખ્ય છે. જેમાં પ્રકાશ રાવળ, પ્રતિભામોદે, રીટા પંજાબી, શમા પંજાબી, નિરૂપમ છાયા એન. એલ. વ્યાસે ભાગ લીધો.

શ્રી કનુભાઇ ગોર દ્વારા સ્થાપિત 'ઉપાસના' કલાવૃંદે રમણ પટેલ લિખિત



ઢીંગલીઘરના એક દ્રશ્યમાં કલાકારો- પ્રાણકુંવર શાહ અને વિનુ શુકલ, સન્નીવેશ- રંગમંચ સજાવટ : રોમેશ પંડયા

'કેશરચંદન' દિ. ભરત દેસાઇના ચાર પ્રયોગો કર્યા. જેમાં એલ. એલ. ચીનીયારા, રક્ષા દેસાઇ, મયૂર દેસાઇ, પરેશ વોરા, પ્રેરણા વોરા, ઉષા મહેતાએ ભાગ લીધો.

પરેશ વોરાની સૌરભ કલાવૃંદ (૧૯૭૭) દ્વારા એકાંકી સ્પર્ધામાં લાભશંકર ઠાકરનું 'આપણે રસ્તો ચૂકયા જ નથી' નોંધપાત્ર રહ્યું.

કનુભાઇ ગોરની સંસ્થા ઝંખના કલાવૃંદે' એકાંકી ક્ષેત્રે અનેક પ્રયોગો કર્યા, જેમાં તોફાન માણસનામનું દુ:ખ, બંધ દરવાજા, હુકમ માલિક મુખ્ય છે.

રમાકાન્ત સોનપાર દ્વારા પ્રસ્તુત એકાંકી-ત્રિઅંકી નાટકો યુવક મહોત્સવોમાં રાજ્યકક્ષા સુધી પહોંચી પારિતોષિકો મેળવ્યાં.

લોહાણા મહિલા મંડળ, ગાંધીધામ પ્રસંગોપાત એકાંકીઓ રજૂ કરતું રહ્યું છે. જેમાં ભણેલી વહુ, માસીબા, સ્વાર્થની સગાઇ, પ્રોફેસર વગેરે મુખ્ય છે. આ સંસ્થા નટશૂન્ય-પુરૂષ પાત્રો વિનાનાં રહ્યાં.

'હુકમ માલિક' દિ. પ્રકાશ રાવળ દ્વારા મુંબઇના પાટકર હોલમાં રજૂ થયું જેમાં પ્રદીપ જોશી, જગદીશ જાની, પ્રકાશ રાવળ, શિવલાલ ઠક્કરે ભાગ લીધો. ગુજરાતી સેવા સમાજ આદિપુર રંગભૂમિક્ષેત્રે ૧૯૫૬થી પ્રવૃત થઇ, અનેક નાટકોનું સર્જન કર્યું. જેમાં વર પધરાવો સાવધાન, હું કંઇક કરી બેસીસ, પારખું, જૂની આંખે નવું જેવી એકાંકીઓ અને કેશરચંદન લેખક રમણ પટેલ દિગ્દર્શક ભરત દેસાઇએ ત્રિઅંકી રજૂ કર્યા.

'નાટયવૃંદ' ૧૯૮૨થી પ્રવૃત થઇ આજ સુધીમાં અનેક એકાંકીઓ-ત્રિઅંકી નાટકો આપતી રહી છે. જેમાં 'એવમ ઇન્દ્રજિત', તોફાન, હુકમમાલિક, અને 'કાલચક્ર' જેવાં સુંદર-પ્રયોગશીલ સર્જનોનો સમાવેશ થાય છે. 'કાલચક્ર' લે. દિ. એમ. ડી. રામચંદાણી અને કલાકારો એલ. એલ. ચીનીઆરા, પ્રદીપ જોશી, પ્રકાશ રાવળ, પ્રકાશ માયા દાસાણી, સુભાષ થવાણી, મનોજ મોટવાણી, ખુશાલ પાટણીયા, જગદીશ જાની, રેણુ વજીરાણી, હેતલ દરજી તથા હીરા રાજવાણી અભિનિત નાટકના અનેક પ્રયોગ થયા અને આજના યુવા કલાકારોને આ ક્ષેત્રે પ્રવૃત રાખ્યા.

આમવિવિધ ભાષા સંસ્કૃતિના આવિષ્કાર સમો ગાંધીધામ-આદિપુરનો રંગમંચ આ નગરોની સ્થાપનાથી આજપર્યંત સતત ધબકતો રહ્યો છે.

રંગભૂમિની રાતો અને વાતોનો એક કેફ હોય છે. ટી.વી. અને સિનેમા જેવાં મનોરંજનના આધુનિક માધ્યમો ઘર ઓરડે ઉપલબ્ધ હોવા છતાં થિએટરકળાનું એક ચોક્કસ સ્થાન લોકોમાં જળવાઇ રહ્યું છે. નાટય લેખકના શબ્દોપર સંજીવની મંત્ર છાંટી પાત્રોને હરતાં ફરતાં કરી પ્રેક્ષકોના પ્રતિભાવ ઝીલતી આ જીવંત કલા છે. અને એટલેજ સુખ સગવડવાળાં આધુનિક માધ્યમો સામે પણ ટકી રહી છે. □


■ ૪-બી અશ્વમેધ કોમ્પ્લેક્ષ, સંસ્કારનગર ચાર રસ્તા, ભુજ-કચ્છ

કચ્છમાં રમતગમત : ગઇકાલ અને આજ

□ દીપક માંકડ □ નવીન જોશી

ભારતના નકશામાં પશ્ચિમ છેવાડે આવેલો આ પ્રદેશ વિકાસની દ્રષ્ટિએ ભલે પછાત રહી ગયો હોય પણ રમતગમત ક્ષેત્રે આશાસ્પદ ચિત્ર ઉપસે છે. અલ્પ સુવિધાઓ અને મર્યાદિત પ્રોત્સાહન છતાં કચ્છના ખેલાડીઓ આજે વિવિધ રમતગમતોમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ રમવા લાગ્યા છે. આઝાદી પૂર્વે રાજાશાહીના જમાનામાં સ્વ. મહારાવ શ્રી મદનસિંહજીએ ઈંગ્લેન્ડમાં રમાતી વિમ્બલડન ટેનિસ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું તો ગયા વર્ષે ભુજની કિશોરી કેના ધોળકિયાએ શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં રાષ્ટ્ર કક્ષાએ શાનદાર દેખાવ દ્વારા શ્રીલંકા ગયેલી આંતરરાષ્ટ્રીય મહિલા વોલીબોલ ટીમમાં સ્થાન મેળવીને કચ્છની આ પરંપરા જાળવી બતાવી છે.

રમતગમત આજે દરેક રાષ્ટ્ર માટે ઈજ્જતનો સવાલ બની ગયો છે. રજવાડી સમયમાં રાજા-મહારાજાઓ મનોરંજન મેળવવા માટે ખેલકૂદ પ્રવૃત્તિ ચલાવતા કે તેમાં ભાગ લેતા પણ આજે રમતનાં મેદાનો અને રમતવીરોનું મહત્ત્વ વધી ગયું છે. ઓલિમ્પિક અને એશિયાડ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં નાલેશી મળ્યા પછી ભારત સરકારે રમતગમત નીતિમાં ધરમૂળથી ફેરફાર કરીને ભવિષ્યની નજરે 'મેડલ' મેળવી શકે તેવા ખેલાડીઓને તૈયાર કરવાના હેતુ સાથે અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે તેને પગલે કચ્છ પણ આજે રમતગમતથી ધબકી રહ્યું છે. ભૂતકાળમાં નામ ન સાંભળ્યું હોય તેવી દેશી-વિદેશી રમતમાં કચ્છના દુર્ગમ વિસ્તારમાં રહેતો છોકરો કે છોકરી પારંગત બનવા લાગ્યાં છે એ આશાનું સોનેરી કિરણ કહી શકાય. ખેલકૂદના મોરચે કચ્છનો વર્તમાન આશાસ્પદ અને ભવિષ્ય ઉજ્જવળ જણાય છે ત્યારે ભૂતકાળ તરફ દ્રષ્ટિપાત કરીને આછેરી ઝલક મેળવીએ તો ઘણી રસપ્રદ વિગતો જાણવા મળે છે.



એક જમાનાના ઓલરાઉન્ડ રમતવીર અબ્દુલ્લા ધોબી

હાલની વોલીબોલની રાષ્ટ્રીય કક્ષાની ટીમની મહિલા ખેલાડી કેના ધોળકીયા.



પ્રોત્સાહન-તાલીમનો અભાવ

રમતગમત માટે જરૂરી છે પ્રોત્સાહન અને તાલીમ. કચ્છનો ઈતિહાસ જોતાં તે બન્નેનો અભાવ વર્તાય છે. મહારાવ શ્રી ખેંગારજીને રમતોમાં ખાસ રસ ન્હોતો, પણ મહારાવ શ્રી વિજયરાજજી ખેલપ્રેમી હતા. તો કચ્છના અંતિમ રાજવી શ્રી મદનસિંહજીએ સ્વાતંત્ર્ય પહેલાં અને સ્વાતંત્ર્ય બાદ રમતગમતમાં રસ લઈને (ખાસ કરીને ક્રિકેટ અને ટેનિસ) તે વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

કબડ્ડી, ખોખો, કુસ્તી જેવી ભારતની ગ્રામીણ સંસ્કૃતિની રમત આજે વિશ્વના નકશામાં સ્થાન પામી છે પરંતુ ઈતિહાસના પૃષ્ઠો પર ક્રિકેટ, ટેનિસ, હોકી જેવી અંગ્રેજ સંસ્કૃતિની રમતો જ છવાયેલી હોવાનું જોવા મળે છે. રાજવી પરિવારના નબીરાઓ અને તેમના મહેમાનોની રમત જોઈને ટેનિસ, હોકી, ફૂટબોલ, તરણ, ક્રિકેટ સહિતની વિવિધ રમતોમાં પારંગત બનેલા શ્રી અબ્દુલ્લા ધોબી, શ્રી અબ્દુલ્લાભાઈ આરબ જેવા બુઝુર્ગો ભવ્ય ભૂતકાળનું આજે પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આજે ૮૮ વર્ષે પણ જુવાનને શરમાવે તેવી ચપળતા ધરાવતા અબ્દુલ્લા ધોબી સાથે ભૂતકાળમાં લટાર મારતાં જણાય છે કે અંગ્રેજી રમતોનાં મૂળ કચ્છમાં ઊંડા છે.

કલબ કલ્ચરનો વિકાસ

રાજાશાહીમાં પેલેસ કલબ ચાલતી પણ તે રાજવી પરિવાર પૂરતી મર્યાદિત હતી. ૧૯૩૨-૩૩ દરમ્યાન હાલની આર. ટી. ઓ. કચેરીના સ્થાને 'રા. રા.' અધિકારીઓ દ્વારા ઓફિસર્સ કલબ સ્થપાઈ. અહીં ટેનિસ સારૂં એવું વિકસ્યું. સ્વાતંત્ર્ય કાળ નજીક સ્ટેશન રોડ પર (બુદ્ધભટ્ટી ગેરજ) ''વકીલ કલબ'' શરૂ થઈ હતી પણ આ બધી કલબો 'ક્રીમ વર્ગ' માટે હતી. સમાજના મહેનતકશ વર્ગ માટે તેમાં કોઈ જગા નહોતી. અબ્દુલ્લા ધોબીએ થોડો સમય 'સુગંધી' કલબ ચલાવી જેમાં છગનભાઈ મકવાણા, મનુભાઈ બાવા, વ્યાસ માસ્તર વગેરે ખેલાડીઓ રમતા. અહીં ખેલાતાં ટેનિસની કીર્તિ ધીમે ધીમે પ્રસરી અને અબ્દુલ્લા ધોબી, મનુભા વગેરેને પબ્લીક પાર્ક કલબમાં પગપેસારો કરવાની તક મળી ગઈ. ૧૯૦૦માં સ્થપાયેલી પબ્લીક પાર્ક કલબ ઊભી કરવામાં ત્યારના દિવાન મણીભાઈ જશભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. શરૂઆતમાં તે કેમ્પમાં દેવળ પાસે હતી અને પાછળથી હાલના (ઘનશ્યામનગર સામે) સ્થળે ખસેડાઈ છે. ઓફિસર્સ કલબ, પાછળથી પી.પી.સી.ની સામે જ આવી અને 'ભુજ જીમખાના' તરીકે ઓળખાઈ. આ સંસ્થાઓએ ટેનિસ, ટેબલ ટેનિસ, ક્રિકેટ, બ્રીજ, ચેસ, કેરમ વગેરે રમતો વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભુજ જીમખાનાના ટેનિસ, ટેબલ ટેનિસના ખેલાડીઓએ આજે રાજ્ય કક્ષાએ નામના કાઢી છે. કચ્છમાં ભુજ સિવાય માંડવી અને અંજાર રમતગમતના બીજા કેન્દ્રો કહી શકાય. આજે ઔદ્યોગિક વિકાસને પગલે ગાંધીધામ-કંડલાએ વિવિધ રમતોમાં ગજું કાઢયું છે. આ સમૃદ્ધ વિસ્તારમાં રમતગમત સુવિધાઓ કચ્છના અન્ય ભાગની દ્રષ્ટિએ નોંધપાત્ર છે. અને અહીંના ખેલાડીઓ પણ આગળ પડતું સ્થાન મેળવવા લાગ્યા છે.

ઈતિહાસમાં ડોકિયું

કચ્છમાં વિવિધ રમતોનો ઈતિહાસ તપાસીએ તો મહારાવશ્રી વિજયરાજજી, મહારાવ શ્રી મદનસિંહજી, તેમના કુટુંબીજન શ્રી નરપતસિંહજી, શિક્ષક શ્રી સ્મિથ અને તેમના પુત્ર જોન, ફત્તેહસિંહજી, જોરાવરસિંહજી, અબ્દુલ્લા ધોબી, અબ્દુલ્લા માર્કર, હકાલાલ, ઈશુ ટોમ, ડૉ. રાજારામ વગેરે નામ ખેલાડી તરીકે કે વિવિધ રમતોના પ્રોત્સાહક તરીકે ઉપસી આવે છે. ૧૯૩૨થી કચ્છમાં મિલિટરીનું થાણું

સ્થપાયા પછી રમતોને વધુ પ્રોત્સાહન મળ્યું હતું. ખેલાડીઓને રમતની નવી ટેકનિકો જાણવા મળી.

લોન ટેનિસ અને ક્રિકેટ

લોન ટેનિસ કચ્છમાં ૧૯૧૪થી વ્યવસ્થિત રમાવા લાગી જેનો યશ યુવરાજ વિજયરાજજીને ફાળે જાય છે. આ કાળમાં ટેનિસની લોકપ્રિયતા વધતી જતી હતી અને નવા ખેલાડીઓ તૈયાર થતા હતા. વિજયરાજજી ઓલ ઇન્ડિયા ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લેતા, તો મદનસિંહજીએ વિમ્બલડનમાં ભારતીય ટેનિસનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અન્ય ખેલાડીઓમાં વ્રજલાલ અંબાણી ધ્યાન ખેંચે છે તેઓ છેક ૭૦ વર્ષ સુધી રમતા અને જીતતા. આ વખતની એક ટુર્નામેન્ટમાં તત્કાલિન જેલર દિલાવરસિંહજી અને અબ્દુલ્લા માર્કર વચ્ચેની રમતમાં માર્કરે સતત ૬૭ 'રેલીઝ' કરી વિક્રમ સ્થાપ્યો હતો. સ્વાતંત્ર્ય પછી ટેનિસનું મુખ્ય કેન્દ્ર જીમખાના જ બન્યા. ૧૯૬૦ પછી આંતર જીમખાના સ્પર્ધાઓ થવા લાગી. જેને પગલે અનેક ખેલાડીઓ તૈયાર થયા. માંડવીએ રવિલાલ મડૈયાર, તો ભુજે માર્કર, ધોબી, અઝીઝ લાહેજી વગેરેની કચ્છને ભેટ આપી. નવી પેઢીમાં માંડવીના શિવજી આહિર, આદિપુરના અશોક ચાવલા ઉપરાંત ભુજના મનિશ ઠક્કર, હિમાંશુ ચોથાણી, યોગેશ ઠક્કર, મેહુલ સોમૈયા, ડેનિ કંસારા રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ વખતો વખત ઝળકતા રહ્યા છે. હાલમાં ભુજ જીમખાનાના આશિષ સોમૈયા, પરેશ અનમ, જમીર ચોથાણી, ધવલ ઠક્કર વગેરે ગુજરાત રાજ્યના ક્રમાંકિત ખેલાડીઓ છે.. ભુજ જીમખાનાની ટેનિસ ટીમ પ્રદીપ ઝવેરીના માર્ગદર્શન હેઠળ પાટણ ખાતે રમાતી વિજય ટ્રોફીમાં ત્રણ વર્ષ સુધી ચેમ્પિયન રહી છે. મુલ્કી સેવા સ્પર્ધામાં નિરંજન ડી. ચાવડા, બી. વી. ચૌહાણ (વેટરન) અને આર. સી. બુદ્ધભટ્ટી રાષ્ટ્રકક્ષાએ રમી આવ્યા છે. જેની નોંધ લેવી રહી.

ડૉ. રાજારામ અને કચ્છ

ભારતની રાષ્ટ્રીય રમત હોકી હોવા છતાં લોકપ્રિયતામાં ક્રિકેટ અવ્વલનંબરે બિરાજે છે. કચ્છમાં ક્રિકેટની શરૂઆત વિજયરાજજીના બાળપણથી થઇ છે. તે વખતે ભારતીય ક્રિકેટના ભીષ્મ પિતામહ જામ રણજી કચ્છ આવતા ત્યારે રમતા અને પેલેસ ટીમને કોચીંગ પણ આપતા. એ સમયના મુખ્ય ખેલાડીઓમાં સ્મિથ, ઇશુ ટોમ (ઇસ્માઇલ સીદી), ગોપાલ સંગ્રામ, લાલજી જેઠી વગેરે મુખ્ય હતા. બન્ને હાથે બોલીંગ ફેંકી શકનાર ઇશુ ટોમે કચ્છમાં રણજીને કલીન બોલ્ડ કરીને યુવરાજનું સોનાનું ઘડિયાળ ઇનામમાં મેળવ્યું હતું. રણજી જેવા બેટસમેનોની દાંડી ખેરવવાનું પરાક્રમ કાંઇ નાનું સુનું ન કહેવાય. મહારાવ શ્રી મદનસિંહજીને ટેનિસમાં વધુ રસ પડતાં ક્રિકેટ સહિતની રમતોને ફટકો પડેલો. સ્વાતંત્ર્ય બાદ કચ્છ 'સી' સ્ટેટ થયું ત્યારના ચીફ કમિશ્નર શ્રી ઘાટગેને ક્રિકેટમાં રસ હોતાં આ રમત ફરી સજીવન થઇ તેમના અને ડૉ. રાજારામના પ્રયાસોથી ૧૯૫૨-૫૩માં કચ્છ ક્રિકેટ એસોસિએશન સ્થપાયું. ડૉ. રાજારામે ક્રિકેટની રમતને ગામડે ગામડે ફેલાવીને સામાન્યજન સુધી પહોંચાડવામાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. તેઓ કચ્છના ખૂણેખૂણામાંથી યુવાન ખેલાડીઓને શોધી પ્રકાશમાં લાવ્યા છે, ભુજની ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ, લાલન અને કોમર્સ કોલેજ, માંડવીની જી. ટી. હાઇસ્કૂલ તથા તાજેતરમાં કંડલા સંકુલે સારા ખેલાડીઓ આપ્યા છે.

૧૯૫૦ના અરસામાં ઓલ્ફ્રેડ હાઇસ્કૂલની ટીમમાં લાભશંકર દવે, અબ્દુલગની, મોહનલાલ વરૂ, સુરેન્દ્ર શેઠ વગેરે સારા ખેલાડીઓ હતા. તો અંજારમાં ઇસ્માઇલ બાયડ અને રૂસ્તમજી ડાંગોર જાણીતા હતા. લાલન કોલેજની સ્થાપના પછી રમજુ સમેજા, આજના સંસદસભ્ય અનંત દવે, કાંતિ ગણાત્રાનું નામ ગાજતું. શ્રી હરવદન મહેતા રણજી ટ્રોફી સુધી પહોંચ્યા.હતા. આ ઉપરાંત માંડવી જી. ટી. હાઇસ્કૂલના શિક્ષક પદ્મકાંત વૈશ્નવ સારા ફાસ્ટ બોલર હતા. તેમને ધોતીયું પહેરીને રમતા જોવા એ એક લ્હાવો લેખાતો. ડૉ. રાજારામના પ્રયાસોથી કચ્છમાં ચાર રણજી ટ્રોફી મેચો રમાઇ શકી છે. સુનિલ ગાવસ્કર, અશોક માંકડ, વેંગસરકર સહિતના ક્રિકેટરો ભુજના જ્યુબિલી મેદાન અને ગાંધીધામના ઇફકો ગ્રાઉન્ડ પર રમી ચૂકયા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે કંડલામાં ઇફકોની સ્થાપનાથી ક્રિકેટને વિશેષ મહત્ત્વ મળ્યું છે. સ્પર્ધાત્મક મેચો વધતાં રવીન્દ્ર આચાર્ય, પંકજ ઝવેરી, ચંદ્રકાંત શાહ, ઇસ્માઇલ સમેજા જેવા ખેલાડીઓ જાણીતા થયા છે. રવીન્દ્ર અને ચંદ્રકાંત શાહ રણજી ટ્રોફીમાં રમી ચૂકયા છે. ચાલુ વર્ષે (૧૯૯૫) ઇફકોમાં વર્ષોથી સ્પોર્ટસ ઓફિસર તરીકે ફરજ બજાવતા રણજી ખેલાડી જશવંત બકરાણીયાના લાભાર્થે બેનિફીટ મેચનું આયોજન થતાં સચિન તેંડુલકર, વી. રાજુ, સંદીપ પાટીલ જેવા સ્ટાર ક્રિકેટરોની રમત નિહાળવાની કચ્છવાસીઓને તક મળી હતી. આવી મોટી સ્પર્ધાઓના આયોજનથી સ્થાનિક ક્રિકેટને વેગ મળે છે એમ નિ:સંદેહપણે કહી શકાય.



મદનસિંહજી : ટેનિસના રણજી

ક્રિકેટની રમતમાં શ્રી રણજી ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે તેમ ટેનિસની રમતમાં કચ્છના અંતિમ મહારાવ શ્રી મદનસિંહજીનું નામ લઇ શકાય. આમ તો માજી રાજવી બારિયા નરેશ પણ ટેનિસની રમતના જબરા શોખીન હતા અને તેમણે પોતાની રમત ભૂખ સંતોષવા અલાયદા ટેનિસ કોર્ટ તૈયાર કર્યા હતા. મહારાવ મદનસિંહજી દરેક રમતના પ્રેમી હતા પણ ટેનિસ માટે તેમને વિશેષ પ્રેમ હતો.

ઘણાને ખબર નહીં હોય કે દક્ષિણ ફ્રાંસમાં લા-ટાઉકવેટ ખાતે ફ્રાંસ અને ગ્રેટ બ્રિટનના પીઢ ખેલાડીઓ (વેટરન્સ) વચ્ચે ૧૯૩૨થી રમાતી આવતી ટેનિસ સ્પર્ધા ''કપ ઓફ મહારાજા ઓફ કચ્છ'' તરીકે ઓળખાય છે, આ કપ મહારાજા તરફથી એનાયત થયો હતો અને તેમાં ભાગ લેનારા મદનસિંહજી એકમાત્ર ભારતીય રાજવી હતા. (જો કે, તેમણે ભારતીય તરીકે નહીં પણ ગ્રેટ બ્રિટન તરફથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો) આજે પણ 'કચ્છ કપ ટેનિસ' દર વર્ષે રમાય છે.

મદનસિંહજી ટેનિસના મક્કા તરીકે ઓળખાતાં વિમ્બલડનમાં પણ ૧૯૩૪થી ૧૯૩૭ વચ્ચે પુરૂષોની સિંગલ્સ અને ડબલ્સમાં રમ્યા હતા. મદનસિંહજી એ સમયના કુકુ લાજાવિક, બોબ ઇવ, રેમિયો સ્ટેફનાઇ, માર્સેલ બર્નાં તેમજ ભારતના મહાન ટેનિસ ખેલાડી ગોસ મોહમ્મદ સામે પણ વિમ્બલડનમાં રમ્યા હતા.

૧૯૩૭માં કલકત્તા ખાતે યોજાયેલી ઇસ્ટ ઇન્ડિયા ટેનિસ ચેમ્પિયનશીપમાં મદનસિંહજીએ બ્રિટનના લશ્કરી અધિકારી ડી. એ. હોજીસને સીધા સેટથી હરાવીને સનસનાટી મચાવી હતી.

મદનસિંહજી એકમાત્ર ભારતીય રાજવી હતા જેમના માટે વિમ્બલડનની પ્રતિષ્ઠિત સેન્ટર કોર્ટમાં બે બેઠકો કાયમ માટે અનામત રખાતી. મદનસિંહજી કચ્છમાં ટેનિસના ઉત્કર્ષ માટે હંમેશાં આતુર અને પ્રયત્નશીલ હતા.

ડૉ. રાજારામનું સપનું રોળાઇ ગયું છે

કચ્છ ક્રિકેટ એસોસિયેશનના નામે ડો. રાજારામે શરૂ કરેલું મિશન તેમનાં અવસાન પછી વેરવિખેર થઇ ગયું છે. વ્યવસ્થિત સંગઠનના અભાવે આજે પરિસ્થિતિ એવી સર્જાઇ છે કે કચ્છમાં તેજસ્વી ક્રિકેટરો હોવા છતાં રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ તેઓ 'પ્રોજેકટ' થઇ શકતા નથી. ઐતિહાસિક જ્યુબિલી મેદાન તંત્રની બેદરકારીને લીધે ઉબડ ખાબડ બની ગયું છે.

રમતના વિકાસ માટે સારી સગવડો ઉપલબ્ધ હોવી જરૂરી છે તેમ સારા દરજ્જાની સ્પર્ધાઓ પણ થવી જોઇએ, કચ્છમાં ગામડે ગામડે મર્યાદિત ઓવરોની ક્રિકેટ સ્પર્ધા રમાય છે પણ જિલ્લાકક્ષાએ રમાતી મદનસિંહજી ટુર્નામેન્ટ, વાઘજી વીરજી ટુર્નામેન્ટ, હિલશિલ્ડ ટ્રોફી ગમે તે કારણોસર બંધ થઇ ગઇ છે. વર્ષોથી નિયમિત રીતે રમાતી 'કચ્છમિત્ર ટ્રોફી'ને કારણે હાઇસ્કૂલ કક્ષાએ સ્પર્ધાત્મક રોમાંચ ટકી રહ્યો છે. કોઠારામાં રમાતી ડાભી ક્રિકેટ સ્પર્ધા અને માધાપરમાં સર્વોદય કલબ તરફથી યોજાતી સ્પર્ધા જિલ્લાભરની ટીમોને આકર્ષી શકી છે.

અલબત્ત, કચ્છમાં ક્રિકેટ પ્રતિભાઓની બિલકુલ ખોટ નથી. સર્વિસીઝ ટીમમાં શંકર રાઠોડ અને મહેશ પંડયા સારા ઓલરાઉન્ડર તરીકે ગુજરાતની ટીમમાંથી રાષ્ટ્રકક્ષાએ ભાગ લે છે. આજે જશવંત બકરાણીયાના કોચીંગને કારણે ગાંધીધામમાં તેજસ્વી ક્રિકેટરો પાકયા છે. કચ્છના આશાસ્પદ ક્રિકેટ ખેલાડીઓનો વિચાર કરીએ તો જે નામો તરી આવે છે તેમાં ઓલરાઉન્ડર મદન છટાણી, અશ્વિન કચ્છાવા, બેટસમેન -વિકેટ કીપર લાલ નવાણી, ચેતન નાગડા, જાબીર વોરા, હેમેન ભટ્ટ (બધા ગાંધીધામ), ભુજના ઓપનિંગ બેટસમેનો મુકેશ ગોર, અમિત પટેલ, વિકેટકીપર બેટસમેન હર્ષદ ઠક્કર જાણીતા છે. અંજારના ધીરજ ભીંડે અને કલ્પેશ ઠક્કર પણ જિલ્લા સ્તરે રમે છે. ગાંધીધામના સ્પીનર જીતુ જૈન અને પ્રદીપ જૈન ડંખીલી બોલીંગ માટે પ્રસિદ્ધ છે તો ઝડપી બોલીંગમાં શંકર રાઠોડ, મહેશ પંડયા, અમિત પટેલનું નામ લઇ શકાય. ભુજનો ઓલ રાઉન્ડર મુકેશ ભટ્ટ એક અચ્છો સ્પીનર છે હાલમાં તો અમદાવાદ ખાતે સેંટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કરવાની સાથે ક્રિકેટમાંય નામ કાઢી રહ્યો છે. આમ કચ્છના અન્ય શહેરોની સરખામણીએ ગાંધીધામ વિસ્તારમાં સારી તાલીમ ઉપલબ્ધ છે. જરૂર એ છે કે સમગ્ર કચ્છના તેજસ્વી ક્રિકેટ ખેલાડીઓને એક છત્ર નીચે નિયમિત

કોચીંગ મળે તેવા આયોજનની, ગિરીશ ઝવેરી, પરેશ શાહ, શંકર રાઠોડ, રવીન્દ્ર આચાર્ય જેવા જૂના ક્રિકેટરો આ દિશામાં પ્રયાસો કરી રહ્યા છે પણ તે પૂરતા નથી. પબ્લીક પાર્ક સ્પોર્ટસ કલબ તરફથી ભુજમાં ઉગતા ક્રિકેટરો માટે નિઃશુલ્ક કોચીંગ કેમ્પનું આયોજન શરૂ થયું છે જે આવકાર્ય પગલું છે. આ થઇ ક્રિકેટરોની વાત. સાથોસાથ ભુજના ત્રણ યુવાનોએ અમ્પાયરીંગ ક્ષેત્રે મેળવેલી યોગ્યતાનો ઉલ્લેખ પણ અહીં જરૂરી છે. શ્રી કપિલ મહેતા, અતુલ મહેતા અને અશોક મહેતાએ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજિત સ્ટેટ્ પેનલ અમ્પાયરીંગ પરીક્ષા પાસ કરી છે. આમ પ્રથમ કક્ષાની મેચોમાં અમ્પાયરીંગ કરવા માટે તેઓ લાયક બન્યા છે. તો ભુજના જ શ્રી રસનિધિ અંતાણીએ રેડિયો કોમેન્ટરીમાં નામ કાઢયું છે અને પ્રથમ શ્રેણીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોમાં કોમેન્ટરી આપતા થયા છે.

આમ કચ્છમાં ક્રિકેટને સંબંધ છે ત્યાં સુધી નવો ફાલ સારો છે પણ તેને પૂરતું પ્રોત્સાહન મળે તે માટે અહીં ટર્ફ ક્રિકેટ અનિવાર્ય જરૂરીયાત છે.

અન્ય રમતોનું આશાસ્પદ ચિત્ર

ટેનિસ અને ક્રિકેટ સિવાય કચ્છમાં ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, બેડમિન્ટન, ફૂટબોલ, હોકી, બાસ્કેટ બોલ, જુડો, વોલીબોલ, હેન્ડબોલ, કબડ્ડી, ખોખો જેવી અનેક રમતો રમાય છે અને તેના ખેલાડીઓ સ્કૂલ ગેઇમ્સમાં રાજ્ય તેમજ રાષ્ટ્રસ્તરે ભાગ લેતા -જીતતા થયા છે. કચ્છની દરેક શિક્ષણ સંસ્થાઓમાં રમગમત પ્રત્યે પૂરતું લક્ષ આપીને સુવિધાઓ વિકસાવાય તો આપણા ખેલાડીઓ કોઇથી પાછળ રહે તેમ નથી.

ભૂતકાળની આછેરી ઝલક મેળવીએ તો ફૂટબોલ અને હોકીના વિકાસમાં મહારાવ વિજયરાજજીનો ઘણો ફાળો છે. આજે ક્રિકેટની ઘેલછા અને સારાં મેદાનોના અભાવને લીધે આ બન્ને રમત લોકપ્રિયતામાં પાછળ ધકેલાઇ ગઇ છે. પણ રાજાશાહીના જમાનામાં ઘણી ટીમો ફૂટબોલ રમતી. સી પ્લેન, જ્યુબિલી મેદાન, ખારસરા, સત્તા મેદાન, ફૂટબોલના ખેલંદાઓથી ગાજતું રહેતું. તે વખતે નૂરમામદ જમાદાર, અબ્દુલ્લા ધોબી, સ્મિથ, ઉમિયાશંકર ગોર, મૂળશંકર ગોર, જશવંત ઉપાધ્યાય વગેરે ખેલાડીઓનો સિક્કો પડતો. માંડવીની સલાયા ટીમ ફૂટબોલમાં જોરાવર લેખાતી.

હોકીમાં રાજવી સભ્યો સિવાયના મોટાભાગના ખેલાડીઓ ગરીબ કુટુંબમાંથી આવતા પરંતુ તેમનો ઉત્સાહ એટલો હતો કે ઝાડની ડાળીમાંથી સ્ટીક બનાવી તેઓ હોકી રમતા અને તેમાં માસ્ટરી મેળવતાં આજે હોકીમાં ભુજની મુસ્લિમ એજ્યુકેશન હાઇસ્કૂલ અને માધાપરની એમ. એસ. વી. હાઇસ્કૂલની ટીમ મોખરે છે તો ફૂટબોલમાં સેંટ ઝેવિયર્સ (ભુજ)ની ટીમ સારી મનાય છે.

વોલીબોલ, ટેબલ ટેનિસ જેવી રમતોમાં કચ્છની વિદ્યાર્થીનીઓ પણ ઝળકવા લાગતાં કચ્છમાં મહિલાક્ષેત્રે રમગમતનો વિકાસ નથી થયો એમ હવે કોઇ કહી શકશે નહીં.

વોલીબોલમાં કેના ધોળકિયા અને પૂર્વી અનમ, દિનેશ પટેલ, ધીરજ પટેલ, દિનેશ માનાણીએ નામ કાઢયું છે, ટેબલ ટેનિસમાં શિવાની ઝવેરી અને કેના ધોળકિયા (બન્ને ભુજ) રાજ્યકક્ષાએ ચેમ્પિયન રહી ચૂકી છે. આજે મુનીર ખત્રી, મિહીર ગાંધી, ધર્મિન ઠક્કર, સચિન વોરા, દેવેન મહેતા આશાસ્પદ ખેલાડીઓ છે. કંડલા પોર્ટ ટ્રસ્ટના મહેશ હીંગોરાની, હરેશ સંગતાણી અને પ્રશાંત બૂચે ટેબલ ટેનિસમાં મેજર પોર્ટની રાષ્ટ્રીય સ્પર્ધામાં કચ્છનું નામ રોશન કર્યું છે. કુસ્તીમાં અઝીઝ ખત્રી અને હાકડા દાઉદના નામ જાણીતા છે, તો સ્વીમીંગમાં પારસ શુકલ અને જયદેવ શુકલ પિતા જયેન્દુ શુકલના નકશે કદમ પર ચાલી રહ્યા છે. ગાંધીધામની નેહા જોશી જુડોમાં તેજસ્વી ભવિષ્ય ધરાવે છે. એથ્લેટિકમાં દક્ષાબા જાડેજા, ઇશ્વરલાલ પટેલ, ભકિત અજાણી. ફૂટબોલમાં રોમીન જોશી, અનિશ જથમ, અસિત ગોર, ભાવેશ વાઘેલા અને અશોક અહલુવાલીયા, કબડ્ડીમાં કુ. હાલાઇ વિમળા અને કુ. જયશ્રીબેન પટેલ રાષ્ટ્રકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી ચૂકયા છે. બેડમિન્ટનમાં ભુજની સરખામણીએ માંડવી અને ગાંધીધામ -કંડલામાં સારા ખેલાડીઓ પાકયા છે. કંડલા પોર્ટ ટ્રસ્ટના રણજીતસિંહ જાડેજા સાત વખત ગુજરાત ચેમ્પિયન રહી ચૂકયા છે. પોસ્ટ ખાતાના વિનય દવે અને એસ. ટી. ના કર્મચારી રમણીક ઘેલા (વેટરન)એ જાત મહેનતથી ઘણી સફળતા મેળવી છે. આ ઉપરાંત માંડવીની શ્વેતા સોદાગર, પ્રજ્ઞા ગજેરા, સોનલ ગણાત્રા, કંચન હીરાણી બેડમિન્ટનમાં રાષ્ટ્રકક્ષાએ મેડલ મેળવી ચૂકી છે.

આમ વિવિધ રમતોમાં કચ્છનો વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ શકયતાઓ ધરાવે છે.

સરકારી પ્રોત્સાહન વધ્યું છે

જૂના સમયની સરખામણીએ આજે કચ્છમાં રમતગમત પ્રવૃત્તિને સરકારી રાહે ઘણું પ્રોત્સાહન મળી રહ્યું છે. વર્ષોના વહાણા પછી કચ્છને આજે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ સફળતાનાં મીઠાં ફળ ચાખવા મળ્યાં છે તેમાં સરકારી પ્રોત્સાહનના હિસ્સાને અવગણી શકાય તેમ નથી. કચ્છમાં ૧૯૭૪થી શરૂ થયેલી જિલ્લા રમતગમત કચેરી ભુજ ખાતે બહુમાળી ભવનમાં કાર્યરત છે. આ ઉપરાંત ફેબ્રુઆરી ૧૯૯૧થી સ્પોર્ટસ ઓથોરિટી -ગુજરાત અંતર્ગત સિનિયર કોચની કચેરી શરૂ થતાં રમત પ્રવૃત્તિનું ફલક વિસ્તર્યું છે અને જુદી જુદી રમતના ઉગતા ખેલાડીઓને વૈજ્ઞાનિક પ્રશિક્ષણ મળવા લાગ્યું છે.


રાજેશ ચૌહાણ

કચ્છ બહાર ઝળકેલાં રત્નો

મૂળ કચ્છના હોય પરંતુ બહાર વસીને કચ્છનું નામ રોશન કર્યું હોય એવી પ્રતિભાઓનો ઉલ્લેખ કરીએ તો અંજાર તાલુકાના રાજેશ ચૌહાણ અને જયંતિલાલ કેનિયાએ ક્રિકેટમાં નામ કાઢયું છે. તાજેતરમાં નિવૃત્તિ લેનાર ટેબલ ટેનિસ ખેલાડી કમલેશ મહેતા કચ્છના મોઢ વણિક પરિવારના છે. ભુજનો ઈશ્વર હીરાણી સ્વીડનની ક્રિકેટ ટીમમાંથી રમે છે તો હિમાલયન કાર રેલીમાં વિજેતા થયેલા રમેશ ખોડા મૂળ ભારાસરના છે. તદ ઉપરાંત વર્ષોથી આદિપુરમાં વસી રહેલા શ્રી લાલુભા જાડેજાએ રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમનું સુકાનીપદ લાંબો સમય સંભાળ્યું છે. આવા તો કંઇ કેટલાય રત્નો દુનિયાભરમાં પડયા હશે.

આ બન્ને કચેરીનું કાર્યક્ષેત્ર જોઇએ તો રમતગમત અધિકારીની કચેરીનું મુખ્ય કામ તાલુકાથી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધાઓનું આયોજન કરવું, માન્ય રમત મંડળોને નાણાંકીય સહાય આપવી, તથા ખેલાડીઓની એવોર્ડઝ માટે ભલામણ કરવાનું છે. કચ્છમાં દર વર્ષે શાળાકીય અને ઓપન વિભાગમાં શરદ રમતોત્સવ, શિયાળુ રમતોત્સવ, બાળ રમતોત્સવ, ગ્રામીણ રમતોત્સવ અને મહિલા રમતોત્સવ યોજાય છે જેમાં મોટી સંખ્યામાં ગ્રામીણ શહેરી યુવક-યુવતીઓ ભાગ લે છે. એટલું જ નહીં, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ઝળકીને સરકારી નાણાંકીય સહાય પણ પ્રાપ્ત કરે છે.

ભુજના સ્ટેશન રોડ પર કાર્યરત સિનિયર કોચની કચેરી દ્વારા ખેલાડીઓને પ્રશિક્ષણ, રમતગમત સંકુલોનું નિર્માણ, પ્રિનેશનલ કોચીંગ કેમ્પ યોજવા, રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

આ કચેરીમાં હાલમાં એથ્લેટિક, ફૂટબોલ ઉપરાંત વોલીબોલ કોચની સેવાઓ ઉપલબ્ધ છે. ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયની વોલીબોલ ખેલાડી કેના ધોળકિયા શ્રીલંકા ખાતે રમી શકી તે માટે આ કચેરીના વોલીબોલ કોચની મહેનત પણ લેખે લાગી છે.

સોનેરી ભવિષ્ય

આમ રમતગમત પ્રવૃત્તિ કચ્છના ઈતિહાસ, વર્તમાન અને ભવિષ્ય સાથે વણાયેલી છે, અગાઉ પ્રોત્સાહનના સદંતર અભાવ છતાં જાત મહેનત અને હોંશને કારણે વિવિધ રમતોના ખેલાડીઓ પાકયા હતા. તો આજે આ પ્રક્રિયા ઝડપી બની ગઈ છે. પરંતુ કચ્છનું નિશાન માત્ર ગુજરાત કે ભારતની શાળાકીય રમતો પૂરતું જ સિમિત ન રહેવું જોઈએ.

આજે ઘણા કિસ્સામાં બનતું આવ્યું છે કે શિક્ષણ પૂરું થતાં ખેલાડીઓને ફરજીયાત નોકરીની ફીકરમાં લાગી જવું પડે છે આવું ન થાય અને આશાસ્પદ ખેલાડીઓ રમતના મેદાનમાં સક્રિય રહી શકે તે માટે નક્કર યોજનાઓ થવી જોઈએ. કચ્છનો વિકાસ ઝંખતા દાતાઓ આ પ્રદેશનાં યુવાધન માટે આટલું ન કરી શકે ? ગુજરાતની સ્પોર્ટસ ઓથોરિટીના ઉપક્રમે ભુજ અને ગાંધીધામમાં રમતગમત સંકુલ બંધાઈ રહ્યા છે, ગાંધીધામમાં બેડમિન્ટન એસોસિયેશનના ઉપક્રમે બેડમિન્ટન કોર્ટ નિર્માણાધિન છે, આમ કચ્છના ખેલ જગત માટે ભવિષ્ય સોનેરી દેખાય છે એમ કહી શકાય.

સંદર્ભ : (૧) કચ્છમિત્રના દીપોત્સવી અંકમાં શ્રી હરેશ ધોળકિયાનો લેખ. (૨) રાજ્ય રમતગમત પરિષદની પ્રવૃત્તિ પુસ્તિકા. સંપર્ક : (૧) શ્રી અબ્દુલા ધોબી (જૂની પેઢીના ખેલાડી) (૨) જિલ્લા રમતગમત અધિકારી શ્રી ટીંબળિયા (૩) સિનિયર કોચ શ્રી આસિત દેસાંઇ. □

■ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ-૧૦૨, ફલેટ નં. ૧૦૪, પહેલે માળે, સંસ્કારનગર, ભુજ
■ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ-૧૦૨, ફલેટ નં. ૨૦૨, બીજે માળે, સંસ્કારનગર, ભુજ



૪૫૬૫૨ ચો. કિ.નો વિસ્તાર ધરાવતો કચ્છ પ્રદેશ ૨૨°૪૧' ૧૧''થી ૨૪° ૪૧' ૪૭'' ઉત્તર અક્ષાંશ અને ૬૮° ૦૯' ૪૬'' થી ૭૧° ૫૪' ૪૭'' પૂર્વ રેખાંશ પર આવેલો છે. ભૂસ્તર શાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર તથા વન્યજીવનની દ્રષ્ટિએ તે એક વિવિધતાથી ભરેલો અજબ પ્રદેશ છે. કચ્છના મોટા ભાગ પર પ્રાચીન કાળમાં સમુદ્ર ફરી વળ્યો હતો જેની સાબિતી આજે દરીઆઇ અવશેષો ઠેકઠેકાણે પૂરી પાડે છે, આમાના અમુક જુરેસિક સમયના હોવાનું માલુમ પડયું છે, આમ કચ્છને, તેના ભૂભાગને પ્રાચીન, મધ્ય અને અર્વાચીન એમ ત્રણ શ્રેણીઓમાં વહેંચી શકાય -કચ્છ અને પાડોશનો સિંધ પ્રાંત સદીઓથી ભૂકંપગ્રસ્ત રહેલા છે અને સમુદ્રનું હટવું અને જે જે ભૂસ્તરીય ફેરફારો થયા છે તેમાં અવારનવાર થતા ભૂકંપોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

એ હકીકત જાણીતી છે કે સિંધુ નદીની એક શાખા શરૂઆતમાં ખંભાતના અખાતમાં ઠલવાતી અને કાળક્રમે તેનું પશ્ચિમ તરફ વહેણ સરકતું રહ્યું, આ બધા ફેરફારોની અસર પ્રકૃતિ પર પડે તે સ્વાભાવિક છે. આમા વનસ્પતિ અને જીવસૃષ્ટિનો સમાવેશ થાય જ. સાથે સાથે નદીની તે શાખા દ્વારા જે માટીનું પૂર આવ્યું તેમાંથી ઘાસીયા જમીન બનવાની પ્રક્રિયાને સારો એવો વેગ મળ્યો. આજે છાડબેટ, ધાર બન્ની અને આપણી બન્નીની રચનામાં એ કાંપનો મહત્ત્વનો હિસ્સો છે, તે પછી કચ્છની ઉત્તરવાહિની નદીઓનો કાંપ આ બન્નીના વિભાગને પોષતો રહ્યો, વનસ્પતિ અને જીવસૃષ્ટિ માટે આવા અનુકૂળ સંયોગો મહત્ત્વના છે કારણ કે તે તેના વિકાસને વેગ આપે છે અને તેની વિવિધતામાં પણ વધારો કરે છે. છેવટે જ્યારે સિંધુની શાખા લખપત તાલુકામાં પહોંચી ત્યારે ત્યાં અમુક વનસ્પતિ અને ઝાડીનો વિકાસ થયો. આજે એ ઝાડીના અવશેષો લિગ્નાઇટના સ્વરૂપમાં જમીન નીચે ધરબાયલા છે. ઝાડીમાં અને નદી કિનારે રહેનારાં ગેંડા અને જંગલી ભેંસો પણ એક સમયે જોવા મળતી. લોકો ત્યાં વસ્યા ત્યારે ઝાડી સાફ થઇ હશે અને ખેતીનો વિકાસ થયો. છેલ્લીવાર ભારે ભૂકંપ ઇ. સ. ૧૮૧૯માં થયો ત્યારે સિંધુ નદીના પાણી કચ્છમાં આવતાં બંધ થયા હતા અને તે પ્રદેશ વેરાન થયો. જ્યારે બીજી તરફ સમુદ્રની ભરતીના પાણી નાળો અને કાંઠાળ પ્રદેશમાં પ્રવેશવા માંડયા તેની સાથે ખારાં પાણીની વનસ્પતિ અને તેમાં રહેનારા પક્ષીઓ અને દરીઆઇ જીવોનો વિકાસ થવા માંડયો. બીજી જગ્યાઓએ ડુંગરો અને ટેકરાઓ ધરતીકંપથી ઊંચે આવ્યા તેમના પર વનસ્પતિનો વિકાસ થવા માંડયો અને બાકી રહેતી સપાટ જમીનો પર પણ યોગ્ય પર્યાવરણ ઊભું થયું, કચ્છનો અર્ધાથી વધુ હિસ્સો રણ ધરાવે છે. ચોમાસામાં તેમાં ભરતીનું અને તેમાં વહેતાં નદી-નાળાના પાણી એકઠાં થાય ત્યારે તે જીવ સૃષ્ટિની દ્રષ્ટિએ એક અજીબ સ્થળમાં પરિવર્તિત થાય છે આ પરિસ્થિતિનું નિર્માણ ઈ. સ. ૧૮૧૯ના ભૂકંપ પછી થયું. તે પછી રણમાં મુખ્યત્વે બનાસ અને લૂણી નદીઓમાંથી પાણી વહેતાં. હાલ તેમનાં પર બંધો બની ગયા હોવાથી રણમાં પાણીનો પ્રવાહ ઓછો થયો છે. ફકત દક્ષિણ રાજસ્થાનમાં અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થાય અને આ બે મોટી નદીઓ પરના બાંધોનાં ઓગનનું પાણી આવે ત્યારે મોટાં અને નાના રણ ભરાઇ જતાં હોય છે.

ધરતીકંપની અસરથી કચ્છમાં ડુંગરાળ વિસ્તારો ઉંચા આવ્યાનું ભૂસ્તર શાસ્ત્રીઓ માને છે. આમ કચ્છની ધરતી ત્રણ વિભાગમાં વહેંચાયલી છે. દક્ષિણથી ઉત્તર તરફ જતાં પહેલાં સમુદ્ર તટ અને નાળો તથા રેતીના ઢૂઆ આવેલા છે અને સાથે સપાટ ખેડવાણ અને બિનખેડવાણ જમીન. આ જમીન મોટેભાગે ફળદ્રુપ છે, તે પછી જિલ્લાની મધ્યમાં ડુંગરોની હારમાળા આવે છે અને જે જમીન છે તેનો પ્રકાર રેતાળ છે, તે પછી લગભગ ૩૦૦૦ ચો. કિ.નો વિસ્તાર ધરાવતો બન્નીનો પ્રદેશ આવે છે, જે આમ તો રણનો જ એક ભાગ છે અને આગળ ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે તે નદીઓના કાંપથી સર્જાયલો છે. તેમાં છૂટીછવાઇ ઝાડી અને ઉત્તમ પ્રકારના અલગ અલગ જાતના ઘાસ થાય છે. બન્નીથી ઉત્તરમાં કચ્છનું મોટું રણ આવેલ છે અને કચ્છની પૂર્વ દિશામાં કચ્છનું નાનું રણ, મોટા રણના કિનારા પર પચ્છમ બેટ આવેલો છે તેની ધરતી રેતાળ છે અને તેમાં ડુંગરની બે ધારોનો પણ સમાવેશ થાય, એક ઉત્તર તરફ કાળો ડુંગર અને તેની દક્ષિણમાં ગોરો ડુંગર, તે પછી પૂર્વમાં નાના બેટો જેવા કે ભાંજડો અને ત્રગડી. તે પછી આવે ખડીર અને બેલા. તેના પર પણ ડુંગરાળ વિભાગો આવેલ છે.

આ થયો કચ્છનો ભૂભાગ અને વરસાદનું પ્રમાણ ઓછું અને તે અનિયમિત હોવાથી કચ્છમાં થતી વનસ્પતિ પણ એ આબોહવા જીરવી શકે તેવી અને અતિ ટકાઉ છે. ઝાડોમાં મુખ્યત્વે દેશી બાવળ, ખીજડો (કચ્છીમાં જેને કંઢો કહે છે), ગોરડ (કચ્છી નામ ખેર) અને અન્ય બીજાં ઝાડો. જ્યારે તેથી નાની વનસ્પતિમાં પીલુ (ખાદી અને મીઠી જાર), બોરડી, ગંગેટી (ગાંગી), લુસ્કા, ગુગળ અને અન્ય જાતો જે ઉનાળામાં એકદમ સૂકી જોવામાં આવે અને દુષ્કાળ પડે તો તે એક-બે વર્ષ સુધી તેવી જ સ્થિતિમાં ટકી રહે અને જેવો વરસાદ વરસે જમીનમાં કે ડુંગરાળ વિસ્તારમાં પાણી તેમના મૂળિયાં સુધી પહોંચે કે તરત લીલાછમ બની પાંગરવા માંડે, જાણે કે તેમના પરથી કોઇએ જાદૂઇ લાકડી ફેરવી ન હોય ! આ છે કચ્છની ભૂમિ અને તેના પર જોવા મળતી અજાયબી પમાડે તેવી ભાતીગર કુદરતી લીલા. પાણીથી ધોવાયલા જૂદી જૂદી રંગોની ભાતવાળા ડુંગરોની હારમાળા અને તેના ઉપર અને આસપાસની હરિયાળી એ કોઇપણ કઠોર હ્રદયના માનવીને પણ કચ્છમાં મંત્ર મુગ્ધ કરી દે છે, ચોમાસામાં કચ્છના દરેક ભાગમાં સૌંદર્ય અને કુદરતની મોજ માણવી એ એક અનેરો લહાવો છે, આ પ્રકારની વિવિધતા અન્ય પ્રદેશોમાં ઘણા ઓછા ભાગોમાં જોવા મળશે.

આ થઇ ભૌગોલિક અને કુદરતી વિવિધતાની વાત. જો પક્ષી અને પ્રાણી સૃષ્ટિનો વિચાર કરીએ તો તેમાં પણ અજબની વિશિષ્ટતા અને વિવિધતા જોવા મળશે. આની સાથે સદીઓથી કચ્છમાં આવી વસેલા લોકોને પક્ષીઓ, પ્રાણીઓ અને પ્રકૃતિ સાથે એક અનેરો પ્રેમ અને લગાવ રહ્યો છે જે અન્યત્ર ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને ગામડાના લોકો જે રાત દિવસ સીમાડામાં હરતા ફરતા હોય તે તેમની રીતે જંગલી પશુ પક્ષીઓનો તલસ્પર્શી અભ્યાસ કરતા આવ્યા છે. તેમની અમુક ખાસીયતો પરથી તેમના નામો પણ પાડેલા છે. આના દાખલા તે નામોમાં જોવા મળે છે. જેવાં કે પશુઓમાં ઘુરનાર, ચિત્તો, હેણાત્રો, ઈત્યાદી જ્યારે પક્ષીઓના નામો છે ટુબ્બાણ, રણ કાગડો, છેણા બોરી, વાઢો, હજામડો વિગેરે.

વચ્ચે એક સમય એવો આવ્યો કે જેમાં પ્રકૃતિ તરફના લોકોના પ્રેમ યા રસમાં કઈંક ઘટાડો થયો અને ઝાડી કાપવાની, શિકાર કરવાની વૃત્તિ વધતી ગઇ. પરંતુ હાલના સમયમાં લગભગ દરેક સ્તરના લોકોમાં પ્રકૃતિ વિષે જાણવા માટે, પક્ષીઓનો અભ્યાસ કરવાની વૃત્તિનો વેગ આવતો રહ્યો છે તે એક આ પ્રદેશના હિતમાં ઈચ્છનીય છે, વધુ વૃક્ષો વાવવાની પ્રવૃત્તિ પ્રશંસનીય છે પરંતુ તેને હવે વધારે પ્રમાણમાં વૈજ્ઞાનિક રીતે દિશા આપવાની જરૂર છે.

અસંખ્ય સ્થાનિક અને યાયાવર પક્ષીઓ

હવે જીવ સૃષ્ટિનો ઉલ્લેખ કરતાં પહેલાં પક્ષીઓની વાત કરું તો કચ્છમાં સ્થાનિક નિવાસી પક્ષીઓ ઉપરાંત શિયાળો ગાળવા આવતાં યાયાવર પક્ષીઓ જોવા મળે છે. કચ્છનું ભૌગોલિક સ્થાન એવું છે કે બહારના દૂર દૂરના રશિયા, પૂર્વ યુરોપ અને મધ્ય એશિયા વગેરે સ્થળોએથી આવતાં ઘણાં પક્ષીઓ હિંદમાં બીજી જગ્યાએ જતી વખતે પહેલાં કચ્છમાં પ્રવેશ કરે છે. આ પક્ષીઓ ચોમાસાં દરમ્યાન અને શિયાળાની શરૂઆત સુધી આ પ્રદેશમાંથી પસાર થતાં હોય છે. પાછા તેમના પ્રજનનાં સ્થળોએ વળતી વખતે વસંત ઋતુની શરૂઆતમાં અને તેથી થોડા સમય પહેલાં પણ હિંદ મહાદ્વીપમાંથી ઊડી કચ્છમાંથી પસાર થાય છે. આ પક્ષીઓમાં મોટાં કદના કુંજ અને બાજ જેવાંથી બતકો અને તદ્દન નાના કદના વોર્બલર જે આપણી સામાન્ય ચકલીથી નાના હોય છે તેમનો સમાવેશ થાય. નાના પક્ષીઓમાં ચકલીના કદના વેગટેલ જેવા અને બીજાં પાણીના પક્ષીઓ છેક ચારથી પાંચ હજાર કિલોમીટર દૂરના અંતરે આવેલ ઉઝબેકિસ્તાન, કાઝકસ્તાન અને પૂર્વ યુરોપથી કેરળ સુધી મુસાફરી કરે છે, અને પાછાં પરત જતાં હોય છે, શિયાળામાં બરફ આચ્છાદિત જમીનો, જળાશયો અને ઠંડા વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધે અને ખોરાક મળવો બંધ થાય તે પહેલાં સમયસર એ ઉત્તર તરફના પ્રદેશોને આ પક્ષીઓ છોડવા માંડે છે અને દક્ષિણ તરફનું તેમનું પ્રયાણ શરૂ કરે છે. તેવી જ રીતે શિયાળો પૂરો થવા આવે એટલે કે લગભગ ફેબ્રુઆરી માસથી મોસમનું ગરમીનું પ્રમાણ વધે એટલે આ પાંખવાળા આપણા મહેમાનો પોતાના વતન તરફ વળવાની શરૂઆત કરે.

1996-05-17 -Kutch Tari Asmita (702)

કચ્છનું અજબ વન્યજીવન અને પર્યાવરણ

□ હિંમતસિંહજી

આમ વર્ષો વર્ષ આ પંખીઓની આવન જાવનનું ચક્ર ચાલ્યા જ કરે છે. પણ પક્ષિવિદો અને વૈજ્ઞાનિકો એ શોધ કરી રહ્યા છે કે આ પક્ષીઓને દિશાનું ભાન કેવી રીતે થાય છે. નાના બચ્ચાં ઊડવાની ક્ષમતા પ્રાપ્ત કરે તેમને તો આ ઋતુ પ્રવાસનો કોઈ અનુભવ પણ ન હોય તેમ છતાં તે પણ તેમના નિર્ધારિત સમયે અને સ્થાન પર અચૂક પહોંચી જતાં હોય છે. હમણાં સુધી જે સંશોધન થયું છે તેથી એ જાણવા મળ્યું છે કે પક્ષીઓ અમુક અંશે તારા મંડળ પરથી દિશા શોધી શકે છે, પણ વાદળછાયું આકાશ હોય, તારા દેખાતા ન હોય તો તે વખતે તે ભૂલાં કેમ નથી પડતાં ? આમાના સમુદ્ર પર્વતમાળાઓ, જમીન પરના બીજાં નિશાનોની સહાયતા લેતાં હોય છે. આની સાથે ઘણા પક્ષીઓના શરીરમાં ચૂંબકીય અંશો હોય છે જેના વડે જમીન અને પહાડો ઉપર ઉડ્ડયન કરતાં તેમને અમુક પ્રકારના સંકેતો મળી જતા હોય છે. આ વિષય પર હજુ વધુ સંશોધન ચાલુ જ છે.

ઉપરના અનુસંધાનમાં કચ્છમાં આવતાં મુલાકાતી પક્ષીઓ પોતાનો આગમનનો સમય ચૂક્તા નથી. અમુક દરિયા કિનારે અને નાળોમાં જોવા મળતાં પક્ષીઓ જુલાઈ તથા ઓગસ્ટ મહિનાથી આવવાનું શરૂ કરી દે છે. કુંજ પક્ષી અચૂક શ્રાદ્ધના સમયથી એટલે કે ભાદરવા મહિનાની મધ્યમાં, અંગ્રેજી સપ્ટેમ્બર માસથી આવવા માંડે છે અને તેમના આગમનમાં એક કે બે દિવસથી વધુ વહેલું કે મોડું થતું નથી. મોટાં ભાગના પક્ષીઓ તેમનો પ્રવાસ ચંદ્રનું અજવાળુ હોય એટલે કે પૂનમની આસપાસથી અજવાળિયાં દરમ્યાન કરવાનું પસંદ કરતાં હોય છે, એજ અરસામાં હુબારા અથવા શિયાળુ તિલોટ પણ આપણી પાસે આવતા હોય છે. આમ આ યાયાવર પક્ષીઓનું આગમન નવેમ્બર માસ સુધી અવિરત ચાલુ રહે છે, તેવી જ રીતે તે લગભગ ફેબ્રુઆરીથી માર્ચ દરમ્યાન પાછાં વળતાં હોય છે, વહેલામાં વહેલું આવનારું પક્ષી વૈયા યા રોઝી પેસ્ટર (કાબર જેવું છે) જે જુલાઈ-ઓગસ્ટમાં આવવાનું ચાલુ કરી દે છે અને સૌથી મોડું પણ તેજ પક્ષી એપ્રિલ સુધી રોકાય છે અને અમુક તો મે મહિનામાં પાછાં જાય છે.

બીજાં અમુક પક્ષીઓ જેવાં કે યુરોપિયન યા કશ્મીર રોલર (નીલ ચાંચ અથવા નીલકંઠની એક જાત), સ્પાટેડ ફ્લાઈકેચર, ઈન્ડીઅન વાઈટ થ્રોટ વિગેરે કચ્છમાં થોડા દિવસો રહી પસાર થઈ જાય છે. આ પક્ષીઓ અફઘાનિસ્તાના બલુચિસ્તાન કાશ્મીર ઈત્યાદી પ્રદેશોમાં બચ્ચાં ઉછેરી આફ્રિકામાં શિયાળો ગાળવા જાય છે. લગભગ ચોમાસાંના અંતમાં એટલે સપ્ટેમ્બર-ઓકટોબરમાં અહીં આવે અને એકાદ પખાવાડિયું યા વિસેક દિવસ રોકાઈ અરબી સમુદ્ર ઓળંગી આફ્રિકાના દેશોમાં પહોંચી જતાં હોય છે. આવા પંખીઓને અંગ્રેજીમાં PASSAGE MIGRANTS કહે છે. પાછાં વળતી વખતે તે કચ્છમાં આવતાં નથી પણ ભૂમધ્ય સમુદ્ર ઓળંગી દક્ષિણ યુરોપ વાટે પોતાના પ્રજનન સ્થળોએ પહોંચે છે. આપણી પાસે આ એક પક્ષી જગતની વિચિત્ર પણ રસપ્રદ વિશિષ્ટતા અને અપવાદરૂપ ઘટના છે.

ચોમાસાનાં એંધાણ આપતાં પક્ષી ચાતક અને તિલોર

સારા-નરસા ચોમાસાના એંધાણ આપતાં પક્ષીઓમાંનું એક પ્રાઈડ કેસ્ટેડ કુકુ (જેને ગુજરાતી નામ ચાતક આપવામાં આવ્યું છે) જો આ પક્ષી જૂન મહિનામાં આવે તો વરસાદનું પ્રમાણ સારૂં રહે. આ પક્ષીનો ક્રમ અગાઉ ઉલ્લેખેલ પક્ષીઓ કરતાં ઉલ્ટો છે. આ ચાતક કચ્છમાં પ્રજનન કરવા આવે છે. આ પક્ષીની આવ જા અને પ્રવાસ વિષે હજી વધુ ચોક્કસ વિગતો મેળવવાની જરૂર છે. પણ સામાન્ય રીતે તે પૂર્વ આફ્રિકા સુધી પહોંચે છે. ત્યાં શિયાળો ગાળી અને ઉનાળાના અંત સુધી પાછું ભારતીય ઉપખંડમાં પહોંચી આવે છે. જસદણના સ્વ. શિવરાજકુમાર ખાચર એમ કહેતા કે ચાતકનું આગમન વહેલા યા સારા વરસાદ માટે એક સારૂં શુકન ગણાય. તે કોયલ જેવા કુકુ વર્ગનું પક્ષી હોતાં પોતાના બચ્ચાં ઉછેરતું નથી. એ બીજા પક્ષીના માળામાં ઈંડું મૂકી આવે છે. તેની પ્રજનન ક્રિયામાં કુદરતની એક અજબ અને વિચિત્ર કરામતના દર્શન થાય છે. સામાન્ય રીતે એક માળામાં એક જ ઈંડું મૂકવામાં આવે છે અને જે પક્ષી તેને સેવે તે ચાતકની સરખામણીમાં કદમાં બહુ જ નાના હોય છે. તેમના ઈંડા કરતાં ચાતકનું ઈંડું મોટું હોય અને સ્વાભાવિક રીતે ઉછેરનાર પક્ષીઓ કરતાં બચ્ચું પણ મોટું થાય. જે મૂળ પક્ષીના બચ્ચાં હોયં તેનો બધો ખોરાક કદમાં મોટું બચ્ચું લઈ લે અને નાનાં બચ્ચાં ભૂખે મરે. જે બચે તે જ્યારે ચાતકનું બચ્ચું માળામાં આડું અવળું થાય અને ફરે ત્યારે બહાર ફેંકાઈ જતાં હોય છે. આવી રીતે ઉછેરનાર પક્ષીઓને ફક્ત એક જ બચ્ચા માટે ચાંચમાં ખોરાક લાવવો પડે. જ્યારે એ બચ્ચાંને પીછાં ઊગે ત્યારે તેનો કાબરો (કાળો-સફેદ) રંગ ચોકખો ઉછેરનાર પક્ષીઓના રંગથી જુદો દેખાય અને માળામાંથી બહાર નીકળે ત્યારે તેનું કદ પણ ચોકખું મોટું દેખાઈ રહે તેમ છતાં તે પાંખો



ઘુડખર- ફ્લેમિંગોના બચ્ચા સાથે, તસવીર : રાયસિંહજી રાઠોડ

ધ્રુજાવી ચાંચ ખુલ્લી રાખી ખોરાક માગતું જ રહે અને પેલાં ઉછેરનારા મા બાપ કીડા, ગાડર વગેરે જંતુઓ તેનું પોતાનું જ બચ્ચું હોય તેમ લાવી તેની ચાંચમાં અમુક દિવસો સુધી મૂકયા જ કરે ! ચોમાસાંની ઋતુ દરમ્યાન વગડામાં ફરતાં પક્ષી નિરીક્ષણ કરતાં કુદરતની આ અજબ લીલા નિરીક્ષકને હેરત પમાડે.

ચોમાસાની ઋતુ પૂરી થવા આવે એટલે પુખ્ત વયના ચાતક તેમનો આફ્રિકા તરફનો પ્રવાસ શરૂ કરી દે. પણ તેમના બચ્ચાં જેઓને જુદી જ જાતના પક્ષીઓ ઉછેરે તે સ્વાવલંબી થઈ ઊડવાલાયક થાય ત્યારે પ્રવાસનો કોઈ અનુભવ ન હોવા છતાં તેમની નિયત જગ્યાઓએ પહોંચી જાય. આ પક્ષીઓ અરબી સમુદ્ર પાર કરતાં હશે. કારણ કે તે સમય સમય પર આ લાંબા પ્રવાસ દરમ્યાન ખાડીના ઓમાન જેવા દેશોમાં મે તથા ઓકટોબર માસોમાં નોંધાયેલા છે.

સારા ચોમાસા અને ઘણાં પ્રમાણમાં વરસાદની આગાહી કરતું એક બીજું પક્ષી પણ કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવે છે. તે છે જમીન પર રહેનારૂં વરસારૂ તિલોર (કચ્છી નામ) અથવા ખડમોર. આ પક્ષી પણ જો જૂન માસની શરૂઆતમાં કચ્છમાં જોવા મળે તે વર્ષે સારા પ્રમાણમાં વૃષ્ટિ થાય. આ પક્ષી હિન્દમાં જ ઘાસિયા જમીનમાં રહે છે પણ તેના વિષે હજી ઘણી ખૂટતી કડીઓ છે. બચ્ચાં ઉછેરવાની ઋતુ પછી તે કયાં જાય છે તે વિષે હજી ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. ખડમોરનો ઉલ્લેખ મેં કચ્છમાં જોવાં મળતાં પક્ષીઓની વિવિધતાના દાખલારૂપે કર્યો છે. જેવી સમુદ્રતટ અને ઉત્તરે રણ સહિત વચ્ચે આવી જતા ભૂ ભાગ અને તેના પર થતી વનસ્પતિની વિવિધતા છે તેવી જ તે તે ભાગને અનુરૂપ અને અનુકુળ કચ્છના સ્થાનિક નિવાસી પક્ષીઓમાં વિવિધતાના

દર્શન થાય છે. અમુક પક્ષીઓ દરિયા કિનારાના ઢૂવા પર જોવા મળે છે જ્યારે તેની નીચે સપાટ જમીન અને ખેતરોમાં ટીટોડી, છેણા બોરી, બટાવડા, ચંડૂલની અમુક જાતો ઉપરાંત વાડીઓમાં બુલબુલ, કોયલ અને બીજાં નાના મોટાં પક્ષીઓ રહે છે. રખાલો, ડુંગરો અને સામાન્ય રીતે વગડામાં ત્યાંની વનસ્પતિમાં રહેતાં પક્ષીઓ જોવા મળે. આમ બન્નીથી કરીને કચ્છના મોટા રણ સુધી અને નાના રણમાં પણ પક્ષીઓ રહે છે.

સ્થાનિક નિવાસી પક્ષીઓમાં મુશ્કેલ સંયોગોમાં રહેવાની, દુષ્કાળ જેવા કપરા સમય પસાર કરવાની ક્ષમતા રહેલી છે જે અજબ છે. ઉનાળામાં અથવા દુષ્કાળના સમયમાં બન્ની અને રણની ધગધગતી ખારી પાટ સપાટી પર અમુક પક્ષીઓને જોઈએ ત્યારે સ્વાભાવિક રીતે અચરજ થાય કે એ જીવો મહિનાઓ સુધી પાણી પીધા વિના કેમ ત્યાં રહી શકતાં હશે, બન્નીમાં રહેતાં બટાવડાં, ચંડૂલ વગેરે જે દૂર ઉડ્ડયન કરી શકે તેવાં પક્ષીઓ ક્યાંક જઈ પાણી પીતાં હશે, પણ તેતર જે લાંબે ઊડી શકે નહીં તે પોતાનો નિર્વાહ કેમ કરી શકે ? આ પક્ષીઓનું શરીરનું બંધારણ કેટલેઅંશે ખડતલ હશે તેનો ખ્યાલ આવે- તેતર અને બીજાં જીવો જેવાં કે સાંઢા, સર્પ અને ઉંદરો ફક્ત લાણા જેવી ત્યાં ઊગતી વનસ્પતિના પાંદડાં અને તે જે ખાય તે જીવાતમાંથી ભીનાશ મેળવે. ઉપરાંતમાં સવારે જે ઝાકળ (માખ)ના બિંદુઓ વનસ્પતિ પર હોય તે લેતાં હોવા જોઈએ. આ પણ એક કુદરતની કરામત છે. સપાટ મોટાં રણમાં જ્યાં માઈલોને માઈલો સુધી ચોમેર ક્યાં પણ પાણીનું ટીપું ન હોય ત્યાં રણની સપાટી પર ડેઝર્ટ લાર્ક જેવાં અને અમુક બેટો પર લેલાં જેવાં પક્ષીઓને પણ પાણી વિના મહિનાઓ સુધી (વરસાદ વર્ષે ત્યાં લગી) રહેવું પડે. એજ પરિસ્થિતિ ત્યાંની વનસ્પતિની અને બેટો પર ઊગતાં ખીજડા જેવા ઝાડોની છે. આ વનસ્પતિ પણ જમીનમાંથી ઓછામાં ઓછી અથવા નહિવત ભિનાશ મેળવી ટકી શકે છે. આના ઉપરથી ખ્યાલ આવે કે કુદરતે આ વિષમ પરિસ્થિતિ સહન કરી ટકી રહેવાની કેવી અજબ ક્ષમતા આ જીવસૃષ્ટિને આપી છે ! કોઈ બીજાં જીવો યા ખુદ માનવી ત્યાં દિવસ દરમ્યાન મૂકી દેવામાં આવે તો તેમનું અમુક કલાકોમાં મૃત્યુ નીપજે.

દીપડો-કચ્છનું એકમાત્ર હિંસક પ્રાણી છે

જેમ પક્ષીઓમાં વિવિધતા જોવામાં આવે છે તેમ પ્રાણી જગત અને જે વાતાવરણમાં તે રહે તેમાં પણ જુદી જુદી ભાત હોય છે. કચ્છમાં હિંસક પ્રાણી એક જ છે અને તે છે દીપડો. જેને કચ્છીમાં ચિત્રો કહે છે. દીપડો ડુંગરાળ પ્રદેશ અને જ્યાં પૂરતી ઝાડી હોય તેમાં રહે છે. તેનો મુખ્ય ખોરાક સૂવર યા જંગલી ડુક્કર, નીલગાય યા રોઝ ઈત્યાદી છે. તે કોઈકવાર શાહુડીને પણ મારે છે અને મોર જેવાં મોટાં પક્ષીનો પણ શિકાર કરે છે. હાલ કચ્છમાં ચિત્રાની સંખ્યા બહુ જ ઘટી ગઈ છે અને સાથે સાથે તેના કુદરતી ખાજનો વ્યાપક પ્રમાણમાં શિકાર થયો હોવાથી તેમની સંખ્યા ઓછી થઈ હોતાં કોઈકવાર માણસોના વાછરડા, ઘેટાં, બકરાં મારવાના બનાવો બને છે ખરા પણ અવારનવાર ફરિયાદો અને ઉહાપોહ કરવામાં આવે છે તેટલાં પ્રમાણમાં નહીં. થોડા સમય પર આવી ફરિયાદ થઈ ત્યારે જેના વિરૂદ્ધ ફરિયાદ હતી તે જનાવરે એક ભેંસ મારી નાખવાનો જે ઉલ્લેખ થયો તે એ નુકસાન થયાની પોકળતા તરફ અંગૂલીનિર્દેશ કરે છે. કારણ કે ચિત્રો ભેંસને મારી શકતો નથી.

સિવાય કે બિમાર અશક્ત જનાવર યા પાડું હોય હાલે જે દીપડા વિરૂદ્ધ ફરિયાદો થાય છે તેના પાછળના કારણ જૂદા જ હોય છે. ઈ. સ. ૧૯૪૦ના દાયકામાં કચ્છ રાજ્યમાં આ જનાવરની ગણત્રી કરવામાં આવી ત્યારે કચ્છમાં ૨૦૦થી વધુ દીપડા લેખવામાં આવેલ. તે સમયે ગામડાના લોકો અને ખેડૂતોના પશુધનને વધુ પડતું નુકસાન થવા માંડયું હતું. તેથી એ સમયના મહારાઓશ્રી વિજયરાજજીએ દીપડા મારવા ઉપરથી પ્રતિબંધ ઊઠાવી લીધો ત્યારથી તેમની સંખ્યા ઘટવા લાગી. અમુક સદીઓ પૂર્વે કચ્છમાં સિંહ પણ હતા. આજે જો તે મોજૂદ હોય તો તેમના માટે ખોરાક જ નથી અને માલધારીઓ અને બીજા પશુપાલકોમાં હાહાકાર મચી જાય.

વિરલ પ્રાણી હેણાત્રો-વિશિષ્ટ પ્રાણી ઘુડખર


કચ્છમાં આજે બીજા જનાવરોમાં વરૂ (ભગાડ), શિયાળ, લોંકડી, જંગલી બિલાડી (બે જાત છે, એક સામાન્ય રીતે જોવામાં આવતી બિલાડી- Jungle cat- અને બીજી કાળા ટપકાં વાળી Desert Cat) તે ઉપરાંત બિલાડીની જાતનો હેણાત્રો (Caracal)નો પણ સમાવેશ થાય છે. આ જનાવર અતિ વિરલ છે. તે ખારીનદી વિસ્તાર, ચાડવા રખાલ, અમુક નખત્રાણા તાલુકાની રખાલો અને લખપત તાલુકાના જંગલ વિસ્તારમાં રહેતું હોવા સંભવ છે, પણ તે નિશાચર હોવાથી અને તેની સંખ્યા ઓછી હોવાથી સહેલાઈથી જોઈ શકાતું નથી.

નાના પ્રાણીઓમાં શાહુડી, ઘોરખોદિયું (ઘુરનાર), Pangolin (કચ્છી નામ છલ્લો) ઈત્યાદી છે. આ બધાં નિશાચર હોતાં જોવા મળતાં નથી. તે પછી કચ્છમાં જમીન પર રહેનારા કાચબા અને સેરવા જેવાં પ્રાણીઓ પણ રહે છે. આમ જુદી જુદી જગ્યાઓમાં ઝાડી, નદીનાળાની ખડો અને સપાટ જમીન પર પોતપોતાની રૂચી, જરૂરિઆત અને જાતિની આદતો અનુસાર આ પ્રાણીઓ રહેતાં હોય છે.

જંગલી ગધેડા યા ખર (ઘુડખર પણ કહેવાય છે) હવે ફક્ત કચ્છના નાના રણમાં જોવા મળે છે. નાના રણને સરકારે ઘુડખર માટેનું અભ્યારણ્ય જાહેર કરેલ છે. ગિરના સિંહોની માફક આ પણ આપણા દેશનું એક વિશિષ્ટ પ્રાણી લેખાય છે.

હવે કચ્છના વન્યજીવનનો ટૂંક ઈતિહાસ જોઈએ તો સદીઓથી કચ્છીઓને પ્રકૃતિ અને પ્રાણી જગત સાથે એક અનેરો પ્રેમ અને લગાવ રહ્યા છે જે ઘણા ઓછા પ્રદેશોમાં જોવા મળે છે. કચ્છના પક્ષીઓ અને પ્રાણી સહિતના દાખલા જોઈએ તો કચ્છના વતનીઓએ એ બધાંમાં અજબ રસ દાખવ્યો છે તેમાં પણ ગામડાના લોકો જે રાત દિવસ સીમાડામાં હરતા ફરતા હોય તેમણે પ્રકૃતિનો તલસ્પર્શી અભ્યાસ તેમની રીતે કરતા આવ્યા છે. ઝાડ પાન, પ્રાણીઓ અને પક્ષીઓની અમુક ખાસીયતો પરથી તેમના નામ પણ પાડયાં છે. કેટલાક દાખલા, પીરૂલી અને કાવ્યો ઈત્યાદીમાં પણ પ્રકૃતિને વણી લીધી છે.

જો વૈજ્ઞાનિક દ્રષ્ટિએ અને વ્યવસ્થિત અભ્યાસની વાત કરીએ તો તેની શરૂઆત એક ભૂસ્તરશાસ્ત્રી ડૉ. સ્ટોલિકઝકાએ કરી. સને ૧૮૭૧-૭૨ના નવેમ્બર અને



ઊડતા સુરખાબ, તસવીર : એલ. એમ. પોમલ

ફેબ્રુઆરી માસો વચ્ચે તેમણે કચ્છમાં સર્વેક્ષણ કરેલ અને પક્ષીઓ તથા પ્રાણીઓનો અભ્યાસ કરી અમુક નમૂના મેળવેલ- આ સર્વેક્ષણનો અહેવાલ તેમણે 'બંગાળના એસીએટિક સોસાયટી'ના જર્નલમાં ૧૮૭૨માં પ્રસિદ્ધ કર્યો. સ્ટોલિકઝકા એ બનાવેલ પક્ષીઓની સંપૂર્ણ ઓળખ તે વખતના જાણીતા પક્ષીશાસ્ત્રી અને કોંગ્રેસના પ્રણેતા એ. ઓ. હ્યુમે કરી હતી. હ્યુમે પોતાની રીતે પણ નમૂના મેળવેલ અને માઉન્ટ આબુ સ્થિત લશ્કરના અફસર કેપ્ટન બટલરની ડીસા સુધીના પક્ષીઓની નોંધ સાથે તે ૧૮૭૫ અને ૭૬માં 'સ્ટ્રે ફેધર્સ'માં પ્રસિદ્ધ કરાવેલ. પણ ડૉ. સ્ટોલિકઝકાની કચ્છમાં એક નવાં પક્ષીની શોધ વિષે ઘણી ઓછી વ્યક્તિઓને આજે માહિતી છે. આજે તે પક્ષી કચ્છમાં અસ્તિત્વ ધરાવતું નથી. આમ એક સદી પહેલાં કચ્છમાં નોંધાયેલ આ પક્ષી હવે લુપ્ત થયું છે.

'સ્ટ્રે ફેધર્સની નોંધ પરથી એ માલુમ થાય છે કે કેપ્ટન બટલરે એકાદવાર કચ્છની મુલાકાત પણ લીધી હતી. આ હકીકત તેમણે જોએલ ક્રેબ પ્લવર નામના દરિયાઈ કાદવીયા જમીન પર રહેનાર પક્ષીની નોંધ પરથી ફલિત થાય છે. આમ આ પક્ષીની નોંધ કચ્છમાં પહેલીવાર કરવાનો યશ કેપ્ટન બટલરને ફાળે જાય છે.

મી. હ્યુ પેલિન અને કેપ્ટન સી. ડી. લેસ્ટરના ઉલ્લેખો ઘણીવાર થઈ ગયા છે. મહારાઓ શ્રી ખેંગારજીના સમયમાં કચ્છના પક્ષીઓનું લિસ્ટ અને પહેલું પુસ્તક પેલિને લખ્યું જે ૧૮૭૮માં છપાયું. પેલિનનું લિસ્ટ સુધારી તેમાં લેસ્ટરે વધારા કરેલ. બીજા ૪૪ પક્ષીઓ ઉમેરી લેસ્ટરે કચ્છના પક્ષીઓની બીજી આવૃત્તિ ૧૯૦૩માં પ્રસિદ્ધ કરી. આ અંગ્રેજો પૈકી કેપ્ટન ન્યુનહમ લેસ્ટરના કચ્છમાં સમકાલીન રહ્યા. આ ઉપરાંત કચ્છમાં બ્રિટિશ પોલિટિકલ એજન્ટ કર્નલ ઓબ્રાયન પણ એક અચ્છા પક્ષીવિદ હતા અને પક્ષી નિરીક્ષણ કરવા માટે તેમણે તે વખતના યુવરાજ શ્રી વિજયરાજજીને સારૂં એવું પ્રોત્સાહન આપેલ.

સુરખાબની વસાહત શોધવાનો યશ મહારાઓ શ્રી ખેંગારજીને મળે

પક્ષીઓના ઈતિહાસની એક મહત્ત્વની કડી ઉપરોક્ત સમય દરમ્યાન મોટા

રણમાં ફ્લેમિંગો યા સુરખાબના પ્રજનનની શોધ રૂપે હતી. આ શોધ માટેનો યશ મ. શ્રી ખેંગારજીને આપવાનો રહે. તેમણે સને ૧૮૯૩માં કેપ્ટન લેસ્ટરને આ બાબત ખબર આપ્યા અને લેસ્ટરે તે સંબંધી એક નોંધ 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'ના જર્નલમાં મોકલી આપી. તે પ્રસિદ્ધ થયા પછી તે વખતના હ્યુમ સહિત અમુક પક્ષીવિદોએ આ શોધ વિશે સંશય વ્યકત કરેલ. કારણ કે આ પહેલાં આ પક્ષીના બચ્ચાં ઉછેરવાનો હિન્દમાં કોઇ દાખલો ન હતો. આ પરથી મ. શ્રી ખેંગારજીએ બીજીવાર સુરખાબના માળા અને ઇંડાના સમાચાર આવ્યા ત્યારે સમયસર રાજ્યના ફોટોગ્રાફરને રણમાં મોકલી એ પક્ષીઓની વસાહતના ફોટા લેવડાવ્યા અને એ ફોટા સહિત ૧૯૦૪માં પોતે ખુદ નોંધ તૈયાર કરી પ્રસિદ્ધ કરાવી એ બાબત સદ્ધર પ્રમાણ આપ્યું. આ છે સુરખાબનગરનો પહેલો ઇતિહાસ. આમ તો, આ પક્ષીઓ આપણા ઉપખંડમાં સદીઓથી સ્થાયી છે, પણ તેમના પ્રજનન વિશે આ દેશમાં કોઇ માહિતી તે સમય સુધી ન હતી. પ્રજનન કરવાના સમય બાદ હંજ (સુરખાબ) પાકિસ્તાન અને હિન્દના સમુદ્ર કિનારા પર પ્રસરી જતાં હોય છે. પાડોશી બીજા દેશોમાંથી કેટલી સંખ્યામાં આ પક્ષીઓ રણમાં એકત્ર થાય છે તે વિશે હજુ સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. આ પંખી ફક્ત સાયબેરીઆથી આવે છે તેવી માન્યતા કોઇ ગેરસમજને કારણે પ્રચલિત થઇ છે.

ઓગણીસમી સદી બાદ આ સદી દરમ્યાન ૧૯૩૫ યા ૩૬માં મિ. મક્કેન બોમ્બે નેચ. હિ. સોસાયટી વતી રણની મુલાકાત લીધી. ડૉ. સાલીમ અલી ૧૯૪૩માં ત્યાં



એશિયન ક્રેન

પ્રથમવાર ગયા અને બીજીવાર ૧૯૪૫ના એપ્રિલ મહિનામાં. તે પછી તેમણે એકથી વધુવાર સુરખાબનગરની મુલાકાતો લીધેલ જે પૈકી ૧૯૭૪ની સાલમાં આપણા દેશમાં પહેલીવાર નાના સુરખાબ બચ્ચાં ઉછેરતા નોંધાયાં હતાં.

સર જેફ્રી આર્ચર-ડૉ. સાલીમ અલીનું સર્વેક્ષણ

સર જેફ્રી આર્ચર કચ્છમાં લગભગ પંદર વર્ષ રહ્યા અને પક્ષીઓનો અભ્યાસ કર્યો હતો અને અમુક પક્ષીઓના ઈંડાં એકઠાં કરેલ, જે તેમણે 'બોમ્બે નેચ. હિ. સોસાયટી'ને ભેટ આપ્યાં હતાં. પરંતુ, જે પક્ષીઓના નમૂના તેમણે મેળવેલ તે અમુક વિદેશી સંગ્રહાલયોને મોકલી આપેલ. સર જેફ્રીનું કાર્યક્ષેત્ર મોટેભાગે કંડલા-ખારીરોહર રહેલ.

ડૉ. સાલીમ અલીએ ૧૯૪૩-૪૪માં કચ્છનું સર્વેક્ષણ કરેલ અને લેસ્ટરે લખેલ પક્ષીઓના પુસ્તકની નવી આવૃત્તિ કચ્છ રાજ્ય માટે સને ૧૯૪૫માં તૈયાર કરી છપાવી. તેમને મહારાઓ શ્રી વિજયરાજજીએ બોલાવેલ અને નવા પુસ્તક માટે બધી સવલતો પૂરી પાડેલ. તે પછી સાલીમ અલીએ કચ્છની જુદા જુદા પ્રસંગોએ ઘણી મુલાકાતો લીધેલ. તેમનો મહત્ત્વનો ફાળો પક્ષીઓને જાળીમાં પકડાવી કડી પહેરાવવાનો રહ્યો છે યોજનાની શરૂઆત ૧૯૫૯માં થઇ અને તે પછી કચ્છમાં અલગ અલગ સ્થાનોએ એ માટે કેમ્પ રાખવામાં આવેલ.

જંગલો અને જંગલના વિકાસને લગતી કચ્છ રાજ્યમાં સમય સમય પર કાર્યવાહી હાથ ધરવામાં આવતી અને રખાલોની સંખ્યા વધારવામાં આવતી જેની પૂરતી સંભાળ લેવાતી. રખાલોમાં ઝાડી ઉપરાંત ઘાસની પણ પૂરતી સંભાળ લેવાતી અને દર સારા ચોમાસા બાદ રખાલોમાંથી ઘાસ કાપવામાં આવતું અને તેના વ્યવસ્થિત રીતે કોઠા કરી તે સંઘરાતું, જેથી કરી દુષ્કાળ દરમ્યાન તેનો ઉપયોગ થઇ શકે. આજે રાજ્ય પાસે જે વિપુલ નાણાની સગવડ અને બીજી આધુનિક સુવિધાઓ છે તે કચ્છના દેશી રાજ્યમાં ન હતી. તે છતાં આજ જે સંગ્રહાયેલ ઘાસના જથ્થામાં બગાડ થાય છે તે તે જમાનામાં ન થતો.

મહારાઓ શ્રી ખેંગારજીએ સને ૧૯૩૨માં એક સમયના બ્રિટીશ હિન્દ સરકારમાં વનોના ઇન્સ્પેકટર જનરલ સર પીટર કલેટરબકને કચ્છ બોલાવી કચ્છમાં વનના વિકાસની શકયતાઓ તપાસવાની જવાબદારી સોંપેલ. સર પીટરે કચ્છમાં ત્રણ માસ સુધી તે વખતની મુસાફરી માટેની મુશ્કેલ પરિસ્થિતિમાં સર્વેક્ષણ કરી એક રિપોર્ટ રાજ્યને સુપરત કરેલ. કોઇ અકળ કારણોસર એ અહેવાલમાં કરવામાં આવેલ ભલામણોનું અમલીકરણ ન થયું. આઝાદી બાદ પણ એ અહેવાલ તરફ લક્ષ આપવામાં નથી આવ્યું અને આજ પણ તે કોઇ વન વિભાગની કચેરીમાં પડયો હશે. મ. શ્રી વિજયરાજજીએ સર પીટરને ફરી કચ્છમાં બોલાવી વન વિભાગના વડા તરીકે તેમની નિમણૂક કરેલ.

૧૯૪૮ પછી પર્યાવરણને ભારે નુકસાન થયું છે

દરેક પ્રદેશમાં પ્રવર્તમાન આબોહવા, જમીનોના પ્રકાર મુજબ ઝાડો તથા વનસ્પતિનો વિકાસ થતો હોય છે અને એ બધું મળી તેને આપણે પર્યાવરણની સંજ્ઞા આપીએ છીએ, તો કચ્છમાં ૧૯૪૮ સુધી જે પર્યાવરણ મોજુદ હતું તે સંતોષકારક રીતે સચવાઇ રહ્યું હતું. ત્યાર બાદ ઝાડીનો વિનાશ થવો ચાલુ થયો. ચારિયાણ જમીનોની માવજતમાં ઢીલાશ આવી. જેમ સમય જતો ગયો તેમ કચ્છ બહારથી પશુધન આવવા માંડયું અને આજે એ બધાં ચારિયાણોની હાલત અતિગંભીર રીતે ખરાબ થઇ ગઇ છે. બન્નીની હાલત સૌથી વધારે બદતર છે. ત્યાં એક તરફ ચરનારા પશુઓની સંખ્યામાં વધારો થતો આવ્યો છે. બીજી તરફ, પૂર્વ-પશ્ચિમ દિશામાં બનેલા રસ્તા માટેના બાંધો નદી નાળાના વહેતા પાણીને અવરોધતા હોવાથી કાંપ બધે પ્રસરી શકતો નથી. ભારે વરસાદ થાય તે સમયે પાણીનો નિકાસ ન થઇ શકતો હોવાથી ડૂબ જેવી પરિસ્થિતિ સર્જાય છે. પાણીના રાબેતા મુજબના રણ તરફના વહેણ વચ્ચે અવરોધોને લીધે હવે રણનું પાણી બન્નીના અમુક વિભાગોમાં પ્રવેશવા માંડયું હોવાથી વનસ્પતિનો સદંતર નાશ થયો છે અને સૌથી વધારે વિષમ પરિસ્થિતિ ગાંડા બાવળે સર્જી છે. આ જાતની પર્યાવરણની હાલત સારાએ કચ્છમાં આજે સમુદ્રતટથી ઉત્તર તરફ રણમાં અને પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમમાં કાદવીયા અને નાળોવાળા પ્રદેશોમાં જોવા મળે છે. ચેરીયાનો સદંતર નાશ થયો છે તેને ફરી વાવવા માટે કોઇ યોજનાબદ્ધ કાર્યક્રમ નથી. આ રીતે પર્યાવરણ સાથે, કુદરતની દરેક પ્રક્રિયા સાથે ચેડાં થતા આવ્યા છે જે ત્વરિત અટકવાં જોઇએ.

આમ, આપણે ગઇકાલ અને આજ લગીની હાલતની સમીક્ષા કરી. હવે આવતીકાલનો વિચાર કરવો રહ્યો. ઈશ્વરે મનુષ્યને વિવેકબુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરવામાં આવે તો જે કંઇ કાર્યો હાથ ધરવામાં આવે તે પાર પાડી શકાય. એક વાત ખાસ સમજવાની જરૂર છે અને તે એ કે કુદરતની સમતુલા અતિ નાજુક છે. તેને બગાડવી કે તેને નુકસાન પહોંચાડવું જેટલું સહેલું છે તેટલે અંશે એ નુકસાન સમું કરવું સહેલું નથી અને એ સમતુલા સુધરવાની પ્રક્રિયા ઘણો સમય લે છે. એકવાર પર્યાવરણને ઠેસ પહોંચે તેની અસર ઝાડ, પાન, જીવ-જંતુ, પક્ષી જગત અને ખુદ મનુષ્ય જાતિને પણ લાંબેગાળે વિપરીત રીતે થતી હોય છે. ઝાડો અને બીજી વનસ્પતિઓનો નાશ થાય તેની અસર ચોમાસામાં થતા વરસાદ પર પણ પડે છે જે આપણે કચ્છમાં અનુભવીએ છીએ. ભૂગર્ભના પાણીનો પણ વગર વિચારે બેફામ ઉપયોગ થાય તો તેના પરિણામોની પણ અસરનો અનુભવ આપણને હાલ થઇ રહ્યો છે.

આ બધી ઉપરોક્ત બાબતો પ્રત્યે આજે કચ્છના લોકોમાં જે જાગૃતિના દર્શન થઇ રહ્યાં છે તે ભવિષ્ય માટેની એક સારી નિશાની યા શુભ એંધાણ તરીકે લેખી શકાય. 'કોટિ વૃક્ષ અભિયાન', ગામડાઓમાં ઝાડો વાવવાની પ્રવૃત્તિ એ બધાં ભવિષ્ય માટે સારાં એંધાણ છે. યુવાન પેઢીએ આ શુભ કાર્ય વધુ વ્યાપક પ્રમાણમાં ઉપાડી લેવાની તાતી જરૂર છે. ગામતળમાં, રસ્તાઓ પર તો આજે ઝાડો વાવવામાં આવે છે, પણ તે પછી સીમ તરફ વળવાની જરૂર છે. આપણા તળપદી દેશી ઝાડો જેવાં કે ખીજડા (કંઢા, કંઢી), ખેર, દેશી બાવળ અને અન્ય બીજાં જે ઝાડો જે સીમમાં થતાં હોય તેના રોપા યા યોગ્ય મોસમમાં બીજ એકઠાં કરી તેવી સીમોમાં ચોમાસા પહેલાં છાંટવા જોઇએ અથવા છીછરા ખાડામાં એક એક બીજ રોપી દેવું જોઇએ. તેમ નહીં તો આપણા વગડામાં લગભગ બધે જ ઊગતો કાંટાળો થોર પણ જમીનમાં રોપી દેવામાં આવે તો તે વિકસે ત્યારે તેમાં બીજાં ઝાડો ઊગી આવશે. આ કંઇક લાંબી પ્રક્રિયા છે, પણ થોર એ કુદરતની ઝાડો માટેની નર્સરી છે અને તે ઊગતા ઝાડના રોપાને બકરાં અને બીજા પશુઓથી બચાવે છે.

જ્યાં સુધી સરકારના જંગલ ખાતાને સંબંધ છે, તેમણે નર્સરીઓમાં ઇઝરાયલી બાવળ અને ગાંડા બાવળ જેવાં વિદેશી ઝાડોના રોપા ઉછેરવાનું સદંતર બંધ કરવું જોઇએ. સાથે સાથે શહેરી વિસ્તારો પાસેની નર્સરીઓ સિવાય બીજે બધે બગીચામાં ઊગાડવાલાયક ઝાડોના રોપાને બદલે દેશી જંગલી ઝાડોના રોપા તૈયાર કરી વન

વગડામાં વાવવા જોઇએ. જ્યાં હલકી યા ખારી જમીન હોય ત્યાં લઇ, ખારી જાર (પીલુ), કેરડા જેવાં ઝાડોનો વિકાસ કરવો જોઇએ. આ જાતના ઝાડો જમીનની ખારાશ ઓછી કરવામાં મદદરૂપ થાય છે. બીજી લાણા અને લુણી જેવી નાની વનસ્પતિ ખારી જમીન સુધારવા માટે ખૂબ જ ઉપયોગી છે. અમુક લોકોનો એવો અભિપ્રાય છે કે રણ અને બન્નીની ખારી જમીનમાં ગાંડા બાવળ સિવાય બીજું કંઇ ઊગે જ નહીં. પણ આ વાતમાં કંઇ જ વજુદ નથી.

હવે સંક્ષિપ્તમાં ગાંડા બાવળથી થયેલાં નુકસાનની સાબિતી જોવી હોય તો તે બન્નીમાં અને આપણા સાગરતટ પરના ઢૂઆ અને તેની આસપાસ પૂરતા પ્રમાણમાં જોવા મળે છે. જે ઝાડ ઝડપથી ઊગે તે જમીનની અંદરથી પોષણ પણ તે પ્રમાણે શોષતું હોય અને તેની સાથે ભીનાશ પણ તે ચૂસે. મારૂં એ માનવું છે કે હલકી કે ક્ષારવાળી જમીનમાં ઊગતો આ બાવળ સારાં બધાં તત્ત્વો ખેંચી લે છે અને તેવી જમીનોમાં ફ્લોરાઇડનું પ્રમાણ વધે અને આગળ ચાલતાં તેવા વિભાગોમાં રહેતા લોકોને ફ્લુરોસિસ જેવી શરીરની તકલીફ થવાનો પૂરો સંભવ છે. મારી આ માન્યતાની સાબિતી એ જગ્યાઓમાંના કૂવા કે વાવોના પાણીનું પૃથક્કરણ કરવાથી મળી રહેશે. નજીકના ભવિષ્યમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓએ આ ઝાડને કાબૂમાં લઇ આગળ જતાં સદંતર નાબૂદ કરવું જોઇએ, તો જ કચ્છમાં પર્યાવરણની રક્ષા થઇ શકશે. પણ આ કામ યોજનાબદ્ધ રીતે હાથ ધરાવવું જોઇએ.

સામાન્ય નાગરિકો પણ જાગૃત બને

તો આ છે આવતી કાલની વાત જેમાં વૈજ્ઞાનિક રીતે સહુના સહિયારા પ્રયાસોથી આગળ વધવામાં આવે તો આવતા દશ કે પંદર વર્ષમાં કચ્છના જુદા જુદા ભાગોની કાયાપલટ થઇ જાય. આની સાથે હવે જે કચ્છની વનસ્પતિ અને વન્યજીવન શેષ રહ્યાં છે તેની પણ દેખભાળ કરવી અને બચાવવી ઘટે. એ કાર્ય ફક્ત સરકાર પર છોડવા કરતાં લોકોએ પણ રસ લઇ સક્રિય થવાની જરૂર છે અને લોકજાગૃતિ લાવવા માટેની જવાબદારી શિક્ષિત વર્ગની છે. □

■ ફારમબાગ, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ

કચ્છની વેપારી સંસ્થાઓ

(પાના ૧૦૪નું સંધાન)

આમ, પશ્ચિમ કચ્છની મુખ્ય સંસ્થાઓની ચર્ચા થઇ, તાલુકા મથકે વેપારી સંસ્થા પોતાના ભંડોળ અને કાર્યક્ષેત્રમાં સારૂં કામ કરે છે અને જરૂર પડયે તો ભુજ-માંડવીની મુખ્ય સંસ્થાઓમાં જોડાઇ તેમનો અવાજ બુલંદ બનાવે જેથી યોગ્ય થઇ શકે. આ સંસ્થાઓમાં મુખ્યત્વે નખત્રાણા વેપારી મંડળ, નલિયા વેપારી મંડળ, મુંદ્રા મરચન્ટસ એસોસિએશન તથા દયાપર વેપારી મંડળનો સમાવેશ થાય છે.

ગાંધીધામ ચેમ્બરનું ગુજરાતમાં નામ છે

વેપારી સંસ્થાઓની વાત જ્યારે કરીએ છીએ ત્યારે કચ્છના ભૌગોલિક રીતે બે ભાગ પાડી શકાય, પૂર્વ અને પશ્ચિમ. પશ્ચિમની વાત કરી, હવે પૂર્વ વિભાગની વાત કરીએ તો ઉપલી વાગડ, નીચલી વાગડ, ગાંધીધામ, અંજાર મુખ્ય ગણી શકાય.

વાગડ વિસ્તારમાં રાપર મરચન્ટસ એસો. અને ભચાઉમાં ભચાઉ વેપારી મંડળ મુખ્યત્વે આવશ્યક ચીજવસ્તુ ધારામાં આવતી વસ્તુઓનો વેપાર કરતા વેપારીઓની સંસ્થા છે. જે પોતાના ધંધાકીય પ્રશ્નોમાં સક્રિય રહી છે. પરંતુ સાથે સાથે દુષ્કાળ કે અતિવૃષ્ટિ સમયે જીવકલ્યાણના કામોમાં પણ રસ લે છે.

ગાંધીધામના વિકાસ પહેલાં માંડવી બંદર તૂટતાં પ્રથમ અંજારનો વિકાસ થયો પછી ગાંધીધામ, કંડલા મહાબંદરને કારણે ધમધમતું થયું.

કંડલા મહાબંદરમાં ટ્રાફિકનો વધારો થતાં ભુજમાં ધંધાકીય સ્થાયી થયેલા અને ભીડ બજારમાં વેપાર કરતા વેપારી ભાઇઓ જે ભુજ ગ્રેઇન મરચન્ટસ એસો.ના સભ્યો હતા તેમણે ત્યાં સ્થળાંતર કર્યું. જેમાં હરિરામ સેવારામ, ટહેલરામ સન્સ, તેજમાલ એન્ડ કું. વિ. હતા. તેમણે અનાજના વેપારથી શરૂઆત કરી ભુજ ગ્રેઇન મરચન્ટસ એસો.ની જેમ ગાંધીધામ ગ્રેઇન સીડ્ઝ મરચન્ટસ એસોસિએશન બનાવી સક્રિય થયા. પોતાના પ્રશ્નો અને લોકોપયોગી કામો કર્યા. કંડલામાં ફ્રી ટ્રેડ ઝોન આવવાથી ઉદ્યોગો વધતાં આજ લોકો ઉદ્યોગ તથા મોટા વેપારમાં જોડાયા અને ૧૯૫૩માં ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. હાલમાં આ સંસ્થા કચ્છમાં પ્રથમ નંબરની અને ગુજરાતમાં પણ જે ચેમ્બર ઓફ કોમર્સ સક્રિય છે, તેમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. ૧૨૭૦ સભ્યો ધરાવતી આ સંસ્થાનું પોતાનું અલાયદું, કાયમી આવક ધરાવતું મકાન છે. સંસ્થા રજીસ્ટર એકટ હેઠળ નોંધાયેલી છે. કંડલા મહાબંદરને કારણે ભારતભરમાં મોટા વેપાર ધંધા કરતી પેઢીઓ આ સંસ્થાનું સભ્યપદ ધરાવે છે. કચ્છની પ્રથમ નંબરની આ સંસ્થા પોતાનું મોટું ભંડોળ અને અદ્યતન ઓફિસ ધરાવે છે. તે હંમેશ લોકોપયોગી કાર્યો, પોર્ટના વિકાસ, રેલવે, ફોન, કાયદો વ્યવસ્થા, ટપાલ જેવી સેવાઓ સારી રીતે પ્રજાને મળે, તેમાં ખૂબ જ સક્રિય છે.

સેમિનાર, પ્રવચનો, મહત્ત્વની વ્યક્તિઓની મુલાકાત કરવામાં પણ ચેમ્બર ઓફ કોમર્સ અદ્વિતીય છે.

આ સંસ્થા ક્યારેય રાજકીય વાદવિવાદમાં પડતી નથી. તેની પોતાની આગવી તટસ્થ છાપ છે. તે હાલે કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગુજરાત રાજ્ય એડવાઇઝરી કાઉન્સિલ, સેન્ટ્રલ એકસાઇઝ સમિતિ, રેલવે સમિતિ અજમેર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્થાન ધરાવે છે. ગુજરાત વિદ્યુત બોર્ડ, પુરવઠા સમિતિ, ગાંધીધામ શહેર વિકાસ, સ્ટેશન સમિતિ, કંડલા કસ્ટમ હાઉસ સમિતિ વગેરે સમિતિઓમાં સભ્યપદે રહી જાહેર હિતના કાર્યોમાં સક્રિય રહે છે.

આ સંસ્થા રજીસ્ટર થયેલ છે. ઉપરાંત ભારત સરકાર તરફથી પણ માન્યતા મળેલ છે. તે શિપીંગ થતા માલનું સર્ટિફિકેટ આપી શકે છે. જે સરકાર માન્ય ગણાય છે.

ગાંધીધામ શહેરની પાણી વ્યવસ્થા માટે ૨૧ લાખના ખર્ચે ચેક ડેમ બાંધવાની તૈયારીમાં છે. હાલમાં જ ''ધી ગાંધીધામ મર્કન્ટાઇલ કો. ઓ. બેંક લી.''ની સ્થાપના કરી. ગાંધીધામના શહેરીજનો માટે એક કોમ્પ્યુટરાઇઝડ બેંકની સગવડ પૂરી પાડેલ છે.

આમ આ સંસ્થા બિનરાજકીય રીતે અને પૂર્ણ લોકશાહી ઢબે ચાલતી એક સુવ્યવસ્થિત સંસ્થા છે અને દિવસે દિવસે તેનું કાર્યક્ષેત્ર વિસ્તરતું રહી તે બીજી સંસ્થાઓને પ્રેરણાદાયક રહી છે.

અંજારનું વેપારી સંગઠન પણ સક્રિય છે

માંડવી બંદર તૂટતાં તુરત વિકાસ પામેલ, ગાંધીધામની જેમ અંજારમાં પણ અંજાર ગ્રેઇન મરચન્ટસ એસો.ની રચના થઇ, તે પોતાના કાર્યો અને લોકોપયોગી કાર્યોમાં કાર્યરત રહી છે.

આવશ્યક ચીજવસ્તુઓનો વેપાર કરતા આલમમાં પેઢી બદલતાં નવું લોહી આવતાં તે બીજા ધંધાઓમાં રસ લેતા થયા અને આવશ્યક ચીજવસ્તુ ધારાથી ત્રાસીને અલગ વ્યવસાયમાં ઝંપલાવ્યું. ચેમ્બર સક્રિય થતાં અંજાર તથા ગાંધીધામ ગ્રેઇન મરચન્ટસ એસો.ની સક્રિયતા ઘટતી ગઇ અને ગાંધીધામ અને અંજાર ચેમ્બર ઓફ કોમર્સનું સ્થાન મહત્ત્વનું બનતું ગયું.

અંજાર ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના સને ૧૯૮૭માં થઇ ત્યારથી તે અંજાર શહેરના એસ. ટી., ટેલિફોન, રેલવે, સેલટેક્ષ, બેંકીંગ સેવાઓ વગેરેમાં રસ લઇ લોકોપયોગી કાર્યો કરે છે. તેના પરિણામે અંજારમાં જી. આઇ. ડી. સી. લાવવામાં તથા પ્રજાને ઇંગ્લીશ સ્કૂલ અપાવવામાં સફળતા મળી છે.

આ સંસ્થા બીજી સંસ્થાઓની જેમ બિનરાજકીય રીતે તટસ્થતાથી કાર્ય કરે છે. યુવાન વર્ગનું ટીમવર્ક દિવસે દિવસે વધુ ઝળકશે અને સંસ્થા વધુ સુદ્રઢ અને સક્રિય બની રહેશે તેમાં કોઇ શંકા નથી.

પ્રથમ નજરે જોતાં જણાશે કે, વેપારી ભાઇઓએ સંસ્થા ઊભી કરી ત્યારે તેમના ધંધાને અવરોધરૂપ પ્રશ્નો હતા તેના ઉકેલ માટે સંગઠિત થયા છે. ખાસ કરીને આવશ્યક ચીજવસ્તુનો વેપાર કરતા વેપારી ભાઇઓને ઘણી કાયદાકીય ગૂંચ, અધિકારી વર્ગની તકલીફ રહે છે, તેથી તેમની સંસ્થા વધુ સક્રિય રહેલ છે. સાથે સાથે ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે, સંસ્થા કેવળ પોતાના સભ્યોના હિત માટે લડે છે એવું નથી લોકોપયોગી કાર્યો, કુદરતી આફતો વખતે તથા જિલ્લાના વિકાસ માટેના કાર્યો માટે પણ વિશેષ ધ્યાન આપે છે તેથી તેમના નિવેદનો કે સૂચનો પ્રજાનો આમવર્ગ, વેપારી વર્ગ, અધિકારી વર્ગ, રાજકીય વર્તુળો પણ ધ્યાનમાં લે છે અને વજુદવાળા ગણે છે.

કચ્છની વેપારી સંસ્થાઓ લોકશાહી ઢબે વિકાસ સાધતી લોકોના પ્રશ્નોમાં રસ લઇ ઉપયોગી થવાની ભાવના સાથે કાર્યરત છે એ ભાવિ પ્રગતિની સારી નિશાની છે. આવી સંસ્થાઓએ લોકશિક્ષણની પણ મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઇએ. મુકત સાહસ પ્રત્યેનો આદર માત્ર સૂત્ર-રટણથી નહીં જન્મે. એનાં ફાયદા અને સિદ્ધિ અંગે લોકોને આપવામાં આવતા શિક્ષણથી જન્મે છે. આવું લોકશિક્ષણ આપવા પાછળ પશ્ચિમના રાષ્ટ્રો અને અમેરિકામાં વેપારી મંડળો જે ખર્ચ કરે છે તેની સરખામણીમાં અહીં કાંઇ જ થતું નથી. આ કાર્ય પણ થવું જોઇએ.


કચ્છની વ્યાપારી સંસ્થાઓ એની નીતિઓને જાળવી રાખી તટસ્થ રહીને કાર્યપદ્ધતિ જાળવી અને પ્રગતિ કરતી રહે એવી આશા રાખીએ. □

■ ભુજ ગ્રેઇન એન્ડ સીડ્ઝ હોલસેલ મરચન્ટ્સ એસોસિએશન, ભુજ.

બેનમૂન બન્ની અને પેચીદો પહાડ પચ્છમ

❑ રામસિંહજી રાઠોડ

કચ્છ અને એના ઉપખંડ જેવા બન્ની અને પચ્છમ પ્રદેશ પ્રકૃતિની પેચીદી દેન છે, 'માનવ પ્રાણી' (Homo sapiens spp.) માટે એ અનન્ય 'અભયધામ' (sanetuary) છે. માના પેટમાં ખારી જળો વચાળે ગર્ભ ઓધરે છે, એમ ખારા રણ અને રત્નાકર સાગરના ખારાં જળ થકી એકલબેટડા જેમ વીંટળાયેલા કચ્છના પેટાળમાં લહેરાતી લોક સંસ્કૃતિ સદીઓથી સચવાઇ છે. એની મીઠી અસ્મિતા ગરિમાભરી છે.



બન્ની ભુંગા-જીવન (મયગ્વાલ મહિલા)

બન્નીમાં બહેલાવાતી કચ્છની અસ્મિતા

આપણી આંતરરાષ્ટ્રીય પશ્ચિમ-ઉત્તર સરહદ ઉપર ગુજરાત રાજ્યનો કોડીલો કચ્છ પ્રાન્ત આવેલો છે, એની ઉત્તર સીમા ઉપર જાણે આકાશ જેવો વિશાળ અને ઊંડો ભેંકાર એવો ભભકતો કચ્છના મોટાં રણનો ખારોપાટ આવેલો છે, રણની દક્ષિણે અને કચ્છધરાની સરજમીનને વચગાળે બે લાખ બાર હજાર હેકટર જેટલું બન્નીનું ઘાસીયું મેદાન આવેલું છે. એની શીશવટે ખાવડા મહાલ ને પચ્છમનો પહાડ પથરાયો છે, આ પ્રદેશમાં બન્નીયાર માલધારીઓ અને એમના માલઢોરનો મોટો કબીલો એકરસ રહી જીરવાયો છે.

હિકડી મિટ્ટી મટ્ટ સભ, હિકડો પાણી ખૂ
સીંચણવારા પીંઢ, નેં પીરાયવારા પીંઢ

બન્ની-પચ્છમનું આ કચ્છી લોક સાહિત્ય પ્રાચીન છે. હિકડે. ઠાઠ (એકરસ) થઇ એવી હિક.ડ.ાઇ (અભેદભાવ)થી અહીં બન્નીયાર પરંપરા પાંગરતી રહી છે. બન્નીમાં આજના જમાનાની હવા ભલે હળવાશથી પણ હવે પહોંચી છે. તોય તે લોક બાઇયુંએ પોતાની હૈયા ઉકલત અને અરધાં રૂપ અલબેલ બની સાચવ્યાં છે. પલટાતી પ્રકૃતિ અને પર્યાવરણ વચ્ચે બન્નીના માલધારીઓ પોતાનો જીવન વ્યવહાર ખુલકથી ચલાવે છે; તે સાથે લોકકસબ પણ ત્યાં વેંઢારાય છે. વિખ્યાત બનીયારી ભરતકામ દેશ પરદેશે અને વિશ્વભરમાં વખણાય છે. રૂપાળા અને કામઢા બળદ ઉછેરવા 'વાછડા' બન્ની પૂરા પાડે છે. અહીંનો ગાય ભેંસ અને ખૂંટનો વેપાર પણ ખીલતો છે. આ બધું કચ્છના નામને રોશન કરે છે અને કચ્છની અસ્મિતાને ચાર ચાંદ લગાડે છે.

જૂનવાણી રહેણીકરણી આ દુનિયાની જાણવા જોગ છે. ઇસ્વીસન ૧૮૮૦માં છપાયેલી દલપતરામ પ્રાણજીવન ખખ્ખરની ''કચ્છની ભૂગોળ વિદ્યા'' (પા. ૪૩)માં બન્ની પચ્છમનો જૂનો ચિતાર આપ્યો છે : ''પચ્છમમાં ગુરૂદત્તાત્રીનાં પગલાં છે. લોકો કહે છે કે તેણે નળિયાંના છાપરાં કરવાની મના કરેલ છે તેથી છાપરાં પર નળિઆ ન ચઢાવતાં પરાળ અને કાદવનાં છાપરાં પચ્છમ, ખડીર અને બન્નીના લોકો કરે છે. ખાટલા ઉપર સૂતા નથી અને રાત્રે દીવો કરતા નથી. એની મતલબ તો એવી જણાય છે કે એ તરફ ઘણું કરીને ઢોર ચારનાર લોકોની વસ્તી તે એક ઠેકાણેથી ખડપાણી ખૂટયું કે પોતાનું ઝુંપડું પડતું મૂકીને બીજે ઠેકાણે જાય તે સારું કિંમતી ઘર બાંધે નહીં. દીવો રાત્રે ન કરવાનું કારણ એમ લાગે છે કે અહીં પાણી ઘણું ભરાઇ રહે છે તેથી મચ્છર બહુ જ થાય છે તે અંધારામાં બહુ હેરાન કરી શકતા નથી. તથા ખડના ઝુંપડા વખતે રાત્રે સળગી ઊઠે માટે દીવો નહીં કરતા હોય, ખાટલો ન વાપરવાનો રિવાજ તો પીરને માન આપવા સારૂં જણાય છે. પણ હવે તે બધા વહેમ દિવસે દિવસે મૂકાતા જાય છે.'

આજે એક સૈકા બાદ બન્નીના રંગઢંગમાં ઘણો ફેરફાર થતો આવે છે. એટલે આ લેખકને પોતાના 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' ગ્રંથના અગ્રીમ આમુખ ('ઉદયન અને આખાણી' પા. ૧૮-૧૯)માં નોંધવું પડયું કે : 'બન્નીમાં તેના પશુધન ઉછેરની પરંપરિત પદ્ધતિમાં ફરક આવવા દીધા વિના માત્ર જમાના જોગ સગવડો વધારવી જોઇએ. આ આયાસ એટલી અને એવી થવી જોઇએ કે જેથી બન્નીયાર-માલ અને માનવ શેઠીયા સમાણા બેઠાળુ ન બને ! બન્નીની પશુસમૃદ્ધિ રાષ્ટ્રનું ગૌરવ છે. સંભવ છે કે બન્ની અને એના વેરાણ વિસ્તારમાંથી પેટ્રોલિયમનો પ્રવાહ વહેતો થાય તો પણ બન્નીની સપાટી ઉપરથી વહેતો એનો દૂધનો પ્રવાહ અસ્ખલિત રહેવો જોઇએ !''

બન્નીનું અનોખું બંધારણ

કચ્છની સરજમીન ઉપરથી તેની ઉત્તરવાહિની કેટલીક નાની મોટી નદીઓ તેના ઊંચાનીચા ડુંગરો ઉપરથી ઘસમસતી વહે છે, ઘરતીનું ધોવાણ ઘસડતી મોટાં રણમાં પડે છે. ઢાળબંધ વહી આવતો પાણીનો આ પ્રવાહ રણની સપાટ જમીન લગી પહોંચે છે, એ સમથલ ફેલાય છે અને હળવો બની ઠરે છે. રણની ખારીસરીની આડશે ધીમેથી ધીરો બની રોકાય છે. જે ભૂસ્તરમાંથી જે વહેણ આવે છે તે જે જમીનની પટીમાંથી વહે છે ત્યાંની માટી, રેતી, કીચડ આદી કાંપ પોતાના જળમળ સાથે ઢસડી લાવે છે. ઠરી ઠામ થતાં એથી બન્નીનો પટ બંધાય છે. આમાં જ્યારે કયાંક ખારાશ ઓસરે તો બન્ની બગડે પણ ખરી.

આ રીતે રણની સપાટીથી અણસારભર ઊંચી બંધાયેલી બન્નીની ધરતી ઉપર તેના ગુણ પ્રકારે એ પ્રમાણે વનસ્પતિ જીવન ત્યાં પાંગરે છે, વેદના વારાથી કે એથી એ પહેલાંના સૈન્ધવી સંસ્કૃતિના કાળથી આ પ્રક્રિયા ચાલુ છે, તેમાં ક્રમસર પ્રથમ ખારીસરી, લાણાસરી અને પછી મીઠીસરીની જમાવટ થાય છે, હવા, પાણી અને ધરાની ઓથના ઓઠાંના આધારે એમાં પ્રથમ લાણા, ખારીઓ ઘાસ અને પછી જુદી જુદી જાતના ખડ ઊગે છે કયાંક રેતાળ થરીમાં પ્રાંસ તે લઇ જાય છે. કેરડા, કંઢા અને જ્યાં મીઠાં પાણીનો ભરાવો થાય તેવા ભીરંડીઆરો જેવા ઢંઢમાં દેશી બાવળના ઝુંડ ઊગી નીકળે છે. બન્નીમાં વનસ્પતિ ઉગાડતા આ કુદરતી ક્રમમાં દેશી બાવળને એની



આભને આંબતી કચ્છીયતભરી અસ્મિતા બેનમૂન બન્ની
તસવીર : રામસિંહજી કા. રાઠોડ, સૌજન્ય : કચ્છ એન્ડ રામરાંધ

ટોચમર્યાદા લેખાવી શકાય.

બન્નીના માલધારીઓ સીધું સાદું એકધારૂં જીવન જીવે છે. આને ઠેકાણે હવે તો બારાતુ ઢોર, બીજા મતલબી અને લાકડા, કોલસા તથા ખાતરના ધંધાર્થીઓની ઘૂસણખોરી થવા લાગી છે, આવી માણસ કીધી વિક્રિયામાં દેશી બાવળ (Acacia Arabica) અને વનસ્પતિ જૂથના બીજા પ્રકારો ખંડિત્ થતા જાય છે. પરિણામે આમ ખાલી થતા પટમાં પરદેશી બાવળ (Prosopis julifeora)નો વિસ્તાર વેગથી વધતો જાય છે. ને આ આકરા આક્રમણ થકી દિવસે દિવસે બન્ની બિચારી બનતી જાય છે.

રણમાં રેલાતી કચ્છની નદીઓ સારણ, ઝુરણવાળી, કાંસવતી, રૂદ્રમાતાવાળી, સામત્રાવાળી, ઘુડુડ, ભૂખી, ડોણવાળી, નેત્રાવાળી અને આવાં અન્ય નય, વોકળા અને છેલા રાંગા ઉપર નાના મોટા આડબંધ બંધાઇ ગયા છે તથા બંધાતા જાય છે. આથી બન્નીની તરીમાં રેલાતા જળમળમાં રોકત વધતી રહે છે, કયાંક ખારાશ કે ક્લર ઉભરે છે. આથી ખવાતી બન્નીમાં અણધાર્યા ફેરફાર થતા રહે છે. આના લીધે ઠેકાણે ઠેકાણે વનસ્પતિ અને જીવસૃષ્ટિના પ્રકાર બદલતી પરિસ્થિતિમાં મૂકાતા થાય છે.

આ હાલકહૂલક હાલતમાં બન્નીનો ૧૩૧૫ ચો. કિ. મી.નો ચરાણ વિસ્તાર કચ્છની અસ્મિતા વધારતું ગુણદાયક ઘાસિયું છે. ઉત્તર અને દક્ષિણ અમેરિકાના પ્રેઈરીઝ અને પંપસ, રશિયાના સ્ટેપીઝ, દક્ષિણ આફ્રિકાના વીડ.ઝ તથા ઓસ્ટ્રેલિયા અને દુનિયાના બીજા ભાગોમાં આવેલાં બન્ની પ્રકારના ચરાણોમાં ભારતનું 'બન્ની' એક નામી ઘાસિયું ગણાવાય. એટલે બન્નીની જૂની કુદરતી હાલાતને કથળવા ન દેતાં એની મનભર માવજત જરૂરી છે.

પૌષ્ટિક તત્ત્વો ભર્યું બન્નીનું ઘાસ વૈવિધ્ય

FAO રોમ તરફથી ભારત સરકારના ગ્રાસલેન્ડ એડવાઇઝર ડો. આર. ઓ. વ્હાઇટ સને ૧૯૫૩માં કચ્છ આવ્યા. આ લેખકના લખેલા 'ગુજરાતનું તૃણ' પુસ્તક (અપ્રગટ) માટે લખેલા આમુખમાં બન્નીની પૌષ્ટિક તૃણ સમૃદ્ધિની એમણે પ્રતિષ્ઠા કરી છે. બન્નીના કુદરતી વાતાવરણમાં આવું ઘાસ ખાઇ ઉછરતા ધીંગા બન્નીયાર ઢોરની ખડતલતા જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા હતા. 'સેન્ટ્રલ એરીડ ઝોન રીસર્ચ ઇન્સ્ટીટયુટ' જોધપુર તરફથી કચ્છ અને બન્ની વિસ્તારના ઘાસની મોજણી તા. ૨૧થી તા. ૨૭ સપ્ટેમ્બર ૧૯૬૦ લગી કચ્છના વનખાતાંના ત્યારના વરિષ્ઠ અધિકારી તરીકે આ લેખકના સહકારમાં પી. એમ. દબડગાડની રાહબરી હેઠળ કરવામાં આવી હતી. ત્યારે ભીરંડીયારામાં જીંજવો, શીઆરપુંછો, ગંધારો, છબર, લાંપ વગેરે વિવિધ પ્રકારના ઘાસની ભેજભરી સ્થિતિમાં થતા તેના ઉગાવની, સાડઇના ખડની જાતપાત તથા લુણાના ચારથી પાંચ ચો. કિ. મી.ના દૂબ-છબ્બર તે લોન વિસ્તારની ખાસ નોંધ લેવાઇ હતી. ઉગમણી બન્નીના પૌષ્ટિક ખડ તરીકે લાંપની ગણના કરાઇ હતી.

૧૯૬૧ના ઓગષ્ટમાં 'બોટેનિકલ ઇન્સ્ટીટયુટ એકેડેમી ઑવ સાયન્સીસ' લેનીનગ્રેડના ડો. એલ. ઇ. રોડીને આ લેખકના સાથમાં બન્નીની તલસ્પર્શી તપાસ કરી હતી. એમણે બન્નીના બધી જાતના ચરાણ વિસ્તાર, દેશી બાવળ (Acacia Arabica)ના ઝુંડ, પીવાનું પાણી, દૂધ અને તેની પેદાશ, ચામડા ઉત્પાદન કેન્દ્ર, ઢોરનું સ્થળાંતર અને ઘાસ સંગ્રહ બાબત બારીકાઇભરી વિચારણા નોંધી છે.

ભૂસ્તર અને ભૂગોળના બદલાતા ચહેરા મહોરાના આઘાત પ્રત્યાઘાતમાંથી પરિવર્તન પામતી બન્નીની ખમતીધર જીવસૃષ્ટિનું ખમીર ખીલ્યું છે. બન્નીમાં જીવનની જાણે એજ સાંસતાઇભરી પગપાળી ગતિ આજેય ચાલુ છે. કષ્ટ કર અને બુરી સ્થિતિને પણ સુખણીગણી પોતાના માલઢોરની સગવડે જીલ, વાંઢ કે નેસ બાંધી સાજી બન્નીમાં વિખરાઇ બન્નીયારોએ બન્ની વસાવી છે. ત્યાંના ઢોરામાં કે ઢંઢમાં મીનું ઢળેલું પાણી થોડો વખત વાપરવાલાયક રહે છે. બાદમાં 'ખુંયરા' (તે એક પ્રકારના બન્નીના કુવા)ના પાણીનો વાપર શરૂ થાય છે. એક એક માલધારી હસ્તક એની સીજત મુજબ દશબાર ખુંયરા હોય છે ઢોરને પાણી પાવા હવાડો માટીનો બનાવે છે, દશથી બાર ફૂટ ઊંડા આવા ખુંયરામાં દેશી બાવળના થડીઆની બનાવેલી મંજી ઉતારે છે. આથી પડખાની માટી ધોવાતી નથી અને ખુંયરો ખુલ્લો રહે છે. ખુંયરાના તરમાં બેથી ત્રણ ફૂટ જેટલું પીવાક પાણી રહે છે. તેમાંથી ચામડાના ચડાથી પાણી સીંચે છે. માલ પાણી પીવા બપોરે આવે છે. એ વારે દૂધની દુવાઇ કરવામાં આવે છે, પછી નમતા પહોરે માલ પાછો ચરવા માટે સીમભણી આડે છે.

ખુર, સિંગ, પુછ, રૂપારીઉં સેણે જેંજી સિક્ક;
ખનન વજે ખરકા, ખુંયરે બન્નીય બોક.

'ત્રણ વર્ષ' (૧૯૫૧) પુસ્તકમાં બન્નીનું વર્ણન કરેલું છે. સ્વમાનભેર જીવતા સાદા બન્નીયાર માલધારીઓ અને બન્નીયાર ઓલાદના એમના દેશાણ ચોપાની એમાં વાત કરી છે. પશુધન પર ખીલતી આવેલી આપણી પ્રાચીન સંસ્કૃતિનું એમાં સ્મરણ કરાવ્યું છે. ૧૯૪૮માં કચ્છ 'પાર્ટ-સી' સ્ટેટ હતું. કચ્છના એ સ્વાયત્ત અલગ રાજ્યમાં એ વરસે કારમો દુકાળ હતો. ત્યારે ભારતના કેન્દ્ર સરકારના ખેતીવાડી ખાતાના મંત્રી સરદાર દાતારસિંઘ ફેબ્રુઆરી માસમાં બન્નીની મુલાકાતે આવ્યા. એ વખતે બન્નીને એમણે ભારતના શ્રેષ્ઠ ચરિયાણ તરીકે પ્રમાણી ત્યારે સરદાર દાતારસિંઘે બન્નીમાં ઉત્પાદનલક્ષી પશુપાલન વધારવા ખાસ ભલામણ કરી છે.

જલજનીત બન્નીનો સ્વયંસર્જીત ધરાપટ પોતાનું એક આગવું વ્યક્તિત્વ ધરાવે છે. તેમાં ઠેકાણે ઠેકાણે પાણીના પ્રમાણ આધારે અલગ અલગ એકાવન જેટલા નાના મોટા ઝીલ વિકસ્યા છે. એમાં બેડે બેડે ભુંગાભેણી બાંધી બન્નીયારોનું લોકજીવન ખુલ્યું છે. એક ખાસ પ્રકારના ધીંગા ઢંગ ધરાવતા લોકોનું અસલીરૂપ અહીં નિખર્યું છે. બન્નીયારની દૂધે બંધાયેલી કાયાની ખાસિયત એમાં ચુટાઇથી છતી થાય છે. અહીંની લાવણ્યભરી લોકબાઈયું સુડોળ ચહેરા અને ગોરા ઘાટીલા મહોરા ધરાવે છે. દૂધમલ માનવ સૌન્દર્યની અંગડાઇ અહીં ઓળખાય છે. ભુંગામાં તેઓ સુખેથી રહે છે. એને શણગારે છે. એમાં લીંપણચીતર અને રંગ ચીતર કરે છે; તથા ઘરવખરી ગોઠવે છે. ખીર-મખણ- છાય તો એમના પ્રાણ છે. એ તૈયાર કરવા માટેની સાધન સામગ્રી તેઓ કલાત્મક લાગે એવી કરાવે છે. તેમનું ભયો ભયો ભરતકામ બેનમૂન ને ઉમદા છે. ભરતમાં ભાતની ઝીણી વિગતો અને રંગની મેળવણી રોનકદાર લાગે છે. આ બધું જોતાં અહીં બન્નીઆરોની બહુમાનિત જીવનસાધનાની પરખ પડે છે.

યુગદ્રષ્ટા ઉમાશંકર કચ્છની અસ્મિતા માથે ચડાવે છે

નિતનવું દેખાતું બન્નીનું કામકાજ મનગમતું લાગે ! આપણા મૂર્ધન્ય મહા કવિ ઉમાશંકર જોશીએ ૧૯૮૦માં 'કારતક માસની લાભપાંચમે ભુજમાં' ભારતીય સંસ્કૃતિ દર્શન 'કચ્છ'નો કાર્યારંભ કરાવ્યો. એ વારે એમને બન્ની દર્શન કરાવ્યું ! જાણે જગને કિનારે આવ્યા હોય એમ અહીં એમણે બન્નીની બલિહારી નિહાળી; પ્રકૃતિની ગંભીર



કાળો ડુંગર (પચ્છમાઈ પીર) પરના પૂજારી લોંગ-લોંગ કહીને અવાજ દેતાં શિયાળ લેવા આવે છે.

શાંતિમાં વિલસતો પ્રાણનો સંચાર એમને સ્પર્શી ગયો. ઉમાશંકર સ્મરે છે :

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ
(વિશ્વ શાંતિ ૫/૩૭)

બાદ એમણે લુણાના ઘ્રોપટમાં ચરતી મતારી ભેંસો જોઇ

કારીયું ને કુંઢિયું કારી સજી કતાર
મઈયું ચરે મતારીયું બેડો બન્નીયજો પાર

વિશાળ વિશ્વના જાણે બિંદુ સમાન બન્નીમાં સંચરતી અને અનંતગાન સંભળાવતી માતૃભૂમિ ભારતની ભવ્યતાનો એમને અહીં અહેસાસ આવ્યો. એમના અંતરમાં ઊંડે ઉતરેલા આવા ભાવથી ઉમાશંકરે બન્નીની ચપટી ખેપટ ઉપાડી, એને માથે ચડાવી એમણે મા ભોમને વંદના કરી !' એવે 'અહીં તો આપ માભોમની રજથી આખા રંગાઇ ગયા છો !' એમ કચ્છના કવિ ધીરેન્દ્ર મહેતાએ ટહુકો કર્યો. બન્નીની ધૂળથી સાંષ્ટાંગ ભરાઇ ગયેલા ઉ. જો. એ હળવેકથી સ્વશરીરે મીઠી નજર ફેરવી ! આવા કવિતા રંગે રંગાઇ યુગદ્રષ્ટા ઉમાશંકર પ્રસન્નભાવે બન્નીમાં ભાવવિભોર બન્યા.

કચ્છના જૂના દેશી રાજ્યમાં બન્નીનો માત્ર ચરાણ તરીકે ઉપયોગ કરવાનો નીમ હતો; એટલે સામાન્ય મહેસૂલ વિભાગથી અલગ ધોરણે બન્નીનો વહીવટ ચાલતો. ભુજ વહીવટદાર કચેરીમાં આ કામે બન્ની તજવીજદારની નિમણૂક થતી. બન્નીનો વ્યવસાય પશુપાલન, બન્નીમાં દૂધ વેચાય નહિ. પશુ ઉછેર અને ઘીની નીપજ એની પેદાશ ગણાતી. ઘી ઉપર દાણ લેવાતું. બન્નીનો માલધારી કોઇકને હાથ લાંબો ન કરે; ને મનમાની મહેમાની કરે. ૧૯૪૮ની સાલ આવી. રાજ ગયું અને સ્વરાજ આવ્યું. નવી સરકારે રાહતની નવી રશમ શરૂ કરી એ વધતી થતે બન્નીયારોમાં પરાશ્રયી રહેવાની કંગાલ વૃત્તિ ઘર કરતી થઇ. ૧૯૪૮માં બન્નીના વહીવટનો મોં બદલો થયો તે પહેલાં બન્નીને બસર થવા દેવાઇ ન હતી. દેશી રાજ્યમાં તેની પોતાની ઠઠી (દરબારી માલ ઢોર) માટે વટાછડ, વંગ, ડાડોર વગેરે ડુંગરાઉ રખાલો ફાળવાઈ હતી. બન્ની બન્નીયારો માટે અબાધિત રાખી ત્યાં કોઇ સંજોગોમાં પણ દરબારી ઢોર દાખલ થતા નહિ. પરંતુ નવા વહીવટમાં 'કોના બાપની બન્ની !' એ મેલીમુરાદ વધતી થઇ. એટલે રાજ્યતંત્રમાં બન્ની અને તેના ચરિયાણને સુવ્યવસ્થિત રાખવાની જરૂરત ઊભી થઇ.

બન્ની કાયદેસર રક્ષિત જંગલ

પશુ કલ્યાણ અને માનવ કલ્યાણ અર્થે બન્નીનો વૈજ્ઞાનિક ઢબે વહિવટ થાય એ રીતે તેને રક્ષણ આપવાનો કચ્છ રાજ્યએ નિર્ણય લીધો. એ મુજબ થવા ભારત સરકાર તરફથી કચ્છ રાજ્યના ચીફ કમિશ્નરના નોટિફીકેશન નં. MR-૧૫૫/૫૬ તા. ૧૧ મે ૧૯૫૬થી ઈંડિયન ફોરેસ્ટ એકટ ૧૯૨૭ના સેકશન ૨૯ મુજબ બન્નીને રક્ષિત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એમાં બન્નીની ઉત્તર સીમા કચ્છનું મોટું રણ અને ખાવડા મહાલ; દક્ષિણે ભચાઉ, અંજાર, ભુજ અને નખત્રાણા તથા લખપત તાલુકાની હદ, પૂર્વે ભચાઉ અને ખડીર મહાલની હદ; અને પશ્ચિમે રણ અને કોરીનાળ લગીની પડેતરને બન્નીની ચતુર્સીમા તરીકે દેંખાડવામાં આવેલ છે.

આ મુજબ અમલ થવા બન્નીના માલધારીઓના ચરણના હક્ક અબાધિત રાખી નિયમસર નિયંત્રિત ચરાણ થવા, બન્નીમાં ગ્રાસ સેંકચ્યુઅરી કરી ઘાસ સંગ્રહ કરવા અને જરૂર પડયે ઇચ્છુક માલધારીઓને તેમની સગવડે અન્યત્ર વસવાટની સગવડ આપવા વગેરે આયોજન કરવાનું ઠર્યું, કચ્છના કલેકટર અને વનવિભાગ તરફથી જંગલખાતાને બન્ની તબદિલ કરવાના ચાર્જ પેપરમાં સહી સિક્કા થયા. ત્યાં એકાએક કોઇ ગૂઢ સૂચનથી આ બાબત એકાએક રોકી દેવાઇ. તે હજુ પણ બન્ની પ્રોટેકટેડ ફોરેસ્ટ તરીકે કાયદેસર ચાલુ છે. છતાંય એનો વહીવટ રેવેન્યુ રાહે ચલાવાય છે.

બન્ની ખીલવણીની સજ્જતા

બન્નીમાં ઊભા થતા હવેના સંજોગોમાં તેને પાયમાલ કરતી પરિસ્થિતિમાંથી શીખી એના નવનિર્માણની વાત સમજીએ. બન્નીનો ઠાલો ઠાઠ ઠમકારવાને ઠેકાણે માઠ ન રહેતાં એની ખીલવણીની સજ્જતા સમજીએ.

● બન્નીની અસલિયત અસ્મિતા સચવાય એ રીતે એના 'રક્ષિત વન વિસ્તાર'ના કાયદાકીય ધારા ધોરણ અમલી બનાવીએ.

● બન્નીની ચરિયાણ પદ્ધતિ નિયંત્રિત કરવા ત્યાંના ચરાણ વિસ્તારના વિભાગ કરી તેમાં ક્રમસર વારા ફરતી ઢોર ચારવાની છૂટ દેવાની નીતિ અપનાવીએ.

● બન્નીમાં કાળે દુકાળે છત અછતની સ્થિતિ સર્જાય છે. ત્યારે જરૂરતમંદોને પૂરતી રાહત મળે તેવી તેની રશમ અખત્યાર કરીએ. મોટાં ખર્ચે ઢોરોનું સ્થળાંતર કરવાના પ્રસંગ ઊભા થાય છે ત્યારે કેટલ કેમ્પના સ્થળે ત્યાં જતા માલધારીઓ ત્યાં સખણા રહી આવા આયોજનનો સુખદ લાભ લ્યે તેવું આયોજન કરીએ.

● મોટા માલધારીઓ મોટી સંખ્યામાં માલઢોર ઉછેરે છે. તેઓ માલદાર હોય છે અને વેપાર ધંધો કરે છે તેઓ સ્વાવલંબી રહીને પોતાના નબળા ભાઈઓને મદદનો હાથ લંબાવે એવી વહેવારની વાત કરાવીએ.

● ધરાપટ અને હવા ઉજાસના કુદરતી તત્ત્વોને અનુસરી સ્થાનિકના પૌષ્ટિક ઘાસના ઉગાવની પ્રેરવી વધારવા.

● કેરડા, પીલુ, પલી, લઇ અને દેશી બાવળ (Acacia Arabica) જેવી દેશી ઝાડીનું વાવેતર અને જતન વધારવા.

● પરદેશી બાવળ (Prosopis Julifora)ના વિસ્તારનું આક્રમણ અટકાવવા કાયદેસર ધારા દ્વારા સજ્જડ પગલાં લેવા, પરદેશી બાવળની ફળી ઢોરને સીધેસીધી ન ખવડાવતાં એ ફળીમાંથી ખાણદાણ બનાવી ખવડાવવાની પદ્ધતિ અખત્યાર કરવા આ કામે કચ્છ માંડવીના વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયૂટનું માર્ગદર્શન મેળવી તેમનો સાથ લેવા.

● બન્ની ઘાસ વિસ્તાર હોઇ ત્યાં કોલસા પાડવાની બંધી છે છતાંય ગેરધોરણે ત્યાં કોલસા કરવાની પ્રવૃત્તિ ઢંગધડા વગર ચાલુ છે, પરદેશી બાવળને નિર્મૂળ કરી તેના લાકડા કોલસા એકત્ર કરવાનું જરૂરી છે; અને કોલસા કરવાનું જરૂરી હોય તો એક ચોક્કસ સ્થળે ચાર કોલ કિલ્ન (Charcoal Kiln) કરી માત્ર તેમાંજ તેમ કરવા પરવાનગી આપવા.

● બન્નીમાં જ્યારે જ્યારે રસ્તા, બંધપાળા, વાડા વગેરે જેવું કામ કરાવાય ત્યારે ત્યાં પાણીના વહનની અવરજવરના માર્ગમાં રોકત ન થાય તે રીતે કામ કરવા; અને જૂના કામોમાં જ્યાં જ્યાં આવી ભૂલો થઇ હોય તે સુધારવા.

● બન્નીમાં કુદરતને અનુસરીએ અને પ્રકૃતિની પ્રક્રિયા સાથે રહી, નવાં કામ સહજ ભાવે કુદરતી રીતે કરવા.

● બન્ની કાયદેસર જાહેર થએલો રક્ષિત જંગલ વિસ્તાર છે. 'ભાંગી તોય ભરૂચ'એ કહેતી મુજબ 'બગડી તોય બન્ની' ! એમાં બન્નીની અસલિયત અને કચ્છી અસ્મિતા ઉજળી થાય તેવો વહિવટ વધારીએ.

કચ્છની એક અસ્મિતા બન્નીમાં

નોટીફીકેશન નં. MR-૧૫૫/૫૬ થી કાયદેસર રક્ષિત જંગલ તરીકે ઠરાવાયેલા બન્ની વિસ્તારની હદમાં પટ પટના પ્રકાર પેટે ૨૪ જુદી જુદી જાતિની ઘાસ થવાનું નોંધાયું છે. અહીંનું પૌષ્ટિક ઘાસ ચરાવી ઉછેરાતા બન્નીયાર ઢોરનું પાલન કરતા બનીયાર જત, મુતવા, હાલેપોત્રા, રાયસીપોત્રા, પઠાણ, કુરાર, બંભા, જુણેજા, નોડેજા, લુણાઇ, સમેજા વગેરે માલધારી જાતિઓ બન્નીમાં મહાલે છે. અને અહીં એમનું જોર વર્તાતું રહ્યું છે. એટલે ઈતર કોમોનું બન્નીમાં અસ્તિત્વ દબાયેલું રહી, ૧૯૪૮ પછી તે પાધરું થયું છે.

બન્નીની અસ્મિતા મયગ્વાલ

બન્નીના ઝીલોમાં પરંપરાથી હિંદુ આચારધારી 'મેગુવાર' (કચ્છી) તે મયગ્વાલની હસ્તિ નોંધપાત્ર છે. તેઓ ચામડા ઉપર ભરત અને કસબકામ, કબીરા અને ગભીરા ભરત, કચવકામ, લાકડાનું ખુંઢકામને સારૂં વણાટકામ કરે છે. ચામડા રંગવાનું ચામડાની સંધારી, ચડા તે પાણી સીંચવાના નાના કોસ, ઘીઘભા વગેરે પણ બનાવે છે. તેમના લોહીમાં ઉતરેલા કળાકામના આ સંસ્કાર જન્મજાત છે. લાખકામ કરતા મેકોલી પણ બન્નીમાં વસે છે. તેઓ ફરતા ફરે પણ છે. પચ્છમમાં પણ લુડવા અને કુરનમાં કસબી મયગ્વાલોની વસ્તી ધ્યાન પાત્ર છે.

દેવોના સ્થપતિ મયજાતિનો ઉલ્લેખ રામાયણ-મહાભારતમાં આવે છે. સોનાની લંકાનું સ્થાપત્ય અને ઇંદ્રપ્રસ્થની રચના મય દાનવોએ કરી હતી. સંભવે કે આ મય જાતિના કળા સંસ્કાર પલટાતી વારસાગત પરંપરામાં 'મયગ્વાલો'માં ઉતર્યા હોય !

સને ૧૯૮૫ના ડિસેમ્બરમાં બન્નીના લોકો વચ્ચે બેસી ત્યાંની લોકવસ્તીની મૂલવણી કરી. અડસટે કરેલી ગણના મુજબ ત્યારે દશ હજાર માણસની વસ્તી ત્યાં અંદાજાઇ. તેમાં મેગુવારોની વસ્તી પંદર ટકા ગણાવાઇ. સુંઢા, પારૈગી, ઘુઆ, દગરા, રોસીયા, કુંગડીયા, વીસરીયા, મારવાડા, લખીયા, મારાજ, મેગલ જેવી ઘણીક પેટાનુખો તેઓમાં ઓળખાવાય છે. તેઓ જન્મ, લગ્નની વિધિ, બધો જીવનવેવાર અને તહેવારો હિંદુ ધર્મની પરંપરા મુજબ કરે છે. આરીયામાં શિવજીને પૂજે છે. તો રામદેવપીરને ખાસ આરાધે છે.

"ચિત્તોડ ગઢમાં ચોરી રચાય સે, ચોરીરા ચંમર ઘરાશે,
મોડ બંધેને મારાજ ઘરે આવશે, તો ઘર રખીયારો વધાવશે,
ઢોલ નગારા નોબત બાજે, મીરાં રાજા ચડસે ઘોડલે,
જેં ડીં મુંજે સાહેભે સસટી રચાઇ, સુરતા પુગું થે મુલાકાત,
સત તણી ઘેગ રખીએ જાલઇ, આભા મંઢણ જો હો ઠેરાણ,
સદી વીસ વાંસે સાધ ઈ રાખસી, જેંજો રખીયો જુગ જુગ આગેવાણ,
રખીયો મહેશ ભાથી..."

અલગ તરી આવે એવી સંસ્કારિતા સાચવી 'મયગ્વાલો' બન્નીની લોકાઇમાં એકરસ થઇ રહે છે, તેઓ બન્નીયારની એક યારી અસ્મિતા ધરાવે છે અને આવાં આરાધી ભજનો ગાઇ હેતે ભગવાનની ભક્તિ કરે છે.

કારમીંઢ પચ્છમ

પચ્છમના પંદર જેટલા ગોઠમાં પ્રકૃતિની આફતોનો સામનો કરતી પાણીવાળી પ્રજા સોઢા, સમા, લુહાણા વગેરે આસુધાઇથી રહે છે. કસબીઓમાં ખત્રી, કુંભાર અને 'મયગ્વાલા'ની ખાવડાઇ કસબ કરતી જાતો નોંધપાત્ર છે.

કારમીંઢ પચ્છમ મથે, લખગુરૂ લાલમ લાલ,
તિત રતોચોડ મંજઠ સભ રચેયોજીંય ગુલાલ,

કારો ડુંગર કચ્છનો સર્વોચ્ચ (૫૫૮ મી.) પહાડ છે. એની ટોચે ગુરૂદત્તાત્રી તે પચ્છમાઇ પીરના પગલાં આવેલા છે. સાંજે કે બપોરે એની પૂજા થાય છે ત્યારે પૂજારી લોંગ..લોંગ...(લોંગ તે લોંક Lonk fox, Vulpes srp.) પુકારે છે, ખીણમાંથી ઘણા બધા લોંગ પ્રસાદ ખાવા ઉપર આવે છે ને તે આરોગી સડસડાટ પાછા નીચે ઉતરે છે, અહીંથી મીઠાં ભરેલું કચ્છનું અફાટ 'મોટું રણ' સફેદ દેખાય છે, પૃથ્વી પટ પર ઇસ્ત્રી કરેલી ચકચકિત સફેદ ચાદર પાથરી હોય એવું એ ભાસે છે. અહીંથી નીલુડી બન્નીનો દેખાવ પણ મનોહર લાગે છે,

કારાને પડખે પચ્છમના બીજા ડુંગર ગોરો અને રાયમલરો આવેલા છે. એના આંધૌ ગામે કચ્છના પ્રાચીન ઇતિહાસના પુરાતન અવશેષો મળવામાં છે, પુરાકાલીન ક્ષત્રપ અને આભીર શિલાલષ્ટીઓ અહીંથી ઉપલબ્ધ બની છે, શ્રામણેરી યશોદત્તા, સદેવંત સાવળીંગા અને કપુરી કારાયલ સમાની લોકગાથાઓ પચ્છમનું પુરાતન સાહિત્ય છે.

કચ્છના જ્યુરાસિક ભૂસ્તરના અહીંના થર 'પચ્છમ સીરીઝ' તરીકે દુનિયાભરમાં ખ્યાત છે. ભુજના પ્રાગમહેલમાં વપરાયલો આંધૌનો પીળો અને પચરંગી આરસ મશહુર છે. કચ્છના રણમાં અદ્દભૂત સુરખાબ નગર જોવા માટે કારા ડુંગર પીઠે આવેલી નીરવાંઢ ઉપરથી પાણી ભર્યા રણમાં ઉતરાય છે.

નંઢે પંખેં લમેં ટંગેં હંજ ઉડામંઘા ડિઠા
રતા અછારણ વિચાનું કુરન કંધે વિઠા

(કચ્છનું સંસ્કૃતિ દર્શન ૧૯૫૯ પા. ૨૨૮)

પચ્છમની રણ કંઠારેથી સુરખાબને ઊડતા જોવાની મજા પણ ઓર છે. પક્ષી વિશારદ સાલીમઅલીના મતે યાયાવર પક્ષીઓના નિરીક્ષણ માટે ભારતના શ્રેષ્ઠ પૈકીના સ્થાનકોમાં પચ્છમ અને બન્ની અગ્રીમ છે. ૧૯૭૪માં સુરખાબ નગરની અમારી સહસફર બાદ ખાવડાના અતિથિગૃહમાં રગત રોહીડાના વૃક્ષો ઉપર સાલીમે આ મજા માણી હતી. અહીંથી નીલી બન્નીના ખેલ નિહાળવા ત્યાં પહોંચીએ ત્યારે હવે તો ક્વચિત વગાડાતા ચંગ, કાની કે જોડીયા પાવાના સુર કે ગાયોની ગોરના ખરકા સાંભળવાનું આકર્ષણ પણ ન્યારું છે.

બન્નીના બંધારણમાં ઊંડાણના કાંપ અને માડુનો મહિમા

બન્ની અને પચ્છમનાં વરસાદના અને દરિયાના ખારા પાણીના ચલણ અને



વિશ્વ વિખ્યાત પક્ષીવિદ સાલીમઅલી સુરખાબનગરમાં. સૌ. કચ્છ એન્ડ રામરાંધ

વલણ ઉપર ત્યાંની કુદરતી જીવસૃષ્ટિની ખીલવણી કે ખુવારી મદાર રાખે. અહીં વરસાદ પાંખો અને તે પણ છત અછતભર્યો થાય. ચોમાસું ઢંગધડા વગર બેસે. મીં માટે ત્યાં બધા જીવ ટાંપે. વરસાદની મુંધ ઓરી આવે એટલે સૌ આકાશને નજરાવે. જેવા વાદળના ઘોટ ચડતા દેખાય કે :

આંઉં તો ઘરીયા બંધીને પાણીડા વાર્યા
ઈનજી સેરૂં ચડ.ઈ આકાસ રે,..

ગીત ગુનગુનાવતી કોડભરી મયગ્વાલ કુંવારકાઓ આંધૌમાં મીંની મેમાની કરવા ઉકંઢી પડે ! એવે મતો મીં આવે. બન્નીમાં બધે પાણી પાણી થઇ જાય. બન્ની લીલીછમ બને. બન્ની પચ્છમમાં ઋતુપલ્ટા આવે અને છેવટે ઉનાળે બન્નીમાં તો એવા દિવસો આવે કે પીવાનું પાણી પણ માંડ મળે ! એટલે બન્નીમાં વરસાદ અને માક (ઝાકળ કે ઓસ)નું મહત્ત્વ સરખું. પાંખો મીં ચાલે પણ માકની અછત વર્તાય તો માલધારી અને ઢોર નિમાણા બને. બન્નીની વનસ્પતિને માક અને ધુમ્મસ નવું જીવન આપે. ઉડાણથી આવેલો કાંપ બન્નીની સપાટી પર છવાય છે. વનસ્પતિ કે એવી આડમાં અટવાય છે અને પછી માક પડે તેથી ભીંજાઇ ઠરીઠામ થાય છે. બન્નીયાર ધરતીની કસ એથી વધે છે. લાંપ જેવું ઘાસ ઓસમાં પલળે અને હોંશે ચાટીને ચરે તે ઢોર પુષ્ટિ મેળવે. માકની મિજબાની માણી બન્નીના જીવો મતા બને.

ઇઝરાયલના ડો. ગ્રીન્ડેલ, જેઓ હીબ્રુ યુનિવર્સિટીના બીટ ધ ગોનમાં ખેતીવાડી સંશોધનના વોલ્કેની ઇન્સ્ટીટ્યુટમાં ફોરેસ્ટ ઇકોલોજી ડિપાર્ટમેન્ટના અધીક્ષક અને વન વિદ્યાના પ્રોફેસર. એપ્રિલ ૧૯૬૯માં એમના સંસર્ગમાં આવવાનું થયું. કચ્છના માકપટ અને બન્નીના ઓસની માહિતી એમણે જાણી ત્યારે ખુશહાલ બન્યા. બાઇબલમાં ઇઝરાઇલી માકનો મહિમા મોટો લેખાવ્યો છે. તેમ એથીય પહેલાં આપણા વેદોક્ત શાસ્ત્રો અને સંસ્કૃત સાહિત્યમાં ઝાકળની કવિતા ઝીલાઇ છે.

માકના બારામાં તો કચ્છનું લોક સાહિત્ય પણ અદકેરી ઉપમા ધરાવે છે.

પઇ જાં પરભાત સે માક મ પસો માડુઆ
રૂઇ ચુવઇ રાત ડિસી ડુખોઇયનકે

કચ્છી ભાષાની અદબ અસ્મિતા અનુભવી યુગદ્રષ્ટા કવિ ઉમાશંકર જોશી પ્રભુની લીલાનો આ ભાવ અંતરમાં ઉતારે છે ને હેલે હેલે ગાય છે :

નિશાને ઘોર અંધારે પુષ્પની પાંદડી રડે,
પ્રભાતે સૂર્યના દર્શે નવાં તેજે હસી પડે,
ને લૂછે ઓસના બિંદુ, નચાવે મૃદુ પાંખડી
એવી હર્ષે પ્રજા નાચે, હસે ચેતન આંખડી

(વિશ્વ શાંતિ પા. ૨૨)

બન્નીના જનમુખે જ માકીયો પ્રેમ ઝગે છે એને, એ કચ્છી ભાષા ભાવને ઉમાશંકર ઝમકથી ભલકારે છે ! □

■ બંગલો નં. ૭, આદર્શ સોસાયટી, હોસ્પિટલ રોડ, ભુજ-૩૭૦૦૦૧

કચ્છના કરમે કુદરતની અવકૃપા લખાઇ છે !

□ રજનીકાંત સોની □ હરેશ વૈદ્ય


કદાચ સૃષ્ટિના સર્જનકાળથી જ કચ્છ કુદરતી આફતની કઠણાઇ કરમે લખાવી ચૂક્યું છે, પણ કુંદન જેમ અગ્નિની કસોટીમાં જેટલી વધુ વાર પસાર થાય એમ તેની શુદ્ધતા વધુને વધુ ઝળકી ઊઠે છે એમ કચ્છ પણ આવી આપત્તિઓમાંથી જેટલી વાર પસાર થાય છે એટલી વાર એનું ખમીર વધુને વધુ ઊંચું જતું જોવા મળે છે. જો કે ન્યાયની ખાતર કહેવું જોઇએ કે આ વાત એકલા કચ્છને લાગુ પડે છે એવું નથી, મોટે ભાગે આવા તમામ ભૂમિખંડોને લાગુ પડે છે. માનવજાત (અથવા પ્રાણી માત્ર)ની અસ્તિત્વ ટકાવી રાખવાની ઝંખના આમાં મુખ્ય ભાગ ભજવે છે. કચ્છની ભૌગોલિક રચના વિશિષ્ટ છે, બે દિશામાં સમુદ્ર અને બે દિશામાં રણ છે એટલે આ પ્રદેશ ટાપુ જેવો જ છે. વીસમી સદીમાં અને તે પણ રાજાશાહીથી સ્વતંત્ર થયા બાદ કચ્છમાં તેના પડોશી પ્રદેશોની અસર થવા લાગી, ત્યાં સુધી તેની અલગ ઓળખ કે અસ્મિતા યથાવત જળવાઇ રહેલી. જો કે એનો અર્થ એવો યે નથી કે કચ્છી લોકો પોતાના નાનકડા મુલકના કોચલામાં કાચબાની જેમ અંગો સંકોડીને રહેતા હતા. આર્યાવર્તના સીમાડા ઓળંગી જવામાં કચ્છીઓ અન્ય કોઇ પણ પ્રદેશના લોકોથી પાછળ નહોતા. એનું કારણ પણ આગળ કહ્યું તેમ કુદરતી આપત્તિ સામે ઝઝુમવાની, અસ્તિત્વ ટકાવી રાખવાની ઝંખના હતું.


ધરતીકંપની આપત્તિ ખરે જ વિકટ છે

કચ્છની કુદરતી આફતોની વાત કરતાં સૌ પ્રથમ તો કચ્છના કરમે લખાયેલો મંઢો



તા. ૧૮/૧૯ ઓગસ્ટ ૧૯૫૬ની કચ્છ યાત્રા વખતે પંડિત જવાહરલાલ નેહરૂએ ભુજમાં જાહેર સભા સંબોધી એ પૂર્વે ભૂકંપગ્રસ્ત અંજાર શહેરની મુલાકાત લીધી હતી. તસવીર સૌજન્ય : સી. આર. મહેતા, મુંદ્રા.





અઠારમી સદીમાં ભૂકંપના કારણે કચ્છના રણમાં જમીનનો કેટલોક ભાગ ઊંચો ઉપસી આવતાં સિંધુનું વહેણ અટકી ગયું હતું. લોકો આ ઉપસેલા ભાગને અલ્લાહ બંધ તરીકે ઓળખે છે અને હાલ તે આવો દેખાય છે.

મીં યાદ આવે. પરંતુ દુકાળ કે અછત એ એક માત્ર આફત કચ્છના ભાગે છે એવું નથી. એમાં ધરતીકંપ અને ક્ષારનું આક્રમણ પણ છે. ક્ષારનું આક્રમણ ધીમી ગતિએ પણ સતત ચાલતી રહેલી પ્રક્રિયા છે, જ્યારે ભૂકંપ સમયાંતરે આગોતરી ચેતવણી આપ્યા વિના ત્રાટકી પડતી આફત છે.

ધરતીકંપની વાત કરીએ તો કચ્છ ભૂકંપની રેખામાં આવેલું છે, ઇ. સ. ૧૬૬૮માં સિંધમાં વિનાશક ભૂકંપ થયો હતો અને કચ્છમાં પણ નુકસાની થઇ હતી એવી નોંધ વિવિધ ગ્રંથોમાં મળે છે. પરંતુ તે પછી ઇ. સ. ૧૮૧૯ના જુન માસમાં જે ધરતીકંપ થયો તે કચ્છ માટે દુઃસ્વપ્નરૂપ બની રહ્યો. કેટલાક ગામોના કોટકિલ્લા જમીનદોસ્ત થઇ ગયા, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળની પરિસ્થિતિ સર્જાઇ અને સિંધુનું એક વહેણ લખપત સુધી આવતું તે જમીન ઊંચી થઇ ટેકરો બની જતાં અટકી ગયું. કુદરતની આ જબ્બર થપાટ હતી. કચ્છના મોટા રણમાં પણ ઘણા ફેરફાર થઇ ગયા હોવાનું નોંધાયું છે. તે પછી ઇ. સ. ૧૮૪૪માં મોટો ધરતીકંપ થયેલો, તેની અસર પણ ૧૮૧૯ના ભૂકંપની જેમ લખપત તાલુકામાં વિશેષ થઇ હતી. ઇ. સ. ૧૮૪૫માં પણ એ વિસ્તારમાં જ મોટો આંચકો લાગ્યો હતો. ઇ. સ. ૧૮૬૪માં ધીમો કંપ થયેલો તેની અસર મુખ્યત્વે વાગડમાં હતી. ઇ. સ. ૧૮૯૧ના અંતમાં પણ ધીમો આંચકો લાગ્યો હતો પરંતુ એનો કંપ પચ્છમ વિસ્તારમાં અનુભવાયો હતો. તે પછી તો કચ્છ માટેનો છેલ્લો મોટો ધરતીકંપ ઇ. સ. ૧૯૫૬માં થયેલો, જેની અસર આખા કચ્છમાં થયેલી પણ મોટું નુકસાન અંજાર તાલુકામાં થયેલું. ભુજ, અંજાર અને ભચાઉ તાલુકામાં ૨૨૨૫ મકાન જમીનદોસ્ત થઇ ગયા હતા અને એકલા અંજાર તાલુકામાં ૧૧૪ માણસોનો ભોગ લેવાયો હતો. તે પછી પણ દર બે- પાંચ વર્ષે ભાગ્યે જ નોંધ લેવાય એવા આંચકા કચ્છને લાગ્યા જ કરે છે. સમગ્ર રીતે જોઇએ તો છેલ્લા ત્રણ સૈકામાં જે ધરતીકંપ થયા તે લખપત, વાગડ, પચ્છમ ને અંજારમાં વિશેષ નોંધપાત્ર રહ્યા. આમ આ નાનકડા જિલ્લાની ચારે દિશા સમયાંતરે ડોલી ચૂકી છે જે એવા તારણ પર લાવે છે કે કચ્છીઓએ પોતે ભૂકંપની રેખા પર બેઠા છે એમ સમજીને જ મકાનોના બાંધકામ કરાવવા જોઇએ.


દુકાળ અને ક્ષાર આક્રમણ ચિંતાજનક

જે કુદરતી આફત સામે આગોતરૂં આયોજન કરવાનો સમય મળે છે તે દુકાળ અને ક્ષારનું આક્રમણ વર્તમાન સમયમાં સૌથી વિશેષ ચિંતા માગી લે છે. ક્ષારના આક્રમણમાં તો જો કે કુદરત ઉપરાંત પડોશી દેશ પાકિસ્તાન પણ ભાગ ભજવી જાય છે. પોતાના

વિસ્તારમાંથી તે ખારૂં પાણી રણમાં છોડે છે અને તે પ્રતિવર્ષ ક્ષારને આગેકૂચ કરાવતું રહે છે. છેલ્લા એક દાયકામાં જ આ ક્ષારના આક્રમણના કારણે અનેક ગામડાંની ખેતીવાડી ખલાસ થઇ ગઇ છે, તેનો પ્રતિકાર કરવાની યોજનાઓ તો વિચારાય છે, પણ અમલ થાય ત્યારે ખરો.

કચ્છને સૌથી વધુ પીડતી આફત મેઘરાજાના રીસામણાંની જ છે. કચ્છની મોસમ વિચિત્ર છે, એમાં ત્રણ ઋતુ નથી, માત્ર શિયાળો અને ઉનાળો જ છે, ઉનાળાના ઉત્તરાર્ધમાં જો સારો વરસાદ થાય તો કચ્છીઓ માને કે આ વર્ષે ચોમાસાની ઋતુ પણ છે ! સૂકી અને ખડકાળ જમીન હોવાથી વનરાજીનું પ્રમાણ ઓછું છે, વળી વર્ષાને ખેંચી લાવતા મોસમી પવનોને પણ આ મુલક બહુ અનુકૂળ આવતો નથી અને જો વરસાદ પડે તો ખડકાળ ભૂમિ હોવાથી પાણીનો સંચય થવાને બદલે તે રણ યા સમુદ્રમાં વહી જાય છે. જો કે છેલ્લા થોડા સમયથી જળ સંરક્ષણને અગ્રતા આપવાનો મિજાજ કચ્છમાં જોવા મળે છે, પણ એ ય વરસાદ પડે તો જ થાય ને ? સિંધુ નદીનું એક વહેણ કચ્છમાં આવતું તે અટકી પડયા બાદ અહીં દુકાળની પરંપરા શરૂ થઇ એવું તારણ જૂની નોંધ તપાસતાં નીકળે છે. ઇ. સ. ૧૮૧૯માં વહેણ બંધ થતાં રણ સૂકું બની ગયું અને તેના પરિણામે ઇ. સ. ૧૮૧૩ (સંવત ૧૮૬૯)માં કચ્છમાં કાળો કેર વર્તાવનાર ઓગણોત્તેરો દુકાળ પડયો. તે પહેલાંના દફતરમાં બહુ વિકટ દુકાળ પડયો હોવાની નોંધ દેખાઇ નથી. ગોકુલદાસભાઇ બાંભડાઇ રચિત 'કચ્છ બૃહદ ભૂગોળ'માં ઇ. સ. ૧૮૭૮થી ૧૯૫૨ સુધીના વરસાદના આંકડા છે. તે મુજબ સરેરાશ પાંચ ઇંચથી ઓછો વરસાદ થયો હોય એવા વર્ષો આ પ્રમાણે છે. ૧૮૯૯, ૧૯૦૧, ૧૯૦૪, ૧૯૧૧, ૧૯૧૮, ૧૯૨૫, ૧૯૩૧, ૧૯૩૯ ને ૧૯૪૮. આમ ૭૫ વર્ષમાં માત્ર નવ વર્ષ અછત યા દુકાળના છે. દર છથી આઠ વર્ષે ઓછો વરસાદ થયો છે. આઝાદી પછીના કાળમાં દુકાળનું પ્રમાણ વધ્યું છે, એવું બની શકે કે અગાઉ અહીં જંગલો હતા, વનરાજી હતી જે ધીમે ધીમે માનવજાતિ દ્વારા ભરખાતી ગઇ અને કુદરતની અવકૃપા વધતી ગઇ.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના કાળમાં કચ્છ માટે કપરા કહી શકાય એવા બે દુકાળ



પડયા. પ્રથમ ૧૯૬૮ અને ૧૯૬૯ એમ સતત બે વર્ષ મેઘરાજાએ ડોકું ન કાઢયું, જ્યારે તે પછી ૧૯૮૫, ૮૬ અને ૮૭ એમ ત્રણ વર્ષ સુધી કચ્છમાં કારમો કાળ રહ્યો. એમાં પણ આ છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં કચ્છની કપરી કસોટી થઇ. આ વર્ષો દરમ્યાન કચ્છમાં જોરદાર રાહત પ્રવૃત્તિ ચાલી હતી અને તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું યોગદાન ખૂબ જ નોંધપાત્ર રહ્યું હતું. આ સિવાય પણ કચ્છ અછતગ્રસ્ત રહ્યું હોય એવા વર્ષો ૧૯૭૨, ૭૪, ૯૧ અને ૯૩. જ્યારે નબળા ગણી શકાય એવા વર્ષોમાં ૧૯૫૫, ૫૭, ૬૦, ૬૨, ૬૩ અને ૭૩. છેલ્લે ૧૯૯૫ના વર્ષમાં પણ મેઘરાજાએ કચ્છ ઉપર કૃપા કરી નહીં.

દુકાળની કાયમી સમસ્યા ઉકેલવી હોય તો...

'દુકાળના પાડનાર ભગવાન તારૂં મૂળ જજો, મનેખના જણ્યાંની તેં આ દશા કરી ?' કાળા માથાનો માનવી જ્યારે ઢોરને મારીને ખાતો હોય છે ત્યારે પન્નાલાલ પટેલની વિખ્યાત નવલકથા 'માનવીની ભવાઇ'નો નાયક કાળુ આ વાક્ય બોલે છે. કપાળે દુકાળ લખાવીને સર્જાયેલા કચ્છમાં ૧૯૦૧ (છપ્પનિયો) અને ૧૯૫૦ (છન્નુઓ)માં બે કારમા દુકાળ પડેલા ત્યારે લગભગ આ નવલકથામાં વર્ણવાઇ છે એવી જ સ્થિતિ સર્જાઇ હતી.

છપ્પનિયા દુકાળ વખતે કચ્છમાં વરસાદ થયો નહીં અને કપરી પરિસ્થિતિ સર્જાઇ. ધાનની કયાં વાત કરવી, ઘાસચારો અને લીલા ઝાડના મૂળિયાં પણ ખૂટી ગયા હતાં ! ખેતી અને પશુધન પર નભતી મોટાભાગની વસતી રાન રાન અને પાન પાન થઇ ગઇ હતી. માલધારીઓએ પોતાનાં પશુઓને ઉપરવાળાના આશરે ભટકતાં મૂકી દીધા હતા. અરે ! ઘણા માવિત્રોએ તો પોતાનાં બાળકોને પણ ભુજ જેવાં નગરોની ગલીઓમાં રઝળતાં મૂકયાં હતાં. કચ્છ રાજ્યે કયાંક કયાંક પડી (સસ્તા અનાજની દુકાન) ખોલી હતી, પણ તે ખરીદવાના પૈસા કયાંથી કાઢવા ? લોકોએ ઘરવખરીના ગાંસડા-પોટલા બાંધીને સિંધ તરફ હિજરત કરી હતી.

છપ્પનિયા પછીના છન્નુઆ કાળ વખતે પણ મેઘરાજાએ કચ્છ પર મહેર કરી નહીં અને છપ્પનિયા જેવી જ હાલત થઇ. જો કે આ દુકાળ વખતે રાહતની એક વાત એ હતી કે દાનવીરોએ સખાવત કરવામાં પાછું વાળીને જોયું નહોતું અને એ કારણે માનવ અને પશુઓની હાનિનું પ્રમાણ છપ્પના કરતાં ઓછું રહ્યું હતું. છતાં યે આભ ફાટયું હતું અને થીગડાં ઓછાં પડયાં હતાં તેથી સેંકડો માણસો કચ્છ બહાર હિજરત કરી ગયા હતા. કચ્છ રાજ્ય દ્વારા પણ રાહત અપાઇ હતી, પરંતુ કાળની ભીષણતા આગળ એ ઊણી ઊતરી હતી.

આઝાદી પછીના કાળમાં જુદા જુદા રજવાડામાંથી એક રાષ્ટ્ર બન્યું તેનો ફાયદો એ થયો કે દુકાળ વખતે ધાનની તંગી દેખાતી નથી. અગાઉ તો કચ્છમાં જે ધાન અને જે ઘાસ થાય તે જ મહદઅંશે કચ્છમાં વપરાય એવું હતું. હવે તો કચ્છ રાજ્ય ભારત દેશમાં વિલીન થઇ ગયું હોવાથી દેખિતી ભીષણતા ઘટી ગઇ છે. જે દુકાળ પડે છે તે કચ્છને લાંબા ગાળાની દ્રષ્ટિએ નુકસાન કરે છે, ભૂતળમાં પાણીનો પુરવઠો ઘટતો જાય છે. એ મોટામાં મોટું નુકસાન છે. વધુમાં વધુ જળ સંગ્રહ કરવો અને વધુમાં વધુ વૃક્ષો ઉછેરવાં એ દુકાળની કાયમી સમસ્યામાંથી ઉગરવાના શ્રેષ્ઠ ઉપાય છે.

તો કયારેક અતિવૃષ્ટિની આફત

મેઘરાજાની અવકૃપાથી દુકાળ પડે છે, જ્યારે વધુ પડતી મહેરબાની અતિવૃષ્ટિની આફતને નોતરે છે. કચ્છમાં અતિવૃષ્ટિના બનાવો આમ તો ઓછા છે છતાં ૧૯૫૭ અને તે પછી તરત જ એટલે કે ૧૯૫૯માં બારે મેઘ ખાંગા થયા હતા અને જિલ્લાના મુખ્યમથક ભુજમાં તો ભારે નુકસાન સર્જ્યું હતું. આ બે દુર્ઘટના ઉપરાંત ૧૯૭૫માં ભચાઉ અને રાપરમાં ભારે વર્ષા થયેલી. ૧૯૭૯માં લગભગ આખા જિલ્લામાં વધુ વરસાદ હતો જ્યારે ૧૯૮૧માં મુંદ્રામાં અતિવૃષ્ટિ થયેલી. તે પછી ૧૯૯૪માં પણ વ્યાપક વૃષ્ટિ હતી. પરંતુ આ તવારીખમાં ૧૯૫૯ની અતિવૃષ્ટિ દુઃસ્વપ્ન સમી બની ગયેલી. ભુજમાં નીચાણવાળા વિસ્તારોમાં માથોડાથી યે વધુ પાણી ભરાયેલાં અને ઘણાં મકાનો ધરાશાયી થયાં હતાં.

રોગચાળો પણ ભાગ ભજવી જાય છે

કચ્છનું ઉષ્ણતામાન સામાન્ય રીતે સરેરાશ ૨૫થી ૩૦ અંશ સેલ્સિયસ રહે છે અને નિષ્ણાતોના મતે આ હવામાન મચ્છરોના ઉપદ્રવને આમંત્રે છે. અહીં આથી જ મેલેરિયાના રોગચાળાને ફાવી ગયું છે, છેલ્લા ત્રીસ વર્ષના ઇતિહાસ પર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે એક વર્ષમાં સરેરાશ ૧૦ થી ૧૫ હજાર મેલેરિયાના કેસો નોંધાયા છે.

પચીસ હજારથી વધુ કેસો બન્યા હોય એવાં વર્ષોમાં ૧૯૬૭, ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨, ૧૯૭૩, ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭, ૧૯૮૯ અને ૧૯૯૦ છે. પ્લેગ એટલે કે મરકીનો રોગચાળો પણ ભયંકર એટલા માટે ગણાય છે કે તે ચેપી છે અને શરૂ થતાંવેંત ફેલાઇ જાય છે. એક વર્ષ પહેલાં સૂરતમાં આ રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે તો કચ્છમાં એની અસર સદ્દભાગ્યે નહીંવત હતી, પણ એકસો વર્ષ પહેલાં એટલે કે ૧૮૯૭માં માંડવીમાં પ્લેગના રોગચાળાએ હાહાકાર મચાવ્યો હતો એની અહીં નોંધ લેવી જોઇએ. તે સમયે રોજના ૨૫ થી ૩૦ દરદી યમના દ્વારે પહોંચી જતા હતા. સદ્દભાગ્યે તે પછી આ રોગચાળાએ કુદરતી આપત્તિઓનો ભોગ બનતા રહેતા કચ્છ ભણી મોઢું ફેરવ્યું નથી.

એક યા બીજી રીતની કુદરતી અવકૃપાનો સતત ભોગ બનતું રહેલું કચ્છ એ કસોટીઓમાંથી પાર ઉતરતું જ રહ્યું છે, એમાં આ ભૂમિના ગજવેલ જેવા ખમીરવંતા પુત્રો યશભાગી છે. □

■ ૧૭, વનવિહાર સોસાયટી, ભુજ. ■ ૧૦૪, પ્રભુદર્શન, મહાદેવ ગેટ, ભુજ

કચ્છની વનૌષધિઓ

□ વૈદ્ય નિપુણ પી. બૂચ

અનેકવિધ વિશિષ્ટતાઓ અને વિષમતાઓ વચ્ચે સદીઓથી વિવિધક્ષેત્રે પોતાની અસ્મિતા જાળવી રહેલું કચ્છ, કચ્છીઓ માટે પોતીકું છે. આ પોતીકાપણાની વિશિષ્ટ ઓળખને અસ્મિતા કહે છે. અસ્મિતામાં આપણે સંસ્કાર અને સંસ્કૃતિનું આગવું પ્રતિબિંબ જોઇ શકીએ છીએ. આ સંસ્કાર અને સંસ્કૃતિના બળે જ કચ્છના લોકો વિશ્વના કોઇપણ ખૂણે પોતાની 'કચ્છીયત' જાળવી શકયા છે અને જાળવી રહ્યા છે.

આબોહવા, આર્થિક વિકાસ અને ભૌગોલિક દ્રષ્ટિએ કચ્છ હમેશાં પ્રતિકૂળતાઓ વચ્ચે અડીખમ રહ્યું છે. તેથી જ કચ્છ પ્રદેશમાં થતી ઔષધિય વનસ્પતિઓ પણ આબોહવાની ભૌગોલિક અને માનવસર્જીત વિષમતાઓ વચ્ચે પણ પોતાની આગવી અસ્મિતા જાળવતી સૈકાઓથી આ વિશિષ્ટ પ્રદેશમાં આરોગ્યનો સંદેશો ફેલાવતી રહી છે.

વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ કચ્છ એ 'જાંગલ દેશ' છે

વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ કચ્છમાં થતી ઔષધિય વનસ્પતિઓ ખાસ ઓળખ અને વિશિષ્ટતા ધરાવે છે. આયુર્વેદશાસ્ત્ર અનુસાર કચ્છ પ્રદેશ એ 'જાંગલ દેશ' કહેવાય. આયુર્વેદના પ્રાચીન સંહિતા ગ્રંથો પ્રમાણે જે પ્રદેશમાં પર્વત, પાણી, ઝાડ, વનસ્પતિઓ વગેરે થોડાં હોય તે દેશને 'જાંગલ દેશ' કહેવાય, સામાન્યતઃ આ પ્રદેશમાં વાયુદોષનું પ્રાધાન્ય જોવા મળે છે. તેથી તે જગ્યાની આબોહવા વિષમ હોય છે. પશ્ચિમ-દક્ષિણ સમુદ્ર અને ઉત્તર-પૂર્વ રણથી ઘેરાયેલા આ કચ્છનું તાપમાન વિષમ છે. ઋતુચક્ર અનુસાર ઋતુઓ તો અહીં પણ ત્રણ જ આવે છે, પરંતુ વરસાદની ઋતુ તો કેવળ પોતાની હાજરીનો અહેસાસ કરાવવા પૂરતી જ આવે છે. બાકી તો કાળઝાળ ગરમી વરસાવતો ઉનાળો કે અસહ્ય ઠંડીનો અનુભવ કરાવતો શિયાળો જ હોય છે. રણ અને સમુદ્ર વચ્ચે ઘેરાયેલા કચ્છની મહત્તમ જમીન ખારાશવાળી કે રેતાળ છે. આમ આબોહવાની અને પ્રાદેશિક પ્રતિકૂળ પરિસ્થિતિને આત્મસાત કરી તેની સાથે અનુકૂલન સાધીને કચ્છમાં લગભગ પંચોતેર જેટલાં વાનસ્પતિક કૂળ-બોટેનિકલ ફેમિલીની ઔષધિય વનસ્પતિઓ થાય છે. જે કચ્છના સંતુલિત અને રચનાત્મક વિકાસમાં પોતાની આગવી અસ્મિતાને કારણે અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. કોઇપણ પ્રદેશના સમતોલ આર્થિક અને સામાજિક વિકાસનો પાયો ત્યાંના સ્થાનિક લોકોના નિરંતર સ્વાસ્થ્યમાં રહેલો છે. જો લોકો સ્વસ્થ નહિ હોય તો કોઇ પણ પ્રકારનો વિકાસ મૃગજળ સમાન આભાસી બની દૂર ને દૂર રહે છે.


કચ્છમાં થતી વનૌષધિઓ માટે તેની વિશિષ્ટતાને કારણે આયુર્વેદ શાસ્ત્રના આ શ્લોક 'યસ્ય દેશસ્ય યો જન્તુસ્તજ્જં તસ્યૌષધમ હિતમ '' ને આધારે કહી શકાય કે 'જે જીવ જે સ્થાન કે દેશમાં રહે છે, તે જ સ્થાન, દેશ કે પ્રદેશમાં ઉત્પન્ન થતી વનૌષધિઓ તેમને થતા ઔષધસાધ્ય રોગોના શમનાર્થે વિશેષ અસરકારક અને હિતકારી છે.' એટલે 'કચ્છ માડુ'ઓને જે ખાસ ઔષધ સાધ્ય રોગો કચ્છની વિષમ આબોહવા, પાણી વગેરેના કારણે થાય છે તેને મટાડવા માટે કચ્છની આ પ્રકારની વિશિષ્ટતા ધરાવતી વાનસ્પતિક ઔષધિઓ જ પૂર્ણ રીતે સક્ષમ છે. કારણ કે આ વનસ્પતિઓ જ કચ્છમાં થતા મોટા ભાગના રોગોનો સરળ, સ્વાવલંબી અને દરેકને પરવડે તેવો સોંઘો ઉપચાર છે. કચ્છના હવામાનની દ્રષ્ટિએ જો કેટલીક વનૌષધિઓનું નિયમિત સેવન કરવામાં આવે તો આવી વિષમતાઓ વચ્ચે પણ લોકોને વર્ષભર નિરોગી રહેવામાં ખાસ ઉપયોગી નીવડે છે અને સંપૂર્ણ રોગ પ્રતિકારક શકિત પણ બક્ષી શકે છે.

વનૌષધિ અને કચ્છનું લોકજીવન

કચ્છનાં લોકજીવન પર આ વનૌષધિઓનો પ્રભાવ કચ્છી લોકોકિતઓથી ખ્યાલ આવી શકે છે. સર્વે ભવન્તુ સુખિનઃની ઉદાત્ત ભાવનાના દર્શન પણ એમાંથી થાય છે. આરોગ્ય અને વાનસ્પતિક ઔષધો વચ્ચેનો ગાઢ સંબંધ અને એવી વનૌષધિઓના સેવનથી નિરંતર જળવાઇ રહેતા સ્વાસ્થ્યનો સ્વાનુભવ વર્ણવતી આ લોકોકિત જુઓઃ

જિડાં અંઇ નિમ, બાવર ને અક્ક, તિડાં વૈદ્ય વિજેં માની કે ચક્ક'.

જ્યાં લીમડો, બાવળ અને આકડો ઊગતા હોય અને લોકો તેનું જો યોગ્ય રીતે



જયકૃષ્ણ ઈન્દ્રજી ઠાકર

નિયમિત સેવન કરતા હોય તો તે સ્થળે વર્ષભર કોઇપણ પ્રકારના રોગ થવાની સંભાવના નહિવત હોવાના કારણે ચિકિત્સકને પોતાની આજીવિકા માટે ફાંફા મારવા પડે. પરંતુ કમનસીબે લોકો પોતાના સ્વાર્થ માટે લીમડા, બાવળ અને આકડાના ઝાડોનું નિકંદન કાઢતા રહ્યા છે. આમ થતું અટકે એ જરૂરી છે.

કચ્છની ધરતી પર પાંગરેલી વનૌષધિઓ માનવીને નિરામયતા બક્ષે છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : ખાપટો, ખાપટે જો ઝાડ, ગુજરાતી : ખપાટ, સંસ્કૃતઃ કંકતિકા, અતિબલા, લેટીન : એબ્યુટાઇલન ઈન્ડીકમ ABUTILON INDICUM.

લોકજીવનનાં પ્રતિબિંબ : આડે વગડે તોકે ડિસાં, ડાંઠી પનમેં મેલી,
ડુકારમેં તું માડી જેડ.ી, અઇએં ગરીબજી બેલી.

કચ્છમાં આડ-વગડે- સર્વત્ર જોવા-મળતી આ વનૌષધિ, દુષ્કાળના સમયમાં એક માતા જે રીતે પોતાના બાળકનું પાલન- પોષણ કરે તે રીતે તે લોકોની સંભાળ રાખે છે. આવા સમયે તેનો ખોરાક તરીકે પણ ઉપયોગ થઇ શકે છે, તે ઔષધ તરીકે બળ આપનાર તે સસ્તી, સરળ અને વગડામાં ચો-તરફ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી ગરીબો માટે તે આશીર્વાદરૂપ છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : કકચીઆ, ગુજરાતી : કાકચા, સંસ્કૃત : લતાકરંજ, લેટીન : સીસાલ્પિનિયા બોન્યુસીલા : CESALPINIA BON DUCELIA.

લોકોકિત : કકચીએજી લંમી વલ, ડંડી પન કંઢારા ફલ,
રસ પનજો બીઆ બિજા, બરો કઢે ચે અંગ મિંજા.

કાકચની વેલ લાંબી થાય છે. તેની દાંડી, પાન અને ફળ કાંટાળા હોય છે. તેના પાનના રસનો અને બીજનો જો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવામાં આવે તો તે શરીરમાંથી તાવને દૂર કરે છે. ખાસ કરીને 'રેઝીસ્ટંટ મેલેરિયા- ઝેરી મેલેરિયા' પર તેની ધારી અસર જોવા મળે છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : કપુરીઓ, કપુરીએજો ઝાડ, ગુજરાતી : ધોળી

બાબચી, સંસ્કૃત : શ્વેતબાકુચી, લેટીન: સોરેલીઆ પ્લાઇકેટા PSORALEA PLICATA

લોકોક્તિ : કપુરીએજો ડંનણ કરે, ડઢજી પીડા તેજી ટરે,
જડ બારેને કરજે મીસી, દંઘજી પીડા વીંજે ખીસી.

કપુરીઆનું દાતણ કરવાથી દાઢનો દુઃખાવો દૂર થાય છે તથા તેના મૂળને બાળીને બારીક 'મસી' એટલે ટૂથ પાવડર બનાવી દરરોજ દાંત સાફ કરવાથી દાંતની પીડા પણ દૂર થઇ જાય છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : રોપત્રી, ગુજરાતી : લવાડીયું, ગંધારો ઓખરાડ, અંગ્રેજી : વોટર પેપર્સ, લેટીન : બરજિયા ઓડોરેટા BERGIA ODORATA.

લોકોક્તિ : નિકમજી આંઉ રોપત્રી, પણ પાણાં કાઠી ખણિયાં,
મુંજા પન સુંગે સુમે, ત નિંઘર આણી ભરીયાં.'

કોઇ વિશેષ કામમાં ન આવનારી એવી આ રોપત્રી ગાડામાં પાણા કે લાકડા ઉપાડવા માટે બિછાત કરવામાં વપરાય છે. પરંતુ ઔષધિ સ્વરૂપે તેના પાનને સૂતી વખતે સુંઘવામાં આવે તો તે નિંદ્રા લાવનારી છે. લોક-અનુભવની આ વાણી વિજ્ઞાનની અણી પર ખરી ઉતરે છે કે કેમ તેનું સંશોધન થાય તે જરૂરી છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : ત્રિપન, ગુજરાતી : વાયવરણો, સંસ્કૃત : વરૂણ, લેટીન : ક્રેટિવા રિલિજીઓસા : CRATAEVA RELIGIOSA.

લોકોક્તિ : ભૂખ લગંધી પીડ મીટઘી, મીટઘી ઉદાસી મન,
ગુડ.મેં ગોરી હીકડી ખાઘે, લડે. કરે ત્રિપન.

ત્રિપન નામની આ વનસ્પતિને ગોળ સાથે વાટી તેની ગોળી લેવાથી ભૂખ લાગે છે, પીડા દૂર થાય છે તથા મનની ઉદાસીનતા પણ દૂર થાય છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : બાવંચી, ગુજરાતી : બાવચી, બાબચી, સંસ્કૃત : બાકુચી, લેટીન : સોરેલીયા કોરીલી ફોલિયા : PSORALIA CORYLIFOLIA.

લોકોક્તિ : અચ્છા ચક્તા અચ્છી કોઢ, બાવંચી પાણીમેં લોઢ,
ગોરી કરે ખીરસે લડે. મખે તેંજી કોઢ એ ટરે.

'અચ્છા ચક્તા' એટલે સફેદ દાગ અને 'અચ્છી કોઢ' એટલે સફેદ કોઢ માટે આ વનસ્પતિને પાણી સાથે પીસી તે લગાવવાથી કે દૂધ સાથે વાટી ગોળી વાળીને ખાવાથી સફેદ દાગ અને કોઢ બન્ને દૂર થાય છે. અત્યારે પ્રચલિત એવી ત્રણેય ચિકિત્સા શાખાઓ, આયુર્વેદ, એલોપથી અને હોમિયોપથીમાં આ દવાનો વિવિધ રીતે ઉપરોક્ત રોગ માટે છૂટથી ઉપયોગ કરવામાં આવે છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : અચ્છો પિંજોરો, ગુજરાતી : દૂધીયો હેમકંદ, સંસ્કૃતઃ હિમકંદ, લેટીન : મીરૂઆ એરિનેશિયા : MAERUA ARENARIA.

લોકોક્તિ : અચ્છે પિંજોરે જી અચ્છી પાડ, ખોદે ખણે તેં કેં સંભાર,
ગડ. ગૂમડ ને રતવા- વિંઞે, લડે. ખીરસે ચોપડ. જે.

સફેદ પિંજોરાનું મૂળ સફેદ હોય છે. તેને ખોદીને જે લઇ જાય છે તેની તે સંભાળ લે છે. તેના મૂળને દૂધ સાથે ઘસીને ગડ-ગૂમડ કે 'રતવા' એટલે ચામડીની 'વિસર્પ' કે 'એરિસીપેલસ' નામનો રોગ તથા તેના જેવા ચામડીના અન્ય રોગો પર લગાડવાથી તકલીફો દૂર થઇ જાય છે.

વાયવરણો
CRATEVA RELIGIOSA



આવળ
CASSIA AURICULATA





ખપાટ
ABUTILON INDICUM



રગત રોહિડો
TECOMA UNDULATA

૦ વનૌષધિ નામ : કચ્છી : કાંટા- કંઢા આસેરિયો, ગુજરાતી : કાંટાશેળિયો, સંસ્કૃત, સૈરેયક, લેટીન : બર્લેરિયા પ્રાયોનિટિસ : BARLERIA PRIONITIS:

લોકોક્તિ : કાંટા આસેરિયો બકરીજો ચારો, પન જે રસસેં વેંધો બરો,
લડે. તેલ મીંજ લુગદી કરે : હરસ મથે તાં સેતી ઠરે.

બકરીનો જે ચારો છે તેવી સાવ સામાન્ય લાગતી આ વનસ્પતિના પાનનો રસ પીવાથી તાવ દૂર થાય છે. અને તેલ સાથે પીસી તેની લુગદી એટલે કે પેસ્ટ કે ક્રીમ જેવું બનાવી તેને હરસ- મસા પર લગાવવામાં આવે તો હરસની બળતરામાં તરત જ ઠંડક થઇ અને પીડા દૂર થાય છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : આવર, ગુજરાતી : આવળ, સંસ્કૃત : આવર્તકી લેટીન : કેસિયા ઓરિક્યુલેટા : CASSIA AURICULATA.

લોકોક્તિ : આવરજી રંગારી છિલ, ડનણ મેં જાણે બઇ જિલ,
મૂર ચબેને (જ) ઢૂક ભરજે, (ત) ઉલટી અપચે બીં કે હરજે.

આવળની છાલનો રંગવાના કામમાં ઉપયોગ થાય છે. આવળના મૂળનું દાતણ ચાવી તેના રસનો તરત જ ઘૂંટડો ભરવામાં આવે તો તે ઉલટી અને અપચો એમ બન્ને તકલીફોને દૂર કરે છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : રોઇડો, ગુજરાતી : રગત રોહિડો, સંસ્કૃત : રોહિતક, લેટીન : ટેકોમાં અન્ડયુલેટા : TECOMA UNDULATA.

લોકોક્તિ : રોઇડો તો રત્તે ફૂલજો, ડારમ જેડા પન્ન,
છિલ્લ ઉકારે પીએ ખીરમેં, ખંગ વીંઞે ને પચે અન્ન.

રોઇડાનાં ફૂલ રાતાં એટલે કે લાલ હોય છે અને તેના પાન દાડમના છોડના પાદડાં જેવાં જ હોય છે. તેની છાલને દૂધમાં ઉકાળીને પીવાથી ઉધરસ દૂર થાય છે અને ખોરાકનું યોગ્ય પાચન થાય છે.

૦ વનૌષધિ નામ : કચ્છી : આંબલીજો ઝાડ, ગુજરાતી : આમલી, સંસ્કૃત : ચિંચા, લેટીન : ટેમેરિન્ડસ ઇન્ડિકસ : TAMARNDUS INDICUS.

લોકોક્તિ : ઝાડ વડો ને નિંઢા પન, તેંથી ફર ન આડે મન,
આંબલી ખટ્ટી ખટ્ટાપન, સે ખાઘે કરે ખટા મન.

જેનું ઝાડ મોટું છે. પણ પાંદડાં નાનાં નાનાં છે એ આમલીની આસપાસ પણ ન ફરવું. કારણ કે તે આમલી ખાટી હોય છે અને તેના પાન પણ ખાટાં હોય છે. તેને ખાવાથી મન પણ 'ખાટા' થાય છે. આમલીનો વધારે પડતો ઉપયોગ શરીર માટે કચ્છની આબોહવાની દ્રષ્ટિએ હિતકર ન હોવાથી આવી સલાહ અપાઇ છે.

આ રીતે વિવિધ રોગો પર વનસ્પતિના પ્રયોગ અંગે ગ્રામ્યલોકો દ્વારા હૈયા સૂઝથી રચાયેલી પંક્તિઓ તેની ઉપયોગીતા યાદ કરાવી દે છે. તે જ રીતે વનસ્પતિશાસ્ત્ર- 'બોટેની'ની દ્રષ્ટિએ વનસ્પતિની ઓળખ માટે પણ માર્ગદર્શન મળી રહે તેવી લોકોક્તિઓ પણ છે. જેમ કે,

રત્તે ખેરજા બ કંઢા, ને અચ્છે ખેર જા ત્રે,
નાં ફેર તાં છિલ મિંજ આએ, સમજી ગિનજા સે.

લાલ ખેરના બે કાંટા હોય છે અને સફેદ ખેરના ત્રણ, નામ ફેર તો માત્ર છાલના

રંગને કારણે છે. બાકી તો તે બન્ને ખેર નામની વનસ્પતિની જ જાત છે. વન વગડે ફરીને પ્રત્યક્ષ રીતે મેળવેલ જ્ઞાનને વ્યવહારિક ઢબે ખૂબીથી ટૂંકમાં ને છતાં અર્થસભર રીતે સમજાવતી આવી લોકોક્તિઓ દ્વારા વનસ્પતિ અને વનૌષધિઓનો ખ્યાલ આવે છે.

વાનસ્પતિક ઔષધિઓ અને તેનો વૈજ્ઞાનિક અભ્યાસ

કચ્છની વનૌષધિઓ અને તેના વૈજ્ઞાનિક અભ્યાસને સંબંધ છે ત્યાં સુધી આ ક્ષેત્રે લગભગ અંધકાર પ્રવર્તે છે. પ્રાચીન કાળથી કચ્છમાંની વિવિધ વનૌષધિઓનો પ્રાચીન ગ્રંથોમાં પણ ઉલ્લેખ મળે છે. પરંતુ કોઇપણ પ્રકારનો વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણાત્મક અભ્યાસ પૂર્વે થયેલો જોવામાં આવતો નથી. છેલ્લા સો વર્ષમાં માત્ર એક જ સંનિષ્ઠ અને પ્રસંશનીય પ્રયત્ન થયેલો છે. આ પ્રયાસને પણ આજે લગભગ સીત્તેર વર્ષ જેટલો સમય વીતી ગયો છે. સને ૧૯૧૩થી ૧૯૨૬ દરમ્યાન કચ્છના જ એક સપૂત એવા શ્રીમાન જયકૃષ્ણભાઇ ઇન્દ્રજી ઠાકર દ્વારા કચ્છ રાજ્યના તત્કાલીન મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના સક્રિય સહકારથી આ ક્ષેત્રે વૈજ્ઞાનિક કહી શકાય તેવો પ્રયત્ન થયેલો. તેના પરિણામરૂપે ‘કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ અને તેની ઉપયોગિતા’ એ નામનું પુસ્તક તૈયાર થયું. આશ્ચર્ય અને ગૌરવની વાત તો એ છે કે, આ પ્રકારનું સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢબનું વાનસ્પતિક વર્ગીકરણ કરનાર જયકૃષ્ણભાઇ ક્યારેય કોઇ શાળા કે કોલેજમાં ગયા નહોતા ને છતાં, તેમણે વનસ્પતિશાસ્ત્રમાં ગુરૂપરંપરાથી વ્યવહારિક અને જાત અનુભવે અગાધ જ્ઞાન મેળવ્યું હતું. કચ્છની વનસ્પતિઓ પર તેમણે લખેલ ૧૦ પ્રકરણવાળા આ પુસ્તક બાદ આજ સુધી કચ્છની વનસ્પતિઓ અંગે કોઇપણ પ્રકારનું વૈજ્ઞાનિક સંશોધન કે વર્ગીકરણ હાથ ધરાયું નથી. અલબત્ત સને ૧૯૪૦માં માંડવીના શ્રીમાન ગોકુલદાસભાઇ બાંભડાઇ દ્વારા સંનિષ્ઠ પ્રયાસ થયેલો છે અને તેમણે વનસ્પતિઓ અંગે દળદાર પુસ્તક પણ લખેલ છે. પરંતુ તેમના પુસ્તકમાં ‘કચ્છ’ કેન્દ્ર સ્થાને નહોતું કે માત્ર કચ્છની જ વનસ્પતિઓનો અભ્યાસ કરવામાં નહોતો આવ્યો. તેમાં વિશેષ કરીને સમગ્ર વનસ્પતિ સૃષ્ટિ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું


છેક ૧૯૨૬માં જયકૃષ્ણ ઈંદ્રજીએ કચ્છની વનૌષધિઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરીને પુસ્તક લખ્યું હતું પણ તે પછી આધુનિક ટેકનોલોજીના સહારે વ્યવસ્થિત સંશોધન થયું નથી

છે. તેથી તે પુસ્તકની અગત્યતા કચ્છના સંદર્ભે જયકૃષ્ણભાઇના પુસ્તકને અનુલક્ષીને જોઇએ તો ઓછી છે. કોઇપણ પ્રદેશની વનસ્પતિઓનું વૈજ્ઞાનિક રીતે વર્ગીકરણ અને અભ્યાસ થવો ખૂબ જ જરૂરી છે. કારણ કે આ પ્રકારનું વર્ગીકરણ એ વનસ્પતિઓની વિવિધ જાતોને ઓળખી તેની સાથે જીવનભર નાતો નિભાવવાની કૂંચી છે. તે કેવળ પુસ્તકીય અભ્યાસ માટે જ જરૂરી નથી પણ આમ આદમી જો તે જાણતો હશે તો ‘વગડો’ પણ તેની સાથે ‘વાતો’ કરતો થઇ જાય છે. તેથી જ કેવો વિરોધાભાસ કહેવાય કે, સાવ ટાંચા સાધનો સાથે અને આધુનિક ટેકનોલોજીનો વિકાસ નહોતો થયો તેવા સમયે કચ્છની વાનસ્પતિક ઔષધિઓ વિશે એક ખૂબ જ દળદાર અને સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય કહી શકાય તેવો અમૂલ્ય ગ્રંથ આપણને મળ્યો. જ્યારે આજે કોમ્પ્યુટર યુગમાં બધી જ સાધન- સગવડો, ટેકનોલોજી હોવા છતાં કચ્છની વનૌષધિ કે વનસ્પતિ સૃષ્ટિ વિશે કોઇ જ અભ્યાસ થતો નથી કે તે થાય તે માટેના કોઇ પ્રયાસો પણ થતા નથી !

કચ્છની વનસ્પતિઓ અંગે જેમને અત્યારના સમયના એક અધિકૃત વિદ્વાન ગણી શકાય તેવા ભુજની લાલન કોલેજના વનસ્પતિશાસ્ત્ર વિભાગના વડા પ્રા. ડોડીયાનો આ બાબતે સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું કે, અધિકૃત રીતે જયકૃષ્ણભાઇ બાદ કચ્છની



બાબચી
PSORALEA CORYLIFOLIA



ચમેડ
CASSIA, ABSUS

વનસ્પતિઓ અંગે કોઇપણ વિદ્વાને વૈજ્ઞાનિક વર્ગીકરણ કે ‘સર્વે’ કરેલ નથી.

શાસ્ત્રીય ઢબે વર્ગીકરણ કરવાનો સમય પાકી ગયો છે

આ વિષયમાં રસ ધરાવતા અને કચ્છનો સમગ્ર દ્રષ્ટિએ વિકાસ થાય તેવી ઇચ્છા ધરાવતા કચ્છીઓ દ્વારા જો સર્વ પ્રકારના અભ્યાસ માટેની સવલતો પૂરી પાડવામાં આવે તો અત્યારે કચ્છ પાસે વનૌષધિશાસ્ત્રના અને વનસ્પતિશાસ્ત્રના એમ બન્ને વિદ્યા શાખાના નિષ્ણાત અને અધિકૃત વિદ્વાનો છે જેમનાં માર્ગદર્શન અને સહકારથી કચ્છની વનૌષધિ તથા સમગ્ર વનસ્પતિ સૃષ્ટિનો અભ્યાસ અને તેનું વર્ગીકરણ સંપૂર્ણ આધુનિક રીતે કચ્છમાં જ થઇ શકે તેમ છે. તેથી જ અત્યારે હવે સમય પાકી ગયો છે કે, આ પ્રકારના પ્રયાસો સક્રિય રીતે થાય તથા વૈજ્ઞાનિક રીતે આધુનિક ટેક્નોલોજીની મદદથી હાલે કચ્છમાં ઉપલબ્ધ એવી કચ્છની તમામ વનસ્પતિઓનું શાસ્ત્રીય રીતે વર્ગીકરણ કરી અભ્યાસુઓ માટે, ભાવિપેઢીના વિદ્વાનો માટે ઔષધશાસ્ત્રની દ્રષ્ટિએ તથા વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ સંપૂર્ણ સમૃદ્ધ એવો દળદાર ગ્રંથ તૈયાર કરી લોકો સમક્ષ મૂકવો જોઇએ. આ માટે કચ્છમાં વસતા અને કચ્છ બહાર સમગ્ર વિશ્વમાં બૃહદ કચ્છમાં વસતા દરેકે દરેક કચ્છીએ આગળ આવી તન-મન-ધનના સહકારથી નક્કર અને પરિણામલક્ષી કાર્ય કરવાની જરૂર છે અને સમયની તે માંગ પણ છે. કારણ કે વનસ્પતિઓ છે તો જ વરસાદ છે અને તો જ પાણી છે - જીવન છે. સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ પણ તો જ છે. નહિતર કચ્છમાંથી પાણીના અભાવે કાયમ માટે હિજરત થવાને હવે બહુ વાર નથી.

કચ્છની વનૌષધિના વૈજ્ઞાનિક અભ્યાસ તથા વિકાસને ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો જયકૃષ્ણ ઈંદરજીએ જે પુસ્તક આપ્યું છે તે વનસ્પતિશાસ્ત્ર અને વનૌષધિશાસ્ત્રની દ્રષ્ટિએ આજ સુધીનું એકમાત્ર અધિકૃત પુસ્તક આપણી પાસે છે. તેથી કચ્છના સંદર્ભે આ આધારભૂત પુસ્તક ઐતિહાસિક અને વૈજ્ઞાનિક એમ બન્ને દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે જો કે, હાલે આ પુસ્તક પ્રાપ્ય નથી પરંતુ તે સર્વસુલભ બને તેવા પ્રત્યનો દરેક કચ્છીએ કરવા જોઇએ કચ્છ માટે એ પુસ્તક સંસ્કાર વારસા જેવું છે.

મુંદ્રાના વાઘજીભાઇ કે. સોલંકીએ આ ક્ષેત્રે ‘ગૃહોપચારી જડીબુટ્ટી’ નામના સામયિક દ્વારા કચ્છની વનસ્પતિઓની જાળવણી અને સંવર્ધન થાય તે માટે સને ૧૯૫૦ની આસપાસ અભિયાન ચલાવેલ, પરંતુ તેમનું આ કાર્ય વૈજ્ઞાનિક પદ્ધતિએ સંશોધન કે પુસ્તક લેખન માટેનું નહોતું. પરંતુ આ સામયિક ઉપરાંત કચ્છની વનસ્પતિ માટે ‘શ્રી જયકૃષ્ણ વનૌષધિ સંગ્રહસ્થાન’નું એમનું સર્જન કચ્છની વનસ્પતિઓની ઉપયોગીતા સમજવા માટેનું કદાચ ઉત્તમ પગલું હતું. એમના પછી આવો પ્રયાસ થયો નથી.

૧૦૦ જેટલી વનૌષધિઓ નામશેષ થઇ ગઇ છે

વર્તમાન સમયે એટલે કે ૧૯૯૫માં આ ક્ષેત્રની પરિસ્થિતિ જોતાં સંખ્યાની દ્રષ્ટિએ કચ્છમાં સને ૧૯૨૬માં ઔષધિય વનસ્પતિની પંચોતેર વાનસ્પતિક કૂળમાં વહેચાયેલ ૫૧૧ જાતો વિદ્યમાન હતી. પ્રા. ડોડીયાએ થોડા સમય પહેલાં વિવિધ ઋતુઓમાં જાતે કચ્છમાં જુદી જુદી જગ્યાએ ફરીને વનૌષધિઓ એકઠી કરી તો તેની સંખ્યા ૩૫૦ થી ૪૦૦ જેટલી જ જોવા મળી. આમ છેલ્લા ૭૦ વર્ષના ગાળા દરમ્યાન લગભગ

૧૦૦ જાતની વનૌષધિઓ કચ્છમાંથી જાગૃતિ, જાણકારી કે જાણકારીના અભાવે નામશેષ થઇ ગઇ છે. આ વાનસ્પતિક ઔષધિઓ માત્ર કચ્છમાં જ થતી હોય તો સમગ્ર ધરતી પરથી તેનું અસ્તિત્વ પણ ખતમ થયું ગણાય.

એ એક સારી બાબત છે કે હવે આ ક્ષેત્રે કેટલીક સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી અને સક્રિય થવા લાગી છે. લોકોમાં પણ પર્યાવરણના મુદ્દે જાગૃતિ આવવા માંડી છે આની પ્રતીતિ કચ્છમાં જુદે જુદે સ્થળે વિકસી રહેલા સ્મૃતિવનો અને ઉપવનો કરાવે છે. આવા સ્મૃતિવનો અને ઉપવનોમાં કચ્છની ઔષધિય રીતે ઉપયોગી એવી વનસ્પતિને ઉછેરવી જોઇએ. સરકારી કક્ષાએ પણ કચ્છની વનૌષધિય ઉપયોગીતા સમજાઇ છે. પંદર વર્ષ પહેલાં સરકારે ખાસ ઔષધિય વનસ્પતિઓ માટે એકસો એકર જમીન ફાળવી છે. પરંતુ ગર્વ લઇ શકાય એવી એ હકીકત બની નથી, કારણ કે તેનો સમયને અનુરૂપ વિકાસ થયો નથી. વિકાસની પ્રક્રિયા આગળ ધપાવી તેને આદર્શ નમૂનારૂપ 'હર્બલ ગાર્ડન' બનાવવામાં આવે તો જે ઉદ્દેશથી જમીન ફાળવાઇ છે તે હેતુ સિદ્ધ થઇ શકે. કેન્દ્ર સરકારની વનસ્પતિ અને કૃષિ ક્ષેત્રે સંશોધનનું કાર્ય કરતી 'કાઝરી ફાર્મ' નામની સંસ્થા પણ તેની મર્યાદા સાથે કાર્યરત છે, અને હવે તો સમગ્ર કચ્છના પર્યાવરણનો સંતુલિત વિકાસ કરવા માટે 'ડેઝર્ટ ઇકોલોજી સેંટર' પણ તરતમાં શરૂ કરવાની જાહેરાત થઇ છે ત્યારે આપણે આશા રાખીએ કે તેમાં કચ્છની ઔષધિય વનસ્પતિઓનો પણ યોગ્ય રીતે વિકાસ કરવાનું આયોજન હશે.

એકવીસમી સદી અને કચ્છની ઔષધિઓ

અત્યારના વિશ્વના વલણ આધારે લાગે છે કે એકવીસમી સદી 'વ્યાપારીકરણની સદી' હશે. આ વ્યવસ્થામાં કોઇપણ વસ્તુનું જો અસ્તિત્વ જાળવી રાખવું હશે તો તરત જ તેનું વ્યાપારીકરણ કરી નાખવાથી જ તે ટકી શકશે. કચ્છની વાનસ્પતિક ઔષધિઓના ઉજ્જવળ ભાવિનું સર્જન-આવા આયોજન દ્વારા જ શકય બનશે.

કચ્છની વિષમ આબોહવાને અનુકૂળ એવી વનસ્પતિઓ અને વનૌષધિઓનું વ્યવસ્થિત રીતે વાવેતર થવું જોઇએ. જે રીતે ધાન્ય પેદાશો માટે ખેતી કરવામાં આવે છે તે રીતે જ આવી વનૌષધિઓની પદ્ધતિસરની ખેતી થવી જોઇએ. અત્યારે આ માટે 'ઇસબગુલ' અને 'મીંઢીઆવળ' જેવી વનૌષધિઓનું વાવેતર થાય છે અને તેનાથી ઘણા જ ખેડૂતો લાભાન્વિત પણ થયા છે. કચ્છમાં આજે પણ વિવિધ ક્ષેત્રે ઉપયોગી તેવી વનૌષધિઓ છે, તેથી ઔષધ-નિર્માણ ક્ષેત્રે, સાબુ તથા સૌંદર્ય પ્રસાધન નિર્માણ ક્ષેત્રે, રંગ-રસાયણ ક્ષેત્રે, જૈવ ખાતર નિર્માણ ક્ષેત્રે, વાનસ્પતિક અર્ક-સત્વ તૈયાર કરવાના ક્ષેત્રે તથા પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે જે વનસ્પતિઓ-વનૌષધિઓ ખૂબ જ શક્યતાઓ ધરાવે છે. તેથી આવી ઉપયોગી વનસ્પતિઓનું કચ્છમાં ઉદ્યોગની રીતે વાવેતર થવું જોઇએ. ઉત્પાદિત કાચો માલ, અશંતઃ તૈયાર માલ તથા સંપૂર્ણ તૈયાર માલ પણ બધા જ તબક્કા માટે કચ્છમાં જ જરૂરી આર્થિક, યાંત્રિક- સુવિધાઓ તથા અભિયાંત્રિકી અંગેની જાણકારી તાંત્રિક Know how તથા નિષ્ણાતો અને તે માટે જરૂરી કાર્યકરો તૈયાર કરી અને ઉત્પાદન થવું જોઇએ.

દાદા મેકણે 'ગુજારથજ્યું ગાલીઉ વધી વડ થઇયું...' એમ કહીને ન પૂછનારને ન કહ્યું, પણ વનસ્પતિની બાબતમાં કચ્છની ધરતી, માલામાલ કરવાનું કહેતાં કહે છે કે,

'હીરા કટાઇ કીટી વ્યા, વેંધુ (પારખુ) વણ પડીઆ,
ઉ ઘરાક મીલી વે ઇનજો, ત આઉ ફાંટું ભરી ફગાઇયાં'

કચ્છની અમૂલ્ય સંપત્તિ સમી ઔષધિય વનસ્પતિઓ એનો પારખુ ન હોવાના કારણે આજે મૂલ્યહીન બની ગઇ છે. પણ એનો ઘરાક આવી જાય તો પોતે તેને આ અમૂલ્ય સંપત્તિ દ્વારા માલામાલ કરી દે-એવો આહ્વાન કરતી કચ્છની અમૂલ્ય ઔષધિઓ અસ્મિતાની જ્યોત જલતી રાખવા મથી રહી છે. □

■ શુશ્રૂષા કિલનિક, નાગર વંડી પાસે, ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧

કચ્છી- એક અતિપ્રાચીન ભાષા

(પાના ૧૧૬નું સંધાન)

જગતની ઘણી ભાષા-ઉપભાષાઓની જેમ અવશેષ રૂપ બની જશે. મ્યુઝિયમ લેંગ્વેજ-ડેડ ડાયલેક્ટ-મૃતભાષા બની જશે. રશિયા અને પૂર્વ-મધ્ય યુરોપની ઘણી ભાષાઓ આવા જ વિપરીત લોકવલણથી પોતાનો વ્યાપ ટૂંકાવી બેઠી છે. કેટલીક ભાષાઓ માત્ર સો-બસો પરિવાર પૂરતી જીવિત રહી ગઇ છે !! કચ્છીને આવો દિવસ આપણે કદાપિ આવવા નહીં દઇએ એવો આપણા સહુનો શુભ સંકલ્પ હોવો જોઇએ. જો કે હમણાં હમણાં પ્રજાનો કચ્છી પ્રત્યેનો અભિગમ બદલાયો છે. શાસન-તંત્ર, આકાશવાણી, વર્તમાનપત્રો વગેરે ઘટકો હાલ કચ્છી પ્રત્યે કૂણું-શાણું વલણ ધરાવે છે. સર્જકોને પ્રોત્સાહન-પુરસ્કારો પણ પ્રતિવર્ષ મળતા રહે છે. બિનકચ્છી ભાષી કચ્છી પ્રજાજનો પણ કચ્છીમાં સાહિત્ય સર્જી રહ્યા છે-કચ્છીમાં વાત-ચીત કરતાં જણાય છે. કચ્છ બહારથી આવી કચ્છમાં સ્થિર થયેલા ઘણાં પરિવારો કચ્છીમાં રસ લઇ કચ્છીમાં વ્યવહાર કરતા થઇ ગયા છે ! કોઇ નાગર કોમની વ્યકિતને કંઠેથી કચ્છી વાગ્ધારા વહેતી જોતાં કચ્છીનું ભાવિ ઊજળું લાગે છે !.

રાજવંશની પિતૃભાષા કચ્છી છે

કચ્છીભાષી કચ્છી પ્રજાજનોની કચ્છી માતૃભાષા છે પણ જાડેજાઓ-રાજવંશની તે 'બાબાણી બોલી'- પિતૃભાષા છે. જાડેજા સમાજનો પુરૂષ વર્ગ કચ્છી બોલે છે જ્યારે મહિલા વર્ગ સૌરાષ્ટ્ર-ગુજરાતથી કચ્છ આવતો હોવાથી ગુજરાતી બોલે છે. આમ તેમનો પરિવાર દ્વિભાષી હોય છે. માતૃ પક્ષની અસરને કારણે દિન-પ્રતિદિન જાડેજાઓમાં કચ્છીનો વ્યવહાર ઘસાતો-ભૂંસાતો જાય છે. લાખા ફુલાણી, અબડો અડભંગ અને જામ ઓઢાના વંશજો કચ્છીને વિસારે એ આપણને રુચતું નથી. બળૂકી બાબાણી બોલીને ટકાવવા જાડેજા સમાજ જાગે એ જરૂરી છે.

કચ્છી ભાષા પ્રત્યે આપણને ગમે તેટલો આદર અને અનુરાગ હોય છતાં તેની મર્યાદાઓ જાણી તેનો વ્યવહારૂ વિકલ્પ-ઉપાય વિચારવો ઘટે છે. સુવાચ્યતા-Readabilityની ઊણપ કચ્છી ભાષાની ખાસ કમી- મર્યાદા ગણાય. આ ઊણપને કારણે રાજાશાહી કે આજની લોકશાહીમાં કચ્છી વહીવટી ભાષા બની શકી નથી એ આકરું સત્ય છે. આપણે કચ્છી લોકો કચ્છીમાં પત્ર વ્યવહાર ભાગ્યે જ કરીએ છીએ. કચ્છમાં કયાંય પણ કચ્છી માધ્યમવાળી પ્રાથમિક-માધ્યમિક શાળા આજ સુધી સ્થાપી શકાઇ નથી એ હકીકત કચ્છીની એ ઊણપને છતી કરી નાખે છે. આમ છતાં લેખન, વહીવટ કે પત્રાચારમાં કચ્છીને માધ્યમ બનાવવું કઠિન કે અશકય તો નથી જ. આપણે એ દિશામાં વિચાર્યું જ નહીં... પરંતુ હવે કેટલાક પ્રયોગશીલ કચ્છીપ્રેમીઓ કચ્છીમાં જ પત્ર વ્યવહાર કરવા-કરાવવાનો આગ્રહ રાખતા થયા છે. લગ્નપત્રિકા, આમંત્રણ પત્રિકાઓમાં પણ હવે કચ્છીનો પ્રયોગ આવકાર્ય અને આકર્ષક બન્યો છે. સિંધી-કચ્છી પરિસંવાદોમાં સંપૂર્ણપણે કચ્છી માહોલ ખડું કરાય છે- પ્રસ્તુત પરિસંવાદોમાં માત્ર કચ્છીમાં જ પ્રવચનો કરવાનો આગ્રહ સેવાય છે એ સર્વથા ઉચિત અને ઉપકારક છે.

કચ્છીની લિપિ ન હોવાથી કચ્છી સાહિત્યનું પ્રકાશન બહુધા ગુજરાતીમાં અથવા નાગરી લિપિમાં થાય છે એમાં કશું ખોટું નથી. મારી-મચડીને કૃત્રિમ કે કિલષ્ટ લિપિ વિકસાવવા કરતાં યથાવત સ્થિતિ સારી છે. લિપિના લપસણા પ્રશ્ને આપણે વ્યર્થ વ્યાયામ ન કરીએ એજ યોગ્ય છે.

કચ્છી સાહિત્યના તબક્કાવાર સ્વરૂપો

કચ્છી સાહિત્ય કાલક્રમાનુસાર તબક્કાવાર વિવિધ સ્વરૂપમાં જોવા મળે છે. વર્ષો સુધી કચ્છી પ્રજા મોટાભાગે અલ્પ શિક્ષિત રહેલી. ગ્રામ-શિક્ષણ, મહિલા શિક્ષણ નહિવત હતું. એ અરસામાં ચારણી સાહિત્યના પ્રભાવવાળું સાહિત્ય દુહા-છંદ કે ભજનમાં સર્જાતું. પ્રાચીન કચ્છી સાહિત્ય કંઠસ્થ રહ્યું-ગ્રંથસ્થ બહુ થોડું થયું. સંસ્કૃતવૃત્તોનો વિનિયોગ કવિ રાઘવ દ્વારા ''સંતાસંતદર્પણ''માં પ્રથમવાર જ થયો હોય એમ જણાય છે. કવિ રાઘવ પછી પણ સંસ્કૃત છંદો, કચ્છીમાં ચલણી બની શકયા નહીં. કાફી, બેત, સંગર જેવા પ્રકારો અધિક લોકપ્રિય બન્યા. કવિ રાઘવ, કવિ કારાણી અને શ્રી પ્રતાપરાય ત્રિવેદી જેવા કવિઓએ ''કવિત-મનહર'' છંદ દ્વારા કચ્છીને સમૃદ્ધ ને કર્ણપ્રિય બનાવી. સાંપ્રત સાહિત્યપ્રેમીઓમાં ''કવિત-મનહર''નું સ્થાન ગઝલે લીધું છે. શ્રી જયંતી જોશી 'શબાબ' જેવા કચ્છીપ્રેમી કવિઓએ ગઝલને કચ્છી સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન અપાવ્યું. હવે તો હાઇકુ, મુકતકો અને નિર્બંધ રચનાઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. ''ઘિલજી ગાલ્યું'' જેવી સ્તંભ લેખમાળામાં નવતર યુવા સાક્ષર વર્ગ ગદ્ય પણ પ્રસ્તુત કરે છે. હજુ કચ્છીમાં નિબંધ, નાટક, ચરિત્ર ચિત્રણ જેવા ગહન પ્રકારના સાહિત્યનું ખેડાણ પૂરતા પ્રમાણમાં થવું બાકી છે.

ભાષા નિષ્ણાતોના સર્વસ્વીકૃત માપદંડ મુજબ કચ્છી ચોરાણું હજાર વર્ષ જૂની-પરિવર્તન પામતી ભાષા છે એ વિવાદ અને વિસ્મય પમાડે તેવું તારણ હોવા છતાં તેની મૌલિકતા અને પ્રાચીનતા પરત્વે બેમત નથી. કચ્છી પ્રત્યે આપણી ભાષા ભકિત કેવી છે તેના પર તેનું ભાવિ અવલંબે છે. કચ્છી ભાષામાં નિત-નવા આયામો ઉમેરાય અને એની ઇયત્તા તથા અર્થવત્તામાં ધાર્યાં ઉમેરણ થાય એ દિવસ હવે બહુ દૂર નથી-હોવો ન જોઇએ. કવિશ્રી નિરંજનની પંકિત- ''મૂંજી માતૃ ભૂમિકે નમન''માં થોડુંક પાઠાંતર કરી વિરમીએ- ''મૂંજી માતૃભાષા કે નમન.'' □

■ ૨, જયનગર, ભુજ

કુદરતનો બેમિસાલ કરિશ્મા :


કચ્છનું રણ

□ 'ઠાકર બંધુઓ'

કચ્છની વાત કરતી વખતે 'કચ્છના રણ'નો ઉલ્લેખ તો આવે જ. એનું સાદું કારણ કદાચ એ હોઈ શકે કે કચ્છમાં વસવાટને લાયક જમીન કરતાં રણનો વિસ્તાર વધારે છે. વળી, વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો તે એક પ્રદેશ હોવાથી પણ એનું અનેરું મહત્ત્વ છે.


ખારાશ અને મીઠાશનું સંમિશ્રણ

દક્ષિણ-પશ્ચિમે અગાધ અરબી સમુદ્ર અને ઉત્તર-પૂર્વે અફાટ રણપ્રદેશ.... આ બે પ્રાકૃતિક અને પર્યાવરણીય આવરણોની વચ્ચે કચ્છનું ભાતીગળ ભૂપૃષ્ઠ રક્ષાયેલું છે. પશ્ચિમ ભારતને કુદરતી સરહદી રક્ષણ અર્પતું કચ્છનું રણ એક આહ્લાદક અનુભૂતિ છે ! આ રણ સિંધુ ખીણની સંસ્કૃતિનું સાક્ષી છે. આ રણમાં સમુદ્રની ખારાશ અને મહાનદી સિંધુના જળની મીઠાશ આજે પણ જાણે મૃગજળ બનીને તરવરે છે !



જગતનાં રણપ્રદેશોમાં કચ્છનો રણપ્રદેશ તદ્દન નિરાળું સ્થાન ધરાવે છે. કેમ કે દુનિયાનાં અન્ય રણોની જેમ તે 'રેતાળ રણ' નથી, પરંતુ અલગ પ્રકારનું જ રણ છે. અફાટ ખારાપાટનો સપાટ ભૂમિપ્રદેશ તથા અગાધ લવણ જળભર્યા સરાણો ધરાવતું તે એક વિશિષ્ટ રણ બની રહે છે ! (રણનો મીઠાથી છવાયેલો પ્રદેશ 'ખારોપાટ' કહેવાય છે.) કાળાશ પડતા જળમળ અને કાંપથી બંધાયેલું રણનું લીસું સપાટ ભૂપૃષ્ઠ માઈલોના વિસ્તારમાં એકસરખું દેખાય છે.

કુલ ૨૩,૧૪૩ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલું અને સબરસે રસ્યું કુદરતના કરિશ્મા સમાન કચ્છનું એ ભૌગોલિક અંગ 'નાનું રણ' અને 'મોટું રણ' એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. કચ્છ જિલ્લાની ઉત્તર, વાયવ્ય અને ઈશાને મોટું રણ (૧૮,૦૦૦ ચોરસ કિલોમીટર) તથા અગ્નિએ નાનું રણ (૫,૧૪૩ ચોરસ કિલોમીટર) વીંટળાઈને પડયું છે. મોટા રણમાં સુરખાબનગરે, નાના રણમાં ઘુડખર અભયારણ્યે તથા રણની ઉત્તર કાંધીએથી શરૂ થતા ભાતીગળ બન્ની પ્રદેશે રણને અને કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે.



જલના સ્થાને સ્થલ સમું રણ બન્યું કેમ ?

સેંકડો વર્ષ પૂર્વે કચ્છનું રણ અરબી સમુદ્રની નીચે ગરક થયેલું હતું. તેથી એક સમયે અહીં જલપ્રદેશનું અસ્તિત્વ હતું. સિકંદર આવ્યો ત્યારે પણ ત્યાં વિશાળ જળરાશિ ઘૂઘવતી હતી. ત્યાર પછી આવેલા 'પેરિપ્લસ'ના લેખકે તેને 'છીછરા અખાત' તરીકે નોંધેલ છે.

જલધિના સ્થાને રણની ઉત્પત્તિ અંગે બર્ન્સ માને છે કે સમુદ્ર ખસી જવાથી, જ્યારે મેકમર્ડોના મતે સમુદ્રનું તળિયું ઊંચું આવવાથી રણ બનેલ છે. એબટ નોંધે છે કે પૂર્વે રણ હકરા અને સિંધુ નદીઓનો 'દોઆબ' ગણાતો. પરંતુ ભૌગોલિક ફેરફારોથી આ નદીઓનાં વહેણ પલટાતાં આ ફળદ્રુપ વિસ્તાર ઉજ્જડ બની રણમાં પરિણમ્યો. કચ્છનું રણ એ કચ્છની ભૂમિનું 'અલ્લાહ બંધ'ને બાદ કરતાં છેલ્લું પ્રાકૃતિક સર્જન જણાય છે.

સમતળ, વેરાન અને વિસ્તીર્ણ એવા આ રણમાં દૂર-સુદૂર દેખાતા મૃગજળ અને સૂસવાટા મારતી રેતીની આંધીઓ વચ્ચે રણના ઉગ્ર સૌંદર્ય અને ઘેરા નીરવ સૂનકારનો અનુભવ થાય છે. રણકંઠારે વસતા લોકોને સાહસિક અને ખડતલ બનાવવામાં ભયાનક પણ ભવ્ય લાગતા રણનો હિસ્સો પણ અવગણ્ય નથી.


રણમાં વરસાદી ઝાપટાનું પાણી વહી ન જતાં બહુ જ ધીમેથી જમીનમાં ઉતરે છે અને પવનની લહેરખી સાથે આમતેમ લહેરાય છે. કચ્છના અખાત અને કોરીની નાળમાંથી સમુદ્રી પાણી રણ વિસ્તારમાં આવીને વરસાદી પાણી સાથે ભળે છે. આ લવણ મિશ્રિત જળ સૂકાતાં તેની નીચે મીઠાનાં થર બાઝતા જાય છે. તેનાં પડોમાં ભળેલું મીઠું વાતાવરણમાંના ભેજને આકર્ષી સપાટીને ભેજવાળી બનાવે છે. એટલે લવણાચ્છાદિત એ ભૂમિ પ્રખર ઉનાળામાં પણ એટલી જ સખત રહેતી હોય છે.

ઝાંઝવાના અદ્દભૂત પ્રકૃતિ ચિત્રો

રહસ્યભર્યા રણનું મનોહર આકર્ષણ તેના ઝાંઝવાના પ્રકૃતિ ચિત્રો છે. બરફ જેવા ઉજળા મીઠાના પડ પર સૂર્યબિંબની જે પ્રક્રિયા થાય છે તેથી ઝાંઝવાના અપૂર્વ અને અદ્દભૂત દ્રશ્યો ખડા થાય છે ! ક્ષણે ક્ષણે વિવિધ અને નવીન રૂપ ધારણ કરતા એ દ્રશ્યો 'રણની રમણીયતા'નું સારું રુપદર્શન કરાવે છે. કુદરતની કરામતનો એ અજબ દેખાવ અવનવી ઊર્મિઓ ઉત્પન્ન કરે છે.

સૂર્યપ્રકાશમાં આંખને આંજી નાખતા મીઠાના ઝળહળાટથી અને ઉનાળાના પ્રખર તાપથી બચવા દુર્ગમ રણની કપરી મુસાફરી બહુધા રાત્રે કરવામાં આવે છે. દિવસે રણની મુસાફરી જેટલી કંટાળાભરી લાગે છે તેટલી જ રાત્રે આકાશના તારાજડિત ચંદરવા નીચેથી ભેદી અગમ્યતામાં ગમગીન સૌંદર્ય નિહાળતા અને સંગેમરમરનો ભાસ આપતા તેના લવણાચ્છાદિત પટ પરથી માર્ગ કાપતા રસજ્ઞ પ્રવાસીને એજ રણ ચાંદનીના ઝલઝલામાં મુલાયમ ભાસે છે ! □

■ ઓસવાળ ફળિયું, મુન્દ્રા



યુદ્ધને રણભૂમિ કહે છે અને ભારતમાં રણ રાજસ્થાન અને કચ્છમાં જ છે. આઝાદી પહેલાં કચ્છનું રણ વિદેશી આક્રમણખોરો સામે કચ્છીઓ માટે ઢાલ સરખું રહ્યું હતું. પ્રાચીન સમયમાં યુદ્ધના ઉપલબ્ધ સાધનો રણને વીંધીને સફળ આક્રમણ માટે પૂરતા ન હતા અને તેને કારણે જ કચ્છના પ્રાચીન ઈતિહાસમાં ઝારાના યુદ્ધ સિવાય સંઘર્ષનો કોઈ મોટો પ્રસંગ આલેખાયો નથી. વિદેશી આક્રમણખોરો દુર્ગમ રણને કારણે કચ્છ પર ચઢાઈ કરવાનું પસંદ કરતા ન હતા કે ટાળતા હતા. રાજસ્થાન અને પંજાબ જેવા વિસ્તારોમાં જંગ ખેલાતો ત્યારે ત્યાંના શાંતિપ્રિય લોકો સલામતી માટે કચ્છમાં આવીને આશરો લેતા.

આજ રણ આઝાદી પછી યુદ્ધના અર્વાચીન સાધનો તથા દોસ્તી-દુશ્મનીના પલટાયેલા સમીકરણોને કારણે પાકિસ્તાન સાથેના જંગનું પહેલું નિશાન બન્યું છે.

આઝાદી પછી હિન્દમાં ભારત અને પાકિસ્તાન બનેલા દેશો વચ્ચે સ્વતંત્રતાના આનંદની સાથેસાથે કાશ્મીરના વિવાદને કારણે કડવાશના બીજ વવાઈ ગયા હતા. સમસમીને બેસી ગયેલું પાકિસ્તાન યોગ્ય મોકાની તકમાં હતું તેવામાં ૧૯૬૨માં ચીન જેવી મહાશકિતના હાથે નરમ બનેલા ભારતને ફટકો મારવા પાકિસ્તાનના જનરલ અયુબખાનના હાથમાં ચળ ઉપડી હતી.

અયુબખાનની નજર કચ્છ પર

તેવા સમયે કચ્છ સરહદે નામમાત્રની સલામતી વ્યવસ્થા હતી. રણમાં ગણીગાંઠી ચોકીઓ પર રાજ્ય અનામત પોલીસ દળની અડધી બટાલિયન કરતાં પણ ઓછા જવાનો તૈનાત હતા. સીમા વિસ્તારમાં લશ્કરી હેરફેર માટે યોગ્ય રસ્તા ન હતા કે જિલ્લા મથક ભુજમાં લશ્કરી થાણું પણ ન હતું. આમ એક રીતે જોઈએ તો સરહદ પર સલામતી વ્યવસ્થાને નામે મીંડું હતું તો બીજી તરફ રાજસ્થાનથી કાશ્મીર અને પશ્ચિમ બંગાળની સરહદો પર સાવ ઢીલાશ ન હતી. રાજસ્થાન અને પંજાબમાં એસ. આર. પી.ની પૂરતી બટાલિયનો હતી અને લશ્કરી મથકો સાવ નજીક હતા. કાશ્મીરમાંથી અગાઉના કબાલીઓ સાથેના જંગને કારણે મજબૂત સલામતી વ્યવસ્થા હતી જ.

આમ જનરલ અયુબખાને ભારતની લશ્કરી અને રાજદ્વારી તાકાતનું પાણી માપી લેવા માટે એક ટેસ્ટ જંગ ખેલવો હતો અને તેણે કળશ ઢોળ્યો કચ્છ પર. ૧૯૬૫ અને ૧૯૭૧ના બે જંગ કરતાં પણ પહેલાનો આ ટેસ્ટ (અજમાયશી) જંગ ભારતને તેમાં ખાસ કરીને કચ્છીઓના કાળજે કોરાઈ ગયો છે. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના સાથે તેમાં જોડાયેલા કચ્છની રાજ્યના નેતાઓ-ઉચ્ચ અધિકારીઓએ અવગણના કરી અને સલામતી, વિકાસ તરફ પૂરતું ધ્યાન ન આપ્યું તેના ફળ સ્વરૂપે અયુબખાનના વ્યૂહનું લક્ષ્ય કચ્છ બન્યું.

આ નાપાક વ્યૂહનો અમલ ૧૯૬૫ની નવમી એપ્રિલના મધરાત પછી ૩.૩૦ની આસપાસ શરૂ થયો હતો. પાકિસ્તાની દળોએ છાડબેટ પર આક્રમણ શરૂ કર્યું. ધુમાડાના આવરણ નીચે પાકિસ્તાની સૈનિકો ટેન્કોની સાથે પોઈન્ટ-૮૪ ચોકી પર ચડી આવ્યા. ત્યાં તૈનાત એસ. આર. પી.ના જવાનોએ માભોમના રક્ષણ માટે જડબાતોડ જવાબ આપ્યો. પહેલો હુમલો મારી હઠાવાયો પરંતુ દુશ્મનોએ વધુ સાથીદારો અને શસ્ત્રો સાથે ફરી આક્રમણ કર્યું. ૧૪ કલાકના ભીષણ જંગ પછી અનામત પોલીસ દળના જવાનોને પાછા હઠવું પડયું.

પાંચ જવાન શહીદ થયા

ભારત અને પાકિસ્તાન વચ્ચેના આ સત્તાવાર સૌ પ્રથમ સંઘર્ષમાં પાકિસ્તાનના ૧૩૪ સૈનિકોનો સોથ વળ્યો. આપણા પક્ષે એસ. આર. પી.ના પાંચ જવાનો નાયક કિશોરસિંહ, સી. આઈ. જ્ઞાનચંદ, સી. આઈ. સમશેરસિંહ, સી. આઈ. હદુરામ અને સી. આઈ. સતીષ પ્રધાને ભારતના પાકિસ્તાન સાથેના જંગમાં પ્રથમ શહીદી અર્પી. આ ઉપરાંત દશ જવાનો ઘવાયા હતા અને ૧૯ લાપત્તા બન્યા હતા.

ભારતનું એક મહત્ત્વનું અંગ છાડબેટ છેદનાર જંગના મંડાણ થઈ ગયા હતા. સરકારે છત્રી સૈનિકોની કૂમક તાબડતોબ મોકલી પરંતુ વિશાળ રણ સરહદ માટે તે પૂરતી ન હતી. નાના નાના છમકલાં વચ્ચે ફરીવાર ૨૧મી એપ્રિલે બિયારબેટ અને



'૭૧ના યુદ્ધનો હીરો બ્રિગેડ મેજર ચંદનસિંહ ચંડેલ. વિંગુર ચોકી પર ખેલાયેલા જંગમાં અપ્રતિમ શૌર્ય દાખવવા બદલ તેમને વીરચક્રથી સન્માનિત કરાયા હતા.

સરદાર ચોકી પર પણ પાકિસ્તાની દળોએ આક્રમણ કર્યું. આ વખતે તેમણે તોપમારાનો પણ આશ્રય લીધો. તોપમારામાં એસ. આર. પી.ના હેડકોન્સ્ટેબલ જી. ડી. ભોંસલે શહીદ થયા.

પછી તો પાકિસ્તાની આક્રમણ બિયારબેટ-કંજરકોટ અને છેક છાડબેટ સુધી લંબાયું. ત્રણ દિવસ સુધી ભારે તોપમારો થયો. આપણે હેલિકોપ્ટરથી છાડબેટમાં કૂમક મોકલાવી પરંતુ તેનાથી કોઈ ફરક પડયો નહીં અને પાકિસ્તાને આ આખા વિસ્તાર પર કબજો જમાવી દીધો.

કંજરકોટ-છાડબેટ પર પાકિસ્તાનના કબજા સાથે તેનું આક્રમણ પણ અટકી પડયું. એપ્રિલના અંતમાં અટકેલા જંગ પછી સમયગાળો હતો મંત્રણાના મેજ પર જંગ ખેલવાનો.

ભારતની રાજદ્વારી કુશળતા માપવા ઈચ્છતા પાકિસ્તાને તેણે કબજે કરેલા છાડબેટ પર પોતાનો દાવો હોવાનું સંયુકત રાષ્ટ્રસંઘમાં છાતી ઠોકીને કહ્યું. રાષ્ટ્ર સંઘમાં ભારત-પાકના સંઘર્ષને પગલે કચ્છ માટે ખાસ ટ્રિબ્યુનલની રચના થઈ. તેનું વડું મથક જીનીવામાં નિયત થયું.

છાડબેટ પરના દાવાઓની ચકાસણી

બન્ને દેશોએ છાડબેટ પોતાનું હોવાના દાવા આધાર પુરાવા સાથે આ ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કર્યા અને તેની ચકાસણી ચાલી.

આ દરમ્યાન ૧૯૬૫ના સપ્ટેમ્બર મહિનામાં કાશ્મીર મોરચેથી મુખ્ય જંગના મંડાણ થઈ ગયા હતા. પરંતુ હજી એપ્રિલમાં જ કચ્છ સરહદે છમકલું કરી ચૂકેલા પાકિસ્તાને આ રણને રણભૂમિ બનાવવાનું મુનાસીબ માન્યું ન હતું. અથવા તો આંતરરાષ્ટ્રીય મંચ પર ટ્રિબ્યુનલ પાસે કચ્છના એક વિસ્તાર માટે રાજકીય જંગ ચાલી રહ્યો હોવાથી બન્ને દેશોએ કચ્છના રણમાં સંઘર્ષમાં ઉતરવાનું ટાળ્યું હશે એમ નિષ્ણાતો માને છે.

એપ્રિલમાં આક્રમણનો ભોગ બનેલા કચ્છમાં કેન્દ્રના ગૃહપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદા અને મુખ્યપ્રધાન હિતેન્દ્રભાઈ દેસાઈની સૂચનાથી નાગરિક સંરક્ષણની તૈયારીઓ જોરશોરથી ચાલતી હતી. ગામે ગામ લોકો રાયફલ ચલાવવાની તાલીમ લેતા હતા. વિમાની આક્રમણ સમયે કેવા પગલાં લેવા તેની સમજ ગામે ગામ અપાતી હતી. આ સંદર્ભમાં તે સમયના કલેકટર શ્રી કોહેલોને નાગરિક સંરક્ષણ બાબતે ઉમદા કામગીરી

આઝાદી પછી કચ્છના રણમાં ખેલાયેલા યુદ્ધોની ઝાંખી

□ મહેશ ગઢવી □ નિખિલ પંડયા

કરવા બદલ ભારત સરકારે પદ્મશ્રીના સન્માનથી સન્માનિત પણ કર્યા હતા. કોઇ મુલ્કી અધિકારીને આવું સન્માન પ્રાપ્ત થયું હોવાનો પ્રથમ બનાવ હતો.

કચ્છના રણમાં બન્ને દેશોના સૈન્યો ભલે ટકરાયા ન હતા કે એકમેકના પ્રદેશ કબજે કરવા પ્રયાસ થયા ન હતા, તેમ છતાં તે સમયે વાયુસેના મથક ન ધરાવતા આ સરહદી જિલ્લામાં પાકિસ્તાની લડાયક અને બોમ્બવર્ષક વિમાનોએ કચ્છના વિવિધ સ્થળો પર બોમ્બ ફેંકયા હતા. જામનગરથી ઉડ્ડયન ભરતા ભારતના જાંબાઝ વિમાનીઓએ કચ્છના આકાશમાં દુશ્મનના વિમાનો પર પ્રહાર કરીને તેમને મારી ભગાડયાના કિસ્સા પણ તે સમયે નોંધાયા હતા.

પહેલો વાયુ હુમલો અંજાર પર થયો

ત્રીજી સપ્ટેમ્બરથી ૨૨મી સપ્ટેમ્બર વચ્ચે ચાલેલા આ જંગમાં છઠ્ઠીના પહેલો હવાઇ હુમલો અંજાર પર થયો હતો. તેને પગલે સમગ્ર જિલ્લાના મોટા નગરો અને ગામોમાં ફરજીયાત બ્લેકઆઉટના આદેશ અપાયા હતા. છઠ્ઠીની રાત્રે પોણા આઠ વાગ્યે અંજાર પર પાંચ પાકિસ્તાની વિમાનો ચડી આવતાં જામનગરથી ઉડીને તરત ધસી આવેલા ભારતીય ફાઇટરોએ તેમને આકાશમાં આંતર્યા હતા. આ વિમાનો વચ્ચે આકાશ ડોગફાઇટ થતાં અંજારવાસીઓ માટે નવતર દ્રશ્ય સર્જાયું હતું. રાતના અંધારામાં પાકિસ્તાની વિમાનો નાસી ગયા હતા તે પછી સવારે સંખ્યાબંધ અંજારવાસીઓને વિમાનો વચ્ચે ગોળીબારમાં વપરાયેલા કારતૂસોના ખોખાં પણ મળ્યા હતા.

૧૯૬૫માં કચ્છ પર છઠ્ઠી સપ્ટેમ્બરનો હવાઇ હુમલો એ પ્રથમ આક્રમણ હતું. તે પછી ભુજ અને અંજાર વિસ્તારના રહેવાસીઓ માટે સાયરનની ચીચીયારી અને વિમાનોની બધડાટીના અવાજો નિયમિત બની ગયા હતા. પાકિસ્તાનીઓ જિલ્લા મથક તથા દેશ માટે મહત્ત્વના કંડલા બંદરને નિશાન બનાવવા માગતા હોવાનું તે વખતના પદ્ધતિસરના હુમલા પરથી જણાઇ આવે છે. આ હવાઇ છમકલાં વચ્ચે ૧૩મી સપ્ટેમ્બરની પરોઢે બાંભણકા ડેમ પાસે ત્રણ બોમ્બ પડયા હતા. બોમ્બ ફાટવાને કારણે ૧૫x૨૦ ફૂટના ખાડા પડી જતાં લોકોને પહેલી વખત બોમ્બની કાતિલતાનો અનુભવ થયો હતો. સદનસીબે આ બોમ્બમારામાં કોઇને ઈજા કે જાનહાનિ થઇ ન હતી.

આ બધા વચ્ચે તે સમયે ટેબલોઇડના કદનું દૈનિક 'કચ્છમિત્ર' લગભગ દરરોજ કે એકાંતરે ખાસ યુદ્ધના સમાચાર માટે બપોરે ખાસ વધારો બહાર પાડતું. પાંચ પૈસાની કિંમતનો વધારો કાશ્મીરથી રાજસ્થાન સુધીના મોરચા પરના છેલ્લામાં છેલ્લા સમાચારો લોકોને આપતો

પરંતુ ૧૯મી સપ્ટેમ્બરનો 'કચ્છમિત્ર'નો ખાસ વધારો કચ્છીઓ માટે આઘાત સમાન હતો. લગભગ દરરોજ વિજયકૂચના સમાચાર વાંચતા લોકો ગુજરાતના મુખ્યમંત્રી બળવંતરાય મહેતાના વિમાન પર પાકિસ્તાનના હુમલાખોર વિમાનો ત્રાટકયાના સમાચાર વાંચીને ક્ષુબ્ધ બન્યા હતા. હુમલામાં બળવંતરાય મહેતા તેમના પત્ની સરોજબેન, ગુજરાત સમાચારના પ્રતિનિધિ કે. પી. શાહ, મુખ્યમંત્રીના અંગત સચિવ પરેશ તથા વિમાનના પાયલોટ અને ઈજનેર શહીદ થયા હતા. ડાકોટા વિમાનમાં ઓખા જઇ રહેલા શ્રી મહેતાએ જામનગરથી ઉડ્ડયન બાદ કચ્છના કાંઠાળ વિસ્તાર નલિયા પાસેથી ચક્કર લગાવીને નિરીક્ષણ કરવાની સૂચના આપી હોવાનું કહેવાય છે. બપોરે સાડા ત્રણ-ચાર વાગ્યે નલિયા પરથી વિમાન પસાર થઇ રહ્યું હતું ત્યારે જ પાકિસ્તાની સેબરજેટ વિમાનો ડાકોટા પર ત્રાટકયા હતા. બપોરે નલિયાના લોકોએ નીચી સપાટીએથી ઉડ્ડયન કરતા પાકિસ્તાની વિમાનોને પસાર થતા પણ


કચ્છમિત્ર ફોટો

રણ વીંધીને પાકિસ્તાની વિસ્તારમાં ભારતીય દળોની વિજયકૂચની ચરમસીમા સમાન બનાવમાં નગરપારકરમાં પાકિસ્તાની ધ્વજ ઊતારીને ભારતનો ત્રિરંગો લહેરાવાયો હતો.

જોયા હતા. લોકોને ત્યારે એમ થયું હતું કે આ તો આપણા નરબંકા પાકિસ્તાનને ધમરોળીને પાછા ફરી રહ્યા છે. પરંતુ આ નરબંકાના વિમાનો નહીં પણ નરરાક્ષસોના વિમાન હતા અને તેમણે લક્ષ્ય બનાવ્યું બળવંતરાય મહેતાના નિરૂપદ્રવી વિમાનને. બપોરે ૪.૦૫ વાગ્યે આ વિમાનને સુથરી ગામની સીમમાં તોડી પાડીને આ હુમલાખોર વિમાનો પાછા વળ્યા ત્યારે કચ્છ, ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે આંચકાજનક બનાવ માત્ર દુઃખ, રોષ અને સમાચારના સ્વરૂપમાં જ બાકી રહ્યો હતો.

છાડબેટ જતાં કચ્છ સત્યાગ્રહ મંડાયો

પછી તો ગણતરીના દિવસોમાં એટલે કે ૨૨મીએ જંગ આટોપાઇ ગયો. યુદ્ધવિરામ જાહેર થયો. લોકોએ નિરાંતનો શ્વાસ લીધો હતો પરંતુ કચ્છ માટે જંગ સમાપ્ત થયો ન હતો. જીનીવામાં અધૂરી રહેલી કામગીરી ફરી શરૂ થઇ અને આખરે ચુકાદો આવ્યો કે છાડબેટ ભારતને મળી શકે નહીં. ભારત આ પ્રદેશ પોતાનો હોવાનું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યું હતું અને પાકિસ્તાને તેના કબજા હેઠળના છાડબેટને પોતાની પાસે રહેવા દેવાય તો જ ભારતનો બીજો વિસ્તાર બિયારબેટ-સરદાર પોસ્ટ વગેરે પરત કરવાની તૈયારી બતાવી. આમ આ ચુકાદા પ્રમાણે કચ્છ કરાર થયો. ભારત સરકારને આંતરરાષ્ટ્રીય પ્રતિભા જાળવવા આ નિર્ણય માથે ચડાવવો પડયો પરંતુ માત્ર કચ્છ નહીં સમગ્ર રાષ્ટ્રનું માથું ભમી ગયું. કચ્છ કરાર થયા તેની સાથે જ દિલ્હી, અલ્હાબાદ, ઈન્દોર.... ઠેકઠેકાણે દેખાવો-આંદોલનો અને તોફાનો ફાટી નીકળ્યા. કચ્છ સત્યાગ્રહના મંડાણ કરવા પી. એસ. પી., એસ. એસ. પી., જનસંઘ જેવા પક્ષો મેદાને પડયા. ડૉ. રામ મનોહર લોહીયા, જ્યોર્જ ફર્નાન્ડીઝ જેવા ખેરખાંઓએ રાષ્ટ્રવ્યાપી સત્યાગ્રહનું એલાન આપ્યું. કાશ્મીરના બનાવોને હાલે નિસ્પૃહતાથી

નિહાળી રહેલું રાષ્ટ્ર તે સમયે કચ્છ સત્યાગ્રહના જુવાળમાં જાગી ઊઠયું હતું. સરહદ પર દેખાવો કરવા દેશના ખૂણે ખૂણેથી સત્યાગ્રહીઓ કચ્છમાં ઉમટવા લાગ્યા, ચળવળ ચલાવવા દરેક વર્ગના લોકો મદદ કરવા આગળ આવવા લાગ્યા... પરંતુ દેશદાઝ અને દેશપ્રેમનો આ જુવાળ સરકારના કરારના કાંગરા ખેરવી ન શકયો અને કચ્છનો-દેશનો એક હિસ્સો પાકિસ્તાનમાં જતો રહ્યો. નકશામાં એક ચોસલું પડી ગયું.

અગાઉના સંઘર્ષમાં ચીને પણ ભારતનો સારો એવો પ્રદેશ પોતાની પાસે દબાવી લીધો હતો તે પછી પાકિસ્તાને કાશ્મીરનો થોડો ભાગ કબજે કરી લીધો હતો. તેમ છતાં આ કબજાને અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય માન્યતા ન મળતાં તે વિસ્તારો હજી પણ ભારતના સત્તાવાર નકશામાં આવી જાય છે. પરંતુ છાડબેટ પર પાકિસ્તાનની હકુમત પર આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલની મહોર લાગી જતાં ભારતના નકશામાંથી એક માનવસર્જીત કાટખૂણાવાળો ટુકડો અલગ કરી નંખાયો છે જે કચ્છીઓ માટે એક કાયમી ઘાની ગરજ સારે છે.

૧૯૬૫ના જંગમાં કચ્છમાં સીધી કે આડકતરી રીતે ફટકો સહન કરવો પડયો તેને પગલે કેન્દ્ર કક્ષાએથી આ મોરચે ખાસ ધ્યાન આપવાના પગલાં લેવાની યોજનાઓ થવા માંડી ખાવડાના માર્ગને પાકો કરવો, ભુજમાં એક કરોડના ખર્ચે વાયુદળનું મથક સ્થાપવું, આકાશવાણીનું કેન્દ્ર શરૂ કરવું, સુરબારીનો પુલ બાંધવો વગેરે મહત્ત્વાકાંક્ષી યોજનાઓનો તત્કાળ અમલ થવા લાગ્યો.

સીમા દળની રચના થઈ

આ બધાથી પણ વિશેષ છાડબેટ-કંજરકોટમાં એસ. આર. પી.ની અપૂરતી સલામતી વ્યવસ્થાને કારણે શાસ્ત્રીજીએ જૂન મહિનાથી એક કેન્દ્રીયકક્ષાના સુદ્રઢ-



'૭૧ના યુદ્ધ વખતે ભુજની હવાઈપટ્ટીનું રાતોરાત સમારકામ કરીને જીંદાદિલી દાખવનાર માધાપરની પાટીદાર મહિલાઓ પૈકી મૂળીબેન આજે ૬૭ વર્ષના થયા છે. દેશપ્રેમની ભાવના આજેય તેમનામાં મોજુદ છે.

સુવ્યવસ્થિત સરહદ સલામતી દળની રચના કરવાની કાર્યવાહી આરંભી દીધી હતી. સપ્ટેમ્બર મહિનાના જંગ પછી ૩૦મી ડિસેમ્બરે સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ.)ની રચનાની જાહેરાત કરી દેવાઈ. આમ હાલે વિશ્વના સૌથી મોટા એવા આ અર્ધ લશ્કરી દળના જન્મમાં કચ્છ કારણભૂત બન્યું તે પણ એક હકીકત છે.

પોતાના જન્મ માટે કારણભૂત બનેલા કચ્છનું ૠણ આ સીમા સુરક્ષા દળે ૧૯૭૧ના જંગના પ્રથમ દિવસથી જ ચૂકતે કરવાની શરૂઆત કરી દીધી હતી. ૧૯૬૫ની લડાઈ પછી માત્ર છ વર્ષના ગાળા બાદ પૂર્વ પાકિસ્તાનના 'ઉદ્ધાર' માટે ભારતીય સૈન્યે શસ્ત્રો સજ્યા હતા. જાણે છાડબેટના છેદનનો બદલો લેવાતો હોય તેમ બંગલાદેશની રચના થઈ.

૧૯૬૫માં બે તબક્કામાં જંગનું સાક્ષી બનેલું કચ્છ આ વખતે તૈયાર હતું. સરહદ પર બી.એસ.એફ.ની જાબાંઝ અને અડીખમ બટાલિયનો હતી, ભુજમાં લશ્કર અને વાયુસેનાના મથકો હતા. કોઈ વાતની ખોટ ન હતી. સરહદ પર સૈન્યની કમાન્ડ હેઠળ મૂકાયેલા સીમા દળના જવાનો સાબદા હતા. તેમને આક્રમણ કરવાનું છે અથવા હુમલો થવાનો છે તેની સૂચના અપાઈ ગઈ હતી. દરેક ચોકીઓ પર રાશનથી માંડીને દારૂગોળાનો જથ્થો પહોંચાડાઈ ગયો હતો. રક્ષણ માટેની અને હુમલા માટેની વ્યૂહરચનાઓ ઘડાઈ ગઈ હતી. ૧૯૬૫માં થયેલી ભૂલોમાંથી ઘડાઈને પાકટ બનેલું ભારત સજ્જ થઈને બેઠું હતું. પરંતુ પહેલો ઘા કોણ કરે તેની રાહ જોવાતી હતી. કચ્છમાં તૈનાત બી.એસ.એફ.ની એક અને બે ત્રણ બટાલિયનના જવાનો થનગનતા હતા. લેફ. કર્નલ એસ. એન. લિમયેના નેતૃત્વ હેઠળની બટાલિયન નંબર એકને સરદાર પોસ્ટ, વીઘાકોટ, કરીમશાહી, બિયારબેટ, પોઈન્ટ ૮૪, ભેડિયાબેટ, મોરીબેટ અને ખાવડાનો હવાલો સોંપાયો હતો. બીજા નંબરની બટાલિયન, ખડીર અને બનાસકાંઠાની સીમા પર સાબદી કરાઈ હતી જ્યારે ત્રણ નંબરની બટાલિયન કર્નલ પૌલના નેતૃત્વ હેઠળ રિઝર્વમાં હતી.

૧૯૭૧ના યુદ્ધનું કાઉન્ટડાઉન

આ ત્રણે બટાલિયનોને ૧૪મી ઓકટોબર ૧૯૭૧ના લશ્કરના અંકુશ હેઠળ મૂકી દેવાયાની સાથે જંગનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું હતું. કચ્છ સેકટરનો હવાલો બ્રિગેડીયર એસ. એસ. મલ્હોત્રાએ સંભાળ્યો હતો. જ્યારે વાયુસેના મથકના વડા તરીકે સ્કવોડ્રન લીડર કર્ણિક હતા.

આ તૈયારીઓ વચ્ચે ત્રીજી ડિસેમ્બરે ગુજરાતના રાજ્યપાલ શ્રીમનનારાયણ સરહદી વિસ્તારના લોકોનું મનોબળ મજબૂત કરવા નીકળી પડયા હતા. બપોરે ભુજમાં સભા યોજ્યા બાદ તેમણે અગ્રીમ વિસ્તારોમાં જવાનોની પણ મુલાકાત લીધી હતી. એક તરફ રાજ્યપાલ રાધનપુર જવા રવાના થયા અને બીજી તરફ 'જંગ છીડ ગયી હૈ'નો સંદેશો વહેતો થયો. રાતના વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ દુશ્મનોને જડબાતોડ જવાબ આપીને તેમના દાંત ખાટા કરી નાંખવાનો નિર્ધાર વ્યકત કરતું રાષ્ટ્રજોગું પ્રવચન કરીને રાષ્ટ્રવ્યાપી કટોકટીની જાહેરાત કરી દીધી.

કચ્છના મોરચે દુશ્મનોને ભરી પીવા માટે થનગનતા જવાનોને હજી આક્રમણનો આદેશ મળે તે પહેલાં પાંચમીની સવારે પાકિસ્તાનના દળોએ વીઘાકોટ અને સરદાર ચોકી પર તોપમારો કરીને ભારતીય દળોને જાણે જંગ માટે નોતરૂં આપી દીધું.

બસ પછી તો પાંચમીની રાત્રે જ ભારતીય દળોએ વિજયયાત્રાનો આરંભ કરી દીધો. પહેલી બટાલિયનની બે પ્લાટુનો સાથે રણમાં ઉતરી પડેલા ઇન્સપેકટર ઈંગલેના નેતૃત્વ હેઠળ જવાનોએ છાડબેટ રાત વચ્ચે જ આંચકી લીધું. છઠ્ઠીના સવારે પાંચ વાગ્યે તો કચ્છ કરાર અને ટ્રિબ્યુનલની હાંસી ઉડાવતો ત્રિરંગો છાડબેટ પર ફરકતો થઈ ગયો. કચ્છ સત્યાગ્રહની લોકલાગણી અને લોક ઈચ્છા જાણે દળોએ પૂરી કરી હતી. પછી તો બસ આગેકૂચની જ વાત હતી.

૧૯૭૧નું કચ્છ મોરચા પરનું યુદ્ધ સીમા સુરક્ષા દળના ઈતિહાસનું એક સીમાચિહ્ન સમું યુદ્ધ હતું અને તેમાં 'બેટલ ઓફ વિંગુર' તો કયારેય નહિ ભૂલાય

પહેલી બટાલિયને હનુમાન તલાઈ (પાકિસ્તાની નામ ગુલમહમ્મદ તલાઈ) વિસ્તારમાંથી આગેકૂચ શરૂ કરી તો છઠ્ઠીની સાંજે બીજી બટાલિયને ખડીર- બેલા વિસ્તારમાંથી આસી. કમાન્ડન્ટ રીડમલસિંહના નેતૃત્વ હેઠળ જૈટલી, ફૂલપરા, રસાની, કૂવાથલા અને બાર ગામો પર ચડાઈ કરીને તે સર કર્યાં.

પરંતુ આ બટાલિયને કમાન્ડન્ટ લેફ. કર્નલ કાનેની વ્યૂહરચના મુજબ જૈટલીથી કૂવાથલા થઈને નગરપારકરને તથા જૈટલીથી બાર થઈને વિશવાને નિશાન બનાવવાનું ઓપરેશન શરૂ કર્યું. જૈટલીથી આ બે મોરચા ખોલવા માટે આઠમી ડિસેમ્બરના સવારે પાંચ વાગ્યે બે ટુકડીઓ રવાના થઈ.

નવમીના સવારે ૮-૩૦ વાગ્યે પાકિસ્તાનની સરહદી તહેસીલના મથક નગરપારકરનો ભારતીય દળોએ કબજો લીધો સરહદેથી આક્રમણનું આ સુવર્ણ પુષ્ઠ હતું.

નગર પારકર પર ત્રિરંગો લહેરાયો

૧૦મી ડિસેમ્બરે સવારે ભુજથી રાષ્ટ્રધ્વજ લઈને ગયેલા માહિતી ખાતાના નાયબ નિયામક શ્રી ઈન્દુભાઈ જોશીની હાજરીમાં તહેસીલ કચેરી પરથી પાકિસ્તાની ધ્વજ ઉતારી લેવાયો જવાનોએ દુશ્મનના ધ્વજને બૂટ નીચે કચડીને કચેરી પર ત્રિરંગો લહેરાવ્યો ત્યારે પાકિસ્તાનના પરાજય પર ભારતના વિજયની મહોર લાગી ગઈ હતી.

તો બીજી તરફ જૈટલીથી વિરાવા ચોકી કબજે કરવા નીકળેલી ટુકડીને થોડા પ્રતિકારનો સામનો કરવો પડયો હતો પરંતુ હવાઈ દળની મદદ વડે વિરાવા ચોકીને પાડીને જ ભારતીય જવાનો જંપયા હતા.

છાડબેટ કબજે કરનાર ભારતીય દળો પર પાકિસ્તાની સૈનિકોએ તોપમારો કરીને પહેલી બટાલિયનના જવાનોને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધા હતા. પરંતુ ૧૦મીના સવારે આ ટુકડીઓએ વળતો હુમલો કરીને વીંગી અને પાનેલી પર આક્રમણ કરીને તેનો કબજો લીધો હતો. આ ટુકડીઓનો જુસ્સો જોતાં તેમને મહત્ત્વના પાકિસ્તાની થાણા જતરાઇને પાધર કરવાનો આદેશ અપાયો હતો. ૧૨ ડિસેમ્બરે સવારે સવા આઠે જતરાઇ પર હુમલો શરૂ કરાયો. ૨૪ કલાક જેટલા સંઘર્ષ બાદ પાકિસ્તાનીઓ થાણું છોડીને નાસી ગયા હતા.

આ બધા વચ્ચે રિઝર્વ રખાયેલી ત્રીજી બટાલિયનને ટૂંકી મુદ્દતે પાકિસ્તાનના મજબૂત થાણા વિંગુરને કબજે કરવાનું કામ સોંપાયું હતું. આ ચોકી કબજે કરવા નવમીના ખેલાયેલો જંગ સીમા સુરક્ષા દળના ઇતિહાસમાં મહત્ત્વનું પ્રકરણ બની ગયો છે. સાતમીના રાતથી શરૂ કરાયેલા હુમલામાં નોંધપાત્ર બહાદૂરી બતાવનાર બી.એસ.એફ.ના અધિકારી ચંદનસિંહ ચંડેલને વીરચક્રથી સન્માનિત કરાયા હતા. આજે પણ 'બેટલ ઓફ વિંગુર' યુદ્ધ કળાના ઇતિહાસમાં રોમાંચક અને રસપ્રદ મિસાલ બની રહી છે.

ભારતીય જવાનોની વિજયકૂચ ૧૭મી ડિસેમ્બરે રાત્રે ૮-૦૦ વાગ્યે યુદ્ધ વિરામ જાહેર થયો ત્યાં સુધી જારી રહી હતી.

બીજી તરફ કચ્છ મોરચા પરના જંગની અસર જિલ્લામાં પણ પડી હતી. ત્રીજીના રાત્રે જંગ છેડાયો અને ચોથીની રાતથી જ ભુજ પર દુશ્મનના વિમાનોના ચકરાવા, સાયરનોના અવાજ, બોંબના કાન ફાડી નાંખે તેવા અવાજો વગેરેનો જંગી માહોલ જામી પડયો હતો.

ભુજ પર વાયુ હુમલાની પરંપરા


૧૯૬૫માં પાકિસ્તાની વિમાનોએ અંજાર પર વધુ ઉડ્ડયનો કર્યા હતા તેનાથી ઊલટું ૧૯૭૧માં ભુજ પર વધુ ઉડ્ડયનો થયા અને આસપાસના વિસ્તારોમાં બોંબમારો પણ થતો રહ્યો. દુશ્મનના સેબરજેટ અને મિરાજ વિમાનો ભુજના એરફોર્સ સ્ટેશનને લક્ષ્ય બનાવવા માંગતા હતા. એટલે ભુજમાં તો રાત પડેને બ્લેક આઉટ, સાયરનોની ચીચીયારી પછી તરત જ દુશ્મનના વિમાનોના સુસવાટા- ધડાકા- ભડાકાનો માહોલ જામી પડતો.


સૌથી કપરો દિવસ ભુજવાસીઓ માટે આઠમી ડિસેમ્બર બની રહ્યો હતો. રાતના બે વાગ્યાથી સવારના ચાર વાગ્યા વચ્ચે સંખ્યાબંધ બોંબ ધડાકાથી ભુજ હચમચી ગયું હતું. સીધા યુદ્ધનો આ પ્રથમ કડવો અનુભવ હતો. નવમીના સવારથી લોકોએ શહેર છોડવા હિજરત શરૂ કરી દીધી હતી. માત્ર ભુજ પાકિસ્તાની હુમલાનું લક્ષ્ય બનતું હોવાથી લોકો કયાંય પણ જતા રહેવા તૈયાર થયા હતા.

આઠમીની રાતના હવાઇ હુમલામાં ભુજના વિમાનીમથકની હવાઇ પટ્ટી પર સારૂં એવું નુકસાન થયું હતું. પરંતુ હુમલાના સતત ભય નીચે કોણ તેની મરામ્મત કરી આપે તે એક સવાલ હતો. ભુજની બાજુના માધાપર ગામના સરપંચ શ્રી જાદવજી વરસાણી અને અગ્રણી શ્રી વી. કે. પટેલની હાકલને પગલે પટેલ મહિલાઓએ ત્રણ દિવસમાં રનવે તૈયાર કરીને ખાસ બહુમાન મેળવ્યું હતું.

આ બધા વચ્ચે ૧૧મીની સવાર સુધીમાં ભયનો આંચળો ફગાવીને લોકોએ વાસ્તવિકતાનો સામનો કરવાનો આરંભ કરી દીધો હતો. પછી તો હિંમત વધતી જાય તેમ તેમ ભયના સ્થાને દેશ ભકિત અને દેશદાઝની લાગણી જાગવા લાગી. રાત પડેને પલંગ નીચે સંતાઇ જનારા પોતાના વિસ્તારમાં ચોકી કરવા લાગ્યા અને વિમાનોને જોવા અગાસીએ ચડવા લાગ્યા હતા.

પાકિસ્તાનના સિંધ પ્રાંતના એક તહેસીલ નગરપારકર કબ્જે કર્યા પછી ભારતના અમલદારોએ આ ઇમારતમાં પોતાની કચેરી શરૂ કરીને એક વર્ષ તંત્ર ચલાવ્યું હતું.





સીમા સુરક્ષા દળના ઇતિહાસના સુવર્ણ પૃષ્ઠ સમાન જંગ પછી કબ્જે કરાયેલા અમેરિકી શસ્ત્રો સાથે વિજયી જવાનો.

ચૌદ દિવસમાં ૯૨ બોમ્બ ઝીંકાયા

ચોથી ડિસેમ્બર અને ૧૭મી ડિસેમ્બર વચ્ચે કચ્છમાં ૯૨ બોંબ પડયા હતા. તેમાંથી ૮૦ ફાટયા હતા. ભુજના ૧૦ માઇલના વિસ્તારમાં પાકિસ્તાની વિમાનોએ ૬૬ બોંબ વરસાવ્યા હતા. શહેરમાં ૧૪ દિવસમાં ૩૫ વખત સાયરન વગાડવાની નોબત આવી હતી.

૧૯૭૧ના જંગમાં કચ્છના સમાચાર માધ્યમોએ દેશની સાચા અર્થમાં સેવા કરી હતી. આકાશવાણી, ઉપરાંત દૈનિકો 'કચ્છમિત્ર' અને 'જયકચ્છ' દ્વારા ખોટી અફવાઓ દૂર કરાતી આકાશવાણી દેશભકિતના ગીતો સાથે-સાથે રૂપકો પણ પ્રસારિત કરતું. 'કચ્છમિત્ર' અને 'જયકચ્છ' મોરચા પરની છેલ્લામાં છેલ્લી માહિતી વાચકોને આપતા જવાનો માટે મોકલાતી ભેટો, યુદ્ધ સમયે લેવાની સાવચેતીની વિગતો અખબારોમાં અપાતી. 'કચ્છમિત્ર'માં છેલ્લે પાને બે કોલમમાં કચ્છ સીમા પરની રોજે-રોજની પરિસ્થિતિની રજે-રજ માહિતી અપાતી હતી.

યુવાનોના આક્રમણો સામે અનેક વરસો સુધી ઉત્તર ભારતની પ્રજાને માતાની ગોદ જેવી નિરાંત અને નિર્ભયતા બક્ષનાર કચ્છની ભૂમિ અને મોટું રણ આઝાદ ભારતમાં બે ભાઇમાંથી દુશ્મન બનેલા રાષ્ટ્ર માટે બળાબળના પારખા માટે કસોટીનું મેદાન બન્યા એ ઇતિહાસની એક વક્ર કરૂણતા છે.

છાડબેટના જખ્મના ડાઘ ભારતના નકશામાં અને કચ્છીઓના દિલમાં કાયમ રહી ગયા છે.

છાડબેટનો ઘા હજુ રૂઝાયો નથી


આઝાદી પછી છાટબેટ પર ભારતનો પ્રત્યક્ષ કબજો હોવા છતાં ગુજરાતના વહીવટીતંત્રની બેદરકારી અને આંતરાષ્ટ્રીય ચાલબાજીના કારણે આપણે એ સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયા અને હંમેશને માટે ગુમાવી દેવું પડયું.

ભારત પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં પહેલાં મંડાણ કચ્છમાંથી થયા અને તેથી જ ૧૯૬૫ કે ૧૯૭૧ના આમ જંગ કરતાં કચ્છને ૬૫ એપ્રિલના પાકિસ્તાનનું આક્રમણ વધુ યાદગાર અને ચિરસ્મરણીય બની રહેશે.

ઝારાના યુદ્ધનો ગુલામશાહ કલોરો જીતીને પાછો સિંધમાં ચાલ્યો ગયો હતો એ પ્રદેશ તો કચ્છ રાજ્ય પાસે જ રહ્યો હતો પણ પાકિસ્તાનના અયુબખાને લડાઇમાં અને મંત્રણામાં ભારતનો અને કચ્છનો છાડબેટ જીતીને પાકિસ્તાનના નકશામાં ભેળવી દીધું છે.

અને તેથી કચ્છ માટે સહુથી મહત્ત્વનું યુદ્ધ છાડબેટના સંઘર્ષનું બની રહ્યું છે. □

■ વાણીયાવાડ સ્કૂલ સામે, ભુજ-કચ્છ ■ ૩૩, જ્યુબિલી કોલોની, ભુજ-કચ્છ



કચ્છ અને પાકિસ્તાનની સરહદો પેશ કરતા આ નકશામાં છેક ઉપર લખપતની સામે જે કાટખૂણો દેખાય છે તેની ડાબી તરફ ટપકાંવાળી લાઇન કરેલી છે તે સરહદની આંકણી ભારત-પાક વચ્ચે થઇ નથી. કાટખૂણા પાસે ભારત-પાક સીમાનો છેલ્લો સ્તંભ (પીલર નં. ૧૧૭૫) ખોડેલો છે. ત્યાંથી સિરક્રીક સુધીની ૧૪૦ કિ.મી. જેટલી સીમાની આંકણી થઇ નથી. જો કે, આ અગાઉ બે દેશો સિરક્રીક એ ભૂમિ સીમાની ભેદરેખા છે એ વાતે સંમત હતા... પણ ૧૯૬૯માં અધૂરી રહેલી મંત્રણાઓ ૧૯૮૯માં શરૂ થઇ ત્યારે પાકિસ્તાને ફેરવી તોળ્યું છે.

હિન્દુસ્તાનના ભાગલા થયા ત્યારે કોઇએ કલ્પના પણ નહિ કરી હોય કે તેની પાકિસ્તાનને અડતી સરહદો માત્ર યુદ્ધ નહિ શાંતિના સમયમાં પણ સંવેદનશીલ બની જશે. આમ તો ૧૯૬૫ના સત્તાવાર યુદ્ધ પહેલાં જ પાકિસ્તાને કચ્છની ધરતી પર અણધાર્યું આક્રમણ કરીને છાડબેટ સહિતના વિસ્તાર પર કબજો જમાવી લીધો ત્યારે એના નાપાક ઇરાદા છતા થઇ ગયા હતા તેમ છતાં, ભારતના જવાંમર્દ જવાનોના હાથે ખાસ તો ૧૯૭૧ના યુદ્ધમાં નામોશીભર્યો પરાજય મેળવનાર પાકિસ્તાનના ફોજી એમની ખુફિયા એજન્સીઓ મારફત કાયરતાભર્યું પ્રોક્ષીયુદ્ધ ભારત સામે છેડીને બદલો લેશે એવી શંકા એ સમયે કોઇએ સેવી નહોતી. ખેર પણ, છેલ્લા એકદોઢ દાયકામાં આપણે જોયું છે કે પાકિસ્તાનની સીધી સહાય અને આતંક ફેલાવવાની તાલીમથી પંજાબ અને કાશ્મીરની ધરતી પર ત્રાસવાદે ઉપાડો લઇને આપણને પરેશાન કરી મૂક્યા છે. જો કે ચમત્કાર કહી શકાય એવી ઘટનામાં પંજાબમાં આતંકવાદનો સૂર્ય નમ્યો પણ કાશ્મીરમાં હજુ અનિશ્ચિતતાઓ છે. આ ત્રાસવાદ એક એવું બળ છે જે સમયાંતરે જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી રીતે માથું ઊંચકી શકે છે. વળી, દેશના કોઇ પણ ખૂણામાં ત્રાસવાદ અસ્તિત્વ ધરાવતો હોય તો આખા દેશની સરહદો સંવેદનશીલ બની જાય કારણ કે તેના કોઇ પણ ખૂણેથી મોતના સામાન સમા શસ્ત્રો કે આર. ડી. એક્સ. જેવો સ્ફોટક પદાર્થ પાડોશી દેશ ઘૂસાડી શકે અને ઘૂસાડે છે. આ વાત કાશ્મીર અને પંજાબની સરહદો પર સલામતી દળોનો કડક જાપ્તો થયો તે પછી રાજસ્થાન અને ગુજરાતની સરહદો પરથી ત્રાસવાદીઓ અને શસ્ત્રો પાકિસ્તાને ઘૂસાડયા હતા તેના કિસ્સા પ્રકાશમાં આવ્યા પછી સાબિત થઇ ચૂક્યું છે. સમગ્ર દેશને હચમચાવી ગયેલા મુંબઇ બોંબ ધડાકામાં વપરાયેલા સ્ફોટક પદાર્થ આર. ડી. એક્સ.નો જથ્થો પણ કચ્છની દરિયાઇ સીમા પાર કરીને સૌરાષ્ટ્ર તેમજ મહારાષ્ટ્ર ભણી ધકેલાયો હતો. એમ દેશના કોઇ પણ ખૂણામાં આતંકવાદ જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી કચ્છથી કાશ્મીર સુધીની સીમા પરના ખતરાઓનું પરિમાણ આપણે ગંભીર સ્વરૂપનું જ લેખવું જોઇએ.

નાપાક પ્રોક્ષીયુદ્ધ અને કચ્છની જમીન તેમજ દરિયાઇ સરહદની આંકણીના ભૂતકાળના અને હાલના વિવાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિ પર નજર કરીએ તો કચ્છની દરિયાઇ સરહદની સલામતી અપૂરતી અને ચિંતાજનક છે એમ કહી શકાય. આ માટે કેન્દ્ર સરકારની અનિર્ણાયકતા અને અગાઉની રાજ્ય સરકારોની પરિસ્થિતિની ગંભીરતા પ્રત્યેની લાપરવાહી કે અજ્ઞાનતા જવાબદાર છે. એમાં ઊંડા ઊતરીએ એ પહેલાં કચ્છની રણ અને દરિયાઇ સીમા તેમજ તેના વિવાદ અંગે પ્રાથમિક જાણકારી મેળવી લેવી જરૂરી છે.

ભૂમિ સીમાની ૯૯ કિ. મી. આંકણી હજુ બાકી

કચ્છની રણ સીમાનો પથારો છેક કોટેશ્વર સામેની ખાડીઓવાળા વિસ્તારથી, લખપત, હાજીપીર, ખાવડા, ખડીર અને તે પછી બનાસકાંઠા જિલ્લાનો કેટલોક ભાગ પાર કરીને રાજસ્થાનના રણ સાથેના સંગમ સુધી લંબાયેલો છે. કચ્છના રણની આ સીમા ૫૧૨ કિ. મી. લાંબી છે જેમાં ૬૦ કિ. મી. જેટલો વિસ્તાર અટપટી ક્રીકવાળો છે. કોટેશ્વર નજીકની કોરી ક્રીક ઉપરાંત પડાણ ક્રીક, પબુવારી ક્રીક વિગેરે અનેક ક્રીક અને પશ્ચિમે છેક છેવાડે આવેલી સિરક્રીક એ ભારત અને પાકિસ્તાનની ભેદરેખા છે. આ વિસ્તાર કાદવવાળો છે. વળી ક્યાંક છીછરૂં પાણી હોય છે તો ક્યાંક ઊંડું. આ વિસ્તાર આપણી ભૂમિ સરહદમાં આવે છે. પરંતુ કાદવ અને ભીનાશવાળી જમીનના કારણે ત્યાં ભારત અને પાકિસ્તાનની હદ દર્શાવતા થાંભલા ભાગલા પછી ખોડાયા નથી. જો કે, ભૂતપૂર્વ કચ્છરાજ અને સિંધ પ્રાંત વચ્ચે ૧૯૧૩માં કરાર થયા પછી જે થાંભલા (સિમેન્ટના પાકા) ઊભા કરાયા હતા તે આજે મોજુદ છે. પણ, આઝાદી પછી બન્ને દેશોએ સાથે મળીને આ વિસ્તારની આંકણી કરી નથી તેથી લખપતની બરોબર સામે આવેલો પીલર નં. ૧૧૭૫ એ કચ્છની સીમાનો છેલ્લો સત્તાવાર થાંભલો છે અને ત્યાંથી પશ્ચિમે ૯૯ કિ. મી. એટલે કે સિરક્રીકના ઉત્તર તરફના મુખ સુધીનો વિસ્તાર આંકણી નથી થઇ તેવો છે. (આ લેખ સાથે પેશ કરેલો નકશો જોતાં સ્થિતિ આસાનીથી સમજાઇ જશે.) દરિયાઇ સીમા ૩૫૨ કિ. મી. લાંબી છે અને ભાગલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે જળ સીમાની આંકણી આજ સુધી થઇ જ નથી. આમ તો જળ સીમા ભૌગોલિક દ્રષ્ટિએ સ્પષ્ટ છે. પણ, જખૌ નજીકનો કિંમતી માછલીઓથી ખીચોખીચ ભરેલો દરિયા કિનારો ઉપરાંત ક્રીક અને અન્ય દરિયા વિસ્તારની નીચે- પેટાળમાં તેલ મળી આવવાની શક્યતાઓની નજરે પાડોશી દેશ જળ સીમા પ્રશ્ને વિવાદ ખડો કરીને આપણો કેટલોક પ્રદેશ છાડબેટની જેમ જ પચાવી પાડવા માંગતો હોય એમ માનવાને એકથી વધુ કારણ છે.

કાશ એ પ્રદેશ પાછો ન સોંપ્યો હોત

છાડબેટનો કમનસીબ ઇતિહાસ અહીં દોહરાવવો નથી પરંતુ એ આખું પ્રકરણ ઉપરાંત ભાગલા પછી તરત જ કાશ્મીર પર આક્રમણ કરવાની ઘટના ઉપરથી નાપાક મોડસ ઓપરેન્ડી તારવીએ તો જણાય છે કે પ્રથમ ગૂપચૂપ આપણા કોઇ પ્રદેશ પર પગદંડો યેનકેન પ્રકારેણ જમાવી દેવો, પછી એ પોતાનો જ છે એવા પુરાવા ઊભા કરીને વિવાદ ન હોય ત્યાં વિવાદ જગાવવો અને છેવટે એને આંતરરાષ્ટ્રીય સ્તર પર લઇ જઇને જે કંઇ મળે એ લાભમાં એવી કુટીલ નીતિ પાકિસ્તાને અપનાવી છે. ૧૯૬૫ના યુદ્ધ પહેલાં આજ રીતે પાકિસ્તાને છાડબેટ સહિતનો વિસ્તાર આક્રમણ કરીને દબાવી દીધો અને પછી વિવાદ ઊભો કર્યો. જેથી આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષ મામલો ગયો. આમ તો કચ્છનું આખું રણ એ આપણી જમીન છે, ભારતની જમીન છે. આમ છતાં ટ્રિબ્યુનલ સમક્ષ પાકિસ્તાને અડધોઅડધ રણ પોતાનો હોવાનો દાવો પેશ કર્યો. છેવટે ૧૯-૨-૧૯૬૮ના રોજ ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો અને ૯૦ ટકા રણ કચ્છની હકુમત હેઠળ હોવાનું સ્વીકાર્યું પણ એનો ૧૦ ટકા ભાગ પાકિસ્તાનને સોંપ્યો. ૯૦ ટકા રણ મળ્યું એ આપણો વિજય નહોતો પણ મંત્રણાના મેજ પરનો રાજકીય પરાજય હતો કારણ કે એ ચુકાદા હેઠળ છાડબેટ આપણા હાથમાંથી સરકી ગયું હતું. છાડબેટ આપણા પાસે રહે એ એકથી વધુ રીતે જરૂરી હતું. એ આપણી જમીન તો હતી જ. પણ, એના પર જે ઘાસ થતું અને થાય છે તે ઉચ્ચ ગુણવત્તાનું છે. આઝાદી પૂર્વે છાડબેટ જેવા ઘાસીયા બેટનો ઉપયોગ દુષ્કાળ માટેના બફર સ્ટોક તરીકે થતો. એટલે કે સામાન્ય સંજોગોમાં ત્યાં પશુઓ ચરાવાતા નહિ પરંતુ દુકાળ જેવા કપરા કાળમાં પશુઓનું ત્યાં સ્થળાંતર કરીને ઉગારી લેવાતા. ત્યાંથી પેટ્રોલિયમ મળવાનીયે શક્યતા હતી. તેથી આવો વિસ્તાર પાકિસ્તાનને સોંપી દેવાતાં ઉહાપોહ થાય એ સ્વાભાવિક છે. કચ્છ સત્યાગ્રહ આ મુદ્દા પર જ થયો. પણ ટ્રિબ્યુનલનો ચુકાદો આપણે માથે ચડાવ્યો એટલે છાડબેટ તો પરત કરવું જ પડયું. ૧૯૭૧ના યુદ્ધમાં એ વિસ્તાર આપણે ફરી જીતી લીધો પણ સીમલા મંત્રણાને પગલે પરત કર્યો. આંતરરાષ્ટ્રીય કાનૂન અને પ્રતિષ્ઠાને આપણે માન આપીને આવું કર્યું પણ પાકિસ્તાને ક્યારેય આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓ કે કાનૂનને માન્ય રાખ્યા નથી. તેથી જ તો ૧૯૭૧માં કચ્છ સીમાએથી કૂચ કરીને આપણા જવાનોએ સિંધ પ્રાંતના નગરપારકર સહિતના વિસ્તારો જીતી લીધા હતા તે

કચ્છ સરહદે નાપાક પેંતરા

□ કુમાર જે. કે.

પરત ન આપવાની લાગણી કેટલાક વર્ગમાં પ્રવર્તતી હતી. અફસોસ કે એ સમયે પણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાના બોજ હેઠળ આપણે એ પ્રદેશ અને પાકિસ્તાનના ૯૦ હજાર જેટલા સૈનિકોની વાપસી કરી.

આ વાપસી અને ખાસ કરીને સિંધ પ્રાંતનો જીતેલો વિસ્તાર પરત કરવાનું ભારત સરકારનું પગલું ભૂલ ભરેલું હતું એ આજે પ્રોક્ષીયુદ્ધ સંદર્ભે વિચારતાં સારી રીતે સમજાય છે. જગજાહેર છે કે કાશ્મીર અને પંજાબના ત્રાસવાદીઓને પાકિસ્તાન છૂટા હાથે શસ્ત્રો અને તાલીમ આપે છે. કોઇ આંતરરાષ્ટ્રીય તાકાત કે કાનૂન એને એમ કરતાં રોકી શક્તા નથી અને અમેરિકા તો ભારતને દાઝયા પર ડામ દે છે. આવા સંજોગોમાં જો ભારત પાસે સિંધનો જીતેલો પ્રદેશ આજે હોત તો એની ધરતીનેય આઝાદ સિંધ જાહેર કરીને આપણે જીયે સિંધ ચળવળને ખુલ્લો ટેકો આપી પાકિસ્તાનને કાશ્મીરની ઈંટનો જવાબ પથ્થરથી આપી શક્યા હોત. અરે એ પ્રદેશ સોંપવાના બદલામાં કચ્છ માટે સિંધુનું પાણી મેળવવાનો અધિકાર પણ માંગી શકયા હોત.

ખેર, એ તો ભૂતકાળની હાથમાંથી સરી ગયેલી તકની અને એક મોટી ભૂલની વાત છે. પણ, છેલ્લા દોઢ દાયકાના ઇતિહાસ પર નજર કરીએ છીએ તો કચ્છની ખાસ કરીને સાગર સીમાએ નાપાક ચાંચિયાગીરીથી કરીને કોટેશ્વરની સામેના ક્રીક વિસ્તારમાં આવેલા સાંવલાપીર ટાપુ પર માછીમારોની ગેરકાયદે અવરજવર વધારીને એ વિસ્તાર પર પોતાનો દાવો કરવાની કોશિશો નાપાક એજન્સીઓએ કરી ત્યાં સુધીના બનાવોની વણઝાર અને પંજાબ અને કાશ્મીરમાં આતંકવાદના આરંભ તેમજ તેની પરાકાષ્ટા સમાન બનાવોની વણઝાર લગભગ એકમેકને સમાંતર ચાલી છે. મતલબ કે લગભગ એક જ અરસામાં એક તરફ આતંકવાદનો ઉદય થયો છે તો બીજી તરફ કચ્છની જળ સીમાએ નાપાક ચાંચિયાગીરી બેફામ બનવાનો આરંભ થયો છે. આતંકવાદ ધીમે ધીમે વધ્યો અને પરાકાષ્ટાએ જે સમયે પહોંચ્યો તેજ સમયે જખૌ નજીકના દરિયામાં પાકિસ્તાનની મરિન સિક્યુરિટી એજન્સીની હરકતો પણ ચરમસીમાએ પહોંચી હતી. ૮૦ના દાયકાના છેલ્લા ચરણમાં (૧૯૮૮ના જૂનથી સપ્ટેમ્બર સુધીના સમયમાં) ભારતીય (કચ્છની) જળ સીમામાં ઘૂસી આવીને સેંકડો માછીમારોનું બોટ સહિત અપહરણ કરવામાં આવ્યું હતું. વળતાં પગલાંમાં આપણા કોસ્ટગાર્ડ પણ પાકિસ્તાની માછીમારોને પકડી લેતા હોવાથી એ ગાળો જાણે 'માછીમારી યુદ્ધ' જેવો બની ગયો હતો. એ સમય દરમ્યાન જ આ પ્રશ્ન ભારત-પાક વચ્ચે અધિકારી કક્ષાની બેઠકમાં ચર્ચાતો રહ્યો હતો કારણ કે માછીમારોની વાપસીની માંગ બળવત્તર બની હતી. આવા વખતે પાકિસ્તાનના સત્તાવાળાઓએ ચોર કોટવાલને દંડે એવી અદાથી ભારતીય માછીમારો વિવાદગ્રસ્ત વિસ્તારમાં માછીમારી કરતા હતા એટલે પકડયા હતા એવો દાવો કરતાં ભારતે આંચકો અનુભવ્યો હતો પણ એથીયે વધુ આઘાતજનક ઘટના તો ૧૯૮૯ના જૂન મહિનામાં બની જ્યારે બન્ને પાડોશી દેશો વચ્ચે સર્વેયર જનરલ કક્ષાની બેઠકમાં પાકિસ્તાને કચ્છની સિરક્રીક સીમા બાબતે પ્રથમવાર વિવાદ ઊભો કર્યો.

સિરક્રીક વિવાદ : ઊંડું કાવતરૂં પાધરૂં થયું

અગાઉ પાકિસ્તાને આ બાબતે મતભેદ હોવાનો ક્યારેય નિર્દેશ કર્યો નહોતો એટલું જ નહિ ૧૯૬૫ના યુદ્ધ પછી ટ્રિબ્યુનલ સમક્ષ રણનો કેસ ચાલ્યો અને તેનો ચુકાદો આવ્યો તે કિસ્સામાં પણ સિરક્રીક સીમા પ્રશ્ને બન્ને દેશો સંમત હોવાથી વિવાદના મુદ્દામાં તેને સામેલ કરાયો નહતો. તેથી બન્યું એવું કે રણ સીમાની સત્તાવાર આંકણી બે દેશો વચ્ચે થઇ ત્યારે લખપતથી બનાસકાંઠા સુધીનું રણ તેમાં આવરી લેવાયું અને એ મુજબ જ સરહદી થાંભલા બનાવવામાં આવ્યા. આવો સૌથી છેલ્લો થાંભલો એટલે કે પીલર નં. ૧૧૭૫ લખપતની સામે (ઉત્તરે) છે. તેથી લખપતથી કોટેશ્વર અને ત્યાંથી છેક સિરક્રીક સુધીનો ખાડીવાળો વિસ્તાર કોઇ મતભેદ ન હોવા છતાં આંકણી થયા વગરનો રહી ગયો. ૬૮ના ટ્રિબ્યુનલના ચુકાદા સંદર્ભે એજ વર્ષના જુલાઇ મહિનામાં ઈસ્લામાબાદ ખાતે ભારત-પાક મંત્રણાઓ યોજાઇ હતી. તે પછી ૬૯ના સપ્ટેમ્બર મહિનાની નવમી અને દશમી તારીખે ઊભય પક્ષોની સર્વેયર ટુકડીઓ વચ્ચે બેઠક યોજાઇ હતી તે સમયે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી કે સિરક્રીક એ ભારત-પાક વચ્ચેની સીમારેખા હોવાની બાબતે સંમતિ પ્રવર્તતી હોવાથી સર્વેયર જનરલ કક્ષાએ આ બાબતે બેઠક યોજીને વિધિસર સરહદ નક્કી કરાશે. પરંતુ, ૧૯૬૯ પછી તો ભારત-પાક સંબંધો વણસ્યા. ૧૯૭૧માં યુદ્ધ થયું. સંબંધો વધુ વણસ્યા અને કચ્છની સીમાનો પ્રશ્ન સાવ વિસરાઇ ગયો. બે દાયકા આમને આમ વીતી ગયા અને છેક ૧૯૮૯માં પ્રથમવાર બન્ને દેશો વચ્ચેના સર્વેયર જનરલો વચ્ચે બેઠક યોજાઇ તેમાં પાકિસ્તાને ફેરવી તોળ્યું અને સિરક્રીક અંગે વિવાદ ઊભો કરતાં ભારત માટે આઘાતજનક પરિમાણ ઉમેરાયું. સાથોસાથ પાડોશી દેશના નાપાક ઇરાદા પણ છતા થઇ ગયા. પાકિસ્તાન કચ્છ સરહદે કોઇ નવી હરકત ઊભી કરવા માંગતું હોવાની શંકાને વધુ પડતી ગણાવતા કેટલાક નિરીક્ષકોને પણ સિરક્રીક વિવાદની ઘટના પછી કબૂલવું પડયું કે જખૌ નજીકના દરિયાઇ વિસ્તારમાં ચાંચિયાગીરી અને સાંવલાપીર વિસ્તારમાં માછીમારોની ગેરકાયદે અવરજવર એ કોઇ આકસ્મિક કે સહજ ઘટનાઓ નહોતી. પણ ઊંડા કાવતરાનો એક ભાગ માત્ર હતી.

વિવાદનો વાંધો પણ બોગસ છે

અને સિરક્રીક બાબતમાં પાકિસ્તાનનો વાંધો પણ કેવો બોગસ અને પોકળ છે એનો ખયાલ બે કાંઠા પર એણે કરેલા દાવા પરથી આવી જાય છે. સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય પ્રણાલી એવી છે કે જો કોઇ બે દેશો વચ્ચે નદી કે ક્રીક હોય અને એજ બન્ને વચ્ચેની ભેદરેખા હોય તો એક કાંઠો એક દેશનો અને બીજો કાંઠો બીજા દેશનો બને અને બે કાંઠા વચ્ચે જેટલું અંતર હોય એની મધ્યરેખા એ એની સીમારેખા બને. આવી નદી કે ક્રીકનો બન્ને દેશો ઉપયોગ કરી શકે. આ વાત તાર્કીક રીતેય ગળે ઉતરે તેવી છે. છતાં, પાકિસ્તાન વધારે જમીન વિસ્તારનો દાવો કર્યા વિના સિરક્રીકના બે કાંઠા માંગે છે એ જ બતાવી આપે છે કે એને ગમે તેમ કરીને વિવાદ ઊભો કરવો છે. સિંધ અને કચ્છરાજ વચ્ચે ૧૯૧૩માં થયેલા કરાર મુજબ લખપતથી સિરક્રીક સુધીના વિસ્તારમાં સિમેન્ટના પાકા થાંભલા ઊભા કરીને એ જમાનામાં સરહદ નક્કી થઇ છે અને જી. પિલર્સ તરીકે ઓળખાતા એ ચાલીસ થાંભલા આજે પણ મોજુદ છે તેથી એના પર પાકિસ્તાન દાવો કરી શકે તેમ નથી તેથી ક્રીકના બે કાંઠાનો મુદ્દો ઊભો કર્યો છે. આ મુદ્દો ઊભો કરવા પાછળ એની ખંધી ચાલ છે અને તે એ કે જો આ વિવાદ ઊભો થઇ જાય તો ભૂમિ સરહદની નવેસરથી આંકણીની માંગણી થઇ શકે અને એના પરિણામે જો ભૂતકાળમાં બન્યું હતું તેમ પાકિસ્તાનને થોડોઘણો પણ લાભ થાય તો જળ સરહદમાં પણ મોટો લાભ થાય. આમ તેનો ઇરાદો ભૂમિ સીમાએ નવો વિવાદ ઊભો કરીને જળ સીમા આંકણીની વાતનેય બાજુએ હડસેલી દેવાનો હોય એમ લાગે છે.

ખેર, પણ આવી ખંધી ચાલનો બદઇરાદો ભારત પ્રમાણમાં વેળાસર પારખી ગયું હતું તેથી કોટેશ્વર સામેની ક્રીકમાં સાંવલાપીર જેવા વિસ્તારમાં પેટ્રોલિંગની વ્યવસ્થા ૧૯૮૮માં જ સીમા સુરક્ષા દળની સાગર પાંખ સક્રિય કરીને ગોઠવી દીધી એટલું જ નહિ ક્રમેક્રમે સાગર પાંખને અદ્યતન સાધન સામગ્રીથીયે સજ્જ કરાતી રહી છે એટલે હવે સાંવલાપીર વિસ્તારમાં પાકિસ્તાની માછીમારો અગાઉની જેમ રોકટોક વિના આવી શકતા નથી. ઊલટું સીમા દળની ધાક પણ સારી છે તેથી તેના પર અંકુશ આવી ગયો છે.

પ્રશ્ન યુદ્ધનો નહિ, શાંતિ-સમયની સુરક્ષાનો છે

આમ છતાં પાકિસ્તાને પ્રોક્ષીયુદ્ધ છેડયું છે ત્યારે સરહદની સલામતીના તમામ પાસાં ચકાસી જોવા જરૂરી છે. હવે એ વાત માંડીએ તો રણ એટલે કે ભૂમિ સરહદ અને જળ એટલે કે દરિયાઇ સરહદનો વિચાર કરવો પડે. આ વિચાર પણ બે રીતે થાય. (૧) બહારી આક્રમણની દ્રષ્ટિએ અને (૨) આંતરિક સલામતીની નજરે. પ્રથમ બહારી આક્રમણની વાત કરીએ તો આપણી સેના એટલે કે ભારતીય લશ્કર કોઇ પણ ખતરાને પહોંચી વળવા સક્ષમ છે. ૧૯૬૫ અને ૧૯૭૧માં એ વાત સાબિત થઇ ચૂકી છે. પણ સવાલ યુદ્ધનો નહિ શાંતિ સમયની આંતરિક સલામતીનો છે. સીધા જંગમાં આપણે પાકિસ્તાનને મહાત કરી ચૂકયા છીએ પણ આતંકવાદ ભડકાવવાની એની પ્રોક્ષીયુદ્ધની નીતિને પહોંચી વળવા માટેનો અસરકારક વ્યૂહ ગોઠવી શકયા નથી એ અફસોસની વાત છે.

આંતરિક સલામતીની નજરે રણ અને સાગર સીમા પરનો બંદોબસ્ત અત્યારે કેવો છે એ હવે જોઇએ. રણ સરહદે સીમા સુરક્ષા દળનો પ્રબંધ પ્રમાણમાં પૂરતો છે. રણ સરહદ ૫૧૨ કિ. મી. લાંબી છે અને તેમાં ૬૦ કિ. મી. ક્રીકનો વિસ્તાર પણ આવી જાય છે. આ પૈકી છેક

પશ્ચિમ છેવાડાની ૯૯ કિ. મી.ની સીમાની (લખપતથી સિરક્રીક સુધીની) આંકણી થઇ નથી. છેલ્લા દાયકા દરમ્યાન સામે પારનો ખતરો જેમ જેમ વધતો ગયો છે તેમ તેમ આપણાં જવાનોની સંખ્યા પણ વધતી રહી છે. સીમા સુરક્ષા દળની રણમાં આવેલી ચોકીઓ પણ વધારવામાં આવી છે એટલું જ નહિ ઉનાળાના સમયમાં રણના કેટલાક ભાગમાં પાણી સાવ સૂકાઇ જાય છે ત્યારે તંબુ બાંધીને કામચલાઉ ટેન્ટ-ચોકીઓ પણ ઊભી કરાય છે.

કચ્છના રણમાં સીમા દળે ટ્રેકટરનો ઉપયોગ શરૂ કરાતાં પેટ્રોલિંગ વ્યવસ્થામાં નવો વળાંક આવ્યો છે. એ તો જગજાહેર છે કે કચ્છનું રણ એ કંઇ રેતીના ઢગલાવાળું રણ નથી પણ સૂકી, ખારી જમીનવાળું સપાટ રણ છે. કોટેશ્વર નજીકથી દરિયાના પાણી કોરી ક્રીક મારફત રણમાં પ્રવેશે છે અને સૂર્યના પ્રખર તાપમાં એ પાણીનું બાષ્પીભવન થઇ જતાં નમકના થર જામી જાય છે. દરિયાનું પાણી અને ક્ષારના આક્રમણના કારણે રણની ભૌગોલિક રચના વિશેષ કહી શકાય તેવી છે. હમણાં સુધી આવા રણમાં માત્ર ઊંટનો જ ઉપયોગ પેટ્રોલિંગ માટે થઇ શકતો હતો પણ સીમા દળના એક અધિકારીએ ટ્રેકટરનો અખતરો કરી જોયો અને સફળ નીવડયો. તેથી એક મોટી સમસ્યા હળવી બની છે અને આ ઉનાળામાં તો સંખ્યાબંધ ટ્રેકટરો પેટ્રોલિંગ કરતાં થઇ જશે. આ ઉપરાંત હવે રણમાં પાકી ચોકીઓ પણ બંધાઇ રહી છે. કેન્દ્રની હકુમત હેઠળના સીમા સુરક્ષા દળ અને રાજ્ય સરકારના જુદા જુદા ખાતાઓ વચ્ચેનું તાલમેલ અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં વધુ સારું છે. અગાઉની અને હાલની ગુજરાત સરકાર સીમા દળને જમીન, પાણી, વીજળી વિગેરેની જરૂરી એવી તમામ સગવડો સારી રીતે આપે છે એટલું જ નહીં રણની હિફાઝત કરતા જવાનોને ફુરસદના સમયમાં મનોરંજન મળી શકે એ માટે જનરેટર સાથેના ટેલિવિઝન સેટ પણ ગુજરાત સરકારે પોતાના ખર્ચે પૂરાં પાડયાં છે.

છતાં એ એક હકીકત છે કે આટલી લાંબી (૫૧૨ કિ. મી.) સરહદ આસાનીથી સીલ કરી શકાય તેમ નથી. રાજસ્થાન અને પંજાબની જેમ કચ્છના રણમાં પાકી વાડ (કાંટાળી) બાંધી શકાય તેમ નથી. કયાંક રણ સાવ કાદવવાળું અને એની જમીન પોચી-નરમ હોવાથી થાંભલા થઇ શકે તેમ નથી પણ મૂળ મુશ્કેલી ક્ષારની છે. ક્ષારયુક્ત ભેજવાળા હવામાનના કારણે લોખંડની કાંટાળી વાળ જલ્દી કટાઇ જાય તેથી તે ટકી જ શકે નહીં. તેથી આખી સરહદે ખાડા ખોદીને નહેર જેવું બનાવવાની દરખાસ્ત કરવામાં આવી છે અને તે 'ડીચ કમ બંધ'ના નામે ઓળખાય છે. આમ થાય તો રણમાં આવતું પાણી પણ રોકી શકાય તેમ છે. ઉપરાંત રણ સીમાની વિશિષ્ઠ ભૌગોલિક સ્થિતિ અને પ્રતિકૂળ હવામાનની નજરે હેલિકોપ્ટર પેટ્રોલિંગ અનિવાર્ય બન્યું છે. આ માટે બે હેલિકોપ્ટરની જોગવાઇ થવી જરૂરી છે.

દરિયાઇ સીમાની સ્થિતિ ચિંતાજનક છે

આમ કચ્છની રણ સીમાને સંબંધ છે ત્યાં સુધી કોઇ મોટી સમસ્યા કે પડકાર એ તરફે નથી. પણ સવાલ અગાઉ લખ્યું છે તેમ દરિયાઇ સીમાનો છે. ગુજરાતની આ સીમા ૩૫૨ કિ. મી. લાંબી છે અને વર્ષોથી લગભગ નધણિયાતી કહી શકાય એવી એની હાલત છે. એક જમાનામાં ઇલેકટ્રોનિકસ માલસામાનની હેરાફેરી એટલે કે દાણચોરી માટે કચ્છ-સૌરાષ્ટ્રનો સાગરકાંઠો અને દરિયા સીમા કુખ્યાત હતા તે પછી સોના અને ચાંદીની અને કેફી પદાર્થની હેરાફેરી થતી રહી છે. હાલ સોના-ચાંદીના ભાવ ઘરઆંગણે વધે છે ત્યારે તેની દાણચોરી થતી રહે છે. એની હેરાફેરી રોકવા માટેના કસ્ટમ સહિતના તંત્રોના પેટ્રોલિંગ કાગળના વાઘ જેવા છે એટલું જ નહીં કેટલાયે સ્થળે કસ્ટમ, પોલીસ, દાણચોરો અને રાજકારણીઓ વચ્ચેની સાઠગાંઠના પરિણામે દેશના હિતોને મોટું નુકસાન થતું રહ્યું છે. પણ છેલ્લા દોઢ દાયકામાં આપણે જોયું છે કે દાણચોરો માત્ર અર્થતંત્રને નુકસાન કરે છે એવું નથી. તેઓ પાકિસ્તાનની ખુફિયા એજન્સીના પીઠ્ઠુ બનીને સ્ફોટક પદાર્થની હેરાફેરી શુદ્ધાં કરે છે. મુંબઇની શેરબજારનો સમગ્ર દેશને હચમચાવી ગયેલો ધડાકો જે સામગ્રીથી થયો તેને ઘૂસાડવામાં માંડવીના પરા મોટા સલાયાના બે ખલાસીઓએ ભાગ ભજવ્યો હતો. ઉપરાંત કચ્છના કેટલાક દાણચોરો અગાઉ જાસૂસી સહિતના કેસોમાં પણ પકડાઇ ચૂકયા છે. સાબરમતી જેલમાં અવસાન પામેલો કુખ્યાત પાકિસ્તાની દાણચોર સુમાર બોટલ કચ્છમાં દાણચોરીની સાથે સાથે જાસૂસીએ કરાવતો હતો. આ હકીકત અને આજના લેખના આગળના ભાગમાં જખૌ નજીકની ચાંચિયાગીરી તેમજ સિરક્રીક વિવાદને ધ્યાનમાં લેતાં દરિયાઇ સીમા પર વધુ ધ્યાન અપાય એ દેશના હિત ખાતર અનિવાર્ય બન્યું છે.

કચ્છની સાગર સુરક્ષાના ત્રણ અલગ અલગ પાસાં છે અને એ ત્રણેયની સલામતી વ્યવસ્થા અલગ અલગ રીતે કરવી જરૂરી છે. (૧) કોટેશ્વર નજીક દરિયાના પાણી કોરી ક્રીક વિસ્તારમાં જાય છે અને ત્યાંથી રણમાં ઘૂસે છે તેના કારણે ખાડીઓવાળો વિશિષ્ઠ વિસ્તાર સર્જાયો છે અને ત્યાં પાણી હોવા છતાં કેટલોક ભાગ મૂળ તો ભૂમિ સરહદમાં આવે છે. નિયમ પ્રમાણે આ વિસ્તારની એટલે કે સિરક્રીક સુધીના ખાડાઓવાળા વિસ્તારની સલામતીની જવાબદારી સીમા સુરક્ષા દળની સાગર પાંખ નીભાવે છે. તાજેતરમાં આ વિસ્તારના સાંવલાપીર ટાપુ પર પાકી ચોકી બાંધવાનો નિર્ણય લેવાયો છે એંટલું જ નહીં અદ્યતન બોટો અને લોંચો પણ આવી રહી છે તેથી ક્રીક વિસ્તાર સુરક્ષિત છે. હા, પેટ્રોલિંગ સઘનપણે ચાલતું રહે એ તો જરૂરી છે જ. (૨) બીજું અને મહત્ત્વનું પાસું અરબી સમુદ્રમાં કોરીક્રીકના મુખથી કરીને નીચે એટલે કે જખૌ સુધી અને ત્યાંથી માંડવી સુધીના કિનારા નજીકના દરિયાઇ વિસ્તારની સલામતી અને (૩) ખરેખરી જળ સરહદ એટલે કે મધદરિયે સલામતીની વ્યવસ્થા.

જોઇન્ટ પેટ્રોલિંગ માત્ર નામ પૂરતું છે

પાસા નં. ૧ એટલે કે ક્રીક વિસ્તારમાં સલામતીની પૂરતી વ્યવસ્થા છે. બે અને ત્રણ જ અતિ મહત્ત્વના છે અને સાચા અર્થમાં દરિયાઇ સીમા પણ એ જ વિસ્તારમાં આવે છે અને તે નધણિયાતી છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે જળ સીમાની તમામ જવાબદારી કોસ્ટગાર્ડ નીભાવે છે. પણ એવું નથી. કોસ્ટગાર્ડ એમ કહે છે કે એની જવાબદારી દૂરના મધદરિયે છે. કિનારા નજીકના વિસ્તારમાં એની હકુમત નથી. મુંબઇના બોમ્બ ધડાકા પછી કિનારા નજીકના પેટ્રોલિંગની ખાસ વ્યવસ્થા ઊભી કરાઇ છે જેમાં પોલીસ, કસ્ટમ, કોસ્ટગાર્ડ અને નેવી સહિતના માણસો મૂકવામાં આવે છે અને તેને જોઇન્ટ પેટ્રોલિંગનું રૂપાળું નામ અપાયું છે. પણ, અનુભવે સમજાયું છે કે જોઇન્ટ પેટ્રોલિંગ કાગળનો વાઘ છે. એક તો એની પાસે કોઇ અદ્યતન સુવિધા નથી. ભાડે લીધેલા ટ્રેલર્સથી ઠીક લોગે તેમ અને ત્યારે પેટ્રોલિંગ થાય છે. આવા ટ્રેલર્સની ગતિ દાણચોરો કે પાકિસ્તાનની મરિન સિકયુરિટી એજન્સીની ચોકીયાત નૌકાઓની તુલનાએ ઘણી ઓછી છે. વળી જુદી જુદી એજન્સીઓ વચ્ચે સંકલન પણ જોઇએ તેવું થતું નથી. ત્રણ વર્ષથી જોઇન્ટ પેટ્રોલિંગ ચાલે છે પણ હજુ સુધી એકવાર પણ નથી શસ્ત્રો ઝડપાયાં કે નથી દાણચોરીનો બીજો માલ પકડાયો. નામ ખાતર જ પેટ્રોલિંગ થાય છે. એટલે કિનારા નજીકની માંડવીથી જખૌ અને ત્યાંથી કોરીક્રીકના મુખ સુધીની પેટ્રોલિંગની વ્યવસ્થા અંગે નવેસરથી વિચાર કરવાનો સમય પાકી ગયો છે. નિષ્ણાતો અને જાણકારોનું કહેવું એવું છે કે કોઇપણ એક એજન્સીને અદ્યતન લોંચ અને બીજી સામગ્રીઓ પૂરી પાડીને પેટ્રોલિંગની જવાબદારી સોંપવી જોઇએ. આમ તો કચ્છ પોલીસની સાગર પાંખ પૂરતા પ્રમાણમાં વિકસાવવાની યોજના અગાઉ જાહેર થઇ હતી પણ કાંઇ થયું નથી.

દરિયાના દૂર દૂરના એટલે કે ખરી જળ સીમાના જતનને સંબંધ છે ત્યાં સુધી તેની તમામ જવાબદારી કોસ્ટગાર્ડની છે. પણ કોસ્ટગાર્ડની તકલીફ એ છે કે જખૌ ખાતે તેનું એકમ સ્થાપવાની વર્ષો પહેલાં થયેલી જાહેરાતનો અમલ કરવાનું પાછળને પાછળ ધકેલાતું જાય છે. ઇન્ફ્રાસ્ટ્રકચર કે સગવડોના અભાવની વાતો એ તો બહાનું માત્ર છે. દેશની સુરક્ષા અને સલામતી સાથે સંબંધ ધરાવતી સમસ્યાના ઉકેલને આડે સગવડોનો અભાવ નડે એ કેમ ચાલે ? જો સગવડો ન હોય તો તાબડતોબ ઊભી કરવી જોઇએ અને એ ઊભી કરવાની જવાબદારી પણ એમની છે. અત્યારે બને છે એવું કે પોરબંદરમાં કોસ્ટગાર્ડનું મથક છે ત્યાંથી એનું જહાજ પેટ્રોલિંગ માટે નીકળે અને જખૌથી દૂર જાય. પછી બળતણ પૂરું થવા આવે ત્યારે પાછું પોરબંદર જાય. વચ્ચેના ગાળામાં નાપાક એજન્સી ચાંચિયાગીરી કરી જાય છે. તેનો એકમાત્ર ઉકેલ જખૌમાં કોસ્ટગાર્ડ એકમ સ્થાપવા સિવાય બીજો કોઇ નથી.

પાકિસ્તાન નૌસેનાની તાકાત વધારે છે

સામે પારથી એટલે કે પાડોશી દેશમાંના વર્તુળોએ આપણી ગુપ્તચર એજન્સીઓને આપેલી બાતમી અનુસાર કચ્છની જળ સીમાને પેલેપાર પાકિસ્તાન પોતાના કિનારા પરના નાના-મોટા બંદરો પર નૌકા સેનાને કામ આવે એવી સુવિધાઓ-સગવડો વિકસાવી રહ્યું છે. ઉપરાંત તાજેતરમાં એવા હેવાલો પણ અંગ્રેજી અખબારોમાં મોટા શીર્ષક સાથે પ્રસિદ્ધ થયા છે કે પાકિસ્તાન પોતાની નૌકા સેનાની તાકાત વધારવા માટે સતત મથામણ કરી રહ્યું છે. બીજા અર્થમાં કહીએ તો અગાઉ પાકિસ્તાનની નૌકા સેનાની તાકાત રક્ષણ કરવા પૂરતી મર્યાદિત હતી પણ હવે તે આક્રમણ કરી શકે એટલી હદે વિકસાવી રહ્યું છે. ભારત માટે ખાસ તો કચ્છ સંદર્ભે આ બાબત ગંભીર છે. અલબત્ત, આંતરિક સલામતીની પૂરતી વ્યવસ્થા માટે તો આપણા ગુપ્તચર માળખાની સુધારણા અને જુદી જુદી એજન્સીઓ વચ્ચેના સંકલનની સમસ્યાનો ઉકેલ પણ જરૂરી છે. પરંતુ એ સમસ્યા રાષ્ટ્રીયસ્તરની છે. કચ્છને સંબંધ છે ત્યાં સુધી રણ સીમાના પેટ્રોલિંગને સવિશેષ ધારદાર બનાવવા બે હેલિકોપ્ટર અને સાગર સીમા પર પૂરતી પહેરેદારી માટે જખૌ ખાતે કોસ્ટગાર્ડ એકમ યુદ્ધના ધોરણે ઊભુ કરવાની સાથે સાથે માંડવીથી જખૉ અને કોરીક્રીકના મુખ સુધી અસરકારક પેટ્રોલિંગ વ્યવસ્થા ગોઠવાય એ રાષ્ટ્રના હિતમાં છે. □

■ ૮, સંયુક્તા સોસાયટી, ભુજ

પશુપાલન ક્ષેત્રે વિખ્યાત કચ્છમાં શ્વેતક્રાંતિનું મૃગજળ


□ વિપુલ વૈદ્ય □ નિમિષ વોરા

'કારા ડુંગર કચ્છજા; જિત ધોરા ધણ ચરેં,
સિજ ઓલથે સામાં અચે, ડિસી અખીયું ઠરે'

સવારનું ધૂંધળું અજવાળું હોય, ત્યારે ગામના પાદરે બાજુના ધૂળિયા રસ્તા પર ટીન...ટીન...નો રણકાર કરતાં પશુઓના ધણના ધણ સીમાડા તરફ જતાં હોય; સંધ્યાકાળે ગૌધૂલી ઉડાડતા આવતાં એ જ મૂંગા જીવોના ભાંભરડાથી ગામડાંની ગલી અને ફળિયા ગાજી ઊઠે. ખેતીપ્રધાન ભારત દેશના બીજા ભાગોની જેમ સૂકા અને પછાત લેખાતા કચ્છ જિલ્લાના મોટાભાગના ગામોમાં જોવા મળતાં આ દૈનિક દ્રશ્યો છે. કચ્છનો મુખ્ય ઉદ્યોગ કહો કે વ્યવસાય, ખેતી અને પશુપાલન જ અહીંનું અર્થતંત્ર છે, અહીંનું દૈનિક જીવન છે.

માનવ કરતાં પશુવસ્તી વધારે

કુદરતી અવકૃપાઓનો ભોગ બનતા રહેલા આ વિશાળ જિલ્લામાં અનેક અછતો-દુકાળો કે અર્ધઅછતો આવી ગઇ, છતાં ગ્રામ્યલોકો પોતાના પરંપરાગત વ્યવસાયમાં અડીખમ રહ્યા છે, હા, તેમાં આરોહ-અવરોહ, થોડી ચડતી-પડતી જરૂર આવતા રહે



છે પણ આજેય કચ્છની માનવવસ્તી કરતાં જાનવરોની વસ્તી વધુ છે. બાર લાખથી વધુ માનવ આબાદી ધરાવતા આ જિલ્લામાં પશુઓની કુલ્લ સંખ્યા (વસતી) ૧૪ લાખને ૪૯ હજાર છે.

૧૯૯૨ની પશુવસતી ગણતરી અનુસાર કચ્છમાં (ગધેડાં, કુતરાં અને ભૂંડ સિવાયના) ચોપગાંઓની કુલ સંખ્યા ૧૪ લાખ ૪૯ હજાર જેટલી છે. જેમાં ૬૦ ટકા દૂઝણાં અને ૪૦ ટકા બિનદૂઝણાંનો રેશિયો રહ્યો છે. તેમાંથી ગાયો (ગાય વર્ગના પ્રાણી) ૩.૪૫ લાખ અને ભેંસો (ભેંસ વર્ગના પ્રાણી) ૧.૧૫ લાખ છે. ઘેટાં ૪.૭૫ લાખ અને બકરાં ૪.૩૬ લાખની સંખ્યામાં છે. રણનું વહાણ લેખાતા ઊંટોની વસતી ૧૮ હજાર તેમજ ઘોડા-ટટ્ટુ વગેરે મળીને ૭૭ હજાર અન્ય પશુઓ છે.

તાલુકાવાર છણાવટ જોઇએ તો સૌથી વધુ પશુધન તેમાંય ગાય-ભેંસ જેવાં 'ઉપયોગી' પશુઓ ભુજ તાલુકામાં છે. ગાય વર્ગની વસતી અહીં લગભગ ૭૦,૦૦૦ અને ભેંસવર્ગ લગભગ ૩૭૦૦૦ છે. સરકારી ભાષામાં 'બિનઉપયોગી' લેખાતાં બકરાંની સંખ્યા ૬૬.૫૦ હજાર અને ઊંટો સાડાત્રણ હજારથી વધુ છે. આ સંખ્યા પણ બધા તાલુકાની તુલનાએ સર્વાધિક છે. ઘેટાંની વસતીમાં વાગડના બે તાલુકાનો આંક સૌથી મોખરે છે. ભચાઉ તા.માં ૧.૩૯ લાખ જેટલા અને રાપર તા.માં ૧.૫૫ લાખ જેટલા ઘેટાં પળાઇ રહ્યાં છે. જ્યારે બકરાં ભચાઉ તાલુકામાં ૬૬ હજારથી વધુ અને રાપર તાલુકામાં ૪૯ હજારથી વધુ છે. એમ તો અબડાસા તાલુકો ૬૬ હજારની સંખ્યા સાથે બકરાની વસતીમાં અગ્રહરોળમાં છે. કચ્છના પશુધનની આ તો ઝલક માત્ર છે, નહીં તો અહીં આંકડાની માયાજાળ તો ઘણી લાંબી ચાલે તેમ છે (કેમ કે માનવો કરતાં પશુઓ કચ્છમાં વધુ છે.)

આમ ગુજરાતભરમાં ઊંટ અને ઘેટાં બકરાંની વસતીમાં કચ્છ સૌથી મોખરે છે. કુલ પશુધનની સંખ્યાને ધ્યાનમાં લઇએ તો બનાસકાંઠા પછી કચ્છનું દ્વિતીય સ્થાન છે. એમ તો કચ્છમાં પણ આટલા બધા ઉદ્યમોમાં ખેતી પછી પશુપાલન બીજા ક્રમે છે. આ જિલ્લામાં પ્રથમ નંબરનું સ્થાન મેળવનાર કૃષિના વ્યવસાય પર નભતા કુટુંબોની સંખ્યા ૪૬ હજાર છે. તેના સામે પશુપાલનના ધંધા સાથે ૨૨ હજાર પરિવારો સીધી રીતે સંકળાયેલા છે. એક કુટુંબમાં પાંચ સભ્યોના ગણતરીના માપદંડ મુજબ ૧.૧૦ લાખ લોકોનું ગુજરાન પશુપાલન પર આધારિત છે. એટલું જ નહિં જિલ્લાના પ્રથમક્રમના કૃષિ વ્યવસાયમાં વપરાતું ચાલકબળ પૈકીનું ૮૫ ટકા બળ પશુ આધારિત છે. આમ ઊર્જાના બચાવમાં તેનો અગ્રીમ ફાળો છે.

કહેવાય છે એક જમાનામાં કચ્છ જિલ્લો પશુધનની બાબતે એટલો સમૃદ્ધ હતો કે, બન્નીમાં તો ઘી-દૂધની નદી વહેતી, અર્થાત અતિથિના સત્કાર માટે પાણીની જગ્યાએ દૂધ ધરવામાં આવતું. આમ પશુપાલન તે વખતે માત્ર શોખરૂપે થતું જ્યારે આજે તેનું વ્યવસાયિકરણ થયું છે.

કચ્છી ગાય-ભેંસની ઉત્તમ ઓલાદ


પશુપાલનનું નામ પડે એટલે ખાસ કરીને નજર સામે બન્નીનો વિસ્તાર તરવરે કારણ કે અહીંની અલમસ્ત 'કુંડી' ભેંસ દેશમાં વિખ્યાત છે. તો કચ્છની 'વઢીયારી' ગાયનું પશુપાલન વ્યવસાયમાં નામ છે. આમ કચ્છી પશુઓની ઓલાદ આજે પણ ઉત્તમ છે. 'વઢીયારી' તરીકે જાણીતી કાંકરેજ ગાયોની ઓલાદનો વ્યાપ વધે કે જળવાઇ રહે તે માટે તેના ઘણખૂંટ દ્વારા સરકારી રાહે પ્રયાસો થઇ રહ્યા છે. આ ઉપરાંત માંડવી - મુંદરા તરફ 'કાચ્છણ' પ્રકારની તો ગીર ઓલાદની 'ગીરી' ગાયો પણ છૂટીછવાઇ રીતે અંદાજિત બે ટકા જેટલા પ્રમાણમાં કચ્છમાં જોવા મળે છે. સિંધના થરપારકર જિલ્લાની દેન સમી સિંધણ (થરી) ગાયો પણ ઉપલબ્ધ છે. જે વિશેષતઃ બન્નીમાં અસ્તિત્વ ધરાવે છે. એક મત પ્રમાણે થરપારકરની 'થરી' બનાસકાંઠા અને સૌરાષ્ટ્રની કાંકરેજના ક્રોસ બ્રીડીંગથી થયેલી 'બન્નીયારી' ગાયનું પ્રમાણ કચ્છમાં ૨૧ ટકા જેટલું છેઃ આ જિલ્લાની કુલ ગાયોમાં ૭૦ ટકા 'વઢીયારી' ગાયો છે. આ

ગાયો વધુ દૂધ આપતી હોવાથી તેના વંશના વાછરડા અને બળદોની બજારમાં માંગ છે.

આ વાત થઇ ગૌવંશની જ્યારે ભેંસની સંખ્યાની દ્રષ્ટિએ ભુજ તાલુકો જિલ્લામાં સૌથી મોખરે છે. ૩૬ હજાર જેટલી સંખ્યા ધરાવતા આ તાલુકાના બન્ની વિસ્તારની 'કૂંડી' ભેંસો શ્રેષ્ઠ હોવાથી બીજા પ્રદેશમાં પણ તેની માંગ ઊંચી છે. 'કૂંડી'ના પાડા છેક રાજસ્થાન સુધી ઊંચા દામે વેંચાય છે. અનુભવી માલધારીઓના મત અનુસાર કચ્છમાં મુખ્યત્વે ભેંસના બે પ્રકાર છે. થરપારકરની 'થરી' જેવી જ 'સિંધણ' અને બીજી સ્થાનિક (દેશી) અને 'થરી' ભેંસની ક્રોસબ્રીડ સમી બનીયારી છે. બીજી પ્રકારની ભેંસ વધુ દૂધ આપતી હોવાથી મુંબઇના તબેલાવાળાઓ તેને વધુ પસંદ કરે છે.

કચ્છનાં ઊંટ-ઘેટાં પણ વિખ્યાત

'રણનું વહાણ' ઊંટની વાત આવે ત્યારે સામાન્ય રીતે રાજસ્થાનના રેગિસ્તાન અને તેમાં ગુજરતા વણઝારાઓના કારવાં યાદ આવી જાય પણ વાસ્તવમાં કચ્છી ઊંટો દેશભરમાં શ્રેષ્ઠ છે. કારણ કે તે અન્ય ઊંટો કરતાં મજબૂત બાંધાના અને 'મહેનતુ' છે રાજસ્થાનના 'બિકાનેરી' ઊંટ શ્યામવર્ણ એટલે કે ડાર્કબ્રીડ છે. પણ કચ્છી ઊંટો ફૂટડા અને રૂપાળા છે. આ ઊંટો ખેતી, પરિવહન માટે મહત્ત્વનું અંગ હોવા છતાં તેમજ ઊંટડીઓનું દૂધ ઉપયોગમાં લેવાતું હોવા છતાં બાપડું આ પ્રાણી સરકારી વ્યાખ્યા મુજબ ઘેટાં બકરાંની માફક બિન ઉપયોગી ગણાય છે.



પશુ સંવર્ધન વિભાગ સંચાલિત ઊંટ ઉછેર કેન્દ્ર ભુજ તાલુકાના ઢોરી ખાતે ચાલી રહ્યું છે. જે દેશનું સૌ પ્રથમ અને ગુજરાતનું એકમાત્ર કેન્દ્ર છે. તેનો મુખ્ય ઉદ્દેશ પસંદગીના ઊંટોની સ્થાનિક જાતોને સુધારવાનો છે.

રાજ્યમાં ચોથા ભાગના ઘેટાં કચ્છમાં

સમગ્ર રાજ્યમાં ઘેટાંની ચોથા ભાગની સંખ્યા એકલો કચ્છ જિલ્લો ધરાવે છે. અહીં તેની બે જાત ઉપલબ્ધ છે. 'પાટણવાડી' અને 'મારવાડી.' જેમાં પ્રથમ જાત મૂલ્યવાન ઘણાય છે. તેમ દૂધ ઉત્પાદનમાં પણ તે અગ્રીમ છે. તેમ ઊન પણ સારી ગુણવત્તાનું અને કિંમતી હોય છે. તેની સરખામણીએ 'મારવાડી' ઘેટાનું ઊન કર્કશ, ખરબચડું અને જાડું હોય છે. જેનું વજન વધુ પણ ભાવ ઓછા હોય છે. કચ્છમાં 'મારવાડી' અને 'પાટણવાડી'નું ક્રોસબ્રીડીંગ કરાયું છે. તેના દ્વારા દેશી જાત વિકસાવવા સરકારે પ્રયાસ કર્યો છે. આ પ્રકારના ઘેટામાં ઊનનો ઉતાર દોઢ ગણો વધી ગયો છે. કચ્છમાં ઘેટા પાલનના વ્યવસાયમાં મુખ્યત્વે રબારી, ચારણ, જત, સંઘાર, કેર, આહીર, ઠકરાઇ વિગેરે કોમ છે.

માલધારીઓનું અનોખું જીવન

બન્ની-પચ્છમના સૂકાભઠ્ઠ રણ વિસ્તારમાં ખેતીવાડી ન હોવાથી સ્થાનિક લોકોએ પશુ ઉછેરને જ મુખ્ય વ્યવસાય તરીકે વંશ પરંપરાગત રીતે અપનાવ્યો છે. કચ્છીમાં પશુધન માટે 'માલ' શબ્દ પ્રચલિત હોવાથી આ દુર્ગમ પ્રદેશના મુસ્લિમ પશુપાલકો 'માલધારી' તરીકે કચ્છ બહાર પણ ઓળખાતા થઇ ગયા છે. તેઓ મુખ્યત્વે ગાય-ભેંસ અને ઊંટના પાલકો છે. દુષ્કાળ વખતે અહીંથી ઘણીખરી વાંઢ અને ગામો ખાલી થઇ જાય છે. જો કે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ અછત રાહત પાછળ કરોડો રૂપિયા ખરચતા હોવાથી અહીં ઢોરવાડાઓ, ઘાસડેપો વિગેરે ખૂલતા હોવાથી સમગ્ર વિસ્તાર ખાલી થતો નથી. અલબત્ત, અછતનું સમયસર જ્યારે અમલીકરણ નથી થતું ત્યારે અહીંનો માલધારી પોતાના ઢોરઢાંખર સાથે લીલા વિસ્તારો તરફ સ્થળાંતર કરી જાય છે. જેમાં ઘણા પોતાના હસ્તકળામાં માહેર એવા પોતાના સ્ત્રી વર્ગને તેમજ માંદા કે અશકત પશુઓને ઘેર મૂકતા જાય છે. ફરી જ્યારે સારા વરસાદના વાવડ મળે ત્યારે સેંકડો કિ.મી.ના અંતરેથી પાછા ફરે છે. તેમની આ પરંપરા જગજાહેર છે. જો કે ભૂતકાળમાં એશિયાના આ શ્રેષ્ઠ ચારિયાણ પ્રદેશના નજીકના રણ વિસ્તારનાં બેટમાં ઘાસના સમૂહ જથ્થાને બફર સ્ટોક તરીકે રખાતો હતો પરંતુ અત્યારે સંજોગો ભિન્ન છે. ગાંડા બાવળે ઘાસિયા પ્રદેશનો સોથ વાળી નાંખ્યો છે. તેની ચર્ચા અને તેના ઉકેલ માટેના ઉપાયો બન્ની અંગેના અલગ લેખમાં મુ. શ્રી રામસિંહજી રાઠોડે કરી છે. એટલે અહીં કરતા નથી.

ઢેબરિયા-રબારી : આગવી સંસ્કૃતિ

ઘેટાં બકરાંને સંબંધ છે ત્યાં સુધી પશુપાલકો અબડાસા, લખપત તાલુકા અને વાગડ પંથકમાં પથરાયેલા છે. તેઓ મુખ્યત્વે ઢેબરીયા-રબારી કોમના છે. આગવી 'સંસ્કૃતિ' ધરાવતા રબારીઓની રહેણીકરણી અને જીવન બન્ની-પચ્છમના માલધારીઓથી ઘણી બધી રીતે ભિન્ન છે. તેઓ વધુ પ્રમાણમાં તો ઘેટાં-બકરાં ઉપર જ નભે છે. તેનું જીવન તો દુકાળ હોય કે સુકાળ ચોતરફ ભટકતા રહેવાનું જ છે.

કચ્છી રબારીઓ પોતાના ધણ, અને કુટુંબ કબીલા -ઘરવખરી સાથે લગભગ બારે મહિના ફરતા રહે છે. જુદા જુદા ગામના સીમાડાઓમાં કે વન વગડામાં પડાવ નાખીને થોડો સમય રહે અને ફરી તેમનું પરિભ્રમણ શરૂ. અરે આ ગરીબ, મહેનતુ, અભણ અને પછાત ઢેબરીયા કોમ તો ગુજરાત બહાર એકબાજુ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ, તો બીજી બાજુ મહારાષ્ટ્ર થઇને દક્ષિણ ભારત સુધી પોતાના પશુધન કાજે જાય છે. તેમને જે તે વિસ્તારના સ્થાનિક પશુપાલકો અને બીજાઓની કનડગતનો ભોગ પણ બનતા રહેવું પડે છે. પણ આ બધી ઘટમાળને તેમણે જીવનનો એક ભાગ જ બનાવી લીધો છે. આ રબારીઓ સરકાર પાસે ભાગ્યે જ સહાય કે રાહતની બૂમાબૂમ ભરી માગણી કરે છે.

કચ્છમાં બાકીનું પશુપાલન તો સમૃદ્ધ વાડી વિસ્તારમાં થાય છે. ખેતીનો મુખ્ય વ્યવસાય ધરાવતા ધરતી પુત્રો વિશેષતઃ પટેલ લોકો પોતાના ઉપયોગ પૂરતી ગાયો - ભેંસો રાખીને તેનું લાલનપાલન કરે છે. આમ એકંદરે જિલ્લાના નવે નવ તાલુકામાં આ વ્યવસાય મોખરાનું કે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

...છતાં શ્વેતક્રાંતિ નથી થઇ

આટલા બધાં પશુઓ હોવા છતાં કચ્છમાં ખેડા કે મહેસાણા જેવી 'શ્વેતક્રાંતિ' શકય નથી બની તેની પાછળ દૂરસુદૂર વેરવિખેર ઢબે પથરાયેલી પશુ અને પશુપાલકોની વસતી તેમજ વિશાળ વિસ્તાર એ મુખ્ય અવરોધક પરિબળો છે. ૪૫ હજાર ચો. કિ.મી. વિસ્તારમાં પશુધનનો પથારો હોવાથી આખા રાજ્યમાં સૌથી ઓછી 'ઘનતા' કચ્છમાં છે. આ તો ભૌગોલિક પરિબળ થયું. પણ સરકાર દ્વારા સતત સંનિષ્ઠ પ્રયાસોનો અભાવ, પશુપાલકોમાં જાગૃતિ, સહકાર અને સંગઠનનો અભાવ (તેમાંયે પણ અમુક અંશે વિશાળ વિસ્તારની સમસ્યા કારણભૂત ખરી) વિગેરે માનવીય પરિબળો પણ અસરકર્તા રહ્યા છે.

આ ઉપરાંત શ્વેતક્રાંતિને અવરોધતું બીજું પરિબળ માલધારીઓની મનોવૃત્તિ કે વલણ છે. બીજા જિલ્લાઓની માફક કચ્છના પશુપાલકોએ આ ક્ષેત્રે ધંધાકીય અભિગમ અપનાવ્યો જ નહતો. બન્નીના પશુપાલકો તો અગાઉ દૂધને માત્ર ઘરેલું વપરાશની વસ્તુ ગણતા હતા. પણ ડેરી સ્થપાયા પછી જ તેઓ હવે દૂધનું વિધિસર વેંચાણ કરતા થયા છે. તેના સાથે અંજાર, માંડવી જેવા ગ્રીનબેલ્ટ વિસ્તારના પશુપાલકો હવે પશુપાલનને ધંધાકીય રીતે સ્વીકારવા લાગ્યા છે.

પશુપાલન સદીઓ જૂનો વ્યવસાય હોવા છતાં આ છેવાડાના જિલ્લામાં છેક ૧૯૮૧માં ડેરી શરૂ થઇ ! ગુજરાત ડેરી વિકાસ દ્વારા ૧૪ વર્ષ પહેલાં સ્થપાયેલી આ ડેરીનું સંચાલન આણંદની અમુલ ડેરીના મોડેલ અનુસાર થાય છે. પ્રતિદિન ૬૦ હજાર લીટરની ક્ષમતા સાથે શરૂ થયેલી ડેરીએ અલબત્ત પ્રગતિ તો કરી છે પણ ખેડા જિલ્લાની જેમ ગામેગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ખોલીને દૂધ એકત્ર કરવામાં અને તેનું પ્રોસેસીંગ કરીને ગામો અને ખાસ તો ભુજ, ગાંધીધામ, માંડવી કે અંજાર



જેવા શહેરોમાં ઘરેઘર દૂધ પહોંચતું કરવામાં જોઇએ તેટલી સફળ નથી થઇ. એમાંય જોકે ભૌગોલિક વિષમતા કેટલેક અંશે જરૂર નડતી હશે. આ ડેરીનો દૂધની આવકનો મુખ્ય સ્રોત બન્ની-પચ્છમ વિસ્તાર છે. લખપત અને રાપર તાલુકા દૂર હોવાથી ત્યાંથી દૂધ એકત્રિત કરી લાવવા વચ્ચે ચીલીંગ સેન્ટરો સ્થપાયા જરૂર, પણ તે યોગ્ય કુનેહ કે સંચાલનના અભાવે અત્યાર સુધી મોટેભાગે બિનઉપયોગી જ બની રહ્યાં છે. નિષ્ણાતો, વિવેકાનંદ રિસર્ચ ઇન્સ્ટીટયુટે જેમ માંડવી વિસ્તારમાં આવું સેન્ટર સ્થાપ્યું છે તે રીતે તમામ તાલુકામાં નાની ડેરી કે ચીલીંગ સેન્ટર સ્થપાય તેવી હિમાયત શ્વેતક્રાંતિના હિતમાં કરી રહ્યાં છે.

-તો સ્વજન ગુમાવ્યાનું દુઃખ

આમ તો, કચ્છમાં પશુપાલનનો વ્યવસાય ભલે બીજે ક્રમે હોય પણ એકરીતે સરેરાશ કચ્છી પશુપ્રેમી છે. નાના નગરોમાં અને વાડી વિસ્તારોમાં આજે પણ એવા પરિવારો વસે છે જેને ત્યાં એકાદી ગાય કે ભેંસનું મરણ થાય તો સ્વજન ગુમાવ્યાનું દુઃખ તેઓ મહેસુસ કરે છે. જ્યારે વાછરડું જન્મે ત્યારે જાણે ઘરમાં બાળક અવતર્યું હોય તેટલી ખુશી અનુભવે છે. એટલું જ નહિં 'બળી' બનાવી અડોશ-પડોશમાં વહેંચે છે. હિન્દુઓએ ગાયને માતાનો દરજ્જો આપ્યો છે પણ કચ્છના મુસ્લિમો પણ ગાયને 'માતા'થી કમ નથી સમજતા. આવી ઉદાત ભાવનાઓને લીધે જ અનેક આપત્તિઓ વચ્ચે પણ પશુપાલનનો વ્યવસાય ટકી રહ્યો છે.

કચ્છના સંદર્ભમાં પશુપાલનની સાથે પાંજરાપોળ અને ગૌશાળાની ભૂમિકા પણ જબરદસ્ત રહી છે. દુકાળ જેવા કપરા કાળમાં અથવા સુકાળમાં માંદા, કૃશકાય, ઘરડાં કે વિકલાંગ ઢોરોને જિલ્લાભરમાં પથરાયેલી વિવિધ ૪૭ પાંજરાપોળ કે ગૌશાળાઓ જ ભલી થાય છે. જીવદયા કે સેવાના મંત્ર પર ચાલતી આવી પશુપ્રેમી સંસ્થાઓને કચ્છી દાતાઓની હૂંફ મળી રહે છે પણ અછતના કાળમાં આ સંસ્થાઓને આર્થિક સંકડામણ વચ્ચે ગુજરવું પડે છે.

આમ એક તરફ જિલ્લામાં પશુપાલન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળી રહ્યું છે ત્યારે બીજી તરફ કેટલાક કુદરતી કે માનવસર્જીત પરિબળો અવરોધરૂપ પણ બની રહ્યાં છે.

ઘાસચારો ખતમ થઇ રહ્યો છે

ઘાસચારાને લાગેવળગે છે ત્યાં સુધી ભુજ તાલુકાનો બન્ની વિસ્તાર ઘાસિયા પ્રદેશ તરીકે એશિયાભરમાં જાણીતો છે. અહીં સારી ગુણવત્તાના પૌષ્ટિક ઘાસનું વિપુલ ઉત્પાદન થાય છે. તેની સારસંભાળ માટે પશુ સંવર્ધન ખાતાં દ્વારા 'બન્ની વિકાસ યોજના' શરૂ કરાઇ છે. આ ઘાસીયા મેદાનનો અમુક હિસ્સો સરહદ નજીકના પ્રતિબંધિત વિસ્તારમાં આવી જતો હોવાથી અછતમાં તેને ખુલ્લો મૂકવા તંત્ર મૂંઝવણ અનુભવે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ગાંડા બાવળ, ક્ષારના આક્રમણની પ્રતિકૂળતાથી ઉત્પાદનમાં સતત ઘટાડો થતો રહ્યો છે. અલબત્ત અછતકાળના આગોતરા આયોજન રૂપે બન્નીના હોડકો, ધોરડો, ગોરેવાલી જેવા ગામોમાં, પાકા ગોદામો - ઘાસબેંક સ્થાપવા સરકાર પ્રયત્નશીલ છે. પણ તેનો વ્યવહાર રાષ્ટ્રીયકૃત બેંકો જેવો બની ન રહે તે જોવું પડશે.

બહારના વસૂકેલા ઢોરનું આક્રમણ

માલધારીઓની મોટી સમસ્યા બન્નીમાં ગેરકાયદે ઘૂસણખોરી કરતાં ગાય, ભેંસ, ઘેટાં, બકરાનાં ટોળાંઓ સામે છે, તેમાં ય સવિશેષ તો ગાય - ભેંસનો બન્નીમાં ચરાવવાનો ગેરકાયદે ધંધો ફુલ્યો ફાલ્યો છે. સ્થાનિક ઢોરોના મુખમાંથી આવાં બારાતુ પશુ ઘાસને ખૂંચવી જાય છે, મુંબઇમાં ભેંસના તબેલાંઓ છે, ત્યાં ચોપાં જ્યારે વસૂકી જાય ત્યારે તેનો નિભાવ કરવો મુંબઇમાં ઘણો જ ખર્ચાળ બની જાય છે, તબેલાવાળાઓ એજન્ટની મદદથી આવી ભેંસોને ટ્રકમાં ભરીને કચ્છમાં ધકેલી દે છે. આ દલાલો માલધારીને આવી ભેંસો ચારવા આપી દે છે. બદલામાં વળતર ચૂકવાય છે. દુકાળ આવે એટલે 'આયાતી વસૂકી ગયેલી ભેંસો માલધારીની ભેંસ તરીકે ઢોરવાડામાં પ્રવેશી જાય, વસતી ગણતરીમાં તે દાખલ થઇ જાય અને તેના પર તગાવી-લોન પણ મળી જાય, આટલું ઓછું હોય તેમ મહામૂલું ઘાસ પણ આ ભેંસો ચરી જાય છે, દોઢથી વધુ દાયકાથી આ 'કૌભાંડ' ચાલી રહ્યું છે.

આવું જ કંઇક ગાયોની બાબતમાં છે. મહેસાણા જેવા ગુજરાતના અન્ય સ્થળોએ ગામના ગૌચર ધીમે ધીમે ઘટી જતાં ત્યાંની ગાયો જ્યારે વસૂકે છે ત્યારે તેને પણ કચ્છમાં મોકલી અપાય છે. અહીં ભચાઉ તા.ના ખડીર, કંથકોટ અને અબડાસા તથા લખપત સુધી આવી ગાયો ચરવા આવે છે.

દુકાળોનો 'કાળમુખો' ભૂતકાળ

કચ્છના પશુપાલનનો ઇતિહાસ બે કાળમુખા દુકાળો 'છપ્પનિયો' અને 'છન્નુઓ'ના ઉલ્લેખ વગર અધૂરો જ કહેવાય. આમે ય અર્ધ અછત, અછત હોય કે અધમ દુકાળ. સૌથી વધુ સહન કરવાનું તો પશુઓના નસીબે જ લખાયેલું હોય છે. કચ્છના ગેઝેટીયરના પાને ઇ. સ. ૧૫૭૭માં પણ દુકાળ ચીતરાયેલો છે; આવા સંખ્યાબંધ અછત કે દુકાળની હારમાળા અઢારમી સદીના પૂર્વાધમાં પણ હતી. ૧૮૯૯ અને ૧૯૦૦માં છપ્પનિયો દુકાળ કચ્છના ઇતિહાસનો સૌથી ગોઝારો હતો. તેના ૪૦ વર્ષ પછી દેશની આઝાદી ટાણે ૧૯૪૧ થી ૧૯૫૦ દરમ્યાન છન્નુઓ દુકાળ પણ કચ્છની કેડ ભાંગી નાખવા માટે પૂરતો હતો. આવા દુકાળોમાં પશુધનનો સોથ વળી ગયો હતો.

વર્તમાન અને ઉજ્જવળ ભવિષ્ય

માલધારીઓના કહેવા પ્રમાણે બન્ની વિસ્તારમાં ચાર દાયકા પૂર્વે ૬૦ હજાર ગાય અને ૪૦ હજાર ભેંસો હતી, ઘોડા પર બેસીને માણસ જતો હોય તો તેનું માત્ર માથું જ દેખાય તેટલું ઘાસ ઊગતું હતું પણ આજે કૂતરૂં જતું હોય તો ય તે દેખાય તેટલું નાનું ઘાસ થઇ ગયું છે; આવાં કારણોને લીધે જિલ્લામાં પશુપાલન પર નભતા કુટુંબોની સંખ્યા વર્તમાનકાળમાં ઓછી થઇ ગઇ છે. આ તો બન્નીનો માત્ર દાખલો છે, પણ અનેક વિપરિત સંજોગો અને બીજા ક્ષેત્રોના વિકાસને કારણે બીજા નંબરનો આ વ્યવસાય 'ઘસારો' અનુભવી રહ્યો છે. જો કે પશુપાલનના ધંધાનું ભવિષ્ય ઘણું જ ઉજળું બતાવાઇ રહ્યું છે. શ્વેતક્રાંતિના ભિષ્મપિતામહ લેખાતા ડૉ. કુરિયને તો ડેરી ઉદ્યોગના વિકાસ માટે કચ્છને પહેલો નંબર આપ્યો છે. તેમના મતે કચ્છમાં આ ક્ષેત્રના વિકાસની પુષ્કળ ક્ષમતા છે.

વિવાદ-ઘેટાંની ઉપયોગીતાનો

ઘેટાંની વિશેષ સંખ્યા ધરાવતા આ કચ્છ જિલ્લામાં વાર તહેવારે દુકાળ વણનોતર્યા અને અનિચ્છનીય અતિથિની જેમ આવી ચડે છે ત્યારે પશુપાલનની દ્રષ્ટિએ તેનો સૌથી પહેલો ભોગ 'ઝીણો માલ' એટલે કે ઘેટાં બકરાં બને છે. ઓછી પ્રતિકારક શકિતને લીધે ઘેટાં જેવું 'મુલાયમ પશુ' તત્કાળ મરણને શરણ થાય છે. પણ બ્રિટીશના જમાનાથી અમલી બનતા રહેલા અછત મેન્યુઅલમાં ગાય-ભેંસની જેમ તેને હજુયે ઉપયોગી પ્રાણી ગણવામાં ન આવતાં તેના મૃત્યુ પછી વીમો, વળતર કે અન્ય સહાય મળતી નથી તેમ હયાતિમાં તેને સબસીડીની રાહત પણ નથી અપાતી. આમ આ પશુને સાચવવાની સઘળી જવાબદારી તેના પાલકના શિરે હોય છે, આમ આ ધંધો કુદરતી આફત વખતે ખોટનો બની રહે છે, અને પશુપાલકોને સીધી આર્થિક જફા પહોંચે છે.

આ માટે મેન્યુઅલમાં સુધારો થવો એકમાત્ર ઉપાય લેખાય છે. અહીં એ ઉલ્લેખવું જરૂરી બને છે કે, અબડાસા તાલુકાના સિંધોડી ગામના બુઝુર્ગ અગ્રણી અને પશુપાલન ક્ષેત્રના અચ્છા જ્ઞાતા વાલજીભાઇ ગઢવીએ અછત મેન્યુઅલમાં ઘેટાંને ઉપયોગી પશુ ગણવા છેક હાઇકોર્ટમાં કેસ માંડયો હતો. જો કે તે વખતે અદાલતે સૂચન સ્વીકાર્યું ખરૂં પણ સાથે સાથે ઉમેર્યું કે, જ્યાં સુધી મેન્યુઅલમાં સુધારા ન થાય ત્યાં સુધી કાંઇ થઇ શકે નહીં.

ઘેટાં બકરાંને ઉપયોગી પશુ ગણવાની માંગ આમ તો ૧૯૮૬-'૮૭ પછી વધુ બુલંદ બની છે તેનું મોટું કારણ એ છે કે, ૧૯૮૭માં દુકાળની પરિસ્થિતિમાં જ ૬૦ હજાર ઘેટાં એકી ઝાટકે મોતના મોંમાં હોમાયા હતા. આમ, આ ભૂતકાળની બિહામણી યાદથી ભયભીત પશુપાલકો પોતાના વ્યવસાયની સલામતી જુએ તે સ્વાભાવિક છે. □

■ વોરા સાતનો ડેલો, નાગર ચકલા, ભુજ ■ સંસ્કારનગર, ભુજ



કચ્છ એ ગુજરાતનો જ નહીં પણ સમગ્ર ભારતનો એવો વિશિષ્ટ પ્રાકૃતિક રચનાં ધરાવતો પ્રદેશ છે કે એને માત્ર એક જિલ્લા તરીકે ગણતરી કરીને વિકાસ સાધવાની કોઇ પણ પ્રક્રિયા આ પ્રદેશના વિકાસમાં અવરોધક બની રહેવા સંભવ છે. કચ્છ જિલ્લાનું કુલ્લ ક્ષેત્રફળ ૪૫૬૫૨ ચો. કિ. મી. છે. આ સૂકા પ્રદેશમાં ઉનાળાની ઋતુ વધારે ગરમ અને શિયાળાની ઋતુ વધારે ઠંડી રહે છે. પણ, ચોમાસુ એના ગુણધર્મો કચ્છમાં વિસરી જતું હોઇ ત્રણે ઋતુઓનું સમતોલપણું જળવાતું નથી.

કોઇ પણ પ્રદેશના સમતોલ વિકાસનો આધાર એની અર્થવ્યવસ્થા છે, અને કચ્છની અર્થવ્યવસ્થા ખેતી ઉપર આધારિત છે. અહીંની મોટા ભાગની ખેતી વરસાદના પાણીથી થતી 'રામમોલ' ખેતી છે. પણ, અહીં વરસાદ અનિયમિત તેમજ ઓછો છે. મોસમનો સરેરાશ વરસાદ ૩૪૦ મી. મી. જેટલો છે અને એના દિવસો માત્ર ૧૩થી ૧૫ છે. ખેતી જેના ઉપર અવલંબે છે એ ઋતુ જ અહીં રીસાયેલી રહેતી હોઇ, સુકાળ કચ્છ માટે સ્વપ્ન સમાન બની જાય છે. કુદરત તરફથી કચ્છને અવારનવાર મળતી દુકાળની અણગમતી ભેટને લીધે પાક ઉત્પાદનનો આંક ખૂબ જ નીચો રહે છે. જેના લીધે ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી ન કહી શકાય તેવી હોઇ કૃષિ આધારિત આ પ્રદેશના વિકાસમાં અનેક અવરોધો ઊભા થઇ પ્રગતિમાં બાધારૂપ બની રહે છે.

કચ્છનું ચિત્ર સાવ બદલાઇ ગયું છે

આજે જે કચ્છ દેખાય છે એ વરસો પહેલાં નહોતું એમ કહેવા કરતાં અગાઉના કચ્છને કુદરતની કારીગરીના કરિશ્માએ એવું પ્રાકૃતિક સ્વરૂપ આપી દીધું છે કે જેના લીધે કચ્છની આખી સિકલ જ બદલાઇ ગઇ છે એમ કહેવું વધારે યોગ્ય છે.

કચ્છમાં કાળક્રમે પ્રાકૃતિક સંરચનામાં થયેલા ક્રમિક ફેરફારોને લીધે નદીઓના વહેણ બદલાઇ ગયા છે, રણ પ્રદેશનું સર્જન થતાં આખા કચ્છનો અડધો અડધ ભાગ જરૂરી જૈવિક જથ્થાની માત્રાનો અભાવ ધરાવતો હોઇ બિનઉત્પાદક બની ગયો છે. વરસાદની અનિયમિતતાને લીધે મૂળ ખેતી પદ્ધતિ નામશેષ થઇ ગયેલ છે. જમીનના ધોવાણને લીધે તેમજ બાષ્પીભવનનું પ્રમાણ વધારે રહેવાથી અને ભૂગર્ભ જળ ઊંડા જવાથી ખારાશનું પ્રમાણ વધતાં અનેક પ્રશ્નો ઊભા થઇ પર્યાવરણની સમતુલા કથળવા પામી છે.

આજે કોઇને કહીએ તો માને નહીં કે વેરાન અને ઉજ્જડ લાગતો આજનો લખપત તાલુકો એક સમયે ડાંગરની ક્યારીઓથી લહેરાતો લીલો- હરિયાળો વિસ્તાર હતો. મીઠા પાણીમાં થતા બધા જ પાકો કચ્છમાં થતા હતા. મગફળી કચ્છમાં મબલખ પાકતી તેમજ કઠોળ અને બાજરાની મીઠાશને લીધે વાગડ પ્રદેશ વિખ્યાત હતો. બિદડા આસપાસનો વિસ્તાર આંબાવાડીયા માટે વખણાતો અને કચ્છની કેરીની માંગ ખૂબ જ રહેતી હતી. આજે આ બધું સ્વપ્ન સમાન લાગે છે. ઉપર દર્શાવેલા અનેક કારણોસર કચ્છની મહામૂલી ખેતીને ગંભીર ફટકો પડતાં જેનો ઘાવ આજે પણ રૂઝાયો નથી, અને જેની પીડા ખેડૂતો સહિત સમગ્ર કચ્છ ભોગવી રહ્યું છે.

ખેતી વપરાશમાં માત્ર ૧૪ ટકા જમીન

પ્રાકૃતિક સંરચનામાં ઉદ્દભવેલ આ અણધાર્યા ફેરફારોને લીધે સૌથી મોટી અસર ખેતીને થયેલ છે. કચ્છના અડધા વિસ્તારમાં રણ પથરાયેલું હોઇ વાવેતર યોગ્ય જમીન ૧૨,૬૪,૦૦૦ હેક્ટર છે. જેમાંથી ૩૮ ટકા જેટલી જમીન ક્ષારયુક્ત છે. પિયતની સુવિધા નહિવત છે. ૭૫૦૦૦ હેક્ટર જમીનમાં જ કૂવા, ટ્યુબવેલ અને કેનાલ દ્વારા પિયત થાય છે. ૩૭ ટકા ખરાબો છે અને ખેતી વપરાશમાં તો માત્ર ૧૪ ટકા જમીનનો જ ઉપયોગ થઇ શકે છે.

કચ્છની મોટા ભાગની જમીન રેતાળ છે. અમુક વિસ્તારોમાં કાળી જમીન પણ છે. જમીનની ભેજ સંગ્રહ શક્તિ ઘણી ઓછી છે. નદીઓમાં ચોમાસામાં પણ પાણી માત્ર બે કલાક જ રહે છે. એટલે બારમાસી એક પણ નદી નથી. મોટા ભાગના પાકો ખરીફ ઋતુમાં જ લેવામાં આવે છે. ૯૦થી ૯૩ ટકા જમીનમાં સૂકી ખેતી થતી હોઇ ખેડૂતો સ્થિરતા પ્રાપ્ત કરી શકતા નથી.

આ પરિસ્થિતિને પરિણામે ખેતી ઉપરનો લોકોનો વિશ્વાસ ઊઠી જતાં જીવન



સૂકી ખેતી પર નભતો કચ્છનો ખેડૂત આજેય બળદ, ઊંટ અને ગધેડાને જોતરીને ખેતી કરે છે.

નિર્વાહના વિકલ્પ માટે કચ્છમાંથી સ્થળાંતર વધતું ગયું છે અને ગામડાઓ ખાલી થતાં ગયા છે. કચ્છમાં હાલે માનવ વસતી કરતાં પશુઓનું પ્રમાણ વધારે છે. ૧૯૯૨ પ્રમાણે કચ્છની વસતી ૧૨.૬ લાખ જેટલી છે. જ્યારે પશુધનની સંખ્યા ૧૪ લાખ છે. કુલ્લ વસતીના ૭૫ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે. પુરૂષો અને સ્ત્રીઓનું પ્રમાણ લગભગ સરખું છે. વિશાળ ક્ષેત્રફળની દ્રષ્ટિએ અહીં વસતીની ઘનતા ઘણી નીચી છે. એટલે કે એક ચોરસ કિલોમીટરે માત્ર ૨૭ માણસો પ્રમાણે છે.

કચ્છમાં કુલ્લ ગામ ૮૯૨ છે અને ખેડૂતોની સંખ્યા ૧,૦૯,૪૪૩ છે. નાના અને સીમાન્ત ખેડૂતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. સ્થાનિકે રહેતા લોકો કેટલીક મજબૂરીઓને લીધે ખેતી ઉપર પૂરતું ધ્યાન આપી શકતા નથી. દિવસો દિવસ અહીં પાણીની સમસ્યા સર્જાતી જાય છે અને જમીન તેમજ પાણીમાં ખારાશનું પ્રમાણ વધતું જાય છે. જમીન ઘણી છે પણ એના માલિકો બહાર ચાલ્યા જતા ખેતીલાયક જમીન પડતર પડી રહે છે.

વિશ્વમાં ખેતી માટેની આધુનિક ટેકનોલોજીનો વિકાસ વધતો જાય છે. પણ, એ ટેકનોલોજી ખૂબ જ મોંઘી અને ખર્ચાળ હોઇ કચ્છમાં એનો અમલ થઇ શકતો નથી. ઇઝરાયેલમાં વિકસેલ ગ્રીન હાઉસ ફાર્મ કચ્છમાં પણ વિકસી શકે તેમ છે. પણ નબળી આર્થિક પરિસ્થિતિને લીધે આજે એક પણ ગ્રીન હાઉસ કચ્છમાં નથી.

આ બધી વિપરીત પરિસ્થિતિને લીધે આજે પણ લોકો ખેતીથી વિમુખ થતા જોવા મળે છે. સર્જાયેલા સંજોગોએ ખેતી અને ખેડૂતોની નિરાશામાં વધારો કર્યો છે. બીજો વિકલ્પ ન હોઇ ખેતીને વળગી રહેનાર વર્ગ વર્ષોવર્ષ દેવાના ડુંગર તળે દટાતો જાય છે અને આમ સરેરાશ ખેડૂતો દેવાદાર બનતા જતા હોઇ ખેતીની ઉપજમાંથી જીવન નિર્વાહ ચલાવવો પણ અઘરો પડી જાય છે. ખેતીથી વિમુખ થયેલા લોકો કચ્છ છોડી જાય છે તો કચ્છની વસતીમાં ઘટાડો નોંધાય છે અને સ્થાનિકે રહે છે તો એ મજૂરી તરફ વળતા હોઇ બેરોજગારીના પ્રમાણમાં સતત વધારો થતો જાય છે. આમ કચ્છ માટે ખેતીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઇ છે.

બદલાયેલી પરિસ્થિતિ અને સર્જાયેલા સંજોગોને લીધે છેલ્લા બે વર્ષમાં જ પાક

કચ્છમાં ખેતી સામે અસ્તિત્વનો સવાલ

□ ડૉ. એમ. વી. કંઝારીયા □ માણેકલાલ પટેલ

પદ્ધતિ અને વાવેતર વિસ્તારમાં ઘણો ફેરફાર નોંધાયેલ છે, જે નીચેની માહિતીને આધારે ખ્યાલ આવી શકશે.

પાકની વિગત	વાવેતર વિસ્તાર હેકટરમાં	
	૧૯૯૨-૯૩	૧૯૯૩-૯૪
ઘઉં	૧૧,૪૮૫	૧૦,૫૦૭
બાજરી	૧,૧૬,૩૭૯	૮૬,૮૨૭
કઠોળ	૧,૧૧,૮૮૪	૭૧,૧૯૮
શેરડી	૪૦૩	૧૬૧
ફળફળાદી	૩,૭૩૧	૩,૯૪૭
કપાસ	૫૫,૨૮૮	૨૮,૮૪૮
મગફળી	૮૬,૬૯૨	૬૩,૦૭૪
તલ	૧૮,૬૨૯	૧૧,૨૭૦
રાઈ	૫,૩૦૧	૫,૫૮૪
એરંડા	૩૨,૧૭૦	૨૫,૬૭૦
ઈસબગુલ	૯,૭૭૬	૩,૧૩૦
મિંઢીયાવળ	૧,૭૬૮	૨,૦૮૯
ઘાસચારો	૨,૪૩,૦૦૭	૧,૬૭,૧૬૫
કુલ પાકો	૭,૧૨,૦૨૮	૪,૯૦,૧૭૨
એક કરતાં વધુ વખત	૫૫,૦૯૨	૨૮,૪૬૧

ઉપરની વિગતો કચ્છની ખેતીની નિરાશાજનક પરિસ્થિતિ દર્શાવે છે. મુખ્ય પાકો જેવા કે, બાજરી, કઠોળ, કપાસ, મગફળી, તલ, એરંડા, ઈસબગુલ અને ઘાસચારાના વાવેતરમાં ઘટાડો નોંધાયેલ છે. એક કરતાં વધુ વખત કરવામાં આવતા પાકોનું વાવેતર પણ ઘટવા પામ્યું છે. આ પાક વાવેતર ઘટવાના મુખ્ય કારણો માટે વરસાદની અનિયમિતતા, ભૂગર્ભ જળની સર્જાયેલી અછત, વધતી જતી ખારાશનું પ્રમાણ અને પરિણામે ખેતીમાંથી વિમુખ થતાં જતા ખેડૂતોની સંખ્યાને જવાબદાર ગણી શકાય.

જો આ પરિસ્થિતિ હજુ પણ પાંચ-દસ વરસ ચાલુ રહે તો કચ્છની ખેતી ઉપર મોટું જોખમ ઊભું થઇ શકે તેમ છે. અર્થવ્યવસ્થાના આધાર સમી ખેતી જો ખોટવાઇ જાય તો કચ્છનો વિકાસ કોઇ કાળે થઇ શકે નહીં એ સમજી શકાય તેવી હકીકત છે.


વિકાસને અવરોધતા પરિબળોનો મુકાબલો કરવા કચ્છના લોકોએ કમર કસ્યા સિવાય છુટકો નથી. આ માટે શું થઇ શકે તેમ છે એ વિશે મનોમંથન થયું છે અને એ દિશામાં વ્યક્તિગત લોકોએ, સ્વૈચ્છિક સંસ્થાઓએ અને સરકારે જાગૃતિ કેળવવી શરૂ કરી છે એ આવકારદાયક છે.

સમસ્યાનો ઉકેલ જળ સંરક્ષણના ઉપાયોમાં છે

કુદરત જે વરસાદ દ્વારા પાણી આપે છે એનો કોઇ પણ ભોગે બચાવ થવો જોઇએ. પાણીના સક્ષમ ઉપયોગ માટે લોકોમાં જાગૃતિ કેળવાય એ માટેના પૂરતા પ્રયત્નો શરૂ થવા જોઇએ. ચેકડેમો અને ખેત તલાવડીઓ દ્વારા વરસાદના પાણીનો વધુમાં વધુ સંગ્રહ થાય એ માટે આયોજન થવું જોઇએ. કૂવા રિચાર્જ દ્વારા ભૂગર્ભના ઘટતા જતા જળને જાળવવા કચ્છના ગામેગામ ઝુંબેશ શરૂ થવી જોઇએ. વૃક્ષોના વધુને વધુ વાવેતર દ્વારા વરસાદની શકયતાઓ વધારવી જોઇએ અને પ્રકૃતિના ઉપલબ્ધ પરિબળોનો વધુમાં વધુ ઉપયોગ કરી કચ્છના સમતોલ વિકાસ માટેનું આયોજન હાથ ધરવું જોઇએ.

સિંચાઇ માટે ટપક પદ્ધતિ (ડ્રીપ ઇરીગેશન) અને ફુવારા પદ્ધતિ દ્વારા પિયતની એવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ કે જેથી ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ થઇ શકે. સૂરજમુખી, રાયડો, કસુંબી અને મિંઢીયાવળ જેવા ટૂંકાગાળાના અને ખારાશ સહન કરી શકે તેવા પાકોનું વાવેતર વધારવું જોઇએ.

કૃષિ નિષ્ણાતોના માર્ગદર્શન મુજબ સિમારોબા, જોજોબા જેવા બિન પરંપરાગત પાકોનું વાવેતર વિકસે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ.



ભૂગર્ભ પાણીની નીચેને નીચે જતી સપાટી ખેડૂતો માટે ચિંતાનો વિષય છે. વારંવાર કૂવા ઊંડા ઊતારવા પડે કે બોર કરાવવો પડે ત્યારે મજૂરો સાથે મળીને પોકારે છે 'રામ ભાલો લાગે, પાતાળ પાણી જાગે...' તસવીર-ફકીરમામદ ચાકી.

કચ્છમાંથી બહાર ગયેલ લોકો સમયનો સાદ સાંભળી પાછા કચ્છમાં સ્થાયી થવાનું વિચારી રહ્યા છે. આ પુનઃ સ્થળાંતરની પ્રક્રિયા છેલ્લા કેટલાક સમયથી શરૂ થઇ ચૂકી છે. જેમની પાસે ખેતીની જમીન નથી એ લોકો પણ જમીન ખરીદી ખેતી તરફ આકર્ષાઇ રહ્યા છે, ત્યારે કચ્છના વિકાસની પ્રક્રિયામાં વેગ આવે એ માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કચ્છમાં શરૂ થાય એવા સંજોગોની શરૂઆત ઉજળા ભવિષ્યની આશા આપે છે.

માંડવી સ્થિત વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુટ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ ખેતીમાં આવતી જતી નિરાશાને રોકવા સમયસૂચકતા વાપરી નવા સંશોધનો હાથ ધરી લોકોના પથદર્શક બનવાની દિશામાં એમના કુશળ કાર્યકરો દ્વારા કાર્યવાહીની શરૂઆત કરી છે, જે કચ્છના ખેડૂતો માટે આશાસ્પદ પરિણામો લાવી શકે તેમ છે.

ખેતીની વ્યાખ્યા જ બદલવી પડશે

નિરાશાજનક પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે હવે ખેતીની વ્યાખ્યા પણ બદલવાની જરૂર છે. ખેતી એટલે માત્ર બાજરો, કઠોળ, કપાસ કે મગફળીનું વાવેતર નહીં પણ ઈસબગુલ, જીરૂં, પીલુ, લીમડો, પારસ પીપળો અને આમળાનું વાવેતર પણ વધારવું જોઇએ. ખેતી એક બોજ બની ન રહેતાં આર્થિક ઉપાર્જનનું મહત્ત્વનું સાધન બની રહે એ માટે એને હવે ઉદ્યોગ તરીકે વિકસાવવાનો સમય આવી પહોંચ્યો છે.

કચ્છમાં બાગાયત પાકોનું વાવેતર માત્ર ૧૦૦૦૦ હેકટરમાં જ છે. જેમાં ખારેક ૮૦૦૦ હેકટર, આંબા ૧૦૦૦ હેકટર અને અન્ય બાગાયતી પાકો જેવા કે, કેળા, નાળીયેર, નારંગી, ચીકુ, બોર, પપૈયા અને દાડમ ૧૦૦૦ હેકટર જેટલા વિસ્તારમાં વવાયેલ છે. કચ્છમાં ખારેકનું નિયમિત પ્લાન્ટેશન થયેલું નથી. મોટા ભાગે બોર્ડર પ્લાન્ટેશનથી શેઢા ઉપર જ ખારેક વાવવામાં આવે છે. લોકોએ હવે અભિગમ બદલાવીને લાંબા ગાળાના બાગાયતી પાકો તરફ વળવાની જરૂર છે. ખારેક, દાડમ, બોર, સીતાફળ અને ચીકુનું પ્લાન્ટેશન વધારવું જોઇએ. જ્યાં પાણી મીઠા હોય ત્યાં આંબા અને કેળાનું વાવેતર કરી કેળા જેવા પાકમાં ડ્રીપ દ્વારા પિયત કરવું જોઇએ.

સંશોધિત થતી નવી ખેતી પદ્ધતિઓનો વિવેકબુદ્ધિથી ઉપયોગ કરવામાં આવે તો ખેતીમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે. ડ્રીપ મારફતે ખાતર આપવાથી- ફર્ટીગેશન દ્વારા ઓછા ખાતરનો વધુમાં વધુ લાભ મેળવી શકાય છે. ખારેક જેવા બાગાયતી પાકોમાં થીનીંગ (પારવવું) કરવું જોઇએ તેમજ ચોમાસામાં હાથાઓને પ્લાસ્ટીકથી ઢાંકી દેવા જોઇએ. વી. આર. ટી. આઇ.એ આ માટેના પ્રયોગો આદરેલ છે જેના

સારાં પરિણામો મળવાની આશા છે.

સહકારી મંડળીઓનું વ્યવસ્થિત માળખું જરૂરી

ખેડૂતો ધરતીમાં બીજની વાવણી કરે ત્યાંથી માંડીને ઉત્પાદિત થતા પાકના વેચાણ માટેની સુસંગત વ્યવસ્થા ગોઠવાવી જોઇએ કે જેથી ખેતી મોંઘી ન બને અને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે. આ માટે કચ્છમાં સહકારી મંડળીઓનું માળખું વ્યવસ્થિત થાય અને એનો વ્યાપ વધે એ જરૂરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ વાવણીથી બજાર સુધીના ખેડૂતોના માર્ગમાં સહયોગી થવા આગળ આવવું જોઇએ. આ માટે વી. આર. ટી. આઇ. અને એગ્રોસેલ જેવી સંસ્થાઓ રાહ ચીંધી શકે તેમ છે.

ખેતી એ માત્ર વેઠ ન બની રહે એ માટે એના ઉત્પાદનમાંથી ખેતી કરનાર વર્ગને મહત્તમ લાભ મળી રહે એ જોવું જરૂરી છે. આ માટે પાકોનું પ્રોસેસીંગ સ્થાનિકે જ થાય તો એનો સીધો લાભ ખેડૂતોને મળી શકે. બાગાયતી પાકોના ઉત્પાદનમાંથી સૂપ, સરબત, જામ અને જેલી, સૂકા પાવડર જેવી બનાવટો ઘરઆંગણે જ બને તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

કોચીનની એક ખાનગી કંપનીના સહયોગથી રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી મુન્દ્રા તેમજ વી. આર. ટી. આઇ. માંડવી તરફથી ખારેકના ટીસ્યુ કલ્ચર માટે ગ્રીન હાઉસ ઊભું કરવાનું આયોજન હાથ ધરાઇ રહ્યું છે. કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે પણ આ સંસ્થાઓ વિચારી રહી છે. આપણી ખારેકની સારામાં સારી જાતમાંથી ટીસ્યુ કલ્ચર દ્વારા રોપાઓ ઉછેરી ખેડૂતોને વાજબી ભાવે મળી રહે તેમજ કચ્છમાં ઉત્પાદિત થતા ખારેકના પાકને જરૂરી ભાવો મળી રહે એ માટે સંગ્રહી શકાય એ હેતુથી 'ગ્રીન હાઉસ' અને 'કોલ્ડ સ્ટોરેજ'નું આયોજન ભવિષ્યમાં કચ્છના ખેડૂતોને આ દિશામાં પ્રગતિ કરવા માટે પ્રેરણારૂપ બની શકે તેમ છે.

કપાસ, ઘઉં અને સૂરજમુખીના પાકોમાં વધારે પડતું પિયત અને ખાતર આપવામાં આવે છે. કોઇ પણ વસ્તુનો અતિરેક હંમેશાં નુકસાનકારક હોય છે. આથી દવાઓ અને ખાતરોનો બહોળો ઉપયોગ ન થાય એ જોવું જોઇએ અને જ્યાં જમીનનું પોત સાવ બગડી ગયું હોય ત્યાં એની જીવંતતા ટકાવવા જરૂર લાગે તો ઉતાવળ કર્યા સિવાય સજીવ ખેતીના પ્રયોગો ખૂબ જ સાવચેતીથી કરવા જોઇએ કે જેથી પાક ઉત્પાદનમાં અણધારી ઓટ આવે નહીં. સ્ટ્રોબેરી, દ્રાક્ષ, કાજુ અને જોજોબા જેવા પાકોમાં અખતરાઓ કરીને પછી જ આગળ વધવું હિતાવહ છે. આ માટે નિષ્ણાતોની સલાહ લેવી જોઇએ.


સમયાનુસાર ખેતી પદ્ધતિ અને પાકોમાં ફેરફાર કરી વધુ ઉત્પાદન આપતી જાતો અપનાવવી જોઇએ. ઘઉં જેવા પાકોમાં આવક કરતાં ખર્ચ વધતું હોઇ વિવેકબુદ્ધિથી પાકની ફેરબદલી કરવી જોઇએ. માત્ર જૂની વસ્તુને વળગી રહેવાથી ખેતીમાં નુકસાન જતું હોઇ જરૂર લાગે ત્યાં ખેડૂતોએ પાકની રીત, બીજ, દવા અને ખાતર આપવાની પ્રક્રિયામાં ફેરફાર કરવા તૈયારી રાખવી જરૂરી છે કે જેથી ખેતીમાં આવનાર મુસીબતોનો સામનો સહેલાઇથી થઇ શકે.

ખેતી માટે બીજ બિયારણ તૈયાર કરવાથી લઇને ગળતીયું ખાતર બનાવવામાં, ગાયો- ભેંસો કે બળદની જાળવણીમાં પુરૂષો કરતા સ્ત્રીઓનું યોગદાન વધારે રહેલું છે. ખેતીનો પાયો ગમાણ ગણાય છે અને આ ગમાણશાસ્ત્રની નિષ્ણાત સ્ત્રીઓ જ છે. સ્ત્રીઓ વિનાની ખેતીની કલ્પના કરવી સહેજ અઘરી છે. પુરૂષો સાથે સ્ત્રીઓને પણ ખેતીના વિવિધ પાસાંઓ માટે તાલીમ આપવી જરૂરી છે. ખેતી વ્યવસાયમાં મદદરૂપ થતી સ્ત્રીઓને કેનીંગ એન્ડ પ્રીઝર્વેશન- અથાણા વ્યવસાયની, પશુઓની જાળવણી માટેની, દૂધની બનાવટો માટેની અને આરોગ્ય વિષયક તાલીમ અને માર્ગદર્શન આપીને ખેતીની આવકમાં વધારો મેળવી શકાય તેમ છે. આ માટે કચ્છમાં મુન્દ્રા મુકામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કાર્યરત છે જે આવા તાલીમ કાર્યક્રમો ગોઠવી આધુનિક ખેતી પદ્ધતિનું પ્રત્યક્ષ જ્ઞાન આપે છે.

કચ્છનો ખેડૂત હવે સમયને અનુકૂળ થવાની મથામણમાં મીંદીયાવડની ખેતીયે કરવા લાગ્યો છે.



કચ્છ એક જમાનામાં પશુપાલન માટે પ્રખ્યાત પ્રદેશ હતો. પણ નદીઓ ઉપર બંધ બંધાતા, બહારથી પશુઓ ચરવા માટે આવતા અને સ્થાનિક લોકોની ઢોર ચરાવવાની બેકાળજીને લીધે બન્નીમાં ઘાસ ઓછું થતું ગયું છે. તેમજ ગાંડો બાવળ વધતો ગયો. પરિણામે હવે પશુઓનું સ્થળાંતર થતાં દૂધ ઉત્પાદન ઉપર એની ગંભીર અસર ઊભી થઇ છે.



ખેતપેદાશોના ઢગલા જોવા કોને ન ગમે ?

પશુપાલન એ ખેતી સાથે જોડાયેલો વ્યવસાય છે. ઘાસચારો જ્યારે સારો પાકયો હોય ત્યારે ખેડૂતોએ વ્યક્તિગત કે સામૂહિક રીતે ફોડર બેન્ક- કાલરો તૈયાર કરી ઘાસનો સંગ્રહ કરવો જરૂરી છે કે જેથી અછતના સમયમાં ઘાસના અભાવે પશુઓનું સ્થળાંતર કરવું ન પડે. પાંજરાપોળોમાં દાખલ થતાં ઢોરો માટે પશુ સુધારણા કાર્યક્રમ અમલી બનાવવામાં આવે તો કચ્છની તમામ પાંજરાપોળો પશુ સુધારણા કેન્દ્રો બની શકે તેમ છે. પાંજરાપોળોના પૈસા આ કાર્યક્રમ પાછળ વાપરવામાં આવે તો પશુઓની ઓલાદ સુધરી શકે, ખાતર અને દૂધના પ્રશ્નો હલ થઇ શકે.

દરેક ખેડૂતો ગાય કે ભેંસો રાખે અને ગોબર ગેસ બનાવે તો ઘરઆંગણે જ ખાતર મેળવી શકે, બળતણનો પ્રશ્ન હલ થઇ શકે અને ચોખ્ખું દૂધ- ઘી મળતાં એમાંથી વધારાની આવક પણ મેળવી શકે.

જે જમીનના માલિકો કચ્છ બહાર વસે છે અને સુખી છે એ એમની પડતર જમીનમાં ટ્યુબવેલો બનાવી પ્લાન્ટેશન કરવાનું વિચારે તો બિન ખેડાઉ જમીન ખેતીલાયક બની શકે તેમ છે. સાથે સાથે ગાયોના ઉછેરની કામગીરી પણ કરવામાં આવે તો દૂધ અને ખાતરના પ્રશ્નો પણ હલ થઇ શકે અને આ કામ મજૂરો દ્વારા થતાં કચ્છના ખેત મજૂરોને પણ પૂરતો ધંધો મળી શકે.

ખેતી વિકાસ માટે સરકારની પડતર ભૂમિ વિકાસ યોજનાનો પણ લાભ લઇ શકાય તેમ છે.

પરદેશી બાવળ કચ્છ માટે ફાયદાકારક છે કે નુકસાનકારક એ વિવાદનો પ્રશ્ન છે. પણ, આપણે ભલે બાવળ વાવવાની ભલામણ ન કરીએ તોયે અને બાવળ કદાચ એના કાંટાને લીધે પક્ષીઓને નુકસાન કર્યું હશે એમ માનીએ તો પણ ઊગી નીકળેલા બાવળના ફાયદાને અવગણી શકીએ તેમ નથી.

આજે કચ્છના ગામડાઓમાં ગેસની સુવિધા નથી. લોકોના બળતણનો મોટો પ્રશ્ન આ બાવળે જ હલ કરેલો છે. કોલસાને લીધે બાવળ ગામડાની ગૃહિણીઓ માટે આશીર્વાદરૂપ બને છે. બાવળ ન હોત તો કચ્છના ગામડાઓમાં બળતણ માટે બીજો કયો વિકલ્પ હોઇ શકે એ જ્યારે આપણે વિચારીએ ત્યારે નકામા એ બાવળની પણ કિંમત સમજાય છે. આજે ગુજરાતની કોલસાની ૬૦ ટકા જરૂરિયાત કચ્છ પૂરી પાડે છે એ ઉપરથી સમજી શકાય તેમ છે કે બાવળ ઉપર કચ્છમાં કેટલા લોકો નભતા હશે ? ઉપરાંત બાવળમાંથી મધ અને ગુંદર મળે છે. બાવળફળી મળે છે જેમાંથી ખાણદાણ

(અનુ. પા.૧૭૦)

કચ્છની કરોડરજ્જુ સમો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ



□ નવીન વ્યાસ □ જગદીશ પંડયા

ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ કચ્છની કરોડરજ્જુ સમાન બન્યો છે. પાનધ્રો ખાણ અને કંડલા બંદર ઉપર મળીને ૧૫ હજાર ટ્રક, ટેન્કર અને ટ્રેલરો રાત-દિવસ ધંધો કરે છે. પોણો લાખ લોકો સીધી રીતે અને સવા લાખ આનુસંગિક વ્યવસાયોમાં આ ઉદ્યોગ પર જ નભે છે.

કચ્છમાં ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ ખાનગી રોકાણવાળો આ વ્યવસાય, દેશભરમાં એક નવા કીર્તિમાન તરફ આગળ વધી રહ્યો છે, કોઈપણ મોટા ઉદ્યોગમાં આટલા રોકાણ પછી ભાગ્યે જ પાંચ હજાર રોજગારીની તક ઉપલબ્ધ બની શકે છે, ખાનગી ક્ષેત્રનું આ રોકાણ કચ્છના વિકાસ માટે મહત્ત્વનું પુરવાર થયું છે. એક ટ્રક મહિને-દહાડે પચાસ હજાર રૂપિયાનું ઓછામાં ઓછું ટર્નઓવર કરે છે, એ હિસાબે મહિને ૭૫ કરોડ રૂપિયાનો ધંધો આ ટ્રક-ટ્રાન્સપોર્ટ દ્વારા થાય છે.

ખેડૂતો પણ ટ્રાન્સપોર્ટ તરફ વળ્યા છે

અશિક્ષિતોનો મોટો વર્ગ અત્યારે ડ્રાઈવર-ક્લીનર, મિકેનીક કે એ સાથે સંબંધિત ધંધામાં જોડાઈ ગયો છે, સૂકી ખેતી ધરાવતા ખેડૂતો ટ્રાન્સપોર્ટ તરફ વળ્યા છે. ગામડાના શ્રમજીવીઓ શરૂમાં કલીનર તરીકે મજૂરી કરીને ટ્રક ડ્રાઈવર બની ગયા છે. હજારો બેકાર યુવાનો આ વ્યવસાયમાં જોડાઈ ગયા છે. કચ્છ માટે ખનિજ સમૃદ્ધિ લક્ષ્મીરૂપે પ્રગટ થયાં છે, આ સાથે ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથેના દૂષણો પણ કચ્છમાં પાછલા બારણેથી દાખલ થઈ ગયા છે.

ટ્રકમાલિકોનો મુખ્ય આધાર ડ્રાઈવર છે, અને આ વર્ગ શારીરિક શ્રમમાં રાહત મેળવવા મનોરંજન શોધે છે, જેમાં ધોરીમાર્ગો પરના ચોક્કસ સ્થળોએ શરાબ અને વેશ્યાગીરીના વ્યવસાયનું ગંભીર દૂષણ પ્રવેશ્યું છે, આ સાથે કચ્છ જિલ્લામાં એઈડસ નામના જીવલેણ રોગનો ખતરો તોળાવા લાગ્યો છે. ધોરીમાર્ગો પર બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલી હોટલો પૈકી મોટાભાગની હોટેલોમાં ખાનપાનની ગુણવત્તા જળવાતી નથી, જેના કારણે ડ્રાઈવરો-ક્લીનરોના આરોગ્યને વહેલું-મોડું નુકસાન પહોંચે છે. સશક્ત ડ્રાઈવરો પણ દશેક વર્ષ સખત મહેનત મજૂરી કરતાં માંદગીમાં જો એકવાર પટકાઈ પડે છે તો તેમના માટે ફરી જૂનું જોમ મેળવવાનું અશક્ય નહિ તોયે મુશ્કેલ તો બની જ જાય છે.


રાજ્યના છેવાડે આવેલા સરહદી અને કાયમ અછતનો સામનો કરતા જિલ્લામાં ખાનગી ક્ષેત્ર દ્વારા બે લાખ લોકો રોજગારી રળતા હોય એ ઘટનાએ કચ્છને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ક્ષેત્રે દેશભરમાં અગ્રીમ હરોળમાં મૂકી દીધો છે.

સિત્તેરના દાયકામાં કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે દસ વર્ષ પછી કચ્છનો મુખ્ય વ્યવસાય ખેતીવાડીનો વિકલ્પ ટ્રક-ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ બની રહેશે !

લિગ્નાઈટ ખાણ અને કંડલા મહાબંદર ઉપર અત્યારે ૧૫ હજાર ટ્રકો રોકાયેલી છે તે પૈકી આઠ હજાર ટ્રકો અને પ્રવાહી તેલના વહન માટે ટેન્કર તથા તોતિંગ ટ્રેલરની સંખ્યા સાત હજાર થવા જાય છે.

૧૯૭૪થી કોલસાની નિકાસ થવા માંડી

લિગ્નાઈટના થર મળી આવ્યા પછી ઘણા વર્ષો એમ જ પસાર થઈ ગયા હતા. સિત્તેરના દસકાના ચાર વર્ષ પછી એટલે કે સને ૧૯૭૪થી આ કચ્છનો કોલસો, ગુજરાત સૌરાષ્ટ્રની ધરતી સુધી વિસ્તરવા લાગ્યો હતો. કોઈ પ્રમાણિક અધિકારી વર્ગે અંગત રસ લઈને ''આ કોલસો, ઊર્જા માટે વિકલ્પ પૂરો પાડી શકે એવો છે,'' એ ધ્રુવ



રતનાલ ગામ અને ત્યાં ઊભેલી ટ્રકો

વાક્ય સાથે રાખીને માર્કેટીંગ શરૂ કર્યું હતું, અને કોલસા વહનમાં ખાણ-ખનિજ ખાતાની પોતાની ટ્રકો ઉપરાંત કચ્છના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના ભીષ્મપિતામહ સમા બાબુભાઈ જયરામ ગણાત્રાએ લોડીંગ-અનલોડીંગનું કામ ઉપાડી લીધું હતું.

સને ૧૯૭૩માં રાજ્ય સરકારે જી.એમ.ડી.સી.ને પાનધ્રો ખાણ માટે લીઝ આપી ત્યારબાદ એક જ વર્ષમાં, લિગ્નાઈટ માટે વપરાશકાર શોધી કાઢવાની વિક્રમી કામગીરી પણ કચ્છની ધરતી પરથી કરાઈ હતી.


કચ્છનો ''મંઢો મીં'' (અનિયમિત વરસાદ) ખેતી માટે ભરોસાપાત્ર નથી. આધોઈથી અબડાસાના વિંઝાણ ગામની ઉત્તરે ચાર કિ.મી. દૂર ૨૦૦ માઈલ લંબાઈનો ભૂગર્ભ જળસ્રોત પણ ખૂટવા આવ્યો. મગફળી જેવા રોકડીયા પાકોએ, કચ્છના ભૂગર્ભ જળનું નિકંદન કાઢી નાખ્યા પછી અવૈજ્ઞાનિક દ્રષ્ટિએ જે ખેતી કરાતી હતી, તેની શકયતા ઝાંખી પડતાં સેંકડો ખેડૂતો, પાલનપુર (ઉત્તર ગુજ.) અને સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તરફ ઉચાળા ભરવા લાગ્યા હતા, સેંકડો પરિવારો ત્યાં વસી પણ ગયાં. તેવા અણીના ખરા ટાંકણે, કચ્છની ધરતીના પેટાળમાંથી કાળું સોનું બહાર આવવા લાગતાં, જિલ્લાનો ખેતી ઉપર નિર્ભર એક મોટો વર્ગ ટ્રાન્સપોર્ટના ધંધા તરફ વળવા લાગ્યો હતો.

સને ૧૯૭૪થી સાવ નાના પાયે લિગ્નાઈટ વેચાણની શરૂઆત કરાઈ હતી. જી.એમ.ડી.સી. તેના ડમ્પર ભરીને મોરબી, અમદાવાદ તરફ ભઠ્ઠાવાળા પાસે જઈને ''આ કોલસો વાપરી જુઓ'' કહીને માલ આપી આવતી હતી. કોલસાની ટ્રક ખાલી કરવા માટે મજૂરો સાથે રાખવા પડતા હતા.

૧૯૮૦ના દાયકામાં હરણફાળ

અને છ વર્ષમાં એવું કુશળ માર્કેટીંગ કરાયું કે, સને ૧૯૮૦ સુધીમાં તો પાનધ્રો ખાણથી સૌરાષ્ટ્ર-ગુજરાતના શહેરો સુધી ટ્રકોની વણઝાર શરૂ થઈ ગઈ હતી.

ખાનગી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે આ દશકાનો પૂર્વાધ સુવર્ણકાળ સમાન બની ગયો



રોડ પરનાં મોટેલ જેવાં રેસ્ટોરન્ટોની તસવીરો

હતો. કચ્છમાં ટ્રકોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી હતી. તે વખતે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વિષે લોકોમાં જરાપણ આકર્ષણ ન હતું. ઉલ્ટાની ટીકાઓ કરાતી કે ''ચીલો કદી ન થાય લીલો'' મતલબ, ચીલો એટલે રસ્તો, તે સંદર્ભે પૈડું ફરે, ધંધો કરે તેથી દિ' ન વળે.

કંડલામાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ઠીક ઠીક વિકસ્યો હતો, પરંતુ કચ્છવાસીઓ આ નવા વિસ્તારને પોતીકું અંગ ગણવા તૈયાર ન હતો, ધંધાના વિકાસની પારાશીશી માત્ર ભુજ અને માંડવી શહેરો પૂરતી જ હતી. આ સમયે કંડલા બંદરના વિકાસનો સમય પારખીને ત્યાં વસેલા સિંધી, રાજસ્થાની, પંજાબી અને સમગ્ર પશ્ચિમ-દક્ષિણ ભારતના વતનીઓએ મોટાભાગના ધંધાની ડોર તેમના હાથમાં લઇ લીધી હતી, એટલે સ્વાભાવિક છે કે કચ્છીઓને પોતીકું ન જણાય. પણ સાહસિક આહીરોએ એવા ગમા-અણગમાને ફેંકી દઇને કંડલા ખાતે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં ઝંપલાવી દીધું હતું જે આજની વર્તમાન સ્થિતિ જોયા પછી જરાય નવાઇ પમાડે તેમ નથી.

ભુજ-માંડવી અને અન્ય તાલુકા મથકોએ માલ પહોંચાડવા, ગ્રામ્ય વિસ્તારમાંથી ખેતપેદાશો લાવવા, રેતી-કાંકરી, પત્થર, સિમેન્ટ જેવી બાંધકામ સામગ્રીના પરિવહન માટે સમૃદ્ધ ગામોમાં ૧૯૫૦ પછી ટ્રકોએ દેખા દીધી હતી. જયરામભાઇ ગણાત્રા, કુંવરજી રામજી ખેતાણી (નારાણપર), ધમી શેઠ (ભુજ), હીરજી રામજી પંડયા (અમૃતલાલ હીરજી પંડયા ગાંધીધામ-અંજાર) લાખાભાઇ રબારી (ટપર) જેવાં પાંચ સાત નામો પૂરતો જ આ ઉદ્યોગ સમાઇ જતો હતો. માંડવીની વેપારી પેઢી કલ્યાણજી ધનજી શાહે શરૂઆતમાં અમેરિકાની ફોર્ડ મોટરની એજન્સી લીધી હતી અને ત્યારથી કચ્છભરમાં સાડાત્રણ ચાર ટનની ક્ષમતાવાળી ફોર્ડ પેટ્રોલ ટ્રકો ધૂળિયા રસ્તા પર ફરવા લાગી હતી.

કંડલા મહાબંદર ખીલવા સાથે સતત ૨૫ વર્ષ સુધી કંડલા ગાંધીધામ સિવાયના વિસ્તારમાં ટ્રક વ્યવસાય પ્રત્યે લોકોને જરા પણ લગાવ ન હતો. પરંતુ ૧૯૭૫થી આ વ્યવસાયે એવી તો કરવટ બદલી છે કે, ટ્રકમાં કોઇ મજૂરીએ પણ ન રાખે એવા શ્રમજીવીઓ આજે ટ્રકો દોડાવતા થઇ ગયા છે.

આ વ્યવસાય પાનધ્રો ખાણ આધારિત હતો. તે સાથે કંડલામાં ખનિજ તેલની આયાત અને રસ્તા માર્ગે તેના પરિવહનની જરૂરિયાત નજરે ટેન્કરોએ પ્રવેશ કર્યો હતો. આમ કચ્છના પૂર્વ અને પશ્ચિમના બન્ને છેવાડાથી અસાધારણ ઝડપે વિકસેલો કે વિકસી રહેલો આ વ્યવસાય કચ્છના મોટા ભાગના ગામ- શહેર અને જનજીવનને સ્પર્શતો ખાનગી વ્યવસાય બની ગયો છે.

બે લાખ લોકોને રોજગારી મળે છે

૧૫ હજાર ટ્રક, ટેન્કર અને ટ્રેલરની સંખ્યા મુજબ કચ્છભરમાં સીધી રીતે બે લાખ લોકો આ ધંધા ઉપર રોજગારી મેળવી રહ્યા છે. એકાદ લાખ લોકો આનુસંગિક રીતે રોજગારી મેળવે છે.

એક ટ્રકમાં બે ડ્રાયવર અને એક કલીનર, ટ્રક માલિક, નાણાં ધીરનાર, મજૂરો અને મિકેનીક સાથે સંકળાયેલો વર્ગ અત્યારે સ્થિર રોજગારી મેળવી રહ્યો છે. પરંતુ સરકાર માલિકીની ખાણ અને મહાબંદર પર ધંધો કરતી આ ટ્રકોના વ્યવસાય માટે સરકારે કંઇ જ કર્યું નથી.

કચ્છમાં ફાલેલા ફુલેલા ટ્રક ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના વિકાસમાં સૌથી મહત્ત્વની ભૂમિકા અખાતના દેશોએ ભજવી છે. કડીયા, સુથાર, ડ્રાયવર, મિકેનીક અને બાંધકામ ઉપર મજૂરી કરતા શ્રમજીવીઓએ, સાગર પાર અખાતના દેશોમાં રોજગારી માટે નજર નાખ્યા પછી પાછું વાળીને જોયું નથી. દસેક વર્ષની ખેપ કરીને કચ્છમાં કોઇ નાનો-મોટો ધંધો કરી લેવાના વિચાર સાથે પરત આવીને સ્થાયી થયેલા આ શ્રમજીવી વર્ગ પૈકી એંસી ટકાએ ટ્રક ટ્રાન્સપોર્ટમાં રોકાણ કરી દીધું છે.

આહીરો સૂકી ખેતી ઉપર નિર્ભર હતા. આ સાથે પશુપાલનનો આ વર્ગે સારો વિકાસ કર્યો હતો. રતનાલ, સાપેડા અને અંજાર તાલુકાના આહીર ગામોમાં ખેતી ઉપરાંત પશુપાલન વ્યવસાય મુખ્ય અંગ બની ગયા હતા. આના વિકાસ પાછળ પણ વિકસતા કંડલા સંકુલની ભૂમિકા મુખ્ય રહી છે. હાથણી જેવી ભેંસોનું દૂધ આ સંકુલમાં યોગ્ય બજાર ભાવે ખપી જતું હતું એટલે માર્કેટીંગની કે ડેરીની કોઇને જરૂર જણાઇ ન હતી. એક હાથે આપીને બીજા હાથે લેવાનો આ રોકડાનો સોદો કે વેપાર હતો. આહીર જેવી ઉદ્યમી અને મહેનતુ કોમ માટે આ પશુપાલન વ્યવસાય, ખેતી કરતાં ચડીયાતો પુરવાર થયો હતો. પરંતુ પશુપાલનના વિકાસમાં મુખ્ય ભૂમિકા પુરૂષોની નહીં પણ મહિલાઓની હતી. જી હા... સશક્ત આહીરાણી જે રીતે ભેંસની માવજત, સાર સંભાળ લઇ શકે છે, એ રીતે જતન કરવું કોઇ પણ સશક્ત માલધારી માટે પણ મુશ્કેલ છે.

સાદું- કરકસરભર્યું જીવન, ઘરમાં દૂધ વેચાણની આવક અને વિદેશી કમાણીના ડ્રાફટ આવવા લાગતાં સૌને એમ થયું કે, સ્થાનિકે ધંધાનો એવો વિકાસ થઇ શકે જેથી વિદેશની ધરતી પર ગયેલા યુવાન છોકરાઓ દેશમાં જ ઠરીઠામ થાય અને ટ્રકોની ખરીદી શરૂ થઇ.

આ ચેપ આહીરો પૂરતો મર્યાદિત ન રહ્યો કારણ કે લેવા અને કડવા પાટીદારો તો વર્ષોથી વિદેશ ખેડતા હતા. તેમણે પણ ઝંપલાવ્યું, દરબારોએ પણ ટ્રક વ્યવસાયમાં ઠાઠમાઠથી પ્રવેશ કર્યો... તે વાત એટલી આગળ વધી છે કે ગઢવી, હરિજન, મુસ્લિમ, મહાજન વર્ગ, કારીગર વર્ગ, ખેડૂત વર્ગ, શિક્ષિત, અર્ધશિક્ષિત કે અશિક્ષિત વર્ગ અત્યારે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં ગળાડૂબ છે.

બેન્કોની નકારાત્મક ભૂમિકા

ટ્રક ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની આટલી જબરજસ્ત હરણફાળ કચ્છની બેન્કોની નજરમાં નથી કારણ કે આ બેન્કોના સંચાલકોએ તેમની આંખો પર પટી બાંધી લીધી હતી. બેન્કો દ્વારા ટ્રક માટે માત્ર છૂટીછવાઇ લોન મંજૂર કરાઇ છે. એક આખી ટ્રક ધિરાણ સામે જામીનગીરી માટે પૂરતી છે તેમ છતાં કરોડોની થાપણ ઉપર તાગડધિન્ના કરતી કચ્છની બેન્ક શાખાના મેનેજરો, ધિરાણ લેવા જનારને રોકડું પરખાવે છે કે આટઆટલી બાંધી મુદ્દતની થાપણ લાવી આપો, બે સદ્ધર જામીન આપો અને ખુદની માલિકીની સ્થાવર મિલકત જે હોય તે તેની નોંધ કરાવો ત્યાર પછી જ ટ્રક માટે ધિરાણ મંજૂર કરાવાશે. આટઆટલી વિટંબણાઓ વચ્ચે છૂટક-પૂટક ગરજના 'સોદા'ઓ પણ થયા છે. એક એવો વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે કે જેને સાધવાથી બેન્કમાંથી સરળતાથી લોનની મંજૂરી મળી રહે છે. વચ્ચે વચ્ચે કોઇ પ્રમાણિક બેન્ક અધિકારી રચનાત્મક ભૂમિકા ભજવી જાય છે અને સરળ રીતે ધિરાણ મંજૂર કરી આપે છે, પરંતુ કચ્છમાં ફરતી પંદર હજાર ટ્રકો પૈકી એકાદ- બે હજાર ટ્રકો પૂરતી આ વાત પૂરી થાય છે... મોટા ભાગે ગ્રામ્ય સમાજ આ ધંધામાં પડેલો હોવાથી બેન્કની નકારાત્મક ભૂમિકા વિરૂદ્ધ અવાજ ઊઠાવી શકતો નથી, તેમજ ટ્રક ઓનર્સ એસોસિયેશન જેવી માતબર સંસ્થાના સૂત્રધારો- માજી કે વર્તમાન- આ ક્ષેત્રે કંઇ જ ઉકાળ્યું નથી એ કચ્છની સૌથી મોટી કમનસીબી છે.

બેન્કોની નકારાત્મક ભૂમિકા જોઇને ખાનગી ધિરાણ- ફાયનાન્સ કંપનીઓને 'ફાવતું'તું ને વૈદ્યે બતાવ્યું' જેવું મેદાન મળી ગયું છે. ભારતની અગ્રગણ્ય કહી શકાય એવી ફાયનાન્સ કંપનીઓ આજે ગાંધીધામમાં શાખા ધરાવે છે, અને કરોડોના હિસાબે ટર્નઓવર કરે છે. કચ્છના સ્થાનિક ખાનગી રોકાણકારોએ પણ આ ક્ષેત્રે ઝંપલાવ્યું છે. ખુદ ટાટા ટ્રક માટે ઉત્પાદક ટેલ્કો કંપનીએ પણ સમય પારખીને ધિરાણની સવલત શરૂ કરતાં કચ્છમાં ટ્રકોની સંખ્યાનો આંક દિવસે ને દિવસે ઝડપભેર ઊંચે જવા લાગ્યો છે. ધિરાણ કંપનીઓ સાથે સંલગ્ન સેંકડો પરિવારોને આ રીતે કચ્છમાં રોજગારીની તક ઊભી થઇ છે.

રાજ્ય સરકારની ભૂમિકા

માત્ર પાનધ્રો ખાણની લીઝ મંજૂર કરી દઇને સરકારે હાથ ઊંચા કરી દીધા છે એમ કહીએ તો તે વધુ પડતું નથી. દસ વર્ષ સુધી તો ખાણનો કારોબાર પોપાંબાઇના શાસનને સારૂં કહેવડાવે તેવો હતો. માત્ર મજૂરો દ્વારા ટ્રકો ભરાતી. એક એક ટ્રકને ખાણ ઉપર આઠ દિવસ પડયા રહેવું પડતું એવો વહીવટ હતો અને ભ્રષ્ટાચાર... ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના વિકાસ સાથે ફુલેલું આ દૂષણ અત્યારે તો રાજરોગ જેવું બની ગયું છે.

સરકારી તંત્રે ઢાગા ઠૈયા જેવો ખાણને જોડતો માર્ગ બનાવ્યો. આમ તો ભુજથી નારાયણ સરોવર- લખપત સુધીનો સિંગલ ટ્રેક્નો માર્ગ ડામરનો હતો. ટ્રકોનો ટ્રાફિક વધવા સાથે આ માર્ગ સાવ વાહીયાત જેવો પુરવાર થયો હતો. દયાપરથી સુભાષપર થઇને નવો માર્ગ બાંધવામાં આવ્યો. વચ્ચે ડબલ રસ્તો બંધાયો પણ જે બાંધકામ કરાયું છે તે ભ્રષ્ટાચારનો જીવતો પુરાવો બની ગયો છે. રાજ્ય ધોરીમાર્ગની ભંગાર હાલત પણ આ સરકારી તંત્ર સુધારી શકયું નથી. કામ કચ્છનું અને એજન્સી તો કહે પોરબંદરની, કુખ્યાત ગેંગની. દેન નથી કે કોઇ માઇનો લાલ આ કામ તપાસી શકે. અને કચ્છના ખીલતા વ્યવસાય માટે આ માર્ગ ભારે આડીખીલીરૂપ- અવરોધક બની રહ્યો છે. આજની તારીખે પણ તેની હાલતમાં કોઇ ફરક પડયો નથી. રાત- દિવસ ટ્રક ખેંચીને બે છેડા ભેગા કરવામાં ગુંથાયેલો રહેતો ટ્રક માલિક માત્ર પાનધ્રો અને ભુજ વચ્ચેના કહેવાતા ધોરીમાર્ગ ઉપર ટ્રકના સ્પેરપાર્ટસની નુકસાનીમાંથી જ ઊંચો આવતો નથી.

રોડ રસ્તા બિસમાર-વ્યાજના ઊંચા દર

કચ્છ જિલ્લાના ઉદ્યોગખાતામાં સેંકડો ઉદ્યોગોની યાદી તૈયાર છે અનેક જાતની સહાય સાથે ધિરાણની ભલામણ બેન્કોને કરવામાં આવે છે. પરંતુ ટ્રક-ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો આ યાદીમાં સમાવેશ નહીં કરાતાં આ ક્ષેત્રમાં ઝુકાવનાર લાચાર બની જાય છે અને ખાનગી કંપનીઓમાં ઊંચા વ્યાજના દરની શરતો કબૂલ રાખીને શરૂઆત કરે છે.

રાજ્યના બાંધકામ ખાતાએ, બાંધકામ પ્રવૃત્તિથી જાણે મોં ફેરવી લીધું હોય એવી સ્થિતિ છે. ધોરીમાર્ગ ઉપરના ગાબડાંઓ પેચવર્કથી પૂરી શકાય. આ કામ પણ કચ્છમાં કરાતું નથી. પુલની રેલીંગો તૂટી જાય છે, એજન્સીઓ અધવચ્ચે રસ્તાના કામ છોડી દે અને ડાયવર્ઝન મહિનાઓ સુધી ચાલુ રહે, ધોરીમાર્ગ ઉપરના કે આસપાસના દબાણો યથાવત રહે એ સામે જોવાની પણ આ તંત્રે કાળજી લીધી નથી.

આર.ટી.ઓ., પોલીસ વિ.નો ભ્રષ્ટાચાર

આર.ટી.ઓ. તરીકે ટૂંકા નામે ઓળખાતું આ તંત્ર ખૂબ જ વગોવાયેલું છે. અપવાદ સિવાય, કચ્છમાં બદલી આવતા આ કચેરીના અધિકારી-કર્મચારીઓ તેના કેટલાક મળતિયા એજન્ટો મારફતે ખુલ્લો ભ્રષ્ટાચાર આચરે છે. કચ્છમાં આટલો મોટો વિસ્તાર હોવા છતાં, ટ્રક અકસ્માતોનું વધેલું પ્રમાણ આ ખાતાના કારોબારની ચાડી ખાય છે.

જે માણસે વાહનનું સ્ટીયરીંગ કયારે તેના હાથમાં લીધું ન હોય એવાઓને ઘેર બેઠા લાયસંસ મળી રહે છે. જેણે કયારેય શાળાનું પગથિયું જોયું નથી. એવા અશિક્ષિત ડ્રાયવર પાસે પ્રાથમિક ચાર કે છ ધોરણના પ્રમાણપત્રો આવી જાય છે. જે માણસ કયારેય ડૉકટરી પરીક્ષામાં નપાસ-નાપાસ કરાતો નથી. એવા 'સર્વગુણ સંપન્ન' આ 'ડ્રાયવરો' જ્યારે રઘવાટમાં અકસ્માત કરી બેસે છે ત્યારે કેટલીય જિંદગીઓનો જીવવાનો હક્ક છીનવી લે છે.

જો આર.ટી.ઓ. કે પોલીસતંત્ર તેની ફરજનો એક ભાગ પ્રમાણિક્તાથી બજાવે તો આ ઉદ્યોગમાં પ્રવેશેલા અનેક દૂષણો દૂર કરી શકે તેમ છે પરંતુ ખાટલે ખોડ એટલી જ છે કે આ તંત્રને રાજ્યકક્ષાએથી નિયમન કરે એવું કોઇ જ તંત્ર નથી એવી છાપ ઊભી થઇ છે.

પાનધ્રો ખાણ ઉપર અત્યારે દરરોજ (દિવસ-રાત) ૧૦૦૦ થી ૧૨૦૦ ટ્રક લિગ્નાઇટ ભરાય છે. આઠ હજાર ટ્રકને ખાણ ઉપર કામ મળી રહે છે આટલી ઝડપે વિકસી રહેલા આ વ્યવસાયને યોગ્ય વળાંક આપવા કે તેના ઉપર નિયમન કરવા, કચ્છમાં તંત્ર નામની ચીજ અદ્રશ્ય છે. દરરોજ નવી ટ્રક માટે નોંધણી કરાવાય છે.

ખાણ ઉપરના કારોબાર સામે ટ્રક માલિકોએ વખતો વખત આંગળી ચીંધી છે. સૌ પ્રથમ તો ટ્રકમાં યંત્રોથી કોલસા ભરવામાં આવે છે. ત્યાં ખાનગી રીતે કરાયેલી ગોઠવણ મુજબ ૧૦ થી ૫૦ રૂપિયાની 'પ્રસાદી' ધરવી પડે છે. વજનકાંટા ઉપર પણ આવું જ થાય છે ત્યાર બાદ ખાણનું સલામતીતંત્ર ચિત્રમાં આવે છે આ સૌનો ટ્રક વ્યવસાયમાં 'ભાગ' હોય એ રીતે ટ્રક માલિકને ભાડાની રકમમાંથી આ ચૂકવણા કરવા પડે છે.

લેપ્સ-રદ્દબાતલ કરાયેલા કોલસાના ક્વોટામાં તો દૈનિક હજારો રૂપિયાની ખાયકી સામાન્ય થઇ પડી છે.

ભાજપ સરકારે હાઇવે પોલીસનું વિસર્જન કરીને થોડોક પ્રયાસ, ભ્રષ્ટાચાર દૂર કરવાનો કર્યો છે. પરંતુ ખાખીવર્દી, માત્ર હાઇવે ઉપર જ ફરતી હતી એવું નથી. પોલીસ સ્ટેશનમાં બેઠા બેઠા પણ આ ચક્ર ચલાવી શકાય છે. ધોરીમાર્ગ ઉપર જે પોલીસ સ્ટેશનની હદ હોય તે હદમાંથી કડાકૂટ વિના ટ્રક-ટેન્કરને પસાર થવું હોય તો દર માસે 'એન્ટ્રી'ના નામે લાંચ આપવી પડે છે. હજારો ટ્રકો ચાલતી હોય ત્યારે આ રકમનો આંક ક્યાં પહોંચતો હશે તે ગણિતનો વિષય છે. રાજ્ય સરકારના કાને આ વાત નથી પહોંચી એમ નથી. સરકાર પણ આ ખેલ જોઇને બેસી રહે છે.

કોલસાનો ક્વોટા ભુજથી ફાળવો

લિગ્નાઇટનું માર્કેટીંગ વધવા સાથે ખરીદનાર-વાપરનાર માટે લિગ્નાઇટ ખરીદવું હોય તો, હજુ અમદાવાદના ચક્કર કાપવા પડે છે. ખાણ કચ્છમાં હોય તો આ વેપાર કેન્દ્ર પણ કચ્છની ધરતી પર શા માટે ન હોય એવો પ્રશ્ન ભૂતકાળમાં અનેક વખત વ્યક્ત કરાયો છે, પરંતુ હજુ સુધી સ્થિતિમાં કોઇ ફરક પડયો નથી.

રાજ્ય ખનિજ વિકાસ નિગમની આવક અને નફો કરોડો રૂપિયાના આંકે પહોંચ્યો છે. આ નિગમે ભુજ ખાતે પ્રાદેશિક કચેરી શરૂ કરવાનો નિર્ણય લઇને જમીન વિ. ખરીદી છે અને મંથર ગતિએ તેનું બાંધકામ ચાલુ છે આ કચેરી કાર્યરત થાય ત્યારે સૌ પ્રથમ, ચિઠ્ઠી કે લિગ્નાઇટનો ક્વોટા ફાળવવા માટે ભુજની કચેરીને સ્વતંત્ર અખત્યાર સુપરત કરવો જોઇએ એમ જાણકારો કહે છે. કોલસા પાનધ્રોમાં નીકળે અને વેચાણ અમદાવાદથી કરવામાં આવે એ વાત જરા પણ તર્કસંગત નથી. જે પણ કંઇ થાય તે કચ્છની ધરતી પર જ થવું ઘટે. રાજ્ય સરકાર તાત્કાલિક અસરથી સૌ પ્રથમ આ નિર્ણય કરીને, ભુજ ખાતે સ્વતંત્ર સત્તા સાથે પ્રાદેશિક કચેરી કાર્યરત કરે એવી કચ્છીઓની લાગણી છે.

કેટલાયે સેંથાના સિંદૂર ભૂંસાઇ જાય છે

આટલા મોટાપાયે વિક્સેલા અને હજુ પણ વિક્સી રહેલા ટ્રક-ટ્રાન્સપોર્ટના વ્યવસાય અંગે એક ટ્રાન્સપોર્ટ નગર જેવા ગામના રહીશ વડીલને અમે પૂછયું, 'તમારા ગામમાં ટ્રકની સંખ્યામાં કેટલો વધારો થયો' કારણ કે અગાઉના આંકડા વિષે અમે જાણકારી ધરાવતા હતા. એટલે છેલ્લા એકાદ વર્ષમાં ટ્રકની વધેલી સંખ્યા વિષે જાણવાની અમારી ભાવના હતી. પેલા ગામવાસીએ અમારા સવાલનો એવો ચોટદાર જવાબ વાળ્યો કે અમારી પણ બોલતી બંધ થઇ ગઇ. તેમણે કટાક્ષ અને તિરસ્કાર મિશ્રિત ભાષામાં જણાવ્યું કે 'ગામમાં ટ્રક કેટલી વધી એમ પૂછો છો તો સાથે એ પણ પૂછો કે કેટલી સૌભાગ્યવતીઓ વિધવા થઇ ?'

અને વાત પણ સાચી હતી. આડેધડ સર્જાતા અકસ્માતોમાં કંઇ કેટલાય ઘરના મોભીઓ, યુવાનો હોમાઇ ગયા છે, અકસ્માતનું કારણ, માત્ર અજ્ઞાનતા. અમુક વર્ગ ડ્રાઇવીંગને માત્ર સ્ટિયરીંગ, કલચ-બ્રેક -લીવર ઉપરનો અંકુશ માને છે, વાસ્તવમાં આ યંત્ર પૂરતી વાત ઠીક છે. પરંતુ ડ્રાયવરનું તો મગજ તૈયાર જોઇએ. અકસ્માતનો સંયોગ ઊભો થાય ત્યારે વાહન કંટ્રોલ કરવા મગજ જોઇએ -જે અર્ધ કે અશિક્ષિત વર્ગ પાસે આશા રાખવી વધુ પડતી છે.

અહીંથી હજારો પટેલ પરિવારો લંડનમાં વસ્યા છે ડ્રાઇવીંગ લાયસંસ શું છે એ વિષે તેમને પૂછો તો જવાબ મળી રહે. વિદેશમાં ડ્રાઇવીંગ ન જાણતો માણસ કે મહિલા અપંગ જેવા બની રહે છે. કામ સ્થળે જવા માટે પોતાની કાર શ્રેષ્ઠ સાધન ગણાય છે. લંડન યુ. કે.ની આર. ટી. ઓ. કચેરીમાંથી ઘેર બેઠાં લાયસંસની કલ્પના ગાંડામાં ખપાવે. લર્નીંગ મળી ગયા પછી, ત્રણ મહિના બાદ આખરી ટેસ્ટ માટે બોલાવાય છે. ડ્રાઇવીંગ કેમ કરવી એ વિષે ૨ ૨ જેટલી વિધિમાંથી પસાર થવાનું રહે છે.. છેક છેલ્લો ટેસ્ટ, રસ્તાની કિનારે પાર્કીંગ સ્થળે વાહન પાર્ક કેમ કરાય તેની કસોટી લેવાય છે. આ લોકો કહે છે કે લાયસંસ મળી ગયા પછી, ડ્રાયવર બનેલા ભાઇ કે બહેન-સારામાં સારી પાર્ટી આપે છે.. અને પ્રથમ વખતની ટેસ્ટમાં જ કોઇ ૧૦૦ ટકા માર્કસ લઇને પાસ થઇ ગયું હોય એવો બનાવ ત્યાં નોંધાયો નથી. સરખામણી, આપણી કચેરી સાથે કરીએ તો, ક્યાં અને કઇ રીતે મેળ ખાય ? કહેવાનો સાર એટલો જ કે અકસ્માતના વધેલા પ્રમાણમાં આડેધડ લાયસંસ આપવાની ભ્રષ્ટ રીતિનીતિ જ કેટલેકઅંશે જવાબદાર છે.

રસ્તાઓ પર મોત સસ્તું થયું છે

ટ્રક ટ્રાન્સપોર્ટ વ્યવસાયના વિકાસ સાથે કચ્છના ધોરીમાર્ગોની રંગત ઓર ખીલી છે. પાનધ્રોથી સામખીયાળી અને આડેસર સુધીના કચ્છના ભાગમાં, માર્ગની આસપાસ અનેક ધંધાઓ વિકસ્યા છે. સૌ પ્રથમ તો, ડ્રાઈવરો માટેના ભોજન-ચા પાણીની હોટલ, સ્પેર પાર્ટસ, ટાયર રીપેર, ગેરેજ, સર્વિસ સ્ટેશન, પેટ્રોલ પંપ જેવી અનેકવિધ સવલતો આજે માર્ગ ઉપર ઉપલબ્ધ છે. માત્ર સરકારી કક્ષાએ, યોગ્ય અંતરે એસ. ટી. ડી. -પી. સી. ઓ. કે સારવાર કેન્દ્ર, અકસ્માત સ્થળે ધસી જાય એવી રાહત ટીમો વિષે કંઈ જ થયું નથી. અકસ્માત પછી, કલાકો સુધી રોડબ્લોક થઈ જાય છે, ઘવાયેલ વ્યક્તિઓ, ઘણી વખત સારવારના અભાવે રસ્તા પર જ મરણ પામે છે, હાઈવે પર આવા અકસ્માતો સંવેદના જગાવતા નથી, માનવીમાં રહેલી સંવેદના બુઠ્ઠી થઈ ગઈ હોય એવી સ્થિતિ છે- જોનારાઓ જાણે તમાશો હોય એમ જોઈને, જલ્દીથી ચાલતી



ખાણમાંથી માલ લઈ જતી ટ્રકો

પકડે છે. માનવીના જીવનની, આ ધોરીમાર્ગો ઉપર કોડીની કિંમત રહી નથી એ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની એક કાળી બાજુ છે.

કચ્છમાં ટ્રક માલિકોને સૌ પ્રથમ જયરામભાઈ ગણાત્રાએ સંગઠિત કર્યા હતા. મજુરો દ્વારા ટ્રકમાં કોલસા ભરવામાં આવતા હતા ત્યારે, ભારે વિખવાદ -તકરારો થતી હતી. આ સમસ્યાના નિવારણ માટે આ સંગઠન રચાયું અને લાઈનસર ટ્રકો ભરવાની શરૂઆત કરાઈ હતી.

મોટી વિરાણીના મોતીલાલ મનજી ઉર્ફે દરિયા શેઠ, શરૂથી જ ટ્રક માલિકોના સંગઠનમાં સક્રિય રહ્યા હતા. તેમણે સૌ પહેલું કામ ખાણ ઉપર ધ્યાન આપવાનું કરીને, આ ધંધાને પદ્ધતિસરનો વળાંક આપવા માટે નોંધપાત્ર કામગીરી કરી હતી.

ટ્રક એસોસિએશન કહે છે બાયપાસ જોઈએ જ

તેમના કાર્યકાળ દરમ્યાન ભાડા વધારવા બાબતે તે એકથી વધુ વખત ચડાવ-ઉતરાવ અને ટ્રક હડતાલ આવી પડી હતી. જો કે છેવટ સુધી ટ્રક માલિકોના હિતમાં તેમણે સંઘર્ષ જારી રાખ્યો હતો. તેમના પછી, તેમના ગામેરી પ્રહલાદસિંહ જાડેજા એસોસિએશનના પ્રમુખ પદે વરાયા હતા અને ટ્રકોના ભાડામાં વખતો વખત વધારો કરાયો હતો. લાંબી હડતાળ વખતે જી. એમ. ડી. સી. એ એક વખત ૫૦૦ ટ્રક ખરીદવાનો વિચાર સુદ્ધાં કરી લીધો હતો જો કે, એ દરખાસ્ત આગળ વધી શકી ન હતી.

વર્તમાન પ્રમુખ વાસણ ગોપાલ આહીર, આમ તો વર્ષોથી આ યુનિયનના જુદા જુદા હોદ્દા પર રહેતા આવ્યા હતા. અત્યારે અંજાર વિસ્તારના ધારાસભ્ય ઉપરાંત જિલ્લાના આ સૌથી મોટા યુનિયનના પ્રમુખની જવાબદારી સંભાળી રહ્યા છે.

યુનિયન દ્વારા વખતોવખત ભાડા વધારવાની માગણી ઉપર વપરાશકાર ઉદ્યોગ-ગૃહમાં ઘેરા પડઘા પડયા છે, અને મોટી કંપનીઓએ, તેમની માલિકીનો ટ્રકનો કાફલો ઊભો કરી દીધો છે. ભરૂચ નજીક રાજપારડી ખાણમાંથી ઉત્પાદન શરૂ થયું છે અને દૈનિક ૨૦૦ ટ્રક ભરાય છે, એ જોતાં, આગામી દશ વર્ષમાં, લિગ્નાઈટનો અત્યારનો

વ્યક્ત કર્યો હતો.
ધંધો અરધા જેટલો રહેશે એવો ભય યુનિયનના વર્તુળોએ વ્યક્ત કર્યો હતો.
ધંધો અરધા જેટલો રહેશે એવો ભય યુનિયનના વર્તુળોએ
લિગ્નાઈટ પરિવહન સાથે સંકળાયેલી હજારો ટ્રકો રાત-દિવસ ગામ-શહેર વચ્ચેથી પસાર થાય છે -અકસ્માતોનું પ્રમાણ ઝડપભેર વધી રહ્યું છે. ભુજના નાગરિકોનું જીવતર ઝેર બની ગયું છે. રાજ્યના મોટાભાગના શહેરો પાસે બાયપાસ છે પરંતુ રાજ્ય સરકારે ભુજ-નખત્રાણા માટે ક્યારેય ચિંતા સેવી નથી. ભુજનો બાયપાસ મંજૂર કરાયો છે, પરંતુ ખર્ચની રકમની ફાળવણીના અભાવે કામ શરૂ કરાયું નથી. ધ્રુબુલી-સાંતલપુર રોડ પણ મોટો વિકલ્પ બની રહે તેમ છે સરકારે આ પ્રશ્નની ગંભીરતા સમજીને તાત્કાલિક અસરથી બાયપાસ બાંધકામ હાથ ધરવું જોઈએ. જો હવે વિલંબ કરાશે તો માનકુવા, સુખપર, નખત્રાણા, ભુજ, વિ. ગીચ વિસ્તારમાંથી ટ્રકોને પસાર થવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે એ હદે લોકોમાં રોષ વ્યાપી રહ્યો છે.

નિગમનું ટર્નઓવર ૪૦ કરોડના આંકે

જી. એમ. ડી. સી. પાનધ્રોનો વાર્ષિક ધંધો ૪૦ કરોડના આંકે પહોંચ્યો છે, ૫૦ કરોડે પહોંચતાં એકાદ વર્ષ લાગશે. દૈનિક પંદર હજાર મેટ્રીક ટન લિગ્નાઈટનું ખોદાણ અને ટ્રકો મારફતે રવાનગી કરવાની જબ્બર કામગીરી થાય છે.

કચ્છમાં લિગ્નાઈટ ખાણ ઉપર ધંધો કરતી પૈકી છ હજાર ટ્રકોની ગણતરી કરીએ તો ખાનગી ક્ષેત્રે ત્રણ અબજ રૂપિયાનું રોકાણ કરાયું છે. ગાંધીધામ વિસ્તારની ગણતરી જુદી.

ત્રણ અબજ રૂ.ના રોકાણમાં ડ્રાયવર-કલીનરને અનુક્રમે ૧૫૦૦ થી ૨૦૦૦ અને ૧૦૦૦ રૂપિયા જેવું માસિક વેતન ઉપરાંત રોડ ભથ્થાં અપાય છે. પરંતુ આ વર્ગનું કોઈ ભવિષ્ય નથી. અકસ્માત બાદ સારવાર કોર્ટ- પોલીસના કેસ કે કાયમી અપંગતા કે મૃત્યુ પછી પરિવાર માટે સહાય વિષે કોઈ યોજના નથી. માલિક ભલો હોય અને કોઈ રાહત આપે તો ઠીક, તે સિવાય કોઈ આશા હોતી નથી.

જો કે, વીમા કંપની વળતર આપે છે, પરંતુ ટ્રકના તમામ કાગળો કાયદેસરના હોય, ડ્રાયવરનું હેવી લાયસંસ હોય તો જ આ શક્ય બને છે. અન્યથા ઘેર બેસી રહેવાનો વખત આવે છે.

ગાંધીધામમાં ટ્રક કરતાં ટેન્કર વધુ છે

કંડલા સંકુલમાં ટ્રકોની સંખ્યા કરતાં ટેન્કરો વધુ છે ત્રણ હજાર ટ્રકની સામે ચાર હજાર ટેન્કર અને ટ્રેલર રાત- દિવસ ધંધો કરે છે. સૌથી મોટું યુનિયન પણ ટેન્કર ઓનર્સ એન્ડ ઓપરેટર્સ એસોસિએશન છે. આ યુનિયનના સેક્રેટરી દિનેશ ગુપ્તાને આ વિસ્તારનાં ટ્રક- ટેન્કરના ઉદ્યોગ વિષે કોઈપણ પ્રશ્ન કરો તમામ વિગતો તેમના મગજમાં સંગ્રહાયેલી પડી છે. પ્રમુખ શંકરભાઈ વઝીરાણી આ સંગઠનંના વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે.

કંડલાથી ખનિજતેલ ભરીને સમગ્ર પશ્ચિમ ભારતમાં ટેન્કરો જાય છે. આઈ.ઓ.સી. ૨૫૦, બી.પી.સી.એલ. ૨૦૦, એચ.પી.સી.એલ. ૮૫ થી ૧૦૦, ઉપરાંત રસાયણોના દરરોજ ૨૫૦-૨૮૦ ટેન્કરો ભરાય છે. દૈનિક ૯૦૦ થી ૧૦૦૦ ટેન્કરોનું લોડીંગ થાય છે.

કંડલા-ભટીંડા પાઈપલાઈનનું કામ પૂરજોશમાં ચાલે છે. અત્યારે ઉત્તર-ગુજરાતના સિદ્ધપુર સુધી પાઈપ નખાઈ ગયા છે. આખરી કામગીરી ચાલે છે. એક વાત એવી વહેતી થઈ છે કે, કંડલાથી આયાતી ખનિજતેલ આ પાઈપ વાટે હવે સિદ્ધપુર જશે, ત્યાંથી ટેન્કરો ભરાશે. જો આ રીતે કામગીરી ચાલુ થશે તો ટેન્કરના ૫૦ ટકા ઉપરાંતના સ્થાનિક ધંધાર્થીઓ ભાંગી પડશે અને વિકલ્પ શોધશે.

૫૦૦ ટ્રેલરની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. આયાતી લાકડું અને નિકાસ આયાતના કન્ટેનર્સ, તોતીંગ મશિનરીની હેરફેર માટે આ ટ્રેલર ભારે ઉપયોગી પુરવાર થયા છે. લોખંડની પ્લેટસ, સ્ટીલબાર ભારતભરમાં પહોંચતા કરવા માટે આ ટ્રેલરને ધંધો મળી રહે છે.

ટ્રેલરની શરૂઆતમાં રાજસ્થાનના રાજપૂત ક્ષત્રિય રાઠોડ ભાઈઓ અને અબિનાશકુમારનો ફાળો મુખ્ય છે. ૧૯૮૬માં એકપણ ટ્રેલર ન હતું, સને ૧૯૮૮માં લાકડાની આયાત થવા લાગતાં ટ્રેલર માટે માંગ ઊભી થઈ હતી.

સને ૧૯૯૧ સુધી તો મુંબઈથી ટ્રેલર મંગાવવા પડતા હતા પરંતુ રાઠોડ ભાઈઓની જમાવટ જોયા પછી, કચ્છી ભાઈઓએ ઝંપલાવ્યું છે. અત્યારે મોટા ભાગના ટ્રેલર પણ કચ્છીઓના જ છે.

ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ કંડલા સંકુલની જીવાદોરી બની ગયો છે. ગાંધીધામમાં ટ્રાન્સપોર્ટ નગર વસી ગયું છે. ગેરેજ, હોટેલ, પેટ્રોલપંપ અને ભારતભરના કારીગરો, મજૂરો અત્યારે ગાંધીધામ કંડલામાં રોજી રોટી મેળવી રહ્યા છે. □

કચ્છના ખનિજ ભંડાર

□ પ્રિયકાંત પંચોલી

પચાસેક વર્ષ પહેલાં ભારતનાં ખનિજ નકશામાં ગુજરાતનું સ્થાન અચોક્કસ હતું. ત્યારે ગુજરાતમાં મેંગેનીઝ, લાઈમસ્ટોન, ફલોર્સપાર, સિલીકા સેન્ડ અને સિરેમિકસ-કલે (માટી)નાં જથ્થાઓ મળી આવેલા અને તેમનાં આધારિત ઉદ્યોગો વિકસ્યા હતાં. આ પ્રદેશો હતા વડોદરા જિલ્લાનાં છોટાઉદેપુર અને શિવરાજપુરનાં વિસ્તારો, જામનગર- પોરબંદર- જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોનનાં થરો ઉપર ચાલતા સિમેન્ટ પ્લાંટ અને મીઠા આધારિત સોડાએશ પ્લાંટસ અને ચોટીલા અને થાન (સુરેન્દ્રનગર જિલ્લો)નાં સીલીકાસેન્ડ અને સિરેમિકસ-કલે આધારિત ઉદ્યોગો અને ધ્રાંગધ્રામાં પણ સોડાએશ પ્લાંટ જે મીઠા અને લાઈમસ્ટોન આધારિત વિકસેલ હતાં. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યો જુદા પડતાં ખનિજ સંશોધન વેગવંતુ બન્યું અને હવે આજે તો ગુજરાત રાજ્ય ખનિજ સમૃદ્ધિમાં ભારતનું વિશિષ્ટ રાજ્ય બનેલ છે.

વિકાસની પૂરતી તકો પડી છે


ગુજરાતમાં વડોદરા, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાઓ સિવાય કચ્છ અને સૌરાષ્ટ્ર મહામૂલા ખનિજ ભંડારો ધરાવે છે અને તેને આધારિત ઉદ્યોગોને વિકાસની પૂરતી તકો અર્પેલ છે.

કચ્છનાં આર્થિક વિકાસનો પાયો આ ખનિજ સમૃદ્ધિ આધારિત રહેલ છે અને ઉત્તરોતર વિકાસની અનેરી તકો આપેલ છે. કંડલા બંદર અને અન્ય બંદરોનાં વિકાસ સાથે ખનિજ સમૃદ્ધિએ કચ્છના આર્થિક વિકાસને તીવ્ર ગતિ પ્રદાન કરેલ છે. આગામી દશકામાં કચ્છનો ખનિજ આધારિત ઉદ્યોગ હરણફાળ ભરશે.

કચ્છ પ્રદેશ ગુજરાત રાજ્યનો ૨૩ ટકા ભૂ-ભાગ ધરાવે છે. કચ્છની ભૌગોલિક અને ભૂસ્તરીય રચના, ઉત્તરમાં સ્થિત ૧૮,૧૩૦ વર્ગ કિલોમીટર અને પૂર્વમાં સ્થિત ૫૧૮૦ વર્ગ કિલોમીટરનાં મોટા અને નાના ક્રમશઃ રણપ્રદેશો, વિષમ તાપમાન, અપૂરતો વરસાદ અને સમુદ્રની ખારાશને લીધે ખારો બનતો જતો ભૂ-ભાગ, અલ્પ ખેતી અને લગભગ કોરા ભૂ-તળનાં લીધે આ ભારતનાં છેક પશ્ચિમ છેડે વિસ્તાર પામેલ ક્ષેત્ર સદા અછતનો ભોગ બનતો રહ્યો છે અને પછાત બનતો ગયો. હજુ આજે પણ આ વિષમતાઓ મોં ફાડીને ઊભી જ છે છતાં કુદરતે મહેર કરી એ ભૂ-ભાગોને ખનિજોથી ભરપૂર કરી દીધેલ છે. ખનિજોના ઉત્ખનન અર્થે તેનાં વિકાસ અને આધારિત ઉદ્યોગોને વિકસવાની તકો મળતી રહેલ છે અને કચ્છનાં આર્થિક વિકાસને ગતિ બક્ષેલ છે. હવે કમર કસવાની જરૂર છે જેથી ભાવિ વિકાસ જરાય વિલંબમાં ન પડે. જન જાગૃતિ જ ખનિજ આધારિત ઉદ્યોગોને વેગવંતુ બનાવી શકશે. સરકારનાં સાધનો મર્યાદીત છે અને હાલ ચાલતું ખનિજ સંશોધન જો વેગવંતુ નહીં બને તો ખનિજ આધારિત આર્થિક પ્રગતિ પાછળ રહી જશે. આથી સરકારે તેમનાં સાધનોની મર્યાદાને ધ્યાનમાં લઇ પ્રાયવેટ સંશોધન કરતી એજન્સીઓને રોકી કોન્ટ્રેકચ્યુઅલ સંશોધન માટે તેમની દેખરેખ હેઠળ કામે લગાડવું જોઇએ. ખનિજ આધારિત ઉદ્યોગોની સ્થાપનાનાં વિલંબને ટાળવા ખનિજ સંશોધનને વેગ આપી ખનિજ સમૃદ્ધિનું ચિત્ર સ્પષ્ટ કરતા રહેવું બહુ જ જરૂરી જણાય છે. ખનિજ સંશોધન વિસ્તૃતરૂપે સત્વરે પૂરૂં થઇ જવું જોઇએ જેથી વિવિધ યોજનાઓ વહેલી પાર ઉતરે.

લિગ્નાઈટ ઉત્ખનનમાં વિક્રમ

કચ્છની ખનિજ સંપત્તિ વિષે જ્યારે ચર્ચા કરીયે ત્યારે લિગ્નાઇટનો વિપૂલ જથ્થો સહુ પ્રથમ ધ્યાન ખેંચે. પંદરેક વર્ષ પહેલાં આ જથ્થો આશરે ૨૦૦૦ લાખ ટનનો અંદાજવામાં આવેલ પણ ત્યારબાદનાં સંશોધન પછી હવે તે ૨૬૦૦ લાખ ટને પહોંચ્યો છે. ભવિષ્યનું સંશોધન જો સઘન બને તો આ સંપત્તિ ૩૩૦૦ લાખ ટન સુધી અંકાય તો આશ્ચર્ય ન થવું જોઇએ. ગુજરાત સરકારનાં સાહસ એવા ગુજરાત ખનિજ વિકાસ નિગમે લિગ્નાઇટનાં ઉત્ખનનમાં જે પ્રગતિ કરેલ છે તે અજોડ છે. દશેક વર્ષ પહેલા એક સો કરોડની મૂડીનાં ખર્ચે જે લિગ્નાઇટ ખાણનું જર્મનીથી આયાત કરેલી બકેટ- વ્હીલ એકસ્કેવેટર અને કન્વેયર બેલ્ટ ટ્રાન્સપોર્ટ મશિનરી આધારિત નોન-કન્વેન્શનલ માયનીંગની રીતનું જે વિસ્તરણ હાથ ધરેલ તેણે ત્યાર સુધી વપરાતી કન્વેન્શનલ માયનીંગ મશિનરીથી થતાં ઉત્ખનનને જબરો ટેકો આપ્યો છે. હાલ કચ્છનાં લિગ્નાઇટનું વાર્ષિક ઉત્પાદન ૩૫ લાખ ટને પહોંચાડી નિગમે એક વિક્રમ હાંસલ કરેલ છે. ભારતમાં રાજ્ય સ્તરે સરકાર આધારિત કાર્યરત ખનિજ ઉત્ખનન કરતાં રાજ્યોનાં નિગમોમાં ગુજરાત ખનિજ વિકાસ નિગમની પ્રગતિ સર્વશ્રેષ્ઠ છે. આ પ્રગતિ કચ્છનાં લિગ્નાઇટનાં ખોદકામનાં પરિણામે છે તે આપણે સહુ જાણીએ છીએ. ભવિષ્યમાં ખનિજ નિગમે ખનિજ ખોદકામ સાથે તેનાં આધારિત થર્મલ પાવર સ્ટેશનો અને અન્ય ઉદ્યોગો સ્થાપવા ઝંપલાવવું જોઇએ. કચ્છ બહાર ઉદ્યોગો માટે જતા લિગ્નાઇટનાં કારણે ગુજરાતનાં વિવિધ ઉદ્યોગોને કોલસાની સતત રહેતી તંગીમાંથી મુક્તિ મળેલ છે અને લિગ્નાઇટનાં કોલસાની અવેજીમાં શરૂ થયેલ ઉપયોગથી તેમની ફયુઅલ ઇન્વેન્ટરી સીમિત રાખી તેમાં અગાઉ રોકાતી મૂડી બીજે વાળી શકયા છે. આ લિગ્નાઇટ પરિવહનમાં કચ્છનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પણ ખીલ્યો છે. થર્મલ પાવર ઉત્પાદનમાં વિસ્તૃતિકરણ જે ઝડપથી થવું જોઇતું હતું તે થવા પામ્યું નથી. નિગમે લિગ્નાઇટને વધુ પ્રોસેસ કરી વેલ્યુએડેડ ઉત્પાદન કરતા યુનિટો અને અન્ય તેમાંથી ઉત્પાદિત થઇ શકે તેવા પ્રોડકટસનાં ક્ષેત્રે પ્રગતિ સાધવી અનિવાર્ય છે. કચ્છની આ લિગ્નાઇટ સંપત્તિ તેનાં લખપત, નખત્રાણા અને માંડવી તાલુકાઓમાં પથરાયેલ છે.



મોહનકુમાર

બોકસાઈટ અને લાઈમસ્ટોન

બોકસાઇટનો જથ્થો વીસેક વર્ષ અગાઉ જે ૨૯૦ લાખ ટન જેટલો અંદાજાયેલ તે હાલે અંદાજે ૪૦૦ લાખ ટને પહોંચેલ છે. આ જથ્થા પૈકીનો ૩૦ લાખ ટનનો

જથ્થો ઊંચા એલ્યુમિનાનાં તત્ત્વો ધરાવતો રીફ્રેકટરી ગ્રેડનો છે જે તેની ગુણવત્તાનાં આધારે કચ્છ અને જામનગર જિલ્લાઓ સિવાય ભારતમાં અન્ય કયાંય નથી એટલે આવો શ્રેષ્ઠ બોકસાઇટ કેવળ ગુજરાતમાં જ છે. આ જથ્થા પૈકી અમુક જથ્થો હાઇ ક્વોલીટી એબ્રેસિવ્હ ગ્રેઇન્સ (વ્હાઇટ અને બ્રાઉન) બનાવવાના ઉપયોગમાં પણ આવે તેમ છે જે બનાવવાની ફેકટરીઓ જામનગર અને જૂનાગઢ જિલ્લાઓમાં પણ સ્થાપિત થયેલ છે.

ગુજરાત ખનિજ નિગમ બોકસાઇટનું ખોદકામ આશરે ૧૯૬૮નાં વર્ષથી કરી રહ્યું છે અને હજુ એકાદ વર્ષ પહેલા જ માંડવી તાલુકાનાં ગઢશીશા ગામે રીફ્રેકટરી ગ્રેઇડ બોકસાઇટ આધારિત કેલ્શીનેશન પ્લાંટ સ્થાપ્યો છે. જે વાર્ષિક ૫૦,૦૦૦ ટનનું ઉત્પાદન આપશે. એલ્યુમિના પ્લાંટ જે માટે કચ્છનો બોકસાઇટ છેલ્લે વપરાશે તે હજુ પણ આકાર પામેલ નથી. જેથી કચ્છ બોકસાઇટનું ભવિષ્ય સ્પષ્ટ થતું નથી. આ માટે કોઇ સાહસિક પગલું ભરાય તો કચ્છમાં બોકસાઇટ આધારિત ઉદ્યોગો સ્થપાય તેમ છે.

કચ્છનાં આર્થિક વિકાસ માટે કચ્છનાં ખનિજની ગુણવત્તાઓની સુધારણામાટેની અત્યાધુનિક વિદેશી ટેકનોલોજી આધારિત ઉદ્યોગો આવે તેવા સરકારે પ્રયત્નો કરવા જોઇએ.


લાઇમસ્ટોન એટલે કે ચૂનાનાં પથ્થરોનો વિપૂલ જથ્થો કચ્છમાં છે જે લગભગ ૭૭,૫૦૦ લાખ ટન જેટલો અંદાજવામાં આવેલ છે જે વધુ લખપત અને અબડાસા ઉપરાંત ભચાઉ, ભુજ, માંડવી અને નખત્રાણા તાલુકાઓમાં પથરાયેલ છે. લખપત-



અબડાસાનો માતબર જથ્થો સિમેન્ટ ઉદ્યોગ માટે લાયક છે અને પાસે જ દરિયાકાંઠો હોઇ નવા પોર્ટો/જેટ્ટીઓ બાંધી નિકાસ માટેની સરળતા છે. સરકારે તાજેતરમાં વિધાનસભામાં ઠરાવ કરીને નારાયણ સરોવર અભયારણ્યનો વિસ્તાર ઘટાડયો છે અને આમ કરીને વિકાસને અવરોધતો એક પથ્થર દૂર કર્યો છે. એજ રીતે બીજા નિર્ણયાતીક પગલાંઓ લ્યે તો આશરે વાર્ષિક વીસેક લાખ ટનના સિમેન્ટ ઉત્પાદન માટેનાં કુલ આશરે 'ચારથી પાંચ હજાર કરોડના મૂડીરોકાણ સાથે વિવિધ સિમેન્ટ પ્લાંટો સ્થપાય જે લખપત તાલુકામાં આવવા મથી રહ્યાં છે. સરકાર તેમને નવી નવી અદ્યતન દેશી/વિદેશી ટેકનોલોજી લાવવા ફરજ પાડી શકે. ઉદ્યોગનાં ઉપયોગ માટે ખારા પાણીમાંથી મીઠા પાણી બનાવવાનાં પ્લાંટો પણ ફરજીયાતપણે આ ઉદ્યોગોએ નાખવા પડે તેમ છે જેથી તેમની આ ઉત્પાદન શકિતમાં ફરજ પાડી વધારો કરાવી શકાય અને ફાજલ મીઠું પાણી લખપતનાં ગામોમાં પીવા માટે આપી શકાય. સિમેન્ટનાં નિકાસ માટે સમુદ્રકાંઠે નવા પોર્ટો/જેટ્ટીઓ બાંધી શકાય અને કચ્છ બહાર આંતરિક વપરાશ માટે લઇ જવા નવા રોડોનું નેટવર્ક તૈયાર કરવા ફરજ પડશે અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પણ હરણફાળ ભરશે. અમારી ફરજ અંગૂલીનિર્દેશની છે અને લોકમાનસને જાગૃત કરવાની છે. સરકાર અને પ્રજાએ તેમની જાગૃતિ હવે વિનાં વિલંબે દેખાડવી ઘટે જેથી કચ્છનાં સહુથી પછાત લખપત તાલુકાની સિકલ બદલાઇ શકે.

બેન્ટોનાઇટ અને ચાઇનાકલે

બેન્ટોનાઇટ જે એક પ્રકારની ફૂલતી સ્વેલીંગ કલે છે જેનો ઉત્કૃષ્ટ જથ્થો કચ્છમાં માંડવી, લખપત, અબડાસા, નખત્રાણા, ભચાઉ, રાપર, મુંદ્રા અને ભુજ તાલુકા વિસ્તારમાં ધરબાયેલ છે. કુલ કેટલો કચ્છમાં જથ્થો છે તેનો સાચો અંદાજ હજુ સુધી



મળેલ નથી. સરકાર આ જથ્થાની વૈજ્ઞાનિક આકરણી માટે સંશોધનાત્મક પગલાં તુરંત ભરે તે સમયની માંગ છે. જે પણ હાલ ખોદકામ થાય છે તે જ બેન્ટોનાઇટનાં સારા ગ્રેડનાં જથ્થાઓમાં જ થાય છે. જેનું સોડાએશ અને બીજા કેમિકલ્સ ભેળવીને ગ્રેડીંગ કરવામાં આવે છે. આ બેન્ટોનાઇટ પીસવા માટેનાં ઉદ્યોગો સારા એવા પ્રમાણમાં સ્થપાયા છે. આ બેન્ટોનાઇટ આંતરિક વપરાશ માટે દેશમાં ઓઇલ ડ્રીલીંગ મડ તરીકે ફેરસ અને નોન ફેરસ કાસ્ટીંગની ફાઉન્ડ્રીઓનાં મોલ્ડસમાં બાઇન્ડર તરીકે પાઇલ ફાઉન્ડેશન વિગેરે માટે મુખ્યત્વે જાય છે. તેનો બીજા વપરાશ માટે પણ બહોળો ઉપયોગ થાય છે. છેલ્લે બેન્ટોનાઇટની નિકાસે વેગ પકડયો છે અને બહાર દુનિયાની માર્કેટમાં બેન્ટોનાઇટ એટલે 'ઇંડિયા અને કચ્છ' જ છે.

તેમ છતાં બેન્ટોનાઇટનાં અપગ્રેડેશન માટે અને તેને વેલ્યૂએડસ બનાવવા માટેનું ક્ષેત્ર હજુ પણ 'ટચ મી નોટ' જ રહ્યું છે. જે માટે સઘન પ્રયાસો સરકાર અને ઉદ્યોગપતિઓએ હાથ ધરવા જોઇએ. જે પણ પ્રયાસો આ ક્ષેત્રે થયા છે નબળા અથવા નહીંવત થયા છે અને વધુ પરિણામલક્ષી થયા નથી. બેન્ટોનાઇટ- ચાયનાકલે અને અન્ય કલે માટે સરકારે કચ્છમાં શીઘ્રાતિશીઘ્ર એક અદ્યતન સંશોધન કેન્દ્ર કાર્યરત કરવું જોઇએ જે આ Claysને Valueadded ઉત્પાદનમાં રૂપાંતરીત કરવા માટેના વિકલ્પો શોધી કાઢે. ઉપરોકત જણાવેલ માટી- ખનિજોનો સબસ્ટાન્ડર્ડ જથ્થો પણ ઠેર ઠેર પથરાયેલ પડેલ છે જે હજુ ખોદકામ માટે સ્વીકારાયેલ નથી. આ સબસ્ટાન્ડર્ડ ગ્રેડની માટીને ગ્રેડેડ બનાવવા માટેનાં પ્રકલ્પોની શોધ અને તે માટે દેશી વિદેશી ટેકનોલોજીઓનો અભ્યાસ આવા રીસર્ચ સેન્ટરમાં હાથ ધરી પરિણામો પ્રજા સમક્ષ મૂકી શકાય. આવા કાર્યક્ષેત્રોમાં અન્ય ખનિજો અને મીઠા (Salt)ને પણ સામેલ કરી શકાય. કચ્છનાં ખનિજ માટે આવા પ્રયાસો ઘણાં જરૂરી છે. સરકાર ગુજરાત ખનિજ નિગમને આવું 'ખનિજ રીસર્ચ અને ડેવલેપમેન્ટ સેન્ટર' સ્થાપવા અગ્રેસર કરી શકે કારણ ખનિજ નિગમ પાસે ભુજમાં ખનિજ માટેની લેબોરેટરી, ટ્રેઇન્ડ કેમીસ્ટ અને બીજી વ્યવસ્થા છે. સાથે નિગમ પાસે આવા એડવાન્સ રીસર્ચ અને સેન્ટર સ્થાપવા મૂડી છે, અનુભવી સ્ટાફ છે અને તેમનાં વિદેશી સંપર્કોનો ઉપયોગ કરી નવી નવી ટેકનોલોજીઓનો અભ્યાસ કચ્છનાં ખનિજોનાં લાભાર્થે ઉપયોગમાં મૂકી શકે. આ સૂચન સમયસરનું અને કચ્છનાં શ્રેષ્ઠ હિતમાં છે.

ચાયના કલે (કેઓલીન કલે)ની સ્થિતિ બેન્ટોનાઇટ કરતાં પણ નબળી છે. કચ્છની કેઓલીન કલે ધીમે ધીમે પણ દેશ-વિદેશમાં જાણીતી થઇ રહી છે. હાલ માત્ર લેવીગેશન એટલે કે પાણી સાથે સ્લરી બનાવીને નાલીઓમાંથી પસાર કરીને ફલોટેશન અને ગ્રેવીટી સેપરેશનથી શુદ્ધ ચાયના કલે મેળવાય છે અને તેને બજારમાં વેચાણ માટે મૂકવામાં આવે છે. ચાયના કલેનું પણ પૂરતું સંશોધન થયું નથી એટલે કેટલો જથ્થો છે તેની જાણકારી ઉપલબ્ધ નથી. ચાયના કલેનો જથ્થો જે હાલ ઉત્ખનનરત છે તે સબસ્ટાન્ડર્ડ કલે સાથે ભેળસેળ થયેલ છે અને સ્ટાન્ડર્ડ કલેને છૂટી પાડીને ઉત્પાદન લેવામાં આવે છે આથી ઘણી કલે સબસ્ટાન્ડર્ડ કલે સાથે મિકસ થઇ જતાં તે વીણીં શકાતી નથી. અહીં પણ ચાયના કલેનાં એગ્રીગેટ જથ્થામાંથી વૈધાનિક ઢબે લાયક કલેને જુદી પાડવાની જાણ ઉદ્યોગોને નથી જેથી સારી એવી રો (Raw) કલે નકામી જાય છે. હાલ ચાલતા લેવીગેશન સિવાય હજુ તેનાથી વધુ વિકસિત પદ્ધતિ ઉદ્યોગમાં લેવાયેલ નથી. વિદેશોમાં હાઇડ્રોટરબાઇન પદ્ધતિથી ગ્રેડેડ ચાયના કલેનું ઉત્પાદન અનેકગણું વધુ મેળવાય છે. કચ્છી ઉદ્યોગપતિઓ વિદેશોમાં જઇને આવી પદ્ધતિઓ નજરે જોઇ આવ્યા છે પણ હજુ સુધી કોઇએ આ પદ્ધતિને અપનાવી નથી. તેમજ ચીલાચાલુ ગ્રેડ સિવાય વધુ ઉત્તમ અને Refined ચાયના કલે મેળવવા

માટેનું સંશોધન પણ હાથ ધરાયેલ નથી. આવા કામનો વિસ્તાર જોતાં સરકારનાં સાધનો ટાંચા લાગે છે પણ સંશોધન અત્યંત જરૂરી છે અને જો આ ખનિજ ઉદ્યોગને વેગ આપવો હોય તો વિલંબ પાલવશે નહીં અને ટેકનોલોજીકલ સંશોધનો માટે હજુ પણ 'દિલ્હી દૂર છે'ની સ્થિતિ સુધારવી પડશે.

બીજી પણ અનેક જાતની માટી/કલે જે આછા સફેદ, ભૂખરા, જાંબલી વિગેરે રંગની મળે છે જે કેઓલીન જાતની નથી પણ એલ્યુમીનસ કલે તો છે જ. આવો જથ્થો પણ કચ્છમાં ઘણો છે પણ આવી કલેની ઉપયોગીતા હજુ સાબિત થઈ શકેલ નથી કે તેની જાણકારી હજુ નથી. જેથી આવી કલે ઉત્પાદિત થયેલ નથી. લાલ અને પીળી માટી એટલે રેડ અને યલો ઓકર પણ ઠેર ઠેર જોવા મળે છે પણ આર્થિક રીતે પરવડે તેવો જથ્થો જોવા મળેલ નથી. આ જે 'કલે' નામની વસ્તુ છે તે એટલી વિશાળ છે કે તેનાં સંશોધન પાછળ આખી જિંદગી વીતી જાય તેમ છે.

અન્ય ઉપયોગી ખનિજો

'સીલીકા સેન્ડ' (રેતી જે ગ્રેન્યૂલર અને અશુદ્ધિઓ રહિત હોય તે) નો જથ્થો પણ કચ્છમાં અંજાર, ભુજ, માંડવી વિગેરે વિસ્તારમાં મળી આવે છે. સીલીકા સેન્ડ છે તે સાધારણ સેન્ડ સ્ટોનથી જુદી પડે છે કારણ સેન્ડ સ્ટોનનો જથ્થો તો કચ્છમાં વિશાળ હશે. અંજાર તાલુકાની સીલીકા સેન્ડ કંડલાનાં ખાતરનાં કારખાનામાં વપરાય છે. સીલીકા સેન્ડનો ઉપયોગ ફાઉન્ડ્રી ઉદ્યોગ અને કાચ બનાવવા માટે વિશેષ અને ડ્રીલીંગ- પોલીશીંગ વિગેરેમાં પણ વપરાય છે આ ઉપરાંત કવોર્ટ્ઝ જે ક્રીસ્ટલ ફોર્મમાં મળે છે તે સીલીકાનું શુદ્ધ રૂપ હોય છે અને તે હાઈ કવોલીટી કાચ બનાવવા માટે અને હાર્ડ હોઈ ક્રીટલ બેરીંગની જરૂરત હોય ત્યાં વપરાય છે. કચ્છમાં માંડવી તાલુકામાં ગઢશીશા અને મઉં વિસ્તારમાં ટેકરીઓ અને નદીનાં પટમાં બેસોલ્ટ કાળા પાણા સાથે પથરાયેલ મળી આવે છે. કવોર્ટ્ઝનો આ જથ્થો ઘણો સીમિત છે.

'સિડેરાઈટ' જે ફેરસ કાર્બોનેટનાં રૂપમાં ૬''-૮''થી નાના ગોળાકાર રોડા જેમ લિગ્નાઈટ જોડે મળતા સેલ સાથે મળી આવે છે તેનો રંગ સહેજ ભૂખરો હોય છે. આ



જથ્થો લિગ્નાઈટ જોડે લખપત અને માંડવી તાલુકાઓમાં મળી આવે છે અંદાજે સાડાચાર લાખ જેટલો જથ્થો છે. સિડેરાઈટ લિગ્નાઈટ અને સેલનાં માયનીંગ વખતે અલગ તારવી શકાતો નથી અને તે વેસ્ટ ડમ્પમાં જતો રહે છે. સિડેરાઈટનું માયનીંગ એટલે ફલોટ કલેકશન જેવું હોય પણ તે કચ્છમાં થતું હોય તેવું જણાયું નથી. ખુલા હવામાનનાં સંપર્કમાં આવવાથી તે ઓકસીડાઈઝ થઈ જતા તેની ગુણવત્તા ગુમાવે છે. હાઈડ્રોજન કે તેના થકી થતા ઉત્પાદનોમાં સિડેરાઈટ વપરાય છે.

કોલસો પણ આશરે બારેક લાખ ટન જેટલો અંદાજે ગુનેરી (લખપત તાલુકો)માં મળેલ છે જેનું ઉત્પાદન હાથ ધરાયેલ નથી. લિગ્નાઈટ કરતા વધુ ઉષ્ણતામાન આપતો અને ગુણવત્તામાં ઊંચો એવો કોલસો જ્યારે કોઈક ઉદ્યોગમાં લિગ્નાઈટ જોડે વાપરી વધુ કેલોરીફીક વેલ્યુ મેળવવાની જરૂરીયાત ઊભી થશે ત્યારે તેનું ઉત્ખનન કદાચ હાથ ધરાય. કેન્દ્ર સરકાર તેનાં માયનીંગની પરવાનગી આપી શકે પણ તે અત્યાર સુધી અપાયેલ નથી.

સેલ પણ કોલસા અને લિગ્નાઈટનાં થરો સાથે જે મળી આવે તે કોબોનેસિમસ હોઈ સહેલાઈથી આપોઆપ ગરમ થઈ સળગી ઊઠે છે જે લિગ્નાઈટનાં જથ્થામાં લાગતી આગનું કારણ હોય છે. અહીં તેનાં વિષે લખવાનું કારણ એ કે હાલ સેલ પણ બળતણરૂપે વપરાય છે એટલે તે હવે માટીમાં લિગ્નાઈટ ખોદતા ફેંકી શકાય નહીં.

બેરાઈટ અને એગેટ (અકીક) પણ કચ્છમાં મોજૂદ છે પણ આ બન્ને વેપારી



ધોરણે મેળવી શકાય તેમ નથી કારણ જથ્થો નાનો અને છૂટક પથરાયેલો છે. અકીકનાં પાણા કોંગ્લોમેરેટ ખડકોમાં મળી આવે છે અને રાપર, અંજાર અને ભુજ તાલુકામાં સ્થિત છે. આ વિવિધ કલરનાં પાણાને કટીંગ અને પોલીશીંગ કરી અર્ધ કિંમતી પથ્થરોનાં રૂપમાં વેચાણ અર્થે બજારમાં મૂકાય છે. રાપર તાલુકામાંથી આવા ભૂતકાળમાં પથ્થરો ઉપર કામ થયા છે. તે ક્રિપ્ટો ક્રિસ્ટલાઈન સિલીકા હોઈ તેની કઠોરતાને કારણે પણ તે ઉપયોગી બની રહે છે.

જીપ્સમ તે ચિરોડી સફેદી સાથે નરમ ગુણ ધરાવતી હાઈડ્રેટેડ કેલ્સીયમ સલ્ફેટ હોય છે. ખડકોમાં મળી આવતું જીપ્સમ ક્રીસ્ટલ ફોર્મમાં પૂર્ણ કે અર્ધપારદર્શક હોય છે તે રાપર તાલુકામાં વધુ અને લખપતમાં સહેજ ઓછું એમ મળી આવે છે. પ્લાસ્ટર ઓફ પેરિસ બનાવવામાં અને સિમેન્ટ ઉદ્યોગ વિગેરેમાં વપરાય છે. જીપ્સમનો જથ્થો આશરે ૨૦,૭૨,૦૦૦ ટનથી અંદાજવામાં આવેલ છે.

ખડક જીપ્સમ સાથે મરીન જીપ્સમની પણ વાત કરી લઈએ, જે લગભગ સરખી ગુણવત્તા ધરાવે છે. મીઠાનાં અગરોમાં તળીયે જામી જઈ ક્રીસ્ટલાઈન થાય છે અને મીઠાનાં પાંચેક ટકા કરતા પણ ઓછું મળી આવે છે. મીઠું કચ્છમાં વધુ પાકે છે એટલે મરીન જીપ્સમ પણ ઉત્પાદિત થાય છે. જમીન સુધારણા, સિમેન્ટ વિગેરેમાં વધુ વપરાય છે. આ એક બાઈન્ડીંગ એજન્ટ પણ છે.

નમક અને આડપેદાશો માટેનું અજોડ સ્થળ

'બ્રાઈન વોટર' ને ખનિજ રૂપમાં લેખાવું જોઈએ. આ સેલાઈન વોટર અને મીઠાંવાળુ પાણી ભૂતળમાં પણ મળે છે, ખાડીઓમાં સરોવરરૂપે પણ મળે છે અને અલબત્ત દરીયો તો છે જ. કચ્છ- સૌરાષ્ટ્ર સાથે મળી દેશનું વધુમાં વધુ મીઠું બનાવે છે કારણ ઘણો મોટો સાગરકાંઠો ઉપરાંત કાંઠે મેદાની વિભાગ સ્થિત હોઈ અગરો માટે ઉત્તમ સગવડતા કરી આપે છે. તાપમાન પણ વધુ હોઈ બાષ્પીકરણ પણ ઝડપી છે. આવા બ્રાઈન વોટરનું બાષ્પીકરણ કરીને મીઠાંનાં અગરો બનાવી મીઠાંનું ઉત્પાદન અને આડ પેદાશો લેવાય છે. કચ્છનો રણ અને રણ કાંઠો પણ બ્રાઈન વોટર (ભૂતળનું) અને બીજી સગવડો ધરાવતા મીઠું ઉત્પન્ન કરે છે. કચ્છમાં બ્રોમીનનું ઉત્પાદન નજીકનાં ભવિષ્યમાં શરૂ થશે. મીઠાંનું ઉત્પાદન અને આડ પેદાશો માટે કચ્છ એક અદ્દભૂત સ્થળ છે પણ રીસર્ચ ફેસીલીટીની અને વિવિધ ટેકનોલોજીને વિદેશોથી લાવવાની જરૂર છે. સરકારે પણ આ ઉદ્યોગને પડખે ઊભા રહેવાની જરૂર છે. બીજા ખનિજ ઉત્પાદિત થતા ભંડારો ક્રમશઃ ખાલી થતા જાય છે પણ બ્રાઈન વોટર તો બનતું જ રહેવાનું છે. કચ્છ પાસે મીઠા આધારિત ઉદ્યોગો માટેની દેશની સર્વશ્રેષ્ઠ પોટેન્શ્યલ છે.

કચ્છની ખનિજ સંપત્તિ વિષે અવારનવાર લખાતું રહ્યું છે પણ તે સંપત્તિનો જોઈએ તેવો ઉપયોગ થઈ શકેલ નથી. કારણો ઊંડાણથી વિચારીયે તો ઘણાં છે જેની ચર્ચા ફરી ક્યારેક કરશું. કચ્છનાં આર્થિક વિકાસની વાતો થાય ત્યારે તેની ખનિજ સંપત્તિ વિષે સહુપ્રથમ સહુનું ધ્યાન જાય છે. સરકારી ધોરણે સારા એવા પ્રયાસો થયા છે પણ તે પૂરતા નથી. તેનો વ્યાપ ઝડપી વધારવો પડશે. તેનાં વિકાસ આડે આવતા કારણો તપાસી, સમજીને તુરંત નિર્ણયો લેવા પડશે. હવે તો સફાળા જાગવું જ પડશે. નહીં જાગીએ તો કોઈને પણ દોષ આપવાનું બંધ કરવું પડશે. સોનેરી પ્રભાત આવશે તે જાણવા છતાં રાતને લંબાવતા જવાનો કોઈ અર્થ નથી. □

■ પ્રેમ, ૧૭ એ/બી, ભાનુશાલીનગર, ભુજ. ૩૭૦ ૦૦૧



સૂકા અને વારંવાર દુષ્કાળગ્રસ્ત રહેતા કચ્છ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા કાર્યરત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે તેની સેંકડો કિલોમીટર લાંબી પાઈપલાઈનો તેમજ સેંકડો મોટરો સાથે જિલ્લાના નવ તાલુકાઓમાં ૧૦૬ જૂથ યોજના અને ૧૦૭ વ્યકિતગત પાણી પુરવઠા યોજનાઓ દ્વારા કુલ ૭૮૬ ગામોને આવરી લેતી જે વિશાળ જાળ બિછાવી છે તે સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી મોટી છે તેમ છતાં આયોજનની ખામી, કામની અસમાન વહેંચણી, ભ્રષ્ટાચાર જેવાં કારણને લઈને સૌથી વધુ તેના ઉપર જ માછલાં ધોવાતાં રહ્યાં છે. અલબત્ત વ્યકિતગત યોજનાની નજરે તેની જાળવણીને સંબંધ છે ત્યાં સુધી કેટલાક વિસ્તારોમાં ગ્રામજનો પણ નાગરિક તરીકેની ફરજ નથી બજાવી શકયા એનીયે નોંધ લેવા જેવી છે.


પાણી યોજનાની લાઈનોમાં ભાંગફોડ, આંતરિક ખટપટ અને પોત પોતાના વિસ્તારમાં પાણી ખેંચી જવાની પ્રવૃત્તિએ પાણી યોજનાઓનાં સંચાલનને નોંધપાત્ર જફા પહોંચાડી છે.

૭૮૬ ગામડાં નોસોર્સ જાહેર થયેલાં છે


નવ તાલુકાઓમાં કુલ વસવાટ હોય તેવાં ૮૮૭ ગામો છે જેમાંથી આ ૭૮૬ ગામોનો 'નો સોર્સ' કક્ષામાં સમાવેશ કરાયો છે. જેને પા. પુ. બોર્ડ પાણી પૂરૂં પાડી રહ્યું છે.

આમ જોઈએ તો આટલી જબરજસ્ત જાળની જાળવણી ઘણું દુષ્કર કાર્ય છે અને પૂરતાં સાધનો, સાધનોની ગુણવત્તા તેમજ વહીવટી સ્ટાફની તે માટે જરૂર છે આ પૈકીની તમામ બાબતે ઘણા અંશે આ બોર્ડ ઊણું ઉતર્યું હોવાની વ્યાપક ફરિયાદો રાજકીય કે બિનરાજકીય રીતે થતી રહી છે.

બન્ની પાણી પુરવઠા યોજના હેઠળ ઝુરા ગામે બનાવાયેલી ૨૦ મીટર ઊંચી ૧૦ લાખ લીટર ક્ષમતાવાળી ટાંકી



પાણી યોજના નિષ્ફળ જવાથી, ભંગાણ પડવાથી જ્યાં પાણી પહોંચતું ન હોય તેવાં ગામોમાં આ બોર્ડ ટેન્કરો પણ દોડાવે છે. ટેન્કરનું પાણી પૂરૂં નહીં પડતું હોવાની બીજી ફરિયાદ પણ ઊઠે છે. રાજકીય પક્ષો, આગેવાનો ભ્રષ્ટાચારને કારણભૂત ગણાવે છે તો વહીવટતંત્ર લાઈનોમાં ભાંગફોડ, સ્ટાફનો અભાવ વગેરે જેવાં કારણો આગળ ધરે છે. ત્યારે સચ્ચાઈ શું છે તે જાણવું જરૂરી થઈ પડે છે.જિલ્લાની આ તમામ પાણી યોજનાઓનાં સંચાલન માટે વિશ્વબેંક તથા પાણી પુરવઠાની તાલુકાવાર વિવિધ કચેરીઓ આવેલી છે. જે પૈકી પા. પુ.ની કચેરીઓમાં ભુજમાં ૪, નલિયામાં ૧, નખત્રાણામાં ૨,



જે ગામોમાં પાણી યોજના સારી રીતે ચાલે છે ત્યાં હવાડા ભરાતાં પશુઓ માટેય તે આશીર્વાદરૂપ બને છે, પણ કેટલાયે ગામોમાં બને છે એથી ઊલટું. પાણી માટે પશુઓને તો હવાતિયાં મારવા પડે છે.

માંડવીમાં ૨, અંજારમાં ૨, ભચાઉ અને રાપરમાં ૧-૧ જ્યારે ગાંધીધામમાં ૨ અને આદિપુરમાં ૧ પેટા કચેરી મળીને કુલ ૧૬ કચેરીઓનો સમાવેશ થાય છે.

આ કચેરીઓને કામની ફાળવણી (જે ઘણું મહત્ત્વનું છે) આ રીતે કરાઈ છે. ભુજની ચાર પેટા કચેરીઓ પૈકી બે કચેરીઓ બન્ની જૂથ યોજના ભાગ ૧ થી ૩નું સંચાલન કાર્ય સંભાળે છે. આ યોજના કુલ ૧૧૭ ગામોને આવરી લે છે. ત્રીજી કચેરી તાલુકાની અન્ય યોજનાઓનું સંચાલન કરે છે. જ્યારે વિશ્વબેંક વિભાગ હેઠળની ચોથી કચેરી માત્ર ખડીર જૂથ યોજનાનું સંચાલન કરે છે.

બીજી બાજુ નલિયા સ્થિત એકમાત્ર કચેરી અબડાસા તાલુકાનાં ૧૦૫ અને લખપત તાલુકાના ૧૧ ગામો મળીને કુલ ૧૧૬ ગામોની જૂથ યોજનાઓનું સંચાલન એકલે હાથે કરે છે. જેમાં એક જ જખૌ- જંગડીયા જૂથ પાણી યોજના જ કચેરી રેકર્ડ પ્રમાણે ૨૫૦ કિલોમીટર લાંબી છે. આ યોજના બંને તાલુકાઓનાં કુલ ૬૦ ગામોને આવરી લે છે. આ યોજનાઓની જાળવણી ઉપરાંત આ જ કચેરી નવી યોજનાઓ બનાવવાની જવાબદારી પણ ઉપાડે છે.

નખત્રાણાની બે કચેરીઓ પૈકીની એક કચેરી તાલુકાની જૂથ યોજનાઓનું સંચાલન કાર્ય તેમજ નવી યોજનાઓ બનાવવાની કામગીરી બજાવે છે તો લખપત જૂથ યોજના નં. ૨ની જવાબદારી પણ તેને શીરે છે. બીજી કચેરી માત્ર લખપત જૂથ યોજના ભાગ-૧નું સંચાલન સંભાળે છે.

માંડવી સ્થિત કચેરીઓમાંની એક કચેરી માંડવી તાલુકાની તેમજ અબડાસા તાલુકાની કેટલીક જૂથ યોજનાઓનું સંચાલન કરે છે. જ્યારે બીજી કચેરી નવી યોજનાઓ બનાવવાની કામગીરી અને સર્વેક્ષણનું કામ સંભાળે છે.

અંજારના બે પેટા વિભાગ પૈકીનો એક વિભાગ અંજાર અને મુન્દ્રા તાલુકાની યોજનાઓની જવાબદારી ઉપાડે છે તેમજ નવી યોજના અંગેનું કામ પણ જુએ છે. જ્યારે બીજો પેટા વિભાગ કંડલા સંકુલની પાણી યોજના સંભાળે છે.

ભચાઉ અને રાપરની પેટા કચેરીઓ જે તે તાલુકાની જૂથ યોજનાઓનું સંચાલન તથા નવી યોજનાને લગતી કામગીરી સંભાળે છે.

ગાંધીધામ અને આદિપુરના પેટા વિભાગો કંડલા સંકુલ પાણી યોજનાનું સંચાલન સંભાળે છે. ગાંધીધામની બીજી પેટા કચેરીના શીરે ખડીર રણદ્વિપ યોજનાની કામગીરી છે.

પાણી યોજનાનો પથારો છેવાડાના ગામો સુધી પહોંચ્યો છે; પાણી નહિ

□ અદ્વૈત અંજારિયા □ કનૈયાલાલ જોશી

કાર્ય ફાળવણીની સ્પષ્ટ અસમતુલા

જૂથ યોજનાઓનાં સંચાલનની મહત્ત્વની કામગીરીની ફાળવણીમાં અસમતુલા હોવાનો સત્તાવાર સ્વીકાર થયો છે. જેમાં નલિયાની પેટા કચેરી જ જોઇએ તો કુલ ત્રણ કચેરીઓનું કામ એકલે હાથે ઉપાડે છે. તો બીજીબાજુ ભુજ, ગાંધીધામ અને નખત્રાણાના પેટા વિભાગો પાસે નહીંવત કામગીરી છે.

૨૫૦ કિલોમીટર લાંબું પાઇપલાઇનોનું જાળું ધરાવતી જખૌ જંગડીયા યોજના તેમજ અન્ય નાની મોટી સાતેક યોજનાઓનો ભાર વહન કરતી નલિયાની કચેરીના કર્મચારીઓ જ વધુ પડતાં ભારણથી ત્રાસી ગયા છે. ભૂતકાળમાં એક વખત આ કર્મચારીઓએ સાગમટે બદલીની લાગણી અખબારો સમક્ષ વ્યકત પણ કરી હતી.

વહીવટીતંત્ર આમ છતાં તેમનાં વધુ પડતાં કામને ધ્યાને લઇ નવો વિભાગ, વધુ સ્ટાફ કે અન્ય વ્યવસ્થા ગોઠવતું નથી જે હકીકત છે. ૧૧૭ ગામોની યોજનાઓનું સંચાલન, નવી યોજનાઓ ઘડવી વગેરેની કામગીરી કંઇ નાની સુની તો નથી જ.

સાધનો ટાંચા-ગુણવત્તામાં ઊતરતા છે

પા. પુ: બોર્ડ કચ્છના ઉચ્ચ અધિકારીના કહેવા અનુસાર હાલે પાણી યોજનાઓ માટે જરૂરી એવી સબમર્શીબલ મોટરોની ગુણવત્તા ઊતરતી કક્ષાની છે. જો ચોક્કસ કંપનીની જ મોટરો તેમને ફાળવાય તો વારંવાર મોટરો બળી જવાથી કે અન્ય રીતે થતાં ભંગાણને લાંબા સમય સુધી નિવારી શકાય.

કચ્છના મોટા ભાગના બોરમાં કોપરનું પ્રમાણ સવિશેષ જણાય છે. એ કારણથી સામાન્ય સબમર્શીબલ મોટરો ઝીંક ઝાલી શકતી નથી. આ માટે જરૂરી એવા સ્ટીલ બોડીના કલામા કે કેએસબીના સબમર્શીબલ પંપ સેટ કચ્છની કચેરીને પૂરા પડાય તો વારંવારનો ખોટીપો નિવારી શકાય તેમ છે.

પાણી યોજનાઓ નિષ્ફળ જવા પાછળનું બીજું મહત્ત્વનું પરિબળ યોજનામાં પાછળથી ઉમેરાતાં ગામો છે.

ઘણી જૂથ યોજનાઓમાં પાણીના સોર્સ ખતમ થતા જતા હોય તેવાં ગામોને પાસેથી પસાર થતી પાણીની લાઇનોમાં જોડી દેવાય છે. પરિણામે એ લાઇન ઉપર લોડ વધી જાય છે. લોડ વધવાથી એટલે કે વચ્ચેથી વધુ પાણી ખેંચાઇ જવાથી છેવાડે આવતાં ગામોને પૂરૂં પાણી પહોંચતું નથી.


'પાણી આપોની' માગણી સામે ત્વરીત ઉકેલ આવો જ હોવાથી વહીવટીતંત્ર તેને જ સૌથી પહેલાં અનુસરે છે. પાણી ન હોય તેવાં ગામોને પાણી આપવા કોઇ વિશિષ્ટ કે કાયમી આયોજન થતું નથી અને જૂની યોજનાઓ ઉપર વિશેષ ભાર આવ્યા કરે છે.

આ માટે મોટી યોજનાઓની વિસ્તૃત માહિતી મેળવવી આવશ્યક છે.

બન્ની જૂથ યોજના-૨ અને યોજના-૩

વિશ્વ બેંકની સહાય આધારિત આ યોજના વર્ષ ૧૯૮૨-'૮૩માં મંજૂર થઇ હતી ત્યારે તેમાં કુલ ૩૨ ગામોનો સમાવેશ થતો હતો. એક પછી એક ગામ પાછળથી ઉમેરાતાં હવે આ યોજના ૪૪ ગામને આવરી લે છે. આમ ટેકનિકલ રીતે ૩૨ ગામની વ્યવસ્થા ધરાવતી આ યોજનામાં પાછળથી ૧૨ ગામો ઉમેરાઇ ગયાં છે.

અછતના વર્ષે તો ખડીર જેવા રણના બેટ વિસ્તારમાં આ રીતના વીરડામાંથી સૂર્યના પ્રખર તાપ નીચે પાણી ઉલેચતાં નાકે દમ આવી જાય છે.



કચ્છની જૂથ પાણી યોજનાઓની માહિતી

ક્રમ નં.	જૂથ યોજના	તાલુકો	યોજનામાં સમાવિષ્ટ ગામો	પાઇપ લાઇનથી પાણી ન અપાતું હોય તેવાં ગામો
૧.	બન્ની જૂથ ભાગ-૧	ભુજ	૪૭	૬
૨.	બન્ની જૂથ ભાગ-૨	ભુજ	૪૪	૧૯
૩.	બન્ની જૂથ ભાગ-૩	ભુજ	૨૬	૮
૪.	જખૌ જંગડીયા	અબડાસા-લખપત	૬૦	૧૮
૫.	લખપત જૂથ ભાગ ૧-૨	લખપત	૬૫	૧૨
૬.	નરેડી જૂથ	અબડાસા	૧૨	-
૭.	સુથરી જૂથ	અબડાસા	૧૪	-
૮.	બાલાપર બુડ્ઢો	અબડાસા	૧૫	૪
૯.	તેરા જૂથ	અબડાસા	૧૧	૫
૧૦.	જતાવીરા જૂથ	નખત્રાણા	૧૮	૧
૧૧.	છારી ફુલાય જૂથ	નખત્રાણા	૧૫	૫
૧૨.	શિણાય-વીડી જૂથ	અંજાર	૧૩	૩
૧૩.	બાનીયારી-દેશલપર જૂથ	અંજાર	૧૨	-
૧૪.	શિવલખા જૂથ	ભચાઉ રાપર	૨૯	૯
૧૫.	દેશલપર જૂથ	રાપર	૧૪	-
૧૬.	ચાંદ્રાણી કોટડા જૂથ	અંજાર	૧૨	-

આ તેમજ અન્ય કારણે તાજેતરમાં ૧૯ ગામોને પાઇપ લાઇનથી પાણી આપી શકાતું નથી અને ટેન્કરો મોકલવાં પડે છે.

બન્ની યોજના-૩માં મૂળ ૧૩ ગામો માટે ૧૯૮૪ના માર્ચ મહિનામાં રૂા. ૧૭૮ લાખના અંદાજીત ખર્ચે મંજૂર થયેલી આ યોજનાની જવાબદારી અત્યારે બરાબર બમણી થઇ ગઇ છે. યોજનામાં પાછળથી વધુ ૧૩ ગામો ઉમેરાતાં તે ૨૬ ગામોને આવરી લે છે. પાઇપલાઇન લગભગ ૩૦૦ કિલોમીટરની છે. અત્યારે ૮ ગામોને લાઇનમાં પાણી મળતું નથી એટલે ટેન્કર દ્વારા પહોંચાડાય છે.

જખૌ જંગડીયા જૂથ યોજના

અબડાસા તાલુકાનાં ૩૪ અને લખપત તાલુકાનાં ૧૧ ગામો મળીને કુલ ૪૫ ગામો માટે વર્ષ '૮૩-'૮૪માં ૨૩૩ લાખ રૂપિયાના અંદાજીત ખર્ચે મંજૂર થયેલી આ યોજનામાં પાછળથી ગામો ઉમેરાતાં અત્યારે તેનું કદ ૬૦ ગામો સુધી વિસ્તર્યું છે.

જખૌ ગામનો યોજનામાં પાછળથી સમાવેશ થયો છે અને તેની જરૂરિયાત યોજનાની કુલ જરૂરિયાતના ૨૫ ટકા જેટલી થાય છે. ઉપરાંત આ બંને તાલુકાઓમાં પશુધનની સંખ્યા સવિશેષ હોવાથી પાણીનો વપરાશ માથાદીઠ ૭૦ લીટર થાય છે. જ્યારે યોજનામાં તેની ડિઝાઇન ૪૦ લીટર માથાદીઠ જરૂરિયાત મુજબ થઇ છે.

આવાં કારણોસર આ લખાય છે ત્યારે ચાર ગામોને તો બિલકુલ પાણી આપી શકાતું નથી તો ૧૪ ગામોને પાણી પહોંચાડવા ટેન્ડરો દોડાવાય છે. મુખ્યત્વે છેવાડાંનાં ગામો પાણીથી વંચિત રહી જાય છે.

ઉપરાંત આ બંને તાલુકાઓ વધુ સૂકા હોવાથી અને પાણીની જરૂરિયાત વધુ હોવાથી ૨૫૦ કિ. મી. લાંબી લાઇનોમાં માથાભારે તત્ત્વો લાઇન તોડી નાખતા હોવાના કિસ્સા બને છે. જેને નિવારી શકાય તેમ નથી.

લખપત જૂથ ભાગ૧-૨

વિશ્વ બેંકની સહાયથી વર્ષ '૮૨-'૮૩માં રૂા. ૨૧૫.૮૪ લાખના અંદાજીત

ખર્ચે મૂળ ૩૭ ગામો માટે અસ્તિત્વમાં આવેલી લખપત જૂથ-૧ યોજનાનું પાણી ઠેઠ નખત્રાણા તાલુકાનાં નેત્રા ગામથી ૩૦૦ કિલોમીટર જેટલી લાઇનો વડે લખપત તાલુકામાં પૂરૂં પડાતું હતું.

પાછળથી સરહદી વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૮૬-૮૭માં રૂા. ૧૩૯ લાખના અંદાજીત ખર્ચે લખપત જૂથ-૨ યોજના ૨૫ ગામો અને ૧૧ બી.ઓ.પી. માટે મંજૂર થઇ. આ યોજના માટે અલગ સોર્સ નહોતો અને તેને લખપત જૂથ-૧ની લાઇનમાંથી જ ટેપીંગ વડે જોડાણ અપાયું.

આમ મૂળ લખપત જૂથ-૧ યોજના ૧-૨નો સમન્વય થતાં કુલ ૬૫ ગામોને આવરી લેતી વિશાળ યોજના બની પરંતુ લાઇનોની વહનશકિત ઘટી જતાં પાણી પહોંચાડવામાં વિક્ષેપ ઊભા થયા.

બાલાસર-બુડધ્રો અને શિવલખા જૂથ યોજના

અબડાસા તાલુકાનાં ૮ ગામોને આવરી લેતી વર્ષ ૮૪-૮૫માં રૂા. ૪૭.૩૬ લાખના ખર્ચે મંજૂર થયેલી આ યોજનામાં પાછળથી એટલાં ને એટલાં ગામો ઉમેરાતાં તેનું કદ ૧૬ ગામો સુધી વિસ્તર્યું. પરિણામે અત્યારે છેવાડાનાં મોટી સુડધ્રો, કાળાતળાવ અને રાયધણપરને ટેન્કરના પાણી ઉપર આધાર રાખવો પડે છે.

પૂર્વ કચ્છની ભચાઉ અને રાપર તાલુકાનાં ૨૯ ગામોને આવરી લેતી શિવલખા ડેમનું પાણી ફિલ્ટર કરીને પૂરૂં પાડતી શિવલખા જૂથ યોજનામાં પણ પાછળથી વધુ ગામો ઉમેરાતાં મુશ્કેલી ઊભી થઇ છે. તેનો ડિઝાઇન પિરીયડ પૂર્ણ થઇ ગયો છે અને જૂની આર.સી.સી. પાઇપ લાઇન ચોકઅપ થતી હોવાથી છેવાડાના ૯ ગામોને પાણી આપી શકાતું નથી.

ખાલી જગ્યાઓનું ગ્રહણ

કચ્છમાં બીજાં ખાતાંઓમાં જે સમસ્યા છે તે ખાલી જગ્યાઓનું ગ્રહણ પાણી પુરવઠા બોર્ડને પણ લાગ્યું છે. આટલી વિશાળ કામગીરીની દ્રષ્ટિએ જો પૂરતો સ્ટાફ ન હોય તો જુદી જુદી યોજનાઓનું સંચાલન કઇ રીતે થઇ શકે ?

આમ તો છેલ્લા લાંબા સમયથી કચ્છ ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યમાં ભરતીની પ્રક્રિયા બંધ જેવી જ છે. આ કારણે પા. પુ. બોર્ડમાં જિલ્લામાં અલગ અલગ કક્ષાની કુલ ૮૩ જગ્યાઓ ખાલી પડી છે ! જેમાં ૪૧ તાંત્રિક અને ૪૨ બિનતાંત્રિક જગ્યાઓનો સમાવેશ થાય છે.

તંત્રએ પોતાની રીતે વિવિધ સ્તરે સત્તાવાળાઓનું ધ્યાન દોર્યું પણ છે પરંતુ હજુ આ જગ્યાઓ ભરવાનાં કોઇ પગલાં લેવાયાં નથી. ત્યાં નવી યોજનાઓ, નવી જવાબદારીઓનો જે વધારો થઇ રહ્યો છે તે જોતાં તેના માટે નવા સ્ટાફની વ્યવસ્થાનો નિમણૂકનો કોઇ સવાલ જ કયાં ઊભો રહે છે.

ભ્રષ્ટાચારના આક્ષેપમાં તથ્ય કેટલું ?

પા. પુ. બોર્ડ જૂથ પાણી યોજનાઓ ઉપરાંત જ્યાં નજીકમાં સોર્સ ઉપલબ્ધ છે ત્યાં વ્યકિતગત પાણી યોજના બાંધીને જે તે પંચાયતને ચલાવવા આપે છે. આ યોજનાઓની ડિઝાઇન અને પાઇપલાઇનનું માળખું બિછાવવામાં મોટે ભાગે ભ્રષ્ટાચારના આક્ષેપો થતા રહ્યા છે.

મોટી જૂથ યોજનાઓમાં પણ ભ્રષ્ટાચાર હોવાનું રાજકીય પક્ષો કહેતા આવ્યા છે. ભ્રષ્ટાચારનો મુદ્દો આમ તો તમામ સરકારી તંત્રોને આવરી લે છે. એ હિસાબે પાણી પુરવઠા બોર્ડના પ્રશ્ને તેમાં તથ્ય તો હશે જ પરંતુ જે રીતે સમગ્ર જિલ્લામાં પાણી પુરવઠા બોર્ડે વિવિધ યોજનાઓ દ્વારા ગામડે ગામડે પાણી પહોંચાડવાની પહેલ કરી છે એ દ્રષ્ટિએ જોતાં વહીવટી તંત્રની કેટલીક ક્ષતિઓ, ખામીઓ, પાણી પુરવઠાની અનિયમિતતા માટે વધુ જવાબદાર જણાય છે.

કામની ફાળવણીનો જ મુદ્દો લઇએ તો આ ક્ષતિ નિવારી શકાય તેવી હોવા છતાં નિવારાઇ નથી. આ બાબતમાં જિલ્લાનાં પાણી પુરવઠા તંત્રનો દોષ બહુ જણાતો નથી. કચેરીઓ ખોલવાના અને કામ ફાળવવાના નિર્ણય મોટેભાગે રાજ્ય કક્ષાએ જ લેવાતા હોય છે. જિલ્લાના અધિકારી સૂચનો કરે પરંતુ તેની અવગણના થાય તો શું કરવું ?

બીજું, કચ્છમાં પાણીના સોર્સ અમુક જ સ્થળે છે. જેને કારણે આવી પાણી યોજનાઓની લાઇનો લાંબીને લાંબી જોવા મળે છે. આવડી લાંબી લાઇનનું મેઇન્ટેનન્સ કરવું અને એ પણ અપૂરતા સ્ટાફ વચ્ચે અશકય નહીં તો મુશ્કેલ જરૂર છે.

આ સમગ્ર દ્રષ્ટિએ જોતાં કચ્છને પાણી ઉપલબ્ધ કરાવવા જ્યાં સુધી જળસંગ્રહ અને કાયમી સ્રોત વિકસાવવાનાં કામો પૂરતી કાળજીથી હાથ નહીં ધરાય ત્યાં સુધી પાણી પુરવઠા બોર્ડ સામે નવા નવા પડકારો આવતા જ રહેવાના અને તેને પગલે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ.

ભ્રષ્ટાચાર થતો જ નથી એવું નથી. પાણી પુરવઠા બોર્ડમાં પણ આ દૂષણ છે જ અને તેને નાથવાની પણ એટલી જ જરૂર છે એમાં બેમત નથી. □

■ અદ્વૈત અંજારિયા, ૧૦૩, પ્રભુદર્શન, મહાદેવ ગેઇટ, ભુજ.
■ કનૈયાલાલ જોશી, C/o. જન્મભૂમિ દૈનિક, જન્મભૂમિ ભવન, કોટ, મુંબઇ-૧.

કચ્છમાં ખેતી સામે અસ્તિત્વનો સવાલ

(પાના ૧૬૦ નું સંધાન)

બની શકે છે. વી. આર. ટી. આઇ. દ્વારા આ ખાણદાણની ચકાસણી કરાવવામાં આવતા પશુઓનું દૂધ વધ્યું હોવાનું માલુમ પડેલ છે.

બાવળમાં ગુણ અને દુર્ગુણ બન્ને છે

બાવળના લાકડામાંથી પાર્ટીકલ બોર્ડ બની શકે છે. તેમજ બાવળની નાની નાની ડાળીઓમાંથી કોલસા બની શકે છે, તેમજ એને સીધા બળતણમાં પણ વાપરી શકાય છે.

બાવળ ખારી જમીન સુધારવાનું મહત્ત્વનું કાર્ય પણ કરે છે. દરિયા કાંઠે ઊગેલો બાવળ દરિયાની રેતીને આગળ વધતી અટકાવે છે.

બાવળના બે દુર્ગુણો એ છે કે એને કાંટા છે અને તેમાં પક્ષીઓ રહી શકતા નથી. આથી સારા વિસ્તારોમાં એ ન ઊગે તે અવશ્ય જોવું જોઇએ. પણ જે જમીનનો ઉપયોગ ખેતીમાં થઇ શકે તેમ ન હોય ત્યાં ઊગેલો બાવળ નુકસાન કરતાં ફાયદાકારક વધુ છે.

નાના રણ કાંઠે અખાતનું પાણી અટકાવવા પાળો બાંધવો જોઇએ અને નદીઓના પાણીનો સંગ્રહ કરવો જોઇએ કે જેથી મીઠા પાણીને આધારિત પાકો રણ કાંઠે પણ લઇ શકાય. આ ઉપરાંત રણની કાંધીવાળા વિસ્તારોમાં ખેત તલાવડીઓ બનાવવામાં આવે તો કટોકટીના સમયે પાકને પાણી આપી બચાવી શકાય. રણમાં મીઠાનો તેમજ રણ આધારિત બીજા ઉદ્યોગોનો વિકાસ થાય તો ખેતીના પર્યાવરણને નુકસાન પણ ન થાય અને રોજગારીના ઘણા પ્રશ્નો હલ થઇ શકે.

દરિયાકાંઠે ચેરીયાની ખેતી થઇ શકે તેમજ આ વિસ્તારમાં બાવળ અને ચેરીયાના વાવેતરથી દરિયાની રેતીને આગળ વધતી અટકાવી શકાય.

કચ્છમાં સંજોગોરૂપી સ્પીડબ્રેકરે ખેતીને મંદ જરૂર પાડી છે. પણ, કાળજીથી જો એ



સ્પીડબ્રેકર ક્રોસ કરી દેવામાં આવે તો પછી રસ્તો સીધો જ છે અને મંઝીલ હાથવેંતમાં છે.

કટોકટીના સમયે નિરાશ ન થતાં સમસ્યાઓનો સામનો કેમ કરવો એનો વિવેકબુદ્ધિથી ઉકેલ કાઢવામાં આવે તો સમસ્યાઓ સાવ હળવી બની જાય છે. ખેતીમાં પણ અનેક સમસ્યાઓ તો છે જ પણ એના ઉકેલોયે છે. બદલાતા જતા સમયમાં ખેતીમાં પણ બદલાવ લાવી ઓછા ખર્ચે આયોજનપૂર્વક ખેતી કરવામાં આવે તો વધુ વળતરની અપેક્ષા અસ્થાને નથી. જો ખેતી બચી જશે તો ખેડૂતો બચશે અને ખેડૂતો બચશે તો એની સીધી અસર અર્થતંત્ર પર થતાં કચ્છની અસ્મિતાને સહેજ પણ આંચ નહિ આવે. □

■ વિવેકાનંદરિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુટ, માંડવી-કચ્છ

આંકડાકીય માહિતીનો આધાર : (૧) ઇકોલોજી સ્ટેટસ ઓફ કચ્છ, ગુજરાત ઇકોલોજી કમિશન, (૨) ખેતીવાડી ખાતાનો ઋતુ અને પાક અહેવાલ, (૩) જિ. ગ્રા. વિ. એજન્સીનો વાર્ષિક અહેવાલ

કચ્છ : ઔદ્યોગિક વિકાસની કેડીએ

☐ અખિલેશ અંતાણી

ત્રણ બાજુ દરિયો ને એક બાજુ રણની વચ્ચે આપણો ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો કચ્છ અનેક વિશિષ્ટતાઓ અને વિષમતાઓનો માલિક છે. ખનિજ સંપત્તિમાં કદાચ એ દેશનો સૌથી ધનાઢ્ય વિસ્તાર છે. રાજ્યનો સૌથી મોટો દરિયા કિનારો આ જિલ્લામાં છે. આ વિસ્તારના લોકો આજિવિકા માટે સમગ્ર દેશ અને પરદેશમાં ફેલાયેલા છે, ભારતનો સૌથી સંપત્તિવાન ગ્રામ્ય વિસ્તાર આ જિલ્લામાં છે અને હવે તો રાજકીય રીતે પણ રાજ્યના સુકાની આ જિલ્લાના વતની છે. આટલું બધું ને એથી પણ વિશેષ હોવા છતાં આ જિલ્લો ઔદ્યોગિક અને આર્થિક રીતે પછાતપણામાં ગુજરાતના સૌથી પછાત દશ જિલ્લામાં પોતાનું સ્થાન ધરાવે છે, એ નિઃશક વાત છે.

ઔદ્યોગિક અને આર્થિક રીતે પછાત રહી જવા પાછળના મુખ્ય કારણોમાં એનું ભૌગોલિક સ્થાન વધુ જવાબદાર ગણી શકાય. રાજ્ય અને દેશના એક ખૂણે આવેલ આ જિલ્લો બહોળો વિસ્તાર હોવા છતાં એકદમ પાંખી વસ્તી ધરાવે છે. અપુરતા વરસાદના કારણે પાણીની અપુરતી સગવડો છે. એ સિવાય ઉદ્યોગોના વિકાસ માટે અતિ જરૂરી પાયાની સગવડો જેવી કે, વિજળી, પાણી, રસ્તા, રેલવે, અને સંદેશા વ્યવહારની સગવડો પણ પુરતી ન હોવાના કારણે એટલે કે ઈન્ફ્રાસ્ટ્રકચરનો અભાવ એના પછાતપણા માટે જવાબદાર ગણી શકાય.


પરંતુ સમય હવે કરવટ બદલી રહ્યો છે, રામસંગજી માલમના બસો વર્ષ પહેલાના કાંચ ઉદ્યોગ અને ભોજરાજજી રાજાના ચારસો વર્ષ જૂના માંડવીના જહાજવાડાના ઉદ્યોગની પરંપરા ધરાવતા આ કચ્છ જિલ્લાએ ઔદ્યોગિક વિકાસની કેડી તરફ પોતાના મજબૂત પગરણ માંડયા છે. અને પોતાના પછાતપણાના લેબલને દૂર કરવા હવે કટિબદ્ધ થયો હોય એવું જણાઈ રહ્યું છે. સંતુલિત ઔદ્યોગિક વિકાસના આશાના કિરણો દુરસુદુર દેખાઈ રહ્યાં છે.

હયાત ઉદ્યોગો ત્રણ પ્રકારના છે

કચ્છ જિલ્લામાં હાલમાં ચાલુ છે એવા ઉદ્યોગોની વાત કરીએ તો તેના ત્રણ પ્રકાર પાડવા પડે. (૧) મોટા અને મધ્યમકક્ષાના ઉદ્યોગો (૨) નાના પાયાના ઉદ્યોગો અને (૩) કુટિર અને ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા ઉદ્યોગો કે, જે કચ્છની પરંપરાગત હસ્તકલા પર આધારિત છે, તેનો સમાવેશ કરી શકાય.

મોટા અને મધ્યમ કદના મોટા ભાગના ઉદ્યોગો ખાસ કરીને ગાંધીધામ અને કંડલા વિસ્તારમાં જ સ્થપાયા છે. જેના મુખ્ય કારણોમાં કંડલા મહાબંદર, કંડલા મુકત વ્યાપાર ક્ષેત્ર, બ્રોડગેજ રેલવે અને અન્ય પાયાની સવલતોનું વિશેષ પ્રમાણ છે. અત્યાર સુધી કચ્છમાં લગભગ ૩૦ જેટલા મોટા અને મધ્યમ કદના ઉદ્યોગોની સ્થાપના થયેલ છે, જેમાં આશાપુરા ઈન્ટરનેશનલ પ્રા. લી. તથા ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પો. દ્વારા માંડવી તાલુકાના ગઢશીશા ગામ નજીક ચાલતા બોકસાઈડ કેલ્સીનેશન પ્લાન સિવાય બધા જ મોટા ઉદ્યોગો ગાંધીધામ વિસ્તારમાં જ સ્થપાયા છે.

નાના પાયાના ઉદ્યોગોની વાત કરીએ તો જિલ્લામાં નાના પાયાના નોંધાયેલા એકમોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ૧૯૮૦ સુધીમાં જિલ્લામાં માત્ર ૫૪૪ નાના પાયાના એકમો નોંધાયેલ હતા. ત્યારબાદ ૧૯૮૦ થી ૧૯૯૦ના દાયકાના નવા ૧૦૯૩ જેટલા એકમોની નોંધણી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કરવામાં આવી હતી. ને ત્યારપછીના ૧૯૯૦ થી ૧૯૯૫ના માત્ર પાંચ વર્ષના ગાળામાં લગભગ ૧૨૦૬ જેટલા નવા એકમો નોંધાયા હતા. જે જોતાં તા. ૩૧-૩-૯૫ સુધીમાં કચ્છમાં કુલ ૨૮૪૩ જેટલા નાના પાયાના એકમો કાર્યરત છે. આથી સ્પષ્ટ થાય છે કે, છેલ્લા સાતથી આઠ વર્ષ દરમ્યાન કચ્છની ઔદ્યોગિકરણની ઝડપ વધી રહી છે.



કંડલા ફ્રી ટ્રેડ ઝોન કે જેનો આરંભ સ્વ. વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રીના હાથે થયો હતો.

મોટા ભાગના ઉદ્યોગો અંજાર તાલુકામાં છે

નાના પાયાના ઉદ્યોગોની તાલુકાવાર સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો મોટા અને મધ્યમ કદના ઉદ્યોગોની જેમ જ નાના પાયાના ઉદ્યોગો પણ સવિશેષ લગભગ ૧૨૦૦ જેટલા ઉદ્યોગો માત્ર અંજાર તાલુકામાં જ સ્થપાયા છે. જ્યારે બીજા ક્રમે ભુજ (૬૫૦ જેટલા) અને ત્રીજા ક્રમે માંડવી (૨૦૦ જેટલા) નાના પાયાના ઉદ્યોગોની સ્થાપના થયેલ છે.

કુટિર અનેક ગ્રામોદ્યોગ તથા પરંપરાગત હસ્તકલા આધારીત ઉદ્યોગોની નોંધણી થતી ન હોઈ, એના ચોક્કસ આંકડા મેળવી શકાય તેમ નથી. પરંતુ અંદાજે લગભગ ૧૨૦૦૦ થી પણ વધુ કુટિર ઉદ્યોગો હોવાની શકયતા છે જેમાં લગભગ ૨૫૦૦૦ થી પણ વધુ કારીગરો રોજગારી મેળવે છે.

એજ રીતે હાલમાં કચ્છમાં હસ્તકલા અને કુટિર ઉદ્યોગો પર આધારીત લગભગ ૧૨૩ જેટલી સહકારી મંડળીઓ કાર્યરત છે.

અને વિષમતાઓ હોવા છતાં વિપુલ ખનિજ સંપત્તિ અને અસીમ દરિયા કિનારાને કારણે કચ્છ એ દેશનો સૌથી ઘનાઢય વિસ્તાર છે. ને એના પર આધારિત ઉદ્યોગો માટે આ જિલ્લો સ્વર્ગ સમાન છે. એ વાત હવે સિદ્ધ થઈ ચૂકી છે, ને એના કારણે વધુને વધુ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય એકમો ખનિજ અને દરિયાઈ સંપત્તિ આધારિત ઉદ્યોગોની સ્થાપના માટે આગળ આવી રહ્યા છે. ને આવનારા સમયમાં હજુ વધુ એકમો આ તરફ આકર્ષાશે એ નિઃશંક વાત છે.

હવે અબડાસા-લખપત પર મીટ મંડાઈ છે

આગળ કહ્યું એ રીતે કંડલા બંદર અને મુકત વ્યાપાર ક્ષેત્ર ઉપરાંત પાયાની

સવલતોના કારણે કચ્છનો ઔદ્યોગિક વિકાસ અંજાર તાલુકાના ગાંધીધામ અને કંડલા વિસ્તારમાં કેન્દ્રીત થયેલો છે, પરંતુ ખનિજ સંપત્તિની વિપુલતાના કારણે અબડાસા અને લખપત જેવા અવિકસીત અને પછાત વિસ્તારો પર હવે લોકોએ મીટ માંડી છે... ને એ વિસ્તારના ઔદ્યોગિક વિકાસના પડઘમ વાગવા માંડયા છે, આવનારા વર્ષોમાં કચ્છ જિલ્લામાં લગભગ ૧૬ જેટલા નવા મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના માટેની હલચલ ચાલુમાં છે. જેમાંથી પાંચ જેટલા સિમેન્ટ ઉત્પાદનના મહાકાય એકમો અબડાસા અને લખપત તાલુકામાં જ સ્થાપવાના છે. જેમાંનુ એશિયાનું સૌથી મોટું સિમેન્ટ ઉત્પાદનનું એકમ કે, જેનું વાર્ષિક ઉત્પાદન ૨૫૦ લાખ મે. ટન છે ને લગભગ ૬૨૦ કરોડના રોકાણવાળા સાંઘી સિમેન્ટ લિમિટેડની કામગીરી હાલમાં જોરશોરમાં ચાલુમાં છે. એજ રીતે ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં એગ્રો સેલ પેસ્ટીસાઈડઝ લિમિ.નું બ્રોમિન એકમ પણ ટૂંક સમયમાં પોતાનું ઉત્પાદન માર્કેટમાં મૂકવા માટે તૈયારી કરી રહ્યું છે.

સંભવિત એકમોની યાદીમાં કોઠામાં દર્શાવ્યા મુજબના મહાકાય ઉદ્યોગો કચ્છમાં આવનારા વર્ષોમાં ધમધમવાના છે. જેના કારણે જિલ્લાની બેરોજગારીનો પ્રશ્ન મહદઅંશે હલ થવાની આશા છે. ગુજરાત સરકારે પણ આ ઉદ્યોગોમાં ૮૦ ટકા જેટલી રોજગારી સ્થાનિક બેરોજગારોને મળે તેવી ફરજ કાયદા દ્વારા મૂકેલી છે. પણ વાસ્તવમાં એ શકય બનશે કે કેમ એ પ્રશ્ન અતિ અગત્યનો છે.

ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ


ઔદ્યોગિકરણની વાત કરવા બેઠા છીએ ત્યારે સરકાર દ્વારા તાજેતરમાં જ ૧૯૯૫-૨૦૦૦ના વર્ષ માટે જાહેર કરેલ નવી ઔદ્યોગિક નીતિની થોડીક વાત કરવી અતિ ઉપયોગી થઇ પડશે...

નવી ઔદ્યોગિક નીતિમાં મધ્યમ અને મોટા કદના એકમો, અન્ય નવા પ્રતિષ્ઠિત અને પ્રથમ સ્થપાતા ઉદ્યોગો તથા ઇલેકટ્રોનિકસ ઉદ્યોગો અંગેની નવી યોજનાઓ તથા અન્ય સવલતો અને લાભો સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

આ નીતિ અંતર્ગત કચ્છના નવ તાલુકામાંથી અગાઉની નીતિ મુજબ જ અંજાર તાલુકાને ઔદ્યોગિક રીતે સંપુર્ણ વિકસીત વિસ્તાર ગણી લઈને એ ઉદ્યોગોને મળતી સવલતોમાંથી બાકાત રાખવામાં આવેલ છે. એ સિવાય અબડાસા, લખપત, રાપર અને ભચાઉ તાલુકાને કક્ષા-૧ અને માંડવી, મુન્દ્રા, ભુજ અને નખત્રાણા તાલુકાને કક્ષા-૨ માં મૂકવામાં આવેલ છે. જો કે, ઇલેકટ્રોનિકસ ઉદ્યોગની સ્થાપનાને વધુ પ્રોત્સાહન મળી રહે એ માટે એ યોજના અંતર્ગત અંજાર તાલુકાનો પણ પ્રોત્સાહનો મેળવવા માટે સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉદ્યોગોની સ્થાપના માટે સરકાર દ્વારા વિવિધ સવલતો અને આકર્ષણો જાહેર કરવામાં આવતાં હોય છે. પરંતુ નવા ઉદ્યોગોની સ્થાપના અને તેના વિકાસ માટે માત્ર સરકારી લાભો કે, સવલતો જ પુરતાં નથી હોતાં, એના માટે જરૂરી છે યોગ્ય ઉદ્યોગોની પસંદગી, સ્થાનિકે મળતા કાચા માલ અને તૈયાર માલની બજાર, ઉદ્યોગ માટે જરૂરી પાયાની સવલતો, તાંત્રિક અને સબંધિત જ્ઞાન ધરાવતા સ્થાનિક કર્મચારીઓ અને એકમની સ્થાપના માટે અતિ જરૂરી નાણાંકીય સવલતોની. આ બધા પછી પણ સરકાર દ્વારા મળતા લાભો અને સવલતો નવા ઉદ્યોગોની સ્થાપનામાં જરૂરી ઈંધણ પુરું પાડે છે.

કચ્છના રણની કાંધીએ એગ્રોસેલ પેઢી દ્વારા નંખાઈ રહેલો બ્રોમિન પ્લાન્ટ. તેના માલિક કચ્છી હોવાથી સ્થાનિક ભરતીનું પ્રમાણ ૮૦ થી ૯૦ ટકા જેટલું છે.





અબડાસા તા. માં મહાકાય ઉદ્યોગ સાંઘી સિમેન્ટનું બાંધકામ પૂરજોશથી ચાલી રહ્યું છે. પણ ક... ૭૦ ટકા ભરતી હૈદ્રાબાદ સ્થિત પેઢી દ્વારા થશે કે કેમ એ પ્રશ્ન સૌને મુંઝવી રહ્યો છે.

નવી ઔદ્યોગિક નીતિ અંતગર્ત નાના પાયાના ઉદ્યોગો કે જેની કચ્છ... શકયતાઓ રહેલી છે. તેના માટે જે બે મહત્તવના લાભો જાહેર કરવામાં આ... તેની વાત કરીએ તો...

(૧) રોકડ સહાય :- (કેશ સબસીડી)

આ પ્રોત્સાહનમાં ટાઇની પ્રકારના એકમ કે, જેમાં રૂા. ૫ લાખ સુધીનું મ... અને સાધનોમાં રોકાણ હોય તેવા એકમને જો તે અનુસૂચિત જાતિ, જન... બક્ષીપંચ, મહિલા કે, શિક્ષિત બેરોજગાર (કે, જે બે વર્ષથી વધુ સમય સુધી રો... કચેરીનો નોંધણી કાર્ડ ધરાવતો હોય તેવાં) દ્વારા ઉદ્યોગ સ્થાપાતો હોય તો... રોકાણના ૪૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૨ લાખ જેટલી સબસીડી સરકાર... આપવામાં આવનાર છે. એ ઉપરાંત લઘુ ઉદ્યોગ કક્ષામાં ઉદ્યોગની સ્થાપના કર... હોય તો તેમાં કક્ષા-૧ માં કુલ સ્થાયી મૂડીરોકાણના ૨૦ ટકા અથવા વધુમાં વધુ... ૧૫ લાખ અને કક્ષા-૨માં ૧૫ ટકા અથવા વધુમાં વધુ ૧૦ લાખ જેટલી સબ... સરકાર દ્વારા આપવામાં આવશે. આ પ્રકારમાં જ્ઞાતિ કે, શિક્ષિત બેરોજગારોને જ વધારાના લાભો જાહેર કરવામાં આવેલ નથી. ને બધાને સમાન ગણી લે... આવેલ છે.

(૨) વેચાણવેરા મુકિત યોજના :-

આ યોજના હેઠળ કક્ષા-૧માં આવતા ઉદ્યોગોને કુલ્લ સ્થાયી મૂડીરોકાણના ૧૦... જેટલી રકમનો સેલ્સટેક્ષ માફ કરી દેવામાં આવેલ છે અને કક્ષા-૨માં આ... ઉદ્યોગોને કુલ્લ સ્થાયી મૂડીરોકાણના ૮૦% સુધીની રકમનો ટેક્ષ માફ મળે છે. ... ઉપરાંત સેલ્સટેક્ષની વિલંબીત ચૂકવણીની યોજના પણ જાહેર કરવામાં આવેલ છે.

જિલ્લામાં સ્થાપી શકાય તેવા ઉદ્યોગો અંગેની વાત કરીએ તો વિવિધ ખનિજો... વિપુલ જથ્થો હોવાના કારણે તેને આધારીત લિગ્નાઈટ બ્રીકેટીંગ, બોકસા... કેલ્સીનેશન, એલમ, ચાઈના કલે, લેવીગેશન, આલ્ફા પ્લાસ્ટર ઓફ પેરિસ, એકટીવે... બેન્ટોનાઈટ જેવા ઉદ્યોગો સ્થાપી શકાય. દરિયાઈ સંપત્તિની વિપુલતાના કારણે એ... આધારિત બીટર્નમાંથી બ્રોમાઈન, ટેબલ સોલ્ટ, ડેરી સોલ્ટ, મરીન જીપ્સમ મા... પ્લાસ્ટર ઓફ પેરિસ, વિવિધ મીઠા આધારિત રસાયણો જેવા ઉદ્યોગો ઉપરાંત વિશા... દરિયાકાંઠાના કારણે, જખૌ, કંડલા જેવા બંદરો પર માછીમારી વિશેષ થતી હોઈ... તેવા સ્થાનો પર કોલ્ડ સ્ટોરેજ તથા આઈસ પ્લાન્ટ, ફીશ પાવડર, ફીશ મિલ જે... ઉદ્યોગો સ્થાપી શકાય. જિલ્લામાં વિવિધ પાકો થતા હોઈ તેના આધારિત ઉદ્યોગો જે... કે દાળ મીલ, કેસ્ટર ઓઈલ, કેટલ ફીડ, ગુવાર ગમ, બાવળની ફળીનું પ્રોસેસી... વિગેરે જેવા ઉદ્યોગો ઉપરાંત પશુપાલનના મુખ્ય વ્યવસાયના કારણે જિલ્લામાં વિપુલ... પશુધન હોવાના કારણે તેના આધારિત ઉદ્યોગો જેવા કે, મોડર્ન ટેનરી, બોન મિલ, ચામડાનો વિવિધ માલસામાન જેવા ઉદ્યોગો અહીં ચાલી શકે એમ છે. આ બધા... પરંપરાગત અને કાચા માલની સગવડતાવાળા ઉદ્યોગો ઉપરાંત બિનપરંપરાગતને... માંગ આધારિત ઉદ્યોગો જેવા કે, હોઝીયરીનું ઉત્પાદન, ટોઈલેટ સાબુ, પીવીસી... વાયર, પ્લાસ્ટીક બેગ, પીવીસી રીજીડ પાઈપ, પેપર બોર્ડ/બોક્ષ એલ્યુમિનિયમના...


(અનુ. પા.૨૮૦)

કચ્છની તસવીરી ઝલક

realpatidar.com



તસવીર : યોગેન ખત્રી




કુદરતનો બેમિસાલ કરિશ્મા -રણ

કચ્છની અસ્મિતા, કચ્છીયત કે પછી કચ્છનું અસલીપણું જે કહીએ તે પણ, એ સરવાળે તો રણ અને દરિયાની દેન છે. મહેરામણે 'કચ્છી માડુ'ને સાહસવૃત્તિ અને દિલેરી બક્ષ્યાં છે તો રણે એને કુદરતની ક્રુર વાસ્તવિકતાઓ સામે ઝઝૂમીને અસ્તિત્વ ટકાવી રાખતાં શીખવ્યું છે. આ રણમાં રેતીના ઢગલા નથી પણ ઉજ્જળ ખારોપાટ છે. દરિયાની ભરતીના પાણી રણમાં ઘૂસી આવીને છેક ખડીર સુધી ફેલાઇ જાય છે અને સૂર્યના પ્રખર તાપથી બાષ્પીભવનની પ્રક્રિયા થતાં નમક બની જાય છે. કાળા ડુંગરની ટોચ પરથી કુદરતનો આ ચમત્કાર કેટલો અદ્‌ભૂત લાગે છે એ આ દ્રશ્યમાં જોઇ શકાય છે. અજોડ નમક-સરોવર અને મૃગજળનો પ્રદેશ રણ... આ એજ રણ છે જેણે માત્ર ઇતિહાસ નહિ ભૂગોળની ઊથલપાથલ પણ જોઇ છે. વિદેશી આક્રમણો અને ધરતીકંપોની પરંપરા બધાનો એ સાક્ષી છે. એની કાંધી પર લખપતથી ખડીર સુધીના વિસ્તારમાં એક અજોડ અને ભાતીગળ લોકજીવન વિકસ્યું છે જેનું આપણને ગૌરવ છે. નાની તસવીર ધરતીકંપને પગલે રણમાં ઉપસી આવેલ જમીન 'અલ્લાહ બંધ'ની છે. આ 'અલ્લાહ બંધ'ની ભૌગોલિક વિશિષ્ટતાઓ પણ નિષ્ણાંતો માટે અભ્યાસનો એક વિષય બની રહી છે.

કચ્છનું વિખ્યાત વહાણવટું

રણ કાંધીની જેમ દરિયા કિનારા પર પણ એક આગવી સંસ્કૃતિ જન્મી છે. સદીઓ પહેલાં જ્યારે વિજ્ઞાને હજુ આગેકૂચ નહોતી કરી ત્યારે પોતાની સૂઝ અને કુનેહથી કચ્છીમાડુ આગવી ડિઝાઇન ધરાવતું વહાણ ઘર આંગણે જ બનાવીને સફર ખેડતાં શીખી ગયો હતો. તેથી જ તો વર્ષો પહેલાં કચ્છનું વહાણવટું વિખ્યાત બન્યું હતું અને 'મલ જેડા માલમ મછવે સે સાગર પાર પૂજન' જેવી ગર્વસભર ગીત પંક્તિ એ સંદર્ભે જ કોઇએ રચી હતી. સાત સમંદરની ખેપું ખેડતા કચ્છના સાહસિક સોદાગરોની સાગર પારની વસાહતો આ વહાણોને આભારી છે. એમાં પણ ખાસ કરીને 'કોટિયો' વહાણની ડિઝાઇનની તો આજેય અખાત સહિતના દેશોમાં માંગ છે. માંડવીમાં વર્ષે દહાડે આજેય દશ-બાર વહાણો બંધાય છે, તેથી જ તો ગુજરાત સરકારે હવે માંડવીના કિનારે જહાજવાડો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આમ થતાં માંડવીના વહાણ વિદેશોમાં કાયદેસર રીતે વેચીને હુંડિયામણ કમાવી શકાશે.






તસવીર : મહિમ પાંધી

1996-05-17 -Kutch Tari Asmita (702)



તસવીર : ટી. એસ. લાલ




અજાયબ સૃષ્ટિ-અનેરા તસવીરકાર

કચ્છની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિએ સર્જેલી અનેરી વન્યપ્રાણી સૃષ્ટિને કચકડામાં કેદ કરનાર કેમેરાના કસબીઓ પૈકી કેટલાકે તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ નામના મેળવી છે. ભુજના એલ. એમ. પોમલ તો કચ્છીઓને ઘેર ઘેર જાણીતું નામ છે. જે જમાનામાં ઝૂમ અને ટેલિલેન્સની સગવડ નહોતી અને બીજાં સાધનોયે મર્યાદિત હતા ત્યારે તેમણે સુરખાબનગર જઇને ઝડપેલી તસવીરો આજેય આબેહૂબ છે. તો મૂળ માંડવીના પણ દક્ષિણ ભારતને કર્મભૂમિ બનાવનાર સ્વ. ટી. એસ. લાલનું નામ પ્રમાણમાં ઓછું જાણીતું છે પણ એ આદમીએ ઝડપેલી તસવીરો ત્રીસેક વર્ષ પહેલાં નેશનલ જોગ્રોફી જેવા વિશ્વવિખ્યાત મેગેઝિનમાં પ્રસિદ્ધ થઇ હતી અને ડાયમંડ સ્ટાર એકઝીબીટરની માનદ્ પદવી મેળવનાર પ્રથમ એશિયન બન્યા હતા. જ્યારે ત્રીજા તસવીરકાર માંડવીના વસંત સંઘવી છે. ત્રણેય કચ્છી તસવીરકારોને સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ મળી ચૂકયા છે. સ્વ. લાલે ઝડપેલી તસવીરમાં સીગલની અનોખી અદા જોઇ શકાય છે તો નાની તસવીર તેમની ચામાચીડિયાની જીવનશ્રેણી પૈકીની છે. ચામાચીડિયાની જીવનકથાની તેમની તસવીરો અદ્દ્ભુત છે.

વિશિષ્ટ જાનવર ઘુડખર

શ્રી એલ. એમ. પોમલે કચ્છના મોટા રણમાં સુરખાબ તો નાના રણમાં પર્યટકો માટે આકર્ષણરૂપ બનેલા જંગલી ગધેડાની પણ સુંદર તસવીરો ઝડપી છે. ઘુડખર નામે ઓળખાતા આ પ્રાણીની એશિયામાં પાંચ જાતો હતી તેમાંથી ચાર નામશેષ થઇ ગઇ છે અને એક માત્ર બચેલી જાત કચ્છના નાના રણમાં જોવા મળે છે. બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર અને રાજકોટને અડીને આવેલા કચ્છના આ રણના વિસ્તારમાં અભયારણ્ય પણ વિકસાવાયું છે. ૧૯૪૬માં ડૉ. સાલીમઅલીએ ઘુડખરની ગણતરી કરતાં ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલી સંખ્યા હોવાનું તારણ કાઢ્યું હતું પણ હવે એક હજારથીયે ઓછી વસતી હોવાનો અંદાજ છે. ૧૧૦ થી ૧૨૦ સે. મી.ની ઊંચાઇ ધરાવતું આ પ્રાણી એનાં સહેજ લાંબા કાન ને ચામડીના ચમકદાર ચોકલેટી રંગ અને નાની કેશવાળીના કારણે સુંદર લાગે છે. ઘુડખર ૭૦ થી ૮૦ કિ. મી.ની ઝડપે દોડી શકે છે.






તસવીર : એલ. એલ. પોમલ

1996-05-17 -Kutch Tari Asmita (702)



તસવીર : વસંત સંઘવી



દિનેશ છત્રાલા

રા'લાખેજા 'જાની' યાને સુરખાબ

કચ્છની અજોડ પક્ષીસૃષ્ટિમાં સુરખાબ તો ઈશ્વરે સર્જેલી એક નખશીખ કલાકૃતિ છે. આ પક્ષીને કચ્છીમાં હંજ કહે છે અને લાડમાં પોતાના રાજા એટલે કે 'રા'લાખેજા જાની' સંબોધન પણ કરાય છે. આમ તો કાળા ડુંગરની તળેટીમાંના નીરવાંઢ ગામની સામે લગભગ દશેક કિ.મી. દૂર મોટા રણમાં આ ફલેમિંગોની અજોડ વસાહત આવેલી છે. પણ, કચ્છમાં અન્ય સ્થળે ખાસ કરીને જ્યાં ખારું-મીઠું પાણી ભેગું થતું હોય છે અને છીછરું હોય છે ત્યાં સુરખાબ જોવા મળે છે. સુરખાબની વસાહતની તસવીરોએ જેમ શ્રી એલ. એમ. પોમલને વિશ્વની તસવીરકલામાં સ્થાન અપાવ્યું છે તેમ માંડવીના શ્રી વસંત સંઘવીને સુરખાબની નજદીકી તસવીરોએ આંતરરાષ્ટ્રીય એવોર્ડ અપાવ્યા છે. વરસાદ સારો થયો હોય અને રણમાં પાણી ભરાયું હોય તે વર્ષે સુરખાબ જુલાઇથી નવેમ્બર મહિના દરમિયાન પોતાની વસાહતમાં ઇંડા મૂકે છે અને સેવે છે. ભુજથી લગભગ ૯૦ કિ.મી. દૂર છે. નાની તસવીર ઇંડામાંથી બહાર આવીને પ્રથમ શ્વાસ લેતા બાળ સુરખાાબની છે. બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીના જીવનના તબક્કા અને એની અજોડ વ્યવસ્થા સુરખાબની વસાહતમાં ઊડીને આંખે વળગે છે.


તીર્થધામ નારાયણ સરોવર

નારાયણ સરોવર એ કચ્છનાં યાત્રાધામોમાં સૌથી પ્રાચીન, પવિત્ર અને પ્રેક્ષણીય છે. ધર્મશાસ્ત્રો અનુસાર ભારતમાં જે પાંચ પવિત્ર સરોવર આવેલાં છે તે પૈકી પશ્ચિમે નારાયણ સરોવર એક છે. શ્રીમદ્ ભાગવતમાં આ તીર્થધામનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે અને તેના પછીના પણ વિદેશી પ્રવાસીઓએ મીઠા મહેરામણ જેવા આ સરોવરનો ઉલ્લેખ પોતાના પ્રવાસની નોંધમાં કર્યો છે. તીર્થધામમાં શ્રી ત્રિકમરાયજી, લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથજી, દ્વારકાનાથ, આદિનારાયણ, રણછોડરાયજી અને લક્ષ્મીજીના મંદિરો આવેલા છે. સંવત ૧૭૯૦ના અરસામાં મહારાઓ શ્રી દેશળજીના રાણી સાહેબે આ મંદિરો બંધાવ્યા છે. ચાર ધામની યાત્રામાં આ પવિત્ર તીર્થધામનું પણ મહાત્મ્ય છે. આ તીર્થધામમાં ઉપરોકત મંદિરો ઉપરાંત મહાપ્રભુજી, કલ્યાણરાય, ભવેશ્વર, રામનાથ વ.ના મંદિરો આવેલા છે. ઉપરાંત રામ ગુફા, લક્ષ્મણ ગુફા, શેષ ગુફા, સીતાવાવ, રામકૂવો પ્રેક્ષણીય છે. યાત્રાળુ માટે રહેવાની તથા જમવાની સગવડ પ્રાપ્ય છે. ભુજથી અંતર ૧૫૫ કિ.મી. જેટલું છે.






તસવીર : એલ. એમ. પોમલ



તસવીર : યોગેન ખત્રી (કચ્છમિત્ર ફોટો)





યાત્રાધામ કોટેશ્વર

સરહદી લખપત તાલુકામાં છેક છેવાડે નારાયણ સરોવર નજીક આવેલું કોટેશ્વર પણ કચ્છનું મહત્ત્વનું યાત્રાધામ છે. એની ઉત્પતિ અંગે પુરાણની કથા પ્રચલિત છે. લંકાપતિ રાવણ શંકર ભગવાને આપેલું અજરઅમર થઇ જવાય એવું લિંગ ગાયને બચાવવા જતાં ચાળણી પર મૂકે છે અને લિંગ પ્રવાહી બનીને જમીન પર પડતાં કરોડો લિંગ રાવણને દેખાય છે. તેથી એ સાચું લિંગ કયું એ પારખવામાં થાપ ખાય છે અને રાવણનું અમર થવાનું સપનું ધૂળમાં મળી જાય છે. તેથી દેવોએ કોટિલીંગેશ્વરની સ્થાપના કરી તે કોટેશ્વર. એક જમાનામાં જ્યારે સિંધુનું વહેણ આ વિસ્તારમાં આવતું હતું ત્યારે કોટેશ્વર એક ધમધમતું બંદર હતું. અહીં દરિયાકિનારાની ભવ્યતાના કારણે મંદિર સોહામણું લાગે છે. એની નજીકથી જ કોરીક્રીક શરૂ થાય છે અને સામે ટાપુઓ નજરે પડે છે. ભુજથી ૧૫૭ કિ.મી. દૂર આવેલું છે. તો નાની તસવીર લખપતના પ્રવેશદ્વારની છે. એક જમાનામાં આ એક ધીકતું શહેર હતું તેની સાક્ષી આ દ્રશ્ય પુરું પાડે છે. છતાં એનો કિલ્લો આજેય જોવા જેવો છે. કચ્છમાં આઝાદી દિન તથા પ્રજાસત્તાક દિને ભુજિયા ડુંગર ઉપરાંત જે એકમાત્ર કિલ્લા પર ત્રિરંગો લહેરાવાય છે તે આ લખપતનો કિલ્લો છે અને સરહદી વિસ્તાર હોવાથી તેનું વિશેષ મહત્ત્વ છે.


જૈનતીર્થ ભદ્રેશ્વર

જૈન શ્રદ્ધાળુઓ માટે અતિ પવિત્ર અને શ્રદ્ધાનું પરમધામ એવું ભદ્રેશ્વર પ્રાચીન નગરી ભદ્રાવતીના અવશેષો ઉપર બંધાયેલું હોવાનું મનાય છે. મુનિશ્રી ખંતવિજયજી સાહેબે કરેલા સંશોધન અનુસાર વીર સંવત ૨૧ એટલે કે વિક્રમ સંવત પૂર્વે ૪૪૯માં ભદ્રાવતીના સિદ્ધસેને આ દહેરાં બનાવી વસતીને અર્પણ કર્યાં હતાં. ત્યારબાદ તે કાળક્રમે સં. ૬૧૮માં પાટણના કનક ચાવડાના હાથમાં ગયું અને સં. ૬૨૨માં જીર્ણોદ્ધાર કરી ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. આગળ જતાં સોલંકીઓના હાથમાં ભદ્રાવતીનો કબજો આવ્યો તેઓ જૈનધર્મી હતા. તેમણે ભદ્રાવતીનું નામ ભદ્રેશ્વર રાખ્યું. સં. ૧૩૧૫માં આવેલા ભયાનક દુષ્કાળ સમયે જગડુશાએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મંદિરની માંડણી ભવ્ય છે. નાની દેરીઓની ભમતી અને પછી આવતા ખુલ્લા ચોકની વચ્ચે નિજમંદિરનો ગભારો છે. ભદ્રેશ્વરમાં અન્ય પ્રાચીન અવશેષો પણ વિદ્યમાન છે જેમાં સર્વધર્મ સહિષ્ણુતાની શાખ પુરતી 'ખીમલી મસ્જિદ' સમુદ્ર કિનારે ચોખંડા મહાદેવનું મંદિર, દુદાશલી વાવ અને બીજા અવશેષો જોવા મળે છે. ભુજથી અંતર ૬૦ કિ.મી. અંદાજે.






તસવીર : વિરેન્દ્ર આચાર્ય



કચ્છમિત્ર ફોટો



કોમી એકતાનું પ્રતીક હાજીપીર

કચ્છમાં હિન્દુ-મુસ્લિમ લોકો એકરસથી રહે છે. હિન્દુઓ હાજીપીરની માનતા માનશે તો જમાદાર ફતેહમામદ જેવા મુસ્લિમ મા આશાપુરાના ઉપાસક હતા. રણની કાંધી ઉપર તદ્દન એકાંત સ્થળે આવેલી હાજીપીરની દરગાહની ઊંચા સ્તંભ પર લહેરાતી ધજા ચોમેર માઈલો સુધી દ્રષ્ટિગોચર થાય છે. હાજીપીરનું મૂળ નામ હતું- હાજી અલીઅકબર શાહ - મૂળ વ્યવસાયે સૈનિક-એકવાર ગાયોને લૂંટારા દ્વારા હાંકી જવાતી જોઈ, તેમણે બહાદુરીથી આતતાયીઓને પડકાર્યા ધીંગાણું થયું અને તેઓ શહાદતને વર્યા. દર વર્ષે ચૈત્ર માસમાં હાજીપીરની દરગાહ ઉપર મેળો ભરાય છે અને ધર્મ, નાત-જાતના ભેદ ભૂલીને, ગરીબ-તવંગર, આબાલ-વૃદ્ધ, માત્ર કચ્છના નહિ પણ દૂર જામનગરથી પગે ચાલતા કે વાહનો દ્વારા હાજીપીરની સલામે નીકળી પડે છે. ભુજથી અંતર ૧૦૫ કિ.મી. છે. નાની તસવીર મુન્દ્રાની મુરાદપીર દરગાહની કલાત્મક કોતરણીની છે.

શકિતપીઠ માતાનો મઢ

ગુજરાતમાં શકિતપૂજાનો ભારે મહિમા છે. લોકવાયકા મુજબ કચ્છના જાડેજા વંશના પ્રથમ રાજવી મા આશાપુરાની કૃપાથી શાસક બન્યા હતા તેથી કચ્છના રાજવી કુટુંબના કુળદેવી છે. માઁ શ્રી આશાપુરા પ્રત્યે લોકોનેંય અપાર શ્રદ્ધા છે જેની પ્રતિતિ નવરાત્રિ દરમ્યાન બાલબચ્ચાં સાથે પગપાળા, સાઇકલ કે વાહનો મારફતે દર્શનાર્થે ઊમટી પડતો માનવ મહેરામણ જોઇને થઇ જાય છે. કચ્છના તમામ રસ્તા જાણે માતાના મઢ તરફ દોરી જતા હોય એવા દ્રશ્યો જોવા મળે છે, જેમાં કેટલાક શ્રદ્ધાળુ તો જામનગર કે મુંબઇથી પદયાત્રા કે સાઇકલયાત્રા કરીને માનતા ઉતારવા આવે છે. હવનવિધિ કચ્છના રાજવી વંશના સભ્યના હાથે કરાવવામાં આવે છે અને તે પછી એ રાજવંશી સભ્ય સફેદ ચામર લઇ ચાચર કુંડથી ઉઘાડા પગે માતાજીના દર્શને જાય છે. આ યાત્રાધામનો સારો વિકાસ થયો છે. ભોજનશાળા તેમજ અતિથિગૃહમાં સમયને અનુરૂપ સગવડો છે. વેકેશન દરમ્યાન તો બહારના રાજ્યોમાંથી કચ્છીઓનો સારો એવો ઘસારો ચાલુ રહે છે. ભુજથી તેનું અંતર ૯૬ કિ.મી. જેટલું છે.






કચ્છમિત્ર ફોટો



તસવીર : એલ. એમ. પોમલ



યોગેન ખત્રી

પહેરેગીર મા રવેચી

કચ્છમાં પશ્ચિમે મા આશાપુરા તો પૂર્વમાં મા રવેચી કચ્છની રક્ષા કરે છે. વાગડના સૂકા રણપ્રદેશમાં ઉત્તરે વિશાળ રણને રોકીને મા રવેચીનું ભવ્ય મંદિર ઊભું છે. લોકવાયકા એવી છે કે પાંડવોએ આ સ્થળે નવ ઘુમ્મટોવાળું મંદિર બંધાવેલ પણ બાબી લોકોએ તે તોડી પાડ્યું. અત્યારનું મંદિર સં. ૧૮૭૮માં મા સામબાઇએ કોરી ૨૬૦૦૦ ખર્ચી બનાવ્યું છે. એનું શિખર ૫૪ ફૂટ ઊંચું છે. તેમાં સ્વયંભૂ મનાતી માતાજીની સિંદૂર અર્ચિત મૂર્તિ ભકતોની ભીડ ભાંગે છે. મૂર્તિની પશ્ચિમે મહામાયા, ખોડિયાર અને આશાપુરા માની મૂર્તિઓ છે. પૂર્વ તરફ સામબાઇ માતાજી અને ૨૦ ભૂજાળા રવરાયની મૂર્તિ અને ગોરા ખેતરપાળ છે. માના મંદિરે વાગતી ઝાલર, આંગણે નાચતા મયૂર અને ભકિતભર્યું વાતાવરણ મા રવેચીને શત શત નમવા પ્રેરે છે. ભુજથી રાપર થઇને રવેચી જઇ શકાય છે. હાલ મંદિરનો જિર્ણોદ્ધાર થઇ રહ્યો છે. રાપરથી રવેચીનું અંતર ૧૫ કિ.મી. નાની તસવીર રવેચીના તળાવમાં આવેલા કુંજ (એશિયન ક્રેન) પક્ષીઓની છે. અહીં મોર અને કુંજ સાથે ચણે છે. આવું દ્રશ્ય ભાગ્યેજ જોવા મળે છે.

બૌંતેર જિનાલય

માંડવી તાલુકાના તલવાણા ગામ પાસે કોડાય ચાર રસ્તાના ખૂણે 'ગુણનગર'ના નામે આકાર લઈ રહેલું બૌંતેર જિનાલય માત્ર જૈન યાત્રાળુઓ માટે જ નહીં, કચ્છ આવતા જૈનેતર યાત્રાળુઓનું પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. ૭૨ જિન મૂર્તિઓ, કચ્છના પૂરાતન સ્થાપત્ય યુગની યાદ અપાવે તેવું સુંદર નકશીકામ આરામદાયક આવાસો, ભોજન વ્યવસ્થા તથા મંદિર સહિતની ઇમારતોની નયનરમ્ય બાંધણીને કારણે આ મહાતીર્થ હિન્દુસ્તાનના જૈન તીર્થધામોમાં અનેરી ભાત પાડે છે. ૮૦ એકરના વિશાળ સંકુલમાં અચલગચ્છાધિપતિ ગુણસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી બંધાતા આ જિનાલયમાં મૂળ નાયક આદિશ્વર ભગવાન અને તેમની ૭૩ ઇંચ ઊંચી પ્રતિમા ભાવિકોમાં જૈન શાસનનું શ્રદ્ધાબળ જગાવે છે. હવે એનું બાંધકામ લગભગ પૂર્ણતાના આરે પહોંચ્યું છે. અહીં આવતા દર્શનાર્થીઓની સંખ્યા નિરંતર વધતી રહી છે. નાની તસવીર ૧લી મે ૧૯૮૭ની છે. એ સમયના રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંહ ૭૨ જીનાલય સંકુલના ભોજનાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે કચ્છ આવ્યા હતા ત્યારે આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજીને સાતમા વરસીતપનાં પારણા કરાવ્યા હતા.



રાજુ કંસારા



તસવીર : યોગેન ખત્રી



કચ્છમિત્ર ફોટો



અબડાસાની પંચતીર્થી

અબડાસા તાલુકામાં કોઠારા, સુથરી, જખૌ, તેરા અને નલિયા સ્થિત પ્રાચીન જિનાલયો 'કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી' તરીકે વિખ્યાત છે. જે પૈકી કોઠારા અને સુથરીના દેરાસરની દિવ્યતા અને નમૂનારૂપ નકશીકામ દર વર્ષે હજારો જૈન-જૈનેતર ભાવિકોને મંત્રમુગ્ધ કરે છે. કોઠારાના ભવ્ય જિનાલયના નિર્માતા કેશવજી નાયક, વેલજી માલુ અને શિવજી નેણશી છે. તેમણે સંવત ૧૯૧૪-૧૫થી સંવત ૧૯૧૮ના મહા સુદ ૧૩ના મૂળ નાયકની સ્થાપના કરી છે. પ્રસ્તુત તસવીર કોઠારા ધર્મસ્થાનની છે. જ્યારે સુથરીમાં શ્રી પાર્શ્વનાથની પ્રભાવક પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા સંવત ૧૮૯૬માં વૈશાખ સુદ આઠમના થઇ છે. 'મોટી પંચતીર્થી'ના દર્શને દર વર્ષે હજારો જૈન યાત્રિકો અને સંઘો અબડાસા આવે છે. નાની તસવીર નલિયાના દેરાસરની છે અને તે પણ શિલ્પ-સ્થાપત્યની દ્રષ્ટિએ જોવાલાયક છે. કોઠારાનું અંતર ભુજથી ૮૩ કિ.મી. જ્યારે સુથરી ૧૧૦ કિ.મી અને નલિયા ૮૫ કિ.મી.

વાંકી તીર્થ

અરબી સમુદ્રના ઘૂઘવતા મોજાઓ જેના પગ પખાળે છે એવા ભદ્રેશ્વરનો મહિમા જૈનો માટે જાણીતો છે તેમ મુંદ્રા તાલુકામાં જ આવેલ વાંકી તીર્થ હવે એટલું જ જાણીતું થયું છે. વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી તૈયાર થયેલ આ ભવ્ય તીર્થના ગર્ભાગારમાં મૂળ નાયક તરીકે વર્ધમાન સ્વામી બિરાજે છે. ૫૧ ઇંચની ભવ્ય મૂર્તિથી જેનો મહિમા છે એવા આ જીનાલયનું ઉદ્‌ઘાટન સને ૧૯૮૯માં થયેલું. ૧૨ ફીટ ઊંચા પડથાર પર ૨૫૧ ફીટ લંબાઇ અને ૧૬૫ ફીટની પહોળાઇ ધરાવતું દેરાસર ૮૫ ફીટની ઊંચાઇ પર ધર્મની ધજા ફરકાવતું કેવળ જૈનોને નહિ, ઇશ્વરમાં શ્રદ્ધા રાખતા માનવી માત્રને દર્શન માટે પ્રેરતું વસહી અને બૌંતેર જીનાલય પછીનું મોટું તીર્થધામ છે.





કચ્છમિત્ર ફોટો



તસવીર : લાલ રાંભિયા



કુમાર જે. કે.

મેકણદાદાની સમાધિ - ધ્રંગ મંદિર

કચ્છની ઉત્તરે વિસ્તરેલા અફાટ રણની નિર્જન ભોમકામાં વહી ગયેલા કાળનો કોળિયો બની ગયેલા સેંકડો માનવી અને મૂંગા પશુઓની ચીસો જે દિ' દાદા મેકણના હૈયેથી સિસકારો પડાવી ગઈ અને જે પળે એમણે અહીં જ થંભી જવાનો નિર્ણય કર્યો એ ઘડી ધ્રંગની ધરતી માટે ધન્ય બની ગઈ. પછી તો જીવનભર જગાવેલી અલખની આહલેક અને સેવાની ધૂણીએ આ ખારાપાટ પર અકાળે મોતને વરતા જીવોને બચાવ્યા અને સર્જાયો એક અમર ઇતિહાસ. મેકણદાદાની સમાધિના આ મંદિરે શિવરાત્રિના પવિત્ર દિવસે ભાતીગળ મેળો જામે છે, જેમાં આયરાત ઊમટી પડે છે. અહીંથી લગભગ દશેક કિ.મી. દૂર રણની વચ્ચોવચ્ચ શ્રવણ કાવડિયા સ્થળ પણ જોવા જેવું છે. નાની તસવીર શ્રવણ-કાવડિયા નજીક ઊભેલા ચેરિયાના ઝુંડની છે. સામાન્ય રીતે ચેરિયા દરિયા કિનારે અને તેમાંય ખાસ કરીને કાદવવાળી ખાડીમાં જોવા મળે છે. પણ અહીં રણની વચ્ચે ચેરિયાનું ઝુંડ છે તે એક જમાનામાં અહીં દરિયો હોવાની પ્રતીતિ કરાવે છે. ભુજથી ધ્રંગ મંદિર ૩૫ કિ.મી. દૂર આવેલું છે.

આધ્યાત્મિક-સાંસ્કૃતિક કેન્દ્ર સમું વાંઢાય તીર્થધામ

ભુજ તાલુકાના દેશલપર ગામ નજીક વાંઢાય તીર્થ એક મહત્ત્વનું આધ્યાત્મિક-સાંસ્કૃતિક કેન્દ્ર છે. અહીં ચાર અલગ-અલગ સંસ્થાઓ ધાર્મિક અને સમાજોત્કર્ષની પ્રવૃત્તિ ચલાવે છે. આવાસ અને ભોજનની સારી સુવિધા ઉપરાંત આજુબાજુના કુદરતી સૌન્દર્યના કારણે હવે આ સ્થળ એક પર્યટન સ્થળ તરીકે લોકપ્રિય બની ગયું છે. અહીં કડવા પાટીદાર સમાજના કુળદેવી ઉમિયા માતાજીના બેસણાં છે (રંગીન તસવીર), ઇશ્વરરામજીનું આશ્રમ છે અને દિવંગત સંત વાલદાસજી મહારાજની પ્રેરણાથી બંધાયેલું ભવ્ય રામમંદિર (નાની તસવીર) ઉપરાંત પાંડુરંગ શાસ્ત્રી પ્રેરિત કૃષિ અને ગ્રામોદ્યોગની તાલીમ આપતું તત્ત્વજ્ઞાન ઇશ્વરભાવના વિદ્યાલય અને છાત્રાલય પણ છે. ઉમિયા માતાજીનું મુખ્ય મંદિર આમ તો ઉ. ગુજરાતમાં ઊંઝા ખાતે છે પણ વાંઢાયનું મંદિર કચ્છી કડવા પાટીદારોમાં ભારે મહાત્મ્ય ધરાવે છે. રામનવમીના વાર્ષિકોત્સવ ઉજવાય છે ત્યારે દેશ-વિદેશથી હજારો ભાવિકો ઉમટી પડે છે. રામમંદિર એ કચ્છના ૨૦મી સદીના સુંદર દેવાલયો પૈકીનું એક છે. અંતર ભુજથી ૨૬ કિ.મી. છે.





કચ્છમિત્ર ફોટો



તસવીર : મહિમ પાંધી




યોગેન ખત્રી


વસંત પંચમીની વિશિષ્ટ ઉજવણી

કચ્છના શ્રમજીવી અને લેવા પટેલ સહિતના ખેડૂત વર્ગના ઉત્થાનમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મહત્ત્વનું પ્રદાન છે. ભગવાન સહજાનંદ સ્વામીએ પણ કચ્છમાં સ્વયંવિચરી લોકોને શુદ્ધ જીવનનો ઉપદેશ આપ્યો હતો. વિવિધ જ્ઞાતિઓ અને જાતિઓના લોકો આજે પણ તેમને શ્રદ્ધાપૂર્વક પૂજે છે. શ્રી સહજાનંદ સ્વામીના ઉપદેશનું પુસ્તક 'શિક્ષાપત્રી'નું વાચન વસંત પંચમીના પ્રાકટ્ય થયું હોવાથી એ દિવસે વિશેષ ઉજવણી કરવામાં આવે છે. ખાસ કરીને શ્રદ્ધાળુ લેઉઆ પટેલોના જૂથ વાજતેગાજતે ભજનકીર્તન કરતા નીકળે અને બહેનોએ રંગબેરંગી પુષ્પોથી સજાવેલા કળશ ધારણ કર્યા હોય ત્યારે શ્રદ્ધાનું મૂર્ત રૂપ જાણે ખડું થાય છે. રંગીન તસવીર માંડવીની છે જ્યારે નાની તસવીર ભુજ સ્વામિનારાયણ મંદિરની મૂર્તિની છે. કચ્છ બહારના સ્વામિનારાયણ સંપ્રદાયના ભકતો પણ આ મંદિરના દર્શને સતત આવતા રહે છે. ભુજમાં તો સ્વામિનારાયણ મંદિર પ્રેરિત ઉત્સવ હોય ત્યારે હજ્જારોની સંખ્યામાં ભાવિકો નાના-મોટા વાહનોમાં બેસીને ઉમટી પડે છે.


ભુજિયાનો અનોખો મેળો


વરસાદ એ કચ્છનો ભાગ્યવિધાતા છે અને એ જ્યારે રીઝે છે ત્યારે તો એનું લોકજીવન હેલે ચડે છે અને શ્રાવણ આવતાં જ તો મેળાની મોસમ પુરબહારમાં ખીલી ઊઠે છે. કચ્છમાં શહેરી અને ગ્રામ્યકક્ષાએ જુદીજુદી ભાત પાડતા મેળા ભરાય છે. શહેરોના મેળા મોટાભાગે શ્રાવણી સોમવારે શંકરના મંદિરની આસપાસ ભરાય છે. જન્માષ્ટમીએ તો ભુજ જેવા શહેરમાં હમીરસરના પરિસરમાં સાચા અર્થમાં લોકમેળો ભરાય છે અને શહેરીજનો ઉમટી પડે છે. તો માંડવીમાં રવાડી (રથયાત્રા) ના મેળા ભારે આકર્ષણ જમાવે છે. જન્માષ્ટમીના મેળા પછી એટલે નોમના લોહાણાની અને દશમના ખારવાની રવાડી નીકળે છે. એક જમાનામાં ખારવાની રવાડીમાં દેશી ઢોલ વગાડવાની સ્પર્ધા થતી ત્યારે રાતે જાણે મેઘગર્જના થતી હોય એવો ભાસ થતો. આમ છતાં, ભુજિયા ડુંગર પર નાગપંચમીએ ભરાતો મેળો વિશિષ્ટ છે. આઝાદી પછી ડુંગર અને એના પરના કિલ્લાનો કબ્જો લશ્કરને સોંપાયો છે. એકમાત્ર મેળાના દિવસે શહેરીજનોને તેમાં પ્રવેશ મળે છે અને તેઓ ઉમંગે ડુંગર ચઢી ભુજંગદેવના દર્શન કરે છે.






તસવીર : ચમન કંસારા





તસવીર : ચમન કંસારા



મસ્ત કચ્છીનો મર્દ મલાખડો

ભાતીગળ સંસ્કૃતિનું પ્રમુખસ્થાન લેતા લોકમેળાઓ ખરેજ માણવા જેવા હોય છે. ગામડામાં તો વંશપરંપરાગત વસ્ત્ર પરિધાન કરીને યુવક-યુવતી મેળામાં ઉમટે છે ત્યારે તેની રંગત ઓર જામી જાય છે. દાંડીયા રાસ રમાતા હોય, ભજનિકો સંતવાણી ગાતા હોય, બીજી તરફ તલવારના દાવ ખેલાતા હોય અને તેમાંયે જો મલાખડો હોય તો લોકોની ભીડ ત્યાં જ જામે. ગ્રામકક્ષાના લોકમેળાઓમાં બળદના ગાડાંની દોડ, ઊંટની રેસ તેમજ ઘોડાની દોડ પણ યોજાય છે. વીરત્વસૂચક મલાખડા એ કંઇ કેવળ અંગ કસરતની કૂસ્તી નથી. મલ્લોના દાવપેચવાળી એ અઘરી અને મર્દાની રમત છે. બખ્ખ ભરીને હરિફને પટકી પાડવાનો આ ખેલ પ્રેક્ષકોના જીવ અધ્ધર કરી દે છે ત્યારે ''વાહ, મુડસ વાહ'' કહીને 'છાભાસી' પણ અપાતી સંભળાય છે. રંગીન તસવીર કુસ્તી ઊર્ફે બખ્ખ મલાખડાની છે જ્યારે નાની તસવીર ઘોડા દોડની છે. મેળાની આવી સ્પર્ધાઓ માટે સ્પર્ધકો અઠવાડિયા પહેલાં જ પ્રેકટિસ-તૈયારી કરે છે.

રાસ રમતાં મારી નથડી ખોવાણી

લોકમેળાનાં ખરાં દર્શન તો ગામડાનાં મેળામાં જ થાય. પછી એ જખનો મેળો હોય, રામદેવપીરનો મેળો હોય, મેકણદાદાનો ધ્રંગનો મેળો હોય કે હબાય માતાનો. આવા મેળાઓમાં જ્યારે આયરાણીઓ રાસ રમવા માંડે ત્યારે તો વાતાવરણ ગોકળિયું બની જાય છે. 'વ્રજવાણી' ના ઢોલી જેવો ઐતિહાસિક પ્રસંગ પણ રાસમાંથી જ ઊપજ્યો છે. ભુજ નજીક હબાય માતાના મંદિરે ભીમ અગીયારસના મેળામાં એક અનેરી વિધિ થાય છે. ડુંગરમાંથી ઝરતા પાણીથી ભરેલો કુંડ એ દિવસે કોસના સહારે ઊલેચવામાં આવે છે. (જે નાની તસવીરમાં નજરે પડે છે.) એક એવી વાયકા છે કે આ કુંડ ખાલી થાય તો એની અંદર ભોંયરું દેખાય છે જે છેક ધ્રંગ સુધી જાય છે. કુંડમાં સતત પાણી રહે છે. ઉપરા ઉપરી ત્રણ દુકાળ પડ્યા ત્યારે કુંડમાંથી પાણીના ટેંકર ભરાતા છતાં તે ખાલી થયું નહોતું.





તસવીર : નારાણભાઈ ચાડ




તસવીર : પરેશ મહેતા



સૌંદર્યનો શણગાર ત્રોફા-ત્રાજવા

સૌંદર્યના નિખાર માટે મેશ જેવી વસ્તુઓ તો સેંકડો વર્ષથી છે પણ એ બધામાં ખાસ કરીને ગ્રામ્ય લોકજીવનમાં ત્રોફા-ત્રાજવાનું સ્થાન નિરાળું છે. તેમાં વળી જો મેળો સારા વરસાદ પછી જામ્યો હોય તો જુવાન હૈયાં રંગતમાં આવી જાય છે. પ્રત્યેક જણ પોતાને મનગમતી વ્યકિત, દેવ કે વસ્તુની આકૃતિ કે અક્ષર હાથ, પગ કે ડોક પર ત્રોફાવે છે. આ એક કળા છે. અને યુરોપમાં તે 'ટેટ્ટુ' તરીકે ઓળખાય છે. ઇજિપ્તમાં તો આ કળા ચાર હજાર વર્ષ પહેલાં યે જાણીતી હતી. અગાઉ કચ્છમાં વાઘરી કોમની સ્ત્રીઓ કુલડીમાં લીલા રંગના પાણી સાથે તાવડીની કાળી મેશ અને સોય લઇને શેરીએ શેરીએ સાદ દેતી ફરતી. પણ હવે તો મશિન આવી ગયાં છે એટલું જ નહિ બ્યુટી પાર્લરમાં પણ તેને સ્થાન મળ્યું છે.




આગવા આભૂષણ....

શરીર સૌંદર્યને નિખારતા ત્રોફાની જેમ પહેરવેશ અને આભૂષણ પણ ભાતીગળ લોકજીવનના અંગ છે. અઢારે વરણની ઓળખ એમના પહેરવેશ અને આભૂષણો પરથી થઇ જાય છે. આયર, રબારી ને ચારણ જ્ઞાતિની સ્ત્રીઓ જેમ એનાં પહેરવેશ પરથી ઓળખી શકાય છે તેમ માલધારી કે ગોપજીવન ગાળતી જત કોમ અને એના પેટા વિભાગોયે વસ્ત્ર-આભૂષણ પરથી ઓળખી શકાય છે. તસવીરમાં દેખાતી જતાણી કચ્છના ધાણેકા જાતિની છે. અંગ પર ખભાથી પગ સુધી ધારણ કરેલ કાળા રંગના ગગાનો જે ભરતવાળો ભાગ છે તે ઘેવ એના રંગોના કારણે ધ્યાન ખેંચે છે. વીંઢાના વજનથી નાક તૂટી ન જાય એ માટે માથામાંથી કાઢેલો ટેકો, ડોકમાંની હંસીપોચી ને બેય છેડા છૂટ મૂકેલી માથા પરની ચૂંદડી જોઇને શણગારની સૂઝને દાદ દેવી પડે. નાની તસવીર કેશ ગૂંફન કરેલી આયર કન્યાની છે. નાક, કાન અને ડોક પરના આભૂષણોના કારણે પરમ સંતોષ અનુભવતી એની મુખમુદ્રા એના અંતરમાં ઊઠેલી ઊર્મિની કવિતા એના સ્મિતમાં કેવી ધ્યાન ખેંચે છે!



તસવીર : એ. એ. વઝીર






....અને રંગરંગીલા પહેરવેશ

લીલા રંગમાં સુખને સવાયા થવાની શ્રદ્ધા ધરાવતી કેટલીક જાતિઓ છે તેમાં હરિજન પણ ખરા. તેથી જ તો તેમના પહેરવેશમાં લીલો રંગ ઊડીને આંખે વળગે છે. હરિજન નારીની આ રંગીન તસવીર જોતાં જ ખ્યાલ આવી જાય છે કે સૌંદર્યના નિખાર માટે સોળે શણગાર સજવા જ પડે એવું થોડું છે ! માત્ર નાક, કાન અને ગળામાં સાદા આભૂષણ હોય તોયે વ્યકિતત્વ દીપી ઊઠે છે અને જાજરમાન લાગે છે. બન્ની જેવા વિસ્તારમાં જત, મુતવા અને હાલેપોત્રા જેવી મુસ્લિમ જાતિઓની જેમ હરિજનોની હસ્તકલાએ પણ કાઠું કાઢ્યું છે. વણાટમાં તો આમેય કચ્છમાં હરિજન કારીગરો મોખરે છે પણ બન્નીમાં તો ચર્મકલામાંયે આગળ પડતું સ્થાન ધરાવે છે. નાની તસવીર બહુ મોંઘા નહિ એવા ચાંદીના દાગીનાથી જાણે આખું શરીર મઢી નાંખ્યું હોય એવી નાની બાળાની છે.

તસવીર : વિવેક દેસાઇ




કેશરિયા લાડા હળવે હળવે હાલજો....

લોકજીવનમાં લગ્નનેય ઉત્સવનું સ્થાન મળેલું છે. લગ્નોત્સવ કેવળ મા-બાપ માટે જ નહિ સગા-સંબંધીઓ, સ્નેહીઓ-મિત્રો, આડોશી-પાડોશી સૌના માટે માણવાનો પ્રસંગ હોય છે. કેટલીક જ્ઞાતિઓમાં આજેય આવા ઉત્સવ પરંપરાગત રીતે ઊજવાય છે. વળી જાન નીકળે છે ત્યારે તો વરરાજા જ નહિ એ જેના પર સવાર થાય એ ઘોડો, વિકટોરિયા કે ગાડાને પણ શણગારાય છે. રંગીન તસવીર આવાજ એક પાટીદાર વરઘોડાની છે. જોકે હવે આધુનિક વરઘોડા મારૂતિ કે કોન્ટેસા જેવી મોટરો શણગારીને નીકળે છે અને અગાઉના ઢોલ-ત્રાંસાનું સ્થાન હવે ફિલ્મી સંગીતે લઇ લીધું છે. એક જમાનામાં ખાસ કરીને દાઉદી વ્હોરાઓના વરઘોડામાં આતશબાજી પણ થતી અને જાતજાતના ફટાકડા પણ ફૂટતા. નાની તસવીર આહીર લગ્નની છે.



તસવીર : મહિમ પાંધી






તસવીર : પપ્પુ સોનેજી


....વધાવો વરરાયને

બેફામ મોંઘવારીએ સમૂહલગ્નની પ્રથાને લોકપ્રિય બનાવી છે. પણ રબારી સમાજ તો સદીઓથી ગોકળિયા લગ્નના નામે સમૂહલગ્ન ઉજવતો રહ્યો છે. દિવસ તો જન્માષ્ટમીનો નક્કી જ હોય. ગામે ગામ અને ફળિયે-ફળિયે ઢોલ-ત્રાંસા વાગતા હોય. એક જમાનામાં બાળલગ્ન થતા પણ હવે આ પ્રથા લગભગ ઘસાઇ ગઇ છે. આમેય ભાતીગળ વસ્ત્ર અને આગવી રહેણીકરણી માટે વિખ્યાત એવા આ સમાજનાં લાડા-લાડી એટલે સોળે શણગાર સજેતા યુગલ. બાળ વરરાજા હોય કે પુખ્ત વયના પણ રાતા રંગની પાઘડી, ગળામાં લટકતા હાર, અંગ માથે ખભાથી કાંડા સુધીનું કસોકસ કેડિયું અને માથે લીલા-વાદળી દોરે ભરાયેલા મોરલાના આલેખ.... પછી પૂછવું જ શું ?!




ગામડાનું ઘર એટલે ભૂંગો

ઘરતીનો છેડો ઘર એમ કહેવાયું છે. પણ ઘર માત્ર સિમેન્ટ-પથ્થરનું બને છે એવું નથી. ગામડાનો માણસ આજેય ઝૂંપડામાં વસે છે. કચ્છમાં એને ભૂંગા કે કુબા પણ કહેવાય છે. દરેક પ્રદેશમાં એની ભૌગોલિક વિશિષ્ટતાઓને અનુકૂળ રચના ધરાવતા ભૂંગા જોવા મળે છે. કચ્છનું વિષમ હવામાન હોવાથી ગરમી કે ઠંડીની અસર ઓછી થાય એ રીતે ભૂંગાની દિવાલોની રચના કરાય છે અને ઊપર લીંપણકામ પણ ખુબીથી કરાય છે. ઝાડની ડાળીઓની થાંભલીઓ અને માટીના થપેડાના સહારે ભૂંગો ઊભો થાય છે અને છત પર ઘાસ અને પાંદડા એવીરીતે મૂકાય (ગૂંથાય) છે કે જેથી વરસાદનું પાણી તેમાંથી ન આવી શકે પણ હવા ગળાઇને 'ઠંડી' બનીને આવી શકે. આવા 'એરકંડીશન્ડ' ભૂંગામાં કચ્છનું લોકજીવન ધબકે છે.



કચ્છમિત્ર ફોટો





કચ્છમિત્ર ફોટો


ભૂંગાની છતમાં પણ ભાતીગળ છાંટ

કલા અને કારીગરી પણ કચ્છ માટે દરિયા અને રણની દેન છે. રણની કાંધીએ રહેતો માણસ કુદરતના જે રંગોથી વંચિત રહી ગયો છે એને પામવાની મથામણ ભરત ગૂંથણ, ઘડકી કે કાષ્ટકલાના માધ્યમથી કરે છે ત્યારે અસામાન્ય કૃતિ સર્જાય છે. આ વાત ઝૂંપડાની છતને પણ લાગૂ પડે છે. રંગીન તસવીરમાં દેખાય છે એ આપણાં બન્નીના કુબાની છત છે અને એવી તો સૂઝથી તેની રચના કરાઈ છે જાણે કોઈ આર્કીટિકટે એની ડિઝાઈન કરી ન હોય ! આજના આધુનિક યુગમાં મુંબઈ જેવા શહેરમાં પણ હવે આવાં ઝૂંપડાં-છત બનાવવા કારીગરોને ઓર્ડર મળે છે.

કોમળ હાથોની કામણગારી કલા

પટારા અને ડામચિયા જેવી ઘર વપરાશની ચીજોનું મહત્ત્વ શહેરોમાં નામશેષ થઇ રહ્યું છે પણ ગામડામાં આજેય તેની બોલબાલા છે. આગવી સૂઝથી બનતા ભૂંગાઓની દિવાલો પરનું લીંપણ કામ ભારે ચિવટથી થાય છે. અભેરાઇઓ પર વાસણોની ગોઠવણીયે ચોક્કસ પ્રકારે થાય અને માટીના ડામચિયા તો જોતાંવેંત વાહ વાહ કહેવું પડે. બગલાની પાંખ જેવી ભીંતોમાં ઝબૂક ઝબૂક થતા આભલાના ટુકડાથી શોભતી જુદાજુદા આકારની ડિઝાઇનોમાં પ્રતીકોનો ઉપયોગ પણ છૂટથી થાય છે. માટીના મજૂસ, કોઠી-કોઠલા, ભીંતમાં ગોખલા અને ગાદલા-ગોદડાં રાખવાના ડામચિયા બનેમૂન છે. હવે તો આ લીંપણકામ અને માટીકામ ફાઇવ સ્ટાર હોટલો કે વૈભવી ઓફિસો સુધીયે પહોંચી ચૂકી છે. ભીંતના શણગાર માટે આભલા સાથેનું માટીકામ થાય છે તેમાં મોર, હાથી અને પોપટ જેવા પ્રતીકોનો ઉપયોગ થાય છે. એટલું જ નહિ હવે તો પ્રસંગોની આકૃતિનો ઊઠાવ પણ અપાવા લાગ્યો છે.





તસવીર : મણિલાલ ગાલા




કચ્છમિત્ર ફોટો



જે. પી. ગોસ્વામી


પૂર્વજોની સુખદ સ્મૃતિ-ઘડકી

તૂટેલા કપડાના ગાભાથી સર્જાતી ઘડકી આપણાં પૂર્વજોએ પોતાનાં અંગ પર ધારેલા કપડાઓની સુખદ સ્મૃતિ છે. કચ્છની અન્ય કલા-કારીગરીની જેમ ઘડકીનો કસબ પણ ભાતીગળ રંગોથી રંગાયેલો છે. ભૌમિતિક આકૃતિઓનો ઉપયોગ મુસલમાનોની ઘણી જાતિઓમાં દેખાય તો હાલેપોત્રામાં ફલવેલ નજરે ચડે. રબારીઓ તો એની ઘડકીને જાણે જીવંત જ બનાવી દે. સૂર્ય, કળાયલ મોરલો, તુલસી વૃક્ષ, જીવન વૃક્ષ, સૂડો, ઢેલ ને પોપટ જેવા પક્ષીઓ સાથે લોકજીવનમાં લોકકળામાં આલેખાતી દેવ-દેવીઓની આકૃતિઓ પણ એમાં હોય. ઘડકી માત્ર જાડા દોરાનાં ટાંકા ટેભા નથી, કયાંક પેચવર્કનો સમન્વય કરીને અને પ્રભાવશાળી ઊઠાવ દેવાય છે. કેટલાક કિસ્સામાં તો ઘડકી પર ચામડાનું પેચવર્ક શુદ્ધાં કરાય છે એટલું જ નહીં તેમાં રાષ્ટ્રીય કક્ષાનું એવોર્ડ પણ મળી ચૂકયું છે. કચ્છની બેનમૂન હસ્તકલાના ચુનંદા કારીગરોને જેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા છે એટલા બીજા કોઇ પ્રદેશને ભાગ્યે જ મળ્યા હશે.



વાઢાઓનું સંઘાડા-નકશીકામ

અડધા ભૂખ્યા રહીને પણ ભારતીય કળા-કારીગીરીને ટકાવી રાખનાર કસબીઓને જેટલાં સલામ કરીએ એટલાં ઓછા. કચ્છમાં લાકડા પર નકશીકામ અને રંગબેરંગી સંઘાડા કામ કરતા વાઢા કોમના કારીગરો પણ આ શ્રેણીમાં આવે છે. ભૌમિતિક સાધનો વગર કેવળ મનઘડંત કલ્પનાના આધારે કારીગરી કરતા આ વાઢા મહદ્અંશે નિરોણા તેમજ બન્નીના ભીરંડીયારા અને હોડકો જેવા ગામોમાં વસે છે. ઘર વપરાશમાં ઉપયોગી એવી કલાત્મક વસ્તુઓમાં વેલણ, પાટલા, ઢીંચણીયાં, ડાબલા, તવેથા, ઢોલિયાના પાયા વિ.ને સંઘેડે ચડાવીને લાલ, પીળા ને કાળા રંગોથી અનેરું રૂપ આપી દે છે. નિરોણાના વાઢા સંઘેડા કામના નિપુણ છે તો બન્નીમાં મહદ્અંશે સુંદર નકશીકામ કરે છે. સરકારી યોજનાઓનો જો આવા લોકોને સાચેસાચો લાભ મળે તો તેઓ પોતાની કળાનાં વધુ કામણ લાકડા પર ઊતારી શકે એમાં કોઇ શંકા નથી.




કચ્છમિત્ર ફોટો



સંસ્કૃતિના ઉદયથી માટીનો મહિમા

માનવ સંસ્કૃતિના પારણા બંધાયા ત્યારથી માટીનો મહિમા રહ્યો છે. સિંધુ સંસ્કૃતિ કે એ પૂર્વેની વસાહતોના ઉત્ખનન વખતે માટીના ઠીકરાં, વાસણ અને રમકડાં મળી આવે છે એ આ વાતનો પુરાવો છે. એક એવો જમાનો હતો જ્યારે બાળકના જન્મની ખુશાલીમાં સગા-વહાલાં અને સ્નેહીની જેમ કમી-કસબીઓ પણ ભાગ લેતા અને કુંભારો તો માટીનાં રમકડાં બનાવી ભેટ ધરતા. આ કુંભાર કલા હજુયે જીવંત છે. વચ્ચે એવો સમય આવ્યો હતો જ્યારે એના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું હતું પણ હવે ફરી શહેરી લોકો પણ એના તરફ મીટ માંડતા થયા છે. નીભાડા સાથેની પ્રસ્તુત રંગીન તસવીર માટી કલાની નિપુણતાના કારણે દેશ-વિદેશમાં વિખ્યાતી મેળવનાર અને ત્યાંની સફર ખેડનાર સ્વ. બુઢાચાચાની છે. તો નાની તસવીર માટીનાં રમકડાં અને અન્ય વસ્તુઓની છે.




તસવીર : દિનેશ છત્રાલા

કચ્છી રાગજી રોશનાઇ ને નોબત જો નૂર


કચ્છની અસ્મિતાને ઉજાગર કરતાં જે કેટલાક વિશિષ્ટ પાસાઓ છે તેમાં લોકકલા-હસ્તકલાની સાથેસાથે કચ્છના રાગ-રાગીણી અને વિશિષ્ટ લોકવાદ્યોનું પણ એટલું જ મહત્ત્વ છે. પરંપરાગત ભારતીય સંગીતની હરોળમાં ઊભા રહેતા કચ્છી રાગને એના વિશિષ્ટ લયના કારણે આગવી ઓળખ છે. શરણાઇએ જેમ બિસ્મિલ્લાહખાનને જગછતા કર્યા તેમ મુંદ્રાના સુલેમાન જુમા નોબતવાદનના કારણે આંતરરાષ્ટ્રીય નગારચી તરીકે આં દેશને નામના અપાવી. જુન ૧૯૮૫માં પેરીસમાં યોજાયેલ ભારત મહોત્સવ પ્રસંગે એમના નગારા વાદને તો સૌને ઝૂમતા કરી દીધા હતા ! મહારાવશ્રી ખેંગારજી ત્રીજાથી મદનસિંહજી સુધીના રાજાઓ અને ભારતના વડાપ્રધાનોમાં ઇંદિરા ગાંધી અને રાજીવ ગાંધી એમના નગારે પ્રભાવિત થયા હતા. નેવું વર્ષની ઉંમરે પણ નગારચીનો જોમ અને જુસ્સો એમનામાં ટકી રહ્યા હતા. આવા કલાકારોએ વાદ્યોના કારણે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી ને એટલેજ નોબતવાદન એટલે સુલેમાન જુમા, સુંદરી વાદન એટલે સુમાર સુલેમાન જે તસવીરમાં તેમને સંગત આપી રહ્યા છે, સારંગી એટલે ઉમર ઇશા, જોડીઆ પાવા એટલે મુસા ગુલામ અને સુરંદો એટલે સિદ્ધીકભાઇ આ ક્ષેત્રના જાણીતા નામો છે.





તસવીર : મણિલાલ ગાલા






રાજવંશનું જાજરમાન નઝરાણું - પ્રાગમહેલ

ભુજના દરબારગઢ સંકુલમાં આવેલ પ્રાગમહેલ એટલે રાજવંશનું જાજરમાન નઝરાણું. મહારાવશ્રી પ્રાગમલજી બીજા (૧૮૬૦-૧૮૭૫)ના વખતમાં રોયલ ઇન્જીનીયર કર્નલ વિલ્કીન્સની દેખરેખ હેઠળ ઇટાલિયન ગોથીક શૈલીમાં આ ઇમારત બંધાઇ. ૩૨૦૦ ચો. ફીટના વિશાળ ક્ષેત્રફળવાળા 'દરબારખંડ'-માંની ગેલેરીને ટેકો આપતા માનવ કદના સુંદર પુરૂષ-પૂતળાઓના બન્ને બાજુએ આવેલા ૧૦ કીચકો શિલ્પ સ્થાપત્યના ક્ષેત્રે નવપ્રસ્થાનનો ઇતિહાસ આલેખે છે. આ કીચકના ઉપરના ભાગે સેકસપીયરના નાટય દ્રશ્યોને ચિતારાએ એની પીંછીના કસબથી રૂપરંગ આપ્યા છે ને ઠેઠ ઉપરના ભાગે છતને અડતા વાઇસરોય અને કચ્છી મહાનુભાવોના ચિત્રો દરબારખંડની શોભા બની રહ્યા છે. પ્રાગમહેલનું ટાવર એ ભુજની ઓળખ છે. એના ઘડિયાળના ડંકા હવે વાગતા નથી પરંતુ ટાવર પર ચડીને ભુજનું વિહંગ દ્રશ્ય જોવું એ પણ એક લ્હાવો છે.


તસવીર : એસ. એસ. શાહ

રમણીય દરિયાકાંઠે સોહામણો વિજયવિલાસ પેલેસ


મહાણર્વના ખાબોચિયા જેટલા અખાતના કાંઠે આવેલા કચ્છના માંડવીથી આઠ કિ.મી. દૂર કાઠડા ગામ પાસે દરિયાના ઉછળતા મોજાઓ જેનાં પગ પખાળે છે એવા નયનરમ્ય સ્થળે ભવ્ય ભાસતો વિજય વિલાસ પેલેસ એટલે કચ્છના ઉદારચરિત રાજવી મહારાવશ્રી વિજયરાજજીએ ઊભી કરેલ રાજપ્રાસાદની ભવ્ય ઇમારત. એક સમયે અહીં નાળિયેર અને શરૂનાં વનની લીલકથી વાતાવરણ ભર્યુંભર્યું રહેતું. આજે એ વન હવે રહ્યું નથી પણ મહેલની સુંદરતા અને દરિયાની સુંદરતા આજેય પર્યટકોને આકર્ષે છે. આચાર્ય રજનીશની ઇચ્છા આ સ્થળે 'રજનીશધામ' ઊભું કરવાની હતી પણ કાળની ગતિ કોણ જાણે છે ? રેતીના વિશાળ ઢૂવાઓ અને થોડેક જ દૂર આવેલ તમાચી પીરની દરગાહને એની છાયામાં સમાવતી આ ઇમારત -જાણે વ્યથા વ્યકત કરતી કહેતી સંભળાય છે કે 'ઝાંખી ભાઇયાં ન ત ભલા, જોર ઝબુકાં કીં ?..... ચિતડેમેં ચુણકે વિઢા ઉ ધીંગી વસ્તીજા ડિં'...'



જે. પી.



તસવીર : એ. એ.



તસવીર : એલ. એમ. પોમલ



બેનમૂન કારીગરીનો ખજાનો - આયના મોલ

કચ્છમાં સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી ક્ષેત્રે ચાલતા દશ સંગ્રહસ્થાનોમાં આયના મહેલ તેની રીતે વિશિષ્ટ ભાત પાડનારું એક અણમોલ સંગ્રહસ્થાન છે. મહારાવશ્રી લખપતજી (ઇ.સ. ૧૭૫૨-૬૧)ના શાસનકાળમાં રાજમહેલ આયના મહેલ તરીકે ઓળખવાનું કારણ તેના છત, થાંભલા અને દિવાલો સુંદર અરીસાથી જડાયેલ છે. ૨૪૦ વર્ષ પહેલાં તૈયાર થયેલા આ રાજમહેલમાં ફવારા મહેલ, અંબાડી રૂમ, આયના મહેલ, હીરા મહેલ અને કલા અટારી જેવા કલા અને કારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ સચવાયેલા છે. તા. ૧-૧-૧૯૭૭ના કચ્છના ભૂતપૂર્વ રાજવી મદનસિંહજીએ ટ્રસ્ટ સ્થાપીને આ મહેલ પ્રજાને અર્પણ કર્યો-જેમાં મદનસિંહજી મ્યુઝિયમની સ્થાપના થઇ તે આયના મહેલ તરીકે જ જાણીતો છે. દેશી-પરદેશી પર્યટકો આ સ્થળની મુલાકાત લઇને પ્રભાવિત થાય છે.





નવીન/બિપિન સોની ▲

▲ એલ. સી. સોની

▼ હરસુખ સોદાગર




કચ્છી પીંછીની કરામત

આ ત્રણ ચિત્રો કચ્છની ગઈકાલ અને આજની પેઢીના કલાકારોનું સર્જન છે. કચ્છ મ્યુઝિયમ હોય કે આયના મહેલ પણ તેમાં ભુજના વિખ્યાત વાસ્તવવાદી ચિત્રકાર એલ. સી. સોનીના રાજા-મહારાજાઓના અને કચ્છના લોકજીવનના તૈલચિત્રો જુદા જુદા પહેલુઓના જોવા મળે જ. બીજા ચિત્રકાર છે મુંબઈના હરસુખ સોદાગર. આધુનિક અને પરંપરાગત બન્ને પ્રકારની કળામાં પારંગત છે. તેમના પ્રિય વિષય છે કચ્છના ઊંટ અને સુરખાબ ! તેમણે સુરખાબના દશેક હજાર સ્કેચ કરેલા છે. એમના ઊંટ અને સુરખાબના ચિત્રો મુંબઈની આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત થાય છે. તો ત્રીજા છે તરવરીયા સોની બંધુઓ. નવીન સોની અને બિપિન સોની આજની પેઢીના યુવાન પ્રતિનિધિ છે. તૈલચિત્રમાં અને ખાસ તો ભીંતચિત્રોના નિષ્ણાત છે ભુજ તેમજ વિદેશની ધરતી પર સ્વામિનારાયણ મંદિરોમાં તેમના સુંદર ચિત્રો જોવા મળે છે.



એચ. કે. પોલડિયા



સિંધુ સંસ્કૃતિનું કેન્દ્ર ધોળાવીરા


આમ તો કચ્છમાં માનવજાતનું પગેરું દોઢ લાખ વર્ષ પહેલાંના પથ્થરયુગ સમયનુંયે મળે છે. પણ છેલ્લા એક દાયકામાં ભચાઉ તાલુકાના ખડીર બેટમાં આવેલા ધોળાવીરા ગામ નજીક હાથ ધરાયેલા ખોદકામને પગલે સિંધુ સંસ્કૃતિનું એક અનોખું નગર મળી આવતાં પુરાતત્ત્વ અંગે સંશોધન કરનારાઓ માટે જાણે ખજાનો ખુલ્યો છે. ચિત્રમાં દેખાય છે એ ધોળાવીરા નજીકના સ્થળેથી હડપ્પીય સંસ્કૃતિના જે પુરાવા મળ્યા છે તે અનોખા છે. હજારો વર્ષ પહેલાંના એ લોકો પાણીના એકેએક ટીપાંનો સંગ્રહ કેવી રીતે કરતા હતા એની રચના જોતાં આશ્ચર્યમાં ગરકાવ થઇ જવાય છે. ધોળાવીરા ઉપરાંત કચ્છમાં બીજાયે સ્થળો છે જ્યાં સિંધુ ઉપરાંત અન્ય સંસ્કૃતિઓના અવશેષ પણ મળે છે. માંડવીના નાની રાયણ ગામેથી ડૉ. પુલીન વસાને બૌદ્ધધર્મી કુશાન સમયની પ્રતિમાઓ પણ મળી છે જેમાંની એક નાની તસવીરમાં દર્શાવાઇ છે તે કુશાન સુંદરીના મસ્તકની છે. ધોળાવીરા ભુજથી ૨૪૦ કિ. મી. દૂર છે.

તસવીર : વીરેન્દ્ર આચાર્ય

પાનધ્રો લિગ્નાઇટ-વીજમથક

લખપત તાલુકામાં આવેલું નારાયણ સરોવર-કોટેશ્વર યાત્રાધામ અને લખપતનો કિલ્લો પ્રાચીન કચ્છનાં ગૌરવવંતા પ્રતીકો છે તો આજ તાલુકામાં આવેલી પાનધ્રોની લિગ્નાઇટ ખાણ અને તે આધારિત વિદ્યુત મથક અર્વાચીન કચ્છના વિકાસસ્થંભ છે. પાનધ્રોમાં ગુજરાત ખનિજ વિકાસ નિગમ દ્વારા અદ્યતન મશિનરીથી મોટાપાયે લિગ્નાઇટ કોલસાનું ખોદકામ થાય છે. દરરોજ સેંકડો ટ્રકો અહીંથી કોલસો ભરવા આવતી હોવાથી ટ્રાન્સપોર્ટ પરિવહન ઉદ્યોગ ખૂબ જ વિસ્તર્યો છે, અને કચ્છના ઔદ્યોગિક વિકાસ માટે વીજળી એ મહત્ત્વનું પરિબળ છે. અહીં ખનિજ નિગમ અને વીજ બોર્ડના કર્મચારીઓ માટે કચ્છના મહાન ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની યાદમાં અદ્યતન વસાહત ઊભી થઇ છે. લખપત તાલુકો મોટા ઉદ્યોગોના આગમનથી કાયાપલટવા નવા દોરમાં પ્રવેશી ચૂકયો છે. 'શિવ અને શકિત'ના બેસણાવાળો આ તાલુકો ૨૧મી સદીના ઓવારણા લેતો કચ્છની જાહોજલાલીની આલબેલ પોકારતો પાછો લાખના પત ભણી આગળ વધી રહ્યો છે. પાન્ધ્રો ખાણ તેમજ મહાબંદર કંડલાના કારણે કચ્છમાં ટ્રાન્સપોર્ટ વ્યવસાયે ખેતી અને પશુપાલન પછીના સૌથી મોટા વ્યવસાયનું સ્થાન મેળવ્યું છે. ભુજથી અંતર ૧૨૦ કિ.મી. છે.





કચ્છમિત્ર ફોટો





કચ્છનું મહાબંદર કંડલા

કચ્છને પૂર્વ છેડે આવેલું વિકાસનું બારું એટલે કંડલા બંદર. ગુજરાતનું આ એકમાત્ર મહાબંદર હવે માત્ર કચ્છ જ નહીં, રાષ્ટ્રના વિકાસનું પ્રવેશદ્ધાર બની ગયું છે. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે કરાચી પાકિસ્તાનમાં જતાં એની જે ખોટ પડી તે પૂરવાના ઉદ્દેશ સાથે સરદાર વલ્લભભાઇ પટેલે કંડલાને મહાબંદર તરીકે વિકસાવવાનું આયોજન કર્યું હતું. જોકે, એનું મૂળ સપનું કચ્છના મહારાવ વિજયરાજજીનું હતું. ૧૯૩૦માં મહારાવશ્રી ખેંગારજીએ કંડલા બંદર બંધાવ્યું હતું. આઝાદી પછી કંડલાનો વિકાસ પ્રમાણમાં મંદ ગતિએ શરૂ થયો હતો પણ છેલ્લા દોઢ દાયકામાં તેણે હરણફાળ ભરી છે. ટ્રાફિકના અને ટ્રાફિક હેન્ડલીંગના કોઇને કોઇ વિક્રમ લગભગ દર વર્ષે આ મહાબંદર નોંધાવતું રહે છે. માલની હેરફેર માટે દેશમાં સૌથી વધુ કરકસરભર્યા મેજર પોર્ટ તરીકે પણ તેણે સ્થાન મેળવ્યું છે. તેના વિકાસને કારણે ટ્રાન્સપોર્ટ વ્યવસાયને ભારે વેગ મળ્યો છે. ઉપરાંત કંડલા ફ્રી ટ્રેડ ઝોન અને ઇફકો જેવા મોટા કારખાનામાં પણ સારી એવી રોજગારી પૂરી પાડવામાં આવે છે.

અનોખી સંસ્થા વી.આર.ટી.આઇ.

કચ્છમાં અનાવૃષ્ટિ એ નવી નવાઇ નથી. પ્રજા અને પ્રજાકીય સંસ્થાઓ, માનવો તથા મૂંગાજીવો માટે રાહતકાર્યો, નીરણકેન્દ્ર, ઢોરવાડા વિ. પ્રયત્નો કરી છૂટે છે. આ બધા પ્રયાસ ટૂંકાગાળાના છે. પણ વૈજ્ઞાનિક ઢબે કચ્છના ભૂપૃષ્ઠનો અભ્યાસ કરી, વરસાદની તાસીર જાણી, પાણીના વહેણ પીછાણી, પાણીના ટીપેટીપાંનો સંચય કરી દુષ્કાળના અવિશ્વાસમાંથી કચ્છ તથા કચ્છી પ્રજાને હંમેશને માટે બચાવી લેવાનો પ્રયાસ, માંડવીની વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટીટયૂટ દ્વારા હાથ ધરાયો છે. માંડવીથી લગભગ બે કિ.મી.ના અંતરે ૨૫ એકર જેટલી વિશાળ ભૂમિમાં ઇ.સ. ૧૯૭૧માં આ સંસ્થાની સ્થાપના કરાઇ હતી. પાણી સંગ્રહ યોજના, કૃષિ ક્ષેત્રે સંશોધન, નિદર્શન અને વિસ્તરણ પશુ સુધારણા, ઊર્જા વિકાસ જેવા ક્ષેત્રે નક્કર કામગીરી કરી છે અને હવે તો કૂવા રિચાર્જીંગ, ભૂગર્ભ ચેકડેમ, ખેત તલાવડી જેવા જળ સંરક્ષણના કામો માટે અનોખું અભિયાન હાથ ધર્યું છે અને તેણે કચ્છ માટે નવી આશા ઊભી કરી છે.





તસવીર : ભરત માલી



તસવીર : યોગેન ખત્રી



બિદડા સર્વોદય હોસ્પિટલ

કચ્છમાં દુષ્કાળ સામે જેમ ભીષણ જંગ મંડાયો છે તેમ આરોગ્ય ક્ષેત્રે પણ મહાયજ્ઞ મંડાયો છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા ચાલતું આરોગ્યધામ, એ કચ્છમાં ચમત્કાર છે. વતનપ્રેમી શ્રેષ્ઠીઓએ દાનગંગા વહાવીને ઊભું કરેલ સુંદર, સુસજ્જ આરોગ્ય સંકુલ ભુજથી ૭૦ કિ.મી.ના અંતરે આવેલ છે. આરોગ્ય શિબિરો, નિદાન સારવાર કેમ્પો, નેત્ર-દંતયજ્ઞો માત્ર નહિ પરંતુ જો ઓપરેશનની જરૂર પડે તો દર્દીને મુંબઇ બોલાવી, સંસ્થાના ખર્ચે, મુંબઇમાં અદ્યતન હોસ્પિટલ તથા સારામાં સારા ડોકટરો દ્વારા ઓપરેશન કરાવી 'માનવ સેવા એ પ્રભુસેવા' સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરાય છે. આ સંસ્થાની પ્રવૃત્તિઓનો પ્રારંભ ઇ.સ. ૧૯૭૫માં નાના પાયે થયો. દશ એકર જમીન ઉપર ૧૯૮૪માં વિશાળ આરોગ્યધામ ઊભું થઇ શક્યું છે. અહીં ચાલતા શિબિરોમાં મદ્રાસ, મુંબઇ વ. જેવા સ્થળોના સ્વદેશના જાણીતા તબીબો ઉપરાંત વિદેશી તબીબો પણ સેવાનો લાભ આપી રહ્યા છે. કચ્છમાં દુષ્કાળ પછી બીજા નંબરનો દુશ્મન ટીબી તથા આંખના રોગો છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ આરોગ્યધામ કચ્છના લોકોના યોગક્ષેમની ચિંતા સેવે છે.

વાગડ વેલ્ફેર સોસાયટીની ભચાઉ હોસ્પિટલ


પશ્ચિમ અને મધ્ય કચ્છ માટે જેમ બિદડાની હોસ્પિટલ આશીર્વાદસમી છે તેમ કચ્છના પ્રવેશદ્વાર સમા ભચાઉ નજીક વાગડ વેલ્ફેર સોસાયટીની સાર્વજનિક હોસ્પિટલ પૂર્વકચ્છ (વાગડ) માટે આશીર્વાદ સમી છે. પરિશ્રમ કરી, પરસેવો પાડી શ્રીમંત બનેલા વાગડવાસી વતનને ક્યારેય ભૂલ્યા નથી એનું આ ઉદાહરણ છે. તા. ૧૬-૯-૧૯૭૨ના રોજ આરોગ્ય સેવાનો શુભારંભ વાગડ વેલ્ફેર કલબે કર્યો. ધીમે ધીમે તેમાં દંત અને પેથોલોજી વિભાગ, એક્સ-રે વિભાગ, પ્રસૂતિ વિભાગ વ. ઉમેરાયા. સરકારે ભચાઉ પાસે સાડાનવ એકર જમીન ફ્રી ફાળવતાં ૫૦ લાખ રૂપિયાના ખર્ચે ૩૮૫૦૦ ચો. ફીટ જેટલા બાંધકામ દ્વારા સેનેટોરિયમ, ડોકટરો માટે નિવાસ વ.ની સુવિધા ઊભી કરાઇ. હાલ અહીં નેત્ર, મેડિસીન, જનરલ સર્જરી, સ્ત્રીરોગ, દંત ચિકિત્સા, એનેસ્થેસીયા, પેથોલોજી, એક્સ-રે વિભાગ સુવિધા પ્રાપ્ય છે. મુંબઇથી યુરોલોજીસ્ટ તથા ઇએનટી નિષ્ણાત પણ આવે છે. સંપૂર્ણપણે વાતાનુકૂલિત ઓપરેશન થિયેટર પણ છે. સંસ્થા દ્વારા ૧૧ નેત્ર-દંતયજ્ઞ, ૭ જનરલ સર્જરી અને ૧૬ શારીરિક ચિકિત્સાના યજ્ઞ યોજાયા છે.





કચ્છમિત્ર ફોટો





અનોખું અહિંસાધામ

કચ્છમાં આમ તો ઠેર ઠેર સરકારી પશુદવાખાનાઓ ઉપલબ્ધ છે. પરંતુ અપૂરતા સ્ટાફ અને ટાંચા સાધનોને લીધે જ્યારે રોગચાળો ફેલાય છે ત્યારે આ સેવા પાંગળી બની રહેતી હોવાના અનુભવો છે, ત્યારે જીવદયાની ભાવનાથી મુન્દ્રા તાલુકાના પ્રાગપર રોડ પર શરૂ થયેલું 'એંકરવાલા અહિંસાધામ' પ્રેરક બની રહ્યું છે. ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર સંચાલિત શેઠ લાલજી વેલજી શાહ 'એંકરવાલા અહિંસાધામ' જુદા જુદા ૩૪ વિભાગોનું વિશાળ સંકુલ છે. જેમાં ૧૧૪ વિકલાંગ પશુઓ અહીં કાયમ રહે છે. ઉપરાંત ચિકિત્સા સેવાનો લાભ આસપાસના આખાય વિસ્તાર માટે આશીર્વાદરૂપ છે. ૩૦૦ જેટલા પશુઓ રાખવાની વ્યવસ્થા છે. આ વિશાળ સંકુલમાં પશુ ચિકિત્સાલય, સર્જરી વિભાગ, રોગ નિદાન કેન્દ્ર જેવા વિવિધ વિભાગોને દાતાઓનો સહયોગ સાંપડયો છે, જેમાં પશુઓને મનુષ્યની માફક સારવાર અપાય છે. કચ્છની જીવદયા પ્રવૃત્તિ અને તેમાંયે ખાસ તો પાંજરાપોળોની પ્રવૃત્તિ પહેલેથી જ જાણીતી છે પણ આ પ્રકારની પશુ હોસ્પિટલ કે જેમાં ઓપરેશન પણ થાય એવું આયોજન પ્રથમવાર થયું છે.

બાડાનું વિપશ્યના સાધના કેન્દ્ર

અધ્યાત્મની કેડીએ પગ માંડવા પ્રેરાયેલા પથિકને આજે ઠગ અને સ્વાર્થી સાધુઓ ભેટી જાય તો અધ્યાત્મનો પંથ ભૂલાવી દે છે. પણ પ્રાચીન ભારતમાં નિસ્વાર્થ ભાવે સાધુ સંતોએ ઘણું ઘણું કર્યું છે. ને એમાંનું કેટલુંક સચવાઇ રહ્યું છે. તેમાં એક છે વિપશ્યના સાધના પદ્ધતિ. બૌદ્ધ ધર્મના ઉદ્‌ભવ સાથે વિકાસ પામેલી આ પદ્ધતિમાં કેવળ શ્વાસ-ઉચ્છવાસના નિયમન દ્વારા માનવી પરમ તત્ત્વ સાથે સંપર્ક કરી શકે છે. આ પદ્ધતિની તાલીમ આપતું વિપશ્યના સાધના કેન્દ્ર-માંડવી તાલુકાના બાડા ગામે ચાલે છે. અહીં સાધના માટેના ૧૦-૧૦ દિવંસના સત્રો ગોઠવાય છે. સાધકને સગવડતા આપતું આ કેન્દ્ર કચ્છમાં અને કચ્છ બહાર પણ જાણીતું છે. ઘણાં લોકો આ કેન્દ્રમાં આવીને લાભ લે છે -અને કાંઇક પામ્યાનો સંતોષ અનુભવે છે. નાની તસવીર ઇગતપુરી ખાતે આવેલ વિપશ્યના આંતરરાષ્ટ્રીય અકાદમીની ઇમારતની છે. આવું પેગોડા બાડામાં પણ બંધાશે.










માંડવીનું જૈન આશ્રમ

માંડવીનું મેઘજી સોજપાલ જૈન આશ્રમ જૈન સમાજના અપંગ વયોવૃદ્ધ અને નિરાધાર ભાઈ-બહેનો માટે ઉત્તરાવસ્થા શાંતિમય, ધર્મમય બને એ માટેનું વાતાવરણ પૂરૂં પાડે છે. મુનિ શ્રી શુભવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી આજથી લગભગ ૪૮ વર્ષ પહેલાં આ આશ્રમ સ્થપાયો છે. આ આશ્રમમાં ભક્તિભાવને પ્રેરતું જૈન દહેરાસર, ધાર્મિક હોલ વ. સવલતો છે. અશક્ત સાધુ-સાધ્વીજીની પણ સંભાળ લેવાય છે. ૪૦ એકરમાં ફેલાયેલ આ આશ્રમમાં અતિથિગૃહ, ભોજનશાળા, તબીબી સારવાર ખંડ, તાત્કાલિક સારવાર ખંડ, ટી.વી. રૂમ વ. છે. મંદબુદ્ધિ અને માનસિક રીતે નબળા લોકો પણ છેવટે તો સમાજનું એક અંગ છે. એમનાં યોગક્ષેમની પણ અલગ વ્યવસ્થા છે. હાલે લગભગ ૧૭૦ જેટલા વડીલો અહીં છે.

કચ્છી હસ્તકળાનો વડલો - સૃજન

ભાતીગળ લોકજીવન, વિશિષ્ટ સંસ્કૃતિ અને પ્રાચીન ઇતિહાસ ધરાવતા કચ્છ જિલ્લાને હસ્તકળા કારીગરીએ એક નવી ઓળખ આપી છે. ભુજ-અંજાર ધોરીમાર્ગ પર ભુજથી સાત કિ.મી.ના અંતરે આવેલી 'સૃજન' સંસ્થા કચ્છી હુન્નરને દેશ-વિદેશની બજારમાં પ્રચલિત બનાવવાનું કામ કરે છે. સરકારે કચ્છી હસ્તકળાને રોજીના સાધન તરીકે અપનાવ્યા પછી કચ્છમાં હસ્તકળા-ગૃહ ઉદ્યોગના વિકાસ માટે ઘણી સંસ્થાઓ કાર્યરત થઇ છે તેમાં 'સૃજન' મોખરાની સંસ્થા છે. તે કારીગરોને તાલીમ આપવાથી માંડીને તેમનું સર્જન બજાર કે ગ્રાહક સુધી પહોંચે ત્યાં સુધી 'સેતુ' તરીકેની કામગીરી બજાવે છે. આ સંસ્થા કારીગરોને નવી ડિઝાઇનો શીખવે છે અને કાચો માલ પણ પૂરો પાડે છે. ૧૯૬૮માં સુમરાસર (શેખ) નજીક જે ઉદ્દેશો સાથે આ સંસ્થાએ શરૂઆત કરી હતી તે આજે સાર્થક બની ચૂકયા છે. આજે ૨૮ વર્ષ પૂર્ણ કરનાર આ સંસ્થાના પ્રયાસોથી વિદેશમાં કચ્છી હસ્તકળા કારીગરી પ્રત્યે ભારે આકર્ષણ જામ્યું છે. કચ્છની મુલાકાતે આવતા દેશી-વિદેશી પર્યટકો, તાલીમાર્થીઓ અને અભ્યાસુઓ ભુજોડી ખાતેનાં તેનાં હસ્તશિલ્પ કેન્દ્રની મુલાકાત લેવાનું ચૂકતા નથી. આજે કળા જગતના ચોકનો ચંદરવો બનવા સુધી પહોંચેલી આ સંસ્થા માટે કચ્છી પ્રજા ગૌરવ લઇ શકે છે.





તસવીર : ભરત માલી



તસવીર : ભરત માલી



ખેડૂતોનો સાથી - કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

ક્ષારનું આક્રમણ, અનાવૃષ્ટિ, ઊંડી ઊતરતી જતી ભૂગર્ભ જળ સપાટી જેવી અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા કચ્છ જિલ્લાની કાયાપલટ કરવા માટે પ્રયત્નશીલ સ્વૈચ્છિક સંસ્થાઓમાં માંડવી સ્થિત વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટ્યુટ મુખ્ય છે. કચ્છમાં જળ સંરક્ષણ ક્ષેત્રે અજોડ કામગીરી આ સંસ્થા દ્વારા થઇ છે પરંતુ નાના અને સીમાંત ખેડૂતોને આબાદ કરવા હોય તો પાણીની જોગવાઇની સાથે ખેતવિષયક જ્ઞાન અને વિજ્ઞાન ટેકનોલોજીનો સમન્વય જરૂરી છે. તેથીજ વી.આર.ટી.આઇ.ની ભગિની સંસ્થા રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટે ૧૯૯૨માં મુન્દ્રાથી ત્રણ કિ.મી. દૂર સાડાઉ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરી. ૧૯૯૫ના જાન્યુઆરીમાં કચ્છને અર્પણ થયેલું આ કેન્દ્ર ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે કૃષિ તાલીમ પૂરી પાડે છે. આ સંકુલમાં રહેવાની પણ સગવડ હોવાથી ખેડૂતો માટે વ્યવસ્થિત તાલીમનો માર્ગ મોકળો થયો છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના આર્થિક સહયોગથી ચાલતું આ કેન્દ્ર ગુજરાતમાં આ પ્રકારનું આઠમું અને સ્વૈચ્છિક સંસ્થાના સંચાલન હેઠળનું બીજું કેન્દ્ર છે. કચ્છ અને કચ્છના ખેડૂતો માટે આ એક આશીર્વાદ સમાન છે.


કચ્છનું કલ્પવૃક્ષ ખારેક

ભારતમાં એકમાત્ર કચ્છ એવો વિસ્તાર છે જ્યાં ખારેકનું વ્યાપારી ધોરણે વાવેતર થાય છે. કચ્છનું હવામાન ખારેકના ઝાડની ઝડપી વૃદ્ધિ માટે જેટલું અનુકૂળ છે તેટલું પરદેશોમાંયે નથી. ઉપરાંત એનો લાલ-પીળો રંગ અને મીઠાસ પણ અન્યત્ર જોવા મળતા નથી. કચ્છમાં ખારેકના ૧૪ લાખ નાના મોટા ઝાડ છે જેમાંથી સાત લાખ ફળ આપે છે. એક ઝાડ પર ૫૦ કિલો ખારેક પાકે તો કુલ ઉત્પાદન ૩૫ હજાર ટન જેટલું થાય. સરેરાશ બે રૂપિયા કિલોનો હોલસેલ ભાવ લેખીએ તો ૭ કરોડની આવક ગણાય. હવે જો ખારેકની ગુણવત્તા સુધારીને તેની વ્યવસ્થિત ખેતી થાય તો ખેડૂતોના ઉત્પાદનની કિંમત ગુણાકારમાં વધે અને સાથે સાથે કેસર કેરીની જેમ ખારેક પણ દેશભરમાં ખ્યાતિ પામે. ખારેકના ઝાડને માત્ર થડ હોય ડાળી નહીં. પણ નાની તસવીરમાં દેખાય છે એ ધ્રબના એક ઝાડને ડાળી ઊગી છે અને તેના પર ખારેક પણ પાકે છે. વિશ્વમાં આવાં માત્ર બેજ ઝાડ છે, બીજું ઝાડ બગદાદમાં છે.






તસવીર : નવીનચંદ્ર સોદાગર



તસવીર : હીરાલાલ બલવા



પપ્પુ સોનેજી

ઊંટ -સચ કમાય ને કૂડ ખાય

રણના વહાણ તરીકે ખ્યાતિ પામેલા ઊંટ માટે કચ્છીમાં એક કહેવત છે; 'સચ કમાય ને કૂડ ખાય' મતલબ કે ઊંટને ખોરાક જે આપો તે ખાઇ જાય અને મહેનત-મજૂરીમાં કયારેય પાછી પાની ન કરે. આ કહેવત ખાસ તો કચ્છી ઊંટને જ લાગૂ પડે છે. અન્ય ઊંટોની તુલનાએ કચ્છી ઊંટ ભારવહન કરવામાં એટલેકે કામમાં વધુ ઉપયોગી હોવાથી રાજસ્થાન અને પંજાબમાં પણ તેની માંગ છે. તેથી જ તો કચ્છના રબારીઓએ ઊંટનો પશુપાલન વ્યવસાય પણ સારી રીતે વિકસાવ્યો છે. ઊંટના ધણ સાથે તેઓ ગોપજીવન ગાળતા રહે છે. પરંપરાગત વસ્ત્રો અને ભાતીગળ રહેણીકરણીવાળા આ રબારીઓ ઊંટનું દૂધ પણ પીએ છે. ઊંટનું દૂધ તાકાતવાન ગણાય છે. ગુજરાત અને રાજસ્થાનના રણમાં સીમા દળના જવાનો ઊંટનો બહોળો ઉપયોગ કરતા હોવાથી આ દળનું 'ચિહ્‌ન' પણ ઊંટનું જ છે.

realpatidar.com

અટપટી ક્રીકનો અજબ વિસ્તાર

ભારતના પશ્ચિમ છેવાડે લખપત તાલુકાના કોટેશ્વર નજીકથી શરૂ થતો સરહદી વિસ્તાર આવે છે. સંખ્યાબંધ ક્રીક (ખાડીઓ)ના કારણે કોટેશ્વરની સામેનો વિસ્તાર ભૌગોલિક રીતે વિશિષ્ટ પ્રકારનો છે. માઇલોના માઇલ સુધી ક્યાંક ચેરિયાના વન દેખાય છે તો ક્યાંક કાદવવાળી જમીન. દરિયામાં ભરતી હોય ત્યારે કેટલાક ટાપુ સાવ ઢંકાઇ જાય પણ ઓટ આવે કે તરત જ કોઇએ જાણે જાદુ કર્યો હોય એમ જમીન ઉપર ઉપસી આવે. આમ તો આ ક્રીક ભૂમિ સીમા પર આવે છે અને તદ્દન નિર્જન છે. પણ એના કેટલાક ભાગની આંકણી હજુ થઇ ન હોવાથી પાકિસ્તાનની નજર આ ક્રીકના કેટલાક વિસ્તારો પર હતી તેથી જ તો એક દાયકા પહેલાં પાકિસ્તાની માછીમારો સાંવલાપીર વિસ્તારની નિયમિત મુલાકાત લેતા હતા, એવી છાપ ઉપસી હતી કે તે પુરાવા ઊભા કરી રહ્યું છે. તેથી જ તો અહીં સીમા સુરક્ષા દળની સાગર પાંખ ૧૯૮૮માં સક્રિય કરવામાં આવી હતી અને આજે તો ત્યાં ચોકી પણ થઇ ચૂકી છે. સાંવલાપીરનો મેળો પણ ભરાય છે અને ફકીરાણી જત તેમજ રબારીઓ તેમાં ઉમંગે ભાગ લે છે. નાની તસવીર પીરના મેળાની છે.





તસવીર : વીરેન્દ્ર આચાર્ય




તસવીર : યોગેન ખત્રી



કાળા ડુંગર કચ્છ જા

'કારા ડુંગર કચ્છ જા મથે ઘોરા ઘણ ચરેં' આ લોકોકિતથી કચ્છના ડુંગરોનું વર્ણન કરવામાં આવ્યું છે તે યથાર્થ છે. રણની કાંધીએ સરહદના સંત્રી સમો આ ડુંગર કચ્છનો સૌથી ઊંચો ડુંગર છે. તેની ઊંચાઇ ૧૫૧૫ ફીટ છે. શિખરે ગુરૂ દતાત્રયના બેસણા છે અને તેને લોકો પરછમાઇ પીર તરીકેય ઓળખે અને પૂજે છે. ભુજ તાલુકાના મેસૂક માટે પ્રખ્યાત એવા ખાવડા ગામથી ૧૨ કિ.મી. દૂર આવેલો આ ડુંગર હવે તો ટ્રેકીંગ અને પર્યટનના સ્થળ તરીકેય જાણીતો થઇ રહ્યો છે. એના શિખર પરથી અફાટ રણના દર્શન થાય છે એટલું જ નહિ ભારતનો પ્રતિબંધિત સરહદી વિસ્તાર જ્યાંથી ચાલુ થાય છે એ ઇન્ડિયા બ્રીજ પણ નરી આંખે જોઇ શકાય છે. વરસાદ પછી રસ્તો ખરાબ થઇ જાય તો જીપથી પણ ઉપર જવું મુશ્કેલ પડે છે. સવારે અને સાંજે આરતી સમયે લાપસીની પ્રસાદી થાય છે તેને ખાવા માટે 'લોંગ... લોંગ...' પોકાર કરતાં જ શિયાળ દોડતા આવે છે એ આ સ્થળનું અનેરું આકર્ષણ છે. ભુજથી ૮૫ કિ.મી. દૂર આવેલા ડુંગર પર અનેક જાતની વનસ્પતિઓ અને ઊંચા પ્રકારનું ખાસ ઘાસ થાય છે.



તસવીર : સુરેશ વાઘેલા



સલામ સીમાના સંત્રીઓને !

કચ્છનું અદ્દભૂત રણ પાકિસ્તાનને અડીને આવેલું છે અને પાડોશીએ પ્રોક્ષીયુદ્ધ શરૂ કર્યું છે તેથી રણ સીમાની સલામતીનો પ્રશ્ન વારંવાર અખબારોમાં ચર્ચાતો રહ્યો છે. દરિયાના પાણી અને ક્ષારના આક્રમણના કારણે રણની આબોહવા એકદમ વિષમ બની જવાથી સીમા સુરક્ષા દળના જવાનોને અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ચોમાસામાં તો વરસાદના આગમન સાથે જ રણ એક છીછરા સરોવરમાં પલટાઇ જાય છે. તેથી કેટલીક ચોકીઓ પરના જવાનો તો ત્રણ-ચાર મહિના માટે દેશ અને દુનિયાથી વિખૂટા પડી જાય છે. પાણી અને ખોરાકનો ત્રણ-ચાર મહિનાનો પુરવઠો ઉનાળામાં જ ચોકીઓ પર રાખી દેવો પડે છે. આટઆટલી મુશ્કેલી છતાં સીમા દળના જવાનોનો જુસ્સો સદાય બુલંદ રહ્યો છે. નિષ્ઠાવાન એવા આ જવાનો પોતાની ફરજમાં કયારેય પાછીપાની કરતા નથી. આમ તો આ દળ કેન્દ્રના ગૃહખાતા હેઠળ છે. આમ છતાં ગુજરાત સરકારનો એને શરૂઆતથી જ સારો સહકાર મળી રહ્યો છે. રણમાં જવાનોના મનોરંજન માટે ગુજરાત સરકારે ટેલિવિઝન સેટ અને જનરેટરોની પણ વ્યવસ્થા કરી છે.

JANMABHOOMI GROUP

'કચ્છમિત્ર'ની સાફલ્યગાથા

કચ્છની અસ્મિતાનું સર્વાંગ સંપૂર્ણ ચિત્ર દોરીએ ત્યારે તેને ન્યાય આપવા ખાતર એ અસ્મિતાના અંગભૂત અખબાર 'કચ્છમિત્ર'નો ઉલ્લેખ અનિવાર્ય બને. સુવર્ણ જયંતી ઉજવીને ૫૧મા વર્ષમાં પ્રવેશી ચૂકેલું 'કચ્છમિત્ર' મુંબઇ સ્થિત જન્મભૂમિ અખબાર જૂથનું પત્ર છે. મુંબઇથી સાંજનું 'જન્મભૂમિ', રાજકોટથી 'ફૂલછાબ' અને ભુજથી 'કચ્છમિત્ર' દૈનિક પ્રસિદ્ધ થાય છે. ભારતનું સૌથી જૂનું વાણિજ્ય અખબાર 'વ્યાપાર' અઠવાડિયામાં બે વાર પ્રસિદ્ધ થાય છે અને થોડાં વર્ષોથી તેની હિન્દી આવૃત્તિ શરૂ કરાયા બાદ ગુજરાતી 'વ્યાપાર'નું રાજકોટ ખાતેથી પ્રકાશન પણ શરૂ કરાયું છે. આ ઉપરાંત ગુજરાતી કાવ્ય સાહિત્યના શણગારસમું મેગેઝિન 'કવિતા' અને વાર્ષિક પંચાંગ પણ 'જન્મભૂમિ' જૂથના પ્રતિષ્ઠિત પ્રકાશનો છે. આ જૂથના માલિક 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ' છે. આઝાદી પૂર્વે રચાયેલા આ ટ્રસ્ટનો ઇતિહાસ જાણીતો છે. ગુજરાતી અખબારોમાં એક માત્ર આ એક એવું જૂથ છે જે જાહેર ટ્રસ્ટની માલિકીનું છે.

સાચું પૂછો તો માલિકીનો આ મોટો તફાવત જ 'કચ્છમિત્ર'ની આજની સફળતાનું સૌથી મોટું પરિબળ છે. ટ્રસ્ટનો ઉદ્દેશ લોકશિક્ષણ, લોકસેવા અને લોકકલ્યાણનો હોવાથી અખબારોની નીતિમાં તેનું પ્રતિબિંબ પડયું છે. ટ્રસ્ટની નીતિ માત્ર નફો રળવાની ન હોવાથી જ શરૂઆતના તબક્કામાં 'કચ્છમિત્ર' આર્થિક રીતે પગભર નહોતું તોયે તેને ચાલુ રખાયું હતું. એવી જ રીતે આજે જન્મભૂમિ જૂથના અખબારો તટસ્થ નીતિની જ્યોત જલતી રાખી શકયા છે તેમાં પણ ટ્રસ્ટની કોઇ પણ ભોગે નાણાં કમાવવાની પદ્ધતિઓથી દૂર રહેવાના વલણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તટસ્થ નીતિને સંબંધ છે ત્યાં સુધી આ તબક્કે એ વાતની પણ ખાસ નોંધ લેવી જોઇએ કે તંત્રી વિભાગની કામગીરીમાં મેનેજમેન્ટ અગર તો ટ્રસ્ટીઓ કયારેય દખલગીરી કરતા નથી કે ન તો પોતાના વિચારો ઠોકી બેસાડવાની કોઇ કોશિશ કરી છે. આ ઉપરાંત કર્મચારીઓને કાયદેસરના વેતન અને બોનસ સહિતના તમામ અધિકારો આપવામાં મેનેજમેન્ટે કયારેય પાછીપાની કરી નથી તે પણ સફળતાના મહત્ત્વના કારણો પૈકી એક છે. તમને જાણીને નવાઇ લાગશે કે ટ્રસ્ટના મોભી સમા ટ્રસ્ટીઓ સમયનો ભોગ આપીને માર્ગદર્શન આપતા હોવા છતાં કોઇ પ્રકારનું માનદ વેતન કે સગવડો મેળવતા નથી. જાણીતા નાણાકીય સલાહકાર શ્રી પ્રવીણચંદ્ર ગાંધી આ અનેરી સંસ્થાના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી છે અને એમની દીર્ઘદ્રષ્ટિના કારણે જ 'કચ્છમિત્ર' આજે આધુનિક સાધન-સુવિધાથી સંપન્ન એવું સંપૂર્ણ અખબાર બની શકયું છે. તો ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ચુસ્ત ગાંધીવાદી નેતા શ્રી ઘનશ્યામભાઇ ઓઝા ટ્રસ્ટના એમિરેટ્સ ચેરમેન છે.

'કચ્છમિત્રે' લગભગ પાંચ દાયકાની મજલ કાપી તેનું વિગતે સિંહાવલોકન કરીએ : મુંબઇમાં દાદર ખાતે એક નાના કદના સાપ્તાહિક 'મિત્ર'નો તા. ૨૦-૭-૧૯૪૭ના રોજ પ્રારંભ થયો એજ આગળ જતાં 'કચ્છમિત્ર' બન્યું અને પછી દૈનિકમાં રૂપાંતરિત થયું. થોડા વર્ષ મુંબઇમાંથી પ્રગટ થયા પછી તેનું સ્થળાંતર થયું અને ૧૯૫૨થી આ દૈનિક ભુજમાંથી અવિરત પ્રગટ થતું રહ્યું છે. તા. ૨૦-૭-૧૯૫૫થી એની જીવનયાત્રામાં મહત્ત્વનો વળાંક આવ્યો અને એ સૌરાષ્ટ્ર ટ્રસ્ટની છત્રછાયા હેઠળ આવ્યું. ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે પ્રતિષ્ઠિત એવા અખબારી જૂથ સાથે સંકળાતાં આ દૈનિકના વિકાસને વેગ મળ્યો, તેનો ફેલાવો ઝડપભેર વધતો ગયો અને જિલ્લાના ગામે ગામ ઉપરાંત બૃહદ કચ્છમાં એ વ્યાપ્યું.


'મિત્ર' સાપ્તાહિકના જન્મ પાછળ દીર્ઘદ્રષ્ટા કચ્છી અગ્રણીઓની પહેલ કારણભૂત હતી. કચ્છના આગવા પરિવેશ, સરહદીપણું અને વિશિષ્ટ ભૌગોલિક સંજોગોને લક્ષમાં લેતાં એક અખબારની જરૂરત પિછાણી શ્રી લીલાધર પાસુ, શ્રી દેવજી ખીમજી શાહ, શ્રી ગગુભાઇ પુનશી અને શ્રી હંસરાજ ડી. શાહે શરૂ કરેલું આ પત્ર શરૂઆતમાં અન્ય પ્રેસમાં મુદ્રિત થતું પાછળથી દાદરમાં શ્રી દેવજી ખીમજી શાહના નિવાસસ્થાને 'મિત્ર પ્રિન્ટરી' પણ શરૂ કરાઇ. આઠેક માસ એ કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિના સમાચારો પૂરતું મર્યાદિત રહ્યું. ત્રિસાપ્તાહિક તરીકે તેનું રૂપાંતર થયું ત્યારથી કચ્છના ગામે ગામના સમાચારો અપાવા શરૂ થયા અને ખબરપત્રીઓનું નેટવર્ક ગોઠવાતું ગયું. એજ અરસામાં કચ્છને 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મળ્યો. નવનિર્માણની શરૂ થયેલી પ્રક્રિયા 'કચ્છમિત્ર'માં ઝીલાવા માંડી.



ભુજના ઇન્દ્રાબાઇ પાર્ક નજીક ૬૫ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલું નવું અને આલીશાન 'કચ્છમિત્ર ભવન'.

'મિત્ર'ના તંત્રી હતા શ્રી શરદ શાહ. જ્યારે 'કચ્છમિત્ર'ના પ્રથમ તંત્રી શ્રી પ્રાણલાલ શાહ હતા. તેમના પછી શ્રી નવીનભાઇ અંજારિયાએ તંત્રીપદ સંભાળ્યું. ૧૫-૮-૫૦થી 'કચ્છમિત્ર' પૂર્ણ કદનું અખબાર બન્યું. તેના તંત્રી તરીકે રસિકલાલ જોશી જોડાયા. થોડા સમયે તેઓ પુનઃ હિન્દુસ્તાન દૈનિકમાં પાછા ફર્યા એટલે ગુજરાતના સુવિખ્યાત પત્રકાર શ્રી રવિશંકર મહેતા તંત્રી બન્યા.

પૂર્ણ કદના દૈનિક તરીકેનો પ્રયોગ કદાચ સમયથી



સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણચંદ્ર ગાંધી કે જેમની દીર્ઘદ્રષ્ટિએ 'કચ્છમિત્ર'ની સફળતામાં ભાગ ભજવ્યો છે.

વહેલો થયો હતો. વધારાના સ્ટાફ અને સાધનોના કારણે ખર્ચ વધી જતાં પુનઃ તેને ત્રિસાપ્તાહિક બનાવાયું. પાંચેક વર્ષ એ રીતે તે ચાલુ રહ્યું.

'કચ્છમિત્ર' કચ્છમાંથી પ્રગટ થાય તો કચ્છી પ્રજાની આકાંક્ષાની પૂર્તિમાં વિશેષ સહાયક બનશે એવું જણાતાં તેનું મુદ્રણાલય ભુજ ખસેડાયું. જ્યુબિલી હોસ્પિટલ પાસે 'ગણપતિ ભવન'માં તેનું કાર્યાલય શરૂ થયું અને ૧૫-૫-૫૨થી શ્રી ઝુમખલાલ મહેતાના તંત્રીપદે 'કચ્છમિત્ર'નું કચ્છમાં જ પ્રકાશન શરૂ થયું.

મક્કમ પગલે આગળ વધતા આ અખબારને વિશેષ સક્ષમ બનાવવા તેના માલિકોએ તેને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ સાથે સાંકળવા વિચાર્યું. ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને સાંસદ શ્રી ભવાનજી અરજણ ખીમજીના સહયોગથી એ સપનું સાકાર થયું. 'કચ્છમિત્ર' જન્મભૂમિ જૂથના અખબારોનું બંધુ પત્ર બન્યું તે સાથે ટ્રેડલ મશીન સાથે સિલિન્ડર મશીન પણ વસાવાયું. ૧૯૫૫થી શ્રી રસિકલાલ જોશીના તંત્રીપદે 'કચ્છમિત્ર' સાપ્તાહિક પણ શરૂ કરાયું.

કચ્છની પ્રજાએ 'કચ્છમિત્ર'ને ઉષ્માભેર અપનાવી લેતાં તેની પ્રગતિકૂચ પ્રબળ બની. ૧૯૬૬માં પી. ટી. આઇ.ની ટેલિપ્રિન્ટર સેવા શરૂ કરાઇ તો ૧૯૬૭માં જન્મભૂમિની પોતાની ટી.પી. લાઇન શરૂ કરાઇ. '૬૮માં નવું ઓટોમેટીક છાપખાનું શરૂ કરાયું. વર્તમાનપત્રના મહત્ત્વના અંગ સમી તસવીરો છાપવા માટે '૭૨માં પોતાનો પ્રોસેસ સ્ટુડિયો શરૂ કરાયો. એજ વર્ષે કેમ્પ વિસ્તારમાં પોતાના મકાનમાં તેનું સ્થળાંતર થયું. ૧૯૮૦ના ઓગસ્ટમાં રૂા. ૮ લાખના ખર્ચે અદ્યતન ઓફસેટ મુદ્રણ યંત્ર વસાવવામાં આવ્યું.

૧૯૯૧માં ફોટો કમ્પોઝ યુનિટ નંખાયા પછી અદ્યતન અખબાર માટે આવશ્યક તમામ સુવિધાઓ સાથેનું 'કચ્છમિત્ર ભવન' બાંધવાનું આયોજન ૧૯૯૩માં હાથ ધરાયું અને ૧૯૯૫ના અંત ભાગમાં ભવ્ય ભવન તૈયાર થઇ જતાં આ અખબારની સાફલ્યયાત્રામાં નવું સીમાચિહ્ન ઉમેરાયું. તે સાથે જ નવું બહુરંગી ઓફસેટ મુદ્રણયંત્ર પણ શરૂ થઇ જતાં કચ્છી પ્રજાની અને વાચકોની અપેક્ષા સંતોષવાનું સરળ બન્યું. નવું ભવન અને આધુનિક મશીન-સાધનો વસાવવા પાછળ સવા કરોડ રૂપિયાનો



ભુજના કેમ્પ રોડ પર આવેલું જૂનું કચ્છમિત્ર કાર્યાલય.



સૌરાષ્ટ્ર ટ્રસ્ટના જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ મહેતા

ખર્ચ થયો છે. વિકાસની આ હરણફાળના ... 'કચ્છમિત્ર'નો ફેલાવો વધીને ૨૮ હજારના આંકે ... છે અને હજુયે વધુ સિદ્ધિના શિખર સર કરશે ... આશા છે.

આ વિકાસકૂચ વાચકોની ઉષ્માભરી હૂંફને આ... રહી છે તો સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ અને વર્ત... ટ્રસ્ટીઓના માર્ગદર્શન અને પ્રેરણા આ વિકાસનું ... બળ છે. ટ્રસ્ટના હાલના મોભીઓ મુ. શ્રી પ્રવી... ગાંધી અને જોઇન્ટ મેનેજિંગ ટ્રસ્ટી ધીરુભાઇ ... ઉપરાંત ટ્રસ્ટીઓ સર્વશ્રી જે. એચ. દોશી, સી. યુ. ... દામજીભાઇ શાહ (એન્કરવાલા), નરેન્દ્ર કાપડિયા ... દીપક પારેખ ઉપરાંત ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. ચીમન... ચકુભાઇ શાહ, મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. શાંતિલાલ ... અને ટ્રસ્ટીઓ સ્વ. દુર્લભજી ખેતાણી, સ્વ. એચ. ... પારેખ, સ્વ. ભવાનજી અરજણ ખીમજી, સ્વ. રસિક... પરીખ, સ્વ. સી. એસ. ધીવાલા વિગેરેનો ઉલ્લેખ ... સંદર્ભે જરૂરી છે. એજ રીતે ભૂતપૂર્વ વડીલો સ્વ. બાપા... દોશી, સ્વ. લક્ષ્મીપ્રસાદ બારોટ અને શ્રી રતિલાલ ... ઉપરાંત હાલના જનરલ મેનેજર શ્રી ધીરૂભાઈ દેસાઈ... માર્ગદર્શન અને સદ્ભાવ વિના આ વિકાસ શક્ય ... બન્યો હોત.

'કચ્છમિત્ર'ની આ સાફલ્ય ગાથામાં જિલ્લાની વિશિષ્ટતાઓ સાથે- તેની ખૂબીઓ અને તેની સમસ્યાઓ સાથે તાદાત્મ્ય સાધવાનું વલણ ઉલ્લેખનીય છે. ... જિલ્લાકક્ષાના અખબાર તરીકેના અસ્તિત્વની વાત કરીએ અને સમાચાર તથા તેની અસરો તરફ નજર કરીએ છીએ ત્યારે જિલ્લાના અખબાર પાસેથી લોકોની અપેક્ષાઓ મોટા અખબારો કરતાં વધુ હોય છે. નાના એવા ગામમાં પાણીની લાઇન તૂટી જાય એનું મહત્ત્વ મોટા અખબાર માટે નથી પણ જો જિલ્લાના અખબારોમાં

1996-05-17 -Kutch Tari Asmita (702)

જનજીવન સાથે તાદાત્મ્ય

લોકોની આશાઓ, આકાંક્ષાઓ અને સમસ્યાઓને શબ્દદેહે રજૂ કરવાની ફરજ બજાવવાની સાથે સાથે 'કચ્છમિત્ર' પોતાની દાયકાઓની સફર દરમ્યાન કચ્છના જનજીવન સાથે ઊંડું તાદાત્મ્ય સાધી શક્યું છે. કચ્છના લોકજીવનના વરવા અંગ સમી બની ગયેલી કુદરતી આફતોના વાસ્તવિક શબ્દચિત્ર કે તસવીરો આપવાની સાથે લોકોની પડખે ઊભા રહેવામાંય એ ઊણું નથી ઊતર્યું. ૧૯૭૯ની અતિવૃષ્ટિ સમયે પૂરપીડિતો માટે એકત્રિત ફાળામાંથી 'કચ્છમિત્ર' દ્વારા અબડાસા તાલુકાના નાશ પામેલા હરિપર ગામને દત્તક લઈ નવા આયોજન સાથે બાંધણી કરી, પ્રાથમિક સુવિધાઓ ઊભી કરી લોકોનો પુનઃવસવાટ કર્યો હતો. એજ રીતે ભુજના શણગાર સમું હમીરસર તળાવ કાંપથી ભરાતું જતું હતું ત્યારે ખાણેત્રાના કામ માટે લોકજાગૃતિ દ્વારા નાણાંભંડોળ એકત્ર કરવામાં મહત્ત્વનો ભાગ 'કચ્છમિત્ર'એ ભજવ્યો. તો ધરતીકંપ જેવી કુદરતી આપત્તિ વખતે લોકફાળો એકત્રિત કરવાની જવાબદારી જન્મભૂમિના અન્ય અખબારો સાથે 'કચ્છમિત્ર'એ પણ બજાવી છે.

કોઈપણ પ્રદેશનો વિકાસ તેના યુવાધન પર નિર્ભર હોય છે. કચ્છ જેવા છેવાડાના અને પ્રમાણમાં પછાત જિલ્લાના યુવાનોના તરવરાટને યોગ્ય તક આપવા માટે 'કચ્છમિત્ર' વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજતું રહ્યું છે જેમાં લાંબા અંતરની સાયકલ સ્પર્ધા, કાળા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા, હમીરસર તરણ સ્પર્ધા વગેરેનો સમાવેશ થાય છે. જિલ્લાની હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલી 'કચ્છમિત્ર' ક્રિકેટ ટ્રોફી અત્યંત લોકપ્રિય બની છે. ૧૯૯૭માં આશાસ્પદ ક્રિકેટ ખેલાડીઓને તાલીમ આપવા માટે એક કોચિંગ કેમ્પનું સફળ આયોજન પણ કરાયું.

૧૯૯૬/૯૭નું વર્ષ 'કચ્છમિત્ર' માટે સુવર્ણજયંતી વર્ષ હોવાથી શાળાની સાથે કોલેજના વિદ્યાર્થીઓની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને તેને કચ્છભરની કોલેજોએ સુંદર પ્રતિભાવ આપ્યો હતો. આમ તો આ વર્ષ દુકાળનું વર્ષ હોવાથી સુવર્ણ જયંતીની ઉજવણીમાં કોઈ ઝાકઝમાળ નહોતી કરી પરંતુ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કર્યું હતું જેમાં વરસાદી પાણીના પરંપરાગત સંગ્રહ માટેનો નિષ્ણાત વાર્તાલાપ અને સ્લાઈડ શો, તેમજ હોમિયોપથી કેમ્પનો સમાવેશ થાય છે. કચ્છ જેવા જ સૂકા અને દુકાળનો સામનો કરતા રાજસ્થાનમાં જુદા જુદા શહેરો તેમજ ગામો અને નિર્જન વિસ્તારોમાં સદીઓ પહેલાં લોકોએ નાનકડી કૂઈ, કૂવા રિચાર્જીન્ગ સેન્ટર, તળાવોમાં તેમજ ઘરોઘર નાના-મોટા ટાંકા બાંધીને વરસાદી પાણીનો વર્ષભરનો સંગ્રહ આબાદ રીતે કરતા હતા અને એક અનોખા પાણી-મેનેજમેન્ટ દ્વારા મહાકાય સમસ્યા હલ કરી હતી તેના વિષે સંશોધન કરનાર શ્રી અનુપમ મિશ્રાના વાર્તાલાપ ૧૯૯૭ના એપ્રિલ મહિનામાં 'કચ્છમિત્ર'એ અબડાસા ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સહકારથી યોજ્યા હતા. ભુજ, માંડવી, ગાંધીધામ, ખાવડા, નલિયા, નખત્રાણા અને રાપર સહિતના મથકોએ આ વાર્તાલાપનો સેવાભાવી સંસ્થાઓ તેમજ રસ ધરાવતા લોકોએ લાભ લીધો હતો. ખાસ તો, આ કાર્યક્રમમાં મિશ્રાજીએ કૂવા રિચાર્જીન્ગ, ઉપરાંત ટાંકામાં ચોખ્ખુ પાણી ઉતારવાની પદ્ધતિઓ વિષે જુદી જુદી કલર તસવીરો ઝડપી હતી તેનો સ્લાઈડ-શો ભારે અસરકારક રહ્યો હતો. મોટાભાગના મથકોએ કિસાનો



ભુજમાં એમ્બ્યુલન્સ સેવા માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી અઢી લાખનો ચેક શ્રી પ્રવીણચંદ્ર ગાંધીના હસ્તે સ્વીકારતા શ્રી સર્વ સેવા સંઘના ખજાનચી શ્રી ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય.

તેમજ સેવાભાવી સંસ્થાઓએ આ કાર્યક્રમની ભરપેટ પ્રસંશા કરી હતી કારણ કે એમાંથી પ્રેરણા લઈને આંજે પણ ખાસ તો કચ્છના ગ્રામ વિસ્તારોમાં પીવાના પાણીની બહેતર વ્યવસ્થા કરી શકાય તેમ છે. સંભવ છે કે આવનારા સમયમાં મિશ્રાજી વારંવાર કચ્છ આવીને માર્ગદર્શન આપશે.

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન જૂન મહિનામાં માંડવી ખાતે 'કચ્છમિત્ર' અને કવિતા (મીરાં) સચદે સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે હોમિયોપથી નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો જેનો પોણા પાંચસો જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત આવનારા મહિનામાં સુવર્ણ જયંતી નિમિત્તે ભુજ ખાતે લશ્કરી મેળો યોજવાનું આયોજન પણ થઈ રહ્યું છે. કચ્છ એ એક સરહદી જિલ્લો છે તેથી તેની સલામતીની નજરે લશ્કરની પ્રવૃત્તિઓથી પ્રજા વાકેફ થાય એ માટે ફોજી એક્સરસાઈઝ અને હથિયાર પ્રદર્શન સહિતના કાર્યક્રમો સ્થાનિક મથકના સહયોગથી યોજાઈ રહ્યા છે.

જનજીવન સાથે તાદાત્મ્યની સૌરાષ્ટ્ર ટ્રસ્ટની અને જન્મભૂમિ જૂથનાં અખબારોની ઉત્કૃષ્ટ પરંપરા અનુસાર નવનિર્મિત 'કચ્છમિત્ર' ભવનના ઉદ્‌ઘાટન નિમિત્તે ટ્રસ્ટ તરફથી કચ્છની અગ્રણી સેવાભાવી સંસ્થા શ્રી સર્વ સેવા સંઘને એમ્બ્યુલન્સ વાન ખરીદવા માટે અઢી લાખ રૂપિયાનું માતબર અનુદાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણચંદ્ર ગાંધીના હસ્તે અર્પણ કરાયું હતું.

જનજીવનના ધબકાર સાથે તાલ મેળવી તેના વિકાસમાં સહભાગી થવાના કારણે 'કચ્છમિત્ર' આજે પ્રત્યેક કચ્છીનું સ્વજન બની ગયું છે.

એ સમાચાર પ્રસિદ્ધ થાય તો તરત જ તંત્ર જાગી ઊઠે છે અને મુશ્કેલી દૂર થાય છે. તેથી લોકોની અપેક્ષાઓ વધુ જાગે છે. એજ રીતે સામાજિક અસરોનોયે દાખલો આપી શકાય. કચ્છ જેવા પછાત વિસ્તારની છેક દૂર દૂરના ગામડાંમાં આવેલી કોઈ શાળામાં કોઈ વાલી પાંચસો કે સાતસો રૂપિયાની કિંમતની ખુરશી, ટ્યુબ લાઈટ કે પંખા જેવી ભેટ આપે તે ઘટના એક સમાચાર છે.

જિલ્લાના અખબારમાં ખાસ કરીને લોકોની ફરિયાદોને વાચા આપતા હેવાલોનું પ્રમાણ વધુ હોય છે. કચ્છમિત્રના ઈતિહાસ પર આ દ્રષ્ટિએ નજર કરીએ તો આજ સુધી આ અખબાર કચ્છી પ્રજાના સુખદુઃખનું ભાગીદાર રહ્યું છે. કચ્છી પ્રજાના આત્માનો અવાજ નીડરપણે એણે રજૂ કર્યો છે. અન્યાય જેવું લાગ્યું છે ત્યારે એની સામે અવાજ ઊઠાવવાનો ધર્મ 'કચ્છમિત્ર' ક્યારેય ચૂક્યું નથી. આઝાદી પછી ઉઘડ વિઘોટીમાં અન્યાય થયો ત્યારે આ અખબારે અવાજ ઊઠાવ્યો તો કચ્છી ચલણની બદલી સમયે જૂના તોલમાપ જારી રહેતાં લોકોનું શોષણ થયું ત્યારેય પાછા વળીને જોયું નહિ એટલું જ નહિ એ સમયે લોકજાગૃતિ અને લોકશિક્ષણનીયે ઝુંબેશ આ અખબારે ચલાવી છે. એજ રીતે નર્મદાના નીર, બ્રોડગેજ વિસ્તરણ અને કચ્છ વિકાસ બોર્ડ પ્રશ્ને થયેલા

અન્યાય સામે કચ્છની પ્રજાની લાગણીઓને અમે આજ સુધી સતત વાચા આપતા રહ્યા છીએ. તો છેલ્લા દોઢ દાયકામાં દેશવિરોધી દાણચોરી પ્રવૃત્તિથી કરીને સ્ફોટક પદાર્થોની હેરાફેરી સુધીની દેશદ્રોહી પ્રવૃત્તિ સામેય આ અખબારે બેધડક અને નીડરપણે ઝુંબેશ ચલાવી છે. રણ અને દરિયાઇ સીમાની પરિસ્થિતિનીયે સતત સમીક્ષા કરી છે. હવે દરિયાઇ સીમાનું પૂરતું જતન થઇ શકે એ માટે જખૌ ખાતે કોસ્ટગાર્ડનું એકમ સ્થાપવાનો તેમજ સિરક્રીક પાસે તરતી ચોકીઓ ઊભી કરવાનો નિર્ણય લેવાયો છે એના યશનો કેટલોક અંશ આ અખબારને ફાળે પણ જાય છે. થોડા વર્ષો પહેલાં બોગસ શિક્ષક કૌભાંડ કચ્છમાં ઝડપાયું હતું તેમાં જો ઊંડાણમાં ઊતરીશું તો જણાશે કે એ સમગ્ર કૌભાંડ એક શિક્ષકે કરેલા આપઘાતના સમાચાર 'કચ્છમિત્ર'માં પ્રસિદ્ધ થયા એને પગલે જ પ્રકાશમાં આવ્યું હતું.

કુદરતી આપત્તિ- ખાસ તો- દુકાળ કચ્છને સતત ભીંસમાં લેતો રહે છે અને ક્યારેય મેઘરાજા સૂકી-પ્યાસી ધરતીને એવા તો ધમરોળી દે છે કે અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઇ જાય છે. પણ, દરેક વખતે આ અખબાર પોતાની ખાસ ટુકડી તાલુકે તાલુકે મોકલીને વિશેષ હેવાલ પ્રસિદ્ધ કરે છે એની ખાસ નોંધ લેવા જેવી છે. તસવીર સહિતના આ હેવાલમાં લોકોની મુશ્કેલી પેશ કરવાની સાથે સાથે તંત્રની ત્રુટિઓ પર પણ અંગુલિનિર્દેશ કરવાનું ચૂકતા નથી અને અમને કહેતાં આનંદ થાય છે કે કેટલાયે



નવા 'કચ્છમિત્ર ભવન'માં નવા વસાવાયેલા ફોર કલર ઓફસેટ મશીનને જનરલ મેનેજર શ્રી ધીરૂભાઈ દેસાઈએ તા. ૯-૧૦-૧૯૯૫ના રોજ કાર્યરત કર્યું ત્યારની તસવીર.



૨૩મી ઓગસ્ટ ૧૯૮૦ના દિવસે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી દુર્લભજી ખેતાણી 'કચ્છમિત્ર'ના ઓફસેટ મશીનનું ઉદ્‌ઘાટન કર્યા પછી છાપકામ નિહાળી રહ્યા છે તે વેળાના દ્રશ્યમાં શ્રી પ્રવીણચંદ્ર ગાંધી અને અન્ય કર્મચારીગણ નજરે પડે છે.

કિસ્સામાં આ અખબારમાં હેવાલ પ્રસિદ્ધ થાય કે તરત જ તંત્ર મુશ્કેલી દૂર કરવાના પગલાં લેવા માંડે છે. છેલ્લા દુકાળનો જ દાખલો લઇએ તો ટેન્કર દ્વારા ગ્રામ વિસ્તારોમાં પાણી આપવાના નિયમોમાં અવાડામાં પાણી ભરવું નહિ એવી સૂચના હતી તેનો ઉલ્લેખ કરીને 'કચ્છમિત્ર'ના હેવાલમાં એમ લખાયું હતું કે આ સૂચનાનો અમલ ઢોરો માટે મોત નોતરશે. હેવાલ પ્રસિદ્ધ થતાં જ તંત્રે તપાસ કરી અને વાત સાચી લાગતાં થોડા દિવસમાં જ નવી સૂચના આપવામાં આવી. આમ કહેવાનો મતલબ આત્મશ્લાઘા નથી, પણ કચ્છી પ્રજાના સુખદુઃખમાં ભાગીદાર બનવાની ભાવનાને ચરિતાર્થ કરવા માટે અમે શું શું કરીએ છીએ અને કરી શકયા છીએ એનો થોડો એવો ખ્યાલ આપવાનો છે. છેલ્લે ઉપરાઉપરી ચાર દુકાળનો સામનો કચ્છે કર્યો (૧૯૮૪થી ૧૯૮૭) તે સમય તો એક દુઃસ્વપ્ન સમો હતો કારણ કે માત્ર કચ્છ કે ગુજરાતમાં જ નહિ પણ બે વર્ષ સુધી તો મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતના પાડોશી રાજ્યોમાં પણ દુકાળ હતો. તેથી ઘાસચારાનો પ્રશ્ન માથાના દુઃખાવા સમો બની ગયો હતો. એ સમયે અમારા યુવાન સંવાદદાતાઓની ટીમે કચ્છના ખૂણે ખૂણે ફરી વળીને જાત મુલાકાતના હેવાલ સતત આપ્યા હતા. એ સમયના મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ એકવાર અમદાવાદના ... સમારંભમાં 'કચ્છમિત્ર'નો દાખલો ટાંકીને એમ કહ્યું ... કે દુકાળના સામનામાં તંત્રની ત્રુટિ તરફ અખબારે ... કર્યો કે તરત જ અમે એને દૂર કરવાની કોશિશ ... હતી. એ સમયે સરકાર, પાંજરાપોળો અને બીજી સ્વૈચ્છિક ... સંસ્થાઓએ સદીની સૌથી મોટી રાહત પ્રવૃત્તિ કરી ... તેને ગુણવત્તા પ્રમાણે અમે ચમકાવી હતી. તો તે પછી ... વર્ષે સારો વરસાદ થયો પણ સાથે સાથે મચ્છરોનો ... વધી પડતાં મેલેરિયાએ (મગજના તાવે) આખા કચ્છને ... ભરડામાં લીધું. એ સમયે અબડાસા અને લખપત ... તાલુકામાં ઘેર ઘેર ખાટલા મંડાણા હતા તેનો સચિત્ર ... હેવાલ પ્રસિદ્ધ થયા પછી જ સરકાર જાગી હતી અને ... સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પરિસ્થિતિનો અંદાજ મેળવી ... રાહત કામગીરીમાં ઝંપલાવતાં રોગનું સંકટ હળવું બન્યું ... હતું.

આ તબક્કે 'કચ્છમિત્ર' દ્વારા ૧૯૯૦ની ... વિધાનસભા ચૂંટણીઓ વખતે થયેલા એક અનોખા ... તદ્દન નવા પ્રયોગનો ઉલ્લેખ પણ જરૂરી છે. એ સમયે ... આ અખબારે 'પાંચ વર્ષના લેખાંજોખાં' શીર્ષક હેઠળ ... લેખમાળા પ્રસિદ્ધ કરી હતી. લોકોની રોજબરોજની ... સુવિધાઓ સાથે સંબંધ ધરાવતા જુદાં જુદાં સરકારી ... ખાતાંઓએ પાંચ વર્ષમાં શું શું કર્યું તેની માહિતી મેળવી ... તેનું સંકલન કરી પ્રસિદ્ધ કરી હતી કે જેથી શિક્ષિત ... મતદારો જાણી શકે કે સરકારે ખરેખર શું કર્યું છે. આ ... અંગેની માહિતી એકત્ર કરવા માટે અમારા રિપોર્ટરોએ ... એક મહિનાની જહેમત ઊઠાવવી પડી હતી. માત્ર ... જિલ્લાના નહિ રાજ્યના કોઈ અખબારે આટલા ઊંડાણમાં ...

(અનુ. પા. ૩૪૧)

કચ્છ : અવસર અને આહ્વાન

□ દેવરાજ ચૌહાણ

આમ તો માનવજાત એક છે છતાં દરેક વ્યકિતને તેના અંગૂઠાની છાપ જેમ અલગ ઓળખ હોય છે. તેવી જ રીતે કચ્છ ભલે ગુજરાતનો એક જિલ્લો છે પણ એ એક વિશિષ્ટ પ્રદેશ છે. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ એની અનોખી અસ્મિતા છે.

વિશિષ્ઠ પ્રદેશ

ગુજરાતના આશરે ચોથા ભાગ પર વિસ્તરેલ કચ્છ એ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે પણ વસતિની ગીચતા અહીં સૌથી ઓછી છે. આખા દેશમાં જમ્મુ અને કાશ્મીરના લડાખ જિલ્લા બાદ બીજાક્રમે વિસ્તારમાં કચ્છ આવે છે. ઉપરાંત પાકિસ્તાનની સરહદે આવેલો આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ સ્થાન ધરાવે છે. કચ્છનો અર્ધો ભાગ રણ વિસ્તાર (મોટું અને નાનું રણ) છે. રણ એટલે ઊંચા ઊંચા રેતીના ઢગલા (સૅન્ડ ડ્યૂન્સ) નહીં પણ રેતી સાથે ચીકણી માટી પણ છે. વરસના અમુક મહિનામાં મોટા રણના પશ્ચિમ ભાગમાં સમુદ્રનાં પાણી ફરી વળે છે. વળી ચોમાસામાં પૂર્વે વહેતી નદીઓનાં પાણીથી નાનું રણ છલકાઇ જાય છે. ત્યારે કચ્છ આખો એક બેટ બની જાય છે-જાણે કાચબો દરિયામાં તરતો ના હોય ! પરંતુ કચ્છ એ માત્ર રણ વિસ્તાર જ નથી : ઉત્તરમાં ખારૂં રણ, મધ્યમાં ડુંગરાળ ધાર અને દક્ષિણ પૂર્વમાં ખેતીવાડીનો લીલોછમ પ્રદેશ.

રણમાં બન્ની, ખાવડા, ખડીર જેવા રણદ્વીપો આવેલા છે. રણ વિસ્તારની કાંધીમાં આવેલો ઘાસિયો પ્રદેશ (પૅસ્ચર લૅન્ડ) બન્ની એક ખાસ પ્રદેશ છે. સૈકાઓ પૂર્વે કચ્છ મુખ્યત્વે પશુપાલનનો પ્રદેશ -સિંધુના મીઠાં જળ અને લીલુડા વિસ્તારમાં પશુઓ છૂટથી ચરતા. પછી ૧૮૧૯ના ભૂકંપમાં નદીને આડો એક ઊંચો ટેકરો ઊપસી આવ્યો જેથી સિંધુના વહેણ બદલાઇ ગયા. કચ્છની કઠણાઇ બેઠી અને એની સિકલ સાવ બદલાઇ ગઇ. ઉત્તરવાહિની નાની નદીઓ પૈકી અમુક નદીઓના નીર મળતાં પણ ઉપરવાસમાં બંધ બંધાતા એ જળ પણ આવતા બંધ થઇ ગયા. અત્યારે બન્નીનો આધાર ફકત વરસાદ છે. અહીં ખેતી સહેલાઈથી થઇ શકે તેમ નથી એટલે ઘાસિયા પ્રદેશ તરીકે જ વિકસાવવો અને ડેરી ઉદ્યોગ ખીલવવો જોઇએ. ભીતર ખનિજ તેલની શકયતા છે એવી માન્યતાને હજી સુધી કોઇ આશાસ્પદ આધાર મળ્યો નથી. અહીંયા ધોરડા ગામ નજીક દરિયાઇ રસાયણ બ્રોમીન પ્રકલ્પ આકાર પામી રહ્યો છે. તદુપરાંત ત્યાં સૌરશકિત (સોલર એનર્જી) પણ વિકસાવી શકવાની શકયતા છે. રણદ્વીપોમાં નાના નાના નેસડા છે જેમાં મોટા ભાગે મુસ્લિમ માલધારીઓ ભુંગા બાંધી રહે છે. અહીંનું ભરતકામ પણ જગપ્રસિદ્ધ છે.

પાણી : પ્રાણ પ્રશ્ન

કચ્છમાં કોઇ મોટો પર્વત નથી; પૂર્વ-પશ્ચિમ લંબાયેલી ડુંગરાઓની હારમાળા છે જેમાંથી નાની નાની નદીઓ ઉત્તર-દક્ષિણ વહી સમુદ્ર અથવા રણને મળે છે. ચોમાસા પછી આ નદીઓ નામની નદીઓ રહી જાય છે. વળી વરસાદ પણ રાજ્યમાં સૌથી ઓછો અહીં પડે છે; એ પણ તદ્દન અચોક્કસ અને અનિયમિત. પરિણામે કચ્છડો બારે માસ દુકાળગ્રસ્ત ! દરેક દાયકામાં બે થી ત્રણ દુકાળ તો કમ સે કમ આવે, આમ "મંઢે મીં જે ભરોસે મેં, ખેડુ ખતા ખાય તો" (દુલેરાય કારાણી) લગભગ અર્ધો વિસ્તાર તો ખેતી માટે ઉપલબ્ધ નથી. બાકીના અર્ધા વિસ્તારમાં મોટા ભાગની જમીન તો પડતર અને ખેડવાલાયક નકામી છે. માત્ર ૧૫ ટકા જમીન પર ખેતી થાય છે. સખત મહેનત કરી અહીંના ખમીરવંતા ખેડૂતો મુખ્યત્વે જુવાર, બાજરો, ઘઉં, મગફળી અને કપાસ ઉગાડે છે. લગભગ દસમા ભાગના ખેડાણને સિંચાઇનો લાભ મળે છે. કૂવા એ સિંચાઇનું મુખ્ય સાધન. એકંદરે હેકટરદીઠ ઊપજ પ્રમાણમાં નીચી હોવાથી જિલ્લાની કુલ આવકમાં ખેતીનો ફાળો લગભગ પાંચમા ભાગ જેટલો છે એટલે માથાદીઠ કૃષિની આવક ગુજરાત રાજ્યની સરેરાશ કરતાં નીચી છે. લગભગ ૬૦ ટકા લોકો ખેતીવાડી પર નભે છે. ખેતી એ કચ્છની કમાણીનું મુખ્ય સાધન છે. જળ-જમીનનો બરાબર ઉપયોગ.કરી કૃષિની ઉત્પાદકતા વધારવાની જરૂર છે. એ માટે યોગ્ય સૂકીખેતીની ટેકનોલોજી વિકસાવી તેનો ઉપયોગ કરવાની તાતી જરૂર છે. પાણી સંગ્રહ, કૃષિ સંસાધન, પશુસંવર્ધન અને અનેક ગ્રામ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સંબંધી માંડવી સ્થિત શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇંસ્ટીટયૂટ અને અન્ય સ્વાધ્યાયી અને સ્વામીનારાયણ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરે છે. નર્મદાના નીર તો હજી ઘણાં છેટાં છે. એ દરમિયાન વરસાદના ટીપેટીપાં પાણીને બચાવી ભૂતળમાં ઉતારવાની જરૂર છે. આ સંદર્ભમાં સૌરાષ્ટ્ર લોકમંચ (રાજકોટ)ના જળસંચય અભિયાનના ઉપક્રમે હાથ ધરાયેલ કૂવા અને ડંકી રીચાર્જીંગનો કાર્યક્રમ કચ્છમાં મોટા પાયે અપનાવવા જેવો છે અને એમાં સરકારી સંસ્થાઓ ઉપરાંત સ્વાધ્યાય પરિવાર, સ્વામીનારાયણ સંપ્રદાય અને અન્ય ધાર્મિક/સેવાભાવી સંસ્થાઓએ આ કાર્યક્રમને વેગવંતો બનાવવાની જરૂર છે. પાણી સંઘરવાના ઉપાયો સાથે સાથે પાણીની વિવેકપૂર્ણ વાપરવાની રીતો પણ આપણે અજમાવવી પડશે. પાણી એ સૌરાષ્ટ્ર-કચ્છનો પ્રાણ પ્રશ્ન છે. નર્મદાના નીર નહેર મારફત આવતાં વાર લાગશે અને આવશે એ પણ અપૂરતાં રહેશે. એ દરમિયાન ગુજરાત સરકારે ડૉ. અનિલ કાણેની 'કલ્પસર' યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી એના ફીઝીબીલીટી (શકયતા) રીપોર્ટ માટે ૧૫ કરોડ રૂપિયા પણ ફાળવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ખંભાતના અખાત આગળ દીવાલ ચણી મીઠાં પાણીનું સરોવર રચવાનું વિચારાયું છે. તો આ સંબંધમાં આશરે ૨૦ વરસ પહેલાં કેન્દ્ર સરકારના જળ સંપત્તિ વિભાગનાં માજી ઇજનેર શ્રી પાટણકરે લગભગ એવી જ રીતે કચ્છના નાના રણને નવસાધ્ય કરી ફળદ્રુપ બનાવવાનો ઉપાય સૂચવ્યો હતો. 'કલ્પસર'ની સાથે આ યોજના પર પણ વિચાર કરી બન્નેને સંલગ્ન કરી સૌરાષ્ટ્ર-કચ્છને લાભ મળે એવું કંઇક કરી ન શકાય ?

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ કેટલાક ઐતિહાસિક કારણો અને આંતરમાળખાકીય સવલતોની ઉપલબ્ધતાને કારણે વાપીથી મહેસાણા સુધીની પટ્ટીમાં મુખ્યત્વે કેન્દ્રિત થયેલ છે. સમતોલ વિકાસને ધ્યાનમાં લઇ ડૉ. આઇ. જી. પટેલ સમિતિના ભલામણના આધારે ૧૯૮૬માં ૧૪૦ પછાત તાલુકાઓમાં ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા હતા. વર્તમાન સરકારે અમુક વિકાસ પામેલા તાલુકાઓને બાદ કરી બાકીના તાલુકાઓ માટે વધુ પ્રોત્સાહનો જાહેર કર્યા છે. આમાં કચ્છના અંજાર તાલુકાને બાદ કરતાં બધા જ તાલુકાઓનો સમાવેશ થાય છે. એટલે અત્યાર લગી ઇફકોના ફર્ટીલાઇઝરના કારખાના સિવાય કચ્છમાં કોઇ મોટું કારખાનું નહોતું. હવે ગઢશીશામાં બોકસાઇટ કેલ્સીકેશન પ્લાન્ટ, સાંઘીનો સિમેન્ટ પ્લાન્ટ, બન્નીમાં દરિયાઇ રસાયણ બ્રોમીનનો પ્રકલ્પ વગેરે આકાર પામી રહ્યા છે. ઉપરાંત, ૪૦થી વધારે મધ્યમ કક્ષાના ઔદ્યોગિક એકમો કંડલા મુકત વેપાર વિસ્તારમાં કાર્યરત છે અને બે હજાર જેટલા નાના ઉદ્યોગો કામ કરે છે. આ બધામાં અત્યારે ૧૦,૦૦૦થી વધુ લોકો કામ કરી રહ્યા છે. કચ્છ કસબના કુટિર અને ગ્રામોદ્યોગમાં પણ આશરે ૧૫,૦૦૦ જેટલા લોકો રોજીરોટી મેળવે છે. નવી ઔદ્યોગિક નીતિ હેઠળ ગાર્મેન્ટ (તૈયાર વસ્ત્રો), હીરા-ઝવેરાત, તેમજ ખેતી આધારિત અને ફૂડ પ્રોસેસિંગ એકમો તેમજ ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમોને ખાસ પ્રોત્સાહિત કરવામાં આવશે. કચ્છમાં ૩૦થી વધારે ખનિજના ભંડારો છે. એના આધારે કેટલાય ઉદ્યોગો વિકસી શકે તેમ છે. તેવી જ રીતે મત્સ્ય ઉદ્યોગ પણ ખીલી શકે તેમ છે. આમ ઔદ્યોગિક વિકાસ માટે ઘણી તકો ઉપલબ્ધ છે. પણ મુખ્ય અડચણ જળ, વીજ, વાહન-સંદેશા વ્યવહારની કાર્યક્ષમ વ્યવસ્થા જેવી પાયાની અપૂરતી સવલતોની છે. નવી પ્રવાસન નીતિ અન્વયે પર્યટનને ઉદ્યોગનો દરજ્જો આપી ખાનગીક્ષેત્રને આકર્ષવા અનેક સગવડો અને સવલતો જાહેર કરવામાં આવી છે. કચ્છના યાત્રાધામો, પર્યટન સ્થળો, લોકકલા અને કસબ, સ્થાપત્ય વગેરેને ધ્યાનમાં રાખી પ્રવાસનને પ્રોત્સાહન આપી શકાય. બંદરોના વિકાસ માટે બંદર નીતિ નક્કી કરવા શ્વેતપત્ર પણ સરકારે કેબિનેટમાં રજૂ કર્યું છે. આમાં કચ્છના બંદરોના વિકાસ માટે પણ વિચારાયું છે. પણ હજી પૂરી તપશીલ બહાર પડી નથી. તેવી જ રીતે નવી ખનિજ નીતિની વિગતો પણ ઉપલબ્ધ નથી.

આર્થિક રીતે પછાત : આ ઉપરથી એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે કચ્છ એ ગુજરાત રાજ્યનો એક આર્થિક રીતે પછાત સરહદી જિલ્લો છે. સામાન્ય રીતે માથાદીઠ આવક એ પ્રદેશના એકંદર આર્થિક વિકાસનો એક માપદંડ ગણાય છે. એ દ્રષ્ટિએ સેન્ટર ફૉર મોનીટરિંગ ઇંડિયન ઇકોનોમી (મુંબઇ)ના એક ખાનગી અભ્યાસ (૧૯૯૫) અનુસાર ગુજરાતના ૧૯ જિલ્લાઓની અંદાજિત માથાદીઠ આવકમાં કચ્છ આઠમે નંબરે આવે છે અને એની આવક ગુજરાતની સરેરાશ કરતાં ઓછી છે. (જુઓ કોઠા) કચ્છ પાછળ અગિયાર જિલ્લા આવે છે.

એમાં સૌથી પછાત ડાંગ જિલ્લો આવે છે. આમ કચ્છ આર્થિક રીતે પછાત જિલ્લાઓમાંનો એક છે એ

સ્વીકારવું જોઇએ.

આઝાદી પહેલાં કચ્છ એક રજવાડી પ્રદેશ હતો, પણ રજવાડા વડોદરા, મૈસુરના રજવાડા જેવા દૂરંદેશી ન્હોતા.

કચ્છનો વિકાસ રૂંધાયો, આવકના સાધનો અને રોજગારીની તકો પ્રજાની જરૂરિયાત પ્રમાણે વધ્યા નહીં એટલે કચ્છીઓએ દેશ-પરદેશ હિજરત કરી. એવો એક અંદાજ છે કે કચ્છમાં વસતા કચ્છીઓ કરતાં દેશ-પરદેશમાં વસવાટ કરતા કચ્છીઓની સંખ્યા ત્રણથી ચાર ગણી છે ! આમાં સૌથી વધારે કચ્છીઓ મુંબઇમાં સ્થાયી થયા છે, ભૌગોલિક અને ઐતિહાસિક દ્રષ્ટિકોણથી જાણે મુંબઇ કચ્છનું વિસ્તરણ ના હોય ! એ વખતે અન્ય માર્ગોનો વિકાસ ન્હોતો થયો અને દરિયાઇ માર્ગે અવર-જવર વધુ હતી એટલે કચ્છ સાથે દરિયાઇ માર્ગે જોડાયેલા દેશો-પ્રદેશો ભણી કચ્છીઓની હિજરત વિશેષ હતી. એટલે કચ્છને મુંબઇ સાથે છે તેવા જૈવિક સંબંધો અમદાવાદ જોડે નથી. કચ્છને લગતી અનેક રાજકીય/સામાજીક ચળવળો અને આંદોલનોના બીજ મુંબઇમાં રોપાયાં છે. કચ્છી નેતાગીરીને મુંબઇમાંથી જ પોષણ મળ્યું છે. એ પણ એક હકીકત છે. આવી નેતાગીરીને કારણે કચ્છના વિકાસ અંગેની ભૂમિકા ઉપરછલ્લી થીગડથાગડ જેવી રહી છે. આવી સંકુચિત દ્રષ્ટિ અને સાધનોને પરિણામે બહારના કચ્છી આગેવાનો મોટે ભાગે પોતાને લાગતાવળગતા વિસ્તાર અને જ્ઞાતિ સંબંધી યોજનાઓ ઘડે અથવા નર્મદાના પાણી કચ્છ તરફ વાળવા અને એની યોગ્ય ફાળવણી, આર્થિક વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધાઓ વિકાસ બોર્ડ, ભુજ-ગાંધીધામ બ્રોડગેજમાં રૂપાંતર અને તેનું નળિયા સુધી વિસ્તરણ વગેરે તાત્કાલિક ધ્યાન ખેંચે એવી સમસ્યાઓ છે. પણ આમાંથી કઇ સમસ્યાને અગ્રતા આપવી એ અગત્યનો સવાલ છે. શરીરના બધાં અંગો કામનાં છે તેમ છતાં શરીરના સંચાલન માટે દરેક અંગનું આગવું મહત્વ છે. આ બાબતમાં ચર્ચાઓ થાય છે, પરિસંવાદો યોજાય છે, રેલીઓ ભરાય છે પણ એ બધા કામચલાઉ પ્રયાસોની સમગ્ર રીતે કોઇ કાયમી અસર જણાતી નથી. માથું દુખતું હોય તો તત્કાળ આરામ માટે કોઇ ટીકડી લઇએ એ એક વાત છે પણ કાયમનો માથાનો દુ:ખાવો હોય તો તેનું યોગ્ય નિદાન કરી ઉપચાર કરવા એ યોગ્ય ચિકિત્સા છે. અલબત્ત, છેલ્લા દોઢેક દાયકાથી કચ્છની નવી નેતાગીરી ઉપસી છે તેણે કચ્છના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો છે. છેલ્લા કેટલાય વરસોથી સ્વાયત વિકાસબોર્ડની માગણી થઈ રહી છે. હાલના તબક્કે એ વિષે ગુજરાત સરકારે બનાવેલી દરખાસ્ત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે એમ વર્તમાનપત્રો જણાવે છે. એ વિકાસ બોર્ડ 'માત્ર સાઇન બોર્ડ' બની લટકતું ન રહે એ માટે પણ આપણી પાસે કચ્છના વિકાસનો સ્પષ્ટ નકશો હોવો જરૂરી છે. નહિ તો વિકાસના નામે નાણા વેડફાઇ જશે અને કચ્છની સ્થિતિ ત્યાંની ત્યાં.

પ્રાદેશિક અસમાનતા

સ્વાતંત્ર્ય પછી સંજોગોવસાત આપણે પ્રૌઢ-મતદાર-આધારિત સંસદીય લોકશાહી હેઠળ મિશ્ર-અર્થતંત્ર (મિક્સ્ડ ઇકૉનૉમી) સ્વીકાર્યું. જેમાં અમુક પાયાના ઉદ્યોગો અને આંતરમાળખાંકીય સવલતો ઊભી કરવાની કામગીરી જાહેરક્ષેત્રને સોંપવામાં આવી અને બાકીની ૯૦ ટકા આર્થિક પ્રવૃત્તિઓ તો ખાનગીક્ષેત્રે અમુક નિયંત્રણો નીચે ચાલતી રહી. આવા વાતાવરણમાં સહેજે સમૃદ્ધ અને સંપન્ન વિસ્તારો અને વર્ગોને આયોજનમાં ભાગીદારીથી વિશેષ લાભો મળ્યા. પછાત વિસ્તારો અને વર્ગોને આવા લાભોથી જેટલો જોઇએ એટલો ફાયદો થયો નહીં. આપણા જેવા વિકાસશીલ દેશોમાં સામાન્ય આર્થિક વિકાસના લાભો છેવાડેના માણસ સુધી પહોંચવામાં ખૂબ વખત લાગે છે અને અનિશ્ચિત અને અપૂરતા હોય છે. પરિણામે પ્રાદેશિક અને વૈયક્તિક અસમાનતા વધે છે. ઉદારીકરણના વાતાવરણમાં આ અસમતોલપણું તીવ્ર બનતું જાય છે. એટલે પછાત વિસ્તાર માટે વિશેષ આયોજન અને કાર્યક્રમોની જરૂર છે. આમાં મુખ્ય મુદ્દો છે : વિકાસ કોના માટે ? વિકાસની પ્રક્રિયામાં માનવીય ચહેરો-સામાન્ય માનવીનો -છેવાડેના માણસનો ચહેરો વિસરાવો ન જોઇએ.

આપણા દેશમાં ઘણા લોકો એવી માન્યતા ધરાવતા થઇ ગયા છે કે તેમનો વિસ્તાર સામાન્ય રીતે ઓછે વત્તે અંશે અવિકસિત કે પછાત રહી ગયો છે. પોતાના પ્રદેશ પ્રતિ અવગણના અથવા ઓરમાયું વર્તન દાખવવામાં આવે છે એવી લાગણી જોર પકડતી જાય છે. આનું પ્રતિબિંબ ત્યાંના રાજકીય, સામાજિક આંદોલનોમાં દેખા દે છે અને અમુક ખાસ ધ્યાન આપવાની ભલામણ પર ભાર મૂકવામાં આવે છે. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આર્થિક રીતે સંપૂર્ણ સમાનતા સાધવાનું શકય નથી. પણ સાપેક્ષરીતે વિકાસમાં પહેલા અને છેલ્લા જિલ્લા વચ્ચે અંતર ઘટાડી શકાય જો એવું સત્વરે ન કરવામાં આવે તો અસંતોષ વધે અને શાંતિ જોખમાય અને વિકાસકાર્ય ખંગોળાય.

સી. એમ. આઇ.ઇ. અંદાજિત ગુજરાતની જિલ્લાવાર માથાદીઠ આવક

જિલ્લો	૧૯૯૦-૯૩ (રૂા.)
૧. અમદાવાદ	૧૧,૭૮૭
૨. ભરૂચ	૧૧,૦૪૧
૩. સૂરત	૮,૫૮૬
૪. જૂનાગઢ	૭,૯૧૮
૫. ખેડા	૭,૨૬૩
૬. વડોદરા	૬,૯૧૮
૭. જામનગર	૬,૧૪૮
ગુજરાત	**૫,૯૫૧**
૮. કચ્છ	૪,૫૮૩
૯. રાજકોટ	૪,૫૩૫
૧૦. ગાંધીનગર	૪,૨૮૩
૧૧. મહેસાણા	૪,૨૦૧
૧૨. વલસાડ	૪,૦૮૮
૧૩. અમરેલી	૩,૯૯૯
૧૪. ભાવનગર	૩,૫૨૦
૧૫. સુરેન્દ્રનગર	૨,૮૦૫
૧૬. સાબરકાંઠા	૨,૪૦૩
૧૭. બનાસકાંઠા	૨,૦૭૯
૧૮. પંચમહાલ	૧,૬૦૬
૧૯. ડાંગ	૧,૫૭૧

તાલુકાવાર વિકાસ

કચ્છ કઇ રીતે પછાત છે એ જાણવા -સમજવા જિલ્લાથી નીચલા સ્તર-તાલુકા સુધી ક્ષેત્રની ગતિવિધિનો અભ્યાસ કરવો પડશે. આ સંદર્ભમાં હે આઇ. જી. પટેલ સમિતિએ ૨૫ વિકાસ સૂચકાંકોને આધારે સમાન વજન દર્શાવી ૧૮૪ તાલુકાઓ પૈકી પ્રત્યેક તાલુકા માટે સંયુકત નિર્દેશાંકની રચના કરી છે (૧૯૮૦-૮૧). ત્યારબાદ એનો કોઇ 'ફોલો-અપ' અભ્યાસ થયો હોય એવું મારી જાણમાં નથી. આ બધા તાલુકાઓને વિકાસના ઉતરતા ક્રમમાં નિર્દેશાંકોને ગોઠવીને ચાર સરખા ભાગમાં (૪૬ તાલુકા દરેક ભાગમાં) વહેંચીને અનુક્રમે (ક) વધારે વિકસિત (ખ) વિકસિત, (ગ) પછાત અને (ઘ) વધારે પછાત તાલુકાઓમાં વર્ગીકરણ કર્યું છે. એ દ્રષ્ટિએ કચ્છના નવ તાલુકાઓમાંથી પાંચ તાલુકા-માંડવી, મુન્દ્રા, નખત્રાણા, ભુજ અને અંજાર પ્રમાણમાં આર્થિક રીતે વિકસિત તાલુકા તરીકે તરી આવે છે જ્યારે બાકીના ચાર -અબડાસા, ભચાઉ, લખપત અને રાપર પછાત તાલુકા ગણાય છે (જુઓ નકશો). આ ચાર તાલુકામાં કચ્છની ત્રીજા ભાગની વસતિ વસે છે. પટેલ સમિતિએ જે ૫૬ પછાત તાલુકાઓ- ખાસ કરીને આદિવાસી અને અછતગ્રસ્ત વિસ્તારમાંથી ખોળી કાઢયા હતા તેમાં ઉપરોક્ત ચારે તાલુકાઓનો સમાવેશ થાય છે. એમાંથી ત્રણ -રાપર, લખપત અને ભચાઉ તો ગુજરાતના સૌથી વધારે પછાત તાલુકાઓમાં સ્થાન પામે છે. ટૂંકમાં, કચ્છના વિકાસ આયોજનમાં આ પાછળ રહી ગયેલા ચાર તાલુકા પર વિશેષ ધ્યાન આપવાની ખાસ જરૂર છે. તદુપરાંત ઉપરોકત ૨૫ નિર્દેશાંકોના સંદર્ભમાં તાલુકાવાર વિગતવાર અભ્યાસ કરવાથી કયા તાલુકામાં કઇ નબળાઇ અને સબળાઇ છે એનો ખ્યાલ આવે અને તે પ્રમાણે પછાતપણું દૂર કરવાના પ્રયાસો કરી શકાય. ભલે ભૌગોલિક કે સાંસ્કૃતિક દ્રષ્ટિએ કચ્છનું આગવું અસ્તિત્વ છે છતાં પ્રાકૃતિક સંપત્તિ, સંસાધનોનો ઉપયોગ, આંતર-માળખાંકીય સગવડોનું સ્તર, આર્થિક વિકાસ પ્રતિ લોકોની રુચિ (ઍટીટયૂડ) વગેરે ધ્યાનમાં લેતાં વિવિધતા જોવા મળે છે. માટે વિકેન્દ્રિત આયોજનની આવશ્યકતા છે. પહેરનાર જ જાણી શકે કે પગરખાં કયાં અને કેટલાં ખૂંચે છે

કચ્છમાં કોમી એકતા છે

વર્તમાન કચ્છી વસતિ મોટેભાગે સિંધ, ગુજરાત, રાજસ્થાન અને પંજાબ જેવા પ્રદેશમાંથી આવીને વસેલા લોકોની છે. ધર્મ પ્રમાણે મોટાભાગના (૭૫ ટકા) હિન્દુઓ છે. મુસ્લિમો ૧૯ ટકા જેટલા છે અને જૈન ૬ ટકા, ખ્રિસ્તીઓ અને શીખો પણ છે. કચ્છની વસતિના ૧૭ ટકા લોકો અનુસૂચિત જાતિ અને જનજાતિના છે. આમ અહીં પચરંગી પ્રજા હોવા છતાં ભાગ્યે જ કચ્છમાં કોમી અથવા જાતિ/વર્ણ વચ્ચે ઝઘડાઓ ઉગ્ર રૂપ ધારણ કરે છે. પ્રતિકુળ પ્રકૃતિ સાથે મહેનતકશ માણસ એટલો રચ્યો પચ્યો હોય છે કે દંગાફસાદ કરવાની એને ફુરસદ પણ હોતી નથી. બિન વેપારી અને વ્યવસાયીઓ પોતપોતાના કામકાજમાં મશગૂલ હોય છે. અલબત્ત, સીમાડે ઘૂસણખોરી અને દરિયાકાંઠે દાણચોરી અને નશીલી દવાઓની હેરાફેરીની સમસ્યા છે ખરી. પણ એકંદરે શાંત મુલક છે. 'કચ્છ કેવળ ગરીબ કે અભણ નથી, રાજકીય રીતે કચ્છની આમ જનતા બહુ સજાગ કે સક્રિય નથી. તેમાં કચ્છની ભૂગોળ કરતાં કચ્છનો ઇતિહાસ વધારે જવાબદાર છે. દેશી રજવાડાંઓ ભારતનો પછાત પ્રદેશ હતો અને કચ્છ જેવા કેટલાય

કચ્છની આર્થિક રૂપરેખા : ઊડતી નજરે

	જિલ્લાવાર સરેરાશ		
	કચ્છ	ગુજરાત	ભારત
માથાદીઠ આવક : ૧૯૯૦-૯૩ (રૂા.)	૯૮૧	૫,૯૫૧	૧૮.૧
વસતિ : ૧૯૯૧ (લાખમાં)	૧૨.૬	૨૧.૭	૨.૧
વસતિનો વાર્ષિક વૃદ્ધિદર : ૧૯૮૧-૯૧ (ટકાવારી)	૧.૭	૧.૯	૨૭૩
વસતિની ગીચતા (દર ચો. કિ. મી. સંખ્યા) : ૧૯૯૧	૨૮	૨૧૧	૨૬
શહેરીકરણ : ૧૯૯૧ (કુલ વસતિમાં શહેરીવસતિની ટકાવારી)	૩૧	૩૫	૫૨
સાક્ષરતા : ૧૯૯૧ (કુલ વસતિમાં સાક્ષરોની ટકાવરી) કુલ	૫૩	૬૧	૬૪
,, પુરૂષ વર્ગ	૬૪	૭૩	૩૯
,, સ્ત્રી વર્ગ	૪૧	૪૯	૭૩
,, શહેરી	૭૦	૭૭	૪૫
,, ગ્રામીણ	૪૫	૫૩	
આર્થિક રીતે કાર્યરત લોકોનું પ્રમાણ : ૧૯૯૧ (ટકાવારી)			૬૬.૯
,, ખેતીવાડી	૫૭.૭	૫૯.૩	૦.૬
,, ખાણો	૦.૯	૦.૪	૨.૪
,, ગૃહ ઉદ્યોગ	૨.૧	૧.૪	૭.૬
,, બિન ગૃહઉદ્યોગ કારખાનાં	૮.૦	૧૪.૨	૧.૯
બાંધકામ	૩.૪	૨.૦	૨૦.૫
સેવાઓ	૨૭.૯	૨૨.૪	૨૧.૮
કુલ વિસ્તારમાં વનવગડાનું પ્રમાણ : ૧૯૮૪-૮૫ (%)	૬.૫	૧૦.૦	૪૬.૩
,, વાવેતર હેઠળની સાદી જમીન (%)	૧૫.૬	૫૧.૦	૩૦.૭
સિંચિત જમીનનું પ્રમાણ (%)	૧૦.૯	૨૫.૨	૭૨
હેકટર દીઠ ફર્ટીલાઇઝરનો વપરાશ : ૧૯૯૧-૯૨ (કિલો)	૨૨	૬૭	૩,૫૭૬
મુખ્ય પાકોનું હેકટર દીઠ મૂલ્ય : ૧૯૮૬-૮૭ (રૂા.)	૧,૨૫૦	૨,૪૪૬	૭૫૮
મુખ્ય પાકોનું માથાદીઠ મૂલ્ય : ૧૯૮૮-૮૯ (રૂા.)	૭૪૩	૬૫૭	૧૭૩
સરેરાશ માથાદીઠ અનાજનું ઉત્પાદન (કિલો)	૫૮	૭૭	૬૦.૧
દર ચો. કિ. મી. વિસ્તાર દીઠ રસ્તાઓની લંબાઇ (કિ. મી.)	—	૩૮.૨	૨.૦
દર ચો. કિ. મી. વિસ્તાર દીઠ રેલવેની લંબાઇ (કિ. મી.)	૦.૮	૨.૭	૩,૨૬૯
માથાદીઠ બેન્કોની થાપણો : ૧૯૯૩ (રૂા.)	૭,૮૬૫	૩,૯૦૯	૧,૯૭૮
માથાદીઠ બેન્ક ધિરાણ : ૧૯૯૩ (રૂા.)	૧,૦૨૨	૨,૦૪૯	૨૨૨
માથાદીઠ બેન્ક ધિરાણ ખેતીવાડી : ૧૯૯૩ (રૂા.)	૧૬૬	૨૨૭	૧૦૪૬
હેકટરદીઠ દર બેન્ક ધિરાણ ખેતીવાડી : ૧૯૯૩ (રૂા.)	૨૮૦	૮૪૪	૭૦૫
માથાદીઠ બેન્ક ધિરાણ ઉદ્યોગોને : ૧૯૯૩ (રૂા.)	૨૯૪	૧,૧૨૧	૧૮૫
માથાદીઠ બેન્ક ધિરાણ નાના ઉદ્યોગને : ૧૯૯૩ (રૂા.)	૧૨૧	૩૦૯	

સ્ત્રોત : સેન્ટર ફૉર મૉનીટરિંગ ઈંડિયન ઇકૅનૉમી, મુંબઇ.

રાજ્યો તો બીજાં દેશી રજવાડાંની સરખામણીએ પણ વધારે પછાત હતા. દેશી રાજ્યોમાં રાજદ્વારી ચળવળો કે સંગઠનો સ્થાપવા નહીં તેવી કોંગ્રેસની સરિયામ નીતિનાં કારણે કચ્છમાં રાજકીય સંગઠનો અથવા પ્રજાકીય આંદોલનો (પ્રભાવશાળી) થયા નહીં.' (નગીનદાસ સંઘવી).

આગળ જણાવ્યું તેમ કચ્છમાં વસતા કચ્છીઓ કરતાં ત્રણથી ચાર ગણા કચ્છીઓ બહાર દેશ-પરદેશ આજીવિકા માટે વસવાટ કરે છે. અમુક અપવાદને બાદ કરતાં મોટા ભાગના કચ્છીઓ નાના-મોટા વેપાર-ધંધામાં રોકાયેલા છે. આમ કચ્છની સમૃદ્ધ પ્રજા મૂળભૂત રીતે વેપારી છે જેમને વસ્તુના ઉત્પાદન કરતાં વસ્તુની લે-વેચમાં વધુ રસ છે. અલબત્ત, હમણાની નવી પેઢી-યુવાન વર્ગ ઔદ્યોગિક રીતે સાહસિક છે. એ પ્રગતિ સૂચક વલણ છે.

'કચ્છડો ખેલે ખલક મેં, જીં મહાસાગર મેં મચ્છ,
જિત હિકડો કચ્છી વસે, ઉતે ડિયાણી કચ્છ'
(દુલેરાય કારાણી)

કચ્છનો પ્રાકૃતિક આકાર કાચબા જેવો છે એ બહુ જ સૂચક છે. ''કચ્છી માડુ આજે આખી દુનિયામાં પથરાયેલ છે... પ્રત્યેક કચ્છી કચ્છનું પ્રતિનિધિત્વ ધરાવતો હોય છે.. તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં કચ્છના ગૌરવને અને કચ્છની અસ્મિતાને પોતાની સાથે લેતો જાય છે'' (હરીન્દ્ર દવે).

જ્યાં આવા કચ્છીઓ વસતા હોય તો કચ્છ કેમ પછાત રહી શકે ? આ ખરેખર લાખ રૂપિયાનો સવાલ છે. જ્યારે જ્યારે કચ્છ પર દુકાળ, ધરતીકંપ જેવી આફતો ઊતરી આવે ત્યારે ત્યારે દેશ-વિદેશમાં વસતા વતનપરસ્ત લોકો કચ્છની વહારે આવી હિંમતભેર એની પડખે ઊભા રહે છે. પણ કચ્છના નક્કર આર્થિક વિકાસમાં કચ્છીઓનો ફાળો ખૂબ જ મર્યાદિત છે. દાખલા તરીકે કંડલા મુકત વેપાર વિસ્તારમાં કચ્છીઓનાં કારખાનાં કેટલાં? સિમેન્ટ, ઍલ્યુમિનિયમ વગેરે મોટા પ્રકલ્પો ઊભા કરવામાં કચ્છીઓ કેટલાં ? કાર્ગીલને કાઢયા પછી શું ? કોઇ વિકલ્પ વ્યવસ્થા ?

ઉત્પાદન ક્ષેત્રે કચ્છીઓ આગળ આવે

દરેક નિષ્ફળતા અને નિષ્ક્રિયતા પાછળ અન્યાય અને ઓરમાયું વર્તન કારણભૂત છે એમ સ્વીકારવું યોગ્ય નથી. જ્યાં ખરેખર અન્યાય કે ઉપેક્ષા થતી હોય તો એ બાબતમાં સંબંધિત સ્તરે ચર્ચા વિચારણા કરી નિવેડો લાવવો અને જરૂર પડયે સંઘર્ષ પણ કરવો. વિકાસની પ્રક્રિયામાં મૂડીરોકાણ અને ઉત્પાદન અત્યંત મહત્ત્વના ઘટકો છે. આ સ્તરે કચ્છીઓનું યોગદાન વધવું જરૂરી છે. અત્યારના ઉદારીકરણ અને ખાનગીકરણના વાતાવરણમાં ઘણા ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટે ઉજ્જવળ અને ઉમદા તકો છે. અત્યારના માહોલમાં કચ્છ જેવા આર્થિક રીતે પછાત જિલ્લાના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણને આકર્ષવા ઘણા પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રોત્સાહનોનો લાભ લઇ કચ્છી સાહસિકો યોગ્ય પ્રતિસાદ આપશે એવી અપેક્ષા. આગળ જણાવ્યું તેમ વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કાર્યોના અવસરો ઉપલબ્ધ છે. તેમાં સરકારી મૂડીરોકાણ ઉપરાંત ખાનગી મૂડીને પણ ખાસ્સો અવકાશ છેઃ જળ સંગ્રહ માટે ચેક ડેમ બાંધવા, કૂવા રીચાર્જ કરવા, કૃષિ સંશોધન અને વિકાસ, પશુસંવર્ધન અને પશુચિકિત્સા, પુનઃ પ્રાપ્ત ઊર્જા સ્રોતના કાર્યક્રમો (બન્નીમાં સૌરશકિત અને સમુદ્રના મોજાંમાંથી વીજ પેદા કરવી), નાના અને કુટિર ઉદ્યોગોનો વિકાસ, ખનિજ અને સમુદ્ર આધારિત ઔદ્યોગિક એકમો, રસ્તા બાંધવા, બંદરોમાં પાયાની સગવડો ઊભી કરવી, સો-ટકા નિકાસલક્ષી એકમો ઊભા કરવા વગેરે વગેરે. આજે કચ્છના સર્વાંગી વિકાસ-આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માટે કચ્છમાં અને કચ્છ બહાર વસતા તમામ કચ્છપ્રેમીઓએ તન-મન-ધનથી યથાશકિત યોગદાન કરવાનું છે. ઘણીવાર, ઇઝરાયલનો દાખલો ટાંકવામાં આવે છે. પણ અહીં એ ભૂલવું ન જોઇએ કે ઇઝરાયલના ઉત્થાન માટે દુનિયાભરના યહૂદીઓએ કોઇપણ ફરિયાદ વગર પોતાના તન-મન-ધન ન્યોચ્છાવર કર્યા છે અને અનેક અગવડો વેઠી સગવડો ઊભી કરી છે. જાપાન કે સ્વીટ્ઝરલેન્ડ પાસે કોઇ કુદરતી સંપત્તિ નથી છતાં તેઓએ અદ્દભૂત વિકાસ સાધ્યો છે. કચ્છી કવિએ સુંદર ગાયું છે કે,

'પકડ પિંઢજી બાવડી, મ કર સડ બેઆ
રેઆ પરાઇ આશ તે, ઊ નર ઈંજ રેઆ.'

(તું પોતે જ તારો હાથ પકડજે. પારકી આશ સદા નિરાશ. જાત મહેનત ઝિંદાબાદ -એવો સૂર ઉપરોકત કચ્છી મુકતકનો છે. કચ્છની કમનસીબી અને કઠણાઇ માટે અન્યાય અને ઓરમાયા વર્તનની કાગારોળ કરવાની જરૂર નથી. આજે યુવાન પેઢીને માત્ર વાતો નહીં, વાદવિવાદ નહીં, ઠાલાં વચનો નહીં પણ સમયબદ્ધ નક્કર કાર્યક્રમની જરૂર છે. આ વિશાળ વિકાસ કાર્યમાં સરકારી સાધનો ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ, કામદાર મંડળો, નિષ્ઠાવાન સમાજ સેવકો, પંચાયતી રાજ્ય વગેરેના સહયોગ અને સહકારની જરૂર છે. આ એક અવસર છે, આહવાન (પડકાર) છે અને કચ્છપ્રેમીને આવાહન પણ છે.

અને અંતે... હિમાલયની બુલંદી પર પણ કચ્છને કેમ ભૂલાય ? □

''હેમાળે વટ પુગો નિરંજન
ધીણોધર સંભરન
મુંજી માતૃભૂમિ કે નમન'

■ ૭૧, ગોલ્ડ મીલ્ટ, ગુલમહોર રોડ, જૂહુ સ્કીમ, મુંબઇ-૪૦૦૦૪૯

કચ્છડો ખેલે ખલકમેં

સતત દુષ્કાળગ્રસ્ત જિલ્લો એટલે કચ્છ, કચ્છ એટલે સૂકુંભઠ્ઠ રણ, સૂકી ખેતીનો વિસ્તાર એટલે કચ્છ, વિશાળ નિર્જન ૩૨૩ કિલોમીટરના સાગરકાંઠામાં પથરાએલો જિલ્લો એટલે કચ્છ, વિશાળ વિસ્તાર અને વસ્તીની ગીચતા ઓછી ધરાવતો પ્રદેશ એટલે કચ્છ... બન્ની જેવો ચરિયાણ વિસ્તાર સમગ્ર એશિયામાં ધરાવતો એકમાત્ર મુલક એટલે કચ્છ... વાસ્તવમાં દરેક તાલુકે તાલુકે વસ્તીનું વૈવિધ્ય ધરાવતી ધરતી એટલે કચ્છ... કેટકેટલાં સંસ્કૃતિ જૂના શિલ્પો, સ્થાપત્યો અને સ્મારકો સંગ્રહી રાખનાર પશ્ચિમ ભારતનો અદ્વિતિય સંત્રી સમો, સરહદોની સુરક્ષા કરતો સરહદી જિલ્લો એટલે આ કચ્છ... અનેક પ્રકારની અલ્પતાઓનો અહેસાસ અનુભવતો અને છતાં પણ ખુમારીથી માથું ઊંચું રાખી જીવ્યે જાય છે એ કચ્છનો માડુ... ''કચ્છી માડુ...'' અનેક વિપરીતતાઓ અને પ્રતિકૂળતાઓ વચ્ચે જીવતા કચ્છી માડુમાં કયારેય કાયરતા જોવા મળી નથી... આવા કચ્છી માડુઓને કચ્છની આબોહવાએ બક્ષી છે સાહસિક્તા, શૂરવીરતા અને સહનશીલતા... પાણી નથી, વીજળી નથી, સંદેશા વ્યવહાર અને માર્ગ વાહન વ્યવહારની સવલત નથી... આ બધું નથી એટલે કચ્છમાં આજીવિકા માટે રોજગારી નથી અને આ નથી... નથી... નથીના પ્રતિઘોષ વચ્ચે કચ્છીઓ કચ્છમાંથી સ્થળાંતર કરતાં રહ્યા છે, એમ કહેવાય છે કે, કચ્છીઓનું સ્થળાંતર તો ઓગણીસમી સદીમાં, સદીના મધ્ય ભાગથી જ થઇ ચૂકયું હતું. વીસમી સદીમાં ૧૯૧૦ની સાલથી માદરે વતનને સલામ કરી ગયેલાં ઘણાં કુટુંબો આજે વિદેશમાં વસે છે. ત્યારપછી કચ્છમાંથી મોટા પાયે સ્થળાંતરનો સિલસિલો શરૂ થયો. બીજા વિશ્વયુદ્ધ પછી. ૧૯૩૯થી ૧૯૪૫ વચ્ચે કચ્છનાં ગામડાંઓ સાગમાટે ખાલી થવા લાગ્યા હતાં. અને આઝાદી પછી ૧૯૪૭થી આજ સુધી એ સ્થળાંતરની પ્રક્રિયા ચાલુ જ રહી છે આ કચ્છમાં...

પૂર્વ કચ્છની સરહદેથી સ્થળાંતર

ઉત્તર ગુજરાત... પૂર્વ કચ્છની સરહદ આડેસરથી કચ્છીઓએ સ્થળાંતર કર્યું, બનાસકાંઠામાં તો કેટલાક સીધા પહોંચ્યા મહેસાણા અને અમદાવાદ. અમદાવાદની સરહદ દહેગામથી ઓળંગી વસ્યા સાબરકાંઠામાં અને ગુજરાતનું પાટનગર ગાંધીનગર થતાં કચ્છીઓ રાજ્યના એ સચિવાલય પર લહેરાતા ત્રિરંગા ધ્વજની છત્રછાયામાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં પથરાઇ ગયાં.

ઉત્તર ગુજરાત એટલે કચ્છીઓ માટે ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠા. આ પાંચ જિલ્લાઓમાં કચ્છીઓ સ્થાયી થયા છે, અને મોટાભાગના કચ્છીઓ તો હવે પેઢીઓથી ઉત્તર ગુજરાતમાં વસવાટ કરે છે. ઉત્તર ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રગતિમાં કચ્છીઓનું અનેરું પ્રદાન છે. ખૂબીની વાત તો એ છે કે, ઉત્તર ગુજરાતનાં પ્રત્યેક જિલ્લામાં કચ્છીઓના વસવાટની તરાહ પણ ભિન્ન ભિન્ન છે. જીવનશૈલી પણ વિશિષ્ટ છે. તેમનું પ્રદાન પણ જિલ્લે જિલ્લે અલગ ભાત પાડતું છે. આવા ઉત્તર ગુજરાતમાં સ્થાયી થયેલા કચ્છીઓની આછેરી ઝલક અહીં પેશ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ૩૦ ગામોમાં કચ્છીઓનો વસવાટ

હા, ગાંધીનગર જિલ્લો ગુજરાતમાં નવો રચાયેલો જિલ્લો છે. અમદાવાદ, મહેસાણા અને સાબરકાંઠાના ૭૩ જેટલાં ગામોનો ''સમૂહ'' બનાવી, જ્યારે ગુજરાતનું પાટનગર ગાંધીનગરમાં રચવાનું નક્કી થયું ત્યારે ૧૯૬૬થી આ ગાંધીનગરનો નવો જિલ્લો રચાઇ ચૂકયો હતો. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગાંધીનગર જિલ્લાનો વિસ્તાર ૬૦૦ સ્કવેર કિલોમીટરમાં પથરાયેલો છે. આ જિલ્લાની વસ્તી ૪ લાખ, ૯ હજારની છે. સમગ્ર ગુજરાતમાં વસ્તીની ગીચતા આ ગાંધીનગર જિલ્લામાં સૌથી ઊંચી છે. અહીં દર ચોરસ કિલોમીટરે ૬૩૦ વ્યક્તિઓ વસવાટ કરે છે. સાક્ષરતાનું પ્રમાણ ૮૭.૧૧ ટકા સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું પણ આ જિલ્લામાં છે. ગાંધીનગર જેવા પાટનગરની શિક્ષિત વસ્તીનો સમાવેશ આ જિલ્લામાં થયો હોવાથી જેમ શિક્ષણની ઊંચી ટકાવારી આ જિલ્લામાં છે તેમ શહેરી વસ્તીનું સૌથી ઊંચું પ્રમાણ ૭૫ ટકા જેટલું પણ આ જિલ્લામાં જ છે. સમગ્ર વિશ્વનું સૌથી હરિયાળું શહેર પણ આ ગાંધીનગર છે. આવા ગાંધીનગર જિલ્લાના ૭૩ ગામો પૈકી ૩૦ ગામોમાં કચ્છીઓ આજથી સાઠ વર્ષ પહેલાં આવીને વસ્યા છે. ગાંધીનગરના રાંધેજા, ચિલોડા, પેથાપુર, વાવોલ, ચન્દ્રોલા, શિવરાજપુર જેવાં ગામોમાં પશ્ચિમ કચ્છના પાટીદારોનો વસવાટ પ્રગાઢ પ્રમાણમાં છે. તળ ગાંધીનગરમાં ૧૯૬૬થી સરકારી કચેરીઓની ઈમારતો, કર્મચારીઓનાં મકાનો વગેરેનું બાંધકામ શરૂ થયું હતું. એટલે તેની ઈમારતી લાકડાની જરૂરિયાત સંતોષવા કચ્છી પાટીદારોની સો મિલો સ્થપાઇ ચૂકી હતી. સો મિલનો મુખ્ય વ્યવસાય ધરાવતા આ પાટીદાર કુટુંબો ખેતી તેમજ બાંધકામ પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલાં છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં કચ્છીઓની વસ્તી અંદાજે ૪૭૦૦ જેટલી છે. ગાંધીનગરના પાદરે સ્થપાયેલી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પણ મુંબઇથી સ્થળાંતર કરીને આવેલા જૈન સાહસિકોએ ઇલેકટ્રોનિકસ વસાહતમાં પોતાનો પગદંડો જમાવ્યો છે. તો કચ્છી જૈન કલ્યાણજી રવજી રાંભિયા અને વિસત જૈન ગ્રુપના પેટ્રોલ પંપો પણ ગાંધીનગર-મહેસાણા અને ગાંધીનગર-ઉદયપુર હાઈવે પર કાર્યરત છે. અહીં કચ્છી ડૉકટરો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો પણ ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં સ્થાયી થયા છે. કચ્છી કડવા પાટીદારોનું સંગઠન ગાંધીનગર જિલ્લામાં સુદ્રઢ થયું છે, અને જ્ઞાતિના કુટુંબોના ઉત્કર્ષ માટેની સર્વગ્રાહી પ્રવૃત્તિ આ પાટીદાર મંડળ કરતું રહ્યું છે. વિશિષ્ટતા એ પણ છે કે, કચ્છી કડવા પાટીદારોનાં શિક્ષિત

> **જુદા જુદા જિલ્લાઓમાં નોંધનીય જમાવટ કચ્છીઓએ કરી છે પરંતુ દરેક જિલ્લામાં તેમના વસવાટ, જીવનશૈલી અને સામાજિક પ્રદાનની તરાહ જુદી છે**

યુવાનોએ તેમનું સંગઠન સાધી, પાટીદાર યુવક મંડળ રચ્યું છે અને તેમાં શ્રી એમ. કે. રંગાણી જેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સક્રિય રહ્યા છે. હવે આ ગાંધીનગર જિલ્લાનાં કચ્છી પાટીદારોની નેમ છે ''પાટીદાર વાડી'' ગાંધીનગર શહેરમાં સ્થાપવાની અને તે માટેની કાર્યવાહી તેમણે શરૂ કરી દીધી છે. ચિલોડા ગામના કચ્છી ડૉ. અમૃત પટેલ તો વળી ગાંધીનગરની લાયન કલબના અગ્રણી છે. તો માધવજી પટેલ સો મિલના માલિક ઉપરાંત આ જિલ્લાનાં અગ્રણી બિલ્ડર છે. ગાંધીનગર જિલ્લો એટલે માત્ર ગાંધીનગર શહેર નહીં પણ છેલ્લા ત્રીસ વર્ષથી તો ગાંધીનગરના પ્રવર્તમાન ગ્રામ્ય વિસ્તારોમાં કચ્છીઓ ગ્રામ પંચાયતમાં પણ હોદ્દેદાર બન્યા છે. જિલ્લાના મોટાભાગના ગામોમાં કચ્છી પાટીદારો આદરણીય સ્થાન ધરાવે છે. ચિલોડાના શ્રી મૂળજીબાપા અને શિવરાજપુરના શ્રી લાલજીભાઇ પટેલ તો ઉત્તર ગુજરાત પંથકના પાટીદારોના મોભીઓ છે.

ગાંધીનગરમાં કચ્છ મિત્ર મંડળની રચના

કચ્છનું ''ક'' વર્ગનું રાજ્ય નામશેષ થતાં, કચ્છના સેક્રેટરીએટમાં કાર્ય કરતાં કચ્છી અધિકારી-કર્મચારીઓ ૧-૧૧-૫૬થી દ્વિભાષી મુંબઇ રાજ્યની રચના થતાં મુંબઇ ગયાં, કેટલાક કર્મચારીઓ કૌટુંબિક પ્રતિકૂળ પરિસ્થિતિનાં કારણે કચ્છની જ સ્થાનિક કચેરીઓમાં ગોઠવાઇ ગયાં. મુંબઇ ગયેલા કચ્છીઓ ૧-૫-૬૦થી ગુજરાતનાં અલગ રાજ્યની રચના થતાં, અમદાવાદ આવ્યા અને અમદાવાદની હાલની પોલિટેકનિક બિલ્ડીંગમાં ''સચિવાલય'' થતાં તેમાં કાર્ય કરવા લાગ્યા અને


1996-05-17 -Kutch Tari Asmita (702)

ઉત્તર ગુજરાત સાથે કચ્છનો ગાઢ ઘરોબો

□ મધુભાઇ પ્રા. ભટ્ટ

અમદાવાદની વિવિધ સરકારી વસાહતો જેવી કે, ગુલબાઇ ટેકરા ''એચ'' અને ''એલ'' કોલોની, દરિયાખાન ઘુમ્મટ કોલોની, શાહ આલમનો રોઝો, લાલ મીલ કોલોની વગેરે જગ્યાએ રહેવા લાગ્યા. ત્યારે સૌ તીતર બીતર હતા. પણ ગાંધીનગરમાં પાટનગર સ્થાપવાનું નક્કી થતાં, ૧૯૭૦થી બધા કચ્છી સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, ગાંધીનગરમાં સ્થાયી થયાં. ત્યારે ગાંધીનગરમાં હજુ વસવાટની શરૂઆત જ હતી. એટલે ૧૯૭૦માં ગાંધીનગર વસેલા કચ્છીઓએ ખૂબ હાડમારી ભોગવી હતી.

અમદાવાદ જવા માટે બસની સગવડ નહીં, લોટ દળવાની ઘંટી નહીં, જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા અમદાવાદ પર આધાર રાખવો પડે, ધૂળની ડમરીઓ અને દૂર દૂરના અંતરવાળા વિવિધ સેકટરોમાં કચ્છીઓ વસવા લાગ્યા. કોણ કયા સેકટરમાં રહે છે તેની પણ કોઇને ખબર પડે નહીં. માત્ર સચિવાલયમાં નોકરી માટે મળે ત્યારે પરસ્પરના સુખ-દુઃખની વાતો કરે. ત્યારે કચ્છી કર્મચારી શ્રી હરિપ્રસાદ કે. જેઠી, દાસભાઇએ તમામ કચ્છીઓનાં નામ-સરનામાં એકત્ર કરી, એક 'સાઇકલોસ્ટાઇલ સરનામા'ની ''યાદી'' તૈયાર કરી. બસ, એ હતી ગાંધીનગરના કચ્છી કુટુંબોની ''પ્રથમ ડિરેકટરી'' કચ્છીઓને સંગઠિત કરવાની પ્રથમ શરૂઆત. ત્યારબાદ ગાંધીનગર જામતું ગયું. ૧૯૭૫માં જનતા મોરચાની સરકારમાં શ્રી કુન્દનલાલ ધોળકિયા પ્રથમ કચ્છી ''સ્પીકર'' થયા અને તેમનો વસવાટ ત્યારે ગાંધીનગરમાં થયો એટલે ત્યારે એન. એસ. નાગરાણી, રતિકાન્ત વોરા, દાસભાઇ જેઠી, મધુભાઇ ભટ્ટ અને કેશવજી મચ્છરે ગાંધીનગરમાં કચ્છ મિત્ર મંડળની શરૂઆત કરી અને સૌ પ્રથમ ગાંધીનગર શહેર અને જિલ્લાનાં કચ્છીઓને વ્યવસ્થિત રીતે એકત્ર કર્યા અને કચ્છના મહાકવિ શ્રી દુલેરાય કારાણીના વરદ હસ્તે કચ્છી કુટુંબોની પ્રથમ ડિરેકટરી છપાવીને પ્રસિદ્ધ કરી... ત્યારે ગાંધીનગરમાં માત્ર આઠ જ સેકટરોમાં વસવાટ હતો. હા, ગાંધીનગરના પાદરે વાવોલ, રાંધેજા, ચિલોડા, પેથાપુર, ચંદ્રોલા વગેરે ગામોમાં ગાંધીનગરનું પાટનગર તરીકેનું બાંધકામ ચાલતું હતું. ત્યારથી પશ્ચિમ કચ્છના પાટીદારોનાં કટુંબો તો વસવાટ કરતાં જ હતાં. પરંતુ, આ સરકારી કર્મચારીઓ-અધિકારીઓનો સંપર્ક ગ્રામ વિસ્તારના કચ્છીઓ સાથે પાંખો હતો. પણ ત્યારે ગાંધીનગર શહેર પૂરતાં કચ્છીઓના સ્નેહમિલનો, કચ્છી નૂતન વર્ષ, દિવાળી પ્રસંગે તેમજ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ઇનામી મેળાવડા યોજાતા રહેતા. આમ, ગાંધીનગરમાં કચ્છ મિત્ર મંડળના ''માધ્યમ'' દ્વારા કચ્છીઓ સંગઠિત થતા ગયાં. કચ્છનો કોઇ અરજદાર સચિવાલયમાં આવે તો તેને માર્ગદર્શન અને સહાયતા પણ મંડળના હોદ્દેદારો કરતા રહેતા. ૧૯૮૦માં શ્રી ખીમજી જેસંગ મરંડ જ્યારે નાયબ પ્રધાન બન્યા ત્યારે કચ્છીઓના નામ-સરનામા-શોખની પ્રવૃત્તિઓ વગેરે આવરી લેતી 'ડિરેકટરી'ની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની કચ્છ મિત્ર મંડળે તૈયારી કરી અને ૧૯૮૨માં બીજી ડિરેકટરી પ્રસિદ્ધ થઇ ત્યારે કચ્છીઓની વસતી ૨૦૦ કુટુંબોની આ શહેરમાં હતી પરંતુ ૧૯૮૮થી ભૂતપૂર્વ કચ્છના સેક્રેટરીએટના કર્મચારીઓ નિવૃત્ત થવા લાગ્યા. અને ગાંધીનગર સચિવાલયમાં ૧૯૯૦માં તો માત્ર વીસેક જેટલાં જ કચ્છી કર્મચારીઓના કુટુંબો રહ્યાં. એક બાજુ ગાંધીનગરનો વિસ્તાર અને વસ્તી વધતાં રહ્યાં અને બીજી બાજુ કચ્છીઓની વસ્તી આ નગરમાં ઘટતી ગઇ. એટલે ચેતનવંતુ કચ્છ મિત્ર મંડળ લગભગ નિષ્ક્રિય થઇ ગયું. ફરીથી ખાતાનાં વડાઓની કચેરીઓ, બોર્ડ-નિગમની કચેરીઓ વગેરેનું ગાંધીનગરમાં સ્થળાંતર થતાં, હવે કચ્છીઓની વસ્તી આ નગરમાં ૧૭૫ કુટુંબોની થઇ. ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલી કચ્છ પરિવારોની ડિરેકટરી મુજબ ગાંધીનગર શહેરમાં કચ્છીઓની વસ્તી અંદાજે ૨૫૦૦ની છે. ગાંધીનગરમાં રામજીભાઇ ઠક્કર, ખીમજી જેસંગ, હરિલાલ પટેલ,



ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કચ્છીઓ સ્થાયી થયા પછી, સૌ પ્રથમ સંગઠિત થઈ કચ્છના મહાકવિ શ્રી દુલેરાય કારાણીના વરદ હસ્તે ગાંધીનગરના કચ્છીઓની પ્રથમ ડિરેકટરીનું વિમોચન થયું તેની તસવીર. (૮ ફેબ્રુઆરી, ૧૯૭૬)

નવીનભાઇ શાસ્ત્રી અને સુરેશભાઇ મહેતા મંત્રીઓ તરીકે રહેલ હોવાથી દરેકે કચ્છ મિત્ર મંડળની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું છે. આજ તો સચિવાલયમાં કચ્છના સુરેશભાઇ મહેતા પ્રધાનમંડળમાં બીજું સ્થાન ધરાવે છે, અને સૌથી વધુ ખાતાં તેમની પાસે છે. કાયદા સચિવ તરીકે કચ્છી શ્રી પ્રભાકરભાઇ ધોળકિયા છે. શામજીભાઇ પટેલ, પી. એલ. અન્નમ, ભગવતીબહેન સોની વગેરે સચિવાલયમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે, તો ખાતાના વડાઓની કચેરીમાં પણ સંયુક્ત નિયામકની કક્ષામાં શ્રી કે. જી. કન્નર, ઉમરશી પરમાર, ડૉ. ભાલચંદ્ર હાથી, ઈન્દ્રવદન અંતાણી, અમરિષભાઇ વૈષ્ણવ, શ્રી જે. પી. બૂચ વગેરે છે. અહીં કચ્છીઓ એડવોકેટો છે, જેમાં રશેષ માંકડ, હિરેન જેઠી તો બેંકોમાં પણ ઉચ્ચપદે કચ્છના અધિકારીઓ છે. જી. ઇ. બી.માં પણ કચ્છીઓ ઉચ્ચ હોદ્દા ધરાવે છે.

ઇલેકટ્રોનિક્સની વસાહત સ્થાપાતાં તેમાં કચ્છના જૈનોએ પોતાની ''સાવલા સર્કીટ'' જેવી વસાહતો સ્થાપી છે. અહીં કચ્છીઓ ડૉકટરો છે. જેમાં '' મા પ્રસૂતિગૃહ'' તથા ઇ.એન.ટી. સ્પેશ્યાલિસ્ટ પણ છે. અરે, આ પંથકમાં અતિ પ્રખ્યાત ''હોટેલ હવેલી''ના ડાયરેકટર કાન્તિભાઇ સાવલા છે. સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝનાં માલિકો પણ કચ્છી છે અને ગાંધીનગરની આજુબાજુ ચાલીશ જેટલી સો મિલ, બેન્સા કચ્છીઓ ધરાવે છે. નિવૃત્ત થયેલાં લગભગ પચાસ કુટુંબોએ પોતાનું મકાન બાંધી, ગાંધીનગરનું ગ્રીનકાર્ડ મેળવી લીધું છે. આમ, ગાંધીનગરના બધાં જ કુલ ૩૦ જેટલાં સેકટરોમાં કચ્છીઓ પથરાયેલા છે. સેકટર-૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૭ના શોપિંગ સેન્ટરોમાં તો ''કચ્છી''માં વાત કરતાં કુટુંબો તમને વારંવાર જોવા મળશે. આમ, ગાંધીનગરમાં કચ્છીઓની દરેક ક્ષેત્રે જમાવટ છે. તેઓ ગાંધીનગરમાં રહી, કચ્છની સેવા કરવાનો

ગાંધીનગર અને મહેસાણાની સરહદથી શરૂ થતાં વિજાપુર તાલુકાના માણસા, લાડોલ, વિજાપુરમાં કચ્છી પાટીદારોની સો મિલો છે, જે વિસનગર, પાટણ, ચાણસ્મા અને સિદ્ધપુર તાલુકા સુધી વિસ્તરેલી છે. હારીજ વિસ્તારમાં વાગડના જૈનોની વસ્તી ગણનાપાત્ર છે, તો કડી અને કલોલ તાલુકામાં તેમજ મહેસાણા તાલુકામાં ઔદ્યોગિક વિકાસ ધમધમતો થતાં, કચ્છના કંઠી પટ્ટના જૈનોના ઉદ્યોગો છે. સાથે સાથે પેટ્રોલ પંપો અને ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં પણ તેઓ અગ્રેસર છે. ઓ. એન. જી. સી.ની પ્રવૃત્તિઓ મહેસાણામાં વિસ્તરતાં, કચ્છીઓ ઓ. એન. જી. સી.ના મુખ્ય કોન્ટ્રેક્ટરો તરીકે ઉપસી આવ્યા છે. આશ્ચર્ય થાય તેવી હકીકત એ છે નેધરલેન્ડ સરકારના સહયોગથી ગુજરાત સરકારની સમી-હારીજ અને સાંતલપુર સુધીની વિશ્વબેંક સહાયિત વિશાળ બાય-લેટરલ પાણી પુરવઠા યોજના અને ફલોરાઈડ તથા નાઈટ્રેટયુકત પાણીનું દૂષણ દૂર કરવા તૈયાર કરવામાં આવેલી વિવિધ પાણી પુરવઠા યોજનાઓના અગ્રણી કોન્ટ્રેક્ટરો આપણા કચ્છીઓ છે. ધરોઇ બંધના બાંધકામ સાથે સંકળાયેલા કોન્ટ્રેક્ટરો પણ કચ્છી હતાં. મહેસાણા જિલ્લાનાં કડી-કલોલ વિસ્તારમાં ઉપલબ્ધ થયેલ તેલ અને ગેસ ક્ષેત્રના ડ્રિલીંગની કામગીરી સાથે જોડાયેલા કચ્છી મિકેનિકને કામ કરતાં જોઇ, આભા થઇ જવાય. આજે ઓ. એન. જી. સી.માં કચ્છી એન્જિનીયર છે; તો સાથે સાથે ગડા, પટેલ અને ભાનુશાલી અટક ધરાવતા કોન્ટ્રાકટરો પણ જોવા મળે છે. ઊંઝામાં પાટીદારોના આરાધ્ય ઉમિઆ માતાજીના સાનિધ્યમાં આવેલ પ્રખ્યાત માર્કેટીંગ યાર્ડમાં જથ્થાબંધ વ્યાપારમાં નામ રોશન કરનાર કચ્છના વાગડના જૈનો અને પશ્ચિમ કચ્છના પાટીદારો છે. પ્રખ્યાત વિસનગર અને પાટણમાં કચ્છી પાટીદારોની સો મિલો, ઇશબગુલ, જીરુ અને એવી ખેતીવિષયક જણસોના વ્યાપારીઓ કચ્છી છે. હાઇવે પર છેક આબુ સુધીનાં પેટ્રોલ પંપો કચ્છીઓના છે. તો મહેસાણા-બનાસકાંઠાની હાઇવેની સરહદે 'મોટેલ' તરીકે વિકસાવવાના પ્રયત્નો કરતા કલ્યાણજી પટેલ પણ કચ્છના છે. હારીજમા જ્યારે પ્રખ્યાત પશુમેળો યોજાય છે ત્યારે કચ્છી માલધારીઓ અહીં દિવસો સુધી રોકાય છે અને કચ્છની પ્રખ્યાત ઓલાદના ઢોરોના મોટા સોદા કચ્છીઓ કરે છે.

કચ્છની મોઢ જ્ઞાતિ સાથે સંકળાયેલી કૂળદેવી મોઢેશ્વરી માતાજીનું મંદિર પ્રખ્યાત મોઢેરા સૂર્યમંદિર પાસે છે તેમાં કચ્છનાં મોઢવણિકો, મોઢ બ્રાહ્મણો, જેઠી મલ્લ વગેરેના ઉદાર દાનની તકતીઓ જોવા મળે છે. મહેસાણામાં નોકરી અર્થે આવેલા કચ્છી કર્મચારીઓ-અધિકારીઓના અનૌપચારિક મિલનો થતાં રહે છે. કચ્છના ખેંગારજીભાઇ જાડેજા જિલ્લા વિકાસ અધિકારી હતા ત્યારે અને છેલ્લે પ્રભાકરભાઇ ધોળકિયા ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તરીકે મહેસાણા જિલ્લામાં હતાં ત્યારે આ જિલ્લાના કચ્છીઓએ સંગઠિત સ્વરૂપે પ્રવૃત્તિઓ કરવાનું શરૂ કર્યું હતું. કચ્છી અષાઢી નૂતનવર્ષ અને દિવાળી નૂતન વર્ષ પ્રસંગે કચ્છીઓના સ્નેહમિલનો યોજાય છે. ઉમિઆ માતાજીના મહોત્સવ પ્રસંગે તથા બહુચરાજીના મેળા પ્રસંગે કચ્છી પાટીદારોનો મોટો સમૂહ એકત્ર થાય છે. ત્યારે સગપણ- સમૂહ લગ્નો અને અનેક સામાજિક રિવાજો અને જ્ઞાતિ સંગઠન અંગેના દૂરગામી નિર્ણયો લેવાય છે. માતૃશ્રાદ્ધ માટે વિખ્યાત સિદ્ધપુરમાં સરસ્વતિ તીરે શ્રાદ્ધકર્મ કરાવનાર કર્મકાંડી બ્રાહ્મણોમાં કચ્છનાં એકાદ બે બ્રાહ્મણ કુટુંબો પેઢીઓથી સિદ્ધપુરમાં સ્થાયી થયાં છે અને તેમના નિશ્ચિત યજમાનોની સુશ્રુષા સાથે માતૃશ્રાદ્ધનો શાસ્ત્રોકત વિધિ કરાવે છે. વળી, સિદ્ધપુરમાં કચ્છના કેટલાંક મુસ્લિમ વ્હોરા કુટુંબો પણ વ્હોરાવાડમાં વર્ષોથી નાના મોટા વ્યવસાય સાથે સંકળાયેલા છે. આમ, મહેસાણા જિલ્લામાં અલગ અલગ પોકેટોમાં વ્યવસાયની ભિન્ન ભિન્ન તરાહમાં સ્થાયી થયેલાં કચ્છી કુટુંબોનું ભલે જિલ્લા વ્યાપી કોઇ એક મોટું સંગઠન ન હોય તેમ છતાં, મહેસાણાં જિલ્લામાં કચ્છી માડુઓ ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. માદરે વતનની હાકલ પડતાં મહેસાણાં જિલ્લાના કચ્છીઓ તેમનું યત્કિંચિત પ્રદાન કચ્છની વિકાસ પ્રવૃત્તિઓમાં તેમજ ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આપતા રહ્યા છે.

બનાસકાંઠા સાથે એક સદી જૂનો કચ્છનો ઘરોબો

બનાસકાંઠા જિલ્લો એ કચ્છની જેમ સરહદી જિલ્લો છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીએ જે ''એગ્રો-કલાઇમેટીક ઝોન'' રચ્યા છે, તેમાં પૂર્વ કચ્છનાં ભચાઉ અને રાપર જેવા જ સમાન એગ્રો-કલાઇમેટ, ભૂ-રચના અને જીઓ હાઇડ્રોલોજી ધરાવતા બનાસકાંઠા જિલ્લાના સાંતલપુર, રાધનપુર અને વાવ તાલુકાઓનો સમાવેશ કરાયો છે. કચ્છના વાગડ વિસ્તારને આ સરહદી બનાસકાંઠા જિલ્લા સાથે છેલ્લી એક સદી જેટલો જૂનો ઘરોબો છે. પાલનપુર અને રાધનપુરના નવાબી માહોલમાં કચ્છના રજવાડી રસોઇઆ, અંગરક્ષકો અને ગાન-તાન સાથે સંકળાયેલા કચ્છી પરિવારોના અવશેષો આ નવાબી શહેરોમાં છે ખરા, પણ જૂજ પ્રમાણમાં. કચ્છમાં ભુજથી ગાંધીધામ અને દિલ્હીની મીટરગેજ રેલ્વે જ્યારે પચાસના દાયકામાં શરૂ થઇ ત્યારથી પૂર્વ કચ્છનાં કેટલાંક કુટુંબો બનાસકાંઠા જિલ્લાના વારાહી, ભીલડી, ડીસા, રાધનપુર, થરાદ, દિયોદર, સાંતલપુર અને પાલનપુર તાલુકાઓમાં સ્થાયી થયાં છે. વાગડના જૈનો, કોળીઓ અને લોહાણાઓ બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં સ્થાયી થયાં છે. આડેસરથી સાંતલપુર સુધીનાં રણ વિસ્તારમાં કચ્છના રણમાં મીઠું પકવતાં અગરિયાઓ, વાગડના શ્રમજીવીઓ ખાસ કરીને કોળીઓ અને હરિજનો છે. તો ગાંધીધામ-ગોપાલપુરી-આદિપુરમાં, આઝાદી બાદ, સ્થાયી થયેલાં સિન્ધી કુટુંબો જેઓ કચ્છના વતની થઇ ગયાં છે તેવા સિન્ધી પરિવારોની તો બહુ મોટી વસ્તી રાધનપુર, ડીસા અને પાલનપુરમાં છે. દાંતીવાડા બંધના નિર્માણ કાર્યમાં કચ્છના કોન્ટ્રેકટરો મોખરે હતાં. દાંતીવાડાના ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં કૃષિ શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલા આઠેક પરિવારો નોકરી અર્થે વસવાટ કરે છે. આ 'કેમ્પસ'માં કૃષિ સંવર્ગના કચ્છી પ્રોફેસરો અને કર્મચારીઓ પણ છે. મીટરગેજ રેલ્વેના બાંધકામના સમયથી એટલે કે, ૧૯૪૯થી ૧૯૫૫ સુધીના ગાળાથી કચ્છી પાટીદારોનો લાટીનો વ્યવસાય ડીસા, રાધનપુર અને પાલનપુરમાં ધીકતો ચાલે છે. પાલનપુરના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા શ્રમજીવી -કારીગરોમાં પણ કેટલાંક કચ્છીઓ છે. આ બાજુ આદિવાસી વિસ્તાર અખીરગઢ અને દાંતામાં મારબલની ખાણો અને અંબાજી મલ્ટીમેટલ પ્રોજેકટ સાથે ખાણ ખનિજના ટ્રાન્સપોર્ટર તરીકે કચ્છના જૈનો છે, અને લોડીંગ કોન્ટ્રાકટરો કચ્છના પટેલો છે. આ જિલ્લામાં જૈનોનું પ્રખ્યાત તીર્થધામ 'શંખેશ્વર' આવેલું હોવાથી, અહીં જૈનોના ટ્રસ્ટ દ્વારા ધર્મશાળા અને ભોજનાલય ચાલે છે તેમાં કચ્છીઓનાં દાન પણ છે. વળી, અંબાજી સુવિખ્યાત તીર્થધામના કારણે અહીં કચ્છીઓ વેપલો કરી લે છે. બનાસકાંઠામાં પણ કચ્છીઓનું પદ્ધતિસરનું સંગઠન ભલે મોજૂદ નથી; પરંતુ, બનાસકાંઠાના મુખ્ય મથકોએ વસતા કચ્છીઓ પરસ્પરથી અતિ પરિચિત છે અને 'કચ્છી' તરીકે પ્રસંગોપાત મળતા રહે છે. એવું પણ જાણવા મળ્યું કે, થરાદ, કાંકરેજ,

બનાસકાંઠા જિલ્લામાં વાગડથી સ્થળાંતર કરનાર કચ્છી વેપારીઓનું પ્રમાણ વધુ છે જ્યારે મહેસાણામાં કચ્છી કોન્ટ્રેકટરોનુંયે નામ છે એટલું જ નહિ તેલ-ગેસ ડ્રીલિંગ ક્ષેત્રેય કચ્છી મિકેનિક હવે જોવા મળે છે

ધાનેરા અને વાવમાં નાના કરિયાણાના વ્યાપારીઓ કચ્છી છે. આમ, આડેસરથી પૂર્વ કચ્છની પટ્ટીની સરહદે બનાસકાંઠા જિલ્લામાં મહદઅંશે વાગડ વિસ્તારમાંથી સ્થળાંતર કરી ગયેલા કચ્છીઓ વિશેષ પ્રમાણમાં છે. ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓની જેમ બનાસકાંઠામાં કચ્છીઓની કુલ વસ્તીનો અંદાજ જાણવા મળ્યો નથી, આમ છતાં, માહિતગાર વર્તુળો કુલ આંક આઠ હજારથી દશ હજારની વચ્ચે મૂકે છે. વિવિધ વ્યવસાયમાં રોકાયેલા કચ્છીઓ બનાસકાંઠામાં રહી માદરે વતનને યાદ કરતા રહ્યા છે.

આમ, ઉત્તર ગુજરાત અને કચ્છના સંબંધોની દાસ્તાન પુરાણી છે. ઉત્તર ગુજરાતનાં આ પાંચ જિલ્લાઓમાં વસતા કચ્છીઓએ તેમની અસ્મિતા જાળવી રાખી છે અને સાથે સાથે માદરે વતન કચ્છ સાથેનો નાતો અતૂટ રાખ્યો છે. એજ તો છે આપણા કચ્છીઓની વિશિષ્ટતા. ધીણોધરથી ધરોઇ અને મથલથી મેશ્વો, આડેસરથી અંબાજી અને અમદાવાદ અને ગાંધીનગરના પાટનગરમાં વસતા કચ્છીઓએ તેમની કચ્છી તરીકેની અસલીયત જાળવી રાખી,

જિત હિકડ઼ો કચ્છી વસે, ઉત ડિયાંણી કચ્છ...

જેમ ઉત્તર ગુજરાતને પણ કચ્છમય બનાવી દીધું છે. સલામ છે કચ્છી માડુની સાહસિકતાને... □

■ 'જ્યોતિષ' પ્લોટ નાં. ૨૨૧, જૈન દેરાસર પાસે, સેકટર ૨૨, ગાંધીનગર ૩૮૨૦૨૨

સૌરાષ્ટ્રમાં એકલાખ કચ્છી માડુ-અર્ધી સૈકાનો ઉજ્જવળ ભાતીગળ ઇતિહાસ

કચ્છડો ખેલે ખલકમેં

□ નારાણદાસ ઠક્કર

કચ્છ એ કુદરતનો અળખામણો પ્રદેશ ગણાય છે. કુદરતી અવરોધો પર વિજય મેળવીને જીવન જીવવાની કળા 'કચ્છી માડુ'ના લોહીમાં વહેતી થઇ. ઘર-આંગણે, સમૃદ્ધિ પેદા કરવાના સંજોગો નહોતા તેથી કચ્છના લોકોએ બહાર નીકળીને નજીકના અથવા દૂરના પ્રદેશમાં જ્યાં જ્યાં તક મળી ત્યાં ત્યાં પુરૂષાર્થ કર્યો.

-અને કુદરતે અળખામણા ગણેલા કચ્છે આ રીતે સાહસવીરોનો આખોય પરિવાર પેદા કર્યો. અગાઉના સમયમાં માત્ર સાહસિકો જ બહાર પડતા પરંતુ જ્યારે આર્થિક ભીંસ આવી ત્યારે, ઉજળીયાત ગણાતા વર્ગના ઘણા મોટા ભાગના આજીવિકા મેળવવા માટે કચ્છ બહાર નીકળ્યા સિવાય છૂટકો નહોતો.

એક જમાનામાં કચ્છના અર્થકારણને 'મની ઓર્ડર ઇકોનોમી' જેવું નામ આપવામાં આવ્યું હતું. કચ્છમાં વસતા માનવીઓ દેશાવર ધંધાર્થે ગયેલા પોતાના કુટુંબીજનો તરફથી મળતાં નાણા પર આધાર રાખતા હતા.

આઝાદી પછી સૌરાષ્ટ્રમાં વસવાટ વધ્યો

સૌરાષ્ટ્ર સાથેનો કચ્છનો વ્યવહાર ૧૯૪૭ સુધી તો ઘણો મર્યાદિત રહ્યો હતો. છૂટાછવાયા લોકો સૌરાષ્ટ્રમાં વસ્યા હતા. પણ, ભારતના ભાગલા થયા, ભારત સ્વતંત્ર બન્યું ત્યાર પછી, સૌરાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં કચ્છી લોકોનો વસવાટ શરૂ થયો.

આ પ્રક્રિયા લગભગ બે દાયકા જેવી ચાલી અને ત્યાર પછી ૧૯૭૦માં કચ્છના નાના રણમાં સૂરજબારી પાસે બંધાયેલા 'બ્રીજ'નું ઉદઘાટન થયું એ ઘટના સૌરાષ્ટ્ર અને કચ્છને નિકટ લાવવામાં એક મહત્ત્વના સીમા-ચિન્હ રૂપ બની ગઇ.

નાના રણમાં સુરજબારી નજીક ૧૯૭૦માં ખુલ્લો મૂકાયેલો પૂલ કચ્છ-સૌરાષ્ટ્ર સંબંધ ગાઢ બનાવવામાં નિમિત્ત બન્યો છે

આ પૂલના ઉદઘાટનની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છ વચ્ચેના સંબંધોએ એક નવું પરિમાણ ધારણ કર્યું. વ્યાપારી, આર્થિક, સામાજિક સંબંધોનો એક નવો સેતુ અસ્તિત્વમાં આવ્યો.

સૌરાષ્ટ્ર અને કચ્છ આ રીતે વધુ નિકટ આવ્યા. જેની ફલશ્રુતીએ સૌરાષ્ટ્રમાં કચ્છીઓના વસવાટને વધુ વેગ મળ્યો.

એક જમાનામાં દરિયાઇ સફર કંટાળાજનક હતી. રેલ્વે અને લોંચ દ્વારા અવરજવર થતી ત્યારે બબ્બે દિવસ નીકળી જતા હતા. આજે તો ગણતરીના કલાકોમાં સૌરાષ્ટ્રના કોઇપણ સ્થળેથી કચ્છના કોઇપણ સ્થળે આસાનીથી પહોંચી શકાય છે.

આની સાથોસાથ આ બન્ને પ્રદેશો વચ્ચેનો સંદેશા વ્યવહાર પણ ઝડપી બન્યો છે. આવા પરિવર્તનને કારણે સૌરાષ્ટ્રમાં કચ્છીઓના વસવાટને વેગ મળ્યો છે.

આઝાદી પહેલાં અને આઝાદી પછીના થોડાક વર્ષોમાં સૌરાષ્ટ્રમાં આવીને વસેલા લોકોની સંખ્યા ઓછી હતી. કચ્છમાં ઉચ્ચ શિક્ષણની કોઇ સગવડો ઉપલબ્ધ નહોતી, એથી ઘણા વિદ્યાર્થીઓ જુનાગઢ, રાજકોટ અને ભાવનગરની કોલેજોમાં શિક્ષણ લેવા સૌરાષ્ટ્ર આવતા હતા.

જ્યારે છૂટક છૂટક પ્રમાણમાં લોકો ધંધા-વ્યવસાય અર્થે રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, વેરાવળ, ભાવનગર જેવા સ્થળોએ જઇને વસ્યા હતા.

એક અંદાજ પ્રમાણે આજની તારીખે સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં વસવાટ કરતા વિવિધ સામાજીક, આર્થિક ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન કરતા લોકોની સંખ્યા લગભગ એકાદ લાખ ઉપરની છે.

વાઘેર-મેમણો કચ્છી બોલે છે

જો કે, સૌરાષ્ટ્રમાં 'કચ્છી બોલી'નું ચલણ પણ ઘણું છે અને જેઓ મૂળ કચ્છના ન હોય, કચ્છમાંથી આવ્યા ન હોય, એવા અસંખ્ય લોકો 'કચ્છી બોલી' બોલે છે. આવા લોકોમાં દ્વારકા, ઓખા, મીઠાપુર બાજુ રહેતા વાઘેર, ધોરાજી-ઉપલેટા, કુતિયાણા બાજુ રહેતા મેમણ જામનગર, કાલાવડ, સિક્કા, સલાયા બાજુ રહેતા મુસ્લિમો, વાંકાનેર, મોરબી બાજુ રહેતા મુમના વગેરેમાં 'કચ્છી બોલી'નો પ્રભાવ જોઇ શકાય છે.

આવી રીતે, 'કચ્છી બોલી'ના પ્રભાવ હેઠળ રહેલા લોકોની સંખ્યા સૌરાષ્ટ્રમાં પાંચેક લાખ જેવી હોવાનો અંદાજ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં કચ્છીઓની મોટા પ્રમાણમાં વસતી રાજકોટ અને જામનગર જેવા મોટા શહેરમાં છે. સૌરાષ્ટ્રમાં રહેતા કચ્છીઓનો લગભગ ૬૦ ટકા જેટલો હિસ્સો આ બે શહેરોમાં છે.

આ ઉપરાંત ભાવનગર, જુનાગઢ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, ઓખા, વાંકાનેર, મોરબી, સુરેન્દ્રનગર એમ વિવિધ સ્થળોએ ઠેરઠેર કચ્છીઓ પથરાયેલા છે. આ બધા સ્થળોની મળીને કુલ કચ્છી વસતી લગભગ ૪૦ હજારની આસપાસ થવા જાય છે.

આ ઉપરાંત નાના-નાના કસબાઓમાં પણ છુટાછવાયા પ્રમાણમાં કચ્છીઓ સ્થાયી થયા છે.

રાજકોટમાં ૨૫ થી ૩૦ હજાર કચ્છી

સૌરાષ્ટ્રના મધ્યવર્તી શહેર ગણાતા રાજકોટમાં કચ્છીઓની ઘણી મોટી વસતી છે. લગભગ ૨૫ થી ૩૦ હજાર જેટલી આ વસતી હોવાનો અંદાજ છે. કોઇપણ જ્ઞાતિએ આજ દિન સુધી પદ્ધતિસરની વસતી ગણતરી કરી નથી.

પણ, કચ્છી લોહાણા સમાજની વસતી મોટી છે. આ ઉપરાંત નાગર પરિવાર, ભાનુશાલી, જૈન વગેરે છે. કચ્છી અંનુસૂચિત જાતિની વસતી પણ નોંધપાત્ર છે. રાજકોટમાં જુના લાખાજીનગર સ્ટેશન વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં અનુસૂચિત જાતિના, પછાત વર્ગના લોકો સ્થાયી થયા છે.

રાજકોટમાં વસતા કચ્છીઓમાં શિક્ષિત વર્ગ, વ્યાપારી વર્ગ, પછાત વર્ગ છે. શિક્ષિત વર્ગના લોકો સરકારી કચેરીઓ, બેન્કો, વીમા કંપનીઓ તેમજ ખાનગી કંપનીઓના કામ કરે છે, જ્યારે વ્યાપારી વર્ગમાં મહદઅંશે ટ્રાન્સપોર્ટ વ્યવસાય તેમજ અન્ય વ્યવસાયનો સમાવેશ થાય છે.

ભારત આઝાદ થયું તે પહેલાં રાજકોટમાં કચ્છીઓની વસતી આંગળીઓના વેઢે ગણી શકાય તેવી હતી. જ્યારે આજે ૩૦ હજાર સુધી પહોંચી છે.

રાજકોટ રહેતા કચ્છીઓનું કોઇ એક વ્યવસ્થિત સંગઠન નથી, પણ જ્ઞાતિવાર સંગઠનો છે ખરા. કચ્છી લોહાણા જ્ઞાતિ ચૈત્ર સુદ બીજનો તહેવાર ધામધૂમથી ઉજવે છે. આવી જ રીતે કચ્છી નાગર પરિવાર નવરાત્રિ મહોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવે છે.

એક નોંધપાત્ર હકીકત એ છે કે ઘણા વર્ષોથી રાજકોટ કે સૌરાષ્ટ્રના અન્ય કેન્દ્રોમાં સ્થાયી થયેલા લોકોની 'કચ્છી બોલી' મૂળ કચ્છી બોલી જેવી રહી નથી. બાકી સૌરાષ્ટ્રની તળપદી બોલીની છાંટ એમાં જોઇ શકાય છે.

વળી, કચ્છીઓની બીજી કે ત્રીજી પેઢી 'કચ્છી બોલી જાણતી નથી. અલબત્ત સમજી શકે છે.

વિવિધ સંસ્થાઓમાં સ્થાન

રાજકોટમાં રહેતા કચ્છીઓ સ્થાનિક લોકો સાથે ખૂબ ઓતપ્રોત બની ગયા છે, એટલું જ નહિ પણ સ્થાનિક જ્ઞાતિ સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

છેલ્લા ૪૭ વર્ષથી રાજકોટમાં સ્થાયી થયેલા મૂળ ભુજના શ્રી નારણદાસ ઠક્કર (આ લેખ લખનાર) ગુજરાત-સૌરાષ્ટ્રના અગ્રણી સિનિયર પત્રકાર છે. રાજકોટના 'જય હિન્દ' દૈનિકના સહ-તંત્રી છે. એ ઉપરાંત રાષ્ટ્રીયકક્ષાના દૈનિકો, સામયિકો સાથે સંકળાયેલા છે. તેઓ છેલ્લા ૨૮ વર્ષથી રોટરી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અને

રોટરી ઇન્ટરનેશનલ, ડિસ્ટ્રીકટ ૩૦૬૦ના ગવર્નરપદે રહીને આંતરરાષ્ટ્રીયકક્ષાએ પ્રદાન આપી ચૂકયા છે. તેમના પત્ની શ્રીમતી સરલાબહેન ઠક્કર પણ અગ્રણી સામાજિક કાર્યકર છે. તેઓશ્રી ઇનરવ્હીલ પ્રવૃત્તિ સાથે છેલ્લા ૨૮ વર્ષથી સંકળાયેલ છે, ઇનરવ્હીલ ઇન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૦૬ના ચેરમેનપદે રહીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદાન આપ્યું છે.

શ્રીમતી સરલાબહેન જાણીતા સિનિયર સંગીત કલાકાર છે. શાસ્ત્રીય, સુગમ, લોક સંગીતના અચ્છા જાણકાર છે. છેલ્લા ચાર દાયકાથી આકાશવાણી, દુરદર્શન પરથી તેઓ સંગીતના કાર્યક્રમો આપી રહ્યા છે.

રાજકોટના અન્ય કચ્છી કાર્યકરોમાં શ્રી નવીનભાઇ ઠક્કર, શ્રી હર્ષદભાઇ અંજારીયા, શ્રી ઉમરશીભાઇ શાહ, શ્રી જે. વી. શેઠીયા, શ્રી મહેન્દ્રભાઇ ગણાત્રા, શ્રી હરિભાઇ અને શ્રી નારણભાઇ કોઠારી, શ્રી કાકુભાઇ અંજારીયા વગેરેનો સમાવેશ થાય છે.

જામનગરમાં ભાનુશાળીઓની વસ્તી ૨૦ હજાર જેટલી છે અને તેમના ટ્રસ્ટ દ્વારા સમાજોપયોગી પ્રવૃત્તિઓ પણ સારી રીતે થઇ રહી છે

કચ્છ 'ક' વર્ગનું રાજ્ય હતું તે અરસામાં કચ્છના અગ્રણીઓ સ્વ. શ્રી પ્રેમજીભાઇ ઠક્કર, સ્વ. શ્રી લવજીભાઇ ઠક્કર, સ્વ. શ્રી તુલસીદાસભાઇ શેઠ, સ્વ. શ્રી ભવાનજીભાઇ અરજણ ખીમજી વગેરેનો રાજકોટ સાથેનો જીવંત સંપર્ક હતો. રાજકોટમાં વસતા કચ્છીભાઇઓ સાથે શ્રી હંસરાજભાઇ ઠક્કરને ત્યાં મિલનો યોજતા હતા.

ત્યારપછી મુંબઇના દ્વિભાષી રાજ્ય સાથે કચ્છનું વિલીનીકરણ થયું અને કચ્છ રાજકોટ ડીવીઝન હેઠળ મૂકાયું ત્યારે પણ કચ્છના સિનિયર અધિકારીઓ શ્રી હરિભાઇ છાયા, શ્રી કાન્તિભાઇ ભટ્ટ, શ્રી સત્યેન્દ્ર શાહ, વગેરેનો રાજકોટના કચ્છીઓ સાથે જીવંત ઘરોબો રહ્યો હતો.

જામનગરમાં ભાનુશાળીઓની જમાવટ

ભારતને આઝાદી મળી તે પહેલ સામાન્ય રીતે કચ્છનો વ્યાપાર સૌરાષ્ટ્ર કરતાં સિંધ સાથે વિશેષ હતો પણ ભારત સ્વતંત્ર થયા બાદ પરિસ્થિતિમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું અને કચ્છના લોકો મુંબઇથી જ ભારતના અન્ય કેન્દ્રો ભણી પ્રયાણ કરવા લાગ્યા હતા.

આજ પ્રક્રિયા કચ્છના ભાનુશાળી જ્ઞાતિજનોને પણ લાગુ પડે છે. સમયના વહેણ સાથે કચ્છના વિવિધ ગામોના ભાનુશાળી જ્ઞાતિના લોકો વ્યવસાય અર્થે જામનગર આવીને વસવા લાગ્યા.

જામનગરમાં કચ્છના વિવિધ ૫૧ જેટલા ગામોના ભાનુશાળી જ્ઞાતિનાં ભાઇઓ-બહેનો વસવાટ કરે છે. જામનગરના દિગ્વિજય પ્લોટ અને તેની આસપાસનો વિસ્તાર તેમજ નવ-વિકસિત સરૂ સેકશન રોડ વિસ્તારમાં કચ્છી ભાનુશાળીઓનો બહોળો સમૂહ જોવા મળે છે.

જામનગર ખાતે ભાનુશાળી જ્ઞાતિની વસ્તી ૨૦ હજાર જેટલી છે, એવો અંદાજ જ્ઞાતિના મોવડીઓ આપે છે.

જ્ઞાતિજનોનો વિશાળ સમૂદાય હોવાથી જામનગરમાં વિવિધ સમાજ-ઉપોગી પ્રવૃતિઓ શ્રી કચ્છી ભાનુશાળી મહાજન સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ ચાલી રહી છે, જેમાં મુખ્ય બાલમંદિર, મહિલા ગૃહ ઉદ્યોગ, ગુંથણ-સિવણ વર્ગો, પાપડ ઉદ્યોગ વગેરેનો સમવેશ થાય છે.

શિક્ષણને ઉત્તેજન આપવાની બાબતને આ જ્ઞાતિના અગ્રેસરોએ અગ્રતાક્રમ આપ્યો છે. આઠમા ધોરણથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પંચવટીમાં વિદ્યાર્થી ભુવન ચાલે છે. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ માટે બધી સગવડો છે.

શિક્ષણને ઉત્તેજન અપાય છે

આવીજ રીતે પાંચ બંગલા રોડ પર કસ્તુરી ભવનમાં આઠમાં ધોરણથી કોલેજકક્ષા સુધીની કન્યાઓ માટે નિઃશુલ્ક આધુનિક સગવડો છે. ૧૫૦ જેટલી કન્યાઓ માટે અહીં સગવડ છે.

દિગ્વિજય પ્લોટ, ઉદ્યોગનગર રોડ પર વિશાળ જગ્યામાં જ્ઞાતિની વાડી છે, જેમાં અતિથિગૃહ, લગ્ન માટેના હોલ, રહેવા માટેની સગવડ, વાડીના પટાંગણમાં જ્ઞાતિની કુળદેવી હિંગલાજ માતાજીનું વિશાળ મંદિર છે. બાજુમાં શીતલા માતાજીનું મંદિર છે, બીજી બાજુ ગુરૂ શ્રી ઓધવરામ મહારાજનું વિશાળ મંદિર છે, જયાં દરરોજ ભજન, સંકીર્તન, કથા વાચન ચાલે છે. જ્ઞાતિના વિધવા બહેનો, વૃદ્ધો, અશકતો, અપંગો વગેરે માટે જરૂરી સહાય આપવામાં આવે છે.

ભાનુશાળી જ્ઞાતિનું એક વિશિષ્ટ કહી શકાય એવું પાસું એ છે કે જ્ઞાતિમાં ખૂબજ સારી, પ્રશંસનીય કહી શકાય એવી સંગઠનની ભાવના છે. દરેક જ્ઞાતિજનોનો અભિગમ હકારાત્મક છે, ખુબજ સંપ, સુમેળ, સહકારથી સૌ રહે છે. આપ્તજન તરીકેની ભૂમિકા ભજવે છે.

જ્ઞાતિના સામાજીક કાર્યો માટે ૨૧ સભ્યોની કાર્યવાહક સમિતિ કામ કરે છે. અત્યારે પ્રમુખ તરીકે શ્રી કલ્યાણજીભાઇ કાલીદાસ ગોરી તેરાવાલા છે. મંત્રીઓ તરીકે શ્રી રામજી કરશનદાસ ભદ્રા બાંડીઆવાળા, શ્રી વેલજી ધીરાઉ ગોરી મોડકૂબાવાળા અને શ્રી રામજી જેવત કટારમલ નલિયાવાળા કામગીરી બજાવે છે.

સમયના વહેણને અનુરૂપ બદલાતા યુગમાં ભાનુશાળી જ્ઞાતિ પોતાનું ગૌરવશીલ પ્રદાન કરી રહી છે.

ભાનુશાળી સમાજના ભાઇઓ સૌરાષ્ટ્રમાં અન્યત્ર રાજકોટ અને અન્ય કેન્દ્રોમાં રહે છે.

વેપાર-બાંધકામમાં પણ નામના : મેયર પણ કચ્છી

આ જ્ઞાતિના ભાઇઓ વ્યાપાર-ઉદ્યોગ, બાંધકામ, ક્ષેત્રે પ્રવૃત્ત છે અને સારી નામના મેળવી છે. ઘણાં કુટુંબો સુખી છે અને જ્ઞાતિ માટે કાંઇક કરી છૂટવાની ધગશ અને ભાવના ધરાવે છે.

જામનગરની વાત કરીએ ત્યારે કચ્છી લોહાણાની વસ્તી પણ ગણનાપાત્ર છે, એક અંદાજ પ્રમાણે આ વસ્તી લગભગ બેથી ત્રણ હજાર છે. દેશ-વિદેશમાં કચ્છનું સૌરાષ્ટ્રનું નામ રોશન કરનાર અંજારીયા પરિવાર જામનગરમાં છે. વોકર અંજારીયા એન્ડ સન્સ પ્રા. લી.ના નામથી ઉનના અગ્રણી નિકાસકાર તરીકે અંજારીયા પરિવારે નામના મેળવી હતી.

કચ્છી લોહાણા અગ્રણી સ્વ. શ્રી જયંતિભાઇ કેશવજી અંજારીયા અખિલ ભારતીય કક્ષાની ગુજરાત- કચ્છની અનેક સંસ્થાની સાથે સંકળાયેલા હતા. નવાનગર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ, નવાનગર બેન્કના ચેરમેન, જામનગર રોટરી કલબના પ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની કારોબારીના સભ્ય, આયાત-નિકાસ કાઉન્સિલરના સભ્ય વગેરે સેવાઓ તેમણે આપી હતી.

આવા જ બીજા અગ્રણી છે શ્રી હંશરાજભાઇ ઠક્કર તેઓ જામનગરના મેયરપદે નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ, પ્રમુખપદે રહી ચૂકયા છે. બાળ અદાલતના સભ્ય છે. અન્ય સામાજીક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે.

શ્રી અંજારીયા અને શ્રી ઠક્કર આઝાદી પહેલા કરાચીમાં હતા. ભાગલા પછી તેઓ પહેલાં રાજકોટ આવ્યા અને ત્યારપછી જામનગરમાં સ્થાયી થયા.

જામનગરના જાહેર જીવનમાં શ્રી જયંતિભાઇ અંજારીયા અને શ્રી હંશરાજભાઇ ઠક્કરનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. બન્ને અગ્રણીઓએ વ્યાપારી, શૈક્ષણિક સામાજીક ક્ષેત્રે સારૂં યોગદાન આપ્યું છે.

આ ઉપરાંત મૂળ કચ્છના એડવોકેટ શ્રી ચાકી તેમજ અન્ય કાર્યકરો જાહેર જીવનમાં સક્રિય છે.

મુસ્લિમોની વસ્તીય સારી છે

જામનગર અને આસપાસના વિસ્તારોમાં કચ્છી મુસ્લિમોની વસ્તી પણ સારી છે, કચ્છી બોલીનું ચલણ પણ નોંધપાત્ર છે.

વેરાવળમાં મૂળ કચ્છના એવા શ્રી તલકશીભાઇ ભેદા અગ્રણી ઉદ્યોગપતિ છે. ઓઇલ મીલ ક્ષેત્રે નામના મેળવી છે. તેઓ વેરાવળ મર્કન્ટાઇલ કો.ઓપરેટીવ બેન્કના મેનેજીંગ ડીરેકટર છે.

ભાવનગરમાં કચ્છી સમાજનું સારૂં સંગઠન છે અને અવારનવાર કાર્યક્રમો યોજાતા રહે છે.

રાજકોટ-વેરાવળ, વાંકાનેર-માળીયા અને ગાંધીધામ-ભુજની મીટરગેજ રેલવે લાઇનોનું બ્રોડગેજમાં રૂપાંતર થયા પછી આગામી વર્ષોમાં કચ્છ અને સૌરાષ્ટ્ર વધુ નિકટ આવશે અને સૌરાષ્ટ્રમાં કચ્છીઓનો વસવાટ વધશે એવી ધારણા છે. □

■ પંકજ વિલા, ૭ નાગનાથ પ્લોટ, રાજકોટ. ૩૬૦૦૦૧

ચારૂતરમાં વાગડનો વટ

કચ્છડો ખેલે ખલકમેં

□ લાભુભાઇ જોષી



આણંદ વિસ્તારમાં વાગડનાં મોચીઓની જમાવટ વિશિષ્ટ ધ્યાન ખેંચે છે, દૈનિક સાત હજાર જૂતાનું ઉત્પાદન છે અને અમદાવાદ સુધીનું બજાર સર કર્યું છે

કુદરતનો ક્રમ છેઃ એક બારૂં બંધ કરે તો હજાર બારાં ખોલી આપે. કચ્છના કરમે કુદરતે કઠણાઇ ભલે કંડારી હતી પણ સાથે સાથે એમાંથી બહાર નીકળવાની સૂઝ-બૂઝ પણ આપી. એટલે જ તો દુકાળીયા ગણાતા કચ્છ જિલ્લાના માનવીઓને એના જ વતનને છોડીને જવું પડે એ સ્થિતિ અકસ્માત નહિ પણ કુદરતના સંકેતના પાલન સમાન હતી. મોતી મેળવવા માટે મરજીવા થવું પડે, સમુદ્રમાં ગોથાં ખાવા પડે. કચ્છના લોકોએ કુદરતના આ સંકેતને પકડીને સઢ વિહોણી પોતાની નાવને સંસાર સાગરમાં તરતી મૂકી દીધી. એ નાવ જ્યાં જઇને થંભી ત્યાં કચ્છના લોકોએ 'અઠેહી દ્વારકા' કર્યા. શૂન્યમાંથી સર્જન કરવા પુરૂષાર્થ આદર્યો અને પુરૂષાર્થ જ પ્રારબ્ધ બનાવે છે એમાં પાકો વિશ્વાસ રાખનારા કચ્છીઓએ એ કહેતીને ચરિતાર્થ કરી બતાવી.

એક સદી પહેલાં લોહાણા પરિવારે પગ મૂકયો

'વણઝાર' કેવળ પશુઓની જ હોય એવું નથી કયારેક માણસોની પણ વણઝાર ચાલે છે ! જીવન ટકાવવા માટે આજીવિકાની શોધ માટે કચ્છીઓનો એ પુરૂષાર્થ કયારે પણ અફળ ગયો નથી એમ વિચારીને વતનને છેલ્લા સલામ કરીને નિકળેલા કચ્છ વાગડના કેટલાક લોહાણા ભાઇઓએ આજથી લગભગ એક સદી પહેલાં ખેડા જિલ્લાના ચારૂતર પ્રદેશમાં પગ મૂકયો.

અહીં પહેલાં આવનારા કચ્છીઓમાં સામખીયાળીના કોઇ કુંવરજી ઠક્કર, ચોબારીના કોઇ પ્રાગજી લોહાણા, રાપરના કોઇ તુલસીદાસ કે ભચાઉ ગામના ટોકરશી એકલા નહોતા. વણઝારે આગળ વધવાનું હતું. તેમાં એક મુકામ થયું આ ચારૂતર પ્રદેશમાં સમૂહમાં આવી વસેલા આ ઠક્કરોએ દૂલા દેવ દરિયાલાલને સ્મરીને અહીંના એમના મેલાણ પાકા કર્યાં. આજે તો એ એકલદોકલ થઇને સાથે આવેલાઓની કોઇની બીજી પેઢી ચાલે છે કે કોઇની ત્રીજી પેઢી ચાલે છે: પૂર્વજોની કઠણાઇ, એમની પેઢી માટે આજે પૂણ્ય બની છે.

જરૂર પડી ત્યારે મજૂરી કરી, નશીબે યારી આપી ત્યારે નાનકડી હાટડીથી શરૂઆત કરનારા આ ઠક્કરોની આજે તો નડિયાદની સરદાર ગંજ બજારમાં અનાજના જથ્થાબંધ વેપાર કરતી મોટી પેઢીઓ બની ગઇ છે. પછી એ પેઢી સામખીયાળીના હિરજીભાઇ ઠક્કરની હોય, રાપરના રતિલાલ ભવાનજી ઠક્કરની હોય કે કટારીઆના બંસીલાલ ઠક્કરની- ખેડા જિલ્લામાં કચ્છી પેઢીઓની આજે શાંખ છે.

માત્ર અનાજના વેપાર પૂરતું જ આ ઠક્કરોનું ક્ષેત્ર મર્યાદિત નથી રહ્યું, જામનગરના ભણશાલીઓની જેમ બારદાનના ધંધામાં પણ મોરારજી હોય કે દયારામ- પણ એ ઠક્કરના નામ અને કામ બેયની નોંધ લેવાવા લાગી. પ્રિન્ટીંગ સ્ટેશનરીનું ક્ષેત્ર હોય, એસ. ટી. ડી.ની સેવા હોય, વકીલાતનું વ્યવસાયિક ક્ષેત્ર હોય, આરોગ્ય ક્ષેત્રે ડૉકટરી વ્યવસાય હોય, કચ્છીઓએ 'વાગડીઆ' તરીકેની પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. ડૉકટરી લાઇનમાં ડૉ. દિપેન ઠક્કર, ડૉ. દક્ષાબેન ઠક્કર અને ડૉ. સુનિલ ઠક્કરની સેવા હંમેશા પ્રશંસનીય રહી છે.

પ્રજાપતિઓની બિલ્ડર સુધી બોલબાલા

આજથી અડધી સદી પહેલાં ભાઇ કાકા- ભીખાભાઇ સ્થાપિત વલ્લભ-વિદ્યાનગરના નિર્માણ કાર્યમાં ગઇધરો, કડિયાઓ અને મજૂરોની જરૂર પડી ત્યારે મૂળ તો મજૂરી કરવા માટે અહીં આવેલા વાગડના પ્રજાપતિઓ પૈકી ઘણા હવે જાણીતા બિલ્ડર્સ બની ચૂકયા છે. ગોપાલભાઇ પ્રજાપતિ, અર્જુનભાઇ પ્રજાપતિ, રણછોડભાઇ પ્રજાપતિ અને બીજા પણ કેટલાક પ્રજાપતિ કોન્ટ્રાકટરોને આજે કામ શોધવા જવું પડતું નથી. કામ એમને શોધતું આવે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આણંદ અને આજુબાજુમાં વસવાટ કરતા ૧૦ હજાર જેટલા કચ્છી પ્રજાપતિઓનું યોગદાન છે. માત્ર બિલ્ડર્સ કે કોન્ટ્રાકટર તરીકે નહિ, ઈંટના ભઠ્ઠાઓ, રસ્તાના બાંધકામો તથા હાર્ડવેરના ધંધામાં પણ કચ્છી પ્રજાપતિઓનું નામ રહ્યું છે. મોટાભાગના પ્રજાપતિઓ સમુહરૂપે એક જ વિસ્તારમાં વસવાટ કરે છે અને એ સ્થળે 'કચ્છ પ્રજાપતિ નગર' નામનું એક પરૂં ઊભું કરી દીધું છે. આણંદ નગરપાલિકામાં અર્જુનભાઇ, પ્રેમજીભાઇ અને દામજીભાઇ પ્રજાપતિના પ્રતિનિધિત્વના કારણે આ વિસ્તારને બાલમંદિરથી માંડીને હાઇસ્કૂલ સુધીની શૈક્ષણિક સવલત પ્રાપ્ય થઇ શકી છે. સમાજના ઉત્કર્ષ અર્થે જાગૃતિ લાવવાના ઉદેશ સાથે યુવક મંડળ તથા મહિલા મંડળ કાર્યરત છે. ધાર્મિક ભાવના જળવાઇ રહે અને સંસ્કારોનું સિંચન થતું રહે તે માટે પરામાં એક રામ-મંદિર પણ બંધાયેલું છે તથા પ્રસંગોપાત સાધુ-સંતોને નિમંત્રી તેમના પ્રવચનો રખાય છે.

પ્રજાપતિઓના પગલે પગલે અંજારના કેટલાક આહીરો પણ બાંધકામની મજૂરી કામે આવ્યા. આજે તો હવે એમાંના ઘણા ભાઇઓ મોટા મોટા બિલ્ડીંગ કોન્ટ્રાકટરો થઇ ગયા છે. મકાન નિર્માણના કાર્યમાં એમનો ફાળો અવગણી શકાય એમ નથી. વિકાસની પ્રક્રિયાના એય ભાગીદાર છે. ખ્યાતનામ એવી કંપની એલિકોન, ચારૂતર વિદ્યા મંડળ, આણંદની ચરોતર નાગરિક બેંક, ખંભાતની અદ્યતન આલિશાન ઈમારતનોનું નિર્માણ કરવામાં આહીર કોન્ટ્રાકટરો હતા. લખુભાઇ આહીર, ભુરાભાઇ આહીર, રાજાભાઇ આહીર અને ધનાભાઇ આહીરના નામો બાંધકામના ઉદ્યોગમાં વિશ્વસનીય છે. રાજાભાઇના તો બન્ને પુત્રો પણ કુશળ ઇન્જીનીયરો છે. તો ભુરાભાઇ આહીરના પુત્ર વિશ્રામભાઇ ૨૦ વર્ષની વયે ક્રેડિટ સોસાયટીના ડિરેકટરના પદ સુધી પહોંચ્યા છે.

શો-મિલોની સાથે પાટીદારોનું આગમન

સમગ્ર ભારતમાં ૫૦૦૦ સુધીની વસતીવાળું એવું કોઇ ગામડું કે વિસ્તાર નહિ હોય કે જ્યાં કચ્છના કડવા પાટીદારોના બેન્સા (શો-મિલો) ન હોય. આજથી ૪૫ વર્ષ પહેલાં મોટા કાદીઆના પટેલ શવદાસ પ્રેમજી ખંભાતમાં આવીને લાકડા ઉદ્યોગની પ્રવૃત્તિથી શરૂઆત કરી હવે તો આણંદમાં સ્થાપિત એમની ફર્મ ગોવિંદભાઇ બ્રધર્સના નામે કેવળ કાર્યરત નહિ, નામના વાળી રહી છે. ત્યાર પછી તો લક્ષ્મી શો-મિલ રૂપજીભાઇ જેઠાભાઇ પટેલ, નેત્રાના ગુજરાત શો-મિલવાળા હંસરાજ વેલજી અને એવી બીજી અનેક શો-મિલો, જેવી કે, ગીતા, અંબિકા, શિવશકિત, ગોપાલ, રામવિજય નામે ચાલતી શો-મિલ દ્વારા આ વિસ્તારનો લગભગ ૯૦ ટકા જેટલો લાકડા ઉદ્યોગ કચ્છના કડવા પાટીદારોના હસ્તે છે. શો-મિલના ધંધામાં જિલ્લાની લગભગ ૬૦૦ જેટલી સંખ્યામાં નખત્રાણા અને લખપત તાલુકાના કડવા પાટીદારો મુખ્ય છે. આ ધંધામાં એમની શાખ રહી છે. જિલ્લામાં કડવા પાટીદાર સમાજના દશ હજાર જેટલા લોકોની વસતીથી ભાતીગળ બનેલા આ વિસ્તારમાં વિશિષ્ટ માહોલ સર્જાયો છે. સમાજના ઉત્કર્ષ માટે મહિલા મંડળ તથા યુવક મંડળ જેવી સંસ્થાઓએ કેળવણી ક્ષેત્રે કન્યાઓને આગળ લાવવા માટેના ઉદેશને કેટલેકઅંશે પાર પણ પાડયું છે. વળી અખિલ ભારતીય ધોરણે આ જિલ્લાની પાટીદાર સમાજના ટેકાથી વિદ્યાનગરમાં કડવા પાટીદાર હોસ્ટેલ પણ બની શકી છે. પ્રેમજીભાઇ જેઠા પટેલ, લખુભાઇ ખીમજી પટેલ, શિવજી માવજી વગેરે સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતઓનું યોગદાન પણ નોંધનીય રહ્યું છે. હાર્ડવેર, પ્લાયવુડ, વિલાયતી નળિયાના કારખાના ધરાવતા પાટીદારોએ કરેલી પ્રગતિ અને જિલ્લાના વિકાસમાં એમનું યોગદાન પણ ધ્યાન ખેંચે તેમ છે.

છેલ્લા ત્રણેક દાયકાથી કચ્છના લેઉવા પટેલો પણ અહીં વસવાટ કરતા થયા છે.

આણંદના ખરીદ વેચાણ સંઘના જનરલ મેનેજર તરીકે રહેલા આધોઇના ધરમશી પટેલ પોતાની કુનેહ અને શકિતને કામે લગાડી સંસ્થાને પ્રગતિના સોપાને દોરી ગયા છે.

કેળવણી ક્ષેત્ર વલ્લભવિદ્યાનગરના કારણે આણંદે આગવી અસ્મિતા ઊભી કરી છે. શાળા- મહાશાળાની સગવડતાના કારણે માત્ર ગુજરાતના નહિ, ગુજરાત બહારના પણ યુવક યુવતી અહીં અભ્યાસ કરવા માટે આવે છે. હંમેશા આધુનિકતા તરફ આકર્ષાતું આ યુવાધન-કચ્છ વાગડના મોચી કારીગરોના કામથી ભારે આકર્ષાતું રહ્યું છે. ફેશનેબલ ચંપલ, બૂટ, સેંડલ, મોજડી અને સપાટની માંગ વધતાં વાગડના મોચી કારીગરોના થોડાક કુટુંબ આજથી લગભગ ચાર દાયકા પહેલાં અહીં આવ્યા. રાપરના હરખા રાયમલ ગોહિલ, પરબત વાલા, હરખા માનસંગ, અજાભાઇ રાણા ભગત, નારાયણ દલાભાઇ પરમારના કુટુંબો અહીં આવ્યા. કચ્છી કારીગરીએ યુવક-યુવતીઓ પર કામણ કર્યું ને કચ્છી ભરતની આગવી ભાતવાળી આકર્ષક ચંપલ, સપાટ, મોજડી, બૂટની માંગ વધી ગઇ. દેશી કારીગરોના ટેરવે ટપકતા કસબે કેવળ યુવા માનસ પર જ કામણ કર્યું એવું નથી પણ આ ભરત ભરેલી ચંપલ ને મોજડીઓ તો પવન પાવડીએ ચડીને વિદેશની ધરતી માથે જઇ પહોંચી. ખેડા તો ખરૂં જ, ગુજરાતના જુદા જુદા વિસ્તાર સુધી એની માંગ વધવા લાગી-દેશી કારીગરોની બોલબાલા વધી- પછી તો રાપર તાલુકાના ગેડી, ગાગોદર, જાટાવાડા, બેલા, જેસડા વિગેરે ગામોમાંથી લગભગ ૪૦૦ જેટલી વ્યકિતઓ અહીં આવી પહોંચી. આમાંના અડધો અડધ મોચી કામમાં જોડાયા. આજે આ મોચી કામના ૫૦ જેટલા કમઠાણો માત્ર વિદ્યાનગરમાં ચાલે છે. રોજના પાંચથી સાત હજારના જથ્થામાં બૂટ-ચંપલો ને સેંડલોનું ઉત્પાદન થાય છે. આમાં ગોહિલો, પરમાર, ભાટિયા, દાફડા અને કોલી અટક ધરાવતા મોચીઓ જોડાયા છે. પ્રથમથી જ ધાર્મિક સંસ્કારો સાથે ઉછરેલા આ પરિવારોની ધર્મભાવના ટકી રહે તે માટે ગોવિંદ મારાજના નામથી જાણીતા ગોવિંદભાઇ કરસન મહારાજના પ્રયત્નથી થાણાવાળા તરીકે કચ્છ અને મુંબઇમાં જાણીતા એવા ઠક્કર નાનજીભાઇ ખીમજીએ અહીં એક રામદેવપીરનું મંદિર પણ બંધાવી આપ્યું છે. ગોવિંદ મહારાજના પિતાજી કરસન મહારાજ કોન્ટ્રાકટર તથા બિલ્ડીંગ પેઇન્ટીંગના કામમાં નિષ્ણાત ગણાતા હતા. સંખ્યાની દ્રષ્ટિએ કચ્છમાંથી અહીં આવી વસેલી અન્ય જ્ઞાતિઓ કરતાં આ મોચી જ્ઞાતિ ભલે ઓછી હોય પણ ચર્મ ઉદ્યોગના વિકાસમાં એ મહત્ત્વનું પરિબળ બન્યા છે. નગર પંચાયતમાં પણ એમનું પ્રતિનિધિત્વ છે. સામાજિક પ્રસંગો હોય કે ધાર્મિક કર્મકાંડની કાર્યવાહી કરવાની હોય, એમના ગોર તરીકે રૂપસિંહ મોતીલાલ મહારાજ પણ કુટુંબ સહિત અહીં વસવાટ કરે છે.

પ્રજાપતિ-આહિર બાંધકામમાં તો પાટીદારો શો-મિલ ક્ષેત્રે અને લુહાણા અનાજના વેપારમાં મોખરે છે અને જિલ્લાના વિકાસમાં પણ ભાગ ભજવે છે

જૈન, જાડેજા, હરિજન-મુસ્લિમ પણ ખરા

કચ્છમાંથી ઓશવાળ વાણિયાઓના ૧૫ જેટલા પરિવારો પણ અહીં આવી વસ્યા છે. રેડીમેડ કાપડના ધંધામાં 'તાસ્કંદ' સ્ટોર દ્વારા વેલજી અખાભાઇ તથા 'સંગમ' સ્ટોર દ્વારા પોપટભાઇ કરસન નંદુ આણંદમાં જાણીતા છે. આણંદ અને સાવલીમાં સાવરણીની ફેકટરીઓ ધરાવતા મયુર ગાલા તો હવે જર્મનીની તાલીમ લીધા પછી હવે નાસિક (મધ્યપ્રદેશ) ખાતે પ્લાસ્ટીક અને બ્રશ ઉદ્યોગોની વિદેશ નિકાસ માટે અદ્યતન પ્લાન્ટ નાખી રહ્યા છે.

છેલ્લા બે દાયકાથી ૨૦ જેટલા જાડેજા કુટુંબો પણ અહીં સ્થિર થયા છે. ખેતીવાડી ક્ષેત્રની સાથે નોકરીમાં પણ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર તરીકે મૂળ ભદ્રેશ્વરના અને મિલીટરીમાંથી નિવૃત્ત થયા પછી એલીકોન એન્જીનીયરીંગમાં છેલ્લા ૭ વર્ષથી સિકયોરીટી ઓફિસર તરીકે જોડાયેલા હાલુભા ટપુભા જાડેજા તથા અંજારના કલ્યાણસિંહ જાડેજા સી. આઇ. ડી.માં એક બાહોશ અધિકારી તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે.

કચ્છમાંથી થોડાક હરિજન ભાઇઓ તથા કેટલાક મુસ્લિમ ભાઇઓ પણ અહીં વિદ્યાનગરમાં આવી વસ્યા છે. હરિજનો મજૂરી તથા કોન્ટ્રાકટના કામોમાં જોડાયેલા છે. તેમાં ભીમજીભાઇ રાઠોડ તથા નામોરીભાઇ નીવડેલા કોન્ટ્રાકટરો છે.

ચારૂતરના આ રળિયામણા વિસ્તારનાં આણંદ, વિદ્યાનગર, નડિયાદ, કપડવંજ, મહેમદાવાદ, ખેડા, ખંભાત વીરસદ, તારાપૂર, ઉમરેઠ, ઠાસરા વિ. ગામોમાં લગભગ પચ્ચાસ હજાર જેટલા કચ્છી ભાઇઓ વસે છે. આ બધા વચ્ચે પરસ્પર સંપર્ક જળવાઇ રહે, પ્રસંગોપાત એકબીજાને મદદરૂપ થઇ શકાય તે દ્રષ્ટિએ જુદા જુદા સંગઠનો પણ ઊભા થયા છે. આવા સંગઠનો કચ્છની ભાતીગળ સંસ્કૃતિને જાળવવાની સાથે લોકોપયોગી પ્રવૃત્તિઓ દ્વારા ભ્રાતૃભાવ કેળવાય તેવી ભાવના સાથે તેમની પ્રવૃત્તિઓનો ફલક વિસ્તારતી રહી છે.

શ્રી કચ્છ મિત્ર મંડળ ૩૩ વર્ષથી કાર્યરત

'શ્રી કચ્છ મિત્ર મંડળ' નામની સંસ્થા છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત છે. હાજાપુરના વતની અને વિદ્યાનગરના ઉદ્યોગપતિ શ્રી બલરામભાઇ પરમારે તેની સ્થાપના કરી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તથા એક બીજાનો સંપર્ક જળવાઇ રહે તે માટે વાર્ષિક મેળાવળા, રમતગમત, ચર્ચાસભા, પિકનીક, વન મિનિટ શો, રકતદાન, બુક બેંક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી અહીંના કચ્છી પરિવારોમાં ઉત્સાહ વધારે છે. હાલે વિદ્યાનગરમાં કચ્છના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ છે. જેમાં ૨૦ વિદ્યાર્થીનીઓ છે. આ સવાસો જણા પૈકી ૫૦ એન્જી. કોલેજમાં, ૨૦ સાયન્સ કોલેજમાં અને ૩૫ વિવિધ શાખાઓમાં અભ્યાસ કરે છે. કરે છે. છેલ્લા ૩૫ વર્ષ દરમ્યાન કચ્છમાંથી ભુજ, માંડવી, મુંદરા, અંજાર વિગેરે તાલુકાઓના ૨૦૦૦થી પણ વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની શાળાકીય કારકિર્દી અહીંથી ઘડાયેલી છે. આ મંડળથી અગાઉ પણ સાત વર્ષ પૂર્વે એક 'ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ' રચાયેલ જેનાં પ્રમુખપદે હાલે સ્ટેશનરીના ધંધામાં પ્રતિષ્ઠિત વેપારી પ્રફુલ્લભાઇ ગાલા છે. વર્તમાન અને ભાવિ વિદ્યાર્થીઓને સહાયભૂત થવા માટે આ મંડળ શ્રી 'કચ્છ મિત્ર મંડળ'ને આર્થિક સહયોગ પણ આપે છે.

જ્ઞાતિ કક્ષાએ શ્રી લોહાણા પ્રગતિ મંડળ છેલ્લા ૩૫ વર્ષથી અહીં કાર્યરત છે. આ મંડળના પ્રમુખપદેથી શ્રી રતિલાલ ભવાનજી ઠક્કર અને મંત્રી તરીકે બંસીલાલ ખટાઉ જેવા સંનિષ્ઠ કાર્યકરોના કારણે દર વર્ષે આ મંડળ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, ધોરણ ૩ થી ૧૦ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો, શિલ્ડ તથા એવોર્ડ આપી સન્માનવાના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દીના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવી રહેલ છે.

'૮૬માં કચ્છી સેવા સમાજ સ્થપાયું

'બાપા'ના આદરભર્યા નામથી કચ્છી પરિવારોમાં જ નહિ, સ્થાનિક લોકોમાં પણ જાણીતા એવા મોરારજીભાઇ નરસિંહ ઠક્કરના નેતૃત્વ નીચે અહીં વસતા તમામ કચ્છી ભાઇઓના ઉત્કર્ષ માટે તા. ૨૧-૧-૮૬ના 'શ્રી કચ્છી સેવા સમાજ'ની સ્થાપના થઇ છે. સંસ્થાના ૩૭૦ આજીવન અને ૫૩૦ જેટલા સામાન્ય સભ્યોથી માતબર એવી આ સંસ્થા કચ્છની ભાતીગળ સંસ્કૃતિને ચેતનવંતી રાખી અષાઢી બીજ, વાર્ષિક મિલન- સંમેલન, દરિયાલાલ જયંતી જેવા ઉત્સવો ઉજવવાની સાથે સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સરસ્વતી સન્માન જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. આ સંસ્થામાં હરિશભાઇ રતિલાલની સેવાઓ ઉલ્લેખનીય છે. છેલ્લા ૨૫ વર્ષથી આણંદમાં આણંદની લગ્નાદિ પ્રસંગ માટેની ઠક્કરવાડી કોઇને કોઇ પ્રસંગો દ્વારા સતત જાગતી જ રહી છે.

શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાતિ કક્ષાએ તો જુદા જુદા મંડળો કાર્યરત છે જ પણ સમગ્ર રીતે ઉપયોગી થવા માટે છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત શ્રી કચ્છ એજ્યુકેશન ટ્રસ્ટની પ્રવૃત્તિઓ પણ નોંધનીય છે. આ ટ્રસ્ટના ચેરમેનપદે સામખીયાળીવાળા આણંદના અગ્રણી વેપારી શ્રી અનિલકુમાર ભાઇલાલ ઠક્કર અને વાઇસ ચેરમેન તરીકે મેઘપરવાળા શિવજી માવજી પટેલના માર્ગદર્શન નીચે વિકાસ સાધતી આ સંસ્થા વિદ્યાર્થીઓ અને વાલીઓ બન્ને માટે આશીર્વાદરૂપ છે.

કચ્છીઓ જ્યાં જ્યાં વસ્યા ત્યાંના લોકો સાથે કેવળ હળીમળી ગયા એટલું જ નહિ, ત્યાંના પ્રાદેશિક વિકાસમાં પણ પોતાનું યોગદાન આપ્યું છે. સુખદુ:ખમાં સાથી થઇને રહેવા માટે ટેવાયેલા અને વારંવાર દુષ્કાળની યાતનામય પરિસ્થિતિમાંથી પસાર થયેલા, અહીં આવીને બે-પાંદડે થયેલા કચ્છીઓ પોતાના વતનને કયારે પણ ભૂલતા નથી. તેથી જ્યારે પણ કચ્છને જરૂર પડી છે ત્યારે અહીંથી ઘાસચારો, અનાજ એમણે સદાવ્રતી સંસ્થાઓને રવાના કર્યા છે. ગૌશાળાઓ અને પાંજરાપોળોને હંમેશા ઉપયોગી થવાની ભાવના સાથે બીજા માટે પણ ઉદાહરણરૂપ બની રહેતા કચ્છીઓ ચારૂતર પ્રદેશ માટે કચ્છનું એક ઘરેણું છે- ને જિલ્લાના વિકાસમાં એમનો નોંધનીય ફાળો છે એ કચ્છ માટે પણ ગૌરવની વાત છે. □

■ જૈન દેરાસર પાસે, સુભાષ રોડ, આણંદ-૩૮૮૦૦૧ જિલ્લો. ખેડા

કચ્છીઓ દક્ષિણ ગુજરાતમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે

કચ્છડો ખેલે ખલકમેં

☐ જગદીશ ર. શાહ

એક દાયકામાં ત્રણ-ત્રણ દુકાળ જોનાર, સૂકા ભઠ્ઠ રણ અને સાવ જ આકાશી કૃપા પર આધારિત એવા કચ્છ પ્રદેશમાં વસતા માડુમાં દેવે જે ગુણો, સહનશીલતા, સાહસિકતા અને સહજ સમયાધીનતાના એના અંતઃસ્તલ સુધી ઊતાર્યાં છે એના થકી તો એની સુહૃદભાવનાની સુગંધ-સોડમ વાતાવરણનો ઝંકાર મળતાં મઘમઘી ઉઠે તેવી હોય છે. સાઠ વર્ષ અથવા એથીયે ઓછા નજીકના અતીતમાં દક્ષિણ ગુજરાતમાં આવી વસેલા કચ્છી માડુ માટે આ વાત સુવાંગ સાચી પડીને જ રહી છે.

ભરૂચ જિલ્લાના પાલજથી વલસાડ જિલ્લાના ભિલાડ સુધીની સીધી પટ્ટીમાં કે આહ્‌વા-ડાંગથી ભરૂચ જિલ્લાના રાજપીપળા-નાંદોદના ઊડાણની વનરાજીમાં જઇ વસેલા કચ્છી માડુની અત્યારે કુલ્લ વસતી વીસેકહજારથી થોડી વધુ હશે પરંતુ આ કચ્છી વસતિનો સૌપ્રથમ આગંતુક સૂકા ભઠ્ઠ કચ્છમાંથી સીધા જ દક્ષિણ ગુજરાતમાં ઉતરી નથી આવ્યો. કચ્છના અબડાસા તાલુકાના વલસાડના અર્થતંત્ર-રાજતંત્રમાં પોતાની હાક-ધાક અને શાન જમાવી શકેલા ભાનુશાળી યુવાન હર્ષદ કટારિયાના શબ્દોમાં કહીએ તો દક્ષિણ ગુજરાતમાં આવી વસેલા ભાનુશાળીઓ, કડવા પાટીદારો, લોહાણા, મહેશ્વરી, સુથાર, પ્રજાપતિ, સારસ્વત બ્રાહ્મણો કે કંઠી અથવા વાગડના વિશા ઓસવાળો અથવા ગુર્જર અને દશા શ્રીમાળી વણિકોનો પૂર્વજ મુંબઇ, કરાચી કે દક્ષિણના પ્રદેશોમાં ભમી-ભટકીને આ પ્રદેશમાં આવીને વસ્યો છે અને એજ હર્ષદ કટારિયા કહે છે તેમ એણે ખાલી ખોખામાં ખેતી કરીને આજના દક્ષિણ ગુજરાતમાં પોતાની નિજી કમાઇની સંપત્તિ ઊભી કરી છે. શ્રીની અને સદ્‌ગુણી સુહૃદભાવનાની. બીજા શબ્દોમાં કહીએ તો બીલીપત્રના ત્રિપર્ણની સપાટીએથી સરકતા પાણીના ટીપાંની મધુરતા અને દક્ષિણ ગુજરાતના મૂળ સમાજો સાથે દૂધમાં સાકર ભળી જાય તેમ પોતાની અસલ ઓળખ-કચ્છીની-ઓગાળીનેય તેમાં ઓતપ્રોત થઇ જવા સુધીની શ્રેય-સુગંધની સોડમ એણે પ્રસારી છે.

‘કચ્છી’ તરીકેની સૌ પહેલી ઓળખ

‘કચ્છી’ તરીકેની ઓળખ દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ આવી વસેલા કડવા પાટીદાર સમાજના નખત્રાણા તાલુકાના કાદીઆ-ઉગમણા ગામના અને છેક ૧૯૪૬માં ગાયકવાડી રાજના સ્ટેમ્પ પેપર પર ભાગીદારીનો શકવર્તી પારસીબાવા પેસી રૂસ્તમજી હોડીવાળા સાથે દસ્તાવેજ કરવાનો ઇતિહાસ રચનારા સ્વ. કચરાભાઇ ખીમજી પટેલે નવસારીમાં કે એજ નખત્રાણા તાલુકાના રસલિયાના લધાભાઇ મેઘજી ભીમાણીએ વલસાડમાં લાકડાનો જ બેન્સો રચવાના શોધક થયા પછીય ઊભી નહોતી કરી. નવસારીમાં આવી વસેલા મૂળ મુન્દ્રાના જશરાજ ધનજીના મામા વેલજીભાઇએ પણ પોતાની એવી ઓળખ કરતાં જૈન-વાણિયા તરીકે સ્થાનિક સાધર્મિક ભાવનામાં જ ભળી જવાનું વધુ પસંદ કરેલું. નવસારીના તમામ કચ્છી સમાજોના એકે-એક કુટુંબમાં હૃદયસિંહાસને બિરાજેલા ‘અલગારી ઓલિયા’ જેવા દેશલપુર-કંઠીના શાંતિલાલ પદમશી શેઠિયા (શાંતિ મામા)એ ભલે અંગત કુટુંબ જીવનમાં કે ઓળખીતા-પરિચિત પરિવારોમાં કચ્છી ભાષાનો આગ્રહ રાખ્યો હોય તોય એમના વ્યકિતત્વની બાહ્ય ઓળખમાં કયાંય ‘કચ્છી’નું મહોરું નહોતું, જેટલું એમના અઢી દાયકાના પંચમહાલ જિલ્લાના દાહોદના વસવાટને લીધે ભીલપ્રદેશનું.

અને ‘કચ્છી’ તરીકેની સૌપ્રથમ ઓળખ દક્ષિણ ગુજરાતને આપનારા સૂરતના કડવા પાટીદાર સમાજના ધનકૂબેર પણ ઋજુહૃદયી અને શ્રદ્ધા, વિશ્વાસ, એક-રાગિતાના સ્વપ્નશીલ સ્થપતિ અને વેપારી મૂળ અંજારની મીઠી ખારેકની વાડીઓથી લચતા ખેડોઇની ઢેખાળી ધરતીના રત્ન શામજીભાઇ ખીમજીભાઇ પટેલે પણ એમના દાદા મનજીભાઇએ સૂરત જિલ્લાના ઓલપાડના ભાટ ગામે શ્રમજીવી જીવનનું પહેલું તગારું એમના પોતાના અને પુત્રો-પૌત્રના માથે મૂકયું ત્યારેય નહોતી ઉપસી. એ ‘કચ્છી’ની સૌ પહેલી ઓળખ હજુ માંડ પાંચ વર્ષ પહેલાં ઉપસી ત્યારે જ સમસ્ત દક્ષિણ ગુજરાતમાં વસતા બધા જ કચ્છી પરિવારોને, સમાજોને એ ઓળખ પાછળ ઉપસતો ‘કચ્છી’ તરીકેનો સુવર્ણ રેખપુંજ પરખાયો અને બે-અઢી દાયકા પહેલાં ક્રમે ક્રમે એમણે રચવા માંડેલા પોતપોતાના સમાજકુપોની નિજી પ્રતિભા ઉપસાવવાની અગત્યનોય ખ્યાલ આવ્યો.

હજુ ગઇ સોળમી ડિસેમ્બરે નવસારીના માટીના કોડિયા જેવા વિનમ્ર અને



કીર્તિમાન જનહૃદયસ્થ શાંતિ મામાએ સહજ વાતમાં સ્વીકાર્યા પ્રમાણે કચ્છી ‘સુપર માર્કેટ’ જેવો ધીકતો વણિક વેપાર કરનારો કચ્છી માડુ મૂળ તો ખેડૂત પુત્ર છે એ જાણીને એમને આઘાત લાગેલો કે ‘વાણિયાના ધંધાને કુણબીએ આંટી મારી’.

જનસંખ્યામાં પાટીદાર-ભાનુશાળી મોખરે

દક્ષિણ ગુજરાતમાં વસ્તા કચ્છી પરિવારોની વીસેકહજારથી થોડી વધુ વસતિમા કડવા પાટીદારો સૌથી મોખરે છે. અંદાજે સાડા નવેક હજારની ૭૫૦ કુટુંબો સાથે. એમાંય સૂરત શહેર અને જિલ્લો પ્રથમ ક્રમે પછી વલસાડ જિલ્લો, ભરૂચ ત્રીજો અને ડાંગમાં તો આંગળીના વેઢે ગણાય એટલા કુટુંબો. કડવા પાટીદારો કે જૈન-વણિકો જેમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પથરાયેલા છે તેમ ભાનુશાળીઓ કચ્છી વસતિમાં ૬૫૦૦ની જનસંખ્યા સાથે બીજા ક્રમે હોવા છતાં એમના વલસાડ જિલ્લાના વિવિધ ભાગોમાં વસેલા ૧૧૦૦ કુટુંબો મહદ્‌અંશે અબડાસા અને માંડવી તાલુકાઓના ગામડાઓનાં છે. કચ્છી જૈનોમાં સ્પષ્ટ પ્રદેશવાદ છે. કંઠીના અને વાગડના ઓસવાળો, ગુર્જરો અને દશા શ્રીમાળીઓ, દરેકે પોતાના દરેક જિલ્લા મથકોમાં અલગ ચોકા અને સમાજ-મંડળો રચ્યા છે. અપવાદ માત્ર નવસારી શહેરના ૫૮ કચ્છી જૈન પરિવારોનો છે. એમણે પોતાની અલગ વ્યકિતગત સામાજિક ઓળખ સહજભાવે અને સમષ્ટિભાવે ઓગાળીને એક કચ્છી તરીકે પ્રશંસનીય અને અનુકરણીય રીતે ઉપસાવી છે. વીસ વર્ષ પહેલાં ૧૯૭૬માં મુન્દ્રા તાલુકાના વડાલાના સ્વ. લાલજી નાનજી સૈયાના પ્રમુખપદે સૌપ્રથમ રચાયેલા શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજમાં સ્વ. જસરાજ ધનજીનો ગુર્જર જૈન પરિવાર પણ સભ્ય હતો. આજે એ સમાજ માત્ર ‘શ્રી કચ્છી જૈન સમાજ (નવસારી)’ બની ગયો છે. ઓસવાળ, ગુર્જર, વીસાની ઓળખ એમણે ભૂંસી નાંખી એક પ્રેરણાપીયૂષ પાયું છે અને પ્રશંસ્ય એવી પરંપરાનો પાયો નાખી આપ્યો છે. વલસાડના જૈન સમાજોમાં શેઠિયા પરિવારોએ પણ સામાજિક યોગદાનનો એક પ્રથિતયશ ચીલો ચાતરી બતાવ્યો છે.

લોહાણા અને મહેશ્વરી તથા સારસ્વત બ્રાહ્મણ સમાજના ગણ્યાગાંઠયા પરિવારો મહદ્‌અંશે સૂરત જિલ્લામાં જ વસ્યા છે. લોહાણાઓ એમાં મોખરે. ૧૭૫ થી ૨૦૦ પરિવારો અને હજાર-બારસોકની વસતી તે પછી મહેશ્વરી સમાજના પાંત્રીસેક કુટુંબોના બસ્સોક સભ્યો. વલસાડમાં જ વસેલા પ્રજાપતિ સમાજના ૨૭ ઘર અને બસ્સોની વસતિ તો છેલ્લા વીસ વર્ષમાં જ થઇ. એ જ રીતે માંડવીની ભુતડાવાડી વિસ્તારમાં રહેતા બારેક સુથાર-કુટુંબોના દોઢસોક જ સભ્યો માત્ર વલસાડમાં જ સ્થિર થયા છે અને એકાદ દાયકાના પરિશ્રમી, પુરૂષાર્થી જીવનના લીધે બે પાંદડે પણ થયા છે. નલિયાના ત્રણેક સારસ્વત-પરિવારોના બનેલા સમાજના એકમાત્ર મોભી આચાર્ય રમેશચન્દ્ર વિશ્વનાથ જોશી બનારસ હિન્દુ યુનિવર્સિટીના એમ.એ. અને સંસ્કૃતના

વ્યાકરણાચાર્યની પદવીઓ ધરાવતા અગ્રેસર, સૂરતના ઉધના-પાંડેસરા-સચીન વિસ્તારના તમામ કચ્છી સમાજોમાં 'મા'રાજ'ના હુલામણા નામે જાણીતા રમેશચંદ્ર જોષી પણ સારસ્વત બ્રાહ્મણ તરીકે નહીં, 'કચ્છી' તરીકે ઓળખાય છે. વલસાડમાંથી હર્ષદ કટારિયાના નાતીલા અને વલસાડના નગરસેવક પ્રવીણ કટારિયા પણ જાણીતા તો છે કેવળ 'પ્રવીણ કચ્છી'ના નામે.

ખાલી ખોખામાં ખેતી કરી, અને

આ તમામ કચ્છી સમાજોના હરએક સભ્યે પ્રારંભે કહ્યું તેમ ખાલી ખોખામાં ખેતી કરી છે અને એ ખેતી કરી જાણી છે એમ કહીએ તો તેમાં અતિશયોકિત નહીં ગણાય. વલસાડમાં વસતો હરએક કચ્છી વાજબી ગર્વ અને ગૌરવથી કહી શકે કે સમગ્ર વલસાડ શહેર જિલ્લાનું અર્થતંત્ર અને સાંપ્રત રાજકારણની પકડ એમની મુઠ્ઠીઓમાં કેદ છે. શ્રી અને સમજ-સંસ્કારની નિજી પુરૂષાર્થથી આ ગરવી અને ગૌરવશાળી પૂંજી એમણે ઊભી કરી જાણી છે. વલસાડ જિલ્લામાં હાક અને ધાક ધરાવતા અનાવિલો કે કોળી અને કણબી પટેલો કે ખત્રીઓમાંય એવી શ્રદ્ધેય પ્રતિભા આ કચ્છીઓએ ઉપસાવી છે કે એમના વિના એમના એકે કદમ માંડી જ ન શકાય. શિક્ષણ શું કે સંસ્કાર શું, વેપાર વણજનું ક્ષેત્ર હોય કે ઉદ્યોગ ક્ષેત્ર, દક્ષિણ ગુજરાતમાં વસેલા કચ્છીઓએ પોતાની હૈયાસૂઝથી આગવું અને આવગું પ્રદાન પણ કર્યું છે તો કયાંક યોગદાન કરીને એણે દક્ષિણ ગુજરાત પ્રતિ પોતાનું ૠણ પણ અદા કરી જાણ્યું છે. વલસાડ જિલ્લાની ભાનુશાળી વાડીઓ અને એ સમાજના અર્થદાનમાંથી પોષાતી અને પોરસાતી શિક્ષણ સંસ્થાઓ, બીલીમોરાની વાણિયામિલ હાઈસ્કૂલનું કડવા પાટીદાર સમાજે ઊભું કરી આપેલું વિજ્ઞાન ભવન, સૂરત અને અંકલેશ્વરનાં કડવા પાટીદારોના ઉમાભવનો અને કુળદેવી ઉમિયા માતાજીના ધર્મ-શિક્ષણ સંકુલો, આ બધું દક્ષિણ ગુજરાતની સમૃદ્ધ પ્રકૃતિ-શ્રી અને પ્રકૃતિની રહેમલીલામાંથી પામેલી સંપત્તિ સંપન્નતાનું ૠણ-સ્વીકૃતિનો અને એ થકી ચિરંજીવ અનુબંધનો સેતુ રચવાનો એક સહજ અભિગમ છે. અહીના કચ્છીને એ સિવાય બીજાું કંઇ 'સ્વ-હિત' નજરઅંદાજ નથી અને એના દિલોદિમાગમાં એ ઉગે તેમ પણ નથી.

કચ્છી જૈનાચાર્યની પ્રાચીન પ્રતિમા

કચ્છની અસ્મિતાની વાત કરવી હોય તો એક નેત્રદીપક ઘટના વાગડની લીલીકુંજાર જેવી વાડીઓના વિસ્તાર મનહર-મનફરામાં વિક્રમ સંવત ૧૬૭૭માં જન્મેલા અને સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના ઉનાં ખાતે વિક્રમસંવત ૧૭૪૯માં એટલે કે બોતેર વર્ષની વયે કાળધર્મ પામેલા જૈનાચાર્ય શ્રીમદ વિજયપ્રભ સૂરિશ્વરજીમહારાજજીની સૂરતના હજારથીયે વધુ વર્ષો જૂના એક પ્રાચીન જૈનતીર્થ સૂરજમંડણ (હાથીવાળા) જિનમંદિરમાં ૩૦૨ વર્ષ પહેલાં પ્રસ્થાપિત થયેલી અને પ્રતિષ્ઠા પામેલી ગુરૂપ્રતિમા છે. મનફરાના શ્રી વાસુપૂજ્ય જિનમંદિરની પ્રાચીનતા જેટલી જ ઐતિહાસિક આ ઘટના-હકીકત છે અને કચ્છની એક વિશિષ્ટ અસ્મિતાનું પ્રતીક છે.

ઔદ્યોગિક ક્ષેત્રે દક્ષિણ ગુજરાતમાં કચ્છીઓએ પોતાની કોઠાસૂઝથી દેશવિદેશે ડંકો વગાડી શકાય એવો નેત્રદીપક વિકાસ સાધ્યો છે. કચ્છી ભાટિયા પરિવારના શ્રી રાજુભાઇ શ્રોફનું યુનાઇટેડ ફોસ્ફરસ લિમિ.નું ઉદ્યોગ -શ્રૃંખલા માળખું કેવળ વાપી (વલસાડ) અને અંકલેશ્વર (ભરૂચ) પૂરતું સીમિત નથી રહ્યું. જગતની આજે એ ક્ષેત્રની જે પહેલી પચાસ કંપનીઓ છે એમાં આ રાજુ શ્રોફના ઔદ્યોગિક -સાહસોનો સમાવેશ થાય છે. એક અનોખી સૂઝસમજ અને આવડતથી એમણે આ ઉદ્યોગ સમૃદ્ધિનો ક્ષિતિજ -વિસ્તાર કર્યો છે. બીજી બાજુ માંડ બારેક વર્ષ પહેલાં વાપી આવી વસેલા મૂળ માંડવીના એક પરા વિસ્તાર જેવા અને રૂકમાવતીથી પખાળાતા નાંગલપુર (ઢીંઢ)ના ધૂળિયા રતન કિશોર વસનજી શાહ અને તેમના ભાઇઓની ડિલકસ બોર્ડ અને પેપર મિલ્સે ૧૯૮૬માં માદ્રિડ (સ્પેન)ની યુરોપીયન ઇન્સ્ટીટયૂટ ઓફ કોમર્શિયલ રિલેશન્સનો સગર્વ સંપન્ન કરેલો પ્રતિષ્ઠિત 'યુરોપ એવોર્ડ' પણ કચ્છી સાહસિકતાની પ્રથિતયશ ગાથાઓમાં એક સોનેરી યશકલગી છે. ભારતની ૪૫૦ જેટલી કાગળની મિલોમાં એક માત્ર કિશોરભાઇને મળેલો આ એવોર્ડ પોતાની આસ્થા -દાતા માંડવીની દાદાવાડી પાસેના શ્રી મરદપીરદાદાની કૃપા પ્રસાદી ગણે છે. અબડાસા તાલુકાના નલિયા હાઇસ્કૂલમાંથી મેટ્રિક થઇ 'કચ્છમિત્ર' દૈનિકનું પરિણામવાળું પાનું લઇ માટુંગા (મુંબઇ)ની ખાલસા કોલેજના વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવવા દોડી ગયેલો અબૂધ ભાનુશાળી રતિલાલ ત્રિકમદાસ ભાનુશાળી આજે પ્રશાંત ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝનો સફળ સંચાલક છે. માંડવી તાલુકાના નાગ્રેચાના રાજદરબારી નિર્મળસિંહજી એમ. જાડેજા પણ કાગળ મિલના એક અગ્રણી ઉદ્યોગપતિ છે તો ભુજના કણબી પટેલ નાનાલાલ ઉકાણી એડવોકેટ થયા પછી વકીલાત, પત્રકારત્વ અને રાજકારણ ખેડયા પછી ઉદ્યોગોની શૃંખલા ઘૂંટવા માંડયા છે. ભુજમાં એગ્રો-ઇન્ડસ્ટ્રીઝમાં મળેલા પ્રાથમિક અનુભવને એમણે વાપીમાં કાગળ મિલ માટે જરૂરી રસાયણો પેદા કરતું અનિવાર્ય આવશ્યકતા ઉત્પાદિત કરતું કારખાનું નાખ્યા બાદ અંકલેશ્વર અને પછી ઇન્દોર સુધી તેઓ એનો ક્ષિતિજ વિસ્તાર કરી રહ્યા છે. વાપી એટલે કચ્છી ઉદ્યોગપતિઓનું કર્મમથક. આરતી ઓર્ગેનિકસના કિશોર ગાલા, સાવલા પલ્પવાળા મહેન્દ્ર સાવલા, ક્વોલિટી પેપરવાળા ગઢસીસાના પ્રબોધભાઇ દેઢિયાનો પરિવાર, હરિયા ઉદ્યોગ જૂથના અમૃતભાઇ -જયંતિભાઇ, ગુજરાત પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝવાળા ભુજના શ્રી હર્ષદભાઇ તો નિજી સૂઝથી નાનકડું એકમ સફળતાથી ચલાવતા અને વારાફરતી વાપી-મુંબઇમાં પગ રાખતા ભુજ (કચ્છ)ના બે જૈન યુવાનો શીતેશ અને ધર્મેન્દ્ર નવીનચંદ્ર શાહ. ભાનુશાળી સમાજના પ્રશાંત રતનશીનો ઉલ્લેખ કરીએ કે પ્રકાશ દયારામ પટેલનો. કેમિકલ એન્જીનીયર થયેલા આ બંને યુવાનો તાજેતરમાં અમેરિકા અને નેધરલેન્ડઝના રોટરીના આંતરરાષ્ટ્રીય કુટુંબ-જીવન વિનિયોગના ભાગરૂપે એક વર્ષ સુધી વિદેશી પરિવારોમાં મીઠપની આપ-લે કરી તાજેતરમાં જ પાછા ફર્યા છે.

વલસાડમાં શેઠિયા પરિવારોના વિદ્યમાન મોભીઓ જાદવજીભાઇ, આણંદજીભાઇ, દિનેશ અને મનસુખ શેઠિયા, શ્રીમતી ચંદ્રિકા શશી શેઠિયા, છેડા, ગાલા અને સંગોઇ પરિવારોની શાખ વલસાડના એકેએક સમાજ અને તેના સભ્યોમાં આદરણીય બની રહી છે. વાગડના ઓસવાળ સમાજના ધરમશી છેડા અને હેમરાજ ગાલા ૭૭ જેટલા પરિવારોના વડીલો છે. એમનું સંઘબળ એમને વલસાડના અર્થકારણમાં પણ ટોચે પ્રસ્થાપી શકયું છે. ચંદ્રિકા શેઠિયા મહિલા બેંકના ડિરેક્ટર છે.

વાગડની ઓળખ વિશેષ છે

કચ્છ કરતાં વાગડની ઓળખ અહીં વિશેષ છે. પ્રજાપતિ સમાજના જેરામભાઇ પ્રજાપતિ પણ વાગડના છે પણ ભાનુશાળી સમાજના હર્ષદ કટારિયા, દિનેશ લક્ષ્મીદાસ ભાનુશાળી, પ્રવીણ 'કચ્છી' વિગેરે પણ વાગડના ન હોવા છતાં વેપાર વણજના નાતે વાગડ સમાજોના જ મોભી-પ્રવકતા બની ગયા છે. રાજકારણમાંયે એમનો કક્કો ખરો પડે છે. ભારતીય જનતા પક્ષનો ભગવો એમણે બરાબરનો લહેરાવ્યો છે. હર્ષદ કટારિયા અને પ્રવીણ કચ્છી વલસાડના નગરસેવકો છે.

શિક્ષણ અને સમાજ-સંસ્કારની દ્રષ્ટિએ વિચારીએ તો વલસાડ જિલ્લામાં વાપીવાસી મૂળ માંડવી (કચ્છ)ના યુવાન સમાજસેવકો નયન લાલન અને અઠંગ જીવદયા રક્ષક સુનીલ ભગવાનજી લાલન નામના બે યુવાન -બંધુઓ, નવસારીમાં નિવૃત્તિજીવન છતાં પ્રવૃત્તિશીલ રહેલાં માંડવીના બે સગી પ્રાધ્યાપિકા બહેનો ગુણવંતી ગોપાલજી શાહ અને તારાબહેન ગોપાલજી શાહ, નવસારી કચ્છી જૈન સમાજમાં શાંતિ મામાના સક્રિય સાથીઓ દેશલપુર-કંઠીના શ્રી મણીલાલ વીરા અને પત્રીના નેમચંદ વેરશી ધરોડ, કડવા પાટીદાર સમાજ (નવસારી)ના મિતભાષી સંસ્કારી સજ્જન મૂળ ખોંભડીના શિવગણ (બાબુભાઇ) પરબત ભગત, સૂરતના શ્રી સૂરત કચ્છી જૈન મિત્ર મંડળના સ્થાપકોમાંના શ્રી ખીમજીભાઇ વેલજી ગાલા, શ્રી પ્રભુદાસ ખોના (સુથરી), શ્રી મનસુખભાઇ છેડા (ઉનડોઠ), ડો. નવીન એફ. મહેતા (ભુજ), યુવરાજ-ગ્રુપના એક પ્રતિષ્ઠિત એકમ યુવરાજ હોટલનો યશસ્વી કાર્યભાર સંભાળતા રજનીશ વી. શાહ, મહેન્દ્ર સ્ટીલ્સવાળા શ્રી મહેન્દ્ર ગાલા અને એમના લાયોનેસ-પ્રમુખ જીવનસાથી શ્રીમતી રેખાબહેન ગાલા, પાંત્રીસ વર્ષના પત્રકારત્વમાં ત્રેવીસ વર્ષ સૂરતને અર્પણ કરનારા મૂળ માંડવીના શ્રી જગદીશ રવિલાલ રાયશી, લોહાણા સમાજના ચાલકબળ જેવા નરેશ ઠક્કર, પ્રતાપ ઠક્કર અને મૂળજી ઠક્કર. આ બધાઓનો દક્ષિણ ગુજરાત પ્રવેશ અઢીથી ત્રણ દાયકા વચ્ચેનો, પણ વિવિધક્ષેત્રે એમનું યોગદાન મોટું. વેપાર વણજમાં તૈયાર કપડાં, ઇલેકટ્રોનિકસ, ફર્નિચર, વિગેરે ક્ષેત્રે પણ ઓસવાળોનું કદમ અને ક્ષિતિજ પણ ઘણું વિસ્તરેલું છે.

આવનારી ઉજળી પેઢીનો અત્યારથી જ અહેસાસ આપનારાઓમાં નવસારી પાસેના ગણેશસીસોદ્રા ગામે રહેતી અબડાસા તાલુકાના કોઠારામાં પોતાનાં મૂળ ધરાવતી રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડોથી વિભૂષિત ૧૩ વર્ષીય કુ. સરિતા (ડોલી) હરીશ શાહ તથા સૂરતનો રાષ્ટ્રીય સુપર સ્કેટીંગમાં બીજા ક્રમે વિજેતા થનારો ૧૧ વર્ષનો કુજન હસમુખ દેઢિયા તો બીજી બાજુ કચ્છના અંજાર તાલુકામાં જન્મ્યા બાદ બૃહદ -ગુજરાતી તરીકે જ ઓળખાયેલા અને વૈદરાજોમાં આદરનું સ્થાન પામેલા પ્રાગજી મોહનજી રાઠોડ (ચિકિત્સક) પણ એક ઉલ્લેખનીય વટવૃક્ષ છે. સૂરત (ઉધના)ના કેશવજી પટેલના ભગવારંગી દંપતિ-સાયુજ્યનું તો દેશદાઝના પ્રતીક જેવું કાશ્મીર મોરચે આંદોલનનું વિશિષ્ટ યોગદાન પણ છે.

અને હવે... ૧૯૯૬ના પ્રારંભે આ તમામ કચ્છીઓએ 'કચ્છની અસ્મિતા'ની વાતની ટેકણ પકડીને પોતાની 'કચ્છી' તરીકેની ઓળખ અને બંધુત્વ -અસ્મિતા - અહાલેક દક્ષિણ ગુજરાતમાંયે ઉપસાવવા ધીરગંભીર કદમ ઉઠાવ્યાં છે. □

■ શંખેશ્વર પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ પાસે, સંગના સોસાયટી (નવયુગ કોલેજ) સામે, રાંદેર રોડ, સૂરત-૩૯૫૦૦૯

વડોદરામાં પણ કચ્છીઓનો પથારો

કચ્છડો ખેલે ખલકમેં

□ શશીકાંત વ્યાસ

લગભગ એક સદી પહેલાં ગુજરાતમાં અને ખાસ કરીને વડોદરામાં કચ્છી પ્રજાનો પ્રવેશ થયો હતો. ઇતિહાસ જોતાં જણાય છે કે, વડોદરાના મહારાજાએ વિચાર્યું કે કચ્છની કળા કારીગરી માટે વખણાતા કચ્છી કારીગરો જો અહીં આવી વસે તો અહીંના હુન્નર ઉદ્યોગ અને કળા-કારીગરીનો વિકાસ થાય. તેથી કચ્છના લુહાર, સુથાર અને કુંભાર કુટુંબોને વડોદરામાં બોલાવ્યા. કુંભાર કુટુંબને ઇંટો પાડવાની કામગીરી સોંપી. આજે એ ઇંટો વડોદરા રાજ્યની ઘણી ઇમારતોના પાયામાં ધરબાયેલી છે. વડોદરામાં જે કુટુંબો પ્રથમ આવ્યા તેમની આજે ત્રીજી પેઢી ચાલે છે.

એક સદી પહેલાં કચ્છીઓની વડોદરામાં આવવાની શરૂઆત થઇ ત્યાર પછી તો ભાનુશાલી, ભાટિયા, બ્રાહ્મણો અને જૈન વાણિયાઓ પણ અહીં આવ્યા. વડોદરાને વતન બનાવ્યું. જો કે, આજે તેમાંના ઘણા કુટુંબો વિદેશમાં વ્યાપાર ધંધાના વિકાસ માટે અહીંથી ઉપડી પણ ગયાં છે.



વડોદરાના કચ્છી મિત્રમંડળે મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતાનું સન્માન કર્યું તે વેળાની તસવીરમાં બીજા કચ્છી પ્રધાન બાબુભાઇ મેઘજી શાહ ઉપરાંત નલિનભાઇ ભટ્ટ અને અનંતભાઇ દવે વિ. નજરે પડે છે.

એક સદી પૂર્વે કચ્છીઓની અહીં આવવાની થયેલી શરૂઆત, આઝાદી પછી વેગવંતી બની અને ઘણા કચ્છીઓ અહીં આવ્યા, વસ્યા અને વડોદરાને સમૃદ્ધ બનાવવા યથાશકિત કાર્ય પણ કર્યું. દેખાવમાં સામાન્ય લાગતા કચ્છીઓ સમય આવ્યે પોતા પરનું ઋણ અદા કરવામાં કયારેય પાછી પાની કરતા નથી.

ફર્નિચરથી માંડી તબીબી ક્ષેત્ર સુધી પથારો

વડોદરાના જુદા જુદા વિસ્તારોમાં પોતાના વેપાર-ધંધાના પથારા પાથરતા પાથરતા આ કચ્છીઓ શિક્ષણ ક્ષેત્રે પણ પાછળ રહ્યા નથી. કેટલીક બાબતોમાં તો તેઓએ માત્ર વડોદરાને જ નહીં, સમગ્ર ગુજરાતને પણ નેતૃત્વ પૂરૂં પાડયું છે. વડોદરામાં ફર્નિચરથી માંડી ફરાસખાના સુધી અને હોટલ ઉદ્યોગ, મેનેજમેન્ટ, તબીબી ક્ષેત્રમાં પણ આજે કચ્છીઓનું નામ આગળ છે.

મેનેજમેન્ટ કન્સલ્ટન્સીથી માંડી સફળ ઉદ્યોગપતિ સુધીની યાત્રામાં સફળ થયેલા કચ્છીઓમાં, કચ્છ-માંડવીના શ્રી નયન વૈષ્ણવ, શ્રી અતુલ શ્રોફ અને ભુજના અપૂર્વ રમણલાલ હાથીના નામો આગળ પડતા છે. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં શ્રી દિનેશ શાહ (ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ), મણિલાલભાઇ શાહ (શાહ ઇન્જીનીયરીંગ), મદનભાઇ શાહ (યુવરાજ ઇન્ડસ્ટ્રીઝ), વસંત ગાલા વિગેરે ઉદ્યોગપતિઓનું માત્ર વડોદરાને નહિ, દેશને મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

વ્યાપાર ઉદ્યોગને લાગેવળગે છે ત્યાં સુધી તૈયાર કપડાં, ગારમેન્ટ બનાવવા તથા માર્કેટ ઊભી કરવામાં કચ્છીઓનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. વડોદરામાં ગારમેન્ટના મોટાભાગના સ્ટોર કચ્છી વેપારીઓ હસ્તક છે.

પેટ્રોલ પંપ અને બેન્સોમાં પણ કચ્છી વેપારીઓની આગવી પ્રતિભા છે. ફર્નિચર અને બેન્સોના ધંધામાં તો એંસી ટકા કચ્છીઓ જ દેખાય છે. શણ અને કોથળાના વ્યાપારમાં પણ તેઓનો પ્રવેશ હવે નોંધપાત્ર થતો જાય છે. શિક્ષણ ક્ષેત્રની અગાઉ વાત કરી છે તે સાથે એ નોંધવું ઘટે કે, પ્રોફ. હરસુખભાઇ સી. ધોળકિયા વર્ષો સુધી વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં લો ફેકલ્ટીના ડીન રહી ચૂકયા છે. તેમનું પ્રદાન નોંધપાત્ર છે ત્યાર પછી નટવરલાલ માસ્તર, જેઓ હાઇસ્કૂલમાં શિક્ષક છે તેમનો પણ આ ક્ષેત્રે નોંધનીય ફાળો છે. પણ એક આદર્શ સમાજ સેવક તરીકે જેમનું નામ અને કામ લોકોમાં દેખાય છે તે છે શ્રી નાગડા. વડોદરામાં આવતા કચ્છીઓને જરૂરી સહાય કરવી, તેઓને થાળે પાડવા, મકાન ન હોય તો તે પણ કરી આપવા માટે જરૂર જણાય તો લોનની વ્યવસ્થા કરાવી આપવા સુધીની સેવાભાવી કામગીરી તેઓ વર્ષોથી કરે છે. વિદ્યાર્થીઓમાં તેમણે સેંકડો કચ્છીઓને સહાય કરી છે. તેમનું એક સ્વપ્ન છે કે વડોદરામાં કચ્છીઓ એક ફાઉન્ડેશન- વિદ્યા સંકુલ ઊભું કરે અને તેમાં નાત- જાતના ભેદભાવ વગર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી દેશને સમૃદ્ધ બનાવવા સહાયરૂપ થાય.

તબીબી ક્ષેત્રે લાગે વળગે છે ત્યાં સુધી ડો. પ્રવીણ ગોર, ડો. અતુલ શાહ (પ્લાસ્ટીક સર્જરી), ડો. રમેશ કાનાણી સહિત અનેક જાણીતા તબીબો આજે વડોદરા અને ગુજરાતમાં સેવાઓ આપે છે. તો ભુજમાંથી ત્યાં જઇ વસેલા ડો. રાજેન્દ્ર ધોળકિયાનું નામ પણ એટલું જ જાણીતું છે. ડો. પ્રવીણ ગોર તો નિયમિત રીતે આદિવાસી વિસ્તારોમાં અઠવાડિયામાં એક વાર મફત સારવાર આપવા માટે ઘણા વખતથી સેવા આપે છે.

બાંધકામ અને વિકાસના ધંધામાં પણ કચ્છીઓનો પ્રવેશ નોંધપાત્ર થતો જાય છે. દેવચંદભાઇ ગાલા તથા શાંતિલાલભાઇની આ ધંધામાં સારી પ્રતિષ્ઠા ગણાય છે. અનાજ બજારમાં શ્રી શંભુભાઇ રૂપારેલ અને બારદાનના બજારમાં તો ભાનુશાળીઓ પહેલેથી અગ્રગણ્ય રહ્યા છે. આમાં મંગલદાસ મૂળજીભાઇની પેઢી જાણીતી છે.

પેટ્રોલ પંપના વ્યવસાયને લાગે વળગે છે ત્યાં સુધી નેમચંદભાઇ ગડા અને જાદવજીભાઇ શાહનો સમાવેશ થાય છે. કાપડના વેપારમાં શ્રી વિશનજીભાઇ ગડાનું નામ વિશ્વાસપાત્ર અને જાણીતું છે. આમ જુઓ તો કાપડમાં- રેડીમેડ ગારમેન્ટમાં તો થોકબંધ કચ્છી વેપારીઓ વડોદરામાં અગ્રસ્થાને છે.

કચ્છમાં જ્યારે પણ કુદરતી આપત્તિ આવે ત્યારે કચ્છીઓ વતન તરફ પોતાનો હાથ લંબાવે એ પરંપરાને તેમણે વડોદરા માટે પણ જાળવી રાખી છે. વડોદરા શહેરમાં આ દાયકામાં કચ્છી અચલગચ્છ જૈન ભવન તૈયાર થઇ રહ્યું છે. તથા નજીકમાં દેરાસર પણ આકાર લઇ રહ્યું છે. કચ્છીઓએ પોતાના સમાજ માટે જેમ કાંઇક પ્રદાન કર્યું છે તેમ વડોદરાના વિકાસમાં પણ તેમનો ફાળો નોંધનીય રહ્યો છે. □



આજના વિકસેલા- વિસ્તરેલા મહાનગર મુંબઇનો વિકાસ કેમ થયો એનો ઇતિહાસ ખૂબ જ રસપ્રદ છે. કોઇએ ત્યારે એવી કલ્પના નહીં કરી હોય કે મુંબઇ આટલું વિકસશે. સમગ્ર દેશની આર્થિક રાજધાની બની રહેશે.

મુંબઇમાં સૌથી પહેલાં કયા ગુજરાતીએ પગ મૂકયો એ વિષે મતમતાંતર હોઇ શકે. પણ મુંબઇના વિકાસમાં ગુજરાતીઓનો- પારસીઓ, ભાટિયાઓ, મેમણો, ખોજાઓ, લોહાણા અને જૈનોનો- સિંહફાળો છે, એની કોઇ ના પાડી શકે એમ નથી. ખાસ કરીને દરિયો ડહોળી દેશમાં સમૃદ્ધિ ઘસડી લાવનાર કચ્છ અને કાઠિયાવાડથી આવેલા સાહસિકોનો. એમ કહેવાય છે કે લક્ષ્મીને આવવાના ત્રણ માર્ગ- દેવ, દરિયો અને દગો. દેવ તો રીઝે એના પર જ રીઝે અને દગો ફટકો જેના લોહીમાં નહીં, એવા આ મુણસ માડુઓ દરિયો ખેડતા અને ધનના ઢગલા ખડકી જાણતા.

મુંબઇના વિકાસમાંય આવા માણસોનો સૌથી મોટો હિસ્સો છે. મુંબઇની જે એક આગવી સંસ્કૃતિ ઊભી થઇ છે, એના પાયામાં આ મહેનતકશ માણસોના લોહીના સંસ્કાર ભળેલા છે.

સૌથી પહેલાં ભાટિયા મુંબઇમાં આવ્યા

કોઇ રડયો ખડયો કચ્છી એ પહેલાં પણ મુંબઇ આવ્યો હશે, પણ કચ્છમાંથી સૌથી પહેલાં ભાટિયાઓ મુંબઇ આવ્યા એમ કહેવાય છે. સંવત ૧૮૭૦માં જીવરાજ બાલુ મુંબઇમાં આવ્યા. કેવા સંજોગોમાં ? ઘરમાં ખાવા ધાન નહોતું. પેટનો ખાડો પુરવા પૂરતું મળતું ન હોય, ત્યારે પેટનાં જણ્યાની માયા પણ છૂટી જ જાય ને ? કપાસ ભરવા આવેલો એક કોટિયો બંદરે લાંગર્યો હતો. પાછલી રાતે, ઊતરતી આલરે એ વહાણ નીકળવાનું હતું. મા-બાપે ઊંઘતા જીવરાજને એ કોટિયામાં ચડાવી દીધો.. નસીબ અજમાવવા, ફૂટી ખાવા, કાળજે પથ્થર મેલીને એને છૂટો મૂકી દીધો.

મૂછનો દોરો હજી ફૂટું ફૂટું થતો હતો એવો એ જીવરાજ મુંબઇ પહોંચ્યો. નહોતી કોઇની સાથે આંખની ય ઓળખાણ, નહોતો કોઇનો આશરો. પાછા જવાનો તો વિચાર પણ કરી શકે એમ નહોતો. કારણ કે એ દિશા તો બંધ જ હતી.

ભડ જેવો ભડ પણ ભાંગી પડે એવો એ સમય હતો

મુંબઇના બારામાં ત્યારે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના આશરા હેઠળ સંખ્યાબંધ અંગ્રેજી વેપારી પેઢીઓ સ્થપાઇ હતી. બંદરમાં ધમધોકાર કામ ચાલતું હતું. આ ભીડમાં ભૂખ્યો તરસ્યો જીવરાજ ઠેબાં ખાતો હતો. અજાણ્યો મૂલક, અજાણી ભાષા અને અજાણ્યા માણસો કોઇને એની સામે જોવાની ફુરસદ નહોતી.

પણ આ ઘણા બધા માણસોમાંથી કોઇ એકાદની આંખમાં સહાનુભૂતિનો ચમકારો થયો. પાસે આવીને એણે જીવરાજ સાથે વાત કરી હાલહવાલ પૂછયા; દયા આવતાં એને જમાડવાની, મદદ કરવાની ઇચ્છા વ્યકત કરી. પણ સ્વમાની જીવરાજને ભીખ સ્વીકાર્ય નહોતી. એને તો કામ જોઇતું હતું. મહેનતનું મળે તો જ ખાવું પીવું હતું.

લોકોને પાણી પાવાથી માંડીને એણે કંઇક જાતના પરચૂરણ કામો કર્યાં. આંખ, કાન ખુલ્લાં રાખે, નવું શીખવા સદા તૈયાર. કમાવા માટે કમરતોડ મહેનત કરે અને ખર્ચ કરતી વખતે આવતીકાલનો પહેલાં વિચાર કરે. પેટે પાટા બાંધીને એણે પાંચસો રૂપિયા જેવી માતબર રકમ (એ જમાનાના હિસાબે ઘણી મોટી રકમ ગણાય) ભેગી કરી. પછી એ રકમમાંથી એણે પેટા કોન્ટ્રેકટ લેવાનું શરૂ કર્યું. પારસી મુકાદમને અંગ્રેજો સાથે વાંધો પડતાં એ કામ એને મળ્યું અને પછી તો આવકના ગુણાકાર થતા ગયા. જતે દહાડે જીવરાજ બાલુ મિલ શરૂ કરીને એ મિલ માલિક પણ બન્યો.

ભાટિયાઓમાં સૌથી પહેલાં જીવરાજ બાલુ મુંબઇ આવ્યા કે મોણજી ભાણજી પાસ્તા, એ વિષે મતમતાંતર છે, પણ કચ્છથી વખાના માર્યા આવેલા આ ભાઇઓએ મુંબઇ આવીને પૈસા કમાવા ઉપરાંત મુંબઇ શહેરને ઘણું બધું આપ્યું છે. એની જાહોજલાલીમાં અને રોનકમાં વધારો કર્યો છે. અભાવ અને તકલીફોની પીડા જાણનારા આ કચ્છી ઝિંદાદિલ માણસોએ એવી ને એટલી બધી સખાવતો કરી છે કે અધધ થઇ જવાય.

ભાટિયાઓનું એક બીજું કુટુંબ કચ્છના અબડાસા તાલુકાના કોઠારાનું. ખટાઉ કેશવજી, ધંધે હળખેડુ, ખાવા જાડાં ધાન અને પહેરવેશ પાણકોરા'નો. એક સાંધો ત્યાં તેર તૂટે એવી ઘરની હાલત. દશ વર્ષના દીકરા નાનજીને ટંડેલને આજીજી કરી બંદરે લાંગરેલ એક કોટિયામાં બેસાડી દીધો. પંદર દિવસની સફર પછી મુંબઇના બારામાં પગ મૂકયો. સફરમાં જેમ ઉપર આભ અને નીચે પાતાળનાં પાણી હતાં, એવી જ સ્થિતિ નાનજીની મુંબઇના બારામાં પગ મૂકયા પછી પણ હતી. મુંબઇમાં કોઇને એ ઓળખતો નહોતો. એક મજૂર જેવા માણસને આ છોકરાની દયા આવી. એની ઓળખાણે એક મોદીની દુકાને આશરો મળ્યો. દુકાનદારે એને બે આનાની ખજુર આપી. પાઇની ત્રણ પેશી લેખે કેમ વેપાર કરવો એ શીખવ્યું. બંદર પર ઊતર્યો ત્યારે રડવા જેવો થઇ ગયેલો મહેનતનો રળેલો રોટલો જ ખાવો છે, મફતનું નથી ખાવું એટલી સમજ હતી અને એટલે જ મુશીબત હતી. પણ આમ અણધાર્યો આશરો મળી જતાં એનો ઉત્સાહ વધ્યો. કોઠાસૂઝ તો ઘણી બધી હતી એનામાં. બે આનાના માલના સાંજે ત્રણ આના કર્યા. પેટ પૂરતું મળી ગયું. ધીમે ધીમે આ વેપાર વધતો ગયો. છેલ્લે એને આશરો આપનાર વેપારીએ જ માસિક એક રૂપિયાના પગારે નોકરીએ રાખી લીધો.

નાનજી મુંબઇમાં ટકી ગયો. પોતાનું પેટિયું હવે એ રળી ખાય છે એવું લાગતાં મા-બાપે એના નાના ભાઇ તેજપાળને પણ મુંબઇ મોકલાવી દીધો. પણ હજી તો એ પોતે પોતાનો માંડ ગુજારો કરતો હતો ત્યાં નાના ભાઇની જવાબદારી કયાંથી માથે લે ? એને પાછો મોકલી દીધો.

જખૌના એક વાણિયા પાસે પછી માસિક રૂપિયા પાંચના પગારે એ કપાસ તારવવાના કામે રહ્યો. કપાસ ઓળખતાં શીખ્યો એટલે પગાર માસિક રૂપિયા પંદરનો થયો. કપાસની ગાંસડીઓ પર માર્કા મારવાનું કામ પણ એણે કર્યું. સાત વર્ષ પછી પાછો એ નાનો ભાઇ તેજપાળ મુંબઇ આવ્યો, ભાઇ પાસે રહ્યો. કપાસનો ધંધો શરૂ કર્યો. પહેલા સોદામાં જ સો રૂપિયાની કમાણી થઇ.

બેય ભાઇ સાથે રહે. હાથે રાંધી ખાય અને ધ્યાનથી ધંધો કરે. વીસ વર્ષની ઉંમરે તો બેય ભાઇઓએ દશ હજારની મૂડી જમા કરી લીધી. દેશમાં જઇને બેય ભાઇ પરણી આવ્યા. એ પછી મલબારમાં પેઢી નાખી. કોપરા, કરિયાણા, તેજાનાનો વેપાર શરૂ કર્યો.

દાનવીર ગોકળદાસની સખાવતો

તેજપાળને ત્યાં દીકરો થયો. નામ પાડયું ગોકળદાસ. ત્યારે એમની મૂડી થઇ ગઇ હતી ત્રણ લાખની. કોટ વિસ્તારમાં હોળી ચકલામાં એ રહેતા. મુંબઇમાં જન્મ્યા ને મુંબઇમાં જ ઉછર્યા. ભણ્યા પણ અહીં, ને પરણ્યા પણ અહીં. કિશોરાવસ્થાથી બધું કામ શીખ્યા. સતત ચૌદ કલાક કામ કરતા. રહેણીકરણી સાવ સાદી. પાવડે ધન ઉસેડયું. મિલકત કરોડોમાં ગણાવા લાગી. જો કે અમેરિકન લડાઇ પછી રૂના ભાવમાં કડાકો બોલી ગયો ત્યારે ત્રીજા ભાગની પુંજી ગુમાવી. પણ તોય ગોકળદાસ શેઠના પેટનું પાણી ન હાલ્યું.

આ માણસે છૂટે હાથે સખાવતો કરી. પૂર્વજોની બોંતેર પેઢીને તારી દે એટલાં સત્કાર્યો કર્યા. જેસલમેર, નાથદ્વારામાં અનેક ધર્મશાળાઓ બંધાવી અને કૂવા ખોદાવ્યા. દોઢ લાખ રૂપિયાની માતબર રકમ આપી ધોબીતલાવ પર જી. ટી. હોસ્પિટલ



શેઠ ગોકલદાસ
તેજપાલ

બીજું કચ્છ મુંબઇ

□ મૂળરાજ રૂપારેલ



ધોબી તળાવ નજીક જી.ટી. હોસ્પિટલ મહાન દાતાના દાનની સાર્થકતા પુરવાર કરતી આજેય અડીખમ ઊભી છે. (તસવીર : ત્રિભુવન તિવારી)

બંધાવી. કવિ નર્મદાશંકર, કરસનદાસ મૂળજી અને ડૉ. ભાઉ દાજી એમના પરમ મિત્ર. એમની સાથે અનેક જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય થયા. પણ મૂળે જીવ સખાવતીનો. દેવમંદિર, ધર્મશાળા, સદાવ્રત, શાળાઓ વગેરે માટે ખર્ચ કરવાનું જાણે એમને વ્યસન થઇ ગયું હતું. ગોવાળીયા ટેન્ક પરનું લક્ષ્મીનારાયણ મંદિર, સંસ્કૃત પાઠશાળા, કન્યાશાળા, બોર્ડિંગો... એમની સખાવતોનું લિસ્ટ એટલું લાંબું થાય કે ગણતાં પાર ન આવે.

મહાનગર મુંબઇનો એવો કોઇ વિસ્તાર નથી, જ્યાં કચ્છી તમને શોધ્યો ન જડે. દરેકે દરેક વિસ્તારમાં કચ્છીઓએ પોતાના ઘુંટણ ટેકવ્યા છે અને હવે નવી મુંબઇમાં પણ કચ્છીઓએ પોતાની જમાવટ કરવા માંડી છે. શરૂઆતમાં દાણાવાળા તરીકેની જેમના પર છાપ લાગી ગયેલી એ કચ્છીઓ હવે તમામ ધંધામાં અને ઉદ્યોગોમાં સક્રિય છે. મુંબઇને એની આગવી ઓળખ આપવામાં એમનો હિસ્સો ઘણો બધો છે. મુંબઇમાં એ પૈસા કમાયો છે અને મુંબઇમાં જ એણે છૂટે હાથે પૈસો ખર્ચ્યો પણ છે. એટલે જ તો એવી કહેવત પડી ગઇ કે, 'મુંબઇની કમાણી મુંબઇમાં સમાણી.'

પણ તેમ છતાંય એ પોતાના વતનને કયારેય ભૂલ્યો નથી. ઊંટ મરવા ટાણે મારવાડ બાજુ મોં કરે એવી એક કહેવત છે. ઊંટ માટે એ વાત સાચી હોય કે નહીં, પણ કચ્છીઓ માટે એમ જરૂર કહી શકાય કે દુનિયાના કોઇપણ ખૂણે વસતા કચ્છીઓનું મોં માભોમ કચ્છ બાજુ જ હોય છે હંમેશાં. 'માથું પડે ને ધડ લડે'ની ઘણી વાતો કચ્છ અને સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં છે. એવું ભાગ્યે જ કોઇ કુટુંબ હશે કચ્છ-કાઠિયાવાડમાં, જેમાં કોઇ શૂરોપુરો,, સતી કે સૂરધન ન હોય. માથું પડયા પછી ધડ લડયું હશે કે નહીં એ કોઇ જોવા ગયું નથી. પણ આપણે એટલું તો જાણીએ છીએ કે શરીરનું કોઇ પણ અંગ કપાઇને છૂટું પડયા પછી ઘણી બધીવાર સુધી, જ્યાં સુધી એનામાં જીવ હોય ત્યાં સુધી તરફડયા કરે છે.



ખટાઉ મકનજી

આપણા કચ્છી ભાઇઓનું પણ આવું જ છે. જનમભોમકાને છોડીને પેટિયું રળવા બહાર નીકળેલો કચ્છી, દેશ અને દુનિયાના કોઇપણ ખૂણામાં એ સ્થિર થયો હોય, પોતે ગમે તેટલો સુખી હોય છતાં જાણે પોતાના મૂળ અંગથી છૂટો પડી ગયો હોય એમ સતત કચ્છ માટે તરફડયા કરતો હોય છે.

મુંબઇના કચ્છી-ગુજરાતીઓની વાત કરીએ તો સૌથી પહેલાં ભાટિયા જ્ઞાતિના વિશિષ્ટ વ્યકિતત્વો જ સામે આવે.

ખટાઉ તેરાના. ઇસ્ટ ઇન્ડિયા કંપનીની મુકાદમીનું કામકાજ. એમની પહેલી પત્નીને બધી દીકરીઓ જ થતાં એણે પતિને બીજી પત્ની કરવાનો આગ્રહ કર્યો. બીજી પત્નીથી એમને બે પુત્રો થયા, ગોરધનદાસ અને મૂળરાજ. હિન્દુ જીમખાનાવાળા પરમાણંદદાસની પુત્રી બ્રીજકુંવરની સાથે ગોરધનદાસ પરણ્યા. ખટાઉ મકનજી મિલ સ્થાપી. એમના પુત્રી મોંઘીબાઇના લગ્ન નરોત્તમ મોરારજી સાથે થયેલાં. પરણ્યાં પછી નામ બદલાઇને સુંદરબાઇ થયું, પણ ઓળખાતા આક્કાબાઇ તરીકે. છત્રીસ વર્ષની ઉંમરે અવસાન પામ્યાં. એમનાં સાસુ ધનીમા ૧૯૨૦ની સાલમાં ગુજર્યા. આ પરિવારો વિશે ઘણું લખાયું છે. છતાં અહીં પારિવારિક વિગતોનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે પોતાની કચ્છી તરીકેની આગવી ઓળખ જાળવી રાખવા છતાં મુંબઇ-મહારાષ્ટ્રની પ્રજા સાથે ભળી જઇ, એમની ભાષા-સંસ્કૃતિને અપનાવતાં પણ કચ્છીઓને આવડયું છે. કદાચ આવો સ્વભાવ એની વિશિષ્ટતા છે અને સફળતાનું રહસ્ય છે. સુંદરબાઇ-આક્કાબાઇ એવા પ્રેમાળ અને ઉદાર દિલ સખાવતી હતા કે આજેય લોકો એમને યાદ કરે છે.

બહારગામથી મુંબઇ આવનાર મુંબઇની ધરતી પર પગ મૂકે કે તરત જ એને કચ્છીઓની મુંબઇમાંની હાજરી તરત નજરે ચડે. બોરીબંદર સ્ટેશનની બહાર આવો કે તરત જ સામેનો ભાટિયા બાગ દેખાય. કોટ વિસ્તારમાં લટાર મારવા નીકળો તો તરત કચ્છીઓની ત્યાંની જમાવટ નજર સામે આવે.

રતનશી મૂળજી -મૂળ માંડવીના. બે વર્ષના હતા ત્યારે મા મરી ગઇ. દાદી પાસે ઉછર્યા. પછી પિતા પાસે મુંબઇ આવ્યા. નુરની દલાલી કરવાથી શરૂઆત કરી. એકનો એક દીકરો ભરયુવાનીમાં મૃત્યુ પામ્યો. કારમો ઘા જીરવી બન્ને પતિ-પત્નીએ ધર્મધ્યાનમાં મન પરોવ્યું અને છૂટે હાથે સખાવતો કરી. ચોપાટી-બાબુલનાથ પાસે લેડી નોર્થ કોર્ટ હિન્દુ ઓર્ફનેજ, કોટમાં મીન્ટ રોડ પરનો ફુવારો, સસ્તા ભાડાનો માળો, ભાટિયા નિરાશ્રિત ફંડ અને કચ્છમાં ધર્મશાળા, સદાવ્રત, કન્યાશાળા, સેનેટોરિયમ માટે નાણા ખર્ચ્યા. પંચોતેર વર્ષે ગુજર્યા.

વેપાર સાંસ્કૃતિક જગત પર ભાટિયા છવાયા હતા

ભાટિયાઓ મુંબઇમાં શરૂઆતના વર્ષોમાં વેપારમાં અને સાંસ્કૃતિક જગત પર છવાઇ ગયેલા. ખટાઉ, મોરારજી, હિન્દુસ્તાન અને ઠાકરશી ગ્રુપની કાપડની મિલો, લોટની વોલેસ ફલોર મિલ તો શિક્ષણ-સામાજિક ક્ષેત્રે પણ એમનું મોટું પ્રદાન. હંસરાજ પ્રાગજી ઠાકરશીએ આકાશવાણી પાસે ગર્લ્સ હાઇસ્કૂલ બનાવી. ગ્રાન્ટ રોડ પરની ભાટિયા હોસ્પિટલ, ભાટિયા મહાજનવાડી, ગીતા ગૃહ, લક્ષ્મીનારાયણનું મંદિર અને તેજપાલ હોલ કે જેમાં રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીએ આઝાદીની લડત

વખતે સભાઓ ભરી હતી, કરસનદાસ નાથા, જાદવજી કારા સેનેટોરિયમ વગેરે આજે પણ આ કચ્છીઓની યાદ તાજી કરાવે છે.

ગઈકાલમાં અને આજમાં થોડો ફેર છે. આજે પણ આ ભાટિયાઓ સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રે સક્રિય તો છે જ, પણ જેવી ઝળહળતી એમની ગઈકાલ હતી એવી આજ નથી.

ભાટિયાઓ પછી મુંબઈના કચ્છીઓમાં લોહાણાઓના યોગદાનની નોંધ લેવી પડે. ભાટિયાઓની જેમ જ લોહાણાઓ પણ દરિયો ખેડનારા વેપારી. નિર્ભય, ખડતલ અને ખુમારીવાળા આ લોહાણાઓએ પણ સંઘર્ષ પછી સફળતા મેળવી છે. પેટિયું રળવા આવેલાઓ પગભર થયા પછી પોતાની માભોમને ભૂલ્યા નથી અને મુંબઈને પણ એમણે અઢળક આપ્યું છે.

મુંબઈના કચ્છીઓની વાત કરવા બેસીએ ત્યારે એવા ને એટલા બધા નામો આવે છે કે કોની વાત કરવી અને કોની ન કરવી એવી વિમાસણ થાય. કયારેક કોઈક માતબર નામનું સ્મરણ કરવાનું રહી જાય. એ સૌ મહાનુભાવોની વ્યકિતગત નોંધ લેવામાં કદાચ કયાંક કોઈક ભૂલાઈ પણ જાય. એટલી મર્યાદાનો સ્વીકાર કરીને અહીં થોડી વાતો લખી છે. પણ અહીં જેમનો ઉલ્લેખ કદાચ ન થયો હોય એવા ય ઘણા નામી-અનામી કચ્છીઓએ આજના મુંબઈને એની આગવી ઓળખ આપવામાં મહત્ત્વનું યોગદાન કર્યું છે. સાથે સાથે આ કચ્છીઓએ કચ્છમાં પોતાની ફરજ સમજી જે કાર્ય કર્યું છે એથી એમ પણ કહી શકાય કે મુંબઈએ કચ્છને પણ ઘણું આપ્યું છે.

આઝાદીના લડવૈયા

લોહાણાઓની વાત આવે ત્યારે સૌથી પહેલાં જે નામ યાદ આવે છે એ છે વીર વિઠ્ઠલદાસ ચંદન. આપણી આઝાદીની લડતનો મુંબઈનો પ્રથમ શહિદ. સામાન્ય રીતે એવું માની લેનારા ઘણા છે કે આઝાદીની લડતમાં કચ્છીઓએ બહુ ઓછો ભાગ લીધો

> **મહાનગર મુંબઈનો સૌથી પહેલો શહીદ કચ્છી વીર વિઠ્ઠલ હતો અને તેની સ્મશાનયાત્રામાં આખું મુંબઈ ઉમટી પડયું હતું**

છે, પણ ખરેખર એવું નથી. શ્યામજી કૃષ્ણ વર્મા, યુસુફ મહેરઅલી જેવા મોટા નામો ઉપરાંત ઘણા બધા નામી-અનામી કચ્છીઓએ આઝાદીની લડતને વેગવાન બનાવવા અને ગાંધીજીના વિચારોના પ્રચાર માટે ગમે તેવા અવરોધો આવ્યા તોય પ્રવૃત્ત રહ્યા હતા. બીજા બધા દેશી રજવાડાઓમાં કચ્છ રાજ્ય વધુ પડતું જૂનવાણી હતું. બીજા ઉદ્યોગો તો ઠીક, પણ કચ્છ આખામાં એકેય પ્રિન્ટીંગ પ્રેસ પણ નહોતું, પ્રચાર અને પ્રસારના માધ્યમો નહીં. દૂરસુદૂરના અંતરિયાળ પ્રદેશમાં જવા પ્રવાસનાં સાધનો ઓછા. કોઈપણ વાત કે વિચારને વહેતો કરવાની અગવડ. એટલે સ્થાનિકે આઝાદીની લડતે ઝાઝું જોર નહોતું પકડયું. પણ કચ્છી પ્રજાની આઝાદીની ઝંખના માટે કોઈ શંકા કરી શકે નહીં. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે કચ્છ આખું હર્ષના હિલોળે ચડયું હતું. એ દિવસને કોઈ કચ્છી કયારેય ભૂલી નહીં શકે.

લોહાણાઓની વાતની શરૂઆત કરતાં સૌથી પહેલું વીર વિઠ્ઠલનું નામ એટલા માટે યાદ આવે કે આઝાદીની લડતમાં એ મુંબઈ મહાનગરનો સૌથી પહેલો શહિદ હતો અને એની સ્મશાનયાત્રા મુંબઈના સ્વાતંત્ર્ય યુદ્ધના ઈતિહાસમાં લોકમાન્ય ટીળકની સ્મશાનયાત્રાને ભૂલાવે એવી આ બીજી સ્મશાનયાત્રા હતી. રસ્તા પર લોકોના ટોળે ટોળાં નાત, જાત, કોમના ભેદભાવ વગર ઉમટી પડયાં હતાં.

અંગ્રેજી શાસકોના બેરહેમ લાઠીમારથી એક નવલોહિયો યુવાન ભલે હંમેશને માટે પોઢી ગયો, પણ આઝાદીના આશકોના જુસ્સાને ક્રૂર શાસકોના લાઠીમારથી ઉઝરડોય નહોતો પડયો. સોડ તાણીને સૂતેલા વિઠ્ઠલના સાથીઓનો જુસ્સો એમના પિતા વલ્લભદાસે ત્યારે તૂટતો જોયો, ને બીજી જ પળે મનને મક્કમ કરીને એમણે લાશની બાજુમાં પડેલો ત્રિરંગો ઉપાડયો. ધ્રૂજતા સાદે એમણે સૂત્રોચ્ચાર કર્યો, 'ઈન્કિલાબ....'

રડતા, ધ્રૂસકતા મેદનીમાં જમા થયેલા લોકોએ ઝીલ્યો 'ઝિંદાબાદ'

તા. ૧૯-૫-૧૯૩૦ના રોજ શહિદ થયેલા આ વિઠ્ઠલના પિતા ઠા. વલ્લભદાસ માધવજી ચંદને ત્યારે એમ કહેલું કે મને આશ્વાસન આપો છો બધા, પણ મારા માટે આઘાતજનક એક જ વાત છે કે આઝાદીની લડતની યજ્ઞવેદી પર અર્પણ કરવા મારી પાસે બીજો વિઠ્ઠલ નથી. પ્રભુએ મને માત્ર એક જ પુત્ર આપ્યો એનો જ અફસોસ છે.

સલામ ખોંભડીના ઝિંદાદિલ પરિવારને

ખોંભડીના આ ઝિંદાદિલ પરિવારના સભ્યો, વીર વિઠ્ઠલના માતા ભચીમા અને એની બહેન નિર્મળા આજે ય વીર વીરાને યાદ કરી કરીને દિવસો ટૂંકા કરે છે.

મુંબઈના આર્થિક, ઔદ્યોગિક, સાંસ્કૃતિક વિકાસમાં કચ્છીઓના ફાળાની વાત આવે ત્યારે ભાટિયાઓ પછી લોહાણાઓનું પ્રદાન પણ નોંધનીય રહ્યું છે, એ સ્વીકારવું પડે. વીર વિઠ્ઠલની વાત આપણે કરી સને ૧૯૩૦ની, પણ લોહાણાઓ એનાથી ઘણા વહેલા મુંબઈ આવેલા સતત સંઘર્ષ કરીને અહીં સ્થિર થયા. મુંબઈને એમણે ઘણું આપ્યું અને મુંબઈએ પણ એમને અઢળક આપ્યું.

મુંબઈ આજે છે એવું પહેલાં નહોતું. રેલવે પણ નહોતી. વહાણમાં બેસીને કે ગાડા રસ્તે આવી શકાતું. મુંબઈ આવવું એ સાહસ ગણાતું ! ઘણા કચ્છી-કાઠિયાવાડીઓ આવું સાહસ ખેડીને મુંબઈ આવ્યા હતા. મુંબઈના વિકાસનો એ પ્રારંભકાળ. ત્યારે મુંબઈ જુદા જુદા સાત ટાપુઓમાં વહેંચાયેલું હતું.

મુંબઈ આવેલા લોહાણાઓમાં પહેલા કોણ આવ્યા એની પૂરી વિગતો મળતી નથી પણ સૌથી પહેલું જે જાણીતી વ્યકિતનું નામ આવે છે, એ છે રણમલ લાખાનું.

આ રણમલ શેઠને પોતને પણ પોતા વિશે ઝાઝી જાણકારી નહોતી. ફકત એટલી જ ખબર હતી કે એ લાખા નામના લોહાણા ગૃહસ્થના પુત્ર છે. માતા-પિતા અને પરિવારમાં જો બીજા કોઈ હોય તો એ બધાં પ્લેગની બિમારીમાં ખપી ખૂટયાં હતા. અનાથ રણમલે એક મારવાડી દંપતી ઉછેર્યો.

માંડવી પાસેના મસ્કા ગામેથી નાની વયે મુંબઈ આવેલ રણમલ હાથપંખા વેંચતા વેંચતા એ વખતના મુંબઈના હાકેમ ગણાતા અનંગસેન મલબારીના પરિચયમાં આવ્યો. એણે આ યુવાનનું હીર પારખ્યું. પોતાના વહાણ 'મલબારીલાલ' પર ભંડારી તરીકે એને નોકરીએ રાખ્યો.

એ અરસામાં મુંબઈના નવા નીમાયેલા ગવર્નર હોર્નબી ઈંગ્લેન્ડથી મુંબઈ આવતા હતા ત્યારે દરિયાઈ તોફાનમાં એમનું વહાણ સપડાયું. એ વખતે રણમલ લાખાએ ભારે સાહસ કરી એમને બચાવ્યા ને સહીસલામત મુંબઈ પહોંચતાં કર્યા. આને લીધે ગવર્નરની પૂરી મહેરબાની એમના પર. એ અરસામાં જ અનંગસેન મલબારીનું અવસાન થતાં એમનો તમામ કારભાર સંભાળવાની જવાબદારી પણ એમના પર આવી પડી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સૂરતની કોઠીનું ફેરવણીનું કાર્ય પણ તેમને સંભાળવું પડયું. એમની જાહોજલાલી ઉત્તરોત્તર વધતી ગઈ.

મુંબઈમાં ત્રણ ગોદીઓ બંધાઈ હતી. પહેલી ૧૭૫૦માં, બીજી ૧૭૫૫માં અને ત્રીજી ૧૭૬૫માં. ૧૭૮૦ની સાલમાં મુંબઈની વસતી એક લાખ ચૌદ હજાર જેટલી હતી. ૧૮૧૪માં વધીને એ એક લાખ એંશી હજાર જેટલી થઈ ગઈ.

૧૮૪૪ની સાલમાં જી. આઈ. પી. રેલવે માટેની યોજના તૈયાર થઈ. ભાયખલાની આજુબાજુની મોટાભાગની જમીન રણમલ લાખાની માલિકીની હતી. ખીર (દૂધ) એટલે પુત્ર અને જમીન એટલે મા. એનું વેચાણ ન કરાય. જમીન આપવાની એમણે ના પાડી દીધી. આખરે ટિકિટ દીઠ એક પૈસાના ધોરણે વળતર ચૂકવવાની શરતે એ જમીન લીઝ પર આપવામાં આવેલી. રેલવેની આ આવકમાંથી એમના પૌત્ર હંસરાજ કરમશીએ ભાયખલા ખાતે માનકેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર બનાવ્યું અને એક ટ્રસ્ટ રચ્યું. હજી આજે પણ આ ટ્રસ્ટ અસ્તિત્વમાં છે. બહુ જ મામુલી દરે લગ્ન જેવા સમારંભો માટે એ જગ્યા ઉપલબ્ધ છે. બીજી પણ અનેક રીતે આ ટ્રસ્ટ જરૂરિયાતમંદોને ઉપયોગી થતું રહ્યું છે.

હંસરાજ કરમશી રણમલ



વડગાદી-મસ્જિદ બંદરમાં લોહાણાઓની જમાવટ

મુંબઈ વિસ્તરતું ગયું તેમ તેમ ભાટિયાઓ શહેરના કોટ વિસ્તારથી બહાર વસવાટ કરતા ગયા. સી. પી. ટેન્ક અને મલબારહીલ તરફ એમનું રહેણાંક. પણ લોહાણાઓની ખાસ કરીને વધારે વસતી વડગાદી-મસ્જિદ બંદર વિસ્તારમાં

હતી. લગભગ ૧૮૮ વર્ષ પહેલાં ત્યાં લોહાણાઓના કુળદેવ ઉડેરાલાલ-દરિયાલાલનું મંદિર બાંધવામાં આવેલું. મંદિરનો ત્યાર પછી જિર્ણોદ્ધાર થયો છે, પણ જ્યોત તો પહેલે દિવસે પ્રગટાવવામાં આવેલી એજ આજે પણ અખંડ ઝળહળે છે.

વીરજી પેરાજ અને ચત્રભુજ પેરાજ મસ્કાઇએ સમૃદ્ધ થયા પછી સમાજ સેવામાં ધ્યાન પરોવેલું. શૈક્ષણિક તબીબી સહાય માટે અને જરૂરિયાતમંદો માટે એમણે છૂટે હાથે પૈસા ખર્ચેલા. સંસ્થાઓ અને ટ્રસ્ટોની સ્થાપના કરેલી, જે આજે ય કાર્યરત છે.

મુંબઇના કચ્છી લોહાણા મહાજને સ્વાતંત્ર્ય સૈનિક જીવરામ કોઠારી જેલમાં જતાં તેમને અભિનંદન આપવાનો એક સમારંભ તા. ૧૭-૪-૧૯૩૦ના દરિયાસ્થાનમાં યોજેલો. એ વખતે છડેચોક મીઠાના કાયદાનો ભંગ કરીને 'ગાંધી મીઠા'ના પડીકા વેચવામાં આવ્યા હતા. એથી પહેલાં સને ૧૯૨૧માં તિલક સ્વરાજ્ય ફંડ માટે મહાત્મા ગાંધીજીએ સભા ભરેલી ત્યારે તેમને સવા લાખની થેલી આપવામાં આવી હતી.

રાવબહાદુર કરમશી દામજીનું નામ એ જમાનાનું મોટું નામ- વખાના માર્યા એમના પિતા દામજીભાઇ મુંબઇ આવ્યા. પેટિયું રળવા એમણે કામાટીપુરામાં દાણાની દુકાન શરૂ કરેલી ને માંડ નિર્વાહ કરતા, કરમશી શેઠ અંગ્રેજી ચારેક ધોરણ સુધી ભણ્યા ને પછી ધંધે લાગ્યા. પ્રિન્સેસ અને વિકટોરીયા ડોક પરથી સ્ટીમરોમાં માલ ચડાવવા-ઉતારવાના કોન્ટ્રેકટ મળતાં કરમશીભાઇએ અઢળક કમાણી કરી. ધર્મપરાયણ અને પરોપકારી કરમશી શેઠે દુકાળ વખતે વાગડમાં છૂટે હાથે મદદ કરવા ઉપરાંત પ્લેગની મહામારી વખતે દરિયાસ્થાનમાં હોસ્પિટલ પણ શરૂ કરેલી અને જાત દેખરેખ રાખીને રોગીઓની સારવાર કરેલી.

હુલ્લડો વખતે સુલેહના દૂતની કામગીરી

મુંબઇમાં હુલ્લડો ફાટી નીકળેલા ત્યારે સુલેહના દૂત તરીકેની કામગીરી પણ કરેલી. લોહાણા ઓર્ફેનેજ અને બાળાશ્રમ સ્થાપવામાં એમણે અગ્રભાગ લીધેલો. સરકારે તેમને રાવબહાદુરનો ખિતાબ આપેલો.

આવા જ એક બીજા નરવીર કેશવજી નથુભાઇ. એકવાર ભરદરિયે એક અબળાને સતાવતા ખલાસીઓને પડકારતાં વહાણમાંથી કૂદી પડીને એકલે હાથે પાંચ જણાને મહાત કર્યા હતા, ને ત્યારથી 'સેલર'ના નામથી પ્રસિદ્ધ થયેલા. નાનકડી હાટડીથી શરૂઆત કરીને ધીકતો ધંધો જમાવ્યા પછી માનવ સેવાને એમણે જીવનનું ધ્યેય બનાવેલું. એમની પ્રવૃત્તિઓમાં પાંજરાપોળ,
કાંદાવાડીમાં સ્વ. પત્ની કેસરબાઇના નામની ધર્મશાળા અને સદાવ્રત સ્થાપવા ઉપરાંત ગોદી પાસે પાંચ હજારના ખર્ચે ફુવારો બંધાવી આપ્યો હતો. પોતાનું કાંદાવાડીનું મકાન લેડી નોર્થ કોર્ટ હિન્દુ ઓફર્નેજને અર્પણ કર્યું હતું. ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં તેમનું અવસાન થયું. સરકારે તેમની સેવાઓને લક્ષમાં લઇને એમને રાવબહાદુર અને જે. પી.ના ખિતાબ આપેલા.

વીરજી પેરાજ અને ચત્રભુજ પેરાજની સખાવતની રકમ રૂપિયા પચાસ લાખનો આંક વટાવી ગઇ. લોહાણા જ્ઞાતિ માટે અને સાર્વજનિક કામો માટે એમણે અઢળક ધન ખર્ચી જાણ્યું. શાળાઓ, બોર્ડિંગો, ઓફર્નેજ કન્યાશાળા, ધર્મશાળાઓ, દવાખાનાઓ, સ્ત્રી હુન્નર શાળાઓ, કૂવા-અવેડાઓ માટે ધન ખર્ચતાં એમનો હાથ કયારેય રોકાયો નહોતો.

શેઠ લાલજી ડુંગરશીએ ત્રણ લાખ રૂપિયા લોહાણા હોસ્પિટલ માટે ફાળવ્યા હતા. મુંબાદેવીમાં ભાગીરથી બાગના મકાન માટે માતબર રકમ આપેલી.

લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓની ઉચ્ચ કેળવણી માટે બોર્ડિંગની સ્થાપના કરનાર શ્રી વલભજી રામજી વાગુરાના, તો માત્ર પાંચ જ રૂપરડીના પગારથી જિંદગીની શરૂઆત કરીને ગરીબી સામે ઝુઝીને પ્રારબ્ધ અને પુરૂષાર્થના બળે લાખો રૂપિયા કમાનાર અને કમાઇને પોતાની પુંજીને દાનની ગંગામાં પલટાવી નાખનાર કાનજી જાદવજી મોનાણી હતા કોટડી ગામના. ચીકીની ફેરી કરતાં કરતાં શેપર્ડ નામની સ્ટીમર કંપનીમાં સામાન્ય મુકાદમ તરીકે જોડાયેલા. પોતાના ગામમાં અને મુંબઇ સહિત બીજી અનેક જગ્યાએ છાત્રાલયો, પરબો, વાવ-હવાડાઓ, દેવાલયો, હરિજન શાળાઓ, સેનેટોરિયમો વગેરે બંધાવેલા અને હોસ્પિટલો માટે પણ દાન આપેલાં.

કલ્યાણપુરના નેણશી તેજપાલ સોમૈયાની કોલાબામાં અનાજ કરિયાણાની નાની દુકાન હતી. એમણે રેલવેના મોટા મોટા કોન્ટ્રાકટ પાર પાડી સારી નામના મેળવેલી. સ્વજ્ઞાતિની સેવા કરવા ઉપરાંત સાર્વજનિક સેવાઓ માટે હજારોની સખાવતો કરેલી.

મૂળજી સિક્કાની કર્મભૂમિ આમ તો કલકત્તા હતી, પણ ૧૯૩૧માં તેમણે મુંબઇમાં બેન્કીંગનો વ્યવસાય શરૂ કર્યા પછી વિઠ્ઠલભાઇ પટેલ રોડ પર આવેલી ચાયનાબાગ એસ્ટેટ ખરીદીને ત્યાં પોતાના નામથી ભવ્ય સિક્કાનગર બાંધ્યું. ગાંધીજીના રંગે રંગાયેલા આ રાષ્ટ્રભકત પાસે ભારોભાર વૈભવ હોવા છતાં સાદાઇથી જીવ્યા. એમણે પણ પોતાની સંપત્તિમાંથી અઢળક ધન સાર્વજનિક કાર્યો માટે ખર્ચ્યું.

મુંબઇના વિકાસમાં આવા કાંઇક નાના મોટા, નામી-અનામી મહાનુભાવોનો ફાળો છે. મુંબઇમાં પેટ પૂરતું કમાવા આવેલા ને નસીબજોગે અઢળક કમાઇ પડેલા આ મહાનુભાવોએ એ નાણું ઘરભેગું કરવાને બદલે બહુજન હિતાર્થે ખર્ચ્યું અને પરિણામે ટીપે ટીપે સરોવર ભરાય એમ મુંબઇનો વિકાસ થતો ગયો.

આજે મુંબઇમાં માણસો કિડીઆરાની જેમ ઉભરાય છે. અહીં આવનારાઓ આંખોમાં સપનાં આંજીને આવે છે. બધાના સપનાં સાકાર થતાં હશે કે નહીં, પણ મુંબઇ માત્ર એક શહેર- મહાનગર જ નથી. અનેકના આકર્ષણનું કેન્દ્ર સોનેરી સપનું છે. અને એને આવી ઓળખ આપનાર કચ્છીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અનેક પ્રવૃત્તિથી ધમધમતો 'કચ્છ કેસલ'

આવું જ એક માતબર નામ છે કચ્છી લોહાણાઓમાં શૂરજી વલ્લભદાસનું. ગામ એમનું સુથરી. નાના નાના વેપાર કર્યા પછી રંગ બજારમાં 'રાજા' કહેવાતા થયા. વ્યવસાયિક ક્ષેત્રે સફળ થયા અને જાહેર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા. આર્ય સમાજ મંદિરના તેઓ ટ્રસ્ટી હતા. લોહાણા જ્ઞાતિની સેવા પ્રવૃત્તિ ઉપરાંત ૧૯૨૬ની સાલમાં કચ્છી પ્રજાકીય પરિષદની સ્થાપના થઇ ત્યારે એના પ્રમુખ તરીકે વરાયેલા. કચ્છ ખેડૂત પ્રજા સંગઠન સમિતિના પણ તેઓ પ્રમુખ હતા. આઝાદીની લડતમાં ભાગ લઇને કારાવાસ પણ વેઠેલો અને આર્થિક સહકાર પણ આપેલો. મુંબઇમાં 'કચ્છ કેસલ' નામનો એમનો બંગલો પ્રવૃત્તિઓથી ધમધમતો રહેતો. સ્થાનિકે શિક્ષણ ક્ષેત્રે એમણે શૂરજી વલ્લભદાસ કેળવણી ખાતું શરૂ કરી, અઢળક નાણાં ખર્ચી અમૂલ્ય પ્રદાન કર્યું હતું.



બોરીબંદર સ્ટેશનની બહાર નીકળતાં જ ભાટિયા બાગ નજરે ચડે છે. એક જમાનામાં અહીં ટ્રામ ટર્મિનસ હતું.

શિક્ષણ ક્ષેત્રે આવું જ મોટું નામ શેઠ શ્રી નરશી મોનજીનું. જન્મ લાખાણીયામાં. પિતાનો ધંધો બારદાન, તાલપત્રીનો. વિદેશી સિગારેટ પાછળ ગાંડા થયેલાઓ દેશના લાખો રૂપિયા પરદેશમાં ઘસડાઇ જવા દે છે એ જોઇ એમણે નાના પાયે 'ગોલ્ડન ટોબેકો' નામનું સ્વદેશી સિગારેટનું ભારતનું પ્રથમ કારખાનું શરૂ કરેલું. એ ઉપરાંત જોગેશ્વરીમાં 'ગોલ્ડન કેમિકલ કું.' અને અંબરનાથમાં સ્ટ્રોબોર્ડનું કારખાનું શરૂ કરેલું. એમણે ગુપ્ત અને જાહેર અનેક સખાવતો કરી. એમના સુપુત્ર ચત્રભુજભાઇએ પિતાના સ્મરણાર્થે પારલામાં નરશી મોનજી કોલેજ સ્થાપી છે અને પારલા કેળવણી મંડળ તરફથી એમના નામે કોમર્સ કોલેજ પણ સ્થપાઇ છે.

વાગુરાના વતની નારાણજી ઇબજી, જેનું વડાલામાં આવેલી લોહાણાઓ માટેની ઉચ્ચ કેળવણીની બોર્ડિંગ સાથે નામ જોડાયેલું છે, તેઓ પણ ખૂબ સંઘર્ષ કરીને, નોકરી અને દલાલીનું કામકાજ કરીને પણ કમાયા હતા અને કમાઇને સારા કામો માટે છૂટે હાથે ખર્ચ કર્યું હતું. એ જ રીતે લખપતના જેઠા ધનજી પણ આપબળે આગળ આવેલા ને પછી નાસિક, ત્ર્યંબક, કાશી વગેરે સ્થળે ધર્મશાળાઓ બંધાવેલી ને પાંજરાપોળ, કૂવા, તળાવ વગેરેમાં અઢળક ધન ખર્ચેલું. મુંબઇમાં હાયર એજ્યુકેશન બોર્ડિંગ માટે માતબર દાન આપ્યા ઉપરાંત પણ ઘણી સખાવતો કરી હતી.

મુંબઇનો વિકાસ રાતોરાત નથી થઇ ગયો. કાંઇક આસમાની સુલતાની મુંબઇએ જોઇ છે અને એ વખતે એવા કચ્છી સપૂતોએ એને ઉજળી કરી બતાવી છે. પ્લેગની મહામારી ફાટી નીકળી ત્યારે નાગ્રેચાના રામજી જેરામ ખાંટે પોતાના જાનની પરવા કર્યા વિના સવારથી સાંજ સુધી પોતાની ખાંધે શબો ઊઠાવીને સોનાપુર પહોંચાડવાનું કાર્ય કર્યું હતું. એમની સેવાઓ બદલ સાક્ષરરત્ન કૃષ્ણલાલ મો. ઝવેરીના પ્રમુખપદે

સભા યોજાયેલી, જેમાં માનપત્ર અને સુવર્ણચંદ્રક અર્પણ કરાયેલા.

ભારતના પહેલા વિમાની કચ્છી હતા

ભારતના સૌથી પહેલા વિમાની જે. આર. ડી. તાતા નહીં, પણ એક કચ્છી પુરૂષોત્તમ મેઘજી કબાલી હતા. લખપત એમનું ગામ. એમના પિતા મેઘજીભાઇ મુંબઇ કમાવા આવ્યા. નોકરી કરીને ઊંચા નહીં અવાય એ સમજતા હતા. પણ સ્વતંત્ર ધંધો કેમ શરૂ કરવો એની મૂંઝવણ હતી. મૂડી તો બિલકુલ હતી જ નહીં.

પણ નસીબ એમનાં સારા હતા. અમેરિકાના કરોડપતિ વેપારી રોકફેલરને ભારતમાં ઘાસલેટની નિકાસ કરવી હતી. મેઘજી વલ્લભદાસે એજન્સી લેવાની તૈયારી બતાવી. વાત જામી ગઇ. વગર મૂડીએ ધંધો શરૂ થયો ને જામી ગયો. ઘરે ઘોડાગાડી આવી. ચેમ્બુર અને ઘાટકોપરમાં જગ્યાઓ લીધી.

આ મેઘજીભાઇના પુત્ર પુરૂષોત્તમનો જન્મ હનુમાન જયંતીના દિવસે થયેલો આને જોગાનુજોગ માનીએ કે પુરૂષોત્તમને પણ હનુમાનની જેમ પવનપુત્ર થવાનું મન થયું. વિમાન ચલાવતાં શીખીને ઇ. સ. ૧૯૨૯માં પાયલોટનું એ અને બી લાયસન્સ મેળવનાર તેઓ પહેલા હિન્દી હતા.

કચ્છી માડુ દુનિયાભરમાં ઉડ્ડયન કરે છે

ત્યારના ટચુકડા એક અને પછી ચારેક જણ બેસી શકે એવા વિમાનમાં એમણે દુનિયાભરના આકાશમાં ઉડ્ડયનો કર્યા હતા. વિમાનો પણ કેવા? માત્ર ચાર જ કલાક ઉડી શકે એવાં. એમાં બેસીને દુનિયા આખી ફર્યા. મુસોલીની હિટલર વગેરેને મળ્યા. સરદાર વલ્લભભાઇ પટેલ અને મણિબહેનને પોતાના વિમાનમાં સફર કરાવી. જવાહરલાલ નહેરૂની બહેનોને વિમાન ચલાવતાં શીખવ્યું. કસ્તુરબાના હાથે રાંધેલી

> **ભારતના સૌથી પહેલા વિમાની**
> **જે.આર.ડી. તાતા નહીં પણ**
> **લખપત કચ્છના સપુત**
> **પુરુષોત્તમ મેઘજી કબાલી હતી**

ખીચડી ખાવાનું સદ્દભાગ્ય પણ એમને મળેલું. સુભાષ બાબુને નસાડી જવાનો આરોપ એમના પર સરકારે મૂકેલો, ને એ માટે એમને સજા પણ થયેલી. એમના પત્ની નારાયણીબાઇ પણ વિમાન ચલાવતા. સખાવતો પણ એમના પરિવારે ખૂબ કરી. એમનું બંધાવેલું લક્ષ્મીનારાયણ અને શંકર ભગવાનનું મંદિર આજે પણ ઘાટકોપરના ભાવિકો માટે શ્રદ્ધાનું સ્થાન છે.

એમણે પોતાની વિમાની કંપની સ્થાપેલી અને ઠેઠ ૧૯૩૬ની સાલમાં આપણા ભારતીય યુવાનોને વિમાન ચલાવવાની તાલીમ મળે એ માટે 'એરોનોટિકલ ટેકનિકલ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયા'ની સ્થાપના કરેલી.

લાખો કમાણા ને લાખોનું જેમણે દાન કર્યું એવા લક્ષ્મીદાસ ચંદા રામજી, શિવદાસ ચાંપશી ઠક્કર, સામાન્ય સ્થિતિમાંથી સંઘર્ષ કરીને આગળ આવેલા અને વડી અદાલતના જજ બનેલા ગોરધનદાસ આણંદજી ઠક્કરે પણ મુંબઇને ઘણું આપ્યું છે. લિજ્જત પાપડ બનાવતી શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ સંસ્થામાં છગન બાપાની પ્રેરણાથી પ્રાણ પુરનાર પુરૂષોત્તમ દામોદર દત્તાણીએ પણ મુંબઇને એક અનોખી સંસ્થાની ભેટ આપી છે.

મુંબઇના મેયરપદેય કચ્છી પહોંચ્યા

મુંબઇ મહાનગરપાલિકામાં જુદા જુદા વિસ્તારોમાંથી કચ્છીઓ પ્રતિનિધિ તરીકે ચૂંટાતા રહ્યા છે. એમાં શ્રી નાનાલાલભાઇ મહેતા અને શ્રી રવજી ખીમજી ગણાત્રા તો મેયર પણ થયા હતા. રવજીભાઇ કરાચીમાં હતા. આઝાદીની લડતમાં તેમણે ભાગ લીધો હતો અને પત્રકારત્વમાં પણ એમની કલમ ઝળકી હતી. 'ભારત છોડો' ચળવળમાં ભાગ લેવા બદલ એમને અઢી વર્ષની જેલની સજા થઇ હતી.

ભાગલા પછી મુંબઇ આવ્યા. પાકિસ્તાનથી નિરાશ્રિત થઇને આવેલાઓને થાળે પાડવાની પ્રવૃત્તિ ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓ સાથે એ જોડાયેલા હતા. ૧૯૫૨થી એ મ્યુનિસિપાલિટીમાં ચૂંટાતા રહ્યા હતા અને વિવિધ સમિતિઓના ચેરમેનપદે રહીને પ્રશંસનીય કામગીરી કરી હતી.

સાકર સમ્રાટે ઘણી સંસ્થાઓની ભેટ આપી

નાનપણથી જ મુંબઇ આવીને રૂના ધંધામાં જોડાઇને ધીમે ધીમે આગળ વધી કોલ્હાપુર સુગર મિલ્સ શરૂ કરનાર ગોરધનદાસ જાદવજી રૂપારેલે પણ મુંબઇમાં સારી સખાવતો કરી છે તો એવા જ બીજા સાકર સમ્રાટ કરમશી જેઠાભાઇ સોમૈયાએ તો મુંબઇને ઘણી બધી સેવા સંસ્થાઓની ભેટ આપી છે. મધ્ય રેલવેએ જેના માટે ખાસ વિદ્યાવિહાર રેલવે સ્ટેશન બનાવ્યું એ સોમૈયા કોલેજ નામથી ઓળખાતું શૈક્ષણિક સંકુલ અને ચારસો બેડની હોસ્પિટલ સાથેની ચુનાભઠ્ઠી પાસેની મેડિકલ કોલેજ ઉપરાંત એમની બીજી સખાવતો કેટલી છે એનો તો હિસાબે નથી. કોપરગાંવમાં પણ એમણે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સ્થાપી છે.

યાદ કરવા જેવું એક મોટું નામ છે દેવજી રતનશીનું. વાંકુ ગામના દેવજી શેઠ સ્વપુરૂષાર્થે વેપારમાં આગળ આવેલા. ૧૯૩૯માં માંડવી વિભાગમાંથી મુંબઇ સુધરાઇમાં ચૂંટાઇ આવેલા દેવજીભાઇ જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ પણ બનેલા. મુંબઇ ગ્રેન ડીલર્સ એસોસિએશનમાંની એમની સેવાઓ યાદગાર બની રહી. વેપારીઓમાં એમનું બહુ માન હતું. ગ્રેન એન્ડ રાઇસ મરચન્ટસ એસોસિએશન અને મરચન્ટસ રાહત સમિતિના પ્રમુખ હતા. વેપારીઓમાં એમનું એટલું બધું માન હતું કે દેવજી શેઠનું વેણ કોઇ ઉથાપે નહીં. વેપારીઓના હક્કો માટે અને એમના હિતો માટે એ જીવનભર ઝઝુમ્યા હતા. ૧૯૫૨માં સૌ પહેલીવાર ચૂંટણી થઇ ત્યારે મુંબઇ રાજ્યની વિધાનસભામાં જંગી બહુમતીથી ચૂંટાઇ આવ્યા હતા. પ્રકૃતિપ્રેમી હતા. દેવલાલીમાં વિશાળ જમીન ખરીદી નાત-જાતના ભેદ વગર સૌ લાભ લઇ શકે એવું અતિથિગૃહ બનાવેલું.

અનાજના વેપારનો એમને એટલો બહોળો અનુભવ હતો કે એ વખતના ખોરાક પ્રધાન રફી અહમદ કિડવાઇને દેશભરની પેદાશના ને વપરાશના ચોકસાઇપૂર્વક તૈયાર કરેલા આંકડા એમણે પૂરા પાડયા હતા, જેને કારણે અનાજની માપબંધી દૂર કરવામાં સફળતા મળી હતી અને કૃત્રિમ તંગી દૂર થઇ હતી.



કચ્છી મેયર રવજીભાઇ ગણાત્રા

જૂનું મુંબઇ કેવું હતું એની આજની પેઢીને કલ્પનાય ન આવી શકે. આજે તો નાના ગામડાંઓમાં પણ શહેરી સુવિધાઓ સુલભ છે, એ સમયે તો પ્રવાસની ય પૂરેપૂરી સુવિધા નહોતી. રેલવે તો ઠીક, રસ્તાઓય નહોતા. મુંબઇ શહેરને ફરતો કિલ્લો હતો અને એના ત્રણ દરવાજા હતા. ચર્ચગેટ, બજાર ગેટ અને એપોલો ગેટ.

કંપની સરકારે શહેરનો વ્યવસ્થિત વિકાસ કર્યો. ટાપુઓ વચ્ચેની ખાડીઓ ને ખાડા પુરવાનું કામ શરૂ થયું. બહારથી સેંકડો મજૂરો કામ માટે આવતા થયા. ઇ. સ. ૧૭૨૮ સુધી આ કામ ચાલેલું.વરલી અને માહિમના ટાપુઓ ભરણીથી જોડાઇ ગયા. ફકત એપોલો ગેટ પાસેની કોલાબા અને કોટ વચ્ચેની ખાડી પુરી નહોતી શકાઇ. આજે પણ સમુદ્રની ભરણીનું આ કાર્ય ચાલુ જ છે. મંત્રાલય અને એની આસપાસની ગગનચુંબી ઇમારતો જ્યાં ઊભી છે એ ભરણી તો તાજેતરની જ છે. ૧૮૬૬ની સાલમાં મુંબઇમાં રસ્તા પર ગેસના દીવા પ્રગટયા. વીજળીના દીવા ૧૯૧૮માં આવ્યા. મલબારહિલ, ખંભાલા હિલ, મહાલક્ષ્મી, વરલીના વિસ્તારો ત્યારે વેરાન હતા. છૂટાછવાયાં મકાનો... તાડ અને નાળિયેરીના ઝુંડ.... વચ્ચે વચ્ચે મકાઇનાં ખેતરો...

શિવ-કુરલા ખાડીમાં વહાણો ચાલતા

પરેલ, દાદર, માટુંગા અને શિવમાં ડાંગરના ખેતરો અને વાડીઓ હતાં. માછીમાર કોળીઓની જ મુખ્ય વસતી હતી. હજી ગઇકાલ જેવી જ વાત છે. શિવ અને કુરલા વચ્ચે આગ્રા રોડ પાસે હમણાં જ્યાં ભરણી થઇ ગઇ છે ત્યાં ખાડી હતી અને વહાણો ચાલતાં. ૧૯૧૧ થી ૧૯૧૩ના સમય દરમિયાન ભાયખલા અને દાદર વચ્ચેના રેલવે ફાટકો પર પુલો બંધાયા.

મુંબઇના વિકાસના આ દરેકે દરેક તબક્કામાં કચ્છી માડુ સતત પોતાનો ફાળો આપતો રહ્યો છે. રેલવેના બાંધકામમાં ગુર્જર ક્ષત્રિયો જેમને આપણે મિસ્ત્રી તરીકે ઓળખીએ છીએ, તેઓ ફકત મુંબઇમાં જ નહીં સમગ્ર ભારતમાં અગ્રેસર રહ્યા છે.

બોમ્બે સેન્ટ્રલ સ્ટેશનથી માંડીને અનેક બાંધકામો કચ્છી કોન્ટ્રેક્ટરોએ પાર પાડયાં છે. તેજુ કાયા એન્ડ કું., ચત્રભુજ લીલાધર એન્ડ કું. અને એવી બીજી ઘણી ફર્મો મોટા મોટા બાંધકામોનું કાર્ય પૂર્ણ કરતી.

મુંબઇની હદ પણ સતત વિસ્તરતી રહી છે. શિવ સુધી, પછી ઘાટકોપર સુધી, એ પછી ભાંડુપ સુધી અને પછી મુલુંડ સુધી....

મધ્ય રેલવેના પરાંની વાત પર વિશેષ ધ્યાન એ માટે આપ્યું કે કચ્છીઓની વિશેષ વસતી પણ મધ્ય રેલવે પરના પરાંઓમાં છે. માટુંગા, વડાલા, શિવ, ઘાટકોપર, ભાંડુપ, વિક્રોલી પછી મુલુંડ... મુલુંડ તો જાણે કચ્છ જિલ્લાનું જ કોઇ શહેર હોય એટલી બધી ત્યાં કચ્છીઓની વસતી છે.

મુલુંડ તો જાણે કચ્છીઓનું જ પરું

મુલુંડ આજે તો વસતીથી ફાટફાટ થાય છે અને આજે ત્યાં મુંબઇનું પચરંગીપણું પણ દેખાય છે. પણ અઢી દાયકા પહેલાં તો મોટાભાગની વસતી કચ્છીઓની જ હતી. કાચા ખડકાળ રસ્તા, છૂટાછવાયા મકાનો, પડતર જમીન... માણસો ત્યાં હવાફેર કરવા માટે આવતા. મજાકમાં લોકો કહેતા, જેને તડીપારની સજા થાય એ મુલુંડ જાય. આજે એજ મુલુંડની એવી હાલત છે કે ચાલવાની જગ્યા જ ન મળે. ભગવાન પણ ભૂલા પડી જાય એવી ભીડ ભૂલેશ્વરની કહેવાતી, આજે ભૂલેશ્વર કરતાં વધુ ભીડ મુલુંડના રસ્તાઓ પર જોવા મળે છે.

કચ્છના ગામોના રિવાજો મુલુંડમાં જોવા મળે. હજી દોઢેક દાયકા પહેલાં ય કોઇ લોહાણાનું મરણ થાય તો થાનાઇ સાદ પાડવા નીકળતા. (થાનાઇ એટલે ગામ ગોર). દરેકે દરેક મકાનના કમ્પાઉન્ડમાં જઇને મોટેથી સાદ પાડતા 'આભેણે વેજા.' આમ આભડવા જવાનો સાદ ટાણેકટાણે સાંભળવા મળે, પણ રોજ સવારે નિશ્ચિત સમયે અચૂક થાનાઇનો સાદ તમને સંભળાય જ 'સાદડી પર જજો.' પછી કયા ગામનો કોણ, કોના દીકરા, જમાઇ કે દોહિત્રની ટૂંકી ઓળખાણ આપે પાછા.

આવી પત્રિકા વિશ્વમાં કયાંયે નહીં જોવા મળે

કોઇના લગ્નમાં કે સારે પ્રસંગે ન જઇએ તો ચાલે, પણ મરણનો મલાજો જાળવવો જોઇએ એ બાબતમાં કચ્છીમાત્ર માને છે. પછી ભલે તે ગમે તે કોમ કે ધર્મનો હોય. કચ્છી વીસા ઓસવાળ સમાજ દ્વારા તો આવા સમાચારોની પત્રિકા દરરોજ બહાર પડે છે અને મુંબઇ અને દરેકે દરેક પરાંમાં એ મફત વહેંચવામાં આવે છે. દરેકે દરેક જ્ઞાતિભાઇને ઘેર બેઠાં સવારમાં આ પત્રિકા મળી જાય છે. હા, પત્રિકા આપવા આવનારને નજીવો સર્વિસ ચાર્જ આપવો પડે. આવો સર્વિસ ચાર્જ એ માણસના પગાર જેટલો થઇ જાય અને પત્રિકા છાપવાનો ખર્ચ એમાં છપાતી જાહેરાતોમાંથી નીકળી જાય. કદાચ આખાય ભારતમાં (કે વિશ્વમાં) આવું કોઇ દૈનિક પ્રગટ નહીં થતું હોય.

મુલુંડની વાત આવે એટલે સૌથી પહેલું નામ યાદ આવે પુરૂષોત્તમ ખેરાજનું. મુલુંડમાં એમ કહેવાતું કે અડધું ગામ એમનું જ છે. બહુ ઝાઝું ભણેલા નહીં. પહેરવેશ પણ સાવ સાદો. ધોતિયું ને ઇસ્ત્રી વગરનો ઝભ્ભો. માથે ધોળી ટોપી. જમીન તો એમની પાસે મુલુંડમાં ઘણી હતી પણ કરોડોની દોલત જેવી કોઠાસૂઝ પણ હતી એમનામાં. મુલુંડમાં સંખ્યાબંધ મકાનો બંધાયા પહેલાં એમના મગજમાં આકાર લઇ ચૂકેલા ! ઇજનેરોને પણ એ જરૂરી સલાહ સૂચન ઉપરાંત માર્ગદર્શન પણ આપી શકતા. જમીન જોઇને અહીં કેવું મકાન બની શકે, એનો નકશો કેમ દોરવો, બાંધકામમાં કેટલું મટીરિયલ જોઇશે અને કેટલો ખર્ચ થશે, એ આંગળીના વેઢે ઘડીકવારમાં ગણી આપે.

મશિનનું એમનું જ્ઞાન પણ અદ્દભૂત હતું. લોટ પીસવાની ચક્કીનાં મશિનો બનાવવાનું એમનું કારખાનું. પણ મશિનોના પૂરજે પૂરજાની પહેચાન. મશિનમાં ખોટીપો હોય તો કયાં ખરાબી છે એ એ પળવારમાં પકડી પાડતા મશિનો જાણે એમના કાનમાં વાતો કરે.

ભાષા સાવ બરછટ અને સ્વભાવ આકરો. પણ કાળજું સાવ કૂણું. કોઇની પીડા, કોઇની તકલીફ ન જોઇ શકે. ભગવાનમાં અતૂટ અને અપાર શ્રદ્ધા. એમનો જીવ કાં કામકાજમાં પરોવાયેલો હોય, કાં તો ભગવદ્દ ભજનમાં. ફાલતુ વાતોમાં એમને મુદ્દલ રસ જ નહીં.

મુલુંડમાં શ્રી કચ્છી લોહાણા મહાજનવાડીનું મકાન એમની દેખરેખ હેઠળ બંધાયેલું. મુલુંડની પોલીસ ચોકી અને પોલીસોના રહેઠાણના મકાનો, રામાયણ જ્ઞાન મંદિર, રામ તત્ત્વભાવના, જ્ઞાન સરિતા સ્કૂલ વગેરે મુલુંડમાં એમના પ્રતાપે વિકસ્યાં. દેશના ભાગલા પડયા, પાકિસ્તાનની રચના થઇ અને નિરાશ્રિત થઇને આવેલા આપણા ભાઇઓ માટે એમણે તન, મન અને ધનથી થાય એટલું બધું જ કરેલું. શ્રી લોહાણા મહાપરિષદના મકાનો માટે જમીન એમણે આપેલી.

મુલુંડમાં ત્યારે કાચા રસ્તાઓ હતા. ગ્રામ પંચાયત પાસે મેટલ રોડ બનાવવા જેટલી રકમ પણ નહોતી. રાતે મુંબઇ ગયેલા કોઇને પાછા આવવામાં મોડું થાય ત્યારે એને લેવા ફાનસ લઇને માણસો સ્ટેશને જતા. સુવિધાના નામે સાવ મીંડું.

પછી વિકાસની ઝડપ અણધારી વધી ગઇ. ૧૯૪૪ની સાલમાં મુંબઇની ગોદીમાં ધડાકો થયો ત્યારે ઘણા મકાનો ધરાશાયી થઇ ગયેલાં. માણસો મુંબઇ ખાલી કરીને ભાગી ગયેલા. આજે પણ મસ્જિદ બંદર વિસ્તારમાં નવાં મકાનો થોડાં બંધાયાં છે અને કેટલાક મકાનોને બજારો હજી કાચા, પતરાના છાપરાનાં છે. દા. ત. ઇસાજી સ્ટ્રીટ પાસેની રામ મારકેટ. ઘણાં મકાનો મૂળમાંથી હલી ગયેલાં ને ખખડધજ થઇ ગયા.

પણ મુંબઇ એક એવું શહેર છે કે ગમે તેવી આફત કે આઘાતમાંથી બહાર આવીને બેઠું થવામાં એને વાર લાગતી નથી. આખા દેશના માણસોને એ શહેરનું અદમ્ય આકર્ષણ છે અને આ શહેર પર એવો અતૂટ વિશ્વાસ કે અહીં આવ્યા પછી ભૂખ્યા રહેવાનો વારો નહીં આવે.

મુંબઇમાં રહેઠાણની તંગી હંમેશાં રહી છે

એટલે જ મુંબઇમાં રહેઠાણની તંગી હંમેશાં રહી છે. સમસ્યા આજની નથી. ઓનરશીપ મકાનો તો બહુ પછી બંધાતાં થયાં. પહેલાં તો ભાડાની ચાલી કે મુલુંડમાં જેને 'બંગલા' કહેતાં એવા મકાનો. પાઘડીનું દૂષણ પણ દાયકાઓ જૂનું. આજે જેમ નબળી કે મધ્યમ સ્થિતિના માણસને ઘર લેવાનું આસાન નથી, તેમ પહેલાં પણ નહોતું. પણ આવા જરૂરિયાતવાળા માણસ માટે પુરૂષોત્તમ બાપા સંકટ સમયની સાંકળ જેવા હતા. કોઇપણ માણસને ઘર જોઇતું હોય તો બાપા ઘણે ભાગે તો પોતાના જ નહીંતર બીજા કોઇ અંગત મિત્રના મકાનમાં વગર પાઘડીએ ઘર અપાવી દે. મિત્રો તો એમના અસંખ્ય હતા. મકાન લે એની સાથે શરત ફકત એટલી જ કરે, સદગૃહસ્થ બનીને રહેજો. કોઇ સાથે ટંટો ફિસાદ કરતાં નહીં. શુદ્ધ શાકાહારી અને નિર્વ્યસની હોવાની સાબિતી આપવી પડે. છેલ્લી શરત એ, બીજે રહેવા જવું હોય ત્યારે ઓરડી



જ્યાં કુળદેવ દરિયાલાલની અખંડ જ્યોત દોઢ સદીથી લોહાણાઓએ જલતી રાખી છે એ વડગાદી પરનું દરિયાલાલનું મંદિર

પાછી સોંપવાની, જેથી બીજા જરૂરિયાતવાળાને એ આપી શકાય.

એ માણસની સેવાની ને સખાવતોની વાત કરવી હોય, તો યાદી કદાચ એક આખું પુસ્તક ભરાય એટલી લાંબી થાય. એ જમાનો જ જુદો હતો. માણસો ય જુદા હતા અને એમના જીવનમૂલ્યો પણ જુદાં હતાં. સાહસિકો શ્રમ અને સામર્થ્યથી સમૃદ્ધિ મેળવતા. પણ પછી એને એકલે ભોગવવાનો વિચાર કયારેય ન કરતા. જીવનધોરણ પણ એમનું એવું જ રહેતું. સાદગી શણગાર બની રહેતો. કપડાંને ઇસ્ત્રી ન હોય. ખોરાક પણ સાદો પણ પૌષ્ટિક.

પુરૂષોત્તમ બાપાના સમકાલીનોમાં બીજા પણ એવા ઘણા હતા કે જે ઓરડીની પાઘડી નહોતા લેતા. પણ એ બધામાં બાપા વધારે ઉલ્લેખનીય એટલા માટે છે કે એમના પોતાનાં જ મુલુંડમાં ઘણા મકાનો હતા અને લોકોનાં -મિત્રોનાં એમણે એટલા બધા કાર્યો કર્યા હતા કે બીજા કોઇ મકાન માલિકને ભલામણ કરીને પણ એ વગર પાઘડીએ રૂમ અપાવી શકતા. કંઇકને બાપાએ ઘર અપાવ્યાં છે.

આખા મુલુન્ડની પ્યાસ બાપાએ બુઝાવી હતી

કચ્છમાંથી મુંબઇ આવ્યો ત્યારે ઘણી ચીજોની નવાઇ લાગતી. મુંબઇના માળાઓમાં ધોળે દિવસે એવું અંધારું હોય કે દિવસે પણ વીજળીના દીવા બાળવા પડે. (ત્યારે હજી ટયુબલાઇટો નહોતી આવી.) બીજી નવાઇ લાગતી કૂવાના પાણીની સપાટી જોઇને. કૂવાઓમાં એટલું બધું પાણી હોય, જાણે છલોછલ ભરેલો પ્યાલો, હાથ લંબાવીને

પાણી ભરી શકાય એટલી ઉપર લાગે પાણીની સપાટી. કચ્છમાં તો કૂવાના પાણીની સપાટી આટલી ઉપર ક્યારેય નહોતી જોઇ.

પણ વિસ્મયનું આ ગિલીટ સને ૧૯૫૧ કે ૧૯૫૨ની સાલમાં (બરાબર યાદ નથી, પણ એ અરસામાં જ) ઊતરી ગયું. પાણીની સપાટી નીચે ઊતરતી ઊતરતી એટલે ઊંડી થઇ ગઇ કે કૂવાનું તળિયું દેખાયું. અને પછી તો તળિયું પણ સુકું ભઠ્ઠ થઇ ગયું. પાણીનું ભારે સંકટ પાણી ભરવા માટે કૂવામાં ઊતરવું પડે. આવની ઝીણી ધારમાંથી નાનું ખાબોચિયું ભરાય એમાંથી વાટકે વાટકે ગાગર કે બાલદી ભરવા માટે કલાકોનો સમય વેડફવો પડે. માણસો પાણી માટે ભૂતની જેમ ભટકે તેમ છતાં પૂરતું તો ઠીક જરૂર જેટલું પાણી પણ મળે નહીં..

સદનસીબે ત્યારે પુરૂષોત્તમ બાપાના કારખાનાના પાતાળ કૂવામાં ભરપૂર પાણી હતું અને એમના હ્રદયના કૂવામાં ભરપૂર કરુણા. કોઇ એમને કહેવા નહોતું ગયું, કોઇએ એમને આજીજી નહોતી કરી...ને એમને પોતાને તો પાણીની જરા જેટલી પણ તકલીફ હતી જ નહીં. છતાં એમની નિંદર હરામ થઇ ગઇ હતી. મુલુંડ ગામનું પાણી સંકટ જોઇને. મનોમન એમણે અંદાજ લગાવ્યો. આખા ગામને પાણી આપે તો પણ કૂવાનું પાણી ખૂટે એમ નહોતું. જો કે ત્યારે મુલુંડની વસતિ આટલી બધી વધારે નહોતી. પોતાના ખર્ચે એમણે પાઇપલાઇન નાખી. રસ્તાઓ પર થોડે થોડે અંતરે નળ મૂકાવ્યા, ને સવાર સાંજ જાત દેખરેખ હેઠળ પાણીનો પુરવઠો આપવાનું ચાલુ કર્યું.

મુલુંડમાં ત્યારે કેવા કેવા માણસો હતા. સમર્થ, શકિતશાળી અને છતાં સાવ સીધા સાદા. ત્યારે ગ્રામ પંચાયત હતી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કોંગ્રેસ. ત્યારના મુલુંડના કચ્છીઓમાં જાણીતાં નામો ચાગપાલ લીલાધર કારીઆ, રોહિતકુમાર રતનશીં ખેરાજ, ગોપાલજી વીરજી ગણાત્રા, શિવજી (બાબુભાઇ) ડુંગરશીં મજેઠીયા, દ્વારકાદાસ આટાવાલા, મોરારજી હીરજી દેઢીયા, કે. વી. ઠક્કર.....

કોઇપણ શહેર કે મહાનગરનો વિકાસ થાય, ભૌતિક સુવિધાઓ અને વેપાર

મુંબઇમાં કચ્છીઓની કુલ વસતીનો સત્તાવાર આંકડો તો નથી પણ બિનસત્તાવાર અંદાજમાં આઠ થી બાર લાખનો આંક મૂકાય છે

ઉદ્યોગ અને વસતિ વધે એની સાથે સાથે એનો સાંસ્કૃતિક વિકાસ પણ થાય. જુદી જુદી જગ્યાએથી આવીને માણસો એકઠા થાય, ને એમની આગવી ઓળખ ઊભી કરે. મુંબઇના પરાંઓમાં સૌથી વધારે કચ્છીઓની વસતિ હોય તો કદાચ મુલુંડમાં જ છે. ગોદીના ધડાકા પછી વડગાદી, દાણાબંદરની કચ્છીઓની રહેણાંકનાં વળતાં પાણી થયાં. માણસો વડગાદી ખાલી કરીને પરાંઓમાં રહેવા જવાનું પસંદ કરતા થયા. આને કારણે જ કદાચ આજે પરાંઓમાં માણસોનાં કિડીયારાં ઉભરાય છે. પરાંની ટ્રેનોમાં દાખલ થવું એ શિખર સર કરવા જેવું કપરું કામ બનતું ગયું છે.

ઈઝરાઈલીઓએ પચાવેલી જમીન પાછી મેળવી

મસ્જીદ બંદરની વાત નીકળી એટલે પાછી વડગાદીની વાત કરીએં, જ્યારે મુંબઇમાં લોહાણાઓની વસતી બહુ પાંખી હતી ત્યારે અહીં દરિયાલાલનું મંદિર શેઠ દેવજી પેરાજે બંધાવેલું. એ વખતે એ વિસ્તારમાં ઇઝરાઇલીઓની વસતિ વધારે હતી અને એમનું જોર પણ ભારે. દરિયાસ્થાનની જમીન એમણે દબાવી લીધી. વાંધાનો નિકાલ આવતો નહોતો. આ વાતની માતાજીના મઢ ગામે જન્મેલા શેઠ ખટાઉ રવજી ખાંટને થઇ. આ ખટાઉભાઇ દોઢ મરદ હતા. એમની માતાનું નામ હતું ઇશ્વરાબાઇ, જેમણે નાનપણથી જ એમને ધર્માનુરાગી અને ઇશ્વરપરાયણ બનાવ્યા હતા, સાથે સાથે નિડરતા અને શૂરવીરતાનું શિક્ષણ પણ આપ્યું હતું. એમનો જીવનમંત્ર હતો ધર્મનો જય અને પાપનો ક્ષય. યુવાનવયે મુંબઇ આવેલા ને સારું કમાયલા. પણ કમાણી કરવા કરતાં ઇશ્વરભકિત અને પરોપકારના કામોમાં એમને વિશેષ રસ હતો. કોઇ સાથે ખોટી રીતે અથડામણમાં આવવાનું એમને ગમતું નહીં. પણ કોઇ ગર્વ કરે તો એને કદ પ્રમાણે વેતરી નાખતાં પણ આવડે એમને. વાંકમાં હોય એને સમજાવવાનો એ પૂરો પ્રયત્ન કરે, પણ તે છતાં જો એ ન સમજે તો નછૂટકે એ હાથ ઉપાડતા.

ઇઝરાઇલીઓને મળીને પહેલાં એમણે એમને ખૂબ સમજાવ્યા. જમીનનો ગેરકાયદે કબજો છોડી દેવા વિનવણી કરી. એકવાર, બેવાર, ચારવાર.

જ્યારે ખાતરી થઇ ગઇ કે આ લોકો નહીં જ સમજે હવે, ત્યારે એમનું માથું ફટક્યું. એક સાંજે એ પહોંચ્યા થાનાઇના ઘરે. કહ્યું, 'ગોર બાપા, મારી સાથે ચાલો.'

'ક્યાં ?'

'ઇઝરાઇલીઓને મારવા જાઉં છું. દરિયાસ્થાનની જમીનનો કબજો લેવો છે.'

વયોવૃદ્ધ અશકત ગોરબાપા જરાક અચકાયા. કહ્યું, 'બચ્ચા, મારામારીમાં અમારું વૃદ્ધોનું કામ નહીં.'

'તમારે ક્યાં મારામારી કરવાની છે...?'

'તો ?'

'તમે ફકત ત્યાં ઊભા રહેજો. હું એ લોકોને મારીશ, ને તમે ઘા ગણજો. એટલી ગાયો માટે મારામારી કરવાના પાપના પ્રાયશ્ચિતરૂપે દાનમાં આપવી પડશે.'

'હું સમજ્યો નહીં.' ગોરબાપાએ ગુંચવાતાં કહ્યું.

'જૂઓ બાપા, મારામારી કરવાનું કામ મને ગમતું નથી, પણ ન્યાયને ખાતર, ધર્મની રક્ષા કરવા એના વગર ચાલે એમ પણ નથી. હાથ ઉપાડયા વિના એ લોકો સમજશે નહીં. ચમત્કારને જ સૌ નમસ્કાર કરે. એટલે નછૂટકે પણ આટલું પાપ તો કરવું જ પડશે.

'પણ બેટા, એટલી બધી ગાયો તું કાઢીશ ક્યાંથી ? કિંમત કેટલી થશે એની, એનો ખ્યાલ છે તને ?'

'બાપા, સોપારી ઠેકાણે કટકો આપીશ. એક ગાય દીઠ પાંચ કોરીનો ધર્માદો કરવાનું મેં નક્કી કર્યું છે. તમે ઘા ગણજો, ને એક એક પ્રહાર દીઠ હું પાંચ પાંચ કોરી ગુનેગારીની તમને રોકડી ગણી આપીશ.'

એક રાતમાં એ નરવીરે દરિયાસ્થાનની જમીન પાછી કબજે કરી. એની સામે કોઇ ટકી ન શક્યું. જો કે એ પોતે તો ખતમ થવાની તૈયારી સાથે ગયા હતા.

આવો એ માણસ પોતાનો મિત્ર પણ કાંઇ ખોટું કામ કરે તો ચલાવી લે નહીં. એમનો રવજી નામનો એક જિગરજાન ભાઇબંધ. એણે એકવાર રસ્તે જતી કોઇ બાઇની મશ્કરી કરી. બહુ વાર્યા છતાં વળ્યો નહીં એટલે એને પકડીને માર્યો. મિત્ર પણ એમ ગાંજ્યો જાય એવો નહોતો. જોરાવર હતો એણે પણ બરોબરનો સામનો કર્યો.

ત્રાણેક કલાક સુધી રસ્તા વચ્ચે બેય ભાઇબંધ એકબીજાને હંફાવવા દ્વંદયુદ્ધ કરતા રહ્યા, સેંકડોની મેદની એકઠી થઇ ગઇ હતી. એમને જોવા એમાં પેલા ગોરબાપા પણ ખરા... વગર કીધે એ ખટાઉ રવજી પર કેટલા ઘા કરે છે એ ગણવા બેસી ગયા હતા. એક, બે, ત્રણ.....

આખરે રવજી થાકયો પડયો. ખટાઉના પગ પકડી લીધા, ને માફી માગી. ફરીવાર ક્યારેય આવું ખોટું કોઇ કામ નહીં કરું, એવું વચન આપ્યું. ત્યારે મિત્રને આવો મરણતોલ માર મારવા બદલ ગદગદ થઇ ગયેલા એ આંખોમાં આવેલા આંસુ લુછતા હતા.

આ બધી ઉપજાવી કાઢેલી મસાલેદાર વાતો નથી. ખરેખર ત્યારે આવા ઘણા બધા માણસો હતા, જેને આમભાષામાં આપણે 'ખોપરી' કહીએ છીએ એવા. અને આ બધાના સહિયારા સહવાસે સર્જી છે આજના મુંબઇના ગુજરાતીઓની -કચ્છીઓની ઓળખ.

નિરાશ્રીતોને થાળે પાડવામાં પણ આગળ

૧૯૪૭ના ભાગલા વખતે નિરાશ્રીતોને થાળે પાડવાનો પ્રશ્ન વિકટ હતો. ન ક્યાંથી મદદ મળે ને ન ક્યાંય ઠેકાણું પડે. એ સમયે હરીરામ ડુંગરશી રૂપારેલ આગળ આવ્યા. એમણે પોતાના સગા-સંબંધીઓને જ નહિ, બીજાઓને પણ થાળે પાડયા. વકીલ હોવાં છતાં વકીલાત ક્યારેય કરેલ નહિ, પણ એમનું કાયદાકીય જ્ઞાન અહીં લેખે લાગ્યું. સિંધુ રીસેટલ્મેન્ટ સંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિય રહી મિલ્કતોના ક્લેઇમ કરાવી આપ્યા. વ્યવસાય એમનો વેર હાઉસીંગનો અને એસ્ટેટનો હતો. ઓક્ટ્રોય રિફન્ડ એજન્ટ તરીકેનું સૌથી પહેલું લાયસન્સ એમની એડવાઇઝરી બ્યુરોને મળેલ. તે સમયે કચ્છી લોહાણાઓમાં તડા હતા. એમને એક કરવાનું કામ પણ એમણેજ કરેલ. મુલુંડમાં આજે પણ લોહાણાઓની વસતી બીજા પરાઓ કરતાં વધુ છે એનું કારણ આ હરીરામ બાપાએ જે તે વખતે સગવડો આપી હતી તે છે.

મુંબઇમાં આજે કચ્છીઓની વસતિ કેટલી ? આટલા બધા ઘર લોહાણાઓનાં વળી વેરવિખેર-જુદી જુદી જગ્યાએ રહેતા ભાટિયાઓ, દશા, વિસા 'વાણિયા'ઓ, વાગડના જૈનો, રાજગોરો, પટેલો, ચારણો, લંઘા અને હરિજન ને પટ્ટણી સોનીને પરજિયા સોની, કચ્છી મેમણો, ખોજાઓ વ્યવસ્થિત વસતિ ગણત્રિ ઘણી જ્ઞાતિઓમાં થઇ શકી નથી. જ્યાં થઇ છે ત્યાં પણ એ યાદી સંપૂર્ણ નથી. એથી વિશેષ રોજેરોજ મુંબઇમાં સ્થાયી થવા માટે નવા નવા પરિવારો આવતા જ રહે છે. કચ્છના જ નહીં ફકત, આખાય દેશના ખૂણેખૂણેથી. કોઇ એવું વિધાન કરી બેસે કે જેટલા કચ્છીઓ કચ્છ આખામાં છે એટલા જ બીજા કચ્છીઓ એકલા મુંબઇ મહાનગરમાં જ છે, તો

એને મોટો કહેતાં પહેલાં એકવાર નહીં, બે વાર, ચારવાર વિચાર કરવો પડે.

આ બધા કચ્છના ખૂણે ખૂણેથી આવીને અહીં વસ્યા છે. જુદી જુદી જ્ઞાતિ-જમાતના છે. પણ અહીં મુંબઇમાં એમની કચ્છી સિવાય બીજી ઓળખ જ નથી. આ પાકો રંગ, આ બિરાદરી શેની છે? બોલીની? ના, આ તો અભાવ અને અછતનો સતત સામનો કરીને, ઠેબાં ખાઇને, મૂળમાંથી ઉખડી જવાય એવી આફતોને સામી છાતીએ ઝીલ્યા પછી જન્મેલી સમજની આ બિરાદરી છે. આજની પેઢીએ કદાચ આવો કારમો સંઘર્ષ નહીં કર્યો હોય, એમને આ બૂલંદ ખ્યાલાતની બિરાદરી વારસામાં મળી છે. જો કે નવી પેઢીમાં આ જાહોજલાલી ધીમે ધીમે ઘસાતી જતી હોવાનો અણસાર પણ હવે મળવા લાગ્યો છે.

કાકુભાઇની પેઢી કચ્છીઓ માટે એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ

માટુંગામાં રહેતાં મૂળે ભુજના ખીમજી શામજી પોપટ એટલે કાકુભાઇ વીમાવાળાના નામે સૌના જાણીતા. વડગાદી પર એમની પેઢી- કેશવજી મૂલજી એન્ડ કું. વીમાવાળાની. કાકુભાઇને નાનો-મોટો સૌ કચ્છી જાણે- કારણકે સૌને માટે એ કામના માણસ હતા. એમની પેઢી એટલે કચ્છીઓનું મિલનસ્થાન. કચ્છમાંથી કમાવા આવનારા માણસોને એમનું રહેવાનું ઠેકાણું ન થાય ત્યાં સુધી આ પેઢીમાં સગવડ મળે. એમના માટે નોકરીનું ઠેકાણું પણ આ પેઢી પાડી આપે. જેવો માણસ-તેવું કામ મળી જાય. આમ એમની પેઢી કચ્છીઓ માટે એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ જેવી જ હતી. એમને ત્યાં આશરે આવેલા કોઇપણ કચ્છી ભાગ્યેજ બેકાર રહેતા હતા.

સખાવત અને સેવા-કચ્છીઓના સ્વભાવમાં

આવા તો કંઇ કેટલાય નાના મોટા કચ્છીઓનાં નામો ગણાવી શકાય. જેઓ મુંબઇમાં કમાયા અને મુંબઇમાં ઘણી જગ્યાએ સંસ્થાઓ સ્થાપી. માતાજીના નેત્રાના માધવજી હરિરામ કારીઆ. લોકોને આરોગ્યની સેવાઓ સહેલાઇથી ઉપલબ્ધ થાય એ માટે એમણે પોતાની મઝગાંવ, અંજીરવાડીમાં આવેલી એસ્ટેટમાંથી બે ચાલીઓ શ્રી આયુર્વેદિક ધર્માર્થ દવાખાના મંડળને અર્પણ કરેલી. મુલુંડમાં સ્વ. કુંવરબાઇ હરિરામ ભીમજી કારીઆના નામની ગુજરાતી કન્યાશાળા, સ્વ. સુંદરબાઇ માધવજી હરિરામ કારીઆ મરાઠીશાળા અને એમના સ્વ. પુત્ર ચંદ્રકાન્તના નામની શાળા ભાડુંપમાં સ્થાપેલી. આ ત્રણેય શાળાઓનો વહીવટ એમણે મકાન સાથે જિલ્લા લોકલ બોર્ડને સુપરત કરી દીધો હતો.

સખાવત અને સેવા કચ્છી માત્રનો સ્વભાવ રહ્યો છે. સમય સાથે ચાલતાં પણ એને આવડયું છે. સ્કાઉટની પ્રવૃત્તિઓ માટે જે ગણ્યા ગાંઠયા વર્ષો પૂર્વે વિદેશ કેમ્પોમાં જતાં એમાં વોલીંટીયર કોરના કેપ્ટન તરીકે યુવાનવયે જાણીતા થયેલા કેશવજી જયરામ ગંધા પણ હતા. આઝાદીની લડતમાં પણ એમણે અગ્રભાગ ભજવ્યો હતો. કોંગ્રેસની બેઠકો વખતે તાલીમબદ્ધ સ્વયંસેવકો સાથે એ વ્યવસ્થા સંભાળતા. કોંગ્રેસ ઉપરાંત કચ્છી પ્રજાકીય પરિષદને પણ એમની નોંધપાત્ર સેવાઓનો લાભ મળ્યો હતો. હુલ્લડના દિવસોમાં યુનિફોર્મ પહેરીને, પટ્ટામાં રીવોલ્વર ખોસી, રાત દિવસ જોયા વિના એ ખડેપગે સેવા આપતા.

ખૂબ કમાયેલા અને શ્રીમંત માણસો જ સમાજની સેવા કરી શકે કે સખાવતો કરી શકે, એવી માન્યતાને માટુંગાના ભૂપેન્દ્ર રાઘવજી ખાંટ જેવા યુવાન વયે અવસાન પામેલા માણસે ભાંગીને ભુક્કો કરી નાખ્યો હતો. માણસનું મન મહેંકતું હોય, બીજાની મુંઝવણ કે તકલીફને જોવા-સમજવાની ઝીણી નજર હોય, તો એ શું કરી શકે એ એમણે પુરવાર કરી બતાવ્યું. એમના પરિવારે આપેલ અનુદાનથી રામબાગમાં આજે એમના નામે કાર્ડિયાક સેન્ટરની રચના કરવામાં આવી છે. જેમાં નજીવી ફી લઇને, મફત જેવા ભાવે કાર્ડીઓગ્રામ કાઢી અપાય છે. જેનો લાભ કોઇપણ કોમના લોકો લઇ શકે છે.


નવી પેઢીમાં પણ કચ્છીયત ધબકે છે

લોહાણા અને ભાટિયાઓ પછી મુંબઇમાં આવ્યા જૈનો, પટેલો, ભાનુશાળીઓ અને પછી તો અઢારે વર્ણના કચ્છીઓ. દરેક કોમ અને ધર્મના લોકો અહીં આવ્યા, કચ્છી તરીકેની પોતાની આગવી ઓળખ જાળવી રાખી મુંબઇના વિકાસમાં પોતાનું યોગદાન આપ્યું. આમાં પણ જૈનો આજે પણ 'કચ્છીયત'ની વાતો કરતાં થાકતા નથી. કચ્છ સાથેની કડી એમણે હજી સુધી તો મજબૂત રીતે જોડેલી રાખી છે. જૈનોમાંય ઘણા જુદા જુદા ચોકા છે. ગુર્જર, દશા, વીસા, વાગડના વીશા. વાગડ પ્રદેશ કચ્છનો જ ભાગ હોવા છતાં વાગડના ભાઇઓ પોતે વાગડના જ છે એમ ઓળખાવાનો આગ્રહ રાખે છે એમના આ ગૌરવની સામે બાકીના કચ્છના પટેલો અને જૈનો વાગડના વતનીઓને પોતાનાથી અલગ સમજે છે. આવા વિરોધાભાસો, નાના મોટા મતભેદો કચ્છીઓમાં છે એની ના નહીં પણ છતાં કચ્છીઓ બધા એક જ છે, કચ્છી એટલે કચ્છી, એવું સ્વાભિમાન તો મુંબઇના દરેકે દરેક કચ્છીના મનમાં છે. વાગડ પ્રદેશ પછાત હશે, કયારેક હતો જ પણ આજે તો દેશવિદેશમાં એના સાહસ અને શ્રીથી પ્રખ્યાત છે. શિક્ષણનું પ્રમાણ પણ વાગડવાસીઓમાં ઉત્તરોત્તર વધતું જ જાય છે.

કચ્છીઓ કચ્છની વાત આવે ત્યારે વધારે પડતા બોલકા થઇ જાય છે. નવી પેઢીમાંના ઘણાએ કચ્છ વિષે ફકત સાંભળ્યું જ હોય, ને જોયું ન હોય પણ ઘરના વાતાવરણમાંથી કચ્છની એવી ઊંડી અસર એના માનસ પર ઝીલાઇ હોય છે કે કચ્છ વિષે એ કલાકો સુધી વાતો કરી શકે. કચ્છમાં જ રહીને મોટા થયેલા ઘણા કચ્છના ઇતિહાસ કે લોકસાહિત્ય વિષે ન જાણતા હોય, એવી વાતો કરી શકે આમાં કોઇને ભલે અતિશયોકિત લાગે પણ આ હકિકત છે જ અને તેનું ધ્યાનથી વિચારીએ તો સૌને સમજાય એવું કારણ પણ છે. કચ્છ છોડીને જે અહીં આવ્યા છે એ પોતાની મરજીથી કે ત્યાંથી કંટાળીને અહીં નથી આવ્યા. પેટ માટે, પ્રગતિ કરવા માટે એમને આવવું પડયું છે. એટલે સતત એમના મનમાં કચ્છ છોડયાનો ખટકો રહ્યા કરે છે અને ત્યાંની જ વાતો અને વાતાવરણ, રહેણી-કરણી એના મનમાં ઘૂમરાયા કરે છે. એની દરેક વાતમાં આને કારણે કચ્છ આવે જ છે અને સતત આ જ બધી વાતો કાન પર અથડાવાથી કચ્છ જેણે જોયું નથી એવી નવી પેઢીના મનમાં પણ કચ્છની એક કલ્પનામૂર્તિનું બેનમૂન શિલ્પ કંડારાતું રહે છે. એના લોહીના બૂંદેબૂંદમાં ઘૂંટાઇને કચ્છીયત ધબકતી થઇ જાય છે.

મુંબઇમાં સોનીઓની નાત નાની પણ નામ માતબર

જૈનોની વાત પર આવ્યા પહેલાં આપણે થોડી બીજી જ્ઞાતિના ભાઇઓ વિષે પણ વાત કરીએં. લગભગ દોઢસો વર્ષ પહેલાં કમાવા માટે સોનીઓ પણ મુંબઇ આવ્યા, આ મારૂ સોની જ્ઞાતિના કુશળ કારીગરો મહેનતુ અને ખંતીલા હતા. મુંબઇની કઠોર જીવન શૈલીથી કંટાળ્યા નહીં, ટકી ગયા, જો કે આવા પરિવારો પાંચ છથી વિશેષ નહોતા અને અરસપરસ કૌટુંબિક વહેવારથી જોડાયેલા હતા, એકબીજાને ઉપયોગી થતા હતા, આમાં લાયજાના પ્રાગજી સોની, કોઠારા ગામના મેઘજી કેશવજી, બાંડિયાના પેરાજ ઉમરશીં, તેરાના ધારશી ડુંગરશી વગેરે મુંબઇ આવનારાઓમાં પહેલા હતા.


સંસદસભ્ય ભવાનજી અરજણ ખીમજી

એ વખતે મુંબઇમાં સોના ચાંદીના તૈયાર દાગીનાઓની દુકાનો નહોતી. લોકો ઓર્ડર આપીને સોના ચાંદીનું કામ કરાવતા. વડગાદી વિસ્તારમાં સોનીવાળા માળા તરીકે જે પ્રસિદ્ધ છે એ મકાન માતાજીના મડ ગામનાં સોની પરિવારનું હતું. પરેલ ટેન્ક ઉપર ગોલંજી હીલ પર આવેલું વાઘેશ્વરી માતાજીનું મંદિર અને એ પરિસરની હજારો વાર જમીન સોની નવ નાત ટ્રસ્ટની હતી. એના તા. ૩-૮-૧૮૮૫ના પ્રથમ ટ્રસ્ટ ડિડમાં મારૂ સોની જ્ઞાતિવતી દામોદર ધારશી ડુંગરશી ટ્રસ્ટી હતા. તે પહેલાં ટ્રસ્ટનો કાયદો નહોતો એવી માહિતી મુંબઇમાં છેલ્લા અડધા દાયકાથી જેઓ રહે છે તેવા મંજલના સોની બાબુભાઇ નારાણજી પાસેથી મળી, તેઓ એસ.ઇ.એમ. પણ છે અને ઘાટકોપરની સામાજિક પ્રવૃત્તિઓ સાથે વર્ષોથી સંકળાયેલા રહ્યા છે.

પ્રિન્ટીંગ ક્ષેત્રે અવ્વલ દરજ્જાનું સ્થાન પ્રાપ્ત કરનાર સોની ગ્રાફિક્સવાળા રમેશભાઇ અને પત્રકાર નવીન સોની પણ સોની જેવી નાની જ્ઞાતિનાં માતબર નામો છે અને મુંબઇના કચ્છી સમાજની મૂડી સમાન છે.

ભાનુશાળીઓમાં સૌથી પહેલું નામ શ્યામજી કૃષ્ણવર્મા

ભણશાળીઓ સૂર્યવંશી રજપૂતોમાંથી છે એટલે લોહાણાઓ જેવા જ છે. ગોરો વાન અને અણિયાળું નાક, એની અમુક વિશિષ્ટતાઓથી એ તરત ઓળખાઇ આવે.

ભણશાળીઓમાં સૌથી પહેલું નામ યાદ આવે આપણને સૌને શ્યામજી કૃષ્ણવર્માનું. ૧૮૭૫ની સાલમાં એ મુંબઇ અભ્યાસ માટે આવેલા. મહર્ષિ દયાનંદ સરસ્વતીના

પ્રિય શિષ્ય અને લાલા લજપતરાય, ભાઈ પરમાણંદ, લોકમાન્ય તિલક વગેરે આઝાદી જંગના લડવૈયાઓના સાથી હતા. ભારતની સ્વાતંત્ર્ય ચળવળના ઈતિહાસમાં એમનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે.

સંત શિરોમણી ઓધવરામજી પૂર્વાશ્રમમાં નોકરી કરીને પેટિયું રળવા મુંબઈ આવેલા દાણાબંદરમાં અનાજની ગુણીઓ પર બારદાન ચડાવવાનું કામ કરતા. આ કામમાં ભણશાળીઓને કોઈ ન પહોંચે.

રાતે કામેથી થાકયા પાકયા મનને હળવું કરવા બધા ભાનુશાળીઓ દાણાબંદરની પુના સ્ટ્રીટમાં આવેલા માળામાં ભજન કિર્તન કરતા, એમાં એકવાર રાજા હરિશ્ચંદ્રની કથા સાંભળતાં પળ પળનું કામ કરી ગઈ, જન્મના સંસ્કાર જાગી ઊઠયા. સંસાર ત્યાગવા એ સદ્દગુરૂની શોધમાં નીકળી પડયા અને મુંબઈને રામરામ કર્યા.

ઠેઠ સન ૧૮૮૫થી દાણાબંદરના કલાઈવ રોડ પર આવેલા કાચા મકાનમાં ધુણઈના કલ્યાણજીબાપા, મોથાળાના માવજીબાપા, નારાણજી ટોપણદાસ કરૈયાવાળા તથા ધુણઈના કલ્યાણજી વીરજી વગેરે જ્ઞાતિના સંગઠન માટે ભેગા થતા.

એ વખતે શિક્ષણનું પ્રમાણ નહીંવત તો ઠીક શિક્ષણ જેવું ખાસ કાંઈ હતું જ નહીં, અબડાસા જેવા તાલુકાના અંતરિયાળ ભાગોમાંથી આવેલા ભાનુશાળીઓ શિક્ષણથી 'બાર ગાઉ' દૂર જ રહેતા, મુકાદમીના કામકાજમાંથી બે પાંદડે થયેલા વેલજી નરશીં ગોધરાવાલાના ટ્રસ્ટ દ્વારા કચ્છના ગામોમાં નિશાળો શરૂ કરવામાં આવેલી. એ વખતે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા માટે તેઓ દર વર્ષે જાતે જતા અને ગામડે ગામડે નિશાળોમાં જતા.

૧૯૫૩ની સાલમાં શ્રી વેલજી નરશીં પરિવાર તરફથી એક લાખ રૂપિયાનું માતબર દાન મળ્યું અને એક ગરીબ મહેનતુ અને સંગઠિત સમાજની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓની સંગીન શરૂઆત થઈ. ઘાટકોપરમાં ભાનુશાળીવાડી નામે ઓળખાતી એસ્ટેટ બંધાઈ જેમાં આજે પણ એકવીસ મહીના માટે ભાનુશાળીભાઈઓને રહેવાની સગવડ મળી રહે છે. આટલા સમયમાં એ આરામથી પગભર થઈ શકે, ભાનુશાળી સેવા સમાજ ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા વિધવાઓ માટે 'વીર પસલી ફંડ' જેવી સુંદર કામગીરી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ, સમૂહલગ્ન, જ્ઞાતિની યુવા પાંખ ભાનુશાળી યુથ સર્કલ દ્વારા વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારંભ અને બુક બેન્કની પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવે છે. આજે વિવિધ વ્યવસાય કરતા ભાનુશાળીઓમાં ટ્રાન્સપોર્ટવાળા કાકુભાઈ, પ્રતાપ જોઈસર, અમેરિકાથી રકત સેલના વિષયમાં પી.એચ.ડી. કરી આવેલા ડો. જયંત મંગે, ટાંકા લીધા વિના ચામડી ચીટકાડવાની દવા શોધનાર ડો. કિશોર હરબડા વગેરેએ તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવી છે. મોથાળાના વાલજી નાગોરીએ બેન્ક લૂંટારાઓથી બચવા માટેના મશિનની શોધ કરી છે. પવનચક્કી દ્વારા વીજળી પેદા કરવાની હરિદાસ દેવજી ખીચડાએ શરૂઆત કરી છે. ભારતીય નૌસેનામાં પી. આર. ઓ.ની પ્રતિષ્ઠિત જગ્યા પર ફરજ બજાવનાર કમાન્ડર હરિદાસ ગોરી અને એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સનું સંચાલન કરતા શ્રીમતી અનસુયા હેમાણી ગૌરક્ષાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે અને ભાનુશાળી જ્ઞાતિનું માતબર નામ છે. કચ્છના માતાજીના મઢ તથા વાંઢાય તિર્થમાં પઠાઈ હીરજી અને કનૈયાલાલ કટારીઆ વગેરેનું યોગદાન નોંધનીય છે.



ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા

તાજેતરમાં જ ઘાટકોપરમાં શ્યામજી કૃષ્ણવર્માના નામનો એક કીર્તિસ્થંભ ઊભો કરવામાં આવ્યો, ઘાટકોપરના લોકોમાં જે ખૂબજ લોકપ્રિય છે એવા બે ફાસ્ટફુડ સેન્ટરો 'અચીજા' અને 'શ્રી સાગર' લખમશી બુટાવાલા પરિવારના છે, જેમની વિશિષ્ટ પ્રેરણા અને યોગદાનથી ભુજમાં જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક રચાયું છે. કચ્છમાં ભવાનીપર ગામે ગુરૂકૂળમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરાવતું જે સંકુલ બન્યું છે એનું સંચાલન પણ મુંબઈના હરિદાસ જોઈસર, શંકરલાલ કટારમલ વગેરે ભાઈઓ કરી રહ્યા છે.

શ્યામજી કૃષ્ણવર્માની જન્મ જયંતી પ્રસંગે એમની સ્મૃતિમાં ટપાલ ટિકીટ બહાર પડે એ માટે તેમણે પોતાની તમામ વગ અને શકિત કામે લગાડી દીધા હતા એવા મંગલ ભાનુશાળી બુટાવાલા પત્રકારત્વમાં પણ સક્રિય રહ્યા છે.

મુંબઈમાં દશનામ સમાજ : મુંબઈ તો તક પૂરી પાડે છે ઝડપતા આવડવી જોઈએ

કુળદેવી આઈ આશાપુરાનું અને હિંગલાજ માતાનું મંદિર બાણગંગા પર શ્રી સંતોષગિરિ અખાડામાં આવેલા છે, જે શ્રી દશનામ ગોસ્વામી ટ્રસ્ટના છે, ૧૮૧૨ની સાલમાં ગોસ્વામી દેવીગિરિજી દેવ થયા. તેમના વંશજો ઓમકારગિરિજી, શંકરગિરિજી, શંકરગિરિ મહાદેવગિરિજીએ પોતાની બે મિલકતો સંતોષગિરિ અખાડાના સાધુઓની સમાધી તથા જ્ઞાતિના લોકોના કલ્યાણઅર્થે ટ્રસ્ટ બનાવવીને દાનમાં આપેલી. આજે એ મિલકતોની કિંમત કરોડોની ગણાય, શ્રી મુંબઈ દશનામ ગોસ્વામી સમાજ નામની એક બીજી સંસ્થા ૧૯૨૨ પહેલાંથી અસ્તિત્વમાં છે. ૧૯૭૦ની સાલથી વ્યવસ્થિત રીતે આ સંસ્થાના કાર્યકરો વધુ સક્રિય થયા છે. સમુહલગ્નો અને જ્ઞાતિના લોકોને આર્થિક સહાય આપવા જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે. મુંબઈમાં આવીને રોજના આઠ આનાના પગારથી નોકરી કરીને આપબળે આગળ આવેલા માંડવીના ગોસ્વામી નયનકમલગિરિ આણંદગિરિએ સારા એવા સમયનો ભોગ આપીને ટ્રસ્ટની જમીનો મ્યુનિસિપાલીટી પાસેથી કબજે લઈ જ્ઞાતિબંધુઓના સાથ સહકારથી અખાડાને ફરતી દિવાલ બનાવડાવી છે. થોડા સમય માટે તેઓ રાજકારણમાં પણ સક્રિય થયા હતા.

ભુજપુરના શંભુગિરિ બેચરગિરિ મુંબઈ નોકરી કરી પેટિયું રળવા આવ્યા હતા. આજે અંધેરીમાં દુકાન કરી છે અને બિલ્ડર્સના ધંધામાં છે. તેમણે અંધેરીમાં વેપારી મંડળની સ્થાપના કરી છે અને લોકોપયોગી પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે.

વર્ષો પહેલાં વી. ટી. સ્ટેશન સામે રેવાગિરિ કુંવરગિરિની પેઢી હતી, જેની હુંડી આખી દુનિયામાં ચાલતી. માંડવીમાં એમનો મઠ છે. રીગલ સિનેમા પાસે આવેલ ધનરાજ મહાલ અને ધનરાજ મીલ ગોસ્વામી ધનરાજગિરિના હતા. તેઓ જરૂરતમંદોને છૂટે હાથે સહાય કરવા જાણીતા હતા.

મુંબઈ તક પુરી પાડે છે ને એ તક ઝડપી લેવાની કચ્છીઓમાં આગવી આવડત છે. ભચાઉ તાલુકાના સાવ નાના ગામડા ગામના વામકાના ખિમગિરિ પ્રેમગિરિ મુંબઈ આવે છે, ખાવું પીવું ને પાંચ રૂપિયાના પગારે નોકરીએ લાગી કોઠાસુઝથી ધીમેધીમે આગળ આવે છે. સાતેક વર્ષ પછી ભાગીદારીમાં દાણાની દુકાન કરે છે. બીજા છ વર્ષ પછી સ્વતંત્ર દુકાન શરૂ કરે છે, ને પછી કાપડની દુકાન, ઘાટકોપરમાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના ધંધામાં પણ એ જમાવટ કરે છે. મહારાષ્ટ્ર સરકારે એસ.ઈ.એમ. બનાવ્યા છે. પણ ભણ્યા છે કેટલું ? ફકત ચાર જ ધોરણ સુધી.

પણ ધંધાની આવી જમાવટની સાથે સાથે એમણે સામાજિક પ્રવૃત્તિઓની પણ જમાવટ કરી છે. પોતાના વેરવિખેર સમાજને એકત્રિત કરીને એનું અધિવેશન ભરવા તનતોડ મહેનત કરી પોતાના સમાજની સંસ્થામાં એ પ્રમુખ કે ટ્રસ્ટી બને એ તો સ્વાભાવિક છે, પણ પોતાની પ્રવૃત્તિઓને એમણે જ્ઞાતિ પૂરતી જ સીમિત નથી રહેવા દીધી. ઘાટકોપરના છૂટક વેપારીઓના મંડળનું પ્રમુખપદ પણ એ શોભાવી ચૂકયા છે. આ માણસને ત્યાં આજે મદદ માગવા આવનારાઓની લાઈન લાગે છે. પાઠય પુસ્તક કે ગણવેશ માટે વિદ્યાર્થીઓ આવે, કોઈ શાળાની ફી માટે આવે, તો કોઈ તબીબી સહાયની આશાએ,

ગાંડપણની હદ સુધીનું પરગજુપણું બતાવતા કચ્છીઓ આવા કેમ છે, એનું કોઈને આશ્ચર્ય થાય પણ આ કચ્છીઓ અભાવમાં જીવ્યા છે. કઠોર કુદરત, ટાંચા સાધનો અને કારમી અછતનો એમને અનુભવ છે. એની પીડા એ જાણે છે એટલે જ એ બીજાઓની તકલીફ સાચી અને સારી રીતે સમજી શકે છે.

કચ્છની તમામ નાતો અને જમાતોના માણસો મુંબઈ કમાવા આવ્યા છે અને પગભર થયા પછી પોતાથી થાય એટલું સમાજ માટે કરી છૂટયા છે, મુંબઈની શાન અને રોનકમાં વધારો કરતાં કચ્છીઓને આવડયું છે, મુંબઈએ જેમ એમને અઢળક આપ્યું છે, એમ એમણે પણ મુંબઈને ખૂબ પ્રેમ કર્યો છે.

નાગરોમાં મોટું નામ -તાર શરણાઈના શોધક વિનાયક વોરાનું

કચ્છના આહીરો અને રબારીઓ, ચારણો, ખત્રીઓ વગેરે પણ મુંબઈ આવીને સ્થિર થયા છે, માટુંગામાં કચ્છી લોહારોની એક વિશાળ વાડી છે અને ગુર્જર જૈનોની ગુર્જર વાડી મોલ્ડેડ લગેજના ઉદ્યોગપતિ સુમતિચંદ્ર શાહ ગુર્જર જૈન છે અને મુંદ્રા તાલુકાના દેશલપર ગામના છે, કચ્છની અનેક પ્રવૃત્તિઓ સાથે એ સતત સંકળાયેલા રહે છે.

અહીં મુંબઈમાં વડનગરા અને વીસનગરા કચ્છી નાગરો પણ છે અને કચ્છના પારસીઓ પણ. આકાશવાણી સાથે વર્ષોથી જેઓ સંકળાયેલા છે એવા તારશરણાઈના શોધક વિનાયક વોરા ઘણા કલાકારોના ગુરૂજન છે. દૂરદર્શન પર પણ કીર્તિદાબહેન અને શૈલજાબહેન છે, તો પ્રખર ચિંતક તરીકે જેમનું નામ ગાજતું થયું છે એ સર્વેશ વોરા પણ કચ્છી નાગર છે, ચિંતકોમાં બીજું જાણીતું નામ છે હરિભાઈ કોઠારીનું એ કચ્છી લોહાણા છે.

પટેલ હોય કે બીજી કોઈ નાતનો -કચ્છી કચ્છી જ છે

વર્ષોથી અહીં પટેલો પણ આવીને સ્થિર થયા છે. કડવા અને લેઉઆ આ પાટીદારોની રે રોડ સામે અનેક લાકડાની વખારો છે. વાગડના પટેલો પણ અહીં આવીને જૂદા જૂદા વ્યવસાયોમાં સ્થિર થયા છે, જેમાંના ઘણા કાગળ અને સ્ટેશનરીના ધંધામાં સફળ થયા છે. બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના ધંધામાં પણ પટેલો પહેલેથી જ છે. સમાજની વિશાળ પાટીદાર વાડી ઘાટકોપરના લાલબહાદુર શાસ્ત્રી માર્ગ પર છે.

આ પટેલો કેવા છે એની વાતો સાંભળી છે ને સાંભરણમાં એવી રહી ગઇ છે કે ભૂલાતી નથી. એક ભાઇએ એક પટેલે બાંધેલ મકાનમાં ફ્લેટ ખરીદેલો. એ પછી પણ ત્રણ વર્ષ લગી એ પટેલ પૂછવા આવતા કે 'કયાંય તૂટફૂટ નથીને ? રીપેરીંગની જરૂર નથીને ?' એક ફલેટમાં લાદીઓ બરાબર બેઠેલી નહીં હોય તો એ ઉખડાવીને ફરીથી નવેસરથી નખાવી આપેલી.

આવા એક પટેલના મકાનમાં એક ભાઇ ભાડાની ઓરડીમાં રહે. આ રૂમ એમને એમના કાકાએ આપેલી અને વર્ષોથી ત્યાં જ રહેતા હોવાથી કાયદા મુજબ એ પેટાભાડુત રહ્યા નહોતા. એકવાર એમના મકાન માલિક એમની પાસે દરખાસ્ત લઇને આવ્યા કે અમુક રૂપિયા મને આપો તો હું રૂમ કાયદેસર તમારા નામ પર કરી આપું.

પેલા ભાઇને પોતાના નામ પર રૂમ થાય કે ન થાય, એથી કાંઇ ફરક પડતો નહોતો. કારણ કે રૂમ વેચીને રોકડી કરવાનો ઇરાદો નહોતો, ને કાયદેસર રીતે મકાન માલિક એ પેટાભાડુત છે એમ કહીને એમને રૂમ ખાલી કરાવી શકે એમ નહોતો. મકાન માલિકને રૂપિયાની જરૂર એટલા માટે હતી કે એમણે કયાંક મોટી સખાવતનું વચન આપ્યું હતું, ને આવી રીતે ઘટતા રૂપિયાની જોગવાઇ ભાડુતો પાસેથી કરવાની હતી. પણ બધા ભાડુતોમાંથી કોઇક તો માથાનો ફરેલો હોય ને ? આ ભાઇએ એમને 'નામ નથી બદલાવવું મારે' એમ ઘસીને ના પાડી દીધી. ના તો ભલે પાડી, પણ જવાબ એવો તોછડાઇથી આપ્યો કે વાત વટે ચડી ગઇ. પછી તો વકીલ દ્વારા નોટીસ અને કોર્ટમાં કેસ... વિધી શરૂ થઇ ગઇ.

વધુ પડતો આત્મવિશ્વાસ કયારેક થાપ ખવડાવે છે. ભાડુતનો કેસ મજબૂત હતો, પણ કાયદાની આંટુઘુંટીમાં આંટામાં આવી ગયા. કેસ હારી જવાનો વારો આવ્યો. હાથ જોડતા મકાન માલિક પાસે રૂપિયા લઇને ગયા. પણ હવે મકાન માલિક પટેલનો હાથ ઉપર હતો. એમણે રૂપિયા લેવાની ચોખ્ખી ના પાડી દીધી. કોર્ટમાં જે થશે તે મને કબૂલ છે. હવે સમાધાન કરવું નથી.

સારા માણસો વચ્ચે પડયા. મોંમાગ્યા રૂપિયા આપવાની તૈયારી બતાવી. માંડ પટેલભાઇ વધુ રૂપિયા મળ્યા એટલે સમજ્યા અને સમાધાન થઇ ગયું. વાત પતી ગઇ.

પણ ના, વાત પતી નહોતી ગઇ. સમાધાન થયા પછીના રવિવારની સવારે એ પટેલ પેલા ભાડુતના ઘરે ગયા. એમને આવતા જોઇને ભાડુતભાઇ નહાવા માટે બાથરૂમમાં ઘૂસી ગયા. એમની પત્નીએ મકાન માલિક આવ્યાની બૂમ પાડી તો અંદરથી ઘાંટો પાડીને કહ્યું, 'એમને પૂછો. હવે શું છે ?' પણ તેમના ગુસ્સાની પરવા કર્યા વિના પેલા પટેલ મકાનમાલિકે રૂમાલમાં બાંધેલા રૂપિયાની થપ્પી એમની પત્નીના હાથમાં પકડાવતાં કહ્યું, 'વાત ખોટી વટે ચડી ગઇ હતી એટલે. બાકી મને તો મેં માગ્યા હતા એટલા જ રૂપિયા જોઇએ છે. એ પણ સારા કામમાં ખર્ચવા માટે મેં જીભ કચરી છે એટલે. વધારાના રૂપિયાને હું શું કરું ?'

એટલે પટેલ હોય કે બીજી કોઇ નાતનો, કચ્છી કચ્છી જ છે અને એની કચ્છીયત એને મુઠી ઊંચેરો માણસ બનવાનું જ શીખવે છે.

જૈનો પાસેથી ઘણું શીખવા જેવું છે

જેઓ કચ્છી નથી તેઓ એવી છાપ ધરાવે છે કે કચ્છીઓ વધુ પડતા બોલકા છે, સતત કચ્છ કચ્છ કર્યા કરે છે. આ વાત સાચી છે. પણ આ કચ્છીઓમાં પણ જેઓ વધુ બોલકા કહેવાય એવા છે જૈન ઓસવાળ ભાઇઓ. એમને પૂછો કે 'કેવા છો ?' તો તરત કહેશે, 'કચ્છી'. એમની કચ્છી કટ્ટરતા એટલી કે બીજી નાતનાઓને પણ એ બેધડક કહી દે કે તમે લોહાણા કે ભાટિયા, પણ અમે કચ્છી. જાણે કચ્છમાં ઓસવાળો સિવાય બીજી કોઇ નાત જ ન હોય. ખાસ કરીને મુંબઇના કચ્છીઓમાં આવી લાગણી વધુ જોવા મળે છે.

એમના વિષે વિગતે વાત કરવા બેસીએં તો પાર ન આવે. મુંબઇની આજની અને વર્ષો પહેલાંથી પણ સામાજિક પ્રવૃત્તિઓમાં મોખરે તો એ લોકો રહ્યા જ છે. ગોસરને નીસર, ગડા ને ગાલા, છેડાને છાડવા, દેઢીયા ને ફુરીઆ જેવી અટકો ધરાવતા દશા, વીસા, પંજા, વાગડિઆ...

ફકત ઓસવાળોની જ નહીં, કચ્છી માત્રની ઓળખ તો મુંબઇમાં દાણાવાળા તરીકેની. આગળ દુકાન હોય, ને પાછળ ઘર. પણ પવન હોય ત્યાં પીઠ દેવાનું, સમય સાથે ચાલવાનું કચ્છીઓને ફાવી ગયું છે. આજે એવી કોઇ બજાર નહીં હોય કે મુંબઇનો એવો કોઇ વિસ્તાર નહીં હોય, જયાં કચ્છી ન હોય. એવો કોઇ વ્યવસાય નહીં હોય, જેમાં કચ્છીઓએ ઝંપલાવ્યું ન હોય. અને જ્યાં જ્યાં એ હોંય, ત્યાં એની જમાવટ જ હોય. જૂની પેઢીનો કચ્છી સીધો સાદો અને કોઇ એને જોઇને કલ્પી ન શકે કે આ કેટલા કરોડની આસામી હશે, એવો હતો તો આજની પેઢી ફેશનેબલ છે.

જૈનો બીજાઓ કરતાં વધારે સુખી છે, પણ એમાંય તમને નબળી સ્થિતિના માણસો મળે, જે આજેય કાળી મજૂરી કરીને પેટ ભરતો હોય. પણ સામાજિકતા બધામાં એક સરખી. ખાઇ પીને લહેર કરવામાં જ સંતોષ માની લે, એ વાણિયો નહીં. સમાજ માટે કાંઇક કરી છૂટે ત્યારે જ એને સંતોષ થાય.

આ કોમ પાસેથી ઘણું શીખવા જેવું છે એ લોકો પોતાનું નામ લખે ત્યારે પિતાનું અને દાદાનું નામ પણ ભેગું લખે જ. કચ્છમાં કયા ગામના છે એ ગામનું નામ પણ આદત પ્રમાણે લખાઇ જ જાય. મુંબઇમાં એમનાં ગામેગામનાં મંડળો છે. યુવક મંડળો અને મહિલા મંડળો છે. વર્ષોવર્ષ એક સ્નેહમિલન થાય. પોતાના ગામના આવા સમારંભમાં ગમે તેવાં અગત્યનાં કામો પડતાં મૂકીને પણ દરેક જણ અચૂક હાજર થાય. બહારગામ હોય તો આવા નાના સમારંભ માટે પણ ખાસ પાછો આવી જાય.

આ સમાજ રખતરખામાં બહુ માને છે. તમે તમારી દીકરી જે ગામમાં આપો એ ગામના મહાજનમાં-મંડળમાં તમારે કશોક ફાળો જરૂર લખાવવો જોઇએ. આમ તમે બીજા ગામમાં દીકરી આપી તમારા જમાઇ કે વેવાઇઓ સાથે જ ફકત સંબંધ નથી બાંધતા, આખા ગામ સાથે તમારો સંબંધ બંધાય છે.

કચ્છીઓમાં સૌથી પહેલા જે. પી. -કેશવજી નાયક : કચ્છ અને મુંબઇની મોટી મૂડી

ઓસવાળોમાં દશાઓ મુંબઇમાં પહેલા આવ્યા, શિક્ષણ અને સામાજિક સુધારામાં પણ તેઓ પહેલા. મુંબઇના વિકાસની શરૂઆતથી એમનું યોગદાન મોટું. ગણવા બેસીએં તો એટલા બધા જાણીતા માણસોનાં નામ નજર સામે આવે કે એકને યાદ કરતાં બીજાને ભૂલી જવાય. નરશી નાથા, કેશવજી નાયક (જે. પી.) બી. એન. મહેશ્વરી, ડો. પુનશી હીરજી મૈશેરી, સંસદસભ્ય ભવાનજી અરજણ ખીમજી, શિવજી દેવશી મઢડાવાલા, જ્ઞાતિના પ્રથમ ન્યાયાધીશ લખમશી મૈશેરી જે. પી., નાટયકાર ચાંપશી ભારમલ નાગડા અને બાળ કલાકાર કેવલ શાહ, રડાર વોરંટ ઓફિસર રમેશ ભવાનજી, અને આમ યાદી લાંબી થતી જાય.



શેઠ કેશવજી નાયકના પ્રભાવની યાદ અપાવતો ભાત બજારનો ફૂવારો

આ જ્ઞાતિમાંથી મુંબઇમાં વસવાટની શરૂઆત કરનાર તેરાના શા. જેતશી જીવરાજ હતા અને શા. શામજી સારંગ પણ બહુ શરૂઆતમાં આવેલા. ઇ. સ. ૧૭૮૪થી વધુને વધુ દશાઓ મુંબઇ આવતા થયા. એ વખતે બંદર પરથી જતો-આવતો માલ માણસોએ માથા પર ઉપાડવો પડતો. પાછળથી શાહ સોદાગરો તરીકે જાણીતા થનાર આ જ્ઞાતિના લોકો શરૂઆતમાં બંદર પર હમાલી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

નલિયાના નરશી નાથા નાગડા સને ૧૮૦૧માં દુકાળ અને ધરતીકંપ જેવા કુદરતી કોપથી ત્રાસીને જખૌથી વહાણમાં બેસીને મુંબઇ આવેલા. વિકસી રહેલા મુંબઇ શહેરમાં ત્યારે પીવાના પાણીની સુવિધા પૂરતી નહોતી. એમણે સ્વચ્છ પાણી પીવડાવવાનું શરૂ કર્યું. પછી ધીમે ધીમે બ્રિટનની મીલોને રૂ પૂરું પાડવાના કામમાં પડયા. ત્યારે દેશના અંતરિયાળ વિસ્તારોમાંથી કપાસ બળદગાડાં દ્વારા કે જ્યાં કિનારો નજીક હોય એવા સ્થળેથી વહાણોમાં લાવવામાં આવતું.

કચ્છથી વધુને વધુ દશાઓ મુંબઇ આવતા ગયા. પોતાના જ્ઞાતિબંધુઓ માટે નરશી શેઠે ઊતારા-ભોજનની વ્યવસ્થતા કરી. ભાષા અને ગણિત શીખવવા માટેની વ્યવસ્થા પણ કરી. ખૂબ કમાયા, પોતાની જ્ઞાતિની જ માત્ર નહીં, ઘણી સાર્વજનિક પ્રવૃત્તિઓ કરી સમાજની સેવા કરી. ૧૮૪૨ના ડિસેમ્બરમાં જ્યારે એ દેવગતિ પામ્યા ત્યારે સમસ્ત મુંબઇની બજારો બંધ રહેલી. જમશેદજી તાતાએ એમને ભવ્ય અંજલિ આપી મહામાનવ કહ્યા હતા, મુંબઇના કમિશ્નર ટોન્ટને માંડવી વિસ્તારના એક રસ્તાને શેઠ નરશી નાથા સ્ટ્રીટ નામ આપ્યું. જે આજે ભાત બજાર તરીકે વધુ પ્રખ્યાત છે અને કચ્છીઓનો જ વિસ્તાર ગણાય છે.

દશાઓમાં એવું જ બીજું મોટું નામ કેશવજી નાયકનું. અબડાસા તાલુકાનું લાખણીયા એમનું ગામ, દશ વર્ષની કુમળી વયે કમાવા માટે મુંબઇ આવ્યા. વેપારમાં પ્રગતિ કરી હોંગકોંગ અને આફ્રિકાના બંદરો સુધી વિસ્તાર્યો અફીણના વેપાર પછી ૧૮૬૦માં અમેરિકામાં આંતરવિગ્રહ થતાં રૂના ભાવ ભડકે બળ્યા. એ વખતે કપાસના વેપારમાં કેશવજી નાયકને લક્ષ્મીદેવી રીઝયાં ખોજાઓ, મેમણો, પારસીઓ સાથે ભાગીદારી કરી મિલો શરૂ કરી, તો બેન્ક ઓફ ઇન્ડિયા લી., બોમ્બે ટ્રેડીંગ એન્ડ બેન્કીંગ એસોસિએશન લી., એલફિસ્ટન લેન્ડ એન્ડ પ્રેસ કું, ઇસ્ટર્ન ફાઇનાન્સીઅલ એસોસિએશન વગેરેની સ્થાપનામાં તેમનો મુખ્ય ફાળો હતો.

અંગ્રેજોએ મુંબઇને મહાબંદર બનાવવાનો નિર્ણય કર્યો તે વખતે ખાનગી બંદરોની માલીકી નિકલ કું.ની હતી જેના કેશવજી નાયક ભાગીદાર હતા, ગવર્નર સર સાઇમર ફુટજીરાલ્ડ ખુદ એમને મળવા ગયા. એમનો વૈભવ જોઇને અંજાયા અને મૈત્રીપૂર્ણ વ્યવહારથી બહુ પ્રભાવિત થયા, એમને જે. પી.નો ખિતાબ એનાયત કર્યો


શેઠ કેશવજી નાયક

જસ્ટીસ ઓફ પીસ બનવાનું કચ્છીઓમાં સૌથી પહેલું માન એમને મળ્યું હતું. મુંબઇ સુધરાઇનો વહીવટ ચલાવવા નિમાયેલા જસ્ટીસ કમિટીના પણ તેઓ સભ્ય હતા.

જે. પી. તરીકે નિમાયા બાદ શેઠ કેશવજી નાયકને એક વિશિષ્ટ સન્માનનીય અધિકાર પણ મળ્યો. તેઓ જ્યાંથી પસાર થાય ત્યાં કોઇને ફાંસી અપાતી હોય તો પણ અટકી જાય એવો. એમના જીવનનો એક કિસ્સો ખરેખર દંતકથા જેવો અજોડ છે. એક ગરીબ વિધવા બાઇના એકના એક પુત્રને કોઇ ગુનાસર અંગ્રેજોએ ફાંસીની સજા કરી. એ બાઇ રડતી કકળતી કેશવજી શેઠ પાસે આવી, શેઠના મોઢામાંથી નીકળી ગયું, 'જા બહેન, તારો દીકરો બચી જશે'. એની પાસેથી ફાંસી કયા દિવસે અપાશે તે જાણી લીધું.

આ કેશવજી શેઠ નેપીઅન્સી રોડ પર આવેલા બંગલામાં રહેતા અને ચાર ઘોડાની ગાડીમાં બેસીને પોતાની પેઢીએ આવતા. એ જમાનામાં મુંબઇમાં એમના સિવાય ફકત સર કાવસજી જહાંગીર પાસે જ ચાર ઘોડાની બગી હતી. કેશવજી શેઠની બગી ચલાવનાર કોચમેન અંગ્રેજ હતો. જે દિવસે પેલી બાઇના પુત્રને ફાંસી અપાવાની હતી એ વિસ્તારમાંથી કેશવજી શેઠ પસાર થયા અને પેલી બાઇના પુત્રની ફાંસીની સજા રદ થઇ ગઇ !

ગવર્નરે ફાંસી અપાવાની હતી એ વિસ્તારથી દૂર રહેવાની પૂર્વસૂચના પણ એમને મોકલેલી, જ્યારે ગવર્નરે એમને ખુલાસો કરવા બોલાવ્યા એમણે કહ્યું, મારા કપાસના ગોદામમાં આગ લાગી હતી એનો સંદેશો મળતાં હું તાબડતોબ ત્યાં જવા નીકળ્યો હતો. ગોડાઉનમાં આગ લાગી હતી એ વાત પણ સાચી હતી, પણ આગ લગાડવાની સૂચના પોતાના માણસોને એમણે પોતે જ આપી હતી, એ વાત ન કરી.

એમણે નરશી નાથા સ્ટ્રીટ અને ચીંચબંદર રોડના ત્રિભેટા પર સારી એવી રકમ ખર્ચીને ફૂવારો બંધાવેલો, જે આજેય અડીખમ ઊભો છે અને ભાતબજારના ફુવારા તરીકે પ્રખ્યાત છે, જો કે હવે એ ફુવારામાં પાણી નથી. વર્ષમાં માંડ એકાદ વાર નહાતો હોય એવા અઘોરી માણસ જેવો લાગતો એ ફુવારો આજે તો સાવ ઉપેક્ષિત છે, પણ તા. ૧લી જાન્યુઆરી ૧૮૭૬ના મુંબઇના ગવર્નર વુડહાઉસે એનું ઉદઘાટન કર્યું ત્યારે કલાકો સુધી માણસોને ચાલવાની ય જગ્યા ન મળે, એવી ભીડ જમા થઇ હતી. ૧૮૮૫ની સાલમાં કેશવજી શેઠનું અવસાન થયું. તેમની સ્મૃતિમાં ફુવારા પાસેના રસ્તાનું નામ કેશવજી નાયક રોડ રાખવામાં આવ્યું છે.

જો કે દશા સમૃદ્ધ થયા ત્યારથી જ્ઞાતિમાં સુધારા કરવા કાયદાનો આશ્રય લેવામાં પણ આગળ પડતા રહ્યા અને સમૃદ્ધિનો નશો પણ ઘણાને ચડયો હતો. એક શેઠ અત્તરની ખરીદી માટે ગયા ત્યારે દુકાનદાર બીજા કોઇ વધારે શ્રીમંત ઘરાકની સરભરામાં હતો. પોતા તરફ દુર્લક્ષ કરનાર દુકાનદારને બતાવી આપવા એક પાઉન્ડ જેટલું કિંમતી ગુલાબનું અત્તર એમણે પોતાના જોડામાં ઢોળી દીધેલું.

અંગ્રેજો સાથે એ લોકો ધંધાકીય સંબંધો બાંધતા, એ માટે ગૌરવ પણ અનુભવતા અને હોદ્દા અને માન અકરામ માટે પડાપડી પણ કરતા, છતાં પોતાનો દેશ ગુલામ છે એ વાત તેમને કઠતી પણ હતી આ જ્ઞાતિના સંખ્યાબંધ સજ્જનો મુંબઇ મ્યુનિસિપાલીટીમાં સભ્ય અને સમિતિઓના પ્રમુખ તરીકે રહી ચૂકયા છે. સાંયરાના લખમશી હીરજી સારંગ મૈશરી મુંબઇ મ્યુનિસિપાલિટીના પ્રમુખ પણ બન્યા હતા.

ડૉ. પુનશી હીરજી મૈશેરીનું પણ દશાઓમાં એવું જ માતબર નામ. પોતાની જ્ઞાતિ માટે જ નહીં, સાર્વજનિક સેવા માટે સદા તત્પર રહેતા. ૧૯૩૨ની સાલમાં મુંબઇમાં કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં, ત્યારે બધી કોમોનો વિશ્વાસ ધરાવનાર ડો. મૈશેરીને કડક બંદોબસ્ત માટે અંગ્રેજોએ વિશેષ અધિકારો આપેલા. બીજા વિશ્વયુદ્ધ વખતે પણ એમને સુરક્ષા માટે વિશેષ અધિકારો આપવામાં આવેલા.

હિંદુ મુસ્લિમ એકતાના આશકઃ બી. એન. મહેશ્વરી

૧૮૯૩માં જન્મેલા ભવાનજી નાથુભાઇ પાસુભાઇ બી. એન. મહેશ્વરી તરીકે જાણીતા થયા. આઝાદી જંગમાં સક્રિય થયેલા અને ખીલાફત ચળવળ વખતે જનાબ મૌલાના મહમદઅલી અને જનાબ શૌકતઅલી જેવા રાષ્ટ્રીય કાર્યકરોના સંપર્કમાં આવ્યા ખીલાફત વોલીન્ટીયર કોરના તેઓ સ્થાપક અને મુખ્ય ટ્રેઇનીંગ ઓફિસર નિમાયેલા, હિંદુ-મુસ્લિમ એકતાના આશક. ડૉ. એની બેસન્ટે શરૂ કરેલી હોમરૂલની ચળવળમાં શ્રી મહેશ્વરીએ સક્રિય ભાગ લીધેલો. મુંબઇ પ્રદેશ કોંગ્રેસ કમિટીના મંત્રી બનેલા. મ્યુનિસિપાલિટીમાં બાંધકામ સમિતિના અધ્યક્ષપદે પણ હતા, એ ઉપરાંત પણ ઘણી બધી સમિતિઓમાં એમની અધ્યક્ષપદે વરણી થયેલી.


શેઠ લખમશી નપુ

એક વખત મુંબઇનું પેરીસ ગણાતા માટુંગાનું પ્લાનીંગ તેમની દીર્ઘદ્રષ્ટીને આભારી છે. વ્યાયામશાળા, ગુજરાતી કલબ, હિંદુ દિનદયાલ સંઘ તથા પુસ્તકાલય, માટુંગાની પ્રીમીયર સ્કૂલ અને હિન્દુ સ્મશાનભૂમિ, સાહિત્યમંડળ, સ્ત્રીમંડળ, મીરાં ભવન હોસ્ટેલ જેવી માટુંગાની અનેક સંસ્થાઓના તેઓ સ્થાપક સભ્ય હતા. સ્વાતંત્ર્યની લડત વખતે જેલવાસ પણ કરવો પડેલો. એમની સેવાઓની યાદ કાયમ રાખવા માટુંગાના કિંગ્સ સર્કલ બગીચાનું નામ બદલીને બી. એન. મહેશ્વરી ઉદ્યાન નામ આપવામાં આવ્યું છે. નામ બદલાવ્યા પછી પણ ઘણા વિસ્તારો જૂના નામે જ ઓળખાતા હોય છે, પણ મહેશ્વરી ઉદ્યાન આજે એ જ નામે જાણીતું છે.

માટુંગાની વાત નીકળી છે તો શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ, રામબાગને પણ યાદ કરી લઇએ આજે તો રામબાગ પાસેના રસ્તાને રામબાગ લેન નામ અપાયું છે. આ સંસ્થા છે તો કચ્છી લોહાણાઓની, પણ પ્રવૃત્તિ સાર્વજનિક સેવાઓની જ કરે છે. કોઇપણ બ્લડગ્રુપના કચ્છીઓના લોહીમાં એક સમાનતા તો જોવા મળવાની જ. એની સેવાભાવનાની, પરગજુપણાની.

૧૯૪૪માં મુંબઇની ગોદીમાં ધડાકો થયો તે પહેલાં મસ્જિદ બંદર વિસ્તારમાં એક જૂથમાં રહેલા દશાઓ વિખેરાયા અને ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ વગેરે પરાંઓમાં એમણે વસવાટ શરૂ કર્યો.

બી. એન. મહેશ્વરી જેવું જ બીજું જાણીતું નામ દશાઓમાં ભવાનજી અરજણ ખીમજીનું. મહેશ્વરી જ એમને રાજકારણમાં ખેંચી લાવેલા. દેશનું બંધારણ તૈયાર કરવા જે બંધારણ સભા રચાયેલી તેમાં કચ્છ વતી ભવાનજીભાઇ નિમાયેલા. ગાંધીધામમાં નિરાશ્રિત થઇને આવેલા સિંધીઓના પુનર્વસવાટની કામગીરીમાં પણ તેમણે ઘણો ફાળો આપ્યો હતો. મુંબઇ કોંગ્રેસ કમિટીના પ્રમુખ પણ બનેલા અને લોકસભાના સભ્ય પણ.

દંતકથાના પાત્રો જેમ વર્તવાનું દશાઓ માટે સામાન્ય રહ્યું છે. નરશીં જેઠાભાઇ દંડની વાત પણ આવી જ છે. એ જ્યાં ટ્રસ્ટી હતા એ જિનાલયમાં એકવાર ચોરી થઇ ને ચાંદીના ચૌદ સપનાં ચોરાયાં. નરશીં શેઠને લાગ્યું કે ટ્રસ્ટી તરીકેની ફરજ બજાવવામાં

પોતાની કાંઇક ખામી રહી ગઇ હશે. જિનાલય સ્થાનમાં ચોરી એટલે દેવત્વમાં ઓટ. સમાજની પ્રગતિ અને ચડતીમાં રૂકાવટ આવે એવી માન્યતા. એમણે તરત નવાં સપનાં બનાવરાવવાની માણસોને સૂચના આપી દીધી. ન પુજારીની તપાસ, ન પોલીસમાં ફરિયાદ. આ વાતની જ્ઞાતિજનોને ખબર પડતાં તેમણે સપનાં બનાવવાના ખર્ચમાં સહભાગી થવાની તૈયારી બતાવેલી.

તાજેતરમાં જ ઘાટકોપરમાં દશા જ્ઞાતિનું એક વિશાળ સંમેલન યુવાન, ઉત્સાહી કાર્યકર રાજેન્દ્ર મણિલાલ ખોનાના પ્રમુખપદે ભરાઇ ગયું. મૂળ સુથરી ગામના રાજેન્દ્રભાઇ ફકત જ્ઞાતિ પૂરતા જ નહીં, કચ્છી સમાજમાં જુદી જુદી અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી જાણીતા છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં પણ જૈન સક્રિય રહ્યા છે

પત્રકારત્વની પણ વિશિષ્ટ પરંપરા રહી છે. આ જ્ઞાતિમાં. ૧૯૨૦ની સાલમાં 'સ્વદેશ' નામનું સાપ્તાહિક શરૂ કરનાર બી. એન. મહેશ્વરી હતા. ત્યારથી કરીને આજ સુધી એ પરંપરા જળવાતી રહી છે. ખૂબ નાની વયે જેમણે આપણી વચ્ચેથી વિદાય લઇ લીધી એ નેમ મોતા સારા પત્રકાર, વાર્તાકાર હતા. પ્રકાશ સમિતિ નામની સંસ્થા 'પ્રકાશ' નામનું સામયિક પ્રગટ કરતી અને ભલભલા ચમરબંધીની પણ જરાય શેહશરમ રાખ્યા વગર ટીકા થતી એમાં. ગોવિંદજી જીવરાજ લોડાયા, હીરાચંદ મેપાણી અને ખીમજી રતનશીએ 'સમીક્ષા' નામનું જ્ઞાતિપત્ર શરૂ કર્યું. પાછળથી આ બન્ને પત્રો જોડાઇ ગયાં. આજે 'પ્રકાશ સમીક્ષા' નામથી આ જ્ઞાતિપત્ર પ્રગટ થાય છે અને એના તંત્રી છે સનતભાઇ શાહ. કાંતિ ધુલ્લા અને કેસરસિંહ ખોના પત્રકારત્વમાં આજે સક્રિય છે.

આ જ્ઞાતિના સાહસિકો પોતાના વહાણો પણ ધરાવતા. માંડવીના શા. માણેકજી પદમશીં મૈશરીનાં સાત વહાણ હતાં. તેમની ઓળખ આજે પણ વહાણવાલા છે. ભાટિયાઓની જેમ સ્ટીમ નેવીગેશન કંપનીઓ પણ દશાઓએ શરૂ કરેલી.



ગુજરાતી સામયિક પત્રકારત્વના ભીષ્મ પિતામહ હાજી મહંમદ અલારખા શીવજી

મુંબઇના કચ્છીઓની વાત કરવા બેસીએં તો પાર ન આવે. ગમે તેટલા સજાગ રહીને યાદ કરવા જાવ, તોય ઘણી વાતો, ઘણા બધા જણાને અને એમનાં કામોને ભૂલી જવાય અને એમના યોગદાનની યોગ્ય નોંધ ન લેવાય. મારી પોતાની વાત કરૂં તો મુંબઇના કચ્છીઓ વિષે ખૂબ જ અભ્યાસ કર્યા પછી વ્યવસ્થિત એના વિષે લખવાનું વિચારેલું પણ શરૂ કર્યા પછી જ ખરેખર ખ્યાલ આવ્યો કે આ કેવું મોટું કામ છે. આ બધાનો અભ્યાસ કરવા માટે પણ વર્ષોનો સમય જોઇએ. મારી શકિત-સમજની મર્યાદાનું ભાન પણ થતું ગયું. છતાં જે લખાયું છે એ ભવિષ્યમાં કોઇ અભ્યાસીને થોડુંક પણ ઉપયોગી થશે તો આનંદ થશે.

'વીસમી સદી' માટે હાજીએ બંગલો વેચ્યો

પત્રકારત્વની તો કચ્છીઓની આગવી પરંપરા જ રહી છે. ગુજરાતી ભાષાનું સૌથી પહેલું સચિત્ર સામયિક 'વીસમી સદી' હાજી મહંમદ અલારખા શિવજીનું. ખોટમાં ચાલતા આ પત્રને ચાલુ રાખવા માટે પોતાના મલબારહીલ પર આવેલ બંગલાને વેચી નાખેલો. એ સિવાય અનેક સામયિકો પ્રગટ થતાં. ફકત જ્ઞાતિપત્રો જ માત્ર નહીં, મહિલાઓ માટેના ઘણાં સામયિકો આજે પ્રગટ થાય છે, પણ વર્ષો પહેલાં ફકત વિધવા સ્ત્રીઓ માટેનું એ જમાનામાં કચડાયેલી વિધવા નારીની વેદનાને વાચા આપતું સામયિક 'વિધવા' નામથી પ્રગટ થતું, એમ અમારા મિત્ર પ્રવીણચંદ્ર શાહ 'પંકજ', કે જેમણે કચ્છના પત્રકારો વિષે વિશિષ્ટ સંશોધન કાર્ય કર્યું છે, એમની પાસેથી જાણવા મળ્યું.

પત્રકારત્વ અને સાહિત્યના ક્ષેત્રમાં કચ્છીઓનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. નાટકના ક્ષેત્રમાં પણ. ભાટિયા પ્રાગજી ડોસા હોય કે પછી જૈન લતેશ શાહ જેવા. નવલકથાકારોમાં નારાયણજી વિશનજી ઠક્કુર ખૂબ લોકપ્રિય હતા. વર્ષો પહેલાં 'સત્યશોધક' નામનું પત્ર ભાટિયા ગૃહસ્થ કરસનદાસ મૂળજી બહાર પાડતા. ૧૮૬૨ના બહુચર્ચિત મહારાજ લાયબલ કેસને ચમકાવનાર આ પત્ર હતું. મુંબઇના કેટલા પત્રકારોનાં નામો એક સાથે યાદ આવે, ને કેટલાય ભૂલાઇ જાય... વયોવૃદ્ધ અનિલ કોઠારી લગભગ અડધી સદી મુંબઇમાં રહ્યા. હવે કચ્છમાં સ્થિર થયા પછી ત્યાં પણ સક્રિય રહી પત્રકારત્વ ઉપરાંત કચ્છના સાંસ્કૃતિ વારસાને લગતી લેખમાળા કચ્છમિત્ર અને જન્મભૂમિ પ્રવાસી સાપ્તાહિકમાં નિયમીત લખતા રહ્યા છે. મુંબઇમાંથી આજે પણ કચ્છનાં અને કચ્છની જ્ઞાતિઓનાં કેટલાંય સામયિકો બહાર પડે છે. પત્રકારત્વમાં સદાય સક્રિય એવા હેમરાજ શાહ મુંબઇના કચ્છી જાહેર જીવનનું ઘરેણું છે. એમણે વર્ષો પહેલાં 'કચ્છશકિત' નામનું દૈનિક શરૂ કરેલું. આજે પણ એ પત્ર ચાલુ તો રહ્યું છે, પણ વાર્ષિક રૂપે. જો કે આજે તો 'કચ્છશકિત' એક સામયિક કરતાં વિશેષ તો સંસ્થા તરીકે વધુ પ્રસિદ્ધ છે. દર વર્ષે જુદા જુદા ક્ષેત્રમાં કશુંક વિશિષ્ટ પ્રદાન કરનાર દેશ વિદેશ વસતા કચ્છીઓને અષાઢી બીજના કચ્છી નવા વર્ષે એક મંચ પર લાવી, એ પરિવાર મેળામાં એવોર્ડ આપીને એમનું સન્માન કરવાની પરંપરા 'કચ્છશકિત'એ ઊભી કરી છે. આ વિશિષ્ટ વ્યકિતઓની પસંદગી કરવા એક નિષ્પક્ષ સમિતિ પણ એમણે રચી છે અને આખું વર્ષ કચ્છીઓ કયાં શું નવું કરે છે એની નોંધ લેવાતી રહે એ માટે માણસોને કામે પણ લગાડયા છે.



'બકુલેશ'ના ઉપનામથી વિખ્યાત બનેલા લેખક રામજી અર્જુન ગજકંધ

સાહિત્ય ક્ષેત્રે બકુલેશ-જયંત ખત્રીની જોડી

પત્રકારત્વ અને સાહિત્ય ક્ષેત્રે કચ્છીઓની કામગીરી નોંધપાત્ર રહી છે. ગુજરાતી પત્રકારત્વની વાત જેમ હાજી મોહંમદ અલારખ્યા શિવજીના 'વીસમી સદી'ને યાદ કરીને જ શરૂ કરી શકાય, એમ ગુજરાતી વાર્તા સાહિત્યની વાત કરવી હોય તો બકુલેશ, ડૉ. જયંત ખત્રી વગેરેને યાદ કર્યા વિના શરૂ ન કરી શકાય.

હજી પણ ઘણીવાર કરી રોડ પાસેથી ટ્રેન પસાર થતી હોય ત્યારે પુષ્પની સુવાસની જેમ ડૉ. જયંત ખત્રીની યાદથી મન મહેંકી ઊઠે છે. રેલવેલાઇનની બાજુની જ દિવાલને ફાડીને ઊગેલા પીપળાનો ઉલ્લેખ એમણે એક વાર્તામાં કર્યો હતો એનું સ્મરણ થઇ આવે છે.

સાહિત્યની દુનિયામાં જ્યારે ગાંધીજીના વિચારોનો ખૂબ પ્રભાવ હતો, પંડિત યુગના સાહિત્યકારો બધું સારૂં સારૂં અને મંગલ મંગલ લખતા હતા, ત્યારે ગુલાબી સ્વભાવના બકુલેશ પ્રગતિશીલ વિચારસરણીનો પ્રચાર કરતી વાર્તાઓ લઇને આવ્યા. એમની વાર્તાઓની નાયિકા દિવાનખાનાના ઝુલા પર ઝુલતાં ઝુલતાં પતિ પરમેશ્વર માટે પાન બનાવનારી નહોતી, પણ વાઘરણ, દાતણ વેચવાવાળી અને દેહના સોદા કરનારી નારીઓને પણ એમણે નાયિકા બનાવી હતી.

પશ્ચિમના નવલિકા-નવલકથાઓના લેખકોની અને એમનાં સર્જનોની બકુલેશ પાસેની માહિતી એટલી વિશાળ હતી કે, એમને એમના મિત્રો જગતના વાર્તા સાહિત્ય અને સાહિત્યકારોની ''જીવતી અનુક્રમણિકા'' કહેતા. આ ઉપરાંત, સિને પત્રકારત્વ અને પબ્લિસિટીમાં એ નિષ્ણાત ગણાતા. ''કલકત્તા ફિલ્મ એકસચેન્જ''માં એમને પબ્લિસિટીનું કામ અપાયું હતું અને એમાં પણ બકુલેશે નવો ચીલો ચિતર્યો હતો. ફિલ્મની જાહેરખબરોની ગોઠવણી અને ચોટદાર રજૂઆતોમાં બકુલેશની આગવી પ્રતિભા હતી. વળી, એમનામાં ચિત્રકાર તરીકેની પણ સૂઝ હતી, જે એમણે ''વીસમી સદી'' પત્રમાં ઘણી ડિઝાઇનો તૈયાર કરીને આપી હતી. જો ચિત્રકલા ક્ષેત્રે સાનુકૂળ તક મળી હોત તો એ સરસ ચિત્રકાર બની શકયા હોત. વાર્તાલેખનની પોતાની કલા વિષે બકુલેશે કહેલું કે, ''હું વાર્તાનું ચોક્કસ માળખું બાંધીને લખતો નથી. મારી વાર્તાના પાત્રો મારી આસપાસ ભમ્યા કરે છે અને હું એમને મારી વાર્તામાં સ્વૈરવિહાર કરવા દઉં છું.'' એ કાળે બકુલેશની વાર્તાઓએ લોકો પર કામણ કર્યું હતું. વાર્તાનો વાસ્તવવાદ એ એમનો ઉપાસ્યવાદ હતો; એમની કથાઓમાં સમાજના નીચલા થરોનું ચિત્રણ સચ્ચાઇને કારણે ખૂબ આકર્ષક બન્યું હતું.

ડૉ. જયંત ખત્રી એમના મિત્ર. એકવાર બધા મિત્રો બેઠા હતા ત્યારે કોઇકે મહેણું માર્યું કે, 'જયંતભાઇને વાર્તા સાથે શું લેવાદેવા ? એ તો ડોકટર છે. દવા કરી જાણે. બાકી સાહિત્ય સાથે એમને શું સંબંધ ?

જયંતભાઇને વાત મનમાં ખટકી ગઇ. એમણે એક વાર્તા લખી, ને બીજીવાર મિત્રો મળ્યા ત્યારે વાંચી સંભળાવી. બધા મુગ્ધ થઇને સાંભળી રહ્યા અને પ્રશંસાભરી નજરે એમની સામે જોતા જ રહી ગયા. આમ બકુલેશની મૈત્રીએ ડૉ. ખત્રીને વાર્તાકાર

બનાવ્યા. એ પછી તો એમણે મુંબઇ છોડી દીધું અને કાયમ માટે માંડવી વસાવ્યું. માંડવીમાં દરિયાખેડુઓના ને કામદારોના સંગઠન માટે અને માંડવી નગરપાલિકા માટે એમણે જાત ઘસી નાખી. ફકત ત્રણ જ વાર્તાસંગ્રહની ('ફોરાં', 'વહેતાં ઝરણાં', 'ખરા બપોર') આંગળીના વેઢે ગણાય એટલી જ વાર્તાઓ, પણ ગુજરાતી વાર્તા સાહિત્યમાં આ વાર્તાઓથી નવો પ્રવાહ શરૂ થયેલો, એનો કોઇથી ઇન્કાર થઇ શકે એમ નથી. એમણે એક નવલકથા 'ચમાર ચાલ' પણ લખેલી. પણ એ નવલકથા અધૂરી જ રહી ગઇ.

એમના મિત્ર શ્રી હીરાલાલ ફોફલીયા પણ ગુજરાતના બહુ સારા વાર્તાકાર હતા. એમના ભાઇ અરવિંદભાઇએ પણ વાર્તાઓ લખી છે. પ્રિન્સેસ સ્ટ્રીટ પર છત્રી બજારમાં એમનું મોખરાનું સ્થાન છે. એવી કોઇ બજાર નહીં હોય, એવો કોઇ વેપાર નહીં હોય, જેમાં કચ્છીએ ઝંપલાવ્યું ન હોય. એ ઉપરાંત કૌશીક વી. મહેતાએ પણ વાર્તાઓ ઉપરાંત ગુજરાતી હિન્દી ફિલ્મોની પટકથાઓ લખી છે.

પત્રકારત્વની વાત કરતાં એક બીજી વાત પર ધ્યાન કેન્દ્રીત થાય છે. ગુજરાતના આજના વ્યંગ ચિત્રકારોમાં પણ કચ્છીઓની બહુમતી છે. બહુ જાણીતા નામો છે 'રુપમ', 'નારદ', દેવ ગઢવી, બલિ, સુરેશ સોમપુરા, દીપક ગણાત્રા... સુરેશ સોમપુરા તો સારા વાર્તાકાર પણ છે અને સારા ફોટોગ્રાફર પણ.

કલાની દુનિયામાં કચ્છીઓએ વિવિધ રંગો પૂર્યા છે. રંગભૂમિની સજાવટમાં છેલનું સ્થાન મોખરાનું છે, તો નવી પેઢીના નીરજ વોરાએ તો તખ્તા ઉપરાંત દૂરદર્શન અને ફિલ્મોની દુનિયા પર પણ છવાઇ જવા કમર કસી છે.

અષાઢી બીજની ઉજવણીની પહેલ

જ્યારે મુંબઇ વિકસ્યું નહોતું ત્યારથી આજ સુધીમાં કયારેય કચ્છીઓના ઉત્સાહમાં ઓટ આવી નથી અને મુંબઇની અનેક સાર્વજનિક પ્રવૃત્તિઓ અને જાહેર જીવનમાં

> **નાનકડા શહેરમાંથી મહાનગર બનેલા મુંબઇની વિકાસ કૂચ અને એની આગવી સંસ્કૃતિના ઘડતરમાં કચ્છીઓનો સિંહફાળો છે**

એમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું જ છે. કે. વી. ઠક્કર, સુરેન્દ્રભાઇ શેઠ, બાબુભાઇ મજેઠીયા, મોરારજી હીરજી દેઢિયા, વસનજી લખમશી શાહ વગેરેએ સાથે મળીને કચ્છ આર્થિક વિકાસ મંડળ સ્થાપી કચ્છી હસ્તકલાના પ્રદર્શનો યોજે, પોતાને ત્યાં જમવા નોંતરેલા મહેમાનોને કચ્છી ભોજન પીરસી મુંબઇ આખીને 'કચ્છી ફૂડ'ના સ્વાદનો ચટકો લગાડે. (એક પ્રદર્શનમાં સર્વભાષી સાહિત્યકારોને આમંત્રી એમણે કચ્છી ખાણું ખવડાવેલું. એ વખતે કેટરીંગની જવાબદારી લેનારે પછી આરામ રેસ્ટોરન્ટમાં કચ્છી ડેકોરેશન ભુજોડીની બહેનોને બોલાવીને ખાસ કરાવેલું, ને કચ્છી ફૂડ પીરસતા). વિશ્વ કચ્છી પરિષદ ભરી દેશવિદેશના કચ્છીઓને મુંબઇ બોલાવે, રાજાશાહીના વખતમાં કચ્છી નવા વર્ષની ઉજવણી થતી એ પરંપરા ફરી શરૂ કરે અને એમને જોઇને સ્થાનિક કચ્છમાં પણ ફરીવાર નવું વર્ષ અષાઢી બીજના ઉજવવાની શરૂઆત થાય. શરૂઆતમાં વર્તમાનપત્રો નાના ચોકઠામાં કચ્છીઓને અષાઢી બીજના નવા વર્ષના અભિનંદન આપતા. હવે તો અષાઢી બીજ નિમિત્તે ખાસ પૂર્તિઓ અને સામયિકોના ખાસ અંકો પ્રગટ થાય છે અને દેશભરમાં જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં અષાઢી બીજના કચ્છી નવા વર્ષની ઉજવણી થાય છે. કચ્છ આર્થિક વિકાસ મંડળે દશ વર્ષ સુધી નવા વર્ષની ઉજવણી કર્યા બાદ હેમરાજ શાહે નવા વર્ષની શાનદાર રીતે ઉજવણી કરવાનો ભાર પોતાના ખભે લઇ લીધો છે. હવે તો અષાઢી બીજના કાર્યક્રમો જુદી જુદી સંસ્થાઓ તરફથી મુલુંડ, થાણે, ચેમ્બુર, દામોદર હોલ-પરેલ વગેરે સ્થળે પણ યોજાય છે.

લાલ રાંભીયા કચ્છી ડાયરાઓનું આયોજન કરે છે ને સોથી વધારે ડાયરા મુંબઇ અને અન્ય સ્થળે રજૂ કરી ચૂકયા છે. આવા કચ્છી 'મેળાવા' અવારનવાર કયાંકને કયાંક યોજાતા રહે છે. શ્રી કચ્છી સંસ્કૃતિ સંગમે માટુંગા, મુલુંડ વગેરે સ્થળે કાર્યક્રમો યોજી કચ્છી ભાષાના પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ શરૂ કરેલી, તો કચ્છી સંગીત વર્તુળે અનેક કાર્યક્રમો કરીને લોકોને કચ્છી ગીતો ગુંજતા કરી દીધા છે. કચ્છી કવિઓની કચ્છી, ગુજરાતી રચનાઓને જાણીતા ગાયકોએ કંઠ આપ્યા છે અને કચ્છી કાફીઓનો ચાહક વર્ગ બિનકચ્છીઓ સુધી વિસ્તર્યો છે. મુંબઇના કચ્છીઓનું આમાં ખૂબ મોટું પ્રદાન છે.

એવું કોઇ ક્ષેત્ર નથી, જ્યાં કચ્છી ન હોય. ફિલ્મોમાં હવે ફક્ત બે જ નામ કલ્યાણજી-આણંદજી જ નથી. નવી પેઢીના વીજુ શાહ અને બાબલાને યાદ કરવા જ પડે. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ધીરજ શાહ અને પ્રફુલ્લ દેઢિયા. ઓડીયો-વિડીયો કેસેટોમાં શેમારૂનું નામ છે.

વ્યવસાયના ક્ષેત્રે કચ્છી મહિલાઓ પણ પાછળ નથી

જેમ જેમ મુંબઇના કચ્છીઓ વિષે વિચારતા જઇએ, તેમ તેમ નવાં ક્ષેત્રો, નવાં નામો અને એમના નોંધપાત્ર પ્રદાનની નોંધ લેવાનું મન થાય.સાહિત્ય, પત્રકારત્વ, સંગીત... કચ્છીઓ ફકત વેપાર કે ઉદ્યોગમાં જ સફળ રહ્યા નથી, જે જે ક્ષેત્રમાં એમણે ઝંપલાવ્યું છે ત્યાં ત્યાં એમનો પરસેવો રંગ લાવ્યો જ છે. બંસરીવાદક શિવકુમાર પુંજાણી, સ્વરકિન્નરી શીલા શેઠીયા, ટીના છેડા, તો બોન્સાઇની કલાના પારંગત નિરૂબેન કારીઆ, મધ્યમ વર્ગની ગૃહિણી એવી રમીલા કતીરા ઘેર બેઠાં કૂકીંગ કલાસ ચલાવે. બ્યુટિશીયન તરીકે નવોઢાને શણગારવા જાય, એમ કરતાં કરતાં એકથી વધુવાર લંડન સુધી જઇને ત્યાં કૂકીંગના ડેમોન્સ્ટ્રેશન કરીને સારા એવા પાઉન્ડ કમાવી લાવે. આવી જ એક બીજી રમીલા બાવડ઼ ઘાટકોપરમાં પાર્ટીઓ માટે અને પર્યટકો માટે વાનગીઓ બનાવી આપવાના નાના નાના કોન્ટ્રાકટ લે અને દક્ષિણ ભારતીય વાનગીઓ તૈયાર કરવા માટેનો આથો કવોન્ટીટીમાં કેટરર્સોને પીરસી આપી એવી કમાણી કરે કે પોતાના પરિવારનું પેટ ભરી શકે. જો કે, એના પતિ અને પુત્રો એને કામમાં પૂરતી મદદ કરે છે, પણ જમાવટ બધી તો એ બહેનની પોતાની જ છે. આ અને આવી બીજી અનેક કચ્છી મહિલાઓની ખુમારીને વંદન કરવાનું મન કેમ ન થાય ? કચ્છી નારીનો આ ચહેરો ઓળખવા જેવો છે.

કારીગરો કચ્છી નથી પણ કચ્છી સ્વાદને સાચવવાની કાળજી હજીય રખાય છે

માંડવીના ગાભાની દાબેલીએ લોકોની જીભે એવો ચટકો લગાડયો છે કે આજે બિનકચ્છી વિસ્તારોમાં ય ધૂમ વેચાય છે. કચ્છી પકવાનો મેળવવા બિનકચ્છીઓ જ નહીં, ગુજરાતી સિવાયના પણ ઊભા રહી જાય છે. કાકુભાઇ વીમાવાળાની પેઢી પર ચાપાણી વખતે એક 'જેઠાલાલ કા અનમોલ ચીવડા લે લો' ગીત લલકારતો એક લોહાણો કચ્છી ઘુઘરા (શંભુસા) બનાવીને લઇ આવતો. આજે પણ આ કચ્છી ઘુઘરા અને કચોરી, સેન્ટ્રલ ભેલ હાઉસમાં વડગાદી પર મળે છે, પણ હવે એના બનાવનાર કારીગરો કચ્છી રહ્યા નથી. પણ એનો કચ્છી સ્વાદ સચવાઇ રહે એની કાળજી રાખવામાં આવે છે. ગુજરાતીઓમાં સ્વાદના શોખીનો તરીકે સૂરતીઓ ભલે પ્રખ્યાત હોય ને ''સૂરતનું જમણ અને કાશીનું મરણ'' એવી કહેવત ભલે પ્રચલિત હોય,પણ કચ્છીઓ અને કાઠિયાવાડીઓ ખરેખર સ્વાદ રસિયા છે. કચ્છી પેંડા અને ગુલાબપાક હવે મુંબઇમાં પણ અમુક ખાસ દુકાનોમાં મળતા થયા છે.

કચ્છના મુંબઇમાં યોજાતા જાહેર સમારંભોમાં મોટી સંખ્યામાં જૈનો ભેગા થાય છે. સભાના પ્રમુખ ભલે કોઇ પણ હોય, પણ સભાનું સંચાલન પૈસા ખર્ચીને મુશાયરાઓની ઢબે કરાવવાની ફેશન પણ પ્રચલિત થતી જાય છે. કવિશ્રી ગુલાબ દેઢિયા, કલ્યાણજી સાવલા 'ઊર્મિલ', જ્યોતિ મૈશરી વગેરેના નામ મુંબઇના કચ્છીઓમાં આ ક્ષેત્રે જાણીતા અને માનીતાં છે.

ક. વી. ઓ. જૈનોએ સમાજની અને કચ્છની અસ્મિતાની આરાધના કરી છે

ક. વી. ઓ. તરીકે ઓળખાતા જૈનો લગભગ દોઢસો વર્ષ પહેલાં મુંબઇ આવ્યા. કોડાયના કુરપાર હેમરાજ, રવજી સોજપાલ, તેજુ કાયા વગેરે કોન્ટ્રાકટના ધંધામાં પડયા. વી. ટી. સ્ટેશન, મુંબઇની ગટરો, વાંકડા પુલ તરીકે ઓળખાતો ભાયખલા રેલવે સ્ટેશન પાસેનો એસ. બ્રીજ. આ પુલની ઓછી જગ્યામાં જે રીતે રચના કરવામાં આવી છે તે એ જમાનામાં ખૂબ જ નવી નવાઇની હતી અને અંગ્રેજો પણ આ જોઇને આભા બની ગયેલા. કેટલીક ગોદીઓ પણ કચ્છીઓએ બાંધેલી. કુરપાલ પુનશી ફુરીઆને અંગ્રેજોએ જે. પી. બનાવેલા અને રાવ સાહેબનો ખિતાબ પણ આપેલો. કોડાયના રામજી રવજી લાલનના નામની તો ભુજમાં કોલેજ પણ છે. બારોઇના વેલજી લખમશી નપુ ઓલ ઇન્ડિયા કોંગ્રેસના ખજાનચી હતા. એમણે તિલક મેમોરીયલ માટે ગાંધીજીના હાથમાં કોરો ચેક મૂકી દીધેલો. માટુંગામાં લખમશી નપુના નામનો રસ્તો, ગાર્ડન અને હોલ છે. ચિંચપોકલીમાં એમના નામની હાઇસ્કૂલ છે. માટુંગામાં

વીરજી ભોજરાજ એન્ડ સન્સ સાવલા ક. વી. ઓ. જૈન છાત્રાલય છે. પ્રેમજી દેવજી કન્યા વિદ્યાલય છે. ખીમજી માંડણ ભુજપુરીઆ નવયુવાન વયે જાહેર જીવનમાં આંખોમાં સપનાં આંજીને પ્રવેશ્યા. સમાજને નવી દ્રષ્ટિ અને દોરવણી આપ્યાં. ભાણબાઇ નેણશી કન્યા છાત્રાલયની સ્થાપના થઇ. ચીંચ બંદરમાં નવી મહાજનવાડી બંધાઇ, પચાસથી વધુ સંસ્થાઓ સ્થાપીને એમાં એમણે પ્રાણ પૂર્યા. અશિક્ષિત સમાજમાં શિક્ષણનો પ્રસાર કર્યો. રેશનીંગના સમયમાં માપબંધી દૂર કરવા સરકાર સાથે વાટાઘાટો કરી સહકાર કર્યો. દેવજી રતનશી, રાજસભાના સભ્ય બાબુભાઇ ચીનાઇની સાથે ઘણી બધી જાહેર સેવા પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા. એમના નામે ભુજપુરીઆ વોલીન્ટીયર કોર નામની એક સંસ્થા રચાઇ. ઘણા સમાજસેવકોનું એમણે ઘડતર કર્યું છે. સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેતા કર્યા અને નિષ્ઠાવાન નિસ્વાર્થ સમાજસેવકોની એક આખી હરોળ સક્રિય થઇ. વીરજી નરશી સાલીયા, વેલજી દેવજી છેડા, દિનબંધુ ઉમરશીં ખીંયશી પોલડીઆ, પાસુ નરશીં ફુરીઆ, ચાંપશી હરશી તુંબડીવાલા અને એવા તો કેટલાય... નામો યાદ કરતાં થાકી જવાય ને તો ય કોઇક ને કોઇકને તો ભૂલી જ જવાય. આ બધાઓએ કચ્છનું નામ રોશન કરવા જેવી સેવા કરી છે. સમાજની અને કચ્છની અસ્મિતાની આરાધના કરી છે.

ચાંગડાઇના લીલાધર પાસુ શાહ બી. પી. સી. સી.ના પ્રમુખ બન્યા હતા અને બે વખત એમ. એલ. એ. પણ થયેલા. ભોજાયના જીવરાજ ભાણજી શાહ મહાનગરપાલિકામાં ઘણીવાર ચૂંટાયેલા અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન થયેલા. મેયર થવાની વેળા આવી ત્યારે એક તીર્થયાત્રા પર ગયેલા, ને અવસાન પામ્યા. ડૉ. જ્યોત્સના મોમાયા અલ્હાબાદમાં અને કાશીમાં ભણ્યા. આજીવન અપરિણીત રહેલા અને લોકસેવા કરેલી. સૌથી પહેલાં શીવરી જેવા વિસ્તારમાં મહિલા મંડળની પ્રવૃત્તિ શરૂ કરી, કુંવરબાઇ વીરજી નરશી સાવલા કે જેમણે ઘુંઘટ પ્રથા બંધ કરાવવા ઝુંબેશ ઉપાડેલી. એમણે સ્થાપેલા ક. વી. ઓ. મહિલા મંડળના મંત્રી થયા એ કુસુમબેન જેઠાલાલ સાવલાના નામના એક ચોકનું તાજેતરમાં જ માટુંગામાં નામકરણ થયું. મહાજનની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લઇ કારોબારીમાં સ્થાન પામનાર એ પ્રથમ મહિલા હતા. ત્યાર પછી આજ સુધી પણ મહાજનની કારોબારીમાં બીજી કોઇ મહિલા નથી, એટલે એ એક અને અજોડ હતા. ક. વી. ઓ. મહિલાઓની ઘણી બધી સંસ્થાઓ છે અને એનું એક ફેડરેશન પણ રચાયું છે, જેના શાન્તાબહેન એંકરવાલા પ્રમુખ બન્યા. આ મહિલાઓ દર વર્ષે દાદરની ડિ'સિલ્વા હાઇસ્કૂલના પટાંગણમાં કચ્છી ટ્રેડ ફેર યોજે છે. જયવંતીબહેન એંકરવાલા, રેખા ભવાનજી નાગડા, નલિનીબહેન ગાલા, પુષ્પા માલદે, લીલાબહેન બુદ્ધિચંદ મારૂ...

કચ્છી મહિલા ક્રિકેટર ચંદ્રિકા કેનિયા તો રાજકારણની રમતમાં પણ સફળ રહ્યા છે. રાજસભાના સભ્ય પણ બન્યા છે.


મધુ કિરણ કેનીયા હાઇકોર્ટના જજ, તો નવનીત પ્રકાશનનાં પ્રકાશનો ભારતભરમાં પ્રખ્યાત થયા તેના સ્થાપક રાયણના લાલજી રામજી ગાલા, જેમણે અંગ્રેજી ગુજરાતી ડિકશનરી તૈયાર કરીને પ્રથમવાર પ્રગટ કરી અને જેની પ્રસ્તાવના કનૈયાલાલ મુનશીએ લખેલી એ પણ ક. વી. ઓ. સમાજના ફૂટપાથ પર, પુલના દાદરા નીચે જૂની ચોપડીઓ વેચીને શરૂઆત કરનાર આ મહામાનવોએ આજે જ્ઞાનની દીપમાળા પ્રગટાવે એવાં પ્રકાશનોનો ફેલાવો ભારતભરમાં કર્યો છે. રાજ ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સવાળા હમલા મંજલના તિલક ભાણજી શાહ, કાંડાગરાના મૂળરાજ ખીમજી હરીયા, ડોમ્બીવલીની તિલક ટોકિઝના માલિક ખીમજીભાઇ, મુલુન્ડની મેહુલ ટોકિઝના માલિક મોરારજી ગાલા, ચેમ્બુરના કેશવજી ઉમરશીં છાડવા, વિજય ટ્રાન્સપોર્ટવાળા કુંવરજી કે. શાહ, વીસા ઓસવાળ સમાજના સેવાર્થીઓ શાહ અને એંકર-કચ્છી પોલીટેકનિક કોલેજના સ્થાપકો વલમજી લખમશી શાહ, દામજીભાઇ એંકરવાલા, કેશવજી છાડવા, કરમશી લખમશીં શાહ. પરેલમાંની મારૂ હોસ્પિટલ. મધ્યમ વર્ગી કચ્છીઓને ઉપયોગી સાર્વજનિક સેવા પ્રવૃત્તિઓ કરવાનું આ જ્ઞાતિના લોકોને જાણે વ્યસન છે. ઘાટકોપરની ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા, ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, દામજી શામજી જૂની રેડિયો ટોકિઝની જગ્યાએ મનિષ મારકેટ બાંધનાર અને સ્ટેનલેસ સ્ટીલની ફેકટરી તથા એક સીલ્ક મિલના માલિક/બિલ્ડર અને સમાજસેવક વલભજી ભાણજી ગડા... આ સમાજના અનેક અગ્રણીઓના નોંધપાત્ર પ્રદાનની વિગતે વાતો લખી શકાય અને નામોનો પાર ન આવે. આજની પેઢીમાં કવિ અમૃત ગંગર અંગ્રેજીમાં કવિતાઓ લખે છે. કચ્છ પેસેન્જર એસોસિએશનની સ્થાપનાથી માંડીને કચ્છની મુસાફરી વધુ ઝડપી અને આરામદાયક બની એના માટે સાચા અર્થમાં ઝઝુમનાર અને દર વર્ષે તપસ્વીઓની નામાવલી અને ચાતુર્માસની વિગતો સાથે સાંવત્સરિક ક્ષમાપના અંક છેલ્લા ચાર દાયકાથી પ્રસિદ્ધ કરનાર શ્યામ શાહ, મ્યુનિસિપાલિટીમાં ચૂંટાઇ આવનાર દેવચંદ છેડા, વેપારી પત્રકારત્વમાં જેમના નામોની બોલબાલા છે એ તલકશી ગોસર અને દેવચંદ છેડા, આવા કેટલા જણને યાદ કરવા? વિશ્વભરના જૈનોને સાંકળી લેતી સંસ્થા પાલીતાણાની કલ્યાણજી આણંદજીની પેઢી તથા લેસ્ટર (લંડન)ના જૈન સંઘના વસનજી લખમશી શાહ માનદ પેટ્રન છે. પાલાગલી હાઇસ્કૂલ, બિદડા સર્વોદય ટ્રસ્ટ જેવી સંસ્થાઓ ક. વી. ઓ.ની સ્થાપેલી. નેમજી કેનીયા, લીલાધર ગડા, વાલજી આણંદ છેડા જેવા કાર્યકરો....

એક વિશિષ્ટ સેવા કચ્છીઓની છે હોસ્પિટલોમાં મોટી હોસ્પિટલોમાં દાખલ થનાર દર્દી અને સગાંવહાલાંને માર્ગદર્શન આપવા, ને ઉપયોગી થવા ઉપરાત જરૂરતમંદો માટે હજારો રૂપિયાની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી આપનાર, બીજા માટે માગવા નીકળી નાતજાતના ભેદ વગર સાચા સગાંની જેમ સાથ આપનાર આવા સેવકોની મૂકસેવા સાચેસાચ ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવે છે. બોમ્બે હોસ્પિટલમાં તમને બાબુભાઇ છેડા મળે, તો હરકિશનદાસ હોસ્પિટલમાં વૃજલાલ વીરજી મોતા સાથે મુલાકાત થાય. વિલેપારલેની નાણાવટી હોસ્પિટલમાં તમને વસંત ગલીયા, પોપટ ભચુભાઇ કે નેણશી લધા ગાલાની સહાયતા મળી રહે. આ બધા મુંબઇના કચ્છી સમાજના ઝળહળતાં નામ છે અને કચ્છીયતના મૂળ વધુ ઊંડા કરવામાં મહત્ત્વનો ફાળો એમનો રહ્યો છે. મુનિરાજ શુભવિજયજીની પ્રેરણાથી સર્જાયેલું ચીંચ બંદર પરનું સર્વોદય કેન્દ્ર, જેમાં ભોજનશાળા, વિદ્યાર્થી છાત્રાલય, લાયબ્રેરી, આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

મુંબઇ જ્યારે જરા ય વિકસ્યું નહોતું ત્યારથી કચ્છીઓ મુંબઇમાં આવતા રહ્યા છે. આ મહાનગરને એની પચરંગી ઓળખ અપાવવામાં, દેશનું આર્થિક પાટનગર બનાવવામાં કચ્છીઓએ સિંહફાળો આપ્યો છે. હજી પણ એ પ્રવાહ ચાલુ જ રહ્યો છે.

વિરલ કોઠાસૂઝવાળા વાગડના જૈનો મુંબઇ પર છવાઇ ગયા છે

વાગડ સમાજના ભાઇઓ તો બહુ પાછળથી આવ્યા મુંબઇ. કોઇક નવલખી રસ્તે તો કોઇક ગાડ માં બેસી રણ પાર કરીને હળવદ પહોંચેલા, ને ત્યાંથી પછી ટ્રેનમાં બેસીને મુંબઇ આવ્યા. દેશમાં એમનો વ્યવસાય મુખ્યત્વે ખેતીનો. સાદી જીવનશૈલી.



કચ્છીઓ માટે આરોગ્ય સેવાની દીવાદાંડી સમી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત મારૂ હોસ્પિટલ

ઓછી જરૂરિયાતો. ખેતીમાંથી ને મજૂરીમાંથી એવી ઓછી જરૂરિયાતો ય સંતોષાય એવું ન રહ્યું, એટલે પછી ન છૂટકે મુંબઇની વાટ પકડેલી.

મુંબઇની આંગળી પકડીને ઘણા કચ્છીઓ આગળ આવ્યા છે. ભારતભરમાં એકમાત્ર મુંબઇ જ એવું મહાનગર છે, જેણે કચ્છીઓને તો એનું માગ્યું, આપ્યું છે. મુંબાદેવીની કચ્છીઓ પર અસીમ કૃપા હંમેશાં વરસતી રહી છે. જો કે કચ્છીઓએ પણ મુંબઇને એવોને એટલો જ પ્રેમ કર્યો છે. એ જેમ સાચી વાત છે કે મુંબઇમાં રહેવા છતાં કચ્છીઓના મનમાં સતત કચ્છ જ રમતું હોય છે, તેમ એ પણ એટલી જ સાચી વાત છે કે નિવૃત્તિની વયમાં કોઇ કચ્છ રહેવા જાય તો સતત એના સ્મરણમાં મુંબઇ રહેવાનું જ. મુંબઇની મોહિનીના પાશમાંથી છૂટવાનું સહેલું નથી.

વાગડથી આવ્યા ભલે બહુ મોડા, પણ આવતાંવેંત આ ભાઇઓ મુંબઇ પર છવાઇ ગયા અને આજે તો એમના નામના સિક્કા પડે એવી બોલબાલા છે એમની. એમની વિશેષતા છે એમની રખતરખા. પોતાના સમાજના નબળા ભાઇને ઊભો કરવા માટે હાથ દેવા એ સદા તૈયાર. ધંધો કરવો હોય કોઇ વાગડિયાને, તો એને વગર વ્યાજે કે સાવ પાણીના ભાવે રૂપિયા મળી રહે, ને જોઇએ તેટલા મળી રહે. શરત બીજી કોઇ નહીં. અપેક્ષા ફકત એટલી સમજદારીની કે જ્યારે એ પગભર થાય, બેપાંદડે થાય, ત્યારે એણે પોતાના એવા જ બીજા કોઇ જરૂરતમંદ ભાઇને મહેરબાની

કરે છે એવું બતાવ્યા વિના મદદ કરવી. બસ, આ જ એમની સફળતાની ચાવી.

મુંબઈની જગ્યાઓના ભાવ આજે બેહદ વધી ગયા છે. ભડકે બળે છે. આનો દોષ આજે ઘણા આ વાગડિઆ ભાઈઓને આપે છે. એમણે મુંબઈ આવીને અંધાધુંધ પૈસા ખર્ચીને જગ્યાઓ લેવા માંડી. બીજા કરતાં સવાઈ મહેનત કરીને ધંધા જમાવી જાણ્યા. એવી માન્યતા છે કે, બજારમાં જો એક વાગડવાસી દુકાન કરે તો બીજે વર્ષે એ બજારમાં વાગડવાસીઓની ચાર-પાંચ દુકાનો હોય, ને પછી બહુ થોડા વખતમાં એ આખી બજાર વાગડવાસીઓની જ થઈ જાય. બીજા વેપારીઓ આંગળીના વેઢે ગણી શકાય એટલાય માંડ બાકી રહે.

આવી વિરલ કોઠાસૂઝ ધરાવતા આ ભાઈઓએ શરૂઆતમાં દશ રૂપિયાના પગારમાં વહેલી સવારથી મોડી રાત સુધીની મજૂરી કરી જાણી છે અને નાનાં મોટાં તમામ જાતના કામો શરમ છોડીને કર્યા છે. વાગડથી સૌથી પહેલા આવનારાઓમાં કોરશી હીરજી નિશર, ખીમજી ધનજી વગેરેએ પહેલાં તો પરંપરાગત દાણાના વેપારથી જ શરૂઆત કરેલી. પણ પછી કટલેરીના ધંધામાં પડયા અને પછી તો... આજે તો કાગળ બજાર હોય, કે સ્ટેશનરી માર્કેટ, રેડીમેડ ગારમેન્ટ કે કોમ્પ્યુટર, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અદ્યતન શોરૂમો.... રૂપમ, બેનઝર, રૂપસંગમ, પાનેરી, લાઝરી, શીતલ, રૂપમિલન, બનારસ સીલ્ક હાઉસ, જુદી જુદી બ્રાન્ડની નોટબૂકોના ઉત્પાદકો, એપલવાળા કોમ્પ્યુટરના ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર અતુલ નિશર, આ બધા વાગડવાસીઓ. ચાંપશી દેવશી નંદુ, રતનશી નપુભાઈ શાહ, તાસ્કંદ-ઘાટકોપરવાળા રતનશીં રાઘવજી સાવલા, રેડીમેડ ગારમેન્ટ એસોસિએશનના વર્ષોથી જે માનદમંત્રી છે એ હરખચંદ હભુભાઈ શાહ, લધાભાઈ સાંગણ ગાલા, દેવજી શિવજી કારીઆ વગેરે આ સમાજના જાણીતા નામો છે. આ લોકોએ ઘણી લોકોપયોગી પ્રવૃત્તિઓ કરી છે ને ઢગલા મોઢે કમાણી કરી છે તે સારા માર્ગે ખર્ચી જાણી છે. અહીં મુંબઈમાં પણ અને સ્થાનિકે પણ.



કચ્છી મેમણોએ શાળા, પ્રસૂતિગૃહો અને મુસાફરખાના માટે પણ માતબર દાન આપ્યું છે. મુંબઈનું મુસાફરખાનું તો એક અનેરી ઈમારત છે.

વયોવૃદ્ધોમાં બચુભાઈ જીવરાજ ગડાનું નામ આદરથી યાદ કરવું પડે એવું એમનું વ્યકિતત્વ છે. એમના સંતાનોને પણ એમણે સમાજસેવાનો વારસો આપ્યો છે અને આજે એ સંતાનો એમનું નામ દીપાવી રહ્યા છે એ જોઈને એમની આંખ ઠરે છે.

કરશન લધુ નિશર સામા મળે તો અજાણ્યો એમને ઓળખે નહીં. આ માણસ અબજોપતિ હશે અને લાખો રૂપિયાની સખાવતો એણે સાવ સહજ રીતે હસતાં હસતાં કરી નાખી હશે, એ એમને જોઈને તો કોઈ કલ્પી પણ ન શકે, એવા સાદા. દાદરમાં કરશન લધુ નિશર હોલ છે અને જૈન હેલ્થ સેન્ટર અને બીજી અનેક સેવા સંસ્થાઓના એ પ્રાણસમા રહ્યા છે, છતાં સાવ નિર્લેપ રહેતાં પણ એમને આવડે છે. આ ઉંમરે પણ શ્રમનું કામ કરતાં શરમ સંકોચ રાખતા નથી. દુનિયા આખી લગભગ પગ નીચે કાઢી છે. વ્યવસાયમાંથી વહેલી જ નિવૃત્તિ લઈ લીધી છે, પણ હજી સતત પ્રવૃત્તિઓ કરતા રહ્યા છે. સેવાની-લોકોને ઉપયોગી થતા રહેવાની.

વાગડ સમાજ : શિક્ષણ અને સંસ્કારની પ્રવૃત્તિઓ માટે પ્રતિબદ્ધ

છેલ્લા ત્રણેક દાયકાથી અસ્તિત્વમાં આવેલી શ્રી વાગડ કલા કેન્દ્ર સંસ્થા, જેના પ્રમુખ હાલે બચુભાઈ જીવરાજ ગડાના પુત્ર પ્રવીણભાઈ છે, વાગડ સમાજને આગળ લાવવામાં આ સંસ્થાએ પાયાનું કામ કર્યું છે. શિક્ષણ અને સંસ્કારની પ્રવૃત્તિઓ અને દર વર્ષે સ્થાનિક કચ્છમાં જઈને મેડિકલ કેમ્પ યોજવાની એમની વિશિષ્ટ પ્રણાલી રહી છે. સંસ્થાના સદભાગ્યે એમને નિષ્ઠાવાન કાર્યકરોની ખોટ નથી સાલી. નવા નવા ચહેરાઓ કામ કરવા આગળ આવતા જ રહ્યા છે. ડૉ. ગોપાલજી મણશી છાડવા, ડૉ. મનસુખ જૈન, ડૉ. રાયચંદ ખીમજી નિશર, ડૉ. હેમરાજ રતનશી ગડા, ડૉ. જયંતીલાલ સત્રા, દામજીભાઈ બુરિચા, દામજી વીજપાર સાવલા, રમેશ વીરજી ફુરીઆથી માંડીને નવયુવાન કાર્યકરો સંસ્થાની પ્રવૃત્તિઓ માટે પ્રતિબદ્ધ છે. આવું સંગઠન બહુ ઓછી જગ્યાએ, વિવાદોથી પર રહીને કામ કરતું જોવા મળે છે. હમણાં સંસ્થાના એક નવલોહીયા મંત્રી છે ધીરજ નિશર. આવા જુવાનોને પણ અહીં છૂટો દોર મળે છે, ને કામ કરવાની તક મળી રહે છે.

વાગડ સમાજનું એક બીજું માતબર નામ હતું પ્રવીણચંદ્ર શિવજી શાહનું. શિક્ષણના પ્રસાર માટે એમનું પાયાનું યોગદાન અને એમના અવસાન પછી એમના પત્ની લક્ષ્મીબહેને પણ કન્યા કેળવણી ક્ષેત્રે પતિના પગલે ચાલી ઘણી સેવાઓ કરી. સાહિત્યરસિક પ્રવીણભાઈને કચ્છી હોવાનું અભિમાન હતું અને કચ્છીપણાની આ ભાવના વિસ્તારવાની ઈચ્છા હતી. અખિલ કચ્છ સંમેલન નામની સંસ્થાની સ્થાપના એમણે આ શુભ ઈરાદાથી જ કરી હતી. એમની હયાતીમાં તો ઘણા બધા કચ્છી કાર્યકરો એમને ત્યાં ભેગા થતા અને સહિયારા પ્રયત્નોથી પરિણામલક્ષી પ્રવૃત્તિઓ કરતા. એમના વખતમાં સ્વ. દુલેરાય કારાણીના નામનું એક સાહિત્ય ટ્રસ્ટ પણ થયેલું અને માતબર કહી શકાય એવી રકમ પણ સાહિત્યની પ્રવૃત્તિઓ માટે ભેગી થયેલી.

કમનસીબે એમનું અકાળે અવસાન થયું અને પછી અખિલ કચ્છ સંમેલન સંસ્થા આખીયે જાણે થીજી ગઈ. કાર્યકરોની એક આખી હરોળ હતી, આજે ય એ બધા ભાઈઓ ઘણી બધી પ્રવૃત્તિઓ કરે છે. પણ અખિલ કચ્છ સંમેલનના તો વાવટા વીંટાઈ ગયા અને આજે હવે એ મોટા ગજાની થવા સર્જાયેલી સંસ્થાને કોઈ યાદ પણ કરતું નથી.

કચ્છના મુસ્લિમોમાંથી પણ લગભગ બધી જ જમાતના માણસો મુંબઈ આવીને વસ્યા છે, ને એમણે મુંબઈને ઘણું બધું આપ્યું છે. વેપારી કોમો મેમણ, ખોજા, વહોરાઓની સખાવતો એમની જમાત પૂરતી જ નહીં, સાર્વજનિક પણ ઘણી બધી છે અને એની વિગતે વાત કરી શકાય.

અહીં મારે મારી શારીરિક અસ્વસ્થતાને કારણે આવેલી શકિતની મર્યાદાનો સ્વીકાર કરીને અટકી જવું પડે છે. કચ્છની મુદ્રા મનમાં ઉપસે તો એમાં ત્રિશૂળ અને ચાંદ તારાનું પ્રતીક એકસાથે જ આવે. હિન્દુ, મુસલમાન, પારસી જેવા કોઈ ભેદભાવ કચ્છને હજી સુધી તો સ્પર્શયા નથી. કચ્છીયતથી આ વાત ખિલાફ છે અને ઈતિહાસ સાક્ષી છે, કચ્છી પહેલાં કચ્છી છે અને નામશેષ થઈ જાય ત્યાં સુધી એ કચ્છી જ છે અને એનો આ રંગ કયારેય નથી ઝંખવાયો.

મુંબઈના હિન્દુ-મુસ્લિમ ખત્રી

મુંબઈમાં ખત્રીઓ આવ્યા ને એ પણ કચ્છી ભાષામાં કહીએ તો 'ગુડા ખોડીને બેઠા છે.' હિન્દુ ખત્રીઓમાં સુંદરજી સોદાગરનું નામ તો ભારત આખામાં જાણીતું થયું છે. મુંબઈમાં એમના પાંચમી પેઢીના વંશજોએ- ધોતિયું અને કોટ પહેરનારાઓએ ટાઈ બનાવવાનું અને એ યુરોપીઅનોને વેચવાનું વિચાર્યું. વિચારને અમલમાં મૂકીને એ જેઠાલાલ રણછોડદાસે ધંધો જમાવી જાણ્યો. ભારતના સૌથી પહેલા ટાઈ મેન્યુફેક્ચરર એ બન્યા. હીરાના પારખુ- વેલ્યુઅર તરીકે હર્ષદરાય સોનેજીનું નામ જાણીતું છે. તો મિકેનિકલ ડિઝાઈનર તરીકે સ્વ. એચ. જી. ખત્રીએ પોતાની આગવી છાપ વિકસાવી હતી. તેઓ ડો. જયંત ખત્રીના જમાઈ હતા. શ્રી કાનજી દેવજી નિર્મલ નામના યુવાને સુતારીકામ શીખીને ખુરશીઓ- જેમાં લાકડાનો ઉપયોગ કર્યા વિના બનાવી દેશ પરદેશ નિકાસ કરી છે અને તાજેતરમાં તેમને જાણીતા અભિનેત્રી શબાના આઝમીના હસ્તે ટ્રેડ ફેરમાં પહેલું ઈનામ મળ્યું હતું.

બહુ જાણીતા વાર્તાકાર બકુલેશ જેમણે પ્રગતિશીલ વિચારસરણીના પ્રતિબદ્ધ લેખક તરીકે કલાત્મક વાર્તાઓ આપી અને ફિલ્મી પત્રકાર તરીકે ખૂબ નામના કમાયા એમના પુત્ર તુષારભાઈએ મેનેજમેન્ટ કન્સલટન્ટ તરીકેની કારકિર્દી અપનાવી છે અને મિસ્ત્રી ઓળખથી ઓળખાય છે, જ્યારે બકુલેશનાં સુપુત્રી રોહિણીબહેન મરચન્ટની મુંબઈના પ્રસિદ્ધ ગાયનોકોલોજીસ્ટોમાં ગણના થાય છે. બાળકોના રોગોના સ્પેશિયાલીસ્ટ ડો. જે. વી. ખત્રી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના છે.

પણ આપણે વાત મુંબઈના મુસ્લિમ ખત્રીઓની કરીએ. દાદર મેન રોડ તરીકે ઓળખાતા રસ્તા પર એમની મસ્જિદ છે અને રંગારી ચાલમાં એમની જમાતની ઓફિસ છે. મુંબઈમાં હમણાં બે ખત્રી જમાત છે. પહેલાં એક જ હતી. છ સાત દાયકા પહેલાં દાદર જમાત અલગ થઈ. કારણ કે કોઈપણ કામ હોય ત્યારે, મિટીંગ ભરાય ત્યારે રાતે દશ વાગ્યા પછી ત્યાં જવાનું તકલીફરૂપ થતું હતું.

બસો વર્ષથી ય પહેલાં એમણે ઈસ્લામનો અંગીકાર કર્યો. મૂળ પંજાબના, પણ

પછી કચ્છમાં આવીને સ્થિર થયેલા ત્યાંથી પેટિયું રળવા મુંબઇ આવ્યા. વ્યવસાય રંગનો જ. કપડાં રંગવાનું કામ જ એમને વધુ ફાવે ને એમાં એ લોકો સારૂં કમાયા પણ. પોતાની જમાવટ કરીને બેસી રહે એ કચ્છી નહીં. કચ્છમાં સંઘર્ષ કરતા ભાઇને પોતા પાસે બોલાવી લે એ જ કચ્છી આમ ખત્રીઓની વસતિ મુંબઇમાં વધતી ગઇ.

ભારતીયતાનો પાકો રંગ જોવા મળે છે

આ ખત્રીઓની એક વિશેષતા છે. બીજી કોઇપણ કોમ કે જાતિ કરતાં એમનામાં ભારતીયતાનો બહુ પાકો રંગ જોવા મળે છે- એમની (નાતનું) જમાતનું વાર્ષિક મિલન થાય છે. તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસે ખત્રી મિલન યોજાય. દિવસે બધા ભેગા થાય, આખો દિવસ રમતગમતના અને મનોરંજનના કાર્યક્રમ થાય, વિદ્યાર્થીઓને એમની સિદ્ધિ બદલ સન્માનાય. દાદર મુસ્લિમ કચ્છી ખત્રી જમાતના હાલે જે પટેલ છે જ. મહંમદ હારૂન સુલેમાન ખત્રી એમના કહેવા પ્રમાણે જમાત તરફથી સમાજોપયોગી ઘણી બીજી પ્રવૃત્તિઓ પણ થતી રહી છે, જેમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, પુસ્તકો અને નોટબૂકોનું વિતરણ, એમને વાહન ખર્ચ માટે જરૂરી સગવડો જેવી કે સાઇકલ વગેરે અપાવવી, નિરાધાર બહેનોને અને કુટુંબોને આર્થિક મદદ અને ગરીબ મા-બાપની નિયાણીઓના (દીકરીઓના) નિકાહ માટે પણ જમાત મદદ કરે છે. વાર્ષિક સમારંભના દિવસે પટેલ દાવત આપે અને એ વખતે જો જમાત પાસે ફંડ ખૂટતું હોય તો જમાતના શ્રીમંતોને વાત કરે.

જમાતના આગેવાનો છ જણા હોય છે. આખી કોમ એમની આમન્યા રાખે. પ્રમુખને પટેલ કહેવાય, બીજા પાંચ જણ (પંચ) ચોગલા તરીકે ઓળખાય છે. તેઓ સગાઇ, લગ્ન વગેરેની નોંધણી કરે અને લાગા પણ વસૂલ કરે. તલાક લેવા હોય તો ય જમાતના મોવડીઓની મંજૂરી લેવી પડે. પટેલ દરેક દસ્તાવેજ પર સહી સિક્કા કરે અને એનો રેકોર્ડ પણ રાખે. જો કે વાતવાતમાં જમાતના પટેલ હારૂનભાઇ ઉર્ફે બાબુભાઇએ કહ્યું કે અમારે ત્યાં તલાકનો રિવાજ જ નથી. ભાગ્યે જ આવો કમનસીબ બનાવ બને છે. અમારા ભાઇઓને બે પત્નીઓ પણ હોતી નથી. કોઇકના ઘરે બે-ત્રણથી વધારે સંતાન હશે કદાચ, પણ એ અપવાદ જેવા. બાકી એક પત્ની અને બે કે વધુમાં વધુ ત્રણ બાળકોનો પરિવાર તમને અમારી જમાતમાં જોવા મળશે.

જમાતના ચોગલા દાઉદ આદમ ભુજપુરીયાની 'કચ્છી આર્ટ' નામની દાદર મેન રોડ પર આવેલી દુકાનમાં જ જમાતની ઓફિસ છે. ખત્રીઓની જમાવટ દાદરમાં, શિવરી, ધારાવી, માહિમ, દૂધ બજાર (ભીંડી બજાર પાસે)માં વર્ષોથી છે.

મુંબઇમાં સૌથી પહેલા આવનાર મુસ્લિમ ખત્રી હતા માંડવીના કાઠડા ગામના ત્યાર પછી મુંદ્રા અને અબડાસાના ખત્રીઓ મુંબઇ આવ્યા. કચ્છી વેપારીઓએ અઢારમી સદીના અંતથી શરૂ કરીને અત્યાર સુધી મુંબઇના વેપાર ઉદ્યોગ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ખત્રી જમાત હસ્તે બે જમાતખાના, બે મસ્જિદો અને મદ્રેસા વગેરે છે. જાંબલી મોહલ્લામાં એક સાર્વજનિક લાયબ્રેરીની સ્થાપના કરી હતી જેનો વહીવટ પછી મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને સુપરત કરેલ. લોકો આ લાયબ્રેરીનો સારો લાભ લે છે.

મફત નાઇટ સ્કૂલ ચલાવે છે

કેટલાક ઉત્સાહી ભાઇઓ મિસ્ત્રી મોહલ્લામાં જૂના વખતથી એક મુસ્લિમ કચ્છી ખત્રી ફ્રી નાઇટ સ્કૂલ ચલાવે છે, જેનું ઉદ્‌ઘાટન તે વખતે કાયદે આઝમ મોહમદ અલી જીન્હા સાહેબે ખત્રી મોહલ્લામાં પધારીને કર્યું હતું. ખત્રી યુવકોએ યંગ મુસ્લિમ ખત્રી એસોસિએશન સ્થાપ્યું છે અને સને ૧૯૨૭માં ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનની પણ સ્થાપના થઇ હતી. ૧૯૫૪માં 'ખત્રી જગત' નામનું પાક્ષિક ગુજરાતી-ઉર્દૂમાં પ્રગટ થતું હતું. ૧૯૫૬માં દાદરની મુસ્લિમ ખત્રી સોસાયટી તરફથી 'બિરાદરે ખત્રી' માસિક પ્રગટ કરેલું, જેનું જમાતમાં મફત વિતરણ કરવામાં આવતું હતું. મુંબઇમાં પહેલાં ખત્રીઓના ૨૪૦ ઘરો હતા.

મિસ્ત્રી ખત્રી હાજી હુસેન બાંભડાઇ સારા મોભાદાર અને સ્વબળે આગળ વધેલા કોન્ટ્રાકટર હતા અને બહુ સારા લેખક પણ હતા. બાબા હાજી મલંગની મસ્જિદનો હોજ તેમણે બંધાવ્યો હતો. એમના પુત્ર હાજી મહમદનું મલંગ બાબાની ટેકરી પરથી પડી જતાં અવસાન થયું હતું. મુંબઇના કચ્છી ખત્રીઓમાં પોતાના મકાનમાં ઇલેકટ્રીક ફિટીંગ કરાવનાર તેઓ પહેલા હતા. 'મસ્તફકીર' તેમના પૌત્ર થાય.

હાજી કાસમની વીજળી નામે જાણીતી થયેલી ને ડૂબી જતાં જેનાં ગીતો- મરસીયા આજે પણ લોકોની જીભે રમે છે, એના કેપ્ટન પણ ખત્રી હતા. નામ હતું એમનું કાસમ પટેલ. ખત્રી જમાતનો ઇતિહાસ લગભગ એક સૈકાનો તો મળે છે, પણ જમાતની સ્થાપના તો પછી થઇ હશે. તે પહેલાં છૂટાછવાયા કુટુંબો મુંબઇ આવીને સ્થિર થયા હશે. ઘણા એવા ય હશે કે જેમણે જન્મીને કદાચ કચ્છ જોયું પણ નહીં હોય. પણ એવા બહુ ઓછા હશે. શોધવા પડે એટલા ઓછા, બાકી ખત્રી ભાઇઓ પોતાને કચ્છી તરીકે ઓળખાવતાં ગર્વ અનુભવે છે. પોતાની કચ્છી ભાષાને પણ ભૂલ્યા નથી અને આજે ય કચ્છ તથા કચ્છીઓ સાથેનો સંપર્ક સતત જાળવી રાખ્યો છે. કચ્છી ખોજાઓએ પણ મુંબઇને શણગાર્યું છે, સમૃદ્ધ કર્યું છે. એની વિગતો મળી શકી નથી.


મેમણોની નોંધનીય જમાવટ

સમસ્ત ભારતીય ઉપખંડમાં જેમની સંખ્યા માંડ દોઢેક લાખની હશે એ કચ્છી મેમણ કોમના ઇતિહાસનું પગેરૂં લોહાણા જ્ઞાતિમાં નીકળે છે. અઢી હજાર વર્ષ પહેલાં પંજાબ અને સિંધમાં લોહાણાઓનું સારૂં વર્ચસ્વ હતું. સિંધ પર મુસ્લિમોના આક્રમણ પછી એમના જીવનમાં મોટી ઉથલપાથલ થઇ ગઇ. એનો ઇતિહાસ જાણીતો છે.

આ મેમણોએ પોતાની આગવી ઓળખ અને સંસ્કૃતિ ઊભી કરી છે. લોહાણાઓની જેમ જ કચ્છી મેમણો, હાલાઇ મેમણો વગેરેની જમાતો જુદી છે. પણ મહેનતુ અને મિલનસાર સ્વભાવના મેમણો બધા સાથે દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. કચ્છી મેમણો માત્ર મુંબઇમાં જ નહીં, દેશના ખૂણે ખૂણે અને વિદેશોમાં પણ વેપાર અર્થે ગયા છે ને ત્યાં સફળતા મેળવી છે. થોડા સમય પહેલાં 'કચ્છમિત્ર'માં જ મુઝફ્ફર હુસેનનો મુંબઇના મેમણો વિશેનો એક લેખ પ્રસિદ્ધ થયો હતો. તેની માહિતી મુજબ અઢારમી સદીમાં કેટલાક મેમણ પરિવારો મુંબઇમાં ડોંગરી વિસ્તારમાં આવીને વસ્યા. કચ્છી મેમણની પહેલી જમાતની સ્થાપના સને ૧૯૨૨માં થઇ, જેના પહેલા પ્રમુખ હતા હાજી આદમ હાજી ઉસ્માન નૂરાની.

મુંબઇમાં આવનારા સૌ પહેલા મેમણોમાં મુવહાની અને કાદવાણી પરિવારો હતા, જેઓ કાપડનો વેપાર કરતા હતા. તે ઉપરાંત સરકારી ઇજારા પણ રાખતા હતા.

ચકલા સ્ટ્રીટ તરીકે ઓળખાતી શેરીફ દેવજી સ્ટ્રીટમાં કચ્છી મેમણોની બહુ સારી જમાવટ હતી. એમની દુકાનોમાં એ વખતના અભિનેતા-અભિનેત્રીઓ ખરીદી કરવા માટે ખાસ ત્યાંજ આવતા, આજે એમાંની માંડ ત્રણેક દુકાનો રહી છે. પણ આજેય મસ્જિદબંદર રોડ પર પગરખાથી માંડીને અત્તર વેચતા મેમણો એમની મીઠી મધ જેવી જીભથી ઘરાકોને ખરીદી કરવા મજબૂર કરતા જોવા મળે છે.



કચ્છી મેમણ જમાતની દેન સમી અને વરલી પાસેના દરિયાની વચ્ચોવચ્ચ આવેલી વિખ્યાત હાજીઅલીની દરગાહ.

મેમણ જમાતની ૧૯૨૫ની સાલમાં ભરાયેલી બેઠક ઐતિહાસિક બની રહેલી. જૂનું જમાતખાનું ૧૮૦૭ની સાલમાં બંધાયેલું અને જર્જરિત થઇ ગયું હતું, જેને નવેસરથી હાજી કમ્મુ શેઠે બંધાવ્યું અને આજે સામાજિક પ્રવૃત્તિઓનું એ કેન્દ્ર બની રહ્યું છે. કમ્મુ સુલેમાન ટ્રસ્ટે કન્યા કેળવણી માટે એક શાળા બંધાવી.

આજે પણ કમ્મુ જાફર ગર્લ્સ સ્કૂલની ગણના શહેરની પ્રખ્યાત સ્કૂલોમાં થાય છે કોમના ૭૦ ટકા લોકો શિક્ષિત છે, જેમાંના મોટાભાગના ઉચ્ચ શિક્ષણ પામેલા છે.

કચ્છી મેમણો ગુજરાતી મુસલમાનોમાં સૌથી વધારે ભણેલી કોમ હોવાનું ગૌરવ લઇ શકે એમ છે. રાષ્ટ્રભકિતમાં પણ આ કોમે ગૌરવશાળી ભૂમિકા અદા કરી છે. ગાંધીજીથી પ્રભાવિત થયેલા આ જમાતના અનેક યુવાનોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સત્યાગ્રહી તરીકે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જ. ઉમર સુખાણીએ તો મહાત્માજીના હાથમાં કોરો ચેક મૂકી દીધો હતો. ગાંધીજીએ એમાં એક લાખ રૂપિયાની (તે જમાનાના, આજે ગુણાકાર કરીએ તો...?) રકમ ભરેલી.

ભારતમાં કચ્છી મેમણ પરિવારો જુદા જુદા સ્થળે વસતા હોવાથી એમનું એક ફેડરેશન સ્થાપવાનો પહેલો પ્રયાસ મહંમદ ઇબ્રાહીમ વાડીવાલાએ કર્યો હતો. ભારત સિવાય દારેસલામ, તાન્ઝાનિયા, યુગાન્ડા, મોરિશ્યસ અને પાકિસ્તાન તથા અન્ય દેશોમાં વસતા કચ્છી મેમણોનું મહાસંમેલન ભરવાની પણ તૈયારીઓ થઇ છે. સમાજસેવાની ઘણી બધી પ્રવૃત્તિઓ આ કોમ દ્વારા થાય છે. મેમણ રિલિફ ફંડ, એજ્યુકેશન ફંડ, મેરેજ બ્યુરો અને બઝમે ખુવાતીન (મહિલા મંડળ) જેવી સંસ્થાઓ મેમણોએ સ્થાપી છે.

પ્રસૂતિગૃહો-મુસાફરખાનામાં પ્રદાન

કચ્છી મેમણ જમાતના બધા ટ્રસ્ટોને એકઠા કરાય તો એની મિલકત સો કરોડ રૂપિયાથી પણ વધારે થવા સંભવ છે. પ્રસૂતિગૃહો અને મુસાફરખાનામાં તો એમનું યોગદાન છે જ, પણ મુંબઇની જાણીતી ઝકરિયા મસ્જિદ અને મિનારા મસ્જિદ પણ આ કોમની દેણગી છે.

ઘણા બધા સેવા ટ્રસ્ટ હતા, જેનું સંચાલન કરવાનું મુશ્કેલ બનતાં કોમના આગેવાનોએ આ બધા ટ્રસ્ટોની સંપત્તિ અન્ય સંસ્થાઓને સોંપવાની શરૂઆત કરેલી. સાબુ સિદીક મુસાફરખાના ટ્રસ્ટ સાબુ સિદીક પોલિટેકનિક આજે બીજાઓને સોંપાઇ ગઇ છે, સાબુ બાગ પણ વેચાઇ ગયો છે અને માહિમની બાવલા સેનેટોરિયમ પણ રૂકઇયાબાઇએ વેચી નાખી છે.

સાબુ સિદીક મુસાફરખાનું હાજીઓને ઊતરવા માટે જ ખાસ બનાવવામાં આવ્યું હતું. એ દિવસોમાં દરિયા રસ્તે જ હજ માટે જઇ શકાતું. દેશના ખૂણેખૂણામાંથી હજ કરવા માટે જનારાઓ મુંબઇ આવતા. એમને રહેવા માટે જગ્યાની સમસ્યા હતી. સાબુ સિદીક શેઠે એક લાખ રૂપિયાની માતબર રકમ દાન કરીને ફંડ કર્યું, ને પાંચ લાખના ખર્ચે મુસાફરખાનું બનાવ્યું. કચ્છી મેમણોને આજે પણ એ વાતનું ગૌરવ છે કે તેમની કોમના એક આગેવાને આટલું મોટું કામ કરીને કોમનું નામ રોશન કર્યું છે.

મુંબઇમાં અન્ય કચ્છી દાનવીરોની જેમ મુસ્લિમોએ અને ખાસતો કચ્છી મેમણોએ પ્રસૂતિગૃહ, મુસાફરખાનું અને ધર્મસ્થાનો બાંધવામાં પાછળ ફરીને જાયું નથી

મુસ્લિમ લીગના જાણીતા સાંસદ સુલેમાન સૈત કચ્છી મેમણ છે. મુંબઇના નગરસેવકો તરીકે પણ કોમના મહંમદહુસેન પટેલ જેવા ઘણા ભાઇઓ ચૂંટાયા છે, દેના બેન્ક જ્યારે ખાનગી ક્ષેત્રમાં કામ કરતી હતી ત્યારે કચ્છી મેમણ રશીદ ગુલામ મહંમદ એના ચેરમેનપદે પણ હતા. અલાના, કાબલી, સાબુ સિદીક, પાટકા, મોતીવાલા, દાદાણી, રાજાણી, એભાણી, અકબાની, હેમાણી અને હાસમ શેઠના પરિવારના નામો કોમના અગ્રણીઓમાં છે. વિશ્વવિખ્યાત હાજીઅલીની દરગાહ કચ્છી મેમણોએ જ બાંધી છે.

ઇસ્માઇલી ખોજાના ૩૦૦ કુટુંબ

હાલે મુંબઇમાં પણ આશરે ૩૦૦ જેટલા ઇસ્માઇલી ખોજા કુટુંબો વસવાટ કરી રહ્યા છે. જેઓમાંથી અમુક કુટુંબો તો એકાદ સદી પહેલાં મુંબઇમાં દેશાટન કરી, ઠરીઠામ થયા છે. પ્રથમ આ કુટુંબો ખાસ કરીને હુશનાબાદ, મજગાંવ, ડુંગરી અને ભાયખલા વિસ્તારોમાં અને આજુબાજુ રહેતા હતા. પણ હાલે તેઓ બાંદરા, અંધેરી, કુર્લા, માહિમ, જોગેશ્વરી, મલાડ, વરસોવા, દહીંસર અને મીરાં રોડ જેવા પરાનાં વિસ્તારોમાં વસવાટ કરે છે અને પોતાના જુદા જુદા ધંધા રોજગાર કરે છે.

મહમદઅલી રોડ ઉપરે જોન બેરલ નામની પ્રખ્યાત શુઝની દુકાનના માલિકો મૂળ કચ્છના ગામ ભારાપુરના વતની છે. તદઉપરાંત અન્ય કુટુંબો, ગ્લાસવેર, તૈયાર કપડા, કેમિકલ અને કટલેરી, લોખંડ, ભંગાર તેમજ લેધર વર્કના બિઝનેશમાં પડેલા છે. મુંબઇ મધ્યે પણ હાસમ પ્રેમજીના નામનું મુસાફર ખાનું, ડોંગરી ઉપરે અસ્તિત્વમાં છે. મ. કાસમ પ્રેમજી મૂળ કચ્છના રહેવાસી હતા. અને એ રીતે મૂળ કચ્છના વતનીઓ કાળક્રમે મુંબઇ, મદ્રાસ અને બેંગ્લોર પણ વસવાટ કરવા લાગ્યા છે.

કચ્છી દાઉદી વોહરા પણ ખરા જ

દાઉદી વોહરા કોમના સાહસીક વેપારીઓએ પોતાની પ્રમાણિકતા અને વ્યાપારી કુનેહથી દેશમાં તેમજ પરદેશમાં પણ નામ રોશન કરેલ છે.

કોલંબો (શ્રીલંકા) સ્થિત વેપારી પેઢીઓ મેસર્સ મહમદઅલી શેખ હેપ્તુલ્લાહભાઇ, મેસર્સ ઇ.જી. આદમઅલી એન્ડ સન્સ અને મેસર્સ આદમજી લુકમાનજી એન્ડ સન્સની પેઢીઓ મૂળ કચ્છની છે. મુંબઇ સ્થિત શેઠ ઇસ્માઇલજી જીવણજી મોરીસવાલાની પેઢીના નબીરાઓએ મુંબઇમાં દાઉદી વોહરા કોમ માટે મુસાફરખાનું બંધાવી આપ્યું જે આજે મુંબઇમાં ક્રાફર્ડ મારકીટ પાસે ''મુરીસવાલા મુસાફરખાના'' ના નામથી મશહુર છે. મેસર્સ આદમજી ભાઇજી રંગવાલાના નબીરાઓએ મુંબઇમાં સાત તાડ મોહલ્લાની મસ્જીદ બંધાવી આપી તેમજ માંડવીમાં વોહરા હજીરામાં મુસાફરો માટે રૂમો બંધાવી આપ્યા.

આ સિવાય કરાચી (પાકિસ્તાન), મોમ્બાસા, નાઇરોબી, દારેસલામ અને માડાગાસ્કરમાં કચ્છની પેઢીઓએ પોતાનું નામ રોશન કરેલ છે. એક અંદાજ અનુસાર મુંબઇમાં કચ્છી વોહરાઓની કુલ વસ્તી પાંચેક હજારની આસપાસ છે.

મુંબઇના મુસ્લિમો વિષે હજુયે ઘણું લખી શકાય તેમ છે. તેમને પણ કચ્છી હોવાનું ગૌરવ છે. ઘણાં પરિવારો સાથે મારા અંગત સંબંધો છે, ને એ લોકો કયારેય પરાયા નથી લાગ્યા. એમની ધાર્મિક માન્યતા કે આસ્થામાં પણ કોઇ તફાવત મને નજરે નથી ચડયો. ઇન્શાલ્લા, જો શકય હશે તો મુંબઇના મુસ્લિમ બિરાદરો વિષે વિગતે લખવાની દિલી ઇચ્છા છે, પણ અત્યારે તો લાચારી છે, ને અટકી જવું પડે છે.

કચ્છીયતની એ ખુશબૂ માણવા જેવી છે

પણ તેમ છતાં મારા પોતાના જાત અનુભવનો એક પ્રસંગ, જેમને હું પહેલાં કયારેય મળ્યો નહોતો કે ઓળખતો ય નહોતો, એવા એક અમ્મીજાનની વાત સ્મરણમાં સચવાઇ રહી છે, એ લખ્યા વગર રહી નથી શકતો. એમાંથી આવતી કચ્છીયતની ખુશબૂ માણવા જેવી છે.

એ દિવસોમાં હું કોટ વિસ્તારમાં એક મોટા શો રૂમમાં નોકરી કરતો હતો. નામ જો કે બરાબર યાદ નથી રહ્યું, પણ મિસીસ હમઝા કે એવું કાંઇક લખાવ્યું હતું. વાત એ કચ્છી ભાષામાં કરતા હતા અને અવાજમાં મીઠાશભરી આત્મિયતા હતી. મારી સ્મૃતિ જો દગો ન દેતી હોય તો એ અહમદ ઉંમર ઓઇલ મિલ્સ પરિવારના હતા. ખૂબ જ ગરવા ને માયાળુ. અમારા શો રૂમમાંથી એમણે પંદરેક હજાર રૂપિયાનો માલ ખરીદ્યો. રોકડા પૈસા ચૂકવીને એ ગયા. સો સોની નોટોની દશ હજાર રૂપિયાની થપ્પી મેં ગણી નહોતી, ઉપરની નોટો ગણીને લીધી હતી. રાતે જ્યારે પુરાંત મેળવવા બેઠો ત્યારે સોની એક નોટ ઓછી થઇ. બહુ યાદ કર્યા પછી મનોમન ખાતરી થઇ ગઇ કે સોની નોટ તો પેલી થપ્પીઓમાંથી જ ઓછી આવી હતી. મેં ગણી નહોતી એ મારી જ ભૂલ હતી. ચૂપચાપ રૂપિયા મારા ખાતે લખી નાખી મેં પુરાંત મેળવી લીધી.

રાતે ઘરે જતાં પહેલાં મેં મારા શેઠને વાત કરી. એમણે ફકત એટલું જ કહ્યું, 'રૂપિયા મારા નામે લખી નાખજો. બીજીવાર ભૂલ ન થાય એનું ધ્યાન રાખજો.' મારા શેઠ પણ કચ્છ માંડવીના મોઢ વણિક.

બીજે દિવસે સવાર સવારમાં જ અમારે ત્યાં પેલા અમ્મીજાન આવ્યા. સો રૂપિયાની નોટ આપી ભૂલ થયા બદલ માફી માગી. મેં કહ્યું, 'ભૂલ મારી હતી. મેં ગણ્યા નહોતા...' મને પૂરું બોલવા દીધા વગર જ એમણે કહ્યું, 'ઉપરવાળાને તો જવાબ આપવાનો જ છે ને ? ત્યાં તો બધો ને બધાનો હિસાબ ચોખ્ખો જ છે. મારા ધ્યાનમાં આવી ગયું કે મેં સો રૂપિયા ઓછા આપ્યા છે, પછી મને ચેન કેમ પડે ? માનશો ? મને નિરાંતે નિંદર પણ નથી આવી રાતે. તમારો શો રૂમ તો બંધ થઇ જાય. રાતે ફોન પણ કયાં કરૂં ?'

આ કચ્છીયત છે અને આ છે કચ્છીઓનો ધર્મ-મઝહબ. 'મથ્થેવારાને માથે રાખીને' કચ્છીઓની આ વાતો લખી છે, ને મને ખબર છે કે એ અધૂરી છે ને અધૂરી જ રહે એમ છે. આમાં કયાંય કચ્છીઓની નબળાઇની વાતો નથી લખી. માણસ માત્રમાં જેવી મર્યાદાઓ હોય એવી મર્યાદાઓથી કચ્છીઓ પણ પર નથી. એમનામાં પણ ઘણી માનવ સહજ નબળાઇઓ છે. પણ એથી વિશેષ, બીજાઓથી એને જુદો પાડે એવી વિશિષ્ટતા એની કચ્છીયત છે. ભાગ્યે જ કોઇ તટસ્થ માણસ એનાથી અસહમત થાય. આંખનીય ઓળખાણ ન હોય, ને પોતાનો પડછાયો પણ સાથ છોડી જાય એવું અંધારું ઘેરી વળ્યું હોય, ત્યારે કોઇ બાબુભાઇ છેડા કે વૃજલાલ મોતા જેવો માણસ હાથ ઝાલી લે, તો તરત માની લેવાનું મન થાય કે એ માણસ કચ્છી જ હશે. □

■ ૩૭, સુંદરમ્ ફલેટ નાં. ૩, નાથપાઇ નગર, ઘાટકોપર (પૂર્વ) મુંબઇ ૪૦૦૦૭૭

■ તસવીર : ત્રિભુવન તીવારી

મહારાષ્ટ્રની પ્રજા સાથે કચ્છીઓનો અતૂટ નાતો

કચ્છડો ખેલે ખલકમેં

□ ભવાનજી ગાલા

કચ્છની વિકટ પરિસ્થિતિના કારણે કચ્છમાંથી જે જે કચ્છીઓ કચ્છ બહાર ગયા છે તેઓમાં કષ્ટ વેઠવાની શક્તિ કુદરતી રીતે વિકસી છે અને એ કારણે તેઓ જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં તેમને સફળતા પ્રાપ્ત થઇ છે. આવી સફળતા અન્ય સ્થળો કરતાં મહારાષ્ટ્રમાં વધુ પ્રમાણમાં મળી છે એટલું જ નહીં, પણ મહારાષ્ટ્રીયન પ્રજાનો આદર પણ તેટલા જ પ્રમાણમાં તેઓ પામ્યા છે. આનું મુખ્ય કારણ એ છે કે કચ્છીઓમાં બીજાઓને ઉપયોગી થવાની ભાવના પ્રબળ જોવામાં આવે છે. મુંબઇમાં કચ્છીઓએ જે પ્રગતિ કરી છે તેનો ખ્યાલ તો બધાને છે જ. પણ મુંબઇ સિવાય બાકીના મહારાષ્ટ્રમાં વસતા કચ્છીઓએ મહારાષ્ટ્રના સમાજ જીવનમાં પોતાનું સ્થાન નિશ્ચિત બનાવીને જે પ્રગતિ કરી છે એથી આપણને કચ્છીઓની વિશિષ્ટ શક્તિનો ખ્યાલ આવે છે.

કચ્છની મુખ્ય જ્ઞાતિઓ વેપાર અર્થે મહારાષ્ટ્રમાં આવીને જે ઝડપે ફેલાઇ ગઇ છે અને ઉચ્ચતમ શિખરો સર કરીને પોતાની આગવી અસ્મિતા જાળવી રાખી છે તે ખરેખર દાદ માંગી લે છે. ભારતના અન્ય રાજ્યોમાં આજે પણ કચ્છીઓ છુટાછવાયા જોવા મળે છે, ત્યારે મહારાષ્ટ્રમાં કચ્છીઓએ જે જમાવટ કરી છે તે નોંધનીય હકીકત બનીને ઇતિહાસમાં સ્થાન પામશે. ઇતિહાસની વાત નીકળી છે ત્યારે લખવું પડશે કે આજે કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિનો ઇતિહાસ ક્રમ પ્રમાણે ગ્રંથસ્થ થયેલ છે, જ્યારે અન્ય જ્ઞાતિઓનો ઇતિહાસ હજી પણ વ્યવસ્થિત રીતે લખાયેલ નથી. એક વખત ઇતિહાસ વ્યવસ્થિત રીતે લખાઇ જાય અને પ્રમાણભૂત માહિતીના આધારે ગ્રંથસ્થ થઇ જાય, એટલે ઇતિહાસના શબ્દો કોઇ છેકી નાખે તો પણ ઇતિહાસ ખતમ થતો નથી.

પ્રથમ આગમન લોહાણા વેપારીઓથી થયું

કચ્છીઓ કચ્છ બહાર નીકળ્યા ત્યારે મુંબઇની ધરતી પર પ્રથમ પગ મૂકનાર જેમ ભાટીયાઓ હતા તેમ મુંબઇ સિવાયના મહારાષ્ટ્રની ધરતી પર પ્રથમ પગ મૂકનાર કચ્છી લોહાણાઓ હતા. આશરે ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં લોહાણાઓ મહારાષ્ટ્રના ગામડા સુધી પહોંચીને અનાજનો વ્યવસાય કરતા હતા. તે પછી સન ૧૮૫૨માં કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના જૈન ભાઇઓ મહારાષ્ટ્રભરમાં ઝડપથી ફેલાયા. કચ્છી મેમણો પણ આ અરસામાં મહારાષ્ટ્રમાં આવ્યા અને હવે મોટા ભાગના કચ્છી મેમણો મહારાષ્ટ્રીયન બની ગયા છે. તેઓ કચ્છ સાથેનો સંપર્ક પણ ગુમાવી બેઠા છે. કચ્છી કડવા પાટીદારો અને કચ્છી વીશા ઓસવાળ જૈન ભાઇઓનું મહારાષ્ટ્રમાં આગમન ૫૦ કે ૬૫ વર્ષ પહેલાં થયું હોવાનું આધારભૂત રીતે જાણવા મળે છે.

મહારાષ્ટ્રીયન પ્રજા સાથે કચ્છીઓનો નાતો એટલી હદે વણાઇને મજબૂત બની ગયો છે કે રાજકારણીઓ દ્વારા દુષ્ટ હેતુસર થતા આક્ષેપોને ફગાવીને મહારાષ્ટ્રની પ્રજાએ કચ્છીઓ સાથે મધુર નાતો જાળવી રાખ્યો છે. મહારાષ્ટ્રની પ્રજા મહેનતુઓની કદર કરી જાણે છે અને તેમની સાથે આત્મીયતાની લાગણી વિકસાવીને સ્થિરતાની ખાત્રી આપે છે. પરિણામે આજે મહારાષ્ટ્રમાં કચ્છીઓએ પૂના, સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, નાસિક, નાગપુર, રત્નાગિરિ, કરાડ, પાલઘર, સફાલા, ચીંચણ, દહાણું, વિરાર, નાલાસોપારા, થાણા, ડોંબીવલી, કલ્યાણ, અમરનાથ વગેરે સ્થળોએ કાયમી વસવાટ જમાવીને સ્થાનિક પ્રજા સાથે એકરૂપ બનીને પ્રગતિ સાધી છે.

કચ્છના પાટીદારો, જૈન ભાઇઓ, લોહાણા, ભાનુશાલી, મેમણ વગેરે મુખ્ય જ્ઞાતિના ભાઇઓએ મહારાષ્ટ્રમાં આવીને વેપારના મુખ્ય મથકો પર વર્ચસ્વ જમાવીને ઉચ્ચતમ શિખરો સર કર્યા છે. વેપારી કુનેહ અને ચોકસાઇથી કાર્ય કરવાની પદ્ધતિના કારણે કચ્છીઓએ વેપારી તરીકે નામના મેળવા છે અને આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. બીજા વિશ્વયુદ્ધની આસપાસ મહારાષ્ટ્રના પૂના શહેરમાં કચ્છી કડવા પાટીદારો આવ્યા હોવાનું જાણવા મળે છે. સન ૧૯૩૨-૩૯ સુધીમાં પૂનામાં સ્થાપાયેલ લશ્કરી કેમ્પમાં થયેલ બાંધકામ માટે જરૂરત ઊભી થતાં પાટીદારોને આમંત્રણ આપવામાં આવેલ. તે વખતના બાંધકામમાં લાકડાઓનો ઉપયોગ થતો હતો અને ગાઢ જંગલોમાંથી લાકડાઓ કાપીને જે મહેનતનું કામ આ પાટીદારોએ કર્યું તેના કારણે તેઓને મહારાષ્ટ્રમાં સ્થિર થવાની તક મળી. આખાય મહારાષ્ટ્રમાં અને દક્ષિણ ભારતમાં પાટીદારોએ પગપેસારો કર્યો, તે પૂના થઇને કર્યો હોવાનું જાણવા મળે છે.




દાંડીયા રાસ, મંજીરા, ઢોલ, તબલા અને ગરબા એ કચ્છી સંસ્કૃતિની એક ઝલક યુવાનોને હંમેશા આકર્ષે છે. પુનામાં નવરાત્રિ ઉત્સવ પ્રસંગે લોહાણા જ્ઞાતિના યુવાનો તબલાંના તાલે હાથતાળીથી સૂર મીલાવીને ઉમંગથી રાસ ખેલે છે, તેનું દ્રશ્ય.

પૂનાનો લશ્કરી કેમ્પ પાટીદારોએ બાંધ્યો છે

સન ૧૯૪૭થી કડવા પાટીદાર લાલજી ભાણજી, માવજી શિવજી, મેઘજી શિવજી, વેલજી કાનજી, વિશ્રામ કાનજી, કાનજી ભીમજી વગેરે ગ્રુપો પૂનામાં સ્થિર થઇને ૧૦૦-૨૦૦ની જોડીઓમાં કામ કરીને મિલિટરી કેમ્પ તૈયાર કર્યો હતો. તેમની સુંદર કામગીરીના કારણે તેમને ૧૯૫૨માં લાકડા બજારની મારકીટ બનાવવા સગવડ આપવામાં આવી, જે મારકિટમાં સન ૧૯૫૫માં આગ લાગતા ત્યાંથી સ્થળાંતર કરીને નવી ટીમ્બર મારકિટ બનાવવામાં આવી. આ મારકિટમાં પણ સન ૧૯૭૨માં મોટી આગ લાગી, જેમાં ૩૫ જેટલી લાકડાની વખાર બળી ગઇ. આગમાં જે પાટીદારોને આર્થિક નુકસાન થયું તે નુકસાન બધા પાટીદારો ભેગા થઇને આર્થિક

સહાય આપીને ફરીથી તેમને પગભર કર્યા. પાટીદારોમાં આ એક એવો ગુણ છે જેના કારણે આ જ્ઞાતિના ભાઈઓ ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. સહકારી વૃત્તિ અને પોતાના ભાઈઓ માટે ઉપયોગી થવાની ભાવના પાટીદારોમાં ઊંડે ઊતરેલી છે.

પૂનામાં કડવા પાટીદારોની વસતી લગભગ ૧૮૦૦ની છે. તેમના સામાજિક અને ધાર્મિક પ્રસંગોની ઉજવણી માટે તેઓએ ૧૪ હજાર ચો. ફુટનું બાંધકામ કરીને પાટીદાર વાડીનું નિર્માણ કર્યું છે. આ નિર્માણ કાર્ય પણ સહકારની ભાવનાને સતેજ



પૂણેમાં મંદિર

કરે એવું છે. આ પાટીદાર વાડીમાં કયાંય કોઈ દાનેશ્વરીની તકતી નથી કે કોઈનું મોટું દાન નથી. કડવા પાટીદારો લક્ષ્મીનારાયણને માને છે અને એટલે તેઓ આ વાડીમાં જ પહેલે માળે 'લક્ષ્મીનારાયણ'નું સુંદર મંદિર બનાવ્યું છે. આ કાર્ય માટે જે પૈસા તેઓએ મેળવ્યા છે તે પૈસા બધા પાસેથી એમની શક્તિ પ્રમાણે આવે એ રીતે મેળવ્યા છે.

દરેક પાટીદારે પોતાના હિસાબી ચોપડે બતાવેલ પોતાના ધંધાના વાર્ષિક ટર્નઓવર પર અર્ધા ટકાનો હિસાબ કરીને પાટીદાર વાડીના બાંધકામમાં અને લક્ષ્મીનારાયણ મંદિરના ખર્ચમાં ફાળો આપ્યો છે. આમ તો લાકડા પર પાંચ ટકાનો ટેક્ષ લેવામાં આવે છે અને સમાજ માટે અર્ધા ટકાનો ટેક્ષ ઉમેરીને પછી નફાનું ધોરણ નક્કી કરતાં તેમને ફાળો આપવામાં સંકોચ થતો નથી. આ રીતે એકત્ર કરેલ નાણાંના કારણે કોઈને વ્યક્તિગત રીતે મહત્ત્વ આપવામાં આવતું નથી વળી કયાંક મુશ્કેલી જણાય ત્યાં તેઓ વ્યવહારિક અભિગમ રાખીને ફાળો સ્વીકારવામાં આવ્યો છે. દા. ત. સિમેન્ટની ગુણીના વેચાણમાં વેચાણ કિંમત નક્કી થયેલી હોય છે અને તેમાં નફાનું પ્રમાણ ઓછું હોય છે. ત્યાં એકબીજાની સંમતિથી અંદાજે રકમ નક્કી કરીને ફાળો લેવામાં આવતાં કોઈને કહેવાપણું રહ્યું ન હતું આમ તેઓએ પાટીદાર વાડીના બાંધકામમાં આ રીતે અરસપરસના સહકારથી નાણા મેળવીને 'ઝાઝા હાથ રળિયામણા'નું સૂત્ર સાર્થક કર્યું છે. આમ પૂનાની 'પાટીદાર વાડી' પાટીદારોની સહકાર વૃત્તિનું 'પ્રતીક' બની ગઈ છે.

સ્ત્રી કેળવણીનું પ્રમાણ પાટીદારોમાં વધુ છે

મહારાષ્ટ્રમાં જે પાટીદારો આવીને સ્થાયી થયા છે, તેમાંના મોટા ભાગના કડવા પાટીદારો છે. કડવા પાટીદારોમાં આજે સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઘણું જ સારું છે. જ્યારે છોકરાઓ ઘણી વખત પિતાજીના ધંધામાં વહેલા જોડાઈ જાય છે. કારણ કે લાકડાના આ વ્યવસાયમાં ઝીણી નજર રાખવી પડે છે. એટલે આ ધંધામાં પોતાના ઘરનો માણસ હોય, તો આ ધંધો નફાકારક બને છે. પાટીદાર યુવકોમાં રમતગમતની કે સાંસ્કૃતિક કાર્યક્રમની વૃત્તિ સારી રીતે વિકસેલી છે. શ્રી પૂના પાટીદાર યુવક મંડળના પ્રમુખ પુરૂષોત્તમ પટેલ પોતે જ પૂનાની વાડિયા કોલેજના રમતગમતના પ્રોફેસર છે અને યુવકોમાં રમતગમતનો સારો રસ જગાડે છે.

આ પાટીદારોના અખિલ ભારતીય યુવક સંઘે તાજેતરમાં ૧૧ દિવસનો રમતગમતનો એક કાર્યક્રમ પૂનામાં યોજયો હતો જેમાં બે હજાર રમતવીરોએ ભાગ લીધો હતો. પૂના નિવાસી પાટીદારોએ યજમાનની ભૂમિકા ભજવીને આ રમતવીરોની રહેવાની, જમવાની અને અન્ય સગવડો સાચવીને યુવક વર્ગને પ્રોત્સાહિત કર્યા હતા. ભારતીય યુવક સંઘનું રજીસ્ટર્ડ કાર્યાલય નખત્રાણામાં છે. આમે કડવા પાટીદારો મુખ્યત્વે નખત્રાણા અને માંડવી વિસ્તારનાં છે.

ટીમ્બર મહાસંઘની રચનામાં કચ્છીઓનો મુખ્ય ભાગ

પાટીદાર જ્ઞાતિના કેટલાંક કાર્યકરોએ અન્યોના સહકારથી ઓલ મહારાષ્ટ્ર ટીમ્બર લઘુ ઉદ્યોગ મહાસંઘની સ્થાપના કરી છે, જેમાં લગભગ સાત હજાર જેટલા સભ્યો છે.

દરેક પાટીદાર પોતાના હિસાબી ચોપડે બતાવેલ ધંધાના વાર્ષિક ટર્ન ઓવર પર અર્ધા ટકાનો હિસાબ કરીને પાટીદાર વાડી અને લક્ષ્મીનારાયણ મંદિર માટે ખર્ચ આપે છે

આ મહાસંઘ (ફેડરેશન)ની નીતિવિષયક ચર્ચામાં કચ્છી પાટીદારોનો અવાજ છે. આ મહાસંઘના ચેરમેન તરીકે રતનશી હીરજી પટેલ અને ખજાનચી તરીકે નાનજી દેવજી રામાણી કચ્છીઓ છે. તેઓ પોતે પૂનાના છે અને મહાસંઘનું રજી. કાર્યાલય પણ પૂનામાં છે. આ ફેડરેશનના સ્થાપક સભ્યો તરીકે શ્રી પાટીદાર સમાજ પુનાના પ્રમુખ રવજી માવજી પટેલ અને શિવજી કરસન પટેલ ગ્રુપવાલા રવજી શિવજી પટેલની સેવાઓ ઉલ્લેખનીય છે. આ ફેડરેશન ૧૪ વર્ષથી કાર્યરત છે અને દેશના અન્ય આઠ રાજ્યોના ફેડરેશન સાથે રહીને કેન્દ્રમાં પોતાનો અવાજ બુલંદ કરે છે.

પાટીદાર જ્ઞાતિના ભાઈઓ મુખ્યત્વે લાકડાના વ્યવસાયમાં છે. માંડ ૧૫ ટકા અન્ય વ્યવસાયમાં કાર્ય કરતા હશે. આ સંપીલી જ્ઞાતિના કુટુંબજીવનનો અભ્યાસ કરીએ, તો જણાશે કે તેઓ માત્ર સુખી નથી, પણ પરમ સુખ પામીને સરળ જીંદગી જીવે છે અને સહકારની ભાવનાથી અન્યોને ઉપયોગી થાય છે. આ પાટીદાર સમાજની પોતાની વાડી નાસિક, નાગપુર, જલગાંવ, જાલના, નાંદેડ વગેરે શહેરોમાં છે. જે સૂચવે છે કે આ શહેરોમાં તેમની સારી વસ્તી છે. જલગાંવના એક પાટીદાર બેન ત્યાંની નરગપાલિકામાં ચૂંટાયા છે અને સામાન્ય જનજીવન સાથે ઓતપ્રોત બનીને સેવા કરે છે. એજ રીતે જયસિંહપુર નગરપાલિકામાં પણ એક પાટીદાર બેન સારો ભાગ ભજવે છે અને નગરજનોના પ્રશ્નો હલ કરવા કાર્ય કરતા રહે છે. ઈચલકરંજીમાં સ્થાપાયેલ વેસ્ટર્ન મહારાષ્ટ્ર ડેવલોપમેન્ટ કોર્પોરેશનના ડાયરેકટર પદ પર જીવરાજ હંસરાજ પટેલ પણ મહત્ત્વની વ્યકિત છે. તેમની ૨૦ જેટલી વેપારી ફર્મો છે અને કુશળતાથી તેનું સંચાલન કરે છે. કોલ્હાપુરમાં 'પ્રગતિ ગ્રુપ' તરીકે ઓળખાતું સાત ભાઈઓનું જૂથ પ્લાયવૂડ ઈન્ડસ્ટ્રીઝમાં, કપડાં અને હાર્ડવેરના વેપારમાં છલાંગ મારીને પ્રગતિ કરી છે. સીઝનમાં તેમની એક દુકાનમાં દરરોજ ૨૦ લાખ રૂપિયાનું વેચાણ કરવું એ તેમના માટે રમત વાત છે.

ઔરંગાબાદમાં લેવા પટેલના ચાર-પાંચ ઘરો છે કે જેઓ મહારાષ્ટ્ર મેટલ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા છે. ભચાઉ અને વોંધના લેવા પટેલો એમ. આઈ. ડી. સી.માં ફેકટરી ધરાવે છે. એજ રીતે જાલનામાં પણ લેવા પટેલોના બે-ત્રણ ઘરો છે.

નાસિકમાં ૪૦ વર્ષથી લોહાણા મહાજન વાડી કાર્યરત

નાસિકમાં લોહાણા મહાજનવાડી લગભગ ૪૦ વર્ષથી કાર્યરત છે. બાર

જ્યોતિર્લીંગમાંના એક ત્રંબકેશ્વર ગામમાં કચ્છી લોહાણાઓએ બંધાવેલ છ ધર્મશાળાઓ છે. કચ્છના ઐતિહાસિક સાહસવીર રણમલ લાખાના વંશના સ્વ. હંશરાજ કરમશી રણમલે સન ૧૯૨૮માં ધર્મશાળા બંધાવી હતી. આ ઉપરાંત જેઠાભાઇ ધનજી તથા લોખંડવાલા ટ્રસ્ટની ધર્મશાળા પણ ઘણા વર્ષો પૂર્વે બંધાઇ છે અને અત્યારે પણ યાત્રાળુઓ આ ધર્મશાળાઓ ઉપયોગ કરી રહ્યાં છે. લોહાણા, જૈન વણિકો અને અન્ય કચ્છી ભાઇઓ અલગ અલગ ધંધાઓમાં વણાઇ ગયા છે અને એમાંના ઘણા પરિવારો અત્યારે ચોથી-પાંચમી પેઢીએ નાસિકમાં વસવાટ કરે છે. કચ્છના પાટીદારો અહીં સો મિલ અને લાકડાના વ્યવસાયમાં છે. નાસિકમાં ગોદાવરી નદીના ઘાટ ઉપર કચ્છી લોહાણા, ભાટીઆ અને વૈષ્ણવની ધર્મશાળાઓ બંધાયેલી છે.

મહારાષ્ટ્રમાં લોહાણાઓ સૌથી પહેલાં આવ્યા હોવાનું નોંધાયું છે. ભગવાન રામચંદ્રના વંશમાંથી તેમના સુપુત્ર લવરાણાના વંશમાંથી આ જ્ઞાતિ ઊતરી આવી છે. આના કારણે તેઓ પ્રકૃતિએ સ્વમાની છે. સન ૧૯૪૭માં દેશના ભાગલા પડયા, ત્યારે કેટલાંક લોકો સ્થળાંતર કરીને પૂનામાં આવીને વસ્યાં છે. કચ્છી લોહાણા મહાજન-પૂનાનો જન્મ પણ વિક્રમ સંવત ૨૦૦૫માં થયો છે. સંવત ૨૦૧૭માં ચૈત્ર સુદ ૨ના દિને સમાજસેવક અને મૂક કાર્યકર દાનવીર શેઠ શ્રી સ્વ. ખેરાજભાઇ નાનજીએ પોતાની માલિકીની જમીન (પ્લોટ) પૂના લોહાણા મહાજનને અર્પણ કરતાં મહાજનવાડી બાંધવામાં આવી છે કે જે આજે અનેક સુખ સાધનોથી સંપન્ન છે. ધાર્મિક, સંસ્કારિક, કેળવણી અને સામાજિક કાર્યો માટે જ્ઞાતિના ભાઇઓને તેમજ અન્ય ભાઇઓને લોહાણા મહાજનવાડી ઉપયોગી બની રહી છે. લોહાણા જ્ઞાતિના શ્રી કમલ ઠક્કર એક સામાન્ય ફોટોગ્રાફરમાંથી પોતાની આગવી સૂઝ-બૂઝથી આજે પૂનાની ડેક્કન જીમખાના વિસ્તારમાં ડિપાર્ટમેન્ટ સ્ટોર્સના માલિક બની શકયા છે.


નાગપુરમાં પણ કચ્છીઓ આગળ છે

મહારાષ્ટ્રનું એક વડું મથક નાગપુર છે. ત્યાં પણ કચ્છીઓ વર્ચસ્વ ધરાવે છે. નાગપુરમાં લોહાણાઓ સાઇક્લના વ્યવસાયમાં, સ્પેરપાર્ટમાં, અનાજ, કરીયાણા, કાપડ તેમજ રેડીમેડના વેપારમાં ઝંપલાવીને પોતાની પ્રગતિ સાધી છે. નાગપુરમાં લોહાણાઓએ પોતાની મહાજનવાડી અને જલારામ મંદિરની સ્થાપના કરી છે. સાંગલીમાં હળદર અને કોલ્હાપુરમાં ગોળના વેપારમાં લોહાણા અને જૈન ભાઇઓનું વર્ચસ્વ જોવા મળે છે. આ ઉપરાંત મશાલાના વેપારમાં -ખાસ કરીને ગુજરાતમાંથી આવતું જીરું અને દવામાં વપરાતા ઇસબગુલના વેપારમાં કચ્છીઓ આગળ પડતા જોવા મળે છે.

જાણીતા વયોવૃદ્ધ આગેવાન કરમશી જેઠાભાઇ સોમૈયાનો જન્મ મહારાષ્ટ્રના માલુંજા ગામમાં થયો છે. તેમણે કોપરગાંવની બાજુમાં લક્ષ્મીવાડી અને સાકરવાડીમાં સુગરની બે મિલો ઊભી કરી હતી, કે જે આજે સહકારી મંડળીને અર્પણ કરી દીધી છે. કરમશી બાપાએ શ્રીરામપુરમાં મરાઠી શાળા ચાલુ કરી હતી. જ્યારે કચ્છી -ગુજરાતી મહાજને ગુજરાતી શાળા ચાલુ કરી હતી. આજે પણ શ્રી રામપુર (બેલાપુર)માં ૩૦૦ જેટલા ઘરો લોહાણા જ્ઞાતિના છે. આજથી ૫૦ વર્ષ પૂર્વ કરમશી બાપા મશાલો ઊચકીને શ્રી રામપુરના શુક્રવારી બજારમાં વેચતા હતાં. ભારતમાં જેટલું સ્પિરિટનું ઉત્પાદન થાય છે, તેમાં ૪૦ ટકા જેટલું ઉત્પાદન કેવળ આ સોમૈયા ગ્રુપ કરે છે. શ્રીરામપુરમાં મોરારી બાપુની કથા પણ થઇ ગઇ છે. ૪૦ વર્ષ પહેલાં અંજારમાંથી આવેલ કોઠારી પરિવાર ગેસ્ટ હાઉસ હોટલોના વ્યવસાયમાં ઝંપલાવીને આજે શ્રીરામપુરમાં વર્ચસ્વ જમાવ્યું છે. તેમના શેરડીના ખેતરો પણ છે અને નાણા ધીરવાનો ધંધો પણ કરે છે. અહમદનગરમાં બે-ચાર લોહાણાના ઘરો છે, જેમાં શંભુભાઇ ચંદેની સાબુની ફેકટરી છે, કે જે તેમના સુપુત્રો ચલાવે છે. શ્રીરામપુરમાં જે ભાટીઆઓ આવી વસ્યાં છે, તેઓ ખૂબ જ સેવાભાવી છે અને સેવાની પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ લે છે.

દશા-ઓશવાળોનો ઇતિહાસ કપાસ સાથે જોડાયેલો છે

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનો ઇતિહાસ કપાસ સાથે સંકળાયેલો છે, એટલે મહારાષ્ટ્રના કપાસના મુખ્ય કેન્દ્રો ખાનદેશ અને વરાડમાં કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના ભાઇઓ આવીને સારી સંખ્યામાં વસ્યાં છે. સન ૧૮૫૨માં સ્થપાયેલ શા. ત્રિકમજી વેલજીની કું.એ ટૂંકસમયમાં ખાનદેશ અને વરાડમાં પોતાની કંપનીઓની શાખા સ્થાપી. આજે પુરાણા ખાનદેશ પ્રદેશ તરીકે ઓળખાતા માલેગામ, ચાલીસ ગામ, દોંડાઇચા, ચોપડી, જલગાંવ, પાંચોરા, મલકાપુર, શેગાંવ, વગેરે સ્થળોએ દશા ઓશવાળ જ્ઞાતિના જૈન ભાઇઓની સંખ્યા સારી છે અને વેપારમાં તેઓ વર્ચસ્વ ધરાવે છે. અબડાસા તાલુકાના વરાડીઆ ગામના નરશી જેઠાભાઇ દંડનું નામ



સાંગલીમાં નિર્માણ થયેલ કચ્છી જૈન ભવન.

મલકાપુરમાં ગાજે છે.

વરાડ પ્રદેશના આકોલા, ખીરકીયા, મૂર્તિજાપુર, નાગપુર, આદિ રેલવે પ્રદેશના સ્થળોએ તેમજ યવતમાળ, ડિગ્રાસ જેવા અંદરની તરફના નગરોમાં ય દશા જૈન ભાઇઓની વસતી છે અને કપાસનો ધંધો કરતી નાની પેઢીઓની શાખાઓ પણ છે. તેવી જ રીતે મરાઠાવાડના સેલુ ગામમાં મુખ્ય મથક એવી અબડાસાના લાલા ગામના સ્વ. લાલજી રામજીની પેઢીનું આખાય વિસ્તારમાં મોટું નામ હતું. જાલના, બીડ, પરભણી, નાંદેડ, સાંગલીમાં ય વેપારીઓ તરીકે દશા જૈન ભાઇઓએ કચ્છનું ગૌરવ વધાર્યું છે.

સન ૧૮૭૮માં આકોલામાં દેરાસર બાંધવા માટેની જમીન શેઠ કેશવજી નાયકે ખરીદી આપી. સન ૧૮૮૨માં શેઠ હરભમ નરશી નાથાએ અમરાવતીમાં જિનાલય અને શિરપુરમાં ધર્મશાળા બંધાવી. આ જ વર્ષમાં સર વસનજી ત્રિકમજી નાઇકે બારસીમાં જિનાલય બંધાવ્યું. સન ૧૯૧૦માં આકોલા વસેલા મૂળ વારાપધરના શેઠ ચત્રભોજ પુંજાએ અંતરીક્ષજી તીર્થમાં સગવડો ઊભી કરવામાં અગ્રભાગ ભજવ્યો. સન ૧૯૧૪માં શેઠ રાયમલ હીરજીએ કુરુંદવાડીમાં જિનાલય બંધાવ્યું. સન ૧૯૨૮માં ડિગ્રાસનું ગૃહચૈત્ય શેઠ શિવજી સોજપારે બંધાવ્યું. આ બધા ધાર્મિક સ્થળો સામાજિક પ્રવૃત્તિના કેન્દ્ર બની ગયા, એ બતાવે છે કે દશા ઓશવાળ-જ્ઞાતિના જૈન ભાઇઓ સામાજિક ક્ષેત્રે પણ આગળ હતા.

મૂળ કોઠારા ગામના પણ સાંગલીમાં વસવાટ કરતા હળદરના જાણીતા વેપારી રતનશી જેઠાભાઇ ખોનાએ સાંગલીમાં ગુજરાતી સમાજ, શાળા અને કોલેજની સ્થાપના કરી વળી 'ગીરનાર' અને 'ભારત' નામના ગુજરાતી વસવાટના સંકુલો પણ ઊભા કંર્યાં હતાં. કુદરતી આફત વખતે રાહતકામ કરવામાં સૌથી આગળ રહેતા રતનશીભાઇ ખોનાએ મહારાષ્ટ્રીયન પ્રજામાં આદરણીય સ્થાન મેળવ્યું હતું.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં કચ્છીઓનો નોંધનીય ફાળો

મહારાષ્ટ્રની રાષ્ટ્રીય ચળવળમાં પણ ક. દ. ઓ. જ્ઞાતિના અનેક જૈન ભાઇઓએ આદરણીય સ્થાન મેળવીને રાષ્ટ્રીય ચળવળને ગતિ આપી હતી. મૂળ કોઠારા ગામના પણ કરાડ તાલુકાના મસૂર ગામે આવીને વસેલા અને હળદર, ગોળ તેમજ સિંગદાણાના આગેવાન વેપારી કલ્યાણજી જેઠાભાઇ ખોના યશવંતરાય ચૌહાણના નિકટના સાથી હતા. એજ રીતે મૂળ જખૌના પણ મસૂર ગામે આવીને વસેલા વસનજી શામજી મોમાયાને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ માટે ત્રણ વર્ષ યરવડા જેલમાં જવું પડયું હતું અને તેઓ પણ યશવંતરાવ ચવ્હાણ સાથે ખભેખભા મિલાવીને કાર્ય કર્યું હતું.

ધુલીયામાં સન ૧૯૦૮માં ભરાયેલ રાષ્ટ્રીય પ્રાંતીય કોંગ્રેસના સંમેલનના સફળ આયોજક નથુભાઇ શિવજીના વખાણ જાહેરસભામાં લોકમાન્ય તિળક જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાએ કર્યા એ પરથી ખ્યાલ આવે છે કે તેમણે સ્થાનિક પ્રજાના હૃદયમાં કેટલું ઊંચું સ્થાન મેળવ્યું હતું. તે સમયે નિઝામના હૈદરાબાદ રાજ્યમાંથી આવેલા અને સેલુમાં વસવાટ જમાવીને કાર્ય કરનાર તેજપાર ખીમજી અને વેલજી વસનજી ધરમશીએ

અનેક મુશ્કેલીઓ વેઠીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો.

હાલમાં દશા ઓશવાળ જૈન ભાઇઓ ટ્રાન્સપોર્ટના વ્યવસાય તરફ વળ્યા છે, એ નજરે તેઓ મહારાષ્ટ્રના ચાવીરૂપ મુખ્ય કેન્દ્રોમાં પોતાની ઓફિસ ધરાવે છે અને ત્યાં જ વસવાટ કરે છે. આ જ્ઞાતિના પત્રકાર તરીકે સારી નામના મેળવનાર 'જ્ઞાતિ જ્યોત'ના સૂત્રધાર લક્ષ્મીચંદ શિવજી રયાણીએ પૂના શહેરમાં બાંધકામ ક્ષેત્રે સારી નામના મેળવી છે.

પૂનામાં ૫૦ વર્ષ પહેલાં જ વિશા ઓશવાળ જૈન ભાઇઓ આવ્યા હતાં. સમુદ્રની સપાટીથી ૧૮૦૦ ફૂટની ઊંચાઇએ આવેલ પૂના શહેરની ખુશનુમા આબોહવા અને શાંત સાંસ્કૃતિક જીવન હજીયે કચ્છીઓને આકર્ષે છે. આજે પૂનામાં ૨૦૦થી વધુ વિશા ઓશવાળ જૈન કુટુંબો કચ્છના જુદા જુદા ગામડેથી આવીને વસ્યા છે. આમ જોવા જઇએ તો વિશા ઓશવાળ જૈન ભાઇઓની વસતી મુંબઇ, હૈદરાબાદ પછી ત્રીજા ક્રમે પૂનામાં વિશેષ છે. શ્રી પૂના કચ્છી જૈન સમાજ, શ્રી પૂના કચ્છી જૈન મહિલા મંડળ, શ્રી પૂના કચ્છી જૈન યુવા મંડળ, અચલગચ્છ જૈન સંઘ વગેરે સંસ્થાઓ મારફત ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરીને અહીંના જૈન ભાઇઓએ પૂનામાં પોતાનું સ્થાન જમાવ્યું છે. અત્યારે અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ કોડાય નિવાસી નેમીદાસ ભવાનજી ગોગરી અને પૂના કચ્છી જૈન સમાજના પ્રમુખ તરીકે ફરાદી નિવાસી હસમુખ તેજશી ગાલા છે અને તેઓ ઉત્સાહથી કામ કરે છે. હસમુખભાઇ મુંબઇના ''બોમ્બે ગ્રેન''ના માજી પ્રમુખ સ્વ. તેજશી ખેરાજ મજગામવાળાના સુપુત્ર છે. પૂના રેલવે સ્ટેશનની સામે આવેલ ડ્રીમલેન્ડ હોટલના માલિક કચ્છી છે. એજ રીતે પૂના રેલવે સ્ટેશનની સામે આવેલ મોરારજી ગોકુળદાસની ધર્મશાળા પણ કચ્છના ભાટીયાઓએ બંધાવી છે.

સાંગલી, મીરજ, માધવનગરમાં વિ. ઓ. જૈનોના વેપાર-ધંધા

પૂનાથી પણ પહેલાં જ્યાં વિશા ઓશવાળ જૈન ભાઇઓનું આગમન થયું છે એ સાંગલી શહેર અનેક રીતે આપણું ધ્યાન ખેંચે છે. આજથી ૬૫ વર્ષ પહેલાં ધંધાર્થે આવેલા વિશા ઓશવાળ જૈન ભાઇઓએ સાંગલી, મિરજ અને માધવનગરમાં વસવાટ કરીને પોતાના ધંધા વિકસાવ્યાં છે. મહારાષ્ટ્ર સરકારે જેમનું સન્માન કરીને 'દલિત મિત્ર'નો ખિતાબ આપ્યો છે, એવા દેવપુરના સ્વ. મેઘજી નરશીં શાહની તસવીર આજે પણ આપણા મનોપ્રદેશ પર ઉપસી આવે છે અને મેઘજીભાઇને જીવંત બનાવે છે. ગરીબોના બેલી આ મેઘજીભાઇએ પોતાનું જીવન સામાન્યજન માટે અર્પણ કરી દીધું હતું. તેઓ વસંતદાદા પાટીલ અને યશવંતરાવ ચવ્હાણના અતિ નિકટના સાથી હતા. ગુજરાતી સમાજમાં ઉપયોગી નીવડેલ બૂક બેંકના સ્થાપક શેરડી ગામના શામજી રાજપાર શાહનું નામ સાંગલીમાં જાણીતું છે. તેમણે શૈક્ષણિક સહાય, તબીબી સહાય અને ધાર્મિક પ્રવૃત્તિઓની શરૂઆત કરી છે. ગોધરાના સ્વ. ગાંગજી દેવરાજ છેડા અને ભોજાયના સ્વ. વીરજી રવજી ગાલાના પ્રયત્નો થકી જૈન ભાવના મંડળની સ્થાપના થતાં દાંડિયારાસ, ભાવના અને ભક્તિમાં પણ અહીંના જૈનો ખૂબ રસ લેવા લાગ્યા.

આજથી ૧૫ વર્ષ પહેલાં ઉત્કર્ષ મહિલા મંડળ-સાંગલીની સ્થાપના થતાં મંડળની બહેનોએ અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, દુષ્કાળ રાહત ફંડ, ભૂકંપ રાહત ફંડ, ગરીબોને આર્થિક મદદ, અપંગો માટે બૂટ, સિલાઇ મશિન વગેરે સહાયની પ્રવૃત્તિઓ આદરીને સામાન્ય જનસેવાનું કાર્ય કચ્છી મહિલાઓ કરવા લાગી અને આજે પણ જરૂર પડે તો એવી કામગીરી હાથ ધરે છે. શેરડી ગામના મંગલભાઇ વેરશી છેડાએ શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરીને મીરજ અને સાંગલીમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. એજ રીતે બારામતીમાં ભુજપુરના મોતા ડ્રેસીસવાળા રામજીભાઇ મોતા અને રમણિકભાઇ મોતા રાજકારણમાં સારો રસ લઇને મહત્ત્વનું સ્થાન જમાવ્યું છે. શરદ પવારના ભત્રીજા અજિત પવારના અત્યંત નિકટના સાથી રમણિકભાઇ નગરપાલિકામાં પણ વર્ચસ્વ ધરાવે છે.

દહાણુંમાં જૈન મંદિર, સુયશ શાંતિધામ, વિવિધલક્ષી હોલ, યોગ-ધ્યાન સાધના કુટિર, આયુર્વેદિક દવાખાનું, આદિવાસી બાળકોને શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓનું જેમની સ્મૃતિમાં આયોજન થાય છે, એ સુયશચંદ્રજી મ. સા. દુર્ગાપુર (કચ્છ)ના હતા. નાગલપુર (ઢીંઢ)ના જૈન સાધ્વી શ્રી ખાંતિશ્રીજી આરાધના ટ્રસ્ટના ઉપક્રમે જૈન મંદિર અને ઉપાશ્રય બનાવવામાં આવ્યાં છે. પાલઘર અને સફાલામાં કચ્છી જૈનોની ખાસ કરીને વિશા ઓશવાળ જૈનોની વસતી સારી છે. ત્યાં શા. ધનજી નથુભાઇની કું. (દેશલપુર-કંઠી)એ ખૂબ જ જૂની અને જાણીતી દુકાન છે. આ કંપનીના સંચાલક ભોગીલાલભાઇ પાલઘર વિસ્તારની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તારાપુરમાં એમ. આઇ. ડી. સી.ની વસાહતમાં અનેક ફેકટરીઓ કચ્છીઓની છે. તારાપુર પાસે ચીંચણ ગામમાં પણ કચ્છી જૈન ભાઇઓની દુકાનો છે.

થાણામાં કચ્છીએ ગુંડાગીરીને અંકુશમાં લીધી છે

મુંબઇ પાસે આવેલ થાણામાં વાગડ વિભાગના વિશા ઓશવાળ જૈન ભાઇઓએ વેપાર કરીને પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. નાનજી ખીમજી થાણાવાલા વેપારીઓને સંગઠિત કરીને તેમના પ્રશ્નો હલ કરવા પ્રયત્ન કરતા રહે છે અને તેમની થાણા શહેરમાં ઘણી ધાક છે. ગુંડા તત્ત્વોને તેઓ કાબૂમાં રાખી શકયા છે અને સામાન્યજનોની પડખે ઊભા રહીને તેમની સેવા કરે છે. રેડીમેડ સ્ટોર્સ, ટીમ્બર માર્ટ, ફર્નિચરની દુકાનો, અનાજ, કરિયાણાની દુકાનોમાં કચ્છીઓ દેખાશે. એજ રીતે મુંબઇના પરાં તરીકે વિકસેલ ડોમ્બીવલીને આજે પણ લોકો 'મીની કચ્છ' તરીકે ઓળખે છે. ડોમ્બીવલીમાં, નાલાસોપારામાં તેમજ વિરારમાં નોકરી કરતા મધ્યમ વર્ગના ભાઇઓ રહે છે. કલ્યાણ અને અમરનાથની બજારોમાં કચ્છીઓ છાતી કાઢીને વેપાર કરતા દેખાશે.

કચ્છી જૈનોએ આરોગ્યધામ માટેય લખલૂંટ પૈસા આપ્યા છે. દેવજી ખેતશી આરોગ્યધામ-દેવલાલીમાં. વેલજી દેવજી છેડા આરોગ્યભવન વજેશ્વરીમાં, શ્રી ક.

મહારાષ્ટ્રના સમાજ જીવનમાં પોતાનું સ્થાન નિશ્ચિત બનાવીને કચ્છીઓએ નોંધનીય પ્રગતિ કરી છે

વિ. ઓ. સ્થા. જૈન મહાજન સંચાલિત શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામ લોનાવાલામાં, શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ આરોગ્યધામ-લોનાવાલામાં અને ટોડા જૈન મિત્ર મંડળ સંચાલિત સેનેટોરિયમ બોરડીમાં આવેલ છે. આમ મહારાષ્ટ્રની ધરતી આરોગ્યવર્ધક હોવાનું કહી શકાય એમ છે.

રત્નાગિરિ જિલ્લામાં ભાનુશાલી સંગઠિત

કોલ્હાપુરના અને કરાડના ગોળના વેપારમાં વિશા ઓશવાળ જૈન ભાઇઓનું ઠીક ઠીક વર્ચસ્વ છે. કોલ્હાપુરમાં ૩૦૦ કુટુંબો અને કરાડમાં ૫૦ કુટુંબો આ જ્ઞાતિના ભાઇઓના છે. કોલ્હાપુરમાં દર વર્ષે નવરાત્રિમાં થતી ગરબી ખૂબ વખણાય છે. ઝાલનામાં જે દાળ મિલો છે, તેમાં ૨૫ થી ૩૦ કુટુંબો વિશા-દશા જૈન ભાઇઓના છે. અહીં એક-બે ગુર્જર સુતારના કુટુંબો વસે છે. કચ્છી ભાનુશાલી સમાજ રત્નાગિરિ જિલ્લામાં સંગઠિત થયેલ છે અને કોંકણ-ગોવા ભાનુશાળી મિત્ર મંડળની સ્થાપના કર્યે ૨૦ વર્ષ થઇ ગયા છે. રત્નાગિરિ, કરાડ, કોલ્હાપુર, સાંગલી, બેલગામ અને ગોવામાં ભાનુશાળી ભાઇઓએ મુખ્યત્વે બારદાનના વ્યવસાયમાં સારી જમાવટ કરી છે. આ ઉપરાંત ખાલી ડબા, વાસણ, અનાજ, કેસેટ વગેરે વ્યવસાયમાં પણ પોતાનો પગદંડો જમાવ્યો છે. જ્યારે વસંત મૂરજી ભણસારી (શેઠીઆ) બિલ્ડર્સ તરીકે આગળ આવ્યા છે. રામજી હરજી ભાનુશાળી ચિપલુન શહેર ગ્રાહક ભંડારના ડાયરેકટર છે અને ચિપલુન તાલુકા કોંગ્રેસ સેવા દળના પ્રમુખ છે. સિંધુ દુર્ગ જિલ્લામાં આવેલ વેંગુર્લામાં મે. પ્રકાશચંદ્ર બ્રધર્સ ભાનુશાલી સમાજના છે અને ત્યાં પ્રકાશ પાથરી રહ્યાં છે.

મહારાષ્ટ્રમાં સારસ્વત બ્રાહ્મણો અલ્પ સંખ્યામાં છે. આમે આ નાની જ્ઞાતિ છે. પૂનામાં ૧૨, નાસિકમાં ૧૦, સાંગલીમાં ૩, મરાઠવાડામાં ૭, બારામતિમાં ૨ કુટુંબો રહે છે. ઔરંગાબાદ (મરાઠવાડા)માં સારસ્વત બ્રાહ્મણોના સાત ભાઇઓના કુટુંબો છે. કચ્છના રાજગોરોના કુટુંબો પણ મહારાષ્ટ્રમાં જૂજ છે. તેઓ સૌ પ્રથમ નાસિકમાં આવીને વસ્યાં છે. નાસિકમાં રાજગોરોના ૧૫ કુટુંબો છે. પૂનામાં ચાર કુટુંબમાંથી બે કુટુંબના ભાઇઓ રેસના ઘોડાના જોકીઓ છે. સાંગલીમાં ૧૨, નાંદેડમાં ૫, જાલનામાં ૪, જલગાંવમાં ૬, સોલાપુરમાં ૪, ઔરંગાબાદમાં ૩ એ રીતે તેઓ છૂટાછવાયા મહારાષ્ટ્રમાં પથરાયેલાં છે. કચ્છના પરજિયા સોનીના કુટુંબોમાં પૂનામાં ૧૬, સાંગલીમાં ૨, સોલાપુરના હીંડાપુરમાં ૫ અને વિરાર-ભાઇંદરમાં ૧૫ ઘરો છે. કચ્છી ગુર્જર જૈનો પણ મહારાષ્ટ્રમાં છૂટાછવાયા સાંગલી, નાસિક, કોલ્હાપુર, પૂના, ધૂલિયા વગેરે સ્થળોએ જઇને જુદા જુદા વ્યવસાય દ્વારા ધંધો કરે છે. તેમના કુટુંબોની સંખ્યા આશરે ૧૦૦ જેટલી હોવાનું જાણવા મળે છે.

આમ, મહારાષ્ટ્રમાં કચ્છીઓ પ્રજા સાથે એકરૂપ બનીને પોતાનું સ્થાન નિશ્ચિત બનાવ્યું છે અને મહારાષ્ટ્રની પ્રજાનો પ્રેમ અન્ય પ્રદેશના લોકો કરતાં વિશેષ પ્રાપ્ત કર્યો છે. □

■ કચ્છ રચના કાર્યાલય, ૨૧૫, નરશી નાથા સ્ટ્રીટ, કેણીયા એન્ડ કું. તેલવાલાની ઉપર, ભાત બજાર, મુંબઇ ૪૦૦ ૦૦૯

1996-05-17 -Kutch Tari Asmita (702)

કચ્છીઓનો દક્ષિણમાં પણ ડંકો

કચ્છડો ખેલે ખલકમેં

ઉત્તરમાં આભને આંબતા અને હિમાચ્છાદિત ઉત્તુંગ ગિરિશૃંગોના કારણે પર્વતરાજ નગાધિરાજને તોલે દક્ષિણની ઊંચી ઊંચી ગિરિમાળાઓ ભલે ન આવે પણ ભરચક લીલકથી લીલકાતી અને મહેરામણના મોજાઓના કારણે મનમોહક ભાસતી આ ભૂમિ હરકોઇને આકર્ષે છે.

એવા દક્ષિણભારત સાથે કચ્છના સંબંધો આજકાલના નથી. આજના કર્ણાટક અને ભૂતકાળમાં મૈસુરના વાઘ ગણાયેલા ટીપુ સુલતાન અને કચ્છના જમાદાર ફત્તેહમહમદના સંબંધો બસો-સવા બસો વર્ષ જેટલા જૂના-એટલે ઠેઠ સને ૧૭૮૨થી પણ પહેલાનાં હતા. મૈસુરનો હૈદરઅલી અને કચ્છનો 'મરદા મરદ' વઝીર ગણાયેલો જમાદાર ફત્તેહમહમદ બન્ને ગાઢ મિત્રો હતા. કચ્છી ઓલાદના ઉત્તમ ઘોડાઓની ભેટ, જમાદાર હૈદરઅલીને મોકલાવતો. હૈદરઅલીએ પણ કાયમ યાદગીરી રહે એવી હૈદરી તોપની ભેટ કચ્છના મહારાવને મોકલી. આ તોપ આજે પણ બેય-બળિયાના સંબંધોની યાદ અપાવતી કચ્છ મ્યુઝિયમના પ્રાંગણમાં સચવાયેલી છે.

દક્ષિણ સાથે કચ્છના સંબંધ સદીઓ જૂના છે, મૈસૂરના હૈદરઅલી અને જમાદાર ફત્તેહમામદ ગાઢ મિત્ર હતા

એથીય આગળ જઇએ તો ઠેઠ ચૌદમી સદીમાં વાસ્કો ડી ગામા સાથે પોર્ટુગીઝોને ભારતના કલીકટ બંદરે દોરી લાવ્યાનું પાપ ગણો કે વાટ ભૂલેલાને વાટે ચડાવ્યાનું પુણ્ય ગણો-તો એ પણ કચ્છના સપૂત કાના માલમના માથે છે.

લીલકથી ઉભરાતી દક્ષિણની સમગ્ર ધરતી ઐતિહાસિક સ્મારકોની દ્રષ્ટિએ જેટલી સમૃદ્ધ છે એટલી જ સુંદર છે એના ભવ્યાતિભવ્ય મંદિરોના કારણે. પર્યટકોને આકર્ષતા શિલ્પ સ્થાપત્ય સભર મંદિરો અધ્યાત્મપંથના યાત્રીઓ માટે સંસ્કૃતિના ઉજ્જવળ વારસા સમાન છે. તિરૂપતિનું મંદિર તો ભારતના સર્વાધિક વિખ્યાત મંદિરોમાંનું એક તિરૂમલૈ પહાડની ઊંચાઇએ સ્થિત સ્થાપત્ય કલાનો ભવ્ય નમૂનો છે.

અને તેમાંય મલબારનો કિનારો દક્ષિણ-પશ્ચિમને મહેરામણના મોજા ગરવ-ગંભીર નાદે અહોનિશ ગજવે છે એવા કેરળ રાજ્યમાં આવેલ કોચીન-આજનું કોચી વ્યાપારની દ્રષ્ટિએ તો અગત્યનું છે જ, પણ એક દિ' અરબ સાગરની રાણી તરીકે ઓળખાતો આ સમગ્ર વિસ્તાર પર્યટકોને એનાં રૂપ નિતરતા પ્રાકૃતિક સૌંદર્યના કારણે અહીં સુધી આવવા મજબૂર કરે છે.

દક્ષિણ ભારત એટલે ભૂતકાળનું મૈસુર અને આજના કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરાલા અને તામિલનાહુના સમગ્ર વિસ્તાર સાથેનો ૬,૬૦,૭૮૦ ચો. કિ. મી.નો વિશાળ વિસ્તાર જ્યાં ૧૭,૨૯,૧૦,૩૯૮ની પંચરંગી પ્રજાના વસવાટે શ્રી અને સંસ્કારનો વારસો સદાય ધબકતો રહ્યો છે. આ ઉપરાંત ગોવા અને પોંડીચેરીને પણ દક્ષિણ સાથે જ સાંકળવામાં આવે છે.

પહેલો પગ કયા કચ્છીએ મૂકયો

આ ધરતી માથે પહેલ વહેલો પગ મૂકનાર કચ્છી કોણ એ પ્રશ્નનો ચોક્કસ ઉત્તર મળે કે ન મળે પણ દોઢ સૈકા પહેલાં કેરાલાની ધરતી માથે જેના પુણ્યપાદ ચિહ્ન અંકિત થયેલા છે એ કચ્છના નારાયણ સરોવરના દેવજી ભીમજીનું નામ અહીં આવનારા કચ્છીઓના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલું છે. માત્ર ૧૦ વર્ષની નાની ઉમરે, કોટેશ્વરના કાંઠેથી ઉપડેલા દેશી વહાણમાં ચડી બેઠેલ આ દેવજી ભીમજી કેરલની ધરતી માથે પગ મૂકનાર કદાચ પહેલાં કચ્છી હતા. કચ્છ એના વિશાળ સાગરકાંઠાને કારણે શૂરા સાગર ખેડૂઓ અને સાહસી વ્યાપારીઓનો મુલક ગણાયેલો છે. કોટેશ્વરના કાંઠેથી ઉપડેલા દેવા ધાધલના રાવળનાથની સફર એ 'સુકાની'ની કેવળ કલ્પના નથી પણ કચ્છી અને ગુજરાતીઓની સાહસ ભરી સંસ્કાર યાત્રા હતી.

કચ્છને મળેલ વિશાળ સાગરકાંઠાના કારણે એના સાગરશૂરા ખારવા અને નાખવા એ તો ઠેર ઠેર છાંભા કરતા દેશ-વિદેશની ખેપું કરતા રહ્યા છે. વ્યાપાર ધંધાના વિકાસ માટે વિદેશની વાટે વિચરીને વસાહતો ઊભી કરનારા કચ્છીઓ આજેય આગવી ઓળખ ધરાવતા રહ્યા છે. ભારતના વિશાળ ભૂ ભાગ પર જ નહિ, વિદેશની ધરતી માથે પણ વસાહતો બાંધવાનું માન કચ્છીઓને ફાળે જાય છે. દક્ષિણ ભારતમાં પહોંચેલા કચ્છીઓએ શરૂઆત ભલે કેરલ કે કોચીનથી કરેલી હોય પણ ધીમે ધીમે એમનો પથારો વિસ્તરતો ગયો. અને આજે તો તામિલનાડુ હોય કે કર્ણાટક, આંધ્રપ્રદેશ હોય કે કેરલ, સાહસ અને કોઠાસૂઝવાળા કચ્છીઓની જમાવટ ઊડીને નજરે ચડયા વગર રહેતી નથી.

શો-મિલનો પર્યાય બનેલા પાટીદારો તો પાંચ હજારની વસ્તીવાળા નાનકડા ગામડામાં પણ પથારો પાથરીને બેઠેલા જોવા મળે. જૈનો કરતાં દક્ષિણમાં એમનું આગમન પણ પહેલું રહ્યું છે.

દેવજી ભીમજી કેરળનુંયે ગૌરવ

પણ કેરળમાં દોઢ સદી પહેલાં આવેલા દેવજી ભીમજી કચ્છ માટે ગૌરવ હતા એથી ય વધુ ગૌરવવંતા બન્યા છે એ કેરાલીઓ માટે. ૧૦ વર્ષની નાની ઉંમરે કેવળ દોરી લોટો લઇને કેરાલામાં આવેલા દેવજી ભીમજીની તો વાત જ ન્યારી છે. ધર્મનિષ્ઠ શેઠ મુરલીધર પાસે એમના ઘરનું કામકાજ કરનાર તરીકે પોતાની જિંદગીની શરૂઆત કરનાર આ દેવજી ભીમજી મુરલીધર શેઠ માટે માત્ર ઘરઘાટી નહોતા અને એટલે જ ઘરકામ કરાવનારા શેઠે આ છોકરામાં દૈવત જોઇને એને અંગ્રેજી ભણાવવાનું પણ શરૂ કરાવ્યું. જરૂરી જ્ઞાન મેળવી ચૂકેલા દેવજીને તે પછી રૂા. ૫૦/-ના પગારથી ધર્મસિંહ શેઠની પેઢીમાં હિસાબનીશ તરીકે રખાવ્યો એટલું જ નહિ. લીલાધર વીરજીની પુત્રી સુંદરીબાઇ સાથે લગ્ન પણ કરાવી આપ્યા. દેવજીમાં એની ઉંમર કરતાં આવડત વધુ હતી. એટલે એણે પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો- ટેક્ષટાઇલ્સના ક્ષેત્રે ઝંપલાવીને. એમાં મળેલી નિષ્ફળતાથી નાસીપાસ ન થયો. મુરલીધર પાસે જઇને નવા ધંધા માટે સલાહ મેળવી. હંમેશાં હિતચિંતક રહેલા શેઠે એને કાથી દોરડાના ઉદ્યોગમાં ઝંપલાવવા સલાહ આપી.

કાથી ઉદ્યોગ, સ્ટેશનરી, ચાંદીનો વેપાર... અને ધીમે ધીમે પણ નક્કર રીતે દેવજીનો પથારો પથરાતો ગયો તેમ તેમ નાણાની રેલમછેલ થવા લાગી. પ્રેમાળ પત્ની જેને પોતે પોતાના ભાગ્યોદયનું નિમિત્ત માનતો હતો એ સુંદરીબાઇ બહુ ટૂંકા ગાળામાં સને ૧૮૬૮માં આ સંસાર છોડીને ચાલ્યા ગયા. પત્નીના અવસાને દેવજીને આઘાત પહોંચાડયો પણ જીવન પથની નક્કી કરાયેલી કેડીને એમણે છોડી નહીં. કેરાલાવાસીઓ માટે એ પ્રમાણિકતાનું પ્રતીક બની રહ્યો. પત્નીના અવસાન પછી જીવનમાં થોડોક વળાંક આવ્યો અને એ એના નામને અમર કરી ગયો. દેવજીએ જોયું તો મલયાલમ ભાષામાં ધાર્મિક ગ્રંથો જ ન મળે. કોઇ અખબાર-મેગેઝીન પણ નહોતા. દેવજીએ લીથોગ્રાફ મશિનથી પ્રેસ શરૂ કરી. કેરાલાના મુદ્રણના ઇતિહાસમાં સૌથી પહેલી પ્રેસ આ દેવજી ભીમજીની- પ્રેસનું નામ રાખ્યું 'કેરલ મિત્રમ્ પ્રેસ.' આ પ્રેસમાં છાપવાનું શરૂ થયું ન થયું ત્યાં તો સરકારની તવાઇ એની પ્રેસ ઉપર ઉતરી. સરકારે નોટીસ મોકલી, પ્રેસને સીલ મારી દીધા. પણ દેવજી એમ હારે એવો નહોતો. એ હેન્ની નેવીલ નામના અંગ્રેજ અધિકારીને મળ્યો. પ્રેસ શરૂ કરવા પાછળનો પોતાનો હેતુ સમજાવ્યો, ભૂલ થઇ હોય તો ક્ષમ્ય ગણવા પણ વિનવ્યું. દેવજીની ભાવનાની કદર કરનારા એ અંગ્રેજે એની પ્રેસને 'સેન્સરશીપ'માંથી તો મુક્ત કરાવી પણ સાથે સાથે 'કેરલ ભાષા માટે ભલા માણસ' તરીકે એને બિરદાવીને એને એ પદવી પણ એનાયત કરી ! પછી તો મુદ્રણ ક્ષેત્રે દેવજીએ હરણફાળ ભરવા માંડી. 'ધ વેસ્ટર્ન વર્લ્ડ' નામે અંગ્રેજી અખબાર સને ૧૮૬૪માં ત્રણ ખ્રિસ્તી મિત્રોના સહકારથી શરૂ કર્યું. ૧૮૬૭માં મલયાલમ ભાષામાં ધાર્મિક ગ્રંથો અને ચોપાનિયા બહાર પાડવા માંડયો. એને સાહિત્યકાર અને લેખકોનો સહકાર મળતાં એનામાં ઉત્સાહ અને હિંમત વધ્યા. કેરાલાવાસીઓના મન માથે હવે દેવજી ભીમજી છવાઇ ગયા હતા. 'અમારી માતૃભાષાની પ્રબળ સેવા કરનાર દેવજી અમારા દેવ છે' એમ ત્યાંના લોકો સગર્વ કહેવા લાગ્યા.

સને ૧૮૮૧માં મલયાલમ ભાષામાં 'કેરલ મિત્ર' દર શનિવારે પ્રગટ કરવાનું શરૂ કર્યું. આ અખબારના મથાળે ગીતાનો એક શ્લોક અને તેનું ભાષાંતર અપાતાં.

મારનચેરી ખાતે એક શાળા ખોલી. એમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષાના ધાર્મિક ગ્રંથોનો મલયાલમ ભાષામાં અનુવાદ કરાવીને અનેક ગ્રંથો પ્રગટ કર્યા. અમરકોશ, કાદંબરી, પદ્મસંહિતા, રામાયણ, મહાભારત, ગીતા તથા બીજા કેટલાય ગ્રંથો મલયાલમ ભાષામાં અનુવાદ કરાવીને પ્રગટ કર્યા. દેવજી ભીમજીની જિંદગી નિષ્ઠાવાન ઘરઘાટીથી શરૂ થઇ પણ સમય જતાં એની ઓળખ એક પ્રમાણિક વેપારી, સફળ ઉદ્યોગપતિ, સાચો સમાજ સેવક, આદર્શ પત્રકાર અને કરૂણાની મૂર્તિ તરીકે પ્રસ્થાપિત થતાં કેરલના સાહિત્યનો જનક બની સમગ્ર કેરાલાવાસીઓના અંતરમાં ઊંચું સ્થાન પામ્યો.

કેરળની કમાણી કેરળમાં સમાણી. એના નામે અનેક સેવાઓ નોંધાયેલી છે એના કરતાં વણનોંધાયેલી સેવાઓ તો અનેકગણી છે. આયુર્વેદિક ઔષધી માટે ફાર્મસીની રચના, કોચીનમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના, પ્રાર્થના સ્થળ અને મંદિરની નવાજેશ એના કેટલાક ઉદાહરણ છે. ભારતીય માલિકીની સૌ પ્રથમ કાથીની ફેકટરી શરૂ કરનાર પણ આ દેવજી હતો.

જીવન સંધ્યાને આરે પહોંચેલા દેવજીને જ્યારે અહેસાસ થયો કે હવે એના ઉદ્દેશની પૂર્તિ થવા આવી છે ત્યારે એણે શહેરની પ્રતિષ્ઠિત વ્યકિતઓ માટે એક ભોજન સમારંભનું આયોજન કર્યું. ત્યાં એણે કહ્યું કે આજે પોતે જે કાંઇ છે તે શેઠ મુરલીધર અને શેઠ ધર્મસિંહ થકી છે. આ પ્રદેશમાં પોતે આવ્યો ત્યારે પોતા પાસે કાંઇ જ નહોતું- આજે કરોડપતિ છે, પણ એમાંથી પોતાનું કાંઇ જ નથી. જે કાંઇ છે તે આ દેશની પ્રજાનું છે- પોતે માત્ર તેનો ટ્રસ્ટી હતો. એટલે જે કાંઇ છે તે પ્રજાને પાછું આપી દેવા માગે છે. પોતાની અઢળક સંપત્તિનો ઉપયોગ આ દેશના લોકોના ઉત્કર્ષ માટે થાય એવી પોતાની ઈચ્છા વ્યકત કરી- ત્યારે એ દેવજી કેવળ કેરલવાસીઓ માટે નહીં, હરકોઇ વ્યકિતને એમાં દેવના દર્શન થયા. ત્યાં જ જાણીતી વ્યકિતઓએ ટ્રસ્ટ બનાવ્યું. દેવજી ભીમજીનું એ ટ્રસ્ટ અનાર્કુલમ જિલ્લા કોર્ટને સોંપાયું. આજે પણ એ ટ્રસ્ટનો વહીવટ ચાલે છે. સને ૧૮૯૫માં જ્યારે એણે છેલ્લા શ્વાસ લીધા અને કાયમને માટે ગયો ત્યારે કચ્છીઓ અને ગુજરાતીઓ તો રૂવે- પણ કેરલવાસીઓ એના માટે જે હૈયાફાટ રડયા હતા એ દ્રશ્ય કઠણ કાળજાવાળા મનેખની આંખમાંથી આંસુના બુંદ ટપકાવનારું હતું ! એવો એ દેવજી કચ્છની ગૌરવગાથા બની ગયો. કેરાલાની ધરતી માથે.

જગવિખ્યાત તસવીરકાર- ટી. એસ. લાલ

આવું જ બીજું એક નામ છે જે લેતાં ગૌરવ અને ગર્વ બન્ને થાય- એ શિવલાલ તલકશી શાહનું. એમના વડીલો માંડવી કચ્છના. વર્ષોથી ધંધાર્થે કેરળના કિવલોન શહેરમાં આવી વસેલા. શિવલાલનો જન્મ પણ સને ૧૯૨૨માં કિવલોનમાં થયો હતો અને અવસાન પાંચ વર્ષ પૂર્વે થયું હતું. કેરળના રિવાજ પ્રમાણે એ પોતાનું ટૂંકું નામ ટી. એસ. લાલ તરીકે ઓળખાવતા અને એજ નામે વિખ્યાત થયા. ૧૯૭૮ સુધીમાં વિશ્વમાં માત્ર ત્રણ જ વ્યકિતઓ ડાયમન્ડ સ્ટાર એકઝીબીટરનું બિરૂદ મેળવવાને ભાગ્યશાળી થયેલ હતી તેમાં તેઓ એક હતા. ૮૦થી પણ વધુ આંતરરાષ્ટ્રીય એવોર્ડો, અસંખ્ય સુવર્ણ અને રજત ચંદ્રકો મેળવનાર લાલની લગભગ ૨૦૦૦ જેટલી તસવીરો આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સ્થાન પામી હતી. નર્યા નિસર્ગના આ કલાકાર પાસે આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો તો એટલી મોટી સંખ્યામાં હતા કે એ જોઇને જ અધધધ થઇ જવાય !

માંડવીના સમુદ્ર કિનારે વિહરતા સિગલ્સ પક્ષીઓ, કરોળિયા, ચામાચિડીયા અને પતંગિયાની જીવસૃષ્ટિ અને લેસૂર વાંદરાની લીધેલી તસવીરોમાંથી એમની દ્રષ્ટિ તથા સૃષ્ટિનો ખયાલ આવે છે દુનિયાભરના પ્રવાસી બની ચૂકેલા લાલ રોચેસ્ટર ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી સાઇઓન (SAION)ના માનદ મંત્રી તરીકે ચૂંટાયેલા તથા ઓસ્ટ્રેલિયાના વોરનમ્બૂલ શહેરની સિટી કાઉન્સિલના સિવીક એવોર્ડ મેળવનારા પ્રથમ ભારતીય- કચ્છી હતા ! ચામાચિડીયાના જીવન વહેવારનું દર્શન કરાવતી અનેક તસવીરો ઝડપીને એમણે કમાલ જ કરી નાખી હતી. કચ્છના રણના જંગલી ઉંદરોની એમની અજોડ તસવીર નેશનલ જ્યોગ્રાફી નામના પ્રખ્યાત અંગ્રેજી સામયિકમાં પ્રગટ થયેલી. કરોળિયાના સેંકડો બચ્ચાં સાથેની અદ્દભૂત તસવીર પાડનારા લાલની અનેક તસવીરો તથા અભ્યાસપૂર્ણ લેખો કેવળ ભારતના સામયિકોમાં જ નહિ ઈંગ્લેન્ડ, જર્મની, સ્પેન, અમેરિકા તથા ઓસ્ટ્રેલિયાના મેગેઝીનોમાં અવારનવાર પ્રસિદ્ધ થઇ ચૂકયા છે. ચામાચિડીયાની એમની કલર સ્લાઇડને શિકાગોમાં પ્રથમ ઈનામ મળ્યું એટલું જ નહીં, ત્યાંના મ્યુઝિયમમાં કાયમી નામ માટેની તકતી છે તેમાં એમનું નામ પણ કંડારાયું. ફોટોગ્રાફીના ટાંચા સાધનો સાથે સિદ્ધિના શિખરે પહોંચેલા શ્રી લાલ માટે માત્ર કચ્છીઓને જ નહીં દરેક ભારતીયને પણ ગર્વ થાય એવી વાત છે- આગળ ચાલીને કહીએ તો લાલ માટે દુનિયા પણ ગર્વ લઇ શકે.

કેરળમાં આજે પણ કચ્છીઓનું માન છે. પ્રભુત્વ પણ વર્તાય છે. તેનો ખ્યાલ આપણને તાજેતરમાં કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઇ તેમાં કચ્છી મહિલા કુ. જયશ્રીબેન કે. શાહ બીચ રોડ વિસ્તારમાંથી ત્યાંના સ્થાનિક ઉમેદવારને હરાવીને ચૂંટાઇ આવ્યા તે પરથી આવી શકે છે. આ વિસ્તારમાં ગુજરાતી કુટુંબોની સંખ્યા માત્ર ૨૦૦ની છે. બાકી બધા મલયાલીઓ છે. આખા કેરળ રાજ્યમાં ગુજરાતીઓની વસતી ૧૦,૦૦૦ની, તેમાં કચ્છીઓની વસતી લગભગ ચોથા ભાગની એટલે ૨૦૦૦ થી ૨૫૦૦ની. કુ. જયશ્રીબેનનો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજય એ આ વિસ્તારમાં કચ્છીઓની કાર્યશકિત અને કેરાલાવાસીઓના તેમના તરફના પ્રેમ અને લાગણીનું જ કારણ છે. કેરાલામાં વેપાર અને નોકરી અર્થે વસતા કચ્છીઓ વર્તમાન સમય સાથે કદમ મિલાવી રાજકારણમાં સક્રિય રહ્યા છે એ બતાવે છે કે, કચ્છીઓએ જ્યાં પણ વસવાટ કર્યો ત્યાં ''સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ'' છે એમ માનીને સમાજના, એ દેશના ઉત્થાનમાં હંમેશાં સક્રિય રહ્યા છે.

મદ્રાસમાં સૌથી પહેલાં વેરશીં સૈયા આવ્યા

મુંબઇમાં દાણાના ધંધામાં જમાવટ કરી ચૂકેલા જૈનોએ મુંબઇમાં તેમના વિસ્તરેલા ધંધાને વધુ વિકસાવવા માટે દક્ષિણ ભારત તરફ નજર દોડાવી. અને આજથી પોણી સદી પહેલાં લગભગ ૧૯૨૧-૨૨ના અરસામાં મદ્રાસમાં પોતાના ધંધાની પેઢીઓ નાખી. આથી અગાઉ અહીં કચ્છીઓ આવ્યા હતા. એમ કહેવાય છે કે સૌથી પહેલાં મદ્રાસમાં આવનારા કચ્છી જૈનોમાં વેરશીં કરમશી સૈયા હતા. તે પછી અનાજના જથ્થાબંધ વેપારી તરીકે પહેલી પેઢી ૧૯૨૧-૨૨માં નંખાઇ અને તે હતી શા ભવાનજી મુરજીની કું.ની, જેનો વહીવટ કરનારા હતા ડુમરાના શા ચાંપશી વેલજી કારાણી. તે પછી ૧૯૨૪-૨૫માં શા રવજી નેણશીની કું. આવી, ૧૯૨૭-૨૮માં શા પુંજા ઠાકરશીની કું. આવી. અનાજ અને તેલીબિયાંની બજારમાં ઝંપલાવીને પ્રારંભ કરેલ તે વેપાર સતત વિસ્તરતો રહ્યો છે.

ભારત સ્વતંત્ર થયા પછી ધંધાનો વિસ્તાર અનાજ ઉપરાંત અન્ય ક્ષેત્રે પણ થવા લાગ્યો. ૧૯૪૮-૪૯માં ભવાનજી એન્ડ કું.ના વહીવટકર્તા વાંકીના શા પોપટ હંસરાજ સાવલા અને પ્રાગપરના શા નેણશી ખેરાજ છેડાએ પેઢીની શરૂઆત અનાજ અને તેલીબિયાંના ધંધાથી કરી, પણ એમના અનુગામીઓએ સ્ટેનલેસ સ્ટીલના વાસણો, પેપર બોર્ડ ટયુબ અને મિલ સપ્લાય ટ્રેડીંગની પ્રવૃત્તિઓમાં ધંધાને વિસ્તાર્યો.

૧૯૫૫-૫૬માં મેસર્સ હરિશ એન્ડ કું.એ પણ મે. જેમિની મેટલ ઇન્ડસ્ટ્રીઝના નામે સ્ટેનલેસ સ્ટીલના વાસણ બનાવવાના ઉદ્યોગમાં સારી એવી પ્રગતિ સાધી. સ્ટીલના વાસણોના ધંધામાં ઝંપલાવનારાઓમાં પ્રાગપરના વાલજી નેણશી છેડા પણ હતા. પણ આમાં મે. હરિશ એન્ડ કું.એ નિકાસ કરવા સુધીની સાધેલી પ્રગતિ મદ્રાસમાં સ્ટીલના ઉદ્યોગમાં પ્રેરણા બની શકે. ભેદા બંધુઓએ ત્યાર પછી લાવેલી નોંધપાત્ર પ્રગતિમાં પ્રેરણા આ કંપનીની જ હતી.

તેજુ કાંયાનું નામ કચ્છમાં ''બાકસ'' બનાવનાર તરીકે જાણીતું છે, પણ મુંબઇ અને મદ્રાસમાં રેલવે અને મિલીટરીના કોન્ટ્રાકટર તરીકે વધુ જાણીતું છે. ૧૯૪૮માં આ પેઢી બંધ પડતાં તેના સંચાલક કેશવજી વિશનજી બિદડાના મુરજી વિજપાર દેઢીઆ, ટુન્ડાના દેવચંદ માવજી ગોગરી સાથે મળીને ''શાહ ટીમ્બર ટ્રેડર્સ''ના નામે લાકડાના ધંધામાં ઝંપલાવ્યું. તેમણે આ ધંધાના વાવેલા બી આજે તો વટવૃક્ષ બન્યા છે. ઈમારતી લાકડાના ધંધામાં આ પેઢી આજે પણ માતબર ગણાય છે.

રેડીમેડ કપડાંના ધંધાની પહેલ

રેડીમેડ કપડાંના વ્યવસાયની શરૂઆત ૫૭-૫૮ના વર્ષથી કચ્છી જૈનોએ કરી. સમાઘોઘાના શા ગગુભાઇ પુનશીના પુત્ર વશનજીએ ''ડ્રેસલેન્ડ''ના નામે, વાંકીના તલકશી શિવજી સાવલાએ ચોઇસ સેન્ટર, મેન્યુફેકચરીંગ તથા હોલસેલના ક્ષેત્રે પુનડીના શા હીરજી ઠાકરશી સંઘોઇએ ભારત ડ્રેસ મેન્યુફેકચરીંગ કું.ના નામે તૈયાર વસ્ત્રોની ફેકટરી ૧૯૬૧માં સ્થાપી. આ ધંધાનો વ્યાપ દિવસાદિવસ વધતો જતો જોઇને ૧૯૬૧માં ગેલડાના શા કલ્યાણજી કુંવરજી સૈયા 'ચોઇસ સેન્ટર'માં અને ૧૯૬૬માં નાની ખાખરના શા. વસનજી રવજી દેઢીઆ 'કિંગ્સ કોર્નર'માં જોડાયા. ૧૯૬૪માં પુરૂષવાફમમાં ''વીન્ટેક્ષ'' નામે રેડીમેડના ધંધામાં શા રતનશી હીરજી છેડા અને કોડાયના શા બચુભાઇ વીરજી વીરાએ ઝંપલાવ્યું. આજે રેડીમેડનો ૩૩% વેપાર કચ્છી જૈનોના હાથમાં છે.

હેન્ડલુમ કાપડના ધંધાની શરૂઆત છસરાના શા વસનજી વીરજી ગંગરે કરી. રૂમાલ તથા લુંગીના જથ્થાબંધ વેપારથી શરૂઆત કરીને આજે તો તેઓ બહારે આ બન્ને ચીજો નિકાસ કરવા સુધી પહોંચ્યા છે.

કોઠારાના લોડાયા જીવરાજ ચાંપશીએ ૧૯૫૧માં બેન્ટેક્ષ ઘડિયાળના પટ્ટાની એજન્સીની શરૂઆત કરી પછી જીવરાજ સી. અજાણીના નામે ઘડિયાળ પટ્ટાના વેપારમાં જાણીતા બનેલ 'અજાણી એન્ડ સન્સ' નામની આ પેઢીની પ્રગતિ ઊડીને આંખે વળગે એવી રહી છે.

ઝાડુ બનાવવાનો ઉદ્યોગ હોય કે પાપડ બનાવવાનો ગૃહ ઉદ્યોગ હોય, કે પછી વ્યવસાયના ક્ષેત્રમાં કપાસની ખરીદી-વેચાણ, વિડીયો કેસેટ, ચીટ ફંડ, ફાર્માસ્યુટીકલ જેવા અનેકવિધ વ્યવસાયના ક્ષેત્રે સંકળાયેલા કચ્છીઓની પ્રગતિ કોઇને પણ એમની કોઠાસૂઝના કારણે અદેખાઇ ઉપજાવે તેવી રહી છે.

જૈન સમાજે કેળવણીના ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે અનેક યુવાનોને પ્રેરણા આપી છે. તેથી જ તો ઘણા ડિગ્રીધારી યુવાનો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનીયર, વકીલ બની શકયા છે અને એ વ્યવસાયમાં ઝંપલાવીને પ્રગતિ સાધી શકયા છે. તો સાયરાના શા તલકચંદ કુંવરજી લોડાયા ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટમાં ડેપ્યુટી કમિશ્નરના પદ સુધી પહોંચી શકયા છે.

રમતગમતના ક્ષેત્રે આંતરરાજ્ય ટેબલ ટેનિસ ચેમ્પિયન કુ. પલ્લવી રામજી ભેદા, શ્રીમતી નિયતિ ચેતન ભેદાએ દેશ-વિદેશમાં મહિલા વિભાગની ટુર્નામેન્ટમાં રાષ્ટ્રીય ટીમના કેપ્ટનપદને શોભાવી સારી ખ્યાતિ મેળવી છે. તાજેતરમાં પણ એશિયન ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભાગ લઇને સમાજનું ગૌરવ વધારેલ, તો ક્રિકેટના ક્ષેત્રે શ્રી રાજીવ ઝવેરચંદ ગોગરીનું નામ ''રાજીવ શાહ'' તરીકે ક્રિકેટ જગતમાં જાણીતું રહ્યું છે.

સેવાના ભેખધારી નવીનાળના ગાંગજી આશારીઆએ મદ્રાસની લગભગ બધીજ ગુજરાતી સંસ્થાઓમાં નિઃસ્વાર્થ સેવા આપીને બીજાઓને પણ પ્રેરણા આપી છે.

મદ્રાસમાં સૌ પ્રથમ શિખરબંધ શ્રી શાન્તિનાથજીના જૈન દેવાલયનું નિર્માણ કરનાર પુનડીના શ્રી હીરજી ઠાકરશી સંઘોઇનું આદરણીય નામ સમાજમાં આજે પણ ગૌરવવંતું રહ્યું છે.

કચ્છ પરિવારની રચના

મદ્રાસમાં જૈન, પાટીદાર, લોહાણા, ભાટિયા, સુખડિયા, સોની, રાજગોર વગેરેના આશરે ૭૦૦ જેટલા ઘરો છે અને તેમની વસતી અંદાજે ૩૫૦૦ થી ૪૦૦૦ જેટલી છે. મદ્રાસમાં વસતા કચ્છીઓએ ત્યાં 'કચ્છ પરિવાર' નામની એક સંસ્થા સ્થાપી છે. સમરસતાની ભાવના કેળવાય, એકબીજાને ઉપયોગી થવાય અને ભાઇચારાના ગુણોનો સતત વિકાસ થાય તેવા ઉદેશ સાથે આ સંસ્થા પ્રસંગોપાત કચ્છી પરિવારોનું મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરે છે. દર વર્ષે કચ્છી નવા વર્ષની- ''અષાઢી બીજ'' તથા નવરાત્રિ મહોત્સવ પરંપરાગત રીતે ઉજવે છે. તો સ્વામીવાત્સલ્ય જમણ, ચૈત્ર પરિપાટી, પદયાત્રા, સમૂહ ક્ષમાપના જેવા કાર્યક્રમો રાખે છે. તાજેતરમાં આ સંસ્થાએ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ તે પ્રસંગે મુંબઇથી જાણીતા કલાકાર શ્રી લાલ રાંભિયા તથા જાણીતા કચ્છી કવિ ગુલાબ દેઢીઆએ હાજર રહી કાર્યક્રમની જમાવટ કરી હતી તેમાં વિકલ વોરા તથા પ્રફુલ્લ ભેદાની કામગીરી પ્રશંસનીય રહી હતી.

દક્ષિણ ભારતની વસતીના પ્રમાણમાં કચ્છીઓની વસતી ભલે ઓછી છે પણ કચ્છી તરીકેની એમની ઓળખ અહીં પણ જાળવી રાખી છે. કાલિકટમાં ગુજરાતીઓની વસતી પ્રમાણમાં ઠીક ઠીક હોવા છતાં ત્યાં એક પણ ગુજરાતી શાળા નહીં. આ વાતનો એક કચ્છીને ખટકો. નામ એમનું હીરાચંદ રતનશી છેડા. મૂળે અબડાસા તાલુકાના સુજાપર ગામના પણ વર્ષોથી ધંધાર્થે અહીં આવી વસેલા માણેક ઇન્જીનીયરીંગ ક્ષેત્રે બી. ઇ. મિકેનીકલના ડીગ્રીધારી. શરૂઆતમાં સિંધિયા સ્ટીમ નેવીગેશનમાં એજન્ટ તરીકે જોડાયેલા ને તે પછી સામાન્ય મૂડી સાથે નાળિયેરના ધંધામાં પડયા પણ જીવ સેવા-ભાવનાવાળો- પારકી છઠ્ઠીનો જાગતલ. ખાય ઘરનું અને કામ કરે સમાજનું. શાળાની વાત એમણે મનમાં નોંધી. માત્ર નોંધીને બેસી રહે એવા નહોતા. એમણે તો સંકલ્પ કર્યો કે, 'કાલિકટમાં સભાગૃહ સાથેની શાળા ન બંધાય ત્યાં સુધી પગમાં ચંપલ ન પહેરૂં.' પછી એમના પ્રયાસોથી અહીં શાળા સાથે ભવ્ય સભાગૃહ બન્યું. ગુજરાતી સમાજ તો કચ્છની ધરતીના આ માણસ માથે વારી ગયો. અશકયને એણે શકય બનાવ્યું હતું. ઉદઘાટન થયું ત્યારે સમાજે હીરાચંદભાઇને સન્માન્યા- ચાંદીની ચંપલો આપીને. સમાજસેવાના ક્ષેત્રે જેટલા ઉત્સાહી એટલા જ ધાર્મિક ક્ષેત્રે પણ ખરા. હાલમાં તેમણે જૈન સમાજમાં અપૂર્વ ગણાય એવા ૨૧૧ ઉપવાસો ૧૯-૬-૯૫થી આરંભ્યા જેનું સમાપન ૭૨ જિનાલયમાં મુનિશ્રીઓના સાનિધ્યમાં થયું.

સને ૧૯૫૬માં ભાષાવાર રાજ્ય-રચનાના પરિણામે દક્ષિણમાં આંધ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આંધ્રમાં પણ કચ્છીઓની જમાવટ રહી છે. પાંસઠ લાખની આબાદી ધરાવતા આંધ્રના હૈદરાબાદ, સિકંદરાબાદ, ખમ્મામ, નિઝામાબાદ, વારંગલ, આદોની, વિજયવાડા, આદિલાબાદ, મહબૂબનગર, બોધન, નિરમલ અને કરનૂલમાં કચ્છીઓનો પથારો નોંધનીય છે. હૈદરાબાદમાં આજથી સો-સવાસો વર્ષ પહેલાં દશા-ઓશવાળ જ્ઞાતિના કુટુંબનો પહેલો પ્રવેશ. પછી તો ધીમે ધીમે ઘણા કુટુંબો અહીં આવ્યા અને ગજા-સંપત પ્રમાણે વેપાર-ધંધામાં લાગ્યા. આજે તો ૧૯૦૦૦ થી ૨૦૦૦૦ની કચ્છીઓની સંખ્યા, સંખ્યાબળની દ્રષ્ટિએ બહુ ઓછી છે પણ જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં જમાવટ કરી છે. દશા-વીશા અને ગુર્જર જૈનો ૪૭૦૦, ભાનુશાલીઓ ૧૦૦, સોનીઓ ૫૦, રાજપૂત ૫૦, આગાખાની ખોજા ૭૫૦૦, વ્હોરા ૬૦૦ અને મેમણ ૬૦૦૦ની સંખ્યામાં વસવાટ કરે છે. સિકંદરાબાદમાં થોડાક લોહાણાંઓના કુટુંબ છે. પાટીદારોની સંખ્યા પણ ૪૦૦૦ જેટલી છે. વેપાર-ધંધામાં કચ્છીઓનો પથારો અહીં જોવા મળે પણ રાજકીય ક્ષેત્રે કચ્છીઓનું પ્રદાન સાવ શૂન્ય ! હા, જાહેર ક્ષેત્રમાં પા-પા પગલી પાડતા હોય તેમ ટોકરશી લાલજી કાપડીઆ, ધનજીભાઇ સાવલા અને કરનુલમાં ચંદ્રકાંતભાઇ શાહ ચેમ્બર ઓફ કોમર્સમાં પ્રમુખપદે રહી ચૂકેલા છે. ટોકરશી લાલજી કાપડીઆને તો વિશ્વ ગુર્જરી એવોર્ડ પણ મળેલ છે અને એમની તો અહીં સખાવતો પણ મોટી છે. કોલેજ તથા શાળાની સ્થાપનામાં તેમનું યોગદાન પણ નોંધનીય છે.

જે સમાજે આપ્યું એના પ્રતિ પોતાની ફરજને જાણનારા જૈનો જ્યાં ગયા ત્યાં સમાજને પણ કાંઇક ને કાંઇક પ્રદાન કર્યું છે. ચંદ્રકાંતભાઇ શાહે તો કરનુલમાં પોતાના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સાર્વજનિક હોસ્પિટલ બનાવી પણ આપી અને ચલાવે પણ છે... કચ્છીઓની દાનવીરતાના બિરૂદને ઉજ્જવળ રાખતા આવા મહાનુભાવોના કારણે જ તો કચ્છીઓની કચ્છીયત જગતના ખલ માથે પાંગરતી રહી છે. અહીં કોઇ કચ્છી મોટા ઉદ્યોગપતિ નથી તેમ કોઇ મોટા ઉદ્યોગો પણ તેમના હસ્તક નથી, પણ નાના અને મધ્યમ કદના ઉદ્યોગના ક્ષેત્રે તેમની જમાવટ થવા લાગી છે. સ્ટેનલેસ સ્ટીલના વાસણો, રબ્બરના ફુગ્ગા, લેમીનેટસ, મસાલા, પ્લાસ્ટીક તથા પેકેજીંગ ઉદ્યોગોની બજારમાં તેમનું વર્ચસ્વ હવે સ્થપાતું જાય છે. એકાદ બે મોટા એજન્સી ગૃહો છે. અન્યત્ર રહ્યું છે તેમ અહીં પણ રેડીમેડ ગારમેન્ટસના છૂટક

આંધ્રપ્રદેશમાં કચ્છીઓએ પોતાની દાનવીરતા જાળવી રાખી છે, ટોકરશી લાલજી કાપડીઆને તો વિશ્વ ગુર્જરી એવોર્ડ પણ મળ્યો છે

વેચાણમાં કચ્છીઓ અહીં પણ આગળ છે. તમાકુના ઉત્પાદનમાં આંધ્ર પ્રદેશ બીજા બધા જ રાજ્યો કરતાં આગળ છે અને વર્જીનિયા તમાકુમાં તો આ રાજ્યનું એકાધિકાર છે. પણ કચ્છીઓ આ ધંધામાં ગણ્યા ગાંઠયા જ જોવા મળે. તેવી જ રીતે દ્રાક્ષ અને કેરીનું પણ મબલખ ઉત્પાદન આંધ્ર પ્રદેશમાં થાય છે પણ તેમાંયે કચ્છીઓ બહુ ઓછા જોવા મળે. વ્યવસાયમાં બાંધકામને હમણાં હમણાં અપનાવેલા જૈનો અને બીજા જોવા મળે. પણ ટ્રાન્સપોર્ટના ધંધામાં કચ્છીઓની જમાવટ પણ ઉડીને આંખે વળગે તેવી રહી છે. આ ક્ષેત્રમાં હૈદરાબાદમાં પત્રીવાળા શેઠ શિવજી વીરજી ધરોડનું નામ જાણીતું છે. સને ૧૯૬૦માં માત્ર એક જ ટ્રકથી ટ્રાન્સપોર્ટના ધંધામાં જંપલાવનાર શિવજીભાઇની આજે ૧૦૦ જેટલી શાખાઓ અને ૩૦૦ જેટલી ઓફિસો સાથે રાષ્ટ્રીય ફલક પર પખરાયેલ એમનો પથારો દક્ષિણ ભારતમાં તો પહેલા નંબરે આવે છે પણ ભારતની દશ માતબર કંપનીઓમાં પણ આ દીપક ટ્રાન્સપોર્ટનું નામ ઝળહળતું રહ્યું છે. આ પેઢીની ૩૦૦ જેટલી ટ્રકોનો કાફલો રોજના ૭૫૦૦૦ કિ. મી. દોડે છે. કચ્છીઓ માટે આ પેઢી આશરાનું સ્થાન છે અને કચ્છનું ગૌરવ પણ છે.

રાજકારણમાં કચ્છીઓનો પગપેસારો ભલે નથી પણ સ્થાનિક પ્રજા સાથેના એમના મૈત્રીપૂર્ણ સંબંધોને કારણે તથા રાજકીય પક્ષો સાથેના મીઠા સંબંધોના કારણે કચ્છીઓનો કોંગ્રેસ, તેલુગુદેશમ્ અને ભારતીય જનતા પાર્ટીમાં એમનો અવાજ હંમેશાં રહેતો આવ્યો છે.

હૈદરાબાદ-સિકંદરાબાદમાં પાટીદારો શો મિલ, હાર્ડવેર, લાકડા બજાર, કપડાની દુકાન, પ્લાસ્ટીક ઉદ્યોગ અને પ્લાયના ધંધામાં જમાવટ કરી રહ્યા છે. લાકડા ઉદ્યોગમાં જેઠાલાલ એન્ડ નાનજી બ્રધર્સનું નામ જાણીતું છે. તો સિકંદરાબાદમાં પટેલ ટીમ્બર ડીપો જાણીતા નામો છે. હૈદરાબાદમાં કડવા પાટીદારની સમાજવાડી છે તેમ પાટીદાર સમાજવાડી પણ આવેલી છે. હૈદરાબાદમાં જૈનો અને લોહાણાઓની પણ સમાજવાડીઓ આ વિસ્તારમાં એમની જ્ઞાતિ માટે તો ઉપયોગી છે પણ સ્થાનિય લોકોને માટે પણ ઉપયોગી બની રહે છે.

પ્રસંગોપાત દેશી ઉત્સવોને ઉજવતા કચ્છીઓ અહીંની પ્રજામાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે. સમગ્ર દક્ષિણ ભારતમાં ૩૫૦૦૦ થી ૪૦૦૦૦ જેટલી કચ્છીઓની વસતી મોરના માથાની કલંગી જેમ શોભી રહી છે- એના મૈત્રીભર્યા સંબંધો અને જે તે પ્રદેશના એમના પરના ઋણને ઉરૂણ કરવાની ભાવના થકી. □

■ આ લેખની માહિતી જુદી જુદી જ્ઞાતિની સ્મરણિકાઓ અને વસતીપત્રકોના આધારે કરવામાં આવી છે. આંધ્ર પ્રદેશની માહિતીનું સંકલન લક્ષ્મીકાંત શાહ, ભારત બિલ્ડીંગ, ૩-૪, ૨૩/૧૩, કાછેગુડા સ્ટે. રોડ, હૈદરાબાદ ૫૦૦૦૨૭એ કરેલ છે.

કચ્છડો ખેલે ખલકમેં

જગતભરના રાજવીઓમાં જ માત્ર નહિ, મહાપુરૂષોમાં પણ જેનું નામ આજે પણ માન સાથે બોલાય છે, એ ભારતના મહાન સમ્રાટ અશોકના જીવનમાં પરિવર્તનનું નિમિત્ત બનનાર તે સમયનું કલિંગ, પછીનું ઉત્કલ અને આજનું ઓરિસ્સા અતિતની આરસીમાં આજ પણ ઝળાંહળાં થઇ રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિની ઉજળી પરંપરાને સાચવી બેઠેલા ઓરિસ્સાની ધરતી માથે જેમ યાત્રાના ચાર ક્ષેત્રો છે તેમ ભારતભરમાં હિન્દુઓના ચાર પવિત્ર ધામો પૈકી એક જગન્નાથપુરી અહીં આવેલ છે. આ જગન્નાથપુરીની ઉત્તર-પૂર્વ દિશાએ ૩૩ કિ.મી.ના અંતરે સમુદ્રતટે આવેલ ચંદ્રભાગા નદીના કિનારે કોણાર્કનું પ્રસિદ્ધ સૂર્યમંદિર પણ અહીં જ આવેલ છે.

સનાતન ધર્મની ધજા ફરકાવતા અને કલિંગ શૈલીના વાસ્તુ શિલ્પના વિકાસની છેલ્લા ૨૦૦૦ વર્ષની પ્રગતિને દર્શાવતા લગભગ ૫૦૦ જેટલા મંદિરોના કારણે મંદિરોના શહેર તરીકે ઓળખાતા ભુવનેશ્વરના લિંગરાજ, મૂળેશ્વર, અનંતવાસુદેવ, રાજારાણી, ખંડગિરિ અને ઉદયગિરિ જેવા શિલ્પસભર મંદિરો અને ધોલીમાં પહાડોને કોતરીને બનાવાયેલી જૈન તથા બૌદ્ધ ગુફાઓ અને અશોકના શિલાલેખોના કારણે યાત્રીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહેલ ભુવનેશ્વર તથા વિશ્વમાં ચોથાક્રમે ગણાયેલ હીરાકુંડ બંધ જેવા આધુનિક તીર્થની સાથે સાથે પૌરાણિક તીર્થોના કારણે વિશિષ્ટ એવો ઓરિસ્સાનો પ્રદેશ ગાઢ જંગલોથી આચ્છાદિત અને પર્વતોના કારણે રળિયામણો હોવા છતાં જે સમયે હજી એ વિકસીત થયો નહોતો એ સમયે એટલે કે આજથી એક સદી પહેલાં કચ્છીઓ અહીં વેપાર-વણજ માટે આવી વસ્યા હતા એમ કહેવાય છે.

કચ્છીઓએ જમાવટ કરી છે

અહીં આવનાર કચ્છીઓમાં પહેલવહેલા કોણ આવ્યા એના નામ-ઠામ આજે ભલે મળતા ન હોય પણ એ પૂર્વજોને પગલે પગલે અહીં આવી પહોંચેલા પાટીદારો, લોહાણાઓ, કચ્છી ગુર્જર ક્ષત્રિઓ, કચ્છી મેમણો, ગુર્જર સુતારો, રાજગોરો, સોનીઓ અને નાગરોએ કરેલી જમાવટ નોંધનીય રહી છે.

ટીંમરૂના બીડી-પત્તાના વેપારમાં, લાકડાની શો-મિલોમાં, લાતી બજારમાં, ચોખાના ધંધામાં, ફર્નિચરના કારખાનામાં કે રસ્તા અને મકાન બાંધકામમાં 'કચ્છી માડુ'એ નામ કાઢયું છે


આજના સંબલપુરમાં પગ મૂકતાં જ જેમ ચરોતરના ગુજરાતીઓ નજરે ચડે તેમ કચ્છીઓ પણ ત્યાં ટીંમરૂના બીડી પત્તાના વેપારમાં, લાતી બજારમાં, લાકડાની શો-મિલોમાં, ચોખાના વેપારમાં જોવા મળે. ગાઢ જંગલો અને ઊંચા પર્વતોના કારણે ત્યાં લાકડું અને ટીંમરૂ પુષ્કળ થાય છે. આ બેય પેદાશોના ધંધાનું રાષ્ટ્રીયકરણ થયું તે પહેલાં કચ્છીઓ માલિકીની જમીનમાં આનું ઉત્પાદન કરતા અને કમાણીમાં શ્રી-સવાઇ કરતા હતા, તો કેટલાય પાટીદારો લીઝ પટ્ટાથી જમીનો ધારણ કરતા હતા. સરકારે આ ધંધાનું રાષ્ટ્રીયકરણ કરતાં હવે વેપારીઓ સરકાર પાસેથી ખરીદ કરીને કમિશનથી કામ કરે છે. આઝાદી પૂર્વે અહીં આવીને સ્થાયી થયેલા નખત્રાણાના પ્રેમજી રણમલ પટેલ, રતનશી નારાણ પટેલ, વાલજી રૂડા પટેલ, ધનજી પૂંજા પટેલની લાતી બજારની વખારો સંબલપુરમાં જાણીતી છે. શો-મિલમાં પણ મોટેભાગે કચ્છના પાટીદારોની જમાવટ જોવા મળે. ચામડાના ધંધામાં મેસર્સ હારૂનભાઇની પેઢી જાણીતી રહી છે. બીજા થોડા ઘણા નોકરીઆતો છે તો પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતા ને અડધી સદીથી અહીં વસતા વોરા મંજુલાલ જયસુખલાલ ઇન્કમટેક્ષસેલ્સટેક્ષના પ્રેકટીશ્નર તરીકે કામ કરે છે. કચ્છના નાગરોમાં માત્ર ભુજના આ વોરાનું એક જ ઘર છે.

અડધા કરોડથી પણ વધુ વસતી ધરાવતા કટક જિલ્લામાં કચ્છીઓની વસતી નોંધપાત્ર છે. કટકમાં કચ્છ માંડવીના સુંદરદાસ હંસરાજ છેક સને ૧૯૦૭ની સાલમાં ચોખાના વેપાર અર્થે અહીં આવ્યા. પહેલી વર્લ્ડ વોરના કારણે એમના વેપારનો પથારો વધ્યો, તેથી એમણે રતનશી હંસરાજ, વજેરામ હિંમતરામ ધોળકિયા અને જેન્તીલાલ પ્રીતમલાલ વૈશ્ણવને પણ અહીં બોલાવી લીધા અને સંબલપુર તથા બલગીરમાં ચોખાની મિલો શરૂ કરી દીધી.

અગાઉ સંબલપુર જિલ્લામાં રહેલ અને હાલે ૧૯૯૦માં જ નવા જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવેલ બારગઢ જિલ્લાના બારગઢ ગામે ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં રહેલા કચ્છના શ્રી નરભેરામ પી. જોષી વર્ષોથી કચ્છી મોટર સર્વિસ ચલાવે છે.

રાજમહેલ કચ્છીએ બાંધ્યો છે

બલાંગીર મહારાજાના શૈલસદન પેલેસનું નિર્માણ એ ખેડોઇના હરિદાસ લાલજીના કલા અને કૌશલ્યનો ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે. તો એ ટાંકણાના કસબી હરિદાસના પુત્રો સ્વ. અમરસી હરિદાસ, કરમસી હરિદાસ અને લક્ષ્મણ હરિદાસના નામો



કરશન ભીમજી ધર્મશાળા
મહેતાબ રોડ, કટક

ફર્નિચર અને મકાન બાંધકામના ક્ષેત્રે આગળ પડતા છે. આજ પણ સરકારી કચેરીઓમાં ફર્નિચર બનાવવું હોય, સરકારી મકાનોનું બાંધકામ હોય, પૂલોનું નિર્માણ કરવાનું કામ હોય તો તેમનું નામ સૌથી આગળ હોય છે. ફૂલ ઝાડના વ્યવસાયમાં પણ ખેડોઇના કચ્છીઓ આગળ છે. તો મૂળે ખેડોઇના, પાછળથી રાવ બહાદૂરનો ઇલકાબ મેળવનારા કચ્છી ગુર્જર ક્ષત્રિય દેવરાજ ડાયાભાઇ બાંધકામના કોન્ટ્રાકટના ધંધામાં સારૂં નામ ધરાવે છે. બલાંગીર જિલ્લામાં ભુજના ઠક્કર શંકરભાઇ (શંભુલાલ પોપટના ભાઇ) સિવિલ કોર્ટના ન્યાયાધીશના પદે છે. બલાંગીરમાં બીડી પત્તા, ટીમ્બર અને બાંધકામ કોન્ટ્રાકટર તરીકે વાગડના ત્રિભોવન રામજી ઠક્કરનું નામ ઘણું જાણીતું છે.

ઓરિસ્સામાં કચ્છીઓ જેમ વ્યાપાર-ધંધાના ક્ષેત્રે આગળ વધ્યા છે, તેમ સામાજિક ક્ષેત્રે પણ અહીં ઠીક ઠીક પ્રદાન કર્યું છે. સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ માનતા કચ્છીઓ સેવાના ક્ષેત્રમાં પણ પાછા રહેલા નથી. અહીંના બાલાસોર જિલ્લામાં પૂરબાઇ અને જીવરામબાપાએ પૂજ્ય ગાંધીબાપુના આશીર્વાદથી ઓરિસ્સાના પછાત લોકોમાં જાગૃતિ લાવવા માટે આશ્રમ સ્થાપ્યો હતો. જે આજે પણ અસ્તિત્વમાં રહીને પાયાના એ કાર્યકરોના પૂણ્ય કાર્યની સાક્ષી ભરી રહ્યો છે.

ઓરિસ્સાના વિકાસમાં કચ્છી કોન્ટ્રેક્ટરોનોયે ફાળો છે

☐ ચંદ્રકાન્ત ભગવાનલાલ માંકડ

ઓરિસ્સાના જાહેરક્ષેત્રમાં કચ્છીઓનો ફાળો બિનકચ્છીઓની ગણનાએ સીમીત હતો. સૌરાષ્ટ્ર-ગુજરાતની પણ ગણીગાંઠી વ્યકિતઓ જ આ ક્ષેત્રમાં હતી, તેમાં બલાંગીરના શ્રી ત્રિભોવનદાસ ચકુભાઇ ભમ્મર, સંબલપુરના શ્રી બાબુભાઇ પટેલની સાથે આ લેખના લેખક પણ સક્રિય રહ્યા હતા અને એ કારણે અહીંના દેશી રાજ્ય અને બ્રિટીશ શાસકોની નજરે ચઢીને એમના રોષનો ભોગ બન્યા હતા.


શૈક્ષણિક રીતે અહીં આવેલા સમાજના બાળકો આગળ આવે તે માટે ઓરિસ્સાના લગભગ બધા જ જિલ્લાઓમાં ગુજરાતી સમાજે ઘણે સ્થળે શાળાઓ શરૂ કરાવી છે તેમાં કટકવાળા શેઠ સુંદરદાસ હંસરાજનો પણ આવી ગુજરાતી શાળાઓ બાંધાવવામાં નોંધનીય ફાળો રહેલો છે. તો, આ લેખના લેખક પણ આ શાળાઓના નિર્માણ કાર્યમાં બાબુભાઇ પટેલ, બાબુભાઇ દોશીની સાથમાં રહીને યથાશકિત મદદરૂપ રહ્યા છે. શ્રી દેવરાજ ડાયાભાઇએ સાંબલપુર, તેજોર તથા અંગુલમાં કચ્છીઓ માટે ધર્મશાળાઓ બંધાવી દીધી છે.

સાહિત્ય અને સાંસ્કૃતિક ભેટો

સાહિત્ય અને સંસ્કૃતિના ક્ષેત્રે કચ્છીઓ અને ગુજરાતીઓએ એકબીજા સાથે રહીને ગુજરાતના સાંસ્કૃતિક વારસાની વૃદ્ધિ કરી છે. કટક ખાતે ઉડિસ્સી નૃત્ય તાલિમ માટેની પ્રખ્યાત સંસ્થા શ્રી કલા વિકાસ કેન્દ્ર ખૂબ જ જાણીતું છે તેના સ્થાપક સ્વ. બાબુભાઇ રામજી દોશી એ કટકના કચ્છી અગ્રણી હતા. એમનાંજ સાથ વડે અનેક ઉડિયા ચિત્રોનું નિર્માણ થયું હતું. આજે વિશાળ વટ વૃક્ષ સમી એ સંસ્થા કચ્છ-ગુજરાતના લોકોની સાંસ્કૃતિક ભૂખને સંતોષી સંસ્કારનું સંવર્ધન કરી રહી છે. બલાંગીય સંબલપુર તથા કટક અને બીજા જિલ્લાઓમાં કચ્છી સમાજ દ્વારા પુસ્તકાલયનું પણ સંચાલન કરવામાં આવે છે.

ઓરિસ્સામાં કચ્છની ઘણી જ્ઞાતિના લોકોનો વસવાટ છે. તેમાં મુખ્યત્વે લોહાણા, ગુર્જર સુથાર, મેમણ, સોનીઓ, નાગર, રાજગોરો, જૈનો અને બીજી ઇતર જ્ઞાતિઓનો વસવાટ છે. આમાંના મોટાભાગના પોતાના ધંધા-પાણી નોકરીમાં લાગેલા છે. સ્થાનિક પ્રજા સાથે હળી મળી રહેવાના કારણે કચ્છીઓની આ વિસ્તારમાં છાપ ઘણી સારી રહેલી છે. ઓરિસ્સાના વિકાસમાં કચ્છના કોન્ટ્રાકટરોનું પ્રદાન નોંધનીય રહ્યું છે. કચ્છીઓએ આ ધરતીનું અન્ન એકલપેટા થઇને ખાધું નથી એનું ઋણ અદા કરવા પોતાના જીવનને હોડમાં મૂકતાં પણ એ અચકાયા નથી. અણવિકસેલા વિસ્તારો જે જંગલાચ્છાદિત હતા ત્યાં વસવાટ કરીને ઓરિસ્સાના વિકાસના કાર્યમાં સહભાગી થનારા કચ્છીઓમાં અગ્રગામી રહેલા શ્રી કુંવરજીભાઇ કરશન રાઠોડ, શ્રીઅમરશીભાઇ હરિદાસ પઢારીયા, સ્વ. શ્રી સુંદરદાસ દામોદર મુન્દ્રાઇ તથા સંબલપુરના રતનશી હંશરાજ જેવા અનેક દાતાઓ ફૂલ નહિ તો ફૂલની પાંખડી લઇને જ્યારે પણ જરૂર પડી ત્યારે સામેથી દોડીને મદદરૂપ થયા છે.

ભારતના વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના પરમમિત્ર શ્રી સામ પિત્રોડા તરીકે જાણીતા શ્રી સત્યનારાયણ પિત્રોડા પણ મૂળે કચ્છના અંજાર તાલુકાના ખેડોઇ ગામના બલાંગીર જિલ્લાના ટીટલાગઢમાં ઉછરીને મોટા થયેલા આ સત્યનારયણ પિત્રોડા અહીંથી વડોદરા થઇને અમેરિકામાં પહોંચ્યા ત્યાં વૈજ્ઞાનિક થઇને સ્થિર થયા હતા, સ્વ. રાજીવ ગાંધીની એકવીસમી સદીની ભારતની અભૂતપૂર્વ કલ્પનાને સાકાર કરવા માટે દિલ્હી આવીને ટેલિકોમ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ સર્જી બતાવનાર એ સામ પિત્રોડા માટે દેશ આખુંય ગર્વ લેતું હોય તો કચ્છીઓને તો સવિશેષ ગર્વ કેમ ન થાય !



શૈલ સદન પેલેસ : બલાંગીર ઓરિસ્સા

તહેવારો ઉમંગે ઉજવાય છે

કચ્છીઓની ખાનદાની ખસલત છે કે એ જ્યાં પણ વસ્યા છે ત્યાં 'કચ્છ' કરીને વસ્યા છે અને તેથી કચ્છમાં પરંપરાગત ઉજવાતા ધાર્મિક અને રાજકીય તહેવારો અને ઉત્સવોને તેઓ અહીં પણ એટલાજ ઉત્સાહથી ઉજવે છે. શ્રાવણ મહિનામાં આવતા સાતમ આઠમના તહેવારો, નવરાત્રિ, હોળી, સ્વાતંત્ર્ય દિન, દિવાળી વગેરની ઉજવણી ભારે ઉત્સાહ સાથે કરીને અહીં જ કચ્છ ખડું કરી દે છે. તેમના આ ઉત્સવમાં સ્થાનિક લોકો પણ એટલાજ ઉત્સવથી ભાગ લે છે.

મુંબઇના વિકાસમાં જેમ કચ્છીઓનો ફાળો છે તેમ ઓરિસ્સાના વિકાસમાં પણ કચ્છીઓ પાછળ રહ્યા છે એમ કહી શકાય તેમ નથી. ધંધા-ઉદ્યોગોમાં જેમ જેમ સ્થિર થતા ગયા અને વેપારના પથારા સાથે કમાણી વધતી ગઇ તેમતેમ પોતાની ઉન્નતિમાં ઓરિસ્સાના લોકોનો હિસ્સો છે એ વાતને એમણે કયારે પણ નજર અંદાજ નથી કરી. ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના વતનીઓ વચ્ચે ઘણી વખત ખટરાગો થયા છે, પરંતુ આજ સુધીના ઇતિહાસમાં ઓરિસ્સાના ઉડિયા લોકો અને ગુમાતી તથા કચ્છીઓ વચ્ચે કયારે પણ ઘર્ષણ થયું નથી એ ગર્વ લેવા જેવી વાત કહેવાય.

આખા ઓરિસ્સામાં કચ્છીઓની વસતી ૩૦ થી ૩૫૦૦૦ જેટલી અંદાજવામાં આવેલ છે.

કચ્છની અસ્મિતાને ઉજ્જવળ રાખતા કચ્છીઓ અહીંના સ્થાનિક લોકો સાથે હળીભળી રહેતા હોવાના કારણે ગર્વ લઇ શકાય એવી બાબત એ છે કે, સમગ્ર ઓરિસ્સા રાજ્યમાં આજ દિવસ સુધી કોઇપણ કચ્છી પર હજી સુધી પોલીસ કેસ થયો નથી; કે કોઇ ગુન્હામાં કે કયારેય સંડોવાયેલો નથી. ☐

■ ગેરવાડી વંડી, ભુજ

☐ પૂરક માહિતી / સંદર્ભ : શ્રી મંજુલાલ જ. વોરા, રે. સંબલપુર હાલે ભુજ / ગુજરાત પરિચય

ઉત્તર ભારત અને રાજસ્થાનમાં પણ કચ્છીઓની આગવી છાપ છે

કચ્છડો ખેલે ખલકમેં

☐ કવિ પટેલ દિલ્હીવાળા

ભારતના વિશાળ ભૂ-ભાગ પર ઠેઠ પશ્ચિમે આવેલ કચ્છ એની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને કારણે ભલે આજે પણ એક દુકાળીયા જિલ્લા તરીકે જાણીતું હોય પણ અતીતની તવારીખમાં 'સંસ્કાર સેતુ' બની રહેલા કચ્છમાં અનેક પ્રજાના સમૂહો વિવિધ સ્થળોએથી આવ્યા પણ અને ગયા પણ. આવેલી પ્રજાઓ પોતાના સંસ્કારો અહીં છોડતી ગઇ તો અહીંથી ગયેલી પ્રજાઓ અહીંના સંસ્કારો લેતી પણ ગઇ.

પશ્ચિમ-દક્ષિણમાં ઘૂઘવતો રત્નાકર અને ઉત્તર- પૂર્વની અફાટ સીમમાં વિસ્તરેલા રણના કારણે આ મુલકના માનવીઓના નસીબે સુખ, સગવડ અને એશઆરામ કેવળ સ્વપ્ન બનીને રહ્યા છે અને વાસ્તવિક પરિસ્થિતિએ એમને રોટલા માટે સતત સતાવ્યા કર્યું છે. અવારનવાર પડતા દુષ્કાળના કારણે ખેતીવાડી ઉપર નભવાનું કામ મુશ્કેલીભર્યું બનતાં અહીંના વતનીઓ આજીવિકા મેળવવા માટે દોરી અને લોટો લઇને નીકળ્યા અને જ્યાં ચરણ રૂકયા ત્યાં કાશી માનીને રહી ગયા.

કચ્છમાંથી આ રીતે બહાર નીકળેલા કચ્છના લોકો જ્યાં પણ ગયા ત્યાં પોતાની આગવી પ્રતિભા ઊભી કરી. ભારતનો વિશાળ ભૂ-ભાગ ટૂંકો પડયો હોય તેમ સાત સમંદર પાર કરીને વિદેશની ધરતી માથે ગયા તો ત્યાં પણ 'કૃણવન્તુ વિશ્વમાર્યમ'ની ભાવના સાથે ગયા. અને વૈદિક સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાઓ સાથે જ્યાં પણ રહ્યા ત્યાંના પ્રદેશને, ગામને, અરે પડોશીને પણ સંસ્કાર સંપન્ન કરીને સમૃદ્ધ થાય એવી ખેવના રાખી અને વતનના ભાઇ-ભાંડરૂઓનો પણ ખ્યાલ રાખ્યો. એમની મુશ્કેલીના સમયે મદદરૂપ થવા માટે હંમેશાં પહેલ કરતા રહ્યા છે.

બાર લાખની વસતી ધરાવતા કચ્છની આદિજાતિ કઇ એમ કોઇ સવાલ કરે તો કદાચ ઇતિહાસના પાને એનો જવાબ શોધવાનું મુશ્કેલ બને પણ ઉદારતા, સહાય અને માનવતા સભર વ્યવહાર સાથે ઉમદા સ્વભાવધારી જે માનવ સમૂહ વિવિધ સ્થળેથી અહીં આવીને વસી રહ્યો એજ કદાચ આ પ્રદેશની આદિ જાતિ હશે અને એટલે જ, દેશ પરદેશની ધરતી માથે જ્યાં જ્યાં કચ્છીઓ જઇ વસ્યા ત્યાં એમણે 'જીત હકડ.ો કચ્છી વસે ઉત ડીઆણી કચ્છ' ખડું કરી દીધું.

મુંબઇને મીની કચ્છ બનાવ્યું, પશ્ચિમ બંગાળમાં રેલવે બાંધવાના ઇજારા લઇને કચ્છીઓ કચ્છથી ઠેઠ કલકતા સુધી પહોંચ્યા, દક્ષિણમાં ઠેઠ રામેશ્વરમના કાંઠા સુધી જઇ ચડયા, તો ઉત્તર ભારતના વિશાળ ભૂ-ભાગને આવરી લેતા હરિયાણા, હિમાચલ, જમ્મુ-કાશ્મીર, દિલ્હી અને ઠેઠ રાજસ્થાન સુધી જઇ પહોંચેલા કચ્છીઓની સંખ્યા પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણના વિસ્તારમાં વસતા કચ્છીઓ કરતાં ભલે ઓછી હોય પણ જ્યાં પણ એમણે વસવાટ કર્યો ત્યાં ધંધાને ઉદ્યોગ બનાવવાનું કાર્ય કર્યું. આના કારણે શો-મીલો પાટીદારોનો પર્યાય બની ગઇ, નાના-મોટા ધંધાઓ દ્વારા એમણે કચ્છીયત ઊભી કરી દીધી.

રાજસ્થાનમાં કચ્છીઓની આગવી છાપ

રાજસ્થાનના જયપુર, અજમેર, કિશનગઢ, જોધપુર, પાલના, ઉદયપુર, ભીલવાળા, ડુંગરપુર અને કોટામાં પાટીદારો તરતજ પાધરા થઇ રહેશે તો બલોત્રા, ચાંદખેડી અને જોધપુરમાં સ્થિત કચ્છના ઓશવાળોએ કપડાના ધંધામાં પોતાની આગવી છાપ ઊભી કરી છે. કચ્છીઓએ એટલા વિસ્તારમાં ગુજરાતી અને કચ્છી ભાષાને ગુંજતી રાખી છે.

રાજસ્થાન સાથે તો આમેય કચ્છને પહેલેથી લેણાદેણી રહી છે. જેસલમેર તો કચ્છના ભાટિયાઓનું પિતૃક, ભટ્ટીઓનું રજવાડું ! પણ સંજોગવશાત જેસલમેર છોડનારા આ ભાટિઆઓએ અતીતની એ સ્મૃતિને આજેય આમ સાચવી રાખી છે:

ડાડે ડિનેં તરાર, છત્તરજી છાંયા વરી, અજ પણ ઇ એંધાણ ઊભા અગોણી ખાંટ સે
અસીં નસીભની આકરા, છડઇ છાંયાને ભોમ, તાંકડિએ તોર્યું વિઠા, લખોં શનિને સોમ.
ટીલા ત્રાણી ત્રે ગજા, વિટ્ઠાસીં વાડીઅ વખાર, તીર ત્રિસુર સબધા છડયા ને તાજણજા તોખાર.

આર્ય સમાજના સ્થાપક ને વેદ ઉદ્ધારક સ્વામી દયાનંદ સરસ્વતી પણ પૂર્વાશ્રમના નાતે કચ્છના ભાણેજ હતા. એમની માતા અમૃતબેન ભીમજી કચ્છ-ભુજના હતા. રાજસ્થાનના લોકો માટે સ્વામી દયાનંદજીની દેન કયારેય પણ ભૂલાશે નહિ. આ દેશના લોકોના ભલા માટે સ્વામીજીએ અંતિમ શ્વાસ પણ અજમેરની ધરતી માથે લીધા હતા.



હરદ્વારમાં કચ્છી આશ્રમના નામે પ્રખ્યાત બનેલો શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ.
તસવીર : (જીતેન્દ્ર ખત્રી)

શ્યામજી કૃષ્ણવર્મા પણ એવડું જ મોટું નામ છે. લંડનથી બેરીસ્ટર થઇને આવ્યા પછી અજમેર એજન્સીમાં વકીલાત કરી અને એમનો જાહેર જીવનમાં પ્રવેશ પણ ત્યાં જ. ત્યાંથી પછી સને ૧૮૯૨માં ઉદયપુરના મહારાજાના સલાહકાર તરીકે રહ્યા.

જી. ટી.ના નામે પ્રસિદ્ધ કોઠારાના ગોકુળદાસ તેજપાળે જેસલમેર અને નાથદ્વારામાં બંધાવેલી ધર્મશાળાઓ અને કુવાઓના કારણે એ સખી દાતા આજે પણ ત્યાં જીવંત છે

રાજસ્થાનના રાજવી કુટુંબ સાથે કચ્છ રાજ્યને રોટી-બેટી સંબંધ તો ખરો જ, અને એટલે જ, જેસલમેરને જ્યારે 'કાબેલ' દીવાનની જરૂર પડી ત્યારે કચ્છના લક્ષ્મીદાસ રવજી સંપટ ત્યાં ગયા. મૂળ માંડવીના ભાટિયા કુળના આ લક્ષ્મીદાસ ત્યારપછી જોધપુરમાં ગયા. જોધપુરના રાયકા બાગ વિસ્તારમાં આજે પણ એમના સમયના ઊજળા ઇતિહાસની યાદ આપતો એમનો બંગલો ઊભો છે. અને 'મમુભા'ના હુલામણા નામે જાણીતા એમનાં ભાઇ મોરારજી રવજી સંપટ પણ જેસલમેરના દીવાન તરીકે પૂરા ૨૨ વર્ષ સુધી સેવાઓ આપીને કચ્છનું ગૌરવ વધાર્યું હતું એ કથા આજની પેઢી માટે ભલે અતીતની બની ચૂકી હોય પણ લોકોની સલામતીનો હામી થઇને એમની સુખાકારીની ખેવના કરનાર આ 'મમુભા' ગઇ પેઢીની એક ગૌરવગાથા છે.

મુંબઇમાં જૈનો જેમ દાણાવાળામાંથી નાણાવાળા થયા તેમ ઉત્તરભારતમાં ભલે નાણાવાળા ન થયા, પણ નામ કમાઇ તો એમના નામે ચડેલી જ છે. રાજસ્થાનના સૂકા પ્રદેશમાં પણ જો રોજી મળતી હોય તો મુશ્કેલી વચ્ચે પણ અઠ્ઠે દ્વારકા કરનારા પાટીદાર સમાજના ભાઇઓ અને ઇતર કચ્છીઓએ ત્યાં લાકડાના ધંધાને વિકસાવ્યો છે પ્લાઇવુડ, સનમાઇકા, મારબલ પત્થર અને કાગળના પેકીંગના ધંધામાં પડેલા કચ્છીઓ ત્યાં સ્થાયી થઇ ગયા છે. ૫૦૦ જેટલા પાટીદારો અને ૫૦૦૦ જેટલા અન્ય કચ્છીઓએ રાજસ્થાનના એમના વસવાટ વાળા ભાગમાં કચ્છની સંસ્કૃતિને જીવંત રાખી છે. રાજસ્થાનના વિકાસમાં કચ્છીઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે.

દિલ્હીમાં પાટીદારોએ કાઠું કાઢયું છે

દિલ્હી સિવાયના તળ ઉત્તરના વિભાગમાં કચ્છીઓની સંખ્યા કદાચ ઘણી ઓછી છે, પણ દિલ્હી તો પંચરંગી પ્રજાનો અખાડો ! વિક્રમ સંવત ૧૯૭૫માં બિલ્ડીંગ કોન્ટ્રાકટરના કામે લાકડા વેરવાના કામ માટે દિલ્હીમાં પ્રવેશેલા પાટીદારોએ સમય જતાં કાઠું કાઢયું. આજે તો તેઓ આર્થિક રીતે સુખી અને સંપન્ન થઇ, લાકડાના બેન્સા, પ્લાઇવુડ, સનમાઇકા, ફર્નિચર, હાર્ડવેર ડનલોપના ગાદલા અને કુશન પીલોના ધંધાને વિકસાવ્યો છે.

સને ૧૯૬૪માં સ્થપાયેલ પટેલ તરૂણ મિત્ર મંડળ, દિલ્હી સમાજ સેવા તો કરે જ

(અનુ. પા. ૨૭૦ પર)

રેલવેના પાટે પાટે કચ્છી પહોંચ્યા કલકત્તા

☐ અરવિંદ પારેખ

કચ્છડો ખેલે ખલકમેં

ભારતની પશ્ચિમમાં એક તરફ કચ્છ અને બીજે ખૂણે પશ્ચિમ બંગાળ, ખાસ્સું લાંબુ આશરે ૨૦૦૦ થી ૨૨૦૦ માઇલનું અંતર, સરસ મજાનો પ્રદેશ, ખૂબ જ ફળદ્રુપ, કશુંય ન ઉગાડો છતાં ધરતી કંઇને કંઇ આપ્યા જ કરે. ઓછી મહેનતે સારૂં ઉગે. પ્રજા બંગાળીબાબુ - પ્રેમાળ, સાધારણ રીતે નરમ મળતાવડા સ્વભાવના, સારૂં ભણેલા, સંસ્કારી, નાટક, સંગીત, સાહિત્ય તરફ ખૂબ પ્રેમ. ભારતના મહાન સપૂતોમાં બંગાળીઓની સંખ્યા ધ્યાન ખેંચે તેટલી.

એમ કહેવાય છે આજથી લગભગ એકસો દશ વર્ષ પહેલાં જ્યારે બંગાળ-નાગપુર રેલવે લાઇન નંખાતી હતી ત્યારે આ કામનો કોન્ટ્રેકટ કચ્છીઓને મળેલો એટલે રેલવેને પાટે પાટે કચ્છીઓ કલકત્તા સુધી આવી પહોંચ્યા હતા. પછી સગાવહાલા, ભાઇબંધોને ખેંચી લાવ્યા અને અત્રે કચ્છીઓનો વસવાટ શરૂ થઇ ગયો. ધીમે ધીમે પોતાના ખંત, આવડત અને જાતમહેનતથી જુદી જુદા વ્યવસાયમાં દાખલ થતા ગયા અને અગ્રણીઓ પણ બની બેઠા. ધંધામાં ચોખા, કરિયાણા, ઇમારતી લાકડું, તેલ, કોલસા, બારદાન, ચા, રૂ, બાંધકામ ક્ષેત્રોમાં ખૂબ આગળ વધ્યા, મળતાવડો સ્વભાવ, ઇમાનદારીથી અંગ્રેજ વ્યાપારી પેઢીઓમાં પગપેસારો કરી શકયા અને તેમની ચાહના પ્રાપ્ત કરી ધંધો વિકસાવ્યો.

૧૨૦૦ પરિવારો કલકત્તામાં છે

મુખ્યત્ત્વે શરૂઆતમાં આવેલા કચ્છીઓ કલકત્તામાં જ સ્થિર થયા હતા. અત્યારે આસપાસના પશ્ચિમ બંગાળમાં અન્ય જગ્યાએ જૂજ કચ્છીઓ હશે. કલકત્તામાં આશરે ૧૨૦૦ કચ્છી પરિવારો વસવાટ કરે છે અને મોટાભાગના કુટુંબો સુખી છે તેવું નિઃસંકોચ કહી શકાય. આ પરિવારોમાં લોહાણા, ભાટીયા, પાટીદાર, જૈનો, બ્રાહ્મણ, ખોજા, મેમણ, બ્રહ્મક્ષત્રિય, નાગર, ગુર્જરક્ષત્રિય વગેરે છે તેમજ અન્ય નાની પેટા જ્ઞાતિઓ પણ છે. કલકત્તાના સમસ્ત કચ્છીઓ હજી એક છત્ર નીચે સંપૂર્ણ ભેગા થયા નથી. જૈનોએ શ્રી કચ્છી જૈન સંઘની સ્થાપના કરી છે. એક સારૂં મજાનું કચ્છી જૈન ભવન ઊભું કર્યું છે અને વ્યવસ્થિત પ્રવૃત્તિઓ કરે છે, છેલ્લા છ વર્ષોથી શ્રી કલકત્તા કચ્છી સમાજની સ્થાપના કરવામાં આવી છે. બધા જ કચ્છીઓને આ નેજા હેઠળ એકત્ર કરવાના પ્રયત્નો ચાલે છે.

શ્રી કચ્છી જૈન સંઘની સ્થાપના ૧૯૪૯માં થઇ ૧૯૫૯માં ઇઝરા સ્ટ્રીટમાં એક મકાન ખરીદ કર્યું અને તેનું નવનિર્માણ ૧૯૮૨માં કર્યું. આ ભવન બધી કચ્છી પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન બન્યું છે. નાની ખાખર ગામના ઉદારદિલ સ્વ. શેઠ શ્રી ચુનીલાલ પ્રેમજીભાઇ શ્રી કચ્છી જૈન સંઘના સ્તંભ હતા. તેમની નિષ્ઠા, ખંત અને સેવા અનન્ય હતા. દિર્ઘદ્રષ્ટિ અને કાર્યની ચીવટ ખૂબ જ. આ સંસ્થાના પાયામાં કાર્ય કરનાર સજ્જનોમાં સર્વશ્રી ડોસાભાઇ લાલચંદ, નેણશીભાઇ કુંવરજી, કલ્યાણજીભાઇ ગોવિંદજી, પદમશીભાઇ નાગશી, પૂંજાભાઇ દેવજી, જીવરાજભાઇ લાલજી વગેરે મહાનુભાવો હતા. આજે શ્રી કુંવરજીભાઇ નાથાભાઇ શાહ સંસ્થાનું કુશળ સંચાલન નિષ્ઠાપૂર્વક કરે છે. ખૂબ જ જ્ઞાની, વિદ્વાન ઉપરાંત સંસ્થાના વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે. કલંકત્તાના કચ્છીઓ વિશે જેટલું તેઓ જાણતા હશે તેટલી માહિતી કદાચ અન્ય કોઇ વ્યકિત પાસે નહીં હોય, વાતો કરવા બેસે એટલે જાણે બધું જ નજર સમક્ષ હોય તેમ ભૂતકાળના સ્મરણ પોપડા ઊખેડાતા જાય અને એક પછી એક વાત કડીબદ્ધ કહેતા જાય: શ્રી કુંવરજી કહે : ''વિ.સં. ૧૯૭૪ના હિસાબનું પાનું જોતાં આજથી ૭૫ વર્ષ અગાઉ કલકત્તામાં સંઘ થયો અને શેઠીયાઓએ ફાળો લખાવેલો. તે જમાનામાં થોડીક વ્યકિતઓએ મળી રૂા. ૫૨૮૨૪/-નો ફાળો કર્યો હતો.'' બીજી એક નોંધ શ્રી કુંવરજીભાઇ તરફથી મળી - વિ.સં. ૧૯૬૩ની સાલમાં શેઠ નથુભાઇ રતનશા કચ્છ-મંજલ રેલડીવાળા તરફથી વાસણો ભેટ મળ્યા તેની યાદી.




સમેત શિખરજીમાં કલકત્તાનાં જૈનોએ અદ્યતન ધર્મશાળા, અતિથિગૃહ અને શિખરબંધ દેરાસર બંધાવ્યું છે જે યાત્રાળુઓ માટે આશીર્વાદરૂપ છે.

કલકત્તામાં લોહાણા મહાજન ઘણાં વર્ષોથી કાર્ય કરતું રહ્યું છે, પણ છેલ્લા ૪૦-૪૨ વર્ષોથી તેમની પ્રવૃત્તિઓ ખૂબ વ્યવસ્થિત રીતે થાય છે. મહાજનશ્રીની સ્થાપના અને વિશાળ મહાજન-વાડીના નિર્માણમાં કચ્છી લોહાણાઓનું પ્રદાન બહુ મહત્ત્વનું રહ્યું છે. સર્વશ્રી ખટાઉભાઇ માવજી શેઠીઆ, શિવજી ધરમશી શેઠીઆ, દયાળજી ભગવાનજી બારૂ, કાનજી મુલજી સિક્કા, નરસી પરસોત્તમ, લખમશી હીરજી વીમાવાળા, જમનાદાસ ઠક્કર તેમાં અગ્રણીઓ હતા.

કલકત્તામાં ૧૦૦ વર્ષોથી વધુ વસવાટ કરનાર કુટુંબોમાં શ્રી જેઠાભાઇ અને જેરામભાઇ ભૂલચંદ મુખ્ય હતા. ૧૯૨૫-૨૬ની સાલમાં યાત્રાળુઓ માટે અમરતલ્લા સ્ટ્રીટમાં તેમણે ધર્મશાળા બંધાવી હતી. આ જ પરિવારના સ્વ. તપસ્વિની બેન શ્રી પુરબાઇએ ઓરિસ્સાના સોરો ગામમાં આશ્રમ બનાવી સેવાની અખંડ જ્યોત જલાવી છે, શણ-જ્યુટ ઉદ્યોગમાં કલકત્તામાં મોટું નામ ધરાવનાર શેઠ શ્રી ગોરધનદાસ જેરામભાઇ આજે પણ એટલા જ કાર્યશીલ છે.

કચ્છી ભાટિયાઓ પણ આશરે ૧૦૦ વર્ષો અગાઉથી વસેલા છે. કચ્છથી કલકત્તા આવ્યા બાદ ભાટિયાઓએ કચ્છ સાથેનો સંપર્ક આસ્તે આસ્તે ઓછો કર્યો પણ ખીમજી હંસરાજ જેવા પરિવારોએ એ સંપર્ક અકબંધ જાળવી રાખ્યો છે. વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે ભાટિયાઓનો વિકાસ વેગવંતો રહ્યો છે. અત્રે વસતા ભાટિયા કુટુંબોમાં પરંપરાગત રૂઢિવાદ તથા અત્યારનો આધુનિક જીવનક્રમ જોવા મળે છે. મેસર્સ તુલસીદાસ જીવરાજ, મુલજીભાઇ શ્રોફ વગેરે પેઢીઓએ શણ વ્યાપાર તથા નિકાસની દિશામાં ખૂબ નામના મેળવી છે. ભાટિયા જ્ઞાતિમાં ચાંદુ હીરજીએ બિલિયર્ડસમાં અને બેન રીટા સરૈયાએ ટેનિસમાં આંતરરાષ્ટ્રીય નામના મેળવી છે. સ્વ. મનુભાઇ ભીમાણી નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજ સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા અને તેમના પુત્ર શ્રી કિશોરભાઇ ભીમાણીને રમતગમત ક્ષેત્રના પત્રકાર-કોમેન્ટેટર તરીકે સહુ ખુબ સારી રીતે જાણે છે. તેવીજ રીતે શ્રી સુધીર ભીમાણી ક્રિકેટના સારા કોમેન્ટેટરમાંના

છેક ૧૯૨૬માં કચ્છી મેમણ શેઠ અબ્દુલ્લે ૧૫ લાખ રૂપિયા ખર્ચીને આ ઐતિહાસિક ઇમારત નામે નાખોદા મસ્જિદ બંધાવી હતી.



એક છે અને મહાભારતમાના 'સમય'ના અવાજ માટે જાણીતા હરીશ ભીમાણી પણ આજ પરિવારના છે.

જ્ઞાતિની સેવા કરવા ૧૯૩૬માં ઊભા થયેલા કચ્છી માંડલિયા મિત્ર મંડળના આશરે ૪૦ કુટુંબો કલકત્તામાં વસે છે અને કાર્યશીલ છે.

રેલવે લાઈન નિર્માણમાં કચ્છી ગુર્જર ક્ષત્રિયો

શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સમાજ પણ સારૂં કાર્ય કરી રહ્યું છે.દક્ષિણેશ્વરને બેલુર સાથે જોડતો ઐતિહાસિક બાલીબ્રિજ જેને આજે વિવેકાનંદ સેતુ તરીકે સહુ ઓળખે છે તેનું નિર્માણ સ્વ. જગમલ રાજાએ કર્યું હતું. રેલવે લાઈનના નિર્માણકાર્ય સાથે કચ્છી ગુર્જર ક્ષત્રિયો કલકત્તા-પૂર્વાચંલમાં આવ્યા અને પવિત્ર ગંગા નદી પર ઊભેલા બાલીબ્રિજ તેમનાં ગુણગાન ગાય તેટલા ઓછા છે. અખિલ ભારત ગુર્જર ક્ષત્રિય મહાસભાના પ્રમુખ અત્રેના જ શ્રી વલમજીભાઈ પરમાર છે.

ઈમારતી લાકડા અને સો-મિલનો બહોળો વેપાર કચ્છી કડવા પાટીદાર સમાજનાં હાથમાં જ છે. જાણે તેમની મોનોપોલી. આ પરિવારમાંથી એક બે વ્યકિત તો દર વર્ષે જરૂર પોતાનાં વતનની મુલાકાત લેવાનાં જ અને લગ્ન જેવા મંગળ પ્રસંગો તો વતનમાં જ ઉજવવાનો ખાસ આગ્રહ રાખે છે. આ રીતે તેમનો વતન સાથેનો સંપર્ક સતત જળવાય છે અને તે બાબતનો તેમનો ઉત્સાહ અનેરો છે.

કડવા પાટીદાર સમાજને ખેતી પ્રત્યે પણ ખૂબ આકર્ષણ છે અને તેથી ખેતીમાં સારા પ્રમાણમાં મૂડી-રોકાણ કરે છે. કલકત્તામાં પેટેલ સમાજવાડી તરીકે પોતાનું સ્વતંત્ર મકાન ૭, ગુપ્તુ લેન, કલકત્તા-૬ ખાતે ધરાવે છે. સમાજનાં મકાનનો વિચાર સંવત ૨૦૧૫માં ઉદ્દભવ્યો અને સંવત ૨૦૩૬માં સંસ્થાએ પોતાનું મકાન બનાવી જ્ઞાતિની સેવામાં અર્પણ કર્યું.

કલકત્તામાં ઓઝા પરિવાર ખૂબ જાણીતો છે. કચ્છી બ્રહ્મસમાજના સ્વ. અમૃતલાલ ઓઝા તેનાં અગ્રણી હતા. તેઓ ત્રીસીના ગાળામાં ફીક્કીના પ્રમુખ હતા અને ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનીઝેશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. શ્રી રસિકલાલ વોરા આજે પણ શ્રી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટ્રસ્ટ દ્વારા આરોગ્ય-શિક્ષણ-ધર્મ ક્ષેત્રે મોટી સખાવતો કરી રહ્યા છે.

એકમાત્ર કચ્છી શેરીફ ખાનબહાદુર ડોસાણી

શરૂઆતના વર્ષોમાં કચ્છી ખોજા અને કચ્છી મેમણભાઈનું ગુજરાતી સમાજમાં મોટું પ્રદાન રહ્યું. ડોસાણી, ગાંગજી અને હાશમ પ્રેમજી પરિવારો અગ્રણી ગણાય છે. ખાનબહાદુર ગુલામ હુસેન ડોસાણીને સરકારે કલકત્તાના શેરીફ નીમ્યા હતા. તેઓ એકમાત્ર કચ્છી શેરીફનું માન ધરાવે છે. શેઠ ફૈઝુલા ગાંગજી ઈન્ડિઅન ચેમ્બર ઓફ કોમર્સનાં અધ્યક્ષપદે બિરાજ્યા હતા.

આજે કચ્છી મેમણોની વસતી કલકત્તામાં બહુ ઓછી છે. તેમનો ભૂતકાળ બહુ ઉજ્જવળ છે. શેઠ અબ્દુલ રહિમ ઉસ્માને ૧૯૨૬માં કલકત્તાનાં ઝકરિયા સ્ટ્રીટમાં આવેલી મોટી નાખોદા મસ્જિદ બનાવી જેનો ખર્ચ તે દિવસોમાં રૂા. ૧૫ લાખ થયો હતો. આગ્રા પાસે સિકંદરામાં આવેલા અકબરના મકબરાને મળતી આ ભવ્ય ઈમારત આજે અડીખમ ઊભી છે. કચ્છી મેમણ જમાતના સભ્યો દ્વારા નીમાયેલા ટ્રસ્ટ દ્વારા આ મસ્જિદનું સંચાલન આજે થાય છે.

કલકત્તાનો કચ્છી સમાજ પોતાનું જુદું અસ્તિત્ત્વ ધરાવે છે. છતાં અત્રેના ગુજરાતી સમાજનું અવિભાજ્ય અંગ બની રહ્યુ છે. આજે એવા અનેક નામો ગણાવી શકાય જેઓ કલકત્તાની શોભારૂપ છે. શ્રી દિનેશભાઈ ત્રિવેદી રાજ્યસભાના સભ્ય છે અને પ્રજાની અવિરત સેવા કરે છે, શ્રી કુંવરજી નાથાભાઈ શાહ કચ્છી જૈન સંઘ, કલકત્તા કચ્છી સમાજનાં નેતા ગણાવી શકાય, મેસર્સ સ્ટુઅર્ટ એન્ડ કંપનીનાં શ્રી સેવંતીભાઈ અનોપચંદ શાહ શેરબજારનાં મોટા વેપારી છતાં તદ્દન નિખાલસ, સેવાભાવી દાનવીર છે, ડો. ચંદ્રકાન્ત ઠક્કર CKM ઠક્કર તરીકે અનેક હોસ્પિટલો સાથે સંકળાયેલા છે અને આરોગ્યક્ષેત્રે મોટું પ્રદાન કરે છે. કલકત્તાની અગત્યની શિક્ષણ સંસ્થા રાણી બિરલા મહિલા કોલેજના હેડમિસ્ટ્રેસ તરીકે સિક્કા પરિવારનાં બહેન કાર્ય કરે છે. શ્રી પ્રેમચંદ મોતાએ શીઘ્ર કવિ તરીકે વિશ્વમાં નામના પ્રાપ્ત કરી છે.

કલકત્તાનાં કચ્છીઓએ કલકત્તામાં ઘણાં બધા ક્ષેત્રમાં યોગ્ય સેવાઓ આપી નામના પ્રાપ્ત કરી છે. સાથે જૈનોનાં અગત્યનાં સ્થળ શ્રી સમેતશિખરજીમાં અદ્યતન ધર્મશાળા, અતિથિગૃહ બનાવ્યું છે અને ત્યાં ભવ્ય શિખરબંધ દેરાસર બનાવ્યું છે. કચ્છથી કે કલકત્તાથી દેશભરમાંથી શ્રી સમેતશિખરજી ખાતે જૈનો યાત્રા કરવા જાય છે તેમને માટે આ કચ્છી જૈન ભવન આશીર્વાદરૂપ બની ગયું છે. □

■ ૬૪, ચક્રેબેરે રોડ નોર્થ કલકત્તા, ૭૦૦૦૨૦

ઉત્તર ભારત અને રાજસ્થાનમાં પણ કચ્છીઓની આગવી છાપ

(પાના ૨૬૮નું સંધાન)

છે, પણ પરંપરાગત ઉજવાતા તહેવારોના પ્રસંગે વિશેષ કાર્યક્રમોના આયોજન દ્વારા સાંસ્કૃતિક ચેતનાને પણ જાગતી રાખે છે. રાષ્ટ્રીય તહેવારો લોકો આદર સાથે ઉજવતા થયા છે એમાં એ વિસ્તાર પૂરતો આ મંડળનો ફાળો પણ છે જ.

દિલ્હીમાં વસેલા કડવા પાટીદારો મુખ્યત્વે ખોંભડી, રસલીઆ અને કાદીઆ મોટાના મોટી સંખ્યામાં છે. સાથે સાથે અંગીઆ નાના, વિરાણી મોટી, નેત્રા, રેવાપર, લક્ષ્મીપર, ઘડાણી, કોટડા તથા ઉગેડી ગામના પાટીદારો પણ ઠીક ઠીક સંખ્યામાં ત્યાં જઈ વસ્યાં છે. આ બધા પાટીદારોનું દિલ્હીમાં નમુનારૂપ સંગઠન છે. દિલ્હીમાં ગુજરાતના બીજા બારડોલી સમું નખત્રાણા એ લોકોએ ઊભું કર્યું છે. કમ્પા નહિ, પણ એમના મહોલ્લામાં પ્રવેશીએ એટલે જાણે નખત્રાણાની ગામડાઓની શેરીઓમાં ભમતા હોઈએ એવો ભાસ થાય. લાકડીના ટેકે, નાક પર લળી પડતા જાડા કાચના ચશ્મા પહેરીને અડધા -પડધા આછા કપડા પહેરીને લક્ષ્મીનારાયણ કે સ્વામીનારાયણ કે ઉમિયા માતાના દર્શન કરવા નીકળેલા એ વૃદ્ધોને જોઈને મીની નખત્રાણાનો આભાસ થાય ! વાતચીતની ભાષા અને પહેરવેશથી કચ્છનું પાણી તરત પાધરૂં !

સંવત ૧૯૮૪ એટલે તા. ૩૧-૮-૧૯૨૭માં દિલ્હીના પાટીદારોએ ત્યાં સમાજની વિધિવત સ્થાપના કરી. આજે સાધન સંપન્ન ગણાતા કચ્છના આ કડવા પાટીદાર સમાજે આજુબાજુના વિસ્તારને જાણે પોતાનામાં ભેળવી દીધા છે ! તહેવારોના ઉજવણીના પ્રસંગે એ પડોશીઓ પણ ભાગીદાર બને. નવરાત્રિની રંગત આમેય ગુજરાતની તો ઓરજ હોય છે. તેમાંય આ પાટીદારોએ રાસ-દાંડીઆ દ્વારા એમાં રંગભરી મોજ આણીને સૌના મન મોહી લીધાં છે. બાપદાદાના વારાના કેડીયાને ચોણા અને માથે પાઘડી ઘાલીને દાંડીએ રમવા માંડે એ દ્રશ્યની રોનક વળી ઓરજ લાગે. જ્યાં વસવાટ કર્યો છે ત્યાંની સુખાકારીમાં સહયોગ આપ્યો જ છે, પણ વતનમાં ભાઈઓ અને સેવાભાવી સંસ્થાઓ તરફ રાખેલું કુણું વલણ અને આર્થિક મદદે અહીંની સંસ્થાઓમાં પ્રાણ પૂરવાનું કામ કર્યું છે. નખત્રાણા કડવા પાટીદાર બોર્ડિંગના વિદ્યાર્થીઓને ટાણે પ્રસંગે મિઠાઈનું ભોજન મળી રહે એ માટેની શરૂઆત દિલ્હીના આ પાટીદારોએ કરાવી છે.

હરિદ્વારમાં લાલ રામેશ્વર આશ્રમ

ઉત્તર ભારતની યાત્રાએ આવતા જતા પાટીદારો માટે હરિદ્વારમાં તો સાત સરોવર મધ્યે આવેલ લાલ રામેશ્વર આશ્રમની સુવિધા છે, પણ હરદ્વારમાં આવતાં-જતાં દિલ્હીમાં રોકાવાનો પ્રશ્ન પાટીદાર સમાજને મૂંઝવતો નથી, પાટીદારોની દિલ્હીમાંની સમાજવાડી આવા પ્રસંગે ઉપલબ્ધ થઈ રહે છે. વળી હરિદ્વારના લાલ રામેશ્વર આશ્રમમાં પણ પાટીદારોનો ફાળો રહ્યો છે. આ આશ્રમના હાલે પણ પ્રમુખ તરીકે રસલિઆના પટેલ વેલજી દેવશી છે. વહીવટકર્તાઓની આત્મીયતા અને માયાળુ સ્વભાવના કારણે કચ્છીઓ બીજે જવાનું ભાગ્યે જ પસંદ કરે છે.

દિલ્હીમાં કડવા પાટીદારોનું સંગઠન છે. તેઓના સમાજની રચના પણ બંધારણીય રીતે થાય છે. પાટીદારો ઉપરાંત દિલ્હી અને આજુબાજુ અન્ય કચ્છીઓનો પણ વસવાટ છે. આ છૂટાછવાયા ભાઈઓએ વ્યવસ્થિત મંડળની સ્થાપના ભલે કરી નથી પણ કચ્છીઓની -તેઓ જ્યાં વસે છે ત્યાં નામના રહી છે. કમલકાંત ભટ્ટની નવી દિલ્હીની કારકિર્દી કચ્છીઓ માટે ગૌરવપ્રદ છે. મોરારજીભાઈ વડાપ્રધાન હતા ત્યારે તેમનાં અંગત મદદનીશ તરીકે શ્રી કમલકાંત ભટ્ટ હતા. બાહોશ અને વિચક્ષણ પત્રકાર તરીકે જાણીતા શ્રી કમલકાંત ભટ્ટ ત્યાં બેઠે બેઠે કચ્છને ઉપયોગી થવા સદાય તત્પર રહ્યા છે.

કચ્છના નિવૃત્ત ન્યાયાધીશ ઠાકરશીભાઈ કંસારાના સુપુત્ર હંસરાજ કંસારાની પણ સારી એવી જમાવટ છે.

પણ આવા નોકરીઆતોની સંખ્યા સોથી સવાસો જેટલીજ છે. જે પાટીદારોની ૬૦૦ની સંખ્યા કરતાં ભલે ઘણી ઓછી છે તો પણ પ્રસંગોપાત યોજાતા મેડાવળાઓ પ્રસંગે બધાજ કચ્છીઓ જ્યારે એકત્ર થાય છે ત્યારે 'ઉત ડીઆંણી કચ્છ' જોવાં મળે છે. કચ્છથી દૂર જઈ વસેલા આ બધા જ કચ્છીઓએ કચ્છ સાથેના સંબંધો જોડી રાખ્યા છે. નાના બાળકોના બાલ મુવાળાનો પ્રસંગ હોય કે છેડાછોડી છોડવાનો પ્રસંગ હોય કે ટાણા પ્રસંગે માતાજીના જુવાર કરવાનાં હોય ત્યારે એમની ધાર્મિક માન્યતાઓ દેશમાં પૂરી થાય છે. વૈદિક સંસ્કૃતિ આજે આટ આટલા વિદેશી આક્રમણો પછી પણ જીવંત રહી છે તો તે આવા બહાર જઈ વસેલા ભાઈઓ થકી.

ઉત્તર ભારતની વિશાળ વસતીની ગણનાએ કચ્છીઓની વસતી સાવ નગણ્ય લાગે પણ કચ્છીઓએ ત્યાં રહીને જે પ્રભાવ અને પ્રતિભા ઊભાં કર્યા છે તેને કારણે ઉત્તર ભારતમાં 'કચ્છ'ની પણ એક આગવી અસ્મિતા બંધાણી છે ! □

■ ભગવાન શો મિલ્સ, પટેલ એન્ડ કંપની, ડી.વી. ગુપ્તા રોડ, પહરગંજ, નવી દિલ્હી-૧૧૦૦૫૫

મધ્યપ્રદેશમાં કચ્છીઓ અનેક ક્ષેત્રે માહિર

કચ્છડો ખેલે ખલકમેં

□ લક્ષ્મીકાન્ત કે. પટેલ

સવા પાંચ કરોડની વસ્તી અને સાડા ચાર લાખ ચો. કિ. મી.ના વિસ્તારમાં પથરાયેલા અને રાજ્યોમાં સૌથી મોટા એવા મધ્યપ્રદેશના કોઇપણ બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશને ઉતરીને કોઇપણ ઓટો રિક્ષા, સાયકલ રિક્ષા કે ઘોડાગાડીવાળાને શો-મિલ કે લાકડાપીઠમાં લઇ જવાનું કહો તો એ તમને જ્યાં પહોંચાડશે એ સ્થળ નિશ્ચિત રીતે કચ્છી પાટીદારનું જ હશે. કચ્છીઓની આવી આગવી છાપ માત્ર મધ્યપ્રદેશમાં જ નહિ, સંપૂર્ણ ભારતમાં છે. શો-મિલ કે લાકડાપીઠ હોય તો તે કચ્છના પાટીદારની જ હોય ! આવી જ આગવી છાપ કેટલાક વ્યવસાયની બાબતમાં ગુર્જર કે ઓશવાળ જૈનોએ, ગુર્જર ક્ષત્રિયોએ, ઠક્કર-લોહાણા, ભાનુશાલીઓ અને ભાટિયાઓએ ઊભી કરી છે. દાણાપીઠ કે કપાસનો વેપાર હોય કે તૈયાર કપડાનો ધંધો હોય તો એમાં કચ્છના વાણિયાઓ અને લોહાણાઓ જ હોય, નાના મોટા બાંધકામો હોય, રેલવેના પૂલો હોય, સડકો હોય તો ગુર્જર ક્ષત્રિયો જોવા મળે, અને બારદાનના ધંધામાં ભાનુશાલીઓનો ઇજારો હોય તેમ ભાનુશાલીઓ હોય.

૧૮૯૦માં રાયપુર ખાતે આગમન

નર્મદા અને તાપ્તીની ખીણોને છોડતાં મધ્યપ્રદેશની સપાટ જમીનના વિશાળ મેદાન માથે વિસ્તરેલા ભૂપૃષ્ઠ પરથી વિપુલ જળરાશિ સાથે વહેતી લોકમાતા ચંબલ, બેતવ, સિંધ, નર્મદા, તાપ્તી, મહાનદી અને ઇંદ્રાવતીના કારણે ખેતી આધારિત અર્થ વ્યવસ્થાવાળું મધ્યપ્રદેશ હવે તો ઔદ્યોગિક ક્રાંતિના કારણે ઉદ્યોગોથી ધમધમતું થયું છે. વળી સમૃદ્ધ કલાવારસો ધરાવતા ખજૂરાહો, ઉજ્જૈનનો ઐતિહાસિક મહેલ, સાંચીનો પ્રાચીન બૌદ્ધ સ્મારક અને ગ્વાલિયરના સુંદર કિલ્લા જેવા પર્યટક સ્થળોના કારણે યાત્રીઓથી ઉભરાતા આ મધ્યપ્રદેશમાં રોટલો અને ઓટલો મેળવવા બહુ મુશ્કેલ નહોતા એ દિવસોમાં કચ્છમાંથી આજથી ૧૦૫ વર્ષ પૂર્વે સને ૧૮૯૦ની સાલમાં અંજાર-કચ્છના વોરા સોમચંદ ધારસીએ છતીસગઢના રાયપુર ગામમાં પગ મૂકયો.

સને ૧૯૦૦ની સાલે પડેલા છપ્પનીઆ દુકાળે તો કચ્છમાંથી ઘણા કચ્છીઓને હિજરત કરાવી. પહેરેલ કપડે નીકળેલા ઘણા લોકો માટે એમનું પ્રયાણ નસીબવંતું બન્યું. 'ચરણ રૂક્યા ત્યાં કાશી' કરીને વસવાટ કરતા થયેલા કચ્છીઓએ પાંચ-પંદર કુટુંબના સથવારે ત્યાં પણ કચ્છ ઊભું કરી દીધું.

અંજારના વોરા સોમચંદ ધારસીના વડવાઓ કોક વખતે યાત્રા કરવાને નીકળ્યા હશે ત્યારે આ મધ્યપ્રદેશમાં પણ ગયા હશે. એ યાત્રાની વાતો આ પરિવારમાં સચવાઇ રહી હતી અને એ વાતોની મૂડી માથે ખેડેલું સાહસ એમને ફળ્યું. સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય એવી કહેતીને વાણિયાના દીકરાએ ખોટી ઠરાવી. સાવ નાનકડી હાટડી માંડીને ધંધાની કરેલી શરૂઆત સોમચંદ વોરાને શુકનવંતી નીવડી. પછી પાંચ વર્ષમાં તો એનાં ભાગ્ય પલટાઇ ગયા. રાયપુરની ધાનમંડીમાં વોરા સોમચંદનું નામ કેવળ મોટું નહિ, મહિમાવંતું બની ગયું. ધંધાનો પથારો જેમ જેમ વધતો ગયો તેમ તેમ દેશમાંથી ઓળખીતા-પારખીતા આવતા થયા. આવી જ રીતે અબડાસા તાલુકાના જખૌ ગામેથી આવેલા શિયાળ પરિવારના આસરિયા પરબતે પણ જમાવટ કરી હતી. આ બન્ને જણાએ મળીને ધમતરીની ધાનમંડીમાં ભાગીદારીમાં મોટી પેઢી નાખી. કચ્છમાંથી આવનાર હરેક માટે માવતર બની બેઠેલા આ બેય પરિવારો આશીર્વાદરૂપ બની ગયા.

પ્રદેશના વિકાસમાં મહત્ત્વનો ફાળો

આમેય કચ્છીઓ એનાં દેશની ભૌગોલિક પરિસ્થિતિના કારણે મુશ્કેલીઓ વેઠતાં વેઠતાં સાહસવીર બન્યા હતા અને દુનિયા એમને ટૂંકી પડતી હતી. સાત સમંદર પાર પહોંચીને ત્યાં પણ કચ્છ ઊભું કરનારા કચ્છીઓએ મુંબઇને જેમ બેઠું કર્યું તેમ મધ્યપ્રદેશને પણ બીજું મુંબઇ બનાવવામાં મોટો ફાળો આપ્યો છે.

ઈંદોર એટલે મધ્યપ્રદેશનું મોટું શહેર. આજે તો આ ઈંદોર પણ મીની-મુંબઇ ગણાય છે, પણ એ દિવસોમાં હજી એ આજના જેટલું વિકસ્યું નહોતું ત્યારે પણ કચ્છીઓએ રાયપુર, જબલપુર, સાગર, ભિલાઇ અને ઈંદોરમાં પોતાના સંગઠનને જાળવી રાખ્યું હતું.

આમેય કચ્છના રાજકુટુંબ અને મધ્યપ્રદેશને કૌટુંબિક સંબંધ પણ ખરો. મહારાવશ્રી વિજયરાજજીના કુંવરી પ્રવિણકુમારી રેવા મહારાજા સાથે પરણેલા અને જોરાવરસિંહજીના પુત્ર ધનશ્યામસિંહના લગ્ન મધ્યપ્રદેશના બિરવાલના રાઠોડ પૃથ્વીરાજજીના પુત્રી શોભાકુમારી સાથે થયેલા અને બડવાની રિયાસતના આજે ભૂતપૂર્વ બની ચૂકેલા રાણા દેવીસિંહજી પણ કચ્છના મહારાજ કુમાર શ્રી ગોડજીના જમાઇ.

ઈંદોરની પંચરંગી વસતી વચ્ચે કચ્છનો પાટીદાર કે ઓશવાળ વાણિયો ઓળખાઇ જાય. અનાજની નાની મોટી દુકાનોમાં કયાંક કચ્છી ભાષામાં થતી વાતચીત તરત જ ધ્યાન દોરે ને ત્યારે જ ખ્યાલ આવે કે ઈંદોરમાં તો ઘણા કચ્છી પરિવારો વસે છે ! મધ્યપ્રદેશમાં કચ્છીઓની મુખ્યવસતી ઈંદોરમાં છે. તે પછીનાં ક્રમે રાયપુર, જબલપુર અને સાગર આવે. પાટીદારોની વસતી કચ્છની અન્ય જ્ઞાતિઓ કરતાં વિશેષ છે.

મહારાણી જ્યારે કચ્છીમાં વાત કરે

આજથી અડધી સદી પહેલાં ભુજની ઓલ્ફ્રેડ હાઇસ્કૂલમાં સંસ્કૃત, સંગીત અને સ્કાઉટીંગના પાઠ ભણાવતા માસ્તર અમૃતલાલ ધોળકિયા નિવૃત્ત થઇને મધ્યપ્રદેશ પહોંચ્યા રેવા મહારાણીના કારભારી તરીકે. નર્મદાને કાંઠે વસેલી બડવાની રિયાસતના -આજે ભૂતપૂર્વ બની ચૂકેલા રાણા દેવીસિંહજી બડવાનીના રાણી દિલહરકુંવરબા કચ્છના છેલ્લા મહારાવશ્રી મદનસિંહજીના કાકાઇ બહેન. ઈંદોરમાં આવેલ એમનું બડવાની હાઉસ આજેય પ્રખ્યાત છે. એ બડવાની હાઉસ કચ્છીઓ માટે જાણીતું સ્થળ છે. ત્યાં કચ્છીમાં વાતચીત સાંભળવા મળે. ખુદ મહારાણી દિલહરકુંવરબા કચ્છીઓ સાથે કચ્છીમાં વાત કરે ત્યારે રોમાંચ અને ગર્વ થાય કે કચ્છી ભાષા અહીં પણ કેવી ભવ્યતાથી જીવી રહી છે.

પોણી સદીના આરે પહોંચેલા મહારાણીનું ઈંદોરના ગુજરાતી સમાજમાં મોટું નામ છે. ગુજરાતીઓની પ્રથમ સહકારી સંસ્થા ગુજરાત મરકેન્ટાઇલ ક્રેડિટ કો. ઓ. સોસાયટીના તેઓ સ્થાપક ઉપાધ્યક્ષ છે. આજે ૨૫ કરોડની મૂડી ધરાવતી આ માતબર સંસ્થાના આદ્ય સ્થાપકોમાં આ મહારાણી અને નખત્રાણાના પટેલ રામજીભાઇ કરસનજી રામાણી છે.

ઈંદોરમાં અડધી સદી પહેલાં આવીને સ્થાયી થયેલા રામજીબાપા વ્યવસાયે સરકારી કોન્ટ્રાકટર છે, પણ સામાજીક ક્ષેત્રે એમનું નામ મોટું છે. કચ્છ કડવા પાટીદાર સમાજના એ સ્થાપક અધ્યક્ષ છે અને સને ૧૯૫૬થી લાગલગાટ ૩૯ વર્ષથી નિર્વિરોધ અધ્યક્ષપદે ચૂંટાતા આવે છે. કોઇપણ સંસ્થામાં ચાર દાયકા સુધી લગાતાર નિર્વિરોધ ચૂંટાતા રહેવું એ એમની સમાજ સેવાની પારાશીશી છે. ઈંદોરમાં સમાજ માટે બ-બે સુવિધાયુક્ત સમાજવાડીઓનું નિર્માણ કરનારા આ રામજીબાપા, ગુજરાતી સમાજ ઈંદોરના પણ આજીવન ટ્રસ્ટી છે. કચ્છી આશ્રમ હરદ્વારના, કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતા મંદિર-ઉમિયાધામના તથા અન્નપૂર્ણ આશ્રમના પણ તેઓ ટ્રસ્ટી છે.

શો-મિલ ક્ષેત્રે પાટીદારોનો ઇજારો

મધ્યપ્રદેશમાં લાકડાની શો-મિલના વ્યવસાયમાં કચ્છી પાટીદારોએ ૬ દાયકા પહેલાં પ્રવેશ કર્યો. સૌ પ્રથમ આવનાર નખત્રાણા તાલુકાના નાગવીરી ગામના પટેલ દાનાભાઇ પોકાર, જૂના ઈંદોરમાં આરા મશિનથી શરૂઆત કરી. પછી તો સમય જતાં મુખ્ય ઈંદોર, ખંડવા, હરદા, ઇટારસી, જબલપુર, રાયપુર અને સાગરમાં પાટીદારોના વસવાટ સાથે સ્થપાંતી ગયેલી શો-મિલો આખા રાજ્યમાં પ્રસરતી ગઇ. આજે તો સમગ્ર મધ્યપ્રદેશમાં કચ્છના પાટીદારો હસ્તક રહેલા આ વ્યવસાય માટે ત્રણ થી ચાર હજાર જેટલા આરા મશિનો છે, રાજ્યના આ વ્યવસાયમાં ૮૦ ટકા જેટલો એકહથ્થુ રાજ આજે કચ્છના પાટીદારો ચલાવે છે, અને હવે તો લાકડા બજારમાં પણ સને ૧૯૮૮થી વિદેશમાંથી લાકડાની આયાત કરીને નિકાસ કરવા સુધી પહોંચેલા આ પાટીદારોમાં નખત્રાણાના કાનજી કરમશી પટેલનું નામ ઈંદોરની લાકડા બજારમાં મોટા વેપારી તરીકે જાણીતું થઇ ગયું છે.

આફ્રિકા, મલેશિયા અને બર્માથી માલ આયાત થાય અને પાછું અહીંથી વિદેશમાં નિકાસ પણ થાય. કાનજીભાઇના આ ધંધાનો પથારો મોટો છે. હવે માર્બલ પત્થરના વ્યવસાય તરફ વળેલા પાટીદારો જતે દહાડે આ ધંધામાં કેવળ પ્રવીણતા નહિ, મોનોપોલી પણ ઊભી કરશે એવું લાગે છે.

કપાસના ધંધામાં જૈનોએ ઝંપલાવ્યું

મુંબઇમાં રૂ બજાર પર વર્ચસ્વ ધરાવતા કચ્છી જૈનો આ વર્ચસ્વ જાળવી રાખવા સતત પ્રયત્નશીલ રહેતા. મુંબઇમાં કપાસની માગ દિવસા દિવસે વધતી જતી હતી. તેથી મધ્યપ્રદેશનાં નિમાડથી આવતા કપાસની ખરીદી તરફ નજર દોડાવી. આવી ખરીદી માટે ત્યાં જ પોતાનાં માણસો હોય તો કામ સારું થાય એમ માનીને જૈનોએ અહીં આવીને વસવાટ કરવા માંડયો આજે બહરાનપુરની રૂ બજારમાં જૈનોના વર્ચસ્વના મૂળ આજથી ૬૦ વર્ષ પહેલાં નંખાયા હતા. બહરાનપુરમાં, માંડવીના બાયઠના શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલરીઆની પેઢી આજે અગ્રગણ્ય ગણાય છે અહીં જીનીંગ મીલ, ઓઇલ મીલો પણ સ્થપાઇ. હાલે મલકાપુર (મહારાષ્ટ્ર) વાળા શેઠ તીલકભાઇ શાહે વિશાળ પ્લાંટ સ્થાપ્યો છે. ઈંદોરમાં કેટલાય કચ્છીઓની કાપડ મિલો પણ ચાલે છે.

બહરાનપુરમાંથી ઉજૈનમાં જઇને કાપડની મીલો સ્થાપનારા કચ્છીઓનો ધંધો ત્યાં ચાલ્યો નહિ તેથી ત્યાં ગયેલા મોટા ભાગના કચ્છીઓ પાછા મુંબઇ તરફ ચાલ્યા ગયા એ એક પ્રસંગ સિવાય કચ્છીઓને મધ્યપ્રદેશ ફળ્યું છે.

ઉજ્જેન પાસે આવેલ સુજાલપુર એ મધ્ય પ્રદેશમાં અનાજની મોટી માર્કેટ ગણાય. અહીં ઘણા જૈનોએ પોતાની પેઢીઓ ખોલીને સુજાલપુરને મુંબઇનું બીજું દાણા બંદર બનાવી દીધું છે.

ઔદ્યોગિક ક્ષેત્રે સર્જાયેલી ક્રાંતિની હરણફાળમાં અઢળક ખનિજ સંપત્તિ ધરાવતા મધ્ય પ્રદેશે પણ રાષ્ટ્રની પ્રગતિમાં કદમ માંડયા તેના પરિણામે ભિલાઇ, ભોપાલ, કોટલા, હોશંગાબાદ, દેવાસ, નેપાનગર, નીમચમાં ઔદ્યોગિક કારખાના નખાયા. આ વિશાળકાય ઉદ્યોગની હરોળમાં કદાચ ન આવી શકે પણ મોટા ઉદ્યોગપતિઓ તરીકે જેમના નામની ગણના થાય છે તે કલ્યાણજી કાનજી છેડા જબલપુરમાં અને રામજી ભાણજી શાહ દુર્ગ- ભિલાઇમાં મોટા કારખાના ધરાવે છે. રામજીભાઇનું સિમ્પલેક્ષ ગ્રુપ તો રાજ્ય આખામાં પ્રથમ સ્થાને ગણાવા લાગ્યું છે અને એથીય આગળ હરણફાળ ભરતા આ ઉદ્યોગપતિએ તો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટીલ પ્લાંટની ફરનેશોના નિર્માણમાં રશિયાની 'તીજપોમ એક્પોર્ટ'ની ભાગીદારીમાં ચાર મોટી યોજનાઓને પૂર્ણતાને આરે પહોંચાડી રહ્યા છે. હાલે ૨૦૦૦થી વધુ માણસો રોજી રળતા થયા છે. ભિલાઇના લોખંડ અને સ્ટીલના ઔદ્યોગિક કારખાનાઓમાં ઘણા કચ્છીઓ ગયા છે. તેમાં માંડવી તાલુકાના બાગ ગામના રાજગોર રણછોડ મેઘજી જે માસ્તર તરીકે ઓળખાતા તેમનું સારૂં વર્ચસ્વ રહ્યું છે.

કચ્છી ડોકટરોનીયે આગવી પ્રતિભા

વ્યવસાયનું ક્ષેત્ર દિવસાદિવસે વિસ્તરતું જાય છે. પણ તેમાં સેવાભાવી વ્યવસાય તરીકે ગણી શકાય એવો વ્યવસાય છે માત્ર ડોકટરનો. માનવતાની મહેક પાથરી શકે અને સમાજને નિરોગી રાખીને એના આનંદમાં પોતે પણ આનંદ માણી શકે એવા ડોકટરી વ્યવસાયના ક્ષેત્રે કચ્છી ડોકટરોની પણ પ્રતિભા રહી છે. કચ્છ ભોજાયના ડૉ. ભાણજી ઉમરશી ગડાના પુત્ર ડૉ. ધીરજ ગડાએ વિયેનાની હોસ્પિટલોમાં 'ટેસ્ટ ટયુબ બેબી'ની પદ્ધતિનો અભ્યાસ કરી તેને વિકસાવી અને ભારતમાં તેને સુલભ બનાવી એટલું જ નહિ સસ્તી પણ બનાવી. 'ઇન્ડીજીનીસ ડેવલોપમેન્ટ' સ્થાનીય પદ્ધતિનો વિકાસ સાધી અને વંધત્વથી પીડાતી બહેનોને ઘેર પારણા ઝુલતા કરાવ્યા. જાપાનમાં આયોજીત આઠમી વિશ્વ મેડીકલ કોંગ્રેસમાં 'ટેસ્ટ ટયુબ બેબી, ગર્ભાશયની ટીબી' સંબંધી શોધપત્ર પ્રસ્તુત કરનાર વિશ્વના પ્રથમ ડોકટરનું માન એમને ફાળે જાય છે. પચ્ચાસથી પણ વધુ શોધપત્રોનું વાંચન કરી ચૂકેલા ડૉ. ગડા, ડૉ. હરક્યુલસ એવોર્ડના ગૌરવશાળી વિજેતા છે. મુંબઇ મહાનગરપાલિકા અને ઇંડીયન મેડીકલ એસોસિયેશનના એવોર્ડ પણ એમને એનાયત થયા છે. ઈંદોરમાંના એમના નર્સિંગ હોમે એમના આ ક્ષેત્રના બહોળા જ્ઞાન અને અનુભવના કારણે તથા એમના સ્નેહાળ સ્વભાવને કારણે એમને યશસ્વી કારકિર્દી અપાવી છે. હૃદયરોગ તથા ડાયાબીટીશના નિષ્ણાત ગણાતા ડૉ. અબજીભાઇ પટેલ નખત્રાણા તાલુકાના ખોંભડી ગામના છે. હડકી રોગના નિષ્ણાત સર્જન તરીકે ડૉ. ઇશ્વર પટેલ જે નખત્રાણાના છે તેમની પણ ઈંદોરમાં સારી નામના છે.

રેવા મહારાણીના કારભારી થઇને કચ્છથી આવેલા માસ્તર અમૃતલાલ ધોળકીયાના પુત્ર ડૉ. હર્ષદ ધોળકીયાનું નામ શિક્ષણ જગતમાં ઘણું જ જાણીતું છે. ઈંદોર યુનિવર્સિટીના ડીન એવા આ ડૉ. હર્ષદભાઇની સ્મૃતિ એટલી બધી સતેજ હતી કે વર્ષો પહેલાં બનેલા બનાવની વિગતો પણ તેમને યાદ રહેતી ને પ્રસંગ ઊભો થયે તે આબેહૂબ વર્ણવી શકતા. ગણિતના ક્ષેત્રમાં મધુકર ધોળકીયા અને સંગીતના ક્ષેત્રમાં નિષ્ણાત એવા નલિન ધોળકીયા અમૃતલાલના પુત્રો. નલિન ધોળકીયા તો પંડિત ઓમકારનાથ ઠાકુર અને કુમાર ગાંધર્વ સાથે ઉઠબેસનો નાતો ધરાવતા હતા.

નવરાત્રિમાં દાંડીયાની જમાવટ

માત્ર ધંધામાં જ રચ્યાપચ્યા રહેવું એ કચ્છીઓનો સ્વભાવ નથી. એમને મેળાવા પણ જોઇએ. પણ અહીં વસેલા કચ્છીઓના મેળાવા વતનની જેમ નવરા માણસોના ટોળ-ટપ્પા ન બની રહેતા સંગઠનની ભાવનાને વિકસાવનારા બન્યા. એકબીજાને ઉપયોગી થવાની ભાવના વધારનારા બન્યા. સંસ્કાર અને સંસ્કૃતિના રખોપા કરનારા બન્યા. હોળી- દિવાળી તો બધે જ ઉજવાય છે પણ કચ્છમાં જ વિશિષ્ટ રીતે ઉજવાતા કેટલાક તહેવારોની પરંપરા અહીં પણ જાળવી રાખી. નાગ પંચમના વ્રત રાખીને નાગલા પૂજે, ગૌરી વ્રત અને દિવાસાના વ્રત રાખીને રાતના ઉજાગરા કરે. નવરાત્રિના નવ નોરતા દાંડીયાની રમઝટ સાથે માતાજીના છંદો, ગરબાઓ ગાઇને ગજવે અને સ્થાનિક લોકોને પણ એમાં ભળતા કરે, ટાણા પ્રસંગે ભજનો રાખીને રાત આખી ઝાંઝ-પખા ને મંઝીરાથી ગાજતી કરી દે ને સાતમ- આઠમના તહેવારોને પણ રંગેચંગે મનાવે.

સાહિત્યના ક્ષેત્રે ઈંદોર ગુજરાતી હાઇસ્કૂલના આચાર્ય માસ્તર ધનજીભાઇ રતાણી, કચ્છી, ગુજરાતી અને હિન્દી ભાષામાં સુંદર કવિતાઓ રચે. પાછા કવિ પણ શીઘ્ર. તો રાયપુરમાં રેડીમેડ કાપડના વ્યવસાયમાં રચાપચ્યા રહેતા હોવા છતાં જીવ સાહિત્યનો. કેટલાય ગીતો એમણે રચ્યા છે, જે પાટીદાર સમાજમાં ઘણા પ્રસંગોએ ગવાય છે. ભોપાલમાં વસતા અમૃતલાલ લાલજી કારાણી હિન્દીભાષી લેખક તરીકે અહીંના કચ્છી સમાજમાં ઠીક ઠીક જાણીતા છે.

કચ્છી ટેસ્ટ બોલર રાજેશ ચૌહાણ

રમતગમતના ક્ષેત્રે ઉજળું નામ ધરાવતા રાજેશ ચૌહાણ મૂળે અંજાર તાલુકાના સિનોગ્રા ગામના, અને રણજી ટ્રોફીમાં રમણીક અને કીર્તિ પટેલના નામો છે. કેપ્ટનપદે રહી ચૂકેલા કીર્તિ પટેલ તો ૧૯ વર્ષની નાની ઉમરે રાષ્ટ્રીય ટીમ તરફથી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં ઝળકી ચૂક્યા છે. આજે પણ એ રણજીમાં મધ્ય પ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે.

ટેબલ ટેનીસ જુનીયર રાષ્ટ્રીય સ્પર્ધામાં મધ્ય પ્રદેશ તરફથી ભાગ લેનાર મુકેશ સામજી દેઢીયા ઓલ ઇન્ડીયા યુનિવર્સિટી ટેબલ ટેનીસ સ્પર્ધામાં દેવી અહિલ્યા વિશ્વ વિદ્યાલયના સુકાની રહીને નેહરૂ ગોલ્ડ કપમાં ઉપવિજેતા રહ્યા હતા.

વોલીબોલમાં જગદીશ રામજી રામાણી, ભોપાલ યુનિવર્સિટીની ટીમમાં ભાગ લઇને રાજ્યકક્ષાએ વિજેતા બનેલા. તો કુ. વિહંગી નાગડા મધ્ય પ્રદેશ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં રિંક રેસમાં પ્રથમ રહી કચ્છનું ગૌરવ વધાર્યું હતું.

અને રાજકારણમાં પણ અહીં આવી વસેલાઓની પાટી કોરી નથી. મૂળે અબડાસાના અને વિદિશામાં સ્થિર થયેલા અનાજ અને રસકસના વેપારી લખમશી સાવલાના પુત્ર રાઘવજીભાઇ સાવલા નાની વયથી જ રાજકારણના રસિયા. ૧૯૭૭માં જનતા પાર્ટીના સભ્ય તરીકે લોકસભામાં ચૂંટાયા હતા. ફરી ૧૯૯૧માં ભાજપના સભ્ય તરીકે લોકસભામાં ચૂંટાઇ આવ્યા પણ અટલબિહારી વાજપેયી માટે બેઠક ખાલી કરી તેના પર ચૂંટાઇ આવેલા વાજપેયી લોકસભામાં આજે વિરોધ પક્ષના નેતા તરીકે છે અને રાઘવજીભાઇ હાલે રાજ્યસભાના સભ્ય તરીકે મધ્ય પ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે.

ઉચ્ચ નોકરીમાં સ્થાન

પ્રશાસન ક્ષેત્રે ઉચ્ચકક્ષાના કલેકટર અને એડીશનલ કલેકટરના પદો સુધી પહોંચેલા કચ્છીઓએ પ્રતિભા ઊભી કરી છે. એડી. કલેકટર તરીકે લોકોની ચાહના મેળવનાર બાલુભાઇ પટેલ કચ્છના વતની છે. સમાજની પ્રગતિમાં પોતાની પ્રગતિ, બીજાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ માનવાના વૈદિક સિદ્ધાંતોને અનુસરતા કચ્છીઓએ મધ્ય પ્રદેશના વિકાસમાં યથાશક્તિ આપેલ ફાળાની નોંધ તો લેવી જ રહી.

અહીં વસતા કચ્છીઓની આગવી ઓળખ આપતાં માસ્તર કહે છે : કચ્છીઓએ છાસની મીઠાસ કાયમ રાખી બાજરાના રોટલાની પ્રતિષ્ઠા વધારી જાણી છે. □

■ ૬૦, પટેલ કોલોની, ઈંદોર- ૪૫૨૦૦૧.

એક ઓર કચ્છ વસે પાકિસ્તાનમાં


કચ્છડો ખેલે ખલકમેં

□ ધરમશી મહેશ્વરી

પાકિસ્તાનના એક માત્ર મહાબંદરીય મહાનગર કરાચીથી હમવતન કચ્છની મુલાકાતે આવેલા એક નજીકના સંબંધીને થોડા સમય પહેલાં મળવાનું થયું. ખબર અંતર પૂછયા પછી જયારે કામ-ધંધાની વાત આવી તો કહે ''એક સારા પગારની નોકરી ઉપરાંત કે. પી. ટી. (K.P.T.)માં 'ફોર્ક લીફટર' (બંદરના ધક્કા પર માલની હેરફેર માટેનું યંત્ર) ચલાવું છું. !! કે. પી. ટી. ? વળી તમારે ત્યાં કંડલા પોર્ટ ટ્રસ્ટ કયાં આવ્યું એમ જયારે સાઆશ્ચર્ય સવાલ કર્યો તો ખુલાસામાં તેમણે જણાવ્યું કે કંડલા મહાબંદરનું પુરોગામી કરાચી મહાબંદર પર એજ રીતે એજ અંગ્રેજી ટૂંકાક્ષરથી ઓળખાય છે, જેનું પૂર્ણ સ્વરુપ કરાચી પોર્ટ ટ્રસ્ટ થાય છે.

હકીકતમાં કચ્છનું કરાચી 'કનેકશન', તગડું અને સદીઓ જૂનું એ સમયકાળનું છે કે જયારે કોઇએ પાકિસ્તાન' શબ્દનો ઉચ્ચાર તો શું વિચાર સુદ્ધા કર્યો ન હતો. તે કચ્છી માડુનું બીજું, પણ સવાયું મુંબઇ છે. કચ્છી વસ્તી એટલી જ મોટીમસ અને પોતાની અલગ ઓળખ માટેનું 'કચ્છીપણાનું' ઝનુન 'હમચી મુંબઇ'થી પણ ચડે તેટલું.

પાકિસ્તાનમાં અતિ લોકપ્રિય બનેલા કચ્છી નાટકોના આદ્ય સ્થાપક અને કચ્છી કલા અને સંસ્કૃતિ માટે ફનાગીરી વહોરનાર એક વખતના ઇમારતી લાકડાના મોટા વેપારી ઉમરભાઇ શહેરયાર ઉર્ફે 'ઉમર લખપતિ' (લાખોપતિ હોવાનું કારણે મળેલું બિરૂદ) તો આ લેખ માટે કરાચીથી ફેકસ પર તાત્કાલિક મોકલાવેલી તેમની એક નોંધના પ્રથમ વાકયમાં જ જણાવે છે કે કરાચી શહેરને વસાવનાર જ ખુદ કચ્છીઓ છે. એમાં તેઓ ભડાલા, વાઘેર, છરેઆ, લોહાર વાઢા, હિંગોરા, સુમરા, મેમણો, ખત્રીઓ અને લોહાણા જેવી અમુક હિન્દુ કચ્છી કોમોનું વિશેષ યોગદાન ગણાવે છે.




કરાંચીમાં 'કચ્છી નાટક' ના લેખક અને બાબાણી બોલીમાં સફળતાપૂર્વક પ્રયોગો કરનાર કચ્છી પાઘડીમાં ઉમર શહેરયાર.

પાકિસ્તાનના પ્રણેતા કચ્છી હતા

પણ અહીં બહુ જ ઓછી જાણીતી વાત એ છે કે મુસ્લિમ ભાઇઓ માટે 'ભૂલથી' (આ લેખકની પાકિસ્તાનની મુલાકાત દરમ્યાન ઘણા પાકિસ્તાનીઓએ આ વાતનો એકરાર કર્યો હતો) પાકિસ્તાનની સ્થાપના કરનાર પાકિસ્તાનના રાષ્ટ્રપિતા, કાયદ-એ-આઝમ, મોહમદ અલી ઝીણા પણ કચ્છી ખોજા હતા.

કરાચીના એક અતિ સુંદર રાજમાર્ગ પર આવેલ ઝીણાંના એક ભવ્ય મકબરા (કબર) પર મૂકાયેલ એક આરસની તકતી પર આનો ઉલ્લેખ છે. ભુજના કવિ અને એકથી વધુ વાર કરાચી જઇ આવેલા શ્રી અંબાપ્રસાદ ત્રવાડી કહે છે કે ઉર્દૂ અને અંગ્રેજીમાં લખાયેલી આ તકતી પર જણાવાયું છે બેરીસ્ટર બનવા માટે લંડન ગયેલા ઝીણા સાહેબ કચ્છ ભારાપરના (ભુજ નજીક) છે. એકાદ વર્ષ પહેલાં ગાંધીધામમાં ટાગોર રોડ પર એક ખાનગી કંપનીએ આ મતલબોનું એક હોર્ડીંગ (જાહેર ખબરનું પાટીયું) લગાડયું હતું, જેની સામે વાંધો લેવાતા તેને દૂર કર્યું હતું. પણ આવી ઇતિહાસની સચ્ચાઇ બદલી શકાતી નથી.



પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મોહમદઅલી ઝીણાનો મકબરો, તેમની તકતી પર ઉલ્લેખ છે કે તેઓ કચ્છ-ભારાપરના ઇશ્નાશરી ખોજા હતા.

પાકિસ્તાનના વર્તમાન વડાપ્રધાન બેનઝીરના દાદીમાં અને ઝુલ્ફીકારઅલી ભુટ્ટોના માતુશ્રી પણ કચ્છના હતા એમ ભારતના વરિષ્ઠ પત્રકાર- લેખક એમ. વી. કામથ તેમના ભુટ્ટોસ વિમેન એવા મથાળાવાળા એક અંગ્રેજી લેખમાં જણાવે છે જેને અનેક સ્થાનિક જાણકારો પુષ્ટી આપે છે. આનો બોલતો પુરાવો એ છે કે કરાચી શહેર અને સિંધ પ્રાન્તના અન્ય શહેરો, નગરો અને ગામડાઓમાં વસતી ૫૦ થી વધુ કચ્છી જ્ઞાતિઓ કે જમાતો. તેમની જમાતોની આગળ અચૂક 'કચ્છી' શબ્દ ઘુંટીને ઉપસર્ગની જેમ લખે છે. આ જમાતો કચ્છી તહેવારોની એજ પરંપરાગત શૈલીમાં ઉજવણી કરે છે અને વરસમાં એકવાર ઇદે-મિલાદ વખતે એક સંયુક્ત મેળાવડો યોજે છે અને તેમના મૂળ વતન કચ્છની યાદમાં ખોવાઇ જાય છે.

કચ્છીઓના જ્ઞાતિવાર આંકડા

કચ્છીપણાનો બીજો મોટો પુરાવો હમણાં જ પૂરી થયેલી તેમની વસતી ગણતરીમાં મળ્યો. પોતે કયાં અને કેટલા છે તેની ચોક્કસ માહિતી મેળવવા માટે દરેક કચ્છી જમાતે ઘરોઘર વસતી ગણતરી કરાવી - કરાચીમાં અને સિંધમાં અને તેમની ચોક્કસ સંખ્યાનો આંકડો જાહેર કર્યો. કરાચીમાં ૩,૨૯,૧૪૦ અને બાકીના સિંધમાં ૧૨,૬૫૫ 'કચ્છી માડુ' રહે છે. આ અભૂતપૂર્વ કાર્ય ખુદ કચ્છીઓએ કચ્છમાં પણ આજ દિન લગી કર્યું નથી. વસતીના આંકડાઓ પરથી જાણવા મળે છે કે કરાચીમાં સૌથી મોટી વસતી મેમણોની છે. તેમના ૧૨૦૦૦ ઘર જણાવાયા છે અને વસતી ૬૦,૦૦૦ હજારની જન સંખ્યા. તેમના પછી આવે છે ખોજાઓ, જેમની ૨૭,૫૦૦ની કુલ વસતીમાં ૧૫૦૦૦ ઇસ્નાશરી બિરાદરો છે જયારે બાકીના ૧૨,૫૦૦ ઇસ્માલી ખોજા ભાઇઓ છે. વસતીની સંખ્યામાં ત્રીજો નંબર લઇ જાય છે લોહાર - વાઢા. જેઓ સંખ્યામાં ૨૬,૦૦૦ છે અને તેમના પાંચ હજાર ઘર છે. એ પછી ગણનાપાત્ર વસતી ધરાવનાર સુમરાઓ છે. ૨૫,૮૫૦, તેમની જનસંખ્યામાં કંઠા-માંડવી પરના ૧૩,૮૫૦, અબડાસાના ૯૦૦૦ અને ચાકીઓ તરીકે ઓળખાતા સુમરા ૩,૦૦૦ જેટલા છે. હિન્દુઓમાં કચ્છના મહેશ્વરી મેઘવાળ પણ જબ્બર જનસંખ્યા ધરાવે છે. તેમના પાંચ હજાર ઘર જણાવાયા છે અને ૨૫,૦૦૦ની વસતી. આ આંકડો ત્યાંની પ્રગતિશીલ કચ્છી મહેશ્વરી પંચાયતે બહાર પાડયો છે.

અન્ય મોટી જમાતોમાં ખત્રી (ઘર ૧૧૦૦ - વસ્તી ૧૭૦૦૦); કુંભાર (ઘર,૩૭૦ - વસ્તી ૧૮૮૫૦); સંગાર (૩૦૦૦ ઘર - વસ્તી ૧૫૦૦૦); ભડાલા (ઘર ૨૫૦૦ - વસ્તી ૧૩૦૦૦); દાઉદી વોરા (ઘર ૨૨૦૦ વસતી ૧૧૫૦૦); હીંગોરા (વસતી ૭૦૦૦); મંઘરા (૭૦૦૦); સોનારા (૫૦૦૦); ખલીફા (૭૫૦૦);

આગરીયા (૬૦૦૦); ઘાંચી (૪૨૦૦); ઘોડાઇ (૨૫૫૦); રાયમા (૨૨૫૦); વાઘેર (૨૨૦૦); તુર્ક (૨૦૦૦); મીયાણા (૨૨૮૦); સાટી (૧૫૦૦); તુરીયા (૧૫૦૦); મીયાંજી (૧૬૨૦); અહલેબેત (૧૫૦૦); શેખ (૧૪૦૦); માંજોઠી (૩૦૦૦); જત મલેક (૧૫૦૦); જુણેજા (૧૫૨૫); બકાલી (૧૩૦૦); સુરંગી (૧૨૫૦); સમેજા (૧૦૦૦); કસાઇ પીજારા (૧૨૫૦); છરેચા (૧૧૦૦); વરીયા (૧૧૦૦); ભટ્ટી (૨૨૦૦); જેજા (૧૦૦૦); કલર ભટ્ટી (૬૦૦); લંઘા (૧૫૦૦); રાઠોડ (૨૦૫૦); કુરેશી (૧૦૫૦); ગીરાણા (૬૦૦); સમા (૭૦૦); ધોબી (૭૫૦); પીરઝાદા (૪૦૦); નોડે (૫૦૦); કાઠોડ (૪૫૦); કેર (૨૦૦); હીંગોરાજા (૨૫૦); નારેજા (૧૩૦); પલેજા (૧૫૦); વઝીર (૩૦૦); ચાનીયા (૬૦૦); પઠાણી (૩૫૦); નોતીયાર (૩૬૦); ફલ (૨૪૦); કમાંગર (૩૬૦); લખપતીયા (૨૪૦); ધલ (૧૭૦); થેબા (૧૫૦); પઢીયાર (૬૦૩); સેહતા (૨૫૦); સ્વીરૂ (૩૫૦); બારાજ (૨૯૦); મુગલ (૩૫૦); ઓઢેજા (૧૨૫); થૈયમ (૬૦૦); લાખા (૨૦૦); ચવ્વાણ (૭૫); હિન્દુ ખત્રી (૪ ઘર - ૨૫ જણ); અન્ય હિન્દુઓ (૧૦ ઘર - ૬૦ જણ).

સિંધ પ્રાંતમાં અન્ય સ્થળોએ જાણવા મળેલી કચ્છી જમાતો

હૈદ્રાબાદ : કુંભાર (૧૮૦-૧૫૦૦); મેમણ (૯૦-૫૦૦); મેઘવાળ મહેશ્વરી (૧૦૦-૬૦૦)
બદીન : કુંભાર (૨૫૦-૭૫૦); મંદરા (૯૦-૯૦૦); કડીઓ કલર (૧૦૦-૫૫૦)
મીરપુરખાસ (મેમણ - ૮૦ - ૪૦૦); કુંભાર (૫૦ - ૨૫૦)
સક્કર (મેમણ - ૮૦ - ૨૫૦)
મીરપુર-ભટારો (મેમણ-૪૦-૨૦૦); જાતીયા (મેમણ-૨૫-૧૨૫)
ઘડો (મેમણ-૨૫-૧૨૫); **ટંડો ગુલામઅલી :** (વરીયા-૨૨૦-૧૨૦૦); અને એજ ગામમાં ટંડો મામદખાન જમાત (૭૦-૪૦૦)
ભંભોર (મંદરા-૫૦-૫૯૦); ડેપલો (કલર ભટ્ટી ૧૨૦-૭૦૦)
ઉપરકોટ (કલર ભટ્ટી - ૧૦૦-૪૦૦); રતો ડેરો (કલર ભટ્ટી ૬૦-૩૦૦)
સીરજગોઠ (કલર ભટ્ટી ૩૦-૧૫૦); મીઠી જાડો ગાદામ (કલર ભટ્ટી ૫૦-૪૫૦); **ટંડો અલીમામદ** (કુંભાર ૫૦-૨૫૦)
સાહદાપુર (કુંભાર ૨૫-૧૩૦); **માટલી** (૨૦-૧૦૦); **મીરપુર પીથોરો** (કુંભાર ૫૦-૨૦૦); **ઠઠો** (કુંભાર ૭૫-૩૭૫).
ઠઠો હૈદ્રાબાદને માટલીમાં (માંજોઠી - ૫૦-૨૫૦)
સુજાવલ (મહેશ્વરી મેઘવાળ ૫૦-૨૫૦)
પનીડો ગોઠ (ઘંડો-૮૦-૪૫૦); **માટલી** (ઢંઢા-૭૫-૪૦૦); **રાજી સાવણ ગોઠ** (ભઠારા-૬૦-૩૫૦)

કરાચી અસ્સલ મુંબઇ લાગે

પાકિસ્તાનના કુલે ચાર પ્રાન્ત છેઃ સિંધ, પંજાબ, બલુચિસ્તાન અને સરહદી વાયવ્ય પ્રાન્ત (નોર્થ - વેસ્ટ ફ્રન્ટીઅર પ્રોવીન્સ) કચ્છીઓ ઉપર જણાવેલ સ્થળોએ સિંધ પ્રાન્તમાં વસે છે - તેમની વસ્તી અન્ય ત્રણ પ્રાન્તોમાં છે; પણ છૂટીછવાઇ, નામ માત્રની એટલે તેમની ચોક્કસ વસ્તીનો આંકડો સાંપડી શકયો નથી.

મુંબઇની નાની; પ્રતિકૃતિ સમું કરાંચી (ત્યાંનું દરિયા કિનારાની ગોળાઇ પર આવેલું કલીફ્ટન, જયાં ભુટ્ટો કુટુંબ અને મોટા કચ્છી ઉદ્યોગપતિઓ અને વેપારીઓના આલિશાન મકાન આવેલ છે. દેખાવમાં અસ્સલ મુંબઇનું મરીન ડ્રાઇવ જ છે) આજે વંશીય લડાઇમાં ચીરાઇ રહ્યું છે. આ લડાઇ ભાગલા વખતે ભારતમાંથી હિજરત કરી ગયેલા મુસ્લિમ નિરાશ્રિતો, જેને ઉર્દૂમાં મુહાજીરો કહે છે; તેમની અને સ્થાનિક સિંધીઓ વચ્ચે છે. પણ અહીં એક વાત નોંધવી ઘટે કે કરાંચીમાં વસ્તા કચ્છીઓ કદીએ 'મુહાજીરો' ન હતા, કારણ કે ભાગલા વખતે કચ્છમાંથી કોઇ મોટી કે નોંધપાત્ર મુસ્લિમ વસ્તીની હિજરત થઇ ન હતી. એવી જ રીતે કરાંચીમાંથી મોટી વસ્તી ધરાવતા મેઘવાળા - મહેશ્વરી હિજરત કરી કચ્છ ભાગી આવ્યા ન હતા. આમ ઇસ્લામીક પ્રજાસત્તાક પાકિસ્તાનની ધર્માંધતા કરાંચીવાસી કચ્છી મુસ્લિમોને કદીએ સ્પર્શી નથી.

આ મેઘવાળ મહેશ્વરી કુંભારવાડા, મુસાબેન ચાકીવાડા, માહીપર ભીમપોરો, બગદાદા, વાવડી, ખારકેલ, કળીયો, રણછોડ લેન અને સ્વામીનારાયણ મંદિરના પરિસરમાં રહે છે, જેમાંના મોટાભાગના કચ્છી મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં કે તેમના જોડાજોડ છે. આ હરિજનો પૈસે-ટકે ખૂબ જ સુખી છે. તેઓ ઊંચી કિંમતના ફલેટોમાં રહે છે, ગાડી-મોટરો ધરાવે છે. મોટા ભાગના કરાંચી બંદરે કામ કરે છે. એમના ભણેલા વર્ગમાં ડોકટરો અને ઇજનેરો પણ છે અને સરકારી - અર્ધ સરકારી સંસ્થાઓમાં નોકરી કરે છે.

મુસ્લિમ કચ્છી વેપારમાં છવાઇ ગયા છે

મુસ્લિમ કચ્છીઓની વાત કરીએ તો તેઓ તો સાધન-સંપન્ન છે જ અને પાકિસ્તાનના વેપાર-ઉદ્યોગ સહિતના સર્વ ક્ષેત્રોમાં વ્યાપી ગયા છે. તેમણે તેમના ક્ષેત્રોની ક્ષિતિજો સર કરી તેમના લોહીમાં વહેતી કચ્છી સાહસ વૃત્તિનો, પરિચય આપ્યો છે. તેમના જમાત પ્રમાણેના કામધંધાની વાત કરીએ તો લોહાર વાઢાઓ, લાકડા કામમાં નિપૂણ છે. તેઓ લોંચો, વહાણો, બસો અને ટ્રકોની બોડીઓ તેમજ ઊંટગાડીઓ બનાવવા ક્ષેત્રે પોતાની સારી છાપ ઉપસાવી છે. તેમના આ પરંપરાગત લાકડા કામના ઉદ્યોગ ઉપરાંત તેમણે સિવવાના સંચા; ટુથ પેસ્ટ અને ટેલકમ પાવડર માટેની મૂળભૂત સામગ્રી બનાવવા ક્ષેત્રે ઝંપલાવી સારી નામના હાંસલ કરી છે. તો સુમરાભાઇઓ ટ્રાન્સપોર્ટ અને ઇમારતી લાકડાના વેપારમાં છે. મેમણો અનાજ, ટ્રાન્સપોર્ટ અને ગોદીકામમાં અને સેવાના ક્ષેત્રોમાં પથડાયેલા છે. ખત્રીઓ, કચ્છની જેમ ટાઇ-અને-ડાઇના તેમના જૂના કસબમાં છે. કેટલાક હવે પ્રીન્ટીંગમાં પ્રવેશ્યા છે. હીંગોરા, મંદરા, સંગાર અને રાયમાઓ કરાંચી બંદર ખાતે માલ-ચડાવવા ઉતારવાનું કામ કાબેલિયત પ્રમાણે કરે છે. કુંભારો પોતાના જૂના એજ ધંધા ઉપરાંત વેપારમાં પણ હવે આવ્યા છે. કુંભારોની શણગારેલી ગંધેડા ગાડીઓ જોવા જેવી હોય છે. શેખો મકાનો તોડવાના કામમાં છે. મીયાણી, હીંગોરજા, સાટી, તૂરીયા, પીંજાર હજુ પોતપોતાના જૂના ક્ષેત્રોમાં છે, પણ ત્યાં તેમણે આધુનિકતા આણી છે. કચ્છીઓ કોલેજમાં પ્રાધ્યાપકો, વકીલો, તબીબો, ઇજનેરો, નાના પડદા (ટીવી)ના લેખકો, દિગ્દર્શકો, અભિનેતા અને સાહિત્યકારો પણ છે, પણ આ કોઇ ખાસ કોમનો ઇજારો નથી.



ઉદ્યોગપતિ, સામાજીક કાર્યકર, સિદ્ધહસ્ત કવિ હાજી અહમદ ભગત

મેમણ-ખોજા સૌથી મોખરે છે

કરાંચી અને સિંધના કચ્છીઓમાં આમ છતાં એ સૌથી આગળ પડતી કોમો છે - ખોજાઓ અને મેમણો. તેમની નામના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની છે. ખોજાઓમાં હબીબ ગ્રુપ અનેક ક્ષેત્રોમાં છે. હબીબ બેન્ક કરાચીનું અને પાકિસ્તાન આખાનું જાણીતું નામ છે. આ બેન્કની હબીબ અલી ઇસ્માઇલે ૧૯૪૭માં સ્થાપના કરેલી. આજે તેઓ હયાત નથી, પણ તેમનો કારોબાર તેમના દીકરા ચલાવે છે. તેમને 'હૈદ્રી વનસ્પતિ' બ્રાન્ડનું વેજીટેબલ ઘી પાકિસ્તાનમાં ઘરોઘર ખવાય છે.

આમદ ભગત કપાસ ઉદ્યોગના ક્ષેત્રે મોટું નામ છે. ઉર્દૂ અને ગુજરાતી સાહિત્યક્ષેત્રની તેમની નામના તો એથી ય વધુ છે. તેમણે અનેક પુસ્તકો લખ્યા છે અને તેમનો કાવ્ય સંગ્રહ 'મંથન' વાંચવા જેવો છે. ઇન્ડીઅન એકસપ્રેસે તેના ડિસેમ્બર ૨૪, ૧૯૯૩ના અંકમાં કવિતા વિભાગમાં, 'રીનેસન્સ ઓફ ગુજરાતી ઇન પાકિસ્તાન'ના મથાળા હેઠળ ખાસ લેખ પ્રસિદ્ધ કર્યો હતો. એંશી વટાવી ચૂકેલા જનાબ અહમદ ભગત ન માત્ર વિચાર અને તેમની કવિતામાં 'સિકયુલર' છે, પણ આચારમાં બિન-મજહબી તાસિર ધરાવે છે. તેમના વેપાર-ધંધાની વડી કચેરી, તેમની માલિકીની 'લક્ષ્મી બિલ્ડીંગ'માં છે. કરાચીના વેપાર સંકુલમાં મુખ્ય રાજમાર્ગ પર આવેલી ખૂબ જ જાણીતી લક્ષ્મી બિલ્ડીંગ, જેનો પાયો ગાંધીજીએ નાખ્યો હતો, તે આજ પણ એજ નામ (લક્ષ્મી) ધરાવે છે... ઇસ્લામ અને નવી ઉર્દૂ કલ્ચરથી પૂરેપૂરા રંગાયેલા પાકિસ્તાનમાં આવું (દુ)સાહસ તો ભગત સાહેબ જ કરી શકે.

મૂળ ભુજના મહેમુદ અલી હુસેન, રતનશી ડોસા જાપાનની ટોયટો અને ઈંગ્લેન્ડની બ્રેડફાર્ડ ગાડીઓના પાકિસ્તાન ખાતેના મુખ્ય વિક્રેતા છે. તો મુન્દ્રાના લઘુભાઈ જાનમહમદ પાકિસ્તાનના તમામ શહેરોમાં પોતાના પેટ્રોલ પંપ ધરાવે છે. ભુજના બીજા મુળ રહેવાસી સુલતાન અલી કે રહેમાની મોટર વાહનો માટેના ઓઈલ સીલ બનાવવાની મોટી ફેકટરી ધરાવે છે અને તેમની બ્રાન્ડ આખા પાકિસ્તાનમાં ચાલે છે. મેમણોમાં પણ આવી મોટી મોટી હસ્તીઓ વિભિન્ન ક્ષેત્રોમાં છે. એ બધાની વાત કરવી અહીં શકય નથી. તેમ છતાં થોડા અગ્રણીઓની વાત કરીએ તો અલી મોહમદ શેઠ પાકિસ્તાનના એક મોટા ઉદ્યોગપતિ છે. તેમની હીલાલી ફૂટ ઈન્ડસ્ટ્રીઝમાં અન્ય વસ્તુઓની સાથે ઘરોઘર વપરાતી 'શાલીમાર' નામની સુંગધીત સોપારી બનાવે છે. અનવર સાલેમામદ મેમણ ઉદ્યોગપતિ હોવા ઉપરાંત મીલીના પાકિસ્તાન ખાતેના કોન્સલ જનરલ છે. એમના પત્ની સીરીનબેન રસોઈ કલા અંગે અંગ્રેજી અખબારો અને સામયિકોમાં કટારો લખે છે અને ખૂબ જાણીતા છે. ખાલીદ મુનશી કરાંચીના જાણીતા આર્કીટેકટ છે. જૈનલ આબેદ્રીન કાદર બક્ષે 'નિયાંપો' નામનું કચ્છીમાં માસિક ચલાવે છે. મુનશી હાજી મામદ યુસુફે સિંધ સર્વિસ રૂલ્સ નામનું પુસ્તક લખ્યા ઉપરાંત તેઓ સરકારની અનેક સ્વાયત્ત સંસ્થાઓમાં નાણા સલાહકાર રહેલ છે.

અબ્દુલ રહીમ મુનશી સિંધ પ્રાંતની સરકારમાં મુખ્ય સચિવ રહી ચૂકયા છે. યુસુફ એ હારૂન સિંધ પ્રાંતના મુખ્યમંત્રી તથા પશ્ચિમ પાકિસ્તાનના રાજ્યપાલ રહી ચૂકયા છે. તો મહેમુદ હારૂન ખોરાક અને ગૃહ પ્રધાન હતા. ઝૈન નુરાની રાજ્યકક્ષાના વિદેશ પ્રધાન તેમજ સિંધમાં આબકારી જકાત ખાતાના પ્રધાન હતા. મહેમુદ હારૂન પશ્ચિમ પાકિસ્તાનમાં મજૂર પ્રધાન હતા.



પત્રકાર, નાટયકાર, લેખક અને તંત્રી સ્વ. આદમ સુમરો.

રાજકારણમાં પણ આગળ વધ્યા છે

અન્ય કોમોની રાજકીય હસ્તીઓની વાત કરીએ તો અહમદઅલી (સુમરા) મજૂર પ્રધાન, ઉમર યુસુફ (દિદા) કાયદા પ્રધાન, અલીમોહમદ (હીંગોરા) એમ. પી. એ. (મેમ્બર ઓફ પ્રોવિન્શિપલ એસેમ્બલી અર્થાત ધારાસભ્ય) હતા. અન્ય એમ. પી. એ.માં સુલેમાન ગની (સુમરા), રફીક ઈસાણી (મેમણ), બીલકીસ (સુમરા)નો સમાવેશ થાય છે. કરાચી મહાનગરપાલિકામાં તો કચ્છી મ્યુનિસિપલ કાઉન્સિલરોનું લાંબું લીસ્ટ છે. જેમાં ત્રણ કચ્છી મેઘવાળ- કાનજી અભુ, કાનજી કે. કે. અને કાનજી હમીરનો સમાવેશ થાય છે.

અન્ય ક્ષેત્રોની નામાંકિત વ્યકિતઓમાં આદમ સુમરાનું નામ ખાસ છે. આદમભાઈ જેમનું અવસાન ૧૯૯૫ના એપ્રિલમાં ૫૮ વર્ષની ઉંમરે કેન્સરથી થયું હતું. તેમણે પત્રકાર- નાટયકાર તરીકે પ્રગતિના ઊંચા શિખરો હાંસલ કર્યા હતા. તેમણે વિક્રમ કચ્છી નાટકો સફળતાપૂર્વક રજૂ કર્યા હતા અને પોતાનું 'પાક સમાચાર' નામનું ગુજરાતી દૈનિક શરૂ કર્યું હતું. આ ઉપરાંત 'પરિચય' નામનું ન્યુઝ મેગેઝીન પણ તેઓ ચલાવતા હતા. અત્યારે આ પત્રો તેમના પત્ની યાસમીનબેન ચલાવે છે. જેમની સાથે તેમણે પ્રેમવિવાહ કર્યો હતો.

મૂળ અંજારના કુંભાર કોમના અબ્દુલા પવારે સિંધી કાફી ગાયકી ક્ષેત્રે મોટી નામના હાંસલ કરી છે. તેઓ પાકિસ્તાન ટી. વી. અને રેડિયોના સિંધી કાર્યક્રમોની જાણીતી હસ્તી છે. તેમણે સિંધી ચલચિત્રોમાં પણ પોતાનો કંઠ આપ્યો છે. આ લેખકને તેમની કરાચીની મુલાકાત દરમ્યાન અબ્દુલાભાઈની લોક-પ્રિયતાના ઠેર ઠેર દર્શન થયા હતા.


ઉમર શહેરેયાર કચ્છી નાટક ક્ષેત્રની બીજી મોટી હસ્તી છે. હકીકતમાં તેમને કચ્છી નાટકોના પાયોનિયર કહી શકાય. કચ્છી જબાન પ્રત્યેનો તેમનો પ્રેમ ન કલ્પી શકાય તેટલો છે. તમે બિન કચ્છી હો તો તમને પણ કચ્છી શીખવાડે. તેમણે બે પઠાણ છોકરીઓને તો કચ્છી બોલવામાં નિપૂણ કરી દીધી હતી. તેઓ કચ્છી કલમ નામનું એક સાહિત્યીક સામયિક ચલાવનાર એક ટ્રસ્ટના પ્રમુખ છે.

વતન કચ્છને આજેય યાદ કરે છે

કરાચી કે સિંધમાં વસતા તમામ કચ્છીઓ ન માત્ર ઘરમાં અને ઘર બહાર પોતાના કચ્છ હમવતની જોડે કચ્છીમાં જ વાત કરે છે. પરંતુ કચ્છને આજે પણ 'વતન' તરીકે યાદ કરે છે. કારણ કે તેમના મૂળ અહીં છે. તેઓ અવારનવાર નહીં તો જીંદગીમાં એક વાર કચ્છ આવવાની ખેવના રાખે છે. તમે કરાચીમાં કોઈ કચ્છીને મળો તો તે તમને કચ્છ આવવાની વાત કરશે, પરંતુ બે દેશો વચ્ચેના દિન-બ-દિન વણસતા જતા સંબંધોને લીધે કચ્છ આવવાનું કામ મુશ્કેલ છે. કરાચીથી ૩૦૦ કિલોમીટર દૂર આવેલ કચ્છ આજે ત્રણ હજાર કિલોમીટર જેટલું દૂર થઈ ગયું છે. એક જમાનામાં (૧૯૬૫ સુધી) તો માંડવી ખાતે કરાચીથી સ્ટીમર આવતી. હવે કરાચીવાસી કચ્છીને લાહોર, અટારી, અમૃતસર, દિલ્હી થઈને રેલ માર્ગે આવવું પડે છે.

હાલમાં કચ્છની વીઝા મળતી જ નથી. ત્રણ ચાર વર્ષ પહેલાં કરાચી સ્થિત ભારતની કોન્સલ જનરલની કચેરી રોજ ૭૦૦થી ૮૦૦ પાકિસ્તાનીઓને કચ્છ આવવાની વીઝા આપતી. હવે તો કોન્સ્યુલેટ (વાણિજય દુતાલય) બંધ કરી દેવામાં આવ્યું છે. કરાચીવાસીને વીઝા માટે ઠેઠ પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ જવું પડે છે. ત્યાં વહેલી સવારથી લાઈનમાં ઊભા રહેવું પડે છે, અને ૨૦થી ૨૫ જણને અપાતી વીઝામાં જો તમારો નંબર ન લાગે તો તમારે બીજે દિવસે એજ રીતે લાઈનમાં ઊભા રહેવું પડે છે. ઘણા લોકો અઠવાડીયા સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં વીઝા મેળવતા નથી.

આપણી ઈસ્લામાબાદ ખાતેની હાઈકમિશનરની કચેરી હિન્દુ સહિત દરેક પાકિસ્તાની નાગરિકને જાસુસ સમજીને વીઝા નકારે છે. બાબરી મસ્જીદના ધ્વંશના કારણે ઘણા કચ્છી મેઘવાળ- મહેશ્વરી કુટુંબો કરાચીથી કનડગતના કારણે (અહીં એ યાદ રાખવું ઘટે આવી કનડગત બિન કચ્છી મુસ્લિમો તરફથી કરાઈ હતી. કચ્છી



લી. માર્કેટ, જૂના કુંભારવાડા-કરાચીના સૌથી જૂના અને મોટા પરામાં-મોટી સંખ્યામાં કચ્છીઓ રહે છે અને વેપાર કરે છે.

મુસ્લિમોએ એ વખતે રક્ષણહારનું કામ કર્યું હતું.) ભારત નાસી આવ્યા હતા, પણ તેમને પણ પોતાના વતન કચ્છમાં વસવા દેવામાં આવતા નથી. કચ્છી હોવાના કારણે આ દુઃખી નિર્વાસીત કચ્છીઓનો કેસ બરાબર સંમજનાર કચ્છી મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાએ કેન્દ્ર સરકારની મંજૂરી લઈ લીધી છે અને તેમના કચ્છ વસવાટની તકો હવે ઉજળી બની છે.

પાકિસ્તાન સહિત દુનિયામાં ગમે ત્યાં વસનાર કચ્છીઓની 'કચ્છીયત'ની આ કેફીયત પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે સાંસ્કૃતિક વારસાનું બળ હંમેશા પ્રબળ રહે છે. પોતાના કાવ્ય સંગ્રહ 'મંથન'માં અહમદ ભગત સાહેબે પોતાના એક શેરમાં આજ વાત ખુલ્લી રીતે લખી છે : 'થાય છે કોમની જગતમાં ઉન્નતિ સંસ્કૃતિથી, સંસ્કૃતિ વિસ્તરે ભાષાના (અહીં આપણા માટે કચ્છી બોલી) વિસ્તારથી.' અને જો આમ થાય તો શું થાય, તેની વાત ભગત સાહેબ તેમના એક બીજા શેરમાં કરે છે. 'કૌમની ભાષાનું જે રક્ષણ કરી શકતી નથી, વારસમાં અન્યને તે કંઈ દઈ શકતી નથી.' સલામ છે તમને પાકિસ્તાની કચ્છી બાંધવો તમારા આ અપ્રતિમ કચ્છ પ્રેમ માટે. □

■ 'નિનિપ' સ્વતંત્ર પ્લોટ નંબર ૭, નૂતન સોસાયટીની બાજુમાં, વિજયનગર ભુજ-કચ્છ. (ફો.નં. ૨૧૬૮૮)

૧૮મી સદીના ઉત્તરાર્ધમાં માંડવીના ભાટિયા ઈરાની અખાતમાં પ્રવૃત્તિશીલ બન્યા તેનો યશ કચ્છી રાજવી ગોડજી બીજાને ફાળે જાય છે

વિશ્વના નકશા પર નજર ફેરવીએ તો ઉત્તરમાં ૨૩/૧-૨ ની કર્કવૃતની રેખા કચ્છની પશ્ચિમે મસ્કત-ઓમાન પરથી પસાર થાય છે. અરબી સમુદ્રમાં ઊઠતાં મોજાં કચ્છ અને મસ્કતના કિનારાનું પ્રક્ષાલન કરે છે.

મસ્કત એ તો અરબસ્તાનમાં આવેલ સાઉદી અરેબિયા, યમન, બેહરીન, કુવૈત જેવાં આરબ રાજ્યોમાંનું એક આરબ રાજ્ય ઓમાનનું અત્યારે પાટનગર છે, પરંતુ એક સમયે આ સમગ્ર પ્રદેશ બે શાસનમાં વહેંચાએલો હતો. મસ્કત અને તેની આસપાસના પૂર્વના પ્રદેશ પર સુલતાનની હકુમત હતી જ્યારે આંતરિક પ્રદેશ જે ઓમાન તરીકે ઓળખાતો તેના પર રૂઢિચુસ્ત ધાર્મિક વડા ઈમામનું શાસન હતું. સુલતાન અને ઈમામ વચ્ચે અવારનવાર વિગ્રહ ફાટી નીકળતો. અંતે અઢારમી સદીમાં ઈમામી શાસન યુદ્ધમાં પરાજિત થયું અને મસ્કતના સુલતાનની હકુમત સમગ્ર ઓમાન પર છવાઇ ગઇ. પરંતુ કચ્છી વ્યાપારીઓએ જે ધરતી પર પગ મૂકયો તે ધરતી તો ત્યારે મસ્કતને નામે જ ઓળખાતી. મસ્કત એ અરબી સમુદ્રને કિનારે આવેલ સમૃદ્ધ બંદર અને સુલતાનની હકુમત હેઠળના પ્રદેશનું પાટનગર હતું. આજે હવે સમગ્ર ઓમાન પર સુલતાનની હકુમત હોવા છતાં ઘણાને માટે મસ્કત એ ઓમાનનો પર્યાય છે.

કચ્છ-ઓમાન વચ્ચે ભૌગોલિક સામ્ય

કચ્છ ઘણી રીતે ઓમાન સાથે ભૌગોલિક સામ્ય ધરાવે છે. કચ્છની જેમ ઓમાનનો મોટા ભાગનો પ્રદેશ સૂકો અને બરછટ છે. કચ્છની જેમ થોડો પહાડી પણ છે. કચ્છના પૂર્વ અને ઉત્તરના વિસ્તારમાં જેમ રણ પ્રદેશ આવેલ છે તેમ ઓમાનમાં પણ પશ્ચિમમાં મોટા પ્રદેશમાં રણ આવેલ છે. કચ્છની જેમ ઓમાનમાં પણ વરસાદ અનિયમિત અને ઘણો ઓછો છે. આમ છતાં પણ જેમ કચ્છમાં કંઠી પ્રદેશ ફળદ્રુપ છે તેમ ઓમાનમાં પણ ધોફાર (સલાલા) બાતના જેવા અમુક પ્રદેશ ફળદ્રુપ છે.

કચ્છ અને મસ્કતના સંબંધોમાં માંડવીના ભાટિઆ વ્યાપારીઓનો જ મહત્ત્વનો હિસ્સો છે. ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં માંડવીના ભાટિયા ઈરાની અખાતમાં પ્રવૃત્તિશીલ બન્યા હતા તેનો યશ કચ્છના રાજવી ગોડજી બીજા (૧૭૬૦-૭૮)ને ફાળે જાય છે કારણ કે તેમણે માંડવી બંદરે વહાણોનાં બાંધકામ ઉદ્યોગને પ્રોત્સાહન આપી વિકસાવ્યો હતો. કચ્છી ભાટિઆ માંડવી બંદરેથી કચ્છના ગૃહ ઉદ્યોગોની વસ્તુઓ ઉપરાંત મુંબઇ અને ગુજરાતનાં બંદરોએથી મસ્કત ખાતે માલસામાન મોકલાવતા હતા. તેઓ મસ્કતના સૈયદ અથવા તેમના આડતિયાઓને માલ વેચતા અને તેની સામે તેમને ખજૂર અને આફ્રિકાથી આવેલ ગેંડાનાં શિંગડાં, હાથી દાંત અને ગુલામો પણ ધંધાર્થે મળતા, આમ તેઓ મસ્કતમાં સ્થિર થયા તે પહેલાં માલના વાહકો તરીકે ભાગ ભજવતા હતા, મસ્કતમાં તેઓ લાંબો સમય રોકાતા નહીં. ત્યાંથી માલ ભરવા થોડા મહિના રોકાતા અને દેશ પાછા ફરતા. આગળ જતાં વ્યાપાર અર્થે તેઓ થોડાં વર્ષ મસ્કત ખાતે રોકાવા લાગ્યા અને તે દરમિયાન કરેલો વ્યાપાર સમેટી લઇ કચ્છ પાછા ફરતા.

ભાટિયા વેપારીઓને મહત્ત્વનું સ્થાન

મસ્કતના સૈયદ સુલતાને (૧૮૦૧-૫૬) કચ્છી ભાટિયાઓની વ્યાપારી કુનેહ પિછાણી. તેમણે તેમને મસ્કતમાં રહી વ્યાપાર કરવા પ્રોત્સાહિત કર્યા. એમની પાસેથી પોતાના આડતિયા અને દલાલો તરીકે કામ લીધું. એટલું જ નહીં. રાજ્યમાં તેમને મહત્વનું સ્થાન પણ આપ્યું હતું. ૧૮૩૦ પછી સૈયદે પૂર્વ આફ્રિકાના ઝાંઝીબાર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું ત્યારે ઝાંઝીબાર ખાતેના તેમનાં લાંબા રોકાણ દરમિયાન મસ્કતની મોટાભાગની વ્યાપારી બાબતો તેમણે કચ્છી ભાટિયાઓને સુપરત કરી. સૈયદના ખજાનચી તેમજ જકાત અધિકારીઓ ભાટિયા હતા. ભીમાણી કુટુમ્બના એક સજ્જન તેમના પ્રથમ જકાતી અધિકારી હતા. પરંતુ ૧૮૫૬માં સૈયદ સૈદ સુલતાનનાં અવસાન પછી પરિસ્થિતિએ પલટો લીધો. મસ્કત પર રૂઢિવાદી ઇમામે અધિકાર જમાવ્યો. તેમણે ભાટિયાઓને મહત્વનાં સ્થાનોએથી હઠાવ્યા એટલું જ નહીં પરંતુ ઇબાદી ધર્મનાં બંધનો મસ્કતવાસીઓ પર લાગુ કર્યાં. તેને પરિણામે વ્યાપારીઓએ પોતાનાં કુટુમ્બોને દેશ ભેગાં કરી દીધાં હતાં પરંતુ ૧૮૭૧માં ફરીને મસ્કતમાં તુર્કી બીન સૈયદનું તંત્ર સ્થપાયું. તેણે રાજ્યશાસનને વ્યવસ્થિત કર્યું અને કચ્છી વ્યાપારીઓએ બંદરના વ્યાપાર અને નાણાકીય વહીવટ પર ફરી પોતાનો અંકૂશ જમાવી સારી સંપત્તિ એકઠી કરી.

કચ્છડો ખેલે ખલકમેં

આ સમયના આગેવાન કચ્છી વ્યાપારી માંડવીના શ્રી રતનશી પુરૂષોત્તમ પુરેચા હતા. તેઓ અનાજ, કાપડ, ખજૂર તેમજ અન્ય ઘણી વસ્તુઓનો વ્યાપાર કરતા. શ્રી રતનશીના ઈંગ્લેન્ડ અને અમેરિકી પેઢીઓ સાથે પણ વ્યાપારી સંબંધો હતા. વ્યાપારી વર્ગના આગેવાન મસ્કતમાં પણ 'નગર શેઠ' કહેવાતા. ભીમાણી કુટુમ્બ આ સન્માનિતપદ વંશપરંપરાગત ભોગવતું હતું. શ્રી રતનશી પુરૂષોત્તમના વંશજ શ્રી વિમલ રણછોડદાસ આજે પણ એ પેઢીનો કારભાર સંભાળી રહ્યા છે જ્યારે ભીમાણી કુટુમ્બના કોઇ વંશજ અત્યારે મસ્કતમાં નથી.

> ***'રમેશ ભુવન'***
>
> *સમગ્ર ઓમાનમાં આજે ઈમારતો કે દુકાનો પરનાં નામો માત્ર અરેબિક અને અંગ્રેજી ભાષામાં લખવાનો સરકારી આદેશ છે પરંતુ મત્રાના દરિયા કિનારે 'કોર્નિશ' નામે ઓળખાતા સમૃદ્ધ અને નયનરમ્ય વિસ્તારમાં આવેલ એક ઈમારતને સરકારી આદેશોમાંથી મુક્તિ આપીને તેના પરનું ગુજરાતી ભાષામાં અંકિત નામ 'રમેશ ભુવન' રહેવા દેવામાં આવ્યું છે જેણે મસ્કતમાં રહેતા કચ્છીઓ અને ગુજરાતીઓને ગર્વાન્વિત કર્યા છે !*
>
> *કચ્છ માંડવીના વતની શ્રી નારણદાસ રતનશી ટોપરાણીએ તેમના એક પુત્રના નામે આ રમેશ ભુવન બંધાવેલ.*

શ્રી રતનશી પુરૂષોત્તમ અને ભીમાણી કુટુમ્બ ઉપરાંત પણ જે કચ્છી વ્યાપારીઓ હતા તેમાંના એક માંડવીના ગુંસાઇ દોલતગિરિજી મનરૂપગિરિજી હતા. તેમનો વ્યાપાર મસ્કતમાં હતો પરંતુ તેનો કારભાર એક મુનિમને સોંપીને મોટેભાગે તેઓ માંડવીમાં તેમના મઠમાં રહેતા. જે રિઘગરજીના મઠ તરીકે આજે માંડવીમાં જાણીતો છે. શ્રી વીરજી નામના એક અન્ય કચ્છી ભાટિયા ધીરધારનો ધંધો કરતા અને એક આગેવાન વ્યાપારી હતા. શ્રી દામોદર ધરમશી જકાત ઉઘરાવવાનું કામ કરતા. શ્રી રતનશી પુરૂષોત્તમ અને આ ત્રણ વ્યાપારીઓને મજાકમાં ગંજીફાનાં ચાર મહત્વનાં પત્તાનાં નામ આપવામાં આવ્યા હતાં. શ્રી દોલતગિરિજી 'એક્કો', શ્રી રતનશી 'રાજા' શ્રી વીરજી 'રાણી' અને શ્રી દામોદર 'ગુલામ' કહેવાતા.

કચ્છી વેપારીઓની સુલતાન સાથે નિકટતા

કચ્છી વ્યાપારીઓનો મસ્કતના સુલતાન સાથે નિકટનો પરિચય રહેતો. વ્યાપારીઓનાં ઘર સુલતાનના મહેલની નજીક જ હોવાથી સુલતાન જ્યારે ત્યાંથી પસાર થતા ત્યારે તેઓ વેપારીઓની તેમજ તેમના કુટુમ્બીઓના ખબર અંતર પૂછતા. તે સમયે સુલતાન માટે પણ આજના જેવાં વાહનો ઉપલબ્ધ ન હતાં કે દોરદમામ ન હતાં. સુલતાનની આર્થિક સ્થિતિ પણ સામાન્ય હોવાથી તેઓ નાણાકીય વ્યવહાર માટે કચ્છી વ્યાપારીઓના સંપર્કમાં રહેતા. નૂતન વર્ષના મંગળ દિવસે સમૂહ ભોજન યોજવામાં આવતું ત્યારે ભોજન સામગ્રીનો થાળ સુલતાન સાહેબને મોકલવામાં આવતો અને તેઓ પણ ખાસ પ્રસંગે ભાટિયા વેપારીઓને આમંત્રણ આપતા.

ઓમાનના આંતરિક પ્રદેશમાં વેપાર અર્થે જવા માટે ગધેડાંનો જ વાહન તરીકે ઉપયોગ થતો. તેના પર સવાર થઇને ઓમાનની કાળઝાળ ગરમીમાં વેપારીઓ આંતરિક પ્રદેશમાં ઘૂમી વળતા. આરબો કચ્છી વેપારીઓને 'બનીઆ' કહેતા. આ બનીઆ પર આરબ પ્રજાને ઘણો વિશ્વાસ હતો તેઓ પોતાનાં કિમતી ઘરેણાં, પૈસા વિગેરે કચ્છી વેપારીઓને ત્યાં થાપણ તરીકે મૂકી જતા.

ખીમજી રામદાસની કંપનીની બોલબાલા

ઉપર જેનો ઉલ્લેખ થયો છે એ મુખ્ય ચાર કચ્છી વેપારીઓ પછીની પેઢીમાં ધનજી મોરારજી સબીકા, પરસોત્તમ દામોદર, વલ્લભદાસ ઉમરશી, વિગેરેનો સમાવેશ થાય છે. ખીમજી રામદાસની કંપનીનો કારભાર ઉપરોક્ત કંપનીઓની તુલનામાં પાછળથી શરૂ થયો તેમ છતાં મસ્કતમાં આજે તે સૌથી અગ્રણી ભારતીય કંપની છે. તેણે ઓમાની પ્રજાના ઉત્કર્ષમાં પણ ફાળો આપ્યો છે. સ્વ. શેઠ શ્રી ગોકળદાસ

ઓમાનના વેપારની નાડ કચ્છીઓના હાથમાં છે

□ બચુભાઈ લ. ધોળકિયા

ખીમજીનાં સંચાલન હેઠળ આ કંપનીએ સારી પ્રગતિ કરી. તેઓ ગધેડા પર બેસી ઓમાનના ગ્રામ્ય વિસ્તારમાં ફરતા. જરૂરતમંદ આરબોને આર્થિક સહાય કરતા. સૂર નામના ગામે લોકોને પીવાના પાણીની તકલીફ હતી ત્યારે ખીમજી રામદાસ કંપનીએ દૂર દૂરના કુવામાંથી પાઇપ લાઇન દ્વારા ગામની વસતી માટે પાણીની વ્યવસ્થા ઊભી કરી આપી હતી. ઓમાનની પ્રજામાં તેમણે સ્નેહ અને માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આરબો પણ તેમને તેમના હુલામણા 'મમુભા'ના નામથી બોલાવતા. ઓમાનના તે સમયના સુલતાન સૈયદ સાથે પણ ગોકળદાસ શેઠને નિકટનો સંપર્ક હતો અને તેથી મસ્કતમાં સુલતાને જ્યારે પહેલી વખત પોતાને માટે મોટર ગાડી મગાવી હતી પછી તેમણે માત્ર ગોકળદાસ શેઠને જ પોતાની મોટર ગાડી રાખવાની મંજુરી આપી હતી.

આજે પણ ખીમજી રામદાસ કંપનીના ઓમાન અને તેની પ્રજા સાથેના આત્મીય સંબંધો અને તેની સામાજિક સેવાઓને લક્ષમાં લઇને અત્યારના સુલતાન કાબુસે સ્વ. ગોકળદાસ શેઠના જ્યેષ્ઠ પુત્ર શ્રી કનકસિંહભાઇને ઓમાનની હિન્દુ પ્રજાના પ્રતિનિધિ તરીકે માન્ય રાખ્યા છે અને તેમને 'શેખ'ની પદવીથી વિભુષિત કર્યા છે. ઓમાનમાં ગુજરાતી પ્રજાના ૪૦૦ વર્ષ જૂના ઇતિહાસમાં આ એક ગૌરવપ્રદ માન છે. ખીમજી રામદાસ કંપનીની મસ્કતમાં સમૃદ્ધિનો લાભ જન્મભૂમિ કચ્છને પણ મળ્યો છે. કચ્છમાં દુષ્કાળ વખતે સ્વ. ગોકળદાસ શેઠ છૂટે હાથે મદદ કરતા. તેમણે માંડવીમાં ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય સ્થાપી જે માત્ર કચ્છમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં એક અગ્રણી કન્યા કેળવણીની સંસ્થા તરીકે સ્થાન ધરાવે છે. સ્વ. ગોકળદાસ ખીમજી ટ્રસ્ટ તરફથી માંડવીમાં રામકૃષ્ણ હાઇસ્કૂલ અને સાકરબાઇ મેમોરીઅલ ઇંગ્લીશ સ્કૂલ પણ ચાલે છે. તે ઉપરાંત નિષ્ણાત તબીબો અને અદ્યતન સાધનોથી સજ્જ ગોકુલ હોસ્પિટલ માંડવી તાલુકાની પ્રજા માટે આશીર્વાદ સમાન છે. મસ્કતમાં ખીમજી રામદાસ કંપની વિવિધ ક્ષેત્રમાં યોગ્યતા ધરાવતા અનેક કચ્છીઓને નોકરીની તક પૂરી પાડે છે. નોકરીઆત વર્ગને તેમની નોકરીની સલામતીનો એહસાસ કરાવતી અને તેના કુટુમ્બીઓને બધી સવલતો પૂરી પાડતી ખીમજી રામદાસ કંપની ઓમાનમાંની ભારતીય કંપનીઓમાં એકમાત્ર કંપની છે.

કાયદો અને સ્થિતિ બદલાયાં છે

ઓમાનમાં ખનીજ તેલની પ્રાપ્તિ પછી સમગ્ર ચિત્ર બદલાઇ ગયું છે. ઘણી ઓમાની કંપનીઓ અસ્તિત્વમાં આવી છે. ભારતના અન્ય પ્રદેશનાં વતનીઓનો પણ ઓમાનમાં પ્રવેશ થયો છે આમ છતાં વેપાર તો મુખ્યત્વે કચ્છી -ગુજરાતીઓ હસ્કત છે. આજે ઓમાનના બદલાએલા કાયદા-કાનુન મુજબ માત્ર ઓમાની નાગરિકો જ સ્વતંત્રપણે ઓમાનમાં વેપાર, ઉદ્યોગ ચલાવી શકે છે અને કરમાંથી મુકિત મેળવી શકે છે તેથી ઘણા કચ્છી વેપારીઓએ -ઉદ્યોગપતિઓએ ઓમાની નાગરિકત્વ સ્વીકાર્યું છે તેમાં કચ્છના ખીમજી રામદાસ, ધનજી મોરારજી, ધરમશી નેણશી, નારાણજી હીરજી, હરિલાલ લાલજી વિગેરેનો સમાવેશ થાય છે. આ બધી તો જુની કચ્છી વેપારી કંપનીઓ છે પરંતુ નવી પેઢીના સાહસિક ઉદ્યોગપતિ અને વેપારી શ્રી અજીતભાઇ કરશનદાસ હમલાઇએ તાજેતરમાં સાધેલી પ્રગતિ ઉલ્લેખનીય છે. તેમણે અજય એન્ટરપ્રાઇઝ નામની પેઢી સ્થાપી છે. જે કન્સ્ટ્રકશન, બિલ્ડીંગ મટીરિયલ્સ, સરકારી કોન્ટ્રાકટર, પરફ્યુમ (અત્તર) હીરા-ઝવેરાત ઉત્પાદન અને વેપારમાં કાર્યરત છે. તેમના નેજા હેઠળની આ કંપની આજે ઓમાનની આગેવાન પેઢીઓમાં સ્થાન મેળવી ચૂકી છે.

કેટલાક સાહસિક કચ્છી વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ઓમાની કંપનીઓના માત્ર ભાગીદારો નહીં પરંતુ કર્તાહર્તા છે તેમાં અલ તુર્કીના શ્રી ગુલાબસિંહ રતનશી, અલ અનસારીના શ્રી કિરણ કાઝી, અલ હસગ કંપનીના શ્રી ગુલાબસિંહ જેસરાણી વિગેરે મુખ્ય છે. જેમણે ઓમાની નાગરિત્વ નથી લીધું તેમને માટે ઓમાની ભાગીદાર રાખવો ફરજિયાત છે. આવી ભારતીય કંપનીમાં ઓમાની ભાગીદારની કંઇ મૂડી ન હોવા છતાં નફામાં તેના ૫૧ ટકા અને ભારતીય વ્યાપારીનો ૪૯ ટકા ભાગ ગણાય છે. મસ્કતમાં આવી ઘણી કચ્છી વ્યાપારી કંપનીઓ છે. વાસ્તવમાં તેમના ઓમાની ભાગીદાર કંપની તરફથી તેમને જે મળે તે સ્વીકારી લે છે પરંતુ તે માટેની તેમની ઉઘરાણી તો સતત રહ્યા કરતી હોય છે. આ કચ્છીઓ અનાજ, કરીઆણું, કાપડ, વિ.નો વેપાર કરે છે.



સૈયદ માજીદ કચ્છની મુલાકાત વખતે શ્રી લાલજીભાઇ અને પુરૂષોત્તમભાઇ સાથે.

કચ્છીઓની કુલ વસતી ૬૫ થી ૭૦ હજાર

આ ઉપરાંત ઘણાં હિન્દુ-મુસ્લિમ કચ્છી સોનીઓ પણ મસ્કતમાં પોતાનો વ્યવસાય કરે છે તેમના કારીગરો પણ મોટે ભાગે કચ્છના હોય છે. કચ્છ માંડવીના ઘણા બ્રહ્મક્ષત્રિયો મોટેભાગે નામાનું કામ ઘણી કંપનીઓમાં કરે છે અને ખારવા જ્ઞાતિના યુવાનો મહેનત મજૂરી અને ટ્રક ડ્રાઇવરોનું કામ કરે છે. વિકસી રહેલા ઓમાનમાં મોટા પ્રમાણમાં ઇમારતોનાં બાંધકામ ચાલુ છે તેમાં કચ્છના ખડતલ પટેલ ભાઇઓનો મહત્વનો ફાળો છે કારણ કે મસ્કતની કાળઝાળ ગરમીમાં સખત પરિશ્રમ કરવાની ક્ષમતા તેઓ ધરાવે છે. ઓમાની સરકારે બાંધકામમાં રોકાએલ કામદાર વર્ગ માટે મસ્કતથી થોડે અંતરે આવેલ ગાલા ખાતે અલગ વસાહત ઊભી કરી છે. જુદી જુદી કંસ્ટ્રકશન કંપનીઓમાં કામ કરતા કચ્છી પટેલો આ વસાહતોમાં પણ એક મોટા ખંડમાં સ્વામીનારાયણનું મંદિર સ્થાપી સવાર સાંજ પૂજન, અર્ચન, ભજન, કીર્તન કરે છે, ધાર્મિક તહેવારો અને ઉત્સવો ઉજવે છે અને વિદેશમાં પણ દેશ જેવું વાતાવરણ ઊભું કરી સાદું અને પરિશ્રમી જીવન વિતાવે છે.

મસ્કતમાં નવો શાહી મહેલ બંધાતાં કિલ્લાની અંદર વસતા કચ્છી વેપારીઓને તેમનાં મકાનો માટે સારું વળતર આપીને એ વિસ્તારનો સુલતાને કબજો લીધેલો છે. કેટલાંક કચ્છી કુટુમ્બો હજુ કિલ્લાની બહારના વિસ્તારમાં રહે છે. બીજા વ્યાપારીઓ મસ્કતનાં પરાં સમા મત્રા, રૂવી, કુરમ, મદીના કાબુસ વિ. સ્થળે જઇ રહ્યા છે. મસ્કત ઉપરાંત કચ્છી વેપારીઓ અને નોકરિયાતો સલાલા, સૂહ, સોહાર, સીબ, બરકા, નીઝવા વિગેરે સ્થળે પણ ફેલાયેલા છે. આજે ઓમાનમાં કચ્છીઓની ૬૫ થી ૭૦ હજારની વસતી ગણાય છે.

ઓમાનમાં આજે સુલતાન કાબુસની રાહબરી હેઠળ ઔદ્યોગિક અને વ્યાપારી ક્ષેત્રે વિકાસ થઇ રહ્યો છે ત્યારે અત્યાર સુધી શિક્ષણમાં પછાત ઓમાની યુવાનોને સ્થાનિકે તેમજ વિદેશોમાં શિક્ષણની તમામ સુવિધાઓ સરકાર તરફથી પૂરી પાડવામાં આવી રહી છે. પરિણામે શિક્ષિત ઓમાની યુવાનોને રોજગારી પૂરી પાડવા ઓમાન સરકારે ઓમાનીકરણનો કાર્યક્રમ મોટા પાયે હાથ ધર્યો છે. સરકારી ઓફિસોમાં જ્યાં બિનઓમાનીઓ ફરજ બજાવતા હતા ત્યાં તો સંપૂર્ણપણે ઓમાનીઓ આવી ગયા છે પરંતુ વ્યાપારી કંપનીઓ, ઉદ્યોગો, વિદેશી બેંકોમાં પણ ઓમાનીકરણ ફરજીઆત બનાવાયું છે પરિણામે અત્યાર સુધી કચ્છ, ગુજરાત કે ભારતના અન્ય પ્રદેશોમાંથી આવતા નોકરીઆતો પર વધુમાં વધુ અંકૂશ આવતો રહ્યો છે. બિન ઓમાની કંપનીઓમાં વધુમાં વધુ ઓમાનીઓને સમાવવાની ફરજ પડાય છે. જે ક્ષેત્રમાં હજુ ઓમાની યુવાનો ઉપલબ્ધ નથી તે ક્ષેત્રમાં જ વિદેશીઓને વીસા અપાય છે તેને પરિણામે ઓમાનમાં હવે ભારતીઓ માટે નોકરીની તકો ઓછી થતી જાય છે. ઓમાનના નવા કાનૂન હેઠળ ઓમાની ભાગીદાર રાખીને પણ પોતાનો વ્યવસાય શરૂ કરવાનું હવે વિદેશીઓ માટે અશકય બની ગયું છે. દહેશત છે કે ઓમાનના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર કચ્છીઓ માટેનું ક્ષેત્ર આગામી વર્ષોમાં ઘણું મર્યાદિત બની જશે. □

■ નિર્મળસિંહ વાડી, ભુજ



કચ્છડો ખેલે ખલકમેં

કચ્છીઓ કચ્છ બહાર વિદેશોમાં કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, આરબદેશો ઉપરાંત બ્રિટનમાં સ્થાયી થયા છે તેનું મુખ્ય શ્રેય કચ્છના વહાણવટાને જાય છે. કચ્છમાં ખેતી, વહાણવટા ઉદ્યોગ, કળા- કારીગરી એક જમાનામાં ભરપૂર વિકસેલી હતી. સિંધુના પાણીથી કચ્છમાં ચોખાનો મબલખ પાક થતો. કચ્છના સાગરખેડૂઓ આફ્રિકા, જાવા, સુમાત્રા અને આરબ દેશોમાં કચ્છના વ્યાપારને વહાણવટા દ્વારા વિકસિત રાખતા અને કચ્છમાં માંડવી, મુન્દ્રા, તૂણા, જખૌ જેવા બંદરો ધીકતા રહેતા હતા.

સન ૧૫૦માં ગેલેજી નામના ગ્રીક ગ્રંથકારે પોતાના પુસ્તકમાં કચ્છના સમુદ્ર વ્યાપારનો ઈશારો કર્યો છે. સન ૨૪૬માં ગ્રીક કર્તા પેરીપ્લસે પણ કચ્છના વેપાર અને વહાણવટાને બિરદાવ્યાં છે. પ્રખ્યાત ચીની પ્રવાસી હ્યુ એન. ત્સાંગે પોતાના પ્રવાસ વર્ણનમાં કચ્છના નાવિકો અને જળ વ્યવહારનું વર્ણન કરેલ છે. આફ્રિકાના પ્રાચીન ગ્રંથ ટીબુ-ટીબમાં કચ્છના મજબૂત અને દૂર સુધી સફર ખેડી શકતાં વહાણોની પ્રશંસા કરાઈ છે.

વાસ્કો-ડી-ગામાને કાનજી માલમનો સહકાર મળ્યો અને...

ઈતિહાસકારોના જણાવ્યા મુજબ ૧૪૯૮માં વાસ્કો-ડી-ગામા દુનિયાની શોધની પોતાની દરિયાઈ સફર દરમ્યાન કેન્યાના મલિન્ડી બંદરે આવ્યો. અહીથી તેને એશિયા તરફ જવાની ઈચ્છા થઈ. આ સફર દરમ્યાન વાસ્કો-ડી-ગામાને કચ્છી ખલાસી કાનજી માલમ સાથે ઓળખાણ થઈ. ખલાસી કાનજી માલમ વહાણ ચલાવવામાં અને તારાઓનો અભ્યાસ કરી દિશા પારખવામાં એક્કો હતો. વાસ્કો-ડી-ગામાએ એશિયાની શોધ માટે કાનજી માલમના સહકારની માગણી કરી અને બન્ને એકબીજાના સહકારથી દરિયો ખૂંદતા ભારતમાં કાલીકટ બંદરે પહોંચ્યા અને ત્યાંથી કચ્છના માંડવી બંદરે પહોચ્યા.

આ સફર પછી ભારત અને આફ્રિકા વચ્ચે એક નવા જ માર્ગની શુભ શરૂઆત થઈ અને આ માર્ગ અનેક કચ્છીઓ માટે આશીર્વાદરૂપ બની ગયો. વહાણ દ્વારા વતન છોડી આફ્રિકા પહોંચનાર કચ્છીઓમાં કચ્છી ખોજા અને ભાટિયા જ્ઞાતિના લોકો મુખ્ય હતા જેઓ વેપાર-ધંધાના આશરે વહાણ દ્વારા દરિયો ખેડી આફ્રિકાના મોમ્બાસા તેમજ ઝાંઝીબાર બંદરે ઊતર્યા હતા. અહીથી કચ્છીઓ કેન્યા, યુગાન્ડા અને ટ્રાન્ઝાનિયાના અત્યારના પ્રદેશમાં પથરાયા હતા.

૧૯૩૦માં મહારાવ શ્રી ખેંગારજીએ આફ્રિકાની મુલાકાત લીધી ત્યારે મોમ્બાસામાં યોજાયેલ કચ્છીજનો સાથેના મિલનની આ ઐતિહાસિક તસવીરમાં જમણેથી પાંચમા સફેદ પાઘડીમાં મહારાવ શ્રી ખેંગારજી અને તેમની બાજુમાં મદનસિંહજી જોવા મળે છે.



આફ્રિકા ગયેલા કચ્છીઓમાં વેપાર-ધંધામાં કેરા કચ્છના વતની શેઠ અલિદિના વિશ્રામ ખોજા ગૃહસ્થનું નામ જાણીતું છે. સને ૧૮૫૧માં કેરામાં જન્મેલા અલિદિના ૧૨ વર્ષની કુમળી વયે મુન્દ્રા બંદરેથી વહાણમાં બેસી જંગબારના કિનારે ઊતર્યા. શરૂઆતમાં કારકૂન તરીકે નોકરીમાં જોડાઈ ૧૮૯૮માં શેઠ અલિદિના વિશ્રામે વેપારમાં જમાવટ કરી, આયાત-નિકાસ કરતી પેઢી સેવા હાજી પારૂ પેઢીના વહીવટનો કબ્જો જમાવી લીધો.

શેઠ અલિદિના વિશ્રામે સમય જતાં ઈસ્ટ આફ્રિકામાં પોતાની પેઢીની ૬૦ જેટલી શાખાઓ શરૂ કરી જેમાં જંગબાર, મવાન્ઝા, કંપાલા, જીંજા, દિસુમુ, ટાંગાનીકા, મોમ્બાસાની શાખાઓ મુખ્ય હતી. સમય જતાં આ પેઢીનું સામ્રાજ્ય કોંગોની સરહદથી સુદાનની સરહદ સુધી પથરાએલ હતું.

યુગાન્ડાનો તાજ વિનાનો રાજા અલિદિના

અલિદિના વિશ્રામે ૩૦-૬-૧૯૧૬ના કંપાલામાં ૬૫ વર્ષની વયે પોતાનો દેહ છોડયો. યુગાન્ડાના તાજ વિનાના રાજા તરીકે નામના મેળવેલ કચ્છી ખોજા સદગૃહસ્થ અલિદિના વિશ્રામ અંગે સર ફ્રેડ્રીક જેકસને તેમના પુસ્તક Early day in East Africaમાં લખ્યું છે કે... "Where I ask could you meet in India or out of it, a More charming little old gentlemon than Allidina Vishram of Uganda, respected by every one in the country, hish or low, White or Black" (ભાવાર્થ : યુગાન્ડાના અલિદિના વિશ્રામ જેવા આકર્ષક અને ખંતીલા સદગૃહસ્થને હું ઈન્ડિયા કે તેથી બહાર કયાં મેળવી શકું? કે જેને ઉચ્ચ તેમજ નાની કક્ષાના લોકો પણ માનભરી નજરથી જોતા. તે ભલે પછી કાળા કે ગોરા હોય?)

અલિદિના વિશ્રામની યાદમાં તેમના પુત્ર શેઠ અબ્દુલ રસુદે મોમ્બાસામાં હાઈસ્કૂલ બાંધવાનો નિર્ણય કર્યો, ૨૦ જાન્યુઆરી ૧૯૧૯ના રોજ બ્રિટીશ ઈસ્ટ આફ્રિકાના તત્સમયના ગવર્નર સી. સી. બોમરીંગના હસ્તે આ સ્કૂલની પાયાવિધિ કરવામાં આવી અને ૨-૧-૧૯૨૩ના રોજ આ હાઈસ્કૂલની શરૂઆત થઈ આજે પણ આ હાઈસ્કૂલ મોમ્બાસામાં ચાલે છે. ઉપરાંત યુગાન્ડાના પાટનગર કંપાલામાં એક રસ્તાનું નામ અલિદિના વિશ્રામ સ્ટ્રીટ છે.

ખોજા અને ભાટિયાઓ કુટુંબ સાથે ગોઠવાયા

કચ્છથી આફ્રિકા ગયેલા કચ્છીઓ પૈકી ખોજા અને ભાટિયા જ્ઞાતિના લોકો શરૂઆતના તબક્કે જ પોતાના કુટુંબ સાથે ત્યાં વસવાટ કર્યો, ધંધા-રોજગારમાં ગોઠવાયા પરિણામે વતન સાથે સંપર્ક તૂટતો ગયો. આજે પણ આ જ્ઞાતિના લોકો મોમ્બાસા, નાઈરોબી, ઝાંઝીબાર, દારેસલામમાં મોટી સંખ્યામાં વસવાટ કરે છે. તેમના ઘરમાં કચ્છી ભાષા બોલાય છે પરંતુ કચ્છમાં સતત સંપર્ક ન રહેવાને કારણે તેઓ પોતાના વતનથી અજાણ છે અને આજે ત્યાં વસવાટ કરતા કચ્છીઓ પૈકી ત્રીજી પેઢીના કેટલાક કચ્છીઓએ પોતાનું વતન જોયું પણ નથી.

આફ્રિકાના દેશોમાં વસવાટ કરતા કચ્છીઓમાં ખોજા,ભાટિયા પછી કચ્છી લેવા પટેલોની સંખ્યા મોટી છે. આ લેવા પટેલ જ્ઞાતિજનો મૂળ તો સૌરાષ્ટ્રના હાલાર વિસ્તારમાંથી ખેતી અર્થે કચ્છમાં આવ્યા. કચ્છમાં ખેતી એ તેમનો મુખ્ય વ્યવસાય. કચ્છની એ સમયની સ્થિતિ... સતત દુષ્કાળની છાયા, સખત મહેનત-મજૂરી પછી કંઈક ઉપજ ખેતીમાંથી મેળવે ત્યાં રજવાડાંના ભાગ માટે અમલદારની જોહુકમી. આ સ્થિતિ વચ્ચે કંઈક મેળવવાની આશાએ એકમાત્ર મજૂર તરીકે કામ કરવા આ કચ્છી લેવા પટેલો કચ્છના માંડવી અને મુન્દ્રા બંદરેથી દરિયાઈ સફરે ચાલી નીકળ્યા.


ઈ. સ. ૧૮૮૯માં પ્રથમ કચ્છી લેવા પટેલે આફ્રિકાની ધરતી પર પગ મૂકયો.

આફ્રિકા-બ્રિટનમાં કચ્છીઓની ગૌરવગાથા

□ ગોવિંદ ખોખાણી

નાના વહાણોની મુસાફરી, સાથે બે મહિના ચાલે તેટલી ગોળપાપડી, દરિયાના તોફાન વચ્ચે દેશી બનાવટના વહાણ, સંદેશા વ્યવહારની કોઇ સુવિધા નહી. એકમાત્ર ઇશ્વરના આશરે કયારેક ૧ મહિને આફ્રિકના બંદરે પહોંચતા વહાણ અને પહોંચના સમાચાર ઘેર કુટુંબીજનને મળે ત્યારે એ નિરાંતનો શ્વાસ લે.

આ કચ્છી પટેલો એ સમયે તદન અભણ, ભાષાનું જ્ઞાન નહી, પરિણામે એકમાત્ર મજૂરી તેમના ભાગ્યમાં. ૧૮૯૮માં શેઠ અલિદિના વિશ્રામે કેન્યા, યુગાન્ડા રેલવે લાઇનના બાંધકામ માટે ઇન્ડિયાથી મજૂરો લઇ આવવાનો ઇજારો રાખ્યો પરિણામે મોટી સંખ્યામાં કચ્છી પટેલો મજૂર તરીકે આફ્રિકા પહોંચ્યા.



લંડનમાં કચ્છી ભરતકામથી સુસજ્જ ચંદરવા નીચે સુગમ સંગીતનો કાર્યક્રમ રજૂ કરતા ડાબેથી શ્રી ચંદુભાઇ મટાણી, શ્રી આશીત દેસાઇ

આફ્રિકા-મોમ્બાસા રેલવેમાં કચ્છી પટેલોનો ફાળો

આફ્રિકામાં મોમ્બાસાથી નાઇરોબીની ૪૦૦ કિલોમીટરની રેલવે લાઇન પાથરવામાં મુખ્યત્વે કચ્છી પટેલો હતા. એ સમયે તો સમગ્ર આફ્રિકાનો પ્રદેશ જંગલથી ઘેરાયેલ હતો. આ જંગલમાં સિંહ, વાઘ જેવા હિંસક પ્રાણીઓનો ત્રાસ. જંગલમાં કામ કરતી વખતે રાત્રિના આ હિંસક પ્રાણીઓ મજૂરોને ઉપાડી ફાડી ખાતા પરિણામે અનેક ભારતીયોએ પોતાના જાન પણ ગુમાવ્યા છે.

શરૂઆતમાં મજૂર તરીકે ગયેલા આ કચ્છી લેવા પટેલો સમય જતાં પથ્થરની ખાણ, કોન્કરેટ અને બિલ્ડીગ કોન્ટ્રાકટના કામમાં જોડાઇ પગભર થયા પરિણામે પોતાની પત્ની, બાળકોને વસવાટ અર્થે પોતાની પાસે બોલાવી લીધા.

નાઇરોબીમાં સ્વામીનારાયણ મંદિર ૧૯૪૫માં બંધાયું

કચ્છી લેવા પટેલ જ્ઞાતિજનો મુખ્યત્વે સ્વામીનારાયણ ધર્મ પાળે છે, ખોરાક, રહેવાનું સાદુ જીવન પરિણામે એ સમયે ટૂંકા પગારમાંથી પણ બચત કરતા થયા. આ સમાજના લોકોએ ૧૯૪૫માં ફંડ દ્વારા રૂા. ૭ લાખના ખર્ચે નાઇરોબીમાં સ્વામીનારાયણ મંદિર બાંધ્યું. એ સમયે ભારત-આફ્રિકા સાથેનો વ્યવહાર સ્ટીમર દ્વારા હતો. કચ્છથી આવતા કચ્છી લેવા પટેલો મોમ્બાસા બંદરે ઊતરતા અહીંથી ટ્રેન દ્વારા આફ્રિકાના જુદા જુદા વિસ્તારોમાં જતા પરિણામે મોમ્બાસા બંદરે ઊતરતા કચ્છીઓને રહેવાની જરૂરિયાત જણાઇ પરિણામે ૧૯૪૯માં મોમ્બાસામાં કચ્છી લેવા પટેલ સમાજનું મકાન ઊભું થયું. ત્યારબાદ ૧૯૫૬માં કેન્યાના મુખ્ય પાટનગર નાઇરોબીમાં કચ્છી લેવા પટેલ સમાજની સ્થાપના થઇ અને આ સમાજની પ્રવૃત્તિઓનો શુભારંભ થયો.

૧૯૫૬માં ભારતના તત્સમયના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ કેન્યાની પ્રથમ મુલાકાતે પધાર્યા. આ સમયે કચ્છી લેવા પટેલ સમાજ, નાઇરોબીના કાર્યકારી પ્રમુખ માધાપર (કચ્છ)ના વતની શ્રી મેઘજીભાઇ રતના પીંડોળીયાએ ઉપરાષ્ટ્રપતિને સુવર્ણચંદ્રક અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

આફ્રિકાના વસવાટ દરમ્યાન ખોજા, ભાટીયા તેમજ લેવા પટેલ જ્ઞાતિના કચ્છીઓએ ધંધા, રોજગાર ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. એ સમયે આફ્રિકન સંસ્થાનમાં બ્રિટીશ હકુમત હતી પરિણામે આ કચ્છીઓએ બ્રિટીશ નાગરિકત્વનો સ્વીકાર કર્યો.

૧૯૬૦ પછી કેન્યા, યુગાન્ડા, તેમજ ટાન્ઝાનિયા જુદા સંસ્થાન થતાં ગયાં અને સ્વતંત્રતા મેળવતાં ગયાં. ૧૨ ડિસેમ્બર-૧૯૬૩ના રોજ કેન્યા સ્વતંત્ર થયું ત્યારે ત્યાં વસવાટ કરતા ૩૦ હજાર જેટલા ભારતીયોમાં કચ્છી-ગુજરાતીઓ ૧૦ હજાર જેટલા હતા. ૯ ઓકટોબર-૧૯૬૨ના યુગાન્ડા આઝાદ થયું ત્યાં વસવાટ કરતા ૭૨ હજાર જેટલા ભારતીયોમાં કચ્છી-ગુજરાતીઓની સંખ્યા ૧૨ હજાર જેટલી હતી.

આફ્રિકન રાષ્ટ્રો કેન્યા, યુગાન્ડા તેમજ ટાન્ઝાનિયા સ્વતંત્ર થયા પછી તેની ઔદ્યોગિક નીતિમાં ફેરફાર આવતા જ રહ્યા પરિણામે આ દેશોનો મુખ્ય વેપાર ઉદ્યોગ જે ભારતીયો અને તેમાં પણ કચ્છી-ગુજરાતીઓના હાથમાં હતો તેમના પર કાયદાકીય નિયંત્રણો આવતાં ગયાં પરિણામે ૧૯૬૪ પછી પ્રથમ વખત આ કચ્છી-ગુજરાતીઓએ બ્રિટન તરફ જવાનો માર્ગ પકડયો, જો કે અગાઉ ૧૯૫૦માં બ્રિટનમાં પ્રવર્તતી કામદારોની તંગીના દિવસોમાં ઘણા પટેલો બ્રિટન પહોંચ્યા હતા.

૧૯૬૬માં યુગાન્ડામાં ડૉ. મિલ્ટન અબોટે એ સત્તા સંભાળી અને આ દેશમાં કચ્છી-ગુજરાતીઓએ વેપાર, ઉદ્યોગમાં જમાવટ કરી અને ચર્ચિલે જે દેશને આફ્રિકાના સ્વિત્ઝર્લેન્ડની ઉપમા આપી હતી એ દેશ આર્થિક રીતે વધુ મજબૂત બન્યો પરંતુ ૧૯૭૧માં બનેલ ઘટનાએ આ દેશનું ભવિષ્ય ખોરવી નાખ્યું.

તા. ૨૫ જાન્યુઆરી-૧૯૭૧ના રોજ લશ્કર દ્વારા બળવો કરી લશ્કરી વડા ઇદી અમીને સત્તા સંભાળી અને તા. ૩ જૂન ૧૯૭૨ના રોજ વહેલી સવારે કચ્છી-ગુજરાતીઓ હજુ તો વહેલી સવારે પોતાના ધંધા-રોજગારની તૈયારીમાં હતા ત્યાં સરમુખત્યાર દાદા અમીને ઘોષણા કરી કે ૯૦ દિવસની અંદર એશિયનો આ દેશ છોડી ચાલ્યા જાય.

યુગાન્ડાથી ઊચાળા ભર્યા કેનેડા, સ્વીડન સુધી

દાદા અમીનની આ ઘોષણા સમયે યુગાન્ડામાં ૯૦ હજાર જેટલા એશિયનો

વસવાટ કરતા હતા જેમાં ૧૨ હજાર જેટલા કચ્છીઓ પણ હતા. પોતાની માલ મિલ્કત છોડી બ્રિટીશ નાગરિકત્વ ધરાવતા કચ્છી-ગુજરાતીઓએ બ્રિટનનો માર્ગ પકડયો. યુગાન્ડાના આ સરમુખ્યાત્યારની ધમકીને ધ્યાનમાં લઇ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સ્વીડન તેમજ જર્મની જેવા પશ્ચિમી રાષ્ટ્રોએ માનવતાના ધોરણે યુગાન્ડાના લોકોને સ્વીકારવાની તૈયારી દર્શાવી. આ સમયે આગાખાન આંતરરાષ્ટ્રીય સંગઠને મહત્ત્વનો ભાગ ભજવી પોતાના બાંધવોને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું પરિણામે કચ્છી ખોજાઓ કેનેડા, ઓસ્ટ્રેલિયા, સ્વીડન અને જર્મની પહોંચ્યા, થોડા કચ્છી પટેલો હિંમત કરી સ્વીડન પહોંચ્યા તે પૈકી ભુજ તાલુકાના માધાપર, સૂરજપર તેમજ રામપર (વેકરા)ના કચ્છી પટેલોના થોડા કુટુંબો આજે પણ સ્વીડનમાં વસે છે. આ કચ્છીઓ પૈકી ખોજા જ્ઞાતિનો સંબંધ કચ્છ સાથે વધુ રહ્યો નથી પરંતુ કચ્છી પટેલો તેમનાં નજીકનાં કુટુંબીજનો વતનમાં વસવાટ કરતાં હોઇ પ્રસંગોપાત કચ્છ આવે છે.

કેન્યામાં હાલ વસવાટ કરતા કચ્છીઓ પૈકી ખોજા, ભાટીયા, જૈન, લોહાણા વેપાર-ધંધામાં રોકાયેલા છે જ્યારે કચ્છી લેવા-કડવા પટેલો બિલ્ડીંગ કન્ટ્રકશનના વ્યવસાયમાં સારી નામના મેળવી છે. કેન્યા ઉપરાંત બ્રિટન, મોરેશિયસ, સિશલ્સ અને ભારતમાં કન્ટ્રકશન ક્ષેત્રે નામના મેળવનાર લક્ષ્મણભાઇ રાઘવાણી ભુજ તાલુકાના બળદિયા ગામના વતની છે. ૧૯૬૮માં હાર્ડવેરની દુકાન શરૂ કરી બિલ્ડીંગ મટિરિયલ્સના ઉત્પાદન ક્ષેત્રે સફળતા મેળવનાર ભુજ તાલુકાના કુંદનપુર (કેરા)ના વતની મુલજીભાઇ પીંડોળીયા આજે બ્રિટનમાં બે દુકાનો ચલાવે છે અને યુગાન્ડા, રૂવાન્ડા, ઝૈરે અને સાઉથ આફ્રિકામાં પોતાનો માલ નિકાસ કરે છે.

ભુજ તાલુકાના ભારાસરના વતની રમેશ ખોડા દર વર્ષે એપ્રિલમાં કેન્યામાં યોજાતી સફારી કાર રેલીમાં ભાગ લેતા એકમાત્ર કચ્છી છે. વિશ્વભરમાં નામના મેળવેલ આ મોટર સફારી રેલી કેન્યાના વિકટ માર્ગો પરથી પસાર થાય છે. આ રેલીમાં પ્રથમ સ્થાન મેળવી ગુજરાતી યુવાન શેખર મહેતાએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે પરંતુ કચ્છી તરીકે રમેશ ખોડાનું પણ આ રેલીમાં નામ છે. ભારતમાં યોજાતી હિમાલયન રેલીમાં ભાગ લઇ રમેશ ખોડા પ્રથમ વિજેતા થયા છે.

બ્રિટન સાથે કચ્છીઓનો સંબંધ ૧૮મી સદીથી છે

કેન્યા, યુગાન્ડા છોડી કચ્છીઓ મોટી સંખ્યામાં આજે બ્રિટનમાં વસવાટ કરે છે પરંતુ બ્રિટન સાથે કચ્છીઓનો સંબંધ આઝાદી અગાઉ રહેવા પામ્યો છે. કચ્છ માંડવીમાં ૪ ઓકટોબર ૧૮૫૭ના રોજ જન્મેલા ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા નાસિકમાં મળેલ સંસ્કૃત સંમેલનમાં પ્રવચન આપી બધાને મંત્રમુગ્ધ કર્યા. આ સંમેલનના પ્રમુખ ન્યાયમૂર્તિ શ્રી ગોપાળરાવ દેશમુખે પંડિત શ્યામજી કૃષ્ણવર્માને ધન્યવાદ આપ્યા એટલું જ નહીં પરંતુ તે વખતે લંડનમાં ઓકસફોર્ડ યુનિવર્સિટીમાં ખાલી પડેલ પ્રાધ્યાપકની જગ્યા માટે સર મોનિયર વિલિયમ્સને પંડિત શ્યામજીના નામનું સૂચન કર્યું.

ઇ. સ. ૧૮૭૮માં લંડનથી સર મોનિયર વિલિયમ્સનું તેડું આવ્યું અને સ્વામી દયાનંદ સરસ્વતીના આશીર્વાદ લઇ પંડિત શ્યામજી લંડન પહોંચ્યા અને ઓકસફોર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકનું સ્થાન સંભાળ્યું એટલુ જ નહીં પરંતુ કચ્છના મહારાવ શ્રી ખેંગારજીએ આપેલ સ્કોલરશિપનો લાભ મેળવી, અભ્યાસ ચાલુ રાખી ૧૮૮૩માં ઓકસફોર્ડ યુનિવર્સિટીના પ્રથમ હિન્દી ગ્રેજ્યુએટ થયા અને ૧૮૮૪માં બેરીસ્ટરની ડિગ્રી સાથે ભારત પરત આવ્યા.

લંડનમાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણાવર્માએ અનેરો ઇતિહાસ સર્જયો છે

ઇ. સ. ૧૮૯૭માં શ્યામજી કૃષ્ણાવર્મા પત્ની ભાનુમતિ સાથે લંડન પહોંચ્યા. અહીં સ્વતંત્રતાના હિમાયતી હર્બર્ટ સ્પેન્સરને મળ્યા. તેમના વિચારોનો અભ્યાસ કર્યો અને ભારતની સ્વતંત્રતા માટે ચળવળ શરૂ કરવાનો નિર્ણય કર્યો. લંડનમાં મકાન લઇ ''ઇન્ડિયા હાઉસ'' નામ આપ્યું અને ધામધૂમથી ઉદઘાટન વિધિ કરી. આ પ્રસંગે હાજર રહેલ મહેમાનોમાં દાદાભાઇ નવરોજી, લાલા લજપતરાય, મેડમકામા, સરદારસિંહ રાણા, આયર્લેન્ડની સ્ત્રી નેતા શ્રીમતી ડેપોર્ટ વગેરેએ હાજરી આપી હતી. આ ઇન્ડિયા હાઉસમાં ભારતથી આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવા તેમજ વાંચનાલયની સગવડ આપવામાં આવતી હતી અને અહીં રહીને જ વીર સાવરકર, લાલા હરદયાળ, વિરેન ચટ્ટોપાધ્યાય, વી. એસ. ઐયર જેવા ક્રાંતિકારી વીરો તૈયાર થયા હતા.

લંડનમાં શ્યામજી કૃષ્ણવર્માએ ''ઇન્ડિયન સોસિયોલોજીસ્ટ'' નામનું મુખપત્ર

કચ્છ : ઔદ્યોગિક વિકાસની કેડીએ

(પાના ૧૭૨નું સંધાન)

વાસણો જેવા ઉદ્યોગોની હજુ પણ આ જિલ્લામાં શકયતા રહેલી છે.

ઔદ્યોગિક વિકાસની શકયતાઓ

આમ, કચ્છની હાલની ઔદ્યોગિક પરિસ્થિતિ અને તેના વિકાસની શકયતાઓ અંગે વાત કર્યા પછી એટલું જરૂરથી કહી શકાય એમ છે કે, આવનારો સમય કદાચ ગુજરાતના બીજા જિલ્લાઓની જેમ કચ્છ પણ ઔદ્યોગિક રીતે ધમધમતો બને પરંતુ માત્ર આશાવાદ સેવવાથી કામ નહીં ચાલે એના માટે કચ્છ અને કચ્છ બહાર વસતા દરેક કચ્છીઓએ ચોક્કસ નિર્ધાર કરવો પડશે. અન્ય રાજ્યોમાં જઇને કરોડો રૂપિયાનું રોકાણ કરીને ઉદ્યોગ ચલાવતા ઉદ્યોગકારોને આહવાન આપીએ કે, પોતાના મોટા ઉદ્યોગ માટે જરૂરી હોય તેવી આનુષંગિક જરૂરીયાત માટે કે પછી અન્ય કોઇપણ નફાકારક પછી ભલે તે નાના પાયાનો હોય તેવો ઉદ્યોગ માદરે વતનમાં પણ શરૂ કરે અને જિલ્લાના ઔદ્યોગિકરણની પ્રક્રિયામાં પોતાનો નમ્ર ફાળો આપે. □

■ મારૂતિ એપાર્ટમેન્ટ સામે, નાગર ચકલો, ભુજ-કચ્છ.
(માહિતી સ્ત્રોત : જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુજ-કચ્છ.)

સંભવિત એકમોની આ છે યાદી

ક્રમ	એકમનું નામ	ઉત્પાદન	વા. ક્ષમતા	રોકાણ (રૂા. લાખમાં)	સ્થળ
૧	૨	૩	૪	૫	૬
૧.	મેસર્સ અદાણી કેમિકલ્સ લિમિ.	મીઠું	૧૦.૦૦ લાખ મે. ટન	૪,૪૩૦/-	મુન્દ્રા
૨.	કુકવેલ ફુટસ ઇન્ડિયા પ્રા.લિ.	આયોડાઇઝ મીઠું	૧૦.૦૦ લાખ મે. ટન	૪૭૦/-	ગાંધીધામ તા. અંજાર
૩.	સાંઘી સિમેન્ટ	સિમેન્ટ	૨૫૦ લાખ મે. ટન	૬૨,૦૦૦/-	જાડવા, તા. લખપત
૪.	એગ્રોસેલ પેસ્ટીસાઇડઝ લિમિ.	બ્રોમાઇન	૨૦૦૦ મે. ટન	૫૮૫/-	બન્ની, તા. ભુજ.
૫.	આશાપુરા માઇનકેમ લિમિ.	બેન્ટોનાઇટ પાવડર	૧૦૦૦૦૦ મે. ટન	૪૦૦/-	લેર, તા. ભુજ.
૬.	ગુજરાત આલ્કલી એન્ડ કેમી. લિમિ.	એલ્યુ. પ્લાન્ટ	૫૦૦૦ મે. ટન	૪૭૦૦/-	કંડલા, તા. અંજાર
૭.	બીના ડેવલપર્સ લિમિ.	લસણ, ડુંગરીનું ડિહાઇડ્રેશન	૩૦૦૦ મે. ટન	૧૦૨૫/-	કુકમા, તા. ભુજ.
૮.	જે. હરકીશનદાસ એન્ડ કું.	ગ્રાઉન્ડનટસ એન્ડ અધર સીડ્સ		૯૦/-	નવા કંડલા, તા. અંજાર.
૯.	મુલજી દેવજી ટ્રેડીંગ એન્ડ ફાઇનાન્સ લિમિ.	કેસ્ટર ઓઇલ		૨૫૦/-	ભચાઉ
૧૦.	શાહ ઓઇલ ટેન્ક ઇન્ડિયા પ્રા લિ.	જોજોબા ઓઇલ કેક		૧૫૪/-	કલ્યાણપર, તા. ભુજ.
૧૧.	કચ્છ ડેરી	ચીઝ			માધાપર, તા. ભુજ.
૧૨.	મેસર્સ અરવિંદ મિલ્સ, અમદાવાદ	સિમેન્ટ			અબડાસા.
૧૩.	મેસર્સ એસ. આર. ગુજરાત અમદાવાદ	સિમેન્ટ			તા. લખપત.
૧૪.	મેસર્સ ડી. એલ. એફ. સી. દિલ્હી	સિમેન્ટ			તા. લખપત.
૧૫.	રેમન્ડ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ, મુંબઇ.	સિમેન્ટ			તા. લખપત.
૧૬.	થાપર ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ હૈદ્રાબાદ	બ્રોમાઇન			ખાવડા, તા. ભુજ.

શરૂ કર્યું. આ મુખપત્ર દ્વારા જ કદાચ પહેલીવાર અસહકાર, સ્વરાજ્ય અને હોમરૂલ જેવા શબ્દો ભારતીયોના કાને ગૂંજતા થયા અને ઇન્ડિયા હોમરૂલ સોસાયટી પણ શરૂ થઇ. ઇન્ડિયન સોસિયોલોજીસ્ટમાં આવતાં લખાણ વાંચી માત્ર બ્રિટનની પ્રજા જ નહીં, પરંતુ સરકારની આંખમાં પણ શ્યામજી ખટકવા લાગ્યા અને સરકારની પજવણી શરૂ થઇ પરિણામે ઇન્ડિયા સોસિયોલોજીસ્ટ બંધ કરવું પડયું. બ્રિટીશ સરકારે ૧૯૦૭માં શ્યામજીની બેરીસ્ટરની ડિગ્રી પણ છીનવી લીધી પરિણામે શ્યામજી લંડન છોડી પેરિસ ગયા અને ત્યાંથી આ મુખપત્ર શરૂ કર્યું. ત્યાં પણ બ્રિટીશ સરકારે પોતાના જાસૂસો દ્વારા શ્યામજીને હેરાનગતિ શરૂ કરી એટલે શ્યામજી જીનિવા પહોંચ્યા અને ત્યાંથી ઇન્ડિયન સોસિયોલોજીસ્ટ શરૂ કર્યું પરંતુ હવે પોતે એકલા પડી ગયા હતા એટલે નછૂટકે મુખપત્ર બંધ કરી વેપારમાં ઝંપલાવ્યું પરંતુ દિલમાં ભારતની દુર્દશા અને ગુલામીની આગ જલતી જ રહી.

તા. ૩૧ માર્ચ ૧૯૩૦ના કચ્છી સપૂત અને ભારતના આ ક્રાંતિવીરે જીનિવામાં પોતાનો દેહ છોડયો ત્યારે એ સમયે જીનિવામાં એકમાત્ર ભારતીય બાબુ ભગવાનદાસ હાજર હતા અને એમણે જ સ્વ. શ્યામજી કૃષ્ણવર્માના મૃતદેહને સેન્ટ જ્યોર્જ સ્મશાનગૃહમાં અગ્નિદાહ દીધો.

આફ્રિકાના દેશોમાંથી કચ્છીઓ બ્રિટનમાં ૧૯૫૦ પછી જૂજ સંખ્યામાં આવ્યા પરંતુ ૧૯૬૦ પછી આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જ રહ્યો અને ૧૯૭૨માં યુગાન્ડાની સ્થિતિ કથળતાં મોટી સંખ્યામાં કચ્છીઓ બ્રિટન પહોંચ્યા.

બ્રિટન પહોંચેલા આ કચ્છીઓ પૈકી ખોજાઓ વેપાર, ઉદ્યોગ અને કેશ એન્ડ કેરી જેવા ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ ઊભા કરી તેમાં જોડાઇ ગયા. આ કચ્છી ખોજાઓમાં શ્રી અલીદિના વિશ્રામના પુત્રવધૂ શ્રીમતી સુગરાબેન હૈદરઅલી યુગાન્ડા પાર્લામેન્ટમાં એક સમયે પ્રથમ એશિયન સભ્ય હતાં. હાલ લંડનમાં કોમનવેલ્થ ઇન્સ્ટીટયુટ સાથે જોડાયેલ છે અને તેમના પતિ હોટલ બિઝનેસ સાથે જોડાયેલા છે.


બ્રિટનના વેપાર-ધંધામાં કચ્છીઓનો પગદંડો

બ્રિટન આવેલ કચ્છી ભાટિયા હોટલ ઉદ્યોગ, એકસપોર્ટ, ઇમ્પોર્ટ અને બેન્કીંગ વ્યવસાયમાં જોડાયેલા છે જ્યારે કચ્છી લેવા પટેલો બિલ્ડીંગ કન્સ્ટ્રકશન, ગ્રોસરીની નાની દુકાનો, પોસ્ટ ઓફિસ અને ગ્રેઇન સ્ટોર્સના ધંધામાં રોકાયેલા છે.

પશ્ચિમનું જગત ઘડિયાળના કાંટાની સાથોસાથ દોડે છે. બ્રિટનમાં પ્રોફેસરો, લેકચરરો કલાકના હિસાબે કામ કરે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સોલીસીટર કલાકના હિસાબે ફી લે છે. બ્રિટનના ટી. વી. સ્ટાર પોતાના ચહેરાને ટીવી સ્ક્રીન પર દેખાડવાના પૈસા ઉઘરાવે છે. બ્રિટનના યુવકો શુક્રવારના સાંજ પડે ત્યારે એક સેકંડ પણ ઓફિસમાં ઓવરટાઇમ કરવા તૈયાર નથી. જે સમાજમાં કામના કલાકો પ્રમાણે વળતરની ગણત્રી થાય છે ત્યાં ૧૯૬૮ પછી આવેલા કચ્છી-ગુજરાતીઓએ વેપાર, ધંધા, નોકરી દરમ્યાન કામના કલાકોની ગણત્રીને દૂર રાખી માથું ટેકવીને સતત પોતાના ધંધામાં પરોવાયેલા જોવા મળે છે. બ્રિટનમાં આવેલા યહુદી અને ગુજરાતીઓમાં એકમાત્ર સામ્ય એ જોવા મળે છે કે આ લોકો વિદેશી ધરતી ઉપર માત્ર પૈસા કમાવવા જ નહી પરંતુ ઘર વસાવવા આવ્યા છે.

બ્રિટનના ગુજરાતીઓમાં ગ્રોસરી સ્ટોર ધરાવતા લોકો પૈકી અમૂક ગુજરાતીઓ ભારતથી આવતી ચીજ વસ્તુઓનો જ વેપાર કરે છે જ્યારે ઘણા ગુજરાતીઓ અંગ્રજી ગ્રાહકોને જરૂરી એવી વસ્તુઓનો વેપાર કરે છે. છેલ્લા ૨૫ વર્ષમાં હજારો ગુજરાતીઓ જેમાં ચરોતરી પટેલ, કચ્છી ખોજા, લોહાણા, ભાટીયા અને લેવા પટેલોનો સમાવેશ થાય છે. બ્રિટનમાં જ્યાં જ્યાં વેપાર-ધંધાની શકયતા જોઇ ત્યાં ઝંપલાવીને પોતાનું સ્થાન જમાવી દીધું છે.

ગુજરાતી અરૂણ દેશાઇનો ઉછેર કેન્યામાં થયો અને ૧૯૬૪માં તે બ્રિટન આવ્યા. દેશાઇ બ્રિટીશ હવાઇદળની એક ટુકડીના કમાન્ડર છે અને ફોકલેન્ડ યુદ્ધમાં ભાગ લઇ ચૂકયા છે જ્યારે લંડનથી ૨૨૦ માઇલ દૂર આવેલ પ્રેસ્ટન નામના નાનકડા શહેરમાં ભારતને ૧૧૬થી વધુ ''જેગુઆર'' નામના લડાયક વિમાનો પૂરા પાડતી બ્રિટીશ એરોસ્પેસ કંપની આવેલ છે. રૂા. ૨૬૦૦ કરોડના જેગુઆર વિમાનો ભારત ઉપરાંત નાઇઝીરીયા અને ફ્રેન્ચ એરફોર્સને. વિમાનો પૂરા પાડતી આ આંતરરાષ્ટ્રીય કંપનીમાં કચ્છીઓ મોટી સંખ્યામાં કામ કરે છે. કચ્છના વતની મોહનભાઇ પટેલ બ્રિટીશ એરોસ્પેસમાં આસિસ્ટંટ ડિઝાઇન ઇન્જિનીયર તરીકે કામ કરી ચૂકયા છે. ૧૯૮૮માં મોરારીબાપુની રામકથા આ શહેરમાં હતી આ સમયે ટોર્નાડો નામના જેટ વિમાનો ટેસ્ટીગ માટે આ વિસ્તારમાં ઘૂમતાં હતાં, પરિણામે કથામાં વિક્ષેપ થતો હતો. કથાના ગુજરાતી આયોજકોએ કચ્છી પટેલ મોહનભાઇનો સંપર્ક કર્યો અને મોહનભાઇએ કંપનીના એરકંટ્રોલરને કથા દરમ્યાન ઉડ્ડયન બંધ રાખવાનો ઓર્ડર કર્યો. કચ્છી પટેલ મોહનભાઇ આ વિમાન કંપની છોડી થોડા સમય પહેલાં જ ઓસ્ટ્રેલિયા સ્થાયી થયા છે.



કચ્છી સપૂત ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા

બ્રિટનનું 'રૂબીકોન' પીણું-બળદિયાના વતનીના ભેજાંની પેદાશ

બ્રિટનમાં જે ભારતીય વેપારીઓએ તેમના ક્ષેત્રમાં આગવું નામ ઊભું કર્યું છે તેમાં પીણા જગતમાં પેશન ફ્રુટ જ્યુસ અને મેન્ગો જ્યુસમાં 'રૂબીકોન'નું નામ જાણીતું છે. રૂબીકોન બ્રાન્ડના પીણાની ફોર્મ્યુલામાં બળદિયા (કચ્છ)ના વતની વિશ્રામભાઇ વેકરીયાની જહેમત રહેલી છે.

કચ્છીબંધુ વિશ્રામ વેકરીયા તેમજ નરેશ નાગ્રેચા બ્રિટનની જાણીતી સ્વેપ્સ કંપનીમાં પ્રોડકટ ડેવલપમેન્ટ વિભાગમાં રિસર્ચ વિભાગમાં કામ કરતા હતા. નરેશ નાગ્રેચાને દક્ષિણ એશિયાના દેશોના ફળોના રસમાંથી કયાં પીણાં બનાવી શકાય, કયો સ્વાદ પ્રજામાં લોકપ્રિય થાય એ શોધવાનું હતું. વિશ્રામ વેકરીયાનું કામ પણ પોર્ટુગલ અને આફ્રિકાના દેશોમાં ગ્રાહકોમાં જઇ સંશોધન કરવાનું હતું. આ બન્ને ગુજરાતીઓ ગ્રેજ્યુએટ છે અને ૧૯૮૨માં આ ભાઇઓએ પોતાની નોકરી છોડી રૂબીકોનની શરૂઆત કરી. ગુજરાતના વલસાડથી કેરીનો રસ મોટા પ્રમાણમાં બ્રિટનમાં રૂબીકોનમાં પહોંચે છે જ્યાં નાના ટીનમાં આ રસ પેક થઇ બ્રિટનમાં લાખો ઘરમાં પહોંચે છે. ૧૯૮૬માં ફૂડ પ્રોસેસીગ સ્પર્ધામાં રૂબીકોનને એવોર્ડ પણ મળેલ છે.

ગરબા મહોત્સવનું આયોજન

કચ્છી લેવા પટેલો ૧૯૭૨માં કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ. કે.ની સ્થાપના બ્રિટનમાં કરેલ છે. યુ. કે.માં હાલ ૨૦ હજાર જેટલા કચ્છી લેવા પટેલો વસવાટ કરે છે. આ સમાજની પ્રવૃત્તિ માટે કોમ્યુનિટી હોલ પણ આ સમાજે ઊભો કરેલ છે જેમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ ઉપરાંત નવરાત્રિ દરમ્યાન ગરબા મહોત્સવનું આયોજન કરે છે.

લંડનના આલ્પર્ટનથી લંબાયેલા અને પશ્ચિમે હાઇરોડને ચૂમતો ઇલીગ રોડ બ્રિટનમાં વસવાટ કરતા કચ્છી-ગુજરાતીઓ માટે જાણીતો છે. એશિયનો અને તેમાં પણ કચ્છી-ગુજરાતી ઉદ્યોગપતિ, વ્યાપારી, ઝવેરી, બેન્કરોથી ધમધમતો આ રોડ મુંબઇના ભૂલેશ્વર વિસ્તાર તરીકે ઓળખાય છે. રવિવારની રજામાં આ વિસ્તારમાં એકમાત્ર કચ્છી-ગુજરાતીઓની ભીડ જોવા મળે અને રસ્તાની ફૂટપાથ પર ભારતનાં મોટા શહેરોની જેમ ગુજરાતી ભાષામાં બૂમો પાડી પોતાના માલનું વેચાણ કરતા વેપારીઓ એકમાત્ર આ વિસ્તારમાં જ જોવા મળે.

વિદેશોમાં આફ્રિકા તેમજ બ્રિટનમાં વસવાટ કરતા કચ્છીઓ ત્રણ પેઢીથી પોતાના કુટુંબ સાથે ત્યાંજ વસવાટ કરે છે પરંતુ તેઓ ધાર્મિક, સામાજિક પ્રસંગોએ વતન આવતા રહે છે આમ કચ્છ સાથે આ બિન નિવાસી કચ્છીઓએ પોતાનો સંપર્ક જીવંત રાખ્યો છે એટલું નહી પરંતુ કચ્છના ગામડાંઓના વિકાસ અને દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિમાં હંમેશાં મદદરૂપ થયા છે. કચ્છમાં ગામડામાં પ્રાથમિક શાળા, વારીગૃહ, હોસ્પિટલનાં મકાનો તેમજ સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનમાં વિદેશમાં વસવાટ કરતા કચ્છીઓનો ફાળો રહેલો છે જે કચ્છ માટે ગૌરવજનક બાબત છે. □

■ નવાવાસ, સ્વામીનારાયણ મંદિર પાસે, માધાપર, તા. ભુજ-કચ્છ.

કચ્છડો ખેલે ખલકમેં

કચ્છ હર હંમેશ કુદરતી ખોફનો ભોગ બનતું આવ્યું છે. કચ્છ એ કાયમી અછતના પ્રદેશ તરીકે જાણીતો છે. દુષ્કાળ એ કચ્છ માટે કોઇ નવાઇની વાત નથી. જેમ શિયાળો, ઉનાળો અને ચોમાસાની મોસમ ક્રમસર ચાલી આવે છે, તેમ અછત, અર્ધ અછત અને દુષ્કાળનું ચક્ર પણ કચ્છમાં સદીઓથી ચાલતું આવ્યું છે અને એજ કારણસર લાખો કચ્છીઓ, ભારે દિલે માતૃભૂમિને સલામ કરીને રોજગારી માટે પરદેશ હાલી નીકળ્યા છે. આજે કચ્છ કરતાં, કચ્છની બહાર કચ્છીઓની વસ્તી વધુ છે. કચ્છમાં કપરા કાળની પરંપરાને કારણે, કચ્છી લોકો એવા કઠોર અને ખમીરવંતા થઇ ગયા છે કે જે લગન અને ધગશ માતૃભૂમિમાં કામ ન લાગ્યા તે દેશાવરમાં લેખે લાગ્યા. ભારતના કોઇ પણ પ્રદેશની પ્રજા, કુદરતી આપત્તિઓના કારણે માદરે વતન છોડીને પરદેશ કે દેશાવર ગઇ હોય તો એમાં કચ્છી પ્રજાનો નંબર પહેલો આવે છે. ભારતનાં કોઇ પણ રાજ્યમાં જાવ કે દુનિયાનાં કોઇ પણ દેશમાં જાવ, કચ્છી માડુ, આપને જરૂર મળી આવશે અને જ્યાં જ્યાં કચ્છી માડુ વસે છે ત્યાં વતન કરીને રહે છે. છતાંયે એ કચ્છી માડુ પોતાની માતૃભૂમિને કયારેય ભૂલ્યો નથી. માતૃભૂમિનાં સંસ્કારો, વારસો, ભાષા, રીતરિવાજો, એ હજુ પણ સાચવીને બેઠો છે- સલામ તને કચ્છી.

છ હજાર કચ્છી કુટુંબો હોવાનો અંદાજ

અંધારા ખંડ આફ્રિકાની ધરતી પર તો કચ્છીઓએ કયારનાય પદાર્પણ કર્યા હતા. તો અમેરિકામાં ભારતીયોના આગમન વિશેનો ઇતિહાસમાં ઉલ્લેખ છે કે ઇ. સ. ૧૮૯૩માં જ્યારે સ્વામી વિવેકાનંદ અને વીરચંદ રાઘવજી ગાંધી પધાર્યા, તે જ સાલમાં કચ્છ- માંડવીનાં લાલન કુટુંબનાં એક સુપુત્રે અમેરિકાની ધરતી ઉપર પગ

દેશાવરમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી પ્રગતિનાં ઊંચાં શિખર સર કર્યા છતાં 'કચ્છી માડુ' કયારેય માતૃભૂમિને ભૂલ્યો નથી અને આજેય તેનાં સંસ્કાર સાચવીને બેઠો છે

મૂકયો હતો અને અમેરિકામાં સાડાચાર વરસ રહ્યા અને ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને જૈન ધર્મ ઉપર આખા અમેરિકામાં પ્રવચનો આપ્યા. પરંતુ તેથી ય પહેલાં, એટલે સને ૧૮૯૨માં અમેરિકાના ચિકાગો શહેરમાં કળા પ્રદર્શન યોજાયેલ ત્યારે કચ્છના ઉમરશી માવજીના મેસર્સ ઉમરશી માવજી એન્ડ સન્સને કચ્છની અનુપમ કળા-કૌશલતા માટે ચંદ્રક અને પ્રમાણપત્રો મળ્યા હતા. ૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા પછી, થોડા ભારતીયો અમેરિકા આવ્યા. જ્યાં સુધી કચ્છી પ્રજાને સંબંધ છે ત્યાં સુધી, જે માહિતી ઉપલબ્ધ છે તે પ્રમાણે રતાડીયાનાં વતની ગિરીશ છેડા, ૧૯૫૮માં અમેરિકા આવ્યા અને બફેલો ન્યુયોર્કમાં સ્થાયી થયા અને ત્યાંની વિશ્વ પ્રખ્યાત ROSEWELL PARK CANCER HOSPITAL માં કેન્સરનાં કારણો શોધવા માટેનાં વૈજ્ઞાનિક તરીકે વરસો સુધી કામ કર્યું. એ જમાનામાં જમ્બોજેટ ન હતા. ગિરીશભાઇ સ્ટીમર દ્વારા બે મહિનાની મુસાફરી કરીને અમેરિકા આવેલા. આજ તો ૧૫ કલાકમાં મુંબઇ કે દિલ્હીથી અમેરિકા આવી શકાય છે. તે પછી ધીરે ધીરે ઘણા કચ્છીઓ અભ્યાસાર્થે અમેરિકા આવ્યા અને ૧૯૬૫માં જ્યારે રાષ્ટ્રપતિ જહોનસને સિવિલ એકટના કાયદા ઉપર સહી કરી અને દુનિયાનાં તમામ દેશો માટે અમેરિકા આવવા માટેના દરવાજા ખુલ્લા કરી નાખ્યા ત્યાર પછી ૧૨ લાખ ભારતીયો અમેરિકામાં આવીને સ્થાયી થયા છે. અંદાજે, એમાં ૬ લાખ ગુજરાતીઓ છે. જેમાં ૨૫ હજાર જેટલા કચ્છીઓનો પણ સમાવેશ થઇ જાય છે. આ ૨૫૦૦૦ (છ હજાર કુટુંબો)ની કોઇ સત્તાવાર ડિરેકટરી નથી પણ જે જુદી જુદી જ્ઞાતિઓની, ધર્મની, ધંધાદારીઓની ડિરેકટરીઓ છે તે ઉપરથી આ એક બિનવૈજ્ઞાનિક અનુમાન છે.

ભારતના અને વિશ્વના બધા ભાગોમાં પહોંચનાર કચ્છીઓ અને અમેરિકામાં આવનાર કચ્છીઓમાં એક સૌથી મોટો તફાવત છે કે જ્યારે બીજે બધે કચ્છીઓએ શરૂઆતમાં મજૂરી, કારીગર તરીકે કામગીરી કર્યા બાદ વેપાર ધંધામાં જોડાયા અને સતત પરિશ્રમ કરીને પોતાના વ્યવસાયમાં નોંધપાત્ર પ્રગતિ કરી, ત્યારે અમેરિકન સરકારના કાયદા પ્રમાણે એજ ભારતીયો જેમની પાસે ડોકટરની, ઇન્જિનિયરની કે એવા કોઇ પણ વ્યવસાયની ડીગ્રી હોય, તે જ આવી શકતા. પાછળથી નાગરિક હોવાનાં નાતે ઘણા ભારતીયોએ પોતાના ભણેલા કે ન ભણેલા ભાઇ- બહેનોને અમેરિકા બોલાવ્યા, તોય આજે અમેરિકામાં રહેનાર મોટાભાગનાં કચ્છીઓ, પોત પોતાના વ્યવસાયમાં ખૂબ જ આગળ પડતો ભાગ ભજવે છે. ૬૦૦૦ કુટુંબોમાંથી ૧૦૦૦ જેટલા ડૉકટરો, ૩૦૦૦ જેટલા ઇન્જિનિયરો, ૧૦૦૦ જેટલા વેપારીઓ અને બાકીના ૧૦૦૦ જેટલા વિવિધ પ્રકારનાં વ્યવસાયમાં કામ કરે છે.

કમનસીબે, આ બધા કચ્છીઓને જોડતી કોઇ પણ સંસ્થા નથી. કચ્છીઓએ અત્યાર સુધી ભારતની માફક જ્ઞાતિ, વ્યવસાય અને ધર્મનાં પાયા ઉપર થોડી સંસ્થાઓ શરૂ કરી છે. આમ છતાં પણ ૬૦૦૦ કુટુંબોમાંથી ફકત ૨૦૦૦ કુટુંબોની



ખીમજીભાઇ ભાણજી ઠક્કર

એક કચ્છી પ્રતિભા જેને અમેરિકા સંઘરી ન શકયું

શ્રી ખીમજી ભાણજી ઠક્કર કચ્છની એવી પ્રતિભા હતી, જે અમેરિકા અને રશિયામાં અભ્યાસ કરી પ્રથમ પંક્તિના ઇલેકટ્રીકલ એન્જિનીયર બન્યા અને "Who's Who In Engineering'ની આંતરરાષ્ટ્રીય આવૃત્તિ (૧૯૨૪)માં અમેરિકાના એક અગ્રગણ્ય ઇજનેર તરીકે એમનું જીવનવૃત્તાંત પ્રગટ થયું હતું. અમેરિકામાં M.Sc. E.E. M.I.T., અને રશિયામાં M. E.ની ઉચ્ચત્તમ ડિગ્રીઓ એમણે પ્રાપ્ત કરી હતી.

અમેરિકાની વેસ્ટીંગ હાઉસ ઇલેકટ્રીક કંપનીમાં વીસ વર્ષ કામ કર્યું, અને ઘણું સંશોધન કર્યું. સમુદ્રના મોજા, પવન અને અન્ય વૈકલ્પિક વીજ ઉત્પાદક સ્ત્રોતો ઉપરાંત હાઇ ટેન્શન ટ્રાન્સમિશન, એ. સી. લાઇન એમના સંશોધન ક્ષેત્રની વિશેષતાઓ હતી. લેટીન અમેરિકાના છ દેશોમાં યુરેનિયમ, થોરીઅમ, પ્લેટીનમ, કોબાલ્ટ અને નિકલ ખનિજોના ક્ષેત્રે સંશોધન માટે છ વર્ષ સુધી એમને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

હાવર્ડ યુનિવર્સિટીમાં પણ એમણે અભ્યાસ કર્યો હતો, ત્યારે એમની સાથે વિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇન પણ અભ્યાસ કરતા હતા. આમ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આ વિજ્ઞાની સાથે નજીકના સંપર્કમાં આવનાર કદાચ આ પ્રથમ કચ્છી હતા. ઉચ્ચત્તમ ડિગ્રીઓધારી એવા ખીમજીભાઇએ વિદ્યુત પ્લાન્ટની ઘણી મશિનરીઓની ડિઝાઇનો તૈયાર કરી હતી.

ભારતમાં હાઇડ્રો ઇલેકટ્રીકલ પાવર પ્લાન્ટો ઊભા કરવાની શકયતા પરનું વિસ્તૃત સર્વેક્ષણ એમના દ્વારા થયું, જેનું બ્રિટનમાં પ્રકાશન થયું હતું. એમણે આ વિષય પર સંખ્યાબંધ લેખો લખ્યા હતા. કાલિન્દી હાઇડ્રો ઇલેકટ્રીક પ્રોજેકટની આખી ડિઝાઇન ખીમજીભાઇએ તૈયાર કરી હતી.

કોઇ અકળ કારણોસર એમને અમેરિકાએ ભારત પાછા રવાના કર્યા અને ખીમજીભાઇના જણાવવા મુજબ એમને એને માટે કોઇ કારણ આપવામાં આવ્યું ન હતું, અને બચાવ માટે કોઇ તક આપવામાં આવી ન હતી.

જે કચ્છીએ અમેરિકાને અનેક સંશોધનો કરી આપીને અમૂલ્ય લાભ આપ્યો હતો, એને અમેરિકા સંઘરી ન શકયું.

ખીમજીભાઇ અમેરિકાથી પ્રથમ કલકત્તા આવી ઘણો સમય રહ્યા. સિત્તેરના દાયકામાં કચ્છ આવ્યા અને માંડવીમાં તથા ભુજમાં ઘણા વર્ષો રહ્યા, અને ભુજમાં ૯૦ વર્ષની વયે એમણે અંતિમ શ્વાસ લીધો.

આવા કચ્છી સપૂતને માટે કચ્છ જરૂર ગર્વ લઇ શકે છે.

--અનિલ કોઠારી

કચ્છીઓએ અમેરિકામાં પણ સેવાની જ્યોત જલતી રાખી છે

□ ડૉ. ધીરજ શાહ

માહિતી એમાંથી મળી રહે છે. બાકીનાં ૪૦૦૦ કુટુંબો અમેરિકાનાં ખૂણેખાંચે વેર-વિખેર પથરાયેલા છે. આશા છે કે, કોઇ શકિતશાળી કચ્છી આ દિશામાં ધ્યાન આપી બધા કચ્છીઓને એક તાંતણે જોડે, તો કચ્છનાં વિકાસ માટે ખૂબ જ સહાયતા પૂર્વક થઇ પડશે.

અમેરિકાની પ્રગતિમાં કચ્છીઓએ પણ પોતાની સંખ્યાનાં પ્રમાણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. રતાડીયાનાં ગિરીશ છેડાનો કેન્સરનાં કારણો શોધવામાં ફાળો નોંધપાત્ર છે, તો SAN JOSE, CALIFORNIAમાં રહેતા ઇન્જિનિયર નવીન શામજી દેઢીયાએ પણ પોતાના ક્ષેત્રમાં ખૂબ જ નામ કાઢ્યું છે અને QUALITY CONTROLનાં ક્ષેત્રમાં કેટલીયે અમેરિકન અને આંતરરાષ્ટ્રીય સંસ્થાનાં પ્રમુખપદે રહી સેવાઓ આપી છે. પોતાના ક્ષેત્રમાં જાત જાતની શોધખોળ કરીને અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે. ડૉકટરી ક્ષેત્રે, માંડવીનાં ડૉ. નવીન ચુનીલાલ મહેતા, ડૉ. ધીરજ હરિલાલ શાહ અને બિદડાનાં ડૉ. ચંદ્રવદન હરિયાએ પણ પોતાના ક્ષેત્રમાં નામના કાઢી છે. ધંધાકીય ક્ષેત્રે, ન્યુયોર્કનાં છોટાલાલ ભેદા, નીતિન વોરા, કેલીફોર્નિયાના, વિજય છેડા, રશ્મિભાઇ નટવરલાલ શાહ, મનુભાઇ શાહ, ટેક્ષાસનાં રતિલાલ શાહ, વોશિંગ્ટનનાં બચુભાઇ અજમેરા અને ભદ્રેશ ઢીલા વગેરેએ પણ નામના કાઢી છે.

સેવાકાર્યમાં સ્થાનિક સંસ્થાઓ સાથે હાથ મિલાવીને અમેરિકન પ્રજાની સેવા કરવામાં, બિદડાનાં ડૉ. ચંદ્રવદન હરિયા, જેમણે કલીવલેન્ડ ઓહાયોમાં વિનામૂલ્યે મેડિકલ સેવાઓ આપતી સંસ્થા શરૂ કરી છે, બફેલો, ન્યુયોર્કમાં માંડવી નિવાસી ડૉ. ધીરજ શાહ અને એમના ધર્મપત્ની પ્રતિમા ગરીબ લોકોને ત્રણ ટંક ભોજન આપતી સિટી મિશનનાં ટ્રસ્ટી તરીકે તન, મન અને ધનથી પોતાની સેવાઓ આપે છે. પ્રતિમાબેન તો નાયગરા ફોલ્સના NURSING HOMES (વૃદ્ધ લોકો માટેની રહેવાની જગ્યા)માં નિયમિતપણે કાર્યકર (વોલીન્ટીઅર્સ) તરીકે તન, મન અને ધનથી સેવા



ડૉ. ધીરજ શાહ

આપે છે. આવા જ સામાજિક સેવાનાં કામો LOSANGELES, CALIFORNIAમાં અંજારનાં વતની રશ્મિભાઇ નટવરલાલ શાહ અને માંડવી નિવાસી રમેશ અશોકચંદ્ર શાહ કરી રહ્યા છે. આજ પ્રમાણે સેંકડો કચ્છીઓ પોત પોતાના વિસ્તારમાં વિવિધ પ્રકારની સેવાઓ આપા રહ્યા છે.

૨૦ હજાર અમેરિકનોને માંસાહાર છોડાવ્યો છે

ધાર્મિક ક્ષેત્રે હિંદુઓ અને ખાસ કરીને સ્વામીનારાયણ પંથના અનુયાયીઓ અને જૈનોએ અમેરિકનોને INTERFAITH સંમેલનોમાં આપણા ધર્મનાં સિદ્ધાંતો અને સંસ્કૃતિ વિશે માહિતગાર રાખ્યા છે. આજે એમના પ્રયત્નોથી અમેરિકાના ૨૦ લાખ લોકોએ માંસાહાર છોડીને શાકાહાર અપનાવ્યો છે. આમાં મોરારીબાપુ, ઘનશ્યામભાઇ ઓઝા અને જૈન સાધુઓ બંધુ ત્રિપુટી (કચ્છના વતની) અને ગુરૂદેવ ચિત્ર ભાનુનો ફાળો અમૂલ્ય છે. આજે અમેરિકાના શહેરે શહેરે હિંદુ, જૈન, હિન્દુ-જૈન મંદિરો અને



ડૉ. નવીનચંદ્ર ચુનીલાલ મહેતા

ગુરૂદ્વારાઓ જોવા મળે છે. અમેરિકામાં આવીને પણ આપણા કચ્છી ભાઇઓ પોતાની સંસ્કૃતિ અને ધર્મને ભૂલ્યા નથી. જૈન ભાઇઓ દર બે વરસે એક જૈનને જૈન રત્નનો એવોર્ડ આપે છે. આશ્ચર્યની વાત એ છે કે આ એવોર્ડ છેલ્લા ૬ વરસમાં કચ્છીઓ ડૉ. પ્રેમચંદ ગડા, ડૉ. ધીરજ શાહ તથા ડૉ. ગિરિશ છેડાને અપાયા છે. અમેરિકાનાં રાજકારણમાં પણ કચ્છીઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. ન્યુજર્સીમાં માંડવી નિવાસી ડૉ. નવીન મહેતા, ઓહાયોનાં બિદડા નિવાસી ડો. ચન્દ્રવદન હરીયા અને બફેલો ન્યુયોર્કના માંડવી નિવાસી ડૉ. ધીરજ શાહ અને ન્યુયોર્કનાં છોટાલાલ ભેદા મહત્ત્વનો ભાગ ભજવે છે પણ મોટેભાગે આપણા ભાઇઓ રાજકારણીઓને ફંડફાળો આપી સંતોષ માને છે. બહુ જ ઓછા લોકો સીધી રીતે રાજકારણમાં ભાગ લે છે. માંડવી નિવાસી ડૉ. ધીરજ હરિલાલ શાહે ૧૯૯૨ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મહત્ત્વનો ભાગ ભજવેલ અને ડેમોક્રેટીક પાર્ટીનાં ડેલીગેટ તરીકે પશ્ચિમી ન્યુયોર્કમાં ચૂંટાઇ આવેલા. અમેરિકાનાં ઇતિહાસમાં સૌ પ્રથમ કચ્છી તરીકે ચૂંટાવવાનું માન ડૉ. શાહને મળેલું. ડૉ. નવીન મહેતા અને ડૉ. ધીરજ શાહ રાષ્ટ્રપતિ કિલન્ટનની બહુજ નજીક છે. ડો. ધીરજ શાહે તા. ૩૦ જૂનનાં અને ૨૪મી જુલાઇના શ્રી કિલન્ટનની ચિકાગો અને વ્હાઇટ હાઉસમાં વ્યકિતગત મુલાકાત લીધેલ અને અમેરિકા અને ભારતનાં સંબંધો, ઇન્ડિયન- અમેરિકન પ્રજાની મુશ્કેલીઓ અને ભારતીય ડૉકટરો સાથે થતાં રંગભેદી વર્તાવ વિશે રજૂઆત કરેલી તેમણે ૨૪ જુલાઇના ડેમોક્રેટીક પક્ષના પાલમિન્ટમાં નેતા મિસ્ટર રીચાર્ડ ગેફાર્ડ સાથે પણ આ બાબતમાં રજૂઆત કરેલી.

પરદેશની ધરતી ઉપર તકલીફો વચ્ચે પણ કચ્છીઓ પોતાની માતૃભૂમિને ભૂલ્યા નથી. 'જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ ગરિયસિ'. એ સૂત્ર, કચ્છીઓના લોહીમાં છે. જ્યારે ૧૯૯૧માં કચ્છમાં દુષ્કાળ હતો ત્યારે કચ્છની માંડવી, મુંદ્રા, ભુજ, અંજાર અને રાપરની પાંજરાપોળોને અમેરિકાના કચ્છીઓએ ખૂબ જ મદદ કરેલી. ઠંડીનાં દિવસોમાં મદદ કરવા માટે ૬૦૦૦૦ પાઉન્ડના કપડાંઓ મૂકેલાં. બિદડા સર્વોદય ટ્રસ્ટને લાખો રૂપિયાનાં તબીબી સાધનો દાનમાં આપેલ છે. છેલ્લા ૮ વરસથી ફકત આર્થિક નહીં પણ અમેરિકાથી દરેક જાતનાં નિષ્ણાત ડૉકટરો અને કાર્યકરો લઇ આવીને લાખો દર્દીઓની દવા કરી છે. ભદ્રેશ્વર, મુંદ્રા, વગેરે જગ્યાએ દવાખાના ખોલેલ છે. અભ્યાસનાં ક્ષેત્રે કોમ્પ્યુટર્સ, અંગ્રેજી શિક્ષણની શાળાઓ ખોલવા વગેરેમાં મદદ કરેલ છે. કેટલાયે કચ્છીઓએ પોતપોતાના ગામોમાં સમાજ સેવાના સેંકડો કામ કરેલ છે. એનું લીસ્ટ એટલું મોટું છે કે એનો અત્રે સમાવેશ કરવો અશકય છે. કચ્છીઓનાં એ સદનસીબ છે કે બાજરો ખાઇને મોટા થયા છે.

'બાજરજી માની જેમેં હુભ્મને ભરકત જા મેરાણતા હૂંબકે' !
(બાજરાના રોટલામાં વહાલપ અને સમૃદ્ધિના સાગર ઉછળતા હોય છે). □

■ નાયગરા ફાલ્સ, ન્યુયોર્ક, ફોન : (૭૧૬)-૭૭૩-૧૩૧૪ (ઘર) (૭૧૬)-૨૮૫-૮૪૩૦ (ઓ)


કચ્છની અસ્મિતાના
વિશ્વમાં અનેક મીની કચ્છ
પાણીની સમસ્યા
લે, દીકરા આ સાચવી રાખજે ક્યારેક આ જરૂર કામ લાગશે
કચ્છી વેપાર ઉદ્યોગ
ડાઇવર્સ હોટલ
મહાસાગરના પેટાળમાં પણ પહેલી દુકાન કચ્છીની હશે
મુંબઇના કચ્છીઓનું એક સુરખાબ નગર ભુજ
મુંબઇના કેટલાક કચ્છી સુરખાબો ભુજમાં ઇંડા મુકવા આવે છે
કચ્છના (આજના) યુદ્ધો
રૂપિયાનું ગદાયુદ્ધ
નેતા
નેતા
હું તને રૂપિયાથી મારીશ


realpatidar.com
વ્યંગરંગ
કાર્ટુનિસ્ટ-સ્વપ્ન
કચ્છની ખેતી-વાડી
લે, આ દલો, તને નવું વાવેતર નહિ આવડે. અમે તારા ખેતરને એન.એ. કરાવી પ્લોટ પાડી રૂપિયાની ખેતી કરીશું
બે મિસાલ કરીશ્મા કચ્છનું રણ
શસ્ત્રો દાણચોરી નશીલા પદાર્થો, જાસૂસોનું બજાર
કચ્છના 'રત્નો'
કેટલાક કચ્છના પથરાઓ પણ મ્યુઝિયમમાં રાખવા જેવા છે!
કચ્છી માડૂ
કચ્છ
કચ્છી
મુંબઈ
સિંધ
સિંધ
કચ્છમાં ખાદી પ્રવૃત્તિ
ખાદીથી ગાદી મળી. નેતાઓને બાદી થઈ અને પ્રજાની બરબાદી થઈ
કચ્છી રંગમંચ (આજનું)
નેતાઓ
નેતાઓ
કચ્છ
સંભાળજે, આ લોકો તને વેચી ન નાખે

કચ્છની આયોજિત વિકાસયાત્રા પર એક નજર

બીજા વિશ્વયુદ્ધ પછી ગુલામી અને શોષણમાંથી મુક્ત થયેલા રાષ્ટ્રો તથા વિશ્વયુદ્ધને કારણે જેમની અર્થવ્યવસ્થા પડી ભાંગી તેવાં રાષ્ટ્રો પોતાના અર્થતંત્રના પુનરૂત્થાન માટે તથા આર્થિક વિકાસ દ્વારા પોતાની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા માટે પ્રયત્નશીલ બન્યાં હતાં. આવાં રાષ્ટ્રોએ આ માટે ઝડપથી આર્થિક આયોજનનો માર્ગ અપનાવવા માંડયો હતો. આના કારણે 'આર્થિક આયોજન' કે 'યોજનાઓની વિચારણા' વધારે વ્યાપક રીતે દુનિયાના રાષ્ટ્રોમાં પ્રસરેલી અને અમલમાં મૂકાયેલી નજરે પડે છે.

સામાન્ય રીતે કોઇ પૂર્વ નિર્ધારિત હેતુઓ, ધ્યેયોને પાર પાડવા માટે ચોક્કસ રીતે વિચારેલ ક્રમબદ્ધ કાર્યપ્રણાલી અને તેના અમલીકરણની બાબતને 'આયોજન'નું નામ આપી શકાય. આયોજનનો ખ્યાલ નવો નથી. લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં પ્લેટોએ તેના 'રિપબ્લીક'માં આ ખ્યાલની રજૂઆત કરી હતી. આ પછી આર્થિક આયોજનના આ ખ્યાલને જે તે સમયે પ્રવર્તમાન આર્થિક વિચારણાઓ-સ્થિતિઓના સંદર્ભમાં રજૂ કરાતો રહ્યો છે. મૂડીવાદના દૂષણોથી તંગ આવી ગયેલા પશ્ચિમ યુરોપે આર્થિક બાબતોમાં રાજ્યની દરમિયાનગીરીની હિમાયત કરી હતી. ઇ. સ. ૧૯૧૦માં નોર્વેના પ્રોફેસર શેન્ડેહરે 'રાજ્ય કે તેની એજન્સી' દ્વારા આર્થિક આયોજન હાથ ધરવાની જરૂરિયાત તરફ નિર્દેશ કર્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીએ પણ આ ખ્યાલને અમલમાં મૂકવા પ્રયત્ન કર્યો હતો. આમ છતાં એ ગાળા દરમિયાન આ વિચારણા દુનિયાના દેશોને ખાસ આકર્ષી શકી ન હતી.

ઇ. સ. ૧૯૨૮માં સોવિયેત રશિયાએ આર્થિક વિકાસના માર્ગ તરીકે આર્થિક આયોજનનો વિચાર અપનાવ્યો અને તેણે આ માર્ગે મેળવેલી સફળતાને કારણે વિશ્વના અન્ય રાષ્ટ્રો પણ આ વિચારણાને અપનાવવા આકર્ષાયા.''

સર વિશ્વેશરૈયા દ્વારા આયોજનની હિમાયત

ભારતમાં આયોજન વિષે વિચારણા આઝાદીથી ઠીક ઠીક પહેલાં શરૂ થઇ હતી. સર વિશ્વેશરૈયાએ ઇ. સ. ૧૯૩૪માં, 'પ્લાન્ડ ઇકોનોમી ફોર ઇન્ડિયા' નામનું પુસ્તક પ્રકાશિત કરી આયોજનની હિમાયત કરી હતી. તેમના આ મહત્ત્વના પ્રદાનને કારણે તેમના જન્મદિવસ ૧૫મી સપ્ટેમ્બરના દર વર્ષે 'એન્જિનીયર્સ ડે' કે 'આયોજન દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉપરાંત ૧૯૩૪માં તાતા-બિરલા યોજના અથવા 'બોમ્બે પ્લાન' દેશના ટોચના આઠ ઉદ્યોગપતિઓએ બહાર પાડી હતી. આ પછી ઇન્ડિયન ફેડરેશન ઓફ લેબરે 'જનતા' યોજના તરીકે ઓળખાતી યોજના બહાર પાડી હતી. શ્રી એસ. એમ. અગ્રવાલે 'ગાંધીવાદી યોજના' તરીકે જાણીતી યોજના બહાર પાડી હતી.

શ્રી સુભાષચન્દ્ર બોઝે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષની હેસીયતથી ઇ. સ. ૧૯૩૭માં 'રાષ્ટ્રીય આયોજન સમિતિ' રચી હતી. પંડિત જવાહરલાલ નહેરૂ તેના અધ્યક્ષ તથા કચ્છના પનોતાપુત્ર માંડવીના પ્રા. કે. ટી. શાહ તેના મંત્રી હતા. ૧૯૪૮માં આ સમિતિનું વિસર્જન થતાં સુધી પ્રા. શાહ તેના મંત્રીપદે રહ્યા હતા. આ સમિતિએ આયોજનના ક્ષેત્રે મહત્ત્વના પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં છે.

બીજી પંચવર્ષીય યોજનાના ઘડતરમાં માંડવીના પ્રા. જે. જે. અંજારિયા મુખ્ય હતા. ભારત સરકારે તેમનું પદ્મશ્રીથી બહુમાન કર્યું છે. જિલ્લા આયોજન ભવનને પ્રા. કે. ટી. શાહ ભવન તથા જિલ્લા આયોજન ભવનના મધ્યસ્થ ખંડને 'પ્રા. જે. જે. અંજારિયા હોલ' નામ આપી કચ્છે પોતાના પુત્રોની સ્મૃતિને કાયમી કરવી જોઇએ.

વિકેન્દ્રીત આયોજનની પ્રક્રિયા ગુજરાતમાં ઇ. સ. ૧૯૮૫થી શરૂ થઇ. કચ્છની વિવિધ પંચવર્ષીય યોજનાઓ વિષે જાણવું રસપ્રદ થઇ પડશે.

કચ્છની પ્રથમ યોજના તૈયાર થઇ ત્યારે કચ્છ 'ક' વર્ગનું રાજ્ય હતું. બીજી યોજનાનું અમલીકરણ દ્વિભાષી મુંબઇ રાજ્ય સમયે થયેલ. તા. ૧-૫-૧૯૬૦થી કચ્છ ગુજરાતના ૧૯ જિલ્લા પૈકી એક જિલ્લો છે.

કોઠો-૧ કચ્છમાં અત્યાર સુધી જુદી જુદી યોજના હેઠળ થયેલ ખર્ચ

ક્રમ	યોજના	વર્ષ	જોગવાઇ (રૂા. લાખમાં)	ખર્ચ (રૂા. લાખમાં)
૧	પ્રથમ	૧૯૫૧-૫૬	૪૫૭.૭૨	૩૦૫.૩૦
૨	દ્વિતીય	૧૯૫૬-૬૧	૮૧૨.૩૦	૬૭૯.૭૯
૩	તૃતીય	૧૯૬૧-૬૬	૭૫૪.૬૮	૫૪૫.૪૯
૪	વાર્ષિક યોજના	૧૯૬૬-૬૯	૨૩૩.૨૧	૧૯૯.૪૫
૫	ચતુર્થ યોજના	૧૯૬૯-૭૪	૫૮૯.૨૨	૪૬૩.૮૬
૬	પંચમ યોજના	૧૯૭૪-૭૮	૫૨૪.૪૦	૫૧૭.૮૬
૭	વાર્ષિક યોજના	૧૯૭૮-૭૯	૩૩૧.૯૨	૩૨૨.૫૦
૮	વાર્ષિક યોજના	૧૯૭૯-૮૦	૪૧૭.૭૦	૫૩૮.૧૬
૯	ષષ્ટમ યોજના	૧૯૮૦-૮૫	૪૪૭૦.૭૭	૪૨૮૮.૧૩
૧૦	સપ્તમ યોજના	૧૯૮૫-૯૦	૮૪૯૨.૨૩	૩૭૭૨.૦૦
૧૧	વાર્ષિક યોજના	૧૯૯૦-૯૨	અપ્રાપ્ય	અપ્રાપ્ય
૧૨	અષ્ટમ યોજના	૧૯૯૨-૯૭	૨૪૪૨૫.૮૬	અપ્રાપ્ય

ઉપરની વિગતોનો અભ્યાસ કરતાં જણાય છે કે, આઝાદીના ૪૦ વર્ષ દરમિયાન કચ્છમાં વિકાસાર્થે રૂા. ૧૬૯૭૪ લાખની ફાળવણી કરાઇ હતી જેમાંથી રૂા. ૫૯૩૯ લાખ ખર્ચી શકાયા હતા.

૧૯૫૧-૬૧ના દાયકામાં રૂા. ૯૮૫.૦૯ લાખનું ખર્ચ થયું હતું જે ઘટીને ૧૯૬૧-૬૫માં રૂા. ૭૪૪.૯૪ લાખ થયું હતું. ૧૯૬૯-૭૮ના સમયમાં વિકાસ ખર્ચ વધીને રૂા. ૯૮૧.૭૨ લાખ થયું હતું અને ૧૯૭૮થી ૮૫ના સમયમાં ૯૨૨૨.૭૯ લાખ થયું હતું. ૧૯૫૧માં કચ્છમાં જે વસતી ૫ લાખ ૬૭ હજાર હતી તે ૧૯૭૧માં ૮ લાખ ૪૯ હજાર થઇ. આ સમય દરમિયાન વિકાસ ખર્ચ સ્થગિત રહ્યો. ૧૯૫૧માં ૬ લાખ માટે ૯૮૫.૦૯ લાખ જ્યારે ૧૯૬૧માં વસતી સાત લાખ થવા છતાં ખર્ચ ઘટીને રૂા. ૭૪૪.૯૪ લાખ થયું. ૧૯૭૧માં વસતી લગભગ નવ લાખ થવા છતાં ૧૯૭૧ કરતાં ઓછું રૂા. ૯૮૧.૭૨ લાખ થયું. આઠમી યોજનાની ફાળવણી તથા કચ્છની વસતી લગભગ સાડાબાર લાખ ગણતાં જોગવાઇ ઘટી છે.

આયોજન દરમિયાન સરકારી વિગતો પ્રમાણે કચ્છમાં માથાદીઠ ખર્ચની વિગત નીચે મુજબ છે

કોઠો-૨ કચ્છમાં માથાદીઠ ખર્ચ

ક્રમ	યોજનાના ગાળો	(ખર્ચ રૂા.માં)
૧	ત્રીજી યોજના (૧૯૬૧-૬૬)	૪૯.૫૯
૨	વાર્ષિક યોજના (૧૯૬૬-૬૯)	૨૬.૪૯
૩	ચોથી યોજના (૧૯૬૯-૭૪)	૭૩.૧૪
૪	પાંચમી યોજના (૧૯૭૪-૭૮)	૧૩૦.૩૨
૫	વાર્ષિક યોજના (૧૯૭૮-૮૦)	૧૨૬.૯૯
૬	છઠ્ઠી યોજના (૧૯૮૦-૮૫)	૫૭૧.૦૦
૭	સાતમી યોજના (૧૯૮૫-૯૦)	૭૯૮.૦૦ (ફાળવણી)
૮	આઠમી યોજના (૧૯૯૨-૯૭)	૨૨૨૬.૦૦ (ફાળવણી)

નાણાકીય ફાળવણી વધતી જાય છે પરંતુ રૂપિયાની ઘટતી જતી ખરીદ શકિત સામે આ વધતી જતી રકમ બહુ ઉત્સાહપ્રેરક નથી. રૂપિયાની ખરીદ શકિત લગભગ ૧૦ થી ૧૨ પૈસા છે એ હિસાબે આઠમી યોજના દરમિયાન કચ્છમાં માથાદીઠ વિકાસ ખર્ચ રૂા. ૨૨૩.૦ જેટલો મૂકી શકાય.

ફાળવાયેલા નાણાં પૂરા વપરાયા નથી

□ પ્રા. જીતેન્દ્ર એન. અંતાણી

છેલ્લી બે યોજના દરમિયાન લક્ષ્યાંકની સિદ્ધિની વિગતો નીચે મુજબ છે :

કોઠો-૩ નાણાંકીય ખર્ચની સફળતાની ટકાવારી

ક્રમ	વિગત	છઠ્ઠી યોજના	સાતમી યોજના
૧	ખેતી અને સંલગ્ન સેવા	૮૨.૮૧	૪૨.૧૨
૨	ગ્રામીણ વિકાસ	૮૪.૦૮	૧૮૦.૮૦
૩	સહકાર	૨૮.૩૨	૧૭.૮૧
૪	સિંચાઇ અને પૂર નિયંત્રણ	૮૦.૬૨	૪૭.૭૩
૫	ઊર્જા	—	૫૮.૦૭
૬	ઉદ્યોગ-ખનિજ	૯૫.૯૮	૪૬.૪૨
૭	પરિવહન	૧૬૪.૦૪	૫૦.૫૧
૮	સામાજિક સેવા	૯૬.૧૬	૨૯.૨૧
૯	વિકેન્દ્રી જિલ્લા આયોજન	—	૩૭.૯૩
	કુલ	—	૪૭.૬૦

૭મી અને ૮મી યોજના દરમિયાન જિલ્લામાં વિકેન્દ્રીત આયોજનનો પ્રયોગ થયો. તેની મૂલવણી કરીએ. કોઠા-૩નો અભ્યાસ કરતાં જણાય છે કે, ખેતી અને સંલગ્ન સેવા પાછળની સિદ્ધિની ટકાવારી ૮૨.૮૧થી ઘટીને ૪૨.૧૨ થઇ છે. સહકાર એ કચ્છના આર્થિક વિકાસનું નબળું પાસું રહ્યું છે. દરેક યોજના દરમિયાન તેના માટે નગણ્ય જોગવાઇ કરાય છે. છઠ્ઠી યોજનામાં ૨૮.૩૨ ટકા સામે સાતમી યોજનામાં તે ઘટીને ૧૭.૮૧% થઇ છે. સાતમી યોજનામાં સહકાર માટે રૂા. ૧૪.૨૦ લાખની જોગવાઇ કરાઇ હતી જેમાંથી માત્ર રૂા. ૨.૫૩ લાખ ખર્ચી શકાયા હતા. જમીન સુધારણાના ક્ષેત્રે પણ પરિણામ નિરાશાજનક રહ્યું છે. સાતમી યોજનામાં રૂા. ૨૫ લાખ ફાળવાયા હતા જેમાંથી માત્ર રૂા. ૬.૬૭ લાખ ખર્ચી શકાયા હતા. નાની સિંચાઇના ક્ષેત્રે છઠ્ઠી યોજનાની સફળતાની ટકાવારીનો દર જે ૪૬.૯૩ હતો તે સાતમીમાં ઘટીને ૪૧.૬૧ થયો હતો.

ઉદ્યોગ-ખનિજ ક્ષેત્રે આઘાતજનક સ્થિતિ છે. છઠ્ઠી યોજનામાં ૯૫.૯૮% સિદ્ધિ સામે સાતમી યોજનામાં માત્ર ૪૬.૪૨% સિદ્ધિ હાંસલ થઇ.

કચ્છમાં સાક્ષરતાની ટકાવારી ઓછી છે. કન્યા કેળવણીના ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે. છઠ્ઠી યોજનામાં એ ક્ષેત્રે ૯૬.૯૨% સિદ્ધિ મળી હતી જે ઘટીને સાતમી યોજનામાં ૩૧.૦૪% થઇ હતી. તબીબી જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણના ક્ષેત્રે છઠ્ઠી યોજનાની સિદ્ધિ ૧૦૫.૮૧% હતી જે સાતમી યોજનામાં ૧૯.૫૧% થઇ છે. સૌથી દુઃખદ સ્થિતિ પોષણના ક્ષેત્રે જણાઇ. છઠ્ઠી યોજનામાં ટકાવારી ૮૧.૦૮ હતી જે સાતમી યોજનામાં ઘટીને ૩.૮૩% જેટલી નીચી ઉતરી ગઇ હતી. સાતમી યોજનામાં ફાળવાયેલ રૂા. ૩૪૨ લાખમાંથી માત્ર રૂા. ૧૩ લાખ ખર્ચાયા હતા. માહિતી અને પ્રચાર ક્ષેત્રે છઠ્ઠી યોજનાની સિદ્ધિ ૫૭૧.૪૨ ટકા હતી જે સાતમીમાં થઇ ૨.૩૧% !!! (સંદર્ભ : કચ્છમિત્ર દૈનિક તા. ૧૮-૩-૧૯૮૯)

કોઠો-૪ કચ્છ જિલ્લાની આઠમી પંચવર્ષીય યોજના (૧૯૯૨-૯૭)

ક્રમ	ફાળવણીની વિગત	(રકમ રૂા. લાખમાં)
૧	ખેતી અને સંલગ્ન સેવા	૨૮૬૬.૩૬
૨	ગ્રામીણ વિકાસ	૨૯૧૦.૭૨
૩	સિંચાઇ અને પૂર નિયંત્રણ	૪૯૮૨.૭૪
૪	ઊર્જા	૧૧૩૦.૦૦
૫	ઉદ્યોગ અને ખનિજ	૪૮૨.૧૭
૬	પરિવહન	૧૧૦૩.૨૫
૭	સામાન્ય આર્થિક સેવાઓ	૧૧.૨૫
૮	સામાજિક સેવાઓ	૯૪૮૩.૩૭
૯	વિકેન્દ્રીત જિલ્લા આયોજન	૧૪૫૬.૦૦
	કુલ	૨૪૪૨૫.૮૬

આઠમી યોજનાની એકંદર જોગવાઇ રૂા. ૨૪૪૨૫.૮૬ લાખમાં સાતમી યોજનામાં ચાલુ છે તેવી યોજનાઓ જે આઠમી યોજનામાં ચાલુ રાખવામાં આવી છે તેની રકમ રૂા. ૧૮૭૪૨.૦૭ લાખ બાદ કરતાં આઠમી યોજનામાં નવી જોગવાઇ રૂા. ૫૬૮૩.૭૯ લાખની કરાઇ છે. સામાજિક સેવાના ક્ષેત્રે સૌથી વધુ જોગવાઇ કરાઇ છે.

નાની સિંચાઇ માટે રૂા. ૩૯૭૫.૭૪ લાખ ફાળવાયા છે. માર્ગો અને પુલો માટે ૧૧૦૩.૨૫ લાખની જોગવાઇ છે. પોષણ માટે સાતમી યોજનાની ૬૮૯ લાખની જોગવાઇ ચાલુ રખાઇ છે, નવી દરખાસ્ત નથી.

માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ભુજ, અંજાર, માંડવી, નખત્રાણા તથા મુન્દ્રા તાલુકામાં ૧૫ નવી હાઇસ્કૂલ શરૂ કરવાની દરખાસ્ત છે. સાતમી યોજનામાં સરહદી વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૯ સરકારી હાઇસ્કૂલ શરૂ કરાઇ હતી. માધ્યમિક શાળામાં નવા વર્ગ ખંડ માટે રૂા. ૮૫ લાખની જોગવાઇ છે. ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડની સુધારણાં માટે રૂા. ત્રણ લાખ ખર્ચાશે. લાલન કોલેજ ભુજમાં બાસ્કેટ બોલ મેદાન બનશે. ભૂસ્તરશાસ્ત્ર માટે લેબોરેટરી થશે તથા અદ્યતન ગ્રંથાલય બંધાશે.

કચ્છની ૭મી યોજનાના વર્કીંગ ગ્રુપ નાં. ૩ દ્વારા કંડલામાં રેલવે વેગન બનાવવાનું કારખાનું જાહેર ક્ષેત્રમાં શરૂ કરાવવા ભલામણ કરેલ તેનો અમલ કરાવવો જોઇએ.

માર્ગ અને સંદેશા વ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ

આયોજન દરમિયાન ખાસ કરીને ૧૯૬૫ બાદ કચ્છમાં માર્ગ વ્યવહાર તથા સંદેશા વ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ આવી છે. ભુજમાં પોલિટેકનિક તથા એન્જિનીયરીંગ કોલેજ શરૂ કરાઇ છે. ભુજમાં બહુમાળી મકાન, જિલ્લા અદાલતનું મકાન, આયોજન ભવન, વ. વિકાસની ગાથાના જીવંત પ્રતીક છે.

કંડલામાં જાહેરક્ષેત્રનું રેલવે વેગન કારખાનું ઉપરાંત કચ્છમાં પશુપાલન યુનિ. સ્થાપવાની ભલામણોનો અમલ જરૂરી છે

૧૯૮૯ની લોકસભાની ચૂંટણીમાં કેન્દ્રમાં અસ્થિરતા રહેતાં આઠમી પંચવર્ષીય યોજના જે ૧૯૯૦ થી ૯૫ સુધીની ઘડવાની હતી તે ૧૯૯૨ થી ૯૭ સુધીની તૈયાર થઇ છે. આઠમી યોજનાનું ચોથું વર્ષ પૂર્ણ થવામાં છે. નવમી યોજનાની વિચારણા પણ શરૂ થશે. આથી સિંચાઇ, શિક્ષણ (ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ), કન્યા કેળવણી, પશ્ચિમ કચ્છ માટે કોલેજ, મહિલા કોલેજ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ વ. માટે સક્રિય થવું રહેશે. ગુજરાત સરકાર આઠમી પંચવર્ષીય યોજના દરમિયાન એનીમલ હસબન્ડ્રી યુનિવર્સિટી શરૂ કરવાની ચર્ચા ચલાવે છે. ૧૯૯૨ની ગણતરી પ્રમાણે કચ્છમાં પશુધનની સંખ્યા સાડાતેર લાખની છે. મનુષ્ય વસતી કરતાં પણ એક લાખ વધુ !! ત્યારે પશુપાલન યુનિવર્સિટી માટે કચ્છનો દાવો સાહજિક છે.

અબડાસા-લખપત જેવા પછાત તાલુકાઓ તથા બન્ની માંડવી વ. સ્થળે ઉદ્યોગોની વણજાર શરૂ થઇ છે. મુન્દ્રા બંદર પણ આળસ ખંખેરી ઊભું થવા માંડયું છે. ભુજથી નલિયા સુધીની મીટરગેજ ટ્રેનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાનું ખાનગી ક્ષેત્રને સોંપવા રાજ્યે નક્કી કર્યું છે. પાનધ્રોમાં લિગ્નાઇટ આધારિત એક વધુ વીજ મથક થશે.

કચ્છનું આર્થિક પછાતપણું તથા પ્રાદેશિક અસમાનતાની ક્યારેક ઉભરતી લાગણી હવે દૂર થાય અને રાજ્યની નવી પ્રગતિશીલ ઉદ્યોગ નીતિ, ઊર્જા નીતિ, પ્રવાસન નીતિ તથા બંદર નીતિના લાભ કચ્છને મળતા થશે એ ૨૧મી સદી માટે એક આશાસ્પદ ચિત્ર ઊભું કરે છે. □

■ ૭૭, તિરુપતિ નિલયમ, જાદવજી નગર, ભુજ-૩૭૦ ૦૦૧

કચ્છ એ વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો અને દેશનો નેફા પછી બીજા નંબરે આવતો જિલ્લો છે

ભુજ તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
ભુજ	૫૪,૯૯૯	૪૭,૭૦૮	૧,૦૨,૭૦૭
લુણા	૫૨૦	૪૭૬	૯૯૬
ભીટારા મોટા	૩૮૮	૩૪૪	૭૩૨
ભગાડીઓ	૧૯૧	૧૫૪	૩૪૫
મીઠડી	૨૪૩	૨૧૧	૪૫૪
ઉધનો	૩૮	૩૩	૭૧
શેરવો	૮૭	૮૩	૧૭૦
ગોરેવાલી	૭૬૮	૬૧૩	૧૩૮૧
દદ્ધર મોટી	૧૪૯	૧૪૭	૨૯૬
દદ્ધર નાની	૨૩૦	૨૨૩	૪૫૩
હોડકા	૧૧૬૩	૧૧૩૪	૨૨૯૭
દેઢીયા નાના-મોટા	૮૮	૧૦૨	૧૯૦
ભીરંડીયારા	૮૭૮	૮૬૩	૧૭૪૧
મીસરિયાડો	૨૨૩	૨૧૯	૪૪૨
ભોજરડો	૩૦૭	૩૦૨	૬૦૯
ખારોડ	-	-	-
બરેડા	૧૮૬	૧૬૧	૩૪૭
રૈયાડા	૨૧૪	૨૧૧	૪૨૫
લુડિયા	૫૬૩	૫૦૪	૧૦૬૭
જાુણાજુરિયા	૫૮૨	૫૭૦	૧૦૯૨
ખાવડા	૧૪૪૧	૧૩૨૮	૨૭૬૯
રતડિયા	૧૦૫૧	૯૪૮	૧૯૯૯
દિનારા	૧૭૦૯	૧૫૪૮	૩૨૫૭
ધ્રોબાણા	૧૪૫૧	૧૨૩૯	૨૬૯૦
કુરન	૪૫૮	૪૩૬	૮૯૪
કુનરિયા (જામ)	૬૨૭	૫૮૭	૧૨૧૪
ધોરાવર	૫૭૯	૫૭૩	૧૧૫૨
ગોડપર (ખાવડા)	૨૧૪	૨૧૯	૪૩૩
ખારી	૪૨૦	૪૦૦	૮૨૦
સોયલા	૧૯૪	૧૬૮	૩૬૨
અંધૌ	૨૪૬	૨૩૫	૪૮૧
સાધારા	૧૬૪	૧૨૭	૨૯૧
ઢોરી	૧૪૮૫	૧૪૧૦	૨૮૯૫
સુમરાસર (શેખવાળી)	૧૮૭૦	૧૭૧૧	૩૫૮૧
કુનરિયા નાના-મોટા	૫૮૧	૫૩૯	૧૧૨૦
લોરિયા	૭૮૪	૬૮૧	૧૪૬૫
ઝુર્યા	૧૭૪૦	૧૬૪૫	૩૩૮૫
વેહરો	૨૪	૩૧	૫૫
ટાંકણાસર	૧૩૮	૧૩૭	૨૭૫
વટાછડ	૪૪	૩૯	૮૩
કમાગુના	૫૧૪	૪૪૯	૯૬૩
મોડ ભખરી	-	-	-
નોતિયાર ભખરી	૬૪	૬૯	૧૩૩
નોખાણિયા	૧૯૧	૧૮૩	૩૭૪
કોટાય	૩૬૦	૩૩૭	૬૯૭
ફુલાય	૧૧	૩	૧૪
ધ્રંગ	૨૭૩	૨૭૫	૫૪૮
લોડાઇ	૧૫૯૨	૧૪૭૬	૩૦૬૮
વાંત્રા	૧૦૯	૯૬	૨૦૫
જવાહરનગર	૫૧૨	૫૦૨	૧૦૧૪
લોઠીયા	૧૯	૨૦	૩૯
રૂદ્રમાતા	૪૭૬	૨૦૮	૬૮૪
ધરમપુર	૨૩૦	૨૦૯	૪૩૯
મોડસર	૧૫૮	૧૪૭	૩૦૫
નાળિયેરી ટીંબો	-	-	-
હબાય	૪૦૨	૩૯૧	૭૯૩
ઝીકડી	૫૧૪	૫૨૫	૧૦૩૯
બોલાડી	૬૨	૭૧	૧૩૩
પૈયા	૨૦૭	૧૯૭	૪૦૪
સરસપર	૧૭૧	૧૬૩	૩૩૪
સંગારા ટીંબો	-	-	-
ત્રંબૌ	૧૭૨	૧૬૮	૩૪૦
મકનપર	૬૩	૫૧	૧૧૪
ધોંસા	૪૦	૨૮	૬૮
બાઉખો (ઓઢેજાવાળો)	૧૯૧	૧૮૪	૩૭૫
બાઉખો (સમાવાળો)	૧૨૭	૧૩૧	૨૫૮
ખીલણા	-	-	-
સુમરાસર જતવાળી	૨૪૯	૨૪૩	૪૯૨
વીરાઇ	૩૨	૨૯	૬૧
પીરવા	૬૭	૫૫	૧૨૨
વીછિયા	૪૯	૫૨	૧૦૧
નથ્થરકૂઇ	૧૭૦	૧૬૪	૩૩૪
કુવાથડા	૧૧૫	૧૦૪	૨૧૯
પાયરકો	૩૮	૪૪	૮૨
મખણા	૨૬૧	૨૬૭	૫૨૮
રતિયા	૩૮૧	૩૬૫	૭૪૬
નાગોર	૬૬૪	૬૯૦	૧૩૫૪
પુરાસર	૫૮	૫૭	૧૧૫
ત્રાયા	૨૦૬	૨૦૩	૪૦૯
રાયધણપર	૩૬૩	૨૮૭	૬૫૦
વરનોરા નાના	૩૬૯	૩૩૯	૭૦૮
ગળપાદર	૧૪૪	૧૩૩	૨૭૭
વરનોરા મોટા	૨૩૫	૨૫૬	૪૯૧
કાળી તલાવળી	૬૬૩	૬૩૩	૧૨૯૬
ચપરેડી	૫૩૦	૫૨૦	૧૦૫૦
મમુઆરા	૪૧૭	૪૨૨	૮૩૯
નાદ્રા	૪૮૫	૪૮૨	૯૬૭
ડગાળા	૭૦૭	૬૭૩	૧૩૮૦
મોખાણા	૫૨૨	૫૦૭	૧૦૨૯
કનૈયાબે	૪૭૯	૪૪૭	૯૨૬
મોરો	૧૨૨	૧૦૧	૨૨૩
ધાણેટી	૮૬૬	૯૦૪	૧૭૭૦
વડવારા	૮૫	૭૮	૧૬૩
પદ્ધર	૮૩૫	૮૫૭	૧૬૯૨
લાખોંદ	૮૩૧	૮૫૦	૧૬૮૧
ગડો	૧૩૩	૧૪૧	૨૭૪
મિરઝાપર	૨૫૫૨	૨૪૫૭	૫૦૦૯
સુખપર	૪૧૭૩	૪૪૪૩	૮૬૧૬
ગોડસર (રખાલ)	-	-	-
કલ્યાણપર	૧૧૦	૯૩	૨૦૩
માનકૂવા	૩૮૯૮	૩૯૧૬	૭૮૧૪
કોડકી	૧૧૮૬	૧૨૬૬	૨૪૫૨
ફોટડી	૪૨૨	૪૩૪	૮૫૬
ફુલરા ટીંબો	-	-	-
સાડઇ રખાલ	-	-	-
નાગીયારી	૪૪૬	૪૭૭	૯૨૩
દેશલપર	૧૦૫૫	૯૬૫	૨૦૨૦
નાભોઇ	-	-	-
કાનપર	૪૪	૪૩	૮૭
આણંદસર	૫૦૪	૫૧૩	૧૦૧૭
કુરબઇ	૫૪૪	૫૯૧	૧૧૩૫
વાંઢાય	૨૨૨	૧૪૪	૩૬૬
સામત્રા	૧૧૧૯	૧૧૧૦	૨૨૨૯
ભારાસર	૧૦૨૯	૧૧૧૪	૨૧૪૩

સને ૧૯૯૧ની વસતી ગણતરી પ્રમાણે તાલુકાઓની વસતી

ક્રમ	તાલુકો	ગામની સંખ્યા	પુરૂષ	સ્ત્રી	કુલ્લ
૧.	ભુજ	૧૬૦	૧,૪૩,૦૯૮	૧,૩૪,૧૧૭	૨,૭૭,૨૧૫
૨.	માંડવી	૯૧	૭૨૩૩૧	૭૩૭૦૩	૧,૪૬,૦૩૪
૩.	મુંદરા	૬૧	૩૪૦૪૧	૩૪૬૧૧	૬૮૬૫૨
૪.	અંજાર	૭૮	૧,૩૭,૬૬૩	૧,૨૭,૫૬૨	૨,૬૫,૨૨૫
૫.	ભચાઉ	૭૨	૫૮૧૫૦	૫૬૬૦૯	૧,૧૪,૭૫૯
૬.	રાપર	૯૮	૭૭૯૬૦	૭૨૫૫૭	૧,૫૦,૫૧૭
૭.	નખત્રાણા	૧૩૨	૫૭૬૨૪	૫૯૩૨૦	૧,૧૬,૯૪૪
૮.	અબડાસા	૧૬૬	૪૩૧૪૯	૪૩૨૫૩	૮૬૪૦૨
૯.	લખપત	૧૦૦	૧૮૮૦૭	૧૭૯૫૨	૩૬૭૫૯
		૯૫૮	૬,૪૨,૮૨૩	૬,૧૯,૬૮૪	૧૨,૬૨,૫૦૭

કચ્છના ગામેગામની વસતી

□ સંકલન : ઉમિયાશંકર અજાણી

વાંઢ સીમ	-	-	-
ભુજોડી	૬૦૧	૫૫૬	૧૧૫૭
લેર	૬૭	૬૪	૧૩૧
કુકમા	૧૨૮૩	૧૩૫૭	૨૬૪૦
રેલડી નાની	૮૯	૭૧	૧૬૦
રેલડી મોટી	૮૩	૬૫	૧૪૮
કંઢેરાઇ	૨૪૪	૨૩૦	૪૭૪
ચુબડક	૧૫૮	૧૦૯	૨૬૭
સૈયદપર	૨૮	૧૮	૪૬
વાવડી	૬	૧૦	૧૬
વડવા	૧૭૮	૧૫૫	૩૩૩
હરૂડી	૧૭૧	૧૬૪	૩૩૫
રેહા મોટા	૬૭૬	૭૨૧	૧૩૯૭
જદુરા	૨૨૨	૨૪૮	૪૭૦
સેડાતા	૫૫૧	૪૬૪	૧૦૧૫
નારાણપર (રાવળી)	૧૨૪૪	૧૩૨૩	૨૫૬૭
મેઘપર	૮૧૧	૮૭૩	૧૬૮૪
ગોડપર (સરલી)	૬૨૭	૬૫૬	૧૨૮૩
વડસર	૩૫૦	૪૧૩	૭૬૩
સરલી	૫૯૦	૬૧૭	૧૨૦૭
ઝિંઝુ ટીંબો	-	-	-
દહીંસરા	૧૫૦૦	૧૫૬૨	૩૦૬૨
ચુનડી	૨૪૯	૨૫૬	૫૦૫
ગજોડ	૩૪૫	૩૬૫	૭૧૦
નારાણપર પસાયતી	૧૫૭૭	૧૭૬૨	૩૩૩૯
કેરા	૨૫૬૯	૨૬૯૧	૫૨૬૦
બળદિયા	૧૮૪૬	૨૦૪૭	૩૮૯૩
ભારાપર	૧૯૪૩	૧૯૮૦	૩૯૨૩
ઝુમખા	૭૦	૫૯	૧૨૯
સાપર ટીંબો	-	-	-
વડઝર	૧૭૪	૧૪૫	૩૧૯
ભાદ્રા મોટા	૩૫૧	૩૫૪	૭૦૫
ભાદ્રા નાના	૧૩૨	૧૨૮	૨૬૦
ચકાર	૩૪૨	૩૩૯	૬૮૧
સણોસરા	૩૦૮	૨૯૫	૬૦૩
જાંબુડી	૪૨૪	૪૩૬	૮૬૧
કોટડા આથમણા	૭૮૨	૭૨૯	૧૫૧૧
રેહા નાના	૪૬૬	૪૬૨	૯૨૮
કોટડા ઉગમણા	૧૧૪૪	૧૧૨૩	૨૨૬૭
હાજાપર	૧૩૩	૧૬૬	૨૯૯
સાકરી ટીંબો	-	-	-

દુનિયાભરમાં ૩૦ લાખ કચ્છી

સમગ્ર વિશ્વમાં ઠેરઠેર પથરાયેલા કચ્છીઓની કુલ વસતી કેટલી હશે એ સવાલનો સાચો જવાબ તો ઠીક પણ સત્યની નજીકનો જવાબ મેળવવાનું કામ પણ આસાન નથી. 'કચ્છમિત્ર'ના આ વિશિષ્ટ પ્રકાશન સંદર્ભે ગુજરાત તેમજ દેશના અન્ય રાજ્યો અને બ્રિટન, આફ્રિકા, અમેરિકા કે અખાતી દેશોમાં સ્થાયી થયેલા કચ્છીઓ અંગે મળેલી પ્રાથમિક માહિતીના આધારે કુલ વસતીનો આંક ૩૦ લાખની નજીક આસાનીથી પહોંચી જાય છે. વસતીના અંદાજનો સૌથી મોટો તફાવત મહાનગર મુંબઇના કારણે આવે છે. આ મહાનગરના વિકાસના પ્રારંભિક તબક્કાથી કચ્છીઓ એના મહત્ત્વના અંગ રહ્યા છે. એને બીજું કચ્છ કહીએ તો પણ ચાલે. કેટલાક લોકો એમ માને છે કે મુંબઇમાં કચ્છ જેટલા જ એટલે કે સાડા બાર લાખ કચ્છી વસે છે. પણ, અન્ય લોકો આ આંકડાને વધુ પડતો ગણે છે. આમ છતાં એટલું નક્કી કે મુંબઇમાં ઓછામાં ઓછા આઠ લાખ કચ્છી વસે છે. એટલે આઠ લાખથી બાર લાખ સુધીની વસતીનું અનુમાન છે. સરળતા ખાતર વચ્ચેનો આંક લઇએ તોયે દસ લાખ થાય.

પણ, મુંબઇ સિવાયના આંકડાઓમાં મોટા તફાવતને અવકાશ નથી. કચ્છ પછી મુંબઇ અને તે પછી કચ્છીઓની સૌથી વધુ વસતીવાળું શહેર પાકિસ્તાનમાં છે અને તે છે કરાચી. એક અંદાજ અનુસાર એકલાં કરાચી શહેરમાં ત્રણ લાખ ઓગણીસ હજાર કચ્છી વસે છે. ઉપરાંત સિંધમાં અન્યત્ર બીજા પચ્ચીસેક હજાર કચ્છી મોજુદ છે. તે પછી ચોથા ક્રમે સાબરકાંઠા જિલ્લાનો નંબર આવે છે. ત્યાં સવા લાખ કચ્છીઓ સ્થાયી થયા છે. જેમાંના મોટાભાગના કડવા પાટીદાર છે. જુદા જુદા વિસ્તારોની સંકલિત માહિતી પર નજર કરીએ તો મુંબઇ સિવાય શેષ મહારાષ્ટ્રમાં ૨૦થી ૩૦ હજાર, ઉત્તર ભારત અને રાજસ્થાનમાં ૧૦ હજાર, કલકત્તા પશ્ચિમ બંગાળમાં ૬૨૦૦, દક્ષિણ ભારતમાં ૪૦થી ૫૦ હજાર, મધ્ય પ્રદેશમાં ૫થી ૧૦ હજાર, ઓરિસ્સામાં ૩૫ હજાર, અમેરિકામાં ૨૫ હજાર, ઓમાનમાં ૭૦ હજાર અને આફ્રિકા- બ્રિટનમાં ૩૦ હજાર કચ્છીઓ વસતા હોવાનો અંદાજ છે. ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી કચ્છ ઉપરાંત અમદાવાદ- ગાંધીનગર સહિતના ઉત્તર ગુજરાતમાં ૧ લાખ ૮૫ હજાર, સૌરાષ્ટ્રમાં એક લાખ, દક્ષિણ ગુજરાતમાં ૨૫ હજાર, ચારૂત્તર (ખેડા જિલ્લામાં) ૩૦ હજાર અને વડોદરામાં આઠ હજાર કચ્છી હોવાનો અંદાજ છે.

મહારાષ્ટ્રથી વડોદરા સુધીના ઉપરના આંકડાનો સરવાળો કરીએ તો ૫,૮૪,૨૦૦ થાય છે. તેમાં કચ્છની ૧૨,૬૨,૫૦૭, મુંબઇના ૮,૦૦,૦૦૦ અને કરાચીના ૩,૫૦,૦૦૦ ઉમેરીએ તો ૨૯,૯૬,૭૦૭નો આંક આવે છે. બિહાર જેવા રાજ્યની માહિતી હજુ મળી શકી નથી. એવી જ રીતે શક્ય છે કે અન્ય રાજ્યોની માહિતી અપૂરતી પણ હોય. તો વિદેશોમાં ઓમાન સિવાયના અખાતી દેશો (દુબઇ જેવા)ની માહિતીયે મળી શકી નથી. આમ છતાં, અહીં કચ્છીઓની બહુ જ મોટી વસતી નથી. આવા સંજોગોમાં જો મુંબઇની વસતી આઠ લાખ ગણીએ તો વિશ્વભરના કચ્છીઓની વસતી ૩૦ લાખની આસપાસની થાય. મુંબઇનો આંક વધારીએ તો એટલો આંક વિશ્વની વસતીનોયે વધે.

વરલી	૬૫૮	૬૫૨	૧૩૧૦
થરાવડા મોટા	૧૬૭	૧૮૩	૩૫૦
થરાવડા નાના	૪૯૭	૪૫૮	૯૫૫
ગંઢેર	૧૭૫	૧૪૬	૩૨૧
માધાપર	૮૩૯૨	૮૩૧૪	૧૬૭૦૬

આમ, ભુજ તાલુકાના કુલ ૧૬૦ ગામોમાં ૨,૭૭,૨૧૫ની વસતી છે જેમાં ૧,૪૩,૦૯૮ પુરૂષ અને ૧,૩૪,૧૧૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

માંડવી તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
માંડવી	૧૮,૨૫૬	૧૮,૩૮૦	૩૬,૬૩૬

ત્રાયા	-	-	-
મકડા	૩૧૨	૩૨૧	૬૩૩
મઊં મોટી	૧૨૦૬	૧૧૯૬	૨૪૦૨
મઊં નાની	૬૬	૬૩	૧૨૯
દેવપર	૧૦૨૦	૧૦૩૫	૨૦૫૫
દુજાપર	૨૬૪	૩૦૫	૫૬૯
ગઢશીશા	૨૮૩૭	૨૯૬૮	૫૮૦૫
વિરાણી	૬૮૧	૭૪૨	૧૪૨૩
ફિલોણ	૫૩	૪૯	૧૦૨
નાભોઇ	૫૮	૬૫	૧૨૩
અજાપર	૬૩	૬૪	૧૨૭
વીંગડિયા	૧૦૪	૧૦૪	૨૦૮
વેકરા	૮૦૫	૮૮૦	૧૬૮૫

રામપર	૧૩૯૦	૧૩૯૩	૨૭૮૩
લુડવા	૬૨૭	૭૨૩	૧૩૫૦
જામથડા	૩૪૯	૩૫૨	૭૦૧
ભેરૈયા	૩૭૪	૩૯૯	૭૭૩
રાજપર	૫૬૧	૫૭૨	૧૧૩૩
આસરાણી	૮૫	૯૪	૧૭૯
મંજલ	૧૫૧	૧૩૯	૨૯૦
પ્યાકા	૯	૧૨	૨૧
પોલડિયા	૨૫૯	૨૩૦	૪૮૯
કોટડી	૬૦૨	૫૧૫	૧૧૧૭
હાલાપર	૩૪૬	૩૫૬	૭૦૨
કોટાય	૧૮૫	૧૯૦	૩૭૫
સાભરાઇ મોટી	૫૦૨	૫૫૭	૧૦૫૯
સાભરાઇ નાની	૪૬	૩૪	૮૦
ભોજાય	૪૮૯	૫૧૪	૧૦૦૩
નાગ્રેચા	૧૮૮	૨૦૭	૩૯૫
રતડિયા નાના	૧૯૯	૧૯૫	૩૯૪
હમલા	૨૧૦	૨૩૧	૪૪૧
શેરડી	૮૮૯	૯૦૯	૧૭૯૮
વાંઢ	૪૬૭	૫૦૧	૯૬૮
દરશડી	૧૦૨૧	૯૯૩	૨૦૧૪
મમાયમોરા	૬૪૮	૬૭૭	૧૩૨૫
કોજાચોરા	૩૩૭	૩૩૫	૬૭૨
ધુણઇ	૩૧૭	૪૧૫	૭૩૨
પુનડી	૩૦૫	૨૭૯	૫૮૪
ફરાદી	૮૮૪	૮૮૦	૧૭૬૪
આસંબિયામોટા	૧૨૪૬	૧૧૩૧	૨૩૭૭
આસંબિયાનાના	૪૩૨	૪૪૦	૮૭૨
ગોણિયાસરમોટા	૨૩૯	૨૩૫	૪૭૪
ગોણિયાસરનાના	૧૯	૧૯	૩૮
ધોકડા	૧૬૪	૧૩૮	૩૦૨
ભાડઇ મોટી	૪૨૨	૪૧૮	૮૪૦
ભાડઇ નાની	૧૮૪	૧૭૬	૩૬૦
રતડિયા મોટા	૬૮૫	૭૦૪	૧૩૮૯
ઉનડોઠ નાની	૧૩૨	૧૫૩	૨૮૫
ઉનડોઠ			
બ્રાહ્મણવાળી	૫૦	૬૮	૧૧૮
ઉનડોઠ મોટી	૩૩૩	૩૫૩	૬૮૬
પદમપર	૪૨૬	૪૩૬	૮૬૨
બાયઠ	૬૩૯	૬૫૮	૧૨૯૭
દેઢિયા	૨૩૯	૨૪૧	૪૮૦
કોકલિયા	૨૩૩	૨૨૫	૪૫૮
વીઢ	૧૨૭	૧૩૨	૨૫૯
મોડકુબા	૨૨૭	૩૦૧	૫૨૮
બાંભડાઇ	૨૬૬	૩૧૬	૫૮૨
ચાંગડાઇ	-	-	-
માપર	૧૦૦	૧૧૦	૨૧૦
બાડા	૮૪૯	૮૪૩	૧૬૯૨
ભીંસરા	૬૦	૭૨	૧૩૨
લાયજા મોટા	૮૨૭	૮૭૯	૧૭૦૬
ગોધરા	૧૩૪૮	૧૪૬૫	૨૮૧૩
રાજડા	૧૦૪	૯૬	૨૦૦
ડોણ	૪૯૦	૫૯૩	૧૦૮૩
કોડાય	૨૦૦૫	૨૦૫૩	૪૦૫૮
જખણિયા	૨૬૧	૨૩૫	૪૯૬
તલવાણા	૧૩૧૯	૧૨૭૦	૨૫૮૯
બિદડા	૩૦૧૪	૩૦૧૦	૬૦૨૪
નાની ખાખર	૧૩૩૮	૧૪૦૫	૨૭૪૩
મોટા ભાડિયા	૧૨૧૨	૧૧૪૫	૨૩૫૭
પીપરી	૫૭૭	૬૦૯	૧૧૮૬
બાગ	૧૧૯૯	૧૧૭૩	૨૩૭૨
રાયણ નાની	૨૭૯	૨૮૯	૫૬૮
રાજપર ટીંબો	૫૪	૪૮	૧૦૨
રાયણ મોટી	૧૪૬૯	૧૫૨૩	૨૯૯૨
દુર્ગાપર	૧૫૮૧	૧૫૩૧	૩૧૧૨
વાડા	૫૦૩	૫૪૫	૧૦૪૮
મેરાઉ	૯૨૧	૧૦૧૭	૧૯૩૮
પાંચટિયા	૩૩૩	૩૪૨	૬૭૫
ભાડા	૨૮૪	૩૪૬	૬૩૦
લાયજા નાના	૩૪૨	૩૩૦	૬૭૨
કાઠડા	૧૦૧૭	૧૦૭૨	૨૦૮૯
શિરવા	૭૩૪	૮૫૫	૧૦૮૯
ભારાપર	૬૬૦	૫૮૭	૧૨૪૭
નાગલપર	૯૩૬	૯૭૩	૧૯૦૯
મસ્કા	૨૧૦૩	૨૦૮૭	૪૧૯૦
ગુંદિયાળી	૨૧૭૫	૨૦૮૪	૪૨૫૯
ત્રગડી	૨૭૪	૩૩૪	૬૦૮
નાના ભાડિયા	૩૯૯	૪૨૨	૮૨૧
માંડવી (ગ્રામ્ય)	૩૩૬	૩૪૨	૬૭૮

આમ, માંડવી તાલુકાના કુલ ૯૧ ગામોમાં ૧,૪૬૦૩૪ની વસ્તી છે જેમાં ૭૨૩૩૧ પુરૂષ અને ૭૩૭૦૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

મુંદરા તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
મુંદરા	૫,૯૨૭	૫,૭૨૫	૧૧,૬૫૨
તુંબડી નાની	૪૩૭	૪૩૬	૮૭૩
તુંબડી મોટી	૩૩૫	૨૯૩	૬૨૮
બાબિયા	૪૮	૫૨	૧૦૦
ટપ્પર	૩૫૩	૩૮૮	૭૪૧
કણજરા	૨૭૨	૨૫૧	૫૨૩
વાંકી	૬૨૪	૬૮૬	૧૩૧૦
બોચા	૫૪	૬૦	૧૧૪
બેરાજા	૬૬૪	૭૧૮	૧૩૮૨
રામાણિયા	૬૨૬	૬૯૧	૧૩૧૭
ડેપા	૧૬૬	૧૯૭	૩૬૩
સુખપર	–	–	–
ખાખર મોટી	૬૪૪	૫૯૦	૧૨૩૪
દેશલપર	૭૪૩	૮૧૨	૧૫૫૫
ગેલડા	૩૩૬	૩૨૫	૬૬૧
કારાઘોઘા	૨૧૪	૨૧૭	૪૩૧
લાખાપર	૪૪૫	૫૦૪	૯૪૯
પત્રી	૯૫૭	૯૬૩	૧૯૨૦
ફાચરિયા	૧૧૦	૧૦૩	૨૧૩
લીફરા	૨૦૧	૧૯૬	૩૯૭
વાગુરા	૩૯૧	૩૭૪	૭૬૫
બગડા	૨૫૬	૨૯૭	૫૫૩
કાંડાગરા નાના	૮૯	૭૭	૧૬૬
બરાયા	૧૭૫	૧૭૪	૩૪૯
પ્રાગપર	૨૩૩	૨૬૨	૪૯૫
પ્રતાપપર	૨૦	૨૭	૪૭
મોટી ભુજપુર	૧૯૪૮	૨૧૭૬	૪૧૨૪
શિરાચા	૩૬૩	૩૩૮	૭૦૧
કાંડાગરા મોટા	૮૭૯	૯૩૬	૧૮૧૫
ટુંડા	૫૧૭	૫૩૩	૧૦૫૦
નવીનાળ	૪૧૭	૪૧૬	૮૩૩
ઝરપરા	૨૩૭૬	૨૪૯૪	૪૮૭૦
નાની ભુજપુર	૩૪૭	૩૭૨	૭૧૯
સમાઘોઘા	૭૪૦	૭૬૬	૧૫૦૬
બોરાણા	૯૮	૧૧૧	૨૦૯
ભોરારા	૨૯૯	૩૧૮	૬૧૭
ટોડા	૨૪૫	૨૨૮	૪૭૩
વિરાણીયા	૩૪૬	૩૦૮	૬૫૪
રતાડિયા	૫૪૧	૫૩૧	૧૦૭૨
કુંદરોડી	૪૦૧	૪૧૭	૮૧૮
છસરા	૪૮૫	૩૯૫	૮૮૦
વોવાર	૫૪૮	૫૮૪	૧૧૩૨
ભરૂડિયા	–	–	–
વડાલા	૭૮૯	૮૯૦	૧૬૭૯
મોખા	૨૨૮	૨૨૫	૪૫૩
રાગા	૫૪	૫૩	૧૦૭
ગુંદાલા	૭૦૬	૭૨૧	૧૪૨૬
સાડાઉ	૫૦૯	૫૨૦	૧૦૨૯
મંગરા	૩૩૧	૨૯૬	૬૨૭
મોટા કપાયા	૬૫૪	૭૨૯	૧૩૮૩
નાના કપાયા	૪૬૮	૪૧૬	૮૮૪
ધ્રબ	૫૫૩	૫૮૩	૧૧૩૬
બારોઇ	૮૨૬	૮૭૫	૧૭૦૧
ગોએરસમા	૨૩૨	૨૧૧	૪૪૩
શેખડિયા	૨૭૬	૨૬૬	૫૪૨
લૂણી	૧૧૩૪	૧૦૮૧	૨૨૧૫
પાવડિયારા	૧૦૫	૯૩	૧૯૮
હટડી	૨૩૭	૨૦૨	૪૩૯
કુવાય	૫૪	૪૫	૯૯
કુકડસર	૩૨૩	૨૮૨	૬૦૫
ભદ્રેસર	૧૬૯૨	૧૭૮૩	૩૪૭૫

આમ, મુંદરા તાલુકામાં કુલ્લે ૬૧ ગામોમાં ૬૮,૬૫૨ની વસતી છે જેમાં ૩૪,૦૪૧ પુરૂષ અને ૩૪,૬૧૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

અંજાર તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
અંજાર	૨૬,૧૩૧	૨૫,૦૭૮	૫૧,૨૦૯
કંડલા	૧૧,૦૦૯	૮,૭૭૮	૧૯,૭૮૭
ગાંધીધામ	૫૪,૮૭૦	૪૯,૭૧૫	૧,૦૪,૫૮૫
હીરાપર	૩૦૨	૨૮૮	૫૯૦
ખીરસરા	૫૯૯	૫૪૨	૧૧૪૧
દેવીસર	૬૦	૫૨	૧૧૨
અમરાપર	૧૯૬	૧૬૫	૩૬૧
જગતપર	૧૧૯	૯૧	૨૧૦
બુઢારમોરા	૫૨૫	૫૦૦	૧૦૨૫
ધમડકા	૧૦૧૭	૯૭૪	૧૯૯૧
દુધઇ	૧૩૮૨	૧૪૯૧	૨૮૭૩
ખેંગારપર	૫૪	૫૦	૧૦૪
નવાગામ	૪૫૦	૪૬૩	૯૧૩
ચાંદ્રાણી	૫૬૯	૫૭૩	૧૧૪૨
કોટડા	૫૮૪	૫૭૧	૧૧૫૫
પશુડા	૨૧૧	૨૨૦	૪૩૧

ટપ્પર	૯૩૯	૯૫૬	૧૮૯૫
લાખાપર	૫૨૭	૫૧૭	૧૦૪૪
આંબાપર	૫૧૭	૫૧૦	૧૦૨૭
ચાપર	૩૮૫	૩૩૮	૭૨૩
ખોખરા	૩૮૯	૩૮૮	૭૭૭
જરૂ	૩૩૪	૩૦૮	૬૪૨
મોડસર	૩૬૦	૩૭૪	૭૩૪
સુગારિયા	૩૧૨	૨૭૨	૫૮૪
રતનાલ	૧૯૦૨	૧૮૧૦	૩૭૧૨
નિંગાળ	૭૬૩	૭૩૮	૧૫૦૧
મારિંગણા	૧૦૫	૧૧૦	૨૧૫
ભાદ્રોઇ	૨૮૬	૩૧૪	૬૦૦
સાપેડા	૬૭૩	૬૨૪	૧૨૯૭
ચતાતળાવ	-	-	-
સતાપર	૫૯૬	૫૪૫	૧૧૪૧
પશવારીયા મીઠા	૨૪૦	૨૧૪	૪૫૪
પશવારીયા ખારા	૨૧૯	૨૧૦	૪૨૯
અજાપર	૨૪૮	૨૪૧	૪૮૯
ભીમાસર	૧૦૪૨	૯૬૨	૨૦૦૪
વરસાણા	૨૨૨	૨૧૦	૪૩૨
પડાણા	૬૭૨	૬૨૧	૧૨૯૩
ચૂડવા	૮૦	૬૪	૧૪૪
મોડવદર	૩૭૫	૪૩૮	૮૧૩
વરસામેડી	૮૯૦	૮૭૩	૧૭૬૩
નાગલપર નાની	૩૫૨	૩૨૩	૬૭૫
નાગલપર મોટી	૧૫૨૦	૧૪૦૯	૨૯૨૯
વીડી	૮૦૬	૭૧૬	૧૫૨૨
સિનુગ્રા	૧૦૦૫	૧૦૦૦	૨૦૦૫
ખંભરા	૭૩૭	૭૨૯	૧૪૬૬
પાંતિયા	૨૬૧	૨૫૪	૫૧૫
લોહારિયા નાના	-	-	-
વાડા	૨૩૧	૨૧૫	૪૪૬
હમીરપર	-	-	-
લોહારિયા મોટા	૨૬૩	૨૧૮	૪૮૧
ચંદિયા	૬૩૨	૬૪૫	૧૨૭૭
સરખાણ	-	-	-
ભાલોટ	૨૯૪	૨૯૦	૫૮૪
મખિયાણ	૧૦૮	૯૯	૨૦૭
મથડા	૫૪૧	૫૭૬	૧૧૧૭
ખેડોઇ	૨૬૩૦	૨૪૯૮	૫૧૨૮
મીઢિયાળા	૪૮૧	૫૧૧	૯૯૨
મેઘપર (કુંભારડી)	-	-	-
મેઘપર (બોરીચી)	૨૯૪	૨૫૬	૫૫૦
ગળપાદર	૧૭૮૦	૧૭૩૮	૩૫૧૮
મીઠી રોહર	૨૫૭૭	૨૩૮૩	૪૯૬૦
કીડાણા	૨૪૧૬	૨૨૮૩	૪૬૯૯
અંતરજાળ	૧૬૯૧	૧૬૧૪	૩૩૦૫
શિણાય	૧૫૪૧	૧૩૬૭	૨૯૦૮
દેવળિયા	૨૬૪	૨૫૬	૫૨૦
કુંભારિયા	૨૭૪	૨૪૩	૫૧૭
ભુવડ	૬૭૫	૬૯૬	૧૩૭૧
ચાંદ્રોડા	૭૭૧	૮૧૭	૧૫૮૮
વલાડિયા બિટા (આથમણા)	૨૮૦	૨૮૬	૫૬૬
વલાડિયા બિટા (ઉગમણા)	૩૭૮	૪૦૧	૭૭૯
નગાવલાડિયા	૪૩૫	૪૨૨	૮૫૭
વીરા	૫૫૧	૫૩૩	૧૦૮૪
ચંદ્રાપર	-	-	-
સંઘડ	૧૧૬૨	૧૧૨૩	૨૨૮૫
માથક	૭૫૮	૭૩૮	૧૪૯૬
રામપર	૩૨૬	૩૦૧	૬૨૭
તુણા	૧૩૧૦	૧૩૦૩	૨૬૧૩
ભારાપર	૧૬૫	૧૩૧	૨૯૬

આમ, અંજાર તાલુકાના કુલ્લ ૭૮ ગામોમાં ૨,૬૫,૨૨૫ની વસતી છે જેમાં ૧,૩૭,૬૬૩ પુરૂષ અને ૧,૨૭,૫૬૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

ભચાઉ તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
ભચાઉ	૯,૬૮૩	૮,૭૨૫	૧૮,૪૦૮
ધોળાવીરા	૭૨૬	૬૩૮	૧૩૬૪
ખારોડા	૧૪૭	૧૨૮	૨૭૫
કલ્યાણપર	૪૭૧	૪૯૬	૯૬૭
જનાણ	૪૧૪	૩૬૫	૭૭૯
બાંભણકા	૩૧૮	૩૦૪	૬૨૨
બાપુઆરી	–	–	–
રતનપર	૩૩૬	૨૯૪	૬૩૦
ગઢડા	૨૨૦	૧૭૮	૩૯૮
ઉમરાપર	૫૪૩	૪૭૮	૧૦૨૧
ગણેશપર	૩૮૫	૩૭૧	૭૫૬
ભરૂડિયા	૧૦૫૧	૧૦૧૮	૨૦૬૯
કણખોઇ	૫૦૭	૪૬૨	૯૬૯
ચોબારી	૨૬૫૬	૨૩૮૩	૫૦૩૯
મનફરા	૧૦૯૬	૧૧૨૯	૨૨૨૫
કકરવા	૫૭૫	૫૨૯	૧૧૦૪
જડસા	૨૫૫	૨૨૭	૪૮૨
કંથકોટ	૧૧૫૧	૧૦૯૫	૨૨૪૬
માય	૮૫૩	૭૮૮	૧૬૪૧
ખારોઇ	૬૦૯	૬૩૯	૧૨૪૮
કડોલ	૫૭૩	૫૨૧	૧૦૯૪
નેર	૪૧૨	૪૧૬	૮૨૮
બાનીયારી	૪૦૬	૪૧૦	૮૧૬
બંધડી	૩૨૩	૩૨૧	૬૪૪
મેઘપર (કુંજીસર)	૨૯૨	૩૦૨	૫૯૪
વામકા	૬૮૩	૭૨૧	૧૪૦૪
હલરા	૨૯૭	૨૯૫	૫૯૨
તોરણિયા	૩૩૭	૩૨૨	૬૫૯
ગમડાઉ	૧૩૦	૧૧૩	૨૪૩
નરા	૧૯૧	૧૫૯	૩૫૦
વસટવા	૧૪૭	૧૧૫	૨૬૨
અધોઇ (પસાકયાર)	૩૨૨૪	૩૪૫૨	૬૭૭૬
પસા	–	–	–
લખપત	૩૫૪	૩૮૬	૭૪૦
રામપર	૫૮૦	૫૪૩	૧૧૨૩
વીજપાસર	૭૭૮	૭૪૮	૧૫૨૬
વોંધડા	૫૦૪	૪૩૩	૯૩૭
કરમરિયા	૩૯૦	૩૫૩	૭૪૩
કુંભારડી	૩૫૮	૩૫૯	૭૧૭
સીકરા	૭૯૩	૮૬૨	૧૬૫૫
કબરાઉ	૫૦૦	૪૮૯	૯૮૯
મોરગર	૪૫૯	૪૬૧	૯૨૦
આમરડી	૫૬૦	૬૬૭	૧૨૨૭
ભુજપુર	૧૭૫	૧૯૮	૩૭૩
સુખપર	૩૭૧	૩૨૨	૬૯૩
લુણવા	૪૩૧	૪૦૧	૮૩૨
ચોપડવા	૪૧૦	૪૭૧	૮૮૧
ચીરઇ મોટી	૧૭૮૭	૧૬૦૪	૩૩૯૧
ચીરઇ નાની	૧૩૪૫	૧૨૧૧	૨૫૫૬
વોંધ	૨૫૪૮	૨૯૬૦	૫૫૦૮
છાડવાળા	૯૨૩	૮૭૯	૧૮૦૨
આમલિયારા	૬૯૦	૬૯૯	૧૩૮૯
જંગી	૧૯૨૬	૧૭૭૪	૩૭૦૦
લલિયાણા	૧૧૩૮	૧૦૧૮	૨૧૫૬
સામખિયાળી	૧૯૯૦	૨૦૪૩	૪૦૩૩
પીપરા પાટી	૩	૫	૮
ગરાણા	૧૦૧૯	૯૫૮	૧૯૭૭
શિવલખા	૭૧૭	૬૯૨	૧૪૦૯
લાકડિયા	૨૩૫૭	૨૭૮૮	૫૧૪૫
રાજણસર	૨૬૭	૧૮૯	૪૫૬
કટારિયા જૂના	૧૨૩૪	૧૧૯૭	૨૪૩૧
કટારિયા નવા	૧૮૮	૨૩૬	૪૨૪
લખધીરગઢ (આલેપર)	૭૧	૮૮	૧૫૯
મોડપર	૧૧૨	૧૩૦	૨૪૨
ગોડપર	૧૬૭	૧૬૪	૩૩૧
વાંઢિયા	૧૩૨૬	૧૩૨૪	૨૬૫૦
લાખાપર	૧૮૫	૧૯૯	૩૮૪
નારણસરી	૨૫૨	૨૬૧	૫૧૩
ચાંદ્રોડી	૨૫૨	૨૬૧	૫૧૩
ખોડાસર	૧૮૯	૧૬૨	૩૫૧
રાજથલી	૧૭	૧૫	૩૨
શિકારપુર	૧૭૬૨	૧૭૩૦	૩૪૯૨

આમ, ભચાઉ તાલુકાના કુલ્લ ૭૨ ગામોમાં ૧,૧૪,૭૫૯ની વસતી છે જેમાં ૫૮,૧૫૦ પુરૂષો અને ૫૬,૬૦૯ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

રાપર તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
રાપર	૮,૩૬૨	૮,૧૦૪	૧૬,૪૬૬
વેરસરા	૨૪૯	૨૨૮	૪૭૭
લોદ્રાણી (પારકરા વાંઢ)	૧૪૪૦	૧૨૫૧	૨૬૯૧
બાલાસર	૧૧૧૭	૧૦૦૪	૨૧૨૧
જાટાવાડા (ઝીલર વાંઢ)	૧૯૬૪	૧૮૩૭	૩૮૦૧
ઘબડા	૪૯૪	૪૧૬	૯૧૦
બેલા	૧૫૦૨	૧૩૮૬	૨૮૮૮
મૌવાણા (શિવગઢ)	૧૦૦૭	૯૦૯	૧૯૧૬
વ્રજવાણી	૫૫૩	૫૩૬	૧૦૮૯
આણંદપર	૫૮૭	૫૪૭	૧૧૩૪
દેશલપર	૬૭૪	૬૨૭	૧૩૦૧
લાકડા વાંઢ	૧૭૫	૧૭૪	૩૪૯
સુરબા વાંઢ	૮૮	૭૬	૧૬૪
ડાવરી	૫૮૫	૫૦૨	૧૦૮૭
નાગલપર	૯	૮	૧૭

ગેડી	૧૯૪૭	૧૭૮૨	૩૭૨૯
ફતેહગઢ	૨૩૦૨	૨૦૯૯	૪૪૦૧
મંજુવાસ	૫૨૭	૪૭૫	૧૦૦૨
મોમાયમોરા	૪૨૨	૩૮૦	૮૦૨
મોડા	૮૩૯	૮૦૨	૧૬૪૧
ખાંડેક	૧૧૨૬	૧૦૦૭	૨૧૩૩
સાનગઢ	૨૯૪	૨૩૮	૫૩૨
થાનપર	૧૧૦	૧૧૫	૨૨૫
રવ મોટી	૨૧૭૮	૨૧૬૬	૪૩૪૪
સુદાણા વાંઢ	૩૩	૩૫	૬૮
વણોઇ	૬૩૫	૫૭૪	૧૨૦૯
ખેંગારપર	૪૭૬	૪૪૩	૯૧૯
નારાણપર	૨૬૨	૨૨૫	૪૮૭
ગવરીપર	૩૮૪	૩૪૯	૭૩૩
સુવઇ	૧૦૪૪	૧૦૪૦	૨૦૮૪
જેસડા	૫૩૩	૪૫૫	૯૮૮
નંદાસર	૭૭૨	૭૬૦	૧૫૩૨
કલ્યાણપર	૩૬૨	૪૪૩	૮૦૫
સેલારી	૧૩૭૫	૧૩૨૨	૨૬૯૭
હમીરપર મોટી	૧૨૧૫	૧૨૦૨	૨૪૧૭
હમીરપર નાની	૫૯૫	૫૩૪	૧૧૨૯
સણવા	૧૪૧૪	૧૩૦૫	૨૭૧૯
બાંભણસર	૨૨૧	૧૮૧	૪૦૨
નાંદા	૧૭૧	૧૪૯	૩૨૦
આડેસર	૨૨૮૯	૨૦૫૧	૪૩૪૦
લાખાગઢ	૭૯૩	૬૮૮	૧૪૮૧
જદુપર (ભંગેરા)	૩૯૮	૩૫૭	૭૫૫
ભીમાસર	૩૨૯૪	૨૯૮૬	૬૨૮૦
ભુટકિયા	૧૦૩૯	૯૮૯	૨૦૨૮
કાનપર	૪૬૧	૪૫૪	૯૧૫
પ્રાગપર	૧૨૯૨	૧૨૩૮	૨૫૩૦
ઉમૈયા	૧૧૮૯	૧૦૩૧	૨૨૨૦
સોનલવા	૨૩૦	૨૦૪	૪૩૪
કારૂંડા	૨૬૯	૨૩૩	૫૦૨
પાલનપુર	૨૨૫	૧૯૩	૪૧૮
ત્રંબૌ	૯૨૬	૮૪૩	૧૭૬૯
વિજયપર	૨૪૦	૨૩૫	૪૭૫
કુડા (કુડા-જામપર)	૪૭૨	૪૧૫	૮૮૭
રામવાવ	૧૨૮૫	૧૨૦૨	૨૪૮૭
ધાડધ્રોની વાંઢ	૩૫૬	૩૧૭	૬૭૩
પગી વાંઢ	૨૩૧	૧૯૨	૪૨૩
સરસલા	૯૨	૯૩	૧૮૫
નીલપર	૯૦૨	૭૨૦	૧૬૨૨
ડાભુંડા	૪૮૪	૪૩૯	૯૨૩
ટીંડલવા મોટા	૫૪૦	૫૧૬	૧૦૫૬
વલ્લભપર	૫૩૦	૪૨૨	૯૫૨
છોટાપર	૧૧૫	૧૫૮	૨૭૩
પદમપર	૮૦૧	૭૬૧	૧૫૬૨
માખેલ	૬૨૭	૫૪૨	૧૧૬૯
ટગા	૫૪૫	૪૭૮	૧૦૨૩
પંડયાનો ગઢ	૭૭	૭૫	૧૫૨
વિજાપર	૨૧૭	૧૭૬	૩૯૩
વરણું	૨૬૦	૨૫૬	૫૧૬
સુખપર	૩૮૨	૩૭૧	૭૫૩
અમરાપર	૨૮૬	૨૭૩	૫૫૯
પલાંસવા	૨૭૯૧	૨૪૭૦	૫૨૬૧
માનગઢ	૩૯૮	૩૩૨	૭૩૦
સોમાણી વાંઢ	૪૪૫	૪૦૭	૮૫૨
વેકરા	૮૧	૬૦	૧૪૧
સઇ	૧૩૩૮	૧૩૬૯	૨૭૦૭
બાદરગઢ	૧૦૯૩	૧૧૪૬	૨૨૩૯
ગોવિંદપર	૨૦૬	૨૧૧	૪૧૭
ખીરઇ	૫૦૭	૫૯૭	૧૧૦૪
કિડિયાનગર	૨૬૬૫	૨૩૬૫	૫૦૩૦
ઘાણીથર	૫૬૪	૬૨૯	૧૧૯૩
કાનમેર	૧૩૫૪	૧૧૭૧	૨૫૨૫
જાડાવાસ	૯૪	૯૧	૧૮૫
બાદલપર	૭૨૭	૬૭૬	૧૪૦૩
નળિયા ટીંબો	૨૧૨	૧૯૨	૪૦૪
સાંય	૨૬૮	૨૭૧	૫૩૯
ગાગોદર	૧૭૮૨	૧૭૫૩	૩૫૩૫
મેવાસા	૩૬૯	૩૩૧	૭૦૦
ડેડરવા	૨૮૩	૨૪૦	૫૨૩
ચિત્રોડ	૧૭૦૨	૧૬૪૧	૩૩૪૩
ખાનપર	૨૪૮	૨૩૬	૪૮૪
રામપર	૧૧૧	૧૧૪	૨૨૫
પ્રતાપગઢ	૧૮૫	૧૫૨	૩૩૭
થોરિયારી	૩૪૮	૩૫૯	૭૦૭
ફૂલપરા	૧૭૫	૧૬૭	૩૪૨
કુંભારીયા	૫૭૪	૪૯૪	૧૦૬૮
પેથાપર	૮૩	૮૬	૧૬૯
ભીમદેવકા	૧૨૭	૧૧૦	૨૩૭
માણાબા	૩૪૦	૨૯૩	૬૩૩

આમ રાપર તાલુકાના કુલ્લ ૯૮ ગામોમાં ૧,૫૦,૫૧૭ની વસતી છે જેમાં ૭૭૯૬૦ પુરૂષો અને ૭૨,૫૫ં૭ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

નખત્રાણા તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
નખત્રાણા	૫,૨૩૧	૫૦૮૩	૧૦,૩૧૪
નખત્રાણા નાના	૩૪૦	૩૮૬	૭૨૬
પાનેલી	૨૨૩	૨૩૭	૪૬૦
વાલકા મોટા	૪૮૪	૫૪૧	૧૦૨૫
વાલકા નાના	૧૫૫	૧૫૬	૩૧૧
રાજડાય	-	-	-
ગજણસર	-	-	-
ઉઠોંગડી	૪૦	૩૨	૭૨
લુડબાય	૩૮૧	૩૦૩	૬૮૪
ઢોરો	૧૫૯	૧૪૭	૩૦૬
ઐયર	૨૭૫	૨૯૪	૫૬૯
આમારા	૬૮૨	૭૩૪	૧૪૧૬
નાડાપર	૧૯	૧૬	૩૫
ગડાણી	૧૦૯૨	૧૧૮૪	૨૨૭૬
લીફરી	૭૭	૭૩	૧૫૦
રવાપર (નવાવાસ)	૧૭૧૭	૧૮૦૭	૩૫૨૪
નાગવીરી	૨૭૪	૩૨૦	૫૯૪
વિગોડી	૬૬૩	૭૧૨	૧૩૭૫
રતડિયા	૪૭૩	૫૨૬	૯૯૯
મુરૂ	૩૭૦	૩૭૧	૭૪૧
ફુલાય	૬૧૫	૫૬૧	૧૧૭૬
તલ	૬૦૬	૫૫૪	૧૧૬૦
વંગ	૫૭૮	૫૫૭	૧૧૩૫
બિબ્બર	૧૦૯૭	૯૩૯	૨૦૩૬
ખારડિયા	૩૩૬	૩૦૧	૬૩૭
ડાડોર	૧૯૮	૧૮૫	૩૮૩
જાલુ	૧૩૩	૧૧૧	૨૪૪
અરલ મોટી	૧૪૩	૧૪૨	૨૮૫
જતાવીરા	૨૩૩	૨૫૦	૪૮૩
ચરખડા	૧૩૭	૧૦૮	૨૪૫
ધામાય	૨૦૩	૧૭૭	૩૮૦
જીંજાય	૨૧૮	૨૩૧	૪૪૯
ઉમરાપર	-	-	-
દેશલપર	૬૮૬	૬૬૮	૧૩૫૪
મોરાય	૪૨	૨૮	૭૦
ઉગેડી	૪૮૯	૫૩૯	૧૦૨૮
ખોંભડી નાની	૧૮૨	૧૭૫	૩૫૭
રામપર સરવા	૫૦૨	૫૫૯	૧૦૬૧
ખીરસરા	૩૧૩	૩૩૯	૬૫૨
ભુંજાય મોટી	૨૧	૧૯	૪૦
ભુંજાય નાની	-	-	-
લક્ષ્મીપર ભુંજાય	૪૦૧	૪૫૪	૮૫૫
ભારાપર (ભાડરાવાલી)	૭૦	૧૧૦	૧૮૦
બાંડિયારા	૫૪	૫૮	૧૧૨
રંગાયપડાર	-	-	-
નેત્રા	૨૦૯૨	૨૩૧૧	૪૪૦૩
ખોંભડી મોટી	૧૧૧૭	૧૨૧૮	૨૩૩૫
ટોડિયા	૬૮૩	૭૭૧	૧૪૫૪
મથલ	૯૩૨	૯૯૦	૧૯૨૨
ખોંભલા	૧૨૬	૧૧૬	૨૪૨
બાગપટ	-	-	-
ભારાપર	૪૮	૬૦	૧૦૮
અરલ નાની	૬૧૬	૫૬૩	૧૧૭૯
દેવીસર	૭૬૯	૮૮૪	૧૬૫૩
થાન	૨૫૬	૨૧૪	૪૭૦
ભીમસર	૬૦	૪૮	૧૦૮
હીરાપર	૨૮૯	૨૪૫	૫૩૪
રતામિયા	૪૦	૪૯	૮૯
ઓરીરો	૧૫૨	૧૪૬	૨૯૮
નીરોણા	૨૬૯૦	૨૬૦૧	૫૨૯૧
બાડી (પાલનપુર)	૩૧૪	૩૦૨	૬૧૬
મેડીસર	૫૨	૪૬	૯૮
અકાદના	૪૭	૧૭	૬૪
ઊલટ	૫૦	૫૪	૧૦૪
વીરખાલ	-	-	-
વમરા પડાર	૧૪	૧૬	૩૦
લાખિયાર વીરા	૧૨૮	૧૬૪	૨૯૨
દેવસર	૬૫	૬૬	૧૩૧
સુખપર (વિરાણી)	૧૦૫	૧૩૫	૨૪૦
વિરાણી મોટી	૧૯૫૭	૨૧૧૫	૪૦૭૨
વિરાણી નાની	૧૪૪	૧૩૬	૨૮૦
કોટડા જડોદર	૨૪૬૨	૨૬૯૩	૫૧૫૫
જડોદર	૩૫૪	૩૬૮	૭૨૨
કાદિયા નાના	૪૬૦	૪૮૫	૯૪૫
કાદિયા મોટા	૩૯૫	૩૬૪	૭૫૯
રસલિયા	૯૧૩	૯૬૮	૧૮૮૧
ઉખરડા	૪૫૬	૫૦૦	૯૫૬
જાડાય	૯૧	૭૯	૧૭૦
જીંદાય	૮૬	૮૨	૧૬૮

નાગલપર	૨૬૮	૨૮૫	૫૫૩
ચાવડકા	૨૭૧	૨૨૪	૪૯૫
થરાવડા	૪૨૦	૪૦૪	૮૨૪
કોટડા (થરાવડા)	૮૧	૭૦	૧૫૧
ભડલી	૫૯૫	૬૩૫	૧૨૩૦
મોરજર	૨૪૮	૨૬૯	૫૧૭
વિથોણ	૨૧૮૨	૨૩૭૯	૪૫૬૧
આણંદસર	૨૦૪	૨૬૨	૪૬૬
ધાવડા મોટા	૬૦૩	૬૧૯	૧૨૨૨
ધાવડા નાના	૧૨૬	૧૦૮	૨૩૪
અંગિયા મોટા	૫૧૧	૫૧૬	૧૦૨૭
અંગિયા નાના	૧૦૧૨	૧૧૩૧	૨૧૪૩
બેરૂ	૨૮૧	૨૯૩	૫૭૪
વેહાર	૨૧૪	૧૯૬	૪૧૦
ઓળંગિયા	-	-	-
સાંગનારા	૪૨૭	૩૯૯	૮૨૬
સુખસાણ	૫૬	૪૧	૯૭
સાંયરા	૬૨૬	૬૬૪	૧૨૯૦
દેવપર	૯૮૭	૧૦૦૪	૧૯૯૧
કકડભિટ્ટ	૧૩૧	૧૦૬	૨૩૭
અધોછની	૩૭	૩૪	૭૧
રાણારા મોટા	૧૩	૧૯	૩૨
રાણારા નાના	-	-	-
લક્ષ્મીપર (તરા)	૪૩૫	૫૦૩	૯૩૮
કલ્યાણપર	૫૬૭	૬૧૯	૧૧૮૬
તરા	૨૬૩	૨૫૦	૫૧૩
લાખાડી	૨૭	૧૮	૪૫
પલીવાડ	૨૮૬	૩૦૬	૫૯૨
આણંદપર	૩૫૬	૪૧૯	૭૭૫
મોસુણા	૧૪૮	૧૪૬	૨૯૪
નારાણપર	૧૯૦	૨૨૩	૪૧૩
ગંગોણ ઉગમણી	૨૨૦	૨૧૯	૪૩૯
રામપર (રોહા)	૩૪૨	૩૯૪	૭૩૬
સુખપર (રોહા)	૭૩૪	૭૮૬	૧૫૨૦
વીજપાસર	૨૪૫	૨૬૨	૫૦૭
વરમસેડા	૧૬૯	૧૭૧	૩૪૦
મંગવાણા	૭૮૨	૭૪૩	૧૫૨૫
વિભાપર	૧૪૬	૧૬૪	૩૧૦
મંજલ	૧૨૪૩	૧૩૧૫	૨૫૫૮
મથલાપડાર	-	-	-
મોરગર	૨૪૬	૨૪૮	૪૯૪
જીયાપર	૭૦૩	૬૬૫	૧૩૬૮
ખીરસરા (નવા)	૨૮૯	૨૮૮	૫૭૭
વેરસલપર	૧૮૭	૨૧૩	૪૦૦
રોહા (તળેટી)	૪૭૬	૪૩૦	૯૦૬
ભીટારા	૧૯૮	૨૧૪	૪૧૨
જારજોક	૯૬	૧૨૦	૨૧૬
કોટડા (રોહા)	૯૦૫	૯૭૪	૧૮૭૯
ભોજરાજ વાંઢ	૪૧	૪૧	૮૨
જેસર વાંઢ	૫૧	૪૮	૯૯
દનણા	૧૦૭	૧૦૦	૨૦૭
વડવા ભોપાવાલા	૧૬૧	૧૫૯	૩૨૦
વડવા કાંયાવાલા	૮૪૩	૮૩૧	૧૬૭૪

આમ, નખત્રાણા તાલુકાના કુલ ૧૩૨ ગામોમાં ૧,૧૬,૯૪૪ની વસ્તી છે જેમાં ૫૭,૬૨૪ પુરૂષ અને ૫૯,૩૨૦ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

અબડાસા તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
નલિયા	૪,૦૭૫	૪,૦૩૦	૮,૧૦૫
હોથિયાય	૮૫	૮૯	૧૭૪
ગોલાય	૧૮૫	૧૯૦	૩૭૫
બેર મોટી	૧૭૯	૧૭૭	૩૫૬
બેર નાની	૯૨	૯૬	૧૮૮
નવાવાસ (વાંઢ)	૫૯	૫૯	૧૧૮
થુમડી	૩૬	૨૮	૬૪
અકરી મોટી	૧૫૨	૧૪૩	૨૯૫
કરમટા	૬૬	૪૯	૧૧૫
વાયોર	૬૧૭	૫૬૬	૧૧૮૩
સારંગવાડા	૧૬	૧૬	૩૨
વાગાપદ્ધર	૨૫૦	૨૧૩	૪૬૩
ફુલાય	૧૬૫	૧૫૦	૩૧૫
ભોઆ	૫૦	૪૫	૯૫
વાગોઠ	૭૬	૬૫	૧૪૧
ઉકીર	૧૩૪	૧૩૪	૨૬૮
વલસરા	૧૬૩	૧૪૫	૩૦૮
મોખરા	૧૨૦	૧૫૧	૨૭૧
ગોયલા	૧૮૦	૧૬૮	૩૪૮
જગડીયા	૩૪૫	૪૦૦	૭૪૫
ઐડા	૨૭૬	૩૦૧	૫૭૭
જોગિયાય	—	—	—
લૈયારી	૧૬૧	૧૭૮	૩૩૯
સુખપર (સાયદ)	૪૯	૫૫	૧૦૪
ચરોપડી નાની	૨૪	૧૯	૪૩
ચરોપડી મોટી	૧૮૧	૧૭૨	૩૫૩
મોહાડી	૧૬૨	૧૩૩	૨૯૫
કોસા	૧૩૧	૧૨૦	૨૫૧
કોસા જૂના	—	—	—
છસરા	૧૩૨	૧૪૯	૨૮૧
બુટ્ટા (અબડાવાલી)	૩૮૮	૪૨૬	૮૧૪
નાગિયા	૭૫	૧૧૩	૧૮૮
સુજાપર	૨૬૫	૨૬૪	૫૨૯
ત્રંબૌ	૧૨૯	૧૫૩	૨૮૨
રામપર	૬૩૯	૬૩૭	૧૨૭૬
વડસર	૭૧	૮૩	૧૫૪
કેરવાંઢ	૪૦૭	૩૨૪	૭૩૧
નોતિયાર વાંઢ	૨૧	૨૮	૪૯
આશાપર	૨૮૫	૨૫૬	૫૪૧
બારા	૨૫૭	૨૮૮	૫૪૫
રાગણવાંઢ	—	—	—
ઉસ્તિયા (બાંડીયા)	૨૫૬	૩૧૯	૫૭૫
બાંડીયા	૨૯૯	૩૩૩	૬૩૨
ફૂવાપદ્ધર	૨૦૭	૧૮૯	૩૯૬
કરઈયા	૨૨	૩૬	૫૮
લાખણીયા	૨૪૧	૨૩૭	૪૭૮
સુખપર બારા	૭૧	૧૦૬	૧૭૭
ગુડથર	૫૨	૪૯	૧૦૧
છાડુરા	૨૪૧	૨૫૦	૪૯૧
મોકરશી વાંઢ	૨૧૪	૧૯૨	૪૦૬
મેમણ વાંઢ	૫૯	૫૪	૧૧૩
ભાડુ વાંઢ	૪૨	૫૭	૯૯
દદામાપર	૯૨	૧૪૯	૨૪૧
ચલગા વાંઢ	—	—	—
જખૌ	૧૬૬૭	૧૭૦૨	૩૩૬૯
બેલા વાંઢ	૩૬	૩૨	૬૮
જબરા વાંઢ	૩૦	૩૩	૬૩
દરાડ વાંઢ	૨૯	૨૨	૫૧
કુકડાઉ	૧૨૪	૧૧૯	૨૪૩
જસાપર	૧૦૧	૧૦૧	૨૦૨
હોથી વાંઢ	૬૩	૬૨	૧૨૫
ઓઢેજાવાળી વાંઢ	૨૭	૨૮	૫૫
થેબા વાંઢ	—	—	—
ભજીર વાંઢ	—	—	—
ભાદ્રા વાંઢ	૧૨૧	૧૧૩	૨૩૪
સુડધ્રો નાની	૧૩૪	૧૭૩	૩૦૭
સુડધ્રો મોટી	૪૧૩	૪૬૯	૮૮૨
તેરા	૧૧૨૨	૧૨૭૨	૨૩૯૪
ભારાપર	૧૫૬	૨૦૮	૩૬૪
પાટ	૭૭	૭૧	૧૪૮
ખાનાય	૨૨૮	૧૮૪	૪૧૨
દબણ	૪૬	૩૧	૭૭
બાલાપર	૪૨	૭૨	૧૧૪
બુડધ્રો	૮૬	૯૨	૧૭૮
ધુફી મોટી	૨૭૫	૨૫૫	૫૩૦
ધુફી નાની	૧૫૫	૧૫૫	૩૧૦
હમીરપર	૧૨૫	૧૭૯	૩૦૪
કુણાઠિયા	૧૩૩	૧૩૦	૨૬૩
કાળાતળાવ	૨૫૮	૨૪૪	૫૦૨
રાયધણપર (મોટી અને નાની)	૧૭૭	૧૪૪	૩૨૧
ભાનાડા	૨૦૮૫	૧૧૩૦	૩૨૧૫
નોડે વાંઢ	૧૧૫	૧૨૨	૨૩૭
ફુલાય વાંઢ	૧૪	૯	૨૩
નાની વાંઢ	૨૧	૧૮	૩૯
વાડાપદ્ધર	૩૬૩	૩૫૯	૭૨૨
પ્રજાઉ	૨૭૫	૩૨૩	૫૯૮
વીગાબેર	૧૩૫	૧૩૪	૨૬૯
લાલા	૩૮૮	૩૧૮	૭૦૬
બુડિયા	૧૦૨	૮૩	૧૮૫
રાણપર	—	—	—
વરનોરી બુડિયા	—	—	—
સિંધોડી મોટી	૩૨૭	૩૧૭	૬૪૪
સિંધોડી નાની	૯	૧૩	૨૨
વાંકુ	૬૦૬	૫૫૨	૧૧૫૮
ભેદી (પૈ)	૨૨૭	૨૦૦	૪૨૭
પૈ	૧૪૭	૧૫૬	૩૦૩
કોઠારા	૨૧૯૯	૧૯૯૩	૪૧૯૨
સાંયરા	૩૧૫	૩૩૧	૬૪૬
સાંધવ	૨૨૧	૨૧૯	૪૪૦
ખીરસરા (કોઠારા)	૪૫૫	૪૫૫	૯૧૦
ભાચુંડા	૨૦૨	૨૫૨	૪૫૪
બિટ્ટા	૬૫૭	૭૯૬	૧૪૫૩
વમોટી મોટી	૩૯૨	૪૩૩	૮૨૫
સમન્ડા	૫૬	૫૨	૧૦૮
વમોટી નાની	૩૦૭	૩૩૩	૬૪૦
વાંઢ ટીંબો	—	—	—
ભવાનીપર	૪૪૧	૫૩૯	૯૮૦
બેરાચિયા	૮૮	૯૮	૧૮૬
રવા	૨૯૩	૩૧૯	૬૧૨

બિટ્ટીયારી	૭૪	૮૯	૧૬૩
નાગોર	૧૭૩	૧૪૦	૩૧૩
સલેમાન વાંઢ	—	—	—
વરાડિયા	૮૩૨	૮૫૬	૧૬૮૮
આરીખાણા	૨૬૯	૩૧૩	૫૮૨
રાપર ગઢવાળી	૧૪૯	૧૪૩	૨૯૨
કડોલી	૧૨૩	૧૦૯	૨૩૨
કમંડ	૩૯	૩૪	૭૩
સુથરી	૯૩૮	૯૬૯	૧૯૦૭
ઈશાવાળી વાંઢ	—	—	—
મેરૂ વાંઢ	—	—	—
શીરૂ વાંઢ	૬૮	૭૮	૧૪૬
વિંઝાણ	૧૧૧૯	૧૧૪૬	૨૨૬૫
આમર	૩૭૬	૩૯૧	૭૬૭
વાઢાવાળી વાંઢ	૩	૪	૭
નાનાવાડા	૧૩૭	૧૪૫	૨૮૨
ધનાવારા વાડા	૩૬૫	૪૫૧	૮૧૬
ગઢવાળા વાડા	૨૪૧	૨૩૮	૪૭૯
દુજા વાંઢ	—	—	—
કનકપર	૧૪૧	૧૬૬	૩૦૭
મોથાળા	૧૫૩૭	૧૬૧૧	૩૧૪૮
સરગુઆરા	૮૩	૮૩	૧૬૬
પિયોણી	૫૪	૪૯	૧૦૩
બાલાચોડ નાની	૨૧૨	૨૨૧	૪૩૩
કંઢાય	૧૬૭	૧૬૬	૩૩૩
ભીમપર	૩૯	૩૦	૬૯
ખારૂઆ	૧૨૦	૧૨૧	૨૪૧
નુંધાતડ	૫૩૭	૬૨૬	૧૧૬૩
કાલર વાંઢ	૫૧	૪૪	૯૫
હાજાપર	૩૫૧	૩૯૭	૭૪૮
મિયાણી	૨૨	૨૫	૪૭
ખીરસરા વિંઝાણ	૪૫૨	૪૬૬	૯૧૮
નારાણપર	૨૩૮	૨૨૯	૪૬૭
વંડી નાની	૧૩	૧૨	૨૫
બેરા	૧૧૯	૧૦૭	૨૨૬
હાદાપર	૬૯	૮૩	૧૫૨
ખુઅડો	૧૧૪	૧૦૮	૨૨૨
સાંધાણ	૬૬૧	૭૩૬	૧૩૯૭
ડુમરા	૯૫૪	૮૬૮	૧૮૨૨
વંડી મોટી	૧૧૮	૧૫૧	૨૬૯
રેલડીયા મંજલ	૩૪૫	૩૫૭	૭૦૨
રાયધણપર	૩૩૦	૩૮૬	૭૧૬
ચિયાસર	૨૯૫	૩૪૭	૬૪૨
ચાવડકા	—	—	—
હિંગણિયા	૧૪૩	૧૨૯	૨૭૨
નરેડી	૭૧૮	૭૬૩	૧૪૮૧
બાલાચોડ મોટી	૧૮૮	૨૦૩	૩૯૧
સણોસરા	૩૩૯	૩૨૭	૬૬૬
નાંધ્રા મોટા	૪૯	૪૮	૯૭
નાંધ્રા નાના	૪૪	૪૬	૯૦
દાહા	૫૬	૪૮	૧૦૪
બોહા	૧૨૯	૧૩૧	૨૬૦
કરોડિયા મોટા	૩૪૭	૩૫૩	૭૦૦
કરોડિયા નાના	૧૦૦	૧૦૦	૨૦૦
લ્હેડી	૨૯૮	૩૨૮	૬૨૬
ધુવઇ	૪૧	૪૯	૯૦
છછી	૨૧૦	૨૦૪	૪૧૪

આમ, અબડાસા તાલુકાના કુલ્લ ૧૬૬ ગામોમાં ૮૬,૪૦૨ની વસતી છે, જેમાં ૪૩,૧૪૯ પુરૂષ અને ૪૩,૨૫૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

લખપત તાલુકો

	પુરૂષ	સ્ત્રી	કુલ
દયાપર	૧૪૯૦	૧૪૬૫	૨૯૫૫
છેર મોટી	૧૩૭	૧૪૯	૨૮૬
છેર નાની	૧૭૫	૧૬૨	૩૩૭
ખેંગારપર	-	-	-
ફતેહપુર	-	-	-
ઢેઢાપર	૧૧૦	૧૨૦	૨૩૦
કાનેર	૬૫	૭૭	૧૪૨
લખપત	૧૭૫	૧૬૦	૩૩૫
કરણપુર	-	-	-
ગુનેરી	૩૩૯	૩૪૪	૬૮૩
સાયરા	૧૨૮	૮૯	૨૧૭
મુધાન	૨૦૯	૧૭૯	૩૮૮
અટડો	૧૧૫	૯૧	૨૦૬
ઉખેર	-	-	-
પ્રાણપર	-	-	-
ઢેઢડી	૧૩૪	૧૩૬	૨૭૦
બૈયાવા	૫૨	૪૨	૯૪
માલડા	૨૮	૨૯	૫૭
મુધવાય	૧૭૬	૧૮૧	૩૫૭
કપુરાસી	૨૬૭	૨૬૧	૫૨૮
કોરિયાણી	૬૫૫	૫૪૯	૧૨૦૪
કોટેશ્વર	૧	૦	૧
નારાયણસરોવર	૪૧૨	૩૦૭	૭૧૯
ધુનાય	-	-	-
કનોજ	૮૬	૮૯	૧૭૫
શેહ	૬૨	૪૯	૧૧૧
તહેરા	૭૩	૬૫	૧૩૮
કૈયારી	૪૧	૨૬	૬૭
પાનધ્રો	૨૬૭૪	૨૨૫૧	૪૯૨૫
ફુલરા	૪૨૮	૪૧૪	૮૪૨
ઉમરસર	૪૮	૪૮	૯૬
શિયોત	૨૮૧	૩૩૩	૬૧૪
બાણા	-	-	-
ઝારા	૬૫	૫૭	૧૨૨
મેઘપર	૧૩૦	૧૩૩	૨૬૩
ખટિયા	૯૪	૯૫	૧૮૯
લાખાપર	૩૦૪	૨૯૮	૬૦૨
છુગેર	૪૦	૨૮	૬૮
ઘડુલી	૧૦૮૭	૧૧૬૦	૨૨૪૭
ધારેશી	૧૮૭	૨૧૯	૪૦૬
અકરી	૧૯	૨૦	૩૯
ખાણોટ	૧૩૩	૧૪૪	૨૭૭
નરેડી	૬૪	૫૬	૧૨૦
ગોધાતડ	૩૨	૩૦	૬૨
ગુહેર નાની	-	-	-
ગુહેર મોટી	૧૭૧	૧૫૦	૩૨૧
કુનરી	૨૪	૧૮	૪૨
મુડિયા	૮૨	૬૯	૧૫૧
મીંઢિયારી	૩૯૪	૩૪૩	૭૩૭
સુભાષપર (સાનધ્રો)	૩૮૧	૩૩૦	૭૧૧
વિરાણી	૫૦૧	૫૬૧	૧૦૬૨
અમિયા	૨૪૨	૨૦૯	૪૫૧
હરોડા	૧૬૮	૧૪૧	૩૦૯
ઝુમારા	૩૪૩	૩૧૮	૬૬૧
જુણાયાય	૧૭૧	૧૬૩	૩૩૪
નરા	૫૬૩	૪૬૩	૧૦૨૬
બીટીયારી	૨૨૩	૨૩૯	૪૬૨
ચામરા	૭૦	૬૮	૧૩૮
બુધા	૯૧	૯૦	૧૮૧
હમનખુડી	૧	-	૧
રોડાસર લકી	૧૫૨	૧૩૭	૨૮૯
ભુજપર	-	-	-
રતીપર	-	-	-
ગુગરિયાણા	૧૦૨	૯૮	૨૦૦
લખમીરાણી	૪૮	૩૭	૮૫
નરેડો	૩૯	૪૭	૮૬
આશાલડી (સુજા વાંઢ)	૧૨૯	૧૨૫	૨૫૪
દોલતપર	૪૨૬	૪૭૮	૯૦૪
માતાનો મઢ	૬૯૮	૭૧૯	૧૪૧૭
રાવરેશ્વર	૫૬	૬૬	૧૨૨
ખડેક	૯૦	૮૨	૧૭૨
ચકરાઇ	-	-	-
બરંદા	૩૧૩	૩૧૭	૬૩૦
મોરી	૨૨	૨૭	૪૯
પીપર	૩૩૮	૩૪૯	૬૮૭
જાડવા	૧૦૭	૧૧૭	૨૨૪
ખરોડા	૬૧	૫૧	૧૧૨
જુલરાઇ	૯૧	૧૦૬	૧૯૭
સારણ નાની	-	-	-
સારણ મોટી	૧૮૭	૧૭૩	૩૬૦
સામજીઆરો	૧૩૦	૧૦૮	૨૩૮
મુરચબાણા	૬૪	૭૪	૧૩૮
દેનમા	-	-	-
ધ્રંગ	-	-	-
ડેડરાણી	૨૧	૨૧	૪૨
કોટડા	૫૧૩	૫૫૮	૧૦૭૧
જુણાચાય	૮૮	૯૮	૧૮૬
રામાણિયા	૫૮	૪૫	૧૦૩
હરૂડી	૩૫	૨૮	૬૩
ખિરસરા (ધુનાય)	૪૯	૪૯	૯૮
ધુનાય	૮૧	૮૦	૧૬૧
ખારઇ	૧૯૨	૨૦૦	૩૯૨
મણિયારા	-	-	-
પખો	૫૯	૫૨	૧૧૧
સાંભરા	૬૨	૬૫	૧૨૭
કંથરા	૨૮	૩૫	૬૩
ભાડરા નાના	૧૦૯	૧૨૦	૨૨૯
ભાડરા મોટા	૪૮૨	૪૪૮	૯૩૦
એકલિયું	-	-	-
સુજા વાંઢ	૩૬	૨૪	૬૦

આમ, લખપત તાલુકાના કુલ્લ ૧૦૦ ગામોમાં ૩૬,૭૫૯ની વસ્તી છે જેમાં ૧૮,૮૦૭ પુરૂષ અને ૧૭,૯૫૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. □

■ ૧૪, હંસા, રેવન્યુ કોલોની, ભુજ-કચ્છ

કચ્છની જ્ઞાતિગંગા



કચ્છની અસ્મિતાની અખાણી માંડીએ ત્યારે કચ્છમાં આવીને વસેલી જુદી જુદી જ્ઞાતિઓને ભૂલી શકાય નહીં. કોઈપણ પ્રદેશની અસ્મિતા ઊભી કરનાર એની પ્રજા હોય છે. લોકોના જીવન-કવનમાં એ અસ્મિતા ઉપસતી દેખાય. લોકોની રહેણીકરણી, રીત રિવાજો અને ધાર્મિક માન્યતાઓ, ઉચ્ચ વિચારો જેવી અનેક બાબતો આમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. આવી રીતે ઊભી થયેલી અસ્મિતાને ટકાવી રાખવાની વાત કંઈ આજકાલની નથી, વૈદિકકાળના ઋષિઓએ પણ એ કહેલી છે. ઋગ્વેદમાં આવતા આ શબ્દો અશ્મા ભવ, પરશુભવ... મનુર્ભવ દ્વારા વૈદિક ઋષી અસ્મિતાના રક્ષણ માટે પહાડસમા બનીને ઊભા રહેવાની શીખ આપે છે. લોક કવિઓએ ગાયેલાં હાલરડાં એ માત્ર વાણી વિલાસ નથી, માતાના અંતરમાં- દેશની અસ્મિતાને ટકાવી રાખવાની પોતાનાં બાળકોને શીખ છે.

સંસ્કાર સેતુ સમા કચ્છ પ્રદેશમાં જુદા જુદા સમયે અનેક લોકો વસ્યા છે. વિવિધ જ્ઞાતિઓએ દેશ માટે આપેલાં યોગદાન, તેમના પૂર્વજોના સંસ્કારો, સાહસો, પ્રેમ, કરુણા-દયાના પ્રેરક દાખલાઓનો ખ્યાલ નવી પેઢીને આપવા માટે દરેક જ્ઞાતિના ઈતિહાસમાં ઊંડા ઉતરવું પડે. પરંતુ ગૌરવવંતી તવારીખ ધરાવતી કચ્છની જ્ઞાતિ ગંગાને ગાગરમાં સમાવવી શકય ન હોવાથી સ્થાન સંકોચને કારણે અહીં જ્ઞાતિ ગંગાનું માત્ર આચમન કરાવવાનો પ્રયાસ કર્યો છે. જ્ઞાતિ અંગેની માહિતી કેટલાક લેખકોએ એટલી સુંદર રીતે પેશ કરી છે તેનું માત્ર આચમન કરવાથી મન માનતું નથી તેથી ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ કરીશું.

કચ્છના ખમતીધર જાડેજા-રાજપૂતો

☐ વાઘુભા જખુભા જાડેજા

પશ્ચિમમાં કચ્છ, પૂર્વમાં કલકત્તા, ઉત્તરે કાશ્મીર અને દક્ષિણે કન્યાકુમારી એમ ચારેય દિશાઓ 'ક' અક્ષરવાળા પ્રદેશોના સીમાડાઓ સુધી વિસ્તરેલી ભારતની આ ભૂમિ કોઇ કાળે દેવભૂમિ તરીકે પ્રસિદ્ધ હતી. અરબી સમુદ્રના પશ્ચિમ કિનારે જ્યાં રત્નાકર સદાય ઘૂઘવે છે ત્યાં આવેલ કચ્છ એટલે કોઇ એક કાળે પચ્છમના પાદશાહના મુલક તરીકે મશહૂર હતો. ભારતની આઝાદી પછી પણ ઠેઠ તા. ૩૧-૫-૧૯૪૮ સુધી યદુવંશી જાડેજાઓની સાર્વભૌમ સત્તા નીચે રહેલ કચ્છ, જાડેજાઓનું રાજ્ય હતું.

પ્રાચીન ભારતના ૩૬ રાજવંશીય કુળના રાજપૂતો એટલે રાજપૂતકાલીન ઈતિહાસનું ઉજળું પાનું. સાહસ, શૌર્ય અને સમર્પણનો ઝળહળતો ઈતિહાસ, ખમીર, ખુમારી અને ખાનદાનીનો જમાનો.

પૌરાણિક કથાઓ પ્રમાણે અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલા રાજપૂતો- પરમાર, સોલંકી, ચૌહાણ અને પઢીઆરના વંશજો સૂર્યવંશી કહેવાયા તેમ ક્ષીર-સાગરમાં શેષ-નાગની સૈયા પર પોઢેલા ભગવાન આદિનારાયણનાં નાભી-કમળમાંથી બ્રહ્માજી અને તેના દશ માનસપુત્રોમાંથી અત્રિ થયા તેના ચંદ્રમાંથી ઉત્પન્ન થયેલા જાડેજાઓ ચંદ્રવંશી કહેવાયા. એના કુળમાં યદુ પરથી તે યદુવંશી કહેવાયા, એ યદુવંશી ભગવાન શ્રી કૃષ્ણના પુત્ર સાંબ અને તેના પુત્ર ઉષ્ણીકનાં વંશમાં થયેલા દેવેન્દ્રમાં કચ્છના રાજવંશનું કુળ બતાવ્યું છે.

જાડેજા રાજપૂતો પોતાની ઉત્પતિની ગૌરવગાથામાં શ્રી કૃષ્ણના પુત્ર સાંબ અને તેના પુત્ર ઉષ્ણીકને મિસરના શોણિતપુરના રાજા તરીકે બતાવી તેના વંશમાં થયેલા દેવેન્દ્રના વંશમાં પોતાની ઉત્પતિ બતાવે છે. ઈતિહાસના આધારે જોતાં એ શોણિતપુર મિસરમાં નહિ પણ હિમાલયના પ્રદેશમાં કેદારનાથની નજીક આવેલ ઉખીમઠ પાસે હતું. ત્યાંથી દેવેન્દ્રનો પુત્ર નરપત અફઘાનિસ્તાન ગયેલ અને ગઝની શહેર વસાવીને રાજગાદી સ્થાપી હતી. પરંતુ એ રાજગાદી ફિરોજશાહના પુત્ર સુલતાને તેના પુત્ર સમા પાસેથી પડાવી લેતાં સમો સિંધ તરફ નાસી ગયો અને સિંધમાં પોતાની રાજગાદી સ્થાપી સમાવંશની શરૂઆત કરી હતી. અગ્નિકુંડની ઉત્પતિની આ આખીય કથા હકીકતમાં જાતિકુળોના સમન્વયની કથા છે. બહારથી આવેલી લડાયક જાતિઓને હિન્દુઓની ઉચ્ચ ગણાતી ક્ષત્રિય જાતિમાં સ્વીકારવા માટેનો શુદ્ધિયજ્ઞ હતો.

જાડેજા વંશનો આરંભ લાખા ધુરારાથી થયો

ચંદ્રમાંથી ચંદ્રવંશ, યદુથી યદુવંશ, સામપતથી સમા અને જામ જાડો અને તેનો પુત્ર જામ લાખાથી જાડેજા વંશ કહેવાયો. કચ્છમાં આ વંશનો આરંભ લાખા ધુરારાનાં પુત્રો મોડ અને મનાઈથી થયો. જે મામાએ તેમને ભાણેજા સમજીને આશરો આપ્યો તેને જ મારીને તેની સત્તા કબજે કરી. આ વંશમાં પુરણ પ્રતાપી એવો લાખો ફુલાણી થયો. જેણે કચ્છના સીમાડા રાજસ્થાનનાં ફૂલરા ગામ સુધી વિસ્તાર્યા એ ફુલાણી, ગુજરાતના રાજા મૂળરાજ સોલંકી સાથેના યુદ્ધમાં ભાદર અને જંબુમાલી પાસે આવેલ આટકોટમાં ફૂલધારે ઊતર્યા. એના પછી એનો ભત્રીજો પુંઅરો પદ્ધરગઢની ગાદીએ બેઠો પણ દંતકથા પ્રમાણે એ જખોનાં હાથે મરાયો. એ ગાળો ૧૦મી સદીનો કે પછી ઠેઠ ઇ. સ. ૧૧૪૭માં લાખા ધુરારાના વંશમાં લાખો અને લાખીયાર આવ્યા ને કચ્છની ગાદી પાછી મેળવી અને ઇ. સ. ૧૫૦૬ સુધી તેમની પેઢીનો સળંગ રાજવહીવટ ચાલ્યો. જામ હમીરજીનું ખૂન થયું તેંથી તેમના કુંવર ખેંગારજી અને સાહેબજીને તેમના મામા સેંસાજી સીંધલ તથા છછર બુટો અમદાવાદમાં અલીઆજીના

કચ્છનો જાડેજા રાજવંશ

ક્રમ	નામ	રાજ્ય અમલ ઈ. સ.
૧	રાઓશ્રી ખેંગારજી પહેલા	૧૫૧૦-૧૫૮૬
૨	રાઓશ્રી ભારમલજી પહેલા	૧૫૮૬-૧૬૩૨
૩	રાઓશ્રી ભોજરાજજી	૧૬૩૨-૧૬૪૬
૪	રાઓશ્રી ખેંગારજી બીજા	૧૬૪૬-૧૬૫૫
૫	રાઓશ્રી તમાચીજી	૧૬૫૫-૧૬૬૬
૬	રાઓશ્રી રાયધણજી પહેલા	૧૬૬૬-૧૬૯૮
૭	મહારાઓશ્રી પ્રાગમલજી પહેલા	૧૬૯૮-૧૭૧૬
૮	મહારાઓશ્રી ગોડજી પહેલા	૧૭૧૬-૧૭૧૯
૯	મહારાઓશ્રી દેશળજી પહેલા	૧૭૧૯-૧૭૫૨
૧૦	મહારાઓશ્રી લખપતજી	૧૭૫૨-૧૭૬૧
૧૧	મહારાઓશ્રી ગોડજી બીજા	૧૭૬૧-૧૭૭૯
૧૨	મહારાઓશ્રી રાયધણજી બીજા	૧૭૭૯-૧૮૧૪
૧૩	મહારાઓશ્રી ભારમલજી બીજા	૧૮૧૪-૧૮૧૯
૧૪	મહારાઓશ્રી દેશળજી બીજા	૧૮૧૯-૧૮૬૧
૧૫	મહારાઓશ્રી પ્રાગમલજી બીજા	૧૮૬૧-૧૮૭૫
૧૬	મહારાઓશ્રી ખેંગારજી ત્રીજા	૧૮૭૬-૧૯૪૧
૧૭	મહારાઓશ્રી માધુભા ઉર્ફે વિજયરાજજી	૧૯૪૧-૧૯૪૭
૧૮	મહારાઓશ્રી મેઘરાજજી ઉર્ફે મદનસિંહજી	૧૯૪૮-૩૧-૫-૪૮

આ અઢાર પેઢીને કચ્છી પ્રજાએ પોતાના સંભારણામાં આ રીતે સાચવી છે :
ખેંભા ભોખે ત રા પ્રાગો દે લગો રાભા દે પ્રા ખેંમામે

આશરે તેડી ગયા. અહીં મહમદ બેગડાના સિંહના શિકાર વખતે ખેંગારજીએ બેગડાનો જીવ બચાવ્યો તેથી બાદશાહને આ વીર બાળકની સાચી ઓળખાણ થતાં તેમને લશ્કરી મદદ કરી ગાદી પાછી અપાવી. પ્રથમ સાપર (હાલનું રાપર)માં, પછી લાખીયારવીરા અને બાદમાં ભુજમાં સંવત ૧૬૦૫ના માગસર સુદ ૬ના ગામનું તોરણ બાંધીને ગાદીની સ્થાપના કરી. રાવના ઈલ્કાબ સાથે શરૂ કરાયેલી આ સત્તા મહારાવ સુધી પહોંચતા ૧૮મી પેઢીએ કચ્છના છેલ્લા જાડેજા રાજવી બાવા મેઘરાજજી ઉર્ફે મદનસિંહજી ૫૦૦ વર્ષ સુધીની સાર્વભૌમ સત્તાને પ્રજાના હિતમાં સરદાર પટેલની સરદારી હેઠળ રાષ્ટ્રને ચરણે પ્રસન્ન ચિત્તે ધરી દેનાર રાજાશાહીના છેલ્લા ગુણસંપન્ન રાજવી હતા.

કચ્છ એટલે મૂળે તો માલધારીઓની વસાહત. અહીં પુષ્કળ ચારીઆણ મળી રહેતું તેથી જુદા જુદા લોકો પોતાના પશુધન સાથે અહીં આવતા રહ્યા. ત્યાર પછી ચાવડા, વાઘેલા, સોલંકી જેવી જુદી જુદી લડાયક જાતિઓએ અહીં આવીને પોતાના નાના નાના રાજ્યો સ્થાપ્યા. એમનાંથી વધુ બળવાન આવ્યા તે નબળાને દૂર કરીને રાજા બની બેઠા. કચ્છ એના ઉગમકાળથી વિવિધ જાતિઓના આવાગમનનું બારું રહ્યું છે. કેટલાક આવ્યા, કેટલાક ગયા, તો કેટલાક સ્થિર થઈને અહીં રહી ગયા.

ધીમે ધીમે આખું કચ્છ કબજે કર્યું

જાડેજા રાજપૂતોની શરૂઆતમાં સમગ્ર કચ્છ પર સત્તા ન હતી. જુદે જુદે વખતે અહીં આવી વસેલા વાઘેલા, સોલંકી, ચાવડા, સોઢા, રાઠોડ, પઢીઆર, ગોહિલ, ચૌહાણ, મોખા, જેઠવા, ગોહેરસમા, સમાઘોઘા, ઝાલા, પરમાર, સરવૈયા, સિસોદીયા, સિંધા, સિંધવ, સિંઘલ, વાઘા, વાજા, રાયજાદા, ચુડાસમા, મહિડા વિગેરે રાજપૂત કુળના ક્ષત્રિયો જુદે જુદે સમયે સિંધ, થરપારકર, રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ગુજરાતથી આવ્યા હતા. તેમની ક્યાંક ક્યાંક જાગીરો હતી. પરંતુ ધીમે ધીમે કચ્છ રાજ્ય તરફથી તેમની મોટાભાગની જમીન અને જાગીરો રાજ્ય હસ્તક કરી લીધી હતી.

મજબૂત બાંધાવાળા ઘઉંવર્ણા અને સપ્રમાણ ઉંચાઈથી પડછંદા લાગતા રાજપૂતોનો પોશાક મર્યાદાવાળો રહેતો. ચહેરે મહોરે ઘાટીલા દેખાતા ને એમની કાળી મોટી આંખોથી પ્રભાવશાળી લાગતા રાજપૂતો માથે કચ્છી પાઘડી કે વિવિધ પ્રકારના સાફા બાંધે, શરીરે કેડીયું કે અંગરખું, કેડે ચૂસ્ત બાંધેલી ભેઠ અને સુરવાલ કે કચ્છ મારેલું પખતું લાગતું ધોતિયું તેમની આગવી ઓળખ બની રહેતું.

રાજપૂતો આજેય અસલ પોષાકમાં દેખાય છે

વર્તમાન સમયની અસર થઈ છે તો પણ મોટા તહેવાર પ્રસંગે કે લગ્ન પ્રસંગે હજી પણ અસલ પોષાકમાં નીકળતા રાજપૂતો વિશિષ્ટ છાપ પાડે છે. સદાય ઓઝલમાં રહીને માઝાવાળો પોષાક ધારણ કરનાર સ્ત્રી વર્ગ હવે સમયના વહેણ સાથે આધુનિકતા તરફ વળીને આધુનિક પોષાકો અપનાવતો થયેલ છે. પરંતુ શહેરથી દૂર ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોએ જૂના રીત-રિવાજો અને પહેરવેશને જાળવી રાખ્યા છે.

દહેજના દૂષણે આ સમાજનો હજી પીછો છોડયો નથી. તેના પરિણામે કોડભરી રાજપૂત કન્યાઓ હજીય દહેજના ખપ્પરમાં હોમાતી રહી છે.

સમજદાર લોકો સમયને પારખીને કામ ધંધામાં જોડાવા લાગ્યા. ખેતીના વ્યવસાયને આધુનિક પદ્ધતિએ વિકસાવતા થયા. લશ્કર અને પોલીસ ખાતાની, એસ. ટી. બોર્ડ અને ઈલેક્ટ્રીક બોર્ડ જેવા ખાતાની જોખમી નોકરી તેમના સ્વભાવ અને પ્રભાવ બેયને અનુકૂળ હોતાં તેમનું તે ક્ષેત્રે વર્ચસ્વ પણ રહ્યું છે. કુળ અને સ્વમાની હોવાના કારણે તેઓ અપમાન સહન કરી શકતા નથી. 'બાપુ' જેવા હુલામણા સંબોધન તેમને ગમે છે. બહેનોને 'બા' કહીને બોલાવાય તો સારું લાગે છે. શિક્ષણનું પ્રમાણ હજી જોઈએ તેટલું નથી. ભુજમાં રાજપૂત સમાજ માટે મહારાઓશ્રી મદનસિંહજી રાજપૂત છાત્રાલય ચલાવાય છે પણ સંખ્યાની દ્રષ્ટિએ તેનો લાભ આછો લેવાય છે.

આઝાદી પૂર્વે જે ઠાઠ-માઠથી રહેવા માટે તેઓ ટેવાયેલા હતા તે વર્ચસ્વ હવે રહ્યું નથી. રહેણાંક માટેના તેમના વિશાળ મકાનોમાં આગળ દરબાર ડેલી, પછી આંગણું પછી મર્યાદા જળવાય તેવી ભીંત ને તે પછી રહેણાંકના મકાનો. શહેરી વિસ્તારમાં હવે આટલી સગવડ રહી નથી. પણ ગ્રામ્ય વિસ્તારમાં ''દૂવાર''ના નામે ઓળખાતા તેમના આવા મકાનો હજીય ટકી રહેલા છે. એમની બેઠકનો ખંડ હંમેશાં સાફ સુથરો અને કલાત્મક રહેતો. ક્યાંક ક્યાંક તો ભીંતચિત્રો પણ દોરવામાં આવતા. ભીંતની ખીંટીએ ઢાલ અને તલવાર લટકાવવામાં આવતી.

૫૦૦ વર્ષનો ૧૮ પેઢીનો જાડેજા વંશનો કચ્છમાં સળંગ રાજ્ય-અમલ રહ્યો. સમય સાથે કદમ મિલાવવામાં ભલે કદાચ બીજા દેશોથી અહીંના રાજવીઓ પાછળ રહ્યા હશે, પણ પ્રજા હિતના કામોની અવગણના થઈ નથી.

દેશરા પરમેશ્વરા

રા' દેશળજી પહેલાને તો પ્રજાએ જ 'દેશરા-પરમેશ્વરા'ના હુલામણા અને લાગણીભર્યા સંબોધનથી ઓળખાવ્યો છે. કારણ કે તે પ્રજાના સુખ અને દુઃખના સાથી હતા. તો રા' લખપતજી જેવા રસિયા રાજવીએ તો કચ્છને સંસ્કાર અને કલાનો વારસો આપ્યો એટલું જ નહીં, પ્રજાને અભયના વરદાન, વેપારીઓને વિશ્વાસથી વણજ વેપાર કરવાના વચન અને 'મહાજન' સંસ્કૃતિને પુરસ્કારીને તેનો નિર્ણય રાજ્ય પણ માન્ય રાખશે એવો તાંબાના પતરે લેખ કરીને ભુજની બજારમાં જાહેર સ્થળે રખાવ્યો- જે આજે પણ બજાર ચાવડીની ભીંત ઉપર તે વાંચી શકાય છે. રાજાનો પ્રજાને વચન આપતો આ તામ્રપત્ર એક રાષ્ટ્રીય દસ્તાવેજ છે. બહુ ઓછા રજવાડાઓને પોતાના સિક્કા છાપવાના હક્ક હતા. કચ્છ રાજ્યની સાર્વભૌમતા કચ્છના છેલ્લા રાજવી સુધી ચાલુ રહી- અને છેલ્લે ચલણી સિક્કા છેલ્લા રાજવી સુધી કચ્છની ટંકશાળે બહાર પાડયા હતા. રા'દેશળજી બીજા, રા' પ્રાગમલજી બીજાએ પ્રજાના સુખની ખેવના હૈયે રાખીને સુવિધાઓ ઊભી કરવાની સાથે પ્રજાવિમુખ વહીવટ ચલાવ્યો હતો એની સાક્ષી પુરતી ઈમારતો આજેય જોઈ શકાય છે. મહારાવશ્રી ખેંગારજી ત્રીજાને ઉતારી પાડવાના સ્વાતંત્ર્યની ચળવળ ચલાવનારાઓના અનેક પ્રયત્નો છતાં મહાત્મા ગાંધીજીએ તેમને પ્રજાપ્રિય અને સારા રાજવી ગણાવ્યા હતા. આથી જ આ ગુણિયલ રાજવીને સંભારનાર એક વર્ગ હજીય અસ્તિત્વ ધરાવે છે.

ઝારાનું ઐતિહાસિક યુદ્ધ

જીવનાં ભોગે પ્રજાના રક્ષણહાર બનીને ઊભા રહે એવા આ રાજપૂતો જરૂર પડી ત્યારે દેશ માટે લીલુડાં માથાં આપતાં પણ અચકાતા નહોતા. સંવત્ ૧૮૧૯ના ઝારાના યુદ્ધમાં બન્ને પક્ષે થયેલી ખુવારીના ઈતિહાસમાં કથાયેલા આંકડા એના સાક્ષી છે. આશરે આવનારને રક્ષણ આપવા માટે ગમે તેવા બળીયા સાથે બાથ ભીડતાં નહીં અચકાયેલા જામ અબડાની વાત કરો કે શેર બુલંદખાનની ચડાઈ વખતે રાજ્યની પડખે ઊભી રહેનારી પ્રજાના કારણે જ તો જેને ભાગવું પડયું હતું એ શેરબુલંદખાનની વાત કરો, રાજા અને પ્રજાના સંબંધોની મીઠાશ એમાં જોઈ શકાય છે.

ભારતની લોકશાહીમાં ક્ષત્રિય સમાજ પણ રસ લે છે. ૧૯૬૨ની લોકસભાની ચૂંટણીમાં મ. કુ. શ્રી હિંમતસિંહજી ચૂંટાયા હતા અને વિધાનસભામાં માધવસિંહજી મોકાજી અબડાસા વિભાગમાંથી ચૂંટાયા હતા.

'રાજપૂત ક્ષત્રિય જ્યોત' નામે સમાજઉપયોગી માસિક તેના તંત્રી શ્રી આસુભા ગોપાલજી, રાજડાવાળા તરફથી પ્રગટ થાય છે.

ઈષ્ટદેવી આશાપુરા અને કુળદેવી અંબા-મહામાયામાં પૂર્ણ શ્રદ્ધા રાખતા જાડેજા રાજપૂતો સાચા અર્થમાં 'ક્ષત્રિય' બનવાને હજીય સક્ષમ છે. તેથી સાચા અર્થમાં રાષ્ટ્ર માટે ક્ષત્રિય બને તો ભૂતકાળની જેમ આ દેશ માટે તેમનું પ્રદાન ગૌરવવંતું બની શકે. કચ્છની કુલ વસતીના અંદાજે છઠ્ઠા ભાગ જેટલી વસતી ધરાવતા જાડેજાઓ પ્રજા માટે પ્રેમ દાખવી પરોપકારવૃત્તિથી જીવો અને જીવવા દયોના સિદ્ધાંતને અપનાવે તો સાંપ્રતકાળે પણ તેમનું સ્થાન અદકેરું શ્રેષ્ઠ અને ગૌરવવંતું બની રહે એમાં કોઈ શંકા નથી.

અન્ય રાજપૂતો

વર્ણ આધારિત જ્ઞાતિ પ્રથાએ હિન્દુ સમાજમાં અનેક અનર્થો સર્જ્યાં છે. સેવા કરનારને ઉતરતી કક્ષાના ગણવાની મનોવૃત્તિના કારણે કેટલીય જ્ઞાતિઓને પછાતપણામાં ધકેલાઈ જવું પડેલ. આવી જ એક જ્ઞાતિનો ઉદ્દભવ રાજપૂત યુગ દરમ્યાન થવા પામેલ. રાજા-રજવાડા અને જાગીરદારોના રણવાસમાં સેવા કરવા માટે રાખવામાં આવેલી બહેનો દાસી કે વડારણ તરીકે ઓળખાવા લગી. એમના લગ્ન પણ રાજા કે ઠાકોરોની ઈચ્છા પ્રમાણે રાજમહેલમાં કામ કરતા તેમના નોકરો સાથે કરાતાં- એમાંથી જે પ્રજા ઉત્પન્ન થઈ તે 'રજપૂત' જ્ઞાતિ તરીકે ગણાઈ. આવી પ્રજા પાસેથી પણ રાજ્યમાં ચાકરી લેવાતી. તેમને સ્વતંત્ર રીતે વર્તવાના અધિકારો પણ તે વખતે નહોતા. વાસ્તવમાં રાજવંશીય કુળના જ આ રજપૂતોની અટક ક્ષત્રિય વંશીય સોલંકી, ગોહિલ, પરમાર, ચાવડા, ચૂડાસમા, ચૌહાણ, ભટ્ટી, ડાભી વગેરેની. તેમની કુળદેવી પણ ક્ષત્રિયોના કુળદેવી જ છે. રાજાશાહીના સમયમાં તેમનાં પરના બંધનના કારણે અને તેમની આર્થિક સ્થિતિના કારણે તેઓ મોટેભાગે રાજા-રજવાડા કે જાગીરદારોની સામાન્ય ચાકરી કરીને પેટીયું રળવામાંથી આગળ વધી શકયા નહોતા. આ જ્ઞાતિમાં તે સમયે પણ બુદ્ધિશાળીઓ શકિતશાળી પુરૂષો થયા છે. કચ્છમાં રા' રાયધણના રાજ્યઅમલ દરમ્યાન ફેલાયેલી અવ્યવસ્થાના સમયે રામજી

ખવાસ માંડવીનો ધણી થઇને બેઠો હતો. તેવી જ રીતે બુદ્ધિશાળીઓમાં મુત્સદી ગણાયેલ વાલો ખવાસ તો જાણીતું નામ છે. ભુજમાં પારેશ્વર ચોક નજીક આવેલ એક શેરી વાલા ખવાસની શેરી તરીકે ઓળખાય છે. રાજાશાહીના વખતમાં પણ ખડખાતામાં કાનજીભાઇ ગોહિલ તથા તેમના પિતાશ્રી અધિકારી તરીકે હતા. મહેસૂલ ખાતામાં તલાટીથી માંડીને નાયબ કલેકટર સુધી પહોંચેલી ઘણી વ્યકિતઓ છે હવે તો વકીલાતના ક્ષેત્રમાં પણ આ જ્ઞાતિના ઘણા ભાઇઓ આગળ વધ્યા છે.

સાહિત્ય અને કલાના ક્ષેત્રે ગણનાપાત્ર નામોમાં સ્વ. ચમન પરમાર તથા હાલે અમદાવાદમાં આરોગ્ય ખાતામાં સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા સુધી પહોંચેલા શ્રી પ્રેમજી પરમાર તથા કલકત્તા વસતા મધુ પરમારના નામો કવિ તરીકે આ જ્ઞાતિમાં જાણીતા છે. કલાકારમાં કાર્ટુનિસ્ટ તરીકે મદન પરમાર તથા સ્વ. 'પંછી'ના નામો પણ જાણીતા છે. કલેકટરના અંગત મદદનીશ તરીકે કાર્ય કરતા શ્રી પ્રેમજીભાઇ ભટ્ટી પણ આજ જ્ઞાતિની જાણીતી વ્યકિત છે. આજે તો પ્રગતિ તરફ રહેલી આ જ્ઞાતિમાં જાણીતી હસ્તીઓ છે અને હવે તો તે પણ 'રાજપૂત'ની મૂળ ઓળખ લખાવી 'રાજપૂત' જ્ઞાતિ તરીકે જ ઓળખાતી થઇ છે. □

■ પૂરક માહિતી : શ્રી આસુભા ગોપાલજી જાડેજા, તંત્રી, રાજપૂત ક્ષત્રિય જ્યોત

ધીંગી ધરતીના ખંતીલા છોરૂ-પાટીદાર

□ સી. કે. પટેલ

ઐતિહાસિક સંશોધનો દર્શાવે છે કે ભારતભરના તમામ પાટીદારો (કણબી) આર્યોના વંશ જ કૂર્મી-ક્ષત્રિય છે. એ તમામનું મૂળ વતન પંજાબ પ્રદેશ હતો પરંતુ વિદેશી જાતિઓના વારંવારના આક્રમણથી ત્રાસીને કૂર્મીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી અને ઇ. સ. પૂર્વે ૬૦૦થી ઇ. સ. ૨૦૦ના સમયગાળા દરમ્યાન આ પ્રજા પંજાબમાંથી નીકળી ભારતના જુદા જુદા વિસ્તારમાં ગઇ તેમાંના કેટલાંક જૂથ ગુજરાતમાં પણ આવ્યા.

પંજાબમાંથી આવીને ઉત્તર ગુજરાતને પોતાનું વતન બનાવનાર કૂર્મીઓ સમયાન્તરે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વિસ્તર્યા. એક મત એવો છે કે ઇ. સ. ૩૦૦માં કૂર્મી ક્ષત્રિયોનું એક જૂથ પંજાબમાંથી સીધું કચ્છમાં આવ્યું હતું.

ગુજરાતમાં આવ્યા તે પહેલાં કૂર્મીઓમાં લેવા કે કડવા એવા કોઇ ભેદ નહોતા. બધા માટે કૂર્મી શબ્દ પ્રયોજાતો જે આગળ જતાં અપભ્રંશ થઇ, કૂર્મીમાંથી કુણબી અને કણબી શબ્દ પ્રયોજાવા લાગ્યો. 'કણબી'નો અર્થ પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં મળે છે. ભૂઃ અસ્ય અસ્તિ ઇતિ કૂર્મી : જેની પાસે જમીન હોય તે (પોતાની માલિકીની જમીન હોય)

૧૭૦૩માં કણબીઓને પાટીદાર નામ અપાયું

છેક ઇ. સ. ૧૭૦૩માં વીર વસનદાસે કણબીઓનું 'પાટીદાર' એવું નામાભિધાન કર્યું. ત્યાર બાદ ધીરે ધીરે પાટીદાર નામ પ્રચલિત બન્યું. પાટીદાર શબ્દનો અર્થ થાય છે. જમીનદાર, 'પાટી' એટલે જમીન અને 'દાર' એટલે ધારણ કરનાર. પંજાબના કરડ પ્રદેશમાંથી આવેલા કડવા પાટીદારો તરીકે ઓળખાયા જ્યારે પંજાબના લેવ પ્રદેશમાંથી આવેલા લેવા તરીકે ઓળખાયા.

લેવા અને કડવા પાટીદારોમાંથી 'પટેલ' શબ્દ એ જૂથના મુખી માટે પ્રયોજાયો હતો જે કાળક્રમે લેવા-કડવા પાટીદારોએ ઓળખ તરીકે સ્વીકારી લીધો છે અને પોતાની 'પટેલ' તરીકેની ઓળખથી તેઓ આજેય ગૌરવ અનુભવે છે.

ગુજરાતની જેમ કચ્છમાં પણ લેવા અને કડવા પટેલોની વસ્તી છે. ઇ. સ. ૧૨૯૭ સુધી કડવા-લેવા વચ્ચે લગ્ન વ્યવહાર હતો પણ આજે કચ્છ-સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં વસ્તા લેવા- કડવા પાટીદારો વચ્ચે લગ્ન વ્યવહાર તો ઠીક પણ પરસ્પરનો સંપર્ક પણ રહ્યો નથી.

કચ્છમાં પાટીદારોના આગમનનો ઇતિહાસ ૫૦૦ વર્ષ જેટલો જૂનો છે. કચ્છના ગરાસદારોએ ખાસ ખેતીના વિકાસ માટે જ આ ખડતલ અને મહેનતું પ્રજાને પ્રોત્સાહન આપી કચ્છમાં વસવાટ કરાવ્યો હતો. આજે કચ્છમાં ખેતીવાડીનો જે કંઇ વિકાસ જોવા મળે છે તે પાટીદારોના સતત પરિશ્રમ અને ખંતનું પરિણામ છે. લાખા ફુલાણીના વખતમાં કચ્છમાં સર્વ પ્રથમ બાજરાનું વાવેતર પણ વાગડ પ્રદેશમાં લેઉઆ કણબીઓએ કર્યું હતું.

કચ્છમાં ત્રણ જાતના પાટીદારોની વસ્તી છે. કચ્છના પૂર્વ ભાગમાં વાગડના લેવા પટેલો સ્થાયી થયા છે તો ભુજ તાલુકો અને મધ્ય ભાગમાં સ્વામીનારાયણ સંપ્રદાયવાળા પટેલોની વિશેષ વસ્તી જોવા મળે છે. કચ્છમાં રહેતા કડવા-પટેલો મોટા ભાગે પશ્ચિમ કચ્છમાં જ છે.

કચ્છના આ ત્રણે પ્રકારના પાટીદારોના સામાજિક રીત રિવાજોમાં સામ્ય હોવા છતાં પહેરવેશ, વ્યવસાય અને ધાર્મિક વિચારસરણીમાં મોટી ભિન્નતા જોવા મળે છે. ત્રણે પાટીદાર સમુદાય વચ્ચે લગ્ન વ્યવહાર કે અન્ય કોઇપણ પ્રકારના જ્ઞાતિ સંબંધ પણ નથી.

કડવા પાટીદારોની વસ્તી દોઢ લાખની છે

ઇ. સ. ૧૪૫૨માં ઊંઝા તરફથી આવેલ કડવા પાટીદારોએ કચ્છમાં સૌ પ્રથમ વાગડના શિકરામાં પોતાની વસાહત સ્થાપી હતી. ધીમે ધીમે સંખ્યા વધતાં અને કચ્છના રાજવીઓએ આવા કાબેલ અને અનુભવી ખેડૂતોને પ્રોત્સાહન આપતાં આ ખેડૂતોએ તે વખતે કચ્છના જુદા જુદા ૨૦ જેટલા ગામમાં વસવાટ કર્યો હતો.

આજે તો કચ્છના ૧૪૫ જેટલા ગામોમાં કડવા પાટીદારોની દોઢ લાખ જેટલી વસ્તી છે અને બે લાખ જેટલા કડવા પાટીદારો અહીંથી સાબરકાંઠા અને ભારતભરમાં ધંધાર્થે ફેલાયેલા છે. કચ્છમાં નખત્રાણા, માંડવી, ભુજ અને લખપત તાલુકામાં આ જ્ઞાતિની વસ્તી છે.

કચ્છમાં અવારનવાર પડતા દુષ્કાળને કારણે ખેતીવાડી પર નભવું મુશ્કેલ જણાતાં આ જ્ઞાતિના વડવાઓએ દીર્ઘદ્રષ્ટિ વાપરી આઝાદી પહેલાંના અરસાથી જ કચ્છ બહાર નજર દોડાવવાનું શરૂ કર્યું હતું અને શારીરિક રીતે ભારે અને કુનેહ માંગી લે તેવા લાકડા વહેરવાના સો મિલના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું.

આજે ભારતમાં કાશ્મીર, પંજાબ, હરિયાણા અને ઇશાન-પૂર્વના કેટલાક નાના રાજ્યોને બાદ કરતાં સમગ્ર ભારતમાં ૫૦૦૦ની વસ્તીવાળું એવું કોઇ ગામ નથી જ્યાં કચ્છી પાટીદારની સો મિલ ન હોય ! આજે કચ્છી પાટીદારો સો મિલના પર્યાય બની ગયા છે. લાકડાના વ્યવસાય ક્ષેત્રે આ જ્ઞાતિએ ખૂબ વિકાસ સાધ્યો છે.

સામાજિક દ્રષ્ટિએ આ જ્ઞાતિના લોકો પ્રથમથી જ ખૂબ સંગઠિત રહ્યા છે. ગામ, વિભાગ અને અખિલ ભારતીય કક્ષાએ આ જ્ઞાતિનું મજબૂત સંગઠન છે અને તેના કારણે જ આ જ્ઞાતિએ ૧૯૬૦ પછીના ટૂંકા ગાળામાં જ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે અદ્દભૂત વિકાસ સાધ્યો હતો.

ઠેર ઠેર સમાજવાડીઓ બંધાઇ છે

કડવા પટેલોની વસ્તીવાળા કચ્છના દરેક ગામમાં અને ભારતના તમામ મોટા શહેરોમાં આ જ્ઞાતિની સમાજવાડીઓ નિર્માણ થયેલ છે તે બાબત જ આ જ્ઞાતિની વિશાળતા અને સંગઠન સૂચવે છે.

શિક્ષણને વેગ આપવા માટે જ્ઞાતિ દ્વારા નખત્રાણા, ભુજ, માંડવી અને વલ્લભ વિદ્યાનગરમાં વિદ્યાર્થી છાત્રાલયો અને નખત્રાણા- ભુજમાં વિશાળ કન્યા છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ખેતી અને લાકડાના વ્યવસાય ઉપરાંત શિક્ષિત વર્ગ હવે જુદા જુદા ક્ષેત્રોમાં પણ પોતાના કૌશલ્યનો ઉપયોગ કરી રહ્યો છે.

કચ્છના કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાજી છે. જેનું મુખ્ય મંદિર ઊંઝામાં છે. કચ્છમાં વાંઢાય ખાતે પણ જ્ઞાતિ દ્વારા ઉમિયા માતાજીનું ભવ્ય સંકુલ નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં આવાસ અને ભોજન વિગેરે તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે.

આ જ્ઞાતિના સભ્યો મુખ્યત્વે લક્ષ્મીનારાયણ, સ્વામીનારાયણ અને સતપંથ સંપ્રદાય સાથે જોડાયેલા છે. નખત્રાણામાં જ્ઞાતિનું કેન્દ્રીય કાર્યાલય આવેલ છે. આ જ્ઞાતિના બે માસિકપત્રો પ્રગટ થાય છે. અમદાવાદથી પાટીદાર સંદેશ અને નખત્રાણાથી પાટીદાર સૌરભ.

સાબરકાંઠાના ૨૫૦ થી ૩૦૦ જેટલા કંપાઓમાં લગભગ પોણો લાખ જેટલા કચ્છી કડવા પટેલો ખેતી અર્થે સ્થાપી થયેલા છે. આજે સાબરકાંઠા કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ થઇ હોય તો તેનો યશ કચ્છી પાટીદારોના ફાળે જાય છે.

રાજકીય ક્ષેત્રમાં પણ કડવા પાટીદારોનો પ્રભાવ રહ્યો છે. નખત્રાણા તાલુકાના મથલ ગામના અને 'માસ્તર' તરીકે ઓળખાતા પટેલ ખીમજી નાગજી ૧૯૭૨ની સાલે અબડાસા વિભાગની બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હતા, તો જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રહી ગયેલા શ્રી શિવદાસભાઇ પટેલ પણ આ જ્ઞાતિમાં જાણીતું નામ છે. વ્યવહારક્ષેત્રે સેવાભાવી ડૉકટર તરીકે અને મધ્યમવર્ગના માનવીઓ માટે આશીર્વાદરુપ અને આજે પણ માત્ર ત્રણ રૂપિયા જેટલી નામની ફી લઇને દવા કરતા ભુજના ડૉ. વાલજીભાઇ હંસરાજ પટેલ (ડૉ. વી. એચ. પટેલ) તથા પ્રવાસન નિગમમાં ડાયરેકટર તરીકે રહી ચૂકેલા તેમના પત્ની શ્રીમતી ભાનુબેન પટેલ હાલે

સમગ્ર પાટીદાર સમાજના મહિલા પાંખના પ્રમુખ તરીકે છે. કચ્છ બહાર પણ અત્યારે કપડવંજ વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલ ભાજપના મણીભાઇ પટેલ કચ્છી પાટીદાર છે. આ જ્ઞાતિના માંડવી વિસ્તારના લોકો બાંધકામના વ્યવસાય ક્ષેત્રે સંકળાયેલા છે અને મોટાભાગે મુંબઇ, નાસિક, પૂના તરફ રહે છે.

ભુજ વિસ્તારના લેવા પાટીદારો

કચ્છમાં રહેતા લેવા પાટીદારો પૈકી સ્વામીનારાયણ સંપ્રદાયના પટેલો સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશમાંથી ૩૦૦ વર્ષ પહેલાં આવી વસેલા છે. આ પાટીદારોની સંખ્યા ભુજ, માંડવી અને મુન્દ્રા તાલુકાના ગામોમાં જોવા મળે છે.

કચ્છમાં લેવા પાટીદારોની વસ્તી ૩૦ હજાર જેટલી છે. જ્યારે વિદેશમાં તેમની વસ્તી ૫૦ હજાર જેટલી છે ! વિદેશમાં મોટાભાગે કેન્યા અને બ્રિટનમાં લેવા પટેલો વસવાટ કરી રહ્યા છે. કચ્છમાં માધાપર, માનકૂવા, બળદિયા, કેરા અને દહીંસરા જેવા ગામો આ જ્ઞાતિની વસ્તીવાળા મોટા ગામો છે.

આ જ્ઞાતિની વસ્તી મોટા પ્રમાણમાં વિદેશમાં હોવાને કારણે કચ્છમાં પણ લેવા પટેલોની વસ્તીવાળા ગામોમાં સમૃદ્ધિ જોવા મળે છે. જેના કારણે રાષ્ટ્રીયકૃત બેંકોની જુદી જુદી શાખાઓ પણ આ ગામડામાં જોવા મળે છે.

લેવા પટેલોના ગામમાં વિકાસ યોજનાઓ સારાં પ્રમાણમાં ઊભી થયેલ જોવા મળે છે. ગામે-ગામ દાતાઓના સહકારથી પ્રાથમિક શાળા, હોસ્પિટલ- વારીગૃહ પાણી પુરવઠા યોજના અને સુંદર નયનરમ્ય પ્રવેશદ્વારો જોવા મળે છે.

કચ્છમાં રહેતા લોકો મુખ્યત્વે ખેતી અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ પ્રજા સાહસિક પણ છે. કચ્છમાં સૌ પ્રથમ મીની સિમેન્ટ પ્લાન્ટ ઊભો કરનાર અને અમદાવાદમાં ડ્રાઇવ-ઇન-સિનેમા ઊભું કરનાર આ લેવા પટેલો જ છે.

ખડતલ સાદું જીવન : શિક્ષણ પણ વધ્યું છે

મુખ્યત્વે સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલ આ જ્ઞાતિના ગામોમાં વિશાળ અને આકર્ષક મંદિરો ધ્યાન ખેંચે છે. ધર્મના પ્રભાવને કારણે લોકોમાં ખાસ વ્યસન જોવા મળતા નથી. પરિણામે પ્રજા ખડતલ, મહેનતુ અને સાદું જીવન જીવનાર છે. આ જ્ઞાતિની મહિલાઓ આજે પણ શ્રમમાં મોખરે છે.

લેવા પટેલોના દરેક ગામમાં શૈક્ષણિક અને સામાજિક ટ્રસ્ટો ચાલે છે. ભુજમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજનું ભવન છે અને કન્યા છાત્રાલય થયા પછી આ જ્ઞાતિમાં પણ કન્યા કેળવણીમાં વેગ આવ્યો છે. શિક્ષણનો વ્યાપ વધતાં આજે આ જ્ઞાતિમાં પણ ડૉક્ટરો, એન્જીનીયરો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો જોવા મળે છે.

૧૯૭૧ના પાકિસ્તાની આક્રમણ સમયે માધાપરની લેવા પટેલ જ્ઞાતિની બહેનોએ જે હિંમતથી ભુજ એરોડ્રોમના નવનિર્માણમાં ફાળો આપેલ તે શૂરવીરતાભર્યા પ્રસંગને આજે પણ કચ્છના લોકો યાદ કરે છે.

જ્ઞાતિનું મુખપત્ર 'શ્રી કચ્છી લેવા પટેલ સંદેશ' (ત્રિમાસિક) છે જે ભુજથી પ્રસિદ્ધ થાય છે. વિદેશ રહેતા લેવા પટેલો અવારનવાર સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ કચ્છમાં આવવાનું અચૂક રાખે છે જેના કારણે માદરે વતન સાથેનો આ જ્ઞાતિનો નાતો અતૂટ રીતે જળવાઇ રહ્યો છે.

વાગડના પટેલો અને ભુજ તાલુકાના પટેલો બંને લેવા પટેલો જ છે પરંતુ તેમની વચ્ચે સગપણ કે સામાજિક સંબંધ નથી. ભુજ તાલુકાના લેવા પટેલો આજે પણ સગપણ સંબંધો માટે હાલારમાં જાય છે.

વાગડના લેવા પટેલોની વસ્તી ૬૦ હજાર

કચ્છના પાટીદારોમાં વાગડના લેવા પાટીદારો કચ્છમાં સૌ પ્રથમ આવ્યા હોવાનું જણાય છે. વાગડના લેવા પટેલોની વસ્તી ભચાઉના કાંઠા વિસ્તાર અને રાપર-અંજાર તાલુકામાં જોવા મળે છે.

વાગડના લેવા પટેલો અંજારના દુધઇથી કચ્છની સરહદ પર આવેલ બનાસકાંઠાના પીપરાળા સુધીના પટામાં વસેલા છે. એક અંદાજ મુજબ તેમની વસ્તી ૬૦ હજાર જેટલી છે.

વાગડના લેવા પટેલો સ્થાનિકે મોટાભાગે ખેતી અને વેપાર કરે છે. બહાર રહેતા સભ્યો ખાસ કરીને મુંબઇમાં જ છે અને વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.

વાગડ લેવા પાટીદાર સમાજનું કેન્દ્ર રાપર છે જ્યાં જ્ઞાતિની સમાજવાડી પણ આવેલ છે. જ્ઞાતિ દ્વારા ભચાઉમાં વિદ્યાર્થી છાત્રાલય અને રાપરમાં કન્યા છાત્રાલય નિર્માણ થયા બાદ શિક્ષણ ક્ષેત્રે આ સમાજમાં પણ ભૂખ ઉઘડી છે અને સમાજ ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યો છે. તેમ છતાં કડવા પટેલોના પ્રમાણમાં વાગડના લેવા પાટીદારોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.

વાગડના લેવા પટેલો વિષ્ણુ સંપ્રદાયમાં માને છે જ્યારે કેટલાક સ્વામીનારાયણ ધર્મ પણ પાળે છે. આ જ્ઞાતિના લોકોની રહેણીકરણી સાદી-સીધી અને વાગડ પ્રદેશની થોડીક અસર તેમના પહેરવેશ અને બોલીમાં પણ જણાય છે.

વાગડના રાજકારણમાં આ જ્ઞાતિનો પ્રથમથી જ ભારે પ્રભાવ રહ્યો છે. કચ્છના વર્તમાન સંસદસભ્ય શ્રી હરિલાલ નાનજી પટેલ વાગડના લેવા પટેલ છે. આર્થિક દ્રષ્ટિએ પણ આ જ્ઞાતિના લોકોએ છેલ્લા થોડા વરસોમાં સારો એવો વિકાસ સાધ્યો છે. પટેલ-પાટીદારોને ધીંગી ધરતી સાથે સંબંધ છે. એની વાણીમાં ધરતીની ખુમારી પણ હોય છે. ધૂળમાંથી સોનું ઉગાડતી આ પાટીદારોની વાણીમાં ધરતીની સુગંધ પણ હોય છે. આ પાટીદારો એક વાતે આજેય ગૌરવ લઇ શકે છે કે કોઇ પટેલ-પાટીદાર ભીખ નહીં માંગતો હોય !

ધૂળમાંથી ધન પેદા કરનારા કૂર્મી ક્ષત્રિયો જેઓ આજે પાટીદારોથી ઓળખાય છે તેઓ શાંત, ખાનદાન અને ખમીરવાળી પ્રજા છે. □

■ નખત્રાણા-કચ્છ

જીવદયાના જશભાગી જૈન

□ સુધા પી. ઝવેરી

ભારતીય સંસ્કૃતિના આવિર્ભાવ અને તેના પાયાને સુદ્રઢ કરવામાં ભારતની ત્રણ મહાન પ્રજાઓનો ફાળો છે. આ ત્રણ પ્રજાઓ એટલે વૈદિક ધર્મને અનુસરતી પ્રજા, બીજી જૈન ધર્મ સાથે સંકળાયેલી પ્રજા અને ત્રીજી બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલી પ્રજા. ભલે જૈન ધર્મ બૌદ્ધ ધર્મની જેમ ભારતની બહાર ફેલાયેલો નહોતો, તો પણ પાછલા અઢી હજાર વર્ષ દરમ્યાન ભારતની સાંસ્કૃતિક ચેતનાને ધબકતી રાખવામાં જૈનોનો ફાળો મહાન છે. અહિંસાના સૂત્રને સ્પષ્ટ રીતે આપનાર જૈન ધર્મે ભારત વર્ષમાં તો અજવાળાં પાથર્યા જ છે પણ સાથે સાથે જગતના વિશાળ ફલક પર પોતાની અસ્મિતાનો પણ આગવો પરિચય આપ્યો છે.

ભગવાન મહાવીર કચ્છમાં વિહર્યા હતા

ત્રેવીસમા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના સમયથી જ જૈન ધર્મનો સૂર્ય ભારતની ધરતી માથે સોળે કળાએ પ્રકાશતો થયો હતો અને ત્યારે કચ્છ પણ એના અજવાળાંથી વંચિત રહ્યા નહોતો. ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી તો કચ્છમાં વિહર્યા પણ હતા, એમ ભગવતી સૂત્ર પરથી જણાય છે. જૈન ધર્મને તો એની સ્થાપના કાળે જ વિશાળ અનુયાયી વર્ગ સાંપડયો હતો. સૂત્ર કૃતાંગની વિગતોએ તો કેવળ મગધ અને તેની આસપાસમાં જ આ ધર્મના અનુયાયીઓમાં ૧૬૦૦૦ સાધુઓ, ૩૮૦૦૦ સાધ્વીઓ, ૧,૬૪,૦૦૦ શ્રાવકો અને ૩,૨૭,૦૦૦ શ્રાવિકાઓ અને બીજા હતા.

ઠેઠ પ્રાચીન કાળથી વેપાર અને વાણિજય સાથે સંકળાયેલા વૈશ્ય- વણિકોનું મહત્ત્વ તો સમગ્ર ભારતમાં રહ્યું છે. આ વૈશ્ય વર્ગમાં આવતી પેટા જ્ઞાતિઓ જોતાં શ્રીમાલમાં વસતી જ્ઞાતિઓ તરફ ધ્યાન દોરે છે. આ શ્રીમાલ એક વખત ગુર્જરોની રાજધાની હતું. કચ્છમાં બહોળી રીતે પથરાયેલા બ્રાહ્મણ અને વણિક જ્ઞાતિઓના 'શ્રીમાળી' પેટા વિભાગોથી પણ એ સ્પષ્ટ થાય છે. ઘણાખરા શ્રીમાળી વાણિયા શ્રાવક છે. એમનો ઇતિહાસ ઓસવાળ શ્રાવકોના ઇતિહાસને લગભગ મળતો આવે છે. 'ઓસવાળ' એ નામ જોધપુરથી આશરે ૨૪ કિ. મીટર દક્ષિણે આવેલા પ્રાચીન શહેર ઓસિયા પરથી પડયું છે. જૈન ધર્મ પાળતા આ ઓસવાળો ધર્મ પરિવર્તન પહેલાં સોલંકી રાજપૂત હતા. જૈન ગ્રંથોના આધારે આ ધર્મ પરિવર્તન ઇ. સ. ૭૪૩ના અરસામાં થયું. ઓસવાળો પણ મૂળ તો શ્રીમાળના હતા એવું ભાટોનું કથન છે. બીજી એક દંતકથામાં શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા મૂળે કાશ્મીરના જમવાળ જ્ઞાતિના હતા અને ક્ષત્રપ વંશનો જગસોમ (ઇ. સ. ૭૮-૨૫૦) તેમને દક્ષિણ મારવાડમાં લાવ્યો. ઇ. સ. ૭૦૩માં બૂગરા નામના આરબે આ પ્રદેશને વેરાન કર્યો તેથી શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા દક્ષિણ તરફ નાઠા અને તે સમય દરમ્યાન શ્રીમાળીઓ અને ઓસવાળો કચ્છમાં આવીને વસ્યા હતા. આઠમી સદીની આ અનુમાનિત વિગતો પછી તો 'અચલગચ્છ દિગ્દર્શન'માંથી કચ્છમાં જૈન ધર્મના અસ્તિત્વની ઘણી વિગતો મળે છે. પરંતુ તે પહેલાં પણ કચ્છમાં જૈન મેરૂજીઓ વિચરતા હતા તેવા

ઉલ્લેખો કચ્છના હસ્ત-લિખિત જૈન ધર્મના પુસ્તકોમાંથી મળે છે.

કચ્છની રાજગાદીને જીવંત રાખવામાં પણ ગુરજી માણેકમેરજીના આશીર્વાદ સાંપડયા એ વાત તો પાંચસો વર્ષ પહેલાંની છે પરંતુ તેથીય પહેલાંના ઉલ્લેખોમાં સંવત ૧૪૫૧માં ભુજમાં થઇ ગયેલા ચાંપા શાહે કલ્પસૂત્રની ૮૪ પ્રતો લખાવી સર્વ આચાર્યોને વહોરાવી એવો ઉલ્લેખ છે.

મહારાવના કારભારી તરીકે નોંધપાત્ર અવાજ

કચ્છના મહારાવોના કારભારીઓ અને અધિકારીઓમાં જૈનોનો અવાજ હંમેશાં નોંધપાત્ર રહ્યો છે. રાજકારણના ક્ષેત્રે, હંસરાજ શાહ હોય કે આશકરણ શાહ, પણ જૈનો અગ્રેસર રહ્યા છે. ભારતમાં અદ્વિતીય એવા કવિઓને સર્જવાની વૃજભાષા પાઠશાળા જે સં. ૧૭૪૯માં કચ્છના રાજવી કવિ લખપતજીએ સ્થાપી તેના પ્રથમ આચાર્ય પણ કનકકુશળજી જૈન હતા !

કચ્છમાં વસવાટ કરવા માટે આવેલા આ શ્રીમાળીઓમાં વાણિયા સોની (શ્રીમાળી વાણિયામાંથી), શ્રીમાળી વાણિયા અને ઓસવાળો તત્સમયે કચ્છમાં કોઠારા, નલિયા, માંડવી, મુન્દ્રા અને પછી ભુજ, અંજારમાં સ્થાયી થયા અને ત્યાં ખેતી કે વેપારના ધંધામાં જોડાતા ગયા, નાના એવા ગામડામાં પણ 'વાણિયાની હાટડી તો હોય જ ! વિશાળ પથારામાં પથરાયેલી આ જૈન જ્ઞાતિમાં આજથી પચ્ચાસ વર્ષ પહેલાં જમણવારમાં મોઢ, કંદોઇ, ભોજક, વાયડા, માહેશ્વરી વિગેરે જોડાતી હતી. પરંતુ હવે માત્ર ત્રણ ધારાઓ મુખ્ય રહી છે અને તે છે ગુર્જર, ઓશવાળ અને શ્રીમાળી, અલબત્ત શ્રીમાળી ને ઓશવાળમાં દશા, વીસા અને પંચા એવી પેટા જ્ઞાતિઓ છે અને આ પેટા જ્ઞાતિની ધાર્મિક માન્યતાઓ પણ અલગ અલગ છે- પરંતુ જૈન ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી આ ત્રણે ધારાઓ એક જ જૈન ધર્મની છે.

પ્રથમથી જ સંસ્કારધામ સમા શ્રીમાલ- ભિન્નમાલ ને ઓસિયા નગરમાં વસેલા ગુર્જરો અને ઓસવાળો પર પ્રાદેશિક આચાર વિચારની અસર રહી છે. વર્ષો સુધી આચાર વિચારની જૂની શૈલીને જાળવી રાખનારા વાગડના ઓસવાળો હવે સમયના પરિવર્તન સાથે આધુનિક જીવનશૈલીને અનુસરતા થઇ ગયા છે. તો પણ ગુર્જરોની ભાષામાં જે મુલાયમતા છે તે એમની ભાષામાં હજી ઉતરી નથી. અબડાસા અને કંઠી પટના જૈનોએ અપનાવેલી કચ્છી ભાષા, હવેની અતિશિક્ષિત યુવા પેઢીના કંઠે કઠવા લાગી છે.

અહિંસાના સંદેશને આજેય અનુસરે છે

ભગવાન મહવીરના અહિંસાના સંદેશને કચ્છના જૈનો આજેપણ એજ ભાવથી પાળી-પોષી રહ્યા છે. વર્તમાન કાળે મોટા શહેરોમાં ધર્મના આચરણમાં વર્તાતી શિથિલતા કે આહાર-વિહારમાં લેવાતી છૂટછાટો, કચ્છના જૈનોને ચલિત કરી શકી નથી. મદ્ય-માંસથી તો દૂર રહે જ પણ કેટલાય જૈનઘરોમાં કંદમૂળના કયારેય દર્શન થતા નથી. 'અન્ન તેવો ઓડકાર'માં માનતા આ જૈનો ખૂબ જ સૌમ્ય, સહનશીલ, સમજદાર, સમભાવી, સૌજન્યશીલ અને ધર્મ સહિષ્ણુના ગુણોએ શોભે છે તેનું કારણ પણ આજ છે. દહેજ પ્રથાની ગેરહાજરી- એમની આર્ષદ્રષ્ટિનું ફળ છે. જૈન સમાજમાં કરિયાવરની પ્રથાની ગેરહાજરીએ જ કોડિલી કન્યાઓના જીવન-માંગલ્યની એમની ઝંખનાને સાકાર કરી શકી છે. જૈન જ્ઞાતિમાં દહેજના કારણે કોઇને બળી મરવું પડયું હોય એવા કિસ્સા જોવા નહિ મળે. પૈસે ટકે સુખી આ પ્રજા જીવનમાં જેમ સર્વ સુખો અને ભોગ વિલાસને માણી જાણે છે તેમ ધાર્મિક પરંપરાને અનુસરવામાં વ્રત, ઉપવાસ, તપ, જપ દ્વારા શારીરિક કષ્ટને પણ હોંશે હોંશે ઝીલી શકે છે. આમાંય કચ્છના લેટા વાણિયાઓનો તો જોટો જડે તેમ નથી, અન્નશન વ્રત દ્વારા જીવનનું તપોમય સમાપન- સંથારો પણ હસતે હસતે કરી જાણનારામાં કચ્છના જૈનોનું નામ છે. વર્તમાન સમયે શિક્ષણના મહત્ત્વને સ્વીકારીને ઉચ્ચ અભ્યાસ કર્યા પછી પણ જ્યાં બાપ-દાદાના વેપાર-ધંધા જામેલા હોય છે. ત્યાં આ યુવાધન એ ધંધામાં જોડાવાનું વધુ પસંદ કરે છે. અને એટલે જ મુંબઇ-મહારાષ્ટ્રમાં દાણાવાળામાંથી નાણાવાળા થયેલા જૈનોનું વ્યાપારી ક્ષેત્રે આગવું પ્રદાન અને પક્કડ જળવાઇ રહી છે.

કચ્છી જૈનોની નામકમાઇ પણ નોંધનીય

ભારતભરમાં પથરાયેલા કચ્છના જૈનો જ્યાં જ્યાં સ્થિર થયા ત્યાં કમાણી કેવળ પૈસાની જ કરી છે એવું નથી, એમની નામકમાઇ પણ ઊડીને આંખે વળગે છે એ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વેપારને ઉદ્યોગમાં ફેરવ્યા મહારાષ્ટ્રમાં ગોળનો વેપાર જુઓ, દક્ષિણ ભારતમાં ઈમારતી લાકડાનો વેપાર જુઓ, ચા-સોપારી અને તેજાનાનો વેપાર લ્યો. કચ્છના જૈનોની કામગીરી બોલશે. મુંબઇ અને મહારાષ્ટ્રમાં તો વ્યાપારના ક્ષેત્રે એમનું નામ સાધુ છાપ ચોખા, દીપકછાપ તેલ, ગોરી છાપ તુવેરદાળ, એન્કરની સ્વિચો, નવનીતની ગાઇડો, પ્રિન્સ બ્રાન્ડ પ્લાસ્ટિકની ચીજ્ઞ, બેન્ઝરની સાડીઓ, અમરસન્સની કટલેરી, શીતલના પંજાબી ડ્રેસ, હિંદમાતા કટપીસ સેન્ટરના વ્યાજબી ભાવનું કાપડ, સત્યમના ગ્રિટિંગ્સ કાર્ડ એ બધા જ કચ્છના જૈનોનું પ્રદાન છે. અનાજને ચાળીને- વીણીને આપવું ને તેય વળી હોમ ડિલિવરીની રીતે-એ પ્રથા શરૂ કરનાર તેજશી લાધા પણ કચ્છના જ જૈન હતા. 'વાણિયા બુદ્ધિ'નો અસલી રંગ આ કચ્છી વીશા ઓશવાળોએ મહારાષ્ટ્રને જ નહિ, ભારતમાં જ્યાં પણ વસ્યા ત્યાં લગાડયો છે. અને વર્ચસ્વ પણ જેવું તેવું નહિ, એનાં નામના માર્ગ બને, મુંબઇના મસ્જિદ બંદરના એક માર્ગનું નામ નરશી નાથા સ્ટ્રીટ તો એક ઉદાહરણ છે.

એક હાથે કમાય અને હજાર હાથે વાપરે એવું સદ્દભાગ્ય જૈનોને પ્રાપ્ત થયું છે. એવા પૂણ્ય શ્લોકી આત્માઓની યાદી તો ખૂબ જ લાંબી છે પણ ઉજળી પરંપરાની આવી વાત જ્યારે પણ નીકળે ત્યારે પૂણ્યશ્લોકી જગડૂશા દાતાનું નામ સૌથી પહેલાં આપણાં ચિત્ત પર ચડે. આ પરંપરાને સાચવનારાઓમાં શેઠ ડોસાભાઇ લાલચંદે કલકત્તાની કમાણી કચ્છમાં વાપરી તેની નજરે ચડતી ઇમારતો દાતાના ઉદેશની પરિપૂર્તિ કરતી આજેય દેખાય છે. નામ રહંત ઠક્કરાં...ને સાર્થક કરતી એમનાં દ્વારા અપાયેલી ઇન્દ્રાબાઇ પ્રાથમિક કન્યાશાળા, ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ, પ્રસૂતિ ગૃહ, ઇન્દિરાબાઇ પાર્ક, ડોસાભાઇ લાલચંદની ધર્મશાળા, જૈન સિવણશાળા, માનવીને જીવનનો સાચો રાહ ચીંધનારી કચ્છની ગૌરવ ગાથાઓ છે તો એમના પત્ની રંભાબેન પણ એ પરંપરાને જાળવીને શેઠ ડી. એલ. લો કોલેજ અને આર. આર. લાલન કોલેજની ઇમારતો ઊભી કરવામાં આપેલું યોગદાન એ કચ્છની કીર્તિ ગાથા છે. આર. આર. લાલન કોલેજ જેમના નામે છે તે રામજી રવજી લાલન, ભુજનાં નગરશેઠ સાકરચંદ પાનાચંદ અને માનસંગ કચરાના નામ અને કામ ભુજ અને ભુજ બહાર નજરે ચડી આવે છે, જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટની વિશાળ હોસ્પિટલ, માતૃછાયા જેવી અદ્યતન પ્રગતિશીલ કન્યાશાળા, ભુજ શહેરમાં માત્ર 'બે આના ફી' લઇને ચલાવવામાં આવતું સાર્વજનિક દવાખાનું અને એનાં સેવાભાવી ડૉ. બક્ષી સાહેબ, બિદડા સર્વોદય ટ્રસ્ટ, ગામડા કે શહેરની પાંજરાપોળો, સાર્વજનિક સસ્તા ભોજનાલયો- આ બધા પેલી ઉજળી પરંપરાના પ્રતીકો છે. કેટકેટલાને યાદ કરીએ, જેમના અંતરમાં વતન પ્રત્યેની મમતા છે એવા ઉદાર દિલ શેઠીયાઓ કચ્છના કપરા પ્રસંગોએ બાં-બેલી થઇને ઊભા રહે છે. અનુકંપા જેમનાં અંતરમાં દ્રવી ઊઠે ને ત્યારે જેમનાં નમણાં નામ સાંભરી આવે એવા લાલજીભાઇ એંકરવાલા, દામજીભાઇ એંકરવાલા, સુમતિભાઇ મહેતા, શાંતિદાસ આશકરણ, હેમચંદ હીરાચંદ, સોમચંદ ધારસી, બાબુલાલ મેઘજી શાહ અને બીજા કેટલાય નામો છે જેમનું સાર્વજનિક-સેવાનાં ક્ષેત્રે ઉજળું પ્રદાન રહ્યું છે.

ચબૂતરા અને પાંજરાપોળો પણ એમની દેન છે

સાચા જૈનને મન અહિંસા જીવનદ્રષ્ટિ છે. માત્ર પર્યુષણમાં યાદ કરવાની કે દેરાસરમાં જ પ્રતિષ્ઠિત કરવાની ચીજ નથી. અને તેથી જ, ધર્મને સાચા અર્થમાં જીવનમાં ઉતારનારા જૈને મૂંગા પશુ-પક્ષીઓના સુખ દુ:ખ તરફ નજર કરી છે. પાંજરાપોળો એ જીવદયાનું પરિણામ છે. તેમ ગામે ગામ ઊભેલા ચબૂતરાના પાયામાં પણ એમનું નામ દેખાશે. ભુજના ભીડ વિસ્તારમાં ઊભેલો કલાત્મક વિશાળ ચબૂતરો જુઓ. એની ભીંત માથે આરસ-પાણે કોતરાયેલા અક્ષરોમાં દાતાના અંતરમાં ઊભરાતી કરૂણા દેખાશે. માત્ર ભુજમાં જ નહિ, કુકમામાં પણ સ્થાનક બંધાવનાર માંડવીના એ મરહુમ વણિક વેપારી માઉ દેવજી ખોડીદાસ માથું નમાવવાને પાત્ર લાગે. ચબૂતરાના લેખમાં લખાયેલા એનાં અંતર મઢયા ભાવ તો જુઓ: કે, સંસાર અસાર છે એવા પોતાના અનુભવને આધારે ધર્મ કરવો એમાં મનુષ્યમાત્રનું કલ્યાણ મુખ્ય સાધન છે. આ જગ્યાએ ધાનનું મોટું ચૌટું હોવાથી ઘણા ઘણા પંખીઓ દાણા ચણવા આવે છે. કેટલીકવાર કૂતરા-બિલાડાં વિ. ઘાતકી પ્રાણીઓ તેમનો નાશ કરે છે. એવું જાણવામાં આવતાં તેનાં રક્ષણ માટે અને પોષણ સારૂં આ સ્થળે ચબૂતરો બનાવ્યો... સંવત ૧૯૫૨ના પ્ર. જેઠ વદ ૧૧ ને રવિવારે કોરી ૨૦૦૦૧ ખર્ચી એની પાછળ પોતાની કોઇ જ નામના નથી...' આવી ઉદાત્ત પરંપરાની પોષક રહેલી જૈન જ્ઞાતિ, દેશી રાજ્યોમાં 'મહાજન'નું માન પામે, પોતાનું વર્ચસ્વ વધારે ને એ વર્ચસ્વમાં પાછો પોતાનો કોઇ સ્વાર્થ નહિ.

દાન પૂણ્ય અને ધર્મ ધ્યાનમાં જ જીવનની પૂર્ણાહૂતિ એ જૈનોનો ઉદેશ નથી. દેશ માટે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ઝંપલાવતી વખતે સ્વાર્થનો વિચાર કર્યો નથી. જૈન મુનિવર જયવિજયજી મહારાજ, કલ્યાણજી સ્વામી, શેઠ વેલજી નપુ, શેઠ સાકરચંદ, માનસંગ કચરા વગેરે કેટલાય નામો પાયાના પથ્થર તરીકે મૂકી શકાય તેમ છે. તો

આંતરરાષ્ટ્રીય પ્રતિભા- એવા પ્રો. કે. ટી. શાહ (માંડવી)ને સંભાર્યા વિના કચ્છ અને ભારતની સ્વાતંત્ર્ય ચળવળનો ઈતિહાસ અધૂરો રહે. સને ૧૯૨૫માં મહાત્મા ગાંધીજીની કચ્છ-યાત્રા વખતે રૂા. ૧૦,૦૦૦/-ની માતબર રકમ આ સેવા યજ્ઞ માટે સમપર્ણ કરનાર માનસંગ કચરાના નામને કેમ ભૂલાય ?

વિદેશોમાં પણ કચ્છનું ગૌરવ વધાર્યું છે

જેમને વ્યાપારી કુનેહ અને સાહસ વૃત્તિ ગળથૂથીમાં મળ્યા છે તેવા કચ્છના જૈન સપૂતો... 'જીત હકડ઼ો કચ્છી વસે ઉત ડીઆણીં કચ્છ' વસાવીને આફ્રિકા અને અમેરિકામાં પણ કચ્છનું નામ ઉજળું રાખ્યું છે. બહુ આઘા ન જઈએ અને છેલ્લી દોઢ બે સદીના અતીતને નિહાળતાં, આફ્રિકાના- જંગબારમાં શેઠ સોભાગચંદ દેવસીનું નામ મોખરે આવશે. માંડવીમાં એમનાં નામે- 'શોભા દેવસીની શેરી' એની પ્રતિષ્ઠાની શાખ પૂરતી આજેય અસ્તિત્વમાં છે. બ્રહ્મદેશમાં ચોખા અને તેલની મિલો નાખનારા ભુજના માનસંગ કચરા, રંગૂનમાં બેંકની સેવાના કારણે સરકારના પ્રીતિ પાત્ર બનેલા ભુજના મૂળચંદ સામજી રંગૂનવાળા- જેમણે વતનમાં આવવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું તો ત્યાંની સરકારે તે સ્વીકાર્યું નહિ, અને સરકારે તેમને એ જીવ્યા ત્યાં સુધી નોકરી પર ચાલુ ગણીને પગારનો ચેક નિયમિત રીતે ભુજમાં મોકલતી રહી, એ ગાથાને યાદ કરતાં હરેક કચ્છીનાં હૈયે હરખ કેમ ન જાગે ? એને ગૌરવ કેમ ન થાય ! શિશલ્સમાં ત્યાંના રાજાના સલાહ- મિત્ર તરીકે રહેલા કાંતિભાઈ જીવણ જેઠાએ કચ્છની જૈન જ્ઞાતિની અસ્મિતાને બાંધનારા ખમતીધર ખોરડાના ખાનદાન છે. વિદેશમાં જવા માટે જ્યારે કોઈ નામ પણ નહોતું લેતું ત્યારે- ઠેઠ સને ૧૮૯૩માં સૌ પ્રથમ અમેરિકા પહોંચનારા માંડવીના લાલન કુટુંબે એ દિવસોમાં કેટકેટલી યાતનાઓ વેઠી હશે એની તો કલ્પના જ કરવી રહી. હાલે અમેરિકા સ્થિત ડો. નવીનચંદ્ર ચુનીલાલ મહેતા, ડો. ધીરજ હરિલાલ શાહ, રશ્મિભાઈ નટવરલાલ શાહ, ડો. ચન્દ્રવદન હરિયા, છોટાલાલ ભેદા, વિજય છેડા, ગિરીશ છેડા, વિદેશની ધરતી પર રહે છે પણ વતનને વીસરતા નથી. 'હેમારે વટ પુગો નિરંજન, ધીણોધર સંભરન...' તેમ વતનની યાદ હૈયે રાખી, કચ્છના સુખ-દુઃખમાં સાથી થાય છે. દાનનો પ્રવાહ- કોઈ જ નામના મેળવવા માટે નહિ પણ પેલી ઉજ્જવળ પરંપરાના એક અદના યાત્રી તરીકે ઉમદા કાર્યો કરવા માટે કચ્છની સાથે સાથે ભારતની ભૂમિને પણ પોતાની ગણી છે. આંબા વાવનારા વાવ્યે જ જાય છે, એનાં ફળની અપેક્ષાએ ક્યારેય રાખતા નથી. જૈન જ્ઞાતિ ઉજળી છે એનું કારણ પણ આજ છે.

જૈન જ્ઞાતિએ વિરલા સંતો, સેવાભાવી દાતાઓ અને પૂણ્ય શ્લોકી આત્માઓ જગતના ભલા માટે પ્રસવ્યા છે. દેશ-વિદેશની ધરતી પર પાંગરેલી પ્રતિભાનો પમરાટ, પ્રેરણા પ્રદાન કરનાર રહ્યો છે. એ પ્રેરણાના ફળરૂપે જ કચ્છમાં આજે નીચેની સેવાભાવી સંસ્થાઓ કાર્યરત છે-

(૧) બિદડા સર્વોદય ટ્રસ્ટ, બિદડા, (૨) સર્વ સેવા સંઘ, ભુજ (૩) જૈન મેડિકલ એન્ડ એજ્યુ. ટ્રસ્ટ, ભુજ (૪) સ્વ. હરિશ છોટાલાલ મેમોરીયલ ટ્રસ્ટ, ભુજ (૫) પ્રાણકુંવર ચુનીલાલ મહેતા ટ્રસ્ટ, ભુજ (૬) દિનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટ, ભુજ (૭) મણિલાલ લક્ષ્મીચંદ વોરા ટ્રસ્ટ, મુંદરા, (૮) સાર્વજનિક સસ્તુ દવાખાનું, ભુજ (૯) સાર્વજનિક સસ્તુ ભોજનાલય, ભુજ, (૧૦) ડોસાભાઈ લાલચંદ મહિલા સિવણ શાખા અને મહિલા ગૃહ ઉદ્યોગ (૧૧) કલ્યાણજી વર્ધમાન પેઢી, વસઈ તીર્થ, ભદ્રેશ્વર (૧૨) સાધર્મિક ભોજનાલય, માંડવી (૧૩) સાર્વજનિક હોમિયોપેથીક દવાખાનું, માંડવી (૧૪) સાર્વજનિક હોમિયોપેથીક દવાખાનું, ભુજ (૧૫) મેઘજી સોજપાલ જૈન આશ્રમ -માંડવી.

-કેવળ માનવીય સેવાના ઊંચા આદર્શની પરંપરાને જાળવતી અને મહાવીર સ્વામીના ઉપદેશોને અનુસરી જીવમાત્ર પ્રત્યે દયાભાવથી પ્રેરાઈને સખાવત કરનારા કચ્છી જૈનોએ 'જૈનં જયતિ શાસનમ્'ની ઉકિતને સાર્થક કરી છે.

સામાજિક રહેણીકરણીમાં ફેરફાર

રહેણી કરણીના રૂઢ વ્યવહારમાં એકાએક તો ફેરફાર થાય નહિ પણ ધીમે ધીમે સામાજિક રહેણી કરણીમાં ફેરફારને હવે કચ્છના જૈનો પણ અપનાવતા થયા છે. મુંબઈમાં વસતા પન્નાલાલ છેડા વ્યવસાયે વેપારી છે પણ ખબરપત્રિકામાં અવારનવાર શુભ વિચારો છપાવતા રહે છે. તા. ૨૩/૧૨/૮૯ની ખબરપત્રિકામાં તેમણે કચ્છી ઓસવાળ જૈનોના મૃત્યુ પ્રસંગે થતા એક રિવાજને બદલવાની નમ્રતાભરી વિનંતી કરી હતી. કચ્છી જૈનોમાં ઉઠમણા પ્રસંગે, મૃત્યુ પામનારના સ્વજનના ઢીંચણને અડકીને 'વચારા વટાજે વ્યા...' (બિચારા ગુજરી ગયા) એમ કહીને ખરખરો કરવાની ચાલી આવતો રિવાજ બદલાવવા જણાવ્યું હતું. ને તે પછી જ હવે કચ્છી જૈનના મરણ પ્રસંગે દાદરમાં કરશન લધુ નિશર હોલમાં શાંતિ સભા રાખવાનો રિવાજ શરૂ થઈ ગયો છે. વળી યાત્રા કરીને પાછા વળનારની 'સાતા' પૂછવા જાય તો શ્રીફળ લઈ જવું પડતું તે પ્રથા પણ હવે અટકી છે. ખબર અંતર જરૂર પૂછે ને યાત્રા કરીને હેમખેમ આવ્યાનો હરખ વ્યકત કરે છે. સમયના પરિવર્તન સાથે ધર્મને બાધારૂપ ન થતા હોય તો તેવા સામાજિક રીત રિવાજો અપનાવવામાં સંકોચ અનુભવતા નથી.

સમયને સમજીને સદુપયોગ કરનારી આ જ્ઞાતિનો અવાજ રાજાશાહીમાં તો હતો જ, આજે પણ રાજકીય ક્ષેત્રે એમનો અવાજ રહ્યો છે. રાજાશાહીમાં દિવાન પદ અને નગરશેઠના માનભર્યા હોદ્દાઓ ભોગવ્યા છે તો સાંપ્રતકાળે પણ પોતાની જાતને પ્રતિષ્ઠિત કરી શક્યા છે. કચ્છમાંથી વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી ચૂકેલા અને કરી રહેલા એ મહાનુભાવોમાં બાબુલાલ મેઘજી શાહ, મોહનભાઈ શાહ, જયકુમાર સંઘવી, ચંપકલાલ ચુનીલાલ શાહ, તારાચંદ છેડા, અને વર્તમાન સમયે મુકેશ ઝવેરી- એક સારી છાપ ઊભી કરી શકયા છે. ચંદ્રીકા કેનિયા (મુંબઈ) સાંસદ તરીકે અને મધ્યપ્રદેશમાંના સાવલા પણ કચ્છનાં જ છે.

કલ્યાણજી -આણંદજી સંગીતકાર બેલડી

સંગીત, સાહિત્ય અને કળાના ક્ષેત્રમાં જૈનોનું પ્રદાન રહ્યું છે તેની નોંધ લીધા સિવાય ચાલી જ ના શકે. વાસ્તવમાં કલાને જીવંત રાખનારા જૈન દેરાસરો, એમાં સચવાયેલા ચિત્રોને ગણનામાં લેવા જ પડે. સંગીતના ક્ષેત્રે કલ્યાણજી-આણંદજીએ એમની બીનના તાને મને -તમને -આપણે સૌને ડોલાવ્યા છે.

પર્યુષણ દરમ્યાન કસાઈઓ દ્વારા પશુ હત્યા ન થાય એટલો બંદોબસ્ત કરાવી શકવાની શકિત ધરાવતા આ 'મહાજનો' રાજાઓ માટે આશીર્વાદ રૂપ હતા જરૂર પડી ત્યારે ભામાશા જેવાઓ રાષ્ટ્ર માટે સર્વસ્વ અર્પણ કરી દેનારા આ જ્ઞાતિમાં જ પાકી શકે એમ કહીએ તો જરાય ખોટું નથી. કચ્છમાં અણીને સમયે જૈનોએ ગાડાં વાળ્યાં છે, રા'ના અને રૈયતના રખોપાં કર્યાં છે. કચ્છમાં જૈનોની વસતી ૩૫૦૦૦ થી ૪૦૦૦૦ જેટલી અંદાજે છે.

સ્વને જીતીને સર્વને જીતવાની શકિત ધરાવતા જૈનોનો આ અછડતો પરિચય છે. 'કચ્છના જૈનો'ના આ ટૂંકા લેખમાં જેમનાં નામ આદર સાથે ઉમેરી શકાય એવા ઘણા મહાનુભાવોના નામો સમાવી શકાયા નથી. કારણ કે સ્થળની મર્યાદા તેમ કરતાં અટકાવે છે. બાકી તો જીવનથી માંડીને મૃત્યુપર્યંતના તેમના કાર્યોમાંથી પ્રેરણા લેવાનું મન થાય એવી કચ્છની જૈન જ્ઞાતિ એ કચ્છની અસ્મિતાનું એક પાનું છે.

સંદર્ભ : (૧) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ ૧, ૩. (૨) કચ્છ ગેઝેટીઅર, (૩) કચ્છમિત્ર દીપોત્સવી અંક સં. ૨૦૨૯ અને (૪) સ્થાનિક સ્થળોએ વાંચેલા શિલાલેખો. □

■ પાંજરાપોળ શેરી, ભુજ

ઉદારતા, સાહસ અને શૌર્યસભર લોહાણા

□ ઘનશ્યામ વાલજી ઠક્કર

ભગવાન શ્રી રામ અને માતા સીતા જેમનો આદર્શ છે તથા દરિયાલાલ - ઉડેરાલાલ કે ઝુલેલાલ જેમનો તારણહાર છે, એવા રઘુવંશનો ગુણવારસો ધરાવતા લોહાણા એ મૂળે ક્ષત્રિય વંશના છે.

ભારત પરના વિદેશી આક્રમણને ખાળવા માટે ઠેઠ અફઘાનિસ્તાન સુધી વિસ્તરેલા આ લોહર ક્ષત્રિયો વીર જશરાજની વીરગતિ પછી વેરવિખેર થઈ ગયા અને છેવટે સિંધમાં આવીને વસ્યા તે સમયે સિંધમાં દાહિરનું રાજ્ય ચાલતું હતું. દાહિરના મૃત્યુ પછી સિંધમાંથી હિંદુ રાજ્ય નબળું પડયું અને છેવટે ઘોઘો અને ચનેસરની આપસની તકરારના કારણે અલ્લાઉદીન ખલજી સિંધ પર ચડી આવ્યો. આ લડાઈમાં બન્ને ભાઈઓ મરાયા. અલ્લાઉદીને નિર્દય રીતે લોકોને જે ત્રાસ આપવા માંડયો તેથી અનેક લોકો સિંધમાંથી નાસવા લાગ્યા. તે સમયે તેરમી સદીમાં આ લોહાણાઓ પણ સિંધમાંથી કચ્છમાં આવ્યા. જે નાસી શકયા નહિ, અને જેમને ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી એવા કેટલાક લોહાણાઓ પછીથી મેમણ અને ખોજા તરીકે ઓળખાયા.

ત્યારપછી સોળમી સદીમાં રાવશ્રી ખેંગારજી પહેલાના વખતમાં જુદે જુદે સ્થળેથી ઘણા લોકો કચ્છમાં આવ્યા તે સમયે પણ કેટલાક લોહાણાઓ સિંધમાંથી અને કેટલાક

પારકરમાંથી કચ્છમાં આવ્યા. ખેતી કરતાં વેપારની ફાવટ આવી જતાં વેપાર સાથે ધીરધાર તથા રાજ્યને મોદીખાનું પૂરૂં પાડવાનું કામ પણ તેઓ રાખવા લાગ્યા. વળી પ્રથમથી જ સાહસિક હોવાના કારણે ઘણા લોકો દેશ-વિદેશની ધરતી પર જઇ વસ્યા. દરિયાપારની ખેપ કરીને ઠેઠ આફ્રિકામાં જંગબાર, મડાગાસ્કર અને મસ્કત સુધી પહોંચ્યા અને ત્યાં પણ જમાવટ કરી.

રાજકારણમાં નોંધનીય ફાળો

કચ્છનાં રાજકારણમાં લોહાણાઓનો ફાળો પ્રથમથી જ નોંધનીય રહ્યો છે. દીવાન તરીકે દેવકરણશેઠનું નામ કચ્છમાં આજે પણ આદરપાત્ર રહ્યું છે. કચ્છમાં કિલ્લાઓ તેમના સમયમાં બંધાયા હતા. ચાંચિયાઓને કાબૂમાં રાખવા માટે ઠેઠ ગાયકવાડની ઓખાની ધરતી માથે કચ્છી ગઢનું થાણું સ્થાપ્યું. તેમના પછી પૂંજા શેઠ, દેવજી શેઠ, દેવચંદ શેઠ અને મેઘજી શેઠ સુધીના દીવાનો આ જ્ઞાતિએ આપ્યા છે. કચ્છના ઇતિહાસના કેટલાક કડવા-મીઠા બનાવો પણ આ દીવાનોના સમયમાં બન્યા હતા. પૂંજો શેઠ લડાઇ માટે નિમિત્ત બન્યા તેમ શત્રુને પાછો વાળવામાં સફળ રહ્યા. રા'ના હાથે દેવાયેલ વિષનો પ્યાલો પીને પ્રાયશ્ચિત પણ કર્યું. કચ્છના રાજકીય ઘડતરમાં અને પ્રજાકીય શાસનની સ્થાપનાના 'બારભાયા' દ્વારા પાયો નાખનાર મહાનુભાવોમાં કચ્છના દીવાન મેઘજી શેઠ પણ હતા. વતનના હિત ખાતર મોતને મીઠું કરનારા આ લોહાણાઓની પૂજા એમ જ નથી થતી. પૂંજા શેઠ અને મેઘજી શેઠની દેરીઓ એ સમયની યાદ આપતી આજે પણ ભુજની ભાગોળે ઊભી છે. એમ કહેવાય છે કે, આ મેઘજી શેઠે આગાહી કરી હતી તે તેમના વંશમાં સાતમી પેઢીએ પોતે પુનઃ આવશે અને આઝાદીના આ જંગને આગળ ધપાવશે.

મેઘજી શેઠના ભાખ્યા આગમ સાચા પડયા હતા. તેમની સાતમી પેઢીએ ચંદ્રકાંત રાઘવજી થયા. સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજમાં રહીને રાષ્ટ્ર માટે પોતાના જીવનની આહૂતિ આપી હતી.

આઝાદીની લડાઇમાં પૂર્વજોના જાતિગત સંસ્કારોના કારણે જ તો બલિદાન આપતાં લોહાણાઓ અચકાયા નથી. મુંબઇની મહાનગરીમાં સૌથી પહેલાં શહીદ થનાર વીર વિઠ્ઠલદાસ વલ્લભદાસ ચંદન કચ્છના ખોંભડી ગામના લોહાણા હતા. દાંડીકૂચમાં આખા જૂથમાં 'કચ્છી લોહાણા' તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરનાર માધવજી વિશ્રામ રંગવાળા પણ કચ્છના લોહાણા જ્ઞાતિના હતા. રાષ્ટ્રીય ગીતો દ્વારા આઝાદીની લડતમાં કચ્છમાં વેગ લાવનાર શેઠ પુરૂષોત્તમ મૂળજીના નામની નોંધ તો રાષ્ટ્રીય શાંયર ઝવેરચંદ મેઘાણીએ પણ લીધી હતી. મહાત્મા ગાંધીજીના કચ્છ પ્રવાસ વખતે ઠેઠ સુધી સાથે રહેનારા કોઠારી જીવરામ કલ્યાણજી પણ કોટડા રોહાના હતા. પ્રજાકીય પરિષદના નેજા નીચે આઝાદીની ચળવળમાં સક્રિય ભાગ લેનારાઓમાં તુલસીદાસ મૂળજી શેઠનું પ્રદાન દરેક રીતે મહત્ત્વનું બની રહ્યું હતું. પ્રધાન કક્ષાએ પહોંચેલા પ્રેમજી ભવાનજી ઠક્કર, નાયબ પ્રધાન રહેલા રામજી રાઘવજી ઠક્કર, સંસદ સભ્ય ઉષાબેન ઠક્કર, લવજી લખમશી ઠક્કર અને ધારાસભ્ય તરીકે રહેલા અંજારના મૂળજી પરસોતમ તથા ભુજના શ્રી મહેશ હરજીવન ઠક્કર તથા માંડવીના હરિરામ કોઠારીના સ્થાનિક રાજકારણમાં પણ લોહાણાઓનું પ્રદાન નોંધનીય છે. આમાં જિલ્લા પંચાયત ક્ષેત્રે હીરજીભાઇ કોટક તથા જેઠમલ વિશનજી મડૈયારના નામો નોંધનીય છે. સને ૧૯૩૪માં કરાચીમાં નગરપાલિકાની ચૂંટણીમાં વિક્રમ મતો મેળવનાર તરીકે જેમનું નામ રહ્યું છે તે શિવજી વેલજી કોઠારી કચ્છના મોથાળા ગામના હતા. સને ૧૯૩૩માં તેઓ માનદ મેજિસ્ટ્રેટ તરીકે સરકાર દ્વારા નિયુક્ત થયા હતા. મુંબઇ મહાપાલિકાના મેયર તરીકે જ્ઞાતિ માટે ગૌરવરૂપ બનેલા રવજી ગણાત્રા અને જામનગર મહાપાલિકાના મેયર ઠક્કર હંશરાજભાઇ પણ કચ્છની લોહાણા જ્ઞાતિનાજ હતા. મુંબઇમાં મહાસભા અધિવેશનના મંત્રી તરીકેની જવાબદારી સંભાળનાર તથા હોમરૂમ લીગ અને એની બેસન્ટ સાથે રહી થિયોસોફિસ્ટ તરીકે નામ મેળવનાર માવજી ગોવિંદ શેઠીયાનું નામ પણ સ્મરણીય છે.

શૈક્ષણિકક્ષેત્રે ઉદાર ફાળો

સાહસ અને શૌર્યની સાથે ઉદારતાનો ગુણ ભળે ત્યારે સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય, આ જ્ઞાતિએ 'કાં દાતા કાં શૂર'ની ઉકિતને બધી રીતે સાર્થક કરી છે. દાનવીરોએ દાનના અજવાળાં પાથરવા માટે શૈક્ષણિક ક્ષેત્રે ઉદાર હાથે ફાળો આપેલ છે. મસ્કાઇ તરીકે જાણીતા મસ્કાના શેઠ વીરજી પેરાજે બોર્ડિંગ બાલાશ્રમ અને કન્યાશાળા જેવી શૈક્ષણિક સંસ્થાઓની સાથે સાથે દયાધર્મના મૂળને મજબૂત કરવા ગૌશાળા જેવી સંસ્થાઓ પણ આપી છે. માંડવી કોલેજની સ્થાપનામાં શેઠ શૂરજી વલ્લભદાસનો ફાળે નોંધનીય છે તેમ ભુજની જે. બી. ઠક્કર કોમર્સ કોલેજની સ્થાપનામાં ભુજના સામજી નારાણજીના કુટુંબીજનોનો આથિક સહયોગ રહ્યો છે. મૂળ તેરા-કચ્છના કરમશી જેઠાભાઇ સોમૈયાની સખાવતો કેળવણીથી માંડીને આરોગ્યધામ સુધીની રહી છે. અંજારના શેઠીઆ ખટાઉ માવજીનું નામ પણ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલું છે. ગઇ કાલ સુધી કહી શકાય એટલા ટૂંકા ગાળા અગાઉ લોહાણા જ્ઞાતિનું પોતાનું આખું કેળવણી ખાતું ચાલતું હતું. ભુજ તથા રાપરમાં લોહાણા બોર્ડિંગ, કન્યા છાત્રાલય, ભુજમાં સીવણશાળા, ભુજની વી. ડી. હાઇસ્કૂલ અને ઉપર કહ્યા પ્રમાણે કોલેજ સુધીના ક્ષેત્રે યોગદાનના કારણે લોહાણા જ્ઞાતિ જાણીતી છે. રાજીશાહીના વખતમાં ઘણા તાલુકાઓના ગામડાઓમાં લોહાણાઓની ખાનગી શાળાઓ હતી તો ઠેઠ કચ્છના ગામડાઓમાં અંતરિયાળ ભાગ સુધી સારસ્વતમ દ્વારા શિક્ષણ જ્યોત પ્રગટાવવા-પ્રસરાવવામાં ટી. એમ. શેઠનું યોગદાન કેમ ભૂલાય ?

વ્યાપારક્ષેત્રે આમેય લોહાણાઓનું નામ છે, ગામડા ગામમાં નાનકડી દુકાનથી માંડીને શહેરમાં જથ્થાબંધ વેપાર કરતા વેપારીઓની નામાવલી આપવામાં આવે તો એ યાદી તો બહુ લાંબી થાય એમ છે. વાત ભુજની હોય કે માંડવીની, અંજારની હોય કે ગાંધીધામની, ભચાઉની હોય કે મુંદરાની-માત્ર અનાજની બજારમાં જ નહિં વ્યાપારના બીજા અનેક ક્ષેત્રોમાં ઠક્કર-લોહાણા જોવા મળશે. મૂળ લાખાણીયાના શેઠ નરસી મોનજીનું નામ રંગ બજારમાં ખૂબ જ જાણીતું છે. સિગારેટોના કારણે ભારતમાંથી હૂંડિયામણને ખેંચાતું જોઇને ગોલ્ડન ટોબેકા કું.ની શરૂઆત કરી ભારતની બજારમાં મહત્ત્વનું સ્થાન પામનાર ચત્રભુજ નરસી ઠક્કર, આ જ્ઞાતિની મોટી હસ્તી છે. અંજારના કેશવજી લાલજીએ બંગાળીઓ સાથે સહયોગ કરીને 'કેશવજી એન્ડ ટાગોર'ના નામે મીઠાના વેપારમાં કરેલી કમાણી સખાવતોમાં વાપરી હતી. મૂળ તેરા કચ્છના કરમશી જેઠાભાઇ સોમૈયાએ અહમદનગરમાં 'ગોદાવરી સુગર મિલ્સ'ની સ્થાપના કરી હતી. સખાવતોમાં તેમનું નામ આજે પણ આગળ છે. આ સેવાભાવી કુટુંબના લીલાબેન કોટક મહિલા ઉત્કર્ષના કાર્યોમાં અગ્રગણ્ય રહ્યા છે. વિદેશી દવાઓ અને ચિકિત્સા પદ્ધતિ સામે ભારતની પ્રાચીન આયુર્વેદિક પદ્ધતિને માત્ર ટકાવી રાખવા માટે નહિ, લોકપ્રિય બનાવનાર તરીકે મંગવાણાના ઠક્કર ગોપાળજી કુંવરજી અને ચંદ્રશેખર ઠક્કુરને કેમ ભૂલાય ? આયુર્વેદિક પદ્ધતિ લોકભોગ્ય બનાવવામાં આ બન્ને ઠક્કુરોની મહેનત લેખે લાગતી જોઇ શકાય છે. માંડવીના ઠક્કર કલ્યાણજી હરિરામ કરસન ઉર્ફે બચુભા શેઠની માંડવી બંદરે આવતી સ્ટીમરો પેસેન્જરોને ભેદભાવ સિવાય ભોજન વ્યવસ્થા કરી આપતી હતી. ગાંધીધામના વિકાસના માર્ગદર્શકોમાં ગાગોદરવાળા શેઠ તુલસીદાસ ધારસી સોમેશ્વર ૧૯૫૦માં ગાંધીધામે વ્યાપાર ક્ષેત્રે પ્રવેશ કરનાર પ્રથમ લોહાણા સદ્દગૃહસ્થ હતા.

મુંબઇની મેવા બજારમાં જાણીતા નામોમાં ઠક્કર શિવજી કુંવરજી, ઠક્કર હિરજી કેશવજી (કિસરવાળા), ઠક્કર રતનસી કોરજી તથા ધંધાદારી મેવાવાળાની અટક પ્રાપ્ત કરનાર મેવાવાળા વેલજી મોતીરામ આ જ્ઞાતિના હતા. વેલજી મોતીરામે તો પછીની જિંદગી લોકોની સેવા માટે સમર્પી ભારતીય સેવા મંડળ દ્વારા દર્દીઓની નિયમિત પૃચ્છા કરવી, તેમને દવા લાવી આપવી, સગા સંબંધીઓને કાગળ-પત્ર લખી આપનાર એક નમ્ર મુક સેવક તરીકે એ ખૂબ જ જાણીતા થયા હતા. અંજારના 'પશાકાકા' તરીકે ઓળખાતા પરસોત્તમ ગણેશ ઠક્કર એટલે પારકી છઠ્ઠીના જાગતલ, સામાન્ય જનની પણ નિસ્વાર્થભાવે સેવા કરી છૂટવાના એમના ગુણના કારણે લોકોના સામાન્ય પ્રશ્નો માટે તેઓએ અધિકારીઓ સાથે ઘર્ષણમાં આવવું પડતું હતું. પણ એમની સેવાભાવના નિસ્વાર્થ હતી તેથી એમના અવસાન પ્રસંગે અંજાર શહેર આખું સ્વયંભુ બંધ રહેલ હતું.

સાહિત્યના ક્ષેત્રે જેમના નામો ગણનાપાત્ર ગણી શકાય એવા નારાયણ વિશનજી ઠક્કુરનું નામ તો ગર્વ સાથે લઇ શકાય તેમ છે. તેમની ભારતીય ઇતિહાસના ફલક પર વિસ્તરેલી ઐતિહાસિક નવલકથાઓ પ્રમાણભૂત માહિતીના કારણે આગવી ભાત પાડનારી રહી છે. નારાણજી જોબનપુત્રાએ જુદા જુદા વિષયો પર કેટલાક પુસ્તકો લખ્યા છે. વર્તમાન કાળે મૂળરાજ રૂપારેલ અગ્રસ્થાને રહ્યા છે. શ્રી અનિલ કોઠારી, જયંત સચદે, રમણીક સોમેશ્વર, ઉદયન ઠક્કર, આનંદ ચંદે વગેરે સર્જકો જાણીતા છે. તો કાર્ટુનિસ્ટ તરીકે રમેશ ચંદે -''રૂપમ''નું સ્થાન કાર્ટુનિસ્ટોની દુનિયામાં આગવું રહ્યું છે. કચ્છના સિક્કાઓ વિશેનું એક પુસ્તક શ્રી વાલજીભાઇ કરસનજી ઠક્કરે આપેલ છે.

સ્વતંત્ર વિમાની સેવા શરૂ કરનાર પુરૂષોત્તમભાઇ

પત્રકારિત્વના ક્ષેત્રે ગણનાપાત્ર નામોમાં નારાણદાસ ઠક્કર, અનિલ કોઠારી, મૂળરાજ રૂપારેલ, લક્ષ્મીકાન્ત શેઠ, રામ કરસનદાસ ઠક્કર તથા સામજીભાઇ જોબનપુત્રા તથા મૂળરાજ કોટકનો સમાવેશ થાય છે. છેલ્લા વીસ વર્ષથી ફિલ્મી કોલમીસ્ટ પ્રવીણ વાલજી ઠક્કર પણ વર્ષોથી વર્તમાનપત્ર સાથે સંકળાયેલ છે.

જાદુના અદ્દભૂત પ્રયોગો દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરનાર, માત્ર કચ્છમાં જ નહિ,

બૃહદ કચ્છમાં પણ 'મોના ખેલાડી'ના નામે જાણીતા જાદુગર મોનજી ઠક્કર કચ્છના ભચાઉ તાલુકાના ભરૂડીયા ગામના હતા. એના કોથળા જેવા કોટના ખિસ્સામાંથી માગનારને માગેલ વસ્તુ કાઢી આપતા, મોનજી એટલે માત્ર પોણી સદી પહેલાંની સ્મૃતિ.

પુરૂષોત્તમ મ. કબાલી એ આ જ્ઞાતિ માટે ઉજ્જવલ નામ છે. સ્વતંત્ર વિમાન સેવા શરૂ કરનાર આ કસબી કચ્છના હતા. નહેરૂ કુટુંબને કરાચી અધિવેશનમાં તે પોતાના વિમાનમાં લઇ ગયા હતા. ભારતીય લશ્કરના ગ્લાઇડર્સ દાખલ કરવાનું માન પણ આ કબાલીને ફાળે છે.

આવું જ બહુ ઓછું જાણીતું પણ જીવન સંધ્યાને આરે દુઃખદ સ્મરણે જડેલું નામ છે ખીમજી ભાણજી ઠક્કરનું. અમેરિકા જઇને એન્જિનીયર થયા હતા. લગ્ન પણ અમેરિકી બાઇથી કરેલા, પણ ગમે તે કારણસર ત્યાંથી તેમને નીકળી જવું પડયું -ત્તે પછી એ કચ્છમાં આવ્યા અને પોતાની શેષ જીંદગી લોહાણા સ્મશાનની ઓરડીમાં વીતાવી હતી. ઇન્જિનીયરીંગ વિષયના એમના લાયબ્રેરી પુસ્તકો આજે પણ લોહાણા મહાજન-ભુજમાં છે.

આવું જ એક મોટું નામ છે લધા દામજીનું, આફ્રિકામાંથી ગુલામોની પ્રથા નાબૂદ કરવામાં એમનું યોગદાન કયારેય ન ભૂલાય એવું છે. ગુણવંતરાય આચાર્યે એમને 'દરિયાલાલ'માં આલેખેલ છે એ ઝિંદાદીલ આદમીનું નામ આજે પણ માનવાચક રહ્યું છે.

પોતાના ધંધાના કારણે ધંધાદારી નામે ઓળખાતા મંગલજી ગાંઠિયાવાળા, ઢલુ શંભુશાવાળા, હરિરામ સોમૈયા -આસંબીયા પેંડાવાળા, પિતાંબર બેસ્ટ ચેવડાવાળા, કાકુ ગુબીતવાળા, જેઠાલાલ ચેવડાવાળા, ખાવડાઇ મેસૂકવાળા, આશારામ પાનવાળાના નામો આજે પણ લોકજીભે રમે છે. પેન્ટર શેઠીયા પણ એવું જ જાણીતું નામ છે.

રાજ્યની નોકરીઓમાં પણ ખરા

રાજ્યની નોકરીમાં ઉચ્ચ હોદ્દા સુધી પહોંચેલા ઘણા મહાનુભાવોના નામ આ જ્ઞાતિના દફતરે નોંધાયેલા છે. કચ્છના રેવન્યુ કમિશ્નર અને પછીથી કચ્છના કલેકટરની જિલ્લાની ખૂબ જ મહત્ત્વની જગ્યાએ રહી ચૂકેલા શેઠ તુલસીદાસ મૂળજી, જિલ્લા શિક્ષણાધિકારી તરીકે રહી ચૂકેલા શ્રી દામજીભાઇ ઠક્કર, જિલ્લાના કાર્યપાલક ઇજનેરની જગ્યાએ રહી ચૂકેલા શ્રી કાનજીભાઇ લવજી ઠક્કરના નામો યાદ કરી શકાય. ડેપ્યુટી કલેકટર જેવી પ્રાંત અધિકારીની જગ્યા સુધી તો આ જ્ઞાતિના ઘણા બધા મહાનુભાવો પહોંચી શકયા હતા. જેનાં માટે જ્ઞાતિ જરૂરથી ગૌરવ લઇ શકે. ઠક્કર કુંવરજી જાદવજી, આત્મારામ મનજી, શશીકાન્ત મોહનલાલ, શિવજી ચત્રભુજ, મૂળરાજ શિવજી, શંકરલાલ નરસી, હીરાલાલ નરસીં ઠક્કરના નામો એમની લોકોપયોગી કાર્ય શૈલીના કારણે આજે પણ લોકાદરને પાત્ર રહ્યા છે. હાઇકોર્ટના જજ તરીકે રહેલા ગોવર્ધન આણંદજી ઠક્કર પણ આવું જ એક મોટું નામ છે. પોસ્ટલ સેવાઓના સર્વોચ્ચ વડા તરીકે સેવા આપતા વિજયાબેન શેઠ પ્રથમ ઉચ્ચ મહિલા અધિકારી તરીકે જ્ઞાતિ માટે ગૌરવ છે.

કોઇપણ જાતના સ્વાર્થ વિના, નામના અને પ્રતિષ્ઠાથી દૂર રહી, રકતદાન દ્વારા જીવનદાન આપવાની ભાવનાને આચરણ દ્વારા અમલમાં મૂકનાર તુલસી પીપરાણીને સેવાના પર્યાય તરીકે મૂલવી શકાય. પીપરાણીનું નામ અને કામ એમના સાથીઓ સહિત જાણીતું છે.

અધ્યાત્મ ક્ષેત્રે આ જ્ઞાતિએ માત્ર ગણનાપાત્ર નહિ, ઝળહળતા નામોવાળા ચિરઃસ્મરણીય સંતો સમાજને આપ્યા છે. ઇષ્ટદેવ દરિયાલાલ તો લોહાણામાત્રના જીવનપ્રાણ છે. ચૈત્ર સુદ ૨ના એમના જન્મોત્સવને ઉજવવામાં આવે છે. કાળના પલટાતા પ્રવાહમાં માત્ર જ્ઞાતિજનો માટે જ નહિ, સમગ્ર માનવજાત માટે રક્ષણહાર થઇને ઊભેલા હતા એ જુલમના માર્ગેથી રાજાને પાછા વાળીને રામ અને રહીમ એક જ છે એમ કહી માનવ મહિમાના ગાન ગાઇને તેને ગૌરવવંતા સ્થાને પ્રતિષ્ઠિત કર્યા હતા. જળજ્યોતની પ્રત્યક્ષ દેવપૂજાનો પંથ સ્થાપનારા દેવ દરિયાલાલના દરિયાસ્થાનો જ્યાં પણ લોહાણા-ઠક્કરો વસતા હશે ત્યાં જોવા મળશે. વર્ષો પહેલાં ભુજના 'ભભલ શેઠ'નું નામ ઉજવણી પ્રસંગે જાણીતું હતું કરાચીથી કચ્છમાં આવ્યા પછી ગ્રીન હોટલ વાળી શેરીમાં વીશી ચલાવતા. ચૈત્રી બીજની ઉજવણીમાં સમૂહ પ્રસાદ પણ આપેલ અને પોતાની સમગ્ર મૂડી પ્રસાદના કામે વાપરી હતી.

સંતો-ભકતોની પંકિતમાં જેમના નામ હંમેશાં ઝળહળતાં રહ્યાં છે એવા વંદનીય પુરૂષો આ જ્ઞાતિએ આપ્યા છે. ભાણ સંપ્રદાયની શેરખીની ગાદીએ માત્ર ૧૯ વર્ષની નાની ઉંમરે સંવત ૧૯૩૧માં ગાદીપતિ બનનારા સંત રાધિકાદાસજી મૂળ કચ્છના હતા.

વાંઠાયના ઓધવરામજીના કૃપાપાત્ર સંત દયાળદાસજી દેશલપર ભુજના હતા, પીરાણા પંથમાંથી પાટીદારોને પાછા વાળનારા તરીકે તેમનું નામ જાણીતું છે.

સંત વાલદાસજી મહારાજ

વાલજી ગાંગજી તુલસીદાસ રૂપારેલ એટલે સંત વાલદાસજી મહારાજ. સને ૧૯૪૭માં ૨૧ વર્ષની ઉંમરે બી.એસસી. થઇને કરાચીમાંથી અમદાવાદ આવી પોલીસ ખાતામાં ભરતી થયા અને ટૂંક સમયમાંજ વૈરાગ્યના કારણે દીક્ષા લઇને સંત તરીકે જાણીતા થયેલા વાલદાસજી મહારાજનું નામ કચ્છ અને કચ્છ બહાર એટલું જ જાણીતું છે.

અંજારના જાદવજી ભગત, કોરીઆણીના વલુ ભગત, અંજારના મનજી ભગત, જંગીના ડુંગરશી ઠક્કર, ગરડાના ખેતશી ભગત, સંતોમાં સ્વામીનારાયણ સંપ્રદાયના જાણીતા સંત શ્રી હરિસ્વરૂપદાસજી (ધ્યાનિ સ્વામી), ગઢશીશાવાળા ચંદુમાં, સુરલભિટ્ટવાળા માધવગિરિજી, મોથાળાના સંત ચરણસ્વામી, રાપરના સંત અમરદાસ, અંજારના સચ્ચિદાનંદ સંપ્રદાયના સ્વામી રાધિકાદાસજી અને મુલુંડના ડો. પોપટલાલ જે પોપટલાલ ભગત તરીકે જાણીતા થયેલા-એ બધા સંતો અને ભકતો કેવળ આ સમાજની નહિ, માનવજાતની મૂડી છે.

આ જ્ઞાતિમાં સંગઠનની ભાવના સંસ્કારમાં મળેલી છે. જ્ઞાતિજનોને ઉપયોગી થવાની ભાવના બીજા માટે પણ અનુકરણીય છે. આ સંગઠનને ટકાવી રાખવા માટે લોહાણા મહાજનની જ્ઞાતિ સંસ્થાઓ જ્ઞાતિના ઉત્કર્ષ માટે હંમેશા કાર્યરત રહે છે. અખિલ કચ્છ લોહાણા મહાજન, દેશમહાજન અને લોહાણા મહાપરિષદ દ્વારા સમગ્ર ભારતને આવરી લેતી સંસ્થાઓ સમાજને પ્રગતિ તરફ દોરી જવા હંમેશા સક્રિય છે.

પુસ્તકોની શ્રેણી મોજુદ છે

આ જ્ઞાતિના ઇતિહાસની વિગતો આપતાં જુદા જુદા ઘણા પુસ્તકો લખાયા છે. ગાંગજી બારોટના ચોપડે લખાયેલ લોહાણા ઉત્પતિનો ઇતિહાસ ઉપરાંત કવિરાજ શિવજી પ્રાગજી બલિભદ્રનો લોહાણા ક્ષત્રિયોનો ઇતિહાસ, હિમુલાદી ખંડ-પુરાણમાં પાના ૨૯૧ પરનો જ્ઞાતિનો ઇતિહાસ, શિવજી ભાગચંદનો સારસ્વતોપ્યાખ્યાન અને ક્ષત્રિય, ઉત્પતિનો ઇતિહાસ, શ્રી હરૂભાઇ ઠક્કરની લોહાણા રત્નદીપ, જ્ઞાતિ ઉત્પતિના ઇતિહાસના ગ્રંથો છે તથા લોહાણા રત્નમાળામાં જ્ઞાતિમાં પ્રતિભાશાળી વ્યકિતઓના જીવનચરિત્રો આલેખાયેલા છે. લોહાણા મહાજનની વિગતો આપતું રતિલાલ માધવાણીનું ''લોહાણા મહાજન'' ઘણી ઉપયોગી માહિતી આપતા પુસ્તકો છે.

કચ્છ અને કચ્છ બહાર ફેલાયેલી આ જ્ઞાતિનો ભૂતકાળ જેમ ઉજળો છે તેમ વર્તમાનકાળે પણ તેઓ દરેક ક્ષેત્રે આગળ રહ્યા છે. કચ્છમાં તેમની વસતી અંદાજે ૪૦૦૦૦ થી ૪૫૦૦૦ની છે તથા વિદેશ સહિત કચ્છ બહાર તેમની વસતી અંદાજે ૧૫૦૦૦ જેટલી છે. □

■ ગાંધીધામ લોહાણા મહાજન, પ્લોટનાં ૩૭, વોર્ડનાં. ૧૨-બી ગાંધીધામ-કચ્છ.

ઇતિહાસનું એક ઉજળું પાનું- ભાટિયા

□ જટુભાઇ પનિયા

પ્રાચીન ભારતના છત્રીસ રાજવંશીય કૂળના રાજપૂતોમાં યદુવંશ સાથે જે જ્ઞાતિના મૂળ સંકળાયેલા છે એ ભટ્ટીકૂળમાંથી જેની ઉત્પતિ થઇ છે એ ભાટિયાઓ, કચ્છના ઇતિહાસનું એક ઉજળું પાનું છે. એમ કહેવાય છે કે, જેસલમીરની સ્થાપના કરનાર ભટ્ટીઓ ઇ. સ. ૧૩૧૬ના યુદ્ધમાં હારી જતાં એમને ત્યાંથી ભાગવું પડયું. લગભગ બે હજાર જેટલા કુટુંબો પંજાબ અને સિંધમાં જઇ વસ્યા અને ભાટિયાઓના નામે ઓળખાવા લાગ્યા. સિંધમાંથી કેટલાક કુટુંબો ઇ. સ. ૧૩૫૦ના અરસામાં કચ્છમાં આવ્યા અને અબડાસા તાલુકાના તેરા અને કોઠારા ગામમાં વસવાટ કર્યો.

એક બાજુ રણ અને બીજી બાજુ દરિયો- એ બેની વચ્ચે વસેલી કચ્છની વેરાન ધરતી માથે ઓટલાની છત હતી પણ રોટલાની ચિંતા કોરી ખાવા લાગી. આથી આજીવિકા માટે ધીમે ધીમે કોઠારા અને તેરામાંથી કેટલાય કુટુંબો માંડવી, મુંદરા અને અંજાર તરફ આવવા લાગ્યા.

રત્નાકર રીઝયો ને ઇતિહાસ સર્જાયા

સંવત ૧૬૦૫માં ભુજનું તોરણ રાવશ્રી ખેંગારજીએ બાંધ્યું, રાજ્ય હજી સ્થિર

થઇ રહ્યું હતું, વિકાસને ઝંખતી કચ્છની ઉજ્જડ ધરતી કોકની વાટ જોતી હતી. કચ્છની ગાદીએ આવેલા રાવ ભોજરાજજીની નજરમાં આ ભાટિયા કોમ વસી ગઇ હતી. ક્ષત્રિયનું લોહી હતું. સાહસ અને શૌર્ય એમને વારસામાં મળ્યા હતા. આવા સાહસશૂરા ભાટિયાઓને દરિયાઇ વેપાર તરફ વાળવામાં આવે તો દેશના વિકાસમાં એ સીમાચિહ્ન બની શકે એવું લાગતાં સિંધમાંથી અહીં આવી વસેલા ટોપણ હમીરજીનો રા'એ માંડવી બંદરના વિકાસમાં સહયોગ માગ્યો. ટોપણને રા'ની વાત ગમી. દરિયાલાલની દુઆ થાય, રત્નાકર રાજી થાય તો ભાટિયાઓનો એક ઇતિહાસ સર્જાય, એવું આર્ષદ્રષ્ટિવાળા ટોપણને ચોખ્ખું દેખાયું. ઇ. સ. ૧૬૨૨માં ટોપણે માંડવી બંદરના વિકાસમાં આગળ આવવા પોતાના જ્ઞાતિ ભાઇઓને કહ્યું ને પછી સર્જાયો કચ્છના આર્થિક અને સામાજિક પાસાને ઉજ્જવળ કરતો ઇતિહાસ. માંડવી બંદરેથી કચ્છના સૂરજ-ચંદરના વાવટાને ફરકાવતાં ભાટિયાઓના વહાણો વિદેશની ધરતી માથે વેપારના થાણા નાખવા માટે ઉપડયા. ને પછી તો સાગરપારના અરબસ્તાન, આફ્રિકા અને ચીનની ધરતી માથે ભાટિયાઓએ પોતાની કૂનેહ, આવડત, દરિયાવદિલી, સૂઝ અને બૂઝથી શાખ ઊભી કરી. એ દિવસોમાં દરિયાઇ રસ્તે ચાંચિયાઓનો ત્રાસ હતો. એટલે ભાટિયાઓના વહાણો એની આરમાર (લશ્કર અને તોપો સાથે) સાથે નીકળતા તેથી ચાંચિયાઓ પણ કચ્છના આ સૂરજ-ચંદરના વાવટાને જોઇને વાટ આપી દેતા હતા !

તો બીજી બાજુ હિન્દુસ્તાનના વિવિધ ભાગોમાં પણ તેમનું પ્રયાણ થયું. મુંબઇની ધરતી પર પહેલ-વહેલો પગ મૂકનાર જીવરાજ બાલુ કચ્છના ભાટિયા હતા. તે દિવસોમાં મુંબઇ હજી વિકાસ પામ્યું નહોતું. તા. ૨૩-૬-૧૬૬૧ના પોર્ટુગલની રાજકુમારીના લગ્ન ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ સાથે થતાં, પોર્ટુગલના રાજાએ આ મુંબઇનો ટાપુ પોતાની પુત્રીને ૧૬૬૨માં દાયજામાં આપતાં ઇંગ્લાંડે તેનો કબજો તા. ૧૮-૨-૧૬૬૫ના સંભાળેલ. ત્યાર પછી ચાર્લ્સે આ ટાપુ ઇસ્ટ ઇંડિયા કંપનીને મામૂલી કિંમતે વેંચી નાખ્યો. તે વખતે મુંબઇ હજી માછીમારોના પરામાંથી આગળ વધ્યું નહોતું. અરે ! ૧૮૮૧માં પણ હજી મઝગાંવ, કોલાબા, માટુંગા, વરલી, માહીમ, ગીરગામ અને ઓલ્ડ વુમન્સ આઇલેન્ડ મળીને સાત ટાપુઓનો જ વિસ્તાર ધરાવતો હતો !

એવા મુંબઇને માછીઓના પરામાંથી વિશ્વના નકશા પર એક સંસ્કાર કેન્દ્ર તરીકે લાવનારાઓમાં પારસીઓની સાથે ભાટિયાઓ પણ હતા. જીવરાજ બાલુ તો મજૂરી કરી કરીને આગળ વધ્યા હતા- અને ૭૩મા વર્ષે અવસાન પામ્યા ત્યારે એ જમાનામાં એ અધ-કરોડના આસામી હતા !

જ્યારે રા'એ ટોપણને 'શેઠ'નો ઇલ્કાબ આપ્યો

વિદેશો સાથેના વેપારના કારણે માંડવીને બંદરે ચોર્યાસી બંદરોના વાવટા ફરકવા લાગ્યા હતા. ભાટિયાઓએ અને લોહાણાઓએ કચ્છના માંડવી બંદરને સમૃદ્ધિના શિખરે પહોંચાડયું હતું. ટોપણને રા'એ 'શેઠ'નો માનભર્યો ઇલ્કાબ આપીને મહાજન તરીકે માન્યા એ દિવસ રા' અને રૈયત માટે કચ્છના ઇતિહાસમાં ગૌરવભર્યો હતો. ટોપણ શેઠે માંડવીમાં કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. લક્ષ્મીનારાયણનું પણ મંદિર બંધાવ્યું. ટોપણસર તળાવ પણ બંધાવ્યું અને એમ કરી સમાજ માટે એક ઉજળી પરંપરા ચાલુ કરી. જેને એમની જ જ્ઞાતિના અનેક સખી દાતાઓ અનુસર્યા અને બીજાઓને તે કારણે પ્રેરણા આપી. પંદરમી સદીના અંતમાં ભાટિયાઓ વલ્લભાચાર્યના સંપ્રદાયને અનુસર્યા. હવેલી પંથના ચુસ્ત અનુયાયી ભાટિયાઓ જેમ વેપાર-ધંધામાં અગ્રભાગે રહ્યા તેમ ધર્મ-ધ્યાનમાં પણ એટલા જ રત રહી શકતા હતા. અલબત્ત, મહારાજ લાયબલ કેસે ખળભળાટ મચાવી દીધો અને એને કારણે શેઠ લક્ષ્મીદાસ ખીમજી મહાન સુધારક તરીકે બહાર આવ્યા અને જ્ઞાતિમાં ઘર-ઘાલી ગયેલી અંધશ્રદ્ધાના મૂળિયાને હલાવી નાખ્યા. ૧૮૫૨માં કરસનદાસ મૂળજીએ પુષ્ટીમાર્ગીય મહારાજ વિષયક 'સત્ય પ્રકાશ' કાઢેલ તેનો પણ કોર્ટમાં કેસ ચાલેલ, પણ આ સુધારાવાદીઓના કારણે જ્ઞાતિ પણ જાગૃત થઇ અને અંધશ્રદ્ધાની નાગચૂડમાંથી આ જ્ઞાતિનો છૂટકારો થવા લાગ્યો.

દેશ-વિદેશમાંથી એ જે કાંઇ કમાયા તે ધનનો સદુપયોગ કરવાનો માર્ગ પણ આ કચ્છી ભાટિયાઓએ ચીંધ્યો. મુંબઇ અને આફ્રિકાને સમૃદ્ધ કરવામાં કચ્છના ભાટિયાઓનો ફાળો નાનોસૂનો નથી. વિદેશમાંથી લવીંગ, કાજુ, સાદડી, છાબડી વિગેરે ભરીને દામોદર આણંદજી, ગોરધનદાસ ખેતશી, જેઠા લીલાધર, પરસોત્તમ ધનજી ને કાકુભા જેસરાણીના વહાણો માંડવીને કિનારે લાંગરતા ત્યારે કાંઠો આખો જીવંત થઇ ઊઠતો હતો. માંડવીમાં હેડ ઓફિસ ને આફ્રિકા જંગબારને મોમ્બાસામાંને અરબસ્તાનના મસ્કતમાં પેટા બ્રાંચો !

અંધારિઆ ખંડ આફ્રિકામાં ભાટિયાઓએ પગ મૂકયો ત્યારે એ દેશના લોકો સાવ અજ્ઞાન અને અબૂજ હતા. આવડા વિશાળ દેશને કોઇ દોરનારો, સાચવનારો, રક્ષણ કરનારો રાજા ન હતો ! ભાટિયાઓએ મસ્કતના રાજાના પુત્રને આફ્રિકા તેડી જઇને ત્યાંનો રાજા બનાવ્યો. મસ્કતના રાજાએ વેપારમાં સુવિધા આપી એની આ વફાદારી તો જુઓ ! અંગ્રેજો હોત તો એ જાતે જ રાજા બની બેસત. પણ ગુણગ્રાહી કચ્છીઓ તો ઉજળા આચારે સંસ્કારના સિંચન કરવા નીકળ્યા હતા કૃણવન્તો વિશ્વ માર્યમૂની ભાવના સાકાર કરવા. રામજી પ્રાગજી અને કલ્યાણજી દોશીએ એ રાજા માટે મોટી ફોજ નિભાવી. ઇ. સ. ૧૮૪૦માં જંગબારના સુલતાને મહેસૂલની વસૂલાતનો ઇજારો કચ્છના ભાટિયા માધવજી ટોપણને આપ્યો. દશ વર્ષ સુધી એમણે આ કામ કર્યું. ૧૮૫૦માં આ ઇજારો મુંદરાના શેઠ જેરામ શિવજીની પેઢીએ રાખ્યો. આ પેઢીના મુનિમ અને સર્વે સર્વા એવા લધા દામજી. એના નામ અને કામ આજેય આફ્રિકાની ધરતી માથે સચવાઇ રહ્યા છે. ગુલામીના વેપારની નાબૂદી માટે, ત્યાંના લોકોમાં સંસ્કાર રેડવા માટે, ત્યાંના લોકોને પગભર કરવા માટે પોતાની જાતને ઘસી નાખનાર આ લધા દામજીએ જે કામ કર્યું એના કારણે કચ્છની ધરતીનું ઉજળું નામ આફ્રિકાનો ભૂલી શકે નહીં. કચ્છના રા'એ કેવળ માનવતાના નાતે આફ્રિકામાંથી ગુલામોનો વેપારને નાબૂદ કરવા માટે પોતાના દિવાન શાહબુદ્દીનને જંગબારમાં મોકલાવ્યા ત્યારે રા'ની આ ઇચ્છાને માથે ચડાવીને જેરામ શિવજીની પેઢીએ એના વાડામાંના સાત હજાર જેટલા ગુલામોને એજ વખતે મુકત કરી દીધા હતા. આફ્રિકાની ધરતી માટે એ દિવસ ખરેખર સોનાનો સૂરજ ઊગ્યાનો હતો ! ભાણના અજવાળાએ તે દિ' આ અંધારા ખંડને- કચ્છીઓના સંસ્કારે અજવાળ્યા હતા !

ચાર ગોકલદાસનું અનેરું પ્રદાન

ભાટિયા જ્ઞાતિમાં ચાર ગોકલદાસ થયા (૧) ગોકલદાસ તેજપાલ (૨) ગોકલદાસ બાંભડાઇ (૩) ગોકલદાસ હંસરાજ તથા (૪) ગોકલદાસ ખીમજી. માત્ર માંડવીને જ નહીં, મુંબઇને પણ ખોબલે ખોબલે દાન આપીને લોકોની સુખાકારી માટે, સમાજના ઉત્થાન માટે, દેશની પ્રગતિ માટે અગ્રેસર થયા છે. કોઠારાના શેઠ ગોકલદાસ તેજપાલે કોઠારાને તો શિક્ષણ સંસ્થાઓ આપીને સંસ્કાર્યા પણ મુંબઇમાં પણ જી. ટી. હાઇસ્કૂલ, જી. ટી. હોસ્પિટલ, લક્ષ્મીનારાયણ મંદિર, સંસ્કૃત પાઠશાળા, કન્યાશાળા અને આ બધાયમાં વિશિષ્ટ એવી જી. ટી. બોર્ડિંગ- જ્યાં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું સૌ પ્રથમ અધિવેશન યોજાયું. એ બધા જ બાંધકામોના દાતા જી. ટી. તરીકે આજે પણ સૌની જીભે રમે છે. આ જી. ટી. બોર્ડિંગે દેશને મહાન રાષ્ટ્રભકતો આપ્યા ને એ હતા મહાદેવ દેસાઇ, ભૂલાભાઇ દેસાઇ, સર પ્રભાશંકર પટ્ટણી, પરીક્ષિત લાલ મઝમુદાર, જસ્ટીસ ભગવતી, ડી. એન. દેસાઇ અને મોરારજી દેસાઇ જેવા નિષ્ઠાવાન, મૂલ્યનિષ્ઠ રાજકારણના હિમાયતી અને સાચા રાષ્ટ્રભકતોનું સર્જન આ બોર્ડિંગે કર્યું હતું. ૧૯૧૦ સુધી ઘાટકોપર એટલે મુંબઇનું એક સાવ નાનકડું પરૂં. વસતી પણ ૮૦૦ની માંડ હશે. આ પરામાં શાળા કરવાનો વિચાર રામજીભાઇ આશરને આવ્યો. એમણે રૂા. ૨૦,૦૦૦/-નું ટ્રસ્ટ બનાવીને ઘાટકોપરના મુખ્ય રસ્તે જે આજે મહાત્મા ગાંધી રોડ કહેવાય છે ત્યાં જમીન લીધી ને પતરાંના બે છાપરાં નાખીને નાનકડી ગુજરાતી શાળા ઊભી કરી. વિદ્યાર્થીઓ તાણીમેલીને માંડ માંડ ૨૪ સુધી થયા. માસ્તરને પગાર આપવા જેટલા પણ પૈસા નહોતા પણ આજે આ બીજમાંથી વટવૃક્ષ બન્યું છે ને રામજી આશર સંચાલિત વિદ્યાલયમાં આજે ૫૦૦૦ વિદ્યાર્થીઓ ને ૧૫૦ શિક્ષકો છે. ઘાટકોપરનું સંસ્કારધામ એ કચ્છી ભાટિયાની દેન છે.

ઠાકરશી પરિવારના ખીમજીભાઇએ આજથી ૧૨૫ વર્ષ પહેલાં મસ્કતમાં ખીમજી રામદાસની પેઢીની સ્થાપના કરી. ત્યારથી માંડવીના સેંકડો યુવાનોને પગભર કર્યા છે. તો આ પરિવારના ગોકલદાસ ખીમજીએ માંડવીને સંસ્કારી અને સમૃદ્ધ કરવામાં એમના નામ સાથે જોડાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, ઓડિટોરીયમ, સ્વીમિંગ પૂલ અને આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ એમનું પ્રદાન છે.

આવા જ ત્રીજા ગોકલદાસ શેઠ તે ગોકલદાસ હંસરાજ. ત્રણ ટુકર વિવિધલક્ષી વિદ્યાલય અને કન્યાશાળા, મફત ભોજનાલય એમના પુણ્ય નામની યશગાથા ગાય છે.

અને ચોથા ગોકલદાસ એટલે ગોકલદાસ ખીમજી બાંભડાઇ. સને ૧૯૨૫માં ગાંધીજીએ કચ્છની યાત્રા કરી. ગોકલદાસ બાંભડાઇ તે સમયે ગાંધીજીના પરિચયમાં આવ્યા. ગાંધીજીની વિચારસરણીનો ઊંડો પ્રભાવ એમના પર પડયો- ગાંધીજીની સલાહથી ઇ. સ. ૧૯૨૬માં રૂા. ૩૦,૦૦૦નું ટ્રસ્ટ બનાવીને હરિજન છાત્રાલય પોતાના યુવાન પુત્રની પુણ્ય સ્મૃતિમાં સ્થાપ્યું. પ્રખર હરિજન સેવક, ચુસ્ત ગાંધીવાદી, સ્વાતંત્ર્ય સેનાની, વનસ્પતિશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને જ્ઞાનસભર ઉપયોગી ગ્રંથોના રચયિતા આ ગોકલદાસ એટલે ભાટિયા જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર ''કચ્છના ગાંધી.'' ઉદાર દિલ સખી દાતાઓની નામાવલીમાં વલ્લભદાસ કરસનદાસ નાથા

અને ડૉ. માધવદાસ કે. ઠાકરશીનું નામ કચ્છ અને કચ્છ બહાર આજે પણ એટલું જ સન્માનીય છે.

માંડવીને સંસ્કાર નગરી બનાવવામાંયે ફાળો

માંડવીને સંસ્કાર નગરી બનાવવામાં ભાટિયાઓનો ફાળો મોટો છે. પ્રસૂતિ ગૃહો, સ્મશાનગૃહ, પ્રાથમિક શાળાઓ, કન્યાશાળાઓ, સાર્વજનિક દવાખાનાઓ, આંખ માટેની હૉસ્પિટલ, સાર્વજનિક બાલાશ્રમો, સાર્વજનિક બાગ-બગીચાઓ, લેબોરેટરી, ધર્મશાળાઓ અને સમયને સાચવવાની શીખ આપતા ટાવર સહિતની સુવિધાઓ દ્વારા શણગારીને સંસ્કારનારા ઉદાર ભાટિયા પરિવારોના નામો કયારે પણ ભૂલાય તેવા નથી. જીવદયા માટે જીવ પરોવીને માંડવી પાંજરાપોળમાં ૩૬ વર્ષ સુધી પ્રમુખપદે રહેનારા માંડવીના પ્રેમજી દ્વારકાદાસ આશર ઉર્ફે ભાભા શેઠનું નામ કયારે પણ લોક સ્મૃતિમાંથી ભૂંસાય નહિ તેવું જડાયેલું છે. ૧૯૨૫માં ગાંધીજીની માંડવી યાત્રા વખતે સવર્ણો અને હરિજનો વચ્ચે કડવાશ ઊભી થઇ ત્યારે ગાંધીજીની પડખે ઊભા રહેનારા ગોકલદાસ બાંભડાઇની સાથે ભાભા શેઠ પણ હતા. રાજાશાહીના વખતના માંડવી નગરસભાના પ્રથમ નગરપતિ લક્ષ્મીદાસ લાલજી ટોપરાણી. રાજાશાહીના સમયમાં મોટર વસાવવી હોય કે વિકટોરિયા ગાડી રાખવી હોય તો તેની પણ પરવાનગી મેળવવી પડતી. કલ્યાણજી ઊકાને રા'એ એવી પરવાનગી આપી હતી. માંડવીમાં જીનપ્રેસનો પાયો નાખનાર જયસિંહ વિશનજી તેલની મિલ નાખનાર જીવણદાસ સરૈયા, ખનિજ ઉદ્યોગમાં ઝંપલાવનાર પહેલા ઉદ્યોગપતિ મૂળજી જીવણદાસ શેઠ, આ ગૌરવવંતી જ્ઞાતિના નબીરાઓ હતા. મોઝામ્બિક (આફ્રિકા)માં દામોદર આણંદજીની પેઢી આજે પણ ચાલુ રહી છે- એ પેઢીના નાખનારા પણ માંડવીના ભાટિયા. માંડવીના જ આવા એક સુપુત્ર લક્ષ્મીદાસ રવજી સંપટને ભૂલી શકાય નહીં. ૧૮૬૨માં જન્મેલા ૧૮૯૭માં ઈંગ્લાંડ ગયેલા અને ૧૯૦૦માં બેરીસ્ટર થઇને દેશમાં પાછા આવેલા લક્ષ્મીદાસ કચ્છમાં પોલીસ કમિશ્નર તરીકે નીમાયા. રહ્યા તો ત્રણ વર્ષ માટે જ એ જગ્યાએ પણ એ ત્રણ વર્ષમાં મિયાણા અને વાઘેરોને સીધાદોર કરી દીધા. એ કારણે એમની કીર્તિ અન્ય રજવાડાઓમાં પણ ફેલાઇ ગઇ. તેને કારણે રાજસ્થાનના જેસલમેરના એ દિવાન બન્યા. જેસલમેર તો ભાટિયાઓનું પિતૃક રજવાડું. ત્યાં વહીવટને કાર્યક્ષમ બનાવ્યો અને રાજ્યને પુરાંતવાળું બનાવ્યું. તે પછી જોધપુરના ચીફ સેક્રેટરીના પદે ગયા. અને જેસલમેરમાં દિવાન તરીકે તેમના ભાઇ મોરારજીને રાખવામાં આવ્યા. માંડવીમાં એ બેય ભાઇઓની ઓળખ આજે પણ એમના હુલામણા નામે સચવાઇ છે. લક્ષ્મીદાસ એટલે 'મીઠોભા' અને મોરારજી એટલે 'મમુભા.' લક્ષ્મીદાસ સંપટની માલિકીનો બંગલો હજી પણ જોધપુરના રાયકાબાગ વિસ્તારમાં ઊભો છે ને ઉજળા ઇતિહાસની સાખ પૂરે છે. કચ્છના રાજ કુટુંબીઓ જેને ''મામા'' તરીકે માન આપતા હતા એ અંજારના ભાટિયા ત્રિકમદાસ જીવણદાસ સંપટે તો રાજકુટુંબને મુંબઇમાં રહેવા માટે ''દરિયા મહેલ'' નામે વિશાળ બંગલો બંધાવી આપ્યો હતો અને રાજકુટુંબમાં લગ્ન પ્રસંગે તેઓ મામા તરીકે મોસાળું પણ કરતા હતા. અંજારને ડી. વી. હાઇસ્કૂલ અને રતનબાઇ ધર્મદાસ વલ્લભદાસ કન્યાશાળા આપનાર શેઠ ધર્મદાસ વલ્લભદાસ અંજારના સખી દાતા હતા. અંજારના સાકરબાઇ રણછોડદાસ ટ્રસ્ટનો પણ ઇતિહાસ છે. જેમ્સ મેકમર્ડો અંજારમાં ભૂરિયા બાવા તરીકે આવી રહ્યો હતો ત્યારે બાવો જાણીને એની સેવા-ચાકરી અંજારના શેઠ રણછોડદાસે કરી હતી- એ ભૂરિયો બાવો- અંજારનો હાકેમ બન્યો ત્યારે રણછોડદાસને માનપાનથી નવાજીને જમીન ભેટ આપી હતી એ જમીનનું આ ટ્રસ્ટ બન્યું છે.

કચ્છના પેરિસ મુન્દ્રામાં ભાટિયાઓનો ડંકો

મુન્દ્રા એટલે કચ્છનું પેરિસ. પણ તેને પેરિસની સ્થિતિએ પહોંચાડનારા હતા ભાટિયાઓ. જૂના જમાનાને યાદ કરો તો મુન્દ્રાના ઇબજી શિવજી ને જેરામ શિવજીના નામ પહેલાં આવે. જંગબારમાં એમના નામનો ડંકો વાગે. આ કુટુંબના દામોદર જેરામ તો 'હેડ ઓફ ધી હિન્દુ ફેમિલી' તરીકે જંગબારમાં પ્રસિદ્ધિ પામ્યા હતા. મુન્દ્રામાંનું જેરામસર તળાવ, સાર્વજનિક ધર્મશાળા એ આ કુટુંબની દેન છે તો આ પરિવારના હાલે લંડનમાં વસતા લક્ષ્મીદાસ નારાણદાસ સ્વાલીને તો બ્રિટીશ સરકારે એમ. બી. ઇ.નો ઇલ્કાબ આપ્યો છે. મુન્દ્રાનું 'હંસ ટાવર' એ હંસરાજ મૂળજી મોરારજીની દેન છે. મુન્દ્રાનો 'નવલખો બંગલો' તરીકે પ્રસિદ્ધિ પામેલો બંગલો પણ ભાટિયા શેઠ લક્ષ્મીદાસ લધાનો બંધાવેલો છે. આર્ય સમાજના સિદ્ધાંતોના પ્રચાર કાર્ય માટે ગાંધીધામ આર્ય સમાજને વાહન ખરીદવા મોટી રકમનું દાન આપનાર શેઠ મોરારજી નેણશી આશર પણ મુન્દ્રાના છે.

વિદેશની ધરતી પર નામના મેળવનારાઓમાં શેફિલ્ડ (યુ. કે.)માં ટાઉન પ્લાનર તરીકે પ્રસિદ્ધિ મેળવનારા નરેન્દ્ર રતનશી બજરિયા મુન્દ્રાના; કુ. જિજ્ઞા જીતેન્દ્ર બજરિયા જેમણે ૧૯૯૪માં મિસ કેલિફોર્નિયા તરીકે વિજેતાપદ મેળવ્યું તે પણ મુન્દ્રાના, અમેરિકાની ગ્રેહામ ટ્રાવેલ્સ કંપનીમાં એક સામાન્ય મેસેન્જર તરીકે જોડાઇ આજે એ કંપનીના પ્રેસિડેન્ટ સુધી પહોંચેલા બિપિન ચત્રભુજ રામૈયા પણ મુન્દ્રાના ભાટિયા છે. કલાકૃતિઓનો ખજાનો ધરાવતા કલાપ્રિય શેઠ હરિદાસ કે. સ્વાલી દેના બેન્કમાં હેડકલાર્કથી કારકિર્દીની શરૂઆત કરીને હાલે જનરલ મેનેજર સુધી પહોંચેલા છે.

કચ્છની વસતી ૩ હજાર- વિશ્વમાં એક લાખ

સમગ્ર કચ્છમાં આશરે બેથી ત્રણ હજારની વસતી ધરાવતા ભાટિયાઓની વિશ્વવ્યાપી વસતી એકાદ લાખની અંદાજવામાં આવી છે. વસતીની દ્રષ્ટિએ ભારતમાં ઓછામાં ઓછી વસતી ભાટિયા જ્ઞાતિની છે- પણ આટલી નાની જ્ઞાતિ હોવા છતાં વિશ્વના વ્યાપાર ક્ષેત્રમાં એનું નામ અને કામ ઊંચા રહ્યા છે- એ આ જ્ઞાતિની સર્વોચ્ચ વિશિષ્ટતા છે.

ધર્મપરાયણ આ જ્ઞાતિના સંસ્કાર અને રીતરિવાજો પણ ઉલ્લેખનીય છે. બાળક મોટું થાય અને અભ્યાસ યોગ્ય બને ત્યારે યજ્ઞોપવિત અપાય છે. ગાયત્રી મંત્રની દીક્ષા લે છે અને ત્રણ દોરાવાળું જનોઇ પહેરે છે. ભૂતકાળમાં લગ્ન વખતે કન્યા ડોલીમાં બેસી સાસરે પૂખવા જતી તેને 'છકી' કહેતા. તે સાથે કન્યાના ભાઇ ખુલ્લી તલવાર લઇને રક્ષા કરવા જતા. છકી પછી વરરાજા ઘોડે ચડી વાજતેગાજતે કન્યાના બાપને ઘેર આવે, ત્યાં વરને પોંખવામાં આવે. તેમાં રવૈયો, ત્રાક, વેલણ, ઘૂંટડી વિગેરે વરરાજાને બતાવવામાં આવે. એનો ભાવ સંસારમાં ગૃહસ્થાશ્રમનો ભાર ઊઠાવવો મુશ્કેલ છે એ દર્શાવવાનો છે. પણ વરરાજા તો પરણવા જ આવ્યા છે તેથી સાસુ નાક પકડતી... હવે જો કે જમાના પ્રમાણે આ નાક પકડવાનું ઓછું થતું જાય છે. કારણ કે આજના યુગમાં સહિષ્ણુતા ઘટતી જતી હોવાથી આવા મંગલ પ્રસંગે વરરાજાના રૂસણાથી ભવિષ્યમાં મુશ્કેલીઓ સર્જાય છે. સીમંતનો પ્રસંગ હોય ત્યારે એ ભારે ધામધૂમથી અને ઉત્સાહથી ઉજવાય છે.

આર્થિક અને સામાજિક ક્ષેત્રે જેમ કચ્છના ભાટિયાઓનું નોંધનીય પ્રદાન છે તેમ ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં પણ એમનું પ્રદાન ઓછું નથી. આમેય માંડવી ક્રાંતિકારી નગરી ગણાતી આવી છે. માંડવીના ગોકલદાસ બાંભડાઇનું આ ક્ષેત્રે પ્રદાન ગૌરવભર્યું રહ્યું છે તો એમની સાથે ભાભા શેઠનું પણ નોંધનીય પ્રદાન રહેલ છે. અંજારના જમનાદાસ ત્રિકમદાસ ગાંધીને તો આ લડતના કારણે કેટલું શોષવું પડયું છે. શારીરિક રીતે કેટલો ત્રાસ ખમવો પડયો છે એ એમના વિશે થોડુંક જાણનારને પણ અરેરાટી ઉપજાવે એવી એમની જીવન કહાણી છે. પણ આ ક્ષેત્રે આદરણીય નામ છે માવજીભાઇ ધરમશી વેદનું. માત્ર ૩૯ વર્ષનું આયુષ્ય ભોગવનાર માવજીભાઇએ ગાંધીજીના સિદ્ધાંતોને જીવનનો પર્યાય બનાવ્યો હતો. ગાંધીજીની મનોભાવનાને અગ્રીમ રીતે ગઢશીશા જેવા ગામડાના એક ખૂણે બેસી યથાશકિત સેવા- ગામલોકોની અમીદ્રષ્ટિ નીચે કરવાનું સૌભાગ્ય એમને પ્રાપ્ત થયું હતું. નોકરી કરી ત્યાં સુધી ગાંધી સેવા સંઘ પાસેથી માસિક માત્ર રૂા. ૧૫/-ની આજીવિકા લઇને કામ કર્યું. ગાંધીજીના પ્રભાવ અને પુરૂષાર્થ થકી થતી પ્રગતિ માત્રથી સંતોષ નહીં માનતાં એમણે ભારતના સામાન્ય નાગરિકનું વૈચારિક અને વ્યકિતગત જીવનસ્તર જેટલું ઊંચું આવે- એવી ઉદાત્ત ભાવનાવાળા માવજીભાઇ એટલે કચ્છના ભાટિયા જ્ઞાતિના અણમોલ આદમી હતા જેના મૂલ ન થાય.

સાહિત્યના ક્ષેત્રે અંજારના ડુંગરશી ધરમશી સંપટ, જેરામભાઇ જેઠાભાઇ નયગાંધી, ગોકલદાસ બાંભડાઇ, માંડવીના મોરારજી મથુરાદાસ કામદારના પુસ્તકોમાંથી એમની વિદ્વતા ડોકાતી જણાઇ આવે છે. તો સાહિત્ય અને નાટય જગતના પ્રાગજી ડોસા, એમના ભાઇ ક્રિકેટના આંકડાશાસ્ત્રી આણંદજી ડોસા, સસ્તું સાહિત્ય સાથે સંકળાયેલા પ્રખર અર્થશાસ્ત્રી મનુ સુબેદાર, ભારતના પ્રસિદ્ધ કાર્યકર રતનશી ચાંપશી, સાહિત્ય સ્વામી ચાંપશી ઉદેશી, પ્રસિદ્ધ વાર્તાકાર સરોજ પાઠક, સિંધિયા સ્ટીમ નેવીગેશનવાળા સુમતિબેન મોરારજી, દેશી નાટકના તખ્તાને ગજવનાર રંગભૂમિના રાજા તેરસિંહ ઉદેશી, પ્રખ્યાત રાજનીતિજ્ઞ રતનશી રાજડા, રંગભૂમિ, ફિલ્મી જગત અને ટી. વી. શ્રેણીઓના ચરિત્ર અભિનેતા મૂળરાજ રાજડા, ફિલ્મ જગત અને ટી. વી. શ્રેણીઓની પ્રસિદ્ધ અભિનેત્રી 'મિસ ઇન્ડિયા'- ખિતાબધારી સ્વરૂપ સંપત, સુગમ સંગીત અને ગરબા જગતને મધુર તર્જ આપનાર કિરણ સંપત, આઇ. એન. ટી.ની નાટય પ્રવૃત્તિના સૂત્રધાર બચુ સંપત, પ્રસિદ્ધ મહાભારત શ્રેણીમાં સમયનો અવાજ આપનાર હરિશ ભીમાણી અને યુ. કે.માં ભારતીય સંગીતના ઉપાસક માંડવીના ચંદુભા મટાણી- જેવા કેટલાક ઉલ્લેખનીય નામો આ જ્ઞાતિના રત્નોના છે. જગ્યાના અભાવે અહીં ન સમાવી શકાયેલા બીજા કેટલાય ઉલ્લેખનીય નામો થકી આ જ્ઞાતિ ઉજળી છે.

પલટાતા સમયની અસર આ જ્ઞાતિ પર પણ થઇ છે. જૂના રીત-રિવાજોને સ્થાને આધુનિક વિચારો અપનાવાય છે. આમ છતાં ભાટિયા કોમમાં દેવાંશી ક્ષત્રિય રાજપૂત લોહી રહ્યું છે. તેથી ધીરતા ને વીરતા સાથે ઉદારતા ભળી તેથી સોનામાં

સુગંધ ભળ્યા જેવું થયું. ધર્મી, કર્મી અને મર્મી એવી આ જ્ઞાતિનું સ્થાન કચ્છની જ્ઞાતિઓમાં વિશિષ્ટ છે- એ એના નામ અને કામ થકી પોતે તો ઉજળી છે, દેશને પણ ઉજળાવનારી રહી છે. □

■ કલ્યાણેશ્વર મંદિર પાસે, માંડવી-કચ્છ

ધર્મ સહિષ્ણુતાને સાચવનારા મેઘવાળ-હરિજન

□ કાનજી ખેંગાર કોચરા

ગરવી ગુજરાતમાં જનસંખ્યાની દ્રષ્ટિએ પાંખી વસતી ધરાવતો કચ્છ બીજા કોઇ પણ જિલ્લા કરતાં જમીનનો વિશાળ વિસ્તાર ધરાવે છે. એવા એ વિશાળ વિસ્તારમાં કયાંક વધુ સંખ્યામાં તો કયાંક ઓછી સંખ્યામાં વસતી મેઘવાળ- હરિજન કચ્છની એક વિશિષ્ટ ગણી શકાય તેવી જાતિ છે.

મેઘવાળ જાતિની ઉત્પત્તિની અનેક કથાઓ પ્રચલિત છે પણ સર્વ સામાન્ય માન્યતા એવી છે કે મેઘ ઋષિના એ વંશજ છે. ગણેશીયા, રિશીયા, રિખીયા કે રખીયા તરીકે ઓળખાવાતા મેઘવાળ એક સમયે સમાજ માટે ઉપકારક ગણાયા હોવા છતાં તેઓ સમાજ દ્વારા ઉપેક્ષિત ગણાતા હતા.

મહેશ્વરી, મારવાડા, ગુજરા અને ચારણીયા

મેઘવાળ જ્ઞાતિના મુખ્યત્વે ચાર વર્ગ છે : (૧) મહેશ્વરી અથવા કચ્છી મેઘવાળ- સિંધમાંથી આવ્યા, (૨) મારવાડા- મારવાડમાંથી આવ્યા, (૩) ગુજરા અથવા ગોજરા- ગુજરાતમાંથી આવ્યા અને (૪) ચારણીયા- કછેલા ચારણો સાથે સંબંધમાં આવ્યા અને કાઠીઓના વખતમાં આવ્યા.

આ ઉપરાંત 'તુરી બારોટ' તરીકે પોતાને ઓળખાવતા હરિજન તુરીઓનો પણ એક વર્ગ કચ્છમાં અસ્તિત્વ ધરાવે છે. આ તુરીઓએ તો આપણી લોકનાટય-ભવાઇની પરંપરાને જીવાડી છે.

મહેશ- માતંગ દેવમાં અપૂર્વ શ્રદ્ધા ધરાવતા આ મહેશ્વરીઓ, માહેશ્વરી વાણીયાઓની જેમ પોતાની અટક જાળવી રાખી છે. આ મહેશ્વરી જ્ઞાતિમાં ૪૦ જેટલી પેટા અટકો છે, તેમ મારવાડામાં ૩૦, ગોજરામાં ૨૧ અને ચારણીયામાં ૧૮ પેટા અટકો સાથે વિશાળ ભૂ-ભાગ પર સ્થિત થયેલી આ મેઘવાળ જ્ઞાતિએ સમાજની ઉપેક્ષા સહીને ઉજળીયાત ગણાતા જનસમાજને સ્વચ્છ રાખવાની સેવા બજાવતી રહીને એમના સ્વાસ્થ્યની ચિંતા કરી છે.

મેઘવાળ જ્ઞાતિના જુદા જુદા વર્ગની ધાર્મિક દેવ-દેવીઓ ભલે જુદી જુદી હોય પણ ધર્મ સહિષ્ણુતાને સૌએ સાચવી છે. મહેશ્વરી માતંગ દેવના 'મહેશ' પંથને માને, મારવાડા પીથોરા પીરને માને, ગોજરા અને ચારણીયા રામાપીરને માને અને તુરીઓ શક્તિ માતાને માને તો પણ હિન્દુઓના દેવ-દેવીઓ અને મુસલમાનોના પીરો તરફ પણ સહિષ્ણુ ભાવે આદર ધરાવે છે.

જનસંખ્યાની દ્રષ્ટિએ મહેશ્વરીઓ આખા કચ્છમાં પથરાયેલા છે. તેમાંય કંઠી પટમાં (દરિયાઇ કંઠાર વિસ્તાર) તેમની વસતીનું પ્રમાણ વધારે છે. પ્રથમ ક્રમે ગાંધીધામ અને તે પછી માંડવી આવે. મહેશ્વરીઓ પછી મારવાડાઓની વસતી પણ આખા કચ્છમાં છે. ગોજરા અને ચારણીયાની સંખ્યા ઓછી છે પણ વાગડ અને અંજારમાં ગોજરાઓ બીજા વિસ્તાર કરતાં વિશેષ છે. જ્યારે ચારણીયાની વસતી મુખ્યત્વે મંજલ, મંગવાણા, વિજપાસર, નેત્રા અને નખત્રાણામાં છે. ભચાઉ તાલુકામાં વિજપાસર ગામ તો આખુંય ચારણીયાઓની વસતીવાળું છે.

ચારેય વર્ગના રીત-રિવાજ ભિન્ન છે

ચારે વર્ગના લોકોના રીત-રિવાજ અલગ અલગ છે તેમ પહેરવેશ પણ અલગ અલગ છે. ભાષાભેદે ગોજરા અને ચારણીઆઓએ તેમની ભાષાઓને સાચવી રાખી છે, પરંતુ બાકીના વર્ગના લોકોએ કચ્છી ભાષાને પોતાની માતૃભાષા ગણી છે. એટલું જ નહિ મામઇ દેવના આગમની ભાષા પણ કચ્છી છે. તેના પરથી કચ્છી ભાષા કેટલી પ્રાચીન છે તેનો પણ ખ્યાલ આપે છે.

તુરી બારોટ અલગ તરી આવે છે

આ બધાયમાં સૌથી જુદા તરી આવતા તુરી બારોટો છે. કચ્છમાં વાગડ વિસ્તાર તરીકે ઓળખાતા ભચાઉ અને રાપર તાલુકામાં તેમની વસતી વિશેષ છે. મેઘવાળ જાતિના 'માગણ' કહેવાતા આ તુરીઓ, મેઘવાળ જ્ઞાતિમાં સગાઇ-વિવાહના પ્રસંગે સારંગી વગાડીને ગીતો ગાય છે. વાળ-દાઢી બનાવવાનું કામ પણ તેઓ કરે છે. કમી-પશા ખાનારા (કમી કસબીઓને કચ્છ રાજ્યમાં ઇનામ અપાતી જમીન) આ તુરીઓની કુળદેવી ક્ષત્રિયોની કુળદેવી છે તેજ છે અને તેમની પેટા અટકો પણ સોલંકી, રાઠોડ, ચૌહાણ, પરમાર વગેરે છે. તેઓ ક્ષત્રિય કુળમાંથી ઉતરી આવ્યા હોય તેવો તેમનો ખ્યાલ છે. ચામુંડા, શક્તિ, ગાત્રાડ, મોમાઇ એ એમની કુળદેવીઓ છે.

કલાને જીવંત રાખનારા આ તુરી બારોટો તરગાળાની જેમ ગામડે ગામડે જઇને ભવાઇ અને નાટક ભજવે છે. હજારેક જેટલી સંખ્યામાં કચ્છમાં રહેતા આ તુરીઓની વધુ સંખ્યા વાગડમાં છે અને કચ્છની પડોશમાં આવેલા બનાસકાંઠામાં પણ એમની ઘણી વસતી છે.

માતંગ દેવ જેવા સમર્થ દેવ પુરૂષો જે જ્ઞાતિનું શિરછત્ર રહ્યા છે એ માતંગ દેવના લુણંગદેવ, લુણંગદેવના માતૈદેવ, માતૈદેવના મામૈદેવ, મામૈદેવના મતિયાપીર સુધીની પોતાની આસ્થાની ઉજવણી મહેશ્વરીઓ ભારે ભાવ અને શ્રદ્ધા સાથે કરે છે. ભુજમાં લાખોંદ પાસે આવેલ ચંદુવો ડુંગર, લુણી ગામના પાદરે આવેલ ગણેશનું મંદિર, બાગ ગામે આવેલ ચોસઠ જોગણીઓનું સ્થાનક, રાયધણપર પાસે આવેલ ત્રેંઇજારનું તીર્થ અને ગુડથર ગામે આવેલ મતિયાપીરનું મંદિર એ સમયે પણ સામાજિક ચેતના પ્રગટાવનારા મહામાનવના સ્થાનકો તીર્થ સ્થળો બની રહ્યા છે.

મેઘવાળોની મહત્તા કચ્છરાજે સ્વીકારી છે

કચ્છમાં મેઘવાળોની મહત્તા તો કચ્છ રાજ્યે પણ સ્વીકારી છે. કચ્છનો રાજા ગાદીએ બેસતો ત્યારે એમને તિલક મેઘવાળ કરતા. ભુજીયા ડુંગરની ટોચ પર આવેલા ભુજંગ નાગના મંદિરની પૂજાનો હક્ક પણ મેઘવાળોનો. માંડવી તાલુકાના બાગ ગામે ચોસઠ જોગણીઓના સ્થાનકનો વહીવટ રાજગોર બ્રાહ્મણો કરે છે પણ મેઘવાળોને એ સ્થાનકમાં પૂજા- અર્ચન કરવાની પ્રથમથી જ છૂટ રહેતી આવી છે. કચ્છની એ વિશિષ્ટતા રહી છે કે, અસ્પૃશ્યતાના એ જમાનામાં પણ કચ્છના રાજવીઓ માટે મેઘવાળ- હરિજનો અસ્પૃશ્ય નહોતા, ને એટલે જ દાદા મેકણે કહ્યું છે કે 'કુંકે વલી કોરીઉ ને કેંકે વલા વેઢ, (પણ) વલેંકના વલા મુંકે હકડ.ા ઢાઢી બ્યા ઢેઢ.'

સાહેબ પરંપરાના સંત ત્રિકમ સાહેબ, સંત તિલક સાહેબ જેવા સમર્થ સંતો જે જ્ઞાતિના કુળ-કમળ બન્યા છે એ જ્ઞાતિ પછાત કેમ રહી શકે? અસ્પૃશ્યતાના એ યુગમાં પણ જેને રાપરના લોહાણાઓના દરિયાસ્થાનમાં અંતિમ વિસામાનું સ્થાન મળ્યું- સમાધિ લીધી એ ત્રિકમ સાહેબ કચ્છના સમર્થ સંત હતા.

મામઇદેવે હજાર વર્ષ પહેલાં ભાખેલા આગમ ગુજરાતના આગમ સાહિત્યમાં તો આગવું સ્થાન ધરાવે જ છે પણ હજાર વર્ષ પહેલાં આવનાર સમય માટે એમણે જે કાંઇ કહ્યું તે આજે પણ સાચું પડે જ. સમર્થ દેવોના આશીર્વાદ પામેલ આ સમાજે સ્વબળે સંસારની આ કપરી ભોમકા માથે આત્મવિશ્વાસથી ડગ માંડવાનું શરૂ કર્યું તો સિદ્ધિના શિખર એમના ચરણને ચૂમતા થયા છે.

રાજાશાહીના વખતમાં કચ્છમાં હરિજન વણકરોના ઘેર ઘેર હાથશાળો ચાલતી હતી. એ હાથશાળામાં ઇલાચો નામે કાપડ વણાતું હતું. 'ઇલાચા'ની તે સમયમાં ઘણી જ માગ રહેતી હતી. કણબી, મુસલમાન, સંઘાર, કોળી, પારધી વગેરે ઘણી જાતિના લોકો પહેરવાના કાપડમાં ઇલાચાને વાપરતા હતા.

ઇલાચા વણાટમાં નિપૂણતા

સૂતરના રંગબેરંગી ૧૨૦ ગજ લાંબા તાંતણાના તાણાને કચ્છીમાં અડડો કહે છે. એવા એક તાણમાં છ તાકા હોય. એક તાકો ૨૦ ગજ કાપડનો થતો. જુદી જુદી આકર્ષક ડીઝાઇનો સાથે તૈયાર થતો આ ઇલાચો એમાં કાળી સળી, ધોળી સળી, રાતી સળી, ધોળો પટો, લીલો પટો, પાંચ પટો, કટારીયા, કેળાફળી વગેરે અનેક ડીઝાઇનો ઉપસાવવામાં આવતી. આજે હવે નામશેષ થયેલો ઇલાચો તો ક્યાંક જ જોવા મળે છે. ભુજોડીમાં વણાટ ઉદ્યોગનો વિકાસ થયેલ છે ત્યાં પણ 'ઇલાચો' વણાતો નથી. જો કે માંડવીમાં ખાનગી પેઢી દ્વારા ઇલાચાનું વણાટકામ કરાવવામાં આવે છે.

છતાં વણાટ કામમાં ભુજોડી અને કુકમાના હરિજનોએ સારી પ્રગતિ કરી છે એટલું જ નહિ, તેમને ભારતના સર્વોચ્ચ એવા રાષ્ટ્રપતિના હસ્તે કમનીય કલાની કદરરૂપે રાષ્ટ્રીય એવોર્ડો પણ મળ્યા છે. બન્ની વિસ્તારમાં આ જ્ઞાતિના સમર્થ કલાકારો કેવળ રાષ્ટ્રીય ફલક પર નહિ, આંતરરાષ્ટ્રીય ફલક પર પણ પગ મૂકી શકયા છે. લાકડા કામમાં ડુમાડાના હીરા ભીમા કે ભસર ભૂરા જેવા કલાકારોને યાદ કરી શકાય. આંગળીના ટેરવે, સુંદર રેખાંકનો કરીને લીંપણ કળાને ભીંત ઉપર જીવંત કરી શકે છે. નિરોણાના વાઢાઓની લાકડા પરની કોતરણી પણ અનુપમ ગણાય એવી છે.

શૈક્ષણિક ક્ષેત્રે જાગૃતિ આ સમાજના પ્રગતિની પારાશીશી બની રહી છે. આજે ઊંચા હોદ્દા સુધી પહોંચેલા જુદા જુદા ભાઇઓ- બહેનોની પ્રગતિ શિક્ષણ પ્રત્યેની જાગૃતિને આભારી છે. રાજકીય ક્ષેત્રે ધારાસભ્યના પદ પામેલા વીરજીભાઇ દાફડા, મેઘજીભાઇ મોથારીયા, વાલજીભાઇ દનીચા, પરબતભાઇ સોધમ આ જ્ઞાતિ માટેનું ગૌરવ બની શક્યા છે. પાકિસ્તાનમાં ઝુલ્ફીકાર અલી ભૂટ્ટોના પ્રધાનમંડળ વખતે ધારાસભ્ય તરીકે રહી ચૂકેલા જીવરાજ ગડણ પણ કચ્છના હતા. આ જ્ઞાતિ જેને ધાર્મિક ગૌરવ ગણે છે એવા સાત યજ્ઞો પાકિસ્તાનમાં કરનારા વેલજીભાઇ વણઝારા પણ કચ્છના મેઘવાળ જ્ઞાતિના હતા.

સમયના પથ પર પ્રગતિના પદચિહ્ન અંકિત કરીને આત્મવિશ્વાસ સાથે આગળ વધતી કચ્છની મેઘવાળ- હરિજન જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ જેમ જેમ વધવા માંડયું તેમ તેમ જાગૃતિ આવી, જે હવે એ દિશામાંની પ્રગતિ એમની ઉન્નતિની સીડી બની શકે એવું ચોખ્ખું દેખાઇ રહ્યું છે. □

■ ૩૮૪, અંબિકા નિવાસ, ગણેશનગર, ગાંધીધામ-કચ્છ

કલમ, કડછી અને બરછીના સ્વામી- નાગર

□પ્રબોધ માંકડ

નાગરો મૂળે કયાંના એ બાબતમાં ભલે મતમતાંતર હોય પણ વિદ્વાનોના મતે બીજા સૈકામાં તે ગુજરાતમાં વડનગરમાં આવ્યા હતા. ત્યાંથી તેઓ જુદે જુદે સ્થળે જઇ વસ્યા હતા અને જ્યાં રહ્યા તે સ્થળના નામથી ઓળખાતા થયા. વડનગરમાં રહ્યા તે વડનગરા, વિસનગરમાં રહ્યા તે વિસનગરા, તેવી રીતે સાઠોદરા, કૃષ્ણોરા, પ્રશ્નોરા અને ચિત્રોડા એમ છ વર્ગમાં તે વહેંચાયેલા છે.

કચ્છમાં નાગરોનું આગમન સોળમાં સૈકામાં

કચ્છમાં નાગરોનું આગમન સોળમા સૈકામાં કચ્છના રાવશ્રી ખેંગારજી પહેલાના સમયમાં થયાની નોંધ જૂના સર્વસંગ્રહમાં મળે છે. સૌ પ્રથમ કચ્છમાં આવનાર હતા વોરા ગોપાલજી. તેમની પછી આવનારાઓમાં અંતાણી અને ધોળકિયા અટકધારી હતા. વૈષ્ણવ, છાયા, હાથી, વૈદ્ય, માંકડ, પટ્ટણી, રાણા, ઝાલા, મારૂ વિગેરે અટકવાળા સંવત ૧૭૮૫ કે તે પછી આવ્યા.

નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વર છે. નાગરો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પોતાના ઇષ્ટદેવની સ્થાપના કરી મંદિરો ચણાવ્યા છે. કચ્છમાં પણ આવા મંદિરો છે તેમાં ભુજમાં બે તથા અંજાર, માંડવી, મુંદ્રા, ભચાઉ, લખપત, નાગલપર તથા માનકૂવામાં એક એક મંદિર છે. કચ્છમાં નાગરો મુખ્યત્વે વડનગર તથા વિસનગરથી આવેલા છે. વિસનગરા નાગરોમાં સદાફળ વ્યાસ પહેલા આવ્યા હતા. પાછળથી તેમની પેઢી ભટ્ટ તરીકે ઓળખાય છે. કચ્છમાં વિસનગરા નાગરો મુખ્યત્વે બે જ કુટુંબના વંશ જ છે. તે ભટ્ટ અને બક્ષી તરીકે ઓળખાય છે. નાગરો બે વર્ગમાં વહેંચાયેલા છે તેમાં એક વર્ગમાં નાગર ગૃહસ્થ અને બીજા વર્ગમાં નાગર બ્રાહ્મણોનો સમાવેશ થાય છે. નાગર બ્રાહ્મણોમાં પાઠક, શુકલ, પંડયા અને આચાર્ય અટકધારી છે. તેઓ માત્ર નાગરોમાં જ યજમાનવૃત્તિ કરે છે. બીજી કોઇ જ્ઞાતિમાં તે યજમાનવૃત્તિ કરતા નથી. વડનગરા નાગરોની ખાસિયત ગણનાપાત્ર છે ને તે છે એક પત્નીવ્રત અને કન્યા વિક્રય કે નર વિક્રય નહીં.

ભુજમાં ગુજરાતની પહેલી નવલકથા લખાઇ છે

આ જ્ઞાતિમાં લગભગ શિક્ષણનું મહત્ત્વ પ્રથમથી જ રહ્યું છે. બહેનો સુદ્ધાં લગભગ શિક્ષિત વર્ગ જોવા મળે. સંસ્કૃત પ્રીતિના કારણે તેમના શબ્દોચ્ચાર પણ સ્પષ્ટ અને શુદ્ધ, વાણી અને વર્તન શિષ્ટતાભર્યું. વહેવારમાં ચતુર, બુદ્ધિપૂર્ણ અને ગુણસભર સંસ્કારિતા. શિક્ષણ ક્ષેત્રે પ્રથમથી જ આગળ રહેલ આ જ્ઞાતિએ એટલે જ સમર્થ સાહિત્ય સર્જકો આપ્યા છે. ગુજરાતીમાં સૌથી પહેલી નવલકથા કરણ ઘેલો- અને તે લખાઇ કચ્છ ભુજમાં. તેના લેખક નંદશંકર તુલજારામ નાગર હતા. તે કચ્છ રાજ્યના દીવાન હતા ત્યારે આ નવલકથા ભુજમાં લખી.

સાગર કથાઓના અનોખા સર્જક ચંદ્રશંકર અમૃતલાલ બૂચ- ''સુકાની'' પણ કચ્છના હતા. ગવરીશંકર જયશંકર વોરાસાત અભ્યાસી અને લેખક તરીકે જાણીતા છે. નવી પેઢીનું પણ સાહિત્ય ક્ષેત્રે વર્તમાનકાળે જે નોંધપાત્ર યોગદાન છે તેમાં ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત લેખકોમાં ગણના થઇ શકે તેવા વીનેશ અંતાણી અને રાજેશ અંતાણી મુખ્ય છે. શ્રી બિપિનભાઇ ધોળકિયા, હરેશભાઇ ધોળકિયા, કુન્દનલાલ ધોળકિયા, પ્રો. જીતેન્દ્ર અંતાણીના નામ સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર છે. તો ઇતિહાસ અને પુરાતત્વના અભ્યાસી એવી શ્રી કંચનપ્રસાદ છાયા, સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ તરીકે રહી ચૂકેલા છે. તે આ વિષયમાં આધાર રૂપ ગણાય છે.

તાર શરણાઇના શોધક વિનાયક વોરા

કેવળ સાહિત્ય સર્જનમાં જ આ જ્ઞાતિનો નોંધપાત્ર ફાળો છે એવું નથી. અભિનયના ક્ષેત્રે નાટકોની ભજવણીમાં પણ નાગર આગળ રહ્યા છે. સને ૧૮૧૬માં લક્ષ્મીદાસ કામદારે મહારૂદ્ર યજ્ઞ કરેલ ત્યારે ધોળકિયા તુલજારામે અભિનય ક્ષેત્રે બારોટના વેશમાં રહીને રજૂઆત કરી હતી.

ભવાઇની ભજવણી પણ સને ૧૮૭૩માં નાગરો તરફથી કરવામાં આવેલ હતી. અભિનય ક્ષેત્રે નજીકના ભૂતકાળમાં આ જ્ઞાતિના જે કેટલાક જાણીતા નામો છે તેમાં વોરા માર્કંડરાયનું નામ ખૂબ જ જાણીતું છે. ગભરૂલાલ અંજારિયાનું નામ પણ એટલું જ જાણીતું છે. હોળીના તહેવારોમાં પરંપરાથી વિમુખ થઇ ગયેલા લોકોને સાંસ્કૃતિક રીતે સાચી દિશામાં વાળવા માટે વસંતોત્સવની ઉજવણીનો આરંભ કરનારા પણ આ નાગરો હતા. ભુજમાં જ્યારે રેડિયો સ્ટેશનની શરૂઆત નહોતી થઇ ત્યારે શરદભાઇ અંતાણી રાજકોટ રેડિયો સ્ટેશનમાં સુગમ સંગીતના કલાકાર તરીકે કાર્યક્રમો આપતા હતા. તેમના ભાઇ નિરંજન અંતાણી સંગીતના દિગ્દર્શક તરીકે તથા રેડિયો અને ટી. વી. કલાકાર તરીકે એટલા જ જાણીતા છે. તેમના પુત્ર યશ અંતાણીનું નામ પણ દિગ્દર્શક તરીકે જાણીતું છે. ભારતેન્દુ માંકડ પણ ટી. વી.ના કલાકાર તરીકે જાણીતા છે. શાસ્ત્રીય સંગીતમાં અંજારના યોગેશચંદ્ર છાયાની ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણજીએ પણ પ્રશંસા કરેલી છે. સંગીતના ક્ષેત્રે નવા વાજીંત્રની શોધ કરવા સુધીનો ફાળો આ જ્ઞાતિનો છે. માંડવીના શ્રી વિનાયક વોરા- આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયા, અમેરિકા, લંડન અને ફિલ્મ જગતમાં પણ જાણીતી હસ્તી છે. તાર-શરણાઇ નામના વાજીંત્રની શોધ તેમની છે.

અનેક સંઘર્ષો વચ્ચે 'જયકચ્છ' જીવંત રાખનાર ફુલશંકર પટ્ટણી કચ્છના પત્રકારિત્વ ક્ષેત્રે અડીખમ પત્રકાર હતા. રાજાશાહીના વખતમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે તેમણે પત્રકારિત્વનો ધર્મ જાળવી રાખ્યો હતો અને 'છાપા'ને જીવાડયું હતું. તેથી જ તો આજે તેમના અવસાન પછી પણ તેમના વંશજોએ 'જયકચ્છ'ને ચાલુ રાખ્યું છે. કચ્છમિત્રના તંત્રી તરીકે રહેલા શ્રી નવીનભાઇ અંજારિયા તથા શ્રી ભાસ્કરરાય વિ. પંડયા અને બંસીલાલ છાયા પણ જાણીતા નામો છે. તો ડૉ. બિહારીલાલ નારાણજી અંતાણીએ વોઇસ ઓફ ઝાંઝીબાર શરૂ કરેલ જે આજે પણ આફ્રિકામાં ચાલુ રહેલ છે.

વહીવટી ક્ષેત્રે પણ આગવી પ્રતિભા

નાગરો પોતાની બુદ્ધિ પ્રતિભા, મુત્સદીગીરી અને યુદ્ધ કળામાં નિપૂણ હોવાના કારણે રાજકારણમાં હંમેશાં આગળ રહી રાજા-મહારાજાઓના, તેમની પ્રમાણિકતા અને વફાદારીના કારણે માનીતા રહ્યા છે, તેમ તેમના રોષનો ભોગ પણ બનતા રહ્યા છે. 'કલમ-કડછી અને બરછી' એ ત્રણેયમાં પ્રવીણ આ નાગરો રાજ્યોમાં દીવાન કે કામદાર જેવા માનકારી હોદ્દાઓ પર રહ્યા છે. કચ્છમાં ચત્રભુજ સાહિર ધોળકિયા ઇ. સ. ૧૭૩૦માં સૌ પહેલા દીવાન હતા. શેરબુલંદખાનની ચડાઇ વખતે તેમની બુદ્ધિશકિતને કામ લગાડીને યુદ્ધમાં વિજય મેળવ્યો હતો. રાવ રાયધણના અંધાધૂંધીના કાળમાં જમાદાર ફત્તેહમહમદના વિશ્વાસુ અને વફાદાર સલાહકાર જીગજીવન મહેતા વિસનગરા નાગર હતા. જમાદાર ફત્તેહમહમદ પછી તેમના છોકરાઓએ તેનું ખૂન કર્યું હતું. તેઓએ છેવટ સુધી વફાદારીથી પોતાની ફરજો બજાવી હતી. કચ્છની આર્થિક સ્થિતિ રાજ્યની સતત અવ્યવસ્થાને કારણે કથળી ગઇ હતી. ભાયાતો અને રાજ્ય વચ્ચે પણ મનમેળ નહોતો. અંગ્રેજોએ સૌરાષ્ટ્રમાં પોતાની સત્તાની જમાવટ કરી હતી તેવે સમયે રાજકારણમાં પ્રવેશ કરનાર લક્ષ્મીદાસ કામદાર એક જાજરમાન વ્યકિત હતા. કચ્છના રાજકારણથી અંગ્રેજોને શકય તેટલા દૂર રાખીને વહીવટ કરનાર લક્ષ્મીદાસ વિશે કહેવાય છે કે, ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ તેમની સંબંધિત કચેરીઓને અને અધિકારીઓને એવી સૂચના કરી હતી કે, 'કચ્છ રાજ્યની આંતરિક બાબતોમાં જે પત્રમાં લક્ષ્મીદાસ કામદારની સહી હોય તો તેવા પત્રને મહારાવના સહી-સિક્કા જેટલું જ મહત્ત્વ આપવું અને લક્ષ્મીદાસ કામદારના અભિપ્રાયને વજન આપવું.' માત્ર રાજાશાહીના વખતમાં જ નહીં, પછી પણ સરકારી નોકરીમાં નાગરોએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. હરિભાઇ સોમજી છાયા કચ્છ જિલ્લાના કલેકટર તરીકે હતા, આર. ઓ. વોરા સચિવાલયમાં નાયબ સચિવ તરીકે હતા, મહેશ શુકલ પણ

નાયબ સચિવ તરીકે નિવૃત્ત થયેલા. જળ સિંચન અને માર્ગ વહેવાર વિભાગના કચ્છના વડા તરીકે રહી ચૂકેલા હરિપ્રસાદ અંતાણી તથા પ્રભુલાલ વોરા તથા ઈશ્વરલાલ અંતાણીના નામો જાણીતા છે. તો ભુજના જળ સિંચન ખાતામાં શ્રી કનકચંદ્ર શાંતિલાલ અંતાણીને તો તેમની વિશિષ્ટ સેવાઓ બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક પણ મળેલ હતો. ફરજ પ્રત્યેની વફાદારી દાખવવામાં તેઓ જીવનની પરવા કરતા નથી. ઉમેદલાલ પટ્ટણીએ બહારવટીઆને પકડવા જતાં શહીદી વહોરી હતી.

માત્ર કચ્છમાં જ નહીં, દરિયાપાર પણ તેમનું નામ રહેલું છે. દક્ષિણ આફ્રિકામાં દારેસલામમાં ભુજના શાંતિલાલ આર. અંતાણીને બ્રિટીશ ગવર્નમેન્ટ તરફથી M. B. E.નો ખિતાબ મળેલ. તેમના પુત્ર યશેષચંદ્ર યુનાઈટેડ નેશનલ, વર્લ્ડ લાઈફ સંચાલિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર કોન્ઝરવેશન એજ્યુકેશન સંમેલન ઈંગ્લેન્ડમાં ભરાયું ત્યારે ભારતનું પ્રતિનિધિત્વ તમણે સંભાળ્યું હતું. તેમના પત્ની ઉમાદેવી ભરત નાટયમ્ ક્ષેત્રે આગળ પડતા છે. દિવ્યભાષ ચંદ્રકાંત અંજારિયા આ જ્ઞાતિના પ્રથમ M. B. A. થયેલા હાલે અમેરિકાની સિટી બેન્ક એથેન્સ (ગ્રીક)માં ઉચ્ચ હોદ્દે છે. શૈલેષ જે અંજારીયા ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (જીનેવા)માં ઉચ્ચ હોદો ધરાવે છે. ચંદ્રશંકર અમૃતલાલ બૂચ (સુકાની) જેમ દરિયાઈ ક્ષેત્રે ઊંચે હોદ્દે હતા તેવી જ રીતે અભિમન્યુ ચંદ્રશેખર, શશીકાંત એચ. બૂચ, ભગીરથ બૂચ તથા કિરીટકુમાર ધોળકિયા પણ કેપ્ટન જેવા ઊંચા હોદ્દા ધરાવતા હતા. અર્થશાસ્ત્રના ક્ષેત્રે પ્રોફેસર જે. જે. અંજારિયાનું નામ ભારતમાં જાણીતું છે તે પણ કચ્છના હતા. અને રવિન્દ્રરાય કરસનજી ધોળકિયા કચ્છની નાગર જ્ઞાતિના પહેલા પાયલોટ બન્યા હતા.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં ફાળો

સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળમાં પણ કચ્છમાં નાગરો આગળ હતા. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, કાંતિપ્રસાદ અંતાણી, ડૉ. બિહારીલાલ નારાણજી અંતાણી, માંડવીના સુબોધચંદ્ર અમૃતલાલ અંજારિયા, ભુજના કુન્દનલાલ ધોળકિયા, ફૂલશંકર પટ્ટણી, જમીયતરાય વૈદ્ય તથા અમૃતપ્રસાદ અંતાણીના નામો કચ્છની પ્રજાકીય ચળવળના ક્ષેત્રમાં તરત જ યાદ આવે. ગુલાબશંકરભાઈને તો ગાંધીજી, જવાહરલાલ નહેરૂ અને સરદાર પટેલ સાથે પણ નિકટવર્તી સંબંધો રાજકારણમાં એમની મહતા દર્શાવનારા છે. કચ્છના પ્રશ્નોના ઊંડા અભ્યાસી હોવાના કારણે તેઓ કચ્છની ચીફ કમિશ્નરની એડવાઈઝરી બોર્ડની કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે લેવાયા હતા. ડૉ. બિહારીલાલે પૂર્વ આફ્રિકાના જંગબારમાં શિક્ષક તરીકે જિંદગીની શરૂઆત કરી આગાખાનના મંત્રી સુધી પહોંચ્યા. ૪૧મા વર્ષે બારિસ્ટર થયા. આફ્રિકામાં શરૂ કરાયેલી તેમની રાજકીય પ્રવૃત્તિ કચ્છમાં કામ લાગી. જામનગરના વ્યાપાર મંત્રી તરીકે રહ્યાં, જવાહર સ્ટેટના દીવાનપદે પણ રહ્યા અને છેવટે ભારતની રાજ્યસભાના સભ્યપદે પણ રહ્યા. તે જમાનાના રૂઢિબંધનો તોડીને વિલાયત જવાના કારણે જ્ઞાતિએ તેમને નાત બહાર કર્યા હતા. કાંતિપ્રસાદ અંતાણી એટલે કચ્છનો જીવંત જ્ઞાનકોષ. ગાંધીજીની કચ્છ યાત્રા વખતે તેમના મંત્રી તરીકે આખા કચ્છના પ્રવાસમાં સાથે રહીને કચ્છની વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર આપેલ. હરિજન પ્રવૃત્તિના કારણે પ્રભુલાલભાઇ ધોળકિયાની જેમ તેઓ પણ નાત બહાર મૂકાયા હતા. કચ્છની જિલ્લા પંચાયતના પહેલા પ્રમુખ કાંતિપ્રસાદ અંતાણી હતા. માંડવીના સુબોધચંદ્ર અમૃતલાલ અંજારિયા વ્યવસાયે વકીલ હતા પણ સાચા અર્થમાં તે લોકસેવક હતા. કચ્છ ખાતેના એસ. ટી. બોર્ડના તે ડાયરેકટર તરીકે હતા. અનેકવિધ સંસ્થાઓ સાથે તે સંકળાયેલા હતા. શૈક્ષણિક ક્ષેત્રે સારસ્વતમ્ સંસ્થામાં પણ એમનું યોગદાન રહેલું છે. ૧૯૪૨ની રાજકીય ચળવળમાં ભાગ લઈને યરવડા જેલમાં જઇ આવેલા કુન્દનલાલ ધોળકિયા પ્રથમ મુંબઇ રાજ્યના વિધાનસભ્ય હતા- અને છેલ્લે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ હતા. કોઈપણ કચ્છીને આવું મોટું માન પહેલીવાર મેળવવાનું માન તેમને ફાળે ગયું હતું. અમૃતપ્રસાદ અંતાણી પણ યરવડા જેલમાં જઇ આવેલા. તેઓ મૂક સેવક તરીકે છેવટ સુધી સક્રિય રહ્યા હતા. લોકો માટે તેઓ ‘મામા’ તરીકે જાણીતા હતા. ગુજરાત વિદ્યુત બોર્ડના સલાહકાર સમિતિના સભ્ય હતા તથા પ્રવાસન નિગમના ડાયરેકટર તરીકે પણ સરકારે તેમની સેવાઓ લીધી હતી. શ્રી વિદ્યાકાંત પટ્ટણી વિદ્યાર્થીકાળથી જ રાજકારણના જીવ રહ્યા છે. ભારત તરફથી શાંતિ પરિષદના મિશનમાં તેઓ રશિયા ગયેલ હતા. ‘ખાવડા સત્યાગ્રહ’ નામે પ્રખ્યાત બનેલ ‘કચ્છ સત્યાગ્રહ’માં સક્રિય રહેલા બિહારીલાલ અંતાણી, કૃષ્ણલાલ માંકડ, ફૂલશંકર પટ્ટણી તથા જ્યોત્સનાબેન પટ્ટણી જેલમાં જઇ આવેલા હતા.

રમતગમત ક્ષેત્રે પણ પ્રદાન

રમતગમતના ક્ષેત્રમાં માંડવીના મહાસુખભાઇ વૈદ્ય, ગુજરાતમાં પણ પહેલવાન તરીકે જાણીતા હતા. તાંબા-પિત્તળના ત્રાંસ જાણે કાપડનો તાકો ચીરતા હોય તેમ ચીરી નાખતા. ક્રિકેટમાં અશ્વિન વોરા અને વોલીબોલમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કચ્છની નાની વયની કિશોરી ‘કેના ધોળકિયા’એ તો કચ્છનું ગૌરવ વધાર્યું છે.

નાગરી લિપિ જે દેવનાગરી તરીકે ઓળખાય છે તેનો આવિષ્કાર અને પ્રચાર નાગરોએ ભારતમાં કર્યો એમ રોયલ એશિયાટીક સોસાયટીના જર્નલ ઇ. સ. ૧૮૯૩માં બંગાળના નાગેન્દ્ર બસુએ પ્રતિપાદિત કરેલ છે. નાગર બ્રાહ્મણોએ નાગરી લિપિની રચના કર્યાનું કહેવાય છે.

ભુજમાં ૫૫૫ નાગરના ઘર અને ૨૫૦૦ની વસતી ૧૯૯૧ના આંકડા પ્રમાણે છે અંજાર, આદિપુર તથા ગાંધીધામની ૫૯૦ જેટલી સંખ્યા મળીને કુલ વસતી વડનગરાઓની ૩૦૦૦ જેટલી જ્યારે વિસનગરા નાગરના ઘર ૪૦ થી ૪૫ જેટલા જેની વસતી ૨૫૦ જેટલી ગણાય. વિસનગરામાં ‘ભટ્ટ’ અને ‘બક્ષી’ એ બે કુટુંબ જ મુખ્ય છે.

કચ્છને પોતાની આગવી સંસ્કૃતિ છે એ જાળવવામાં અને દરિયાપાર કચ્છની સંસ્કૃતિ ફેલાવી ‘બૃહદ કચ્છ’ બનાવવામાં અન્ય વ્યકિતઓની સાથે નાગરોનો ફાળો પણ મોટો છે. સમયની સાથે રૂઢિગત રીત-રિવાજો બદલતા રહ્યા છે એવી પરિસ્થિતિમાં પણ નાગરો પોતાની અસ્મિતા ટકાવી રાખી છે એ ગૌરવની વાત છે. □

■ ૨૦, એકતા સોસાયટી, ભુજ

સંસ્કાર-સંસ્કૃતિના રક્ષક બ્રાહ્મણ

□ બાલમુકુંદ વ્યાસ

કચ્છમાં વસતી વિવિધ જાતિઓમાં બ્રાહ્મણો સૌથી જૂના છે. જ્ઞાતિપ્રથાનો ઉદ્દભવ થયા પહેલાં પણ જેમનું અસ્તિત્વ વેદોમાં ઉલ્લેખાયેલ છે એવા બ્રાહ્મણો વર્તમાનકાળે ભલે જોવા ન મળે પણ સંસ્કાર અને સંસ્કૃતિના રખોપાં કરનારા તરીકે બ્રાહ્મણો એ માત્ર અતીતની ઘટના નથી. ‘કર્મકાંડ’ આજે માત્ર બ્રાહ્મણોનો ઈજારો ભલે રહ્યો ન હોય, પણ સમાજમાં ‘મારાજ’નું મોભાભર્યું સ્થાન તો હજીય જળવાઇ રહ્યું છે.

ચોર્યાસી જ્ઞાતિઓ અને એનીયે પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલા બ્રાહ્મણો વિશેની માહિતી પૂરી પાડતા જે કેટલાક ગ્રંથો -જેવા કે પૃથ્વીચંદ્રચરિત્ર, મિરાતે અહમદી, વસ્તુવૃંદ દીપિકા, બ્રાહ્મણોત્પતિ માર્તંડ, જુદા જુદા પુરાણો અને મહાભારતમાં - વિસ્તૃત ઉલ્લેખ જોવા મળે છે. તેથી જે તે જ્ઞાતિ કે પેટા જ્ઞાતિના ઉત્પાતિના ઈતિહાસમાં ન ઉતરતાં બ્રાહ્મણ જ્ઞાતિઓ વિશેની વિગત અહીં દર્શાવેલ છે.

કચ્છરાજના કુળગોર ; રાજ્યગોર

મૂળે ઔદિચ્ય જ્ઞાતિનો ફાંટો છે. કુળની લાજ સાચવવા ખાતર જામ લાખિયારની કોડભરી સાત કન્યાઓ તેમને યોગ્ય વર મળતો નથી તેવા કારણસર તેમના કુળગોર હરદાસે આપેલ બોધ સાંભળીને જીવતે બળી મરી તેના પ્રાયશ્ચિતમાં હરદાસ ગોરે પણ પોતાની પત્ની સહિત સંવત ૧૨૦૭ના મહાસુદ ૫ના અગ્નિસ્નાન કર્યું. પરંપરા પ્રમાણે તેની યજમાનવૃત્તિ ભાયાતોને મળવી જોઈએ પણ તેને બદલે તેના જમાઈઓને આપવામાં આવતાં ઔદિચ્યોએ તેમનો બહિષ્કાર કર્યો, તે પરથી રાજ્યગોર જ્ઞાતિ અસ્તિત્વમાં આવી. ત્યારથી તે કચ્છ રાજ્યના કુળગોર તરીકે રહ્યા છે. છેલ્લા ગોર સ્વ. હીરજી સુંદરજી હતા. તેમના વંશજોએ ગોરપદું નહિ સ્વીકારતાં તે હવે અન્યને અપાયું છે.

રાજ્યના ગોર તરીકે રાજ્યમાં આ જ્ઞાતિનું એક સમયે વર્ચસ્વ હતું. ઓધવજી હરભાઇ બાવા અને તેમની માતાજી રાજબાઇનું નામ રા ’રાયધણના સમયમાં ખૂબ જ જાણીતું હતું. તેમના વંશજોએ પણ રાજ્યમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. તેઓ પણ એક સામાન્ય જાગીરદાર જેવા જ હતા. પ્રાણશંકર બાવા રાજ્યમાં વહીવટદાર તરીકે હતા.

સાહિત્યક્ષેત્રે આ જ્ઞાતિના કવિ કેશવ, જીવરામ અજરામર, દામોદર અજરામર કોટડા-રોહાના લાલજી વિશ્રામ, એ જૂની પેઢીના જાણીતા સાહિત્યકારોનું અનુસંધાન કરનાર આજની પેઢીના ઉમિયાશંકર અજાણી, સ્વ. ધનસુખ અજાણી, રવિ પેથાણી, જયંતિ જોષી, જગદીશ ગોર તથા જયંતિ ગોરના નામો નોંધપાત્ર છે. તો મૂળે માંડવી તાલુકાના ગામ ગોધરાના પણ હાલે ઘાટકોપર રહેતા શ્રી દિલીપ ઝવેરીલાલ રાજગોરે માત્ર ૨૯ વર્ષની નાની વયે સિક્કા શાસ્ત્ર પર મહાનિબંધ લખીને પી. એચ. ડી.ની

પદવી પ્રાપ્ત કરેલી છે. તેમણે આથી અગાઉ પણ સિક્કાઓ વિશે અંગ્રેજીમાં ત્રણ પુસ્તકો લખેલ છે તથા વિદેશમાં જુદા જુદા સ્થળોએ સિક્કાઓ અંગે વ્યાખ્યાનો પણ આપેલા છે.

સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળમાં શિવજી મોનજી નાકરના પ્રદાન માટે જ્ઞાતિ ગૌરવ લે છે. મુંબઈમાં તેઓ હાઈકોર્ટના મકાનના ઠેઠ ઉપરના ભાગે, ગોરાઓની ચોકી વચ્ચે થઈને જીવના જોખમે ત્રિરંગો લહેરાવી આવ્યા હતા. ગોપાલજી શિણાઈ, લાલજી અખઈ ગોર, મૂળશંકર કુંવરજી ગોરના નામો નોંધપાત્ર છે. રાજાશાહીમાં બાહોશ વકીલમાં જેમની ગણના થતી હતી એ હરિરામ દામજી, જેમના વંશજો આજે પણ 'વકીલવાળા' તરીકે ઓળખાય છે એ ઉમિયાશંકર કુંવરજી, મૂળશંકર કુંવરજી, કલ્યાણજી હરિરામ, વિઠ્ઠલજી હરિરામ વિગેરે તે સમયના આ જ્ઞાતિ માટે જાણીતા નામો હતા. રાજ્યની યજમાન વૃત્તિની સાથે ખેતીના વ્યવસાયમાં રહેલા રાજ્યગોરોની આર્થિક સ્થિતિ સારી નહોતી. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. પરંતુ કન્યા કેળવણી તરફ શરૂઆતથી આ જ્ઞાતિએ લક્ષ આપેલ અને 'રાજ્યગોર કન્યાશાળા' આઝાદી પ્રાપ્ત થઈ ત્યાં સુધી ચલાવતા હતા. આ કન્યાશાળામાં શાળાકીય શિક્ષણ ઉપરાંત પુરૂષોત્તમ માસ્તર ગીતાજીનો પણ અભ્યાસ કરાવતા હતા.

આઝાદી પછી અભ્યાસ તરફ આગળ વધેલી આ જ્ઞાતિએ ત્યારપછી સરકારી નોકરીમાં ઠેઠ ઊંચે હોદ્દે પહોંચ્યા હોય તેવા મહાનુભાવો આપ્યા છે. ધનજી ચત્રભુજ ગોર જિલ્લા વિકાસ અધિકારી સુધી પહોંચેલા, મેઘજીભાઈ માલશી રાજગોર સુપ્રિન્ટેન્ડીંગ ઈન્જિનીયરની જગ્યા સુધી પહોંચેલા, વેચાણ વેરાખાતામાં નાયબ કમિશ્નરની જગ્યાએ રહેલા શ્રી વિશનજી ખીમજી રાજગોર તથા આકાશવાણી કેન્દ્ર ભુજમાં નિયામક પદે રહેલા જયંતિ જોષી આ જ્ઞાતિનું ગૌરવ છે. જીવરામ મોનજી ગોર તથા ઉમિયાશંકર કુંવરજી ગોર ન્યાયાધીશ તરીકે સારી નામના ધરાવતા હતા. મહેસૂલ ખાતામાં મામલતદાર સુધીની કક્ષાએ તો આ જ્ઞાતિના ઘણા જણ પહોંચી શકયા છે. શિક્ષકો તરીકે આ જ્ઞાતિના ઘણા ભાઈઓ નોકરીમાં છે. શ્રી રવિલાલ જોષી સૌ પ્રથમ પી. એચ. ડી. થયેલા છે.

મુંબઈના જાણીતા બિલ્ડર શ્રી રામજી હરિરામ નાગુ તથા મંગલદાસ પ્રાણજીવન ગોરને સરકારે એસ. ઈ. એમ. તરીકે નિમણૂક આપેલી છે. પત્રકારિત્વના ક્ષેત્રે રેવાશંકર કચ્છીનું નામ જાણીતું છે, કચ્છ અને કચ્છ બહાર મુંબઈ, મદ્રાસ, કટક, ભિલાઈ તથા આફ્રિકા, લંડન, અમેરિકામાં આ જ્ઞાતિના ઘણા લોકો ધંધાર્થે કે નોકરી અર્થે રહી ગયા છે. ધાર્મિક રીતે શૈવપંથી છે પણ સ્વામીનારાયણ સંપ્રદાયમાં પ્રથમથી આ જ્ઞાતિના સત્સંગી રહ્યા છે. હરિરામ વાઘજી બાવાએ વર્ષો સુધી મંદિરના કોઠારી તરીકે સુંદર વહીવટ ચલાવ્યો હતો.

મૂળે નાગલપર માંડવીના કુંવરજી રાજ્યગોરના બન્ને પુત્રો જયંતિલાલ તથા ચુનીલાલ જોકીના વ્યવસાયમાં જોડાયેલા પહેલા ગુજરાતી-કચ્છીઓ છે. આ બન્ને ભાઈઓએ અત્યાર સુધીમાં દરેકે ૧૦૦થી પણ વધુ રેસો જીતી છે, જયંતિલાલે તો સોપારીવાલા ગોલ્ડકપ પણ જીતેલ, તે વખતે રેસનું પહેલું ઈનામ રૂા. પોણાત્રણ લાખનું હતું.

શિક્ષણનું પ્રમાણ વધ્યા પછી, સુધારાના ક્ષેત્રમાં તેમણે જૂની રૂઢિઓને તોડીને આગળ કદમ માંડયા છે. છેલ્લા ૧૦-૧૨ વર્ષથી તે વર્ષમાં બે વખત મુંબઈ તથા ભુજમાં જ્ઞાતિ-સમૂહ લગ્નનું આયોજન કરે છે. આવા સમૂહ લગ્ન પ્રસંગે કચ્છ અને બૃહદ કચ્છના રાજ્યગોરો એકત્ર થાય છે. જ્ઞાતિનો વહીવટ બંધારણ પ્રમાણે ચાલે છે અને હાલે કાનજી મોનજી અજાણી તેનાં પ્રમુખ તરીકે છે. શૈક્ષણિક પ્રવૃતિ માટે મંડળની રચના થઈ છે અને તે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પુસ્તકો તથા શિષ્યવૃત્તિ પણ આપે છે. સમૂહલગ્નમાં નિયમિત રીતે વર-વધૂને ભેટ આપનારા કાયમી નામોમાં ભીવંડીવાળા રાજગોર કરસનદાસ મૂલજી અને શંકરજી રામજી ઉગાણીનાં નામો આગળ પડતાં છે.

૧૯૮૮-૮૯ની સાલે આ જ્ઞાતિએ કચ્છ જિલ્લાનું વસ્તીપત્રક બહાર પાડેલ છે તે પ્રમાણેની ગણત્રીએ આજે વસતી અંદાજે ૧૪૦૦૦થી ૧૫૦૦૦ જેટલી છે.

ત્રણસો વર્ષ પહેલાં ઔદિચ્યોનું આગમન

ગુજરાતની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સૌથી વધુ સંખ્યાબંળ ધરાવતી જ્ઞાતિમાં ઔદિચ્ય જ્ઞાતિ પ્રથમ આવે છે. મૂળ સરસ્વતી નદીના ઉત્તર કાંઠે વસનારા ઉદીચ્ય બ્રાહ્મણો અને દક્ષિણ કાંઠે વસનારા પ્રાચ્ય કહેવાતા. તેમાં ઔદિચ્ય શ્રેષ્ઠ ગણાતા હતા. ગુજરાતમાં આ ઔદિચ્યો મૂળરાજ સોલંકીએ તેડાવ્યાથી જુદા જુદા સ્થળેથી ૧૦૩૭ની સંખ્યામાં આવ્યા હતા. ઔદિચ્ય પ્રકાશમાં આ અંગેની વિગતો નોંધવામાં આવેલ છે. કચ્છ ગેઝેટિયરમાં ઉલ્લેખ થયા પ્રમાણે કચ્છમાં તેમણે લગભગ ૩૦૦ વર્ષ પહેલાં શિહોર, ઝાલાવાડ વિગેરે સ્થળેથી આવી ભુજ-માંડવી અને અબડાસામાં વસવાટ કર્યો. ૧૮૭૨ની સાલે કવિ નર્મદાશંકરે સર્વસંગ્રહમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે તેમની વસતી ૨૯૪૫ની હતી. ૧૮૯૧ની સાલે ગુજરાતના સમગ્ર વિસ્તારમાં ઔદિચ્યોની વસતી ૨,૦૪,૬૦૮ની હતી. તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છની સાથે ગણાયેલી વસતી ૧,૧૬,૫૦૭ની હતી. ૧૯૭૧ની સાલે આ વસતી ચાર ગણી થયેલી છે તે ગણત્રીએ કચ્છમાં ઔદિચ્યોની સંખ્યા લગભગ ૧૦,૦૦૦ જેટલી ગણવામાં આવે છે.

કવિ કલાપી કચ્છના રોહા ગામેથી પરણ્યા હતા. તેમની પત્નીના કારભારી તરીકે જીવરામ વ્યાસ હતા. તેમના પુત્ર મણિશંકર વર્ષો સુધી રોહા જાગીરના બાવન ગામોનાં કારભારી હતા. નરેન્દ્રકુમાર જોષી મૂળ રાજકોટના પણ કચ્છમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે હતા ત્યારે 'ભાતીગળ ભોમકા કચ્છ'એ નામે સુંદર પુસ્તક પ્રગટ કરેલ છે. જુગતરામ રાવળ જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે હતા. નખત્રાણામાં તેઓ વકીલ તરીકે જાણીતા હતા. છબીલદાસ દવે વૈદિક શાસ્ત્રના પ્રવીણ લેખાતા હતા. ખેતી પર નભવાનું મુશ્કેલ બનતાં સમયને અનુસરીને તેઓ હવે સરકારી અને બીજી નોકરી કરવા લાગ્યા છે. આ જ્ઞાતિમાંથી કચ્છમાં સૌ પ્રથમ ગ્રેજ્યુએટ થનારા શ્રી વિઠ્ઠલજીભાઈ કેશવજી દવે હતા. જે કચ્છ રાજ્યમાં એજ્યુકેશનલ ઈન્સપેકટર તરીકે હતા. આ જ્ઞાતિના શ્રી ભરતભાઈ પ્રાણલાલ ઠાકર તથા સંજય પ્રાણલાલ ઠાકર કચ્છમિત્રમાં 'ભ્રમણભૂમિ કચ્છ'ના લેખક તરીકે ઠાકર બંધુઓ જાણીતા છે.

મોઢેરાથી આવ્યા તે મોઢ બ્રાહ્મણ

આ બ્રાહ્મણોનો ઈતિહાસ સ્કંદપુરાણ અંતર્ગત બ્રહ્મખંડના સ્વતંત્ર વિભાગ તરીકે લખાયેલ ધર્મારણ્ય પુરાણમાંથી મળે છે. પદ્મપુરાણ તથા બ્રહ્મ વૈવર્ત પુરાણમાં પણ આ બ્રાહ્મણોની ઉત્પતિની કથા કહેવામાં આવેલ છે. અલ્લાઉદ્દીન ખીલજીના સમયમાં મુસલમાનોએ મોઢેરા પર આક્રમણ કરેલ પણ લાંબા સમય સુધી તેઓ ફાવ્યા નહિ. છેવટે તેમણે પોતાને નાણા આપવામાં આવે તો પોતે ઘેરો ઉઠાવીને ચાલ્યા જશે એમ કહેતાં તેમને માગ્યા પ્રમાણેની રકમ આપવામાં આવી છતાં દગો કરીને તેમણે મોઢેરામાં લૂંટ ચલાવી અને અત્યાચાર કર્યો. આથી મોઢ બ્રાહ્મણોએ મોઢેરામાંથી સ્થળાંતર કર્યું અને સાબરમતી કાંઠે આવ્યા ત્યાર પછી તેમાંના કેટલાક કચ્છ તરફ આવ્યા. તેમની જ્ઞાતિના જે ભાગલા પડયા તેમાં કચ્છનો એક ભાગ ગણાય છે. ભુજ તથા માંડવીમાં તેમની વસ્તી છે. ૧૯૪૭ની ગણત્રીમાં કચ્છના ૩૫ ગામોમાં ૨૫૦ ઘરોની વસ્તી હતી. તેમાં ભુજમાં ૧૩૦, માંડવીમાં ૧૪, અંજારમાં ૮, મુંદ્રામાં ૪, રાપરમાં ૨ તથા ભચાઉમાં ૪ ઘરો હતા. મુંદ્રાના જેરામભાઈ સારા સાહિત્યકાર હતા. ૧૭મી સદીના અંતે અને ૧૮મી સદીની શરૂઆતમાં તેઓ હતા. તેમણે બભ્રુવાહન આખ્યાયન નામનું એક પુસ્તક લખેલ છે. ભુજમાં મોઢ શેરી નામે ઓળખાતા વિસ્તારમાં મોઢોની વસ્તી છે.

શ્રીમાળી બ્રાહ્મણ : આર્યોની વધુ નજીક

સ્કંદ પુરાણમાંના શ્રીમાળી મહાત્મ્યમાં આ બ્રાહ્મણોની ઉત્પતિની વાત કહેવાયેલી છે. આ મહાત્મ્ય લગભગ ૪૫૦ વર્ષ જૂનું છે. ભિન્નમાલની અવનતિના કારણે સંવત ૧૨૦૩માં તેઓ પોતાની કુળદેવી લક્ષ્મીજીની મૂર્તિ લઈને ૪૫૦૦૦ જેટલા શ્રીમાળીઓએ ત્યાંથી સ્થળાંતર કર્યું તેમાંથી ૫૦૦૦ જેટલા જૈન ધર્મ સ્વીકારી ભોજક થયા બાકીના ૪૦૦૦૦માંથી ૩૫૦૦૦ જેટલા મેવાડ તથા મારવાડ તરફ ગયા અને બાકીના ૫૦૦૦ પાટણ ગયા. કચ્છના શ્રીમાળીઓ મેવાડ અને મારવાડમાંથી આવેલા છે. કચ્છમાં મુખ્યત્વે ભુજ, માંડવી તથા અંજારમાં તેમની વસ્તી છે. ૧૮૯૧માં થયેલી વસ્તીગણત્રીમાં સૌરાષ્ટ્ર તથા કચ્છમાં તેમની વસ્તી ૧૦૪૬૯ની હતી. વિલસને 'પશ્ચિમ ભારતની જ્ઞાતિઓ' અંગેના તેમના પુસ્તકમાં ભારતના અન્ય બ્રાહ્મણો કરતાં તેઓને આર્યોની નજીક ગણેલા છે. શ્રીમાળી વણિક તથા પોરવાડ અને શ્રીમાળી સોનીઓ તેમના યજમાન છે. તેમની કુળદેવી મહાલક્ષ્મીની પ્રાચીન મૂર્તિ પાટણમાં છે. ૧૮૯૧ થી ૧૯૮૧ સુધીના ગાળામાં તેમની વસ્તીમાં ચાર ગણો વધારો થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ૧૯૮૧ની ગણત્રીએ તેમની વસ્તી ૫૦૦૦૦થી ૫૫૦૦૦ની ગણાયેલ. તેમનામાં ઓઝા, ત્રિવેદી, જોષી, વ્યાસ, દવે, પંડયા, બોહરા, વહોરા, ઠાકર,. અગ્નિહોત્રી જેવી અટકો છે. ગામોના નામ સહિત તેમનામાં ૮૪ જેટલી અટકો છે. હાલારી તથા કચ્છી શ્રીમાળીઓનો એક ગોળ ગણાયેલ છે તેથી તેઓમાં પરસ્પર કન્યાની આપ-લે કરવામાં આવે છે.

અગાઉ ખેતી કરતા હતા પણ હવે તેઓ વેપાર તથા નોકરી તરફ વળ્યા છે.

સાચોરા બ્રાહ્મણ પ્રથમ પલાંસવા આવ્યા

'સાચીહરો પાખ્યાન'માં આ બ્રાહ્મણોની ઉત્પતિની વિગતો મળે છે. રાજસ્થાનના મારવાડમાં આવેલા સાચોર ગામના હોવાથી તે સાચોરા તરીકે ઓળખાય છે. મહમંદ ગઝનીની ફોજે અહીં ત્રાસ વર્તાવ્યો, લૂંટફાટ, કરી, તેમના અગ્નિકુંડો પણ તોડી નાખ્યા તેથી તેઓ પોત પોતાની કુળદેવીની મૂર્તિઓ લઇને સાચોરનો ત્યાગ કર્યો તેમાંનું એક જૂથ તરૂર્ણાકદેવીની મૂર્તિ લઇને કચ્છમાં પલાંસવા ગામે આવેલ અને ત્યાં વસવાટ શરૂ કર્યો- સાચોરામાં દશા અને વીસા એવા બે ભાગ છે. ઔદિચ્યમાંથી કન્યા લાવનારા તથા તેને ટેકો આપનારા દશા તરીકે ગણાઇને તેમને નાત બહાર મૂકાયા હતા. કચ્છમાં દશા અને વીસા બન્નેની વસ્તી છે. ગુજરાતમાં સાચોરાઓ મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ છે. તેમની કુળદેવી પ્રત્યંગિરા સતીપુર કે સાચોર મા છે. ભુજથી સાચોરાઓ સંઘરૂપે તેમની કુળદેવીના દર્શન કરવા દર વર્ષે કેટલાક સમયથી જાય છે. કચ્છમાં અંજાર, આડેસર, ભીમાસર, ભુજ, માંડવી, ગાંધીધામ, દુધઇ, ગેડી, બેલા, ફત્તેગઢ, પલાંસવા તથા અબડાસા તાલુકાના કોઠારા તથા રવામાં તેમની વસ્તી છે. ૧૯૯૧ની વસ્તી ગણત્રી પ્રમાણે ૧૦૦ કરતાં વધારે વસ્તીવાળા ગામોમાં ભુજમાં ૧૩૩, પલાંસવામાં ૨૦૧ તથા ભીમાસર ભુટકીયામાં ૧૨૦ છે.

'કચ્છમિત્ર'ના તંત્રી તરીકે રહી ચૂકેલા રસિકલાલ જોષીનું નામ સાહિત્યકાર તરીકે જાણીતું છે તેમના પુસ્તકોમાં 'અધિકારી'નું તથા 'નયના' જેવી નવલકથાઓ ખૂબ નીવડેલી હતી. કંડલા ફ્રી ટ્રેડ ઝોનની ઉદઘાટનવિધિ તા. ૭-૩-૧૯૬૫ના ભારતના તે સમયના વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રીજીનાં હસ્તે થઇ તે સમારંભના પ્રમુખસ્થાને શ્રી રસિકલાલ જોષી રહ્યા હતા.

મોટાભાગના લોકો અગાઉ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં સેવાપૂજાનું કામ કરતા, મંદિરમાં જમવા ઉપરાંત મહિને માત્ર રૂા. ૫ થી ૧૦નો પગાર મળતો તેથી સ્થિતિ ગરીબ હોવા છતાં તેઓ ખૂબ જ વિશ્વાસુ હતા. વૈષ્ણવ મંદિરોના લાખો રૂપિયાની કિંમતની ઝર-ઝવેરાત તેઓ સંભાળતાં હતા. યજમાન વૃત્તિ તથા મુખીયાજી તરીકેનું કામ કરનારા હવે ઘટી ગયા છે. નોકરી કરવા તરફ તેઓ હવે વધુ પ્રવૃત્ત રહ્યા છે, આર્થિક સ્થિતિ સામાન્ય છે.

ગિરનારા બ્રાહ્મણ મુખ્યત્વે મુન્દ્રામાં વસે છે

ગિરનારની તળેટીમાં આવેલ પ્રાચીન શહેર ગિરિનગર (જૂનાગઢ)ના રહેવાસી હોવાથી તેઓ ગિરનારા તરીકે ઓળખાય છે. સ્કંદપુરાણના આદિત્ય ખંડના પ્રભાસ માહાત્મ્યમાં આ બ્રાહ્મણોની ઉત્પત્તિની કથા આવે છે. 'ગિરિનગર' શબ્દ ઇ. પુ. ૬ઠી સદી જેટલો જૂનો છે. જૂનાગઢમાંથી તેઓ હાલાર અને કચ્છમાં આવેલા છે. કચ્છમાં સને ૧૮૯૧માં તેમની વસ્તી ૭૮૭ની હતી. કચ્છમાં મુખ્યત્વે તેઓ મુન્દ્રામાં વસવાટ કરે છે. ૧૯૮૦ની સાલે ગુજરાતના ગિરનારા બ્રાહ્મણોની વસ્તી ગણત્રીમાં ૧૬૦૦૦ની વસ્તી ગણાયેલ છે. સમગ્ર ગુજરાતની ગણત્રીએ તેમની વસ્તીમાં ચાર ગણો વધારો નોંધાયેલ છે પણ કચ્છમાં તેમના મર્યાદિત ઘરો છે અને લગભગ ૫૦૦ની સંખ્યાનો અંદાજ કરવામાં આવેલ છે. તેઓ વૈશ્ણવ સંપ્રદાયના વલ્લભ પંથને અનુસરે છે. તેમના ઇષ્ટદેવ રાધા-દામોદર છે.

પુષ્કર્ણા બ્રાહ્મણ; રસોયા તરીકે પ્રખ્યાત

પુષ્કર્ણા કે પોકરણા શબ્દનો અર્થ જુદા જુદા વિદ્વાનોએ જુદી જુદી રીતે કરેલ છે પણ સર્વમાન્ય વિગતમાં પુષ્કર તીર્થ ક્ષેત્રમાં વસવાટના કારણે તેઓ પુષ્કર્ણા તરીકે ઓળખાય છે. બોમ્બે ગેઝેટીયર વોલ્યુમ ૯માં જણાવ્યા પ્રમાણે તેઓ શ્રીમાળી જ્ઞાતિનો જ એક ફાંટો છે.

'પૃથ્વીચંદ્ર ચરિત્ર'માં ૮૪ બ્રાહ્મણોની યાદીમાં પુષ્કર્ણાનો પણ ઉલ્લેખ છે. તેથી ૧૫મી સદી પહેલાં તેઓ ગુજરાતમાં હતા તેમ માનવામાં આવે છે. સંભવતઃ અલ્લાઉદ્દીન ખીલજીના આક્રમણ પછી તેઓ ગુજરાતમાં આવ્યા હતા અને ત્યાંથી તેઓ જુદે જુદે સ્થળે વસવાટ માટે સ્થિર થયા છે.

કચ્છી પોકરણા- પુષ્કર્ણાના બે વિભાગો છે. એક કચ્છી તથા બીજા સિંધી. વળી સિંધીમાં દેશી અને પરદેશી એવા બે વિભાગો છે. મૂળ સિંધના છે તેમને દેશી કહેવાય છે અને તેઓ પોતાની જાતને બીજા કરતા ઊંચી લેખે છે.

કચ્છમાં આ જ્ઞાતિના કેટલાક જે જાણીતા નામો છે તેમાં સંગીત ક્ષેત્રે કલ્યાણરાય મંધનાની, જમનાદાસ હંસરાજ કેવડીયા, સાહિત્ય ક્ષેત્રે અશોક હર્ષ, નાનાલાલ જોષી, જટુભાઇ પનીયા, ડૉ. દિનેશ જોષી, સ્વાતંત્ર્ય સેનાની તરીકે દયારામ કેવડીયા તથા પ્રાગજી મોનજી જોષી, ન્યાયાધીશ તરીકે વૃજલાલભાઇ પુરોહીત, રમતગમત ક્ષેત્રમાં જુડો કરાટેમાં રાષ્ટ્રીયકક્ષાએ નેહા હર્ષના નામો ગણનાપાત્ર છે. પીઢ પત્રકાર તરીકે શ્રી અશોકભાઇ જાણીતા છે. રાજકારણ વિશેના તેમના મનનીય લેખો લોકો માટે આકર્ષક બની રહે છે. કચ્છમાં જ્યારે એસ. ટી. કે કચ્છ રાજ્યની બસ સર્વિસ સેવાઓ ચાલુ નહોતી થઇ ત્યારે ભુજના રામદાસ દામોદર કેવડીયા સગરામ (બળદગાડી)ની સર્વિસ ચલાવતા હતા.

કચ્છના નહિ પણ આ જ્ઞાતિના મહાનુભાવોમાં રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયનારાયણ વ્યાસ તથા હાલે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી મોતીલાલ વોરાના નામો ગૌરવપૂર્વક લઇ શકાય.

આ જ્ઞાતિની કેટલીક અટકો મશ્કરીરૂપે પડેલી છે તેમાં દગડા, ગંઠડીયો, મોલો, કોલો, મથીમા, બુઝડો, દોઢા, ડમણા, મછર, મુઢર, મુતર વગેરે જેવી અટકો આ જ્ઞાતિમાં છે.

આ જ્ઞાતિના બ્રાહ્મણો કર્મકાંડી કરતાં રસોઇયા તરીકે વધુ પ્રખ્યાત છે. પરદેશ જવાનો પ્રતિબંધ હતો ત્યારે પણ તેઓ દરિયાપારના અરબસ્તાન અને ઝાંઝીબારમાં વેપાર માટે જતા હતા. સ્ટીમરમાં રસોઇયા તરીકે તેઓ વખણાતા હતા. ભુજના ધાલા જોશી તથા કેશવજી ચત્રભુજ વ્યાસ રાજ્યના રસોઇયા તરીકે જાણીતા હતા. નલિયા-અબડાસાના નારાણદાસ લક્ષ્મીદાસ જોષી રસોઇયા તરીકે ખૂબજ જાણીતા છે. નારાયણ સરોવરમાં કોરી ૩૩,૦૦૦ ખર્ચીને સાર્વજનિક ધર્મશાળા બંધાવી છે. પોતાની સંપૂર્ણ મિલ્કત જ્ઞાતિને અર્પણ કરેલી. તેનું ટ્રસ્ટ બનાવવામાં આવેલ છે અને તે ટ્રસ્ટમાંથી જ્ઞાતિની વિધવા બહેનોને માસિક રૂા. ૩૦૦/-ની મદદ કરવામાં આવે છે. ૧૯૭૮ની સાલે કચ્છમાં આ જ્ઞાતિની વસતી ૧૯૩૯ ગણાયેલ છે પણ હાલે તેમની વસતી ૩૦૦૦ જેટલી અંદાજે છે. આ જ્ઞાતિ પ્રથમથી જ લડાયક મિજાજની છે. રાજસ્થાનમાં તો તે આજ પણ 'રેડ આર્મી' તરીકે ઓળખાય છે. વૈષ્ણવ સંપ્રદાય પાળે છે તેમના ઇષ્ટદેવ શ્રીનાથજી છે.

નંદવાણા બ્રાહ્મણ સાહસિક છે

આ બ્રાહ્મણોની ઉત્પતિ અંગેની વિગતો નંદી પુરાણ અને મહાત્મ્યમાંથી મળે છે. બોમ્બે ગેઝેટીયર વો. ૯માં ઉલ્લેખ થયા પ્રમાણે બ્રહ્મા પત્ની સાવિત્રીના શ્રાપથી તેમનું શાસ્ત્રજ્ઞાન લુપ્ત થઇ ગયું. જે વાંકલ માતાની કૃપાથી પ્રાપ્ત થયું. તેઓ મારવાડમાં આવેલ નંદવાણા ગામના હોવાથી નંદવાણા તરીકે ઓળખાય છે. એક કથા પ્રમાણે ધ્રાંગધ્રાના રાજસાહેબ ચંદ્રસિંહજી (ઇ. સ. ૧૫૮૪-૧૬૨૮) મારવાડમાં પરણવા ગયા ત્યારે નંદવાણાઓને ઝાલાવાડમાં આવવા આમંત્રણ આપેલ અને હાલના માલણિયાદ ગામ પાસે તેમના વસવાટ માટે જમીન આપેલ. નંદવાણાઓની કુળદેવી બાડમેર પાસે વિરાણા ગામમાં છે તે પ્રદેશ માલણિયાના નામે ઓળખાતો હોવાથી અહીંના તેમના વસવાટ સ્થળને માલણિયાનું નામ આપવામાં આવેલ છે. ત્યાર બાદ તેઓ ઝાલાવાડમાંથી જુદે જુદે સ્થળે જઇ વસ્યા તેમાં કચ્છમાં આવ્યાનું જણાય છે. કેટલાક વિક્રમની સોળમી સદીમાં સિંધ અને મારવાડથી પણ આવેલા છે. કચ્છમાં તેમની વસતી મુખ્યત્વે અંજાર તથા મુન્દ્રામાં છે. સને ૧૮૯૧ની વસતી ગણત્રીમાં તેમની સંખ્યા ૩૫૦ની હતી. અંજારમાં ૧૯૫૬ની સાલે ધરતીકંપ થયો તે પછી તેમની વસતી ઘણી ઓછી થઇ ગયેલી છે.

નંદવાણા બ્રાહ્મણો સાહસિક જ્ઞાતિ છે. દેશ વિદેશમાં તેમનો વસવાટ છે. આ જ્ઞાતિ અયાચક છે તેથી તેઓ યજમાનવૃત્તિ કરતા નથી. કચ્છમાં દુષ્કાળ અને પ્લેગ પછી ઘણા લોકો બહાર નીકળી ગયા. અંજારમાંથી કાનજી મોનજી તે સમયે ધનબાદ ગયેલા અને કોલસાની ખાણ રાખી ધંધો શરૂ કર્યા પછી અંજારમાંથી ઘણા નંદવાણાઓ ઝરીયા અને ધનબાદ આવ્યા હતા અને કોલસાની ખાણના માલિક બન્યા હતા. કલકત્તામાં પણ તેઓ વેપાર અર્થે ગયા હતા. યજમાનવૃત્તિ નહિ કરતા હોવાથી તેઓ વેપાર તથા વોરાવટનો ધંધો કરતા હતા.

જમાદાર ફતેહમહમદના સમયનો એક કિસ્સો કચ્છના ઇતિહાસમાં નોંધાયેલ છે. રાજકીય અંધાધૂંધીના સમયમાં જમાદારે અંજારનો કબજો ઘસી લઇને તુણા બંદરનો વિકાસ કર્યો હતો પણ નાણાંકીય જરૂરિયાત સંતોષાતી નહોતી તેથી તેણે કચ્છના જૂના દિવાન આશકરણ શાહને પકડીને આઠ લાખ કોરી આપવા કહ્યું. આશકરણે ચાર લાખ કોરી આપી અને બાકીની ચાર લાખ કોરી પોતે આપે ત્યાં સુધી નંદવાણા બ્રાહ્મણો પોતાના જામીન તરીકે આપ્યા પણ નાણાંનો મેળ ન થતાં આશકરણ ભુજ નાસી ગયો તેથી જમાદારે નંદવાણાઓ પાસેથી જામીનગીરીની રકમ માગી તેથી

મહેવાણીઓએ ભુજમાં જઇ આશકરણના ખોરડે લાંઘણે બેઠા હતા. તેથી આશકરણે તેમને જામીન મુક્ત કરવા થોડીક રકમ આપીને બાકીની રકમ માટે પોતાના પુત્ર લાલચંદને બાન તરીકે આપેલ.

૧૪મી સદીમાં આવ્યા પાલીવાલ બ્રાહ્મણ

જોધપુર રાજ્યનું પ્રાચીન શહેર પાલી બ્રાહ્મણોનું પૈતૃક ગામ છે. આ ગામ ખૂબ જ સમૃદ્ધ હતું. વ્યાપારી કેન્દ્ર તરીકે તે ખૂબ જ વિકસેલું હતું. આ શહેરના વેપારીની પેઢીઓ કચ્છમાં માંડવીમાં હતી.

પાલી સમૃદ્ધ શહેર હતું તેથી મુસલમાનો તેના પર અવારનવાર આક્રમણ કરતા હતા. મહમદ ઘોરી, નાસીરૂદીન સુલતાન, જલાલુદીન ખલજી વગેરેના હુમલાઓ આ ગામ પર થયેલા. ઇ. સ. ૧૨૬૧માં આવા આક્રમણનો મુકાબલો કરતા ૧૪૦ બ્રાહ્મણોએ શહીદી વહોરી હતી. તે પછી પોતાનો ધર્મ બચાવવા માટે પાલીવાલોએ પાલીનો ત્યાગ કર્યો અને ત્યાંથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવ્યા. પૃથ્વીચંદ્ર ચરિત્ર, મિરાતે અહમદી તથા દયારામની નોંધો પ્રમાણે પાલીવાલ બ્રાહ્મણો કચ્છમાં ચૌદમી સદીની આસપાસ આવ્યા છે.

ગુજરાતમાં પાલીવાલો કચ્છ તથા સૌરાષ્ટ્રમાં છે તે કચ્છી અને સૌરાષ્ટ્રી તરીકે ઓળખાય છે. તેમનામાં દશા તથા વીસા એવા બે ભાગો છે. કચ્છમાં વીસા પાલીવાલોની વસતી છે. તેમની રહેણીકરણી મારવાડના પાલીવાલોને મળતી છે.

કચ્છમાં તેમની વસતી ભુજ, બિબ્બર, નખત્રાણા, ઉઘેડી, ઘડાણી, હરિપર, નેત્રા, નલિયા, જખૌ, નારાણપર, વરંડી, હાલાપર, નાગ્રેચા, રોહા (કોટડા), કુકમા તથા માધાપરમાં છે. ૧૮૯૧ની સાલે સમગ્ર ગુજરાતમાં પાલીવાળોની વસતી ૫૨૭૬ હતી. ૧૯૯૧માં ૧૧૦૦૦ જેટલી છે. કચ્છમાં હાલે તેમની વસતી ૩૦૦ની આસપાસ છે. અહીંના પાલીવાળો મોઢા તથા જશુ અટકવાળા ગર્ગ ગોત્રના છે. તેમના વેદ ઋગ્વેદ અને યજુર્વેદ છે. તેઓ અયાચક છે. સાથે સાથે પરિશ્રમી, ખડતલ અને ખમીરવાળા છે. આતિથ્ય ભાવના નિભાવનારા છે.

ભુજના બેચરભાઇ પાલીવાલના વડીલ ચાંપશીભાઇ તથા ભીમજીભાઇએ કચ્છના મહારાવશ્રી દેશળજીને લક્ષ્મીદાસ કામદારના દેવામાંથી મૂકત કરવા માટે પૈસા ધીર્યા હતા. તે દિવસથી તેઓ રાવના ''વોરા'' તરીકે ગણાયા છે. તેમની અટક તે દિવસથી 'વોરા' થયેલી છે. મહારાવશ્રીના દરબારમાં આ કુટુંબ માટે ત્રીજા નંબરની ખુરશીનું માન આપવામાં આવતું હતું જે સને ૧૯૪૮ સુધી ચાલુ રહેલ.

અબોટી બ્રાહ્મણ : કચ્છમાં વસ્તી પાંખી

આ બ્રાહ્મણો મગ બ્રાહ્મણોના (સૂર્યપૂજકો) વંશજો છે. શ્રી કૃષ્ણ પુત્ર સાંબ તેમને ભારત લાવેલ, ચંદ્રભાગા (ચિનાલ)ના કાંઠે સાંબે બંધાવેલ સૂર્યમંદિરની પૂજા કરવા માટે કોઇ સ્થાનિક બ્રાહ્મણો તૈયાર નહિ થતાં આ બ્રાહ્મણોને લાવેલ. દંતકથા પ્રમાણે વજ્રનાભ સાથે આ મગ બ્રાહ્મણો મથુરા ગયા. ત્યાંથી મારવાડ ગયા હશે અને બાદમાં વલ્લભ સંપ્રદાયના ઉદય સાથે દ્વારકા આવ્યા તેવું અનુમાન છે. દ્વારકા, ઓખા મંડળ તથા કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં તેમની વસતી છે. ૧૮૯૧માં થયેલ વસતી ગણત્રી પ્રમાણે કચ્છ, જુનાગઢ, જામનગર અને પોરબંદર રાજ્યોમાં તેમની વસતી ૨૬૨૬ની હતી. કચ્છમાં તે સમયે અબોટીઓની સંખ્યા ૩૯૧ની હતી. અબોટી બ્રાહ્મણોત્પતિ નામની એક પુસ્તિકા વલ્લભદાસ અર્જુનજી પુરોહિતે લખેલ છે. તેમાં આ બ્રાહ્મણોની ઉત્પતિનો ઇતિહાસ છે. નલિયાના શ્રી હસમુખ અબોટી હાલે કચ્છના ભજનિકો વિશે સંશોધન કરી રહ્યા છે. તે 'કચ્છમિત્ર'ના લેખક તરીકે જાણીતા છે. મુખ્યત્વે તેઓ મંદિરોમાં નોકરી કરતા હતા. પણ હવે સરકારી તથા અન્ય નોકરીમાં લાગ્યા છે.

તો ગુગળી બ્રાહ્મણનાં ગણ્યાગાંઠયા ઘર

બ્રાહ્મણોત્પતિ માર્તંડમાં ગુગળી બ્રાહ્મણોની ઉત્પતિની વિગત દર્શાવાઇ છે. રાજસ્થાનમાં ગોગા ચૌહાણની મુસલમાનો સામે હાર થતાં અને મુસલમાનો સોમનાથ તરફ નીકળ્યા ત્યારે ગુગા ભટ્ટની આગેવાની તળે ભિન્નમાલમાંથી નીકળીને આ બ્રાહ્મણો દ્વારકા તરફ આવ્યા. ગુગા કે ગોગાના દેશના હોવાથી તેઓ ગુગળી તરીકે ઓળખાય છે. તેઓ વહાણના કારકુન કરાણી તરીકે પરદેશની યાત્રાઓ કરતા.

ભુજ તથા માડવી તાલુકે ગુંદીઆળી ગામે આ બ્રાહ્મણોની ૨ થી ૫ ઘરની વસતી આ ગુગળીઓ રાજ્યગોર બ્રાહ્મણોના ગોરપદે છે. તેમનું એકાદ કુટુંબ ભુજમાં મહાદેવના નાકે કલ્યાણેશ્વર મંદિરના પૂજારી તરીકે હતું. આ કુટુંબના પુરૂષ કાંતિલાલ ગુજરી ગયા પછી તેમના છોકરાઓ યજમાનવૃત્તિ કરતા નથી.

સારસ્વતો સિંધથી લોહાણા સાથે આવ્યા

સારસ્વત બ્રાહ્મણોની ઉત્પતિ વિશે વિવિધ દંતકથાઓ પ્રચલિત છે. પુરાણ, મહાભારત, સાયણ ચાર્યકૃત ઋગ્વેદભાષ્ય ભૂમિકા, બ્રાહ્મણોત્પતિ માર્તંડ તથા રઘુવંશી રત્નાકર અથવા આદર્શ ઇતિહાસમાં તેમની વિગતો આપવામાં આવેલ છે. કચ્છમાં તેઓ સિંધમાંથી લોહાણાઓ સાથે ૧૩મી સદીમાં આવ્યા છે. કચ્છમાં કચ્છી અને સિંધી સારસ્વત એમ બે વિભાગ છે. ૧૮૯૧ની સાલે કચ્છમાં સારસ્વતોની વસ્તી ૫૩૪૧ની હતી. ૧૯૭૮માં થયેલી વસતી ગણત્રીમાં તેમની વસતી ૩૦૫૭ તથા મુલુંડ, મુંબઇ, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં ૩૬૦૫ મળી કુલ્લે વસતી ૬૬૬૨ નોંધાયેલ છે. આજની ગણત્રીએ તેમની વસતી લગભગ ૮ થી ૧૦ હજાર જેટલી છે.

ભાટિયા, લોહાણા, ભણશાળી તથા બ્રહ્મક્ષત્રિયો તેમના યજમાન છે. તેમના યજમાનો વિદેશમાં વસતા હોવાથી તેઓ દક્ષિણા લેવા માટે ઠેઠ મોઝામ્બિક અને અરબસ્તાન સુધી જતા હતા.

રાજાશાહીમાં તેમની રાજાઓ સાથે સારી વગ રહેતી હતી. મોરબી શહેર ખેંગારજી પહેલાને જીતાડી આપનાર રૂઘો જોષી અને કાળો જોષી હતા. રાવશ્રી ખેંગારજીએ તેમને કચ્છમાં બાંભડાઇ અને બાયઠ ગામ વંશપરંપરાગત બક્ષિસમાં આપેલ. ખેંગારજીના ભાઇ અલૈયાજીને ગરાસ નહિ મળેલ તે કામે મુરગ જોષીએ તેને કોરા પરગણાના ૧૨ ગામો ગરાસમાં અપાવતાં અલૈયાજીએ તેને ૧/૮ ભાગ ઉપજ લેવાનો કરી આપેલ. તેવી જ રીતે રાઘવજીના ભાગનો ગરાસ મેળવી આપતાં રાઘવજીએ વીરજી જોષીને ડોણ ગામ બક્ષિશ કરી આપેલ.

ઝારાના યુદ્ધમાં મુરજી લાખાણી લડતા લડતા વીરગતિ પામ્યા તેનો પાળિયો આજે પણ ઝારાની તળેટીમાં સચવાયો છે. આ મુરજી લાખાણીના વંશજ નારાણજી જોષી કચ્છ રાજ્યમાં લશ્કરમાં સેનાપતિ તરીકે રહ્યા હતા.

પંડિત પિતાંબરજી તથા પરાશરજી જેવા વિદ્વાનોના કારણે કચ્છનું ગઢશીશા ગામ છોટીકાશીના બિરૂદને પામ્યું હતું.સને ૧૮૯૫માં માંડવીમાં જન્મેલા અને કવિ નિરંજનના નામે સૌના જાણીતા અને માનીતા મહાત્મા નિરંજન એટલે લાલજી કાનજી વ્યાસના ચિ. પુત્ર મુરારી લાલજી વ્યાસ માત્ર સારસ્વત જ્ઞાતિ નહિ, કચ્છ જ માત્ર નહિ, ભારત સુદ્ધાં જેનાં માટે ગૌરવ લઇ શકે એવા વિદ્વાન મહાત્મા હતા. એ આજથી ૮૩ વર્ષ પહેલાં માત્ર ૧૭ વર્ષની નાની વયે ધીણોધરની ગાળીયું વચ્ચે ફરતાં ફરતાં એમણે નાનકડું એક ગીત રચ્યું- જે 'મુંજી માતૃભૂમિ કે નમન'ના નામે પ્રસિદ્ધ થયું, એ ગીતની રચના અમર બની ગઇ. કચ્છનું તો એ રાષ્ટ્રગીત બની રહ્યું. દેશપ્રેમને શબ્દે શબ્દે ટપકાવતું આ ગીત લખાયું કચ્છી ભાષામાં ને ભારતીય ભાષાઓમાં તો ભલે પણ દુનિયાની ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું. અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, બંગાળી, મરાઠી અને સંસ્કૃત ભાષામાં એનો અનુવાદ થયો.

સાધના કાજે સંસાર ત્યજીને વિંધ્યાચળની ગિરિકંદરાઓ વચ્ચે સ્વેચ્છાએ જઇ વસેલા આ અવધૂત જ્યારે તપસ્વી થઇને બહાર આવ્યા ત્યારે એ મહાત્મા નિરંજનનું રૂપ પામી ચૂકયા હતા. વેદ-વેદાંતની વાત હોય કે અગમ નિગમની. હરકોઇ વિષય પરનું એમનું પ્રભુત્વ એમના પગલે પગલે પ્રકાશના પૂંજ પાથરતું સામી વ્યકિત માથે છવાઇ જતું. આયુર્વેદમાં પણ એ એટલા જ નિષ્ણાંત હતા. આઝાદીની ચળવળ વખતે વર્ધા આશ્રમમાં રખાયેલા રાજેન્દ્રપ્રસાદજીને અસાધારણ માંદગીમાંથી ઉગાર્યા હતા. રાજેન્દ્રબાબુએ તો એમને ગુરૂપદે સ્થાપ્યા હતા. અને એટલે જ જ્યારે એ રાષ્ટ્રપતિ બન્યા ત્યારે અભિષેકની વિધિ થઇ હતી આ મહાત્મા નિરંજનના હાથે. રાજેન્દ્રબાબુએ મહાત્માજીને સાધના માટે સિંહ ચર્મ આપેલ તેનો ઉપયોગ એમણે છેવટ લગી કરેલ.

એમની રચનાઓ સત્વવાળી હોવાથી તે અમર કૃતિઓ બની ગઇ અને જુદી જુદી ભાષાઓમાં અનુવાદિત થતી રહી. 'ભવાની શતક' ૧૧૦ મણિકામાં પરોવાયેલી-માતાજીની દિવ્ય સ્તુતિ છે. શિવાષ્ટક, ગુરૂપાદુકા દશકમ, મહાવાકય પહવશતી, અગમ રહસ્ય મરાઠીમાં 'મનાએ શ્લોક' એમની જાણીતી કૃતિઓ છે એમાંની ઘણી કૃતિઓ અંગ્રેજી અને બંગાળીમાં અનુવાદ પામી છે. તા. ૧-૧૨-૧૯૬૪ના એમનો અમર આત્મા આ નશ્વર દેહ છોડીને અનંતની યાત્રાએ ઉપડયો ત્યારે કેવળ તેમના અનુયાયીઓ જ નહિ, દરભંગાના સામાન્ય લોકોના હૈયે આકરી ઠેંસ પહોંચી હતી. દરભંગામાં એમનું સ્મારક છે. નેપાળના સીમાડે નિરંજન મંદિર છે અને માંડવી કચ્છમાં મહાત્મા નિરંજન માર્ગ દ્વારા એમની સ્મૃતિ સચવાઇ છે.મહાત્મા નિરંજન આ ધરતીની મિરાત હતા. એમના મોટાભાઇ કલ્યાણજી લાલજી વ્યાસ પત્રકાર હતા.

'કચ્છ' નામનું છાપું કાઢતા હતા અને એમાં કચ્છના રા'ની પણ જરૂર પડી ત્યારે ટીકા કરીને ખફગી વહોરી લીધેલ. એ કલ્યાણજીના પિતા લાલજી કાનજી માંડવીમાં જાણીતા કથાકાર હતા.

સાહિત્ય ક્ષેત્રે આ જ્ઞાતિના ગણનાપાત્ર નામોમાં મનુભાઇ પાંધી, વનુભાઇ પાંધી, ગૌતમ શર્મા, પ્રિતમલાલ કવિ તથા ગૌતમ શાંતિલાલ જોષી જાણીતા નામો છે. મહિમ પાંધી પત્રકારિત્વના ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા 'કચ્છમિત્ર'માં સહતંત્રી તરીકે છે અને સારા લેખક તરીકે જાણીતા છે. તેમનાં વડવાઓમાં ભવાનીદાસ પાંધી પોરબંદરના રાણાના અંગત મંત્રી તરીકે હતા તેમજ તેમના પુત્રો પણ પોલીસ ખાતામાં જવાબદારીવાળી જગ્યાએ રહ્યા હતા. અંજારના લાધારામ બૃહસ્પતિ સારા કવિ હતા. શીઘ્ર કવિ તરીકે તેઓની ખ્યાતિ તે વખતે હતી. શિક્ષણમાં વધેલા પ્રમાણ સાથે જ્ઞાતિએ પ્રગતિ સાધી છે.

આઝાદીનો આરાધક - કાકુ મહારાજ

આઝાદીની ચળવળમાં કરાચીના લોકનેતાઓને રાતોરાત પકડી લેવાયા ત્યારે નાની ઉંમરે પણ અગ્રેસર થઇને લોકનેતા બની ગયેલા દેવજી નાનજી જોશી-કાકુ મહારાજના નામે સૌની જાણીતી વ્યકિત હતા. મૂળે નારાયણ સરોવરના, જીવના જોખમે બ્રિટીશરોની પાકી ચોકી વચ્ચે કરાચીના સિટી મેજીસ્ટ્રેટની કોર્ટ ઉપરથી યુનિયન જેક ઊતારીને ત્રિરંગો ચડાવી આવેલા. અનેક વખત જેલની સજા ભોગવેલી, જેલમાં અનેક જુલ્મો સહ્યા પણ તેઓ તૂટયા નહિ. આઝાદીની ચળવળથી દૂર રહેવા તેમને જણાવાયું, પણ તેઓ ડગ્યા નહીં. ભાગલા વખતે માનવતાના નાતે પોતાના દુશ્મનોને પણ મદદરૂપ થયેલા કાકુ મહારાજ માટે કરાચીમાં રહેવાનું લાંબેગાળે જીવનું જોખમ બની ગયું ત્યારે ત્યાંના તેમના મુસ્લિમમિત્રોએ જ તેમને જતા રહેવા સમજાવ્યું. ને વ્યથિત હૈયે તેઓ કરાચી છોડી કચ્છમાં આવેલા. માંડવીમાં પણ એમનું નામ અને કામ જાણીતા છે. ૧૯૮૯માં તેમનું મુંબઇમાં અવસાન થયેલું.

રાજ જ્યોતિષી તરીકે શ્રી હરિકૃષ્ણ ખીયરાનું નામ જાણીતું છે. કચ્છી પંચાંગના કર્તા શ્રી ગુલાબશંકર શર્મા પણ કચ્છીઓ માટે જાણીતું નામ છે તેવી જ રીતે જોષી લક્ષ્મીશંકર દેવચંદ જે મીઠુ મારાજના નામે ટીપણાવાળા તરીકે ઓળખાતા હતા તેઓ જ્યોતિષના સારા જાણકાર હતા તથા રાજાની સવારીમાં આશાપુરા માતાનો રથ તેઓ હંકારતા હતા. ભુજના શ્રી નવીનચંદ્ર અમૃતલાલ જોષીને હોમગાર્ડમાં શ્રેષ્ઠ કામગીરી માટે જાન્યુઆરી ૧૯૯૧માં મુખ્યમંત્રીનો ચંદ્રક મળેલ છે. જે પ્રથમ ચંદ્રક છે. આથી અગાઉ આવો ચંદ્રક કોઇને મળ્યો નથી. તેમની કુળદેવી સરસ્વતી છે. મોટાભાગના શૈવપંથી છે પણ ભાટિયાઓના સહવાસના કારણે વૈષ્ણવ સંપ્રદાયમાં માને છે અને સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ માને છે.

પરજિયા બ્રાહ્મણ : આહીરોના પુરોહિત

શ્રી કૃષ્ણ અને યાદવો સૌરાષ્ટ્રમાં આવવા નીકળ્યા ત્યારે કેટલાક આહીરો પણ સાથે હતા અને તેમાંના કેટલાક આહીરો કચ્છના વાગડ ગામે રોકાઇ ગયા હતા. તેમની સાથે તેમના પુરોહિતો પણ રોકાયા હતા. પરજિયા તરીકે ઓળખાતા આ બ્રાહ્મણોની વસતી કચ્છમાં ઘણી ઓછી છે. ખાસ કરીને લાકડીયા, ચોબારી, ડાવરી, માખેલ, આડેસર વિ. ગામોમાં તેમની વસતી છે પણ ખડીરનું બાંભણકા ગામ આખુંય આ બ્રાહ્મણોની વસતીવાળું છે. ૧૮૯૧ની ગણત્રીમાં તેમની વસતી ૨૧૩૮ની હતી. આ બ્રાહ્મણો આહીરો, રજપૂતો, સુથાર, લુહાર, ભરવાડ, કુંભાર, રબારી તથા દરજીઓની યજમાનવૃત્તિ કરે છે. તેઓનો નિભાવ મુખ્યત્વે ખેતી પર આધારિત છે તેમની કચ્છમાં અંદાજે ૧૦૦૦થી ૧૫૦૦ જેટલી વસતી છે.

વેદાન્ત બ્રાહ્મણો માત્ર કચ્છમાં જ છે

પોતાને વેદવ્યાસના વંશજ ગણાવતા આ બ્રાહ્મણોની વસતી માત્ર કચ્છમાં જ છે અને તે પણ મર્યાદિત છે. ઓસવાળ વાણિયા સાથે જમતા હોવાના કારણે બીજા બ્રાહ્મણો તેમને નીચી કક્ષાના ગણતા હતા. સમયના પરિવર્તન સાથે આ ભેદ હવે લુપ્ત થયેલ છે. ૧૮૯૧માં તેમની વસતી ૪૪૦ની હતી. ૧૯૦૧માં ૩૮૬ થયેલ. 'કરણઘેલો' નવલકથામાં આ બ્રાહ્મણોનો ઉલ્લેખ છે.

કચ્છના સોમપુરા શિલ્પીઓ

કચ્છમાં સોમપુરા-સલાટ-શિલ્પીઓનું આગમન ૧૭મી સદીમાં થયું. મહમ્મદ બેગડાએ સોમનાથ-પ્રભાસ પાટણ પર આક્રમણ કર્યું ત્યારે ત્રણ સોમપુરા ભાઇઓ ભાગીને ભુજ આવેલા. પોતાની આદ્યદેવી મા ચક્રેશ્વરીની સ્થાપના પણ ભુજમાં કરેલી. (કાયસ્થ શેરી, ભુજમાં હાલમાં પણ છે.) એ પછી આજ સુધીમાં ત્રણમાંથી તેમની વસતી ત્રણસોની થઇ છે. કચ્છનાં ઘણાં સુંદર બાંધકામોમાં તેમની સહાય છે. કિરીટ સોમપુરા તથા ચેતન સોમપુરા એન્જીનીયર છે. સુરેશ સોમપુરાએ લેખન-ચિત્રકામ-વ્યંગ લેખન અને ચિત્રણ વગેરેમાં પણ નામ કાઢયું છે. તેરા અને સાભરાઇમાં પણ સોમપુરાઓ વસે છે. ભુજમાં શ્રી કામનાથ મહાદેવનું મંદિર પણ સોમપુરાઓ દ્વારા બનાવવામાં આવ્યું છે.

લલાટ અને પુરબીયા

કચ્છમાં લખપત નજીક આ બ્રાહ્મણો હોવાની નોંધ એન્થીવને કરી છે. તેમની જ્ઞાતિ નાની છે. આની કોઇ વિશેષ વિગતો મળતી નથી. લલાટ કે લાલેટા તરીકે તેઓ ઓળખાય છે.

પુરબીયા જ્ઞાતિ પણ રાજગોરોની પેઠે ઔદિચ્યમાંથી ઉતરી આવેલ છે. તેમની વસતી પલાંસવા, ગેડી તથા આડેસરમાં છે. તેઓ ઉત્તર ભારતમાંથી કચ્છમાં આવ્યા છે. હાલે નોકરી કરે છે. તેમની વસતી ઘણી ઓછી છે.

સમયના પરિવર્તન સાથે બ્રાહ્મણો હવે બ્રહ્મસમાજના નામે એકત્ર થવા માંડયા છે અને ઊંચ નીચના ભેદોને ત્યજી એક જ પરમ પિતાના પુત્રો છે એ ભાવના જગાવી દેશ માટે બ્રાહ્મણોએ જે ગૌરવ અતીતમાં ઉપજાવ્યું હતું તે ફરીથી લાવવા મથે છે એ સારી નિશાની છે. □

■ સર્વ મંગલા એપાર્ટમેન્ટ, ઘનશ્યામનગર, ભુજ

સરસ્વતીના ઉપાસક ચારણ

ચારણ વિદ્વાનો ચારણોની ઉત્પતિ અંગેની દંતકથાઓને આધારભૂત ગણતા નથી. તેમનું કહેવું એવું છે કે, જગતના સૌથી જૂના ગણાયેલા વાંડ.મય સાહિત્યમાં વેદો છે. વેદોમાં 'ચારણ' શબ્દનો ઉલ્લેખ આવે છે. તેથી ચારણ જાતિ વેદોથી પણ પૂર્વે છે. તેના આધારમાં યજુર્વેદના ૨૬મા અધ્યાયમાં આવતો બીજો મંત્ર બતાવે છે.

તેમના નિવાસસ્થાનો અંગે વાયુ પુરાણ, બ્રહ્મપુરાણ, મહાભારત (વનપર્વ), વાલ્મિકિ રામાયણ વિગેરેમાં ઉલ્લેખો જોવા મળે છે. વેનના પુત્ર પૃથુ રાજાએ એક વખત મહાયજ્ઞ કર્યો તેમાં ચારણો પણ આવ્યા. રાજાએ તેમને તૈલંગ દેશ આપ્યો (ચારણાય તત : પ્રાદાતૈલંગા દેશમુત્તમમ્ ।-પદ્મપુરાણ) ત્યાં ગયેલા ચારણો સ્થિર ન રહેતાં સમગ્ર ભારતમાં પથરાઇ ગયા. તૈલંગ દેશમાંથી માલવામાં, કચ્છમાં, થરપારકરમાં, સૌરાષ્ટ્ર, સિંધ, ગુજરાત તથા રાજપૂતાનામાં ગયા. માલવા તો વિદ્યાવિલાસનું ધામ હતું તેથી તેઓ ત્યાં ગયા.

ત્યાંના પરમારોએ તેમને વસવાટ માટે કચ્છ પ્રદેશ આપેલ અને તેથી ચારણો કચ્છમાં આવ્યા. ઇતિહાસના આધારે ગણના કરતાં પરમારોએ ૯મી શતાબ્દીમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. આ ગણતરીએ ચારણો ૯મી સદી પછી કચ્છમાં આવ્યા હશે તેમ અનુમાન થઇ શકે.

ગણપતિ પુરાણમાં એમને કશ્યપના સંતાન ગણેલા છે. અને મૂળ સ્થાન હિમાલય બતાવેલ છે. હિમાલય છોડીને તેઓ તૈલંગ ગયા અને ત્યાંથી કચ્છ-સૌરાષ્ટ્રમાં આવ્યા. ૮મી સદીમાં સિંધના હમીર સુમરાના જુલ્મનો સામનો કરવા માટે આઇ આવડના નેજા નીચે બધા ચારણો એકત્ર થાય છે અને હમીરનો અંત આવે છે. તે પછી આઇ રાજસ્થાન ગયા. તેમની સાથે કેટલાક ચારણો ગયા, કેટલાક સિંધમાં રહ્યા. કેટલાક કચ્છ અને કાઠિયાવાડ ગયા. સિંધમાં રહેલા ચારણો ફરી જાડેજાઓ સાથે કચ્છમાં આવ્યા અને ત્યાંથી પછી સૌરાષ્ટ્ર તરફ ગયા. આ રીતે ચારણો જુદા જુદા સ્થળે ગયા પછી પોતાની પ્રાદેશિક ઓળખાણ દર્શાવવાનું શરૂ કર્યું અને ચારણ આગળ મારૂ, સોરઠીઆ, કાછેલા, તુંબેલ વગેરે શબ્દોનો વપરાશ થયો. આ રીતે જોતાં ચારણ સમુદાય ૮મી સદીની આસપાસ પ્રથમ અને ત્યારબાદ ૧૨મી સદીમાં બીજી વખત કચ્છમાં આવ્યા તેમ અનુમાન થઇ શકે. પણ આ હમીર સુમરાનો સમય ૮મી સદી સાથે મેળ પડતો નથી.

ચારણોના ચાર મોટા સમુદાય

ચારણોના ચાર મોટા સમુદાય ઉપર કહ્યા પ્રમાણે પ્રાદેશિક ઓળખના કારણે મારૂ ચારણ, કાછેલા ચારણ, સોરઠીઆ ચારણ અને તુંબેલ ચારણ થયા. કચ્છમાંથી આવ્યા તે કાછેલા, મારવાડથી આવ્યા તે મારૂ, સૌરાષ્ટ્રથી આવ્યા તે સોરઠીઆ. મારૂ ચારણ

અને કાછેલા ચારણોની કુળદેવીઓ એક જ છે. તેવી જ રીતે તુંબેલ ચારણો કચ્છમાં હતા અને ત્યાંથી ૭ થી ૧૨માં સૈકા દરમ્યાન જુદે જુદે સ્થળે ગયા હતા તેમ કહે છે. તે લડાયક વૃત્તિના ધર્મભાવનાથી રંગાયેલા હતા. તેવી જ રીતે સોદા, સીલગા, સુરતાનીયા, દેથા, કિનિયા, કોચર, વનસૂર અને ખાસિયા વિગેરે નુખોવાળા ચારણો કચ્છમાંથી ગયા હતા.

રા' લાખા ફુલાણીને સુવર્ણ પુરષાની ભેટ આપનાર માવલ ચારણની કથા કચ્છમાં પ્રસિદ્ધ છે. એ માવલ તુંબેલ શાખાનો હતો. તેના યજ્ઞ વિશે અનેક ચારણી કાવ્યો રચાયા છે. આ માવલ સાબાણીના વંશજો કચ્છમાંથી સૌરાષ્ટ્ર તરફ ગયા હતા. રાજ પરિવારની સાથે માવલ ચારણના પુત્રોને કોઇ કારણસર મતભેદ થતાં બીજે વસતાં તેઓ ''અવર-કચ્છા'' તરીકે ઓળખાવા લાગ્યા. આ ચારણો કચ્છથી બહાર ગયા તે ગાળો ઇ. સ. ૯૦૦-૯૮૨નો આવે છે.

તુંબેલ ચારણો લડાયકવૃત્તિના હતા. જામ રાવળ પોતાના સેવકો સાથે તુંબેલોનું સૈન્ય લઇ વિ. સાં. ૧૫૭૫માં સૌરાષ્ટ્રમાં સખાતે ગયાનું કહેવાય છે.

શૌર્યને બિરદાવનાર ને તૂટતી ટેકને ટકાવનારા, મોઢામોઢ સાચું હોય તે કહી દેવાની હિંમત રાખનારા, અહિંસાનો ધર્મ પાળનારા છતાં જરૂર પડે તો દેશ માટે યુદ્ધે ચડનારા, સ્વામી માટે શિશનું સમર્પણ કરનારા ચારણોનું સ્થાન ભારતના ઇતિહાસમાં ઉજ્જવલ રહ્યું છે.

રા' દેશળજીની ગાદી મેળવવામાં લક્ષ્મીદાસ કામદારને આડા આવતા કમઠાણ ટાળવા માટે કાનપર ગામનો કાનો ચારણ રાતોરાત કોરીઓથી ભરેલા ગાડા રા'ના ખજાને ઠલવ્યા હતા એ કાનો, કચ્છના ઇતિહાસમાં ન ભૂલાય એવો રહ્યો છે.

કાને કોરી ક્રોડ રા'ને ડીની રોકડી,
જીણ ચારણરી જોડ હુવો ન દુજો દેશમેં

ઝારાના યુદ્ધમાં દેશ માટે પોતાના લીલુડાં માથાં આપી દેનાર પૂંજો, સૂજો, લખમણ અને કલ્યાણ, દુશ્મનના દળમાં હાહાકાર મચાવી દીધા પછી દેહ પાડનારા એ ચારણકુળના હતા.

સંત રાવળપીર, કચ્છનો દુલો દરિયા દેવ પણ કચ્છ ગંગોણના અજરામલ ગેલવાતના પુત્ર-ચારણ કુળના દીપક હતા.

જૂના વખતમાં ચારણ વણજારાની જેમ પોઠો દ્વારા વેપાર કરતા. આવા એક શાહ-સોદાગર તરીકે ખ્યાતિ પામેલા જોધા માણકાણી કચ્છ મંજલના ચારણ હતા. એમનું નામ રાજસ્થાન સુધી આદર સાથે લેવાતું. રાજસ્થાનમાં કચ્છના ચારણોને વેપારી જકાત માફ કરાવનાર એ જોધો ચારણ હતો

મારૂ ચારણકુળના હમીરજી રત્નુ

મારૂ ચારણ કુળના હમીરજી રત્નુ-એ ચારણ જ્ઞાતિના ધારાસભ્યપદે રહી ચૂકેલા પુષ્પદાન શંભુદાન ગઢવીના પુણ્ય શ્લોકી પૂર્વજ હતા. જેમણે કચ્છમાં વ્રજભાષા પાઠશાળા સ્થાપવાની રા'ને પ્રેરણા આપી હતી. આ વ્રજભાષા પાઠશાળાના છેલ્લા અધ્યાપક શ્રી શંભુદાનજી હમીરજી કચ્છ રાજ્યના રાજ કવિ પણ હતા.

રા' દેશળ અને કવિ જાલણસી વચ્ચેના મૈત્રી સંબંધનો કિસ્સો પણ ચારણની ખાનદાનીની સાખ પુરનારો છે.

કચ્છમાં કાછેલાની વસતી ખાસ કરીને મંજલ, કાનપુર તથા મધ્ય કચ્છમાં છે, મારૂ ચારણો ભુજ, અબડાસાની ઉત્તરે નખત્રાણા સહિતના ભાગમાં વસે છે. તુમેર મોટે ભાગે કંઠી વિસ્તારમાં વસવાટ કરે છે. શિક્ષણનું મહત્ત્વ આ જ્ઞાતિમાં છે પણ તે શિક્ષણ તેમનાં ધંધાને અનુકૂળ પ્રકારનું હતું. પણ હવે શિક્ષણ અંગેના તેમનાં ખ્યાલ જમાનાને અનુરૂપ થયા છે. તો પણ જોઇએ તેટલો વ્યાપ હજી નથી. માંડવી તથા ભુજમાં ચારણ બોર્ડીંગ છે.

સરસ્વતીની કૃપા આદિકાળથી ધરાવનારા ચારણો પૈકી ઘણા વિદ્વાનો છે. કચ્છમાં આ જ્ઞાતિના વિદ્વાન કવિઓ પાકયા છે. બાબિયાના કવિ દેવીદાન દેથાનું નામ જાણીતું છે. કવિ તરીકે પબુ ગઢવી 'પુષ્પ' પણ જાણીતા કવિ છે. શ્રી મહેશ ગઢવી લેખક અને પત્રકાર તરીકે અને ડો. શિવાજીભાઇ બારોટ ભાષા નિષ્ણાંત તરીકે જાણીતા છે. તેમને રશિયામાંથી ડોકટરેટની પદવી એનાયત થઇ છે. અગાઉ વંશાવળી લખવા માટે ગામેગામ શીખ લેવા પહોંચતા હતા એ પ્રથા હવે તૂટતી જાય છે. ચારણોમાં સ્ત્રી જાતિ હંમેશાં આદરનેં પાત્ર ગણાયેલ છે અને તેને 'માતામા'ના માનભર્યા સંબોધન સાથે બોલાવવાનું આજે પણ જળવાયું છે. સ્વમાની હોવાના કારણે ચારણો સંબંધો જાળવી જાણે છે ને બે-આબરૂ થવા કરતાં મોતને મીઠું ગણતાં અચકાતા નથી.

આદિકાળથી અત્યંત તેજસ્વી એવો આ ચારણકુળ પ્રથમથી જ માતૃશકિતનો ઉપાસક રહ્યો છે. 'આઇ'ના પૂજનીય બિરૂદ જેમને અપાયા છે એવી 'આઇઓ'એ ચારણોમાં સંસ્કાર સીંચ્યા છે. આઇ આવળ, આઇ આશાપુરા, આઇ ખોડીયાર, આઇ પીઠડ, આઇ નાગબાઇ, આઇ કાગબાઇ વિગેરેની ઉજળી પરંપરામાં કચ્છના આઇ વરવડી માત્ર ચારણ જ્ઞાતિ માટે નહિ, અન્ય જ્ઞાતિઓ માટે પણ શ્રદ્ધાનું સ્થાનક છે. આ લોબડીયાળી આઇ વરવડી સંવત ૧૦૭૭માં લાકડીઆ પાસેના ખોડાસરમાં જન્મ્યા હતા અને સિંધના સુમરાના ત્રાસમાંથી માનેલી બહેન જાહલને છોડાવવા નીકળેલા જુનાગઢના રા'નવઘણના સહાયક થયા હતા. એની કથા અને બિરદાવળી આજે પણ ચારણી સાહિત્યમાં સચવાયેલી છે. એવું જ જાણીતું નામ લાખિયાવિરાના સતી જીવાબાઇનું છે.

કચ્છમાં આઇ આશાપુરાને મુખ્ય દેવી તરીકે તેઓ ભજે છે. કેટલાક સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ માને છે. ઇ.સ. ૧૯૮૧માં થયેલી વસતી ગણત્રી પ્રમાણે કચ્છના ચારણોના ૩૫૨૯ ઘરોની વસતી ૧૭૭૦૦ની નોંધાયેલ હતી. ૧૯૯૧માં દર વર્ષે ૨-૧/૨% ના વૃદ્ધિ દરે આ વસતી ૨૨૫૦૦ થી ૨૩૦૦૦ જેટલી અંદાજવામાં આવે છે. □

■ માહિતી : ટપુભા આ. ગઢવી, રાપર

કાયસ્થ : વસ્તી ઓછી છતાં ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન

□ ચંદ્રવદન જી. મહેતા

પૌરાણિક કથા પ્રમાણે બ્રહ્માના હૃદયમાંથી ઉત્પન્ન થયેલ આજાનબાહુ ચિત્રગુપ્ત કાયસ્થોના આદિપુરૂષ ગણાય છે.

સોળમી સદીમાં કચ્છ આગમન

કચ્છના ઇતિહાસમાં ઉલ્લેખ થયા પ્રમાણે કાયસ્થો સોળમી સદીમાં સિંધ, મારવાડ, અમદાવાદ અને સોરઠમાંથી કચ્છમાં આવ્યા છે. કચ્છમાં શરૂથી જ 'મહેતા' તરીકે ઓળખાતા શ્રીવાસ્તવ, માથુર અને વાલ્મિકી નુખ ધરાવતા કાયસ્થો છે. શરૂમાં ભુજમાં પંચમુખા હનુમાન શેરી વાળો વિસ્તાર તથા કાયસ્થ શેરી તરીકે ઓળખાતા વિસ્તારમાં તેમનો વસવાટ રહ્યો હતો.

એક મુત્સદી કોમ તરીકે કાયસ્થોની વહીવટ અને નોકરી તરફ પહેલેથી જ નજર રહેલી છે તેથી મોટેભાગે રાજ્યની નોકરીમાં રહીને ઊંચા હોદા સુધી પહોંચતાં. રાજા અને રાજ્યને વફાદાર રહીને સેવા બજાવ્યાના ઘણા ઉદાહરણો અતીતના ચોપડે ચડયા છે. મહારાવશ્રી ખેંગારજી ત્રીજા, તેમના દિવાન મણિભાઇ જશભાઇને ભુજની ભાગોળે આવેલા માધાપર ગામ બક્ષીશ ખતના લેખ દ્વારા આપી દેતા હતા. તેને રાજ્યના હિતમાં, રા'ની નજર સમક્ષ જ ફાડી નાખનાર લઘુ બક્ષીનો કિસ્સો જાણીતો છે. બક્ષી જેવી માનકારી જગ્યાએ કચ્છ રાજ્યમાં તેના છેલ્લા રાજવી સુધી કાયસ્થ ગૃહસ્થ ચુનીલાલ ગોવિંદજી હતા. રાજવી કુટુંબમાં લગ્નપ્રસંગે તથા રાજ્યની અસવારીના પ્રસંગે બધીજ વ્યવસ્થા બક્ષી ખાતા હસ્તક થતી. આ છેલ્લા બક્ષીના વ્યકિતત્વને ઉઠાવ આપતી એમની ભરાવદાર મૂછો, લાંબો કોટ પહેર્યો હોય, નીચે શેરવાની ઉપર ભેઠ, એ ભેઠમાં ખોંસેલો જમૈયો અને કમરે રાખેલ ચાંદીનો દોત અને કલમ-સાથે નીકળતો એ ચહેરો બક્ષી યુગના સમાપ્તિ ટાણાનો આજે પણ ઘણાં વૃદ્ધોની યાદમાં સચવાઇ રહ્યો છે.

નાયબ દિવાનના હોદા સુધી પહોંચેલા માધવજી રામદાસ, શિક્ષણ ક્ષેત્રમાં સારા હોદે રહેલા માવજી કાનજી મહેતા કે મહેસૂલ ખાતામાં ઠેઠ ડેપ્યુટી કલેકટર જેટલી તે વખતે ઊંચી ગણાતી જગ્યા સુધી પહોંચેલા બાલમુકુંદ માવજી, એલ.સી.પી.એસ.ની ડીગ્રીધારી પહેલા ડોકટર હરિલાલ દામોદર કે જેઓ માત્ર શરીર પર રૂમાલ ઘસી અને પરસેવાની વાસ ઉપરથી નિદાન કરીને સારવાર કરતા હતા, તે કચ્છ રાજ્યના, રાજ્ય કુટુંબના પણ ડોકટર હતા. તેવીજ રીતે માંડવીમાંની ટંકશાળના સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યાએ (સં. ૧૮૧૯માં) રહેલા લાલજી દેવજી વગેરે આ જ્ઞાતિના વિવિધ ક્ષેત્રે ગણનાપાત્ર વ્યકિતઓ હતી. તેવી રીતે જવાબદાર રાજ્યતંત્રની ચળવળ ચલાવનારામાં છગનલાલ ભવાનીશંકર મહેતા, એક સમર્થ પત્રકાર અને ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા, આ જ્ઞાતિના મોભીઓ પૈકીના એક હતા.

રાજકારણમાં જેમનું નામ અને કામ બેય જાણીતા છે એવા મહીપતરાય મૂળશંકર મહેતા કચ્છના જ રાજકારણના નહિ, રાષ્ટ્રીય તખ્તા સુધી પહોંચેલા ઊંચા ગજાના રાજકારણી હતા. કચ્છના વિકાસ માટે સતત જાગૃત રહીને લડત આપનાર આ નીડર અને સ્પષ્ટ વકતા એકથી વધુ વખત સુધી તેઓ સંસદસભ્ય તરીકે રહી ચૂકયા હતા. તો તેમના ભાણેજ કિશોરભાઇ મહેતા પણ રાજ્યસભાના સભ્ય રહી ચૂકયા છે.

આથી અગાઉ શ્રી કેશુભાઇના સરકાર વખતે ગુજરાત રાજ્યમાં નાણાપ્રધાનની જવાબદારીભરી ફરજો બજાવતા શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા હવે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીપદે બિરાજે છે તે પણ માથુર અટક ધરાવતા કચ્છના કાયસ્થ જ છે.

સાહિત્ય ક્ષેત્રે પણ જેમની નામના રહી છે એવા ડો. ભાવનાબહેન મહેતા, ડો. ધીરેન્દ્ર મહેતાના નામો ગણનાપાત્ર છે.

સરકારી નોકરીઓમાં ઉચ્ચ હોદા પર

માત્ર રાજાશાહીના યુગમાંજ નહિ, રાજાશાહી પછી પણ સરકારી નોકરીમાં ઊંચા હોદ્દાઓ ધરાવનાર કાયસ્થો દરેક ક્ષેત્રમાં જોવા મળશે. પછી એ ક્ષેત્ર ન્યાયનું હોય, રેવન્યુ ખાતાનું હોય, ડોકટરી વ્યવસાયને લગતું હોય, કે પછી વકીલાતનું હોય, ઘણા કાયસ્થ ભાઇ-બહેનો સારી પ્રતિભા સાથે જોવા મળે છે.

સામાજીક ઢાંચામાં-દહેજના દુષણનો પ્રવેશ જ્યાં પહેલેથીજ થયો નથી એ કાયસ્થ જ્ઞાતિમાં કંકુ અને કંકણથી કન્યા પરણાવી શકાય એવા રૂઢિગત વહેવારો હજીય અમલમાં રહેલા છે.

વૈષ્ણવ ધર્મમાં માનતા કાયસ્થો પૈકી ઘણાં સ્વામીનારાયણ સંપ્રદાયમાં માને છે. તેમજ શિવ સંપ્રદાયમાં પણ માને છે. કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રારંભે સત્સંગને વધારવામાં લાધીબાનો ફાળો મહત્ત્વનો હતો. એમની સ્મૃતિ કાયસ્થ શેરીમાં પ્રસાદીરૂપે 'લાધીબાઇની ઓરડી' તરીકે સંપ્રદાયમાં સચવાઇ રહી છે. માંડવીમાં કલ્યાણેશ્વર મહાદેવનું સં. ૧૮૯૧માં બંધાયેલ મંદિર ભુજના રામદાસ નાનજીએ બંધાવેલ. માધવજી મહેતાનું નિરોણામાં બંધાવાયેલું રાધાકૃષ્ણ મંદિર તથા ભુજમાં ગોકર્ણેશ્વર મહાદેવનું મંદિર, કાળી તલાવડી સ્વામીનારાયણ પ્રસાદી સ્થલે માવજી કાનજીએ બંધાવેલી ધર્મશાળા અને ભુજમાં ૧૮૬૦માં માંડણ કાનજીએ બંધાવેલ ભીમનાથ મહાદેવનું મંદિર-એ ધાર્મિક ક્ષેત્રે કાયસ્થ જ્ઞાતિનું યાદગાર પ્રદાન છે. કચ્છમાં કુલ્લે ૧૪૫ ઘરોની ૧૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા કાયસ્થોનું કચ્છના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન રહ્યું છે.

કેવળ કચ્છમાં જ નહિ, સમગ્ર ભારતમાં થઇ ગયેલા અને વર્તમાનકાળે પણ નામના ધરાવતા કેશવચંદ્ર સેન, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ જેવા વિશ્વ વિખ્યાત અને હરિવંશરાય બચ્ચન, સત્યજીત રે, અમિતાભ બચ્ચન, વિશ્વસુંદરી ઐશ્વર્યા રાય વિગેરે કાયસ્થ જ્ઞાતિનું ફુલ ગૌરવ વધારનાર મહાનુભાવો છે. □

■ ''શબ્દલોક'', સંસ્કારનગર, ભુજ

ભાનુવંશજ ભાનુશાલી

□ ધનજી ભાનુશાલી (કડક બંગાલી)

પૌરાણિક દંતકથાઓમાં જેમને ક્ષત્રિયના વંશજ તરીકે ગણાવવામાં આવ્યા છે અને પોતાને ભાનુ રાજાના વંશજ તરીકે ગણાવતા ભાનુશાલીઓ વિશે કોઇ આધારભૂત સાધનો ઉપલબ્ધ નથી.

ઊંચા, પડછંદ, ગોરા અને સશકત બાંધાવાળા આ ભાનુશાલીઓ પ્રથમથી જ શુદ્ર વર્ણના છે એમ માનનાર પણ એક વર્ગ છે. અને તે પોતાની માન્યતા માટેના એવા કારણો જણાવે છે કે, આ જ્ઞાતિની સમકાલીન જ્ઞાતિઓ મોટે ભાગે શિક્ષિત અને રાજ્યકાર્ય સંભાળતી હતી. જ્યારે આ જ્ઞાતિ પ્રથમથી જ રાજ્યના લશ્કરમાં નોકરીમાં અથવા તો ખેતી કાર્યમાં જોડાયેલી રહી. વળી અલ્પ શિક્ષણના કારણે તેમનો વિકાસ પણ થયો નહોતો.

અલ્પ શિક્ષણનું કારણ તો ખરું જ, સાથે સાથે 'હિંગલાજની આણ' પણ એમની પ્રગતિમાં લક્ષ્મણ રેખા બનીને ઊભી રહી. તેથી 'ભણ્યા ઇ ભણસારી ને બ્યા મડે વિગુ' તરીકે ઉપેક્ષિત કરાયેલી આ જ્ઞાતિએ પોતાની ઉન્નતિ તરફ પ્રથમથી જ ઓછું ધ્યાન આપ્યું છે.

૯૦૦ વર્ષ પહેલાં કચ્છમાં આગમન

ભારત પર વિદેશીઓ જે રસ્તેથી આક્રમણો લઇને આવ્યા એ ખૈબરઘાટ અને બોલનઘાટના રસ્તેથી ભાનુશાલીઓ લગભગ ૨૩૦૦ વર્ષ પહેલાં ભારતમાં આવ્યા. સૌ પ્રથમ ઉત્તર ભારતમાં -દિલ્હી, પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન થઇ અને સિંધ સુધી પહોંચેલા ભાનુશાલીઓ, 'પટ્ટણ સબ ડટ્ટણ'ની ઘટના સમયે વિગુકોટ (વિગાકોટ)થી સ્થળાંતર કરી લગભગ ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાં કચ્છમાં આવ્યાનું જણાય છે. કચ્છમાંથી હાલાર, સૌરાષ્ટ્ર તરફ ગયા હતા.

કચ્છમાં રહી ગયા તે કચ્છી ભાનુશાલી, હાલારમાં ચેવલ બંદરે ગયા તે ચેવલી કે હાલારી ભાનુશાલી અને સિંધમાં રહ્યા તે સિંધી ભાનુશાલી તરીકે ઓળખાવા લાગ્યા, આઝાદી પછી કરાચી અને સિંધમાંથી હિજરત કરી આવેલા ભાનુશાલીઓ રાજસ્થાન, કચ્છ, જામનગર, મુંબઇ અને સૌરાષ્ટ્રમાં સ્થિર થયા છે.

મૂળે ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેમનો પહેરવેશ ખેતી કામને અનુરૂપ છે, તેમનાં પહેરવેશ સંબંધમાં કહેવાયું છે કે, 'માથે મોટી પાઘડી, ને ખભે મોટો ખેસ, કેડે બાંધીયું ધોતિયું ને ચરણું પહેરણ વેશ, ખડતલ તનડું, નિર્મળ આંખો, ખમીરવંતી જાત...' જોકે હવે બદલાતા જમાનાની અસર થઇ છે તેનાં કારણ આજના પ્રવાહને અનુરૂપ ફેરફારો તેમનાં પહેરવેશમાં થયા છે. તો પણ વૃદ્ધ વર્ગ અને ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત પહેરવેશ હજી જળવાઇ રહ્યો છે.

બારદાનના ધંધામાં જ્ઞાતિની ઇજારાશાહી

જ્ઞાતિના સગપણ અને લગ્નના રીત રિવાજો લોહાણા જ્ઞાતિને મળતા છે. તેમનાં ગોર પણ સારસ્વત બ્રાહ્મણ છે. રૂઢિચૂસ્ત જ્ઞાતિ હોવા છતાં આ જ્ઞાતિમાં પુનઃ વિવાહ, વિધવા વિવાહ થાય છે. પરંતુ દહેજની પ્રથા નથી. લોહાણાઓએ પૂજ્ય ગણેલ વચ્છરાજ અને જશરાજને આ જ્ઞાતિ પણ 'વાછરા દાદા' અને 'દાદા જશરાજ' તરીકે પૂજ્ય ગણે છે.

પાટીદારોનું જેમ શો-મિલ ક્ષેત્રે પ્રભુત્વ રહ્યું છે તેમ બારદાનના ધંધામાં ભાનુશાલીઓનું પ્રભુત્વ છે. જ્ઞાતિના આગેવાનોના પ્રયાસો થકી હવે શિક્ષણનો વ્યાપ વિસ્તરતો રહ્યો છે તેથી સરકારી નોકરીમાં તથા કેમિકલ્સથી માંડીને કરીઆણાના જથ્થાબંધ વેપારમાં તેમનો નોંધપાત્ર પ્રવેશ થતો રહ્યો છે.

કચ્છમાં ૮૫ ગામડાઓમાં વસતી ભાનુશાલી જ્ઞાતિ પાંચ વિભાગમાં વિભક્ત છે. સૌથી વધુ વસતી અબડાસા તાલુકામાં છે. અબડાસાના ૫૧ ગામો, ગરડાના ૧૧ ગામો, પાવરપટ્ટીના ૫ ગામો અને કંઠીના ૧૮ ગામો તથા શહેરી વિસ્તારોમાં ભુજ, અંજાર, ગાંધીધામ, આદિપુર અને ગોપાલપુરી વિસ્તારમાં તેમની વસતી છે. બધા ગામોના પ્રમુખોનું એક મધ્યસ્થ મંડળ જેને 'ભાનુશાલી દેશ મહાજન' કહે છે તેનું મુખ્ય મથક નલીઆ ગામે છે. મુંબઇ મધ્યે ઘાટકોપરમાં શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ -મુંબઇની સંસ્થા અગાઉના 'સેવા મંડળ'માંથી સંવત ૨૦૦૯માં અસ્તિત્વમાં આવી છે. આ મંડળ ભારતભરમાં વસતા ભાનુશાલી જ્ઞાતિજનોને દોરવણી માર્ગદર્શન આપે છે તથા શૈક્ષણિક ક્ષેત્રે કુમાર તથા કન્યા છાત્રાલયો સ્થાપી જ્ઞાતિને કેળવણીના પંથે વાળે છે.

સિંધમાંથી આવેલા અને અહીં સ્થાયી થયેલા સિંધી ભાનુશાલીઓએ પોતાની અલગ ઓળખ 'અખિલ ભારતીય સિંધી ભાનુશાલી પંચાયત' દ્વારા જાળવી રાખી છે. તથા તે સંસ્થા દ્વારા જ્ઞાતિનો વહીવટ ચલાવે છે. બનાસકાંઠા, પાલનપુર તથા કચ્છમાં ''ભણશાલી'' અવટંકવાળા જૈન ધર્મને માનનારની સંખ્યા પણ મોટી છે. મૂળે તેઓ પણ ભાનુશાલી જ્ઞાતિના જ હતા પણ સાં. ૧૧૯૬માં ખડતરગચ્છના વિદ્વાન આચાર્ય જિનદત્ત સૂરી મ. સા.ના પ્રભાવ થકી જૈન ધર્મ સ્વીકાર્યો છતાં મૂળ અટકને તેઓએ જાળવી રાખી છે.

ભાનુશાલીઓ મૂળે વૈષ્ણવ સંપ્રદાયમાં માને છે અને માતા હિંગલાજ તેમનાં કુળદેવી છે. પંજાબમાં વસતા ભાનુશાલીઓ ગુરૂ ગ્રંથ સાહેબને માને છે.

ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતનામ એવા આદ્ય ક્રાન્તિકાર પં. શ્યામજી કૃષ્ણવર્મા આ જ્ઞાતિના નરરત્ન હતા. ધાર્મિક ક્ષેત્રે 'સમભાવ'ને ટકાવી હિંદુત્વની ભાવનાને ઉજળી રાખનારા વાંઢાય પરંપરાના સંત ઇશ્વરરામજી તથા ઓધવરામજી આ જ્ઞાતિ માટે આદરપાત્ર રહ્યા છે. સને સત્તાવનના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે લશ્કરને કપડાં પુરાં પાડનાર તથા મહારાષ્ટ્રમાં કલ્યાણથી થાણાની રેલ્વે લાઇનના કોન્ટ્રાકટર તથા જેના નામ પરથી ગામ અને રેલ્વે સ્ટેશનનું નામ કલ્યાણ પાડવામાં આવ્યું તે તથા મુંબઇમાં બાબુલનાથનું મંદિર બંધાવનાર ભાનુશાલી કલ્યાણજી શિવજી કચ્છ-માંડવીના હતા. બન્ને પગ બહાર રાખીને ગાડી ચલાવવાને કારણે ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં જેમનું નામ નોંધાયું છે તે કાંતિલાલ ભાનુશાલી તથા શરીરમાં ૬ ઈંચ સુધીના ઊંડા ઘાને વગર ટાંકે રૂઝવવાની આગવી પદ્ધતિ વિકસાવનાર ડો. કિશોર શિવજી હરબડા પણ કચ્છના જ છે. બાંભડાઇના મેઘજી જસરાજના પુત્ર હરિદાસ ગોરી, (કમાન્ડર ગોરી) સ્વામીનારાયણ મંદિર ભુજની સ્થાપનામાં મહત્ત્વનું પ્રદાન કરનાર કાનજી સ્વામી આ જ્ઞાતિનું ગૌરવ છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે લશ્કરમાં ગુજરાતી અને તેમાંયે કચ્છી

તો ભાગ્યે જ જાય છે. પણ, જેમણે કમાન્ડર ગોરીનું નામ સાંભળ્યું હશે તે છાતી ફૂલાવીને કહેશે કે એક ભાનુશાલી નૌકાસેનામાં ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યો છે.

બીજાને ખવડાવીને ખુશ રહેનારા ભાનુશાલીઓની જ્ઞાતિમાં 'દ્વારા'નું મહત્ત્વ ઘણું છે. 'દ્વારા' એટલે સમાજના અપંગો, વૃદ્ધો અને જરૂરતમંદોનું આશ્રયસ્થાન. કલ્યાણજી શિવજીએ સૌ પ્રથમ આવું 'દ્વારૂં' કચ્છ-માંડવીમાં સ્થાપેલ. ત્યાર પછી તો આવા દ્વારાઓ કેટલાયે ગામોમાં સ્થપાયા છે.

એમ કહેવાય છે કે, આ જ્ઞાતિમાં નપુંસકનો જન્મ કયારે પણ થયેલ નથી. જ્ઞાતિ આને 'માતા હિંગલાજની પૂર્ણ કૃપા' માને છે. ભાનુશાલીઓની ૨વર્ષ પહેલાં થયેલી વસતી ગણતરી પ્રમાણે પાકિસ્તાનમાં ૭૦૦૦, રાજસ્થાનમાં ૨૫,૦૦૦, મધ્યપ્રદેશમાં ૫૦૦૦, દિલ્હી તથા તેના આજુબાજુનાં વિસ્તારમાં ૨૭,૦૦૦ અને પંજાબમાં ૧૬૫૦૦ અને કચ્છ, જામનગર, મુંબઇ અને દેશના અન્ય ભાગોમાં ૧૧,૦૩,૬૩૧ની જનસંખ્યા ધરાવતી આ જ્ઞાતિએ સમયના વહેણને પારખીને હવે પ્રગતિના સોપાન સર કરવાના નિશાન તાકયા છે, એ ભવિષ્યના ઉજળા એંધાણ છે.□

■ જલારામ કૃપા, બંગલા નં. ૧૦, એસ. ટી. કોલોની, ભુજ

શિવશક્તિના ઉપાસક-ભાવસાર

પોતાને ક્ષત્રિયના વંશજ તરીકે નિહાળતા ભાવસાર જ્ઞાતિની ઉત્પત્તિની કથા પણ પરશુરામની પૃથ્વીને નક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા સાથે સંકળાયેલી છે. માતા હિંગલાજે પોતાને શરણે આવેલા આ ક્ષત્રિયોને બંધારાની કામગીરીમાં આશીર્વાદ આપ્યા. આથી તેઓ 'છીપા' તરીકે ઓળખાયા, તેઓ રાજસ્થાન-મારવાડ તરફ ગયા. તે પછી તેમના કબીલામાં બે ભાઇઓ- એક ભાવસેન અને બીજો સારસેન નામે થયા. તે ઉપરથી તેઓ 'ભાવસાર' એવા નામે ઓળખાવા લાગ્યા એમ તેમનાં બારોટોના ચોપડામાં નોંધાયેલું છે.

૪૦૦ વર્ષ પૂર્વે કચ્છમાં આગમન

લગભગ ૪૦૦ વર્ષ પહેલાં રાજસ્થાન- મારવાડથી ભાવસારો કચ્છમાં આવ્યા અને કચ્છની જૂની રાજધાની લાખીયાર વીરા અને તેની આસપાસના ગામોમાં જ્યાં પશુઓ માટે ચારો ઉપલબ્ધ થાય ત્યાં તથા ખેતીની જમીન મળી રહે ત્યાં વસવાટ કરવા લાગ્યા. તેઓની ક્ષત્રિય હોવાની માન્યતાને તેમની શાખા અટકો અને પેટા અટકો પરથી સમર્થન મળે છે. તેમની શાખા અટક તથા પેટા અટકો નીચે પ્રમાણે છે.

(૧) ભટ્ટી- માલાણી, રાજાણી, કબીરપંથી, મુરાણી. (૨) પરમાર- ઉગાણી, નાથાણી, વિરાણી, ગાભોડીઆ, અજાણી. (૩) ચૌહાણ- પિથોરાપોત્રા, કરમશીવાળા. (૪) રાઠોડો- આ શાખામાં માત્ર બે જ કુટુંબો હાલમાં છે.

(૫) ગોહિલ- આ શાખાના એકમાત્ર વંશ જ વેજબાઇ ધનજી હતા તે સને ૧૯૯૦માં ગુજરી જતાં આ અટક અસ્ત થઇ ગઇ.

ભાવસારોનો મૂળ ધંધો તો છીપાનો- બંધારાનો, પણ કચ્છમાં ઊતરી આવેલા ભાવસારોએ માત્ર ખેતી તથા પશુપાલનનો વ્યવસાય અપનાવી લીધેલ. પરંતુ કચ્છની હલકી જમીન અને વારંવાર પડતા દુષ્કાળો- અછતના કારણે વખત જતાં તેમને આજીવિકા મેળવવામાં અને જીવન વહેવાર ચલાવવામાં મુશ્કેલી પડવા લાગી તેથી ઘણા જણા ખેતી અને પશુપાલનનો ધંધો તજીને કરાચી તેમજ મુંબઇ તરફ નીકળી ગયા. કરાચીમાં તેમણે રેલવે કામના તથા બાંધકામના કોન્ટ્રેકટ લેવાનું શરૂ કર્યું. મહેનત અને પ્રમાણિકતાના તેમના ગુણોના કારણે કરાચીમાં આ ભાવસારોની છાપ પડવા લાગી અને રેલવે કોન્ટ્રાકટર તરીકે રામજી રાજાનું નામ ખૂબ જ પ્રસિદ્ધ થઇ ગયું. તેવી જ રીતે મકાનોના બાંધકામના કોન્ટ્રેકટરો તરીકે, ગોરધન કલ્યાણ, માવજી હમીર, ખાટાઉ લધા, કાનજી પચાણ, જેઠા મનજી, હરજી લખમશી, પ્રેમજી કાનજી અને વેલજી લધાના નામો પણ બોલાવા લાગ્યા. વળી જેઠા મનજી ભાવસારનું નામ તો ભુજમાં તેમના નામ પરથી કેમ્પ નજીક વસેલ 'જયેષ્ઠાનગર'ના નામથી પ્રસિદ્ધ છે.

કચ્છમાં હાલે મુખ્યત્વે મંજલ, ભુજ, નલિયા, આદિપુર, ગાંધીધામ તથા અંજાર અને મંગવાણામાં ભાવસારોની વસ્તી છે. ઇનામ નાબૂદી ધારાના કારણે ખેડૂતને જમીન માલિકના હક્કો મળવાથી તેઓમાંથી ઘણા બધા જમીનના માલિક થયા પરંતુ હલકી જમીન તથા વરસાદના અભાવના કારણે ખેતીના ધંધાને છોડીને તેઓ અન્ય ધંધા તરફ વળ્યા. એસ. ટી. તથા સરકારી નોકરીમાં જોડાવા લાગ્યા તથા બહાર મુંબઇ વિગેરે સ્થળે પોતાના સ્વતંત્ર ધંધા શરૂ કર્યા.

માતૃભાષા મારૂ ચારણ-ગઢવી જેવી છે

રાજસ્થાન મારવાડથી આવ્યા હોવાના કારણે તેમની માતૃભાષા મારૂ ચારણ, ગઢવી અને કાયસ્થોની ભાષા જેવી જ છે. પણ લખવામાં તથા બીજે વહેવારમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે તેમના ધાર્મિક અને સામાજિક રીત-રિવાજો હિંદુઓના રિવાજો જેવા જ છે પણ અઘરણી પ્રસંગે દીકરીને ખોળો ભરાવવાનો કે પ્રથમ સુવાવડ વખતે માવતરે ફરજીયાત તેડવા તેવો રિવાજ નથી.

શિવ-શકિતના ઉપાસક ભાવસારો ધાર્મિક ક્ષેત્રે સહિષ્ણુ છે. પ્રસંગોપાત તેમણે મંદિરો બંધાવ્યા છે. મંજલમાં સંવત ૧૯૨૫માં બંધાયેલ શિવમંદિર. સાં. ૧૯૭૦માં બંધાયેલ હિંગલાજ મંદિર, સંવત ૧૯૮૩માં પરમાર્થ ભાવે વાલજી દેવજી પરમારે તેમના પુત્ર ઠાકરસીના જન્મની ખુશાલીમાં બંધાવેલી 'ઠાકરવાવ', સંવત ૧૮૮૫માં મંજલમાંની શામા સતીની દેરી, તો આદિપુર અને અન્ય સ્થળે હિંગલાજના મંદિરો બંધાવ્યા. પરમાર કુટુંબના અજાણી નુખના પેપાબાઇ પોતાના ભાઇ પાછળ સા. ૧૭૩૨માં સતી થયા તેની દેરી ધુણઇ ગામે છે. હિંગલાજનું સ્વરૂપ મનાતા ચોબાલ માતાનું ત્રિશુળ દરેક જણ પોતાના ઘરમાં પૂજે છે. ૧૯૯૪ની સાલે જ્ઞાતિની થયેલી વસતી ગણતરી પ્રમાણે કચ્છ અને બૃહદ કચ્છમાં વસતા કચ્છી ભાવસારોની વસ્તી ૨૪૫ ઘરમાં ૧૧૯૦ની છે. તેમાં ૫૯૮ પુરૂષ તથા ૫૯૨ સ્ત્રીઓ છે. એમની અટકો પ્રમાણે એમનાં દેવસ્થાન અલગ અલગ ઠેકાણે છે. નવરાત્રિના સમયે બાલ મોવાળા ઊતારે છે. કુલ વસ્તીનો શાખાવાર ટકાવારી પ્રમાણે ભટ્ટી ૪૯.૪૦% પરમાર ૩૭.૦૭% ચૌહાણ ૧૨.૨૭% રાઠોડ ૧.૦૧% અને ટાંકી ૦.૨૫%ની છે.

આઝાદી પછી ભણતરની પરિસ્થિતિ સુધરી છે છેલ્લી ગણત્રી પ્રમાણે માત્ર ૧૦.૫૯% લોકો જ અભણ રહ્યા છે. ભણતરનો વ્યાપ વધવાથી જ્ઞાનનો ફેલાવો થયો છે, અને તેનાં કારણે જ્ઞાતિને ઉપયોગી થવાની ભાવના જાગી તેથી મંડળો વિગેરેની રચના કરી આર્થિક રીતે જરૂરતવાળા લોકોને જ્ઞાતિના મંડળો મદદ પણ કરે છે, આ ભાવનાના કારણે ભાવસાર જ્ઞાતિએ કચ્છમાં સારી પ્રગતિ કરી છે.

(આ લેખ તૈયાર કરવામાં મીનાબેન આર. ભટ્ટી તથા જયદેવી ગિરધરલાલ પરમારના શ્રી કચ્છી ભાવસાર જ્ઞાતિ વિષેના લેખની માહિતીનો આધાર લેવામાં આવ્યો છે તે બદલ તેમનો ઋણ સ્વીકારવામાં આવે છે. □

બાંધકામ ક્ષેત્રે બેમિસાલ કચ્છી ગુર્જર ક્ષત્રિય

□ પ્રો. કે. કે. ચૌહાણ

ઓગણીસમી સદીમાં મોટા મોટા પુલોના બાંધકામમાં દાખવેલા ઇજનેરી કૌશલ્યના કારણે પોતાની આગવી ઓળખ ઊભી કરનારા ગુર્જર ક્ષત્રિયો તો કચ્છનું ગૌરવ છે.

સાતમી સદીમાં અજમેર વસાવનાર અજેપાળ ચૌહાણ દરિયાઇ માર્ગે થતા યવનોના આક્રમણને ખાળવા માટે અજમેરથી ઠેઠ અંજાર સુધી આવ્યા. દેશની રક્ષા કાજે અંજારની ધરતી પર શહીદી વહોરી અંજારના ધણી તરીકે ઓળખાતા એ અજેપાળનું મંદિર આજે પણ અંજારના પાદરે ગંગા નાકે અતીતની ગૌરવ ગાથા ગાતું ઊભું છે. અજેપાળના મૃત્યુ પછી તેમની સાથે આવેલા ઘણા ચૌહાણો અહીંજ રહી ગયા. શસ્ત્રો ત્યજીને ખેતીનો વ્યવસાય અપનાવ્યો. ખંભરા ગામે રહી ગયા. ગુર્જર ક્ષત્રિયોમાં, કચ્છમાં સૌ પ્રથમ આવનારા આ ચૌહાણો હતા.

૧૦મી સદીમાં ચાવડા ભુવડ આવ્યા

ત્યાર પછી ૧૦મી સદીમાં અંજારના ભુવડ ગામ વસાવનાર પીયુ ચાવડા સાથે ચાવડાઓ આવ્યા અને ભુવડ ગામમાં રહ્યા. મહમદ ગઝનીની સોમનાથની ચડાઇ વખતે ઘણા ક્ષત્રિયો સૌરાષ્ટ્રમાં આવી વસ્યા હતા અને ત્યાં કડિયા મિસ્ત્રી તરીકે જાણીતા થયા હતા. બારમી સદીમાં એટલે સને ૧૧૭૮માં જામ રાયધણ રતાના વખતમાં ભુજ તાલુકાના ધાણેટી ગામનું તોરણ મારૂ શાખાના પટેલ ગાંગાએ બાંધ્યાનું ભાટ લોકોના ચોપડાથી જણાય છે. તેમની સાથે ગુજરાત-સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનથી નીચેની અટકવાળા ગુર્જર ક્ષત્રિયો આવી વસ્યા.

મારૂ, લાડવા, ખોડીયાર, મકવાણા, વેગડ, ઉનેવાળ, કાચા, સોલંકી, પરમાર, ભલસોડ, જેઠવા, વરૂ, ચાવડા, સાવરીઆ, વાઢેર, યાદવ, ગોહીલ, ધોકીયા, ટાંક,

ચહુઆણ, ભરડવા, ભટ્ટી, કુકડીયા તથા વાઘેલા ત્યાર પછી ધાણેટીથી આ પરિવારો જુદે જુદે સમયે ભુજ તાલુકાના તથા અંજાર અને અંજાર તાલુકાના ગામોમાં સ્થિર થયા. છેલ્લે રાવશ્રી ખેંગારજી પહેલાના વખતમાં ઘણી જાતિઓ કચ્છમાં આવી ત્યારે પણ કેટલાક ગુર્જર ક્ષત્રિયો કચ્છમાં આવ્યા હતા અને ખેતી, પશુપાલન અને બાંધકામ તથા પત્થર પરના નકશી કામમાં લાગેલા આ ગુર્જર ક્ષત્રિયો ભુજ અને અંજારના નીચેના ગ્રામ્ય વિસ્તારમાં પોતાની વસાહતો ઊભી કરીને રહેવા લાગ્યા, આજે પણ મિસ્ત્રીઓના ગામો તરીકે ઓળખાતા અંજાર તાલુકાના દેવળિયા, સિનુગ્રા, કુંભારિયા, ચંદીઆ, નાગલપર, ખંભરા વીડી, ખેડોઇ, ગળપાદર, મેઘપર, લુવારીયા, અંજાર અને ભુજ તાલુકાના નાગોર, માધાપર, કુકમા, રેહા, હાજાપર અને જાંબુડી જાણીતા છે. ભુજ તાલુકાના નાગોરનું નામ રાજસ્થાનના નાગોર જિલ્લા પરથી પડેલું છે. ટાંક નૂખ ધરાવતા પરિવારો રાજસ્થાનનાં ટોંક જિલ્લામાંથી આવેલા છે. પરમારો માળવામાંથી, રાઠોડો કનોજમાંથી અને ચૌહાણો અજમેર-રાજસ્થાનમાંથી આવેલા છે. ચાવડા, પ્રતિહાર, ચાલુકય વંશના પરિવારોની વંશાવલી આજે પણ દેવસ્થાનોમાં ચિત્રિત આંબા દ્વારા જોવા મળે છે. શકિતપૂજાના વારસાગત સંસ્કારોના કારણે નવરાત્રિમાં પોતાના દેવસ્થાન અને માતાજીને ચાંદીનું છત્તર અને નાની ધજા ચડાવવા માટે બહારગામથી પણ આવે છે.

રેલવેના બાંધકામમાં ઈજારાશાહી

પણ, ગુર્જર ક્ષત્રિયોની આગવી ઓળખ તો પત્થર પરનું તેમનું શિલ્પકામ અને મોટા મોટા પુલો અને રેલવેના બાંધકામોના કારણે છે. મિસ્ત્રીઓના આ અઢાર ગામોમાં જૂના મકાનોમાં શિલ્પસભર પત્થરો ગૌરવ-વારસાની વાતો કરતા કયાંક સચવાયેલા જોવા મળે છે. શરૂઆતમાં ભદ્રેશ્વરના જૈન મંદિરનું બાંધકામ થયું ત્યારે શિલ્પ સ્થાપત્યની એમની જાણકારી અને સંઘડ તથા માથકની પત્થરની ખાણોમાંથી નીકળતા પત્થરોની ક્ષમતા તથા યોગ્યતા વિશેનું એમનું જ્ઞાન લેખે લાગ્યું. તે સમયે સર્જાયેલા ઘણા બધા શિખર મંદિરોના શિલ્પીઓ આ ગુર્જર ક્ષત્રિયો હતા.

કુદરતી વરસાદની અનિયમિતતાના કારણે કચ્છની ભૂમિ જીવનનિર્વાહના ટાંચા સાધનો આપવા જેવી પણ નહોતી રહી ત્યારે ઘણા કચ્છીઓએ દેશ વિદેશની ધરતી પર જઇ અને પોતાના નસીબ અજમાવ્યા. કચ્છ રાજ્યની તો આવક પણ મર્યાદિત હતી અને પ્રાગમહેલના બાંધકામ પછી નવા કોઇ બાંધકામો થયા નહોતા. હા, વિદેશ જઇ વસેલા ભાટિયાઓ અને જૈનોએ પોતાના બંગલા અને હવેલીઓ તથા જૈન મંદિરોના બાંધકામમાં રોકયા, પણ એ કામ કાયમ માટે નહોતું તેથી ઘણાં ગુર્જર ક્ષત્રિયો પણ ભારતના જુદા જુદા સ્થળોએ કામની શોધમાં ઉપડયા.

જીવનમાં જે જોડાણ કરી જાણે છે એના નામ રહે છે એ ઉકિતને કચ્છના ગુર્જર ક્ષત્રિયોએ સાચી પાડી છે. રામાયણમાં આવતી 'સેતુ'ની કથા કદાચ પુલોના બાંધકામની જૂનામાં જૂની કથા છે. તે પછી આટલા વિશાળ પુલોની વાત કયાંય જોવા મળતી નથી. નાના નાના નાળા હોય, બે કાંઠા વહેતી નદીના સામે કાંઠે જવું હોય કે પછી તળાવ ઓળંગીને સામે પાર પહોંચવું હોય તો કાં તો કિનારા પરના વૃક્ષોના થડમાં દોરડું બાંધવામાં આવતું અને એ દોરડાને પકડીને લટકતાં લટકતાં સામે પાર પહોંચાતું, એમાં ડૂબી જવાના પણ પ્રસંગો બનતા પછી લાકડીના પુલ બંધાતા થયા, પણ ઇ.સ.ની શરૂઆતમાં લોખંડનો ઉપયોગ શરૂ થયા પછી પુલના બાંધકામમાં પણ ફેરફારો થતા ગયા. ઓગણીસમી સદી સુધીની વિકાસની આ પ્રક્રિયામાં કચ્છના ગુર્જર ક્ષત્રિયો મોટા મોટા પુલો બાંધવાના કારણે ભારતભરમાં જાણીતા થઇ ગયા.

ભારતમાં સૌ પ્રથમ રેલવે, તા. ૧૬-૪-૧૮૫૩ના મુંબઇ અને થાણા વચ્ચે નંખાઇ ત્યાર પછી વિવિધ સ્થળો રેલવેના પાટાથી જોડાયા. આ કામના ઇજારા રાખવા માટે કચ્છમાંથી ઘણા ગુર્જર ક્ષત્રિયો અહીં આવ્યા હતા, મુંબઇના બંદરે નાના મોટા બાંધકામોમાં કચ્છના ગુર્જર ક્ષત્રિયો આગળ હતા, કુંભારીયાના જયરામ ડાયા પરિવારે નાસિકમાં તીર્થધામને અનુરૂપ બાંધકામો કર્યા છે અને મુકિતધામ જેવા બેનમૂન શિલ્પસભર મંદિરની ભેટ પણ આ જયરામ ડાયાના પરિવાર દ્વારા છે.

કૌશલ્યથી અંગ્રેજોયે પ્રભાવિત થયા

ગુર્જર ક્ષત્રિયોની બાંધકામના ક્ષેત્રે કૌશલ્યતાથી અંગ્રેજો પણ પ્રભાવિત થયા હતા. કલકત્તાથી અમદાવાદ સુધી રેલવેના પાટા પાથરીને જોડાણ કરનાર તથા હુગલી નદી પર હાવડાનું ૨૧૫૦ ફૂટ લાંબો જબરદસ્ત પુલ બાંધનાર ચૌહાણ જગમાલ રાજા ભુજ તાલુકાના નાગોર ગામના હતા, તે સમયે માત્ર રૂા. એક કરોડના ખર્ચે આ પુલ બંધાયો હતો. હાલમાં જ હાવડાનો જે નવેસર પુલ બંધાવાયો છે તેનો ખર્ચ રૂા. એક અબજ થયો છે. આ જગમાલ રાજા માત્ર ગુર્જર ક્ષત્રિયો માટે જ ગૌરવ હતા એવું નથી. લોર્ડ ઇરવીન એમના દોસ્ત હતા અને કલકત્તાથી બંધાયેલો મિત્રતાનો એ નાતો બન્નેએ છેવટ સુધી નિભાવ્યો હતો એમ કહેવાય છે. પુલના બાંધકામની અદ્‌ભૂત કૌશલ્યતાના કારણે જ એમને રાવબહાદુરનો ઇલ્કાબ આપવામાં આવ્યો એટલું જ નહિ, તેની સ્મૃતિમાં હાવડા એકસપ્રેસ પણ શરૂ કરવામાં આવી. અમદાવાદને કલકત્તા સાથે જોડી આપતા પાટાઓ પાથરવાના કામો થયા ત્યાં ગુર્જર ક્ષત્રિય સમાજના લોકો સપરિવાર વસવાટ કરવા માટે સ્થાયી થયા. કલકત્તા, બિલાસપુર, તાતા, રાંચી, આસનસોલ, રાયપુર, જબલપુર, ગોંદીઆ, સોલાપુર, ભોપાલ અને ઉજ્જૈનમાં જોવા મળતા પરિવારો તે સમયે ત્યાં જઇને વસેલા છે.

પછી તો નાના મોટા ડેમના કામો હોય કે પછી વસાહતો ઊભી કરવાની હોય, કચ્છના ગુર્જર ક્ષત્રિયોની માંગ વધવા માંડી. કરાચી બંદર, મુલતાન પ્રાંતની વસાહત અને સક્કર બેરેજના કામો માટે કચ્છના ગુર્જર ક્ષત્રિયોને પસંદ કરવામાં આવ્યા, સક્કર બરેજનું કામ સને ૧૯૨૯માં ભાઇલાલભાઇ પટેલની દેખરેખ નીચે શરૂ થયું ત્યારે અંજાર તાલુકાના કુંભારિયા ગામમાંથી ઘણા ગુર્જર ક્ષત્રિયો સિંધ પહોંચ્યા હતા.

સમૃદ્ધિની ઝાંખી કરાવતી ઈમારતો

આઝાદી પૂર્વે પુના, રાયપુર, જેવા સ્થળોએ રાષ્ટ્રવાદી ભાવનાનો વિકાસ થતો જતો હતો તે સમયે ગુજરાતી સેવા સમાજની સ્થાપના અને તે દ્વારા શિક્ષણ સંસ્થાઓ સ્થાપી રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતા યુવકો તૈયાર થાય તે માટે તેમને ભાવનગર દક્ષિણામૂર્તિમાં અભ્યાસ માટે મોકલવામાં આવતા. આઝાદીની ચળવળને આડકતરી પ્રેરણા મળી રહે તેવા ઉદેશ સાથે કચ્છમાં પણ ખંભરા, સિનુગ્રા, નાગલપર, કુંભારિયા, દેવળિયા, રેહા અને નાગોરમાં ગાંધી સેવા અને વિચાર-પ્રચારના માધ્યમ સમા મંડળો, પુસ્તકાલયો, આરોગ્યસેવાઓ, બાલમંદિરો, કન્યાશાળાઓના મકાનો બાંધ્યા. તે સમયે બંધાયેલા આ વિદ્યામંદિરોની જાજરમાન ઇમારતો, ગુર્જર ક્ષત્રિયની આર્થિક સમૃદ્ધતાની ઝાંખી કરાવે છે.

શૈક્ષણિક ક્ષેત્રે સમાજ પાછળ રહેવા ન પામે એની ખેવના સમાજના આગેવાનોએ રાખી હતી તેનાં કારણે જ પૂનામાં હોસ્ટેલ શરૂ કરવામાં આવી. સમાજના યુવક અને યુવતીઓ વર્તમાનના વહેણ સાથે કદમ માંડીને ઊભા રહી શકે તે માટે શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તેજન આપવાના પરિણામે રાજકોટ, ભાવનગર, જયપુર તથા રવિશંકર યુનિવર્સિટી દ્વારા રાયપુરમાં ઉચ્ચ અભ્યાસ સાથે જ્ઞાતિના ઘણા યુવક-યુવતીઓ ડૉકટર, વકીલ, ઇજનેર તથા અન્ય વ્યવસાયિક તાલીમ મેળવીને સમાજને સમૃદ્ધ બનાવવામાં ફાળો આપ્યો. મધ્યપ્રદેશમાં આવા વ્યવસાયી ક્ષેત્રે કચ્છના ગુર્જર ક્ષત્રિયોની સેવા નોંધનીય છે.

અંજારને ગુર્જર ક્ષત્રિયોની દેન

અંજારે કચ્છના રાજકીય જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવેલ છે. એનાં ગામડાઓ પણ લીલાછમ. નાગલપુરથી માંડીને વરલી તથા કંઠી તરફ જતો માર્ગ ગુર્જર ક્ષત્રિયોના વસવાટે હંમેશા આગળ પડતો રહ્યો છે. દેવળીયાને નાકે ટીંબી કોઠા સ્થિત બ્રિટિશ એજન્ટની કચેરીના કારણે ગુર્જર ક્ષત્રિયો માટે કામનું શહેર બની ગયું હતું. અન્ય રાજ્યોમાં જવા માટે પ્રમાણપત્રો મેળવવા માટે એમની અવર જવર રહેતી હતી. તેનાં કારણે આ શહેરના વિકાસમાં ગુર્જર ક્ષત્રિયોનો ફાળો પણ નોંધનીય રહ્યો છે. વરસામેડીના નાકે આવેલ પઢીઆર બિલ્ડીંગમાંની કન્યાશાળા અને હાઇસ્કૂલના મકાનો એ એમની દેન છે. શિક્ષણક્ષેત્રે છેલ્લી પોણી સદીથી સક્રિય આ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે અંજાર અને ભુજમાં વિદ્યાર્થીભવનો અંજારમાં તો કન્યા કેળવણી ટ્રસ્ટ વર્ષોથી કાર્યરત છે. આ ટ્રસ્ટ દ્વારા બાલમંદિર તથા કન્યાશાળા ચલાવવામાં આવે છે. તાજેતરમાં કુકમા ગામે એક નવું ટ્રસ્ટ રચાયું અને આ ટ્રસ્ટે બાળાઓ માટે નવી હાઇસ્કૂલ ઊભી કરી દીધી છે.

રમત ગમતના ક્ષેત્રે પણ આ જ્ઞાતિના યુવક-યુવતીઓનું હીર રહ્યું છે. રાજ્યકક્ષાના ઇનામો મેળવતી અંજારની મિસ્ત્રી બોર્ડિંગ જાણીતી છે. બોર્ડિંગ સામેના ફૂટબોલના રમત ગમતના મેદાનમાં પોર્ટની સ્પોર્ટસ કલબના નાવિકો અને બોર્ડિંગના વિદ્યાર્થીઓ વચ્ચે તો અવાર નવાર સ્પર્ધાઓ યોજાય છે. ક્રિકેટ ક્ષેત્રે ભિલાઇ સ્ટીલ પ્લાન્ટે સારા ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવતાં મૂળે ગામ વીડી અંજારના રાજેશકુમાર ગોવિંદભાઇ ચૌહાણ કે જેણે આજે રાજેશ ચૌહાણના નામે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કેવળ ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિનું નહિ, કચ્છનું નામ પણ ઉજાળું કરી બતાવ્યું છે.

સાહિત્ય પ્રવૃત્તિમાં આ જ્ઞાતિનું પ્રદાન ભલે થોડુંક પણ સબળ રહ્યું છે. જબલપુરના મનહર વેગડ, દ્વારકાના પ્રો. ડો. ઇશ્વર પરમાર હિન્દી તથા ગુજરાતી સાહિત્યના

ગણનાપાત્ર લેખકો છે. તો રસિકલાલ પરમાર મધ્યપ્રદેશમાં સ્થિત સારા કવિ છે તે મૂળે માધાપરના છે.

ફિલ્મ નિર્માતા કાંતિલાલ રાઠોડ

ફિલ્મ અને મનોરંજનના ક્ષેત્રે 'કંકુ' ફિલ્મના નિર્માતા રાઠોડ કાંતિલાલ જીવરામ ખેડોઇના. 'પરિણય' એમનું બીજું ચિત્ર હતું. શબાના આઝમીને પડદે લઇ આવનારા પણ આ જ હતા.

પત્રકાર ક્ષેત્રમાં ધનબાદમાંથી કોલ માઇન્સના ઓવનર્સ દ્વારા નેશનલ હેરોલ્ડની અંગ્રેજી આવૃતિ પ્રસિદ્ધ થતી હતી તેનું સંપાદન કરતા હતા કચ્છ દેવળિયાના શ્રી કે. પી. રાઠોડ. સમય જતાં સ્થાનીય ભાષા હિન્દી પ્રચલિત થઇ ત્યાં સુધી આનું સંપાદન તેમણે કર્યું હતું. 'કચ્છમિત્ર'ના સદાબહાર હસમુખો ચહેરો ધરાવતા દેવરામ કાયા વરૂ તો પત્રકારિત્વના ક્ષેત્રે સાચું ઘરેણું હતા.

ભૂતકાળમાં આ જ્ઞાતિનું માસિક મુખપત્ર 'કડિયા પ્રકાશ' ઘણા વર્ષો સુધી પ્રગટ થતું રહ્યું. એના જૂના અંકોમાં સંશોધનાત્મક લેખોની આજેય પણ એટલીજ ઉપયોગીતા રહી છે.

હાલમાં 'જાગૃતિ' નામે એક મુખપત્ર રેહાના વતની છગનલાલ યાદવ પ્રતિહાર કરે છે. સૌ પ્રથમ અખિલ ભારતીય ધોરણે તે પત્ર એક સંપર્ક સેતુ બની શક્યું છે. આ પત્રને એનાં પ્રકાશન માટે નાસિક રોડના ઉદ્યોગપતિ જયરામ ડાયાભાઇ ચૌહાણના પરિવારની હુંફે ટકાવી રાખેલ છે.

જુદા જુદા મુખપત્રો સાંકળરૂપ છે

'સમાજ સંદેશ' મહાસભાનું મુખપત્ર છે તે ગાંધીનગરથી પ્રગટ થાય છે અને 'સમાજ પ્રતિભા' નામનું દ્વિ-માસિક પત્ર ભારતની ભૂમિ પર વિવિધ સ્થળે સ્થિત ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિને એક સાંકળે સાંકળી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ જ્ઞાતિ વિશેની અધિકૃત માહિતી દર્શાવતું એક પુસ્તક 'કુમાર જ્ઞાતિ પ્રકાશ' સને ૧૮૯૮માં પટેલ માંડણ રામજીએ પ્રગટ કરેલ છે એ પુસ્તકના લેખક શ્રી ગૌરીશંકર જયશંકર વોરા કચ્છના જાણીતા સાહિત્યકાર છે.

જાહેર જીવનમાં અંજારના પુરૂષોત્તમ સામજી વરૂનું પ્રદાન નોંધનીય છે. બૃહદ મુંબઇ રાજ્ય વખતે તેઓએ અંજારમાંથી વિધાનસભામાં પાંચ વર્ષ સુધી પ્રતિનિધિત્વ કરેલ હતું.

તો મૂળ રેહા ગામના વતની અને વર્ષોથી ધનબાદ બિહારમાં રહેતા અને ડૉ. રાજેન્દ્રપ્રસાદના વર્તુળમાં ઊંચી છાપ ધરાવતા શ્રી પુરષોત્તમ લધાભાઇ ચૌહાણ બિહાર વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

તો અંજારમાં મેયર તરીકે સબળ અને દ્રષ્ટિવંત નેતૃત્વ પુરૂં પાડનાર શ્રી રસિકલાલભાઇનું નામ જાણીતું છે.

ગુજરાતી ધોતી, ઉપરના ભાગે પહેરણ, માથા ઉપર પાઘડી અને ખભે ખેસના જૂના પહેરવેશમાં હવે આધુનિકતા આવી ગઇ છે. છતાં પ્રસંગોપાત મૂળ પહેરવેશમાં ગુર્જર ક્ષત્રિયોને જોવા આજે પણ ગમે. ભારતની વિશાળ ધરતી પર ચારે ખૂણે સંખ્યાની દ્રષ્ટિએ ભલે અડધા લાખની વસતી છે પણ જ્યાં પણ છે ત્યાં 'કચ્છ'ને જાળવી રાખ્યું છે.

રાષ્ટ્રીયસ્તરે સંગઠન

છૂટાછવાયા વસવાટ કરતા ગુર્જર ક્ષત્રિયોને એક થવા માટે મહાસભા નામની સંસ્થા સને ૧૯૭૨થી વાર્ષિક સંમેલનો યોજે છે તેમાં દર વર્ષે ત્રણ લાખ રૂપિઆ ખર્ચીને રમત ગમતને પ્રોત્સાહન આપતા તથા બૌદ્ધિક ધનને આગળ વધવા માટેના પગલા લે છે. આર્થિકક્ષેત્રે જ્ઞાતિના નબળા વર્ગને પગભર કરવા માટે ટ્રસ્ટો દ્વારા સમાજ આગળ વધી રહ્યો છે.

સામાન્યતઃ જે શહેર કે ઘટકમાં વાર્ષિક સંમેલન યોજાય છે ત્યાં પ્રાદેશિક કક્ષાએ વસતીપત્રક પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ધનબાદ, રાયપુર તથા દિલ્હીમાં આવા વાર્ષિક અધિવેશનો યોજાયા છે. સને ૧૯૭૨માં સમાજે પોતાનું બંધારણ કલકત્તામાં રજીસ્ટર કરાવ્યું છે. ૧૯૭૫માં વસતી ગણત્રીનું એક દળદાર પુસ્તક બહાર પાડેલ જેની તે સમયે કિંમત રૂા. ૧૫૦/- રાખવામાં આવેલી. એમાંની માહિતીના કારણે તે એક ઉચ્ચકક્ષાનો સંદર્ભ ગ્રંથ બની રહેલ. આથી પહેલાં સને ૧૮૯૮માં કચ્છના ગુર્જર ક્ષત્રિયોની વસતીવાળા ૧૮ ગામોના કુટુંબોની સંખ્યાની ગણત્રી કરવામાં આવેલ તે વખતે ૧૯૪૮ કુટુંબો હતા જેની અંદાજે વસતી ૧૦,૦૦૦/-ની ગણાય. આ જ્ઞાતિની છેલ્લી વસતી ગણત્રી થઇ છે તે પ્રમાણે આખા ભારતમાં ૫૦ હજારની વસતી ધરાવતા આ સમાજની કચ્છમાં વસતી માત્ર ૧૨ હજારની છે. તો પણ એની વિશિષ્ટતાને કારણે આ જ્ઞાતિ આજે પણ ગણનાપાત્ર લેખાય છે.

સાહિત્ય-કલા ક્ષેત્રે સિદ્ધિ

સાહિત્ય ક્ષેત્રે બીજા જે કેટલાક જાણીતા નામો છે તેમાં પૂનાના લાલજી મૂળજી ગોહીલ તથા જબલપુરના અમૃતલાલ વેગડની ગણના થાય છે.

ગાંધીનગરના શ્રી નારાયણ માવજી ચૌહાણે આપેલી પૂરક માહિતી મુજબ ચિત્રકાર તરીકે શ્રી અમૃતલાલ વેગડનું નામ જાણીતું છે. એમણે નર્મદા નદી ઉપર ચિત્રોની શ્રેણી જ તૈયાર કરેલી છે. ચિત્રકારોના જગતમાં આવું જ બીજું એક જાણીતું નામ છે હસ્મિતાબેન રવિન્દ્ર ચૌહાણનું. પૂનાની પંચતારક હોટલ - 'હોટલ હોલીડે ઇન'ના રૂમોની ભીંતો પરનું પેઇન્ટીંગ એમનું મ્યુરલ સ્ટેન ગ્લાસ, વોલ મ્યુરલ પેઇન્ટીંગ તથા કેનવાસ પેઇન્ટીંગ માટે તેમનું નામ જાણીતું છે.

મૂર્તિકળાના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતામાં પણ જેમની કૃતિ શ્રેષ્ઠ ગણાઇ છે એવા દેવરામ રાજાભાઇ ચાવડા જે હાલે નાગપુરમાં રહે છે પણ મૂળે ચંદીઆના.

આ સમાજમાં કેટલીક વિરલ વ્યકિતઓ થઇ છે તેમને યાદ કર્યા સિવાય આ જ્ઞાતિની વિગતો અધૂરી લેખાય. ભારતભરમાં માત્ર અડધા લાખની વસતી ધરાવતા આ સમાજના આધારસ્થંભો મજબૂત હતા એટલે જ જ્ઞાતિએ ભારતભરમાં નામના મેળવી.

બાંધકામના ક્ષેત્રે - તેમાંય રેલવેના કામોમાં ગુર્જર ક્ષત્રિયો આગળ રહ્યા છે. ચંદીઆના વિશ્રામ કરમણ ચાવડા, અંજારના માંડણ રામજી પટેલ, સિનુગ્રાના ખોડાભાઇ રામજી ચાવડા, કુંભારીઆના પ્રેમજી મેઘજી સાંવરીઆના નામો જાણીતા છે, પણ સમગ્ર સમાજને આકાશમાં સિતારા જેવા ચમકતા કર્યા નાગોરના જગમાલ રાજાએ. દુનિયાના જ્ઞાનકોષ 'બૂક ઓફ નોલેજ'માં પણ એમની નોંધ થઇ છે. માધાપરના વિશ્રામ વાલજી રાઠોડને તો એમની કામગીરીની કદરરૂપે સરકારે ચર્ચગેટથી વીરમગામ સુધીના રેલવેના પહેલા વર્ગની બે એટેન્ડન્ટ સહિતનો ફ્રી પાસ આપેલ હતો.

કોલસાના ઉદ્યોગોના પ્રણેતા

કોલસાના ઉદ્યોગોમાં ભારતીય તરીકે સૌપ્રથમ ઝંપલાવનારા કચ્છના ગુર્જર ક્ષત્રિયો હતા. માઇન્સ ખાતું હજી તો આકાર લઇ રહ્યું હતું તે સમયે સિનુગ્રાના નારાણ પચાણ ચાવડા ફર્સ્ટકલાસ માઇન્સ મેનેજરનું પ્રમાણપત્ર ધરાવતા હતા. વીસમી સદીના બીજા દસકામાં ગુર્જર ક્ષત્રિયો ૫૦ કોલીઆરીઓના માલિક હતા.

આ ઉદ્યોગમાં ઝંપલાવનારાઓમાં ચંદીઆના વિશ્રામ કરમણ, ભોજાભાઇ ધનજી, ગોવાભાઇ પેથા, મનજી મેગર, રાજાભાઇ ખેંગારજી, કુંભારીઆના ગોવામલ જીવણ ચૌહાણ, ચાવડા રાજાભાઇ નારાણ, સાવરીઆ જીવણ ગાંગજી, જગમાલ રાજા અને કુકમાના ઘેલાભાઇ પચાણ પરમારના નામો ખૂબ જ જાણીતા છે.

સખાવતો કરનારા તરીકે ગણના કરીએ તો યાદી લાંબી થાય. પણ સામાજિક સેવાના ક્ષેત્રે જેમનું પ્રદાન નોંધનીય ગણાવી શકાય તેવા વિશ્રામ વાલજી રાઠોડે વલસાડમાં સાર્વજનિક હાઇસ્કૂલની સ્થાપના કરી તથા માધાપરમાં ફ્રી કન્યાશાળા અને વાંચનાલય આપ્યા. સિનુગ્રાના કુંવરજી ખાણદા વાઢેરે પૂના વિદ્યાર્થી ભવન રૂમ અને કન્યા કેળવણી ફંડમાં ઉદાર અનુદાનો આપ્યા, અંજાર વિદ્યાર્થી ભવન અને ગુર્જર ક્ષત્રિય કેળવણી ફંડમાં એમની સહાય મોટી. હાજાપુરના નાનજી ગોવિંદજી ટાંકે હાજાપરમાં ઇ.સ. ૧૯૩૪માં કન્યાશાળાની સ્થાપના કરી, બાળાઓને પુસ્તકો સાથે નિઃશુલ્ક વિદ્યાદાન અપાતું કરાવ્યું. ઠેઠ ૧૯૫૬માં આ કન્યાશાળા સરકારને સોંપાઇ ત્યાં સુધીની આર્થિક જાળવણી તેમણે નિભાવી હતી. હાજાપરના હીરજી વિશ્રામ પરમારે પણ હાજાપરમાં શાળાનું મકાન, ચબૂતરો, વાંચનાલય, સાર્વજનિક ચિકિત્સાલય જેવી સંસ્થાઓ બનાવી તેના નિભાવની પણ વ્યવસ્થા કરી આપેલ હતી. હાજાપરથી કુકમા સુધીના પાંચ આર્ચવાળા વિશાળ પૂલ પણ એમણે જ બનાવી આપ્યા હતા.

સર્વાંગી ક્ષેત્રે ઉમદા કામગીરી વડે જેની પ્રતિષ્ઠા રચાઇ એ ગુર્જર ક્ષત્રિયો કેવળ કચ્છીનું નહીં, ભારતનું પણ ગૌરવ છે. □

■ ૧૨, રામનિવાસ, હિંમતનગર કોલોની, ભુજ. ૩૭૦ ૦૦૧

રબારી-પરંપરાના પૂજારી

□ રાજરત્ન ગોસ્વામી

'ઊઠેં મથે ઓતારા'- ઘર વખરીનો સરસામાન ઊંધે ખાટલે ઊંટ પર લાદીને એનાં ઉપર નાના નાના છોકરા-છોકરીઓને બેસાડીને ગામતરા કરતા રબારીઓ,

કદાચ કયાંક પૂંઠ વાળીને ઊભા હોય તો પણ પરખાઇ જાય એવી વિશિષ્ટ જાતિ છે. એમની ઉત્પત્તિની દંતકથા હિમાલયમા તપ કરતા ભગવાન શંકર સાથે જોડાયેલી છે. પાંચ પગવાળા ઊંટનું સર્જન અને એ ઊંટને ચારવા માટે જેને ઉત્પન્ન કર્યા તે સાંબળ શાખનો રબારી આ જ્ઞાતિનો મૂળ પુરૂષ મનાય છે. ભગવાન શંકરે આ સાંબળના લગ્ન ત્રણ અપ્સરાઓ સાથે કરાવ્યા તેનાથી તેનો પરિવાર વિસ્તરતો ગયો તેથી શંકરે તેને અલગ રહેવા જવા કહેતાં આ પરિવાર આખો રસ્તે રઝળતો થઇ ગયો. તેથી તે રહબારી- રસ્તો બતાવનાર તરીકે ઓળખાવા લાગ્યો, આ સાંબળની સંતતિમાં જન્મેલી ચાર કન્યાઓ નામલ, કામલ, પ્રેમલ અને ઉમા મોટી થતાં એનાં રૂપથી મોહાઇને રાઠોડ, પઢિયાર, પરમાર અને યાદવ યુવાનોએ તેમનાંથી લગ્ન કરતાં આ રાજપૂતો, રાજપૂત મટીને 'રબારી' થયા એવી આ કથામાં સત્ય હોય કે ન હોય, પણ ઇતિહાસના વિદ્વાનોના મતે આ રબારીઓ મધ્ય એશિયાના બર્બર જાતિના લોકો છે. યવનોએ જેમને વરવર કે યુબંરીજ તરીકે ઓળખાવ્યા છે તે જ આ રબારીઓ છે.

રબારી ૧૦મી સદીમાં ઠરીઠામ થયા હશે

મંગોલિયામાં વસતા હૂણોની વસ્તીમાં સતત થતા રહેલા વધારાને કારણે તેઓ મોટા સમૂહમાં એકત્ર થઇને આજુબાજુના પ્રદેશો પર આક્રમણ કરતાં સ્થાનિક પ્રજાને ત્યાંથી હિજરત કરવી પડી. તેથી કુષાણો, પહલવો, શકો વિગેરે ભારત તરફ આવ્યા. રબારી, ભરવાડ, ચારણ વિગેરે જાતિઓને પણ આવાજ કારણોસર પોતાના વસવાટનાં મૂળ સ્થળને છોડીને ઇસુની પહેલી-બીજી શતાબ્દી દરમ્યાન બર્બર જાતિ જે રબારી ગણાયા છે તે ભારતમાં બલુચિસ્તાન તરફ આવી પહોંચ્યા ત્યાંથી સિંધ અને મારવાડ પહોંચેલા રબારીઓની કેટલીક શાખાઓ સિંધ રસ્તે કચ્છમાં આવી અને સ્થિર થઇ.

કચ્છમાં રબારીઓના જાજરમાન અસ્તિત્વનો ઉલ્લેખ રા' લાખા ફુલાણીની માતા જે વાગડના રબારી હતા તેનાંથી મળે છે. આ ગાળો ઇસુની ૧૦મી સદીનો એટલે ત્યાં સુધીમાં તો રબારીઓ કચ્છમાં ઠરીઠામ થયા હશે એવું અનુમાન કરી શકાય છે.

અન્ય એક એવી માન્યતા પણ છે કે, અલ્લાઉદીન ખીલજી, મારવાડ પર ચડી આવ્યો ને ત્યાં એણે સૌંદર્યથી ઊભરતી મોહક એવી એક રબારી કન્યાને જોઇ ને તે એનાં પર મોહી પડયો. એ કન્યા સાથે પરણવાની પોતાની ઇચ્છા જણાવી આથી રબારીઓ ગભરાઇ ગયા. અને ત્યાંથી ભાગીને નગરસમૈના સુમરા રાજાને આશરે ગયા. અલ્લાઉદીન ખીલજીએ ત્યાં ચડાઇ કરી. સુમરાઓ હાર્યા. પણ રબારીઓ હાથ ન આવ્યા, કારણ કે નગરસમૈથી રવાના થઇને તેઓ કચ્છમાં સમાઓને આશરે આવી રહ્યા હતા. આ ગાળો ઇ. સ. ૧૩૧૫નો- ચૌદમી સદીનો એટલે રબારીઓ ત્યારથી કચ્છમાં આવ્યા એવું જણાવે છે.

હકીકત અને અભિપ્રાયના વિવાદ જે હોય તે, પણ પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં વસતી આ જાતિ પશુપાલનના તેના વ્યવસાયના કારણે, કચ્છ જે મૂળે ચારિયાણનો પ્રદેશ હોવાથી તેઓ અહીં આવ્યા. અને જુદે જુદે સ્થળે વસવાટ કરતાં પ્રાદેશિક સ્થળનામે વાગડમાં રહ્યા તે વાગડિયા, અંજારમાં રહ્યા તે ઢેબરીયા, ભુજ, મુંદરા અને નખત્રાણામાં રહ્યા તે દેશી કે કચ્છી એવે નામે ઓળખાવા લાગ્યા, રાજ- અને જાગીરદારોની મહેરબાનીથી તેમને જમીન મળી. આવી રીતે મળેલી જમીન 'વરડુકા' તરીકે ઓળખાય છે. એમના ગામો પણ 'વરડુકા' તરીકે ઓળખાય છે. પશુપાલન સાથે તેઓએ ખેતીનો વ્યવસાય પણ સ્વીકાર્યો.

માતા મામઇના વાહન ઊંટને આશરે ધરતીના બેય છેડા વચ્ચેના દેશ- દેશના સીમાડાઓમાં પોતાના 'માલ' સાથે નીકળીને વિચરતા રહેતા આ રબારીઓ પ્રકૃતિના આશરે પોતાની જાતને સમર્પી દેનારા, તેઓ સુદ્રઢ બાંધાના ઊંચા-પડછંદ એવા આ રબારીઓ તેનાં ઇંડાકાર ચહેરા પરની તીક્ષણ, પાતળી અને મોટી આંખોના કારણે એમનાં ચોક્કસ પ્રકારના વેશ-પરિધાન થકી ભરવાડોથી અલગ પડતા- તરત જ ઓળખાઇ આવે છે.

રબારીઓનો ભાતીગળ પહેરવેશ

સફેદ પાઘડી કે કાથી અજરખનો મોટો રૂમાલ, લાંબી બાંયનો સફેદ આભો ને ચારસા જેવી ચોરણી, ખભે ઉપવસ્ત્રમાં અજરખનો રૂમાલ, કાનમાં સોનાના કુણક, ને હાથમાં મોટી કડીઆળી ડાંગ લઇને લાંબા- લાંબા ડગલા પાડતો રબારી તરત જ પાધરો થઇ જાય.

હિંદુ ધર્મી હોવા છતાં અન્ય સંપ્રદાયો પ્રત્યે શ્રદ્ધા ધરાવતા રબારીઓના મુખ્ય દેવતા શિવ અને શકિત માતા મોમાઇ છે. બીજમાર્ગી, રામાનંદી અને દશનામી પંથોના સિદ્ધાંતોમાં પણ તેઓ માને છે, તો પીર-પેગંબર પ્રત્યે પણ શ્રદ્ધાના ભાવે આદર ધરાવે છે. મુસલમાનોના મેળા- મલાખડાઓમાં પણ ભાગ લે છે. જખ દાદા, રામાપીર, વાછડાદાદા, ભાથીજી ને નકલંકના પાઠ માંડીને પૂજા પણ એટલા જ ભાવથી કરે છે.

અવારનવાર અછત અને દુષ્કાળનો ભોગ બનતા કચ્છની આ માલધારી કોમ ગાડર-બકરાં લઇને જીવન નિર્વાહ માટે સતત ચિંતિત રહીને આભ અને ધરતીને આશરે ઊંટો ઉપર ઉચાળા ભરીને વિચરનારી આ જાતિની વિટંબણાઓ અનેક છે. છતાં એની સંસ્કારિતા અને સજ્જનતાને લૂણો લાગ્યો નથી. વ્યવસાયના કારણે અનિશ્ચિત બનેલા જીવનનિર્વાહના કારણે રઝળપાટ જ જેમના લલાટે લખાયો છે એવા રબારીઓને પાકા મકાનોમાં સ્થાયી નિવાસ કરવાનું સુખ ઓછું સાંપડયું છે. જે મળે તેમાં સંતોષી રહી ટાંચા સાધનોના સહારે પ્રકૃતિના આશરે જીવન વ્યતિત કરવાને ટેવાઇ ગયેલી આ જાતિ નેસ-વાંઢમાં કાચા- પાકા માટીના ભુંગામાં રહે છે. માટીના ભુંગાને રબારણો એમની આંગળીના ટેરવે રમતી લોકકલાથી જીવંત બનાવે છે. એમના નાનકડા ભુંગા કે કાચા-માટીના લીંપણવાળા ઘરમાં નજર નાખતાં જ કલાત્મક કોઠલા, પાણીઆરૂં અને પરંપરાગત અર્થસભર પ્રતીકો દ્વારા સૂઝ-બૂઝ પ્રમાણે સજાવેલી ભીંતો કલાના રસિયાને તો ખરી જ પણ રસ નહિ ધરાવનારને પણ પ્રભાવિત કર્યા સિવાય રહેતી નથી. આંગળીના ટેરવે કશી પણ ખામી વગરનું દોરાયેલું સુરેખ ગોળ વર્તુળ એમાં જડાયેલા અરીસાના કાચના નાના નાના ટુકડાઓ અને લોક રામાયણના પ્રતીકોથી ભવ્ય લાગતા એમના ભુંગાઓ આપણી લોકકલાનું ગૌરવ છે. ભુજોડી, ટુંડાની વાંઢ જેવા સ્થળો તો પ્રવાસીઓ ખાસ જોવા જાય છે.

ઊનના કાળાં વસ્ત્રો ધારણ કરનારી રબારી સ્ત્રીઓનો પહેરવેશ માજાવાળો છે. માથે ઊનની ઓઢણી, અંગવસ્ત્ર તરીકે કાળું કપડું અને અધો વસ્ત્રમાં ઊનનું કાળું કપડું લૂંગી જેવું પહેરણ દેશી રબારીઓનું છે. જે ઢેબરીઆ અને વાગડીઆથી સહેજ જુદું પડે છે, હાથમાં હાથીદાંતના ચૂડ કે ખંજ અને ડાબા કાંડે મોટું વલો પહેરે છે. નવરાંતના સમયમાં ભરતકામ કરે છે. ઢેબરીઆ રબારીઓનું ભરતકામ વખણાય છે એમનાં ભરતમાં કાન, ગોપી, મોરલો અને ફૂલડાં હોય છે. ઇંઢોણી મોતીના ભરતે ભરે છે.

સ્ત્રીઓ કાળાં કપડાં શા માટે પહેરે છે ?

રબારી સ્ત્રીઓ કાળાં વસ્ત્રો પહેરે છે તે માટે જુદા જુદા તર્કો મળે છે. અલ્લાઉદીન ખીલજીએ કુંવારી કન્યા માથે નજર માંડી તેથી તેણીએ આત્મહત્યા કરી, એટલે એનાં શોકમાં આવા વસ્ત્રો પહેરે છે. તો કયાંક શ્રી કૃષ્ણના મૃત્યુનો શોક મનાવવા માટે કાળાં વસ્ત્રો પહેરે છે એમ કહે છે. પણ વાસ્તવિક રીતે વિચારીએ તો જણાય છે કે, જીવનનિર્વાહના ટાંચા સાધનો અને નહિવત આવકમાં જીવન ગુજારો કરવા માટે સુતરાઉ કે ઊંચા વસ્ત્રો કયાંથી લાવે ? એટલે પોતાના ઘેટાં- બકરાં કે ઊંટના ઊનની ઉપલબ્ધતાનો ઉપયોગ અંગ-ઢાંકણ માટે કર્યો. જમાનો બદલાયો છે. આધુનિકતાનું આક્રમણ ગ્રામ્ય સ્તરે થયું છે. ત્યારે પણ રબારીઓએ પોતાની આ પરંપરાને છોડી નથી.

શારીરિક રીતે સશકત એવા આ રબારીઓ અગાઉ રાજા-મહારાજાના અંગરક્ષકો તરીકે કામ કરતા. લશ્કરમાં પણ કામ કરતા પણ હવે તેમનાં માટેની વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓના કારણે ખેતી, ડેરી તથા ટ્રાન્સપોર્ટના વ્યવસાય તરફ વળ્યા છે. કચ્છમાં 'ભોપા' એટલે ઠોઠ એવા અર્થમાં રબારીઓ માટે વપરાતો શબ્દ હવે ઘસાઇ ગયો છે. તેઓને હવે 'શીણાઇ', 'દેસાઇ' જેવા માનવાચક શબ્દોથી બોલાવવામાં આવે છે. આ જ્ઞાતિમાં ભલે થોડા પણ જે કોઇ સેવાભાવી આગેવાનો થયા છે તેમણે સમાજ અને જાતિના હિત માટે પોતાનો અવાજ રજૂ કરતાં ભૂતકાળની પરિસ્થિતમાં પરિવર્તન વર્તાય છે.

કેળવણીનો વ્યાપ ધીમે ધીમે વધતો જાય છે તેમ જાગૃતિ આવતી જાય છે. આની અસર વર્તાવા માંડી છે. તો પણ બાળ લગ્ન તથા દહેજની પ્રથા હજી ટકી રહી છે.

કોટડા ચકાર પાસે ભાદરવાની પૂનમના ભેડ માતાનો મોટો મેળો ભરાય છે તે મેળો પરંપરાગત રીતે રબારીઓ માણે છે. આ જ્ઞાતિ વિશે બહારથી આવેલા જુદા જુદા સંશોધકોએ કામ કર્યું છે. ૧૯૯૦માં આવેલા ડોનેક ડેમેસ્કીઓ તથા જર્મનના પ્રો. ગુન્થર ડી. સાન્થીમીટે કચ્છનાં રબારીઓ અને ભરવાડો પર એક સંશોધનાત્મક પુસ્તક લખેલ છે. તે જ રીતે ફ્રોન્સેસકોર ઓરાઝમ ફલેવોનીએ તથા અમેરિકાના શ્રીમતી વી. ડી. એલ્સને- ઇટાલીના ડૉ. ધારાજી તથા ઈંગ્લેન્ડના કુ. એલમા એ પણ કચ્છના રબારીઓ પર સંશોધન કર્યું છે. □

■ કયુરેટર, દરબાર હોલ, મ્યુઝિયમ, જૂનાગઢ

યાદવ કુળના વંશજ આહીર

□ પ્રમોદ જેઠી

પૌરાણિક ઉલ્લેખો જેની ઉત્પત્તિના મૂળ યદુકુળના યાદવો સાથે જોડે છે એવા આહીરો અહિનાગના વંશજ છે એમ ભાગવત પુરાણમાં જણાવ્યું છે. શ્રીકૃષ્ણ સાથે મથુરા છોડીને સૌરાષ્ટ્રમાં જતા કેટલાક આહીરો કચ્છના વાગડ વિસ્તારમાં રોકાઇ ગયા અને વૃજવાણી નામે ગોકુળીયું ગામ ત્યાં વસાવ્યું. કચ્છનો પ્રાંથળ વિભાગ ગણાતો એ વિસ્તાર - એમાં વસેલા આહીરો પ્રાંથળિયા આહીર તરીકે ઓળખાયા. ગુજરાતમાં વસતા આહીરોની જુદી જુદી અન્ય શાખાઓના કુટુંબો પણ ધીમે ધીમે કચ્છમાં ઊતરી આવ્યા અને અહીં વસવાટ કર્યો અને એવા આહીરોએ એની પ્રાદેશિક ઓળખને જાળવી રાખતાં મચ્છુકાંઠા પરના મછોયા, જુનાગઢ વસેલા સોરઠીયા, ચોરાડ વિસ્તાર (શાંતલપુર) ચોરાડા અને બોરીચા તરીકે ઓળખાયા છે.

ભારતના અન્ય રાજ્યો હરિયાણા, પંજાબ, બિહાર, ઉત્તરપ્રદેશમાં વસતા આહીરો યાદવ તરીકે ઓળખાય છે.

પ્રાંથળિયા, મચ્છોયા અને સોરઠીયા આહીર

કચ્છમાં વસતા પ્રાંથળિયાની વસતી ચોબારી, રામવાવ, ખડીર, અમરાપર, રતનપર, ખેંગારપર, આંબેડી, ધાણેટી, લોડાઇ, ધ્રંગ, ઢોરી, સુમરાસર, વંગ-ડાડોર, કુનરીયા, નોખાણીયા, લાખાપર, સત્તાપર એમ ૬૪ ગામમાં વસે છે.

મછોયા આહીર પદ્ધર વિભાગ, વાઘુરા વિભાગ, ટપ્પર વિભાગ, પડાણા અને ભુવડ વિભાગના ૬૪ ગામમાં વસે છે.

સોરઠીયા આહીર અંજાર, નાગોર, સિણાઇમાં વસે છે. જ્યારે બોરીચા આહીર મેઘપર, નાગોર, કનૈયાબેમાં વસવાટ કરે છે. કચ્છના બે તાલુકા લખપત અને અબડાસામાં આહીરોની વસતી નથી.

વૈષ્ણવ-શૈવ અને શક્તિ સંપ્રદાયને અનુસરતા આહીરોની ધાર્મિક માન્યતા સહિષ્ણુતાભરી રહી છે. રામદેવપીરના રખોપામાં આસ્થા રાખે છે તો શૂરાપૂરાની આમાન્યા પણ એટલી જ વિધિવત પાળે છે. ચંદ્ર-ચૌદશ, દીવા-ધૂપ કરવા ને પડવાના સિંદુર ચડાવવાનું ભૂલતા નથી. મરણ થતાં ડાઘુઓ પાળિયાના રસ્તે પસાર થાય તો પાળિયાને પણ નવડાવે છે. અશિક્ષિત હોવાને લઇને અંધશ્રદ્ધાળુ છે. હિંગલાજની યાત્રા એ તેમના માટે મોટામાં મોટી વાત છે અને દરેક જણ ઇચ્છા રાખે છે.

આહીરોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો રહ્યો છે. જેમાં ગાય, ભેંસ રાખે છે અને ઘીનો વેપાર કરે છે. ખાવડાના ખારી અને ગોડપરના આહીરો વાછરડાનો ઉછેર કરે છે. સમયના વહેણ સાથે તેમના ધંધામાં બદલાવ આવે છે. ટ્રાન્સપોર્ટ તથા મીઠાના અગર જેવા વ્યવસાયમાં ઝંપલાવી સમૃદ્ધ થતા જાય છે.

શિક્ષણક્ષેત્રે તેઓ ચિંતિત થતા જાય છે. કચ્છ આહીર બોર્ડિંગ અંજારમાં સ્થાપેલ છે. કચ્છ આહીર મંડળ, કચ્છ જિલ્લા આહીર યુવક મંડળ, ગુજરાત પ્રદેશ યાદવ સેના જેવા મંડળો પણ સ્થપાયા છે. ગુજરાત આહીર કેળવણી મંડળ-રાજકોટ તરફથી આહીર જ્યોત ૧/૨, જુનાગઢમાં આહીર સંદેશ-માસિક અને કેશોદમાં યદુનંદન-આહીર સંદેશ-માસિક જેવા સામાયિકો પ્રગટ કરી સમાજની પ્રગતિ તથા શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ થાય છે.

રાજકીયક્ષેત્રે શ્રી ખીમજીભાઇ જેસંગ, વેલજીભાઇ બીજલ અને વાસણભાઇ ગોપાલભાઇનું નામ જાણીતું છે. તાલુકાકક્ષાએ તેમજ સરપંચમાં પણ તેઓ ચૂંટાઇ આવે છે. ખીમજીભાઇ નાયબ પ્રધાનપદ ભોગવી ચૂકયા છે જ્યારે વેલજીભાઇ જિલ્લા પંચાયત પ્રમુખપદે રહી ગયા છે. વાસણભાઇ હાલ ધારાસભ્ય છે.

રીત-રિવાજો અન્ય હિન્દુ જાતિ જેવાં જ છે

આહીરોના રીત-રિવાજો અન્ય હિન્દુ કોમ જેવાં જ છે. સામાન્ય રીતે નાની ઉંમરમાં સગપણ થાય છે, પરંતુ કન્યા પુખ્ત ઉંમરની થયા બાદ જ લગ્ન કરવામાં આવે છે. લગ્નનો દિવસ વૈશાખ વદ-૧૩ નક્કી થયેલ છે તે પ્રમાણે મોટાભાગના આહીરો વર્ષમાં એકવાર આ તારીખે લગ્ન કરતા હોઇ તે દિવસે ૩૦૦ થી ૪૦૦ જેવા લગ્ન થાય છે. લગ્નવિધિ તેમની બધી શાખમાં લગભગ એકસરખી જોવા મળે છે. પ્રાંથળિયામાં કન્યા લાજ કાઢતી નથી જ્યારે મછોયામાં કાઢે છે. બાલ મુંડન, પુત્ર જન્મ ધામધૂમથી ઉજવે છે. દેરવટુ અને વિધવા વિવાહમાં માને છે. દહેજમાં માનતા નથી.

આહીર કોમ ઉજળી છે. સ્ત્રીઓ સ્વરૂપવાન અને ખૂબસુરત હોય છે. પુરૂષ ખડતલ અને તાકાતવાન પણ કયાંક આળસી સ્વભાવના જોવા મળે છે. શરીર પરના દાગીના તથા કપડાના પહેરવેશથી કન્યાની ઉંમર, લગ્ન કે વિધવા થયેલ છે તે જાણી શકાય છે. કુંવારી છોકરી નાકમાં મોટી રીંગ પહેરે, લગ્ન પછી પણ પહેરે (નાકનો કડો) પરંતુ મા બની જાય પછી નાકની વીંટી પહેરે છે. સુહાગની નિશાની તરીકે બલૈયા ડાબા હાથમાં પહેરે છે.

આહીર કોમનું ભરતકામ આહીર ભરત તરીકે ઓળખાય છે. ધર્મસ્થાન માટે તોરણ, ઉલેચ, ચાકડા તેમજ બાળકના નતિયા, ટોપી, આંગડી, ચોરણી, ઘાઘરીમાં સૂડાપોપટ, મોરલા, ફૂલદડા, કરમફૂલ, વેલબુટી જેવી આકૃતિઓ બનાવવામાં આવે છે. પુરૂષોના પહેરવેશમાં વાંજણ, કેડીયું, પછેડી-રૂમાલ તથા સ્ત્રીના પહેરવેશમાં કમખી, કમખો, ઘાઘરો વિ. જેમાં ભરતકામ જોવા મળે છે.

આહીરોની બોલી ગુજરાતી છે, જેમાં પ્રાંથળિયા આહીરોની બોલીમાં રાજસ્થાની છાંટ જોવા મળે છે. ભારતમાં આહીરોની વસતી ૧૮ કરોડની છે જેમાં કચ્છમાં ૩ લાખ આહીરો વસે છે.

આહીરો મૂળે ક્ષત્રિય હોતાં, ટેક, અન્યને બચાવવા તથા આશ્રય આપનાર માટે જાન આપનાર છે.

દેવાયત આહીરની પત્નીએ અને ઝીકડી ફરાસે રાજ બીજના રક્ષણ માટે પોતાના વહાલસોયા પુત્રનું બલિદાન આપેલ છે જે ઇતિહાસના પાને સોનેરી અક્ષરે લખાયેલ છે. નડાપાનાં જસા ચાડનો પાળિયો રૂદ્રાણીમાં, ડગાઇચા ડાંગરનો તૂણામાં. આવા તો અગણિત શૂરાના પાળિયા યશગાથા ગાતા ઊભા છે. વ્રજવાણીમાં આવેલ ૧૨૦ આહીરાણીના સતીના પાળિયા કચ્છના ઇતિહાસમાં આજ પણ અજર-અમર છે. □

■ C/o. આયના મહેલ, ભુજ

ઘર અને ગામવિહોણા ગાડલિયા

□ કાનજી ખેંગાર કોચરા

'ગાડલિયા' આ શબ્દથી કોઇપણ કચ્છી અજાણ્યો નહિ હોય... જેમના ગાડાં ઉપર ઘર હોય, ઘર-ગામ વિનાના હોય. આવી ભટકતી-રખડતી કોમને 'ગાડલિયા' કહેવાય છે... 'ગાડલિયા' એ કોઇ જાતિ-અટક કે, પેટા જ્ઞાતિ નથી... પણ તેઓ આજે એક ગામમાં આવી વસે છે. તો કાલે બીજા ગામે જઇ વસવાટ કરે છે... તે લોકોનું કોઇ સ્થાયી ગામ નથી કે, સ્થાન નથી... આખી જિંદગી પરિવાર સહિત અહીંયા-ત્યાં રખડતા-ભટકતા રહે છે. તેને જ આપણે 'ગાડલિયો' કહીએ છીએ.

આ 'ગાડલિયા' મૂળ કોણ છે ? કયાંના વતની છે ? રખડવા-ભટકવાનું શા માટે સ્વીકાર્યું છે ? તેનું શું કારણ હતું ? તેની ઐતિહાસિક માહિતી બહુ રસદાયક છે... 'ગાડલિયા'ની સ્ત્રીઓનો પહેરવેશ... ઘેરદાર ટૂંકો ઘાઘરો, બદન ઉપર કાંચળી, તેના ઉપર બંડી અને માથે મારવાડી ઓઢણી... બંને બાંહોમાં કાંડાથી લઇ બગલના ભાગ સુધી પહેરેલી હાથીદાંતની ચૂડીઓ... આભૂષણો પણ આબેહૂબ રાજસ્થાન ઢબના અને ભાષા પણ રાજસ્થાની જ,... પુરૂષોની પાઘડીનો આંટો અને પોષાક પણ રાજસ્થાની છે. એથી એવું નક્કી થાય છે કે, ''ગાડલિયા' રાજસ્થાનથી કચ્છમાં આવેલા છે.

માલાજી નામનો એક વૃદ્ધ 'ગાડલિયો' ગણેશનગરમાં તવા, તાવેતા, ઝારા, પકડ વિગેરે વસ્તુઓ વેચવા આવ્યો હતો. હું તેને મળ્યો, અને તેમના ઇતિહાસ સંબંધિત મેં તેને પૂછ્યું... તેણે મને જે જે માહિતી આપી હતી, તેનો મેં ઊંડો અભ્યાસ કર્યો. વધારે પૂછપરછ કરી, બીજા પણ ગાડલિયાઓ પાસેથી માહિતી એકઠી કરી, અને જે ખરી હકીકત મને સમજાઇ તે હું આપ સૌ અભ્યાસી વર્ગ સમક્ષ અત્રે રજૂ કરૂં છું.

કપરાકાળમાં સ્વધર્મની રક્ષા માટે રઝળપાટ શરૂ કરી

ઇતિહાસ એમ બોલે છે કે, ઇ. સ. ૧૩૦૦ના અરસામાં ભારતમાં ઇસ્લામી રાજ્યની સ્થાપના થઇ અને હિન્દુઓની ધાર્મિક સ્વતંત્રતા ઉપર કાપ મૂકવામાં આવ્યો... બ્રાહ્મણો પાસેથી જઝિયાવેરો લેવામાં આવ્યો... રજપૂત કન્યાઓને બેગમો બનાવવામાં આવી.. હિન્દુ સ્ત્રી વર્ગ ઘરની બહાર પગ મૂકવાની હિંમત કરી શકતો નહિ... સુલતાનો અને તેના અમીરો હિન્દુ કન્યાઓ સાથે લગ્ન કરવા હંમેશા ઇચ્છા રાખતા અને રજપૂત રાજાઓને હરાવી, તેમની કુંવરી પરણતા, આવા કટોકટીવાળા કપરાકાળમાંથી ઉગરવા, સ્વધર્મની રક્ષા માટે... ધર્માંતરથી બચવા માટે,... પોતાની ઇજ્જત-આબરૂ જાળવવા માટે આજે 'ગાડલિયા' તરીકે ઓળખાતા તે વખતના મૂળ

મેવાડમાં ચિત્તોડગઢના સિસોદીયા કૂળના તેમજ રાણાવંશના ક્ષત્રિય રાજપૂત હતા... બાદશાહના સૈન્ય સાથે ઘણીવખત ટકરાતા હતા. આ શૂરવીરોએ શાહીફોજના સૈનિકોની ઊંઘ ઊડાડી દીધી હતી. દિલ્હીના સુલતાનની દ્રષ્ટિમાં આ ખમીરવંતા લડાયક રજપૂતો ખંજરની અણીની પેઠે ખટકતા હતા. તેથી મોગલશાહી ફોજની આ રજપૂતો ઉપર વધારે ભીંસ વધી. તે વખતે આ લોકો પોતાના પરિવારોને સાથે તેડી નિર્જન જંગલોમાં નાસી છૂટયા.

મનમાં દ્રઢ સંકલ્પ કર્યો કે, ભારતમાંથી બાદશાહી જડ ન ઉખડે ત્યાં સુધી કોઇ ગામમાં વાસ ન કરવો, અને વનવગડામાં જ જીવન વિતાવવું એમ નિશ્ચય કરીને લુહાર કામ તરફ વળ્યા... લોઢામાંથી જાતજાતની વસ્તુઓ... ઝારા, તાવેતા, ચીપિયા, તગારાં-તાવડી વિગેરે બનાવવાનાં ધંધો કરવા માંડયા, અને પોતાને લુહાર તરીકે ઓળખવવા લાગ્યા... વગડામા જ રહેતા. વગડામાં જ માલ બનાવી ગામમાં આવી વેંચી જતા અને જોઇતી વસ્તુઓ ખરીદી જતા,... ઘરની ઘરવખરી ગાડા ઉપર જ રહેતી, તેથી લોકો તેઓને 'ગાડલિયા' કહેતા... રાઠોડ, રાણા, પરમાર, ચૌહાણ, ભટ્ટી વિગેરે ગાડલિયાઓની અટકો છે.

મુસલમાની શાસન અસ્ત પામ્યાને સેંકડો વર્ષના વહાણા વહાઇ ગયા છતાં આ લોકો હજુ સુધી કયાંય ઠરીઠામ થઇ શકયા નથી... 'ગાડલિયા' જ્ઞાતિના થોડા કુટુંબો ભુજ તાલુકાના કેરા ગામમાં અને વાગડ વિભાગના ભચાઉ ગામમાં વસવાટ કરે છે. ઉપરાંત ચારેક વર્ષોથી આદિપુર અને ગાંધીધામમાં પણ આ લોકો આવીને વસ્યા છે.

ગાડલિયા જેવી અન્ય જ્ઞાતિઓ પણ મોજુદ છે

રાણાવંશી રાજપૂતોમાંથી ગાડલિયા બનેલી જાતિની પેઠે બીજી પણ કેટલીયે જાતિઓ પરિવર્તન પામેલી હશે, તેની તો, ઇતિહાસ જ સાક્ષી આપી શકે છે... કચ્છમાં બીજી પણ એક એવી જ્ઞાતિ છે કે, જે ગામેગામ ફરે છે. તે કોમની સ્ત્રીઓ... ફણી-કાંસકીઓ વેચી પોતાનું જીવનનિર્વાહ ચલાવે છે... ઘણાં લોકો તેને પણ 'ગાડલિયા' ગણે છે, હકીકતમાં તેઓ 'ગાડલિયા' નથી, બીજી કોમ છે.

'લાખાપરીઆ' તરીકે ઓળખાતી કોમ માંડવીની ભાટિઆ બોર્ડિંગ પાછળ વર્ષોથી વસવાટ કરે છે... તેઓ દોરડા-રસ્સા બનાવીને વેચે છે... પહેરવેશ-ઘરેણા, બોલી અને રહેણી-કરણી ગાડલિયાઓને મળતાવડી જ છે... આ લોકો પોતાને ક્ષત્રિય હોવાનો દાવો ધરાવે છે,... અત્યારલગી તેઓ રાજસ્થાની ઢબના ઝુંપડામાં રહેતા હતા,... હાલમાં સરકાર તરફથી પાકા મકાન બાંધી દેવામાં આવ્યા છે... 'લાખાપરીઆ'-ગાડલિયાની પેઠે કચ્છમાં બીજી પણ ઘણી જ્ઞાતિઓ એવી છે કે, જેના ભૂતકાળના ઇતિહાસનું પૂરતું સંશોધન કરવામાં આવે તો અસલ કઇ જાતિના છે, તેના ઉપર પ્રકાશ પડી શકે... જેવી કે... દાતણીયા,... બજાણીયા, નટ, ઢાઢી, વાદી, મછલા, મેવલા વિગેરે...

'મેવલા' કોમ કચ્છના ઘણાં ગામોમાં વસે છે. ખાસ કરીને માંડવીમાં તેમની વસતી વધારે છે. તેઓ હિન્દુ-મુસ્લિમ બંને ધર્મો પાળે છે. 'ઇદ' કરે છે અને દિવાળી પર્વ પણ ઉજવે છે,... અલ્લાને માને છે ને દેવીને પણ પૂજે છે, ઠાકરથાળી-સત્સંગ પણ કરાવે છે... અલી, આમદ, કાસમ, મામદ, મુસા, ભચુ, જુમા વિગેરે તેઓ નામ ધરાવે છે... થોડા સમય પહેલાં આર્ય સમાજે કેટલાક કુટુંબોને વિધિસર હિન્દુ બનાવ્યા છે, અને કેટલાક કુટુંબો મુસ્લિમ થઇ ગયા છે... આજે પણ તેઓ માંડવીમાં નવા મુસલમાન તરીકે ઓળખાય છે... જેમાંના કેટલાક હિન્દુ બનેલા કુટુંબો કંડલા પોર્ટમાં, ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયામાં પાકા નોકર હતા, તે લોકો મારી પાસે કામ કરતા હતા. હવે હું પણ નિવૃત્ત થઇ ગયો છું અને તેઓ પણ નિવૃત્ત થઇ ગયા છે.

કોઇ માણસ ગફલતથી કે ભૂલથી કયાંક લપસી પડયો છે, તેને ઊભો કરવામાં નથી આવ્યો પણ પડતા ઉપર પાટુ મારી તેને નીચે ગબડાવવામાં આવ્યો છે. આવા સંકુચિત વૃતિવાળા કેટલાક સ્વાર્થી તક-સાધુઓના વર્તનથી આજે ભારતમાં ગણ્યા ગણાય નહિ એટલા વર્ગો ઉત્પન્ન થઇ ગયા છે. પરિણામે આપણો દેશ આજે કપરા કાળમાંથી પસાર થઇ રહ્યો છે... વર્ગભેદને ભૂલી, સૌ શુદ્ધ અંતરથી એકાત્માની જ્યોત ઝગમગાવશે ત્યારે જ ભારતની સ્વતંત્રતા અખંડ અખંડિત રહેશે... □

■ ૩૮૪, અંબિકા નિવાસ, ગણેશનગર, ગાંધીધામ-કચ્છ

કામણગારા કચ્છ વર્કના કસબી- સોની

કચ્છના કલાજગતમાં જેના કસબ- કામની નામના કેવળ ભારતમાં નહિ, વિદેશોમાં પણ રહી છે એવા કારીગરોની જાતિ સંગઠનને સોનારા અથવા સોની તરીકે ઓળખવામાં આવે છે. આવા જાતિ સંગઠનોએ પોતાની પ્રાંતીય ઓળખને જાળવી રાખવા માટે મૂળ સ્થળ- પ્રદેશનું નામ પોતાની જાતિ આગળ લગાડે છે. કચ્છમાં સોની જ્ઞાતિની પ્રાંતીય ઓળખ ધરાવતી નીચેની જાતિઓ વસવાટ કરે છે.

(૧) કચ્છી પરજીયા સોની, (૨) પટ્ટણી પરજીયા સોની, (૩) મારૂ કંસારા સોની, (૪) શ્રીમાળી સોની અને (૫) મુસલમાન સોનારા.

પરજીયા, પટ્ટણી અને મારૂ કંસારા સોનીઓની ઉત્પાતિનો ઇતિહાસ પણ પરશુરામની ક્ષત્રિય સંહારની કથા સાથે સંકળાયેલો છે. ઉપલબ્ધ થતી કથા પ્રમાણે પરજીયા ક્ષત્રિયો, પંજાબમાં પરજાઉ (પતિયાળા)માં વસવાટ કરતા હતા. તેમાથી એક કાફલો કચ્છમાં આવ્યો તે કચ્છી પરજીયા સોની તરીકે ઓળખાયા. કેટલાક મારવાડ ગયા અને મારવાડમાંથી ગુજરાતની રાજધાની પાટણમાં આવ્યા. ત્યાંથી જે સોનીઓ કચ્છમાં આવ્યા તે પટ્ટણી સોની તરીકે ઓળખાયા.

સંવત ૧૨૦૦માં મારૂ કંસારા સોની કચ્છ આવ્યા

મારૂ કંસારા સોનીઓના ભાટને ચોપડે કચ્છમાં આવ્યાનો તેમનો ગાળો સંવત ૧૨૦૦ના અરસાનો નોંધાયેલો છે. મારવાડથી નીકળ્યા ત્યારે મહાકાલીની મૂર્તિ પણ સાથે લાવ્યા. દર વર્ષે પોષ સુદ ૧૪ના માતાજીનો પાટોત્સવ કરે છે. અને તે દિવસે જ્ઞાતિનું સમૂહ ભોજન થાય છે. આશાપુરા માતામાં પણ આસ્થા રાખનારા આ મારૂ કંસારા સોનીઓએ કંસારા નાના ફળિયામાં આશાપુરાનું મંદિર બંધાવ્યું. તેની પ્રાણપ્રતિષ્ઠા દેશળજી બાવાએ ધ્રંગના દાદા મેકણના હાથે કરાવી હતી.

કચ્છમાં બસ સેવાની શરૂઆત કરનાર જાદવજી બાપુભાઇ બુદ્ધભટ્ટી જે કચ્છ રાજ્યના ચીફ મિકેનિકલ એન્જિનીયર હતા તે આ જ્ઞાતિમાંથી હતા. કચ્છમાં પ્રથમ બસ ૧૯૨૩માં ચાલી તેના સૌ પ્રથમ ડ્રાઇવર મોતીભાઇ રણછોડ બુદ્ધભટ્ટી પણ આજ જ્ઞાતિના હતા. કચ્છની નાગપાંચમની અસવારીની મૂંગી દસ્તાવેજી ફિલ્મ ઉતારનાર પણ આજ મોતીભાઇ બુદ્ધભટ્ટી હતા. કચ્છમાં સૌ પ્રથમ સને ૧૯૦૨માં રેલવે સેવાની શરૂઆત કરનાર કેશવજી સામજી બુદ્ધભટ્ટી પણ આજ જ્ઞાતિના હતા. તેમને મહારાણી વિકટોરીયા તરફથી ક્રોસ મેડલ મળેલ. આ ખિતાબનો ઝબ્બો પહેરીને તેઓ જ્યારે રાજા- રજવાડામાં જતા તો રાજા પણ ઊભા થઇને તેમને માન આપતા હતા. તાજેતરમાં પાયલોટોની વિમાની રેસમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઇનામ મેળવનાર કચ્છના પ્રથમ મહિલા પાયલોટ ચંદાબેન જાદવજી બુદ્ધભટ્ટી પણ આજ જ્ઞાતિના છે.

શ્રી એલ. એમ. પોમલનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તસવીરકાર તરીકે ખૂબ જ જાણીતું છે તે શ્રી લાલજીભાઇ ભુજના. આંતરરાષ્ટ્રીય કક્ષાના ઘણા ઇનામો તેમની તસવીરોને મળ્યા છે. તેમની તસવીરો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના પ્રદર્શનમાં મૂકાય છે. તસવીરકાર તરીકે તો તેઓ જાણીતા છે જ પણ તેઓ ચિત્રકાર તરીકે પણ એટલા જ કુશળ છે. રણ વચ્ચેના પાણી ખૂંદીને સુરખાબને કચકડે મઢનારા શ્રી પોમલની તસવીરો એમની કલાકારની દ્રષ્ટિના કારણે જીવંત ભાસે છે. પોણી સદી વટાવી ગયેલા શ્રી પોમલ હજી એટલા જ સક્રિય છે. હાલે જ મુંબઇમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું તસવીર પ્રદર્શન યોજાયેલ તેમાં શ્રી પોમલની તસવીરો મૂકાઇ હતી. શ્રી પોમલે માત્ર તેમની જ્ઞાતિનું નહિ કચ્છનું નામ પણ અચ્છા કલાકાર તરીકે જગતમાં રોશન કર્યું છે.

પરજીયા સોની જ્ઞાતિનો શરૂનો વહીવટ મુંદરા તાલુકાના બારોઇ ગામે બતાવવામાં આવે છે. બારોઇના બાર ગામના તેઓ જાગીરદાર કહેવાતા હતા. અહીં તેમણે બનાવેલું જૂનું શિવ મંદિર છે. આ મંદિર બનાવવાની શરૂઆત જૈનોએ કરી. જૈન મંદિર બનાવવા માટે મંદિર તૈયાર થઇ ગયું. મહાવીર સ્વામીની મૂર્તિ પ્રતિષ્ઠા થવાની હતી તેની આગલી રાતે કેટલાક પરજીયા સોનીઓએ ભદ્રેશ્વરના હાલા રાજપૂતોના શિવ મંદિરમાંથી લિંગ અને પોઠીયો રાતોરાત ઉપાડી લાવીને જૈનોએ બંધાવેલા આ મંદિરમાં બેસાડી દીધા. હાલાઓને આની ખબર પડતાં તેઓ બારોઇ પર ચડી આવ્યા. સોનીઓ સાથે ધિંગાણું થયું તેમાં દેવળા વંશના સોની પદમશી ભીમા તથા માંડણ મરાણા. પદમશી પાછળ તેના ભાઇ હરધોળે સાગવન લીધો. તેની યાદમાં બારોઇની ઉતરાદી સીમે તળાવ પાસેના પાળીયા એ ધિંગાણાની યાદ આપતા આજેય ઊભા છે.

પરજીયા સોનીઓની વસતી અઢી હજાર

'સોનારે વારી ટપ્પર' તરીકે ઓળખાતા ટપ્પર ગામે પણ પરજીયા સોનીઓની મોટી વસતી. મહમદ સોતો જ્યારે બાર ભાયાના અંધાધૂંધીના ગાળામાં મુંદરાનો ધણી-રણી થઇ બેઠો હતો ત્યારે તેણે આ સોનીઓમાં લૂંટ ચલાવતાં સોનીઓ માંડવી તરફ ભાગી નીકળ્યા હતા. માંડવી તાલુકાના ફરાદી ગામે પરજીયાઓની મોટી વસતી.

કચ્છમાં આવેલા પરજીયાઓ બારોઇ અને ફરાદીમાં ઉતર્યા હતા. ફરાદી ગામે ૪૫૦ વર્ષ જૂનું ગણાતું તળાવ નામે હળીયાસર ત્યાંના સોની હળપાળ નાગીયા

થળેસરે બંધાવ્યું કહેવાય છે. ફરાદીનું રામ મંદિર તથા શંકરનું દહેરૂં પણ પરજીયા સોનીઓએ બંધાવેલ છે. ફરાદીના પરજીયા સોનીઓની કસબ કારીગરી પ્રખ્યાત હતી. કચ્છ રાજ્યે તેમને ભુજ બોલાવ્યા. તેમને રહેણાકની સગવડો કરી આપી હતી. સિટી પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ સામજી મકનજી સોનીવાળી ધર્મશાળા બંધાવનાર સામજી આ પરજીયા જ્ઞાતિના હતા. પરજીયા સોનીઓ ધર્મની બાબતમાં સહિષ્ણુ રહ્યા છે. તે શિવ- શક્તિની સાથે પીર- ફકીરનો પણ આદર કરે છે. હિંદવા પીર, રામદેવ પીરને તેઓ માને છે. ચૈત્ર સુદ ૧૦ના રામદેવ પીરનો મેળો કરીને પહેડી ચડાવાય છે તેમાં પહેલી પેડી આ પરજીયા સોનીઓના સુસાણીઆ નુખની ચડે છે. યજુર્વેદીય માધ્યનદીની શાખાના પરજીયા- પટ્ટણી સોની જ્ઞાતિમાં ત્રીસ જેટલી નુખો છે. ૧૯૪૪ની સાલે પરજીયા- પટ્ટણી જ્ઞાતિની વસતી ગણતરીનું પુસ્તક સોની કાનજી આણંદજીએ છપાવી પ્રસિદ્ધ કરાવેલ. તે વખતે સમગ્ર ભારતમાં આ જ્ઞાતિના ૩૭૩ કુટુંબોની કુલ્લ ૧૩૧૧ સંખ્યા હતી. તાજેતરમાં આવી કોઇ ગણતરી થયાનું જણાતું નથી. પણ હાલે તેમની સંખ્યા ૨૫૦૦ જેટલી હોવાનું અંદાજવામાં આવે છે. 'પરજીયા સોની જ્ઞાતિના થળેસર ભાઇઓનો ઇતિહાસ'નું એક પુસ્તક સને ૧૯૮૩માં આ જ્ઞાતિના શ્રી કાનજી આણંદજી સોનીએ પ્રકાશિત કરાવેલ છે. શ્રી કાનજીભાઇ આ જ્ઞાતિના પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. મોટે ભાગે આ જ્ઞાતિના સોનીઓ કચ્છી ભાષા બોલે છે.

શ્રીમાળી સોની ૧૩૯૨માં ગેડી ગામે આવ્યા

શ્રીમાલ અથવા ભિન્નમાલમાંથી જુદી જુદી ઘણી જ્ઞાતિઓ કચ્છમાં આવી વસેલ છે. બ્રાહ્મણો, જૈનો, સોનીઓ વગેરે જે શ્રીમાલથી આવ્યા તેમણે પોતાની જ્ઞાતિની ઓળખ જોડે આ પ્રાદેશિક ઓળખ કરાવતો 'શ્રીમાળી' શબ્દ જોડી રાખ્યો. શ્રીમાળી સોનીઓ કચ્છમાં સૌ પ્રથમ રાપર તાલુકાના ગેડી ગામે સંવત ૧૩૯૨માં આવ્યા. ભિન્નમાલથી સાં. ૬૭૬માં રામજીભાઇ અને તેમના બન્ને પુત્રો અંદરજી તથા કલ્યાણજી સૌ પ્રથમ ચાંપાનેર આવ્યા. તેમાંથી અંદરજીની શાખના જશરાજ સાં. ૭૨૨માં વડનગર ગયા. તેના વંશજો સાં. ૯૭૨માં પાટણ ગયા અને તેના વંશના બલુભાઇ સં. ૧૩૯૨માં ગેડીના વાઘેલા લુણાજીના રાજમાં આવ્યા. ગેડીના આ સોનીઓ પછી અહીંથી જુદે જુદે સ્થળે ગયા તેમની ગેડીયા- ગેરીયા નુખથી ઓળખ ચાલુ રહી.

તેવી જ રીતે પાટડીયા અટક ધરાવતા શ્રીમાળી સોનીઓના ભિન્નમાલમાંથી સાં. ૭૩૫માં ચાંપાનેર આવી વસેલા સુખદેવભાઇના વંશમાંથી સુરાભાઇ અને તેના ભાઇઓ સાં. ૧૫૮૫માં કટારીયા ગામે આવી વસ્યા. તેઓ વાગડીયા પાટડીયા તરીકે ઓળખાય છે.

વાંઢીયામાં વસેલા સોની સુંદરજી કરસનના પુત્ર દલપતભાઇ જે પાછળથી ભચાઉમાં વસવાટ કર્યો તેની તો દાનવીરતાની ઘણી વાતો પ્રચલિત છે અને આ દલપતરામને 'દલા સો અલા' તરીકે ખ્યાત કરાવી ગઇ છે.

કુંઢીયા નુખનું કુટુંબ સાં. ૮૭૨માં પાટણ આવ્યા પછી ત્યાંથી જુદે જુદે સ્થળે ગયા. પણ આ નુખની વધુ વસતી કચ્છ ભુજમાં છે.

શ્રીમાળી સોનીઓની વસતી તો હવે કચ્છ આખામાં છે. પણ શહેરી વિસ્તારમાં તેમની સંખ્યા વધુ છે. મોટે ભાગે તેઓ કારીગર તરીકે કામ કરે છે. વિદેશમાં ધંધા અર્થે પહોંચેલા આ સોનીઓએ મસ્કત, દુબઇ, ઓમાન વગેરે સ્થળે સારી જમાવટ કરી છે. ડેન્માર્કમાં બ્લાઇન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રમુખપપદે રહેલ પ્રાણલાલભાઇ સોની ભુજના છે. ગાંધીવાદી વિચારસરણીના નખશીખ પાલક એવા સ્વાતંત્ર્ય સેનાની અને રચનાત્મક કાર્યકર તરીકે આજીવન પછાત વર્ગને પગભર કરવાની સેવા કરનારા કેવળ મગનભાઇ ગોવિંદજી સોની જ નહિ, તેમના પત્ની હીરાબેને પણ આજીવન સમાજ સેવા કરી છે. વાગડ વિભાગના આદિવાસી કોળી ભાઇઓને જીવનમાં માનભર્યા સ્થાન સુધી દોરી લાવનાર એ હતા. તથા ચિત્રકાર તરીકે ખ્યાત એવા લાલજીભાઇ સી. સોની પણ આ જ્ઞાતિના ગૌરવ હતા. મગનભાઇ સોનીના પુત્ર રમેશભાઇ સોનીએ મુંબઇમાં સોની ગ્રાફિકસના નામે પ્રોસેસીંગ હાઉસની શરૂઆત કરેલ આજે એ મુંબઇના ટોચના પ્રોસેસરોમાં ગણાય છે. ભારતભરની સારી ગુણવત્તાવાળા પ્રિન્ટિંગ ટેકનોલોજીના ઉદ્યોગમાં સોની ગ્રાફિકસનું નામ અને કામ ઉચ્ચકક્ષાનું ગણાય છે. ડે લાઇટ ફિલ્મ પ્રોસેસિંગની શરૂઆત કરનાર ભારતભરમાં તેઓ પ્રથમ છે. સીટેકશ બીલબોર્ડ પ્રિન્ટર કે જેનાં પર હોર્ડિંગ વિનાઇલ પ્લાસ્ટિક તથા કાપડ પર છાપી શકાય તે પણ ભારતમાં લાવનાર સૌ પ્રથમ સોની ગ્રાફિક્સ છે.

વલ્લભાચાર્યના વૈષ્ણવ સંપ્રદાયને માનતા આ સોનીઓની કુળદેવી વાઘેશ્વરી છે. આ જ્ઞાતિમાંથી કેટલાક હવે સરકારી નોકરી તરફ વળ્યા છે અને ભુજના શ્રી કાંતિલાલ વૃજલાલ સોની નાયબ કલેકટરના પદ સુધી પહોંચ્યા છે. શ્રી રજનીકાંત સોની પત્રકારિત્વના ક્ષેત્રે તો જાણીતા છે, પણ તેમની બબ્બે ઐતિહાસિક નવલકથાઓ કચ્છમિત્રમાં ધારાવાહિકરૂપે પ્રસિદ્ધ થયા પછી તે નવલકથાના લેખક તરીકે વધુ જાણીતા થયા છે. શ્રીમાળી સોનીઓની વસતી ગણતરી ૧૯૬૦-૬૧માં થયેલી તે વખતે કચ્છ આખામાં ૯૦ ઘર હતા. ૨૮૫૭ની વસતી નોંધાયેલ. હાલે ભુજમાં લગભગ ૭૦૦ તથા કચ્છમાં ૫૦૦૦ની વસતી અંદાજવામાં આવેલ છે. આ જ્ઞાતિના ઇતિહાસનું પુસ્તક જમનાદાસ નકાભાઇ જડીયાએ સાં. ૨૦૨૮માં લખી ને છપાવેલ છે.

મુસલમાન સોનારાની સ્થિતિ સારી છે

હિન્દુ સોનીઓમાંથી ધર્મ પરિવર્તન કરીને મુસ્લિમ બનેલા સોનારાની વધુ વસતી અબડાસા તાલુકામાં છે. ભુજમાં પણ તેમની વસતી છે પણ બહુ ઓછી. સોનીનું કામ કરે છે. તેમની આર્થિક સ્થિતિ સારી છે. સ્થાનિકે નલિયાના વિકાસ કામોમાં આ સોનારા કુટુંબનો આર્થિક સહયોગ સાંપડતો રહે છે. છેલ્લે પાણી પુરવઠા યોજના માટે નલિયા ગ્રામ પંચાયતને તેમણે સારી એવી રકમ વિકાસના કામ માટે આપી છે. ભુજમાં નીમઢોર શેરીમાં પણ મુસલમાન સોનારાની સોનાના દાગીનાની એક દુકાન આવેલ છે.

કચ્છમાં ચાંદી કામના કારીગરોમાં મોચી જ્ઞાતિના પણ કેટલાક જોડાયા હતા. અગાઉ રાજાશાહીના વખતમાં તેઓ ઢાલને સુશોભિત કરવાનું કામ કરતા હતા. પણ રાજાશાહી જતાં અને હવે એ કામની માગ ન રહેતા તેઓ ચાંદીના વાસણો બનાવવાની કામગીરી કરવા લાગ્યા. સને ૧૮૯૪માં ધી જર્નલ ઓફ ઇન્ડિયન આર્ટ એન્ડ ઇન્ડસ્ટ્રીના ૪૫માં અંકમાં કચ્છના ચાંદી કામના કારીગરો વિશે બી. એચ. બેડન પોવેલનો એક લેખ પ્રસિદ્ધ થયેલ છે. તેમાં આ જ્ઞાતિના શ્રી ઉમરશી માવજીને ચાંદીકામના શ્રેષ્ઠ કારીગર તરીકે ગણાવ્યા છે. કચ્છ વર્કના માલની વિદેશમાં ઘણી માગ રહેતી. મોટા મોટા પ્રદર્શનોમાં કચ્છ વર્કને ખાસ સ્થાન અપાતું. સને ૧૮૯૨માં શિકાગોમાં આવું એક પ્રદર્શન યોજાયેલ તેમાં મેસર્સ ઉમરશી માવજી એન્ડ સન્સને કચ્છની અનુપમ કળા કૌશલતા માટે ચંદ્રક તથા પ્રમાણપત્ર મળેલ. ભુજમાં એક સમયે કચ્છ વર્કના ૨૫ જેટલા કારખાના હતા. તેમાં ગુર્જર સુતાર રવજી સામજી અને માવજી રાઘવજી ખ્યાતનામ કસબી ગણાતા.

કચ્છ વર્કની ચોમેર બોલબાલા

રાવ શ્રી દેશળજી (બીજા) (૧૮૧૯-૧૮૬૦)ના પ્રોત્સાહનના કારણે સોની જ્ઞાતિના કારીગરોએ આ ક્ષેત્રે સારો એવો વિકાસ કર્યો હતો. સને ૧૮૫૧માં લંડનમાં યોજાયેલ પ્રદર્શનમાં કચ્છની કલા કારીગરીવાળી ચીજોને સ્થાન મળ્યું હતું અને રાજા તરફથી ત્યાંના પ્રતિષ્ઠિતોને તેવી કેટલીક ચીજો ભેટ પણ અપાઇ હતી. જો કે આથી અગાઉ પણ કચ્છના આ ઉદ્યોગને વિશ્વસ્તરે લાવવાનું કાર્ય કર્યું હતું રાવ શ્રી લખપતજીએ. તેમના વખતમાં સોનીઓએ 'કચ્છ વર્ક'ના નામે પ્રસિદ્ધ થયેલી કારીગરીનો સારો એવો વિકાસ કર્યો હતો.

આ કચ્છ વર્કનો ઉલ્લેખ કેમ્પબેલે આજથી લગભગ ૧૧૫ વર્ષ પહેલાં કરતા કારીગરોની શક્તિના અને સૂઝબૂઝના વખાણ કર્યા છે. જાત જાતની ઝીણી નકશીકામથી ભરપૂર એવી ઘણી ચીજો કચ્છ મ્યુઝિયમમાં સંગ્રહાયેલી છે તે જોવાથી કચ્છના સોનીઓએ સાધેલી પ્રગતિનો ખ્યાલ આવી શકે છે.

કચ્છમાં કસબી કામ કરતી જાતિઓમાં સોનીઓનું વિશિષ્ટ સ્થાન છે અને કચ્છને 'કચ્છ વર્ક'ના નામે મશહુર કરનારા આ સોનીઓ કચ્છનું ગૌરવ છે. □

મચ્છુ કઠિયા સઇ-સુતાર

જુદી જુદી જ્ઞાતિઓની ઉત્પતિની અનેક દંતકથાઓ છે તેમ આ દરજી જ્ઞાતિ પોતાની ઉત્પતિના મૂળ ક્ષત્રિય વંશમાં બતાવે છે. પરશુરામની પૃથ્વીને નક્ષત્રિય કરવાની કથા અહીં પણ જોડાયેલી છે.

દરજી જ્ઞાતિમાં જુદી જુદી ૯ શાખાઓ છે. તેમાં ચાવડા, ડાભી, ગલેચા, ગોહિલ, લાકડીઆ, પરમાર, રાઠોડ, સોલંકી અને સોનારાનો સમાવેશ થાય છે. પૃથ્વીરાજ ચૌહાણના રાજ કવિ ચંદ બરદાઇએ રાજપૂતોની ઉત્પતિ અગ્નિકુંડોમાંથી થયાનું અને તેમાં ચાર રાજપૂત શાખા પ્રગટી તે ચૌહાણ, સોલંકી, પરમાર અને પ્રતિહાર ગણાવેલ છે. અગ્નિકુંડની આ કથાને ઇતિહાસનો આધાર નથી. તો પણ દરજીઓમાં જે જુદી જુદી શાખાઓ છે તે જોતાં તેઓ રાજપૂત વંશજ હોવાનું માનવાને પ્રેરે છે.

૧૧મી સદીમાં કચ્છ આવ્યા હોવાનું અનુમાન

'રાજપૂત' જ્ઞાતિ માટેનો આ 'રાજપૂત' શબ્દ હર્ષવર્ધનના મૃત્યુ પછી અસ્તિત્વમાં

આવ્યો છે. તેથી રાજસ્થાનના રાજપૂતોના વંશજ ગણાવતા દરજીઓ આઠમી સદી પછી રાજસ્થાન તરફ ગયા હોય તેમ અનુમાન થાય. અને દરજીઓના ઈતિહાસની નોંધમાં રાજસ્થાન ગયા પછી ત્યાંથી ૨૦૦ વર્ષ પછી કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગયા. સૌરાષ્ટ્રમાં મચ્છુ નદીને કાંઠે સ્થિર થયા. તેથી તેઓ ૧૧મી સદીમાં કચ્છમાં આવ્યા હોય તેમ માની શકાય. આ સમયે કચ્છ સૌરાષ્ટ્ર તરફ અનેક જાતિઓનું સ્થળાંતર થયું પણ છે. મચ્છુ કાંઠે વસતાં તેઓ 'મચ્છુ-કઠિયા સઇ સુતાર' તરીકે ઓળખાય છે. થોડાક લોકો સુતારી કામ કરતા અને મોટા ભાગના સઇ-દરજીનું કામ કરતા તેથી સઇ-સુતાર એવા નામે આ જ્ઞાતિ ઓળખાય છે.

જૂના વખતના તેમનાં ફોટાઓ પરથી તેમનાં પહેરવેશનો ખ્યાલ આવી શકે છે. મરજાદા ભર્યો તેમનો પોશાક હતો. પુરૂષો ઇજાર, ખમીશ, કેડીઆ, પહેરતા, કોટ પણ પહેરતા, પાઘડી બાંધતા ખભે પછેડી રાખતા. સ્ત્રીઓ સાડી પહેરતી દાગીના પણ પહેરતી. મોટા ભાગે પોતાનાં ઘરમાં ધંધો કરતા અથવા તો કપડા સીવડાવનારને ઘેર પણ કામે જતાં. દરબારોનું કામ કરનારા 'દરબારી સઇ' તરીકે ઓળખાતા, 'ધજા'નું કામ તેઓ કોઇપણ જાતનું મહેનતાણું લીધા સિવાય કરી આપતા. દરબારી સઇઓને દરબાર તરફથી ઇનામ મળતા. આર્થિક પરિસ્થિતિ નબળી રહેતી.

સગપણ લગ્નના રીત રિવાજો જ્ઞાતિ બંધારણની રીતે ઘડાયેલા છે, સંવત ૧૯૭૭માં માંડવી, મુંદરા, અંજાર, ભદ્રેશ્વર અને કરાચીની જ્ઞાતિ માટે આવું બંધારણ ઘડાયેલું છે. બંધારણ પ્રમાણે વર્તવું ફરજીઆત કરાયેલ છે. ન વર્તનારને નાતનો પટેલ સજા કરી શકતો. ભુજ જ્ઞાતિનું બંધારણ સંવત ૧૯૯૦માં ઘડાયેલું છે. સગપણ મા-બાપ પોતે નક્કી કરતા, છોકરા છોકરીઓ પસંદ કરવાની ચાલ નહતી, હવે સમયને અનુસરી અને પસંદગી થાય છે, જૂના વખતમાં લગ્ન નાની વયે થતાં હવે કાયદાની રીતે તેમ થઇ શકતું નથી. વિધવા વિવાહ પુનઃ લગ્નનો રિવાજ છે. તે નાતના બંધારણ અનુસરીને થઇ શકે છે.

વર્ષો સુધી આર્થિક રીતે પછાત રહેલી આ જ્ઞાતિનું જીવનધોરણ વર્તમાન કાળે સુધરેલું છે છતાં શિક્ષણનું પ્રમાણ હજી ઓછું છે તેથી સરકારી નોકરીમાં ઊંચા હોદ્દા સુધી પહોંચનારા શ્રી ખીમજીભાઇ ચત્રભુજ ચૌહાણ કાર્યપાલક ઇજનેર સુધી પહોંચનારા આ જ્ઞાતિના સૌ પ્રથમ ભાગ્યશાળી વ્યકિત હતા તે પછી આ ક્ષેત્રે સંખ્યા બહુજ ઓછી છે, કારીગર તરીકેની તેમની કુશળતા તેમની આર્થિક સ્થિતિમાં સુધારો લાવનાર થઇ છે. મોહનલાલ તુલસીદાસ સોલંકીએ તો નાની વયથી જ રાષ્ટ્ર માટે ચાલતા મુકિત જંગમાં ભાગ લેતાં લેતાં સ્વાતંત્ર્ય સેનાની હોવાનો આ જ્ઞાતિ ગૌરવ લઇ શકે. આમેય એક જાગૃત નાગરિક તરીકે શ્રી મોહનલાલ સોલંકીનું નામ જાણીતું છે. સામાજિક કાર્યકર તરીકે તેમનો વર્ષોનો અનુભવ એ સેવાભાવની વૃત્તિના કારણે તે ઘણાને ઉપયોગી થઇ રહ્યા છે. મૃત્યુ માટે કોઇ ક્રિયા કરવામાં આવતી નથી પણ મૃત્યુના ૧૧માં દિવસે બ્રાહ્મણને કપડાઓ, અનાજ આપવામાં આવે છે. હિંગલાજ માતા તેમનાં કુળદેવી છે પણ અન્ય માતાજીઓને પણ માને છે, ત્રિકમરાયને પૂજે છે. સ્વામીનારાયણ સંપ્રદાયને પણ કેટલાક માને છે.

જ્ઞાતિમાં શિક્ષણક્ષેત્રે પ્રગતિ સધાય તે માટે ભુજમાં જ્ઞાતિ યુવક મંડળ કામ કરે છે. 'કચ્છમાં શહેરોમાં આ જ્ઞાતિના સભ્યોની સંખ્યા વધુ છે, તેમ ગામડાઓમાં છૂટા છવાયા ઘરો છે. □

■ સંદર્ભ : મુકેશકુમાર વેલજીભાઇ મોડ કૃત ''અતીતનું આચમન''

કુશળ કસબી : બ્રહ્મક્ષત્રિય

ભારતીય નારીના જીવનમાં આજે પણ જેનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે તે ''ઘરચોળું''-બાંધણી બનાવનારા બ્રહ્મક્ષત્રિય-ખત્રીઓ કલા અને કારીગરીના જગતમાં આગવું સ્થાન ધરાવે છે. સામાન્ય સુતરાઉ કાપડથી માંડીને ઊંચામાં ઊંચી કિસમના કાપડ ઉપર ભીંડી બાંધીને પછી લાલ, પીળા અને કેસરીયા રંગોના કસબ દ્વારા ફૂલ-વેલ, ફળ-ઝાડ, ઢીંગલીઓ, પશુ-પક્ષીઓના ચિત્રો થકી 'બાવન બાગ'ના સર્જનહારા ખત્રીઓ તો કચ્છનું ગૌરવ છે.

અનેક દંતકથાઓ વચ્ચે અટવાયેલી બ્રહ્મક્ષત્રિય-ખત્રી જ્ઞાતિની ઉત્પતિની કથા પણ અન્ય જ્ઞાતિઓની જેમ અપવાદ નથી. જમદગ્નિ પુત્ર પરશુરામની પૃથ્વીને ન-ક્ષત્રિય કરવાની પ્રતિક્ષા સાથે સંકળાયેલી એ કથા વિવિધ સ્વરૂપે દંતકથાઓમાં વર્ણવાયેલી છે. પણ દંથકથાઓની વાતો આપણને સંતુષ્ટ કરી શકતી નથી. વળી દંતકથાઓને ઈતિહાસનો કોઇ આધાર નથી. પોતાને સૂર્યવંશી ક્ષત્રિય ગણાવતા આ બ્રહ્મક્ષત્રિય- ખત્રીઓ ભાટના ચોપડે પણ એ રીતે નોંધાયેલા છે અને પશ્ચિમના ઈતિહાસકારો એમની માન્યતાને સમર્થન કરે છે. સમગ્ર કથાને બૌદ્ધ ધર્મના ઉદ્દભવ, વિકાસ અને પતનની પ્રક્રિયા વચ્ચે સાંકળવી હોય તો આમ સાંકળી શકાય કે,

(૧) વૈદિક ક્ષત્રિયો ધર્મ પરિવર્તન સામે પ્રથમથી જ અચળ રહ્યા અને પોતાના કુળગોર સાથે પંજાબ ચાલ્યા ગયા. પંજાબી ભાષાના ઉચ્ચારણના કારણે ત્યાં તેઓ ક્ષત્રિયને બદલે ખત્રી તરીકે ઓળખાવા લાગ્યા. દધિચી ઋષિએ બ્રાહ્મણ તરીકે ઓળખાવેલા પરંતુ ખરેખર તે ક્ષત્રિય હોતાં તે બ્રહ્મક્ષત્રિય તરીકે ઓળખાવા લાગ્યા હતા.

(૨) જેમણે બૌદ્ધ ધર્મ સ્વીકારી લીધો હતો અને શંકરાચાર્યના અભિયાનના કારણે પાછા હિન્દુ ધર્મમાં આવ્યા અને બિહાર તથા ઔધમાં સ્થિર થયા તે ''છત્રીયા'' તરીકે ઓળખાવા લાગ્યા.

(૩) અ-વૈદિક અને અનાર્ય, જે 'ક્ષત્રિય'ની કક્ષાને પામ્યા હતા ને જે પ્રથમથી જ લડાયક મિજાજના હતા તે હિન્દુ ધર્મમાં પાછા ફરતાં ક્ષત્રિય રાજપૂત કહેવાયા.

''તારીખે આઇને ખત્રીઆં'' શું કહે છે ?

સિંધના લોહાણા, દક્ષિણ પંજાબના અરોરા અને ઉત્તર પંજાબના ખત્રીઓ એમ એ ત્રણે મૂળે એક જ પ્રજા હોવાની અને તેમના ગોર સારસ્વત બ્રાહ્મણ હોવાની વાતને મુસ્લિમ ખત્રીઓના ઈતિહાસ ''તારીખે આઇને ખત્રીઆં''ના લેખક મૌલવી ઈસ્માઇલ ઈબ્રાહીમ પણ સમર્થન કરે છે. જનસ્વભાવ એ જાતિ નિર્ણયનું સાધન ગણાયું છે તે દ્રષ્ટિએ વિચારતાં ખત્રી, અરોરા, લોહાણા, બ્રહ્મક્ષત્રિય, દેપાળા અને ભાનુશાલી તે મૂળમાં એક જ કુળના હોવાની માન્યતાને પણ ટેકો આપે છે. થયેલી ગણતરી પ્રમાણે સને ૧૮૮૦માં કુલ્લે ૧૬૫ કુટુંબો કચ્છમાં રંગારાનું કામ કરતા હતા તેમાંથી ૧૧૨ કુટુંબો મુસલમાન ધર્મમાં પરિવર્તિત થયેલા હતા અને બાકીના હિન્દુ ખત્રીઓના કુટુંબો હતા.

દધિચી ઋષિ દ્વારા રક્ષાયેલી પરશુરામ દ્વારા સતાવાયેલી અને માતા હિંગલાજની પ્રસન્નતાએ વિશ્વકર્મા પાસેથી કલા સંસ્કારનો વારસો પામેલી આ પ્રજાએ રાજકીય ક્ષેત્રે ચડતી-પડતીના અનેક પ્રસંગોને પાર કરીને રંગરેજ, વણાટ, સંઘાડીઆ, છાપકામ અને સુતારી કામમાં પ્રવીણતા પ્રાપ્ત કરેલ. આ જ્ઞાતિની ઉપયોગિતા જોતાં દંતકથાની વાતોને માનવા પ્રેરે છે. ખત્રીઓની કુળદેવી હિંગલાજ છે પણ કેટલાક વૈષ્ણવ સંપ્રદાયના વલ્લભાચાર્યને માને છે. હિંગલાજ કે આશાપુરાના રૂપમાં તે મનાઇ માતાની પૂજા કરે છે. ધાર્મિક રીતે સહિષ્ણુ છે. સાલસ સ્વભાવ હોવાનું કારણ પણ કદાચ એજ હશે.

જેઠીબાઇની જગવિખ્યાત ઓઢણી

પંજાબથી સિંધમાં આવ્યા પછી કચ્છમાં આવી વસેલા આ બ્રહ્મક્ષત્રિય-ખત્રીઓ કચ્છીભાષી કચ્છીઓ જ બનીને રહ્યા છે. કેવળ બાંધણી જ નહીં, સુતારી કામમાં પણ ખત્રીઓની પ્રતિષ્ઠા રહી છે. હકીકતમાં બાંધણી બનાવવાનો કસબ એમને વિશ્વકર્માનું વરદાન છે. આ વરદાનના કારણે જ તો દીવની ધરતી પરના પોર્ટુગલ શાસનમાં ન-મા બાપા છોકરાઓને પરાણે ધર્મ પરિવર્તન કરાવવાના જુલ્મી કાયદા સૉમે કેવળ પોતાના કસબ થકી ધાર્યું પરિણામ લાવનાર જેઠીબાઇ માંડવી-કચ્છના બ્રહ્મક્ષત્રિય હતા. હિન્દુઓ પ્રત્યે આચરવામાં આવતા અમાનુષી જુલ્મને અટકાવવા માટેની અરજી આખી બાંધણીના સાત પડની નીચે ભીંડી દ્વારા તૈયાર થયેલી જેઠીબાઇની એ ઓઢણી 'પાન-દ-જેઠી''ના નામે અમર બની ગઇ એટલું જ નહીં, જુલ્મો તો ગયા અને જેઠીબાઇને- એનાં ઘર પાસેથી પસાર થતા પોર્ટુગીઝ અમલદારો અને નોકરોએ સલામી આપવાના હુકમો પણ થયા અને એટલું ઓછું હોય તેમ, અઠવાડિયામાં એક દિ' આ જેઠીબાઇના ઘર પાસે બેન્ડવાજા વગાડવા એવા આદેશો પણ પોર્ટુગીઝ સરકારે બહાર પાડયા. એવી એ કળા અને એવા એ કસબી માટે હર ભારતીય ગૌરવ કેમ ન લે ભલા ?

બ્રહ્મક્ષત્રિય- હિન્દુ ખત્રીઓ ભુજ, માંડવી, અંજાર, અબડાસા, તેરા, બિટ્ટા અને મુંદરામાં અને મોરજરમાં વસે છે. પણ સૌથી વધુ વસતી માંડવીમાં છે. રેશમ વણવાનું કામ પણ મોટાભાગે માંડવીમાં જ થતું. મુંબઇના વેપારીઓ મારફત ચીન, બંગાળ અને બુખારાથી રેશમ આવતું તેનું વણાટ આ ખત્રીઓ કરતા. રેશમ પરની સુંદર રંગોની સખર ભાત રૂકમાવતી નદીના સૂકા પટમાં ખાડાં કરીને એમાંના પાણીથી ચડાવવામાં આવતી એ પાણીનો ગુણ જ એવો હતો કે એનાથી રંગો સાફ-સુથરા અને પાકા થતા. એક દિવસ ભુજ અને માંડવીમાં બ્રહ્મક્ષત્રિયની રંગચુલ્લીઓ સતત ગાજ્યા કરતી હતી- જે આજ તો સાવ સૂની પડી છે. મોટાભાગના હિન્દુ ખત્રીઓ બંધારા અને રેશમ વણાટના ધંધાને ઠેકાણે બીજા ધંધા તરફ વળી ચૂકયા છે. હિન્દુ ખત્રીઓમાંથી ધર્મ પરિવર્તન કરીને મુસલમાન ખત્રી થયેલા ભાઇઓએ આ ધંધાનો વિકાસ તો કર્યો જ છે પણ એથી ય આગળ વધીને આ કસબને પ્રતિષ્ઠાના શિખરે પહોંચાડયો છે. જેના પરિણામે તો અમીનાબાઇ ખત્રી, મોહમદ અલીમામદ ખત્રી,

હાજરાબાઇ ખત્રી, શકીનાબાઇ અલીમામદ, દાઉદ જુસબ, અમીનાબાઇ ઇસ્માઇલ વગેરેએ રાષ્ટ્રપતિના હાથે રાષ્ટ્રીય એવોર્ડ મેળવીને કચ્છ અને કચ્છી બાંધણીનું ગૌરવ વધાર્યું છે. હિન્દુ અને મુસ્લિમ ખત્રીઓ વચ્ચે જળવાયેલી એકતા આ ધંધાની પ્રગતિનું પ્રેરક બળ બની શકી છે.

માત્ર રંગ કે વણાટકામ નહીં, દરિયા પર પણ તેમનું પ્રભુત્વ હતું. ૧૮૨૭માં એલેક્ઝાંડર બાટનેસે માંડવીની મુલાકાત લીધી તે વખતે માંડવીમાં વેપારીના ૨૧૪ વહાણો હતાં તેમાં ૨૦ વહાણો તો બ્રહ્મક્ષત્રિયોના હતા.

વિદેશની ધરતી સુધી પહોંચેલા બ્રહ્મક્ષત્રિયોની ૧૯૭૪ની સાલમાં થયેલી વસતી ગણતરીએ વિદેશ સહિત ૮૩૧ કુટુંબો નોંધાયેલા હતા. ૨૧ વર્ષના ગાળા પછી અઢી ટકાના વાર્ષિક વૃદ્ધિ દરે ગણતાં તેમની હાલની વસતી ૧૨૫૦ જેટલા કુટુંબોની ૭૦૦૦ જેટલી અંદાજવામાં આવે છે.

સુંદરજી સોદાગર-વેપારી ને રાજકારણી

આ જ્ઞાતિને ગૌરવ અપાવનાર નારીરત્ન જેઠીબાઇ ખત્રીઆણી માત્ર એક જ નથી. સુંદરજી સોદાગર પણ એવા માનવાચક નામવાળા ઊંચા ગજાના જાજરમાન વ્યક્તિ થઇ ગયા છે. ૧૮મી સદીના એ વિચક્ષણ બુદ્ધિવાળા એ રાજનીતિજ્ઞ, કુશળ વેપારી અને ઉદાર ધર્મનિષ્ટ હતા. રાજા-રજવાડા અને અંગ્રેજ સરકાર માટે તેઓ એક ''કામનો માણસ'' હતા. અકબરના નવરત્નોમાંનો એક ટોડરમલ બ્રહ્મક્ષત્રિય હતો તેમ કચ્છના નર રત્નોમાંના એક આ સુંદરજી સોદાગર પણ સાગરપેટા બ્રહ્મક્ષત્રિય હતા. એમણે કચ્છના હિતમાં ઘણું બધું કર્યું છે. કચ્છના હિતોને વધુ સુદ્રઢ બનાવવાનો એક ખ્વાબ એમના અંતરમાં હતો. કચ્છને મધ્યવર્તી કેન્દ્રમાં રાખીને કચ્છ સાથે પોરબંદર, જૂનાગઢ, ઓખા અને જામનગરને જોડીને કચ્છને વિસ્તૃત સામ્રાજ્ય બનાવવાની વાત તેઓ અંગ્રેજ સરકારને ગળે ઉતારી શકયા હતા પણ કોઇ કારણસર એ યોજના અમલમાં મૂકાઇ નહીં. ધર્મની બાબતમાં પરમાર્થ ભાવને પ્રથમ નિહાળનારા સુંદરજીએ મંદિરોના જીર્ણોદ્ધાર કરાવવાની સાથે ધર્મશાળાઓ બંધાવી, વાવ અને કૂવાઓ કરાવ્યા. ૧૮૬૯ના દુષ્કાળમાં ઠેર ઠેર અન્નક્ષેત્રો ખોલ્યા. એમની કીર્તિગાથા ગાતું આ કવિત એની સાંખ પૂરે છે.

સુકૃત ખજીના સોઇ કરી જન સફાઇ કમાઇ, પરમારથ કાજ ધરમ કી પાજ બંધાઇ
ગઢ જૂનો ગિરનાર દામોદર ઘાટ બંધાયો, કાશી, ગયા, હરદ્વાર, બદ્રીકેદાર કર આયો,
પિતૃ એકોતેર તાર ક્ષત્રિય જ્ઞાત ઉજવળ ભયો, સુંદર શિવજી સુત સો આ જગમેં સુ જશ રહ્યો

બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિએ સમાજ ઉપયોગી આ પરંપરાને પછીયે જાળવી રાખી તેનાં સુંદર ઉદાહરણો ભુજ-માંડવીને રસ્તે સરોવર સમ લહરાતો ખત્રી તળાવ, ટપકેશ્વરી માતાના મંદિરે આવેલી ધર્મશાળાઓ તથા માતાના મઢ મધ્યે ચાચર કુંડ ઉપર આવેલ ધર્મશાળાઓ બ્રહ્મક્ષત્રિઓએ બંધાવ્યાની ગવાહી પૂરતા શીલાલેખો હજીયે ત્યાં જડાયેલા જોઇ શકાય છે.

તો ઇજનેર કુટુંબ તરીકે આજે પણ જેમનો આદર થાય છે તે કુટુંબના સ્વ. હરિરામ માધવજી મચ્છર તો એ જમાનામાં એટલે સને ૧૮૮૯માં ઇજનેરની પદવી પામ્યા હતા ને પછી કચ્છના મહારાવની કૃપાદ્રષ્ટિના કારણે તેમના આશીર્વાદ સાથે ૧૮૯૮માં વિલાયત જનાર કદાચ તે પહેલા બ્રહ્મક્ષત્રિય હતા. રાવ બહાદુરનો ખિતાબ મેળવનાર પણ તે પહેલા બ્રહ્મક્ષત્રિય હતા. માંડવીના વિજય વિલાસ પેલેસના નિર્માણ કાર્યમાં એમની સલાહ અને માર્ગદર્શન મેળવાયું હતું એ એમનામાં રહેલા તાંત્રિક જ્ઞાનની શકિતનો અહેસાસ કરાવે છે.

ડૉ. જયંત ખત્રી અને બકુલેશ

સાહિત્ય ક્ષેત્રે માત્ર બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ જ નહીં, કચ્છના સાહિત્યકારો પણ જેમના માટે ગર્વ લે છે એવા સ્વ. ડૉ. જયંત ખત્રી કેવળ સમર્થ સર્જક નહીં, ગુજરાતી નવલિકા ક્ષેત્રને ઐતિહાસિક વળાંક આપનાર પણ હતા. વાસ્તવિક પટ પરનું એમનું પ્રાણવાન પ્રદાન ગુજરાત માટે ગૌરવ અને ગર્વની વાત બની રહ્યું છે તો બકુલેશ પણ ઉચ્ચ કોટિના વાર્તા લેખક હતા. એમનું મૂળ નામ રામજી ગજકંધ હતું. તેઓ ફિલ્મ પબ્લીસિટીના નિષ્ણાત હતા. નયા દૌર જેવી પ્રખ્યાત ફિલ્મની પબ્લીસિટી તેમણે કરી હતી. રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષક તરીકે બહુમાન પામનાર અને કચ્છી કવિ એવા ભુજના શ્રી વૃજલાલ જખુભાઇ ખત્રી- 'વ્રજ ગજકંધ' પણ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના છે. પત્રકારત્વ ક્ષેત્રે અને લેખક તરીકે જેમની ગણનાપાત્ર સિદ્ધિ રહી છે એવા શ્રી કીર્તિભાઇ ખત્રી પણ આજ જ્ઞાતિના ઘર-દિવડા છે. માંડવીના શ્રી નારાયણ શનિશ્ચરા પણ લેખક તરીકે જાણીતા છે. કલા અને સંસ્કૃતિની વાત નીકળે ત્યારે જૂની રંગભૂમિના કલાકાર સ્વ. ધનજી દેવજી મચ્છર (માંડવી)ને કેમ ભૂલાય? શ્રી દેશી નાટક સમાજ ભાંગવાડી, મુંબઇમાં વર્ષો સુધી તેમણે કામ કર્યું હતું. મૂળ વ્યવસાય તો રેશમી કાપડના વણાટનો. માંડવીમાં- બાપ દાદાના એ ધંધામાં મન ના લાગ્યું, તે રંગભૂમિનો સાદ સાંભળીને નીકળી પડયા. પછી તો કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની અનેક નાટય મંડળીઓમાં મેનેજર તરીકે પણ વર્ષો સુધી સેવા આપી હતી. તા. ૫-૨-૧૯૫૪માં માત્ર ૪૮ વર્ષની નાની વયે ભુજમાં અવસાન પામનાર એ કળાકાર પણ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના જ ઘર-દીવડા હતા તથા મોના ખેલાડીના સમકાલીન જાદુગર ગોવિંદજી જે મીઠુ ઉસ્તાદના નામે જાણીતા હતા તે કચ્છના બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના હતા. ભુજના સામજીભાઇ મચ્છર વર્ષોથી હોમિઓપેથીની દવાઓ દ્વારા અનેરી સારવાર કરતા આવ્યા છે. એઓ જે સ્થળે રહે છે એ શેરી સામજીભાઇ મચ્છરવાળી શેરી તરીકે જાણીતી છે. તેઓ સાયન પદ્ધતિમાં જ્યોતિષનાં ક્ષેત્રે જાણીતા છે. અબડાસા તાલુકાના છછીના દરિયાકાંઠેથી સૌ પ્રથમ મોટા જથ્થામાં દાણચોરીની ચાંદી પકડી પાડનારા હિંમત મિસ્ત્રી પણ માંડવીના બ્રહ્મક્ષત્રિય છે. જાહેર સેવાના ક્ષેત્રે ઝવેરીલાલ સોનેજીનું પ્રદાન રહ્યું છે. હાલે તેઓ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના ગુજરાત કક્ષાએ ઉપપ્રમુખ છે.

કેવળ કચ્છ-સૌરાષ્ટ્ર કે ગુજરાતની વાત નથી. એથીય આગળ વધાય એમ છે. શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકદેવ ખત્રી હતા. ગુરૂગ્રંથ સાહેબ આપનાર અરજુન દેવ પણ ખત્રી હતા તો ગુરૂ ગોવિંદસિંહ પણ આજ જ્ઞાતિના કુળદીપક હતા.

ભુજમાં ખત્રીઓ એક જૂથે વસતા હોઇ એ વિસ્તાર ખત્રી ચકલા તરીકે ઓળખાય છે.

હિન્દુ ખત્રીઓથી છૂટા પડેલા મુસલમાન ખત્રીઓ ધર્મે ભલે જુદા હોય પણ બેય કોમ વચ્ચેનો ભાઇચારાનો નાતો તો આજે પણ એવો જ છે. કારણ કે ત્રીજી પેઢીએ તેમનો દાદો પેથો, જીવો એવા નામવાળા હિન્દુ ખત્રીઓ જ હતા. બન્ને જ્ઞાતિની નુખોમાં રહેલી સામ્યતા તથા કેટલાક રિવાજો હજીય સચવાયા છે. બન્ને જ્ઞાતિઓ એમના સૌમ્ય અને શાણા સ્વભાવને કારણે ઉજળી રહી છે અને ઉજળા રહેવા માટે અન્ય માટે પણ આદર્શ છે. □

છત્રીસ કાંઠાનો ઘડવૈયો કુંભાર

સંસ્કૃત 'કુમ્ભકાર' ઉપરથી બનેલ કુંભાર શબ્દ સમયના વહેણ સાથે ભલે આજે વ્યંગમાં વપરાતો હોય પણ અતીતના આરેથી નજર માંડનારને અતિ પ્રાચીન કાળથી અગત્યતા ધરાવતા કારીગર વર્ગ પ્રજાપતિના બિરૂદવાળી જ્ઞાતિ માટે એ આદરપાત્ર લાગશે. માનવીના જન્મથી મૃત્યુ સુધી માટીનું મહત્ત્વ આજે પણ રહ્યું છે. સોળ સંસ્કારો સાથે માટીના પાત્રો જોડાયેલા છે. માટીના માનવીનું સર્જન કરનારા બ્રહ્માની જેમ માટીમાંથી પાત્ર સર્જનારા 'પ્રજાપતિ'ની કથા એવી છે કે, એક વખત બ્રહ્માએ પોતાના પુત્રોને શેરડી આપી. બધા પોતાને મળેલી શેરડી ખાઇ ગયા, પણ કામમાં હોવાથી કુંભાર એ ભૂલી ગયા. પાસે પડેલા માટીના પિંડના કારણે શેરડીના એ ટુકડામાંથી છોડ ઉગ્યો. વખત જતાં બ્રહ્માએ શેરડી અંગે પુત્રોને પૂછયું પણ તેમાંથી કોઇ જવાબ આપી શકયા નહિ, ત્યારે કુંભારે શેરડીનો છોડ આપ્યો. જેથી ખુશ થયેલા બ્રહ્માએ તેને 'પ્રજાપતિ' નામથી નવાજ્યો -આમ પ્રજાપતિ એટલે બીજા બ્રહ્મા.

જૂની સંસ્કૃતિઓની સાબિતી સમા માટીના પાત્રો

જગતમાં જેટલી પણ જૂની સંસ્કૃતિઓની શોધ થઇ એમાં બીજું કાંઇ મળ્યું હોય કે ન મળ્યું હોય પણ માટીના પાત્રો તો દરેક સ્થળેથી મળ્યા છે. એટલે સંસ્કૃતિના પ્રારંભે જ્યારે પણ માનવીને માટીના પાત્રમાં વસ્તુ રાખવાનો વિચાર આવ્યો હશે, ત્યારે માટીનો ઉપયોગ શરૂ થયો હશે. એ માટી પાત્રનો સર્જનહાર આ જ્ઞાતિનો મૂળ પુરૂષ. આ જ્ઞાતિની ઉત્પતિને કોઇ ચોક્કસ સમયગાળા સાથે જોડવાનું ત્રૂટિભર્યું બની રહેશે.

ભારતમાં આજે પણ ભાગ્યે જ કોઇ કમનસીબ ઘર હશે કે જેને પાણિયારે માટીનું માટલું નહિ હોય. ને ગુજરાતને તો ગામડે ગામડે માટીના વાસણો અને રમકડાં બનાવનાર પ્રજાપતિની વસતિ હશે જ. ગુજરાત રાજ્યમાં પ્રજાપતિ-કુંભાર જ્ઞાતિની બાવીસ લાખ જેટલી વસતી હોવાનો અંદાજ છે.

સમગ્ર ભારતમાં જુદી જુદી ૮૪ શાખાઓમાં વહેંચાયેલો આ વર્ગ ગુજરાતમાં મુખ્યત્વે ૧૧ પેટા શાખાઓ ધરાવે છે. બક્ષી પંચે જે સામાજિક અને આર્થિક પછાત જાતિઓની ગણના કરી તેમાં પ્રજાપતિને હિંદુ કુંભાર તરીકે અને માંજોઠીને મુસલમાન કુંભાર તરીકે ગણાવેલ છે.

હિન્દુ-મુસ્લિમ બન્ને કોમમાં કુંભાર

કચ્છમાં હિંદુ અને મુસલમાન કુંભારો છે. હિંદુઓમાં ચરકીઆ, અને ઓઝા કુંભાર છે. અગાઉ મિસ્ત્રી કુંભાર હતા. પરંતુ હાલે તે કુંભાર તરીકે રહ્યા નથી. મુસલમાન કુંભારોમાં કુટુંબના વડીલના નામથી પેટા અટકો ઘણી છે પણ મૂળે તો સિંધી અને માંજોઠી એમ બે પ્રકારે છે.

ચરકીઆ કુંભારોમાં પુરૂષ વર્ગ મુખ્યત્વે કડીઆ કામ કરે છે. સાથે સાથે વાસણો બનાવવા, ખેતી કરવાનું કે મજૂરીનું પણ કામ કરતા હોય છે. આર્થિક રીતે મધ્યમ વર્ગી આ કુંભારો રામાનંદી સંપ્રદાયના છે. તો કેટલાક ઠાકોરજીને પૂજે છે. તેમની કુળદેવી બ્રહ્માણી છે. વિધવા વિવાહની ચાલ છે. એમની વસતી મુખ્યત્વે ગાંધીધામ, આદિપુર, ભચાઉ વિ. સ્થળે છે.

પોતાને બ્રહ્માના વંશજ ગણાવતા ઓઝા કુંભારોની વસતી ખાસ કરીને અંજાર અને વાગડ વિસ્તારમાં છે. એકાદ હજાર વર્ષ જૂની જાતિ છે તેવું નોંધાયેલ છે. ચાવણ માતા તેમનાં કુળદેવી છે જન્મ પછીના છઠ્ઠા દિવસે છઠ્ઠીના સંસ્કાર કરે છે. માટીનો ઘોડો બનાવી, બાળકના કપાળે ગોળ ચાંદલો કરીને ઘોડાને અડાડે. અગાઉ બહુ પત્નીની પ્રથા હતી. વિધવા વિવાહનો રિવાજ છે. અંજારના મલુભાઇ રામજીની તાવડીઓ વખણાતી. માંડવીના માટલા વખણાતા અને વ્રતના જાગરણ વખતે બહેનો ગાતી ફરતી - 'મડ.ઇજી માટલી, આસંભીએ જા પેડા...'

જૂની સૂડબુકમાં મિસ્ત્રી કુંભારોના નામ બોલે છે. પરંતુ હવે કોઇ કુંભાર લખાવતા નથી, ગુર્જર મિસ્ત્રીઓ કુંભારનું કામ કરતા નથી.

બુઢાચાચાની વિદેશમાંયે ખ્યાતિ

મુસલમાન કુંભારોની વસતી લગભગ આખા કચ્છમાં છે. સિંધથી આવેલા એ સિંધી કુંભાર તરીકે ઓળખાય છે અને માડી ગામેથી આવેલા તે માંજોઠી કુંભાર તરીકે ઓળખાય છે. ખાસ કરીને જાંબુડી, ભુજ, અંજાર, તુણા, લોડાઇ, લુણી, ભદ્રેશ્વર, ખાવડા, ગુંદાલા તથા ઝીકડી વિગેરે ગામોમાં તેમનું માટીકામ વખણાય છે. કચ્છની માટી કળાને ઠેઠ વિદેશ સુધી પ્રસિદ્ધિ અપાવનારા આ જ્ઞાતિના કુંભારોમાં ચકાર-જાંબુડીના ઇસ્માઇલ સિદીકને માટીકામ માટે અને તેમના પત્ની આઇસુબાઇને ચિત્રકામ માટે ૧૯૮૨માં રાષ્ટ્રપતિના હાથે સિદ્ધહસ્ત શિલ્પીઓના રાષ્ટ્રીય એવોર્ડો મળેલા. ભુજના 'બુઢા ચાચા'ના નામે પ્રસિદ્ધિ પામેલા સ્વ. બુઢા ઉમર કુંભાર પણ કચ્છનો ચાકડો વિદેશની ધરતી પર ૧૯૮૫માં ફેરવીને વિદેશીઓને ઘેલું લગાડી આવેલા. ૧૯૮૫માં અમેરિકા, ૧૯૮૬માં બાંગલાદેશ અને ૧૯૮૮માં રશિયા જઇ આવેલા. ધીમે ધીમે આ કામ કરનારા કુટુંબો, પૂરતું વળતર મળતું ન હોવાથી ઘસાતા જાય છે.

ભૂતકાળમાં પણ કુંભારો દયનીય સ્થિતિમાં રહેતા આવ્યા છે. રાજાશાહીના વખતમાં ગામના ગરાસિયા/જાગીરદારોનું કામ કરતા કે રાજાનું કામ કરતા ત્યારે તેમને 'કમી પશા' જમીનો અપાતી હતી.

જે કુંભારને જુદા જુદા છત્રીસ પ્રકારનાં વાસણો બનાવતાં આવડે તે સાચો કારીગર ગણાતો. માટીનાં વાસણનાં છત્રીસ પ્રકારોમાં- (૧) કોડિયું (૨) રામૈયું (રામપાતર) (૩) ચકલો (૪) પડઘલો (૫) ઢાંકણી (૬) લોટી (૭) આવળિયું (૮) ગુજરડો (૯) ગડુ (૧૦) ઘડુ લોટી (૧૧) મોરિયો (૧૨) માટલી (૧૩) માટલું (૧૪) ગોળો (૧૫) માણ (૧૬) માણિયો (૧૭) બતક (૧૮) ધૂણિયો (૧૯) જાકરો (૨૦) કહો (પાટિયો-નાકાવાળી કડાઇ) (૨૧) કૂંડું-કૂંડી (૨૨) ઘીની વાઢી (૨૩) કુલડી-ભંભો (૨૪) છાશની મોટી ગોળી (૨૫) કદહળી (૨૬) તાવડી (૨૭) કથરોટ (૨૮) તાવો (૨૯) હૈણાની કુંડી (૩૦) ગરબો (૩૧) ઘોઘા (૩૨) સાંતકિયા (૩૩) મોભિયા (૩૪) નળિયા (૩૫) છાશનું દોણું (૩૬) ગાગર બેડિયું.

કારીગર વર્ગની સંભાળ જરૂરી

જ્ઞાતિઓ પ્રમાણે ચોક્કસ કુટુંબો હજી પણ જ્ઞાતિઓ વાર કામ કરે છે. જૂના વખતમાં તો પુત્ર જન્મની ખુશાલીમાં કુંભાર સુંદર મજાનો હાથી ભેટ દેવા આવતો અને એ પ્રસંગે એને નવાજવામાં આવતો. પ્રથમથીજ સમગ્ર સમાજની કુંભાર-પ્રજાપતિની આર્થિક સ્થિતિ નબળી રહેતી આવી છે અને એટલે જ તો ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઇ ત્યારે આવા કારીગર વર્ગની સંભાળ લેવાની શીખ દેશના વહીવટકર્તાઓને કરતાં દુલા કાગે લાંબી કવિતા લખી ને અંતે એ વર્ગને વંદન કરતાં કહ્યું છે-

(તારે) ચાકડે ફરિયાં બ્રહ્માંડો ફૂદડી, કાગ વંદે તુને વરઘાના કુંભાર રે. □

કચ્છની અન્ય જ્ઞાતિઓ

કચ્છમાં વસવાટ કરતી મુખ્ય મુખ્ય જાતિઓની વિસ્તૃત માહિતી જ્ઞાતિવાર આપવામાં આવેલ છે. તે સિવાય પણ બીજી કેટલીક જ્ઞાતિઓ કચ્છમાં છે. આવી જ્ઞાતિઓની વિગત ટૂંકમાં અત્રે દર્શાવવામાં આવેલ છે.

કાષ્ટના કલાકાર સુથાર

પોતાને વિશ્વકર્માના વંશજ ગણાવતા સુથારોમાં ગુર્જર, મારવાડા, આયરીયા, મેવાડા, બ્રહ્મક્ષત્રિય તથા મુસલમાન એવા છ વર્ગ છે. ઘર વપરાશની ચીજ વસ્તુઓથી માંડીને દેવ મંદિર માટેની લાકડાની ચીજો બનાવે છે. ગુર્જર સુથારો કસબના પાકા ગણાય છે. ઇ. સ. ૧૭૦૮માં માધા સુથારે ભુજના આયના મહેલમાં રહેલ હાથીદાંતનો દરવાજો બનાવેલ છે. તે કાષ્ટકળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આયના મહેલમાં લાકડાનો ઉપયોગ મોટા પ્રમાણમાં થયેલ છે. એ લાકડા પરની કોતરણી -કલા, કચ્છી સુથારોની કુશળતાના ઉત્તમ નમૂના જેવી છે. ગુર્જર સુથારો માત્ર કાષ્ટ કલાના જ કસબી નહોતા, ઘડીયાળો પણ એટલા જ સુંદર બનાવેલા છે. આજથી ૨૦૦ વર્ષ પહેલાં હીરજી સુથારે આલારામ કદનું ઘડીયાળ બનાવેલ છે. તેમાં સમય ઉપરાંત તિથિ, વાર, સૂરજ-ચંદ્રની ગતિ, અને ચોઘડીઆ સહિતની માહિતી તેમાંથી જાણવા મળે છે. આ ઘડીયાળ કચ્છ મ્યુઝિયમમાં આજે પણ સચવાયેલું છે. સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તાવનારા સહજાનંદ સ્વામીનું હાલે જે પૂજાનું સ્વરૂપ છે તેની છબી તૈયાર કરનારા હતા ભુજના ગુર્જર સુથાર નારાણજીભાઇ.

મેવાડા મોટે ભાગે દેવાંશી કામ કરે છે એટલે કે મંદિરના રથ, પાલખી, ભંડારા વિ. બનાવે છે. સામાન્ય રીતે ઘર વપરાશની ચીજોથી માંડીને ઉત્કૃષ્ટ કળા પ્રદર્શિત કરતું કાષ્ટકામ આ સુથારો કરે છે. રંગભર્યા લોકજીવનના વિવિધ પાસાંઓને પોતાની કલ્પના મુજબ લાકડાને ઘાટ આપીને ઘડે છે. કાષ્ટ પરથી કોતરણીનું સુથારી કામ સામાન્યથી માંડીને અસામાન્ય બને છે ત્યારે લાગે છે કે, કારીગરે જાણે કસબની કવિતા જ કંડારી છે ! સુથારો જુદી જુદી જ્ઞાતિના હોઇ પોતપોતાનો ધર્મ પાળે છે.

ગુર્જર સુથારોમાં ભણતર હવે વધવા લાગ્યું છે. આ જ્ઞાતિના મનુભાઇ મોરારજી ગજ્જર નાયબ કલેકટરની કક્ષા સુધી પહોંચ્યા હતા. વિનોદભાઇ ગજ્જર, હવામાન ખાતામાં સારી જગ્યા ધરાવે છે. ભુજમાં પંચહટડી નજીક તેમની જ્ઞાતિની વાડી તથા તેમાં વિશ્વકર્માનું મંદિર છે. તેવું જ સુંદર મોટું મંદિર જયેષ્ઠાનગરમાં પણ છે. વેલજીભાઇ ગજ્જરનું નામ ગુજરાતમાં પણ જાણીતું છે. સારા ભજનિક, ફિલ્મી ગાયક તથા છેવટે રામાયણની કથા કરનારા લોકશૈલીના કથાકાર તરીકે તે જાણીતા છે. તેમના પુત્ર અનિલ ગજ્જર પણ લોકગાયક તરીકે જાણીતા છે.

કુશળ કારીગર લુહાર

કુશળ કારીગર તરીકે જાણીતા લુહારો લગભગ બધે જ વસવાટ કરતા જોવા મળે. તેમનામાં ગુર્જર, કાઠીઆવાડી અને મુસલમાન એવા ત્રણ વર્ગ છે. સમયની માંગ પ્રમાણે ઘર વપરાશની ચીજોથી માંડીને લડાઇમાં ઉપયોગી હથિયારો બનાવે. ખેતીવાડીના ઓજારો બનાવે. લોઢી, તવેથા, સાણસી વગેરે રસોડાની ઉપયોગની વસ્તુઓ બનાવે. કચ્છમાં સૂડી-ચપ્પુનો ઉદ્યોગ વખણાય છે. અહિંના સૂડી-ચપ્પુ બહારથી આવનારા ખાસ ખરીદ કરે છે. હાથવગા હથિયારો બનાવવામાં પણ આ કારીગરો કુશળ છે. મુઠીથરા દાઉદ ખમીશા, લુહાર અભા મામદ તથા સુથાર રણછોડ જીવરામ જેવા કારીગરો કુહાડીથી માંડીને તલવાર-હથિયારો બનાવે છે. સૂડી-ચપ્પુનો ઉદ્યોગ ખાસ કરીને રેહામાં ખૂબ જ વિકસેલો છે. અંજારના સૂડી ચપ્પુ પણ વખણાય છે. A. S. J. ના માર્કાવાળા સૂડી-ચપ્પુ વખણાતા. તાળા બનાવવામાં પણ અહીંના કારીગરો બહુ જ કુશળ છે. સુથરીના હીરજીભાઇના તાળાચાવી બહુ વખણાતા. કાઠીઆવાડમાં રહેલા લુહારો કચ્છથી ગયેલા છે. હિંદુ ધર્મના લુહારોના ઇષ્ટદેવી ભવાની છે. ભુજમાં જેઠાલાલ લોહાર અગરબત્તીના કારીગર હતા તેમ યોગ વિદ્યાના સારા જાણકાર હતા. ભુજમાં ભઠ્ઠારા ફળિયાનું નામ ત્યાં તોપ ગાળવાના ભઠ્ઠા હતા તે પરથી પડેલું છે. રતનાલ પાસે લોખંડ ગાળવાના ભઠ્ઠા હતા. ઉત્તમ પ્રકારના લોખંડમાંથી ગાળી, પકવીને ચીપી બનાવવામાં આવતી હોવાથી તેની ગુણવત્તા સારી રહે છે અને કચ્છના સૂડી-ચપ્પુ વિખ્યાત થયા છે તેનું કારણ પણ એજ છે.

વિઝાઓના મહાદેવના મંદિરમાં આવો એક બાવો નામે કાનપુરી રહેતો હતો. હવે ભુજમાં કે કચ્છમાં આવા બાવાઓ સ્થાયી ધોરણે રહેતા નથી. બહારથી કયારેક બે-પાંચની સંખ્યામાં આવે તો પણ માગીને જતા રહે છે. તેમની કોઇ જ્ઞાતિ નથી.

વાસ્તવમાં બહુરૂપા કોઇ જ્ઞાતિ નહિ પણ કલાકાર વર્ગના છે. સંખ્યા ઓછી છે. મોટે ભાગે ગુજરાત તરફથી તે આવે છે. દરરોજ નવાં નવાં રૂપ ધારણ કરીને પ્રજાને મનોરંજન પૂરૂં પાડે છે. અને જે કાંઇ મળે તેમાંથી ગુજરાન ચલાવે છે. કચ્છમાં આવા લોકો હાલે વસતા નથી.

નટ લોકોની વસ્તી મુખ્યત્વે નખત્રાણા તાલુકાના કાદીઆ ગામે તથા માંડવી તાલુકાના ગઢશીશામાં છે પણ હાલે ભુજમાં પણ મોતીલાલ નહેરૂ વ્યાયામ શાળા નજીક 'નટનગર' નામે ઓળખાતાં વિસ્તારમાં એક જૂથ વસવાટ કરે છે. મકાનો કાચા માટીના તથા કેટલાક અડધા કાચા-પાકા જેવા છે. ભુજમાં ૧૯૯૧ની વસ્તી ગણત્રીમાં તેમની વસ્તી ૫૦૦ની આસપાસ થયેલી છે. દોરડા ઉપર વાંસ બાંધી તે ઉપર બે પગે ચાલવું, પગ બાંધીને ચાલવું વળી દોરડા ઉપર ચાલતાં ચાલતાં એક હાથે ઢોલ કે છત્રી અને બીજે હાથે તલવાર પકડી ચાલવું, વાંસને ટેકે માથું કે પેટ-કેડ ટેકવી શરીરને ચક્કર ફેરવવું એવા જોખમી અંગ કસરતના દાવ કરતા હવે તો તેઓ પણ અન્ય વ્યવસાયમાં જોડાયા છે. બાંધકામની મજૂરી કરે છે. મોટે ભાગે કાચા ઝુંપડાઓમાં રહે છે. શૈક્ષણિક રીતે પછાત હોવાના કારણે તેઓ મળવા પાત્ર લાભોથી વંચિત રહી જાય છે, અને નોકરી પણ મેળવી શકતા નથી તેથી આર્થિક રીતે નબળા છે.

કચ્છી દશા-માંડલિયા

અમદાવાદના માંડવી ગામમાં વસતા હોવાથી માંડલિયા તરીકે ઓળખાય છે કચ્છમાં તેઓ ૧૭મી સદીના પ્રારંભે પોરબંદરથી આવ્યા છે.

સોમજી મહેતા તેમનામાં અહીં આવનારાઓમાં સૌથી પહેલી વ્યકિત તેમના પછી સૌરાષ્ટ્રમાંથી પણ બીજા ઘણા કુટુંબો આવ્યા. ભુજ-માંડવી તથા અંજારમાં સ્થાયી થયા, મોટા ભાગના રાજ્યની નોકરીમાં જોડાયા. માંડવીની કોર્ટમાં એક કાળે નેવું ટકા વકીલો આ માંડલિયાઓ હતા. રાઘવજી જીવરામ, ગોપાલજી હરિદાસ, રામજી રતનશી, ઓધવજી નાગજી, નરભેરામ પ્રભુજી વિ. તે સમયમાં માંડવીમાં જાણીતા વકીલો હતા.

સમયના વહેણ સાથે માંડવી બંદરની જાહોજલાલી ઘટવા માંડી ત્યારે બીજાઓની જેમ આ માંડલિયાઓ પૈકી ઘણા જણાએ ૧૮૭૨ કે તે પછી વિદેશ તરફ દોટ મૂડી તેમાં ચાંપશી હરિદાસ મહેતા જંગબાર ગયા હતા. મુંબઇ આવેલા હિંમતલાલ જગજીવને પોતાની પેઢી ખોલી, કલકત્તામાં છોટાલાલ રાઘવજી મહેતાએ પણ પેઢી ખોલી તથા બીજા જ્ઞાતિભાઇઓને પણ ત્યાં બોલાવીને કામે લગાડયા હતા. આ જ્ઞાતિના ગણના પાત્ર નામોમાં રસિકલાલ ભગવાનજી માંડલિયા વગેરેના નામો લઇ શકાય.

૧૯૭૩માં આ જ્ઞાતિની ગણત્રી થયેલ ત્યારે તેમની વસતી ૭૩૩ની હતી હાલે તેમની વસતી ૧૦૦૦ જેટલી અંદાજવામાં આવે છે. પણ મોટા ભાગના દેશાવરમાં વસવાટ કરે છે તેમાં મુંબઇ, કલકત્તા, અમદાવાદ, પોરબંદર, રાજકોટ, ચોરવાડ તથા જંગબાર, મોમ્બાસા, દારેસલામ, સિંગાપુર, લંડન, ન્યુર્યોક વિગેરે સ્થળે રહે છે. ત્યાં તેઓ કચ્છી માંડલિયા તરીકે ઓળખાય છે.

વૈષ્ણવ પંથી વાયડા વણિક

વાયડા વાણિયાઓ કચ્છમાં વાયડા પાટણથી વાયવ્ય દિશામાં પંદર માઇલ દૂર આવેલા વાયડ ગામેથી ઇ.સ. સોળમાં સૈકામાં આવ્યા છે મુસલમાનોના ગુજરાત ઉપરના હુમલા વખતે વાયડ નગરમાંથી વાયડા, બ્રાહ્મણો અને વણિકોએ ઊચાળા ભર્યા હતા. મોઢેરાના મોઢ, ડીસાના દિશાવાળ, ઓસનગરના ઓસવાળો તેમ વાયડ નગરમાંથી સ્થળાંતર કરનારા બ્રહ્મણો અને વાણિયા વાયડા કહેવાયા વાયડા વણિકમાં પણ દશા અને વીશા એમ બે ફાંટા છે. તેઓ કરીયાણાનો વેપાર કરે છે અને બજર-તમાકુ વેચે છે.

વાયડા સંજ્ઞાધારક બ્રહ્મણો અને વણિકો કુલદેવ વાયુદેવ અને કુલદેવી વાયડ માતાને પૂજે છે. વાયુદેવતાના મંદિર ઘણી જગાએ જોવા મળે છે તેમ કચ્છમાં ભુજ ખાતે પણ તેનું મંદિર આવેલું છે. કચ્છી વાયડા વણિક જ્ઞાતિની કુલદેવી શ્રી મૈખાશ્વરી માતાજીનું મંદિર તેમજ જ્ઞાતિની વાડીનું મકાન ભુજના વાયડા ડેલામાં છે. કચ્છમાં મુખ્યત્વે ભુજ, માંડવી, નલિયા અને કોઠારા એટલા સ્થળોએ વાયડા વણિક જ્ઞાતિના કુટુંબો રહે છે. ભુજમાં મુખ્યત્વે દશા વાયડા વણિકની વસતી છે.

વાયુદેવની સેવા અર્થે અત્રિઋષિના માનસપુત્ર મહર્ષિ વાડવાદિવ્યે વાયડા બ્રાહ્મણો તથા વૈશ્યોની પ્રજા ઉત્પન્ન કરી હતી, એટલે તે વાયડા જ્ઞાતિના મૂળ પુરૂષ ગણી શકાય, જ્ઞાતિ ઉત્પતિ અંગે માહિતી આપતું 'વાયુપુરાણ' જાણીતું છે. જૈનોના ચોર્યોશી ગચ્છોમાં અગાઉ અગ્રસ્થાને રહેનાર 'વાયડ ગચ્છ' હાલમાં અસ્તિત્વમાં નથી. વાયડા વણિક હાલે વૈષ્ણવ પંથી છે.

વાદી હજુએ જૂનવાણી જીંદગી જીવે છે

કચ્છમાં વાદી કોમ પોતાની જૂનવાણી જિંદગી જીવે છે કચ્છમાં ભચાઉ અને કંથકોટ વગેરે એમના મુખ્ય કેન્દ્રો છે. ભચાઉ પાસેના 'વાદીનગર'ની વિશિષ્ટ વસાહત ટી. વી. પડદે પણ ચમકી ગઇ છે. વાદી ગારૂડી એ ભટકતી જાતિ છે, આ લોકો કચ્છમાં બધે જ વિચરે છે. વાદીઓ નાગ, નોળિયો, જરખ, અજગર, સસલું, આંધળી ચાકોટ જેવા જાનવરોના ખેલ દ્વારા મનોરંજન કરે છે અને પેટીયું રળે છે. એમની વસતી જેટલી જ સંખ્યા આ પ્રાણીસૃષ્ટિની હોય છે અને કુટુંબના સભ્ય જેટલી જ માવજત કરે છે.

વાદીઓમાં લાલવાદી, ફૂલવાદી, ધાનવાદી, માનવાદી, ગારૂડી, ભર્યો જેવી જુદી જુદી સાતેક શાખાઓ જોવા મળે છે. મૂળ મારવાડ, સિંધ અને કચ્છમાંથી બધે ફેલાઇ ગયા છે.

ગામડે ગામડે ફરતા વાદી-ગારૂડી લોકો મહુવરના મીઠા સ્વરે નાગને રમાડતી વખતે પગે બાંધેલા ઘૂઘરાના તાલે તાલે મોરલી વગાડતા વગાડતા નૃત્ય કરે છે. જૂના સમયમાં આજના ટી. વી. ફિલ્મો, વિડિયો જેવાં મનોરંજનના માધ્યમો નહોતાં ત્યારે વાદી-ગારૂડી મદારી અને મનોરંજન કરાવનારી લોકજાતિઓએ માનવજીવનને લોક મનોરંજન દ્વારા તાજગીથી ભર્યું ભાદર્યું રાખ્યું હતું. એમના હાથચાલાકીના ખેલો, એમની બોલી પણ અભ્યાસીઓને એક નવો વિષય પૂરો પાડે છે કચ્છની ભૌંરીરાણી અને ભેરૂઆ ગારૂડીનો કિસ્સો જાણીતો જ છે.

મલ્લમાં શ્રેષ્ઠ એવા જેઠીમલ

પ્રાચીનકાળમાં કુસ્તીબાજોને મલ્લ તરીકે ઓળખવામાં આવતા હતા અને તેમાં જે શ્રેષ્ઠ હતા તેઓને 'જયેષ્ઠી' કહેવામાં આવતા હતા. મોઢેરા પાસેના દેલમાલ (તા. ચાણસ્મા જિ. મહેસાણા)ના સોમેશ્વર બ્રાહ્મણ મલ્લવિધામાં પ્રવીણ હતો અને તેણે કુસ્તીમાં શ્રીકૃષ્ણના ભાઇ બલભદ્રને શિકસ્ત આપી હતી. તેણે પોતાનો સમુહ રચ્યો જે જયેષ્ઠી મલ તરીકે ઓળખાયો એવો 'મલ્લપુરાણ'મા ઉલ્લેખ મળે છે બીજા એક ઉલ્લેખ પ્રમાણે અલાઉદીન ખિલજીએ મોઢેરા પર ૧૨૯૯માં આક્રમણ કર્યું ત્યારે તે વખતના અગ્નિહોત્રી બ્રહ્મણો તેના સૈન્ય સાથે બહાદૂરીથી લડયા હતા એ બ્રહ્મણો જ પાછળથી જેઠી મલ્લ તરીકે ઓળખાયા.

જેઠી મલ્લો ઇ.સ. ૧૫૧૦માં કચ્છ આવ્યા હતા. અમદાવાદના સુલતાન મહમદ બેગડાએ રાવશ્રી ખેંગારજી પહેલા (ઇ.સ. ૧૫૧૦-૮૬)ને કચ્છ રાજ મેળવવા મદદ કરેલી અને લશ્કર આપ્યું રાવશ્રીની તહેનાત માટે દેલમાલના મલ્લો મોકલ્યા હતા. આમ જેઠી મલ્લોનું કચ્છ આગમન આશરે પોણા પાંચસો વર્ષ પહેલાં થયું છે. કચ્છના રાજવીઓના વિશ્વાસુ અંગરક્ષકો તરીકે જયેષ્ઠી મલ્લો અગ્રસ્થાને રહેતા અને કચ્છ રાજ તરફથી એમની કદર કરવામાં આવતી કચ્છની રાજાશાહી વખતે નીકળતી નાગપંચમીની દમામદાર સવારીનું કમાંગરી શૈલીનું એક ચિત્ર કચ્છ મ્યુઝિયમમાં મૂકાયેલું છે તેમાં રાજવીની પાછળ ચાલતા જેઠી મલ્લોના વિશિષ્ઠ સ્થાનને દર્શાવાયું છે. જયેષ્ઠી મલ્લોનું અસાધારણ બળ, કુસ્તી, કૌશલ્ય, રાજનિષ્ઠા અને વિશ્વસનીયતાનું પ્રમાણ ઈતિહાસના પાને કંડારાયેલું છે. જેઠી મલ્લ મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના કુળદેવી મા લીંબજા ભવાની (દેલમાલ) છે. જેઠી મલ્લો દર વર્ષે ચૈત્ર માસમાં કચ્છથી દાલમાલની પદયાત્રા કરે છે. ભુજ ખાતે જેઠી જ્ઞાતિની વંડી જૂની મચ્છી પીઠમાં આવેલી છે જેની મધ્યમાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (ઇ.સ. ૧૮૭૬-૧૯૪૨)નું પંચ ધાતુનું પૂરા કદનું બાવલું ધ્યાન ખેંચે છે. જેઠી જ્ઞાતિમાં દશ ગોત્ર અને તેની શાખાઓ આવેલી છે. કચ્છ રાજ્ય તરફથી જેઠી મલ્લો માટે ભુજમાં ચાર અખાડા પણ બનાવાયા હતા, જે આજે પણ કસાયેલા કુસ્તીબાજો-જેઠી મલ્લોની યાદ અપાવે છે. દક્ષિણ ભારતમાં વસતા જેઠી લોકોને 'જતી' કે 'જેટ્ટી' તરીકે ઓળખવામાં આવે છે તેઓ પણ દેલમાલ (ઉ.ગુ.)થી સ્થળાંતર કરી દ. ભારત ગયા છે.

પારસી : સંખ્યા ઓછી સિદ્ધિ ઘણી

પારસીઓની સંખ્યા ઓછી પણ સિદ્ધિ ઘણી છે. સાહસ, સદવૃતી અને સખાવત એમની પ્રકૃતિમાં વણાઇ ગયા છે. શાંત, સાલસ, સૌમ્ય અને સો ટકા શિક્ષિત એવી

લઘુમતી પારસી કોમનો કચ્છ પ્રવેશ ઇ.સ. ૧૮૧૨માં કચ્છના પહેલા અંગ્રેજ પોલિટિકલ એજન્ટ કેપ્ટન જેમ્સ મેકમર્ડો સાથે પ્રથમ અંજારમાં થયો હતો. તેઓ કચ્છ રાજ્યમાં નોકરી કરતા હતા અને દારૂનાં ઇજારો લેતા હતા. પારસીઓની નાની વસતીનો મોટો ભાગ ભુજ ખાતે કેમ્પ વિસ્તારમાં વસવાટ કરતો હતો. અંગ્રેજોના વિશ્વાસુ તરીકે અને કચ્છની પ્રજા અને બ્રિટિશ રેસિડેન્ટ કાનાના 'મીડલમેન' તરીકે તેઓએ મેકમર્ડો સાથે કચ્છ પ્રવેશ કર્યો હોય એમ સંભવ છે.

ઇ. સ. ૧૮૭૨માં પારસી કોમની વસતી કચ્છમાં ૮૦ જેટલી હતી. ઇ. સ. ૧૯૨૧ના વસતીપત્રક મુજબ કચ્છમાં પારસીઓની વસતી કુલ્લે ૬૮ હતી જેમાં ૩૬ પુરૂષ અને ૩૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ જનસંખ્યા (૬૮) પૈકી ભુજમા ૫૨; અંજારમાં ૮ અને માંડવીમાં ૮ પારસીઓ વસવાટ કરતા હતા. આજે તો કચ્છમાં પારસીઓના બે-ત્રણ કુટુંબો જ રહ્યા છે! કચ્છની સ્થાનિક પ્રજામાં એકરસ થઇ જનાર પારસી વ્યકિત વિશેષોમાં અંજાર વિસ્તારના આગેવાન અને માજી નગરપતિ સ્વ. શ્રી રૂસ્તમજી નસરવાનજી ડાંગોર અને માંડવીના ધારાસભ્ય અને સેવાભાવી સ્વ. ડો. નૌશીર દસ્તુરે સારી લોકચાહના મેળવી હતી.

ધાર્મિક દ્રષ્ટિએ રૂઢિચુસ્ત ગણાતી આ કોમ અન્ય રીતે આધુનિક, ઇમાનદાર, ઉદાર દિલ અને તેજસ્વી છે. પારસીઓનું આસ્થાસ્થાન અગ્નિ-મંદિરો અથવા અગિયારીઓ છે. જમશેદી નવરોઝ એ એમનો નવવર્ષ દિન છે. પારસીઓ ઇરાનથી સને ૭૧૬માં ભારતના પશ્ચિમ કિનારા પર આવ્યા અને ગુજરાતના સંજાણ પાસે ઊતર્યા. તેઓ, દૂધમાં સાકરની જેમ ભળી ગયા. એમના આદિપૂર્વજનું પૂરૂં નામ સ્પીટમાન જરથુસ્ત્ર અથવા ઝોરોએસ્ટ છે માટે એમના માટે જરથોસ્તી અથવા ઝોરોસ્ટ્રીઅન શબ્દ પણ વપરાય છે. એમનો પ્રાચીન ધર્મગ્રંથ અવસ્તા છે. અને ધર્મગુરૂને દસ્તુર કહેવાય છે. તેઓ ઇરાનથી આઠમા સૈકાની શરૂઆતમાં ભારતના પશ્ચિમ કાંઠે આવ્યા ત્યારે એમના પવિત્ર આતશ બહેરામ સાહેબ (પવિત્ર અગ્નિ)ને પણ સાથે લાવ્યા હતા. ઇ. સ. ૧૭૪૨માં એ પવિત્ર અગ્નિનું સ્થાપન ઉદવાડામાં થયું છે અને એ એમનું પવિત્ર સ્થાન છે. ગુજરાતી એમની માતૃભાષા છે.

તરગાળા-ભવાઇ કરતા ભવૈયા

ભવાઇ કરતા ભવાયા - ભવૈયા વિવિધ વેશમાં અવનવા નૃત્યો કરીને જોનારને મુગ્ધ કરે છે. આ લોકજાતિના લોકનૃત્યો અને લોકનાટ્યમાં અપાર વૈવિધ્ય જોવા મળે છે. ભવાઇના વેશોમાં ભવાયા, નટ વિગેરે માથે સાત સાત બેડાં મૂકીને સુંદર મજાના નૃત્યો કરે ત્યારે મન ઝંકૃત થઇ ઊઠે છે. ભવૈયા રમે ત્યારે ગામ આખું ભેગું થઇજતું - એવું હતુ એનું આકર્ષણ !

એક મત પ્રમાણે 'ભવ' એટલે શિવ નટરાજ પરથી ભવાયા શબ્દની કલ્પના થઇ હોય. બીજો મત એવો છે કે નાટકના સૂત્રધારને 'ભાવપતિ' કહેવાતો હોય. ભાવપતિ એટલે નવી સૃષ્ટિને ઉત્પન્ન કરનાર. ભવાઇમાં ગાયન, વાદન અને નર્તનનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. ભવૈયા બહુરૂપીનો વેશ પણ કરે છે.

ગુજરાતની ભવાઇ પ્રાચીન લોકનૃત્ય છે. ચૌદમા સૈકાની છેલ્લી ત્રણ પચીસીમાં થઇ ગયેલા અસાઇત ઠાકર તરગાળા જાતિના આદ્યપુરૂષ ગણાય છે. અસાઇત કવિ, ગાયક અને વકતા હતો. તરગાળા શબ્દ 'ત્રિઘરા' પરથી ઉતરી આવ્યો છે. એની કથા એવી છેકે, અસાઇતના ત્રણ દિકરાના ત્રણ ઘર 'ત્રિઘરા' તરીકે ઓળખાયા પછી ત્રિઘરામાંથી અપભ્રંશ થઇને તરગાળા શબ્સ થયો. આજે તરગાળાની ભવાઇ મંડળીઓ ગામે ગામ ફરતી જોવા મળે છે.

જેમ ગાનાર ગવૈયા તરીકે ઓળખાય છે તેમ ભવાઇ કરનાર માણસો ભવાયા તરીકે ઓળખાય છે. આ ભવાયા તે ભવાઇ કરનાર તરગાળા બ્રાહ્મણનો એક ધંધાદારી વર્ગ છે. તેઓ નાયક કે ભોજકના નામે પણ ઓળખાય છે. તેમની વસતી કચ્છમાં જૂજ અને છૂટીછવાઇ છે.

ચાર-પાંચ વર્ગમાં વિભાજિત એવા ભવાયાની મંડળીઓ પેંડા તરીકે ઓળખાય છે. પેંડાના મોવડી નાયક તરીકે ઓળખાય છે. ભવાયા એ માતાના ભકતો ગણાય છે.

ભવાઇની પ્રાચીન પરંપરા કચ્છી 'રાંધ'માં જોઇ શકાય છે. તળપદા કચ્છી ભવાઇ વેશને 'રામ રાંધ' કહેવામાં આવે છે. કચ્છના રાવરની રમત 'રાંધ' (લોક નાટ્ય) તે આપણી ગુજરાતી ભવાઇ આજથી દોઢ સદી પહેલાં મહારાવશ્રી દેશળજી બીજા (ઇ.સ. ૧૮૧૯-૬૧) એ 'રતનાં હમીરનો વેશ ' તૈયાર કરાવી ઇ. સ. ૧૮૫૩માં રચાવ્યો હતો. અને તેને ભજવવા આનતેપુરથી પાનાચંદ, પૂંજો, ચૂનીલાલ, અવલરામ નામના ચાર તળગાળા નોકને ભુજ બોલાવ્યા હતા અને લોકનાટયને પ્રોત્સાહિત કરવાની નેમ સાથે લોકનાટયની શાસ્ત્રીય ઢબે ભવાઇ વેશના ઢાળ ઢળાવ્યા હતા. એ સમયે કચ્છમાં કેટલાક ભવાઇ વેશ લોકપ્રિય હતા અને ભજવાતા પણ હતા. આમ કચ્છમાં રાવરની રાંધ અને ગુજરાતી ભવાઇનો સંબંધ પ્રસ્થાપિત થયો હતો. મહારાવશ્રી દેશળજી બીજાએ કચ્છમાં ભવાઇ અને ભવૈયાને સત્કાર્યા તે પછી. કચ્છમાં ગુજરાતથી અવારનવાર ભવાયા આવતા રહ્યા છે. વીસમી સદીના શરૂઆતના વર્ષોમાં કચ્છના દીવાન શ્રી રણછોડભાઇ ઉદયરામે ભવાઇ વેશને સુરૂચિપૂર્ણ બનાવ્યા અને સામાજિક સુધારણા માટેના એક માધ્યમ તરીકે ભવાઇના મૂળ તત્ત્વોમાં સુધારા લાવવાની વાતમાં ઊંડો રસ લીધો હતો.

દેશ દેશાવર ખેડનાર ખડતલ ખારવા

સાગર પટ પર સવાર થઇ દેશદેશાવર ખેડનાર ખડતલ ખલાસી ખમીરવંતી ખારવા કોમનું મૂળવતન રાજસ્થાન છે. ખુમારીના ખેપિયા એવા ખારવાના વડવાઓ ચાર ટુકડીઓમાં કચ્છના કંઠી પ્રદેશનાં માંડવી અને મુન્દ્રામાં પ્રવેશ્યા છે. એક નોંધ પ્રમાણે ખારવા તેરમી સદીમાં સિંધથી આવ્યા છે. ખારવા પોતાને મૂળે રાજપૂતના સાત કુળોના વંશજો લેખાવે છે. તેઓ શિવપંથી ગણાય છે.

બીજા એક ઉલ્લેખ પ્રમાણે કચ્છમાં માંડવી અને મુન્દ્રાની સ્થાપના થયાની સાથે જ ખારવા ત્યાં સ્થાયી થયા છે. દરિયાઇ ચાંચિયાઓ અને લૂંટારાઓથી કચ્છના વહાણોને બચાવવા કચ્છના રાવશ્રીએ પોરબંદર -દ્વારકાથી ખારવાઓને બોલાવી સાગરના સંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. ચાંચિયાઓ સાથેના ધીંગાણામાં ઘણા ખારવાઓએ શહિદી વહોરી લીધી છે જેના પાળિયા માંડવી-મુન્દ્રામાં એમની કીર્તિગાથા ગાતા ઊભા છે.

ખારવાઓ સદીઓ પહેલાં લાકડાના વાંસ (બાંબુ) ઝાડની છાલ, નારિયેળના થડને કાપીને (કોતરીને) હોડી (બોટ) બનાવી મચ્છીમારીનો ધંધો કરવા લાગ્યા હતા. ધીરે ધીરે હૈયાસૂઝ અને ખંતથી કચ્છમાં પ્રથમ 'કોટિયા' નામનું નાનું વહાણ બનાવ્યું. કાળક્રમે આગવી સૂઝથી સઢવાળા વહાણના ધંધામાં ઝંપલાવીને યશસ્વી સુકાની (ટંડેલ) બની મહેરામણના મસ્ત માજી માલમ બન્યા. હિન્દુ સમાજમાં 'વહાણવટી' કે 'દરિયા છોરૂ'ના નામે ઓળખાતી ખારવા જ્ઞાતિ જોમવાળી, લડાયક, સાહસિક અને દરિયાખેડુ છે. એઓ જ્યારે અભણ હતા ત્યારે પણ હૈયા ઉકલતથી એમને દિશા, હવામાન અને સમુદ્રનું જ્ઞાન લોહીમાં વણાઇ ગયું હતું. પાણીનો રંગ, પાણી પર તરતી વનસ્પતિ, આકાશમાં ઊડતાં પક્ષીઓ અને આભનાં તારા, એ બધાનું નિરીક્ષણ કરીને તેઓ પોતાનો માર્ગ મેળવી લેતા. પોર્ટુગીઝ વાસ્કો ડી ગામા જ્યારે દરિયાઇ માર્ગમાં અટવાઇ પડયા ત્યારે કચ્છનાં નાવિક કાનજી માલમે તેને કાલીકટ તરફનો માર્ગ બતાવ્યો હતો. તેમની વફાદારી અને પ્રામાણિક્તા તો ગૌરવપૂર્ણ છે.

ખારવા જ્ઞાતિ ૧૨ મૂળ શાખાઓ અને ૧૩૦ પેટા શાખાઓમાં વહેંચાયેલી છે. દરિયાલાલ એ એમના આરાધ્યદેવ છે. નવા નારોજ અને રવાડી (રથયાત્રા)નો તહેવાર તેઓ ઉમંગથી ઉજવે છે. તેમણે કચ્છના વહાણવટામાં ઘણા સુધારા કર્યા છે.

એક મત અનુસાર 'ખારવો' એટલે ખારા પાણી સાથે સંબંધ બાંધનાર 'ખાર' એટલે ખારાશ અને 'વા' એટલે વાટ (રસ્તો) આમ ખારા પાણીનો રસ્તો પકડનાર તે 'ખારવો' આથી, વાઘેર અને મિયાણા તરીકે ઓળખાતા સ્થાનિક ખલાસીઓ માટે પણ ખારવા નામ વપરાય છે.

કચ્છમાં માંડવી અને મુન્દ્રા ઉપરાંત હવે ગાંધીધામ અને કંડલામાં પણ ખારવાના થોડા કુટુંબો વસવાટ કરે છે. સને ૧૯૮૬ની વસતી ગણત્રી મુજબ કચ્છમાં ખારવાઓના ૭૯૦ કુટુંબોમાં કુલે ૪,૫૧૬ વસ્તી નોંધાઇ છે જેમાં ૨,૨૬૫ પુરૂષ અને ૨,૨૫૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

મહેનતુ-બહાદૂર કોળી

કોળી (કે કોલી) વાગડ અને અંજાર ચોવીસીની મૂળ જનજાતિ છે. મુખ્ય આદિવાસી વસતી કોળી કચ્છમાં બે વિભાગમાં વહેંચાયેલી છે. રાપર- ભચાઉ તાલુકાના કોળીઓ વાગડના કોળીઓ કહેવાય છે અને અંજાર તાલુકામાં તથા અન્યત્ર છૂટાછવાયા વસતા કોળીઓ કચ્છી કોળી કહેવાય છે. વાગડ તરફના કોળીઓ કચ્છી કોળીઓ સાથે સંબંધ રાખતા નથી, વાગડીયા તેમને અલગ ગણે છે. મુસ્લિમોમાં કચ્છી કોળીઓ ભળ્યા તેથી કચ્છી તરીકે ઓળખ પ્રસ્થાપિત થઇ અને વાગડ અને અંજાર ચોવીસી વચ્ચે સંબંધ બંધ થયો. મૂળ હિન્દુ ધર્મી કચ્છી કોળી લોકોના નામો મુસ્લિમ સમાજને મળતાં આવે છે, બાકી તેઓ બધી રીતે હિન્દુ છે. વળી, ગુજરાત-સૌરાષ્ટ્રના પારકરીયા કોળી ચુંવાળીયા કે તળપદા કોલી સમાજ સાથે તેઓ ભળતા હોતા નથી.

આ જાતિ અનેક દેશી-પરદેશી મિશ્રણોથી બની હોય અને કોઇને કોઇ કારણથી હલકા ગણાયેલા રજપૂતો તેમાં અવારનવાર ભળતા ગયા હોય તેમ મનાય છે. કોળી ભારે જીવનશકિત અને ચીવટવાળી કોમ છે. કોળીઓમાં, પૂર્વકાળમાં થઇ ગયેલ દાનવીર માન દાતારનું નામ આદરથી લેવાય છે. કેટલાક કોળીઓ માથાભારે હોવા

છતાંય તેમનામાં રહેલું દાતારીપણું એ વાતની પ્રતીતિ કરાવે છે કે તેઓ માન દાતારના વંશજ હોવા જોઇએ.

અગાઉના વખતમાં લૂંટફાટ કરી જીવન જીવનાર કોમ તરીકે કોળી જાણીતા છે. હવે તો તેઓ ખેતી, પશુપાલન, મજૂરી, જંગલમાં મધ જેવી ગૌણ પેદાશો એકઠી કરવાના તથા છૂટક વ્યવસાયમાં પડેલા છે. કોઇ ગામમાં ઘરફોડ ચોરી કે સીમચોરી થાય ત્યારે ચોરના પગ ઓળખવા માટે કેટલાક કુશાગ્ર કોળીઓ પગી તરીકેનું કામ કરતા હોય છે. ભૂતકાળમાં બહારવટું પણ કરેલું. રાપર તાલુકાના ગેડી ગામના કોળી રવાએ બહારવટું ખેડેલું, સંવત ૧૯૮૨માં તેને રાપરમાં ફાંસી અપાઇ ત્યારે પસ્તાવાના ભાવ સાથે તેણે લોકોની માફી માગતા ગાયું હતું: માયા રાખજો માનવી, હૈયે ધરજો હેત બોલ્યા ચાલ્યા માફ કરજો.

કચ્છના આદિવાસીઓની વસતી પૈકી વિશેષત: અનુસૂચિત જનજાતિમાં આવતી કોળીઓની વસતી છે. બીજું, ગુજરાતમાં માત્ર કચ્છ જિલ્લામાં જ કોળીઓ આદિવાસી ગણાય છે. રાપર- ભચાઉ તાલુકાઓમાં અમુક ગામો કોળી કોમના જ છે. હિન્દુસ્તાનના ભાગલા પડતાં પાકિસ્તાનમાં રહેતા ઘણા કોળી કુટુંબો રાપર તાલુકામાં પોતાના વતન તરફ આવી વસી ગયા છે. તેઓ મોટેભાગે ગામોની બહાર સાદાસીધા ભૂંગા-ઝુંપડામાં રહે છે. કોળી સમૂહના વસવાટ કેન્દ્રને વાંઢ પણ કહેવાય છે. એમનામાં અલ્પ શિક્ષણ, ગરીબી અને અંધશ્રદ્ધા વધારે જોવા મળે છે. વાગડિયા કોળીઓના ઉત્કર્ષ માટે સદ્‌ગત મગનભાઇ સોની જેવા સર્વોદયી કાર્યકરોએ સારો એવો ફાળો આપ્યો છે અને શિક્ષણ અને સંસ્કારના અજવાળાં પાથર્યાં છે.

કચ્છના ઉત્સવપ્રિય કોળીઓ પગમાં રૂપાનું કડું, રૂપાની સાંકડીવાળા ઘૂઘરિયાળા ચાંદીના બટ્ટનનો સેટ અને કાનમાં કાચની ભૂંગળીઓ પહેરે છે, જ્યારે શોખીન કોળણો ગળામાં હાંસડી, કાનમાં વેડલાં, પગમાં કાંબી કડલાં, હાથમાં વીટી, કાનમાં મોટિયું, પુંખનળી અને ચાંદીનો ભારે વેડલો પહેરે છે. આ જાતિમાં છૂંદણાં વડે શરીરને શણગારવાનો શોખ જોવા મળે છે. કચ્છની કોળણો હાથમાં ગાગર લઇને ઢોલે રમતી રમતી હીંચ લે છે ત્યારે મનોહર દ્રશ્ય સર્જાય છે. કચ્છના દુર્ગમ વિસ્તારોમાં વસતી વાઢા કોળી જાતિ બેનમૂન લાખકામ માટે મશહૂર છે.

ક્ષત્રિય વંશજ મોચી

પરમાર, ચૌહાણ, ઝાલા, મકવાણા, ચુડાસમા અને સોલંકી જેવી ક્ષત્રિય કુળની અટક ધરાવતા મોચીઓ પોતાને ક્ષત્રિય વંશજ ગણાવે છે. ગુજરાત અને કાઠીયાવાડથી લગભગ ચારસો સાડા ચારસો વર્ષ પહેલાં કચ્છમાં આવેલ છે.

ભુજપુર, દેશલપર (કંઠી), કેરા, ભદ્રેશ્વર, મુન્દ્રા, નલિયા, રોહા, ડુમરા અને બાયઠ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં આજે ભલે મોચીઓની વસતી નથી પણ આ ગામોની બજારોમાં મોચી બજારનું નામ રહી ગયું છે. તે એ ગામોમાં તેમની મોટી વસતી હોવાનું અનુમાન કરવા તરફ પ્રેરે છે. કયાંક તો મોચી ફળિયાનું અસ્તિત્વ, તેમની એક જૂથે વસવાટનો નિર્દેશ કરે છે. આજે મુખ્યત્વે તેમની વસતી ભુજ, માંડવી, અંજાર અને ગાંધીધામમાં છે. ગાંધીધામમાં મોટે ભાગે સૌરાષ્ટ્ર વિભાગના મોચીઓના ૪૦થી ૫૦ જેટલા ઘર છે ને તે નોકરીયાત છે. આખા કચ્છમાં કચ્છી મોચીઓની વસતી લગભગ ૧૦૦૦થી ૧૦૫૦ જેટલી છે.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં માને છે. દાન- ધર્મની મહિમા તેમનામાં હતો. 'મોચીરાઇ' તરીકે ઓળખાતી તળાવડીઓમાં આ જ્ઞાતિની દેન છે. મિરઝાપર-સુખપર વચ્ચે, અંજારમાં (હવે જ્યાં અંજારમાં હનુમાન મંદિર છે ત્યાં હતી, હવે નથી.) માંડવી તથા કાલી તલાવડીમાંની મોચીરાઇઓ જાણીતી છે. ડુમરામાં તો મોચીઓની બંધાવેલી એક ધર્મશાળા પણ છે.

મોચીઓ ચર્મ ઉપરાંત આરીભરત (મોચીભાત) સોના ચાંદી કામ અને દરજી કામ પણ કરે છે. ચર્મ કામમાં ભુજમાં લધા ઉકા ઝાલાની પેઢી ૧૦૦ વર્ષ જૂની છે. આજે આ પેઢી મૂળશંકર હંસરાજ ઝાલા ચલાવે છે. આ પેઢીનું કામ બહુ વખણાય છે. રાજ- રજવાડા અને જાગીરદારો તથા પૈસાદાર ગણાતા કુટુંબો પોતાનું કામ આ પેઢી પાસેથી કરાવતા. આજે પણ કેટલાક કરાવે છે. આ પેઢીને તેમના કામ માટે પ્રદર્શનમાં ઘણા ઇનામો મળેલા છે.

આરી ભરત, ભરત કામમાં આ જ્ઞાતિની એક વિશિષ્ટતા કે, કચ્છમાં અન્યત્ર ભરત કામ માત્ર સ્ત્રી વર્ગ જ કરે છે પણ મોચીઓમાં સ્ત્રીઓ ઉપરાંત પુરૂષો પણ આરી ભરતનું કામ કરતા હતા. હવે હાથ ભરતની કસબ રહ્યો નથી. મશિન ભરત થાય છે. ભરત કામમાં ભરતવાળા હંસરાજ જેઠાભાઇની પેઢી પણ હવે મશિન ભરત કરે છે.

સોના ચાંદીના કારીગરો હતા પણ હવે ઓછા થઇ ગયા છે. સોના કામ માત્ર વિનોદ નંદલાલ અગરચ્યા કરે છે પણ ચાંદી કામ કચ્છમાં કરતા કારીગરો હજી છે. આરી ભરતમાં અગાઉ નારણજી ચુડાસમા, જેઠાભાઇ ચૌહાણ (લખપતી) અને ગોવિંદભાઇ કેરાઇતયા, ખેંગાર નરસીનું કામ હાથ ભરત માટે વખણાતું હતું. ભુજના ખેંગાર મોનજી ચૌહાણ જેનું ભરબજારે ધોળા દિવસે આરબે ખૂન કરેલ તે ભરત કામના સારા કલાકાર હતા. એમણે રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધેલ અને જેલની સજા પામેલા.

અંજારના ઝાલા કુંવરજી વિશ્રામ તો ઠેઠ દક્ષિણ ભારતમાં નિઝામના રાજ્યના રાજ ઝવેરી હતા. સિકંદરાબાદમાં રહેતા એવું કહેવાય છે કે, એમની સમૃદ્ધિ એટલી બધી હતી કે તેમના ઘરમાં બધા જ વાસણો ચાંદીના હતા.

ભુજના મોચી શેરીનું ઝણસારીઓનું મંદિર જે શ્રીજી મહારાજ ત્યાં સવંત ૧૮૬૧માં થાળ જમવા આવતાં પ્રસાદીના સ્થળ તરીકે ઓળખાય છે તેનો હાલમાં સ્વરૂપનું જીર્ણોદ્ધાર પણ આ કુંવરજી વિશ્રામે કરાવેલ તે ઉપરાંત સુવર્ણરાય અને રામવાડીના મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરાવેલ. સિકંદરાબાદમાં તેમણે મંદિર ઉપરાંત મસ્જિદ પણ બંધાવી આપેલી.

ઉમરશી માવજી ઉર્ફે કાકુભાઇ કચ્છના જાણીતા કારીગર. અમેરિકામાં એમના કામનું પ્રદર્શન યોજાયું તેમાં ઇનામ મળેલ. પ્રાગમહેલનું ટાવર પસંદ તેમણે કર્યું હતું. આ જ્ઞાતિ સ્વભાવે શાંત તથા નીતિવાન છે.

કાંસવૃત્તિથી કમાતા કંસારા

'કાલિકા મહાત્મ્ય'માં લખાયું છે કે, 'ચંદ્રવંશી કાર્તવીયેનો પુત્ર અર્જુન થયો, એના વંશમાં વીરસેન આદિ રાજા થયા. એના વંશમાં ઘણા શૂરવીરો કાંસવૃત્તિથી આજીવિકા કરવા લાગ્યા, તેઓ બધા કાંસાર (કંસારા) કહેવાયા, તેઓ કાલિકાનું પૂજન કરવા તત્પર બન્યા.

કલા અને કાલીના ઉપાસકો મારૂ કંસારા સોની મારવાડ (રાજસ્થાન)થી સં. ૧૬૪૨ના અરસામાં કચ્છ આવી વસ્યા. આ જ્ઞાતિ વર્ગ બ્રાહ્મણીયા સ્વર્ણકાર- સોની તરીકે ઓળખાતો હતો અને મારવાડથી આવ્યા એટલે 'મારૂ' કહેવાયા. મારૂ કંસારા સોની સિવાય પરજીયા પટ્ટણી સોની, વાણિયા સોની ઉપરાંત સલાટ, લોહાર, મેમણ ઈત્તર જ્ઞાતિઓના સભ્યો સોનીના વ્યવસાયમાં પડયા તે પણ સોની કહેવાયા પરંતુ ઓળખમાં લોહાર સોની, સલાટ સોની એ રીતે થાય છે. સોનું ગાળવાનું કામ કરે તે વર્ગ સોની, કાંસાનું કામ કરે તે 'કણસારા' અર્થાત કંસારા કહેવાયા. કચ્છમાં કંસારાને અગાઉ સિંધી- કચ્છી ભાષામાં ઠાંઠારા કહેવામા આવતા હતા. વાસણને સિંધીમાં 'ઠાં' કહેવાય અને ઘડનારા માટે 'ઠારા' શબ્દ છે તેમાંથી ઠાંઠારા શબ્દ યોજાયો. જ્યારે ગુજરાતીમાં કંસારા- કાંસારા યાને કાંસા તથા તાંબા પિત્તળના વાસણ બનાવી વેચનારા કહેવાય છે. કાંસારા પોતાને બુદ્ધભટ્ટી તરીકે પણ ઓળખાવે છે એટલે કે એ લોકો પહેલાં ભટ્ટી જાતના ક્ષત્રિય હતા એવું મનાય છે. બુદ્ધ ધર્મના પરિબળ વખતે તેઓ બુદ્ધ ધર્મી થઇ ગયા જેથી 'બુદ્ધભટ્ટી' કહેવાયા. પાછળથી શ્રી શંકરાચાર્યજીની પ્રવૃત્તિથી તેઓ પાછા હિન્દુ બની ગયા.

રવિશંકર મહારાજ કંસારા વિશે લખે છે, 'લુહાર, સોની અને કંસારા- એમ ત્રણે પાસે એરણ હોય છે. કંસારાની એરણ બહુ કિંમતી હોય છે. તેને ત્યાં અવાજ એટલો થાય કે બીજું કંઇ સંભળાય નહિ. એ ઉપરથી કહેવત પડી કે, 'કંસારાના ઘરનો ઉંદરડો થાબોટા પાડયે નાસી ન જાય.'

વિશ્વકર્માના પુત્રો મારૂ કંસારા સોનીની ૮૪ નુખો છે. એમની કુળદેવી મહાકાલીનું સ્થાનક ભુજ મધ્યે કંસારા બજાર ખાતે પીપળા ફળિયામાં આવેલું છે. આ મંદિરમાં કાલિકાદેવીની સ્થાપના સં. ૧૬૯૮ના પોષ સુદ ૧૪, મંગળવારના થયેલ છે. તેઓ આશાપુરા માતાજીમાં અફર શ્રદ્ધા ધરાવે છે.

અઢારમી સદીમાં મહારાવ શ્રી લખપતજી (ઇ. સ. ૧૭૫૨-૬૧)ના સમયમાં રામસિંહ માલમે મારૂ કંસારા સોનીની સોના ચાંદીની હસ્તકલાને પ્રોત્સાહન આપ્યું. ધાતુકલાનો રાજ્ય આશ્રયે વિકાસ થયો. કચ્છનું ચાંદી પરનું નકશી કામ 'કચ્છ વર્ક'ના નામે જગમશહુર થયું. કચ્છની રેલવે- બસ સેવા શરૂ કરનાર અને છબીકલાને ગૌરવ અપાવનાર આ જ્ઞાતિમાં સાક્ષરતાનું પ્રમાણ સારૂં છે.

પાવૈયાની જમાત

હીજડા, ફાતડા વગેરે તરીકે ઓળખાતા આ પાવૈયા એટલે નપુંસક. તેઓ એકત્ર થઇને રહે છે તે સ્થળને 'મઠ' તરીકે ઓળખાવામાં આવે છે- અને 'પાવૈયાનું મઠ' એ રીતે સૌ જાણે છે. કચ્છમાં આવા પાવૈયા- હીજડા કે ફાતડાને ફકીર પણ કહેવાય છે. તેમની જમાતમાં હિન્દુ પણ હોય અને મુસલમાન પણ હોય. બહુચર માતાના તે ભકતો હોય છે. હિન્દુ- મુસલમાન સાથે ખાતા પીતા નથી એટલું જ, બાકી તો તેઓ એક જ વર્ણ તરીકે વર્તે છે.

જ્યારે કોઇ નવો ઉમેદવાર આ વર્ગમાં દાખલ થવા આવે છે ત્યારે પાવૈયા તેના

જમણા કાનમાં મંત્ર ફૂંકે છે. કાનની બુટમાં સોયથી છેદન કરે છે. ભવિષ્યમાં કયારેય ચોરી કરવી નહિ વગેરેના સોગંદ લેવડાવે છે અને તે પછી તેને કામચલાઉ રીતે પોતાના મઠમાં દાખલ કરે છે. તેને ખાવા માટે દેશી સાકર અપાય છે, સ્ત્રીના કપડાં પહેરવા આપવામાં આવે છે અને તેનું નવું નામ પણ પાડવામાં આવે છે. છ માસ સુધી તેના પર પૂરી નજર રાખવામાં આવે છે તથા તે ખરેખર નપુંસક છે તેની ખાત્રી થયા પછી પાકી વિધિ કરવામાં આવે છે.

મરણ પછી પાવૈયાના શબને દાટે છે. મરણ પછીના દશમા તથા ચાલીસમાં દિવસે તેની મિત્ર જમાતે ઉપાડનારા મુસલમાનને જમાડે છે. તેમ ન કરે તો તે નાત બહાર મૂકાય છે.

ભુજમાં અગાઉ આવા પાવૈયાનો એક મઠ ભાટીયા શેરી સામે હતો હવે ત્યાં મઠ નથી પણ એક મઠ મટન માર્કેટ પાસે ખત્રીઓની રંગચુલી પાસે છે. અને બીજો મઠ જનતાનગરી છેડે ભુજીયાની તળેટીમા છે. ત્યાં ૧૦થી ૧૨ જણ રહે છે. □

કચ્છની મુસ્લિમ જાતિઓ

□ બિપીન થાનકી

કચ્છ અને ઇસ્લામનો સંબંધ ઘણો જૂનો છે. છેક છઠ્ઠા અને સાતમા સૈકાથી મુસ્લિમ આરબ વેપારીઓ થકી ઇસ્લામના સંપર્કમાં આવેલું. મુસ્લિમ આરબ વેપારીઓ અને નાવિકોની સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, કોંકણ અને મલબારના સમુદ્રકાંઠે અવરજવર હતી. આરબ ઇતિહાસકાર અલ બિલઝુરી (ઇ.સ. ૮૪૦)ના નોંધ્યા પ્રમાણે બગદાદ ઘરીફના ખલીફા હશન (રદી.)ના સિંધના સુબા જુમૈદે (ઇ.સ. ૭૩૫) કચ્છ જીતી લીધું હતું. જુમૈદ કચ્છમાં લૂંટફાટ કરી વિનાશ વેરીને પાછો સિંધ ચાલ્યો ગયો હતો. આ હકીકતનું સમર્થન ગુજરાતના ચૌલુકય વંશના રાજા મુલકેશીના ઇ.સ. ૭૩૮ના એક તામ્રપત્રમાં પણ મળે છે. આરબ ઇતિહાસકારો અલ બિલઝુરી (ઇ.સ. ૮૪૦) અને ઇબ્ન ખુર્દદલા (ઇ.સ. ૯૧૨)એ નોંધ્યું છે કે કચ્છમાં સમુદ્રકાંઠે આરબો સ્થાયી થયા છે. કંઠી પ્રદેશમાં ભુજપુર અને દેશલપર વચ્ચે એક શહેરના ખંડેર જણાય છે. ત્યાં વિશાળ જૂનું કબ્રસ્તાન પણ છે. આ શહેર આરબોનું થાણું હતું તેમ મનાય છે. આરબ યાત્રિક ઇબ્ન હૌકલે ઇ.સ. ૯૪૩માં કચ્છના સમુદ્રકાંઠે મસ્જિદો જોઇ હતી.

એક સમયના કચ્છના ભવ્ય ભદ્રાવતી બંદર અને હાલના ભદ્રેશ્વરમાં આવેલ પીર લાલશોબાહની મઝારમાં અને તેના પ્રાંગણમાં આવેલી કબરો પરના અરબી ભાષાના કુફીક શૈલીના ઇ.સ. ૧૧૫૯થી ઇ.સ. ૧૨૨૮ની વચ્ચેના સમયના શિલાલેખો ભારતના સૌથી જૂના અને પ્રાચીન મુસ્લિમ શિલાલેખો મનાય છે. આ શિલાલેખો સાબિત કરે છે કે જૂના સમયમાં ભદ્રેશ્વરના સમુદ્રકાંઠે આરબ વેપારીઓનો વસવાટ હતો.

દસમા સૈકાના મધ્ય ભાગમાં કચ્છ ચૌલુકય સામ્રાજ્યનો એક ભાગ બની જતાં કચ્છમાં કાંઠાળ વિસ્તારોમાંથી મુસ્લિમ વર્ચસ્વનો અંત આવ્યો.

કચ્છના મુસ્લિમોને મુખ્યત્વે બે વર્ગમાં વહેંચી શકાય (૧) જેનામાં પરદેશી તત્ત્વ છે, તે અને (૨) જેઓ લગભગ બધા જ સ્થાનિક ભારતીયોમાંથી મુસ્લિમ થયેલા તેમના વંશજ છે, તે.

પરદેશી નાવિકો-સૈનિકોનું આગમન

પરદેશી મુસ્લિમોનું આગમન કચ્છમાં સાતમી સદીના મધ્ય ભાગથી શરૂ થઇને અઢારમી સદીના અંત સુધી ચાલુ રહ્યું હતું. કચ્છમાં પ્રથમ આવનારા મુસ્લિમો કચ્છના કિનારે બગદાદથી મોકલવામાં આવેલ નૌકાદળના આરબ નાવિકો અને સૈનિકો હતા. તેમના પછી ઇરાની અખાતમાંથી આવેલા વ્યાપારીઓએ કચ્છમાં શહેરોમાં વસવાટ કર્યો. અગ્યારમી, બારમી અને તેરમી સદીમાં ઉત્તર તરફથી મુસ્લિમ આક્રમણ શરૂ થયા. નવમી અને દસમી સદીમાં આવેલ પરદેશી યાત્રિકોએ તેમના પ્રવાસ વર્ણનોમાં કચ્છના શહેરોમાં મસ્જિદ હોવાનું નોંધ્યું છે. અગ્યારમી સદીમાં મહમદ ગઝનવી, બારમી સદીમાં મહમદ ગોરીના સેનાપતિ કુતુબદ્દીન ઐબક તથા તેરમી સદીમાં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ અલફખાને ગુજરાત અને કચ્છ પર આક્રમણ કર્યા. જમીન તથા દરિયા માર્ગે મુસ્લિમ સૈનિકો, વ્યાપારીઓ, આશ્રિતો અને ગુલામો મોટી સંખ્યામાં સિંધ અને કચ્છમાં આવતા રહ્યા હતા. તેની સાથોસાથ મુસ્લિમ ધર્મગુરૂઓ અને ઉપદેશકો પણ આવ્યા. અગ્યારમી સદીના અંતમાં અરબસ્તાનના યમન પ્રાંતમાંથી શિયા વહોરાઓના વડા ધર્મગુરૂ ''મોટા મુલ્લા સાહેબ'' તેમના અનુયાયીઓ સાથે ગુજરાત આવ્યા. મુસ્લિમ શાસકોની સાથે આવેલા ઇસ્લામી ઉપદેશકો અને ધર્મગુરૂઓની સમજાવટ અને પ્રભાવથી તેમજ દિલ્હી અને ગુજરાતના મુસ્લિમ શાસકોની બળજબરીથી ઘણા સ્થાનિક હિન્દુઓએ સિંધ અને ગુજરાતમાં મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો.

ગુજરાતના સુલતાનોમાં સુલતાન અહમદ (ઇ.સ. ૧૪૧૧), મહમદ બેગડો (ઇ.સ. ૧૪૫૯) અને મહમદ બીજાએ તથા મોગલ બાદશાહોમાં જહાંગીર અને ઔરંગઝેબે સિંધ, કચ્છ અને ગુજરાતમાં મુસ્લિમ ધર્મ ફેલાવવાના ખાસ પ્રયત્નો કર્યા હતા.

કચ્છના મુસ્લિમોમાંથી મોટાભાગના મુસ્લિમો સિંધમાંથી આવેલા છે, જ્યારે કેટલાક મુસ્લિમો ગુજરાતમાંથી આવ્યા છે.

ઇતિહાસમાં સામાજિક પ્રદાન

કચ્છના ઇતિહાસમાં કચ્છી મુસ્લિમોએ દરેક ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપેલું છે. ધર્મ, રાજનીતિ, સાહિત્ય, કલા અને વ્યાપાર ક્ષેત્રે તેમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે. જેમ કે ધાર્મિક ક્ષેત્રે હાજીપીર (રહ.) અને સૈયદશાહ મુરાદ બુખારી પીર (રહ.), રાજનીતિમાં છછર બુટ્ટો, ભીયાં કક્કલ, ગુલામશાહ કલ્હોરા સામે ઝારાના યુદ્ધમાં લડનારા મિંયાણા સરદારો યુના કક્કલ અને ઉમર મૌવર, જમાદાર ડોસલ વેણ, જમાદાર ફત્તેહમહમદ નોતિયાર, સૈયદ મહમદ પનાહ, હુસેનમિંયા, ઇબ્રાહીમમિંયા અને સોતા અહમદમિંયા. સાહિત્ય અને કલા ક્ષેત્રે હાજી મોહમદ અલારખ્યા શિવજી, હાજી યસુફ અલારખ્યા અને હાજી ઇબ્રાહીમ અલારખ્યા (મકબુલ કચ્છી), માસ્તર હમીરાણી, આદમ સુમરો અને માસ્તર ઉસ્માન બચલ ખુડખુડીયા. વ્યાપાર અને જાહેર સખાવતના ક્ષેત્રે શેઠ સાંઇઆમિંયા સોદાગર, થાર્યા ટોપણ, શિવજી હાજી, શેઠ યુસુફઅલી કરીમજી જીવણજી, શેઠ કમ્મુ સુલેમાન, શેઠ કરીમભાઇ ઇબ્રાહીમ અને અલીદીના વિશ્રામ, સ્વાતંત્ર્ય સેનાની યુસુફ મહેરઅલી પણ કચ્છી જ હતા.

કચ્છમાં મહારાઓશ્રી રાયધણના સમયમાં બાર ભાયાનું શાસન આવેલું, તે બાર ભાઇમાંથી દસ મુસ્લિમ સભ્યો હતા.

સામાજિક રીત રિવાજો

સુન્ની મુસ્લિમો શુભ કે અશુભ પ્રસંગોએ શરીઅત મુજબની સુન્ની મુસ્લિમોની ઇસ્લામી વિધિને અનુસરે છે. મુખ્ય મુસ્લિમ વિધિ અને ઉજવણીના પ્રસંગો સીમંત, બાળજન્મ, નામકરણ, સુન્નત અને લગ્ન છે. પતિગૃહે સાતમા અથવા નવમા મહિને સીમંતની વિધિ થાય છે. ત્યારબાદ યુવતી પ્રસૂતિ માટે પિતૃગૃહે જાય છે. બાળકના જન્મ પછી કેટલીક જાતિઓમાં છઠ્ઠીનો રિવાજ છે. બાળકના બાળમોવાળા ઉતારવાની વિધિ બાળકના જન્મ પછી સાતમે, ચૌદમે અથવા એકવીસમે દિવસે થાય છે. નામકરણ પ્રસંગે મૌલવીને બોલાવી, બાળકના જમણા કાનમાં આઝાન દઇને બાળકનું નામ પડાય છે. બાળક ચાર વર્ષ, ચાર મહિના અને ચાર દિવસ પૂરા કરે ત્યારે બિસ્મીલાહ વિધિ થાય છે. બાળક સમજણું થાય ત્યારે ધાર્મિક શિક્ષણ માટે મદ્રેસામાં મોકલવામાં આવે છે. છોકરો છ કે સાત વર્ષનો થાય ત્યારે તેની સુન્નતની વિધિ કરવામાં આવે છે. લગ્નની નિકાહ વિધિ મૌલવીની હાજરીમાં બે સાક્ષીઓની ઉપસ્થિતિમાં કન્યાની સંમતિ કે ઇચ્છા જાણીને કરવામાં આવે છે.

મૃત્યુ પ્રસંગે મૈયતને સ્નાન કરાવીને જનાઝો કાઢવામાં આવે છે. જનાઝામાં મદદ કરવી તે દરેક મુસ્લિમની પવિત્ર ફરજ ગણાય છે. કબ્રસ્તાનમાં મૌલવી દ્વારા જનાઝા નમાઝ અદા કરાવ્યા બાદ દફનવિધિ થાય છે. મૃત્યુને ત્રીજે દિવસે ઝિયારત અને વાએઝની વિધિ પૂરી થયા બાદ શોક છૂટે છે. કેટલાક મુસ્લિમો ૪૦ દિવસ પછી ચાળીસમાની વાએઝ પણ કરે છે.

છેલ્લા સો વર્ષમાં મુસ્લિમ પુરૂષ અને સ્ત્રીના પોશાકમાં પરિવર્તન આવ્યું છે. આજથી સો વર્ષ અગાઉ પુરૂષો ઇજાર, કેડીયું, ઇજાર પર આડીયો કે રેટો કે ભેટ પહેરતા અને માથા પર સફેદ કે રંગીન પાઘડી બાંધતા અને સ્ત્રીઓ ચણીયો, ચોળી (કજરી) અને ઓઢણું (પુતારો) પહેરતી. જ્યારે હવે મુકસો ઇજાર, આભો, પેન્ટ, શર્ટ કે કોટ અને સ્ત્રીઓ ઇજાર, આભો (કમીઝ) અને ઓઢણી પહેરે છે. કચ્છી મુસ્લિમોનો ખોરાક અન્ય કચ્છીઓની જેમ સાદો છે. બાજરાના રોટલા, ખીચડી, ગોળ, છાસ અને શાક તેમનો મુખ્ય ખોરાક છે. તેઓ વ્યવહારમાં મુસ્લિમ કેલેન્ડર અને હિજરી સંવતને અનુસરે છે. મુસ્લિમોના મુખ્ય તહેવારોમાં હઝરતઅલીના પુત્ર ઇમામ હુસેન સાહેબની શહીદીના માતમનો દિવસ મહોરમ, હઝરત મોહમ્મદ પયગંબર સાહેબ

(સલ.)નો જન્મદિવસ ઈદેમિલાદ, પવિત્ર રમઝાન માસ પૂરો થયા પછી આવતા શવાલ માસનો પ્રથમ દિવસ રમઝાન ઈદ અને જીલ્હજ માસમાં ઈદ-ઉલ-બક્ર છે. કચ્છમાં અનેક સંતો, પીર, ઓલિયાઓની દરગાહો પર ઉર્ષ (મેળા) ભરાય છે. હાજીપીરનો મેળો ચૈત્ર માસના પ્રથમ સોમવારે ભરાય છે જેમાં હિન્દુ તથા મુસ્લિમ ઉમંગ અને ઉત્સાહથી ભાગ લે છે.

સૌથી જૂની સંસ્થા અન્જુમન -એ-ઈસ્લામ

કચ્છની સૌથી જૂની મુસ્લિમ સંસ્થા માંડવી ખાતે આવેલી 'કચ્છ અંજુમન-એ-ઈસ્લામ' છે. તેની સ્થાપના ૮૬ વર્ષ પહેલાં ઇ. સ. ૧૯૦૯માં થયેલ. તેનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણ અને જ્ઞાનનો પ્રસાર છે. આ સંસ્થા દ્વારા બે કુમાર પ્રાથમિક શાળા, એક કન્યા પ્રાથમિક શાળા, ધાર્મિક શિક્ષણ માટે ત્રણ મદ્રેસા, એક મફત વાંચનાલય અને પુસ્તકાલય ચલાવવામાં આવે છે. તેની આ પ્રવૃત્તિઓ સાર્વજનિક છે. આ ઉપરાંત કબ્રસ્તાનની જાળવણી અને વહીવટ, ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, ગરીબોને જકાત ફંડમાંથી તબીબી સહાય જેવી પ્રવૃત્તિઓ પણ કરે છે. માંડવીની ઈદગાહ પણ તે સંભાળે છે. શ્રી ઈબ્રાહીમ ભચુ પટેલે આ સંસ્થાનું પ્રમુખપદ ૨૩ વર્ષ સુધી સંભાળીને અમૂલ્ય સેવાઓ આપેલી.

આવી જ બીજી સંસ્થા છે ઇ. સ. ૧૯૬૪માં ભુજમાં સ્થપાયેલી 'ધ મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, કચ્છ' જે ભુજમાં એક છાત્રાલય, માધ્યમિક શાળા, પ્રાથમિક શાળા ચલાવે છે. આ ઉપરાંત પાઠય પુસ્ત સહાય, શિષ્યવૃત્તિઓ, રમતગમતને પ્રોત્સાહન અને તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક વગેરે પ્રવૃત્તિઓ પણ કરે છે.

તાજેતરમાં જ સામખીયાળી ખાતે મૌલાના અલીફ નકસબંધી દ્વારા સ્થાપિત સંસ્થા દ્વારા મદ્રેસા, સાર્વજનિક પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવામાં આવેલ છે.

લુણી (તા. મુદ્રા) ખાતે આવેલી 'દારૂલ ઉલ્મ ફૈઝે અકબરી' નામની સંસ્થા ધાર્મિક શિક્ષણ આપવા માટેની સંસ્થા છે. ત્યાં છાત્રો માટે રહેવાની પણ સગવડ છે.

મુફતી-એ-કચ્છ સૈયદ અહમદશા બુખારીની દેખરેખ નીચે મુસ્લિમોના અનાથ બાળકો માટે ભુજ અને માંડવી ખાતે યતીમ ખાના ચલાવાય છે. ભુજ ખાતે આવેલું 'યતીમખાના એહલે સુન્નત' છોકરાઓ માટે છે અને માંડવીનું દારૂલ યતામા લીલબનાત છોકરીઓ માટે છે.

માંડવી ખાતે હાજીયાણી ખતીજાબાઇ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક પૂર્ણ કક્ષાની સાર્વજનિક હાજી હસન હોસ્પિટલ બાંધવામાં આવી છે. આ ઉપરાંત માંડવીમાં જ તયબાહ મેડિકલ ટ્રસ્ટ દ્વારા એક સાર્વજનિક હોસ્પિટલ, પ્રસૂતિગૃહ અને લેબોરેટરી ચલાવાય છે. માંડવીમાં 'તન્વીરે ઈસ્લામ' નામની યુવા સંસ્થા સારી પ્રગતિ કરી રહેલ છે. સમાજસેવા, શિક્ષણ, રમતગમત અને તબીબી સહાય તેના મુખ્ય ઉદ્દેશો છે.

કચ્છી મુસ્લિમોની જાતિઓ

કચ્છની હિંદુ-મુસ્લિમ સહિત પોણા ભાગની વસતી મૂળ સિંધમાંથી આવેલી છે. મોટા ભાગના કચ્છી મુસ્લિમ છેલ્લા એક હજાર વર્ષમાં સિંધમાંથી સમયાંતરે કચ્છ આવીને સ્થાયી થયા છે. ચારસો વર્ષ અગાઉ કચ્છમાં જાડેજા વંશનાં સ્થાપક રાઓશ્રી ખેંગારજી પહેલાએ સુવ્યવસ્થિત રાજ્યતંત્ર સ્થાપ્યું. તેમણે નવા શહેરો, ભુજ, માંડવી અને અંજાર વસાવ્યા. રાજતંત્ર વ્યવસ્થિત થતાં કચ્છમાં શાંતિ સ્થપાઇ. નવા શહેરોના વિકાસ માટે તેમણે સિંધ અને ગુજરાતમાંથી લોકોને કચ્છ આવી સ્થાયી થવા પ્રોત્સાહન આપ્યું. તેને કારણે જુદી જુદી જાતિઓનાં મોટા સમુદાય સામૂહિક રીતે કચ્છમાં આવીને સ્થાયી થયા. નવા વિકસતાજતા નગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ધંધા રોજગારની વિપુલ તકો હતી. કચ્છમાંની મુસ્લિમ જાતિઓમાંથી મોટા ભાગની જાતિઓએ કચ્છ આવ્યા પહેલાં જ ઈસ્લામ ધર્મ અપનાવેલ. જ્યારે કેટલીક જાતિઓએ કચ્છ આવ્યા બાદ ધર્માંતર કર્યું. કેટલીક મુસ્લિમ જાતિઓ મારવાડ અને ઉત્તર ભારતમાંથી પણ કચ્છમાં આવી છે. રાઓશ્રી પહેલાંના સમયમાં સવા ચારસો વર્ષ અગાઉ સિંધમાંથી કચ્છ આવેલ જાતિઓમાં સૈયદ, મેમણ, ખોજા, સુમરા, સમા, સોઢા, સમાત્રી, તુર્ક, આરબ, પઠાણ, મોગલ, કુરેશી, ખત્રી, લોહાર, વાઢા, સોનારા, તુરીઆ (વણકર), ઘભગર (ડબગી), ચાકી, કુંભાર, હજામ, લંઘા, પીંજારા, અને મીર આવ્યા. તેજ અરસામાં ગુજરાતમાંથી વોરા, ઘાંચી અને અગરીયા કચ્છ આવ્યા. સિંધમાંથી જે જાતિઓ કચ્છમાં આવેલી છે તે બધી જ કચ્છી બોલે છે. જ્યારે ગુજરાતમાંથી આવેલી જાતિઓ આજે પણ ઘરમાં ગુજરાતી બોલે છે.

કચ્છી મુસ્લિમ જાતિઓમાં સમા, મિંયાણા, બકાલી અને કુંભાર સંખ્યાની દ્રષ્ટિએ અગત્યની છે. કેટલીક મુસ્લિમ જાતિઓમાં પોતાનો વિશિષ્ટ શારીરિક વારસો જાળવી રાખ્યો છે જેમ કે જત, આરબ અને સીદી. કેટલીક જાતિઓ વ્યવસાયને કારણે અસ્તિત્વમાં આવી. દા. ત. ભડાલા, ભડાલાએ કોઇ જાતિ નહોતી પણ કચ્છી મુસ્લિમોની અન્ય જાતિઓ સમા, મિયાણા, પઠાણ વગેરે વહાણવટાના વ્યવસાયમાં પડયા તે સામૂહિક રીતે ભડાલા કહેવાયા.

કચ્છમાં મુસ્લિમોની વસ્તી લગભગ ૧૮ ટકા છે. કચ્છી મુસ્લિમ ધાર્મિક રીતે સહિષ્ણુ છે. ઈસ્લામની પવિત્ર ફરજો નમાઝ, રોઝા, ઝકાત અને હજનું ચૂસ્ત પાલન કરે છે. કચ્છનાં હિંદુ અને મુસ્લિમ વસ્તીનો મોટો ભાગ સિંધમાંથી આવેલ હોઈ, બન્ને વચ્ચે ભાતૃત્વ ઘણું છે. આ ભાતૃભાવ હજુ જળવાઇ રહ્યો છે. કચ્છમાં હિંદુ અને મુસ્લિમોની આ વિશિષ્ટતા છે. આને કારણે બન્ને કોમો વચ્ચે કોમી એખલાસતા અને સુમેળભર્યા સંબંધો છે. ભારતમાં કચ્છ જ એક એવો પ્રદેશ છે કે જ્યાં કોમી ભાઇચારો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. બન્ને કોમો એકબીજાના તહેવારોમાં ઉલ્લાસ અને ઉમંગથી ભાગ લે છે.

કચ્છના મુસ્લિમોને બે વિભાગમાં વહેંચી શકાય (૧) સંપૂર્ણ પરદેશી અથવા ન્યુનાધિક પરદેશી મુસ્લિમો (૨) સ્થાનિક ભારતીયોમાંથી ઈસ્લામ અપનાવી થયેલા મુસ્લિમો.

સંપૂર્ણ પરદેશી અથવા ન્યુનાધિક પરદેશી

(૧) સૈયદ : હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબ (સલ.)ના પુત્રી બીબી ફાતિમા (રદી.) અને જમાઇ અલી (કર્રમ)ના વંશજો સૈયદ છે. તેઓ ભારતમાં મુસ્લિમ શાસકોના સમયમાં અરબસ્તાન, તુર્કસ્તાન અને મધ્ય એશિયામાંથી પીરઝાદા, ઉપદેશકો, સૈનિકો અને સાહસિકો તરીકે મોટી સંખ્યામાં આવ્યા. તેઓ મધ્યમ કદના, મજબૂત બાંધાના પણ એકવડા કોઠાના હોય છે. તેઓ ભરાવદાર દાઢી રાખે છે. ઊંચા ખાનદાનની નિશાનીરૂપે પુરૂષો તેમના નામ આગળ સૈયદ અથવા મીર અથવા નામ પાછળ શાહ ઉમેરે છે. તેજ પ્રમાણે સ્ત્રીઓ તેમના નામ આગળ બેગમ ઉમેરે છે. સૈયદો બીજા ઉચ્ચ મુસ્લિમ ખાનદાનોમાંથી લગ્ન કરે છે પરંતુ તેમની પુત્રીઓ તો સૈયદને જ પરણાવે છે. સૈયદો સત્યવકતા, પ્રમાણિક અને ઠરેલ હોય છે. સૈયદ બધી જાતના વ્યવસાય કરે છે. મઝહબે શિયા અને સુન્ની બન્ને હોય છે. કચ્છમાં શિયા સૈયદ ગણ્યા ગાંઠયા જ છે.

'મિરાતે અહમદી'માં જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં દસ સૈયદ કુટુંબો છે. તે પૈકી ચાર કુટુંબના સૈયદો કચ્છમાં જોવા મળે છે. (૧) બુખારી (૨) કાદરી (૩) શિરાચી અને (૪) મટારી.

બુખારી સૈયદ : તેઓ મધ્ય એશિયામાંથી સિંધમાં આવ્યા. સિંધમાં ઉચ્છ ખાતે તેરમી સદીમાં થઇ ગયેલા હઝરત જલાલુદ્દીન સુર્ખ બુખારી (રહ.)ના સાહેબઝાદા હઝરત મખ્દુમ જહાંનીયા જહાંગશ્ત (રહ.)ના વંશજો ૫૩૨ વર્ષ પહેલાં કચ્છ આવ્યા. તેમની વધારે વસ્તી અબડાસા, લખપત અને માંડવી તાલુકામાં છે. કચ્છમાં તેમના ૪૪૨ ઘર છે. તેઓ કચ્છી ભાષા બોલે છે.

બુખારી સૈયદોમાં ઘણા સંત થયા છે. તે પૈકી ત્રણસો વર્ષ અગાઉ થઇ ગયેલા હુસેનશા બુખારી (રહ.) તેમની રોગ મટાડવાની ચમત્કારિક શકિત માટે જાણીતા હતા. એમ કહેવાય છે કે અગાઉ જ્યારે ગામમાં શીતળા, મરકી, કોલેરા જેવા રોગનો ઉપદ્રવ થતો ત્યારે તેઓ ગામને ફરતે ચક્કર લગાવીને દુવા માંગતા અને ગામમાંથી રોગચાળો નાબૂદ થઇ જતો. તેમની દરગાહ સલાયા (માંડવી)માં છે.

બીજા એક સંત અબ્દુલ ગફુર શાહ (રહ.)ની દરગાહ અબડાસામાં વાયોર પાસે ચરોપડી ગામે છે. તેઓ લાંઘાપીર તરીકે ઓળખાય છે. બસ્સો વર્ષ અગાઉ થઇ ગયેલા આ સંત પણ ચમત્કારિક શકિતઓ ધરાવતા હતા.

અત્યારનાં મુફિત-એ-કચ્છ સૈયદ હાજી અહમદશાપીર હાજી મિંયા સાહેબ બુખારી પણ મુસ્લિમ શાસ્ત્રોના જ્ઞાતા અને અરબી તેમજ ફારસીના સમર્થ વિદ્વાન છે. તેમણે ધાર્મિક શિક્ષણ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી સાથે સંબંધિત ધોરાજીનાં મુફિત મર્હુમ હાજી અહમદમિંયા સાહેબ પાસેથી લીધેલું છે. તેઓ ખૂબ જ પ્રભાવશાળી વ્યકિતત્વ ધરાવે છે. તેઓ સ્વભાવે સરળ, વિવેકી, પરગજુ અને આતિથ્ય ભાવનાવાળા છે. તેમની રહેણી કરણીમાં પણ અત્યંત સાદાઇ છે. તેઓનો નિવાસ મોટા સલાયા (માંડવી) ખાતે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે મુંદ્રાના સંત સૈયદ શાહ મુરાદ બુખારી (રહ.) કચ્છમાં બુખારી સૈયદોથી અલગ રીતે બુખારાથી સીધા કચ્છ આવેલા.

કાદરી સૈયદ : કાદરી સૈયદો પણ સિંધમાંથી કચ્છ આવેલા છે. મેમણોને ઈસ્લામમાં લાવનાર સિંધના હઝરત સૈયદ યુસુફુદીન કાદરી (રહ.)ના વંશજો પીરઝાદા તરીકે

મુંદ્રા આવેલા. તેમના એક વંશજ પીર બુઝર્ગઅલીએ સવાસો વર્ષ પહેલાં ઇ.સ. ૧૮૭૩માં 'નુઝહતુલ અખબાર' નામનું ઉર્દૂ પુસ્તક સૈયદ અમીરૂદીન નુઝહત પાસે લખાવેલું. આ પુસ્તકમાંથી મેમણોનો આધારભૂત ઇતિહાસ મળે છે.

હઝરત મોહમ્મદ પનાહ (રહ.) બગદાદ શરીફથી ઇ.સ. ૧૭૬૧માં દિલ્હી થઇને કચ્છ આવ્યા. તેઓ ઇસ્લામના પ્રચારક તરીકે આવેલા. તેમની દુઆથી તે સમયનાં નિઃસંતાન રાજવી મહારાઓ ગોડજીને સંતાન પ્રાપ્તિ થઇ, આથી મહારાવે ભુજના મહાદેવ ગેઇટ પાસે એક ભવ્ય અને સુંદર મસ્જિદ બનાવી આપી જે આજે મહમ્મદ પનાહની મસ્જિદ તરીકે ઓળખાય છે. મસ્જિદના નિભાવ માટે મહારાવે બે ગામ પણ આપ્યા. હઝરત મોહમ્મદ પનાહ એક કુશળ રાજનીતિજ્ઞ, અનેક ભાષાઓના વિદ્વાન અને અચ્છા સાહિત્યકાર હતા. તમણે અરબી અને ફારસીમાં સાહિત્યકૃતિઓ રચેલી. તેઓ સારા લહિયા પણ હતા. મરોડદાર અક્ષરોથી હસ્તલિખિત ગ્રંથો લખતા. તેમના વંશજો ભુજમાં રહે છે.

શિરાઝી સૈયદ : શિરાઝી સૈયદ પણ સિંધમાંથી કચ્છ આવ્યા. તેમના મોટાભાગના કુટુંબો અબડાસાના નરેડી, મોથાળા અને નલિયામાં રહે છે, તેમના કચ્છમાં લગભગ ૬૦ થી ૬૫ ઘર છે. નરેડી ખાતે જેમની દરગાહ આવેલી છે તે સૈયદ કાયમશાહ શિરાઝી (રહ.) લગભગ ૨૦૦ વર્ષ અગાઉ થઇ ગયા. તેઓ પણ ચમત્કારિક શકિતઓ ધરાવતા.

મટારી : કચ્છમાં તેઓ સિંધના મટારા ગામેથી આવ્યા. હાલમાં કચ્છમાં તેમનાં લગભગ ૧૦૦ ઘર છે. તેઓ કચ્છી બોલે છે.

આ ઉપરાંત અબડાસાના સાંધાણ, હાલાપર તેમજ અંજાર અને માંડવીમાં ભીખુ અથવા ભુખરી સૈયદો રહે છે. તેઓની વસ્તી જુજ છે. કચ્છમાં તેમનાં લગભગ ૧૦ થી ૧૨ ઘર છે.

(૨) શેખ : 'શેખ'નો અર્થ થાય છે 'વડીલ'. આમ તો તે સન્માનસૂચક શબ્દ હોવાથી પરદેશી મુસ્લિમો તથા નવ મુસ્લિમો માટે એક સરખી રીતે વપરાય છે. ચુસ્ત અર્થમાં કુરૈશ ખાનદાનની ત્રણ શાખાઓ (૧) સીદીકી (૨) ફારૂકી અને (૩) અબ્બાસી માટેનો ખાસ લકબ છે. હઝરત પેગમ્બર સાહેબ (સલ.) કુરૈશ ખાનદાનના હતા.

કુરૈશ ખાનદાનના હોય અને 'શેખ' લકબ લગાડતા હોય તેવા કુટુંબો કચ્છમાં બહુ જ ઓછા છે. પરંતુ નવ મુસ્લિમો સન્માનસૂચક શબ્દ તરીકે 'શેખ' લગાડતા હોય તેવા શેખ કચ્છમાં ઘણાં છે. કચ્છમાં શેખની વસ્તી ભુજ તાલુકામાં સુમરાસર અને કન્યાબે ગામમાં છે. તેઓ ઘરમાં કચ્છી બોલે છે. કચ્છમાં તેમની વસ્તી અંદાજે એકથી દોઢ હજારની છે. તેઓ સુન્ની મુસ્લિમ છે.

કુરૈશ ખાનદાનના શેખમાં પુરૂષો પોતાના નામ આગળ 'શેખ' અથવા મોહમ્મદ અને સ્ત્રીઓ પોતાના નામ પાછળ 'બીબી' લગાડે છે.

(૩) આરબ : આરબોનું અરબસ્તાન, પર્સીયન ગલ્ફના દેશો અને ખાસકરીને મસ્કતમાંથી કચ્છમાં આગમન ઇસ્વીસનના સાતમા સૈકાથી ઓગણીસમી સદીના અંત સુધી ચાલુ રહ્યું હતું. વહાણવટી, વેપારી અને સૈનિકો તરીકે તેમની કચ્છમાં અવરજવર હતી. ખાસ કરીને મોગલાઇના અસ્ત સમયે કેન્દ્રીય સત્તા નબળી પડતાં જે અરાજકતા ફેલાઇ તેને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છનાં અનેક નાના મોટા રજવાડાને સૈનિકો, અંગરક્ષકોની જરૂર ઊભી થઇ તેથી આરબો એ અરસામાં કચ્છ-સૌરાષ્ટ્રમાં સૈનિકનો વ્યવસાય કરવા વિશેષ આવ્યા અને અહીં જ સ્થાયી થઇ ગયા. કચ્છ રાજ્યમાં પણ આરબ બેરખો (ટુકડીઓ) હતી. તે ઉપરાંત રાજ્યની મહત્ત્વની વ્યકિતઓ પણ પોતાના અંગરક્ષક તરીકે આરબ બેરખ રાખતા, આરબો ખુબ જ વફાદાર હતા, આરબ બેરખના નાયક જમાદાર કહેવાતા.

રાજાશાહીના જમાનામાં આરબો પોતાનો પરંપરાગત પોશાક પહેરતા. હવે અન્ય મુસ્લિમોની જેમ આધુનિક પહેરવેશ પહેરે છે. સ્થાનિક લોકોમાં ચાઉસ નામે ઓળખાતા ઘણા વર્ષોનાં અહીંના વસવાટને કારણે તેમના આગવા રીતરિવાજ, ખાનપાન, રહેણીકરણી, શારીરિક વિશિષ્ટતા મહદઅંશે લુપ્ત થઇ ગયા છે. છતાં કોઇ કોઇ રિવાજનું હજુ તેઓ પાલન કરે છે. રાજાશાહીમાં કયારેક કયારેક તેઓ સવારીમાં જમૈયા નાચ કરતા.

કચ્છમાં આરબોની વસ્તી લગભગ ૭૦૦ થી ૮૦૦ની છે. વધારે વસ્તી ભુજમાં છે. ભુજમાં સેજવાલા માતમ વિસ્તારમાં મોટી સંખ્યામાં રહે છે. આ સિવાય માંડવી, મુન્દ્રા, ભચાઉ, નખત્રાણામાં પણ તેમની વસ્તી છે. મધ્યપૂર્વના જે વિસ્તારોમાંથી તેઓ આવ્યા છે, તે વિસ્તારો પરથી તેમની અટકો પડી છે. જેમકે લાહેજ શહેરના લાહેજી, જેહાદના જેહાદી, યમનના યેમની, આ ઉપરાંત કસીરી અને ઇમાની અટક પણ છે.

આરબો ચુસ્ત સુન્ની મુસ્લિમ છે. તેઓ ઘરમાં કચ્છી અને ગુજરાતી મિશ્રિત હિંદી બોલે છે. શહેરોમાં વસતા હોવાથી શિક્ષણનું પ્રમાણ પણ સારૂં છે. તેઓ મંગવાણા પાસે આવેલા હઝરત ઇસ્માઇલશા પીરમાં ખુબ શ્રદ્ધા ધરાવે છે અને ત્યાં બાળકોનાં બાળમોવાળા ઉતારવા જાય છે. આ ઉપરાંત ભુજમાં આવેલ હઝરત મુરાદશા પીરને પણ માને છે.

કચ્છના આરબોમાં ભુજનાં મર્હુમ હસન બિન મહમ્મદ લાહેજી (૧૯૦૦ થી ૧૯૫૨)નું નામ જાણીતું છે. તેમની ૨૦ વર્ષ સુધી ભુજની ભીડમાં આવેલ તે સમયની મોહમેડન સ્કૂલ (હાલની સરકારી શાળા નં. ૩)ના હેડમાસ્તર હતા. તેઓ અરબી, ફારસી અને ઉર્દૂના વિદ્વાન હતા. તેમણે ગુજરાતી-અરબી-પર્સીયન શબ્દકોષની રચના કરેલી. પણ તેમના અણધાર્યા અવસાનને કારણે આ શબ્દકોષ પ્રગટ થઇ શકયો નહીં. આ શબ્દકોષની હસ્તપ્રત તેમના વારસો પાસે છે.

(૪) મુગલ : મુગલના બે વર્ગ છે, ઇરાની અને ચુઘડા અથવા હિંદી મુગલ. મુગલ પુરૂષો પોતાના નામની આગળ મીરઝા અને નામ પાછળ 'બેગ' લગાડે છે. જેમ કે મીરઝા મહમદબેગ. સ્ત્રીઓ પોતાના નામ પાછળ 'ખાનમ' ઉમેરે છે. હિંદી મુગલો વિજેતાઓના વંશજ છે. તેઓ ચંગીઝખાન, તૈમુર અને બાબરનાં ખાનદાનના છે. હિન્દી મુગલો સુન્ની મુસ્લિમ છે.

મુગલ કચ્છમાં બહુ જ ઓછા છે. વિશેષ પ્રમાણમાં તેઓ ભુજમાં રહે છે. રાજાશાહીના વખતમાં સૈનિકો તરીકે આવેલા. હાલમાં અન્ય વ્યવસાયમાં તથા નોકરીઓમાં છે ઘરમાં કચ્છી તેમજ કચ્છી ગુજરાતી મિશ્રિત બોલે છે.

(૫) પઠાણ : પઠાણ મૂળ અફઘાનિસ્તાનના છે. પઠાણ શબ્દનો અર્થ 'ડુંગરાળ પ્રદેશના રહેવાસી' થાય છે. પુરૂષો પોતાના નામની પાછળ 'ખાન' અને સ્ત્રીઓ પોતાના નામની પાછળ 'ખાતુન' ઉમેરે છે. ગુજરાતના સુલતાનો તથા દિલ્હીના મુગલ બાદશાહોના સમયમાં પઠાણો કચ્છમાં સૈનિક અને હાથીઓના મહાવતોની નોકરી કરવા આવેલા. કેટલાક પઠાણ કુટુંબો સિંધમાંથી પણ આવેલા.

કચ્છમાં પઠાણો મુખ્યત્વે ભુજ, માંડવી અને અંજાર જેવા શહેરોમાં રહે છે. છૂટા છવાયા કયાંક કયાંક ગ્રામ્ય વિસ્તારોમાં પણ રહે છે. ભુજમાં લગભગ દોઢસો કુટુંબો રહે છે. શહેરી વિસ્તારમાં રહેતા હોવા છતાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ધર્મે સુન્ની મુસ્લિમ છે. વ્યવસાયમાં નોકરીઓ તથા સ્વરોજગારવાળા ધંધા કરે છે. ઘરમાં કચ્છી તથા કચ્છી ગુજરાતી મિશ્રિત હિંદી બોલે છે.

(૬) તુર્ક : તુર્કી ભાષામાં તુર્કનો અર્થ સુંદર, ખૂબસુરત એવો થાય છે. તુર્કસ્તાનની તુર્ક પ્રજા સૌંદર્યવાન હતી તેથી તે પ્રજા માટે તુર્ક શબ્દ વપરાયો. સૈયદ શાહ મુરાદ બુખારી પીર (રહ.) જ્યારે પોણા ચારસો વર્ષ અગાઉ બુખારા છોડી દરવેશ બની કચ્છ આવ્યા ત્યારે તેમની સાથે બે તુર્ક સરદારો તોગાન બિન જલાલ અને અબ્દુલ્લાહ બિન જલાલ પણ આવેલા. કચ્છનાં તુર્ક આ બે તુર્ક સરદાર તોગાન અને અબ્દુલ્લાહના વંશ જ છે. સૈયદ શાહ મુરાદ બુખારી (રહ.)એ મુંદ્રામાં વસવાટ કર્યો. તે સમયે મુંદ્રાનું નામ ડુમરા હતું પણ બુખારી પીરે તેને 'મુન્નહરા' એટલે કે સારી નહેર (ખાડી) પર આવેલું શહેર એવું નામ પાડયું. જેમાંથી અપભ્રંશ થઇને મુનરા અને પછી મુંદ્રા થયું. મુંદ્રાથી દોઢ માઇલ દૂર દરિયાકાંઠે તુર્ક સરદારોએ વસવાટ કર્યો. તે જગ્યાએ દરિયાની ભરતીનાં પાણી આવતાં તેથી તેમણે તે સ્થળનું નામ 'દર આબ' એટલે કે પાણીની અંદરનું સ્થળ, પાડયું. 'દર-આબ'નું દરબ થયું અને દરબનું કચ્છી અપભ્રંશ ધ્રબ થયું. બુખારી પીરના આશીર્વાદથી તે જગ્યાએ મીઠું પાણી નીકળ્યું અને તુર્કોની ખેતીવાડી આબાદ થઇ. તે વખતનાં રાજવી રાયધણ પ્રથમે (ઇ. સ. ૧૬૨૨) તુર્ક સરદારોની કચ્છની દરિયાઇ સીમાની ચોકી કરવાનું કામ સોંપેલું. કચ્છ રાજ્ય રહ્યું ત્યાં સુધી દરિયાની વોટર પોલીસનું કામ આ તુર્ક સરદારોના વારસદારો પાસે જ હતું. કચ્છમાં તુર્કોની વસ્તી વિશેષ ધ્રબમાં જ છે. તેમનો મુખ્ય વ્યવસાય ખારેકની બાગબાનીનો છે. ખેતીવાડી પણ સારી છે. તેઓ સુન્ની મુસ્લિમ છે. ઘરમાં કચ્છી ભાષા બોલે છે. દરિયાઇ ચોકીનું કામ તુર્કોને કચ્છ રાજ્યે સોંપેલું તેથી દરિયાકાંઠાના બંદરો તુણા, મુંદ્રા, માંડવી, જખૌ, નવીનાળ અને લખપતમાં તુર્કોની વસ્તી છે. કેટલાક તુર્ક પરિવારો આફ્રિકા અને ઇંગ્લેંડમાં પણ છે.

(૭) બલોચ : બલુચિસ્તાનના મૂળ રહેવાસીઓ બલોચ છે. કચ્છમાં પઠાણોની સાથે જ આવ્યા. કચ્છમાં તેઓ પઠાણોની ઉપજાતિ હોય તેમજ રહે છે. સંખ્યાની દ્રષ્ટિએ કચ્છમાં ઓછી વસ્તી છે. શહેરી વિસ્તારોમાં રહે છે. ઘરમાં કચ્છી અને કચ્છી મિશ્રિત ગુજરાતી જેવી હિંદી બોલે છે. કચ્છમાં સૈનિકો તરીકે આવેલા ભુજ તાલુકામાં ધોસા મકનપર અને કુનરીયામાં તેમની વસ્તી છે. આ ગામોમાં તેમના ૫૦ જેટલા ઘર છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેતી કરે છે. શહેરી વિસ્તારોમાં સ્વરોજગારીના ધંધા અને નોકરી કરે છે.

(૮) સીદી : મૂળ આફ્રિકાના હબસીઓ છે. તે નીગ્રો વંશની જાતિ છે. સીદીનો અર્થ 'માલિક' થાય છે. ગુજરાતના સુલતાનો અને દિલ્હીના મુસ્લિમ

શાસકોનાં સમયમાં નોકરો અને સૈનિકો તરીકે આવેલા. કચ્છમાં ભુજમાં તેમની સારી વસ્તી છે. આ વિશેષાંકમાં સીદીઓ પર ખાસ લેખ હોઇ અત્રે વધુ વિગત નથી આપી.

(૯) કાબુલી : કાબુલીએ અફઘાનિસ્તાનનાં કાબુલ શહેરથી આવેલા વેપારી વર્ગનાં અફઘાન છે. કચ્છમાં તેમના થોડા કુટુંબો છે. જૂના સમયમાં તેઓ ઘોડા, દેંટાં અને ફળોના વેપારી હતા તથા નાણાની ધીરધાર કરનારા શ્રોફ હતાં. કાબુલથી અહીં આવી સ્થાનિક મુસ્લિમોમાં લગ્ન કરીને અહીં સ્થાયી થતા. નવા આવનારા શરૂઆતમાં 'પુસ્તુ' બોલતા પછી સ્થાનિક ભાષા શીખી જતા હવે તે બોલે છે.

સ્થાનિક ભારતીયોમાંથી મુસ્લિમ બનેલા

(A) ધાર્મિક વર્ગ

(૧) નકશબંદી : નકશબંદી એટલે નકશ (નિશાની) બનાવનારા. તેઓ ખ્વાજા બહાઉદીન નકશબંદ નામના પીરનાં અનુયાયી છે. જૂના સમયમાં લગભગ સો વર્ષ અગાઉ તેઓ પીત્તળની જાડી વાટવાળો ખુલ્લો બળતો દીવો લઇને તેમના પીરની તારીફ ગાતા નીકળતા. શેરીઓનાં નાના બાળકોને તેઓ ગમતા. છોકરાઓ તેમને પૈસા આપતા. તેના બદલામાં તેઓ દીવાના તેલથી છોકરાઓનાં કપાળમાં નિશાની (નકશ) કરતા. તેથી તેઓ નકશબંદી કહેવાયા. મઝહબે તેઓ સુન્ની મુસ્લિમ છે. તેઓની જમાત હોતી નથી. છૂટાછવાયા એકલ દોકલ કુટુંબોમાં રહે છે. કચ્છમાં પણ તેમના કેટલાક કુટુંબો છે. આર્થિક રીતે સુખી હોય છે. તેમાના ઘણા મૌલવીનું કામ કરે છે.

(૨) રફાઇ : રફાઇનો અર્થ શરીફ એટલે કે ઉચ્ચ થાય છે. તેઓ હઝરત સૈયદ અહમદ કબીર (રહ.)ના અનુયાયીઓ છે. તેઓ ફકીર છે. અગાઉના વખતમાં હાથમાં લોખંડનો તીક્ષ્ણ અણીવાળો નાની નાની લોઢાની સાંકળીઓ વાળો 'ગુર્ઝ' ખખડાવતા અલ્લાહને નામે ભિક્ષા માંગતા. તેઓ સુન્ની મુસ્લિમ છે. તેમના કચ્છમાં છૂટાછવાયા કુટુંબો રહે છે. હવે તેઓ અન્ય વ્યવસાય, ધંધા કે નોકરી કરે છે.

(૩) હુસેની બ્રાહ્મણો : હુસેની બ્રાહ્મણો હિંદુ બ્રાહ્મણોનો એક વર્ગ છે. તેઓ હઝરત ઇમામ હુસેન (રદી)ના નામે ભિક્ષા માંગતા હોવાથી હુસેની બ્રાહ્મણ કહેવાયા છે. તેઓએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો નથી પરંતુ ઇસ્લામના જે સિદ્ધાંતો હિંદુ ધર્મને મળતા આવે છે, તેનું તેઓ પાલન કરે છે. કચ્છમાં પણ હુસેની બ્રાહ્મણો હતા પરંતુ હવે તેઓ પોતાની મૂળ બ્રાહ્મણ જ્ઞાતિમાં આવી ગયા છે. છતાં અત્યારે પણ કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં તેમના કુટુંબો હજુ હુસેની બ્રાહ્મણથી ઓળખાય છે.

(B) વ્યાપારી વર્ગ

વ્યાપારી વર્ગમાં કચ્છમાં ત્રણ મુસ્લિમ જાતિ છે. વોરા, ખોજા અને મેમણ. આ વિશેષાંકમાં આ ત્રણ જ્ઞાતિઓ પર અલગ લેખ આપેલ હોઇ, અત્રે તેની ચર્ચા કરી નથી.

(C) રાજવંશી અને કિસાન વર્ગ

(૧) સમા : સિંધમાં યદુવંશી રાજવી નરપતના પુત્ર સામપતના નામ પરથી તે રાજવંશ સમા વંશ કહેવાયો. આ વંશના રાજપુતો આશરે આઠસોથી એક હજાર વર્ષ પૂર્વે અલગ અલગ સમયે ઇસ્લામથી પ્રભાવિત થઇને મુસ્લિમ બન્યા. તેમના વંશજોની જાતિઓ સામૂહિક રીતે સમા મુસ્લિમ તરીકે ઓળખાય છે. મોટા ભાગનાં સમા રાજપુતોએ તેઓ સિંધમાં હતા ત્યારે જ ઇસ્લામ સ્વીકારેલો. જ્યારે કેટલાક સમાઓએ કચ્છ આવ્યા બાદ ઇસ્લામ અપનાવ્યો. બારમી સદીમાં સિંધમાં થઇ ગયેલા ઉપદેશક સૈયદ પીર બહાઉદીન (રહ.)ના પ્રભાવથી ઘણા સમાવંશી રાજપુતોએ મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો. સમા મુસ્લિમ જાતિઓનું સિંધમાંથી કચ્છમાં સ્થળાંતર છેલ્લા એક હજાર વર્ષના ગાળામાં સમયાંતરે થયું છે. વધારે જથ્થામાં સ્થળાંતર રાઓશ્રી ખેંગારજી પહેલાંના સમયમાં થયું.

જામ લાખા ધુરારાના વંશમાં આગળ જતાં અને રાજકુંવરોએ ધર્મ પરિવર્તન કરેલું. જે તે રાજકુંવરના નામ પરથી તેના વંશજો તે જાતિનાં મુસ્લિમો કહેવાયા. જેમકે ફુલનાં ફુલ, થેબાનાં થેબા, નોતિયારનાં નોતિયાર, મંધરાના મંધરા, સમાના સમેજા, જુણાનાં જુણેજા, હિંગોરજાના હિંગોરા, રાયમાના રાયમા, હિંગલનાં હિંગોરજી ઇત્યાદી.

સમા મુસ્લિમો આખા કચ્છમાં સર્વત્ર છે. છતાં પણ અબડાસા, લખપત, માંડવી અને ભુજ તાલુકાઓમાં તેમની વસ્તી વિશેષ છે. બધા સમા મુસ્લિમ કચ્છી ભાષા બોલે છે. મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને પશુપાલન છે. બધા સુન્ની મુસ્લિમ છે. જમાદાર ફતેહ મહમ્મદ નોતિયાર, જમાદાર ડોસલ વેણ અને સોતા મહમ્મદ મિંયા સમા હતા. સમાઓમાં આજે પણ શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જે સમાઓ વહાણવટા અને ખલાસીનાં ધંધામાં પડયા તે ભડાલા કહેવાયા.

(૧) નોતિયાર : સિંધમાં નગરસમાના જામ ઉન્નડનાં પ્રપૌત્ર જામ રાયધણનાં આઠમા પુત્ર નોતિયારે મુસ્લિમ ધર્મ અંગિકાર કર્યો. તેના વંશજો નોતિયાર કહેવાયા. કચ્છમાં સર્વત્ર છે. જમાદાર ફત્તેહમહમ્મદ નોતિયારના વંશના હતા.

(૨) મંધરા : નોતિયારના પિતા જામ રાયધણની મંધરી નામની રાણીના ત્રણ પુત્રોના નામ મંધરા હતાં મોટો મંધરો, વચેટ મંધરો અને નાનો મંધરો. આ ત્રણેય ભાઇઓએ ઇસ્લામ અંગીકાર કરતા, તેમના વંશજો મંધરા કહેવાયા. તેમની વધુ વસ્તી અબડાસામાં છે.

(૩) હિંગોરા : નોતિયારનાં ભત્રીજા જામ સાંધ ભડનાં પુત્ર હાલાને કંઇ સંતાન નહોતું તેથી તેણે હિંગલાજ માતાની ઉપાસના કરી પરિણામે તેને પુત્ર પ્રાપ્ત થયો તેનું નામ હિંગોરજી પાડયું. હિંગોરજી મહાપરાક્રમી હતા. હાલાને હિંગોરજી પછી બીજા છ પુત્રો થયા. હાલાના આ સાતેય પુત્રોએ મુસ્લિમ ધર્મ અપનાવ્યો. હિંગોરાજીના વંશજો હિંગોરા કહેવાયા. હિંગોરાની વધુ વસ્તી અબડાસામાં છે. અબડાસાના કોઠારા અને વિંઝાણની આસપાસના ગામો ધનાવાડા, ખીરસરામાં રહે છે.

(૪) રાયમા : જામ સાંધ ભડનાં વંશમાં આગળ જતાં એક રાયમા નામના કુંવરે ધર્મ પરિવર્તન કર્યું. તેનાં વંશજો રાયમા કહેવાયા. કચ્છમાં રાયમા મુસ્લિમોની વસ્તી માંડવી, લખપત અને અંજાર તાલુકાઓમાં છે.

(૫) કેર : સિંધનાં લાખા ધુરારાનાં પુત્રો મોડ અને મનાઇ કચ્છમાં આવ્યા. તેમણે તેમના ભાઇ ઉન્નડ અને મામા વાઘમ ચાવડાની હત્યા કરેલી. તેથી એ પાપ-કેર ધોવા માટે દાનપુણ્ય કરવા માટે નવા કચ્છ રાજ્યનો એક ભાગ રાખેલ તે 'કેર' ભાગ મનાઇએ બધું પાપ પોતાના પર લઇને પોતે રાખી લીધો તેથી મનાઇના વંશજો 'કેર' તરીકે ઓળખાયા. 'કેર' લોકો ઇસ્લામમાં આવતા તેઓ 'કેર' મુસ્લિમો કહેવાયા. તેમની વધુ વસ્તી લખપત તાલુકામાં છે.

સમા મુસ્લિમોની પેટા જાતિઓ પરિશિષ્ટ ૧માં આપેલી છે.

પરિશિષ્ટ-૧

સમા મુસ્લિમ જાતિઓની પેટા જાતિઓ

(૧) સાંધ સમા	(૧૦) નોતિયાર	(૧૯) વેરા	(૨૮) ઘલ
(૨) વેરેઆ	(૧૧) નાઇ	(૨૦) હાલેપોત્રા	(૨૯) બુટા
(૩) ઉઢેજા	(૧૨) મંધરા	(૨૧) રાયમા	(૩૦) બટાચ
(૪) જેહેજા	(૧૩) બુઢા	(૨૨) હીંગોરજી	(૩૧) હાલા
(૫) ફુલ	(૧૪) થુડીયા	(૨૩) સબડા	(૩૨) વેણ
(૬) જખરા	(૧૫) સમેજા	(૨૪) મોડ	(૩૩) નોડે
(૭) થેબા	(૧૬) હીંગોરા	(૨૫) ઉન્નડ	(૩૪) કેર
(૮) પલેજા (પલી)	(૧૭) હોથી	(૨૬) કાતીયાર	(૩૫) નારેજા
(૯) ચનેસર	(૧૮) જુણેજા	(૨૭) સમડ	(૩૬) કોરેજા

(૨) સુમરા : કચ્છમાં સુમરાઓ સિંધમાંથી સમા મુસ્લિમોની સાથે સાથે જ આવ્યા તેઓની પોતાની માન્યતા અનુસાર તેઓ તેમને આરબોની તમીમ અને કુરૈશ જાતિનાં અને તમીમ અન્સારીના વંશજો તરીકે ઓળખાવે છે. જ્યારે ઇતિહાસકારોના જણાવ્યા પ્રમાણે તેઓ રાજપુત ઉત્પતિની સિંધી જાતિ છે તેમના કેટલાક અલાઉદીન ખીલજીના સમયમાં મુસ્લિમ થયા. 'મિરાતે સિકંદરી' નામના ઇતિહાસના પુસ્તકમાં જણાવ્યું છે કે, ઇ.સ. ૧૪૭૩માં મહમદ બેગડાએ સિંધ જીતી લીધું ત્યારે તેણે સુમરાઓને મુસ્લિમ બનાવ્યા.

સુમરા લડાયક જાતિ છે. સિંધમાં તેઓ જાગીરદાર હતા ત્યાં તેમના રાજ્ય પણ હતા. ઇતિહાસમાં હમીર સુમરા નામનો સિંધનો રાજવી પ્રસિદ્ધ છે.

કચ્છમાં સુમરાઓનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી છે. કેટલાક સુમરાઓ બકાલી પણ છે. કચ્છમાં સુમરાઓની વસતી ભુજ અને માનકૂવાની આસપાસ તેમજ લખપત તાલુકા અને માંડવી તાલુકામાં છે તેઓ સિંધી બોલે છે અને સુન્ની મુસ્લિમ છે. તેઓ રામપર અબડાવાળી પાસે આવેલ સુમરી ડાડીમાઓમાં પણ શ્રદ્ધા ધરાવે છે.

કરાચીનાં મર્હુમ ગુજરાતી સાહિત્યકાર આદમ હાજી નુરમામદ સુમરા એટલે કે આદમ સુમરો મૂળ કચ્છી સુમરા હતા. તેઓ માંડવી પાસેના બાગ ગામના હતા. બીજા એક કચ્છમાંથી પાકિસ્તાન જઇ વસેલા ગુજરાતી સાહિત્યકાર માસ્તર ઇશાકમિંયા અલારખ્યા સુમરા (માસ્તર હમીરાણી) પણ કચ્છી સુમરા જ્ઞાતિના હતા.

કહેવાય છે કે અલાઉદ્દીન ખીલજીના સિંધ આક્રમણ વખતે કેટલાક સુમરા કુટુંબોએ તેલની ઘાણીઓ ચલાવવાનો એટલે કે ઘાંચીનો વ્યવસાય અપનાવેલો તેઓ ચાકી તરીકે ઓળખાયા. તેઓનો મૂળ વ્યવસાય ઘાંચીનો, ઊંટગાડી ચલાવવાનો અને ઊંટ ઉછેરનો હતો. રાઓશ્રી ખેંગારના સમયમાં તેઓ સિંધમાંથી કચ્છ આવ્યા. ચાકી લોકો

સુન્ની મુસ્લિમ છે અને સિંધી ભાષા બોલે છે. કચ્છના ગ્રામ વિસ્તારોમાં લગભગ દરેક સ્થળે છે.

(૩) સંધાર : કચ્છના સંધાર સિંધમાંથી સમાવંશીય રાજપુતોની સાથે આવ્યા. તેઓ સિંધમાં સમા રાજપુતોના લશ્કરીઓ અને સરદારો હતા. એવું પણ મનાય છે કે તેઓ પ્રાચીન અરબસ્તાનથી સિંધ આવેલા. પક્ષોએ તેમને લાખા ફુલાણીના ભાઈનાં પુત્ર પુંઅરાનાં ત્રાસમાંથી બચાવ્યા. તેઓએ કચ્છ આવ્યા બાદ બસ્સો વર્ષ અગાઉ અબડાસાના મુસ્લિમ સંતોના પ્રભાવથી મુસ્લિમ ધર્મ અપનાવેલ છે. કચ્છમાં હિંદુ સંધાર પણ છે.

કચ્છમાં તેમની વસ્તી અબડાસા તાલુકામાં અને માંડવી તાલુકાના બાડા અને સાભરાઈ ગામોમાં અને નખત્રાણાની આસપાસના સાંયરા વિ. વિસ્તારોમાં છે મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ઘરમાં સિંધી બોલે છે. શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ધર્મે સુન્ની મુસ્લિમ છે. પક્ષમાં શ્રદ્ધા રાખે છે.

(૪) મિંયાણા : મિયાણા સિંધમાંથી કચ્છ આવ્યા. સિંધમાં તેઓ ઘણા સમયથી મુસ્લિમ હતા. તેમની કેટલીક અટકો તેઓ મૂળ રાજપૂત હોવાનો નિર્દેશ આપે છે.

આમ તો આખા કચ્છમાં છે પણ તેઓની વધારે વસ્તી ભુજ તાલુકા અને અંજાર તાલુકાના ધાણેટી અને દુધઈ વિસ્તારમાં છે. તેમના વસવાટને કારણે અગાઉના વખતમાં આ વિસ્તાર મિયાણી તરીકે ઓળખાતો. જૂના સમયમાં તેઓ સૈનિકો તરીકે કામ કરતા. હવે તેઓ ખેતી અને પશુપાલન કરે છે. વહાણવટા અને ખલાસીઓના ધંધામાં પણ છે. મિંયાણા એક બહાદૂર જાતિ છે. કચ્છના ઈતિહાસના અમર પાત્રો છજ્જર બુટો અને ભીંયા કક્કલ મિયાણા હતા. ઝારાના યુદ્ધમાં લડનાર કચ્છી સૈન્યના સરદારો પુના કક્કલ અને ઉમર મોવર પણ મિયાણા હતા. તેઓ કચ્છી બોલે છે. મઝહબે સુન્ની મુસ્લિમ છે. મિયાણાઓમાં બાફણ, ભુકેરા, પડીયાર, સોઢા અને ત્રાયા સહિત ૬૦ અટક છે.

(૫) જત : કચ્છમાં વસતી મુસ્લિમોની આ જાતિ વિશિષ્ટ માલધારી જાતિ છે. તેમના પોતાના મત અનુસાર આ માલધારી જાતિ લગભગ પાંચસો વર્ષ પૂર્વે ઇરાન અને ઇરાક વચ્ચેનાં પ્રદેશ 'હલફ'થી સિંધ થઇ રણ પાર કરીને કચ્છમાં આવી તેમની આ માન્યતાને ઇતિહાસનો આધાર નથી. કારણ કે સિંધમાં છેક બારમી સદીમાં અને તે પહેલાં પણ તેમનો વસવાટ હતો તેવા પ્રમાણ મળ્યા છે. બારમી સદીમાં લખાયેલ ફારસી પુસ્તક 'મઝમાલ ઉત તવારીખ'માં લખ્યું છે કે તે સમયે જત સિંધમાં વસતા હતા ઘણા જૂના સમયમાં કચ્છના અમુક વિસ્તારોમાં તેમનું વર્ચસ્વ હતું. પરંતુ સમાવંશી રાજપૂતોએ કચ્છ આવીને તેમની સાથે લડાઇઓ કરી તેમને ઉત્તર કચ્છમાં ધકેલી દીધા. નૃવંશશાસ્ત્રની દ્રષ્ટિએ જત શુદ્ધ કોકેશાઇ પ્રજા છે. કચ્છમાં આવ્યા બાદ જે જત માલધારી જ રહ્યા તે 'ધાણેટા જત' તરીકે ઓળખાયા જે જત સ્થિર વસવાટ કરી ખેતી કરવા લાગ્યા ને 'ગરાસીયા જત' તરીકે જાણીતા થયા અને જે જત ખુદાની ખિદમત કરી ફકીરી જીવન ગાળવા લાગ્યા તે 'ફકીરાણી જત' તરીકે ઓળખાવા લાગ્યા.

ધાણેટા જત કચ્છમાં બન્ની, અબડાસા અને લખપત તાલુકાઓમાં છે. પશુપાલન તેમનો મુખ્ય વ્યવસાય છે. ગરાસીયા જત અબડાસા, લખપત, નખત્રાણા, ભુજ, મુન્દ્રા તાલુકાઓમાં છે. ફકીરાણી જત સંખ્યામાં સૌથી ઓછા છે તેઓ અબડાસા અને લખપત તાલુકાનાં કાંઠાળ વિસ્તારોમાં રહે છે તેઓ સિંધમાંથી કચ્છમાં ૨૫૦ વર્ષ અગાઉ આવ્યા છે. અસલમાં ફકીરી જીવન ગાળતા. હવે તેઓ વણઝારા જેવું જીવન ગાળે છે. તેમનો મુખ્ય વ્યવસાય ઊંટ ઉછેર અને ઊંટનું વેંચાણ છે.

જત લોકોની સૌથી ધ્યાન ખેંચનારી બાબત તેમની શારીરિક વિશિષ્ટતા છે. તે સૌંદર્યવાન જાતિ છે. પુરૂષો ઊંચા અને કદાવર તેમજ મજબૂત બાંધાના હોય છે. તેઓ લાંબો ચહેરો, લાંબું નાક અને ઘઉંવર્ણ રંગ ધરાવે છે. સ્ત્રીઓ સ્વરૂપવાન, ઊંચી, લાંબા ચહેરા અને તીણા ચપટા નાકવાળી હોય છે. જત સ્ત્રીઓનું ભરતકામ મશહુર છે. જત લોકો સિંધી મિશ્રિત કચ્છી ભાષા બોલે છે. ધર્મે તેઓ સુન્ની મુસ્લિમ છે. તેઓ શકિતમાતાના સ્વરૂપમાં હિંગલાજ અને જીજીમામાં પણ માને છે. ફકીરાણી જત પીર સાવળોને પણ માને છે. જત ઉપર સંશોધન કરીને જર્મન લેખક સીગરીડ વેસ્ટફાલ હેલબુસે જર્મન ભાષામાં 'ઝુર ગેરસીત ઉન્ડ કુલતુર ડેર જત' નામનું પુસ્તક બર્લીન (જર્મની)માંથી પ્રસિદ્ધ કર્યું છે.

(૬) ભડાલા : કચ્છી મુસ્લિમોની ભડાલા જાતિ કુશળ વહાણવટી અને સાહસિક સાગરખેડૂ છે. જૂના સમયમાં જ્યારે આધુનિક દિશાશોધન યંત્રો ન હતા ત્યારે આ કચ્છી નાવિકો પોતાના બજરા, બતેલા, બાણ, જહાજ, કોટિયા વગેરે વહાણોમાં પોતાની કોઠાસૂઝથી જગતભરમાં વહાણવટું ખેડતા. જંગબાર અને મસ્કત તો તેમના ઘરઆંગણા જેવા હતા. મહાસાગરો ઓળંગી છેક ચીન, જાવા-સુમાત્રા, સિંગાપોર, બ્રહ્મદેશ સુધી જતા. ઈંગ્લેન્ડ પહોંચનારૂં પ્રથમ ભારતીય વહાણ કચ્છી નાખુદાઓએ હંકારેલ. કચ્છમાં ભડાલા માંડવી ખાતે રહે છે. આજે પણ વહાણવટું તેમનો મુખ્ય વ્યવસાય છે, મૂળ સિંધમાં વહાણવટું ખેડતા મુસ્લિમ થઈમ જાતિના સાગરખેડૂઓ કચ્છના રાજવીના આમંત્રણને માન આપી કચ્છના કોટેશ્વર બંદરમાં સ્થાયી થયા. કોટેશ્વર અને લખપતથી સિંધના ઘોડાબારી અને કેટી બંદરો વચ્ચે નાના હોડાઓ અને ધંગીમાં અહીંથી ચેરીયાના લાકડા લઇ જતા અને ત્યાંથી રાતા ચોખા અને મગ અહીં લાવતા. કચ્છની બીજી મુસ્લિમ જાતિઓ પણ થઈમ કુટુંબો સાથે વહાણવટાના ધંધામાં આવી. આ બધી જાતિઓ સંયુકત રીતે ભડાલા તરીકે ઓળખાઇ. માંડવી બંદર વિકસ્યું ત્યારે ભડાલા કોટેશ્વરથી માંડવી આવ્યા.

આજથી લગભગ દોઢસો વર્ષ અગાઉ થઇ ગયેલા થઈમ આલીમામદ માલમ મોટા વહાણવટી હતા. એ જમાનામાં તેમની પાસે વીસ વહાણ હતા. જમાતની પટલાઇ તેમના કુટુંબમાં વંશપરંપરાગત હતી. રાજ દરબારમાં પણ તેમનું સારૂં માન હતું. તેઓ આલી પટેલ તરીકે ઓળખાતા. કચ્છ રાજ્યના અંત સુધી જમાતના પટેલ તેમના વંશ-વારસો જ થતા.

કચ્છમાં ભડાલા ફકત સલાયા (માંડવી)માં જ છે. અહીંથી ગયેલા કચ્છી ભડાલા, જામનગર જિલ્લાના ઓખા, જામ સલાયા અને બેડીબંદરમાં વસ્યા છે. માંડવીની રૂકમાવતીનો પુલ ૧૧૨ વર્ષ પહેલાં બંધાતો હતો ત્યારે દરિયાની ભરતીના પાણી અને કાદવવાળી રેતાળ જમીનને કારણે કામ કરવામાં અડચણ ઊભી થતાં ભડાલા લોકોએ પુલની જગ્યા પર વહાણો ખડા કરી દીધા અને વહાણોના કૂવાથંભ અને કપ્પીઓની મદદથી પુલના બાંધકામમાં મદદ કરવા લાગ્યા. તેમની આ કુનેહથી યુરોપિયન એન્જિનીયર કલેલેન્ડ ખૂબ પ્રભાવિત થયો. આ એન્જિનીયરે જ્યારે આફ્રિકામાં મોમ્બાસા બંદરનું કામ હાથ ધર્યું ત્યારે મોમ્બાસા બંદરની ગોદીઓ બાંધવા ખાસ અહીંથી ભડલાઓને કેન્યા તેડાવેલા. આ ભડાલાઓ ત્યાંજ સ્થાયી થઇ ગયા. કેન્યામાં વિકટોરિઆ લેઇકનાં આંતરિક જળમાર્ગોમાં ફરતી નાની સ્ટીમર, લોંચ વગેરેમાં નાખુદાઓ તરીકે અહીંથી ગયેલા ભડાલા કામ કરતા. તાન્ઝાનીયા, યુગાન્ડા અને કેન્યામાં કુલ મળીને ભડાલાની વસતી આશરે છ હજારની છે. એકાદ હજાર જેટલા ભડાલા ઈંગ્લેન્ડમાં સ્થાયી થયા છે. જ્યારે અહીં કચ્છમાં માંડવી ખાતે તેમની વસતી લગભગ પાંચ હજારની છે.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશ રોયલ નેવીને મદદ કરવા બદલ ઘણા ભડાલા મર્દોનું સન્માન અંગ્રેજ સરદાર તથા કચ્છ રાજ્યે કરેલું છે.

ભડાલા કચ્છી બોલે છે અને મઝહબે સુન્ની મુસ્લિમ છે. તેઓ મુંદ્રાના સૈયદ શાહ મુરાદ બુખારી પીર (રહ.) અને હાજીપીર (રહ.)માં આસ્થા ધરાવે છે.

પરિશિષ્ટ-૨

ભડાલા મુસ્લિમ જાતિની પેટા જાતિઓ

(૧) થઈમ	(૧૦) સચ	(૨૦) સીરૂ	(૨૯) પાંજરા
(૨) જુણેજા	(૧૧) ફતવાણી	(૨૧) કુનડીયા	(૩૦) રૂકનાણી
(૩) જાફરાણી	(૧૨) સોઢા	(૨૨) પઠાણ	(૩૧) બવાર
(૪) માડવાણી	(૧૩) ભોલીમ	(૨૩) સમેજા	(૩૨) સાંગાણી
(૫) જુસવાણી	(૧૪) જુમાણી	(૨૪) ચૌહાણ	(૩૩) ખેડદીઆ
(૬) નાકરાણી	(૧૫) કોરેજા	(૨૫) રાઠોડ	(૩૪) ચના
(૭) કારાણી	(૧૬) કઢેજા	(૨૬) રૂમી	(૩૫) સાંયાણી
(૮) જાડેજા	(૧૭) ભટ્ટી	(૨૭) તુર્ક	(૩૬) સધી
(૯) ગોહેલ	(૧૮) ભુંઢા	(૨૮) પલીજા	(૩૭) મણીયાર
	(૧૯) જાફરાબાદી		

ભડાલા જ્ઞાતિના દાનવીર શેઠ હાજી હસન નુર મોહમ્મદ જુણેજા પરિવારે સાંઇઠ લાખ રૂપિયાનાં ખર્ચે એક પૂર્ણ કક્ષાની અદ્યતન સાર્વજનિક હોસ્પિટલ બાંધીને માંડવીની જનતાને અર્પણ કરી છે. આ હાજી હસન હોસ્પિટલનાં ચેરમેન હાજી ઈસ્માઇલ હાજી હસનના જણાવ્યા મુજબ તેમના માતુશ્રી હાજીયાણી ખતીજાબાઇની પ્રેરણાથી હાજી હસન અને તેમના પરિવારે આ હોસ્પિટલ બનાવી છે. મુસ્લિમ પરિવાર દ્વારા બનાવાયેલ આવી પૂર્ણ કક્ષાની હોસ્પિટલ ગુજરાતમાં આ એક જ છે. ૬૦ પથારીઓવાળી આ હોસ્પિટલમાં નાતજાતના ભેદભાવ વગર રાહતભાવે સારવાર મળે છે. દર વર્ષે લગભગ વીસ હજાર દર્દીઓ આ હોસ્પિટલનો લાભ લે છે અને ૨૫૦ થી ૩૦૦ આપરેશન આ હોસ્પિટલમાં દર વર્ષે થાય છે.

માંડવીનાં મુફિત-એ-કચ્છ સૈયદ હાજી અહમદશાહની પ્રેરણાથી આજ જ્ઞાતિનાં હાજી હારૂન ચેરિટેબલ ટ્રસ્ટે-તયબાહ મેડિકલ ટ્રસ્ટ દ્વારા માંડવીમાં તયબાહ સાર્વજનિક હોસ્પિટલ, પ્રસુતિગૃહ અને લેબોરેટરી જનતાને સમર્પિત કરેલ છે.

ભડાલા મુસ્લિમોની પેટા જાતિઓ પરિશિષ્ટ ૨માં આપેલી છે.

(૭) **વાઘેર :** કચ્છ અને સૌરાષ્ટ્રના સાગર કાંઠે વસતા વાઘેર સમાવંશના કુંવર માણેકનાં વંશજો હોવાનું મનાય છે. આ વાઘેરોમાંથી કેટલાક વાઘેરોએ મધ્યયુગમાં ઈસ્લામ અપનાવ્યો. મુસ્લિમ વાઘેરો કચ્છમાં સમુદ્ર કાંઠાના ગામો માંડવી, ગુંદીયાળી, ઝરપરા, મુંદ્રા, લુણી અને ભદ્રેશ્વરમાં વસે છે. તેઓ સુન્ની મુસ્લિમ છે. તેઓ હિંદુ વાઘેરથી અલગ મુસ્લિમ જાતિ છે.

(૮) **અગરીયા :** મૂળ ઉત્તર ભારતના આગ્રાના રાઠોડ રાજપૂતો હતા. ધર્મ પરિવર્તન કરી ઈસ્લામમાં આવ્યા. મહમદ બેગડાના સમયમાં રાઓશ્રી ખેંગારજી પ્રથમનાં સમયમાં ચારસો વર્ષ અગાઉ કચ્છમાં આવ્યા. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે. ખેતીવાડી તેમનો મુખ્ય વ્યવસાય છે. ધર્મે સુન્ની મુસ્લિમ છે. કચ્છમાં મથડા, ભુવડ, ખોખરા, વલાડીયા અને માંડવીમાં વધારે વસતી છે.

(૯) **બકાલી :** કચ્છમાં સંખ્યાની દ્રષ્ટિએ ઉલ્લેખનીય એવી બકાલી મુસ્લિમ જાતિ જૂના વખતમાં માલી, શાકભાજી વાવનાર અને વેચનાર હતા. કચ્છમાં સિંધમાંથી આવ્યા છે. શાકભાજી અને માલીનો ધંધો હોવાથી તેઓ ખેતી સાથે સંકળાયેલા હતા. ભડાલાની જેમ બકાલી જાતિ પણ વ્યવસાયથી બની છે. અન્ય મુસ્લિમ જાતિઓ સોઢા, ભટ્ટી, સમા, સુમરા વગેરે આ ધંધામાં આવ્યા અને બકાલી કહેવાયા. કચ્છમાં તેમની આશરે દસ હજારની વસતી હશે. વધારે વસતી ભુજ, માંડવી, અબડાસાના વરાડીયા, કોઠારા, વિંઝાણ વગેરે ગામોમાં છે. તેઓ સુન્ની મુસ્લિમ છે અને ઘરમાં કચ્છી બોલે છે.

(૧૦) **મોમના :** મોમના શબ્દ 'મોમીન' પરથી આવેલ છે. મોમીન એટલે ઈસ્લામમાં ઈમાન લાવનારા પંદરમી સદીમાં પીરાણાવાલા પીર હઝરત ઈમામશાહ (રહ.) ના પ્રભાવ અને ઉપદેશથી ઘણી જ્ઞાતિઓના હિંદુઓ શિયા મુસ્લિમ બનેલા. તેઓ મોમના કહેવાયા. કચ્છમાં મોમનાઓ ભુજ તાલુકામાં રહે છે. તેઓ ખેતી કરે છે અને કચ્છી બોલે છે. ધર્મે તેઓ શિયા મુસ્લિમ છે.

(૧૧) **મતવા :** પીરાણાના પીરના હઝરત ઈમામ શાહે (ર. હ.) પંદરમા સૈકામાં લેઉઆ કણબીઓને શિયા મુસ્લિમ બનાવ્યા. તેઓ હિંદુ અને મુસ્લિમ બન્ને સિદ્ધાંતોમાં માને છે. ઈસ્લામ તરફ ઢળ્યા હોવાથી પોતાની મૂળ જાતિથી અલગ પડી ગયા છે. કચ્છમાં ભુજ, માંડવી અને નખત્રાણા તાલુકાઓમાં વસે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે.

આ સિવાય રાજવંશ અને કિસાન વર્ગમાં બીજી લગભગ ૧૮ જેટલી જાતિઓ છે જે કચ્છમાં વસે છે. તે આ પ્રમાણે છે મલેક, ખોખર, મકવાણા, પરમાર, રાઠોડ, સોલંકી, ચૌહાણ, ભટ્ટી, ટાંક, ડુડીયા, આગા, બાયડ, ભંડારી, દરાડ, પોઅર, પટણી, રૂઝા, પલ.

આ જાતિઓમાની કેટલીક જાતિઓના નામ પરથી જ જણાઇ આવે છે કે તેઓ મૂળ રાજપૂત વંશના છે.

(D) કારીગર વર્ગ અને અન્ય

કારીગર વર્ગની મોટા ભાગની મુસ્લિમ જાતિઓ તેજ વર્ગની જે તે સ્થાનિક ભારતીય જાતિઓમાંથી મુસ્લિમ ધર્મ અપનાવીને થયેલ છે. જે જાતિઓ કચ્છી બોલે છે તે સિંધમાંથી અને ગુજરાતી બોલે છે તે ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી કચ્છમાં આવેલ છે.

(૧) **ખત્રી :** કચ્છી મુસ્લિમો પ્રગતિશીલ અને સુશિક્ષિત જાતિઓમાં એક જાતિ કચ્છી મુસ્લિમ ખત્રીની છે. 'ખત્રી' શબ્દ ક્ષત્રિયનું અપભ્રંશ સ્વરૂપ છે. ખત્રીઓનું મૂળ વતન પંજાબ, વાયવ્ય સરહદ પ્રાંત અને અફઘાનિસ્તાન છે. વારંવારના વિદેશ આક્રમણોને કારણે તેમના કેટલાકે સિંધમાં સ્થળાંતર કર્યું. સાતમા સૈકાથી સિંધમાં મુસ્લિમ ઉપદેશકોનું આગમન શરૂ થયું. તેમના પ્રભાવથી અને ઈસ્લામથી આકર્ષાઇને ખત્રીઓએ ઈસ્લામ અપનાવવાનું શરૂ કર્યું. ખત્રીઓનું ઈસ્લામમાં આવવાનું એક જ સમયે એક જ જથ્થામાં નથી થયું. પરંતુ છેલ્લા નવસોથી એક હજાર વર્ષમાં ચાલતી આવતી સતત પ્રક્રિયાને પરિણામે થયું છે. સિંધમાંથી પણ ખત્રીઓ કચ્છમાં એક જ સમૂહમાં નથી આવ્યા પણ ક્રમશઃ આવ્યા છે સૌથી મોટો સમૂહ રાઓશ્રી ખેંગારજી પ્રથમના સમયમાં સવા ચારસો વર્ષ અગાઉ કચ્છમાં આવ્યો. તે અરસામાં ભુજ, માંડવી અને અંજાર નવા વસ્યા હતા. કચ્છમાં આવ્યા બાદ પણ ખત્રીઓનું ઈસ્લામમાં આવવાનું ચાલુ હતું. હિંદુ ખત્રી કુટુંબનું છેલ્લું ધર્મ પરિવર્તન માંડવીમાં લગભગ અઢી સો વર્ષ પહેલાં ઇ. સ. ૧૭૫૦માં થયેલું.

ખત્રીઓ શરૂઆતમાં પોતાને હિંદુ ખત્રીઓથી અલગ પાડવા નામની આગળ મુસલમાન ખત્રી શબ્દ ઉમેરતા. છેલ્લા સો વર્ષથી હિંદુ ખત્રી પણ પોતાની ઓળખ અલગ પાડવા 'બ્રહ્મક્ષત્રિય' શબ્દ પ્રયોગ કરતા થયા છે. ખત્રીઓનાં પરંપરાગત ધંધામાં વસ્ત્રોના રંગાટકામ, છપાઇ, બાંધણી અને સુતારીકામ હતા. કચ્છમાં માંડવી એક જમાંનામાં મોટું બંદરીય શહેર હોવાથી ખત્રીઓ અહીં સૌથી વધુ પ્રમાણમાં વસ્યા. આજથી બસ્સો વર્ષ અગાઉ માંડવીમાં મુસ્લિમ ખત્રીઓનાં ૩૫૦ ઘર હતા. માંડવીના વાઢા ખત્રી વહાણ બાંધવાની કળામાં મુલ્ક મશહુર હતા. ખત્રીઓ કચ્છમાં લગભગ સર્વત્ર છે. વિશેષ પ્રમાણમાં ભુજ, માંડવી, મુન્દ્રા અને અંજારમાં છે. માંડવી બંદરની પડતી થતાં અને કચ્છમાં પડતા વારંવારના દુકાળોને કારણે કચ્છી ખત્રીઓએ દોઢસોથી બસ્સો વર્ષ અગાઉ અંગ્રેજોએ વસાવેલા નવા શહેરો મુંબઇ અને કરાચીમાં સ્થળાંતર કરવાનું શરૂ કર્યું. કચ્છમાંથી મુંબઇ જનારા સર્વપ્રથમ કુટુંબો માંડવી તાલુકાના વાડા અને કાઠડા ગામના હતા આજે મુંબઇ અને કરાચીમાં કચ્છી ખત્રીઓની સારી આબાદી થઇ છે. આજથી ૮૫ વર્ષ અગાઉ કચ્છમાં મુસ્લિમ ખત્રીઓની ૩૪ નૂખ હતી.

મોટા શહેરોમાં આજે ખત્રીઓ પરંપરાગત વ્યવસાય ઉપરાંત વ્યાપાર અને ઉદ્યોગોમાં પણ આગળ વધ્યા છે. સુશિક્ષિત કોમ હોવાને કારણે સમાજના દરેક ક્ષેત્રમાં નામ કાઢયું છે.

હસ્તકળા ક્ષેત્રે કદાચ બીજા કોઇ જ્ઞાતિને ન મળ્યા હોય તેટલા રાજ્યકક્ષાનાં અને રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો અને સન્માન કચ્છી ખત્રીઓને મળ્યા છે. રાષ્ટ્રીય કક્ષાએ સન્માનીત થનારાઓની યાદી ઘણી લાંબી છે. રાષ્ટ્રીય કક્ષાએ મહિલાઓમાં પ્રથમ સન્માનીત થનારા શ્રીમતી હાજરાબાઇ ઇશા ખત્રી અને શ્રીમતી સકીનાબાઇ અલીમામદ ખત્રી હતા. અઢાર વર્ષ અગાઉ તેમને રાષ્ટ્રપતિ ફકરૂદીન અલીઅહમદના હાથે રાષ્ટ્રીય પુરસ્કાર અપાયો. આ ક્ષેત્રમાં બબ્બેવાર ભારત સરકારનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવવાનો વિક્રમ નવાવાસ (તા. માંડવી)ના ખત્રી જકરીયા ઉમર તેરાઇ ધરાવે છે. આ વિશિષ્ટ કુટુંબ માટે એવોર્ડ મેળવવા એ સામાન્ય થઇ ગયું છે. તેમના પત્ની શકુરાબાઇ જકરીયાનું થોડા સમય પહેલાં ઉત્તરપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી માયાવતીએ લખનૌમાં સન્માન કરેલું. તેમના પુત્ર નૌશાદને દિલ્હીમાં બાળકો માટેનો હસ્તકળાનો પુરસ્કાર મળ્યો.

શ્રી ઓસમાણભાઇ મુસા ખત્રી એક સમયે ભુજ નગરપાલિકાના પ્રમુખ હતા ખત્રીઓમાં ડોકટર, એન્જિનીયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સરકારી/અર્ધ સરકારી અધિકારી ઘણા છે.

જ્ઞાતિમાં ઘણા સાહિત્યકાર થયા છે તેમાં મૂળ અહીંના પણ કરાચી ગયેલા બે ભાઇઓ હાજી યુસુફ અલારખ્યા પટેલ અને હાજી ઈબ્રાહીમ અલારખ્યા પટેલ (મકબૂલ કચ્છી) ઉલ્લેખનીય છે. ભુજના મૌલવી ઈસ્માઇલ ઈબ્રાહીમ આયરાણી પણ સારા લેખક હતા.

બસ્સો વર્ષ અગાઉ ભુજમાં થઇ ગયેલા ખત્રી સંત પીર હઝરત ઉમર સાહેબ (ર. હ.)ની મઝાર ભુજમાં સરપટ નાકે જ્યુબિલી હોસ્પિટલ પાસે આવેલી છે.

ખત્રી જ્ઞાતિમાં ઘણી એવી વ્યકિતઓ થઇ ગઇ છે કે જેણે કચ્છી મુસ્લિમ ખત્રી જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. બસ્સો વર્ષ પૂર્વે થઇ ગયેલા માંડવીના ખત્રી શેઠ સાંઇઆમિયાં સોદાગર કે જેમના જેવા શાહ સોદાગર અને ઉદાર દાનવીર આજ સુધીમાં ખત્રી જ્ઞાતિમાં કોઇ થયા નથી. મૂળ માનકુવાના માસ્તર ઉસ્માન બચલ ખુડખુડિયા કે જેમના લખેલા પાઠય પુસ્તકો આજપણ ગુજરાતની જૂની પેઢીને યાદ છે.

કચ્છી ખત્રી જ્ઞાતિનાં ઈતિહાસ અંગેનાં ત્રણ પુસ્તકો ઉલ્લેખનીય છે 'આઇને ખત્રીઆ' અને 'મિરાતે સાબ્યાગાન (ખત્રીનામા)'નાં લેખક મૌલાના મૌલવી ઈસ્માઇલ આયરાણી છે જ્યારે ત્રીજું પુસ્તક 'ખત્રી ઈતિહાસ' ભાગ ૧-૨'ના લેખક હાજી યુસુફ અલારખ્યા પટેલ છે. ત્રીજુ પુસ્તક કરાચીમાં પ્રગટ થયું છે. આ ત્રણેય પુસ્તકો ગુજરાતીમાં છે.

ખત્રીઓનાં ચેરિટેબલ ટ્રસ્ટની સંખ્યા ૩૦થી પણ વધુ છે. તેમાં મુંબઇ ખાતેનું શેઠ હાજી સીદીક જાફરનું 'કચ્છ કોઠારા મદ્રેસા શેઠ હાજી સીદીક જાફર ટ્રસ્ટ'' ઉલ્લેખનીય છે આ ટ્રસ્ટે કોઠારા જેવા નાના ગામમાં પણ મદ્રેસા, હોસ્પિટલ, બોર્ડીંગ, હોલનું વિશાળ સંકુલ ઊભું કર્યું છે.

કચ્છમાં ખત્રીઓની વસ્તી લગભગ દસથી બાર હજાર છે તેઓ મઝહબે સુન્ની મુસ્લિમ છે.

(૨) **સોનારા :** સોનારા એ મુસ્લિમ સોની જાતિ છે. કચ્છમાં અબડાસામાં વસે છે. તેમાંય ખાસ કરીને કોઠારા અને સુથરીમાં તેમની ઘણી વસતી છે. મોટા ભાગનાં આફ્રિકા અને મધ્ય પૂર્વનાં દેશોમાં સોનીનો વ્યવસાય કરે છે. આર્થિક રીતે સુખી અને સંપન્ન જાતિ છે. તેઓ દાન પણ ઘણું કરે છે. કચ્છી ભાષા બોલે છે, તેઓ સિંધમાંથી કચ્છ આવેલા છે, ધર્મે સુન્ની મુસ્લિમ છે.

(૩) **કમાંગર :** જૂના સમયમાં મકાનોની અંદરની દિવાલો ભીંત ચિત્રો વડે શણગારવાનું કામ કરતી આ મુસ્લિમ જાતિ મોગલ શાસનના અસ્તકાળે દિલ્હી અને ઉત્તર ભારતમાંથી કચ્છમાં આવેલી. તેમણે જૂના વખતમાં દીવાલો પર આલેખેલા કમાંગરી શૈલીનાં ચિત્રો અને વિષય વસ્તુ અદ્દભૂત છે. હાલ તેમનાં થોડાંક કુટુંબો કચ્છમાં છે. તેમના પૂર્વજોએ બનાવેલા ઉત્કૃષ્ટ ભીંત ચિત્રો બીબ્બરનાં રામમંદિરમાં,

તેમની જાગીરનાં, દરબારગઢમાં, ધીણોધર જાગીરમાં, ભારાપરની શાળામાં અને અંજારમાં મેકમર્ડોનાં બંગલામાં છે. જળ રંગોના માધ્યમથી કરાતી આ કમાંગરી ચિત્ર પરંપરા આજે તો નષ્ટ થઇ ગઇ છે.

(૪) ઘાંચી : જૂના સમયમાં ઘાણીમાં તેલ કાઢવાનું કામ કરતી આ મુસ્લિમ જાતિ મહમદ બેગડાના સમયમાં સવા ચારસો વર્ષ અગાઉ ગુજરાતમાંથી કચ્છ આવેલી. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે. કચ્છમાં તેમની વધારે વસ્તી માંડવી, અંજાર અને વાગડમાં છે. લગભગ દોઢસો ઘર છે. હવે અન્ય વ્યવસાય ધંધાઓમાં છે. ગુજરાતી ઘાંચીઓ માટે મહુવા (સૌરાષ્ટ્ર)માંથી 'ઘાંચી બુલેટીન' નામનું મુખપત્ર પ્રગટ થાય છે.

(૫) કુંભાર : મુસ્લિમ કુંભાર જાતિ સિંધમાંથી કચ્છ આવેલી છે. તેઓની પોતાની માન્યતા અનુસાર તેઓ અરબસ્તાનની કુરેશ કોમના છે. અને અરબસ્તાનથી ઇરાક થઇને તેમના પૂર્વજો સિંધ આવેલા. જો કે આ માન્યતાને ઐતિહાસિક આધાર નથી. સિંધમાં નગરઠઠ્ઠા અને તેની આસપાસ તેમની ઘણી વસ્તી હતી. જાડેજા વંશના પ્રથમ રાજવી ખેંગારજીના સમયમાં સવા ચારસો વર્ષ પૂર્વે કચ્છમાં તેઓ સિંધથી આવ્યા.

કુંભાર જાતિનો મુખ્ય વ્યવસાય માટીના પાત્ર, ઇંટ અને મૂર્તિઓ બનાવવાનો છે. હસ્તકલા ક્ષેત્રે કલાત્મક પાત્રો બનાવતા કુંભારોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચમકયા છે. જાંબુડીનાં ઇસ્માઇલ સીદીક બુઝર્ગ અને શ્રીમતી આઇસાબેન ઇસ્માઇલને માટીકામની શ્રેષ્ઠ હસ્તકળા બદલ રાષ્ટ્રીય પુરસ્કાર અને સન્માન મળેલ છે તે ઉપરાંત લોડાઇના કુંભાર કાસમ ઉમર લોટાને પણ રાષ્ટ્રીય એવોર્ડ મળેલ છે. ભુજના મર્હુમ બુઢા ઉંમર કુંભારને રાજ્યનું પારિતોષિક મળ્યું હતું. તેમણે બનાવેલ કલાત્મક પાત્રો અને નિર્દેશનના વિદેશોમાં પણ પ્રદર્શન યોજાયેલા.

કુંભારો હવે અન્ય વ્યવસાયો તરફ પણ વળ્યા છે. બાંધકામ કોન્ટ્રેકટ, ટ્રાન્સપોર્ટ અને સોનીના વ્યવસાયમાં પણ પડયા છે. શહેરી વિસ્તારોમાં રહેતા કુટુંબો હવે શિક્ષણમાં રસ લે છે.

તેઓ કચ્છી બોલે છે. મઝહબે સુન્ની મુસ્લિમ છે. સામાજિક રીત રિવાજમાં સાદાઇ રાખે છે. સ્પષ્ટ વકતા અને મીત ભાષી છે. તેમના પહેરવેશ અન્ય મુસ્લિમોથી થોડા અલગ પડે છે. તેમની ઇજાર મોટી અને ઘેરદાર હોય છે. ઉપર ખુલ્લો આબો અને માથે બહુધા શ્વેત રંગની પાઘડી, સાફો, ટોપી કે વસ્ત્રનો ટુકડો પહેરે છે. સ્ત્રીઓ પણ લાંબા આભા ને ઘેરાવદાર ઇજાર પહેરે છે. અને શીર પર ઓઢણી કે બેવડી વાળેલ ખોંભી પરિધાન કરે છે. કુંભારો શારિરીક રીતે સશકત, મજબૂત બાંધાના અને પડછંદ હોય છે. તેઓ ઉદ્યમશીલ અને મહેનતુ છે. કચ્છમાં લગભગ સર્વત્ર છે. વધારે પ્રમાણમાં ભુજ, અંજાર, માંડવી અને મુંદ્રામાં રહે છે. કચ્છમાં તેમની વસ્તી અંદાજે પચીસથી ત્રીસ હજારની આસપાસ છે.

(૬) લોહાર : કચ્છમાં લોહાર સવા ચારસો વર્ષ અગાઉ સિંધમાંથી આવ્યા. કચ્છમાં લગભગ બધે વસે છે. વિશેષ પ્રમાણમાં માંડવી, ભુજ, અંજાર અને રેહામાં છે. કચ્છના લોહાર કલાત્મક સુડી, ચપ્પા અને કાતર બનાવવા માટે વિખ્યાત છે. તેમની આ કળાએ કચ્છમાં સુડી અને ચાકાને વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. જૂના સમયમાં લોહાર કોમ તલવાર, ખંજર, બરછી જેવા શસ્ત્રોના ઉત્પાદન સાથે સંકળાયેલ હતા. આવા શસ્ત્રોનો યુગ આથમી જતા, તેઓ ખેતી અને સુડી, ચપ્પાનાં ઉત્પાદન તરફ વળ્યા. ૧૮૬૦માં જુણસ લોહારનાં વડીલો કે જેઓ રાજ્યનાં શસ્ત્રાગારનું કામ સંભાળતા હતા તેઓ સુડી, ચપ્પા બનાવવા તરફ વળ્યા. જુણસ પરિવારે કોઠારા ગામના સજાણીના સહકારથી સુડી અને ચાકાનું ઉત્પાદન અને વેપાર શરૂ કર્યો. સુમાર જુણસના છરી, ચાકા અને કલાત્મક સુડીઓ મશહુર થયા. ઘણા લોહાર વાઢાનાં ધંધામાં પણ પડયા. જૂના વખતમાં લોહાર વાઢાઓએ વહાણ બાંધકામ ક્ષેત્રે નામ કાઢેલું.

લોહાર લોકો કચ્છી બોલે છે. તેઓ સુન્ની મુસ્લિમ છે.

(૭) હજામ : હજામ જાતિના લોકો અહીં સિંધમાંથી લગભગ ચારસો વર્ષ પૂર્વે આવ્યા. કચ્છમાં હાલ તેમના અંદાજે પાંચસો ઘર છે. કચ્છી ભાષા બોલે છે. મહદઅંશે દરેક ગામમાં વસે છે. પરંતુ વધારે વસ્તી ભુજ, માંડવી અને અંજારમાં છે.

(૮) લંઘા : કચ્છની લંઘા કોમ સંગીતના વાદ્યો વગાડનાર અને ગાયકી કરનાર કોમ તરીકે જાણીતી છે આ સંગીત વાદકો સિંધમાંથી કચ્છ આશરે સવા ચારસો વર્ષ અગાઉ આવ્યા. સિંધમાં પણ તેઓ કદાચ ઉત્તર ભારતમાંથી એકાદ હજાર વર્ષ પૂર્વે આવ્યા હોવાનો સંભવ છે. કારણ કે ઉત્તર ભારતમાં 'ડોમ' નામની આવી ગાવા વગાડવાવાળી જાતિ છે. સંભવ છે કે આ ડોમ જાતિએ સિંધમાં સ્થળાંતર કર્યુ હોય. જૂના વખતમાં સિંધ અને કચ્છમાં લંઘાઓ 'ડુમ' તરીકે ઓળખાતા. ઓગણીસમી સદીનાં અંત સુધી તેમનું સંગીત ઘણું લોકપ્રિય હતું.

તેઓ સંગીતકળામાં નિષ્ણાત ગણાય છે. દ્રુપદ શૈલીનું સંગીત તેમની વિશિષ્ટતા છે. તેઓ શહેનાઇ અને નોબતવાદનનાં ઉસ્તાદ ગણાય છે. આ વાજીંત્રો તેઓ વગાડે છે ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇ જાય છે. કચ્છમાં ઢોલીઓ તરીકે પણ મશહુર છે.

મુંદરાનાં મર્હુમ નોબતવાદક સુલેમાન જુમા એ કચ્છી નોબતવાદનને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માન અપાવેલું. પેરીસ ખાતે જ્યારે *'ફેસ્ટીવલ ઓફ ઈંડિયા'* મહોત્સવનું ઉદ્‌ઘાટન તેમના નોબત વાદન અને શરણાઇનાં મંગલ સ્વરોથી થયું ત્યારે પેરીસવાસીઓ આફીન પોકારી ગયા હતા.

સુથરીના માસ્તર કામસ અબ્દુલ્લા પણ ગઝલ અને કવ્વાલીનાં ખાં હતાં. મુંબઇ ખાતે પ્રખ્યાત એચ. એમ. વી. રેકોર્ડીંગ કંપનીમાં વર્ષો સુધી તેમણે ગઝલ અને કવ્વાલીનાં વિભાગ સંભાળ્યો હતો.

અત્યારે કચ્છમાં લંઘા જાતિની વસ્તી લગભગ બેથી અઢી હજારની છે. મોટાભાગના ગામોમાં એકાદ બે કુટુંબો રહે છે. ભુજમાં તેમની સારી એવી વસ્તી છે. તેઓ કચ્છી બોલે છે અને મઝહબે સુન્નિ મુસ્લિમ છે.

આ ઉપરાંત આ વર્ગમાં બીજી પંદર જાતિઓ છે જે આ પ્રમાણે છે. ચાકી, મણીયારા, ડબગર, પખાલી, પિંજારા-સાટી, તુરીયા, ગરાણા, મીર, ધોબી, સિપાહી, કસાઇ-ખાટકી, નાગોરી, નટ, મદારી અને ઢાઢી. □

ઇસ્માઇલી ખોજા-સો ટકા સાક્ષરતાનું ગૌરવ

□ મદદઅલી અઝીઝભાઇ રત્તાણી

શીયા ઇમામી ઇસ્માઇલી ખોજા જ્ઞાતિની ઉત્પતિ આશરે ૭૦૦ (સાત સો) વર્ષ પહેલા થઇ હોવાનું મનાય છે. ખોજા શબ્દ મૂળ ખ્વાજા શબ્દનો અપભ્રંશ છે. ખ્વાજા એટલે આબરૂદાર એવો મતબલ થાય છે.

કચ્છ પ્રદેશમાં ખોજા જ્ઞાતિના લોકો સિંધ પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કાઠીયાવાડમાંથી સમયાંતરે સ્થળાંતર થઇને આવેલ છે. સિંધ પ્રદેશમાં બોલાતી સિંધી ભાષાની છાંટ કચ્છ પ્રદેશમાં વસવાટ કરતા ખોજા જ્ઞાતિની કચ્છી ભાષામાં સ્પષ્ટ દેખાઇ આવે છે. ખોજા લોકોની મૂળ ભાષા કચ્છી છે. કચ્છમાં વસવાટ કરતા મેમણ, લોહાણા જ્ઞાતિના લોકો જે જાતની કચ્છી ભાષા બોલે છે તેવી જ કચ્છી ભાષા ખોજા લોકો બોલે છે.

જાહેર સેવા ક્ષેત્રે નોંધનીય પ્રદાન

ખોજા જ્ઞાતિના લોકોનું જાહેર ક્ષેત્રે તેમજ સેવાના ક્ષેત્રે બહોળું પ્રદાન નોંધનીય છે. સ્વ. યુસુફઅલી મહેરઅલીએ આઝાદીના જંગમાં ઘણો ભોગ આપેલ છે. તેઓના વડવા મૂળ કચ્છના ભદ્રેશ્વર તા. મુંદરાના રહીશ હતા તેવી જ રીતે સ્વ. શ્રી મહમદઅલી સી. ચાગલા વર્ષો સુધી મુંબઇ હાઇકોર્ટમાં ચીફ જસ્ટીશ હતા. તેમજ ઘણાં વર્ષો સુધી વિદેશમાં ભારત દેશના એલચી તરીકે અને શિક્ષણ પ્રધાન તરીકે સેવાઓ આપેલ છે. તેઓના વડવા મૂળ કચ્છના ગામ મોટા કપાયા તા. મુંદરાના રહીશ હતા. તેવી જ રીતે સ્વ. શ્રી મહમદહુસેન હાસમ પ્રેમજી કે જેઓના વડવા પણ કચ્છના વતની હતા. તેમણે વર્ષ ૧૯૬૦ પહેલાં કે જ્યારે કચ્છ-સૌરાષ્ટ્ર-મુંબઇ સ્ટેટ સાથે હતા ત્યારે બોમ્બે સ્ટેટ ઇલેકટ્રીસિટી બોર્ડના ચેરમેન તરીકે ઘણાં સમય સુધી માનદ સેવાઓ આપેલ છે. તેવી જ રીતે સામાજિક સેવાના ક્ષેત્રે સ્વ. શ્રી જેરાજભાઇ પીરભાઇ કે જેઓ ગામ કેરા તા. ભુજ-કચ્છના વતની હતા તેમણે ઠેકઠેકાણે મુસાફરખાના બાંધ્યા. મુસાફરખાના આજે પણ માંડવી અને ભુજમાં કાયમ છે. તદ્‌ઉપરાંત તેમણે કચ્છના ગામ કેરા મધ્યે સ્કૂલ શરૂ કરાવેલ જે સ્કૂલ આજે પણ શેઠ જે. પી. તેમજ કેરા-કુન્દનપર લેવા સમાજ ટ્રસ્ટના નામે શૈક્ષણિક તેમજ ટેકનિકલ ક્ષેત્રે બહોળું પ્રદાન આપી રહેલ છે. તેવી જ રીતે ભારાપર તા. ભુજ-કચ્છ મધ્યે શેઠ મેઘજી પ્રધાન તેમજ જેરાજ પીરભાઇ ટ્રસ્ટના નામે બે હોસ્પિટલો કાર્યરત છે. તેમજ જેરાજ પીરભાઇ પ્રાથમિક શાળા અને ધર્મશાળા આ ગામે કાર્યરત છે. એ રીતે કચ્છી ખોજા દાનવીરોએ જાહેર તેમજ સેવાના ક્ષેત્રે પોતાની સેવાઓ આપેલ છે.

મૂળ ધંધો વેપાર અને ખેતીવાડીનો છે

કચ્છી ખોજા જ્ઞાતિનો મૂળ ધંધો વેપાર અને ખેતીવાડી છે. ખાસ કરીને ગામડાઓમાં રહેતા ભાઇઓ ખેતીવાડી સાથે વેપારનુંયે કામકાજ કરે છે. શહેરમાં રહેતા ભાઇઓ વેપાર તેમજ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો કારોબાર ચલાવે છે. મુંદરા તેમજ નાગલપુર તા. અંજારના ખોજા ખેડૂતભાઇઓ પોતાની ખેતીમાં ફળ, ફૂલ, બાગ બગીચા તેમજ ઘાસચારો ઉગાડી તેનું વેંચાણ કરે છે.

હાલે જ્ઞાતિમાં સ્ત્રી કેળવણીનો પણ બહોળો પ્રચાર છે. જેથી યુવાનો તેમજ બહેનો સ્નાતક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી રાજ્ય સરકારની તેમજ અર્ધ સરકારી કચેરીઓ અને

શિક્ષણ સંસ્થાઓમાં નોકરી મેળવી કારોબાર ચલાવે છે.

કચ્છની અંદર મુંદરા શહેર મધ્યે આગાખાન એજ્યુકેશન સર્વિસ, ભારત સંચાલિત સરકાર માન્ય પ્રાથમિક શાળા ઘણાં લાંબા સમયથી ચાલે છે. જેમાં નાત-જાતના ભેદભાવ વગર બધી જ કોમના બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી રહેલ છે. સાથે સાથે મુંદરા, નાગલપુર અને કેરા મધ્યે ડે-કેર સેન્ટર પણ કાર્યરત છે. જેમાં ત્રણ વર્ષથી છ વર્ષ સુધીના બાળકો પ્રાથમિક શિક્ષણમાં દાખલ થવા પહેલાનું પાયાનું શિક્ષણ મેળવે છે. આ પાયાના શિક્ષણ થકી બાળક જ્યારે પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવે છે ત્યારે તે સમૃદ્ધ શિક્ષણ મેળવવા સક્ષમ હોય છે. ડે-કેર સેન્ટરમાં શિક્ષણ મેળવેલ બાળ-બાળાઓ આગળ અભ્યાસમાં સારી નામના મેળવેલ હોવાનું સિદ્ધ થયેલ છે. આવા ડે-કેર સેન્ટરોમાં આગાખાન એજ્યુકેશન સર્વિસ, ભારત મારફતે યોગ્ય તાલીમ પામેલ શિક્ષિકા બહેનો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહેલ છે. જે આવકારપાત્ર છે. આવી જ રીતે આગાખાન હેલ્થ સર્વિસ, ભારત દ્વારા ગામ નાગલપુર અને મુંદરા મધ્યે પ્રાથમિક હેલ્થ સેન્ટરો કાર્યરત છે. જેમાં ફુલટાઇમ તાલીમ પામેલ નર્સ બહેનો તેમજ પાર્ટ ટાઇમ કાબેલ ડોકટરો દ્વારા સેવાઓ આપવામાં આવે છે. જેમાં સઘળી કોમના બાળકોને દરેક જાતની ૦ થી ૬ વર્ષના બાળકોને ઇમ્યુનાઇઝેશન હેઠળ લગભગ ૩૧ સેન્ટરોમાં રસીઓ આપવામાં આવે છે. તેમજ આ સૌ હેલ્થ સેન્ટરો દ્વારા ઓ.પી.ડી. વિભાગ પણ સારી રીતે ચલાવવામાં આવે છે. આમ, આ બન્ને હેલ્થ સેન્ટરો દ્વારા બન્ને જગ્યાએ કોઇ પણ નાત-જાતના ભેદભાવ વગર માનવતાના ધોરણે સેવાઓ આપવામાં આવી રહેલ છે.

વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલ

તદઉપરાંત સ્થાનિક સંસ્થાઓ દ્વારા ભુજ અને મુંદરા મધ્યે બોયઝ હોસ્ટેલ તેમજ ભુજ મધ્યે ગર્લ્સ હોસ્ટેલ પણ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ બહોળી સંખ્યામાં લાભ લઇ ભાવી કારકિર્દી માટે ડોકટર, એન્જીનીયર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે ઉચ્ચ સ્તરની ડિગ્રીઓ પ્રાપ્ત કરી ઇસ્માઇલી સમાજનું તથા ભારત દેશનું નામ વિશ્વમાં રોશન કરી બહાર આવી રહેલ છે. ભુજ મધ્યે કાર્યરત ગર્લ્સ હોસ્ટેલમાં આધુનિક યુગને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. જેવી કે, કોમ્પ્યુટર, બ્યુટીશીયન, મહેંદી કલાસ, સીવણ કલાસ, હસ્ત કળાના કલાસો, વાનગી કલાસો અને અંગ્રેજી કલાસો સાથે પ્રાથમિકથી કોલેજ સુધીનું ઉચ્ચ સ્તરનું શિક્ષણ કચ્છ અને કચ્છ બહારની બાળાઓને આ હોસ્ટેલ દ્વારા ઉત્તમ રીતે આપવામાં આવે છે.

આઠ દાયકાથી સમૂહલગ્નો ચાલે છે

ખોજા જ્ઞાતિ રીત-રિવાજોમાં સમૂહ લગ્નોને મહત્ત્વ આપે. છેલ્લા આઠ દાયકાથી અંજાર તાલુકાના ગામ નિંગાળ મધ્યે તેમજ ભુજ તાલુકાના ગામ ભારાપર મધ્યે દર વર્ષે સમૂહ લગ્ન સંમેલન યોજવામાં આવે છે. અગાઉ આ સ્થળોએ મોટી સંખ્યામાં સમૂહ લગ્ન યોજવામાં આવતા જેમાં હાલે સમય બદલાતાં ઓટ આવેલ છે.

ખોજા જ્ઞાતિનો પહેરવેશ કચ્છ પ્રદેશની ભૌગોલિક રચના અને કામ ધંધાને અનુરૂપ છે. ખેડૂતભાઇઓ પાયજામો-ખમીશ અપનાવે છે. જ્યારે વેપારીભાઇઓ અને યુવાન વર્ગ પેન્ટ અને બુશર્ટ પહેરે છે. બે દાયકા પહેલા વૃદ્ધ ખેડૂતભાઇઓ તેમજ ખોજા વેપારીભાઇઓ માથે સફેદ પાઘડી (ફેંટો) પહેરતા અને ખભે જીણો ખેશ મૂકતા જેથી તેમની એક અલગ જાજરમાન પ્રતિભા દેખાતી, બહેનો વતનને અનુરૂપ ફ્રોક, સાડી, પંજાબી ડ્રેસ પહેરે છે. શરીરે તંદુરસ્ત, દેખાવડા અને પ્રમાણમાં ૫' થી ૬' ફૂટ ઊંચાઇ ધરાવતા જ્ઞાતિજનો કચ્છી અને ગુજરાતી બન્ને ભાષા બોલે છે.

૩૧ ગામોમાં ૨૫૦૦ જેટલી વસ્તી

ખોજા જ્ઞાતિના લોકો ખાસ કરીને ગામ મુંદરા, ભદ્રેશ્વર, નાગલપુર, અંજાર, માધાપર, ભુજ, કેરા, રાપર, મેઘપર, આમરડી, વાંકી વગેરે સેન્ટરોમાં મોટી સંખ્યાઓમાં વસવાટ કરે છે. આમ, જોઇએ તો કચ્છમાં ૩૧ જુદા જુદા ગામોમાં કુલ્લે આશરે ૨૫૦૦ (બે હજાર, પાંચસો) સંખ્યામાં વસવાટ કરે છે. ભારતની આઝાદી પહેલા કચ્છમાં હાલની સંખ્યા કરતા ત્રણ ગણી સંખ્યામાં ખોજા જ્ઞાતિ વસવાટ કરતી હતી. પણ ત્યારબાદ વેપાર ધંધા અર્થે દેશાટન કરી આફ્રિકા ગયેલ અને ત્યાંથી આજે યુ. કે., કેનેડા અને અમેરિકા ખાતે પણ વસવાટ કરે છે.

ખોજા જ્ઞાતિમાં સાક્ષરતા વધારે પ્રમાણમાં છે. એટલે કે એમ કહી શકાય કે, સો ટકા જ્ઞાતિજનો ભણેલા છે. હાલે કેળવણીક્ષેત્રે ભારે પ્રયત્નોના પરિણામે યુવાન વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓ ડોકટર, ઇન્જીનીયર, નર્સીંગ, વકીલ અને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધેલા છે અને બેન્ક, ટેલિફોન, જી.ઇ.બી., પોસ્ટ ઓફિસ, એલ.આઇ.સી. અને સહકારી શાખાઓ તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કામ કરે છે.

ઇસ્નાઅશરી ખોજા

ખોજા એ ફારશી શબ્દ ખ્વાજાનો અપભ્રંશ છે. ખ્વાજાનો અર્થ સરદાર એવો થાય છે. નવીન ધર્મમોહથી જે હિન્દુઓનું મુસલમાન ધર્મીઓમાં પરિવર્તન થયું તેઓ 'ખોજા' નામથી પ્રસિદ્ધ થયા. એ નામ 'ખોજવું' એટલે શોધવું (આત્માને કે ઇશ્વરના તત્ત્વને) એ ઉપરથી પણ પડયું હોય.

ખોજા લોકોની ઉત્પતિના બે ભાગ પાડી શકાય. તેમાં એક ભાગ કાશ્મીરી હિંદુ લોકોનો તેમાં વિશેષ કરી ચક્ક લોકો હતા. એ વાત ફિરસ્તાની તવારીખ ઉપરથી જણાયેલી છે. બીજો ભાગ કાશ્મીર, લાહોર અને સિંધના લોહાણાનો હતો. તે વિશેની હકીકત ખોજા પંથના જ્ઞાનોમાં છે.

હઝરત અલીની છઠી પેઢી પછી સાતમી પેઢીના ઇસ્માઇલના અનુયાયીઓ ઇસ્માઇલી ખોજા છે એ પ્રથમ ફાંટો ! પણ એમના જ ભાઇ હ. મુસા-અલ-કાઝીમના અનુયાયીઓ ઇસ્નાઅશરી ખોજાઓનો બીજા ફાંટો છે. શિયા શબ્દનો અર્થ થાય છે - દોસ્ત ! 'અશરી' એટલે દસ અને 'ઇસ્ના' એટલે બે- એમ કુલ બાર ઇમામને માનનારા એ ઇસ્નાઅશરી કહેવાયા ! લખતી વખતે 'ખોજા શિયા ઇસ્માઇલી' અને 'ખોજા શિયા ઇસ્નાઅશરી' એમ લખાય. ઇસ્માઇલીઓ નામદાર આગાખાનને માને છે. ઇસ્નાઅશરી નથી માનતા. ઇસ્માઇલી મોટી અને જૂની જમાત કહેવાય. એમનું જમાતખાનું હોય, જ્યારે ઇન્સાઅશરી નાની જમાત છે અને એમના ધર્મજીવનનું કેન્દ્ર મસ્જિદ છે. કચ્છમાં એટલે તો ઇસ્માઇલી અને ઇસ્નાઅશરી ખોજાઓને અનુક્રમે ખાનાઇ અને મસીદીયા ખોજા તરીકે ઓળખવામાં આવે છે. ઇસ્નાઅશરીઓમાં બારમા ઇમામ હ. મહમ્મદ અલ-મહેંદી સન ૮૭૩માં અજ્ઞાતવાસમાં ગયા પછી એમા પ્રકટ થવાની અપેક્ષા રહે છે.

સાડા પાંચસો વર્ષ અગાઉ ઇસ્માઇલીના ધર્મગુરુ પીર સદરૂદીન કે જે પીર શમસનો બાલકો કહેવાય છે તેને સિંધમાં હિંદુ વ્યાપારીઓમાંથી લોકો વટલાવ્યા અને ખોજાઓના નામથી સિંધ, કચ્છ અને ગુજરાતમાં એ કોમ ઘણી વધી. જ્યાંથી તેઓ મુંબઇ અને જંગબારમાં ફેલાયા.

બાવા હાસમ (હરિચંદ)ના વંશજ દાદુપીર સં. ૧૬૦૬માં સિંધનો મુલક છોડી કચ્છમાં આવ્યા. ત્યાંથી નવાનગર ગયા. જામ તમાચીજીના સૂચનથી દાદુપીરે સિંધના ખોજાઓના ચાળીસ કુટુંબ બોલાવી નવાનગર રાખ્યાં. આ પછી દાદુપીર ફરી કચ્છ-ભુજ આવ્યા. એ વખતે રાવશ્રી ભારમલજી પહેલા (ઇ.સ. ૧૫૮૬-૧૬૩૨) ગાદીપતિ હતા. એ વખતે કચ્છમાં વરસાદ ખેંચાઇ જતાં દાદુપીરે ચાળીઓ (ચાળીસ દિવસ ખુદાની બંદગી કરવી તે) નાંખ્યો અને વરસાદ થયો એમ કહેવાય છે. આ ઘટનાથી દાદુપીરની પ્રસંશા થઇ.

દાદુપીરે કેટલાક સિંધી ખોજાઓને કચ્છમાં બોલાવી લીધા હતા. કેટલાક કાઠીયાવાડમાંથી આવ્યા અને કચ્છમાં નવા મુરીદ પણ દાદુપીરે કર્યો હતો. પીર દાદુનો ભુજના કિલ્લાની બહાર ઉત્તર બાજુએ સરસ રોઝો આવેલો છે. પીર દાદુના વંશજ સલામદ્દીનનો વંશ કચ્છમાં જ રહ્યો. જ્યારે એમના જોડીયા ભાઇ સાહેબદ્દીનના વંશવાળા હાલાર જતા રહ્યા.

આગા જાફરખાનનું ભુજ આગમન

સં. ૧૯૦૧માં ઇરાનના આગાશાહ હસનઅલી તરફથી તેમના ભત્રીજા આગા જાફરખાન કચ્છ-ભુજમાં અને પછી કેરા આવ્યા હતા. સં. ૧૯૦૪માં ઇસ્લામ ધર્મ-શરીઅત વિશે સવાલો ઊઠતાં કેટલાક ખોજાઓએ આગાખાનને માનવું છોડી દીધું, ખાનું કાઢી મસ્જિદ બંધાવી. તે વખતે તેમનાં આશરે ચારસો કુટુંબો હતા. તેમાં ચાર પાંચ કુટુંબો સુન્ની સિવાય સર્વે સીયાતનાશરી હતા.

કચ્છમાં ઇસ્નાઅશરી ખોજાઓની મુખ્યત્વે વસતી મુન્દ્રા, નાગલપર (તા. અંજાર) ભુજ અને કેરા ખાતે છે. કચ્છમાં ઇસ્નાઅશરી ખોજાઓનું આસ્થાસ્થાન ગુલામઅલી શાહ પીરની દરગાહ (કેરા) મુખ્ય છે. તેઓની વસતી કચ્છ ઉપરાંત મહુવા, ભાવનગર, પાલીતાણા અને મુંબઇ ખાતે ઘણી છે. મુંબઇમાં તેઓએ બે સૈકા પહેલાં પગ મૂકયો હતો. મુંબઇ ઉપરાંત ઇસ્નાઅશરી ખોજાઓ ઝાંઝીબાર, દારેસલામ અને મોમ્બાસામાં ફેલાઇ ગયા છે. ભારત- પાકિસ્તાન ભાગલા વખતે કચ્છમાંથી પાકિસ્તાન ચાલ્યા ગયા છે.અત્યારે કચ્છમાં તેઓની વસતી માંડ એક હજાર જેટલી છે ! આ કોમ સર્વે તરેહના ધંધામાં ગૂંથાયેલી છે. ખેતી એ એમનો પરંપરાગત વ્યવસાય છે. ઇસ્નાઅશરી ખોજા સદ્‌ગૃહસ્થોની સખાવતથી અનેક સાર્વજનિક સુવિધાઓ ઊભી થઇ છે. ઇસ્નાઅશરી ખોજા જ્ઞાતિના વ્યકિતવિશેષોમાં સચિત્ર ગુજરાતી સામયિક જગતના

પ્રણેતા હાજી મહંમદ અલારખિયા શિવજી, દાનવીર અને આગેવાન એવા લાલજી સુમાર, જાફરભાઇ રહેમતુલ્લા, નાસર હાજી માવજી અને ઇસ્માઇલ અબ્દુલકરીમ પંજુને ગણાવી શકાય.

ઇસ્નાઅશરી ખોજા માતમ અથવા શોકના પ્રસંગોને વિશેષ ધાર્મિક મહત્ત્વ આપતા હોય છે. એમની ધાર્મિક પ્રવૃત્તિમાં મજલીશ મુખ્ય છે. તેઓ મહોરમના દિવસે તાજીયા કાઢે છે. ઇસ્માઇલી ખોજા મળે ત્યારે 'યા અલી મદદ' કહે છે જ્યારે ઇસ્નાઅશરી ખોજા મળે ત્યારે 'સલામ અલેયકુમ' કહે છે ! એમની ખોજકી ભાષા પણ વિશિષ્ટ ભાત પાડે છે. □

■ પ્રેસિડેન્ટ, આગાખાન કાઉન્સિલ ફોર કચ્છ, ભુજ

સલુકાઇથી શોભતા દાઉદી વ્હોરા

□ ઇનાયતહુશેન ટી. વ્હોરા

કચ્છમાં વસવાટ કરીને સ્થાયી થયેલ વિવિધ જાતિઓ પૈકી વ્હોરા એક વિશિષ્ટ કોમ છે. મુસ્લિમ ધર્મ પાળતા હોવા છતાં અન્ય મુસલમાનોથી તેઓ કેટલેક અંશે જુદા તરી આવે છે. ધાર્મિક રીતે સુન્ની અને શિયા એવા બે સંપ્રદાયો ધરાવતા વ્હેરાઓ પૈકી કચ્છના વ્હોરાઓ શિયાપંથી અકીદો રાખનાર કોમ છે. હઝરત મહમદ (સ.અ.) પછી તેમના વારસદાર તરીકે હઝરતઅલી (સ.અ.)ને માને છે. ત્યાર પછી તેમના નસ્લમાં થયેલા ઇમામો અને તેમના પ્રતિનિધિ તરીકે 'દાઇ'ને માને છે. વર્તમાન દાઇ સૈયદના મોહમદ બુરહાનુદીન સાહેબ બાવનમાં દાઇ છે.

આવા એક 'દાઇ' હીજરી સન ૫૬૬ એટલે. ઇ. સ. ૧૧૪૬ના અરસામાં મિસરના ફાતેમી ઇમામ મુસ્તનસીર (અ.સ.)ના સમયમાં હિન્દુસ્તાનમાં ઇસ્લામી તબ્લીગ માટે મોલાઇ અબ્દુલ્લા સાહેબ ખંભાતના બંદરે આવ્યા હતા. એમની યાદગીરી ખંભાતમાં સચવાઇ છે. શિયા પંથના વ્હોરાઓ દર વર્ષે મોટી સંખ્યામાં ઝિયારત માટે ખંભાત જાય છે. મોલાઇ અબ્દુલ્લા સાહેબના આગમન વખતે ગુજરાતના પાટણમાં મહારાજ સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય ચાલતું હતું. આ સમયે કેટલાક નાંગર બ્રાહ્મણો વ્હોરા બન્યા હતા.

કચ્છમાં મુખ્યત્વે દાઉદી વ્હોરાની વસ્તી છે

શિયા પંથના વ્હોરાઓના જુદા જુદા પેટા વિભાગો છે. તેમાં જાફરી, સુલયમાની, દાઉદી, અલિયા, નાગોરી, હિપ્તી, મહેંદી-બાગવાળા મુખ્ય છે. આ પૈકી કચ્છમાં મુખ્યત્વે દાઉદી વ્હોરાઓની વસતી છે.

દાઉદી વ્હોરાઓ કચ્છમાં આવ્યા અંગેની ઉપલબ્ધ વિગતો પરથી જણાય છે તે પ્રમાણે લગભગ આજથી ૩૫૦ વર્ષ પહેલાં હાલાર (હાલનું જામનગર)માંથી કચ્છમાં આવ્યા છે. દાઉદી વ્હોરાઓના ૩૪માં ધર્મગુરૂ સૈયદના ઇસ્માઇલજી બદરૂદીન સાહેબ (પહેલા) જેઓ મૂળ જામનગરના જ વતની હતા. તેમના સમયમાં (ઇ. સ. ૧૬૪૬-૧૬૭૫) જામનગરથી ઘણા કુટુંબો કચ્છમાં આવ્યા. આ બધા હાલારમાંથી આવ્યા તેથી તેમણે તેમની 'હાલાઇ' અટક જાળવી રાખી છે.

ત્યાર પછી ૩૭મા ધર્મગુરૂ સૈયદના નૂર મોહમદ નુરૂદીન સાહેબ (ઇ. સ. ૧૭૦૧-૧૭૦૯) જામનગરથી માંડવી (કચ્છ)માં આવ્યા અને ત્યાંજ સ્થાયી થયા. માંડવીને આખરી કિયામગાહ બનાવી અહીંજ વફાત થયા. એ સ્થળ 'મઝારે નુરાની' તરીકે ઓળખાય છે. જે ધાર્મિક સ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

તેવી જ રીતે ૩૮માં દાઇ (ધર્મગુરૂ) સૈયદના ઇસ્માઇલજી બદરૂદીન સાહેબ (બીજા) (ઇ. સ. ૧૭૦૯-૧૭૨૯) પણ જામનગરથી હિજરત કરી કચ્છના મુંદરા ગામે આવ્યા અને ત્યાંજ સ્થાયી થયા. મુંદરામાં તેમણે બંધાવેલ મસ્જિદ, મદ્રેસા અને મુલ્લા મેડી તરીકે ઓળખાતી 'બદરી હવેલી' દર્શનીય છે.

આ બધા ધર્મગુરૂઓના કારણે કચ્છ સાથે વ્હોરાઓનો સંપર્ક સતત વધતો રહ્યો તેથી જુદા જુદા સ્થળેથી બીજા પણ કેટલાય કુટુંબો અહીં આવીને સ્થાયી થયા.

કચ્છમાં વ્હોરાઓની કુલ વસતી ૨૦૦૦

કચ્છમાં ભુજ, માંડવી, મુંદરા, અંજાર અને નલિયામાં વ્હોરાઓની વસતી છે. બધે થઇને કચ્છમાં લગભગ ૩૫૦ થી ૪૦૦ જેટલા કુટુંબો વસે છે. જેની આશરે ૨૦૦૦ જેટલી વસતી થાય છે.

જેમ કોમ તરીકે વ્હોરાઓ વિશિષ્ટ છે તેમ સ્વભાવ અને વહેવારની સલુકાઇના કારણે ગુણ વૈશિષ્ટ્ય ધરાવનાર પણ છે... વાણી અને વર્તનમાં મીઠાશ, સ્વભાવમાં સલુકાઇ અને વહેવારૂ આવડત ધરાવતા આ વ્હોરાઓ લોખંડ, હાર્ડવેર, રંગ, સાબુ, કાગળ, ઇમારતી લાકડું, વિગેરેના ધંધામાં આગળ પડતા છે. તેમની આવડત થકી આ ધંધાના વિકાસમાં તેમનો સિંહફાળો રહ્યો છે.

વ્હોરા કોમના દેશ વિદેશમાં વસતા લોકો યાત્રા અર્થે માંડવી અવશ્ય આવે છે કારણ કે માંડવીમાં સૈયદના *નુરૂદીન સાહેબની દરગાહની ઝિયારત*નું મહત્ત્વ છે. વળી તેઓના રહેણાકનું મકાનં જેમાં એક નમાઝીનો પાટ છે તેના પણ *દીદાર કરે છે તેમના* વખતમાં બનેલી મસ્જિદ અને પરિસરમાં આવેલા બીજા મકાનો પણ જોવાલાયક છે.

તેવી જ રીતે મુન્દ્રામાં સૈયદના ઇસ્માઇલજી બદરૂદીન સાહેબે (બીજા) બંધાવેલ મસ્જિદ, મદ્રેસા અને બદરી હવેલી જોવા જેવા સ્થળો છે. ભુજ તથા અંજારમાં પણ આ ધર્મગુરૂઓના સમયમાં બનેલા કેટલાક સ્થળો-મકાનો પણ જોવાલાયક છે.

સૈયદના નુરૂદીન સાહેબનો મઝારે નુરાની તરીકે ઓળખાતો મઝાર માંડવીના શાહ સોદાગર શેખ હાજી મુલ્લા આદમઅલી મહમદભાઇ લોખંડવાલાએ ઇ. સ. ૧૯૪૬માં સંગેમરમરનો બનાવી સૈયદના તાહેર સૈફુદીન સાહેબના વરદ હસ્તે વકફ કરેલ છે. મઝારે નુરાનીના પ્રવેશદ્વાર ઉપર શેખ ગુલામઅલી હસનઅલી ઉંઝાવાલા (સિદ્ધપુર) તરફથી આકર્ષક સૈફી ટાવર સને ૧૯૭૮માં બંધાવી આપવામાં આવેલ છે.

માંડવીનો હજીરો એક યાત્રાધામ છે

માંડવીના આ વ્હોરા હજીરાની મુલાકાતે આવતા દેશ વિદેશના યાત્રાળુઓને જમવા-રહેવાની સંપૂર્ણ સગવડ મળી રહે છે. અહીં હજીરાના સંકુલમાં આધુનિક સગવડ ધરાવતા ૭૫ જેટલા રૂમો છે. વર્ષે દહાડે આશરે ચાલીસ હજાર જેટલા યાત્રાળુઓની અવર-જવરથી આ યાત્રા સ્થળ સદાય ધમધમતું રહે છે.

વ્હોરા કોમમાં શિક્ષણ અંગેની પૂરી વ્યવસ્થા રાખવામાં આવી છે. જ્યાં પણ વ્હોરાઓની વસતી છે ત્યાં વ્હોરા જમાત દ્વારા સૈયદના સાહેબની મંજૂરીથી મદ્રેસાઓ ચલાવવામાં આવે છે. તેમાં ધાર્મિક તથા પ્રાથમિક શિક્ષણ અપાય છે. આ રીતે સો ટકા સાક્ષરતા ધરાવતી આ કોમ કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે આગળ પડતી છે.

પોતાની કોમની કોઇ વ્યક્તિ આર્થિક રીતે નબળી હોય તો તેને જમાતના ફંડમાંથી મદદ આપવામાં આવે છે. સુન્નીઓની માફક તેઓ તાજીયા બનાવતા નથી.

કદાચ ઇસ્લામ ધર્મના ઉદય સાથે જ પ્રચલિત બનેલી બુરખાની પ્રથા વ્હોરા કોમની સ્ત્રીઓએ જાળવી રાખેલ છે. જમાનાની ફેશનની અસર તેને સ્પર્શી હોવા છતાં ઘરની બહાર નીકળતી બહેનો બુરખો ધારણ કરીને જ નીકળે છે. □

■ વ્હોરા ફળિયા, ફરાંસ ડેલીની બાજુમાં, ભુજ

વેપારના ખેલંદા- કચ્છી મેમણ

□ અબ્દુલકાદર એ. આર. મુન્શી

સૈંધવી સંસ્કૃતિના વિકાસની ગરવી ગાથામાં સિંધ અને સિંધુ નદીની ખીણનો ફાળો સવિશેષ રહ્યો છે. વિકાસના તબક્કાઓ વટાવીને સોળે કળાએ ખીલેલી સિંધુ ખીણની સંસ્કૃતિના ગૌરવભર્યા ભૂતકાળની વાતો ભલે આજે અતીત બની ગઇ હોય, પણ વિશ્વભરમાં 'કૃણ્વન્તો વિશ્વમાર્યમ્'ની ભાવના સાથે પ્રસરેલી સંસ્કૃતિનું કેન્દ્ર આ ભૂમિ હતી.

એની સમૃદ્ધિના કારણે વિદેશી આક્રમણકારો માટે તો એ આશીર્વાદરૂપ થઇ પડી હતી. ઇસ્વીસનથી પણ પૂર્વે શરૂ થયેલા વિદેશીઓના આક્રમણ અને લૂંટફાટના કારણે લોકોની સલામતી જોખમાઇ હતી. તેથી સમયે સમયે અહીંથી સ્થળાંતર થતું રહ્યું હતું. જે માનવ સમૂહોએ સલામત સ્થળની શોધમાં આ ભૂમિનો ત્યાગ કર્યો તે પોતાની સાથે અહીંનો સંસ્કાર વારસો લઇને ગયા હતા તેથી, એ જ્યાં પણ સ્થિર થયા ત્યાં એમના આત્મિયતાભર્યા ભાવને કારણે સ્થાનિક લોકોમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા હતા.

૧૪૩૩માં મેમણનો ઉદ્ભવ

એક બાજુ અસલામતીનો ભય હતો, બીજી બાજુ ઇરાનના ઘણા સૂફી સંતો ધાર્મિક ઉપદેશ સાથે માનવતા દાખવતા હતા તેના કારણે કેટલાક લોકો ઇસ્લામ ધર્મ તરફ આકર્ષાવા લાગ્યા હતા. ઇ. સ. ૧૪૩૩માં નગરઠઠ્ઠાના બે લોહાણા સદ્ગૃહસ્થો સુંદરજી અને હંસરાજ, હઝરત પીરાને પીર અબ્દુલ કાદિર જિલ્લાની (ર. અ.)ના

વંશજ પીર યુસુફદીન સાહેબ (ર. અ.)ના ઉપદેશથી પ્રભાવિત થઇને ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હતો. તેમની સાથે બીજા કેટલાય લોહાણા કુટુંબો પણ જોડાયા. આ નવા આવનારાઓને પીર તરફથી 'મોમીન' એવો લકબ આપવામાં આવ્યો. પાછળથી અપભ્રંશ થઇને તે શબ્દ 'મેમણ' બનતાં આ મોમીનો મેમણ તરીકે ઓળખાતા થયા હતા.

સમયના વહેવા સાથે પોતાના આ અનુયાયીઓને પીર યુસુફદીને જુદે જુદે સ્થળે જઇ વેપાર-ધંધા કરીને પગભર થવાની દુવા આપી- તેથી સિંધના નગરઠઠ્ઠાના આ મેમણો જુદે જુદે સ્થળે ગયા. કેટલાક મલબાર તરફ ગયા. કેટલાક હાલાર ગયા જે પાછળથી હાલારી મેમણ તરીકે ઓળખાવા લાગ્યા. કેટલાક સૂરત તરફ ગયા તે સૂરતી મેમણ તરીકે ઓળખાયા. અને બાકીના કરાચી તરફ ગયા જે સિંધી મેમણ તરીકે ઓળખાવા લાગ્યા. મેમણોની આ પ્રાદેશિક ઓળખ આજે પણ જળવાઇ રહી છે.

૧૫૪૮માં કચ્છ આગમન

કચ્છમાં રાવશ્રી ખેંગારજી પહેલા ફરીથી ગાદી મેળવીને સ્થિર થયા હતા. કચ્છના વિકાસ માટે રાવે જુદે જુદે સ્થળે લોકોને કચ્છમાં આવવા માટે પ્રેર્યા. ઇ. સ. ૧૫૪૮થી ૧૫૮૪ના ગાળા દરમ્યાન સિંધના બરાયા ગામેથી, સુંદરજી-જે ધર્મ પરિવર્તન પછી 'આદમ' બન્યા હતા તેના પૌત્ર કાના સાથે કેટલાય કુટુંબો કચ્છમાં આવ્યા. રાજ્યે માંડવી બંદરના વિકાસ માટે જેમ ટોપણ શેઠ ભાટિયાને આવકારીને માનવંતો ખિતાબ આપેલો તેમ કાના મેમણની આગેવાની નીચે આવેલા મેમણોને પણ રાજ્ય તરફથી આવકારવામાં આવ્યા. કાના મેમણને રાજ્ય તરફથી 'શેઠ'નો માનવંતો ઇલ્કાબ તથા ખાસ પોશાક ભેટ અપાયા. ભુજના વોકળા ફળિયા તરીકે ઓળખાતા વિસ્તારમાં એમની રહેણાંકની સગવડ કરી આપવામાં આવી. આ વિસ્તારમાં આવેલ મેમણોની મોટી ડેલી, શેઠિયા શેરી વગેરે મેમણોના જૂના વસવાટના સ્થળો છે. પછી તો જેમ જેમ વસતી વધતી ગઇ તેમ તેમ રહેણાંકના વિસ્તારો પણ જુદે જુદે સ્થળે સ્થપાતા ગયા. કમલાણી ફળિયું, સાબુઆણી શેરી, મુનશી શેરી- એ બધા પાછળથી મેમણોએ વસાવેલા વિસ્તારો છે.

કચ્છમાં આવ્યા પછી મેમણોએ જુદે જુદે સ્થળે વેપાર-ધંધા અર્થે વસવાટ કરવા માંડયો. ભારાપર, માંડવી, ગોધરા, કોડાય, શીરવા, ગઢશીશા, નલિયા, જખૌ, મેમણવાંઢ, કોઠારા, સાંધાણ, ગોયલા, મોખરા, વરાડીઆ, લખપત, પાનધ્રો, અંજાર, ખેડોઇ, કોટડા (ચકાર), મુંદરા, માતાના મઢ, દયાપર, મીંદીઆળી, ઝુરા, ગાગોદર વગેરે ગામડાઓ અને શહેરોમાં મેમણોએ ઘીનો વેપાર કરવા માંડયો.

મહાનગરી મુંબઇમાં જમાવટ

સને ૧૮૧૩માં કચ્છમાં દુષ્કાળ પડતાં કેટલાય મેમણો, અન્ય જ્ઞાતિઓની જેમ આજીવિકાની શોધમાં કચ્છ છોડીને મુંબઇ આવ્યા. ડુંગરી વિસ્તારની દામતાડ સ્ટ્રીટમાં એમણે રહેવાનું રાખ્યું. મુંબઇમાં આગવી છાપ ઊભી કરનારા કચ્છી મેમણોમાં સૌથી પહેલાં આવનારા મુહવાની અને કાદવાણી પરિવારો ગણાય છે. તે કાપડના વેપાર સાથે સરકારી ઇજારાઓ પણ રાખતા. આજે તો હવે શરીફ દેવજી સ્ટ્રીટમાં મેમણોની માત્ર ત્રણ-ચાર દુકાનો જ રહી છે પણ એ દિવસોમાં તો આ આખીય સ્ટ્રીટ કચ્છી મેમણોથી ઊભરાતી હતી. મુંબઇમાં કચ્છી મેમણોના એ ગૌરવભર્યા ભૂતકાળની ગાથા ગાતી અનેકવિધ ઇમારતો હજીય ઊભી છે.

કચ્છમાં રહેલા ઘણા મેમણ કુટુંબોએ ખેતીનો વ્યવસાય અપનાવી લીધો. શીરવા, ખેડોઇ, ભારાપર, ગોયલા, વરાડીઆ, મોખરા વિગેરે ગામોમાં મેમણોએ ખેતીને જીવનની આજીવિકા બનાવી લીધી. આ જ્ઞાતિએ શિક્ષણના મહિમાને પહેલેથી જ પિછાણ્યું છે. તેથી તે સમયમાં પણ કચ્છી મેમણો રાજ્યની નોકરીમાં લાગ્યા હતા. મુનશી ખાનદાન તો રાજ્યમાં માનકારી હોદ્દા ધારણ કરતા હતા.

રાષ્ટ્રીય ચળવળમાં મેમણોનો ફાળો

પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન કચ્છ રાજ્યે કચ્છને મુક્ત વ્યાપાર વિસ્તાર તરીકે રાખતાં કચ્છ વ્યાપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. વિદેશી માલ મોટા પ્રમાણમાં કચ્છમાં આવવા લાગ્યો તેથી ભારતના વિવિધ વિસ્તારોમાંથી વેપારીઓ માલની ખરીદી માટે કચ્છમાં આવવા લાગ્યા. આ કારણે કચ્છમાં હુંડિયામણની બજારનો મોટાપાયે વિકાસ થયો. આ તકનો લાભ લઇ કચ્છના સાહસિક મેમણોએ હુંડિયામણના ધંધામાં ઝંપલાવ્યું. આ ધંધામાં કમાણી પણ થઇ પરંતુ યુદ્ધની સમાપ્તિ સાથે જ હુંડિયામણના ભાવો તૂટયા- જેના કારણે કચ્છના મેમણો આર્થિક રીતે પડી ભાંગ્યા. આમાંથી ઊભા થાય તે દરમ્યાન તો ગાંધીજીની સ્વદેશીની ચળવળ આવી પડી. પરદેશી માલની ઠેર ઠેર હોળી થવા લાગી. વિદેશી કાપડના વેપારમાં કચ્છી મેમણોની સંખ્યા ઘણી મોટી હતી. આ ચળવળના કારણે એમના વેપારને ભારે ધક્કો લાગ્યો. વેપાર પડી ભાંગ્યો. કેટલાકે તો પોતે જ પોતાના હાથે જ પોતા પાસેના પરદેશી માલની હોળી કરી નાખી ! કચ્છી મેમણો માટે આ પરદેશી માલની હોળી એ ક્ષણિક આવેશનો ઊભરો નહોતો. ગાંધીજીની ભાવનાને સાકાર કરવા માટે એમણે હાથે કરીને વહોરી લીધેલી આ ફનાગીરી તેમનાં હૈયે વ્યાપેલી આઝાદીના જંગ માટેની વતન પરસ્તી હતી. આઝાદીના જંગમાં મેમણ જ્ઞાતિનો આટલો મોટો ભાગ એ અકસ્માત નહોતો. એમના પૂર્વજો ભારતના સીમાડે રહીને આઝાદી માટે જીવનના બલિદાન આપ્યા હતા એ બલિદાનની ભાવના અહીં કામ આવી હતી. સંસ્કારનો વારસો એમને દેશ માટે ફના થઇ જવાની પ્રેરણા આપતો હતો.

ને આટલેથી જ સંતોષ માનીને એ બેઠા રહ્યા નહોતા. આઝાદીની ચળવળમાં સત્યાગ્રહી તરીકે તો જોડાયા જ હતા પણ પુણ્ય શ્લોકી શેઠ ઉમર સુખરાણીએ તો મહાત્માજીને કોરો ચેક આપીને કહ્યું : 'આમાં ઠીક લાગે તે આંકડો ભરી લ્યો બાપુ !' એમ કહેવાય છે કે ગાંધીજી ઘડીએક આ કોરો ચેક આપનારને જોઇ રહ્યા અને પછી એક લાખ રૂપિયાનો આંક એમાં માંડયો. તે જોઇને ઉમર શેઠ બોલી ઊઠયા હતા : 'મેં તો મોટી રકમ લખશો એમ ધાર્યું હતું બાપુ ! હજી જ્યારે પણ જરૂર પડે ત્યારે આ સેવક હાજર થશે.' આવી રાષ્ટ્રીય ભાવના એ દિવસોમાં કચ્છી મેમણોના અંતરમાં હિલોળાતી હતી.

મીનારા મસ્જિદ અને મુસાફરખાના

કચ્છી મેમણોના ઉમદા ગુણ ગણાવીએ તો અનેક છે. પ્રમાણિકતા, સાહસિકતા અને નીડરતાના ગુણોના કારણે વ્યાપારમાં એમનું નામ રહ્યું છે. આ ઉમદા ગુણોના કારણે જ તો એમની કમાણી સદાય શ્રી સવાઇ થતી રહી હતી અને એ કમાણીને એમણે સાવ અંગત ગણી નથી અને એટલે જ કચ્છી મેમણોની ઓળખ આપતી મીનારા મસ્જિદો અને મુસાફરખાનાઓ તથા નાની મોટી સાર્વજનિક ઇમારતો એમના નામ અને કામની ગવાહી આપતી આજે પણ જોઇ શકાય છે.

કચ્છમાં આવા સખી દાતા તરીકે જેમના નામ આજે પણ ભારે આદર સાથે બોલાય છે એવા કરીમ મોહમદ સુલેમાન અને જાફર સુલેમાનના નામો ઉલ્લેખનીય છે. કમ્મુ શેઠના લાડકા નામે ઓળખાતા કરીમ મોહમદના વડીલો સિંધમાંથી કચ્છમાં આવ્યા ત્યારે સાવ સામાન્ય સ્થિતિના હતા. પણ અહીં આવ્યા પછી ખાવડામાં ઘીના વેપારમાં ઝંપલાવ્યું અને એ વેપારે કમ્મુ શેઠની આર્થિક સ્થિતિ ઉન્નત બનાવી દીધી. કમ્મુ શેઠ તો જ્યોતિષશાસ્ત્રમાં પણ પ્રવીણ હતા. સ્થાનિકમાં તેઓ 'ભટડા'ના નામથી પણ ઓળખાતા હતા. કમ્મુ શેઠની ખાવડામાં બંધાવેલી મસ્જિદ અને ઇદગાહ, ભુજમાં મેમણ જમાતખાનું, ભીડમાં આવેલી પ્રાથમિક શાળા, કમ્મુ જાફર મુસાફરખાનું- જેવા લોકોપયોગી કામો એમની કીર્તિને આજે પણ અજવાળતા ઊભા છે. આવા બીજા કેટલાક દાતાઓમાં શેઠ અબુબકર ઉસમાન તથા શેઠ હાજી જાનમોહમદ કાસમના નામો ઉલ્લેખનીય છે. ભુજ, માંડવી અને મુંદરામાં એમણે પ્રજાપયોગી કામો કરાવ્યા હતા.

મહાનગરી મુંબઇને કચ્છી મેમણોની દેન

મુંબઇ પણ કચ્છી મેમણો માટે તો બીજું કચ્છ જ હતું. મુંબઇના વિકાસમાં ભાટિયાઓ, લોહાણાઓ, જૈનો અને ઇતર કોમોના ફાળા સાથે કચ્છી મેમણો પણ મોખરે રહ્યા હતા. મુંબઇમાં મીનારા અને ઝકરીઆ મસ્જિદો કચ્છી મેમણોની દેન છે. મેમણ જમાતનો દિવસે દિવસે વિકાસ થતો ગયો. ત્યાં એમનું જમાતખાનું પણ બનાવવામાં આવ્યું. એ જમાતખાના દ્વારા અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ પણ આરંભાઇ. ધીમે ધીમે આ જમાત પાસે અઢળક સંપત્તિ એકત્ર થઇ હતી અને એટલા બધા ટ્રસ્ટો થઇ પડયા કે એક સ્થળેથી સંચાલન કરવાનું તેમના માટે મુશ્કેલ બન્યું. તેથી તે વખતના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની સંપત્તિ તેના મૂળભૂત ઉદ્દેશોને ફળીભૂત કરવા માટે અન્ય સંસ્થાઓને સોંપી આપવી પડી. સાબુ સિદિક મુસાફરખાનું, સાબુ સદિક પોલિટેકનિક વગેરે કેટલાય ટ્રસ્ટો અન્ય સંસ્થાઓને સંચાલન કરવા માટે આપવામાં આવ્યા. સાબુ બાગ તથા માહિમમાં વિખ્યાત એવી બાવલા સેનેટોરીયમ ભલે આજે વેચાઇ ગયા હોય પણ ભૂતકાળની ગૌરવગાથાને ગાતી આ ઇમારત અને મહેક પ્રસરાવતો બાગ- સમાજના સામાજિક ક્ષેત્રે મહત્ત્વના પ્રદાનના સાક્ષી છે.

ટ્રસ્ટની મિલ્કત ૧૦૦ કરોડથી પણ વધુ

મુંબઇમાં હાલે કચ્છી મેમણ જમાતના અધ્યક્ષ ડૉ. અલ્કરાઉફ સુમાર ડુંગરી વિસ્તારના જાણીતા ડોકટર છે. સવારથી મોડી રાત સુધી પોતાના વ્યવસાયમાં વ્યસ્ત

રહેતા હોવા છતાં જમાતના કામમાં એ હંમેશા અગ્રેસર રહ્યા છે. સમાજ સેવક તરીકેની એમની છાપ માત્ર મેમણ જમાતમાં જ નહિ, આજુબાજુના વિસ્તારમાં પણ ઊંચી છે. સને ૧૯૮૨માં કચ્છી મેમણ જમાતે મુંબઈથી એક વિશેષાંક પ્રસિદ્ધ કરેલ. તેમાં અબુબકર રાજાણી અને ઈબ્રાહીમ અંબાણીએ તેમના લેખમાં ઉલ્લેખ કર્યો છે કે, એમના બધા ટ્રસ્ટોને એક કરીને હિસાબ માંડવામાં આવે તો એમના ટ્રસ્ટોની સિલ્લક એક કરોડથી પણ વધવા પામે. પ્રસૂતિગૃહથી માંડીને મુસાફરખાનાઓ સુધીનું એમનું યોગદાન ઊડીને આંખે વળગે એવું છે. જાણીતા રાજકારણી જી. એમ. બનાતવાલા સુલેમાન શેઠ અને કર્ણાટકના અઝીમ શેઠનું નામ સૌ માટે જાણીતું છે, એ મહાનુભાવો કચ્છી મેમણ સમાજમાંથી છે. મહાનગરીની મહાપાલિકામાં તો ઘણા બધા કચ્છી મેમણો સમયે સમયે નગરસેવક તરીકે રહી ચૂકયા છે.

વિશેષ ઉલ્લેખનીય નામોમાં ઓ. એસ. કાબલી, મોરિશ્યમના કૌન્સીલ જનરલના પદે રહી ચૂકયા છે. દેના બેન્કનું જ્યારે રાષ્ટ્રીયકરણ થયું નહોતું તે વખતે તેના ચેરમેન પદે રહેલા રશીદ ગુલામ મહમદ પણ કચ્છી મેમણ હતા. અલાના બાવલા, કાબલી, સાબુ સિદિક, પાટકા, મોતીવાલા, દાદાણી, રાજાણી, અંબાણી, આલુબાની તથા હાશમ શેઠના પરિવારોએ દાન દક્ષિણાથી માંડીને રાષ્ટ્રભક્તિ તથા સમાજ સેવાના ક્ષેત્રમાં નામ ધરાવતા મહાનુભાવો પણ કચ્છી મેમણો હતા. જેમ 'જી. ટી.'નું નામ ભાટીયા જ્ઞાતિમાં દાનના ક્ષેત્રે મશહુર છે તેમ મેમણોમાં કુમ્મુ જાફર પણ મોખરે હતા.

મુંબઈમાં સાબુ સિદિક મુસાફરખાનું જ્યાં આજે હજ કમિટીની ઓફિસો છે, તે હાજીઓને ઉતરવા માટે ખાસ બનાવવામાં આવેલ. એ દિવસોમાં માત્ર દરિયાઈ માર્ગે જ હજ યાત્રાએ જવાતું હતું. તેથી દેશના ખૂણે ખૂણેથી હજયાત્રીઓ મુંબઈ આવતા ત્યારે તેમના રહેવાની સમસ્યા સર્જાતી હતી. આ મુશ્કેલીને દૂર કરવા માટે સાબુ સિદિકે એક લાખ રૂપિયા આપીને મુસાફરખાનાનું કામ શરૂ કરાવ્યું. પાંચ લાખના ખર્ચે કામ પૂરૂં થયું. હવે તો હજ કમિટીએ રૂા. આઠ કરોડ ખર્ચીને મુંબઈમાં હજ હાઉસ ઊભું કર્યું છે. કચ્છી મેમણોએ એક ઈમારત પાછળ કરેલું આટલું મોટું ખર્ચ એ આ કોમના ઈતિહાસમાં એક અદ્વિતીય બાબત છે.

શિક્ષણ ક્ષેત્રે મોખરાનું પ્રદાન

મેમણ સમાજે શિક્ષણનું મહત્ત્વ પ્રથમથી જ સ્વીકાર્યું છે. ભલે તે સમયે સો ટકા સાક્ષરતા ન મેળવી શકાઈ હોય તો પણ શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કેળવણી પામેલા આ કોમના વિદ્વાનો લગભગ દરેક સ્થળે મળી આવશે. કચ્છમાં તો વર્ષો પહેલાં મુનશી ખાનદાન આ ક્ષેત્રે પ્રગતિશીલ ગણાતું અને તેથી જ તો દેશી રજવાડાઓમાં તેઓ મોભાદાર હોદ્દાઓ ધારણ કરતા હતા. મુનશી મહમદ ઈલીયાસ ઉર્ફે અભા મિંયા મુનશી તો કચ્છના રા' દેશળના દરબારના નવરત્નોમાંના એક હતા. ઉસ્તાદે આલાનો માનવંતો ખિતાબ ધરાવતા આ અભા મિંયાએ રાજાશાહીના વખતમાં મેમણોને વેઠમાં જવું પડતું હતું એમાંથી મુક્તિ અપાવી હતી. અભા મિંયા માટે કચ્છના રા' દેશળજીને અત્યંત માન હતું અને તેથી જ એમના અવસાન પ્રસંગે કચ્છ રાજ્યે ત્રણ દિવસનો શોક જાહેર કરીને ત્રણ દિવસ સુધી ગરીબોને મફત જમાડયા હતા. રાજ્યની તિજોરીમાંથી ખેરાત કરાવી હતી ! કચ્છના ઈતિહાસમાં આવું માન મેળવનારામાં એક માત્ર અભા મિંયા સિવાય બીજા કોઈનું નામ નથી. મુનશી પરિવારના લગભગ બધા જ નબીરાઓ ઊંચા હોદ્દા ધરાવતા હતા. આસૂ મિંયા મહેસૂલ ખાતામાં અધિકારી હતા. યુસુફ મિંયા ન્યાય ખાતામાં ન્યાયાધીશ હતા અને અમીન મોહમદ સને ૧૯૧૩માં બિકાનેર તથા શિરોહીમાં દીવાન પદે હતા. શાહબુદ્દીન અને ઉસ્માનભાઈ ભુજમાં ફોજદાર હતા. તો અબ્દુલ અઝીઝ શાહબુદ્દીન મુનશી રાજાશાહીમાં અને તે પછી પણ મહેસૂલ ખાતામાં મામલતદારના હોદ્દા ઉપર હતા. ભુજના નઝીર મોહમદ તો ધ્રોળમાં આજે પણ પીર તરીકે પૂજાય છે. મુંબઈમાં બોમ્બે હોસ્પિટલની નજીક બાબા બહાઉદ્દીન સાહેબની દરગાહ અને વિશ્વ પ્રસિદ્ધ હાજી અલી દરગાહના નિર્માતા પણ કચ્છી મેમણો હતા. મેમણોમાં જેમ મીનારા મસ્જિદ અને જકરીયા મસ્જિદની પવિત્રતા છે તેમ હાજી અલીનું અધ્યાત્મ આખી દુનિયાને કચ્છી મેમણોની કહાણી સંભળાવતું પવિત્ર સ્થાન છે.

ભુજની ગઈકાલની યાદ સાચવતા જકરીયા મુસા, અબ્દુલશકુર અલારખ્યા અને ઈબ્રાહીમ શેઠની પેઢીઓ ચોખાના જથ્થાબંધ વેપારમાં, અલીમામદ સાલેમામદ કે મુસા સાલેમામદ ધુન્નાની પેઢીઓ કાપડના વેપારમાં અને અલી શેઠ તથા જુમા શેઠ કુમલાણીની પેઢીઓ રસકસના વેપારમાં અને અબ્દુલસતાર ભચલ શેઠ કે ઈસ્માઈલ શેઠની શરાફી પેઢીઓની નામના જૂના માણસોના મનમાં હજીય સચવાયેલી છે.

સાહિત્યના ક્ષેત્રમાં મેમણનું નામ છે

મેમણો માત્ર વ્યાપાર પાછળ જ રચ્યાપચ્યા રહ્યા છે એવું નથી. સાહિત્યના ક્ષેત્રમાં પણ કચ્છી મેમણોનું નામ છે. અમીન મોહમદ જે ૧૯૧૩માં બિકાનેરમાં દીવાનપદે હતા તેમણે ફારસી અને ગુજરાતીમાં કાવ્યો ઉપરાંત રાજસ્થાની લોકગીતોનો પણ સંગ્રહ કર્યો હતો.

બોલવાની ભાષા કચ્છી લખવામાં ગુજરાતી અને સાહિત્યની અભિવ્યક્તિ માટે ઊર્દૂને માધ્યમ બનાવીને કેટલાય કચ્છી મેમણોએ ઊર્દૂ સાહિત્યને ગઝલો અને નઝમોથી સમૃદ્ધ કર્યું છે. અબ્દુલકરીમ શેઠના મર્હુમ અબ્દુર્રઝાક સઈદ, અબ્દુલ અહમદ બાકુ, મહમદ ઈસ્માઈલ સબા નિઝામી અને અબ્દુલ શકુર માહિર આકબાની ઊર્દૂના ખ્યાતનામ શાયર થઈ ગયા છે. ઊર્દૂ સાહિત્યમાં એમનું પ્રદાન નોંધનીય રહ્યું છે.

ગૌરવર્ણ અને સરેરાશ કરતા સહેજ ઊંચા એવા ભરાવદાર શરીરવાળા યુવાનો તથા આધેડ અવસ્થાએ સ્થૂળ લાગતા મેમણો- સ્ત્રી અને પુરૂષ બન્ને ઘાટીલા અને મજબૂત બાંધાના લાગે. ચહેરા પરથી કચ્છી મેમણો ઓળખાઈ જાય. મોટે ભાગે ગોળ અને કયાંક લંબગોળ ચહેરો, ઊંચું કપાળ, નાના ભરાવદાર હોઠ, નાનું છતાં નમણું નાક અને ચોટકા ખભા ઉપર લાંબી ગરદન એ એમની વિવિષ્ટતાના કારણે એ તરત જ ઓળખાઈ જાય છે. આ કચ્છી મેમણ લાગે છે ! સ્ત્રીઓના માથાના વાળ ઘણે ભાગે લાંબા, હાથની હથેળીઓ અને પગના તળીયાને અને પગની આંગળીઓ મેંદી રંગી લાલ ચટાક હોય.

પહેરવેશમાં પલટો આવ્યો છે

સમયના બદલાવ સાથે હવે પહેરવેશ અને ખાનપાન બદલાયા છે તો પણ સંસ્કારી અને સરળ સ્વભાવ જે પૂર્વજો તરફથી વારસામાં મળ્યો છે તે હજીય જળવાયો છે. આ કોમ આ સંસ્કાર વારસાને પોતાનું ગૌરવ ગણાવે છે. આ કોમની ઉત્પત્તિની વિગતો આપતા કેટલાક પુસ્તકો ઉપલબ્ધ છે તેમાં ઈ. સ. ૧૮૭૩માં સૈયદ ખમીરૂદ્દીનનું પુસ્તક 'અબશહલ હક્ક' તથા ઈ. સ. ૧૯૧૩માં અમરેલી મેમણ અબ્દુલ્લાહ ઈસ્માઈલ લિખિત 'મેમણ તવારીખ'માં ઘણી વિગતો ઉપલબ્ધ થાય છે. સામાજિક વહેવારમાં રૂઢિચુસ્ત છે. લગ્ન વહેવાર તે હજી પણ માત્ર કચ્છી મેમણ કોમમાં જ કરે છે. હંમેશા શાંતિપ્રિય રહીને જીવન જીવવાને ટેવાયેલી આ કચ્છી મેમણ કોમ તેના સુમેળભર્યા સંબંધોને કારણે આજે પણ સૌને એટલી જ પ્રિય રહી છે. □

■ મુનશી શેરી, ભુજ

'ધમાલ'ના ધુરંધર સીદી

□ હાજી રહેમતુલ્લાહ અલીભાઈ જમાદાર 'બીલાલી'

વિશાળ આફ્રિકા ખંડના વિવિધ દેશોમાંથી સમગ્ર વિશ્વમાં હબસી-સીદી જાતિ (Negro) દરેક દેશમાં વસવાટ કરે છે. અમેરિકાથી ચીન સુધી સીદીઓ વસે છે. કાળા રંગના સીદીઓને સૈનિક તરીકે, સાહસિક વહાણવટી તરીકે અને ગુલામ બનાવીને આ જાતિનું જગતમાં જુદા જુદા ધર્મમાં સ્થાન રહ્યું છે.

ભારતમાં 'સીદી'ઓનું આગમન સૈનિક અને વહાણવટી તરીકે મુખ્યત્વે થયેલ છે. ભારતમાં સીદીઓનું આગમન ઈ.સ. ૧૨૯૭માં અલાઉદ્દીન ખીલજીના આગમન સાથે લડાયક સૈનિકો તરીકે થયેલ હતું. ભારતમાં આવેલા સીદી ઉત્તર આફ્રિકાથી આવેલા છે જેમાં સુદાન, અલ્જિરીયા, મોરેક્કો, ટુયનિશિયા, લિબિયા, તાન્જાનિયા, યુગાન્ડા અને ઝાંઝીબારથી સીદીઓ દરિયા માર્ગે વહાણવટી તરીકે આવેલા છે.

ગુજરાતમાં સીદીઓનો વસવાટ ઈ.સ. ૧૪૦૭માં મુસ્લિમ સંત મશહુર બુઝર્ગ શેખ સૈયદી મુબારક હઝરત 'બાવાગોર' રફાઈ (રહે. અલ)ના આગમનથી થયેલ છે.

હઝરત બાવાગોર (રહે. અ) દક્ષિણ ગુજરાતમાં ભરૂચ પાસે 'ઝંઘડીયા' ગામની બાજુમાં રતનપરની ખાનકા સ્થાનકથી થયેલ છે અને સીદીઓ ગુજરાતમાં સ્થાયી વસવાટ કરી પશ્ચિમ ભારતમાં ફેલાયેલા છે.

રતનપરમાં હઝરત બાવાગોર (રહે. અ)ની વફાત ૧લી રજબ હિજરી ૧૦૯૭માં થઈ હતી. બાવાગોરના અનેક અનુયાયીઓ/ભક્ત મુરીદો થયા હતા. તેમની સાથે તેમના મોટા ભાઈ અઝીઝ હઝરતબાબા હબસ તથા નાના ભાઈ હઝરતબાબા રેહાન અને બહેન હઝરત મા-એ-મીસરા (રહે. અ) રતનપરમાં સ્થાયી થયા હતા અને સીદીઓના વસવાટથી સીદીઓનું મોગલ સામ્રાજ્યમાં સૈનિક સિપેસાલાર તરીકે અગ્રસ્થાન રહેતું હતું. ગુજરાતના બાદશાહ 'અહમદશાહ'ના સરસેનાપતિ 'સીદી

સૈયદ' હતા. તેમણે અમદાવાદમાં લાલ દરવાજા પાસે મસ્જિદ બંધાવી જે ઐતિહાસિક પુરાતત્ત્વ 'સીદી સૈયદની જાળી' તરીકે જગમશહુર છે.

કચ્છમાં સીદીઓનું આગમન બે રીતે

(૧) મુન્દ્રા-માંડવીના ભાટિયા, ખોજા, લોહાણા અને ભડાલાના વહાણવટી તરીકે તેમજ તેમના નોકરો તરીકે આવેલા છે.

(૨) કચ્છના પ્રથમ રાજવી પહેલા ખેંગારજીને અમદાવાદના ગુજરાતના સુલતાને પોતાના સૈનિકોને મોકલી ગાદીએ પુનઃ બેસાડેલ ત્યારે સીદીઓ સૈનિક તરીકે કચ્છમાં આવેલા છે. મહારાવ દેશળજીના સમયમાં કચ્છના લશ્કરમાં 'સીદી બટાલિયન' હતી. મહારાવ દેશળજીના અંગરક્ષક અને કારભારી 'સીદી મસૂદ' હતા. કચ્છમાં આવેલા સીદીઓ હઝરત બાવાગોર (રહે. અ)ના અનુયાયીઓ મુરીદો છે, જે ભરૂચ જિલ્લામાં ઝંઘડીયા ગામની બાજુમાં રતનપરમાં તેમનું સ્થાનક (ખાનકા) છે અને કચ્છના સીદીઓ અવારનવાર ઝીયારત યાત્રાએ જાય છે. હઝરત બાવાગોર (રહે. અ)નું નામ મુબારક શેખ સૈયદી નૌબી છે. તેઓ મૂળ સુદાન (આફ્રિકા)ના કસબા હબસના ગામ ગૌરીના વતની હતા તેથી તે સંતનું નામ બાવાગૌરી તરીકે રહેલ છે. તેઓ હસબના હોઇ તેમના ભાઇ હઝરત શેખ બાબા ગાઝી હસબથી 'હબસી' તરીકે રહેલ છે અને તેમના બહેન બીબી માય મીસરા તરીકે ઓળખાય છે. પશ્ચિમ ભારતના તમામ સીદીઓના 'ગુરૂ'- પીર બાવાગોર છે. સૌરાષ્ટ્રમાં દરેક જિલ્લામાં સીદીઓ છે, તેઓ બધા બાવાગોરના અનુયાયીઓ છે. કચ્છના સીદીઓ સૈનિક તરીકે રાજ્યને વફાદાર રહ્યા છે, કચ્છમાં રાજ્યના નોકરો તરીકે રહીને સ્થાયી થયા છે.

કચ્છના સીદી - જમાદાર તરીકે ઓળખાય છે

કચ્છના સીદીઓ સૈનિક, સિપાઇ, ચોકીદાર અને અંગરક્ષક તરીકે રહેલા હોઇ તેઓ 'સીદી જમાદાર' તરીકે ઓળખાય છે જ્યારે સૌરાષ્ટ્રમાં સીદીઓને 'બાદશાહ' તરીકે ઓળખે છે. કચ્છના સીદીઓની બે રીતે આગમનથી તેઓની નીચેની જુદી જુદી અટકો છે.

'બાના, લોમ્બી, બીલાલી, મકવા, રૂખડીયા, કથીરી, નૌબી, મજગુલ, સ્વાલી, શીરમાની, વજગુરા, મુગીન્ડો, મકરાણી, મીયાસા, હબસી, વિગેરે નૂખો છે. કચ્છમાં સ્થાયી થયેલા સીદીઓ અન્ય મુસ્લિમ કોમ સાથે શાદી વિવાહ કરે છે તેમાં મુખ્યત્વે અરબ, તુર્કો, મુગલો, પઠાણોથી બેટી વહેવાર કરે છે પરંતુ મોટાભાગે પોતાની સીદી જાતિ અને નજદીકના કુટુંબમાં શાદીઓ કરે છે.

ભારતમાં સીદી જાતિના લોકોમાં ૯૦% ઇસ્લામ ધર્મ પાળે છે અને જે જે પ્રદેશમાં રહે છે તેની પ્રાદેશિક ભાષા બોલે છે. કચ્છના સીદીઓ ગુજરાતી અને 'કચ્છી' ભાષામાં બોલે છે. તેઓ બાવાગોરના અનુયાયી મુરીદો હોઇ ગૌમી (રફાઇ) ધમાલની જકરીયો (શાયરીઓ) તળપદી ઊર્દૂમાં ગાય છે જેમાં હમ્દે બારેત્આલા (સ્તુતિ) નાતે રસુલ (સ.વ.), મુનાજાત, શયરે ઈલ્તેજા વિ. ગોમી લય અને ઝલકની શૈલીમાં ધીમા સંગીતમાં તેમજ ધમાલમાં 'જકરીયો' પુરૂષો બોલે છે/ગાય છે અને સ્ત્રીઓ ઝીલે છે/ગાય છે. કેટલાક સીદીઓ જેઓ વહાણવટી તરીકે આવ્યા છે તેઓ કેનિયા તાન્જાનિયાની સ્વાલી ભાષામાં થોડા થોડા શબ્દો બોલે છે. કચ્છના સીદીઓ ઈસ્લામ ધર્મ પાળે છે. કચ્છના મુખ્ય શહેરોમાં 'બાવાગોર'ના છીલ્લા આવેલા છે ત્યાં ઉર્ષ/મેળાઓ યોજવામાં આવે છે.

માંડવી (કચ્છ)માં વહાણવટી તરીકે આવેલા સીદીઓએ બંદર પાસે બાવાગોર મસ્જિદ બાંધી છે. (હાલના એસ.ટી. સ્ટેશન પાસે)

શારીરિક લાક્ષણિકતા ધ્યાન ખેંચે છે

કચ્છમાં સીદીઓમાં જેઓ સૈનિકો તરીકે પહેલા ખેંગારજીના અંગરક્ષક તરીકે આગમન થયેલ તે સીદીઓ ઉત્તર આફ્રિકાથી આવેલા હતા. તેઓ પહાડી કદના, મજબૂત બાંધાના, સશકત લડવૈયા જેવો ખડતલ શરીરનો બાંધો ધરાવે છે, તેઓની ચામડી શ્યામ રંગની મુલાયમ છે, તેમના વાળ વાંકડીયા છે, તે લોકો ઈસ્લામ અરબ સંસ્કૃતિની અસરના તથા દક્ષિણ યુરોપની અસર હેઠળના રહ્યા છે, તેઓ ઓછા કાળા અને મોહક અને ઘાટીલા છે, તેમની સ્ત્રીઓના વાળ વાંકડીયા પરંતુ લાંબા હોય છે તેમની આંખો મોટી અને તેજદાર હોય છે અને જેઓ ભડાલા, ભાટિયા, ખોજાઓના વહાણવટી તરીકે આવેલા છે તેઓ પશ્ચિમ આફ્રિકાના સીદીઓ મધ્યમ બાંધાના હોય છે. તેમની ચામડીનો રંગ કાળો છે, તેઓ મજબૂત બાંધાના હોય છે પરંતુ ચહેરો ગોળ અને નાક બેઠેલું તથા હોઠ જાડા, લાંબા હોય છે. તેમના વાળ ટૂંકા અને ઘાટા વાંકડીયા હોય છે જ્યારે દક્ષિણ અને પૂર્વ આફ્રિકામાંથી આવેલા સીદીઓ ટૂંકા કદના ઠીંગણા હોય છે. તેમના વાળ ખૂબ જ ઘટ્ટ અને ટૂંકા વાંકડીયા હોય છે તેઓ કુસ્તીબાજ હોય છે, શરીરે ભરાવદાર અને ચહેરો લંબગોળ હોય છે તેમની આંખો ઝીણી અને ઊંડી હોય છે, તેમનો ચહેરો ગેરીલા જેવો હોય છે, તેઓ મુક્કાબાજ અને રમતવીર હોય છે.

આગવી સંસ્કૃતિ આજે પણ જાળવી રાખી છે

સીદીઓ વંશપરંપરાની આગવી અને ભાતીગળ નૃત્ય (Folk Dance) રફાઇ ગોમા (ધમાલ)ની કળા જાળવી રાખી છે. જેમાં સંગીતમય લયથી 'જક્કરી' બોલે છે. સીદીઓના નૃત્યમાં વિશિષ્ટ વાજીંત્રો હોય છે તેના તાલ અને લયમાં સંગીતવાદકો ઓતપ્રોત થઇ ભાતીગળ મદગલ નાચ કરે છે. તેમાં પુરૂષો જક્કરી ગાય છે અને સ્ત્રીઓ ઝીલે છે. પુરૂષો ઘૂમરીઓ લે છે અને ઢોલક ખંભે રાખી વગાડતા વગાડતા ગોળકાર ઘૂમે છે. ગોમા માટે વચ્ચે ચોકમાં સંગીતના વાજીંત્રો-સાઝો રાખે છે જેમાં નોબત અને મુસીંદો (મોટો ઢોલ) વગાડીને લય આપે છે. તેમાં મુગર માના વાજીંત્રને થાપ આપીને તાન અને તાલમાં આવી ઉત્સાહમાં ઘૂમરીઓ મારીને ગાય છે.

પુરૂષો મોહક મુદ્રાઓમાં રમુજી ચહેરા કરીને જોશ તથા આવેગમાં અંગમરોડથી ઝુમે છે. ભાવમય અભિનય, સંવાદ અને સંગીતના સ્વરોમાં નાચે છે, તેમાં 'મીસરાની' (વાજીંત્રની) ઘૂઘરીઓના અવાજ તથા મુરગો (વાજીંત્ર)ના તીણા અવાજમાં સંગીતમય બનાવી વચ્ચે વચ્ચે 'નફીલ' શીંગા (શંખ) ફુંકે છે, તેમાં જેને વાસો આવે તેને મૂખ્તો (લાલ દંડો) પીંછી (મોરપીચ્છ) આપે છે જેનાથી ધૂણે છે. વાસાને તળપદીમાં 'હાલ' કહે છે. જે લોકો નમાજ પઢે તેવા સીદીઓ આ ગોમા ધમાલમાં ભાગ લેતા નથી. તેઓ રફાઇના બદલે બાવાગોર (રહે. અ)ના સીજરાનું પઠન કરે છે.

વાર્ષિક ઉર્ષમાં મોટો મેળો ભરાય છે. રતનપરમાં તથા જ્યાં જ્યાં સીદીઓનો વસવાટ છે ત્યાં બાવાગોરના છીલ્લામાં શ્રદ્ધાળુ પોતાની મન્નત (શ્રદ્ધા) રાખે છે અને પ્રસાદ (પેડી) ન્યાઝ કરે છે. દર ગુરૂવારે રફાઇ કરવામાં આવે છે, આ રીતે સીદીઓએ પોતાની આગવી સાંસ્કૃતિક કલા જાળવી રાખી છે.

સીદીઓની ભાતીગળ સાંસ્કૃતિક કળામાં રફાઇ (ગોમા)ના નૃત્ય રફાઇ-ધમાલમાં નીચેના વાજીંત્રો હોય છે (૧) મુસીંદો (મોટો ઢોલ) (૨) મુગરમાનો (સેલાની) (૩) નોબત (૪) ઢોલકીઓ (૫) મીસરા (૬) મુખ્તો (દંડો) (૭) નફીલ (શંખ) (૮) મુરગો (૯) પીંછી વિગેરે સામગ્રીના MUSICAL INSTRUMENTS હોય છે. આ રફાઇ ધમાલ પુરૂષો તથા સ્ત્રીઓ અલગ અલગ કરતા હોય છે, તેમજ પુરૂષોની ધમાલમાં જક્કરીઓ ગાવામાં આવે છે તેને સ્ત્રીઓ તીણા અવાજમાં ઝીલીને ગાય છે તેમજ વંશપરંપરાની રફાઇના વાજીંત્રો જાળવીને રાખે છે.

વ્યવસાય મુખ્યત્વે ટેકનિકલ કાર્યમાં

કચ્છના સીદીઓ શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગમાં આવે છે. સીદીઓ મુખ્યત્વે ટેકનિકલ જોબમાં રહે છે, મિકેનિકલ ઇજનેરી, ઇલેકટ્રોનિક ઇજનેરી, તેમાં મોટર મિકેનિક, રેલવે એન્જિન ડ્રાઇવર, મોટર ડ્રાઇવર, ટેકસી વેલ્ડર, ફીટર, ટર્નર, વાયરમેન, સર્વેયર અને ઇલેકટ્રીશીયન ધંધામાં રહે છે. કેટલાક સૈનિક, ગાર્ડ, ચોકીદાર, ઓડર્લી, ખેતમજૂર, બટલર તેમજ માલી પણ હોય છે. કોઇપણ સીદી કયારે પણ બેકાર રહેતો નથી. કંઇપણ હુન્નર-ફન કરી આજીવિકા મેળવતો હોય છે.

કચ્છના સીદીઓ ઉચ્ચ અભ્યાસ સુધી જતા નથી, ટેકનિકલ કાર્યમાં રહે છે તેઓને આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પછાતવર્ગ હેઠળ ગણવામાં આવે છે. રાજાશાહીમાં 'સીદી' બટાલિયન રહેતી હતી. સૈનિક તરીકે તેઓ ખડતલ મજબૂત બાંધાના હોઇ મહારાવના અંગરક્ષકો રહ્યા છે. તેમાં ઐતિહાસિક સીદી 'મસૂદ' રાજ્યમાં કારભારી રહેલ, બારભાઇઓના રાજની ખટપટમાં સીદીઓ મહારાવને વફાદાર રહીને બોડીગાર્ડ રહ્યા છે. પૂંજા શેઠ અને સીદી મસૂદ વચ્ચે ગૃહયુદ્ધ વખતે બન્ને વચ્ચે વાણિયાવાડ નાકા બહાર સામસામે તલવારબાજી થયેલ હતી અને બન્ને વાણિયાવાડ નાકે શહીદ થયા હતા. પૂંજા શેઠની ડેરી તેના વંશજોએ જાળવી છે, જ્યારે સીદી મસૂદની મઝાર જ્યાં હાલે 'જનતાઘર' છે તે દિવાલમાં આવેલી છે.

કચ્છના કોઇ સીદી મોટી પદવી કે લોકસેવક થયેલ નથી. સીદી ફોજદાર થયેલ છે, તેમજ કર્નલની પદવી મેળવી છે. કચ્છમાં એક સીદી સ્વ. હસનભાઇ જમાદાર આદર્શ શિક્ષક અને સંગીત, નાટય અને લોકકલાકાર થઇ ગયા છે.


કચ્છના સીદીઓ રાજ્ય સરકારથી ઉત્સવ મેળાવડા થાય છે તેમાં ''ઝુલુ'' નૃત્યના કાર્યક્રમો આપી લોકકલાને પ્રોત્સાહિત કરી ઉત્સવમાં ભાગ લેતા હોય છે. કચ્છમાં લગભગ ૧૦૦૦ સીદીઓ વસે છે. □

■ પંચમુખા હનુમાન શેરી, ભુજ

(પાના ૨૨૬D નું સંધાન)

આવી લેખમાળા પ્રસિદ્ધ કરી હોય એવો આ પ્રથમ પ્રયોગ હતો.

દુકાળને સંબંધ છે ત્યાં સુધી ૧૯૮૭માં કુદરતી આપત્તિ અંગેનું ઉત્તમ રિપોર્ટીંગ કરવા બદલ 'કચ્છમિત્ર'ના મદદનીશ તંત્રી શ્રી મહિમભાઇ પાંધીને રાજકોટની સંસ્થાનો એવોર્ડ મળ્યો હતો એ અમારા માટે ગૌરવની ઘટના હતી. એનાથી બે વર્ષ પૂર્વે એટલે કે ૧૯૮૫માં બહેરા-મૂંગા કર્મચારીઓને રોજગારી આપવા બદલનું ગુજરાત રાજ્યનું શ્રેષ્ઠ રોજગારદાતા તરીકેનું 'કચ્છમિત્ર'ને જાહેર થયેલું પારિતોષિક અમારા મેનેજર શ્રી સુરેશભાઇ શાહે રાજ્યપાલના હસ્તે સ્વીકાર્યું એણેય સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. તે પછી આ 'કચ્છ તારી અસ્મિતા'ને ૧૯૯૬માં શ્રેષ્ઠ પ્રકાશન તરીકે 'કચ્છ શકિત' એવોર્ડ મળ્યો તે નોંધનીય છે. આ એટલે કે 'કચ્છ શકિત'ના એવોર્ડ વ્યકિતગત રીતે પણ 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઇ ખત્રી, મેનેજર શ્રી સુરેશભાઇ શાહ અને સબ-એડીટર શ્રી કનૈયાલાલ જોશીને મળી ચૂકયા છે. કચ્છના જાણીતા પત્રકાર સ્વ. ફૂલશંકરભાઇ પટ્ટણીની સ્મૃતિમાં ૧૯૯૫થી એવોર્ડ આપવાનું શરૂ થયું અને પ્રથમ વર્ષે જ શ્રેષ્ઠ કટાર લેખન એવોર્ડ 'કચ્છમિત્ર'ની 'ભ્રમણભૂમિ કચ્છ' કટારના લેખન બદલ ભરત ઠાકર અને સંજય ઠાકરને મળ્યો હતો. તે પછીના વર્ષે એટલે કે ૧૯૯૬માં આ જ એવોર્ડ ઉત્તમ વ્યવસ્થાપન માટે 'કચ્છમિત્ર'ના મેનેજર શ્રી સુરેશભાઇ શાહને અપાયો હતો. જો કે, વ્યકિતગત એવોર્ડને સંબંધ છે ત્યાં સુધી સૌથી શિરમોર સમો રાષ્ટ્રીયકક્ષાનો એવોર્ડ 'કચ્છમિત્ર'ના કટારલેખક શ્રી માણેકલાલભાઇ પટેલને ગયા વર્ષે (સપ્ટેમ્બર ૧૯૯૬માં) એનાયત થયો હતો. ગ્રામીણ વિસ્તારના હેવાલ માટે 'સ્ટેટ્સમેન' અખબાર દ્વારા અપાતો એવોર્ડ 'કચ્છમિત્ર' સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતી 'ગ્રામ સૌરભ' કટાર બદલ શ્રી પટેલને મળ્યો હતો. કોઈ પણ ગુજરાતી પત્રકારને ગ્રામ્ય વિસ્તારના હેવાલ માટે 'સ્ટેટ્સમેન'નો પ્રથમ નંબરનો એવોર્ડ મળ્યો હોય એવો આ પ્રથમ બનાવ હતો. એ રીતે જોવા જતાં 'કચ્છમિત્ર' માટે આ વિશેષ ગૌરવની ઘટના હતી.




સૌરાષ્ટ્ર ટ્રસ્ટમાં કચ્છી પ્રતિનિધિ તરીકે સ્વ. ભવાનજીભાઈ અ. ખીમજીએ નોંધનીય સેવાઓ આપી હતી. તે પછી વરસો બાદ જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ શાહ (એન્કરવાલા) સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી નીમાયા છે અને હાલ તેઓ કાર્યરત છે.

'કચ્છમિત્ર'ની સફળતાની ગાથામાં તેની રવિવારીય પૂર્તિ અને દિવાળી વિશેષાંકનો ઉલ્લેખ જરૂરી છે. પૂર્તિ ચાર પાનાથી છની અને હવે આઠની થઈ છે. તેમાં કચ્છની અસ્મિતા સાથે સંબંધ ધરાવતી કટારો ખાસ માવજતથી આપીએ છીએ. અત્યારે સાપ્તાહિક પૂર્તિમાં કુલ ત્રણ કટાર પર્યાવરણ, જોવાલાયક સ્થળો અને ઈતિહાસ સંબંધમાં આવે છે. ઉપરાંત એક કચ્છી ભાષાની કટાર છપાય છે. તો થોડા વરસ પહેલાં પૂરી થયેલી કચ્છી ભાષા- વ્યાકરણની કટાર કચ્છી ભાષાના વિકાસના પ્રયાસોને વેગ મળે એવી સબળ હતી. દિવાળી વિશેષાંકમાં અપાતી વાચન સામગ્રી પણ મોટા ભાગે કચ્છી લેખકો, કવિઓ લિખિત હોય છે. કચ્છની આગવી હસ્તકલા, આગવું લોકજીવન અને ભાતીગળ પ્રણાલીને અનુરૂપ એવા આ અંકોએ ગુજરાતી ભાષાના અન્ય વાર્ષિક અંકોમાં અનોખી છાપ પાડી છે. આમ મેગેઝિન સેકશનમાં પણ કચ્છની આગવી પ્રણાલીઓને અગ્રસ્થાન અપાય છે.

અગાઉ કહ્યું તેમ સતત દુષ્કાળના કારણે હિજરત કરીને લાખો કચ્છીઓ મુંબઈ તેમજ અન્ય સ્થળે સ્થાયી થયા છે. પણ, એમની એ ખાસિયત છે કે તેઓ ક્યારેય વતનને ભૂલતા નથી, મદ્રાસ હોય કે બેંગ્લોર, ગૌહતી હોય કે કલકત્તા, ઈન્દોર હોય કે જયપુર, અમૃતસર હોય કે ચંદીગઢ દરેક સ્થળે કચ્છી વસ્યા છે અને વેપાર ધંધામાં આગળ વધી સામાજિક ક્ષેત્રેય નામ કમાવ્યું છે. પણ, વતનનો સાદ પડે કે ત્યાં દુકાળ જેવી કોઈ આપત્તિ આવી પડે તો દાનની ગંગા વહેડાવતાં કચ્છીઓ ક્યારેય ચૂક્યા નથી. આવા વતનપ્રેમનું માધ્યમ 'કચ્છમિત્ર' બન્યું છે. તેઓ જ્યાં જાય ત્યાં છેવટે ટપાલ દ્વારા પણ 'કચ્છમિત્ર' મંગાવે છે. પછી અખાતી દેશ હોય કે કેનેડા, લંડન કે અમેરિકા. સામાન્ય રીતે એમ કહેવાય છે કે એક દૈનિકનું મહત્ત્વ સવારના બે- ચાર કલાક પૂરતું જ હોય છે. સોમવારનું અખબાર હોય તો મંગળવારે એની કોઈ કિંમત હોતી નથી. પણ, 'કચ્છમિત્ર' એક એવું અખબાર છે જે મુંબઈ જેવા શહેરના બૂક સ્ટોલો પર બીજા દિવસે પહોંચે છે છતાં ફટાફટ વેચાય છે.

કચ્છીઓની પોતાના અખબાર પ્રત્યેની આવી ભાવના અને પ્રતિભાવ જોઈને સૌરાષ્ટ્ર ટ્રસ્ટે વતન છોડીને બહાર સ્થાયી થયેલા કચ્છીઓને માતૃભૂમિના છેલ્લામાં છેલ્લા સમાચારો તેમજ સાંસ્કૃતિક પ્રવાહોથી વાકેફ કરવા 'કચ્છમિત્ર' સાપ્તાહિકની ખાસ બૃહદ કચ્છ આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો હતો તે હવે અમલમાં મુકાઈ રહ્યો છે.

અને છેલ્લે વાત તંત્રી અને વ્યવસ્થા વિભાગ તેમજ ફેકટરી સ્ટાફ વચ્ચેના સંકલનની, આ ત્રણેય પાંખો તાલમેલથી હવામાં વીંઝાય તો જ તે અખબાર બરાબર ઊડી શકે.... દોડી શકે. 'કચ્છમિત્ર'માં ત્રણેય વિભાગના કર્મચારીઓ ટીમવર્કની જેમ કામ કરે છે એ એનું સદ્ભાગ્ય છે.

આ સાફલ્ય ગાથા પૂરી કરતી વેળા 'કચ્છમિત્ર'ના ભૂતપૂર્વ તંત્રીઓ- કર્મચારી-ઓથી માંડી આજે કાર્યરત ઉત્સાહી, નિષ્ઠાવાન ટીમના પાયાના કાર્યનો ઉલ્લેખ કરવો જ રહ્યો. આજે અદ્યતન સાધનો તો ઉપલબ્ધ છે જ પણ એ બધાની ઉપર આ જિલ્લાની આ પ્રદેશની અસ્મિતાની જાળવણીની ખેવના આ પત્રનું ચાલક બળ રહ્યું છે. □

ઊડતી નજરે કચ્છમિત્ર

૧.	જન્મ તારીખ	: ૨૦-૭-૧૯૪૭
૨.	સ્થાપક તંત્રી	: શ્રી શરદ શાહ
૩.	સ્થાપક માલિક	: શ્રી લીલાધર પાસુ, શ્રી દેવજી ખીમજી (ગુંદાલાવાલા), શ્રી હંસરાજ ડી. શાહ.
૪.	સૌરાષ્ટ્ર ટ્રસ્ટે કચ્છમિત્ર સંભાળ્યું તે અગાઉના તંત્રીઓ.	: શ્રી પ્રાણલાલ શાહ, શ્રી નવીનભાઈ અંજારિયા, શ્રી રસિકભાઈ જોષી, શ્રી રવિશંકર મહેતા, શ્રી ઝુમખલાલ મહેતા.
૫.	સૌરાષ્ટ્ર ટ્રસ્ટે કચ્છમિત્ર સંભાળ્યું ત્યારે સરકયુલેશન કેટલું હતું ?	: બે હજારની આસપાસ
૬.	સૌરાષ્ટ્ર ટ્રસ્ટે કચ્છમિત્ર સંભાળ્યું તે પછીના તંત્રીઓ તથા સમયગાળો	: ૧૯૫૨ થી ૧૯૬૨ શ્રી ઝુમખલાલ મહેતા ૧૯૬૨ થી ૧૯૬૬ શ્રી રસિકભાઈ જોષી ૧૯૬૬ થી ૧૯૭૪ શ્રી નવીનભાઈ અંજારિયા ૧૯૭૪ થી ૧૯૮૦ શ્રી ભાસ્કરભાઈ પંડ્યા ૧૯૮૦ થી ૧૯૮૧ શ્રી શિવકુમાર આચાર્ય (કાર્યકારી) ૧૯૮૨ થી શ્રી કીર્તિભાઈ ખત્રી
૭.	સૌરાષ્ટ્ર ટ્રસ્ટે કચ્છમિત્ર સંભાળ્યું તે પછીના વ્યવસ્થાપકો તથા સમયગાળો.	: ૧૯૬૨ થી ૧૯૭૫ શ્રી જમનાદાસ વોરા ૧૯૭૫ થી શ્રી સુરેશભાઈ જી. શાહ

જત ઉમેરવાનું કે...

'કચ્છ તારી અસ્મિતા'ના પ્રકાશન પછી તેમાં હકીકતદોષ કે કોઇ વિગતો રહી ગઇ હોય તે અંગે સંખ્યાબંધ પત્રો મળ્યા હતા, તેમાંથી જે મહત્ત્વની ભૂલચૂક હોય અગર ખૂબ અગત્યની બાબત રહી ગઇ હોય એવા પત્રો ચૂંટીને તેની વિગત અહીં પ્રસ્તુત કરી છે. અમને મળેલા તમામ પત્રોનો અહીં સમાવેશ કરવાનું શકય નથી, તેમ જરૂરી પણ નથી. તેમ વિવિધ જ્ઞાતિઓમાં કેટલાકનાં નામો રહી ગયાં હોવા અંગે પણ ઘણા પત્રો મળ્યા છે. આ વિષય માટે તો અલગ પુસ્તક તૈયાર થઇ શકે તેમ હોવાથી તેનો સમાવેશ પણ કરી શકાયો નથી.

ભુજના મહેશ ભવાનજી બાવાએ જણાવ્યું છે કે ભુજના સ્વામીનારાયણ મંદિર ટ્રસ્ટ દ્વારા કચ્છ તથા કચ્છ બહાર ગુજરાત અને મહારાષ્ટ્રમાં સમાજસેવાનાં કાર્યો થાય છે. લાતૂરના ભૂકંપ વખતની સેવા નોંધપાત્ર છે. તેમ રોગ નિદાન કેમ્પો અને જળ સંરક્ષણ માટે ચેકડેમો પણ આ સંસ્થા કરે છે.

મુલુંડથી કીર્તિ પી. લોડાયાના જણાવવા મુજબ સુથરીમાં રતનશી ખીંયશી ખોના સાર્વજનિક હોસ્પિટલ ૧૯૪૭માં મહારાઓ શ્રી વિજયરાજજીએ ખુલ્લી મૂકેલી, સુથરી અને આસપાસના લોકો તેનો લાભ લે છે. ઉપરાંત સુથરીની પાંજરાપોળ ૧૫૦ વર્ષથી યે જૂની છે. દુષ્કાળો વખતે ૧૫૦૦થી ૨૦૦૦ જેટલાં ઢોરો અહીં નિભાવાયાં છે.

માંડવીથી જયાબેન ગિરિએ જણાવ્યું છે કે મહિલાઓની સિદ્ધિમાં માંડવીના ખી. રા. કન્યા વિદ્યાલયના શ્રીમતી પુષ્પાબેન શાહ તેમજ શ્રીમતી કૃષ્ણાબેન મિસ્ત્રીએ શિક્ષણને લગતાં પુસ્તકો લખ્યાં છે અને રાષ્ટ્રીય એવોર્ડ પણ મેળવ્યા છે. કચ્છના પ્રથમ મહિલા ન્યાયાધીશ અરુંધતી ગિરિનું નામ પણ નોંધનીય છે.

વોંધથી અંબાલાલ મ્યાત્રાના જણાવવા મુજબ ભચાઉના વિજપાસર ગામે ચારણિયાની વસતી નથી, ત્યાં માત્ર ગુજરા કે ગોજરાની જ વસતી છે.

ગાંધીધામથી કીર્તિ ધોળકિયાએ જણાવ્યું છે કે રમતગમતના ક્ષેત્રે ઘણા ખેલાડીઓ થઇ ગયા છે. ક્રિકેટમાં ગુણવંતરાય પારેખ, બહાદુરસિંહ જાડેજા, જાફરી ધોબી, જનાર્દન મહેતા, લચ્છુ બોરા, કિશન બોરા અને કીર્તિ ધોળકિયા પોતે. ઉપરાંત અતુલ દેસાઇ, નરેન્દ્ર જાડેજા, દીપક મહેતા, પ્રકાશ મહેતા, ઉદય ગુપ્તે, દિનેશ શર્મા, મુકુંદ વરૂ, ઋષિ વૈદ્ય, જનક અંતાણી વગેરે. વોલીબોલમાં રમેશ માંકડ, સરોજ પાઠક, જગદીશ મહેતા, અશ્વિન વોરા, ભદ્રકિશોર ધોળકિયા, જનાર્દન વૈષ્ણવ, નાનાલાલ પાઠક, ચૂનીલાલ પટેલ વગેરે. રસિક જેઠાનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોલો ખેલાડી તરીકે જાણીતું છે.

દુર્ગાપુરના ખત્રી જકરિયા ઉમરના જણાવવા મુજબ કચ્છી હસ્તકલાની પ્રવૃત્તિમાં પ્રભાબેન શાહ, નિરંજન શાહ, શ્રી ત્રિપાઠી, મૂળશંકર ગોર, આર. કે. શાહ ઇત્યાદિનાં નામ નોંધનીય છે.

ભુજના રતિલાલ ડી. મહેતા (કાગદી) કચ્છના વ્યાપાર ક્ષેત્રે માંડવીના શાહ કલ્યાણજી ધનજીનું નામ યાદ કરાવે છે. વ્યાપાર ક્ષેત્રે નેત્રદીપક વિકાસ સાધનાર કલ્યાણજીભાઇ પ્રજાકીય પરિષદના અગ્રણી પણ હતા.

કચ્છમાં રંગમંચના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપનારમાં એક શ્રી ઘનશ્યામભાઇ બૂચ પણ છે. કચ્છ કલા કેન્દ્રના સ્થાપકો પૈકીના એક એવા શ્રી બૂચ સુવર્ણચંદ્રક પણ મેળવી ચૂકયા છે. જ્યારે સર્જકોમાં ભુજના શ્રી બિપિનભાઇ ધોળકિયાનું નામ પણ ઉલ્લેખનીય છે.

મસ્કતથી વાળંદ મેઘજી સુરજી રાઠોડે જણાવ્યું છે કે 'કચ્છ તારી અસ્મિતા'માં વાળંદ જ્ઞાતિનો ઉલ્લેખ કરાયો નથી. કચ્છમાં તેમના ૫૦૦ થી ૬૦૦ જેટલાં ઘર છે અને વસતી ૫૦૦૦થી પણ વધુ છે.

માંડવીના સામજી કરસને માંડવીની રવાડી અંગેની હકીકત આપતાં જણાવ્યું છે કે મુરલી મનોહરના મંદિર પાસે શ્રાવણી પૂનમના રોજ રવાડી કાઢવામાં આવતી. તેમાં લોહાણાના બાળકો પણ આવતાં. પણ કોઇક નાનકડી તકરારને પગલે લોહાણાઓએ સુંદરવરની નવી રવાડી બનાવી. આ અંગે મૂળ લેખના લેખકે સ્પષ્ટતા કરી છે કે અગાઉ શ્રાવણી પૂનમના રવાડી નીકળતી હોવાનું પોતાને જાણમાં નથી. તકરાર થયેલી તે પૂજારી સારસ્વત બ્રાહ્મણ કુટુમ્બના બાળકોમાં થઇ હતી અને તેને પગલે લોહાણાની નવી રવાડી શરૂ થઇ. આ નવી રવાડી મૂળ રવાડીથી એક દિવસ અગાઉ કાઢવાનું નક્કી થયેલું.

ભુજના જિતેન્દ્ર નાનાલાલ અંતાણીએ 'આઝાદી પછી કચ્છના રણમાં ખેલાયેલાં યુદ્ધોની ઝાંખી'એ લેખમાં સંરક્ષણની બીજી હરોળ સમાન હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણની પણ નોંધ લેવા જણાવ્યું છે. હોમગાર્ડઝની સેવા ૧૯૫૯માં પ્રા. ડો. એ. જી. મુનશીની લાલન કોલેજમાં નિમણૂક થઇ તેની સાથે જ શરૂ થયેલી. ૧૯૬૫ના યુદ્ધ વખતે સફળ કામગીરી બદલ મ. કુ. ફત્તેહસિંહજી, સુભાષ દેસાઇ, રૂસ્તમજી ડાંગોર, રજનીકાંત કટારિયા, જિતેન્દ્ર ના. અંતાણી, નરેન્દ્ર જગન્નાથ જોશી તથા મોહનભારતીને સમર સેવા સ્ટાર અપાયા હતા.

આ ઉપરાંત સાહિત્યિક પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં આદિપુરની તોલાણી કોલેજની ગુજરાતી સાહિત્ય સભા તેમજ ગુજરાતી સેવા સમાજ, નાટ્ય પ્રવૃત્તિ ક્ષેત્રે નાટ્યવૃંદ વગેરેનો ઉલ્લેખ પ્રદીપ જોશીએ કર્યો છે.


વેદાંત બ્રાહ્મણ સમાજ અંગે ગોકલદાસ હીરજી વેદાંત જણાવે છે કે સંવત ૯૫૦માં શૈવ ઉપાસક વિદ્વાન બ્રાહ્મણ ત્રવાડી જોગીરામ ચત્રભુજ અને વરસંગરામ દયાશંકરે કાશીથી કચ્છ આવીને વસવાટ કર્યો. વેદના જ્ઞાતા હોવાથી વેદાંત કહેવાયા. કોડાયના મૂલજી દેવજી, બિદડાના ઘેલાભાઇ દેવજી, મોટી રાયણના ભવાનજી ઠાકરશી, મોટા લાયજાના માવજી રામજી જોશી, વાલજી દેવજી અને લક્ષ્મીદાસ વેલજી, હાલાપરના ડો. રમણીકલાલ ઉમરશી વગેરે સેવાક્ષેત્રે જાણીતી વ્યકિત છે.

રાજગોર જ્ઞાતિના આગળ પડતાં નામોમાં રાજગોર ભવાનજી પરસોત્તમ વ્યાસ પણ છે. સેવક બ્રાહ્મણ જ્ઞાતિ અંગે સિનુગ્રાથી ગિરીશકુમાર ભટ્ટે જણાવ્યું છે કે ભુજપરના વૈદ્ય ત્રિકમજી હરિરામે આ જ્ઞાતિના ઇતિહાસ અંગે પુસ્તિકા બહાર પાડી છે. આ જ્ઞાતિમાં ઉલ્લેખનીય ગણાય એવી વ્યકિતઓમાં માંડવીના રસવૈદ્ય પૂજારી હરિરામ રાઘવરામ અને તેમના પુત્ર નર્મદાશંકર, સિનુગ્રાના ભટ્ટ મોહનલાલ વિશનજી ઉપરાંત ત્રિકમજી હરિરામ રાસ્તે, રતનજી રામકૃષ્ણ રાસ્તે, પ્રભાશંકર ફડકે, જયશંકર જદુરામ વ્યાસ, લક્ષ્મીશંકર સેવક, મીનાબેન રાસ્તે, મહેશકુમાર આચાર્ય વગેરે છે.

મેઘપર બોરીચીથી વીરમ ડી. બોરીચા અને બી. આર. બોરીચાએ જણાવ્યું છે કે યાદવ કુળના વંશજ આહીરોમાં બોરીચાની વસતીવાળાં ગામો કચ્છમાં નવ છે, તેમાં અંજાર તાલુકામાં મેઘપર બોરીચી, મીઠીરોહર, ભારાપર, વીરા, મોડસર, ખોખરા, રાપર (ખોખરા), ભુજના કનૈયાબે અને જુમખા છે. કેટલાક કેરા બળદિયામાં વસે છે.

ભુજના પ્રાણગિરિ ગોસ્વામી જણાવે છે કે દશનામ ગોસ્વામીના બે નહીં પણ ત્રણ વિભાગ છે. સંન્યાસી, મઠધારી, ઘરબારી. શંકરાચાર્યજીના ચાર શિષ્યો વિશ્વરૂપાચાર્ય, પદ્યપાદાચાર્ય, તોટકાચાર્ય અને પૃથ્વીધરાચાર્યના દશ શિષ્યો થયા. તે દશનામ કહેવાયા. વિશ્વરૂપાચાર્યના તીર્થ અને આશ્રમ, પદ્યપદાચાર્યના વન અને અરણ્ય, તોટકાચાર્યના ગિરિ, સાગર અને પર્વત તથા પૃથ્વીધરાચાર્યના પુરી, ભારતી અને સરસ્વતી. કચ્છમાં ૯મી-૧૦મી સદીથી દશનામના સગડ મળે છે.

લોહાણા જ્ઞાતિમાં કચ્છના ધારાશાસ્ત્રી અને ભૂતપૂર્વ કચ્છ રાજ્યના એડવોકેટ જનરલ પ્રેમજીભાઇ રાઘવજી ઠક્કરનું નામ આગલી હરોળમાં આવે છે. અન્ય રાજપૂતોની વિગતમાં સુધારો કરતાં ભુજના વિનયસિંહ પરમાર જણાવે છે કે સ્વ. ચમન પરમાર તે જ્ઞાતિના નથી, તેઓ મૂળ મૂળી-ચરાડવાના રાજપૂત પરમાર વંશના છે. □



realpatidar.com
ઈતિહાસ પ્રસિદ્ધ યુદ્ધસ્થળ ઝારા ડુંગર પરથી
રણનું દ્રશ્ય આવું સુંદર લાગે છે.
તસવીર : એલ. એમ. પોમલ
ટુરિઝમ કૉર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડ
અમદાવાદ : એચ. કે. હાઉસ, બાટા શોરૂમ સામે, આશ્રમ રોડ. ફોન : ૦૭૯ - ૪૪૯૧૭૨, ૪૪૭૨૧૭. ફૅક્સ : ૦૭૯ - ૬૫૬૮૧૮૩
વડોદરા : નર્મદા ભવન, સી - બ્લોક, ઈન્દિરા ઍવન્યુ. ફોન : ૦૨૬૫ - ૪૨૭૪૮૯, ૪૩૧૨૯૭.
સુરત : ૧/૮૪૭, અથુગર શેરી, નાનપુરા. ફોન : ૦૨૬૧ - ૪૨૬૫૮૬.
રાજકોટ : ભાવનગર હાઉસ, જવાહર રોડ, સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્ર (મુખ્ય) ની સામે. ફોન : ૦૨૮૧ - ૩૪૫૦૭.
GUJARAT TOURISM



જન્માષ્ટમી એ ખરા અર્થમાં લોકઉત્સવ છે અને તેમાંયે કચ્છનાં આયર આગવી રીતે તેની ઉજવણી કરે છે. ઉજવણી પછી વાજતેગાજતે લોકો કાનુડાની મૂર્તિ પધરાવવા જાય છે.
તસવીર : નારાણભાઈ ચાડ